જ્ઞાન



ભણકો ૬ ઠ્ઠો

॥ શ્રી જિનેન્દ્રાય નમઃ ॥

[શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર – અધ્યયન ૧૪ મું]

છ જીવનો અધિકાર

શારદા - પરિમલ



પ્રવચનકાર

ખંભાત સંપ્રદાયના પૂજ્ય બા. બ્ર. વિદુષી

શ્રી શારદાબાઈ મહાસતીજી

રાજકોટ ચાતુર્માસ : સંવત ૨૦૨૬



સંપાદક

પૂજ્ય બા. બ્ર. શ્રી શારદાબાઈ મહાસતીજીના

સુશિષ્યા પૂ. કમળાબાઈ મહાસતીજી



પ્રકાશક

સંઘવી જીવણલાલ પદમશી

૨૫, સંઘવી સદન, ભારત સોસાયટી, સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર

કિંમત : : ચાર રૂપિયા × પડતર કિંમત ૬ રૂપિયા



ચારિત્ર

મણકો ૯ મો ॥ श्री जिनेन्द्राय नमः ॥

[શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર – અધ્યયન ૧૪ મું]

૬ જીવનો અધિકાર

શારદા-પરિમલ



પ્રવચનકાર

ખંભાત સંપ્રદાયના પૂજ્ય બા. બ્ર. વિદુષી

શ્રી શારદાબાઈ મહાસતીજી

રાજકોટ ચાતુર્માસ : સંવત ૨૦૨૬



સંપાદક

પૂજ્ય બા. બ્ર. શ્રી શારદાબાઈ મહાસતીજીના

સુશિષ્યા પૂ. કમળાબાઈ મહાસતીજી



પ્રકાશક

સંઘવી જીવણલાલ પદમશી

૨૫, સંઘવી સદન, ભારત સોસાયટી, સુરેન્દ્રનગર, સૌરાષ્ટ્ર

કિંમત : : ચાર રૂપિયા  પાકતર કિંમત ૯ રૂપિયા

પ્રકાશક :

સંઘવી પદમશીભાઈ કાનજીભાઈના સ્મરણાર્થે

સંઘવી પદમશી કાનજીભાઈ
ઠે. ખેરવા પા શેરી,
ધ્રાંગધ્રા (સૌરાષ્ટ્ર)
ટેલિફોન : ઓફિસ : ૨૪૫
„ ઘર : ૨૦૯

સંઘવી જીવણલાલ પદમશીભાઈ
૨૫, સંઘવી સદન, ભારત સોસાયટી,
સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)
ટેલી : ઓફિસ ૩૯૩—૭૦૦
„ ઘર ૧૫૮

વીર સંવત ૨૪૯૮ વિક્રમ સંવત ૨૦૨૮ ઇ. સ. ૧૯૭૧

અર્પણ

પોતાના હૃદયની વાત્સલ્ય ભાવના અને પુરુષાર્થના પ્રકાશે અમારાં જીવનમાં ધર્મશ્રદ્ધાનાં બીજ રોપી સહાય ધર્મકાર્ય કરવા તરફ દોરનાર

પૂજ્ય માતા–પિતાને સાદર સમર્પણ

અમે છીએ આપના ઋણી પુત્રો

જયંતીલાલ, જીવણલાલ, પ્રાણલાલ, હીરાલાલ, મનહરલાલ.

卐

મુદ્રક : મણીલાલ છગનલાલ શાહ
શ્રી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા, નોવેલ્ટી સિનેમા પાસે, અમદાવાદ

સ્વ. સંઘવી પદમશી કાનજીભાઇ-ધ્રાંગધ્રા



જન્મ : સંવત ૧૯૪૭ આશો વદ ૧૩ તા. ૨૯-૧૦-૧૮૯૧ ગુરૂવાર

સ્વર્ગવાસ : સંવત ૨૦૧૦ ફાગણ શુદ ૧૪ તા. ૧૮-૩-૧૯૫૪

પિતૃ દેવો ભવ !

માતૃ દેવો ભવ !

શ્રદ્ધાંજલિ

સ્વ૦ પૂ૦ પિતાજીના ચરણ કમળોમાં

બાલ્ય-શિશુ વયમાંથી જ આપે અમારામાં ધાર્મિક સંસ્કારોનું જે સિંચન કર્યું અને અમારા જીવનને સદાચાર અને સુસંસ્કારિતાના સન્માર્ગે લઈ જવામાં પ્રેરણાનાં જે પિયૂષ પાયાં, તે માટે અમો આપના ભવોભવના ઋણી છીએ....

આપના એ પરમ ઉપકારક ઋણ-તર્પણની યત્કિંચિત સ્મૃતિ રૂપે, "શાસ્ત્રા-પરિમલ" નામનું આ પ્રવચન પુસ્તક અમે આપને અર્પણ કરીએ છીએ અને એથી કંઈક અંશે અમો કૃતકૃત્ય થયાનો સંતોષ અનુભવીએ છીએ.

આપના પુત્રો

સંઘવી જયંતીલાલ પદમશી
સંઘવી જીવણલાલ પદમશી
સંઘવી માણેકલાલ પદમશી
સંઘવી હીરાલાલ પદમશી
સંઘવી મનહરલાલ પદમશી

ભાંગડ્યા
કાર્તિક પૂર્ણિમા : ૨૦૨૮

વંદના

બાલ બ્રહ્મચારિણી પૂજ્ય શ્રી શારદાબાઈ મહાસતીજી સંવત ૨૦૨૬ ના ચાતુર્માસ માટે રાજકોટમાં પધાર્યા હતા. તેઓ ખંભાત સંપ્રદાયના પરમ શાંત અને વિદ્વાન સાધ્વીજી છે. તેઓશ્રીએ રાજકોટ ચાતુર્માસના સમયે કરેલાં પ્રવચનો આ ગ્રંથમાં આપવામાં આવ્યાં છે.

એમની વ્યાખ્યાન શૈલિ પરંપરાના આદર્શને જાળવી રાખે છે, એટલું જ નહિ પણ શ્રોતાઓના હૃદય પર જૈનદર્શનની એક ભવ્ય છાપ ઉભી કરે છે. સામાન્ય માનવી પણ સમજી શકે એવી પ્રવચનધારા તેઓશ્રી અસ્ખલિત વહાવી શકે છે અને આધુનિક ભૌતિક લાલસા પર આધ્યાત્મિક અને ધર્મતત્વની ઉત્તમ પ્રકારે છાપ ઉપસાવે છે.

તેઓશ્રીએ પોતાના પ્રથમ પ્રવચનમાં તાવ માપવાના થર્મોમિટરનું સુંદર ઉદાહરણ આપી આ સંસાર દુઃખમય છે કે સુખમય છે તે માપવાની વાત કરી છે અને સંસારનું સ્વરૂપ માપવાનું થર્મોમિટર જ્ઞાનરૂપી ભાવનામાં પડેલું છે તે સચોટ રીતે સમજાવ્યું છે.

કર્મબંધની મજબુત ગ્રંથીઓને ભેદવા માટે તેઓએ તપ, ત્યાગ, વ્રત, નિયમ, શ્રદ્ધા, જ્ઞાન આદિ તત્વોનો ઉપયોગ કરી કર્મબંધનને ભેદવાની રીત પણ સરલતાથી સમજાવી છે.

એમના દરેક વ્યાખ્યાનોમાં ધર્મદ્રષ્ટિને જીવંત રાખનારાં અને પાપભીરૂતા પ્રગટાવનારાં અર્થાત્ પાપવૃત્તિથી દૂર રહેવાનાં નાનાં નાનાં દ્રષ્ટાંતો પણ આપ્યાં છે. આ દ્રષ્ટાંતો અર્થબોધની દ્રષ્ટિએ ઉત્તમ પ્રકારનાં છે અને શ્રોતાઓનાં હૈયાપર સચોટ અસર કરી જતાં હોય છે.

પૂજ્ય મહાસતીજીના કેટલાક વ્યાખ્યાનો સાંભળવાનો મને પણ લાભ મળ્યો હતો અને મારા મનમાં થયેલું કે આવા મહાસતીજીઓ ધારે તો આપણા વ્યવહાર જીવનમાં અને સામાજિક જીવનમાં જે આધુનિક બદીઓ દાખલ થઈ છે તે જરૂર નીકળી જાય એટલું જ નહિં પરંતુ ભૌતિકલાલસા વચ્ચે ઘેરાયેલાં આપણા જૈન પરિવારોમાં ધર્મજ્યોતનો પ્રકાશ પણ પથરાય.

પ્રસ્તાવના કે ભૂમિકા લખવાનો મને અધિકાર નથી, કારણ કે રત્નત્રયની આરાધના કરી રહેલા ત્યાગીઓની વાણી પર હું એક સંસારમાં સબડતો માનવી કઈ રીતે વિષ્ટ પેષણ કરી શકું ? હા, હું માત્ર મહાસતીજીના વાણી રૂપ અમૃતને વંદના જ કરી શકું.

આમાં પ્રગટ થયેલાં દરેક વ્યાખ્યાનો મનન પૂર્વક વાંચવા જેવાં તો છે જ. સાથે-સાથ આજના પલટાતા જીવનને સાચો માર્ગ દર્શાવનારાં પણ છે.

પૂજ્ય બાલ બ્રહ્મચારિણી શ્રી શારદાબાઈ મહાસતીજીને ભાવ વંદના કરી હું કૃતકૃત્ય થાઉં છું.

રાજકોટ
તા. ૧-૧૦-૭૧

વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી

ॐ

ગંગાસ્વરૂપ પૂ. માતુશ્રી કેવળીબહેન પદમશી સંઘવી–ધ્રાંગધ્રા



જન્મ : સંવત ૧૯૬૨, પોશ વદ ૫

સ્વ૦ સંઘવી પદમશી કાનજીભાઈની જીવન ઝરમરે

એ સમયના ઝાલાવાડના પાટનગર ગણાતા ધ્રાંગધ્રા શહેરમાં રહેતા સ્થાનકવાસી જૈન સમાજના અગ્રેસર તરીકે વિખ્યાત શેઠશ્રી કાનજીભાઈ દેવસીભાઇને ત્યાં તેમના ધર્મપત્ની શ્રી મોંઘી બ્હેનની કુંખે તેમનો જન્મ સંવત ૧૯૪૭ ના આશો વદિ ૧૩ ને ગુરૂવાર તા–૨૯–૧૦–૧૮૯૧ માં થયો હતો. અને તેમનું નામ શ્રી પદમશીભાઈ રાખવામાં આવ્યું હતું.

બાલ્યાવસ્થાથી જ વિદ્યાભ્યાસમાં ખૂબજ તેજસ્વી હતા. વિદ્યાભ્યાસમાં આગળ વધવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં–તેમને પિતાશ્રીના ધંધામાં જોડાવું પડયું. અને પિતાશ્રીના કારભારમાં સંપૂર્ણપણે દાખલ થઈ ધંધામાં ખૂબજ કામયાબી હાંસલ કરી.

તેમનું પ્રથમ લગ્ન સંવત ૧૯૬૪માં વઢવાણ શહેરમાં થયું હતું, પરંતુ ટુંક સમયમાંજ તેમના ધર્મપત્નીનું અવસાન થયું. ત્યારબાદ તેઓશ્રીને ધંધાના વિકાસ અર્થે પરદેશ જવાની તીવ્ર ઇચ્છા થઈ પરંતુ તે વખતના વડીલો પોતાના પુત્રને પરદેશ મોકલવા તૈયાર ન હતા. પિતાશ્રીને સમજાવી પિતાશ્રીની રાજીખુશીથી પરવાનગી મેળવી ખૂબજ નાની ઉંમરે એ વખતના બ્રીટીશ ઈસ્ટ આફ્રીકામાં તેઓ નૈરોબી ગયા હતા.

પરદેશમાં ધંધામાં ખૂબજ સારી નામના મેળવી. ત્યાં અચાનક પહેલું વિશ્વ યુદ્ધ થતાં પરદેશમાં વધુ સમય રોકાઇ જવું પડયું હતું. યુદ્ધ બંધ થયા પછી તેઓ સુખરૂપ સ્વદેશ આવ્યા હતા. ત્યાર બાદ પિતાશ્રીની પરદેશ જવાની પરવાનગી નહિં મલતાં તેઓ દેશમાં રહ્યા હતા.

સંવત ૧૯૭૭ ની સાલમાં વઢવાણ શહેરના રઈશ વોરા વેલસીભાઇ જગજીવનદાસની સુપુત્રી શ્રી કેવળીબ્હેન સાથે લગ્ન ગ્રંથીથી જોડાયા હતા. અને તેમનાથી તેઓને પાંચ સુપુત્રો અને બે સુપુત્રીઓ થયાં, જે નીચે મુજબ હાલમાં સુખરૂપ છે.

સુપુત્રો	સુપુત્રીઓ
સંઘવી જયંતીલાલ પરમથી	ગુણીબ્હેન જી. દોશી
સંઘવી જીવણલાલ પદમશી	જયાબ્હેન અ. સખીદાસ
સંઘવી પ્રાણલાલ પદમશી	
સંઘવી હીરાલાલ પદમશી	
સંઘવી મનહરલાલ પદમશી	

બધા સુપુત્રો–સુપુત્રીઓ પરિણિત અને ખુબજ સુખરૂપ છે. સ્વ. પદમશીભાઈ ખુબજ માયાળુ, સરળ, ઉદારઅને ધર્મચુસ્ત હતા. કુટુંબ અને સમાજ પ્રત્યે તેઓ ખૂબજ ઉદાર અનેમાયાળુ હતા. તે વખતના દેશી રજવાડામાં તેમનું ખૂબજ માન હતું. ધ્રાંગધ્રાના સજસાહેબે તેમને નગરશેઠનો માન ભર્યો હોદો આપ્યો હતો.

સદ્ગત દરરોજ સવાર સાંજ સામાયિક પ્રતિક્રમણ કરતા હતા તેમજ કાયમ માટે ચૌવિહારનો નિયમ હતો. તેઓનું પ્રતિક્રમણ એટલું બધું મનોરમ્ય હતું કે જ્યારે તેઓ સમુહમાં પ્રતિક્રમણ મધુર કંઠે અને ભાવવાહી શૈલીથી કરાવતાં ત્યારે સાંભળનારા સૌ

કોઇ પ્રસન્ન ચિત્ત બની જતા. પર્યુષણ પર્વમાં તેઓ એકસાથે છ છ પૌષધ કરતા, એટલુંજ નહીં પણ એક બે વાર તો તેમણે એક સાથે ૮ પૌષધ પણ કર્યા હતા. સ્થાનકવાસી જૈન સમાજમાં તેઓ ખૂબજ આગળ પડતા અગ્રેસર હતા. અને એટલા જ માટે સ્થાનકવાસી જૈન સમાજે જ્ઞાતિના શેઠ તરીકેનો માનદ હોદ્દો આપ્યો હતો. ઉંમર લગભગ ૬૪ વર્ષની થઇ. શરીર સંપૂર્ણ તંદુરસ્ત હતું. તેમાં સંવત ૨૦૧૦ના ફાગણ સુદ ૧૩ તા. ૧૭–૩–૧૯૫૪ના રોજ બજારમાંથી ઘેર આવ્યા બાદ પ્રતિક્રમણ કર્યું, ચૌવિહાર કર્યો. પછીથી તરતજ અજીર્ણ જેવું જણાતાં પોતાના ધર્મપત્ની, પુત્રો તથા પુત્રી વિ.ને બોલાવ્યા. અને પોતાના દર્દની હકીકત કહી. તરતજ પુત્રોએ ડોકટરને બોલાવ્યા. ડોકટરે રાત્રે લેવાની દવાની એક પડીકી આપી અને દવા લેવા માટે કુટુંબીજનોએ ખૂબજ આગ્રહ કર્યો, પરંતુ ધર્મની અપાર શ્રદ્ધા રાખનાર આ મહાન માનવીએ પોતાના કુટુંબીજનોને ખૂબજ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે મારે ચૌવિહાર છે. હું કોઇપણ સંજોગોમાં મારા વ્રતને ખંડિત કરવાનો નથી. સૌએ જ્યારે ખૂબ જ આગ્રહ કર્યો ત્યારે તેમણે કહ્યું કે હવે મારૂં આયુષ્ય ટકવાનું નથી, હું થોડીજ ક્ષણોનો મહેમાન છું, શરીર નાશવંત છે. દેહનો ભરોસો નથી માટે તમો બધા મારા મૃત્યુ બાદ કોઈ જાતની અશાન્તિ કરતાં નહિ. "નામ છે તેનો નાશ છે" અને "જન્મ છે તેનું મરણ છે". જન્મ અને મૃત્યુ કુદરતનો ક્રમ છે, એટલે મારા મૃત્યુબાદ જરા પણ શોક કરતા નહિ એવી સુંદર શબ્દોમાં ભલામણ કરી કે ધર્મધ્યાન કરશો અને સૌ સંપથી અને પ્રેમથી રહીને તમારા સૌનું જીવન ખૂબજ સારી રીતે અને ઇજ્જત આબરૂ વધારીને ચલાવશો એજ મારો તમોને વારસો છે, એવી સુંદર ભલામણ કરતાં તેમના બીજા નંબરના સુપુત્ર શ્રી જીવણભાઈ વધારે પડતા લાગણીશીલ થઈ રડી પડયા. ત્યારે તેમણે કહ્યું કે બેટા ! શા માટે રડે છે ? ઢીલો થાય છે ? જન્મ–મરણ એ કુદરતનો ક્રમ છે અને મારી ઉંમર ૬૪ વર્ષની થઇ છે. પછી મૃત્યુ આવે તેમાં શી હરકત ! માટે શાન્તિ રાખો. આમ કહ્યું અને કુટુંબ પ્રત્યેની તમામ ભલામણ કર્યા બાદ થોડીજ વારે દર્દની વ્યાધિ વધારે વધતાં તેઓશ્રીનો આત્મા નવકાર મંત્રનું એકધારું સ્મરણ કરતાં આ નાશવંત દેહને છોડીને સંવત ૨૦૧૦ના ફાગણ શુદ ૧૪ તા. ૧૮–૩–૧૯૫૪ ની બ્હેલી, સવારે ૧૦–૧૫ મીનીટે એટલે કે સવા દસ વાગ્યે પ્રયાણ કરી ગયા. તેઓશ્રીના આત્માની શાન્તિ ઈચ્છી અને સહકુટુંબે તેમની અંતિમ ક્રીયા વિગેરે કરી લીધું.

સ્વ. પદમશીભાઈ શ્રી અંભાત સંપ્રદાયના પૂ. બા. બ્ર. વિદુષી શારદાબાઈ મહાસતીજીના સંસાર પક્ષે મામા થાય છે. સ્વ.નો પરિવાર ખૂબજ ધર્મ ભાવનાવાળો છે. તેમના ધર્મ પત્ની, સુપુત્રો, સુપુત્રીઓ, તેમજ પુત્ર વધૂઓ વિ. તથા તેમના સુપુત્ર સંઘવી જીવણલાલ પદમશીભાઈ તથા તેમનાં ધર્મપત્ની અ. સૌ લીલાવંતી જીવણલાલે આ પુસ્તક પ્રગટ કરવા માટે ખૂબજ જહેમત ઉઠાવી છે.

લી. તેમનો પરિવાર

નમ્ર નિવેદન

શ્રી ખંભાત સંપ્રદાયના પૂજ્ય બા. બ્ર. વિદુષી શ્રી શારદાબાઈ મહાસતીજી આદિ ઠાણા ૧૩ નું ચાતુર્માસ સંવત ૨૦૨૬ ની સાલમાં રાજકોટ થયેલ હતું. આ ચાતુર્માસ દરમ્યાન પૂજ્ય બા. બ્ર. વિદુષી શ્રી શારદાબાઈ મહાસતીજીએ ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪ મા અધ્યયનમાં આવેલ છ જીવના અધિકાર ઉપર સવારમાં વ્યાખ્યાનો ફરમાવેલા હતા. પૂ. વિદુષી મહાસતીજીએ હૃદયસ્પર્શી, સચોટ સરલ અને આત્મલક્ષી વાણીમાં વ્યાખ્યાનો ફરમાવ્યા હતા, જે વ્યાખ્યાનો જૈન અને જૈનેતરને પ્રેરક અને આત્મ-કલ્યાણક હતા.

બા. બ્ર. વિદુષી શારદાબાઈ મહાસતીજીના વ્યાખ્યાનો સાંભળવા એ જીંદગીનો મહાન–અમુલ્ય અવસર છે એમ અમોને લાગ્યું છે. એક વખત વ્યાખ્યાન સાંભળનાર વ્યક્તિ વ્યાખ્યાન કદાપિ છોડતી નથી એ અમારા અનુભવે સમજાયું છે. કર્મબંધનથી મુક્ત થવામાં જ્ઞાનની જરૂરત છે, ગમે તે રીતે પણ તમે બંધાયેલ છો. એ બંધનના કારણો જાણો અને તેને તોડવાના સાધનો તૈયાર કરી તેની પાછળ સંપૂર્ણ બળથી પ્રયત્ન કરો. જીવોને ધન આદિ સંપત્તિમાં સંતોષ થતો નથી અને થવાનો પણ નથી, કારણ તે અપૂર્ણ છે, સંપૂર્ણ એવા આત્મ પ્રકાશને પ્રગટ કરવાથી જ સંતોષ અને શાંતિ પ્રાપ્ત થશે દૃષ્ટિકોણ બદલવાની જરૂરત છે. ક્ષણિક એવા વિષયોની રમણતા અને તેના ઉપભોગની પાછળ થતો કાળનો અનુભવ અને તેમાંથી અન્યરૂપે પ્રગટ થતી સુખની લાલસાઓનાં વિચાર કરી હે અનંત શક્તિવાન આત્મા, તારા પોતાના સ્વરૂપ તરફ પાછો ફર, પ્રવૃત્તિના માર્ગથી નિવૃત્તિના ઘર તરફ જા, જો તો ખરો ત્યાંજ શાન્તિ આનંદ પ્રેમ જ્ઞાન અને અનંત જીવનના અમુલ્ય ભંડારો ભર્યા છે. માયાવી સંસારના ભોગ-વિલાસથી તારી વૃત્તિઓ ફરશે તે જ સમયે અંતરના આત્મિક દ્વારો ઉઘડી જશે. પ્રભુનો સાક્ષાત્કાર–આત્માની ઝગમગતી જ્યોતિ તારા હૃદયમાં પ્રગટવા લાગશે.

શ્રી મુમુક્ષુ વાચક વર્ગ આ પુસ્તક વાંચી તેનું મનન અને ચિન્તન કરી ધર્મલક્ષી

બની પોતાના આત્મ-વિકાસ તરફ પ્રયત્નશીલ થશે તો આ પુસ્તકથી અલભ્ય લાભ થયો ગણાશે અને આ પુસ્તક છપાવવા માટે અમે કૃતકૃત્ય થયા એમ માનતા અમોને હર્ષ થશે.

જૈન સમાજને ચરણે આવું કિંમતી પુસ્તક 'શારદા-પરિમલ' સમાજને ઉપયોગી થાય તેવી સરલ શૈલીમાં ધરતાં અમોને ઘણો આનંદ થાય છે. આ વ્યાખ્યાનો ખૂબજ લોકપ્રિય બન્યા છે. ગામે ગામ જ્યાં જ્યાં આ પુસ્તક પહોંચશે અને વધારેમાં વધારે માંગ આવશે, નાના ગામડાં કે શહેરોમાં આપણા પૂ. સાધુ સાધ્વીજીઓની ગેરહાજરીમાં આવા વ્યાખ્યાનના પુસ્તકોનું વાંચન સારી અસર કરે છે.

જેમણે વ્યાખ્યાનો શ્રવણ કર્યાં છે તે શ્રાવક શ્રાવિકાઓની ઇચ્છા અક્ષરસઃ વ્યાખ્યાનો છપાય તો સારૂં એવી હતી તેથી એ દૃષ્ટિએ આ પુસ્તકમાં પૂ મહાસતીજીના સુશિષ્યા જ્ઞાનાભિલાષી પૂ. કમળાબાઇ મહાસતીજીએ તૈયાર કરેલી નોંધ પરથી અક્ષરસઃ પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે.

આપણા સમાજના પ્રસિદ્ધ લેખક અને કવિ શ્રી વૈદ્ય મોહનલાલ ધામીએ આ પુસ્તકની આલોચના કરી સુંદર "વંદના" લખી આપેલ છે, તે માટે અમો તેઓના ઋણી છીએ.

આ પુસ્તક પ્રગટ કરવામાં અમોને જે જે ભાઇ બહેનોએ અને સંસ્થાઓએ સહકાર આપ્યો છે તે બદલ અમો અંતકરણપૂર્વક આભાર માનીએ છીએ.

—પ્રકાશક

શારદા–પરિમલ–૧–૨–૩

વ્યાખ્યાન નં. ૧ સંસાર સુખના સોહામણા સ્વપ્ન (જાહેર પ્રવચન)

અષાડ શુદ ૯ ને રવિવાર તા. ૧૨–૭–૭૦

વીતરાગ પ્રભુના વિરાટ શાસનમાં અને વિતરાગ વાટિકામાં વિચરનાર શ્રમણો–પાસકોને આત્માના સાચા સુખનું ભાન થવા ભગવંતે અનેક માર્ગો બતાવ્યા છે.

આજના પ્રવચનનો વિષય છે " સંસાર સુખના સોહામણા સ્વપ્ના." તમોને સુખ શબ્દ પ્રિય છે. તેનાં સોહામણાં સ્વપ્નાંની વાત છે. તમે રાત્રે સૂતા હો અને એવું સ્વપ્ન આવે કે રાજની પદવી ભોગવો છો. રાજવૈભવના ભૌતિક સુખની લહેજત માણી રહ્યાં છો, ત્યાં સવાર પડતાં જાગૃત થયા તો એ રાજવૈભવના સ્વપ્નનો આસ્વાદ લઈ શકશો ખરા ? નહીં મળે. કેમ કે જ્ઞાનીઓનું વચન છે કે હે આત્માઓ ! તમે જેને શાશ્વત સુખ માની રહ્યાં છો તે શાશ્વત નથી, પણ રાત્રીના સ્વપ્ના જેવું ક્ષણિક છે.

તમે જે સંસારને મમત્વભાવથી મારો માની આત્મસાધનાનો સમય ગુમાવી રહ્યા છો તે સંસાર તમારો નથી જ. જેમ કાગળના કલ્પિત કુસુમમાં સાર કે સુગંધ સંભવી શકતા નથી તેમ આ અસાર સંસારમાં સાર કે સુખ કયાંથી સંભવે ! તેથી જ અનંત જ્ઞાનીઓએ જાણ્યું, દેખ્યું, અનુભવ્યું અને પછી જ જગતની સમક્ષ રજુઆત કરી. સાચું સુખ અને દુઃખ કોને કહેવાય ?

"જમ્મં દુક્ખં જરા દુક્ખં, રોગાણિ મરણાણિ ય ।
અહો દુક્ખો હુ સંસારો, જત્થ કીસંતિ જન્તવો ।। ઉ. સૂ. અ ૧૯ ગા. ૧૫

આ વાત કે આ શબ્દો મારા કે તમારા ઘરનાં નથી. છદ્મસ્થ કે અવધિજ્ઞાની કે મનઃપર્યવજ્ઞાનીના નથી પણ કેવળજ્ઞાનીની વાણી છે. અહો ! આ દુઃખમય સંસારને અજ્ઞાની આત્માઓ સુખમય માની રહ્યાં છે, તે એક ભ્રમ છે. તે ભ્રમને દૂર કરવા સંસાર સુખમય છે કે દુઃખમય છે તેનું સત્ય દર્શન કરવા થર્મોમીટર દ્વારા તપાસવું પડશે કે આ સંસારમાં સુખનું પલ્લુ નીચું નમે છે કે દુઃખનું ?

તમારા દિકરાને તાવ આવ્યો હોય, કોઈ પણ રીતે ઉતરતો નથી. ત્યારે તેને માપવા તમે થર્મોમીટર મૂકો છો. તમારે ઘેર ન હોય તો પાડોશીને ત્યાં લેવા જાવ છો. ત્યાં ન હોય તો બજારમાં જાવ છો. અને બે પાંચ રૂપિયા ખર્ચ કરીને તમે લઈ આવો છો અને કેટલી ડીગ્રી તાવ છે તેનું માપ કાઢી બરફ, પોતા આદિ ઉપચારો દ્વારા તા[illegible] દૂર કરવા પ્રયત્ન કરો છો. બોલો તો ખરા ? ત્યાં તમે વિલંબ કરો છો ? (સભા–સાહેબ જરૂરિયાતની ચીજમાં કંઇ વિલંબ કરાય ?) જેમ તમે ત્યાં વિલંબ નથી કરતા તેમ

આ સંસાર સુખમય છે કે દુઃખમય છે તેનું થર્મોમીટર વડે માપ કાઢવાનું છે. તમે જ અમને કહો છો ને કે મહાસતીજી! આ સંસારમાં કંઈ સાર નથી. ઘણી બહેનો કહે છે કે મારી વહુ સારી નથી અને દિકરો પણ વહુનો થઈ ગયો છે. પણ અમે તો કહીએ છીએ કે બહેન! હવે શું પોકાર કરો છો? તમે જ આ સંસારની જંજાળમાં બંધાવવા ખૂબ ધામધૂમ કરી, વાજા વગડાવી દિકરાને પરણાવ્યો. વહુના માથે હાથ મૂકીને કહ્યું કે વહુ બેટા! આ ઘર ને બાર તમારા છે. તો હવે દિકરો તેનો થાય તેમાં શી નવાઇ?

મોહનીય કર્મનો આ જીવને નશો ચઢ્યો છે, તેથી તેને સત્ય સ્વરૂપનું ભાન થતું નથી, જીવ મહા મોહનીય કર્મ કેટલા પ્રકારે બાંધે છે. બત્રીસ છે ને? ત્રીસ પ્રકારે. જુઓ સવારે દૂધ લેવા નીકળીએ ત્યારે કંઈક ડોકાણે સંસારના નાટક જોવા મળે છે. બાપ દિકરાને રમાડતો હોય અને બોલે કે બાપા, તું કેમ રડે છે! અરે બાપ તું છે કે તે છે!

સામે અરિસો હોય અને કંઈક ભાઇઓ વાળ ઓળી, સારાં કપડાં પહેરીને જોતા હોય કે હું કેવો સુંદર દેખાવું છું! ચામડીને શણગારવામાં કેટલો સમય બગાડે છે.? પહેલાં તો જમીન ઉપર જ રંગોળી પૂરાતી હતી પણ હવે તો પફ-પાવડર-લાલી ને લિપ્સ્ટીક વડે બહેનોના મોઢા ઉપર પણ રંગોળી પૂરાય છે.

તમારો સંસાર રૂડો ને રંગીલો છે, એ આશામાં સુખનાં સ્વપ્નાં સેવી રહ્યા છો. પોણી જીંદગી વીતી ગઇ. હજુ સુખ મળ્યું નહિ. કોઈ ભિખારીને, ધનવાનને કે મધ્યમને પૂછો કે તું સુખી છે? તો કોઈ એમ નહિ કહે કે અમે સુખી છીએ. પણ અમારા આ સંત-સતીજીઓને ભર નિદ્રામાંથી જગાડીને પૂછો કે તમે કેવા સુખી છો? તો તે કહેશે કે અમારા સુખની તો કાંઈ સીમાજ નથી. અમને તો કાલની પરવા નહિ. સવાર પડતાં જે જોઈએ તે દૂધ-કોફી બધું જ મળે, છતાં આસક્તિનો છાંટો ન મળે. જે મળે તેમાં સંતોષ. કેમ કે અમને માનવ જીવનની મહત્તા સમજાણી છે.

આ માનવ જીવન મેળવવા માટે કેટલાં કષ્ટો વેઠ્યાં! તે જેમ તેમ નથી મળ્યો. આ લીંબડા, પીપળા, સંતરા, મોસંબી, ગાય કે બળદનાં વર્ષો જતાં નથી પણ માનવ-જીવનનાં જાય છે. તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા, એકાંત સમકિતી સર્વાર્થસિદ્ધ વિમાનમાં રહેલો દેવ જે ત્યાં બેઠા મહાવિદેહ ક્ષેત્રમાં રહેલા કેવળી ભગવંતને પ્રશ્ન પૂછે અને ભગવંત તેનું મનથી જ સમાધાન કરે એવા એકાવતારી દેવ પણ માનજીવનની ઇચ્છા કરે છે. જ્યારે તમને તેની કિંમત સમજાઇ નથી. ગંગાજળના પવિત્ર પાણીને બાળમાં નાખી રહ્યા છો. બહેનોના કાનમાં પહેરેલું હીરાનું બુટિયું ખોવાઇ જાય તો શોચ થાય છે, પણ આ માનવજીવનની સોનેરી ક્ષણો જતાં શોચ થતો નથી. હીરાનું બુટિયું ફરીને મળશે પણ આ અમૂલ્ય અવસર ફરીને નહીં મળે. વસ્તુની કિંમત સમય આવે જ સમજાય છે.

સંતો કહે, પાણી ઓછું વાપરો, પાણીના એક બિંદુમાં ભગવંતે અસંખ્યાત જીવો કહ્યા છે, છતાં માનો નહિ પણ અમે બાબરામાં હતા ત્યારે પેપરમાં વાંચ્યું કે જુનાગઢમાં પાણીની ખૂબ તંગી છે. એક રૂપિયાનું એક બેડું પાણી મળે છે. આ સમયે તમે પાણીના વપરાશમાં કેટલો કાપ કરો છો!

જેમ તાવ માપવાનું થર્મોમીટર તમે બજારમાંથી પૈસા ખર્ચીને લાવો છો તો અહીં સંસાર સુખમય છે કે દુઃખમય? તેને માપવાનું થર્મોમીટર મફત મળે તેમ છે. લેવું છે? લેવું સહેલું છે પણ તેને લીધા પછી અમલમાં મૂકવું મુશ્કેલ છે. તેનો ખ્યાલ રાખજો. મફત મળે છે પણ માથા સાટે માલ છે. અહીં જો ચૂક્યા તો સમજી લેજો કે ચોરાસીના ચક્કરમાં ભ્રમણ ઉભું જ છે.

જન્મનું દુઃખ :– સૌથી પ્રથમ તો આ જીવને જન્મનું દુઃખ છે. આ લાડી, વાડી, બગીચા, બંગલા બધું ભોગવ્યું કયારે? જ્યારે જન્મ લીધો ત્યારે ને? નવ માસ સુધી માતાના ગર્ભમાં કેરીની માફક ઊંધે મસ્તકે લટકયો અને કેવાં કષ્ટો વેઠયાં! આજે તો ઉપાશ્રયમાં ગરમી લાગે તો યુવાન વર્ગ બોલે છે કે બધે સુધારો થયો પણ હજુ અહીં કેમ સુધારો નથી થતો! હું કહું છું કે ભાઇ! ત્યાં માતાના ગર્ભમાં હજુ કાંઇ સુધારો થયો છે? કહી દો તમારા વૈજ્ઞાનિકોને કે ત્યાં સુધારો કરે. પછી અહીં સુધારો કરવાની વાત કરજો.

જ્ઞાની કહે છે કે જન્મ સમયનું દુઃખ અનંત ગણું છે, છતાં તમે કહેશો કે અમને જન્મ સમયનું દુઃખ યાદ નથી. શું તમને યાદ હોય તેને તમે માનો! ખેર. તમને યાદ નથી એ વાત છોડી દો. પણ અત્યારે જે જન્મે છે તે તો તમે જાણો છો ને? કંઇકના જન્મ સમયે કેટલી દોડાદોડી થઇ પડે છે! ડોકટરના શરણે જવું પડે છે. અને ડોકટરને લખી દેવું પડે છે કે નાના જીવનું જે થવું હોય તે થાય પણ મોટા જીવને બચાવો.

બીજી વાત તમારા અનુભવની કરું. માની લો કે તમને પેટમાં અસહ્ય દુખાવો થયો. ડોકટરને બતાવ્યું. તેનો અભિપ્રાય છે કે એપેન્ડીશનું દર્દ છે, અને ઓપરેશન કરાવવું પડશે, તુરતજ દર્દીને ઓપરેશન થીયેટરમાં લઇ જાય છે અને ઓપરેશન કરતાં પહેલાં તેને કલોરોફોર્મ સુંઘાડી બેભાન કરી દેવામાં આવે છે. પછી પેટ ચીરી બગાડ કાઢી ટાંકા લઇ લે છે. કેફ ઉતર્યા પછી દર્દીને પૂછો કે તને કેવું દુઃખ થયું તો તે દુઃખનું વર્ણન કરી શકશે નહિ. તે જ રીતે જન્મના દુઃખનું આપણે સમજી લેવું જોઈએ.

બીજું દુઃખ વૃદ્ધાવસ્થાનું છે. જ્ઞાનીએ કહ્યું છે કે 'જરા દુઃખ' કાને સંભળાય નહિ, આંખે દેખી શકાય નહિ, નાકમાંથી ચીકણા પાણી વહેતા હોય, કમર વાંકી વળી જાય, શરીર કામ કરતું ન હોય. પુત્રો જવાબ આપતા નથી અને પત્ની દાદ દેતી નથી,

ત્યારે માનવીને ઘડપણમાં સુખનું ગાંઠપણ વળગે છે. અને તમે માનેલું એ સુખ અંતે દુઃખનો દાવાનળ પ્રગટાવે છે. એથી જ મરણ સમયે દેહમાં રહેલો જીવ સુખ, શાંતિ અને સંતોષથી નીકળી શકતો નથી. આ તમારો સંસાર આવો દુઃખમય હોવા છતાં પણ તમને તે સોહામણો લાગે છે. તેનું કારણ અનાદિ કાળથી ઝેર ચઢી ગયું છે. ઝેરી નાગ કરડ્યો હોય અને ઝેર ચઢયું હોય ત્યારે કડવો લીંબડો ખવડાવવામાં આવે અને તેને પૂછો કે ભાઈ કડવો લાગે છે કે મીઠો! તો કહે છે કે મીઠો લાગે છે. જેમ જેમ ઝેર ઉતરે છે તેમ તેમ સમજાય છે કે આ તો કડવો ઝેર લીંબડો છે. તેમ તમારા જીવનમાંથી ભોગો ને તૃષ્ણારુપી નાગણીનું ઝેર ઉતરતું જશે તેમ તેમ તમને સંસાર કડવો લાગશે. ઘડપણ આવવા છતાં જીવનની ઝંખના–તૃષ્ણા ઓછી થતી નથી પણ વધતી જ જાય છે.

ગામડામાંથી શહેરમાં આવતાં, માણસ એવો વિચાર કરે છે કે રહેવા માટે એક સરસ મકાન મળી જાય અને વર્ષે પચીસ-ત્રીસ હજારની આવક થઇ જાય તો સંતોષથી બેઠો બેઠો ખાઉં અને આધ્યાત્મિક જીવન જીવું. હવે વર્ષો વીતી જાય. અને એક સાદા મકાનને બદલે આધુનિક સગવડો વાળો સુંદર ફ્લેટ મળી જાય. ટેકસીના ભાડાના પૈસા ન હતાં તેને બદલે મોટર મળી જાય. પચ્ચીસ હજારને બદલે પાંચ લાખની આવક થઈ જાય, છતાં તમને સુખ કે સંતોષ મળશે ખરો? ભલા. તમે શાંતિથી બેસીને વિચાર કરો કે હવે મારે કેટલું જોઇએ છે? પચ્ચીસ વર્ષ પહેલાં આવ્યો ત્યારે મારી પાસે કાંઇ ન હતું, કેમ આ વાત બરાબર છે ને?

કોઇ મિત્ર તમને આવીને પૂછે કે દોસ્ત! તારી બધી ઈચ્છાઓ પૂર્ણ થઇ? તમે કહો કે "હા," તો પણ તમારા મોઢા ઉપર આનંદ કેમ દેખાતો નથી? તેનું કારણ એક જ છે કે એ સુખ બાહ્ય છે, આભ્યંતર નથી.

માણસે આજ સુધી જીવન એવું કેળવ્યું છે કે ધનોપાર્જન સિવાય બીજા કશાનો વિચાર જ નથી કર્યો. અને તેને માટે સમય પણ કાઢયો નથી. દુઃખ છે પણ દુઃખી કેમ છે એનું કારણ શોધ્યું નથી. શરીર તૂટતું હોય, રાતના સૂવા જાય, છતાં અજંપો રહે, બેચેની રહે, ઊંઘ આવે નહિ, તેને માટે ગોળીઓ લે, છતાં ગોળીઓનું ઘેન કલાક બે કલાકમાં કયાંય ઉડી જાય અને જાગી જવાય. બધું મળ્યું છતાં શાંતિ નથી. ત્યારે અંદરથી કોઈ કહે છે કે આનાથી મને સંતોષ નથી. મારો ખોરાક જુદો છે. તેણે કોમળતા, મૃદુતા, વિશ્વપ્રેમ છે. આ બધો ખોરાક કોઈ દિવસ મેળવ્યો નથી.

દેવાનુપ્રિય! સાચા સુખો તો આત્મિક છે. બીજા બધા સુખો ક્ષણિક છે. જગતનાં તમામ સુખો એક બાજુમાં મૂકો તો આત્મિક સુખમાં ભૌતિક સુખો અલ્પાંશે પણ આવી શકશે નહિ. એક દિવસના ચારિત્રમાં જેટલું સુખ છે, તેટલું સુખ ખુદ ઈન્દ્રને કે ચક્રવર્તિને પણ નથી. કારણ કે તે બધાં સુખો વિનશ્વર છે. એ પૌદ્ગલિક સુખમાં રાચતાં કીડાઓને કયાંથી ખબર હોય કે આ બધું જ છોડીને મારે એક દિવસ જવું પડશે

સંસારની અંદર સિનેમાના પડદાની જેમ અનેકવિધ અવનવા સુખ દુઃખના દૃશ્યો નજરે જોવા છતાં સંસારને સુખમય માનવો એ મૂર્ખનું લક્ષણ છે.

આ તમારા દેખાતાં સોહામણા સંસારમાં કોણ કોનું છે? સંસારના સુખ રેતીના બંગલા જેવાં છે. ઝરમર ઝરમર વરસાદ વરસે ત્યારે નાના બાળકો રેતીના બંગલા બનાવે છે, છાપરૂ બનાવે છે, બારીઓ પણ મૂકે છે. અને બાળક હરખાય છે કે મેં કેવો સુંદર બંગલો બનાવ્યો? આ બાળકની વાત છે, પણ વૃદ્ધ કે યુવાનની નથી.

બીજી વાત પાગલની. એક પાગલ માણસ નકામા કાગળ ચીંથરાં બધું ભેગું કરે છે. અમે મુંબઈથી પાછાં ફરતાં મરોલી આવ્યા. રસ્તામાં પાગલની હોસ્પિટાલ આવી. તે અધકચરા ગાંડા અમને જોઈને કૂદવા લાગ્યા. આ પાગલની વાત કરી પણ તમારી નથી.

જેમ બાળક રેતીનો મહેલ જોઇને ખુશ થાય છે પણ એક પવનનો ઝપાટો લાગ્યો ત્યાં તેનો રેતીનો રમ્ય મહેલ રેતવત્ બની ગયો. આ જોઈ બાળક આંખમાંથી આંસુ સારે છે. અજ્ઞાન કેટલું ભયંકર terrible (ટેરીબલ) છે! આચારંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે **लोयंसी जाणं अहियाय दुक्खं** અજ્ઞાન જીવનમાં કેટલાં અનિષ્ટો ઉભાં કરે છે. અજ્ઞાન જ સંસારની મુસાફરી વધારનાર છે. અજ્ઞાન જ માનવીને સત્ય સમજવા દેતું નથી. મોહના ફંદામાં ધકેલનાર જો કોઈ તત્વ હોય તો તે અજ્ઞાન જ છે. ખરેખર મોહની ગતિ ન્યારી છે. સંસારનો પ્રવાસી પણ અજ્ઞાન બાળકના રેતીના રમ્ય રહેઠાણની જેમ દુઃખ ભરેલા સંસારમાં સુખના સોણલાં સેવી રહ્યો છે.

નાનો બાળક તો રોવે પણ આ ઠેકાણે કોઈ બુઢ્ઢા બાપાનો મહેલ પડી જાય તો રોવે કે ન રોવે! જેને મૂકીને જ જવાનું છે. એક સોય જેટલું પણ સાથે લઈ જવાનું નથી, છતાં આટલી હાય બળતરા છે, તો પછી લઈ જવાનું હોય તો કેટલી બળતરા હોય? હું તો માનું છું કે બાપ-દિકરા સામા સામા ઉભા ન રહી શકે. સંતો તમને સમજાવે છે પણ સમજતાં નથી.

હવે બન્યું એવું કે એક દિવસ રાત્રે લાઈટો બંધ થઇ જતાં પાગલો રાડો પાડવા લાગ્યા. મોટા શહેરોમાં લાઇટો હોય ત્યાં ફાનસો ન રાખે. એ કચરો લાગે, પણ જ્યારે લાઈટો બંધ થઈ જાય ત્યારે ફાનસ શોધવા નીકળે. બડિયા સળગાવીને લાવ્યા. અંદરથી સાંકળ બંધ કરી, દીવા જોઈને પાગલો ખૂબ હરખાયા. કપડાંનો છેડો અડાડયો ત્યાં સળગ્યું. બીજાએ ત્રીજાએ પોતાના કપડાં સળગાવ્યા અને ખૂબ હરખાવા લાગ્યા, કે અમે કેવા સરસ દેખાઇએ છીએ! દાઝે છે તો પણ હરખાય છે. તેમની ખૂમો સાંભળી ડાહ્યા માણસો દોડી આવ્યા. બહારથી ખેંચે છે પણ બારણાં ખોલતા નથી. બારણાં પરાણે ખોલીને અંદર આવીને પાગલોને આગમાંથી બચાવે છે, ત્યારે પાગલો કહે છે કે અમને એવાજ રહેવા દો. તેઓ કૂદાકૂદ કરે છે, નાચે છે, ગાય છે, પણ આગમાંથી મુક્ત થવાનું

મન થતું નથી. તે જ રીતે સંતો રૂપી ડાહ્યા પુરૂષોને થાય છે કે સંસારમાં મોહમદિરાના કેફથી આત્માઓ જ્યાં ને ત્યાં પટકાઇ રહ્યા છે. અજ્ઞાનના અંધકારમાં અથડાઈ રહ્યા છે અને અલિતા પલિતા રૂપ સંસારમાં બળી રહ્યાં છે, તેમને ગમેતેમ કરીને બચાવી લઈએ. પણ માછલીને પાણીમાંથી બહાર કાઢવામાં આવે તો તે મરી જાય. તેમ તમને પણ સંસારમાં જ રહેવું ગમે છે. કહેવામાં આવે કે દેવાનુપ્રિય! ધર્મ માટે એક કલાકનો ટાઇમ મેળવો, તો કહે છે કે શું કરીએ! ટાઇમ મળતો નથી.

હું તમને પૂછું છું કે તમે ગમે તેટલા કામમાં હો પણ હાજત જવાની પેટમાં પીડા થાય તો જાવ કે નહિ! ત્યાં તમે ટાઇમ કાઢો છો કે નહિ? તે જ રીતે અહીં પણ ટાઈમ લઈને આવો. સોહામણો દેખાતો તમારો સંસાર અમારી દૃષ્ટિએ તો બિહામણો જ લાગે છે. સંસારમાં કોઈ કોઈનું નથી. એ તમારી ભ્રામક દૃષ્ટિ સુધારવા એક દૃષ્ટાંત આપું છું :–

દૃષ્ટાંતઃ– એક માનવી સંસારમાં વસે છે. કર્મની ગતિ ન્યારી છે. નોકરી કે ધંધો કરે છે પણ સફળતા મળતી નથી. પાસા સવળા નાખે તો પણ ઉંધા પડે છે. ભાઈનું નામ તેની માતાએ પાડયું હતું લક્ષ્મીચંદ. નામ છે લક્ષ્મી, પણ લક્ષ્મી દેવી પ્રસન્ન થતાં નથી. નામ પાડવાથી કંઈ લક્ષ્મી થોડી જ મળે છે? લક્ષ્મીચંદ ગમે તેમ કરે પણ પૈસા મળતાં નથી. ઘરે જાય તો શ્રીમતી કકળાટ કરે છે. એની પત્ની ક્રોધી હતી. પોતે પેટે પાટો બાંધી શકતી નહતી. પેટ ભરવા પૈસા જોઈએ અને પતિ પૈસા લાવતો નથી.

પૈસા વિનાનો માણસ સંસારમાં કંસાર જેવો નહિં પણ કસાર જેવો જણાય છે.

લક્ષ્મી તો ભાગ્ય હોય તો જ મળે છે. આજે તમે ધનવિનાના માણસને શી ઉપમા આપો છો? કહેવત છે ને કે **નાણાં વગરનો નાથીઓ, નાણે નાથાલાલ, વસુ વિના નર પશુ.** સંસારમાં કોની કેટલી કિંમત અંકાય છે તે આ કહેવત ઉપરથી સ્પષ્ટ થઇ જાય છે, છતાં તમારી આંખ ખુલતી નથી. એકાદ વખત ધોકો મળે પછી જ આંખ ખુલે છે.

લક્ષ્મીચંદની પત્નીએ કહી દીધું કે પૈસા વિનાં મારા ઘરમાં પગ નહિ મૂકાય. કમાવાની ત્રેવડ ન હતી તો શા માટે ઘર માંડયું છે? no wealth no cost (નો વેલ્થ નો કોસ્ટ) પત્નીના તિક્ષ્ણ વચનોથી લક્ષ્મીચંદનું હૃદય વિંધાઇ ગયું. બોલો તો ખરા, ઘર કોનું?.... તમારૂં કે પત્નીનું? છતાં પગ મૂકવા દેતી નથી. લક્ષ્મીચંદ મૂંઝાઇ ગયો. હવે કરવું શું? માનવ મૂંઝાય ત્યારે તે શું કરે? ("સભા– આપઘાત કરે") લક્ષ્મીચંદે નક્કી કર્યું કે હવે આ દુનિયામાં જીવવું વ્યર્થ છે. જેને હું મારા માનતો હતો તે મારા નથી. તે પૈસાનાં જ સગાં છે. નિર્ધન જીવન હવે મારે જીવવું નથી.

વિશેષ કરીને જીવો સુખ ઉપર રાગ અને દુઃખ ઉપર દ્વેષ વાળા હોય છે. સુખ અને દુઃખને માનવી સત્ય સ્વરૂપે સમજે તો તેના હૃદયમાં સુખ-સગવડતામાં રાગ અને દુઃખના સાધન પર દ્વેષ જન્મે નહિ. સુખ મેળવવા પ્રાણને તજી સ્વર્ગનાં સુખ-શાંતિનાં સ્વપ્નો સેવે નહિ. સુખ અને દુઃખ શુભાશુભ કર્મના ફળ છે. જેના પાપકર્મના અંધારા ચારે કોર ફળી વળ્યા હતાં એવો લક્ષ્મીચંદ ગામ બહાર એક વડલાના ઝાડ નીચે ગયો.નિરાશાની રાશથી બંધાયેલો લક્ષ્મીચંદ ઝાડની ટોચે ચડ્યો અને તે પરથી પડવા વિચાર્યું, પણ વિચાર થયો કે પડુ ને હાથ-પગ ભાંગે તો ? કેમ પડાય ! પાછો ઉતર્યો. દોરડું લાવ્યો. બાંધીને ફાંસો ખાવા જાય છે, પણ ફાંસો ખાઈ શકતો નથી. પણ ધીમે ધીમે દોરડું ગળામાં બેસાડતો જાય છે. મરવાની અણી ઉપર છે, ત્યાં તેનો ભાગ્યોદય જાગ્યો. અને દેવવાણી સંભળાય છે.

હે માનવી ! તું શા માટે આ માનવભવ હારી જાય છે ! શા માટે આ ગળે ફાંસો ખાય છે ? લક્ષ્મીચંદ કહે છે-આ સંસારમાં ધન વિના મારી કોઈ વેલ્યુ નથી. મરવા સિવાય ઉપાય નથી. દેવ કહે છે તું પાપી પેટની ચિંતા છોડી દે. હું આજથી તારા ઉપર પ્રસન્ન થયો છું. પ્રસન્ન થયેલા દેવના વચનો સાંભળી દુઃખી થયેલો માનવી પ્રભાતના ખીલેલા પુષ્પોની જેમ પ્રફુલ્લિત બની ગયો. અને બોલ્યો કે દેવ ! આપ મારા પર પ્રસન્ન થયા છો તો હું દુઃખથી કંટાળી ગયો છું અને સુખ જોઇએ છે. તો હવે આપ મને થોડો સમય આપો જેથી હું સુખ શોધી આવું.

લક્ષ્મીચંદ સુખની શોધ કરવા નગરમાં ઉપડયો. એક મોટી હવેલીમાં ગયો. મકાનની બહારની શોભા જોઇને તેનું મન પાણી પાણી થઇ ગયું. નોકરને કહે છે ભાઈ ! મારે આવું મકાન બંધાવવું છે, મને જોવા જવા દો. રજા મળી. અંદર દાખલ થયો. અંદરના ઠાઠમાઠ જોઈ તેને થયું. બસ, આવું સુખ હું દેવ પાસે માંગીશ. તેની વિચારણા કંઇક આગળ વધે તે પહેલાં તો તેના કાને અંદરથી બાઇના રૂદનનો કરૂણ સ્વર સંભળાયો. નોકરને પૂછે કે આવા સુંદર મકાનમાં કોણ રડે છે ? તો કહે છે એ તો અમારા શેઠાણી છે. તે શા માટે રડે છે ? મને તેમની પાસે લઇ જાવ. પાસે જઇને રૂદનનું કારણ પૂછે છે. બહેન ! આટ આટલી સુખ સામગ્રી હોવા છતાં શા માટે રડો છો ? તમારા સુખને જોઇ હું આશ્ચર્ય પામું છું, ત્યાં તું રડી રહી છો, તેનું કારણ શું ? ભાઈ ! આ મારૂં સુખ મને શાંતિ દેનાર નથી પણ ભંગાર છે. પડછાયા જેવું છે. બધાય સુખની પાછળ દુઃખનો દરિયો પડયો છે. આ સુખ અને સાધનની સામગ્રી વસાવનાર, લીલી વાડીના ખીલવનાર, મારા શિર છત્ર એવા મારા સ્વામીનાથ આ લોક છોડી પરલોકવાસી થયાં છે. હવે મારે આ સુખ શા કામના ? ભાઇ ! આવા સુખને તું સુખ માને છે ? લક્ષ્મીચંદ કહે-આને હું સુખ નહિં પણ દુઃખ જ માનું છું. મારે આવું સુખ ન જોઈએ. ત્યાંથી તે પાછો ફર્યો.

બીજી હવેલીમાં દાખલ થયો. ત્યાં એક શેઠનું સુખ જોઇને આ સંસારનો પ્રવાસી હર્ષથી છલકાઇ ગયો. અહો ! આ શેઠ તો દેવના સુખો ભોગવી રહ્યા છે. હું આવા સુખને માગીશ. અને મારા દુઃખને ભાંગીશ. સુખાનંદમાં મ્હાલીશ અને મારી જિંદગી પસાર કરીશ. એમ વિચાર કરી કહે છે શેઠજી ! મને તો આપ જ સુખી દેખાવ છો. મારા ઉપર દેવ પ્રસન્ન થયો છે. હું આપના જેવું જ સુખ માંગીશ. શેઠ કહે ભાઈ ! તને મારૂં સુખ ગમ્યું, તેં એની ઇચ્છા કરી પણ મારૂં સુખ મને ક્ષણભંગુર લાગે છે. પરભવમાં સાથે આવનાર નથી. મેં પૈસા મેળવવામાં લોહીના પાણી કર્યા. પરલોકની ચિંતા કરી નહીં. પાપ કરતાં પાછો વળ્યો નહીં ને પુણ્ય કાંઈ કર્યું નહીં. પુત્રના પારણા પાછળ આશામાં ને આશામાં વૃદ્ધ થયો, પણ પુત્રની પ્રાપ્તિ થઇ નહીં. દુઃખમાં ને દુઃખમાં જીવતો છતાં મરવા જેવો જ છું. આ સુખ મને મધથી ખરડેલી તીક્ષ્ણ તલવારની ધાર જેવાં લાગે છે. અને તું આવા સુખની ઇચ્છા કરે છે ?

બોલો તો ખરા ! તમે બધા સુખી તો છો ને ? તમને કોઇને આવા દુઃખ તો નથી ને ? કારણ ! તમારી પાસે પૈસા છે, પુત્ર છે, પત્ની છે, પરિવાર છે, સુંદર મકાન છે, મોટર છે, નોકર ચાકર છે, એટલે જ બધાં સુખીયાં છો ને ? સાથે સંસારના રસીયાં છો ને ? (સભા :– સુખી નથી, દુઃખી છીએ) લો સુખી નથી, એટલું તમને સમજાયું હોય તો હવે સંસાર પ્રત્યેનો રસ ઓછો કરો.

લક્ષ્મીચંદે વિચાર્યું કે આવું સુખ શા કામનું ? ત્યાંથી વિદાય થયો. ફરતો ફરતો વીરાણી પૌષધશાળામાં આવ્યો. સંતોની પાસે બેઠો. સંતોના મુખ ઉપર આનંદની સીમા નથી. તપના તેજ ઝળકે છે. કોઇ તપસ્વી છે. તો કોઈ જ્ઞાન ધ્યાનમાં મસ્ત છે. તો કોઇ વૈયાવચ્ચમાં મસ્ત છે. કયાંય અશાંતિ કે દુઃખનો છાંટો ન જોયો. ધનવાન કે ગરીબ બધા ઉપર એક જ સમાન દૃષ્ટિ છે. સાચું સુખ તો અહીં જ છે. પૈસા વિનાં ઘરમાં ગયો તો જે પત્ની પાસેથી સોહામણાં સુખની આશા રાખતો હતો તે પત્નીએ ધિક્કારો કર્યો. આજે ત્રણ ત્રણ દિવસ થયાં પણ સંત ધિક્કારો કરતા નથી, માટે જ જ્ઞાનીએ કહ્યું છે કે :–

" અણુમિત્તસુક્ખા બહુકાલદુક્ખા, પગામદુક્ખા અણિગામ સુક્ખા ।
સંસાર મોક્ખસ્સ વિપક્ખભૂયા, ખાણી અણુત્થાણ ઉ કામભોગા ॥

ઉ. સૂ. અ. ૧૪. ગા. ૧૩

મહાન પુરૂષો કહે છે કે તું જ્યાં સુખ માને છે ત્યાં સુખ નથી. ક્ષણિક સુખની પાછળ ઘણાં કાળનું દુઃખ છે. જન્મ જરા અને મરણનું દુઃખ સર્વ જીવોના માથે ઝળેલું જ છે. બાકી સંસારમાં સ્વાર્થની જ બાજી છે. પતિ પત્નીને કહે કે પેટીમાં જે દાગીના ભર્યા છે તે આપો. હમણાં મારો હાથ ભીડમાં છે. દીકરો માતા પાસે માંગે તો પ્રેમમાં

ખટાશ આવે કે નહિ ? થોડું માંગે તો ઠીક પણ બધું જ માંગે તો તો જોઈ લો કે કેવો પ્રેમ રહે છે. આ સંસાર સ્વાર્થમય છે.

દેવ પ્રસન્ન થયા. સુખની શોધ કરવા જતાં લક્ષ્મીચંદની આંખ ખુલી. કંઈક વખત દુઃખ સારા માટે આવે છે. સંતોના સુખ જેવું બીજું કોઇ સુખ નથી. લક્ષ્મીચંદની પત્નીને ખબર પડી કે તેનો પતિ ઉપાશ્રયમાં જ રહે છે. તેને બીક લાગી કે રખે સાધુ થઇ જશે ? તે દોડતી આવીને કહે છે કે સ્વામીનાથ ! ઘરે પધારો. દીક્ષા લેવી નથી. મારે ગોળની બાધા છે. ઘી ને ગળપણની બાધા છે. આ સમયે અંતરંગ વૈરાગ્ય હોય તો જ ટકી શકાય છે.

લક્ષ્મીચંદ કહે છે :—સાચા શાશ્વત સુખની ચાવી તો ત્યાગમાં જ છે, રાગમાં નહિ. મારે રાગની આગમાં બળવું નથી. મારે તો ત્યાગમાર્ગ અંગીકાર કરી સાચા સુખની પ્રાપ્તિ કરવી છે. સંસાર સુખનાં સોહામણાં સ્વપ્નાં તો સંધ્યાના રંગ જેવા છે.

બંધુઓ ! આ ક્ષણિક સુખોનો રાગ ઘટાડી જિંદગીની એક એક સોનેરી પળ પ્રમાદમાં નહીં ગુમાવતાં આત્મકલ્યાણની લગનીમાં લગાડો. એ જ અનંત જ્ઞાનીઓનો સંદેશ છે. ટાઈમ થઈ ગયો છે. બધુ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં ૨—ચાતુર્માસનો મંગલ સંદેશ

[અષાઢ શુદ પુનમ ને શનિવાર. તા. ૧૮-૭-૭૦]

આજનો દિવસ એ પવિત્ર દિવસ છે. આ વિશાળ હોલમાં નજર કરતાં થાય છે કે આજે શું રવિવાર છે ? ના, રવિવાર તો નથી પણ આજે તો શનિવાર છે. પણ એ રવિવારને ય વટાવી આગળ વધીને આજે આપણો અષાઢી પૂર્ણિમાનો પવિત્ર દિન છે. પૂર્ણિમા તો દર મહિને એક વખત આવે છે, પણ આજની પૂર્ણિમા આપણા દરેકના દિલમાં આનંદની ઉર્મિ પ્રગટાવે છે.

આજના દિવસે દુનિયાભરમાં વિચરતા જૈન સંતો પોતે નિશ્ચિત કરેલા સ્થાને સ્થિર થઇ જશે. મુનિરાજોને વિહાર પ્રિય હોય છે અને વિહારમાં સંતોને અનુભવ સાથે સંયમની સુરક્ષા પણ થાય છે. જ્યારે શ્રાવકોને સંતો સ્થિર થાય છે ત્યારે આનંદ આવે છે. ઉપાશ્રયમાં સંતો બિરાજમાન હોય ત્યારે શ્રાવકો દરરોજ પ્રભાતમાં જાગૃત થઈ સંતદર્શન કરે, માંગલિક સાંભળે, સંતોનાં વ્યાખ્યાન સાંભળે; અને શ્રાવકના જે બાર વ્રત છે તેમાંથી એક વ્રતના પાલનનો લાભ પણ મેળવી શકે. શ્રાવકના બાર વ્રતમાં સ્વાધીન કેટલા ને પરાધીન કેટલા ? જ. ૧૧ વ્રત સ્વતંત્ર છે. તમે જ્યારે કરવા ધારો ત્યારે કરી શકો છો, પણ બારમું એક જ વ્રત એવું છે કે તમે સ્વતંત્રપણે કરી શકતાં નથી. એ તો ગામમાં સંતો બિરાજમાન હોય ત્યારે જ ભાવના ભાવીને પૂર્ણ કરી શકાય છે.

આજે ચાતુર્માસની શરૂઆતનો મંગલ દિવસ છે. સંતો સ્થિર થાય પણ તેમને આનંદ ક્યારે આવે ? જ્યારે શ્રાવકો જિનશાસનમાં સ્થિર થાય ત્યારે. તમે સંતોને સ્થિર કરીને આનંદ માનો છો. જ્યારે સંતો શ્રાવકોને સ્થિર કરાવવામાં આનંદ માને છે. જો કે અમને તો વિચરવામાં જ આનંદ હોય છે. કારણ કે જેમ નદી વહેતી હોય ત્યારે તે તેના કિનારે રહેલાં વૃક્ષોને તાજગી આપે છે, અને આગળ વધ્યે જ જાય છે. તે જ રીતે સંતો જ્યાં જ્યાં વિચરે છે ત્યાં ત્યાં શ્રાવકોના સદ્‌ગુણોમાં પણ તાજગી આવતી જાય છે. અને તેના કારણે સંતોના હૃદયમાં પણ આનંદ હોય છે. આજે સ્થિર થવા છતાં અમારા મુખ પર આનંદ છે, તેનું કારણ એ જ છે કે અમે પ્રભુની આજ્ઞાનું પાલન કરીએ છીએ. આ દિવસોમાં સમૂર્ચ્છિમ જીવોની જેમ જ લીલોતરી તથા લીલ ફુલની ઉત્પત્તિ વધુ પ્રમાણમાં થાય છે. તે જીવોની વિરાધના ન થાય તે માટે પ્રભુએ ફરમાન કર્યું છે કે હે મારા સંતો ! તમે ચાર મહિના વિહાર કરશો નહિ. આ આજ્ઞા-પાલનનો અમને આનંદ છે. પ્રભુએ અમને સ્થિર રહેવાનું કહ્યું છે, તો આમાંથી તમને કંઈ લાગુ પડે કે નહીં ? અમે સંપૂર્ણ ત્યાગી છીએ, તમે કંઇક આગારવાળા છો. છતાં બને તેટલા, આ દિવસોમાં આરંભ-સમારંભ કરવા નહિ. વિના પ્રયોજને બહાર-ગામ જવું નહિ. એક સ્થાનકે રહી બને તેટલી ધર્મ આરાધના કરવી જોઇએ.

વૈષ્ણવોનું ચાતુર્માસ અષાઢ સુદ અગિયારશથી શરૂ થાય છે. તે દિવસને તેઓ દેવપોઢી અગિયારશ કહે છે. તેમણે દેવને સૂવાડી દીધા પણ આપણે તો અંદરમાં બેઠેલા ચેતનદેવને જગાડવા છે. ત્રિખંડ અધિપતિ કૃષ્ણ મહારાજનું શાસન ચાલતું હતું ત્યારે તેમણે વિચાર્યું કે બારગામથી રાજાઓ મારી સભામાં આવે છે. તેઓ લશ્કર સહિત આવે છે. તો આ દિવસોમાં જીવોની કેટલી વિરાધના થઈ જશે ! અવિરતી સમ્યક્‌-દૃષ્ટિ હોવા છતાં દિલમાં જીવો પ્રત્યેની કેટલી અનુકંપા છે ! કૃષ્ણ મહારાજાએ આદેશ કર્યો કે હે રાજાઓ ! અષાઢ સુદ અગિયારસથી લઇને કારતક સુદ અગિયારસ સુધી કોઈએ મારી સભામાં આવવું નહિ. એટલે આ અગિયારસને દેવપોઢી અને કારતક સુદ અગિયારસને વૈષ્ણવો દેવ ઉઠી અગિયારસ માને છે. તમારા દિલમાં પણ અનુકંપા આવવી જોઈએ.

એક વર્ષમાં ત્રણ કાળ આવે છે. (૧) શીતકાળ (૨)ઉષ્ણકાળ (૩) વર્ષાકાળ. આ ત્રણે કાળમાં જો કોઇ અતિમહત્વનો કાળ હોય તો વર્ષાકાળ જ છે. કારણ કે શિયાળામાં વધુ ઠંડી ન પડે તો કાંઇ નુકશાન થતું નથી. ઉનાળામાં વધુ ગરમી ન પડે તો પણ કાંઇ નુકશાન થતું નથી. પણ જો ચોમાસામાં વરસાદ ન પડે તો [illegible] પશુ. પક્ષીઓનાં કેવી દશા થાય છે એ તો આપણે પ્રત્યક્ષ જોઇ [illegible] છીએ છીએ.

અષાડનાં વાદળાંને જોતાં જ જેમ મોર વાદળાંની ગર્જના સાંભળવા આતુર બની જાય છે તેમ ચાતુર્માસ નજીક આવતાં શ્રદ્ધાવાન શ્રાવકો પણ વીર વાણીનો ટહુકાર સાંભળવા ઉત્સુક

બની જાય છે. વરસાદ આવતાં જેમ ધરતી રળિયામણી બની જાય છે, ચારે તરફ પ્રાકૃતિક સૌન્દર્ય ખીલી ઉઠે છે, તેમ ચાતુર્માસના દિવસોમાં પ્રવચન સાંભળ્યા પછી આપણા જીવનનો બાગ પણ રળિયામણો બની જવો જોઈએ. વરસાદ વરસી ગયો અને ઉનાળાની સખ્ત ગરમીથી તપેલી ધરતીને શીતળ બનાવી ગયો અને વધારામાં વનસ્પતિથી ધરતીને લીલીછમ બનાવી ગયો. તે જ રીતે શ્રાવકોના જીવનમાં જ્ઞાન-ધ્યાન-તપ અને ત્યાગના અંકુરા ફૂટવા જોઈએ. સત્ય-નીતિ અને સદાચારની સૌરભથી જીવનબાગ મહેકવો જોઈએ.

વરસાદની ધારાઓ સડકો ઉપર અને ગટરોમાં જે ગંદકી થઈ હોય છે તેને ધોઈ નાખે છે. તેમ વીતરાગ-વાણીની ધારાઓને આપણે આપણા હૃદયમાં ઉતારી અંદર રહેલા રાગ-દ્વેષ-માન-માયા આદિ દોષોનાં જે થર જામી ગયા છે તેને ધોઈને અંતર-પ્રદેશને સાફ કરવાનો છે. અને કષાયોની ગરમીથી તપેલા આત્માને શાંત ને શિતળ બનાવવાનો છે. જો આપણા જીવનમાં વીરવાણી સાંભળ્યા પછી કંઈ સુધારો ન થતો હોય તો સાંભળ્યું તો ય શું અને ન સાંભળ્યું તો ય શું ? વરસાદ વરસે પણ જ્યાં જોઈએ ત્યાં ન વરસે તો વરસાદ વરસવાથી કાંઈ લાભ થતો નથી. તે જ રીતે આપણાં કષાયો તેમ જ દુર્ગુણો દૂર ન થતાં હોય તો સાંભળ્યાની સાર્થકતા ખરી ?

અહીંથી તમે વીતરાગવાણી સાંભળીને ગયા. ઘરેથી ઓર્ડર આપીને આવ્યા હતા કે આજે અમુક ચીજ બનાવજો. અને ઘરે ગયા પછી ભાણામાં એ ચીજ ન આવી તો થાળી, વાડકા પછાડો ને ? ભાણા પરથી ઉભા થઇ જાવ. આવા સમયે ખરેખર સમતા-ભાવ રાખવો જોઈએ. ક્રોધી આત્માઓથી ઘરનાં માણસો પણ ત્રાસી જાય છે.

જે ભગવંતને ચક્રવર્તિઓ અને ઇન્દ્રો તથા રાજા-મહારાજાઓ વંદન કરે છે, તેમની પાસે જવાની હિંમત કરવી સહેલી નથી. તેવા પ્રભુ પાસે એક સ્ત્રીએ જવાની હિંમત કેળવી. એ હતી જયંતી શ્રાવિકા. પ્રભુને વંદન કરીને તે પૂછે છે કે હે ત્રિલોકીનાથ ! જગતના જીવોને અંધકારમાંથી પ્રકાશમાં જવાનો માર્ગ બતાવનાર, કરૂણાસાગર ! પૃથ્વી ઉપર રહેલા જીવો જાગતા ભલા કે ઉંઘતા ભલા ? પ્રભુ બોલ્યા, જયંતી ! કંઈક જીવો જાગતા સારા ને કંઈક જીવો ઉંઘતા સારા. આ વાત તો તમે ઘણી વખત સાંભળી હશે. અને મારા બોલતાં પહેલાં જ તમે કહી દેશો. હવે તમારે વિચાર કરવાનો છે કે આ બે માં મારો નંબર કયાં છે ? જયંતી કહે છે, પ્રભુ ! કયા જીવો જાગતા સારા ને કયા જીવો ઉંઘતા સારા ? પ્રભુ કહે છે જેના જાગવાથી અનેક જીવો ફફડે છે, ત્રાસ ઉત્પન્ન થાય છે, અને આખો દિવસ પાપનાં કાર્યો કરે છે તેવા જીવો ઉંઘતા સારા છે. ઉંઘે એટલો વખત તો શાંત રહે. અને જેના જાગવાથી અનેક જીવોને આનંદ થાય છે, કંઈક જીવો ધર્મ પામે છે, કંઈકના દુઃખ દૂર થાય છે એવા જીવો જાગતા સારા.

એક દિવસ સવારે હું દૂધ વહોરવા નીકળેલ. આ રાજકોટની વાત નથી. સંતો ઘરઘરમાં ઘૂમનારા હોય છે એટલે દરેકનો તેમને જલ્દી ખ્યાલ આવે છે. ડોકટર તો

એક એક રોગના સ્પેશ્યાલીસ્ટ હોય છે. નાક ને ગળાનાં સ્પેશ્યાલીસ્ટ હોય તો તેમાં જ તે જાણી શકે. આંખના સ્પેશ્યાલીસ્ટ આંખની તકલીફ દૂર કરે પણ સંતો તો તમારા દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારના રોગના સ્પેશ્યાલીસ્ટ હોય છે. એક ઘરેથી બીજે ઘરે ગોચરી કરતાં કરતાં એક ઘરમાં દાખલ થયા. ઘરમાં બાળકો પણ ખૂબ ભાવનાવાળા. બાળકો કહે-હું વહોરાવું, બીજો કહે-હું મહાસતીજીને વહોરાવું. એમ બાળકો ખૂબ જોરશોરથી બોલવા લાગ્યા. મેં કહ્યું, તમે બધા શાંન્તિથી એક એક વસ્તુ વહોરાવો, બધાના હાથે વહોરીશ. ત્યાં શ્રાવિકાજી બાળકોને કહે છે કે તમે બધા ધીમું બોલો. મેં કહ્યું : કેમ બહેન! તમે આમ કહો છો? તો કહે છે કે આ પલંગમાં સૂતા છે તે માંડ ઉંઘે છે. તે જાગી ન જાય માટે ધીમું બોલવાનું કહું છું. ત્યારે મને થયું કે કદાચ બિમાર હશે. અથવા બીજા કોઇ મહેમાન આવેલ હશે. એટલે મેં પૂછયું-બહેન, આ કોણ છે? તમારા સસરા છે કે બીજા કોઇ છે? તે બિમાર છે કે કોઈ ચિંતાનું કારણ છે? જો બિમાર હોય તો માંગલિક સંભળાવું. તો કહે છે, મહાસતીજી! હું જેને પરણી છું તે મારા પતિ છે. તે બિમાર નથી પણ શી વાત કરું? એ ઉંઘે છે ત્યાં સુધી સુખે ચા-પાણી પી લઇએ. એ જાગશે ત્યારે કંઇક ગડબડી કરશે. કોઈને મારશે તો કોઈને ધમકાવશે. એવો ક્રોધી સ્વભાવ છે કે બધા ફફડીએ છીએ. એ જમીને દુકાને જાય ત્યારે અમને થાય કે હાશ! હવે શાંતિ થશે. જેના જાગવાથી બીજાને ત્રાસ થાય તેવા જીવો ઉંઘતા જ સારા છે. તમે વિચારજો કે અમે તો આવા નથી ને!

ચાતુર્માસના પવિત્ર દિવસોમાં સંતો બિરાજે છે. અને વીર વાણીનો ધોધ વહાવે છે. આ ધોધ દ્વારા આપણા કષાયોને શાંત કરવાના છે. સામાયિક, પ્રતિક્રમણ કર્યા પછી કષાયોની આગ હોવી ન જોઇએ. એજ પ્રભુ મહાવીરનો દિવ્ય સંદેશ છે. સાંભળો, ત્રિલોકીનાથ શાસનપતિ પ્રભુને દીક્ષા લીધા પછી કેવી કેવી આપત્તિઓ આવી! પણ કષાયનો છાંટો દિલમાં આવવા દીધો નથી. મારનાર પ્રત્યે અને પૂજન કરનાર પ્રત્યે સમતાભાવના ઝરણાં વહાવ્યાં છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે :-

"લાભાલાભે સુહેદુક્ખે, જીવિએ મરણે તહા।
સમો નિંદા પસંસાસુ, તહા માણુવમાણુઓ॥" ઉ. અ. ૧૯-૯૦

જે લાભ-અલાભ, સુખ-દુઃખ, જીવન-મરણ, નિંદા અને પ્રશંસામાં સમતાભાવ રાખે તે જ સાચો શ્રમણ છે. તમે સાધુપણું ન લો તો ખેર, પણ શ્રાવકપણામાં રહીને આવો ભાવ કેળવતાં શીખો. જો સમજણ કેળવી હશે તો જ કર્મોદયના સમયમાં સમભાવ રાખી શકાશે.

કર્મને જેવું બાંધીએ છીએ તેવું તુરત જ તે ઉદયમાં આવતું નથી. સત્તામાં રહે છે. ભગવંત કહે છે હે આત્માઓ, કર્મ એ સત્તામાં છે, હજુ ઉદયમાં આવ્યા નથી, તો

તે ઉદયમાં આવે તે પહેલાં સામાયિક પ્રતિક્રમણ–પૌષધ અને તપશ્ચર્યા દ્વારા સત્તામાંથી જ તેને નાબૂદ કરો. ઉદયમાં આવ્યા પછી તો ભોગવે જ છૂટકો છે.

" ભવકોડી સંચિયં કમ્મં, તવસા નિજ્જરિજ્જઈ " ઉ. સુ. અ. ૩૦. ગા. ૬નું પદ. ક્રોડો ભવનાં સંચિત કરેલા કર્મો તપશ્ચર્યા દ્વારા નાબૂદ કરી શકાય છે. જીવ જેવા પરિણામે કર્મ બાંધે છે તેવા પ્રકારનો અબાધાકાળ પડે છે. મોહનીય કર્મની સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડી સાગરોપમની છે. તેનો અબાધાકાળ ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષનો છે, જેની ત્રીસક્રોડાક્રોડી સાગરોપમની સ્થિતિ છે તેનો ત્રણ હજાર વર્ષનો, અને વીસ ક્રોડા ક્રોડી સાગરોપમની સ્થિતિવાળાઓને બે હજાર વર્ષનો અબાધાકાળ પડે છે. કર્મનો કાયદો ક્રૂર અને કુટિલ હોવા છતાં પણ અબાધાકાળના સમય સુધી સુધરવાની તક આપે છે."

અબાધાકાળનો સમય પૂર્ણ ન થાય ત્યાં સુધી તે કર્મો આપણને હેરાન કરતાં નથી. જેમ પાંજરામાં પૂરાયેલો સિંહ પાંજરામાં છે ત્યાં સુધી તે કંઈ જ કરી શકતો નથી અને છૂટ્યા પછી કોઇને છોડતો નથી. સીધો તરાપ મારે છે. તેમ સત્તામાં રહેલા કર્મો અબાધાકાળ પૂર્ણ થશે ત્યારે કોઈને છોડશે નહિ. એક માણસે સરકારનો ગુન્હો કર્યો, તે પકડાઈ ગયો અને જામીન ઉપર તેને છોડવામાં આવ્યો. પણ મુદતનો દિવસ આવે ત્યારે તેને કોર્ટમાં હાજર થવું પડે. મુદત પૂર્ણ થતાં ગુન્હા અનુસારે જે શિક્ષા થાય તે તેને ભોગવવી પડે છે. તો કર્મોનો ઉદયકાળ આવે તે પહેલાં જ ચેતીને તેને વિખેરી નાંખો.

ચાતુર્માસના દિવસોમાં કર્મોની મજબૂત ગાંઠ ઉપર તપ–ત્યાગ–વ્રત–નિયમ રૂપી તીક્ષ્ણ કુહાડાથી પ્રહાર કરી તે ગાંઠને ચીરી નાખવાનો પુરૂષાર્થ કરો. જો જબ્બર પુરૂષાર્થ ઉપડે તો એ ગ્રંથીભેદ થયા વિના ન રહે. મેઘરાજા વરસ્યા ને ધરતી હરિયાળી બની ગઈ તેમ સંતો વીરવાણીની વર્ષા કરે ત્યારે આપણું અંતર–ઉપવન પણ લીલુંછમ બની જવું જોઈએ અને શ્રદ્ધામાં દૃઢ બનવું જોઈએ.

તમને થશે કે સિદ્ધાંતમાં તો સાધુઓની જ વાત આવે છે. શ્રાવકોની ક્યાં વાતો આવે છે? ઉપાસકદશાંગ સુત્રમાં શ્રાવકોની વાતો પણ આવે છે, તે તમારે ભૂલવું ન જોઇએ. કામદેવ શ્રાવક અને સુદર્શન શેઠની શ્રદ્ધા કેવી હતી તે તો તમે જાણો છો ને! કામદેવ શ્રાવક પૌષધશાળામાં પૌષધ લઈને બેઠા છે. તેની પરીક્ષા કરવા દેવ આવે છે— પિશાચનું ભિહામણું રૂપ લઈને કહે છે, હે કામદેવ! એક વખત કહી દે કે, મહાવીરનો ધર્મ અસત્ય છે. જો તું એમ નહીં કહે તો હું તને જીવતો નહિ મૂકું, છતાં કામદેવ ચલાયમાન ન થયા અને કામદેવની જે અડગ શ્રદ્ધા છે તે અઢી હજાર વર્ષ પછી પણ આજે આગમમાં મોજુદ છે. એમણે કહ્યું: તમે મારા શરીરને મારી શકો છો, આત્માને નહિ. આ શરીર તો અનંતી વખત મળ્યું છે. માટે આત્માના શાશ્વત ધર્મને કામદેવ કદી પણ અસત્ય કહી શકશે નહિ. ભલે મારા અણુએ અણુ જુદા થઇ જાય પણ એમાંથી

એક જ અવાજ આવશે કે મારા ભગવાનનો ધર્મ સત્ય છે. આ જીવે હજુ વાતો જ કરી છે પણ દેહ કરતાં ધર્મ વહાલો છે કે નહિ તેનું માપ કાઢયું જ નથી. સાચા શ્રાવકને જ્યાં સુધી તેની સાધનામાં આપત્તિ ન આવે, કસોટીનો સમય ન આવે ત્યાં સુધી મજા ન આવે. ઉપસર્ગ આવે અને મન ચલાયમાન ન થાય ત્યારે ખબર પડે કે હું સાધનામાં કેટલો સ્થિર રહી શકું છું. મિઠાશ સાથે થોડી કડવાશ તો જોઇએ. કેરીની સીઝનમાં તમે રસપુરી જમતાં હતાં ત્યારે ભેગું કારેલાનું શાક ખાતા હતા. શા માટે ? મીઠી વસ્તુ સાથે મીઠી ચીજ ભાવે નહીં, તેનો સ્વાદ માર્યો જાય. શીરા સાથે પતાસું ન ખવાય તેમ ભૌતિક સુખોની મિઠાશમાં વિપત્તિરૂપી કડવાશ આવે ત્યારે જ સમતાભાવનું માપ નીકળી શકે છે.

એક વખત મુંબઈમાં રહેતા એક શેઠના રસોઇયાએ રસોઈ બનાવી. કારેલાના શાકમાં ખૂબ મરચું નાખ્યું. શેઠની જીભ તતડવા લાગી અને આંખમાંથી પાણી આવી ગયા. શેઠ પૂછે છે ભાઈ ! આજે શાકમાં મરચું ખૂબ નાંખ્યું છે. તો કહે છે, મને થયું કે આજે મારવાડ જેવું શાક બનાવું. થોડા દિવસ પછી એક દિવસ શાકમાં મરચું નાખવું જ ભૂલી ગયો. શેઠ જમવા બેઠા અને પૂછે છે ભાઇ ! આજે તો આયંબીલ જેવું શાક બનાવ્યું છે. ત્યારે રસોઇયો કહે છે કે મને થયું કે આજે મુંબઈ જેવું શાક બનાવું—, પણ પોતાની ભૂલ કબૂલ કરતો નથી. શેઠ તો સમભાવવાળા હતા. તેઓ કંઈ જ ન બોલ્યા. વધુ મસાલો પડી ગયો તો કહે છે કે મારવાડ જેવું અને ઓછો પડયો તો કહે છે કે મુંબઈ જેવું શાક બનાવ્યું. પણ તેને પોતાની ભૂલ જ દેખાતી ન હતી.

જ્ઞાની તો કહે છે કે કોઇ તમારા ઉપર ક્રોધ કરે તો પણ તમે શાંત રહેજો. ક્રોધ કરનાર સાથે પણ પ્રેમ કરો. મેઘની ગર્જના સાંભળી મોર નાચી ઉઠે છે, તેમ તમારા ઉપર અકારણે કોઇ ગરજી ઉઠે તો તમારા મનને મધુર બનાવી દેજો. તે વ્યક્તિ હમણાં નહિ તો ચાર દિવસ પછી પોતે પોતાની ભૂલ સમજશે અને તેને પશ્ચાતાપ થશે અને પોતાની ભુલ હોય તો ભૂલનો પશ્ચાતાપ કરજો.

આજે તો મોટા ભાગે માનવીને પોતાની ભૂલ સમજાતી જ નથી. કોઈ પોતાની ભૂલ કાઢે તે પણ ગમતું નથી. ઘર ઘરમાં આ જ પરિસ્થિતિ છે. લગ્ન પછી ચાર મહિનામાં વહુ જુદી રહેવા ગઈ. તેની સાસુને પૂછવામાં આવે કે તમારી વહુ ચાર મહિનામાં જુદી કેમ થઈ ગઇ ? તો સાસુ કહે છે કે એને જુદી કાઢવા જેવી જ હતી. એની વાત કરવા જેવી નથી. એના નિત્ય નવા નખરાંથી હું કંટાળી ગઈ. તે જ રીતે વહુને પૂછવામાં આવે કે પરણીને ચાર મહિનામાં જુદા કેમ થયા ! તો કહે છે કે મારી સાસુ બહુ વસમી છે. તેની જીભ તો સવા ગજની છે. તે વાતે વાતે મહેણાં માર્યા કરે છે. બંનેએ એક બીજાની નિંદા કરી, પણ પોતાની ભૂલ કોઈને દેખાતી નથી.

આ જીવ અનાદિ કાળથી પરાયા જ દોષો જુવે છે, પણ સ્વદોષને જોતો જ નથી. આમ ને આમ દિવસો ગયા, મહિના ગયા, ને વર્ષો ગયા અને જિંદગી પણ પૂર્ણ થશે, પણ જીવ અત્યાર સુધી ન સમજ્યો. જ્ઞાની કહે છે કે જાગ્યા ત્યારથી સવાર અને સમજ્યા ત્યારથી જન્મ. ભવની ગણત્રી સમકિત પામ્યા ત્યારથી જ થાય છે બાકી તો રામડપટી જ છે. હવે જો સમજ્યા હો તો ચાતુર્માસના ચાર મહિના મોજ શોખ ને એશઆરામ છોડી કષાયોને મંદ પાડવા એક કલાક વીરવાણીનો લાભ લેવા નિર્ણય કરજો.

પ્રભુ મહાવીરનું અંતિમ ચાતુર્માસ પાવાપુરીમાં થયું. તે પાવાપુરી નગરી ધન ધાન્યથી સમૃદ્ધ અને પ્રશંસનીય હતી. આજે તો તે નગરી બે હાલ થઈ ગઈ છે. ત્યાંના માણસોને ખાવાના પણ સાંસા છે. દર વર્ષે દેરાવાસી ભાઈઓ પ્રભુ મહાવીરનો નિર્વાણ દિન ઉજવવા ત્યાં જાય છે અને ફાળો કરીને તેમને અનાજ વહેંચે છે. જે રાજગૃહી નગરીમાં પ્રભુએ સૌથી વધુ ચાતુર્માસ કર્યા તે નગરી પણ શૂન્ય બની ગઈ છે, પણ પ્રભુ વિચરતા ત્યારે તે નગરીઓ સમૃદ્ધ હતી.

પાવાપુરીમાં અંતિમ સમયે સોળ પ્રહર સુધી પ્રભુએ અખંડ દેશના આપી, જેમાં વિપાક સૂત્ર અને ઉત્તરાધ્યયન મૂળ સૂત્ર છે, જેના ૩૬ અધ્યયન છે. દરેક અધ્યયનમાં વિવિધ ભાવો ભરેલા છે. સૌથી પ્રથમ અધ્યયન વિનયનું છે. કારણ કે " વિનય એ ધર્મનું મૂળ છે." વય ગમે તેટલી વધે પણ વિનય વિવેક વિનાની વયની કાંઈ કિંમત નથી.

જ્યાં સુધી વિનય નથી ત્યાં સુધી આત્માની ઉન્નતિ નથી. મકાન ગમે તેટલું મોટું દશમાળનું બનાવો પણ જો પાયો મજબૂત નહિ હોય તો વાવાઝોડું થતાં મકાન જમીનદોસ્ત બની જશે. તેમ સાધુ હોય કે સંસારી, પણ જો સ્વભાવમાં કોમળતા ન હોય અને ભાષામાં વિવેક ન હોય તો તેનું જીવન અંધકારમય છે.

એક સાસુજી દિવાનખાનામાં સામાયિક લઈને બેઠા હતા. અને વહુ રસોડામાં રસોઇ કરી રહી હતી. સાત શેર દૂધ ઉકાળવા સગડી પર મૂકેલું, ઉભરો આવતાં વહુ સાણસી લઈને દૂધનું તપેલું ઉતારવા જાય છે પણ પકડ ઢીલી હોવાથી તપેલું ભોંય પડી જાય છે. તેનો અવાજ થતાં સામાયિકમાં બેઠેલાં સાસુજી હાથમાં ગુચ્છો લઈને બહાર આવ્યાં. દૂધ ઢોળાઈ જવાથી વહુ ભયભીત બની ગઈ છે. આંખમાં આંસુ છે. હાથપગ ધ્રુજે છે. જીવોની જતના કરનાર ગુચ્છો અને મોઢે મુહપત્તિ બાંધી સમતા સાગરોમાં સ્નાન કરી રહેલ મારા સાસુજી મારા પર કેવી કરુણા કરશે ? તેનો મનમાં ફફડાટ છે. વહુના મુખ ઉપરના ભાવો જોઈ સાસુજી સમજી ગયાં. ધીમે રહીને સાસુ કહે છે, બેટા ! શું થયું ? આમ ધ્રુજે છો શા માટે ? આંખમાં આંસુ કેમ આવ્યા ? આ શબ્દો સાંભળતાં વહુનો ભય ઓછો થયો. કહે છે બા ! દૂધનું તપેલું ઉતારતાં સાણસીમાંથી છટકી જવાથી બધું જ દૂધ ઢોળાઇ ગયું. સાસુ મીઠાસથી કહે છે કે દૂધ

જ ઢોળાઈ ગયું છે ને? પણ બેટા! તમને તપેલીનો કાંઠો તો નથી વાગ્યો ને? ગરમ દૂધના છાંટા તો તમને નથી ઉડયા ને? દઝાયું તો નથી ને? વહુ કહે છે, મને કંઈ જ થયું નથી. સાસુજી કહે છે. વહુ બેટા! દૂધ ઢોળાઇ જતાં કંઈ જ નુકશાન નથી થયું પણ જો તમારા પગ ઉપર પડયું હોત તો કાંઠો વાગી જાત અથવા દાઝયા હોત તો મારે અત્યારે ને અત્યારે દવાખાને લઈ જવા પડત અને પાટો બંધાવવો પડત. પૈસાનો ખર્ચ થાત અને હું ધર્મધ્યાન કરતી અટકી જાત તે મોટું નુકશાન થાત. આ સાંભળી વહુ કહે છે કે બા! આવી તો પિયરમાં માતા પણ ન હતી. દીકરી સાસરે જાય ત્યારે રડે છે, પણ જો આવા સાસુજી હોય તો રડે ખરી? વીરવાણી સાંભળ્યા પછી તેની અસર થવી જોઈએ. એક દવાનો ડોઝ પીએ છો તો તેની અસર પણ કલાક રહે છે, તો વીતરાગ વાણીનો પાવર ૨૪ કલાક તો રહેવો જોઇએ.

પ્રથમ અધ્યયનમાં વિનયની વાત કરી. સાધુ વંદણામાં પણ બોલીએ છીએ.

એકેક મુનિવર રસના રે ત્યાગી, એકેક જ્ઞાન ભંડાર રે પ્રાણી,
એકેક મુનિવર વૈયાવચ્ચ વૈરાગી, એના ગુણનો નાવે પાર રે પ્રાણી,
સાધુજીને વંદના નિત નિત કીજે.

પ્રભુના એકેક સંતો વિનય, વૈયાવચ્ચ આદિ ગુણોથી ભરપુર હતા. વિનયવંત આત્માઓ "**ગુરૂ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન**" કેવળજ્ઞાન પ્રાપ્ત કરે તો પણ જ્યાં સુધી જાણ ન થાય ત્યાં સુધી છદ્મસ્થ ગુરૂનો વિનય કરે છે. ગુરૂ બેઠા રહે ને શિષ્ય કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી જાય છે.

પંથકના ગુરૂ પ્રમાદી હતા. ખાઇ પીને પડયા રહેતા હતા. કારતક ચોમાસી પાખીનો દિવસ આવ્યો. વિનયવાન શિષ્ય પંથકજી ચરણ સ્પર્શ કરવા જાય છે. ગુરુ જાગી જતાં તાડુકી ઊઠે છે. છતાં શિષ્ય એમ નથી બોલતો કે ચોમાસી પાખી છે ને તમે કેમ ખમાવતા નથી? વિનયવંત તો ગુરૂ કહે છે તે કરે છે પણ કરે છે તેમ કરતો નથી.

આજે ચાલુ દિન છે. ટાઈમ થઈ ગયો છે. પણ ચાતુર્માસની પાખીનો મહાન દિવસ છે. જેમ તમે વેપાર કરતાં પહેલાં મુકરર કરો છો કે મારે કઈ લાઈન લેવી. તેમ અમારે પણ વીરવાણીની ચાર મહિના સુધી ધારા વહાવવી છે. તેમાં આત્માઓને કઇ રીતે વધુ લાભ મળે તે નકી કરવું છે. આ ચાર મહિનામાં તમારે રાત્રીભોજનનો ત્યાગ કરવો, લીલોતરીનો ત્યાગ કરવો, બ્રહ્મચર્યનું પાલન કરવું, અને તેટલી તપશ્ચર્યા કરવી. તપશ્ચર્યા થવાથી આરંભ સમારંભ ઘટે છે. પાણીમાં અને લીલોતરીમાં જીવ છે તે અનંતા ભગવંતોએ કહેલું છે, પણ તમને વિશ્વાસ ન હતો, પણ આજે તો વિજ્ઞાન પણ આ વાત સાબિત કરે છે.

આ હોલમાં છેલ્લી લાઈનમાં વડોદરાના આનંદીલાલ બી. કોઠારી ડોકટર સાહેબ પણ બેઠેલા છે. તેમના જીવનમાં ધર્મની કેટલી લગની છે! તેઓ સર્જન છે. બે વર્ષ

પહેલાં તેમણે માસખમણની ઉગ્ર તપશ્ચર્યા કરી હતી. ૨૭ દિવસ સુધી વગર ચાજે તેઓ ઓપરેશન કરતા અને દર્દીઓને રાહત આપતા. આવા કેળવાયેલા આત્માને પણ ધર્મ રૂચ્યો છે. જો ધર્મમાં કંઈ ન હોત તો આવા માણસોને ધર્મ રૂચત જ નહી.

કહેવાનો આશય એ છે કે પ્રભુની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સુત્રનું પ્રથમ અધ્યયન વિનય અને બીજું પરિષહ છે. જો જીવમાં વિનયગુણ વણાયો નહીં હોય તો પરિષહમાં સ્થિર રહી શકે નહીં. આ રીતે ઉત્તરોત્તર ક્રમથી જ અધ્યયન ગોઠવ્યાં છે. તેમાં ચૌદમું અધ્યયન જેમાં છ જીવોનો અધિકાર છે. જેમાં એક તરફ ચાર જીવો અને બીજી તરફ બે જીવોનાં પાત્રો છે. કમલાવતી રાણીએ ઈષુકાર રાજાને જગાડયો. બીજી તરફ યશાભાર્યા તેના પતિને સંસારમાં રોકી રાખવા માટે સમજાવશે, કમલાવતી રાણી સ્ત્રી હોવા છતાં સભા વચ્ચે ઈષુકાર રાજાને સત્ય વાત કહેતાં સ્હેજ પણ અચકાતી નથી વગેરે વાતો આ અધિકારમાં આવશે. આવા સુત્રના ગહન ભાવો એકાગ્ર ચિત્તથી સાંભળવાથી અપૂર્વ ભાવ આવશે. હવે વિશેષ અવસરે....

વ્યાખ્યાન નં.—૩

અષાઢ વદ એકમ ને રવિવાર તા. ૧૯-૭-૭૦.

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો ! શાસન સમ્રાટ ત્રિલોકીનાથના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. વીર પ્રભુની વાણીમાં કેવી તાકાત રહેલી છે ! જે આપત્તિઓને દૂર કરવા તમે ગમે તેટલો પુરૂષાર્થ કરો છતાં દૂર ન કરી શકો તે વીર વાણી કરી શકે છે. તે સંપત્તિને આપનારી અને વિપત્તિને ભેદનારી, ત્રિવિધતાપને મટાડનારી છે. આવી વીરવાણી પ્રત્યે જ્યાં સુધી તમને અટલ શ્રદ્ધા નથી ત્યાં સુધી તમે તેના મધુરા ઘૂંટડા પી શકશો નહિ. જેમ તમારા શરીરમાં દર્દ થયું. ડોકટર પાસે જઇને નિદાન કરાવ્યું. અને ડોકટરે કહ્યા પ્રમાણે પથ્યનું પાલન કરો છો, તેમ તમારા ભવરોગનું સંતરૂપી ડોકટરોએ નિદાન કર્યું છતાં તેમાં તમને શ્રદ્ધા થઇ નથી.

જ્ઞાની ભગવંત કહે છે કે આત્મા અનાદિ કાળથી રાગ-દ્વેષ અને મોહના બંધનમાં બંધાએલો છે. તેને તોડીને આત્મા તરફનું લક્ષ કર. આજે દરેક ઇચ્છે છે કે મને સ્વર્ગ મળો, પણ એ સ્વર્ગ સુખની પ્રાપ્તિની આકાંક્ષા રાખો છો તેને છોડી દો. સ્વર્ગમાં તમારી સીટ રીઝવર્ડ કરાવવા કરતાં તમે જ્યાં વસો છો તેને તમે સ્વર્ગ બનાવી દો. બીજા સ્વર્ગની તમે ઇચ્છા ન કરો. જે ઘરમાં સદા સંપ સંતોષ અને શાંતિ હોય તે ઘર જ સ્વર્ગ બને ને ! તમને વધુ વ્હાલું શું છે? ઘર કે ઉપાશ્રય ! ઉપાશ્રયથી ઘર વધુ વહાલું છે. ઘર શબ્દ

દરેકને પ્રિય છે. ઘંટ વગાડયો કે સ્કુલમાં ગયેલ વિદ્યાર્થીને ઘેર જવાનું મન થાય છે. બાળક રડતું હોય તો તેને કહેવામાં આવે કે ચાલો ઘેર જઇએ, તો તરત જ ચુપ થઈ જાય છે. જંગલમાં ચરવા ગયેલા ઢોરને લીલોછમ ચારો ચરવાનો પ્રિય હોય છે. છતાં સાંજ પડતાં તે ઢોરને બાંધ્યો, તેને ગમાણમાં નાંખેલો ચારો ખાવા મળે તો પણ સાંજે પોતાના સ્થાને પહોંચી જાય છે. તમે જે ઓફીસમાં નોકરી કરો છો ત્યાં બેસવાની સીટ સારી છે. ત્યાં મજાનો એરકંડીશનરૂમ છે, ટાઇલ્સ જડેલા છે. બધા 'સાહેબ, સાહેબ' કરે છે, છતાં ઘરે જવાનું મન થાય છે. શ્રીમંતને ઘેર કામ કરનારી બાઇને રોટલાણી વાસણ આપવામાં મોડું કરશે તો તરતજ કહેશે, બાઈ સાહેબ, જલ્દી કરો, મારે ઘેર જવાનું મોડું થાય છે. બાઇ કહે-બહેન ! આવું સુંદર મારું ઘર મૂકીને તારા અંધારા ઓરડા માં જ્યાં બેસતાં પણ કપડાં બગડે એવા હીંપણવાળા ઘરમાં જવાની આટલી બધી કેમ ઉતાવળ કરે છે ? દરેકના ઘર ચકચકતી લાદી જડેલા સુંદર હોય એવું નથી, પણ દરેકને પોતાના ઘર પ્રત્યેનું આકર્ષણ હોય છે. તમે પણ પ્રવચન પૂરું થતાં ઘેર જશો પણ યાદ રાખજો કે જે ઘરમાં રહેતાં ઘરના માણસો ધક્કા મારે, કાઢી મૂકે તે સાચું ઘર નથી. માની લો કદાચ તમારો પુણ્યોદય હોય તો કોઇ કાઢી ન મૂકે, પણ આયુષ્ય પૂર્ણ થાય ત્યારે તો મજબૂત બંધને બાંધીને કાઢી મૂકશે. છતાં ઘરમર શા માટે કરો છો ? જે સાથે આવવાનું નથી તેના ઉપર આટલી બધી મમતા શી ?

ચાર દિવસના ચાંદરડા પર જુઠી મમતા શા માટે ?
જે ના આવે સંગાથે તેની માયા શા માટે ?

આ વૈભવ સાથે ના આવે, પ્યારા સ્નેહીઓ પણ સાથે ના આવે,
તું ખૂણ મથે છે જેને મેળવવા, એ યૌવન સાથે ના આવે.

અહીંનું છે તે અહીં રહેવાનું, તેની ચિંતા શા માટે....જે ના આવે-

તમને પૂછવામાં આવે છે કે આ કોનું ઘર છે ? તો કહો છો કે આ તો મારૂં ઘર છે. પણ ખરેખર તો "એગોહં નત્થિ મે કોઈ, નાહમન્નસ્સ કસ્સઈ" આ સંસારમાં મારૂં કોઇ જ નથી અને હું પણ કોઈ નો નથી. કોઇ કોઈનું નથી, આવા શબ્દો અમે તમારા મુખે સાંભળીએ ત્યારે એમ થાય કે અહો ! આ શ્રાવક કેટલો વૈરાગી છે ! આ શબ્દો નાભીમાંથી નીકળે છે કે હોઠેથી ! જેના અંતરના ઉદગારો નીકળ્યા તે તો ઘર છોડીને ચાલી નીકળ્યા. ચોવીસ તીર્થંકરોમાંથી એકાકી નીકળ્યા હોય તો તે પરમ તીર્થંકર પ્રભુ મહાવીર છે.

છોડી તાતનું ઘર છોડી રાજવૈભવ-વીર વનમાં વસે....હો વીર...
એક કપડે ફરે વીર જંગલમેં, નહીં સાથ મળે કોઇ સંગતમેં,
ખાડા, ટેકરા, કાંટા ને સાપ, મળે ઔર કોઇ નહીં....હો ઔર...છોડી...,

ત્યાં તેમને સાહ્યબી હતી કે નહીં ? (સભામાંથી જવાબ :-હતી.) તો એનાથી પણ વધુ તમારે ત્યાં હશે, ખરૂને ? એના ચરણોમાં તો ઈન્દ્રો અને રાજમહારાજાઓ નમતાં હતાં પણ તમારા ચરણમાં તો તમારી શ્રીદેવી નહીં નમતી હોય. કોઈ બહેનને કહીએ કે તમે તમારા પતિને પગે લાગવાની બાધા લો, તો તરત જ ના પાડી દેશે. આ જીવને અનાદિકાળથી જેટલો બાહ્ય પદાર્થોમાં રસ છે તેટલો અંતરના ઉઘાડ માટે નથી.

ઉપાશ્રયે કોઇ બહેન પૌષધ કરવા આવી અને પૂછે કે બીજા બહેનો આવ્યાં છે? ખબર પડી કે કોઈ નથી, તો કહેશે કે મારે પૌષધ કરવો નથી. કેમ બહેન ! ૧૩ મહા સતીજીઓ છીએ ને ! તો કહેશે કે તમે તેરના ભલે છવ્વીસ હો પણ મારા જેવી કોઇ ન હોય ત્યાં સુધી મને મઝા ન આવે. કેમ ન મઝા આવે તે તમો સમજ્યા ને ? તારી વહુએ આમ કર્યું ને મારી વહુએ આમ કર્યું, જો સમજણપૂર્વક આવી હોત તો એમ વિચાર કરત કે હું એકલી છું તો વાંચન-મનન વધુ થશે અને સત્સંગ વધુ થશે. જેટલો રસ વિકથામાં છે તેટલો ધર્મકથામાં નહિ આવે ત્યાં સુધી ભવના ફેરા ટળવાના નથી.

આજે આપણે મુખ્ય વાત " ઘર "ની ચાલે છે. આજે તો રવિવાર છે, એટલે દશ વાગશે તો વાંધો નહિ, પણ જો દરરોજ હા (સાડા નવ) ના બદલે દશ વાગે વ્યાખ્યાન પૂરૂં કરૂં તો તમે પથરણા સંકેલવા માંડશો. એથી ન સમજ્યા તો ઘડિયાળ તરફ નજર કરો અને એથી પણ ન સમજ્યા તો બોંબારા આવા અને આડકતરી રીતે મોઢા સામું જુઓ, છેવટે 'ભાવભેદ અવસરે'.... ની રાહ જુઓ, કદાચ આટલું કરવા છતાં બંધ જ ન કરીએ તો કહેશો કે મહાસતીજી તમારૂં ગળું દુઃખશે. ખરેખર તમે અમારી દયા ખાવ છો કે તમારે ઝટ ઘરે જવું છે? શું બોલો ! આવા શ્રાવકની શી વાત કરવી !

ઢુકાને બેસી છેતરે ઘરાકને, સ્થાનકમાં ગુરૂને છેતરે,
એવા શ્રાવકથી ભગવાન થાકયા તો સાધુથી કેમ સમજાશે કે....વાણીઓ.
ભાવ ભેદ અવસરે કહેવાશે કે વાણીયો, વીંટી પથરણું ઝટ ભાગશે....વાણીયો.

મારા રાજકોટના શ્રાવકો ! તમે આવા ન બનતા. એવાં તો અમને ભક્તો મળે છે કે વાત પૂછો મા. અમે કહીએ, દેવાનુપ્રિય ચોમાસુ બેઠું. કંદમૂળની બાધા કરો. રાત્રિભોજનનો ત્યાગ કરો, ત્યારે હાથ તો જોડે અને મનમા શું ધારે " મારે સાજે છૂટ, માંદે છૂટ," " ગામ છૂટ, પરગામ છૂટ." તો પછી બાધા કયાં રહી ? કદાચ સંત નો ઉપયોગ ન હોય અને બાધા આપી દીધી તો બહાર જઇને હરખાય કે મેં કેવું કામ કર્યું ! છૂટનો છૂટ અને બાધાની બાધા. પણ યાદ રાખજો કે....

" અન્યસ્થાને કૃતં પાપં, ધર્મ સ્થાને વિમુચ્યતે ।
ધર્મસ્થાને કૃતં પાપં, વજ્ર લેપો ભવિષ્યતિ ।।

બીજે સ્થાને કરેલું પાપ અહીં ધોવાઇ જશે પણ અહીં બાંધેલું પાપ વજ્રના લેપની જેમ મજબૂત બંધાશે. એને પૂછીએ કે તમે શી પ્રતિજ્ઞા લીધી? તો કહેશે મારે ૫૦ થી વધુ બીડી ન પીવી. તો એથીવધુ કેટલી પીવી? દસથી અધિક પાન ન ખાવાં, વાઘ, સિંહ કે હાથી ઉપર સવારી ન કરવી. બાધા લીધી પણ કયાં તેના બાપે ચોકમાં હાથી બાંધ્યા છે? અને સિંહ કે વાઘની સામે ઉભા રહેવાની તો તાકાત નથી, છ છોકરાનું પૂરૂં કરવાની ત્રેવડ નથી ત્યાં આંગણે હાથી કયાંથી બાંધી શકે? આવા ભક્તોથી ખુદ ભગવાન થાકી જાય તો અમારો તો ક્લાસ જ કયાં રહ્યો!

કદાચ અમે કહીએ ને તમો કડક બાધા લો તો તેમાં અમારૂં કલ્યાણ થઈ જવાનું નથી. લાભ તમને થવાનો છે. દરિયામાં સ્ટીમરો ફરે છે ત્યાં અમુક ઠેકાણે દિવાદાંડી હોય છે, કારણ કે જ્યાં ખાડા ને ખડકો આદિ વિષમ માર્ગ હોય ત્યાં એકસીડેન્ટ થઈ જવાનો ભય રહે છે. તેની ચેતવણી માટે દિવાદાંડી નાખવામાં આવે છે. તેમ તમારા જીવનની નૌકા વિષય અને વ્યસનો રૂપી ખડકો સાથે અથડાઇને ભૂક્કો ન થઈ જાય તે માટે સંતો દિવાદાંડી સમાન છે. કોઈ કહે અમુક સંતના ચાતુર્માસમાં મેં માસખમણ કર્યું. કોઈ બહેન કોઇ ગુરૂણી પાસે દીક્ષા લઈ લે તો તેમાં ગુરૂણીના ભવનો ફેરો નહીં ટળે પણ કરનારનું જ કલ્યાણ થાય છે. સંતો તો સાચો માર્ગ બતાવે છે.

હવે આપણે ઘરની વાત કરીએ. તમે મુસાફરી કરતાં હો ત્યારે કોઈક ઠેકાણે ડાકબંગલો આવ્યો હશે. જેમાં ફક્ત રાત્રે સૂવાની, ચા પાણી બનાવવા માટે સ્ટવની અને સૂવા માટે પલંગ આદિ સગવડ છે. તેમાં તમે બે દિવસ રહી રવાના થાવ. આગળ ચાલત બીજું મકાન આવ્યું. એનું નામ છે હોટલ, આગળ જતાં ત્રીજું મકાન આવ્યું જેમાં રહેવાની સૂવાની બધી સગવડ છે. એમાં એક વિશાળ હોલ પણ છે. એનું નામ છે ધર્મશાળા અને ચોથું એક મકાન છે, જેમાં માણસ રહી પણ શકે છે, ભોજન બનાવી શકે છે. સૂઇ શકે છે. દરેક પ્રકારનાં ફર્નીચર અને સગવડોથી સજ્જિત છે, આનું નામ છે ઘર. ચારે ય મકાનો ઇંટ–માટી–સીમેન્ટ ચુના આદિમાંથી જ બન્યા છે, છતાં દરેકને જુદું નામ આપ્યું. બધામાં સાધન સામગ્રી તો મળે છે, છતાં તમને ઘર યાદ આવે છે. ડાક બંગલો કે હોટલ ભલે સુંદર હોય છતાં ડાક બંગલામાં માણસ બે દિવસ રહે છે, હોટલમાં ચાર દિવસ, અને ધર્મશાળામાં થોડા દિવસ રહે છે, પણ અંતે તો એમ જ થાય કે ચાલો ઘેર જઇએ.

હવે તમને જે 'ઘર' પ્રિય છે, જેમાં તમો વસ્યા છો તે ઘરમાં નાના-મોટાં દરેકના પ્રેમને તમે જીતી શકો તો જ તમારો સંસાર સ્વર્ગ જેવો બની શકે. બાકી જે ઘરમાં ધર્મ-આરાધનાની વાત નથી, જ્યાં કલેશનો જ દાવાનળ ભભૂકી રહ્યો છે તે સ્થળ તો નરકથી પણ ભયંકર છે. સર્વાર્થસિદ્ધ વિમાનમાં રહેલા દેવો ગમે તેટલી સાહ્યબીવાળા છે, છતાં

તે એક વ્રત–પ્રત્યાખ્યાન કરવા સમર્થ નથી. જે ઈન્દ્રો ખુદ તીર્થંકર પ્રભુનો જન્મોત્સવ કરવા આવે છે, અનેક રૂપો બનાવવાની જેમનામાં તાકાત છે તેવા દેવો મૂળરૂપે અહીં આવતા નથી. મૂળ શરીર ત્યાં જ રહે છે, વૈક્રિય રૂપ ધારણ કરી અહીં આવે છે. ત્યાં તેમની ભોગ ભોગવવાની ક્રિયા તો ચાલુ જ હોય છે. પ્રભુનો જન્મ મહોત્સવ કરે તેટલો સમય પણ તે બ્રહ્મચર્યના પ્રત્યાખ્યાન લઈ શકતા નથી. અને તમે અહીં આવીને બેસો એટલો સમય તો તમારી પાપક્રિયા બંધ થઈને? આ મનુષ્યભવ દેવોને પણ દુર્લભ કહ્યો છે. તે તમે અઢીસો ડઝનના બાપ બન્યા તેથી નહિ. ભોગ વિષયમાં મસ્ત રહેવા કે સાત માળની ઈમારત ઉભી કરો તે માટે નહીં, પણ દેવો જે વ્રત પ્રત્યાખ્યાન કરી શકતા નથી તે તમે કરી શકો છો, માટે દેવો પાસે વૈભવ છે એટલું જ નહીં પણ એની શક્તિ કેટલી બધી છે. એક ચપટી વગાડો ત્યાં જંબુદ્વીપને ફરતાં ત્રણ અને સાત ચપટી વગાડો ત્યાં એકવીસ આંટા મારી આવે. આટલી ઝડપ રોકેટની છે? જો તેનામાં તાકાત હોત તો પહેલાં એપોલો મોકલીને શા માટે તપાસ કરે છે! છતાં ત્યાંની સફળતા મેળવી શકયા નથી. આ માટે જ માનવજન્મની દુર્લભતા છે.

દેવાનુ પ્રિય! તમને કહેવામાં આવે કે ભાઈ! કેમ ઉપાશ્રયે આવતાં નથી! તો કહેશો કે શું જઈએ? મહાસતીજી તો બાધાનું બંધન વળગાડે છે માટે ઉપાશ્રયે જવું નથી. અમે તમને બંધનમાં નાંખતા નથી, પણ તમને બંધનમાંથી મુક્ત કરીએ છીએ. છતાં તમને ડર લાગે છે. એક રીતે બંધન સારૂં પણ છે. બંધન વિના બૂરી હાલત થાય છે. એક ગુલાબનું ફુલ વિચાર કરે કે મારે ડાળી ઉપર નથી રહેવું. વૃક્ષનું બંધન મારે ન જોઇએ, તો, તે, લોકોના પગ નીચે કચરાઇ જાય છે. બે કાંઠાની વચમાં વહેતી નદી વિચાર કરે કે મારે કાંઠાનું બંધન જોઇતું નથી એમ સમજી કાંઠાની મર્યાદાનું ઉલ્લંઘન કરી વહેવા લાગે તો નદી વેરાન બની જશે. પછી શું પવિત્ર કહેવાશે? શિષ્ય વિચાર કરે કે મારે ગુરૂનું બંધન ન જોઇએ. સાધુ સ્વચ્છંદપણે એકલો વિચરે તો તમે તેને આ ઉપાશ્રયમાં ઉતરવા દો ખરા? નોકર વિચાર કરે કે મારે શેઠની પરાધીનતામાં નથી રહેવું, મરજી મુજબ ચાલવું છે, તો શેઠ દુકાનમાં પેસવા દે ખરા? ન જ પેસવા દે. ત્યાં તો બંધન સારૂં છે. તેમ વ્રત પ્રત્યાખ્યાનના બંધન તમારી પાપક્રિયાને રોકી દેશે. આશ્રવના દરવાજા બંધ કરી દેશે. અને કર્મના બંધનોથી મુક્તિ અપાવશે, છતાં આ બંધન નથી ગમતું. સંસારવર્ધક બંધન ગમે છે.

તમે એકલા હતા ત્યારે બે પગે ચાલતા હતાં. પછી પંચની તથા અગ્નિની સાક્ષીએ પરણ્યા ત્યારે ચાર પગ થયા. હવે ચાર પગ કોને હોય? કેમ બોલતા નથી? પશુને! (હસાહસ) અને ચારથી વધુ પગ કોને હોય? કાનખજુરાને. જેમ જેમ પગ વધતા ગયા તેમ તેમ તમે બંધનમાં જકડાતા ગયા. એક ચરોતરની બનેલી વાત.

એક માતા વિધવા બની. જેનો પતિ ચાલ્યો ગયો. તેને પૈસા હોવા છતાં તેનું સર્વ સંસારી સુખ ચાલ્યું જાય છે. કારણ કે વિધવાપણું દુઃખદાયી છે. માતાને એક દિકરો છે. તેને ભણાવ્યો, ગણાવ્યો ને સારા સંસ્કાર આપ્યા. જે શિક્ષણ સો શિક્ષકો નથી આપી શકતાં તે એક માતા આપી શકે છે. માતા કહે છે બેટા ! હવે તું મોટો થયો છે. હવે તું લગ્ન કરે તો હું આ બંધનમાંથી મુક્ત બનું. હવે દીક્ષા લઉં તેવી મારી શારીરિક શક્તિ નથી પણ નિરાંતે ધર્મારાધના કરી શકું. બધો ભાર વહુને સોંપી દઉં. સાધુ નિર્દોષ આહારની ગવેષણા કરે છે તેમ હું તો બે વખત જમવા જ આવીશ. હું એમ નહિ કહું કે મારા માટે આ બનાવજો. આ દેહ ક્ષણભંગુર છે તેનો શો ભરોસો છે ? લીધેલો શ્વાસ પાછો મૂકીશું કે નહિ તેની પણ ખબર નથી. અને જે રાત્રિ દિવસો ચાલ્યા જાય છે તે પાછા આવતાં નથી.

"जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तइ ।
अहम्मं कुणुमाणुस्स, अफला जन्ति राइओ ॥
जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तइ ।
धम्मं च कुणुमाणुस्स, सफला जन्ति राइओ ॥ उ. सू. अ १४ गा. २४-२५.

મહાન પુરૂષો કહે છે કે રાત્રિ અને દિવસો ધર્મી અને અધર્મી બંનેના જાય છે. ફરક એટલોજ છે કે ધર્મીના સફળ જાય છે અને અધર્મીના અફળ જાય છે. ધનનો ઉપયોગ બે રીતે થાય છે. દાન કરનાર સાચી વાવણી કરે છે અને ચા, પાન, સિનેમા, બીડી, આદિમાં જે વપરાય છે તે પાપની વાવણી કરી રહ્યો છે. રવિવારનો દિવસ હોય ત્યારે અગાઉથી નકકી કરો છો કે કઇ ટોકીઝમાં કયું પિકચર જોવા જવું ! અગાઉથી ટિકિટ પણ મંગાવી રાખો છો. કયાં ફરવા જવું તે નકકી કરી રાખો છો પણ એવો વિચાર કરી રાખો છો અરા કે રવિવારે મારે કયું વ્રત કરવું ! મોહના નાટક તો આ જીવે અનંતી વાર જોયાં. હે દેવાનુપ્રિયો ! ગતજન્મમાં સારી આરાધના કરી છે, આ માટે માનવજીવન પામ્યા છો. તેને ફેશન અને વ્યસનોમાં ગુમાવશો નહિ.

તમારા સંતાનોના સંસ્કાર બગાડનાર તમે જ છો. રવિવારે ફેમીલી (Family) સહિત સિનેમા જોવા જાવ છો. ત્યાં જેવા પ્રકારની વેશભૂષા જોઇ તેવી તમારા સંતાનો શીખી લાવે છે. અને દિકરી કહે, બાપુજી, મારે આવું સ્કર્ટ જોઇએ, તો તે પ્રમાણે લાવી આપો છો. પહેલાં તો સ્ત્રીઓની શોભા વાળથી વધે છે એમ માનતાં હતા. અત્યારે તો ચોટલા કપાવીને નવરી થઈ જાય છે. (હસાહસ) આ સિનેમાએ તો દિ વાળી દીધો છે. એક વખત એક યુવાન દર્શન કરવા આવ્યો. તે ઉપાશ્રયમાં આમતેમ જોવા લાગ્યો એટલે મેં પૂછ્યું, ભાઇ ! કોને શોધો છો ? તો કહે ખુરશી શોધું છું. મેં કહ્યું, ભાઇ ! તમે તો યુવાન છો અને ખુરશીની શી જરૂર ? કંઇ દર્દ છે કે કેડના મણકા ખસી ગયા છે ? તો કહે એમ નથી. મારા પેન્ટને સળ પડી જાય, બહેનો સ્કર્ટ

પણ એવા પ્રકારના પહેરે છે કે તેઓ નીચે બેસી શકતાં નથી. આવા પેન્ટ અને સ્કર્ટ પહેરાવી પાછા મા બાપો ખુશ થાય કે અમારા દિકરા દિકરી કેવા સુંદર દેખાય છે! બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તો કપડાં પહેરવામાં પણ મર્યાદા હોવી જોઇએ. તમારા દિકરા દિકરીને કહી દેજો કે સો રૂપિયે વારનું કપડું પહેરાવીશ પણ આ ફેશનેબલ વસ્ત્રો ન જોઈએ. છે કહેવાની તાકાત! ત્યાં તો ડર લાગે છે કે રખે દિકરો રિસાઇ જાય, પણ તિજોરીમાંથી નોટોના બંડલ ઉપાડી જાય તો તમે તેને કંઈ કહો કે નહિ? (સભાઃ–ત્યાં તો તરતજ કહી દઇએ) ત્યાં રીસાઇ જવાનો ડર ન લાગ્યો પણ જ્યાં જીવનની બરબાદી છે ત્યાં જ ડરો છો.

માતા કહે છે કે દિકરા! તું લગ્ન કર. માતાઓને પણ સાસુ બનવાના કોડ હોય છે, કે વહુ આવે ને હું ચાકળે બેસું અને કહું કે, વહુ પાણીનો લોટો આપે. પછી તો નીવડે તેવા ખરા. સાસુજી કહે, વહુ આવશે પછી હું ખૂબ ધર્મ કરીશ, પણ વહુ આવ્યા પછી તો બંધનમાં પડી જાય છે. અને કરતાં હતાં તે પણ અટકી જાય છે.

આ માતાએ દીકરાને પરણાવ્યો. વહુ સાસુજીના પગમાં પડી અને સાસુજીનો પાલવ પકડયો એટલે સાસુજી માથે હાથ મૂકીને કહે છે, વહુ બેટા! આ ઘરબાર તિજોરી બધું જ તમારૂં છે અને વધુમાં મારો દીકરો પણ તમારો છે. દીકરો વહુને સોંપી દીધો. પણ જો ચાર દિવસ દિકરો માતાને ન બોલાવે તો જોઈ લો મજા! બેર, હવે વહુને પરણ્યા અઠવાડિયું થયું. ઘી ગોળ તેલ અનાજ બધું ક્યાં ક્યાં રહે છે તેથી બધી રીતે માહિતગાર કરી દીધી. તિજોરીની ચાવી, દાગીનાં, કપડાં બધુંજ વહુને સોંપી દીધું. ત્યારે વહુ વિચાર કરે છે કે મારા સાસુજી કેવા ભોળા ભગવાન જેવા છે.! પોતે કંઈજ બાનગી રાખ્યા સિવાય બધુંજ મને અર્પણ કરી દે છે. હે પ્રભુ! મને કોઈ દિવસ કુબુદ્ધિ ન આપીશ. મારૂં ઘર સ્વર્ગ બની રહે એવી હું પ્રાર્થના કરૂં છું.

પાંચ વર્ષ તો વીતી ગયાં. કોઇ જાતનો વાંધો ન આવ્યો. સાસુ પણ વ્યવહારના કોઈ કાર્યમાં માથું મારતા નથી. ધર્મધ્યાન કરે છે. પણ બાજુમાં રહેતી પાડોશણ વહુને કહે છે, બહેન! તને આવું જીવન કેમ ગમે છે? કોઇ દિવસ તમારે હરવા ફરવા જવાનું નહિ, નાટક, સિનેમા જોવા કે ભેળ આવા જવાનું નહિ. આ તે કેમ ગમે? વહુ કહે છે, બહેન! અમે તો આનંદથી રહીએ છીએ. મને કોઇ જાતનું દુઃખ નથી. મારા સાસુજીની આજ્ઞા છે કે– "પાણીને બદલે દૂધ પીજો, તેલના બદલે ઘી વાપરજો, પણ આપણા ઘરના સંસ્કાર બગડવા જોઈએ નહિ." માટે તમે તે બાબતમાં કંઇ જ કહેશો નહિ.

વહુ તો સારી છે, પણ સંગ તેને બગાડે છે. સંગ કરો તો સત્સંગ કરજો પણ કુસંગ કરશો નહિ. પાડોશણ રોજ આ વાત કરે છે ત્યારે હવે વહુના દિલમાં પણ પરિવર્તન થયું. પણ તે સમજે છે કે મારા સાસુજી તો દેવનો અવતાર છે. પાંચ પાંચ

વર્ષ સુધી તેમના સામું બોલી નથી, તે હવે કેમ બોલાય ? તો પાડોશણ કહે છે-સાસુ હોય જ નહિ તો શું બોટું ? સાસુને કાઢવાનો હું તમને કીમિયો બતાવું. વહુ તો કુસંગે ચઢી. પાડોશણે બરાબર શીખવી દીધું. સાસુજી પૌષધ ઉપર પોરસી કરી ઘરે જમવા આવ્યા છે. જમીને સ્હેજ આડા પડયા છે. વહુ બહાર ગઇ છે. જ્યાં બહારથી પાછી આવે છે ત્યાં તો માથાના વાળ છૂટા મૂકી દીધા અને અરીયા-પરીયાના નામ લઇને હું તો ફલાણી છું. આ છું, તે છું, કહીને ધુણવા લાગી. સાસુ વિચાર કરે છે કે મારી વહુ ગઇ ત્યારે સાજી સારી હતી, કંઇ જ ન હતું, તેને શું થઇ ગયું ? તેને વ્યંતર દેવ વળગ્યો લાગે છે. દુકાનેથી દિકરાને બોલાવ્યો. તેણે જોયું. એટલે માતાને કહે છે-બા, આને બીજું કાંઇ નથી. તારી વહુ બીજાના સંગે ભળી છે તેનો આ વળગાડ છે. બીજું કાંઇ જ નથી.

માતા કહે છે દીકરા ! આવું ન બોલ. વહુ તો ડાહી ને સુશીલ છે. તેને ભૂત વળગ્યું છે. માટે ચંડીપાઠ બેસાડ. ભૂવાને બોલાવ, પણ વહુને મટે તેમ કર. બા ! ભૂત એ પણ વ્યંતર દેવ છે. દેવને પડછાયો ન હોય. તેની કીકી સ્થિર રહે અને તે જમીનથી અદ્ધર રહે છે. આમાં એવું કંઈ જ દેખાતું નથી. તેમ બીને કોઇ રોગ પણ નથી. માતાએ દીકરાની વાત માની નહીં ને બધી જ ક્રિયા કરી. પણ સાચો રોગ હોય તો મટે ને ! વહુને ઓરડામાં પૂરીને તાળુ લગાવી દીધું, ત્યાં ધુણવાનું બંધ થઈ ગયું. કૃત્રિમ હતું એટલે થાક તો લાગે ને ! નાટક કયાં સુધી ચાલે ? ત્રણ-ચાર દિવસ પછી દિકરો ઓરડાની અંદર જાય છે. સાંકળ બખડે ત્યાં ધુણવાનું ચાલુ થઇ જાય છે. દીકરો પૂછે કે તમે કોણ છો ? તમારે શું જોઇએ છે ? તો કહે, મારે તો એનો જીવ જોઈએ. તો કહે છે, જીવ જોઇએ તો જીવ લઇ જા, પણ હેરાન શા માટે કરે છે ? સ્ત્રી વિચારે છે કે એનો પતિ તો એ માથાનો લાગે છે. એટલે બોલી. બીજી વસ્તુ માગું તે તમે આપી શકશો ? આપો તો છોડી દઉં. દિકરો કહે છે શું જોઈએ ? તમારી માતાનું માથું મુંડાવી માથે ચુનો ચોપડી મોઢે મેશ ચોપડી તેનો ચોટલો મારા બોળામાં મૂકી પગે લાગે તો જીવતી છોડું. છોકરો પૂછે છે કે મારી માતા કે એની ? ના. એની નહિ તમારી. તરત જ તે બહાર નીકળી ગયો. ઓરડે તાળુ મારી તેની માતાને કહે છે બા, ! તારા પ્રેમનો એને મૂંઝારો થયો છે, માટે હમણાં થોડા દિવસ તને મોસાળમાં મૂકી આવું. પોતાના ગામથી બે માઇલ દૂર મોસાળ છે અને પોતાનું સાસરું પણ બે માઈલ દૂર છે. બન્ને ઉત્તર દક્ષિણમાં છે. સાસુ કહે છે બેટા ! વહુ માંદી હોય ને હું પિયર જાઉં ! દિકરો કહે છે બા, એ તો ધતીંગ છે. માતાને ઘોડે બેસાડી મોસાળ મૂકીને દીકરો સાસરે ગયો. અડધી રાત્રે જમાઇને આવેલો જોઈ સાસુજી પૂછે છે જમાઇરાજ ! મધ્યરાત્રે એકાએક આવવાનું કેમ બન્યું ? મારી દિકરી તો મજામાં છે ને ? તમારી દીકરી સાજી હોત તો શું જોઇએ ?

એને વળગાડ વળગ્યો છે. વળગાડ હોય તો ચંડીપાઠ કરાવો. બધું જ કરી ચૂક્યા, પણ એ તો માગે છે બીજું. તો જે માગે તે દઇ દો. અપાય તેવું મારી પાસે હોત તો અહીં આવત શા માટે? ત્યારે સાસુ પૂછે છે, શું માગે છે? જમાઇ કહે, કહેતાં જીભ ઉપડતી નથી. સાસુ કહે છે તમે જલ્દી કહો. ત્યારે તે કહે છે. એ તો એવું માંગે છે કે તમારા માથેથી ચોટલો ઉતારી માથે ચુનો ને મોઢે મેશ ચોપડી મારા ખોળામાં તેનો ચોટલો મૂકે તો હું જાઉં. નહી તો એનો જીવ લઇશ. મારી એકની એક દિકરી બચી જતી હોય તો તેમ કરવા તૈયાર છું. છ મહિના બહાર નહિ જાઉં તો વાળ આવી જશે.

જમાઇ કહે, બા, તમો એટલું જ કહેજો–લો, બા, લો. અને એને છોડો. બીજું કાંઇ જ બોલશો નહિ. સાસુજી માથેથી વાળ ઉતારી માથે ચુનો ને મોઢે મેશ લગાવી જમાઈ સાથે આવી ગયા. હજુ અજવાળું થયું નથી ત્યાં તેઓ પહોંચી ગયા. ઓરડો ખોલી અંદર ગયા. વહુના ખોળામાં ચોટલો મૂકી માતાજી બોલ્યા–લે, બા, લે.... હવે એને છોડી દે. આ તો કૃત્રિમ નાટક હતું, એટલે વહુ જીરવી ન શકી. તુરત જ બોલી "<u>દેખો રંડીકા ખેલ, મુખ કાળા ને શીર ધોળા</u>" મેં કેવું કર્યું! ત્યાં પડખે ઉભેલો તેનો પતિ આ સાંભળીને તુરત જ બોલી ઉઠ્યો.... "<u>દેખો બંદેકા ખેલ, મા મેરી કે તેરી</u>" (હસાહસ) "મા મેરી કે તેરી" આ શબ્દો સાંભળીને વહુ તુરત જ ઉભી થઇ ગઇ અને પતિના પગમાં પડી ગઇ. ધિક્કાર છે મને, પોતે સારી હતી પણ કુસંગથી બગડી હતી. હવે તેની સાન ઠેકાણે આવી ગઈ.

પરનું બુરું કરતાં પહેલાં પોતાનું થઇ જાય–
અરેઅર એ કુદરતનો ન્યાય.
ખાડો ખોદે તે જ પડે છે, રહનારો પોતે રડે છે,
ધાર્યું ધરણીધરનું થાયે, મન ધાર્યું નવ થાય,
અરેઅર એ કુદરતનો ન્યાય (૨) પરનું બુરું....

મહાનપુરૂષો કહે છે કે તું જો બીજાનું બૂરું કરવા ઈચ્છીશ તો પહેલાં તારૂં જ બૂરૂં થઇ જશે. <u>માટે જો તમારાથી કોઇનું સારૂં ન થાય તો ભલે, પણ બરાબ તો કરશો જ નહિ.</u> દિકરો કહે છે કે તારી મા કરતાં મારી મા કેટલી સારી છે, છતાં તું એનું બૂરૂં કરવા ઉઠી. એણે તારા માટે બધું જ છોડી દીધું છે પણ તેં કિંમત ન કરી. વહુ માફી માગીને કહે છે કે હવે હું કદી કુસંગ નહિ કરૂં. સત્ય વસ્તુને સમજી ગઇ.

દેવાનુપ્રિયો! જે ઘર તમને અતિપ્રિય છે તે ક્યારે બદલાઈ જશે, તમને ધક્કા મારશે તેની ખબર નથી. તો હવે એવું ઘર શોધી લો કે જ્યાં ગયા પછી જન્મ, જરા કે મરણના ફેરા ઉભા ન રહે. આવું સ્થાન હોય તો એક સિદ્ધક્ષેત્ર જ છે, કે જ્યાં જન્મ,

જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, માતાભવાની, દોરા ધાગા કે માદળિયા, હનુમાન કાંઈ કરવા પડે નહિ.

તેરમા ગુણસ્થાને પણ વેદનીય તો છે, કારણ કે તેરમું ગુણસ્થાન સયોગી છે. તેમને તો આહાર લેવો પડે છે, કારણ કે ચાર અઘાતી કર્મ બાકી છે. તેરમે ગુણસ્થાને વર્તનાર તીર્થંકર પ્રભુને ન બનવાનું બની ગયું અને ગોશાલકે ઉપસર્ગ આપ્યો. ચૌદમે ગુણસ્થાને કોઈ ઉપાધિ જ નહિ. તે અયોગી છે. પાંચ હ્રસ્વ અક્ષર "અ, ઈ, ઉ, ઋ, લૃ એટલું બોલે ત્યાં તો લોકને મસ્તકે જઈને બિરાજમાન થઈ જાય. જે મોક્ષમાં જાય છે તેને તો કયાંય વળાંક પણ લેવો પડતો નથી. જેને કર્મનો યોગ છે, વક્રગતિમાં જવાનું હોય, તેને જ વળાંક લેવો પડે છે. તૈજસ ને કાર્મણનો જોથળો છે ત્યાં સુધી જ ઉપાધિ છે. સિદ્ધ થનાર આત્માને વચમાં કોઈ પણ જાતની રૂકાવટ પણ હોતી નથી. વચમાં મેરૂ પર્વત આવે કે ગમે તે આવે, તેને ભેદીને આત્મા મુક્તિના મહાસુખોની મોજ માણવા ચાલ્યો જાય છે.

જો તમારે પણ આવું શાશ્વત સુખ જોઈતું હોય તો આગમની રૂએ ચાલવું પડશે. તમારે ઉપાશ્રયે આવવું છે પણ વન વે આવે છે તે રસ્તે ફરવું પડે છે. ટુંકે રસ્તે આવો તો સરકાર ગુન્હેગાર ઠરાવે અને કાયદેસર શિક્ષા ભોગવવી પડે છે. જેમ શેઠ અને સરકારના કાયદાનું બરાબર પાલન કરો છો તેમ ભગવંતના કાયદાનું અણીશુદ્ધ પાલન કરો, તો કર્મના ભુક્કા થઈ જાય.

આપણાં સિદ્ધાંત બત્રીસ છે. ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૪ મૂળ સૂત્ર અને ચાર છેદ સૂત્ર તથા બત્રીસમું અવશ્ય કરવા યોગ્ય એવું આવશ્યક સૂત્ર. તમારા દેહને શુદ્ધ બનાવવા હમામ આદિ ઉંચી ક્વોલીટીના સાબુ વાપરો છો. આ દેહને હજારો કે લાખો વખત સ્નાન કરાવો પણ આત્માને શુદ્ધ કરવાનું મન થાય છે? પ્રતિક્રમણ એ આવશ્યક સૂત્ર છે. **"પાપમાં પડતા આત્માને પવિત્ર કરનાર કોઇ સાબુ હોય તો પ્રતિક્રમણ છે."** પાપ કર્મના ભારથી હળવા બનવા અને ભવના ફેરા મટાડવા આ ચાતુર્માસના પવિત્ર દિવસોમાં પ્રતિક્રમણ કરવું, બ્રહ્મચર્યનું પાલન કરવું, ચાર મહિના ન બને તો પર્યુષણ સુધી તો અવશ્ય કરવું જોઈએ. શરીરને પુષ્ટ બનાવવા વિટામીન ખાવ છો, પણ વિટામીનનું કોઇ વિટામીન હોય તો તે બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યમાં અદ્‌ભુત શક્તિ રહેલી છે. બ્રહ્મચર્યનો મહિમા અચિંત્ય છે. તમને રંગ લાગવો જોઈએ.

બત્રીસ સિદ્ધાંતમાં ઉત્તરાધ્યયન મૂળ સૂત્ર છે, તેમાં ધર્મના મૂળ રૂપે સૌથી પ્રથમ 'વિનય' બતાવ્યો છે. વિનયથી વેરી પણ વશ થઇ જાય છે. પ્રભુ કહે છે કે હે સાધક! તું સાધુપણું લેતાં પહેલાં વિચારજે કે મારામાં વિનય છે કે નહિ? પ્રથમ અધ્યયનમાં કહ્યું છે કે જેમ સડેલા કાનવાળી કુતરીને કયાંય સ્થાન મળતું નથી, સર્વત્ર તેનો બહિ-

ધિક્કાર થાય છે, તેવી જ રીતે અવિનીત આત્માને પણ ક્યાંય સ્થાન મળતું નથી. સંસાર સુખી થવા માટે પણ વિનયની જરૂર પડે છે. તો આ આત્મિક સુખ માટે કેટલો વિનય જોઈએ ! તેનો તમે વિચાર કરી લેજો. વિનયવંત આત્માનો સંસાર પણ સ્વર્ગ જેવો બને છે અને અવિનીતનો સંસાર દાવાનળ સરખો બની જાય છે.

બીજા અધ્યયનમાં બાવીસ પરિસહની વ્યાખ્યા કરી છે. વિનય નહિં હોય તો પરિસહને સહન કઇ રીતે કરાય ! ત્રીજા અધ્યયનમાં ચાર બોલની દુર્લભતા બતાવી. ચોથા અધ્યયનમાં આયુષ્ય તૂટયું સંધાય નહિ. પાંચમા અધ્યયનમાં જીવન તો જીવી ગયા, પણ કેવા મરણે મરવું છે, સકામ કે અકામ મરણે તે બતાવ્યું છે. આ રીતે ઉત્તરોઉત્તર બીજા અધ્યયનોનો ક્રમ બતાવ્યો છે. તેમાં આપણે ચૌદમા અધ્યયનનું વાચન કરવાનું છે. તેમાં બે પાત્રો કેવા મજબૂત છે. ઈષુકાર રાજા અને કમલાવતી રાણી, ભૃગુ પુરોહિત અને યશા ભાર્યા અને તેના બે પુત્રો–એ છએ આત્માઓ મોહ નિદ્રા ખંખેરી કઇ રીતે જાગૃત બનશે અને શાશ્વત સુખને પ્રાપ્ત કરશે તે વાત આવશે. આપણે પણ એ સુખને પ્રાપ્ત કરવું છે, માટે ટાઇમસર જિનવાણીનો લાભ લેશો.

વ્યાખ્યાન નં–૪

અષાડ વદ ૨. સોમવાર તા. ૨૦–૭–૭૦

શાસનસમ્રાટ ત્રિલોકીનાથ, શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સંયમ લીધા પછી સાડા બાર વર્ષ ને પંદર દિવસ સુધી અઘોરમાં અઘોર એવી આરાધના કરી. તેઓ તે જ ભવમાં કેવળજ્ઞાન પામવાના છે એ તો નિશ્ચિત હતું, છતાં તેમણે એજ વિચાર કર્યો કે જ્યાં સુધી મારા માથે કર્મના ઢગ પડયા છે ત્યાં સુધી મારાથી સુખે કેમ સૂઈ શકાય ! કર્મની ગંજીઓને બાળવા ઉગ્ર સાધના કરી. એમના જેટલા પારણાના દિવસ છે તેટલાં આપણાં ઉપવાસના દિવસ થવા મુશ્કેલ છે. સાડા બાર વર્ષ ને પંદર દિવસની તપશ્ચર્યામાં ફક્ત પારણા ૩૪૯. અને એક વર્ષના દિવસ ૩૬૦ એક વર્ષ જેટલા પણ તેમના પારણાના દિવસો નથી. જ્યારે આપણાં તો પારણાં અને અત્તરવારણા સૂકાય જ નહિ. કંઈક જીવો એવા પણ છે કે જેઓ એક વર્ષમાં ફક્ત સંવત્સરીનો જ ઉપવાસ કરે છે. અને ઉપવાસના આગલા દિવસે રાત્રિના આઠ વાગ્યા સુધી તો ટોપરા ને લવીંગ ચાવતાં હોય છે. ખરી રીતે ઉપવાસના આગલા દિવસે ચોખ્ખો ચૌવિહાર હોવો જોઈએ.

ભગવાને છ માસી તપ ચૌવિહારા કર્યા છે. તમને તો ઉપવાસની શરૂઆત ન થાય તે પહેલાં પારણાં યાદ આવે છે. આપણે સર્વેને મોક્ષમાં જવું છે પણ "લડુ ભી ખાના ઔર મોક્ષ ભી જાના, ઐસી બાત હો તો કહના, નહિ તો મત બોલના"

આના જેવી આપણી વાત છે. અમે કહીએ કે ધર્મધ્યાન કરો પણ અજ્ઞાની જીવો તો એમ કહે છે કે તમે તો સાત નરક બતાવો છો પણ જો ચૌદ હોય તો પણ અમને ફેડે બાંધીને ફરવાની ત્રેવડ છે. આમ જોરથી બોલતા હોય છે પણ જ્યારે ભયંકર રોગથી ગ્રસ્ત થઈ જાય છે ત્યારે કેવા રાંકડા બની જાય છે! સાધુ હોય કે સંસારી હોય પણ કર્મ તો કોઈને છોડતા જ નથી.

મસ્તકે મુંડન કરાવવા માત્રથી કંઈ સાધુ થઈ જવાતું નથી. અને ભવનો બેડો પાર થઈ જતો નથી. ભગવંતે ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫ મા અધ્યયનમાં કહ્યું છે કેઃ-

ન વિ મુણ્ડિએણ સમણો, ન ઓંકારેણ બમ્ભણો ।
ન મુણી રણ્ણવાસેણં, કુસ ચીરેણ ન તાવસો ॥ ઉ. સૂ. અ. ૨૫ ગાથા ૩૧

સંસાર છોડી સાધુ બન્યા એટલે જવાબદારી વધે છે. ત્યાગમાર્ગમાં આવીને જબ્બર પુરૂષાર્થ કરવો પડે છે. જેમ નોકર કરતા શેઠને જવાબદારી અધિક હોય છે. નોકર તો એના ફલ પ્રમાણે નોકરી કરે અને સાંજ પડે ઘેર જઈને આરામથી સૂઈ જાય. માલના ભાવમાં વધઘટ થાય તો શેઠની ઉંઘ ઉડી જાય, પણ નોકરને કંઈ અસર થાય ખરી? કારણ કે એની કાંઇ જવાબદારી નથી. તે જ રીતે શ્રાવક કરતાં સાધુની જવાબદારી વધુ હોય છે. ત્યાગીઓને જાગૃતિ ખૂબ રાખવી પડે છે.

ત્રિલોકીનાથ મહાવીર પ્રભુએ ત્રીસ વર્ષની ઉંમરમાં દીક્ષા લીધી. ૭૨ વર્ષનું તેમનું આયુષ્ય હતું. પ્રભુના ચાતુર્માસ કેટલા થયા તે જાણો છો ને? ચોખ્ખો હિસાબ છે. પ્રભુના ૪૨ ચાતુર્માસ થયાં. તેમાં પ્રભુએ રાજગૃહી નગરીમાં ૧૪ ચાતુર્માસ કર્યા. તુંગીયાપુરીમાં કર્યા, પરંતુ જે ભૂમિમાં પોતે સ્નેહની સાંકળથી છૂટયા, રાગના બંધનો તોડયા, ત્યાં ગયા નથી, એટલે એક પણ ચાતુર્માસ ત્યાં કર્યું નથી. ગ્રામાનુગ્રામ વિચરતાં છેલ્લું ચાતુર્માસ પાવાપુરીમાં કર્યું. અને અંતિમ સમયે સોળ પ્રહર સુધી એકધારી દેશના આપી. આપણે ઉન્માર્ગે ચાલ્યા ન જઈએ, અને આત્માનું અધઃપતન ન કરીએ તે માટે કરૂણાનિધીએ અપાર કરૂણા કરી છે. પ્રભુની અંતિમ વાણી જીવનના અંત સુધી આપણે યાદ રાખવી જોઈએ. અને એમની છેલ્લી શિખામણને આપણે પહેલી આચરવાની છે.

ઉત્તરાધ્યયન સૂત્ર એ ચાર મૂળ સૂત્રોમાંનું એક મૂળ સૂત્ર છે. તેને મૂળ સૂત્ર શા માટે કહ્યું છે? ઉત્તરાધ્યયન સૂત્રમાં સૌથી પ્રથમ અધ્યયન વિનયનું છે. વિનય એટલે જે વિશેષ પ્રકારે આત્મા તરફ લઈ જાય તેનું નામ વિનય.

" વિણઓ જિણસાસન મૂલો, વિણયાઓ સંજમો તવો ।
વિણયાઓ વિપ્પમુક્કસ્સ, કઓ ધમ્મો કઓ તવો ॥ "

જૈન શાસનમાં વિનયને જ પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. માસખમણ કરે, સોળ ભથ્થુ કરે કે ગમે તેટલું જ્ઞાન મેળવે, પણ જો વિનય ના હોય તો પાયા વિનાના

ઘર ચલાવવા જેવું છે. બાહુબલિમાં ભરત ચક્રવર્તિને પણ પાછા હઠાવી દે એટલું બળ ક્યાંથી આવ્યું ? તેમણે પૂર્વભવમાં ૫૦૦ સાધુઓનો વિનય કર્યો હતો. વિનયપૂર્વક મેળવેલું જ્ઞાન લાંબા સમય સુધી ટકી રહે છે.

થાવચ્ચા પુત્રે દીક્ષા લીધી તે વખતે કૃષ્ણ મહારાજાએ ઢંઢેરો પિટાવ્યો હતો કે—જેને દીક્ષા લેવી હોય તે લો. રાજકુમાર જેવી સાહ્યબી છોડી થાવચ્ચાપુત્રને દીક્ષા લેતો જોઇ એક હજાર પુરૂષોએ તેની સાથે દીક્ષા લીધી. પ્રભુની એકજ વખત દેશના સાંભળી વૈરાગ્યના રંગે રંગાઇ ગયા અને લોટબંધ પુરૂષો દીક્ષા લેવા ચાલી નીકળ્યા. એ કેવો અજબ રંગ હશે !

થાવચ્ચા પુત્ર દીક્ષા લીધા પછી કાલક્રમે ચૌદપૂર્વના જ્ઞાતા બની ગયા. તેમની યોગ્યતા જોઈ પ્રભુએ એક હજાર શિષ્યો સહિત વિચરવાની આજ્ઞા આપી. એક ગામથી બીજે ગામ વિચરતા સોગંધીય નગરીમાં પધાર્યા. બીજી તરફ શુકદેવ સંન્યાસી પણ પોતાના હજાર શિષ્યો સહિત તે નગરીમાં પધાર્યા છે. બંનેની ઉદ્‌ઘોષણા જોરશોરથી ચાલી રહી છે. થાવચ્ચા અણગાર હજારોની મેદનીમાં લોકોને ધર્મ સમજાવે છે. ધર્મનું મૂળ શું છે તે વાત ચાલે છે. 'વિણય મૂલો ધમ્મો' વિનય એ ધર્મનું મૂળ છે. બીજી તરફ શુકદેવ સંન્યાસી પણ મોટી મેદની વચ્ચે ધર્મનું સ્વરૂપ સમજાવે છે. તે કહે છે "શુચી મૂલો ધમ્મો" શુચી એ ધર્મનું મૂળ છે. તે કહે છે, ન્હાવું, ધોવું, શરીર તથા વસ્ત્રોને સાફ રાખવાં, તે જોસે ત્યાં પણ પાણી છાંટીને જોસે. જ્યારે જૈન ધર્મ પાણી વધુ વાપરવાની ના પાડે છે.

એક જ ગામમાં બે પ્રકારની ઉપદેશધારા વહે છે. ત્યારે લોકોમાં પરસ્પર શંકા ઉત્પન્ન થઇ કે, એક કહે છે શુચી એ ધર્મનું મૂળ છે—અને બીજા વિનયને ધર્મનું મૂળ બતાવે છે. તો આમાં સાચી વાત કે.ની ? જ્યાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવોની વિરાધના થતી હોય ત્યાં ત્રણે કાળમાં ધર્મ નથી. જેમ જેમ ઈન્દ્રિયો વધતી ગઈ તેમ તેમ પ્રાણ વધતા ગયા. એકેન્દ્રિયને ચાર પ્રાણ છે. બે ઇન્દ્રિયને છ પ્રાણ, તે ઇન્દ્રિયને સાત પ્રાણ, ચૌરેન્દ્રિયને આઠ પ્રાણ, અસંજ્ઞી પંચેન્દ્રિયને નવ પ્રાણ અને સંજ્ઞી પંચેન્દ્રિયને દશ પ્રાણ હોય છે. આ દશ પ્રાણમાંથી એક પણ પ્રાણની હિંસા થતી હોય ત્યાં ધર્મ નથી. તમે જેમ જેમ સમજતાં જાવ તેમ તેમ ખબર પડે ને ? પહેલાં તો એક સામાન્ય એકસીડન્ટ થાય તો સજા થતી હતી જેથી કરીને બેદરકારી રહે નહિ અને આજે તો માણસને એકસીડન્ટ થાય તો સરકાર પુરાવો માગે છે. જીવ પ્રત્યે સહાનુભૂતિ જ નથી.

અહિંયા બંનેની વાતમાં પરસ્પર ભિન્નતા દેખાય છે. શહેરમાં લોકોને શંકા ઉભીથઇ. શુકદેવ સંન્યાસી વિચારે છે કે હું તેની પાસે જાઉં અને તેને હરાવી દઉં. મારા શુચી મૂળ ધર્મનું નિકંદન કાઢવા ઉઠયો છે, તેને ઠેકાણે લાવી દઉં. અંદર અભિમાન ભર્યું હતું.

થાવચ્ચા અણગાર પણ અટલ છે. જેના ગુરુ અટલ હોય તેના શ્રાવકો પણ કેવા સ્થિર હોવા જોઈએ ! તમે પ્રતિક્રમણમાં રોજ બોલો છો કે "શ્રાવકો કોઈના ડગાવ્યા ડગે નહિ, કોઈના ચળાવ્યા ચળે નહિ". આ વાત સાચી છે ને ! તમે પાકા છો ને ! ગમે તેવા પ્રસંગોમાં ડગી નહિ જાવ ને ? પ્રસંગ આવે બરાબર પડે. તમને હાથ પગ તૂટવા લાગ્યા, માથું દુઃખવા આવ્યું અને માપ્યું તો ૯૬ા ટેમ્પરેચર આવ્યું, તો થશે કે હવે ઉપાશ્રયે જવું નથી. પણ ત્રણ ડીગ્રી તાવ છે. દિકરો દુકાનેથી દોડતો આવીને કહે, બાપુજી, દુકાને ઘરાક આવ્યું છે, ૫૦૦૦ રૂપિયાનો માલ ખરીદવો છે પણ એને મારો વિશ્વાસ નથી આવતો. એ કહે છે કે મોટા શેઠ આવે તો માલ લઇ જાઉં; નહીં તો બીજેથી ખરીદી લઈશ. બોલો, આ વખતે તમે શું કરો ? (સભામાંથી જવાબ :– ત્યાં તો તરત જ પહોંચી જઈ એ.) ત્યાં ત્રણ ડીગ્રી તાવ હોય છતાં જાવ અને ૯૯ા તાવ હોય તો પણ ઉપાશ્રયે આવવાનું છોડી દો. તમે કેટલા અચલ છો એ વાત અહીં પુરવાર થાય છે ને ?

જેને હાડહાડની મજ્જામાં રંગ લાગ્યો છે એવો શ્રાવક બિમાર પડે તો ડોક્ટરને કહી દેશે કે સાહેબ, વધુ પૈસા લેવા હોય તો લેજો, પણ મને દરરોજ વીતરાગ વાણીનો લાભ લઈ શકાય એવો સાજો બનાવો, જેથી મારો લાભ ગુમાવી ન દેવાય. મારે બીજું કંઇજ ન જોઇએ. આવું કહેનાર તો વિરલ જ હોય છે. શીતકાળ, ઉષ્ણકાળ અને વર્ષાકાળ ત્રણે કાળમાં તમે કમાવ છો. ઉનાળે કમાયા, શિયાળે કમાયા. આત્માના નાણાં કમાવવાની મોસમ હોય તો તે ચાતુર્માસ જ છે. ચાતુર્માસના ત્રણ દિવસ તો ચાલ્યા ગયા. એમ કરતાં ચાર માસ પણ પૂર્ણ થઈ જશે. જે દિવસો જાય છે તે પાછા આવતા નથી. માટે આજથી શું કરવું, માસક્ષમણ કરવું છે, સોળભથ્થુ કરવું છે, આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરવું છે, કંદમૂળનો ત્યાગ કરવો છે ? રાત્રે તો મારાથી જમાયજ નહિ. તમારા દિલમાં આવી ઉર્મિ ઉછળવી જોઈ એ. વ્યાખ્યાન સાંભળી જી સાહેબ, જી સાહેબ, કર્યા કરો પણ પાપથી પાછા હઠો તો જ સાંભળ્યાનો સાર્થકતા છે.

શુકદેવજી અભિમાની અને જબ્બર વિદ્વાન હતા. તેને માનનાર પણ ઘણા હતા. તેઓ થાવચ્ચા અણગાર પાસે જઈ ને ઉભા રહ્યા. નમન પણ કર્યું નહિ. તેમની સાથે કંઇક લોકો કુતુહલ જોવાની ઈચ્છાથી જાય છે અને કંઇક સત્યવાત સમજવાની ઇચ્છાથી જાય છે. શુકદેવજી કહે છે કે મુનિ ! તમે મારા પ્રશ્નનો સાચો જવાબ આપશો તો હું મારા હજાર શિષ્યો સહિત આપનો શિષ્ય બની જઈશ. અને જો મારા પ્રશ્નનો ઉત્તર નહિ આપી શકો તો તમારી નિંદા કરીશ, બોલો–કિં મૂલે ધમ્મે ? " થાવચ્ચા પુત્ર જવાબ આપે છે "વિણય મૂલે ધમ્મે. " શુકદેવજી કહે અમારો શુચી મૂળ ધર્મ છે. થાવચ્ચા પુત્ર તેમને સમજાવે છે કે જ્યાં હિંસા છે ત્યાં ધર્મ નથી.એકેન્દ્રિય એટલે પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ–વનસ્પતિ આદિમાં તથા બે ઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, આદિમાં જીવ છે, જ્યાં તેઓની હિંસા થતી હોય

ત્યાં વિનય ધર્મ સચવાતો નથી, માટે જીવોની દયા પાળવામાં જ સાચો ધર્મ છે. જેમ લોહીથી ખરડાયેલું કપડું લોહીથી સાફ કરી શકાતું નથી તેમ પાપથી ખરડાયેલો આત્મા પાપ કરવાથી પવિત્ર ન બની શકે. માટે જીવ–અજીવનું જ્ઞાન પ્રાપ્ત કરો.

"જ્ઞાન વિનાની જીંદગી કેવળ પશુ સમાન." દુનિયામાં જન્મ લેનારા બધા પેટ ભરે છે, પણ છાણના કીડા જેવી દશા છે, જેમાં જન્મે છે તેમાં જ તે મરે છે. થાવચ્ચા અણગારના શબ્દો સાંભળી શુકદેવજી સ્થંભી ગયા, તેમને અભિમાન સાથે વિનય હતો. સોનાના પાત્રમાં સિંહણના દૂધ ટકયા વિના ન રહે.

શુકદેવજીએ બીજા કેટલાક પ્રશ્નો પૂછ્યાં. અને થાવચ્ચા અણગારે તેનું યુક્તિપૂર્વક સમાધાન કર્યું. સત્ય તત્ત્વને સમજતાં બોટું છોડી દીધું. દરરોજ સાધુવંદણામાં આપણે બોલીએ છીએ કે :—

ધન્ય થાવચ્ચા પુત્ર તજી બત્રીસે નાર, તેની સાથે નીકળ્યા પુરૂષ એક હજાર,
શુકદેવ સન્યાસી એક સહસ્ત્ર શિષ્ય લાર, પંચશયશું સેલક લીધો સંયમ ભાર;
સર્વ સહસ્ત્ર અઢાઇ ઘણા જીવોને તાર, પુંડરગિરિ ઉપર કીધો પાદોપગમન સંથાર,
આરાધિક હુઈને કીધો બેડો પાર, હુવા મોટા મુનિવર, નામ લિયા નિરતાર."

થાવચ્ચા અણગારાદિ એક હજાર સંતો હતા, શુકદેવજીએ પોતાના હજાર શિષ્યો સહિત જૈન ધર્મની દીક્ષા લીધી. અને તેમની સાથે શેલક રાજાએ પાંચસો પુરૂષો સાથે દીક્ષા લીધી. કુલ અઢી હજાર સંતોએ દીક્ષા લઈ પુંડરગિરિ પર્વત ઉપર જઈ સંથારો કરી શાશ્વત સુખને પ્રાપ્ત કર્યું.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયનમાંથી ચૌદમા અધ્યયનનો અધિકાર વાંચવો છે. પહેલા અધ્યયનથી માંડીને દરેક અધ્યયનનો એકબીજા સાથે પરસ્પર સંબંધ છે. ચૌદમાની પહેલાં તેરમું અધ્યયન છે. તેરમા અધ્યયન સાથે ચૌદમું સંકળાયેલું છે. તના સાથે આ પ્રકારે તે સંબંધ ધરાવે છે.

તેરમા અધ્યયનની ભૂમિકામાં સૌ પ્રથમ વાત આવે છે કે સાગરચંદ્રમુનિ પાસે ચાર ગોવાળિયાઓએ દીક્ષા લીધી હતી. તેમાંથી ચિત્ત અને સંભૂતિનું વર્ણન તેરમા અધ્યયનમાં આવ્યું છે. પણ બાકીના બે મુનિઓ શુદ્ધ સંયમનું પાલન કરી અનુક્રમે કાળ કરી દેવલોકમાં ગયા. તેઓ બંને દેવલોકથી ચ્યવીને ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં કોઈ મહદ્ધિક શ્રેષ્ઠીના ઘેર પુત્ર પણે ઉત્પન્ન થયા. બંને પુત્રો યુવાન થતાં તેમને બીજા ચાર વેપારીઓ સાથે મિત્રતા થઈ, અને એ છએ આત્માઓએ ફરીને દીક્ષા અંગીકાર કરી. તેમાંથી ચાર આત્માઓએ ધર્મમાં માયા રહિત સંયમની આરાધના કરી અને બે આત્માઓએ સહેજ માયા સહિત સંયમની આરાધના કરી. અનુક્રમે છએ સાધુઓ, કાળ કરીને પ્રથમ દેવલોકના નલિનીગુલ્મ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા, પણ માયા કરનાર બે આત્માઓ દેવીરૂપે ઉત્પન્ન થયા.

પૂર્વભવમાં માયા કરી હશે તેથી આ ઓઢણાં ઓઢવા પડયા છે. પુરૂષ માયા કરે તો સ્ત્રી થાય, સ્ત્રી માયા કરે તો નપુંસક થાય અને જો નપુંસક માયા કરે તો પૃથ્વી આદિ એકેન્દ્રિયમાં જાય. હું તો અમારી બહેનોને કહું છું કે પૂર્વે માયા કરીને આવ્યા છીએ પણ હવે ઓઢણાં ન ઓઢવાં હોય તો માયા ન કરશો. સ્ત્રીઓની પુણ્યાઇ કેટલી ઓછી છે. પુરૂષ એક સમયમાં સિદ્ધ થાય તો ૧૦૮ થાય અને સ્ત્રી એક સમયમાં વીસ સિદ્ધ થાય. તમારો હોદ્દો ઉંચો છે, પણ યાદ રાખજો કે તમે માયા કરશો તો સ્ત્રી બનશો. તમે સ્ત્રીઓનું સ્થાન નીચું ગણો છો, પણ કોઇક વખત સ્ત્રીઓ પણ પુરૂષને ભુંજવનારી બને છે. એક દૃષ્ટાંત દ્વારા સમજાવું છું.

એક પ્રધાન પાસે એક પેટી હતી. દરરોજ તે પેટી ખોલીને તેની સામે હાથ જોડી ઉભો રહે અને ધીમેથી કંઈક બોલે. દરરોજ આમ બને છે ત્યારે પ્રધાનની સ્ત્રીને શંકા થઈ કે આ પેટીની સામે હાથ જોડીને શું બોલતા હશે? આમાં કંઈક હોવું જોઇએ. હવે પેટી ખોલે છે ત્યારે સ્ત્રી પણ ચોકી પહેરો રાખે છે પણ પ્રધાન એ જાય ત્યાં પેટી બંધ કરી દે છે. એક દિવસ પ્રધાન પેટી સામે હાથ જોડી મસ્ત બની ગયો છે. ત્યાં તેની પત્ની પહોંચી જાય છે. અને પૂછે છે કે સ્વામીનાથ! આ પેટી ખોલી દરરોજ તમે શું બોલો છો? આમાં ભગવાનનો ફોટો છે કે માતા-પિતાનો ફોટો છે? પ્રધાન કહે છે કે આમાં બીજું કંઇ જ નથી. પણ આમાં તારો કોઈ વિષય નથી. જો કંઈ જ નથી તો દરરોજ તેને સામે રાખીને શું બોલો છો? તને કહેવાથી શું લાભ! ત્યારે સ્ત્રી કહે છે શું મોનો કંઈ હક જ નહિ! ત્યારે પ્રધાન કહે છે, જો, ગરમ શાલ સિવાય અંદર બીજું કાંઈ છે? ફક્ત ગરમ શાલ સિવાય કાંઈ જ ન હતું. પત્ની કહે છે, આ શાલ ઓઢવા જેવી છે, તો પછી તમે તેને પેટીમાં રાખી શી પ્રાર્થના કરો છો? પ્રધાન કહે છે હું પ્રાર્થના નથી કરતો પણ ભાવના ભાવું છું. આ શાલ ઓઢી શકું એવી મારામાં પાત્રતા નથી. આ શાલ તો લાખો રૂપિયા આપતાં પણ મળે નહિ.

પત્ની કહે છે કે આમાં એવું તે શું છે! પ્રધાન કહે છે કે મારા ૨૭ મિત્રોએ ગુરૂ સમક્ષ આજીવન બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા કરી છે, તે પવિત્ર આત્માઓને શ્રી સંઘે બહુમાન કરીને આ શાલ ઓઢાડી છે. મારા મિત્રોને વિચાર થયો કે અમે તો આ વ્રત અંગીકાર કરી લીધું પણ અમારો એક મિત્ર તેમાંથી બાકી ન રહેવો જોઈએ, એ બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરનાર આત્માઓને બહુમાનમાં ઓઢાડેલી શાલ મારાથી કેમ ઓઢાય? હવે હું તેને દરરોજ સામે રાખી એવી ભાવના ભાવું છું કે હે પ્રભુ! મને આવો અવસર કયારે આવશે કે હું આ વ્રત અંગીકાર કરૂં!

આ શબ્દો સાંભળી પ્રધાનની પત્ની ધડાક દઈ ને ઉભી થઇ અને બોલી, સ્વામીનાથ! હું એ વ્રત અંગીકાર કરવા તૈયાર છું. પ્રધાનની ઉંમર ૩૨ વર્ષની હતી અને સ્ત્રીની

ઉંમર ૨૮ વર્ષની હતી. પ્રધાન કહે છે કે તારી ઉમર નાની છે. તારી સંપૂર્ણ તૈયારી છે ને! પત્ની કહે છે, મારી તો તૈયારી છે, પણ સ્વામીનાથ! તમે તૈયાર છો ને? પ્રધાન કહે છે હું તો તારી રાહ જોતો હતો. બંને એકબીજાના વિચારોમાં સંમત થઈ ગયા અને સંત પાસે જઈને ભર યુવાનીમાં બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા અંગીકાર કરી લીધી.

બોલો, મારા રાજકોટ શહેરના શ્રાવકો! તમે પણ આ રીતે અમારી શ્રાવિકાના વિચારોમાં સંમત થશોને? મહાવીરનો શ્રાવક હંમેશાં પાપથી ભયભીત રહે, અને ગમે કે ન ગમે પણ સંતો કહે કે આમ કરવામાં પાપ, પાપ ને પાપ છે. ઝેર, ઝેર ને ઝેર છે તો પછી તે પાપ તરફ પગલાં ન ભરે. મેસુબ ગમે તેટલો સરસ બનાવ્યો હોય પણ કોઇ આવીને કહે કે એમાં ઝેર છે તો તમે ફેંકી દો છો. આ ઝેર તો એક જ ભવ બગાડે છે પણ વિષયોનું વિષમ વિષ તો અનંત ભવો બગાડે છે. માટે કામના કીડા બની જીંદગીને બરબાદ ન કરો.

પ્રધાન તેની પત્નીને કહે છે, ધન્ય છે કે, મને તારા જેવી દેવી મળી. મને ધર્મકાર્યમાં સહકાર આપ્યો. તમે તો એમ કહો કે ધન્ય છે મને, કે તારા જેવી રૂડી ને રૂપાળી તું મળી. ચામડાના પૂજારીઓ! ચામડામાં મોહ ન પામશો. પણ તમે પત્ની ને ધર્મના માર્ગે વાળો કે પત્ની તમને જગાડે ત્યાં ધન્યવાદ આપજો. કોઈ શ્રાવક બાર વ્રતમાંથી એક વ્રત અંગીકાર કરે તો સંતો ધન્યવાદ આપી શકે પણ કોઇ ફેકટરી બોલે ત્યાં ધન્યવાદ ન આપી શકે. કારણકે ત્યાં એકાંત પાપનુંજ કાર્ય છે. પૈસા કમાઇને તે ધર્મના કાર્યમાં ગમે તેટલા વાપરે પણ ત્યાં સંતો ધન્યવાદ ન આપી શકે.

હવે જે છ જીવો દેવલોકમાં ગયા છે. બે દેવી પણે ઉત્પન્ન થયા છે અને ચાર દેવપણે ઉત્પન્ન થયા છે. તેમાંથી ચાર જીવોનું આયુષ્ય વહેલું પૂર્ણ થાય છે. ત્યાંથી ચ્યવીને તે આત્માઓ ક્યાં ઉત્પન્ન થશે અને કોણ કોને જગાડશે અને કઈ રીતે તે આત્માઓ વૈરાગ્ય રંગમાં રંગાશે, તેની ચૌદમા અધ્યયનમાં સુંદર રજુઆત કરવામાં આવી છે. તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૫

અશાડ વદ ૩ ને મંગળવાર તા. ૨૧-૭-૭૦

શાસન સમ્રાટ ત્રિલોકીનાથ ભગવંતના મુખમાંથી ઝરેલી શાશ્વત વાણી તેનું નામ સિદ્ધાંત. દુનિયામાં બધું બદલાય પણ સિદ્ધાંતના ભાવ કદી બદલાય નહિ. જ્ઞાનીઓને

જ્યારે પૂછવામાં આવશે ત્યારે એક જ સરખી વાતનું નિરૂપણ કરવામાં આવશે. તમારા વિજ્ઞાનની વાતોમાં તો વૈજ્ઞાનિકો આજે બતાવી રહ્યા છે તેને થોડા દિવસ પછી જુદી જ રીતે બતાવશે. ઉંચે જઈ ને આજે જે આવ્યા છે તેને ફરીને જશે ત્યારે જુદી જ રીતે કહેશે. પણ સર્વજ્ઞની વાતમાં કયારે પણ ફેરફાર થતો નથી. ભગવાને અઢીહજાર વર્ષ પહેલાં જે કહ્યું છે કે એક પાણીના ટીપામાં અસંખ્યાત જીવો છે. હવે તો વૈજ્ઞાનિકોએ આ વાત સાબિત કરી છે.

પ્રભુના અંતિમ ચાતુર્માસની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રનું ચૌદમું અધ્યયન ચાલે છે. તેરમા અને ચૌદમા અધ્યયનનો પરસ્પર સંબંધ છે. ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. બે મુનિઓ દેવલોકમાંથી આવીને શેઠને ત્યાં ઉત્પન્ન થયા. તેમને ચાર વેપારીઓ સાથે સંબંધ થયો. છ એ આત્માઓ દીક્ષા લઈ પ્રથમ દેવલોકે નલિની ગુલ્મ નામના વિમાનમાં ઉત્પન્ન થયા. તેમાંથી ચાર જીવો દેવપણે ઉત્પન્ન થયા અને માયાના કારણે બે આત્માઓ દેવીપણે ઉત્પન્ન થયા. દીક્ષા લીધા પછી પણ જો માયાનું સેવન કર્યું હોય તો તે માયા સંસારવર્ધક છે.

છ આત્મામાંથી ચાર આત્માઓની દેવભવની સ્થિતિ પૂર્ણ થવા આવે છે. દેવની સ્થિતિ પૂર્ણ થાય ત્યારે ત્યાંથી તેમને ચવવું પડે છે. ચાહે અનુત્તર વિમાનનો દેવ હોય, ઈન્દ્ર હોય, મનુષ્ય હોય, તિર્યન્ચ હોય કે નરક ગતિનો રૌ રૌ વેદના ભોગવનારો નારક હોય, પણ આયુષ્ય પૂર્ણ થયે સૌને સ્થાન બદલવું પડે છે. ફક્ત ચવવું ન પડે એવું જો કોઇ સ્થાન હોય તો એક સિદ્ધગતિ જ છે અહીંથી જવાની ગતિ પાંચ છે અને આવવાની ગતિ ચાર છે. જ્યાં ગયા પછી ફરીને ગતિ કરવી ન પડે એની ગતિને જો પ્રાપ્ત કરવી હોય તો સૌથી પ્રથમ રાગ, દ્વેષ અને મોહનો ત્યાગ કરવો પડશે.

આપણા શાસનમાં એવું નથી કે શાસન પર આપત્તિ આવે ત્યારે ફરીને ભગવાનને જન્મ લેવો પડે. જેઓ રાગને જીતીને રાગના વિજેતા થઈ ગયા તેમને ફરીને શા માટે આવવું પડે ? આપણે તો શરીરને સાજું રાખવા દવા લેવી પડે. કોઇ માનતા રાખે, માદળિયા બાંધે, પણ હું તમને પૂછું છું કે આ બધું કરનારાઓ કોઈ દિવસ માંદા પડતા હશે કે નહિ ? જ્યાં રોગ નથી, ઘડપણ નથી, જન્મ નથી, બાલપણ નથી અને યુવાવસ્થા પણ નથી એવું સ્થાન હોય તો મોક્ષ છે. ત્યાં ગયા પછી ચતુર્ગતિના રેંટમાં ફરવું પડે નહિ, આ જીવે અનંત પુદ્ગલ પરાવર્તનો કર્યા છે. હવે આપણે ખ્યાલ રાખવાનો છે કે ભવાટવીમાં ભમવું ન પડે.

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં જે છ જીવોનો અધિકાર ચાલી રહ્યો છે તે છ જીવો કયાંથી આવે છે તે વાત સૌથી પ્રથમ ગાથામાં ફરમાવે છે,

દેવા ભવિત્તાણ પુરે ભવમ્મિ, કેઈ ચુયા એગ વિમાણુવાસી ।
પુરે પુરાણે ઉસુયાર નામે, આએ સમિદ્ધે સુરલોગ રમ્મે ॥ ઉ. અ. ૧૪-૧

આ છ જીવાત્માઓ પ્રથમ દેવલોકના નલિનિ ગુલ્મ નામનાં એક જ વિમાનમાં રહેનાર છે. ત્યાંની સ્થિતિ પૂર્ણ કરી ચાર આત્માઓ આવે છે.

દેવલોકમાં દરેકની સ્થિતિ સરખી હોતી નથી. ઉપરના દેવલોકની સ્થિતિ ઉત્તરોત્તર વધારે હોય છે. પણ ઓછામાં ઓછી સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની હોય છે. દેવલોકમાં ગયેલો જીવ ઓછામાં ઓછા પુણ્યવાળો હોય તો પણ દશ હજાર વર્ષનું આયુષ્ય તો હોય જ છે. આ છ આત્માઓમાંથી ચાર આત્માઓ ત્યાંની સ્થિતિ પૂર્ણ કરે છે. દેવોમાં સમકિતી દેવો પણ હોય છે અને મિથ્યાત્વી દેવો પણ હોય છે. દેવોને પોતાની સ્થિતિ પૂર્ણ થતાં પહેલાં છ મહિના અગાઉથી ખબર પડી જાય છે. સમકિતી દેવો જાણે કે હવે મારી સ્થિતિ પૂર્ણ થાય છે ત્યારે તેમને અનેરો આનંદ આવે છે. કારણ કે તમે જે કરો છો તે કરવાની ભાવના થાય છે. પણ અવિરતી-ચોથા ગુણસ્થાનકના ધણી હોવાથી તે કરી શકતા નથી. અવિરતીપણાના બંધન તોડી વિરતી ભાવમાં આવવાનો તેમને આનંદ હોય છે. દેવો અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને અત્યારે જુવે અને તમને સામાયિકમાં બેઠેલા જુવે ત્યાં તેમની છાતી ગજ ગજ ઉછળે "ધન્ય છે આ આત્માઓને કે તેઓ કેવી આરાધના કરે છે અને મને પણ આવો અવસર કયારે આવશે!"

દેવગતિમાંથી નીકળીને બધા જ મનુષ્ય થાય એવું નથી. પહેલા બીજા દેવલોકના નીકળ્યા કેટલા દંડકમાં જાય? પાંચ દંડકમાં જાય. મનુષ્ય, તિર્યન્ચ, પૃથ્વી, પાણી અને વનસ્પતિ. -એ પાંચ દંડકમાં જાય. હવે વિચાર કરો કે જે દેવલોકમાં દીવા ને લાઈટની જરૂર પડતી નથી ત્યાં સૂર્યની પણ જરૂર નહીં. ત્યાં તો તેમના રત્નો એટલા બધા દેદિપ્યમાન છે કે તેના પ્રકાશથી ખૂબ અજવાળું આવે છે. સૂર્યની જરૂર અઢીદ્વીપમાં હોય છે.

વાંચવામાં આવ્યું છે કે પહેલાના માણસો મકાન બંધાવતા હતા ત્યારે ધર્મારાધના કરવા પૌષધશાળા ભેગી બાંધતા હતા. ત્યાં બેસી પોતે પોતાનું વાંચનાદિ કરી શકે તે માટે મકાનની થાંભલીમાં રત્નો જડાવતા હતા કે જેથી તેના પ્રકાશથી પોતે પોતાનું કાર્ય કરી શકતા. અત્યારની જેમ લાઈટ આદિ આરંભના સાધનો ત્યારે ન હતા. દેવોને ચંદ્ર અને સૂર્યની પણ ગરજ નથી. તેવા દેવોને સંઘયણ કેટલાં હોય? રાજકોટ નગરીના શ્રાવકો બોલો. જવાબ દેવો અસંઘયણી હોય. દેવો અસંઘયણી શાથી હોય? તેમનું શરીર કોકેય હોય છે. તેમનું શરીર આપણી જેમ અશુચી પુદ્ગલોનું હોતું નથી. તેથી દેવોને આપણી જેમ શૌચ આદિ ક્રિયાઓ પણ હોતી નથી. કોઈ પણ જાતની ખટપટ જ નહિ. ઉપાધિ માત્ર અહિં છે. દેવોને એક સમચઉરસ સંઠાણ હોય છે. તે પલાંઠી-

વાળીને બેસે ત્યારે ગમે ત્યાંથી માપ લેવામાં આવે તો ચારેય તરફનું માપ સરખું થાય છે એટલે તેનું નામ સમચઉરસ સંઠાણ છે.

દેવલોકમાં પુણ્યનો જ ભોગવટો કરવાનો હોય છે. જ્યારે પુણ્ય અને પાપનો ક્ષય કરી કર્મની નિર્જરા કરવા માટે એક માનવભવ છે. નરક અને તિર્યન્ચ ગતિમાં વધ બંધનના દુઃખો ભોગવવાના છે. મુખ્ય વાત એ હતી કે પહેલા બીજા દેવલોકના દેવો ચ્યવીને પાંચ દંડકમાં જાય છે. તમે વીરવાણી સાંભળતી વખતે ખૂબ ઉપયોગ રાખજો. સાંભળવામાં જો ઉપયોગ ચૂકશો તો યથાર્થ ભાવને પકડી શકશો નહિ. અને સત્ય હકીકત નહીં સમજવાથી કેવી અવ્યવસ્થા ઉભી થાય છે તે એક દૃષ્ટાંત દ્વારા સમજાવું છું.

એક માણસને સંગ્રહણીનું દર્દ થયું. ઘણી દવાઓ કરી, પણ મટતું નથી. છેવટે વૈદરાજની દવા લાગુ પડી. છ મહિના દવા લીધી અને શરીર ત્રાંબા જેવું થઇ ગયું. એક વખત તેની જ્ઞાતિમાં જમણવાર થયો. જમણમાં શીરો બનાવવાનો હતો. પેલા દર્દીને થયું કે આજે જમણવાર છે. મારાથી શીરો ખવાય કે નહિ ? લાવ. વૈદરાજને પૂછી આવું. તે વૈદરાજને પૂછવા આવ્યો કે મારી તબિયત સાવ સાજી છે. દર્દને મટ્યા પણ બાર મહિના થઈ ગયા. હવે હું શીરો ખાઉં કે ન ખાઉં ? વૈદરાજ કહે છે ભાઈ, તને ગમે તેવું સારૂં હોય પણ તારા માટે શીરો ઝેર છે. ચાર જણાં બહાર બેઠેલા તેમણે તારા માટે શબ્દ ન સાંભળ્યો પણ શીરો ઝેર છે, એટલો શબ્દ સાંભળ્યો. આગળ પાછળની ન સાંભળે તો વાતનો વેડો થઈ જાય. પૂરી વાત જાણી નહિ અને ચાર જણાએ બધે વાત ફેલાવી કે શીરો ઝેર છે. જમણવારમાં કાવતુ છે. ચાર જણાંના મોઢેથી ચોત્રીસ જણાએ વાત જાણી. એમ કરતાં આખા ગામમાં વાત ફેલાઇ ગઈ. આ જગ્યાએ કોઇ ધર્મ દલાલીની વાત હોય તો આટલી જલ્દી જાહેરાત ન થાય.

આખી જ્ઞાતિના માણસોએ નિર્ણય કર્યો કે જમણવારમાં કાવતુ છે. શીરામાં ઝેર નાખ્યું છે. માટે આપણે કોઈએ જમવા જવું નહિ. જમવાનો સમય થયો. પણ કોઈ જમવા આવતું નથી. ત્યારે જમણવાર કરનાર તપાસ કરાવે છે કે ટાઈમ થઇ ગયો છતાં કોઈ જમવા કેમ આવતું નથી ! તપાસ કરતાં ખબર પડી કે આવી અફવા ઉડી છે. પૂછતાં પૂછતાં પેલા ચાર જણ પકડાય છે. તેમને પૂછયું કે તમને આવી વાત કોણે કરી ! ત્યારે તેઓ કહે છે કે આપણા ગામમાં જે મોટા વૈદરાજ છે તે કહેતા હતા. વૈદરાજ કહે કે હું તો કાંઇ જ જાણતો નથી. ત્યારે પેલા ચાર જણાં કહે છે કે અમે બહાર બેઠાં હતાં અને પેલા રમણલાલના મોઢે તમે કહેતા હતા કે શીરો ઝેર છે. ત્યારે વૈદરાજ કહે છે કે એ રમણલાલ તો સંગ્રહણીનો દર્દી છે. તે મને પૂછવા આવ્યો હતો કે શીરો ખવાય ! ત્યારે મેં તેને કહ્યું હતું કે "તારા માટે શીરો ઝેર છે." સત્ય હકીકત સમજાઇ ગઈ તો ઠીક થયું. નહિ તો જમણ કરનારને બધો શીરો ઉકરડે નાખવો

પડત. કયો શબ્દ ને કયું વાકય કોના સંબંધમાં કઇ રીતે કહેવાયું છે, તે પૂરું ન સમજાય તો અનર્થ થઈ જાય.

આગમમાં એવા ઘણા શબ્દો છે કે જ્યાં એક શબ્દના અનેક અર્થો થતા હોય છે. આગળ પાછળના સંબંધથી સમજવું જોઇએ કે અહીં આ શબ્દનો શું અર્થ કરાયો છે! સંસ્કૃતમાં 'महिषी' એટલે રાણી અને 'महिष' એટલે પાડો થાય. બંનેના અર્થમાં કેટલો ફરક પડે છે! હવે રાણીને 'महिषी' ને બદલે 'महिष' કહીને કોઈ બોલાવે તો અપમાન જનક લાગે.

આ તો સ્યાદ્વાદ દર્શન છે. દરેક નય એ પ્રમાણનો અંશ છે. અને અંશે દરેક નયની વાત સત્ય હોય છે. પણ જો તે નયવાળા પોતાની વાતને એકાંતથી પકડી લે,તો તે નય દુર્નય બની જાય. જૈન દર્શન એવું વિશાળ દર્શન છે કે જે કોઈને નિરાશ કરતું નથી. કોઈને કોઈ અપેક્ષાએ વાતને સત્ય સમજાવે છે, પણ એકાંતથી નહિ. જૈન દર્શનમાં અનેકાંતવાદની જ વિશેષતા રહેલી છે.

પહેલા ને બીજા દેવલોકના દેવો પાંચ દંડકમાં જાય છે. હવે જે દેવો મહાન ઋદ્ધિના ધણી હોય છે તેમને તિર્યંચ, પૃથ્વી, પાણી ને વનસ્પતિમાં જવું પડે તો તેને કેટલું દુઃખ થાય! ઝુંપડી છોડી મહેલમાં જવાનું હોય તો આનંદ થાય, પણ દિવ્ય મહેલો છોડી ઝુંપડીમાં જવાનું થાય તો ન ગમે. તમારા ગમે તેટલા સુંદર મહેલો હોય પણ તે દેવલોકના ભવની પાસે તો કંઈજ નથી. આ રાજકોટના વ્યાખ્યાન હોલ જેવો ભવ્ય ને સુંદર હોલ અત્યાર સુધીમાં બીજે કયાંય જોયો નથી, છતાં દેવોની ઋદ્ધિ પાસે તો કાંઈ નથી. દેવોને ભવ આશ્રી અવધિજ્ઞાન હોય છે. તેમને અવધિજ્ઞાન માટે કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. આવા દેવોમાં મિથ્યાત્વી દેવોને ખબર પડે કે દેવગતિના સુખો મારે છોડવા પડશે તો તેમને દુઃખ થાય છે. જ્યારે સમકિતી દેવોને આનંદ થાય છે. તે મનુષ્યભવને ઝંખે છે. 'હું હવે મારા ભવબંધનના ફેરા મટાડીશ.' તમને તે મનુષ્યભવ પ્રાપ્ત થયો છે તો એમ થાય છે કે હવે મારા વધુ ભવ ન થવા જોઇએ. તમારો એક દિવસ પણ સામાયિક, પ્રતિક્રમણ, સંતદર્શન કે જિનવાણી સાંભળ્યા વિના લુખો ન જવો જોઇએ. અને લૂખો જાય તો પશ્ચાતાપ થવો જોઇએ. જ્યાં સુધી સિદ્ધગતિમાં ન જઇએ ત્યાં સુધી ચાર ગતિ અને ચોવીસદંડકમાં દંડાવાનું છે. આ સંસાર સંગ્રહણીના દર્દ જેવો દુઃખદાયી લાગવો જોઇએ. જો દુઃખદાયી લાગ્યો હોય તો ભોગ–વિષયોને તિલાંજલી આપો.

જેમ અરિસામાં મુખ જોઈ ડાઘને દૂર કરો છો તેમ આત્મા ઉપર પડેલાં ડાઘને દૂર કરવા આગમ રૂપી અરિસામાં દૃષ્ટિ કરો. વિતરાગ શાસનને પામેલો શ્રાવક પાપથી ભયભીત રહેવો જોઈએ અને સંસારના ત્રાસથી ધ્રુજવો જોઈએ. હે પ્રભુ! અનંતકાળથી ભટકું છું, હવે કયારે ઉદ્ધાર થશે! એમ અંદરથી વલોપાત થવો જોઇએ. હમણાંજ વસુબાઇએ ત્રણ પૂતળીનો ન્યાય આપ્યો કે દૂધની તપેલીમાં ત્રણ પૂતળી મૂકી. એક સાકરની, બીજી

કેપડાંની અને ત્રીજી આરસની. જો તમે સાકરની પૂતળી જેવા હશો તો તો પીરસાતાં વીરવાણી રૂપી દૂધથી આ વીરાણી હોલ દૂધના કુંડાં સમો બની જશે. અને જેમ સાકરની પૂતળી દૂધમાં ઓગળી ગઇ તેમ વિતરાગવાણી સાંભળીને તમારૂં હૃદય પીગળી જશે. તમે તો ભાગ્યવાન અને બુદ્ધિશાળી શ્રાવકો છો. આ રાજકોટના શ્રાવકો કંઇ જેવા તેવા નથી. સંતોને પણ લાગે કે આ શ્રાવકો જાણકાર છે.

એક ગામમાં ઘણા વર્ષે સંતના પગલાં થયાં. વર્ષોથી જેમણે સંતના દર્શન કર્યા નથી, જૈનશાળા શું કહેવાય તે ખબર નથી. સંતને ચોમાસી પાખીનો દિવસ આવી ગયો. બીજે કયાંય પહોંચી શકાય તેમ નથી. એટલે પૂછે છે ભાઇ! હું તમારા ગામમાં ચાતુર્માસ કરૂં? શ્રાવકો કહે, બાપજી, ખુશીથી રહો. ઘણું આનંદની વાત છે. બીજે દિવસે શ્રાવકો પૂછે છે કે બાપજી! કયું સિદ્ધાંત વાંચશો! સંત વિચાર કરે છે કે હું તો સમજતો હતો કે આ ગામના શ્રાવકો તો અબુધ છે. પણ આ તો સારા જાણપણાવાળા લાગે છે. ભોલા શ્રાવકજી! તમે કહો તે વાંચીએ. શ્રાવકો કહે છે કે અમારે ભગવતી સૂત્ર સાંભળવું છે. મહારાજ કહે, ભલે, પણ ભગવતી સૂત્ર સાંભળતા પહેલાં હું આપને પ્રશ્ન પૂછું છું કે હાથીને કેટલી ઇન્દ્રિય હોય! તો કહે છે પાંચ. કારણ તેને ચાર પગ અને એક સૂંઢ છે, માટે હાથી પંચેન્દ્રિય છે, તો પૂછે ઘોડાને કેટલી ઇન્દ્રિય? શ્રાવકો કહે છે તેને ચાર પગ છે માટે ઘોડો ચૌરેન્દ્રિય કહેવાય. શ્રાવકો, તમને કેટલી ઇન્દ્રિય છે તો કહે છે અમારે બે પગ ને માથે પાઘડી છે, માટે અમે તેઇન્દ્રિય. અને બાપજી! આપને બે પગ જ છે માટે તમે બેઇન્દ્રિય....(હસાહસ). મહારાજે શ્રાવકોના જાણપણાનું માપ કાઢી લીધું. સાંજ પડી ને શ્રાવકો પ્રતિક્રમણ કરવા આવ્યા. મહારાજ પૂછે છે તમને પ્રતિક્રમણ આવડે છે? તો કહે કે અમને કોઈને આવડતું નથી. મહારાજ કહે છે ભલે તો હું કરું તેમ તમે કરજો. હવે મહારાજ વંદણા કરે ત્યારે શ્રાવકો વંદણા કરે. સંત ખમાસમણાં લે છે તેમ શ્રાવકો પણ લે છે. કાઉસ્સગ કર્યો ત્યારે શ્રાવકોએ પણ ધ્યાન કર્યું. હવે વાત એવી બની કે મહારાજને વાઇનો રોગ હતો. અધું પ્રતિક્રમણ થયું અને મહારાજને વાઈ આવી. મહારાજ પડી ગયા. હાથ-પગ પછાડવા લાગ્યા. મોઢે ફીણ આવી ગયા ત્યારે પેલા શ્રાવકો પણ મહારાજની જેમ ભોંય આળોટવા લાગ્યા. હાથ-પગ પછાડવા લાગ્યા, પણ મહારાજની જેમ મોઢે ફીણ આવતા નથી. ત્યારે પેલા કહે છે કે સાબુ લાવો એટલે ફીણ થશે. તેઓ મોઢામાં સાબુ નાંખીને ફીણ લાવવા મહેનત કરે છે, ત્યાં મહારાજને વાઇ ઉતરી ગઈ. અને આ બધાને આળોટતાં જોઇ કહે છે, તમે આ શું કરો છો? તો કહે છે તમે કહ્યું હતું ને કે હું જેમ કરૂં તેમ કરજો. અરે ભાઇ! મારા પાપકર્મના ઉદયે મને તો આવો રોગ થયો છે. તમે શું કરવા મંડી પડયા છો! એ તો અબુધ હતા. આ તો રાજકોટ નગરીનાં શ્રાવકો સાકરની પુતળી જેવા છે, ઓછામાં ઓછું બાર વ્રતમાંથી એક વ્રત તો અંગીકાર કરવું જ જોઇએ. હવે ચૌદમા

અધ્યયનની પ્રથમ ગાથામાં કહ્યું છે કે :-

" દેવા ભવિત્તાણ પુરે ભવમ્મિ, કેઇ ચુયા એગ વિમાણુવાસી ॥ "

એકજ વિમાનમાં રહેવાવાળા પૂર્વભવમાં જે દેવો હતા તેમાંથી કેટલાક દેવો ત્યાંથી ચ્યવીને કઈ નગરીમાં કોને ત્યાં ઉત્પન્ન થશે અને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં–૬

[અષાઢ વદ ૪ બુધવાર : : તા. ૨૨-૭-૭૦]

શાસ્ત્રકાર ભગવંત ત્રિલોકીનાથ જેઓ આ સંસારના સુખોની શૈયાનો ત્યાગ કરી સંયમ માર્ગે વિચર્યા. તેમણે અખંડ સાધનાને અંતે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું. ત્યારબાદ તેમના મુખમાંથી વાણીનો ધોધ વહ્યો. અને ગણધર ભગવંતોએ એ બોધનો ધોધ ઝીલી લીધો. તિર્થંકરની વાણી અર્થરૂપે હોય છે.

" અત્થા ભાસન્તિ અરહા નિઉણા ગુથ્થન્તિ ગણહરા "

અને ગણધરો તેની ગદ્ય અને પદ્યરૂપે ગુંથણી કરે છે. ભગવાનની અંતિમ દેશના ઉત્તરાધ્યયન સૂત્ર તેના છત્રીસ અધ્યયનોમાંથી આપણે ૧૪ મા અધ્યયનનો અધિકાર શરૂ કર્યો છે.

મહાવીર સ્વામી મોક્ષે ગયા પછી તેમની પાટાનુપાટે પ્રથમ ગણધર સુધર્માસ્વામી આવ્યા. ભગવાનના ગણધર ૧૧ હતા. તેમાંથી પહેલા, બીજા કે ત્રીજા–ચોથા પાટે ન આવ્યા. અને પાંચમા જ આવ્યા, તેનું શું કારણ ? ભગવંતની હયાતીમાં જ નવ ગણધર તો મોક્ષે ગયા. ફક્ત પહેલા ઇન્દ્રભૂતિ અને પાંચમા સુધર્માસ્વામી જ બાકી હતા. તેમાં ગૌતમ સ્વામીને પણ કેવળજ્ઞાન થયું. એટલે સુધર્માસ્વામી પાટે આવ્યા. સુધર્માસ્વામી પાટે બેસી ઉપદેશ આપે ત્યારે કહે કે આ સર્વજ્ઞની વાણી છે. ભગવંત જેમ કહી ગયા તેમ હું કહું છું. આ શબ્દો છદ્મસ્થ કહી શકે પણ કેવળી ન કહી શકે. કારણ કે તીર્થંકર અને સામાન્ય કેવળી બંનેના જ્ઞાનમાં કંઈ અંતર હોતું નથી. ફરક એટલો જ છે કે તીર્થંકર પ્રભુને અનંત ભવની પુણ્યાઇનો ભોગવટો કરવાનો હોય છે. જેથી સમોસરણની રચના દેવો કરે છે. ચામર વીંજે છે. અને બાર પ્રકારની પ્રખદા વાણી સાંભળે છે. બાકી કેવળજ્ઞાનમાં અંતર નથી.

સુધર્માસ્વામીના શિષ્ય જંબુસ્વામી પૂછે છે કે, હે પ્રભુ ! સર્વજ્ઞ ભગવંત મહાવીર સ્વામીએ આ અધ્યયનમાં કયા જીવોની વાત સમજાવી છે. અનુક્રમે ચૌદમા અધ્યયનની વાત આવતાં સુધર્માસ્વામી પોતાના પ્યારા શિષ્ય જંબુસ્વામીને કહે છે :

દેવા ભવિત્તાણ પુરે ભવમ્મિ, કેઇ ચુયા એગ વિમાણુવાસી ।
પુરે પુરાણે ઉસુયાર નામે, ખાએ સમિદ્ધે સુરલોગ રમ્મે ॥ ગા. ૧ ॥

એ જીવો કયાંથી આવ્યા છે, પૂર્વ ભવમાં એમણે શી આરાધના કરી છે અને આ ભવમાં તે જીવો કેવી આરાધના કરશે તે વાત અહીં બતાવવાની છે. આ જીવો આગલા ભવમાં મનુષ્ય હતા, ત્યાં રૂડી રીતે સંયમની આરાધના કરી. ત્યાંથી કાળ કરીને તેઓ દેવલોકમાં ઉત્પન્ન થયા.

જે જીવો સંયમ લઈને ભગવંતની આજ્ઞાની સહેજ પણ વિરાધના કરતા નથી તે આરાધક સાધુ કાળ કરીને કેવા દેવો થાય છે તે જાણો છો ને? દેવોમાં પણ ચાર જાતિ છે. ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક. તેમાં ભવનપતિ તો નીચે અધોલોકમાં રહે છે. વાણવ્યંતર અને જ્યોતિષી ત્રીછાલોકમાં રહે છે. મેરૂપર્વત તો એક લાખ જોજનને છે. અને જ્યોતિષ ચક્ર તો ૯૦૦ યોજન જ ઉંચું છે. જ્યોતિષીની ઉપર વૈમાનિક છે. વૈમાનિકમાં બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન. તેમાં બાર દેવલોકમાંથી આ આત્માઓ પ્રથમ દેવલોકમાંથી આવે છે. પહેલા દેવલોકમાં બત્રીસ લાખ વિમાન છે. તે દેવલોકના નલીનીગુલ્મ વિમાનમાંથી "કેઇ ચુયા" કેટલાએક જીવો જુનામાં જુની ઈષુકાર નગરીમાં આવીને ઉત્પન્ન થાય છે. પુરાણી એટલે ભાંગી પડેલી, ખંડેર જેવી નગરી ન હતી. પણ તે નગરી કેવી હતી! "ધાએ સમિધ્ધે સુરલોગ રમ્મે" તે ઈષુકાર નગરી પ્રખ્યાત છે. ધન-ધાન્યાદિકથી સમૃદ્ધ છે. તે નગરીમાં ઘણાં લોકો ધર્મિષ્ઠ છે. દુઃખનું તો નામ પણ ત્યાં છે નહિ. જે લોકો બહારગામથી કમાવા માટે આવે છે, તે બધા ત્યાં સમાઈ જાય છે. બહારગામથી આવનારની પાસેથી કોઈ જાતનો વેરો લેવાતો ન હતો.

હવે તો પરદેશમાં જવું હોય ત્યારે અગાઉથી પાસપોર્ટ કઢાવવો પડે. અને અમુક જ ટાઈમ રહી શકાય. બર્મા, આફ્રિકા, હોંગકોંગ, સુદાન આદિ પરદેશમાં જેઓ વર્ષોથી વસ્યા છે તેમને પણ હાંકી કાઢે છે. બિચારા જાત તોડીને કમાયા હોય, ઘરબાર વસાવ્યા હોય, તે બધું છોડીને આલી હાથે નીકળી જવું પડે છે. આ તો પ્રત્યક્ષ છે ને! જેમ પ્રતિવાસુદેવ યુદ્ધ કરી પાપનાં ભાથાં ભરી રાજવૈભવો એકઠા કરે છે અને વાસુદેવ તેને હરાવી ગાદી ઉપર બેસી જાય છે. પાપ કરીને મેળવે પ્રતિવાસુદેવ અને ભોગવે વાસુદેવ.

બંધુઓ! આપણે પણ એ જ વાત સમજવાની છે. જે જીવો રાત-દિવસ અન્યાય, અનીતિ, અધર્મ કરી કાળાં નાણાં એકઠાં કરી રહ્યા છે, પણ એને કોણ ભોગવશે તેની જીવને ખબર છે? પુત્રોની ચિંતા કર્યા વિના પહેલા પોતાનું જીવન સુધારો.

"પોતે જ પોતાનું કરી પરનું પછી લો હાથમાં,
છોડી ઉપાધિ ગામની, લીન રહો આત્મભાનમાં."

માર્ગાનુસારીના બોલ આવે છે, તેમાં ન્યાય સંપન્નતા પણ એક ગુણ છે. આજના વધતા જતા મોજશોખને કારણે ખર્ચ વધ્યાં. તેને પહોંચી વળવા કાવાદાવા અને કાળા ધોળા આદિ અનેક પાપો કરો છો. જો તમારે એક શરીર ટકાવવા જેટલું જ મેળવવું હશે તો કંઈ જ કરવું નહિ પડે. ફકત રોટલી ને દાળ જેટલું તો નિર્દોષ જીવન જીવતાં પણ મળી રહે છે. રોટલી ન મળે તો રોટલો ને દાળ ખાવ. દાળ ન મળે તો રોટલો ને પાણી ખાવ. પણ હવે પાપની ગંજીઓ ખડકવી નથી, એટલું તો જરૂર સમજો. દેહનું તો ઘણું રક્ષણ કર્યું. હવે આત્માનું રક્ષણ કરો.

તમારો દિકરો પરદેશ જતો હોય, તમે તેને એરોડ્રામ પર મૂકવા જાવ ત્યારે છેક સુધી શી ભલામણ કરો છો ? (સભામાં જવાબ) કમાવવાનું લક્ષ રાખજો. (હસાહસ) ના....ના....તમે પહેલા તો એમ ન કહો. પણ એમ કહો કે દિકરા ! પરદેશની વાટે જાય છે. તબિયત સાચવજે. બરાબર સંભાળીને રહેજે. અને નાણાં કમાવાનું લક્ષ રાખજે. હું તમને પૂછું છું કે પુદ્‌ગલના પૂજારીઓ ! તમે શરીરને સાચવવાની અને નાણાં કમાવવાની ભલામણ કરી પણ કોઇ દિવસ એવું કહ્યું છે કે તારા આત્માને સાચવજે. સડણ, પડણ અને વિધ્વંસણ સ્વભાવવાળા શરીરને સાચવવા કેટલી ભલામણ કરો છો ? પણ આ શરીર કેવું છે ?

" માનવ તન કે રોમ, રોમમેં, ભરે હુએ હૈ રોગ અપાર ।
કારણ પાકર વહી રોગ સબ, આતે હૈ બાહિર દુઃખકાર ।।
ફુટે ઘટકે જલ સમ હી યહ, આયુ ક્ષીણ હોતા દિન રાત ।
રોગ ભરે ઇસ નશ્વર તનસે, કરતા મોહ અરે કયોં ભ્રાત ।।

રોગ અને અશુચિથી ભરેલા શરીરને સાચવવા કેટલી ચિંતા કરો છો ! પણ બારદાનમાં માલ ભર્યો હોય ત્યાં સુધી જ બારદાનની કિંમત છે. માલ વિનાના બારદાનની કંઇ જ કિંમત નથી. પાકીટમાં રૂપિયાની નોટો ભરી હોય તેવા પાકીટને સાચવીને મૂકો છો. શ્રીમતીજીને પાકીટ સોંપો તો કેટલી ભલામણ કરો છો ? દાળમાં મસાલો પછી નાંખજો. દૂધ ભલે ઉભરાઈ જાય, પણ પાકીટને પહેલા તિજોરીમાં મૂકી દો. શું ચામડાના પાકીટની કિંમત છે કે અંદર મૂકેલા કલદારની ! (સભામાંથી જવાબ :– કલદારની કિંમત છે) ભાઇ ! આ દેહરૂપી પાકીટમાં આત્મા રૂપી માલ ભર્યો છે ત્યાં સુધી જ તેની કિંમત છે. પછી તો દેહને કયાંય જલાવી દેવામાં આવશે. માટે તમારા દિકરાને તમે ભલામણ કરો તો એવી કરજો કે દિકરા ! દેહને ખૂબ સાચવ્યો. પણ તારો આત્મા મોજશોખમાં માંદો ન પડે તેનું ધ્યાન રાખજે.

દેહના દર્દની જેટલી હાય લાગે છે તેટલી આત્માના દર્દ માટે નથી લાગતી. એક કેન્સરનું નામ પડે ત્યાં હાયકારો લાગી જાય છે અને માણસ ઢીલો થઇ જાય છે. ઘણી વખત ફ શા.

ડોકટરો પણ કહે છે કે મનને મજબુત કરો. આત્મબળ કેળવો તો રોગ આપ મેળે ચાલ્યો જશે. મુંબઈ ટાટા હોસ્પિતાલમાં એક બોર્ઝીસ નામનો ડોકટર હતો. ખૂબ પ્રેમી, કેન્સરનો સ્પેસ્યાલીસ્ટ, તેની ઉંમર પણ ૫૦ વર્ષની હશે. તેનાં હાથે ઘણા દર્દીઓએ રાહત મેળવેલી. એ જ ડોકટર બોર્ઝીસને પણ કેન્સર થયું ત્યારે બીજા ડોકટરો કહે છે, સાહેબ! તમે વિલાયત જાવ. ત્યારે બોર્ઝીસ કહે છે ભાઇ. હું જ ડોકટર છું. મેં ઘણાં દર્દીઓના ઓપરેશન કર્યા. કિરણ આપ્યા. જેનું જેટલું આયુષ્ય હતું તેટલા જ જીવ્યાં. તેમ મારૂં આયુષ્ય હશે તેટલું જ હું જીવીશ. હું વિલાયત જાઉં કે અમેરિકા જાઉં, પણ આયુષ્યમાં વધારો થવાનો નથી. અહીં રહું તો દર્દીઓની સેવા કરી શકું. કેન્સર જેવું દર્દ હતું પણ દેહ છેડાવા અગાઉ ચોવીસ કલાક સુધી તેણે લોકોના ઓપરેશન કર્યા. દર્દીઓની સેવા કરી. જવાનું છે તે જવાનું છે. પણ આટલી મક્કમતા તમારામાં છે? તમે વ્રત કરો છો, તપશ્ચર્યા કરો છો અને બોલો પણ છો કે– "દેહ મરે છે હું નથી મરતો, અજરઅમર પદ મારૂં" પણ સમય આવે ત્યારે સમતા–ભાવ રહેવો મુશ્કેલ છે. દર્દ આવે ત્યારે ડોકટરને શું કહો છો, સાહેબ! ગમે તેમ થાય પણ મને જલ્દી સારૂં થઇ જાય તેમ કરો. દેહના અર્થીઓ દેહને સાચવવા થાય તેટલા પ્રયત્નો કરે છે. ત્યારે આત્માર્થી જીવો દેહના ભોગે પણ આત્માને સાચવવા પ્રયત્નો કરે છે.

જે ઇષુકાર નગરીમાં આત્માર્થી જીવો આવીને ઉત્પન્ન થયાં છે તે નગરી કેવી છે. તે નગરીમાં પુણ્યવાન જીવો વસે છે. ગરીબો બહુ અલ્પ છે. કર્મોદયથી ગરીબ હોય પણ ભીખ માંગતા નથી. ભગવાનનો શ્રાવક ન્યાય સંપન્ન હોય દેહનું પોષણ કરવા કમાવું પડે પણ અનીતિ ન કરે. જેમ આંખમાં તણખલું પડે તો ખટકે છે, પગમાં કાંટો વાગે તો ખટકે છે, તેમ તમને પાપ ખટકવું જોઇએ. તમે તો સમજો છો ને એક દિન છોડીને જવાનું છે, છતાં કેટલી મૂર્છા છે? તમને થતું હશે કે ચાર દિકરા છે તેને માટે ચાર દુકાનો નાખી દઉં, પેઢીને પીઢતી કરી દઉં, કરોડોની મિલકત ભેગી કરી દઉં, પણ ભાઇ! તમે ગમે તેટલું કરો, જેના કિસ્મતમાં હશે તે જ ભોગવી શકશે.

બાપ કરોડોની મિલકત મૂકીને ગયો હોય, છતાં તેનો દિકરો તેને ભોગવી શકતો નથી, તેવું બને છે ને? આ નશ્વર લક્ષ્મીને જવાનાં ઘણાં રસ્તા છે. આચારંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે :–

"જેમ કોઇ ધનલુબ્ધ મનુષ્યની પાસે ભોગોપભોગની વિવિધ પ્રકારની સામગ્રીઓ જરૂરિયાત કરતાં પણ અધિક માત્રામાં ભેગી થઈ હોય છે. તેમાં કોઇ વખત સ્વજનો ભાગ પડાવે છે. ચોર લોકો ચોરી જાય છે. રાજા છીનવી લે છે, વેપારમાં નાશ પામી જાય છે. આગ લાગવાથી બળી જાય છે. પૂરમાં તણાઇ જાય છે. માટે સમજીને પાપ કરતાં અટકો." અહીં એવો કોઈ સિદ્ધાંત નથી કે ગંગા નદીમાં સ્નાન કરવાથી પાપનો

નાશ થઇ જાય છે. તમે માનતા હો કે લોકોના લોહી ચુસીને ધન કમાઈ લઉં. પછી બે—પાંચ હજાર રૂપિયા ધર્મસ્થાનકમાં આપીશ, બે હજાર પાંજરાપોળમાં આપીશ. અને સંવત્સરીના દિવસે લાંબે અવાજે મિચ્છામિ દુક્કડં કરી દઈશ એટલે પાપકર્મથી છૂટી જઇશ, અહીં તો અટલ ન્યાય છે.

" अप्पा कत्ता विकत्ता य दुहाण य सुहाण य । " ઉ. સૂ. અ. ૨૦ ગા. ૩૭

કર્મથી મૂક્ત થવાવાળો પણ આત્મા છે અને કર્મ બાંધવાવાળો પણ આત્મા છે.

પુણ્યવાન જીવો જ્યાં વસે છે તે ભૂમિ પણ પવિત્ર હોય છે. તમારી રાજગૃહી જેવી રાજકોટ નગરી કેવી પુણ્યવાન છે કે અહીં તો સંતો કાયમ માટે બિરાજમાન હોય, પણ દૂર દૂર વિચરતા સંતને પણ વિચાર થાય કે રાજકોટ જઈએ. તમારી નગરી જ પુણ્યવાન છે. અમે તમને ભાગ્યવાન શાથી કહીએ છીએ ? તમારા આંગણામાં ચાર કાર ઉભી છે માટે નહિ. કાળા કરીને કરોડપતિ બન્યા માટે નહિ. એક હજારના બાપ બનો તેથી નહિ, પણ તમે જે ધર્મારાધના કરો છો, તમારી નગરીમાં સંતોનો સદા જોગ હોય છે, તેથી તમને અમે પુણ્યવાન કહીએ છીએ. જે નગરી ધન-વેપાર ને વૈભવથી છલકાતી હોય, દેવલોક જેવી રમણીય દેખાતી હોય પણ જે નગરીમાં સંતોનું આવાગમન થતું નથી, ધર્મનું જ્યાં નામ-નિશાન હોતું નથી તે નગરીના શાસ્ત્રમાં વખાણ કરવામાં આવ્યા નથી.

પૂર્વના પુણ્યથી સંપત્તિ મળી છે. જેના આંગણે સુખનો સાગર છલકાઇ રહ્યો છે. પણ જે ઘરના માણસોને આંગણે સંત આવે તો પધારો કહી આદરમાન દેતા આવડતું નથી, પગે લાગવાની ખબર પડતી નથી, આહાર-પાણી વહોરાવવામાં સમજતા નથી તેઓ પૂર્વના પુણ્યનો ધુમાડો કરી રહ્યાં છે અને સંસારની વૃદ્ધિ કરે છે. આવા માનવોના જ્ઞાનીઓ વખાણ કરતા નથી.

હમણાં કાંતિભાઇએ પ્રાકૃત-અર્ધમાગધી માટે વર્ગ ખોલવાની જાહેરાત કરી. મોહનભાઇને પણ એ બાબતમાં ખૂબ રસ છે. અને અર્ધમાગધી ભાષા શીખવા જેવી છે, કારણ કે તીર્થંકર ભગવંતો અર્ધમાગધી ભાષામાં ઉપદેશ આપતા હતા. બાર પ્રકારની પ્રખદાના જીવો તીર્થંકર પ્રભુના અતિશયના બળથી સૌ પોતાની ભાષામાં સહેલાઇથી સમજતા હતા.

આપણા આગમો પણ અર્ધમાગધી ભાષામાંજ લખાયેલા છે. જો સિદ્ધાંતનું વાંચન હોય અને સાથે અર્ધમાગધીનું જ્ઞાન નહિ હોય તો તમને કોઈ કંઈ સમજાવી જશે, તો તમે માની લેશો, પણ જો ભાષાનું જ્ઞાન હશે, તો તમે આપમેળે સત્ય હકીકત સમજી શકશો. સાથે કયો શબ્દ કયા ધાતુમાંથી બન્યો છે, કઈ વિભક્તિ છે, કયું વચન છે, આ સમજાશે તો અર્થની ધારણા જલ્દી થઇ જશે. ગોખવું પણ નહિ પડે અને સત્ય સમજ્યા હશો તો તમને કોઇ ખોટું સમજાવશે તો તમે સમજશો નહિ.

જેમ એક રાજાને પાખંડી ગુરૂ મળ્યા. રાજાને તત્ત્વજ્ઞાનનો શોખ હતો, પણ જ્ઞાન ન હતું. એક ગુરૂ તેને મળી ગયા. તત્ત્વજ્ઞાનના બહાના નીચે મીઠી મીઠી વાતો કરી તેને ભરમાવી દીધો. દરરોજ ગુરૂ પાસે રાજા આવે છે. રાજાએ તેનો ગુરૂ તરીકે સ્વીકાર કર્યો. ગુરૂ શોધતાં પહેલાં ખૂબ વિચાર કરજો. જો જો....

" સદ્‌ગુરૂને બદલે સદ્‌ગુરૂ ન મળી જાય " આ રાજાને સદ્‌ગુરૂ મળ્યા. રાજા એના રંગે રંગાઈ ગયો છે. એક દિવસ ગુરૂના મુખ પર ઉદાસીનતા જોઈ રાજા પૂછે છે ગુરૂદેવ! આજે આપનું મુખ ઉદાસ કેમ છે! ગુરૂ કહે–મને બીજી કોઇ ચિંતા નથી. પણ હવે મને મારા સંતો બોલાવે છે. એટલે અન્ય તીર્થમાં જવાનું છે. તેથી એ ચિંતા થાય છે કે માંડ માંડ તું કંઈક સમજ્યો છે. હવે તારો ઉઘાડ થવા આવ્યો છે. અને હવે રખેને કોઇ પાખંડી ગુરૂ મળી જાય અને તું ભરમાઈ જાય તો તારું શું થાય! રાજા કહે છે ગુરૂદેવ! હું આપના સિવાય બીજા કોઈને ગુરૂ માનીશ નહિ. ગુરૂ કહે છે, એવું તો હું તને નથી કહેતો, પણ એક શ્લોક આપી જાઉ છું. તેનો અર્થ જે એવો કરે કે ,, ગોખે બેઠી બિલ્લી ચણા ચાવે " તેને તું સાચો ગુરૂ માનજે.

ગામના લોકોને ખબર પડી કે આપણો રાજા ધર્મ સમજ્યો છે પણ કોઇ પાખંડી ગુરૂના પાશમાં ફસાયો છે. તેની આંખ ખોલવી જોઈએ. ગામમાં સારા સંતોને બોલાવે છે. રાજાને આમંત્રણ આપે છે એટલે રાજા પણ આવે છે, પણ કોઈને પગે લાગતો નથી. જઈને ઉભો રહે છે. અને પેલા શ્લોકનો અર્થ કરાવે છે. દરેક શ્લોકનો સાચો અર્થ કરેછે. પણ રાજાના મગજમાં પેલી ઘેડ બેસી ગઈ છે, એટલે જુદો અર્થ કરે ત્યાં ઉઠીને ચાલતો થઈ જાય છે.

સાચી સમજ વિના જીવો, સંસારમાં ભટકાય છે,
માનવજીવન પૂરું કરી, ચોરાશી માંહી જાય છે.

આ રાજાને સાચી સમજણનો અભાવ છે, એટલે ખોટામાં અટવાઇ ગયો છે. અને સત્ય હકીકત સમજી શકતો નથી. ખોટું છૂટે તો સત્ય સમજાય ને? એક વખત ગામમાં જૈન મુનિ પધાર્યા છે. તેમના મતિ અને શ્રુતજ્ઞાન અતિ નિર્મળ છે. તેમની વાણીમાં અપૂર્વ ઓજસ છે. પ્રધાન રાજાને ત્યાં લઇ જાય છે. રાજા ત્યાં જઈને ઉભો રહ્યો. સાચા સંતો બીજાને સમજાવે ખરા પણ બીજાને સમજાવતાં પોતાના મહાવ્રતમાં દોષ લગાડે નહિં. સંત કહે છે, રાજન્! તારી માન્યતા પ્રમાણે આ શ્લોકનો અર્થ–ગોખે બેઠીબિલ્લી ચણા ચાવે–એવો થાય છે. આગળ શું શબ્દ વાપર્યા. હું આમ અર્થ કરું છું એમ ન કહ્યું પણ તારી માન્યતા પ્રમાણે થાય છે એમ કહ્યું. રાજા સમજ્યો, ઠીક મારા ગુરૂના કહેવા પ્રમાણે અર્થ કર્યો માટે સાચા છે. હવે રાજાને રંગ લાગ્યો. દરરોજ સંત પાસે આવે છે અને વ્યાખ્યાન સાંભળે છે.

એક દિવસ સંત પુછે છે, મહારાજા ! તમે સંસ્કૃત કે માગધી ભાષાનું જ્ઞાન મેળવ્યું છે ખરૂં ! રાજા કહે છે મને એવું કોઈ જ્ઞાન નથી. સંત તેને ભાષાની મહત્તા સમજાવે છે. એટલે રાજા કહે છે મને હવે ભાષા શીખવાડો. તેથી સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું જ્ઞાન રાજાને શીખવાડયું. થોડા સમયમાં ઘણું શીખી જાય છે. ત્યારે સંત કહે છે રાજાજી ! હવે પેલો શ્લોક લાવો અને તમે જાતે જ તેનો અર્થ કરો, તે શ્લોક નીચે પ્રમાણે હતો.

એગે જીએ જીયા પંચ, પંચ જીએ જીયા દસ,
દસહા ઉ જિણિત્તાણં, સવ્વ સત્તુ જિણામહં ॥ ઉ. અ. ૨૩-૩૬

એક આત્માને જીતવાથી પાંચ ઇન્દ્રિયો જીતી શકાય છે, પાંચ ઇન્દ્રિયોને જીતવાથી ચાર કષાય અને મનને જીતી શકાય છે. એ દશને જીત્યા પછી સર્વ શત્રુઓને જીતી શકાય છે.

ભાષાનું જ્ઞાન થતાં રાજાને પોતાને જ સત્ય અર્થ સમજાઇ ગયો. રાજાનો ઉઘાડ થઈ ગયો. સદ્‌ગુરૂ મળ્યા તો સત્ય હકીકત સમજાવી. કુગુરૂના સંગે જ રહ્યો હોત તો સત્યને પામી શકત નહિ.

બંધુઓ ! પ્રાકૃત ભાષા શીખવાથી તમારો ઉઘાડ થશે. અને આ જ્ઞાન મેળવવા જેવું છે. સંઘ પણ તમને કેટલી સગવડ આપે છે. સંત-સતીજીઓ તથા ભાવદીક્ષિત બહેનોને ભણવા માટે કાયમ પંડિતજીની સગવડ આપે છે. આવું સુંદર સ્થાન હોય તો તેનો લાભ અવશ્ય ઉઠાવવો જોઈએ.

આ પુણ્યવાન આત્માઓ સમૃદ્ધ અને પ્રસિદ્ધ એવી ઈષુકાર નગરીમાં ઉત્પન્ન થશે. ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં-૭.

[અષાઢ વદ પાંચમ ને ગુરૂવાર તા. ૨૩-૭-૭૦]

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો ! અનંત જ્ઞાનીના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત મહાનપુરૂષો કહે છે, હે આત્માઓ ! તમે ઉત્તર ગુણો વિષે સામાન્ય કંઈ જાણતા હો પણ જ્યાં સુધી મૂળ ગુણો વિષે અજ્ઞાન છો ત્યાં સુધી તમારી દશા કેવી છે ? મૂળને છોડી ડાળને પકડવા જેવી, ડાળો ગમે તેટલી મોટી હોય પણ મૂળની બરાબર ન હોય.

દેવાનુપ્રિયો ! આત્માના મૂળ ગુણો જાણવાથી ઉત્તર ગુણો જીવનમાં સહજ રીતે આવતા જાય છે. મૂળ ગુણોનો ખ્યાલ આવતાં સત્ય, નીતિ, સદાચાર તો સહજ બની

જાય છે. એને માટે બહારથી સરકારના કરાયેલા કાયદાઓની કાંઇ જરૂર નહિ રહે. કારણ કે જ્યારે અંદરની જાગૃતિ આવે છે ત્યારે આત્મા વિચારે છે કે હું સ્વરૂપે પૂર્ણ અને શુદ્ધ હોવા છતાં આ કેવા ધંધા કરી રહ્યો છું. પોતાના ગુન્હાથી પોતાને જ શરમ આવે એવી પરિસ્થિતિ જ્યાં સુધી ન જાગે ત્યાં સુધી બહારના કાયદાઓનો શા અર્થ?

જ્યાં સુધી અજ્ઞાન અવસ્થામાં પડેલો આત્મા બહારથી સારો થવા માટે ફાંફા મારી રહ્યો છે ત્યાં સુધી દુઃખ મટવાનું નથી અને સુખ આવવાનું નથી.

સાંભળો! બિમાર માણસને સારા કપડાં પહેરાવીને, સારા સેન્ટ છાંટીને, પાવડર ચોપડીને, તાજો માજો કરીને બેસાડી દેવામાં આવે તો એ તમારા સેન્ટ અને પાવડરની શોભા કયાં સુધી રહેવાની? બિમારી તો અંદર પડેલી છે. માટે પહેલો કોનો લાવવાનો છે, સમજાય છે ને? અંદરનો લાવવાનો છે. જે એકને જાણે છે તે સર્વને જાણી શકે છે. શ્રી આચારંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે :- "જો એગં જાણઇ સો સવ્વં જાણાઇ, જો સવ્વં જાણાઇ સો એગં જાણાઈ" આચારાંગ સૂત્ર.

જે એક સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માને યથાર્થ રીતે જાણી લે છે તેને બીજા પદાર્થોનું જ્ઞાન તો સહજ રીતે થઇ જાય છે. પણ આત્મા પોતાના સચ્ચિદાનંદ સ્વરૂપને ભૂલી બહારની વસ્તુઓનાં અટવાઈ ગયો છે.

તમે માનતા હો કે હું કેટલો સૌંદર્યવાન છું, પણ બહારના સૌંદર્યની કોઈ કિંમત નથી. કારણ કે તે સૌંદર્ય એક દિવસ વિણસી જનાર છે. ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનમાં રાજેમતીનું શરીર કેવું હતું તે બતાવવામાં આવ્યું છે. હીરા અને રત્નોથી પણ અધિક રાજેમતીનું શરીર પ્રકાશમાન હતું. વરસાદથી ભીંજાઇ ગયા અને અંધારી ગુફામાં તેઓ ગયા. ગુફામાં કોઈ નથી તેમ માનીને ભીંજયેલા વસ્ત્રો સૂકવવા વસ્ત્રો ઉતારે છે. એના શરીરનું સૌંદર્ય જોઇ રહનેમી મોહ પામી ગયા. બોલો! એ શરીર કેવું હશે! આવું સુંદર શરીર પ્રાપ્ત થવાં છતાં રાજેમતીએ એ જ વિચાર કર્યો કે આ શરીરનો વિશ્વાસ કરવા જેવો નથી. ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯મા અધ્યયનમાં કહ્યું છે કેઃ-

"ઇમં સરીરં અણિચ્ચં, અસુઇં અસુઇ સંભવં।
અસાસયા વાસમિણું, દુકખં કેસાણુ ભાયણું।। ઉ. અ. ૧૯-૧૩.

આ શરીર ગમે તેટલું સુંદર-પ્રકાશમાન હોય, છતાં જ્ઞાની તો કહે છે કે, આ તારૂં પ્રિય શરીર અશુચીમય છે. એટલું જ નહિ પણ તે અશુચીમાંથી જ ઉત્પન્ન થયેલું છે. વળી અશાશ્વત છે. દુઃખ અને કલેશોનું ભાજન છે.

આ શરીર છે ત્યાં સુધી જ ઉપાધિ છે. શરીર માંદુ પડે તો દવા બવડાવો, સારા સારા કપડાંથી શણગારો, સારાં ભોજન આપો, છતાં જેમાં દુર્ગન્ધ સિવાય બીજું કાંઈ નથી. આવા શરીરનો શો મોહ! આ પુદ્ગલમાં તમે પાગલ બન્યા છો.

પુદ્ગલ ભાવમાં પ્રીતિ બંધાણી; ક્ષાયક સ્વભાવની શાંતિ ન જાણી;
રાગ અને દ્વેષે તું ભૂલ્યો નિરાકાર,
દિપક પ્રગટે દિલમાં, જિનવાણી જયજયકાર.... શાસ્ત્રોના.

પુદ્ગલની પાછળ પાગલ બની પોતાના સત્ય સ્વરૂપને વિસરી ગયા છો. જેને તત્વની પિછાણ થઈ હોય એવા આત્માઓની ભાવના કેવી હોય! "આત્મવત્ સર્વ ભૂતેષુ" દરેક આત્માઓ પોતાના આત્માં સમાન છે, એમ માને. જેમ માતાને પોતાના સંતાન પ્રત્યે વાત્સલ્યના વહેણ વહેતાં હોય છે તેમ તિર્થંકર પ્રભુની એવી જ ભાવના હોય છે કે–"સવિ જીવ કરૂં શાસન રસી" સર્વ આત્માઓને હું શાસન રસીક બનાવું. તમે દુનિયાની વાત બાજુ પર મૂકો. ગામની વાત પણ છોડી દો, પણ એક મારૂં કુટુંબ શાસનરસીક બનાવું એટલી ભાવના પણ થાય છે? જો આવી ભાવના થતી હશે તો તમે તમારા દિકરાને કહેતા હશો કે દિકરા! પૈસા ઓછા કમાઇશ તેનો મને અફસોસ નથી; પણ મારા ઘરના નોકરથી માંડીને એક પણ માણસ ધર્મથી વિમુખ ન રહેવો જોઈએ. વ્યાખ્યાન વખતે ઘરનો નોકર પણ ઘેર ન રહેવો જોઇએ. નોકરને પણ કહી દેજો કે ભાઇ! મારૂં કામ મોડું થશે તો ચલાવી લઈશ, પણ વ્યાખ્યાનનો લાભ ચૂકીશ નહિ. સાંભળ્યા પછી એક શબ્દ પણ આચરણમાં આવશે તો જિંદગી સફળ છે.

ભગવાનની વાણી સાંભળતાં ઘોરમાં ઘોર પાપી પણ પાવન થઈ ગયા તો ભીલ કેમ ન સમજે? અર્જુનમાળી જેવો રોજ સાત જીવોની ઘાત કરનારો કામ કાઢી ગયો. પ્રભુના કાયદા કાનુનનું પાલન કરવાનું અને સ્તવન કરવાનું તો દૂર રહ્યું, પણ ફક્ત નામસ્મરણમાં કેટલી તાકાત છે!

આસ્તાં તવ સ્તવનમસ્ત સમસ્ત દોષં।
ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ॥
દૂરે સહસ્રકિરણઃ કુરૂતે પ્રભૈવ।
પદ્માકરેષુ જલજાનિ વિકાશ ભાંજિ॥ ભક્તામરસ્તોત્ર ગા. ૯

હે પ્રભુ! તારું નામ-સ્મરણ તો દૂર રહો પણ ભાવપૂર્વક કરેલી તારી કથા પણ જગતના જીવોનાં પાપ દૂર કરે છે. આ તો શ્રદ્ધાનો વિષય છે. આગમમાં વરૂણ નાગ નટુઆનો ન્યાય આપ્યો છે. તે રથ ચલાવનાર સારથી હતો. લડાઈના મેદાનમાં બાણ વાગતાં વીંધાઇ ગયો ત્યારે અંતિમ સમયે શું કહે છે! મારા માલિકને જેની શ્રદ્ધા હોય તેનું મને શરણું હોજો. તેવી જ રીતે નાગ નાગણી લાકડામાં બળી રહ્યા હતા ત્યારે પાર્શ્વનાથ ભગવાનના આત્માએ તેમને પોતાના આત્મા સમાન ગણી શરણાં દીધાં ત્યારે નાગ નાગણી કહે છે, અમને જે પ્રભુનું નામ સંભળાવી રહ્યા છો તેનું અમને શરણું હોજો. તો મરીને તેઓ ધરણેન્દ્ર દેવ અને પદ્માવતી દેવી થયા.

પ્રભુ સ્મરણમાં શ્રદ્ધા હોવી જોઇએ. કોઇને નાગ કે વીંછી કરડે ત્યારે તમે તેના ઉતારનાર પાસે જાવ છો. હવે તે ઉતારનારો શું મંત્ર બોલે છે તેની કોઇને ખબર નથી. પછી ભલે તે નવકારમંત્ર બોલતો હોય કે કોઈ પણ મંત્ર બોલે, પણ તમને કેટલી શ્રદ્ધા છે. આટલી શ્રદ્ધા નવકારમંત્ર ઉપર છે? રોગથી ઘેરાઈ ગયા ને ડોકટર પાસે ગયા. ડોકટર ગમે તે દવા આપે તો તેના ઉપર કેવી શ્રદ્ધા રાખો છો? તમે ગમે તેટલા ભણેલાં હો, હોંશિયાર હો, પણ ત્યાં તમારો વિષય નથી. ડોકટર કહે તેમ કરવા કબુલ કરો છો. ત્યાં કોઈ જાતની આનાકાની કરતા નથી તેમ બંધુઓ! ભગવંત જન્મ, જરા અને મરણના રોગનાં નિષ્ણાત ડોકટરો ખરા કે નહિં! પણ અહીં તો તમારું ધાર્યું કરવા જાવ છો. કંઈક અમે તમને કહીએ તો તમો કહો છો કે આમ નહિ આમ. અમારાથી નહિ બને. અહીં તમે ઝટ સાણસામાં આવો તેમ નથી. પણ યાદ રાખજો કે આ સાંણસામાં નહિ આવો તો ભવના ભુક્કા નહી થાય.

આ જીવે પુદ્‌ગલની કથા ઘણી કરી પણ ધર્મકથામાં તેને રસ જાગ્યો નથી. અહીંથી વ્યાખ્યાન સાંભળીને ગયા પછી પોતે સાંભળેલું જે બીજાને સંભળાવે તો પણ જીવ શુભ કર્મ બાંધે. વિકથા કરવાથી અશુભ કર્મનો બંધ થાય, માટે હવે સમજો અને આત્મ સ્વરૂપની પિછાણ કરો.

જ્યાં સુધી ચૈતન્યની પિછાણ નથી કરી ત્યાં સુધી એક નાના બાળકની જેવી તમારી દશા છે. જેમ નાનકડો બાળક બહાર રમવા ગયો, તેને કોઈ ધુતારો ભેટી ગયો. તે ધુતારો શું કરે છે! બાળકને ભોળવવા તેની સામે ૫-૫૦ ચોકલેટો ધરે છે. બાળકને પ્રેમથી બોલાવે છે. એટલે બાળક તેની પાસે જાય છે. અને પીપરમીટ લેવા હાથ ધરે છે. એટલે ગુંડો તેના હાથમાં પહેરેલી સોનાની પહોંચી ધીમે રહીને કાઢી લે છે. પણ બાળકને તેની કંઈ સમજ પડતી નથી. એ તો હાથમાં આવેલી એક સામટી બધી પીપરમીટ લઈ હર્ષભેર દોડતો તેની બા પાસે આવે અને કહે, બા! આ કેટલી બધી પીપરમીટ લાવ્યો! બાળકની માતા પીપરમીટ જુવે છે ત્યાં ખબર પડી કે હાથમાં રહેલી પહોંચી ગુમ થઈ ગઈ. મા પૂછે છે બેટા, હાથમાંથી પહોંચી કયાં ગઈ? તો બાળક કહે છે. એ તો મને જેણે પીપરમીટ આપી તેણે કાઢી લીધી. એ તો પાંચ વર્ષનો અણસમજુ બાળક હતો એટલે તેને અફસોસ ન થયો. જો જ બાળક પંદર વર્ષનો થાય અને આવો બનાવ બને તો પહોંચી કાઢવા દે ખરો? 'ના' કારણ! ત્યારે તે વસ્તુની કિંમત સમજી શકે છે. ભાઇ! તમે કેટલા વર્ષના થયા! (સભામાંથી જવાબ-૬૦ વર્ષના. હસાહસ)

બાળકની જેમ આ જીવ વસ્તુઓ ભેગી કરીને રાજી રાજી થાય છે કે અહો! કેટલા પૈસા, કેટલું ધન, કેટલો વૈભવ! હું પહેલાં કેવો ગરીબ હતો અને અત્યારે

કેવો શ્રીમંત બની ગયો ! બંધુઓ ! તમને મનગમતી બધી સામગ્રી મળી, પણ હૈયામાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપી રત્નજડિત પહોંચી સરકી ગઈ છે. તેનું શું ! પેલી પીપરમીટ સમાન તમારા ધન-ગૌરવ અને વિલાસો તો થોડા સુખની ખાતર મહા-મૂલ્યવાન એવી જીંદગી ચાલી જશે, તેનું તમને ભાન છે?

આજે ચારે તરફ પુદ્ગલની જ મહત્તા દેખાય છે, પણ મૂળતત્વ તો ગુમ થઈ ગયું છે, માટે મૂળ તત્વની શોધ કરવાની છે. તમારે તેને જાણવાનું છે અને અમાસમાંથી પૂર્ણિમા પ્રતિ પ્રયાણ કરવાનું છે. કૃષ્ણપક્ષનું અંધારીયું પૂર્ણ થતાં અને શુકલપક્ષના અજવાળીયાનો ઉદય થતાં સર્વ જગતમાં પૂર્ણાનંદ રૂપી ચંદ્રમાની કળા સોળે કળાએ ખીલી ઉઠે છે. જગતની અપેક્ષાએ કૃષ્ણપક્ષ એટલે ક્રમે ક્રમે ચંદ્રમાની કળાનો અસ્ત અને શુકલ પક્ષ એટલે ધીમે ધીમે ચંદ્રમાની કળાનો ઉદય.

જૈન દર્શનના તત્વજ્ઞાનમાં આત્માના ગુણ સાથે આ વાત લાગુ પડે છે. જેના ભ્રમણની મર્યાદા હજુ નષ્ટી ન થઈ હોય એવા પ્રકારના આત્માને કૃષ્ણ પક્ષ કહેવાય અને જ્યારથી સમ્યકત્વની પ્રાપ્તિ કરે, હૃદયમાં સૂર્યોદય પ્રગટે ત્યારે તે શુકલપક્ષી બન્યો કહેવાય.

અબજો ગણા અંધારા કરતાં રતિભાર પ્રકાશ વધી જાય છે. મિથ્યાત્વથી ઘેરાયેલા હૃદયમાં આત્મજ્ઞાનની એક ચીનગારી પ્રગટે તેનું નામ સમ્યકૃત્વ. સમ્યકત્વના કેટલા પ્રકાર છે તે તમે જાણો છો ને ! સાસ્વાદાન, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયક અને વેદકઃ તેમાં ક્ષયોપશમ સમકિત ઘણી વખત આવીને ચાલ્યું જાય છે. અને ક્ષાયક સમ્યકત્વ આવ્યા પછી જતું નથી. ભલે ક્ષયોપશમ સમકિત આવે ને ચાલ્યું જાય, પણ તે એક વખત પ્રાપ્ત થયા પછી જીવનના જન્મ-મરણના ફેરા નકી થાય છે. સમ્યકત્વની પ્રાપ્તિ થયા પછી, તે વમી જાય છતાં અર્ધપુદ્ગલ પરાવર્તનમાં તો અવશ્ય તેનો મોક્ષ થઈ જાય. કારણ કે પાછો તે ઠેકાણે આવી જાય. પુદ્ગલ પરાવર્તન કોને કહેવાય ? એ તો સૂક્ષ્મ વાત છે. એના કાળની ગણતરી લાંબી છે, પણ ટુંકમાં સમજાવું છું કે અઢીદ્વીપ છે. ઉર્ધ્વલોક, અધોલોક અને ત્રીછા લોક એમ ત્રણ લોક છે અને ચૌદ રાજલોક છે. ચૌદ રાજ લોકમાં બધું જ સમાઈ જાય છે. આ ચૌદ રાજલોકમાં આ જીવે માથાનો વાળ મૂકે તેટલી જગ્યા પણ ખાલી મૂકી નથી.

" ન સા જાઈ ન સા જોણી, ન તં કુલં ન તં ઠાણું "

પાંચ જાતિમાંથી એક પણ જાતિ, ૮૪ લક્ષ જીવા ચોનીમાંથી એક પણ ચોની, એક પણ કુળ કે સ્થાન આ જીવે સ્પર્શ્યા વિના ખાલી મૂકયાં નથી, કે જ્યાં આ જીવ અનંતી વખત જન્મ્યો કે મર્યો ન હોય. ચૌદ રાજલોકમાં એક ઠેકાણેથી મરીને-ભમીને

પાછો એ જ જગ્યામાં અનંતા ભવ ભમતો ચૌદ રાજલોકના બધા પ્રદેશો પૂરા કરે ત્યારે એક પુદ્ગલ પરાવર્તનનું ચક્ર પુરું થાય. કોઈ જીવ ઉગ્ર સાધના કરે તો ત્રીજે ભવે અથવા પંદરમે ભવે મોક્ષે જાય; નહિ તો અર્ધ પુદ્ગલ પરાવર્તન જેટલા કાળમાં જરૂર મોક્ષના સુખ માણી શકે.

આવું સમ્યક્ત્વ જેને થાય તે શુકલપક્ષી કહેવાય. સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જીવની દશા જ જુદી હોય છે. તે સમજ્યો ન હતો ત્યાં સુધી પુદ્ગલની મમતા હતી. હવે આત્માની સમજણ શરૂ થઈ. આત્માની સમજણ એટલે બધા પુદ્ગલો મૂકી દે એવું નથી, કારણ કે જ્યારે બધાં કર્મો પૂરા થાય ત્યારે આત્મા પુદ્ગલની પકડમાંથી છૂટી શકે છે. તે આત્મા જગતમાં જુદીજ દૃષ્ટિથી રહે છે.

સમકિત દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ,
અંતરથી ન્યારો રહે, જેમ ધાવ ખીલાવત બાળ.

આ રીતે સમકિતી આત્મા જીવન જીવે છે. પછી તેને સારું કે ઓછું કાંઈ જ રહેતું નથી. તેને ઠંડું પાણી આપો કે સામાન્ય ઠંડું આપો, પણ તેને માત્ર તરસ છીપાવવાનું જ લક્ષ હોય છે. ભોજન પણ દેહ ટકાવવા માટે જ કરે. એક વખત તાલા વેલી લાગવી જોઇએ. મિથ્યાત્વના તિમિર ટાળી સમ્યક્ત્વની જ્યોત જગાવો. સમ્યક્ત્વની પ્રાપ્તિથી શો લાભ થાય છે એ તો તમને હવે સમજાવું છું.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪મા અધ્યયનની વાત ચાલે છે. તે જીવોએ ઉગ્ર સાધના કરી હતી. એવા પુણ્યવાન જીવો ઇષુકાર નગરીમાં ઉત્પન્ન થયાં. તે નગરી પુરાણી (જુની) છે. નગરી કોને કહેવાય ? જેમાં બાવન બજાર અને ચોરાશી ચોટા હોય તેને નગરી કહેવાય. હવે બજાર અને ચોટું, તેમાં બજાર કોને કહેવાય અને ચોટું કોને કહેવાય ? તે વાત કાલે કરીશું. તમારા બજાર અને આ બજાર જુદાં છે. તમારા બજારમાં જ્યાં એકલાં કાપડની દુકાન હોય તે કાપડબજાર કહેવાય, જ્યાં ત્રાંબા પિતળના વાસણ મળે તેને કંસારા બજાર કહેવાય, દાગીના મળે તે સોના-બજાર, એકલા કરિયાણાની દુકાનો હોય તેને કરીયાણા બજાર કહો છો. આ દ્રવ્યબજાર છે. એવીજ રીતે ભાવ બજાર અને ચોટા પણ રહેલાં છે.

આ ઇષુકાર નગરી પુણ્યવાન છે. જ્યાં ભાગ્યવાન જીવો આવીને ઉત્પન્ન થાય છે. જે નગરીમાં ન્યાય-નીતિસંપન્ન જીવો વસતા હોય તે નગરીમાં જન્મ પામનારને સત્ય, નીતિ, સદાચાર શીખવાડવા પડતાં નથી. એ તો સહજ રીતે આવી જાય છે. જે ગામમાં ધર્મ છે ત્યાં જન્મ થવો તે પુણ્યોદય છે. જે ગામમાં ધર્મનું નામ નિશાન નથી તે ગામમાં જન્મ થવો પાપોદય છે. સુલભબોધી જીવને સહજ રીતે નિમિત્ત મળી જાય છે. નિમિત્ત અને નૈમિત્તિક સંબંધ અરસપરસ સંકળાયેલાં હોય છે.

એક વૃદ્ધ માજી લાકડાનો ભારો માથે લઇને જંગલમાં આવી રહ્યાં હતાં. લાકડાનો ભારો માથે વજનદાર છે. ઉનાળાનો દિવસ હોવાથી માથું તપી ગયું છે. ખૂબ થાકથી

પરેશાન થઈ ગયા છે એટલે વિચાર કરે છે કે જો ગામ આવે અને કંઈક ચોરા જેવી ઉંચી જગ્યા આવે તો માથેથી ભાર ઉતારું અને વિસામો લઉં. જો જમીન પર ભાર ઉતારું અને ચઢાવનાર ન હોય તો માથે ભારો ચઢાવવો મુશ્કેલ થાય. તાપ ને થાકથી આકુળ વ્યાકુળ થયેલ માજી ચાલ્યાં જાય છે. માર્ગમાં તીર્થંકર દેવનું સમોસરણ આવ્યું. થાકેલા અને દુઃખિત થયેલા આત્માને શાંતિ મળે એવી તીર્થંકર દેવ એક ધારી મીઠી દેશનાનો ધોધ વહાવે છે. પ્રભુની વાણીનો રણકાર સાંભળી માજી સ્થિર થઈ જાય છે." અહો ! કેવી સુંદર વાણી છે ! આવું તો મેં કદી સાંભળ્યું નથી." સાંભળવામાં એવી લીનતા આવી ગઈ છે કે સવા કલાક દેશના સાંભળી, છતાં પોતાના માથે લાકડાનો ભારો છે એ પણ ભૂલી ગયા. જ્યારે સાંભળવામાં આત્માનું જોડાણ થાય છે ત્યારે બાહ્ય લક્ષ છૂટી જાય છે.

બંધુઓ ! તમે ઘર છોડી અહીં આવીને બેઠા છો તો તમને પણ તમારું ઘર ભૂલાઈ ગયું હશેને ! કે મનમાં બાહ્ય ઉપાધિની કચરાપટી ભરીને બેઠા છો ? કંઈકને ઘેર શાકભાજી મોડી લાવવાનો રિવાજ હોય છે. એવા કંઈક અહીં બેઠા હોય ને મનમાં એવા વિચારો રમતા હોય કે અહીંથી ઉઠીને શાકમારકીટે જવું છે. અને આજે ભીંડા ને ચોળી ખરીદવા છે, અમુકને ઘેર ઉધરાણી જવું છે, આવા વિચારો ચાલતા હોય. અહીં આવીને કલાક બેસો ત્યાં સુધી મનને સ્થિર રાખો. સ્થિરતા કેળવો. જ્ઞાનીઓ કહે છે,

જૂઠું જગત ખોવાય ત્યાં, સાચું જગત ઉઘું થતું,
પણ આત્માને જાણ્યા પછી, સહુએ સહુમાં શમી જતું.

જ્યાં જૂઠું છોડયું ત્યાં સાચું સમજાય છે. પણ મુખ્ય વાત જ એ છે કે જીવને રસ પેદા થવો જોઈએ. જ્યાં રસ હોય છે ત્યાં કોઈ જાતની વિષમતા લાગતી નથી. બહેનો પાણી ભરવા ગઈ હોય, માથે પાણીની હેલ ભરી હોય પણ જો કોઈ વાતો કરનારી સખી મળી ગઈ તો અડધો કલાક ઉભા રહેતાં થાક લાગતો નથી. પણ જો રસ્તામાં ગાડું મળ્યું, બળદને વાળવા પડે તેમ છે. અને જો ગાડાવાળાને વાળતાં વાર લાગે તો, કહેશે કે ભાઈ ! જલ્દી વાળને ! માથે પાણી ભરેલું બેઠું છે. માથું તપી ગયું છે. જો અહીં વ્યાખ્યાન મોડું ઉઠે તો એમ થાય કે ઓફીસે જવાનું મોડું થાય છે. પણ જો કોઈ મિત્ર મળી ગયો અને તેની સાથે વાતો કરવા રોકાયા તો ત્યાં મોડું થયું એમ નથી લાગતું. ત્યાં ઓફીસ ભૂલાઇ ગઈ. સવારે સાત વાગે ગરમાગરમ ચા નો કપ જોઇએ જ, એના વિના તો ચાલે જ નહિ. કોઈ દિવસ નવકારશી પણ કરી શકતાં નથી. પણ એજ ટાણે કોઈ ઘરાક આવી ગયો ને દુકાને જવું પડયું. અને માલ આપતાં નવ વાગી ગયાં, ત્યાં પેલું પેટીઉ ભૂલાઈ ગયું. અહીં જ સમજાય છે કે તમને ભૌતિક સુખોમાં કેટલો બધો રસ છે ? આત્મામાં આટલો રસ આવે તો બેડો પાર થઈ જાય. આ ઈષુકાર નગરીમાં પુણ્યવાન જીવો વસે છે. સમકિતી અને માર્ગાનુસારી જીવો ત્યાં વસે છે. ત્યાં

વસનારા બધા જ જીવો સમકિતી હતાં એવું નથી, પણ મોટા ભાગે ધર્મિષ્ઠ જીવો હતા. ખુદ તીર્થંકર દેવો મહાવિદેહમાં બિરાજે છે, ત્યાં પણ નરકે જનારા જીવો–આત્માઓ હોય છે, છતાં આત્માની જાગૃતિવાળા જીવો વધુ હોય છે. આ નગરીમાં ઉત્પન્ન થનારા જીવો કેવા છે તે ભાવ અવસરે.

વ્યાખ્યાન નં. ૮

અષાઢ વદ ૬ ને શુક્રવાર તા. ૨૪–૭–૭૦

શાસ્ત્રકાર ભગવંત ત્રિલોકીનાથે આ જગતના જીવોને જગાડવા માટે પડકાર કરી ને કહ્યું કે હે ભવ્ય જીવો! મોહની નિદ્રામાં અનંત કાળ પસાર કર્યો. હવે તો જાગો! મોહ નિદ્રાથી જાગૃત બન્યા સિવાય ત્રણે કાળમાં તમારી સિદ્ધિ થવાની નથી. ભગવંતે આચારંગ સૂત્રના ત્રીજા અધ્યયનના પ્રથમ ઉદ્દેશામાં કહ્યું છે કે –

" सुत्ता अमुणी मुणिणो सया जागरंति । " આચારાંગ સૂત્ર.

અજ્ઞાની માનવ, દ્રવ્યથી નિદ્રા રહિત હોવા છતાં પણ તે સૂતેલા જ છે. અને જ્ઞાની પુરૂષો દ્રવ્યથી સૂતેલા હોવા છતાં પણ તે સદા જાગૃત જ છે.

મહાન પુરૂષોએ નિદ્રા બે પ્રકારની બતાવી છે. (૧) દ્રવ્ય નિદ્રા અને (૨) ભાવ નિદ્રા. દેહ અને ઇન્દ્રિઓના થાકને દૂર કરવા માટેની નિદ્રા તે દ્રવ્ય નિદ્રા છે. આ નિદ્રા માં સૂતેલા પ્રાણી જલ્દી જાગૃત થઇ જાય છે. પરંતુ જે મોહ રૂપી ભાવ નિદ્રામાં સૂતેલા છે તે તો જાગતાં દેખાવા છતાં પણ સૂતેલા જ છે. મિથ્યાત્વ, અજ્ઞાન તથા મોહ રૂપ નિદ્રામાં સૂતેલા સંસારી પ્રાણી સત્–અસત્ના વિવેકથી રહિત હોવાથી તે ભાવનિદ્રાથી સૂતેલા છે. એનાથી વિપરીત કોઈ વિરલ વિભૂતિ અજ્ઞાન રૂપી અંધકારને દૂર થવાથી તથા મોક્ષમાર્ગમાં સતત પ્રવૃત્તિ કરવાથી સદા જાગૃત રહે છે, તેવા આત્મા કદાચ દ્રવ્ય નિદ્રાથી યુક્ત હોવા છતાં સદા જાગૃત જ છે.

સંસારનાં બીજા પ્રાણી દ્રવ્ય નિદ્રાથી જાગૃત હોવા છતાં પણ ભાવ નિદ્રાથી સૂતેલા જ છે, તેથી જ તેઓ સંસારમાં થતાં જન્મ–જરા–મરણ–રોગ–દુઃખ–સંકટ આદિ નાટકોને જોતાં થકાં પણ તે જોઈ શકતા નથી, આંખો ખુલ્લી હોવા છતાં પણ તેમને અજ્ઞાનનો પડદો એવો પડી ગયો છે કે જોવા યોગ્ય વસ્તુને તેઓ જોઇ શકતાં નથી, અને તેથી જ તે ભાવ નિદ્રા છે. ગીતામાં પણ કહ્યું છે કે—

" या निशा सर्वभूतानां, तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि, सा निशा पश्यतो मुनेः ॥ "

બધા લોકોને માટે જે રાત છે તેમાં સંયમી પુરૂષો જાગે છે અને જ્યારે સમસ્ત પ્રાણીઓ જાગે છે ત્યારે જ્ઞાનીઓને રાત દેખાય છે. ભાવનિદ્રાથી સૂતેલો પ્રાણી તીવ્ર નરકાદિના દુઃખને પ્રાપ્ત કરે છે. અને જે વિવેક સંપન્ન થઈને સદા જાગૃત દશાનો અનુભવ કરે છે તે કલ્યાણનો ભાગી બને છે. જે સૂવે છે તેનું શ્રુત પણ સૂઈ જાય છે અને જે જાગે છે તેનું શ્રુતજ્ઞાન પણ સ્થિર હોય છે. જયંતિ શ્રાવિકાના પૂછવાથી ભગવાને આ પ્રમાણે કહ્યું હતું કે, ધર્મી પુરૂષ જાગતા ભલા અને અધર્મી સૂતા ભલા. જ્ઞાની પુરૂષો દર્શનાવરણીય કર્મના ઉદયથી નિદ્રા લેતા હોય પણ દર્શનમોહનીય રૂપ મહાનિદ્રા ચાલી જવાથી તે સદા જાગ્રત હોય છે. અને અજ્ઞાની મનુષ્યો દ્રવ્ય નિદ્રાથી જાગતાં હોવા છતાં પણ દર્શનમોહનીય રૂપ ગાઢ અંધકારમાં સૂતેલા હોવાથી સદા સૂતેલા જ છે. માટે જ જ્ઞાની પુરૂષો કહે છે કે મોહ નિદ્રામાંથી જાગૃત અન્યા સિવાય કયારેય પણ ઉદ્ધાર થવાનો નથી.

હવે આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪મા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં છ જીવોની વાત આવે છે. એ આત્માઓ દેવલોકમાંથી ચ્યવીને જુનામાં જુની ઈષુકાર નગરીમાં ઉત્પન્ન થયા. તે નગરી કેવી છે તેનું વર્ણન ચાલે છે. તે નગરી કેવી છે. " सुरलोग रम्मे" પ્રખ્યાત છે, સમૃદ્ધ છે અને દેવલોક જેવી રમણીય છે. તે નગરીમાં શું શું રહેલું છે.

" नगरी सोहंती जल वृक्ष भागा, राजा सोहंता चतुरंगी सेना ।
नारी सोहंती पत्पुरुष त्यागी, साधु सोहंता निरवद्य वाणी ॥ "

જે નગરીમાં જળના જલાશયો હોય, દેહની શાંતિ માટે બગીચાઓ હોય, પશુ-પક્ષી-ઓને કિલ્લોલ કરવા માટે ઘટાદાર વૃક્ષો હોય, તેવી તે નગરી શોભે છે. જેમ તમે દેહની શાંતિ માટે બગીચામાં ફરવા જાવ છો, તેમ સાધુને ફરવા માટે પણ બાગ હોય છે. હું સ્પષ્ટીકરણ ન કરૂં તો તમને થશે કે સાધુને વળી બાગમાં ફરવા જવાનું હોય ? તમારો અને અમારો બાગ જુદો છે.

ધર્મ બાગે ફરે ભિક્ષુ, ધીર ને ધર્મ સારથી,
ધર્મમાં રક્ત દંતાત્મા, બ્રહ્મચર્ય સમાહિત. (સાધક સહચરી)

દેહના રાગમાં આસક્ત બનેલા, ઇન્દ્રિયોના વિષયમાં આનંદ માનનારા એવા આત્માઓનો બગીચો જુદો છે. સાધુ તો ધર્મ રૂપી બગીચામાં ફરે છે. ધર્મ શબ્દ અઢી અક્ષરનો છે. અને દ્વીપ પણ અઢી છે. જંબુદ્વીપ, ધાતકીખંડ અને અર્ધપુષ્કર દ્વીપ, કુલ અઢી દ્વીપ છે. મનુષ્ય ક્ષેત્ર પણ અઢી દ્વીપ પ્રમાણ છે. તેમાં વિચરતા સંતો ધર્મબાગ-માં બેસી આત્માની શાંતિ મેળવે છે. તમે જેમ સ્નાન કરો છો તેમ સંતો પણ બ્રહ્મચર્યના કુંડમાં સ્નાન કરે છે.

" ધર્મ છે જળનો કુંડ, બ્રહ્મચર્ય સુતીર્થ છે,
તેમાં નાહ્યે જશે દોષો, શાંતિ ને શુદ્ધિ પામશે. " સાધક સહચરી

જેમ નગરમાં બગીચા, જળાશયો આદિ હોય તો જ તેની શોભા છે. રાજા પાસે ચતુરંગી સેના હોય તો રાજા શોભે છે. આ ધર્મ સ્થાનક પણ કયારે શોભે ? સાધુ, સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓથી શોભે છે, જ્યાં જેની જરૂર હોય ત્યાં વસ્તુ શોભે છે.

" ગંધેન હિનં કુસુમં ન ભાતિ, દંતે ન હિનં વદનં ન ભાતિ ।
સત્યેન હિનં વચનં ન ભાતિ, પુણ્યેન હિનો પુરૂષો ન ભાતિ ।। " પ્રજ્ઞા પ્રકાશ.

સુંદરમાં સુંદર દેખાતું ગુલાબનું ફૂલ તમે હાથમાં લીધું પણ જો તેમાં સુગંધ ન હોય તો શોભા શા કામની ? મોઢામાંથી દાંત પડી ગયા તો મોઢું રાંદલમાના ગોખલા જેવું દેખાય છે. ખોટી માન્યતાથી બધા ગોખલામાં દેવ-દેવી બેસાડેલા હોય, પણ રાંદલમાના ગોખલામાં કાંઈ જ ન હોય. તેથી રાંદલમાનો ગોખલો કહેવાય છે. વાણીમાં ગમે તેટલી મધુરતા હોય પણ જો સત્ય ન હોય તો વચનની કંઇ કિંમત નથી. માણસ ગમે તેટલો સારો અને સ્વરૂપવાન હોય, પણ જો તેનામાં સદાચાર નથી તો આ સંસારમાં તેની કંઈ કિંમત નથી.

બંધુઓ ! કર્મની બેડીમાં જકડાયેલો આત્મા અનાદિકાળથી પરિભ્રમણ કરી રહ્યો છે. કર્મો અનાદિ કાળથી આત્માની સાથે હતાં અને છે. તમારા મનમાં પ્રશ્ન થશે કે આત્માને કર્મ લાગ્યા તો લાગતાં પહેલાં આત્મા કેવો હતો ? અને શુદ્ધ આત્માને કર્મો કેવી રીતે લાગ્યા ! આત્મા જો નિર્મળ અને શુદ્ધ હતો તો આત્માને કર્મ લાગવાની શી જરૂર પડી ! અને આ વાત સ્વીકારીએ તો મોક્ષ ગયા પછી, શુદ્ધ થયા પછી પણ આત્માને કર્મો કેમ નહિ લાગે ?

વાસ્તવિક રીતે સમજીએ તો વિભાવ દશાથી કર્મો બાંધે છે અને સ્વભાવમાં સ્થિર થાય ત્યારે આત્મા કર્મને તોડે છે. તમે સોનાની ખાણમાં જાઓ તો ત્યાંથી નીકળતી, ચમકતી રજ જોઇને તમને એમ નહિ લાગે કે આ સોનું છે. પણ આ ધૂળ સારી છે, ઘરે વાસણ માંજવા કામ લાગશે. લાવો, થોડી લઇ જઈએ. પણ તે ખાણનો અધિકારી કહેશે કે ભાઇ ! આ ધૂળ નથી પણ સોનું છે. પણ અત્યારે તે ધૂળની અવસ્થામાં છે. હવે કોઇ પૂછે કે સોનું ધૂળની સાથે કયારે મળ્યું ? કેટલા હજાર વર્ષો પહેલાં મળ્યું ? કોણે મેળવ્યું અને શા માટે મેળવ્યું ? તો શો ઉત્તર મળશે ? સોનું અનાદિ કાળથી ધૂળની સાથે મળેલું જ હતું. તેના સમયની મર્યાદા જ ન આપી શકાય. જેવી રીતે સોનું ધૂળની સાથે મળેલું છે તેમ આત્મા કર્મની સાથે મળેલો છે.

કોઇ કહે કે આત્માની ઉત્પત્તિ કયારે થઈ ? આત્માની ફિલસૂફીની અજ્ઞાનીને કયાંથી ખબર પડે ? વિજ્ઞાનનો એક સિદ્ધાંત છે કે જેનો જન્મ થયો તેનું મૃત્યુ તો

અવશ્ય થવાનું જ. આપણે તો માનીએ છીએ કે આત્મા અમર છે, તો પછી આત્માના જન્મ કે મરણ ક્યાંથી હોઈ શકે ? આત્માને કોઇએ ઉત્પન્ન કર્યો નથી, જ્યાં આત્માની ઉત્પત્તિ સ્વીકારી ત્યાં એનો અંત સમજી લેવાનો. જેનું સર્જન થાય છે તેનું વિસર્જન તો થવાનું જ છે. એ એક વસ્તુના બે છેડા જ છે. જેનું સર્જન કોઇએ કર્યું જ નથી તો તેનો વિનાશ ક્યાંથી હોય ? પણ પર્યાય બદલાય છે.

પણ આ આત્માની સાથે કર્મનું મિશ્રણ હોવાથી માણસની વૃત્તિઓમાં ફેરફાર થાય છે. કર્મ આ જીવને વિવિધ પ્રકારના નાચ નચાવે છે. તેનું કારણ આત્મા ઉપર કર્મની અસર છે. દરેક કર્મનું ફળ જુદી જુદી રીતે ભોગવવું પડે છે. દરેક કર્મ પોતાના ઉદય પ્રમાણે મનને નચાવે છે. તમે કર્મની જંજીરમાં જકડાઇ ગયા પછી કર્મના ઈશારા પ્રમાણે તમારે ચાલવું પડે છે. તમે કોઇ એક વાહનની selection (સીલેકશન) પસંદગી કરી. પછી તમે તે વાહનના હાથમાં આવી જાવ છો એટલે છૂટવું મુશ્કેલ થઇ જાય છે. દા. ત. ટ્રેઇનમાં તમે બેસી ગયા અને અધવચ્ચે જ તમને વિચાર આવે કે હવે સ્ટેશન આવતાં પહેલાં જ મારે ટ્રેઇનમાંથી ઉતરી જવું છે તો તમે નહિ ઉતરી શકો. બીજા સ્ટેશન સુધી તો તમારે જવું જ પડશે. કારણ કે અધવચ્ચે ગાડી ઉભી ન રહે. જો તમે એમ કહો કે મારા મનમાં થયું કે અધવચ્ચ વગડામાં ઉતરી જઉં માટે મેં સાંકળ ખેંચી તો દંડ ભરવો પડે અને કાં તો તમે ગાંડામાં ખપી જાવ. અને તમારે હોસ્પિતાલમાં દાખલ થવું પડે. તમારી મનસુખી પ્રમાણે મન ફાવે ત્યાં ન ઉતરી જવાય ! કારણ કે એ વાહન બંધન છે.

બીજા દાખલા આપું. તમે પ્લેનમાં બેઠા. પ્લેન આકાશમાં ઉડવા લાગ્યું. પછી તમને એમ થાય કે મને હવે પ્લેનમાં ગમતું નથી, મારે ઉતરી જવું છે, તો ત્યાં તમારૂં ધાર્યું નહિં થાય. તમારા એકના માટે પ્લેન નીચે ઉતરશે નહિ. જુઓ ! પ્લેન તમે પસંદ કર્યું. ટિકીટના પૈસા તમે ખર્ચ્યા પણ તમે બેઠા પછી એને આધીન બની ગયા. એટલે તમારૂં કંઈ જ ચાલતું નથી.

બંધુઓ ! અહીં આપણે એ જ વાત સમજવાની છે કે આ જીવાત્મા પણ કર્મ રૂપી વાહનને આધીન બની ગયો છે. એટલે તે કર્મ રૂપી વાહનમાં બેસી ગયો છે તેથી તેને કર્મ પ્રમાણે ઉડયન કરવું પડે છે. તમે કહેશો કે મારે આમ નહિ થાવે તો ત્યાં કંઇ જ ચાલશે નહિ. તમારે કર્મ પ્રમાણે જ ચાલવું પડશે. આઠ કર્મોની પ્રકૃતિઓ ભિન્ન ભિન્ન છે. અને તેની પરિણતિઓ પણ ભિન્ન ભિન્ન છે. અને એ પરિણતિઓ પ્રમાણે જીવન નાવ ચાલતું હોય છે. આ કર્મવાદ જો સમજાઈ જાય તો આત્મા કોણે બનાવ્યો, પહેલાં કેવો હતો આદિ પ્રશ્નો તમારે નહિ થાય. અને આત્માના અસ્તિત્વનો અનુભવ થાય. કોઇ માણસ અજ્ઞાન હોય તો સમજવું કે આમાં જ્ઞાનવરણીય કર્મનો ઉદય છે. ભૂખ લાગે ત્યારે સમજવું કે વેદનીય કર્મનો ઉદય છે. અને વાસનાઓમાં મન

બહુ દોડતું હોય ત્યારે સમજવું કે મોહનીય કર્મનો ઉદય છે. આ રીતે આઠે કર્મની પ્રકૃતિઓ જુદી જુદી હોય છે. એકેક કર્મ માનવને કેવી કેવી વિચારણામાં અને જીવનને જુદી જુદી પરિસ્થિતિમાં મૂકી દે છે. આખું જગત કર્મની અસર પ્રમાણે કામ કરતું હોય છે.

આત્મા જેમ જેમ કર્મથી વધારે લદાય છે, તેમ તેમ તે સંસારમાં વધારે પરિભ્રમણ કરે છે. જેમ જેમ આત્મા કર્મ ખપાવે છે તેમ તેમ તે હળવો બનતો જાય છે. આત્માએ અંદર ખરાબ જડ કર્મતત્વ ભરી રાખેલું હોય છે, એટલે જ તે અપૂર્ણ છે. રસ્તામાં ભમતો ભિખારી પોતાની ઝોળીમાં કાગળના ડૂચા ભરે, ચીંથરા ભરે, ડબલા ભરે પણ એની કિંમત કાંઇ નથી. પણ સોની નોટ નાનકડી હોય પણ એ કેવી કિંમતી હોય છે? પસ્તીના ઢગલે ઢગલા મૂકો તો પણ એની કિંમત ન થાય.

બંધુઓ! આ આત્માએ આવું તો કેટલું ભેગું કર્યું! એ તો પસ્તી જેવું છે. દેખાય ઘણું પણ કંઈ કામનું નહિ. અને જો તમારે ઉપડવાનો સમય આવશે તો બધું જ મૂકીને જવું પડશે. તમે એવું ભેગું કર્યું છે કે જેને જીવનમાં સાચવવાની ચિંતા અને જાય ત્યારે સાથે કંઈજ લઇ જવાનું નહિ, છતાં તમને કેટલી ચિંતા છે! જે આત્માઓ અપરિગ્રહી છે તેમને કેટલું સુખ છે! સુખે ખાઈ પીને આરામથી સાડા નવ વાગે તો ઉંઘી જાય, સુખે ધર્મારાધના પણ કરી શકે. તમને ઉંઘ કેમ નથી આવતી! તમને ચિંતા છે પૈસા કેમ કમાવવા? એની ગોઠવણ કઇ રીતે કરવી? ક્યાં રોકવા? ક્યાં વ્યાજ વધારે મળશે? જ્યાં વ્યાજે મૂકવા માગું છું તે કંપની ડૂબી જાય તો મારા બધા શેરો ડૂબી જાય. કંપનીનો એક શેર લેવો હોય તો તમે આખી કંપનીનું બજેટ પહેલાં જોઇ આવો. કંપનીનો મેનેજિંગ ડિરેકટર કોણ છે? વિગેરે બધું જ પહેલાં વિચારી લ્યો છો.

એક માટે કેટલી ચિંતા છે. જેને હજારો અને લાખો શેરો રાખવા પડતા હશે, તે શું સુખી કહેવાય? તમે તો એને જ સુખી માનો છો. એક કવિએ ઠીક કહ્યું છે.

બહોંત વણજ બહોંત બેટિયાં, દો નારી ભરથાર;
ઉસકો અબ કયા મારીએ, માર રહ્યો કિરતાર.

જેને ઘણો મોટો વેપાર હોય, ઘણી પેઢીઓ હોય અને ઘણાં સંતાનો હોય તેને કેટલી ઉપાધી હોય છે? ચિંતાનો તો પાર જ નહિ. તેમાં પણ જો બે સ્ત્રીઓ હોય તેની તો વાત જ પૂછો મા. કવિ કહે છે કે તેને આપણે શું મારી શકીએ! એને તો એનાં કર્મો જ મારી રહ્યાં છે.

એક ધનાઢય શેઠને બે પત્નીઓ હતી. શેઠનાં ઘરમાં રાતના બાર વાગે છાનોમાનો એક ચોર દાખલ થઈ ગયો. હવે શેઠની દશા જોવા જેવી છે. ચોર છાનોમાનો ખૂણામાં

લપાઈ ને બેઠો છે. શેઠ દાદરમાંથી નીચે ઉતરે છે ત્યારે એક પત્ની ઉપરથી બાવડા ખેંચે છે, જ્યારે બીજી પત્ની નીચેથી ખેંચે છે. શેઠ બન્નેની વચમાં અધવચ ટીંગાઇ રહ્યા છે. ચોર વિચાર કરે છે, કે આજે મારે ચોરી નથી કરવી. આવું નાટક જોવાનો અવસર ફરી ફરીને ક્યાં મળશે ? (હસાહસ) બંને પત્નીઓ ખેંચતાણ કરે છે. અઢી વાગ્યા સુધી ઝઘડો ચાલ્યો. માંડ ત્રણ વાગે ઝઘડો પત્યો ને શેઠ નીચે આવ્યા. ત્યાં પલંગ નીચે ચોર દીઠો, એટલે પોલિસને બોલાવ્યો. ચોરને પોલિસને હવાલે કરવામાં આવ્યો. ચોર પકડાઇ ગયો. હાથમાં બેડી પહેરાવી પણ ચોર તો હસે છે. બીજે દિવસે સવાર પડતાં શેઠને બોલાવવામાં આવ્યા. ફોજદાર પૂછે છે ભાઇ ! તેં શેઠના ઘરમાં શી ચોરી કરી ? ચોર કહે છે સાહેબ ! હું શેઠના ઘરમાં ગયો અને ચોરી પણ કરી છે. ફોજદાર પૂછે છે ભાઇ ! તેં શેની ચોરી કરી છે? ચોર કહે છે, હીરા, માણેક, મોતી આદિ મૂલ્યવાન વસ્તુઓ આપતાં પણ જે જોવા ન મળે એવી ચોરી કરી છે. સાહેબ ! હું આપને એ જ કહું છું કે મેં ચોરી કરી છે. તેથી આપને જે શિક્ષા કરવી હોય તે કરો. પરન્તુ બે બાયડીનો ધણી બનવાની શિક્ષા ન કરશો. ફોજદાર પૂછે છે, કે તું શું કહેવા માગે છે ? ત્યારે ચોર કહે છે કે, આ શેઠને પૂછી જુઓ કે તેમની કેવી કરૂણ પરિસ્થિતિ છે ! ઉપરથી ગમે તેવા સુખી શ્રીમાન દેખાય છે, પણ રાત્રે તો એમની સ્થિતિ જોવા જેવી હતી. તેમની નવી પત્ની ઉપર ખેંચતી અને જુની પત્ની નીચે ખેંચતી. અઢી કલાક સુધી મેં આ નાટક જોયું. બીજી કોઇ ચોરી કરી નથી. માટે કહું છું કે સાહેબ ! બધી શિક્ષા કરજો પણ બે બાયડીનો ધણી બનવાની શિક્ષા ન કરશો.

બંધુઓ ! આ જગતમાં એકેક જીવની પરિસ્થિતિ કેવી વિચિત્ર છે ! આત્મા વાસનાઓની વૃત્તિઓથી, વિકારોથી, કર્મથી અને પરિગ્રહના સંગ્રહથી ભરેલો હોય તો આધ્યાત્મિક દૃષ્ટિએ એની કિંમત ઓછી થતી જાય છે. દુનિયા કોની કિંમત આંકે છે, તે તમે ન જોશો. પણ આધ્યાત્મિક જગતમાં તો જે વાસનાથી અપૂર્ણ છે તે જ પૂર્ણ છે. કોનાથી અપૂર્ણ ? કર્મથી અપૂર્ણ. જેના કર્મો ખરી ગયા તે શુદ્ધ બની ગયા અને તેઓ પૂર્ણતાને પામી ગયા.

ભગવતી સૂત્રમાં શ્રી ગૌતમ સ્વામી પ્રભુને પૂછે છે કે હે ભગવંત ! આ આત્મા ભરેલો હોય ત્યારે ડૂબી જાય અને ખાલી હોય ત્યારે તરી જાય તેનું શું કારણ ? ત્યારે પ્રભુએ ફરમાવ્યું કે હે ગૌતમ ! જેમ એક તુંબડું હોય, એના પર માટીનો એક થર લગાવીને તેને સુકવ્યું, એના પર બીજો થર કર્યો, તેને સૂકવીને તેના ઉપર ત્રીજો થર કર્યો. એમ આઠ થર લગાવીને અંદર પણ કાંકરા આદિ ભરીને સૂકવ્યા પછી તુંબડાને પાણીમાં મૂકવામાં આવે તો શું થાય ? તરવાના સ્વભાવવાળું તુંબડું ડૂબી જાય છે, કારણ કે માટીના થરોથી તે ભારે બન્યું છે,

ફરી ગૌતમ સ્વામી પૂછે છે, પ્રભુ ! એ તળીએ ગયેલું તુંબડું ઉંચું કઇ રીતે આવે ? ભગવંત કહે છે, જેમ જેમ માટીના થર પાણીમાં પલળે છે તેમ તેમ પેલો થર ધોવાતો જાય છે. તુંબડું ઉંચું નીચું થાય છે. અને બધો કિચડ ધોવાઇ જાય છે ત્યારે તે પોતાનો અસલ સ્વભાવ પ્રાપ્ત કરે છે અને શુદ્ધ બનીને સપાટી ઉપર આવે છે.

બંધુઓ ! આપણા આત્માને પણ આઠ થર લાગેલા છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય. આ આઠ કર્મના મજબૂત થર લાગી ગયા છે. આ આઠ કર્મોની ચિકાશને લીધે આત્મા ભારે થતો જાય છે અને પરિણામે ભવસાગરમાં ડૂબે છે. જ્યારે આત્મા કર્મથી અપૂર્ણ બને છે, ખાલી થાય છે ત્યારે પરમાત્માની પૂર્ણતાને પામે છે.

હવે આપણે મૂળ વાત ઉપર આવીએ. આત્માની પૂર્ણતાને પામવાવાળા જીવો દેવલોકમાંથી ચ્યવીને જે નગરીમાં ઉત્પન્ન થયા છે તે નગરી કેવી છે તેનું વર્ણન ચાલે છે. ગઈ કાલે વાત કરી હતી કે નગર કોને કહેવાય ? જેમાં બાવન બજાર અને ચોર્યાશી ચૌટા હોય તેને નગર કહેવાય. હવે બજાર કોને કહેવાય અને ચૌટું કોને કહેવાય ? એ તો તમારો વિષય છે એટલે તમે તો જાણતાં જ હશો. જ્યાં હરાજીનો માલ વેચાતો હોય અને હરીફાઈ થતી હોય તેને ચૌટું કહેવાય. અને જ્યાં પ્રમાણિકતાથી માલ વેચાતો હોય. દુકાનો ઉપર બોર્ડ લગાવેલા હોય તે બજાર કહેવાય. આ તો તમારા સંસારના દ્રવ્ય બજાર અને દ્રવ્ય ચૌટાની વાત કરી. હવે એ બાવન બજાર અને ચોર્યાશી ચૌટા આપણે આપણા આત્મા ઉપર ઘટાવવા છે.

જેમ એક નદી છે. એ નદીના બે કિનારા છે. એક કિનારે સંસાર છે અને બીજે કિનારે મોક્ષ છે. હવે એ નદીને આપણે ઓળંગવી છે. તો તેને માટે આપણે સહારો લેવો પડે છે. જો પુલની સગવડ હોય તો પુલ ઉપરથી જવાય. સ્ટીમર કે હોડી દ્વારા પણ સામે કિનારે જવાય અને જો તરતાં આવડતું હોય તો તરીને પણ જઈ શકાય છે, પણ સહેલાઈથી જો જવું હોય તો તે પુલના માર્ગે જઈ શકાય છે. કારણ કે પુલ ઉપર જવામાં કોઈ જાતનું જોખમ નહિ. સહી સલામત સામે કાંઠે પહોંચી જવાય છે. હોડી કે સ્ટીમરમાં બેસવાથી ક્યારેક જોખમનો પ્રસંગ આવે છે અને તરવામાં પણ જો બરાબર તરતાં ન આવડતું હોય તો ડૂબી જવાય છે. આ ત્રણ રીતે નદીને પાર કરી શકાય છે.

પુલના માર્ગે સહીસલામત જવા રૂપ સાધુ જીવન છે. કારણ કે પુલ ઉપરથી જલ્દી પહોંચી જવાય છે. બાર વ્રતમાંથી એક પણ વ્રત અંગીકાર કરવા રૂપ હોડીનો બીજો માર્ગ છે. અને બાર વ્રત જે અંગીકાર કરે છે તેને માટે તરવારૂપ ત્રીજો માર્ગ છે.

બાવન બજાર અને ચોર્યાસી ચૌટા આ મનુષ્યભવરૂપી નગરીમાં રહેલા છે. જેમાં બાવન બજાર એટલે સંવરતત્ત્વના કેટલા ભેદ છે ? સામાન્ય પ્રકારે સંવરતત્ત્વના વીસ

ભેદ છે અને વિશેષ પ્રકારે સત્તાવન ભેદ છે. તેમાં ભાવન બજાર રહેલાં છે. જેમાં ઠગાવાની કે છેતરાવાની વાત નથી. આ ભાવન બજાર કઈ છે? પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દશ યતિધર્મ, બાવીસ પરિષહ અને બાર ભાવના કુલ ભાવન, આ ભાવન બજાર છે. જેમાં પાંચ પ્રકારના ચારિત્રરૂપી પાંચ પ્રકારનો માલ વેચાય છે. તે પાંચ ચારિત્ર કયા છે? (૧) સામાયિક (૨) છેદોપસ્થાપનીય (૩) પરિહારવિશુદ્ધ (૪) સુક્ષ્મસંપરાય (૫) યથાખ્યાત ચારિત્ર. છેલ્લું ચારિત્ર તો અગ્યારમાથી ચૌદમા ગુણસ્થાનકે જ હોય છે. આ પાંચ પ્રકારનો માલ છે. હવે તમારે કયો માલ ખરીદવો છે?

મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ ઉપર જે વિજય મેળવે તે આત્મા ઉંચામાં ઉંચો યથાખ્યાત ચારિત્રરૂપી માલ ખરીદી શકે છે. કોઇને માટે પ્રતિબંધ નથી. આ બજાર માં છેતરાવાનો ભય નથી. રાજગૃહી જેવી રાજકોટ નગરીના શ્રાવકો અહીં આવીને સામાયિક વગર બેસે છે. સામાયિક એ પણ અંશથી ચારિત્ર છે. તમે જ્યારે આ સંવરના બજારમાં આવશો ત્યારે માલ ખરીદી શકશો. જેમ આહાર વિના શરીર ટકી શકતું નથી, તેથી શરીરને ખોરાક આપો છો, તેમ તમારા આત્માને પણ ખોરાક આપવો જ જોઇએ.

આ બજારમાંથી કયો માલ ખરીદવો છે તે તમે નક્કી કરી લેજો. ચોર્યાશી લક્ષ જીવાયોનીરૂપી ચોર્યાસી ચૌટા છે. ચૌટામાં હરાજીનો માલ વેચાય છે, હરીફાઈ થાય છે અને હરરાજીના માલમાં કયારેક છેતરાઇ જવાનો ભય રહે છે તેમ ચોર્યાસી લક્ષ જીવાયોનીરૂપી ચૌટામાં ભૂલા ન પડો. આત્મા અનંતોકાળ લક્ષ ચોર્યાસીમાં ભમ્યો છે ને ચૌટામાં ભૂલ્યો છે. હવે જો ન ભમવું હોય તો સત્ય સ્વરૂપની પિછાણ કરો.

જેમાં આવા ભાવન બજાર અને ચોર્યાશી ચૌટા રહેલાં છે એવી ઇષુકાર નગરીમાં કેવા પવિત્ર આત્માઓ ઉત્પન્ન થયા તે બધી વાત અવસરે.

વ્યાખ્યાન નં–૯

[અષાડ વદ ૭ ને શનિવાર તા. ૨૫-૭-૭૦]

ત્રિલોકીનાથ શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના કલ્યાણને માટે, જગતના જીવો ઉપર મહાન અનુકંપા કરીને પરમ પાવનકારી, અમૃતમય વાણીનાં ઝરણાં વહાવ્યાં. એ વીર પ્રભુની વાણી આપત્તિને ભેદનારી, સંપત્તિને આપનારી, ત્રિવિધ તાપને હરનારી અને ઇચ્છિત સુખોને આપનારી કલ્પવૃક્ષ સમાન છે. આ વાણીનું શુદ્ધ ભાવપૂર્વક શ્રવણ કરવાથી આપણો આ લોક અને પરલોક સુખી થાય છે પણ તેમાં શ્રદ્ધા જોઇએ.

પ્રભુની અંતિમ વાણી એવું ઉત્તરાધ્યયન સૂત્ર, જેના છત્રીસ અધ્યયન છે. તેમાં ચૌદમું અધ્યયન. જેમાં છ જીવોનો અધિકાર ચાલે છે. પુણ્યવાન જીવો કેવી નગરીમાં ઉત્પન્ન થયાં તે નગરીનું વર્ણન થઈ ગયું. જે નગરીની પ્રજા ધર્મિષ્ઠ છે, જે કુટુંબમાં ત્યાગ વૈરાગ્યના ફુવારા ઉડે છે ત્યાં પવિત્ર જીવો આવીને ઉત્પન્ન થયા છે. આપણે જે કુળમાં ધર્મનું નામ નિશાન નહિ હોય તેવા કુળમાં પણ ઉત્પન્ન થઈ આવ્યા છીએ. અત્યારે તો આર્યદેશ, ઉત્તમકુળ, કેવળી પ્રરૂપિત ધર્મ અને જિનવાણીનું શ્રવણ બધું જ મળ્યું છે. હવે આચરણ કરવાનું જ બાકી છે. જેમ કોઈ બહેનને રોટલી બનાવવી છે તો કણીક, સગડી, તાવડી, ચીપીઓ–બધીજ સામગ્રી મોજુદ છે પણ રોટલી બનાવવાની ક્રિયા તો તેણે જ કરવી પડશે. તમે ઘરે ગયા. શ્રીમતીજીએ પાટલો મૂકી થાણામાં બધું જ પીરસી દીધું પણ ખાવાની ક્રિયા તો પોતાને જ કરવી પડે છે, તેમ આપણને અહીં ધર્મારાધના કરવાના બધા જ સાધનો મળ્યાં છે. એ સાધનો દ્વારા સાધક બનવાનો પુરુષાર્થ તો આત્માએ જ કરવો જોઇએ, કારણ કે પુરૂષાર્થ એ પૂર્ણિમા છે અને આળસ એ અમાસ છે. પૂર્ણિમા પ્રકાશ છે અને અમાસ અંધકાર છે. માટે પ્રકાશ જોઇતો હોય તો પુરૂષાર્થ કરો.

છ આત્માઓ કેવા હતા, કેવી રીતે આ નગરીમાં ઉત્પન્ન થયા તે વાત નીચેની ગાથામાં શાસ્ત્રકાર ભગવંત બતાવે છે.

સકમ્મ સેસેણ પુરાકએણં, કુલેસુદગ્ગેસુ ય તે પસુયા ।
નિવિણ્ણ સંસાર ભયા જહાય, જિણિંદ મગ્ગં સરણં પવન્ના ॥ ઉ. અ ૧૪–૨

પૂર્વભવમાં કરેલાં કર્મોને ખપાવતાં શેષ થોડાં કર્મો બાકી રહી ગયા છે. કર્મો શુભ અને અશુભ એમ બે પ્રકારના છે. કર્મો શુભ હોય કે અશુભ હોય પણ કર્મ તે કર્મ જ છે. બેડી તો સોનાની પણ હોય અને લોખંડની પણ હોય, શુભ કર્મ સોનાની બેડી છે અને અશુભ કર્મ લોખંડની બેડી છે. એમ તમને થતું હશે કે મારે ઘેર તો ગૈભવની છોળો ઉછળે છે, મારા જેવો સુખી કોણ છે? પણ બંધુઓ! તમને એ સુખ મીઠા અને મધુર લાગતાં હોય, પણ યાદ રાખજો કે....

મધુરા મીઠાં ને મનગમતાં પણ બંધન અંતે બંધન છે,
લઇ જાય જન્મના ચકરાવે, એવું દુઃખદાયી આલંબન છે,
હું લાખ મનાવું મનડાને (૨) પણ એકજ એનો ઉંહકારો....બંધન.

તમે શુભ કર્મના પાંજરામાં પુરાયા છો. જેમ કોઈ નેતા જેલમાં પૂરાયો છે. નેતાઓને જેલમાં ખેતીવાડી કે મજુરી કરવી પડતી નથી. ત્યાં તો એમને ઐશ–આરામથી રહેવાનું મળે છે. રેડિયો વગાડવાનો, છાપુ વાંચવાનું વગેરે બધીજ સગવડ મળે છે, છતાં કોઈ પૂછે કે ફલાણા નેતા અત્યારે કયાં છે તો શું કહેવાશે? જેલમાં છે. તેમ આ તમને મનગમતા ગમે તેટલાં સુખો મળતાં હોય પણ આ એક પ્રકારની જેલ

જ છે, પણ અમારી વાત તમને રૂચે નહિ ત્યાં સુધી તમને આ જેલ છે એવું નહિં થાય. એક વાર અનુભવ થવો જોઇએ. નાનો બાળક અંગારાને ચમકતો જોઈ હાથમાં પકડી લે પણ હાથ દાઝી જાય એટલે ફરીને એ અંગારાને પકડવા નહિ જાય. કારણ કે તેને અનુભવ થઈ ગયો કે આને પકડવાથી દઝાય છે. તમને પણ આ સંસારનાં ઘણાં અનુભવો થયા હશે પણ જ્યારે થાય ત્યારે થાય, ઘડી પછી સત્કાર સન્માન મળે, કે પાછા હતા તેવા ને તેવા. સંસાર એ સૃ ધાતુથી બનેલો છે. સૃ એટલે સરકવું. ખસવું. તેમાંથી સમજીને સરકી જાય તે ડાહ્યા ને સજ્જન છે. અજ્ઞાનીને તેની ખબર પડતી નથી. ડાહ્યા માણસો તેમાંથી સરકી ગયા. પણ અજ્ઞાની હોય છે તે જ ચક્કરમાં ભમે છે.

ભગવાન મહાવીર ત્રીસ વર્ષ ગૃહસ્થાવાસમાં રહ્યા, ત્યાં સુધી કોઈ જ દુઃખ પડયું નહિ. ત્યાં તો સુખ અને સગવડતાની છોળો ઉછળતી હતી, પણ જે દિવસે દીક્ષા લીધી તે જ રાતથી ઉપદ્રવો શરૂ થયાં. સાડા બાર વર્ષ ને પંદર દિવસ સુધી આકરી કસોટી થઈ અને અંતે નિર્મળ બની ગયા, શુદ્ધ બન્યા અને દુઃખને બદલે આનંદ-રૂપ બની ગયા.

કર્મને નહિ સમજનારા એક ડોશી મા શું કહે છે? કે બિચારા મહાવીર તો દીક્ષા લઇને દુઃખી દુઃખી થઈ ગયા. ત્રીશ વર્ષ ઘરમાં જ રહ્યાં ત્યાં સુધી કંઇ જ નહિ. સાધુ થયા એટલે દુઃખી, દુઃખી ને દુઃખી. ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં એમણે નોકરના કાનમાં સીસું રેડાવ્યું હતું, તે કર્મ ઝબકીને ઉદયમાં આવ્યું, " કે આજે હું તારા કાનમાં ખીલા નાંખુ. " તીર્થંકર જેવા ચરમ શરીરી આત્માને પણ કર્મે છોડયાં નથી તો આપણા જેવાની તો વાત જ કયાં રહી! આ સમયે ભગવાન સમતા રાખે છે. લે, તું પણ લઇ જા. તું મારા કાનમાં ખીલા નથી મારતો પણ દેવામાંથી મને મુક્ત કરે છે. દેવું જ ચૂકવવાનું હતું બાકી કાંઇ નહિ. મનમાં ન દ્વેષ-ધિક્કાર કે તિરસ્કાર. બંધુઓ! આ જગ્યાએ આપણે કેટલી સમતા રાખી શકીએ!

અરે! આપણને તો એક કીડી ચટકો ભરે તો ઉંચા નીચા થઇ જઇએ છીએ. એક કાઉસગ્ગ કર્યો હોય અને મચ્છર કરડે તો કાઉસગ્ગ પણ પૂરો કરી શકશો નહિ. ત્યાં તો " નમો અરિહંતાણં " બોલી અધૂરો કાઉસ્સગ પાળીને ઉભા થઇ જાવ. થોડા ટાઇમ માટે પણ આપણને ધીરજ રહેતી નથી. પ્રભુ તો કઠોર સાધના કરી જેમ જેમ કર્મથી ખાલી થતા ગયા તેમ તેમ પૂર્ણ બનતા ગયા. પૂર્ણતા એટલે અંદર ભરેલો કર્મરૂપી કચરો સંપૂર્ણ ખાલી કરી આત્મજ્ઞાનથી પૂર્ણ થવું તેનું નામ પૂર્ણતા છે.

આવા પૂર્ણ સ્વરૂપ ભગવાન પાસે શા માટે જઇએ છીએ! એમના જેવું પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કરવા માટે ને! સુખ અને દુઃખમાં પ્રભુએ સમતાભાવ રાખીને કર્મના દેણાં ચૂકવી દીધા. તમારા સંસારમાં પણ જ્યારે કોઈ માણસની પેઢી ડૂલવાની તૈયારીમાં હોય છે તે સમયે જો દેવાદાર શાહુકાર હશે તો તે ભાગી નહિ જાય, પણ એ જાહેરાત

કરશે કે મારી પેઢી ડૂલે છે માટે જેનું જે લેણું હોય તે લઇ જાવ. એમ સામેથી જાહેરાત કરે. તેમ ભગવાન મહાવીર સ્વામીએ પણ જાહેરાત કરી કે હે કર્મો! તમારૂં દેણું ચુકવવા માટે સંસાર છોડી ત્યાગી બન્યો. જેને આવવું હોય તે ખુશીથી આવો. જેનું જે લેણું બાકી હોય તે લઈ જાવ.

તમે જ્યારે દેવું ચૂકવવા બેસો ત્યારે લેણદારો હાજર જ હોય. શાહુકાર પાસે લેવા જાવ પણ પૈસા ખલાસ થઈ જાય તો શું કહો? હવે એની પાસે શું છે તે આપવાનો છે! ખાલી દોડાદોડી શા માટે કરવી? હમણા તે આપી શકે તેમ નથી. પણ જેવી લોકોને ખબર પડે કે એના ઘર-બાર વેચીને પણ દેણું પૂરૂં કરે છે ત્યાં તો લેણદારો લેવા માટે દોડા દોડ કરી મૂકે. ચાલો, હવે એ દેવા માટે તૈયાર છે તો આપણે આપણું લેણું લઇ આવીએ. તેમ જે માણસો કર્મના દેવામાંથી છૂટા થવા માંગે છે એની પાસે કર્મરૂપી લેણદારો લેવા આવે છે. "મારૂં મને પહેલાં આપી દો." જે ધર્મના માર્ગે જાય છે તેને મુશ્કેલીઓ ખૂબ નડે છે. સાચા માર્ગે જાય તેને દુઃખ પડે. અને જે આત્માના માર્ગે જાય તેને ન ધારેલી વિપત્તિઓ આવીને કસોટી કરે છે.

કોઇ માણસ ધર્મિષ્ઠ બને અને જો તેના માથે સંકટ આવે ત્યારે અજ્ઞાની લોકો શું બોલે છે? જુઓ!

"ધર્મીને ઘેર ધાડ પડી અને પાપીને ઘેર પતાસાં" ભાઇ! આ ધાડ નથી પણ સોનાની કસોટી છે. સુવર્ણની પરીક્ષા અગ્નિમાં થાય છે ત્યારે જ તે સો ટચનું સોનું બને છે. તેમ આપણે આવી કસોટીમાંથી પાર ઉતરીએ ત્યારે જ આત્માને સુવર્ણ જેવો બનાવી શકીએ.

જો આપણે આત્માની પૂર્ણતાને પામવું હોય તો જુના વેર, ઝેર, કલેશ, કંકાશ કાઢી નાખો. કોઇ જુના વેરને યાદ કરાવે તો કહો કે હવે એ વાતને જવા દો. ભૂલી જાવ. ઝગડો થયો હતો ૧૯૬૫માં અને અત્યારે ૧૯૭૦ની સાલ ચાલે છે. એ વાતને પાંચ વર્ષો વીતી ગયા. હવે એવો કોણ મૂર્ખ હોય કે જુના ઘાને તાજો કરીને પાછો જીવતો કરે. આજના માનવી તો જુની જુની વાતો જ યાદ કર્યા કરતા હોય કે આણે મને આમ કહ્યું હતું, આણે મારૂં અપમાન કર્યું હતું, આવી જુની વાતોને યાદ કરી મગજમાં ભરી ભરીને બેઠા છો તેથી સ્ફૂર્તિમય, સુંદર, જ્ઞાનની વાતો અંદર ભરી શકતા નથી. સારી વાતોને યાદ રાખવા અંદર જ સડો ભર્યો છે તેને બહાર કાઢવો પડશે.

માની લો કે તમારે કોઈની સાથે સારો સંબંધ થયો હોય, તે વખતે કોઇ તમને જુની વાતો યાદ કરાવે કે તમે આની સાથે બેસતા થઈ ગયા! તમારે તો એની સાથે કેવા ઝગડા થયા હતા! શું એ વાત તમે ભૂલી ગયા? આવા ઈર્ષાળુ માણસો પણ છે.

પણ જે ડાહ્યા અને સજ્જન છે તે તો કહે "ગઇ ગુજરી ભૂલી જઓ."

જેટલા આપણને હેરાનગતિ કરનારાં છે તે બધાં લેણિયાતો છે. જો લેણિયાતો ન હોય તો તમારો અને એનો સંયોગ ક્યાંથી થાય? લેણદારોને જે લેવું હોય તે ભલે લઇ જાય પણ તમે તમારા મનની સ્થિરતા ગુમાવશો નહિ. તે વખતે દ્વેષ કે તિરસ્કારની પસ્તીઓ આત્મામાં ન ભરો તો જ સારી વસ્તુ મેળવી શકો. જે ખાલી છે, જેનો કર્મ રૂપી કચરો નીકળી ગયો છે એ આનંદથી પૂર્ણ છે, એટલે પ્રેમાનંદથી પૂર્ણ છે.

કુવાનું પાણી ગંધાઈ ગયું હોય ત્યારે અંદર જે કહોવાઇ ગયેલો કચરો છે તે કાઢી નાખવામાં આવે તો પાતાળમાંથી નવો પ્રવાહ આવે અને પાણી શુદ્ધ બને. પણ જ્યાં સુધી અંદર કચરો છે ત્યાં સુધી સારા પાણીને પણ તે દુર્ગંધી બનાવે છે તેમ આપણે પણ જો પવિત્ર અને નિર્મળ બનવું હોય તો ક્રોધ અને વિષય-કષાયના કચરા કાઢવા જોઇએ. અંદર કચરો ભરીને બહારથી ધર્મની અને તપ-ત્યાગની ગમે તેટલી વાતો કરશો તો આત્મા પવિત્ર બનવાનો નથી.

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનની વાત ચાલે છે. જેમાં છ જીવોની વાત છે. આ ગાથામાં સંક્ષેપથી કહ્યું છે કે તે જીવો શેષ કર્મો જે બાકી રહી ગયાં છે તેને ખપાવવા માટે "કુલેસુ દુગ્ગેસુ ય તે પસુયા" ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયા. હવે અહીં આપણે સમજવાનું એ છે કે છ એ જીવો સાથે ત્યાંથી ચ્યવ્યા નથી, પણ ચાર જીવો પહેલાં આવ્યા છે, બે જીવોનું આયુષ્ય હજુ પૂર્ણ થયું નથી. આ ચાર આત્માઓ કોણ છે અને બે બાકી રહ્યા તે આત્માઓ કોણ છે તે વાત હજુ આગળ આવશે. આ આત્માઓ કેવાં છે :-

"નિવિણ્ણ સંસાર ભયા જહોય, જિણિંદ મગ્ગં સરણું પવન્ના"

જેમને સંસારનો ભય લાગ્યો છે, જેમને સંસારનો ભય લાગે છે તે જ ભગવાન જિનેશ્વર દેવના શરણે જાય છે.

તમને સંસારનો ભય લાગ્યો છે ખરો? માથે કાળાના ધોળા થઇ ગયા, પણ હજુ વિષયો છૂટતાં નથી. પણ યાદ રાખજો કે શેરડીનો સાંઠો છેક સુધી ચુસવા ગયા તો અંતે તો ખારાશ જ આવવાની છે. તેમ જિંદગીના અંત સુધી વિષયો રૂપી શેરડીનો સાંઠો ચૂસ્યા કરશો, તો ભવભ્રમણ કરીને તમારા હાડકા ભાંગી જશે. અહીં હાડકા ભાંગશે તો હાડવૈદ્ય સાંધી દેશે પણ દુર્ગતિમાં જશે ત્યાં કોઇ હાડવૈદ્ય નહિ મળે. આજે એકેક માણસના મોઢા સામું જોવામાં આવે તો દેખાય છે કે યુવાન જાણે ઘરડા ડોશા જેવા દેખાતા હોય છે. તેમના બાળકો હાથ પગ દોરડી, પેટ ગાગરડી. એક બાળક સવા વર્ષનું થાય ત્યાં માતા બીજા બાળકને જન્મ આપે. પછી તેમની તંદુરસ્તી ક્યાંથી સારી હોય અને માતા સારા સંસ્કાર પણ ક્યાંથી આપી શકે? ભગવાન મહાવીરે

૨૮ વર્ષની ઉંમરમાં ભોગોને છોડી દીધા. કદાચ તમને થાય કે મહાવીરની વાત જુની થઇ ગઇ છે. અને મહાવીરને આપણે કયાં જોયા છે? તો અત્યારની ચાલુ વાત મહાત્મા ગાંધીજીને તો તમે સહુ જાણો છો. મહાત્મા ગાંધીજીએ પણ ભરયુવાનીમાં બ્રહ્મચર્ય–વ્રતની પ્રતિજ્ઞા કરી હતી.

ચક્રવર્તિ જેવા ચક્રવર્તિઓ જે છ છ ખંડની સમૃદ્ધિ ત્યાગીને ચાલી નીકળ્યા. એમના છ ખંડને બદલે તમે તો છ ઓરડાના તો ધણી છો ને? છતાં છોડવાનું મન થાય છે? સંસાર દાવાનળ જેવો લાગ્યો છે? જ્યારે તમને અંદરથી ડંખ લાગશે ત્યારે અમારે તમને બહુ કહેવું નહિ પડે.

આ ચારે જીવોને ત્યાં કેવી સમૃદ્ધિ હતી. એક વખતના મહાન સુખી આત્માઓ તે બધી સુખ સંપત્તિનો ત્યાગ કરી ભગવાનના માર્ગનું શરણું કેવી રીતે અંગીકાર કરશે, એ ચાર આત્માઓમાં ઈષુકાર રાજા, કમલાવતી રાણી, ભૃગુ પુરોહિત અને યશાભાર્યા છે, તેઓ કઈ રીતે આત્મ–સાધના કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં—૧૦

અષાડ વદ ૮ ને રવિવાર તા. ૨૬-૭-૭૦

શાસ્ત્રકાર ભગવંત ત્રિલોકીનાથ મહાવીર સ્વામીએ જગતના જીવોના આત્મકલ્યાણને અર્થે ફરમાન કર્યું છે કે હે ભવ્ય આત્માઓ! સમજો. સમજો ને સમજો. આ જીવે વિષયાધીન બનીને અનંતો કાળ સંસારમાં પરિભ્રમણ કર્યું છે. પણ હજુ તેને થાક લાગ્યો નથી. અમારૂં આટલું સતી મંડળ બેઠું છે તેમને ત્રણ વખત વંદણા કરતાં તમને થાક લાગી જાય છે, એકને વંદન કરે એટલે બધુ આવી ગયું, એમ માનો છો પણ સંસારને અર્થે તમે કેટલું કરો છો? ત્યાં તમને સ્હેજ પણ થાક લાગતો નથી. જ્યારે આત્માને પોતાના સ્વરૂપની પિછાણ થશે ત્યારે તેને સંસારનો ભય લાગશે.

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં જે છ જીવોનો અધિકાર ચાલે છે, તે આત્માઓ પૂર્વકૃત કર્મોને ખપાવી દેવલોકમાંથી ચ્યવીને ઈષુકાર નગરીમાં ઉત્તમ કુળને વિષે ઉત્પન્ન થયા છે. તે આત્માઓ કેવા છે?

" નિવ્વિણ્ણ સંસાર ભયા જહાય, જિણિંદ મગ્ગં શરણું પવન્ના'

તે આત્માઓ સંસારના ભયથી નિર્વેદ પામી કામભોગને છોડી દે છે. પણ જેઓ સંસારના સુખમાં મગ્ન બનેલા છે તેમને સત્ય હકીકત કયાંથી સમજાય! જ્ઞાની પુરૂષોએ આ સંસારનું સ્વરૂપ જોઇ જગતને મોહ નિદ્રામાંથી જગાડવાને માટે સંસારની ત્રણ વ્યાખ્યા કરી છે. સંસાર કોને કહેવાય?

સમજીને જેમાંથી સરકી જવું તેનું નામ સંસાર. જાણીને જીવન જીવવું તેનું નામ જીવન. અને મૂકીને મુક્ત થઇ જવું એનું નામ મોક્ષ. બંધુઓ! ડાહ્યો માણસ કોણ કહેવાય? જે સંસારમાં રહે પણ ખરો અને ધીમે ધીમે તેમાંથી સરકતો પણ જાય.

માની લો કે તમે રસ્તે ચાલ્યા આવતા હો, પાસે પૈસા ને માલ છે. તે વખતે ચાર-પાંચ ગુંડાઓ તમને ઘેરી વળ્યા. અને તમે કદાચ ભાગવા જાઓ તો તે તમને છરો મારે એવી સ્થિતિ હોય ત્યારે તમે શું કરો? તમે કુશળતાથી મીઠી મીઠી વાતો કરીને ગુંડાની પકડમાંથી છૂટવાનો ઉપાય શોધોને?

આ રીતે સંસારના સકંજામાં બરાબર સપડાઇ ગયા છો. હવે જો એકદમ ભાગવા જાઓ તો લોકો તમારાં કપડાં ફાડી નાખે ત્યાં સુધી તમને વળગે, "તમે અમને છોડીને ન જાઓ, અમને છોડીને ન જાઓ." તમારું અમારે ઘણું કામ છે. કારણ કે એ બધા સમજે છે કે આવો વગર પગારનો નોકર રળી રળીને બધાને માટે ચિંતા કરતો હોય એવો શોધવા જઇએ તોય મળે નહિ. હું ઘણા માણસોને જોઉં છું. જેઓનું શરીર જર્જરીત થઇ ગયું છે, પૂરું ઘડપણ આવી ગયું છે, છતાં છેલ્લી ઘડી સુધી દુકાન છોડે નહિ. અને એ છોકરાઓને રમાડતો હોય ત્યારે એના મુખ ઉપર કેટલો આનંદ હોય છે! અને પાછો મનમાં વિચાર કરે કે આ છોકરાઓનું કોણ કરશે? પણ એ ગમારને ખબર નથી પડતી કે તું જો આ ચિંતામાં પડીશ તો તારું કોણ કરશે?

એ તમારાં માનેલાં સગાં ને સ્નેહિઓ સમજે છે કે આજના જમાનામાં બસો રૂપિયા આપતાં પણ આવો પ્રમાણિક નોકર નથી મળતો. આ માણસ વગર પગારે ખાલી બે ટંક જમીને આખો દિવસ આપણે માટે મહેનત કર્યા કરે! તો આવો નોકર શું ખોટો? એટલે એ લોકો તમને ખુશ રાખવા થાય તેટલાં પ્રયત્નો કરે, પણ આત્માએ વિચાર કરવો જોઈએ કે આમાં મારું શું છે? હું જીંદગીના અંત સુધી આ બધું સાચવ્યા કરીશ, વેવાઇ અને વેવાણોને મનાવ્યા કરીશ, સગાં વહાલાઓને સાચવ્યા કરીશ, લગ્ન પ્રસંગોમાં હાજરી આપ્યા કરીશ તો આમ ને આમ મારું જીવન સમાપ્ત થઈ જશે. હા, એક વાત છે, કે આ બધો વ્યવહાર સાચવનારને દુનિયા ડાહ્યો કહેશે, વ્યવહાર કુશળ માનશે, અને કહેશે કે આને તો ઘણી ઓળખાણ—પીછાણ છે.

દેવાનુપ્રિયો, તમે વિચાર કરજો. દુનિયામાં તમે મોટા શેઠશાહુકાર કે નેતાઓની ઓળખાણ કરો, પ્રતિષ્ઠા મેળવો પણ જ્યાં સુધી આત્માની ઓળખાણ નહિં થાય ત્યાં સુધી આ બધી જ ઓળખાણ નકામી છે. આત્માની ઓળખાણ કરવા માટે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભૂમિકા હોય તો આ મનુષ્ય જન્મ જ છે. આત્માને ઓળખ્યા વિના જે આત્માઓ પૌદ્ગલિક પદાર્થો પ્રત્યે મમતા રાખે છે અને બધાને મારા માને છે તેની શી પરિસ્થિતિ થાય છે તે સમજવા માટે એક દૃષ્ટાંત આપું છું.

એક શ્રીમંત શેઠ ખૂબ ધન કમાયા. તેમની પાસે નવાણું લાખ ને નવાણું હજાર રૂપિયાની નિર્હકત ભેગી થઈ, પણ સંતોષનું નામ ન મળે. કહ્યું છે કે "જહા લાહો તહા લોહો" મનુષ્યને જેમ જેમ લાભ મળતો જાય છે તેમ તેમ તેનો લોભ વધતો જાય છે. પણ આત્માના સુખ માટે લોભ થતો નથી. અહીં તો એક સામાયિક કરી, વ્યાખ્યાન સાંભળ્યું કે પ્રતિક્રમણ કરી લીધું એટલે જાણે ઘણું કર્યું. આઠ વાગે દુકાન ખોલી. સારો ઘરાક આવી ગયો. અને ચાર દિવસમાં જે કમાણી નહોતી થઈ તે એક જ કલાકમાં થઈ. પછી તમને એવું થાય ખરૂં કે ઘણું મળી ગયું. આજે આઠમનો દિવસ છે માટે હવે દુકાન બંધ કરીને ઉપાશ્રયે જાઉં ને વ્યાખ્યાન સાંભળું! 'ના' ત્યાં તો સંતોષ થાય જ નહિ ને? સંતોષ ધર્મધ્યાનમાં થાય.

આ શેઠને નવાણું લાખ ને નવાણું હજાર રૂપિયા મળ્યા છે. પણ મનમાં એક આકાંક્ષા છે કે હવે એક હજાર રૂપિયા મળી જાય તો હું કોડાધિપતિ બનું અને કોડાધિપતિની ધ્વજા ફરકાવું. આ મોહ છે, એટલે એક હજાર રૂપિયા મેળવવા માટે આ શેઠ અથાગ પ્રયત્નો કરે છે, પણ કર્મોદય એવો છે કે કોઈ હિસાબે એક હજાર રૂપિયા મળતા નથી. એક હજાર મેળવવા જાય ત્યાં બે હજાર ગુમાવે, બે હજાર મેળવવા મહેનત કરે ત્યાં પાંચ હજાર ગુમાવે, પણ કોડ મેળવવાની ઇચ્છા પૂરી થાય નહિ.

જેટલા ધંધા વધારે તેટલી ચિંતા વધારે. જેટલાં મગજનાં ખાનાં તેટલી જાતની ચાવીઓ. અને ચાવીઓ ઘણી. એ મૂંઝવણ ઓછી કરવા ખાના પણ ઓછાં કરવાનાં છે. મન ક્યાં દોડે છે? જ્યાં ખાનાં હોય ત્યાં દોડે ને? વસ્તુ વિના વિચાર ન આવે તમને કોઈ દિવસ એવો વિચાર આવે છે કે ઘોડાના શિંગડા કેવા હશે? કારણ કે તે વસ્તુ છે જ નહિ. જે વસ્તુનું દુનિયા પર અસ્તિત્વ છે તેને માટે જ વિચાર આવે. અને એ જડ પદાર્થનો મોહ જોર જમાવે છે. તેના મહત્વને કારણે સંસારી આત્માઓ તેની પાછળ ભમે છે.

આ શેઠને કોડાધિપતિ બનવું છે. મકાન ઉપર ધ્વજ ફરકાવવો છે, એટલે શેઠ તો જોષી અને ભુવા પાસે જવા માંડયાં. કોઇ ઇલાજ કામ ન લાગ્યો. અંતે શેઠને થયું કે, સાધુ પાસે જાઉં. મમતાનું ઝેર લઈને સાધુ પાસે જવા પણ તૈયાર થઇ ગયો. કારણ કે તૃષ્ણાનું જોર ઘણું જ છે. આવા ઘણા આત્માઓ છે કે સાધુ પાસે માંગલીક સાંભળવા આવે તો ઉંડે ભાવના તો જુદી જ હોય કે આજે માંગલિક સાંભળીને જાઉં તો વેપારમાં નફો મળે. મારો આજનો દિવસ સફળ થાય.

અમદાવાદમાં એક વખત એક ભાઇ એના મિત્રની સાથે ઉપાશ્રયે આવ્યા, પણ બહાર ઉભા રહ્યા એના મિત્રે પરાણે બોલાવ્યો કે ભાઈ! આવ્યા છો તો મહાસતીજીના દર્શન તો કરો! તે માંડ અંદર આવ્યો, માંગલિક કહી ત્યાં એને થયું કે આમાં તો કંઈ

ચમત્કાર હોય છે. એટલે હાથ જોડી ધ્યાનપૂર્વક માંગલિક સાંભળીને ગયો. આ ભાઈને સટ્ટા બજારનો ધંધો હતો. " કાગને બેસવું ને ડાળને પડવું " ભાઇને તે દિવસે સટ્ટામાં રૂ. ૨૫૦૦નો ફાયદો થયો. અને થયું કે આવી માંગલીક તો સારી. બીજે દિવસે એકલો આવ્યો. જેની માંગલીક સાંભળી હતી તે મહાસતીજી હાજર ન હતા. બીજા મહાસતીજીઓને પૂછયું તો ખબર પડી કે એ તો પંચભાઈની પોળે ગોચરી ગયા છે. મોડા આવશે. એટલે એ ભાઇ ઉપાશ્રયના ઓટલે બેઠા. પોણા વાગે એ મહાસતીજી આવ્યા ત્યારે એ અંદર ગયો. મહાસતીજી પૂછે છે કે, કેમ ભાઈ! અત્યારે આવ્યા છો? શું કંઇ પ્રતિજ્ઞા લેવી છે, બ્રહ્મચર્યની બાધા લેવી છે કે પરિગ્રહની મર્યાદા કરવી છે? ત્યારે પેલો ભાઈ કહે છે કે મારે તો માંગલિક સાંભળી લેવી છે. મહાસતીજીએ કહ્યું કે ઉપાશ્રયમાં બીજા સતીજીઓ હતાં તો તમારે માંગલિક સાંભળવી હતી ને? તો કહે કે, મારે તો આપની માંગલિક સાંભળવી છે. કારણ શું? એ પછી કહીશ. માંગલિક કહી એટલે પેલા ભાઈ કહે છે. કાલે આપની માંગલિક સાંભળીને ગયો તો રૂ. ૨૫૦૦નો નફો થયો. આજે તો એકાવન હજાર મળવા જ જોઇએ. (હસાહસ) ભાઇ! માંગલિકમાં કાંઈ ફરક નથી. એમાં તમારૂં પ્રારબ્ધ કામ કરે છે. તે ભાઇ એજ માંગલિક સાંભળીને ગયા. ફરીને નફો ન મળ્યો, તો શું કહેવાના? માંગલિકમાં તો એવું કંઈ નથી. અમે તો માંગલિક સંભળાવતાં એ જ કહીએ છીએ કે તમે ગમે ત્યાં જાવ પણ આ ચાર શરણાં તમે સાથે ને સાથે રાખજો. પણ આજે માંગલિક સાંભળવાના ભાવ જુદા હોય છે. પણ ભલા, તમારા સટા માટે આ માંગલિક નથી. તમારી આ ભૂખ લઈને માંગલિક સાંભળતા નહિ.

આ શેઠ એમની ભાવનાનું ઝેર લઈને મહારાજ પાસે ગયા. શેઠ કહે છે, બાપજી! ઘણા પ્રયત્નો કરવા છતાં હું ક્રોડાધિપતિ બની શકયો નથી. તો તેનો ઉપાય ખરો! મહારાજ કહે છે કે ક્રોડપતિની ધ્વજા ફરકાવવા શું મહેનત કરે છે? આ સંસારનું સ્વરૂપ કેવું છે! તે તું સમજે છે? આ સંસારમાં તો <u>આજનો કરોડપતિ તે કાલનો રોડપતિ અને આજનો ચમરબંધી તે આવતી કાલનો ચિંથરેહાલ! આજનો શ્રી કૃષ્ણ તે કાલનો સુદામા</u> " આવા દ્વંદ્વો ચાલ્યા કરે છે. માટે તું ક્રોડપતિની ધ્વજા ફરકાવવાની મહેનત કર્યા કરતાં તારા આત્માની ધ્વજા ફરકાવ ને!

શેઠ પૂછે છે બાપજી! તમે આમ કેમ કહો છો? તો મહારાજ કહે છે શેઠ, આજથી સાતમા દિવસે તમારા ઘર ઉપર ભયંકર વિજળી પડવાની છે. શેઠ કહે- બાપજી, કાંઈ વાંધો નહિ. હું ઘર છોડી બીજે રહેવા જઇશ. મહારાજ કહે છે તું જે ઘરમાં રહેવા જઇશ ત્યાં વિજળી પડશે, અને તારા ઉપર જોખમ છે. આથી શેઠને ભય લાગ્યો કે મહારાજ કોઇ દિવસ બોલે નહિ અને બોલે તો ખોટું હોય નહિ.

સંતો પણ કદી બોલે નહિ અને બોલે તો તે જ્ઞાની જ બોલી શકે. તે પણ પાછળનું પરિણામ શું આવશે તેનું લક્ષ રાખીને જ બોલે.

હવે શેઠને મરણનો ભય લાગ્યો "મારા પર વિજળી પડશે અને હું મરી જઈશ.' ક્રોડપતિ બનવાનો કોચડો કરમાઇ ગયો. શેઠનું મોઢું ફિક્કું પડી ગયું. આંખમાંથી બોર બોર જેવડાં આંસુ સરે છે. ચિંતાતુર બની ગયા છે. ખાવું પણ ભાવતું નથી. શેઠાણી પૂછે છે કે, તમને શું થયું છે? આમ શા માટે રડો છો? ત્યારે શેઠ કહે છે, આજથી સાતમા દિવસે આપણા ઘર ઉપર વિજળી પડવાની છે અને હું મરી જઈશ. શેઠને પેઢી કે ઘર કાંઇ જ દેખાતું નથી. ફક્ત નજર સમક્ષ મૃત્યુના પડછાયા દેખાય છે.

આ વાત ધીમે ધીમે આખા ગામમાં ફેલાઈ ગઈ. શેઠનો મહોલ્લો પચાસ ઘરનો મોટો છે. મહોલ્લામાં વસતા માણસો વિચાર કરે છે કે શેઠના મકાન ઉપર વિજળી પડવાનીછે. પણ કદાચ ભવિષ્ય ભૂલે અને આપણા ઘર ઉપર પડે તો? સૌને મૃત્યુનો ડર લાગે છે. મહોલ્લાના બધા માણસો માલ-મત્તા લઇને સગેવહાલે જતાં રહયા. આખો મહોલ્લો ઉજ્જડ બની ગયો. ફક્ત શેઠનું એક જ ઘર ખુલ્લું છે. શેઠનું ઘર સૂનું-ભૂતિયા મહેલ જેવું દેખાવા લાગ્યું. આમ ને આમ ચાર દિવસ તો વીતી ગયા. શેઠને દુઃખનો પાર નથી.

બંધુઓ! હવે જોજો કે આ તમારો સાકર જેવો સંસાર કેવો મીઠો છે? ધીમે રહીને શેઠાણી કહે છે સ્વામીનાથ! બનવાનું છે તે બનવાનું છે. એમાં કોઇ મિથ્યા કરી શકે તેમ નથી. હું પણ આડા હાથ દઇ શકું તેમ નથી. આપ ઝુરો નહિં. રડો નહિ. જો આપ ખુશીથી રજા આપો તો આ બે બાળાને લઇને હું મારા પિયર જાઉં. જો બધા જ મરી જશે તો આ લક્ષ્મી કોણ ભોગવશે? આ શબ્દો સાંભળી શેઠને પગથી માથા સુધી કરંટ લાગ્યો. અહો? હું આ શું સાંભળી રહ્યો છું? આ કોણ બોલી રહ્યું છે? શેઠાણી! કંઇક તો વિચાર કરો. ચાર-ચાર દિવસથી હું ઝુર્યા કરૂં છું. આખો મહોલ્લો ખાલી થઇ ગયો છે. આખા ઘરમાં હું અને તમે સિવાય બીજું કોઈ નથી. આવા સમયે તમે પાસે હો તો મને હુંફ રહે. અને તમે કહો છો કે હું પિયર જાઉં! તો પછી મારૂં કોણ? શેઠાણી કહે છે શેઠ! આવા સગપણ આપણે ઘણાંજ બાંધ્યા અને મૂકવા માટે મને જવા દો.

શેઠ કહે છે ઠીક, કાળા કરીને કરોડ કમાયો, પાપ કરતાં પાછું વાળીને જોયું નહિ. જેના માટે ભેગું કર્યું તે તો જવા તૈયાર થઇ છે. અહીં આપણે એ સમજવાનું છે કે કર્મ તો જે કરે છે તેને જ ભોગવવા પડે છે. ભગવંતે કહ્યું છે કે "કત્તારમેવ અણુજાઈ કમ્મં" કર્મ કરનારની પાછળ જ જાય છે. શેઠ કહે-હું મુનીમને બોલાવું. જો તે મારી પાસે રહેવાની હા પાડે તો તમને જવાની રજા આપું. શેઠ ચિઠ્ઠી લખીને પેઢી ઉપર મોકલે છે. તેમાં લખ્યું છે કે-ચાર મુનીમમાંથી કોઈ પણ મુનીમ જો ત્રણ દિવસ માટે મારી પાસે રાત-દિવસ રહેશે તો હું તેને બબ્બે લાખ રૂપિયા આપીશ. મુનીમોએ ચિઠ્ઠી વાંચી અને જણાવ્યું કે શેઠજી! તમે આઠ લાખ રૂપિયા આપો

તો પણ આપની પાસે રહેવા આવવાની અમારી હિંમત નથી. કોઈ પણ નોકર રહેવા આવવાની હા પાડતો નથી, કારણ કે જીગરજાન શ્રીમતીજી જ્યારે પિયર પધારે છે તો પછી અમે મરવા શા માટે આવીએ?

મુનીમ કે નોકર કોઈ આવવાની હા પાડતા નથી ત્યારે શેઠ કહે છે કે, હવે શું કરવું? ત્યારે શેઠાણી કહે છે શેઠ! "તમે જીવો કે મરો, હું તો મારા પિયર જાઉં છું." (હસાહસ) શેઠને તો એવો ઝાટકો લાગ્યો કે આ શું? ખરેખર સંતના શબ્દો સાચા જ છે.

કોઇ કોઇનું નથી રે (૨) નાહકના મરીએ બધાં મથીમથી રે....કોઈ....

આ મારો દીકરો આ મારો બાપ છે, આ મારી પત્ની ને આ મારી માત છે,

મુઆની સંગાથે કોઈ જાતું નથી રે....કોઇ કોઇનું નથી રે ....

શેઠને તો આંખ કરતાં આંસુ મોટાં, દુઃખનો પાર નથી. ખૂબ ઝૂરેછે. ગામમાં શેઠનો એક મિત્ર રહે છે. તે સામો મળે ત્યારે બંને સામ-સામા જુહાર કરે–હાથ જોડે. આ સિવાય બીજો કાંઇ સંબંધ ન હતો. આ જુહાર મિત્ર ધર્મિષ્ઠ હતો. સુખમાં સાથે રહે અને દુઃખ વખતે ભાગી જાય એવો આ મિત્ર સ્વાર્થી ન હતો. તેને ખબર પડી કે મારા મિત્રની આ સ્થિતિ છે. પોતાની પત્નીની રજા લઇને તે શેઠની પાસે આવે છે. શેઠની સ્થિતિ જોઇને વિચારે છે, કે માણસને મૃત્યુનો ભય કેવો પાગલ બનાવે છે!

દુઃખ વખતે મિત્રને જોઇ શેઠ તેને ભેટી પડયા. અહો! મિત્ર, તું આવ્યો? શેઠ! સમય આવ્યે સહારો ન આપું તો મિત્ર શેનો? તમે હવે રડો મા, મૂંઝાશો નહિ. આ સંસાર જ એવો વિચિત્ર છે. આ બધા મોહ, રંગ ને રાગનાં નાટક છે. તેમાં "ઈમં ચ મે અત્થિ ઈમં ચ નત્થિ।" આ મારું છે. આ મારું નથી એવો મમત્વ ભાવ રાખો નહિ.

તમને કોણે કહ્યું કે વિજળી પડશે.! શા માટે આર્તધ્યાન કરો છો! ભાઇ! –ગુરૂદેવે કહ્યું છે કે તારા ઘર ઉપર વિજળી પડશે. અરે શેઠ! વિજળી પડવાની હતી તે પડી ગઈ. શેઠ કહે છે. કયાં પડી છે? તમારા ઘરમાં. પેલી વિજળી તો પડતાં પડશે પણ આ તમારી પત્ની તમને છોડીને પિયર ચાલી ગઈ છે. એ વિજળી નથી તો બીજું શું છે!

હવે તમને કાંઇ સમજાય છે કે આ સંસારમાં મારું કોઇ નથી. ધન કમાવવાની પાછળ કોઇ દિવસ સંતની વાણી સાંભળી નહિ. દાન કર્યું નહિ. બ્રહ્મચર્ય પાળ્યું નહિ, પણ અંતિમ સમયે જીવને શરણભૂત હોય તો તે એક ધર્મ જ છે.

ધર્મારાધના કરવાથી આપત્તિના પહાડો પણ ચાલ્યા જાય છે. માટે હવે ધર્મારાધનામાં લાગી જાય. હજુ બચવાની બારી છે. શેઠ અઠમ તપ લગાવીને બેસી ગયા. શેઠના મિત્રે એવું સચોટ સમજાવી દીધું કે મૃત્યુનો ભય ભૂલાવી દીધો. જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં આટલો જ ફરક છે.

ભલે હોય જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોઇ,
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોઇ.

જ્ઞાનીનો સમાગમ થાય તો જીવનનો પલટો થઈ જાય છે. બંધુઓ! મિત્ર શોધો તો આવો શોધજો કે ખરા વખતે કામ આવે. જ્ઞાનીને દુઃખ આવે અને અજ્ઞાનીને પણ દુઃખ આવે. પણ ફરક એટલો છે કે જ્ઞાની સમજણપૂર્વક-સમતા ભાવે કર્મને વેદે છે અને અજ્ઞાની હાયવોય કરીને વેદે છે. શેઠ તો ધ્યાનમાં લીન બની ગયા છે.

મિત્ર સમજાવે છે કે શેઠ! તમે તમારા ભાવમાં રહેજો. દેહ રૂપી પર્યાય પલટાય છે, આત્મા પલટાતો નથી. હે ચેતન! તું તારામાં જ મસ્ત રહેજે.

આઠ કર્મોમાં ચાર કર્મ ઘાતી છે અને ચાર અઘાતી છે. આજે માણસ ઘાતી ઉપર ઘા કરતો નથી. અઘાતી ઉપર ઘા કરે છે. ઘાતીથી ડરતા નથી. અઘાતીથી ડરે છે, પણ ભાઈ, અઘાતી કર્મને તોડવાની ખુદ કેવળીની પણ તાકાત નથી. સમુદ્‌ઘાત કરીને કેવળી સમસ્થિતિમાં કરે પણ તોડી શકે નહી. સહેજ વેદનીયનો ઉદય થાય ત્યાં દવાખાને દોડે. જો ન મટે તો અંબાજી અને ભવાની કરવા જાય. વેદનીય કર્મના બે ભેદ છે. શાતા-વેદનીય અને અશાતા વેદનીય. અશાતા કોઈને ગમતી નથી.

જીવને અનાદિથી સંસારમાં મુંઝવનાર હોય તો તે મોહનીય છે. મોહનીય કર્મના બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. ચારિત્ર મોહનીયની ૨૫ પ્રકૃતિ છે અને દર્શન મોહનીયની ત્રણ છે. સત્ય વસ્તુનું ભાન થવા ન દેનાર કોઈ હોય તો દર્શન મોહનીય છે. તેની ઉપર ઘા કરો. અઘાતી કર્મથી ડરો નહિ.

શેઠ પોતાનામાં સ્થિર થઈ ગયા છે. બબ્બે દિવસો કયાં પસાર થઈ ગયા તેની ખબર પડી નહિ. છેલ્લો દિવસ આવી ગયો. રાત પડી. લોકો ધાબા ઉપર ચડીને જોવા લાગ્યા. આ જીવને કયાં રસ છે, જો આ જગ્યાએ ધર્મજાગરણ કરવાનું હોય, એક સામાયિકનુ. માસખમણ કરાવવામાં આવે ત્યારે જગાડવા માટે કંઈક ટીખલ કરાવે. પણ અહીં કોઈને જગાડવા પ્રયત્ન કરવો પડતો નથી. રાત્રિના બાર વાગ્યા. ખૂબ વિજળી થવા લાગી. આ મિત્ર શેઠની પાસે આવ્યો છે. તેની પત્નીને લોકો સામેથી કહેવા લાગ્યા કે હાથે કરીને રંડાપો લેવા પતિને શા માટે જવા દીધો? હજુ પણ બોલાવી લાવો, વિજળી ખૂબ થાય છે. મિત્રની પત્ની ખૂબ ગંભીર હતી. કહે છે કે, ભાઈ, એક જીવને જો શાંતિ મળતી હોય, સમાધિ રહેતી હોય તો લાભનું જ કારણ છે. જે થવાનું છે તેમાં કાંઈ જ મિથ્યા થવાનું નથી. તમે કાંઈ જ ચિંતા ન કરો. ધર્મથી પાપ ચાલ્યું જાય છે.

વિજળી શેઠના મકાન ઉપર ઘુમરી ખાય છે. લોકો કહે છે કે, નક્કી મહારાજની વાત સાચી જ પડશે. કડાકા થાય છે પણ શેઠને કંઈ જ ખબર નથી. બરાબર રાત્રિના ત્રણ વાગે વિજળી પડી પણ કયાં પડી! શેઠના મકાનના છાપરાની છતનો વધારાનો ભાગ છે તેના ઉપર પડી અને તે ભાગ તૂટી ગયો. વિજળી પડવાથી મોટો ધડાકો થયો. એ ધડાકો કેવો મોટો થયો હશે? શેઠ તો પોતાના ઉપયોગમાં સ્થિર છે.

" વત્થુ સાહાવો ધમ્મો " વસ્તુનો જે સ્વભાવ છે તે જ તેનો ધર્મ છે. એનું ચિંતવન કરે છે. તેમને બહાર શું થાય છે તેની કંઇ જ ખબર નથી. કારણ કે આત્માની લગની લાગી ગઇ છે. હવે દેહની મમતા નથી રહી તેથી ઉપયોગ પોતામાં વર્તતો થયો. તમે એક કાઉસગ્ગ કરીને બેઠા હો પણ કયારે કોણ આવ્યું તેની પણ તમને ખબર હોય, કેમ ખરું ને? (હસાહસ) સંવત્સરીનો દિવસ હોય, તે દિવસે પ્રતિક્રમણમાં ભીડ હોય, કાઉસગ્ગ કર્યો હોય, અંધારે કોઈનું ઠેબું વાગી ગયું તો તમને કાઉસગ્ગમાં ખબર પડે કે નહિ ? જો પોતાના ઉપયોગમાં હો તો ખબર ન પડે.

સવાર પડતાં માણસો દોડી આવે છે. લોકો માને છે કે શેઠ અને તેમનો મિત્ર બંને બળીને ખાખ થઈ ગયાં હશે. પણ આવીને જુવે છે તો બંને ભક્તિમાં લીન છે. શું બન્યું તેની ખબર નથી. શેઠ જાગૃત બન્યા. આપત્તિ આવી પણ બચી ગયાં. શેઠ કહે છે મિત્ર ! ખરેખર ! તેં જ મને આપત્તિમાંથી ઉગાર્યો છે. ચાર ચાર દિવસ મેં આર્ત-ધ્યાન અને રૌદ્રધ્યાન કર્યું. તારા આવ્યા પછી ત્રણ દિવસ કયાં પસાર થઇ ગયા તેની ખબર ન પડી અને મને સમજાઇ ગયું કે આ સંસાર કેવો છે ? બંધુઓ ! હવે તમને લાગે છે ને કે આમાંથી સમજીને સરકી જવા જેવું છે.

શેઠની આંખ ખુલી ગઇ. હવે ક્રોડાધિપતિ બનવાની મમતા ન રહી. હવે તો એમ જ થયું કે આ બધું છોડવા જેવું છે. શેઠ પોતાના મિત્રને પાંચલાખ રૂપિયા આપે છે. મિત્ર લેવાની ના પાડે છે. શેઠ કહે છે મિત્ર ! જો તું ન મળ્યો હોત તો મારી કેવી દશા થાત ! ખૂબ આગ્રહ કરીને મિત્રને પૈસા આપે છે, બીજા પચાસ લાખ રૂપિયા શેઠ દાનમાં વાપરે છે. ત્યાં સ્વાર્થના સગા શેઠાણીને ખબર મળ્યા કે વિજળી પડી ગઇ અને શેઠ બચી ગયા. અને પચાસ લાખ રૂપિયાનું દાન કર્યું ! ત્યાં શેઠાણી દોડતા આવ્યાં અને કહેવા લાગ્યાં–સ્વામીનાથ ! હું નાની બાળ છું, બે બાળકો છે અને આમ પૈસા દાનમાં કેમ વાપરી નાખો છો ! તમે બચી ગયા એ તો મારી બાધા–આખડી ફળી, મારે ઘીની બાધા, ગોળની બાધા અને મિઠાઇની બાધા છે. મારા નાથ ! તમને ઉનો વા ય ન વાશો.... (હસાહસ).

શેઠ કહે છે શેઠાણી ! તમારે માટે હજુ મૂડી રાખી છે. તમને રઝળતા નહીં કરું, પણ હવે મને એ વાત સમજાઈ ગઈ કે આ સંસારમાં કોઇ કોઇનું નથી. સગા–સંબંધી બધા સ્વાર્થના છે. માટે હું હવે તમારા રંગ–રાગમાં ફસાઉં તેમ નથી.

શેઠને જ્યારે આવું બન્યું ત્યારે ભાન થયું કે ખરેખર ! જ્ઞાનીઓએ સંસારમાંથી સમજીને સરકી જવાનું કહ્યું છે તે શ્રેષ્ઠ છે, કારણ કે આવો માનવદેહ ફરી ફરીને નહિ મળે. જે માનવ દેહ માટે દેવો ઝંખના કરે છે ! ગુરૂ દેવે જે કહ્યું હતું તે આ રીતે શેઠને જગાડવા માટે જ.

દેવાનુપ્રિયો ! સાંભળો, તમારા કરતાં દેવો કેટલા સમૃદ્ધ છે ! હીરાથી, પન્નાથી એ શોભિત હોય છે, છતાં દેવભવ માનવ ભવ કરતાં ઉંચો નહિ કારણ કે વ્રત-નિયમ અહીં જ છે.

અહિંસા સંયમ અને તપ આ ત્રણ તત્વથી યુક્ત એવો ધર્મ એ સર્વ મંગલોમાં ઉત્કૃષ્ટ મંગલ છે. આ ધર્મ જેના હૈયામાં વસે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે.

" ધમ્મો મંગલ મુક્કિઠં, અહિંસા સંજમો તવો ।

દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો ॥ " દશ સૂ. અ.૧ ગા ૧.

કરોડપતિઓ આવીને મુનિને નમે એમાં મુનિએ કાંઇ ફુલી જવાની જરૂર નથી, કારણ કે લોકો માણસને નથી નમતા પણ એણે જે ત્યાગ કર્યો છે તેને નમે છે, અને દેવતાઓ નમન કરે છે તે કયા ભાવથી કરે છે ? એ માણસ સત્તાધીશ છે, એણે ઘણી ડીગ્રીઓ મેળવી છે અગર ઘણી પદવીઓ મેળવી છે એટલે નહિ, પણ એ જે નમન કરે છે એની પાછળ સદ્‌ભાવ છે. અહિંસા, સંયમ અને તપ આગળ દેવો ઝૂકે છે.

જે માણસ અહિંસક છે એની પ્રવૃત્તિ કેવી હોય ! એના જીવનથી, એની કરુણાથી કોઈને દુઃખ ન થાય, ક્યાંય એ હિંસાનું નિમિત્ત ન બને. તેવી જ રીતે મનમાં એમ વિચારે કે મારે કોઈનું અશુભ શા માટે ચિંતવવું જોઇએ ! અને બોલતી વખતે એવો વિચાર કરે કે મારી વાણી કડવી તો નથી ને ? મારી ભાષા નિર્દોષ અને મીઠી તો છે ને ! લોકો કારેલાનું શાક બનાવે છે તો પણ તેમાં થોડો ગોળ નાંખે છે. કડવાં ન લાગવા જોઈએ. તો વિચાર કરો. માણસની વાણીમાં કટુતા હોય તો સાંભળનારને કેટલું દુઃખ થાય ? એટલે સાચો અહિંસક મન-વચન-કાયા આ ત્રણે રીતે નિર્દોષ હોય છે.

બીજા નંબરમાં આવે છે સંયમ. આ પાંચે પાંચ અનિયંત્રિત ઈન્દ્રિયો રેસના ઘોડા જેવી છે. એ નિયંત્રિત હોય તો જ કાબૂમાં રહી શકે છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩મા અધ્યયનમાં કહ્યું છે કે—

" મણો સાહસીઓ ભીમો, દુઠ્ઠો પરિધાવઈ ।

તં સમ્મં તુ નિગિણ્હામિ, ધમ્મસિક્ખાઈ કન્થગં ॥ ઉ. સૂ. અ ૨૩ ગા-૫૮

મન એ સાહસિક દુષ્ટ ઘોડો છે. તેનો ધર્મ રૂપી શિક્ષાથી સમ્યક પ્રકારે નિગ્રહ કરવામાં આવે તો જ તે કાબૂમાં રહી શકે છે. પાંચ ઈન્દ્રિયો અને છઠા મન ઉપર સંયમ લાવી તેનો સુંદર રીતે ઉપયોગ કરવો જોઇએ. માણસ નક્કી કરે કે મારે મારી ઈન્દ્રિયોનો સારો ઉપયોગ કરવો છે તો એ સુંદર તત્વને પામી શકે. આંખથી ઉચ્ચ કક્ષાનું વાંચન કરી તત્વજ્ઞાનના ઉમદા ભાવો મનમાં વસાવી શકે.

કાન દ્વારા કોઈનીય ખરાબ વાત સાંભળવી ન ગમવી જોઈએ. કોઇનું ય ખરાબ સાંભળીએ એટલે આપણને એ વ્યક્તિ પ્રત્યે અભાવ થઈ જાય છે. અને એના પ્રત્યેનો સદ્‌ભાવ સામાન્ય રીતે નીકળી જાય છે, માટે કોઈની મલીન વાત સાંભળવી, એના કરતાં વીર પ્રભુની વાણી સાંભળવી, જીવનમાં પ્રેરણાદાયી કથાઓ સાંભળવી, મહાન પુરૂષોના જીવનમાં

બની ગયેલાં મહત્વના બનાવો સાંભળ્યા હોય તો મન એ ભાવોથી કેવું પવિત્ર બને છે! બરાબ વાતો ઘણી વખત આપણાં દિવસો અને રાત્રીઓ બગાડી નાંખે છે. જ્યારે સૂવા જતાં પહેલા સાંભળેલી કે વિચારેલી એક સારી વાત રાત્રીને સુંદર ભાવોથી ભરી દે છે.

જો ભગવાનના જીવન પ્રસંગોનું દરરોજ સૂતાં પહેલાં સ્મરણ કરતાં હો, ગુરૂને યાદ કરી તેમના ગુણોનું સ્મરણ કરી તમને સૂવાની ટેવ હશે તો સ્વપ્નો પણ તેવાં જ આવશે. તમને પણ એમ થવું જોઈએ કે આજે મને સ્વપ્નમાં ગુરૂનાં દર્શન થયાં. બરેબર હું એવું જીવન કયારે જીવીશ! એવાં સ્વપ્નો મેળવવા માટે સૂતાં પહેલાં પૂરી શાંતિ જોઈએ. કાનમાં સારા શબ્દોનું ગુંજન હોય, આંખમાં ચારિત્રવાન સંતોના દર્શન હોય અને પ્રાણોમાં પ્રભુતાની પરાગ હોય તેનું નામ સંયમ જીવન.

અહિંસા અને સંયમ પછી આવે છે તપ. કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો તપશ્ચર્યા જોઇએ. તપશ્ચર્યા એટલે માત્ર એકાસણું કે ઉપવાસ જ નહિ, બે કલાક પલાંઠી વાળીને એક આસને બેસવું એ પણ તપ છે. ક્ષમા રાખવી એ પણ તપ છે. "ક્ષમા તુલ્ય તપો નાસ્તિ" અને અનુકુળ પ્રતિકુળ સંયોગોમાં સમભાવ રાખવો એ પણ તપ છે. તમે નિર્ણય કર્યો કે હું આટલું ધ્યાન કરીને જ ઉઠીશ, એ સંકલ્પથી તમે જે કર્યું તેનું નામ અભ્યંતર તપ છે. તમારી કાયાનો ઉત્સર્ગ કરી સંકલ્પના બળથી એટલી વાર તમે એક આસન પર બેઠા તે આંતરિક તપ છે. જોનારને ખ્યાલ ન આવે કે આ માણસ તપ કરે છે પણ કરનારની સાધના ચાલુ છે એટલે એ અભ્યંતર તપ છે. દુનિયામાં જેટલા મહાન કાર્યો છે તે તપશ્ચર્યા વિના સિદ્ધ થઈ શકતા નથી.

આ અહિંસા, સંયમ અને તપ જેના હૃદયમાં હોય તેને દેવતાઓ પણ નમસ્કાર કરે છે. દુનિયામાં દેવો ઉત્તમ કહેવાય છે. પણ દેવોને મન આવો માણસ વધારે ઉત્તમ છે, કારણ કે આત્મસ્વરૂપની પિછાણ, આત્માનો વિકાસ, અને આ દેહ દ્વારા મોક્ષ જો કોઇ મેળવી શકે તેમ હોય તો તે માનવ જ છે.

બંધુઓ! આ શરીર એ કોઇ સામાન્ય ચીજ નથી. આ દેહથી મોક્ષ મળે છે. માટે દુનિયામાં આ માનવ દેહ જેવું બીજું એક પણ ઉત્તમ સાધન નથી, માટે જ્ઞાની કહે છે, આ શરીરનું રત્નના કરંડિયાની જેમ રક્ષણ કરજો. પણ માત્ર આત્મ સાધનાના લક્ષથી જ. મનમાં તમારું ધ્યેય નકી કરી લેજો કે મારે મૂકીને મુક્ત થવું એટલે મોક્ષ મેળવવા માટે મારે આ સંસારમાંથી સમજીને સરકી જવું જોઇએ. જીવ અજ્ઞાનથી આવૃત્ત છે એટલે સમજીને સરકતો નથી.

બંધુઓ! શેઠ જ્યાં સુધી સમજ્યાં ન હતાં ત્યાં સુધી તેમને ભમતા હતી, પણ જ્યાં તેમની આંખ ખુલી ત્યાં તે સમજીને સરકી ગયા. તમે પણ જો સમજ્યા હોય તો સરકવા માંડજો.

જે છ આત્માઓની વાત ચાલે છે તે આત્માઓ સંસારના ભયથી ત્રાસ પામીને, કામભોગોને છોડીને જિનેશ્વર પ્રભુનું શરણ કેવી રીતે અંગિકાર કરશે અને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

આજે બા. બ્ર. પૂ. મણીબાઈ મહાસતીજીની પુણ્યતિથિ છે. ખરેખર મહાન આત્માઓનાં જીવન જ એવાં હોય છે કે જે પોતે આ દુનિયામાંથી ચાલ્યા જવા છતાં બીજાને પ્રેરણા આપતા જાય છે. તે જ પ્રમાણે પૂ. મણીબાઇ મહાસતીજી આજે તેમના સંયમી જીવનની સુવાસ સૌને આપતાં ગયા છે. તેમનો જન્મ ૧૯૪૪ના વૈસાખસુદ ૧૧ના દિવસે માળીયા ગામમાં દશાશ્રીમાળી વણિક જ્ઞાતિમાં થયો હતો. બાલ્યાવસ્થામાંથી જ ધર્મના સંસ્કાર મળતાં પૂ. ઝીંઘીબાઇ મહાસતીજી પાસે માતા ને દિકરી બન્નેએ દીક્ષા લીધી. દીક્ષા લઇને પૂ. ગુરૂણીના ચરણ કમળમાં રહી આત્મ જાગૃતિમાં રહેતા ખૂબ જ્ઞાન પ્રાપ્ત કર્યું અને ભવ્ય જીવોને જીનેશ્વરના માર્ગનું ભાન કરાવ્યું. પૂ. મણીબાઇએ પોતાના સંયમી જીવનની સુવાસ ફેલાવી આત્મ-સાધના સાધી અનેક જીવોને તાર્યા. કે જે હાલ વર્તમાનમાં બિરાજમાન પૂ. બા. બ્ર. શ્રી જયાબાઈ મહાસતીજી, વિજયાબાઇ મહાસતીજી વિગેરે ઠાણાઓ વિદ્યમાન છે, તે બધો પ્રતાપ પૂ. મણીબાઇ મહાસતીજીનો છે. આમ સાડાઓગણપચાસ વર્ષ દીક્ષા પર્યાય પાળી ટંકારા ગામમાં ૨૦૦૬ ના જેઠ વદ આઠમના દિવસે સર્વ જીવોને ખમાવી આ મહાન સતીજીનો જીવન દિવડો સદાને માટે બૂઝાઈ ગયો. આજ સૌ કોઈ સારા પચ્ચખાણ લેશો તો જ પુણ્યતિથિની સાર્થકતા કહેવાશે.

વ્યાખ્યાન નં—૧૧

અષાડ વદ ૯ ને સોમવાર તા. ૨૭-૭-૭૦

શાસ્ત્રકાર ભગવંત ત્રિલોકીનાથ પ્રભુ મહાવીર સ્વામીએ ફરમાવેલ ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયનમાંથી ચૌદમા અધ્યયનમાં છ જીવોનું વર્ણન આવે છે. તે છ જીવો પૂર્વે કોણ હતા, કયાંથી આવ્યા છે અને કઇ નગરીમાં ઉત્પન્ન થયા છે, તેનું વર્ણન સિદ્ધાંતકારે કર્યું છે. તેમના નામ શું છે તે આગળની ગાથામાં આવશે. પણ તે જીવો કેવા હતા !

" નિવ્વિણ્ણ સંસાર ભયા જહાય, જિણિંદ મગ્ગં સરણું પવન્ના "

તે આત્માઓ પૂર્વભવમાં કરેલા દેવગતિને યોગ્ય શુભ કર્મોનો ભોગવટો કરીને શેષ બાકી રહેલાં કર્મોને ભોગવવા માટે જ્યાં જિનેશ્વર દેવ પ્રણીત ધર્મ નજીક હોય તેવા પ્રધાન-ઉત્તમ કુળને વિષે આવીને ઉત્પન્ન થયાં. ત્યાં પણ સંસારના ભયથી ત્રાસ પામ્યા;

કામભોગ છોડીને તે આત્માઓએ શ્રી જિનેશ્વરદેવના શાસનનું શરણ અંગીકાર કર્યું, કારણ કે પૂર્વે કરેલાં શુભ કર્મોના પ્રભાવથી ઉત્તમ કુળ અને તેને અનુકુળ સામગ્રીઓ તો મળી જાય છે, પણ જિનેશ્વર પ્રણીત ધર્મની પ્રાપ્તિ તો આત્માના ક્ષાયિક અને ક્ષયોપશમ ભાવથી જ પ્રાપ્ત થાય છે. તેથી તે આત્માઓ દ્રવ્યથી ભૌતિક સુખોથી યુક્ત અને ભાવથી આધ્યાત્મિક સુખોથી યુક્ત હતા.

બંધુઓ, તમે અમારાથી દૂર જઈને બેસો કે નજીક બેસો પણ એક વખત તો ભગવાન જિનેશ્વરના પ્રરૂપેલા ધર્મના શરણે તમારે આવવું જ પડશે. જેમ વ્યવહારમાં એક ઢોર જો તેના માલિકના ખીલડે હોય છે તો તેને તેનો માલિક મનમાન્યો ચારો ને ખાણ ખવડાવે છે, તેને પંપાળે છે, પણ જે ઢોર તેના માલિકના ખીલડાને છોડી ગમે ત્યાં રખડે છે તો તેને ડફણાં જ મળે છે, તેમ આપણે પણ જો ભગવાનની આજ્ઞાનો ખીલડો છોડીને મરજી મુજબ ફરીશું તો આપણે માટે પણ ચતુર્ગતિના દુઃખો રૂપી ડફણા તૈયાર છે. આ આત્માઓને ત્યાં વૈભવની કમીના ન હતી, છતાં ભગવાનનું શરણ શા માટે અંગીકાર કર્યું ? તેમને સંસારનો ભય લાગ્યો હતો.

સંસારમાં સુખ કરતાં દુઃખ વધારે છે. જેમ પૃથ્વીમાં જમીન કરતાં પાણી વધારે છે તેમ સંસારમાં સુખનો ભાગ થોડો છે ને દુઃખનો ભાગ વધારે છે. એ ગમે ત્યાંથી છાલક મારીને આવી જાય છે. એટલે સતત જાગૃતિમાં આપણે રહેવું જોઈએ અને વિચાર કરવો જોઈએ કે મને આ ભૌતિક સાધનો મળ્યા છે, બહારના વિપુલ પદાર્થો અને પ્રસિદ્ધિ પ્રાપ્ત થયાં છે, એ તો પૂર્વના પુણ્યોદયથી; પણ હવે મારે એ મય બનવું નથી, પણ તેનાથી અલિપ્ત રહેવું છે. ઉત્તરાધ્યયન સૂત્રનાં ૨૫ મા અધ્યયનમાં કહ્યું છે કે :-

"જહા પોમં જલે જાયં, નોવ લિપ્પઇ વારિણા।
એવં અલિત્તં કામેહિ, તં વયં બૂમ માહિણં ।।" ઉ. સૂ. અ. ૨૫ ગા. ૨૭

ભોગ અને વાસનાઓના ભોગવોથી જેટલા અલિપ્ત રહેશો તેટલા સંસારમાં તમે આનંદથી રહી શકશો. જેમ કમળ પાણીમાં ઉત્પન્ન થાય છે, છતાં તેનાથી અલિપ્ત રહે છે, તેમ તમે સંસારમાં રહો છો, વ્યવહાર ચલાવો છો, પણ બધું મારૂં નથી, એવી રીતે ઉદાસીન ભાવથી રહો. જો ઉદાસીન ભાવ કેળવ્યો હશે, તો કપરા સંયોગોમાં પણ તમારી સ્વસ્થતા ટકી શકશે.

તરંગો વગરના સ્થિર સરોવરના શાંત પાણી બિલોરીના કાચ જેવા પારદર્શક હોય છે. એના કિનારે જઇને તમે બેસો તો તેમાં તમારૂ પ્રતિબિંબ દેખાશે. તેમ મનમાં જ્યારે ભૌતિક સુખો મેળવવાના તરંગો શાંત થઈ જાય છે ત્યારે જીવન પણ બિલોરીના કાચ જેવું બની જશે, ત્યારે જે આનંદ અંદરથી આવે છે એ કોઈ અદ્ભૂત હોય છે.

તેની અનુભૂતિ થતાં માણસ મનમાં ને મનમાં મલકાય છે. શાંત તરંગ વિનાના સરોવર જેવી અવસ્થા માણસના ચિત્તમાં થાય છે ત્યારે જ અંદરનો મલકાટ આવે છે. એવી અવસ્થા પ્રાપ્ત કરવાને માટે પ્રયત્નપૂર્વક સતત જાગૃત રહેવું પડે છે. એક વખત સત્ય સ્વરૂપની પિછાણ થવી જોઈએ.

ઘણી વખત કેટલીક વસ્તુઓમાં તમને સુખ દેખાતું હોય પણ વાસ્તવિક સુખ તેમાં હોય જ નહિ. કેટલીક વસ્તુઓ એવી હોય છે કે જેમાં સુખ દેખાતું નથી, પણ હોય છે તો ખરું જ. એવી જ રીતે પ્રતિષ્ઠા અને પ્રસિદ્ધિ રૂપ પદાર્થમાં શાંતિનું દર્શન થાય, પણ અનુભવ કરવા જાય ત્યારે લાંબે વખતે જરૂર સમજાશે કે આમાં માત્ર દુઃખ જ છે.

બંધુઓ ! તમને સંસારનો ભય લાગવો જોઈએ. ભવનો ખેદ થવો જોઈએ કે હું આ સંસારના સ્વાર્થની સાંકળમાં જકડાઈને કાળાબજાર કરી કર્મોનું બંધન કરી રહ્યો છું, તો મારું શું થશે ? મારા ભવ કેવા જશે ? તમને ખેદ તો જરૂર થાય છે પણ કયાં ? તમે ઓફીસે ગયા અને તમારું ધાર્યું જો ન થયું તો ખેદ થાય છે. પુત્ર આજ્ઞા ન માને તો ખેદ થાય છે, પણ ભવનો ભય લાગવો જોઈએ " ભવભીરૂ બન્યા વિના ભવકટ્ટી ન થાય અને પાપભીરૂ બન્યા વિના પવિત્ર ન બનાય " એટલું તમે જરૂર સમજી લેજો. સંસાર પ્રત્યેનો ખેદ કર્મનું બંધન કરાવશે અને ભવનો ખેદ ભવનાં બંધનો તોડી નાખશે.

સુખ કોઈ ભૌતિક બાહ્ય પદાર્થ કે રંગરાગમાં નથી, પણ પ્રભુની આજ્ઞામાં જ સાચું સુખ છે. બત્રીસ આગમમાંથી તો બતાવો કે લક્ષ્મીદેવીના શરણે જવામાં કે પત્ની પુત્રના શરણે જવામાં શું સુખ છે ? બાહ્યદૃષ્ટિ નહીં છૂટે ત્યાં સુધી તમે સાચા સુખની મોજ માણી શકશો નહિ, પણ જ્યાં અંતર્દૃષ્ટિ ખુલી જશે પછી તો તમને આ દેહનો રાગ પણ છૂટી જશે. આ શરીર પણ એક સાધન છે. જેમ ઉપર ચઢવું હોય તો સીડી સાધન છે અને એ સાધન દ્વારા તમે ઉપર ચઢી ગયા. પણ જો સીડીને છોડો નહિ તો તમને કોઇ મૂર્ખ કહેશે અને કહેશે કે ભાઇ ! તું ઉપર ચઢી ગયો, હવે સીડીનો મોહ શા માટે રાખે છે ! હવે છોડી દે. તેમ સાધનાની સીડી ઉપર જો તમારે જવું હોય, મોક્ષની મંઝીલે પહોંચવું હોય તો તમારે દેહનો રાગ પણ છોડવો પડશે.

આવતી કાલથી ઉપવાસની પચરંગી કરાવવાની છે. તેની જાહેરાત કરવામાં આવે છે ત્યારે કેટલાક એમ કહે છે કે શું કરીએ. ! પંચરંગી તો કરવી છે પણ ભૂખ લાગે છે. જ્ઞાની પુરૂષો તો કહે છે કેઃ—

" તન દુર્બલ હોને કે ભય સે, તૂંને તપ-વ્રત કીયા નહિ,
સામાયિક એકાસન કર કે, શુદ્ધ ભાવ રસ પિયા નહિ,
પુષ્ટ બનાયા જિસે રાત-દિન, પિલા ખિલા કર ભોજન પાન,
વહ શરીર ભી તુઝે છોડ કર, હો જાતા હૈ નષ્ટ નાદાન. "

શરીર સૂકાઇ જવાના ભયથી તપ કરતા નથી પણ વિચાર કરજો કે આ શરીર તપથી જ સૂકાય છે એમ નથી. શરીર અનેક પ્રકારે સૂકાય છે. ચિંતાથી શરીર સૂકાય છે. ટી. બી. આદિ રોગોથી પણ શરીર સૂકાય છે. કદાચ ન સૂકાય તો પણ એક દિવસ તો તેને છોડવાનું જ છે. તેના કરતાં સમજીને તેનો મોહ છોડવામાં મઝા છે.

તમે પચરંગી પાઘડી પહેરીને, વરના બાપ બનીને દિકરાને પરણાવવા ગયા હતા, ત્યાં તો તમારો આનંદ કોઇ ઓર હતો, પણ એ આનંદ તમારો ખંખેરાઇ જશે. જો તમે આ ઉપવાસની પચરંગીરૂપ પાઘડી પહેરશો તો ભગવાનના દરબારમાં તમને સ્થાન મળશે. પચરંગી કરવાના ભાવ છે પણ વસમું લાગે તો ? ભાઈ, હું તમને એક વાત પૂછું છું કે તમે વરરાજા બનીને પરણવા ગયા. માયાના માયરામાં બેઠા, ત્યારે તમને એવો વિચાર આવ્યો હતો કે હું હવે ચાર પગવાળો થઈશ, પછી દિકરાનો બાપ બનીશ. ત્યારે આ સંસારની ધુંસરી ઉપાડી શકીશ કે નહિ ? પત્ની સાથે બનશે કે નહિ ? જીવનમાં સુખ-દુઃખના વાયરા વાશે ત્યારે કડવા ઘુંટડા પીને મારી આબરૂ સાચવી શકીશ કે નહિ ? તે વખતે જરાય શંકા પણ થતી નથી. અને ચારિત્રની વાત આવે છે ત્યારે રંજી પેંજી બનીને કંગાલતા બતાવો છો ! આત્માનો પ્રબળ પુરૂષાર્થ ઉપાડશો તો આત્મિક શક્તિઓનો ઉઘાડ થઈ જશે. તમારા રાજકોટમાં કેવા મહાન પુરૂષો હતા ! તેમની શક્તિનો તમને ખ્યાલ છે ને ?

પૂ. ડુંગરશી મહારાજ થઈ ગયા. એ તો મહાન જ્ઞાની અને સમર્થ હતા પણ તેમના શિષ્ય એક ડાહ્યાલાલજી મહારાજ હતા. જેવા નામ તેવા ગુણ તેમનામાં હતા. તેમની પ્રશંસા ચારે તરફ ખૂબ થવા લાગી. પૂ. અજરામરજી મહારાજે તેમની પ્રશંસા સાંભળી. ત્યારે તેમને શંકા થઈ કે તેમના ગુરૂ તો મહાન છે, પણ શું એમનો શિષ્ય એવો વિદ્વાન હશે ! પૂ. અજરામરજી મહારાજ વિહાર કરીને ડુંગરશી મહારાજની પાસે આવ્યા અને કહે છે, જો આપની આજ્ઞા હોય તો મારે આપના શિષ્યની પરીક્ષા કરવી છે. ત્યાં ગુરૂનું હૈયું હરખાઇ ગયું કે મારા શિષ્યમાં કેટલી પાત્રતા છે, લાયકાત છે, તો મહારગામથી સંત તેની પરીક્ષા લેવા આવ્યા. આ જગ્યાએ તમારી કોઈ પરીક્ષા લેવા આવે તો હરખ થાય કે ખેદ થાય ? એનું માપ તમે જ કાઢી લેજો કે, મારી એટલી તૈયારી છે કે નહિ ?

ડુંગરશી મહારાજ કહે છે, ખુશીથી તમે મારા શિષ્યની પરીક્ષા કરી શકો છો. વ્યાખ્યાનમાં જતી વખતે ડાહ્યાલાલજી મહારાજને બોલાવ્યા અને ૫-૨૫ શ્લોક નહિ પરંતુ ૫૦૦ શ્લોક પૂ. અજરામરજી મહારાજે આપ્યાં અને કહ્યું : તમે આટલાં શ્લોક તૈયાર કરી દેજો. આજ્ઞા આપીને એ તો વ્યાખ્યાનમાં ચાલ્યા ગયા. ગૌચરી-પાણીથી પરવાર્યા. બપોરે વાંચણીનો સમય થયો, ત્યારે કહે છે પેલા શ્લોકો બોલી જાવ...ત્યાં ડાહ્યાલાલજી મહારાજ ૫૦૦ શ્લોકો કડકડાટ બોલી ગયા.

તમને કહેવામાં આવે કે શ્રાવકજી, પ્રતિક્રમણ આવડે છે ! તો શું કહો છો ? મહારાજ ! હવે "પાકી કોઠીએ કાંઠા ન ચડે." એ તો માટી છે એટલે કાંઠા ન ચડે પણ તમે તો પંચેન્દ્રિય છો ને ! તમારે વેપાર કરવો હોય, બેંકના ખાતા ભરવાના હોય, આદિ કામેમાં કોઇ દિવસ કહો છો કે પાકી કોઠીએ કાંઠા ન ચડે. કંઈક શ્રાવકો મોટી ઉંમરે પણ શાસ્ત્ર ભણે છે. જીવની જિજ્ઞાસા જાગવી જોઈએ. વધુ ન આવડે તો ઓછામાં ઓછું સામાયિક અને પ્રતિક્રમણ તો તમને અવશ્ય આવડવું જ જોઈએ. આ ડાહ્યાલાલજી મહારાજ ૫૦૦ શ્લોક કડકડાટ બોલી ગયા. આ જોઈ અજરામરજી મહારાજ સ્થિર થઈ ગયા. અહો ! જેવા ગુરૂ છે તેવોજ તેમનો શિષ્ય છે. જેમ તમને કમાઉ દિકરો વહાલો લાગે છે તેમ શાસનની વૃદ્ધિ કરે તેવો વિનયવંત શિષ્ય પણ ગુરૂને વહાલો હોય છે.

જ્ઞાન ગોખવાથી આવડતું નથી, શરીર ઘુણાવીને ગમે તેટલું ગોખવાથી જે જ્ઞાન મળતું નથી તે વડીલોનો વિનય કરવાથી તથા તેમની આજ્ઞાનું પાલન કરવાથી મળે છે.

ભરૂચમાં એક બાપ-દિકરો, સાસુ અને વહુ એમ ચાર માણસનું કુટુંબ હતું.અને ચારેયને એવો નિયમ હતો કે દરેક આઠમ પાખીના દિવસે બાપ દિકરાએ એકાસણું કરવું અને સાસુ વહુએ ઉપવાસ કરવો. આઠમ પાખીના દિવસે ચાર વાગે દુકાન બંધ કરી દેવાની. ઘરાક હોય તો મુનીમને સોંપી દે પણ પોતે દુકાનમાં ન રહે. ઘરે આવીને બે સામાયિક કરે. આ ચારે જણ સવારે વ્યાખ્યાનમાં શું સાંભળ્યું હતું, ગુરૂદેવે કયા ભાવોનું નિરૂપણ કર્યું હતું તે વિષયમાં ચર્ચા કરે. ગ્રહણ કરવા યોગ્ય વાતને ગ્રહણ કરે. પછી પ્રતિક્રમણ કરે. આ રીતે તેમનો કાર્યક્રમ હતો.

એક દિવસ એવું બન્યું કે ઘરમાં ઘણું સાફ કરવાના હતા, એટલે સાસુ વહુ બંને ચર્ચા કરવા જઇ શકયા નહિ. બાપ દિકરો ઉપર ચર્ચા કરે છે. નીચે અવાજ આવે છે. અડધો કલાક તો અવાજ આવ્યો, પછી અવાજ આવતો બંધ થઈ ગયો. ત્યારે વહુ કહે છે બા ! ઉપરથી અવાજ આવતો બંધ થઈ ગયો. બંને કેમ મૌન થઈ ગયા હશે ? સાસુ કહે છે ધ્યાનમાં હશે. વહુ કહે છે તમે ઉપર જઇને તપાસ કરો. આમ કેમ બન્યું છે ? સાસુજી ઉપર ગયાં, જઇને જુવે છે તો બાપ-દિકરો બંને બેભાન થઈને પડયા છે.

સાસુ વહુને ઉપર બોલાવે છે. બંનેને શું થયું ? ઝેર ચઢયું હોય તેમ લાગે છે, સામાયિક પૂરી થઈ હશે કે નહિ ? સાસુ તો રડવા લાગ્યા. વહુ ડાહી ને સમજણી હતી. કહે છે બા ! તમે રડશો નહિ. બીજું કાંઈજ નથી. કંઈ ખાવામાં આવ્યું લાગે છે, ભગવાનના શરણે જવાથી જન્મ-જરા ને મરણના ભયંકર ઝેર ઉતરી જાય છે. તો પછી આ ઝેર કેમ ન ઉતરે ? તમે મારા સસરાજીનું માથું બોળામાં લો અને હું તમારા દિકરાનું માથું બોળામાં લઉં. અને તમને ભકતામર સ્તોત્ર આવડે છે, આપણે બંને એનો શ્લોક બોલીએ.

રક્તેક્ષણં સમદ કોકિલ કન્ઠનીલં ।
ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણ મા પતન્તમ્ ॥
આક્રામતિ ક્રમયુગેન નિરસ્ત શંક ।
સ્ત્વન્નામ નાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥ ભક્તામર ગા. ૪૧

ગમે તેવો સર્પદંશ થયો હોય કે ઝેર ચઢયાં હોય તો ભક્તામરસ્તોત્રથી ઉતરી જાય છે, પણ તેમાં શ્રદ્ધા હોવી જોઇએ. સાસુ ને વહુ બંને એકાગ્ર ચિતે શ્લોક બોલી રહ્યાં છે. જ્યાં એકવીસ વખત શ્લોક બોલ્યા ત્યાં વહુના ખોળામાં રહેલા તેના પતિને વોમીટ થવા લાગી. પેટમાંથી બધું ઝેર નીકળી ગયું અને તે બેઠો થઇ ગયો, પણ સસરાનું ઝેર ઉતરતું નથી. ત્યારે સાસુજી કહે છે બેટા ! મારા દિકરાનું ઝેર ઉતરી ગયું અને તમારા સસરાને કેમ ઉતરતું નથી ? શ્લોક તો હું અને તું બંને સાથે જ બોલ્યા. વહુ કહે છે ના ! એ વાત પછી કહીશ. પણ હમણાં તમે મારા બાપુજીનું માથું મારા ખોળામાં મૂકી દો. એ ભલે મારા સસરા છે પણ મારે મન મારા પિતાજી છે. વળી તમે પણ પાસે જ બેઠાં છો.

સસરાનું માથું ખોળામાં લઇ ફરીને ભક્તામર સ્તોત્રનો શ્લોક બોલે છે. જ્યાં સાત વખત વહુ બોલી ત્યાં સસરાજીને વોમીટ શરૂ થઇ ગઈ અને જ્યાં બીજી સાત વખત બોલ્યા ત્યાં ભાન આવ્યું અને ત્રીજી સાત વખત બોલ્યા ત્યાં તો સસરાજી બેઠા થઇ ગયા. વહુના ખોળામાં માથું જોઈ પૂછે છે બેટા ! તમારા ખોળામાં મારું માથું કેમ ? વહુ કહે છે પિતાજી ! આપની આવી સ્થિતિ હતી. આવા સમયે તો આપ પિતા સમાન છો. બંને બાપ-દિકરો શુદ્ધિમાં આવ્યા અને પૂછે છે તમને શું થયું ? તો બંને કહે છે કે આજે જમ્યા-ન જમ્યા અને અમને કંઈક થઇ જવા લાગ્યું. શું થાય છે તે ખબર ન પડી. અમને લાગ્યું કે ગરમી સખ્ત છે માટે આમ થતું હશે. વહુ કહે છે, બાવામાં જ કંઈક થયું હોવું જોઇએ.

તે દિવસે કામ કરનારી બાઈ આવી ન હતી. તપાસ કરી જોયું તો દાળની તપેલીમાં નાનું ગરોળીનું બચ્ચું જોયું. એનું જ ઝેર ચઢયું છે. બહેનો ! અયત્નાથી કામ કરવામાં કેટલું નુકશાન થાય છે. ભલે ધર્મધ્યાન ઓછું થાય તો ખેર, પણ તમે ઘરનું કામ કરવામાં ખૂબ ઉપયોગ રાખજો.

હવે સાસુ પૂછે છે બેટા ! તારો અને મારો શ્લોક એક સરખો હોવા છતાં તમેઝેર ઉતારી શકયા અને મારાથી કેમ ન ઉતર્યું ! વહુ કહે છે બા ! હું કહેવાને લાયક નથી, આપ પૂછો છો તો કહું છું બા ! તમને પહેલાં ભક્તામર સ્તોત્ર આવડતું ન હતું. હું દરરોજ બોલું છે તે સાંભળતા સાંભળતા આપને આવડી ગયું એટલે આપે ગુરૂ સમીપે તે જ્ઞાન લીધું નથી. અને હું મારા ગુરૂ પાસે વિનયપૂર્વક શીખી છું. દરરોજ

ગુરૂને વંદન કરી શાતા પૂછીને હું, શ્લોક લેતી હતી. ગુરુના મુખેથી તેનો અર્થ અને પરમાર્થ સાંભળીને હૃદયમાં ધારણ કરેલ છે. એટલે હું જ્યારે સ્તોત્ર બોલું અને મને અંદરથી જે ભાવ આવે તે આપને નહિ આવે. મારામાં ને તમારામાં આ જ ફરક છે. સાસુ કહે છે બેટા! ભલે તમે વહુ છો પણ હવે હું દરરોજ તમને વંદણા કરીને વિનયપૂર્વક શ્લોક શીખીશ. તું ગુરૂ અને હું શિષ્ય. જ્ઞાન મેળવતી વખતે આવો વિનય જોઈએ. ભોલા બહેનો! તમે આ રીતે કરો ખરા ને? સાસુજી વિનયપૂર્વક ભક્તામર અર્થ સહિત વહુ પાસેથી શીખી ગયા. કહેવાનો આશય એ છે કે વિનય કરીને લીધેલું જ્ઞાન ટકે છે અને ફળદાયી નીવડે છે. માટે આપ સ્વારે દરરોજ પ્રાર્થના થાય છે તેમાં જરુર આવવાનું રાખશો.

વ્યાખ્યાન નં–૧૨

અષાઢ વદ ૧૦ને મંગળવાર તા. ૨૮–૭–૭૦

ત્રિલોકીનાથ શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના કલ્યાણને માટે શાશ્વત માર્ગ બતાવેલ છે. જ્ઞાની ભગવંતના મુખમાંથી વાણીનાં જે ફુલડાં ઝર્યાં છે તેને ગણધર પુરૂષોએ માળા રૂપે ગુંથી લીધા છે. ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીસ અધ્યયનમાં ચૌદમા અધ્યયનનો છ જીવોનો અધિકાર ચાલે છે.

તે આત્માઓ પોતે કરેલાં કર્મોને દેવભવમાં ભોગવીને જે શેષ કર્મો બાકી રહી ગયા છે તેને ભોગવવા માટે ઉત્તમ કુળમાં જન્મ પામ્યા છે.

કર્મ શબ્દ એક છે પણ તેના બે વિભાગ છે. એક શુભ અને બીજો અશુભ. પુણ્યના ફળો શુભ હોય છે અને પાપના ફળો અશુભ હોય છે. પુણ્યથી જીવને અનુકુળ સામગ્રી મળે છે. જીવ જ્યારે આવે છે ત્યારે તે એકલો જ આવે છે. ફક્ત તેના શુભાશુભ કર્મો જ તેની સાથે હોય છે. તમે કદાચ એ વાતને નહિ માનો પણ બંધુઓ, સાંભળો. જીવ આવે છે એકલો પણ અહીં જન્મ પામ્યા પછી કોઇકને વિશાળ કુટુંબ હોય છે, ખમ્મા ખમ્મા થતી હોય છે જ્યારે કોઇને કોઈ જ હોતું નથી. આ એકપણું અને અનેકપણું! આ બધી કોની લીલા છે!

પૂર્વ જન્મમાં આત્માએ જે પુણ્ય કર્યું તે જ પ્રમાણે આ જન્મમાં ગોઠવણી થાય છે. આ સૂક્ષ્મ ગુંથણીમાં કોઇની બુદ્ધિ કામ કરતી નથી. આત્મા એક ભવમાંથી બીજા ભવમાં જાય છે ત્યારે તેની સાથે કોણ આવે છે? એક કર્મ નામની સત્તા. કર્મ

એક છે પણ તેનાં પુણ્ય અને પાપરૂપથી બે ભેદ પડયાં છે. જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જાય છે ત્યારે પુણ્ય ને પાપ તેનાં ભોમિયાં–સાથી બને છે.

દેવાનુપ્રિયો! તમે જેના ઉપર મમત્વ રાખીને મારા મારા કરો છો તે સગાં–સ્નેહીઓ પણ તમારી સાથે આવવાનાં નથી.

" મૃત્યુ સમય પર પ્યારી નારી, ઘરમેં રોતી રહ જાતી,
માતા ભમતા મયી દ્વાર તક, જાતી હૈ ધુનતી છાતી,
મિત્ર કુટુંબી શ્મશાનસે, આગે જાતે નહિ અરે,
યહ તન જી તો જલ જાએગા, તુઝે અકેલા જાના રે."

જેને તમે મારાં માન્યા તે પણ સાથે નહિ આવે અને જેને તમે તમારા દુશ્મન માન્યા તે પણ સાથે નહિ આવે. વહાલા અને વૈરી બધાય અહીં જ રહી જવાના છે પણ એ નિમિત્તો કરેલાં પાપ અને પુણ્ય જ સાથે આવશે.

સંસારની સાઇડ તમે તપાસો કે તમારો સંસાર કેવો છે? જે બાપ, દિકરા માટે મહેનત કરી પૈસા ભેગા કરી મૂકીને જાય છે, એ દિકરાની બાપને પ્રેમ કરવાની રીત કેવી વિપરીત છે! બાપને અગ્નિ સંસ્કાર દિકરો જ કરે. જે બાપે દિકરાનું પાલન–પોષણ કર્યું, ભણાવી ગણાવી મોટો કર્યો એ જ દિકરાને બાળવાનો હક મળે. બંધુઓ! આ તમારા સંસારનો પ્રેમ આગ લગાડવાનો જ ને! બંધુઓ, વિચાર કરો. એ દિકરો બાપને અગ્નિ સંસ્કાર કરવા જાય છે, તે જ વખતે ધૂમ પવન નીકળ્યો. તે વખતે દિકરો પોતાનું ધોતિયું સંકોરે છે. કોઈ પૂછે ભાઈ! આમ શા માટે કરો છો? તો દિકરો કહેશે કે જો મારું ધોતિયું ન સંકોરૂં તો હું પણ ભેગો બળી જાઉં ને? પોતાનું એક કપડું પણ બળે નહિ તે પોતાને સાચવીને બાપને અંગુઠે અગ્નિ ચાંપે છે. જેટલાં સગાં આગ લગાડે છે તેટલા દૂરના નથી લગાડતાં. શોક અને સંતાપ બધું નજીકનાથી ઉભું થાય છે. લોકો જેને સ્નેહ કહે છે તેમાંથી જ દુઃખનો દાવાનળ ઉભો થાય છે.

આ જગતમાં જે કંઇ અવનવું દેખાય છે તે પાપ અને પુણ્યનાં ખેલ છે. અને તેને લીધે જીવને સુખ અને દુઃખનો યોગ થાય છે. જે વસ્તુની કલ્પના પણ ન હોય તેની પ્રાપ્તિ થાય છે. અને જે પ્રાપ્ત થયેલું હોય છે તેનો વિયોગ થાય છે. પુણ્યને લીધે અનુકુળ સંયોગો મળે ત્યારે તમે નમ્ર બનજો અને પાપને લીધે પ્રતિકુળ સંયોગો મળે ત્યારે તેમાં સમભાવ રાખજો. પ્રતિકુળમાં તમે અનુકુળ બની જશો તો પ્રતિકુળતા આપમેળે ચાલી જશે.

આજે દુનિયામાં દરેકને સુખ જ ગમે છે. દુઃખ ગમતું નથી. સુખ અનુકુળ લાગે છે અને દુઃખ પ્રતિકુળ લાગે છે. પણ સુખ અને દુઃખ પોતાના કર્મોથી જ પ્રાપ્ત થાય છે. બંને સમભાવે ભોગવી લઇએ તો જ મુક્તિ થાય. એક કવિએ કહ્યું છે કે જેમ

પગમાં દોરીની ગૂંચ પડી ગઇ હોય તો તે વખતે કૂદાકૂદ કરવાથી તો ગૂંચ વધુ પડે છે, પણ શાંતિથી જો ઉકેલવામાં આવે તો ઉકેલી જાય છે, તેમ આપણા કર્મને લીધે જે ગૂંચ પડી ગઈ છે તેને ઉકેલવા માટે શાંતિ, સમભાવ, ધ્યાન, મૌન અને સ્વાધ્યાય કરવાને બદલે ધાંધલ અને ધમાલ કરવા માંડીએ તો એ કર્મનો કોયડો કઈ રીતે ઉકેલી શકાય?

કરમનો કોયડો અલબેલો, એજી એને પામવો નથી સહેલો,
કરમનો કોયડો અલબેલો.
ચંદન બાળા રાજકુમારી, ધરમ જેને વરેલો,
કંચન કાયા એની ચૌટે વેચાણી, કરમે પીછો કરેલો....
કરમનો કોયડો અલબેલો....

ચંદનબાળા જેવી સતી જે રાજકુમારી હતી, છતાં એને કર્મોનો ઉદય થયો. એને ચૌટે વેચાવું પડ્યું. મૂળા શેઠાણીએ તેને કેવાં દુઃખો આપ્યાં. અને તે સમયે સતી ચંદનબાળાએ કેવી સમતા રાખી, આ વાત તો તમે સૌ જાણો છો ને? પ્રતિકુળતામાં પણ અનુકુળ બની ગયા, તો મોક્ષના મોતી બની ગયા. કર્મોદય સમયે જો આર્તધ્યાન થાય તો દુઃખમાં વધારો થાય અને જો ધર્મધ્યાન કરવામાં આવે તો જુનાં કર્મો ખપી જાય અને દુઃખના વાદળ ખસી જતાં સુખનો સૂરજ ઉગવાનો જ છે. તત્ત્વ કોને સમજાય! જે કોઇ કર્મના સ્વરૂપને સમજ્યાં છે તેને. એ તો પોતાના આત્માને આવું જ પૂછે કે શું આ નિમિત્તોમાં એટલી તાકાત છે કે તેઓ દુઃખ આપી શકે? દુઃખ તને કોણ આપે છે! નિમિત્તો નહિ પણ તારા પૂર્વ જન્મનું દેવું દે છે.

સાધુને ભાવિક શ્રાવકો વંદન કરે પણ જો રસ્તામાં કોઈ મગજનો ચસકેલો મળે તો ગાળ દે. તે વખતે સંત શો વિચાર કરે? એણે મને ગાળ કેમ દીધી? તુંકારો કેમ કર્યો? એવો વિચાર ન કરે પણ એવો વિચાર કરે કે આ તો બિચારો પાગલ છે, અજ્ઞાન છે, એના કર્મનો ઉદય છે. એના નિમિત્તો મારે આવું સાંભળવાનો ઉદય છે. એક જીવ કર્મનું બંધન કરે છે ત્યારે બીજો સમતાભાવથી કર્મને તોડે છે.

ઇન્દ્રો ભગવાનને વંદન–નમસ્કાર કરે છે ત્યારે સંગમદેવ ભગવાનને ઉપસર્ગો આપે છે. એક ઉપાસના કરે છે, બીજો ઉપહાસ કરે છે. એ બેની વચ્ચે સમતુલા રાખવી એ જ જીવનની ઉમદા તક છે. આ સમજણ જેટલી જેટલી જીવનમાં ઉતરતી જાય છે તેટલા જન્મો સુધરતાં જાય. અને દેવાની વસૂલાત થાય. દેવું ચૂકવાઇ જશે તો લેણીયાતો લેવા નહિ આવે. આ બાબતમાં શાંતિથી જીવે વિચારવાનું છે કે મેં જે કર્મો બાંધ્યા છે એનું પરિણામ પુણ્ય ને પાપ છે. એમાં સમતુલા રાખવા સદા જાગૃત રહેવું જોઈએ.

વીતરાગ પાસે ચક્રવર્તીને ન હોય એવી સિદ્ધિઓ હોય છે અને યોગીઓ પાસે ન હોય તેવી ત્યાગવૃત્તિ હોય છે,

આજે તમારી લક્ષ્મી અને વૈભવો તમને દેવ, ગુરૂ અને ધર્મની નજીક લાવવાને બદલે દૂર લઈ જાય છે. સાચી શ્રીમંતાઇ કોને કહેવાય ? જેમ જેમ ધન વૈભવો વધે, જેમ જેમ સગવડતા મળે તેમ તેમ દેવ, ગુરૂ અને ધર્મની નજીક તમને લઇ જાય તે જ ખરી શ્રીમંતાઈ છે.

દેવાનુપ્રિયો ! આ જીવે અજ્ઞાનને વશ થઇ કેટલાં કર્મો બાંધ્યાં ? હવે આવું વીતરાગ શાસન પામ્યા પછી કંઈક તો સમજો. જે ભૂલો કરી તે કરી પણ હવે ફરીને ભૂલ ન થાય તેને માટે ખૂબ સાવચેત રહેવાનું છે. કદાચ અજાણ પણે ભૂલ થઈ જાય તો તેનો ખૂબ પશ્ચાત્તાપ થવો જોઇએ કે હવે ફરીને મારાથી કદી આવી ભૂલ ન થાય.

એક વખત ચાર છોકરાઓ જુગાર રમી રહ્યા હતાં. તેમાંથી એક પ્રધાનનો પુત્ર હતો. બીજો પુરોહિતનો દિકરો હતો. ત્રીજો મુસલમાનનો દિકરો હતો અને ચોથો કોળીનો દીકરો હતો. આ ચારે જણને જુગાર રમતાં પોલીસ જોઈ ગયો. એટલે તેઓને પોલીસે પકડી લીધા. અને રાજાની પાસે લાવ્યા. હવે ચારેય જણાં જુગાર તો રમ્યા હતા. ગુન્હો ચારેયનો સરખો હતો, છતાં રાજાનો દંડ ચારેયને માટે જુદો હતો. દરેકની શિક્ષામાં ફરક હતો.

પ્રધાનના દિકરાને રાજાએ કહ્યું: ભાઇ ! તું કોનો દિકરો છે ? આવા લોકોની સાથે તું જુગાર રમ્યો ? આ તને શોભે છે ? બસ રાજાએ આટલું જ કહ્યું ત્યાં પ્રધાન પુત્ર શરમાઈ ગયો. અને ફરીને જુગાર નહિ રમવાની પ્રતિજ્ઞા લીધી. એટલે રાજા કહે છે, બસ તું હવે ઘર ભેગો થઈ જા.

બીજો પુરોહિતનો પુત્ર હતો. તેને રાજાએ કહ્યું: તું બ્રાહ્મણ-કુળમાં ઉત્પન્ન થઈ આવા નીચ લોકોની સાથે જુગાર રમ્યો ? તારા પિતા કોણ છે ? જુગાર રમવાથી કેટલા અનર્થો થાય છે ? એ તને ખબર નથી ! ચરમ શરીરી-મોક્ષગામી જીવો જે પાંડવો દુર્યોધન સાથે જુગાર રમ્યાં તેનું શું પરિણામ આવ્યું ? જુગારમાં સતી દ્રૌપદીને હોડમાં મૂકતાં પણ અચકાયા નહિ. અને હારી ગયાં. અને બાર બાર વર્ષ વનવાસ ભોગવવો પડયો. આ સાંભળી પુરોહિતના પુત્રને પણ પસ્તાવો થયો. અરે ! હું કેવો પાકયો ? મારા લીધે મારા બાપને પણ સહન કરવું પડશે. રાજાએ તેનો સો રૂપિયા દંડ કરીને છોડી મૂક્યો.

ત્રીજો મુસલમાનનો પુત્ર હતો. તેના સામું જોઇને રાજા કહે છે કે તારો બાપ તો સવાર-સાંજ બે ટાઇમ નમાજ પઢનારો છે. મુસલમાનો ગમે ત્યાં જાય. ચાહે ગામમાં હોય કે બહારગામ જાય કે ગાડીમાં હોય પણ તે લોકો તેમનો નિયમ ચૂકતા નથી. અને આ અમારા ભગવાનના શ્રાવકોને સામાયિક કરતાં શરમ આવેછે. મુહપતિ બાંધતા શરમ આવેછે. અને પ્રતિક્રમણ કરવું તો ગમતું જ નથી. તમને રેડિયો સાંભળવામાં, ફરવા જવામાં આનંદ આવે છે. ખરેખર ! જ્યાં કર્મનું બંધન થતું હોય ત્યાં શરમ આવવી જોઈએ. અને

કર્મોના બંધન તૂટતાં હોય ત્યાં શરમ છોડી દેવી જોઈએ. પણ આજે અવળો પ્રવાહ વહી રહ્યો છે. મુસલમાનના છોકરાને પણ શોક થયો કે હું જુગાર રમ્યો તે ખોટું કર્યું. રાજાએ તેને એક હજાર રૂપિયા દંડ કરી છૂટો કર્યો.

ચોથો કોળીનો દીકરો હતો, તેને રાજાએ, માથું મુંડાવી મોઢે ચુનો લગાવી ગધેડાપર બેસાડી દેશનિકાલ કરી દીધો, કારણ કે તેને પોતાના ખરાબ કામની શરમ ન હતી. તે નિર્લજ્જ હતો. ચાર છોકરાઓનો એક જ સરખો ગુન્હો હતો છતાં રાજાએ દરેકનો જુદી રીતે દંડ કર્યો. તેનું કારણ શું હશે? તમને કંઈ સમજાય છે?

રાજાની પાસે એક અમલદાર ઉભો હતો તેણે પૂછયું, સાહેબ! એક સરખો ગુન્હો હોવા છતાં આપે શિક્ષા જુદી જુદી કરી તેનું શું કારણ? રાજા કહે છે કે દરેકને શિક્ષા મળી ગઇ છે. તમને થતું હશે કે પ્રધાનના દિકરાને એટલું જ કહ્યું કે તું કોનો દિકરો છે, તને આ શોભે? આટલું જ કહીને છોડી મૂકયો. પણ ભાઈ! એને સૌથી વધારે સજા થઈ છે. તારે જોવું હોય તો તેને ઘેર જઇને જોઇ આવ.

અમલદાર પ્રધાનને ઘેર ગયો, તો પ્રધાનનો દિકરો એક ઓરડામાં બેસીને રડી રહ્યો છે. ખાતો-પીતો પણ નથી, શૂનમૂન થઈ ગયો છે. શરમાઈ ગયો છે, કારણ કે તે જાતિવંત અને કુળવાન હતો. તેજી ઘોડાને એક જ ટકોરો બસ છે. તેમ કુળવાનને એક જ ટકોર કરતાં સમજી જાયછે. વારંવાર કહેવું પડતું નથી. પછી પુરોહિતના ઘરે ગયા તો પુરોહિત-પુત્ર પણ શરમાઇ ગયો હતો. મેં રાજપુરોહિતનો પુત્ર થઇને આવું નીચ કાર્ય કર્યું? મુસલમાનનો દિકરો વિચારી રહયો હતો કે એક વખત જુગાર રમ્યો અને પકડાઈ ગયો અને એક હજાર રૂપિયા દંડ પડયો. હવે જો ફરીને રમીશ અને પકડાઇ જઈશ તો હજાર રૂપિયા દંડ પડશે અને દરરોજ નમાજ પઢવાવાળા મારા બાપને પણ કલંક લાગશે. પણ ચોથો જે કોળીનો દીકરો હતો તેને તો કોઇ જાતનો અફસોસ ન હતો. એ તો કહેવા લાગ્યો કે કેવું સારું થયું! મને આખા ગામમાં ફેરવ્યો. એના મુખ ઉપર મેશ લગાડવામાં આવી છતાં મોઢા ઉપર લજ્જા ન હતી, પણ તે ખુશ થતો હતો.

એક વખત અમે ખંભાતની પાસે રાસ ગામ છે ત્યાં ગયેલા. એક માજી ખાટલામાં સૂતેલા. ગામના લોકો કહે કે મહાસતીજી, આ માજી હજુ ગઈ કાલેજ જેલમાંથી છૂટીને આવ્યા છે. મેં પૂછયું કે સાઠ વર્ષની ઉંમરે માજીએ એવો શો ગુન્હો કર્યો કે એમને જેલમાં જવું પડયું? માજીને પૂછવામાં આવ્યું તો કહે છે, હું તો દારૂ ગાળવાનું કામ કરૂછું. એટલે પકડાઇ ગઈ હતી. કાલે જ છૂટી છું, પણ હવે ફરીને પકડાવાની રાહ જોઉંછું. મને જેલમાં મજા આવેછે. અહિં ત્યાં જેવું સુખ દેખાતું નથી. કારણ કે અહીંતો બહુ કટકટ કરે. પૂરું આવાનું પણ આપે નહીં. અને ત્યાં ભલે જુવારનો રોટલો મળે પણ આનંદથી રહેવાનું. ફરીને દારૂ બનાવીશ અને પકડાઈ જઈશ. દુનિયામાં આવા માણસો પણ છે કે જેને કોઇ જાતની શરમ હોતી નથી.

બંધુઓ ! તમે જાતિસંપન્ન અને કુલસંપન્ન હશો તો તમને પ્રધાનના પુત્રની જેમ હાય લાગી જશે. અમે તમારા ઘેર ગોચરી આવીએ અને તમારા ઘરમાં બટાટા જોઈ એ ત્યારે પૂછીએ કે આ ઘર કોનું છે? અમે ઘર તો ભૂલ્યા નથી ને? તમારા બટાટાનું શાક જોઇને કહીએ કે ભાઈ! તમે કયા કુળમાં ઉત્પન્ન થયા છો? તમે કોના દિકરા છો? તમારા ભાણામાં કંદમૂળનું શાક? આટલું જ કહીએ ત્યાં તમને પેલા પ્રધાનના પુત્રની જેમ શરમ આવવી જોઇએ, કે મને મહાસતીજી ઓળખે છે, છતાં કહે છે કોના દિકરા છો? સંતોની ટકોર થયા પછી હવે મારાથી કંદમૂળનો સ્વાદ ચખાય જ કેમ? તમને શરમ આવી જવી જોઈએ. અને તમારા ઘરમાં કંદમૂળ ન જ આવવું જોઇએ. તો જ તમે જૈન છો. તમને પાપકર્મનો ભય લાગવો જોઇએ.

આપણે જે છ જીવોનો અધિકાર ચાલે છે તે આત્માઓને સંસારમાં સંપૂર્ણ સામગ્રી પ્રાપ્ત થવા છતાં સંસારનો ભય લાગ્યો, અને સંસારથી તેઓ નિર્વેદ પામ્યા. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ મા અધ્યયનમાં ભગવંતે કહ્યું છે કે :—

" निव्वेदेणं भन्ते जीवे किं जणयइ? निव्वेदेणं दिव्वमाणुस तेरिच्छ एसु कामभोगेसु निव्वेयं हव्वमागच्छइ. सव्व विषएसु विरज्जई. सव्व विषएसु विरज्जमाणे आरम्भ परिच्चायं करेई. आरम्भ परिग्गहं परिच्चायं करेमाणे संसार मग्गं वोच्छिन्दई सिद्धिमग्गं पडिवन्ने य हवइ. " उ. सू. अ.२९-बोल-२

નિર્વેદ પામવાથી આ જીવ સંસાર સંબંધી સર્વ કામભોગથી વિરક્ત બને છે. વિષયોની વિરક્તિ પ્રાપ્ત થવાથી આરંભ-સમારંભનો ત્યાગ કરે છે. સર્વ પ્રકારના આરંભનો ત્યાગ થવાથી સંસાર કટ થાય છે. અને અંતે તે જીવ મોક્ષ માર્ગને પ્રાપ્ત કરે છે. આ આત્માઓને પણ સંસાર ઉપરથી નિર્વેદ ભાવ થયો છે જેને ભવનો ભય લાગે છે તે આત્માઓ જિનેશ્વર ભગવાનનું શરણ અંગીકાર કરે છે. આ આત્માઓએ જિનેશ્વર પ્રભુના માર્ગનું શરણ સ્વીકાર્યું છે. હવે તે આત્માઓ કોણ છે, કયા કયા કુળમાં ઉત્પન્ન થયા છે, તેમનાં નામ શું છે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં–૧૩

અષાડ વદ ૧૧ બુધવાર તા. ૨૯-૭-૭૦

સૂત્રકાર ભગવાન શું ફરમાવે છે? હે ભવ્ય જીવો! અનાદિ કાળથી જીવને સંસાર-વિષયનું વિષ ચઢયું છે. સ્વઘર તરફ–સ્વ લક્ષ તરફ જીવે થોડી પણ મીટ માંડી નથી. આચારંગ સૂત્રમાં કહ્યું છે કે " अहो य राओ य परितप्पमाणे " આ જીવ રાત્રી દિવસ પરિતાપ પામે છે. અજ્ઞાની માણસ પૌદ્ગલિક સુખ મેળવવા પ્રયત્ન કરે છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના પ્રાણીઓ સુખના અભિલાષી છે, પણ સુખ કોને કહેવાય તેની સમજણ નથી. બાળક પાણીમાં હોડી તરાવે કે રેતીના મહેલ બનાવી રમત કરે પરંતુ રમત પૂરી થતાં હોડી અને મહેલ ફેંકીને ચાલ્યો જાય છે, પરંતુ તમે અનાદિ કાળથી જે રમત માંડીને બેઠા છો તેનો અંત કેમ નથી આવતો?

તમે વૃદ્ધાવસ્થાને અટકાવવા માંગતા હશો તો તે નહિ બને. બારણાં બંધ કરશો તો પણ તેનો સમય થતાં તે આવશે જ. અશક્તિ વધતાં બદામનાં તેલ પી બલિષ્ઠ પદાર્થ ખાઓ છો, ધોળા થઈ જતાં વાળને કાળા કરવા કરામત કરો છો, દાંત પડી જતાં ચોગઠાની આળ પંપાળમાં પડી જાવ છો અને ઘડપણ રોકવા ફકળાટ કરો છો, પરંતુ તે તો આવવાનું જ છે. બધી ઉપાધિઓ પણ છોડવાની જ છે. તો જ્ઞાન ચક્ષુ ખોલો અને દૃષ્ટિને ઊંડી ઉતારો. સંતો ઉપવાસ કરવાનું કહે છે ત્યારે નથી કરી શકતા, પણ માંદા પડી ગમે તેટલી લાંઘણો બેંચો છો. દેવાનુપ્રિયો! ઉપવાસ ન કરો તો આવાના દ્રવ્યની મર્યાદા કરો. આજે તો ચટણી સંભારના મોટા મોટા થાળ ભરો છો, પણ તે બધું નથી ખાઈ શકવાના, પરંતુ મર્યાદા કરવાનું મન નથી થતું. જીભના બધા રસ ચાખો છો પણ નથી ચાખ્યો ફક્ત આત્માનો રસ. જ્ઞાનીએ નવ પ્રકારના રસ બતાવ્યા છે. શૃંગાર રસ, વીરરસ, કરૂણરસ, હાસ્યરસ, રૌદ્રરસ, ભયાનકરસ, બિભત્સરસ, અદભૂત રસ અને શાંતરસ–આ નવ રસમાંથી શાંતરસ ધારણ કરવા યોગ્ય છે. ભકતામર સ્તોત્રમાં માનતુંગ આચાર્ય ભગવાન કહે છે કે

यैः शान्त राग रुचिभिः परमाणु भिस्त्वं
निर्मापित स्त्रि भुवने कलललाम भूत;
तावंत एव खलु ते ऽ प्यणव पृथिव्यां,
यत्तो समान मपरं नहि रुपमस्ति ।। ભક્તામર. ગા ૧૨

હે નાથ! આખા જગતના વિવિધ સ્વરૂપોને જોઈ વળ્યો. બ્રહ્મા, વિષ્ણું, શંકર બધા દેવોને પણ જોયા, પરંતુ હે ત્રણ ભુવનના શણગાર! શાંત રસથી ચમકતા પરમાણુંઓ વડે તમારું જે રૂપ રચાયું છે તે અનન્ય છે. શાંતરસ ગ્રહણ કરનાર તમને કોઇ પર રાગ નથી. ઘોરમાં ઘોર ઉપસર્ગ આપનાર પર તમને દ્વેષ નથી. જેનો તાપ

જીરવી ન શકાય તેવા વજ્રને ધારણ કરનાર ઇન્દ્ર આપના પગે પડે છે. પ્રભુના માર્ગનો રણકાર નથી થયો ત્યાં સુધી સાધુ સાધુપણાને સમજ્યો નથી અને શ્રાવક સાચો શ્રાવક થયો નથી.

હવે આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં જ્ઞાનીઓએ જે ભાવોનું નિરૂપણ કર્યું છે તે ભાવો આપણે સમજવા છે. જે છ આત્માઓ સુલભબોધી છે, મોક્ષની નજીક જેઓ આવી ગયા છે, એટલે જેઓ આ મનુષ્ય ભવ પ્રાપ્ત કરી મોક્ષે જવાના છે તેમને દેવોના વૈભવ તુચ્છ લાગે છે. અને જ્યાં ધર્મઆરાધના કરવાની નજીક હોય છે ત્યાં તેમને આનંદ આવે છે, કારણ કે ભૌતિક સુખોમાં થોડા કાળનું સુખ છે અને લાંબો કાળ દુઃખ ભોગવવાનું છે.

એક જ વખત આત્મિક સુખનો સ્વાદ ચાખી લેશો તો તેનો સ્વાદ જશે નહિ.

મૈં હું કૌન કહાં સે આયા, મુઝે કહાં પર જાના હૈ,
કૌન જગતમેં મેરા હૈ, ઈસ જગમેં કહાં ઠિકાના હૈ !
માત–પિતા પુત્ર નારી યહ, મેરે કૌન જગત ભીતર,
કિસ કારણ સંબંધ હુઆ હૈ, કર વિચાર ઇસકા હૈ નર ॥

હું કોણ છું, કયાંથી આવ્યો છું અને અહીંથી મરીને હું કયાં જઇશ, એનો કોઈ દિવસ જીવે વિચાર કર્યો નથી. જેટલો નશ્વર દેહને પોષવાનો પ્રયત્ન કરો છો, તેટલો પ્રયત્ન આત્માને પોષવા માટે નથી કર્યો. અત્યારે તમે અહીં આવીને બેઠા છો, આમાંથી જે ચા પીતા હશે તે ચા પીને આવ્યા હશો. પણ આત્માનો ખોરાક સ્વાધ્યાય સામાયિક, સમભાવ આદિ રહેલો છે તે આત્માને કદી આપો છો ? સવારના પહોરમાં ઉઠીને આત્માને ખોરાક આપનાર આત્માઓ બહુ જ ઓછાં છે. આટલા બધામાંથી કોઇકને જ એમ હશે કે સવારમાં ઊઠીને સામાયિક પ્રતિક્રમણ કરવું અને આત્માને ખોરાક આપવો. કોઈ દિવસ આત્માને ખોરાક આપવાનું મન તમને થતું નથી.

અલ્પ સુખને ભોગવવા માટે જીવ મહાન કર્મ બાંધે છે. અને એ એવા બંધાય છે કે જેને ભોગવતાં જીવ અનંત કાળ સુધી ઉંચો આવી શકતો નથી. ધર્મનું ભાથું બાંધવા માટે મનુષ્ય ભવનો જે લાભ મળ્યો છે, તે લાભ ઉઠાવી શકતો નથી, અને ઉલ્ટો પાપના ભાથા બાંધે છે અને પોતાનું અહિત કરી બેસે છે. જાણે આ બધું છોડીને અહીંથી જવાનું જ નથી, તે રીતે વર્તે છે. બસ, મળ્યું છે તો ખવાય તેટલું ખાઇ લેવું, પીવાય તેટલું પી લેવું, જેટલા ભોગો ભોગવાય તેટલાં ભોગવી લેવાં. પણ જ્ઞાની કહે છે ભાઈ ! " ભોગા ન ભુક્તા વયમેવ ભુક્તા. " ભોગોને ભોગવતાં પહેલાં તું પોતે જ ભોગવાઈ જઈશ. પોતે જ પોતાના પગ પર કુહાડો મારી રહ્યો છે. કારણ કે આ કર્મ બંધનની જંજીરમાં જકડાએલા જીવોને પોતાના આત્માની દયા આવતી

નથી. જડ-ચૈતન્ય, વિભાવ-સ્વભાવ અને સ્વ-પરની જેને વહેંચણી કરતાં આવડતી નથી તેવા આત્માઓ અધોગતિમાં જાય છે.

મહા આરંભના સાધનો ઉભાં કરીને હરખાય છે કે હું કેવો શ્રીમંત છું! મારે મીલ છે, બે ફેક્ટરી છે, આંગણામાં ચાર ચાર કારો મારે માટે ખડી રહે છે, મેં મારી હોંશિયારીથી આટલી કમાણી કરી, આ બધું મેં કર્યું એમ થાય છે, પણ જ્યારે તારા પુણ્યરૂપી સૂર્યનો અસ્ત થશે અને પાપનો ઉદય થશે ત્યારે શું કહેશો? આ મેં નથી કર્યું, મારા કર્મે કર્યું છે. ત્યાં કર્મનો દોષ કાઢે છે. આ જીવની અજ્ઞાન દશાનું પ્રદર્શન છે. માટે જ્ઞાનીઓ કહે છે કે તારો પુણ્ય રૂપી સૂર્ય પ્રકાશે છે ત્યાં સુધી તું તારા આત્માનું કરી લે. જેને છોડીને જવાનું છે તેનો આટલો બધો ગર્વ શા માટે કરે છે?

તમને 'આ મેં કર્યું' એવું અભિમાન આવે છે. અભિમાની થવું એ પણ અજ્ઞાન દશાનું જ કારણ છે. તેના કારણે જ હૈયામાં હુંકાર પ્રવેશી જાય છે. પણ તમને ખબર છે કે એ હું કેવી રીતે લખાય છે! એક આંકડીયો, બીજો આંકડીયો ને ત્રીજો પણ આંકડીયો અને ચોથું એના માથે મીંડું મૂકાય છે. ત્યારે "હું" લખાય છે. અભિમાનનો જીવને ઉભળકો આવે છે, પણ અભિમાન એ તો અધોગતિનો રાજમાર્ગ છે. રાજા રાવણ જેવાનું અભિમાન પણ રહ્યું નથી, તો સામાન્ય જીવોની તો વાત જ કયાં કરવી? માટે હું કાર છોડી ધર્મમાં જીવન જોડો.

"જરા જાવ ન પીડેઇ, વાહી જાવ ન વડ્ઢઇ।
જાવિંદિયા ન હાયન્તિ, તાવ ધમ્મં સમાયરે ॥ દશ. સૂ. અ. ૮. ગા. ૩૬

હે દેવાનુપ્રિયો! જ્યાં સુધી જરા રૂપી રાક્ષસે તમને ઘેર્યા નથી, શરીરમાં એક પણ વ્યાધિ આવી નથી અને પાંચે ઇન્દ્રિયોમાંથી એક પણ ઇન્દ્રિયની હાની થઇ નથી, ત્યાં સુધી તમે ધર્મનું આચરણ કરી લો. તમે માનતા હો કે આખી જિંદગી પડી છે, નિરાંતે ધર્મધ્યાન કરીશું, પણ ભાઈ! મોક્ષ માર્ગની ટિકિટ મેળવવા માટે સ્થાન મેળવવું એ નાની સૂની વાત નથી. હળદર-મરચાં ને ધાણા-જીરાંની દુકાન નથી પણ આ તો ઝવેરાતની દુકાન છે. અહીં જેવા તેવાનું કામ નથી.

આ તો શૂરાના સંગ્રામ, માથું મૂકી જાણે રે,
અહિં કાયરનું નહિં કામ, માથું મૂકી જાણે રે....આ તો....

વીરની આજ્ઞાનું પાલન કરતાં કદાચ માથું દેવાનો પ્રસંગ આવે તો માથું પણ દઈ દે પણ ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરે નહિ. તે વખતે પોતાનામાં અડગ રહે. અપ્રમત્ત ગુણસ્થાનકે હોય તે વખતે પૂર્વના વેરના કારણે કોઇ દેવ તેનું હરણ કરી ઉપાડીને લઈ જાય છે. સાધુને દેવ કયારે ઉપાડી શકે? સાતમા અપ્રમત ગુણસ્થાનકે, દશ, અગિયાર કે બારમે ગુણસ્થાનકે ન ઉપાડી શકે. પણ પ્રમત અવસ્થામાંજ ઉપાડીને લઈ જાય, એ પણ હરતા ફરતા હોય ત્યારે નહિ, પણ જ્યારે ધ્યાનમાં હોય ત્યારે ઉપા-

ડીને લઈ જાય છે, જ્યાં તેને ઉપયોગ આવે અને ખબર પડે કે આ દેવ મને લઇ જાય છે. મારા પૂર્વ કર્મનો ઉદય છે. હે આત્મા! રખે તું તારા સ્વરૂપને ભૂલતો! આ તો તારી કસોટીનો સોનેરી સમય છે. સોનાને તેજાબમાં નાંખે પછીજ તેની કિંમત થાય છે, કસોટી હીરાની કે સુવર્ણની થાય છે. કાચ કે પિત્તળની થતી નથી, માટે મારે સમભાવમાં રહેવાનું છે. આ સાધુ ત્યાં આલોવી પડિક્કમી દેહનું મમત્વ છોડી ત્યાં સંથારો કરે છે. દેવ તેને ઘણે ઉંચેથી નદી કે દરિયામાં ફેંકી દે છે. તે વખતે લીલ ફુગ તેમજ અપકાયના જીવોનું છેદન ભેદન થઈ જાય છે, પણ તેનું પ્રાયશ્ચિત સાધુને લાગતું નથી. કારણ કે તેમને તો છ કાયના જીવો પ્રત્યે અનુકંપાભાવ હોય છે. આપણે કહીએ છીએ કે નદીમાં કે સમુદ્રમાં સિદ્ધ થાય છે, તો એ આ રીતે સિદ્ધ થાય છે. દેવો ફેંકી દે તે વખતે સમતાભાવ આણી સંથારો કરે અને આયુષ્ય પૂર્ણ કરી તે જીવ સિદ્ધ થાય છે.

સાધુ પોતાના દેહના ભોગે પણ પોતાની પ્રતિજ્ઞાઓ છોડતા નથી. પોતાનામાં રહીને સ્વપર કલ્યાણ સાધે છે. "साधयति स्व-पर कार्याणि इति साधु!"

પૂર્વભવમાં જેમણે સાધુપણું પાળ્યું છે તેવા છ આત્માઓની વાત સિદ્ધાંતકાર બતાવે છે. છ જીવોમાં બે આત્માઓએ સાધુપણામાં માયા કરી તેથી તેમણે સ્ત્રીલિંગ બાંધ્યું. કારણ કે જે આત્મા સંસારના રંગરાગ માટે માયા કરે છે તે જીવ સ્ત્રીવેદ પામે છે. સ્ત્રી વેદ સંસારમાં રખડપટી કરાવે છે, પણ ધર્મમાં જે માયા કરે છે તેને સ્ત્રી લિંગ બંધાય છે, પણ ભવમાં ભમવું પડતું નથી. જેમ મલ્લિનાથ પ્રભુના જીવે આગલા ભવમાં ધર્મમાં માયા કરી એક છઠ કર્યો. "હું અહિં મોટો છું તો બીજા ભવમાં પણ મોટો જ થાઉં" એટલે પોતાના મિત્રોથી કપટ કરીને છઠ કર્યો, તેના ફલ સ્વરૂપે સ્ત્રીલિંગ બાંધ્યું પણ તીર્થંકર થયા અને મોક્ષે ગયા. પણ તમે જે માયા કરો છો એ તો સંસારના સુખો માટે કરો છો. ભાઇના ભોગે ધંધો કરે અને પાછો માયા કપટ કરી બાનગી ધંધો પણ કરતો હોય, અને તેમાં જુદા રસોડા પણ ઊભા થઈ જાય છે. બંધુઓ! અનાદિ કાળથી તમે માયા કરતા આવ્યા છો અને હજુ પણ કર્યા કરશો તો યાદ રાખજો કે તમારા હાડકાં ભાંગી જશે. અહીં હાડકું ભાંગશે તો હાડવૈદ હાડકાં સાંધી દેશે પણ પરલોકમાં જમે તેટલી રાડો પાડશો તો ત્યાં કોઇ હાડવૈદ નહિ આવે. ત્યાં તો ભોગવે જ છૂટકો છે.

આ છ આત્માઓ પૂર્વભવમાં ચારિત્રની આરાધના કરીને આવ્યાં છે. તેમાંથી બે પુરૂષ પણે ઉત્પન્ન થયાં છે. બે સ્ત્રી પણે ઉત્પન્ન થયાં છે, બીજા બે જીવો પુરૂષપણે ઉત્પન્ન થશે. તેમના નામ શું છે તે નીચેની ગાથામાં બતાવે છે.

पुमत्तभागम्भ कुमार दो वी, पुरोहिओ तस्स जसा य पत्ती।
विसालकित्ती य तहेसुयारो, रायत्थ देवी कमलावइ य ॥ गाथा ३

દેવલોકમાંથી ચ્યવીને છ આત્માઓ ઇષુકાર નગરીમાં ઉત્પન્ન થયાં છે. તેમાં પ્રથમ ઇષુકાર રાજા છે. જેની કીર્તિ ચારેય દિશામાં ફેલાયેલી છે. બીજી તેની પત્ની કમલાવતી રાણી છે. ત્રીજો ભૃગુ નામનો પુરોહિત અને તેની યશા નામની સ્ત્રી એ ચાર ઉત્પન્ન થયાં છે. અને તે ભૃગુ પુરોહિતને ઘેર બે પુત્રો ઉત્પન્ન થશે.

જે નગરમાં ધર્મના ફુવારા ઉડતા હોય ત્યાં પવિત્ર જીવો આવીને ઉપજે છે. તમે બગીચામાં જઇને બેસો છો ત્યાં પાણીનો હોજ હોય, હોજમાં ફુવારા ઉડતા હોય, ઠંડો પવન આવી રહ્યો હોય ત્યાં તમને આનંદ આવે છે ને? તેમ ધર્મી જીવોને ધર્મના તપ-ત્યાગના ફુવારા ઉડતા હોય ત્યાં જ આનંદ આવે છે. તમારો આનંદ તો ક્ષણિક છે. કર્મનું બંધન કરાવનાર છે. જ્યારે આત્માનો આનંદ કાયમ માટે ટકી રહે છે અને કર્મોના બંધન તૂટે છે, તે જીવોના પુણ્યોદય છે. સુખ-સંપત્તિમાં કર્મીના નથી છતાં તેમાં ન રાચતાં પુરૂષાર્થ કરી મોક્ષ નજીક કરી લીધો, ઇષુકાર નગરી કેવી રમણીય છે તેનું વર્ણન તો આગળ આવી ગયું છે. રાજા પણ પવિત્ર છે. ન્યાય નીતિ સંપન્ન છે.

આ છ એ આત્માઓને પૂર્વનો સંબંધ છે, એટલે આ ભવમાં પણ કેવો સંબંધ થાય છે. એક આત્મા ઇષુકાર રાજા બને છે અને બીજો ભૃગુ પુરોહિત બને છે. તે રાજપુરોહિત છે. રાજાનો ખૂબ માનનીય છે અને પૂર્વના સંબંધને લઈને રાજા ભૃગુ પુરોહિતને અઢળક સંપત્તિ આપે છે. રાજા પાસે ભૃગુપુરોહિતનું ખૂબ માન છે, એટલે જે સુખસગવડ જોઇએ તે બધીજ રાજા તરફથી તેને મળી જાય છે, કારણ કે રાજાની મહેરબાની છે. રાજા રીઝે તો શું બાકી રહે! કહેવત છે કે—

" દેશપતિ જબ રીઝત હૈ તબ દેત ગામ કરતે નિહાલી,
ગામપતિ જબ રીઝત હૈ તબ દેત ખેત કે વાડી,
ખેતપતિ જબ રીઝત હૈ તબ દેત ધાન પાલી દો પાલી,
બનીયાભાઇ જબ રીઝત હૈ તબ દેત તાલી દો તાલી. "

રાજા રીઝયો તો પુરોહિતનું કામ થઇ ગયું. ગામનો માલિક જો ખુશ થાય તો વીઘા બે વીઘા જમીન આપી દે પણ તમે રીઝો તો (હસાહસ) વાણીયાભાઇ રીઝે તો તાળી પાડીને હસીને પતાવી દે. બંધુઓ! વાણીયા માટે આ એક કલંક છે. મારા રાજકોટના શ્રાવકો, તમે અમને એવું કરી બતાવો કે અમે હસીને તાળી આપીને પતાવીએ એવા નથી, એવું કરી બતાવો કે સંતો ચાતુર્માસ કરવા આવે. એ તમારા સદગુણો જોઇને વિચાર કરે અને કહે કે રાજકોટના શ્રાવકો એટલે શ્રાવકો છે. સાધુને તમારાં નાણાં કે મોટર-ગાડી નથી જોઇતાં. તમારા દિકરા દિકરી પણ ઉપાડીને લઈ જવાના નથી. જો ઉપદાન તૈયાર હોય અને ભગવાનની વાણી રૂચે અને વૈરાગ્યભાવ આવી જાય તો સાધુ કહે કે— " અહા સુયં દેવાણુપ્પિયા મા પડિબંધકરેહ" દેવાનુપ્રિય! તમને સુખ ઉપજે તેમ કરો. સારા કાર્યમાં

વિલંબ ન કરો. અને શુદ્ધ સંયમ પાળી કર્મના વિજેતા બનો. દેવાનુપ્રિયો ! સાધુપણું લઈ લેવાથી ન્યાલ થઈ જવાનું નથી પણ લીધા પછી જીવનના અંત સુધી સમતા ભાવમાં રહેવાનું છે. અત્યારે તો સાધુને પહેલાં જેવી કસોટી આવતી નથી.

પહેલાં સંતો ચાતુર્માસ કરવા જતાં ત્યારે ઘણી વખત આઠ આઠ દિવસ સુધી વરસાદની હેલીઓ થતી. અમારા ગુરૂદેવ પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ એક વખત વાત કરતાં હતાં કે અમારા ગુરૂદેવ પૂ. છગનલાલજી મહારાજ સાહેબને એવો પ્રસંગ બનેલો કે સાણંદમાં ચાતુર્માસ હતું, વરસાદનો હેલી થઈ. દિવસે વરસાદ આવે અને સૂર્યાસ્ત સમયે બંધ થઈ જાય. પણ પછી તો સાધુ ગૌચરી જઈ શકે નહિ. આ રીતે સળંગ આઠ દિવસ સુધી વરસાદ પડયો. ચૌવિહારી અઠાઈ થઈ ગઈ. નવમે દિવસે વરસાદ બંધ થયો. આકાશમાં સૂર્યદેવનાં દર્શન થયાં. પણ સંત ગૌચરી જઈ શકયા નહિ, કારણ કે તે વખતે ગટરો ન હતી. એટલે સતત આઠ દિવસના વરસાદના પાણી ભરાઈ ગયેલાં. તેમાં જીવાત થઈ ગયેલી, આવા પાણીને ખૂંદીને સંત કેમ જઈ શકે? શ્રાવકોને તો ચિંતા થાય ને ! એટલે નાના નાના બાળકોને ઉપાશ્રયે દયા પાળવા મોકલ્યાં. ટીફીન લઈ ને બાળકો આવ્યા. દયા પાળીને ઉપાશ્રયે રહ્યા છે. બપોરનો ટાઈમ થયો અને જમવા માટે ડબ્બા ખોલ્યા અને મહારાજ સાહેબને કહે છે. બાપજી ! લાભ આપો. અમારે માટે લાવ્યા છીએ. ત્યારે મહારાજ કહે છે ભાઇ ! સામો લાવેલો આહાર સાધુને કલ્પે જ નહિ. વળી તમે તો પાણીના જીવો ખુંદીને આવ્યા છો. અમને આવો આહાર કલ્પે નહિ. ત્યારે કહે છે. જો નહોતું લેવું તો અમને કહેવું હતું ને ! અમે તો આપને આઠ આઠ દિવસના ઉપવાસ છે, એટલે આપને ખવડાવવા આ રીતે કર્યું હતું. (હસાહસ) આઠ દિવસ પછી બીજા ત્રણ દિવસે પાણી ઉતરી ગયાં. રસ્તા સાફ થયાં. ત્યાં અગિયાર ચૌવિહારા ઉપવાસ થયા. આ તો શૂરાનો માર્ગ છે, કાયરનો નહિ. પૂ. ગુલાબચંદજી મહારાજ સાહેબ છઠ છઠનાં પારણા કરતા અને પારણાંને દિવસે વરસાદ આવી જાય તો બીજે દિવસે પાછો છઠ કરી લેતા એટલે પાંચ ઉપવાસ થઈ જતાં. અને આપણે છઠ કર્યા હોય, પારણાના દિવસે વરસાદ પડે તો ત્રીજે દિવસે તો પારણું કરીએ. તે મહાપુરૂષો એમ કહેતાં કે મારે અંતરાય હતી માટે વરસાદ આવ્યો. માટે પારણું કરતાં ન હતાં. આવા કંઈક પ્રસંગો આવી જાય છે. અને ત્યારે જ સાધુપણાની કિંમત થાય છે.

ધનુકાર રાજાનો ભૃગુ પુરોહિત ઉપર અસીમ કૃપા છે. વૈભવનો પાર નથી. એ રાજા ન હતો પણ એક નાનકડું રાજ્ય વસાવી શકે તેટલી તેની પાસે સાહ્યબી હતી. વૈભવો હોવા પણ એક વાતનું એના મનમાં દુઃખ થાય છે કે આ બધી સંપત્તિને ભોગવનાર સંતાન નથી. અમારા પછી આ બધી સંપત્તિ કોણ ભોગવશે ? આ રીતે ભૃગુ પુરોહિત

અને યશા ભાર્યા ચિંતા કરે છે. બીજી તરફ બે દેવો હજુ દેવલોકમાં છે. તેમનું આયુષ્ય પૂર્ણ થવા આવ્યું છે એટલે તેમની પુષ્પની માળા કરમાય છે. રત્નની કાંતિ ઝાંખી પડે છે. તે સમયે એ દેવો અવધિજ્ઞાન વડે ઉપયોગ મૂકીને જુવે છે કે આપણે અહીંથી મરીને ક્યાં ઉત્પન્ન થઈશું ! અવધિજ્ઞાન દ્વારા જાણ્યું કે આપણે બ્રાહ્મણને ઘેર ઉત્પન્ન થઇશું. વૈભવ-વિલાસ ને સંપત્તિનો પાર નથી પણ ત્યાં જૈનધર્મની પ્રાપ્તિ આપણને નહીં મળે ! હળુકર્મી જીવો ધન કે વૈભવને જોતાં નથી. તેમને પુદ્ગલોની કિંમત નથી, એમને તો ધર્મ મળે ત્યાં જવું છે. તમને ધર્મ મળ્યો છે છતાં ધર્મથી વિમુખ રહેવા માંગે છે. જેને ગમે છે અને જે આવે છે તેની તો વાત જ નથી, પણ કંઇક જીવો જૈન-કુળમાં જન્મ પામ્યા હશે, છતાં જૈનધર્મ શું છે તે પણ જાણતા નહિ હોય અને કંઈક તેં પોતાને જૈન તરીકે ઓળખાવવા પણ તૈયાર નથી. બંધુઓ ! ફરીફરીને આવું વીતરાગ શાસન નહિ મળે. મળ્યું છે તેને પિછાણી શકતા નથી. તેનો તમને શોચ થવો જોઇએ.

આ બે દેવોને ખબર પડી કે આપણે બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થઇશું. જૈનધર્મ આપણને નહિ મળે ! એનો શોચ થાય છે. હવે તે દેવો શું વિચારણા કરશે અને જિન-માર્ગની પ્રાપ્તિ તેમને કેવી રીતે થશે અને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૧૪

અષાઢ વદ ૧૪ ને શુક્રવાર તા. ૩૧-૭-૭૦

શાસ્ત્રકાર ભગવંત અનંતજ્ઞાની પ્રભુ ફરમાવે છે કે અનાદિ કાળથી આત્માએ પુદ્ગલનો રાગ કર્યો છે, પણ પુદ્ગલને ઓળખાવનાર પોતાનો રાગ કર્યો નથી. હું આત્મા છું એવો હજુ અનુભવ કર્યો નથી. અરીસામાં શરીર દેખાય તેની પાછળ આત્મા દેખાય ત્યારે સમજો કે હું કંઇક દેખું છું. તમે અરિસામાં જુવો છો ત્યારે શું જુવો છો ? તે ખબર છે ને ? આંખ, નાક, કાન, કાળો ધોળો રંગ, આ બધું તમે જુવો છો કે બીજું કંઈ દેખો છો ? અ....હા ! જીવ કેટલો ગમાર છે. એને એ વિચાર નથી થતો કે તું તો રંગ વગરનો છે. આ જે રંગ દેખાય છે તે તારા નથી. કાળો, ધોળો, પીળો આ બધા રંગ દેહના છે.

દેવાનુપ્રિયો ! એ રંગની પાછળ ન રાચો. અંદર બેઠેલા નિરંજનને ઓળખતા શીખો. આ જે દેહના રંગરાગ દેખાય છે તે બધા ક્યાં સુધી રહેશે ? જ્યાંસુધી

ચેતનદેવ બેઠો છે ત્યાં સુધી અને જ્યાં તે નીકળી ગયો ત્યાં ગમે તેવી સૌંદર્યકૃતિ હશે પણ તેની કાંઈ કિંમત નથી. રંગ વગરનાનો આ જે રંગ છે તે જ ચેતન છે. તમારા જે સ્નેહીઓ તમને સલામ ભરે છે, તમારા સગાઓ, અરે! તમારા ધર્મપત્ની આ તમારા શરીરને સૂવા માટેની કાળજીપૂર્વક જ પથારી કરે છે એ જ સ્વજનો અને એ જ તમારા શ્રીદેવી જ્યાં રંગ વગરનો ચેતન દેવ દેહમાંથી નીકળી જશે ત્યારે આ શરીરને લાકડામાં મૂકતાં વાર નહિ લગાડે. માટે ખાસ વધુમાં વધુ ઓળખવા જેવો કોઈ હોય તો તે આત્મા છે. ભલે એ અરુપી આત્મા દેખાતો નથી. જે નથી દેખાતો તેનું કારણ તે અરૂપી છે. મકાનનો પાયો દેખાય નહિ પણ મકાન પાયા ઉપર ઉભું છે. સંસારમાં પાયો કોણ છે? આત્મા છે. આપણને આત્માનો વિચાર નથી આવતો. ચોવીશે કલાક પુદ્ગલનો જ વિચાર આવે છે.

અહીં સૌ ભલે વાહ વાહ કરે. તમને ઘણું સન્માન દે. પણ યાદ રાખજો કે જો આત્મા માટે થોડું પણ નહિ કર્યું હોય તો અહીંથી ગયો એટલે એનો પત્તાનો મહેલ ધૂળ બરાબર છે. વૈભવ-સંપત્તિ એ બધી પોતાના પુદ્ગલમાંથી ઉભી કરેલી બાજી છે. નીચેનું પાન ખસી ગયું. આત્મા ગયો એટલે આખો મહેલ પડી જવાનો છે. એટલા માટે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે તું થોડું તો ચિંતન કર કે જે મહેલ ઉભો કર્યો છે તેમાં તારી શી અવસ્થા છે? આવો વિચાર કોણે કર્યો છે તે તમને ખબર છે? ભરત ચક્રવર્તિ સ્નાન કરીને જ્યારે અરિસાભુવનમાં આવ્યા અને જ્યાં અરિસામાં પોતાનું પ્રતિબિંબ જોયું ત્યાં સામે ઉભા રહીને વિચાર કરવા લાગ્યા. હું કોણ છું. શું આ પુદ્ગલ દેખાય છે તે? ના...ના આ બધું કોના માટે? અરે! હું ક્યાં છું? શા માટે હું આ બંધનમાં છું? એમ વિચાર કરતાં પોતામાં ડૂબકી મારી તો કેવળજ્ઞાન પામી ગયા.

બંધુઓ! જ્યારે આવીજ વિચારણા ઉત્પન્ન થશે ત્યારે જ આપણને રસ્તો જડશે. જેમ કોઈ બહેન વલોણું કરતી હોય તો વલોણાને જોઈ રહેવાથી માખણ નહિ મળે. પણ માખણ ક્યારે બને છે? સામસામી દોરી ખેંચે, ઘમસાણ થાય, પછી અંદર માખણ આવ્યું છે કે નહિ તે જોવા માટે હાથ ચીકણું થાય, ત્યારે માખણ મળે છે. આ જ રીતે આત્મા જેમ જેમ મંથન કરતો જશે તેમ તેમ તેને પોતાના સ્વરૂપનું ભાન થતું જશે. આ માનવભવનું ટાણું મળ્યું છે. અત્યારે આત્મસ્વરૂપ નહિ સમજીએ તો કયારે સમજીશું? જેને આત્મ-સ્વરૂપની લગની લાગી છે તેવા છ આત્માઓમાંથી ચાર આત્માઓની વાત થઇ. હવે જે બે દેવલોકમાં બાકી છે તેનો વિચાર કરીએ.

જે આત્માઓ પુદ્ગલાનંદી નથી પણ આત્માનંદી છે, તેઓ દેવલોકમાં રહીને પણ શું વિચાર કરે છે? દેવોને ચવવાના છ મહિના બાકી રહે છે ત્યારે તેમના બધા જ ચિન્હો બદલાય છે. તેમના શરીરમાં બેચેની થાય છે ત્યારે તેઓ વિચાર કરે

છે કે આપણે અહીંથી ચ્યવીને કયાં ઉત્પન્ન થઇશું ? અવધિજ્ઞાન વડે જોતાં ખબર પડી કે આપણે મનુષ્ય થઇશું. સમકિતી આત્માને દેવલોકમાંથી મનુષ્યભવમાં જવાનું થાય ત્યારે અપૂર્વ આનંદ આવે. કારણ કે આત્મ-સાધનાનાં સાધનો મનુષ્યભવમાં મળે છે. તે સામગ્રી બીજે કયાંય મળી શકતી નથી. જોતાં ખબર પડી કે આપણે બ્રાહ્મણને ઘેર જન્મીશું, ત્યાં તો આપણને જૈન ધર્મની પ્રાપ્તિ થવી જ મુશ્કેલ છે. કારણ કે બ્રાહ્મણો તો વેદ પુરાણને માનનારા હોય છે. અને આત્માની સાધના માટે જો સર્વોચ્ચ સાધન હોય તો તે એક વીતરાગનો પ્રરૂપેલો જ માર્ગ છે. હવે જ્યાં જન્મવાનું છે ત્યાં જ જન્મવાનું છે. એમાં મીનમેખ ફેર પડવાનો નથી. પણ આપણે કંઈક કરીએ એમ વિચારી બંને દેવો મનુષ્યનું રૂપ લઇને મૃત્યુ લોકમાં આવે છે.

અહીં ભૃગુ પુરોહિત અને યશાભાર્યા પોતાને પુત્ર નહિ હોવાથી તલસે છે. પુત્ર-પ્રાપ્તિની ઝંખના કરી રહ્યા છે, કે અહો ! ધન-વૈભવનો પાર નથી પણ તેનો ભોગવનાર કોઈ નથી. ભાઈઓ કરતાં બહેનો પુત્ર માટે વધુ પાગલ હોય છે. સંતાન માટે પથ્થર તેટલાં દેવ કરે છે. પણ તેને ખબર નથી કે સંતાનો કયાં સ્વર્ગે પહોંચાડવાના છે ! પહેલાં એવો રિવાજ હતો કે પરણ્યા પછી પાંચ દશ વર્ષ સુધી જો સંતાન ન થાય તો બીજી સ્ત્રી પરણતાં એટલે પત્નીને તો જીવતા શોક આવે. અત્યારે ગવર્નમેન્ટે ઠીક કર્યું છે કે એક પત્ની ઉપર બીજી પત્ની ન લાવવી.

અહીં ભૃગુ પુરોહિતની યશાભાર્યા પુત્ર પ્રાપ્તિ માટે પાગલ બનીને ફાંફા મારે છે. તે સમયે આ બંને દેવો બ્રાહ્મણનું રૂપ લઇને ત્યાં આવે છે. અને કહે છેઃ અમે ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળની વાતો જાણીએ છીએ. જેને જોષ જોવડાવવાં હોય તે આવો. જ્યાં આવું કંઇક આવે ત્યાં અમારી બહેનોનો નંબર પહેલો લાગે. બધા બહેનો જલ્દી ભેગા થઈ જાય. અરે ! ભાઈઓ પણ દોડતાં આવે. એક ભિખારી જેવો બેઠો હોય અને જોષ જોતો હોય તો તેની પાસે હાથ જોવડાવવા પણ તૈયાર થઇ જાય. તમો વિચાર કરો કે જે બધું જોઇ દે છે તે, એનું પહેલાં ન જોઇ લે ! તે તમારા ઘેર શા માટે ભીખ માંગવા આવત !

બંધુઓ ! સમજો. આત્મા જન્મ્યા પહેલાં છ બોલ બાંધીને આવ્યો છે. (ગતિ, જાતિ, સ્થિતિ, અવગાહના, પ્રદેશ અને અનુભાગ) તેમાં તેને વિશ્વાસ નથી એટલે ફાંફા મારે છે. જેટલી પૌદ્ગલિક પદાર્થોની તમને શ્રદ્ધા છે તેટલી જ્ઞાનીના વચન ઉપર નથી. જેને જ્ઞાનીના વચન ઉપર શ્રદ્ધા છે તે પૈસા માટે અને સંતાન માટે જ્યાં ને ત્યાં ભીખ માંગતો ફરે નહિ.

અહીં યશાભર્યા બ્રાહ્મણોને હાથ બતાવે છે ' મારા નશીબમાં સંતાન છે કે નહિ ! આ બ્રાહ્મણો કહે છે, માતા ! તારે હાથ બતાવવાની પણ જરૂર નથી, અમે વગર હાથ જોયે કહીએ

છીએ કે તમારે ત્યાં બેડલે પુત્રોનો જન્મ થશે. પણ એક વાત છે કે તે બંને પુત્રો બાલપણથીજ ધર્મના અનુરાગી બનશે અને સાધુપણું લેશે. ત્યાં તમે તેમને રોકવા જશો તો પણ તે રોકાશે નહિ. માટે તેમને તમે ધર્મના સંસ્કાર આપજો. સંત સમાગમ કરાવજો. આટલી વાતો કબૂલ છે ને? તો અમે આશીર્વાદ આપીએ છીએ. આવો વખત આવે તો તમે શું કરો? કબૂલ કરો કે નહિ? (હસાહસ) આ ભૃગુ પુરોહિત બ્રાહ્મણ હતો. પણ રાજાના રાજ્યમાં રહીને વણીક જેવી તેની બુદ્ધિ થઇ હતી. એટલે તેણે એ જ વિચાર કર્યો કે જો અત્યારે ના પાડીશ તો આશા પૂર્ણ થશે નહિ. પછી આગળ ઉપર જોઇ લઇશું, એટલે બ્રાહ્મણોની વાત, તેમણે કબૂલ કરી અને દેવો આ રીતે કહીને ચાલ્યા જાય છે.

બંધુઓ! દેવલોકની ઘોમઘોમ સાહ્યબીમાં રહેલા જીવોને પણ સાધુપણું લેવા માટે કેટલી ઉર્મિઓ ઉછળી રહી છે! જ્યારે તમને બધો યોગ મળવા છતાં કાદવમ એવા ખૂંચી ગયા છો કે નીકળવાનું મન જ થતું નથી. પણ યાદ રાખજો કે એક વખત ભોગનો ત્યાગ કર્યા વિના છૂટકો જ નહિ થાય. કારણ કે આ ભૌતિક સંપત્તિ કેવી છે?

"જે આજ તે કાલે નહિ, ઘડીએ ઘડી પલટાય છે,
એથી જ આ સંસારમાં, શાંતિ નહિ દેખાય છે."

જે શક્તિ અને સંયોગ આજે તમને મળ્યાં છે, તે કાલે રહેશે કે નહિ તેની શું ખાત્રી છે? જેનો પળેપળે પલટાવાનો સ્વભાવ છે, તેમાં સુખ કે આનંદ કેમ માની શકાય? પણ અજ્ઞાન દશાને કારણે માણસને જડમાં આનંદ લાગે છે. જ્ઞાની ભગવંતો કહે છે કે તું આનંદઘન છે ત્યારે તમને સમજાશે કે આત્માએ જડની સાથે ભાગીદારી કરી છે. અને એ ભાગીદારીનું દુઃખ અત્યારે સાલે છે. આ દેહ મરે છે પણ આત્મા મરતો નથી. નબળો ભાગીદાર મરે તો સબળા ઉપર અસર થાય છે. તેમ આત્માએ દેહરૂપી નબળા ભાગીદારનો અને કર્મનો સંગ કર્યો છે અને તે સંગના રંગે રંગાઇ ગયો છે, તેના પરિણામે ઘડીએ ઘડીએ તેને દુઃખ ભોગવવું પડે છે. સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. મુક્ત હોવા છતાં મરવું પડે છે. જો આ દુઃખ મટાડવું હોય તો એ ભાગીદારી ધીમે ધીમે ઓછી કરવી પડશે. એ ભાગીદારી ઓછી કરવા માટે ચારિત્રનો માર્ગ અને તપનો માર્ગ રામબાણ દવા છે.

મોગલોમાં છેલ્લો બાદશાહ અહમદશાહ થઈ ગયો. તેની પડતી થઇ. આ દૌલતો કાયમ એક સરખાં રહેતાં નથી. હમણાંજ કહ્યું કે "જે આજ છે તે કાલે નહિ, ઘડીએ ઘડીએ પલટાય છે." માટેજ જ્ઞાની પુરૂષો કહે છે કે તું એમ ન માનીશ કે હું હોશિયાર છું, મને સંપત્તિ ભેગી કરતાં આવડે છે અને સાચવતાં પણ આવડે છે. એટલે બધું મળ્યું છે તે ટકી રહ્યું છે અને કાયમ માટે ટકી રહેશે. પણ જ્યાં તારૂં પુણ્ય ખલાસ

થશે ત્યારે પૈસા પગ કરીને ચાલ્યા જશે. તે વખતે રોકવા કોઈ સમર્થ નહી બને. અબજોની મિલકતમાંથી એક લાખ જેટલી પણ રહેતી નથી. અહમદશાહની પણ એવીજ સ્થિતિ થઇ ગઇ. તેના ખજાના ખાલી થઈ ગયા. જવાહેરલાલો જુહાર કરીને ચાલી ગઇ. સૈનિકો અને નોકરોનું દેવું વધી ગયું. ચૂકવવા માટે પૈસા રહ્યા નહિ, એટલે મધ્ય રાત્રે ચોરની જેમ દિલ્હી છોડીને તે ભાગી છુટયો.

બંધુઓ ! અહીંથી ભાગી જશો પણ કર્મ તો કોઇને છોડનાર નથી. અહમદશાહ નાસી છૂટયો, પણ તેના સૈનિકો તેને છોડે તેવા ન હતાં. જંગલમાંથી પકડી લાવ્યા અને જેલમાં પૂરી દીધો. ખૂબ હેરાન હેરાન થઇ ગયો. પૂરૂં ખાવા-પીવાનું પણ મળતું નથી. ઉનાળાનો દિવસ છે. ખૂબ તરસ લાગી છે. પાણી પાણી કરે છે, કોઇ પાણી આપતું નથી, ત્યારે એક સૈનિકને કહે છે કે, મારી ખાતર ન આપે તો કાંઈ નહિ. અલ્લાહની ખાતર મને પાણી આપ. જે માણસોએ ભીખ માંગતો અવાજ સાંભળ્યો હશે તેને પણ આંસુ કેમ નહિ આવ્યા હોય ? હીરા-માણેક ને પન્નાનો પહેરનાર બાદશાહ પાણી માટે તરફડે ? સૈનિકને દયા આવી અને માટીના કોડિયામાં પાણી આપ્યું. ફરીને પાણી માંગે છે. એક વખતનો બાદશાહ તે આજે બન્યો રંક. સમૃદ્ધિનો પડછાયો માનવને કયારે પલટાય છે તે આપણાથી સમજી શકાતું નથી.

દેવાનુપ્રિયો ! ભગવંતો કહે છે કે આત્મા પુદ્ગલના સંગે નિર્ધન બને છે, કેમ કે પુદ્ગલના સંગથી તે પોતાના આત્માનું જે સાચું ધન જ્ઞાન-દર્શન વિગેરે છે તેને ગુમાવી બેસે છે, તેથી તે દુઃખી થાય છે અને સંસારમાં પરિભ્રમણ કર્યા જ કરે છે. દેવલોકમાં રહેલા એ આત્માઓને પણ એ જ વિચાર આવ્યો કે આવા ભોગો અનંતી વખત પ્રાપ્ત કર્યા ને છોડયા. આ પુદ્ગલો આપણને ગમે ત્યારે ગમે તેમ નચાવે છે પણ તેનાથી હવે આપણે નાચવું નથી. પણ જે વસ્તુ આપણને નચાવે છે તેને જ આપણે નચાવીએ. આવા તેમના ભાવ હોવાથી મનુષ્ય લોકમાં આવી પોતાની ભૂમિ વિશુદ્ધ કરી ગયા. એમને સંપત્તિ કરતાં સંયમની મહત્તા વધુ સમજાણી હતી.

જેને આત્મા તરફનું લક્ષ થાય છે તેને મન તો ભૌતિક સુખો માટીના ઢેફાં જેવા દેખાય છે. અને આત્માની કિંમત સમજાય છે. તેઓ તો એમ જ માને છે કે મારો દેહ તો એક કવર છે. અંદર રહેલો કાગળ તેનાથી જુદો છે. કાગળ અને કવર જુદાં છે. એવું તો કોઇ વિરલ વ્યક્તિઓને જ સમજાય છે. મોટા ભાગે તો માનવીઓને આ દેહ એક કવર છે અને અંદર એક કાગળ છે એની જ ખબર નથી. જેમ વીસ પૈસાના કવરમાં લાખ રૂપિયાનો ચેક હોય તો પેલા વીસ પૈસાના કવરની કોઈ કિંમત ખરી ? કિંમત તો અંદર રહેલા લાખ રૂપિયાની જ છે ને ?

બંધુઓ! તમને તમારા વેપારીએ અગાઉથી ખબર આપ્યાં હોય કે હું અમુક તારીખે લગભગ લાખ રૂપિયાનો ચેક મોકલીશ. હવે તમે એ તારીખની રાહ જોઇ રહ્યાં છો. એ તારીખ આવી ગઇ. ચેક મોકલનારે કવરમાં તમને ચેક મોકલ્યો પણ ખરો. હવે એ કવર એવું ફીટ છે કે તેને ફોડવા માટે જગ્યા નથી. ચારે તરફ ફેરવી ફેરવીને જુવે કે કઇ બાજુથી ફાડું કે જેથી ચેક ન ફાટે. એક બાજુથી ફડાય તેમ ન લાગે તો કુશળ વેપારી કવરને ગમે તે બાજુથી ફાડી નાંખે. એને લાગે કે અંદરનો ચેક ફાટી જાય તેમ છે તો બીજી બાજુથી ફાડે, વચ્ચેથી ફાડે, અરે! આખું કવર ફાડી નાંખે કારણ કે એને કવરની સાથે કાંઇ જ સંબંધ નથી. એને કિંમત છે અંદર રહેલાં ચેકની.

આ જ રીતે જ્ઞાનીઓ કહે છે કે હે આત્માઓ! આ દેહ તો વીસ પૈસાનું કવર છે અને એમાં આત્મારૂપી જે ચેક છે તેની જ કિંમત છે. આ ચેકને ઓળખવાની જે શક્તિ તેનું જ નામ સમ્યગ્દર્શન છે.

જ્યારે આપણને આવી દૃષ્ટિ મળશે ત્યારે તમને થશે કે મારા આત્માને સાચવીને હું આ શરીર પાસેથી કામ લઉં. આ શરીર એક કવર તરીકે જરૂર ઉપયોગી છે. પણ આ કવરની કોઇ મહત્તા હોય તો એટલા જ પૂરતી છે કે એ જેમ પેલા ચેકને એક ગામથી બીજે ગામ પહોંચાડવાનું કામ કરે છે તે જ રીતે આ શરીરની મહત્તા એટલા માટે જ છે કે અંદર રહેલા ચેતનરૂપી ચેકને મોક્ષ નગરીમાં પહોંચાડવા માટે એ સાધન છે. આ દૃષ્ટિ મળ્યા પછી ભલે તમે ગમે ત્યાં બેઠા હો, ચાહે અરણ્યમાં હો કે ઉપાશ્રયમાં હો અથવા ઓફિસમાં હો, પણ તમે જાગતાં છો અને સમજો છો કે આ તો ઉપરનું કવર છે, અંદર રહેલા ચેક રૂપી ચેતન એવો હું, કવરથી અલગ છું. જેના અંતરમાં આવી દૃષ્ટિ આવે તે જ સાચો ધર્મિષ્ઠ છે.

જેની દૃષ્ટિ ખુલી છે તે આત્માઓ કર્મની ફિલોસોફીને બરાબર સમજે છે. ભગવાન મહાવીર સ્વામીએ ત્રીસ વર્ષે સંયમ લીધો અને કર્મનો ઉદય થયો તે વખતે ભરવાડે કાનમાં ખીલા ઠોકયા. અનાર્ય દેશમાં પણ કેવાં ઉપસર્ગો આવ્યા! જ્યાં ખુદ તીર્થંકરને પણ જ્યારે કર્મોએ છોડયા નથી તો આપણા જેવાની તો વાત જ કયાં? પણ એ કર્મોને બાંહ્ય ઝાલીને હઠાવનાર કોઈ રાજા હોય તો તે આત્મા છે. જો આત્માની શક્તિ ખીલે તો કર્મ શિયાળીયાંની જેમ મૂઠી વાળીને ભાગી જાય છે, પણ આત્મા પોતાની શકિતનું ભાન ભૂલીને દાસ બની ગયો છે. જ્યારે ભગવાન મુક્તિની મંઝીલે પહોંચી ગયા છે. આપણે પણ એ જ સ્થાનની પ્રાપ્તિ કરવી છે. પણ એના વિચારોમાં ને વિચારોમાં વર્ષો વીતી ગયાં. એ સ્થાનને પ્રાપ્ત કરવા માટે આત્મામાં જે વેરઝેરની

ગાંઠો પડી છે તેને કાઢવી પડશે. જેમ સોયમાં દોરો પરોવવો હોય તો તે દોરામાં રહેલી ગાંઠ ભલે પહેલાં ન દેખાય પણ નાકામાં આવે ત્યારે અટકી જાય છે તે જ રીતે મનમાં વેર-ઝેર અને બૂરાઇની ગાંઠો વળી ગઇ હશે તો મુક્તિ રૂપી સોયમાં આત્મારૂપી દોરાને પસાર થતી વખતે અટકી જવું પડશે. અન્યાય, અનીતિ અને અધર્મ કરવા છતાં પણ પુણ્યના બળે ચમકતાં હશો પણ મુક્તિ રૂપી સોયના દ્વારે તો એને અટકવું જ પડશે. માટે જો તમારે મુક્તિ નગરીમાં પ્રવેશ કરવો હશે તો ગ્રંથી છેદ તો કરવો જ પડશે.

દેવલોકમાં રહેલા બે આત્માઓને મનુષ્ય ભવ પ્રાપ્ત કરી સંયમ લેવાનો કેટલો હર્ષ છે, જ્યારે તમને સંયમ લેવાનું કહીએ તો દૂર ભાગો છો. ગામમાં કોઈ સંત પધારે અને તેમની વાણી સાંભળો પછી એમ કહો છો કે મહારાજની વાણીમાં જાદુ છે. ત્યાં જઈએ એટલે દીક્ષા લેવાનું મન થઇ જાય છે. એમની વાણી સાંભળીને વૈરાગ્યનો રંગ લાગી ગયો તો તમે તમારા દિકરા-દિકરીને ઉપાશ્રયે આવતાં પણ બંધ કરી દો. (હસાહસ) રખેને સંતનો પડછાયો લાગી જાય.

અહીં બ્રાહ્મણો કહીને ગયા પછી ભૃગુ પુરોહિત અને યશાભાર્યાને તો હર્ષનો પાર નથી. જે ચાર આત્માઓ ઈષુકાર રાજા, કમલાવતી રાણી, ભૃગુ પુરોહિત ને યશાભાર્યા હજુ જાગ્યા નથી. એ તો પોતાનામાં પડેલા છે પણ જે આ બે આત્માઓ આવશે તે આ ચારને જગાડશે. હજુ જન્મ તો થયો પણ નથી તે પહેલાં અંતરથી આત્માની ઊર્મિઓ ઉછળી છે. આત્મ સાધના કરવાની લગની લાગી છે, તમને પણ કોઇ ને કોઇ કાર્યમાં લગની તો જરૂર લાગે છે. તમે તમારા ઘરમાં બેસીને નોટોના બંડલ ગણતા હો તે વખતે તમે એવા એકાગ્ર હો કે અમે તમારા ઘેર આવીએ અને તમારી પાસે થઇને જ પસાર થઇએ તો પણ તમને ખબર ન પડે. અને નોટો જોઈને ખુશ થઇને એવા ડોલતા હો કે જાણે મોટું રાજ્ય ન મેળવ્યું હોય ! પણ બંધુઓ ! તમે જાણો છો ને કે ડોલે કોણ ? "નાગ." નાગ જેમ ડોલે તેમ નોટોના બંડલ દેખીને તમે ડોલો છો. પણ યાદ રાખજો કે નાગ જેમ બીલમાં રહે છે તેમ તમારે પણ બીલમાં જવું પડશે.

ધન કેવી ચીજ છે ! એક શેઠ એવો લોભી કે કમાઇને નોટો ખૂબ ભેગી કરેલી. એ નોટોના બંડલ તિજોરીમાં ભેગા કરે. તિજોરી પણ એક અલગ રૂમમાં રાખેલી. એ તિજોરી ખોલીને રૂપિયા ગણે તે વખતે અંદર કોઈને જવાનું નહિ. તિજોરીમાં એવો ઈલેકટ્રીક કરંટ રાખેલો કે એની કળની કોઇને ખબર ન હોય અને અજાણ્યો ખોલવા જાય તો કરંટ લાગી જાય. એક વખત શેઠ બારણું બંધ કરી નોટો ગણી રહ્યા છે ત્યાં સહેજ બારણું ખખડ્યું. શેઠને થયું કે કોઈ આવ્યું લાગે છે. રખે મારી નોટોના બંડલો જોઇ જશે. એટલે બધા નોટોના બંડલ ભેગા કરીને તિજોરીમા પેસી ગયા અને બારણાં બંધ કરી દીધા, પણ ચાવીનો ઝુડો બહાર રહી ગયો. આ તો મજબુત લોખંડી તિજોરી, નીકળવાની બારી રહી નહિ. અંદર શેઠ તો મૂંઝાઈ ગયા, પણ બહાર નીકળાય કેવી રીતે ?

હવે ઘરના માણસોને ઓરડામાં જવું હતું પણ અંદરથી બાપા બહાર ન આવે ત્યાં સુધી કોની તાકાત છે કે જઈ શકે ? જમવાનો ટાઇમ થયો પણ બાપા બહાર ન આવ્યા. સાંજ પડવા આવી પણ બાપા બહાર નીકળ્યા નહિ. ત્યારે પુત્રવધૂઓ કહેવા લાગી કે આ રૂમ ખોલો તો ખરાં. બાપા તો લોભી છે, કોને ખબર શું કરતા હશે ? હિંમત કરી રૂમ ખોલ્યો તો અંદર બાપા નથી. તિજોરીની ચાવીઓ બહાર છે તો બાપા ક્યાં ગયાં ? ખૂબ તપાસ કરી પણ બાપાનો પત્તો ન લાગ્યો. ત્યારે થયું કે લક્ષ્મીના લોભી બાપા લક્ષ્મીના મોહના કારણે કદાચ તિજોરીમાં તો નહિં પેસી ગયા હોય ને ! તિજોરી ખોલે છે તો અંદર શેઠનું મડદું પડયું છે. ક્રોડોની સંપત્તિ મેળવી, એ ક્રોડોનું જે રાત દિવસ રક્ષણ કરતો હતો તે સંપત્તિ તેને બચાવી શકી ? પુદ્ગલના રંગરાગમાં પડેલો જીવ પોતાનો આ ભવ અને પરભવ બગાડે છે. અને જાગૃત આત્મા આ ભવ અને પરભવને સુધારે છે. હવે બે કુમાર યશાભાર્યાને ત્યાં જન્મ લેશે અને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૧૫

અષાઢ વદ અમાસ ને શનિવાર તા. ૧-૮-૭૦

અનંત કરૂણાનિધિ શાસનપતિ શ્રી મહાવીર સ્વામીએ આજથી ૨૫૦૦ વર્ષો પૂર્વે વિશ્વના આંગણે ધર્મનો દિપક પ્રગટાવ્યો. તેમણે પોતાના કેવળજ્ઞાનમાં જોઈને જીવોને બતાવ્યું કે " દુઃખં પાપાત્ સુખં ધર્માત્ " દુઃખનું કારણ પાપ છે અને સુખનું કારણ ધર્મ છે. નાથે સમજાવ્યું છે કે હે ભવ્ય જીવો ! દુઃખથી મુક્ત થવા માટે પાપનો ત્યાગ કરો અને પરમ સુખની પ્રાપ્તિ કરવા માટે ધર્મનું શરણ સ્વીકારો. આપણને જ્ઞાનીઓએ કેટલો સુંદર માર્ગ બતાવ્યો છે ! બસ, આ જ મૂળભૂત વાતને અનેકાન્ત દૃષ્ટિ બિંદુથી સમજાવવા શાસ્ત્રોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ શાસ્ત્રોને સરળ આત્માઓ તો શ્રદ્ધાપૂર્વક સમજીને સ્વીકારે છે. અને શાસ્ત્રોના કથન મુજબ પોતાના આત્માને શુદ્ધ કરવા પુરુષાર્થ કરે છે. પરંતુ મનુષ્ય ધર્મશાસ્ત્રોને આજે શ્રદ્ધાથી માની લેવા તૈયાર થતો નથી. તેવા જીવો પ્રત્યે કરૂણાદૃષ્ટિથી ભગવાન મહાવીર દેવે સેંકડો તર્કપ્રમાણો બતાવ્યા. ધર્મના તત્ત્વોને તર્કથી સમજાવનાર દર્શનશાસ્ત્ર કહેવાય છે.

ભવ બંધનના ફેરાથી છોડાવનાર હોય તો સર્વજ્ઞે બતાવેલો માર્ગ જ છે. જુઓ– મદારીએ મર્કટને નાચવાની, બેસવાની અને કુદવાની કળા શીખવાડી. હજારો માણસોની

બેદની વચ્ચે માંકડાને મદારી પૂછે કે તને તારી મા વહાલી કે તારી પત્ની વહાલી? તારી મા માંદી પડે તો તું દોડતું જાય કે તારી પત્ની માંદી પડે તો દોડતું જાય! આ બધી કળાઓ તે શીખી ગયો અને જોનારને ખુશ કરી દે છે. પણ મદારીએ જે સાંકળથી માંકડાને બાંધ્યું છે તેનો અંકોડો છોડવાની કળા શીખવાડી નથી. માંકડું બિચારૂં બધું શીખ્યું પણ બંધનમાંથી મુક્ત થવાની કળા શીખ્યું નહિ. બંધુઓ! તમારી આવી સ્થિતિ તો નથી ને? ભગવાન મહાવીરે આપણને બંધનમાંથી મુક્ત થવાની સુંદર કળા શીખવાડી છે અને કહ્યું છે કે હે આત્મા! તું અનંતકાળથી ચતુર્ગતિમાં રખડી રહ્યો છે. શુભાશુભ કર્મના બંધને બંધાઈ ગયો છે. તે બંધનને જાણીને બંધનને તોડવા પુરૂષાર્થ કર.

તમને કયું બંધન છે, જાણો છો ને? જ્ઞાની કહે છે, પહેલાં તમે બંધનને જાણો અને પછી તેને તોડવાનો પુરૂષાર્થ કરો. જો તમને બંધન એ બંધનરૂપ લાગ્યું હશે તો તમે તેને તોડવાનો પુરૂષાર્થ કરશો. આ જીવને મોટામાં મોટું બંધન હોય તો તે અવિરતીપણાનું છે. એ અવિરતીના બંધન તોડવા માટે તમને એક વખત લગની લાગવી જોઈએ. જેને લગની લાગી છે તે જીવો અઢળક સંપત્તિમાં વસતાં હોવા છતાં પુરૂષાર્થ કરે છે.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં જે છ જીવોનો અધિકાર ચાલે છે તેમાં જે બે આત્માઓ દેવલોકમાંથી ચ્યવવાની અણી ઉપર છે. તેમને એ જ ચિંતા થઇ કે આપણે જ્યાં જન્મવાના છીએ ત્યાં સંપત્તિનો પાર નથી, ભૌતિક સુખની કમીના નથી પણ આપણે જે બંધન તોડવા માંગીએ છીએ તે ત્યાં તૂટશે નહિ. એટલે તેઓ મૃત્યુલોકમાં આવીને ભૃગુ પુરોહિત અને તેની પત્ની યશાને ચેતવણી આપી ગયા. તેઓને જૈન ધર્મના સંસ્કારો આપી ગયા.

અતિ સુખમાં માનવ ધર્મારાધના કરી શકતો નથી. સુખમાં થોડી કડવાશરૂપ દુઃખ જોઇએ. દેવભૂમિમાં તો એકલું સુખ છે એટલે ત્યાં આત્મકલ્યાણ ન થાય તેમજ અવિરતીના બંધનો પણ તૂટે નહિ. તમે કેરીનો રસ અને પૂરી એકલાં ખાતા નથી. જો એકલો રસ ખાવામાં આવે તો મોઢું ભાંગી જાય. પેટમાં કરમીયા થઈ જાય. પણ તમે કેરી સાથે કારેલાનું શાક અને વાલની દાળ ખાવ છો. ગળપણ સાથે થોડી કડવાશ જોઇએ. કેમ બરાબર છે ને? આ જ રીતે સાચા સુખની પ્રાપ્તિ માટે, અવિરતીના બંધનો તોડવા માટે તપ ત્યાગની કસોટી રુપી કડવાશ જોઇએ.

ભૃગુ પુરોહિત અને યશાને બે દેવો બ્રાહ્મણના રૂપમાં આવીને કહી ગયા કે તમારે બે પુત્રો થશે. ત્યાં તેમના હર્ષનો પાર ન રહ્યો. જેમ પુત્ર પ્રાપ્તિની ભાવનાથી દંપતીનું હૈયું હરખાય છે, તેમ અમારૂં હૈયું કયારે હરખાય? અમારા મહાવીરના

શાસનમાં એકેક શ્રાવક જો ધર્મમાં શ્રદ્ધાવાન થાય, જ્યાં જાય ત્યાં રાણીગરા રૂપિયાની જેમ રણકાર કરે. સાચો શ્રાવક છૂપો ન રહે. પણ પોતાનું શૂરાતન બતાવે. અને બધા જાણે કે આ સાચો શ્રાવક છે. આવા શ્રાવકોની શ્રદ્ધા અને ધર્મધ્યાનમાં તેની તલ્લીનતા જોઈ સંતોને આનંદ થાય. આવા દૃઢધર્મી અને પ્રિયધર્મી શ્રાવકોને સિદ્ધાંતમાં ભગવાને સાધુના અમ્મા-પિયા તરીકે વર્ણવ્યા છે.

આ બે દેવો દેવલોકની સ્થિતિ પૂર્ણ કરી યશાભાર્યાની કુક્ષીએ ઉત્પન્ન થાય છે. પુણ્યવાન આત્માઓ છે. ભવબંધનો તોડનાર છે. એવા જીવો ગર્ભમાં આવે છે ત્યારે માતાને પણ સારી ભાવના થાય છે. ગર્ભમાં પાપી જીવ આવીને ઉત્પન્ન થાય છે ત્યારે માતાને ખરાબ ભાવના થાય છે. ગર્ભમાં પુણ્યવાન જીવો ઉત્પન્ન થયા છે એટલે યશા ભાર્યાને શુભ ભાવનાઓ થાય છે કે સંતના દર્શન કરૂં, દાન આપું. અનુક્રમે તેને ત્યાં બે બાળકોનો જન્મ થાય છે. બાળકો ધીમે ધીમે મોટા થાય છે. આ માતાપિતાને વિચાર થાય છે કે પેલા જોષી કહી ગયા છે કે આ બંને બાળકો કિશોરવયમાંજ સંસારના બંધનો તોડી ત્યાગી બની જશે. તો હવે આપણે એવો કિમિયો કરીએ કે આ બાળકોને સાધુનો સમાગમ જ ન થાય.

ભૃગુ પુરોહિત રાજાનો માનનીય છે. પૂર્વનો સ્નેહ છે એટલે રાજા તો તે જે માગે તે દઈ દેવા તૈયાર છે. રાજાની તેના ઉપર અસીમ કૃપાદૃષ્ટિ છે. જેના ઉપર રાજાની કૃપાદૃષ્ટિ હોય તેને શી ફિકર! બંધુઓ, સંતો તમારા ઉપર કૃપા કરે છે અને કહે છે કે તમે જાગો. હવે કયાં સુધી મોહનિદ્રામાં ઉંઘશો! આ પુરોહિત કહે છે બાપુ! મારા દિકરા કૃપાળા છે, નજરાઈ ન જાય, માટે મારા આ બાળકોને લઈને આ નગરી થી થોડે દૂર રહેવા જવું છે. આપની આજ્ઞા હોય તો... રાજા કહે છે અરે! જો આપને દૂર જવું હોય તો નાનું નગર વસાવી આપું. ઇષુકાર નગરીથી થોડેક દૂર કર્પટ ગામ વસાવી આપે છે. મારે તમને એ કહેવું છે કે જ્યાં રાજાની કૃપા હોય ત્યાં અતિ કઠિન કાર્ય પણ સહેલાઇથી થઈ જાય છે. મોટાની કૃપા માનવને મહાન બનાવે છે.

કરોડપતિને રોડપતિ બનાવે છે.

એક વખત એક રાજાની સવારી નીકળી. આખું ગામ ધ્વજાપતાકાઓથી શણગાર્યું. દુકાનદારોએ રાજાના માનમાં પોતાની દુકાનો સુંદર રીતે શણગારી છે. ગામની શોભા જોઈને રાજા હરખાય છે. અહો! મારૂં કેટલું માન છે! પણ એક દુકાન શણગાર્યા વિનાની છે. આ જોઈ રાજા વિચારે છે કે, બધાએ મારા માનમાં દુકાનો શણગારી છે. અને આ માણસે કેમ આમ કર્યું હશે! અંદરનું માન માનવને મુંઝવે છે. માન જાય તો કામ થઈ જાય. બાહુબલીજીએ કેટલી ઉગ્ર સાધના કરી. મચ્છરના ત્રાસ આગળ આપણે કાયર બની જઇએ તેના બદલે જેના શરીર ઉપર કીડીઓએ દર બનાવ્યા, જેના

માથે પંખીએ માળા નાંખ્યા, શરીરે વેલડીઓ વીંટળાઇ ગઇ, શરીરને સુક્કેભુક્કે કરી નાંખ્યું, પણ અંદરમાં રહેલો અહું ઓગળ્યો નહિ, ત્યાં સુધી કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થઇ. પણ એ જાતિવંત આત્મા હતા, એટલે બહેનોની સ્હેજ ટકોર થતાં જાગી ગયા. પણ બધાના મનમાં વિચાર થયો કે આવા ગરીબના સામું જોઈને રાજા મુખડું મલકાવે છે તો નકી આની સાથે રાજાને કંઈક સંબંધ છે. આ રાજાનો પ્રેમી છે. માટે હવે આ માણસ આપણી બધી પોલ રાજા પાસે ખુલ્લી કરી દેશે. તો આપણને કયાંય સ્થાન મળશે નહિ. માટે આપણે આની સાથે સંબંધ બાંધીએ, તો આપણને કાંઇ વાંધો આવે નહિ.

આજ સુધી આ માણસના સામું કોઈ જોતું ન હતું. પણ હવે તેને બધા બોલાવવા લાગ્યા અને કહેવા લાગ્યાઃ–ભાઇ ! તારે કંઇ જરૂર હોય તો કહેજે. કોઈ સામેથી પૈસા આપવા લાગ્યા. આમ કરતાં આ ગરીબ માણસ પાસે પૈસા આવે છે. પુણ્યનો સિતારો ચમકે છે. અને તે લાખોપતિ બની જાય છે. બીજે વર્ષે ફરીને સવારી નીકળી. આ ગરીબ માણસે આખા ગામ કરતાં વધારે સુંદર સજાવટથી પોતાની દુકાન શણગારી છે. આ જોઇ રાજા કહે છે આ કોની દુકાન છે ? ત્યારે પેલો ગરીબ માણસ જે ધનવાન બની ગયો છે તે રાજાના ચરણમાં પડીને કહે છે મહારાજા ! એ આપની કૃપાનો પ્રતાપ છે. મેં આપની કૃપાથી આટલું મેળવ્યું છે. જો તેણે માંગ્યું હોત તો માંગેલું મળત. પણ આ તો મહાન સુખ પામી ગયો. આ તો એક સામાન્ય રાજાની કૃપા થઈ અને આટલું મેળવી ગયો. તો તમે વિચાર કરો કે જેના ઉપર મહારાજાનો પણ મહારાજા તુષ્ટમાન થાય તો શું ન મેળવે ? મહારાજાનો પણ મહારાજા કોણ ! તમે જાણો છો ને ? વીતરાગના વારસદાર સંતો મહારાજાના પણ મહારાજા છે. તેઓની તમારા પર અમી–આંખડી પડે છે અને તમને કહે છે કે દેવાનુપ્રિયો ! હવે જાગો. વિષયોમાં ગૃધ્ધ ન બનશો. ત્યાં તમને એમ થવું જોઈએ કે અહો ! સંત મને સામેથી કહે છે. હું કેટલો પુણ્યવાન છું ! એક હાકલે તમે જાગી જવા જોઈએ. રોજ બ્રહ્મચર્ય વ્રતની વાત કરવામાં આવે છે. પણ એક પણ શ્રાવક જાગતો નથી. જાણે કે બધાએ પ્રતિજ્ઞા લઇ લીધી ના હોય ! રાજાની કૃપા તો એકજ ભવ પૂરતી હતી પણ સંતોની કૃપા તો ભવનો પાર કરાવે છે. જન્મ, જરા ને મરણના ફેરા મટાડી દે છે.

અહીં ભૃગુ પુરોહિત ઉપર પણ પૂર્વના સ્નેહને લઈને ઈષુકાર રાજાની ખૂબ કૃપા છે. ઈષુકાર નગરીથી ત્રણ માઈલ દૂર જુદી નગરી વસાવી આપે છે. ત્યાં જઇને આ ભૃગુ પુરોહિત, તેની પત્ની અને બે બાળકો આનંદથી રહે છે. હવે આ બાળકોને આ માતા-પિતા સમજાવે છે કે પુત્રો ! જે જૈન સાધુઓ હોય છે, તેમના મુખ ઉપર મુહપત્તિ બાંધેલી હોય છે, હાથમાં રજોહરણ હોય છે અને જમીન તરફ દષ્ટિ કરીને, હાથમાં કપડાની ઝોળી લઇને ચાલતા હોય છે, તે ઝોળીમાં તે લોકો છરી, કાતર, ચાકુ આદિ શસ્ત્રો રાખે છે, તે તમારા જેવા કુમળા

બાળકોને પકડી લે છે અને તે શસ્ત્રો દ્વારા નાક-કાન કાપી લે છે અને મારી નાંખે છે, માટે તમારે એવા સાધુઓથી દૂર રહેવું. તેમની પાસે તમારે જવું નહિ. એમનો સંગ કરવો નહિ.

કુમળા બાળકોને જેવા સંસ્કાર આપવામાં આવે તેવી તેના માનસ ઉપર અસર થાય છે. આજે બાળકો ડરપોક કેમ હોય છે? એક ટોકરીયો બાવો આવે તો પણ ડરીને ઘરમાં પેસી જાય. અરે! ઘણાં બાળકો તો અમારાથી પણ ડરે છે. કારણ! નાનું બાળક રડતું હોય અને એમાં અમે જઈ પહોંચીએ ત્યાં તેની માતા કહે કે છાનો રહે, નહિતર આ મહારાજ તને લઈ જશે. એટલે એના મગજમાં એવા સંસ્કાર પડી જાય છે અને બાળક રડે છે. તમે સંતોની બીક કદી આપશો નહિ.

માતાપિતાના આવા શિક્ષણથી આ બંને બાળકો જૈન સાધુથી ભયભીત રહેવા લાગ્યા. મા-બાપ વિચાર કરે કે આમ કરીએ તો આપણા દિકરાઓને મુનિનો સમાગમ થાય નહિ અને દીક્ષા પણ લે નહિ. પણ ઉપાદાન શુધ્ધ હોય છે તો કેવું નિમિત મળી જાય છે? એ જ આપણે અહીં વિચારવાનું છે. એક વખત એવું બન્યું કે આ બંને બાળકો રમતાં રમતાં ગામ બહાર ચાલ્યા ગયાં છે. તે સમયે રસ્તો ભૂલી જવાથી બે મુનિ આ નવું નગર વસાવ્યું છે ત્યાં આવે છે. એટલું જ નહિ પણ ભૃગુપુરોહિતને ઘેર જ ગોચરી માટે જાય છે. યશા ભાર્યા ખૂબ ભાવપૂર્વક નિર્દોષ આહાર-પાણી વહોરાવે છે. વહોરાવ્યા પછી કહે છે ગુરૂદેવ! આ ગામના માણસો અનાડી છે. તે સંતોથી અત્યંત અપરિચિત છે, એટલું જ નહિ પણ તે લોકો સંતોના દ્વેષી છે. અને છોકરાઓ તો એટલા તોફાની છે કે જેની વાત પૂછો મા. મારાં પોતાનાં છોકરા પણ એવા જ તોફાની છે. તે બાળકો સાધુઓની પણ મશ્કરી કરે છે. પથ્થર મારે છે, માટે આપ આહાર પાણી લઇને અહીંથી થોડે દૂર ઈષુકાર નગરી છે ત્યાં પહોંચી જાવ. જેથી આ ગામના લોકો આપનો અવિનય કરે નહિ અને આપને મુશ્કેલીમાં મકાવું ન પડે.

બંધુઓ! સંતો તમને ગમે તેટલાં પ્રિય હોય પણ જો તમારો દિકરો કે દિકરી હળુકર્મી હોય અને વૈરાગ્ય આવી જાય તો તમને પણ એક વખત તો અભાવ થઈ જ જાય. ઉપાશ્રયે આવવાનું પણ બંધ થઈ જાય. કહીએ કે કેમ શ્રાવકજી! તમે દેખાતા નથી? તો કહે કે શું આવીએ (તમારે તો બધાને સાધુ બનાવવા સિવાય કંઈ ધંધો છે?)! ભાઈ, આમાં શું મુંઝાવ છો? ચક્રવર્તિ જેવા રાજા મહારાજાને વૈરાગ્ય આવ્યો તો કોઈ રોકી શક્યું નથી. સાચો વૈરાગી કોઇનો રોકયો રોકાય નહિ. તમે એમ માનો કે હું કેવો ભાગ્યવાન! હું તો સંસારમાં પડ્યો છું, પણ મારું સંતાન શાસનને દીપાવવા જાય છે. અમને એવો અવસર કયારે આવશે?

ભૃગુ પુરોહિત અને યશાભાર્યાની ભાવના જોઈ સંતને થયું કે જેના ગામનો રાજા આટલો ભાવિક છે તેની પ્રજા આવી અનાડી કેમ હોય! સંત તો પુરોહિતના કહેવાથી

આહાર પાણી લઈ ગામની બહાર નીકળી ગયાં. જે બનવાનું છે તે બનવાનું જ છે. આ બાળકો જે તરફ રમી રહ્યા છે તે તરફ જ આ મુનિઓ પણ ગયા. આ સાધુને જોઈને બંને બાળકો ભયભીત બની ગયા. આ સાધુઓ આપણને મારી નાંખશે, પકડી જશે, એ ભયથી થરથર ધ્રુજવા લાગ્યા. સાધુની બીકથી બંને બાળકો એક મોટા ઝાડ પર ચઢી ગયા. હવે સાધુ પણ એ જ વૃક્ષ નીચે નિર્દોષ જમીન જોઈને ત્યાં બેસે છે. ઉપર આ બાળકો છે તેની સંતને ખબર નથી. સંતો વિના પ્રયોજને આડી અવળી દૃષ્ટિ કરતાં નથી. બાળકોને થાય છે કે આ તો અહીં જ આવ્યા. હવે આપણને પકડી જશે.

આ બંને મુનિઓ ભૂમિનું પડિલેહણ કરી પોતાનાં વસ્ત્ર-પાત્રાદિનું પડિલેહણ કરે છે. અને ત્યારબાદ લાવેલા આહાર-પાણી વાપરે છે. આ બાળકો સાધુની બધી ક્રિયા ઝાડ ઉપર બેઠા બેઠા નિહાળે છે. જ્યારે સંતોના પાત્રાઓમાં કંઈ જ ન જોયું ત્યારે કહે છે. આપણા માતા-પિતા તો આવું કહેતા હતા, પણ આ સંતો પાસે કોઈ શસ્ત્ર-છરી કે કાતર કંઈ જ નથી. એમના પાત્રામાં પણ આપણાં ઘરનાં જેવો શુધ્ધ આહાર જ છે. બીજું કાંઇ છે જ નહિ. આ બધું ધ્યાનપૂર્વક જોઈને આ બંને બાળકોનો ભય ચાલ્યો ગયો. હવે આ બાળકો નીચે ઉતરશે અને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં-૧૬

શ્રાવણ સુદ ૧ ને રવિવાર તા. ૨-૮-૭૦

ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કરી, સર્વજ્ઞ કોણ બની શકે તે વાતનો વિચાર કરવામાં આવે છે. જિનશાસન ગુણને મહત્તા આપે છે. જિનશાસનમાં વ્યક્તિની પૂજાને સ્થાન નથી પણ પ્રભુમાં જે ચાર ગુણો અને ચોત્રીસ અતિશયો છે તેની જ વિશેષતા છે.

પ્રભુએ જ્યારે રાગ અને દ્વેષને ખતમ કર્યા ત્યારે જ તેઓ સર્વજ્ઞ બન્યાં. સર્વજ્ઞ બન્યાં કે તરત જ જગતના ઉદ્ધારક બન્યાં. ઉચ્ચ કક્ષાનાં જીવોને તો મહાન પુરુષોના જીવન જોતાં જ સમજાઈ જાય છે, પણ જે સામાન્ય કક્ષાનાં જીવો છે તેમને સમજાવવા માટે દેશના આપવી પડે છે, કે હે ભવ્ય આત્માઓ! પૈસા એ ઉદ્ધારનું કારણ નથી. પૈસા પ્રાપ્ત કરવાની પાછળ જીવનમાં ઘણી હોળીઓ સળગે છે. કોઇક દર્દી માણસને એક હજાર રૂપિયા આપવામાં આવે તો શું એ પૈસા એનું દર્દ શાંત કરી શકશે? નહિ જ. આ સાચી લોકસેવા નથી. "જનસેવા તે પ્રભુ સેવા" એ સૂત્રે તો સત્યાનાશ

વાળ્યો છે. આ વાક્યના પરિણામે આજે ધર્મભાવના નષ્ટ થતી જાય છે. જનસેવાનો સાચો અર્થ એ છે કે કોઈ પણ અપેક્ષા રાખ્યા વિના જગતના જીવોને સાચો રાહ સમજાવવો. વીરની દેશનાનું ધન આપવું. વીતરાગના વારસદાર એવા સંતો તમને કંઈક દેવા માટે આવ્યા છે. તેઓ કહે છે કે હે આત્મબંધુઓ ! આ સંસારની કોઈ પણ વસ્તુ તમોને કદી પણ આશ્વાસન આપી શકે તેમ નથી. પણ રોમે રોમથી તમે રાગ-દ્વેષનો નાશ કરો. આ દેશના એજ જનસેવાનો સહેલામાં સહેલો અને છેલ્લામાં છેલ્લો ઉપાય છે. જે રાગ-દ્વેષ આદિ ભાવ શત્રુઓ જીતે છે તે જ સાચો વીર બની શકે છે.

સૂયગડાંગ સૂત્રમાં ભગવંતે ફરમાવ્યું છે કે હે આત્માઓ ! તમે મોહનિદ્રાનો ત્યાગ કરી જાગૃત બનો.

" સંબુજ્ઝહ કિં ન બુજ્ઝહ, સંબોહી ખલુ પેચ્ચ દુલ્લહા ।

નો હુવણમંતિ રાઈઓ, નો સુલભં પુણરાવિ જીવિયં ॥ સૂ. અ-૨ ગા. ૧. ઉ. ૧

આવા બોધિબીજની પ્રાપ્તિ કરવાનો અવસર તમને ફરી ફરીને નહિ મળે. તમે કલદ્વારની પ્રાપ્તિ કરવામાં કાલની રાહ જોતાં નથી. ત્યાં તો એ વિચાર કરો છો કે આવી નાણાં કમાવવાનો સીઝન ફરી ફરીને નહિ મળે. સખત ગરમી પડતી હોય, દુકાનમાં પરસેવાથી રેબઝેબ થઇ ગયા હો, આકુળ વ્યાકુળ થઇ ગયા હો, અને દુકાનમાં કુલ ઘરાકી હોય છે ત્યારે તમે એમ વિચાર નથી કરતા કે હવે કાલે પૈસા કમાઇશું ! તો જ્યાં કર્મની જંજીરો તોડવી છે, ત્યાં કાલની રાહ કેમ જોવાય !

માણસ બહેરો હોય, મૂંગો હોય કે અંધ હોય તો પણ તેને કેળવણી આપવામાં આવે તો તે ધન કમાઈ શકે છે. માંદો માણસ પથારીમાં રહીને પણ બીજાને સૂચના અને સલાહ આપીને પૈસા કમાઇ શકે છે. પગે લૂલો હોય તો પણ બુરશીમાં બેસી ફોન કરીને પૈસા કમાઈ શકે છે. અંધ માણસો પણ ગ્રેજ્યુએટ થાય છે અને તે પૈસા કમાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જેની ઇન્દ્રિયો હિન હોય છે તે માણસ પૈસા કમાઈ શકે છે, પણ જેની ધર્મેન્દ્રિયો હિન હશે તે માણસ ધર્મઆરાધના કરી શકશે નહિ.

કર્મના મેદાનમાં શૂરવીર હોય તે જ ઉભો રહી શકે છે. જ્યારે યુદ્ધભૂમિમાં જવાનું થાય ત્યારે કોણ જાય ! જેનું શરીર સશક્ત હોય, તલવારના ઘા સહન કરવાની જેનામાં તાકાત હોય તે જ રણમેદાનમાં જઇ શકે છે. તેમ આ કર્મમેદાનમાં પણ ગમે તેવી મુશીબતોનો સામનો કરવો પડે તો પણ જે ડરે નહિ તે જ ઉભો રહી શકે છે. અહીં કાયરનું કામ નથી.

તમને હજુ કર્મનો કાંટો ખટક્યો નથી. કર્મનો કાંટો કાઢવાનો ઉપાય કોણ કરે ? જેને કર્મ એ શત્રુ છે તે સમજાય જેમ પગમાં એક નાનકડો કાંટો વાગ્યો હોય પણ તે જ્યાં સુધી તમને ખટકતો નથી, દુઃખદાયી લાગતો નથી ત્યાં સુધી તમે તેને કાઢવા પ્રયત્ન

કરતા નથી, પણ ખટકે ત્યારે જ તેને કાઢવા પુરૂષાર્થ કરો છો. તેમ જેને જન્મ-જરા અને મરણના ફેરા ખટકે છે તે જ તેને ટાળવાના ઉપાયો શોધે છે. પહેલાં તે એ વિચારે છે કે જન્મ-જરા અને મરણના ફેરાનું મુખ્ય કારણ શું છે?

રાગો ય દોસોઽવિ ય કમ્મબીયં, કમ્મં ચ મોહપ્પભવં વયન્તિ।

કમ્મં ચ જાઈ મરણસ્સ મૂલં, દુકખં ચ જાઇ મરણં વયન્તિ।। ઉ. સૂ. અ. ૩૨-૭

રાગ અને દ્વેષ કર્મનાં બીજ છે. તેનાથી કર્મ બંધાય છે. અને કર્મના કારણે મોહ થાય છે. કર્મ એ જ જન્મ-મરણનું મૂળ છે, અને જન્મ-જરા અને મરણ એ જ દુઃખ છે.

રાગ અને દ્વેષ એ જ આત્માનું અહિત કરનાર મોટા દુશ્મનો છે. આજે જે કંઈ કલેશ, ઝગડા, ટંટા દેખાય છે તે રાગ અને દ્વેષને કારણે જ થાય છે. એક વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે જ્યારે આપણને રાગ થાય છે ત્યારે બીજા પ્રત્યે દ્વેષ થાય છે.

જેમ તમારો પાડોશી તમારી એક તસુ જમીન દબાવે તો તમે તેની સાથે ઝગડો કરો, તેથી ન માને તો તમે તેની સામે કેસ કરો, કારણ કે પુત્ર માટે ઘર બનાવ્યું છે, તેની જમીન ઓછી થઈ જાય. આ તમને બતાવી આપે છે કે પુત્ર પ્રત્યે તમને રાગ છે અને પાડોશી પ્રત્યે દ્વેષ છે. જેને સંસાર દાવાનળમાંથી ઉગરવાની જિજ્ઞાસા જાગી છે તે જ તેના ઉપાયો શોધે છે. તમને કોઇ રોગ લાગુ પડયો, તેની દવા લેવા માટે ડોકટર પાસે ગયા અને દવા લાવ્યા. હવે એ દવા કડવી છે. તેનો બૂચ ખોલતાં બીજાને પણ વાસ આવે છે. વગર પીધે પણ ઉછાળા મારે તેવી દવા પણ રોગ મટાડવા માટે પી જાય છે, તેમ જે આત્માને આચરણ કરવું કઠિન લાગે છે તે રૂચે યા ન રૂચે છતાં કર્મના બીજને બાળનાર એ ઔષધિ છે, એમ સમજે તો જન્મ-જરા ને મરણનાં રોગ મટી શકે.

કામભોગ એ ભયંકર વિષ સમાન છે. વિષ તો માણસ પીએ તો ઝેર ચઢે છે અને તે મરી જાય છે. પણ વિષયોનાં વિષ તો એવાં છે કે જેને જોવા માત્રથી, વિષય સંબંધી કથા સાંભળવાથી પણ તેનાં ઝેર ચઢે છે. માટે જ્ઞાનીઓ કહે છે કે વિષયોનું ઝેર ચઢે એવા સાધનોથી પાછા હઠો, જ્યારે આજે તો એનાથી ઉલટું જ બની રહ્યું છે. એક સીનેમાની નટી બહાર નીકળવાની હોય તો હજારો યુવાનો તેને જોવા માટે સીનેમા ટોકીઝમાં જાય. અને તે નટીનું અનુકરણ કરે. પછી કામભોગ વધે નહિ તો બીજું શું થાય? પણ ચામડાના પૂજારીઓ! તમે યાદ રાખજો કે આજ નહિ તો કાલ પણ બ્રહ્મચર્યનું પાલન તો કરવું જ પડશે. માણસ પોતાનું ચારિત્ર ગુમાવી દે છે તો તેને મહાન નુકશાન થાય છે. વિષયોથી અંધ બનેલો માનવ કેવા કુકર્મો કરે છે તે એક દૃષ્ટાંત દ્વારા સમજાવું છું.

દૃષ્ટાંત :- એક માતાનો વહાલસોયો એકનો એક પુત્ર હતો. માતા બાલ્યપણમાં જ વિધવા થઈ હતી. પણ પાસે પૈસો ઘણો હતો. એક પુત્ર ઉપર તેની આશાના મિનારા બંધાયા હતાં. દુનિયામાં બધું જ ખરીદી શકાય છે પણ માતાનું હેત કોડોની કિંમત

આપતાં મળતું નથી. આ દિકરાને માતાએ ભણાવી–ગણાવી સારા સંસ્કાર આપ્યા. બાળકના જીવનનું ઘડતર માતા કરે છે. "હે પુત્ર! તું કુમાર્ગે જતો નહિં. કટોકટીના સમયમાં પણ તું તારું ચારિત્ર ગુમાવીશ નહિ." એવી હિત શિખામણ આપે છે, પણ ભાવિ કંઈક જુદું જ વિચારે છે.

આ છોકરાને ખરાબ મિત્રો મળી ગયા અને તેમના કુસંગે ચઢી નાટક–સિનેમા જોતો થઈ ગયો. વ્યસનમાં પણ પૂરો બની ગયો, અને જ્યાં ને ત્યાં ભટકવા લાગ્યો. માતા એના પુત્રને સમજાવે છે, પણ કુસંગે ચઢેલો પુત્ર માતાની શિખામણ માનતો નથી. હવે એને માતાની શિખામણ કડવી ઝેર જેવી લાગે છે. સંતની શિખામણ કોને ગમે! પણ જેને પાપનો લેશપણ ડર ન હોય, તેને તો ઝેર જેવી જ લાગે ને? આ છોકરો પણ દુષ્ટ મિત્રોના સંગે ચઢી જેમ ફાવે તેમ વર્તવા લાગ્યો. વારંવાર માતા પાસે પૈસા માગે છે. માતા રાજીથી પૈસા આપે પણ છે. કારણ કે કંઈ કરતાં જો છોકરો સમજે તો સારૂં પણ આ છોકરો ધીમે ધીમે પરસ્ત્રીગમન કરતો થઇ ગયો. વિષયોનાં વિષ તેના રગેરગમાં વ્યાપી ગયાં.

એક દિવસ ઘરમાંથી છાનોમાનો પૈસા વગેરે બધું લઇને તે ભાગી ગયો અને વેશ્યા ને ઘેર ચાલ્યો ગયો. માતા પુત્રને શોધે છે. અરે....રે....એક જ પુત્ર છે. આટલો ભણા-વ્યો, સંસ્કાર આપ્યાં છતાં આવો પાકયો? બધું લઈ ને ગયો તો ખેર, પણ એ મારો દિકરો કયાં ગયો હશે? એનું શું થયું હશે? કયારે આવશે? એમ માતા રડે છે, ઝૂરે છે. આ છોકરો માલમિલકત લઇને વેશ્યાને ઘેર ચાલ્યો ગયો. એક મહીનો વેશ્યાના ઘેર રહ્યો. પૈસા ટકા પૂરા થઈ ગયા. આ વેશ્યા કંઈ તેની પત્ની ન હતી. એ તો પૈસા-ની પૂજારણ હતી, એટલે કહે છે કે હવે આ ઘર છોડીને ચાલ્યો જા. અહીં નિર્ધનને આદર મળતો નથી. અહીં તો ધનવાનનું સન્માન છે. વેશ્યાએ તેને ઘરમાંથી લાત મારી–ને કાઢી મૂકયો. આ તો પાછો માતાના ઘેર આવ્યો. માતાને થયું કે હવે મારો દીકરો ઠેકાણે આવ્યો લાગે છે. માતા પુત્રને પ્રેમથી બોલાવે છે, પણ અંદર વિષયનું વિષ વ્યાપેલું છે, એટલે માતાને પ્રેમની પીછાણ કયાંથી થાય? થોડા દિવસ થયા, એટલે માતા પાસે જે કંઈ થોડું ઘણું હતું તે લઇને રવાના થઈ ગયો. જેને લાત મારીને કાઢી મૂકયો હતો છતાં તેની પાસે તે આવ્યો અને લાવેલ પૈસા ફરીથી ખલાસ થતાં પાછો વેશ્યા કાઢી મૂકે છે ત્યારે આ છોકરો કહે છે, તારે ખાતર ઘરમાં હતું તે બધું જ લઈ આવ્યો. હવે મારી પાસે કંઇ જ નથી. વેશ્યા કહે છે–તારી મા પાસે જે હોય તે લઈ આવ. છોકરો કહે છે–હવે તો મારી મા પાસે પણ કંઈ નથી. જો તારી માતા પાસે કંઈ જ ન હોય અને તારે મારા મહેલની મોજ માણવી હોય તો હું કહું તેમ

કરવું પડશે. આ છોકરો કહે છે, શું કરું ? તું જેમ કહે તેમ કરવા તૈયાર છું, પણ મને તારે ઘેર રહેવા દે.

વેશ્યા કહે છે, તારી માતાનું કાળજું લઈ આવ. છોકરો એવું કાર્ય પણ કરવા તૈયાર થઈ ગયો. માણસ જ્યારે વિષયાંધ બને છે ત્યારે કેટલો નિષ્ઠુર બની જાય છે ! ભગવાને આઠ પ્રકારના અંધ બતાવ્યા છે. જન્મ અંધ, જરા અંધ, રાત્રિ અંધ, દિન અંધ, ક્રોધ અંધ, માન અંધ, માયા અંધ અને લોભ અંધ તથા બીજા પ્રકારના આઠ અંધ છે, કામાંધ, ક્રોધાંધ, કૃપણાંધ, માનાંધ, મદાંધ, ચોરાંધ, જુગારાંધ, ચુગલ્યાંધ.

" દિવા પશ્યતિ નો લૂકો, કાકો નક્તં ન પશ્યતિ,
અપૂર્વ કોઽપિ કામાન્ધો, દિવા નક્તં ન પશ્યતિ.

ઘુવડ દિવસે દેખતું નથી. કાગડો રાત્રે દેખતો નથી. પણ જે માણસ કામાંધ છે તે તો રાત્રે પણ દેખતો નથી અને દિવસે પણ દેખતો નથી. તેને કૃત્યાકૃત્યનો પણ વિચાર આવતો નથી. બંધુઓ ! વિષયો નરક ગતિમાં લઈ જનાર છે. માટે ખૂબ વિચાર કરજો. જો આટલું સાંભળવા છતાં પણ તમારી આંખ ન ખુલતી હોય તો ઘોર દુઃખો સહન કરવા પડશે. જો પરસ્ત્રીગમન કરશો તો તમારે ભયંકર અગ્નિમાં માટલાની જેમ પકાવું પડશે. પરમાધામી દેવો લોખંડની ધગધગતી પૂતળી સાથે કામી જીવોને આલિંગન કરાવે છે. ત્યાં ગમે તેટલી બૂમો પાડશો તો તમને કોઇ છોડાવવા આવશે નહિ. માટે સમજીને બ્રહ્મચર્યના ઘરમાં આવી જાવ. પ્રત્યાખ્યાન કરી લો. કદાચ તમે માનતા હો કે અમે બ્રહ્મચર્યનું પાલન કરીએ છીએ. મન મજબૂત હોય તો પચ્ચખાણની કયાં જરૂર છે, એમ ઘણા કહે છે, પરંતુ....

બંધુઓ ! જ્યાં સુધી તમે પચખાણ નહિ લો ત્યાં સુધી તમને પાપની ક્રિયા તો આવશે જ. જેમ કોઇની સાથે તમે ભાગીદારીમાં ધંધો કરતા હો અને તમને ખબર પડે કે હવે મારી પેઢી ખોટમાં છે. ડૂલવાની અણી ઉપર છે. તો તમે ભાગીદારીથી છૂટા થઈ ગયા પણ જ્યાં સુધી સરકારમાં નોંધાવો નહિ ત્યાં સુધી તમે ભાગીદારીથી સંપૂર્ણ મુક્ત થયા નથી. પેઢી દેવામાં ડૂલી ગઇ તે વખતે લેણીયાતો તમારી પાસે પૈસા લેવા આવ્યા. તમે કહો કે હું તો છ મહિનાથી છૂટો થઈ ગયો છું, પણ પેલો માણસ કહેશે કે તમે સરકારના કાયદામાંથી છૂટા થયા નથી, માટે તમારી ઉપર અમારો હક છે. તેમ તમે જ્યાં સુધી વીતરાગના કાયદા રૂપી પચ્ચખાણ નહિ કરો ત્યાં સુધી પાપના ભાગીદાર છો.

પેલો છોકરો પાછો ઘરે આવ્યો. માતાને થયું કે આખરે દિકરો સમજ્યો તો ખરો ! દિકરો નમ્ર બનીને માતાને કહે છે. મા ! મેં બહુ જ ભૂલ કરી. મેં તને બહુ જ દુઃખ આપ્યું. હવે હું આવી ભૂલ નહિ કરું. એમ કહી માતાને પીગળાવી દીધી. મા સમજે છે કે હવે દિકરાની શાન ઠેકાણે આવી છે, એટલે પુત્રને પ્રેમથી રાખે છે, પણ

મન વેશ્યા પાસે જવા તલસી રહ્યું છે. પોતાનું કામ કરવા ફાંફાં મારે છે. માતા એક દિવસ ભર નિદ્રામાં સૂતી છે. ઘસઘસાટ ઊંઘે છે. તે સમયે છોકરો છરો લઈને માતાની છાતી ઉપર ચઢી બેઠો. જેવો છાતીમાં છરો ભોંકવા જાય છે ત્યાં માતા બોલી : દિકરા; દિકરા, આ શું કરે છે! પણ માતાના શબ્દો કોણ સાંભળે! આ માતા ખૂબ પવિત્ર અને તપસ્વી હતી. તે તેના આત્માને કહે છે કે હે ચેતન દેવ! તું કષાયમાં ના ભોડાતો. આ મારો પુત્ર થઈને જન્મ્યો છે પણ પૂર્વનો કોઈ મારો વૈરી છે. મેં પૂર્વે એને ઘણું કષ્ટ આપ્યું હશે તેથી આ ભવમાં મને મારવા ઊઠ્યો છે. ઘણી વખત પૂર્વે જો વૈર બાંધીને આવ્યા હોઈએ તો સાંકડી સગાઈમાં ઉત્પન્ન થઈને વૈરની વસુલાત કરવી પડે છે.

જ્યારે કોણિક ચેલ્લણાના ગર્ભમાં આવ્યો ત્યારે ચેલ્લણાને શ્રેણીક રાજાના કાળજાનું માંસ ખાવાનું મન થયું. તેથી ગર્ભમાં આવેલો જીવ દુષ્ટ છે એમ સમજી ચેલ્લણાએ ગર્ભપાત કરવાના ઉપાયો કર્યા, છતાં ગર્ભપાત ન થયો. છેવટે કોણિકનો જન્મ થતાં તેને ઉકરડે ફેંકાવી દે છે. અને એ જ શ્રેણીક રાજા એને ઉકરડેથી લઈ આવે છે. એવા પવિત્ર પિતાના ઉપકારને ભૂલી જઈ કોણિક મોટો થતાં પિતાને પાંજરામાં પૂરે છે. તે વખતે શ્રેણીક રાજા સમકિત પામી ગયા હતા. જો તે સમકિત પામ્યા ન હોત, તો વૈરની પરંપરા વધત. પાંજરામાં પૂરી કોણિક કેવી શિક્ષા કરે છે! કપડાં ઉતારી લંગડી પગે ઉભા રાખી બરડામાં મીઠું છાંટી રોજ ૫૦૦ કોરડાનો માર મારવો. ૪૯૯ કોરડા મારી લીધા હોય અને અધ્ધર રાખેલો પગ ધરતીને અડી જાય તો ફરીને ૫૦૦ કોરડાનો માર મારવાનો. આવા કસોટીના સમયમાં પણ શ્રેણીક રાજા તો વિચાર કરે છે કે હે ચેતન! જોજે, તું ભૂલતો નહીં. આ તો તારી કસોટીનો સમય છે. કર્મના દેણા ચૂકવવાનો આ મોંઘેરો અવસર છે. માટે તું મુંઝાતો નહિ. આ તને કોઈક શિક્ષા નથી કરતો પણ તારા કર્મો શિક્ષા કરે છે.

પ્રાણ લુંટ્યાં તે કંઈક જીવોના, વાળ્યો કરચર ઘાણ,
એમાં તું ના અટવાતો હો, જીવડા એ તો તારા દેહને મારે,
જોજે હો ચેતન રાજા, રખે ના અટવાઈ જતો....

તેં તો કંઈક જીવોને જીવતા મારી નાખ્યા છે. આ તો તારા દેહને મારે છે પણ તારા પ્રાણ તો નથી લેતો ને? આટલી કસોટીમાં પણ આવો સમભાવ રહેવો મુશ્કેલ છે. આ પ્રભાવ સમ્યકત્વનો છે. જેને સમ્યકત્વ પ્રાપ્ત થઈ ગયું તેને એક સર્ટીફિકેટ મળી જાય છે કે તે અર્ધ પુદ્ગલ પરાવર્તનમાં અવશ્ય મોક્ષે જાય છે. કોઈ માણસ લાખો કે અબજો રૂપિયા કમાઈ જાય તો તેને એવું સર્ટીફિકેટ મળે છે કે તે જીવ નરકગતિમાં ન જાય? તે ગરીબને ઘેર નહિ જન્મે કે તિર્યંચમાં નહિ જાય? પણ સમકિતીને તો મહોર

લાગી જાય છે. સમકિતીને પહેલાં જો આયુષ્યનો બંધ પડયો નહોય તો તે જીવ સાત બોલનો બંધ પાડતો નથી. નરક, તિર્યંચ, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, સ્ત્રીવેદ અને નપુંસકવેદ, એ સાત બોલમાં ન જાય. શ્રેણીક રાજાની જેમ પહેલાં બંધ પડી ગયેલો હોય તો જ એ જીવને નરકમાં જવું પડે. બાકી સમકિતી જીવો ભવનપતિ, વાણવ્યંતર જેવા હલકી કોટીના દેવમાં પણ જતા નથી.

આ માતા પણ ખૂબ સમભાવ રાખે છે. દિકરો છરો મારે છે, પણ માતાના મનમાં પણ કષાય ન આવી. માતાના પ્રાણ ચાલ્યા જાય છે. અત્યંત સમભાવમાં મૃત્યુ પામવાથી માતાનો આત્મા મરીને દેવ થાય છે. આ છોકરો માતાનું કાળજું લઇને ચાલતો થઈ ગયો. આ દેવ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જુવે છે કે મેં પૂર્વે એવું શું કર્યું કે હું મરીને દેવ થયો! ત્યાં પોતાના પુત્રને પોતાના પૂર્વના દેહના કલેવર-માંથી લોહીથી નીતરતું કાળજું લઇને જતો જોવે છે. પોતાની દુષ્ટ ભાવના પૂરી કરવા તે દોડતો જઇ રહ્યો છે. ત્યાં પથ્થર સાથે અથડાવાથી પડી જાય છે. આ કાળજું હાથમાં રહ્યું છે. માતાનો જીવ જે દેવ થયો છે તે અદૃશ્યપણે આવીને કહે છે "અમ્મા" ત્યાં તે ચમકયો. અહો! જે માતાને મારી એનું કાળજુ કાઢયું એ કાળજું મને કહે છે અમ્મા! ત્યાં સ્થિર થઇ ગયો. અહો! તેં શું કર્યું? કોનું કાળજુ કાઢયું? તારી વિષય વાસનાનું પોષણ કરવા વેશ્યાના પ્રેમમાં પાગલ બની પવિત્ર માતાની હત્યા કરી? માતાની ઘાત કરીને તું કયાં જઈશ? એની શાન ઠેકાણે આવી ગઈ. ત્યાં અદૃશ્યપણે દેવ બોલે છે. "તારી માતા સમાધિ મરણે મરીને હું દેવપણે ઉત્પન્ન થઈ છું. તને સમજાવું છું કે જેની કુખે તું જન્મ્યો એ માતાના સંતાને ભવમાં ભટકવું ન જોઈએ. જે માતા-પિતા પોતાના સંતાનને ભવમાં ભ્રમણ કરતાં અટકાવે છે તે જ સાચા ઉપકારી છે. એ જ માતાનું સાચું હેત છે, પણ મોહ બૂરી ચીજ છે.

આજે આ સૃષ્ટિ પર યુદ્ધ થાય છે, તોફાનો થાય છે, કજીયા ને કંકાસ થાય છે. આ બધું જ મોહનું નાટક છે. એક વચનની ખાતર મહાભારત રચાયું. જેમાં ખૂનખાર લડાઈ થઈ. લાખો માણસોના મોત નિપજ્યાં. આ બધું શાના કારણે? મહા-ભારતના યુદ્ધમાં કૌરવો અને પાંડવો લડયા. લોહીની નીકો વહી અને પાંડવોની જીત થઈ. સમજદાર આત્માઓના દિલમાં પાપ કણાની જેમ ખટકે છે.

અહિં ધર્મરાજા લડાઈમાંથી નિવૃત્ત થયા પછી યુધિષ્ઠિરનું હૈયું હાથ રહેતું નથી. અહો! એક રાજ્યની ખાતર મેં કેટલા જીવોને હણ્યા? મેં કોને માર્યા? હવે આવી રાજગાદી મારે જોઈતી નથી. એમ પાપનો પશ્ચાતાપ કરે છે, ત્યાં કૃષ્ણ મહારાજ આવે છે અને પૂછે છે હે ધર્મરાજા! તમારી આંખમાં આંસુ કેમ છે? ત્યારે ધર્મરાજા કહે છે- હે પ્રભુ! આ ભયંકર યુદ્ધ ખેલ્યાં, લાખો જીવોનો કચ્ચરઘાણ વાળી નાખ્યો. આ રાજ્ય

માટે મેં કેટલો અનર્થ કર્યો ! રણમેદાનમાં થયેલો માનવસંહારનો ચિતાર મારી નજર સમક્ષ તરવરે છે, ત્યારે મારૂં કાળજું કંપી જાય છે. આટલું બોલતાં તો યુધિષ્ઠિરમાં ડૂમો ભરાઇ ગયો. તે ગદગદ કંઠે કહે છે–પ્રભુ ! મને તો હવે એમ થાય છે કે આ પાપોનું પ્રક્ષાલન કરવા જંગલમાં જઈને અઘોર તપ કરૂં અને એ તપ રૂપી અગ્નિમાં મારા પાપો જલાવી દઉં. ત્યારે કૃષ્ણ કહે છે, યુધિષ્ઠિર ! પ્રજાને પાપીઓના પંજામાંથી છોડાવવા આપણે ધર્મયુદ્ધ કર્યું છે અને હવે જંગલમાં જવાની વાત કરો છો ? તમે અત્યારે કયા સ્થાને બેઠા છો ? તમારી શી ફરજ છે ? એનો તો વિચાર કરો. દુષ્ટ દુર્યોધન અને દુઃશાસનના પંજામાંથી પ્રજાને મુક્ત કરાવી. હવે એ પ્રજાને સુખી કરવી એ તમારી મહત્વની ફરજ છે. અત્યારે મહાભારતના યુદ્ધમાં ધર્મિષ્ઠ અને સમજુ શાસનકર્તાઓ ચાલ્યા ગયા. આપ જ એક સજ્જન અને વિવેકી રહ્યા છો. જો તમે રાજકાજ છોડીને જંગલમાં ચાલ્યા જશો તો પ્રજાનું શું થશે !

ધર્મરાજા રડતી આંખે કહે છે, પ્રભુ ! મને મારૂં પાપ ડંખે છે. બસ, મારે તો પાપનું પ્રાયશ્ચિત કરવું છે. અને પાપને ધોવા માટે તો તપ જ શ્રેષ્ઠ સાધન છે બંધુઓ ! માણસ પાપ તો કરે છે પણ પાપ કર્યા પછી જેને પશ્ચાતાપ થાય છે, જે પાપનો એકરાર કરે છે એ આત્મા ફરીને પાપ કરતો નથી તે જ સાચું પ્રાયશ્ચિત છે. અહિં કૃષ્ણ મહારાજ કહે છે ધર્મરાજા ! તમારે આત્મ કલ્યાણ જ કરવું છે ને ? તો હું તમને રાજ્યગાદી સંભાળતા સંભાળતા પણ તમે આત્મ સાધના સાધી શકો એવો સરળ ઉપાય બતાવું. પછી કંઈ છે ? પ્રભુ ! જો એવો ઉપાય હોય તો બતાવો. કૃષ્ણ કહે છે, જુઓ ધર્મરાજા, હવે થોડા જ સમયમાં કળિયુગના પગરણ મંડાશે. સત્યયુગમાં ધ્યાનથી આત્મ–કલ્યાણ થતું હતું પણ કળિકાળમાં ભગવાનનું ભાવપૂર્વક જો નામ–સ્મરણ કરીએ તો પણ આત્માનું કલ્યાણ થાય છે. ત્યારે ધર્મરાજા, ભીમ, અર્જુન, સહદેવ અને નિકુળ પાંચેને આશ્ચર્ય થાય છે. તેઓ કહે છે, પ્રભુ ! કળિયુગ એટલે પાપનું ઘર. જ્યાં ચારે કોર પાપનું સામ્રાજ્ય વ્યાપી ગયું હોય એવા કળિયુગમાં પ્રભુનું નામ આત્માને કઈ રીતે તારી શકે ?

કૃષ્ણ કહે છે :–અત્યારે તમારું હૃદય પાપના ભયથી ઉદ્વિગ્ન બની ગયું છે. તમે પાપથી મુંઝી ઉઠયા છો એટલે હું તમને ગમે તે રીતે સમજાવીશ તો પણ આ વાત તમારા ગળે ઉતરવાની નથી. માટે તમે પાંચે ભાઇઓ આવતી કાલે પ્રભાતના પહોરમાં નિર્જન વનમાં ચાલ્યા જજો. અને ત્યાં જે કાંઈ અવનવું જુઓ તે શાંતપણે નિહાળજો. પછી તમે મને આવીને કહેજો એટલે તમારું મન શાંત થઇ જશે.

બીજે દિવસે પાંચેય પાંડવો વહેલી સવારે અસ્ત્ર શસ્ત્ર લઇને ચારે તરફ ફરવા નીકળી ગયા. દરેક જુદી જુદી દિશામાં ફરવા ગયા, દરેકે નવું કૌતક જોયું. સાંજે પાંચે ભાઈઓ પાછા હસ્તિનાપુર આવી ગયાં. જમી પરવારી તેઓ કૃષ્ણ મહારાજા પાસે ગયા,

હવે કૃષ્ણ પૂછે છે કે ભોલેા, ધર્મરાજા ! તમે જંગલમાં શું જોઈ આવ્યા ? ધર્મરાજા કહે છે, પ્રભુ ! મેં તેા કોઈ દિવસ નહિ જોયેલું એવું જોયું. શું જોયું એ તેા કહેા ! ત્યારે ધર્મરાજા કહે છે, મેં જંગલમાં એક હાથી જોયેા. ખરેખર હાથી તેા કાળેા હેાય પણ આ તેા શંખ જેવેા સફેદ હતેા, એટલું જ નહિ પણ વધુ આશ્ચર્યની વાત તેા એ છે કે એ હાથીને આગળ ને પાછળ બંને બાજુ સુંઢ હતી. અને તે બંને સુંઢેાથી ખાતેા હતેા. આવું મેં આટલી જિંદગીમાં કદી જોયું નથી

કૃષ્ણ મહારાજા હસીને કહે છે–યુધિષ્ઠિર ! આમાં કંઈ જ નવું નથી. આ કળિયુગનું લક્ષણ છે. કળિયુગના નેતાઓ, પ્રધાનેા અને મેાટા વેપારીઓ એ હાથી જેવા પાકશે. આજે તમે એક જ ધેાળેા હાથી જોયેા, પણ કળિયુગમાં તેા તમને ઠેર ઠેર સફેદ હાથી જોવા મળશે. અંદરથી એમનું કાળજું કાળું મેશ જેવું રહેશે અને ઉપરથી સફેદ બગલાની પાંખ જેવા બનીને ફરશે. આજનેા માનવી પફ પાવડર છાંટી, ટીનેાપેાલ નાંખીને ધેાયેલાં સફેદ કપડાં પહેરી, ઉપરથી ઉજળેા થઈને ફરે છે પણ અંતરમાં કપટની કાલીમા ભરી હેાય છે. આજના નેતાઓ અને શેઠિયાઓ પ્રજાના ઉપર કરવેરા નાંખી, પ્રજા અને રાજ્યનું બંને બાજુથી ખાઇ રહ્યાં છે, એમનાં પેટ એવાં મેાટાં થઈ ગયાં છે કે ગમે તેટલું ખાઈ જાય તેા પણ તેમનું પેટ ભરાતું નથી. જેટલું મળે તેટલું ઓહિયાં થઈ જાય.

એક ન્યાયાધીશ હતા. તેમની પાસે એક કેસ આવ્યેા. એ કેસ જરા નબળેા હતેા, એટલે વકીલે પેાતાના અસીલને સલાહ આપી કે ભાઈ ! તારેા કેસ નબળેા છે, માટે તું ન્યાયાધીશને થેાડી લાંચ આપ તેા તારું કામ થશે. પેલેા અસીલ કહે છે સાહેબ ! હું લાંચ આપવા જાઉં અને કંઈક અવળું પડી જાય તેા મારું તેા મેાત જ આવી જાય. વકીલ કહે છે, તને હજુ સમય પારખતાં જ આવડતું નથી. હું તને કહું તેમ કર. કંઇ નહિ થાય. કાલે રવિવારનેા દિવસ છે, એટલે સાહેબ જમી પરવારીને બેઠા હેાય તે સમયે તું ત્યાં જજે. સાહેબની સાથે થેાડીવાર આડી–અવળી વાતેા કરીને પાઘડી પેટે પચ્ચીસેક રૂપિયા સાહેબના બાબાના હાથમાં આપી દેવાના. લાંચ પેટે આપું છું એમ કહેવાનું જ નહિ. એ તેા બાબાભાઈને પ્રેમથી આપું છું એમ કહેવાનું. અત્યારે તેા પવન પ્રમાણે પુંઠ ફેરવીએ તેા ઝટ કામ થાય. સામી વ્યકિત પાસેથી ધાર્યું કામ કઢાવવું હેાય તેા કળા શીખી લેવી જોઇએ. જે કળા ન આવડે તેા ફસાઇ જવાય.

વકીલ સાહેબની સલાહ પ્રમાણે આ અસીલ તેા ન્યાયાધીશને ઘેર આવ્યેા. થેાડી વાર આડી અવળી વાતેા કરી ઉઠવાનેા સમય થયેા ત્યાં ન્યાયાધીશનેા બાબેા પણ રમતેા રમતેા ત્યાં આવ્યેા. એટલે આ અસીલે ૩.૨૫) બાબાના હાથમાં મૂકી દીધા. ન્યાયાધીશ કહે છે ભાઈ ! આ શું કરેા છેા ? એ તેા ના ના કરતાં રહ્યા. અને આ અસીલ કહે છે :– આપને નથી આપતેા, આ તેા બાબાભાઈ ઉપર મને પ્રેમ આવ્યેા ને આપું છું. એમ કહીને ચાલતેા થઇ ગયેા. હવે આ વાતની પ્રતિવાદીને જાણ થઇ, એટલે એને થયું, આ તેા રૂા. ૨૫

આપી આવ્યો એટલે એનું કામ થઇ જશે અને મારો કેસ હાથમાંથી જશે. માટે લાવ, હું પણ જાઉં, એમ વિચારીને પ્રતિવાદી પણ ગયો અને ન્યાયાધીશની સાથે વાતો ચિતો કરીને કહે છે, બાબાભાઈ નથી ? સાહેબ કહે છે તમારે બાબાનું શું કામ છે ? એ તો રમતો હશે. સાહેબ, મારે બાબાભાઇને રમાડવા છે. ગરજ તણુખલા કરતાં પણ હલકી છે. આ માણસ હતો મોટી ઉંમરનો પણ પાંચ વર્ષના બાબાને પણ ગરજે બાબાભાઇ કહે છે. બાબાને બાથમાં લઈને રૂ. ૫૦) ની થોકડી હાથમાં આપી દીધી. આ ન્યાયાધીશ કહે છે ભાઇ ! આ શું કરો છો ? સાહેબ, આપને ત્યાં સાત સાત બેબી ઉપર બાબો છે. મને ખૂબ વહાલો છે, એટલે આપું છું. આપને નથી આપતો, એમ કહીને ચાલ્યો ગયો.

હવે ન્યાયાધીશે જે તરફ પલ્લું નમ્યું તે તરફનો ન્યાય કર્યો. બંધુઓ ! તમે કાળાં કર્મો કરી વકીલ અને જજના ખીસ્સા ભરી કેસ ફેવરમાં લઈ લેશો પણ કર્મરાજાના કાયદા આગળ આવા કપટ કામ નહિ આવે. પેલા ગરીબ માણસને થયું, અરે રે, સાહેબને પચ્ચીસ રૂપિયાની પાઘડી બંધાવી તો પણ મારા સામું ન જોયું. તે ન્યાયાધીશ પાસે જઈને કહે છે સાહેબ ! જરા મારી પાઘડી સામું તો જોવું હતું ! ન્યાયાધીશ કહે છે ભાઈ ! શું કરું ! તમે તો પાઘડી પહેરાવી ગયા હતા પણ એ પાઘડી લેંસ ચાવી ગઈ. (હસાહસ).

બંધુઓ ! આ ન્યાયાધીશ બંને બાજુથી ખાનારો હતો. પેલો ગરીબ બિચારો બોલતોજ બંધ થઈ ગયો. તમે પણ વિચાર કરજો. અઠાઇ, સોળભથ્થુ કે માસખમણ કરતા હો, ઉપાશ્રયના ફાળામાં હજાર રૂપિયા આપી દેતા હો, પણ આ ન્યાયાધીશની જેમ બંને બાજુથી ખાતા નથી ને ? ધોળા હાથી જેવા તો નથી ને ? એ ન્યાયાધીશ જેવા બનશો તો તમારો ત્રણે કાળમાં ઉદ્ધાર નહિ થાય. માટે તમારૂં હૃદય પવિત્ર બનાવજો.

હવે કૃષ્ણજી ભીમને પૂછે છે : બોલો ભીમસેન ! આપે આજે શું જોયું ? ભીમ કહે છે પ્રભુ, ! કંઇ કહેવા જેવી વાત નથી. પણ કહો તો ખરા ! ત્યારે ભીમ કહે છે, પ્રભુ ! વાછરડી ગાયને દૂધપાન કરે એવું મેં અત્યાર સુધી જોયું છે, પણ આજે તો ગાય વાછરડીને દૂધપાન કરતી હતી એવું મેં જોયું. પ્રભુ, આમ કેમ ? કૃષ્ણ કહે છે ભાઇ ! આ કળિયુગનો પ્રભાવ છે. જે માતાપિતાઓ પુત્રોને ઉછેરીને મોટાં કરે છે તે જ છોકરાઓ પરણે છે, ઘરમાં વહુ આવે છે, કમાતો થઈ જાય છે ત્યારે માતાપિતાને ધર્મકાર્યમાં કે વાપરવા માટે પૈસા જોઇએ તો છોકરા પાસે હાથ લંબાવવો પડે છે. પિતાને પુત્ર આપે તો કામ ચાલે. સાસુને વહુ પાસે હાથ ધરવો પડે છે. સાસુને વહુ બનીને રહેવું પડે છે. દિકરો રજા આપે તો જ માતાપિતા ધર્માદા કે દાન પુણ્યમાં પૈસા વાપરી શકે. આ બધો કળિયુગનો પ્રભાવ છે.

હવે કૃષ્ણ અર્જુનને પૂછે છે–બોલો અર્જુનજી ! તમે નવું શું જોયું ? પ્રભુ, આજનું દૃશ્ય જોઇને મને તો આશ્ચર્યનો પાર નથી રહ્યો. હું તો જંગલમાં ફરતો ફરતો ઘણે

દૂર નીકળી ગયો. ત્યાં એક વૃક્ષ ઉપર અસંખ્ય કાગડાઓ 'કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ' બોલી રહ્યા હતા, આ જોઈને મને તો થયું. અહો ! આ કાગના મુખમાં કૃષ્ણનું નામ ! હું તો કાગડાઓનું કૃષ્ણ નામનું કીર્તન સાંભળવા ઝાડ નીચે શાંતિથી બેસી ગયો. ત્યાં તો ઘણા કાગડાઓ મને ચારે તરફથી વીંટળાઇ વળ્યાં અને મને ચાંચો મારવા લાગ્યા. એ તો સારૂં થયું કે મારી પાસે ગાંડીવ ધનુષ્ય હતું તેથી મેં બધાને હઠાવ્યા, નહિ તો બધા કાગડાઓ આજે મને ફોલી ખાત. પ્રભુ ! મેં તો આજે–

"મુખમેં રામ ઔર બગલમેં છુરી જૈસો ઘાટ જોયો."

કૃષ્ણ કહે છે અર્જુન ! આ કળિયુગમાં આવા માનવીઓ થશે. ઉપરથી ધર્મી બનવાનો ડોળ કરશે પણ અંતરમાં તો દુષ્ટતાનો પાર નહિ હોય. વધારે ભલો ભોળો ભેટી જાય અને એનું કાટલું કાઢી નાખે. કપાળે તો ભેંસ ભડકે તેવું તિલક કર્યું હોય, મુખેથી પ્રભુનું સ્મરણ કરતો હોય પણ ધંધો તો ગરીબને છેતરવાનો જ કરતો હોય. એક ભકતે ગાયું છે કે:

કાળાં નાણાંથી તારા મંદિરો બંધાવ્યા,
ભકતોને ભોજન દીધાં ને વરઘોડા ચઢાવ્યા,
આવા હઉં છું દાન, તો યે દુનિયા મારે છે....તું કયાં....
તું તો જાણે છે કે રોજ દર્શન કરવા આવું છું,
માળા ગણું છું ને તિલક લગાવું છું,
તો યે તે 'શેતાન' કહીને દુનિયા મારે છે,
તું કયાં છે ભગવાન ! મને દુનિયા મારે છે....જો ને દુનિયા મારે છે.

ભકત કહે છે–કાળા બજાર કરી તે નાણાંમાંથી તારા મંદિરો બંધાવ્યા, ભકતોને જમાડયા, દાન દીધાં, રોજ તારા દર્શન કરવા આવું છું અને કપાળમાં મોટું તિલક કરૂં છું અને તારા નામની માળા ગણું છું. આટલું કરવા છતાં દુનિયા મને 'શેતાન' કહીને ફિટકાર આપે છે. બંધુઓ ! કાળાં કર્મો કરીને 'શાહ' બનાતું નથી, માટે તમારા અંતરની આરસી સ્વચ્છ રાખજો. બહારથી શ્રાવક બની અંદરથી શેતાન ન બનશો. ગરીબનાં બિસ્સા ખાલી કરાવશો નહિ.

હવે કૃષ્ણ સહદેવને પૂછે છે : સહદેવજી ! આજે તમે શું જોયું તે કહો. પ્રભુ, મેં તો જંગલમાં ત્રણ કુંડ જોયા. એ ત્રણે કુંડ પાસે પાસે લાઈનસર હતાં. એક કુંડનું પાણી બીજા કુંડમાં થઇને ત્રીજા કુંડમાં જવું જોઇએ, તેના બદલે મેં તો એવું જોયું કે પહેલા કુંડનું પાણી ત્રીજા કુંડમાં જતું હતું પણ વચલો કુંડ તો કોરો જ હતો. આનું કારણ ? સહદેવ ! આમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. આ બધાંજ કળિયુગનાં કારસ્તાન છે. આ કળિયુગમાં ભાઈ ભૂખ્યો મરશે અને સાળો પોષાશે. અમદાવાદમાં બે ભાઇ હતા, તેમાં એક ભાઈ લાખોપતિ અને બીજો ભાઇ ગરીબ. નાનાભાઇને પાપકર્મના ઉદયે ટી.બી. નો રોગ થયો. આવાના સાંસા પડયા છે, જ્યારે મોટો ભાઇ મોજ ઉડાવે

છે. બીજા લોકોને પોતાની વાહવાહ માટે દાન દે છે, પણ ભાઈની અબર લેતો નથી. આ જગ્યાએ સાળો હોય તો પહેલી અબર લેવા જાય. ઘણાં વર્ષે બહેન સાસરેથી આવે અને કહે કે ભાઇ! મારે ફરવા જવું છે. તારા ભાણીયાને અમુક વસ્તુ જોઈએ છે. ત્યારે ભાઈ કહે કે બહેન! બધું સાચું પણ મારો શેઠ એવો માથાનો ફરેલો છે કે મને એક દિવસની રજા પણ મળે તેમ નથી. બહેન, ગાડીમાં બેસે અને સાળી ઉતરે તો તેને માટે રજા મળે અને નિત્ય નવા પોગ્રામો ગોઠવાય.

"સાળી આવે લાડ કરે ને બહેની રડતી જાય"

માટે આ બીજા કુંડનું સ્થાન ભાઇ બહેનનું છે. અને ત્રીજા કુંડનું સ્થાન સાળાનું છે. જેમ ત્રીજા કુંડમાં પાણી આવે છે અને બીજો કોરો રહી જાય છે, તેમ બંધુઓ! આ યુગના માનવીઓ સાળાસાળીને પોષે છે, પણ પોતાના માડીજાયા ભાઈ બેનને જાકારો કરે છે. બહેની રડતી જાય છે, સાળી શેલા પહેરીને જાય છે.

હવે છેલ્લે નકુળજીનો વારો આવ્યો. કૃષ્ણજી પૂછે છે, બોલો નકુળજી! આજે તમે શું જોયું? નકુળજી તો સૌથી નાના હતા. તે કહે છે પ્રભુજી! હું તો વરણાગી કહેવાઉં હું તો જંગલમાં ઘૂમતો ઘૂમતો એક વિશાળ પહાડ પાસે પહોંચી ગયો. એ પહાડ તો ઘણો ઉંચો હતો. એના શિખરો તો ગગનમાં ગાજતા હતા. એવામાં એકદમ પ્રલયનો પવન ફુંકાવા લાગ્યો. ધરતી ધ્રુજવા લાગી અને પર્વતનાં શિખરો ગગનભેદી અવાજે સાથે તૂટી તૂટીને નીચે પડવા લાગ્યા. ઉપરથી મોટી મોટી શિલાઓ પડવાથી મોટાં મોટાં વૃક્ષો નાની સળીઓની જેમ ભાંગીને ભુક્કો થઈ જવા લાગ્યાં. ઉપર હજારો મણની શીલા પડે ત્યાં વૃક્ષો ટકે પણ કઈ રીતે? એ તો ઠીક પણ આશ્ચર્યની વાત તો એ છે કે પ્રભુ! ઉપરથી એક મોટી શીલા ગબડતી આવી અને એક તરણાને આધારે વચમાં અટકી ગઈ, એનું શું કારણ?

કૃષ્ણજી કહે છે નકુળ! આ તો ખૂબ સમજવા જેવી વાત છે. જેમ પહાડનાં ઉંચા ઉંચા શિખરો તુટી પડયા તેમ કલિયુગમાં ધર્મ પોતાના ઉચ્ચ સ્થાનેથી ગબડી પડશે. અને જ્ઞાન, ધ્યાન, તપ રૂપી મોટાં વૃક્ષો જડમૂળથી ઉખડી જશે. ધર્મરૂપી મોટી શીલા પ્રભુના નામ–સ્મરણરૂપી તરણાંને આધારે ટકી રહેશે, એમ દેખાવમાં લાગશે નાનું, પણ એમાં અમોઘશક્તિ સમાયેલી છે. પ્રભુનું નામ વૃદ્ધ, યુવાન, અધિકારી, અનધિકારી, સર્વે લઈ શકે છે. પ્રભુનું નામ સ્મરણ અમૃત સમાન છે. જેમ કોઈ માણસને રોગ મટે કે ન મટે એ શંકાસ્પદ છે, પણ જે પ્રભુના નામ સ્મરણરૂપી અમૃતનું પાન કરે છે એનો એક પણ રોગ રહેતો નથી. આ દુનિયામાં દરેક જીવોને મોટામાં મોટો રોગ હોયતો તે ભવરોગ લાગુ પડયો છે. તેનો કોઈ અકસીર ઈલાજ હોય તો તે જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલો ધર્મ છે.

દેવાનુપ્રિયો ! આ વિષમ કાળમાં આત્મ કલ્યાણ સહજ રીતે થઈ શકે છે. અગાઉ માસખમણના પારણે માસખમણ કરે અને જે ફળ મળતું હતું તે આજે એક ઉપવાસમાં માસખમણ જેટલું ફળ મળે છે. તમારી શારીરિક શક્તિ સારી ન હોય અને તપ કરવા સમર્થ ન હો તો સુપાત્રે દાન દેજો. પાસે પૈસા હોય તો અનાથના આંસુ લુછજો. પૈસા ન હોય અને સશકત શરીર મળ્યું હોય તો શરીર દ્વારા સેવા કરજો. જો સેવા પણ ન કરી શકો તો એટલું તો જરૂર કરજો કે મારે આ જીભથી મધુર વચન બોલવું, કોઈને દુઃખ થાય તેવું કટુ વચન બોલવું નહિ.

આ જીભ મળી છે કોમળ, મીઠું મધુરું બોલવા,
કડવા બોલીને કોઈના (૨) દિલડા દુભાવશો મા.
મોંઘેરૂં આ માનવ જીવન હારી જાશો મા....

આ જીભનો ઉપયોગ કરતાં ન આવડે તો મહા અનર્થ થઈ જાય છે. આ જીભ કહે છે કે હું જેમ કોમળ છું તેમ તમે મૃદુ વાણી બોલો. જો વગર વિચાર્યે મન ફાવે તેમ બોલવામાં આવે તો અઢી ઈંચની જીભ કેવો ઘાટ વાળે છે. આ માટે હું ભુદેવનું એક નાનું દૃષ્ટાંત આપું છું. કોઈની પાસેથી કામ કઢાવવું હોય તો વાણીમાં મિઠાશ હોવી જોઈએ. જો વાણીમાં મિઠાસ નહિ હોય તો બધી બાજી બગડી જાય છે.

એક ગરીબ બ્રાહ્મણ ભિક્ષાર્થે નીકળ્યો છે. તે ફરતો ફરતો એક પટેલના ઘરે આવ્યો. આ ગરીબ બ્રાહ્મણને જોઈ પટલાણીને ખૂબ દયા આવી એટલે પ્રેમથી બોલે બોલાવ્યો અને ઘરમાંથી ખીચડી લાવીને કહ્યું, ભૂદેવ ! આપ બહુ જ ભૂખ્યા લાગો છો. તો આ ખીચડી ને શાક આપું છું. આપ આપના હાથે જ અહીં બનાવીને જમો. આપને દૂધ પણ આપીશ. એટલે ભુદેવજીએ તો પટલાણીના આંગણામાં ઈંટો મૂકીને ચુલો બનાવ્યો અને ખીચડી ચઢવા મૂકી. ચૂલે ખીચડી ચઢે છે. ભુદેવજીની નજર પટલાણીના શરીર પર પડી અને ભુદેવનું મુખ જરા મલકાઇ ગયું. પટલાણીની દૃષ્ટિ પણ તે જ વખતે ભુદેવ તરફ ગઈ એટલે પટલાણી કહે છે ભુદેવ ! આપ હસ્યા કેમ ? ભુદેવ કહે છે કંઈ નહિ. પટલાણીએ ખૂબ પૂછયું ત્યારે ભુદેવ શું કહે છે ?

તમે પટેલનું ખાઈ ખાઈને આ શરીર કેવું પાડા જેવું બનાવ્યું છે ! કંઈ કામકાજ કરો છો કે નહિ ! હવે જેણે ખાવા ખીચડી આપી તેને એમ કહે કે ખાઈ ખાઈને પાડા જેવી થઈ છું, તો પટલાણી એક ઘડી ઉભો રહેવા દે ખરી ? પટલાણીનો મિજાજ ગયો. હાથમાં લાકડી લઈને કહે છે ભામટા ! અહિંથી નીકળ. પટલાણીનું રૌદ્રસ્વરૂપ જોઈને ભુદેવ કંપી ગયા અને કરગરીને કહેવા લાગ્યા–બહેન, હવે ખીચડી ચડવાને થોડી વાર છે. જમીને ચાલ્યો જઈશ....ના, હવે તું મારે આંગણે એક સેકન્ડ પણ ન જોઈએ. બ્રાહ્મણ ખૂબ કરગર્યો ત્યારે પટલાણીએ પેલી અધચઢેલી ખીચડી તેની ઝોળીમાં નાંખીને વિદાય કર્યો. ખીચડી હજુ ચઢી ન હતી એટલે ઝોળીમાંથી પાણી નીતરતું હતું. ભૂદેવ ચાલ્યા

જાય છે. ગામના ચોરે ઘણા માણસો બેઠા હતા તેમાંથી એક માણસ કહે છે, ભૂદેવ, આ ઝોળીમાંથી શું નીતરે છે ? ત્યારે ભૂદેવે પશ્ચાતાપભર્યા સ્વરે કહ્યું. બીજું શું નીતરે ભાઇ ! એતો મારી લૂલી નીતરે છે. (હસાહસ.) આ મારી જીભ વશમાં ન રાખી. એણે દાટ વાળ્યો.

"શબ્દ શબ્દ કયા કરો, નહિ હાથ નહિ પાંવ,
એક શબ્દ ઘા રૂઝવે, એક શબ્દ કરે છે ઘાવ."

માણસ ગમે તેમ બોલી નાંખે છે, ત્યારે તે વિચાર નથી કરતો કે આનું શું પરિણામ આવશે ? ભૂદેવે તેની જીભ વશમાં ન રાખી તો અધકચરી ખીચડી લઇને ભાગવું પડયું અને પશ્ચાતાપનો પાર ન રહ્યો. માટે બોલતાં ખૂબ વિચારીને બોલવું. જેમ પાણીનું ગળણું હોય છે તેમ શુદ્ધ ભાષા એ વચનનું ગરણું છે. સમય થઈ ગયો છે. હવે વધુ ભાવ અવસરે કહેવાશે.

હવે માસખમણના પારને આજથી ચાર દિવસ બાકી છે. મારી રાજગૃહી જેવી રાજકોટ નગરીના શૂરવીર શ્રાવકો તૈયાર થજો. જે શહેરની મોટી ખ્યાતિ હોય તે શહેરના શ્રાવકો તો શૂરવીર જ હોય ને ? તપ એ કર્મની ભેખડો તોડવા માટે અમોઘ દવા છે. જેનાથી તપશ્ચર્યા થતી હોય તે અવશ્ય કરવા તૈયાર થજો.

વ્યાખ્યાન નં–૧૭

શ્રાવણ સુદ ૨ ને સોમવાર તા. ૩–૮–૭૦

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો ! શાસન સમ્રાટ ત્રિલોકીનાથ ભગવાન મહાવીર સ્વામીએ જગતના જીવોના આત્મકલ્યાણને માટે શાશ્વતી વાણીનું નિરૂપણ કર્યું તેનું નામ સિદ્ધાંત, ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનનો અધિકાર પ્રભુએ જે સ્વરૂપે વર્ણવ્યો છે તે વાત સુધર્માસ્વામી પોતાના પ્યારા શિષ્ય જંબુને સમજાવી રહ્યા છે. દેનાર પણ મહાન હતા અને લેનાર પણ મહાન હતા. દૂધ સિંહણના હતાં અને સામું પાત્ર પણ સોનાનું હતું. એક જ વખત સુધર્માસ્વામીની દેશના સાંભળીને જંબુકુમાર વૈરાગ્ય રંગે રંગાઈ ગયા. અહીં તો ઉપદેશ આપતાં વર્ષોના વર્ષો વીતી ગયા પણ અમારા શ્રાવકોને વીરવાણીનો રંગ ચઢતો નથી. તેનું કારણ એક જ છે કે પ્રભુની વાણીમાં જે સત્ય રહેલું છે તેને હજુ સમજ્યા નથી. જો તમને સમજાતું હોય કે "**તમેવ સચ્ચં નિસંકં જં જિણેહિ પવેઇયં**", એ જ સત્ય છે. નિશંક છે જે જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપ્યું છે. આ સૂત્ર જો સમજાઇ જાય તો ગમે તેવા પ્રસંગમાં

પણ માનવ સત્યનિષ્ઠ રહી શકે છે. જેમ કોઈ પતિવ્રતા સ્ત્રીને એનો પતિ સુખ આપે કે દુઃખ આપે પણ તે બધું જ સહન કરવા માટે તૈયાર હોય છે. અને વિધવા થયેલી બાળા વિધવાપણાનું દારૂણ દુઃખ સહન કરે છે પણ તે પોતાના સત્યને છોડતી નથી. તેમ સત્ય તત્ત્વને સમજેલો પુરૂષ સત્ય સિવાય કંઈ જ ઇચ્છતો નથી. ગમે તેવાં કષ્ટો પડે, ઉપસર્ગો આવે ત્યારે તે મૃત્યુને ભેટવા તૈયાર થાય છે, પણ પોતાનું સત્ય છોડતો નથી. સત્યનું પાલન કરવામાં બહુ થાય તો મૃત્યુ થાય એથી અધિક કસોટી તો થવાની નથી ને? આજનો માનવી બે-પાંચ રૂપિયાના સામાન્ય લાભ માટે અમૂલ્ય સત્યરૂપી રત્નને વેચી દેવા તૈયાર થઈ જાય છે. પણ ખરેખર, આચારંગ સૂત્રમાં ભગવંતે કહ્યું કે "सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।" સત્યની આજ્ઞામાં ઉભો રહેનાર માનવી મૃત્યુંજય બની જાય છે. અર્થાત્ મૃત્યુને જીતી લે છે. આપણાં આચાર્યોએ પણ કહ્યું છે કે "सत्यम् शिवं सुन्दरं" જે સત્ય છે તે સુંદર પણ છે અને તે કલ્યાણકારી પણ છે. પણ આજે માણસો શરીરની સુંદરતામાં જ સુખ માની લે છે. પણ જ્યાં સુધી આત્મા સુંદર અને પવિત્ર નહિ બને ત્યાં સુધી બહારની સુંદરતા કામમાં આવવાની નથી. સુંદરતામાં જ સુખ માનનાર માનવી એક તત્વજ્ઞ પાસે આવીને કહે છે બાપુ! સુંદરતામાં સુખ છે તો સત્ય અને શીલને માનવાની શી જરૂર? ત્યારે તત્વજ્ઞ કહે છે ભાઇ! તને એકલી સુંદરતા જ ગમે છે? તો કહે 'હા' તત્વનો જાણકાર કહે છે-જો તને બધું જ સુંદર ગમે છે તો તને સુંદર ભાષામાં કોઈ ગાળો દેશે તો એ તને સુંદર લાગશે? ફૂલને બદલે નાના ફૂલ જેવા બાળકના હાથનાં કાંડા કાપીને આપશે તો તે તને સુંદર લાગશે? ત્યાં પૂછનાર વ્યક્તિ સમજી જાય કે એકલી સુંદરતાની કોઇ વિશેષતા નથી. કોઇ સ્ત્રી ખૂબ જ સ્વરૂપવાન હોય, સુંદર વસ્ત્રાભૂષણથી સજ્જ થયેલી હોય પણ તેના જીવનમાં કલેશ-કપટ-માયા અને ઇર્ષા ભરી હોય, ચારિત્ર શુદ્ધ ન હોય, તો તેવી સુંદરતા શા કામની? પણ ખરેખર, જો સત્ય અને શિલથી યુકત સૌંદર્ય હોય તો જ તે સૌંદર્ય શોભી ઉઠે છે.

બંધુઓ! આ ક્ષણિક જીવનનો ભરોસો નથી, માટે જીવનને સંયમથી સૌંદર્યયુક્ત બનાવો. તમને એમ થતું હશે કે આજે નહિ કાલે કરીશું. પણ કાલ-કાલ કરતાં તમારો કાળ આવી જશે. અને જ્યારે કાળ આવશે ત્યારે સગાં સ્નેહી અને સ્વજનો કોઇ તમને બચાવવા સમર્થ નહિ બને.

"जहेह सीहो व मियं गहाय, मच्चू नरं नेई हु अन्तकाले।
न तस्स माया व पिया व भाया, कालम्मि तम्मं सहरा भवन्ति॥ उ. सू. अ. १३ गा थरार

ઉત્તરાધ્યયન સૂત્રના તેરમા અધ્યયનની આ વાત છે. એક ભાઈ ભોગમાં ડૂબ્યો ત્યારે બીજો ભાઈ જેણે દીક્ષા લીધી છે તેવા ચિત્તમુનિ કહે છે કે બ્રહ્મદત્ત! તું ભોગમાં

મસ્ત બન્યો છે પણ કાળરાજાના પંજામાં સપડાઈશ ત્યારે તારી પ્રાણ પ્યારી પ્રિયાઓ કે માત-પિતા અદિ સ્વજનો કાળરૂપી સિંહના પંજામાંથી તને છોડાવશે નહિ. જ્યારે તમારો બાળક સિંહના પંજામાં સપડાઈ ગયો હોય તે વખતે તમે સામે ઉભા હો છતાં પણ સિંહની સામે જવાની હિંમત કરતા નથી. તેમ કાળરૂપી સિંહના પંજામાંથી પણ કોઇ કોઈને છોડાવવા સમર્થ બનતું નથી.

આ જીવનની ગાડી કયારે ઉપડશે તેની પણ ખબર નથી. સ્ટેશને ગાડી કયારે આવે છે, કેટલો ટાઇમ ઉભી રહે છે અને કયારે ઉપડે છે, કઈ બસ કેટલા વાગ્યે ઉપડે છે, તેનું તમારે ઘેર ટાઈમ ટેબલ હોય છે, પણ આ જીવનની ગાડી કયારે ઉપડશે તેનું કોઇ ટાઇમ ટેબલ આપણી પાસે નથી. તેમ જ તમારે બહાર ગામ જવાનું હોય ત્યારે સ્ટેશન પર ગાડી આવવા પહેલાં કલાક અગાઉ પહોંચી જાવ છો. એટલું જ નહિ પણ ગાડી આગળના સ્ટેશનથી રવાના થાય ત્યારથી પ્લેટફોર્મ ઉપર જઇને ઉભા રહો છો, કારણ કે સાથે બિસ્તરો હોય, બે ચાર બેગ હોય, ત્રણ ચાર નાનાં બાળકો હોય, ધર્મપત્ની હોય, વૃદ્ધ માતા હોય. આ બધાને ગાડીમાં બેસાડવાનાં હોય એટલે તૈયાર થઇને ઉભા રહો છો, કારણ કે જેટલો સામાન ઝાઝો તેટલી ઉપાધિ વધારે, પણ જેટલો સામાન ઓછો હોય તેટલી ઉપાધિ પણ ઓછી હોય. તેમ જેટલો પરિગ્રહ વધારશો એટલી તમને ચિંતા વધશે. પણ ભૌતિક પદાર્થોના મોહમાં મુગ્ધ બનેલા માનવને એ ચિંતાજનક લાગતું નથી.

ઘણી વખત બહેનો ૨૦-૨૫ ચાવીઓનો ઝુડો કેડે ખોસીને આવે છે ત્યારે અમને એમ થાય છે કે આને ભાર નહિ લાગતો હોય,? ભાર તો લાગે પણ તેના પ્રત્યે મોહદશાને કારણે એ ભાર ભારરૂપ લાગતો નથી. હવે મોહનિદ્રાનો ત્યાગ કરી જ્યાં સુધી કાળરૂપી સિંહના પંજામાં સપડાયા નથી ત્યાં સુધી કામ કરી લો. જેને મોક્ષમાર્ગ જવાની લગની લાગી છે તેવા ભૃગુ પુરોહિતના બે દિકરા જે દેવલોકમાં હતા ત્યારથી જ તેમણે નકી કર્યું હતું કે માનવભવ પામીને આપણે દીક્ષા લેવી, પણ તમે તો કોણ જાણે કયા દેવલોકમાં બેઠા છો કે હજુ સળવળતા જ નથી. આ તમારી સાહ્યબીની પાછળ ઘણાં કાળનું દુઃખ છે. તમે પૈસા ભેગા કર્યા પછી પણ સુખે સુઈ શકતા નથી. કારણ? બે નંબરના પૈસા ભેગા કર્યા પછી તેને કયાં વ્યાજે મૂકવા, તેની શી વ્યવસ્થા કરવી તેની ચિંતા હોય છે. કારણ કે આજની ગવર્નમેન્ટ બધાનું લઇ લેવા ફરે છે. પહેલાના રાજાઓ પ્રજાને સુખી જોઈ આનંદ માનતા હતા. રાજા શ્રેણિક શાલિભદ્રને ઘેર ગયાં. તેની ઋદ્ધિ જોઇ, પણ તેમને એમ ન થયું કે મારા કરતાં મારી પ્રજા આવી સુખી છે? પણ એમ થયું કે અહો! મારા રાજ્યમાં આવા શ્રીમંતો વસે છે, તો હું પણ ભાગ્યવાન છું, એમ ખુશ થતા. આજે તો સરકારના કાયદા આગળ તમને ઉપાધિનો પાર જ નથી. માટે જ્યાં ત્યાગ છે ત્યાં જ સાચું સુખ છે.

આ બંને કુમારો સાધુ ન બની જાય તે માટે એની માતા યશાએ તેમને કેવા ભરમાવી દીધા છે. આ મોહનીયનું નાટક કેવું છે? જેનામાં જે દોષ નથી તે દોષનું આરોપણ કરવું તે મહા પાપ છે. પણ મોહમાં પડેલા જીવોને તેનું ભાન રહેતું નથી. એટલે બાળકોને કહે છે કે વ્હાલસોયા પુત્રો! જૈન મુનિઓ એમની ઝોળીમાં છરો–કાતર–ચપ્પુ વિગેરે શસ્ત્રો રાખે છે. અને તે તમારા જેવા બાળકોને પકડીને મારી નાંખે છે, માટે તમે તેનો પડછાયો પણ લેશો નહિ.

જેમ કાલસૂરિ કસાઈ મરવા પડયો છે, જીવ મૂંઝાય છે, ત્યારે દીકરો પૂછે છે કે બાપા! તમને શી મૂંઝવણ છે? ત્યારે કહે છે બેટા! મહાવીર નામનો એક અવધૂત–યોગી વિચરે છે તેનો એક શબ્દ પણ તું સાંભળીશ નહિ. મને વચન આપ તો મારો જીવ શાંતિથી જાય. કારણ તેને શ્રદ્ધા હતી કે મહાવીરનો એક શબ્દ પણ કાને પડશે તો મારો ધંધો બંધ થઈ જશે. પોતે પાપના કિચ્ચડમાં ડૂબેલો છે અને દિકરાને પણ તે ડૂબાડવા માગે છે. રોહણિયા ચોરને મહાવીરનો શબ્દ સાંભળવો ન હતો, પણ જ્યાં પ્રભુની દેશના ચાલતી હતી ત્યાંથી નીકળ્યો. કાનમાં આંગળી નાંખી તે જ વખતે તેના પગમાં કાંટો વાગ્યો. તે કાંટો કાઢવા કાનમાંથી આંગળી કાઢવી પડી અને બે શબ્દો કાનમાં પડી ગયા અને રોહણિયો ચોર ઉગરી ગયો. ભગવાનની વાણીના એક શબ્દમાં પણ કેટલી તાકાત છે. જ્યાં સૂર્યનો ઉદય થાય ત્યાં અંધકાર ન રહે તેમ જ્યાં ભગવાનની વાણીનો દિલમાં દિવો પ્રગટે ત્યાં ભવના ફેરા ઉભા રહે ખરા?

આ બે બાળકોને માતાએ સમજાવ્યું હતું કે આવા સાધુઓ પાસે જવું નહિ. પણ યોગાનુયોગ કેવો બન્યો! જ્યાં બાળકો રમતાં હતાં ત્યાં જ મુનિઓ આવ્યા. બાળકો ભયભીત થઈને ઝાડ ઉપર ચઢી ગયાં છે. મુનિ પણ તે જ વૃક્ષ નીચે બેસી પોતાનાં વસ્ત્રો–પાત્ર આદિ ઉપકરણોનું પડિલેહણ કરે છે, ત્યારે ઝાડ પર રહેલા બંને બાળકો વિચાર કરે છે કે હવે આ બધું છોડે છે. આમાંથી હથિયારો કાઢશે અને આપણને મારશે. જો નીચે પડીને ભાગવા જઈએ તો પણ તેઓ આપણને પકડીને મારી નાંખે. આપણે તો ખરેખર ઉપર ચઢીને ફસાઈ ગયા. સામાની દૃષ્ટિમાં જેવા વિચારો રમતા હોય તેવાં જ દૃશ્યો આપણને દેખાય છે. છોકરાઓના મનમાં ભય છે એટલે તેમને એવું જ બધું દેખાય છે. દુનિયામાં દરેક જીવોને જીવવા જેવો કોઈ આનંદ નથી અને મરણ જેવો કોઈ ભય નથી.

" સવ્વે જીવાડવિ ઇચ્છન્તિ, જીવિઉં ન મરિજ્જઉં। "

દુનિયામાં કોઈ જીવને મરવું ગમતું નથી. તમને જેમ તમારું જીવન વહાલું છે તેમ કીડીથી માંડીને કુંજર સુધીના સર્વ પ્રાણીઓને જીવવું ગમે છે. તમને આટલું સમજાશે તો તમે શાક સમારતાં હશો ત્યારે પણ અરેરાટી છૂટશે. અહો પ્રભુ! મારે આ

વનસ્પતિના જીવોનું છેદન ભેદન કરવું પડે છે. આવી અરેરાટી થાય તે પણ એક ભવ્યતાનું નિશાન છે.

ખંભાત સંપ્રદાયના પૂજ્ય આચાર્ય શ્રી હરખચંદ્રજી મહારાજ થઈ ગયાં. જેમનું સંસારમાં હુશાનચંદ્ર નામ હતું. જેઓ મૂળ પંજાબના હતા. પણ મુંબઈમાં પાયધુની પર રહેતા હતા. મુંબઈમાં રહેતા એક દિવસ માછલીના ટોપલા ભરાઈને જતાં જોઈ તેમના હૈયામાં અરેરાટી થઈ. હૈયું ધ્રુજી ઉઠયું. અહો! જ્યાં આટલી હિંસા થાય છે તે ભૂમિમાં કેમ રહેવાય? હું વેપાર કરું છું તેમાં પણ આવા પાપનો પૈસો તો આવતો જ હશે ને! મારે આ પાપની ભૂમિમાં રહેવું નથી. અને જો નિર્દોષ જીવન જીવવું હોય તો દીક્ષા સિવાય બીજો એક પણ ઉપાય નથી. પોતે પરણેલાં હતાં પણ સંતાન કાંઈ હતું નહિં. ફક્ત એક પત્ની જ હતી. તેમણે એક થાળી, વાટકો અને એક લોટો રાખી આખી પેઢી સમેટી લીધી અને માલ વેચી બધો પૈસો દેશમાં મોકલી દીધો અને કહેવડાવી દીધું કે તમારી આજીવિકા જેટલું બધું સાધન મેં તમને મોકલાવી દીધું છે. હવે હું આ પાપમય સંસારમાં રહી શકું તેમ નથી. હું હવે આત્મ-સાધના કરવા માટે જઈ રહ્યો છું.

આ હુશાનચંદ મુંબઈ છોડી ગુરૂની શોધમાં નીકળી ગયાં. ફરતાં ફરતાં તેઓ અમદાવાદમાં આવ્યા. સારંગપુર દરવાજાની બહાર આવ્યા ત્યાં સવારમાં જૈન મુનિ ઠલે જતાં સામા મળ્યા. તેમને જોતાં હુશાનચંદજીનું હૈયું હરખાઈ ગયું. વંદન કરીને પૂછે છે, ગુરૂદેવ! આપ કયાં બીરાજો છો? તો કહે છે, પંચમુખી હનુમાન પાસે સારંગપુર દોલતખાનાનાં ઉપાશ્રયે, પૂ. ગુરૂદેવ માણેકચંદજી મહારાજ સાહેબની સાથે છીએ. આપ હમણાં અહિં ઉભા રહો. અમે પાછા વળતાં આપને લઈ જઈશું. આ સંતોની સાથે પૂ. ગુરૂદેવ માણેકચંદજી મ. પાસે આવે છે. અને ગુરૂના ચરણમાં મસ્તક મૂકીને કહે છે: ગુરૂદેવ! મને પંચ મહાવ્રતની ભિક્ષા આપો. મને આ પાપમય ક્ષણભંગુર સંસારમાં રહેવું ગમતું નથી. કોઈ રોટલાની ભીખ માંગે, કોઈ વસ્ત્રની ભીખ માગે પણ હું તો પંચમહાવ્રતની ભીખ માંગું છું. એનો તીવ્ર વૈરાગ્ય, ગંભીરતા અને લાયકાત જોઈ ગુરૂદેવ કહે છે ભાઈ! હમણાં બેાડા દિવસ અહિં રહો, પછી જોઈશું. ગુરૂ પાસે રહીને હુશાનચંદે પ્રતિક્રમણ શીખવાની શરુઆત કરી અને પ્રતિજ્ઞા લીધી કે પ્રતિક્રમણ પૂરું ન થાય ત્યાં સુધી મારે લાંબા થઈને સૂવું નહિ. આઠ દિવસમાં એમણે પ્રતિક્રમણ પૂરું કરી નાંખ્યું. ગુરૂદેવને કહે છે: ગુરૂદેવ! મારી એક એક ક્ષણ લાખેણી જાય છે, મને જલ્દી દીક્ષા આપો. આ જીવને દીક્ષા લેવાની તીવ્ર ભાવના છે.

બીજી તરફ અમદાવાદના માણસો શું બોલે છે? આ શું દીક્ષા લેવાનો છે? દીક્ષા લેશે તો પણ ભાગી જશે. માટે મહારાજ! આને રવાના કરી દો. લોકોને ઘેર

જમવા જાય તો પણ પોતાની થાળી લઈને જાય કોઈ ખાવાનું આપે છે, કોઈ માન આપે છે તો કોઈ અપમાન કરે છે, જે દૃઢ વૈરાગી છે એને માન-અપમાનની પણ પડી નથી.

ટૂંકમાં માગશર મહિનામાં અમદાવાદમાં એક બહેનની દીક્ષા નક્કી થઈ. એટલે આ હુશાનભાઇ કહે છે ગુરૂદેવ ! આ બહેનની સાથે મને પણ દીક્ષા આપી દો. ગુરૂદેવ કહે, લોકો કહે છે આ તો ભાગી જશે. જો હું કદાચ ભાગી જઇશ તો આપનો એક ચલોટો ને પછેડી લઈ જઇશ, બીજું શું લઇ જવાનો છું ? આપને તો ઘણાં ભાવિક શ્રાવકો વહોરાવશે. પણ મને જલ્દી પંચ મહાવ્રતની ભિક્ષા આપો. આ ગુરૂ પાસે કરગરે છે. તે સમયે સાણંદપુર સંઘના એક ભાવિક શેઠાણી આવ્યા. આ હુશાનચંદની ભાવના જોઇ કહે છે : ગુરૂદેવ ! હુશાનની દીક્ષા કયારે છે ? ગુરૂદેવ કહે છે કે આ બહેનની સાથે જ, મંડપમાં હુશાનને પણ "કરેમિ ભંતે"નો પાઠ ભણાવવાનો છે, તો બહેન કહે છે કે તેમનો વરઘોડો ચઢાવવાનો છે ને ? ગુરૂદેવ કહે છે, એને વરઘોડાની કંઇ જ જરૂર નથી. પેલી બહેન દીક્ષા લેવાની છે, તેનો વરઘોડો ચઢે છે, ત્યારે આ શેઠાણી હુશાનચંદ્રને પોતાને ઘેર લઇ જાય છે. જલ્દી જલ્દી કંસાર બનાવી જમાડે છે. અને ગુજરાતી પોશાક પહેરવા આપે છે. પણ આ પંજાબી છે, તેમને ગુજરાતી ધોતિયું પહેરતાં આવડતું નથી. જેમ તેમ કપડાં પહેર્યાં. ગુજરાતી પોશાક તેમને શોભતો પણ નથી. પણ જે સાચો વૈરાગી છે, તેને કપડાં શોભે કે ન શોભે તેની પરવા હોતી નથી. શેઠાણી સમજે છે કે, આ આત્માની અમદાવાદની જનતાને કિંમત નથી, બાકી આ આત્મા સાચો કોહીનુર છે. કૂવું રત્ન છે. આ શેઠાણી ખૂબ હોંશથી સોનાનો નવસેરો હાર લાવી, હુશાનચંદ્રના ગળામાં પહેરાવે છે. આ કહે છે-બહેન ! મારે તો એને છોડવું છે, મને એ ભાર રૂપ લાગે છે. આ હાર લઈને કદાચ હું ભાગી જઈશ, તો તમારે પસ્તાવાનું થશે. બહેન કહે છે ભાઇ, તમે ભાગી જાવ તેવા નથી.

હુશાનભાઈને શણગારી ગાડીમાં બેસાડી દીક્ષાના મંડપમાં લાવે છે. અને ગુરૂ તેને "કરેમિ ભંતે"નો પાઠ ભણાવે છે. દીક્ષા આપ્યા પછી તેમનું નામ પૂજ્ય હરખચંદ્રજી મહારાજ રાખવામાં આવે છે. દીક્ષા લીધા પછી તેમણે જાવજીવ છઠ કરવાના પચ્ચખાણ કરેલ. જેમના જ્ઞાનનો સૂર્ય તો એટલો પ્રકાશતો હતો કે દીક્ષા લીધા પછી છ મહિનામાં પૂ. હરખચંદ્રજી મહારાજ સાહેબે પહેલી જ વખત વ્યાખ્યાન ફરમાવ્યું. તેમના ઉપદેશની પ્રથમ ધારાથી જ એક વકીલ અને તેમનાં પત્ની વૈરાગ્ય પામ્યાં અને પ્રતિજ્ઞા કરી કે અમારે બે વર્ષમાં દીક્ષા લેવી. તેમણે સમાજ ઉપર સુંદર છાપ પાડી. જેમને લોકો કાંકરા જેવા ગણતા હતા તે સાચા કોહીનુર બની ગયા. લોકો પણ ચકિત થઈ ગયા, જેમણે દીક્ષા લીધા પછી ખંભાત સંપ્રદાયમાં વીસ તો સાધુ બનાવ્યા. ખંભાત સંપ્રદાય ઉપર અને સમાજ ઉપર તેમનો અનહદ ઉપકાર છે.

આજે પૂ. હરખચંદ્રજી મહારાજ સાહેબની પુણ્યતિથિ છે. ખંભાત સંપ્રદાયના દરેક ક્ષેત્રોમાં આ તિથિ તપ-ત્યાગ દ્વારા ઉજવાય છે. સાણંદમાં તો પાખી પાળવામાં આવે છે. પૂ. ગુરૂદેવના જીવનમાં ઘણાં જ ગુણો હતા. તેઓ વચનસિદ્ધ હતાં.

આજે આપ સૌ કોઇ તેમના પવિત્ર જીવનમાંથી ગુણ ગ્રહણ કરીને વ્રત-નિયમ જરૂરથી લેશો.

વૃક્ષ ઉપર ચઢેલાં બે બાળકો ભયભીત બની ગયાં છે. મુનિ તો જાણતા પણ નથી કે ઉપર કોણ છે ? પોતે પોતાની ક્રિયામાં મસ્ત છે, તેમના ઉપકરણોમાં સોય, કાતર કે બીજુ કંઈ હથિયાર છે નહિ, જૈન મુનિઓને કોઇ પણ જાતનું શસ્ત્ર રાખવું કલ્પતું નથી, કપડાં સીવવા સોય લાવ્યા હોઇએ તો પણ સાંજે ગૃહસ્થને પાછી આપી દેવી પડે, પણ રાત વાસો રખાય નહિ. દવા પણ રાત્રે પાસે રાખવી સાધુને કલ્પતી નથી. જો રાખવાની છૂટ હોય તો આ મુનિઓની પાસેથી નીકળત. જ્યારે આ છોકરાઓએ મુનિ પાસે કંઈ જ હિંસક શસ્ત્ર ન જોયું એટલે થયું કે આપણી માતાએ આપણને ભ્રમમાં નાંખી ફસાવ્યા છે. આ તો કેટલા પવિત્ર સંત છે. જેના દર્શન કરતાં પણ આપણાં દુઃખ દૂર ચાલ્યાં જાય છે. આમ વિચાર કરતાં કરતાં આ બંને બાળકોને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થશે અને તેઓ વૃક્ષ ઉપરથી ઉતરીને મુનિની પાસે આવશે અને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં ૧૮

શ્રાવણ સુદ ૩ ને મંગળવાર તા. ૪-૮-૭૦

શાસ્ત્રકાર ભગવંત ત્રિલોકીનાથે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યા પછી જગતના જીવો ઉપર અનુકંપા આણીને કલ્યાણકારી વાણીનો ધોધ વહાવ્યો. જેમાં બાહ્ય સુખ દેખાતું નથી પણ આત્મિક સુખનો ખજાનો ભરેલો છે.

બાર મૂળ સૂત્રમાંથી ઉત્તરાધ્યયન સૂત્રના ત્રીજા અધ્યયનમાં છ જીવોનો અધિકાર આગમમાં વર્ણવ્યો છે. એ છએ આત્માઓ જબ્બર પુણ્યવાન છે. તે છઠ્ઠો જીવ એ જ ભવે મોક્ષે જવાના છે. સંયોગ પણ કેવો મળ્યો છે કે એક જ નગરમાં છએ આત્માઓ અરસ પરસ સંબંધમાં સંકળાયા છે. જે નગરમાં ધર્મિષ્ઠ મનુષ્યો વસતા હોય, જ્યાં સંતોનું આગમન થતું હોય તે નગરના મનુષ્યોને સહજ રીતે ધર્મના સંસ્કારો મળે છે. પણ જે ગામના માણસને ધર્મ શું ચીજ છે તે જ ખબર ન હોય તો બાળકમાં પણ સંસ્કાર કયાંથી હોય ! આ નગર તો ધર્મથી અને ધનથી બંને રીતે સમૃદ્ધ હતું. અત્યારની સરકારની જેમ હુંડિયામણ કમાવું પડતું ન હતું. અમેરીકાથી કંઈ આવે

તો ભારતને ઘઉં પૂરા પડે એવું ન હતું. અત્યારે તો પ્રજા અનાજ માટે પોકાર કરતી હોય પણ વચમાં રહેલા નેતાઓ પ્રજાનો અવાજ સરકારના કાન સુધી પહોંચવા દેતા નથી. પુદ્ગલના લોચા લેગા કરવામાં જ તે પડયા છે, પછી પ્રજાને સંસ્કાર કયાંથી મળે?

બ્રિટીશ સરકાર ગુજરાતમાં આવી તેણે ચાનો પ્રચાર કર્યો. અને નાના બાળકની ચોપડીઓમાં પણ પહેલું વાક્ય આવે "બા મને ચા પા" એટલે ચા પીવાના જ સંસ્કાર મળેને? જે પુસ્તકો સ્કુલમાં ચાલી રહ્યા છે તેમાં લખે છે કે મચ્છિ ખાવાથી આ જાતનું વિટામીન મળે છે. ઇંડા ખાવાથી આ જાતનું વિટામીન મળે છે. માંસ ખાવાથી શરીરને પુષ્ટિ મળે છે. વિચાર કરો કે આ સરકાર ભાવિ પ્રજાના સંસ્કાર સુધારી રહી છે કે બગાડી રહી છે? બાળકો સ્કુલમાં ભણે એટલે એના બાલમાનસ ઉપર એ જાતના સંસ્કારો અંકિત થઇ જાય છે. આ સરકાર તો જે મચ્છિ-ઉદ્યોગ કરે તેને પૈસા આપવા તૈયાર થાય છે! માટે બંધુઓ! હવે ચુંટણી આવે તે વખતે વોટ આપતાં વિચાર કરજો. જેને તમે વોટ આપી સત્તાની ખુરશી ઉપર બેસાડો છો તે જો એકાંત પાપનાં જ ખાતાં બોલતો હોય તો જૈનોને કલંક રૂપ છે.

ભગવંત કહે છે, કે મારો એક એક શ્રાવક પાપભીરૂ હોવો જોઈએ. આજે દુનિયામાં બે પ્રકારના ભીરૂ છે. એક પાપ ભીરૂ અને બીજો દુઃખભીરૂ. બંધુઓ! માનવ જીવન પામ્યા પછી જો પાપ જ કર્યા કરતા હો તો તે કેટલા અફસોસની વાત છે! જ્ઞાનીઓએ કહ્યું છે કે આ ધરતી ઉપર ચાલનારા બે પગવાળા પ્રાણી તે મનુષ્ય છે. બુદ્ધિમાન છે. જેને પુણ્ય અને પાપનું ભાન છે, અગર જેને ભાન થયું છે તેવો આત્મા શું સોનાના થાળમાં ગંધ મારતો દારૂ રેડે ખરો? બોલો, તમે જ્યારે ઉપાશ્રયમાં આવો છો ત્યારે ત્રણ વાર નિસ્સિહિ બોલો છો. આનું શું કારણ છે, એ તમને સમજાય છે? અહીં તમે આત્મા સાથે કરાર કરો છો કે મારા આત્મા રૂપી સોનાના થાળમાં જૂઠ-પ્રપંચ નિંદા-કુથલી, કોઇની સામે આંખથી ઇશારા કરવા આ બધા જે દુર્ગંધો દારૂથી પણ વધારે દુર્ગન્ધ વાળા છે, તે હવે મારા જીવનમાં કદી ભરાય જ નહિ. જ્યારે તમને ખ્યાલ આવશે ત્યારે જ તમે આત્મદર્શન કરી શકશો.

હું તમને એક વાત પૂછું છું કે તમે બધા શેનાથી ડરો છો? પાપથી ડરો છો? તમે એક માર્ગથી જઈ રહ્યા છો. હવે તે માર્ગમાં એક બાજુ કંટક વેરાયેલા છે, બીજી બાજુ કીડીઓ ઉભરાણી છે. તો હવે તમે શેનાથી સાવધાન રહેશો? કંટકથી કે કીડીઓથી? તમે કાયમ નીચું જોઈને ચાલો છો ને? બોલો તમે પાપભીરૂ છો કે દુઃખ ભીરૂ? મારા રાજકોટના શ્રાવકો! તમે દુઃખભીરૂ ન બનો, પણ પાપભીરૂ બનો. જ્યાં કાંટા વેરાયેલા છે ત્યાં તમે બૂટ ન પહેર્યા હોય તો ભલે એ વખતે પહેરી લો, પણ જ્યાં કીડીઓ ઉભરાણી છે ત્યાં તમે બૂટ પહેર્યા હોય તો પણ ઉતારી નાખજો. ઊંચું જોઈને ચાલતા હો તો નીચું જોઈને ચાલજો.

દેવાનુપ્રિયો ! ત્યાં તમારું હૃદય કંપવું જોઈએ. રખે, કોઈ કીડી મારા પગ નીચે આવી ન જાય. તેમ ઉપયોગપૂર્વક ચાલજો. અને જો બીજો રસ્તો હોય તો જ્યાં જીવ જંતુ હોય તે રસ્તો છોડી દેજો અને લાંબો પણ નિર્વદ્ય રસ્તો પાસ કરજો. પણ ટૂંકો સાવદ્ય રસ્તો છોડી દેજો તો હું સમજું કે તમે પાપભીરૂ છો. દુઃખભીરૂ તો કીડી-મંકોડા-કૃમી અળસિયા બધા છે.જ્યારે તમે તો પાંચ ફૂટ ને પાંચ ઇંચના માનવ છો અને તમો દુઃખભીરૂ બનો એમાં કાંઈ તમારી વિશેષતા નથી પણ પાપભીરૂતા એ જ તમારા જીવનની સાચી વિશેષતા છે.

ગરમી થાય એટલે તમને તરત સ્નાન યાદ આવે છે. ભૂખ લાગે કે જમવાનું યાદ આવે. આ બધું તમને યાદ આવે છે પણ જન્મ-જરા ને મરણના ફેરા મટાડું એ તમને કેમ યાદ નથી આવતું ! પૈસા કમાવા છે એમ તમારું મન કહે છે પણ ભેગું મન એમ કહે છે બરું કે મારે પાપ કરીને નથી કમાવવા ? જ્યાં અજ્ઞાનીને સ્હેજ દર્દ થાય છે કે તરત જ તેમને હાયવોય થાય છે. કોડલીવર ઓઇલ પી જાય છે. આવું કરનાર દુઃખભીરૂ છે પણ પાપભીરૂ નથી. દેવાનુપ્રિયો ! જ્યારે તમે પાપભીરૂ બનશો ત્યારે તમે જરૂર પાપ કરતાં અટકશો. જ્યારે તમે પાપથી ગભરાશો ત્યારે તમને એમ થશે કે ગરીબ માણસ મારે ત્યાં માલ લેવા આવે અને હું તેનો ગેરલાભ ઉઠાવું એ હવે મારાથી બને જ કેમ ? જે આત્મા આવો પાપભીરૂ છે તે જ સાચો માનવ છે. પણ જે પાપભીરૂ નથી તે ખરેખર જૈન તરીકે યોગ્ય નથી અને માનવ તરીકે લાયક પણ નથી.

જ્યારે માનવમાં પાપભીરૂતા પ્રગટે છે ત્યારે આત્મામાં કેટલું પરિવર્તન થાય છે ! તેના ઉપર બનેલી એક કહાણી છે. આ કહાણી ગુજરાતમાં બનેલી છે. એક માતાના બે પુત્રો હતા. તેમાં જે મોટો છોકરો છે, તેને એક શ્રીમંત શેઠ સાથે ખૂબ જ ભાઇબંધી હતી. બંને જીગર જાન મિત્રોને પરસ્પર ખૂબ જ પ્રેમ હતો. હવે જે આ માતાનો બીજો પુત્ર છે, તે ગૈદ છે અને ખૂબ હોંશિયાર છે. પણ કર્મની કહાણી કંઇ ઓર છે. તેને ત્યાં ઘરાકી જામતી નથી. તેથી ઘર ખર્ચને પહોંચી નહી શકવાથી તેણે પોતાના મિત્ર એવા શેઠ પાસેથી નાણાં વ્યાજે લીધેલા પણ એવો દિવસ જ આવ્યો નહિ કે તે ભરપાઈ કરી શકે, પરિણામ એ આવ્યું કે નાણાંના મોહે શેઠની દૃષ્ટિ બદલાવી. અને પ્રેમનો તાર તોડી નંખાવ્યો. તથા વેરની વણઝાર ઉભી કરી. એટલે કે શેઠે પોતાના માંગતા નાણાં માટે કોર્ટમાં દાવો કર્યો. હવે જે દિવસે સુનાવણી છે તે દિવસે જેને ખૂબ જ આઘાત લાગ્યો છે તેવો વૈદ કોર્ટમાં જવાની ના પાડે છે.

તેના મનમાં એ આઘાત છે કે અહો ભગવાન, હજુ આજથી બે વર્ષ પહેલાં જ્યારે શેઠ માંદા પડયા ત્યારે મેં રાત-દિવસ જોયા વિના તેની પાછળ મારાથી બનતા બધા ઉપાયો કર્યા. અને ત્રણ મહિના સુધી મેં કિંમતી દવાઓ મફત ખવડાવી તેને મૃત્યુના મુખમાંથી બચાવ્યો. તેનો બદલો તેણે આવોજ આપ્યો ! બસ, આવો જ સંસાર

અને આવો જ મારો મિત્ર ! તેમ વૈદરાજને આઘાત લાગવાથી તે કોર્ટમાં ગયો નહિં, અને નાનો ભાઈ ગયો. જ્યારે નાનો ભાઇ કોર્ટમાં હાજર થયો ત્યારે તેણે વકીલને વિનંતી કરી કે સાહેબ ! અમારે શેઠને પૈસા જરૂર આપવાના છે. અમારે કોઇ કરજ લઇને આ જન્મમાંથી બીજા જન્મમાં જવું નથી. પણ હાલ ચુકતે પૈસા ભરી શકીએ એવી અમારી સ્થિતિ નથી. પણ આપ અમને ત્રણ મહિનાના હપ્તા પાડી આપો તો અમે જરૂર ભરપાઈ કરી આપીશું. વકીલે કહ્યું – તમે બંને ઘરમેળે સમાધાન કરી લો. તેથી શેઠે ઘરમેળે સમાધાન કરી ત્રણ ત્રણ મહિને હપ્તા ભરી આપે તેવી કબૂલાત કરાવી. લેણદાર કબૂલ થયો પણ તેની કબૂલાતની કદર લેણદાર કરી શકયો નહિ.

તેનું ગોળા જેવડું પેટ ગરીબના નાણાં ચૂસવામાં પાછું ન પડયું. તેને કહે છે :– હું તમારી વાત માન્ય રાખું છું પણ તારે મને વધારાના રૂ. ૫૦૦) આપવાના. હવે દર ત્રીજે મહિને નાનો ભાઇ હપ્તો ભરવા જાય છે, તે આપીને રસીદ લેતો આવે છે. મોટો ભાઈ જતો નથી. તેને ખૂબ જ આઘાત છે. આ રીતે હપ્તાં ભરતા સંપૂર્ણ કરજ વસુલ કરી દીધું. પછી નાના ભાઈએ કહ્યું કે શેઠજી ! આપે જે ૫૦૦) રૂા. વધારાનાં માગ્યા છે તે માફ કરો. અમે બે ભાઈઓએ અમારા ઘરના તમામ દાગીના વેચી દીધા છે. અમારા પેટને પાટા બાંધીને તમોને વ્યાજ સહિત મૂળ રકમ ચૂકતે કરી દીધી છે. તો આપ અમારા ઉપર કૃપા કરો. ખરેખર નાણાં વધારવા સહેલાં છે પણ તેને પચાવવા કઠણ છે. નાણાંનો ગર્વ દારૂના નશા જેવો છે. શેઠને નાણાંની ખૂબ જ મગરૂરી છે. જેને ધનરૂપી દારૂનો નશો ચઢયો છે એવા એ શેઠને કયાં ભાન છે કે હું આજે ગરીબની હાય લઈ રહ્યો છું પણ કાલે મારૂં શું થશે ? નાણાંના કેફમાં મશગુલ બનેલા શેઠ કહે છે કે એ કદી નહિ બને. જા....પાંચસો રૂપિયા પૂરા દેવા જ પડશે. છેવટે આંસુ સારતો નાનો ભાઇ ઘેર આવે છે. ઘરના બધા ભેગા થઇને રડે છે. ભગવાન ! આના નાણાં કયાં લીધાં ? આબરૂ ખૂબ વહાલી છે. બંને ભાઇમાં જાત છે. પુણ્ય–પાપનો ખ્યાલ છે તેથી છેવટે મહા મહેનતે રૂ. ૫૦૦) ભેગા કરીને નાનો ભાઈ આપવા જાય છે. ત્યારે શેઠ ભયંકર બિમારીના બિછાને પડયો છે. તેથી વૈદના નાના ભાઈને આવતો જોઈ જુની સ્મૃતિ તાજી થતાં શેઠ ખૂબ રડી પડયાં. રૂપિયા આપવા ગએલ કરજદાર જ્યાં શેઠને રૂ. ૫૦૦) આપે છે ત્યાં ડુસકે ડુસકે રડતાં શેઠ કહે છે કે વ્હાલા ભાઈ! મારે નથી જોઇતાં. મેં મારી પૂરી રકમ વ્યાજ સહિત લઇ લીધી છે. કોઈ હિસાબે મારે હવે રૂપિયા નથી જોઇતા. પણ જીદ કરીને લેણદારે રૂ. ૫૦૦) આપી દીધા. જ્યારે આપીને પાછો વળે છે ત્યારે શેઠ વૈદરાજને રડતે આંસુએ સમાચાર કહેવડાવે છે કે વૈદરાજને કહેજો કે હું મારી ભૂલની માફી માંગુ છું. મેં વરસ દિવસથી તેમનું મુખ જોયું નથી. અને તેઓ મારા ઉપર ખૂબ નારાજ છે, એટલે તેઓ મારૂં મુખ શેના જુએ ! ખરેખર,

મેં અભાગીએ પૈસાના મોહમાં હીરા જેવો મિત્ર ગુમાવી દીધો. આ વખતે માંદગીમાંથી મને કોણ બચાવશે? એમ કહેતાં શેઠ ડુસકે ડુસકે રડી પડયા. બેર જઈને તેણે બધી વાત પોતાના મોટાભાઈ એવા વૈદને કહી.

જેનામાં માનવતાનો સિતારો ચમકી ઉઠયો છે, જેના હૃદયમાં દયાના ઝરણાં વહી રહ્યા છે તેવો મોટો ભાઈ (વૈદ) એકદમ ચમકી ઉઠયો અને તરત જ ત્યાં જવા માટે તૈયાર થયો. ત્યાં શેઠનો નોકર એક રૂમાલથી ઢાંકેલી રકાબી લઈને આવ્યો. અને વૈદરાજને ચરણે રકાબી મૂકી. વૈદરાજ તરત જ ઓળખી ગયાં કે આ મારા શેઠનો નોકર છે. વૈદે પૂછયું : શું લાવ્યા છો? તરત જ નોકરે રકાબી ઉપરથી રૂમાલ ઉપાડી લીધો અને વૈદરાજના ચરણકમળમાં ચિઠી મૂકી. એ ચિઠીમાં લખ્યું હતું કે– માર પ્રાણાધાર! અભિમાની શેઠે નાણાના નશાથી મસ્તીમાં પડીને ઘણી ભૂલો કરી છે તો માસી ભૂલો માફ કરજો. હું મૃત્યુની શય્યા પર સૂતો છું. તમારા જેવા પવિત્ર આત્માની મેં કદર કરી નથી. મારો આત્મા હવે કઈ ગતિમાં ફેંકાઈ જશે. તે રીતે સામાના હૃદયને પીગળાવી દે તેવા અનેક શબ્દો લખેલાં હતાં. તે વાંચતાની સાથે જ વૈદરાજ એકદમ ઉભા થઈ ગયા અને શેઠની સેવામાં હાજર થઈ ગયા.

વૈદ તન–મન ને ધનથી શેઠની ખૂબ સેવા કરે છે. આયુષ્ય બળવાન હોવાથી શેઠ બચી જાય છે. પોતાની ભૂલનું ભાન થવાથી રૂ. ૧૦૦૦) વૈદના ચરણે ધરે છે, પણ વૈદરાજ લેતાં નથી. તે નાણાંના ભૂખ્યા ન હતાં, પણ સેવાના જ ભૂખ્યા હતાં. તેથી નાણાંનો સ્પર્શ પણ કરતાં નથી.

અહીં બેઠેલા મારા શ્રાવકો, બોલો! આ જગ્યાએ તમે જો વૈદરાજ હોત તો શું કરત? ભલે તમે ન બોલો પણ હું તમારા બદલે કહું છું કે તમે પ્રથમ તો જાવ જ નહિ અને કદાચ સદ્‌બુદ્ધિ થઈને જાવ તો શું આ પાંચ હજારની રકમ વધેતી મૂકો બસ? (શ્રોતામાંથી અવાજ ના....ના...) વૈદરાજે શું કર્યું તે કહી દઉં. તે તો કોઈ હિસાબે નાણાંને અડયો જ નહિ. આવી ગરીબીમાં પણ કેટલી અમીરી છે! છેવટે તે નાણાં ગરીબોની સેવા માટે અર્પાવે છે, વૈદરાજે પોતાની માનવતાનું શેઠને દર્શન કરાવ્યું, કારણ કે તેનામાં પાપભીરૂતા હતી. શેઠ પણ વૈદરાજના પરિચયથી સાચો પાપભીરૂ બન્યો. અને ન્યાય–નીતિથી જીવન જીવવા લાગ્યો. તમે પણ સાચા પાપભીરૂ બનો તે જ અભ્યર્થના કરું છું.

અહીં આ ભૃગુ પુરોહિતના બે પુત્રો જે વૃક્ષ ઉપર દુઃખભીરૂ બની ગયાં હતા. પણ મુનિનાં વસ્ત્ર–પાત્ર આદિ ઉપકરણોમાં કંઈ જ હિંસક શસ્ત્ર જોયું નહિ, આહાર પણ નિર્દોષ હતો, તે જોઈ બંને બાળકો મનોમન વિચારે છે અહો! આપણાં માતા–પિતાએ આપણને કેવું ખોટું ભરમાવી દીધું. જો આપણે આ બધું નજરે જોયું ન હોત તો આ સંતોથી દૂર જ ભાગ્યા કરત. આ સંતો કેવા પવિત્ર છે, તેમનો આચાર પણ

કેટલો શુદ્ધ છે, એમ વિચારની શ્રેણીએ ચઢયાં, ત્યાં તો બંને બાળકોને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પૂર્વે જે પર્યાયનો અનુભવ કર્યો છે તેનું પ્રત્યક્ષ સ્મરણ થાય છે. અહો ! આપણે દેવભવથી પહેલાં આવું જ સાધુપણું અંગીકાર કર્યું હતું. ત્યાંથી આપણે છ છ જીવો સાથે એક જ વિમાનમાં ઉત્પન્ન થયાં હતાં. બે આત્માઓએ માયા કરી તેઓ સ્ત્રીલિંગે ઉત્પન્ન થયાં. જેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે તે જીવોએ વચ્ચમાં અસંજ્ઞીનો ભવ ન કર્યો હોય તો સળંગ ૯૦૦ ભવ જોઈ શકે છે. પણ જો વચમાં અસંજ્ઞીનો ભવ કર્યો હોય તો એ ભવ પછીનાં ભવો જોઇ શકે છે. આ બંને ભાઈઓ પોતાના પૂર્વના ભવોનું સ્મરણ થવાથી જેઓ દુઃખભીરૂ બન્યા હતા તેઓ "હવે આપણે એક ક્ષણ પણ સંસારમાં રહેવું નથી, પૂર્વે સાધના કરતાં જે અધુરી રહી છે તે સાધના આપણે જલ્દી કરી લઇએ" એમ વિચારી રહ્યા હતા.

બંધુઓ ! તમને એવું લાગે છે કે અમૂલ્ય અવસર ચાલ્યો જાય છે. આવી અમૂલ્ય ઘડી ફરી ફરીને મળવાની નથી. તમે પણ અમુક સમયે ટાઈમની કિંમત આંકો છો. માની લો કે સાંજે તમારા લગ્ન છે. તે દિવસે બપોરના તમારો મિત્ર તમને કહે–દોસ્ત ! ચાલ, આજે આપણે પિકચર જોવા જઈએ, સરસ પિકચર છે. પહેલવહેલું ચડયું છે. મેં રીઝર્વડ ટિકિટ પણ તારા માટે લીધી છે. ત્યારે પેલો મિત્ર શું કહેશે ? બોલો તો ખરા.... આ તો તમારા અનુભવની વાત છે ને ? (હસાહસ) પેલો મિત્ર કહેશે કે મૂર્ખ ! તને ખબર નથી કે આજે કયો દિવસ છે ? આજે મારા લગ્નનો દિવસ છે. મારી પાસે સમય ઓછો છે અને કામ ઘણાં પતાવવાના છે. આજે શું સિનેમા જોવાનો સમય છે ?

જ્ઞાની પુરૂષો કહે છે કે જેને લગ્ન કરવાં છે તેવો માણસ પણ પોતાનો સોનેરી સમય સિનેમા ટોકીઝમાં, બગીચામાં ફરવામાં કે વાતોનાં ગપાટા હાંકવામાં ગુમાવતો નથી. છતાં માની લો કે તે ભૂલ કરે તો તેને વધું નુકશાન થવાનું નથી. પણ જેને આત્મસાધના કરવી છે તે માણસ જો આવો પ્રમાદ કરે તો તેનો અમૂલ્ય સમય ગુમાવે તે ખરેખર ખોટનો ધંધો કરી રહ્યો છે.

તમને તો કલદારની જ લગની છે. કલદાર મેળવવામાં તમે સમયને ઓળખ્યો છે. જીવનમાં કલદારની જ કિંમત તમને સમજાઈ છે, પરણવાના દિવસની કિંમત સમજાઈ છે. જેમ પેલા મિત્રને કહી દો છો કે મૂર્ખ ! અત્યારે ફરવાનું હોય ? તેમ સવારમાં તમે વ્યાખ્યાનમાં આવવા તૈયાર થયાં. તે સમયે કોઈ મિત્ર કહે કે મિત્ર ! આજે તો મારી સાથે તમારે અત્યારે બગીચામાં ફરવા આવવું જ પડશે. આ સાંભળી એમ કહેશો ખરા કે મૂર્ખ ! ફરવા તો મોડા પણ જવાશે. અત્યારે વીતરાગવાણી સાંભળવાનો સમય છે. હું તારી સાથે અત્યારે નહિ આવી શકું ! ત્યાં તો તમે તૈયાર થઈ જાવ, કારણ કે પૈસા કરતાં પ્રભુ તમને વધારે વ્હાલા લાગ્યા નથી.

પથ્થર જેવા પૈસા અને પારસ જેવા પ્રભુ,
એમાં કોણ તમને પ્યારૂં બોલો પૈસા કે પ્રભુ....

તમારા હૈયે હાથ મૂકીને બોલો કે કોણ વ્હાલું છે? (સભામાંથી અવાજઃ– પ્રભુ વ્હાલા છે. હસાહસ). તમારી વાત ઠીક છે, કારણ કે તમે અહીં બેઠા છો ત્યાં સુધી તમને પ્રભુ વ્હાલા છે. અહીંથી બહાર નીકળ્યા કે પૈસા વહાલા થઈ જાય છે. કેમ બરાબર છે ને? હું તમને પૂછું છું કે કોઈએ નોટોના બંડલ ભેગા કર્યા હશે પણ તેમને કેન્સરનો રોગ થયો. ન્યુમોનિયા કે ટાઈફોઈડ થયો, તે સમયે નોટો પાથરીને સૂવાડવામાં આવે તો પણ રોગ શાંત થશે ખરો? છેવટે ડોકટરને બોલાવવામાં આવે અને ડોકટરને પણ કહી દો કે ભલે ૫૦૦૦) રૂપિયા લો, પણ એને રોગથી મુકત કરો. તો ડોકટર પણ કહી દેશે કે આમાં મારો કોઈ ઈલાજ કામ આવે તેમ નથી. ત્યાં તમે દુઃખભીરૂ છો. જ્યારે તમને પાપનો ડર લાગશે ત્યારે તમે પાપભીરૂ બનશો; શાસનમાં ભલે ૫૦૦ શ્રાવક ન હોય, પાંચ જ હોય, પણ તે પાપભીરૂ હોવા જોઈએ.

આજે અમારા પૂજ્ય જશુબાઇ મહાસતીજીની પુણ્યતિથિ છે. સાણંદમાં અમે બંનેએ એક જ સાથે ૧૯૯૬માં દીક્ષા લીધી હતી. સંસારમાં તેમનું નામ જીવીબેન હતું. તેઓ ૨૫ વર્ષની નાની ઉંમરમાં જ વિધવા થયા હતાં. તેમને એક પુત્રી હતાં. તેમને સંયમની ભાવના જાગેલી પણ કુટુંબમાંથી રજા મળતી ન હતી. એવામાં મને વૈરાગ્યભાવ આવ્યો. અને દીક્ષા નકી થઈ, ત્યારે તેઓ કહે કે, તું આટલી નાની વયમાં સંયમ પંથે જાય છે અને હું રહી જઈશ. તેમણે તેમના કુટુંબીજનોને પોતાની દીક્ષા લેવાની તીવ્ર ભાવના જણાવી અને આજ્ઞા મેળવી. અમે બંનેએ એકજ દિવસે પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબ તેમજ પૂ. ગુરૂણી પાર્વતીબાઈ મહાસતીજી પાસે ૧૯૯૬ના વૈશાખ સુદ છઠના દિવસે ભાગવતી દીક્ષા લીધી. સાધનામાં મને એમનો ખૂબ સહકાર હતો. પણ એ અમારી જોડી અખંડ રહી શકી નહિ. કાળ કોઈની રાહ જોતો નથી.

સંવત ૨૦૧૬માં અમારૂં ચાતુર્માસ સાબરમતી હતું. ત્યારે તેમનું ચાતુર્માસ સુરત પાસે કઠોર ગામમાં હતું. આગલી સાલ તેમણે સુરત ચાતુર્માસ કરેલું. તે સમયે તાપી નદીમાં સખત પૂર આવ્યું. આખા સુરતમાં પાણી પાણી થઇ ગયું. એ પાણી આખા ગામમાં ભરાઈ ગયા. જે ઉપાશ્રયમાં તેઓ રહેતાં હતાં તે ઉપાશ્રયમાં પણ પાણી ભરાઇ ગયા. સીડીના પગથિયાં સુધી પાણી આવી ગયા. સૂર્યાસ્ત થઈ ગયો હતો. બાજુમાં રહેતાં શ્રાવકો કહે છે, મહાસતીજી! અમારા મકાનમાં આવી જાવ. કારણ કે ઉપાશ્રયનું મકાન એક મજલાનું છે. અને અમારૂં મકાન બે માળનું છે. રાત્રે વધુ પાણી ભરાઇ જશે અને સીડી ડૂબી જશે તો આપ મુશ્કેલીમાં મૂકાઈ જશો. તે વખતે પૂ. મહાસતીજીએ શ્રાવકોને સાફ કહી દીધું કે જે થવું હોય તે થાય.

પણ સૂર્યાસ્ત થઇ ગયા પછી અમને બીજું મકાન કલ્પતું નથી. વળી સચેત પાણીમાં પગ મૂકાય નહિ. તમે પણ અપકાય જીવોની વિરાધના કરીને કોઇ અહીં આવશો નહિ. જો અમારૂં આયુષ્ય પૂરૂં થયું હશે તો કોઇ બચાવી શકવાનું નથી. એમ મનને મક્કમ બનાવી પોતાના બે શિષ્યાઓ સહિત પાટે બેસી ગયા. અને સ્વાધ્યાયમાં લીન બની ગયા. હવે પાણીને આવવું હોય તો આવે કે જવું હોય તો જાય, કોઇની પરવા નથી. જ્યાં તેઓ સ્વાધ્યાય કરવા લાગ્યા ત્યાં પાણીના પૂર પણ ઓસરી ગયાં.

સ્વાધ્યાય-ધ્યાનમાં પણ આટલી શક્તિ છે. હાથમાં સાધન છે, પણ આપણને એટલી શ્રદ્ધા નથી. તેઓ ખૂબ દૃઢ હતા. સુરતનું ૨૦૧૫નું ચાતુર્માસ પૂર્ણ કરી વિહાર કર્યો. ત્યાં બીજે ગામ જ તેમને હાર્ટ એટેકની બિમારી આવી. એટલે સુરત પાછા આવ્યા. તબિયત સારી થઈ એટલે ધીમે ધીમે વિહાર કરી તેઓ કઠોર ચાતુર્માસ પધાર્યા. ત્યાં પોતે વ્યાખ્યાન આદિ પોતાનું કાર્ય બરાબર કરતા હતા. તેમાં પાછી એકાએક બિમારી આવી. ટૂંકી બિમારી ભોગવી શ્રાવણ સુદ ત્રીજના દિવસે પોતાનાં શિષ્યાઓને પાસે બોલાવી કહે છે, તમે ગૌચરીપાણી પતાવી દો, ત્યારે શિષ્યાઓ કહે છેકે મહાસતીજી ! હજુ પાંચ વાગ્યા છે. ગૌચરીને હજુ વાર છે. તો કહે છે : નવી ગૌચરી લેવા જવું નથી. જે છે તે પતાવી દો. પછી શિષ્યાઓને પાસે બોલાવી હિત શિખામણ આપી. તબિયત વધારે બગડતાં શ્રાવકોને બોલાવ્યા. અને ૭ વાગે સમાધિપૂર્વક પોતાની જીવનલીલા સંકેલી પોતાના બે શિષ્યાઓને ટળવળતા મૂકી પરલોકે પ્રયાણ કરી ગયા.

અમે જ્યારે ૨૦૦૬માં રાજકોટ આવ્યાં ત્યારે તેઓ પણ અમારી સાથે હતાં. અમારા પૂ. ગુરૂણી સહિત અમે ચાર ઠાણા હતાં. તેમનો મારા ઉપર અનહદ ઉપકાર છે. તેમનો બદલો હું વાળી શકું તેમ નથી. આજે તેમની પુણ્યતિથિના દિવસે આપણે તેમના જીવનમાં રહેલાં ગુણોને યાદ કરી કંઈક ગુણો અપનાવીએ. એ અભ્યર્થના.

આ બંને બાળકોને જાતિસ્મરણ જ્ઞાન થઇ ગયું છે. તેઓ વૃક્ષ ઉપરથી નીચે ઉતરી મુનિના ચરણમાં પડી ગયા છે. હવે તેઓ મુનિને શું કહેશે અને શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૧૯

શ્રાવણ સુદ ૪ ને બુધવાર તા. ૫-૮-૭૦

અનંત ઉપકારી જિનેશ્વર દેવ શ્રી મહાવીર પ્રભુએ કેવળજ્ઞાન અને કેવળદર્શન પામ્યા પછી ભવ્ય જીવોના કલ્યાણના માટે સિદ્ધાંતોની પ્રરૂપણા કરેલ છે. સમુદ્રમાં જેમ

દીવાદાંડી ખડકો વગેરે ભયસ્થાનો બતાવી વહાણોને માર્ગદર્શન આપે છે, તેમ પ્રભુના સિદ્ધાંતો સંસારરૂપ સમુદ્રમાં ખડકો અને ભયનાં સ્થાનો બતાવી જીવોને માર્ગદર્શન આપે છે. આ સિદ્ધાંતના આલંબનથી ભૂતકાળમાં અનંતા જીવો મોક્ષે ગયા છે, વર્તમાન કાળમાં સંખ્યાતા જીવો મોક્ષે જાય છે અને ભવિષ્યકાળમાં અનંતા જીવો મોક્ષે જશે.

અનંત જ્ઞાની મહાપુરૂષો કહે છે કે હે ભવ્ય જીવો ! જો તમારે મુક્તિ જોઈતી હોય તો ધર્મની આરાધના કરો. ધર્મની આરાધના કરનારો જીવ જ્યારે મુક્તિ પામવાને યોગ્ય ધર્મની આરાધના કરે ત્યારે મુક્તિ પામે, ત્યાં સુધી તેને સંસારમાં જે ભવ કરવા પડે, તેમાં પણ તેને સુખની સામગ્રી ઘણી મળે. અને ભવ પણ સારી ગતિના જ કરે. અને જ્યાં સુધી સંસારમાં રહેવું પડે ત્યાં સુધી સંસારના રાગ કરતાં ધર્મકથાનો રાગ વધુ હોય. અને તે ધર્મકથાના આનંદથી તે આત્માને ભાન થાય કે ખરેખર ! મોહરૂપી જે મહાવિષ છે તે વિષનો જો કોઇ મારક હોય તો આત્મસ્વરૂપની ઓળખાણ જ છે. એટલે આત્મામાં સુંદર તત્ત્વની ભાવના જાગે. એટલે સંવેગના રસરૂપી જે અમૃત છે તે અમૃત આત્મામાં પ્રગટે. અને મોહરૂપી મહાવિષ વિલીન થઈ જવા પામે. અને સંવેગના રસ રૂપી અમૃતનો પ્રવાહ આત્મામાં વહેતો થાય. તે વખતે તેને અર્થ અને કામની વાતોમાં એવો વિવેક થાય કે આ પુણ્ય અને પાપનું ફળ છે. પણ એ ઉપાદેય નથી. અને જ્યાં મોક્ષની વાત આવે ત્યાં આત્મા એવો આનંદ અનુભવે કે જાણે મોક્ષના સુખનો સાક્ષાત અનુભવ ન કરી રહ્યો હોય !

દેવાનુપ્રિયો ! ચાર પુરૂષાર્થમાં જ્યારે ધર્મ અને મોક્ષમાં રસ જાગશે ત્યારે તમને અહીંયા મોક્ષના સુખનો જાણે અનુભવ કરતાં હોય એવો આનંદ આત્મામાં પ્રાપ્ત થશે. જ્યારે તમારામાંથી મોહનું ઝેર નીચોવાઈ જશે ત્યારે તમને આ સંસાર કેવો લાગશે તે ખબર છે ? જે સંસાર તમને સુખનો ભરેલો લાગતો હતો તે દુઃખનો ભરેલો લાગશે. અનિત્ય અને અપૂર્ણ સુખવાળો દેખાશે. અરે ! સંસારનું સુખ હવે મને ગમતું નથી, એમ તમને લાગશે ત્યારે તમે જાણજો કે ખરેખર ! તમારામાં સંવેગ પ્રગટયો છે અને મોક્ષની ઇચ્છા જોરદાર બની છે. તમે સાંભળ્યું તો હશે કે પૃથ્વીચંદ્ર રાજગાદી પર બેઠા બેઠા અને ગુણસાગર પોતાના લગ્ન ઉત્સવના ચાલુ પ્રસંગમાં બેઠા બેઠા કેવળજ્ઞાન પામ્યા. વિચાર તો કરો કે રાજ્યગાદી પર કેવળજ્ઞાન પામનાર પૃથ્વીચંદ્રનું હૈયું કેવું હશે ? અને પોતાના લગ્નના ચાલુ ઉત્સવ પ્રસંગમાં કેવળજ્ઞાન પામનાર શ્રી ગુણસાગરનું હૈયું કેવું હશે ? આ રીતે કેવળજ્ઞાન લેવું તે કંઈ જેવી તેવી વાત નથી. ધર્મની આરાધનાપૂર્વક આત્માની કેટલી શુદ્ધિ કરી હશે ? રાજ્યગાદી પ્રત્યે અને લગ્ન પ્રત્યે કેવો ભાવ કેળવ્યો હશે ? તમને ખબર તો છે ને ? કે વિતરાગ બન્યા વિના કેવળજ્ઞાન આવે નહિ અને વીતરાગપણું, કષાયનો સર્વથા ક્ષય થયા વિના આવે ખરું ? નહિ, અને કષાયનો

સર્વથા ક્ષય કરવા માટે ક્ષપક શ્રેણી માંડવી પડે છે. ક્ષપકશ્રેણી અપ્રમત ભાવ આવ્યા વિના મંડાય નહિ. એટલે એ આત્માઓને અપ્રમત ભાવ આવેલો. એ અપ્રમત ભાવમાં રમતાં રમતાં તેમણે ક્ષપક શ્રેણી માંડેલી. એમાં કષાયનો સર્વથા ક્ષય કરીને વીતરાગ બનેલા. અને એ પછી જ તેઓ કેવળજ્ઞાનને પામેલાં. આ બધું જ રાજગાદી ઉપર બેઠા બેઠાં બનેલું ને ! લગ્નોત્સવમાં બેઠા બેઠા બનેલું ને ? એ સ્થાન એવું છે કે ત્યાં પાપના ભાવ આવે. એ સ્થાન તો આત્માને મહાપ્રમાદી પણ બનાવે, પરંતુ આ આત્માઓ ધર્મની આરાધના કરતાં કરતાં અને આત્મશુદ્ધિ સાધતાં સાધતા આવેલાં છે, તેથી જ તેઓ કેવળજ્ઞાન પામી ગયા છે. જો તમારે કેવળજ્ઞાન પામવું હોય તો ધર્મ આરાધના અત્યારથી શરૂ કરીને આત્માને જોરદાર બનાવો.

ભૃગુ પુરોહિતનાં બંને બાળકો સુલભ બોધી આત્માઓ છે. આત્મશુદ્ધિ કરતાં કરતાં આવેલ છે. માતા-પિતાએ સાધુનો ભય બતાવ્યો છે, છતાં કેવો યોગાનુયોગ બની ગયો ! કયાં બાળકોને રમવા જવું અને કયાં સંતોનું ભૃગુ પુરોહિતના કહેવાથી ગામ બહાર જવું ! વગડામાં પણ સંતોનો ભેટો થવો એ મહાન ભાગ્ય વિના બનતું નથી. પ્રભુ મહાવીરના આત્માને નયસારના ભવમાં કયાં લાકડાં કાપવા જવું, નયસારે જમતી વખતે ભાવના ભાવી કે સુપાત્રે દાન દઈને જ જમું અને ત્યાં જ તપાસ કરતાં અટવીમાં ભૂલા પડેલાં સંત ભેટી ગયા. સુપાત્રે દાન દઈ નયસાર કૃતાર્થ થયો. સંતનો ઉપદેશ સાંભળીને સમકિત પામી ગયો. આ બંને બાળકો વૃક્ષ ઉપર બેઠાં બેઠાં આત્મમંથન કરે છે. અહો ! કેવા પવિત્ર સંતો છે ! જેમનું એક જ વચન આપણાં હૃદયને સ્પર્શી જાય તો આપણાં ભવનાં ફેરા ટળી જાય. આપણે સાધુ વંદણામાં રોજ બોલીએ છીએ કે :—

" એક વચન મારા સદ્‌ગુરૂ કેરું, જો બેસે હિલમાંય રે પ્રાણી,
નરક ગતિમાં તે નહિ જાવે, એમ કહે જિનરાય રે પ્રાણી. "

આ પદ બોલતાં પણ એવાં પવિત્ર ભાવ આવે છે કે એ વીરના વચનમાં કેટલી શક્તિ હશે ! ક્રોડ રૂપિયાનો ચેક દઈ દો અને તમે કહો કે મારા નરક ગતિના દરવાજા બંધ કરી દો. તો તે કરવા કોઈ સમર્થ નથી. પણ પંચમહાવ્રતધારી સંત જેના હૃદયમાં સદા વૈરાગ્યની વીણા વાગે છે તેમનું એક જ વચન હૃદયમાં અવધારો તો તમારે માટે નરક ગતિના દરવાજા બંધ થઈ જાય. ત્યાં તમને સર્ટીફિકેટ મળી ગયું. ત્યાં ક્રોડના ચેકની પણ જરૂર નથી. એ તો પ્રભુની વાણીમાં જ એવી તાકાત છે.

આ સંતોએ બાળકોના સામું પણ જોયું નથી. એ તો પોતાની ક્રિયામાં જ પ્રવૃત્ત છે. પણ જેની દૃષ્ટિ ખીલી છે, જેનું ઉપાદાન શુદ્ધ છે, તેવા આત્માઓ જાગૃત થાય છે. કોઇ ઘણી વખત કહે છે કે તમારામાં તાકાત હોય તો અમને સાધુ બનાવી દો ! પણ ભાઈ ! કોઈને પરાણે પાટે બેસાડી દેવાતાં નથી. સાધુ તો નિમિત્ત માત્ર છે. ઉપાદાન તો તમારૂં જ જોઈએ. જેમ દિવાસળીના ટોપકામાં જે ગંધક રહેલો છે, તેમાં અગ્નિ

પ્રગટ થવાની તાકાત છે, તો ચેટી સાથે ઘર્ષણ થતાં અગ્નિ પ્રગટે છે. ઉપાદાન જો શુદ્ધ હોય તો નિમિત્ત સહજ રીતે મળી જાય છે. જો અમે તમારૂં સર્વથા કલ્યાણ કરી શકતા હોત તો તમને કોઈ ને આ સંસારમાં રખડવા દેત નહિ. માટે અંદર જે ચૈતન્ય દેવ સૂતો છે તેને પડકાર કરીને જગાડો, કે હવે જાગ, કયાં સુધી અજ્ઞાનના અંધકારમાં અથડાઇશ ? કયાં સુધી મોહનિદ્રામાં પડી રહીશ ? જે અમૂલ્ય અવસર મળ્યો છે તેને ઓળખી લ્યો.

આ બે બાળકો વૃક્ષ ઉપર બેઠા બેઠા આત્મામાં લીન થયાં. અને તેમને જાતિ સ્મરણ જ્ઞાન થયું. "અહો ! આ સંતને તો આપણે વંદન કરવાં જોઈએ, કારણ કે તેઓ પાપ-ભીરૂ બન્યા છે. અને અત્યાર સુધી તેઓ દુઃખભીરૂ હતાં. આ જીવ અનંત કાળથી તો દુઃખભીરૂ બનતો આવ્યો છે. કીડી-મંકોડા-અળસીયાં-પશુપક્ષીમાં ગયો ત્યાં બધે દુઃખ-ભીરૂ બન્યો હતો પણ પાપભીરૂ બન્યો નથી. તમે પણ હજુ દુઃખભીરૂ છો. બે નંબરના ચોપડા ન પકડાય, બે નંબરના નાણાં ન પકડાય, સરકાર દરોડો ન પાડે તે માટે તમે સાવધાન રહો છો ! ત્યાં તમે કેટલાં દુઃખભીરૂ બનો છો ? પણ અશુભ કર્મ રૂપી ચોરો રાત-દિવસ તમારું આત્મિક ધન લુંટી રહ્યાં છે, તેની તમને જરાપણ ચિંતા થાય છે ?

અહીંથી છૂટીને જો ફીસે જાવ, દુકાને જાવ, ત્યાં તમને તમારો ધંધો યાદ આવે, ભૂખ લાગે ત્યારે ભોજન યાદ આવે, મિત્ર મળે તો હરવા-ફરવાનું યાદ આવે, રવિવારને દિવસે નાટક અને સિનેમા યાદ આવે, બજારમાં જાવ ત્યારે વસ્તુ ખરીદવાનું મન થાય, પણ પંચમહાવ્રતધારી સાધુને જોઈ ને તમને કોઈ દિવસ દીક્ષા યાદ આવે છે ખરી ? તપસ્વી વિજયાબાઈ મહાસતીજીને આજે ચૌદમો ઉપવાસ છે. એમને જોઈ ને તમને ભાવ થાય છે કે આપણે પણ માસખમણ કરીએ ! અનાદિ કાળથી ખાતાં આવ્યાં છીએ. ખાવું તે આત્માનો સ્વભાવ નથી. પણ આત્માનો સ્વભાવ તો અણાહારક છે. જો આત્માનો ખાવા-નો સ્વભાવ હોય તો સિદ્ધને પણ ખાવું પડત, પણ આ જીવ કયાં ફાંફાં મારી રહ્યો છે ? તમને ચારિત્રવંત સાધુને જોઈ ને ચારિત્ર યાદ આવતું નથી. પૌષધ કરવાનું યાદ આવતું નથી. પણ જો અહીં કોઈ બહેન નવી ડીઝાઈનની સાડી પહેરીને આવી અને તે જોઈ એટલે તરત જ એમ થાય કે હું પણ આવી સાડી ખરીદી લાવું. પણ તપસ્વીને જોઈને એમ નથી થતું કે હું ઉપવાસ કરૂં, માસખમણના માંડવડા નાંખવા માટે શુક્રવારે મહીનાના ધરનો દિવસ આવી રહ્યો છે. વચમાં કાલનો જ દિવસ છે. માટે તૈયારી કરી લેજો. જ્ઞાની પુરૂષોએ ચાર પ્રકારની સંજ્ઞાને તોડવા માટે ચાર સાધન બતાવ્યા છે. આહાર-સંજ્ઞાને તોડવા માટે તપ છે. ભય સંજ્ઞાને તોડવામાટે અભયદાન છે. મૈથુન સંજ્ઞાને તોડવા માટે બ્રહ્મચર્ય વ્રત છે. અને પરિગ્રહ સંજ્ઞાને તોડવા માટે દાન છે. માટે આત્માની શુદ્ધિ કરો. આત્મપ્રદેશો પર કર્મના મેલ જામી ગયા છે તેને ખંખેરવા માટે પુરૂષાર્થ કરવો પડશે.

કર્મની વર્ગણા તો બધે ભરેલી છે, પણ તે આત્માને એમ ને એમ ચોંટતી નથી. પણ જ્યારે આત્મામાં રાગ અને દ્વેષ રૂપી ચિકાશ આવે છે, ત્યારેજ કર્મવર્ગણા આત્માને ચોંટે છે. આજે તલ–મગફળી-એરંડા વિગેરેમાં ચીકાશવાળું તત્વ રહેલું છે, તેથી તેને પીલાવું પડે છે. પણ કાંકરાને કોઈ પીલતું નથી. કારણ કે તેમાં ચીકાશ નથી. અત્યાર સુધી જીવે તપ કર્યા, દાન દીધાં, આ બધું બાહ્યભાવે જ કર્યું છે, પણ આત્માની લગનીથી કર્યું નથી. એટલે કર્મનું બંધન તૂટતું નથી. જેણે છ મહિનાની બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી અને કામભોગ છોડયા, પછી એને ચામડાની રંગબાજીમાં રાચવું કેમ ગમે ! જે જે છૂટી ગયું હોય તેની તરફ ફરીને દૃષ્ટિ ન કરો.

આ બંને બાળકોની દૃષ્ટિ ખુલી ગઈ છે. તેઓ વૃક્ષ ઉપરથી નીચે ઉતર્યા અને મુનિના ચરણમાં પડી ગયા. જેની દૃષ્ટિ નિર્મળ થાય છે તેની પ્રત્યેક ક્રિયામાં ફરક પડી જાય છે. મિથ્યાત્વીની દૃષ્ટિ અવળી હોય છે અને સમકિતીની દૃષ્ટિ સવળી હોય છે, મિથ્યાત્વી સદા પરના જ દોષ જુવે છે અને સમકિતી હમેશાં સ્વદોષ જ જુવે છે. જેની દૃષ્ટિ સમ્યક્ હોય તે સર્વત્ર ગુણને જ જુએ છે. આ બાળકોની દૃષ્ટિ સવળી થઈ અને જાતિ સ્મરણ જ્ઞાન થયું. એટલે જ વિચારે છે કે આપણા માત પિતાએ ગમે તે રીતે આપણને સંતોથી ડરાવ્યા અને તેમનાથી દૂર રહેવાનું કહ્યું, પણ આપણે એવું એક પણ દૂષણ આ સંતોમાં જોયું નથી. અવળી દૃષ્ટિને કારણે ઘણી વખત નજરે જોયેલું પણ ખોટું પડે છે, માટે કોઈ પણ વાતની ચોકસાઈ કર્યા વિના એકદમ તેનો ફેંસલો કરવો નહિ.

એક વખત એક ગામમાં પંચમહાવ્રતધારી સંત પધાર્યા. જેના રોમેરોમમાં સંયમની સુવાસ ભરેલી છે. લલાટ ઉપર તપનાં તેજ ઝળકે છે. જેની વાણીમાં અજોડ શક્તિ છે. જ્યારે તેઓ વ્યાખ્યાન આપે છે ત્યારે ચા–પાન–બીડી–જુગાર આદિ વ્યસનોના ત્યાગ ઉપર ખૂબ જ ભાર મૂકે છે. વાણી સાંભળી કંઇક જીવોએ વ્યસનોનો ત્યાગ કર્યો. ગામમાં માણસો વાતો કરે છે કે અહો ! આ સંતની વાણીમાં ભારે જાદુ લાગે છે. તે કંઇક લોકોના વ્યસનો છોડાવી દેશે. આ વાતો સાંભળી ચાર પાંચ મિત્રોને વિચાર થયો કે ચાલો, આપણે પણ એ સંત પાસે જઇએ. અને ચર્ચા કરીએ. આ પાંચ મિત્રોની ટોળી ઉપાશ્રયે આવી. પાંચમાંથી એક મિત્ર આસ્તિક છે. બાકીના ચાર જૈન છે પણ નાસ્તિક છે. આ મિત્રોની ટોળી ઉપાશ્રયે આવી. સંત આહાર-પાણી કરીને જરા સૂતા છે, એટલે આ મિત્રો કહે છે. આપણે થોડીવાર બહાર જઇને આવીએ.

આ બધાં બહાર આવ્યાં. પેલા ચાર જણા કહે છે અલ્યા ! આપણે ઉપાશ્રયમાં તો ગયા પણ કાંઈ જોયું ? જે આસ્તિક છે તે કહે છે ભાઈ ! મહારાજ સૂઈ ગયા હતાં. બીજું શું જોવાનું હોય ! અરે,આ સાધુઓ તો ધુતારા છે.વાણીમાં શૂરા છે.ભોળા લોકોને માછલાની જેમ જાળમાં ફસાવેછે. અને તેમાંય તારા જેવા ભોળા ભરમાઈ જાય. બધાને

તેઓ વ્યસનત્યાગનો ઉપદેશ આપે છે. અને એમને તો બીડીના ભૂંગળા કુંકવા જોઈએ છીએ. આ મિત્ર કહે છે ભલા ! વિચાર તો કરો. જૈન થઈને ગુરૂના ઉપર આવો આક્ષેપ મૂકો છો ! જૈન મુનિ કદી સીગારેટ પીતા જ નથી. જેને અગ્નિને અડવાના જાવજીવના પચ્ચખાણ છે તે બીડી કઈ રીતે પી શકે ! પેલા ચાર જણા કહે છે અરે ! અમે નજરે જોયું છે. એ સાધુ જે પાટ પર સૂતા છે તેની નીચે જ સીગારેટનો ડબ્બો પડયો છે. પેલો મિત્ર કહે, ચાલો જઈને ખાત્રી કરી લઈએ. પૂરી ખાત્રી કર્યા વિના વચન બોલવું નહિ. આ મિત્રો પાછા ઉપાશ્રયમાં આવે છે. સંત તો હજુ સૂતા છે. પેલો મિત્ર વાંકો વળી પાટ નીચેથી સીગારેટનો ડબ્બો લેવા જાય છે ત્યાં સંત જાગી જાય છે. સંતની નિંદ્ર મૃગલા જેવી હોય છે, પેલો આસ્તિક મિત્ર કહે છે ગુરૂદેવ ! આ ડબ્બો શેનો છે ? તો સંત કહે છે, મારા પગે ખરજવું થયું છે. હું આજે ગૌચરી ગયો હતો, ત્યાં એક ડોકટરે પૂછયું, આ શું થયું છે ? એણે આ ખરજવું જોઈ મને પગે ચોપડવા માટે મલમ આપ્યો છે. તે વખતે આ ડબ્બો ખાલી પડયો હતો એટલે એમાં ડોકટરે મલમ ભરી દીધો છે. સાંજે પાછો આપી દેવાનો છે. તમારે જોવું હોય તો બોલીને જોઈ લો અને ખાત્રી કરવી હોય તો ફલાણા ડોકટરને ત્યાંથી લાવ્યો છું, તેમને જઈને પૂછી આવો. ડબ્બો બોલીને જોયું તો અંદર ખરજવાનો મલમ જ છે. ત્યાં આ મિત્રોને ખાત્રી થઈ. પણ જો ચોકસાઈ ન કરી હોત તો કેટલો અનર્થ થઈ જાત ! ડબ્બો સિગારેટનો હતો પણ અંદર વસ્તુ જુદી હતી. માટે બંધુઓ ! કોઈ પણ વાતની પૂરી ખાત્રી ન થાય ત્યાં સુધી જાહેરાત કરવી નહિ. પહેલાં પૂરી ચોકસાઈ કરવી અને પછી જ બોલવું.

આ બે બાળકોએ નજરે જોયું તેથી ખાત્રી થઇ ગઈ કે જેવું માતા-પિતાએ કહ્યું હતું તેવું આ નથી. સંતના ચરણમાં પડી ગયા. સંતોના ચરણે શીર ઝુકાવી દીધું. જેણે શિર ઝુકાવ્યું તેને અર્પણ થઇ ગયા કહેવાય. કારણ કે મસ્તક એ હેડ ઓફિસ છે. મસ્તકને ઉત્તમ અંગ કહેવાય છે. જ્યાં મસ્તક ઝૂકાવ્યું ત્યાં તમે આખા અર્પણ થઈ ગયા સમજો. જો તમને આવું કહીશ તો પાછા માથું નમાવતાં પણ અટકી જશો. આ બાળકો વંદન કરીને કહે છે ગુરૂદેવ ! અમારૂં જીવન આજે ધન્ય બની ગયું. આજે અમે આપના દર્શનથી કૃતાર્થ બન્યા. અમારી આંખો આજે પાવન થઇ. હવે આપ અમારી એક વિનંતી સ્વીકારો. સંતો કહે છે ભાઇ ! તમારી શી વિનંતી છે ? તો કહે છે ગુરૂદેવ ! આ નજીકમાં જ દેખાય છે તે કપૅટ નામનું નાનું ગામ છે. ત્યાં અમે રહીએ છીએ. અને નજીકમાં જ ઈષુકાર નામની ભવ્ય નગરી છે. તે નગરીનો રાજા ઈષુકાર પરદુઃખભંજન અને ધર્મિષ્ઠ છે.

એમનું શૌર્ય અને પરાક્રમ પ્રજાના રક્ષણમાં જ વપરાય છે. વળી અમારા ઈષુકાર મહારાજા ચંદ્રના જેવી સૌમ્ય પ્રકૃતિવાળા અને લોકપ્રિય છે. તેમનામાં એક પણ કલંક નથી, વળી અમારી નગરીના રાજા સુપાત્રે દાન દેવામાં ઉદાર છે. સુપાત્રે દાન દઇને

પોતાની ઋદ્ધિ સિદ્ધિની સાર્થકતા માને છે. વળી તેઓ જુગાર આદિ વ્યસનોના સેવનમાં કૃપણ છે, એટલે તો વ્યસનોમાં તેઓ એક પાઈ પણ ખર્ચે તેમ નથી. જે સંતોના સેવક હોય તે વ્યસનોના વેરી જ હોય ને! વળી પરસ્ત્રી સામે તેઓ દૃષ્ટિ પણ કરતા નથી. પરસ્ત્રીથી પરાઙ્મુખ રહે છે. પણ જ્યારે શત્રુઓ સામનો કરવા આવે છે ત્યારે સન્મુખ બની રહે છે શત્રુની સામે જઈ પ્રજાનું અને રાજ્યનું રક્ષણ કરે છે.

ગુરૂદેવ! આવા પવિત્ર, સૌમ્ય અને ઉદાર એવા અમારી નગરીના રાજા છે. કોઈ જાતનો નગરીમાં ઉપદ્રવ નથી. પ્રજા પણ સંતપ્રેમી છે. માટે આપ અમારા નગરમાં પધારો. અને થોડા દિવસ અમારા ગામમાં રહેજો. અમારે હવે આ સંસારનો ત્યાગ કરી સાધુ બનવું છે. અમને આ સંસારમાં હવે ગમતું નથી. એટલે અમે ઘેર જઈ અમારા માતા-પિતાની આજ્ઞા મેળવીએ. બોલો નરસૈરામભાઇ! આ બાળકોએ કેટલી વખત સંતોના દર્શન કર્યા! (સભા :- એક જ વખત) અને તમે કેટલી વખત દર્શન કર્યા? તમને દીક્ષા લેવાનો રંગ લાગ્યો નથી, તો ખેર! પણ હવે આત્મશુદ્ધિનું પરમ મંગલકારી પર્વ સંવત્સરી આવે છે. તો હવે આત્મા ઉપર ચોંટેલા કચરાને સાફ કરવા માટે તપશ્ચર્યાનો રંગ લગાડજો. આગે કદમ ઉઠાવો. ભગવાન કહે છે કે જ્યારથી કરવા માંડયું ત્યારથી તેને કર્યું કહેવાય. 'કડે માણે કડે त्ति' તમે ભાવનાની ઊર્મિ જગાડો. આત્માની શક્તિ અનંત છે. તમે માસક્ષમણની ભાવનાથી તપશ્ચર્યા કરો. તમારી અંતરાય તૂટી હોય તો પાર પડી જશે. પણ તમે જે ભાવનાથી શરૂઆત કરી ત્યારથી તમને લાભ થઇ ચૂકયો છે. ભગવાને છ માસી તપ કર્યા. ચોમાસું તો ચાર માસનું હતું, આ તરફ આ બે બાળકો રમવા ગયેલા, બાળકોને મુનિનું મિલન થઈ ગયું. ભાવિમાં જે બનવાનું છે તેને મિથ્યા કોણ કરી શકે? કાળ-સ્વભાવ-નિયતિ-પુરુષાર્થ અને પૂર્વકર્મ આ પાંચ સમવાય ભેગા થાય ત્યાં બધું કામ આપોઆપ થઈ જાય છે.

આ બાળકો સમજી ગયાં કે આપણને સાધુનો ભેટો ન થઈ જાય માટે આપણા માતા પિતાએ આ ક્રીમીયો કર્યો હતો. પણ જેણે સંયમના સુખની લહેજત માણી તેમણે પોતાના જાતિસ્મરણ જ્ઞાનથી પ્રત્યક્ષ જોયું. હવે એને સંસારના ખાડામાં પડવું ગમે ખરું! જેને અમારા સુખનો અનુભવ થાય છે તેને બીજાં સુખો ગમતાં નથી. બધી વાત અનુભવથી જ સમજાય છે.

એક વખત હું અમદાવાદમાં હાજાપટેલની પોળે ગોચરી ગયેલી. એક ઘરમાં એક બહેન ધમપછાડા કરે, કૂદાકૂદ કરે. મેં પૂછયું : બહેન! તમે આટલા મોટા થયને આમ ધમપછાડા કેમ કરો છો! તમને શું થયું છે! તો કહે મને વીંછી કરડયો છે, ત્યારે મેં કહ્યું : બહેન! એક નાનકડો વીંછી કરડયો તે, સાડાત્રણ હાથના મોટા શરીરથી સહન નથી કરી શકતાં કે આટલી કૂદાકૂદ કરો છો! તો બાઈ કહે, મહાસતીજી! તમને કોઈ વખત વીંછી કરડયો છે! મેં કહ્યું ના બહેન, મને કોઇ વખત વીંછી કરડયો નથી.

ત્યારે બહેન કહે છે, એ તો અનુભવ થાય ત્યારે જ ખબર પડે. તમને કોઈ વખતે વીંછી કરડે ત્યારે મને યાદ કરજો (હસાહસ). તે વખતે ચોમાસાનો સમય અને અમદાવાદમાં વીંછીનો ઉપદ્રવ પણ ઘણો, કુદરતે કરવું અને બરાબર એક મહિને મને જ વીંછી કરડયો. પરોઢીયે ચારવાગે રજોહરણ વડે જમીન પુંજીને પથરણું પાથરીને સ્વાધ્યાય કરવા બેઠી. ત્યાં વીંછીએ ચટકો ભર્યો. એકદમ ઝાટકો લાગ્યો. એટલે થયું કે નક્કી પેલી બાઈ કહેતી હતી તેવું જ થાય છે. માટે વીંછી કરડયો લાગે છે. જોરથી ચસકાઈને દોરી બાંધી દીધી, પણ અંદર વેદના ખૂબ થાય, એટલે પગ તો ઉંચો નીચો થઈ જાય પણ પગને દબાવી દઉં. આત્માને સમજાવું કે રખે ધર્મપછાડા કરતો. પેલી બાઈ આવશે તો મને એ કહેશે. આમ કરતાં વ્યાખ્યાનનો સમય થયો. અમારા પૂ. ગુરૂણી કહે છે, આજે વીંછી કરડયો છે, વેદના ખૂબ છે, માટે વ્યાખ્યાન વાંચવું નથી. મેં કહ્યું : જો વ્યાખ્યાનમાં ઉપયોગ જોડાશે તો વેદના ઓછી થશે. આ રકઝક ચાલતી હતી ત્યાં સંઘના શેઠિયા આવ્યાં. બધાંને ખબર પડી એટલે કહે છે. આજે વ્યાખ્યાન વાંચવું નથી. બોર્ડ ઉપર લખાવી દીધું કે "શારદાબાઈ મહાસતીજીને વીંછી કરડયો છે માટે આજે વ્યાખ્યાન બંધ છે." માણસો વ્યાખ્યાનમાં આવવા લાગ્યાં. સૌ બોર્ડ ઉપર વાંચીને આવે એટલે ખબર પડી ગઈ કે વીંછી કરડયો છે. એટલે અમારે તો તમારા કરતાં સગાં સ્નેહી ઘણાં. એટલે જેટલા આવે તેટલા પૂછવા લાગ્યા. મહાસતીજી કયાંથી વીંછી કરડયો ! તો કહ્યું અહીંથી. ક્યારે કરડયો ? તો કહ્યું ચાર વાગ્યે. કેટલો ચઢયો છે ? કેવી વેદના થાય છે ? જવાબ દઈને થાકી ગયા. વીંછીની વેદના કરતાં જવાબની વેદના વધી ગઈ. આમ કરતાં નવ વાગ્યા ને પેલી બાઈ બોર્ડ પર વાંચીને આવી. એને જરા હર્ષ થયો. લાવ-જોઉં તો ખરી. મહાસતીજી મને કહેતા હતાં તો તેમની સમતા કેટલી છે ! (હસાહસ) મારી પાસે આવીને કહે છે કેમ મહાસતીજી ! કેવી વેદના થાય છે ! તમને ખબર પડી ને કે વીંછીની વેદના કેવી હોય છે ! મેં કહ્યું. હા બહેન ! જે વેદે તેને જ ખબર પડે છે. અનુભવ થાય ત્યારે જ સમજાય છે. અમારા સુખનો અનુભવ કેવી રીતે થાય ! તમને વૈરાગ્ય આવે તો ખબર પડે ને ! અંતરમાં વૈરાગ્યની જ્યોત જાગતી જ નથી. સંપૂર્ણપણે સાધુ ન બની શકો તો ખેર, એક બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરો તો પણ સંયમના સુખનો થોડો અનુભવ થશે.

આ બંને કુમારો સંતને વિનંતી કરે છે ગુરૂદેવ ! અમારી વિનંતીનો સ્વીકાર કરી અમારા નગરમાં પધારો. અમારે દીક્ષા લેવી છે. આ બાળકોનો વૈરાગ્ય અને ભવ્યતા જોઇને સંતો કહે છે. "अहा सुयं देवाणुप्पिया मा पडिबंध करेह." હે દેવાનુપ્રિયો ! તમને સુખ ઉપજે તેમ કરો. સારા કાર્યમાં પ્રમાદ ન કરો. સંતોનો ઉપદેશ સાંભળી દર્શન કરી બંને બાળકો હવે ઘર તરફ પાછા ફરે છે.

આ તરફ સંતો ગોચરી લઈને ગયા. બાળકોને રમવા ગયાં ઘણી વાર થઈ પણ

પાછા આવ્યા નહિ. એટલે માતા-પિતાને ચિંતા થાય છે. અહો! આપણાં વ્હાલસોયા હજુ કેમ ન આવ્યા! હવે આ બાળકોના બોલવા ચાલવામાં ફેર પડી ગયો છે. એમનું પહેલાનું બોલવાનું-કૂદવાનું અને રમવાનું જુદું હતું. બાલ મસ્તી હતી. હવે તે આત્માની મસ્તીનો અનુભવ કરી રહ્યાં છે. કોઈ જીવની હિંસા ન થાય તે રીતે યત્નાપૂર્વક ધીમે ધીમે ચાલે છે; મુખ ઉપર ચારિત્રના આનંદની સીમાનો પાર નથી. દૂરથી પુત્રોને આવતાં જોઈ માતા હર્ષઘેલી બની ગઈ. જ્યાં આવ્યાં ત્યાં બંને પુત્રોને બાથમાં લઈ કહે છે બેટા! આજે તમે કયાં રમવા ગયા હતાં? આજે તમને આટલી બધી વાર કેમ લાગી? આ બાળકો કહે છે માતા! આજે અમે અપૂર્વ આનંદ અનુભવ્યો. બેટા! શેનો આનંદ! ત્યારે બાળકો કહે છે માતા! અમે આજે સંતનાં દર્શન કર્યા. એવા સંતોને અમે આ જિંદગીમાં કોઈ દિવસ જોયા ન હતા. તમને સંતો ખૂબ વહાલા હોય પણ જો તમારા દિકરા-દિકરીને દીક્ષા લેવાનો ભાવ જાગે તો તમને સંતો ભરણ જેવા લાગે. હો.... પણ વિચાર કરો. તમારા ભાગ્ય હોય તો તમારા સંતાનને સંયમ લેવાના ભાવ જાગે. તે વખતે તમે એવો વિચાર કરજો કે હું તો સંયમ લેવા સમર્થ નથી પણ સંતાનને તો દીક્ષા લેવા દઉં. એને શા માટે સંસારમાં રખડાવું?

સંતના દર્શન કર્યા પછી આ બાળકોના અંતરમાં ઊર્મિ ઊછળી રહી છે. ક્ષણ ક્ષણ લાખેણી જાય છે. સંતના દર્શનમાં પણ કેટલો લાભ છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં પ્રભુને પ્રશ્ન કર્યો કે:—

"वंदणएणं भंते जीवे किं जणयइ? वंदणएणं नीयागोयं कम्मं खवेइ, उच्चागोयं कम्मं निबन्धइ।"

સંતને ભાવપૂર્વક વંદન કરવાથી નીચ ગોત્રનાં કર્મ ખપી જાય છે અને જીવ ઉંચ ગોત્રના કર્મને બાંધે છે. એક વંદનમાં આટલો બધો લાભ છે, તો જેઓ સંતોની આજ્ઞાને હૃદયમાં અવધારે તેમને કેટલો લાભ થાય!

આ બાળકોના હૈયામાં આનંદ સમાતો નથી. જ્યારે માતાના હૈયામાં ચરેાડો પડે છે. અહો! અહીંથી ગયા તે જ સાધુ ભેટી ગયા લાગે છે. બેટા! તમે સાધુને અડયા તો નહોતા ને? બા! સાધુના ચરણમાં મસ્તક ઝુકાવી દીધું. માતા વિચારે છે કે ભલે સાધુ ભેટી ગયા પણ બાજી હજુ મારા હાથમાં છે ને! પણ સાચો વૈરાગી છૂપો રહેતો નથી. જેને ઉલ્ટી થવાના ચિન્હો થાય, ઉછાળા આવે ત્યારે માણસ વિચાર કરે કે આજે તો હું મિષ્ટાન્ન જમ્યો છું. માટે મારે ઉલ્ટી થવા દેવી નથી. ગમે તેટલું દબાવવા જાય પણ ઉછળેલું ધાન્ય કોઈ દિવસ પેટમાં ટકતું નથી. તેમ જેને સંસારનું સ્વરૂપ સમજાઈ ગયું, અંતરમાં વૈરાગ્યનો રંગ લાગી ગયો, તે વૈરાગી સંસારમાં રહી શકતો નથી. સાચો વૈરાગી કોઈનો રોકયો રોકાતો નથી. હવે આ માતા-પિતા બાળકોને શું સમજાવશે, બાળકો માતા-પિતાને કેવો ઉત્તર આપશે અને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં. ૨૧ (મહિનાનું ઘર)

શ્રાવણ સુદ ૬ ને શુક્રવાર તા. ૭-૮-૭૦

ૐ

પરમ ઉપકારક, જગત ઉદ્ધારક, પરમ પિતા, પ્રભુ મહાવીર સ્વામીએ જગતના જીવો ઉપર પરમ અનુકંપા કરી મુક્તિનો ધોરી માર્ગ બતાવ્યો. જો તમને મુક્તિનું સુખ મેળવવાનું મન થયું હશે તો બંધનોથી મુક્ત થવાનો પુરુષાર્થ કરશો. અમે તમને સારામાં સારા સુખો આપવા માંગીએ પણ એ તમને કયાંથી ગમે? જેમ એક રાજા જંગલમાં ફરવા ગયો હતો. એ જંગલમાં રખડતી એક ભિખારણનું સૌંદર્ય જોઈ મુગ્ધ બની ગયો. રાજા કહે છે તારા જેવી સ્વરૂપવંતીને ભીખ માંગવાની હોય! એ ભિખારણને રાજા પોતાના મહેલમાં લાવ્યો અને પોતાની મહારાણી બનાવી. આ મહારાણીને બત્રીસ જાતનાં ભોજન મળે છે. પહેરવા ભાંધામૂલા વસ્ત્રો અને હીરાના દાગીના મળે છે. તેની સેવામાં દાસ-દાસીઓ હાજર રહે છે. હવે આવા સુખમાં રહેવાથી રાણીનું શરીર સારૂં રહેવું જોઈએ તેને બદલે તે દિવસે દિવસે સૂકાવા લાગી. રાણીનું શરીર સૂકાતું જોઈ રાજાને ફિકર થવા લાગી. (કહેવત છે ને કે: ધણીની માનીતી બાર ગાઉ ઉજાડ કરે.) આ રાણીને રોજ બત્રીસ પ્રકારના મિષ્ટાન્ન મળવા છતાં કેમ સૂકાવા લાગી એ તો તમે જાણો છો ને? (સભામાંથી અવાજ: એને ભીખ માંગીને ખાવાની ટેવ પડી ગઈ હતી.) જેને માંગીને ખાવાની ટેવ પડી હોય તેને એ માંગીને લાવે ને ખાય ત્યારે જ સંતોષ થાય. આ રાજા રાણીને માટે વૈદો-ડોકટરો અને હકીમો લાવ્યો. કિંમતી દવાઓ મંગાવીને ખવડાવી, પણ રાણી સાજી થતી નથી. એટલે રાજા ગમગીન બની ગયો. રાજાને ગમગીન જોઈ પ્રધાન પૂછે છે બાપુ! આપ ઉદાસ કેમ છો? રાજાએ ઉદાસીનતાનું કારણ બતાવ્યું. આ પ્રધાન રાજકોટના શ્રાવકો જેવો ચતુર હતો. રાણીને સૂકાવાનું કારણ તે સમજી ગયો. રાજાને કહે છે, મને આ કામ સોંપી દો. હું રાણીને સાજા બનાવી દઉં. રાજા કહે, ગમે તેમ કરો, પણ રાણીજીને સાજા કરો. પ્રધાને એક મકાનમાં ઘણાં ગોખલાં બનાવ્યાં. તેમાં એક ગોખલામાં રોટલો તો બીજામાં રોટલી, ત્રીજામાં ચણા ને મમરા વગેરે મૂકાવીને રાણીને કહે છે, બા સાહેબ! આપ અહીં રહો. આપની પાસે કોઈ પણ માણસ આવશે નહિ. અને આપને અહીં શાંતિ રહેશે. એમ કહી રાણીને ત્યાં રાખ્યા. હવે આ રાણી બનેલી ભિખારણ ગોખલા પાસે જઇને "બટકું આપો મા-બાપ!" એમ માંગે છે અને ગોખલામાં મૂકેલા રોટલા ને રોટલીનાં બટકાં ખાય છે. આ બટકા ખાવામાં એને ખૂબ જ આનંદ આવે છે, તેથી તેનું શરીર સારૂં થઇ ગયું.

કહેવાનો આશય એ છે કે જેને જે જાતની ટેવ પડી હોય તેને તે જાતની સગવડ મળે તો આનંદ આવે. જેમ રાજાએ તેને ખૂબ સુખમાં રાખી પણ એ સુખ ભિખારણને ન ગમ્યું. તેમ અમે તમને મોક્ષના સુખનો માર્ગ બતાવવા ચાહીએ છીએ, પણ તમને રૂચતો નથી. હવે અમારે તમને કેવા કહેવા ? તમે તમારી જાતે જ સમજી લેજો કારણ કે મારે તો હજુ ત્રણ મહિના અહીં રહેવું છે. એટલે તમને મારે તો કંઈ જ કહેવું નથી. અમે તો કહીએ છીએ, દેવાનુપ્રિયો ! અમારે ત્યાં આવા સુખો છે. પણ પેલી રાણીની જેમ ગમે જ નહિ. તમે સંસારમાં ગમે તેવા વીંધાઈ રહ્યાં હો છતાં સંસાર જ મીઠો લાગે છે. તમારા સંસારના સુખ ભિખારણ રાણીના માંગેલા રોટલાના ટુકડા જેવાં છે. અને મુક્તિના સુખો એ રાજાના સુખો જેવા કિંમતી છે. માટે આ રોટલાના ટુકડા સમાન સુખોને છોડી દો.

ભગવાન કહે છે : મારા શ્રાવકો કેવા હોય ! શ્રાવકો ઉચ્ચ આચારને પાળનાર હોય. એ શ્રાવક શબ્દના ત્રણ અક્ષર છે. શ્રાવક શબ્દ શ્રુ ધાતુ પરથી બનેલો છે. શ્રુ = સાંભળે, વ = એટલે વાવે અને ક = એટલે કાપે. હવે ત્રણ અક્ષર ઉપરથી ત્રણ શબ્દો બને છે. શ્રુણોતિ, વવતિ અને કપતિ આ ત્રણે શબ્દ સંસ્કૃત છે. શ્રાવક શું સાંભળે, શું વાવે અને શું કાપે ? શ્રાવક હમેશાં જિનવાણીનું શ્રવણ કરે. દીનદુઃખીની ભૂમિમાં પૈસા વાવે અને કામ-ક્રોધ રૂપી કાળી વાસનાઓને જડમૂળમાંથી કાપી નાખે. સંસારમાં રહેવા છતાં સદા એવી ભાવના ભાવે કે હવે મારે જન્મ-મરણના ચક્રમાં ફસાવું નથી. મારે તો આત્માના અવ્યાબાધ સુખ મેળવવા છે. એવી જ ભાવના ભાવતો હોય. આખો સંસાર ભલે રહ્યો, તિજોરીમાં પૈસા ભલે રહ્યાં, પણ આ સંસાર અને પૈસા તમારા હૈયામાં વસી ન જવા જોઈએ. જ્યારે તમને સ્વરૂપનું ભાન થશે ત્યારે બધું વિનાશી અને અશરણ લાગશે. લંડન જઈને એફ. આર. સી. થઈને આવ્યો હોય છતાં કર્મના ઉદય આગળ બધું જ ફેગટ છે. ડૉકટરો પણ કહે છે કે જ્યારે કર્મ નબળાં હોય ત્યારે અમારો ઈલાજ કામ આવે, બાકી તો અમે કાંઈ જ કરી શકીએ નહિ.

દેવાનુપ્રિયો ! ભગવંત કહે છે તું આ સંસારમાં રહીને હેય, જ્ઞેય અને ઉપાદેયનો ખ્યાલ કરી લે. જાણવા યોગ્ય જાણી લે, છાંડવા યોગ્ય છાંડી દે, અને આદરવા યોગ્ય આદરી લે. હવે તમને થશે કે જાણવું શું, છાંડવું અને આદરવું શું ? નવતત્ત્વ છે તેમાં જાણવા યોગ્ય કેટલા, છાંડવા યોગ્ય કેટલા અને આદરવા યોગ્ય કેટલા ? એટલું તો શ્રાવકને આવડવું જ જોઈએ. નવતત્ત્વમાં જીવ અને અજીવ બે જાણવા યોગ્ય છે. પુણ્ય-સંવર-નિર્જરા અને મોક્ષ એ ચાર આદરવા યોગ્ય છે. પણ પુણ્ય નિર્જરાની અપેક્ષાએ નિશ્ચય નયથી હેય છે, પણ તેરમે ગુણસ્થાને ન પહોંચીએ ત્યાં સુધી ઉપાદેય છે. પાપ-આશ્રવ અને બંધ એ ત્રણ છાંડવા યોગ્ય છે. આ રીતે જાણવા યોગ્ય જાણી લો, છાંડવા યોગ્ય છાંડી દો અને આદરવા યોગ્ય આદરી લો તો જ તમે સ્વઘર તરફ પ્રયાણ કરી શકશો.

શ્રાવક વાણીનું શ્રવણ કરી અંતરમાં અવધારે કે હું કોણ છું ? મારામાં કેટલી શક્તિ રહેલી છે ! શું હું ઘેર ઘેરથી ભીખ માંગેલા ટુકડામાં આનંદ માનનાર છું ? કે બત્રીસ પ્રકારના મિષ્ટાન્ન જમનાર છું ? હું ચણોઠીના હાર પહેરું તેવો છું કે હીરાનો હાર પહેરું તેવો છું ! આત્માના સ્વરૂપના સુખોમાં રમણતા કરનાર હું તો હીરાનો હાર પહેરું તેવો છું. ચણોઠીના હારમાં કે ભીખ માંગેલા ટુકડા સમાન ભૌતિક સુખમાં આનંદ માનનાર નથી.

સ્વરૂપની પિછાણ થયા પછી શ્રાવક વાવે શું ? પૂર્વના પુણ્યથી સુખો મળ્યાં છે, તો તેના વડે ગરીબના આંસુ લૂછજો. તમારો ધર્મ શું છે ? સ્વધર્મી બંધુ ભૂખ્યો મરતો હોય અને તમે મોજ માણો તે કેમ શોભે ? ભૂખ્યો માણસ શું નથી કરતો ? સંસ્કૃતમાં કહ્યું છે કે "बुभुक्षितो किं न करोति पापम्" ભૂખ્યો માણસ શું પાપ નથી કરતો ! તમે તમારા મોજશોખમાં, વ્યસનોમાં કાપ મૂકજો, ફેશનો અને વ્યસનો ઓછાં કરજો પણ ગરીબને સહાય કરજો.

સહારા દો તમે (૨) આ દુઃખી માનવોને
નવકારને ગણનારા, સાધર્મી બાંધવોને....સહારા...

ફૂલ પથારી તમે સૂવો ને, ભાઈ તમારો રઝળે છે,
મેવા મિષ્ટાન્ન તમારે ત્યાં, એ બાલુડા ટળે છે,

ઉડી કેમ ના જાયે નિદ્રા તમારી !
મીઠી વાનગી કાં બને ના અકારી !

સુખમાં ડૂબેલા મનને મનાવો,
તમને મળ્યું એને બધાનું બનાવો (૨)
વચન સુણ્યા જે વીર પ્રભુના ફોગટ જોજો થાય ના....
સહારા દો તમે (૨)

કોઈ પરિગ્રહની મમતા ઘટાડી દાન કરતો હોય તો રોકશો નહિ, પણ તેને મજબૂત બનાવજો. જેને જ્યારે ભાવ આવે ત્યારે દાન આદિ સત્કાર્યો કરવા દેજો. સારાં કાર્યમાં અંતરાય ન પાડશો. કોઈ માણસને ભાવ આવે કે આ વર્ષે આટલું દાન કરવું છે તો કરી લેવા દેજો. એમ ન કહેશો કે આ વર્ષે નહિ આવતા વર્ષે કરજો. કારણ કે એના જે ભાવ આ વખતે છે તેવા ભાવ આવતા વર્ષ સુધી રહેશે કે નહિ તે નક્કી નથી. માટે સમજી લેજો કે આ તિજોરીમાં નાણું ભર્યા છે તે નાણું સ્વધર્મી અને દુઃખીની સેવામાં જે વપરાય તે જ સાચા નાણું છે. તે જ સાથે આવનાર છે. બાકી તો કાંકરા જ છે. આ રીતે પોતાના પૈસાને જે ગરીબની ભૂમિમાં વાવે છે તે જ નાણાંની સાર્થકતા છે.

ત્રીજું છે " कपति " શ્રાવક શું કાપે ? કાળી વાસનાઓ અને કર્મના બંધન કાપે. અહીં કોઇના ખિસ્સા કાપવાના નથી. કોઈ ભોળો ભટકી જાય તેના ગળા કાપવાનાં નથી. પણ ભવ બંધનના ફેરા કાપવાનાં છે. જન્મ મરણનાં ફેરા ટાળવાનો, કર્મોના બંધનને કાપવાનો જે અવસર મને મળ્યો છે તે ફરી ફરીને મળવાનો નથી. આ દેહ ક્ષણભંગુર છે માટે મારા જીવનની સાર્થકતા કરી લઉં. આ તો જાગૃત રહેવાનું સ્થાન છે. અહીં પ્રમાદ કરવાનો નથી.

મનુષ્યનું જીવન કેવું છે. તે ભગવંતે ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે હે આત્માઓ ! " असंखयं जीवियं मा पमायए " આ જીવન ક્ષણિક છે એમ સમજીને પ્રમાદ ન કરો. વળી કહ્યું છે કે " भारंड पंखीव्व चरेप्पमत्तो " ભારંડ પંખીનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે. પછી ચાહે શ્રાવક હોય કે સાધુ હોય. શ્રાવક એટલે શ્રમણોપાસક. તમે શ્રમણનાં ઉપાસક છો. સાધુને જે વાત લાગુ પડે એ તમને પણ લાગુ પડે છે. સાધુને સર્વથા અને તમને દેશથી પણ લાગુ તો પડે જ છે. અહીં ભારંડ પંખીનું દૃષ્ટાંત શા માટે આપ્યું ? ભારંડ પંખીને બે મોઢાં હોય છે. પણ એને ખાવાનું તો એક જ મોઢાથી. જો એ ભારંડ પંખી બે મોઢેથી ખાવા જાય તો મરી જાય. કારણ કે એના બે મોઢા છે તેની વચમાં એક પાતળો પડદો છે. જો એ ખાવામાં સહેજ ભૂલ કરે તો પડદો તૂટી જાય અને મરી જાય માટે એ ખાવામાં સહેજ પણ ભૂલ કરતું નથી. તેમ આપણે પણ આ માનવ ભવ પામીને સહેજ પણ પ્રમાદ કરવા જેવો નથી. એ પંખી ખાવામાં ભૂલ કરે તો મરી જાય છે. અને એક ભવ બગડે છે, પણ આપણાં કેટલાં ભવ બગડશે ! આપણી જો સહેજ ભૂલ થઈ તો સમજી લેજો કે આપણો અનંત સંસાર વધી જશે. કારણ કે આપણું સ્ટેજ તેના કરતાં ઉંચું છે. પ્રમાદને છોડી જાગૃત બનવાનો આ અવસર છે.

આજના દિવસનું નામ મહિનાનું ધર છે. ધર એટલે પકડવું. આ ધરના દિવસો એક મહિનામાં કેટલી વખત આવશે ? (સભામાંથી જવાબ :– ચાર વખત) આજથી પંદરમે દિવસે બીજું પંદરનું ધર. ત્રીજું અઢાઈ ધર અને ચોથું તેલા ધર. આ ચારે ધર આપણને જાગવાની સૂચના કરે છે. આપણે આજથી જ જાગૃત બનવાનું છે. બંધુઓ આજથી એક મહિને સંવત્સરી પર્વ આવે છે. આપણે ગયા સંવત્સરી પર્વ પછી અત્યાર સુધીના અગિયાર મહિનામાં જે કંઈ સાંભળ્યું, જે વાંચ્યુ ને જે વિચાર્યું તેને એક માસમાં આપણા જીવનમાં ઉતારી લઈએ, તો જ આપણે પ્રાપ્ત કરેલ જ્ઞાનની સાર્થકતા છે. કદાચ તમે કહેશો કે હવે એક મહિનામાં અમે શું કરી શકીએ ? ભાઈ ! તમે મહિનામાં તો ધારો તે કરી શકો તેમ છો. જેમ કોઈ એક માણસ બીજા માણસને એક પૈસો આપે

અને કહે કે તારે આ પૈસાને દરરોજ ભમણો કરતા જવું. આજે એક પૈસો છે તેનો કાલે બે કરવા. પરમ દિવસે બેના ચાર કરવા. એમ એક મહિના સુધી ભમણાં કરતાં કેટલી રકમ થાય છે ? તમે તો એનો હિસાબ જલ્દી કરી શકો. કાલે હિસાબ કરી લાવજો. જેમ એક પૈસાને દરરોજ ભમણો કરતાં એક મહિનામાં કેટલી સંપત્તિ વધી જાય છે ? તે જ રીતે આપણે આપણા અમૂલ્ય માનવ જીવન રૂપી સંપત્તિમાંથી આત્મ સાધના માટે એક મિનિટથી માંડી હંમેશા તેનો સમય ભમણો કરતાં જઈએ અને આત્મશુદ્ધિ કરતાં જઇએ તો સંવત્સરી પર્વ આવે ત્યાં સુધીમાં કેટલી આત્મશુદ્ધિ કરી શકીએ ! આ મહિનાનું ધર આપણને શુદ્ધ થવાની સૂચના કરે છે.

આત્મશુદ્ધિ માટે સર્વપ્રથમ જ્ઞાનની જરૂર છે. આજે જ્ઞાન તો ઘણું વધી રહ્યું છે. પણ સાચી વિદ્યા તો તે જ છે કે "सा विद्या या विमुक्तये" જે આત્માના બંધનમાંથી મુક્ત કરે. વિદ્યા એ સર્વ શ્રેષ્ઠ વસ્તુ છે. વિદ્યાથી માણસ મહાન બની શકે છે. પૂજનિક બની શકે છે. અને એ વિદ્યા આચારમાં આવે તો કલ્યાણ થઇ જાય છે.

"विद्वत्वं च नृपत्वं च, नैवं तुल्य कदाचन ।
स्वदेशे पूज्यते राजा, विद्वान सर्वत्र पूज्यते ।।"

રાજાપણું અને વિદ્વાનપણું બંને સરખા નથી. કારણ કે મોટો રાજા હોય પણ તે બહુ બહુ તો પોતાના દેશમાં જ પૂજાય છે. અથવા બીજા દેશમાં તેની ઓળખાણ પિછાણ હોય તો ત્યાં પૂજાય છે. પણ વિદ્વાન માણસ તો બધે પૂજાય છે. કેમ કે "विद्यायाः सर्वत्र पूज्यते । વિદ્યાથી માણસ બધે પૂજાય છે. વિદ્યાની આટલી મહત્તા છે પણ તેને આચાર પાસે નમવું પડે છે. ચારિત્ર સાથે જ્ઞાન શોભી ઊઠે છે. માટે આપણે જેટલું સમજીએ, જ્ઞાન મેળવીએ તેટલું આપણે આપણા જીવનમાં ઉતારવું જોઈએ.

દરેક બોલી રહ્યા છે કે ધર્મનો પ્રચાર કરવો જોઈએ, પણ ધર્મનો પ્રચાર કેવી રીતે કરાય તે વાતને સમજતા નથી. શું અઠ્ઠાઈ કરીને વરઘોડો કાઢવાથી કે જમણવારો કરવાથી ધર્મનો પ્રચાર થઈ શકે છે ? ના, ધર્મનો પ્રચાર કરવાની ઉત્તમ રીત હોય તો તે આચાર છે. આપણે જે વાતનો પ્રચાર કરવો હોય તેને આપણે પ્રથમ આચારમાં ઉતારવાની જરૂર છે. ભગવાન મહાવીરને તમે જોયાં નથી. એટલે તેમની વાત બાજુમાં મૂકો. પણ ગાંધીજીને તો તમે સૌ ઓળખો છો ને ? શું ગાંધીજી બેરીસ્ટર હતા માટે આજે લોકો તેમને યાદ કરે છે ! લોકમાન્ય તિલક વિગેરેને તમે આજે શા માટે યાદ કરો છો ? શું તે વિદ્વાન હતાં માટે ? તેમને આજે સૌ કોઈ યાદ કરે છે, તેનું મુખ્ય કારણ એ છે કે તેમણે જે જાણ્યું તેને સર્વ પ્રથમ પોતાના જીવનમાં ઉતાર્યું હતું. આજે લોકો પોતાના પુત્રને ગ્રેજ્યુએટ બનાવવાની ઈચ્છા રાખે છે પણ તને સદાચારી બનાવવાનું લક્ષ રાખે છે ખરા ? પોતાના પુત્રને ધનવાન કે ગ્રેજ્યુએટ બનાવવો એ પોતાના હાથની વાત નથી, પણ માણસ

જો ધારે તો પોતાના પુત્રને સદાચારી તો બનાવી શકે છે. સદાચાર જ એક એવી ચીજ છે કે જે અપનાવીને નિર્ધન અને અભણ માણસ પણ પોતાનું જીવન સાર્થક બનાવી શકે છે. આ સંવત્સરી પર્વ પણ આત્માને સદાચારી બનવાનો સંદેશ આપે છે. જીવનમાં જે જે દોષો ભર્યા છે તેને તમે દફનાવી દો. અનાદિકાળથી જીવે પરના જ દોષ જોયા છે. પણ સ્વ દોષ જોયા જ નથી. પોતાને દુઃખ ન પડે તે માટે જેટલી સાવધાની છે તેટલી પરને માટે નથી, કારણ કે ત્યાં પર માન્યું છે. જ્યાં પર માન્યું છે ત્યાં કંઈ બને તો ચિંતા થતી નથી પણ જ્યાં સ્વ માન્યું છે ત્યાં જ દુઃખ થાય છે.

એક વખત એક શેઠનો ઘાટી બહારગામ ગયેલો. તે બહારગામથી આવ્યો ને સીધો શેઠના ઘેર આવ્યો અને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો. શેઠ પૂછે છે, તું બહારગામથી ચાલ્યો આવે છે અને આટલું બધું રડે છે શા માટે? આ તો વધુ ને વધુ રડવા લાગ્યો શેઠ ખૂબ કહે છે ભાઈ! તું કેમ રડે છે, કહે તો ખરો? નોકર કહે છે શેઠજી! શું કહું, કહેવાય તેમ નથી. પણ ભાઈ જે હોય તે કહે. જલદી કહે. ત્યારે ઘાટી કહે છે શેઠ! "મૂલગી ગેલી" એમ કહી પાછો ખૂબ રડવા લાગ્યો. ત્યારે શેઠ કહે છે ભાઈ! આ દુનિયાનો એવો ક્રમ છે કે જે જન્મે છે તે મરે. છોકરી મરી ગઈ તેમાં આટલું બધું શા માટે રડે છે? એ ગઈ અને શું તારે નથી જવાનું? ઘાટી કહે છે બાપુ! કહેવું સહેલ છે પણ સમય આવે સમતા રહેવી મુશ્કેલ છે. શેઠ મારી દિકરી નહિ પણ "તુમચી ગેલી" આ સાંભળી શેઠકહે છે હેં મારી દિકરી? કઈ દિકરી? ઘાટી કહે છે હું બહારગામ ગયો હતો. ત્યાં મને થયું કે આ બહેનનું ગામ છે. માટે આવ્યો છું તો લાવ મળતો જાઉં. હું ગયો તો બહેનને ઘેર રોકકળ ચાલતી હતી. મોટા બેન ગુજરી ગયાં છે. તેમના ઘરના માણસોએ મને કહ્યું કે તમે જલ્દી ગાડીમાં બેસો અને શેઠને ખબર આપો, એટલે હું તરત જ આવ્યો છું. જ્યાં શેઠને ખબર પડી કે એ તો મારી દિકરી મરી ગઈ, ત્યાં હૈયાફાટ રૂદન કરવા લાગ્યાં. ત્યારે ઘાટી કહે છે બાપુ! આપ મને હમણાં જ કહેતા હતા ને આપ આ શું કરો છો? આપ સમતા રાખો. આજે આપણા બધાંની દશા આવી જ છે. આપણે પરને ઉપદેશ આપવામાં જ પંડિત છીએ, પણ પોતાને માથે આવે ત્યારે પંડિતાઈ ચાલી જાય છે. "વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું!"

આજે વિદ્યા સ્વકલ્યાણ માટે ભણાતી નથી પણ બીજાની સાથે વાદ કરવા માટે ભણાય છે. આ જીવે પર માટે ઘણું કર્યું છે, પણ સ્વ માટે કંઈ જ કરતો નથી. ભૃગુ પુરોહિતના બે બાળકોને સ્વ કલ્યાણની લગની લાગી છે. તેમને આ સંસાર અસાર લાગ્યો છે. તેમને સંસારના બંધન તોડીને મુક્તિ મેળવવી છે. એટલે ગુરૂદેવને ગામમાં પધારવાની વિનંતી કરીને બંને બાળકો પોતાને ઘેર આવે છે. માતા પુત્રની પાછળ ઘેલી બનેલી છે. પુત્રોને બાથમાં લઈને કહે છે બેટા! તમે અત્યાર સુધી કયાં ગયાં હતા?

માતાને પુત્ર પ્રત્યે ખૂબ વાત્સલ્ય હોય છે. પછી એ લાલ માતાને પાળશે કે નહિ એ તો જ્ઞાની જાણે. દિકરાને પણ મા વ્હાલી જરૂર હોય છે. પણ તે કયાં સુધી ? બે પગવાળો હોય ત્યાં સુધી ! જ્યાં ચાર પગ થયા એટલે માતાના હેત ભૂલી જાય છે. પહેલાં પુત્ર માતા માટે કેટલું કરતો હોય છે. અને એને માતા કેવી વહાલી હોય છે તેનું દૃષ્ટાંત—

રવિન્દ્રનાથ ટાગોરે એક પ્રસંગ લખ્યો છે. એક માતાનો એક નાનકડો બાળક છે. માતા માંદગીના બિછાને સૂતેલી છે. તેની સ્થિતિ એક દિવસ ગંભીર બનવા લાગી. તેનો વહાલસોયો લાલ નિશાળે ગયો છે. માતા કહે છે મારા લાલનું મુખ મારે જોવું છે. પણ જો એને અત્યારે બોલાવવામાં આવશે તો એને ખૂબ દુઃખ થશે. માતા અંતિમ સમયે પણ પુત્રને દુઃખ ન થાય તેની કેટલી સંભાળ રાખે છે. માટે હમણાં તેને બોલાવશો નહિ. આ માતા પ્રાણનો ત્યાગ કરે છે. માતાનો અગ્નિસંસ્કાર વગેરે વિધિ પતી જાય છે. બાર વાગ્યે સ્કૂલ છૂટે છે અને બાળક ખેલતો કૂદતો ઘેર આવે છે. બાપ ગમગીન ચહેરે બેઠો છે. નાના બાળકને બીજી કાંઇ ખબર પડતી નથી પણ પોતાની માતા ઘરમાં દેખાતી નથી એટલું તો સમજી શકે છે. બાપુજી ! મારી બા આ પલંગમાં સૂતી હતી તે કેમ દેખાતી નથી ? મારી બા કયાં ગઈ છે ? પિતા કાંઈ જવાબ આપતા નથી. બાળક તો નિર્દોષ હોય છે. એને થયું કે કયાંક ગઇ હશે ! હમણાં આવશે એટલે દફ્તર મૂકીને બાળક રમવા ગયો. થોડીવારે પાછો આવીને પૂછે છે બાપુજી ! મારી બા હજુ નથી આવી ? પોતાની વ્હાલી પત્નીને હજુ અગ્નિ-સંસ્કાર કરીને આવેલા પિતા બાળકને શો જવાબ આપે ? પિતા કંઈ બોલી શક્યા નહિ. આંખમાં આવેલા આંસુને લૂછીને આંગળી ઊંચી કરી ગદ્‌ગદ્‌ કંઠે બોલ્યા : બેટા ! તારી માતા ઉપર ગઇ છે. ફૂલ જેવો બાળક શું સમજે ? એણે માન્યું કે મારી બા મેડી ઉપર ગઇ છે. માતાના હેતનો ભૂખ્યો બાળક દોડતો મેડી ઉપર ગયો. ઉપર માતા દેખાતી નથી. બાપુજી ! મારી બા ઉપર પણ નથી. માતાને નહિ જોવાથી બાળક રડે છે. ત્યારે પિતા કહે છે બેટા ! મેડી ઉપર નહિ પણ આકાશમાં ગઈ. જેમ તેમ સમજાવ્યો પણ બાળક માતા વિના ઝૂરે છે. દુનિયામાં માતાના હેત અલૌકિક હોય છે. માટે જ કહેવત છે કે " લાખો કમાતો બાપ જાય પણ ઘંટીનું પૈડું ફેરવીને પેટ ભરનારી માતા ન મરશો. " કારણ કે લાખો ને ક્રોડો રૂપિયા આપતાં પણ માતાનાં હેત મળતાં નથી. તમે પૈસા કમાઈ જાણો પણ માતા જે બોલે ઉપાડી શકે છે, બાળકને પ્રેમનું પીયૂષ પાઇ શકે છે તે તમે પીવડાવી શકતા નથી. આ પિતા બાળકના માથે હાથ ફેરવતો સૂતો છે. જરા ઊંઘ આવી ગઇ. મધ્યરાત્રીનો સમય છે, બાળક પથારીમાંથી ઉઠી છાનોમાનો અગાશીમાં ગયો, અને આકાશ સામું ટગરટગર જોઇ રહ્યો છે. આ વિશાળ આકાશમાં તેની માતા કયાં હશે ? આ અગણિત તારામાંથી કોને પૂછું કે મારી માતા કયાં છે ? અનિમેષ દૃષ્ટિથી બાળક આકાશ તરફ બે હાથ પ્રસારી કરૂણ સ્વરે બોલે છે કે મા ! તું કાલની કયાં ચાલી ગઇ છે ? મા, તું જલદી નીચે આવ. હું સ્કૂલેથી આવતો ત્યારે તું મને મીઠું દૂધ પાતી હતી. કાલનું મને કોઇએ દૂધ પણ

પાયું નથી. મા, તું જલદી આવ. આ તારો બાલ તારા વિના ઝૂરી રહ્યો છે. આ પુત્રનો અવાજ સાંભળી બાપ જાગ્યો. પડખામાં પુત્રને ન જોતાં અગાશીમાં આવ્યો. બાળકને ઝૂરતો જોઈ મનમાં વિચારે છે કે હું આ બાળકને આટલું સાચવું છું પણ એની માતા જેવી હૂંફ તો આપી શકતો નથી ને ? બેટા ! હું તને તારી માતાની જેમ જ સાચવીશ. નીચે ચાલ. બાળક કહે છે મારે તો મારી માતા જ જોઈએ.

બાલ્યવયમાં કોઈની માતા કદી મરશો નહિ,
એ તરફડતો બાલુડો, માતા વિનાનો ઝૂરતો,

સાચવે ઘણું બાપ જ તોયે માતા વિનાનો સૂનો....એ....
માતા વિનાનો સૂનો....બાલ્યવયમાં....

આ પિતાને પોતાની પત્ની કરતાં બાળકને જોઈ ખૂબ આઘાત લાગી ગયો. બાળકને ખબર નથી કે મારી મા કાયમ માટે મને છોડીને ચાલી ગઈ છે. સમજાવીને નીચે લાવે છે. અને બીજે દિવસે સ્કૂલે મોકલે છે. ત્યાં સ્કૂલમાં તો બધા છોકરાઓ કહે છે, તારી મા તો મરી ગઈ છે. આ છોકરો કહે છે મરી ગઈ એટલે શું ? ત્યારે છોકરાઓ કહે છે, તારી મા હવે તને કદિ નહીં મળે. આ સાંભળી પાટી લઈને ઘેર આવ્યો. માથા ફોડવા લાગ્યો. બાપુજી ! શું મારી મા મરી ગઈ ? હવે કદી નહિ મળે ? બસ, મને તો મારી મા લાવી આપો. ભાઈ ! ગમે તેમ કરો, ગમે તેટલા પૈસા આપો. પણ ગયેલી મા પાછી મળતી નથી. માતાનો પ્રેમ છૂપો રહેતો જ નથી.

દેવાનંદા માતા મહાવીર પ્રભુના દર્શન કરવા આવ્યા. એને ખબર નથી કે આ મારો દિકરો છે, પણ જ્યાં પ્રભુને જોયાં ત્યાં સ્થિર થઈ ગઈ. અંતર હરખી ગયું. અંતરમાં છૂપાયેલાં વાત્સલ્યના વહેણ વહેવા લાગ્યાં. માતા દેવાનંદાના સ્તનમાંથી દૂધની ધારા છૂટી અને પ્રભુના મુખ ઉપર છંટાઈ ગઈ. આ છે માતાના હેત.

યશા ભાર્યાને પણ પોતાના પુત્રો પ્રત્યે અથાગ પ્રેમ છે. જ્યાં માતાને કહ્યું કે અમે સંતના દર્શન કર્યા. ત્યાં જ તેને થઈ ગયું કે જોષીએ કહ્યું હતું કે તમારે ત્યાં બે પુત્ર જોડલે જન્મશે. એ વાત તો સાચી પડી. સાથે તેણે કહ્યું હતું કે બંને બાલ્યવયમાં સાધુ બની જશે. તો આ છોકરા હવે સાધુ તો નહિ બની જાય ને ? એને ડર લાગ્યો. તમે પણ અહીં આવો છો પણ તમારા સંતાનોને સંતનો પડછાયો ન પડી જાય તેની કેટલી સાવધાની રાખો છો ? રખેને સાધુ અમારા સંતાનોને ભરમાવી ન દે.

અમે રોજ તમને સમજાવીએ પણ તમારામાં કંઈ ફેર જ ન પડે. એક સુથાર લાકડા ઉપર રંદો ફેરવે અને કારીગરી કરીને સુંદર ફર્નીચર બનાવે. લોખંડનો ટુકડો કારીગરના હાથમાં આવે તો મશીન બનાવે. અને પથ્થરનો ટુકડો એક શિલ્પીના હાથમાં

આવે તો સુંદર મૂર્તિ બનાવે. પણ કોણ જાણે તમારાં કાળજાં કઈ જાતનાં ઘડાયાં છે કે અમે રોજ વીર વાણીરૂપી રંદો ફેરવીએ પણ કંઈ ફર્નિચર, મૂર્તિ કે મશીન બનતું જ નથી. (હસાહસ). તમારા ગળે અમારી વાત ઉતરતી જ નથી.

પહેલાનાં લોકો વરસાદ પડે ત્યારે છત્રી રાખતા હતાં. એટલે છત્રી હોય તો થોડું પણ પલળાય. પણ હવે તો રેઈનકોટ પહેરે છે. એટલે સ્હેજ પણ ભીંજાવાય નહિ. મને તો લાગે છે કે તમે અહીં પણ રેઈનકોટ પહેરીને આવતા લાગો છો. એટલે તમને કંઈ અસર જ થતી નથી.

આ બે બાળકો માતાને કહે છે માતા ! તેં મોહના નાટક ખૂબ ભજવ્યા. હવે અમારે એ નાટક જોવા નથી. અમે જ્યાં ગયા હતા ત્યાં અમે અપૂર્વ આનંદ અનુભવ્યો. હવે તો અમને આ ઘરમાં રહેતાં પણ ભય લાગે છે. માતા કહે છે બેટા ! અહીં તમને શેનો ભય લાગે છે ? અહીં તો ભયનું કોઈ કારણ જ નથી. બાળકો કહે છે અમને શેનો ભય લાગે છે તે તું સાંભળ.

" जाई जरा मच्चु भयाभिभूया वहिंविहाराभिनिविट्ठ चित्ता ।
संसार चक्कस्स विमोक्खणट्ठा, दट्ठु दठ्ठुण ते कामगुणे विरत्ता ।।

માતા ! અમને હવે જન્મ-જરા ને મરણનો ડર લાગ્યો છે. આ જ્યાં સાંભળ્યું ત્યાં માતા સમજી ગઈ કે હવે બાજી બગડી ગઈ. તો ઢગલો થઈને ધરતી ઉપર પડી ગઈ. "મારા બાળકોને સાધુનો સમાગમ થયો લાગે છે. આટલી સંભાળ રાખવા છતાં કોણ જાણે કયાંથી ભેગાં થઈ ગયા ?" જે સાંભળી સાંભળીને રીઢા થઈ ગયા હોય છે તેના કરતાં જે કોઇ દિવસ આવે છે તેના ઉપર જલ્દી અસર થઇ જાય છે.

એક શેઠ રોજ વ્યાખ્યાનમાં આવે. એમની રજા તો ભાગ્યે જ પડતી હશે. એવા શેઠ બે દિવસ વ્યાખ્યાનમાં ન આવ્યા. ત્રીજે દિવસે આવ્યા. હવે મારા જેવી તો કયાંય છાની રહે નહિ. ભરસભામાં પૂછયું : ભાઇ ! તમારી રજા કોઇ દિવસ પડે નહિ ને બે દિવસ રજા કેમ પડી ? તો કહે કંઇ નહિ. મેં કહ્યું ના, ના. કહો તો ખરા. કેમ ઉપાશ્રયે નહોતા આવ્યા ! શેઠમાં એક ગુણ હતો, સરળતાનો. બહુ પૂછયું એટલે કહ્યું કે સાહેબ, બે દિવસથી મારો છોકરો ઉપાશ્રયે આવવાની હઠ કરતો હતો એટલે આવી શકાયું નહિ. મેં કહ્યું, તમારો છોકરો નાનો છે કે તેને સમજાવવા રોકાવું પડયું ! તો કહે ના-ના, છે તો વીસ વર્ષનો યુવાન. પણ.... સાહેબ ! તમારો પડછાયો પડી જાય. શી વાત કરું ? અમારે અનાજનો વેપાર છે. અનાજ લેવાના તોલા મોટા રાખવાનાં અને દેવાનાં તોલા (માપ) નાનાં રાખવાનાં. અને તમે કહો છો કે ખોટા તોલ ને ખોટા માપ રાખશો તો મરીને બળદિયા થશો. બે દિવસ પહેલાં છોકરાએ વ્યાખ્યાનમાં આ સાંભળ્યું. હવે કહે

છે આપણે મરીને બળદિયા થવું નથી. માટે આ ખોટા તોલા આપણે ન જોઇએ. મારે દુકાને બેસવું નથી. મેં એને ખૂબ સમજાવ્યો કે બેટા! મહારાજ કહે અને આપણે જી. જી. કરવાનું. એ કહે તેમ આપણે કરવાનું ન હોય. રોજ ઉપાશ્રયે આવે તો મારો દિકરો તો સાધુ જ બની જાય ને! બીજા બધા આ સાંભળીને ખડખડાટ હસવા લાગ્યા. શેઠના ઘણાં અવગુણમાં પણ સરળતા હતી એટલે જેવું હતું તેવું કહી દીધું. તમે તો સાચું કહો પણ નહિ.

જો તમારા બાળકોમાં આવી અસર થતી હોય તો તેમને શા માટે ઉપાશ્રયે આવવા દેતા નથી! અન્યાય, અનીતિ કરીને લાખો રૂપિયા મેળવશો તો પણ તે અહીં જ રહી જવાનું છે. હું તો કહું છું કે તમે ભલે થોડું કમાવ પણ નીતિથી નાણાં મેળવો. સાંભળે થોડું પણ આચરણમાં ઝાઝું ઉતારે એવા ભલે પાંચ જ શ્રાવકો હશે તો શાસન શોભી ઉઠશે. સાંભળીને કંઈ જ જીવનમાં ઉતારતા ન હોય એવા બે હજાર શ્રાવકોની મેદની ભરાતી હોય તો તેનાથી શું લાભ! ભલે થોડું કરો પણ સમજીને કરો, તો જ તમારા ભવના ફેરા ટળશે. આ બંને બાળકોને રંગ લાગ્યો છે. આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

આજે માસખમણના પારણાનો પવિત્ર દિન છે. માસખમણ તપની આરાધના કરવાનો પણ દિવસ છે. જેના ભાવ થતા હોય તે કરવાની શરૂઆત કરી દેજો. કાલની રાહ જોશો નહિ. તમે નજરે જુઓ છો કે ગઈ સંવત્સરીએ જે માણસોની હયાતી હતી તેમાંથી કંઈક ચાલ્યા ગયા. જે અવસર જાય છે તે પાછો મળતો નથી. મારા બંધુઓને પણ કહું છું કે તમે જો ન કરી શકતા હો પણ અમારી શ્રાવિકા કરી શકે તેમ હોય તો તમે તેને અનુમોદના આપજો. તમે સામેથી કહેજો કે હું જે હશે તે ચલાવી લઈશ. આજ સુધી તમે મને પાણીનો પ્યાલો ભરીને આપતાં હતાં. તમે તપશ્ચર્યા કરશો તો હું તમને પાણીનો ગ્લાસ ભરી આપીશ. પણ જો તમારી શક્તિ હોય તો તમે કરો. કૃષ્ણ મહારાજા પોતે કરવાને સમર્થ ન હતાં પણ દલાલી ખૂબ કરતાં હતાં. ધર્મની દલાલી કરવાથી પણ જીવ મહાન લાભ મેળવે છે. માટે તમે ઘરઘરમાં તપશ્ચર્યાનો સંદેશો પહોંચાડજો. વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૨૨

શ્રાવણ સુદ ૭ ને શનિવાર, તા. ૮-૮-૭૦

શાસ્ત્રકાર ભગવાન ત્રિલોકીનાથે આ જગતના જીવો ઉપર અનુકંપા કરીને આત્મ-કલ્યાણનો રાહદારી માર્ગ બતાવ્યો. અને કહ્યું કે હે ભવ્ય આત્માઓ! જાગો, સંપૂર્ણ

આત્મ કલ્યાણ કરવાનો માર્ગ હોય તો આ માનવ ભવ છે. દેવનો ભવ તો ભોગ પ્રધાન છે. ત્યાં તો કરેલા પુણ્યનો ભોગવટો જ કરવાનો છે. દેવોના એક એક વિમાન તો ચંદ્ર અને સૂર્ય કરતાં પણ અધિક દેદિપ્યમાન છે. તમારી મિલ્કત તો ગમે તેટલી હશે છતાં મર્યાદિત છે. એની ઋદ્ધિ પાસે તમારી ઋદ્ધિ કોઈ હિસાબમાં જ નથી. આપણું આયુષ્ય બહુ બહુ તો ૬૦, ૭૦ કે ૧૦૦ વર્ષનું. જ્યારે દેવોનું આયુષ્ય તો ઓછામાં ઓછું દશ હજાર વર્ષ અને એથી અધિક પલ્યોપમ અને તેત્રીસ સાગરોપમ સુધી છે. આપણે તો માતાના ગર્ભમાં આવવાનું, બાલ–યુવાન અને વૃદ્ધાવસ્થા આવવાની. તેમાં પણ જો રોગ આવી જાય તો માણસ યુવાન હોવા છતાં વૃદ્ધ દેખાય છે. જ્યારે દેવને કોઈ જાતનો રોગ આવે નહિ. માતાના ગર્ભમાં આવવાનું નહિ. તેમને બાલ અવસ્થા કે વૃદ્ધાવસ્થા પણ આવે નહિ. ગમે તેટલા વર્ષ જીવે પણ દેવ તો સદા તરૂણ જ રહે છે. આવા મહાન સુખોનો અનુભવ કરતાં દેવોનું આયુષ્ય કયાં પુરું થઇ જાય છે તેની પણ તેમને ખબર પડતી નથી. આટલું લાંબુ આયુષ્ય અને આવા ઉત્તમ ભોગો છોડીને દેવોને ચવવું પડે છે. તો પછી આપણી તો વાત જ કયાં કરવી ? માટે જ્ઞાનીઓ કહે છે હે આત્માઓ ! તમારું આયુષ્ય પલકારામાં પૂરું થઈ જશે. આ મનુષ્ય જીવન કેવું છે ?

"कुसग्ग जह ओस बिन्दुए, थोवं चिट्ठइ लम्बमाणए ।
एवं मणुयाण जीवियं, समयं गोयम मा पमायए ।।

ડાભના પાંદડાના અગ્ર ભાગ ઉપર રહેલું ઝાંકળનું બિંદુ કયાં સુધી ટકશે ? જેમ ડાભના પાંદડા ઉપર ઝાકળના બિંદુ ઉપર સૂર્યના કિરણો પડે છે ત્યારે તેની શોભા સુંદર દેખાય છે, પણ જ્યાં પવનનો એક ઝપાટો લાગ્યો ત્યાં એ બિંદુ સરી પડવાનું છે. તેમ મનુષ્યનું જીવન પણ એવું જ ક્ષણભંગુર છે. જ્યાં સુધી આધિ–વ્યાધિ ને ઉપાધિના વાયરા વાયા નથી, કાળ રાજાની સ્વારી આવી નથી ત્યાં સુધી બધા ખેલ ખેલી લો, જ્યારે આ બધી બાજી સંકેલીને જવાનો સમય આવે ત્યારે અફસોસ ન કરતા.

મહાન પુરૂષો તમને સમજાવી સમજાવીને થાકયા. એક નાના બાળકને જ્યારે સ્કુલે પહેલવહેલો મૂકવામાં આવે ત્યારે તેને સ્કુલે જવું ગમતું નથી હોતું. એ બાળકને સ્કુલે મોકલવા માટે એની માતા એને સમજાવી સમજાવીને મોકલે છે. તેમ છતાં બાળક ન સમજે તો તેની માતા જાતે તેને મૂકવા જાય. છતાં ન માને તો એને ચાર પીપરમીંટ આપે. અને કહે છે બેટા ? જો તું દરરોજ સ્કુલે જઈશ તો હું તને રોજ ચાર પીપરમીટ આપીશ. આ અણસમજુ બાળક પીપરમીટની લાલચે સ્કુલે જવા લાગ્યો. દશ–પંદર દિવસ પીપર આપવી પડી. પણ જ્યાં એને ભણવામાં રંગ લાગ્યો ત્યાં એ

વગર પીપરમીંટે સ્કુલે જવા લાગ્યો. પછી તો એની માતા કહે બેટા ? પાંચ મિનિટની વાર છે. ગરમ ગરમ રોટલી બનાવી દઉં, તું જમીને જા. તો પણ બાળક ના પાડી દેશે. કારણ....સ્કુલે જવાનું મોડું થાય છે. આ અણસમજુ બાળક સમજી ગયો. હવે અમારે તમને કયાં સુધી પીપરની લાલચ આપ્યા કરવાની ? તમે કેટલાં વર્ષોથી સંતોની વાણી સાંભળો છો ? સામાયિક કરી કરીને મોઢે મુહપત્તિના દોરાના આંકા પડી ગયા. કેટલી મુહપત્તિ ફાટી ગઈ, કેટલાં પથરણાં ફાડયાં અને ગુચ્છાને તો કંસારી ખાઈ ગઈ. પણ હજુ પ્રભુની વાણીનો તમને રંગ લાગતો નથી. તમે તો માનો છો કે બે કાન મળ્યા છે. એક કાને સાંભળવાનું અને બીજા કાને કાઢી નાંખવાનું. તમારામાં તાકાત હોય તો અમને ખૂબવી દો ! અમે તો બંદા એવા ને એવા જ છીએ.

બંધુઓ ! કર્મના વિપાક જ્યારે ભોગવવાના આવશે ત્યારે કોડોની મિલકત કામ નહિ આવે. બ્રહ્મદત્ત ચક્રવર્તી ભોગ-વિલાસમાં મસ્ત રહેતો હતો. ચક્રવર્તીની રિદ્ધિ પાછળ પાગલ બન્યો હતો. એણે જીવનના અંત સુધી કામભોગો છોડયા નહિ. જ્યારે નરકના ઘોર દુઃખો ભોગવવાનો વખત આવ્યો ત્યારે એ ચક્રવર્તી બોલવા લાગ્યો : હે પત્ની ! તું મને બચાવ. ત્યાં કોણ બચાવે ? અહીં જ તમે જુઓ છો ને કે તમે તમારા કુટુંબને માટે કમાઇ રહ્યાં છો પણ સરકારના ગુનામાં પકડાઈ ગયા તો હાથકડી તમારે જ પહેરવી પડે છે. તે વખતે સગાં ને વ્હાલા ચોખ્ખું જ કહી દે છે કે અમે તમને કયાં કહ્યું હતું કે તમે અમારા માટે કાળા મજાર કરો. કર્મ તો જે કરે છે તેને જ ભોગવવા પડે છે.

"कत्तारमेव अणुजाइ कम्मं" કર્મ તો કરનારની પાછળ જ જાય છે. કાળાબજાર કરીને અબજો ને કોડોની મિલકત ભેગી કરી. હવે તમારા હૈયાને પૂછી જોજો કે મેં પૈસા કેવી રીતે ભેગાં કર્યાં છે ? ચોર તો રાત્રે જ ચોરી કરે છે પણ તમે તો ગાદીએ બેસીને ધોળે દિવસે ચોરી કરો છો. જેમ બળદ ધોળો કે કાળો હોય પણ એને ગાડે તો જોડવાનો જ ને ? તેમ તમે પણ ભલે પેલા ચોરની જેમ ખુલ્લી ચોરી ન કરતા હો પણ આડકતરી રીતે ચોરી કરતા હો પણ ચોર તો ખરાં જ ને ! મારા રાજકોટના શ્રાવકો તમે તો આવા નથી ને ! જો તમે ધોળા ચોર હો તો તમારા મનમાં સમજી લેજો. અંદરથી તમારા વર્તન ચોર જેવા હોય અને ઉપરથી શાહ જેવા બનીને ફરતા હો પણ વિચાર કરજો કે કર્મના ઉદય પાસે શાહ કે બાદશાહ કોઈનું ચાલવાનું નથી. કર્મ કરતી વખતે ભાન નથી રહેતું કે હું કેવાં કર્મો કરી રહ્યો છું !

એક ગામડામાં એક ધનવાન રહેતો હતો, જેની પાસે પચાસ હજાર રૂપિયાની મિલકત હતી. શહેરમાં તો એટલી મિલકત હોય તો કંઈ હિસાબ નહિં. મુંબઈમાં તો પચાસ હજારનો ફ્લેટ માંડ મળે, લખપતિ તો કોઈ હિસાબમાં જ નહિ. આ ગામડામાં રહેતો શ્રીમંત પચાસ હજારની મૂડી ઉપર અક્કડ થઈને ફરે. મનમાં એવો ફાંકો કે હું મોટો

શેઠ. એક વખત એ ગામડામાં રહેતાં એ શેઠને ત્યાં એના દિકરાના લગ્નનો પ્રસંગ આવ્યો. ખૂબ ધામધૂમથી શેઠના દિકરાનો વરઘોડો ચઢાવ્યો છે. દારૂખાનું ખૂબ ફૂટી રહ્યું છે. એનો વરઘોડો એક ગરીબના ઝુંપડા પાસેથી પસાર થાય છે. એ દારૂખાનામાંથી એક સળગેલી હવાઈ ઉડીને એક ગરીબના ઝુંપડા ઉપર પડી અને ઝુંપડું બળીને ખાખ થઈ ગયું. એ ગરીબ માણસ તેની પત્ની ને બાળકો સહિત બેતરમાં ગયો હતો. તે ઘરે આવ્યો, જુએ છે તો પોતાનું ઝુંપડું બળી ગયું છે. એ જોઈ ને બેડૂત અને તેની પત્ની તથા બાળકો બધા રડવા લાગ્યા. અમારી ગરીબની ઝુંપડી કોણે બાળી નાંખી ?

શેઠના દિકરાનો વરઘોડો અધવચ્ચ છે. આ ગરીબ નમ્રતાપૂર્વક કહે છે બાપુ! આ તમારા દારૂખાનાની હવાઈ મારી ઝુંપડી ઉપર પડી અને મારી ઝુંપડી બળીને ખાખ થઈ ગઈ. મારે મન ઝુંપડી એ બંગલો છે. અત્યારે અમે નિરાધાર થઈ ગયા છીએ. અધવચ્ચ આ ગરીબ માણસે વરઘોડો રોકયો. વણિક ચતુર બહુ હોય. બન્દરમાં તો સિંહની જેમ ગાજતો હોય પણ ઘરમાં આવે અને શ્રીદેવી ધમકાવે તો બકરી જેવો બની જાય. ગામડે ઉઘરાણી ગયા હો, પૈસો ઘરાક બાટલો ઢાળીને બેસાડે અને ધારીયું બતાવે કે બોલો ! હવે ધારીયું બાવું છે કે પૈસા જોઈએ છે! ત્યાં સીધાદોર થઈ જાવ છો. દુકાને બેસીને ઘરાકને ધમકાવો છો કે તારા કાકાના પૈસા લઈ ગયો છે તો કયારે આપવાના છે ? પણ પૈસો ધારીયું બતાવે તો કહેશો બાપા....મારે કંઈ જોઈતું નથી. મને જીવતો છોડી દે એટલે બસ.

આ શેઠે સમયસુચકતા વાપરી. જો અત્યારે હા–ના કરીશ તો મારી આબરૂ જશે, એટલે વાણિયાએ વચન આપ્યું કે ભાઈ! લગ્ન પતી જશે એટલે હું તને તારું ઝુંપડું બનાવી આપીશ. આ બિચારો સમજ્યો કે હશે. એણે ઈરાદાપૂર્વક કંઈ મારી ઝુંપડી બાળી નથી અને શેઠ ઝુંપડી બંધાવી દેશે એટલે આનાકાની કર્યા વિના પાછો આવ્યો. લગ્ન પત્યા પછી બે ત્રણ દિવસ ગયા. મહેમાનો આવેલા પણ ચાલ્યા ગયા. ત્યારે આ ગરીબ માણસ શેઠને કહે છે બાપુ ! હવે મારું ઝુંપડું બનાવી આપો. શેઠ, કહે હવે થોડા દિવસ પછી. એ રીતે આ ગરીબ થોડા દિવસે શેઠ પાસે જાય છે અને શેઠ વાયદા આપ્યા કરે છે. પણ શેઠ ઝુંપડું બંધાવી આપતા નથી. આ માણસે આશામાં ને આશામાં શિયાળો અને ઉનાળો તો ઝાડના આશ્રયે રહીને અનેક મુશીબતો વેઠતાં કાઢી નાંખ્યા. શેઠ વાતને ઠેલ્યા કરે છે. હવે આ ગરીબની ધીરજ ખૂટી ગઈ. શેઠની આબરૂ લગ્ન વખતે સચવાઇ ગઇ એટલે હવે એને તો ગરીબના દુઃખની પરવા નથી. કહેવત છે ને કે " ગરજ સરી એટલે વૈદ વેરી " શેઠને તો મગરૂરીનો પાર નથી.

હવે ચોમાસાના દિવસો આવ્યા. ધોધમાર વરસાદ વરસે છે. આ ગરીબ માણસના બાળકો વરસાદની ઠંડીથી થરથર ધ્રુજે છે. આંખમાંથી આંસુની ધારા વહે છે, બાવાના પણ

સાંસા છે. આ માણસ કયાંકથી બે શક્કરીયા લઈ આવ્યો છે. એ એની પત્નીને કહે છે, તું મને શેકી આપ. આ સ્ત્રીએ શક્કરિયા શેકવા મૂકયા છે. બેડૂત બહાર ઉભો છે. તે સમયે પેલા વાણિયાને બહાર જતો જોયો. એટલે આ ગરીબ દોડતો ગયો અને શેઠનું કાંડું પકડીને કહે છે શેઠજી ! આપ હવે આપનું વચન પાળો. આ ચોમાસામાં અમે ઠરી જઇએ છીએ. મારાં કુમળા બાળકો કરમાઇ જાય છે. હવે મને ધક્કા ન અવડાવશો. જવાબમાં વાણિયો કહે છે "હવે તારાથી થાય તે કરી લેજે. હવે હું તને ઝુંપડી બનાવી આપવાનો નથી. એટલું જ કહીને અટકયો નહિ. ઉપરથી છ-સાત ખરાબ ગાળો દીધી. આશાના તંતુએ જીવતા ગરીબ માણસને મોટો આંચકો લાગ્યો. શેઠની ધૃષ્ઠતાથી તેની આંખમાં દડદડ આંસુની ધારાઓ વહેવા લાગી. ગરીબાઇના દુઃખ જે અનુભવે છે તેને જ ખબર પડે છે. એક કવિએ ગાયું છે કે :

"ધનવાન જીવન માણે છે, દુઃખિયારા આંસુ સારે છે.
કોઈ અનુભવીને પૂછી લો, એ કેમ જીવી જાણે છે....ધનવાન."

ગામમાં કોણ કઈ રીતે જીવે છે, કોની કેવી સ્થિતિ છે, એનો અનુભવ આપને વધુ હોય. અંદરથી શોકાઇ રહયાં હોય પણ માણસોને બહારનો વહેવાર સાચવવા માટે ઉજળા થઈને ફરવું પડે છે. એક મહોલ્લામાં જૈનના સાત ઘર. એમાં અમે ગૌચરી જઈએ એટલે એક બહેન ઘરમાંથી દોડતી બહાર આવે. અને એવી ભાવના ભાવે કે આપણને લાગે કે આ બાઈના કેટલા ભાવ છે. મહોલ્લામાં બધા ઘરે સાથે ફરે. પણ જ્યાં એક ઘર બાકી રહે ત્યાં એ પોતાના ઘરમાં પેસી જાય અને બારણું બંધ કરી દે. આઠ-દશ દિવસે પાછો એ મહોલ્લામાં જવાનો વારો આવે અને બાઈ હર્ષભેર દોડતી આવે અને છેલ્લે પોતાના ઘરમાં જતી રહે. આ રીતે પાંચ-છ વખત બન્યું ત્યારે વિચાર થયો કે આ બાઈ આટલી ભાવના ભાવે છે, એની ભક્તિ આટલી બધી છે. અને એનું ઘર આવે ત્યારે બારણું બંધ કરી દે છે તેનું કારણ શું હશે ? ફરીને જવાનું બન્યું ત્યારે નિર્ણય કર્યો કે આ બાઈ દર વખતે આપણને રમાડી જાય છે. પણ આ વખતે તો એને જ રમાડવી છે. મહોલ્લામાં પ્રવેશ કર્યો. બાઈ તો દોડતી આવી. પગમાં પડીને કહે છે કે પધારો આપજી ! એટલે હું તો સીધી એને ઘેર જ ગઇ. દર વખતે એનું ઘર છેલ્લું લેતા હતાં. આજે તો એનું લક્ષ ચૂકવીને એના ઘરમાં પેસી ગયા. હવે બારણું કેવી રીતે બંધ કરે ? આ બહેન તો છૂટે મોઢે રડવા લાગી. મેં કહ્યું બહેન ! શા માટે રડો છો ? તમારી ભાવના અને ભક્તિ ખૂબ છે. તું આટલી વખત અમારી પાછળ ફરે છે અને તારું ઘર આવે ત્યારે બારણું બંધ કરી દે છે તેનું કારણ શું ? મારે એ જાણવું છે. તારા ઘરમાં જે હોય તે વહોરાવ. બાઈ તો ખૂબ રડવા લાગી. મને થયું કે આને ઘેર હું આવી તે શું તેને નહિ ગમ્યું હોય ! ગૃહસ્થીનું મન

દુભાવીને સાધુથી ગૌચરી લેવાય નહિ. બાઇ કહે છે મહાસતીજી ! મને એ દુઃખ થાય છે કે હું આપને શું વહોરાવું ? હું આપની સાથે ઘરે ઘરે ફરું ત્યારે કોઈ તમને મિઠાઇ વહોરાવે, ઘી ચોપડેલી રોટલી વહોરાવે. આ જોઈ ને મને થાય કે હું શું વહોરાવું ? મારી પાસે તો એક જારનો રોટલો જ છે. નથી મીઠું કે મરચું કે શાક ! રોજ જારનો એક રોટલો બનાવું છું. ઘણી વખત ભાવના થાય કે હું સંતને દાન દઉં, પણ શું વહોરાવું ! એમ થાય છે. મને લુખ્ખો જારનો રોટલો વહોરાવતાં સંકોચ થાય છે એટલે મારી ભાવનાની ભરતીને દબાવી હું ઘરમાં પેસી જાઉં છું. બીજું કાંઈ જ કારણ નથી. મેં કહ્યું બહેન ! તારી આટલી ભાવના છે અને આમ શા માટે સંકોચાય છે ? સાધુને મિષ્ટાન્નની જરૂર નથી. સંતો તો ભલે લૂખ્ખો રોટલો હોય પણ નિર્દોષ આહારની ગવેષણા કરે. લૂખો–સૂકો પણ નિર્દોષ આહાર જે સંયમમાં પુષ્ટિ આપે છે તે માલમલીદા આપી શકતાં નથી. ત્યારથી આ બાઈનો સંકોચ ચાલ્યો ગયો ને પોતે જે ખાતી તેમાંથી યથાશક્તિ સંતને વહોરાવવા લાગી.

બંધુઓ ! તમે આમંત્રણ આપીને સંતોને ગૌચરી લઈ જાવ એ આહાર સાધુને કલ્પે નહિ. કંઈક વખત એવું બને છે કે અમને એમને ઘેર ગૌચરી લઈ જવા ખૂબ આગ્રહ કરે. આજે તો મારે ઘેર પધારવું જ પડશે. અમે ના પાડીએ તો કહેશે કે પછી ભલે ન આવશો પણ આજે તો પધારવું જ પડશે; તો એટલું બધું શું છે ! તો કહે કે આજે મરચાના ગરમ ગરમ ભજીયાં અને કચોરી બનાવી છે. ત્યારે અમે કહીએ કે સાધુ સ્વાદિષ્ટ આહારના ગૃદ્ધિ ન હોય. એ તો સહજ રીતે એ તરફ પધાર્યા હોય અને આવે તો જુદી વાત છે.

પણ આવી રીતે અમારાથી અવાય જ નહિ. ત્યારે કહે કે તમે તો હવે મોટા થયા. પણ આ બિચારી નાની નાની ચેલીઓ કચારે ખાય ? ભાઈ ! તમારાં ભજીયાં ને કચોરી માટે અમારા સાધ્વીજીઓને તમે બિચારા બનાવો છો ? સંતો બિચારા ને બાપડા ન હોય. અમે મહાવીરના સંતાનો છીએ. એક દિવસની દીક્ષાપર્યાયવાળો સાધુ પણ સિંહનો બાળ છે. એની સામે ગમે તેવા કાયરો આવે તો તેને જડબાતોડ જવાબ દઈ દે. માટે ભલા થઇને તમારા ભજીયાં ને કચોરી માટે સંતોને બાપડા–બિચારા ન બનાવશો.

પેલી બહેનને સમજાઈ ગયું કે સંતો તો નિર્દોષ આહારના જ ગવેષક છે. એમને મેવા–મિઠાઈની જરૂર નથી. પછી તે નિર્દોષ આહાર વહોરાવવા લાગી. કહેવાનો આશય એ છે કે માણસોની કેવી સ્થિતિ હોય છે તે અનુભવી જ જાણી શકે છે. બિચારા બહારથી ઉજળા થઇને ફરતા હોય ને ખબર પડે કે અંદરથી ખખડી ગયા છે તો તેમને કોઈ મજબૂત કરવા ન જાય પણ એનું બારણું તોડી પાડે. કરામાંથી એક ઇંટ નીકળી ગઈ તો તેમાં સિમેન્ટ પૂરવાથી મજબૂત થાય છે, પણ જો હલાવવામાં આવે તો મોટું

ગાભડું જ પડવાનું છે. બહારથી લાખો ને કોડોનાં દાન કરનાર દાનવીરોને કહું છું કે તમે મરતાને મારશો નહિ પણ તેને સહાય આપી મજબૂત બનાવજો.

ધનવાનનું હજારનું દાન અને ગરીબનું એક દોકડાનું દાન સરખું છે. જ્યારે વસ્તુપાળ અને તેજપાળ લાખો રૂપિયા ખર્ચી દેરાસર બંધાવતા હતાં ત્યારે એક ગરીબ માણસ પાસે બત્રીસ પૈસાની જ મુડી હતી. તે તેણે મંદિર બાંધવામાં આપી દીધી. એ બત્રીસ પૈસાની મુડી એ એનું લાખોનું જ દાન છે. માટે ગરીબને તુચ્છ ન ગણશો. તમારી શક્તિ હોય તો સહાય કરજો. સહાય ન કરી શકો તો એનો તમે તિરસ્કાર તો ન જ કરશો.

પેલો ગરીબ માણસ જે આશામાં ને આશામાં જીવતો હતો તેના આશાના મિનારા તૂટી ગયા. એને એ શેઠ ઉપર એવો તીવ્ર ક્રોધ આવ્યો કે ન પૂછો વાત. વાણિયાના અસભ્ય વર્તનથી અને ગાળો દીધી એટલે એની આંતરડી કકળી ઉઠી. ઓડના થડે લટકાવેલું ધારીયું તેણે એકદમ ઉપાડયું અને ધડ દઈને વાણિયાના ગળા ઉપર ફેરવી દીધું. શેઠનું ખૂન કરી નાંખ્યું. હવે એને થયું કે આ ખૂન મેં કર્યું છે એટલે હવે પોલીસ મને પકડયા વિના રહેશે જ નહિ. એટલે ત્યાંથી નાસી છૂટયો. એવો પ્રચંડ ક્રોધ છે કે જે સામું મળે છે તેના ધારીયાથી બે કટકા કરી નાંખે છે. આ ક્રોધાવેશમાં તેણે બે ખુન કરી નાંખ્યા. પોતે પણ લોહીલુહાણ થઈ ગયો છે. પોલીસે તેને પકડી લીધો. એની પત્નીએ શેકેલા શક્કરીયા આવા પણ તે ન રહ્યો. પોતાના વ્હાલા બાળકોને હેત કરવા પણ ન જઈ શકયો. એને પોલીસ હાથ કડી કરીને લઈ ગયો. એને જિંદગીની જેલની સજા થઈ. પણ જેલમાં જઈ એણે એવું ન્યાયનીતિપૂર્વક કામ કર્યું કે એ જેલમાંથી વીસ વર્ષે એને છૂટો કરવામાં આવ્યો. હવે તે છૂટીને ઘેર જઈ રહ્યો છે ત્યાં તેને સંત માર્ગમાં મળે છે. આ માણસ સંતના ચરણમાં પડી જાય છે અને પોતે જે પાપ કર્યું હતું તેનો પોકાર કરે છે. સંત તેને ઉપદેશ આપે છે. સત્ય વસ્તુનું ભાન કરાવે છે. અને સંતના ચરણે ગયેલો પાપી પોતાના જીવનનો પલ્ટો કરી પાવન થાય છે. સંતને કહે છે બાપજી ! મારા પાપની મને જે શિક્ષા કરો તે હું હસતે મુખે સ્વીકારવા તૈયાર છું. આપના ચરણે આ જીવન કુરબાન કરું છું.

દેવાનુપ્રિયો ! છે તમારામાં આવું કહેવાની તાકાત ! કોણ જાણે તમારા હૈયાં તો એવાં ઘડાઈ ગયાં છે જાણે પીગળતાં જ નથી. આ હોલમાં ટાઈલ્સ જડવામાં આવી છે. આ ટાઈલ્સમાં તડ પડતી નથી. તેમ તમારા હૈયામાં પણ તડ પડતી નથી. જ્યાં સુધી તમારા હૈયામાં તડ નહિ પડે, કોમળતા નહિ આવે ત્યાં સુધી તમારા હૈયામાં ધર્મ વસવાનો નથી.

ભૃગુ પુરોહિતના આ બે દિકરાઓનાં હૈયામાં તડ પડી ગઈ અને પ્રભુની વાણી અંદર ઉતરી ગઈ. હવે એની માતાના મોહથી ભરેલા હાવભાવ એને ગમતાં નથી. એ તમારા જેવાં ન હતાં. તમે પરણવા ગયાં ત્યારે તમારી માતાએ નજર ન લાગી જાય તે માટે ગાલે એક ઝીણું મેશનું ટપકું કર્યું હતું. તેમ અમારી તમને નજર ન લાગે તે માટે મેશનું ટપકું કરીને આવતા લાગેા છેા. એટલે જ અસર થતી નથી. માતા પુત્રની પાછળ પાગલ છે. ગઈ કાલે કહી ચૂકી છું કે જેમ માતાને બાળકેા વહાલા હેાય છે તેમ બાળકને પણ માતા વ્હાલી હેાય છે પણ કયાં સુધી ? ચાર પગવાળેા ન અને ત્યાં સુધી. ઘરમાં દેવી ન આવે ત્યાં સુધી જ. જ્યાં ઘરમાં દેવીના પગલાં થયાં પછી તેા દેવીને પૂછ્યા વિના પાણી પણ ન પીવે.

અહીં તેા દેવી આવ્યાં ન હતાં પણ સંસાર પ્રત્યેનેા ભય લાગ્યેા છે. માતાને કહે છે માતા ! અમને સંસારનેા ભય લાગ્યેા છે. અમને અમારા જીવનના સાચા સાથી સંતેા મળી ગયા. આ સાંભળી યશામાતાને તેા સંતેા પ્રત્યે ખૂબ ભાવ હતેા તેને બદલે અભાવ થઈ ગયેા. તમને પણ આવું જ થાય ને ? તમે તમારા સંતાનેાની ભલે કસેાટી કરેા પણ સંતેાને દેાષ ન આપશેા. દુર્લભજીભાઇના પુત્ર વિનેાદભાઇને વૈરાગ્ય આવ્યેા. માતા–પિતાને એમ થયું કે આવા વૈભવ ને વિલાસમાં ઉછરેલેા કુલ જેવેા મારેા કેામળ વિનેાદ સંયમ માર્ગમાં આકરા પરિષહેા કેમ સહન કરશે ? એમ થઈ ગયું પણ સાચા વૈરાગીને વૈભવ ને વિલાસના વાયરા ડેાલાવી શકતા નથી. સાચેા વૈરાગી કેાઇનેા રેાકયેા રેાકાતેા નથી. પરિષહ તેા બાવીસ છે પણ તમારા પરિષહની તેા કેાઈ ગણત્રી જ નહિ, છતાં તમે તેમાં જ આનંદ માની રહયાં છેા. દુઃખમાં પણ સુખ માની રહયા છેા.

જેમ ઊંટ બાવળને ચાવે છે. એ બાવળનેા કાંટેા સીધેા તેની દાઢમાં પેસી જાય છે. અને અંદરથી લેાહી નીકળે છે. એ લેાહીમાં એને સ્વાદ આવે છે. એટલે કાંટાને તે વધુ ને વધુ દબાવે છે. તેમ એકેક સંસારી આત્માઓની આવી જ દશા છે. એને પણ કાંટા જેવા દુઃખેા પુષ્પની શૈયા જેવા લાગે છે. અને એમાં આનંદ માનીને અંદર ખૂંચતેા જાય છે. કેાઈ માણસને શરીરે સેાજા ચઢયા હેાય, ઉપરથી પફ–પાવડર છાંટી ઈસ્ત્રીબંધ કપડાં પહેરીને ફરતેા હેાય તેને શું નીરેાગી કહી શકાય ? જેનું શરીર નીરેાગી હેાય તેને સેાજા ચઢે જ નહિ. સંસારના સુખેા સેાજા જેવા છે. ઉપરથી શરીર પુષ્ટ દેખાય પણ અંદરથી પેાલું જ છે. તેમ આ તમારા સુખેા ઉપરથી તમને સારા લાગતાં હેાય પણ એને ભેાગવ્યા પછી અનંત દુઃખની પરંપરા ઊભી થવાની છે.

બાળકેા કહે છે માતા ! આ સંસારમાં અમને ભય લાગે છે. આ તારા સુખેા અમને શરીરના સેાજા જેવાં લાગે છે. અમને જન્મ–જરા અને મરણનેા ભય લાગ્યેા છે. હવે આ બાળકેા એના માતા–પિતાને વિશેષ શેા જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૨૩

માનવ અને તેનું હૃદય

શ્રાવણ સુદ ૮ ને રવિવાર તા. ૯-૮-૭૦



શાસ્ત્રકાર ભગવંત ત્રિલોકીનાથે આ જગતના જીવોના કલ્યાણને અર્થે કહ્યું છે, હે આત્માઓ! તમને આ મોંઘેરો માનવભવ મળ્યો છે. માનવભવ મહાન પુણ્યથી મળે છે. આવો અમૂલ્ય માનવભવ મળ્યા પછી માનવનું હૃદય મળવું એ પણ મુશ્કેલ છે. માનવ અને માનવના હૃદયમાં શો તફાવત છે તે આજે આપણે વિચારીએ. માનવનું હૃદય કેવું હોવું જોઈએ? તમે માનવીની પરીક્ષા બહારથી કરો છો કે અંદરથી? જ્યારે તમે બજારમાં કોઈ ચીજની ખરીદી કરવા જાવ છો ત્યારે તેના બાહ્ય રૂપ રંગ જુઓ છો કે એના ગુણ જુઓ છો?

પશુની પરીક્ષા બહારથી કરાય છે. તમારે એક ગાય કે ભેંસ ખરીદવી હોય તો તમે પહેલાં એનો રંગ કેવો છે, એના શીંગડા કેવા છે, એ કેટલું દૂધ આપે છે, એ જોશો પછી જ ખરીદશો. ઘોડો ખરીદવો હશે તો પહેલાં એ જોશો કે એનો વેગ કેવો છે, શીઘ્રગતિએ ચાલે છે કે મંદગતિએ ચાલે છે? ત્યાં એનું હૃદય જોવાતું નથી. પણ તમારે એક માણસને તમારી દુકાનમાં રાખવો છે તો તે માણસ કાળો છે માટે ન રાખું અને રૂપાળો છે માટે રાખું એવું જોવાતું નથી. એના સૌંદર્યને નહિ જોતાં એ યુવાન છે કે નહિ તે જોશો. એ રૂપાળો હોય, યુવાન હોય પણ જો અપ્રામાણિક હશે તો તમે તેને નોકરી રાખશો નહિ. પણ એક માણસ ભલે રૂપાળો ન હોય, એની ચામડી કાળી હોય પણ માણસ જો સજ્જન અને પ્રમાણિક હશે તો તેને તમે રાખી લેશો. કારણ કે માનવી બહારની સુંદરતાથી નહિ પણ અંદરની સુંદરતાથી જ પારખી શકાય છે.

આ જ પ્રમાણે ભગવંત કહે છે કે સમકિતના બીજ વાવવાની પવિત્ર ભૂમિકા હોય તો તે માનવનું હૃદય છે. ધર્મ કેવા હૃદયમાં ટકી શકે છે.

"सोही उज्जुय भुयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ ।
निव्वाणं परमं जाइ, घयं सित्तिव्व पावगं ॥"

ધર્મના બીજ કઈ ભૂમિમાં ઉગે છે? જેમ ખેડૂત બીજ વાવવા માટે જાય છે ત્યારે પહેલાં તપાસ કરે છે કે આ ભૂમિ પથ્થરવાળી તો નથી ને? જે ભૂમિને વર્ષો સુધી ખેડવામાં

આવે તો પણ તેમાંથી પથ્થર જ નીકળે તો તે ભૂમિ બીજ વાવવાને યોગ્ય નથી. પણ જે ભૂમિ પથ્થર વિનાની સપાટ છે, પોચી છે, કાળી છે, અને વરસાદનાં પાણી પોતાના પેટાળમાં સમાવી શકે તેવી છે, તેમાં જ બીજ ઉગી શકે છે. તેમ જેનું હૃદય કાળી માટી જેવું હશે, કોમળ અને પવિત્ર હશે તેના જ હૃદયમાં ધર્મનું બીજ ઉગી નીકળશે.

આજે માનવ બહારનાં ચામડાને સુશોભિત કરવા પ્રયત્ન કરે છે. પણ આત્માને કાળો રાખ્યો છે. જ્ઞાની કહે છે તારા કાળા ચામડા નુકશાન નહિ કરે પણ કાળું અંતર હશે તો મોટું નુકશાન કરશે. નેમનાથ પ્રભુનું શરીર શ્યામ હતું. પણ એમનો અંતરાત્મા એવો ઉજળો હતો કે એ કાળી ચામડીને ભેદીને તેમનું રૂપ ચમકી રહ્યું હતું. સાચો કોહીનુર હીરો કાચના કબાટમાં મૂકયો હશે તો પણ એ છાનો નહિ રહે. કાચને ભેદીને પણ તેનો પ્રકાશ બહાર આવે છે. માટે બંધુઓ! તમે જેવા બહારથી રહો તેવા જ અંતરથી રહેજો.

ક્રિયા સરખી જ કરતાં હો પણ જો ભાવના જુદી હશે તો તેનું ફળ જુદું જ હશે. એક ડોકટર એક વ્યક્તિને ઓપરેશન કરે છે. તો શસ્ત્રોદ્વારા તેના શરીરને ચીરી નાંખે છે. અને એક ચોર પણ એક માણસના પેટમાં છરી ભોંકી દે છે. ડોકટરની ભાવના દર્દીને સાજો કરવાની હોય છે. એના દિલમાં કરૂણાભાવ છે. જ્યારે ચોરની ભાવના માણસને મારી ચોરી કરવાની છે. એટલે બંનેનું ફળ પણ જુદું જ મળે છે. જો ઓપરેશન સારું થઈ જાય તો ડોકટરને યશ મળે છે અને ધન પણ મળે છે. જ્યારે ચોરને હાથકડી પડે છે અને જેલની શિક્ષા મળે છે.

કોઈ દયાળુ માણસ પક્ષીઓની દયા ખાતર જુવાર આદિ ધાન્ય નાંખે છે. ત્યારે શિકારી પક્ષીઓને પોતાની જાળમાં ફસાવવા માટે ધાન્ય નાંખે છે. બંનેની ક્રિયામાં સમાનતા છે. પણ હૃદયના ભાવમાં આસમાન અને જમીન જેટલી વિષમતા છે. એટલે દરેક માણસનું હૃદય જુદા પ્રકારનું હોય છે. મહાન પુરૂષોએ ચાર પ્રકારના હૃદય બતાવ્યાં છે. (૧) કૃપણ હૃદય (૨) અનુદાર હૃદય (૩) ઉદાર હૃદય (૪) વિશાળ હૃદય.

(૧) કૃપણ હૃદય:– કૃપણને બીજા શબ્દોમાં આપણે કંજુસ કહીએ છીએ. કંજુસ માણસ પોતે ખાતો નથી અને બીજાને ખાવા દેતો પણ નથી. કાળી મજુરી કરી જે સંપત્તિ ભેગી કરે છે તેનો ઉપભોગ પોતે કરી શકતો નથી અને બીજાને પણ કરવા દેતો નથી. આનું નામ છે કૃપણ હૃદય. આગળના સંતોએ કૃપણને ચાડિયાની ઉપમા આપી છે. ચાડિયો કોને કહેવાય! એ તો તમે જાણો છો ને? ખેતરમાં અનાજની રક્ષા કરવા ખેડૂતો એક પૂતળું ઉભું કરે છે. એક વાંસડા ઉપર કાળું હાંડલું ઉંધું વાળે. વચ્ચે એક ખપાટીયું આડું મૂકીને હાથ જેવો આકાર બનાવી દે. એને માણસ જેવા કપડાં પણ પહેરાવી દે, એટલે એ માણસ જેવું દેખાય, તેને ચાડિયો કહેવાય. પક્ષીઓ ખેતરમાં

અનાજ ખાવા આવે પણ આ પૂતળાને જોઇને સમજે કે માણસ ઉભો છે, તેથી ડરના માર્યા બિચારા પક્ષીઓ દૂર ભાગી જાય છે. અને અનાજનો દાણો ખાઇ શકતાં નથી. તેમ પૂતળું પણ ખાઈ શકતું નથી. કૃપણ માણસો પણ આવા જ હોય છે.

કોઈ વ્યક્તિએ પાણીના માટલામાં શીતળ પાણી ભર્યું છે. તરસથી હોઠ સૂકાઈ રહ્યાં છે. આકુળ વ્યાકુળ થઈ રહ્યો છે પણ પાણી પીતો નથી. તેને તમે કેવો કહેશો ? (સભામાંથી જવાબ :– મૂરખ) તેમ કોઈ માણસ પાસે પૈસા છે પણ પેટે પાટા બાંધે છે. પણ પૈસાને વાપરતો નથી. એને કેવો કહેવો ? (કંજુસ) શરીર પર પ્રેમ રાખનારને મૃત્યુ સમજાવે છે કે તું તારા શરીરને ગમે તેટલું સાચવે પણ એક દિવસ તો એની રાખ થવાની જ છે. તે જ રીતે ધન પર પ્રેમ રાખનાર પ્રત્યે પૃથ્વી હસે છે, કારણ કે એ કહે છે કે હે માનવ! તું ગમે તેટલી લક્ષ્મી લેગી કર પણ આખરે તો એ મારા પેટમાં જ સમાવાની છે.

એક માણસ ખૂબ જ ધનવાન. પણ જેવો ધનવાન તેવો જ કંજુસ. એની કંજુસાઈની તો વાત જ પૂછો મા. દાળ વધે અને તેની સ્ત્રી ફેંકી દે તો ફેંકવા દે નહિ. એ દાળ રાખી મૂકાવે અને સવારે ચાને બદલે વાસી દાળ પી જાય. રસોઈ બનાવે તો ઘી–તેલ વાપરવા ન દે. પાશેર દૂધમાં અડધો શેર પાણી નાંખીને ચા બનાવડાવે. દાળ બનાવે તો શાક નહિ અને શાક બનાવે તો દાળ નહિ બનાવવાની. ભાત બનાવે તો રોટલી નહિ અને રોટલી બનાવે તો ભાત નહિ. આ રીતે ખાવામાં ખૂબ કંજુસાઈ કરે. પોતે ખાય નહિ અને ઘરના માણસોને ખાવા દે નહિ. ઘરમાં જન્મેલા બાળકો પણ ત્રાસી ગયા. પરણીને આવેલી પુત્રવધૂ પણ કૃપણના ત્રાસથી કંટાળી ગઈ. રોજનું થાય એટલે માણસો કંટાળી જાય ને ? હવે આવો ત્રાસ આપે પછી ઘરના માણસો શું કરે ? એ ખાઈ ને દુકાને જાય પછી બધા ભેગા થઈને પાછળથી લસલસતો શીરો હલાવીને ખાઈ લે. એ ડોસો બહાર જાય એટલે ઘરનાં માણસો ખાઇ–પીને દિવાળી કરે. (હસાહસ) બધા ખાય પણ કૃપણ તો કોરો જ રહી જાય છે.

મધમાખી જેમ મધ એકઠું કરે છે, પણ એ મધુરતાનો આનંદ પોતે લઈ શકતી નથી. અને એની પાસે બીજો કોઈ આવે તો તેને પણ ચટકો ભરે છે. એમ લોભી–કૃપણ માણસ ધન એકઠું જ કરી જાણે છે. એનો આનંદ ન તો પોતે લઈ શકે, ન તો બીજાને લેવા દે. આ છે કૃપણ હૃદય.

હવે બીજું છે અનુદાર હૃદય.

અનુદાર હૃદય કૃપણ કરતાં કંઇક જુદું છે. એ પહેલાં કરતાં કંઇક ઠીક છે. પહેલો, (કૃપણ) પોતે ખાતો નથી અને બીજાને ખાવા દેતો પણ નથી, જ્યારે અનુદાર હૃદયવાળો માનવી

પોતે તો હોંશથી ખાય છે. પોતાને માટે તાળા–ચાવી ખુલ્લા છે, પણ બીજાને માટે બંધ છે. પોતે ખાય છે, પણ બીજાને ખવડાવતો નથી. પોતાનું પેટ ભરવું એ જ એનું લક્ષ્ય છે. એને પોતાની જ ચિંતા જ છે. એક પોતાનો પાડોશી ભૂખે પીડાઈ રહ્યો છે, તેના સામું જોવાનું તો દૂર રહ્યું પણ પોતાનો નજીકનો સગો ભાઈ જો ભૂખથી મરતો હશે તો પણ તેને કાંઈ ચિંતા નથી થતી. સાંજ પડી અને પેટે બજારે ફરવા ગયો ત્યાં દુકાને ઉના ઉનાં મરચાંનાં ભજીયા લઈને ખાઈ લીધા. પેંડા ને બરફી લઈને ખાઈ લીધા પણ પછી ભલેને ઘરે બાળકો બિચારા ટળવળતાં હોય. પોતાનું પેટ ભરાયું એટલે બીજાનું પણ ભરાઈ ગયું એમ માને. અરે! કંઈક તો એવા પણ હોય છે કે સંઘના જમણવાર હોય અને કોઈ અજાણ્યો માણસ જમવા આવી ગયો. અબર પડે કે આ આપણા સંઘનો માણસ નથી. તો ભાણા પર બેઠેલાને હાથ પકડીને ઉઠાડી મૂકે. કેમ આવ્યો છું? ચાલ્યો જા અહીંથી! બંધુઓ! તમારા જમણવારમાં એક માણસ વધારાનો જમશે તો કયાં ખૂટી જવાનું છે? હાથીના મોઢામાંથી એક કોળિયો પડી જાય તો હજારો કીડીઓના પેટ ભરાય છે. ખરેખર તો જમણવાર ગરીબોને માટે જ છે. શ્રીમંતો માટે નહિ. સ્વામીવાત્સલ્યમાં આરંભ–સમારંભ થાય છે અને સાથે સાથે કંઈક ગરીબ માણસો ખુશ થાય છે. અને કંઈકને એવી ભાવના થાય છે કે અહો! હું આ બધાનું ખાઉં છું. આવી રીતે મારા સ્વધર્મી બંધુઓની બેંઠ મારા આંગણે કયારે પડશે! ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં ચોથા બોલમાં ભગવંતને પ્રશ્ન પૂછયો કે હે પ્રભુ!....

"गुरु साहम्मिय सुस्सू–सणाए णं भंते जीवे किं जणयइ? गुरुसाहम्मिय सुस्सुसणाएणं विणयपडिवत्तिं जणयइ। विणय पडिवन्ने य णं जीवे अणच्चासायणु सीले नेरइय–तिरिक्ख जोणिय मणुस्स देवदुग्गइओ निरुम्भइ। वण्ण–संजलण–भत्ति बहु माणुयाओ मणुस्स देवग्गइओ निबन्धइ, सिद्धिं सोग्गइं च विसोहेइ। पसत्थाइं च णं विणयमूलाइं सव्वकज्जाइं साहेइ। अन्ने य बहवे जीवे विणिइत्ता भवई।"

હે ભગવંત! ગુરૂ અને સ્વધર્મી બંધુઓની સેવા કરવાથી જીવને શું લાભ થાય? ભગવંત કહે છે કે શિષ્ય! ગુરૂ અને સ્વધર્મીની સેવા કરવાથી વિનયની પ્રાપ્તિ થાય છે. વિનયની પ્રાપ્તિ થવાથી, અશાતનાનો ત્યાગ થવાથી જીવ નરક–તિર્યંચ, મનુષ્ય અને દેવ સંબંધી દુર્ગતિને રોકી દે છે. તથા શ્લાઘા, ગુણોનો પ્રકાશ, ભક્તિ અને બહુમાન ને પ્રાપ્ત કરે છે. મનુષ્ય અને દેવ સંબંધી સુગતિને બાંધે છે. સિદ્ધિ રૂપ સુગતિને વિશુદ્ધ કરે છે. તેમજ વિનયમૂલક સર્વ પ્રકારના પ્રશસ્ત કાર્યોને સાધી લે છે. અને બીજા ઘણાં જીવોને વિનયમાર્ગમાં જોડે છે.

ગુરૂ અને સ્વધર્મી બંધુની સેવા કરવામાં આટલો બધો લાભ છે. તમે ગુરૂની સેવા તો બરાબર કરો છો. ગુરૂ આંગણે પધારે ત્યારે વહોરાવવામાં પાછાં પડતા નથી. પણ

સ્વધર્મીને કોઈ દિવસ આંગણું બતાવો છો? હા, તમે સ્વધર્મીને માટે રસોડા બોલો છો, પણ તમારું બારણું બતાવતા નથી. તમારા અહોભાગ્ય હોય તો તમારે ઘેર સ્વધર્મીના પગલાં થાય. એ કંઈ રખડતો નથી આવ્યો. કેટલો વ્યવસાય છોડીને, ભાડા ખર્ચીને, સંતોના દર્શને આવે છે. એ તમારે ઘેર બે ટંક જમી જશે તો કેટલો લાભ થશે? આજે તમારો જમાઈ કે વેવાઈ આવે ત્યારે ગુલાબજાંબુ, રસગુલ્લાં બજારમાંથી મંગાવો અને ચા-પાણી નાસ્તા ઉડાવો છો. આટલું મહત્ત્વ સ્વધર્મી-ભાઈનું સમજાય છે? વેવાઈને જમાડવા જાતે ઉભા રહો પણ જો સ્વધર્મી આવે તો નોકરને કહી દે કે આને જમાડી દેજે. શાલીભદ્રને ઘેર શ્રેણીક મહારાજા આવ્યાં. ભદ્રા માતા કહે છે બેટા શાલીભદ્ર! નીચે ઉતર. આપણે ઘેર શ્રેણીક મહારાજા આવ્યાં છે. શાલીભદ્ર કહે માતાજી! એનાં મલ્ય ચૂકવી દો અને શ્રેણીકને વખારે નાંખી દો. માતા કહે છે દિકરા! આ કંઈ હળદળ-મરચાં કે કરીયાણું નથી. આ તો આપણા નાથ-આપણાં મહારાજા છે. હેં! મારે માથે ધણી છે? શ્રેણીક રાજા પાસે શાલીભદ્ર આવ્યાં, એને રાજા કોણ? એ પણ ખબર ન હતી. શ્રેણીક રાજાના નિમિત્તે શાલીભદ્ર વૈરાગ્ય પામી ગયાં.

કોઇ સ્વધર્મી તમારે ઘેર આવી ગયો. તમે પ્રેમપૂર્વક જમાડ્યો. તેને ઘેર કોઈ વખત તમે જશો ત્યારે એનું હૈયું નાચી ઊઠશે. ઘણી વખત શ્રાવકો અમારી પાસે આવીને કહે કે મહાસતીજી! અમે ફલાણે ગામ દર્શન કરવા ગયા હતાં. શું એ શ્રાવકોની ભાવના! શું એમની ભક્તિ! પેટ ભરીને વખાણ કરે ત્યારે અમે તેમને કહીએ, ભાઇ! તમે જઈ આવ્યા પણ એમનું કંઈ અનુકરણ કર્યું કે એમના ભક્તિભાવ જોઇને જ રહી ગયા? વિચાર તો કરો. તમને ઘીમાં ઝબોળેલી રોટલી ખાવા જોઇએ છે અને બારણે ભિખારી આવે તો લુખી રોટલી આપવાની. તમને આયંબીલની રોટલી ગળે ઉતરતી નથી, તો એને કેમ ખવાશે? તમે લેતાં જ શીખ્યા છો પણ દેતાં શીખ્યાં જ નથી.

લેવું ખરું પણ દેવું નહિ એ તો પશુની વૃત્તિ છે. કૂતરાને કોઇએ રોટલાનું બટકું નાંખ્યું તો તે પોતે એકલો જ ખાઈ લેશે, એના જાતિભાઈને આપશે નહિ. સામે બીજા કૂતરાને જોઈને ઘુરકશે. એક સાથે બીજે દશ ગાયો બાંધેલી છે. એકને ચારો મળ્યો એટલે ખાવા લાગશે. પછી એ ગાય કે ભેંસ એ નહિ જુવે કે મારી બહેનોને ચારો મળ્યો કે નહિ! તમે ૧૫ માણસો સાથે જમવા બેઠા હો. તે વખતે હજુ બધાના ભાણામાં ભોજન પીરસાણું નથી. અને કોઇ માણસ એકલો જ જમવા માંડે તો તમે તેને કહી દેશો કે આ તો તદ્દન અસભ્ય છે. પણ સમાજમાં કંઈક માણસો ગરીબ છે. એને જમાડ્યા પહેલાં તમે જમી લેતા હો તો તમને કેવા કહેવા! (હસાહસ).

અરે! બહારગામ જતા હો ને માડી જાયો વીરો પૂછે કે મોટાભાઈ કયાં જાવ છો? તો જતા હો અમદાવાદ અને પેલાને કહો કે વાંકાનેર જાઉં છું. કારણ? બંનેનો બીઝનેસ

એક જાતનો છે. માલના ભાવ ચઢવાના છે તેની ખાનગી ખબર પડી ગઈ એટલે જઈ રહ્યો છે. પેલો ભાઈ જાણી ન જાય માટે ખાનગી રાખે છે. અહો! જે પોતાના સગાભાઈ માટે ઉદારતા કરતો નથી તે બીજા માટે શું કરી શકવાનો છે! શેઠિયાઓ ખાઇ–પીને પલંગ પર સૂવે છે. પેટ ઉપર હાથ ફેરવે છે. અને બાજુમાં રહેલો પાડોશી ભૂખે ટળવળે છે.

ખાઈ પીને પેટ પૂરણ ભર્યું, કોઈ ભૂખ્યાની સંભાળ નવ લીધી,
એવા ખાવા માંહી તને ધુળ પડી.....ખાઈ પીને.....

તમે તમારું પેટ ભરો છો, પણ બીજાને ભૂલી જાવ છો. પોતાનું પેટ તો પશુ પણ ભરે છે. એમાં કોઇ વિશેષતા નથી. તમને મળ્યું છે તો ઉદાર બનો. તમે કોઇને સુખે ખાવા *નહિ દો તો તમે પણ પરભવમાં* ખાઈ શકશો નહિ. મુમ્મણ શેઠ કેટલો ધનવાન હતો, પણ એને તેલ ને ચોળા સિવાય કાંઈ સદતું જ ન હતું. એનું કારણ શું હશે? એ તમે જાણો છો? પૂર્વ ભવમાં એણે શું કર્યું હતું?

ગત જન્મમાં એ જૈન હતો. એક વખત તેને ઘેર પીરસણામાં ચાર કેશરીયા લાડુ આવ્યા. હજુ થાળીમાં જ પડયાં છે, ત્યાં જૈન મુનિ ગૌચરી આવ્યા. સંતને જોઇને એના હૃદયમાં ભાવનાની એવી ઉર્મિ ઉછળી–અને હાથ જોડીને કહે છે પધારો ગુરૂદેવ! શ્રાવકના ભાવ જોઈ સંત પાત્ર ધરે છે. આ ચારેય લાડવા વહોરાવવા જાય છે, ત્યારે સંત કહે છે ભાઈ અડધો વહોરાવ. સંત ના...ના... કરતાં રહયાં અને આણે તો ચારેય લાડુ પાત્રમાં નાખી દીધા. લાડવા વહોરાવતાં એવા ઉત્કૃષ્ટ ભાવ આવી ગયા કે ત્યાં તેણે જબ્બર પુણ્ય બાંધી દીધું. સંત વહોરીને ગયા પછી એવું બન્યું કે થાળીમાં લાડવાની બે ત્રણ કણીઓ રહી ગઈ તે આણે ચાખી. એ કણીમાં તેને એવો સ્વાદ લાગ્યો કે ત્યાં તો એને થયું કે સંત તો બિચારા લેતા જ નહોતા. એ તો અડધો જ લાડવો લેતા હતા, પણ મેં ચાર લાડવા વહોરાવી દીધા મોટી ભૂલ કરી. આવા લાડુ ફરીને કયાં મળશે? ...એને તો ખૂબ ઉત્પાત થયો. એટલે એ તો આવ્યો ઉપાશ્રયે. હવે સંતના ખાવામાં ને તમારા ખાવામાં ફેર છે. તમારે ઘેર લાડવો આવે અને એની સુગંધ જોઈને ખાવાનું મન થઈ જાય તો તમે ત્યાં ને ત્યાં ઉભા ઉભા ખાવા માંડો. સાધુથી એવી રીતે ન ખવાય. ઉભા ઉભા કોણ ખાય? ખબર છે ને? ઢોર ખાય. લારીમાંથી ઉના ઉના ખમણ લઇને હાલતાં હાલતાં તમે ખાવા લાગ્યા. હાલતાં હાલતાં કોણ ખાય? બોલોને! કેમ બોલતા નથી? કૂતરા. (હસાહસ). તમે નહિ કહો–પણ મારા રાજકોટના શ્રાવકો એવા ન હોય. શ્રાવક તો નીચે બેસીને વ્યવસ્થિત રીતે જમે. જમ્યા પછી પણ વારંવાર મોઢામાં નાંખે નહિ. જમીને બે કલાક ત્રણ કલાકનો ચૌવિહાર કરી દે. જો આવી કોઈ આદત હશે તો કોઇ વખત કામ થઈ જશે. એકદમ ઘણાંને હાર્ટફેલ થઇ જાય છે. બેઠેલો ગબડી પડે છે. જો પચ્ચખાણ હશે તો એનું કામ કાઢી જશે.

આ સંત ગૌચરી કરીને આવ્યા છે. પાતરા ઢાંકીને મૂક્યા છે. ઇરિયાવહી પડિક્કમી પોતાના ગુરૂ સમીપે આલોચના કરે છે. પોતે કયાં કયાં ગૌચરી ગયા–કોને ત્યાંથી શું વ્હોરી લાવ્યા તે ગુરૂને કહે છે. ત્યાં પેલો મુમ્મણ શેઠ પહોંચી ગયો. હજુ આહાર કરવા બેઠાં નથી. ઢાંકેલા પાતરામાંથી બે લાડુ ઉપાડી લીધા અને કૂતરૂં ભાગે તેમ ભાગી ગયા. સંતે જોયું...અહો! આ તો વહોરાવેલા લાડુ ઉપાડી ગયો. પોતાના પાતરામાંથી લાડુ ઓછા થઈ ગયા તેનો અફસોસ નથી. પણ સંતના પાત્રમાં આવેલું ભોજન ગૃહસ્થીને અપાય નહિ અને લઈ ગયો તેનું દુઃખ થયું. તેની પાસેથી પાછું પણ લેવાય નહિ. આનું પરિણામ એ આવ્યું કે તેણે ઉત્કૃષ્ટ ભાવે લાડવા વહોરાવ્યા તેથી પુણ્ય બાંધ્યું અને મુમ્મણ શેઠ બન્યો. કોડોની સંપત્તિ પ્રાપ્ત કરી, પણ પોતે તેલ અને ચોળા સિવાય કાંઇ ખાઇ શકતો જ નથી.

અમે મુંબઈ હતાં ત્યારે કોટમાં ગયેલા. કોટમાં આપણો ઉપાશ્રય તો બજારગેટમાં છે. લોકાગચ્છનો ઉપાશ્રય મેઈન રોડ પર છે. સામે જ બસ સ્ટોપ છે. સાંજે ઓફીસો છૂટે એટલે બસસ્ટોપે માણસની મોટી લાઈનો થાય. અમે ગૌચરી જઇને આવીએ, આહાર પાણી પતી જાય તો પણ કંઈકના નંબર લાગે નહિ. બિચારા ઉભા જ હોય. ત્યારે બીજી તરફ દૃષ્ટિ કરીએ તો ગાડીઓમાં બેસીને કંઈક માણસો પૂરવેગે દોડી રહ્યાં હોય. કંઈકની ગાડીમાં કૂતરાને બેસાડયો હોય. એ કૂતરાનું નામ ટપુ. એના ગળે સોનાનો પટો પહેરાવ્યો હોય. એને સૂવા માટે ગાદી–મચ્છરદાની બધું જ હોય. એ માંદો થાય ત્યારે ડોકટર બોલાવાતો હોય છે. એને ખાવા માટે પાઉં ને બીસ્કીટ મળે છે. આ લીલા જોઇને વિચાર આવે કે આમ કેમ હશે? માણસને બેસવા ગાડી નહિ, કંઈક બિચારા ફૂટપાથ પર પડી રહે છે. કંઈકને ખાવા માટે રોટીના સાંસા છે. શરીર ઢાંકવા માટે ફાટયાં–તૂટયાં વસ્ત્રો પણ નથી અને આ કૂતરાને આટલું બધું સુખ! બીજી જ ક્ષણે મને વિચાર થયો કે આ કૂતરો ગત જન્મમાં ધનવાન હશે. એણે કંઈક તો કર્યું જ છે. નહિ તો એને આવું સુખ કયાંથી મળે! પૂર્વે એ ધનવાન હતો. હવે જેની પાસે ધન હોય તેને ઘેર સૌ આવે. કૂવામાં પાણી હોય તો હવાડામાં આવે ને! કોઈ સંસ્થાનો ફાળો કરવાનો થાય એટલે શેઠિયા એને ત્યાં જાય. પેલાંને આવતાં જોવે ત્યાં ધૂંવાપૂંવા થઈ જાય. જ્યાં આવીને ઉભા રહે ત્યાં તો પહેલાં સારી પેઠે ઘૂરકાવે હોં....તમારે માટે ચામડા નીચોવીને કમાયા છીએ? આવા તો કંઈક હાલ્યા આવશે! પેલા લોકો એની આદત જાણતા હોય, એટલે બહાર જઇને બેઠા. થોડીવારે મગજ શાંત થયું, એટલે પેલા લોકોને કહે, કેમ આવ્યા છો? આવ્યા તો આવો. પછી પેલા લોકો કહે કે ભાઈ! ફલાણી સંસ્થા માટે આટલી જરૂર છે. તમારી ઇચ્છા હોય તો આપો. લો ત્યારે આવ્યા છો તો લઈ જાવ. પોતાની ઇચ્છા પ્રમાણે દોઢ–બે હજાર રૂપિયા દીધા. આપ્યા તો ખરા. આપ્યા તેનું પુણ્ય મળ્યું. પણ એને આપ્યા કેવી રીતે? આપતાં પહેલાં ખૂબ ભસ્યો એટલે એનો અવતાર જ્યાં ભસવાનું હોય ત્યાં

થયો. માટે મારા બંધુઓ! તમારી પાસે સંઘના સેવકો આશાભેર આવે તો તમારી જે ઈચ્છા હોય તે આપને પણ પેલાની માફક ભસશો નહિ. ભસીને દેશો તો ક્યાં જવું પડશે! હવે સમજી ગયા ને! (હસાહસ). તમે લેતા શીખ્યાં છો તેમ દેતાં પણ શીખજો.

વાદળાં સમુદ્રમાંથી પાણી લે છે. પણ જો પૃથ્વીને ન આપે તો પ્રાણીઓની શી દશા થાય! માટે તમે પોતે સુખી છો તો બીજાને તમારા જેવા બનાવો. ભોજરાજા એક વખત ઘોડા પર બેસીને ઉદ્યાનમાં જઈ રહ્યા હતા. તે વખતે અનાજના ગાડા ઉભા હોય ત્યાં તેણે એક ગરીબ માણસને અનાજના કણ વીણીને ખાતો જોયો. ત્યારે રાજા ભોજ વિચાર કરે છે: અહો! હું આવો મોટો સમ્રાટ અને મારી નગરીની પ્રજામાં - આટલી બધી ગરીબાઈ! બહારની પ્રજા જાણે તો આબરૂ જાય ને! કે ભોજરાજાના રાજ્યમાં માણસો ભોંય પડેલા કણ વીણીને ખાય છે! આ જોઇને ભોજરાજાના મુખમાંથી શબ્દો સરી પડયા.

"जननी एसो ना जन भोंय पड्यो कण खाय।"

હે માતા! તારે એવું શું પડયું રહેતું હતું કે ભોંય પડેલા કણ વીણીને ખાય એવા લાલને તેં પેદા કર્યો? જેને પેટ ભરવા માટે ભોંય પડેલા કણ ખાવા પડે છે! આ શબ્દો પેલા ભિક્ષુકના કાને પડયા. આજે દરેકને સ્વમાન વહાલું હોય છે. અહો! મદમાં ઉન્મત્ત થયેલો રાજા ગરીબો ઉપર કટાક્ષ કરી રહ્યો. છે. પણ વૈભવ ને વિલાસમાં વસતા એને કયાંથી ખબર પડે કે પેટની પીડા કેવી હોય! મારા પેટની આગ બૂઝવવા ભોંય પડેલા કણ ખાઈ રહ્યો છું તે એને ગમતું નથી. સાથે સાથે મારી જનનીને પણ વગોવે છે. મારે પણ એનો બરાબર જવાબ આપવો જ જોઇએ. એટલે તેણે રાજાને જવાબ આપ્યો.

"छते येागे दुःख ना हरे एसो ना जनीये मात।"

હે માતા! એવા પુત્રને તું પેદા ન કરતી કે જેની પાસે સંપત્તિ હોવા છતાં પણ ગરીબના દુઃખ દૂર કરતો નથી. સંપત્તિ સમાજના કામમાં ન આવે તો એની ધૂળથી વધુ કિંમત નથી. કારણ કે ધૂળ તો અમીર અને ગરીબ સૌને માટે છે. શક્તિ હોવા છતાં વ્યક્તિને મદદ ન કરીએ તો એ સંપત્તિ શા કામની? જેનો રાજા આટલો સમૃદ્ધ હોય તેની પ્રજા ભૂખે મરે, પ્રજાની ખબર ન લે તે રાજા શા કામનો? રાજા તરત જ ઘોડેથી ઉતરી ગરીબને આશ્વાસન આપે છે. અને ન્યાલ કરી દે છે. પોતાને સમજાઈ ગયું કે આ ભૂલ મારી જ છે. મારી પ્રજાની ખબર મેં ન લીધી ત્યારે આને ભોંય પડેલા કણ વીણીને ખાવા પડયા ને! તમારી પાસે સંપત્તિ હોય અને મોજ મઝા ઉડાવતા હો, પણ પાડોશીના ભૂખ્યા ટળવળતા બાળકોની ખબર ન લેતા હો તો તમે પણ અનુદાર હૃદયનાં જ છો.

હવે ત્રીજું છે ઉદાર હૃદય:—

કૃપણ હૃદય અને અનુદાર હૃદય એ બંનેથી ઉદાર હૃદય શ્રેષ્ઠ છે. પોતે ખાય છે અને બીજાને પણ ખવડાવે છે. એ પોતાના પેટની સાથે બીજાના પેટની ચિંતા કરે છે. ગાય ઘાસ ચરે પણ એ ઉપર ઉપરથી ખાય છે અને બાકીનું બીજા માટે રાખે છે. અને ગધ્ધો તો એને જડમૂળથી જ ઉખેડીને ખાઈ જાય છે. કારણ કે એને બીજા માટે થોડું પણ રાખવાની આદત જ નથી. તમારે આ બેમાંથી શું બનવું છે? એનો વિચાર તમે જ કરી લેજો. સિંહ પણ અડધો શિકાર ખાય છે અને અડધો પડતો મૂકે છે. અને હાથી પોતાની સૂંઢ વડે ચારો ખાય છે. તે ચારે બાજુ વિખેરતો વિખેરતો ખાય છે. એ આપણને સમજાવે છે કે હું વેરતો વેરતો જાઉં છું તો તેમાંથી બિચારા બકરા–ગાયનું પેટ ભરાશે. આ પશુ પણ પોતાની સાથે બીજાનું પેટ ભરવાનું સમજે છે, પણ એક માનવસમાજ જ એવો છે કે એ પોતાનું પેટ ભરવાનું સમજે છે.

ઈન્દોરમાં હુકમીચંદ શેઠ થઈ ગયા. એમની પાસે ખૂબ લક્ષ્મી હતી. લોકો એવું અનુમાન કરતાં હતાં કે શેઠ પાસે ઓછામાં ઓછી દશ કોડની લક્ષ્મી તો હશે જ. એટલે એક માણસ શેઠ પાસે આવીને પૂછે છે, શેઠજી ! આપની પાસે કેટલી લક્ષ્મી છે? શેઠ નમ્રતાપૂર્વક કહે છે ભાઈ! મારી પાસે બહુ જ અલ્પ લક્ષ્મી છે. મારી પાસે ફક્ત સાડી સત્તાવીશ લાખની જ સંપત્તિ છે. પૂછવા આવનાર કહે છે શેઠજી ! આપ આમ ખોટું શા માટે બોલો છો ! મારે તમારી મિલ્કતમાંથી એક પાઈ પણ જોઈતી નથી. આપનો રહેવાનો એક શીશમહેલ જ પચાસ લાખ રૂપિયાનો હશે. બીજા મિલ, મકાનો વિગેરે તો જુદા. અને તમે કહો છો કે મારી પાસે તો રબ્બા લાખની જ મિલ્કત છે. એ કેમ વિશ્વાસ બેસે? ત્યારે શેઠ કહે છે ભાઈ! તમે મારો આશય સમજ્યા નથી. હજુ સુધી ગરીબોની સહાયમાં, સમાજની સેવામાં મારા હાથથી સાડી સત્તાવીશ લાખ રૂપિયા જ અપાયા છે અને એ જ મારી સાચી મૂડી છે. આ છે ઉદાર હૃદયની આરસી. આજે આવું કહેનારા અને કરનારા બહુ જ ઓછા છે.

સરોવરના પાણી જ્યારે સૂકાઈ જાય છે ત્યારે હંસો ત્યાંથી બીજા સરોવરમાં ચાલ્યા જાય છે. પંખીઓ બીજું રહેઠાણ શોધી લે છે. પણ સરોવરમાં રહેતી માછલીઓ બિચારી કયાં જશે? એ તો ત્યાં જ તરફડીને મરી જાય છે. તેમ અહીં આ સંતો હંસ સમાન છે. સંઘ રૂપી સરોવરનું સ્નેહજળ સૂકાતું જોશે તો અન્યક્ષેત્રોમાં ચાલ્યા જશે. પણ સમાજમાં રહેલાં અનાથ બાળકો, વિધવા માતાઓ, એ સંઘ રૂપી સરોવરની માછલીઓ છે. એમના દુઃખની કહાણી તમે સાંભળજો. એમના આંસુ લૂછજો. તો જ તમે સાચા ઉદાર છો.

આજે તો એવી પરિસ્થિતિ ઉભી થઈ છે કે જ્યાં જોઈએ ત્યાં ગરીબની હાય સાંભળનારા બહુ ઓછા છે. ધનવાનોની લાગવગ હોય ત્યાં કામ થાય. જ્યાં ને ત્યાં લાંચ રૂશ્વત લેતા થઈ ગયા છે. એક વિદ્યાર્થીને કોલેજમાં દાખલ કરવો હોય, માર્ક થોડા ઓછા મળ્યા હોય

અને સારી કૉલેજમાં દાખલ કરવો હોય તો કામ થઈ જાય. એક પેશન્ટને દવાખાનામાં દાખલ કરવો છે. ડૉકટરે ૨૧ મી તારીખ ઑપરેશન માટે આપી છે. પણ દર્દીને તાકીદે ઑપરેશન કરવાની જરૂર છે. તો ત્યાં લાંચ આપે તો કામ થાય. ગાડીમાં ટિકિટ માટે પણ લાંચ. બેસવાની સીટ મેળવવા માટે પણ લાંચ. જ્યાં જોઈએ ત્યાં લાંચ લાંચ ને લાંચ. એ સિવાય વાત જ નહિ. બિચારા ગરીબને તો કયાંય ઉભા રહેવાનું સ્થાન જ નહિ. તમે શ્રાવક થઈને ગરીબને છેતરતાં હો તો સાચા શ્રાવક નથી. પહેલાં વિશ્વાસ આપીને નીચેથી પાટિયું ખેંચી લેતા હો તો પછી ગરીબના ગળામાં છરી ફેરવવામાં શું બાકી રહ્યું! ભગવાનના સાચા શ્રાવકો ઉદાર હોય. ભલે પાસે ધન ન હોય, પણ તમારામાં ખાનદાની તો હોવી જ જોઈએ. ગરીબાઈમાં પણ માણસ કેવી ખાનદાની બતાવે છે!

એક ગામડામાં એક વણિક વસતો હતો. કર્મોદયથી બિચારો ગરીબ છે. એનું નામ રામજી છે. એના બાપના વખતમાં સારું હતું. પણ પછી ખાલી થઈ ગયેલ. પૈસા ધીરનારાઓએ એનો તિરસ્કાર કર્યો એટલે બિચારો ગામડામાં જઈને રહેલો. તે મોટા ગામમાંથી ૨૦ થી ૨૫ રૂ.નો માલ ખરીદી લાવે અને માથે કોથળો મૂકી ગામડામાં ફેરી કરી પોતાનું ગુજરાન નભાવે આ એની સ્થિતિ હતી. એણે ઘરમાં જે હતું તે બધું જ વેચીને બાપનું દેવું ચૂકવ્યું હતું. એવી એનામાં ખાનદાની હતી. હવે તે રોકડેથી જ કામ પતાવતો અને એક પાઈનું પણ દેણું કરતો નહિ. કોઈના ઘેર વિના પ્રયોજને જતો પણ નહિ. કોઈના ઘરનું અન્ન પણ ખાતો નહિ. એ સમજતો હતો કે આજે દુનિયા પૈસાની સગી છે.

એક વખત એવું બન્યું કે રામજી ગામમાં માલ ખરીદવા ગયો છે. ગામમાં સગાનાં ઘણાં ઘર છે. એક સગાને ઘેર દિકરીના લગ્ન છે. આ રામજીને ગામમાં આવેલો જોઈ ગયા, એટલે કહે છે ભાઇ! આપણે ઘેર લગ્ન હોય ને તું આવેલો ચાલ્યો જાય તે સારું ન લાગે. માટે આજે જમીને જ જવાનું છે. સગાએ ખૂબ આગ્રહ કર્યો. રામજી કહે છે કાકા! હું કોઈના ઘેર જમતો જ નથી. મને જવા દો. પણ સગાં સમજતાં નથી. ખૂબ જ આગ્રહ કરીને કહેવા લાગ્યાં કે અમે રોજ થોડા કહેવા આવીએ છીએ! આજે પ્રસંગ છે અને આમ ઠેલીને જાય તે સારું ન કહેવાય.

રામજી સમજ્યો કે ઠીક, આ કાકા તો ખૂબ ચતુર છે. આગ્રહ આમ કરે તેવા નથી. પણ આજે જમવા માટે આટલો બધો આગ્રહ કેમ કરતા હશે? જે માણસ કૂતરાને બટકું રોટલો નાખે તેવો નથી તે આટલો આગ્રહ કરે છે તો રોકાઈ જાઉં. કાકાનો ખૂબ જ આગ્રહ થવાથી રામજી રોકાઈ ગયો. સગાસંબંધીઓને જમાડતાં મોડું થઈ ગયું. અંધારું થઈ ગયું. ગામડામાં જવાનો રસ્તો વિકટ હતો. અંધારી રાત હતી. અને લૂંટારાની ખૂબ બીક હતી. એટલે બધાં સગા–સંબંધી કહે છે રામજી! રાત પડી છે, મોડું થઈ જશે

માટે તું રોકાઈ જા. સવારે જજે. રામજી ના પાડે છે પણ બધાએ ખૂબ કહ્યું એટલે રામજી રોકાઈ ગયો.

રામજી મહેમાનોની સાથે સૂતો છે પણ તેને ઉંઘ આવતી નથી. પોતે કયાંય રાત રોકાતો નથી. આજે રોકાઈ ગયો છે. એની સ્ત્રી ને બાળકો એની રાહ જોતાં હશે એની ચિંતા થઈ. પરોઢિયે ચાર વાગ્યે રામજી ઉઠીને પોતાનો કોથળો લઈને રવાના થઇ ગયો. અહીંઆ શેઠનો જમાઈ આવેલો છે. સવારમાં ઉઠયો ત્યાં એનું મોં ઉદાસ થઈ ગયું છે. આ જોઈ સસરાજી પૂછે છે, જમાઈરાજ ! તમે ઉદાસ કેમ છો ? કોઈ એ તમારૂં અપમાન કર્યું છે ? જમાઈ કહે છે ના....ના...કંઈ નહિ. પણ સસરાજી એમ વાત છોડી દે તેવા ન હતાં. ખૂબ પૂછ્યું. જમાઈ સસરાની આદત જાણતાં હતાં. એ સમજતો હતો કે જો હું કહીશ તો નિર્દોષ–ગરીબ માર્યો જશે. જમાઈ ખાનદાન હતો. કોઇને માથે આળ ચઢાવવા માંગતો ન હતો. પણ અંતે સસરાની પાસે લાચાર બનીને કહેવું પડયું કે મારી ડોકમાં સોનાનો ચેન હતો તે નથી.

આ તરફ રામજી ઘેર ગયો. એનાં બાળકો એને વળગી પડયાં. બાપા ! તમે કાલે ઘેર કેમ ન આવ્યાં ? અમને બહુ જ ચિંતા થતી હતી. અમે તો આંખું પણ નહિ. તમારી રાહ જોઇ ને બેસી રહયા હતાં. રામજીએ કહ્યું, આપણા ફલાણા કાકાને ત્યાં લગ્ન હતાં, મારે જવું ન હતું, પણ ખૂબ આગ્રહ કર્યો એટલે જવું પડયું અને સાંજના મોડું થઈ ગયું એટલે રાત્રે ત્યાં રોકાઇ ગયો. એ ગરીબ મનમાં કાકાના એટલાં વખાણ કરે છે કે કાકાએ મને ખૂબ પ્રેમથી જમાડયો.

હવે આ તરફ જમાઇના કહેવાથી કાકા તો એવા વિફર્યા કે વાત પૂછો મા. પેલો રામજી સૂતો હતો ત્યારથી જ મારા મનમાં હતું કે આ કંઈ લઇ ન જાય તો સારૂં. એ તો ચોર છે. એણે આખું એનું જ ખોદ્યું. એટલો પણ વિચાર ન કર્યો. જમાઇ કહે છે બાપુજી ! એ તો બિચારો બહુ ભોળો માણસ છે. એ મારી સાથે જ સૂતો હતો. રાત્રે અમે સુતા ત્યાં સુધી તો એણે મારા પગ દબાવ્યાં છે. એ ગરીબ માણસ નિર્દોષ છે. એના ઉપર ખોટું આળ ન ચઢાવો. અરે ! જમાઇરાજ ! તમે શું સમજો ! એ ગરીબ તો ગોલા. એનાં બધાં કારસ્તાન હું જાણું છું. પહેલેથી જ એ એવો છે.

બિચારા નિર્દોષ રામજી ઉપર ચોરીનું આળ ચઢયું. ગરીબાઈ એ શંકાનું પ્રથમ પગથિયું છે. શાહુકાર માણસ ચોરી કરે કે ખૂન કરે એના સામે કોઈ આંગળી ચીંધતું નથી પણ ગરીબ તો બિચારા નિર્દોષ માર્યા જાય. આ શેઠને પૈસાની મગરૂરી છે. બસ, બતાવી દઉં એ રામલાને....મારા જમાઈનું ચેન ચોરી ગયો, એ તો ઘોડા પર બેસીને જવા તૈયાર થયો. જમાઈ ઘણી ના પાડે છે, પણ સસરા માન્યા નહિ. એ તો આવ્યા રામજીને ઘેર. રામજી તો ગામડામાં ફેરી કરવા નીકળી ગયો હતો.

આંગણામાં આવીને શેઠ ઉભા રહી રોફથી બોલ્યા : કોણ છે ઘરમાં? રામજીના છોકરાઓ આંગણામાં રમતાં હતાં. એમણે આ શેઠને પોતાને ઘેર આવેલા જોઈ બાળકો બોલવાં લાગ્યાં. કાકા આવ્યા, કાકા આવ્યા. કાકા, તમે બેસો, હું ઘોડાને ગમાણે બાંધી દઉં. તમે પાણી પીવો ત્યાં મારા બાપુજી ગામમાં ગયા છે ત્યાંથી બોલાવી લાવું છું. નિર્દોષ બાળક હર્ષભેર કાકાને કહી રહ્યો છે. પણ કાકાને ક્રોધનો પાર નથી. મારે તારું પાણી પીવું નથી. એ હરામખોર રામજી કયાં ગયો? આ શેઠનો ગુસ્સો જોઈ છોકરો રડવા જેવો થઈ ગયો. છોકરો દોડતો બાપને બોલાવી લાવ્યો. રામજીએ જોયું તો એના કાકા છે. અહો કાકા! તમે આવ્યા! પધારો, પધારો! ગરીબની ઝુંપડી પાવન કરો. એમ કહેતો કાકાને ભેટી પડ્યો, પણ ગુસ્સે થયેલા કાકાએ રામજીને ધક્કો મારી હડસેલી મૂકયો. રામજી સમજી ગયો કે આ શેઠ ગુસ્સે થયા છે માટે કંઈક કારણ હશે. મારા ઉપર આળ તો નહિ ચઢયું હોય ને!

આટલું કરવા છતાં ગરીબ રામજી બધું જ સહન કરીને બોલ્યો–કાકા! આજે મારાં અહોભાગ્ય! આપના પુનિત પગલા થવાથી મારે ઘેર સોનાનો સૂર્ય ઉગ્યો. શેઠ કહે છે ઉગે જ ને! પારકો માલ ચોરી લાવે પછી સોનું જ દેખાય ને! રામજી સમજી ગયો કે મારે માથે ચોરીનું આળ આવ્યું છે. પણ સહનશીલ રામજીએ શેઠના પગમાં પડીને કહ્યું : કાકા! હું તમારું ચોરી લાવ્યો છું. મારી ભૂલ થઈ ગઈ છે. હું ગરીબ છું. મારા છોકરાં ભૂખે મરતા હતાં, એટલે દાનત બગડી ને ચોરી કરવાની ભૂલ થઈ ગઈ. હું તમારું બધું જ આપી દઈશ. પણ મારે ઘેર આવો. જમ્યા સિવાય જવા નહિ દઉં.

આ શેઠને શાંતિ થઈ કે એ પોતાની ભૂલ કબૂલ કરે છે એટલે આપી દેશે. રામજી એની પત્નીને કહે છે, આજે તો આપણા ઘેર કાકા આવ્યા છે. માટે દાળ–ભાત ને કંસાર બનાવ. સ્ત્રી કહે–ઘરમાં ઘી નથી. અરે! તેલનો પણ કંસાર બને તેમ નથી. કયાંથી બનાવું! ગમે તેમ કર પણ કાકાને આજે જમાડવા છે એ વાત સાચી છે. પત્ની પણ સારી હતી. ઘરમાં બીજું કાંઈ ન હતું. એના કાનમાં એક સોનાનું લોળિયું હતું તે કાઢીને પતિના હાથમાં આપીને કહ્યું. આને વેચીને ઘી લઈ આવો. હું કંસાર બનાવી દઉં છું. ગરીબ માણસ લોળિયું વેચીને જે પૈસા મળ્યા તેમાંથી ઘી લાવી કંસાર બનાવી શેઠને જમાડ્યા. એટલે કંઈક શાંત થયા. રામજી પૂછે છે કાકા! તમારો જે દાગીનો ખોવાયો છે તેની કિંમત કેટલી હતી? શેઠ કહે છે લગભગ બસો રૂપિયા હશે.

ઠીક, કાકા તમે સૂઈ જાવ. હું હમણાં જ આપી દઉં છું. કહી રામજી ગામમાં ગયો. એક શેઠને ત્યાં જઈ કરગરીને કહેવા લાગ્યો. શેઠ! આજે હું ખૂબ ભીડમાં આવી

ગયેા છું. મને બસેા રૂપિયા આપેા. હું મારી દિકરી તમારા દિકરા સાથે પરણાવીશ. પેલેા શેઠ કહે છે—ના, ભાઇ ! તું ગરીબ માણસ છે. તારી આબરૂ પણ નથી. માટે મારે ઘેર તારી દિકરી ન શોભે. રામજી કહે છે શેઠજી ! તમે માની જાવ, હું ખાનદાન છું, પણ વખાનેા માર્યો આવ્યેા છું. દૂધે ધેાઇને તમારા રૂપિયા ભર્યા વ્યાજે આપી દઇશ. પારકાની એક પાઇ પણ મારે હરામ છે. અંતે શેઠ માની જાય છે. રૂા. ૨૦૦) લઈને આવે છે. બંધુઓ ! ગરીબાઈમાં પણ કેટલી ખાનદાની છે ? પેાતે ચેારી કરી નથી છતાં પૈસા કેવી રીતે લાવે છે ! આ કાકાના હાથમાં બસેા રૂપિયા આપી દીધા. શેઠ વિચાર કરે છે કે ચેન વેચી આવ્યેા લાગે છે. બીજી દૃષ્ટિથી તેણે વિચાર કર્યો હેાત કે જો ચેન વેચીને પૈસા લાવ્યેા હેાત તેા પેાતાને જમાડવા કંસાર તેા પેાતાની સ્ત્રીનું લેાળિયું વેચીને બનાવ્યેા. પૈસાની મગરૂરીથી અભિમાને અંધ બનેલેા શેઠ ઘેાડે બેસીને ઘરે આવી ગયેા.

જમાઈ કહે છે કેમ, ખેાટેા આંટેા થયેા ને ? એ તેા બિચારેા નિર્દોષ હતેા. શેઠ કહે છે અરે ? હું જાઉં તેમ છું ? હું એમ ને એમ પાછેા આવું તેમ છું ? હું તેા લઈ ને આવ્યેા. દાગીનેા એણે ન આપ્યેા. ચેારી કરી હેાય એટલે શરમ જ આવે ને ? જમાઈ કહે છે, સસરાજી ! હવે બડાઇ હાંકવી રહેવા દેા. મારેા ચેન તેા મને મળી ગયેા. તમારા ગયા પછી મને ખ્યાલ આવ્યેા કે રાત્રે મારે બહાર જવું પડયું હતું ત્યાં તેા નથી પડી ગયેા ને ? એટલે હું ત્યાં જોવા ગયેા, તેા કચરામાં ચેન દબાઈ ગયેા હતેા. એનેા સહેજ આંકડેા દેખાતેા હતેા. તપાસ કરતાં તરત જ ચેન મળી ગયેા.

આ જોઈ શેઠ ચમકયા. અહેા ! એના ઘરમાં તેા ખાવાનાં પણ સાંસા છે. હવે એને ખ્યાલ આવ્યેા. મને જમાડવા માટે તેની પત્નીનું લેાળિયું વેચીને ઘી લાવ્યેા હતેા તેા બસેા રૂપિયા કયાંથી લાવ્યેા હશે ? શેઠ ઠંડા થઈ ગયા. હવે તેને રામજીની ખાનદાનીની ખબર પડી. હવે એ પૈસાનું શું કરવું ? અંતે માણસ મેાકલીને રામજીને પેાતાને ત્યાં બેાલાવે છે. ત્યાં એને ફાળ પડી કે શું હજુ બીજા પૈસા મારી પાસે માંગશે ? હું કયાંથી લાવી આપીશ ? બસેા રૂપિયા તેા માંડમાંડ મેળવ્યા. બિચારેા ધ્રુજતા હૈયે શેઠ પાસે આવી ચરણમાં પડી કરગરવા લાગ્યેા. કાકા—મને માફ કરેા. હવે મારી પાસે કંઈ જ નથી.

પેલા શેઠ કહે છે ભાઈ ! તારી ખાનદાનીની હદ થઈ ગઈ છે. મારે તારી માફી માંગવી છે. મારા જમાઈ નેા ચેન મળી ગયેા છે. મેં ઉતાવળ કરી તારા માથે ખેાટું આળ ચઢાવ્યું છે. તે બદલ હું તારી માફી માંગુ છું. આ તારા બસેા રૂપિયા પાછા લઈ જા. આટલું કહ્યું ત્યારે રામજીના જીવમાં જીવ આવ્યેા. રામજી કહે છે એ પૈસા મારે નથી લેવા. છેવટે બહુ જ કહેવાથી રામજી એ પૈસા લઇને જેને ત્યાંથી ઉછીના લાવ્યેા હતેા તેને તરત જ પાછા આપી આવે છે.

બંધુઓ ! પોતાની જાતના બલિદાને પણ ગરીબાઈમાં રામજીએ કેટલી અમીરી બતાવી અને શેઠને પોતાની ખાનદાનીનું ભાન કરાવ્યું. હવે ધનવાન કોણ ને ગરીબ કોણ ! અનેક સંકટોની હારમાળામાં ઉભેલો માનવ પોતાનું સર્વસ્વ આપીને બીજાને સંતોષે છે તે જ સાચો ઉદાર હૃદયવાળો છે. સમય થઈ ગયો છે પણ આજે રવિવારનો દિવસ છે. એટલે તમારે શાંતિનો દિવસ છે.

હવે ચોથું વિશાળ હૃદય :—

પોતે ન ખાતાં બીજાને ખવડાવી દેવું તે વિશાળ હૃદયની વ્યાખ્યા છે. વૃક્ષો પોતે ફળે છે, ફાલે છે પણ પોતે પોતાનાં ફળ ખાતાં નથી. પણ મનુષ્યોને ખવડાવે છે. નદીઓ સ્વયં વહે છે. પણ પોતે પાણીમાંથી એક ટીપું પાણી પીતી નથી પણ બીજાની તૃષા છીપાવે છે.

રામચંદ્રજી પિતાની આજ્ઞાનું પાલન કરી ચૌદ વર્ષે પાછા અયોધ્યા નગરીમાં આવે છે. ત્યારે પ્રજા રામચંદ્રજીનું સ્વાગત કરી નગરીમાં લાવે છે. સૌના મુખ ઉપર આનંદ છવાઈ રહ્યો છે. બધા આવ્યાં છે પણ એક માતા કૈકેયી દેખાતી નથી. ત્યારે રામચંદ્રજી સિંહાસન છોડીને માતા કૈકેયી પાસે આવે છે. કૈકેયી પોતાના મહેલના ખૂણામાં બેસી ખૂબ રડે છે. ત્યારે રામચંદ્રજી કહે છે. અહો માતાજી ! તમે શા માટે રડો છો ! બેટા ! હું તો અભાગણી છું. હું તને મારું સુખ બતાવવાને લાયક નથી. મેં તને વનવાસ આપી મહાન અપરાધ કર્યો છે. જ્યારે કૈકેયી આ પ્રમાણે બોલે છે ત્યારે રામના મુખ-માંથી શબ્દો સરી પડે છે. હે માતા ! તું શા માટે ઝુરે છે ! રૂદન કરે છે ! માતા, મને જે કૌશલ્યાએ નથી આપ્યું તે તેં આપ્યું છે. તારો મારા ઉપર અનહદ ઉપકાર છે, આજે અયોધ્યાની પ્રજા મારું સ્વાગત કરતી હોય તો તે તારો પ્રતાપ છે. રાવણની આસુરી પ્રકૃતિને હણીને લંકા ઉપર વિજય મેળવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હોય તો માતા ! તારો પ્રતાપ છે. સીતા સતી તરીકે વિખ્યાત થઈ હોય તો તે પણ તારો જ પ્રતાપ છે. પિતાની આજ્ઞાનું પાલન કરવાનું ભાગ્ય મળ્યું તે પણ માતા તારો પ્રતાપ છે. ચૌદ વર્ષ વનમાં રહી પ્રકૃતિના ખોળે આનંદમાં ચૌદ વર્ષ વીતાવ્યા હોય તો તે તારો પ્રતાપ છે. માતા ! તારો ઉપકાર હું આ જિંદગીમાં વાળી શકું તેમ નથી. એમ રામ-ચંદ્રજીએ મીઠા શબ્દોથી કૈકેયીને શાંત કરી.

હવે રામચંદ્રજીનો જ્યારે ગાદી પર અભિષેક થવાનો છે ત્યારે પ્રજાના હૈયામાં આનંદની ઉર્મિઓ ઉછળી રહી છે. ત્યારે રામચંદ્રજીના મુખ પર આનંદને બદલે વિષાદની રેખા છવાઈ છે. ત્યારે પ્રજાજનો કહે છે શું ! આપને અમને મિઠાઈ ખવડા-વવાનું મન નથી, એટલે જ આપના મુખ પર જરાય પણ આનંદ નથી. ત્યારે રામ કહે છે—મને એક વાત ગમતી નથી.

"विमल वंश यह अनुचित एकं, बन्धु विहाय बडेउ अभिषेक।"

આપણા રઘુવંશના બધા રિવાજો મને ગમે છે, પણ એક જ ચીજ મને ખટકે છે. મારા નાના ભાઈઓને છોડીને આ રાજ્યનો તાજ મને પહેરાવવામાં આવે છે તે મને ગમતું નથી. બંધુઓ! ક્યાં રામચંદ્રજીના વિચારોની વિરાટતા અને હૃદયની વિશાળતા!

બંધુઓ! જીવનની નબળી પળોમાં મનવી ઘણીવાર આવેશના વેગમાં તણાઈ જાય છે ત્યારે તેનો વિવેકનો દીપક ઝાંખો થતાં વાર નથી લાગતી. અને ત્યારે તે ધર્મના નામે પણ અધર્મ કરી બેસે છે.

ઈતિહાસમાં તથા સિદ્ધાંતમાં શું જોવા નથી મળ્યું કે પાર્શ્વનાથ ઉપર કમઠે અનેક ઉપસર્ગો કર્યા! ભગવાન મહાવીરે રાજવૈભવનો ત્યાગ કરી સંયમ લીધો! એ ભગવાન મહાવીરને ત્રાસ પહોંચાડવામાં એમના જ શિષ્ય ગોશાળાએ કાંઈ બાકી ન રાખ્યું. પણ દરેકની હદ હોય છે. સીમા છે. દુઃખ પહોંચાડવામાં જેણે પાછું ન જોયું તેના અંતરમાં પણ કયાંક તો સંવેદનાનું નિર્મળ તત્ત્વ તો બેઠું જ હતું. એ તત્ત્વ જાગ્યું. આંખમાંથી પશ્ચાતાપના આંસુ વહયા અને પ્રભુના ચરણોમાં માથું ઝૂકતાં અંતર ઊજળું બની ગયું. આ બધું શાથી? મહાન પુરૂષોના વિશાળ હૃદયના પ્રતાપે. આ ચાર હૃદયમાંથી તમારું હૃદય કેવા પ્રકારનું છે તે વિચારી લેશો. વિશાળ ન બનો તો ઉદાર તો જરૂર બનજો. હવે સમય થઈ ગયો છે માટે એટલું કહી વિરમું છું.

વ્યાખ્યાન.....નં. ૨૪

શ્રાવણ સુદ ૯ ને સોમવાર, તા. ૧૦-૮-૭૦

શાસ્ત્રકાર ભગવંતે આ જગતના જીવોના દુઃખો મટાડવા માટે સિદ્ધાંત રૂપ વાણીનું નિરૂપણ કર્યું. આ જગતમાં દુઃખ બે પ્રકારનું છે. એક શારીરિક અને બીજું માનસિક. શારીરિક દુઃખ વ્યાધિ કહેવાય છે અને માનસિક દુઃખને આધિ કહેવાય છે. બંને પ્રકારની પીડાનું મૂળ કારણ કર્મ છે. તેમાં અશાતા વેદનીય કર્મના ઉદયથી બધા પ્રકારની પીડાઓ થાય છે. ભગવાનની ભક્તિ કરવાથી સંપૂર્ણ કર્મોનો નાશ થાય છે. કર્મોનો નાશ થઈ જવાથી આત્માને કોઈ જાતનું દુઃખ રહેતું નથી. તેમજ જેના હૈયામાં પ્રભુનો વાસ હોય છે તેના જીવનમાં અલૌકિક સમભાવ આવી જાય છે. જીવ સંસાર-વ્યવહાર કરતો થકો પણ સંસાર ભાવથી અલિપ્ત રહે છે. મોહ માયા એના અંતરને સ્પર્શી શકતા નથી. સમભાવ આવવાથી આ જીવને ધન-સંપત્તિ, કુટુંબ-પરિવાર

આદિની પ્રાપ્તિમાં એને હર્ષ થતો નથી. અને એના વિયોગથી એને દુઃખ થતું નથી. એટલું જ નહિ પણ પોતાના શરીર ઉપરથી તેને મમત્વભાવ પણ ઉતરી જાય છે.

" अवि अप्पणो वि देहम्मि नायरंति ममाइयं । "

દેહ ઉપરથી મમત્વભાવ ઉતરી જવાથી એને માનસિક પીડા પણ સતાવી શકતી નથી. કર્મોદયથી શરીરમાં રોગ ઉત્પન્ન થાય તો પણ દુઃખનો અનુભવ થતો નથી. આ રીતે પ્રભુની આજ્ઞાનું જે ભાવપૂર્વક પાલન કરે છે તે અશોક બની જાય છે. અર્થાત્ એ શોક રહિત બની જાય છે.

પ્રભુની અપણા ઉપર કેટલી કરૂણા દૃષ્ટિ છે ! કોઈ પ્રભુના કહેલા માર્ગે ચાલે કે ન ચાલે પણ દરેક આત્મા ઉપર પ્રભુની અસીમ કૃપા છે. દરેકને માટે હમેશાં પ્રભુનો દરબાર ખુલ્લો છે. અહીં ઉંચ-નીચ, શ્રીમંત-ગરીબ કોઈને માટે ભેદભાવ નથી. મનુષ્યની વાત બાજુ પર રાખો. અરે ! તિર્યંચોને પણ પ્રભુના સમોસરણમાં સ્થાન મળતું હતું. સર્વ જીવો પ્રભુની અમૃતમય વાણીનું પાન કરતા હતાં. સર્વ જીવોને પ્રભુએ કર્મની બેડીમાંથી મુક્ત કરવા માટે ધર્મનો ઉપદેશ કર્યો છે. પ્રભુ એ તો ત્રણે ભુવનના નાથ છે.

નાથ કોને કહેવાય ? " योग क्षेमकरो नाथ " જે યોગ અને ક્ષેમ કરનાર હોય તે નાથ કહેવાય. જે વસ્તુ પ્રાપ્ત ન હોય તેનું પ્રાપ્ત થવું તે યોગ કહેવાય. અને જે વસ્તુ પ્રાપ્ત હોય તેની રક્ષા કરવી તેને ક્ષેમ કહેવાય છે. જે જીવોને સમ્યક્ત્વ અને ચારિત્રની પ્રાપ્તિ થઈ નથી તેને પ્રાપ્તિ કરાવે છે. અને જેણે સમકિત અને ચારિત્ર પ્રાપ્ત કર્યું છે, તેની રક્ષા કરવાનો ઉપદેશ આપે છે. તેથી ભગવાનને યોગ અને ક્ષેમ કરનાર નાથ કહે છે. આવા પ્રભુએ દરેક જીવોને અહિંસાનો ઉપદેશ આપ્યો છે. તીર્થંકરની વાણી સાંભળીને અનંત જીવો સંસાર સાગર તરી ગયાં છે. પાપીમાં પાપી જીવો જેની કાર્યવાહી જોતાં આપણને લાગે કે આ જીવો નરકમાં જશે, એવા જીવોને પણ પ્રભુજીએ સુધારીને મોક્ષ અને સ્વર્ગનાં મહેમાન બનાવ્યાં છે. આત્મા જો પુરુષાર્થ ઉપાડે તો એનાં સઘળાં પાપ ક્ષણવારમાં નાશ પામી જાય છે.

જેમ લાખો મણ રૂની ગંજીમાં અગ્નિની એક જ ચિનગારી મૂકવામાં આવે તો લાખો મણ રૂ પણ અલ્પ સમયમાં બળીને ભસ્મીભૂત થઈ જાય છે. તેમ શુકલ ધ્યાન રૂપી અગ્નિની એક જ ચિનગારી આત્માના અનાદિના કર્મોને ક્ષણવારમાં બાળીને ભસ્મ કરી નાંખે છે. બંધુઓ ! ધર્મ એ સામાન્ય ચીજ નથી. તેમાં પણ કેવળી પ્રરૂપિત ધર્મ એ તો બહુ જ મહત્વની ચીજ છે. ધર્મ એ અનંત પાપ વર્ગણાઓનો નાશ કરવામાં સમર્થ છે. માટે ધર્મની આરાધના કરી લો. તમે એવો વિચાર ન કરશો કે મેં તો

ખૂબ પાપ કર્યા છે. હું તો નરકમાં જ જઈશ. માટે હવે હું શું કરું એવું ન રાખો. અનંત ભવોના સંચિત કરેલાં કર્મો ધર્મ અને તપ દ્વારા નાશ પામે છે. ધર્મ તમને નરકના દુઃખોથી છોડાવે છે. ધર્મથી કર્મ પણ બદલાઈ જાય છે. કર્મ બે પ્રકારના છે. એક નિકાચીત અને બીજા નિધત્ત. જેમ કોઈ માણસ એક સામટી સો સોયો લઈને લોખંડના તારથી બાંધી દે. પછી તેને છૂટી પાડવી હોય તો તેમાં કંઈ વાર લાગતી નથી. તારને થોડો ઢીલો કરે કે તુરત જ સોયો વિખરાઈ જાય છે. પણ જો તે જ સોયોને તારથી બાંધીને તેને ખૂબ ગરમ કરીને એરણ પર મૂકીને ઘણથી કુટવામાં આવે તો તેનો એક પિંડ બની જાય છે. તે સોયો જુદી થઈ શકતી નથી. આ રીતે નિકાચીત કર્મ પણ આવા પ્રકારનું છે. નિકાચીત કર્મ ચીકાશવાળું છે. એ આત્મ પ્રદેશોની સાથે એવું એકમેક રૂપ થઈ ગયું છે જે તેનું ફળ ભોગવ્યા વિના આત્મ પ્રદેશોથી જુદું થઈ શકતું નથી. એટલે નિકાચીત કર્મને અવશ્ય ભોગવવું પડે છે. અને નિધત્ત કર્મ લૂખું છે. તારથી બાંધેલી સોયોની જેમ થોડા પ્રયાસથી છૂટું પડી જાય છે. ફક્ત પ્રદેશોથી ઉદયમાં આવીને ખરી જાય છે. એનો રસોદય હોતો નથી. ધર્મમાં આવી શક્તિ છે.

કહેવાનો આશય એ છે કે ધર્મ એ કર્મના વાદળોને વિખેરવામાં સમર્થ છે. કોઈ કોઈ કર્મ ભોગવ્યા વિના પણ ખરી જાય છે. અને કોઈ કર્મ એવા હોય છે કે જેને ધર્મ દ્વારા "तिव्वाणु भावाओ मंदाणु भावं पकरेइ। તીવ્ર રસવાળા કર્મો મંદ રસવાળા બની જાય છે. એટલે તે કર્મનું ફળ તીવ્ર મળવાનું હતું તે ઘટીને મંદ ફળ મળે છે. માની લો કે નિકાચીત કર્મ બંધાઈ ગયું તો.... જેમ શ્રેણિક રાજાએ એવું નિકાચીત કર્મ બાંધ્યું હતું તો તેના ફળ સ્વરૂપે તેમને નરકમાં જવું પડ્યું ને? એથી આપણે એમ ન માનવું જોઈએ કે એમણે કરેલી પ્રભુભક્તિ ફોગટ ગઈ. શ્રેણિક રાજાની મહાવીર પ્રભુ પ્રત્યેની જે ભક્તિ હતી તે ફોગટ ગઈ નથી પણ એના પ્રભાવથી એ નરક ગતિમાંથી નીકળી પદ્મનાભ નામનાં તિર્થંકર થઈને મોક્ષમાં જશે. કર્મનો બંધ પડી ગયો છે કે નહિ. અગર પડી ગયો છે તો ચીકણાં કર્મનો બંધ પડ્યો છે કે લૂખાં કર્મનો? એ આપણે છદ્મસ્થ જીવો જાણી શકતાં નથી. કારણ કે કર્મબંધની ક્રિયા અને કાળ બંને બહુ જ સુક્ષ્મ હોય છે એટલે એ વાત છદ્મસ્થના જ્ઞાનથી જણાતી નથી. તેને તો સર્વજ્ઞ પ્રભુ જ જાણી શકે છે. એટલા માટે સર્વજ્ઞ પ્રભુના વચન ઉપર આપણને શ્રદ્ધા હોવી જોઈએ. કારણ કે દુનિયામાં સર્વજ્ઞ પ્રભુથી અધિક કોઇ જ્ઞાની નથી. પ્રભુએ પ્રત્યક્ષ જ્ઞાનમાં જોઈને જ જગતના જીવો ઉપર ઉપકાર કરીને જે જે વાતો કહી છે તેમાં આપણે શંકા ન કરવી જોઈએ. પ્રભુના વચનમાં શંકા કરવાથી કંઈ જ લાભ થતો નથી. આચારંગ સૂત્રમાં કહ્યું છે કે "तमेव सच्चं निसंकं जं जिणेहिं पवेइयं" જિનેશ્વર દેવોએ જે કંઈ કહ્યું છે તે જ સત્ય છે અને નિઃશંક છે. આવી જિનેશ્વર પ્રભુની વાણી સુણવાનો અમૂલ્ય અવસર મળ્યો છે, તો શક્તિ અનુસાર

ધર્મની આરાધના કરી લેા. આવેા અવસર ફરી ફરીને નહિ મળે. મનુષ્ય જન્મમાં ધર્મનું આચરણ એ જ અમૃત છે. કદાચ ધર્મનું આચરણ કરતાં કષ્ટ આવી જાય તેા પણ એ અમૃતના ફળનેા વિચાર કરીને હર્ષપૂર્વક ધર્મને અંગીકાર કરેા.

જ્યારે તમારા અંતરાત્મામાં લગની લાગશે ત્યારે તમે કષ્ટને ફૂલ સમજીને સહર્ષ ધર્મનેા સ્વીકાર કરશેા. પણ હજુ એ જાતની લગની લાગી નથી. હજુ સુધી જે કંઇ ધર્મનું આચરણ કર્યું છે તે બધું બાહ્યભાવે જ કર્યું છે. આ જીવ ખુદ તીર્થંકર પ્રભુની વાણી સાંભળવા માટે તીર્થંકરના સમેાસરણમાં પણ જઈ આવ્યેા છે. છતાં એનેા ઉદ્ધાર નથી થયેા. એનું કારણ શું ? એણે તીર્થંકરના સમેાસરણની રચના જોઈ, પ્રભુની ભાષા કેવી છે, છત્રો કેવા છે ને ચામર કેવા વીંઝાય છે! આ બધી બાહ્ય ઋદ્ધિ જોઇ છે પણ આત્મિક ઋદ્ધિ જોઈ નથી. પ્રભુની વાણીમાં શું ભાવ છે, એ સાંભળ્યા પછી શું આચરવાનું છે અને શું છેાડવાનું છે એનેા વિચાર નથી કર્યેા એટલે જ આ ભવમાં ભમી રહ્યો છે.

જેને સાચી લગની લાગી છે, ભવભ્રમણથી ત્રાસ ઉત્પન્ન થયેા છે એવા ભૃગુ પુરેાહિતના બે લાડીલા કુમારેા દેવભદ્ર ને જશેાભદ્ર જેમણે એક જ વખત સંસાર ત્યાગી વિષયેાથી વિરક્ત અને ધર્મના ઉપદેશક એવા સંતેાના દર્શન કર્યા અને ત્યાગ માર્ગની લગની લાગી. એટલે એની માતાને કહે છે કે માતા! અમને સંસારનેા ભય લાગ્યેા છે. હવે આ બંને બાળકેા શું કહે છે!

"जाई जरा मच्चु भयाभिभूया, बहिं विहारा भिनिविठ चित्ता।
संसार चक्कस्स विमोक्खणट्ठा, दट्ठूण ते कामगुणे विरत्ता॥" ગાથા ૪

આ બાળકેાના અંતરમાં ત્યાગ માર્ગની ભાવનાની ભરતી આવી છે. એમને જન્મ, જરા અને મૃત્યુનેા ભય લાગ્યેા છે અને સંસારથી બહાર મેાક્ષ સ્થાનમાં પેાતાનું ચિત્ત સ્થાપન કર્યું છે, એવા બંને કુમારેા સાધુઓને જોઇને સંસાર ચક્રથી મુક્ત થવા માટે તત્પર બન્યા છે.

જન્મ, જરા અને મરણનાં ભયથી ભયભીત બનેલા કુમારેા કહે છે પિતા! અમને ભય લાગ્યેા છે. મેાહમાં પડેલા પિતાને ખબર નથી કે મારા પુત્રેાને શેનેા ભય લાગ્યેા છે? માતા–પિતા કહે છે કે પુત્રેા! તમને શેનેા ભય લાગે છે? શું તમને કેાઈએ આંગળી ચીંધી છે? તમે જંગલમાં રમવા ગયા અને કેાઈ વાઘ–સિંહનેા ભય લાગ્યેા છે? કેાઈએ કડવેા શબ્દ કહ્યો છે? જે હેાય તે કહેા. હું બધેા ભય દૂર કરી નાંખુ. ભૃગુ પુરેાહિતને આ કેાનું બળ છે? આ શબ્દેા કેમ બેાલી શકે છે? એને ઈષુકાર રાજાનું પીઠબળ છે. લેાંસ ખીલાના આધારે કૂદે છે. ભૃગુ પુરેાહિત, પેાતે તેા નાનેા છે, પણ એ

રાજાનો માનનીય પુરોહિત છે. વળી પૂર્વનો ઋણાનુબંધી સંબંધ છે. એટલે પુરોહિત પર રાજાની ખૂબ કૃપા દૃષ્ટિ છે. એટલે પુરોહિત જે કંઈ કહે તે માન્ય કરે છે. એટલે તે આ શબ્દો બોલે છે.

બાળકો કહે છે હે માતા–પિતા! અમારું કોઈએ અપમાન નથી કર્યું. અમને ચોર–ડાકુનો ભય નથી. અમને વાઘ કે સિંહનો ડર પણ નથી લાગ્યો. અમને જે ભય લાગ્યો છે તે ભયને મટાડવાની તમારામાં તાકાત નથી. અને એ ભય મટાડવા માટે જો કોઈ સમર્થ હોય તો તે મારા ગુરૂદેવ છે. કેવળી પ્રરૂપિત ધર્મ છે. પણ મોહમાં પડેલી માતા હજુ સમજતી નથી કે આ મારા પુત્રોને કયો ભય લાગ્યો છે! માતા કહે છે તે ભય જુદો છે અને પુત્રોનો ભય પણ જુદો નીકળશે.

"સૂતો સિંહ જાગ્યો." એક રાજાની રાણી પોતાના પતિનું માથું ઓળતી હતી. રાજાના હાથમાં દર્પણ હતું. રાણી રાજાના માથામાં તેલ નાખી રહી છે. આ રાજા આરસીમાં પોતાનું પ્રતિબિંબ જોઈ રહ્યો છે. એકદમ રાજા કહે છે–દૂત આવ્યો! રાજાનું મુખ વીલું થઈ ગયું. હાસ્ય ચાલ્યું ગયું. રાજાનું મુખ જોઈને રાણી કહે છે. અહો! મારો પતિ ક્ષત્રિયનો બચ્ચો છે ને આવો કાયર કેમ! કહે છે સ્વામીનાથ! જેને માટે આટલાં ચોકીપહેરાં હોય, હજારો સેવકો જેની રક્ષા કરતાં હોય, ત્યાં કોની તાકાત છે કે દૂત આવી શકે? રાજા કહે છે રાણીજી! દૂત આવી ગયો અને મારા માથે ચઢી બેઠો છે. રાણી એકદમ બાવરી બનીને કહે છે કયાં છે દૂત! મને તો દેખાતો નથી! રાણી આમતેમ નજર ફેરવવા લાગી. ત્યાં રાજા પોતાના માથામાંથી ધોળો વાળ ચૂંટીને બતાવતાં કહે છે, દેખ આ રહ્યો દૂત! તમને કોઈને આ દૂત આવ્યો છે? (હસાહસ) કંઈકના માથાં રૂની પૂણી જેવાં થઈ ગયાં છે. કંઈકના માથા અધકચરા થઈ ગયાં છે, પણ કોઈ જાતનો ડર લાગ્યો નથી. આ રાજા કહે છે રાણીજી! તેડા આવ્યાં. રાણી કહે છે સ્વામીનાથ! કોના તેડા આવ્યા! ભોળી રાણી સમજતી નથી. રાજા કહે છે, યમરાજાના તેડા આવ્યા. અરે, સ્વામીનાથ! આમાં શું ડરપોક બની ગયાં છો? યમરાજા આવશે તો હું તેને લાંચ આપીને હડાવી દઈશ. પણ તમે ગભરાશો નહિ. ત્યારે રાજા કહે છે. ઘેલી રાણી, આવું ન બોલ. "જો જમ લેવત લાંચડી તો જગમેં મરત ન કોઈ." જો જમ લાંચ લઈને છોડી મૂકતો હોય તો દુનિયામાં કોઈ મરત જ નહિ. દુનિયામાં બધે છક્કા–પંચા કરીને છૂટી શકાય છે, લાંચ આપીને છૂટી જવાય છે. દુકાને રેડ પડી. સરકારી પોલીસો આવ્યા પણ એમને નોટોનું બંડલ ધરી દીધું એટલે છૂટી ગયા. પણ યમરાજાની રાડ પડશે ત્યારે તમારી ચાલાકી નહિ ચાલે.

રાજાનો કહેવાનો ભાવ એ હતો કે અમારા કુટુંબમાં બધા જ વડીલો માથે ધોળા વાળ આવે તે પહેલાં જ સંસાર ત્યાગીને સાધુ બની ગયા હતાં, પણ હું કેવો કમભાગી!

મને ચેતવવા આ દૂત આવી ગયો, છતાં હજુ ચેત્યો નથી. રાણીનો ભય જુદો હતો અને શત્રુનો ભય પણ જુદો હતો. તેમ અહીં પણ આ બે બાળકોને જે ભય લાગ્યો છે તે જુદો છે. અને માતા-પિતા જેને ભય માને છે તે ભય પણ જુદો છે. આ પુત્રો કહે છે હે માતા! અમને જન્મ-જરા અને મરણનો ભય લાગ્યો છે.

હે માતા! અહીંયા જન્મ પામીને કેટલાં કષ્ટો વેઠયાં! વળી ગર્ભમાં નવ માસ રહ્યા ત્યાં પણ અમે કેટલાં કષ્ટો વેઠયાં. ગર્ભમાં ઊંધે મસ્તકે કેરીની જેમ લટકયા. અહીં ઊંધા મસ્તકે અડધો કલાક ધ્યાન કરવું હોય તો કરી શકાતું નથી. સ્વાધીનપણે ફરવી વેડી શકતાં નથી. દુર્ગંધ આવે તો નાક આડા ડૂચા દો છો. માર્ગમાં વિષ્ટા પડી હોય તો સૂગ ચઢે છે. પણ ગર્ભમાં તારા નાકની દાંડી ઉપર થઈને માતાનું વિષ્ટા ચાલ્યું જતું હતું તે કેમ સહન કર્યું? સો સોયો તપાવીને કોઈના શરીરમાં ભોંકી દેવામાં આવે અને જેટલી વેદના થાય છે તેથી અનંત ગણી વેદના આ જીવને જન્મતી વખતે થાય છે. વળી,

"गब्भाइ मिज्जन्ति बुयाबुयाणा, नरा परे पंचसिहा कुमारा।
जुवाणगा मज्झिम थेरगा य, चयन्ति ते आउक्खए पलिणा॥

કંઈક જીવો ગર્ભમાં જ મરણ પામે છે. કંઈક જીવો જન્મીને તરત જ મૃત્યુ પામે છે. કંઈક બાલ્ય અવસ્થામાં જ મૃત્યુ પામે છે તો કંઈક યુવાનીમાં મૃત્યુ પામે છે. "હે માતા! હવે અમારે આવા કષ્ટો વેઠવા નથી. અમને જન્મનો ડર લાગ્યો છે." તમને મરણનો ભય લાગ્યો છે. એમને જન્મનો ભય લાગ્યો.

મહાન પુરૂષો તમને સત્ય સ્વરૂપનું ભાન કરાવે છે. સાચા સુખનો માર્ગ બતાવે છે પણ એ માર્ગ તમને રૂચતો નથી. વિષ્ટાના કીડાને વિષ્ટામાં જ આનંદ આવે. ભૂંડની સામે ગમે તેવો સારો ખોરાક મૂકવામાં આવે તો પણ તેને ન ગમે. એની દૃષ્ટિ વિષ્ટા તરફ જ દોડે છે. તેમ તમને પણ ભોગોમાં જ સુખ દેખાય છે. પુત્રોની વાત સાંભળી માતાના પેટમાં તેલ રેડાઈ ગયું. શું મારા પુત્રો દીક્ષા લેશે? જોષીના વચનો સાચા પડશે?

મોહનો નશો જેને ચઢે છે તેને બીજું કાંઈ જ દેખાતું નથી. જે માણસે દારૂ પીધો હોય છે તે માણસ માતાને બહેન કહે છે, પત્નીને માતા કહે છે. જ્યારે દારૂનો નશો ઉતરે ત્યારે સાચું ભાન થાય છે. આ બે કુમારોને જન્મનો ડર લાગ્યો છે. જો તમને આવો ભય લાગે તો અમારે તમને રોજ ને રોજ કહેવું ન પડે. જેનો ડર રાખવાનો છે તેનો ડર તમે રાખ્યો નથી. જેનો નથી રાખવાનો તેનો ડર લાગે છે. ઘરમાં ચોર પેસી જાય તેનો ડર લાગે છે. એટલે બારણાં બંધ કરીને સૂઈ જાવ છો. ખિસ્સામાંથી સો રૂપિયાની નોટ પડી જાય તો શોધો છો, પણ તમારી જિંદગીની ઘડીઓ મહામૂલી

ખોવાઈ રહી છે તેને શોધો છો ખરા ? એક દિવસ દુકાન બંધ રાખવી પડે તો શોચ થાય છે પણ એક દિવસ સામાયિક વિનાનો પડયો, તેનો એટલો શોચ થાય છે ખરો ? આટલો રસ ધર્મમાં નથી. જો વીરવાણીનો રંગ લાગ્યો હશે તો એક દિવસ વ્યાખ્યાન સાંભળ્યા વિનાનો પડશે તો તમને જરૂર અફસોસ થશે.

એક માતાના બે દિકરા છે. ગામમાં ખુદ મહાવીર પ્રભુ બિરાજે છે. બે ભાઈમાં નાના ભાઈને ધર્મનો ખૂબ રસ છે. સંસારનો કોઈ વ્યવહાર એને ન રૂચે. જ્યારે મોટાને સંસાર વ્યવહારનો ખૂબ રસ છે. કોઈનાં સગપણ જોડી આપવાં, લગ્નમાં જવું ને મોકાણમાં જવું, આ બધું મોટાને બહુ ગમે. બધું જ કામ મોટો પતાવે. ત્યારે બીજા લોકોએ કહ્યું: ભાઈ! તારે જ કામ કરવાનું. તારો નાનો ભાઈ તો કાંઈ જ કરતો નથી. એટલે મોટાને થયું: વાત તો સાચી છે. એ તો કંઈ જ કરતો નથી. એક દિવસ સવારના પહોરમાં જ કોઈનું મૃત્યુ થયું. સ્મશાને જવાનું થયું ત્યારે મોટો ભાઈ કહે છે ભાઇ! આજે તું સ્મશાને જજે, હું નહિ જાઉં. ત્યારે નાનો ભાઈ કહે છે મોટાભાઈ! જે કામ હશે તે બધું દશ વાગ્યા પછી કરીશ. મારે તો પ્રભુની દેશના સાંભળવા જવું છે. અને મને કયાં મોકલો છો! મોટો ભાઈ કહે છે—આજે તો તારે જવું જ પડશે. ત્યારે નાનો ભાઈ કહે છે તો એમ કરો. આજે તમે પ્રભુની દેશના સાંભળવા જાવ અને હું આભડવા જાઉં. મોટા ભાઇને પરાણે મોકલે છે પણ એને ત્યાં રસ નથી. નાનાને અનિચ્છાએ સ્મશાને જવું પડયું. તેને એમાં રસ નથી. રસ વિના આનંદ આવતો નથી.

મોટો ભાઇ ગયો છે વ્યાખ્યાનમાં. પ્રભુની અમૃતમય વાણી વહે છે. પ્રભુ કહે છે હે ગૌતમ! આ જીવન ક્ષણભંગુર છે. સમય માત્રનો પ્રમાદ ન કર. ભગવંત વારંવાર ગૌતમ સ્વામીને "ગોયમા" શબ્દથી સંબોધે છે. પેલાને મઝા આવતી નથી. એટલે એક ઝાડના થડીયે ઓઢીંગણુ દઇને બેઠો. સ્હેજ ઉંઘ આવી ગઈ અને મોં પહોળું રહી ગયું. ત્યાં કાળીયો કૂતરો આવ્યો. કૂતરાનો સ્વભાવ હોય છે કે બહાર ગમે તેટલી જગ્યા હોય તે છોડીને સારી જગ્યાએ આવીને છાંટણા છાંટી જાય. આ પેલા ભાઇનું ડાચું પહોળું થઇ ગયું છે. ત્યાં કૂતરાભાઈએ છાંટ નાંખી. પેલો જાગી ગયો અને મોં બારું થઈ ગયું. કૂતરો તો ચાલ્યો ગયો. એને ખબર નથી કે શું બન્યું? એ તો ઘેર આવ્યો. નાનોભાઇ પણ આભડીને આવી ગયો છે. ન્હાતા ન્હાતા મોટાભાઇને પૂછે છે ભાઈ! તમે વ્યાખ્યાનમાં શું સાંભળી આવ્યા? મારા પ્રભુની દેશના કેવી મીઠી છે? ત્યારે પેલો કહે છે કે જવા દે ને નામ. કોણ જાણે તારા ભગવાનને તો પેટમાં દુઃખતું હતું એટલે 'ઓય મા ઓય મા' કરીને રાડો પાડતા હતાં. અને એમની વાણી તો એવી હતી કે ત્યાં જઈને તો મારું મોઢું બારું બારું થઇ ગયું. (હસાહસ) માણસ વાતને યથાર્થ રૂપે ન સમજે તો આંધળે બહેરું કુટાઇ જાય છે. નાનોભાઇ તેને સમજાવે છે કે ભાઈ! તમે સમજ્યા નથી. ભગવાનને પેટમાં દુઃખતું નહિ હોય. એ તો ગૌતમ સ્વામીને "ગોયમા" કહીને બોલાવતા હશે.

પણ તમે સમજ્યા નથી. અને તમે બેઠા હતા ક્યાં? તો ભાઈ કહે છે કે ઝાડના ટેકે. ઠીક, તો તો કૂતરો આવ્યો હશે.

જે કાંઈ કરો તે બધું ખૂબ વિચાર કરીને કરો. વ્યવસ્થિત રીતે કરો. તો જ તમને આનંદ આવશે. જો માણસ કોઈ પણ કાર્યમાં સમયસૂચકતા ન વાપરે અને વગર વિચાર્યે કામ કરે તો મોટો અનર્થ થઈ જાય છે. એક મારવાડીને એક જ દિકરી છે. પૈસો ખૂબ છે. ધામધૂમ કરીને દિકરીને પરણાવી. પરણાવ્યા પછી દિકરીને ઝીયાણું કરવાનો સમય આવ્યો. મારવાડી શેઠ વિચાર કરે છે કે મારે પૈસા ખૂબ છે. દિકરીને સારી રીતે ઝીયાણું કરું, કારણ કે હું મરી જઈશ પછી મારો પૈસો કોણ જાણે કોણ લઈ જશે? એના કરતાં મારા હાથે જ દિકરીને આપી દઉં. દિકરીને ઝીયાણામાં રૂા. ૭૦૦૦નો કરિયાવર કર્યો, જાતજાતનાં કપડાં ને દાગીના આપ્યા છે. પેલા મારવાડી શેઠને વિચાર થયો કે હવે મારી ઉંમર થઈ ગઈ છે. દિકરીને બધું જ આપ્યું, પણ એ દિકરી વિધવા થશે ત્યારે એનો વહેવાર કોણ કરશે? માટે લાવ ભેગો એ કરિયાવર કરી દઉં. ભાઈ વિધવા થાય અને જે ચીજો જોઇએ તે પણ ભેગી મૂકી દીધી. આ દિકરીને ખબર નથી. એ તો ઝીયાણું લઇને સાસરે આવી. મોટા લોકોને ઘેર બધા જોવા ખૂબ આવે છે. વહુ ઝીયાણામાં શું લાવી છે? વહુના એક એક કપડાં ને દાગીના એક એકથી ચઢે તેવા છે. તે જોઈને સગા-વહાલાં આશ્ચર્ય પામે છે. શું વહુ કરિયાવર લાવી છે! ટંકમાંથી કપડાં કાઢતાં કાઢતાં નીચેથી કાળો સાડલો ને કાળું બ્લાઉઝ નીકળ્યું. આ જોઇને સાસરિયા પૂછે છે વહુ? આ શું? આવા શોગના કપડાં કેમ લાવ્યાં છો? વહુ કહે છે મને કાંઈ ખબર નથી. દિકરી કાગળ લખાવીને પૂછાવે છે કે બાપુજી! આપે બધો કરિયાવર સારો કર્યો છે. પણ અંદર કાળા સાડલા કેમ મૂક્યા છે? ત્યારે આ બુદ્ધિનો બોદો બાપ લખે છે. દિકરી! તું રાંડે ત્યારે મારી હયાતી હોય કે ન હોય પછી આ વ્યવહાર કોણ કરે? માટે મેં એ કાળાં કપડાં મૂક્યા છે. (હસાહસ) નાનો બાળ જમાઈ છે તેને માટે આવું ચિંતવે ત્યારે ક્રોધ આવે કે ન આવે? સાત હજારના કરિયાવર ઉપર પાણી ફરી વળ્યું.

જ્ઞાની પુરૂષો કહે છે ગમે તેટલી સાધના કરો પણ જો વિવેકપૂર્વક નહિ કરો તો તમારી બધી કરણી ઉપર પાણી ફરી વળશે. માટે જે કરો તે સમજી-વિચારીને કરો. આ બે કુમારોને જન્મનો ડર લાગ્યો છે. હવે આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૨૫

શ્રાવણ સુદ ૧૦ ને મંગળવાર તા. ૯-૮-૭૦

ત્રિલોકીનાથ શાસ્ત્રકાર ભગવંત પ્રભુ મહાવીર સ્વામીની અંતિમ વાણી તેનું નામ સિદ્ધાંત. ચાર મૂળ સૂત્રમાં ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનનો અધિકાર ચાલી રહ્યો છે. તેમાં ભૃગુ પુરોહિતના બે પુત્રો દેવભદ્ર અને યશોભદ્ર જેમને જન્મનો ભય લાગ્યો છે. જેને જન્મનો ભય લાગે છે તે ભયને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. પણ જેને ભય લાગતો જ નથી તે ભય મટાડવાનો પ્રયત્ન પણ કયાંથી કરી શકે? આચારંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે:—

"जरा मच्चु वसो वणीए नरे सयय मूढे धम्मं नाभिजाणाइ।"

જરા અને મરણની જાળમાં ફસાયેલો મૂઢ માણસ ધર્મને સમજતો નથી.

બંધુઓ! જેમ જેમ દિવસો વ્યતીત થાય છે તેમ તેમ આપણે જરા અને મૃત્યુની નજીક જઇ રહ્યાં છીએ. આયુષ્ય પૂર્ણ થયે ઇચ્છાએ કે અનિચ્છાએ આ દુનિયામાંથી વિદાય થવું પડશે. એ વાત નક્કી છે. એમાં મીનમેખ થવાનો નથી. મોહ માયા અને મમતાની આંધીમાં અટવાયેલો જીવ એવો વિચાર કરે છે કે મારે આ કામ કરવાનું રહી ગયું, તે કરવાનું બાકી છે. કયારે પૂર્ણ થશે એમ નિરંતર ચિંતા કર્યા કરે છે. પણ પોતાને માટે જે ધર્મકાર્ય કરવાનું છે તેની તેને કોઈ દિવસ ચિંતા થતી નથી. ધર્મકાર્યમાં તમે બેદરકાર રહો છો, થાય તો ભલે, ન થાય તો પણ ભલે, પૈસા કમાવવામાં, સંસાર વ્યવહારના કાર્યમાં જરા પણ બેદરકારી નથી થતી એ જ મોહની આંધી છે. પણ વિચાર કરો. તમારી સામે કાળ રૂપી વિકરાળ વાઘ મોં ફાડીને ઉભો છે. તમારી ઇચ્છા નહિ હોય તો પણ તે તેના મુખમાં હડસેલી લઈ લેશે.

"अशनं मे वशनं मे, जाया मे बन्धु वर्गो मे।
इति मे म कुर्वाणं, काल वृक्षो हन्ति पुरुषाजम्॥

આ અન્ન-પાણી, વસ્ત્ર, પત્નિ, મિત્રો, બંધુઓ બધું જ મારું છે. આ પ્રમાણે હું અને મારું મારું કરતાં મનુષ્ય રૂપી બકરા ઉપર કાળ રૂપી સિંહ આક્રમણ કરીને પકડી લે છે. પછી હું અને મારું બોલવાનું બંધ થઇ જાય છે. પણ આ અજ્ઞાની જીવ ચેતતો નથી.

સંસારમાં એકેક આત્માઓ અજ્ઞાનમાં અટવાયેલા છે. કારણ કે પોતાના સ્વજનોને નજરે મરતાં દેખે છે. અને જાણે પણ છે કે આ પૃથ્વી ઉપર આજ સુધી સહાને માટે કોઈ અમર રહ્યો નથી. સૌ કોઈને જવાનું છે તે નક્કી છે, છતાં પણ સાવધાન થતા નથી. પોતાનાં સ્વજન કે પ્રિયજનનું મૃત્યુ થાય ત્યારે માણસ તેની પાછળ ઝુરે છે, રડે છે, માથા ફોડે છે અને શોક કરે છે. ત્યારે જ્ઞાનીઓ કહે છે કે હે મૂઢ ! તું બીજાને માટે આટલો શોક કરે છે. પણ પોતાને તું ભૂલી ગયો છે.

" म्रियमाणं मृतं बन्धुं, शोचन्ति परिदेविनः ।
आत्मानं नानु शोचन्ति, कालेन कवलीकृतम् ॥ "

કાળની કાળી ભયાનક છાયા તારી સામે છાઈ રહી છે. તારા જીવનની એકેક પળ ઓછી થઇ રહી છે. તું બીજાને માટે રોઇ રહયો છે અને પોતાને માટે ઉપેક્ષા કરે છે.

દેવાનુપ્રિયો ! આ જગતમાં મમતાનું બંધન એ મજબૂત બંધન છે. મમતા જ સર્વ દુઃખોની જડ છે. મમતાને કારણે જ જીવ દુઃખી થાય છે. તમે અહીં બેઠા છો અને કોઈ છોકરો રડી રહ્યો છે. તમારા કાને અવાજ આવ્યો અને લાગ્યું કે મારો જ છોકરો રડે છે. પણ સામાયિક છે એટલે જઈ શકતા નથી. પણ દિલમાં દુઃખ થાય છે. ત્યાં બીજી જ ક્ષણે ખબર પડે કે ભાઇ ! એ તો તમારો દિકરો નથી, એ તો બીજા કોઈનો છે. ત્યાં તમારું દુઃખ ચાલ્યું ગયું. કોઈ માણસનું ખિસ્સું કપાયું અને હજાર રૂપિયાનું પાકીટ ગયું. એવી તમને ખબર પડે તો કંઈ દુઃખ થાય ? ' ના. ' પણ એ જ ઠેકાણે તમારા ખિસ્સામાંથી સોની નોટ પડી ગઈ તો ? (સભા :– ત્યાં તો દુઃખ થાય જ ને !) શા માટે ? ત્યાં મારાપણું માન્યું છે. મારાપણું છે ત્યાં જ દુઃખ છે. તમારા કોઈ સગાંને કેન્સરનું ભયંકર દર્દ થયું તો તમને દુઃખ થશે. ત્યાં તમે કહેશો કે જોઇને અનુકંપા આવે છે. અનુકંપા એ શ્રાવકનો ધર્મ છે પણ જેને તમે ઓળખતા નથી એવો માણસ ભયંકર દર્દથી ઘેરાઈ ગયો હોય તેને જોઈને અનુકંપા આવે છે ? ને અનુકંપા તમારા દિલમાં વસી હોય તો દરેક પ્રાણીઓને માટે અનુકંપા હોવી જોઇએ ને ? ત્યાં તો તમારું રૂંવાડું ય ફરકતું નથી.

અનુકંપા સર્વ જીવો પર હોવી જોઇએ. મેઘકુમારના જીવે હાથીના ભવમાં સસલાની દયા પાળી હતી. આખા જંગલમાં દાવાનળ સળગી ઉઠયો. જ્યાં આગ ન હતી તે જગ્યામાં બધા જીવો ભરાઇ ગયા. હાથીએ ખણ આવવાથી પગ ઉંચો કર્યો. ત્યાં સસલું આવીને બેસી ગયું. હાથીએ વિચાર્યું : એ બિચારું અહીં જીવવાની આશાથી આવ્યું છે. ને હું પગ મૂકીશ તો બિચારું મરી જશે. એના ઉપર અનુકંપા કરી પગ અદ્ધર રાખ્યો. જ્યારે દાવાનળ ઓલવાઈ ગયો અને સૌ પ્રાણીઓ સ્વસ્થાનકે ચાલ્યા ગયા ત્યારે હાથીએ

પગ નીચે મૂકયો. પગે કળ ચઢી જવાથી તમરી બાઈને મરણ પામ્યો. પોતાના પ્રાણનો ભોગે પણ બીજાનું રક્ષણ કર્યું. આનું નામ અનુકંપા. અહીં મમતા ન હતી તમે રોજ પ્રતિક્રમણમાં બોલો છો.

"खामेमि सव्वे जीवा, सव्वे जीवा वि खमंतु मे, ।
मित्ति मे सव्वभुएसु, वेरं मज्झं न केणइ ॥"

તમે જ્યારે આ બોલી રહ્યા હો તે વખતે તમારો કટ્ટો શત્રુ-જેને જોતાં તમારા અંગમાં ક્રોધ વ્યાપી જાય છે. એવો માણસ વિચાર કરે કે અત્યારે આ સૂત્ર લલકારે છે માટે એને હવે મારી સાથેનું વેર ચાલ્યું ગયું હશે. જરા જોઉં તો ખરો ! એટલે એ આવીને એક સ્નેહ તમને ચૂંટી ભરે અને તમને કંઈ ન થાય તો સમજજો કે હું સાચું બોલી રહ્યો છું. પણ જો એ દુશ્મનને જોઈ તમને દ્વેષ થતો હોય-ક્રોધની જ્વાળાઓ ભભૂકી ઉઠતી હોય તો આ હૈયામાંથી બોલાતું નથી, પણ હોઠમાંથી બોલાઇ રહ્યું છે. હું અને તમે જ્યાં સુધી હોઠેથી બોલ્યા કરશું ત્યાં સુધી કલ્યાણ થવાનું નથી. વેર-ઝેર-ઈર્ષ્યા થવાનું જો કોઈ કારણ હોય તો તે મમતા છે. જ્યાં સુધી મમતા મરશે નહિ ત્યાં સુધી સમતા આવવી મુશ્કેલ છે.

ભૃગુ પુરોહિત અને યશાભાર્યાને એના પુત્રો પ્રત્યે ખૂબ મમતા છે. દરેક માતા-પિતાઓને પોતાના સંતાનો વહાલા હોય છે. તમે તમારા સંતાનોનું પાલન પોષણ કરો છો તેમાં તમને આશા છે કે છોકરા મોટા થશે તો તમને કમાઈને ખવડાવશે, પણ પશુઓને સંતાન કમાઈને થોડા ખવડાવવાના છે ! છતાં પણ એકબીજાને કેવી મમતા હોય છે. એક વાંદરી પોતાનાં બચ્ચાંને કોટે વળગાડીને ફરે છે. ચકલા ચકલી પણ ચણ લાવીને એના બચ્ચાની ચાંચમાં મૂકે છે. એક શેરીનું કૂતરૂં બીજી શેરીમાં આવે તો એને પીંખી નાંખે પણ પોતાનાં બચ્ચાંને કાંઈ થોડું ભસે છે ! તમને તમારા દિકરા રળીને ખવડાવે એટલે મમતા હોય પણ આ પશુને પણ કેટલી મમતા છે ! એ જ દિકરા પરણીને જુદા થયાં ત્યાં તમારી મમતાના કિનારા તૂટી જશે. આ તમારો સંસાર. અમારે ને તમારે કોઈ દિવસ બને જ નહિ. તમારી ભાવના જુદી અને અમારી ભાવના જુદી. તમને જેટલી મમતા એટલી સાધુને સમતા. તમારા દિકરા જુદા ને મહાવીરના પુત્રો જુદા. સંતો સંયમ લઈને એકજ ભાવના ભાવે છે કે હે પ્રભુ !

"છેલ્લા શ્વાસ સુધી નિરંતર રહો આ સંયમી ભાવના,
આધ્યાત્મિક સ્થિતિમાં વહો મુજ ઉરે કલ્યાણની સાધના;
આવે કાળ ભલે વિપદ શીર પડે ના દુ:ખ કે વાસના,
માગ્યે પ્રાપ્ત સુધર્મ અંત સમયે, એકે બીજી આશ ના."

"મારી ઉપર ગમે તેટલી વિપત્તિઓનાં વાદળાં ઉતરી પડે, મને ગમે તેટલાં કષ્ટો પડે, મૃત્યુ કાલે આવતું હોય તો ભલે આજે આવી જાય પણ મારી આ સંયમની ભાવના અંત સમય સુધી ટકી રહો. આ ધર્મની ભાવના ટકી રહો. બીજું મારે કંઈ જ જોઈતું નથી. સિંહની પેઠે સંયમ લીધો છે તો સિંહ જેવો થઈને જ તેનું પાલન કરું. "વૈરાગી કેવા હોય છે!"

ઠાણાંગ સૂત્રમાં ચોભંગી બતાવી છે. એકેક જીવો સિંહની પેઠે સંયમ લઈને સિંહની જેમ પાળે છે. બીજા પ્રકારના જીવો સિંહની પેઠે સંયમ લઈને શિયાળ જેવા બનીને પાળે છે. ત્રીજા પ્રકારના જીવો લેતી વખતે શિયાળ જેવા હોય છે પણ પાળતી વખતે સિંહની જેમ શૂરવીર બનીને પાળે છે. ચોથા પ્રકારના સંયમ લેતી વખતે શિયાળ જેવા હોય છે અને પાલન કરવામાં પણ શિયાળ જેવા હોય છે.

જ્યારે સંતાનો સંયમ લેવા ઊઠે છે ત્યારે માતા-પિતાઓ તેમને રોકવા માટે થાય તેટલા વાના કરે છે. પણ જ્યારે એને રોકવા સમર્થ નથી બનતા ત્યારે અંતે તો એમ જ કહે છે કે બેટા! સિંહની પેઠે સંયમ લે છે તો સિંહ જેવો બહાદુર બનીને પાળજે. મને રોવડાવી છે પણ હવે બીજી માતાને ન રોવડાવીશ. જે સાધ્યની સિદ્ધિ કરવા સંયમ લે છે તે સાધ્યની સાધના કરી લેજે એટલે ફરીને ભવમાં ભમવું ન પડે. આવા સિદ્ધાંતમાં કંઈક દાખલા છે.

બે બાળકોને પણ જન્મ ફરીને ન લેવો પડે એવો વેગ ઉપડયો છે. માતાને ભય લાગ્યો છે કે મારા દિકરા શું કરશે? તમને પણ ભય તો લાગે છે હોં? તમે રસ્તે ચાલ્યા જતાં હો તે વખતે જો તમારી પાસે માલ-મિલ્કત હોય તો તો ખૂબ ભય રહે. ચોર-લૂંટારા ન મળી જાય તે માટે કેટલાં સાવચેત રહો. રાત્રે સૂઈ જાવ ત્યારે પણ કહીને સૂઈ જાવ કે બારણાં બરાબર બંધ કરી દેજો. ખુલ્લાં ન રહી જાય. પણ અમારા બારણાં બંધ હોય કે ખુલ્લા હોય, અમને જરા પણ ભય ન લાગે. કારણ! ભય છોડીને નીકળ્યા છીએ.

આ બે બાળકો તેની માતાને કહે છે હે માતા! તું જેને ભય માને છે એવો ભય અમને નથી. અમને ત્રણ જાતનો ભય છે. "जाइ – जरा – मच्चु भया" સૌથી પ્રથમ ભય છે જાઈ – જન્મનો. જે જન્મે છે તેને જ જરાવસ્થા આવે છે. માની લો કે ઘડપણ ન આવ્યું, યુવાનીમાં જ મરણ પામ્યા તો પણ મરણનો ભય તો ઉભો જ છે ને? જેને જન્મ છે તેને જ વૃદ્ધાવસ્થા આવે છે, તેને જ મૃત્યુ આવે છે. માટે અમારે તો મોક્ષના સુખડાં મેળવવા છે. હવે જન્મ લેવો નથી. જન્મ અને મરણનાં દુઃખો વેઠીને હવે તો ત્રાસી ગયા છીએ. આજે તો કંઈક એવો પ્રશ્ન પણ કરે છે કે મોક્ષમાં જઈને કરવાનું શું? ત્યાં નહિ હરવાફરવાનું, નહિ સારા કપડાં પહેરવાનાં, એરકંડીશન રૂમ પણ ત્યાં નહિ મળે, નાટક-સિનેમા જોવાના પણ ન મળે. અરે ભાઈ! સિદ્ધના સુખોનું વર્ણન ન જ કરી શકાય.

" उवमा जस्स न विज्जइ " આ જગતમાં એવી કોઈ વસ્તુ જ નથી કે જેને સિદ્ધનાં સુખોની ઉપમા આપી શકાય. ત્રણે જગતનું નાટક ત્યાં બેઠા બેઠા જોઈ શકાય. એ સુખ તો અનુભવે જ ખબર પડે. એ મુક્તિના મહાન સુખો મહાપુરૂષોએ મેળવ્યાં છે. આપણે પણ મેળવવાં છે પણ મમતા મૂકાતી નથી. મમતાના બંધન તૂટે તો આપમેળે મુક્તિ મળે.

આ સંસારમાં રહીને આપણે એ જ ભાવના ભાવવાની છે કે આ જગતમાં કોઈ મારું નથી. હું પણ કોઈનો નથી. આવી વીતરાગની મસ્તી જીવનનાં આવી જશે તો ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ પણ તમને દુઃખી બનાવી શકશે નહિ.

"ગરીબની હાલત કેવી છે" :-

એક માણસના માથે ખૂબ જ કરજ વધી ગયું. તેના ઘર-બાર વેચાઈ ગયા. પત્નીના દાગીના પણ વેચાઈ ગયાં. ખાવાના સાંસા પડવા લાગ્યા. ખૂબ દુઃખી દુઃખી થઈ ગયો છે. ત્યારે એની પત્નીને કહે છે, આ ગામમાં મારે માટે કોઈ સ્થાન નથી. હું આપઘાત કરીને મરી જાઉં, કાં તો પરદેશ ચાલ્યો જાઉં. એની પત્ની ગર્ભવંતી હતી એટલે કહે છે કે તને આ સ્થિતિમાં મારાથી મૂકીને જવાય નહિ, પણ હવે હું અહીં રહી શકું તેમ નથી. ત્યારે પત્ની કહે છે : સ્વામીનાથ, તમે આપઘાત કરો તો ફરીને આપણે મળી ન શકીએ પણ જો તમે બહારગામ જાવ તો કોઈકિ વખતે આપણે મળી શકીશું. અહીં એક વાત સમજવા જેવી છે. તમારા સંતાનોને વૈરાગ્ય આવે અને દીક્ષા આપશો તો તમે તેના દર્શને જશો, તેની પાસે બેસશો અને ધર્મના બે બોલ તેના મુખેથી સાંભળશો. પણ જો આયુષ્ય પૂર્ણ થયે પરલોકમાં ચાલ્યા જશે તો ફરીને એનું મોઢું જોઈ શકશો ખરા ? પણ કહેવત છે ને કે :—

" જમને દેવાય પણ જતીને ન દેવાય "

પત્નીના કહેવાથી પેલો માણસ પરદેશ જવા રવાના થયો. કયારે માણસના પુણ્યનું પાંદડું ફરે છે તે આપણે જાણી શકતાં નથી. આ દેવાદાર માણસને પાપકર્મનો ઉદય થયો પણ એ પરદેશમાં ગયો અને ત્યાં તેને સારા માણસોનો સાથ મળી ગયો. અને સામેથી પોતાની દુકાનમાં લઈ ગયો અને પહેલેથી જ એનો ચાર આની ભાગ નાખ્યો. પુણ્યની લીલા જુદી છે. ધીમે ધીમે એના ભાગ્યનો સિતારો ચઢતો ગયો. બીજી તરફ પોતાના દેશથી પત્ર આવ્યો કે તેમના ધર્મપત્નીએ પુત્ર રત્નને જન્મ આપ્યો છે. હજુ પુત્રને તો તેણે જોયો પણ નથી. તો પણ તેને પુત્ર પ્રત્યેનો મોહ જાગ્યો. ભાગ્ય પણ જોરમાં છે. વેપારમાં લાખો રૂપિયા કમાવા માંડયા છે.

જ્યારે પુણ્યનો ઉદય થાય છે ત્યારે ગરીબમાં ગરીબ હાલતમાં ફરતો માણસ ક્રોડાધિપતિ બની જાય છે. તેના પહેલાં એની પાસે ફાટયા તૂટયાં કપડાં પણ ન હતા. અત્યારે રેશમી કપડાં પહેરવા મળે છે. પહેલા ઘાસના ઝૂંપડામાં રહેતો હતો. કોઈ

તેની ખબર લેનાર પણ ન હતું. તેવો માણસ પુણ્યનો ઉદય થતાં સાત માળનાં મહે-લમાં મહાલે છે. તેની સેવામાં નોકરો હાજર હોય છે. નીતિકારે કહ્યું છે કે:—

स्त्रियश्चरित्रं पुरुषस्य भाग्यं, दैवो न जानाति कुतो मनुष्यः ।

સ્ત્રીઓનું ચરિત્ર અને પુરૂષનું ભાગ્ય આ બે ચીજને દેવો પણ જાણી શકતાં નથી. તો સાધારણ મનુષ્ય તો કઈ રીતે જાણી શકે ?

આ ભાઈનો દિકરો બે વર્ષનો થયો છે. પત્ની અવારનવાર પોતાના અને પુત્રના કુશળ સમાચાર મોકલ્યા કરે છે. આ ભાઈ પણ પાંચ સાત લાખ રૂપિયા કમાઈ ગયો છે. પણ કુદરતનો એવો નિયમ છે કે જેમ લાભ મળતો જાય છે તેમ લોભ વધતો જાય છે. ભાઈ તો હવે સામાન્ય મટી મોટો શેઠ બની ગયો છે. આ તરફ ધન મળ્યું. બીજી તરફ પુત્રની પ્રાપ્તિ થઈ. હવે એને કોઈ ચિંતા ન રહી. માણસને કોઈ જાતની ચિંતા ન રહે ત્યારે શરીર પણ પુષ્ટ બને છે. દિવસો જતાં વાર લાગતી નથી. એનો પુત્ર બાર-તેર વર્ષનો થયો છે. હવે પત્નીના ઉપરાઉપરી પત્રો આવે છે. સ્વામીનાથ! હવે આપને ગયાને ઘણો સમય થઈ ગયો. આપણો લાડીલો પુત્ર પણ હવે મોટો થયો છે. તમે એનું મુખ પણ હજુ જોયું નથી. આપણે બે અને ત્રીજો પુત્ર છે. હવે કોના માટે વધુ કમાવું છે? તમે જલ્દી દેશમાં પધારો. આ ભાઈ પણ પત્ર લખે છે કે હવે થોડા જ સમયમાં આવીશ. એમ કરતાં કરતાં બીજા બે વર્ષ કાઢી નાંખ્યા. છેવટે પત્નીનો ખૂબ જ આગ્રહ થયો પત્ર આવવાથી ભાઈ દેશમાં આવવા તૈયાર થયાં. દશ લાખની કમાણી કરી લીધી છે. દેશમાં પત્ર લખી નાંખ્યો કે ફલાણી તારીખે ફલાણી ટ્રેઈનમાં હું આવું છું.

પિતાને મળવાની ઉત્કંઠા :

પતિનો પત્ર આવવાથી પત્નીના આનંદનો પાર ન રહ્યો. તેના પુત્રને કહ્યું બેટા! તારા પિતાજી આવવાના છે. ત્યારે બાળક કહે છે બા, મારા બાપુજી આવે છે તો હું તેમને લેવા માટે બે ગામ આગળ સામો જઈશ. માતા કહે છે બેટા! તેં તો તારા બાપુજીને જોયા પણ નથી. તેમને કેવી રીતે ઓળખીશ? અરે! બાપુજીનો પત્ર સાથે લઈને જઈશ, પુત્રની જવાની ખૂબ ઈચ્છા જોઈ માએ હા પાડી. એના બાપુજીને આવવાનો દિવસ આવ્યો એટલે આ છોકરો કાગળ લઈને ઘરેથી નીકળ્યો. અને સામે ગામ જઈ સ્ટેશન પરની ધર્મશાળામાં ઉતરવા માટે રૂમ શોધવા લાગ્યો. સારી રૂમો બધી ભરાઈ ગઈ છે. એક નાનકડી રૂમ ખાલી હતી. તે રૂમનું ભાડું ભરીને તેણે પોતાનો સામાન રૂમમાં મૂક્યો. હવે તેના પિતાજીના આવવાની રાહ જોઈ રહ્યો છે. બધી રૂમોમાં તપાસ કરે છે કે આમાં કોઈ એના પિતાજી છે? પણ એના પિતાજી હજુ આવ્યા નથી. બીજે દિવસે

સવાર પડી. નવ વાગ્યાનો સમય છે. ધર્મશાળાની સામે એક મોટર આવીને ઉભી રહી. તેમાંથી એક શેઠ ઉતર્યા.

ધનનો નશો :– ધર્મશાળાના પટાવાળાની ઓરડી પાસે આવીને સામાન મૂક્યો અને કહેવા લાગ્યો કે રૂમનું ભાડું શું છે ? તો કહે છે દરરોજનો એક આનો. ત્યારે આ શેઠે એક રૂપિયો પટાવાળાને આપી દીધો. પટાવાળો રૂમ શોધે છે, પણ યોગાનુયોગ એવો બની ગયો કે એક પણ રૂમ ખાલી નથી. આખરે પટાવાળો પેલો છોકરો જે રૂમમાં ઉતર્યો છે ત્યાં આવ્યો. આ બાળકને એકલો જોઈને વિચાર કર્યો કે આ રૂમ ખાલી કરાવું. કારણ કે શેઠે એક આનાને બદલે એક રૂપિયો આપ્યો હતો. એટલે શેઠ તો એને ભગવાન જેવા વહાલા લાગ્યા હતા, હવે શેઠને કોઈપણ રીતે રૂમ તો આપવી જ જોઈએ એટલે આ છોકરાને કહે છે, તું આ રૂમ અત્યારે ને અત્યારે ખાલી કરી દે. તું જેટલો વખત રહ્યો તે મફતમાં રહ્યો. તેં ભાડાનો એક આનો ભર્યો છે તે તને પાછો આપી દઈશ.

છોકરો પણ તેજ મગજનો હતો. તે રોકડથી કહેવા લાગ્યો. તમે ગમે તેમ કરો પણ હું આ રૂમ કોઈ હિસાબે ખાલી નહિ કરું. શું મેં ભાડું નથી આપ્યું ? શા માટે મને ખાલી કરાવો છો ? જો ન્હોતો રાખવો તો પહેલેથી જ ના પાડવી હતી ને ? આખરે પટાવાળો થાકયો. એ શેઠ પાસે આવીને કહેવા લાગ્યો કે પેલી રૂમમાં એક જ છોકરો છે. એને મેં ખૂબ સમજાવ્યો પણ રૂમ ખાલી કરતો નથી. ખૂબ મિજાજી છે. આપ જઇને એને સમજાવો. શેઠે એના નોકરોને હુકમ કર્યો કે તમે જઈને એને સમજાવો. જો સમજે તો ઠીક છે. જો રૂમ ખાલી ન કરે તો સામાન ઉઠાવીને રૂમની બહાર ફેંકી દેવો અને સામાન બહાર કાઢી રૂમ ખાલી કરાવો.

બંધુઓ ! લક્ષ્મી આવવાથી માણસ અકકડ બને છે. પૈસાના મદમાં માણસ નીતિને ભૂલી જાય છે. હૃદય વજ્ર જેવું કઠોર બની જાય છે.

" माया दुलत्ती कही, आत जात है लात ।
आतां देवे पीठ पर, जातां छाती लात ॥ "

દોલત મનુષ્યને ગધેડાની જેમ બે લાતો મારે છે. જેનું નામ જ દો....લત, જે બે લાત મારે છે. લક્ષ્મી આવે છે ત્યારે વાંસામાં એવી લાત મારે છે કે મનુષ્યની છાતી આગળ પડતી નીકળે છે. એટલે ધનવાનો છાતી ફુલાવીને ચાલતા હોય છે. અને જ્યારે જાય છે ત્યારે ફુલેલી છાતી ઉપર લાત મારે છે એટલે એ વાંકો ચાલે છે. આ તો તમે પ્રત્યક્ષ જુઓ છો ને ? છતાં પણ લક્ષ્મી મળે છે ત્યારે કેવો પાવર આવે છે ! બસ, મારા જેવો દુનિયામાં કોણ શ્રીમંત છે ? બસ, હવે મને કોણ કહેનાર છે ? આ લક્ષ્મી બધી મારી જ છે, પણ ભાઈ ! લક્ષ્મી તો વેશ્યા જેવી છે. એ માણસને મૂર્ખ બનાવી દે છે.

ખરું પૂછો તો લક્ષ્મી એક પ્રકારની બિમારી છે. બિમારી તો શરીરમાં ઓછું નુકશાન કરે છે પણ લક્ષ્મીની બિમારી તો માણસના આખા શરીરને બેકાર બનાવી દે છે. લક્ષ્મીના પ્રભાવથી માણસના કાન બહેરા બની જાય છે. ધનવાનોનાં હૃદય એટલાં કઠોર બની જાય છે કે કોઇ ગરીબ માણસની દયાજનક સ્થિતિ જોઇને પણ તેનું હૈયું પીગળતું નથી. ગરીબોના રૂદનનો અવાજ પણ તેના કાનમાં પ્રવેશ કરી શકતો નથી. ધનવાનો પોતાને માટે પાણીની જેમ પૈસા વાપરે છે. પણ ગરીબને માટે પાઇ પણ ખર્ચતો નથી.

આ શેઠની હાલતનો જ વિચાર કરો. એના પાપ કર્મનો ઉદય થયો તો લક્ષ્મી ચાલી ગઈ. વળી પુણ્યનો ઉદય થતાં દશ લાખ રૂપિયા કમાઈ ગયો. તો પણ એનામાં વિવેક ન આવ્યો. એને સંપત્તિની ગરમી આવી ગઈ છે. એટલે તેણે આ બાળકની હાલતનો વિચાર ન કર્યો. નોકરોને સીધો હુકમ કર્યો. નોકરો છોકરાને કહે છે ભાઈ! તું સીધી રીતે રૂમ ખાલી કરી દે – ત્યારે છોકરો શું કહે છે? "मैं मुफ्तमें नहीं ठहरा हूं; मैंने किराया दीया है।" અત્યારે હું રૂમ ખાલી નહિ કરું. નોકરો કહે છે તને ખબર નથી કે અહીં આ શેઠ આવ્યા છે. તેમને માટે રૂમ જોઈએ છે. તો છોકરો કહે છે. એવા તો કંઈક શેઠ આવે ને જાય. એમાં હું શા માટે રૂમ ખાલી કરું? આખરે છોકરો ન માન્યો ત્યારે જબરજસ્તીથી સામાન બહાર ફેંકી દીધો. અને શેઠનો સામાન અંદર મૂકી દીધો.

શેઠના નોકરોએ રૂમમાં ગાદી-તકિયા બિછાવી દીધા. શેઠ મોટરમાં બેસીને થાકી ગયા હતાં. તે આરામ કરવા માટે સૂઈ ગયાં. આ છોકરો લાચાર બનીને રૂમની બહાર બેઠો છે. પણ એની જીભ બંધ થતી નથી. "मैं अभी अकेला हूं इसी कारण तुमने मेरा सामान फिंकवाया है मगर मैं भी देख लूंगा, घनकी सारी खुमारी न निकाल दूं तो कहना।"

આ છોકરો બોલે છે ત્યારે નોકરો કહે છે બદમાશ! તું શું બોલે છે? એમ કહી એના ગાલ ઉપર બે – ચાર લપ્પડો લગાવી દીધી. જો હવે બોલ્યો છે તો યાદ રાખજે તારા બે કાન કાપી નાખીશ. આ છોકરો પણ એમ ચૂપ થાય તેમ કયાં હતો? એને આ શેઠની બેઈમાની પર ખૂબ ગુસ્સો આવ્યો હતો એટલે એ બોલ્યા વિના રહી શકતો ન હતો.

એને માર મારવાથી ખૂબ દુઃખ થયું. અહો! ધનવાનો કેવા કઠોર હૃદયના હોય છે! એક તો મને રૂમમાંથી બહાર કાઢયો અને પાછો મને મારે છે. એમ ખૂબ દુઃખ થયું. કરૂણ સ્વરે રૂદન કરતો શેઠની આંખ ખોલાવવા માટે બોલે છે : याद रखना "तू ने मुझे पीटवाया है पर इसिका बदला लिये बिना नहीं मानूंगा। मेरे पिताजी भी परदेश से आनेवाले है।"

આ શબ્દો અંદર સૂતેલા શેઠના કાને પડયાં. એટલે પૂછે છે તારા પિતાજી કયાંથી આવવાના છે? એમનું નામ શું છે? કયાંના રહીશ છો? ત્યારે છોકરો કહે છે. મારા પિતાજી આવવાના છે એમ કહ્યું એટલે તમને ડર લાગ્યો ને?

" મેરે પિતાજીકા નામ પન્નાલાલ શેઠ હૈ, અમુક ગાંવકે રહીશ હૈ, ઉનકે આને પર મૈં તુમ સબકો દેખ લૂંગા। "

મારા પણાની મમતા :--

આ સાંભળીને શેઠનો ચહેરો બદલાઈ ગયો. એ સમજી ગયો કે એનો બાપ તો હું જ છું. અને આ મારો જ પુત્ર છે. એટલે એના હૃદયમાં મમતા જાગી. શેઠ ઉઠીને છોકરાની પાસે જવા લાગ્યા ત્યારે છોકરો હાથમાં પથ્થર લઇને શેઠને મારવા તૈયાર થયો. ત્યારે શેઠ કહે છે બેટા ! શાંત થા. ક્રોધ ન કર, મારું નામ જ પન્નાલાલ છે. હું જ તારો બાપ છું.

પ્રેમથી છોકરાને બાથમાં લઇ લીધો. પણ છોકરો કહે છે મારા બાપુજી આવા હોય ! બાપુજી ! ઠીક થયું, આ તો હું જ તમારો દિકરો નીકળ્યો. પણ જો આ જગ્યાએ બીજો ગરીબનો નબળો પોચો છોકરો હોય તો એની શું દશા થાય ? એની તમે આ જ સ્થિતિ કરોને ! આ છોકરાની નીતિપરાયણતા જોઈ બાપના હૃદયનું પરિવર્તન થઈ ગયું. છોકરો બાપના ચરણમાં નમી પડ્યો. ખૂબ પ્રેમથી બાપ-દિકરો ભેટી પડ્યા. હવે શું બાકી રહે ! શેઠે છોકરાને હીરા-માણેક ને પન્નાના દાગીના પહેરાવી, રેશમી વસ્ત્રો પહેરાવી પોતાની સાથે ગાદી પર બેસાડ્યો.

દેવાનુપ્રિય ! વિચાર તો કરો. થોડીવાર પહેલાં કઈ સ્થિતિ હતી ? હવે શું સ્થિતિ છે ! આ બધું કરાવનાર કોણ છે ! " મમતા " પહેલાં પોતાનો પુત્ર માન્યો ન હતો. હવે મારાપણું આવી ગયું. જે છોકરો શેઠને તુચ્છ-ગરીબ દેખાતો હતો તે વહાલો લાગવા માંડ્યો. જે બાપ દિકરાને રાક્ષસ જેવા લાગતા હતા તે હવે દેવ જેવા દેખાવા લાગ્યા. જે નોકરોએ છોકરાને માર્યો હતો તે પણ માફી માંગવા લાગ્યા. શેઠ કહે છે એમાં તમારો કોઈ દોષ નથી. મેં જ્યાં સુધી એને મારો માન્યો ન હતો ત્યાં સુધી બધું બની ગયું. બાપ-દિકરો નોકર-ચાકરો ભેગા થઇને પોતાને ગામ આવે છે અને આખા કુટુંબમાં આનંદ આનંદ છવાય છે.

આ બધું મોહ ને મમતાનું નાટક છે. જેના ઉપર મમતા થાય છે તે વસ્તુ ગમે છે. જેના ઉપર મમતા નથી હોતી એને જોવું પણ ગમતું નથી. આ બાળકોને સંસાર ઉપરથી મમતા ઉતરી ગઇ છે. માતાને બાળકો પ્રત્યે ખૂબ મમતા છે. આગળ શું બનશે તે વાત અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૨૬

શ્રાવણ સુદ ૧૧ ને બુધવાર તા. ૧૨-૮-૭૦

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો! ત્રિલોકીનાથ, વિશ્વવંદનીય, સર્વજ્ઞ ભગવંતે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યા પછી જ જગતના જીવોને ઉપદેશ આપ્યો છે. સર્વજ્ઞ ભગવંતો ત્રણે કાળ અને ત્રણે ભુવનની વાત જાણી-દેખી શકે છે. તેમનાથી એક પણ વાત છાની રહેતી નથી.

બત્રીસ સૂત્રમાં, ઉત્તરાધ્યયન સૂત્ર મૂળ સૂત્ર છે. તેમાં સૌથી પ્રથમ પ્રભુએ બતાવ્યું છે કે ધર્મનું મૂળ વિનય છે. જે વિશેષ પ્રકારે આત્માને શુદ્ધિ તરફ લઈ જાય છે, તેનું નામ વિનય છે. જો તમારી પાસે વિનયની વાટ અને જ્ઞાનનો પ્રકાશ નહિ હોય તો જીવનમાં ભયંકર અંધકાર વ્યાપી જશે. આજે જ્યાં ને ત્યાં અશાંતિ અને ઉકળાટ દેખાય છે તેનું કારણ વિનયે જીવનમાંથી વિદાયગીરી લીધી છે. આજે એકેક માનવીમાં વિનય વસ્યો હોય તો ઘર-ઘરમાં અશાંતિ ન હોય. સર્વત્ર શાંતિ જ દેખાય. વિનયવાન આત્મા પોતે શાંતિથી જીવન જીવે છે અને એની સાથે રહેનાર પણ શાંતિનો સુધારસ પીવે છે. પછી કોઈ જાતની અશાંતિ થાય ખરી?

અહીં ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં ભૃગુ પુરોહિતના બે પુત્રો પણ વિનયવાન છે. બંને પુત્રોને સંતનો સમાગમ થયો. સંતના સમાગમથી અને પૂર્વના સંસ્કારથી તેમના જીવનમાં પરિવર્તન થઈ ગયું. તેમણે સંતોને વિનયપૂર્વક વંદન કર્યું. અને સંતનો ઉપદેશ સાંભળ્યો. જીવનમાં જ્ઞાન કે બોધ કયારે ટકે છે? જ્યારે વિનય આવે છે ત્યારે. કદાચ તાત્કાલિક જ્ઞાન તમે મેળવી લીધું હશે પણ જો તે જ્ઞાન વિનય વિના લીધું હશે તો લાંબો સમય ટકી શકશે નહિ. વિનયપૂર્વક લીધેલું જ્ઞાન મનુષ્યના જીવનમાં ટકે છે.

જ્ઞાન લેતી વખતે નાના-મોટાના ભેદભાવ ન હોવા જોઈએ. ગ્રંથકારની એક વાત છે. શ્રેણીક મહારાજાનો એક બગીચો હતો તેમાં એક આંબો એવો હતો કે જે બારે માસ ફળતો હતો. કાયમ તેના ઉપર કેરી આવતી હતી. વિનયપૂર્વકનું જ્ઞાન પણ સદા ફળ આપે છે. એ ગામમાં ઝાડુ વાળનાર ભંગીની સ્ત્રી ગર્ભવંતી હતી. એક વખત તેને કેરી ખાવાનો દોહદ ઉત્પન્ન થયો. એના પતિને કહે છે મને કેરી લાવી આપો. જો વૈશાખ મહિનો હોય તો કેરી મળે પણ આસો મહિનામાં કેરી કયાંથી મળે? કોઈ ઠેકાણે કેરી મળતી નથી. આ બાઈને કેરી ખાવાનો દોહદ ઉત્પન્ન થયો છે. અંદરની તીવ્ર ભાવના જાગી છે. એ માંગ પૂરી થતી નથી. એટલે બાઈનું શરીર દિવસે દિવસે સૂકાવા લાગ્યું.

બંધુઓ ! તમને અંદરથી તીવ્ર વેગ કોઈ દિવસ ઉપડે ખરો ? આ તપસ્વીઓને જોઈને પણ ભાવના જાગે છે કે હું માસખમણ કરું. તમને આવાનો વેગ ઊપડે છે, ધંધો કરવાનો વેગ ઉપડે છે. નાણાંની ટંકશાળ પડે તેવો વેગ ઉપડે છે. પણ હજુ આત્માની સન્મુખ થવાનો, મોક્ષ ગતિના શાશ્વત સુખો મેળવવાનો વેગ હજુ ઉપડતો નથી. એ તરફ તો હજુ પગરણ માંડયા જ નથી. તમને થશે કે અમે રોજ સામાયિક કરીએ છીએ, વ્યાખ્યાન સાંભળીએ છીએ અને મહાસતીજી કહે છે તમે કંઈ જ કરતા નથી. એ કેમ બને ? બંધુઓ ! આપણે મહાન પુરૂષોની સાધના આગળ હજુ કંઈ જ કર્યું નથી.

પ્રમાદના પલંગમાં માયાની ચાદર ઓઢી અનાદિકાળથી ઘસઘસાટ ઊંઘતા આ જીવે પડખું ફેરવવા જેટલો પણ હજુ પુરૂષાર્થ કર્યો નથી.

આ ભંગીની પત્નીને કેરી આવાનો દોહલો ઉત્પન્ન થયો. તમને તો કેમ ધન મેળવવું, ધનવાન બનું એવો દોહદ થાય છે. જ્યારે આત્માર્થી જીવોને એવી ભાવના થાય છે કે હે પ્રભુ અનાદિકાળથી આ અવની પર અંધારે આથડી રહ્યો છું હવેઃ—

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો;

સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
ક્યારે વિચરશું મહાપુરૂષને પંથ જો...

તમને આ વાત હૈયે બેસે છે. તમને એવા ભાવ આવે છે ખરા કે મને આવો અવસર ક્યારે આવે ? દુનિયામાં બધા જ અવસર આવે છે. દિકરીના લગ્નના માંડવડા નાંખવાનો અવસર આવ્યો હશે, જાન જોડી વરના બાપ બનીને જવાનો અવસર આવ્યો હશે, નવું મકાન બંધાવી તેનું વાસ્તુ કરવાનો અવસર આવ્યો હશે પણ સંસાર ત્યાગીને સાધુ બનવાનો અવસર નહિ આવ્યો હોય. તેનો તમને શોક કેમ નથી થતો ! પાડોશીના ઘેર દિકરા કે દિકરીના લગ્નની ધામધૂમ થતી હોય, વાજાં વાગતા હોય ત્યારે જેને પાડોશમાં પુત્ર ન હોય તે આંખમાંથી આંસુ સારે છે. અહો ! આપણે ઘેર સંતાન હોત તો આપણે પણ આવો લ્હાવો લઈ શકત ને ? આપણું બારણું ઉઘાડું રહેત અને આપણો વારસો સચવાત. પણ ભાઈ ! ગમે તેટલો વારસો સાચવવા જાવ છતાં એ વારસો કાયમ રહેવાનો નથી. સાચો વારસો કયો છે ? આત્માનો અપૂર્વ અમૃતરસ ચાખવો અને બીજાને ચખાડવો. એ જ આત્માનો સાચો વારસો છે. જીવે હજુ અપૂર્વકરણ કર્યું નથી. ગ્રંથીભેદ કર્યો નથી એટલે આ વાતો ગમતી નથી. પૂર્વે કોઈ દિવસ નહીં આવેલો, નહીં ચાખેલો, આસ્વાદ એક વખત આત્મામાં આવી જાય કે હે પ્રભુ ! જેમણે ઘાતી કર્મ ઉપર ઘા કરી કર્મોની ગ્રંથીને ભેદી તેરમે

ગુણસ્થાને જે સંતો વિચરે છે એવો હું ક્યારે બનીશ ? મુક્ત વિહારી ક્યારે બનીશ ? જેને સંસાર બંધનરૂપ લાગે તે શું કહે છે ?

અકળાયેલો આ આતમ કહે છે મને મુક્ત ભૂમીમાં ભમવા દો.
ના રાગ રહે ના દ્વેષ રહે....એવી કક્ષામાં મને રમવા દો.
મિત્રાચારી આ તનડાની (૨) બે ચાર ઘડીનો ચમકારો. બંધન બંધન....

તમને આ બંધન હજુ સાલતું નથી પણ યાદ રાખજો કે તમે તમારા ઘરના છાપરા ચાંદીના બનાવી દો અને સોનાનાં બારણાં મૂકાવો, રત્નજડિત સિંહાસને સૂતા હો પણ અંતે બંધન એ બંધન જ છે. વન વિહારી વૃક્ષની ડાળે હિંચનારા પોપટને રત્નજડિત પાંજરામાં બેસી દાડમની કળીઓ બવડાવો પણ એને મન તો એ બંધન જ છે. એને તો સ્વતંત્રતા જ ગમે છે. પણ કોઈ પોપટને નાનપણથી જ પાંજરામાં પૂરી દીધો હોય એટલે એને પાંજરામાં રહેવાની જ આદત પડી જાય છે. એને પાંજરું ખોલીને કોઈ ઉડાડવા પ્રયત્ન કરે તો પણ તે ઉડતો નથી. કદાચ ઉડે તો થોડી વારમાં જ પોતાના પાંજરામાં પેસી જાય છે. તે રીતે આત્માનો સ્વભાવ તો ઉર્ધ્વગમન કરવાનો છે. પણ અનાદિ કાળથી તે સંસારના બંધને બંધાયેલો હોવાથી એને પણ સંસાર જ ગમે છે. ઘરેથી શ્રાવિકા કહે હવે હું તમારાથી થાકી-તમે ઘણો સંસાર ભોગવ્યો હવે સાધુ થઈ જાવ તો સારું. આમ કહે ત્યારે ઘડી પૂરતો વૈરાગ્ય આવી જાય. પણ ઘડી પછી હતા તેવાને તેવા. સંસારમાં સુખ પડે કે દુઃખ પડે તો ય તમારે મન સંસાર સાકરના ટુકડા જેવો મીઠો છે. જ્યાં ક્ષણમાત્રનું સુખ નથી. કદાચ તમારી દૃષ્ટિએ તમને સુખ દેખાતું હોય તો પણ તે અખંડ તો નહિ જ. અને એ સુખની પાછળ અનંત દુઃખની પરંપરાઓ સર્જાય છે છતાં જીવને રસ ક્યાં આવે છે ! તમે કયા અવસરની રાહ જુઓ છો ! કેવી ભાવના ભાવો છો !

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે,
ક્યારે વસાવશું લાડી-વાડી ને ગાડી જો,
ક્યારે બનીશું અડધા ડઝનના બાપ જો....અપૂર્વ.

બોલો તમને આની જ રટણા હોય ને ? (સભા :- હોય જ ને ?) હસાહસ). આવી રટણા રાખશો તો મરી જશો. તમને લાડી-વાડી ને ગાડી-દિકરા મોક્ષ નહિ અપાવે ઉલટું દુઃખ વધશે. માટે એવી ભાવના ભાવવા કરતાં સંસારનાં બંધન જલ્દી કેમ તૂટે એવી ભાવના ભાવો.

ભૃગુ પુરોહિતના પુત્રોને સંસાર એ બંધન લાગ્યું છે. એવા પુત્રો માતા-પિતાને કહે છે અમને જન્મનો ભય લાગ્યો છે. જન્મ પછી જરા અને પછી મૃત્યુનો ભય લાગ્યો

છે. તમને એનો ભય લાગ્યો જ નથી. તમે તો પરમીટ લઈને આવ્યા લાગો છો કે અહીંથી તમારે જવાનું જ નથી. આ છોકરાઓ પોતાના માતા-પિતાને વિનયપૂર્વક સમજાવી રહ્યા છે.

અહીં પેલા ભંગીની પત્નીને કેરી ખાવાની તીવ્ર ઈચ્છા થઈ છે. પણ કેરી મળતી નથી, એટલે શરીર હાડપીંજર જેવું થઈ ગયું છે. ભંગી કેરીની ખૂબ તપાસ કરે છે. કયાંય કેરી ન મળી ત્યારે છેવટે વિચાર કર્યો કે શ્રેણીક મહારાજાના બગીચામાં આંબો છે. અને તેને બારે માસ કેરીના ફળ આવે છે. ત્યાંથી ચોરી કરી લાવવી. ભંગી છાનો-માનો કેરી લેવા માટે બગીચામાં ગયો. આંબો ઘણો જ ઉંચો છે. કેરી મેળવવી મુશ્કેલ છે. આ ભંગીને વિદ્યા આવડતી હતી. તેના બળે તેણે આંબાની ડાળ નીચી નમાવી અને એક કેરી લીધી. અને તેની પત્નીનો દોહદ પૂર્ણ કર્યો. પણ એ ભંગીને કેરીનો એવો સ્વાદ લાગ્યો કે દરરોજ છાનોમાનો એક એક કેરી લઈ જવા મંડયો. આ તો એક જ આંબો છે. અને ઋતુના ફળ તો ઓછા જ આવે ને? એટલે રોજ એકેક કેરી ઓછી થાય એટલે ખબર પડયા વિના રહે નહિ. નોકરોએ શ્રેણીક મહારાજાને ફરિયાદ કરી કે આપણા બગીચામાં કોઇ ચોર હળી ગયો છે. અને તે દરરોજ એક એક કેરી લઇ જાય છે. ખૂબ તપાસ કરી. પણ કોઈ રીતે ચોર પકડાતો નથી.

શ્રેણીક રાજા વિચાર કરે છે કે જ્યાં મારી હાક વાગતી હોય ત્યાં એવો કોણ શૂરવીર જન્મ્યો છે કે મારા આંબાની કેરી ઉપાડી જાય છે! ગમે તેમ કરીને એને પકડવો. ખૂબ યુક્તિપૂર્વક ચોર પકડયો. એને જોઈ રાજાને એવો ક્રોધ આવ્યો કે ઓર્ડર આપી દીધો કે આને ફાંસીએ ચઢાવી દો. પણ શ્રેણીક રાજાનો પુત્ર અને બીજી તરફથી પ્રધાન એવો અભયકુમાર બહુ બુદ્ધિશાળી હતો. એ અહિંસાનો પૂજારી હતો જેની રગેરગમાં દયા ભરી હતી. એનું હૈયું કંપી ઉઠયું. અહો! આ ચોરે રત્ન-માણેક કે ધનની ચોરી નથી કરી. ફક્ત એક કેરીની ચોરી કરી છે. એને આવી કડક શિક્ષા? આ બિચારો આવો મનુષ્ય જન્મ હારી જશે! ગમે તેમ થાય. કોઈ પણ યુક્તિથી આને બચાવી લેવો. આમ વિચાર કરી શ્રેણીક મહારાજાને કહે છે બાપુજી! આણે ચોરી કરી છે તે સાચી છે. પણ એને ફાંસીની શિક્ષા થાય એવી ચોરી કરી નથી. છતાં આપને યોગ્ય લાગે તે સાચું. પણ હું આપને એટલું જ કહું છું કે આંબાનું ઝાડ ખૂબ ઉંચું છે. તો આણે કેવી રીતે કેરી લીધી. એને પૂછો તો ખરા. રાજાને તો ક્રોધ સમાતો નથી. એટલે અભય-કુમારને કહે છે તું પૂછી જો. ચોરને પૂછતાં ખબર પડી કે એ કંઈ આંબાની ઉપર ચઢતો ન હતો. અથવા તો સીડી આદિની સહાય પણ લેતો ન હતો. પણ એની પાસે એવી વિદ્યા હતી કે તેનાથી એ ડાળી નીચી નમાવીને કેરી લઈ લેતો હતો.

અભયકુમાર કહે છે બાપુજી! એને તમે ફાંસીએ ચઢાવી દેશો તો એની વિદ્યા તો એની

પાસે રહી જશે. એનો ઉપયોગ બીજા કોઈ નહીં કરી શકે. આ વિદ્યા આપને શીખી લેવા જેવી નથી લાગતી ? ગમે ત્યારે વિદ્યા તો કામ આવે. માટે આપ એને ફાંસીએ ચઢાવતાં પહેલાં એની પાસેથી વિદ્યા શીખી લો. શ્રેણીક મહારાજાને આ વાત ગળે ઉતરી. રાજાનો પ્રધાન સારો હોય તો રાજ્યની શોભા વધારે. અનીતિ કરતાં રાજાને અટકાવી શકે. પણ પ્રધાન સારો ન હોય તો રાજ્યનું તંત્ર બગડી જાય. રાજા સારો હોય તો પણ તેને અવળે પાટે ચઢાવી દે. આ અભયકુમાર તો ચતુર વણિક હતો. વળી રગેરગે ધર્મનો વાસ હતો. પછી પૂછવું જ શું ?

શ્રેણીક રાજા વિદ્યા શીખવા બેઠા. રાજા સિંહાસને બેઠા અને ભંગી નીચે બેઠા. ભંગી વિદ્યાનો મંત્ર શીખવે છે પણ રાજાને તે આવડતો નથી ત્યારે અભયકુમાર કહે છે બાપુજી ? ક્ષમા કરજો. પણ આપને એક વાત પૂછું છું કે આપણે જેની પાસેથી જ્ઞાન લઈએ તે કોણ કહેવાય ! જે જ્ઞાન આપે તે આપણા ગુરૂ કહેવાય. એ ગુરૂ નાના હોય કે મોટા હોય. બ્રાહ્મણ હોય કે ભંગી હોય પણ જ્ઞાન મેળવતી વખતે એવો ઘમંડ ન રાખવો જોઈએ કે હું મોટો રાજા છું. જ્ઞાન લેતી વખતે નમ્ર બની જવું જોઈએ. જ્ઞાન એ તો ચક્ષુ સમાન છે.

આપણાં રાજકોટ ક્ષેત્રમાં અને વઢિયામાં વસંતકુમાર તથા રોશનલાલજી બે પંડિતજી છે. બંને ભાઈઓ શાસનના સાચા રત્નો છે. જેઓ પોતાનું લોહી રેડીને સંત–સતીજી ઓને અને ભવિષ્યમાં દીક્ષા લેનાર વૈરાગીઓને કેટલા ખંતથી ભણાવે છે. જ્ઞાનનું દાન કરે છે. આજે રાજકોટમાં ને વઢિયામાં સંતોનું વધુ આવાગમન થતું હોય તો તે બંને ભાઈઓને આભારી છે. સૌ જ્ઞાન લેવા માટે દોડીને આવે છે. પંડિતજીને પણ એવી હોંશ છે કે અમારા શાસનના સંતો જ્ઞાન ભણીને શાસનને કેમ શોભાવે ! એમને કંઈ કલાકનો હિસાબ નથી. બીજા પંડિતો ભણાવે પણ એ કેવલ નોકરી જ કરતાં હોય. પણ આ તો અંતરના ઉમંગથી ભણાવે છે. વળી કાયમ માટે જ સંસ્થા છે. એટલે સંતોને પોતાના નિમિત્તે પંડિતજી રાખવાનો દોષ પણ ન લાગે.

કૂંકમાં વિદ્યા દાન દેનાર ગુરૂનો વિનય કરવો જોઈએ. શ્રેણીક રાજાને પોતાની ભૂલ સમજાઈ. પોતે સિંહાસનેથી નીચે ઉતરી ગયા અને ભંગીને સિંહાસને બેસાડયો. હવે રાજા વિદ્યા શીખવા બેઠા. ત્યાં ત્રણ જ વાર મંત્ર બોલ્યા અને રાજાને આવડી ગયો. રાજાનું કામ પતી ગયું. વિદ્યા આવડી ગઇ. એટલે કહે છે એને ફાંસીએ ચઢાવી દો. અભય કહે છે બાપુજી ! જેણે આપણને જ્ઞાન આપ્યું તે ગુરૂ કહેવાય. હવે ગુરૂને ફાંસી દેવાય કે દક્ષિણા દેવાય ! ત્યાં શ્રેણીક રાજા કહે છે અભય ! મારી ભૂલ થઈ. એને હવે ફાંસી દેવાય જ નહિ. એને દક્ષિણામાં પાંચ ગામ આપી દો, ભંગીનું જિંદગીનું દરિદ્ર ટળી ગયું. આ રસ્તો

કોણે કાઢ્યો ! વિચારજો. બંધુઓ ! તમને પણ બુદ્ધિ મળી છે અને અભયકુમારને પણ બુદ્ધિ મળી હતી. હવે તમે બુદ્ધિનો ઉપયોગ આવી રીતે કરતા હશો ને !

તમે બેસતા વર્ષે ચોપડામાં લખી દેશો કે બુદ્ધિ મળો તો અભયકુમારની મળજો. પણ તમારું હૃદય અભયકુમાર જેવું છે ? એ પહેલાં તપાસી લેજો અને પછી માંગણી કરજો. કહેવાનો આશય એ છે કે વિનય હોય તો જ માણસ જ્ઞાન મેળવી શકે છે, જ્ઞાન એ જ માણસને ઉન્નતિના શિખરે લઈ જનાર છે. માટે વિનય એ ધર્મનું મૂળ છે.

આ બે કુમારો એના માતા-પિતાને કહે છે હે માતા ! અમને જરા-વૃદ્ધાવસ્થા રૂપી રાક્ષસીનો ભય લાગ્યો છે. વૃદ્ધાવસ્થામાં કેવી દશા થાય છે ? કેવાં કેવાં દુઃખો વેઠવા પડે છે ! મને અને તમને હજુ પૂરું ઘડપણ આવ્યું નથી એટલે પરાધીનતાની શું ખબર પડે ? જેને ઘડપણે ઘેર્યાં છે તેમને પૂછી જુઓ કે તેમની કેવી દશા છે ! એક કવિએ કલ્પના કરીને લખ્યું છે કે ઘડપણ રોવે છે.

ઘડપણ રોવા બેઠું રે.... ઘડપણ રોવાને બેઠું.
કેશ કહે મેં કલર બદલ્યો, નયન કહે નૂર ખોયું
કાન કહે મારી કિંમત થઈ અડધી....દુઃખડા કેટલા વેઠું....
ઘડપણ રોવા બેઠું રે....

એ ઘડપણ કહે છે મારી વીતક શું કહું ? મારા માથે વાળ ધોળાં થઈ ગયા. કાને પૂરું સંભળાતું નથી. આંખોના તેજ ચાલ્યા ગયાં. બધા ગાત્રો ઢીલાં થઈ ગયાં. ઘરનાં મને કોઈ પૂછતાં પણ નથી. આખું શરીર જાણે ધ્રુજે છે. પહેલાં બે પગે ચાલતો હતો હવે તો ત્રીજા પગરૂપી લાકડીનો સહારો લેવો પડે છે. કેડમાંથી વાંકો વળી ગયો છું. ભાવના શતકમાં પૂ૦ રત્નચંદ્રજી મહારાજે પણ ઘડપણ વિષે કહ્યું છે કે :—

જિસકા તન અતિ જીર્ણ હુઆ હૈ, ડગમગ ડગમગ ચલતા હૈ,
ચાર કદમ ચલને પર હી જો, કંપ કર ગીર પડતા હૈ।
ઉસે દેખ હઁસ રહા યુવક કયોં, યૌવનકા યોં ચઢા નશા,
જાને કો હૈ યહી જવાની, તેરી હોગી યહી દશા. ।।

વૃદ્ધ માણસ લાકડીના ટેકે ચાલતો હોય, ચાર પાંચ કદમ ચાલે ત્યાં ગબડી પડે છે. આ વૃદ્ધાવસ્થાનું દૃશ્ય જોઈ જેમને યુવાનીનું જોમ છે તેવા યુવાનો હસે છે. વૃદ્ધની મશ્કરી ઉડાવે છે. એ વૃદ્ધને વાંકા વાંકા ચાલતાં જોઈને પૂછે છે હે બાપા ! તમારું શું ખોવાઈ ગયું છે કે તમે વાંકા વાંકા શોધી રહ્યા છો ! ત્યારે એ વૃદ્ધ શું કહે છે.

जरा दण्ड प्रहारेण भग्न कटि मया कृतम्
गतं मे यौवन रत्नं, पश्यामि च पदे पदे ।।

જરા રૂપી દંડના પ્રહારથી મારી કેડો ભાંગી ગઈ છે. અને મારૂં યૌવન રૂપી રત્ન ખોવાઈ ગયું છે. તેને હું શોધી રહ્યો છું. પણ હે યુવાન ! યુવાનીના નશામાં અમારી વૃદ્ધોની મશ્કરી કરે છે. પણ તારી યુવાની ચાર દિવસના ચમકારા જેવી છે. યાદ રાખો, તમારી પણ એક દિવસ આનાથી બૂરી દશા થશે.

દેવાનુપ્રિયો ! ઘડપણનાં દુઃખો ભયંકર છે. જઠરાગ્નિ મંદ પડી જશે પછી પૂરું ખાઈ પણ નહી શકો. ઘરમાંથી બધા ધક્કા મારશે. કોઈ અબર પણ લેશે નહિ. અમારા ઘરમાં સંત જેમ વૃદ્ધ થાય, દીક્ષા પર્યાય વધે તેમ યોગ્યતા વધે. અને તમારે ત્યાં ઘરડા થાય તેમ માન ઘટે. મારે તમારી કિંમત ઘટાડવી ન હોય તો તમે બહાદુર બનીને અમારા ઘરમાં આવી જાવ. આ બંને કુમારો કહે છે માતા ! ઘડપણમાં આવા કષ્ટો વેઠવા પડે છે. માટે જ્યાં સુધી આ જરા રૂપી રાક્ષસીએ અમારો પીછો કર્યો નથી, શરીરમાં એક પણ રોગ આવ્યો નથી. અમારી એક પણ ઈન્દ્રિય હીન થઈ નથી ત્યાં સુધી અમને અમારી આત્મ સાધના સાધી લેવા દો. હજુ પણ આ બે કુમારો એની માતાને શું સમજાવશે તેના ભાવ અવસરે કહેવાશે.

વિદ્યુલ્લતા ચરિત્ર :– માતપિતાનો કરૂણ વિલાપ

બંધુઓ ! આ સંસારનું સુખ કેવું ક્ષણિક છે. જે ઘરમાં આનંદની ઉર્મિઓ હિલોળા મારતી હતી તે જ ઘરમાં એ આનંદને ઠેકાણે ઉદાસીનતા છવાઈ ગઈ. માટે જ જ્ઞાનીઓ કહે છે કે—

"સંસારે સઘળું દીસે, કાચા રંગ સમાન,
વધુ સુખ તે તો વધુ, ચપલ વિદ્યુત સમાન"

આ સંસારનું સુખ જેમાં તમે રંગાઈ ગયા છો પણ એ સુખ તો કાચા રંગ જેવું છે. વિજળીનો ચમકારો ક્ષણમાં નષ્ટ થઈ જાય છે. તેમ આ તમારું સુખ વિજળીના ચમકારા જેવું છે. આમાં રહેજ પણ રાચવા જેવું નથી. આ વિદ્યુલ્લતાની કારમી ચીસ સાંભળી સગાં – સ્નેહીઓ, શેઠ – શેઠાણી સાથે દોડીને આવ્યાં. પ્રકાશ કરીને જોતાં એક બાજુ પુત્રનું શબ પડ્યું છે. બીજી બાજુ વહુ પણ બેભાન થઈને પડી છે. આ જોતાંની સાથે જ શેઠ–શેઠાણી બંને તમ્મર ખાઈને ધરતી ઉપર પડી ગયા.

સગાં – સ્નેહીઓએ અનેક પ્રકારના શીત ઉપચાર કર્યા. પંખો નાંખ્યો, પાણી છાંટયાં અને શેઠ–શેઠાણી તથા વિદ્યુલ્લતા ભાનમાં આવ્યા. આ વિદ્યુલ્લતા, શેઠ અને શેઠાણી ત્રણે જણાં ભલભલા કઠણ હૈયાનાં માનવી પણ પીગળી જાય, પથ્થર પણ પીગળી જાય, એવું છાતીફાટ કરૂણ સ્વરે રૂદન કરે છે. અને વિદ્યુલ્લતાને પૂછે છે બેટા ! આ શું બની ગયું ? વિદ્યુલ્લતા કહે છે બા ! અમે એહીં આવીને ચોપાટ રમવા બેઠા. પહેલાં એમણે પાસા

નાખ્યા તે ઉંધા પડ્યા. અને બીજી વખત જ્યાં પાસા હાથમાં લીધા ત્યાં એકદમ દીવા બુઝાઈ ગયા. અંધારું થઈ ગયું. એટલે હું બેબાકળી બની ગઈ. મારું ડાબું અંગ ફરકવા લાગ્યું. મેં એમને ખૂબ પૂછ્યું કે દીવા કેમ બંધ થઈ ગયા? આ શું બન્યું? તેમણે કંઈ જવાબ ન આપ્યો. એટલે મેં અંધારામાં હાથ ફેરવીને જોયું તો એમનું શરીર ઠંડુ પડી ગયેલું. અને શરીર લાકડા જેવું થઈ ગયેલું. આ જોઈને હું તો મૂંઝાઈ ગઈ અને મારા મોઢામાંથી ચીસ પડી ગઈ. પછી શું બન્યું તે મને કંઈ જ ખબર નથી. દેવસેન બેભાન અવસ્થામાં પડ્યો છે. માતા-પિતા અને પત્નીનું હૈયું ચીરાઈ જાય છે. જ્યાં અંતરનો આઘાત હોય ત્યાં રૂદન લેવા જવું પડતું નથી. આ સ્થિતિ સર્જાઈ છે. ઘરનું વાતાવરણ કરૂણાજનક બની ગયું છે. સગા-વહાલાં, આડોશી-પાડોશી સૌ ભેગાં થઈ ગયા છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૨૭

શ્રાવણ સુદ ૧૨ ને ગુરુવાર, તા. ૧૩-૮-૭૦

અનંત જ્ઞાની ભગવંતે બતાવેલા સિદ્ધાંતસાગરમાં અનેક અમૂલ્ય મોતીઓ રહેલાં છે. જે સાચો જાણકાર ઝવેરી હોય તે જ એ મોતીની પારખ કરી શકે છે. અને તેની કિંમત આંકી શકે છે. મોતીની માળા પહેરીને માણસ પોતાના કંઠને શોભાવે છે. અને હરખાય છે. પરંતુ એ મોતીની માળા જીવનનું કલ્યાણ સાધી શકતી નથી પણ વીર વાણી રૂપી અમૂલ્ય મોતીની માળા પહેરવાથી સ્વ કલ્યાણ સાધવાની સાથે પરનું પણ કલ્યાણ સાધી શકાય છે. આ વીર-પ્રભુની વાણી સંસાર સમુદ્રથી તારનારી છે. એટલા માટે જ વીર વાણીને જગત ઉદ્ધારિણી કહેવામાં આવી છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં ભૃગુ પુરોહિતના બે પુત્રો જેઓને આત્મ સ્વરૂપનું ભાન થયું છે. તેમને એ વાત સમજાઈ ગઈ છે કે આ જીવ અનંતકાળથી સંસારમાં જન્મ-જરા અને મરણનાં ફેરાં ફર્યા કરે છે. અને એ જન્મ-જરા ને મરણમાં કેટલો ત્રાસ આપણા જીવે વેઠ્યો છે. જાતિ સ્મરણ જ્ઞાન થવાથી તેઓ પ્રત્યક્ષ જુએ છે કે પૂર્વે કેટલાં દુઃખો વેઠ્યા છે. એટલે એ જીવોને ભય લાગે છે. તેથી પોતાની માતાને સમજાવે છે કે હે માતા-પિતા! અમારો આત્મા અનંતકાળથી આ દુઃખમય સંસારમાં

ભમ્યો છે. જન્મવું, મોટા થવું, આ શરીરના પિંડને પોષવો, વિષયોમાં ચકચુર થવું, માંદા પડવું, દુઃખી થવું, ઘરડા થવું અને છેવટે મરી જવું. આવું તો આ જીવ ભવો ભવથી કરતો આવ્યો છે.

હે માતા! ગર્ભાવાસમાં નવ નવ મહિના સુધી અંધારી ગંધાતી કોટડીમાં ઉંધા મસ્તકે લટકયો. સાડાત્રણ ક્રોડ સોયો તપાવીને લાલચોળ કરી એક માણસના શરીરમાં એકી સાથે ભોંકી દેવામાં આવે તો તેને કેટલી પીડા થાય! તેનાથી અનેક ગણી પીડા અમે ગર્ભાવાસમાં સહન કરી. ત્યાર પછી જન્મ વખતની પીડાનો તો પાર નહિ. અને તેથી અધિક મરણની પીડા. એ તો કારમી પીડા. આ બધું જ્યાં સુધી સંસારમાં રઝળવાપણું છે ત્યાં સુધી આપણી પાછળ પડેલું છે.

આપણી ઈચ્છા હશે કે નહિ હોય પણ જેનો જન્મ છે તેને મૃત્યુ તો અવશ્ય આવવાનું છે. જે ખીલે છે તે કરમાય છે. જેનો ઉદય છે તેનો અસ્ત તો છે જ. તે જ રીતે જ્યાં સુધી અંતિમ મરણ એટલે મોક્ષમાં ન પહોંચીએ ત્યાં સુધી જન્મ પછી મરણ અને મરણ પછી જન્મ. એ ઘટમાળ ચાલું જ રહેવાની. જેમ રેંટમાં પાણીની ડોલો ભરાય છે અને ઠલવાય છે. તેમ આપણો આત્મા આયુષ્ય રૂપી જળ લઈને એક ભવમાં આવ્યો અને આયુષ્ય પૂર્ણ કર્યું અને નવા ભવનું આયુષ્ય બાંધીને ચાલ્યો. હે માતા! આપણો આત્મા સમયે સમયે સાત કર્મો બાંધે છે. અને આવતા ભવનું આયુષ્ય બાંધતી વખતે આઠ કર્મો બાંધે છે. અને ચાલુ ભવ પૂર્ણ કરીને જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય છે તે ગતિમાં ચાલ્યો જાય છે. આ સંસારનો જે સનાતન ક્રમ છે તેને ફેરફાર કરવાની કોઈનામાં તાકાત નથી. આત્માનો કદી નાશ થવાનો નથી. માતા! તું અમારા શરીર ઉપર જે મમતા રાખીને તું મારા પુત્રો, મારા પુત્રો કહે છે પણ સત્ય સમજે તો ખરી રીતે અમે પણ તારા નથી. આ શરીર તો પરાયું છે.

"પોપટ! પિંજર નહીં તારું, અંતે ઉડી જવું પરબારું"

આ શરીરને અમે સાથે લઈને આવ્યા ન હતાં. અને જ્યારે ત્યારે અહીંથી જઈશું ત્યારે પણ આ શરીર અમારી સાથે આવનાર નથી. આ શરીરને આહારાદિ વડે પાલન પોષણ કરવામાં, સાચવવામાં, પંપાળવામાં ઓછી મહેનત નથી કરી. હે માતા! આ ભવ ને પરભવમાં કેટલું ખાધું ને પીધું? કેટલું પહેર્યું? કેટલું ઓઢ્યું? કેટલું ભોગવ્યું? આ ભવમાં જ આપણે જેટલું ખાધું-પીધું છે તેનો જ ઢગલો આપણી સમક્ષ કરવામાં આવે તો આપણને એમ જ લાગે કે આપણે તો રાક્ષસ કરતાં પણ ભયંકર છીએ. આટલું કરવાં છતાં પણ આ શરીર તો દુર્જન મિત્ર જેવું છે. આત્મ સાધના કરવામાં સજ્જન મિત્ર જેવું છે.

" ખાવા પીવામાં હોંશિયાર અને કામ કરવામાં નાદાર. "

સમજુ સદા પરાયું, સુંદર શરીર મારું,
આવી પડે પીડા તો, હસતે મુખે સ્વીકારું.
પણ શ્વાસ જ્યાં તૂટે ત્યાં, શુભ ભાવ જો દમાશે.
જીવડો કયાં જાશે....મરતાં....

આવું આ શરીર કોઈ દિવસ આપણું થયું નથી અને થવાનું પણ નથી. માટે શરીરને જેટલી કુટેવો પાડવામાં આવશે તે આત્માને જ નડવાની છે. શરીરમાંથી આત્મા ચાલ્યો ગયા પછી શરીર તો બાળવાને લાયક જ રહેવાનું છે. એની ગમે તેટલી સાર સંભાળ રાખશો છતાં પણ જ્યારે અશુભ કર્મનો ઉદય થશે ત્યારે સાચવેલું સુંદર શરીર પણ રોગ આવે છે ત્યારે કેવું વિરૂપ બની જાય છે. માટે એની પાસેથી જેટલું કામ લેવાય તેટલું લઈ લેવાનું છે. આપણા પૂર્વકર્મના ઉદયથી રોગ આવે અને પીડા થાય તો પણ હસતા મુખે સહન કરી લેજો. જેટલો સમભાવ તેટલું જ સુખ છે.

સનત્કુમાર ચક્રવર્તિને વૈભવની જેમ રૂપનો વૈભવ પણ અથાગ હતો. એક વાર ઈંદ્ર મહારાજાએ ઈંદ્ર સભામાં તેમના રૂપની પ્રશંસા કરી કે સનતકુમાર ચક્રવર્તિ જેવો રૂપવાન આ પૃથ્વી પર બીજો કોઇ નથી. ઇન્દ્રે કરેલી પ્રશંસા બે દેવોથી સહન ન થઈ. કારણ કે જે વિપરીત દૃષ્ટિવાળા હોય છે તેને કોઇનું સારું જોઇને બળતરા ઉપડે છે. ગુણાનુરાગ એ સમકિતનું બીજ છે. જે ટાઈમે સનત્કુમાર ચક્રવર્તિ સ્નાનગૃહમાં સ્નાન કરવા બેઠા હતા તે સમયે મિથ્યાત્વી બંને દેવો બ્રાહ્મણના વેશમાં ત્યાં આવ્યા. અને ચક્રવર્તિનું રૂપ જોઈ મનમાં ખૂબ આનંદ પામે છે અને વિચારે છે કે ઇન્દ્રે આમના રૂપની છે પ્રશંસા કરી છે તેના કરતાં પણ ચક્રવર્તિનું રૂપ તો સવાયું છે. અને બંને દેવોના મસ્તક હાલી ઉઠે છે. ચક્રવર્તિ આ જોઇ તેમને પૂછે છે તમારૂં અહીં આવવાનું કારણ શું છે ! બંને દેવો કહે છે આપના અથાગ રૂપની ખ્યાતિ સાંભળીને અમે આપનું રૂપ જોવા આવ્યા હતા. અને આપનું રૂપ જોઈને અમે ખૂબ જ આનંદિત થયા છીએ.

દેવોની વાત સાંભળીને સનત્કુમારે કહ્યું તમે ન્હાવાના ટાઈમે શું રૂપ જોવા આવ્યા ! શું આ રૂપ જોવાનો ટાઈમ છે ! હું વસ્ત્રાલંકારથી સજ્જ થઈને રાજસભામાં રત્નજડિત સુવર્ણના સિંહાસને બેઠો હોઉં. મારી બંને બાજુ ચામર વીંઝાતા હોય એવા ટાઇમે આપ રૂપ જોવા આવજો. તમે અત્યારે કટાઈમે આવ્યા છો. દેવો વિચારે છે આ ચક્રવર્તિનું રૂપ અદ્ભૂત છે પણ રૂપનો જરા મદ આવી ગયો લાગે છે. ઉત્તમ પુરૂષોએ પોતાના મુખે પોતાની પ્રશંસા કરવી ઘટતી નથી. સનત્કુમાર ચક્રવર્તિને તો જો કે સ્વાભાવિક રૂપ મળેલું હતું છતાં પણ તેવા રૂપનો અભિમાન કરવો પણ સારો નથી. આજની દુનિયા રૂપ અને સૌંદર્યની પાછળ અંધ બની છે. પણ એકલા રૂપની કોઇ કિંમત નથી. માનવી જેવો રૂપવાન હોય તેવો જ જો સુશીલ હોય તો તે રૂપની કિંમત છે.

સનત્કુમારની વાત સાંભળીને બંને દેવો ત્યાંથી ચાલ્યા ગયા. અને જ્યારે ચક્રવર્તિ રાજસિંહાસને બેઠા છે ત્યારે બે દેવો પાછા આવે છે. ચક્રિનું રૂપ જોતાં જ દેવોનાં મુખ પર ગ્લાનિ છવાઈ ગઈ. દેવોનાં મુખ પડી ગયેલાં જોઈને ચક્રવર્તિ તેમના ખેદનું કારણ પૂછે છે. દેવો કહે છે. સવારે આપનાં રૂપમાં જે મોહકતા હતી તેમાં અત્યારે અનંત ગુણ હીનતા છે પછી ઈન્દ્રના વૃત્તાંતનું બધું ચક્રવર્તિ આગળ નિવેદન કરે છે. અને આપના રૂપની પરીક્ષા કરવા સવારમાં આવેલા ત્યારે આપે કહેલું કે મારું રૂપ જોવું હોય તો હું રાજસભામાં બેઠો હોઉં ત્યારે આવજો. તેથી અમે ફરીને પાછા આવ્યા. તો સવારે આપનું રૂપ જોતાં અમને જેટલો આનંદ થયેલો તેટલો જ અત્યારે ઉદ્વેગ થયો છે. અત્યારે આપની કાયા મહા ભયંકર રોગોથી ઘેરાઈ ગઈ છે. આખા શરીરમાં જાણે ઝેર વ્યાપી ગયું છે. આપના મુખમાં અત્યારે જે તાંબુલ છે તેમાંનું એક ટીપું નીચે પડે તો તેના પર બેસનાર માખીઓ મૃત્યુ પામી જાય. અને આ વાતની ચક્રવર્તિને ખાતરી પણ કરાવી દે છે.

સનત્કુમાર મૃત્યુલોકમાં ઉંચામાં ઉંચા સુખોને ભોગવનારા હોવા છતાં દેવોનાં એક જ વચનથી જાગી ગયા. એમને થયું કે એક ક્ષણવારમાં શરીરમાં આટલું પરિવર્તન ! તો આ દેહના ભરોસે તો રહેવાય જ કેવી રીતે ? માટે જેવું આ દેહમાં પરિવર્તન આવી ગયું તેવું જ મારે હવે મનમાં પરિવર્તન લાવી દેવું છે. એક ક્ષણમાં જો શરીરમાં આટલી બધી ઉથલપાથલ મચી જાય તો તે જ પ્રમાણે જો આત્મા સવળો પડયો હોય તો એક ક્ષણમાં કામ કેમ ન કાઢી જાય ! ક્ષણમાં બાજી બગડી જાય છે અને ક્ષણમાં સુધરી પણ શકે છે. ભલે શરીરની બાજી બગડી પણ હવે મારે આત્માની બાજી બગડવા દેવી નથી. જો મારું શરીર એક ક્ષણવારમાં વિષમય બની ગયું તો ક્ષણવારમાં આત્મા અમૃતમય પણ કેમ ન બની શકે ?

આ રીતે વૈરાગ્ય રંગે રંગાયેલા સનત્કુમાર મહાભિનિષ્ક્રમણ કરીને મુક્તિના માર્ગે મંગલ પ્રયાણ કરી દે છે. સંયમ લીધા બાદ વિહાર કરીને જાય છે ત્યારે તેમનું અંતેઉર, મંત્રીવર્ગ, સેવકો બધા લાગલગાટ છ મહિના સુધી તેમની પાછળ ભમે છે. પરંતુ પોતાની પાછળ ભમતા સ્નેહીઓ તરફ જરા પણ પાછું વાળીને જોયું નહિ. કેવો ઉત્કૃષ્ટ ત્યાગ અને અદ્ભુત વૈરાગ્ય ! અંતે બધા સંબંધીઓ પાછા વળી જાય છે. સનત્કુમાર મહર્ષિએ દીક્ષા અંગીકાર કર્યા પછી કાયા રોગથી ઘેરાયેલી હોવા છતાં સાતસો વર્ષો સુધી તેમના શરીરમાં મહાભયંકર રોગો રહ્યા. તેટલા સમયમાં અપવાદમાં પણ તેમણે દવા લીધી નથી. મહા ભયંકર રોગ હોવા છતાં શરીરની લેશમાત્ર સ્પૃહા રાખ્યા વગર ચારિત્રનું સુંદર રીતે પાલન કર્યું. ઇંદ્રસભામાં ફરી ઇંદ્રે તેમની પ્રશંસા કરી કે ધન્ય છે સનત્કુમાર મહર્ષિને કે જેમની કાયા મહા ભયંકર સોળ સોળ રોગોથી ઘેરાયેલી હોવા છતાં મનથી પણ દવાની જરા પણ સ્પૃહા કરતા નથી. શરીરમાં પણ તેમની કેટલી નિઃસ્પૃહતા છે.

આજના યુગમાં ભેદ વિજ્ઞાનની વાતો ઘણી થાય છે. પણ તેવી વાતો કરનારા પુદ્ગલાનંદી જ હોય છે. ભેદવિજ્ઞાનની જ્યોત જે આત્મામાં પ્રગટી તે આત્મા પુદ્ગલાનંદી નહીં પણ સહજાનંદી હોય છે. જેવી જ્ઞાનની ઉત્કૃષ્ટતા તેવી જ સામે ત્યાગ વૈરાગ્યની ઉત્કૃષ્ટતા તે જ સાચી જ્ઞાન દશા છે. સનત્કુમાર મહર્ષિ સાચા આત્મજ્ઞાની હતા. ઇંદ્ર મહારાજાએ તેમને યોગ્ય સમજીને જ પ્રશંસા કરી છે ઇંદ્રે કરેલી પ્રશંસા સાંભળીને બે દેવ તેમની પરીક્ષા કરવા ધન્વંતરીના વેશમાં તેમની પાસે આવે છે. આવીને સનત્કુમાર મહર્ષિને કહે છે આપની કાયા રોગોથી ક્ષીણ થયેલી દેખાય છે તેથી આપને પીડા પણ ખૂબ થતી હશે. આપની આજ્ઞા હોય તો અમે ઉપાય કરીએ.

મુનિ કહે છે પૌષ્ટિક ખોરાક અને દવાઓ આપવા છતાં આ શરીર એક દિવસે તો પડી જવાનું જ છે તો શરીરથી ઉગ્ર તપ કરીને નિર્જરા સાધી લેવી એ જ શરીરનું વાસ્તવિક ફળ છે. મને શરીરના રોગની જરા પણ ચિંતા નથી. પણ ચિંતા છે ભવરોગની. માટે જો આપની પાસે ભવરોગ મટે એવી કોઈ દવા હોય તો મારે કરવી છે. દેવોએ કહ્યું કે એ રોગથી તો અમે પણ ઘેરાયેલાં છીએ કર્મરોગ મટાડવાની અમારામાં તાકાત નથી. મુનિએ કહ્યું. જો તમારામાં કર્મરોગ મટાડવાની તાકાત ન હોય તો દેહ રોગ મટાડવાની તો મારામાં પણ તાકાત છે. એમ કહીને ટચલી આંગળી પર થૂંક ચોપડે છે અને આંગળી તપાવેલા સુવર્ણ જેવી થઇ જાય છે. મુનિ કહે છે. આ રીતે આખા શરીર પર પ્રયોગ કરું તો મારી કાયા કંચન જેવી થઈ જાય. પણ મારે લબ્ધિનો પ્રયોગ કરવો નથી.

સનત્કુમાર મહર્ષિનો ઉત્કૃષ્ટ વૈરાગ્ય જોઈને બંને દેવો પગમાં પડી જાય છે. અને પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરી મુનિને ખમાવી ચાલ્યા જાય છે.

હવે અહીંયા આ બંને બાળકોએ પોતાના માતા-પિતાની સામે જન્મ-જરા અને મરણના ભયનું ખૂબ જ સારી રીતે વર્ણન કર્યું. અને સાચો ભય કયો છે તે સમજાવ્યું. હવે આગળ શું કહેશે તે વાત અવસરે વિચારશું.

આજે જૈન શાસનના અમૂલ્ય રત્ન એવા વિનોદમુનિની પુણ્યતિથિ છે. જેમના ગુણોને યાદ કરી આપણે આપણા જીવનમાં ત્યાગ-વૈરાગ્યનાં ઝરણાં વહાવવાના છે. જીવન ભલે થોડું જીવાય પણ એવું જીવન જીવો કે મરી ગયા પછી પણ દુનિયા આપણને યાદ કરે. આજે વિનોદમુનિને આપણે કેમ યાદ કરીએ છીએ ! શું એ શ્રીમંતનો દિકરો હતો માટે ? વિરાણી કુટુંબમાં જન્મ્યો હતો માટે ? ના, એણે જીવનમાં સંયમ અપનાવ્યો હતો માટે આપણે તેમના ત્યાગ વૈરાગ્યમય જીવનને યાદ કરીએ છીએ.

વિનોદભાઈનો જન્મ વિક્રમ સંવત ૧૯૯૨ માં સુદાનમાં (આફ્રિકા) થયો હતો.

તેમના પિતાજી દુર્લભજીભાઇ અને માતા મણીબેન. આ પવિત્ર માતા મણીબેનની કુંખે જૈન સમાજનું અણમોલું રત્ન પાકયું. આજે મણીબેનને પાંચ પાંચ પુત્રો છે. એ ભલે ગમે તેટલા હોંશિયાર હોય, લાખો રૂપિયા કમાતા હોય પણ આપણે એમના ગુણ કેમ નથી ગાતા ? જે ત્યાગ માર્ગે ગયા એમના જ સંતો ગુણ થાય છે. જેની કુંખે આવા ઉત્તમ પુત્ર રત્નનો જન્મ થાય છે તેની માતા પણ ધન્ય બની જાય છે.

આ વિનોદભાઇ નાનપણથી જ ધર્મની ભાવનાવાળા હતાં. નાનપણથી જ તેમને સત્સંગ તો ખૂબ પ્રિય હતો. તેમની બુદ્ધિ ગુણગ્રાહી હતી પણ છિદ્રગ્રાહી ન હતી. તેમનો ચહેરા જ્યારે જુઓ ત્યારે પ્રફુલ્લિત જ હોય. આત્માનું જ્ઞાન મેળવવામાં તેમણે જરા પણ પાછી પાની કરી નથી. વિનોદભાઇએ પરદેશમાં યુનાઇટેડસ્ટેટ્સ, ફ્રાન્સ, જર્મની, બેલ્જીયમ, સ્વીટ્ઝર્લેન્ડ, ઇટાલી, ઇજીપ્ત વિગેરે દેશોમાં પ્રવાસ કર્યો હતો. સને ૧૯૫૩ ના લંડનમાં રાણી ઇલીઝાબેથના રાજ્યારોહણ પ્રસંગે તેઓ લંડન ગયા હતા. આ ઉગતી યુવાનીમાં તેઓ દુનિયાના રમણીય દેશોમાં ફર્યા તો પણ આ વિનોદભાઇને પરદેશની હવા સરખી પણ સ્પર્શ કરી શકી નહિ. તઓ તો જયાં ગયા ત્યાં તેમણે એ જ ચિંતન કર્યું છે કે આ આત્માએ કંઇ જ નથી જોયું તેમ નથી. માથાનો વાળ મૂકે તેટલી જગ્યા મારા આત્માએ સ્પર્શવામાં બાકી રાખી નથી, તેમજ આ જીવ ચતુર્ગતિમાં અનંતી વખત જન્મ્યો છે.

एगया देवलोएसु, नरएसु वि एगया।
एगया आसुरं कायं, आहाकम्मेहिं गच्छइ ॥"

ઉ. સૂ. અ. ૩ ગાથા–૩

અહો ! આ જીવે બધાજ નાટકો ભજવ્યાં છે. દેવ અને મનુષ્ય જેવી શુભ ગતિમાં પણ મારો આત્મા ઉત્પન્ન થયો છે. અને નરક–તિર્યંચ આદિ અશુભ ગતિમાં પણ કર્મના વશથી ઉત્પન્ન થયો છે. એમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. તેમનો મુખ્ય સિદ્ધાંત ઓછી જીંદગીમાં ઝાઝું મેળવવાનો હતો.

પરદેશમાં રહેવા છતાં જેમણે કોઈ દિવસ કંદમૂળનો ઉપયોગ પણ કર્યો નથી. સાંજ–સવાર પ્રતિક્રમણ તો સાચું. તેઓ જયાં જાય ત્યાં સામાયિકના ઉપકરણો સાથે જ લઈ જતા હતા. તેઓ સંસારમાં હતાં ત્યારથી જ સંડાસમાં જવાનો પ્રતિબંધ હતો. તેઓ બહાર ખુલ્લી જગ્યામાં જ જતા હતાં. પોતાના હાલતા ચાલતાં, કોઈ પણ કાર્ય કરતાં જીવોની યત્ના ખૂબ કરતાં હતાં. પોતાની નાની–મોટી કોઈ પણ ક્રિયા કરતાં એક પણ જીવ હણાવો ન જોઇએ એ એમનું ખાસ લક્ષ હતું. આટલા સુખી કુટુંબનાં પુત્ર હોવા છતાં પણ એકદમ સાદાઈથી જ રહેતાં હતાં. જ્યારે જ્યારે કોઇ જ્ઞાનીનો ભેટો થઇ જાય ત્યારે તેઓ ખૂબ જ જિજ્ઞાસાપૂર્વક જ્ઞાનનો લાભ લેવા બેસી જતાં હતાં. કહ્યું છે કે—

"જ્ઞાની સે જ્ઞાની મિલે, કરે જ્ઞાનકી બાત
ગધ્ધા સે ગધ્ધા મીલે, કરે લાતા લાત"

એમને જ્ઞાન મેળવવાની ખૂબ જ જિજ્ઞાસા હતી. તેમણે ગોંડલ સંપ્રદાયના પૂ૦ પુરૂષોત્તમજી મહારાજ સાહેબ તથા મહાસતીજીઓનો, બોટાદ સંપ્રદાયના પૂ૦ માણેકચંદ્રજી મહારાજ સાહેબ આદિ ઘણાં સંતસતીજીઓનો પરિચય કર્યો હતો. તેમાં તેઓ સૌથી પ્રથમ માતા-પિતાની સાથે બોટાદ પૂ૦ માણેકચંદ્રજી મહારાજ સાહેબના દર્શને ગયેલા, ત્યારે તેમના ઉપદેશની જે અસર થઇ છે તે સૌથી પ્રથમ મુખ્ય હતી. અને બીજી અસર પૂ૦ લાલચંદ્રજી મહારાજના સહકુટુંબની દીક્ષા. આ બે પ્રસંગો તેમના જીવનમાં વૈરાગ્યનું નિમિત્ત બન્યા. પછી વારંવાર પોતાના માતા-પિતા પાસે પોતાની ભાવના પ્રદર્શિત કરતા કે મને છૂટો કરો. મારે દીક્ષા લેવી છે. ભલભલા તીર્થંકરો, ચક્રવર્તિઓ અને મહાન પુરૂષો ભોગનો ત્યાગ કરી ત્યાગ માર્ગે નીકળી ગયા. તો હવે મારે આ ભૌતિક સુખોની ભૂતાવળમાં ન ફસતાં આધ્યત્મિક ક્ષેત્રમાં બને તેટલો વિકાસ કરી લેવો તે જ ભાવનામાં તેઓ હંમેશ તલ્લીન રહેતા હતા.

સંવત ૨૦૧૧ માં અમે ખંભાત ચાતુર્માસ હતા ત્યારે તેઓ ખંભાત આવેલાં. ત્યારે અમે તેમને પહેલવહેલાં જોયાં હતાં. બીજી વાર તેઓ સાબુંદ આવ્યા હતાં અને વાડીલાલ છગનલાલ (પૂ. શારદાબાઇ મહાસતીજીના સંસારી પિતાશ્રી) ના ઘેર ઉતર્યા હતાં. ત્યાં બે દિવસ રહ્યાં અને ઉત્તરાધ્યયન સૂત્રના ૩૪ મા લેશ્યાના અધ્યયનની વાંચણી લીધી હતી. તેઓ જ્ઞાનના ખૂબ પિપાસુ હતા. હમણાં જ પદ્મમાબાઈ સ્વામીએ કહ્યું તેવી રીતે તેઓ વેરાવળમાં પૂ. પુરૂષોતમજી મહારાજ પાસે જ્ઞાન-અભ્યાસ માટે ઘર બોલીને રહ્યા હતાં. જે હાલ વિદ્યમાન જશરાજજી મહારાજ સાહેબ છે તેઓ બંને સાથે અભ્યાસ કરતા હતાં.

બંધુઓ ! આપને તો અનુભવ છે કે વિરાણીનું બહોળું કુટુંબ. બહોળો પરિવાર, અને પૂર્વના પુણ્યના યોગથી હામ-દામ અને ઠામ જેના ઘરમાં ભરચક છે છતાં તે છોડીને સંયમ લેવા વિનોદભાઈ તત્પર બન્યાં. મા-બાપ કહે બેટા, હજુ તારી ઉંમર નાની છે. માનું હૃદય તો સદા કોમળ જ હોય છે. કહે છે બેટા ! હમણાં તું અમી જા. તને પંડિત રાખીને ભણાવીએ. તું અભ્યાસ કર. પણ જેનો આત્મા હવે ક્ષણ વાર પણ રહેવા તૈયાર નથી તેવા વિનુભાઈ મણીબેન પ્રતિક્રમણ કરવા બેઠાં. અને તેમણે ખીચન જવાની તૈયારી કરી. લાલચંદ્ર મહારાજની પાસે ગયા. જ્યારે ખીંચન જવા નીકળ્યા ત્યારે તેઓ જયપુરની ટિકિટ લઇને ગાડીમાં બેઠા હતાં. વચ્ચે મહેસાણા સ્ટેશન આવ્યું ત્યાં ગાડી અઢી કલાક પડી રહેવાની હતી. તે વખતે તેમણે પંચમુષ્ટિ લોચ કરવા જેટલા વાળ રાખીને બાકીના વાળનું મુંડન કરાવી નાંખ્યું. તા. ૨૬-૫-૫૭ ની વહેલી સવારે

સાડા ચાર વાગે ફલોદી પહોંચ્યા. ત્યાંથી પગે ચાલીને ખીચન પહોંચ્યા. ત્યાં બિરાજતા પૂ. મહારાજ સાહેબના દર્શન કરીને બહાર નીકળી સામાયિકના કપડાં પહેર્યા. અને પછી મહારાજ સાહેબની સન્મુખ કરેમિ ભંતેનો પાઠ બોલતાં જવજીવાએ તિવિહું તિવિહેણું બોલ્યા. ત્યારે લાલચંદ્રજી મહારાજ સાહેબ એકદમ ચમકીને બોલ્યા. વિનોદકુમાર તમે આ શું બોલો છો ? ત્યાં " અપ્પાણું વોસિરામિ " બોલી લીધું. અને પછી બોલ્યા કે ગુરૂદેવ ! એ તો બની ચૂકયું. મેં સ્વયં દીક્ષા લઈ લીધી. હવે તેમાં કોઈ ફેરફાર થશે નહિ. હવે આપ જે આજ્ઞા હોય તે ફરમાવો.

જ્ઞાન અને ચારિત્રમાં મહાન પુરૂષ એવા સમર્થમલજી મહારાજ સાહેબે ખૂબ સમજાવ્યા. અને કહ્યું વિનોદ ! આ રીતે દીક્ષા લેવી તે બરાબર નથી. તમે ખાનદાન કુટુંબના પુત્ર છો તમારા માતા–પિતાને આ વાતની ખબર પડશે ત્યારે કેટલું દુઃખ થશે. માટે તમે રજોહરણ ઉપરથી કપડું કાઢી નાંખો અને શ્રાવકના વ્રતમાં રહો. પણ વિનોદમુનિએ સાફ કહી દીધું કે હવે આમાં કંઈ જ ફેરફાર થઈ શકે તેમ નથી. હવે આગળ મારે શું કરવું તે મને સમજાવો. સંતોએ અને સંઘે ખૂબ સમજાવ્યા. વિનોદમુનિ ન માન્યાં. અંતે તેમના માતા–પિતાને ખબર આપ્યાં. તે વખતે માતા–પિતાને જે દુઃખ થયું હશે એ તો એમનો આત્મા જ જાણી શકે છે. દુર્લભજીભાઈ તથા મણીબેનને ખૂબ ભયંકર આઘાત લાગ્યો.

દુર્લભજીભાઈએ રાવબહાદુર એમ. પી. સાહેબ, કેશવલાલભાઈ પારેખ અને પંડિતજી પૂર્ણચંદ્રજીને એમ ત્રણને વિનોદકુમારને સમજાવીને પાછા તેડી લાવવા ખીચન મોકલ્યા. તેઓએ ત્યાં જઈ ને ખૂબ સમજાવ્યાં. તેના જવાબમાં કેશવલાલભાઈ પારેખને વિનોદમુનિએ કહી દીધું કે મેં તો દીક્ષા અંગીકાર કરી લીધી છે. તેમાં કંઈજ ફેરફાર થાય તેમ નથી. તમે તો અમારા વિરાણી કુટુંબના હિતસ્વી છો. અને જો તમે સાચા હિતસ્વી હો તો મારા બા–બાપુજીને સમજાવીને મારી વડી દીક્ષાની આજ્ઞા અઠવાડિયામાં અપાવી દો. મારા માતા–પિતાનો મારા પર અગણિત ઉપકાર છે. એ ઉપકારના બદલામાં મારી ભાવના તો એ જ છે કે દરેક જીવો સંયમી બને.

આવો દૃઢ જવાબ મળવાથી તેઓ રાજકોટ પાછા ફર્યા. અને બધી વાત તેમના માતા–પિતાને કહી. અહીં લાલચંદ્રજી મહારાજ ખીચનથી ચાતુર્માસ માટે ફલોદી આવ્યાં. તેમની દીક્ષા અઢી મહિના પછી તેઓ એક દિવસ ઠંડીલ જવા માટે બહાર ગયાં. કાળ કાળનું કામ કરી જાય છે. તેઓ ઠંડીલ જઈને પાછા ફરી રહ્યા હતાં. વચમાં રેલ્વેના પાટા આવે છે. દરરોજ ત્યાંથી જતા હતાં અને આવતા હતાં. ટ્રેઈન પણ રોજ આવતી હતી. પણ જે દિવસે જે નિમિત્તે જે બનવાનું હોય છે તેને કોઈ મિથ્યા કરી શકતું નથી. કારમી પળો આવી ગઈ. મુનિ જયાં પાછા ફરી રહ્યા હતાં ત્યાં રેલ્વે લાઈન ઉપર

બે ગાયો આવી રહી હતી. બીજી બાજુથી ટ્રેઈન પણ આવી રહી હતી. ગાડીની વ્હીસલ પર વ્હીસલો વાગતી હતી પણ ગાયો ખસતી ન હતી. જેની રગેરગમાં અનુકંપાનો ભાવ ભરેલો હતો. જેના અંતરમાં કરૂણા ભાવ હતો તેવા વિનોદમુનિનું હૈયું ધ્રુજી ઉઠયું. કોઈ હિસાબે આ ગાયોને બચાવવાની ભાવના હતી. એટલે પોતાના જાનની પરવા ન કરી. ગાયોને બચાવવા પ્રયત્ન કર્યો. ગાયોને બચાવી પણ લીધી. આ કાર્યમાં પોતાનો રજોહરણ ગાડીના પાટામાં પડી ગયો તે રજોહરણ લેવા માટે ગયાં. ભગવાન કહે છે સાધુ રજોહરણ વિના ત્રણ ફૂટથી દૂર જઈ શકે નહિ. અને ભૂલથી ચાલી જાય તો પ્રાયશ્ચિત્ત આવે છે. તેમજ જેનાથી છકાયની રક્ષા કરવાની છે તે રજોહરણ જૈન મુનિઓનો ધ્વજ છે.

વિનોદમુનિ જ્યાં રજોહરણ લેવા જાય છે ત્યાં કારમી ટ્રેઈન ત્યાં આવી ગઇ. વિનોદમુનિ ટ્રેઈનના ઝપાટામાં આવી ગયાં. અંતિમ સમયે તેમના મુખમાંથી અરિહંત.... અરિહંત....શબ્દો સરી પડયા. ત્યાં ને ત્યાં તેમનો પવિત્ર આત્મા પરલોકમાં પ્રયાણ કરી ગયો. તે આજનો શ્રાવણ સુદ ૧૨નો દિવસ હતો. આ દિવસે આ કુમળા ફૂલ જેવા બાલ મુનિ શાસનનો સિતારો ખરી ગયો. ટૂંક સમયમાં આત્મ સાધના સાધી ગયાં. જેઓ દીક્ષા લઈ ને પોતાની માતૃભૂમિમાં પણ આવ્યા નહિ. પોતાના માતા-પિતાએ તો સાધુના વેશમાં પોતાના વ્હાલસોયા પુત્રનાં દર્શન પણ કર્યા નહિ. તેમને એ જ દુઃખ થયું કે અમે અમારા પુત્રની દીક્ષાનો લ્હાવો તો ન લઈ શકયાં પણ એનાં દર્શન પણ ન કરી શકયા. મહાન પુરૂષોને જ ઉગ્ર પરિષહ આવે છે. ગજસુકુમારે દીક્ષા લીધી તે જ દિવસે ઉગ્ર પરિષહ આવ્યો અને સાધના સાધી ગયાં. ખંધક મુનિના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલ્યા, બીજા ખંધક મુનિને તેના બનેવીએ જીવતાં ચામડી ઉતરાવી. આવા ઘોર પરિષહો પડયાં પણ સમભાવથી કામ કાઢી ગયાં. "असंखयं जीवियं मा पमायए" એ સૂત્ર જીવનમાં વણીને જીવનની ક્ષણિકતા બતાવી ગયાં. એમનો વિરાણી કુટુંબ ઉપર જ નહિ પણ સારા જૈન સમાજ ઉપર ઘણો ઉપકાર છે. આવા ગુણવાન આત્માના જીવનનું પુણ્ય સ્મરણ કરી આપણે પણ એમના જેવા ગુણો જીવનમાં અપનાવીએ તો જ આપણે તેમને સાચી શ્રદ્ધાંજલી આપી કહેવાય. સર્વ ભાઇ–બહેનો સારા સારા વ્રત–પ્રત્યાખ્યાન કરજો. ત્યાં સુધી કહેવાણું. વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૨૮

શ્રાવણ સુદ ૧૩ ને શુક્રવાર તા. ૧૪-૮-૭૦

અનંતજ્ઞાની કરૂણા સાગર પ્રભુએ જગતવાસી જીવોને સમજાવ્યું કે હે આત્માઓ! સુખ ભોગવ્યા પછી પણ જો પરિણામે દુઃખ ભોગવવું પડતું હોય તો તે સુખને સાચું સુખ ન કહી શકાય.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનનો અધિકાર ચાલે છે જેમાં ભૃગુ પુરોહિત અને તેની જશા નામની ભાર્યા પૂર્વના પ્રબળ પુણ્યોદયે રાજા નહિ પણ રાજા જેટલી સાહ્યબી ભોગવી રહ્યાં છે. એનાં બે પુત્રોને કર્મનો મેલ આત્મા ઉપર ચઢી ગયો છે તેને સાફ કરવાની ઉત્કૃષ્ટ ભાવના જાગી છે. આ બંને પુત્રો ૭૨ કળામાં પ્રવીણ છે. સાથે ધર્મકળા લેગી લઈને આવ્યા છે. "सव्वं कला धम्मंकला जाणाइ" તેમનામાં સમ્યગૂદર્શનનો ગુણ પ્રગટેલો છે. ચરમ શરીરી આત્માઓ છે. છેલ્લો ભવ છે. જેમને સ્વ ભાન વર્તે છે તે પરમાં લેપાય નહિ. તે એમ જ સમજે કે જડ પદાર્થો મારા નથી. હું તેનો નથી. આજે તો તેલના, એરંડાના વેપારમાં માનવ મસ્ત રહે પણ જો તેને સામાયિક કરવાનું કહીએ તો કહેશે કે "*No time*". વેપાર ધંધામાં એટલો બધો રસ કે ખાવા-પીવાની પણ તેને પડી ન હોય. બસ, ટેલીફોનનું ભૂંગળું કાન પર રાખે અને ભાવ તાલ બરાબર ધ્યાનપૂર્વક સાંભળે. અરે! તમારા મગજમાં પણ તેનું જ તોફાન ચાલતું હોય છે.

કોઈ એક રૂનો વેપારી હતો. તેણે જાણ્યું કે આજે રૂ બજારમાં તેજી આવવાની છે. એટલે એ ગામડામાં રૂ ખરીદવા જાય છે. ત્યાં એક વણિકની દિકરી ઘેર છે તેને જઈને કહે છે "રૂપા". વેપારીને ખૂબ તરસ લાગેલી એટલે રૂની ધૂનમાં પાણીને બદલે "રૂપા" કહી દીધું. તે વણિક પુત્રી બહુ ચતુર હતી તે સમજી ગઈ કે "રૂ બજાર" તેજીમાં છે. એટલે આવનાર વેપારીને ખૂબ આગતા સ્વાગતા કરી રોકી રાખ્યો. અને કહેવા લાગી. તમારા જેવા ધનવાન માણસ અમારે ત્યાં કયાંથી હોય! શું હું આપને ફક્ત પાણી પીવડાવીને જ જવા દઉં! ના, ના તે તો ન જ બને. આપ બેસો અને અમારા જેવા ગરીબને લાભ આપો. એમ કહી તે આવેલા વણિકને ચેસાડી પુત્રીએ ટેલિફોન મારફત પિતાને બધી વાત કહી દીધી. મારો કહેવાનો આશય એ છે કે જીવને જેમાં રસ હોય તેના જ વિકલ્પો મનમાં આવ્યા કરે છે. કારણ કે પર વસ્તુમાં સુખ માન્યું છે. વિભાવમાં જીવ જેટલું લક્ષ રાખે છે તેટલું લક્ષ વ્યાખ્યાન સાંભળવામાં છે! જેટલી

જડ વસ્તુ છે તે બધી પર જ છે. તેનું રહેવું કે ચાલ્યા જવું એ તારે હાથ નથી. તારું શરીર છે તે પણ પરાધીન છે. જ્યારે પક્ષઘાત થાય છે ત્યારે પત્ની, કુટુંબ, બહોળો પરિવાર હોવા છતાં પણ પરાધીનતા દેખાય છે ને ? તે પક્ષઘાતીને પથારીમાં પડ્યા એ ઝંખના થાય ને કે હું કોઈની પણ સહાય વિના કયારે ઉભો થાઉં ? તમને પરાધીનતા ખટકે છે ખરી ? શરીર તે મારું નહિ. આયુષ્ય હોય ત્યાં સુધી જીવવું અને આયુષ્ય પૂરું થયે મરવું. જીવવું તે ય પરાધીન. મરવું ન ગમતું હોય છતાં મરવું પડે છે આ બધી પરાધીન દશા. આ પરાધીન દશામાંથી જાગૃત બનીને દૃષ્ટિને ફેરવવાની જરૂર છે. અને સર્વ કળાઓ ભલે સંપૂર્ણ ન આવડતી હોય પણ ધર્મકળા શીખવાની અવશ્ય જરૂર છે. ક્રોધ – માન – માયા - લોભ – રાગ – દ્વેષ કરવા એ મારા સ્વભાવમાં તો છે જ નહિ. પણ સમ્યગ્દર્શન, જ્ઞાન – ચારિત્ર – ક્ષમા, શાંતિ, દયા, સહનશીલતા એ બધા મારા ગુણ છે. જેનાથી જીવને કર્મો બંધાય છે તે બંધ ભાવનાનો નાશ કરે તો ભવનો અંત આવે. અને મોક્ષ માર્ગમાં પ્રયાણ કરી શકે. ભગવંતે કર્મબંધના પાંચ કારણો બતાવ્યા છે. (૧) મિથ્યાત્વ (૨) અવ્રત (૩) પ્રમાદ (૪) કષાય અને (૫) અશુભ યોગ. આ પાંચ કારણોને છેદી નાખે તો મિથ્યાત્વી જીવ પણ ક્રમથી ચૌદમા ગુણસ્થાને પહોંચી જાય.

આ જીવ અનંતા કાળથી ચૈતન્ય એવા આત્મદેવનો મહિમા ભૂલી ગયો છે અને બેભાન બની બહિર્વૃત્તિઓમાં ગોથું ખાઈ રહ્યો છે. આ રખડપટ્ટી તેની આજકાલની નથી. દેવાનુપ્રિયો ! ભગવંતે કોઇ જન્મોને વખાણ્યો નથી. જો વખાણ કર્યા હોય તો એક મનુષ્ય ભવના જ કર્યા છે. કારણ કે મનુષ્યભવ કેવી રીતે મળ્યો છે !

"બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તો યે અરે ભવચક્રનો, આંટો નહીં એકે ટળ્યો.
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો !"

મહાન પુણ્યના ઉદયથી આપણને આ માનવભવ મળ્યો છે. હવે આ અમૂલ્ય માનવભવ પ્રાપ્ત કરીને આપણે શું કરવાનું છે એ જ વિચારવાનું છે. તમે બધા વિચાર કરો છો. કમાવવું કેવી રીતે, ઘર કેમ ચલાવવું, નાણાંની વ્યવસ્થા કેમ કરવી એના વિચારો રાત – દિવસ તમારા મગજમાં ઘૂમતા હશે. પણ અમૂલ્ય માનવભવ પ્રાપ્ત કર્યા પછી મારું કર્તવ્ય શું છે ? એનો કોઈ દિવસ જીવને વિચાર સરખો પણ આવતો નથી. જ્યારે અતિ પુણ્યના થોક ભેગા થાય છે ત્યારે અહીંથી મરીને દેવલોકમાં જાય છે અને પાપ વધે તો જીવ નરકે જાય. અને જ્યારે પુણ્ય ને પાપની સંધિ થાય છે ત્યારે મનુષ્ય ભવ પ્રાપ્ત થાય છે.

તમે વેપાર કરો છો અને દિવાળીએ તેનું સરવૈયું પણ કાઢો છો. ત્યારે કાં તો નફો હોય ને કાં તો નુકસાન હોય પરંતુ એક પાઈનો નફો નહિ અને નુકસાન પણ નહિ એવું કોઈ વાર બને ખરું ? તેવી રીતે જીવને પરિભ્રમણ કરતાં કયારેક જ પુણ્ય અને પાપની સંધિ થાય છે. અને તેમાં પણ પગઈભદ્દયાએ, પગઈ વિણિયાએ, સાણુક્કોસિયાએ અને અમચ્છરિયાએઃ – જ્યારે પ્રકૃતિની ભદ્રિકતા, સરળતા, કરૂણાથી ભરેલું હૃદય અને નિરાભિમાનપણું હોય ત્યારે મનુષ્યના આયુષ્યનો બંધ પડે છે. દેવોને પણ દુર્લભ મનુષ્ય જન્મમાં જ ધર્મની આરાધના થઈ શકે છે.

આ ભૃગુ પુરોહિતના બે પુત્રો તેના માતા–પિતાને હાથ જોડી નમ્ર વિનંતિ કરે છે હે માતા–પિતા ! આ સંસારમાં જીવને જન્મ – જરા ને મરણનાં ભય રહેલાં છે. વળી આ સંસારના ચક્રથી મુક્ત થવા માટે ચારિત્ર એ જ શ્રેષ્ઠ ઉપાય છે. અને કામભોગો એ તો ઝેર જેવાં છે. ઝેર કયારે પણ અમૃત બનવાનું નથી. તેમ આ સુખો ભલે દેખાવમાં મીઠા લાગે પણ એનાથી કર્મબંધન જ થવાનું છે. જેમ ઘી એ શરીરને પુષ્ટિકારક છે પણ એ જ ઘીને સો વખત પાણીથી ધોઈ નાંખવામાં આવે તો એ ઘી ઝેર બની જાય છે. એને ખાવામાં સ્વાદ બદલાતો નથી પણ એ જીવ ને કાયા જુદા કરાવે છે. કહ્યું છે કે–

" जहा किंपाग फलाणं, परिणामे न सुन्दरो ।
एवं भुत्ताण भोगाणं, परिणामो न सुन्दरो ॥ "

ઉ. સૂ. અ. ૧૯ ગા. ૯

જેમ કિંપાક વૃક્ષના ફળો દેખાવમાં સુંદર હોય છે અને ખાવામાં સ્વાદિષ્ટ હોય છે. પણ એને ખાધા પછી પરિણામ વિષમ આવે છે. એટલે કે એને ખાધા પછી માણસ મૃત્યુ પામે છે. તેમ કામભોગો ભોગવતી વખતે મનુષ્યને ખૂબ આનંદ આવે છે પણ એના વિપાક ભોગવતી વખતે દુઃખ થાય છે. કામભોગ એ ધોયેલાં ઘી જેવાં છે. મીઠું ઝેર છે. એ તમને અધોગતિમાં લઈ જશે માટે સમજીને વિષયોથી વિરમો ધર્મની આરાધના કરી લો. મનુષ્ય જિંદગીનો એકેક દિવસ કિંમતી જાય છે. ગયેલો દિવસ ફરીને પાછો આવતો નથી. તમારા ઘરમાં કેલેન્ડર તો હશે ? એ કેલેન્ડરમાંથી રોજ એક એક પાનું ખરી જાય છે તેમ તમારી જિંદગીના કેલેન્ડરમાંથી એક એક દિવસ રૂપી પાનું ખરે છે. એ સમય પાછો ફરીને મળતો નથી. ગમે તેવો પશ્ચાત્તાપ કરશો તો પણ આ ઘડી ને તક મળવી મુશ્કેલ છે.

એક માણસે નદીના કિનારે ખેતરમાં શેરડીનો વાઢ કર્યો હતો. એ વાડીની વચમાં ઝુંપડી બાંધીને તે રહેતો હતો. ખેતરમાં પાકને નુકશાન કરનાર પક્ષીઓને પથ્થર મારીને તે ઉડાડતો હતો. એક દિવસ તે નદીના કિનારે આવ્યો છે. ત્યાં દૂર દૂર નદીના પાણી ઉપર તેની નજર પડી. તો દૂરથી તેણે પાણીમાં એક માટીનો ઘડો પાણીમાં તરીને આવતો જોયો. એ ઘડા ઉપર સુંદર ગુલાબનાં ફુલ ચીતરેલાં છે. વેલો ચીતરી છે: ઉપર

શ્રીફળ મૂકીને લાલ મદ્રાસીયાનું કપડું બાંધેલું છે. એના ઉપર પુષ્પની માળા પહેરાવી છે. આ માટીનો ઘડો દૂરથી ખૂબ આકર્ષક લાગ્યો. આ જોઈ આ માણસને થયું આ ઘડો કેટલો સુંદર લાગે છે! આટલામાં બીજું કોઈ દેખાતું નથી. જો બીજું કોઈ આવશે તો લઈ લેશે. એના કરતાં હું જ લઈ લઉં. એને તરતા આવડતું હતું એટલે નદીમાં પડયો. તરીને ઘડો લઈ આવ્યો. ઘડામાંથી તો સુગંધ સુગંધ બહેકે છે. હવે એ ઘડાનું મોઢું છોડે છે. એને છોડતી વખતે કેટલો આનંદ હશે એ તો એનો આત્મા જ જાણતો હશે. જો કે તમે એ ઠેકાણે હોત તો ત્યાં ને ત્યાં એનું મોઢું ન ખોલત. કારણ કે અંદર મત્તા ભરી હોય તો કોઈ જોઈ જાય એટલે ચતુર વણિક તો ઘરે લઈ જઈને જ જુએ. કેમ બરાબર છે ને? (હસાહસ).

આ માણસે કુલની માળા, શ્રીફળ, કપડું બધું દૂર કરીને ઝટ ઝટ ઘડાનું મોઢું ખોલ્યું. તો તેમાં પથરા ભરેલા હતા. આ જોઈને તેણે કપાળ કૂટયું અને બોલ્યો "રૂપે રૂડો ને ગુણમાં કુડો" આટલો તને શણગાર્યો છે અને અંદર તો પથરા જ ભર્યા છે. આ ઘડો કોઈ ધનવાનને જો મળ્યો હોત તો તેમાંથી સોનું ચાંદી નીકળત પણ મારા નસીબમાં જ પથ્થર છે. તો સોનું કયાંથી મળે! તેણે આ પથરાને ગણ્યાં તો ૩૬૦ થયા. પથરા દેખાવમાં તો બહુ સુંદર હતાં પણ અજ્ઞાન માણસ એને ઓળખી ન શકયો. આણે તો બધા પથ્થરો વડે પક્ષીઓ ઉડાડવા માંડયા. એક એક કરતાં બાર વાગ્યા સુધીમાં તો તેણે બધા જ પથ્થરો ઉડાડી મૂકયા. ફકત તેમાંથી એક જ પથ્થર રહી ગયો છે.

બપોર થતાં તેની સ્ત્રી ભાત લઈને ખેતરમાં આવી. એક પથ્થર ત્યાં પડેલો છે. એ નાના છોકરાએ રમતાં રમતાં ચળકતો પથ્થર ઉઠાવી લીધો. પથ્થર છોકરાના હાથમાં છે. આ સ્ત્રી પતિને ભાત જમાડી પોતાના બાળકને લઈને બજારમાંથી પસાર થાય છે. રસ્તામાં ઝવેરીની દુકાન આવી. ઝવેરી હાજર નથી પણ મુનીમ દુકાને બેઠો છે. એણે બાળકના હાથમાં પથ્થર જોયો. એને કહે છે બહેન! આ પથરો વેચવો છે! હું વીસ પૈસા આપું. મને એ પથરો આપી દે. એને મન પથ્થરની કંઈ કિંમત ન હતી. એણે તો વીસ પૈસામાં પથ્થર આપી દીધો. મા-દિકરો વીસ પૈસાનાં બજારમાંથી રમકડાં લઈ ખુશ થતાં ઘેર ગયા. આ મુનિમને થયું કે આજે તો હું શેઠને ખુશ કરી દઉં. એટલે શેઠ આવ્યા ત્યારે હર્ષભેર કહે છે આજે તો હું બહુ સારો સોદો કરી આવ્યો છું. એમ કહી હીરો શેઠને બતાવ્યો.

શેઠે હીરો હાથમાં લઈને પારખ્યો અને કહ્યું આ હીરો અમૂલ્ય છે. આવો હીરો મેં કોઈ દિવસ જોયો પણ નથી. તેં આ હીરો કોની પાસેથી લીધો? કેટલી કિંમતે લીધો? તો મુનિમ કહે છે મેં તો એક ખેડૂતની પત્ની અહીંથી જતી હતી. તેનો છોકરો આ હીરો રમતો હતો. તેની પાસેથી વીસ પૈસામાં લીધો છે. આ શેઠ બહુ પ્રમાણિક

હતાં એટલે કહે છે મુનિમ ! આ તું મારી દુકાને રહીને ઝવેરાત પારખતા શીખી ગયો છે છતાં તેં આવી છેતરપીંડી કરી ? યાદ રાખ. આ અનીતિનો માલ તને ફૂટી નીકળશે. તમને ખબર તો હશે કે માટીના ઘડામાં મીઠું ભરવામાં આવે છે. એ મીઠું ઘડામાં દશ–પંદર દિવસ રહે ત્યાં સુધી વાંધો ન આવે પણ પછી તો એ મીઠું ફૂટીને બહાર આવે છે. એ આખા ઘડા ઉપર મીઠાની ફોલ્લીઓ જેવું દેખાય છે. તેમ જે માણસ અન્યાય–અનીતિ અને અધર્મથી જે ધન ભેગું કરે છે તે પણ કર્મનો ઉદય થતાં ફૂટી નીકળે છે પછી મોટા મોટા વૈદો–ડૉકટરો અને હકીમો પણ તમને બચાવી શકતાં નથી. પીડાનો પાર નહીં રહે. તે સમયે ગમે તેટલું કરીશ પણ પત્ની, બાળકો કોઈ આડા હાથ ધરવા નહિ આવે. બધું અહીંનું અહીં જ રહી જશે.

" धनानि भूमौ पशवश्च गोष्ठे, नारि गृह द्वारि सखा स्मशाने ।
देहश्चितायां परलोक मार्गे, धर्मोऽनु गच्छति जीव एकः ॥ "

તમે ખૂબ કાળજીપૂર્વક દાટેલું ધન જમીનમાં રહી જશે. ઢોર આદિ એના તબેલામાં જ રહી જાશે. વહાલામાં વહાલી તમારી પત્ની ગમે તેટલાં માથાં ને છાતીઓ કૂટતી હશે પણ એ ઘરના બારણા સુધી આવશે અને સગાવહાલાં ને સંતાનો સ્મશાન સુધી આવશે અને વહાલામાં વહાલું આ શરીર પણ ચિત્તામાં જલી જશે. પરલોક જતાં જીવને સાથે આવનાર કોઇ હોય તો ફક્ત એક ધર્મ જ છે.

બંધુઓ ! જ્યાં સુધી તમારા જબ્બર પુણ્યનો ઉદય છે અને પાપનો ઉદય નથી થયો ત્યાં સુધી સુખ ભોગવી લો. જો અનીતિનાં નાણાં ભેગાં કરશો તો મીઠાની જેમ ફૂટી નીકળશે. ન્યાય નીતિથી કમાઈને રોટલો ને દાળ ખાવામાં જે આનંદ આવશે તે અનીતિના નાણામાંથી બનાવેલા માલપુઆ ને દૂધપાકમાં નહિ આવે. એ શેઠ એના મુનિમને ખૂબ ઠપકો આપે છે. અને કહે છે એ બહેનને બોલાવી લાવ. મુનિમ પેલી બાઈને બોલાવી લાવે છે. બાઈને ભય લાગ્યો કે શેઠને ત્યાં પથ્થર વેચ્યો છે એમાં કાંઈ ભૂલ થઈ હશે ? પૈસા પાછા માંગશે ? એટલે બાઈ ધ્રુજે છે પણ શેઠ મધુર શબ્દોથી પૂછે છે બહેન ! તું આ પાંચીકો કયાંથી લાવી ! એ તો મહાન કિંમતી છે. મારો આ પચાસ હજારનો બંગલો, જર ઝવેરાત, બધું જ તને આપી દઉં તો પણ એનાં મૂલ્ય થઈ શકે તેમ નથી. તો બહેન ! હું તને આ બંગલા સહિત કોડ રૂપિયાની ભિક્ષા આપું છું. બાઈ કહે છે મને એટલા પૈસા ગણતા ન આવડે. હું મારા પતિને બોલાવી લાવું. એમ કહી ખુશ થતી આનંદભેર એના પતિ પાસે આવીને કહે છે તમે તો અક્કલના બોથમીર જ રહ્યા. જડ ભરત જેવા છો. તમને કંઈ ખબર પડે છે. તમે પેલા પાંચીકા પંખીને ઉડાડવામાં ઉડાડી મૂકયા. એક જ પાંચીકો અહીં પડી રહ્યો હતો એ આપણો ગણો રમતો હતો તે ઝવેરીએ માંગ્યો. અને મેં. આપ્યો તો એના કોડ રૂપિયા મળ્યા.

આ સાંભળી પેલો ખેડૂત પોકે રોવા બેઠો. એનું કારણ તમે સમજ્યા ? (હા–પેલા બધા પાંચીકા ઉડાડી મૂક્યા ને ?) જો એક પાંચીકાની આટલી બધી કિંમત છે તો બધા જ મારી પાસે હોત તો કેટલા પૈસા મળત ! દુનિયામાં દરેક જીવોની આવી જ દશા છે. જે મળ્યું છે તેમાં આનંદ માણી શકતા નથી. અને ગયું તેની ચિંતા કરીને રડે છે.

એક વખત એક રાજાની સ્વારી નીકળી. એક ગરીબ માણસ રાજા પાસે આવ્યો. અગાઉના રાજાઓ ન્યાયી, ઉદાર ને દયાળુ હતા. એ પ્રજાની ફરિયાદ સાંભળતાં હતાં. અને તેના દુઃખો દૂર કરતાં હતાં. અત્યારની જેમ પ્રજાને ચૂસતા ન હતાં. રાજા પૂછે છે ભાઈ ! તને શું છે ! ત્યારે કહે છે સાહેબ ! હું ગરીબ માણસ છું. આ ધાબળા વેચીને ગુજરાન ચલાવું છું. આ સાલે શિયાળો પૂરો થયો પણ મારો એક પણ ધાબળો ખપ્યો નથી. હવે ઉનાળો આવી ગયો. અને મારા ધાબળા ન ખપ્યા. એ ધાબળા ન વેચાય ત્યાં સુધી વેપારીને પૈસા કયાંથી આપું ? હવે એ પૈસા ન આપું ત્યાં સુધી મારા માથે વ્યાજ ચઢે છે. એ વ્યાજ સહિત પૈસા કયાંથી ભરીશ ? એ ચિંતાથી હું ઉદાસ છું. રાજા પૂછે છે તારી પાસે કેટલા ધાબળા છે ? તો કહે છે પચાસ. ઠીક. તારા ધાબળા હું વેચાવી આપીશ તું ચિંતા ન કરીશ.

બીજે દિવસે રાજાએ સભામાં ઓર્ડર છોડયો કે આવતી કાલે સભામાં આવનાર પ્રધાનથી માંડીને મોટા હોદ્દેદાર માણસોને કોરા ને કોરા, જેની ઘેડ પણ ન ઉકેલી હોય, એવો ધાબળો ઓઢીને આવવાનું છે જો ધાબળો ઓઢીને નહીં આવે તો નોકરી પરથી ઉતારી નાંખવામાં આવશે. રાજાના અધિકારીઓ વિચારમાં પડયા. અત્યારે ઝીણા કપડાં પહેરતાં પણ પરસેવે રેબઝેબ થઈ જવાય છે તો ધાબળા કેમ ઓઢાય ? રાજાએ આવો ઓર્ડર કેમ છોડયો હશે ? રાજાનું ફરમાન એટલે ફરમાન એમાં કોઇનું કંઈ ચાલે નહિ. રાજાના ફરમાન પાસે તમે બધા સીધા ચાલો છો. પણ અમે જો એમ કહીએ કે મુહપત્તિ બાંધ્યા વિના કોઇએ આ હોલમાં આવવાનું નહિ તો તમે એ વાત કબૂલ નહિ કરો.

આ બધા અધિકારીઓ પાસે તદ્દન નવા ધાબળા તો કયાંથી હોય ! સૌ નવા ધાબળા ખરીદવા બજારમાં જાય છે. ત્યાં પેલા ગરીબ માણસની નાનકડી દુકાન છે. એક જણ ત્યાં ધાબળો ખરીદ કરવા આવ્યો. પૂછયું ભાઇ ! ધાબળાની શું કિંમત ? તો કહે પચાસ રૂપિયા. પછી તો એકબીજાને ખબર પડતાં ધાબળા માટે રેડ પડી. જેમ જેમ ઘરાકી વધતી ગઈ તેમ તેમ પેલા ગરીબ વેપારીની ભૂખ વધતી ગઇ. પહેલા ત્રણ–ચાર જણને પચ્ચીસ રૂપિયે ધાબળા આપી. પછી પચાસે. એમ કરતાં વધીને સો રૂપિયે કેટલાંને આપ્યા. હવે છેલ્લો પ્રધાન આવ્યો. પ્રધાન પૂછે છે ભાઇ ! ધાબળો છે ! તો કહે છે હવે તો બલાસ થઇ ગયાં. પ્રધાન કહે છે ગમે તેમ કર પણ મને ધાબળો લાવી આપ.

કારણ કે કાલે સભામાં ઓઢીને જવાનું છે. ત્યારે પેલો માણસ કહે છે આ એક પડયો છે એની કિંમત (૧૫૦) રૂપિયા છે. પ્રધાન કહે છે ભલે દોઢસો લે પણ મને ધાબળો આપ. પહેલાં એનું મોં નાનું હતું. ધીમે ધીમે વધીને રાક્ષસ જેટલું મોટું થઈ ગયું. એટલે એને પસ્તાવો થયો. અહો ! મેં પહેલાં ઓછી કિંમતે ધાબળીઓ વેચી દીધી. જો પહેલેથી જ વધુ કિંમતે આપી હોત તો કેટલા પૈસા આવત ! એ જ માણસ બીજે દિવસે રાજા પાસે આવ્યો. રાજા પૂછે છે કેમ ભાઇ ! તારી ધાબળીઓ ખપી ગઈ ને ! તો હવે શા માટે ઉદાસ છે ? ત્યારે કહે છે શું કરું ! સાહેબ ! હું તો ઠગાઈ ગયો. પહેલાં સસ્તી કિંમતે ધાબળીઓ આપી દીધી અને પછી તો ધાબળીના દોઢસો રૂપિયા ઉપજ્યા.

રાજા કહે છે એક તો મેં તારી ધાબળીઓ વેચાવી આપી અને ઉપરથી તેં મારી પ્રજાને ચુસી લીધી. કહેવાનો આશય એ છે કે માણસ વર્તમાન સુખને ભોગવી શકતો નથી અને ગયું તેને રોવે છે. બંધુઓ ! પેલો માણસ એના પાંચીકાને રોવે છે. આ માણસ ધાબળીને રોવે છે. એ તમને શું સમજાવે છે. સમયને ઓળખો. પ્રમાદને છોડો.

એની પાસે ૩૬૦ પાંચીકા હતા. તેમાંથી એણે ૩૫૯ ઉડાડી મૂકયા. ફકત એક જ ટુકડો હતો તો તેમાંથી તેને કોડ રૂપિયા મળ્યા. તેમ એ જ રીતે એક વર્ષના ૩૬૦ દિવસ છે. એમાંથી ૩૫૯ દિવસો તો ભલે અજ્ઞાન દશામાં ચાલ્યા ગયા. એક પાંચીકા રૂપી એક દિવસ હાથમાં છે ત્યાં સુધી પણ કામ કાઢી લો. પછી ગમે તેટલો પસ્તાવો કરશો તો પણ આવો સમય નહિ મળે. આપણે ત્યાં તપસ્વીઓની તપશ્ચર્યા ચાલી રહી છે. તે જોઈને તમે પણ તપશ્ચર્યા કરવા તૈયાર થાવ. એજ.

વ્યાખ્યાન.....નં. ૨૯

સ્વાતંત્ર્યદિન—પંદરમી ઓગષ્ટ

શ્રાવણ સુદ ૧૪ ને શનિવાર તા. ૧૫-૮-૭૦

ત્રિલોકીનાથ ભગવાન મહાવીર સ્વામીએ જગતના જીવો ઉપર મહાન કરૂણા કરી સિદ્ધાંત રૂપ વાણીનું પાન કરાવ્યું. ત્રણે કાળે સિદ્ધ થયેલી વસ્તુ તેનું નામ સિદ્ધાંત. જેમાં ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં ભૃગુ પુરોહિતના બે પુત્રો જેમને જન્મ-જરા અને મરણનાં દુઃખોનો ડર લાગ્યો છે.

"जाइ जरामच्चु भयाभिभूया, बहिंविहारा भिनिविट्ठ चित्ता ।
संसार चक्कस्स विमोक्खणट्ठा, दट्ठूण ते कामगुणे विरत्ता ॥"

ઉપર કહેલા ભયોથી ભયભીત થયા. એટલે સંસારથી બહાર જે અનંત સુખનું ધામ એવા મોક્ષમાં એમણે ચિત્ત સ્થાપ્યું. એટલે કે મોક્ષે જવાની લગની લાગી. હવે મોક્ષે જવું હોય તો શું કરવું જોઈએ? આ સંસારથી મુક્ત થવું પડે. આ સંસાર તો ચક્ર જેવો છે. તમે ચકડોળ તો જોયું છે ને! એ ચકડોળનાં ચાર ખાનાં હોય છે. તેમાં એક ખાનું નીચે રહે, બે બાજુની સાઈડમાં બે ખાનાં રહે. અને એક ખાનું ઉપર હોય છે. એ ચકડોળ ફરે છે ત્યારે ઉપરનું ખાનું નીચે આવે અને નીચેનું ઉપર જાય છે. એમ ચારે ય ખાનાનું ચક્ર ફર્યા જ કરે છે. તેમાં સૌથી વધુ સહન કોને કરવું પડે? જે ખાનું ઉપર છે તેમાંથી કોઇ અજ્ઞાન માણસ થૂંકે તો નીચેવાળાને આ ત્રાસ સહન કરવો પડે છે. પણ નીચેથી કોઈ થૂંકે તો ઉપરવાળાને કંઈ સહન કરવું પડતું નથી. આ રીતે સંસાર પણ એક ચકડોળ છે. એનાં ચાર ખાનાં છે. તેમાં નીચે નરક છે. ઉપર દેવલોક છે. અને મનુષ્ય, તિર્યંચનું ખાનું વચમાં છે. નીચે રહેલાં નરક-ગતિના નારકીઓને એકલું દુઃખ છે. ઉપર રહેલાં દેવોને એકલું સુખ છે અને મનુષ્ય-તિર્યંચોને સુખ અને દુઃખ બંને રહેલાં છે. આવું ચતુર્ગતિનું જે ચક્ર છે તેનાથી મુક્તિ મેળવવા માટે આ બંને બ્રાહ્મણ પુત્રોને રંગ લાગ્યો છે. તમને હજુ રંગ લાગ્યો નથી.

આજનો દિવસ પણ સ્વતંત્ર દિન છે. આજે પંદરમી ઓગષ્ટના દિવસે તમે બ્રિટીશની ગુલામીમાંથી મુક્ત થયાં છો. અને તમે માનો પણ છો કે અમે સ્વતંત્ર બન્યાં. પણ તમે ખરેખર! હજુ સ્વતંત્ર બન્યાં જ નથી. સ્વતંત્રતાનો અર્થ જ તમે સમજ્યાં નથી. તમે મોહ-માયા મમતા અને પરિગ્રહનાં બંધનથી બંધાયેલા છો. તમને પરિગ્રહની કેટલી મમતા છે? ધનનો મોહ છૂટે તો ધર્મ થાય. પણ ધનથી ધર્મનો વિજય ન થઈ શકે.

દેવાનુપ્રિયો! તમે તો આજે ધન અને ધર્મને એકમાં જ ખતવો છો. પણ ધનથી ધર્મ કદી ખરીદી શકાતો નથી. ધન અને ધર્મ બંને અલગ વસ્તુ છે. તમે કહો છો કે ધન વિના એક વસ્તુ પણ ખરીદી શકાતી નથી. પૈસા વિના દાતણ પણ મળતાં નથી. એ વાત તમારી સાચી છે. છતાં અમુક મહત્વની ચીજો પૈસાથી ખરીદાતી નથી. એ તો ધર્મથી જ મળે છે. પૈસાથી બાટાના બૂટ મળે પણ કંઈ પગ મળે ખરા? પૈસાથી ટોપી મળે પણ માથું મળે? પૈસાથી ફર્સ્ટ કલાસ મલમલની ગાદી મળે પણ ઉંઘ મળે ખરી? પૈસાથી ચશ્મા મળે પણ આંખ મળે? પૈસાથી મનમાન્યા સ્વાદિષ્ટ ભોજનો મળે પણ ભૂખ મળે? જે પૈસાથી ભોજન મળે, ગાદી મળે, પણ ભૂખ કે ઉંઘ ન મળે. એવી સંપત્તિ શા કામની? ભૂખ માટે દવા ખાવી પડે. ઉંઘ માટે ઘેનની ગોળી લેવી પડે, આવી સંપત્તિની કાંઈ જ કિંમત નથી.

તમે જન્મ લીધો તો સાથે જ હાથ–પગ–કાન–નાક આવું સુંદર શરીર બધું જ મળ્યું. આ બધું કયાંથી મળ્યું ? ધર્મથી જ આ શરીર અને શરીરના અંગોપાંગ બધું જ મળ્યું છે. આજે સ્વતંત્ર દિન છે. તમો ત્રેવીસ વર્ષ પહેલાં ગુલામીમાંથી મુક્ત બન્યાં. પણ એ રાજકીય ગુલામી તો હજુ તમારા માથે ઉભી જ છે. તમે અંગ્રેજના બંધનમાંથી મુક્ત થયાં પણ હજુ અમેરિકા–રશિયા બધા દેશો તમારી પાસે કાશ્મીરની બાંધ છોડ કરાવી જશે. તેને ભારત અને પાકિસ્તાનને લડતા બંધ કરાવવા છે અને ચીનને ચિનગારી આપે છે એટલે ચીન સાથે લડાવવાની તૈયારીઓ કરાવે છે. એ બધા તમને રમાડી રહ્યાં છે. અને તમે સ્વતંત્રતાના નામે જલસા ઉડાવો છે.

આજે મેનેજર બદલાયા છે પણ માલિક બદલાયા નથી. અમને આ તમારી સ્વતંત્રતાથી આનંદ નહિ આવે. અમે આવી સ્વતંત્રતાને સ્વતંત્રતા માનતા જ નથી. ગુલામી બે પ્રકારની છે. એક બાહ્ય અને બીજી અભ્યંતર. આજે ભારતને સ્વતંત્રતા અપાવી પણ દેશમાં કેટલી આફતો આવી રહી છે. દિવસે દિવસે જાત જાતના આક્રમણો વધતા જાય છે. અને પ્રજાને માથે મુશીબતો આવતી જાય છે. આ રાજકીય ગુલામીમાંથી મુક્ત થયા નથી અને કર્મની આભ્યંતર ગુલામી તો હજુ ઉભી જ છે. આ ગુલામી નહિ જાય ત્યાં સુધી કંઇ પણ થવાનું નથી.

આજે આપણાં ઉપર કર્મ ત્રાટકી રહ્યાં છે. ત્યાં સુધી ગુલામી જ છે. કર્મના કારણે તમે સિત્તેર વર્ષના થાવ અને જેના ઉપર તમારી આશાના મિનારા છે એવો છોકરો મરણ પામે તો દુઃખ થાય ને ? કોઢનો રોગ થાય એટલે જલ્દી દવા કરો. કેન્સરનું નામ પડે કે તરત જ સીધા ટાટામાં દાખલ થઈ જાય. અરે ! શ્રીમંત હોય તો સ્વીટ્ઝર્લેન્ડ પહોંચી જાય. અને રોગથી મુક્ત થવા માટે થાય તેટલા પ્રયત્નો ચાલે છે. પણ શું આ વૈજ્ઞાનિક શોધખોળો તમને રોગથી કે દર્દથી મુક્ત કરી શકે છે ? કદાચ તમને દર્દમાં રાહત આપે તો એ તો નિમિત્ત છે. એ વેદનીય કર્મ ઉપશાંત હોય તો શાંતિ મળે, કદાચ એનો અંત આવ્યો હોય તો મટી પણ જાય. પણ એમાં દવા કે ડૉકટરો કંઈ કરી શકતા નથી. એ બધું કર્મને આધીન છે. તમારા પુણ્યના ઉદયથી મોટા બંગલા મળે, રૂમે રૂમે ટેલીફોન હોય, આંગણામાં ચાર કારો ખડી રહેતી હોય, કોડો કે અબજોની સંપત્તિના સ્વામી હો અને સ્વતંત્રતા પ્રમાણે ઇચ્છિત સુખ ભોગવતાં હો છતાં તમે કર્મરાજાની કેદમાં સપડાયેલા છો.

ભયંકર પરદેશી આક્રમણ અને સ્વદેશી આંધાધૂંધીથી તમે મુક્ત થયા, તો પણ કર્મના કેદી તો છો જ. એટલે ગુલામ છો. તમને આ ગુલામી એ ગુલામી રૂપે સમજાતી નથી એ જ અજ્ઞાનતા છે. અમારે તમારી આંખ ખોલાવવી છે. પણ તમે તો આંખ બંધ કરી દો છો. આજે રશિયા, અમેરિકા, કેનેડા ભારતને બધું આપે છે. પણ સામે શરતો

પણ કેવી કરે છે તો પણ બધી જ શરતો તમે મંજુર કરો છો. પણ આત્માને કર્મની ગુલામીમાંથી મુક્ત કરવા માટે ભગવંતે જે જે શરતો મૂકી છે તેનો સ્વીકાર કરવાનું મન થતું નથી. કારણ કે પાંચ ઇન્દ્રિયો અને છઠું મન એનો ગુલામ બની ગયો છે. ઇન્દ્રિયો અને મનનું કહ્યું કરવા માટે જાતને ગીરવી મૂકી દેવા તૈયાર થાવ છો. કદાચ ઉપલો માળ ખાલી થઈ ગયો હોય તો ખેર! એને ખાલી રાખો પણ અંદર બીજાને બેસાડો નહિ. મનનું કહ્યું કરો નહિ.

તમારા માથે પરદેશની ગુલામી ઉભી છે. સ્વદેશની મૂંઝવણ છે. અને કર્મની ત્રિકાલાબાધિત ગુલામી છે. તેને છોડો. આજે વિદ્યાર્થીઓ કહે છે અમારે શિક્ષકની પરતંત્રતા ન જોઈએ. પત્ની કહે છે પતિની પરતંત્રતા ન જોઈએ. નોકર કહે છે મારે શેઠની પરતંત્રતા ન જોઇએ. અહીં બધે જ પરતંત્રતા લાગે છે. પણ કર્મની પરતંત્રતા સાલતી નથી. કર્મને આધીન અને ઇન્દ્રિઓને વશ થયેલો આત્મા જ ખરો ગુલામ છે. પાંચ ઇન્દ્રિઓ અને છઠું મન એ આત્માના નોકરો છે. પણ અત્યારે તો આત્મા જ નોકર બની ગયો છે. આજે નોકરોનું જ સામ્રાજ્ય વ્યાપી ગયું છે. મન રૂપી નોકર કહેશે ચાલો ફ્રેન્ટા પીવા જવું છે. તો તૈયાર. કોકા કોલા પીવા જવું હોય તો તૈયાર. આ બધી ગુલામી જ છે ને? બાપ પોતાના પુત્રને કહે બેટા! તું દુકાને બેસી જા. આપણે ઈજનેર બનવું નથી. આપણે કયાં ઝાઝા પેટ ભરવા છે? આપણે શાન્તિથી ખાઈ શકીએ તેટલું દુકાનમાં મળી રહેશે. ત્યારે દિકરો કહેશે કે હું તમે કહો તેમ કરવા તૈયાર નથી. હું તો મને ગમશે તેમ કરીશ. જોઈને આ તમારી સ્વતંત્રતા. તમે તમારા પુત્ર ઉપર તમારી હકુમત ચલાવી શકતાં નથી. ઇન્દ્રિયો પર અંકુશ રાખી શકતાં નથી. શું આ સ્વતંત્રતા છે કે પરાધીનતા?

અંગ્રેજ સરકારે ભારત ભૂમિ ઉપર કેટલા વર્ષો રાજ્ય કર્યું? ફક્તત દોઢસો વર્ષ. એણે ફક્ત દોઢસો વર્ષ ભારત ઉપર તેની સત્તા જમાવી. અને ભારતને એની પરતંત્રતા લાગી એટલે બ્રિટીશની ગુલામીમાંથી મુક્ત બનવા માટે ભારતની જનતાએ કેટલો પુરૂષાર્થ કર્યો, કેટલાં યુવાનોનાં લોહી રેડી દીધા. કેટલાં પીઠીભર્યા યુવાનો ખતમ થઇ ગયા. કેટલાંને જેલના સળીયાં ગણવા પડયાં. કેટલાંને લાઠીનો માર ખાવો પડયો. કંઇકના ઉપર ટીયર ગ્યાસ છોડયાં. એ ગ્યાસની કાળી વેદના સહન કરવી પડી. દોઢસો વર્ષની અંગ્રેજની ગુલામીમાંથી મુક્ત થવા અને સ્વતંત્રતા મેળવવા આટલું સહન કરવું પડયું. છતાં પણ હજુ પુરી સ્વતંત્રતા મળી નથી. સ્વતંત્રતાના બહાને સ્વચ્છંદો વધી રહ્યા છે. અંગ્રેજોથી પણ વધુ કનડગત કરનાર દુશ્મનો હોય તો તે આપણાં કર્મો છે.

આપણાં ઉપર મોહનીય કર્મે દોઢસો, બસો કે પાંચસો વર્ષોથી નહિ પણ અનંત કાળથી સામ્રાજ્ય જમાવ્યું છે. અંગ્રેજના રાજયમાં જે કષ્ટ સહન કર્યું નથી તેનાથી

અનંત ગણું મહાન કષ્ટ જીવ કર્મોના રાજ્યમાં સહન કરે છે. એમાંથી કઈ રીતે છૂટાય એ જ આપણે વિચારવાનું છે. આવી આઝાદી તો ઘણી વખત મેળવીને ભોગવી. પણ દુઃખ ગયું નહિ. તમામ દુઃખોનું મૂળ કારણ મોહ છે. આજે આપણે જે ખરાબ સ્થિતીમાં મૂકાઈ રહ્યા છીએ, દુઃખની ગર્તામાં ગબડી રહ્યાં છીએ તેમાં મોહનીય કર્મના સામ્રાજ્યની પ્રબળતા છે. એમ સમજીને મોહ રૂપી અંગ્રેજને હરાવી તેને દૂર કરી આત્મ સ્વરૂપને પ્રાપ્ત કરીએ, ત્યારે જ આપણે સાચા સ્વતંત્ર બની શકીએ. આજે ધ્વજવંદન કરીને, સારું ભોજન જમીને તમે આનંદ માનો છો પણ આ વાસ્તવિક સ્વતંત્રતા નથી પણ ઔપચારિક સ્વતંત્રતા છે.

મહાન પુરૂષોએ કર્મ મેદાનમાં યુદ્ધ કરીને સાચી સ્વતંત્રતા પ્રાપ્ત કરી લીધી. તેવા અનંતજ્ઞાની ત્રિકાલદર્શી દેવાધિદેવે તેવી સ્વતંત્રતા પ્રાપ્ત કરવાના ઉપાયો આપણને બતાવ્યાં છે. જો સાચી સ્વતંત્રતા મેળવવી હોય તો તીર્થંકર પ્રભુએ જે સાધનો કહ્યાં છે તે મેળવવાં જોઈએ. અને જે ઉપાયો બતાવ્યાં હોય તે પ્રમાણે આચરણ કરવું જોઇએ. જ્યાં સુધી મોહને મારવાનું મન નહિ થાય ત્યાં સુધી સ્વતંત્રતાને તમે સમજ્યા નથી.

સાચી સ્વતંત્રતા એટલે આત્માનું સામ્રાજ્ય, મોહના સામ્રાજ્યથી દૂર રહેવું એ છે સાચી સ્વતંત્રતા, દુનિયામાં જેમ પોતાના પર બહારની સરકારની સત્તાને પરતંત્રતા માનવામાં આવે છે તેમ અહીં પણ આપણાં ઉપર મોહરાજાના સામ્રાજ્યની સત્તા સ્થાપિત થઈ છે. એ જ પરતંત્રતા સમજી લો. મોહને મારવાની, તેને પ્રાણ વિનાનો કરવાની પ્રવૃત્તિ કરવામાં આવે તો સાચી સ્વતંત્રતા મળે. કાયમને માટે સ્વતંત્ર બનાય. આજ સુધી અનંતા દુઃખો સહ્યાં અને હજી પણ જન્મ–મરણ, આધિ–વ્યાધિ–ઉપાધિ–રોગ–શોક, આ બધું સહન કરવાનું ચાલુ જ છે. આનું કારણ શું ? આપણા ઉપર મોહનીયનું સામ્રાજ્ય છે. જગતમાં જન્મેલો જીવ જેમ કાળથી બચી શકયો નથી તેમ મોહથી પણ બચી શકયો નથી.

શાસ્ત્રમાં દરેક પ્રાણીઓને ચાર પ્રકારની સંજ્ઞાઓ બતાવવામાં આવી છે. અને ચારે ય ગતિના પ્રાણીઓ ઉપર મોહરાજા સામ્રાજ્ય ભોગવે છે. મોહે આત્માને એટલો બધો દબાવ્યો છે કે જેથી તેના ગુણો અવરાય છે, ઢંકાય છે, લૂંટાય છે. બહારની સરકારને અંગે એમ કહેવાય છે કે તે હિંદને લૂંટે છે. તેમ મોહ આત્મધનને લૂંટે છે. આત્માના સતત જાગૃત પ્રદેશો પર મોહનું કદી ચાલતું નથી. આ છે જીવ – અજીવનો, જડ અને ચેતનનો ભેદ. આટલું સમજ્યા પછી આ મોંઘેરી માનવ જિંદગાની પ્રાપ્ત કર્યા પછી પણ મોહ ઉપર વિજય પ્રાપ્ત કરવાનું ન સૂઝે તો પરતંત્રતા કયાંથી ટળે ? આવા ક્રૂર મોહ ઉપર અપ્રીતિ ન જાગે દૂર રહેવાનું મન ન થાય તો સમજી લેજો કે તમે હજુ સ્વતંત્રતાને સમજ્યા જ નથી.

સિદ્ધ દશા એટલે સાચી સ્વતંત્રતા. જ્યાં સુધી જીવ સંસારમાં રખડે છે ત્યાં સુધી એ પરતંત્ર જ છે. તમારે તો સંસારમાં રહેવું છે અને સ્વતંત્ર બનવું છે. હસવું છે અને લોટ પણ ફાકવો છે એ કયાંથી બને? અગ્નિમાં વસવું છે અને બળવું નથી. ચૂલામાં હાથ નાંખવો છે ને શીતળતા જોઈએ છે. એ બની શકે તેમ નથી. કારણ કે પરસ્પર વિરોધી છે. તેમ સંસાર અને સ્વતંત્રતા આ બે શબ્દોને કદી પણ મેળ મળતો નથી. આ દુનિયાના તમામ પ્રાણીઓને પરતંત્રતામાં પકડી રાખનારી અને સ્વતંત્રતાની આડે આવનારી ચાર કનડગતો છે. સ્વતંત્રતા એટલે જ્યાં કોઈ પ્રકારની કનડગત ન હોય તેનું નામ સ્વતંત્રતા. અને જ્યાં પારકી કનડગત રહે તેનું નામ પરતંત્રતા.

જ્યાં સુધી જીવ સ્વતંત્રતાનો આનંદ ન લૂંટે ત્યાં સુધી એ બંધાયેલો રહે છે. પરતંત્રતા ન તૂટે એ દશામાં કોઇ તેને દુઃખ આપે તો તે અજ્ઞાનદશામાં સહન કરી લે. અજ્ઞાનદશા ન જાય ત્યાં સુધી દુઃખમાં વસવાનું. જ્યાં અજ્ઞાન દશા ગઈ ત્યાં સુખ આવ્યું સમજો. ત્યારે હવે સુખી કોણ? જ્ઞાની કે અજ્ઞાની? સુખી જ્ઞાની છે, અજ્ઞાની નથી. કેમ વર્તવું, શું બોલવું, ન બોલવું એનું અજ્ઞાનીઓને ભાન નથી હોતું. મનુષ્યજાતિને જંગલી પ્રાણીઓ તરફથી થોડી હેરાનગતિ થાય ત્યાં એને ઠાર કરવાનો હુકમ આપવામાં આવે છે. એવા નેતાઓને દુનિયા મોટાનો ઇલકાબ આપે છે.

જ્યાં હિંસાનું સામ્રાજ્ય વ્યાપી ગયું હોય એવી સ્વતંત્રતા એ જૈનોને ગમવી જોઇએ નહિ. જે વસ્તુના વેપારથી જીવોની હિંસા થવાની છે એવો વેપાર જૈનોએ કરાય જ નહિ. કારણ કે જૈન ધર્મ અહિંસાને મહત્ત્વ આપે છે. પણ આજે તો જૈનોનું જૈનત્વ જ ચાલ્યું ગયું છે. ગમે તેટલી હિંસા થતી હોય પણ જ્યાં પૈસા વધુ મળે ત્યાં તમારી દોટ છે. પણ ભલા વિચાર કરો કે તમને સ્વતંત્રતાથી જીવન જીવવું ગમે છે તો તારા નાણાંની પેટીઓ ભરવા ખાતર જે નિર્દોષ જીવોની ક્રૂરતાથી ઘાત થાય છે તે જીવોને કેટલું દુઃખ થતું હશે? ભલે ઓછું કમાવ, મોજશોખ ન થાય પણ નિર્દોષ જીવને જીવો.

જૈન દર્શનમાં એક શ્રાવક થઈ છે. યોગ એનું જીવન કેટલું સાદું અને પ્રમાણિક હતું. એના ઘરમાં અનીતિનું નામ ન મળે. રોજ પુણી કાંતીને પોતાનું જીવન નીભાવતો હતો. એ પુણી કાંતીને પૈસા કમાતો તેથી એનું નામ પુણીયો શ્રાવક પડયું. એ બંને પતિ-પત્ની પુણી કાંતીને દરરોજ દશ ઢોકડા કમાતા હતાં. આજનું મળી જાય પછી એ કાલની ચિંતા કરતા નહિ. એને વિચાર થયો કે જૈન કુળમાં જન્મીને જો સ્વધર્મીને ન જમાડું તો હું શ્રાવક ન કહેવાઉં. હવે રોજના દશ ઢોકડાથી વધુ પૈસા કમાતાં નથી. બીજી કોઈ મૂડી પણ નથી. અને એને એવો નિયમ હતો કે દરરોજ એક સ્વધર્મીબંધુને જમાડીને જમવું. બંધુઓ! તમે પણ જૈનકુળમાં જન્મ્યા છો તો તમારે પણ આવો નિયમ હશે ને? કે પછી આવે તેને જોકારો કરવો તેવો નિયમ છે? (હસાહસ). હજુ બિચારો

મહેમાન સીધો ચાલ્યો આવતો હોય તેને ઘરનું બારણું પણ બતાવ્યું નથી એ પહેલાં એમ પૂછવા માંડે કે કેટલા દિવસ રોકાવાના છો ને કયારે જવું છે ? ત્યાં વળી સ્વધર્મીને જમાડીને જમવાનો નિયમ કયાંથી હોય !

આ પુણીયો શ્રાવક અને તેની પત્ની વારાફરતી એક દિવસ ઉપવાસ કરે છે. અને એક દિવસ જમે છે. અને જે ભોજન બચે છે તેમાંથી સ્વધર્મીની ભક્તિ કરે છે. અને શ્રાવક–શ્રાવિકાની જોડલી આનંદથી ધર્મારાધના કરે છે. એક દિવસ પુણીયા શ્રાવક સામાયિકમાં બેઠા છે. પણ મનની સ્થિરતા રહેતી નથી. આ શ્રાવક વિચાર કરે છે કે આજે મારી સામાયિક કેમ લૂંટાઈ રહી છે ? તમે પણ સામાયિક લઈને બેસો છો અને ચિત્તની ચંચળતા સામાયિકમાં થતી હશે. પણ આવો વિચાર આવે છે ખરો ? તમને આવો વિચાર કયાંથી આવે ? કારણ કે તમે ઘેર નવરા જ ન પડો એટલે અશુભ વિચારોનો કચરો અહીં લઈને આવો છો. અહીં મન નવરું પડે એટલે દુકાનનો વિચાર કરો. ઓફિસનો વિચાર કરો. ભેગી શાકની થેલી પણ લેતા આવ્યા હશો એટલે અહિંથી ઉઠીને શાક માર્કીટમાં જવું છે ને કયું શાક લેવું એ પણ વિચાર થતો હશે.

પુણીયો શ્રાવક સામાયિક પાળીને એની પત્નીને પૂછે છે આજે આપણા ઘરમાં અનીતિનું ધન આવ્યું નથી ને ? આજે સામાયિકમાં મારું મન સ્થિર રહયું નથી માટે કંઈક કારણ તો જરૂર છે. ત્યારે એની સ્ત્રી કહે છે સ્વામીનાથ ! આજે એક સંન્યાસી લોટ માંગવા આવ્યો હતો. એને ડબલું લઈને લોટ આપવા ગઈ. મેં ડબલામાંથી મૂઠી લોટ આપ્યો. એની નજર ડબલા પર પડી. હવે એ આવો ગમે તે હોય પણ એના ગયા પછી એક ચમત્કાર થયો. અને એ આપણું ડબલું સોનાનું બની ગયું.

હવે તમે બહારગામ ગયાં હો. પાછળથી તમારા શ્રીમતીજી એની બે ચાર સાડીઓ, તમારા બેત્રણ પહેરણ કે શૂટ આપીને એક સ્ટીલની બાલ્ટી લીધી. તમે બહારગામથી આવ્યા ત્યાં હર્ષભેર સામી કહેવા આવે કે જુઓ-જુઓ મેં બાલ્ટી ખરીદી. તમે પૂછો કે કેટલાની ? તો કહેશે કે અરે ! પૈસા ખર્ચવાના હોય ! એ તો મારા ને તમારા ફાટલા કુચ્ચા આપીને લીધી. તમે પણ ભેગા હરખાવા માંડો હો.... તમે એટલા કપડામાં કંઈક ગરીબનાં અંગ ઢાંકી શકો. એટલા કપડાં આપીને એક ઠીબડું વધ્યું તો પણ શું અને ન વધ્યું તો પણ શું ? તમે સારા કપડાં પહેરો તો ફાટલા કપડાં તો ગરીબને આપો.

આ પુણીયો શ્રાવક કહે છે નક્કી એ સોનું ઘરમાં આવ્યું તેથી જ સામાયિકનો સુધારસ હું પી શકયો નહિ. આપણે એ કચરો ઘરમાં ન જોઈએ. કારણ કે આપણે તો રોજના દશ દોકડા ઉપર એક પણ પાઈ રાખવી કલ્પતી નથી. આ તો કેટલી બધી કિંમત વધી ગઈ. જાવ – એને ઉકરડે ફેંકી આવો. આ જગ્યાએ તમે હોત તો શું કરત ? બોલો તો ખરા ! (સભા : લઈને સંતાડી દેત.) તમારી શ્રાવિકા હોત તો એમ કહેત

કે આવો સોનાનો ડબ્બો કંઈ ઉકરડે નાંખવાનો હોય! આમાંથી તો મારા દાગીના બનાવાય. અહીં તો શ્રાવિકા પણ એવાં હતાં જ્યાં એના પતિનો હુકમ થયો ત્યાં સોનાનો ડબ્બો માટીના હાંડલાની જેમ ફેંકી દીધો. જુઓ! ભગવાનનાં શ્રાવકો કેવાં હોય? અનીતિની એક પણ પાઇ એને ખપતી ન હતી. જ્યારે અનીતિના કેટલા રૂપિયા તમારા પેટમાં હજમ થઇ જાય છે. આ અન્યાય–અનીતિ અને અધર્મના કારણે જ જીવ કર્મનું બંધન કરતો જાય છે. અને કર્મની ગુલામી નીચે દબાતો જાય છે.

કર્મની કનડગતો જાય ત્યારે સાચી સ્વતંત્રતા આવે છે. મૂળ આઠ કર્મો છે. તેમાં ચાર ઘાતી છે અને ચાર અઘાતી છે. તેમાં સૌથી પ્રથમ નંબર જ્ઞાનાવરણીય કર્મનો છે. જ્ઞાનાવરણીય કર્મે અનંત જ્ઞાન ગુણ રોકયો છે. જ્ઞાનાવરણીનો બીજો ભાઈ દર્શનાવરણીય છે. એ તો મહાન જબરો છે. એ જીવને સત્ય વસ્તુનું ભાન થવા દેતો નથી. દર્શનાવરણીય કર્મે અનંત દર્શન ગુણને રોકયો છે. મોહનીય કર્મ મૂંઝવે છે. અને અંતરાય કર્મ અનંત દાન–અનંત લાભ–અનંત ભોગ અને અનંત વીર્યમાં આડે આવે છે. પાસે કોડો રૂપિયા હોય પણ દાન કયારે દેવાય? અંતરાય કર્મની સત્તા તૂટે ત્યારે ને?

જ્ઞાનાવરણીય કર્મનો સંપૂર્ણ ક્ષય થાય ત્યારે કેવળજ્ઞાન થાય. આ ચાર ઘાતી કર્મો ગયા એટલે સાચી સ્વતંત્રતા આવી જ સમજો ને! નામ કર્મ અને આયુષ્ય કર્મથી નુકશાન શું છે? ઉલ્ટું આવી દશાને પામેલાનું આયુષ્ય જો લાંબુ હોય તો લાખો જીવોનું કલ્યાણ થાય. શ્રી ઋષભદેવ ભગવંત જે કરી શકયાં તે ભગવાન મહાવીર ન કરી શકયાં. કારણ કે તેમનું આયુષ્ય ટૂંકું હતું. ફકત સાડી–ઓગણત્રીસ વર્ષ જ તેમની સાધનાનો સમય. જ્યારે ઋષભદેવ ભગવાનની સાધનાનો સમય એક લાખ પૂર્વનો હતો. એટલે એમના આયુષ્યથી કોડો જીવોને લાભ થયો. કહેવાનો આશય એ છે કે અઘાતી કર્મો જીવને નુકશાન કરતાં નથી. ફકત આત્માનું અહિત કરનાર હોય તો ચાર ઘાતી કર્મો જ છે. એ ચાર ઘાતીનો નાશ થયો કે તેરમે ગુણસ્થાને જીવ જાય છે. અને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરી સાચી સ્વતંત્રતા મેળવે છે. બાકી સમજણ વિના ગમે તેટલી મહેનત કરશો તો પણ સ્વતંત્રતા મળવાની નથી. સાચી સ્વતંત્રતા મેળવનાર અને અપાવનાર સર્વજ્ઞ પ્રભુ મહાવીર સ્વામી કહે છે તમે સત્ય વસ્તુને સમજો. અને એ સમજ્યા પછી એને મેળવવાની શક્તિ કેળવો અને આગેકૂચ કરો.

મિથ્યાત્વ–અવ્રત–પ્રમાદ–કષાય અને અશુભયોગ એ પાંચ કર્મબંધના કારણ છે. મિથ્યાત્વ ટળે તો સમ્યકૃત્વ આવે, અવિરતિના બંધન તૂટે તો વિરતિભાવ આવે, અવિરતિની બેડી તોડવા પ્રમત્તાવસ્થાની બેડી તોડવાની છે. આજ સુધી પ્રમાદથી જ પાયમાલી થઈ છે. ભણવામાં પ્રમાદ હોય તો જ્ઞાન ન મળે. બજારમાં પ્રમાદ ન થાય. આત્મકલ્યાણમાં જ

પ્રમાદ નડે છે. આ ધમાલ, રગડા–ઝગડા અને પરિગ્રહ આ બધું પ્રમાદને કારણે જ છે ને? દેશને અંગે પણ કહેવાય છે ને કે પ્રમાદ ન હોત તો હિંદની આ દશા ન હોત. આત્મ–કલ્યાણમાં પણ પ્રમાદની બેડી નડતર રૂપ છે. તેને તોડવી જોઈએ. અને પ્રમાદ – કલેશ કુસંપની હોળી કરવી જોઈએ. આ વસ્તુને સમજીને સાચી સ્વતંત્રતા મેળવવાનો પ્રયત્ન કરો.

જ્ઞાનાવરણીયની બેડી તોડવા શ્રુતનો અભ્યાસ કરો. દર્શન મોહનીયની બેડી તોડી સમકિતને સુદૃઢ કરો. અવિરતિની બેડી તોડી વિરતિને વરો. ચોથેથી પાંચમે ગુણસ્થાને આવો. અને દેશવિરતિ બનો. એથી આગેકૂચ કરી છઠ્ઠે આવીને સર્વવિરતિ બનો. ત્યાંથી આગળ વધી સાતમે આવી પ્રમત્ત અવસ્થાની બેડી તોડી અપ્રમત્ત બનો. આવી ઉચ્ચકક્ષાને કેળવીને તેરમે ગુણસ્થાને આવી આત્માની સાચી આઝાદી મેળવો. પછી કહો કે હું સ્વતંત્ર બન્યો. દુનિયાના અજ્ઞાન જીવોને સાચી સ્વતંત્રતાનું ભાન નથી. એટલે જ્યાં ને ત્યાં ભટકે છે. તેરમેથી ચૌદમે જાય ત્યાં તો યોગનું બંધન પણ તૂટી ગયું. એટલે શાશ્વત સ્વતંત્રતા છે. એ આવ્યા પછી કદી નષ્ટ થતી નથી. અહીં આવ્યા પછી જન્મ – જરા ને મરણ પણ નથી. એમ સમજી કર્મની પરતંત્રતાનો જડમૂળથી નાશ કરો.

આજે તો સ્વતંત્રતા જોઈએ છે ને સ્વચ્છંદો વધતા જાય છે. મહાત્મા ગાંધીજીને આજે તમે યાદ કરો છો પણ એનાં આદર્શો જીવનમાં અપનાવ્યા છે ખરા! એમણે કોઇ દિવસ સીવેલું કપડું પહેર્યું નથી. ફસ્ટ કલાસની મુસાફરી કરી નથી. જીવન પણ સાદું ને સ્વાવલંબી. સ્વાવલંબી. સ્વાદિષ્ટ ભોજન પણ ખાધા નથી. અને તમારે તો પૈસો વધે એટલે ઠઠારાનો પાર જ નહિ. થર્ડ કલાસમાં મુસાફરી કરાય જ નહિ. કપડાં ધોબીના ઘરનાં ગમે નહિ. એ તો વોશીંગ કંપનીમાં ધોયેલાં કપડાં જ ગમે. અને સ્વાદિષ્ટ ભોજન જોઈએ નોકર અને ઘાટી વિના તો ચાલે જ નહિ. આ બધી સ્વચ્છંદતા નહિ તો બીજું શું? ભગવાને બ્રહ્મચર્યપાલનનો ઉપદેશ આપ્યો છે. જો એનું પાલન કર્યું હોત તો સંતતિ નિયોજન લાવવાની જરૂર ન પડત. આજે સંતતિ નિયોજનના બહાને કેટલો વ્યભિચાર વધ્યો છે! ચારિત્રનું નામનિશાન ન મળે. આજની સરકાર જ્યાં ને ત્યાં મચ્છી ઉદ્યોગ અને કતલખાના ખોલવાનો પૂરજોશમાં પ્રચાર કરે છે. ત્યાં સાચી સ્વતંત્રતા કયાંથી મળે?

બંધુઓ! સાચી સ્વતંત્રતા મેળવવા માટે આ તપશ્ચર્યાનાં દિવસો ચાલી રહ્યાં છે. માસખમણના માંડવડા નંખાઈ ચૂકયા છે. જેને બેસવું હોય તે આ મંડપમાં બેસી શકે છે. આપણા પરમ પિતા મહાવીર પ્રભુએ બે માસી, છ માસી આદિ અઘોર તપ કરી આત્માની આઝાદી મેળવી. આપણે પણ એવી આઝાદી મેળવવી છે.

ભૃગુ પુરોહિતના બે પુત્રોને પણ આત્માની આઝાદી મેળવવાની લગની લાગી છે.

એટલે સંસારના બંધન તોડી સંયમ માર્ગે જવા ઈચ્છે છે. તેઓ તેમના માતા-પિતાને હજુ શું સમજાવશે અને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે. આજે પણ સમય થઈ ગયો છે એટલે વિદ્યુલ્લતા ચરિત્ર બંધ છે.

વ્યાખ્યાન નં.... ૩૦

શ્રાવણ સુદ ૧૫ ને રવિવાર તા. ૧૬-૮-૭૦

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો :

શાસ્ત્રકાર ભગવંત, રાગ-દ્વેષના વિજેતા અને મોક્ષમાર્ગના પ્રણેતા એવા ભગવાનના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. એ બત્રીસ સૂત્રમાં મૂળ ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેનાં છ હળુકર્મી આત્માઓનો અધિકાર ચાલે છે. ભૃગુ પુરોહિતના બે બાલુડાઓએ પ્રથમ વખત જ સંતનું દર્શન કર્યું અને વૈરાગ્ય પામી ગયા. તમને તો સંતદર્શન કરતાં કરતાં માથે તાલ પડી ગઈ. માથે કાળા મટીને ધોળાં આવ્યા પણ હજુ સુધી દિલમાં એવો વિચાર સરખો પણ થતો નથી કે :—

"मैं हूं कौन कहां से आया, मुझे कहां पर जाना है।
कौन जगतमें मेरा है, इस जगमें कहां ठीकाना है॥"

ગમે તેટલું ધન ભેગું કરો પણ જ્યાં સુધી તમને એ વિચાર નહિ આવે કે હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? અહીંથી મરીને ક્યાં જઈશ? રાત-દિવસ કાળી મજૂરી કરીને ભેગું કરું છું તેમાંથી મારી સાથે શું આવશે? આ બોકસીનના આલેશાન ભુવનમાં રહો છો. એનો બહુ મોહ લાગ્યો છે. પણ યાદ રાખજો એક દિવસ તો એને છોડીને જ જવાનું છે. એનો પૂરો ખ્યાલ રાખજો. કોણ જાણે તમારા કાળજાં જ કઈ જાતનાં ઘડ્યાં છે એ જ મને તો સમજાતું નથી. (સભા :- એ કઠણ કાળજા છે. હસાહસ) કંઈકને તમે ખાંધે ચઢાવીને સોનાપુરીમાં મૂકી આવ્યા. તે લોકો સાથે કંઈ જ લઈને ગયાં નથી. જ્યારે કે ત્યારે મારે પણ આ જ રીતે એક દિવસ જવાનું છે તો મારી સાથે પણ શું આવશે? તમારી સાથે કંઈ જ આવવાનું નથી. છતાં મમતા છૂટતી નથી. વિચાર કરો કે અત્યાર સુધીમાં જે કોડાધિપતિ કે અબજપતિ હોય તેના શું જન્મ - જરા ને

મરણના ફેરા ટળી ગયા છે ખરા? શું તેને નરકે જવું પડતું નથી? વિચાર તો કરો નરકથી તો ધર્મ જ બચાવશે પણ નાણાં નહીં બચાવે.

ભગવાને ઠાણાંગ સૂત્રના ત્રીજા ઠાણે ત્રણ પ્રકારનાં પુરૂષો બતાવ્યાં છે. (૧) કર્મ-પુરૂષ (૨) ભોગપુરૂષ (૩) ધર્મપુરૂષ.

જે પુરૂષ પોતાના જ પરાક્રમથી રાજ્ય મેળવે છે તેને કર્મપુરૂષ કહેવામાં આવે છે. વાસુદેવ એ કર્મપુરૂષ છે. તે પોતાના પરાક્રમથી જ રાજ્ય ઉપર પોતાનું પ્રભુત્વ જમાવે છે. તેઓ ૩૬૦ સંગ્રામ કરે છે. અને ભરતક્ષેત્રના ત્રણે ખંડ ઉપર પોતાનું પ્રભુત્વ જમાવે છે. એ મહાન પુરૂષો કેવા હોય છે. તેનું વર્ણન શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ખૂબ વિસ્તારથી કરવામાં આવ્યું છે. વાસુદેવ અને બળદેવના શરીર ઉપર ૧૦૮ શુભ લક્ષણો હોય છે. ૧૦ લાખ અષ્ટાપદનું બળ બળદેવમાં, વીસ લાખ અષ્ટાપદનું બળ વાસુદેવમાં હોય છે. એક કોડ મણનો ભારે પથ્થર વાસુદેવ એક કાંકરાની જેમ ફગાવી દે છે. એટલે એની એવી પ્રચંડ શક્તિ હોય છે કે જેની સામે કોઈ દુશ્મન ટકી શકતો નથી. એના શરીરમાં કોઈ દિવસ રોગ આવતો નથી. એવી વાસુદેવની પુણ્યાઈ હોય છે. જ્યારે આજે તો ઘેર ઘેર ખાટલા ને ખાટલા સૂકાતા જ નથી. છાશવારે ને છાશવારે માંદા. આજે માથું દુખે તો કાલે પેટમાં દુખતું હોય. સોમવારે સાજા હોય ને મંગળવારે માંદા. પહેલાનાં માણસો રાત્રે સૂઈ જાય ત્યારે જ ખાટલા ઢાળતાં હતાં. અને અત્યારે તો ફેશનમાં પલંગ ઢાળેલાં જ પડ્યાં હોય. સહેજ નવરા પડે એટલે સીધા પલંગમાં પડે જેમ ક્રિચડ દેખે ને લેંસને આળોટવાનું મન થાય તેમ તમને સહેજ નવરાશ મળી કે પલંગમાં આળોટવાનું મન થાય. આ તમારા મોજશોખ અને એશઆરામ જ તમારું ચારિત્ર લૂંટી રહ્યા છે. પહેલાનાં માણસો દિવસભર કામ કરતા હતાં. શરીરને ખૂબ શ્રમ પડતો હતો એટલે એમની ઈન્દ્રિયો બેફામ બનતી ન હતી. શરીરમાં કોઇ રોગ આવતો નહિ. શરીરમાં વિકારો વધતાં ન હતાં. કહેવાનો આશય એ છે કે વાસુદેવની એટલી બધી પુણ્યાઈ હતી કે જન્મથી લઈને મરણ સુધી તેમના શરીરમાં કોઈ પણ જાતનો રોગ આવતો નહિ.

વાસુદેવ અને બળદેવ પાસે એક રથ હોય છે. એ રથ પણ એવો જબ્બર હોય છે કે એ રથની સામે દુશ્મનનું સૈન્ય ઉભું હોય અને એ રથની ખોલી ઉતારી નાંખવામાં આવે તો એના તેજથી સેના ભાગી જાય. શાસ્ત્રમાં બ્રહ્મચર્યને બત્રીસ ઉપમાઓ આપવામાં આવી છે. શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ભગવંતે ફરમાવ્યું છે કે સર્વ રથોમાં પ્રભાવશાળી અને મોટો કોઈ રથ હોય તો કૃષ્ણ મહારાજાનો સંગ્રામક રથ છે. તેવી રીતે સર્વ ધર્મોમાં બ્રહ્મચર્ય ધર્મ એ સૌથી શ્રેષ્ઠ છે. કૃષ્ણ-વાસુદેવના સંગ્રામક રથની જેમ બ્રહ્મચર્ય એ શ્રેષ્ઠ છે. તેથી બ્રહ્મચર્યને વાસુદેવના રથની ઉપમા આપવામાં આવી છે.

વાસુદેવના શરીરનું સૌંદર્ય પણ ખૂબ હોય છે. તેમના શરીરમાં કોઈ પણ જાતનું બેડોળપણું હોતું જ નથી. વાસુદેવનું શરીર સુંદર અને આકર્ષક હોય છે. પ્રત્યેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં ૬૩ શલાકાપુરૂષો થાય છે. તેમને શલાકા પુરૂષો એટલા માટે કહેવામાં આવે છે કે તેમનામાં એક પણ પુરૂષ અભવ્ય હોતો નથી. ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તિ, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ એ ૬૩ શલાકા પુરૂષો છે. રામ અને લક્ષ્મણમાં રામ બળદેવ હતા અને લક્ષ્મણ વાસુદેવ હતાં. દરેક બળદેવ વાસુદેવના મોટાભાઈ હોય છે. અને પ્રતિવાસુદેવનો વાસુદેવ વિરોધી હોય છે. જેમ જરા સંધની સામે કૃષ્ણ વાસુદેવ, રાવણની સામે લક્ષ્મણ હતાં. પ્રતિવાસુદેવ પણ ત્રણ ખંડ ઉપર રાજ્ય કરે છે. પણ બને છે એવું કે વાસુદેવના હાથે જ પ્રતિવાસુદેવ મરે છે. અને પ્રતિવાસુદેવનું રાજ્ય વાસુદેવ ભોગવે છે. વાસુદેવનું બળ એટલું બધું હોય છે કે એક તરફ એકલો વાસુદેવ અને બીજી તરફ દશ લાખની ફોજ. એકલો વાસુદેવ દશ લાખની ફોજને ચકલીઓની જેમ ઉડાડી મૂકે છે. લાખો મણ વજન ભરેલી ગાડી એના હાથ ઉપરથી ચાલી જાય તો પણ એના હાથનું હાડકું ભાંગી જતું નથી. વાસુદેવને વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચઉરસ સંઠાણ હોય છે.

વાસુદેવને આ સમૃદ્ધિ અને ઐશ્વર્ય પ્રભાવ આદિ જે પ્રાપ્ત થાય છે તેનું મુખ્ય કારણ તપ છે. તેમણે પૂર્વભવમાં ખૂબ તપશ્ચર્યા કરી હોય છે. એ તપશ્ચર્યાનું તેજ વાસુદેવના ભવમાં એનો મહિમા વધારે છે. જે મનુષ્ય વાસુદેવ પાસે નમ્રતાથી રહે છે તેને તે પોતાના પ્રાણથી પણ પ્રિય ગણે છે. અને જે તેમની આજ્ઞાથી વિરૂદ્ધ ચાલે છે. તેને મચ્છરની જેમ ચપટીમાં ચોળી નાંખે છે. એને તો ફરી નવી માતાનું દૂધ પીવું પડે છે. આવા પ્રચંડ શક્તિશાળી અને પોતાના પુરૂષાર્થના બળથી જે રાજ્ય કરે છે તેને કર્મપુરૂષ કહેવામાં આવે છે.

હવે બીજા પ્રકારના પુરૂષને ભોગપુરૂષ કહે છે. ભોગપુરૂષ ચક્રવર્તિ છે. ચક્રવર્તિ છ ખંડ ઉપર એક છત્ર રાજ્ય કરે છે. ચક્રવર્તિ ચૌદ રત્ન અને નવ નીધિઓના સ્વામી હોય છે. એના રત્નોમાં અજબ પ્રભાવ અને શક્તિ હોય છે. ચક્રવર્તિ બહાર નીકળે ત્યારે તેનું દંડ રત્ન એની આગળ ચાલે, અને એની આગળ ચાર ગાઉ જમીન ખાડા ટેકરાવાળી હોય તો તેને સમાન બનાવી દે છે. અને ગુફાના દરવાજા ખોલી નાંખે છે. ચક્રવર્તિના પ્રભાવની વાત જ નિરાળી છે.

બંધુઓ! તમે આજની વૈજ્ઞાનિક શોધખોળોમાં અંજાઈ ગયાં છો. તમે માનો છો કે અમે ખૂબ આગળ વધી રહ્યાં છીએ. ગમે તેટલી યાંત્રિક શોધખોળ કરી હોય પણ આ ચક્રવર્તિના સુખની તુલના કરવામાં આવે તો તમારું વિજ્ઞાન ટકી શકે નહિ. જુઓ, ચક્રવર્તિની સાહ્યબી કેવી છે? જેની સેવામાં દેવલોકના દેવો હાજર રહેતાં હતાં. ચક્રવર્તિને

માટે એનું ગાથાપતિ રત્ન ચર્મ રત્નને પૃથ્વીના આકારે બનાવી તેના ઉપર ચોવીસ પ્રકારનું ધાન્ય અને બધી જાતના મેવા–મસાલા–શાકભાજી. વિગેરે દિવસના પહેલા પહોરે વાવે છે. બીજા પહોરે પાકી જાય છે. ત્રીજા પહોરે તૈયાર કરી ચોથા પહોરે ચક્રવર્તિને ખવડાવી દે છે. આવી ચક્રવર્તિની ઋદ્ધિ હોય છે. આ શાસ્ત્રની વાત છે. પણ આજે જેટલી શ્રદ્ધા તમને વિજ્ઞાન ઉપર છે તેટલી ભગવાનના વચન ઉપર નથી. ભગવાને વર્ષો પૂર્વે જે વાત કહી હોય છે તેને જ્યારે વિજ્ઞાન સિદ્ધ કરે છે ત્યારે તમને શ્રદ્ધા બેસે છે. આ પૃથ્વી ઉપર પુણ્યશાળી પુરૂષોને સંસારની કોઈ પણ વસ્તુ દુર્લભ હોતી નથી.

पदे पदे निधानानि, योजने रसकूपका ।
भाग्यहीना न पश्यन्ति, बहुरत्ना वसुंधरा ॥

બંધુઓ ! આ પૃથ્વીનું નામ વસુંધરા છે. વસુ એટલે ધન. આ પૃથ્વીના પેટાળમાં વિપુલ ધન સમાયેલું છે. કિંમતી રત્નો પણ પૃથ્વીમાં છુપાયેલા છે. આજે સોનું અને ચાંદી કયાંથી આવે છે? હીરા, પન્ના આદિ ઝવેરાત તમને કયાંથી મળે છે? આ બધી પૃથ્વીની ભેટ છે. પૃથ્વી ઉપર પગલે પગલે ખજાનો, અને યોજને યોજને રસની કુપીકાઓ રહેલી છે. પણ જે પુરૂષો પુણ્યવાન છે તેમને એ વસ્તુઓ પ્રાપ્ત થાય છે. પુણ્યહીનને એ ચીજો મળતી નથી. પુણ્યવાનને માટે કોલસા પણ હીરા બની જાય છે. અને પુણ્યહીનને માટે હીરા પણ કોલસા બની જાય છે. બીજા ભોગપુરૂષ ચક્રવર્તિ તો મહાન પુણ્યશાળી હોય છે. તેનાથી પણ અધિક બળવાન અને શક્તિશાળી પુરૂષ એ ધર્મપુરૂષ છે.

ત્રીજા નંબરમાં ધર્મપુરૂષ આવે છે. ધર્મપુરૂષ અરિહંત ભગવંત–તીર્થંકર પ્રભુ જ હોઈ શકે છે. તીર્થંકર પ્રભુ કોઈને પોતાની શક્તિથી કષ્ટ આપતાં નથી. તેઓ સંસાર ત્યાગીને સાધુ બની જાય છે. તીર્થંકર જન્મથી જ બળવાન હોય છે. જન્મ સમયે ઈન્દ્રો પ્રભુને સ્નાન કરવા લઈ ગયા ત્યારે એક અંગુઠે મેરૂ પર્વત ડોલાવી દીધો. એના બળમાં શું કમીના હોય! તીર્થંકર ભગવંત ત્રણ ખંડ કે છ ખંડના અધિપતિ નહીં પણ તેઓ ત્રણે ભુવનના સ્વામી છે. ત્રણે ભુવનનું રાજ્ય મેળવવા માટે અકિંચન–અણગાર બનવું પડે છે. જે ભૌતિક સુખનો ત્યાગ કરે છે તેને જ ત્રણે ભુવનનું રાજ્ય મળે છે. તીર્થંકરના અતિશયો–સમોસરણ આ બધી વાતો તમે સાંભળી છે પણ હજુ તમને શ્રદ્ધા નથી.

દેવાનુપ્રિયો ! જ્યારે ભગવાનનાં વચનો રૂચશે ત્યારે તમે આ પેટી ભરવા માટે દોડાદોડ નહિ કરો. ભૌતિક ઋદ્ધિ તો પુણ્યથી મળે છે. ચક્રવર્તિ અને વાસુદેવની ઋદ્ધિનું વર્ણન તમે સાંભળ્યું ને! પણ ઋદ્ધિ ગમે તેટલી હોય પણ જ્યારે દુકાળ પડે છે ત્યારે હીરા–માણેક–મોતી કે પૈસા કામ આવતાં નથી. ચાહે ચક્રવર્તી હોય કે સમ્રાટ હોય પણ કોઇએ હીરા કે પન્નાનો રોટલો હજુ સુધી ખાધો હોય તેવું સાંભળ્યું નથી.

જ્યારે છપ્પનીયો દુકાળ પડયો ત્યારે લોકોને ખાવા અનાજ ન રહ્યું. તે વખતે એક શ્રીમંતની દિકરી, એના નાના નાના બાળકો ભૂખથી તરફડી રહ્યાં છે. ભૂખ ભૂખના પોકારો ચારે તરફ સંભળાઈ રહ્યાં છે. તે સમયે આ છોકરી આંસુભરી આંખે પિતાને ઘેર આવે છે. અને કહે છે બાપુજી ! આ બે મુઠી સાચા મોતી લાવી છું. એ બે મુઠીના બદલે મને બે મુઠી જાર આપો. પુત્રીની કરૂણ કહાણી સાંભળી પિતાનું હૃદય ભરાઇ ગયું અને કરૂણ સ્વરે કહે છે બેટા ! તું તો બે જ મુઠી મોતી લાવી છે પણ હું તને દશ મુઠી મોતી આપું તેના બદલામાં તું મને એક મુઠી જુવાર લાવી આપ. બોલો– પૈસાનું જ મહત્વ હોય તો આવા સમયે પૈસા બાવા કેમ કામ લાગતા નથી ! પાસે હીરા ને મોતી નહિ હોય તો માણસ ભૂખે નહિ મરે પણ અન્ન નહીં હોય તો ભૂખમરો થશે.

પેટમાં રોટલો હશે તો માણસને ધર્મધ્યાન કરવું પણ ગમશે. પણ જો પેટમાં ભૂખ હશે તો માણસ કંઈ નહિ કરી શકે. કામમાં એનું ચિત્ત લાગશે નહિ અને પ્રભુના નામમાં પણ એનું મન લાગશે નહિ. કહેવત છે ને કે : "भूखे भजन न होय गोपाला ।" ભૂખ્યો માણસ કંઇ જ કરી શકતો નથી. જ્યારે ભૂખ કડકડીને લાગી હોય, કોઈ ભોજન આપનાર ન હોય ત્યારે પૈસાની કિંમત નહિ પણ ભોજનની કિંમત અંકાય છે.

બંધુઓ ! તમને જે કંઈ મળ્યું છે તે પૂર્વના પુણ્યથી મળ્યું છે તેથી તમે જલસા કરી રહ્યા છો. પણ આ ભવમાં કંઈ જ કરશો નહિ તો આવતા ભવમાં તમારું શું થશે ? કોઇ ગરીબ, દુઃખીને જોઈ તમે એવો વિચાર ન કરશો કે એના કર્મો એ ભોગવે છે. એમાં આપણે શું કરીએ ? એ ભલે એના પાપ ભોગવે છે પણ સાથે તમારો ધર્મ શું છે ! એનો વિચાર કરજો. ભગવાન મહાવીર સંસાર ત્યાગીને સાધુ થયાં તે પહેલાં એક વર્ષથી સવારથી સાંજ સુધી અખંડ દાન દેતા હતાં. તેમનાં દ્વાર ખુલ્લા રહેતા હતાં. કોઈ પણ આવે તે કોઈ પ્રભુ પાસેથી આલી હાથે જતો ન હતો.

ભગવાને ચાર રસ્તા બતાવ્યાં છે. દાન–શિયળ–તપ અને ભાવ. સંપત્તિ મળી હોય તો સારા માર્ગે તેનો વ્યય કરો પણ વ્યસનોમાં તેને વેડફી નાંખશો નહિ. બ્રહ્મચર્ય પાળવામાં મનની મક્કમતા જોઈએ. ચારિત્ર એ મનુષ્યનો સાચો શણગાર છે. જેમ માણસને વસ્ત્ર વગર ચાલતું નથી. વસ્ત્રથી શરીરની મર્યાદા સચવાય છે. તેમ ચારિત્ર ન હોય તો જીવનની કોઈ કિંમત નથી.

ચારિત્ર વિષે એક બનેલી કહાણી કહું છું. એક કુટુંબ બહુ ધનાઢય પણ નહિ અને ગરીબ પણ નહિ એવી મધ્યમ સ્થિતિ છે. ખાઈ પીને આનંદ કરે છે. તેવા માતા–પિતા પોતાના પુત્રની સગાઈ કરે છે. કન્યાના મા–બાપ પણ મધ્યમ છે. પહેલાના જમાનામાં તો નાનપણમાં સગાઈ કરી દેતા હતાં. છોકરાના બાપને ગોળનો વેપાર છે.

કર્મે એવો ઘેરો ઘાલ્યો કે આ છોકરો ૧૮ વર્ષનો થતાં બાપને ધંધામાં એવી ખોટ આવી ગઈ કે માલ-મિલકત બધું ખોટમાં ખપી ગયું. બાપને ખૂબ આઘાત લાગે છે કે શું કરીશ ! આ કરજ કયાંથી ભરીશ ! આ આઘાતમાં બાપ મરી જાય છે. ૧૮ વર્ષના છોકરાને માથે બધો ભાર આવી જાય છે. દુકાન ગઈ, પૈસો ગયો ને ધંધો પણ ગયો. આ નિરાધાર છોકરો નોકરીને માટે ફાંફા મારે છે. તો કોઈ નોકરી રાખતું નથી. જ્યારે માણસના પાપ કર્મનો ઉદય થાય છે ત્યારે વહાલાં પણ વેરી થઈ જાય છે. કર્મ જેટલાં ખેલ ન ખેલાવે તેટલાં ઓછા. આ છોકરો કર્મના ઉદયે ખૂબ દુઃખી થયો. જેમ તેમ કરીને માંડ માંડ નોકરી મળી અને મા-દિકરાનું ગુજરાન નભે છે.

હવે આ દિકરાની મા વેવાઈને ઘેર કહેવડાવે છે કે તમારી દિકરીનાં લગ્ન કરો. છોકરીના માતાપિતા કહે છે છોકરાનો બાપ ચાલ્યો ગયો છે અને એ લોકો ગરીબ થઈ ગયાં છે માટે મારે તેવા ભિખારીને કન્યા નથી દેવી. છોકરી કહે છે કે માતા-પિતા ! એ એમનાં કર્મોદયથી ગરીબ થઈ ગયાં છે. તેમાં તમે મને પરણાવવાની ના પાડો છો એ સારું ન કહેવાય. તમે મારો વિવાહ ફોક ના કરશો. હું તેની સાથે જ પરણીશ. આ જન્મમો મારે બીજો પતિ ન જોઇએ. છોકરીએ ખૂબ હઠ કરી એટલે મા-બાપને પરણાવ્યા સિવાય છૂટકો જ ન હતો. પરણાવવાની હા પાડી પણ આડકતરી રીતે છોકરાને હેરાનગતિ કરવા માટે નવો કીમિયો શોધ્યો. અને જમાઈને કહેવડાવ્યું કે જો મારી દિકરીને પરણવી હોય તો બે હજાર રૂપિયા રોકડા આપી દો. તો મારી દિકરીને પરણાવું. આ ગરીબ છોકરો બાજુમાં પાડોશીને ઘેર જઈને ખૂબ રડે છે. આ પાડોશી મુસલમાન છે. એ જાતે મુસલમાન હતો પણ એનું દિલ મુસલમાનનું ન હતું. છોકરાને પૂછે છે ભાઈ ! તું કેમ રડે છે ? આ છોકરો પોતાની બધી કહાણી કહે છે. આ મુસલમાનને જૈન મુનિનો સમાગમ થયેલો હતો. એણે જૈન ધર્મ અપનાવેલો છે એટલે આ છોકરાને કહે છે ભાઈ ! તું રડીશ નહિ. હું તને બે હજાર રૂપિયા આપું છું. મારે એનું વ્યાજ પણ જોઈતું નથી. પણ તારે મારી એક શરત કબૂલ હોય તો આપું. શું શરત છે ? તો મુસલમાન કહે છે લગ્ન કર્યા પછી તારી જાતે કમાઈને જ્યાં સુધી તું બે હજાર રૂપિયા મને ન આપે ત્યાં સુધી તમો બંને જણાએ અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવાનું. જો આ શરત કબૂલ હોય તો બે હજાર રૂપિયા લઈ જા. આ મુસલમાન પોતે પણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાવાળો છે.

આ છોકરાએ શરત મંજૂર કરી. બે હજાર રૂપિયા લઈને સસરાને આપ્યાં. હવે તો દિકરી પરણાવવી જ પડે. આ દિકરીને એના માતા-પિતાએ પરણાવી. દિકરી પરણીને સાસરે આવે છે. એ સમજે છે કે મારા પતિની સ્થિતિ કેવી છે. અહીં એનો પતિ એની સાથે વાતચીત કરે છે પણ અમુક બાબતોમાં એનો પ્રેમ ઓછો દેખાય છે ત્યારે

પત્ની પૂછે છે સ્વામીનાથ ! આપ આમ ઉદાસ કેમ છો ? શું મારા પ્રત્યેનો કોઈ અભાવ છે કે મારો કોઈ દોષ છે ? શું મારા બાપે બે હજાર રૂપિયા આપની પાસેથી લીધા છે એથી કંઈ ખોટું લાગ્યું છે ? મારા બાપે આપની સ્થિતિનો વિચાર કર્યો નથી અને બે હજાર રૂપિયા લીધા છે એ તો પરમાટી તુલ્ય છે. આપ આવી સ્થિતિમાં બે હજાર રૂપિયા કયાંથી લાવ્યા હશો ? આપને જે ચિંતાનું કારણ હોય તે કહો. આ મારા બાપે દશ હજારનો કરિયાવર કર્યો છે. આ મારા દાગીના ને કપડાં હવે તો મારી માલિકીના જ છે. માટે આપને જે રીતે ઉપયોગ કરવો હોય તે રીતે કરી શકો છો. આ બધું આપનું જ છે. આપને જે દુઃખ હોય તે ખુલ્લા દિલથી મને કહો.

એનો પતિ આંખમાં આંસુ સારતો કહે છે મને તારા તરફથી કોઈ અસંતોષનું કારણ નથી. પણ આ બે હજાર રૂપિયા જ્યાં સુધી મારી જાતે કમાઈને ભરપાઈ ન કરું ત્યાં સુધી આપણે અખંડ બ્રહ્મચર્ય પાળવાનું છે. તારા દાગીના વેચીને પણ હું મુક્ત ન થઈ શકું. ત્યારે પત્ની કહે છે સ્વામીનાથ મૂંઝાશો નહિ. બ્રહ્મચર્યના પાલનમાં મારો સંપૂર્ણ સહકાર છે. પત્ની કહે છે આપણે બંને કયાંક જઈને નોકરી કરીએ આ બધું બાને સોંપી બહારગામ જઈએ. એક બીજા નક્કી કરી એના કપડાં દાગીના બધું સાસુને સોંપી આજ્ઞા લઈને બંને બહારગામ ચાલી નીકળે છે. બંને પોલીસનાં કપડાં પહેરી એક રજવાડામાં આવે છે. અને નોકરી કરવાની માંગણી કરે છે. કુદરતે બંનેને પોલીસની નોકરી મળી જાય છે. આ પતિને દરવાજા આગળ ચોકીપહેરો કરવાનું મળે છે. અને પત્નીને રાણીના મહેલના દરવાજે ચોકીપહેરો કરવાનું કામ મળે છે. બંને માણસો બે પગે ડયુટી બજાવી રહ્યાં છે. જ્યારે નોકરીમાંથી છૂટા થાય છે ત્યારે એકબીજા પોતાના અંતરની વાતો કરે છે પણ કોઈને ખબર નથી કે આ બંને પતિ–પત્ની છે. બંને જ્યારે આપસમા વાતો કરે ત્યારે બીજા નોકરોને મનમાં થાય કે આ લોકો કોઈ નિકટના સ્નેહી છે.

દેવાનુપ્રિયો ! અહીં સમજવાનું એટલું જ છે કે બંને ભરયુવાન છે. એકબીજા સાથે રહેવા છતાં, સૂવા છતાં બાંડાની ધારે બ્રહ્મચર્ય પાળે છે. મનમાં વિકાર સરખો પણ જાગતો નથી. પણ તમારે તો " બહોત ગઈ મગર થોડી રહી. " પણ બ્રહ્મચર્યનું પાલન કરવાનું મન થતું નથી. તમે કંઈક સમજો. બ્રહ્મચર્ય એ જીવનનું નૂર છે. બ્રહ્મચર્ય એ તમારી ભાવી પેઢીના જીવનનું ઘડતર કરનાર છે. બ્રહ્મચર્યથી જ્ઞાનતંતુઓ નિર્મળ બને છે. આજે વિજયાબાઈ સ્વામીને પચ્ચીસમો ઉપવાસ છે. બીજા બહેનોને પણ ઉપવાસ છે. એ જોઈને પણ તમને એમ નથી થતું કે મારી શારીરિક શક્તિ નથી. હું આવી તપશ્ચર્યા કરી શકતો નથી તો બીજું કરીએ. ઉપવાસ કરો તો માની લો કે શરીરમાં અશક્તિ આવી જાય. ઉભા થઈ શકો નહિ. પણ બ્રહ્મચર્યના પાલનમાં કયાં અશક્તિ આવવાની છે ? તપસ્વીનું બહુમાન તપશ્ચર્યાથી જ થાય. બને તો જાવજીવ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરો, ન

બને તો બે વર્ષ–પાંચ વર્ષ જેનાથી જેટલા અંશે પાળી શકાય તેટલી બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરો પણ કામભોગ ઓછા કરો. બદામપાક અને અડદિયામાં જે તાકાત નથી તે તાકાત બ્રહ્મચર્યમાં છે. રાજકોટનું નામ રાજગૃહી નગરી છે.

અમે મુંબઈ કાંદાવાડી ચાતુર્માસ હતાં ત્યારે પંદરમી ઓગષ્ટના દિને એક સાથે સત્તેરે એકાવને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી. અને અહીં તો પંદરમી ઓગષ્ટનો દિન કાલે ગયો પણ રાજકોટનો એક પણ રાજપૂત જાગ્યો નથી. તમને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવાનું મન થતું નથી. કંઈ નવીન ચીજ જુઓ તો લેવાનું મન થઈ જાય છે. કોઈ અમેરીકન ગાડી જુઓ તો એમ થાય છે કે આની આગળ મારી ફીયાટ ગાડી તો ડબલા જેવી લાગે છે. હું પણ આવી ગાડી વસાવું. કોઈના સારા દાગીના કે કપડાં જોઈ એના જેવા વસાવવાનું મન થાય છે પણ અમારે ત્યાં આવા નાના નાના મહાસતીજીઓને જોઈને દીક્ષા લેવાનું મન કેમ નથી થતું ?

આ સતીજીઓમાં કંઈક તમારા ગામનાં જ હશે. તમારા ખોળામાં ખેલતી બાલિકાઓ સંયમના માર્ગે જઈ સાધ્વી બનીને તમને ઉપદેશ આપે છે કે કામભોગો છોડો. તમને લજ્જા નથી આવતી ? (હસાહસ). ભગવાનનો શ્રાવક એક હુંકારે ઉભો થઈ જવો જોઈએ. કામભોગો છોડશો તો મરી નહિ જાવ. પણ વધુ જીવશો. જેટલા અંશે બ્રહ્મચર્યનું પાલન કરશો તેટલા અંશે લાભ છે.

અહીં આ બે માણસો અણીશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરે છે. અહીં મુસલમાન જોવા આવવાનો નથી પણ પ્રતિજ્ઞા એટલે પ્રતિજ્ઞા. બંને માણસો એ જ વિચાર કરે છે કે મુસલમાને આપણા ઉપર કેટલો ઉપકાર કર્યો ? કે આપણે મહાન વ્રતનું પાલન કરી શકીએ છીએ. આ બંને માણસો વાતો કરે છે, ત્યાં રાણીને પણ વિચાર થયો કે માનો ન માનો પણ આ બંને કોઈ નિકટનાં સ્નેહી છે. એ કોણ છે એ આપણે જાણવું જોઈએ.

એક દિવસ બંને જણા પરસ્પર એક બીજાનું દિલ ખોલીને વાત કરી રહ્યાં છે. રાણી સંતાઈને એમની વાત સાંભળે છે. આ બે જણાં કહે છે કે આપણો બંનેનો ૫૦–૫૦ રૂપિયા પગાર છે. આપણે હજુ દશવર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કરીએ ત્યારે બે હજાર રૂપિયા ચૂકવી શકાય. પત્ની કહે છે સ્વામીનાથ ! તમે મન નબળું ન કરશો. આ વ્રતનું પાલન કરવામાં જિંદગી ખતમ થઈ જાય તો પણ શું ? મારું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર છું. આપણી પ્રતિજ્ઞાનું અણીશુદ્ધ પાલન થાય એ જ મારે મન આનંદ છે. આ શબ્દો રાણીએ સાંભળ્યા. પાસે આવીને કહે છે 'તમારે બંનેને શું સગાઈ છે ? તો કહે છે અમે બંને મિત્રો છીએ. રાણી કહે છે તમે ખોટું બોલો છો. મેં તમારી બધી વાત સાંભળી છે માટે જે હોય તે સાચું બોલી જાવ ત્યારે સત્ય હકીકત રજુ કરે છે.

અમે બંને સ્ત્રી-ભર્તાર છીએ. પણ ભાઈ-બહેનના સંબંધથી રહીએ છીએ. આ રીતે અમારે પ્રતિજ્ઞા છે. બરાબર છ મહિનાથી અમે આ રીતે અખંડ બ્રહ્મચર્યનું પાલન કર્યું છે. ત્યાં રાણી કહે છે ધન્ય છે તમને! આ ઉગતી યુવાનીમાં બ્રહ્મચર્ય પાળવું સહેલ નથી. રાણીએ ખુશ થઈને પોતાના કંઠમાં રહેલો કિંમતી હીરાનો હાર આ બંનેના કંઠમાં પહેરાવી દીધો. અને રાજાને આ વાતની જાણ કરી. ત્યાં રાજા પણ બંનેના ચરણમાં નમી પડ્યો. અને એનું બહુમાન કરી જવાની રજા આપે છે. આ છોકરો પેલા મુસલમાનને બે હજાર રૂપિયા આપે છે ત્યારે મુસલમાન કહે છે દિકરા! ધન્ય છે તને બે હજાર રૂપિયાને બાતર તેં નાની ઉંમરમાં બ્રહ્મચર્યનું પાલન કર્યું. મારે હવે એ પૈસા નથી જોઈતા. તેં બ્રહ્મચર્યનું શુદ્ધ ભાવથી પાલન કર્યું. મારા પૈસા વસુલ થઈ ગયા.

બંધુઓ! તમારા દિલમાં ઉર્મી જગાડજો. એક અહો-રાત્રિનું બ્રહ્મચર્યનું પાલન કરે તેને ૧૮૦ ઉપવાસનો નફો થાય છે. મન-વચન-કાયાથી શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરો. સમય થઈ ગયો છે વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૩૧

રક્ષા બંધન

શ્રાવણ વદ ૧ ને સોમવાર તા. ૧૭-૮-૭૦

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ અને બહેનો! ચાતુર્માસ એ આત્મ કલ્યાણની મોસમના પવિત્ર દિવસો છે. આજનો દિવસ ત્રિવેણી સંગમ તરીકે ઓળખાય છે. અગ્નિ ઉપર સખ ચઢી હોય તો ફૂંકણી મારી કાઢી નંખાય છે. તેવી જ રીતે ધર્મભાવનાઓ ઉપર ચઢી ગયેલી રાખને કાઢવા માટે પર્વો ફૂંકણી રૂપ છે. હિંદુ ધર્મનું આજે ધાર્મિક પર્વ છે. જેનું નામ છે બળેવ. ક્ષત્રિયોને મન દશેરા, વૈશ્યોને મન દિવાળી, અને શુદ્રોને મન હોળી તહેવાર છે તેવી જ રીતે બ્રાહ્મણોને મન બળેવનો મહિમા છે. સંવત્સરી જેમ જૈનોને મન આલોચનાનું પર્વ છે. તેવું બ્રાહ્મણોને માટે બળેવનું પર્વ છે. વર્ષ દરમ્યાનના પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે જૈનોની સંવત્સરી પહેલાં વીસ દિવસે આ પર્વ આવે છે. બળેવના દિવસે બ્રાહ્મણો દરિયા કિનારે અગર નદીએ જનોઈ બદલવા જાય છે. આજની જનોઈ અને આગળની જનોઈમાં ઘણો તફાવત છે.

પહેલાં ચારિત્ર પાલનમાં પૂરી પ્રમાણિકતા હોય તો જ જનોઈ પહેરાવવામાં આવતી. આજ તો સાપ ગયા ને લીસોટાં રહી ગયાં છે. જનોઈના ત્રણ તાર છે. તે રીતે ત્રણ જાતનાં ઋણ દરેકનાં માથે રહેલાં છે. તે ઋણમાંથી મુક્ત કેમ થવાય તે વિચારવાનું આ પર્વ છે. બીજી રીતે મન–વચન અને કાયાની શુદ્ધિ જાળવવાનું પણ આ પર્વ સૂચવે છે. જનોઈનો એક પણ તાર તૂટી જાય તો એક ડગલું પણ આગળ ચલાય નહિ. બીજી જનોઈ બદલાવ્યા પછી અગર તૂટેલો તાર સાંધ્યા પછી જ આગળ ચલાય. તેવી જ રીતે મન–વચન અને કાયાના તારમાં એક પણ તાર અશુદ્ધ થાય તો શુદ્ધ કર્યા પહેલાં આગળ ચલાય નહિ તો જ બળેવનું પર્વ સાચી રીતે ઉજવ્યું કહેવાય.

આ જ પર્વ નાળિયેરી પૂર્ણિમા તરીકે ઓળખાય છે. આમાં પણ ઘણું રહસ્ય સમાયેલું છે. નાળિયેર ફોડતી વખતે એ જ વિચારવાનું રહે છે કે કાચલી અને ગોટો જેમ જુદા છે તેમ દેહ અને આત્મા પણ જુદા છે. કોઈ માણસ મૃત્યુ પામે ત્યારે આપણે બોલીએ છીએ કે એણે દેહ છોડયો. પણ કોણે દેહ છોડયો ! આત્માએ. આ વાત સમજાય ત્યારે આસક્તિ છૂટે અને મુક્તિ મળે. ત્રીજી રીતે આજનો દિન રક્ષા બંધનના નામે પણ ઓળખાય છે. આજના દિવસે બહેન ભાઈને રાખડી બાંધે છે. બહેન પરદેશ રહેતી હોય તો કવરમાં બીડીને ભાઇને બહેન રાખડી મોકલે છે. અગર ભાઈ પરદેશ વસતો હોય તો બહેન ભાઈને ટપાલમાં પરદેશ રાખડી મોકલે છે. આપણે અહીં તો મામૂલીક કિંમતની રાખડી હોય છે. પણ મારવાડમાં તો શ્રીમંત બહેન હોય તો સોનાની–ચાંદીની–મોતીની અને રત્નો જડેલી રાખડી ભાઈને બાંધે છે. બહેન એના પતિને આવી કિંમતી રાખડી નહીં બાંધતા ભાઇને બાંધે છે એનું કારણ શું ? હાથ લાંબો કરી રાખડી બંધાવી દેવાથી અને બદલામાં બહેનને એક સાડી કે પાંચ પચ્ચીસ રૂપિયા આપવાથી પતી જતું નથી. રાખડી બંધાવવામાં ભાઈના માથે બહેનના રક્ષણનો ભાર આવે છે.

રક્ષાબંધન દુશ્મનાવટ દૂર કરાવવામાં પણ અતિ ઉપયોગી છે. અગાઉ પોતાના પતિના દુશ્મન રાજાને પત્ની રાખડી મોકલાવતી એટલે તેને અને પોતાના પતિના દુશ્મન રાજાને ભાઈ–બહેનનો સંબંધ બંધાતો. અને પરિણામે દુશ્મનાવટનો અંત આવતો. એટલું જ નહિ પરંતુ દુશ્મન રાજા જરૂર પડે બહેનને સહાય કરવા તત્પર થતો. આજે વિધવા બહેનો અપશુકન રૂપ મનાય છે. પરંતુ વિધવા એ તો શીયળવંતી છે. એ શુભ શુકન છે.

બંધુઓ ! સાચી રક્ષા કોણ કરી શકે ! તમારી સાચી રક્ષા કરનાર હોય તો જિનવાણી છે. આ જિનવાણીરૂપી રાખડી અમે તમને એક મહિનાથી બાંધી રહ્યાં છીએ. તેની તમને કિંમત છે કે નથી ! જિનવાણી તો આ ભવમાં રક્ષણ કરે છે એટલું જ

નહિ પણ અનેક ભવમાં રક્ષણ કરનાર છે. જિનવાણીનું રક્ષાબંધન એ જ સાચું રક્ષા બંધન છે. આજે તમે બધાં કાંડે રાખડી બાંધીને આવ્યાં છો. ઘણા ભાઇઓએ બહેનને પોતાને ઘેર બોલાવી હશે. અને ઘણી બહેનોને ભાઈ હશે જ નહિ. અને કંઈકને ભાઈ હશે તો ભાઈ બહેનને બોલાવતો નહિ હોય.

મહાભારતનો એક પ્રસંગ છે કે આ રાખડી બાંધવાની પ્રથા કયારથી શરૂ થઈ એ તમે જાણો છો ! જ્યારે અર્જુનનો પુત્ર અભિમન્યુ યુદ્ધે જાય છે તે વખતે માતા કુંતાએ અભિમન્યુને અમર રાખડી બાંધી હતી. અભિમન્યુ જે યુદ્ધે જઈ રહ્યો હતો તે ભયંકર સાત કોઠાનું યુદ્ધ હતું. અભિમન્યુનો આત્મા આગલા ભવમાં એની માતાના ગર્ભમાં હતો તે વખતે એના પિતાએ કોઇ પણ કારણથી કે ગુનાથી કૃષ્ણ મહારાજાએ મારી નાંખેલા. ત્યાર બાદ તેને ઘેર પુત્રનો જન્મ થાય છે. આ છોકરો મોટો થતાં એક વખત ગેડી દડે રમી રહ્યો હતો. ત્યારે એક ડોશીમાની છાતીમાં દડો વાગે છે ત્યારે ડોશીમા કહે છે ન બાપા ! આટલું જોર શાને કરે છે ! આ વચન છોકરાને હાડ હાડ લાગી ગયું. શું હું નબાપો છું ? જેની મા વ્યભિચારિણી હોય એ નબાપો કહેવાય. મારી મા સતી છે. ઘરે આવીને માતાને પૂછે છે બા ! મારા પિતાજી કયાં છે ? આ સાંભળી માતાની આંખમાં દડદડ આંસુ આવે છે. જવાબ આપતી નથી. જ્યારે દિકરો ખૂબ હઠ કરે છે ત્યારે કહે છે બેટા ! આપણા રાજા કૃષ્ણજી ખૂબ ન્યાયી છે. દયાળુ છે, પ્રજાનો પ્રેમી છે. પણ તારા પિતાજી સાથે પૂર્વનું વેર હોય કે કોઈ ગુનો હોય ગમે તે હોય પણ તું ગર્ભમાં હતો ને તારા બાપુજીને કૃષ્ણ મહારાજાએ મારી નાંખ્યા છે. આ છોકરાને ખબર પડી. એને ચાનક લાગી. બસ, હવે હું એ કૃષ્ણને શોધીને મારી નાંખુ. એણે મારા બાપુજીને શા માટે મારી નાંખ્યા ! માતા કહે છે બેટા ! આપણાથી એવું ન કરાય. એ તો રાજા મહારાજા કહેવાય. પણ આ છોકરો માતાની વાત સાંભળતો નથી. એ તે ઘરની બહાર નીકળી ગયો અને પૂછવા લાગ્યો કોઈએ કૃષ્ણ કાળીયાને જોયો છે ! કોઈ મને કૃષ્ણ કાળીયો બતાવો. એમ બોલતો ઘૂમવા લાગ્યો. આમ કરતાં એક દિવસ એને કૃષ્ણ પોતે જ મળે છે. આ છોકરો કૃષ્ણને ઓળખતો નથી. એટલે પૂછે છે ભાઈ ! તમે કૃષ્ણ કાળીયાને જોયો છે ? એટલે કૃષ્ણ પૂછે છે ભાઈ ! તારે એનું શું કામ છે ? છોકરો કહે છે એણે મારા બાપને મારી નાંખ્યો છે. માટે મારે પણ મારા બાપનું વેર લેવું છે.

આ લોકોને પૂર્વનું વેર ચાલ્યું આવે છે. વેર એ મહાન કર્મબંધનું કારણ છે. "वेराणुबंधिणि महब्भयाणि" માટે કોઈની સાથે વેર બાંધશો નહિ. જુનું વેર હોય તો છોડી દેજો અને ખમતખામણાં કરી લેજો. કૃષ્ણ સમજી ગયાં કે જે શ્રેણીને મેં મારી નાખ્યો છે તેનો જ આ છોકરો હોવો જોઇએ. આ વેર શું કરે છે ! કૃષ્ણ કહે છે ભાઈ ! હું તને

કૃષ્ણ કાળીયો બતાવું. તો તો તમારો મોટો ઉપકાર, પણ એ કૃષ્ણ કેટલો મોટો છે! ત્યારે કૃષ્ણ કહે છે કૃષ્ણ તો તારા જેટલો જ છે. દેખાવે-રૂપે-રંગે તારા જેવો જ છે પણ એ એમ પકડાય તેવો નથી. એટલે એને પકડીને એક પેટીમાં પૂરી દેવો છે માટે હું એક પેટી બનાવી લાવું. કૃષ્ણ એક સાત ઢાંકણાવાળી ચાંદીની સુંદર પેટી લઈ આવે છે અને કહે ભાઈ! તું આ પેટીમાં લાંબો થઇને સૂઈ જા એટલે માપ નીકળી જાય. કૃષ્ણ એમાં સૂઈ શકે તેટલી છે ને? આ બિચારો બાળક તો પેટીમાં બરાબર સૂઈ ગયો. અને કૃષ્ણે પેટી બંધ કરી. ઉંચકીને અંતેઉરમાં લાવ્યા.

સત્યભામા પટરાણીને મહેલે પેટી લાવીને મૂકી. અને સત્યભામાને કહ્યું કે આ પેટી કોઈ ખોલશો નહિ. જ્યારે જે વસ્તુને ખોલવાની ના કહેવામાં આવે ત્યારે એને ખોલવાનું બહુ મન થાય. આવી સુંદર ચાંદીની પેટી છે. અંદરથી સુગંધ સુગંધ બહેકી રહી છે. અંદર શું હશે? એ જોવાની કૃષ્ણની પટરાણીઓને ખૂબ ચટપટી લાગી. સત્યભામા રૂક્મણીને કહે છે બહેન! તું પેટી ખોલ. તો રૂક્મણી કહે છે સ્વામીનાથની રજા નથી માટે ખોલાય નહિ. પણ ચિત્તડું તો એમાં જ છે. સાસુ બધે તાળા લગાડે તો વહુને અધિરાઈ આવે અને લાગ શોધે કે કયારે સાસુજી બહાર જાય અને ચાવીનો ઝુડો હાથમાં આવે તો બધું જોઈ લઉં. પણ જો સાસુ તાળા ન લગાવે તો વહુને અવિશ્વાસ આવે નહિ. એનું મન પણ ઉદાસ રહે. અહીં કૃષ્ણે પેટી ખોલવાની ના પાડી છે. પણ જીવડો રહેતો નથી. એટલામાં કૃષ્ણની બેનડી સુભદ્રા આવે છે ત્યારે બધી ભાભીઓ ભેગી થઇને કહે છે નણદી! તમે આવ્યા તે ઠીક થયું. તમારા ભાઈ આજે આ નવીન ચીજ લાવ્યા છે. એ પેટીમાં શું છે તે જોવાનું બહુ જ મન થયું છે. પણ તમારા ભાઈએ ખોલવાની ના પાડી છે. પણ જો તમે ખોલશો તો તમારા ભાઈ તમને વઢશે નહિ. માટે તમે પેટી ખોલો. બધી ભાભીઓએ સુભદ્રાને શણગારી. સુભદ્રાએ પેટી ખોલી-સાત ઢાંકણા ખોલ્યાં ત્યાં અંદરથી કલૈયાકુંવર જેવા બાળકનું કલેવર છે. આ જોઈ સુભદ્રાને ખૂબ આઘાત લાગે છે. એ પેટીમાં જે બાળકનું મૃતકલેવર પડયું છે એનો જ જીવ સુભદ્રાના ગર્ભમાં આવીને ઉત્પન્ન થઈ ગયેલો છે. એ મહાભારતની રીત પ્રમાણે સુભદ્રાના ગર્ભમાં રહેલો જીવ એ છોકરાનો આત્મા હતો. એને કૃષ્ણની સાથે ગાઢ વેર બંધાયું છે. જ્યારે એનો જન્મ થતો નથી. ગર્ભવંતી સુભદ્રા આકુળ-વ્યાકુળ થાય છે ત્યારે બહેનને શાંતિ પમાડવા માટે કૃષ્ણ સાત કોઠાના યુદ્ધની વાતો સંભળાવે છે. એમની માન્યતા પ્રમાણે એમ કહેવાય છે કે અંદર ગર્ભમાં રહેલો જીવ આ બધું સાંભળે છે. એ જીવ શાંત થવાથી સુભદ્રાને ઉંઘ આવી જાય છે. છ કોઠા કેમ તોડાય અને કઈ રીતે જીતાય તે બધી વાત સંભળાવી. બહેન હુંકાર ભણતી નથી ત્યારે કૃષ્ણ પૂછે છે બહેન! ઉંઘ આવે છે! ત્યારે અંદર રહેલો જીવ કહે છે મામા! હું જાગું છું તમે સંભળાવો. ત્યાં કૃષ્ણ સમજી ગયા કે નક્કી આ મારો વૈરી જીવ લાગે છે. એટલે કોઠાની વિદ્યાની વાત બંધ કરી

દીધી. એક સાતમો સ્હેલો જે કોઠો બાકી હતો એ વાત સંભળાવી નહિ. આ બધું બન્યા પછી સુભદ્રા પુત્રને જન્મ આપે છે. અને એ જ અભિમન્યુના નામથી પ્રસિદ્ધ થાય છે.

આ અભિમન્યુ મોટો થાય છે ત્યારે એનાં લગ્ન ઓત્રાની સાથે કરવામાં આવે છે. કૃષ્ણ માયાળળ રચે છે. લગ્ન વખતે અભિમન્યુને કહે છે બેટા! આપણા કુળમાં એવો રિવાજ છે કે પરણતી વખતે આંખે પાટા બાંધી દેવાના. તેથી ઓત્રા અને અભિમન્યુને આંખે પાટા બાંધીને પરણાવે છે. એટલે એકબીજાએ કોઇનું મોઢું પણ જોયું નથી. તે જમાનામાં કન્યા પરણીને સાથે આવતી ન હતી. પણ પછી વળાવતાં હતાં. ઓત્રા અને અભિમન્યુના લગ્ન થયા પછી થોડા સમયમાં આ સાત ચક્રના યુદ્ધનો પડહ વાગે છે. ત્યારે અભિમન્યુ સાત કોઠાની લડાઇનો પડહ ઝીલે છે. માતા કુંતાને, અર્જુનને અને કૃષ્ણની બેનડી સુભદ્રાને ખબર પડી કે મારા બાલુડાએ લડાઇનો પડહ ઝીલ્યો છે ત્યારે આંખે આંસુ સારતી દિકરાને વળગી પડે છે અને કહે છે બેટા! તેં પડહ શા માટે ઝીલ્યો! હજુ તું કાલે સવારે પરણ્યો છે. જે કન્યાનો હાથ ઝાલ્યો છે એનું મુખ પણ જોયું નથી. આ ચક્રની લડાઈ એ તો મૃત્યુના મુખમાં જ જવાનું છે. બેટા! તેં આ શું કર્યું? માતા ચોધારે આંસુએ રડે છે. પણ આ ક્ષત્રિયનો બચ્ચો કંઈ જોવો તેવો ન હતો. એ તો પડહ ઝીલ્યો એટલે ઝીલ્યો. હવે ચોક્કસ યુદ્ધમાં જવાનું. આ તરફ ઓત્રાને તેડા મોકલે છે કે ઓત્રાને જલ્દી મોકલો. અભિમન્યુ યુદ્ધે જાય છે. ઓત્રાને તેડવા સાંઢણી મોકલે છે.

બીજી તરફ ઓત્રા સૂતી છે. તે ઉંઘમાંથી ઝબકી ઝબકીને જાગે છે. અને માતાને કહે છે માતા! મને ભયંકર અનિષ્ટ સૂચક સ્વપ્ના આવે છે. મારી ચુંદડીઓ કાળી પડી ગઇ. માતા – સ્વપ્નામાં મેં જોયું કે મારો ચુડલો નંદાઈ ગયો. ઓત્રા ખૂબ રડે છે. એની માતા એને આશ્વાસન આપે છે. બેટા! તને "ઉનો વા પણ ના વાશે" તું રડીશ નહિ. સ્વપ્ના કંઈ સાચા પડતાં નથી. સવાર પડતાં ઓત્રાના સાસરેથી તેડા આવે છે કે ઓત્રાને જલ્દી મોકલો. અભિમન્યુ યુદ્ધે જવાના છે. આ ઓત્રા પવનવેગી સાંઢણી ઉપર બેસી સાસરે આવે છે. એ જલ્દી આવે છે ત્યાં કૃષ્ણને વિચાર થયો કે જો ઓત્રા જલ્દી આવી જશે તો એના મોહમાં પડી અભિમન્યુ યુદ્ધમાં નહિ જાય. એટલે અધવચ્ચ સાંઢણીના પગે ખીલો વગાડ્યો. સાંઢણી લૂલી થવાથી ધીમે ધીમે આવે છે. જે દિવસે ઓત્રા પહોંચવાની છે તે જ દિવસે અભિમન્યુ યુદ્ધે નીકળી જાય છે. અભિમન્યુનો રથ અને ઓત્રાની સાંઢણી બંને ગામ બહાર સામસામા ભેગા થઈ જાય છે. બંનેની નજર પરસ્પર એક થઈ જાય છે. ત્યારે અભિમન્યુને એવો વિચાર આવ્યો કે અહો! ધન્ય છે આ બાઇના પતિને! કે આવી દેવરૂપ જેવી કન્યાનો એ સ્વામી બન્યો છે. ઓત્રાના મનમાં પણ એવો વિચાર આવ્યો કે ધન્ય છે આ પુરૂષની સ્ત્રીને! કે જે એની પત્ની

બની હશે તે મહાન ભાગ્યશાળી છે. પરમ સૌભાગ્યવંતી છે કે આવો દેવકુમાર જેવો જેનો પતિ છે. બંને એકબીજાને ઓળખતા નથી.

ગમે તેમ તોય અભિમન્યુ કૃષ્ણનો ભાણેજ છે. ભાણેજનો વંશ રાખવો છે. હવે એ પણ જાણે છે કે આ ક્ષત્રિયનો બચ્ચો યુદ્ધના સંગ્રામ માટે ઘરમાંથી બહાર નીકળી ગયો છે તે પાછો પડે તેમ નથી. એટલે ગામ બહાર પડાવ નાંખીને ત્યાં ઓત્રાને અને અભિમન્યુને છ મહિના સાથે રાખે છે. ઓત્રાનું રૂપ જોઈ અભિમન્યુ મુગ્ધ બને છે પણ સાચો શૂરવીર પાછો ફરે નહિ. ઓત્રાને ત્યાં ગર્ભ રહે છે. હવે અભિમન્યુને યુદ્ધમાં જવાનો સમય થઇ જાય છે. એ કોડભરી ઓત્રાને છોડીને અભિમન્યુ યુદ્ધમાં જઇ રહ્યો છે. તે વખતે દાદીમા કુંતાજી પોતાના લાડીલા બાળપુત્ર અભિમન્યુને આશીષ આપે છે અને કહે છે લાડકવાયા ! આ કોડભરી કન્યાને મૂકીને જાય છે. તું વિજયના ડંકા વગાડીને વહેલો આવજે. લડાઈમાં તારો વાળ કોઈ વાંકો ન કરી શકે. તું દીર્ઘાયુષ બન. અમર રહે એટલે હું તને આ એક રાખડી બાંધુ છું. બેટા ! તું એને સાચવજે. એમ કહીને—

કુંતા અભિમન્યુને બાંધે અમર રાખડી રે,
મારા લાડીલા બાલુડા તું વહેલો આવજે ઘેર...કુંતા.

હે દિકરા ! તું વહેલો આવજે. તારી માતા સુભદ્રા ચોધારે આંસુએ રડે છે. એમ કહી વારંવાર અંતરના આશીષ આપી દાદીમા કુંતાજીએ અભિમન્યુને કાંડે અમર રાખડી બાંધી. અભિમન્યુ યુદ્ધમાં જાય છે. માતા કુંતાએ જે રાખડી બાંધી છે એના પ્રતાપે અભિમન્યુ કયાંય અટવાતો નથી. ક્ષત્રિયનો બચ્ચો શૂરાતનથી લડે છે. કોઇ વાતે હારતો નથી. ત્યારે કૃષ્ણ વિચાર કરે છે અહો ! એના હાથે કુંતા માતાએ જે રાખડી બાંધી છે તે જ્યાં સુધી હશે ત્યાં સુધી અભિમન્યુનો વાળ કોઈ વાંકો નહિ કરી શકે. કારણ કે એ રાખડીની બાંધનારી માતા કુંતા બહુ પવિત્ર સતી છે. એટલે કૃષ્ણ અભિમન્યુની પાસે આવીને કહે છે બેટા ! આપણે તો ક્ષત્રિયના બચ્ચા કહેવાઇએ. આપણા હાથે આવા દોરા ને ધાગા શોભે નહિ. એને કાઢી નાંખ. અભિમન્યુ કહે છે મામા ! હું એવા દોરા–ધાગાને માનતો નથી પણ આ તો મારા વૃદ્ધ માતા કુંતાજીએ હૈયાના હેતથી સ્નેહનો તાર બાંધ્યો છે. એને હું નહિ તોડી શકું ત્યારે કૃષ્ણ કહે છે એમ કર. એને આ તારી તલવારની સાથે બાંધી દે. અભિમન્યુ રાખડીને તલવાર ઉપર બાંધે છે. ત્યારે કૃષ્ણ માયા કરીને ઉંદરનું રૂપ લઇને એ રાખડીનો દોરો કાપી નાંખે છે. આ તલવાર પર બાંધેલી રાખડી કપાઈ ગઈ. આ જોઈ અભિમન્યુને ખૂબ આઘાત લાગ્યો. અહો ! આ મારી રાખડી તૂટી ગઈ. નક્કી હવે મારા આયુષ્યનો તાર પણ તૂટી જશે. અત્યાર સુધી મેં વિજય મેળવ્યો. પણ હવે શું થશે ? છ છ વિષમ કોઠામાં અભિમન્યુ જીત્યો. પણ સાતમો કોઠો તોડવાના સમયે અભિમન્યુ એ લડાઈમાં મૃત્યુ પામ્યો.

દેવાનુપ્રિયો ! અભિમન્યુ યુદ્ધે ગયો ત્યારથી આ રાખડી બાંધવાનો રિવાજ શરૂ થયો છે. તેમ ગ્રંથકારની વાત છે. તમે રાખડી બંધાવતા પહેલાં એ વિચાર કરજો કે આ બેનની રક્ષા મારે કઈ રીતે કરવી ? કંઈક ભાઈ વિનાની બહેન આજે આંસુ સારતી હશે. તમે એવી બહેનના ભાઇ બનજો. તમે જેની સાથે પંચની સાક્ષીએ લગ્ન કર્યા તે તમારી પત્ની છે. અને તે સિવાય જગતની તમામ સ્ત્રીઓ જે તમારાથી મોટી છે તે માતા સમાન છે. અને નાની છે તે બહેન સમાન છે. એમ સમજીને વ્યવહાર ચલાવો તો કોઇ બહેન ભાઈ વિનાની રહે ખરી ?

આજે ભાઈ વિનાની બહેન રડતી હોય છે. પણ મને નથી લાગતું કે કોઇ ભાઈ બહેન વિના રડતો હશે ? બહેનને ભાઈ ઉપર અપાર હેત હોય છે. બહેનને ઠેબું વાગે તો પણ બોલે છે બમ્મા મારા વીરને ! અને કંઈક વીરા એવા પણ થઈ ગયાં કે જેમણે બહેનને માટે કેટલો ભોગ આપ્યો છે.

જૂનાગઢના રાજા રા' નવઘણની વાત તો ખૂબ પ્રચલિત છે. એ તો તમે ઘણી વખત સાંભળી હશે. રા'નવઘણ નાનાં હતાં ત્યારે એક ખેડૂતને ત્યાં ઉછરેલાં, એ ખેડૂતને જાહલ નામની એક દિકરી હતી. આ નવઘણ અને જાહલ સરખી ઉંમરના છે. બંનેને ભાઈ-બહેનનાં ખૂબ જ હેત હતાં. આ ખેડૂતની પુત્રી જાહલ રા'નવઘણને પોતાનો ધર્મનો વીરો સમજી દર શ્રાવણ મહિનાની પુનમે રાખડી બાંધતી હતી. નવઘણ પોતે ખેડૂતને ઘેર જ ઉછરેલાં હતાં એટલે એની પાસે બીજું તો શું હોય ! છતાં પાસે જે કંઈ હોય તેમાંથી બહેનને રા'નવઘણ વીરપસલી માંગવાનું કહેતા. ત્યારે જાહલ કહેતી વીરા મારા ! પસલીથી શું અધિક છે ? છતાં તારી બહુ ઇચ્છા છે તો મારે અત્યારે તારી પસલી નથી જોઈતી. તું રાજ્યનું બીજ છે એટલે જ્યારે કે ત્યારે તું રાજા બનીશ તે વખતે મારે જરૂર પડશે ત્યારે હું માંગી લઈશ. સમય જતાં જાહલનાં લગ્ન થઈ ગયાં અને નવઘણ રાજા બન્યો.

એક સમય એવો આવી ગયો કે જાહલને એના પતિ સાથે દુષ્કાળને લીધે સિંધમાં જવાનું થયું. જાહલ અત્યંત સ્વરૂપવાન હતી. એક વખત સિંધના રાજા હમીર સુમરાની નજર તેના પર પડી અને સુમરો જાહલના રૂપમાં દિવાનો બન્યો. અને જાહલને પકડીને તેના મહેલમાં લઇ ગયો. જાહલે હમીરને કહ્યું મારે છ મહિના બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા છે પછી જોઇ લઈશું. એટલે હમીરે છ માસની મુદત આપી. આ વખતે મહેલમાં રહેલી જાહલે એના પતિ સાથે છૂપી રીતે રા'નવઘણને સંદેશો મોકલ્યો એ શું સંદેશો મોકલે છે !

" હે....સિંધમાં રોકી સુમરે, વારે ધાને નવઘણ વીર,
હે....જાહલ તુજ પર ભીટ માંડી રહી, મુને હાલવા ના દે હમીર,
જો મુદત માસ છ ની વીતશે, તને સત્ય વચન કહું વીર,
જાહલ મુખ જોઇશ નહિ, ને રોતો રહીશ રણધીર.

એવો અફર નિર્ણય મેં કર્યો, સત્ય વચન બદે સતી;
એ અવસર વહેલો આવજો, રખે ચૂકે જૂનાગઢ પતિ.”

જાહલે રા'નવઘણ ઉપર, ઉપર પ્રમાણે સંદેશો મોકલ્યો અને જણાવ્યું કે ભાઈ વીરા ! હું આજ તારી પાસે વીરપસલી માંગુ છું. મને સુમરાની કેદમાંથી મુક્ત કર અને મારો બચાવ કર. આ સંદેશો જ્યારે રા'નવઘણે વાંચ્યો ત્યારે રા'નવઘણને લગ્નના ચાર દિવસ બાકી હતાં. નવઘણ બહેનનો સંદેશો વાંચી લગ્નમાં ન જતાં બહેનની વહારે જવા તૈયાર થયો. તમે આ જગ્યાએ હો તો શું કરો ? પરણવા જાવ કે બહેનની વહારે જાવ (હસાહસ). નવઘણ લગ્ન પડતાં મૂકીને મોટી ફોજ લઈને બહેનને બચાવવા માટે ગયો. સિંધ ઉપર ચઢાઈ કરીને સુમરાને હરાવ્યો અહે બહેન જાહલને પાપીના પંજામાંથી મુક્ત કરી. આ છે ભાઇ–બહેનના સાચા હેત અને રક્ષણની ભાવના.

રક્ષાબંધન કંઈ હિન્દુબહેન હિન્દુભાઈને જ બાંધે તેમ નથી. રાજપૂત રાણીઓએ મુસ્લીમ બાદશાહોને પણ રક્ષાબંધન બાંધી છે. આ બધી ઐતિહાસિક વાતો છે. મેવાડ ઉપર જ્યારે ગુજરાતનો બાદશાહ બહાદુરશાહ રાજપૂતોને નમાવવા પોર્ટુગીઝોની તોપોની મદદ સાથે ચઢી આવ્યો. ત્યારે બધા રાજપૂતો, લડવૈયાઓ, રાણી તથા રાજપૂતાણીઓએ ચિતોડના ગઢના કિલ્લાનો આશ્રય લીધો હતો. અને રાણી કર્મવંતીએ દિલ્હીના મોગલ સમ્રાટ હુમાયુ ઉપર રાખડી મોકલી હતી અને વિનંતિ કરી હતી કે હે ભાઈ વીરા ! આજે હું તારી ધર્મની બહેન તને રાખડી મોકલું છું. અને તારી ક્ષેમકુશળતા ચાહું છું. અત્યારે ચિતોડ ઉપર બહાદુરશાહ ચઢાઇ લઈને આવ્યો છે. ચિતોડ ભયમાં છે તો વીરા ! તારી બહેનને બચાવ. આફતમાંથી ઉગારી લે. દિલ્હીના શહેનશાહ હુમાયુએ મેવાડની રાણી કર્મવંતીના હાથથી મોકલેલી રાખડી જોઈ અને ચિઠ્ઠી વાંચી. જેમાં બહેને ઘણાં હેતથી ભાઈ વીરા ! શબ્દો લખ્યા હતાં તે વાંચ્યા કે તરત જ તેણે કહ્યું કે બહેનની સગાઈ સંસારના તમામ સુખ–દોલત–શક્તિ અને સલ્તનતોથી વધારે છે.

“તખ્ત ઉપરથી ઉતરીને પણ જો કોઇ સાચી બહેનના દિલમાં સ્થાન મેળવી શકું તો હું મારી જાતને દુનિયાનો સૌથી ભાગ્યશાળી માનવી સમજીશ. દુનિયાને હું બતાવવા માંગુ છું કે હિન્દુઓના રિવાજ મુસલમાનને પણ એટલા જ વહાલા છે. હુમાયુને ધર્મની બહેનને મદદ કરવાનું મન થઈ ગયું. હુમાયુ મોટી ફોજ લઈને ચિતોડ ઉપર ચઢી આવ્યો. બહાદુરશાહને હરાવ્યો. ચિતોડગઢ કબજે કર્યું પણ બે દિવસ મોડો પડ્યો જેથી તે બહેને ઘણી રાજપુત સ્ત્રીઓ સાથે જૌહર કર્યાના સમાચાર તેને મળ્યા. હુમાયુ દિલગીર થયો. બહેનની રાખડી પોતાના મસ્તક ઉપર ચઢાવી. ચિતોડનું રાજ્ય તેના ખરા વારસને સોંપી દીધું.

આવી જ રીતે મહાન સમ્રાટ સિકંદર ઘણું દેશને જીતતો જીતતો જ્યારે હિંદુસ્તાનમાં આવે છે અને પોરસના રાજ્ય ઉપર ચઢાઇ કરે છે તે વખતે સિકંદરની સાથે ઈરાનની સુંદરી રીકસાના હોય છે. તે યુવતીને એમ ખબર પડે છે કે પોરસ સિકંદરને જરૂર મારી નાંખશે. એને એવો ભય લાગે છે. ત્યારે તે ઇરાની યુવતી રૂબરૂમાં છૂપાવેશે પોરસને મળે છે અને કહે છે વીરા પોરસ! તું મારો ધર્મનો ભાઈ અને હું તારી ધર્મની બહેન છું. પોરસભાઇને હું રક્ષા બાંધવા આવી છું. એમ કહી રક્ષા બાંધે છે. અને તેનું ભલું ઈચ્છે છે. પણ જ્યારે પોરસ એને વીરપસલી માંગવાનું કહે છે ત્યારે તે કહે છે "સિકન્દરને જાનથી મારીશ નહિ. આટલું તારી બહેનને પસલીમાં આપજે. પોરસ રાજી થાય છે અને બહેનને વચન આપે છે કે ભલે, બહેન! તેમ થશે. જ્યારે જ્યારે સિકંદર લડાઈમાં સપડાય છે ત્યારે પોરસ તેને જતો કરે છે. પણ એક વખત કમનસીબે પોરસ કેદ પકડાય છે અને તેને સિકંદર પાસે હાજર કરવામાં આવે છે ત્યારે સિકંદર પણ તેને સ્વતંત્રતા બક્ષે છે. અને તેનું રાજ્ય પાછું સોંપી દે છે.

રક્ષાબંધન ઉપર બીજી પણ એક કહાણી છે. આ સંસારમાં જેના માતા-પિતા બાલપણમાં ચાલ્યા જાય છે તેનું કોઈ સગું થતું નથી. કહેવત છે કે "મા વિનાના સૂના વા." જો માં-બાપ પાછળ મિલકત મૂકીને ગયા હોય તો કાકા-મામા, આડોશી-પાડોશી ખબર લેવા આવે પણ જેની પાસે કંઈજ નથી તેની કોઈ ખબર લેતું નથી. એક લૌકિક કહેવાણી છે.

એક પાંચ વર્ષની બહેન અને આઠ વર્ષના ભાઈને મૂકીને એના માતા-પિતા પરલોક વાસી થઈ ગયાં છે. બાળકો નિરાધાર થઈ ગયાં છે. બાપ પહેલાં ગયો છે. માતા પછી ગઈ છે. મોસાળથી મામા-મામી લૌકીકે આવ્યા છે. તે વખતે સગાવહાલાં કહે છે ભાઈ! આ તમારા ભાણેજો નિરાધાર થઈ ગયાં છે. તો તમે તેમને તમારે ઘેર લઇ જાવ. મામા દયાળુ હતા. એટલે લઇ જવાની હા પાડી. પણ મામી તો વાઘણ જેવી હતી. ઘરમાં મામીના રાજ હતાં. એટલે શું થાય! આ બે બાળકોને મામી ખૂબ કષ્ટ આપે છે. પૂરું ખાવા આપતી નથી. સૂવા ગોદડી પણ આપતી નથી. આખો દિવસ ગજા ઉપરાંત કામ કરાવે છે. ભાઈને જંગલમાં લાકડાના ભારા લેવા મોકલે છે. અને બહેનને પાણીનાં બેડાં ભરવા મોકલે છે. રાત્રે ભાઈ ને બહેન ભેગાં થાય છે. ત્યારે અરસ-પરસ એકબીજાનાં દુઃખની કહાણી કહે છે. દુનિયામાં ભાઈ-બહેનનાં હેત અલૌકિક હોય છે.

ભાઇ બહેનનાં હેતની સાંભળજો આ વાત.
બચપણમાં ગુજરી ગયાં એનાં મા અને બાપ.
પાંચ વર્ષની બેનડી અને આઠ વર્ષનો ભાઈ.
બચપણમાં દુઃખ આવ્યું, ન લેતું કોઈ સંભાળ.

ભાઈ લાવે લાકડાના ભારા, બહેની ધોવે પાણીયારો.
ભરી લાવે પાણીહાંની હેલ.....માડીના જાયા.....
બહેનીના મોણાં એના ભાંગવા રે.....

લાકડાનો ભારો નાનો આવ્યો હોય તો મામી ભાઇને ખૂબ મારે. થોડું કામ ઓછું થાય તો બહેનને મારે. આ ગરીબ કુલ જેવાં બાળકો કોને કહે! એ ભાઈ અને બહેન અરસપરસ પોતાનું દિલ ખાલી કરે છે. આ તો બહુ જ કરૂણ કહાણી છે. હવે સમય થઇ ગયો છે. ઘડિયાળનો કાંટો પૂરવેગે દોડી રહ્યો છે માટે એ વાત અવસરે વિચારશું.

બંધુઓ! આજે રક્ષાબંધન ઉપર ઘણું કહેવાયું છે. અમે પણ તમારી ધર્મની બહેનો છીએ. અમે તમને એક મહિનાથી રાખડી બાંધીએ છીએ. તમારી બહેને બાંધેલી રાખડી તમને અમર નહિ બનાવે. પણ અમે વીતરાગ વચન રૂપી જે રાખડી બાંધીએ છીએ તે તમને દુર્ગતિમાં જતાં અટકાવશે. તમારી ઈચ્છા હોય તો કહેજો તો અમે તમને રાખડી બાંધી દઇશું. બોલો, તમારે કેવી રાખડી બાંધવી છે! હીરાની, મોતીની, સોનાની કે કાગળની? અમારે ત્યાં ચાર પ્રકારની રાખડી છે. જેને હીરાની રાખડી બાંધવી હોય તે જાવજીવ બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરી લેજો. જેને સાચા મોતીની રાખડી બાંધવી હોય તે પાંચ વર્ષની પ્રતિજ્ઞા લેજો. સોનાની બાંધવી હોય તે એક વર્ષની પ્રતિજ્ઞા લેજો. અને જેને ચળકતા કાગળની રાખડી બાંધવી હોય તે ઓછામાં ઓછી એક મહિનાની બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા તો અવશ્ય લેજો. આટલી રાખડીમાંથી તમારે કેવા પ્રકારની રાખડી બાંધવી છે! આ રાખડી જ તમને અમરતા અપાવશે. બહેન ભાઈને રાખડી બાંધે છે પછી કંઈને કંઇ ભેટ આપે છે ને? તેમ અમે તમને રાખડી બાંધી રહ્યાં છીએ તો આજે તમે કંઈને કંઈ વ્રત પચ્ચક્ખાણ લેશો. કંદમૂળનો ત્યાગ, વ્યસનનો ત્યાગ તેમજ મારી બહેનો મોતીના દાગીના. નાઇલોનની સાડીઓ વિગેરે પહેરવાનો ત્યાગ કરશો એ જ આશા સહિત આજનું વ્યાખ્યાન સમાપ્ત કરું છું.

વ્યાખ્યાન નં.–૩૨

શ્રાવણ વદ ૨ ને મંગળવાર તા. ૧૮–૮–૭૦

અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોને આત્મ કલ્યાણનો માર્ગ બતાવતાં ફરમાન કર્યું કે હે જીવો! તમે શાશ્વત સુખને ઇચ્છો છો અને એ સુખ તમારે ધન–

વૈભવમાંથી મેળવવું છે ત્યાં જ તમારી ભૂલ છે. કારણ કે ધન-વૈભવ આદિ પોતે જ અશાશ્વત છે તો તે તમને શાશ્વત સુખ ક્યાંથી આપી શકે, કહ્યું છે કે :-

"अनित्यानि शरीराणि, वैभवो नहि शाश्वतः ।
नित्यं सन्निहितो मृत्युः, कर्तव्यो धर्म संचयः ॥"

આ તમારું શરીર પણ અનિત્ય છે. લક્ષ્મી અને બધા વૈભવો અશાશ્વત છે. આયુષ્ય ક્ષણભંગુર છે. જેમ જેમ સમય જાય છે તેમ તેમ મૃત્યુ આપણી નજીક આવતું જાય છે. આવી સ્થિતિમાં સાચું સુખ ક્યાંથી મળે ? જો તમારે શાશ્વત સુખ જોઇતું હોય તો ધર્મની આરાધના કરો. આત્મસ્વરૂપની પિછાણ કરો. અરેખર ! શાશ્વત સુખ તો આત્મામાંથી જ મેળવી શકાય છે. આત્મા જો આત્મારામી બને તો પોતાનામાંથી જ અખૂટ સુખનો ખજાનો મેળવી શકે. પણ આત્મારામી બનવાને બદલે ઇન્દ્રિયારામી બન્યો છે પછી અખૂટ સુખનો આનંદ ક્યાંથી મેળવી શકે !

શાશ્વત સુખો મેળવવા માટે જેને લગની લાગે છે તે અશાશ્વતને છોડી દે છે. આપણે જે રોજનો અધિકાર ચાલે છે. તેમાં ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪મા અધ્યયનમાં જે ૬ જીવોનો અધિકાર છે તેમાં ભૃગુ પુરોહિત અને તેની યશાભાર્યાના બે લાડીલા કુમારો દેવભદ્ર અને યશોભદ્રને શાશ્વત સુખ મેળવવાની લગની લાગી છે. જેની અંતરદૃષ્ટિ ખુલે છે તેને આ સંસારનાં સુખ ફોતરાં જેવા લાગે છે. અને ચારિત્રનાં સુખો ચોખાના કણ જેવા લાગે છે. ડાંગરનાં ફોતરાં માણસની ભૂખ મટાડતાં નથી. તેમ આ સંસારનાં સુખો ગમે તેટલાં હોય પણ એ આત્માને આનંદ આપતા નથી. બહુ થશે તો તમારા શરીરને આનંદ આપશે. પણ આવા સુખોથી આત્મદેવ ખુશ નહિ થાય. તમને આ વાત કેટલી વખત સમજાવવામાં આવી પણ સાચા સુખના સ્વરૂપને સમજ્યા નથી. એટલે સંસારના રંગ-રાગમાં રચ્યાપચ્યા રહ્યાં છો. આત્માનાં દુઃખ મટાડનાર કોઈ શાશ્વત વૈભવ હોય તો સમ્યગ્ જ્ઞાન-દર્શન અને ચારિત્ર છે.

આ બે કુમારોને સંસારમાં રહેતાં ભય લાગ્યો. પણ કયો ભય ? જન્મ-જરા અને મરણનો ભય લાગ્યો હતો. આવો ઉત્તમ માનવ ભવ પામ્યા પછી આપણા ભવના ફેરા ટળવા જોઈએ. જેના આંગણામાં કલ્પવૃક્ષ ફાલ્યું હોય, જેના હાથમાં રત્ન ચિંતામણી આવી ગયું હોય તેને ભીખ માંગવાની હોય ખરી ? જો એ વસ્તુઓ મળ્યાં પછી પણ જો તમારું દરિદ્ર ટળતું ન હોય તો એ કલ્પવૃક્ષ જ નથી. નદી કિનારે જઈને જો તમારી તૃષા છીપતી ન હોય તો કાં તો નદીમાં પાણી નથી અને કાં તો જનારે પીધું નથી. આ રીતે માનવભવ પામીને જો જન્મ-જરા અને મરણના ફેરા ટાળવાની લગની ન લાગતી હોય તો તમે માનવ ભવની મહત્તા સમજ્યા જ નથી. આ બે પુત્રોને ભવના

ફેરા ટાળવાનો તલસાટ જાગ્યો છે એટલે માતાપિતા પાસે વૈરાગ્યની વાતો કરે છે. હવે માતા-પિતાને તે સંતાન કેવા પ્રિય છે તે કહે છે.

" पियपुत्तगा दोन्नि वि माहणस्स, सकम्मसीलस्स पुरोहियस्से।
सरित्तु पोराणिय तत्थ जाइं, तहा सुचिण्णं तव संजमं च॥"
ઉ. સૂત્ર અ. ૧૪ ગાથા ૫

આ બે કુમારો એના માતા-પિતાને અતિપ્રિય હતાં. આ બે પુત્રો બે કલાક બહાર રમવા ગયાં હોય તો પણ માતા એમના વિયોગને સહન કરી શકતી ન હતી. એવા પુત્રો કહે છે મારે દીક્ષા લેવી છે. તો માતા-પિતાને કેવો આઘાત લાગે? જે પુત્રોને સંતોથી વિમુખ રાખવા માટે ભવ્ય અને રમણીય ઈષુકાર નગરી છોડીને નાનકડું ગામ વસાવી રહ્યાં હતાં. આનું કારણ અંતરનો મોહ છે. માતા-પિતાઓ એમ માને કે મારા સંતાનો બહુ ઉપાશ્રયે જશે તો સંતોનો રંગ લાગી જશે અને દીક્ષા લઈ લેશે. માટે એને તમે બહુ ઉપાશ્રયે ભલે ન આવવા દો પણ એ જીવ હળુકર્મી હશે તો ઘરે બેઠાં પણ એને નિમિત્ત મળશે. અને એનો અંતરાત્મા જાગી ઉઠશે.

આ બંને પુત્રોને સંયમની લગની લાગી છે એટલે માતા પિતાને ડર લાગ્યો કે મારા વહાલસોયા સાધુ બની જશે. તેથી એમના અંતરમાં આઘાત લાગે છે. એ પુત્રોને માટે મા-બાપ કેટલું કરશે એ વાત તો હવે આવશે. આ મા-બાપને એના દિકરા હૈયાના હાર જેવાં વહાલાં છે. અને ગઈ કાલે આપણે રક્ષા બંધન વિષે એક કહાણી કહી હતી. એ બાળક અને બાળકી પણ ફૂલ જેવા સંતાનો હતાં પણ એમના જીવનમાં કેટલું દુઃખ હતું. એની કહાણી કેવી કરૂણ છે! તે સાંભળવા જેવી છે.

સુખ મળવું અને દુઃખ મળવું એ પુણ્ય અને પાપનાં ફળ છે. કર્મરાજાના ખેલ છે. કર્મનો કોયડો ઉકેલવો મુશ્કેલ છે. કર્મરાજા પાસે ભલભલા હારી ગયાં છે. પુણ્યની ગાંઠ એ સુતરની ગાંઠ છે અને પાપની ગાંઠ એ હીરની ગાંઠ છે. સુતરની ગાંઠ જલ્દી છૂટી શકે છે પણ હીરની ગાંઠ જલ્દી છૂટી શકતી નથી. એમ પુણ્યને ખતમ કરવું હશે તો જલ્દી ખતમ કરી શકાશે પણ પાપ તો ભોગવ્યે જ છૂટકો છે. પાપને ખતમ કરવા માટે દાન-શિયળ-તપ-ભાવ વિગેરે કરવા પડે છે. પણ તમારે તો ધર્મક્રિયા બહુ ઓછી કરવી છે. અને પાપ કરવું છે પછી દુઃખ ભોગવવું નથી તે કેમ બને! અહીં તમારા ગુરૂ ગુરૂની જેમ તમને મોક્ષનો પરવાનો લખી દેશે નહિ. તમે સંતોની ગમે તેટલી ભક્તિ કરો, એમની ચરણ રજ માથે ચઢાવો, થાય તેટલા વાના કરો પણ ધર્મગુરૂઓ તમને મોક્ષનો પરવાનો લખી આપવાનાં નથી. કારણ કે જૈન દર્શન તો કહે છે કે " કર્તા સો ભોક્તા." જે કર્મ કરે તેને જ ભોગવવા પડે. માટે દેવાનુપ્રિયો! કર્મ કરતી વખતે ખૂબ સાવધાની

રાખજો. કર્મ તમે કરશો અને બીજા ભોગવે એવું અહીં નહિ બની શકે. એ તો તમારે જ ભોગવવા પડશે. કર્મમાં કોઈ ભાગ પડાવવા તૈયાર નહિ થાય.

એક વખત એક પુત્ર બહુ બિમાર પડયો. ઘણી દવાઓ કરી, બહુ ઉપચાર કર્યા, મોટા મોટા વૈદ્યો અને હકીમોને બોલાવ્યા પણ કોઇ હિસાબે પુત્રનો રોગ જતો નથી. એક દિવસ એને ઘેર સંત પધારે છે. ત્યારે એ છોકરો અને સગા વ્હાલાં બધા સંતના ચરણમાં પડીને કહે છે બાપજી ! આટલા ઉપચારો કર્યા, આટલા પૈસાનાં પાણી કર્યા પણ એનો રોગ મટતો નથી. આ મહારાજ કર્મનું સ્વરૂપ સમજાવે છે કે ભાઇ ! ધન-માલ -મિલ્કતમાં સહુ ભાગ પડાવે છે પણ કર્મમાં કોઈ ભાગ પડાવી શકતું નથી. ત્યારે પેલો માંદો છોકરો પથારીમાં સૂતો સૂતો શું બોલે છે ? મહારાજ ! તમે કહો છો તે સાચું છે પણ શું થાય ? આ રોગ કોઇને અપાય નહિ પણ જો અપાતો હોત તો આ મારા માતા-પિતા, પત્ની, ભાઇ-ભાભી આ બધાને હું એટલો બધો વહાલો છું કે મને કોઈ આમ પીડાવા દે જ નહિ. આ સાંભળી સંત વિચાર કરવા લાગ્યાં કે અહો, આને હજુ એ ખબર નથી કે કોણ કોનું સાચું સગું છે ? માટે મારે એની આંખ તો ખોલવી જ જોઇએ. કોણ કોનું છે એ હું એને આજે બતાવી દઉં.

આ સંત શક્તિધારી હતાં. આ છોકરાની પાસે બધા સગા-વહાલાં ભરાઇને બેઠેલા છે ત્યારે કહે છે. એક દહીંનો વાટકો લાવો. હું તમારા દિકરાનો રોગ અત્યારે મટાડી દઉં. એના માતા-પિતાને બહુ આનંદ થયો. જલ્દી જલ્દી દહીંનો વાટકો લાવ્યા. મહારાજે દહીંનો વાટકો છોકરાના માથે ઉતાર્યો અને બધો રોગ વાટકામાં લઈ લીધો. છોકરો આળસ મરડીને બેઠો થયો. બધું કુટુંબ ખુશ થયું. પણ આ મહારાજ કહે છે ભાઇ ! આ છોકરો તો સાજો થઈ ગયો પણ તમારે બધાએ આમાંથી એકેક ચમચી દહીં લેવાનું છે. એટલે તમને બધાને કંઈ ને કંઈ રોગ થશે. કોઈનું માથું દુઃખશે, કોઇને હાથ દુઃખશે તો કોઈને પગ દુઃખશે તો કોઇને પેટમાં દુઃખશે. પણ કોઈ મરી નહિ જાય, જ્યાં આ વાત સાંભળી ત્યાં આડોશી-પાડોશી અને દૂરનાં સગા બેઠા હતાં તે બધાં ઉઠીને રવાના થવા લાગ્યા. બધા અંદરોઅંદર કહેવા લાગ્યાં. આપણે વગર કામની ઉપાધિ આ માટે વહોરવી જોઇએ ! એના ઘરના ભાગ પડાવશે. આપણને શું લાગે વળગે ?

હવે તો કુટુંબીઓ પણ ધીમે ધીમે રવાના થઈ ગયાં. ફક્ત ઘરનાં જ માણસો રહ્યાં. મહારાજ કહે છે ભાઈ ! માણસો બહુ ઓછા થઈ ગયાં. તમારે બધાને બે-બે ચમચી દહીં લેવું પડશે અને તમને રોગ પણ વધુ થશે. બોલો કોને આપું ? કોઈ જવાબ દેતું નથી ત્યારે મહારાજ સૌથી પ્રથમ એની માતાને દહીં આપવા જાય છે. ત્યારે માતા કહે છે બાપજી ! મને દહીં લેવામાં કોઈ જાતનો વાંધો જ નથી. હું તો આખો વાટકો પી જાઉં પણ મારી હવે પૂરી ઉંમર થઈ છે, અને આંખે પૂરું દેખાતું

પણ નથી. આ સ્થિતિમાં જો હું આખો વાટકો પી જાઉં અને રોગથી ઘેરાઈ જાઉં તો મારી કોઇ ખબર લેશે નહિ. એના બાપને આપો. એમની સહુ ખબર લેશે મહારાજ એના પિતા પાસે ગયાં તો બાપ કહે છે મને મારો પુત્ર ખૂબ વહાલો છે. પુત્ર સાજો થાય એ કોને ન ગમે? પણ એક જ વાંધો છે કે હું ય ઘરડો થઈ ગયો છું, કમાતો કંઈ નથી એટલે મને તો ખાટલે જ નાંખી મૂકશે, માટે કોઈ ચાકરી નહિ કરે એટલે માફ કરો. હું એ વાટકો પી શકીશ નહિ. હવે આવ્યો ભાઈ ને ભાભીનો વારો. ત્યારે ભાઈ કહે છે મહારાજ! અમને અમારો ભાઈ ખૂબ વહાલો હોય છતાં એટલું તો જરૂર છે કે ભાઈ તો ભાગ પડાવે. શટલે ભાઇને ભાઈ જેટલો વહાલો હોય એનાથી અધિક એની પત્નીને વહાલો હોય. માટે આ વાડકો એની પત્નીને આપી દો. આ બધું પેલો છોકરો પથારીમાં સૂતો સૂતો જોવે છે. અને વિચારે છે અહો! હું તો માનતો હતો કે આ બધાને હું કેટલો વહાલો છું! હવે ખબર પડી. આ જીવ અજ્ઞાનને વશ થઈ બધું મારું મારું કરી રહ્યો છે. આચારંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે અજ્ઞાની જીવ બધે મમત્વભાવ જગાડે છે.

"माया मे, पिया मे, भाया मे, भइणीओ मे, भज्जा मे, पुत्ता मे, धुया मे, ण्हुसा मे." आचारंग सूत्र. अ. २ उ. १

આ માતા મારી છે, પિતા મારા છે, પત્ની, પુત્ર પરિવાર બધું મારું છે. જેમ બકરાં બેં બેં કરે છે. તેમ તમે જ્યાં ને ત્યાં મેં મેં કરો છો પણ પરલોકમાં જતાં કોઈ આડા હાથ દેવા આવશે નહિ એ યાદ રાખજો.

"माता पिता ण्हुसा भाया, भज्जा पुत्ता य ओरसा।
नालं ते तव ताणाय, लुप्पन्तस्स सकम्मुणा॥"

उ. सू. अ. ६ गाथा-३

માતા-પિતા વ્હાલા પુત્રો, પત્ની કોઈ કર્મનાં ઉદય વખતે તમને ત્રાણ-શરણ થનાર નથી. આ છોકરાંને ભાન થઈ ગયું. હવે જોઉં તો ખરો કે મારી વહાલી પત્ની શું કરે છે? હવે મહારાજ કહે છે બહેન! બધાય ના પાડે છે પણ તમે તો લેશો ને! કારણ કે સુખ-દુઃખના સાચા સંગાથી તમે છો. માટે તમે આખો વાડકો પી જાવ. પુરૂષો એની પત્ની પાછળ એટલા પાગલ હોય છે કે પત્ની આવે એટલે તીર્થ સ્વરૂપ માતા-પિતાને ભૂલી જાય છે. તમારી પાસે તમારી માતા કોઈ ચીજ માંગાવે અને તમારી પત્ની માંગાવે હવે તમને કોનું માંગાવેલું યાદ રહે? પત્ની માંગાવે તે તો ન ભૂલાય-માતાની વાત ભૂલી જવાય. કેમ બરાબર છે ને! (સભા :-હા, એવું જ ચાલે છે). પત્નીના નચાવ્યા નાચો છો. પણ યાદ રાખજો એને તમે કેટલા વહાલા છો?

આ સ્ત્રી કહે છે મહારાજ! આ જગત અનાદિકાળથી ચાલતું આવ્યું છે. આખો

વાટકો પીને હું શું કરું ? ત્યારે મહારાજ કહે છે ભાઈ! હું શું કરું ? જો તમારે કોઈને પણ ન પીવો હોય તો હું એને જ પાછો પીવરાવી દઉં છું. ત્યારે એના માતા –પિતા કહે છે આપજી ! ભલે કોઈએ ન પીધો પણ હવે આ છોકરો સાજો થઈ ગયો છે એ કંઈ થોડો માંદો થઈ જવાનો છે ? એ તો અમે કહીએ કે ન કહીએ પણ આપ એવા કરૂણાસિંધુ છો કે આપ જ એ વાટકો પી જશો. અમે ના પાડીશું તો પણ તમે પી જશો. (હસાહસ). તમે કેવા ચતુર છો. બધો ઓળીયોઘોળીયો મહારાજના માથે નાંખી દીધો. આ તો બધું કૃત્રિમ હતું. સંસારમાં કોણ કોનું છે એ બતાવવા માટે જ આ ઉપાય કર્યો હતો. કુદરતને કરવું આ છોકરાનો રોગ મટી ગયો. અને એને સંસાર ઉપરથી વૈરાગ્ય આવી ગયો. જે સગાંને તે મારા માનતો હતો તે મમત્વ ભાવ ઉતરી ગયો. એને સંત જ સાચા સગા દેખવા લાગ્યા. અંતે તે સંસાર છોડી સાધુ બની જાય છે. માતા–પિતા–પત્ની બધા એને રોકે છે પણ હવે એ રોકાય ખરો ? તમને હજુ સમજાતું નથી એટલે સંસાર મીઠો લાગ્યો છે. ઘણી વખત વૈરાગ્ય આવી જાય એવા પ્રસંગો તો તમારા જીવનમાં પણ બનતાં હશે ! અને ત્યારે ઘડી તો થઈ જાય કે સાધુ બની જાઉં પણ જ્યાં થોડું માન મળ્યું એટલે પાછા હતાં તેવા ને તેવા થઈ જાવ છો.

બંધુઓ! આપણી મુખ્ય વાત એ છે કે કર્મ કોઈને છોડતાં નથી. આ બાળકોને મામા મોસાળ લાવ્યા છે. પણ એમનાં કર્મ એમને છોડ્યા નહિ. કર્મો તો એમની સાથે જ ગયાં. આ નિર્દય મામીએ બાળકો ઉપર કાળો કેર વર્તાવવા માંડ્યો. ફૂલ જેવા કોમળ બાળકો પાસેથી મામીએ ગજા ઉપરાંતનું કામ કરાવવા માંડ્યું. છતાં સાંજ પડે પેટ પૂરતું ખાવાનું દેતી નથી. સૂકા રોટલાનાં સાંસા પડવા લાગ્યાં. એટલું જ નહિ પણ રોટીને બદલે માર અને પાણીને બદલે પ્રહાર પડવા લાગ્યા. અને ગોદડીને બદલે ગાળો આપવામાં મામીએ બાકી ન રાખ્યું. આટલો જુલમ ગુજરે છે છતાં સાંજ પડે ઘેર આવે ને મામીની કટ કટ શરૂ થાય. આ બે પાપીઓ મારા ઘરમાં ન જોઇએ. એને કાઢી મૂકો. આજે તો જ્યાં જોઈએ ત્યાં શ્રીમતીજીનું રાજ્ય છે. એટલે શ્રીમતી કહે તે તહેત. કેમ બરું ને ? (હસાહસ) આ મામા એવાં ન હતાં. દયાળુ હતા એટલે એની પત્નીને કહે છે કે હે સ્ત્રી ! તું વિચાર કર. આ બાપડા ભાણેજને એની મા મરી ગઈ ત્યારે આપણે ઘેર આવ્યાં છે ને ? નહિં તો શા માટે આવે ? તું એને ખાવાનું પણ પૂરું આપતી નથી. એક બટકુ રોટલો અને છાશના બદલામાં તે તારું કેટલું કામ કરે છે ? એનો વિચાર કર. બાર મહિનાનાં લાકડાં અને છાણાં એ બાલુડાં વીણી લાવે છે. એંઠવાડ–પાણી, દળણું અને ઢોરના વાસીદાનું કામ પણ આ બાળકો જ કરે છે, વગર પગારના આવા વિશ્વાસુ અને નિર્દોષ ભાણેજને નોકર માનીને તો રાખ. આવા તો નોકર પણ નહિ મળે. માટે તું એમના પર દયા કરીને એમને પેટ ભરીને ખાવાનું તો આપ. પતિના આવા વચન સાંભળી જેમ ગુફામાંથી સિંહણ તાડુકે તેમ શ્રીમતીજી તાડુકયા. આ ભાઈ–બહેનને પણ દુઃખ થઈ જાય છે કે આપણે લીધે મામાને કેટલું સહન કરવું પડે છે.

દિવસ જતાં આ છોકરી મોટી થાય છે. અને એના મામા એને પરણાવે છે. કર્મની કઠણાઈ કેવી છે ? ગરીબનું નસીબ પણ ગરીબ હોય છે. ગરીબની દીકરીને સાસરું પણ ગરીબ જ મળે છે. આજે કરિયાવર ને રૂપ જોતાં થઈ ગયાં. ગુણની કિંમત અંકાતી નથી. એટલે વધુ કરિયાવર કરનાર શ્રીમંતની દિકરી શ્રીમંતને ઘેર જ પરણે છે. બિચારા ગરીબની વાત જ ક્યાં ? અહીં તો મામા બે જોડી કપડાં જ કરવાના હતાં એટલે જલ્દી મુરતીયો મળતો નથી. એક સામાન્ય ઘરમાં બે દિકરા હતાં. તેમાં એક હોંશિયાર છે બીજો તો નમાલો છે. એવા છોકરા સાથે આ દુઃખિયારી બહેન પરણીને આવી છે. હવે ભાઇને પણ એમ થયું કે બહેન પરણીને સાસરે ગઈ. હવે મારે આ મામીનાં મહેણાં અને માર શા માટે સહન કરવા જોઈએ. મારે અહીં રહેવું નથી. હું મારું સંભાળી લઈશ. એમ વિચારી ભાઈ પોતાના ભાગ્યનો સિતારો ચમકાવવા બહારગામ ચાલ્યો જાય છે. બહેનને સાસરે પણ કર્મે કનડગત કરવામાં બાકી ન રાખી. જેનો પતિ નમાલો હોય તેની સ્ત્રીને પણ ઓશીયાળું જીવન ગાળવું પડે છે.

દિકરી પરણીને સાસરે જાય પછી પિયરીયાં તેડાવે છે પણ આને બિચારીને કોણ તેડાવે ? મામીએ તો કદી બોલાવી નથી. ભાઇ બિચારો ચાલ્યો ગયો છે. અકળાઈ મૂંઝાઇ છોકરી ક્યાં જાય ? કોનાં મોઢે વરાળ કાઢે ! વખત જતાં આ બહેનને એક દિકરો અને એક દિકરી થાય છે. સાસુ અને નણંદ વાછડ ઘોડા છે. એ બહેનને ખૂબ કષ્ટ આપે છે. પણ આ બહેન કોઈને દોષ ન આપતાં પોતાના કર્મોને દોષ આપતી શાંતિપૂર્વક જીવન વીતાવે છે. સમય જતાં રક્ષાબંધનનો દિવસ આવે છે. આ નાના બાળકો રમવા ગયાં છે ત્યાં બાળકો વાતો કરે છે કે અમારે તો અમારા મામાના ઘેર જમવા જવાનું છે. ત્યારે આ બાલુડા ઘેર આવીને એની બાને પૂછે છે હેં બા ! બધા છોકરાઓ કહે છે કે અમારે અમારા મામાને ઘેર જવાનું છે. તો બા ! આપણે મામાના ઘેર નહિ જવાનું ? બા ! આપણા મામા ક્યાં રહે છે ? આ બાળકોના કાલાઘેલા શબ્દો સાંભળી માતાની આંખમાં આંસુ આવે છે. રડતી રડતી એના બાળકોના માથે હાથ ફેરવતી બોલે છે આપણે પણ મામાને ઘેર જવાનું છે. ત્યાં નણંદી તાડુકે છે અને કહે છે તારો મામો તો ભિખારીની જેમ કયાંય ભટકતો હશે ? એ તમને શું બોલાવવાનો છે ? આ શબ્દો બહેનને હાડહાડ લાગી ગયાં. એ રડતી રડતી કૂવે પાણી ભરવા ગઈ. ત્યાં એક ભાઈ એને પૂછે છે બહેન ! તમારું નામ શું ? આ બહેન પોતાનું નામ કહે છે એટલે કહે બહેન ! આ તમારા ભાઇનો કાગળ છે. ઘણાં વર્ષે ભાઈનો પત્ર વાંચી ખૂબ જ આનંદ થયો. પત્રમાં ભાઈનું સરનામું લખ્યું છે. એટલે બહેન ભાઈ ને પત્ર લખવા બેઠી. બહેન પોતાની વીતક ભાઇને પત્રમાં લખે છે. અને લખે છે ભાઈ વીરા ! તું રક્ષાબંધનને દિવસે તારી બેનડીના મેણાં ભાંગવા જરૂર આવજે અને તું તારા બાબોલે માટે એક પગની ઝાંઝરી અને હાથની પહોંચી અને બે જોડી કપડાં જરૂર લાવજે. જો સોનું ન મળે તો

બે જોડી કપડાં જરૂર લાવજે. આ બહેનને કાગળ લખતી જોઈને નણંદી બહેનું મારે છે કે તારો ભાઈ તો ભિખારી છે એ તને શું લાવી આપવાનો છે? એને કાગળ શું લખી રહી છે? ગમે તેમ તોય બહેનને મન એનો ભાઈ છે ને? ભટકતો અને ભિખારી શબ્દો સાંભળી બહેનનું હૃદય વિંધાઇ ગયું અને બોલી "ઓ મારી નણંદી! મારે એક જ ભાઈ છે એને તમે વારંવાર ભટકતો-ભિખારી ના કહેશો. "કાલે સવારે એના ભાગ્યનો સિતારો ચમકશે અને એની બહેની અને ભાણેજોને બોલાવશે અને યથાશક્તિ કરિયાવર કરશે.

બહેને પોતાના ભાઇને પ્રેમથી પત્ર લખ્યો કે વીરા! તું વહેલો આવજે. મારે તને રાખડી બાંધવી છે. ગઇ કાલે રક્ષાબંધન ઉપર ઘણું કહેવાયું છે. મેં ગઈ કાલે કહ્યું હતું કે તમને તમારી બહેનો રાખડી બાંધશે અને તમે તેને યથાશક્તિ કંઈક આપશો. તો તમે અમારી પાસે પણ-અમર રાખડી બંધાવજો. કયો વીર આ બહેનને રાખડી બંધાવશે? તો અમારી રાખડી ગઇ કાલે પ્રાણલાલભાઇ દોશી અને અ. સૌ. શાન્તાબેન બાંધી ગયાં છે. હજુ પણ મારા ધર્મના વીરા જાગજો. આપણે તો સદા રક્ષાબંધન જ છે. તમે જ્યારે કહેશો ત્યારે અમે રાખડી બાંધવા તૈયાર છીએ. અમારી જિનવાણી રૂપી રાખડી જન્મ-જરા અને મરણનાં ફેરાને ટાળનારી છે. અને આત્માના અમૂલ્ય સુખડાં આપનારી છે. માટે જરૂર અમારી રાખડી બાંધજો. આ બહેને એના ભાઇને પત્ર લખ્યો છે. ભાઇને પત્ર મળશે અને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં...૩૩

શ્રાવણ વદ ૩ ને બુધવાર તા. ૧૯-૮-૭૦

ત્રણે ભુવનના નાથ, ભવ્ય જીવોના નાથ, ત્રિશલાનંદન ભગવાન મહાવીર સ્વામીએ જગતના જીવોના કલ્યાણને માટે સિદ્ધાંત રૂપી વાણીની પ્રરૂપણા કરી. સિદ્ધાંત એટલે ત્રણે કાળે સિદ્ધ થયેલી વસ્તુ. સિદ્ધાંતની વાણી જીવોના ભવબંધનના ફેરાને ટાળનારી છે. પણ એ વાણી હજુ સુધી તમારા હૃદયને સ્પર્શી જ નથી. જો સ્પર્શી હોત તો આપણાં જન્મ-જરા અને મરણનાં ફેરા ટળી ગયા હોત. જીવને પુદ્ગલમાં જેટલો રસ છે તેટલો આત્મામાં નથી. એ પુદ્ગલના પથારા તમને કર્મબંધન સિવાય કંઈ જ કરાવશે નહિ. જો તમારે મોક્ષ જોઈતો હોય તો શુભ ભાવનાથી વીરવાણીનું શ્રવણ કરો.

શુભ પરિણામના અભાવમાં સંપૂર્ણ ક્રિયાનો યોગ હોવા છતાં ભગવાને મોક્ષની સિદ્ધિ કહી નથી. સર્વ જીવો અનંતી વાર નવમી ગ્રૈવેયક સુધી જઈ આવ્યાં છે. સંપૂર્ણ દ્રવ્યક્રિયાના યોગ વિના જીવ નવ ગ્રૈવેયક સુધી જઈ શકતો નથી. માટે દ્રવ્ય કરણી સર્વ જીવોએ અનંતીવાર કરી છે. પણ સમ્યક્ત્વ રૂપ શુભ ક્રિયાના અભાવમાં મોક્ષની પ્રાપ્તિ થતી નથી. અભવી પણ દ્રવ્યક્રિયાના પ્રભાવથી અને દ્રવ્ય ધર્મના સંપૂર્ણ પાલનથી નવ ગ્રૈવેયક સુધી જાય છે. પણ ભાવ ધર્મની પ્રાપ્તિના અભાવે આગળ જઈ શકતો નથી. પરિણામની વિશુદ્ધિને જ શાસ્ત્રમાં ભાવધર્મ કહેવામાં આવ્યો છે. માત્ર મોક્ષના જ આશયથી ધર્મક્રિયા આચરવાથી પરિણામની શુદ્ધિ થાય છે. આ લોકમાં કીર્તિ અને પરલોકમાં દેવના સુખના ધ્યેયથી ધર્મક્રિયા કરનારા પણ શુદ્ધ પરિણામને પામી શકતાં નથી. માટે તમે જે જે અનુષ્ઠાનો કરો તે કર્મ-નિર્જરાના લક્ષે જ કરો. બાહ્યભાવે જીવે ઘણું કર્યું છે. અને જ્યાં જ્યાં ગયો ત્યાં કર્મો જ બાંધ્યા છે.

કર્મબંધના ચાર પ્રકાર શાસ્ત્રમાં વર્ણવ્યા છે. (૧) પ્રકૃતિ બંધ (૨) સ્થિતિ બંધ (૩) અનુભાગ બંધ (૪) પ્રદેશ બંધ. કર્મનો જે સ્વભાવ તેને પ્રકૃતિ બંધ કહેવામાં આવે છે. કોઇ કર્મ જ્ઞાનને આવરે છે તો કોઈ કર્મ દર્શનને આવરે છે. આ પ્રમાણે દરેક કર્મના સ્વભાવ ભિન્ન ભિન્ન હોય છે. કર્મોના કાળની જે મર્યાદા છે તેને સ્થિતિ બંધ કહે છે. જેમ કે મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર ક્રોડાક્રોડ-સાગરોપમની છે. આત્માના અધ્યવસાયથી જે રસબંધ પડે છે તેને "અનુભાગ બંધ" કહેવામાં આવે છે. આત્માના પ્રદેશોમાં કર્મવર્ગણાના પુદ્ગલોનો સંચય થાય છે તેને પ્રદેશ બંધ કહેવામાં આવે છે. કર્મવર્ગણાના પુદ્ગલો જીવ સમયે સમયે ગ્રહણ કરે છે. અને તેમાં સર્વ જીવ કરતાં અનંત ગણા રસવિભાગને જીવ ઉત્પન્ન કરે છે. જે આકાશ પ્રદેશમાં આત્માના પ્રદેશો અવગાહીને રહેલા હોય છે તે જ આકાશપ્રદેશમાં કર્મયોગ્ય પુદ્ગલ-સ્કંધો અવગાહીને રહેલાં હોય છે. તેવા સમક્ષેત્રમાં રહેલા પુદ્ગલ સ્કંધોને જીવ પોતાના સર્વ આત્મપ્રદેશથી ગ્રહણ કરે છે. પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ મુખ્યત્વે યોગ બળથી થાય છે. અનુભાગબંધ અને સ્થિતિબંધ કષાયના પરિણામથી થાય છે. તીવ્ર કષાયના પરિણામથી તીવ્ર રસબંધ પડી જાય છે. બંધના ચાર પ્રકારમાં અનુભાગબંધ (રસબંધ) તીવ્ર ન પડી જાય તે માટે જીવે ખૂબ સાવધાન રહેવાની જરૂર છે. બંધમાં અનુભાગબંધ મહાન ભયંકર છે. લેશ્યા અને કષાયના પરિણામથી જ તીવ્ર રસબંધ પડે છે. તીવ્ર એવા કષાયના પરિણામથી કયારેક નિકાચિત બંધ પણ પડી જાય છે. નિધ્ધત્ત કર્મ તો પ્રાયશ્ચિત્ત અને આલોચના આદિથી ખપાવી શકાય છે. પણ નિકાચિત કર્મ તો ભોગવવાં પડે છે. માટે કષાયના પરિણામ ઉપર તીવ્ર વિજય મેળવવાથી તીવ્ર નિકાચિત બંધ પડતો નથી.

વીતરાગવાણી હૃદયમાં અવધારવાથી કર્મનું બંધન કરતાં જીવ પાછો પડે છે.

આપણે અહીં જ ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં ભૃગુ પુરોહિતના બે લાડીલા પુત્રોને કર્મબંધનું સ્વરૂપ સમજાયું છે. માતા-પિતાને પુત્રો પ્રત્યે ખૂબ મોહ છે. બંધુઓ ! આઠ કર્મમાં પ્રધાનકર્મ હોય તો મોહનીય છે. મોહનીય કર્મનાં બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. દર્શન મોહનીય કર્મ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં બાધ કરે છે અને ચારિત્ર મોહનીય કર્મ વીતરાગતાને હણે છે. જ્યાં સુધી વિષય-કષાયો તરફથી વૃત્તિ વળે નહીં ત્યાં સુધી સમતાભાવ આવી શકતો નથી. જ્યાં સુધી જીવે પરપદાર્થમાં સુખ માન્યું છે અને તત્ત્વને સમજ્યો નથી ત્યાં સુધી સમકિત પ્રાપ્ત કરી શકતો નથી. જ્યાં સુધી સમકિત પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એક પણ ચારિત્ર આવતું નથી. યથાખ્યાત ચારિત્ર અકષાયીને હોય. પાણીની લીંટી જેટલો ય ક્રોધ ન હોય. સંજ્જવલનો ક્રોધ જ્યાં સુધી હશે ત્યાં સુધી વીતરાગતા પ્રગટશે નહિ.

દર્શન મોહનીય કર્મ જીવને ભ્રમ ઉત્પન્ન કરાવે છે. જેમાં સુખ નથી તેમાં સુખબુદ્ધિ, મારાપણાની બુદ્ધિ, શરીર, વૈભવ, લક્ષ્મી, આબરૂ આ બધું ટકે તો હું ટકું એમ પરાધીન પણે જીવન જીવનારો અજ્ઞાની જીવ સમ્યગ્ભાવમાં ટકી શકતો નથી. મન-વચન અને શરીરથી અલગ તત્ત્વ તે આત્મતત્ત્વ છે. પર તરફથી દૃષ્ટિ ઉઠાવી સ્વ તરફ મીટ માંડવાની છે.

ક્ષાયક સમ્યક્ત્વ એ મોક્ષ મંઝીલનું સોપાન છે. ક્ષાયક સમકિત આવ્યા પછી પાછું જતું નથી. એ સમ્યક્ત્વ જીવને સત્ય સ્થિતિનું યથાર્થ ભાન કરાવે છે. આવા દેહ તો જીવે અનંતી વાર ધારણ કર્યા અને મૂક્યા. શું દેહભાવે તને મોક્ષ મળવાનો છે ? દેહાધ્યાસ ટળશે તો મોક્ષ મળશે. આવું જેને ભાન થાય છે તે જ આત્મા ઉત્થાનને માર્ગે પ્રયાણ કરી શકે છે.

દેહના નાશથી કંઈ આત્માનો નાશ થવાનો નથી. આત્મા અનાદિ કાળનો છે. અને અનંતકાળ રહેવાનો છે. કોઈ પણ સ્થિતિમાં આત્મા પલટાતો નથી : એના પર્યાયો જ પલટાય છે.

આત્મા દ્રવ્યે નિત્ય છે, પણ પર્યાયે પલટાય,
બાલાદિક વય ત્રણનું, જ્ઞાન એકને થાય."

આત્માનો ત્રણે કાળમાં નાશ થવાનો નથી. એતો સત્ રૂપથી રહેલો જ છે. તત્ત્વાર્થ સૂત્રમાં પણ ઉમાસ્વાતિ આચાર્યએ કહ્યું છે કે "उत्पाद व्यय ध्रौव्य युक्तं सत्" આત્મા શાશ્વત, ધ્રુવ, નિત્ય, ત્રણે કાળે ટકવાવાળો છે. ઉત્પાદ-વ્યય અને ધ્રુવયુકત ગુણવાળો છે. એવી ત્રિપદી ભગવાન મહાવીર સ્વામીએ ગણધરોને આપી. એ ત્રિપદીનો અર્થ-

પરમાર્થ વિચારતાં ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની ગણધરોએ જ્યોતિ પ્રગટાવી. જેને આ ત્રિપદી સમજાઈ જાય તેને કયારે પણ કોઈ વાતનો હર્ષ કે શોક ન થાય. કારણ કે એ સમજે કે આ બધી પર્યાયો જ પલટાય છે.

એક રાજાએ પોતાના રાજકુમારનો મુગટ ભાંગીને કુંવરીને સોનાની ઝાંઝરી બનાવી આપી. હવે આ મુગટ ભાંગીને ઝાંઝરી બનાવી એટલે કુંવરી ખુશ થઈ અને પોતાનો મુગટ જવાથી કુંવરને શોક થયો. જ્યારે રાજાને કોઈ વાતનો નથી હર્ષ કે નથી શોક. કારણ કે એની દૃષ્ટિ મૂળ સોના ઉપર છે. એ સમજે છે કે સુવર્ણની મુગટ રૂપી પર્યાયનો વ્યય થયો અને ઝાંઝર રૂપી પર્યાયનો ઉત્પાદ થયો. અને સુવર્ણરૂપી મૂળ દ્રવ્ય તો કાયમ રહ્યું છે પછી શોક શેનો ?

કોઈ શેઠનો પચ્ચીસ વર્ષનો યુવાન લાડીલો પુત્ર સંસારને લાત મારી સાધુ બની ગયો. શુદ્ધ સંયમનું પાલન કરીને ટૂંકી જિંદગીમાં આત્મ સાધના સાધી ગયો. પોતાનો વ્હાલસોયો પુત્ર દીક્ષા લે અગર કાળ કરી જાય તો એના માતા-પિતાને ખૂબ શોક થાય. આર્તધ્યાન-રૌદ્ર-ધ્યાન કરે, ખાય-પીએ નહિ. પણ એ પુત્ર તો એની આરાધનાના બળે મરીને દેવલોકમાં ઉત્પન્ન થઈ જાય છે. દેવોને ઉત્પન્ન થવાની શય્યામાં દેવદૂષ્ય વસ્ત્ર ઢાંકેલું હોય છે. ત્યાં દેવ ઉત્પન્ન થાય ત્યારે દેવશય્યા ફૂલવા માંડે છે. એ શય્યા ફૂલે છે ત્યારે ત્યાંના દેવ-દેવીઓ સમજે છે કે અહીં કોઈક જીવ આવીને ઉત્પન્ન થયો છે. એક જ અંતર્મુહૂર્તમાં પાંચેય ઇન્દ્રિયોથી પર્યાપ્ત બત્રીસ વર્ષનો યુવાન દેવ ઉત્પન્ન થઇ જાય છે. તે વખતે દેવીઓ આવીને બોલે છે અમ્મા મારા નાથને ! અહો મારા નાથ ! " किण्णा लध्धा, किण्णा दत्त्चा, किण्णा भोच्चा " તમે પૂર્વે શું દાન-પુણ્ય પરોપકાર કર્યા ? શું લુખા-સૂકા-તુચ્છ આહાર કર્યા-તપ કર્યા કે અભાશ સ્વામી થયા ! અને આવી દેવઋદ્ધિનાં ધણી થયાં. દેવલોકમાં દેવ-દેવીઓ ખુશ થાય છે જ્યારે અહીં સગા-સ્નેહીઓ, માતા-પિતા આદિ કુટુંબીજનો તેની પાછળ રોકકળ કરે છે.

લાકડાના વાંસની નનામી બનાવી અંદર શબને સૂવાડી દોરડેથી બાંધીને સ્મશાને લઈ ગયાં. કુટુંબમાં હાહાકાર મચી જાય છે. કૂટનાર રડતાં રડતાં શું બોલે છે.

" કાંઇ ન હાણ્યો કાંઈ ન માણ્યો, એમ કૂટે છે નાર
ચાર જણાં ઉપાડી ચાલ્યાં, કરતાં હાહાકાર...."

અહીંથી જીવ ગયા પછી જેને માટે માતા-પિતા પત્ની ખૂબ વિલાપ કરે છે તેને દેવલોકમાં અમ્મા અમ્મા થતી હોય છે. દેવલોકમાં તાજા ઉત્પન્ન થયેલા દેવને દેવીઓ પૂછે છે કે તમે કેવા પુણ્ય કર્યા કે જેથી અહીં ઉત્પન્ન થયા. ત્યારે એ દેવ અવધિ-જ્ઞાનનો ઉપયોગ મૂકીને જુવે છે ત્યારે એના પૂર્વના સ્નેહીઓને પોતાને માટે ઝુરતાં

દેખે છે. બંધુઓ ! આ સંસારનું સ્વરૂપ આવું છે. અહીંથી એટલે મનુષ્ય પર્યાયમાંથી એનો વ્યય થયો. દેવપર્યાયમાં દેવપણે એનો ઉત્પાદ થયો. અને દ્રવ્યરૂપે આત્મતત્ત્વ નિત્ય રહ્યું. આ ત્રિપદી દરેક પદાર્થમાં ઘટાવી શકાય છે. આપણે પણ આ સ્વરૂપને સમજીએ તો સંસારના પદાર્થો આવે કે જાય, મળે કે ન મળે તો આપણને હર્ષ કે શોક ન થાય.

આપણું આયુષ્ય અલ્પ છે. ટૂંકી જિંદગીમાં જે સાધના થાય તે કરી લેા. આગળના રાજા–મહારાજાઓ અને શ્રાવકો માથામાં એક સફેદ વાળ દેખાય કે સંસાર ત્યાગી સાધુ બની જતા હતાં. આજે તો પંચાવન વર્ષની ઉંમર થાય એટલે સરકાર પણ નોકરીમાંથી રીટાયર્ડ કરી તમને ધર્મધ્યાન કરવાની તક આપે છે. પણ અનાદિકાળથી જીવ પરમાં જ રમણના કરતો આવ્યો છે. દિકરો કહે બાપુજી ! તમે અમારે માટે ઘણું કર્યું છે. હવે તો અમારે તમારી સેવા કરવાનો સમય આવ્યો છે. હવે તમે નિરાંતે ધર્મધ્યાન કરો. તમે હવે દુકાને આવશો નહિ. હું બધું સંભાળી લઈશ. પણ આ સંસારરસિક જીવડાને સંસારની રસિકતા છોડવી કેમ ગમે ? એ તો કહી દેશે કે તું આજકાલનો છોકરો શું સમજે ? મારા વિના દુકાને અંધારા થઈ જાય. જ્ઞાનીઓ કહે છે ભાઈ ! પાછલી જિંદગીમાં ધર્મધ્યાન કરવાનો અવસર મળ્યો છે તો ઘરની પંચાતમાં ન પડતાં તારા આત્માનું સુધારી લે.

આગળનાં શ્રાવકો કેવા હતાં ! જરા સિદ્ધાંતમાં દૃષ્ટિ નાંખો અબર પડે. ઉપાસક દશાંગ સૂત્રનો પાઠ છે. એ શ્રાવકો પોતાની જિંદગીના છેલ્લા સાડા પાંચ વર્ષો બાકી રહેતા ત્યારે પૌષધશાળામાં જ રહેતા. પોતાનું સમગ્ર કુટુંબ ભેગું કરી બધાની સમક્ષ પોતાના જ્યેષ્ઠ પુત્રને બધો વહીવટ સોંપી દેતા. રાજાઓ પણ જેમની સલાહ લેતા હતાં એવાં એ શ્રાવકો બુદ્ધિમાન હતા. ઘરમાં પણ સર્વના ચક્ષુ સમાન હતાં. ગામનાં દરેક માણસોને વિશ્વાસભૂત હતાં. આવા ડાહ્યાં ને વિચક્ષણ શ્રાવકોએ ભગવાનની વાણી સાંભળી. પોતે સર્વવિરતિ બનવાને શક્તિમાન ન હતાં. તેથી બાર વ્રત અંગીકાર કરી પૌષધશાળામાં રહી આત્માનું ચિંતન કરતા અને આત્માને પોષતા. પોતાનું જીવન સાર્થક કરી લેતાં. પોતાના ઘરનાં માણસોને કહી દેતાં કે હવે સંસારના એક પણ કાર્યમાં મને પૂછશો નહિ. તમે પૂછવા આવશો તો પણ હું તમને સલાહ આપીશ નહિ. સંસારમાં રહેવા છતાં સાધુ જેવું જીવન ગાળીશ. કોઈના લગ્નની કંકોત્રી આવે કે મરણની કાળોત્રી આવે મારે કોઇની સાથે લેવા દેવા નથી.

બાસ રાજકોટના રત્ન જેવા શ્રાવકો ! તમે પણ તમારા ઘરમાં આવી પૌષધશાળા રાખી હશે ને ! અને તમારામાંથી કોઈ શ્રાવકો પાછલી ઉંમરે આ પ્રમાણે રહેતા હશો ને ? ના....ના....અરે ! તમારા ઘરની પૌષધશાળાની વાત બાજુમાં મૂકો. આ પૌષધ-

શાળામાં બે ઘડી, ચાર ઘડી જો ભાવપૂર્વક સ્થિરતાપૂર્વક આવીને બેસેાને તેા ય કંઈક કરી જાય. પણ આ પૌષધશાળામાં બે ઘડી બેસતાં પણ કીડીઓ કરડે છે એને તેા કેાની સગાઇ થઈ અને કેાનાં લગ્ન થયા, કેાણે કેટલેા કરિયાવર કર્યો એ બધું જાણવામાં જ આનંદ આવે છે. દશ શ્રાવકેાએ અભિયાર પડિમાએા આદરી પડિમાધારી બન્યા હતાં. છેલ્લે સંથારેા કર્યો હતેા. સંસારી જીવનથી નિવૃત્તિ લઈને ધર્મધ્યાનમાં પ્રવૃત્તિ કરતા હતાં. અસંયમમાંથી નિવૃત્તિ મેળવી સંયમમાં પ્રવૃત્તિ કરતા હતા.

બંધુઓ ! તમે પણ જૈન કુળમાં જન્મ્યા છેા. તેમાં આ રાજકેાટ જેવા શહેરમાં જ્યાં કાયમ સંતેાની ઉપસ્થિતિ હેાય છે. ૩૬૦ દિન તમને જિનવાણીનેા લાભ મળે છે તેા આ શ્રાવકેા કેટલા ધર્મિષ્ઠ હેાવા જોઈએ. હવે આત્માની આરાધનાનું અનુપમ પર્વ ઝમઝૂમ કરતાં નજીક આવે છે. પણ હજુ મારા શ્રાવકેાનાં હૈયામાં ઝણઝણાટી થઈ નથી. બ્રાહ્મણના બે પુત્રેાને હૈયામાં ઝણઝણાટી થઈ છે.

पियपुत्तगा दोन्नि वि माहणस्स, सकम्मसीलस्स पुरोहियस्स।
सरित्तु पाराणिय तत्थ जाइं, तहा सुचिण्णं तव संजमं च ॥
ઉ. સૂ. ૧૪ અ. ગાથા. ૫

આ બે કુમારેા ભૃગુ પુરેાહિત અને યશાભાર્યાને અતિપ્રિય હતાં. એ બે બાળકેાને એક જ વખતના સંતના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. એ જ્ઞાનના પ્રભાવથી તેમણે પૂર્વભવમાં કરેલાં તપ અને સંયમનું જ્ઞાન થતાં બંનેને સંસાર ઉપરથી વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થયેા. આ ભૃગુ પુરેાહિત પણ કેાઈ સામાન્ય ન હતેા. એ ખૂબ વિચારશીલ અને કર્મનિષ્ઠ હતેા. વેદાંતનેા જાણકાર હતેા. ભૃગુ પુરેાહિત એના વેદ પુરાણેામાં દૃઢ છે. જ્યારે એના બે પુત્રેા પેાતાના સંયમમાં દૃઢ છે, જેને કેાઈ પણ કાર્ય સહેજે થઈ શકે છે. તેની બહુ વિશેષતા નથી. પણ જે કસેાટીમાં મજબૂત રહે છે તેની જ વિશેષતા છે. કંઈક માણસેાએ અંતરાય તેાડી હેાય તેા માસખમણ જેવેા તપ પણ સહેલાઈથી કરી શકે છે. જ્યારે કંઈકને અઠ્ઠમમાં પણ લથડીયાં આવે છે. ઉલ્ટી થાય છે છતાં મક્કમતા કેળવે છે. તેઓ કર્મની ઉદીરણા કરે છે. ગજસુકુમાર જેવા સામેથી કર્મની ઉદીરણા કરવા સ્મશાનમાં ગયાં. ભગવાન મહાવીર આર્ય દેશમાં વિચર્યા હેાત તેા ઘેાર ઉપસર્ગેા ન આવત. પણ તેઓ કર્મની ઉદીરણા કરી થેાડા સમયમાં કામ કાઢી ગયા. તેા જે બહેનેા–એ માસખમણ કરવાની ભાવનાથી તપશ્ચર્યાની શરૂઆત કરી છે તેમને ધન્ય છે. હવે સેાળભથ્થાનેા સમય આવી રહ્યો છે. બે દિવસ બાકી છે. સેાળભથ્થાની ઝડીઓ વરસાવજો. આવેા અમૂલ્ય અવસર ફરી ફરીને નહિ મળે. પછી ઓરતેા રહી જશે.

" બેસવું હેાય તેા બેસી જાજો, ગાડી ઉપડી જાય છે.
ચેતવું હેાય તેા ચેતી જાજો, ગાડી ઉપડી જાય છે.

સમજનારા સમજી જાજો, ગાડી ઉપડી જાય છે.
રાજકોટ શહેરથી ગાડી ઉપડી, મુક્તિનગર લઈ જાય છે.
મારા જેવા રહી ગયા તે પાછળથી પસ્તાય છે.

આ અમારી આત્માની મુસાફરીની ગાડી ઉપડી જાય છે. અમે તેને રોકી રાખી છે. એ ગાડીમાં બેસવાની ટિકીટ પૌષધશાળામાં, બીજડાશેરીના ઉપાશ્રયમાં બોઘાણી શેરીમાં અને માંડવી ચોકમાં બધે મળે છે. તમારે જ્યાંથી લેવી હોય ત્યાંથી લઈ લેજો પણ ગાડીમાં બેસી જજો. ગાડી ઉપડી જશે પછી પસ્તાવો થશે. જુઓ! આટલા બધાં સતીજીઓ બેઠાં છે તેમાં આપણે વિજયાબાઇ સ્વામીના ગુણ ગાઇએ છીએ. શા માટે! એમણે મહાન તપ કર્યો છે.

આપણે રક્ષાબંધનની વાત ચાલે છે. ઘણાં ભાઈ બોએ યથાશક્તિ બ્રહ્મચર્ય, ઉપવાસ, આયંબીલ વિગેરેની પ્રતિજ્ઞા લઈને અમારી રાખડી બાંધી છે. હવે આ તપસ્વીનું બહુમાન તપ-ત્યાગથી જ કરવાનું હોય. સંતોની તપશ્ચર્યામાં બીજે કોઈ આરંભ-સમારંભ કે આડંબર હોય નહિ માટે સામાયિક ન કરતા હોય તેમણે સામાયિક કરવી, લીલોતરીઓનો ત્યાગ, રાત્રિભોજનનો ત્યાગ, કંદમૂળનો ત્યાગ, બ્રહ્મચર્યનું પાલન અને બને તેનાથી અટ્ઠમ-છઠ્ઠ આદિ તપ કરો, જેને કરવું હોય તેને શનિવાર સુધીમાં કરી લેજો અને અમારી રાખડી બંધાવી લેજો.

આ બહેને એના ભાઈને પત્ર લખ્યો અને નણંદે મહેણું માર્યું કે તારો રખડતો ભિખારી ભાઇ શું લાવશે! બહેનને આ શબ્દો ખૂબ લાગી ગયા. પણ અંતરમાં આશા છે કે પત્ર વાંચીને મારો માડી જાયો વીર જરૂર આવશે અને સાસુ-નણંદના કારમા મહેણાં ભાંગશે. ભાઇને બહેનનો પત્ર પહોંચે છે. પત્ર વાંચી ભાઇની આંખમાંથી બોર બોર જેવાં આંસુ સરી પડયાં. અહો! મારી બહેન બાલપણની દુઃખયારી છે અને હજુ પણ દુઃખ જ રહ્યું? ભાઈ-બહેનનો અથાગ સ્નેહ છે. બહેનના મહેણા ભાંગવા જવું છે પણ પાસે પૈસા નથી. બે જોડી કપડાં પણ કયાંથી લાવે! કારણ કે ભાઈને નોકરી મળી હતી. પણ શેઠ ખાવા, પીવાનું, કપડાં અને મહિને પાંચ રૂપિયાનો પગાર હતો. ભાઈને પણ એમ કે મને ખાવા પીવાનું સારી રીતે મળે છે. કપડાં પણ મળે છે. શેઠ પણ સારા છે. હવે વધુ પૈસાની શી જરૂર! કોના માટે ભેગું કરવું છે! પણ બહેનનો પત્ર આવતાં ઉદાસ થઈ ગયો. રડવા લાગ્યો. આને રડતો જોઈને શેઠ પૂછે છે દિકરા! શા માટે રડે છે? તને શું દુઃખ છે? જુઓ, હતો નોકર પણ શેઠની ભાષામાં કેટલી મિઠાશ છે? મીઠા શબ્દો સાંભળી પણ માણસનું અડધું દુઃખ દૂર થઈ જાય. શેઠનો આ છોકરો કહે છે બાપુ! મારી બેનનો કાગળ આવ્યો છે, એમ કહી આગળ તે બોલી ન શકયો. શેઠને પત્ર વાંચવા આપ્યો, બહેનને પત્ર લખતાં આંખમાંથી કેટલા આંસુ પડયા હશે કે પત્રમાં આંસુના ટપકાં પડી ગયાં છે. પત્ર વાંચીને શેઠનું હૈયું પીગળી ગયું. આ છોકરાને કહે છે બેટા!

લે આ પૈસા. તું ન જાય તો હું જાતે જ લઈ આવું. એમ કહી શેઠ જાતે બહેનને માટે બે જોડી કપડાં, બે ભાણેજને માટે બબ્બે જોડી કપડાં, ભાણેજ માટે સોનાની સાંકળી અને ભાણેજી માટે પગની ઝાંઝરી લઈ આવ્યા. અને કહે છે બેટા ! આ લઈને તું જલ્દી તારી બહેનને ગામ પહોંચી જા. રક્ષાબંધનનો દિવસ નજીક આવે છે. છોકરો કહે છે બાપુજી ! તમે આ કપડાં અને દાગીના લઈ આવ્યા છો પણ હું કરજમાંથી મુક્ત કેવી રીતે થઈશ ? મારી પાસે તો બાર રૂપિયા પણ રોકડા છે નહિ. શેઠ કહે છે દિકરા ! હું તને બક્ષીસ આપું છું. મારે આના પૈસા લેવાના નથી. બાપુ ! તમે આટલું બધું આપો છો. તમારા ઉપકારનો બદલો હું કયારે વાળી શકીશ ? શેઠનો ઉપકાર માનતો આ ભાઈ બહેનને માટે કપડા અને દાગીના લઈ રવાના થાય છે. તે સમયે વાહનો ન હતાં. પગપાળા ચાલવું પડતું હતું. આ તરફ શ્રાવણ સુદ પુનમ–રક્ષાબંધનનો દિવસ આવી ગયો. બહેન ભાઈની રાહ જોઈ રહી છે. રક્ષાબંધનના દિવસે નણંદ કહે છે લે.... મોટા ઉપાડે કાગળ લખ્યો હતો જે તારો ભાઈ આવ્યો ! કયાંય ભટકતો હશે. નણંદી ! તમે મારા ભાઈને એવું ન કહો. જરૂર મારો ભાઇ આવશે. મને વિશ્વાસ છે. આમ કહી બહેન તો હાથમાં રાખડી લઈને ગામના પાદરમાં ગઇ. જરૂર આ દિશામાંથી જ મારો ભાઈ આવશે. એમ રાહ જોતી ઉભી છે. એને ખૂબ અધીરાઈ આવશે અને બહેન ઝાડ ઉપર ચઢશે. ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૩૪

શ્રાવણ વદ ૪ ને ગુરુવાર, તા. ૨૦–૮–૭૦

અનંત જ્ઞાની મહાપુરૂષોએ જગતના જીવોના આત્મ કલ્યાણ માટે પવિત્ર દિવ્ય વાણીની ગંગા વહાવી. વીરની વાણીમાં અલૌકિક સામર્થ્ય રહેલું છે. એના પ્રભાવથી અનંત જીવો સંસાર રૂપી સમુદ્રને તરી ગયાં છે અહીંયા ભૃગુપુરોહિતના બંને બાળકોને નિજ સ્વરૂપની પિછાણ થયા પછી એમને બીજી કોઈ પ્રવૃત્તિમાં આનંદ આવતો નથી.

નિજરૂપને જાણ્યા પછી, કંઈ જાણવાનું ના રહે,
ને આત્મસુખ માણ્યા પછી, કંઈ માણવાનું ના રહે.

સમ્યકૂત્વને પામેલો જીવ ભલે એ સંસારમાં ખૂંચેલો હોય, સંસારના અનેક કાર્યો

કરતો હોય. પણ અંતરથી તેને એમાં રસ આવતો નથી. માત્ર શરીરથી જ તે સંસારમાં રહ્યો હોય છે. પણ એનો અંતરાત્મા તો પરમાર્થને જ ઝંખતો હોય છે. ચાહે ઉંઘતો હોય, જાગતો હોય, વેપાર કરતો હોય, ગમે તે કરતો હોય પણ એનું મન જો નિરંતર પરમાર્થને જ ઇચ્છતું હોય તો તે સમ્યક્ત્વની સાચી નિશાની છે.

વગડામાં ચારો ચરવા ગયેલી ગાયો લીલો ચારો ચરવા માટે વનવગડામાં ચારે તરફ ફરતી હોય છે. પણ તેનું ચિત્ત તેના વાછરડામાં હોય છે. તેમ સમકિતી આત્મા વ્યાપાર, વાણિજ્ય આદિની બધી પ્રવૃત્તિ કરતો હોય છતાં તેનું ચિત્ત સદા આત્મ-કલ્યાણ તરફ જ હોય છે. એટલે જ્ઞાનીઓએ સમકિતી જીવને સંસારમાં રહ્યો હોવા છતાં તેને અલિપ્ત કહ્યો છે. જો કે સમકિત દૃષ્ટિ જીવને પણ અનુપાયે પાપ આચરવું પડે છે. પાપ પ્રત્યે એના અંતરમાં લેશમાત્ર બહુમાન કે પ્રેમ હોતો નથી. અમુક કાર્ય કરવાની એની ઇચ્છા નહિ હોવા છતાં પણ સંબંધી અથવા જેનું પોતાના ઉપર વર્ચસ્વ છે એવા માણસના આગ્રહને વશ થઈ અથવા દબાણથી અનિચ્છાએ કાર્ય કરવું પડે છે. તેમ પાપકર્મ તરફ મનમાં સંપૂર્ણ ઘૃણા હોવા છતાં સમકિતી જીવને એવા પ્રકારના પાપ-કર્મના ઉદયથી પાપનું આચરણ કરવું પડે છે. અનિચ્છાએ જે કામ કરવું પડે તેમાં રસ ન હોય. અને જે અંતરના ઉમંગથી કાર્ય થાય તેમાં ભારોભાર રસ ભર્યો હોય છે. સંસારમાં રહીને પાપનું કાર્ય કરતાં તમને અરેરાટી છૂટતી હોય તો સમજી લેજો કે આ મનુષ્ય જન્મ પામીને મેં કંઈક કમાણી કરી છે. આત્માનાં એક સમ્યક્ત્વ ગુણમાં કેટલી તાકાત રહેલી છે. સમ્યક્ત્વ આવે જ્ઞાન સમ્યક્ થઇ જાય. તેમજ ચારિત્ર એ જ વખતે આવે એવો કોઈ નિયમ નથી. કાળાન્તરે પણ ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપ-શમથી આવે અને કોઇક જીવને ચારિત્ર ક્ષયોપશમ ભાવમાં આવે. જ્યારે જ્ઞાન-દર્શન ક્ષાયિકભાવમાં અને ચારિત્ર ક્ષયોપશમભાવમાં એ ત્રિપુટી આવી જાય ત્યારે તો એની તાકાત કેટલી હશે ! આ ત્રણમાં જો એકનો પણ અભાવ હોય ત્યાં સુધી સંપૂર્ણ મોક્ષની સિદ્ધિ થતી નથી. આ ત્રણેના સંયોગને જિનશાસનમાં મોક્ષમાર્ગ કહ્યો છે. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે– " सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः " આ ત્રણે હોય તો જીવ મોક્ષમાર્ગે પ્રયાણ કરી શકે છે. આટલી વાત સમજાઈ જાય તો મનડું ખીલે બંધાઈ જાય.

દેવાનુપ્રિયો ! મહાન પુરૂષોના જીવનનું ચિંતન કરવાથી જિનવાણી સાંભળ્યા પછી એના ચિંતનથી, મૈત્રી આદિ ચારેય ભાવનાઓના ચિંતનથી, મનના પરિણામને સુધારી શકાય છે હંમેશાં શુભ ભાવનાઓના ચિંતવનથી અંદરના રાગદ્વેષ આદિનો ક્ષય થાય છે. સંસારના પદાર્થોની અનિત્યતા અને આખા જગતનું અશરણપણું અહોનિશ વિચારમાં આવે તો કર્મોના બંધન શિથિલ થયા વગર રહે જ નહિ. શરીરથી અટકી ગયેલાં મનુષ્યો પણ શુભ ભાવનાના ચિંતવનથી પોતાના પરિણામને સુધારી શકે છે. જ્યારે તનથી ધર્મ

ન થાય ત્યારે આ રીતે મનથી પણ ધર્મ થઈ શકે છે. ગમે તેવા અશુભ કર્મોદયના કાળમાં પણ મન આર્ત ધ્યાનમાં ન પડી જાય તે માટે સતત જાગૃત રહેવાની જરૂર છે.

મિથ્યાત્વી જીવો ડગલે ને પગલે આર્તધ્યાન કરતા હોય છે. જ્યારે સમકિતી આત્મા ઉપર ગમે તેટલાં વિપત્તિનાં વાદળો ઉપરાઉપરી તૂટી પડતાં હોય તેવા સમયે પણ તે જીવ જિનવાણીનું આલંબન અંગીકાર કરે છે. ઉપરાઉપરી દુઃખો પડતાં હોય ત્યારે કર્મોના વિપાક સંબંધી ચિંતવણા કરવી એ પણ એક પ્રકારનું ધર્મધ્યાન છે. કર્મના વિપાકની ચિંતવના કરવાથી મન આર્તધ્યાનથી બચી જાય છે. જો મનને સાધી લેતાં આવડે તો સિદ્ધિ હાથમાં છે. પહેલાનાં વખતમાં લોકો સુવર્ણસિદ્ધિ માટે કાચાપારાને સાધતા હતા. તેમાં કાચો પારો સધાય એટલે સુવર્ણસિદ્ધિ સાધી શકાય. તેમ મન સધાઈ જાય તો આપણા માટે મોક્ષ દૂર નથી. જેણે મનને સાધી લીધું તેને મોક્ષ મેળવવો સહેલ છે. પણ સૌથી પ્રથમ મનને સાધી લેવું એ કંઈ સહેલી વાત નથી. આજે ઘણાં કહે છે કે "મન ચંગા તો કથૌટીમેં ગંગા" મગર મન લફંગા તો ફિર કિધર ગંગા હૈ"? મન દુષ્ટ બને તો કયાંય ગંગા નથી માટે મનને શુદ્ધ બનાવો.

આજે ઘણાં માણસો પ્રશ્ન કરતા હોય છે કે અમે ભગવાનના નામની માળા ગણીએ છીએ. સામાયિક કરીએ છીએ પણ અમારું મન સ્થિર રહેતું નથી. તો એનું કારણ શું? દેવાનુપ્રિયો! હું તમને પ્રશ્ન પૂછું છું કે માળા ગણતાં અને સામાયિક કરતાં તમારું મન બહાર ભટકવા જાય છે પણ નોટોના બંડલ ગણતાં તમારું મન બીજે કયાંય ભટકવા જાય છે ખરું? (ત્યાં તો એકાગ્રતા હોય. બહાર કયાંથી જાય–હસાહસ) જ્યારે નોટોના બંડલ ગણતાં તમારું મન બહાર જતું નથી અને ભગવાનના નામની માળા ગણતાં તમારું મન બહાર જાય છે. તેનું કારણ એક જ છે કે તમે નાણામાં સાર માન્યો છે. અને ભગવાનનું નામ અસાર માન્યું છે. અમારી બહેનો ઘણી વખત આનુપૂર્વી ગણતાં ગોલાં ખાતી હોય છે. પણ એને રોટલી બનાવતાં કોઈ દિવસ ઉંઘ આવે છે? ના. ત્યાં તો આંખનું મટકું પણ ન મારે. અહીં જ સમજાય છે કે જેમાં જીવને રસ હોય છે તેમાં તેનું મન ચોંટે છે. નાણાં એકઠા કરવામાં તમને જેટલો રસ છે તેટલો જ રસ ધર્મપ્રવૃત્તિમાં લાગે તો મન તેમાં ચોંટી જાય. તમે તો "વ્યાપારમાં લીન અને પ્રભુ સ્મરણમાં દીન છો"

વેપારમાં જીવ એટલો બધો લીન બની જાય છે કે બીજી કોઇ પણ પ્રવૃત્તિમાં એ સમયે એનું મન પરોવાતું નથી. દુકાનમાં ફૂલ ઘરાકી હોય. ધંધો તેજમાં હોય તે સમયે જમવાનો વખત થઈ ગયો હોય. ઘરેથી જમવા માટે બોલાવતાં હોય પણ તમે કહેવડાવી દો કે હમણાં મને ઘરાક સિવાય બીજા કોઈ સાથે બોલવાનો પણ ટાઇમ નથી. માટે દુકાને જ થાળી મોકલી આપજો. નવરાશ મળશે ત્યારે જમી લઈશ. હમણાં વેપારની સીઝન છે એટલે વહેલું મોડું થાય તો ખાવા માટે મારી રાહ ન જોશો. બોલો! તમારું મન

વેપારમાં કેટલું લીન બને છે! જડની લીનતામાં ખાવા-પીવાનું પણ ભૂલી જવાય છે. અને એ જ માણસ પ્રભુનું નામ લેવા બેસે ત્યારે તદ્દન દીન બનીને પ્રભુનું નામ જપતો હોય છે. માટે જ જ્ઞાનીઓ કહે છે કે આવા જીવોની મુક્તિ કયાંથી થાય? જેમાં લીન બનવાનું છે તેમાં દીન બને છે અને જેમાં દીન બનવાનું છે તેમાં લીન બન્યો છે. મહાનપુરૂષો સ્વ-સ્વરૂપમાં લીન બનીને કેવળજ્ઞાન પામી ગયાં. અને જેઓ પર સ્વરૂપમાં લીન બન્યા તેઓ ચાર ગતિમાં રખડયા. હવે તમે નિર્ણય કરી લેજો કે અમારે લીનતા શેમાં કેળવવી? મન અશુભ ધ્યાનમાં સહેજે જોડાઇ જાય છે. તેને શુભ ધ્યાનમાં જોડવા માટે પ્રયત્ન કરવો પડે છે. માટે જો તમે એને શુભ પ્રવૃત્તિમાં નહીં જોડો તો એ અશુભમાં જોડાઈ જશે. કારણ કે અનાદિ કાળનો અવળો અભ્યાસ છે. એ અવળા અભ્યાસને તોડવા માટે શુભ પ્રવૃત્તિમાં જોડવાનો અભ્યાસ કરવો કારણ કે અશુભ વિચારોમાં પ્રવૃત્ત થયેલું મન એ તો કર્મ બાંધવાનું કારખાનું છે. જેમ કોઈ ફેકટરી અથવા કારખાનું હોય તેમાં મશીનો ઘણાં હોય છે, એ મશીનોમાં કેટલાય નાના જીવો પીલાઈ જાય છે. મશીનને સાફ કરનાર કારીગર પણ જો ઉપયોગ ન રાખે, કપડાં સંકોરીને ન ચાલે, તો મશીન એને પણ ઝપાટામાં લઈ લે છે. એ એમ વિચાર નહિ કરે કે આ મને ચલાવનાર કારીગર છે. અગર આ ફેકટરી કે કારખાનાંનો માલીક છે. મશીન એનું કામ કર્યા જ કરે છે તેમ મન પણ એનું કામ કર્યા કરે છે. શુભમાં જોડાય તો કર્મ તોડે છે અને અશુભમાં જોડાય તો કર્મ બાંધ્યા જ કરે છે. માટે મનને નવરું પડવા દેવું જ નહિ. નવરું પડેલું મન શેતાનનું ઘર છે. અથવા તો પ્રતિ સમયે નવા બંધાતા કર્મનું કારખાનું કહેવાય.

કોઈ એક વણિક ગૃહસ્થે મંત્રવિદ્યા વડે એક યક્ષને વશ કર્યો. એના મંત્રની વિદ્યા વડે એ યક્ષ વણિકને આધીન થયો. એટલે એણે કહ્યું કે તેં મને મંત્રવિદ્યા દ્વારા વશ કર્યો છે એટલે મારે તારૂ કામ કરવું પડે પણ હું એ શરત કરૂં છું કે મને નિરંતર કંઈક ને કંઈક કામ બતાવતા રહેજો. ત્યાં સુધી તમારો વિકાસ છે. અને કામ નહિ બતાવી શકો તે દિવસે તમારો વિનાશ છે. તમારે મને તાબામાં રાખવો હોય તો આ શરતનું ખૂબ ધ્યાન રાખજો.

આ વણિક શેઠે વિચાર કર્યો કે મારે ઘેર કામનો કયાં દુકાળ છે? મારે મોટો વેપાર છે. જમીન પણ ઘણી છે માટે એને કંઈ ને કંઈ કામ બતાવ્યા કરીશ. એણે તો યક્ષની શરત કબૂલ કરી. અને યક્ષને કંઈક ને કંઈક કામે લગાડી દે છે. ઘડીકમાં કહે કે તું અહીં કૂવો ખોદીને પાણી કાઢ અને ઘડીકમાં કહે કે તું મારે માટે સુંદર મહેલ બનાવી દે. કયારેક કહે કે તું ખેતરમાં વાવણી કરી આવ. તો ઘડીકમાં કહે છે કે અમુક દેશમાંથી હીરામાણેક મોતી આદિ ઝવેરાત લઈ આવ. યક્ષ તો એક પ્રકારનો દેવ છે. એટલી એની દૈવીક શક્તિના પ્રભાવથી શેઠ જેટલું કામ બતાવે તેટલું આંખના પલકારામાં

પતાવી દે છે. હવે તો કામ પણ ખૂટવા આવ્યું છે. એટલે શેઠને મનમાં મૂંઝવણ થઈ કે હવે તો કામ ખૂટવા આવ્યું છે. કંઈ જ કામ નહિ રહે ત્યારે મને કચાંય સ્વાહા કરી નાંખશે. હવે મારે શું કરવું ? લોભને વશ થઈ એણે શરત કબૂલ કરતાં વિચાર ન કર્યો. હવે મૂંઝાવા લાગ્યો.

એ સમયમાં ગામમાં એક સંન્યાસી ગુરૂ પધાર્યા છે. આ શેઠીયો સંત પાસે આવીને કહે છે ગુરૂદેવ! મને બચાવો હું ખૂબ મૂંઝાઈ ગયો છું. મને જીવાડો કે મારો. હું તમારા શરણે છું. સંતો શરણે આવેલાનું રક્ષણ કરે છે. સંતોને સંસારીની જેમ સ્વાર્થવૃત્તિ હોતી નથી. એટલે આ સંત કહે છે ભાઈ! તમારે શું મૂંઝવણ છે? આટલા બધા કેમ ગભરાઈ ગયા છો ? શેઠે બધી વાત કરી. ગુરૂ કહે છે આમાં મૂંઝાવા જેવું છે શું ? હું તમને આને માટે એક સાદો ને સીધો ઉપાય બતાવું. ત્યારે શેઠ કહે છે ગુરૂદેવ! આપનો હું મોટો ઉપકાર માનીશ. હું માનીશ કે આપે જ મને જીવનદાન આપ્યું છે. શેઠ! તમે જંગલમાંથી ત્રણ મોટા અને મજબૂત વાંસ મંગાવો. અને સામસામા બે વાંસ ઊભા કરાવી વચમાં એક વાંસ આડો નંખાવી દો. પછી પેલા યક્ષને કહી દેજો કે હું તને જ્યાં સુધી બીજું કામ ન બતાવું ત્યાં સુધી તું વાંસડા ઉપર ચઢ ઉતર કરવાનું કામ કર્યા કરજે. આ તને કાયમ માટેનું કામ સોંપવામાં આવે છે. ગુરૂદેવ પાસેથી આ કળા સાંભળી ઘરે આવીને વાંસડા મંગાવી જમીનમાં દટાવી તૈયાર કરીને પેલા યક્ષને કામે લગાડી દે છે. અને યક્ષને કામ મળી જતાં શેઠ સદાને માટે ભયમુક્ત બની ગયો. આ તો એક દૃષ્ટાંત છે. આ દૃષ્ટાંતને આપણે મન ઉપર ઘટાવવાનું છે. આપણું મન પણ એ દુષ્ટ યક્ષ જેવું છે. એ દુષ્ટ મનને પડકાર કરીને કહી દેવું જોઈએ કે તને જ્યાં સુધી બીજી કોઈ પણ પ્રકારની શુભ વૃત્તિમાં ન જોડું ત્યાં સુધી અંદર બેઠું બેઠું નવકાર મંત્ર ગણ્યા કર. નવકાર મંત્રના ધ્યાનમાં મન પરોવાઈ જાય એટલે મનમાં બીજા ખરાબ વિચારોને પ્રવેશ કરવાનો અવકાશ જ ન રહે. નવરું પડેલું મન અશુભ પ્રવૃત્તિમાં ઘેરાઈ જાય છે. માટે મન રહેજ પણ નિવૃત્ત થાય કે તરત જ નવકાર મંત્રનું સ્મરણ કરવું. એટલે બીજા વિચારો આવતા અટકી જાય.

જેનું મન સંયમમાં તરબોળ બની ગયું છે તેવા બે કુમારો ભૃગુ પુરોહિતને અતિ પ્રિય છે. આ તરફ ભૃગુ પુરોહિત પણ "सकम्मसीलस्स पुरोहियस्स" તેના વેદ – વેદાંત આદિ અનુષ્ઠાનોમાં રક્ત છે. દરેકનું મન પોતપોતાની પ્રવૃત્તિમાં રક્ત છે. મનુષ્યનું મન એ ઊપજાઉ ભૂમિ જેવું છે. જેના પર નાંખેલું કોઈ પણ બીજ નકામું જતું નથી.. તે જ રીતે બંધુઓ! તમે ધ્યાન રાખજો કે આ મનની ભૂમિ ઉપર કદી પણ કુવિચારોનાં બીજ વેરાઈ ન જાય. નહિ તો તે બીજ પ્રયત્ન વગર જ ઘાસની જેમ મનની ભૂમિ ઉપર ઊગી નીકળશે. માટે આ ભૂમિ ઉપર સદ્‌વિચારોનાં બીજ વાવતાં રહેજો. પાણીમાં ગમે

તેટલું તેલ નાંખવામાં આવે પણ તે કદી પાણી સાથે ભળશે નહિ પણ પાણીની સપાટી ઉપર તરતું જ રહે છે. તેમ જે સાધકનું મન સાધનાથી સધાઈ ગયું છે તે સંસારની વચ્ચે રહે છતાં પણ સંસારના ભાવોથી રંગાઈ જતું નથી.

આ પુત્રોને સમાગમ થયા પછી એમને જાતિસ્મરણ જ્ઞાન થવાથી પૂર્વભવોમાં કરેલા સુકૃત્યોને નજરે જોવે છે. અને પૂર્વે આ જીવે કેવાં કષ્ટો સહન કર્યા છે આ બધું જેને પ્રત્યક્ષ દેખાય છે એ સંસારમાં રાચે નહિ. એમના મનની પવિત્ર ભૂમિમાં સંયમનું બીજ વવાઈ ગયું. હવે એ માતા-પિતા ગમે તેટલું એમને સમજાવે પણ હવે એ સંસારમાં રોકાય તેમ નથી. મૃગાપુત્રને પણ સંતને જોઇને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું. એની માતાને કહ્યું કે હે માતા! મારે દીક્ષા લેવી છે, ત્યારે માતાએ કહ્યું મારા લાડીલા દિકરા! "सुहोइओ तुमं पुत्ता, सुकुमालो सुमज्जिओ" તું તો સુકોમળ છે. સુખમાં જ ઉછરેલો છે અને સુખમાં જ ડૂબેલો છે. કોઈ દિવસ પગે ચાલ્યો નથી. તું સંયમ માર્ગના ઉગ્ર પરિષહોને કેમ રીતે સહન કરી શકીશ? ત્યારે મૃગાપુત્ર કહે છે હે માતા! મેં પૂર્વભવમાં રૌ રૌ નરકની ઘોર યાતનાઓ સહન કરી છે તેને હું પ્રત્યક્ષ જોઈ રહ્યો છું. નરકમાં જેનું પેટ મોટું હોય અને મોટું સાંકડું હોય એવી કુંભીમાં ઉત્પન્ન થયો. બહાર નીકળવા બરાડા પાડતો હતો ત્યારે પરમાધામીઓએ તીક્ષ્ણ ચીપીયા વડે મને બહાર કાઢયો. મારા શરીરના ચુરેચુરા કરી નાંખ્યા. એ તો કહ્યાં ન જાય એવા કષ્ટો મેં સહન કર્યા છે. હવે ફરીને મારે એવા દુઃખો વેઠવાં નથી.

નરકના દુઃખોનું વર્ણન વાંચતા અને સાંભળતાં આપણું હૈયું કંપી જાય છે. બંધુઓ! આજે તમને અને મને ભલે જાતિસ્મરણ જ્ઞાન થયું નથી. નરકના દુઃખોને આપણે પ્રત્યક્ષ જોયા નથી પણ કોઈ માણસ ભયંકર રોગમાં ઘેરાઈ ગયો હોય છે. એની કારમી વેદનાઓ તો પ્રત્યક્ષ જોઇએ છીએ ને? એની વેદના જોઇને પણ આપણને થવું જોઇએ કે આ જીવે કેવા અશુભ કર્મો કર્યા છે. તેથી અસહ્ય વેદના ભોગવી રહ્યો છે. જો હું એવાં કર્મો કરીશ તો મારે પણ એવી વેદના ભોગવવી પડશે. તમે સમજો તો આ પ્રત્યક્ષ નરક જ છે. મૃગાપુત્રએ માતાને બરાબર જવાબ આપી દીધો. અહીં પણ આ પુત્રોને એના માતા-પિતા પ્રશ્નો કરશે ત્યારે તે કેવા જવાબ આપશે તે વાત આગળ આવશે. અત્યારે તો બંને પક્ષ પોત પોતાનામાં મજબુત છે. પુત્રોને માતા-પિતા ખુશ રાખીને સંસારમાં રાખવા ઈચ્છે છે.

અહીંયા રક્ષાબંધનનો દિવસ આવી ગયો અને ભાઈ ન પહોંચી શકયો એટલે નણંદે મહેણું માર્યું. એટલે બહેનને ખૂબ આઘાત લાગ્યો. રાખડી લઇને ગામને પાદર પહોંચી ગઈ. પ્રભુને પ્રાર્થના કરીને બોલે છે.

મહેણાં મારતી નથુડી, સહ્યાં ન જાય મારા વીર,
વહેલો વહેલો તું આવજે, રહી રહી છે તારી બહેન,
ચાલ :– જોવે તારા ભાણેજને રાહ, જોવે તારી બેનડી રાહ,
વહેલો વહેલો આવ મારા વીર..... માડીના જાયા,
બહેનીના મહેણાં એને ભાંગવા રે.

રક્ષા લીધી હાથમાં, બહેની ચાલી પાદર માંય,
વાટ જોઈને થાકી ગઈ, ચઢી ઝાડ ઉપર બહેન,
ચાલ :– જોઈ રહી છે ભાઈની વાટ, કયારે આવે મારો વીર,
ત્યાં તો નીકળ્યો કાળો નાગ, જોયો કરડવાનો લાગ,
બહેનીને કરડયો કાળો નાગ..... માડીના જાયા.
બહેનીના મહેણાં એને ભાંગવા રે.

અહો વીરા ! મારા માથે પ્રહાર પડવામાં બાકી રહ્યાં નથી. તું જલ્દી જલ્દી આવ વીરા. આ દુઃખીયારી તારી બહેનડી રાહ જોઈને અંતરના ઉમળકાથી તને વધાવવા હાથમાં અમર રાખડી લઈને ઉભી છે. બહેની ચારે કોર નજર ફેરવે છે. કયાંય ભાઈ ન દેખાયો ત્યારે તે ઝાડ ઉપર ચઢી ગઈ. સ્ત્રીઓની હિંમત ઓછી હોય પણ ભાઈને મળવાનો અતિ ઉમંગ છે એટલે સાહસ કરીને વૃક્ષની ટોચે ચઢીને મીટ માંડી રહી છે. જેમ મેઘ ગાજે ને મોર ટહુકાર કરે, આકાશ તરફ મોર મીટ માંડે છે તેમ આ બેનડી પણ મીટ માંડી રહી છે, ઝાડની ડાળી તૂટશે અને હું પડી જઈશ તો મારું શું થશે એનું પણ એને ભાન નથી. હૈયામાં એક જ નાદ ગુંજે છે કે મારો માડી જાયો વીર કયારે આવે.

આ બેનડી ઝાડ ઉપર ચઢી એના વીરા તરફ મીટ માંડી રહી છે. એનું ધ્યાન ભાઈમાં છે. ત્યાં એક કાળો ભોરીંગ નાગ નીકળ્યો. પણ આને ખબર નથી કારણ કે તે ભાઈમાં તલ્લીન છે. હવે બહેનના પગ પાસે નાગ આવ્યો. ધીમે રહીને અંગુઠે ડંશ દીધો. ત્યાં મુખમાંથી કાળી ચીસ પડી ગઈ. જોયું તો મોટો નાગ અહા હા ! કર્મરાજા ! શું તારી વિચિત્ર ગતિ છે. કર્મ તને શરમ નથી.

અરર.... નાગ તેં શું કર્યું, લીધા કયા ભવના વૈર,
મારો માડી જાયો વીર ન આવ્યો, અને તેં લીધા મારા પ્રાણ.
ચાલ :– શું કર્યા પૂર્વભવે પાપ મને કરડયો કાળો નાગ,
મારા બાલુડા શું કરશે આજ..... માડીના જાયા.
બહેનીના મ્હેણાં એને ભાંગવા રે.

અહો ! નાગદેવ ! તમારે ખુશીથી મને કરડવું હતું. મેં પૂર્વે તમારી સાથે વેર બાંધ્યા હશે તો તમે મને કરડ્યા એનો મને અફસોસ નથી. પણ એક વાર મારા ભાઈને મને ભેગી થવા દેવી હતી ને ? મારો ભાઈ શું જાણશે કે બહેન ભાઇ માટે કેટલું ઝૂરતી હતી ! અરે રે...બાલપણમાં મારા મા-બાપ ગયા અને અમારી કોઇ ખબર લેનાર ન રહ્યું. અમે દુઃખમાં મોટા થયા. મારા સંતાનોની મા હું જીવતી છું તો પણ કોઈ ખબર લેતું નથી તો મારા મુવા પછી તો એની ખબર કોણ લેશે ? આ મારા બાળકો પણ ન માયા થઈ જશે ? અમે પૂર્વે એવા શું કર્મો કર્યા હશે કે અમારે માથે દુઃખની ઝડીઓ વરસવામાં બાકી ન રહી. એમ કલ્પાંત કરતી બેનડી ઝાડેથી નીચે ઉતરી ગઈ. અને સૂર્યના સામે મુખ રાખી હાથ જોડી કહે છે હે સૂર્યદેવ ! મને તો નાગ કરડ્યો છે એટલે હમણાં મારા પ્રાણદેવ ઉડી જશે. પણ મારા ભાઈને તમે આટલો સંદેશો આપજો કે તારી બહેન હાથમાં રાખડી લઈને આવી હતી. અને ઝાડે ચઢીને તારી રાહ જોઈ રહી હતી. તેમાં એને કાળો નાગ કરડ્યો. બહેને વાટ જોવામાં બાકી રાખી નથી. હજુ ઝાડને પણ કહેશે અને આગળ શું કરૂણ કહાણી બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૩૫

શ્રાવણ વદ ૫ ને શુક્રવાર તા. ૨૧-૮-૭૦

અનંતજ્ઞાની મહાન પુરૂષોએ જગતના જીવોના ઉદ્ધારને માટે કરૂણાભરી દૃષ્ટિથી સિદ્ધાંતની પ્રરૂપણા કરી. સિદ્ધાંત એટલે ત્રણે કાળે સિદ્ધ થયેલી વસ્તુ તેનું નામ સિદ્ધાંત. મહાન પુરૂષો વીર વાણીની બંસરી વગાડી તમને જગાડે છે કે હે આત્માઓ ! જાગો. અનાદિકાળથી દ્રવ્યનિદ્રામાં ઉંઘતા જીવને જગાડવા માટે પર્વાધિરાજ પર્યુષણ પર્વ નજીક આવી રહ્યા છે. પર્યુષણ પર્વમાં આપણે શું કરવું જોઈએ તેનો હવે તમે નિર્ણય કરી લેજો.

જ્ઞાની ભગવંતોએ ધર્મનું મૂળ સમ્યગ્દર્શન કહ્યું છે. દાન-શિયળ-તપ આદિ ક્રિયાઓ સમ્યક્ત્વ સહિત હોય તો તે શુદ્ધ ક્રિયા છે. અને સમ્યક્ત્વ સહિતની શુદ્ધ ક્રિયાથી નિર્જરા થાય છે. અને તેવી ક્રિયા જ જીવને મોક્ષના ફળ આપનાર છે.

" અંક રહિત સબ શૂન્ય વ્યર્થ હૈ, નેત્ર હિન કૈા વ્યર્થ પ્રકાશ,
વર્ષા વિના ભૂમિમેં બોયા, બીજ વ્યર્થ પાતા હૈ નાશ.

ઉસી ભ્રાન્તિ સમ્યક્ત્વ વિના હૈ, જપ, તપ, કષ્ટ, ક્રિયા બેકાર,
કભી ન ઉત્તમ ફલ દેતી હૈ, મિલતા કભી ન મુક્તિ પ્રકાશ."

એકડો કર્યા વિના ગમે તેટલા મીંડા કરવામાં આવે તો તે એકડા વિનાના મીંડાની કોઇ કિંમત નથી. વરસાદ વિના જમીનમાં વાવેલા બીજ નકામા જાય છે. અને જેમ કોઈ આંધળા માણસની સામે ગમે તેવો ટયુબ લાઇટનો પ્રકાશ કરવામાં આવે તો તે વ્યર્થ છે. તેવી જ રીતે મનુષ્ય ગમે તેટલી ક્રિયા કરે પણ સમ્યક્ત્વ વિનાની કરણી કરવામાં આવે તો પણ તેનું જોઈએ તેટલું ફળ મળતું નથી. અજ્ઞાનપણે તપ આદિ કરવાથી પુણ્ય બંધાય છે પણ કર્મોની નિર્જરા થતી નથી. માટે આ મનુષ્ય જન્મમાં જો સમ્યગ્દર્શન રૂપી એકડો આવી જાય તો આપણો મનુષ્ય જન્મ સફળ છે.

સમ્યગ્દર્શન એ મનુષ્યની દિવ્ય આંખ છે. અને મિથ્યાત્વ એ એક પ્રકારનો અંધાપો છે. માટે સમ્યગ્દર્શનના અભાવમાં મિથ્યાદૃષ્ટિ આત્મા ગમે તેવો બાહ્યત્યાગ કરે, ઉગ્રમાં ઉગ્ર તપ કરે, અરે! દીક્ષા લઈ લે છતાં પણ તે કર્મરૂપી શત્રુઓ ઉપર વિજય મેળવી શકતો નથી. એ જ પ્રમાણે બંધુઓ! મિથ્યાદૃષ્ટિ તો જન્માંધ કરતાં પણ ભયંકર અંધ છે. અંધ માણસ તો પદાર્થોને દેખતો નથી પણ મિથ્યાદૃષ્ટિ તો અર્થને અનર્થરૂપે જ માને છે. કારણ કે એની દૃષ્ટિ જ અવળી છે. જે માણસની આંખમાં તિમિર રોગ હોય તે આકાશમાં એક જ ચંદ્ર હોય છે તો પણ તે બે ચંદ્ર દેખે છે. મૃગજળમાં જળ નહિ હોવા છતાં હરણની દૃષ્ટિમાં દોષ હોવાથી તેમાં જળને દેખે છે અને તરસ છીપાવવાની આશાથી તેની પાછળ દોડે છે. હવે તમે જ વિચાર કરો કે એ હરણ ગમે તેટલો વખત મૃગજળની પાછળ દોડ્યા કરે તો પણ શું એની તરસ છીપવાની ખરી? ત્યાં તમે પણ કહેશો કે મૃગજળથી કોઈ દિવસ તરસ છીપે જ નહિ. એ તો પાણી નહિ પણ પાણીનો આભાસ જ છે.

બંધુઓ! હવે હું પણ તમને પૂછું છું કે આ સંસારમાં તમે જે સુખને સુખ માનીને બેસી ગયા છો તે શું સાચું સુખ છે! જ્ઞાનીની દૃષ્ટિમાં તે સુખ નહિ પણ સુખાભાસ છે. સંસારનાં સુખ મૃગજળ જેવાં જ છે. છતાં અજ્ઞાન દશાને કારણે તમે એ સુખોની પાછળ પાગલ બનીને આંધળી દોટ લગાવી રહ્યાં છો. હરણીયું તો બિચારું તિર્યંચ પ્રાણી છે. પણ તમે તો મનુષ્ય છો. સમજુ ને વિવેકી છો ને? તો પણ તમે કેમ સમજતા નથી. આનું મુખ્ય કારણ એ જ છે કે હજુ આત્માની દૃષ્ટિ સમ્યક્ થઈ નથી. સંસારના સુખો બધા જ ક્ષણિક છે. જેમ વાદળમાં ઘણી વખત એવી આકૃતિઓ દેખાય છે કે જાણે આ કોઈ નગર વસી ગયું હોય તેવું દેખાય છે. પણ જ્યાં વાદળ વિખરાઈ ગયાં ત્યાં બધો ખેલ ખતમ થઈ જાય છે. નાના બાળકો વરસાદ પડે ત્યારે રેતીનાં ઘર બનાવે છે. પણ એ કાંઈ સાચા ઘર નથી તે જ રીતે તમે માનેલાં કલ્પિત

સુખો પણ કંઈ સાચા સુખો નથી. વાદળાંની શોભા અને બાળકના બનાવેલાં માટીના ઘર જેમ અસ્થિર અને અસાર છે. તેમ ચક્રવર્તિ જેવાના વૈભવો પણ અસ્થિર ને અસાર છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા આ બધા પદાર્થોનું સ્વરૂપ સમજ્યા પછી શુદ્ધ સ્વભાવ તરફ વળે છે.

આત્માની અભ્યંતર જે જ્ઞાન જ્યોતિ છે તે જ પરમ તત્ત્વરૂપ છે. તે સિવાયનું આ જગતમાં જે કંઈ છે તે બધું ઉપદ્રવ રૂપ છે. અભ્યંતર એવી જ્ઞાન જ્યોતિ કોઇ પણ પ્રકારની વ્યાબાધા રહિત છે. એક કોડ અણુબોંબ પણ એ જ્યોતિનો નાશ કરવાને માટે સમર્થ નથી. ગાડી મોટર સાથે એકસીડન્ટ થતાં શરીરનો નાશ થાય છે. તેથી કંઇ આત્માનો નાશ થતો નથી. આત્મા તો સદા અવિનાશી છે. જન્મ-જરા-મરણ આ બધું તો પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ છે. દ્રવ્ય દૃષ્ટિએ આત્મા શાશ્વત છે. આત્મ જ્યોતિ વ્યાઘાતથી રહિત હોવાની સાથે રોગરહિત પણ છે. અભ્યંતર એવી જ્ઞાન જ્યોતિ તત્ત્વરૂપ પ્રતિભાસે અને બાકી બધું ઉપદ્રવરૂપ ભાસે એનું નામ જ સમ્યગ્દર્શન છે.

જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિ, ઉપાધિ, ઇષ્ટવિયોગ અને અનિષ્ટ સંયોગ વગેરે અનેક ઉપદ્રવોથી ભરેલો સંસાર છે. તમે જે ઘરમાં રહો છો તે ઘરમાં કોઈ ભૂત-વ્યંતરનો ઉપદ્રવ છે એવી તમને ખબર પડે તો તમે એ ઘરમાં રહો ખરા ? (સભા : એવા ઘરમાં કેમ રહેવાય ?) ન રહેવાય ને? તો તમે વિચાર કરો કે જે ઘરમાં તમને રહેજ ભૂતનો ઉપદ્રવ લાગે કે તરત જ તમે એ ઘરનો ત્યાગ કરીને બીજે ચાલ્યા જાવ છો તે જ રીતે જે સંસાર આધિ, વ્યાધિ, ઉપાધિ, આદિ અનેક ઉપદ્રવોથી ભરેલો હોય એને છોડવાનું તમને કેમ મન થતું નથી ? અહીં જ સમજાય છે કે તમને સંસારનો મોહ છે. તમે સંસાર છોડીને સર્વવિરતિ ન બની શકો તો ખેર ! પણ સંસાર તરફનો રાગ ઓછો કરતાં જાવ તો ય આભ્યંતર ત્યાગ છે. આજે તો સંસારના સુખો ભોગવીને વૃદ્ધ થયા પણ હજુ સંસારનો રાગ ઘટતો નથી. તમારે તો સંસારનો રાગ પણ રાખવો છે અને મોક્ષ પણ જોઈએ છે બે વાત કયાંથી બને ?

બંધુઓ ! કંઈક સમજો. દ્વેષ કરતાં પણ રાગ ભયંકર છે. દ્વેષ તો રાગની પાછળ ચાલનારો છે. દ્વેષની જડ રાગ છે. ભૌતિક સુખના રાગે દુનિયામાં કાળો કેર મચાવ્યો છે. પૌદ્ગલિક સુખોનો રાગ એ જ બધા પાપોનું ઉત્પત્તિસ્થાન છે. માટે આ રાગ જ મને અનંત સંસારમાં રખડાવે છે. આવું તમને લાગે ત્યારે તમે સમજી લેજો કે હું કંઈક સમજણના ઘરમાં આવ્યો છું.

ભૃગુ પુરોહિતના બે બાળકોને આ સંસારનું સ્વરૂપ સમજાઈ ગયું છે. જેમણે આત્માનો આનંદ માની લીધો, સંસારનું સ્વરૂપ સમજી લીધું તેને હવે કંઈ જાણવાનું કે માણવાનું બાકી રહે? જેમ કોઈ માણસને રોગ થાય, એને દવા આપવામાં આવે. તે

દવા કડવી હોય કે મીઠી હોય પણ દવા એ તો દવા જ છે. રોગી માણસ જેમ દવા હોંશે પીતો નથી. અનિચ્છાએ પીવે છે તેમ સમકિતી આત્મા આ સંસારમાં રહેવા છતાં સંસારના સુખોને ભોગવતો હોવા છતાં એમાં એને રસ હોતો નથી. જેટલા અંશે સંસારનો રાગ ઘટતો જશે તેટલા અંશે તમારો સંસારમાં ભમવાનો રોગ ઘટતો જશે. જેને સંસાર ત્યાગની લગની લાગી છે. તેને કોણ રોકી શકે ?

નંદ નામના રાજાને સંતની વાણી સાંભળી સંસાર ઉપરથી વૈરાગ્ય આવ્યો. દીક્ષા લેવાની લગની લાગી છે. પણ રાજ્યની વ્યવસ્થા કરીને પછી દીક્ષા લઉં એવી તેની ભાવના હતી. ભગવાને ભગવતી સૂત્રમાં કહ્યું છે કે– "चलेमाणे चलिए" જ્યારથી ભાવના થઈ ત્યારથી એના ભાવથી તો એ કરી ચૂક્યો જ છે. જે માણસને અમારા તપની ગાડીમાં બેસવાની ઉત્કૃષ્ટ ભાવના જાગી છે તે જરૂર એના ધ્યેયને પાર પાડી શકે છે. પણ જે એવો વિચાર કરે છે કે મારે માસખમણ કરવું છે પણ થશે કે નહિ આ તો કાયરપણું છે.

નંદરાજાની તીવ્ર ભાવના હતી પણ દીક્ષા લેતાં પહેલાં જ આયુષ્ય પૂર્ણ થવાથી અચાનક એનું મૃત્યુ થયું. દ્રવ્યચારિત્ર લીધું ન હતું. પણ અંતરમાં ભાવચારિત્રની રમણતા હતી. તેના કારણે મરીને દેવગતિમાં ઉત્પન્ન થયો. દેવનું શરીર મળ્યું. દિવ્ય ઋદ્ધિ મળી પણ તીવ્ર વૈરાગ્યની ભાવનાના કારણે એ ઋદ્ધિમાં એ મુગ્ધ ન બન્યો. એ નંદરાજાનો આત્મા દેવના ભવમાં વિચાર કરવા લાગ્યો કે હું તો મનુષ્યભવ પામ્યો પણ દીક્ષા લઈ શક્યો નહિ પણ મારી રાણીને તો વૈરાગ્ય પમાડું. જો એ દીક્ષા લે તો આત્માનું કલ્યાણ કરી શકે. એનો મનુષ્યજન્મ એળે ન જાય.

બંધુઓ ! તમે વિચાર કરો. જે આત્મા વૈરાગ્યની વાસના લઈને ગયો. છે. તેને ત્યાં બેઠા પણ કેવી ભાવના થાય છે? એણે એ વિચાર કર્યો કે મારી રાણીને વૈરાગ્ય પમાડું. અને એને કોઈ ઉત્તમ સંતનો ભેટો કરાવું. જેથી જલ્દી કલ્યાણ કરી શકે. માટે સાચા સંત કોણ છે એની પહેલાં તપાસ કરું. સુપાત્ર સાધ્વીજી કયાં મળે એ શોધવા માટે દેવે એક વૃદ્ધ સાધ્વીજીનું રૂપ લીધું. દેવની શક્તિ છે તે તો એની વૈક્રિય શક્તિ દ્વારા અનેક પ્રકારના રૂપ લઈ શકે છે. આ દેવે સાધ્વીજીનું રૂપ લઈને અકાળે સાધુજીના ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો.

બૃહત્ કલ્પસૂત્રમાં ભગવાને કહ્યું છે કે સાધુએ સાધ્વીજીના ઉપાશ્રયમાં કે સાધ્વીએ સાધુજીના ઉપાશ્રયમાં વ્યાખ્યાન અને વાંચણીના સમય સિવાય જઈ શકાય નહિ. અચાનક અકાળના સમયે અજાણ્યા સાધ્વી ઉપાશ્રયમાં દાખલ થયા. બધા મુનિઓ સ્વાધ્યાય કરતા હતા. આ સાધ્વીજીને આવતાં જોઈ સાધુજીએ કહ્યું હે સાધ્વીજી ! અત્યારે તમારે અમારા સ્થાનકમાં અવાય નહિ. તમે ચાલ્યા જાવ. આ દેવરૂપ સાધ્વીજીએ કહ્યું ગુરૂદેવ !

મારે આપની પાસેથી જ્ઞાન મેળવવું છે. મુનિ કહે છે. અત્યારે જ્ઞાન લેવાનો સમય નથી. તમે જલ્દી બહાર નીકળી જાવ. ત્યારે સાધ્વીજી કહે છે આપ પણ અવસ્થાવાન છો. હું પણ વૃદ્ધ છું માટે કંઈ વાંધો નહિ. આપ મને જ્ઞાન આપો. સંતો ના પાડે છે પણ સાધ્વીજી બહાર જતાં નથી ત્યારે સાધુ કહે છે તમે ભગવાનના નિયમનો ભંગ કરો છો. આ ઠીક થતું નથી. જો તમે પાછા નહિ ફરો તો અમે બધા સ્થાનકની બહાર નીકળી જઈશું. મુનિઓનો આવો દૃઢ નિશ્ચય જોઇને દેવ ખુશ થયો. ધન્ય છે મારા વીતરાગના સંતોને! કેવા દૃઢ નિશ્ચયી છે. પ્રાણના ભોગે પણ પોતાના નિયમનો ભંગ કરતા નથી. દેવે આ સંતોની આજ્ઞામાં વિચરતા વિદ્વાન સાધ્વીનો એની રાણીને ભેટો કરાવી આપ્યો અને રાણીએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી.

બંધુઓ! તમે દીક્ષા ન લઈ શકો તો ખેર! પણ જે લે તેને તો તમે પ્રોત્સાહન આપજો. આજે એક ભાઈ સન્જોડે આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરવાના છે. એમને એ ભાવના થઈ કે હું માસખમણ કરી શકું તેમ નથી. દીક્ષા લઈ શકું તેમ નથી. પણ બ્રહ્મચર્ય તો લઈ શકું છું. બ્રહ્મચર્ય એ મહાન તપ છે. બાર વ્રતમાં બ્રહ્મચર્યવ્રત મહાન વ્રત છે. બ્રહ્મચારી એ ભગવાન સમાન છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે :—

"देव दाणव गन्धव्वा, जक्ख रक्खस किन्नरा ।
बम्भधारि नमंसंति, दुक्करं जे करेन्ति ते ॥"

ઉ. સૂ. અ. ૧૬. ગાથા ૧૬.

બ્રહ્મચર્ય વ્રત એ મહાન દુષ્કર છે. જે મુનિ સિંહની ગુફામાં ચાતુર્માસ કરીને આવ્યા, જે ભયંકર સર્પના રાફડા પાસે ચાતુર્માસ કરીને આવ્યા તેને ગુરૂદેવે એક જ વખત કહ્યું કે "દુષ્કર". પણ જે મુનિ વેશ્યાને ત્યાં ચાતુર્માસ કરીને આવ્યા તેમને કહ્યું—દુષ્કર, દુષ્કર અને દુષ્કર. આમ શા માટે કહ્યું હશે? શું એ શિષ્ય ગુરૂને વહાલો હતો? ના, એની સાધના દુષ્કર હતી. કારણ કે જ્યાં ભારોભાર વિષ ભર્યા હોય એવી વેશ્યાના આવાસમાં બ્રહ્મચર્યનું પાલન કરવું સ્હેલ નથી, પોતે બ્રહ્મચર્યનું પાલન કર્યું એટલું જ નહિ પણ એ વેશ્યાને પણ ધર્મ પમાડી દીધો. અને શ્રાવિકા બનાવી. આ કંઈ જેવી તેવી વાત નથી.

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં બ્રહ્મચર્યને બત્રીસ ઉપમાઓ આપવામાં આવી છે. જેમ વસ્ત્રોમાં જુગલીયાનું વસ્ત્ર શ્રેષ્ઠ છે, સર્વ પર્વતોમાં મેરૂ પર્વત શ્રેષ્ઠ છે, સર્વ નદીઓમાં ગંગા નદી શ્રેષ્ઠ છે, સર્વ હાથીઓમાં ઐરાવત હાથી શ્રેષ્ઠ છે. સર્વ ઔષધમાં સંજીવની શ્રેષ્ઠ છે ગાયોમાં કામધેનુ ગાય, રત્નોમાં ચિંતામણી રત્ન, વૃક્ષોમાં કલ્પવૃક્ષ શ્રેષ્ઠ છે તેવી જ રીતે ભગવંતે કહ્યું છે કે :—

"णाणं सेट्ठं अभयप्पयाणं, सच्चेसु वा अणवज्जं वयंति ।
तवेसु वा उत्तम बंभचेरं, लोगुत्तमे समणे नायपुत्ते ॥"

સૂ. અ. ૬, ગાથા ૨૪.

સર્વ દાનમાં અભયદાન શ્રેષ્ઠ છે, સર્વ સત્યોમાં અનવદ્ય સત્ય છે તેવી જ રીતે સર્વ તપોમાં બ્રહ્મચર્ય વ્રત શ્રેષ્ઠ છે. બ્રહ્મચર્ય સાગર સમાન છે અને બીજા વ્રતો નદીઓ સમાન છે. આવું મહાન વ્રત પ્રાણુલાલભાઇ દોશી અને અ. સૌ. શાન્તાબહેન, બીજા ધરમચંદભાઇ બાવીશી અને અ. સૌ. શાન્તાબહેન આ બે ભાઇઓએ અંગીકાર કર્યું. આજે ત્રીજા ન્યાલચંદભાઈ અને તેમના ધર્મપત્ની અ. સૌ. ઈન્દુમતીબેન સજોડે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. બંધુઓ ! તમે આ વ્રત લેવામાં શરમ ના રાખશો. સભામાં લેવાથી બીજાને પ્રેરણા મળે છે. એક માણસ ઉપર રંગની પીચકારી છંટાતી હોય ત્યારે આજુબાજુમાં બેઠેલાને પણ તેના છાંટા ઉડે છે, તમે સભામાં જાવજીવ બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા લેતા જોઈને બીજા ભાઈઓને પણ ભાવના થાય તો તે પણ તૈયાર થઈ જાય છે. એ જાવજીવ પ્રતિજ્ઞા લઈ શકે તેમ ન હોય તો ચાર મહિના, છ મહિના કે મહિનાની પણ પ્રતિજ્ઞા લે છે.

બંધુઓ ! અમારી ગાડી ચાલુ થઇ છે. જો ગાડીને એક એંજીન હોય તો તે અટકી જાય પણ આ ગાડીને તો બે એંજીન છે. વિજયાબાઈ સ્વામીને આજે ત્રીસમો ઉપવાસ છે, તે સૌથી આગળ છે. વચમાં અમારા ભાઈ ને બહેનો છે. પાછળ ઇન્દીરાબાઈ મહાસતીજી, લાભુબાઈ મહાસતીજી છે. હવે જેને આ ગાડીમાં જોડાવું હોય તે ટીકીટ લેવા માંડજો. વધુ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૩૬

શીયળનો પ્રભાવ

શ્રાવણ વદ ૭ ને રવિવાર તા. ૨૩-૮-૭૮

અનંત જ્ઞાની મહાપુરૂષોએ ધર્મના ચાર પ્રકાર બતાવ્યા છે. તે દાન, શીયળ, તપ અને ભાવ. આ ચાર મોક્ષ માર્ગના ભવ્ય દરવાજા છે. જેમ તમારે વ્યાખ્યાન હોલમાં દાખલ થવું હોય તો તમારે કોઈને કોઈ દરવાજામાં તો પ્રવેશ કરવો જ પડશે. તે

સિવાય હોલમાં દાખલ થઈ શકો નહિ. તે જ રીતે આત્મ કલ્યાણને માટે ભગવાને ચાર દરવાજા બતાવ્યા છે. તેમાંના કોઇ એક દરવાજામાં તો તમારે પ્રવેશ કરવો જ પડશે. સૌથી પ્રથમ દાન છે. પણ દાન તો જેની પાસે પૈસા હોય તે જ કરી શકે છે. અને જેની પાસે લક્ષ્મી હોય તેણે દાન તો કરવું જ જોઈએ. ભગવાન મહાવીરે દીક્ષા લીધી ત્યારે એક વર્ષ સુધી છૂટા હાથે દાન દીધું હતું. હળવા બનવા માટે પરિગ્રહને છોડવો જ પડશે. જેની પાસે પૈસો ન હોય તે શું કરી શકે? જુઓ તો ખરા! ભગવાનની કેવી અસીમ કૃપા છે! ગરીબને માટે બીજો માર્ગ બતાવ્યો છે. હે આત્મા! જો તું દાન દઈ શકતો ન હોય તો શીયળનું પાલન કર. શીયળ વ્રત એવું છે કે જે ગરીબમાં ગરીબ હોય, કે તવંગરમાં તવંગર હોય બધા જ એ વ્રતનું પાલન કરી શકે છે.

બંધુઓ! તમારી પાસે લાખો કે કોડો રૂપિયા હોય. પણ એમાં એવી તાકાત છે કે જે દેવો અને યક્ષોના ઉપદ્રવને જીતી શકે! પણ જેનું શીયળ શુદ્ધ છે તે યક્ષોના ઉપદ્રવથી પણ બચી ગયા છે. શીયળનો પ્રભાવ જુદો જ છે.

"અહો શીલ પ્રભાવેન કિં ન સિધ્યતિ ભૂતલે ।
શીલં શીલવતાં લોકે, દેવેન્દ્રોડપિ વશંવદઃ ।।"

શીયળના પ્રભાવથી આ પૃથ્વી ઉપર માણસ શું નથી કરી શકતો? અર્થાત્ બધું જ કરી શકે છે. શીયળવંતાના શીયળના પ્રભાવથી દેવોના રાજા ઈન્દ્ર પણ ચરણમાં ઝૂકે છે એવો શીયળનો અપૂર્વ મહિમા છે.

સુદર્શન શેઠની વાત તો તમે ઘણી વાર સાંભળી હશે તે પોતાના શીયળ વ્રતમાં કેટલો દઢ હતો! તેથી આપણને જરૂર સમજાય છે કે તેમણે પોતાના જીવનમાં આત્મ-ગુણને જ મહત્વ આપ્યું હતું. તેમના જીવન વિષે હું આપને ટૂંકમાં કહું છું. જ્યારે સુદર્શન શેઠ ઉપર અભયા રાણીએ ખોટો આક્ષેપ મૂકયો કે આ આક્રમણ કરવા આવ્યો હતો. ત્યારે રાજાએ શેઠને પૂછયું તમે તો પ્રતિષ્ઠિત વેપારી છો તો આપ કહો કે આ રાણી કહે છે તે સબંધમાં સાચું શું છે? ત્યારે શેઠ આર્તધ્યાન નથી કરતા, તેમજ પોતાની મોટાઈને મહત્વ નથી આપતા એટલે એ કંઇ પણ ખુલાસો નહીં કરતાં મૌન રહે છે. એ તો અહિંસાદિ આત્મગુણને જ મહત્વ આપે છે. એમના મનમાં થયું કે મારું શીલ તો સચવાઈ ગયું પરંતુ હવે અહિંસાનો અવસર છે. અહીંયા જો સત્ય હકીકતમાં રાણીનો પ્રપંચ કહી દઉં તો ન્યાયી રાજા એને ભયંકર સજા કરે. તો મારે એવું રાણીના દુઃખમાં નિમિત્ત શા માટે બનવું? હવે અહિંસાનો મર્મ બરાબર સાચવી લઉં.

સુદર્શન શેઠની વિચારધારા કેટલી ઊંચી છે? શીલના રક્ષણ સાથે અહિંસા વ્રતને પણ અજવાળવું છે. આ કેવી રીતે બન્યું? તેમના મનમાં આ ખોટો આક્ષેપ કેમ ટળી

ભય એવું આર્તધ્યાન નહોતું તેનું કારણ એક જ છે કે એમણે જગતની ખોટી ખોટાઈને મહત્વ નહિ આપતાં અહિંસાને – આત્મ ગુણને જ મહત્વ આપ્યું. જે જીવો પુદ્ગલને મહત્વ આપે છે તે ડગલે ને પગલે આર્તધ્યાન પામે છે. અને જે આત્મા વસ્તુને મહત્વ આપે છે તે ઇષ્ટ–અનિષ્ટ સંયોગોમાં પણ આત્માની ઉજ્જવળતાને ગુમાવતા નથી.

કહેવાય છે એક વાર નરસંહ મહેતા કયાંક ભજન કરતા હતા ત્યારે કોઈએ આવીને એમને કહ્યું. મહેતા! તમારી પત્ની મરી ગઈ! ત્યારે નરસિંહ મહેતા ઉદાસ ન થયા અને ઉપરથી શું બોલ્યા! "સુખે ભજશું શ્રીગોપાલ" શું એમને પત્ની અનુકૂળ નહોતી? ના, તે તો બરાબર અનુકૂળ અને સેવા કરનારી હતી. પરંતુ નરસિંહ મહેતાને મન જેટલું મહત્વ કૃષ્ણના ભજનનું હતું તેટલું પત્નીનું નહોતું.

જ્ઞાતાસૂત્રમાં તેતલીપુત્ર અને તેમની પત્ની પોટ્ટિલાનો પ્રસંગ આવે છે. તે બંનેને અરસપરસ ખૂબ પ્રેમ છે. પરંતુ એક વાર પોટ્ટિલાને એમ લાગ્યું કે હવે મારા પતિ મને બરાબર બોલાવતા નથી. મારા પરથી એમનો પ્રેમ ઉડી ગયો છે. એટલે એ આર્તધ્યાન કરવા લાગી કે મારો પતિ મને કેમ પહેલાંની જેમ બોલાવે, ચલાવે અને હતો તેવો પ્રેમ બતાવે. આથી પોટ્ટિલા પતિને વશ કરવાના ઉપાયો શોધવા લાગી. પણ કોઈ ઉપાય મળતો નથી. અને આર્તધ્યાન તેને સતાવ્યા કરે છે. એમાં એક વાર એક સાધ્વીજી તેને મળ્યા અને પોતાની બધી કથની કહી. અને ઉપાય બતાવવા કહ્યું. ત્યારે સાધ્વીજીએ પોટ્ટિલાને કહ્યું. બેન! તું તારા દુઃખનું સાચું કારણ શું છે તે સમજતી નથી તેથી તું દુઃખી થઈને બધે ફાંફા મારી રહી છે. તને પતિ નથી બોલાવતા એટલે તું દુઃખી નથી પરંતુ પૌદ્ગલિક વિષયોને મહત્વ આપે છે અને તારા દિલમાં કામવાસનાની આગ ભભૂકી રહી છે તેથી તું દુઃખી છે. જો તારામાં કામવાસના ન હોત અને પૌદ્ગલિક વિષયોને મહત્વ ન આપતી હોત તો પતિ તરફના મોહના લાડને ઈચ્છેત જ નહિ. પછી એ બોલાવે કે ન બોલાવે તો પણ તારા દિલમાં દુઃખ થાત નહિ. તને તારા પતિ તરફથી તો જીવન જીવવાની બધી અનુકળતાઓ મળી રહે છે તો પછી આટલા માટે જ દુઃખી થાય છે? બેન! આ જીવ જડના મૂલ્યાંકન કરીને અને કામ વાસનાથી અનંતા ભવો રખડયો છે, અને રખડતાં રખડતાં આજે જે સોનેરી માનવ ભવ મળ્યો છે તે આ પૌદ્ગલિક વિષયોને અને વાસનાને પોષવા માટે નહિ પણ તેના ચૂરેચૂરા કરી સાચા સુખને મેળવવા માટે. વિષયોનું સેવન કરવાથી અને એને યાદ કરવાથી તો વાસના પુષ્ટ બનશે અને ભવિષ્યમાં ત્રાસ અને વિટંબણા આપશે. માટે પૌદ્ગલિક વિષયોને જ મહત્વ ન આપવું કે જેથી એની વાસના 'કૂદે' નહિ.

પોટ્ટિલાને મળેલું આત્મજ્ઞાન:—

સાધ્વીજીની આ વાત પોટ્ટિલાના ગળે ઉતરી ગઈ. એને લાગ્યું કે ખરેખર પતિના નહિ બોલાવાના કારણે હું દુઃખી નથી પણ હું વિષયોને મહત્વ આપી રહી છું અને

એની વાસનાથી જકડાઇ છું તેથી દુઃખ એ વિષય વાસનાને લીધે જ છે. સાધ્વીજીનો અથાગ ઉપકાર માની પોટ્ટિલા કહે છે ! આપનું કહેવું બરાબર છે. આપે મારી આંતર-ચક્ષુ ખોલી નાખી મને સાચું દર્શન કરાવ્યું. અને આત્મા કયાં ભૂલે છે એનું સચોટ ભાન કરાવ્યું. તો તમે કહો કે મારે હવે શું કરવું ?

આ સાધ્વાજીએ પોટ્ટિલાને સમ્યક્‌ત્વનું સ્વરૂપ અને શ્રાવકનાં બાર વ્રત સમજાવ્યા. તેથી પોટ્ટિલાને થયું કે મનમાં અનિષ્ટોને દૂર કરવાની અને ઇષ્ટ વિષય મેળવવાની કોશિષ કર્યા કરતાં આ સમ્યક્‌ત્વની અને વ્રતોની ભાવના શા માટે ન કરું. ખરેખર ખોટી વિષય ચિંતા કરી મનને આર્તધ્યાનથી બગાડવા કરતાં સમ્યક્‌ત્વ અને વ્રતોની શ્રેષ્ઠતા વિચારી મનને એથી ભાવિત કરવું એમાં જ સાચી બુદ્ધિમત્તા છે. પોટ્ટિલાએ સમ્યક્‌ત્વ સહિત બાર વ્રતો સ્વીકાર્યા. અને એવી સુંદર ભાવનાથી પાળવા લાગી કે પેલું દુઃખ તો ભૂલી અને પતિનો વિશેષ આદર પામી. પોટ્ટિલાને સમજાઈ ગયું કે માનવજીવન વિષયોને મહત્વ આપવા માટે નહિ. પણ પરમાત્માના માર્ગને મહત્વ આપવા માટે છે. આ સુંદર સત્ય સમજી જવાથી પોટ્ટિલાના ચિત્તમાં આર્તધ્યાન મટી ગયું અને મહાશાંતિ થઈ ગઇ.

ખરેખર શીયળવંત પુરૂષો અને સ્ત્રીઓ પોતાના પ્રાણના ભોગે પણ શીયળનું રક્ષણ કરે છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે એક વખતના અબ્રહ્મચર્યમાં નવ લાખ સંજ્ઞી જીવોની ઘાત થઈ જાય છે. માટે બ્રહ્મચર્યનું પાલન એ અહિંસાનું જ પાલન છે. ચારિત્રના રક્ષણમાં તમારું જ રક્ષણ છે. તમારા જીવનનું ઉત્થાન છે.

રામાયણનો પ્રસંગ તો તમે ઘણી વખત સાંભળ્યો હશે. સીતાજી પોતાના પતિ રામચંદ્રજીની સાથે ખુશીથી વનવાસ ગયેલા. અને ત્યાં અશોકવાટિકામાંથી રાવણ સીતાજીને હરણ કરીને લંકામાં લઇ ગયો. એ રાવણને આપણે આજે ધિક્કારીએ છીએ પણ રાવણ ગમે તેવો હતો છતાં તેના જીવનમાં એક ગુણ મુખ્ય હતો. એને એવી પ્રતિજ્ઞા હતી કે મને જે સ્ત્રી એના મનથી ઇચ્છે નહિ તેના ઉપર મારે બળાત્કાર કરવો નહિ. રાવણની આ પ્રતિજ્ઞાના કારણે જ સીતાજીને જીભ કરડીને મરવું પડયું નથી. જો કે સીતાજીને પણ સભર્તાર સંતોષીએ એવી પ્રતિજ્ઞા હતી. રામચંદ્રજી સિવાય દુનિયાના બધા જ પુરૂષો એને મન પિતા અને ભાઈ તુલ્ય હતા. આવી પ્રતિજ્ઞા લેનારને પણ કોઇકિ વખત મારણાંતિક ઉપસર્ગ આવી જાય છે.

સીતાજીના રૂપની પાછળ પાગલ બનેલો રાવણ સીતાજીને લંકામાં લઈ ગયો અને સીતાજીને અશોકવાટિકામાં રાખ્યા. પણ તેણે બળાત્કાર કર્યો નથી. રોજ રોજ એને સમજાવે છે પણ સીતાજી માનતા નથી. ત્યારે રાવણ એની રાણી મંદોદરીને સીતાજીને સમજાવવા માટે કહે છે. મંદોદરી પણ સતી હતી. મોક્ષનું મોતી હતું. એ રાવણને

પૂજ્ય સમજાવે છે. અહો સ્વામીનાથ ! આપ આ શું બોલી રહ્યાં છો ? તમારા જેવા ઉત્તમ પુરૂષને આવો બેંઠવાઠ ખપે ? બેંઠવાડમાં તો કાગડા ને કૂતરા મોકું નાખે. આપને માટે આ યોગ્ય નથી. મંદોદરીએ સમજાવવામાં બાકી ન રાખ્યું પણ છેવટે રાવણ માન્યો નહિ. ત્યારે કિંમતી વસ્ત્રો, દાગીના અને મોતીનો થાળ ભરીને મંદોદરી સીતાજી પાસે આવે છે.

મુક્તાફળનો થાળ ભરીને, આવે સહસ્ત્ર ગમે નાર જો,
મંદોદરી કહે માનો ભાનુની, પહેરો હવે શણગાર જો–વહારે;
સત્ય ન ચૂકું કોડપતિ, બોલો વિચારીને બોલજો,
ઉદધિ મૂકે મર્યાદા તો પણ, મેરૂ રહે અડોલ જો,
વહારે આવો રઘુપતિ નાથ....

મંદોદરી રાણી ઘણી સ્ત્રીઓને સાથે લઈને આવે છે. અને સીતાજીને સમજાવે છે. અને કહે છે કે સીતાજી ! આ વિવિધ વસ્ત્રો પહેરો અને આ બધાં શણગાર સજીને મહેલે પધારો. આ બધા રાવણના પક્ષનાં હતાં. સીતાજી એકલા હતા. છતાં પણ કેવો જવાબ દે છે. ઘણી વખત તમારા પર આવો પ્રસંગ આવે છે ત્યારે તમે કહો છો કે અમે શું કરીએ ? અમે એકલા પડી ગયાં. અમારું કાંઈ ચાલ્યું નહિ.

રાજેમતી ગુફામાં એકલાં હતાં, છતાં નીડર બનીને રહનેમીને કેવા કડક શબ્દો કહી દીધા. અને એની સાન ઠેકાણે લાવ્યા. સિદ્ધરાજે રાણકદેવીનું શિયળ ખંડન કરવા કેટલાં પ્રયત્નો કર્યા. પણ એણે એનાં પ્રાણના બલિદાને પણ ચારિત્ર અખંડ રાખ્યું. જેણે ચારિત્રને માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું તેમના નામ અમર થઈ ગયા. જેઓ ચારિત્રથી ભ્રષ્ટ થયા તેઓ દુનિયામાં ફટફટ થઈ ગયાં. દુનિયામાં નામ તેનો નાશ છે. પણ જેઓ ચારિત્રની જ્યોત જગાવી ગયાં તે નામ અમર કરી ગયાં. રાણકદેવી, સીતાજી, ચંદનબાળા, રાજેમતી આદિ સતીઓને આજે આપણે શા માટે યાદ કરીએ છીએ ? તેઓ જીવનમાં કંઈક કરી ગયાં છે.

આ સીતાજીએ મંદોદરીને કડક શબ્દોમાં કહી દીધું કે મંદોદરી ! જે બોલો તે વિચારીને બોલજો. ગમે તેમ થશે તો પણ હું મારું ચારિત્ર પાલન કરીશ. મારા હૃદયમાં રામ સિવાય બીજા કોઈનું સ્મરણ નથી. માટે તમે બધા અહીંથી ચાલ્યા જાઓ. ત્યારે મંદોદરી જેવી સતી સ્ત્રી શું બોલી !

સત્ય હતું સતી ત્હારું ત્યારે, શીદ છોડ્યા તેં ઈશ જો.
મુજને કલંક રાણી તુજને રંડાપો, એણે છોડ્યા જગદીશ જો....

અરે ! સીતાજી, તું આવી મોટી સતી છે, જો તારી રગેરગે રામનો વાસ છે તો

તું રામને છોડીને લંકામાં શા માટે આવી ? આ વચનો સીતાજીને હાડહાડ લાગી ગયાં. આ વખતે સીતાજીથી બોલાઈ ગયું હે મંદોદરી ! મારું આવવાનું કારણ...મારા માથે કલંક અને તારા માથે રંડાપો છે. તે માટે હું રામને છોડીને લંકામાં આવી છું. આ સીતાના શબ્દો સાંભળી મંદોદરી થરથરી ઉઠી. રાવણ પાસે આવીને કહે છે : સીતાજીના મુખમાંથી આવા વેણ નીકળ્યા. નક્કી હવે રામ આવશે અને આપ હારી જશો. હું આપને સત્ય કહું છું. આપ સામેથી સીતાજીને રામને સોંપી દો. પણ રાવણ માન્યો નહિ. રામ, લક્ષ્મણ અને હનુમાનજી સીતાજીની વહારે આવે છે. અને સોનાની લંકા રાખમાં રોળાઇ ગઈ. અને સીતાજી રામની સાથે અયોધ્યા આવ્યા. સીતાજી રામની સાથે વનવાસ ગયેલા તેથી સાચી પતિવ્રતા સ્ત્રી તરીકે જશ પામ્યા હતા. પણ અયોધ્યામાં પાછા આવ્યા પછી મહારાણી બન્યા બાદ અપયશ નામ કર્મના ઉદય પર ફેંકાયા. અને બહાર ગવાયા કે આ તો વૈભવી કૃપાળા રાવણને ત્યાં રહી આવેલાં તે સતી શાના હોય ?

સંસાર એટલે કર્મોના વિચિત્ર અને પરસ્પર વિરોધી એવા પણ ઉદયમાં સરકયા કરવાનું. હમણાં દિવ્ય કાયા ને પછી ભૂંડની કાયા. સનત્કુમાર ચક્રવર્તિ હમણાં અનુપમ સુંદર પણ પછી સોળ રોગ ભરી કાયા. મનુષ્યને દુર્દશામાં પુણ્યોદયે એક વાર માન મળતું હોય પણ પછી પાપનો ઉદય થતાં બાસડા પડે. જ્યારે કર્મના ઉદય પલટાય છે ત્યારે ચમરબંધીના અભિમાન પણ ટકતા નથી.

જીવનમાં કયારેક કયારેક કેવા મોટા સુખ પરથી મોટા દુઃખ પર જવું પડે છે ? સીતાજી રામની સાથે વનવાસ વેઠી આવ્યા. પછી મહેલમાં મહારાણી બનીને બેઠા હતા. અને તે સમયે તેઓ પુષ્ત ગર્ભવતી હતા એટલે તેમને કેટલો વિશેષ આનંદ હશે ? પણ લોકવચનથી રામ વડે સીતાને જંગલમાં મોકલી દેવામાં આવ્યા ત્યારે કેટલા દુઃખમાં મૂકાઈ ગયા ? સાથે એક દાસી કે રખેવાળ સિપાઈ પણ નહિ. જંગલી પશુથી બચવા કોઇ શસ્ત્ર કે વાહન પણ ન મળે. નાનકડી ભાતાની પોટકી પણ નહિ. પોતે પુષ્ત ગર્ભવતી હતી છતાં કોઈ દાયાણી કે ગાદી પણ નહિ. અરે ! પાણીનો લોટો ય પણ ન મળે. કેવા સુખ પરથી કેવા વિષમ દુઃખ પર ધકેલાયા ! પણ એક રાજા ત્યાં આવી ગયો અને તેને ધર્મની બેન ગણીને પોતાના મહેલમાં લઇ ગયો. અને બધી સુખ-સગવડો સાથે ત્યાં રાખ્યા. અને સીતાજીને બે પુત્ર લવ અને કુશનો જન્મ થયો. તો કેવું સુખના માર્ગે પ્રયાણ થયું ?

બંધુઓ ! નળ દમયંતીએ સુખ-દુઃખ વચ્ચે કેવા ઝોલાં ખાધા ? શ્રીપાળ કુમારની વાત પણ આપ જાણો છો, તેઓ પણ કેવા ઘડી સુખમાં અને ઘડી દુઃખમાં મૂકાયા ! હરિશ્ચંદ્ર અને તારામતીને રાજ્યના ધોમધોમ સુખ પરથી એકને શ્મશાનનો કર અને બીજીને પાણી ભરનારી તરીકેના દુઃખ પર જવું પડયું ! આજનાં તમારા જીવન જોતાં જણાશે કે કયારેક સુખની લાગણી

તો ક્યારેક કેવી મહાદુઃખની પોક ! આજના તમારા વિચિત્ર સંસ્કારી તંત્ર. પરદેશોની અવનવી હીલચાલ વગેરેમાં પણ ચાર દિવસ સુખ તો પાંચમે દિવસે દુઃખ. પરાધીનપણે, અનિચ્છાએ પણ સુખમાંથી દુઃખમાં જવાનું. એ જો આપની નજર સામે રહે તો સંસાર તમને કેવો લાગે ! પછી એવી ઘટનાઓમાં આર્તધ્યાન ને રૌદ્રધ્યાન શા માટે થાય ! સતી સીતાને વનવાસ જવાનો પ્રસંગ આવ્યો તો પણ તેમણે પોતાના ભાવ કેવી રીતે ન બગાડ્યા ! અને શુદ્ધ રહ્યાં :

સતી સીતાજીના વિચારો :—

સીતાજીને રામના આદેશથી વનવાસ જવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેમણે હાયવોય ન કરી. મન ન બગાડ્યું. કેમ ! તે સમજતા હતા કે પતિવ્રતા સ્ત્રીનો પતિની આજ્ઞા તે જ ધર્મ છે. જેમ નોકરિયાત માણસને પગાર અને બોનસ લેતાં આવડે તે સાથે કામ કરતાં પણ આવડવું જોઈએ. એમ શુભ કર્મનો માલ ખાતાં આવડે છે તો અશુભ કર્મના દુઃખ વેઠતાં પણ આવડવું જોઈએ. વળી તે વિચારે છે કે હે આત્મા ! તું એકલા પુણ્યના જ પુંજવાળો નથી કે જેથી તને એકલું સુખ જ મળે ! પણ આત્મ ખજાનામાં પાપના પણ ગંજ ભર્યા છે તેથી દુઃખ તો આવે. જે સમયે દુઃખ આવે ત્યારે હે આત્મા ! તારો પાપનો ઉદય છે એમ નિશ્ચિત માની હસતા મુખે તેને વધાવી લેવું. વળી વનવાસને દુઃખનું કારણ નહીં માનતા પોતાનાં પાપ કર્મ ભોગવાઈ જશે માટે પાપનાં ક્ષય કરવાનું નિમિત્ત માનવું. દુઃખ આવવાથી અને તેમાં સમભાવ રાખવાથી તો કર્મકચરો સાફ થવાનો છે, તો પછી એમાં નારાજ શા માટે થવું ?

"મહાન સુખમાં પણ સીતાજીની તત્ત્વદૃષ્ટિ."

છેલ્લે સીતાજીની જ્યારે અગ્નિપરીક્ષા કરી અને તેમાં તેમના સતીત્વના પ્રભાવે અગ્નિ પાણી બની ગયું અને સીતાજીનું સતીત્વ પ્રગટ થયું. પછી સીતાજીને ખૂબ માન-સન્માનથી મહેલમાં રહેવાનો પ્રસંગ આવ્યો, કુશ અને લવ જેવા વિનયી પુત્રોની સેવા લેવાનો સમય પ્રાપ્ત થયો અને રાજ્યસુખ ભોગવવાનો સમય આવ્યો ત્યારે પણ સીતાજીમાં આનંદની દૃષ્ટિ ન આવી પણ તત્ત્વ દૃષ્ટિ આવી કે આ પણ કર્મના ખેલ છે. ત્રણ ત્રણ વાર કર્મે મને ઠગી છે. રામ જેવા પવિત્ર પતિ તો મળ્યા પણ વનવાસમાં મોકલી. ત્યાં પણ પતિની શીતળ છત્ર છાયા મળી છતાં પણ કર્મે રાવણ પાસે હરણ કરાવ્યું. ત્યાંથી છૂટીને અયોધ્યામાં આવી. રાજ્યમહેલમાં આનંદથી માનભેર રહેવાનું મળ્યું. પરંતુ કર્મે ફરીને પાછી એકાએક વગડામાં મોકલી. આમ કર્મની વારંવાર ઠગાઈ ઓ જોઇ, તો હવે પાછી શા માટે ઠગાવા જાઉં ! હવે તો કર્મનો નાશ કરવા માટે ચારિત્ર જ લઉં અને તેમણે ચારિત્ર લીધું, ચારિત્રનું પાલન કરીને સીતાજી દેવલોકમાં ગયા.

બંધુઓ! પર્યુષણ પર્વ નજીકમાં આવે છે. જીવનના સુધારા માટે આ પર્વમાં શું કરવું તેનો વિચાર કરી લેજો. અઠાઈધરના દિવસથી આપણી ગાડી ઉપડશે. માટે કોને કોને કયા કલાસની ટિકિટ લેવી છે તેનો નિર્ણય કરી લેજો. સમય થઈ ગયો છે. વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૩૭

જન્માષ્ટમી

શ્રાવણ વદ ૮ ને સોમવાર તા. ૨૪-૮-૭૦

અનંત કરૂણાસાગર ભગવાન મહાવીર સ્વામી જેમનું શાસન વર્તમાનમાં વિદ્યમાન છે તેમણે જીવોના કલ્યાણને અર્થે અને જીવોને તારવાના ઉમદા હેતુથી વીતરાગ વાણીની પ્રરૂપણા કરી. પૂર્વે તેઓની "જો હોવે મુજ શક્તિ ઈસિ, તો સવી જીવ કરૂં શાસનરસી"ની ઉત્કૃષ્ટ ભાવનાથી સર્વ જીવોને કર્મ મુક્ત થઈને સુખી બનાવવાની ભાવનામાં તીર્થંકર નામ કર્મ બાંધ્યું હતું. જેનાથી તેઓને તીર્થંકર પદ પ્રાપ્ત થયું અને ચારિત્ર લઈને કેવળજ્ઞાન-કેવળદર્શનમાં લોકાલોકનાં સર્વે ભાવો. જાણ્યા અને જોયા. સંસારી જીવોને કર્મથી રીબાતાં જોયાં અને હૈયામાં કરૂણા પ્રગટી, તેથી ઉપદેશ આપ્યો. "ભવ્ય જીવો, અનાદિકાળથી તમે ચાર ગતિ, ચોવીસ દંડક, ચોરાશી લાખ જીવયોનીમાં આધિ-વ્યાધી, ઉપાધી-જન્મ-જરા-મૃત્યુરૂપ વેદનાથી પિલાઈ રહ્યા છો તેમાંથી બચો. અને શાશ્વત સુખને મેળવવા પુરૂષાર્થ કરો. જ્ઞાનીઓએ આપણને આવો સુંદર ઉપદેશ આપ્યો છે. અહિં ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪મા અધ્યયનનો અધિકાર ચાલી રહ્યો છે. જેમને ભવ-બંધનનો ત્રાસ લાગ્યો છે એવા ભૃગુ પુરોહિતના બે પુત્રો સંયમના પથિક બનવા માટે તત્પર બન્યાં છે.

"બંને બાલુડાને થયેલી મોક્ષની ઈચ્છા"

તે કામભોગેસુ અસજ્જમાણા, માણુસ્સએસુ જે યાવિ દિવ્વા
મોક્ખાભિકંખી અભિજાય સદ્ધા, તાતં ઉવાગમ્મઇમં ઉદાહુ

ઉ. સૂ. ૧૪ ગાથા ૬

તે બંને કુમારો દેવભદ્ર અને યશોભદ્ર દેવતા અને મનુષ્ય સંબંધી સર્વ પ્રકારનો કામભોગોથી વિરક્ત થઈને મોક્ષની ઈચ્છા કરવા લાગ્યા. અને મોક્ષને માટે વિશેષ પ્રકારથી શ્રદ્ધા કરવા લાગ્યા. આ પ્રમાણે સંસારથી વિરક્ત અને મોક્ષની અભિલાષામાં અનુરક્ત એવા તે બંને કુમારો પિતાની પાસે આવીને કહેવા લાગ્યા.

હે દેવાનુપ્રિયો ! આ બંને કુમારોને સંસારના સુખો ક્ષણિક છે તેવી પ્રતીતિ થઇ ગઈ છે, પણ તમે આટલાં અવસ્થાવાન થયા પણ હજુ સંસાર અસાર લાગ્યો નથી. જો તમે સમજો તો આ સંસારમાં સંયોગનાં સુખો કરતાં અધિક વિયોગના મહાદુઃખો ઉભેલા છે. ભોગ-વિષયો ફૂંફાડા મારતાં સર્પથી પણ અતિ ભયંકર છે. મરણની તલવાર માથે ઝુલી રહી છે. મોહ માયામાં મુંઝાઇને અજ્ઞાનપણે તમે માનવ જીવનની કિંમતી ક્ષણો ધૂળમાં રગદોળી રહ્યાં છો પણ યાદ રાખજો કે સંયમની શીતળ છાયામાં આવ્યા વિના તમને મુક્તિ મળવાની નથી. જો તમને સંસારનો ભય લાગ્યો હશે તો "महा नागो व्व कंचुयं" જેવી રીતે સર્પ કાંચળી મૂકીને ભાગે છે તેમ તમારે પણ આ કાંચળી રૂપી સંસારને એકવાર છોડવો પડશે.

જેના અંતરમાં મોક્ષની અભિલાષા જાગી છે તેને કામભોગ વિષભરેલા કટોરા જેવા લાગે છે. પણ હજુ તમને વિષયો વિષ જેવા લાગ્યા નથી. ચતુર્ગતિના ચક્કરનો થાક લાગ્યો નથી. અરે ! આવા ફર્સ્ટ કલાસ હોલમાં રહીને પૌષધ કર્યા. અને જ્યાં સવાર પડે અને પૌષધ પાળીને ઘરે જતાં હો તે વખતે તમારા મોઢા સામું જોઇએ તો લાગે કે આ ભાઈ ખૂબ થાકી ગયા લાગે છે. સંવત્સરી જેવા મોટા દિવસે વ્યાખ્યાન કે પ્રતિક્રમણમાંથી ઉઠીને ઉપાશ્રયમાંથી બહાર નીકળતાં જોઈએ તો તમારો વેગ એવા પ્રકારનો હોય કે જાણે પાંજરામાંથી બકરા છૂટ્યા. ઝટ ઘેર જવું છે. આત્માની સાધના કરતાં તમને કંટાળો આવે છે. પણ આ સંસારના પિંજરમાં તમને કંટાળો આવતો નથી. કહ્યું છે કે :—

માખી ચંદન પરિહરે, કસમલ ઉપર જાય,
તેમ અભાગી જીવડો, ઉંધે કાં ઉઠી જાય.

માખીનો એવો સ્વભાવ હોય છે કે એની સામે વિષ્ટાનો ટોપલો પડયો હોય અને બીજી બાજુ મિષ્ટાન્નનો થાળ પડયો હોય તો માખીની દૃષ્ટિ પહેલાં વિષ્ટા ઉપર જ જાય છે, તેમ અભાગી જીવને પકવાનના થાળ સમાન આત્મ સુખનો માર્ગ બતાવવામાં આવે છે પણ અહીં બેસતાં એને કંટાળો આવે છે. મને તો તમારી દશા જોઈને દયા આવે છે. વન વીતવા આવ્યું હોય એવા મારી પાસે દર્શન કરવા આવે અને તેમને કહું કે હે દેવાનુપ્રિય ! હવે જિંદગીમાં કંઈક કરી લો; તો ધીમે રહીને કહેશે કે લો ત્યારે, પંદર દિવસની પ્રતિજ્ઞા આપો. આ તે કંઈ તમારું જીવન છે ? સરકાર પણ નોકરીમાંથી ૫૫ વર્ષે રીટાયર કરે છે, તો ડિકરાને ઘેર ડિકરા થયાં તો પણ તમને ભોજની રીટાયર

થવાનું મન નથી થતું તે કેટલું ખેદજનક છે! તમને સંસારનો મૂંઝારો લાગુ પડયો છે. મુંઝારો થયો હોય તેને માટે પતાસું નુકશાનકારી છે. તેમ તમને પણ કામભોગનો મૂંઝારો લાગુ પડયો છે. અને તેમાં પણ જો તમને ગમતું જ અમે પીરસીએ તો તો તમારો મૂંઝારો વધતો જ જાય. ટાઈફોઇડના રોગીને મગનું પાણી જ અપાય. તેમ અમે તમારા મૂંઝારાને મટાડવા તપશ્ચર્યા અને બ્રહ્મચર્યરૂપી દવાઓ આપીએ છીએ. પણ હજુ લેવાનું મન થતું નથી. જેને મોક્ષની જિજ્ઞાસા ઉપડે એ જ અમારી ઔષધિ લેવા માટે તૈયાર થાય.

ભૃગુ પુરોહિતના બંને પુત્રોને મોક્ષે જવાની તાલાવેલી લાગી છે. એમને સંસારમાં ગમે તેટલાં સુખો મળે તો પણ એમ જ લાગે કે આ સુખો પરાયાં છે. જેમ તમે સાસરે ગયા હોય ત્યાં તમારા ઘર કરતાં પણ અધિક સાચવતાં હોય છતાં તમને તમારું ઘર યાદ આવે છે ને! તમને પોતાના ઘરમાં આનંદ આવે છે, પોતાના ઘરથી પણ અધિક સુખ મળતું સાસરું તમને ગમતું નથી તેમ હે બંધુઓ! તમે જેનો મોહ રાખીને મારું માનીને બેસી ગયા છો તે પોતાનું ઘર નથી. મોક્ષ એ જ નિજ ઘર છે. આ તો પરઘર છે. માટે આ સુખોમાં મમત્વભાવ ન રાખો.

બંધુઓ! આજે જન્માષ્ટમીનો પવિત્ર દિવસ છે. તમે આજના દિવસનું મહત્વ સમજ્યા નથી. આજના દિવસને ગોકુળ અષ્ટમીને બદલે જુગારાષ્ટમી બનાવી દીધો છે. મેં સાંભળ્યું છે કે વર્ષ દરમ્યાન જે જુગાર નથી રમતાં તે સાતમ-આઠમના દિવસે રમે છે. કેટલી અજ્ઞાનતા કહેવાય! જુગારને લઈને અન્યાય-અનીતિ અને અધર્મ વધે છે, ધર્મની હાની થાય છે. આસુરી વૃત્તિઓનું તાંડવ-નૃત્ય સર્જાય છે. માટે જુગાર આજે જ છોડો. જગતમાં સત્યની જ કિંમત થાય છે. આ જગતમાં પુરૂષો ત્રણ પ્રકારનાં હોય છે. (૧) ધર્મપુરૂષ, (૨) ભોગપુરૂષ અને (૩) કર્મપુરૂષ.

(૧) ધર્મપુરૂષ:- તીર્થંકર ભગવંત ધર્મપુરુષ કહેવાય છે. દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં ૨૪ તીર્થંકરો થાય છે. તે મહાન પુરૂષો ઉગ્ર તપશ્ચર્યા કરી જુનાં કર્મોને ખપાવી સંયમ દ્વારા નવા આવતાં કર્મોને રોકી ચાર ઘાતી કર્મોને તોડી સર્વજ્ઞતા પ્રાપ્ત કરી, પરમાત્મ દશા પ્રાપ્ત કરે છે. અને નિઃસ્વાર્થ ભાવથી જગતના જીવોને સાચો માર્ગ બતાવવાનો ઉપદેશ આપે છે. અને અધર્મોનું નિવારણ કરી ધર્મનું સ્થાપન કરે છે. વેશપૂજાને છોડીને ગુણ પૂજાનું મહત્વ સમજાવે છે. અને આત્માના શુદ્ધ સ્વરૂપનું ભાન કરાવી મોક્ષનો માર્ગ બતાવે છે.

(૨) ભોગપુરૂષ:- ચક્રવર્તિને ભોગપુરૂષ કહેવાય છે. પોતાના બાહુબળથી ભારત વર્ષના છ એ ખંડ ઉપર પોતાની વિજયપતાકા ફરકાવે છે. અન્યાય, અનીતિ અને અધર્મને

દૂર કરીને સારી રીતે રાજ્ય ચલાવીને રાજ્યમાં શાંતિ સ્થાપે છે. દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળમાં બાર બાર ચક્રવર્તિનો જન્મ થાય છે.

(૩) કર્મપુરૂષ:–વાસુદેવ કર્મપુરૂષ કહેવાય છે. વાસુદેવ ત્રણ ખંડના ધણી હોય છે.

દરેક ઉત્સર્પિણી અને અવસર્પિણીમાં નવ નવ વાસુદેવનો જન્મ થાય છે. તેની ઋદ્ધિ ચક્રવર્તિથી અડધી હોય છે. તેમના સમયમાં જે વિષમતાઓ આવે છે તેને દૂર કરીને શાંતિની સ્થાપના કરે છે.

આજનો દિવસ કર્મવીર પુરૂષની જન્મ જયંતિનો દિન છે.

કૃષ્ણના પિતા કોણ હતા :–

કૃષ્ણ વાસુદેવના પિતાનું નામ વસુદેવ હતું. તે વસુદેવ પણ કેવા હતા ? તેઓ વસુદેવ કેમ બન્યા ? એ વસુદેવ નંદીષેણનાં ત્રીજા ભવમાં ખૂબ બિહામણા રૂપવાળા હતા. એનું નાક નળીયા જેવું, કાન સૂપડાં જેવા, હોઠ ગોદડાં જેવાં. આવું એનું રૂપ હતું. મા–બાપ નાનપણમાં મૂકીને મરી ગયાં હતાં એટલે મામાને ઘેર તે ઉછર્યા. આ વસુદેવનો આત્મા યુવાન થતાં એને પરણવાનો કોડ જાગ્યો. પણ આ બિહામણાને કોણ પરણાવે ? મામીને કહે છેઃ મામી ! મારે પરણવું છે. ત્યારે મામી કહે છે ભાઈ ! આવા બિહામણા રૂપવાળા એવા તને કોણ કન્યા આપે ? ત્યારે કહે છે કે આપણા ક્ષત્રીય કુળમાં તો મામા–ફઇના વરે છે, તો તમારે સાત દિકરીઓ છે. તેમાંથી એકને મારી સાથે પરણાવો. મામી કહે છે તારા મામાને પૂછી જો. મામાને વાત કરે છે ત્યારે મામા કહે છે મારી સાતેય પુત્રીઓને તું પૂછી જો, કે હું તમને કોઈને ગમું છું ! બળાત્કારે મારાથી કોઇને તારી સાથે પરણાવાય નહિ. પણ જે હા પાડે તેને તારી સાથે પરણાવીશ. એટલે આ તો ઊપડયો. મામાની સાત પુત્રીઓ પાસે જઈને કહે છેઃ બોલો ! સાતમાંથી હું કોઇને ગમું છું ? મારી સાથે કોઈ લગ્ન કરવા તૈયાર છે ? ત્યારે સાતેય કુંવરીઓ કહે છે–ઓ કદરૂપા ! હાંડલાના ખુંદા જેવા ! તને બોલતાં શરમ નથી આવતી ? આવા કુબડા સાથે કોણ પરણે ? એમ કહી સાતે ય પુત્રીઓ એના ઉપર થૂંકી, એનું અપમાન કર્યું. આ રીતે પોતાનું ઘોર અપમાન થવાથી એને જીવન અકારું લાગ્યું. અને આપઘાત કરવા તૈયાર થયો. મામાનું ઘર છોડીને ગામ બહાર જઈ એક ઝાડ ઉપર ચઢી આપઘાત કરવા જાય છે ત્યાં એક સંત પધાર થાય છે. આમ આને આપઘાત કરતો જોઈ સંત કહે છે ભાઇ ! તું શા માટે આવું ઉત્તમ માનવજીવન હારી જાય છે ? આમ ઝાડ કે પહાડ ઉપરથી પડીને મરી જવાથી કંઇ સ્વર્ગ કે મોક્ષ નહિ મળે.

સંત એને ઉપદેશ આપે છે. માનવ જીવનની મહત્તા સમજાવે છે. તેથી તે

ત્યાં જ પંચ મહાવ્રતધારી સંત બની જાય છે. દીક્ષા લઇને એણે નિર્ણય કર્યો કે જ્યાં સુધી મારા દેહમાં પ્રાણ રહે ત્યાં સુધી મારે સંતોની સેવા કરવી. અને મારે માસ-ખમણ તપ કરવું. આણે જાવજીવ માસખમણ કરવાનો દૃઢ નિર્ણય કર્યો પરન્તુ મારે તમને એક માસખમણ કરાવવા માટે કેટલા દિવસથી હાંડી પીટાવવી પડે છે! નંદીષેણના આત્માએ દીક્ષા લઈને સંતોની ખૂબ સેવા કરી. માસખમણને પારણે માસખમણની ઉગ્ર તપશ્ચર્યા કરી. પણ પોતાના મૃત્યુ અગાઉ એવું નિયાણું કર્યું કે મારા તપ સંયમનું જો ફળ હોય તો આવતા જન્મમાં હું સ્ત્રી વલ્લભ બનું. સ્ત્રીઓથી અપમાનીત બન્યો હતો તે શલ્ય દીક્ષા લીધી છતાં મનમાં રહી ગયું અને આ રીતે નિયાણું કર્યું. ત્યાંથી કાળ કરીને તે દેવલોકમાં ગયા.

વસુદેવનો જન્મ:– નંદીષેણનો આત્મા દેવનું આયુષ્ય પૂર્ણ કરીને યદુવંશમાં વસુદેવ તરીકે ઉત્પન્ન થયો. આ વસુદેવે અનુક્રમે મોટા થતાં યુવાનીના પગથિયે પગ મૂકયો. પૂર્વે કરેલાં નિયાણાના પ્રભાવથી અનુપમ રૂપ પામ્યાં છે. આ યુવાન વસુદેવ ક્રમ પ્રસંગે બહાર નીકળે છે, ત્યારે આખા નગરની સ્ત્રીઓ એની પાછળ પાગલ બને છે. કોઈ રસોઈ કરતી હોય તો તે રસોઇ કરવી છોડી દે છે, પાણી ભરતી પનીહારીઓ પાણીનાં બેડાં કૂવે મૂકીને તો કોઈ પોતાના પ્યારા પુત્રને છોડીને વસુદેવની પાછળ દોડે છે. એક બે ત્રણ વખત આમ બનવાથી આખી નગરીમાં હાહાકાર મચી જાય છે. ગામના લોકો અકળાઈ જાય છે ત્યારે તેઓ વસુદેવના મોટાભાઇ સમુદ્ર વિજય રાજા પાસે આવીને કહે છે કે અહો રાજન! આપના લઘુ ભાઇ વસુદેવકુમાર બહાર નીકળે છે ત્યારે અમારી વહુ–દિકરીઓ અને બહેનો ઘરકામ છોડી એની પાછળ પાગલ બને છે. અમે તો કંટાળી ગયા છીએ. જો તમે આને માટે કાંઇ જ ઉપાય નહિ કરો તો અમે બધા જ ગામ છોડીને ચાલ્યા જઇશું. ત્યારે સમુદ્રવિજય કહે છે કે મારો ભાઈ કોઈના સામે દૃષ્ટિ પણ કરતો નથી. એ તો એના કામે ચાલ્યો જાય છે. તમારી વહુ–દિકરીઓને તમે કબજે રાખો. ત્યારે આખા ગામના નાગરિકો કહે છે કે ગમે તેમ હોય; તમારા ભાઈ ને મંત્ર–જંત્ર આવડે છે. એની દૃષ્ટિમાં કંઈ જાદુ છે. ગમે તેમ હોય પણ આખા ગામની સ્ત્રીઓ એની પાછળ મુગ્ધ બને છે. જો તમે કંઈ ઉપાય નહિ કરો તો અમે આખું ગામ ખાલી કરી નાંખીએ છીએ. હવે પાંચ પચીસ માણસ હોય તો પહોંચાય પણ જ્યાં આખું ગામ ખાલી થતું હોય ત્યાં કંઇક તો ઉપાય કરવો જ પડે.

"વસુદેવને આગલા ભવમાં કરેલા નિયાણાનું ફળ"

સમુદ્રવિજય રાજા વસુદેવને કહે છે ભાઈ! તું ખૂબ સ્વરૂપવાન છે. તું બહાર જાય છે ત્યારે ગામના લોકોની તને નજર લાગે છે. માટે ભાઇ! તું હમણાં થોડો વખત

આ જુદા મહેલમાં રહે, તારે બહાર નીકળવાનું નહિ. એમ કહીને વસુદેવને નજરકેદ કર્યા. વસુદેવને આ વાતની ખબર નથી. એ તો સમજ્યા કે મોટાભાઇ કહે તેમ મારે કરવાનું. થોડા દિવસ ગયા ત્યાં એક દિવસ વસુદેવ બારીએ ઉભા છે. બારીમાંથી ડોકિયું કરીને બહાર નજર કરે છે તો રસ્તે જતી સ્ત્રીઓ એનું મુખ જોઈ એના સૌંદર્ય પર મોહિત થવા લાગી. આ સમયે એક પુરૂષ ત્યાંથી પસાર થઈ રહ્યો છે. વસુદેવને જોઇને કહે છે—તારા ભાઈએ તારા કર્તવ્યથી કંટાળી તને નજર કેદમાં પૂર્યો. હવે તો સીધો રહે ! જેલમાં બેઠો બેઠો પણ તારી જાદુ માયા છોડતો નથી ? આ શબ્દો વસુદેવને હાડહાડ લાગી ગયા. હેં....મને મારા ભાઈ એ કપટ કરીને કેદમાં પૂર્યો છે ? આ કાયર ન હતો. શૂરવીરનો બેટો શૂરવીર હતો. તે ત્યાંથી ઉભો થઈ ગયો. મારા રાજકોટના શ્રાવકો ! તમે પણ આવા શૂરવીર બનજો. સંતોની એક ટકોરે તમે જાગી જવા જોઈએ. તમે જેવા તેવાના પુત્રો નથી, ભગવાન મહાવીરના વીર પુત્રો છો.

વસુદેવે રચેલી માયા :—

વસુદેવ રાત્રે બાર વાગ્યે ઉઠયા. લાકડાની ચિતા ગોઠવી તેને અગ્નિથી સળગાવી ભડકો કરીને વસુદેવ ત્યાંથી ભાગી છૂટયા. ત્યારબાદ સમુદ્રવિજય પોતાના ભાઈને મળવા આવે છે. ત્યાં તો અગ્નિનો ભડકો સળગી રહેલો જોયો. પોતાનો ભાઈ ત્યાં છે નહિ, આ જોઇ સમુદ્ર વિજયને થયું કે નક્કી મારો ભાઈ આમાં બળી ગયો લાગે છે. મેં કપટ કરીને મારા ભાઇને નજરકેદમાં પૂર્યો એ વાતની એને જાણ થઈ લાગે છે. પોતાનો ભાઈ મૃત્યુ પામ્યો છે એમ સમજવાથી સમુદ્રવિજયને ખૂબ આઘાત લાગે છે. આખા ગામમાં આ વાતની જાણ થાય છે. સમુદ્રવિજયને પોતાનો ભાઇ પ્રાણથી પણ અધિક પ્રિય હતો. વ્હાલા બંધુની પાછળ પોતે બળી મરવા તૈયાર થાય છે. તે વખતે અચાનક એક જ્યોતિષી આવીને કહે છેઃ મહારાજા ! તમે રડશો નહિ, ઝૂરશો નહિ અને આપઘાત પણ કરશો નહિ. તમારા લઘુભાઈનું મૃત્યુ થયું નથી. એ તો જીવતાં જ છે. તમે એને રમાડયાં તો એ પણ તમને રમાડી ગયાં છે. આ સાંભળી સમુદ્રવિજય રાજા કહે છે—મારો ભાઈ કયાં છે ? મને કયારે મળશે ? જ્યોતિષી કહે છે એ હવે તમને હમણાં નહિ મળે. પણ અમુક વર્ષો બાદ કંસની બહેન દેવકીને તમારો ભાઈ વસુદેવ પરણશે ત્યારે તમે સમજી લેજો કે દેવકીને પરણનાર બીજો કોઈ નહિ પણ મારો ભાઈ વસુદેવ છે.

વસુદેવના દેવકી સાથે લગ્ન :

વખત જતાં વસુદેવ કંસની બહેન દેવકીને પરણે છે. આ કંસ એ મથુરાના રાજાનો પુત્ર હતો. તે બાલપણથી જ અન્યાયી અને અનીતિવાળો હતો. સંતોનો દુશ્મન હતો. તે સમયે ભરત ક્ષેત્રમાં જરાસંધ નામનો રાજા પ્રતિવાસુદેવ હતો. તેની પુત્રી જીવયશા

સાથે કંસના લગ્ન કરવામાં આવ્યા હતા. કંસ જેવો ઉદ્ધતાઈ અને ઉન્માદથી ભરેલો હતો તેવી જ તેની પત્ની જીવયશા પણ ઉન્માદી અને ઉદ્ધત હતી.. કંસે રાજ્યનો માલિક બનવા માટે પોતાના પિતા ઉગ્રસેન રાજાને કેદમાં પૂર્યા હતા, અને રાજ્યનો માલિક બની પ્રજા ઉપર તે અત્યંત જુલમ ગુજારતો હતો. પોતાના મોટાભાઇનો આવો અત્યાચાર જોઈ નાનો ભાઈ તો સંસારથી વિરક્ત થઈને સાધુ બની ગયો હતો. આ કંસને પોતાના સસરા જરાસંધના રાજ્યનો અને પોતાના બળ પરાક્રમનો નશો હતો. તે અભિમાનમાં ચકચૂર બની કોઈના દુઃખની પરવા કરતો ન હતો. પણ જ્ઞાની તો કહે છે કે રાજા રાવણનું પણ અભિમાન ટકયું નથી. કોઈનું અભિમાન ટકયું નથી અને ટકવાનું પણ નથી.

यौवनं धन संपत्तिः प्रभुत्व म विवेकता ।
एकैकमप्यनर्थाय, किमु यत्र चतुष्टयम् ॥

જ્ઞાની કહે છે જેની પાસે યૌવન, ધનસંપત્તિ, પ્રભુત્વ અને અવિવેક એ ચારમાંથી એક જ હોય તો પણ ઘોર અનર્થ સર્જાય છે તો જ્યાં ચારેય એકઠાં મળે ત્યાં કેવો અનર્થ થઈ જાય! કંસમાં ચારે ય અવગુણો ભરેલાં હતાં. એના અત્યાચારથી પ્રજા ખૂબ પીડાતી હતી. ત્રાસ ત્રાસ વ્યાપી ગયો હતો. પણ દુષ્ટ કંસને કોઈની પરવા ન હતી.

એક દિવસ જ્યોતિષીઓને બોલાવીને કંસ પૂછે છે અહો: આ સંસારમાં મારી બરાબરી કરી શકે તેવો બળવાન, પરાક્રમી કોઇ રાજા છે? કંસના મદયુક્ત વચનો સાંભળી જ્યોતિષીઓ માથું ધુણાવવા લાગ્યા. મનમાં વિચાર કરવા લાગ્યાંઃ અહો! અભિમાનમાં ચકચૂર બનીને આ કેવાં શબ્દો બોલી રહ્યો છે. અહો! અભિમાન! તું મનુષ્યના હૃદયમાં પ્રવેશીને ન કરે તેટલું ઓછું છે. તું મનુષ્યની કોમળતા, સજ્જનતા આદિનો નાશ કરનાર છે. વિનયને દેશવટો દેનાર છે. અને તું જ સંસારમાં ભમાવનાર છે. જ્યોતિષીઓ કંઈક જવાબ આપે તે પહેલાં જ કંસ કહે છે, તમે કેમ કંઈ જ બોલતાં નથી! હું કેવો પ્રભાવશાળી છું કે મારા વેષ જોતાં પણ તમે મૂંઝાઈ ગયા લાગો છો?

કંસ અને જ્યોતિષીઓ :

જ્યોતિષીઓ કહે છે સાહેબ! આપના શું વખાણ કરીએ? આપ તો એવા પરાક્રમી ને બળવાન છો કે તમે પહેલે જ ઘડાકે ધર્મનો નાશ કર્યો છે. ન્યાય નીતિને તો નેવે ચઢાવી દીધાં છે. તમારી હાકે પ્રજા ધ્રુજે છે. તમે તમારા પૂજ્ય પિતાજી ઉગ્રસેન રાજાને કેદમાં પૂરી દીધાં છે. તમારા જેવા પરાક્રમી કોણ? જ્યોતિષીઓના વચન સાંભળી કંસ હરખાવા લાગ્યો. અભિમાનના નશામાં ચકચૂર બનેલા કંસને ખબર નથી પડતી કે આ મારી પ્રશંસા થાય છે કે નિંદા? હજુ આગળ પૂછવા લાગ્યો કે આ તો મારામાં જે છે તે તમે કહ્યું, પણ હું તમને પૂછું છું કે મારા જેવો પરાક્રમી કોઈ રાજકુમાર

છે? ત્યારે જ્યોતિષીઓ કહે છે સાહેબ! આપનાં ગ્રહો જોતાં એમ લાગે છે કે હમણાં તો આપને કોઈ જાતનો વાંધો નહિ આવે. પણ અમુક વર્ષો બાદ આપના કુળનો ઉચ્છેદ કરનાર અને યદુવંશનો ઉદ્ધાર કરનાર એક મહાન પુરૂષ જન્મશે. એના જ હાથે આપનો વિનાશ થશે. ત્યારે કંસ કહે છે બસ એટલું જ ને? એની શી ખાત્રી? એની કંઈ નિશાની બતાવો.

જ્યોતિષીઓ કહે છે કે તે બકાસુર આદિ રાક્ષસોનો વધ કરશે. કાળીનાગને નાથશે. આપનો વધ કરશે, તે સિવાય બીજા ઘણાં કાર્યો કરશે. ત્યારે કંસ પૂછે છે એ પુરૂષ કયાં જન્મ લેશે? ત્યારે જોષીઓ કહે છે સાહેબ! એ બીજે કયાંય નહિ પણ મથુરામાં જ યદુવંશી વસુદેવની પત્ની અને આપની બહેન દેવકીની કુખે જે સાતમો પુત્ર જન્મ લેશે તે જ તમારો સંહાર કરનાર થશે. તમારા સસરા જરાસંધનો વિનાશ કરી ત્રણે ખંડનો સ્વામી વાસુદેવ બનશે. અને સાધુસંતોની ખૂબ સેવા કરશે. આવી ભવિષ્યવાણી સાંભળીને કંસનું હૃદય કંપી ઉઠયું. છતાં પણ એક લગામ તેના હાથમાં હતી તેથી તેને શાંતિ હતી. દેવકીનાં લગ્ન હજુ થયાં નથી. જ્યારે એના લગ્ન થશે ત્યારે વસુદેવને કોઇ પણ રીતે બાંધી લઇશ. અને જ્યોતિષી કહે એ બધું જ સાચું હોય છે એવું કંઈ જ નથી.

એક વખત એવો પ્રસંગ બની ગયો કે કંસની પત્ની જીવયશા દેવકીનું માથું ઓળી રહી હતી. તે સમયે કંસના નાના ભાઈ જે દીક્ષા લઇને નીકળી ગયા હતા તે ફરતા ફરતા મથુરાનગરીમાં પધાર્યા અને કંસને ઘેર ગોચરી માટે આવ્યા. પોતાના દિયરને ગોચરી માટે આવેલા જોઈને બેફામ બનેલી જીવયશા ક્રોધમાં આવીને બોલવા લાગી કે તમારા ભાઈ આવા મોટા રાજ્યનાં ધણી, આવું મોટું રાજ્ય ચલાવે અને તું ઘેર ઘેર ટુકડા માંગતો ફરે છે? તમારામાં રળવાની તાકાત ન હોય તો કાંઈ નહિ, ઘરમાં બેસીને રોટલા ખાવ, પણ આ ઘરઘરના ટુકડા માંગીને અમારા કુળને લજવી રહ્યાં છો. તો તમારું આ ભિખારી-પણું છોડી દો. જીવયશાના ગર્વયુક્ત વચનો સાંભળી મુનિ કહે છે, આપ મને ટુકડા માંગનારો ભિખારી કહો છો પણ હું ભિખારી નથી.

"संजोगा विप्पमुक्कस्स, अणगारस्स भिक्खुणो ।
विणयं पाउकरिस्सामि, आणुपुव्वीं सुणेह मे ॥"
ઉ. સૂ. અ. ૧ ગાથા. ૧

હું બાહ્ય અને આભ્યંતર સંયોગોથી મુક્ત થયેલો નિગ્રંથ મુનિ છું. જે રીતે મને કલ્પે તે રીતે ભિક્ષાચરી કરું છું. આ રીતે શાંતપણે મુનિએ જીવયશાને કહ્યું. છતાં તે મન ફાવે તેમ બોલવા લાગી. એવામાં ત્યાં એક ગાય આવે છે. મુનિનું શરીર તપશ્ચર્યાથી સૂકાઈ ગયું છે, એટલે ગાયનું શીંગડું વાગતાં મુનિ પૃથ્વી ઉપર પડી જાય છે. આ મુનિ

સંસારમાં હતા ત્યારે ખૂબ બળવાન હતા. ભાભીએ મ્હેણું માર્યું હતું તેથી પોતાનું બળ બતાવવા તેણે કોઠાના ઝાડને એક મુઠ્ઠીથી જડમૂળથી ઉખાડી નાખેલું. આ મુનિને ગભડી પડેલાં જોઈને જીવયશા મટક ઉડાવતાં કહેવાં લાગી. અહો! કોઠાના ઝાડને મુઠ્ઠીથી ઉખાડી નાંખનાર દિયરીયા! આ તમારું બળ કયાં ગયું કે ગાયના શીંગડા અડવાથી આમ ગભડી પડયા.

ગમે તેમ તોય મુનિ છદ્મસ્થ હતાં. તેમણે ગાયને એક આંગળી ઉપર ધીમે રહીને ઉંચકી અને ત્રણ ફેરા ફેરવીને તેને દુઃખ ન થાય તે રીતે હળવે રહીને નીચે મૂકી દીધી. અને કહ્યું, દેખ હું નિર્બળ નથી પણ અમે સાધુ શક્તિનો અજમાશ ન કરીએ. આ ઇંચની લૂલી કાળો કેર કરે છે. આ ઇંચની લૂલી આ ફૂટના માનવીને જીવતો જલાવી દે છે માટે જ એક કવિએ કહ્યું છે કે:—

"લૂલીને વશ રાખો, ભાઈ, લૂલીને વશ રાખો."

જ્ઞાની કહે છે આ જીભ મીઠી ભાષા બોલવા માટે મળી છે. એનાથી એવી મધુર ને પ્રિય ભાષા બોલે કે માણસ શોકમાં ડૂબેલો હોય તો આનંદમાં આવી જાય. પણ જ્યાં આનંદનાં ઝરણાં વહેતાં હોય ત્યાં આનંદ શોકમાં ફેરવાઈ જાય તેવી ભાષા ન બોલશો.

જીવયશાના વચનથી મુનિ બોલી ગયા. જૈન મુનિઓ કોઈ દિવસ કોઈ જીવને દુઃખ થાય તેવી ભાષા બોલતા નથી. ભવિષ્યમાં આમ બનશે એમ કહેતાં નથી. પણ જો બોલી જાય તો તે પ્રમાણે બન્યા વિના રહેતું નથી. મુનિ કહે છે હે જીવયશા! તું આટલું બધું અભિમાન શા માટે કરે છે? જે ફૂલ ખીલે છે તે કરમાવવાને માટે જ ખીલે છે. સૂર્ય અસ્ત થવા માટે ઉદય પામે છે. તું તારા સૌભાગ્યના ચૂડા ઉપર આટલું અભિમાન કરી રહી છે તે, ખંડિત થવાનું છે. તારું સૌભાગ્યતિલક ભૂંસાઈ જવાનો સમય હવે નજીકમાં આવતો જાય છે. તું જેનું માથું ઓળી રહી છે એ જ દેવકી તારા પતિને મારનારની માતા બનશે. હું તને ક્રોધમાં આવીને શાપ નથી આપતો પણ ભવિષ્યમાં જે બનવાનું છે તે જ કહું છું. મારે તને કહેવાનો ઉદ્દેશ એ જ છે કે તું અભિમાનમાં પડી ગઈ છે, તો હવે તારૂં અભિમાન છોડી સાવધાન બન. આ પ્રમાણે કહીને મુનિ ચાલ્યા ગયા.

મુનિના વચનો સાંભળી જીવયશાનું મુખ ફિક્કું પડી ગયું. એનું હૈયું ધ્રુજવા લાગ્યું. આ જીવયશાનું મુખ જોઈને કંસ પૂછે છે: આજે તું આટલી બધી ચિંતાતુર કેમ બની ગઈ છે? આજે તો ઘરઘરમાં એવું બની ગયું છે કે માતા કરતાં પત્નીની મહત્તા વધારે છે. તમે બહારથી આવ્યાં. એક બાજુ તમારા શ્રીમતીજી માંદા થઈને સૂતા છે, બીજી તરફ માતા પલંગમાં માંદી થઈને સૂતી છે. હવે તમારું ચિત્ત કોની તરફ

આકર્ષાશે ? તમારી માતા તરફ કે પત્ની તરફ ? તમે પહેલાં કોની ખબર લેશો ? બોલો તો ખરા ! (સભા :– શ્રીમતીજી. (હસાહસ)

કંસ જીવયશાને ઉદાસીનતાનું કારણ પૂછે છે ત્યારે જીવયશાએ મુનિ પધાર્યા પછી બનેલી સઘળી હકીકત કહી. આ સાંભળી કંસ ભયભીત બની ગયો. અહો ! જોષીનાં વચન અને મુનિનાં વચન મળતાં જ આવે છે. જ્યોતિષીના વચન ખોટા પડે પણ ત્રણ કાળમાં મુનિનાં વચન મિથ્યા નહિ થાય. કંસ ભયભીત બની ગયો. શું આમ બનશે ? અંતરમાં ભય છે પણ એની પત્નીને કહે છે તું એવો ડર ન રાખીશ. અત્યારે તો મારા જેવો કોઈ બળવાન હોય એવું દેખાતું નથી. બીજું, જ્યારે દેવકીના લગ્ન થશે ત્યારે હું જોઈ લઈશ. વખત જતાં દેવકી મોટી થઈ અને તેના લગ્ન વસુદેવ સાથે કરવામાં આવ્યા. લગ્નવિધિ પત્યા બાદ જાનને રોકી છે. આ સમયે કંસે પોતાના બનેવી વસુદેવને કપટથી જુગાર રમવા બેસાડયા. વસુદેવને રમવાનાં ભાવ ન હતાં. પણ સાળાના અતિ આગ્રહથી રમવા બેઠા. આજે તમે પણ લગ્નમાં જાવ છો ત્યારે જુગાર રમો છો તે સાચી વાત છે ? બંધુઓ ! જુગાર સાત વ્યસનો માંહેનું એક વ્યસન છે.

> द्युतं च मांसं च सुरा च वेश्या । पापार्द्धि चोरी परदार सेवा ॥
> एतानि सप्तानि व्यसनानि लोके, घोरातिघोरं नरके पतन्ति ॥"

ધર્મરાજા જેવા સત્યનિષ્ઠ પુરૂષ જુગાર રમ્યા તો કેટલો અનર્થ થઈ ગયો ! તેમાં ધર્મરાજાને જુગાર રમવાના ભાવ ન હતા. કૌરવોએ એમને કપટથી રમવા બેસાડયા અને તે રમ્યા. અને તે રમ્યા તો એવું રમ્યા કે સતી દ્રૌપદીને પણ હોડમાં મૂકી દીધી. એને કારણે મોટું મહાભારત સર્જાઈ ગયું. અહીં પણ કંસે કપટથી વસુદેવને જુગાર રમવા બેસાડયા. રમતાં પહેલાં જ કંસે વસુદેવની સાથે એવી શરત કરી કે જો હું હારી જાઉં તો મારું રાજ્ય તમને સોંપી દઉં. અને જો તમે હારી જાવ તો મારી બહેન દેવકીની સાત સૂવાવડો મારે ત્યાં જ થવી જોઈએ. વસુદેવના મનમાં કપટ ન હતું. તેમણે એ જ વિચાર કર્યો કે દેવકી એના ભાઈને ઘેર સૂવાવડ કરે તેમાં મને શો વાંધો છે ? આ તો તેનું પિયર છે એટલે વચનથી બંધાઈ ગયા. સાથે મનમાં એ વિચાર આવ્યો કે આને એવી ખબર કયાંથી પડી કે દેવકીને સાત પુત્રો થવાનાં છે ! કંસના કપટને એ જાણી શકયા નહિ. વચનોથી બંધાઈ ગયા. પરિણામે તેઓ જુગારમાં હારી ગયા.

વખત જતાં દેવકીની સૂવાવડનો પ્રસંગ આવ્યો. કંસને ઘેર દેવકી આવે છે. દેવકીને જે સંતાન જન્મે તેને તરત જ મારી નાંખવું એવો કંસનો ઈરાદો છે. દેવકીની સૂવાવડના સમયે હરણુગમેષી દેવતાઓ તૈયાર જ હોય છે. દેવકીને પુત્ર જન્મતાંની સાથે તે દેવ એને ઉપાડીને લઈ જતો અને મરેલી પુત્રીને લાવીને મૂકી દેતો. આ રીતે છ છ વખત દેવકીની સૂવાવડોમાં બન્યું. આ દેવકીના પહેલાં છ પુત્રો કયાં ઉછર્યા હતાં તે તો તમે જાણો છો ને ?

" ભદ્દીલપુર નગરી, નાગ ગાહાવઇ જાણુ,
સુલસા ઘેર વધિયા, સાંભળી નેમીની વાણુ. "

પુત્રોનો જન્મ થતાંની સાથે જ ભદ્દીલપુર નગરીમાં હરણુગમેષી દેવ મૂકી આવતો અને સુલસાની કુંખે જે મરેલી પુત્રી જન્મતી તે દેવકી પાસે લાવીને મૂકી દેતો. કંસ વિચાર કરતો કે આ તો મરેલી પુત્રીઓ જ જન્મે છે. એને સાતમા ગર્ભનો ભય છે. હવે દેવકી સાતમી વખતે ગર્ભવંતી છે. આ વખતે કંસ ખૂબ સાવચેત હતો. તેણે પહેલેથી જ દેવકી અને વસુદેવને કારાગૃહમાં પૂરી દીધા હતા. અને ચારે બાજુ ચોકી-પહેરો ગોઠવી દીધો હતો. કંસ રાહ જોઈને બેઠો હતો કે કયારે દેવકીને પુત્રનો જન્મ થાય અને હું તેને મારું ! પણ જ્યાં ઉત્તમ પુરૂષોનો જન્મ થાય છે ત્યાં પ્રતિકૂળ સંયોગો પણ અનુકૂળ બની જાય છે.

દેવકીને પહેલાં ગર્ભ રહેતો ત્યારે તે સિંહનું સ્વપ્ન જોતી હતી. પણ આ વખતે તેણે સાત ઉત્તમ સ્વપ્નો જોયા હતા. તેથી વસુદેવ અને દેવકીના દિલમાં આનંદ હતો કે આ વખતે વીર, સાહસિક, પરાક્રમી અને સાધુ સંતોની ભક્તિ કરનાર પુત્રનો જન્મ થશે. માટે આ વખતે ગમે તેમ થાય પણ પુત્રનું રક્ષણ કરવું. દેવકીએ પહેલેથી જ પોતાની બાલપણની સખી યશોદા જે ગોકુળમાં રહેતી હતી, જે નંદ ભરવાડની પત્ની હતી, તેની સાથે સંકેત કરી રાખ્યો હતો. સંયોગ પણ કેવો હતો ! દેવકી અને યશોદા બંને એક સાથે ગર્ભવંતી હતા. આ કૃષ્ણનો જન્મ થતાંની સાથે જ ચમત્કાર થયો. મહાનપુરૂષોના જન્મ પહેલાં પણ કેટલો ચમત્કાર થાય છે ! જયારે ભગવાન શાંતિનાથ માતાના ગર્ભમાં આવ્યા ત્યારે ગામમાં મરકીનો રોગ ફેલાઇ ગયો હતો, લાખો માણસો મરી જતાં હતાં તે વખતે ભગવાન શાંતિનાથની માતાએ અગાશીમાં જઈને નગરમાં ચારે તરફ દૃષ્ટિ ફેરવી ત્યાં મરકીનો રોગ શાંત થઈ ગયો. મહાન પુરૂષોના જન્મ પહેલાં પણ આટલો આટલો પ્રભાવ હોય છે.

કૃષ્ણના જન્મનો સમય થતાં ચોકીપહેરાવાળા બધા ઘોર નિદ્રામાં પડી ગયા. આખું ગામ ઊંઘે છે. વસુદેવની બેડીઓ તૂટી જાય છે. આ કૃષ્ણનો જન્મ થતાં જ ટોપલામાં લઈ વસુદેવ ગોકુળમાં યશોદાને ઘેર મૂકી આવે છે અને યશોદાને તે જ સમયે મરેલી પુત્રીનો જન્મ થયો હતો તે લઈ આવે છે અને દેવકીની પાસે મૂકી દે છે. આ વાતની કોઈને કંઈ જ ખબર પડી નહિ. સવાર પડતાં કંસને ખબર પડી કે દેવકીને પ્રસૂતિ થઇ. એટલે દોડતો આવ્યો અને પુત્રની માંગણી કરી. ત્યારે મરેલી પુત્રી આપી. આ જોઈને કંસ ખૂબ નાચ્યો ને કૂદ્યો. અને ગર્વિષ્ઠ બનીને બોલવા લાગ્યો કે અહો ! મુનિના અને જ્યોતિષીનાં વચન ખોટાં પડ્યાં. તેમણે તો કહ્યું હતું કે સાત પુત્રો થશે એને બદલે આ તો સાતે ય મરેલી પુત્રીઓ જ જન્મી છે. હવે મને આ દુનિયામાં કોણ મારનાર છે ? આ

કંસે મરેલી પુત્રીને પણ પગથી ઝાલીને શીલા સાથે પટકી. મૃત કલેવર ઉપર પણ એણે ક્રોધ કરવામાં બાકી ન રાખ્યું.

હવે કંસ તો નિર્ભય બનીને બેફામ રીતે વર્તન કરવા લાગ્યો. એનું અભિમાન વધવા લાગ્યું. જે કાંઈ છે તે હું જ છું તેમ તે સમજતો હતો. જ્યોતિષીઓને બોલાવીને કહે છે જુઓ! તમારા વચન ખોટા પડયાં. ત્યારે જ્યોતિષીઓ કહે છે સાહેબ! તમે ભૂલ ખાવ છો. તમારો દુશ્મન જન્મી ચૂક્યો છે. અને એ મોટો થઈ રહ્યો છે. કંસ કહે છે કે એની શું ખાત્રી! તો કહે છે એ તમારાં મલ્લોને અને તમારા મુખ્ય મદોન્મત્ત બળદોને ચપટીમાં ચોળી નાંખશે.

આ માતા દેવકીને સાત-સાત પુત્રો થયા પણ તેણે પુત્રોને લાડ કરાવ્યા નહિ, હુલાવ્યા, ફુલાવ્યા નહિ. દૂધપાન કરાવ્યા નહિ. પહેલાં છ પુત્રોની તો એમને ખબર નથી પણ સાતમો પુત્ર યશોદાને ત્યાં છે એ તો જાણતાં હતાં. એટલે દેવકી કોઈ કોઈ વખત પોતાના પુત્રને વ્હાલ કરવા છાનીમાની ગોકુળમાં જઈ આવતી અને દૂધપાન કરાવી આવતી. એમ કરતાં કરતાં કૃષ્ણ કિશોરઅવસ્થામાં આવ્યા. આ તરફ કંસને પણ વિચાર થયો કે લાવ મારા બળદોને છૂટા મૂકાવું. જો મારો દુશ્મન જીવતો હશે તો જોષીનાં વચન સાચા પડશે. આ બળદો ખૂબ ઉન્મત બનેલાં છે. એને છૂટા મૂકવામાં આવ્યાં. એટલે એ ફરતાં ફરતાં યમુનાના તીરે આવ્યાં. તોફાની બળદોને જોઇને લોકો ડરવા લાગ્યા. બધા પોતાના ઘરમાં પેસી જાય છે ત્યારે પોતાના લાડીલા કૃષ્ણને કહે છે બેટા! આ બળદો બહુ તોફાની છે, તે તને મારી નાંખશે, માટે આપણાં ઘરમાં પેસી જા. પણ આ કંઈ કાયર ન હતો. આટલા માણસોને રંજાડે છે એવા બળદોને વશ કર્યા વિના એને કેમ જંપ વળે! યશોદાનો ઝાલ્યો ન રહ્યો. બળદોને શીંગડેથી પકડીને ચપટીમાં મચ્છર-ની જેમ ચોળી નાખ્યા. આવું કૃષ્ણનું શૌર્ય હતું, પરાક્રમ હતું, કારણ કે તે વાસુદેવ હતાં. હજુ કૃષ્ણે કેવા કેવા પરાક્રમો કર્યા છે એ મુખ્ય વાત તો બાકી છે. સમય થઈ ગયો છે પણ આજે અમીચંદજી મહારાજની પુણ્યતિથી હોવાથી તેમના વિષે કહેવાનું છે. એટલે કૃષ્ણવાસુદેવના જીવનની વિશેષતાઓ અવસરે કહેવાશે.

આજે પૂજ્ય અમીચંદ્રજી મહારાજ સાહેબની પુણ્યતિથી છે. પૂ. અમીચંદ્રજી મહારાજ અમી જેવા હતાં. જેવા નામ તેવા જ તેમના જીવનમાં ગુણો હતાં. અમી મોંઘું હોય, એના કૂંડા ભરવાના ન હોય. અમીના એક બિન્દુની ઘણી કિંમત હોય છે. અમીનું એક બિંદુ મળે તો કામ થઈ જાય છે. તો જેના જીવનમાં અમી ભર્યું હોય તેમની તો વાત જ શી કરવી? મહારાજ સાહેબ પૂજ્ય પુરૂષોત્તમજી મહારાજના લાડીલા શિષ્ય રત્ન હતા. તેમનો જન્મ ૧૯૯૮ ની સાલમાં અરજણ ગામમાં થયો હતો. માતાનું નામ મૂળી બહેન અને પિતાનું નામ ઠાકરશીભાઈ હતું. મહાન પુરૂષોનાં નામનું સ્મરણ

કરતાં એમના ગામનું તેમજ તેમના માતા-પિતાના નામનું પણ સ્મરણ થાય છે. આ રાજકોટને આંગણે પણ જો આવો વીર રત્ન જાગે તો રાજકોટનું નામ અમર બની જાય છે. આ અમીચંદજી મહારાજે રાજગૃહી સમાન રાજકોટ ગામમાં જ સંવત ૧૯૯૧ ના મહા વદી પાંચમ ને શનિવારે કર્મોને તોડનારી, આત્મ સાધના સાધનારી, મહામંગલકારી ભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા લઈને પૂ. અમીચંદજી મહારાજે પોતાના જીવનમાં તપ-સંયમ અને સેવાની સૌરભ ફેલાવી હતી. તેમના જીવનમાં દરેક જીવો પોતાનું કલ્યાણ કેમ સાધે એવી ઉમદા ભાવનાનો શ્રોત વહેતો હતો.

વડીયામાં શિક્ષણશાળા ચાલે છે. જ્યાં અનેક સંત-સતીજીઓ જ્ઞાનનો લાભ લે છે. પૂ. જશરાજજી મહારાજને ભણવાની જિજ્ઞાસા હતી એટલે તેમની સાથે પૂ. અમીચંદજી મહારાજ વડિયા પધાર્યા. તેઓ ત્યાં જશરાજજી મહારાજને જ્ઞાન આપતાં ખૂબ આનંદથી રહેતા અને વડિયા સંઘમાં ધર્મનો મહાન ઉદ્યોત કર્યો. પછી થોડા સમયમાં અચાનક બિમારી આવી, બિમારીમાં પણ મહાન પુરૂષો પોતાની સાધનામાં તત્પર રહે છે. આત્માર્થી જીવોને મન મૃત્યુ પણ મહોત્સવ હોય છે. એમને મરણનો ડર હોતો નથી. સમતા ભાવે વ્યાધિઓને સહન કરતાં છેવટે સંવત ૨૦૨૨ ની સાલે શ્રાવણ વદી આઠમ ને સોમવારે વડીયા શહેરમાં પૂ. અમીચંદ્રજી મહારાજ નશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગે સિધાવી ગયા. એમનો જીવનદીપક બૂઝાઈ ગયો. આવા મહાન પુરૂષની આજે પુણ્યતિથિ છે. પૂ. અમીચંદજી મહારાજનો શ્રી સંઘ ઉપર અને સમાજ ઉપર મહાન ઉપકાર છે. એમણે શાસનની ખૂબ સેવા કરી છે. તેમના ઋણમાંથી મુક્ત થવા આપણે આજે કંઈ ને કંઈ વ્રત-પચ્ચખાણ અવશ્ય કરવા જોઈએ. પૂ. ગુરૂદેવની શ્રદ્ધાંજલી નિમિત્તે યથાશક્તિ વ્રત-પ્રત્યાખ્યાન કરશો. એટલું કહી બંધ કરું છું.

વ્યાખ્યાન.....નં. ૩૮

શ્રાવણ વદ ૯ ને મંગળવાર તા. ૨૫-૮-૭૦

ત્રણે કાળે સિદ્ધ થયેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત.

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં ભૃગુ પુરોહિતના બે પુત્રો દેવભદ્ર ને યશોભદ્ર જેના અંતરનાં પ્રાંગણમાં વૈરાગ્યભાવના કુવારા ઉડી રહ્યા છે. જીવને જ્યારે સ્વ-સ્વરૂપની પીછાણ થાય છે અને સ્વની પીછાણ થતાં સંસારના કામભોગો-વિષય વાસનાઓ, એ બધું એને એક વેઠ રૂપ લાગે છે. કામભોગો કાતીલ ઝેર

જેવા લાગે છે. જેમ કોઈ માણસે ચાર શેર ઘીનો મેસૂબ બનાવ્યો હોય, મેસૂબ ખૂબ સુંદર બનીવાળો બન્યો છે. હાથમાં બટકું લઈને ખાવા બેઠા ત્યાં કોઇએ કહ્યું કે, બમો, ખાતા નહિ. આટલાં જ શબ્દો સાંભળતાં મેસૂબનું બટકું તમારા હાથમાં જ રહી જાય છે. તમને કહેવામાં આવે કે એમાં ઝેર પડયું છે. પછી એ ઝેર કોણે નાંખ્યું, કોણે બાધું અને કોણ મરી ગયા ? એની ખાત્રી કરવા જતા નથી. પણ બસ, બબર પડી કે એમાં ઝેર છે ત્યાં જ તમે એ મેસૂબને છોડી દો છો. કારણ કે ત્યાં તમે સમજો છો કે ઝેર પેટમાં જાય તો મરી જવાય. તે જ રીતે જ્ઞાનીઓ કહે છે કે હે આત્મા ! એ તો દ્રવ્ય ઝેર છે પણ કામ ભોગ એ તો ભાવ ઝેર છે. પેલું ઝેર તો એક જ ભવ બગાડશે પણ તમારી ઇન્દ્રિઓમાં જે કામવાસનાઓ ભરી છે એ તો તમારા ભવોભવ બગાડશે.

ભૃગુ પુરોહિતના બે પુત્રોને કામભોગો વિષના કટોરાથી પણ ભયંકર લાગ્યા છે. તેથી તેઓ કામભોગથી વિરકત બન્યાં છે.

"ते कामभोगेसु असज्जमाणा, माणुस्सएसु जे यावि दिव्वा"

દેવતા મનુષ્ય અને તિર્યંચ સંબંધી કામભોગો એમને કાતીલ ઝેર જેવા લાગ્યા છે. વિષ બે પ્રકારના છે. એક વિષ વર્ષો સુધી સાથે લઈને ફરવામાં આવે તો પણ કંઇ જ નુકસાન થતું નથી. બીજું વિષ એવું છે કે જેને હથેળીમાં રાખવામાં આવે તો પણ મનુષ્યના માથાની બોપરી ઉડાવી દે છે. એવું તાલકૂટ નામનું ભયંકરમાં ભયંકર ઝેર છે. તેમ આ ઇન્દ્રિયજન્ય કામભોગો પણ તાલકૂટ ઝેર જેવાં છે. જીવે મનુષ્ય અને તિર્યંચ સંબંધી ભોગો ભોગવ્યા છે. પણ હજુ એને વિષયોથી તૃપ્તિ થઈ નથી. ભોગોથી અનંત સંસાર વધે છે માટે તેને છોડો. અને બ્રહ્મચર્યનું પાલન કરો. બ્રહ્મચર્યનું પાલન કરવા માટે શું કરવું જોઈએ તે માટે દશવૈકાલિક સૂત્રમાં ભગવાને કહ્યું છે કે—

"जहा कुक्कुड पोयस्स, निच्चं कुललयो भयं।
एवं खु बंभयारिस्स, इत्थी विग्गहओ भयं॥"

દ. સૂ. અ. ૮ ગાથા ૫૪

હે સાધક ! જો તારે અખિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તો હમેશાં સ્ત્રીના સંસર્ગનો ત્યાગ કરો. જેમ કુકડાનાં બચ્ચાંને સદા બિલાડીનો ભય હોય છે તે જ રીતે બ્રહ્મચારીઓને પણ સદા સ્ત્રીઓનો ભય છે.

આ બે કુમારોને સંયમનો રંગ લાગ્યો છે અને કામભોગ તો કાંટા જેવા, વિષથી પણ ભયંકર લાગ્યા છે. તેવા મોક્ષના અભિલાષી પુત્રો "तातं उवागम्म इमं उदाहु।" એમના માતા-પિતાને સમજાવી રહ્યાં છે.

દેવાનુપ્રિયો ! આ જગત ઉપર હિંસાનું તાંડવ વધ્યું. અજ્ઞાની લોકો હિંસામાં

ધર્મ માનવા લાગ્યા. બકરાં, હરણ, પાડા આદિ નિર્દોષ મૂંગા પ્રાણીઓને યજ્ઞમાં હોમવા લાગ્યા, ત્યારે એ હિંસાનું નિવારણ કરવા માટે મહાવીર સ્વામીનો જન્મ થયો. તે જ રીતે જ્યારે દુષ્ટોનો ઉપદ્રવ વધ્યો ત્યારે એ દુષ્ટોનું દમન કરવા માટે કૃષ્ણવાસુદેવનો જન્મ થયો. શ્રી કૃષ્ણે છ દુષ્ટો ઉપર વિજય મેળવ્યો હતો. (૧) કાળીનાગ (૨) કંસ (૩) જરાસંધ (૪) દુર્યોધન (૫) કાળયવન (૬) નરકાસુર.

કાળીનાગ એ ભયંકર હતો. એને કોઇ વશ કરી શકતું ન હતું, પણ કૃષ્ણ તો રમતાં રમતાં એની પીઠ ઉપર ચઢી ગયા. એક હાથમાં બંસરી છે. બંસરી બજાવતાં બજાવતાં બીજે હાથે એનું મસ્તક છેદી નાંખ્યું. એનું મસ્તક છેદી નાંખ્યું ત્યાં બીજું મસ્તક તૈયાર થઈ ગયું. બીજું છેદયું ત્યાં ત્રીજું બનાવ્યું. એ રીતે જેમ જેમ કૃષ્ણ કાળીનાગનાં મસ્તક છેદતાં ગયાં તેમ તેમ નવા મસ્તકો બનતાં ગયાં. એમ કરતાં એક હજાર મસ્તક બનાવ્યા. અને કૃષ્ણે કાળીનાગનાં હજાર મસ્તકોને એક હાથે છેદી નાંખ્યા. અને દુષ્ટ કાળી નાગનો સંહાર કર્યો.

બીજો દુષ્ટ કંસ :–એ મહાન પાપી અને અભિમાની હતો. કંસ કૃષ્ણનો મામો હતો. એના વિષયમાં ગઈ કાલે કહેવાયું છે. એ માનતો હતો કે દુનિયામાં મારા જેવો કોઈ પરાક્રમી છે જ નહિ. પણ કહેવત છે ને કે "શેરને માથે સવા શેર" એ કહેવત કૃષ્ણે સાર્થક કરી. એક દિવસ કૃષ્ણે કંસના અભિમાનના ચૂરેચૂરા કરી નાંખ્યા, અને એની સારી મસ્તી ધૂળમાં મિલાવી દીધી. જ્યારે કંસનો વધ થયો ત્યારે જીવયશા ધમધમ કરતી એના પિતા જરાસંધ પાસે આવીને કહેવા લાગી. અહો પિતાજી ! આપ તો પ્રતિવાસુદેવ છો, આપનાં બેઠાં કૃષ્ણે મને રંડાપો આપ્યો. જો તમે શક્તિશાળી હો તો કૃષ્ણનો નાશ કરો. જેથી મારા આત્માને શાંતિ વળે. ત્યારે અભિમાની જરાસંધ કૃષ્ણની સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. એ યુદ્ધમાં કૃષ્ણે જરાસંધનો વધ કર્યો. જીવયશા પોતે વિધવા થઈ અને એની માતાને પણ રંડાપો અપાવ્યો. એટલે ત્રીજો જરાસંધનો વધ કર્યો. ચોથો દુષ્ટ દુર્યોધન જેણે ભરસભામાં દ્રૌપદીના ચીર ખેંચ્યા હતાં તેનો વધ કર્યો. તેમજ પાંચમો નરકાસુર અને છઠ્ઠો કાળયવન આ છ પાપી પુરૂષોનો જન્મ થયો ત્યારે તેનો નાશ કરવા માટે આ પ્રતાપી પુરૂષનો જન્મ થયો હતો.

દેવાનુપ્રિયો ! કૃષ્ણે જેમ છ દુષ્ટો ઉપર વિજય મેળવ્યો તેમ જીવને પણ છ દુષ્ટો ઉપર વિજય મેળવવાનો છે. આત્માની સામે પણ છ દુષ્ટો ઉભા છે, તેનો નાશ કરવા માટે આત્મા એ શ્રીકૃષ્ણ જ છે. એ છ દુષ્ટો કયા છે તે તમે જાણો છો ? કામ–ક્રોધ–મદ–મત્સર–ઈર્ષ્યા અને તૃષ્ણા. તમે પણ આ છ દુષ્ટો ઉપર વિજય મેળવો. તમારી સામે પણ કાળી નાગ ફુંફાડા મારે છે. તમે એને જોઈ શકો છો ? હું તમારી બધાની પાસે એ કાળીનાગ જોઉં છું. બોલો....એ કાળી નાગ કોણ હશે ? તમારી તૃષ્ણા એ કાળી નાગણી સમાન છે.

એ તૃષ્ણા સમાન કાળી નાગણીને તમે છેદી નાંખો. નહિતર તમારા જીવનને ઝેરમય બનાવી દેશે. આજે તમને એક ઈચ્છા થાય છે એ પૂરી ન થાય ત્યાં મનમાં બીજી ઈચ્છા તૈયાર થઈ જાય છે. તમે માનતા હો કે હું ગરીબ છું તો જરા સારી સ્થિતિ થાય તો ધર્મધ્યાન કરું. હવે તમારી ઈચ્છા પાંચ હજાર મળે તો પચાસ હજારની. પચાસ હજાર મળે તો લાખની ઇચ્છા થાય અને લાખ મળે તો પાંચ લાખ ને કરોડની ઈચ્છા થાય. આમ ઇચ્છાઓ તો વધતી જ જાય છે. પાંચ લાખ મળી જાય તો એમ થાય કે હવે તો મોટર વસાવું. મોટર વસાવી ત્યાં આધુનિક ટાઇપનો બંગલો બંધાવી દઉં. એ બની ગયો ત્યાં થાય કે હવે તો એરકંડીશન જોઈએ. એરકંડીશન આવે તો હવે ઘરમાં જ બગીચો બનાવી દઉં. બહાર ફરવા જવાની પણ જરૂર ન રહે. બોલો! તમારી તૃષ્ણાનો અંત આવે ખરો? કાળીનાગના માથાં તો ગણત્રીનાં જ હતાં, પણ તમારી ઈચ્છા તો કેવી છે?

"इच्छा उ आगास समा अणंतया"

આકાશનો જેમ અંત નથી તેમ ઈચ્છાનો કદી અંત નથી. જો તમારે સુખી થવું હોય તો કામ–ક્રોધ–મદ–મત્સર–ઈર્ષા આદિ શત્રુઓનો જડમૂળથી નાશ કરો. કૃષ્ણને એની માતાએ જન્મ આપ્યો હતો. તમને પણ તમારી માતાએ જન્મ આપ્યો છે. એ પણ એક માનવી જ હતો. આપણે પણ માનવી છીએ. ધારીએ તે કરી શકીએ છીએ. ભલે એક પુત્ર હોય પણ શૂરવીર હોવો જોઇએ. એક કવિએ કહ્યું છે કે—

"જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર,
નહીંતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર."

હે માતા! તું જન્મ આપે તો એવા પુત્રને જન્મ આપજે કે કાં તો તે ભક્ત હોય, કાં તો દાતાર હોય અને કાં તો શૂરવીર હોય! જો આવો પુત્ર ન હોય તો તું વાંઝણી રહેજે. પણ નમાલા પુત્રને જન્મ આપીશ નહિ. જેનું ચારિત્ર શુદ્ધ છે, જે વિશેષ પ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરે છે. એ જ શૂરવીર પુત્ર પેદા કરી શકે છે. વિષયલોગના કીડા તો કીડા જેવા પુત્રો જ પેદા કરે છે. એના કરતાં વાંઝીયા રહેવું એ શ્રેષ્ઠ છે. કૃષ્ણે જન્મ લઈને અનેક દુઃખીઓના દુઃખો દૂર કર્યા છે. તેમનું જીવન સદા પરોપકારમય હતું.

ગીતામાં અર્જુનને ઉપદેશ આપતાં કૃષ્ણ બોલ્યા છે કે હે અર્જુન! જ્યારે પૃથ્વી ઉપર પાપનો ભાર વધશે ત્યારે પાપનો ભાર ઉતારવા હું જન્મ લઈશ. આ શબ્દોના આધારે એક કવિએ એની કલ્પના શક્તિથી એક રૂપક બનાવ્યું છે. આ કવિની કલ્પના છે.

શ્રદ્ધાનંદ નામનો એક માણસ બ્રહ્માજીની પાસે ગયો. જઇને કહ્યું. પ્રભુ! "એક સંદેશો લઈને આવ્યો છું. હું કૃષ્ણની સામે એક ફરિયાદ લઇને આવ્યો છું. બ્રહ્માજી

કહે છે ભાઈ! તારે વળી કૃષ્ણની સામે શી ફરિયાદ કરવાની છે? બ્રહ્માજી કૃષ્ણને કહે છે કે મૃત્યુલોકમાંથી મૃત્યુલોકના માનવીનો પક્ષ લઈને શ્રદ્ધાનંદ વકીલ તમારી સામે ફરિયાદ કરવા માટે આવ્યાં છે? તો હે કૃષ્ણ! તમે કોઈ વકીલ તૈયાર રાખ્યો છે કે નહિ? કૃષ્ણ કહે છે." મારો કોઈ વકીલ નથી. મારો વકીલ હું પોતે જ છું. એમને જે ફરિયાદ કરવી હોય તે ખુશીથી કરે. હું તેનો ન્યાય કરવા તૈયાર છું.

શ્રદ્ધાનંદ કહે છે હે કૃષ્ણ! આપના મુખના જ શબ્દો છે. કુરૂક્ષેત્રના યુદ્ધમાં અર્જુનને ઉપદેશ આપતાં આપ બોલ્યાં છો કે "હે અર્જુન! જ્યારે જ્યારે પૃથ્વી ઉપર અધર્મ વધશે ત્યારે હું જન્મ લઈશ. તો અત્યારે આ પૃથ્વી પર પાપના ભાર વધી રહ્યા છે. આપના વચનનું પાલન કરવા આપ હજુ સુધી કેમ જન્મ લેતાં નથી?

ત્યારે શ્રી કૃષ્ણ કહે છે : મેં કહ્યું હતું તે વાત બરાબર છે. પણ મેં એમ કહ્યું હતું કે "જ્યારે જ્યારે પૃથ્વી ઉપર પાપ વધશે ત્યારે પવિત્ર દેવકી માતા જેવી માતા અને વસુદેવ જેવા પિતા હશે તો હું જન્મ લઈશ." બોલો, શ્રદ્ધાનંદ, વસુદેવ પિતા અને દેવકી માતા મૃત્યુ લોકમાં છે? તો હું જન્મ લેવા તૈયાર છું. પણ જો એવા પવિત્ર માતા-પિતા ન હોય તો હું કોને ત્યાં જન્મ લઉં! બંધુઓ! વિચાર કરો. મહાન પુરૂષોને જન્મ દેતાં પહેલાં એના માતા-પિતાને પણ મહાન બનવું પડે છે. પુત્રોના જીવનનું ઘડતર કરતાં પહેલા માતા-પિતાએ પોતાનું જીવન ચારિત્રમય બનાવવું પડે છે.

કૃષ્ણ કહે છે-હું તમારી પૃથ્વી ઉપર કેવી રીતે જન્મ લઉં? હું ન આવ્યો પણ મેં મારા સાથીદારોને પહેલાં જોવા મોકલ્યા કે પૃથ્વી ઉપર કેવું તંત્ર ચાલે છે તેની તપાસ કરી આવો. તો તેમને તમારી પ્રજાએ ગોળીબાર કરીને ઉડાવી દીધાં. એ હતા મોહનદાસ કરમચંદ ગાંધી. એમણે આપણા દેશને માટે કેટલાં કષ્ટો સહન કર્યા! દેશની કેટલી સેવા કરી! છતાં તમારી પ્રજા આવા રત્નોને સાચવી ન શકી. ત્યાર પછી હે શ્રદ્ધાનંદ! મેં મારા પાંચ પાંડવોને મોકલ્યા. તેમને પણ તમે સાચવી શકયા નહિ.

ધર્મરાજા સમાન અબ્દુલગફારખાનને મોકલ્યા. અબ્દુલગફારખાન એક પઠાણ હતાં. પોતે હિંસક કોમમાં જન્મેલા હોવા છતાં જેની રગેરગમાં અહિંસાની જ્યોત જલી હતી, તેઓ મહાન ચારિત્રવાન અને નીતિજ્ઞ હતાં. એવા ધર્મરાજા સમાન અબ્દુલગફારખાનને મોકલ્યા. ત્યાર પછી અર્જુન સમાન મહાન બુદ્ધિશાળી અને પ્રભાવશાળી પંડિત જવાહરલાલ નહેરૂને મોકલ્યા. એ જવાહરલાલ પણ દેશનું જવાહીર હતું. સાચા કોહીનુર હતા. ભીમ જેવા બહાદુર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલને મોકલ્યાં. ભીમ મહાન સાહસિક વીર હતો તેમ વલ્લભભાઈ પણ મહાન સાહસિક હતાં. ગમે તેવી મુશ્કેલીમાં પણ તેઓ ગભરાતા નહિ. દુઃખ સહન કરીને તેમનું શરીર વજ્ર જેવું બની ગયું હતું. એટલે વલ્લભભાઇને બધા લોખંડી પુરૂષ કહેતાં. એવા વલ્લભભાઈ પણ ચાલ્યા ગયા.

સહદેવ જેવા મોલાના આઝાદને મોકલ્યા અને નકુળ જેવા સુભાષબાબુને મોકલ્યા. તો તેમને પણ તમે ગુમ કરી દીધા. દુનિયા પાપમય બની ગઈ છે. તેમાં પવિત્ર પુરૂષો કયાંથી જન્મ લે!

બંધુઓ! ગઈ કાલે અને આજે બે દિવસમાં તમે કૃષ્ણના વિષયમાં ઘણું સાંભળ્યું છે. એમણે જીવનમાં ઘણાં શુભ કાર્યો કર્યા છે. તેઓ આવતી ચોવીસીમાં "અમમ" નામના બારમા તીર્થંકર થવાના છે. આવા ત્રિખંડ અધિપતિ કૃષ્ણ વાસુદેવનું જીવન સાંભળીને જીવનમાં કંઈક ગુણો અપનાવો અને યથાશક્તિ પ્રત્યાખ્યાન લેજો. જુગાર રમતા હો તો જુગારનો ત્યાગ કરજો. વ્યસનોનો ત્યાગ, કાંદા, કંદમૂળનો ત્યાગ અને રાત્રીભોજનનો ત્યાગ કરી જીવનમાં પરભવનું ભાથું બાંધજો. ત્રણ દિવસ પછી અઠ્ઠાઇઘરનો પવિત્ર દિવસ આવે છે. ઘરઘરમાં અઠ્ઠાઇ કરવાની દાંડી પીટાવજો. રાજકોટ શહેરમાં એક ગાડી સ્ટાર્ટ થઈ છે. એમાં મોટા મોટા પેસેન્જરોએ તો તેમના નામ નોંધાવી દીધા છે. હવે અઠ્ઠાઈ કરવા તૈયાર થજો અને એ તપ રૂપી ગાડીમાં શ્રદ્ધા રાખીને બેસી જજો.

"માયા નગરનું સ્ટેશન મોટું, ગાડી થંભી જાય છે,
શ્રદ્ધાળુ તો બેસી રહ્યાં ને બીજા ઉતરી જાય છે.,
બેસવું હોય તો બેસી જાજો, ગાડી ઉપડી જાય છે."

અઠ્ઠાઇઘરના દિવસે ઉપવાસ કર્યો અને અઠાઈ કરવાના ભાવ છે. પણ બીજે દિવસે તમારા શ્રીમતીજી કે માતાજી ગરમ ગરમ રાબડી–ભગ ને સૂંઠ બનાવીને કહે કે, હવે પારણું કરી લો. તે વખતે આ ગાડી અટકી ન જાય. તમે મન મક્કમ કરીને અઠ્ઠાઈ કરી લેજો, નહિતર પછી પસ્તાવો થશે. સમય થઈ ગયો છે. વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૩૯

શ્રાવણ વદ ૧૦ ને બુધવાર તા. ૨૬–૮–૭૦

અનંત જ્ઞાની શાસ્ત્રકાર ભગવંતે અસીમ કૃપા કરીને શાસ્ત્રરૂપી વાણીનો કુવારો ઉઠાડયો. એ જ્ઞાન કુવારાના બિંદુઓ જેણે પોતાના અંતરમાં ઝીલી લીધા છે તે આત્માઓને આ સંસાર બંધનરૂપ લાગે છે. ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં ભૃગુ પુરોહિતના બે પુત્રોને મોક્ષ તરફની તીવ્ર રૂચિ જાગી છે

અને સંસાર તરફની અરૂચિ થઈ છે. એવા બે પુત્રો "तायं उवागम्म इमं उयाहु" એના પિતાજી પાસે આવીને શું કહે છે?

"असासयं दट्ठु इमं विहारं, बहु अंतरायं न य दीहमाउं।
तम्हा गिहंसि न रइं लभामो, आमन्तयामो चरिस्सामु मोणं॥"

ઉ. સૂ. ૧૪ ગાથા ૭

આ બાળકો કહે છે હે પિતા! આ મનુષ્ય જન્મરૂપી નિવાસ સ્થાન અશાશ્વત છે. જેમને મોક્ષની અભિલાષા થઈ છે તેઓને દેવ અને મનુષ્ય સંબંધી કામભોગો પ્રત્યે દુગંછા ઉત્પન્ન થાય છે અને જન્મ-જરા અને મરણના ફેરાનો ત્રાસ છૂટે છે. અને આખો સંસાર એમને કારાવાસ જેવો લાગે છે.

બંધુઓ! જેને આ સંસાર અસાર સમજાય છે તેવા આત્માઓ બાહ્ય અને આભ્યંતર ભાવથી નિર્ગ્રંથ બનવાના મનોરથો સેવતા હોય છે. સંસાર તરફથી નિર્વેદ થવો એ સમકિતનું ત્રીજું લક્ષણ છે. કારાગૃહમાં રહેતા માણસને ગમે તેવી સગવડો આપવામાં આવે છતાં તે તેમાંથી છૂટવાની જ ઇચ્છા રાખતો હોય છે. તેમ સમ્યગૃદૃષ્ટિ આત્મા પણ સંસારમાં ભલે ચક્રવર્તિના સુખો ભોગવતો હોય તો પણ તેમાંથી છૂટવાને જ ઇચ્છે છે. ભવ પ્રત્યેનો અંતરથી ખેદ થવો તેનું નામ જ નિર્વેદ. ભવ પ્રત્યે નિર્વેદ પામી ગયાં તેવા મહાન પુરૂષોને સંસારમાં દુઃખ ભોગવતાં આત્માઓને જોઈને અનુકંપા આવે છે. અનુકંપા એ પણ સમ્યક્ત્વનું ચોથું લક્ષણ છે. તેમાં દુઃખી તરફની અનુકંપા તે દ્રવ્ય અનુકંપા અને દોષિતની જે અનુકંપા તે ભાવ અનુકંપા. તમને કોઈ ગરીબ માણસને જોઈને દયા આવી જાય છે પણ ધર્મહીન મનુષ્યની દયા આવે છે? ચક્રવર્તિ જેવો ચક્રવર્તિ પણ જો ધર્મહીન હોય તો તે દયાને પાત્ર છે.

ભૌતિક ભોગોમાં ડૂબેલા ધર્મહીન ચક્રવર્તિને જોઇને સમ્યગૃદૃષ્ટિને વિચાર આવે કે આ બિચારાનું પરભવમાં શું થશે? આનું નામ જ ભાવ અનુકંપા. પોતાનાં સગાં-સ્નેહીઓ પણ જો ધર્મભાવનાથી રહિત હોય તો તેમના ઉપર અનુકંપા લાવીને તેમને પણ ધર્મ પમાડવો જોઈએ. સમકિતી આત્માની તો એવી જ ભાવના હોય કે મારા સમાગમમાં આવનાર દરેક આત્મા ધર્મ પામી જાય તો કેવું સારું? દ્રવ્ય અનુકંપા કરતાં ભાવ અનુકંપા શ્રેષ્ઠ છે. સમકિતીને દુઃખી પ્રત્યે અનુકંપા હોય જ. અને પોતાની શક્તિ પ્રમાણે દુઃખીના દુઃખ મટાડવા માટે પ્રયત્ન કરે. જિન શાસનમાં દ્રવ્ય અનુકંપાનું સ્થાન પણ મહત્ત્વનું છે. દુઃખીને જોઈને જેનું દિલ દ્રવે નહિ એ તો નિષ્ઠુર હૃદયનો માનવી કહેવાય. એ નિષ્ઠુર હૃદયવાળા મનુષ્યો સમ્યગૃદર્શન રૂપ ભાવ ધર્મને પામી શકતાં નથી.

ભગવાનના વચન ઉપર યથાર્થ શ્રદ્ધા કરવી તે પણ સમ્યક્ત્વનું લક્ષણ છે. આચારાંગ

સૂત્રમાં કહ્યું છે કે "तमेव सच्चं निसंकं जं जिणेहिं पवेइयं" તે જ સાચું અને નિશંક છે કે જે ભગવાન જીનેશ્વર દેવે પ્રરૂપેલું છે. ભગવાનના વચન ઉપર જો શ્રદ્ધા હોય તો જીવ દુઃખમાં પણ કોઈ બીજાને દોષ નહિ દેતાં સમતાભાવમાં ટકી રહે છે. ભગવતી સૂત્રમાં ગૌતમ સ્વામીએ પ્રભુને પ્રશ્ન કર્યો કે હે પ્રભુ! જીવ સ્વકૃત કર્મને વેદે છે કે પરકૃત કર્મને વેદે છે? ત્યારે ભગવાન કહે છે કે હે ગૌતમ! જીવ સ્વકૃત કર્મને વેદે છે પણ પરકૃત કર્મને વેદતો નથી. ભગવાનના એકાદ વચન ઉપર જો સંપૂર્ણ શ્રદ્ધા હોય તો જીવ ગમે તેવા દુઃખોને પણ સમભાવથી વેદી શકે છે.

આ દુનિયામાં દરેક જીવો સુખને જ ઈચ્છે છે. પણ શાશ્વત સુખ કોને કહેવાય તે સમજતા નથી. અને શાશ્વત સુખ પ્રાપ્ત કરવાનો અંશ માત્ર પ્રયત્ન પણ કરતા નથી. સંપૂર્ણ અને શાશ્વત સુખ પ્રાપ્ત કરવા માટેનો અમોઘ ઉપાય ભગવાને ઉત્તરાધ્યયન સૂત્રના બત્રીસમા અધ્યયનમાં બતાવ્યો છે.

"नाणस्स सव्वस्स पगासणाए, अन्नाण मोहस्स विवज्जणाए।
रागस्स दोसस्स य संखएणं, एगंत सोक्खं समुवेइ मोक्खं॥" ઉ. અ. ૩૨–૨

સમ્યગ્જ્ઞાનના સંપૂર્ણ પ્રકાશથી અજ્ઞાન અને મોહના સંપૂર્ણ નાશથી અને રાગ–દ્વેષના સંપૂર્ણ ક્ષયથી જીવ સંપૂર્ણ અને શાશ્વત સુખ મેળવી શકે છે. રાગ અને દ્વેષનો સંપૂર્ણ ક્ષય થવાથી આત્મા લોકાલોક પ્રકાશક બની જાય છે. રાગ અને દ્વેષમાં પણ રાગનો ક્ષય થાય ત્યાં દ્વેષનો ક્ષય તો સહેજે થઈ જાય છે. કારણ કે રાગમાં જ દ્વેષની જડ રહેલી છે. બાહ્યદૃષ્ટિથી જોનારને તો રાગ કરતાં દ્વેષ ભયંકર લાગે છે. પણ તાત્વિક દૃષ્ટિથી જોનારને રાગ અતિ ભયંકર લાગે છે. જો કે દ્વેષ પણ ભયંકર તો છે જ, છતાં રાગની અપેક્ષાએ દ્વેષ ભોળીયો છે. થોડીવાર ભભૂકે અને પછી શાંત થઈ જાય. પણ રાગ તો મેલો અને મુત્સદ્દી છે. બીજી રીતે જોઈએ તો દ્વેષ એ દાવાનળ છે અને રાગ વડવાનળ છે. ગમે તેવી ભયંકર આગ લાગી હોય તો પણ જો તેના ઉપર પાણી છાંટવામાં આવે તો તે શાંત થઈ જાય છે. પણ વડવાનળ તો પાણીને પણ બાળી નાંખનારો છે. વડવાનળ એક પ્રકારનો અગ્નિ જ છે અને દરિયામાં ઉત્પન્ન થાય છે એ અપેક્ષાએ દ્વેષ કરતાં રાગ ભયંકર છે. બંધુઓ! રાગ ઉંદર જેવો છે. ઉંદર કરડતો જાય અને ફૂંક મારતો જાય એટલે માણસને ખબર પડે નહિ. એમાં મીઠાશ લાગે છે પણ એ મીઠાશ તો અંતે રિબાવી રિબાવીને મારનારી છે.

દ્વેષ કરતાં રાગનું ક્ષેત્ર પણ મોટું છે. દ્વેષ ચેતન વસ્તુ ઉપર જ થાય છે જ્યારે રાગ ચેતન–અચેતન દરેક વસ્તુ ઉપર થાય છે. દા. ત. કોઇ ચીકણી વસ્તુ ઉપર તમારો પગ આવી જાય અને પગ લપસી જાય તો પણ એ ચીકણી વસ્તુ ઉપર આપણને દ્વેષ

નહિ થાય કારણ કે તે નિર્જીવ વસ્તુ છે. પણ જો કોઈ માણસે પાછળથી ધક્કો માર્યો હોય તો તેના ઉપર આપણને તરત જ દ્વેષ આવી જશે. માટે દ્વેષ સચેતન વસ્તુ ઉપર જ થાય છે. જ્યારે રાગ બંને ઉપર થાય છે. જેટલો રાગ કનક પ્રત્યે હોય તેટલો જ કાન્તા પ્રત્યે હોય છે. માટે ક્ષેત્રની અપેક્ષાએ પણ રાગ ભયંકર છે.

ટી. બી. કેન્સર આદિ રોગોથી હજારો માણસો રિબાઈ રહ્યાં છે, છતાં પણ એ દર્દોથી તો અમુક સંખ્યામાં માણસો રિબાય છે પણ રાગના રોગથી આખા જગતના જીવો રિબાઇ રહ્યાં છે. દેવલોકમાં રહેલા દેવોને પણ રાગનો રોગ લાગુ પડેલો છે. ફક્ત જ્ઞાન દશામાં મસ્ત એવા મહાન પુરૂષોને જ રાગનો રોગ નથી. મહાન પુરૂષોએ સરાગીના સુખ કરતાં પણ વિરાગીના સુખને અનંતગણું શ્રેષ્ઠ કહ્યું છે. પાંચ ઇન્દ્રિયના તીવ્ર આસક્તિપૂર્વકના ભોગમાંથી જે સુખ સરાગી પ્રાપ્ત કરે છે તેના કરતાં વિરાગી વગર પ્રયાસે અનંતગણું સુખ મેળવે છે. સંસારી મનુષ્યો ઇન્દ્રિયજન્ય ક્ષણિક સુખો પ્રાપ્ત કરવા માટે રાત-દિવસ દોડધામ કરે છે. આકાશ પાતાળને એક કરે છે. ઇન્દ્રિયોના વિકારોનું પોષણ કરવા માટે દ્રવ્યની જરૂર પડે છે. એ દ્રવ્યની પ્રાપ્તિ કરવા માટે વ્હાલા કુટુંબ-પરિવારને છોડીને વિદેશની સફર કરવી પડે છે. ત્યાં અનેક કષ્ટો સહન કરવાં પડે છે. ભૂખ-તરસ વેઠવા પડે છે. કંજુસને ઘેર નોકરી કરવી પડે છે. થોડા પૈસાના બદલામાં ઘણું કામ કરવું પડે છે. આટલાં બધાં કષ્ટો સહન કરવા છતાં સરાગી જે સુખ પામે છે તેના કરતાં વિરાગી આત્મા વિના પ્રયાસે અનંત કોટી ગણું સુખ મેળવે છે. સરાગીને જે કષ્ટો સહન કરવા પડે છે. તેમાંના કષ્ટો વિરાગીને સહન કરવા પડતા નથી. સરાગીને કર્મબંધન છે જ્યારે વિરાગી કર્મ તોડે છે.

દેવાનુપ્રિયો! અમો રોજ તમારી પાસે તપશ્ચર્યાની બંસરી બજાવીએ છીએ. તપ એ પણ આત્માના સુખો માટે જ કરવાનો છે. ચાર મહાસતીજીઓને તપશ્ચર્યા ચાલે છે તે શા માટે તપ કરે છે? એમણે સંસારનો ત્યાગ કરી સંયમ અંગીકાર કર્યો છે. સાવદ્ય-પાપનો ત્યાગ કર્યો છે. આવતાં કર્મોને સંવર દ્વારા રોકી દીધા છે. પણ આત્મા ઉપર જે અનાદિકાળનાં કર્મોનો મેલ ચોંટી ગયો છે એને સાફ કરવા માટે તેઓ તપ કરે છે. જૈન દર્શનમાં તપનું સ્થાન અતિ મહત્વનું છે. તપશ્ચર્યા કરવાથી અહિંસાનું પણ પાલન થાય છે. તપથી અનેક પ્રકારના લાભ થાય છે.

જેટલા દિવસ મનુષ્ય ઉપવાસ કરે છે તેટલા દિવસ તેના નિમિત્તે એકેન્દ્રિય જીવોનું છેદન-ભેદન થતું અટકી જાય છે. ઇન્દ્રિયોના ઘોડા બેફામ બનીને વિષયો તરફ દોડે છે. તે પણ તપશ્ચર્યા કરવાથી બંધ થઈ જાય છે. ઇન્દ્રિયો વિષયો તરફ જતી નથી. તપ કર્યો હશે તો રેડિયો સાંભળવો ગમશે નહિ. નાટક-પિકચર જોવા પણ નહિ ગમે. તપ હશે તેટલા દિવસ આહાર બંધ થશે તેની સાથે નિહાર પણ બંધ થઈ જશે. તેથી

અનેક સમુર્છિમ જીવોની વિરાધના થતી અટકી જશે. જો જીવને શ્રદ્ધા હોય તો ભયંકર રોગો પણ તપશ્ચર્યાથી નાબૂદ થઈ જાય છે. સનત્કુમાર ચક્રવર્તિના શરીરમાં એકી સાથે સોળ મહાન રોગો ઉત્પન્ન થયા. તેમણે સંસાર ત્યાગી દીક્ષા લીધી અને માસખમણને પારણે માસખમણ તપની શરૂઆત કરી. તો એમનાં સોળ રોગો શાંત થઈ ગયાં અને અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત કરી. સિદ્ધાંતમાં કંઈક જગ્યાએ વાતો આવે છે કે આત્માર્થી જીવોએ દીક્ષા લઈને જાવજીવ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ કરવા, આયંબીલ તપ કરવો, અને માસખમણને પારણે માસખમણ કરવા. એવો કડક નિયમ લીધો હતો. એ આત્માઓ જાવજીવ સુધી ઉગ્ર તપ કરી સાધના સાધી ગયાં. જ્યારે તમને તો જીવનમાં એક અઠ્ઠાઈ –સોળભથ્થુ કે માસખમણ કરતાં કેટલો વિચાર કરવો પડે છે!

કોડો ભવનાં સંચિત કર્મોને નાબૂદ કરનાર અકસીર દવા તપ છે. આજે તમે અને હું ન કરી શકીએ તો તે આપણી નબળાઈ છે. પણ ખરેખર! જે આવો ઉગ્ર તપ કરી રહ્યાં છે તે ધન્યવાદને પાત્ર છે. ગૌતમ સ્વામીએ ભગવંતને પ્રશ્ન કર્યો કે હે પ્રભુ! એક ઉપવાસ કરવાથી જીવને શો લાભ થાય? ત્યારે ભગવંતે કહ્યું હે ગૌતમ! એક ઉપવાસ કરે તો એક હજાર વર્ષના નારકીના પાપનો નાશ થાય છે. અઠ્ઠમ કરે તો ક્રોડ વર્ષના અને ચાર તથા પાંચ ઉપવાસ કરે તો ક્રોડાનક્રોડ વર્ષના નારકીના પાપનો નાશ થાય છે. તે સિવાય બીજી રીતે વિચારીએ તો પણ તપમાં કેટલો લાભ થાય છે! એક ઉપવાસ કરે તો એક જ ઉપવાસનો લાભ થાય છે. એકી સાથે બે ઉપવાસના પ્રત્યાખ્યાન લે તો પાંચ ઉપવાસનો નફો, એકી સાથે અઠ્ઠમના પ્રત્યાખ્યાન કરે તો પચ્ચીસ ઉપવાસનો, ચાર ઉપવાસના પ્રત્યાખ્યાન લે તો સવાસો (૧૨૫) ઉપવાસનો, પાંચ કરે તો ૬૨૫ ઉપવાસનો લાભ થાય છે. એવી રીતે એક એક ઉપવાસમાં આગળ વધતાં પાંચ પાંચ ગણો નફો થાય છે. તમને બધાને નફાનો વેપાર જ ગમે છે. ખોટનો ધંધો ગમતો નથી. તો આ તપમાં મહાન લાભ રહેલો છે. ગુજરાતમાં કંઈક આત્માઓ એકી સાથે અઠાઈના પ્રત્યાખ્યાન લઈ લે છે. તમે પણ આવો લાભ લેવા માટે તૈયારી કરી લેજો. અઠાઈ ધરનો દિવસ બે દિવસ પછી આવી રહ્યો છે.

આત્મ સાધના સાધવાના દિવસોમાં કામ છોડી દેજો. તમારાં માનેલા સુખો ક્ષણિક છે. નાણું મળશે પણ ટાણું ફરી ફરીને નહિ મળે. ગયેલો અવસર ફરી ફરીને પાછો આવતો નથી.

"બંભાત સંપ્રદાયના મહાન ગચ્છાધિપતિ, આચાર્ય સ્વ. પૂ. ગુરૂદેવ છગનલાલજી મહારાજ સાહેબની ૩૨મી પુણ્યતિથિ"

આજે અમારા પરમ તારક, મહાન ઉપકારી, શાસન ઉદ્ધારક પૂ. ગુરૂદેવ શ્રી છગનલાલજી મહારાજ સાહેબની ૩૨મી પુણ્યતિથિ છે. જૈન ધર્મના એક મહાન દિપક પૂ.

છગનલાલજી મહારાજ સાહેબ ખંભાતનાં વતની હતાં. આ રાણા રજપૂતના પિતાશ્રીનું નામ અવલસંગ અને માતાનું નામ રેવાકુંવરબાઈ હતું. તેમને એક બહેન હતા. તેમના પિતાશ્રી નવાબી રાજ્યમાં નોકરી કરતા હતાં. પોતે શ્રી ક્ષત્રિય વૈષ્ણવ હતા. તેમને જૈન મિત્રનો સંગ થાતાં ઉપાશ્રયે આવવા લાગ્યા. તેમનો આત્મા એવો હળુકર્મી હતો કે એક જ વખતના પરિચયથી વૈરાગ્યના રંગે રંગાયા. આત્મ કલ્યાણની ભાવના જાગૃત થઈ અને હળુકર્મી આત્મા જાગી ઊઠયો. પણ એમના કાકા-કાકીએ દીક્ષા નહીં આપવા માટે એમને પરાણે સંસારની ધૂંસરીમાં જકડાવવા લગ્ન કરાવ્યા પણ જેનો આત્મા વૈરાગ્યના રંગે રંગાઈ ગયો છે તેમનું મન કોઈ હિસાબે સંસારમાં ચોંટયું નહીં અને તેઓ ખંભાત નિવાસી જૈન મિત્રની સાથે નાસી છૂટયા. અને તેમને શ્રી વેણીરામજી મહારાજનો સમાગમ થયો. અને મહારાજની પાસે પોતાની વાતની રજૂઆત કરી. મહારાજે કહ્યું કે ભાઈ! જૈન ધર્મના કાયદા અનુસાર રજા વગર દીક્ષા ન અપાય. છેવટે કાકા કાકીએ ઘણી શોધ કરતાં પત્તો મેળવી પોતાના ઘેર લઈ આવ્યા. પણ વૈરાગી કદી છૂપો રહેતો નથી. તેમણે કાકા કાકીને કહ્યું કે મારી એક ક્ષણ પણ જાય છે તે લાખેણી જાય છે. તમે લોકો મને રોકો છો શા માટે? શું મારું મૃત્યુ આવશે તેને તમે રોકી શકવાના છો? આપ મારા આત્માનું બગાડો નહીં. આપણા કુળનું સદ્‌ભાગ્ય છે કે મને આત્મ કલ્યાણનો પંથ જડયો છે. હવે મને જલ્દી જવા દો. ક્ષાત્ર તેજના દેદિપ્યમાન શબ્દોએ અદ્‌ભુત અસર કરી. આખરે પત્નીએ અને કુટુંબે રજા આપી. સંવત ૧૯૪૪ના પોષ સુદ ૧૦ના દિને ખંભાત સંપ્રદાયના પૂ. હર્ષચંદ્રજી સ્વામી પાસે સુરત મુકામે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. સાધનાના પંથે એક મહાન યોગી આત્મ કલ્યાણ સાધવા ચાલી નીકળ્યો. દીક્ષા બાદ પૂ. ગુરૂદેવને તેમના શિરછત્ર પૂ. ગુરૂદેવનો પાંચ વર્ષના અંતે વિયોગ પડયો. સહન શક્તિના ભંડાર, જૈન ધર્મના યોદ્ધા શ્રી છગનલાલજી મહારાજ સાહેબ પૂ. શ્રી ભાણજીઋષજી મહારાજ તથા પૂ. ગીરધરલાલજી મહારાજ સાથે વિચર્યા. અને સંવત ૧૯૮૩માં પૂજ્ય પદવીનો ભાર પૂજ્યશ્રીના માથે આવી પડયો. પૂ. છગનલાલજી મહારાજની ગંભીરતા, વિદ્વતા, કાર્ય કુશળતા તથા પ્રભાવશાળી વ્યક્તિત્વના પ્રભાવે જેમ સૂર્ય-ચંદ્ર પ્રકાશે છે તેમ ભવ્ય જીવોએ તેમની છત્રછાયા નીચે આશ્રય લીધો. અને અનેક જીવો ધર્મ પામ્યા. પૂ. ગુરૂદેવની પ્રભાવશાળી, ઓજસભરી વાણીથી તેમને મહાન વિભૂતિ રત્ન શ્રી પૂ. રત્નચંદ્રજી મહારાજ, તપસ્વી શ્રી છોટાલાલજી મહારાજ, મહાન વિભૂતિ આત્મારામજી મહારાજ, સેવાભાવી (ખોડાજી) ખીમચંદજી મહારાજ, તથા મહાન તપસ્વી કુલચંદજી મહારાજ જેવા મહાન શિષ્યો થયા. મહાન પૂજ્યશ્રીનાં શિષ્યો પણ મહાન જ હતાં. અત્યારે વિદ્યમાન વિચરતાં મહાન વૈરાગી પૂ. કાંતીઋષીજી મહારાજ સાહેબ આદિ ઠાણાઓ પણ પૂ. છગનલાલજી મહારાજ સાહેબના જ શિષ્યો છે. પૂ. ગુરૂદેવનો જેવો પ્રભાવ હતો તેવો જ પ્રભાવ આજે તેઓ શાસન પર પાડી રહ્યાં છે.

પૂજ્યશ્રીએ જીવનમાં ઘણાં મહાન કાર્યો કર્યા છે. જૈનશાળા, કન્યાશાળા. શ્રાવકશાળો આદિ સંસ્થાઓ જ્યાં ન હતી, ત્યાં ઉભી કરાવી અને તેને વિકસાવવાનો ઉપદેશ આપી સેવાનું મૂળ સમજાવતા. તે ઉપરાંત તેઓએ ડગમગતા જૈનોને સ્થિર કરવાનું તથા જૈનેતરોને પ્રેમથી જૈન ધર્મી બનાવવાનું ઉમદા કામ કર્યું છે. પૂજ્યશ્રીએ મુંબઈમાં ચાર ચાતુર્માસ કર્યા છે. સૌથી પ્રથમ ૧૯૭૫નું ચાતુર્માસ કાંદાવાડીમાં કર્યું હતું.

સંવત ૧૯૮૭ની સાલમાં અજમેરનાં બૃહદસંમેલનમાં તેમને આમંત્રણ મળેલું. પોતાના શિષ્યો સાથે જઈને તેમણે પોતાનું સ્થાન શોભાવ્યું. તેમના જેવી જ મહાન વિભૂતિનો તેમને સમાગમ થયો. તે પૂજ્ય શ્રી અમોલખઋષીજી. તેમણે તેમની પાસેથી શ્રી લવજીસ્વામીના જીવનનો ઇતિહાસ જાણી લીધો. અહીં તેમની જિજ્ઞાસાવૃત્તિ પ્રકાશે છે. તેમને ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી જશાજી મહારાજનો સમાગમ થયો. આ વયોવૃદ્ધ જ્ઞાની પાસેથી આપણા પૂજ્યશ્રીએ પોતાની જિજ્ઞાસાવૃત્તિ દ્વારા ઘણું ઘણું મેળવી લીધું.

પૂજ્યશ્રીના શિષ્ય સમુદાયમાં મહાન વિભૂતિ અને પહેલા શિષ્ય શ્રી બા. બ્ર. પૂજ્ય રત્નચંદ્રજી મહારાજ જેઓ રત્ન સમાન હતાં. અને હંમેશા દેદિપ્યમાન રહ્યા. ગુરૂ અને શિષ્ય બંને રાજપૂત, પછી પૂછવું જ શું? એ મહાન જીવન જીવી આપણને સૌને એક જ પ્રેરણા આપી ગયાં છે. પૂજ્યશ્રી વયોવૃદ્ધ, અનુભવી, બાહોશ, વિચક્ષણ, વિદ્વાન, શાંત, ગંભીર હતાં. પોતાના સુચારિત્રની જ્યોત પ્રસરાવી ૫૧ વર્ષની દીક્ષા પર્યાય પછી આશરે ૭૫ વર્ષની ઉંમરે સંવત ૧૯૯૫ના વૈશાખ વદી ૧૦ ને શનિવારના ઉમદા પ્રભાતે પોતાનું આત્મ કલ્યાણ કરતાં કરતાં આપણને સૌને છોડી ફાની દુનિયામાંથી વિદાય લઈને ચાલી નીકળ્યા.

"હસતે મુખડે મૃત્યુને ભેટયા, પૂજ્ય પ્રતાપી ગુરૂજી,
નમન કરતાં નયન ભીનાં છે, વિયોગ સાલે છે ગુરૂજી,
પ્રેરણાની એ જવલંત જ્યોત, કયારે ગઈ બૂઝાઈ!
અમ સૌ બાળકોની મિલકત, કયારે ગઈ લૂટાઈ!

સંપ, સેવા અને પુરુષાર્થ એ જ એમનો જીવન ઉપદેશ હતો. નવીન સાહસ, નવું બળ, નવી જાગૃતિ, નવું વિધાન, નવીન-દોરવણી. આ સર્વ પૂજ્યશ્રીના સુધારક અને ક્રાંતિમય હૈયે વસેલું હતું. પૂજ્યશ્રીના જીવનમાંથી કોઈ પણ ગુણ અપનાવીએ તો જ તેમની પુણ્યતિથિ ઉજવી સાર્થક ગણાય.

પૂ. ગુરૂદેવ છગનલાલજી મહારાજનો સ્વર્ગવાસ થયા પછી સંવત ૧૯૯૫માં બા. બ્ર. પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ આચાર્ય પદવી ઉપર આવ્યા. અને પૂ. ગુરૂદેવ સંવત ૨૦૦૪ના સ્વર્ગવાસ થતાં આચાર્ય પદવી ઉપર પૂ. ગુલાબચંદ્રજી મહારાજ આવ્યા. તેઓ મહાન

આત્માર્થી અને ઘોર તપસ્વી હતાં. તેઓ શાસનના એક મહાન રત્ન હતાં. તેમની અંતિમ સમય સુધી આત્મ સાધના ચાલુ જ હતી. ભગવતી સુત્ર તેમણે ૨૭ વાર વાંચેલ. ૩૨ સિદ્ધાંતના રહસ્ય તેમને કંઠસ્થ હતાં. તેવા મહાન સંતને જ્યારે યાદ કરીએ છીએ ત્યારે એમના ઝળહળતા ચારિત્રનો પ્રકાશ આંખ સામે રમે છે. પૂ. મહાન સંતો એવા પૂ. ગુરૂદેવો છગનલાલજી મહારાજ સાહેબ તથા પૂ. ગુલાબચંદ્રજી મહારાજ સાહેબની પુણ્યતિથિ નિમિત્તે આપ સૌ કોઈ આજે વ્રતપચ્ચખાણ અંગીકાર કરશો.

વ્યાખ્યાન નં..૪૦

શ્રાવણ વદ ૧૧ ને ગુરુવાર તા. ૨૭-૯-૭૦

શાસ્ત્રકાર ભગવાન ત્રિલોકીનાથની પ્રાર્થના કર્યા પછી તેમણે બતાવેલા માર્ગનું અનુસરણ કરવું તે મનુષ્ય જીવનની મહત્તા છે. ભગવાને કર્મના બંધનોને તોડીને સિદ્ધ-દશા પ્રાપ્ત કરી. આપણે પણ તે પરમ ગતિને પ્રાપ્ત કરવી છે. એ પરમ ગતિમાં જવું હોય તો એક વખત તો તમને આ સંસારના કામભોગ વિષના કટોરા જેવા લાગવા જોઈએ. તમારા સંસારના સારામાં સારા કાર્યો પણ કર્મબંધનનું કારણ છે. અને ધર્મનું નાનામાં નાનું કાર્ય પણ લાભનું કારણ છે. ભલે એક માણસ કાંઈ પણ સમજતો નથી, છતાં સામાયિક લઈને બેસી ગયો તો દૈહિક ક્રિયાને તો રોકી દેશે ને ? તેને નિર્જરા નહીં થાય પણ પુણ્ય તો જરૂર બંધાશે. મહાન પુણ્યોદયે તમને બધી સામગ્રી મળી છે તો તેનો સદુપયોગ કરી લો.

ઘણાં એવા દેશો છે કે જ્યાં લોકોને ધર્મ શું ચીજ છે તેની પણ ખબર નથી. એવા અનાર્ય લોકોએ ભગવાનને ભયંકર ઉપસર્ગો આપ્યા. પણ પ્રભુ એક શબ્દ ન બોલ્યા.

ભગવાનની કેવી અજબ ક્ષમા હતી. આજે માણસ ક્ષમા તો ઘણી વખત રાખે છે પણ તેમાં તેનો સ્વાર્થ હોય છે. તમે ઓફીસે જવામાં મોડા પડયા અને શેઠ ગુસ્સે થઈને બે ટૂંકારા કરે કે બે લાફા મારી લે તો પણ તમે મૂંગે મોઢે સહન કરી લો અને પ્રેમથી શેઠને બોલાવતા જાવ. આ કાંઈ ક્ષમા ન કહેવાય. આ ક્ષમામાં તો તમારી નોકરી ન છૂટી જાય તે માટેની ક્ષમા છે. જીવ પરવશપણે ઘણું સહન કરે છે પણ સ્વાધીનપણે સહન કરતો નથી. જ્યાં કોઈ જાતનો સ્વાર્થ નથી, બધે તમારી સત્તા ચાલે છે ત્યાં પરિષહ આવે અને ક્ષમા રાખો તો જ સાચી ક્ષમા છે. અને એવી ક્ષમા રાખવાથી જ કર્મ ખપે

છે. કોઇ માણસ કડવું વચન કહે અને તમે અમૃતની જેમ તેને પ્રેમથી પી જાવ તો કર્મ ખપે. બાકી નહિ.

બંધુઓ ! આ સંસારમાં રાચવા જેવું જ નથી. સંસાર તો છોડવા યોગ્ય જ છે. તો તમે માનજો કે મારા પ્રબળ પુણ્યનો ઉદય છે કે મને આવા પંચ મહાવ્રતધારી સંત ઉપદેશ કરી રહ્યા છે. હવે તો મારાથી આ સંસારમાં રહેવાય જ નહિ. અરે! સંસાર ન છોડી શકો તો ખેર પણ સંસારમાં રહીને એટલો તો વિચાર કરો કે મારે પ્રમાદ ન કરવો. ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના જ્ઞાતા ગૌતમ સ્વામીને ભગવાને કહ્યું. "समयं गोयम मा पमायए." હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર. ગૌતમ સ્વામીએ જરાજ પ્રમાદ કર્યો તો આણંદ શ્રાવકને ખમાવવા જવું પડ્યું. ભગવાનની આજ્ઞા થતાં ગૌતમ સ્વામી હસતા ચહેરે આણંદ શ્રાવક પાસે ક્ષમા માંગવા ગયા. માટે જ્ઞાની કહે છે કે તું સમયે સમયે ઉપયોગ રાખ. માણસ એક કલાકની સામાયિક લઇને બેસે. ૫૯ મિનિટ તો વિચારો શુદ્ધ રહ્યા પણ જો એક જ મિનિટ વિચારોમાં મલીનતા આવી ગઈ તો ૫૯ મિનિટનો મોટો લાભ ગુમાવી દે છે. સત્સંગ એ જીવને મહાન લાભદાયી છે.

અહીંયા ભૃગુ પુરોહિતના બે પુત્રો નાના બાળ છે. તેમને પણ સંતનો સમાગમ થતાં તેઓ ચારિત્રનું પાલન કરવા માટે તૈયાર થયા છે. અંતરમાં લગની લાગી છે. તેઓ પિતાને શું કહે છે :–

असासयं दट्ठुं इमं विहारं, बहु अंतरायं न दीहमाउं ।
तम्हा गिहंसि न रइं लभामो, आमन्तयामो चरिस्सामु मोणं ।।

ઉ. સૂ. અ. ૧૪ ગાથા ૭

હે પિતાજી ! આ મનુષ્ય ભવ રૂપી નિવાસસ્થાન અશાશ્વત છે. એમાં પણ વચમાં ઘણાં વિઘ્નો આવે છે. આયુષ્ય પણ અલ્પ છે. એટલે અમને હવે ઘરમાં જરાજ પણ આનંદ આવતો નથી. માટે આપ અમને દીક્ષાની આજ્ઞા આપો.

બંધુઓ ! વિચાર કરો. આ કુમારોએ એક જ વખત સંતનું દર્શન કર્યું, અને વૈરાગ્યના રંગે રંગાઈ ગયા. તો શું આપણને આવો અવસર કોઈ વખત નહિ આવ્યો હોય ! જન્માંતરમાં સંતનું દર્શન નહિ કર્યું હોય ! વીતરાગની વાણી નહિ સાંભળી હોય ! બધું જ કર્યું હશે પણ જે ભાવે કરવું જોઇએ તે ભાવે કર્યું નથી. વીતરાગ વાણી સાંભળવા અહીં આવ્યા તો ખરા પણ વરસાદની ઋતુમાં જેમ વોટરપ્રુફ પહેરીને કોઈ નીકળે તો વરસાદનું પાણી તેને સ્પર્શ કરી શકે નહિ. તેમ અહીં પણ વિકારોનું–મોહ –માયા અને અભિમાનના પટાવાળું વોટરપ્રુફ પહેરીને આવ્યા હશો તો વીતરાગ વાણીનું પાણી તમને સ્પર્શી શકશે નહિ. જે સાંભળવા યોગ્ય હોય તેને બરાબર શ્રદ્ધાપૂર્વક

સાંભળે તો જ સત્ય વસ્તુનું ભાન થાય. છોડવા યોગ્ય છોડવાનો અને આદરવા યોગ્ય વસ્તુને આદરવાનો વિવેક જાગે. પણ હજુ મૂળમાં જ સડા છે, જેથી સત્ય વસ્તુનું ભાન કયાંથી થાય! અત્યાર સુધી બેભાન રહ્યા, હવે ધર્મ તરફ દૃષ્ટિ કરો. જે ભગવંતોએ રાગ-દ્વેષનો સર્વથા નાશ કરી દીધો છે એવા સમભાવી પુરૂષની વાણી સર્વ જીવો માટે સરખી છે. એમની વાણી હિતકારી છે.

"જિસ યોગીને રાગ-દ્વેષકા જડસે કર ડાલા હૈ નાશ,
જિસકો કુછ ભી સ્વાર્થ નહીં હૈ, નહીં મમત્વભાવ ભી પાસ.
ઉસ ઉપકારી પરમાર્થીકા, કહા ધર્મ હૈ સત્ય મહાન,
કર્મ રોગકા નાશક હૈ વહ, હૈ હિતકારી પથ્ય સમાન"

આજે તમે ગમે તેટલું સાંભળતા હો પણ જે કાનને ગમે છે તે જ તમે સાંભળો છો. એ તો અહીં બેઠા ત્યાં સુધી જ આનંદ. પછી તો હતા તેવા ને તેવા જ. તમે ડોકટરને ત્યાં જાવ છો ત્યારે તમે ડોકટરને એમ કહો છો કે મને ભાવે તે ખાવા દો! અને જીભને ભાવે તે ખાવાથી રોગ મટે ખરો? જેમ ડોકટર પાસે પથ્ય પાળીને યોગ્ય દવા કરવાનું કહેવું જરૂરી છે તેવી જ રીતે વીતરાગ ભગવંત તો આ દુર્વાસ સંસાર રૂપી વિકારને મટાડનાર મહાન ચિકિત્સક-કુશળ ડોકટર છે. તેમની વાણીમાં તમને કેમ વિશ્વાસ થતો નથી? આ જીવ રાગ-દ્વેષની વાતો સાંભળીને કર્મ બાંધે છે. પરિણામે એ કર્મના બંધનમાં વધારે ને વધારે જકડાતો જાય છે. માટે તમે ધર્મમાં તત્પર બનો.

દેવભદ્ર અને યશોભદ્ર બંને કુમારો બાલવયમાં દીક્ષા લેવા તત્પર બન્યાં છે. તેઓ કહે છેઃ હે પિતા! માનવ જિંદગી દૂંકી છે. તેમાં પણ ધર્મ કરવાનો સમય બહુ થોડો છે. થોડા સમયમાં પણ અંતરાયો ખૂબ નડે છે. યુવાવસ્થામાં પણ આપણને કંઈ જ રોગ નહિ આવે એની શી ખાત્રી? માટે અમને તમે દીક્ષા લેવાની આજ્ઞા આપો. બંધુઓ! જેને ચારિત્ર લેવાની જિજ્ઞાસા જાગે તેને સૌથી પ્રથમ માતા-પિતા પાસે આજ્ઞા માંગવી પડે. ત્યાર પછી ગુરૂ પરીક્ષા કરે. ત્યારે ચારિત્ર અંગીકાર કરી શકાય. આ કંઈ આઠ આનાનું માટલું ખરીદવાનું નથી. અમારા બહેનો માટીનો ઘડો ખરીદવા જાય છે તો પણ ટકોરા મારીને લે છે. તો શિષ્ય બનાવવા એ કંઈ તમારા રાજકોટ સંઘની કમીટિ મેમ્બર બનાવવાનો નથી પણ સમાજનો શિરોમણી બનાવવાનો છે એટલે જેમ તેમ દીક્ષા દઈ શકાય નહિ. સાધુને શિષ્ય નહિ હોય તો કંઈ વંશ જવાનો નથી પણ શિષ્ય બનાવતાં પહેલાં એની યોગ્યતા જોવી જોઈએ.

એક ધનવાન શેઠની એકની એક પુત્રી છે. એ પુત્રીને ખૂબ કરિયાવર કરીને ધામ-ધૂમથી સારા શ્રીમંતને ઘેર પરણાવે છે. સારા શ્રીમંતને ઘેર દિકરી આપવાથી માતા-પિતાને સંતોષ થયો. પણ કુદરતની કળા ન્યારી છે. એ છોકરીના પતિને પરણ્યા પછી

છ મહિનામાં જ ટાઈફોઇડ થયો. ખૂબ દવા કરી પણ તાવ નોર્મલ ન થયો અને એનો પતિ મરણ પામ્યો. બાઈ નાની ઉંમરમાં વિધવા થઇ. ભરયુવાનીમાં વિધવાપણું વટાવવું મુશ્કેલ છે. માતા પિતાને ખૂબ આઘાત લાગ્યો. યુવાન-વિધવા પુત્રી ઘેર આવી. પુત્રીને જોઈ માતા-પિતાનું હૃદય ચીરાઈ જાય છે. હવે આ પુત્રીને કયા માર્ગે વાળવી કે જેથી પુત્રીનું શિયળ સચવાઈ રહે, તેની તેના મા-બાપને ચિંતા થવા લાગી. યુવાવસ્થામાં ચારિત્રનું પાલન કરવા માટે સંતનો સમાગમ એ અતિ હિતકારી છે. પણ અત્યારે તો વિધવા થાય એટલે ઉપાશ્રયે જવાનું બંધ કરી દે. ખૂણો પળાવવામાં આવે છે. જેના અંતરમાં ઊંડો આઘાત લાગ્યો હોય, પતિનો વિયોગ સાલતો હોય અને જો ઉપાશ્રયમાં લઈ જવાય તો સંતો પાસેથી વીતરાગવાણી સાંભળી એનું મન શાંત થશે. જ્યારે રાવણનું મૃત્યુ થયું અને એના શરીરની અંતિમક્રિયા કર્યા પછી બીજે દિવસે ગામમાં એક મુનિને કેવળજ્ઞાન થાય છે તે સમયે રામ-લક્ષ્મણ-વિભીષણ બધા મંદોદરીને કહે છે ભાભી ! ચાલો, ગામમાં સંતનો કેવળજ્ઞાન મહોત્સવ કરવા દેવો આવ્યાં છે અને આપ કેવળી ભગવંતની વાણી સાંભળવા ચાલો. રાવણ જેવા મહાન રાજાની રાણી મંદોદરી વિધવા થઈ અને બીજે જ દિવસે તે સંતના દર્શન કરવા માટે ગઈ હતી.

સંત સમાગમ કરવાથી વ્હાલાનો વિયોગ ભૂલી જવાય છે. અને સાચી સમજણ આવે છે કે મેં જેમાં સુખ માન્યું હતું તે વાસ્તવિક સુખ નથી. બીજાની પાસેથી સાંભળવા કરતાં જાત અનુભવ માણસને જાગૃતિમાં લાવે છે. માટે આવું કંઈ બને ત્યારે એને ઉપાશ્રયે લાવીને સાધુ-સાધ્વીઓનો પરિચય કરાવવો, વીતરાગ વાણી સંભળાવવી. અહીં કંઈ મેવા-મિષ્ટાન્ન જમી લેવાના નથી. અહીં તો વિષય કષાયને કાપનાર, ભરદરિયામાંથી કુશળ નાવિક જેમ નૌકાને સલામત રાખી ક્ષેમકુશળ સામે કિનારે લઈ જાય છે તેમ શાસનના નેતા સદ્‌ગુરૂઓ વિષયોના આવર્તથી બચાવી સદ્‌બોધનાં દાન કરે છે. આ વિધવા થયેલી પુત્રીના માતા પિતાએ એક જ વિચાર કર્યો કે દુનિયાને જેમ કહેવું હોય તેમ ભલે કહે પણ આપણે પુત્રીને ઉપાશ્રયે લઈ જવી. આ પુત્રીનું જીવન સુધારવા એના માતા-પિતા એને સંતોનો પરિચય કરાવે છે. સંતનો સમાગમ મનુષ્યનું જીવન પલટાવે છે.

"પારસમણિ ઔર સંતમેં, બડો અંતર જાણુ,
વો લોહ કો સોના કરે, વો કરે આપ સમાન."

સંત સતીજીઓના પરિચય કરવાથી આ પુત્રી વિયોગનું દુઃખ ભૂલી જાય છે. એનું મન વ્રત-નિયમ-તપ અને સ્વાધ્યાયમાં લાગી જાય છે. શાસ્ત્ર સિદ્ધાંતનું વાંચન કરે છે. પરિણામે એના દિલમાં વૈરાગ્ય ભાવના જાગે છે. બે-પાંચ સખીઓ સાથે જ્ઞાન-ધ્યાનમાં મસ્ત રહે છે. એક વખત ગામમાં પવિત્ર આચાર્ય ગુરૂ પધાર્યા છે. તે પોતાની બે ચાર

સખીઓને સાથે લઇને ગુરૂદેવ પાસે જઈને વિનયપૂર્વક કહે છે–ગુરૂદેવ! મને સંયમ લેવાની તીવ્ર ભાવના જાગી છે. આપ દીક્ષા લેવાની મને આજ્ઞા આપો. ત્યારે આચાર્યદેવ કહે છે બહેન! દીક્ષા લેવાની ઉતાવળ ન કરો. પાત્રતા કેળવો. પાત્રતા વિના વસ્તુ મળે નહિ. ધર્મધોકાર પેઢી ચાલતી હોય તો જે દિકરો બરાબર પેઢી સંભાળી શકે તેવો હોંશિયાર હોય તેને જ તમે પેઢી ઉપર બેસાડો ને! તેમ જેને ભગવાનની પેઢીનો વારસદાર બનાવવો હોય તેનામાં કેટલી પાત્રતા હોવી જોઇએ! એની પરીક્ષા કરનાર આચાર્ય પણ ગંભીર હોવા જોઈએ.

ગુરૂ કહે છે બહેન! પાત્રતા કેળવો. વિષય, કષાય ઉપર વિજય મેળવો. બીજું, તમારા પિતાની પેઢી ઉપર પચાસ માણસો કામ કરે છે તેમાં મુખ્ય મેનેજર રવિક નામનો માણસ છે તેનાથી તમારે ચેતતા રહેવું. ગુરૂના શબ્દો સાંભળી :બાઇનું મોઢું વીલું થઈ ગયું કે અહો! હું આટલું બધું પવિત્ર જીવન ગાળું છું, આટલા વખતથી વૈરાગ્યભાવમાં ઝૂલું છું. હજુ મારામાં શું ખામી હશે? મારા કેવા પાપનો ઉદય કે મને ગુરૂએ કહ્યું કે પાત્રતા કેળવો. જો કે ગુરૂ કહે તે સત્ય જ હોય. પણ મનમાં ખૂબ દુઃખ થયું. એનો આનંદ ઓસરી ગયો. મુખ ઉપર ઉદાસીનતા છવાઈ ગઈ. દિકરીને ઉદાસ જોઈ માતા–પિતા પૂછે છે બેટા! તું તો અમારે મન દિકરો જ છે. આજે તારું મુખ ઉદાસ કેમ દેખાય છે? તને શું ઓછું આવ્યું! જે હોય તે જલ્દી કહે. ત્યારે પુત્રી કહે છે બાપુજી! મને બીજું કંઈ જ દુઃખ નથી. પણ આજે ગુરૂદેવ પાસે મેં મારા અંતરની દીક્ષા લેવાની ભાવના વ્યક્ત કરી. ત્યારે મને મહારાજે દીક્ષા લેવાની ના પાડી નથી પણ એમ કહ્યું કે લાયકાત કેળવો. એનું મને દુઃખ થયું છે. બીજું બાપુજી! હું આપને એક વિનંતી કરું છું કે આપણી પેઢીનો મેનેજર જે રવિક નામનો માણસ છે તેને રજા આપી દો. એણે એમ ન કહ્યું કે મહારાજે આમ કહ્યું છે. એટલે બાપુ કહે છે બેટા! મારે પુત્ર છે નહિ. એ રવિક આપણે ત્યાં વીશ વર્ષથી કામ કરે છે. એ તો મને દિકરા જેવો વહાલો છે. વખારમાં કેટલો માલ છે, એનો શું ભાવ છે, બધી જ કળાનો એ જાણકાર છે. વળી એ ખાનદાન છે. એ આપણે ઘેર આવતો નથી. અને વિશ્વાસુ માણસ છે માટે એને શા માટે રજા આપવી જોઈએ? દિકરી ખૂબ રડી પડી. રડતી રડતી કહે છે બાપુજી! હું સમજુ છું કે રવિક પેઢીનો વિશ્વાસુ માણસ છે. એ ખાનદાન માણસ છે. છતાં મારી આટલી વિનંતીનો સ્વીકાર કરી એને રજા આપો.

પુત્રીને શાંત કરવા શેઠે રવિકને ઘેર બોલાવ્યો. એને પાસે બેસાડીને ચાલીસહજાર રૂપિયા હાથમાં આપીને કહ્યું: બેટા! આજથી હું તને મારી પેઢી ઉપરથી છૂટો કરું છું. આ સાંભળી રવિકની આંખમાં આંસુ આવી ગયા. બાપુજી! મારો શું વાંક છે? મને એકાએક શા માટે છૂટો કરો છો? શેઠે શાંતિપૂર્વક મીઠા વચનોથી કહ્યું: બેટા! તારો

કોઈ વાંક ગુન્હો છે જ નહિ. તું તો ગુણવાન છે. પણ હવે મને એમ થયું કે તું મારે ઘેર કયાં સુધી નોકરી કરીશ ? તું આ રૂપિયા લઇને વેપાર કર. અને મારા જેવો શેઠ બન એવી મારી ભાવના છે. જો તારી ઈચ્છા હોય તો અહીં જ હું તને દુકાન નંખાવી આપું. રવિક કહે છે, તો હું મારા ગામમાં જ ચાલ્યો જઈશ. શેઠે આશ્વાસન આપતાં કહ્યું: દિકરા ! હું તને છૂટો કરતો જ નથી. તું કોઈ વાતે મૂંઝાઈશ નહિ. તારે પૈસાની જરૂર પડે તો જરૂરથી આવજે. હું તને મદદ કરવા તૈયાર છું.

રવિક પોતાના ગામમાં જઈ વેપાર કરે છે. પોતે ખૂબ હોંશિયાર છે. વળી પુણ્યનો યોગ છે. એટલે તે પણ ધનવાન બને છે. આ વાતને વર્ષો વીતી ગયાં. આ પુત્રી પણ ધર્મધ્યાન કરે છે. એક વખત શ્રાવિકાબહેનોની મંડળી સાથે ગામેગામ સંત–સતીજીઓના દર્શનાર્થે તે નીકળે છે. ગામે ગામ દર્શન કરતાં કરતાં જે ગામમાં રવિક રહેતો હતો તે ગામમાં આવે છે. બાઈ ઉપાશ્રયમાં સામાયિક લઈને બેઠી છે. રવિક પણ દર્શનાર્થે ઉપાશ્રયમાં આવ્યો છે. ત્યાં આ બાઈને જોઈ એટલે એ તરત જ ઓળખી ગયો કે આ તો મારા શેઠની દિકરી છે. બાઈને સામાયિક પૂર્ણ થઇ એટલે રવિક કહે છે બહેન ! તમે આવ્યા છો ? તમારે આપણા ઘેર જ આવવું જોઈએ. આપણે ઘેર ચાલો. બાઈ કહે છે ભાઈ ! હું મંડળની સાથે આવી છું અને સાંજે જ અમારે જવાનું છે. માટે હું આવી શકીશ નહિ. રવિક કહે છે, જો તમે ઘરે નહિ આવો તો તમારા ભાભીને ખોટું લાગશે. મારા ઘેર તમારે આવવું જ પડશે. ખૂબ આગ્રહ થવાથી બાઈ એના ઘેર જાય છે. બનવાજોગ એવું જ બની ગયું કે એ જ દિવસે રવિકની પત્નીના પિયરથી તાર આવ્યો કે એની માતા સીરીયસ છે, માટે જલ્દી મોકલી આપો. ત્યારે રવિક કહે છે કે બહેન ! તમે આવ્યા છો ને આવ્યા છો. તમે તો મારી સગી બહેન જ છો. તમારા ભાભીને પિયર જવું પડે તેમ છે તો તમે અઠવાડિયું રોકાઈ જાવ તો સારું થાય.

બનવાકાળ આગળ માણસ ભાન ભૂલી જાય છે. આચાર્ય મહારાજે કહ્યું હતું કે રવિકથી ચેતતા રહેજો એ વાતનું વિસ્મરણ થઈ ગયું અને એનો આગ્રહ થવાથી ત્યાં બાઈ રોકાઈ ગઈ. રવિકની પત્ની પિયર ગઈ. હવે બંને એકલા પડયાં. ભગવાને કહ્યું છે, બ્રહ્મચર્યનું પાલન કરનારને માટે એકાંતવાસ બહુ બૂરો છે. કયારે માણસની દૃષ્ટિમાં વિકાર જાગે છે તે કહી શકાતું નથી. તેમાં પણ ભરયુવાનીમાં તો પૂછવાની વાત જ કયાં રહી ? દશવૈકાલીક સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે—

હત્થ પાય પડિચ્છિન્નં, કણ્ણનાસ વિગપ્પિયં ।
અવિ વાસસયં નારિં, બંભયારી વિવજ્જએ ॥

દ. સૂ. અ. ૮ ગાથા. ૫૬

જેના હાથ અને પગ છેદાઈ ગયાં છે, કાન અને નાક કપાઈ ગયાં છે એવી સો વર્ષની વૃદ્ધ સ્ત્રી સાથે પણ તું એકાંતમાં વાસ કરીશ નહિ.

આ બંને એકલા પડયાં. જમતી વખતે એકબીજા સામાસામા બટકા આપે છે. તમારા ઝાલાવાડ કાઠિયાવાડમાં તો ઘેર મહેમાન આવે ત્યારે સામાસામા બટકાં આપવાનો રિવાજ છે. અમારા ગુજરાતમાં આ રિવાજ નથી. રવિક પરાણે આ બાઈને બટકું આપે છે. એકબીજાનો પરસ્પર સ્પર્શ થવાથી અંદરનો વિકાર જાગી ઊઠે છે. વિજળીના કરંટની જેમ આકર્ષણ થાય છે અને ચારિત્રથી ભ્રષ્ટ થાય છે. બંધુઓ! એકાંત મનુષ્યને નીચે પટકાવનાર છે. માટે તમે એકાંતમાં બેસશો નહિ. પરિણામ એવું આવ્યું કે બંને ભાન ભૂલ્યાં અને ચારિત્ર ગુમાવ્યું. પાપ છાનું રહેતું નથી. માતા પિતાને આ વાતની ખબર પડી ગઈ કે મારી પુત્રીએ આવું નીચ કામ કર્યું છે. પણ પોતાની ઈજ્જત સાચવવા પુત્રીને નાના ગામડામાં ગુપ્તપણે રાખે છે. પ્રસૂતિનું કાર્ય પતી જતાં ઘેર લાવે છે. અને બાળકને માટે એમ કહેવા લાગ્યા કે આ કોઈ અનાથ બાળક જંગલમાંથી લાવ્યા છીએ. એમ વાત વહેતી મૂકી દીધી. બાઇ ભૂલ કરી બેઠી. એક વખતની વૈરાગ્ય ભાવમાં તરબોળ રહેવાવાળી, સંતનો સમાગમ કરવાવાળી હતી, છતાં તે ભાન ભૂલી. પણ એ પાપ એના અંતરમાં ખટકતું હતું.

ઘણાં સમય પછી એ જ આચાર્ય વિચરતા વિચરતાં એ જ ગામમાં પધાર્યા. બાઇ દર્શન કરવા માટે ગઈ. વંદન કરીને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી. અહો! ગુરૂદેવ! આપે કહ્યું હતું કે પાત્રતા કેળવો ત્યારે મને દુઃખ થયું હતું પણ ખરેખર! મારામાં પાત્રતા ન હતી. હું ભૂલ કરી બેઠી હવે જિંદગીમાં આવી ભૂલ નહિ થાય. આપ મને પાપનું પ્રાયશ્ચિત આપો. ભરસભામાં પશ્ચાતાપપૂર્વક પાપનું પ્રાયશ્ચિત લે છે. જે કરેલાં પાપનું પાયશ્ચિત ન લે તો દુર્ગતિમાં જવું પડે છે. પાપ કરીને ગોપવે છે તે મહાપાપી છે. પ્રાયશ્ચિત કરવા માટે પર્વોના અધિરાજ પર્યુષણપર્વ આવી રહ્યાં છે. તમારા અંતરના ખૂણામાં પણ જે પાપ હોય તો તેને બહાર કાઢી અંતરને શુદ્ધ બનાવજો.

બાઇએ પાપનું પ્રાયશ્ચિત લીધું. અંતઃકરણપૂર્વક પશ્ચાતાપ કર્યો. પછી ગુરૂને પ્રતીતિ થઈ ગઈ કે હવે એનામાં પાત્રતા પ્રગટી છે. એને દીક્ષા લેવાની આજ્ઞા આપે છે. સંયમ લઇ અઘોર સાધના કરી બાઇ પોતાનું કલ્યાણ કરી જાય છે. મારો કહેવાનો આશય એ જ છે કે ગુરૂની સમીપે જવાથી જીવનમાં રહેલા દોષો દૂર થાય છે. જીવનનું સાચું ઘડતર થાય છે. જીવનમાં રહેલી ભૂલોને સમજાવી ભયમુક્ત બનાવે તે જ સાચા ગુરૂ છે.

બે કુમારોને સાચા ગુરૂનો સંગ થયો છે. ભવથી ભય પામ્યાં છે. તે પુત્રો એના માતા-પિતાને કહે છે હે તાત! આપણું જીવન અશાશ્વત છે. આયુષ્ય ટૂંકું છે. ઓછી જિંદગીમાં ઉપાધિઓ ઝાઝી છે. સારા કાર્યમાં કયારે અંતરાય આવી પડશે તેની ખબર

નથી. માટે અમને તો હવે આ સંસાર કાંટાળી વાડ જેવો લાગે છે. માટે અમને દીક્ષા લેવાની આજ્ઞા આપો. હવે પિતા તેમને શું જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૪૧

શ્રાવણ વદ ૧૨ ને શુક્રવાર, તા. ૨૮-૮-૭૦

અનંત જ્ઞાની, લોકાલોકને પ્રકાશિત કરનાર અનંત જ્ઞાન અને દર્શનના ધારક શ્રી વીર ભગવાનની વાણી તરસ્યાને જેમ પાણી અને આધિ-વ્યાધિ અને ઉપાધિથી પીડાતા માનવને સાચી શાંતિ પ્રદાન કરનારી છે. ભગવંતે કહ્યું છે કે હે આત્માઓ! પ્રાણીમાત્રને ચાર અંગો મળવા મહાન દુર્લભ છે.

"चत्तारि परमंगाणि, दुल्लहाणीह जन्तुणो ।
माणुसत्तं सुई सद्धा, संजमम्मि य वीरियं ॥ ઉ. અ. ૩-૧

મનુષ્યને આ ચાર વસ્તુઓ મળવી દુર્લભ છે. મનુષ્યત્વ, ધર્મનું શ્રવણ, સમ્યક્‌શ્રદ્ધા અને સંયમ માર્ગમાં પુરૂષાર્થ. આ ચાર દુર્લભ વસ્તુઓમાં મનુષ્યત્વને પ્રથમ મૂકવામાં આવ્યું છે. તેનું કારણ એ જ છે કે મનુષ્ય દેહ મળ્યા પછી પણ મનુષ્યત્વ મળવું મુશ્કેલ છે. માનવદેહ મળે પણ જો મનુષ્યત્વ પ્રાપ્ત ન થાય તો માનવ માનવ મટીને દાનવ બની જાય છે. આજે મનુષ્યોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે ત્યારે બીજી બાજુ માનવતા ઘટતી જાય છે. મનુષ્યોની સંખ્યા વધે છે કે ઘટે છે તે વસ્તુ મહત્વની નથી પણ મહત્વની વાત તો એ છે કે જ્યારે માનવતાનું પ્રમાણ વધે છે ત્યારે જ દુનિયામાં સુખ અને શાંતિનું સ્થાપન થાય છે.

કોઈ માનતું હોય કે ભૌતિક સાધનો દ્વારા શાંતિ મેળવી શકાશે. અણુબોંબ જેવી પ્રચંડ સામગ્રી દ્વારા સુખ અને શાંતિ પ્રાપ્ત કરી શકાશે. તો એ ભ્રમ છે. કોઈ માનતું હોય કે કારખાનાઓના વિકાસમાં સુખ-શાંતિ ભરેલા છે તો એ માન્યતા પણ ભૂલ ભરેલી છે. સુખ-શાંતિ બાહ્યસમૃદ્ધિની વૃદ્ધિમાં રહેલા નથી. જો એમાં જ સુખ અને શાંતિ હોત તો મોટા ચમરબંધી રાજાઓ એ સમૃદ્ધિને છોડીને ત્યાગ માર્ગ અપનાવત નહિ. મહાન-પુરૂષો ત્યાગના પંથે ગયા છે માટે ત્યાગ માર્ગમાં જ સુખ અને શાંતિ રહેલા છે.

માનવદેહ એ કલ્પવૃક્ષ સમાન છે. કલ્પવૃક્ષ નીચે બેઠેલો માનવી ઈચ્છિત વસ્તુ

મેળવી શકે છે તેવી જ રીતે માનવ દેહ વડે પણ મનુષ્ય ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ કરી શકે છે. માનવદેહ વડે સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ પણ કરી શકાય છે. અને જો તેનો દુરુપયોગ કરવામાં આવે તો નરકની ગતિમાં પણ જવું પડે છે. માનવ કઈ દિશામાં પુરુષાર્થ કરી રહેલો છે એ જ મહત્વનો પ્રશ્ન છે. જો તે સમ્યગ્ દિશામાં પ્રયત્ન કરી રહેલ હોય તો માનવદેહ વડે મોક્ષ અને સ્વર્ગ મેળવી શકે છે અને વિપરીત દિશામાં પ્રયત્ન કરે તો નરકગતિ પણ મેળવે છે. બંધુઓ! તમારી પ્રવૃત્તિ સ્વર્ગ અને મોક્ષ તરફની છે કે નરક ગતિ તરફની છે? તેનો નિર્ણય તમે જાતે જ કરી શકો છો. મહાન પુરૂષો તો એટલું જ કહે છે કે આ માનવદેહ મહામહેનતે મળેલો છે. માટે માનવદેહ વડે મનુષ્યત્વ પ્રાપ્ત કરવું અને સમ્યગ્દિશામાં તેનો ઉપયોગ કરવો તેમાં જ માનવભવની સાર્થકતા છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં દેવભદ્ર અને યશોભદ્ર બંને ઉગતી ઉંમરના કોમળ ફૂલ જેવાં બાળકો છે. એમને માનવભવની મહત્તા સમજાઈ ગઈ છે. માનવ જીંદગીની ક્ષણ ક્ષણ એમની કિંમતી જાય છે. તેઓ માતા-પિતાને કહે છે હે માતા પિતા! આ માનવ જિંદગીમાં આપણો વિશ્વાસ એ અશાશ્વત છે. તેમજ તેમાં પણ અંતરાયો ઘણી જ આવે છે. વળી આયુષ્ય પણ લાંબુ નથી. માટે :

"तम्हा गिहंसि न रइं लभामो, आमन्तयामो चरिस्सामु मोणं।"

આવા ક્ષણિક જીવનમાં કયારે આધિ-વ્યાધિ અને ઉપાધિનો હુમલો આવશે તેની ખબર નથી માટે હે પિતા! અમને આ તમારા ઘરમાં રહેજ પણ આનંદ આવતો નથી. આપણો જીવન દીપક કયારે બૂઝાઈ જશે તેની પણ ખબર નથી.

આવશે એ કાળ કયારે કંઈએ કહેવાય ના,
દીપક બૂઝાશે કયારે સમજી શકાય ના,
જિંદગીને મહેલ માની રચ્યો પચ્યો મહીં,
પાનાનો મહેલ છે એ મને ખબર પડી નહિં,
ખબર નહિ (૨) એ મહેલના નહીં કરવા ભરોસા (૨) આવશે.

આવી આપણી જિંદગી રહેલી છે. માટે હે પિતા! અમે સંયમ માર્ગે પ્રયાણ કરીશું. બંધુઓ! તમે તો બાળક મટી યુવાન થયાં. યુવાન મટીને વૃદ્ધ થયા. માથે કાળા બદલે ધોળા આવ્યા. પણ હજુ જીવનની ક્ષણિકતા સમજાણી નથી. તમે કયારે સમજશો?

જ્ઞાની પુરૂષોએ અનાદિકાળના દુઃખો દૂર કરવાને માટે અને મોક્ષ માર્ગની પ્રાપ્તિ માટે જ ત્યાગ ધર્મ બતાવ્યો છે. તમને માનવભવ મળ્યો છે. કંઈક મનુષ્યત્વનાં લક્ષણો

પણ પ્રગટયા છે. એટલે તમને વીતરાગ વાણી સાંભળવી ગમે છે. એના ઉપર કંઈક શ્રદ્ધો પણ થઈ છે તો હવે ચોથું દુર્લભ અંગ 'સંયમમાં વીર્ય ફોરવવું' એ જ બાકી છે એના વિના મોક્ષ મળવો મુશ્કેલ છે.

દેવાનુપ્રિયો ! સંસારના સુખો મેળવવા માટે આ જીવે કંઈ જ બાકી રાખ્યું નથી. આ શરીરને સાજું રાખવા માટે પાપ કરવામાં બાકી રાખ્યું નથી. એ સુખો મેળવવા અને શરીરના રક્ષણ માટે જ માનવભવની દુર્લભતા નથી પણ દેહના ભોગે સંયમનું રક્ષણ કરવા માટે જ માનવભવની દુર્લભતા બતાવી છે. આજે જગતમાં આધ્યાત્મિકતાની વાતો કરનારાં ઘણાં છે. પણ આચરણ કરનારા તો બહુ જ અલ્પ છે. સંસારનાં સુખો ભોગવવા છે અને આત્મકલ્યાણની વાતો પણ કરવી છે. એથી કંઈ જીવને લાભ થતો નથી.

कोहं च माणं च तहेव मायं, लोभं चउत्थं अज्झत्थदोसा ।
एयाणिवंता अरहा महेसी, न कुव्वइ पाव न कारवेइ ॥

સૂય. સૂ. અ. ૬ ગાથા ૨૬

સુધર્માસ્વામી પોતાના ગુરૂ ત્રિલોકીનાથ ભગવાન મહાવીર સ્વામીની સ્તુતિ કરતાં બોલ્યા છે કે હે પ્રભુ ! આપે ક્રોધ – માન – માયા અને લોભ એ ચારે ય દુષ્ટ કષાયો ઉપર વિજય મેળવ્યો છે. એ ચારે ય કષાયોને નાબૂદ કરી આપે પરમપદને પ્રાપ્ત કર્યું છે. ભગવંતે પાપ કરવું નહિ, અને પાપ કરનારને અનુમોદન આપવું નહિ એ સિદ્ધાંત ત્યાગીઓને સમજાવ્યો છે.

ભગવાન મહાવીર અખૂટ શક્તિના ભંડાર હતાં. જ્યારે પ્રભુનો જન્મ થયો ત્યારે ઈન્દ્રો મેરૂ પર્વત ઉપર સ્નાન કરાવવા લઈ ગયા તે સમયે એક પગના અંગૂઠા વડે આખો મેરૂ પર્વત ધ્રુજાવી નાંખ્યો હતો. એવા શક્તિમાન હોવા છતાં પણ જ્યારે ઉપ. સર્ગો સહન કરવાનો સમય આવ્યો ત્યારે ભગવાને આંખનો ખૂણો પણ લાલ કર્યો ન હતો. જ્યારે અત્યારે શક્તિ છે નહિ અને કોઈ સ્હેજ અપમાન કરે તો ગુસ્સાનો પાર નહિ. કહેવત છે કે "કમજોર અને ગુસ્સા બહોત" ભગવંતે शक्तौ सहनम् " આ વાકયને માત્ર કહી બતાવ્યું જ નથી પણ આત્મસાત કરી બતાવ્યું છે. જે માર્ગે તીર્થંકરો ચાલ્યા છે તે જ માર્ગે ગણધરો ચાલ્યા અને જે માર્ગે ગણધરો ચાલ્યા તે જ માર્ગે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ ચાલ્યા છે અને એ જ માર્ગે શ્રાવક–શ્રાવિકાઓને પણ ચાલવાનું છે.

ઉપાસકદશાંગ સૂત્રમાં ભગવાનના દશ શ્રાવકો કેવું જીવન જીવી ગયા છે, તેમણે કેવા કેવા ઉપસર્ગોને સમતાભાવે સહન કર્યા છે, તેનું સુંદર વર્ણન તેમાં કરવામાં આવ્યું છે. ભગવાન નેમિનાથના વારામાં જૂઠલ શ્રાવક થઈ ગયાં. તેમને બત્રીસ તો સ્ત્રીઓ હતી. વૈભવનો પાર ન હતો. આવા સુખમાં રહેવા છતાં અનાસક્તભાવે રહેતા હતાં. એ જૂઠલ

શ્રાવક પૌષધશાળામાં રહીને પૌષધ કરતા હતાં. એમણે અંતિમ સમયે સંથારો કર્યો હતો. તેમાં એમને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. બંધુઓ! વિચાર કરો. એમનું જીવન કેટલું પવિત્ર હશે! જીવનમાં કેટલા સદાચારનું સેવન કર્યું હશે કે તેમને અંતિમ સમયે ગૃહસ્થાવાસમાં રહીને પણ અવધિજ્ઞાન પ્રાપ્ત થયું! અને અવધિજ્ઞાન દ્વારા એમણે જાણ્યું કે આજે મને અગ્નિનો પરિષહ આવવાનો છે. અનુકૂળ સંયોગો એ પુણ્યનું ફળ છે અને પ્રતિકૂળ સંયોગો એ પાપનું ફળ છે. પરંતુ સમભાવ એ આત્માનો સ્વતંત્ર ગુણ છે. માટે હે આત્મન્! જોજે, તું તારી સમતા ગુમાવતો નહિ. આ પરિષહ પણ કોનાથી આવવાનો છે એ પણ જાણી લીધું.

જૂહલ શ્રાવકની સ્ત્રીઓ સ્વાર્થની સગી હતી. એમણે સંથારો કર્યો તે એમને (સ્ત્રીઓને) ગમ્યું નહિ, કારણ કે એની પાસેથી જે સુખ મળતું હતું તે બંધ થઈ ગયું. તમારો સંસાર તો સળગી રહ્યો છે. તમારો પ્રેમ ચાર ઘડીની ચાંદની જેવો છે. સાચો પ્રેમ નેમ અને રાજુલનો હતો કે જે નેમનાથ ભગવંત તોરણેથી પાછા ફર્યા. રાજેમતી કુંવારી રહી. એના માતા-પિતાએ કહ્યું: બેટા! તને નેમ કરતાં પણ સારા મુરતિયા સાથે પરણાવું. ત્યારે રાજેમતીએ કહી દીધું હે માતા-પિતા! જેની સાથે મારું સગપણ થયું એની પત્ની હું કહેવાઇ ગઈ. હવે આ જન્મમાં બીજો પતિ મારે ન જોઇએ. જે નેમનાથનો માર્ગ એ જ મારો માર્ગ. એમ કહી રાજેમતી દીક્ષા લેવા તૈયાર થઈ ત્યારે એની સાથે એની ઘણી સખીઓ પણ દીક્ષા લેવા તૈયાર થઈ. આનું નામ સાચો પ્રેમ. આ હતી સાચી પત્ની અને સાચી સખીઓ. આજે તો સ્ત્રીઓ પણ સ્વાર્થી અને સખીઓ પણ સ્વાર્થી છે.

જૂહલ શ્રાવકની પત્નીઓ સ્વાર્થી હતી. જો સાચો પ્રેમ હોત તો એમ માનત કે દેહનો રાગ ઘટાડી સંથારો કર્યો. આપણને આવો અવસર કયારે આવશે? પણ આ સ્વાર્થી સ્ત્રીઓની કામના પૂરી ન થઈ એટલે બધી સ્ત્રીઓએ ભેગી થઈ ને નિર્દય ભાવનાથી ચોકમાં લાકડાની ચિતા ખડકી-સળગાવીને જૂહલ શ્રાવકને એમાં મૂકી દીધો. પણ જૂહલ શ્રાવકે મનથી પણ સ્ત્રીઓ ઉપર ક્રોધ કર્યો નહીં. અને શુભ ધ્યાનમાં લીન રહી સમાધિ મરણે મરીને એકાવતારી બન્યા.

કહેવાનું તાત્પર્ય એ જ છે કે જૂહલ શ્રાવકે સાધુપણું લીધું ન હતું. ગૃહસ્થાવાસમાં રહેતાં છતાં કેટલો સમતાભાવ કેળવ્યો હતો! કષાયો ઉપર વિજય મેળવ્યો હતો અને જીવનમાં સાચી માનવતા કેળવી હતી. ભગવાનના એકેક શ્રાવકો શાસનનાં અમૂલ્ય રત્નો હતાં. તમે પણ વીર પ્રભુના શાસનમાં જન્મેલા છો. તમારું જીવન પણ આદર્શ બનવું જોઇએ.

આવતી કાલથી આત્માની સાધના સાધવાના મંગલકારી દિવસો આવે છે. કર્મ પણ

આઠ છે અને પર્યુષણ પર્વના દિવસો પણ આઠ છે. આત્માને કર્મથી મુક્ત કરવા તરફ તમે વેગ ઉપાડો. જૂઠલ શ્રાવક ચિતામાં જલી ગયા પણ સમતાભાવ ગુમાવ્યો નહિ. આપણે માટે પણ તપરૂપી ભઠ્ઠીમાં આપણાં આત્માને તપાવી શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવાનો આ સોનેરી સમય છે. જે દિવસની આપણે એક મહિનાથી રાહ જોઈએ છીએ તે દિવસ તો કાલે આવી જશે. જો પર્યુષણપર્વમાં નહિ જાગો તો તમારો અમૂલ્ય અવસર ચાલ્યો જશે. પર્યુષણ તો આવીને જશે અને તમે હતા તેવા ને તેવા જ રહી જશો. એ આઠ દિવસમાં પણ છેલ્લો સંવત્સરીનો દિવસ ખૂબ મહત્વનો છે. આગળના સાત દિવસોમાં આત્મામાં રહેલા રાગ–દ્વેષ–ઈર્ષ્યા–માનમાયા આદિ દુર્ગુણોને દૂર કરવાનાં છે. જેમ દિવાળી આવે છે ત્યારે બહેનો ઘરના ખૂણે ખૂણેથી બાવા ને જાળા વાળી ઝૂડીને સાફ કરે છે. આંગણામાં સુંદર રંગોળી પૂરે છે. તેમ સંવત્સરી પર્વ એ પણ આત્માની દિવાળી છે. અંતરના ઉંડાણમાં રહેલાં ક્રોધાદિ કષાયોના બાવા ને જાળા સાફ કરીને તપ–ત્યાગના રંગો વડે આત્માને રંગવાનો છે. તપ રૂપી અગ્નિ વડે કર્મરૂપી ઇંધનોને બાળવાના છે. માટે આવતી કાલે તપશ્ચર્યામાં જોડાવા બરાબર તૈયાર થજો. કાલથી પર્વાધિરાજ શરૂ થાય છે. વધુ વાત અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૪૨

અઠ્ઠાઈ ધર

શ્રાવણ વદ ૧૩ ને શનિવાર તા. ૨૯–૮–૭૦

અનંત જ્ઞાની, અનંત દર્શની, સર્વ જીવોને શાંતિનો માર્ગ બતાવનાર, શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોને માટે સિદ્ધાંત રૂપ વાણીની પ્રરૂપણા કરી. એ વાણીને જે જીવો અંતરમાં ઉતારે છે તે ભવ સાગરને તરી જાય છે.

જે દિવસની આપણે ઘણાં દિવસથી રાહ જોતા હતાં, જેના માટે અત્યંત ઉત્સુકતા રાખતા હતા, જેને યાદ કરતાં તમારું દિલ હર્ષથી નાચી ઉઠતું હતું તે પવિત્ર મંગલ–કારી પર્યુષણ પર્વનો આજે પહેલો દિવસ છે. આજના દિવસને આપણે અઠ્ઠાઈ ધર તરીકે ઓળખીએ છીએ. ધર પાંચ છે. મહિનાનું ધર, પંદરનું ધર, અઠ્ઠાઈ ધર, કલ્પધર અને તેલાધર. એક મહિના અગાઉથી સંવત્સરી પર્વની ચેતવણી આપવા માટે મહિનાનું

ઘર આવે છે. તે દિવસે જો તમે ન ચેતો તો પંદરના ઘરના દિવસે તો ચેતી જાવ. તે દિવસે પણ ન જાગ્યા તો આજે તો અવશ્ય જાગવાની જરૂર છે. આજે દરેકના દિલમાં અનેરો આનંદ છે. આજે સવારે તો ઘણી મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉભરાયો હતો. પણ મેઘરાજા પધાર્યા તેથી આનંદમાં ઓટ આવી ગઈ. છતાં બપોરનો સમય હોવા છતાં તમે બધા સાંભળવાની જિજ્ઞાસાથી આવીને બેસી ગયાં છો તો અઠ્ઠાઈધરના પર્વનો આનંદ અત્યારે જ માનવાનો રહ્યો.

આજે તમે બધાં અહીં એકત્ર શા માટે થયાં છો ? તેનો વિચાર કરવાની જરૂર છે. માણસ કોઈ પણ ઠેકાણે કાંઈ ને કાંઈ પ્રયોજન વિના જતો નથી. તમને કંઈ ખરીદ કરવાનું મન થાય તો જ બજારમાં જાવ છો. બજારમાં તો ગયા. ઘણી ચીજો બજારમાં મળે છે. જોઈને લેવા માટે મન લલચાય છે. પણ જો તમારી પાસે પૈસા જ નહીં હોય તો કેવી રીતે વસ્તુ ખરીદ કરી શકશો ! આજે તો જ્યાં જુઓ ત્યાં તમે પૈસાને પ્રાધાન્ય આપ્યું છે. એક સામાન્ય ચીજ ખરીદવી હોય તો નાણાં વગર મળતી નથી અને તમારે ઉચ્ચ સ્થાનમાં જવું છે. જો તમારે મોક્ષનાં મોતી મેળવવાં હોય તો તમારી પાસે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ રૂપી નાણાંની અવશ્ય જરૂર છે.

આ પવિત્ર દિવસોમાં તપ કરવાનું મન થાય છે. આજે નાના બાળકોએ પણ ઉપવાસ કર્યા છે. જેને જેટલી શક્તિ હોય તેટલા પ્રમાણમાં દરેકે તપશ્ચર્યા કરવી જોઈએ. કારણ કે તપ દ્વારા કર્મોની નિર્જરા થાય છે. " तवसा निर्जरा च । " તપ દ્વારા મહાન પુરૂષો કર્મને ખપાવીને મોક્ષમાં ગયાં છે. ભગવાન મહાવીર સ્વામીએ કર્મનો કાટ ઉખેડવા કેવી ઉગ્ર તપશ્ચર્યા આદરી હતી ! મેલા કપડાંને સાફ કરવા માટે સાબુ અને પાણીની જરૂર છે. સોનાના દાગીના સાફ કરવા માટે તેજાબની જરૂર છે. મશીનરી સાફ કરવા પેટ્રોલની જરૂર છે. તેમ આત્માને વિશુદ્ધ બનાવવામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની જરૂર છે. શારીરિક દર્દ થયું હોય તો તમે ડૉકટર પાસે જાવ છો. ડૉકટર બરાબર તપાસી નિદાન કરીને દવા આપે પણ જો તમે દવા જ નહીં પીવો તો રોગ કયાંથી જવાનો છે ? ઔષધિનું પાન કર્યા વિના શારીરિક રોગ જતો નથી. તો આત્માને અનાદિ કાળથી આઠ કર્મોનો રોગ લાગુ પડયો છે. તે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ રૂપી ઔષધિનું સેવન કર્યા વિના કયાંથી જશે ! આઠ કર્મમાં ચાર ઘાતી કર્મ છે. અને ચાર અઘાતી કર્મ છે. તેમાં ઘાતી કર્મ ઉપર ઘા કરવા માટે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ તીક્ષ્ણ શસ્ત્રો છે. તે શસ્ત્રો લઈને કર્મો ઉપર આપણે વિજય મેળવવાનો છે.

બીજા પ્રકારે ભગવંતે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ રૂપી પંચશીલ ધર્મ બતાવ્યો છે. તેમાં સૌથી પ્રથમ સ્થાન અહિંસાનું છે. આજે જ્યાં જોઈએ ત્યાં હિંસાનું સામ્રાજ્ય સ્થપાયું છે. આજની સરકાર પણ હિંસક શસ્ત્રોનું સર્જન કરવામાં

પ્રોત્સાહન આપી રહી છે અને તેમાં પણ તમારી વૈજ્ઞાનિક શોધખોળો વાયુ વેગે આગળ વધી રહી છે. દિવસે દિવસે અવનવી શોધો કરીને જગતને આંજી રહી છે. અહીંયા બેઠા હજારો માઈલોની વાતો અને સમાચાર તમે જાણી શકો છો. થોડા જ કલાકોમાં માનવી સેંકડો માઈલ દૂર પહોંચી શકે છે. આવા અનેક સાધનો આજે વધી રહ્યાં છે. ત્યારે તમને એમ થાય છે કે આપણે ઘણું કરી રહ્યાં છીએ. પરંતુ જરા વિચાર કરશો તો સમજાશે કે જેટલા પ્રમાણમાં વૈજ્ઞાનિક શોધખોળો વધી તેટલા પ્રમાણમાં વિકાસ નથી વધ્યો પણ વિનાશ વધ્યો છે. ભોજશોખનાં સાધનો વધવાથી માણસ કમજોર, હાડપિંજર જેવો બની ગયો છે. અને અણુબોંબ, એટમ બોંબની શોધખોળ થતાં મનુષ્યો કેટલા ભયમાં મૂકાઈ ગયાં છે !

ભારતમાં ચારે તરફ પશ્ચિમની હવા ફેલાઈ છે. પરિણામે માણસ આર્ય મટી અનાર્ય બની ગયો છે. અને પોતાના અમૂલ્ય જીવનને એળે ગુમાવે છે. આપણા સર્વજ્ઞ ભગવંતો હજારો વર્ષો પહેલાં જે જે સમજાવી ગયાં છે તે જ વાતોને આજે વૈજ્ઞાનિકો પૂરવાર કરે છે. દેવ વિમાનોની વાત શાસ્ત્રમાં સાંભળતાં ત્યારે લોકો એમ બોલતાં કે આ તો ઠંડા પહોરનાં ગપ્પાં છે પણ અત્યારે તમને એ પ્રત્યક્ષ દેખાય છે ને ? અને સમજાય છે ને કે ભગવંતોએ જે કહ્યું છે તે તદ્દન સત્ય છે.

આ બધું જોઇને જાણીને શાસ્ત્રો ઉપર તમને શ્રદ્ધા થવી જોઇએ. તેને બદલે દિવસે દિવસે શ્રદ્ધાના પાયા ડગમગ થઈ રહ્યાં છે એ અફસોસની વાત છે. બંધુઓ ! તમે કંઈક સમજો. વિજ્ઞાન ગમે તેટલું આગળ વધ્યું છે છતાં તે અપૂર્ણ છે. જ્યારે આપણા ભગવંતો પૂર્ણ હતાં. વિજ્ઞાનવાદીઓને ઘડીએ ઘડીએ તેમનાં સિદ્ધાંતોમાં પરિવર્તન કરવું પડે છે. ત્યાં જ સમજી શકાય છે કે તેઓ અધૂરા છે. પણ સર્વજ્ઞ ભગવંતોના સિદ્ધાંતો ત્રણે કાળમાં ફરવાનાં નથી. તમારા વિચારોમાં પરિવર્તન થયું પણ ભગવંતના સિદ્ધાંતમાં પરિવર્તન થયું નથી. એ ઉપરથી પણ સમજાય છે કે સર્વજ્ઞ પૂર્ણ છે અને વૈજ્ઞાનિકો અપૂર્ણ છે.

ભગવંતોએ જે જગત એના જ્ઞાનમાં જોયું છે તેનો ભાગ પણ વૈજ્ઞાનિકો શોધી શકયા નથી. પૃથ્વી ગોળ છે, પૃથ્વીનો નકશો આવો છે એમ અપૂર્ણ વૈજ્ઞાનિકોએ ભૂગોળ શાસ્ત્રમાં જેટલાં દેશ અને જેટલી દુનિયા શોધી છે તે જૈનશાસ્ત્રોની દૃષ્ટિએ સમુદ્રમાં બિંદુ સમાન છે છતાં તમને વિજ્ઞાન ઉપર કેટલી શ્રદ્ધા છે ? પણ એના અણુઅણુમાં હિંસા જ ભરેલી છે. પહેલાનાં સમયમાં જે લોકો યુદ્ધમાં જતા હતાં તેમનું જ મોત થતું હતું પણ આજે તો બોંબની શોધ થતાં ગામનાં ગામ સાફ થઈ જાય છે. આ બધું જ થવાનું મુખ્ય કારણ હોય તો જીવનું અજ્ઞાન છે.

આજે આટલી શોધખોળો થયા છતાં જ્યાં જુઓ ત્યાં દુનિયામાં સુખ કે શાંતિનો છાંટો દેખાતો નથી. જ્યાં જોઇએ ત્યાં દુઃખ, દુઃખ ને દુઃખ જ દેખાય છે. જો તમારે સુખ

અને શાંતિ જોઈતી હોય તો વિજ્ઞાનવાદ છોડી ભગવાન મહાવીરે બતાવેલી અહિંસાને જીવનમાં અપનાવો. "आत्मवत् सर्व भूतेषु ।" દરેક આત્માઓ પોતાના આત્મા સમાન છે એવી ભાવના કેળવો તમને સુખ જેમ પ્રિય છે તેમ જગતના દરેક પ્રાણીઓને સુખ પ્રિય છે. આચારંગ સૂત્રમાં પણ ભગવાને કહ્યું છે કે "सव्वेसिं जीवियं पियं ।" બીજાને દુઃખ આપવાથી આપણને દુઃખ મળે છે. સુખ આપવાથી સુખ મળે છે. જો તમે કોઈના દુઃખમાં સહાયક બનશો તો કોઇ તમારા દુઃખમાં સહાયક બનશે. બીજાનું દુઃખ જોઇ તમારું હૃદય દ્રવી જવું જોઇએ. સાચો શ્રાવક બીજાનું દુઃખ જોઈ શકતો નથી. જેના જીવનમાં અનુકંપા હોય છે એ જ અહિંસાવ્રતનું પાલન કરી શકે છે.

સ્વદયામાં પરદયા સમાયેલી છે. જ્યારે જીવ પાપ કરે છે ત્યારે એને ભાન રહેતું નથી. એ પાપનાં ફળ બીજા ભવમાં ભોગવવા પડે છે. એટલે જીવને ભાન થતું નથી પણ આ ભવમાં કોઈ માણસે કોઈનું ખૂન કરી નાંખ્યું. પછી એને ડર લાગે છે કે હું પકડાઈ જઈશ તો મારે જેલમાં જવું પડશે અને કષ્ટો સહન કરવા પડશે. એટલે ગુન્હાની સજા ભોગવવાના ભયથી પણ પાપ કરતો અટકે છે. એવો ભય લાગવાથી પણ માણસનું જીવન કોઇક વખત પલટાઈ જાય છે. એક કરૂણાદેવીનું દૃષ્ટાંત છે. તે પહેલાં કેવી ઉન્માદ હતી પણ પછી કેવી સુધરી જાય છે!

કોશલદેશના રાજાની રાણીનું નામ કરૂણાદેવી હતું. પણ એના અંતરમાં કરૂણા ન હતી. જિન શાસનમાં નામ કે રૂપની કિંમત નથી. પણ ગુણની કિંમત છે. કોશલ નરેશની રાણી કરૂણાદેવીને એક દિવસ નદીએ સ્નાન કરવા જવાનું મન થયું એટલે રાજાને વાત કરી. રાજાની આજ્ઞા લઇને જળક્રીડા કરવા નદી કિનારે જવા તૈયાર થઇ. આ તો રાણીસાહેબ જવાનાં એટલે ગામમાં જાહેરાત કરવામાં આવી કે અમુક સમય સુધી કોઇએ નદીએ જવું નહિ. એટલે નદીએથી સૌ માણસો ચાલ્યા ગયા. રાણી એની દાસીઓ સહિત નદી કિનારે આવે છે. નદીમાં સ્નાન કરી બહાર નીકળ્યા એટલે રાણીને ઠંડી લાગવા માંડી. શરીર થરથર ધ્રુજવા લાગ્યું. દાસીને કહે છે મને ખૂબ ઠંડી લાગે છે. તમે તાપણી કરો. દાસી કહે છે બા સાહેબ! આ તો નદીનો કિનારો છે. કયાંય સૂકું લાકડું દેખાતું નથી. કયાંથી તાપણી કરું? બીજી દાસી કહે છે આ બધા ઝૂંપડા છે, તેમાંથી એક ઝુંપડું જલાવી દો તો તાપણી થશે. અને બા સાહેબની ઠંડી ઉડી જશે. કરૂણાદેવી કહે છે જલ્દી ઝૂંપડું જલાવી દો. અને મારી ઠંડી ઉડાડો. જુઓ આ એની કરૂણા! એને એના મહારાણીના પદનો ઘમંડ હતો. સત્તાની ખુમારી હતી એટલે ઓર્ડર કર્યો કે જલ્દી દીવાસળી ચાંપી દો,મને ખૂબ ઠંડી લાગે છે. ત્રીજી દાસી કહે છે રાણીસાહેબ! આપ ગાડીમાં બેસી જશો તો પા કલાકમાં મહેલમાં પહોંચી જવાશે અને આપની ઠંડી ઉડી જશે. પણ આ નિરાધાર ગરીબના ઝૂંપડા જલી જશે તો એમને કેટલી ઠંડી લાગશે? તેઓ કેટલી મુશ્કેલીમાં

મૂકાઈ જશે તેનો વિચાર કરો! કરૂણાદેવી સત્તાના મદમાં ઉન્મત્ત બનીને ગરીબના દુઃખોનો વિચાર કરતી નથી.

આ લક્ષ્મી – વૈભવ અને સત્તા તમને તમારા પુણ્યથી મળી છે. એ બે–ત્રણ દિવસના વરસાદથી રાજકોટમાં પણ કેવી કરૂણ સ્થિતિ બની ગઇ છે. તમે આવા સુંદર મકાનમાં બેઠાં છો તો પણ ઠંડી લાગે છે. તમારે ઓઢવાં અને પાથરવાનાં આટલાં વસ્ત્રો છે, રૂના ગાદલાં છે. અને જેઓ નદીના કિનારે ઝૂંપડા બાંધીને રહે છે તેમની કેવી સ્થિતિ થઇ હશે? એમનાં ઝૂંપડા તણાઇ જતાં કેવી પાયમાલી થઈ હશે? એનો તમને ખ્યાલ આવે છે? કેટલાં નિર્દોષ પશુઓ આ પુરમાં તણાઈ ગયા? જ્યારે તમને કંઈ પણ ફિકર ખરી? આ ભવમાં જે સુખ અને સામગ્રી મળી છે તેનાથી સૌ જીવોનું તમે રક્ષણ કરજો. તમે કોઇનું રક્ષણ કરશો તો કોઈ તમારૂં જરૂર રક્ષણ કરશે. કંઈ માણસો તો એમ જ સમજે છે કે જે કંઈ મળ્યું છે તેનો ભોગવટો આ ભવમાં કરી લો.

हत्था गया इमे कामा, कालिया जे अणागया।
को जाणइ परे लोए, अत्थि वा नत्थि वा पुणो॥ उ. अ. ५–६

જે કામભોગો મળ્યાં છે તેને આ ભવમાં ભોગવી લો. પરલોક છે કે નથી એ કોને ખબર છે? આવા સુખો ફરીને ક્યારે મળશે? પોતે સુખી તો બીજાની પરવા જ નથી. બીજાનું ગમે તે થાઓ પણ મારા સુખમાં વિક્ષેપ ન પડવો જોઈએ. પોતાના અલ્પ સુખને ખાતર બીજાને તમે તુચ્છ ન ગણો.

દાસીએ કરૂણાદેવીને ખૂબ સમજાવ્યાં, પણ માન્યાં નહિ. દાસીને અભિમાનથી કહે છે તું મને શિખામણ દેનારી કોણ? મને બધી ખબર પડે છે. રાણીના ઓર્ડર પાસે કોનું ચાલે? નદીકિનારે વીસ ઝૂંપડા હતા. વીસ ઝૂંપડામાં કુલ ૭૦–૮૦ માણસો રહેતા હતાં. અત્યારે કરૂણાદેવી પધાર્યા છે એટલે બધા ઝૂંપડાવાસીઓ ગામમાં ચાલ્યા ગયાં છે. આ દાસીએ નિર્દય બનીને ઝૂંપડું જલાવ્યું. અને કરૂણાદેવી તો ઠંડી ઉડાડીને ચાલ્યા ગયા. નદીકિનારો હોવાથી પવન ખૂબ છે. ઓલવનાર કોઇ જ નથી. બધા જ ઝૂંપડા બળીને સાફ થઈ ગયા.

ભગવાને કહ્યું છે કે ભયંકરમાં ભયંકર જો કોઈ શસ્ત્ર હોય તો તે અગ્નિ છે.

"तिक्खमन्नयरं सत्थं, सव्वओ वि दुरासयं।"

તલવાર, ભાલો કે ગોળી તો જેને વાગે તેને જ મારે છે. પણ ભયંકર અગ્નિ જો ફેલાઈ જાય છે તો ભયંકર નુકશાન કરી નાખે છે. આ પવનના ઝપાટાથી એક ઝૂંપડું સળગ્યું અને બધા ગરીબોના ઝૂંપડા સળગી ગયા. રાણીસાહેબ મહેલમાં પધાર્યા અને

ગરીબ માણસો પોતાના સ્થાને આવ્યાં. પોતાનાં આશ્રયસ્થાન સમાન–પ્રાણસમા ઝૂંપડાં જલી ગયાં છે. ગરીબને મન એની ઝૂંપડી એ મહેલ છે. એના સામાન સહિત ઝૂંપડાં બળી ગયા તેથી તેમને કેવું દુઃખ લાગે? આ નિરાધાર બેઠેલા બધા જ માણસો કરૂણ વિલાપ કરે છે. હવે શું કરવું? આપણાં ઝૂંપડાં કોણે જલાવ્યાં? કોઈ ડાહ્યો માણસ એમને કહે છે ભાઈ! એ તો રાજાની રાણીને ઠંડી લાગી. એ ઠંડી ઉડાડવા તમારા ઝૂંપડાં જલાવી દીધા. હવે આમ રડીને શું કરશો? તમે રાજા પાસે જઈને ફરીયાદ કરો.

આ ૭૦ માણસોનો કાફલો ભેગો થઈને કરૂણ સ્વરે રૂદન કરતો રાજાની પાસે આવે છે. રૂદન સાંભળી રાજા પૂછે છે તમે બધા કેમ રડો છો? કોશલનરેશ ખૂબ ન્યાયી અને પ્રજાપ્રિય રાજા હતો. તેના રાજ્યમાં ગરીબ અને ધનવાન સર્વને સરખો ન્યાય મળતો હતો. ગરીબ લોકો કહે છે આપજી! અમારા ગરીબના ઝૂંપડા જલી ગયા, અમે નિરાધાર બની ગયાં. રાજા કહે છે શી રીતે બળી ગયાં? ત્યારે કહે છે આપનાં રાણીસાહેબ નદીએ સ્નાન કરવા માટે ગયાં હતાં. એમને ઠંડી લાગી. એ ઠંડી ઉડાડવા રાણી સાહેબે અમારા ઝૂંપડાની તાપણી કરી. અમે બધાં બેહાલ બની ગયાં. હવે અમે કયાં જઈને રહીએ? તરત જ રાજાએ કરૂણાદેવીને બોલાવી. અને પૂછયું રાણીજી! તમે ગરીબનાં ઝૂંપડાં જલાવ્યા હતાં. તો કહે, હા. શા માટે? મને ખૂબ ઠંડી લાગતી હતી. અહો! રાણીજી! તમને સહેજ ઠંડી લાગી તો સહન કરી શકયાં નહિ. તમે તો મહેલમાં બેસી ગયાં છો, ત્યારે આ ગરીબો બિચારા નિરાધાર થઈ ગયા, એમનું શું થશે? તમે એટલો પણ વિચાર ન કર્યો? રાજાના કડક શબ્દો સાંભળી કરૂણાદેવી થરથર ધ્રુજવા લાગી. રાજા કહે છે જાવ, આ રાણીના દાગીના અને સારાં વસ્ત્રો ઉતારી લો અને સામાન્ય વસ્ત્ર પહેરાવી દો. અને રાણીને કોશલનરેશે સાફ સંભળાવી દીધું કે તમે જાતે મજુરી કરી ગરીબના જેટલાં ઝૂંપડાં બાળી મૂકયા છે તેટલા બનાવી આપો, પછી જ મહારાણીપદે આવી શકશો.

રાણીને ભીખારણ જેવાં વસ્ત્રો પહેરાવી કાઢી મૂકી. બંધુઓ! આનું નામ ન્યાય. તમારો ન્યાય આવો છે? તમને તો મોટા લોકોની શરમ પડે છે. ગરીબની દાદ તો કોઇ સાંભળતું જ નથી. આજે જ્યાં જોઇએ ત્યાં દાદાગીરી વધી છે. નીતિ અને ન્યાયનો દેશનિકાલ થઈ ગયો છે. બીજાને માટે ન્યાય–નીતિની વાતો કરાય છે પણ ઘરમાં આવે ત્યારે બધું જ ચલાવી લેવાય છે.

કૃષ્ણ મહારાજાએ ઢંઢેરો પીટાવ્યો કે આ સોનાની દ્વારકા એક દિવસ બળી જવાની છે માટે જેને દીક્ષા લેવી હોય તે લઈ લો. જે ભગવાન નેમનાથના શરણે જશે તે બચી જશે. ત્યારે સત્યભામા, રૂક્મણી આદિ પટ્ટરાણીઓ કહે છે સ્વામીનાથ! આ ઘર ઉપદેશ છે કે પર ઉપદેશ? ત્યારે કૃષ્ણ મહારાજા કહે છે પર ઉપદેશ જ નથી પણ જેને દીક્ષા લેવી હોય તેને મારી આજ્ઞા છે.

કરૂણાદેવીને સખ્ત ફરમાન થઈ ગયું. રાજાની રાણી જેણે કોઈ દિવસ કામ કર્યું નથી એ મજુરી કેવી કરી શકે? હવે એને ખ્યાલ આવ્યો કે મેં સત્તાના મદમાં આવીને ગરીબોના દુઃખોની દરકાર ન કરી. પણ દુઃખ કેમ વેઠાય છે? એની મને હવે ખબર પડી. રાણીજીને ત્રણ દિવસમાં કામ કરવાથી હાથે ચાંદા પડી ગયા. આંખમાંથી બોર બોર જેવડા આંસુ સરી પડે છે. ખરેખર! કરૂણાદેવી તો કરૂણાને પાત્ર બની ગઇ. ગામના લોકોને પણ રાણીની ખૂબ દયા આવી. ગામમાં હાહાકાર મચી ગયો. ગામના મુખ્ય માણસો રાજા સાહેબને કહે છે બાપુ! રાણીજી તો મરણતુલ્ય બની ગયાં છે. આપ હવે માફ કરો. રાજા ના પાડે છે. ગુન્હાની શિક્ષા બરાબર ભોગવવી જોઇએ. છેવટે ઝુંપડાવાળા બધા જ માણસો રાજા પાસે આવીને કહે છે બાપુ! આપ હવે માફ કરો અને રાણી સાહેબને બોલાવી લો. આપે ન્યાય કર્યો છે જેથી અમારા ઝુંપડાં બની ચૂકયાં છે.. પણ કોશલ નરેશ ના પાડે છે. છેવટે ઝૂંપડાવાળા લોકો સત્યાગ્રહ કરીને બેસી જાય છે. આપ રાણીસાહેબના ગુન્હાને માફ નહિ કરો, ત્યાં સુધી અમે અહીંથી ઉઠીશું નહિ. છેવટે રાજા કરૂણાદેવીને બોલાવે છે. ફરીને આવી ભૂલ નહીં કરવા માટે કબૂલ કરાવે છે. હવે કરૂણાદેવીને દુઃખીના દુઃખનો ખ્યાલ આવ્યો. અને સાચી કરૂણાદેવી બની ગઇ. રાજા ગરીબોને ઝૂંપડા બનાવી આપે છે.

બંધુઓ! કહેવાનો આશય એ છે કે સત્તાના મદમાં આવીને કોઇના હિતાહિતનો વિચાર કરતા નથી, પણ જ્યારે દુઃખ ભોગવવા પડે છે ત્યારે જ ખબર પડે છે. કર્મ કોઈને છોડતું નથી.

વ્યાખ્યાન નં.... ૪૩

પર્યુષણ પર્વ – ૨

શ્રાવણ વદ ૧૪ ને રવિવાર તા. ૩૦–૮–૭૦

આજે પાવનકારી પર્યુષણ પર્વનો બીજો દિવસ છે. આત્મામાં જે પરભાવની ખરાબીઓ અને અનિષ્ટો ભરેલાં છે તેને વિસર્જન કરવા માટે આ પર્યુષણ પર્વ પવિત્ર પ્રેરણા લઇને આવ્યું છે.

બંધુઓ! આ પાવનકારી પર્વ આપણને આત્મજાગૃતિનો સંદેશો આપવા માટે

મહેમાન બનીને આવ્યું છે. તમારા ઘેર કોઇ માણસ મહેમાન બનીને આવે ત્યારે તમે તેની કેટલી મહેમાનગતિ કરો છો? તમારાં ભાઈ, બહેન, પાડોશી તથા તમારા જેટલાં સગાવહાલાં હોય તે બધા તેમનું સ્વાગત કરવા એકત્ર થઇ જાય છે. અને સુંદર સ્વાદિષ્ટ ભોજન બનાવી તમે પ્રેમપૂર્વક તેને જમાડો છો. તેનું અભિનંદન કરો છો. આ જ રીતે આ મંગલકારી પર્યુષણ પર્વ તમારે ત્યાં મહેમાન બનીને આવ્યું છે તેનું તમારે સ્વાગત કરવાનું છે. તેનું સ્વાગત કેવી રીતે કરશો? આધ્યાત્મિક જાગૃતિ કરવાની છે. પોતાની જાતનું અવલોકન કરી આંતરચક્ષુથી આત્માના દર્શન કરવા તે જ તેનું સાચું સ્વાગત છે. બંધુઓ! હવે આ સાત દિવસોમાં અંતરંગ આત્માને ઘસી ભૂસીને ઉજ્જવળ કરવાનો છે. ક્ષમાથી, તપથી અને સંયમથી આત્મદેવની સાધના કરવાની છે.

એક વાર ભક્ત કવિ કબીરને કોઇએ પૂછ્યું. તમે પૂજા નથી કરતા? નૈવેદ્ય નથી ચઢાવતા? તમે મંદિરે નથી જતા? ત્યારે કબીરે કહ્યું: હું તો દરરોજ આત્મદેવની પૂજા કરું છું. હું જે કંઈ ખાઉં છું તે આત્મદેવની સાધનાને માટે. હું પાણી વગેરે પીઉં છું, બોલું છું, ચાલું છું તે બધું આત્મદેવની સાધના માટે જ. હું કોઇના દિલને દુઃખ ઉત્પન્ન થાય એવી વાણી નથી બોલતો. અને કોઇને મારા શરીરથી કષ્ટ પહોંચાડતો નથી. આ બધું આત્મદેવની સાધના નહીં તો બીજું શું? સાચો ભગવાન આપણી અંદર જ છે. તેની ઉપાસના એ જ સાચી ઉપાસના છે. તે ભગવાનની સેવા ત્યાગથી, ક્ષમાથી, સંતોષથી કરવી જોઇએ.

દેવાનુપ્રિયો! પર્યુષણ પર્વ એ આત્માની ઉપાસનાનું પર્વ છે. આ દિવસમાં આંતર-નિરીક્ષણ કરવાનું છે કે મનમાં કયાંય ક્રોધની ભઠ્ઠી તો સળગતી નથી ને? માનના સર્પ તો ઝેરી જીભના ઝટકા મારતા નથી ને? તૃષ્ણાનો સાગર ઉન્માદે તો ચઢયો નથી ને? વાસનાના કીડા તો ખદબદતા નથી ને? વિકારોની આંધી તો ઉઠતી નથી ને? આ બધું કદાચિત હોય તો તેનો નાશ કરવા માટે જ આ પર્વાધિરાજ પર્યુષણ પર્વ આવ્યા છે. પર્યુષણ પર્વ આ જ સંદેશો આપે છે કે આત્મામાં જે વિકારો ભરાઈ ગયાં છે તેનો નાશ કરો અને સદ્‌ગુણનો દિવડો આત્મામાં પ્રગટાવો. આ પર્વ અંધકારમાંથી પ્રકાશ તરફ, અસતમાંથી સત્ તરફ અને રાગમાંથી ત્યાગ તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે. આત્માને રાગ અને દ્વેષના મેલમાંથી સ્વચ્છ બનાવો. દ્વેષ કરતાં પણ રાગ તો બહુ ભયંકર છે. એ તો ઘણી વખત હું કહી ચૂકી છું.

આધ્યાત્મિક ભૂમિકાએ પહોંચવા માટે તો મૂળ રાગનો જ ત્યાગ કરવો પડશે એ માટે આપણે સર્વ પ્રથમ એ જાણવું પડશે કે રાગ એ શું છે? અને આત્માને સ્વભાવમાંથી વિભાવ તરફ એ કઈ રીતે લઈ જાય છે? આપણી જે દૃષ્ટિથી સંસારના બધા જ પદાર્થો રમણીય દેખાય છે તેનું નામ જ રાગ છે. રાગથી

આત્મામાં મમત્વબુદ્ધિ પેદા થાય છે. કોઈ વસ્તુને જોવી તે પાપ નથી કારણ કે જ્ઞાતા અને દ્રષ્ટા એ તો આત્માનું સ્વરૂપ છે. શ્રી આચારંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે "જે આયા સે વિન્નાયા જે વિન્નાયા સે આયા।" આત્મા પોતે જ વિજ્ઞાતા છે અને જે વિજ્ઞાતા છે તે જ આત્મા છે. પણ જોવાની સાથે જો રાગદ્રષ્ટિ હોય તો જ બંધનનું કારણ બને છે. આત્માની જ્ઞાનશક્તિ કહે છે કે આ વસ્તુનો સ્વભાવ આવો છે પણ રાગદ્રષ્ટિ કહે છે કે આ બહુ સુંદર છે. ત્યારે બીજી તરફથી લોભવૃત્તિ બોલી ઉઠશે કે તને બહુ સુંદર લાગે છે. તો લઈ લે. બસ. આ લઈ લેવાની વૃત્તિ જ પાપની જનની છે. લઈ લેવાની વૃત્તિ કરાવનાર રાગ જ છે.

"દુઃખકારક નહિ વસ્તુ, વ્યક્તિ, દુઃખકારક છે મમતા રાગ,
બંધન છે આસક્તિ કાજે, જગત પ્રભુનો સુંદર બાગ."

રાગની ભાવના આત્મામાં છે કે પદાર્થમાં ! કોઈ વસ્તુ કે વ્યક્તિ એ દુઃખનું કારણ નથી. પણ એના ઉપરની આસક્તિ એ જ દુઃખકારક છે. આસક્તિના કારણે જ જીવ બંધાય છે. આત્માની શક્તિ અનંત છે. એ ધારે તો મમતાના બંધન તોડી શકે છે. પણ એ શક્તિઓ ઉપર આવરણ આવી ગયું છે. ભ્રમરમાં એવી શક્તિ છે કે તે કઠોરમાં કઠોર લાકડાને છેદીને પોતાનું ઘર બનાવી શકે છે પણ તે જ ભ્રમર જ્યારે કમળની કોમળ પાંદડીઓમાં કેદ થઈ જાય છે ત્યારે એને ભેદીને એ બહાર નીકળી શકતો નથી. આનું કારણ શું ? એ કમળની પાંદડીઓ લાકડાંથી પણ અધિક કઠોર છે ? ના. કમળ તો કોમળ છે. ભ્રમર ધારે તો એને ભેદી શકે પણ એના ઉપરનો રાગ છે તેથી એમાં કેદ થવું પડે છે.

બંધુઓ ! માણસને રાગ રડાવે છે અને રાગ હસાવે છે. તમે યાદ રાખજો કે જ્યાં સુધી રાગ દશા છે ત્યાં સુધી અશાંતિ કાયમ રહેવાની છે. લોઢામાં જ્યાં સુધી અગ્નિ છે ત્યાં સુધી એના ઉપર હથોડાના ઘા પડતા રહેશે. તેમ જ્યાં સુધી આત્મામાં રાગ અને દ્વેષના તોફાન છે ત્યાં સુધી સુખ અને દુઃખના વાદળો આવવાનાં જ છે. આશા અને તૃષ્ણાના સોનેરી તાર રાગ પાસે છે તેના કારણે જીવ હસે છે અને એ આશા અને તૃષ્ણાના તાર અધવચ્ચ તૂટી જાય તો જીવ રડે છે.

માતાને એના સંતાન પ્રત્યે કેટલો રાગ હોય છે ! જ્યારે બાળક બહુ પજવે છે ત્યારે માતા બાળક ઉપર ગુસ્સે થઇને મારે છે અને કહે છે કે તું અહીંથી ચાલ્યો જા. પણ એ જ બાળક ફરવા ગયો અને કલાક મોડો આવે તો માતા કેટલી ચિંતા કરે છે કે મારો પુત્ર કયાં ગયો હશે ? હજુ કેમ આવ્યો નહિ હોય ! ઘડીકમાં તે બહાર જશે અને ઘડીકમાં તે અંદર આવશે. પણ એને કેટલી અધિરાઈ

આવે છે? અને માતા બાળકથી ત્રાસી પણ જાય છે. પણ કંઈ બાળકનો ત્યાગ કરતી નથી. આ રીતે આત્મા રાગદશાથી હેરાન થાય છે. તો પણ તે રાગને તજી શકતો નથી. અનંત અનંત ભવથી આત્માને રાગ સતાવ્યા કરે છે. ચતુર્ગતિ સંસારમાં રઝળાવે છે.

રાગ અને દ્વેષ એ પણ એક પ્રકારનાં કષાયો છે. ક્રોધ – માન – માયા અને લોભ એ ચારમાં ક્રોધ અને માન એ બે દ્વેષના કારણથી ઉત્પન્ન થાય છે. અને માયા અને લોભ એ બે રાગના કારણથી ઉત્પન્ન થાય છે. ક્રોધ – માન – માયા અને લોભ, રાગ અને દ્વેષ એ બધા કારણથી આત્મા ઉપર મેલ જામી જાય છે. એ આત્માને મલીન બનાવનાર છે. બંધુઓ! પર્યુષણ પર્વના દિવસોમાં આ બધી મલીનતાઓને દૂર કરી આત્માને આપણે શુદ્ધ બનાવવો છે. આ બધા કષાયો ટળશે ત્યારે જ આપણા વિચારોમાં પવિત્રતા આવશે.

આચારશુદ્ધિ પહેલાં વિચાર શુદ્ધિની ખૂબ જરૂર છે. કોઈ પણ કાર્યની પાછળ પ્રથમ વિચાર શુદ્ધિ હોવી જોઈએ. જો વિચાર બગડે તો ઉચ્ચાર બગડે છે અને ઉચ્ચાર બગડે તો આચાર બગડે છે. કારણ કે જેવું વિચારમાં હોય તેવું વાણીમાં આવે છે અને જેવી વાણી હોય છે તેવું જ વર્તન હોય છે. માટે સૌથી પ્રથમ વિચારનો સડો નાબૂદ કરો. કરંડિયામાં બધી જ કેરીઓ સારી હશે પણ જો એક જ કેરી સડેલી હશે તો તે બધી કેરીઓને બગાડી નાંખે છે. તેમ આપણે ક્રિયાઓ ગમે તેટલી સરસ કરતા હોઈએ પણ એમાં વિચારોની મલીનતા હશે તો તે ઉત્તમ ક્રિયાને પણ બગાડી મૂકશે. વહાણ વડે હજારો મનુષ્યો નદી પાર કરે છે પણ ઘણી વાર એ જ વહાણ નદીમાં ઉંધું પણ વળી જાય છે અને તેમાં બેઠેલા માણસો નદીમાં ડૂબી જાય છે. આવું તમે ઘણી વખત સાંભળ્યું હશે. એ ન્યાયથી આપણે સમજી શકીએ છીએ કે જે સાધન તરાવનાર છે તે જ સાધન ડૂબાડનાર પણ છે. નૌકાનો નાવિક જો કુશળ ન હોય તો તેની નૌકા ઉંધી પડી જાય છે તેમ આ દેહ આત્મસાધનાનું સાધન છે. પણ જો જીવાત્મારૂપી નાવિક જાગૃત નહીં હોય તો એ નૌકા કયારે ઉંધી પડી જશે, કયાં અથડાઈ જશે તેની ખબર નહિ પડે.

જેમ તમે પાણીને ગળીને વાપરો છો તેમ તમે તમારા વિચારોને ગળીને શુદ્ધ બનાવીને આચારમાં લાવો. દાન અને તપની સાધના ઉત્તમ છે. દાન દેવાથી જીવ સ્વર્ગમાં જાય છે એવું તમે સાંભળ્યું હશે પણ તમે એવું સાંભળ્યું છે કે દાન દેવા છતાં પણ નરકમાં ગયો હોય! નાગેશ્રીએ દાન કર્યું હતું. અને એ દાન કરવા છતાં પણ નરકમાં ગઈ. એનું કારણ શું? અને સુબાહુકુમારે પણ દાન દીધું હતું. એ દાનના પ્રભાવે સ્વર્ગમાં ગયા. એને માટે સુખવિપાક સૂત્રમાં પૃચ્છા થઈ કે અહો ભગવંત! સુબાહુકુમારે પૂર્વભવમાં શાં દાન કર્યા, પુણ્ય કર્યા કે જેના પ્રતાપે આ ભવમાં :—

"सुबाहुकुमारे इट्ठे इठरुवे, कंते कंतरुवे, पिये पियरुवे,
मणुन्ने मणामरुवे, सोमे सुन्नगे, पियदंसणे सुरुये॥"

સુબાહુકુમારને સુંદર રૂપ, ઈષ્ટ રૂપ, વૈભવ વિગેરેની પ્રાપ્તિ થઈ છે, એ બોલે છે તો પણ લોકોને પ્રિય લાગે છે. એનું રૂપ પણ બીજાને પ્રિયકારી લાગે છે. તો હે ભગવાન! આ સુબાહુકુમારને આવી માનુષી સંપત્તિ કેવી રીતે પ્રાપ્ત થઈ!

ભગવાને સુબાહુકુમારનું પૂર્વ જન્મનું વૃતાન્ત જણાવતાં શ્રી ગૌતમ સ્વામીને કહ્યું કે પૂર્વ જન્મમાં તેમણે સુદત્ત નામના મુનિવરને માસખમણને પારણે શુદ્ધ દાન આપ્યું હતું, તેમનું બહુમાન કર્યું હતું તેથી તેમને આવી માનુષી સંપત્તિ પ્રાપ્ત થઈ છે. શુદ્ધ અને સુપાત્ર દાનનું આવું મહત્વ શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યું છે. સંયમી મુનિના સુપાત્રમાં દાન આપવું એ જીવનનો ઉત્તમ લ્હાવો છે. સુપાત્રમાં દાન આપનાર અને લેનાર બંનેને સદ્‌ગતિની પ્રાપ્તિ થાય છે. પણ નાગેશ્રીનો જીવ દાન દેવા છતાં અનેક ભવમાં ભમ્યો, એ જ ભવોમાં એને પાપકર્મનું પ્રત્યક્ષ ફળ મળ્યું.

એક માસખમણના ઉગ્ર તપસ્વી મુનિ નાગેશ્રીને ઘેર ગૌચરી પધાર્યા. ધર્મઘોષ મુનિના શિષ્ય દ્વારા પોતાનું શરીર સુકેભુકે કરી નાખ્યું છે. તપદ્વારા તે જીવનમાં આત્માનો અલૌકિક પ્રકાશ મેળવવા ઇચ્છતા હતા. આસક્તિઓને મારવા, ઈન્દ્રિયોને દમવા અને પુરાણા પાપને પખાળવા જેમણે ત્રીસ દિવસથી આહારનો ત્યાગ કર્યો હતો, છતાં મુખ ઉપર દિવ્ય તેજ ઝળહળી રહ્યાં હતાં. ચિત્ત ઉપર અજબ પ્રસન્નતા હતી. એવા પોતાના શિષ્યને ધર્મઘોષ મુનિ કહે છે અહો! ધર્મરૂચી! સમય પરિપકવ થયો છે. ત્રીસ દિવસના વહાણાં વીતી ગયાં; જાવ, ગામમાંથી ગૌચરી લાવીને દેહને ભાડું આપો. ગુરૂની આજ્ઞાને શિરોધાર્ય કરી. આજ્ઞા એ તો જીવનનું અમૃત છે. જે ગુરૂ આજ્ઞાનું અમૃત પી જાય તે ભવમાં રખડે ખરો? ધર્મરૂચી અણગાર જેવા તપસ્વી હતાં તેવા શાંત હતાં! જેના જીવનમાં નમ્રતા છે તેનું જીવન અલંકાર રૂપ છે. જીવન આદર્શ, સુવાસમય અને સંસ્કૃતિથી સભર કરવું હશે તો પ્રથમ નમ્રતા અંતરમાં વસાવવી પડશે. આપણા પડછાયાની જેમ નમ્રતાને દેહ સાથે વળગાડવી પડશે.

ગુરૂની આજ્ઞા શિરોધાર્ય કરી. જેની ચાલમાં જયણા છે, જેના નયનોમાં કરૂણા છે, જેના મુખ પર પ્રસન્નતા છે તેવા મુનિરાજ હાથમાં એક પાત્ર લઈને નાગેશ્રીને ત્યાં ગૌચરી માટે પધાર્યા છે. તે વખતે નાગેશ્રી ખૂબ ભાવપૂર્વક અંતરના ઉમળકાથી મુનિરાજને કહે છે ગુરૂદેવ! પધારો પધારો! આજે તો મારૂં આંગણું પાવન થયું. બાઈનો ભાવ જોઈ મુનિ પોતાનું પાત્ર ધરે છે. અને એ પાત્રમાં કડવી તુંબડીનું શાક ઉત્કૃષ્ટ ભાવથી વહોરાવી દે છે. કડવો પદાર્થ તો વૈદ્ય પણ આપે જ છે ને? કોઈ વૈદે કોઈ મુનિને કડવું ઔષધ નહિ આપ્યું હોય! પણ તેથી વૈદ્ય કંઈ નરકમાં ગયો સાંભળ્યું છે? દવા ભલે કડવી આપે પણ અંતરમાં મુનિનો રોગ નાબૂદ કરવાના ભાવ છે. વસ્તુમાં કડવાશ હોય પણ હૃદયમાં મીઠાશ ભરી છે.

નાગેશ્રી પાસે હૃદયની મીઠાશ ન હતી. એની જીભમાં મીઠાશ હતી. એણે સંતને સંત રૂપે પીછાણ્યાં નહિ. એણે માન્યું કે ઠીક થયું. આ અણતેડયો ઉકરડો આવી ગયો. એણે આવા પવિત્ર મુનિને ઉકરડા રૂપે જોયા. નાગેશ્રીના હૃદયમાં રહેલી કપટ ભાવનાને સરળ પ્રકૃતિવાળા મુનિ પીછાણી શકયા નહિ. મુખ્ય વાત એ હતી કે નાગેશ્રી ભૂલ કરીને પોતાની ભૂલને છૂપાવવા માંગતી હતી. એની ભૂલ બહાર બતાવવા માંગતી ન હતી. તે દિવસે એના ઘેર એના દિયરો દેરાણીઓ જમવા આવવાનાં હતાં એટલે તેણે તેલ મસાલાથી ભરપૂર તુંબડીનું શાક બનાવ્યું હતું. પણ એ તુંબડી કડવી હતી તે એને પછી ખબર પડી. હવે એ શાક નાંખી દેવું પડયું એમ કોઈ જાણી જાય તો એની દેરાણીઓ મજાક કરે. એ એને ગમતું ન હતું. અને ફેંકી દેવું પણ ગમતું ન હતું. એટલે એણે એ જ વિચાર કર્યો કે આ મુનિ તો ગમે તેમ થશે તો કોઈને કહેવા જવાના નથી. ઉકરડામાં કોઈ વિષ્ટા નાંખે કે સુગંધી પદાર્થો નાંખે, હીરાકણીઓ નાંખે કે કાચના ટુકડા નાંખે તો પણ તે પચાવી લે છે. એ કોઈને કંઈ જ કહેતો નથી. "पुढवी समे मुणी हवेज्जा" મુનિ પણ પૃથ્વીની જેમ સહનશીલ હોય છે. તો તે પણ કોઈને કંઈ કહેશે નહિ.

પોતાની ભૂલ છૂપાવવા ખાતર એણે એટલો વિચાર ન કર્યો કે આ પવિત્ર મુનિનું શું થશે ? એણે એ ન વિચાર્યું કે આપણાથી જે શાક ન ખવાય તે તપસ્વી મુનિને કેમ અપાય ! એ તો એમ જ માનીને બેઠી કે હાલી ચાલીને આંગણે આવ્યા અને મેં આપ્યું તેમાં દોષ શાનો ? મારો બગાડ થતો અટકી ગયો ? અને બીજું મારી ભૂલ થઈ છે એ વાતની કોઈ ને જાણ નહિ થાય. એવી ભાવનાપૂર્વક કડવી તુંબડીનું શાક મહા-મુનિને આપ્યું. બંધુઓ ! જીવ માનને ખાતર કેવું અઘોર પાપ કરી બેસે છે ! માન એ મીઠું ઝેર છે. તમે કદી આવી ભૂલ ન કરશો.

મુનિરાજનો તો નિયમ હતો કે પાત્રમાં જે મળે તેનાથી મારે પારણું કરવું. એક પાત્રમાં ભિક્ષા મળી ગઈ. તે લઈને ધર્મરૂચી અણગાર ગુરૂની પાસે આવે છે. ગુરૂ ખૂબ જ જ્ઞાની અને ગંભીર છે. આહાર તરફ દૃષ્ટિ પડતાં જ સમજી ગયાં અને બોલી ઉઠયા; હે સાધક ! આ આહાર વાપરવા લાયક નથી. જો તમે આરોગશો તો તમારો વિનાશ થશે. માટે જ્યાં નિર્જીવ ભૂમિ હોય અને જ્યાં એક પણ જીવની હિંસા ન થાય ત્યાં જઈને આ આહાર તમે પરઠવી આવો. આ જગ્યાએ જો તમે હો તો શું થાય ? એક વહુને અઠ્ઠાઈનું પારણું છે એને જો સાસુ કંઈ કામ ચીંધે તો એમ થઈ જાય કે સાસુજી બીજી વહુને કામ બતાવતા નથી અને મારે અઠ્ઠાઇનું પારણું છે, છતાં મને જ કામ ચીંધે છે. પણ જો વિનયવાન હોય તો એમ જ વિચાર કરે કે મારા કેટલા સદ્‌ભાગ્ય છે કે મને મારા સાસુ કામ બતાવે છે. વિનયવાન ધર્મરૂચી અણગાર ગુરૂઆજ્ઞાને તહત્ કરીને ગામ છોડી

જંગલમાં આવ્યાં. જ્યાં કુંભારના નિભાડા જેવી કઠણ ભૂમિ હતી ત્યાં આવીને ઉભા રહ્યા. ગુરૂની આજ્ઞા હતી કે એક પણ જીવની હિંસા ન થાય ત્યાં આહાર પરઠવજો. એટલો બધો જ આહાર એકદમ કેમ પરઠવી દેવાય? સાધુને પરઠવતાં પણ ખૂબ ઉપયોગ રાખવો જોઇએ. જ્યાં ને ત્યાં ગમે તેમ પરઠવી દેવાય નહિ. એટલે ધર્મરૂચી અણગાર પહેલાં એક જ ટીપું ત્યાં નાખે છે.

"એક જ બિંદુ પાડયું જોવા ત્યાં, કીડીઓની થઇ હારમાળા,
તાલકૂટ વિષના પ્રભાવે, કીડીઓ ત્યાં પ્રાણ ગુમાવે રે....
કોમળ હૈયાના ધર્મરૂચી, આ દૃશ્ય દેખી પસ્તાયે રે,
કીડીઓની કરૂણા દિલ ધરી, કડવો આહાર ત્યાં ખાયે રે....
સંથારો કરી સર્વાર્થસિદ્ધ જઈ પહોંચ્યા, મુક્તિ ગુણધારી રે,
ધર્મઘોષ તણા....

જ્યાં એક ટીપું પડયું ત્યાં તેની સુગંધથી કીડીઓ ઉભરાઈ. કીડીઓની ઘ્રાણેન્દ્રિયો ખૂબ તીવ્ર હોય છે. જ્યાં ગળપણની કણી વેરાય ત્યાં તરત જ દોડી આવે છે. આ શાક તો ઝેરમય બની ગયું છે. પણ એમાં તેલ મસાલા આદિ ખૂબ હોવાથી તેની સુગંધે કીડીઓ આવી પણ એ સુગંધ અંદર પરગમતાં બધી જ કીડીઓ મરી ગઈ. કોમળ હૈયાના મુનિનું હૃદય આ દૃશ્ય જોઈને કંપી ઉઠયું. અહો! એક ટીપા માત્રથી આટલા જીવોની હિંસા થઈ ગઈ. તો જો બધું જ શાક પરઠવી દઈશ તો કેટલા જીવોની હિંસા થશે? એના કરતાં જો નિર્જીવ ભૂમિ હોય તો મારું પેટ જ છે. અનેક જીવોનો સંહાર થાય તેના કરતાં મારો એક જ પ્રાણ જાય તે અતિ ઉત્તમ છે.

અનેક જીવો પ્રત્યે કરૂણા લાવી પોતે જ આહાર આરોગી ગયા. સમયે જીવનનાં મૂલ્ય ચૂકવી જાણે તે જ સાચો સંત છે. પોતાના પ્રાણના ભોગે પણ અન્યનું ભલું કરવા સજ્જ થાય તે જ સાચો સંત છે. હસતાં હસતાં સહેવું અને હસતાં હસતાં ખમવું એ જ મહાત્માના લક્ષણ છે. મુનિએ વિષમય આહારને આરોગી, સર્વ જીવોને ખમાવી, મૈત્રી ભાવ લાવી, ચાર શરણને અંગીકાર કરી સંથારો કર્યો. જેમ જેમ ઝેર શરીરમાં પ્રસરતું ગયું તેમ તેમ નાડીઓ તૂટવા લાગી પણ જેણે આત્મા અને દેહને ભિન્ન માન્યો છે તે સમભાવપૂર્વક સહન કરે છે. દેહ અને કાયા જુદા થઈ ગયાં. પવિત્ર મુનિનો આત્મા અનુત્તર વિમાનમાં ચાલ્યો ગયો.

ધર્મઘોષ તણાં શિષ્ય ધર્મરૂપી અણગાર,
કીડીઓની કરૂણા આણી હૃદય અપાર,
કડવા તુંબાનો કીધો સઘળો આહાર,
સર્વાર્થ સિદ્ધ પહોંચ્યા ચવી લેશે ભવ પાર.

ઉત્કૃષ્ટ ભાવથી માયાથી દાન દેનારી નાગેશ્રી નરકમાં ગઈ. એને માટે એક કહેવત છે કે "માનમાં મંડાણી, દાનમાં દંડાણી અને જગતમાં ભંડાણી."

બંધુઓ ! તમે આ વાતને ખૂબ ધ્યાનપૂર્વક સમજજો. ધર્મક્રિયાઓ કરવા છતાં પણ અધોગતિ ન થાય, આત્મકલ્યાણ ચૂકી ન જવાય તેનું ધ્યાન રાખજો. સર્વ જીવોને તમારા આત્મા સમાન ગણજો. તમારૂં સુખ ચાહતા પહેલાં બીજા જીવોનું સુખ ઇચ્છજો. અનુકંપા એ સમકિતનું લક્ષણ છે. જૈનના દિકરાના હૈયામાં કરૂણા હોવી જ જોઇએ.

જૈન કુળમાં જન્મ લેવાથી તમારું કલ્યાણ નહિ થાય. પણ જિનના વચનને અનુસરશો તો જ તમે સાચા જૈન છો. બાકી તો જન છો. બંધુઓ ! નાગેશ્રીએ માનને ખાતર જે કર્મ બાંધ્યું છે તે એવું ભયંકર બાંધ્યું છે કે તેને નરકની શી શી વેદના ભોગવવા જવું પડયું. જીવ ઘણીવાર હસતાં હસતાં કર્મ બાંધે છે અને તેને રોતાં રોતાં ભોગવવાં પડે છે. એક વાર બાંધેલું કર્મ વિપાકમાં ઓછામાં ઓછું દસગણું થાય છે. અને તીવ્ર પરિણામથી બાંધેલું હોય તો કોટાનકોટી ગણું થાય છે. માટે તીવ્ર પરિણામથી જીવે કર્મો નહિ બાંધવા જોઈએ. બંધકાળ કરતાં કર્મનો ઉદયકાળ ભયંકર હોય છે. અને બાંધેલા અમુક નિકાચિત કર્મ તો જીવને ભોગવવા જ પડે છે. માટે કર્મોના વિપાકનો વિચાર કરીને પણ નવાં કર્મ બાંધતાં અટકી જવું જોઇ એ.

બંધુઓ ! બાંધેલા કર્મ તરત ઉદયમાં આવી જાય છે તેવો એકાંતે નિયમ નથી. દરેક કર્મોનો અબાધાકાળ શાસ્ત્રોમાં વર્ણવાયેલો છે. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોટા કોટી સાગરોપમની છે. તો તેનો અબાધાકાળ ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષનો સમજવાનો છે. જ્ઞાનાવરણીય વગેરે અમુક કર્મોની સ્થિતિ ત્રીસ કોડા કોડી સાગરોપમની છે. ને તે કર્મોનો અબાધાકાળ ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષનો છે. તેમ જઘન્ય અબાધાકાળ અંતર્મુહૂર્તનો છે. એટલે કે તેટલો અબાધાકાળ પસાર થયા પછી તે તે કર્મો ઉદયમાં આવે છે. ઝાડ વાવે ને તરત ફળ મળી જાય તેમ બનતું નથી પણ કાળે કરીને ફળ આવે છે તેમ કર્મ પણ કાળે કરીને ઉદયમાં આવે છે. કર્મ બાંધ્યા પછી ઉદયમાં ન આવે ત્યાં સુધીનો વચ્ચેનો જે કાળ તે અબાધાકાળ છે. સાતમી નરકનું કોઈ જીવે અત્યારે આયુષ્ય બાંધ્યું હોય તો તેને અત્યારે અહીં નરકનું દુઃખ ભોગવવું ન પડે. તે કર્મ ઉદયમાં આવે ત્યારે જ ભોગવવું પડે છે.

બંધુઓ ! નાગેશ્રી બ્રાહ્મણીએ ધર્મ રૂચી અણગારને માનને ખાતર માયા સહિત જીવઘાતક એવી કડવી તુંબડીનો આહાર વહોરાવ્યો તો તેને નરકના ભયંકર દુઃખો વેઠવા જવું પડયું. માટે કરેલાં કર્મ તો જીવને અવશ્ય ભોગવવા જ પડે છે. આ પર્યુષણ પર્વ કર્મ તોડવાના પવિત્ર દિવસો છે, માટે આ મંગલકારી દિવસોમાં જેટલી બને તેટલી

જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની આરાધના કરી કર્મને તોડવાનો પુરૂષાર્થ કરવો. હવે વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૪૪

શ્રાવણ વદ અમાસ ને સોમવાર તા. ૩૧-૮-૭૦

આજે આપણને સર્વજ્ઞ અને સર્વદર્શી વીતરાગ ભગવંતના મુખમાંથી ઝરેલી ગંગા સમાન પવિત્ર વાણી સાંભળવાનો સોનેરી અવસર પ્રાપ્ત થયો છે. દીર્ઘ તપશ્ચર્યા અને ઉગ્ર સાધનાના ફળ સ્વરૂપે એ મહાત્માઓએ જે પરમતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો. તેને વિશ્વ-કલ્યાણની પવિત્ર ભાવનાથી પ્રેરાઈને તેમણે સંસારના જીવોની સમક્ષ પ્રવચન રૂપે ઉપસ્થિત કર્યો. શાસ્ત્રો એ મહાન પુરૂષોના જીવનના અનુભવનો સાર છે. તે શાસ્ત્રો આપણને માર્ગદર્શક બન્યાં છે. તે આપણને કલ્યાણનો માર્ગ બતાવી ચેતવણી આપે છે કે હે ભવ્ય જીવો ! સમજો. જો નહિ સમજો તો પાછળથી પસ્તાવાનો પાર નહીં રહે. શાસ્ત્રકાર ભગવંતોએ આપણા ઉપર કેવો અસીમ ઉપકાર કર્યો છે ! આપણે જીવનનો અંધકારભર્યો માર્ગ પસાર ન કરી શકીએ તેટલા માટે સિદ્ધાંત રૂપી દિપક આપણા માર્ગમાં ધર્યો છે. એ પ્રકાશના સહારે આપણે આપણા નિશ્ચિત સ્થાને પહોંચી શકીએ છીએ જ્ઞાનીઓએ બતાવેલા માર્ગે ચાલવાથી આપણને કોઈ જાતની મુશ્કેલી આવતી નથી.

મંગલકારી પર્યુષણ પર્વના બે દિવસો તો પસાર થઈ ગયા. આજે આત્માની આરાધના કરવાનો ત્રીજો દિવસ છે. સુખના દિવસો જલ્દી પસાર થઈ જાય છે. અને દુઃખના દિવસો ડુંગર જેવડા લાગે છે. આજે તો સૂર્યનારાયણે પણ એમના સોનેરી કિરણો પાથર્યા છે. વીર પ્રભુની વાણી સાંભળવા માટે માનવ મહેરામણ ઉભરાયો છે. વીરાણી પૌષધશાળા હર્ષનાદથી ગાજી ઉઠી છે. જ્ઞાનીઓ સંબોધન કરે છે કે હે આત્માઓ, જાગો ! હવે કયાં સુધી ઉંઘ્યા કરશો ? ત્યારે તમારા મનમાં એમ તો જરૂર થતું હશે કે અમે તો જાગીએ છીએ, છતાં ઉંઘો છો એમ કેમ કહેતા હશે ?

બંધુઓ ! જ્ઞાનીની દૃષ્ટિએ જાગ્યા નથી. મોહની નિદ્રા ખંખેરી નથી ત્યાં સુધી તમે ઉંઘમાં જ છો. માટે જ્ઞાની કહે છે કે ચેતન ! જાગ, ઉઠ અને તારા પ્રમાદને ખંખેરી નાંખ. જ્ઞાનીના શબ્દો તમને પ્રેરણા આપે છે. જ્યાં સુધી તમે પ્રમાદને ખંખેરો નહિ ત્યાં સુધી ઉંઘ ઉડશે નહિ. એ પ્રમાદથી આત્મા સંસારમાં જન્મ-જરા-મરણ અને રોગનાં દુઃખોની પરંપરા ઉભી કરી રહ્યો છે.

તમને કોઇ પૂછે કે તમને જન્મનું દુઃખ થયું છે? તો તમે કહેશો કે ના, અમને જન્મ સમયે કંઈજ દુઃખ થયું નથી. અને કદાચ થયું હોય તો અમને ખબર પણ નથી. જેમ દર્દી હોસ્પિટલમાં દાખલ થાય અને એને ઓપરેશન માટે ઓપરેશન થીયેટરમાં લઇ જઈને ટેબલ ઉપર સૂવાડવામાં આવે છે. પણ જ્યાં સુધી એને ક્લોરોફોર્મ આદિ દવાઓથી બેભાન કરવામાં ન આવે ત્યાં સુધી તે શસ્ત્રો જોઈને ગભરાઈ જાય છે. પણ જ્યાં ક્લોરોફોર્મ સૂંઘાડયું, બેભાન થઇ ગયો, પછી એનું પેટ ચીરી નાંખવામાં આવે તો પણ એને ખબર પડતી નથી. જ્યાં સુધી ક્લોરોફોર્મનો કેફ છે ત્યાં સુધી એને પૂછવામાં આવે કે ભાઈ! તને કંઈ દર્દ થાય છે! તો કહેશે કે ના, મને કંઇજ દર્દ થતું નથી. મને ઓપરેશન કર્યું તેની પણ ખબર પડી નથી. જેમ ક્લોરોફોર્મના નશાથી દર્દ હોવા છતાં દર્દની ખબર પડતી નથી તેમ તમે પણ મોહ રૂપી ક્લોરોફોર્મ સુંઘ્યો છે તેથી સંસારના અપાર દુઃખની ખબર પડતી નથી. જન્મનું દુઃખ તો જરૂર થયું છે પણ અવ્યક્તપણાથી આપણને જન્મનું દુઃખ સમજાતું નથી. જ્યાં સુધી જન્મનું દુઃખ દૂર થયું નથી ત્યાં સુધી તમારે માટે સંસારની સગડી ઉભી જ છે. જન્મ છે તો મરણ છે જ. જન્મ અને મરણ છે તો જરાનું દુઃખ પણ છે જ. જન્મનું દુઃખ અવ્યક્તપણાથી જણાતું નથી, પણ જરા એટલે વૃદ્ધાવસ્થાનું દુઃખ જાણ્યા પછી જાગો છો ખરા?

તમને જગાડવા માટે કુદરતી રીતે પાંચ પ્રકારની ચેતવણી અપાય છે. પણ ભૌતિક પદાર્થની ભૂતાવળમાં ભૂત થઈને ભમતો માનવી જાગૃત થતો નથી. મોહના ઘેનથી નોબતનો અવાજ એને સંભળાતો નથી.

પહેલી ચેતવણી કાળા મટીને ધોળાં થયાં. પહેલાનાં સમયમાં રાજા મહારાજાઓના માથામાં એક વાળ ધોળો થાય ત્યાં રાજપાટ છોડીને આત્મસાધના કરવા તૈયાર થઈ જતા હતા, પણ મોડર્ન યુગમાં માનવી ધોળાના કાળા બનાવવા કલપ આદિ દ્રવ્યોનો ઉપયોગ કરે છે અને ધોળાના કાળા બનાવે છે. અને તે માને છે કે હજુ તો કાળા જ છે. ધોળા આવ્યા નથી. જેમ જેમ માનવ વૃદ્ધ થતો જાય છે તેમ તેમ લાલસા વધતી જાય છે અને પરને સ્વ માનીને બેસી ગયો છે. એને હજુ ભવ બંધનના ફેરા ખટકયા નથી. જેને એ બંધન બંધન રૂપે લાગે તે જરૂર તોડવાનો પુરૂષાર્થ કરે છે. પણ જેને બંધન ખટકતું નથી એ તો નવા બંધનો ઉભાં કરે છે.

એક ડોશીમાના દિકરાને ચોરી કરવાની આદત પડી હતી. ચોરી કરતાં તે એક વખત પકડાઈ ગયો, જેલમાં ગયો અને જેલમાં કાળી મજુરી કરવી પડી. જેમ ગાડે બળદ જોડે તેમ બળદની જેમ ગાડીઓ ખેંચી બાર મહિને જેલમાંથી છૂટો થયો. ત્યારે પંદર દિવસ તો સરખો થાવ્યો પણ પછી પાછો હતો તેવો ને તેવો થઈ ગયો, એટલે ચોરી કરવા લાગ્યો. ત્યારે એની માતા કહે છે કે લાડિલા દિકરા! જેલમાં કષ્ટો વેઠીને આવ્યો છે, એ દુઃખો

તું ભૂલી ગયો કે પાછો હજુ ચોરી કરતો ફરે છે ? ત્યારે દિકરો કહે છે માતા ! મને જેલમાં જવું ગમતું નથી પણ ચોરી કરવાની આદત પડી છે તે છોડવી ગમતી નથી. તેમ ભગવંત રૂપી આપણી માતા કહે છે કે મારા લાડીલા સુપુત્રો ! શું તમને આ સંસારની જેલ નથી સાલતી કે હજુ ઇન્દ્રિય જન્ય વિષય સુખોમાં ડૂબ્યા છો ? ત્યારે વીરના સંતાનો બોલે છે કે અમારે તો સંસારના સુખો પણ જોઈએ છે અને મુક્તિના મેવા પણ જોઈએ છે. તો બંધુઓ, મોંમાં પાણીનો કોગળો ભરી રાખ્યો છે અને કાકા પણ બોલવું છે, એ કેમ બને ? કાકા બોલવું હોય તો કોગળો કાઢી નાંખવો પડશે. તેમ જો બંધનમાંથી મુક્તિ જોઈતી હોય તો ભોગ-વિષયોનો ત્યાગ કરવો પડશે.

વિચાર કરો. જ્યાં જન્મ લીધો ત્યાં મૃત્યુનું સર્ટીફીકેટ લઈને આવ્યાં છો. અમર થવાના નથી. આયુષ્યની દોરી તૂટી પછી જીવવાના ખરા ? તમને રોકવા કોઈ સમર્થ બની શકશે નહીં છતાં પણ તમે કેમ ચેતતા નથી ! વીતરાગની વાણી તમારા અંતરમાં કેમ ઉતરતી નથી ? જેમ મગને આખી રાત પાણીમાં પલાળી રાખ્યા. સવાર પડતાં તપેલીમાં મૂકી નીચે અગ્નિ સળગાવી બાફ્યાં અને થાળીમાં લઈ ને જમવા બેઠા ત્યારે પેલો કોરડું મગ દાંત નીચે આવીને અવાજ કરીને કહે છે કે દેખો ! મને પાણીમાં પલાળ્યો, મને બાફી નાંખ્યો તો પણ હું તો બંદો એવો ને એવો જ છું.

પુષ્કરાવર્તનો મુશળધાર વરસાદ વરસે તો પણ મગશેલીયો પથ્થર તો કોરો ને કોરો જ રહી જાય છે. તેમ અજ્ઞાની જીવો પુષ્કરાવર્તના મૂશળધાર વરસાદની જેમ પ્રભુની વાણી એકધારી વરસે છે પણ કોરો ને કોરો જ રહી જાય છે. પણ જેનું હૃદય કોમળ હોય છે તે આત્મા જલ્દી પલળી જાય છે.

પાષાણ જેવા હૃદયને પીગળાવવાના આ પવિત્ર દિવસો છે. જેને એમ લાગ્યું છે કે આ પવિત્ર દિવસોમાં કંઈક કરવા જેવું છે, તેઓ તો આરાધનામાં જોડાઈ ગયા છે. અમારું સતી મંડળ પણ તપશ્ચર્યાના તેજથી ઝળકી ઉઠયું છે. દરેકને શાતા રહેશે તો આગળ વધવાના ભાવ છે. માણસ બધું કરી શકે છે પણ તપ સાથે બાથ ભીડી શકતો નથી. તમે ધારો તો જાવજીવ બ્રહ્મચર્યનાં પ્રત્યાખ્યાન લઈ શકો. પણ કોઈ એમ વિચાર કરે કે મારે જાવજીવ સુધી ઉપવાસ કરવા છે તો એ નહિ કરી શકે. તપ કરવો સ્હેલ નથી. પૂર્વે અંતરાય તોડી હોય તો જ કરી શકે છે. જૈન ધર્મમાં તપનું વિશેષ મહત્વ છે. તેમાં પણ પર્યુષણ પર્વના દિવસોમાં તપની ભરતી આવે છે.

વીર વાણીનો ચમત્કાર : શાસ્ત્રોમાં મહાન પુરૂષોના તપનું વર્ણન કરવામાં આવ્યું છે. એ વાંચતાં આપણું કાળજું કંપી જાય છે. એક વખત ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં કાકંદી નગરીમાં પધાર્યા. ભગવાનની દેશના સાંભળવા માટે જિતશત્રુ રાજા જાય છે. જ્યાં રાજા જાય ત્યાં પ્રજાની તો વાત જ શી પૂછવી !

નગરજનો પણ ઉમટયાં છે. એ જ નગરીમાં ભદ્રા નામની સાર્થવાહિની રહેતી હતી. તેને ધન્ના નામનો પુત્ર હતો. તે ખૂબ વૈભવશાળી હતો. પહેલાનાં વખતમાં જે બહુ શ્રીમંત હોય તે ઈબ્ભ કહેવાતા હતાં. આ ધન્નો પોતે રાજા ન હતો, પણ રજવાડા જેવી જ સાહ્યબી ભોગવતો હતો. જેને રહેવા માટે બત્રીસ પ્રકારનાં મહેલ હતાં. એ મહેલોનાં ભોંયતળિયા રત્નોથી જડેલા હતા. એના બારણે લટકાવેલાં તોરણો તમારા ઘરનાં તોરણો જેવા કીડીયા મણકાનાં ન હતાં. પણ સાચા મોતી અને મણીઓથી ગુંથેલાં હતાં. આવો વૈભવશાળી ધન્નો રાજશાહી સુખો ભોગવી રહ્યો છે. આ સમયે ભગવાન મહાવીર સ્વામી કાકંદી નગરીમાં પધાર્યા છે. જિતશત્રુ રાજા અને નગરજનો ભગવાનનાં દર્શનાર્થે જઈ રહ્યાં છે. દરેકના મુખ ઉપર આનંદ છે. લોકોના ટોળે ટોળા ધન્નાએ પોતાના મહેલના ઝરૂખામાંથી જતાં જોયાં એટલે પોતાના માણસોને પૂછે છે કે આજે સંખ્યાબંધ લોકો કયાં જઈ રહ્યા છે ? ત્યારે એના માણસોએ કહ્યું કે જેના નામ સ્મરણ માત્રથી કર્મની ભેખડો તૂટી જાય છે, જેના દર્શનથી દુઃખડા દૂર થાય છે એવા ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે આ સાંભળી ધન્નાને આનંદ થયો. અને એ પણ પ્રભુના દર્શન કરવા માટે ગયાં. તેમણે ભગવાનની દેશના સાંભળી. તેમના પવિત્ર હૃદયમાં એક જ વખતની દેશનાએ અસર કરી. ભગવાને પુદ્ગલ પરાવર્તનની વાત સમજાવી. આ જીવાત્માએ અનંતકાળથી કેટલા પુદ્ગલ પરાવર્તન કર્યા પણ હજુ ભવનો અંત આવ્યો નહીં. આ વાત સાંભળીને ધન્નાજીને વૈરાગ્ય આવ્યો. ગમે તેટલી સંપત્તિ હોવા છતાં એક દિવસ છોડવાની તો છે જ. આવી સંપત્તિ હું આ ભવમાં જ નહિ પણ અનંતી વાર પામ્યો અને છોડવી પડી. ભગવાનની વાણીએ ધન્નાજીનું હૃદય ભેદી નાંખ્યું. એનું હૃદય લોખંડી ન હતું એટલે જલ્દી પીગળી ગયું.

વૈરાગ્યનો રંગ : બે હાથ જોડી પ્રભુને કહે છે હે પ્રભુ ! મને આ સંસાર અસાર લાગ્યો છે. આપની વાણી મને રૂચી છે. અહીંથી ઘેર જઈને મારી માતાની આજ્ઞા લઈને વહેલામાં વહેલી તકે આપની પાસે સંયમ અંગીકાર કરવા માટે આવું છું. આપ ત્યાં સુધી અહીં જ સ્થિરતા કરજો. ભગવાન કહે છે–

" अहासुयं देवाणुप्पिया ! मा पडिबंध करेह "

હે દેવાનુપ્રિય ! તને જેમ સુખ ઉપજે તેમ કર. સારા કાર્યમાં વિલંબ ન કર. ધન્નાજી ભગવાનની વાણી સાંભળી ઘેર ગયા. પહેલાં જ્યારે બહારથી આ તાં ત્યારે એની દૃષ્ટિ પહેલાં અંતેઉર તરફ જતી હતી. આજે તો સીધા માતાના મહેલે ગયા. અને માતાને કહ્યું કે માતા ! આજે મેં ભગવાનની વાણી સાંભળી. મને હવે આ સંસાર અસાર લાગ્યો છે. મને દીક્ષાની આજ્ઞા આપો. આ સાંભળતાં જ માતા ધરતી ઉપર ઢળી પડી. અંતે માતાને શુદ્ધિમાં લાવી માતાને સમજાવી. માતા સમજી ગયા કે હવે મારો પુત્ર રોકાય તેમ નથી. એટલે રજા

આપી. માતાની રજા મળી પણ બત્રીસ કન્યાઓ એને રોકનારી હતી, છતાં બધાને સમજાવીને સંપત્તિનો ત્યાગ કરી ધન્નાજીએ ભગવાનની પાસે દીક્ષા અંગીકાર કરી. દીક્ષા લીધી તે જ દિવસે ભગવાનને વંદણા નમસ્કાર કરીને કહે છે : હે પ્રભુ! આપની આજ્ઞા હોય તો હું જીવનભર છઠ્ઠના પારણે છઠ્ઠ કરું અને પારણાના દિવસે આયંબીલ કરું. તમારા પારણા જેવા એમનાં પારણાં ન હતાં. આયંબીલમાં પણ એકલા ચોખા ખાવાના. આ એક બે દિવસનો સવાલ ન હતો. જિંદગીનો સવાલ હતો.

ઉગ્ર તપની સાધના : ધન્ના અણગાર પારણાના દિવસે ગોચરી જાય છે. જેણે રોજ નવાં નવાં રસવંતા ભોજન જ આરોગ્યા હતાં એ કેવો આહાર લે છે! લોકોને ઘેર રસોડું પતી ગયું હોય અને પાછળથી વધી ગયેલો તુચ્છ લૂખો-સૂકો આહાર વહોરી લાવે છે. અને એકવીસ વખત અચેત પાણીથી ધોઇ તેનો રસ બનાવીને પી જાય છે. આવી ઉગ્ર તપશ્ચર્યા કરી શરીર સૂક્કો-ભૂક્કો કરી નાંખ્યું. એમનું પેટ ઉંડી ગબ્બી જેવું થઈ ગયું હતું. આંખો ઉંડી ઉતરી ગઈ હતી શરીરમાં લોહી ને માંસ સૂકાઈ ગયાં હતાં. એ ચાલે ત્યારે જેમ મગની અને ચોળીની શીંગો ખખડે તેમ હાડકા ખખડતા હતા. જ્યાં બેઠા હોય ત્યાંથી ઉઠીને બીજે જવું હોય તો તેમને શ્રમ લાગતો હતો. આવું જેનું શરીર સૂકાઈ ગયું હતું પણ આત્માનું તેજ ઝળકી ઉઠ્યું હતું. તેવા ધન્ના અણગાર ભગવાન મહાવીરની સાથે ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં રાજગૃહી નગરીમાં પધાર્યા.

શ્રેણીક રાજાને ખબર પડી કે મારા નાથ પધાર્યા છે. એ ભગવાનની દેશના સાંભળવા ગયા. શ્રેણીક રાજા ભગવાનની દેશના સાંભળીને વંદન નમસ્કાર કરીને પૂછે છે :-

" इमेसिणं भंते ! इन्दभूइ पामोक्खाणं चउद्दसण्हं समणसाहस्सीणं कयरे अणगारे महादुक्कर कारए चेव महाणिज्जरतराए चेव ? "

હે પ્રભુ! ઈન્દ્ર ભૂતિ પ્રમુખ આપના ચૌદ હજાર શિષ્યોમાં મહાન દુષ્કર કરણી કરનાર અને મહાનિર્જરા કરનાર કયા શિષ્ય છે? ત્યારે ભગવાને કહ્યું કે હે શ્રેણીક! મારા બધા શિષ્યો મોતીની માળા સમાન છે. મારા ચૌદ હજાર શિષ્યોમાં કોઇ જ્ઞાની છે, કોઈ વિનયવાન છે, કોઇ વૈયાવચ્ચ કરનાર છે અને કોઈ તપસ્વી છે પણ તારો પ્રશ્ન એ જાતનો છે કે દુષ્કર કરણી કરનાર કોણ છે? તો હે શ્રેણીક! કાકંદી નગરીમાં રહેતી ભદ્રા સાર્થવાહિનીનો પુત્ર ધન્નો જેણે મારી એક જ વાર દેશના સાંભળીને દીક્ષા લીધી છે અને ઉગ્ર તપશ્ચર્યા કરી રહ્યો છે. મારા ચૌદ હજાર સંતોમાં દુષ્કર કરણી કરનાર હોય તો ધન્નો અણગાર છે. ભગવાને ધન્ના અણગારના તપની વાત શ્રેણીક રાજાને કહી. હવે શ્રેણીક રાજાને ધન્ના અણગારના દર્શનની ભાવના જાગી. શ્રેણીક રાજા ભગવાનને વંદન કરી જ્યાં મોતીની માળા સમાન ચૌદ હજાર સંતો બિરાજે છે તેવા પવિત્ર સંતોને વંદન કરતાં કરતાં જ્યાં ધન્ના અણગાર બિરાજે છે ત્યાં આવ્યા. આવીને શું કર્યું!

धण्णं अणगारं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, वंदेइ नमंसइ वंदइत्ता नमंसइत्ता एवं वयासी धन्नेसिणं तुमं देवाणुप्पिया ! सुपुण्णे सुकयत्थे सुकयलक्खणे सुलद्धेणं देवाणुप्पिया ! तव माणुस्सए जम्मजीवियफले त्तिकट्टु ।"

(અનુત્તરોવવાઈ સૂત્ર)

ધન્ના અણગારને વંદન નમસ્કાર કરીને કહે છે કે દેવાનુપ્રિય ! આપ ધન્ય છો, મહાન પુણ્યશાળી છો. આપે સંયમ લઈને તરત જ તપની આરાધના કરી લીધી છે. આપે જીવન સાધનાનું ફળ પ્રાપ્ત કરી લીધું છે. આપ કૃતાર્થ છો, કૃતલક્ષણ છો. આપે તપ સાથે સમ્યક્ત્વ ચારિત્રની આરાધના કરી લીધી છે. આ પ્રમાણે શ્રેણિક રાજાએ ધન્ના અણગારની સ્તુતિ કરી, વંદન નમસ્કાર કરી ભગવાન પાસે આવ્યા. છેવટે ધન્ના અણગારે સંથારો કર્યો. નવ માસની દીક્ષા–પર્યાયમાં કામ કરી ગયા. આયુષ્ય સ્થિતિ પૂર્ણ કરી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ પણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને મોક્ષમાં જશે.

બંધુઓ ! ધન્ના અણગારને એક પણ વોર્નિંગ આવ્યું ન હતું. ચેતવણી આવ્યા પહેલાં જ વીરની એક જ હાકે જાગી ઉઠયા, પણ તમને હજુ જાગવાનું મન થતું નથી. તમારું તો આખું માથું ધોળું થઈ ગયું. પણ હજુ ચેતતા નથી, તો કયારે ચેતશો ? એક ચેતવણીથી ન જાગ્યા તો બીજી નોબત વાગે છે.

બીજી ચેતવણીમાં આંખે ઓછું દેખાશે. આંખે ઓછું દેખાતાં સમજણવાળો આત્મા એમ વિચાર કરે કે વાંધો નહિ. આંખને ગમતાં પદાર્થો જોઈને મોહ ઉત્પન્ન થાય છે અને કર્મનું બંધન થાય છે. તો કર્મો બંધાતા બંધ થશે. મારા કર્મો ઉપર કાપ મૂકાશે. એ તો તમને ગમે ને ! ત્રીજી ચેતવણી આવી. કાને સંભળાતું બંધ થયું. કાને ન સંભળાય તો શું વાંધો ! ઓછું સાંભળશો તો મારું તારું કરતાં અટકશો. અને વચન–વિલાસથી વિમુખ રહેવાશે. પણ આજનો માનવી એટલો બુદ્ધિશાળી બની ગયો છે કે આંખ ચાલી જાય તો બીજી આંખ નંખાવી દે. અને કાને ન સંભળાય તો કિંમતી યંત્ર લાવીને ગોઠવી દઈ મનની મુરાદ પૂરી કરે છે.

ત્રણ ત્રણ ચેતવણી આવી પણ જાગ્યા નહિ ત્યારે ચેતવણી આપનાર વિચારે છે કે હવે તો કડક ચેતવણી આપી દઉં. એમ વિચારી એની બત્રીશી દૂર કરી દીધી. આટલું થવાથી હવે જાગે અને ધર્મ કરે તો સારું. આ બત્રીસી ચાલી ગઇ. પણ તમે કંઈ કમ છો ! તરત જ ચોકઠું બંધાવી મોઢામાં ફીટીંગ કરાવી દો છો. પણ મોઢું રાંદલમાના ગોખલા જેવું દેખાય તે તમને ગમતું નથી. કૃત્રિમ દાંત હોવા છતાં કુદરતી દાંત જેવો આનંદ માનો છો. પણ કુદરતી અને કૃત્રિમમાં ઘણો ફેર છે.

બંધુઓ ! ગંગાનો પ્રવાહ અસ્વચ્છ કચરો આદિ અશુચિ પદાર્થોને સંઘરતો નથી, પણ કિનારે મૂકી આવે છે અને પોતાનું પાણી સ્વચ્છ રાખી ગંગા નદી અનેક જીવો

પર ઉપકાર કરે છે. તેમ આત્મા પણ ગંગાના પાણી જેવો સ્વચ્છ છે પણ વિષય અને ભોગ રૂપી કચરો ભેગો કરી નિર્મળ આત્માને મેલો બનાવે છે. આત્માની અંદર સમ્યગ્-જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રની કસ્તુરી ભરી છે કે અજ્ઞાન–રાગ-દ્વેષ આદિ કચરાને જ ભરી છે ! રાગ–દ્વેષ આદિ કચરાને દૂર કરો તો જ કસ્તુરીની સુગંધ મેળવી શકશો.

એક પછી એક વોર્નિંગ આવ્યાં છતાં આત્મા જાગ્યો નહિ. જ્ઞાની કહે છે કે હે આત્મા ! તું શા માટે ફોગટ ફાંફાં મારે છે ! ચારે તરફ ઘોર અંધારા છવાઈ ગયાં છે. કયાંય દિશા સૂઝતી નથી. પ્રકાશ વિના અંધકાર ટળે નહિ. આત્મામાં છવાઈ ગયેલા ઘોર અંધકારને દૂર કરવા જ્ઞાનીના જ્ઞાનની દીવાદાંડીમાંથી અજવાળું આવે છે. એ દીવા-દાંડીના અજવાળે અનાદિના મિથ્યાત્વ તિમિરને ટાળી આત્માનો પ્રકાશ ફેલાવો. આત્માને જગાડવા કુદરત પણ તમને કેટલું સમજાવે છે. છતાં પ્રમાદ કાઠીયો આવીને અટકાવે છે. મોહ નિદ્રામાંથી જાગૃત કરવા ચાર ચાર નોબતો વાગી છતાં જાગ્યા નહિ ત્યારે છેલ્લી નોબત ખૂબ જોરશોરથી વાગી. એ છે વૃદ્ધાવસ્થા.

વૃદ્ધાવસ્થા બહુ ખરાબ છે. વૃદ્ધાવસ્થામાં અનેક પ્રકારની લાલસાઓ જાગે છે. તમે બધે ય યુક્તિઓ રચી. ધોળાના કાળા કરવા કલપ લગાડો છો. કાને સાંભળવા માટે રેડિયો લાવ્યા. આંખો નવી નંખાવી. દાંતમાં ચોકઠું ગોઠવી દીધું. પણ જ્યાં આખા શરીરની ચામડી લટકવા લાગી, શરીર થરથર ધ્રુજવા લાગ્યું. પછી વિચાર કરો કે મારે તો ઘરડા દેખાવું નથી. તો કંઈ ઉપાય ખરો ! ગમે તેટલું કરો પણ તમારી વૃદ્ધાવસ્થા છાની નથી રહેવાની. અને દિવસે દિવસે તૃષ્ણા વધવાની છે.

સાઠ વર્ષના ડોસા-ડોસી થઈ ગયાં પણ પરઘરની પંચાત છૂટતી નથી. પુત્ર–પુત્રી–પુત્રવધૂ આદિ પરિવારની લીલી વાડી જોવાની જિજ્ઞાસા તૃપ્તિ પામતી નથી. દેહ–દ્રવ્ય–કુટુંબ પરિવાર આ બધું આત્માને તારનાર નથી. છતાં વૃદ્ધાવસ્થામાં પણ શરીર ઉપર અપાર મમતા જાગે છે. સંસારમાં સ્ત્રી, પુત્ર, પરિવાર, બંગલા કે માલ મિલ્કત તારા થવાના નથી.

કાયા, માયા, કામિની, ત્રણે ભગિની થાય,
જતન કરી રાખો સદા, અંતે વિણસી જાય.

કાયા, માયા ને સ્ત્રી એ ત્રણેને ગમે તેટલાં સાચવશો તો પણ તે અંતે નષ્ટ થવાના છે. કાચી કાયાના રંગ ઘડી ઘડી પલટાય છે પણ આત્મામાં કંઈ જ ફરક પડતો નથી. જ્યારે પુદ્ગલ એકનું એક હોવા છતાં એમાં પ્રત્યેક અવસ્થામાં ફરક પડતો જાય છે. વૃદ્ધાવસ્થાનો ફોટો તમને જોવો પણ ગમતો નથી. વૃદ્ધાવસ્થામાં ચલાતું નથી, ખાઈ શકાતું નથી, બોલી શકાતું નથી, કામ થતું નથી, છતાં તૃષ્ણા શાંત થતી નથી.

"વાકયને અંતે જરૂરત હોય પૂર્ણવિરામની,
ધર્મશાળામાં મુસાફરને જરૂર વિશ્રામની.
વૃદ્ધવયમાં ઝંખના એક જ રહે આરામની,
અંત કાલે ઔષધિ અકસીર છે જિન ધર્મની."

વૃદ્ધાવસ્થામાં શેની જરૂર છે અને તમે શું કરી રહ્યાં છો ? એનો તમે વિચાર કરો. જિનેશ્વરે બતાવેલા ધર્મની ઔષધિ છોડી દઈ તૃષ્ણામાં જ તત્પર રહો છો. તમારે કેટલું ભેગું કરવું છે ? દિકરાના દિકરા ખાય તેટલું કમાયા તો પણ હજુ સંતોષ થયો નહિ. જો તમારે જાગવું જ હોય તો જીવનમાં જાગૃતિ લાવવી જ પડશે. મનને તૃષ્ણા તરફથી વાળી તૃપ્તિ તરફ લઈ જાવ. જો તમે તમારા મનને તૃપ્તિ તરફ લઇ જાવ અને આ બધી પળોજણ સમજીને નહિ છોડો તો કુદરત તમને છોડાવશે. એકલા આવ્યા અને એકલા જવાનું છે. જાણો છો છતાં સમજતા નથી, જાગતા નથી. તમને શું કહેવું !

"જાગી જોને જીવલડા તું એકલ આવ્યો એકલ જાવું
મનસૂબાના ચણે મિનારા, મૃગજળ સુખ કયાં લાગે સારા
ચાર દિવસના એ ચમકારા....એકલ આવ્યો એકલ જાવું
જાગી જોને જીવલડા...."

બંધુઓ ! ખોટી આશાના મિનારા ચણી આત્માનું બગાડશો નહિ. આત્મ કલ્યાણ-પંથનો સાચો પ્રવાસી તો એ જ છે કે જે મૃત્યુની ઘડી પહેલાં આત્મ સાધના કરી લે છે. આવી ઉત્તમ સાધના કરવા માટે પ્રભુએ અનેક માર્ગો બતાવ્યાં છે. એ બધું કરવા માટે જીવે સમજણપૂર્વક ધર્મ કરવાની જરૂર છે. ભગવાન વીતરાગની વાણીનાં એકેક વચનો ગૂઢ રહસ્યોથી ભરેલાં છે. એનાં રહસ્યો માનવ બરાબર ન સમજે તો અર્થનો અનર્થ કરી બેસે છે.

"અવળી સમજણથી થતો ક્રોધ"

એક વખત એક ગામની બહાર કૂવાને કાંઠે એક સંન્યાસી બેઠો છે. તે આત્મ-જ્ઞાનમાં મસ્ત રહે છે. એને ગામના લોકોની કે સંસારની કોઈ પરવા નથી. કોઈ એની પાસે આવે તો તત્ત્વજ્ઞાનની વાતો સમજાવે છે. આ સંન્યાસી ત્રણ વાકયો બોલ્યા કરે છે. અને એ બોલવાની સાથે એની સાવધાની પણ ખૂબ છે. કૂવાની સામે જ ઝાડ નીચે આસન લગાવીને બેઠો છે. કૂવાના કાંઠે ગામની અનેક સ્ત્રીઓ પાણી ભરવા આવે છે અને જાય છે એક વખત એવું બન્યું કે ત્રણ સ્ત્રીઓ એક સાથે પાણી ભરવા માટે આવે છે. તેમાં આગળ બ્રાહ્મણની પત્ની છે, પાછળ વણિકની પત્ની છે અને વચમાં રજપૂતાણી છે. ત્રણે સ્ત્રીઓ કૂવામાંથી પાણી સીંચી માથે પાણીના બેડાં લઇને સંન્યાસી

બેઠા છે ત્યાંથી પસાર થાય છે. બરાબર તે જ વખતે સંન્યાસી બોલે છે. " અગલી ભી અચ્છી હૈ, પીછલી ભી અચ્છી હૈ, બિચલી કો જુત્તે કે માર " આ વાકયનો ભાવાર્થ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે એ ત્રણેએ કર્યો. બ્રાહ્મણ પત્ની અને વણિક પત્નીને ખૂબ હર્ષ થયો કે અમને બંનેને સંન્યાસી બાવાએ સારી કહી. અને રજપૂતાણીને જુત્તા વડે માર મારવાનું કહ્યું. એટલે એને ક્રોધ આવ્યો, કે મને જોગીડાએ આવું કહ્યું !

સંન્યાસીને તો કોઈના પ્રત્યે રાગ કે દ્વેષ ન હતો. એને કોઇને સારા કે ખોટા કહેવાનો શું મતલબ હોય ! સંન્યાસીને માટે એ વાકય મંત્ર સમાન હતું. પણ એનો આશય નહિ સમજવાથી રજપૂતાણીના મનમાં તો મોટું મહાભારત રચાઇ ગયું. અર્થનો અનર્થ થઈ ગયો. રજપૂતાણીનું લોહી ઉકળી ઉઠયું. બ્રાહ્મણી અને વાણિયણને સારી કહી અને મને જ ખરાબ કહીને મારૂં અપમાન કર્યું છે. હવે એ અપમાનનો બદલો લઉં તો જ હું સાચી રજપૂતાણી. એમ નિર્ણય કરી બેડું ઉતારીને સૂઈ ગઇ. રસોઇ પણ કરી નહિ. અંગમાં વેરની આગ લાગી છે. એટલે એને ચેન પડતું નથી. બંધુઓ ! આગ લાગે ત્યારે તેને બૂઝવવા શું કરવું જોઈએ ?

માલ મિલ્કત, દુકાન, મકાન કે તમારી વખારમાં આગ લાગી હોય તો તરત જ ઉપચારો કરો છો. દ્રવ્ય સાધનોનો નાશ ન થાય તે માટે તમે ખૂબ તકેદારી રાખો છો પણ અંતરમાં ક્રોધ–માન–માયા–લોભ આદિ કષાયોની જે આગ લાગી રહી છે તેને ઓલવવાનો કોઈ દિવસ વિચાર આવે છે ? એના માટે કોઈ ઉપાયો કર્યા છે ! જે સાધનો ક્ષણિક છે તેને સાચવવામાં કેટલી સાવધાની છે ! અને જે સાધનો આધ્યાત્મિક જીવનમાં શાશ્વત બની મુક્તિની નજીક લઈ જનાર છે તેને માટે થોડો પણ પ્રયાસ નથી. આંતરિક આગને શમાવવા વીતરાગ વાણીનું પાણી અજબ સહાયક નીવડે છે. એ નીરનું નિર્મળ ઝરણ જેના જીવનમાં વહે છે તે આત્મા ભવ અટવીને પાર કરે છે.

રોમે રોમમાં વ્યાપેલી વેરની વિષમ જવાળા રજપૂતાણીને બાળે છે. રજપૂત ઘેર આવ્યો. પત્નીને ખાટલામાં ગોદડી ઓઢીને સૂતેલી જોઈ. પાણીનું બેડું જેમ તેમ પડયું છે. રસોઈનું ઠેકાણું નથી. આ જોઇ ને રજપૂત પૂછે છે. આજે તમને શું થયું છે ? શું તમારી તબિયત બગડી છે ? ત્યારે રજપૂતાણી કહે છે શી વાત કરવી ? જેનો પતિ સાચો ક્ષત્રિય છે એની પત્નીનું એક જોગીડો અપમાન કરી જાય એ કેમ સહન થાય ? રજપૂતાણીએ રડતી આંખે બધી વાત કરી. વાત સાંભળી રજપૂતનું લોહી ગરમ થઈ ગયું. એણે હાથમાં તલવાર લીધી. બસ, હવે તો એ સંન્યાસીના એક ઝાટકે બે ટૂકડા કરી નાંખુ. તલવાર લઇને સંન્યાસી બેઠો છે ત્યાં જાય છે. પણ સંન્યાસી પાસે તો ભક્તોની મંડળી જામી છે. સંન્યાસી આત્માની વાતો તેમને સમજાવે છે. રજપૂતે વિચાર કર્યો કે આટલા બધા માણસો વચ્ચે સાહસ કરવું નકામું છે. આ બધા વિખરાય એટલે

એને મારી નાંખું. તકની રાહ જોઈ રજપૂત લપાઈને બેઠો છે. અને શું બોલે છે તે સાંભળે છે.

બધા માણસોને ઉપદેશ આપતો આપતો સંન્યાસી વચમાં બોલે છે કે "અગલી ભી અચ્છી, પીછલી ભી અચ્છી, બીચલી કો જુત્તે કે માર" આ સાંભળી રજપૂતના કાન ચમકયાં. અત્યારે તો કોઇ સ્ત્રી નથી. છતાં આ સંન્યાસી આમ કેમ બોલે છે! થોડી વાર થઇ અને બધા ભક્તો ઉઠીને ચાલ્યાં ગયા તો પણ સંન્યાસી એ પ્રમાણે બોલવા લાગ્યો. ત્યારે રજપૂતને થયું કે આ સંન્યાસી આમ બોલ્યા જ કરે છે માટે નક્કી આમાં કંઈક રહસ્ય છે, નહિતર વારંવાર આમ બોલે નહિ. મારે એકદમ સાહસ કરી અકાર્ય કરવું યોગ્ય નથી. રજપૂત એકદમ સંન્યાસી પાસે આવી ચરણમાં નમીને પૂછે છેઃ બાપજી! આપ આગલી ને સારી કહો છો, પાછલીને સારી કહો છો અને વચલીને ખરાબ કહો છો એનું રહસ્ય શું છે? આપ કૃપા કરીને મને સમજાવો.

સંન્યાસી કહે છે ભાઈ! આવો ઉત્તમ માનવભવ મેળવ્યા પછી સાર્થક કરવાનો છે. છાશમાંથી માખણની જેમ તત્ત્વમાંથી સાર કાઢતાં શીખવું જોઈએ. ભાઈ! પહેલી બાલ્યાવસ્થા છે તે નિર્દોષ હોય છે. બાલ્યાવસ્થામાં બાળકને દુનિયાનું ભાન હોતું નથી. કોઇના પ્રત્યે વેર-ઝેર હોતાં નથી. બાલ્યકાળમાં કોઈ જાતનો બોજો કે ચિંતા હોતી નથી એટલે આનંદથી રહેવાનું. તેથી તે સારી છે. પાછલી સારી કહેવાનું કારણ ઇન્દ્રિયોના ઘોડા શિથિલ થઈ જવાથી ઇચ્છા થવા છતાં પાપ કરી શકતો નથી. ઇન્દ્રિયોનું પોષણ કરી શકાતું નથી. માટે આગલી-પાછલી અવસ્થાઓમાં પાપ અતિ અલ્પ થાય છે. તે દૃષ્ટિથી મેં સારી કહી છે.

યુવાની ઉન્ફાન છે, આંધળી છે, નિરંકુશ છે. જે યુવાની દિવાની છે તે એક દિન જવાની છે. હવા ભરેલા દડા જેવી છે. દડામાં વધુ હવા ભરવામાં આવે તો ફાટી જાય તેમ શક્તિ અને મદ આવતાં યુવાની દિવાની બને છે. વધુ પાપ યુવાનીમાં જ થાય છે. ઇન્દ્રિયોના ઘોડા બેકાબૂ હોય છે તેથી પાપ કરવા જલ્દી પ્રેરાય છે. જો તેને જુત્તા મારીને વશ કરવામાં ન આવે તો તે ઘોડા આત્માને દુર્ગતિના ખાડામાં ફેંકી દે છે. માટે વચલીને તપ અને સંયમથી બંધનમાં રાખવાની છે. જુવાની જ એવી જાજરમાન છે કે જ્યાં ધર્મ પણ કરી શકાય અને કર્મ પણ કરી શકાય. જે અવસ્થા રાગના દિવસોની છે તે જ અવસ્થા તપ-ત્યાગની આરાધનાના દિવસોની છે. માટે યુવાનીમાં જાગૃત બની આત્માનું સાધી લે.

સંન્યાસીની વાત સાંભળી રજપૂત કહે છે, અહો યોગીરાજ! આપની વાણીમાં તો ગૂઢ રહસ્ય સમાયેલું છે. જો આનો ખુલાસો ન થયો હોત તો આ તલવાર દ્વારા મેં આપના દેહનો નાશ કર્યો હોત. આ તલવાર આપના રૂધિરથી રક્તવર્ણી બની ગઇ હોત અને વગર વિચાર્યું કામ કરનારની જેમ મારે પણ પસ્તાવાનો વખત આવત. મને

આજે સમજાયું કે શબ્દ પર મરી ફીટવું નહિ પણ એનો આશય સમજવો. ન સમજાય તો નમ્ર બનીને બીજા પાસે સમજી લેવું જોઈએ. તત્વજ્ઞ પુરૂષોનાં વચન ગૂઢ તત્ત્વથી ભરેલા હોય છે.

જ્ઞાની પુરૂષો મધુર વચનોથી આપણને જગાડે છે. બંધુઓ! પર્વના દિવસો ચાલ્યા જશે આ દિવસોમાં પ્રમાદ ખંખેરી, આંખમાંથી ઉંઘ ઉડાડી જીવનમાં જ્ઞાન-દૃષ્ટિ જગાડો. જ્ઞાનથી જ હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક આવશે. જ્ઞાન અને સમજણ વિના આત્મકલ્યાણના સાચા રાહે ચાલી શકાશે નહિ. જ્ઞાનીના વચનથી જ આત્માની રમણીયતાના પ્રભાતનો આનંદ માણી શકાશે.

"જે જાગે છે તે સાધે છે, ઉંઘે છે તે બગાડે છે."

આટલું સમજશો તો આત્મ કલ્યાણ કરી શકશો. પાંચ દિવસોમાં અપ્રમત્ત બનીને બને તેટલી ધર્મારાધના કરી લો. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૪૫

ભાદરવા સુદ ૧ ને મંગળવાર, તા. ૧-૯-૭૦

શાસ્ત્રકાર ભગવંત, અનંત કરૂણાનીધિ ભગવાન મહાવીરે જગતના જીવોને પ્રગતિનો માર્ગ બતાવ્યો છે. કહેવાય છે કે આજના યુગે ઘણી પ્રગતિ સાધી છે. સુખ અને સગવડના અનેક સાધનો યુગે મેળવી આપ્યા છે. આજના યુગે શોધેલા સાધનો વડે તમે કલાકના ૬૦૦ માઇલની ઝડપે એટલે કે એક મિનિટમાં દશ માઇલની ઝડપે ગતિ કરી શકો છો! તમારા કુટુંબીજનો ગમે તેટલાં દૂર વસતાં હોય છતાં તેની સાથે તમે વાતચીત કરી શકો છો. થોડા જ કલાકોમાં તમે તેને સંદેશ પહોંચાડી શકો છો એટલું જ નહિ પણ તમો તેની પાસે વાયુ વેગે પહોંચી પણ શકો છો.

આજે શોધાયેલ છેલ્લામાં છેલ્લી ઢબના યંત્રો વડે માણસનું કામ ઘણું ઓછું થઈ ગયેલ છે. થોડા સમયમાં તે અનેકગણું વધારે કામ કરી શકે છે. યંત્રમાં તમે ઘઉં નાખો એટલે તેમાંથી કચરો સાફ થઈ જાય, દળાઈ જાય છે અને લોટ એક થેલીમાં પેક થઈ જાય છે. યંત્રમાં તમે કાગળનો આખો રોલ ચઢાવી દો એટલે તમારે જોઇએ તે માપની થેલીનો કાગળ કપાઈ જાય. ગુંદર ચોડાઈને થેલી તૈયાર થઈ જાય છે. આવા યંત્રોની આજે શોધખોળ થઈ છે. આમાં માનવીને દેખરેખ રાખવા સિવાય ખાસ મહેનત

કરવી પડતી નથી. બધું જ યંત્રો વડે ઓટોમેટીક થઈ જાય છે.

તમારી બેસવાની મોટરો પણ યંત્રથી જ બને છે. એને કોઈ કારીગર યંત્રની સહાય વિના બનાવવા ઈચ્છે તો તેને કેટલો સમય લાગે ! દિવસોના દિવસો અને મહિનાઓના મહિના તે કામમાં વીતી જાય તો પણ શું યંત્રો વડે બનતી મોટર જેવું એકધારું બંધ બેસતું કામ થાય ખરું ! ન જ થાય. અમેરિકા જઈ આવેલ અને મોટરોનું કારખાનું જોઈ આવેલ લોકો કહે છે કે ત્યાં તો ફક્ત પાંચ જ મિનિટમાં મોટર તૈયાર થઈ જાય છે. મોટા મોટા પતરા કપાઈને તેમાંથી મોટર તૈયાર થઈને પાંચ જ મિનિટમાં બહાર પડે છે. આ સાંભળી તમને આશ્ચર્ય લાગે છે. પણ તેમાં નવાઈ પામવા જેવું કશું નથી. વિજ્ઞાનની મદદથી આજે એનાથી પણ વિશેષ નવાઈ પમાડે તેવાં કાર્યો થઈ રહેલાં છે. આ રીતે આજના યુગે યંત્રો આપ્યા છે. અનેક સુખ સગવડના સાધનો આપ્યાં છે. માણસ બેઠો હોય ત્યાંથી તેને ઉઠવાની જરૂર ન રહે તેવાં સાધનો આજના યુગે તમને આપ્યાં છે. તે બેઠો બેઠો ચાંપ દબાવીને બધું મેળવી શકે છે.

આજનો માનવી આ કારણે ગર્વ અનુભવે છે. અને કહે છે કે ભૂતકાળમાં કદીયે ન થઈ હોય તેવી પ્રગતિ અમે સાધી છે. વિકાસ સાધ્યો છે. અને અનેકવિધ સાધનો આપ્યાં છે. આ કથન ખરું છે. છતાં આજનો માનવી તે માટે અભિમાન કરી શકે તેમ નથી. કારણ કે આજની પ્રગતિ એકડા વિનાના મીંડા જેવી છે. પાયા વિનાના મહેલ જેવી છે. તમે એક પછી એક ગમે તેટલા મીંડા મૂકો પરંતુ જો મોઢા આગળ એકડો ન હોય તો ? એકડા વિનાના મીંડા વધે તો શું તેથી તે મીંડાઓની કંઈ કિંમત વધે છે ખરી ! દશ મીંડાના વીસ મીંડા કરો અને વીસના ત્રીસ કરો, આથી મીંડા વધશે પણ એની કિંમત વધશે નહિ. આવું જ આજની પ્રગતિનું છે. આજે પ્રગતિ થઈ રહી છે પણ તેમાં ધર્મરૂપી એકડો જ નથી. એટલે તે પ્રગતિને સાચી પ્રગતિ કહેવાય નહિ.

ધર્મ એ પાયો છે : કોઈ મહેલ બાંધવામાં આવે પણ તેનો પાયો જ નાંખવામાં ન આવ્યો હોય તો તે ટકી શકે ખરો ? પાયા વિના મહેલ ટકી શકતો નથી. તે કયારે જમીનદોસ્ત થઈ જશે તે કહી શકાતું નથી. તેવું જ આજની પ્રગતિનું છે. આજની પ્રગતિ ધર્મના પાયા વિના થઈ છે એટલે તે કયારે વિનાશ પામશે તે કહી શકાય નહિ. આ કથનની ઝાંખી તમને હમણાં જ થઈ ગયેલ છે. બીજા વિશ્વયુદ્ધમાં એક અણુબોંબે સર્જાવેલ વિનાશે આપણને પ્રતીતિ કરાવી દીધી છે કે આજનું સંહારક વિજ્ઞાન વર્ષોની પ્રગતિને થોડી જ સેકન્ડોમાં છિન્ન ભિન્ન કરી નાંખશે.

કદાચ તમે એમ પણ પ્રશ્ન કરશો કે આ પ્રગતિ ધર્મ વિના થઈ છે એમ કેમ કહેવાય ? અગાઉ હતાં તે કરતાં અનેક ગણાં મંદિરો અને ધર્મસ્થાનકો વધ્યાં છે. દાન-દયાવર્ધક અનેક સંસ્થાઓ ખોલાઈ છે. માણસો ધર્મક્રિયાઓ પણ ખૂબ કરે છે. અગાઉ

પહેલાં ન અપાયાં હોય તેટલા પ્રમાણમાં દાતાઓ આજે દાન આપી રહેલ છે તો કેમ કહી શકાય કે આજના યુગે ધર્મના પાયા ઉપર પ્રગતિ નથી કરી ! આ પ્રશ્નનો જવાબ એ છે કે આજના યુગે ઉપરની બાબતમાં પ્રગતિ કરી છે, એ ખરું, પરંતુ તે પ્રગતિમાં ધર્મ રહેલો નથી. પણ ધર્મનો આભાસ માત્ર રહેલો છે. આજના યુગે ધર્મને અને ધર્મસ્થાનકોને કેદખાના રૂપ ગણ્યા છે. તેથી જીવનમાં ધર્મને બદલે અસત્ય, અનીતિ, અપ્રમાણિકતા વિગેરે જોવામાં આવે છે. આ કારણે આજના યુગમાં અનેક જાતની ભૌતિક સુખ સગવડો હોવા છતાં કોઈના જીવનમાં વાસ્તવિક સુખ જોવામાં આવતું નથી. તમને સમજાય છે કે ધર્મ વિના કોઈ સુખ મળવાનું નથી !

આજે દરેક દેશ વિશ્વશાંતિની વાતો કરે છે. પરંતુ પોતાની આંતરિક નીતિ તો બીજા દેશોમાં પોતાનું સ્થાન જમાવવાની જ છે. વિજ્ઞાન આગળ વધતું જાય છે તેમ તેમ માનવીનો ભય પણ વધતો જાય છે. અણુબોંબની શોધે દરેકને ભયભીત કરી દીધાં છે. આ રીતે વિજ્ઞાન એ ધર્મનું એક અંગ બનવાને બદલે વિનાશક અંગ બનતું જાય છે. અને તે જ કારણે તેનાથી સુખ મળ્યું છે તેના કરતાં દુઃખ વિશેષ પ્રમાણમાં વધતું જાય છે.

બંધુઓ ! આજે માણસોનો પરસ્પરનો વ્યવહાર પણ અધર્મમય દેખાય છે. એક-બીજાની વાત ઉપર કોઈને ભરોસો હોતો નથી. બે સગા ભાઈઓને પણ એક બીજા ઉપર આ જમાનામાં વિશ્વાસ નથી તો બીજાની તો વાત જ કયાં કરવી ! ધંધાની પ્રવૃત્તિમાં પણ ધર્મ અધર્મની વાત ભૂલાઈ ગઈ છે. આજના યુગનું સૂત્ર છે કે " જેમાં પૈસા વધુ મળતા હોય તે ધંધો કરવો " પછી ભલેને તે ધંધો ગમે તેટલો હિંસક અને અનીતિમય કેમ ન હોય !

ધર્મને બાજુમાં મૂકી દીધો છે એનું પરિણામ એ આવ્યું છે કે વાસ્તવિક સુખ પણ બાજુમાં મૂકાઈ ગયું છે. ભલે તે રાષ્ટ્રપતિ હોય, કોડાધિપતિ હોય, અમલદાર હોય કે મોટો પદવીધારી હોય પણ ધર્મમય જીવન નહીં હોવાથી તેઓ સાચું સુખ અનુભવી શકતા નથી. એક વાત છે. સુખ સગવડના સાધનોને તમે સુખ કહેતા હો તો તેવું સુખ તો અવશ્ય મેળવી શકો છો. પણ સુખનો અર્થ મનની શાંતિ, પરસ્પર પ્રેમ અને આત્મિક સુખ કરતા હો તો તેવું સુખ જીવનની દરેક પ્રવૃત્તિનું ચણતર ધર્મરૂપી પાયા પર કર્યા વિના મળવું શકય નથી. બીજી રીતે કહીએ તો ધર્મ કહે છે કે તમો બીજાને સુખ આપશો તો જ તમે સુખ પ્રાપ્ત કરી શકશો. માટે તમે સુખ ઇચ્છતા હો તો બીજાને સુખ ઉપજે તેવી પ્રવૃત્તિ કરો, તે સિવાય લક્ષ્મી વડે, સુખ સગવડનાં સાધનો વડે 'સુખ' મેળવવાનો પ્રયત્ન કરવો તે ઝાંઝવાના નીર સમાન વ્યર્થ છે. પરદેશમાં જઈને લાખો રૂપિયાની કમાણી કરનાર પણ સુખે ઉંઘી શકતો નથી. પૈસાથી સુખ સગવડના સાધનો વસાવી શકાય, ખાઈ પીને મોજ કરી શકાય, પણ આત્માનો આનંદ લૂંટાઈ જાય છે. અશાંતિ ઉભી થાય છે. પૈસાના અભાવમાં માણસ સાદાઈથી રહેતો હોય છે.

સુખે ખાઈને સંપથી કુટુંબ રહેતું હોય છે. પણ જ્યાં પૈસા વધ્યા ત્યાં રંગ-રાગ વધ્યા, અભિમાન વધ્યું, નાટક-સિનેમા વધ્યા, ફેશનો અને વ્યસનો વધ્યાં, કુસંપ વધ્યો છે માટે જ જ્ઞાની કહે છે કે સંતોષી જ સાચો સુખી છે.

ન્યાય, નીતિ અને પ્રમાણિકપણાથી મેળવેલો પૈસો જ સુખ આપી શકે છે. જ્યાં અન્યાય, અનીતિ, અધર્મ અને અપ્રમાણિકતા હોય છે ત્યાં દુઃખનો જ નિવાસ હોય છે. અનીતિનો પૈસો માણસની બુદ્ધિમાં ભ્રમ પેદા કરે છે. અનીતિથી મેળવેલા પૈસાથી ખરીદેલા અનાજના કણ નીતિવાન માણસના પેટમાં જાય છે તો મનમાં પણ અસ્થિરતા જન્માવે છે. દા. ત. પુણીયા શ્રાવકની પત્નીએ પાડોશીને ઘેરથી આવેલી વાનગી પુણીયા શ્રાવકના ભાણામાં પીરસી. એણે ખાધી પરિણામે પુણીયા શ્રાવકનું મન સામાયિકમાં સ્થિર રહી શક્યું નહિ. આટલું થોડું અનાજ પેટમાં જાય તો તે પણ મનમાં અસ્થિરતા જન્માવે છે તો અન્યાય, અનીતિ અને કાળા બજારથી મેળવેલ લક્ષ્મીથી તો સુખ કેવી રીતે મળી શકે ? જીવનમાં નિઃસ્વાર્થ પ્રેમ, વિનય, વિવેક, સંતોષ અને સંયમ વિના લૌકિક સંપત્તિ સાચું સુખ કયાંથી આપી શકે ! એટલે જ આજે વિજ્ઞાને અનેક સુખ સગવડનાં સાધનો આપેલાં હોવા છતાં માનવીના જીવનમાં સુખ જોવામાં આવતું નથી. તેનાં મન ઉપર ગમગીનતા દેખાતી હોય છે. બહારથી ભલે તે સુખી દેખાતો હોય પરંતુ અંદરમાં તો વેદના ભરી હોય છે.

આજના યુગમાં અસંતોષની માત્રા ધર્મના અવલંબનને અભાવે પણ વધી ગયેલ છે. લાખોપતિ, કરોડપતિ અને અબજોપતિ બને તો પણ તેથી તેને સંતોષ થવાનો નથી. મોટાં દેશો સમૃદ્ધ હોવા છતાં પણ તેમને એટલેથી સંતોષ નથી. અન્ય દેશોમાં પોતાનું સ્થાન જમાવવા માટે અનેક જાતના પ્રયત્નો તેઓ કરી રહ્યાં છે. આ રીતે વ્યક્તિગત જીવનમાં, સામાજિક જીવનમાં, રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય જીવનમાં સર્વ સ્થળે અસંતોષની માત્રા જોવામાં આવે છે. તેનું કારણ છે મનોનિગ્રહનો અભાવ ધર્મમય જીવન વિના ઇચ્છાઓ પર, મન પર કાબૂ આવવો શક્ય નથી.

મનને વાંદરાની ઉપમા આપવામાં આવી છે. વાંદરો વધુ ચંચળ ગણાય છે. પણ મન તો તેથી અનેકગણું ચંચળ છે. તેના ઉપર જો તમે કાબૂ નહિ મેળવો તો તે તમોને કયાં ઢસડી જશે ? તે કહી શકાય નહિ. તેને વશ કરવા માટે જ સંયમ અને સંતોષની જરૂર છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે :-

> सुवण्ण-रुप्पस्स उ पव्वया भवे, सिया हु केलाससमा असंखया ।
> नरस्स लुब्धस्स न तेहि किंचि, इच्छा हु आगाससमा अणन्तिया ।
>
> ઉ. સૂ. અ-૯ ગાથા ૪૮

સોના રૂપાના કૈલાસ જેવા અસંખ્ય પર્વતો પણ લોભી મનુષ્યને પૂરતા નથી કારણ કે ઇચ્છા આકાશ જેવી અનંત છે.

માનવીની ઇચ્છા આકાશ જેવી અનંત છે એમ દર્શાવીને શાસ્ત્રકારો કહે છે કે આમ જાણીને મનુષ્યે નિગ્રહનો આશરો લેવો એ જ ઠીક છે.

પુઢવી સાલી જવા ચેવ, હિરણ્ણં પસુભિસ્સહ ।
પડિપુણ્ણં નાલમેગસ્સ, ઇઇ વિજ્જા તવં ચરે ॥ ઉ. અ. ૯–૪૯

ધન, ધાન્ય સહિત આખી પૃથ્વી એક જ મનુષ્યને આપી દેવામાં આવે તો પણ તેનાથી તેને સંતોષ નહિ થાય એમ જાણી નિગ્રહનો આશરો લેવો એ જ ઠીક છે.

મન ઉપર કાબૂ કેમ આવી શકે ! કૌટુંબિક જીવનમાં સુખ અને શાંતિ કેવી રીતે પ્રાપ્ત થાય ! એક દેશ બીજા દેશથી ભય વિનાનો કેમ બને ! સંહારક વિજ્ઞાનની જરૂરિયાત કયારે દૂર થાય ! માનવીનો માનવી પ્રત્યે વિશ્વાસ કયારે જામે ! પરસ્પર પ્રેમભર્યું વાતાવરણ કયારે સર્જાય ! આજનું શિક્ષણ માનવને લાભદાયક કયારે બને ? આ બધા પ્રશ્નોનો એક જ જવાબ છે કે તમારી દરેક પ્રવૃત્તિઓ અને ભૌતિક વિકાસનું ચણતર ધર્મના પાયા પર કરો. રાષ્ટ્રીય નીતિ હોય, સામાજિક પ્રવૃત્તિ હોય કે વ્યક્તિગત પ્રવૃત્તિ હોય, ગમે તે પ્રવૃત્તિ હોય પણ તે ધર્મમય હોય તો જ સુખ-સંતોષ-પ્રેમ વગેરે પ્રાપ્ત કરી શકાશે.

આગળ કહ્યું તે પ્રમાણે ધર્મને ધર્મસ્થાનક પૂરતો મર્યાદિત નહીં રાખતાં જીવનમાં ઉતારશો. અને "જીવો–જીવવા દો"ના સિદ્ધાંતને લક્ષમાં રાખીને તમો બીજા પ્રત્યે માનવતાભર્યું વર્તન રાખશો, ત્યારે જ તમો ખરું સુખ પ્રાપ્ત કરી શકશો. અને ખરો વિકાસ સાધી શકશો. આ જ સાચા સુખનો રાજમાર્ગ છે. આ વાત આજનો યુગ આજે નહિ સમજે તો તેને આવતી કાલે તે વાત અવશ્ય અપનાવવી પડશે.

પાંચ પ્રકારના કલ્પ :

બંધુઓ ! આત્માની આરાધનાનો આજે ચોથો દિવસ છે. આ દિવસોમાં બને તેટલી સાધના કરી લો. આજના દિવસનું નામ કલ્પધર છે. કલ્પ પાંચ પ્રકારનો છે. ૧) સ્થિતિ કલ્પ ૨) અસ્થિતિ કલ્પ ૩) જિનકલ્પ ૪) સ્થવર કલ્પ ૫) કલ્પાતીત કલ્પ. આજથી પાંચમે દિવસે મહાન પવિત્ર સંવત્સરી પર્વ આવે છે. એટલે આજના દિવસનું નામ કલ્પધર રાખ્યું છે. અને પછી છેલ્લું તેલાધર આવશે. તેલાધરથી ત્રીજે દિવસે સંવત્સરી પર્વ આવે છે.

સ્થિતિકલ્પ :–સ્થિતિ એટલે જેને માટે અમુક અમુક મર્યાદાઓ નિર્માણ કરેલી

હોય, જેમ કે શ્રાવકોએ અમુક નિયમોનું પાલન કરવાનું હોય છે. સાધુ-સાધ્વીઓએ બે વખત આવશ્યક (સૂત્ર) કરવું જ જોઈએ. સાધુને ત્રણ પછેડી રાખવી કલ્પે છે. સાધ્વીને ચાર પછેડી રાખવી કલ્પે છે. કારણ કે સાધુ કરતાં સાધ્વીને-શરીરની મર્યાદા વધુ સાચવવાની હોય છે. સાધુને શેષકાળમાં ૨૯ દિવસ અને સાધ્વીજીને શેષકાળમાં ૫૮ દિવસ રહેવું કલ્પે. માંદગી અથવા શરીરના કારણ સિવાય સાધુ-સાધ્વીને મર્યાદાથી વધુ સમય રહેવું કલ્પે નહિ. પહેલાં ઋષભદેવ ભગવાન અને ચરમ તિર્થંકર ભગવાન મહાવીર સ્વામીના સંતોને સ્થિતિકલ્પવાળા કહેવાય. વચ્ચેના બીજા તિર્થંકરથી માંડીને ત્રેવીસમા તિર્થંકરના સાધુઓ અસ્થિતિ કલ્પવાળા છે. તેમને જ્યારે પાપ લાગે ત્યારે પ્રતિક્રમણ કરે. તેમને અમારી જેમ સવાર-સાંજ પ્રતિક્રમણ કરવું જ પડે તેમ નથી. એમને તો ચાર મહાવ્રત હોય છે. અને ઋષભદેવ અને મહાવીર સ્વામીના સાધુઓને પંચમહાવ્રતનું પાલન કરવાનું હોય છે, કારણ કે—

पुरिमा उज्जुजडा उ, वंक जडा उ पच्छिमा ।
मज्झिमा उज्जुपन्ना उ, तेण धम्मे दुहा कए ॥ उ. अ. २३-२६

પહેલા ઋષભદેવ પ્રભુના પરિવારના સાધુઓ પ્રકૃતિના જડ અને સરળ હતાં, તેમને એક વખત કહે તો સમજતાં ન હતાં, પણ પાછાં સરળ હતાં. એક વખત ઋષભદેવ પ્રભુના સંતો ગૌચરી ગયા. ગૌચરી કરીને આવતાં વાર લાગી ત્યારે ગુરૂ પૂછે છે કે સંતો ! આજે આટલી વાર કેમ લાગી ! ત્યારે સંતો કહે છે રસ્તામાં નટ રમતાં હતાં તે જોવા ઉભા રહ્યાં. જેવું હતું તેવું કહી દીધું. ત્યારે ગુરૂએ કહ્યું ભાઈ ! સંસાર છોડી સાધુ બન્યા, હવે નટ નાટક આપણાથી ન જોવાય. તરત જ ભૂલ કબૂલ કરી લીધી. બીજી વખત ગૌચરી ગયાં ત્યારે રસ્તામાં નટડી નાચતી હતી તે જોવા ઉભા રહ્યાં. ફરીને ગુરૂએ પ્રશ્ન કર્યો કે આટલી વાર કેમ લાગી ! તો કહે છે ગુરૂદેવ ! નટડી નાચતી હતી તે જોવા ઉભા રહ્યા હતાં, ત્યારે ગુરૂએ કહ્યું ભાઈ ! નટની રમત ન જોવાય તો એનાથી નટડીનો નાચ જોવાય ? ત્યારે કહે છે ગુરૂદેવ ! આપે તો નટની ના પાડી હતી પણ નટડીની ના પાડી ન હતી. આવી જડતા હતી પણ જડતાની સાથે સરળતા પણ હતી. તેથી-કહે ગુરૂદેવ, હવે ભૂલ નહિ કરીએ.

વચલા બાવીસ તિર્થંકરના સંતો પ્રકૃતિના સરળ અને પ્રજ્ઞાવંત હતા. એટલે એમને કંઈ કહેવું પડતું નહોતું. જ્યારે ચોવીસમા તિર્થંકરના સંતાનો એવા આપણે તો વક્ર અને જડ છીએ, ભગવાનની આજ્ઞાથી વિપરીત વર્તન કરનારા છીએ. પહેલા તિર્થંકરના પરિવારને ગુરૂએ કહ્યું કે ભાઈ ! આપણાથી નાટક ન જોવાય તો એમણે ભૂલ કબૂલ કરી લીધી, પણ અત્યારના શિષ્યો તો એમ જ કહી દે કે તમારે અમને પહેલેથી જ કહેવું હતું ને ? તમે અમને એવું કયાં કહ્યું હતું કે નટ-નટડીનું નાટક ન જોવાય ! આ કારણથી ચોવીસમા તિર્થંકરના સાધુઓ વાંકા ને જડ કહેવાય છે.

ત્રીજા, જિનકલ્પી સાધુઓ ખૂબ જ ઉચ્ચ પ્રકારની કરણી કરે છે. તેઓ પગમાં કાંટો વાગે છતાં કાઢે નહિ. પોતે જે સ્થાનમાં રહેલા હોય તે સ્થાનમાં આગ લાગે તો તે પોતાની જાતે બહાર નીકળે નહિ. કદાચ કોઈ કાઢે તો ઈર્યાસમિતિ સાચવીને બહાર નીકળે. કોઈ કાંટો કાઢી દે તો કાઢવા દે પણ પોતાની જાતે કાઢે નહિ. ઉપધિમાં એક પછેડી, ચલોટો, મુહપત્તિ અને રજોહરણ રાખે. દેહનો રાગ કેટલો છૂટ્યો હોય ત્યારે આવી કરણી કરી શકાય! જિનકલ્પી સાધુ આવી ઉંચ કરણીના કરનાર હોય છે.

ચોથો સ્થિવર કલ્પ : સ્થિવર કલ્પી સાધુઓ માટે વસ્ત્ર, પાત્ર અમુક જ રખાય એવો નિયમ હોય છે. જે મુનિઓ ઠંડી–ગરમી–ડાંસ મચ્છરના પરિષહ સહન કરી શકે છે, તેવા મુનિઓ પહેલાં જંગલમાં રહેતા હતાં. જેમનાથી લજ્જાનો પરિષહ જીતી શકાય તેઓ વસ્ત્ર પહેરતાં નહિ. જે લજ્જાનો પરિષહ ન જીત્યા હોય તેને વસ્ત્રો પહેરવાની છૂટ છે. શરીરને ઢાંકવા માટે જ વસ્ત્રો પહેરવાના છે. જે વસ્ત્રો પહેરે તે સાધુ ન કહેવાય એવું નથી. આજે દિગંબરો લઈ મંડ્યા છે કે જેના શરીર ઉપર વસ્ત્રનો તાંતણો હોય તેનો મોક્ષ ન થાય. આ વાત બરાબર નથી. કારણ કે જો સાધુને વસ્ત્રો રાખવાના જ ન હોય તો મુહપત્તિનું પડિલેહણ કરવું, વસ્ત્ર પાત્રનું પડિલેહણ કરવું, આટલાં જ વસ્ત્રો રાખવાં એ બધી વાતો સિદ્ધાંતમાં શા માટે આવી? પહેલા અને છેલ્લા તિર્થંકરોના સંતોને જાણું વસ્ત્રો પહેરવાની આજ્ઞા છે. અને વચલા બાવીસ તિર્થંકરોના સંતો બહુ–મૂલાં અને રંગીન વસ્ત્રો પણ પહેરતાં હતાં. કારણ કે એમને બહુ–મૂલાં વસ્ત્રો હોય કે હલકાં હોય એના પ્રત્યે મમત્વ ન હતું. ભગવાન કહે છે વસ્ત્ર–પાત્ર રાખો પણ એના ઉપર મૂર્છા ન રાખો.

પંદર ભેદે સિદ્ધ થાય છે :

જૈન ધર્મમાં પંદર ભેદે જીવ સિદ્ધ થાય છે. તેમાં અન્ય લિંગે પણ સિદ્ધ થાય છે. ભલે ભગવાં વસ્ત્રો ધારણ કર્યા હોય, લિંગ સંન્યાસીનું હોય પણ એને જૈન ધર્મની શ્રદ્ધા થઈ તો એ સ્વલિંગી બનીને મોક્ષે જાય છે. માટે અન્ય લિંગે સિદ્ધ થઈ શકે છે. ગૃહસ્થ લિંગે પણ સિદ્ધ થયાં છે. ભગવાન ઋષભદેવે દીક્ષા લીધી. પાછળ મરૂદેવી માતા "મારો ઋષભ મારો ઋષભ" કહીને ઝૂરતાં હતાં. અહો! મારો ઋષભ! આ ઠંડી ગરમીના પરિષહો કેમ સહન કરતો હશે? બંધુઓ! તમે માતાને ભૂલી જશો પણ માતાને પુત્ર પ્રત્યે કેટલો પ્રેમ હોય છે! ગમે તેવા દુઃખમાં પણ માતા પોતાના સંતાનનું હિત જ ચાહતી હોય છે.

માતાનો પ્રેમ—માતાને પોતાના બાળક ઉપર જે વાત્સલ્યભાવ હોય છે એવો ભાગ્યે જ બીજાને હોય છે. માતા પોતાના પુત્રનું પોતાના પ્રાણના ભોગે પણ રક્ષણ કરે છે. એક વિધવા માતાએ પોતાના પુત્રને ખૂબ લાડ કોડથી ઉછેર્યો. ઘરમાં આવાના

સાંસા હતા. પુત્રને ૫–૬ વર્ષનો મૂકી એનો પિતા ચાલ્યો ગયો હતો. આ માતા ઢળાણાં ઢળી પરસેવાના પાણી ઉતારીને માંડ માંડ બે જણનું પેટ ભરતી હતી. દિકરાનું નામ સુમન હતું. માતાને આશા હતી કે મારો સુમન કાલે સવારે મોટો થશે અને મારા દુઃખના દિવસો ટળી જશે. માતા આ પ્રમાણે આશાના મિનારા ચણે છે. સુમન ભણવામાં ખૂબ હોંશિયાર છે. એ મેટ્રિક પાસ થઈ ગયો. માતાને એ જ ભાવના છે કે ભલે, અત્યારે હું મજુરી કરું, મને કષ્ટ પડશે પણ મારો સુમન ભણીગણીને હોંશિયાર થશે તો એનું ભવિષ્ય સુધરશે. અને પછી એ ઘડપણમાં મારી સેવા કરશે. કદાચ દેવું થશે તો પણ અત્યારે તો મારા દિકરાને ભણાવું. સુમન ડોકટરી લાઈન લે છે. અને એમ. બી. બી. એસ. પાસ થાય છે. સુમન મોટો ડોકટર બન્યો. ડોકટરને સારા સારા ઘરની કન્યા-ઓના માંગા આવવા લાગ્યા. એક સારા ઘરની કન્યા સાથે સુમનના લગ્ન થાય છે. માતાને હર્ષ સમાતો નથી. હા....શ. "હવે મને શાંતિ થઈ."

હવે દિકરો ને વહુ મારી સેવા કરશે. અને હું નિરાંતે આઈ પીને ધર્મધ્યાન કરીશ આમ અનેક વિચારો કરી આશાના મિનારા ચણતી હતી. માતાના શરીરે કરચલીઓ વળી ગઈ હતી. આજ સુધીની જિંદગીમાં મહેનત મજૂરી કરી યૌવનનું નૂર એણે ગુમાવી દીધું હતું. સુમન હોંશિયાર ડોકટર હતો. યશરેખા સારી હતી. સારા ઘરની કન્યા પરણ્યો છે એટલે શૂટ–બૂટ વગેરેથી અપ–ટુ–ડેટ થઈને ફરે છે. એને મિત્રો પણ શૂટ અને બૂટવાળા જ મળ્યા હતાં. બધાં ચા–પાણી નાસ્તા ઉડાવે છે. સુમન મિત્રો અને પત્નીમાં જ મસ્ત રહેવા લાગ્યો. વહુ પણ નવા જમાનાની છે એટલે જુના જમાનાના આધેડ વયના સાસુજી એને ગમતાં નથી.

હવે સુમનને એની પ્રિય પત્ની, પ્યારા મિત્રો અને દવાખાના સિવાય જગતમાં કંઈ દેખાતું નથી. એક વખત માતાના પગ ધોઈને પીનારા પુત્રને હવે માતા શું કરે છે ? કયાં છે ? એને શેની જરૂર છે ? એ તો પૂછતો જ નહિ. માતાનું મુખ જોવાની એને ફુરસદ ન હતી. એને મન એની પત્ની જ પરમેશ્વર સમાન હતી. આધુનિક જમાનાની આ પત્ની માતાને ખૂબ છણકા કરતી હતી. કામ કરાવતી હતી. જુના જમાનાની માતાને એના રંગઢંગ ગમતાં ન હતાં પણ મૂંગે મોઢે બધું જ સહન કર્યે જતી હતી.

"સત્તાનો નશો શું કરે છે"— એક વખત એવો પ્રસંગ બની ગયો કે એક ભિખારણ બાઈ ત્રણ દિવસની ભૂખી હતી. આ સુમન ડોકટરને ઘેર ભીખ માંગવા આવી. ડોકટરની પત્ની શ્રીમંતની દિકરી છે. તેમજ ગ્રેજ્યુએટ છે. વળી એનો પતિ એફ. આર. સી. એસ. મોટો ડોકટર છે એટલે એને અભિમાનનો પાર નથી. ભિખારણ બાઈ કરૂણ સ્વરે પેટની ભૂખ મટાડવા ભીખ માગી રહી છે. ધનવાનોને ગરીબના દુઃખની ખબર નથી પડતી. બાઈ પલંગમાં સૂતી હતી. તે ઉઠીને ભિખારણને કહે છે, ચાલી જા અહીંથી. મને ઊંઘવા

દેતી નથી. ક્યારની શું કટ કટ કરે છે? ભિખારણ કરગરે છે ત્યારે ડોકટરની પત્ની એને એવો જોરથી ધક્કો મારે છે કે બિચારી પડી જાય છે. એનું માથું ફૂટી જાય છે.

બંધુઓ! આ પર્યુષણ પર્વના પવિત્ર દિવસો છે. આ દિવસોમાં તમારા દિલ કરૂણાથી છલકાઈ જવા જોઇએ. મુસલમાનો ગમે તેવા પાપી હશે પણ એ રમઝાન માસમાં પાપ નહિ કરે. જૂઠું નહિ બોલે, ખ્રિસ્તી લોકો નાતાલમાં પાપ નહિ કરે. વૈષ્ણવો શ્રાવણ માસમાં ધર્મકરણી વિશેષ પ્રમાણમાં કરે છે. મુસ્લીમને મન રમઝાન, ખ્રિસ્તીને મન નાતાલ, અને વૈષ્ણવોને શ્રાવણ માસ એ ધર્મના ધોરી દિવસો છે. તેમ જૈનોને મન પર્યુષણ પર્વ એ ધર્મના ધોરી દિવસો છે. લોકોમાં એવી પ્રતીતિ છે કે જૈનોના પર્યુષણ એટલે એ દિવસમાં જૈનો તરફથી કોઇને ત્રાસ ઉપજે નહિ. પર્યુષણમાં એની પાસે જઇએ તો આપણો ગુન્હો પણ માફ થઈ જશે. થોડું કરજ હશે તો પણ માફ કરી દેશે.

તમે તમારી આ છાપને લૂછશો નહિ. આ વર્ષે મેઘરાજા ખૂબ વરસી ગયા છે. વરસાદ જો ચોમાસામાં વરસે તો જ તેની કિંમત છે. ચોમાસા પછી વરસે તો માવઠું કહેવાય. એની બહુ કિંમત નહિ. તેમ તમારી જૈનત્વની અત્યારે જ કિંમત છે. વધુ નહિ તો આઠ દિવસ તમારે આંગણે આવેલા ભિખારીનો તિરસ્કાર ન કરવો એટલું તો જરૂર કરજો.

માતાજીનો મીઠો ઠપકો :—ડોકટરની પત્નીએ ભિખારણ બાઈને ધક્કો માર્યો વૃદ્ધ માતાજીથી સહન ન થયું. એટલે કહે છે બેટા અરૂણા! તમને તમારા માતા–પિતાએ લાંબો હાથ કરીને આપવાનું પણ શીખવાડયું છે કે નહિ! તમારો પુણ્યોદય છે. એ બિચારી એના કર્મોદયે ગરીબ બની છે. એટલે માંગવા આવી છે. તમે શા માટે એનો તિરસ્કાર કરો છો! બસ માજીના આટલા શબ્દોએ ઘાટ વાળ્યો. વહુ ગોદડું ઓઢીને પલંગમાં પોઢી ગયા. ડોકટર ઘરે જમવા આવ્યો. પત્નીને પલંગમાં સૂતેલી જોઈ પૂછે છે કેમ! તમને આજે શું થયું છે? ડોકટરને મન એની પત્ની એ જ પરમેશ્વર હતી. પત્ની આગની જ્વાળાની જેમ ભભૂકી ઉઠી. અને બોલી. બસ, હવે તો એમ જ થાય છે કે જાણે ઘાસલેટ છાંટીને બળી મરૂં! મારા જીવનનો અંત લાવી દઉં! સુમન કહે છે. પણ છે શું? બસ....તમારી મા ત્યાં હું નહિ. કાં....હું ત્યાં તમારી મા નહિ. રોજ તમારી મા મને કેટલું દુઃખ દે છે! હું તમને કહેતી નથી. આજે તો તમારી મા મારા મા–બાપ સુધી પહોંચી ગઈ. મારે હવે જીવવું નથી. દેવ, દેવી નચાવે તેમ નાચતો હતો. એની આંખમાં આંસુ જોઈ ડોકટરનું હૈયું પીગળી ગયું. પણ એને ખબર ન હતી કે સ્ત્રીઓનાં ચરિત્ર કેવાં હોય છે! માતાને કોઈ દિવસ પૂછ્યું હોત તો ખબર પડત. પણ એ ભણેલા ગણેલા ડોકટરને માતાનું મુખ જોવાની પણ ક્યાં ફુરસદ હતી!

પત્નીની વાતો સાંભળી સુમનનો પારો ચઢી ગયો. અન્ન, એ ડોશી કયાં ગઈ! એની ખબર લઈ નાંખું.

ઉભી કરેલી કહાણી— ગરીબ ગાય જેવી માતા એક ખૂણામાં બેસી ચોધાર આંસુએ રડી રહી છે. માતાના આંસુ દેખાતા નથી. એકદમ માતાનો ચોટલો પકડીને માતાને કહે છે, કલારજા! મારી કુલ જેવી કોમળ અરૂણા પત્નીને તું આટલું સતાવે છે! નીકળ હવે મારા ઘરમાં તું ન જોઈએ. પુત્રના મુખના શબ્દો સાંભળી માતાની આંતરડી કકળી ઉઠી. છતાં ધીમેથી કહે છે ભલે બેટા! તું અને તારી વહુ સુખેથી રહો અને સુખી થાવ. હું તો મારે આ ચાલી. કહી આંસુ સારતી માતા વિદાય થઈ. કોઈ ઓળખીતા પાસેથી થોડા પૈસા લઈ એક ભાંગી-તૂટી નાનકડી ઓરડી લઇને રહેવા લાગી. હવે એનાથી મજુરી થતી નથી. પેટનો ખાડો કેમ પૂરવો એની પૂરી ચિંતા હતી. છતાં લૂખું સૂકું જે મળે તે ખાઈને પેટનો ખાડો પૂરતી હતી. અને પ્રભુનું નામ સ્મરણ કરતી હતી. ઘણાં આ માને પૂછે છે હે માતા! તમારો પુત્ર આટલો શ્રીમંત છે, મોટો ડોકટર છે અને તમે આવા ઘરમાં કેમ એકલા રહો છો?

વહુ-દિકરાએ કેટલું અપમાન કર્યું છે. છતાં માતા એમનું ખરાબ દેખાડવા માગતી નથી. એટલે કહે છે ભાઇ! ઘરમાં ઘણાં માણસો આવે એટલે મારાથી ધર્મધ્યાન થઇ શકતું નથી, તેથી એકલી રહું છું. બીજું કોઈ કારણ નથી. આ બાજુ ડોકટર અને એની પત્ની તો સ્વર્ગનું સુખ ભોગવે છે. માતા કયાં ગઈ? કયાં રહેતી હશે? એનું પેટ કેમ ભરાતું હશે? એની લેશ પણ ચિંતા થતી નથી. બંધુઓ! જે પુત્રને માટે માતાએ કેવા આશાના મિનારા ચણ્યાં હતાં, કેટલાં કષ્ટો વેઠીને ભણાવ્યો હતો! તે પુત્ર માતાનો ઉપકાર ભૂલી ગયો.

"ભૂલો ભલે બીજું બધું, મા-બાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એના, એહ વિસરશો નહિ.
કાઢી મુખેથી કોળિયા, મ્હોંમાં દઇ મોટા કર્યા,
અમૃત તણા દેનાર સામે, ઝેર ઉગાળશો નહિ.
લાખો લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા,
એ કોડના પૂરનારનાં, કોડ પૂરવા ભૂલશો નહિ.

ભલે બધું ભૂલી જાવ પણ માતા-પિતાને કદી ભૂલશો નહિ. જે વિદ્યા ભણ્યા પછી માતાને ભૂલી જાય તે શું કેળવણી કહેવાય! આધુનિક કેળવણીથી માનવી એ માનવી નથી રહ્યો. લાજ, શરમ, મર્યાદાને એણે નેવે મૂકી દીધી છે. વિનય-વિવેકને એણે તિલાંજલી આપી છે. ખરેખર! ગણતર વિનાનું ભણતર શા કામનું? શબ્દોની સફાઇમાં, વાતોની

ટાપટીપમાં માણસ પોતાની માણસાઈ સમજે છે. આને શું નવો જમાનો, નવી રોશની કે ઘોર અંધારું કહેવું ! જે વિદ્યા ભણ્યા પછી જીવનમાં વિનય – વિવેક આવે તે જ સાચું ભણતર છે.

રોજ લૂખું સૂકું ખાવાથી સુમનની માતા બિમાર પડી. કામ થતું નથી. શરીર થરથર ધ્રુજે છે. ચાલવાની શક્તિ નથી. પાસે પૈસો પણ નથી. એટલે બીજા ડોકટર મફત દવા આપે નહિ. એટલે પોતાનો છોકરો ડોકટર છે એની પાસે જાઉં, એમ વિચાર કરી બાટલી લઈને માંડ એની મા સુમનના દવાખાને પહોંચી. ડોકટર સમજી ગયો કે મા આવી છે એની ફરજ હતી કે માને જલ્દી તપાસી લઉં અને દવા આપી દઉં. એ ભણેલો ન હતો, ભાન ભૂલેલો હતો. એને આવો વિવેક કયાંથી જાગે ? બિચારી માતા દર્દીઓની બાજુમાં બેસી ગઈ. ક્રમસર દર્દીઓને તપાસતાં માતાનો વારો આવ્યો. માતાને તપાસી દવાની બાટલી ભરી આપી. બીજાને જેમ બીલ આપતો તેમ માતાને પણ બીલ આપ્યું. ત્યારે માતાને થયું કે દિકરો મને ભૂલી ગયો લાગે છે. ધીમેથી કહે છે બેટા, હું બીજી કોઈ નથી પણ તારી મા છું. દિકરો કયાં નહતો જાણતો ? એણે જાણી જોઈને બીલ માંગ્યું હતું. ગમે તે હો, મને દવાના પૈસા આપી દો.

સુમનની માતા વિચારના ચક્કરમાં પડી ગઈ. દિકરાએ દવાનું બીલ માંગ્યું, ત્યાં એનું હૈયું ખળભળી ઉઠયું. માતાએ કહ્યું ડોકટર ! ઘેર જઈને દવાનું બીલ મોકલી આપું છું, એમ કહીને ચાલતી થઈ. માતા ઘેર જઈ પછેડો ઓઢી છૂટી પોકે રડી. હૈયું હળવું કરી એક લાંબા કાગળ ઉપર એણે બીલ તૈયાર કર્યું. એમાં નીચે પ્રમાણે લખ્યું. હે મારા વ્હાલસોયા પુત્ર !

તને નવ માસ ગર્ભમાં રાખ્યો તેના રૂ. ૧૦,૦૦૦) તથા અનેક કષ્ટ સહન કરી તને જન્મ આપ્યો તેના રૂ. ૧૦,૦૦૦), તને નાનેથી મોટો કર્યો, ન્હવડાવ્યો, ધોવડાવ્યો, દૂધપાન કરાવ્યું, મજુરી કરી, દળણાં દળી તને ભણાવ્યો તેના રૂ. ૧૦,૦૦૦) તારી દવાના પૈસા કાપી મારું બીલ જલ્દી મોકલી આપજે.

લી. તારી રાંકડી મા.

આટલું લખી બીલ સુમન ડોકટરને મોકલી આપ્યું.

ડોકટરનું દિલ દ્રવી ઉઠયું : આ બીલ વાંચતા જ સુમનનું દિલ કંપી ઉઠયું. આંખમાં આંસુ આવી ગયા. અહો ! હું કેવો અધમ ! કેવો પાપી ! જે માતાનો મારા ઉપર અનંત ઉપકાર છે, એની પાસે દવાના પૈસા માંગતાં પણ મને લજ્જા ન આવી ! ધિક્કાર છે મને ! મારી કેળવણી ધૂળમાં મળી. મારા જેવા કુલાંગાર પુત્રો ખરેખર આ દુનિયામાં ભારભૂત છે. પત્નીનો નચાવ્યો નાચ્યો. જે માતાએ પારાવાર મહેનત–મજૂરી કરી

મને ભણાવ્યો, ગણાવ્યો અને આગળ વધાર્યો. તે જ માતાની સાથે મારું આ વર્તન ! મને કેટલા લાડકોડથી ઉછેર્યો ! મારી માએ મારી પાસેથી કેટલી આશાઓ રાખી હતી ! એને મેં માથાનો ચોટલો પકડી બહાર કાઢી. આ પાપમાંથી ક્યારે છૂટીશ ! આ રીતે પોતાના પાપનો પશ્ચાતાપ કરતો સુમન દવાખાનું છોડી દોડતો માતા પાસે ગયો. પશ્ચાતાપના આંસુઓ વડે માતાનાં ચરણ પખાળ્યાં. અને પોતાની ભૂલની ક્ષમા માંગી. હે માતા ! મને ક્ષમા કર. છોરૂં કછોરૂં થાય પણ માવતર કમાવતર ન થાય. માતા ! તેં આજે મને નવું જીવન આપ્યું. ત્યાર પછી ડોકટર સુધરી ગયો. માતાની સેવા કરવા લાગ્યો. પોતાની એક જ માતા નહિ પણ જેટલી વૃદ્ધ વિધવા માતાઓ દવા લેવા આવે તેમને મફત દવા આપવા લાગ્યો.

બંધુઓ ! આપણે પાંચ કલ્પની વાત ચાલતી હતી. વચમાં માતાને સંતાનો ઉપર કેટલો પ્રેમ હોય છે તે કહેતાં આ દૃષ્ટાંત આવી ગયું. તમે પણ એ સાંભળીને તમારી કેળવણીનો સદુપયોગ કરજો. કુટુંબ, સંઘ અને સમાજની સેવા કરજો. પાંચમો કલ્પ કલ્પાતીત છે. તિર્થંકર ભગવંતો, કેવળી ભગવંત અને ચૌદ પૂર્વધરો વગેરે કલ્પાતીત પુરૂષો છે. જેમ જ્ઞાનની વૃદ્ધિ થાય તેમ ચારિત્ર આવે, ચારિત્ર આવવાથી મોહ ઉપશમે છે. આજે સમય ઘણો થઈ ગયો છે. ઘડિયાળનો કાંટો દોડે છે અને પર્વાધિરાજના પવિત્ર દિવસો પણ પૂર વેગે પ્રયાણ કરી રહ્યાં છે. પવિત્ર દિવસોમાં દિલને પવિત્ર બનાવી મહાન પુરૂષોના પાવન પંથે પ્રયાણ કરશો. વિશેષ અધિકાર અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૪૬

મહાવીર જયંતિ

ભાદરવા સુદ ૨ ને બુધવાર તા. ૨-૯-૭૦

આજે હિંદભરમાં વસતા અને પરદેશમાં વસતા જૈનો ભગવાન મહાવીરનો જન્મ-દિવસ વાંચશે અને સાંભળશે. ભગવાન મહાવીર સ્વામીને થઇ ગયા આજે ૨૫૦૦ વર્ષો થવા આવ્યાં છતાં મહાવીર પ્રભુનું નામ સાંભળતાં દરેકના અંતરમાં અનેરો આનંદ છવાય છે. એવા ભગવાન મહાવીરને આપણે એક વર્ષમાં ત્રણ વખત યાદ કરીએ છીએ. ચૈત્ર સુદ તેરસના દિવસે ભગવાન મહાવીરની જયંતિ ઉજવીએ છીએ. પર્યુષણ પર્વમાં આજે ભાદરવા શુદ

બીજના દિને પણ જન્મ દિન વાંચીએ છીએ. અને આસો વદ અમાસને દિવસે એમનો નિર્વાણ–દિન ઉજવીએ છીએ. અને એ મહાપુરૂષનાં ગુણગ્રામ કરીએ છીએ.

જેમ ઘોર અંધકારમાં સૂર્યના કિરણો બહાર આવવાથી અંધકાર નાશ પામે છે તેમ જગતમાં જ્યારે અજ્ઞાન રૂપી અંધકાર છવાયો હોય ત્યારે ઉપદેશ રૂપી જ્ઞાનનાં કિરણો વડે અજ્ઞાનની આંધીમાં પડેલા માનવને ભગવાને જ્ઞાન રૂપ કિરણોથી માર્ગદર્શન કરાવ્યું. એવા એ તેજસ્વી પુરૂષ કેવા હતા! ભગવાન મહાવીર કયારે થયા? આજે પણ ભગવાનનું શાસન જયવંતુ વર્તે છે. ભગવાનના ભવની ગણત્રી કયારથી થઇ! એ વિષયમાં આજે ઘણું કહેવાનું છે.

ત્રણ ચાર પેઢી થાય એટલે છોકરાઓ એમના વડવાઓને ભૂલી જાય છે. જ્યારે ભગવાન મહાવીરને થયાં ૨૫૦૦ વર્ષો થવા આવ્યા છતાં આપણે તેમને ભુલતા નથી. આજે આપણે ભગવાન મહાવીરને શા માટે યાદ કરીએ છીએ? શું એ રાજકુમાર હતા એટલે? "ના" વૈભવ વિલાસ કે ઐશ્વર્યથી માણસ પુજનીક બનતો નથી, પણ એમણે સંસાર ત્યાગી સાધુપણું લીધું. જગતના જીવોના કલ્યાણનો રાહ બતાવ્યો. ઘાતી કર્મોનો ક્ષય કરી ચાર તીર્થની સ્થાપના કરી તેઓ જગતના ઉદ્ધારક બન્યા, તેથી આપણે પ્રભુને યાદ કરીએ છીએ.

ભગવાન મહાવીર સ્વામીનો આત્મા પણ નયસારના ભવથી ઓળખાયો. તે પણ પહેલાં આપણી જેમ અનંતકાળથી અનંત પુદ્ગલ પરાવર્તનથી સંસાર રૂપી અટવીમાં ચાર ગતિમાં પરિભ્રમણ કરતો હતો. જીવ અનાદિથી છે તેમ કર્મ પણ અનાદિથી છે. જીવ અને કર્મનો સંયોગ પણ અનાદિથી છે. કર્મ છે ત્યાં સુધી જીવ જન્મ મરણ કરે છે. આ ભવભ્રમણથી અટકવાનો માર્ગ હોય તો સૌથી પ્રથમ સમ્યગૂદર્શન છે, જે પ્રાપ્ત થાય ત્યારથીજ જીવના ભવની ગણતરી થાય.

ભગવાન મહાવીર સ્વામીના આત્માએ નયસાર નામના સુથારના ભવમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. એટલે ત્યારથી તેમના ભવની ગણતરી શરૂ થઈ છે. નયસાર–નામ પણ કેવું ગુણનિષ્પન્ન છે? નય + સાર. જે નયનો સાર કાઢે તે નયસાર.. નય એટલે અંશ અને પ્રમાણ એટલે સંપૂર્ણ. નય એટલે અંશ. અંશ અપૂર્ણ હોય અને પ્રમાણ પૂર્ણ હોય છે. ભગવાન અપૂર્ણમાંથી પૂર્ણ બન્યા. આ નયસાર પ્રથમથી જૈન ન હતો. સુથારના ઘરમાં જન્મ પામ્યો હતો. એનો આત્મા પવિત્ર હતો. સરળ હતો. જેનું હૃદય પવિત્ર હોય છે તેમાંજ ધર્મરૂપી બીજ ટકી શકે છે.

"सोही उज्जुय भूयस्स, धम्मो सुद्धस्स चिट्ठइ।"

પોચી અને રસાળ ભૂમિમાં બીજ ઉગે છે તેમ જ્યાં સરળતા છે ત્યાં ધર્મ ટકે છે.

ઉખર ભૂમિમાં વાવેલું બીજ નકામું જાય છે. તેમ જેનું હૃદય અપવિત્ર છે, જેમાં શલ્યનો કાંકરા ભર્યા છે તેમના જીવનમાં ધર્મ ટકી શકતો નથી.

નયસાર સુથાર લાકડા પારખવામાં ઘણો હોંશિયાર છે. રાજાનો મહેલ બનાવવા માટે સારામાં સારા લાકડાની જરૂર પડી છે. એટલે નયસાર સુથાર પોતાના કાફલાના માણસોને સાથે લઈને જંગલમાં જાય છે. લાકડા લાકડામાં ફેર હોય છે.

"काष्टे च काष्टे तरता यथास्ति, दुग्धे च दुग्धे तरता यथास्ति ।
जले जले चा तरता यथास्थि, गुरु गुरौ चा तरता यथास्ति ॥"

લાકડાની અનેક જાતો હોય છે. બાવળ–સાગ–સીસમ–દેવદાર–લીંબડો–સુખડ અનેક જાતનું લાકડું હોય છે, પણ ચંદનના લાકડાની કિંમત ઘણી હોય છે. દૂધ–દૂધમાં પણ ફેર હોય છે. ગાય–ભેંસ–બકરીનું દૂધ, આકડાનું અને થોરીયાનું દૂધ હોય છે. પણ એક દૂધ જીવાડનાર છે. બીજું દૂધ મારનાર છે. પાણી–પાણીમાં પણ ફેર હોય છે. કોઈ ગામનું પાણી એવું હોય છે કે ખાધેલું પચે જ નહિ. અને કંઈક ગામનાં પાણી એવાં હોય છે કે ગમે તેટલું ખાઈએ તોપણ હજમ થઇ જાય છે. સંસારસાગરથી પોતે તરે છે અને બીજાને તારે છે. કુગુરૂઓ પોતે ડૂબે છે અને બીજાને ડૂબાડે છે.

નયસાર જંગલમાં અનેક પ્રકારનાં લાકડા પારખે છે. બપોરનો સમય થયો. જમવા બેસતી વખતે વિચાર થયો કે જો કોઈ અતિથી મળી જાય તો તેને જમાડીને જમું. આ જંગલમાં સંતનો યોગ મળવો મુશ્કેલ છે. છતાં એવો વિચાર ન કર્યો કે અહીં તો સંત કયાંથી મળે? લાવ જમવા બેસી જાઉં, એમ નહિ, પણ સંતની તપાસ કરવા નીકળ્યો. તમે તો ભાવના ભાવો અને મનથી પાછા ભાવનાના દ્વાર બંધ કરી દો, કે અહીં કયાંથી સંત મળે! ચાલોને હવે જમી લઇએ. બંધુઓ! જો તમે જૈન કુળમાં જન્મ્યા હો તો જમતી વખતે એવી ભાવના જરૂર ભાવજો કે કોઇ અતિથિ આવી જાય તો તેમને વહોરાવીને જમું. મારા કર પવિત્ર કરું. જો અતિથિ ન મળે તો સ્વધર્મી બંધુને જમાડું અને સ્વધર્મી ન મળે તો ભૂખે પીડાતા ગરીબને જમાડું. ભાવના ભાવીએ તો જરૂર પૂર્ણ થાય છે. કદાચ અંતરાય હોય અને ભાવના પૂરી ન થાય તો લાભ તો જરૂર થાય છે. જીરણ શેઠે ચાર ચાર મહિના ભાવના ભાવી તો પણ તેમની ભાવના પૂર્ણ ન થઈ. છતાં તેઓ મરીને દેવલોકમાં ગયા. પૂરણ શેઠે ભાવના ભાવી ન હતી, છતાં ભગવાન એને ત્યાં પધાર્યા. લૂખા–સૂકા બાકુળાથી પરાણું કર્યું. સાધુની તિથિ નિર્માણ ન હોય. પહેલાનાં વખતમાં સંતો કેવા આકરા અભિગ્રહ ધારણ કરતા હતા.

એક વખત ઉદેપુરમાં એક સંતે અભિગ્રહ ધાર્યો કે રાજાનો હાથી મને મોતૈયો લાડુ વહોરાવે તો મારો અભિગ્રહ પૂર્ણ થાય! અભિગ્રહ ધારીને જ્યાં સુધી અભિગ્રહ

પૂર્ણ ન થાય ત્યાં સુધી દરરોજ ગૌચરી નીકળવું જ પડે. મુનિ રોજ અભિગ્રહ પૂરો કરવા માટે નીકળે છે. પચાસ દિવસ થઈ ગયા. મુનિનો અભિગ્રહ પૂર્ણ થતો નથી ત્યારે ઉદેપુરના મહારાજાને ચિંતા થઇ. પહેલાનાં સમયમાં જૈન ધર્મ વણિક પૂરતો ન હતો. રાજા મહારાજાઓ પણ વ્યાખ્યાન સાંભળવા આવતા હતાં. રાજાને થયું કે મારા ગામમાં આવા પવિત્ર સંત સૂકાઇ જાય છે. એમનો શો અભિગ્રહ હશે? અત્યારની જેમ ઈશારા કરીને સમજાવતા ન હતાં. દૃઢ નિશ્ચયી હતાં. કુદરતને કરવું અને એક દિવસ એવું બની ગયું કે મહારાજાનો જે ખાસ હાથી છે તે ગાંડો બન્યો છે અને આખા ગામમાં દોડે છે. ગામમાં ઢાંડી પીટાય છે કે જે બહાર હોય તે ઘરમાં પેસી જજો. રાજાનો હાથી ગાંડો બન્યો છે. સૌ લોકો નાસભાગ કરે છે. સંત પણ અભિગ્રહ પૂર્ણ કરવા ગૌચરી માટે નીકળ્યાં છે. લોકો સૌ પોતાપોતાના મકાનમાં, દુકાનમાં જ્યાં હતા ત્યાં પૂરાઈ ગયા. તહેવારનો દિવસ હતો એટલે કંદોઇએ મીઠાઇના થાળ બહાર કાઢીને મૂકેલા. એને થયું કે નકામો બગાડ થશે માટે અંદર લઈ લઉં. બધી મીઠાઈ દુકાનમાં લઈ લેવા જાય છે. લોકો કહે છે ભાઈ! આ હાથી દોડતો આવે છે, તું મરી જઇશ. હાથી દોડતો આવે છે પણ જ્યાં કંદોઈની દુકાન આવી ત્યાં શાંત પડી ગયો. પોતાની દુકાન પાસે આવીને હાથી શાંત થયો એટલે કંદોઇએ હાથીની સૂંઢમાં બે મોતૈયા લાડુ આપ્યા. તે લઈને હાથી ધીમે ધીમે મુનિ પાસે આવ્યો. સંત દૃઢ હતાં. હાથીને સૂંઢમાં લાડવા લઈને આવતો જોયો પણ એમ નહિ કે લાવ ઝોળી ધરું. સાચો સંત એમ જુવે કે એની ભાવના છે કે નહિ! દેનારની ભાવના ન હોય તો આહાર લેવાય નહિ. હાથી સંતની પાસે ગયો અને સૂંઢ લંબાવી ઝોળી તરફ. સંતે ઝોળી ધરી અને હાથીએ બંને લાડવા વહોરાવી દીધા. એકાવનમે દિવસે અભિગ્રહ પૂર્ણ થયો. આવા કઠોર અભિગ્રહો પણ પૂરા થયાં છે.

નયસાર અતિથિની શોધમાં નીકળે છે. ત્યાં પોતાના ગુરૂથી છૂટા પડેલા, તાપથી આકુળ વ્યાકુળ થયેલા એક સંતને ત્યાં જુવે છે. સંતને માર્ગ જડતો નથી. ગરમી ખૂબ છે. જીવનની આશા છૂટી ગઈ છે એટલે મુનિ ભૂમિનું પડિલેહણ કરી ઇરિયાવહી કરે છે. અને ત્યાં સાગારી સંથારો કરવાનો નિર્ણય કરે છે. આ સમયે નયસારની નજર મુનિ ઉપર પડે છે. મુનિને જોતાં જ તેના સાડા ત્રણ ક્રોડ રોમરાય હર્ષોલ્લાસથી વિકસિત થઈ ગયા. અહો! મારા સદ્‌ભાગ્ય છે કે આવી અટવીમાં પણ આવા મહાન તપસ્વી, ચારિત્ર-સંપન્ન, નિષ્પરિગ્રહી એવા મહામુનિના મને દર્શન થયા. તૃષાના પરિષહથી મુનિનો કંઠ સૂકાઈ રહ્યો હતો, આંખે અંધારા આવતાં હતાં. કોઈ માર્ગ સૂઝતો નથી. એટલે મુનિ વિચાર કરે છે કે હવે હું એક વૃક્ષ નીચે બેસી સાગારી સંથારો કરું. જો કોઈ માર્ગ બતાવનાર મળશે તો મારા સાધુ સમુદાય ભેગો થઈ જઇશ. જો નહીં મળે તો સર્વથા શરીરને વોસરાવીને આત્માની સાધના કરીશ. આમ વિચાર કરી વૃક્ષ નીચે બેસવાની તૈયારી કરે છે. તે પહેલાં નયસાર ત્યાં પહોંચી ગયો.

અહો, ભગવંત ! આપે અહીં પધારી જંગલમાં મંગલ બનાવ્યું. આજે મારાં ભાગ્ય ખૂલી ગયાં. આપના દર્શનથી મારું જીવન પવિત્ર બની ગયું છે. હે પ્રભુ ! આપ કૃપા કરી મારા તંબુ પાસે પધારો. અમે ઘણાં માણસો છીએ. અમારા માટે સ્નાન કરવા બનાવેલું ગરમ પાણી તૈયાર છે. તેમજ જમવા માટે રસોઈ બનાવેલી છે. બધી ચીજો નિર્દોષ છે માટે આપ અમને લાભ આપો. શ્રાવકને જમવા બેસતી વખતે બારમા અતિથિ સંવિભાગ વ્રતની ભાવના ભાવવાની હોય છે. નયસારને સહેજે બારમા વ્રતની ભાવના સફળ થઈ. શ્રાવકના બાર વ્રતમાંથી અગિયાર વ્રત સ્વતંત્ર છે અને બારમું વ્રત પરતંત્ર છે. કારણ કે તમારે ઘેર સંત પધારે તો જ તમારું એ વ્રત પૂર્ણ થાય છે. અતિથિ એટલે જેની તિથિ નક્કી જ ન હોય. સંત તમારે આંગણે અચાનક આવે અને તમારે ત્યાં જે નિર્દોષ આહાર હોય તે શ્રાવકને સંકોચ ન પડે તે રીતે ઉપયોગથી વહોરે, પણ તેમના માટે પોગ્રામો નક્કી કરવાના ન હોય. તેમજ આમંત્રણ ન અપાય કે મહારાજ ! આજે અમારે ત્યાં ખમણ બનાવવાના છે. અગર આજે મારા દિકરાની વર્ષગાંઠ છે, માટે જરૂર પધારજો. આ રીતે આમંત્રણ આપે તો સાધુ તેને ઘેર ગૌચરી ન જાય. તેમજ પોતાના નિમિત્તે બનાવેલો આહાર પણ ન વહોરે.

નયસારે મુનિના દર્શન કર્યા. પોતાના ઉતારે આવવા વિનંતી કરી અને હાથ જોડીને પૂછયું–હે પ્રભુ ! આપ આવી ભયંકર અટવીમાં ક્યાંથી આવી ચડ્યા ! મુનિ કહે છે ભાઈ ! અમારી સાથે ઘણાં મુનિરાજો હતાં. પણ હું શરીરના કારણે વારંવાર રોકાતો રોકાતો પાછળ આવતો હતો. તેમાં તાપથી મારું ગળું સૂકાઈ ગયું. હું રસ્તો ભૂલી ગયો અને કેડીના માર્ગે ચઢી ગયો. આ અટવીમાં ખૂબ ભટકયો, પણ માર્ગ જડયો નહીં. એટલે હું સંથારો કરવાની તૈયારીમાં હતો, ત્યાં તું મને મળી ગયો. નયસારના દિલમાં હર્ષ સમાતો નથી. આવા પવિત્ર સંતનો સમાગમ થતાં તેના આનંદનો પાર નથી.

"સંત સમાગમ જીવને મહાન દુર્લભ છે."

મા–બાપ, દિકરા–દિકરી, ભાઈ, બહેન, રાજપાટ અને બંગલા બધું મળવું સહેલ છે, પણ આ જીવને સંત–સમાગમ મળવો મહા દુર્લભ છે. આવો મહાન દુર્લભ સંત સમાગમ નયસારને મળી ગયો. તે તેના પ્રબળ પુણ્યનો ઉદય છે. પારસમણીની સાથે લોઢું રહે તો તે સુવર્ણ બની જાય છે, પણ પારસ બનતું નથી. પણ જો માનવને પારસમણિ સમાન સંતનો સમાગમ થાય તો તેને સંત પોતાના સમાન સંત બનાવી દે છે. સંત સમાગમ કરવાથી સાંભળવાનું મળે.

सवणे नाणे विन्नाणे, पच्चक्खाणे य संजमे ।
अणहनए तवे चेय, वोदाणे अकिरियासिद्धि ॥

સાંભળવાથી જ્ઞાન થાય, જ્ઞાનથી વિજ્ઞાન થાય, વિજ્ઞાનથી પ્રત્યાખ્યાન થાય, પ્રત્યાખ્યાનથી સંયમ થાય, સંયમથી અનાશ્રવી – આશ્રવ રહિત થવાય. તેનાથી તપ થાય અને તપથી કર્મની નિર્જરા થાય અને છેવટે યોગ નિરોધ કરી શાશ્વત સ્થાન મોક્ષને પ્રાપ્ત કરાવે છે. બોલો, સંત સમાગમ કેટલો લાભદાયી છે! આજે તો પર્યુષણ પર્વ અને મહાવીર જન્મ હોવાથી ઉપાશ્રય અને ચોક માનવ મેદનીથી ભરચક દેખાય છે. બંધુઓ! પર્યુષણ પૂરતો જ આ ધર્મ નથી. આત્માએ દરરોજ ધર્મની ભાવના રાખવી જોઇએ. તમે ટ્રેઇનમાં મુસાફરી કરો છો ત્યારે ઘણી વખત જોવામાં આવતું હશે કે મુસલમાન ગમે તે સ્થળે હોય પણ તે પોતાનો નિત્ય–નિયમ – નમાજ પઢવાનું ભૂલતો નથી. તો તમારે પણ દરરોજ એક સામયિક કરવી, શાસ્ત્રનું વાંચન કરવું, સંતના દર્શન કરવા. આવો એકાદ નિયમ તો હશે ને!

નયસારને સંતના દર્શન થવાથી હર્ષનો પાર નથી. સંતને પ્રાર્થના કરે છે કે આપ પધારો! અમે અમારા માટે ઘણી રસોઈ બનાવી છે. આપના માટે ઘણી રસોઇ બનાવી નથી અર્થાત્ આપના માટે કંઈ જ બનાવ્યું નથી. આપ એમાંથી કંઈક લઇને અમને પાવન કરો. દાતાર ઉચ્ચ ભાવનાવાળો છે તેમજ ઉચ્ચકોટીનો આત્મા છે. અને લેનાર પણ શુદ્ધ અને પવિત્ર આત્મા છે. મુનિએ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ–ભાવ જોઈને નિર્દોષ આહાર–પાણી વહોર્યા. બંધુઓ! સાધુને આહાર પાણી સામા લઈ જઇને વહોરાવાય નહીં. તમે સાધુના દર્શને જાવ ત્યારે વિચાર કરો કે બજારમાંથી પડીકું લેતા જઇએ. આપણે ખાઈશું અને મહારાજને વહોરાવીશું. આવો આહાર સાધુ લે નહિ. નયસાર મુનિને વહોરાવે છે પણ મનમાં એવું અભિમાન નથી કરતો કે હું છું તો મહારાજને શાતા ઉપજાવું છું. તેમ સાધુ પણ આહાર વહોરવા માટે લાચારી બતાવતા નથી. કે અહો! તમે પુણ્યવાન છો, તમે દાતાર છો, તમે સંતની સેવા કરવાવાળા છો. તમારું કલ્યાણ થશે. એક પણ શબ્દ સાધુ બોલે નહીં. સાધુને કોઈ સત્કાર કરે તો આશિષ ન આપે. તેમજ કોઇ તિરસ્કાર કરે, કોઈ અપમાન કરે, કોઈ હેલણા–નિંદા કરે તો તેને શ્રાપ ન આપે.

સંત આહાર પાણી કરી વિહાર કરવા તૈયાર થાય છે ત્યારે નયસાર કહે છે પ્રભુ! આપ આ માર્ગના અજાણ્યા છો. હું આ માર્ગનો જાણકાર છું. ચાલો, હું આપને ટૂંકો માર્ગ બતાવું. નયસાર જાતે જ સંતને માર્ગ બતાવવા ચાલ્યો. તમે તમારી દુકાનમાં બેઠા હો તે સમયે તમને કોઈ સંત પૂછે કે ભાઈ! મારે અમુક સ્થળે જવું છે તો તમે એમ ન કહેશો કે અહીંથી સીધા જાવ અને થોડે ગયા પછી ડાબે હાથે વળી જજો. તમે જ માર્ગ બતાવવા જજો. નયસાર અને સંત ચાલ્યા જાય છે. થોડું ચાલ્યા ત્યાં ગામ દેખાયું. એટલે મુનિ કહે છે ભાઈ! આ ગામ નજીક દેખાય છે. હવે હું ગામમાં જઈશ. નયસાર કહે છે ના, સાહેબ, હું આપને છેક ગામમાં આપના

સાધુ સમુદાય ભેગા કરીને જ જઈશ. જુઓ તો ખરા! નયસારનો વિવેક કેવો છે! તેને સંત પ્રત્યે કેટલી ભક્તિ છે! સંત બોલ્યા. હે નયસાર! અટવીમાં ભૂલા પડેલા એવા મને તેં દ્રવ્ય માર્ગ બતાવ્યો, પણ હું તને સંસાર રૂપી અટવીમાંથી બહાર નીકળવાનો ભાવમાર્ગ બતાવું. ત્યાં મુનિએ નયસારને બોધ આપ્યો. નયસાર બોધ સાંભળીને આનંદ પામ્યો. શ્રદ્ધાવાન બન્યો અને ત્યાં સમ્યક્‌દર્શન પ્રાપ્ત થવાથી ભવની ગણતરીમાં આવી ગયો. સમકિત પામ્યા વિના ત્રણે કાળે ભવનો અંત નથી.

નયસારને આવું અમૂલ્ય સમ્યક્‌ત્વ રત્ન–પ્રાપ્ત થયું. તે ભવમાં આયુષ્ય પૂર્ણ કરી તેઓ બીજા ભવમાં પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને ત્રીજા ભવમાં નાભિરાજા અને મરૂદેવી માતાના પુત્ર ઋષભદેવ અને તેમના પુત્ર ભરત ચક્રવર્તિના પુત્ર મરીચિકુમાર તરીકે ઉત્પન્ન થયા. પછી ભગવાનના છવ્વીસમા ભવ સુધી પૂ. મહાસતીજીએ ખૂબ સુંદર વર્ણન કર્યું. છવ્વીસમા ભવે દશમા પ્રાણત દેવલોકે પુષ્પોત્તર વિમાનમાં વીસ સાગરોપમની સ્થિતિવાળા દેવ થયા. ત્યાંથી ચ્યવીને સત્તાવીસમા ભવે માહણકુંડ નગરમાં ઋષભદત્ત બ્રાહ્મણને ઘેર દેવાનંદા બ્રાહ્મણીની કુંખે ઉત્પન્ન થયા. દેવાનંદા બ્રાહ્મણીએ ત્યાં ચૌદ સ્વપ્નો જોયા. તેની કુક્ષિમાં ભગવાન સાડી બ્યાસી રાત્રિ રહ્યા. શક્રેન્દ્રને અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકી જોતાં ખબર પડી કે ભગવાન દેવાનંદા બ્રાહ્મણીના ગર્ભમાં ઉત્પન્ન થયા છે. શક્રેન્દ્રે વિચાર કર્યો કે તિર્થંકરનો આત્મા ક્ષત્રિયકુળ સિવાય બીજા કુળમાં ઉત્પન્ન ન થવો જોઈએ. અને ભગવાન તો બ્રાહ્મણીની કુંખે ઉત્પન્ન થયા છે તે એક આશ્ચર્ય છે. તરત જ શક્રેન્દ્રે હરણગમેષી દેવને બોલાવીને આજ્ઞા કરી કે માહણકુંડ નગરને વિષે ઋષભદત્ત બ્રાહ્મણને ત્યાં દેવાનંદાની કુક્ષિમાં ભગવાન મહાવીર સ્વામીનો આત્મા જે ગર્ભપણે રહેલો છે તેનું સાહારણ કરીને ક્ષત્રિયકુંડ નગરને વિષે સિદ્ધાર્થ રાજાને ત્યાં ત્રિશલાદેવી રાણીની કુંખે મૂકો. અને એમના ગર્ભમાં પુત્રીપણે જે ગર્ભ છે તેને દેવાનંદાના ગર્ભમાં મૂકો. આમ બનવાનું કારણ આગલા ભવમાં દેવાનંદા અને ત્રિશલા બંને દેરાણી જેઠાણી હતાં. અને ત્રિશલાદેવીના રત્નનો દાબડો દેવાનંદાએ ચોરી લીધો હતો. તેથી આ ભવમાં તેના રત્નના દાબડા કરતાં પણ અધિક વહાલા ગર્ભનું સાહારણ થયું.

શક્રેન્દ્રની આજ્ઞા પ્રમાણે હરણગમેષી દેવે ગર્ભ હેરફેર કરી દીધો, એટલે દેવાનંદાને જે ચૌદ સ્વપ્નો આવ્યા હતા તે એક પછી એક નીકળીને જવા લાગ્યા અને ત્રિશલાદેવી મહારાણી શય્યામાં સૂતા હતા તે સમયે તેમને અનુક્રમે તે ચૌદ સ્વપ્ન આવવા લાગ્યા. ચૌદ સ્વપ્ના જોઈને ત્રિશલાદેવી જાગ્યા. જાગીને સિદ્ધાર્થ રાજા પાસે જઈને રાણીએ ચૌદ સ્વપ્નની વાત કરી.

મહારાજા સિદ્ધાર્થ ચૌદ સ્વપ્નની વાત સાંભળી હૃદયમાં અવધારીને કહે છે કે ત્રિશલાદેવી! તમે રત્નકુક્ષિણી છો. તમારી કુંખે ત્રિલોકીનાથ પધાર્યા છે, કારણ કે

તિર્થંકરની માતા અને ચક્રવર્તીની માતા ચૌદ સ્વપ્ન જોવે. વાસુદેવની માતા સાત સ્વપ્ન જોવે. બળદેવની માતા ચાર સ્વપ્ન જોવે. અને માંડલિયની માતા એક સ્વપ્ન જોવે. સિદ્ધાર્થ રાજા કહે છે ત્રિશલાદેવી! તમે તિર્થંકરને જન્મ આપશો. આ વચનો સાંભળી ત્રિશલાદેવીના ઉરમાં અનેરો આનંદ થયો. સ્વપ્નને ધારણ કરીને પોતાના મહેલે ગયા. સવાર પડતાં સિદ્ધાર્થ રાજાએ આખા ક્ષત્રિયકુંડ નગરને શણગારવા માટે સેવકોને આજ્ઞા કરી. અને મોટા મોટા પંડિતોને સ્વપ્નનું ફળ જોવા માટે આમંત્રણ આપ્યું.

બધા પંડિતોનાં ઉરમાં પણ અનેરો આનંદ છે. સૌ સૌના ઘેરથી નીકળીને બધા એક દરવાજે ભેગા થયા. અને નિર્ણય કર્યો કે આપણે બધાએ જુદી જુદી રીતે સ્વપ્નના ફળ જોવા ખરાં પણ જવાબ આપવા માટે એક મુખ્ય પંડિતને નીમો. અને તે જ જવાબ આપે. જો આપણે આપણામાંથી કોઈ એકને મુખ્ય નહીં બનાવીએ અને સૌ સૌની ઈચ્છા પ્રમાણે પંડિત બનીને જુદા જુદા જવાબ આપશે તો પરિણામ કેવું ખરાબ આવશે? જે રીતે પાંચસો સૈનિકોનું થયું હતું તેમ આપણું થશે. એમ સમજી બધા એક સંપ કરીને એકને નાયક બનાવીને સિદ્ધાર્થ રાજાના દરબારમાં ગયા.

રાજાએ તેમનો ખૂબ સત્કાર કર્યો. પંડિતોએ ચૌદ સ્વપ્નનું ફળ જોયું અને રાજાને સ્વપ્નનાં ફળ યથાર્થ રીતે કહી સંભળાવ્યા. સ્વપ્નનાં ફળ સાંભળીને સિદ્ધાર્થ રાજા અને ત્રિશલાદેવી ખૂબ આનંદ પામ્યા. ત્રિશલાદેવી તે સ્વપ્નના ફળને હૃદયમાં ધારણ કરીને યથોચિત રીતે ગર્ભનું પાલન કરવાં લાગી. સિદ્ધાર્થ રાજાએ પંડિતોને પુષ્કળ દાન આપીને એવા ન્યાલ કરી દીધા કે તેમની જિંદગીનું દારિદ્ર ટળી ગયું. ત્રિશલાદેવી આનંદપૂર્વક ગર્ભનું પાલન કરે છે. રાજ્યમાં સર્વત્ર આનંદ વર્તે છે. પ્રભાતમાં શરણાઈ વાગે છે. અનેક રીતે ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. જ્યારથી પ્રભુ માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી રાજ્યમાં ધન ધાન્ય અને ઋદ્ધિની વૃદ્ધિ થઈ રહી છે. આથી માતા પિતાએ વિચાર કર્યો કે આવો પુણ્યવાન જીવ આવવાથી આપણા ઘેર અનેક પ્રકારની વૃદ્ધિ થઈ છે માટે આ કુંવરનું નામ વર્ધમાનકુંવર રાખીશું.

ભગવંત માતાના ગર્ભમાં રહેલા છે. તેમને એકવાર વિચાર થયો કે મારા હલન-ચલનથી મારી માતાને દુઃખ થતું હશે તેમ માનીને પોતાના અંગોપાંગ સંકોચી લીધા. હલનચલન બંધ કરી દીધું. હજુ તો પ્રભુ ગર્ભમાં છે છતાં તેમને માતા પ્રત્યે કેટલી લાગણી અને કરૂણા છે! બંધુઓ! આજે તમે ઉપકારી માતાના ઉપકારને વિસરી ગયા છો પણ વિચાર કરો. ભગવાને ગર્ભમાંથી જ માતાની કેટલી દયા કરી કે મારા તરફથી માતાને રહેજ પણ દુઃખ ન થવું જોઈએ. એમ જાણી પ્રભુએ હલનચલન બંધ કર્યું. પણ માતાને મોહદશા હોવાથી દિલમાં આઘાત લાગ્યો. અરેરે! મારો ગર્ભ ફરકતો નથી, હાલતો ચાલતો નથી. જરૂર મારો ગર્ભ ચોરાઈ ગયો હશે. એમ માનીને રૂદન

કરવા લાગ્યા. તેમનો આનંદ નષ્ટ થઈ ગયો. જે મંગલ વાજિંત્રો વાગતાં હતાં તે બંધ થઈ ગયા. ભગવાન તો માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી જ ત્રણ જ્ઞાન લઈને આવ્યા હતા. અવધિજ્ઞાન વડે જોયું તો ખબર પડી કે અહો! મારી માતાને મારો કેટલો મોહ છે! જ્યારે મેં અંગ સંકોચી લીધા, હલનચલન બંધ કર્યું તેટલામાં માતાને આટલું બધું દુઃખ થયું? તેણે મારું હજુ રૂપ-લાવણ્ય દીઠું નથી છતાં આટલો બધો અફસોસ કરે છે તો મારા પ્રત્યે કેટલો મોહ થશે! ત્યાં ભગવાને અભિગ્રહ ધારણ કર્યો કે મારે મારા માતા-પિતાની હયાતિમાં દીક્ષા લેવી નહીં. આવો અભિગ્રહ પ્રભુએ માતાના ઉદરમાંથી જ ધારણ કર્યો. સાથે સાથે તમને હું એ વાત કહી દઉં છું કે ભગવાને અભિગ્રહ કર્યો કે મારે મારા માતા પિતા જીવે ત્યાં સુધી દીક્ષા લેવી નહિ પણ તમે તેમનો વાદ ન કરશો કે ભગવાને પણ માતા પિતા જીવ્યા ત્યાં સુધી દીક્ષા લીધી ન હતી તો અમારાથી મા-બાપ છોડીને કેમ દીક્ષા લેવાય? ભાઇ! ભગવાન તો જાણતાં હતાં કે મારું આયુષ્ય કેટલું છે! અને મારા માતા પિતાનું આયુષ્ય કેટલું છે! જો તમે ભગવાનની જેમ જાણતા હો તો તેમ કરી શકો છો બાકી નહીં.

ચૈત્ર સુદ તેરસની રાત્રે ભગવાનનો જન્મ થયો. તે વખતે ચોસઠ ઈન્દ્રો, છપ્પન કુમારીકાઓ અને ઘણાં દેવતાઓ ભગવાનને મેરૂ પર્વત ઉપર લઈ જઈને સ્નાન કરાવે છે. જન્મ પછી બારમે દિવસે વર્ધમાન કુમાર એવું ગુણ નિષ્પન્ન નામ પાડે છે. આજે પણ વર્ધમાન સ્વામીનું શાસન પ્રવર્તે છે. અઠ્ઠાવીસ વર્ષ પછી માતા-પિતાનો અંતિમ સમય જાણી સંથારો કરાવી પાવન કર્યા. માતા પિતા કાળ કરી દેવલોકમાં ગયા. ત્યાર પછી ભગવાન દીક્ષા લેવા તૈયાર થયા. મોટાભાઈના આગ્રહથી બે વર્ષ સંસારમાં રોકાઈને ભગવાને દીક્ષા લીધી. બંધુઓ! દર વર્ષે વીર પ્રભુની જયંતિ ઉજવવામાં આવે છે. પણ આપણે સાચી જયંતિ ઉજવી ત્યારે જ કહેવાય કે આપણે તેમના જેવા વીર બની આત્મ-સાધનાના પંથે પ્રયાણ કરીએ. સમય ઘણો થઇ ગયો છે. હવે વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૪૭

ભાદરવા સુદ ૩ ને ગુરૂવાર તા. ૩-૯-૭૦

શાસનપતિ ત્રિલોકીનાથ, જગત ઉદ્ધારક ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યા પછી જગતના જીવોના કલ્યાણને માટે બત્રીસ આગમો પ્રરૂપ્યાં. તેમાં મૂળ સૂત્ર ઉત્તરાધ્યયન. જેના ૩૬ અધ્યયન છે. તેમાં ચૌદમા અધ્યયનનો છ જીવોનો

અધિકાર ચાલે છે. એ છ જીવોમાં ઇષુકાર રાજા, કમલાવતી રાણી, ઇષુકાર રાજાનો માનનીય ભૃગુ પુરોહિત, તેની યશા નામની ભાર્યા, અને તેના દેવભદ્ર અને યશોભદ્ર નામના બે કુમારો. એ છ જીવોની વાત છે. તે છ આત્માઓમાં બે કુમારો સૌથી પ્રથમ જાગ્યાં છે. એ બે કુમારોએ એક જ વખત સંતદર્શન કર્યું. અને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને એમની રગેરગે વૈરાગ્યનો રંગ લાગ્યો. તમે અત્યાર સુધીમાં કેટલી વખત સંતના દર્શન કર્યા! પણ હજુ સાધુ બનું તેવા ભાવ તમને આવ્યા છે?

બે કુમારોને સંસારના સુખો ક્ષણિક દેખાવા લાગ્યા. જે સંસારમાં ક્ષણવારનું સુખ નથી ત્યાં રહેવાથી શું! જ્યાં જવાથી આત્મા શાશ્વત સુખનો ભોકતા બને તે માર્ગે આપણે જવું છે. પોતાના પિતા પાસે આવીને કહે છે હે પિતા! અમને આ સંસારમાં ક્ષણ માત્ર આનંદ આવતો નથી. માટે "आमन्तयामो चरिस्सामु मोणं।" આપ અમને આજ્ઞા આપો. અમે સંયમના માર્ગે પ્રયાણ કરીએ. આ મનુષ્ય ભવમાં જ આત્મકલ્યાણની સાધના કરી શકાય છે. બીજા કોઈ ભવમાંથી મોક્ષે જવાની ટીકીટ મળતી નથી. દેવોનો અધિપતિ ઈન્દ્ર હોય, જેની સેવામાં ગમે તેટલાં દેવો હાજર હોય, છતાં એની તાકાત નથી કે ત્યાંથી સીધો મોક્ષમાં જઈ શકે. એક ચપટી વગાડે એટલી વારમાં જંબુદ્વીપને ફરતા સાત આંટા મારવાની જેનામાં તાકાત છે એવો દેવ પણ સીધો મોક્ષે જવાને માટે શક્તિમાન નથી. મોક્ષે જવા માટે તો માનવદેહ ધારણ કરવો જ પડે છે.

સર્વાર્થસિદ્ધ વિમાનમાં રહેલા દેવની સ્થિતિ તેત્રીસ સાગરોપમની હોય છે. એને તેત્રીસ હજાર વર્ષે આહાર કરવાનો વિકલ્પ થાય છે. ત્યાં સુધી આહાર કરવાનો વિચાર સરખો પણ આવતો નથી. છતાં દેવતાઓ વ્રત-પ્રત્યાખ્યાન કરી શકતાં નથી. તેત્રીસ હજાર વર્ષો નહિ ખાવા છતાં પણ એને તપ કહેવાય નહિં. જ્યારે આપણે એક જ ઉપવાસ કરીએ તો લાભનું કારણ બને. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવોને મનુષ્યના જેવા કામભોગો હોતાં નથી. છતાં એને લાભ મળતો નથી. અને મનુષ્ય એક અહોરાત્રી બ્રહ્મચર્યનું પાલન કરે તો ૧૮૦ ઉપવાસનો લાભ મેળવે છે. કોઈ માણસને ટાઈફોઈડ થયો હોય, એને ડોકટર મનાઈ કરે કે એક મગના પાણી સિવાય કંઈ જ આપવાનું નહિ. ત્રીસ દિવસ સુધી ભલે અનાજનો કણ ન લે છતાં એને માસખમણ ન કહેવાય. આપણે અહીં બધા તપસ્વીઓમાં કોઈને ૩૮મો, કોઇને ૨૮મો ઉપવાસ છે. એમને માટે સંઘે સીટો રીઝવર્ડ કરી છે. આ બહુમાન કોનું છે? જે સ્વેચ્છાએ-સ્વાધીનપણે ત્યાગ કરે છે તેનું જ બહુમાન છે. તપ-ત્યાગ આદિ કરવાનો આ અમૂલ્ય અવસર છે. માનવભવ સિવાય આ કરણી બીજે કયાંય કરી શકાશે નહિ. તિર્યંચમાં જીવે પરાધીનપણે કેટલાં કષ્ટો સહન કર્યા છે તેનો વિચાર કરો!

જીવે નરકગતિમાં પરમાધામીનાં કેટલાં કષ્ટો સહન કર્યા? તરસથી આકુળ વ્યાકુળ

થઈ ગયો હોય તે વખતે બે કાંઠે વહેતી નદીને જોઈ ખોબો ભરીને પાણી લેવા જાય છે, પણ એ પાણીનો સ્પર્શ થતાં એના હાથ ચીરાઈ જાય છે. કારણ કે નરકમાં વૈતરણી નામની નદી છે. જેનું નામ વૈતરણી એ વેતરવાનું જ કામ કરે છે. આ રીતે નરકમાં પણ કેટલાં કષ્ટો સહન કર્યા? આ બધું જ જીવે પરાધીનપણે સહન કર્યું છે, પણ સ્વાધીનપણે સહન કર્યું નથી. જે સ્વાધીનપણે કષ્ટો સહન કરે, સ્વેચ્છાથી વિષય-ભોગો છોડે, તપ કરે તેમાં જ કર્મની નિર્જરા છે. આ બે ભાલુડાને સંસારના સુખો પ્રત્યેથી રાગ છૂટી ગયો છે અને સંસાર ત્યાગવા તૈયાર થયાં છે. એમને ત્યાગ કરવાનો આનંદ છે. જ્યારે તમને બધું ભેગું કરવાનો આનંદ છે. પણ યાદ રાખજો. તમે ગમે તેટલું ભેગું કરો, પણ અંતે એક દિવસ તો છોડવું જ પડશે.

સંતનો સમાગમ માણસને પોતાના સમાન બનાવી દે છે.

એક વખત એક ગરીબ માણસને ઘેર એક મહારાજ આવીને ઉભા રહ્યાં અને બોલ્યા, મૈયા! ભિક્ષા દે. મહારાજ આંગણામાં ઉભા છે. આ ઘર ખૂબ જ ગરીબ છે. જેના ઘરમાં સૂવા માટે એક ખાટલો છે. એ ખાટલાનો એક પાયો ભાંગી ગયેલો છે. સૂવા માટે એક ગોદડી છે. ગોદડી પણ સાત થીગડાવાળી છે. એક રોટલો ઘડીને મૂકવા માટે બીજું ભાજન પણ છે નહિ. ઘરમાં હાંલ્લા કુસ્તી કરે છે એવી ગરીબાઈ છે. જેની ગરીબાઈની હદ નથી. આંગણે આવીને ઉભેલા મહાત્મા કહે છે મૈયા! ભિક્ષા દે. પણ શું આપે! આ ગરીબ માણસ કહે છે બાપુ! આજે આપે અમારું આંગણું પાવન કર્યું. આપે અમને કૃતાર્થ કર્યા. આજે અમારી ગરીબની ઝૂંપડીમાં સોનાનો સૂરજ ઉગ્યો પણ અમે કમભાગી છીએ. આપને ભિક્ષા આપવા માટે અમારી પાસે આ ૦ા (પા) રોટલા સિવાય બીજું કાંઈ જ નથી. અમે તદ્દન નિર્ધન છીએ. આ ૦ા રોટલો લઇ આપ અમને પાવન કરો. એમ કહી ખૂબ ભાવનાપૂર્વક ૦ા રોટલો મહાત્માના પાત્રમાં મૂકે છે.

આ ગરીબ માણસની ગરીબાઈ જોઈ મહાત્મા પૂછે છે ભાઇ! તમે આટલા બધા ગરીબ છો? તમારા ઘરમાં બીજું કાંઈ જ નથી? ગરીબ માણસ કહે છે ના બાપુ! ઘરમાં બીજું કાંઈ જ નથી. ચારે ખૂણા સરખાં છે. ઘરના ખૂણામાં પડેલા પથ્થર ઉપર મહાત્માની દૃષ્ટિ પડતાં પૂછે છે-આ સામે પડયો છે તે શેનો પથ્થર છે! ત્યારે કહે છે બાપુ! આ તો ચટણી વાટવાનો પથ્થર છે. અમે રોજ એનાથી ચટણી વાટી રોટલો ને ચટણી ખાઈએ છીએ. મહાત્મા કહે છે એ પથ્થર લઈને તું ગામમાં દરેક જાતના વેપારીની દુકાને જજે. શાકભાજીવાળાની ગમે તેટલી દુકાનો હોય પણ એક જ દુકાને જવું. કરીયાણાની બજારમાં એક કરીયાણાની દુકાને. એમ દરેક બજારમાં, સોની બજારમાં એક ચોકસી, ઝવેરાતની દુકાનોમાં એક ઝવેરીને ત્યાં જઇને તું આ પથ્થરની કિંમત

અંકાવજે. બધે ફરીને છેલ્લો રાજાના દરબારમાં જજે. ગમે તેટલી તેની કિંમત અંકાય પણ આ પથ્થર તું કોઈને આપતો નહિ. મને બોલાવજે.

મહાત્માના કહેવા પ્રમાણે આ ગરીબ માણસ પથ્થર લઈને બજારમાં ગયો. એના મનમાં વિચાર થાય છે કે મહાત્માએ કહ્યું એટલે જાઉં છું પણ ચટણી વાટવાના મામૂલી પથ્થરમાં એવું શું હશે ? જે હશે તે, પણ મહાત્માએ કહ્યું છે માટે એમાં કંઈક મહત્વ જરૂર હશે. શ્રદ્ધાપૂર્વક પથ્થર લઈને બકાલાવાળાની દુકાને ગયો. બકાલાવાળો કહે છે ભાઈ ! હું તને આ પથ્થરના આઠ આના આપું. તો કહે છે ના, મારે આઠ આને વેચવો નથી. આગળ ચાલ્યો અનાજના વેપારી પાસે. એ કહે પાંચ રૂપિયા આપું. ચોકસી પાસે ગયો એ કહે પચ્ચીસ આપું. એમ દરેક વેપારીઓ પાસે ગયો. જેમ જેમ આગળ વધ્યો તેમ તેમ પથ્થરની કિંમત વધતી ગઈ. ઝવેરી પાસે ગયો. ઝવેરી કહે છે આ પથ્થરના લાખ રૂપિયા આપું. પથ્થરની લાખ રૂપિયાની કિંમત અંકાણી. ગરીબ માણસને રૂંવાડે રૂંવાડે આનંદ વ્યાપી ગયો. તમારા જીવનમાં આવું બની જાય તો તમને પણ આનંદ થાય ને ? (સભા : કેમ ન થાય !) શેનો આનંદ થાય ? સંસારનો કે આત્માનો ? (હસાહસ).

જીવને અનાદિકાળથી જડનો સંગ છે. એ સંગનો રંગ લાગેલો છે. એટલે એને એ જ ગમે ને ! ચેતનનો સંગ કોઈ દિવસ કર્યો છે ! સદ્‌ગુરૂનો સંગ કદી કર્યો છે ? તમે તમારા દેહના દર્દને મટાડવા માટે તમારો ફેમીલી ડોકટર રાખ્યો છે; વકીલ પણ ફેમીલી રાખ્યો છે, પણ કોઈ ગુરૂ ફેમીલી રાખ્યો છે ? તમે દુર્ગતિમાં જવાના કામ કરતા હો તે વખતે તમારું કાંડુ પકડીને કહે કે તું શું કરે છે ? તને આ ન શોભે ! તમારા ડોકટરો દેહના દર્દો મટાડશે. તમારા વકીલ તમને કેશ તમારી ફેવરમાં લાવી આપશે, પણ દુર્ગતિના દ્વારે જતાં અટકાવશે નહિ. સદ્‌ગુરૂ તો તમને દુર્ગતિમાં જતાં અટકાવશે.

પેલો ગરીબ માણસ હરખાતો હરખાતો પથ્થર લઈને રાજાના દરબારમાં આવ્યો. રાજાને પથ્થર બતાવ્યો. રાજા કહે છે ભાઈ ! મારો આ કોઈ વ્યવસાય નથી. આ પથ્થર કિંમતી છે એટલું કહી શકું, પણ એની કિંમત કેટલી છે તે ઝવેરીઓને બોલાવીને અંકાવી આપું. બંધુઓ ! એક ચટણી વાટવાનો પથ્થર ! જેની આ લોકોને પિછાણ ન હતી, પણ સંતની દૃષ્ટિ પડતાં તે સાચી વસ્તુની કેવી પિછાણ કરાવે છે ! રાજાએ ગામના ઝવેરીઓને બોલાવ્યા. એ પથ્થરની કિંમત અંકાવે છે. ઝવેરીઓ પથ્થરને જોઈને કહે છે સાહેબ ! તમારા આ વિશાળ મહેલ સહિત બધો ભંડાર આપી દો તો પણ આ પથ્થરનું મૂલ્ય ચૂકવી શકો નહિ. એટલી આની કિંમત છે. રાજા કહે છે બોલ ભાઈ ! તારે આ પથ્થર વેચવો છે ? મહાત્માએ વેચવાની ના પાડી છે એટલે કહે છે : મારે આ વેચવો નથી. તમે હો તો શું કરો ! આખો રાજાનો ભંડાર મળી જતો હોય

તો પછી ગુરૂને પૂછવાની રાહ જુઓ બસ ! તમે રાજકોટના શ્રાવકો બહુ ચતુર છો. તરત જ સોદો કરી નાંખો. (હસાહસ) ગુરૂના વચન ઉપર શ્રદ્ધા રાખી પેલા ગરીબ માણસે પથ્થર વેચ્યો નહિ. મહાત્મા પાસે આવીને બધી વાત કરી.

મહાત્મા કહે છે તારા ઘરમાં લોઢાનો ચીપીયો, સાણસી, ચમચા જે હોય તે બધું જ લઈ આવ. મહાત્મા લોઢાના ચીપીયા અને ચમચાને પથ્થરનો સ્પર્શ કરાવે છે. એટલે લોઢાની ચીજો સોનાની બની જાય છે. એ ગરીબ માણસને સત્ય વસ્તુનું ભાન કરાવે છે. ભાઈ ! આ ચટણી વાટવાનો પથ્થર નથી, પણ પારસ છે. પારસમણી લોખંડને અડે તો તે સુવર્ણ બની જાય છે. પણ તમે એને પિછાણી શકયા નથી.

દેવાનુપ્રિયો ! જેને ઘેર પારસમણી હોય તેના ઘરમાં ગરીબાઈ રહી શકે ? ન રહે. પણ ગરીબ માણસોના પાપકર્મના ઉદયથી ઘરમાં પારસમણી હોવા છતાં દુઃખ ભોગવ્યું. અત્યાર સુધી કોઈ લોખંડની ચીજને તેની સાથે સ્પર્શ થવાનો પ્રસંગ જ આવ્યો નહિ. પારસમણી તો લોખંડને સુવર્ણ બનાવે છે પણ પોતાના જેવું પારસ બનાવતો નથી. જે પારસની પિછાણ કરનાર ગુરૂ છે તે એના સંગમાં રહેનારને પોતાની સમાન બનાવે છે.

બંધુઓ ! લક્ષ્મી પુણ્યથી મળે છે. લક્ષ્મી લક્ષ્મીમાં ફેર હોય છે. જે લક્ષ્મી પુણ્યાનુબંધી પુણ્યથી મળે છે, તે લક્ષ્મી મળવાથી માણસને સારા વિચારો આવે છે. જ્ઞાની પુરૂષો કહે છે પુણ્યનો ઉદય એટલે સંપત્તિ નહિ પણ સુબુદ્ધિ. અને પાપનો ઉદય એટલે ગરીબી નહિ પણ દુર્બુદ્ધિ. આજના માણસો પુણ્યના ઉદયને જગતમાં મેળવેલી સંપત્તિ ઉપરથી માપી રહ્યાં છે. કોની પાસે કેટલી સંપતિ છે ? અને જેની પાસે વધારે સંપત્તિ હોય એને સંસારમાં પુણ્યશાળી ગણવામાં આવે છે. પણ જેની પાસે સદ્‌બુદ્ધિ હોય અને સંપત્તિ ન હોય તો લોકો એમ કહે છે કે ભણેલો છે, બુદ્ધિશાળી છે, પણ કમભાગી છે, એનું તકદીર નથી એટલે એને પુણ્યશાળી ગણવામાં આવતો નથી.

જેની પાસે સંપત્તિ હોય છે એ જ તમારી દૃષ્ટિએ ભાગ્યશાળી દેખાશે. અને પૈસા વિનાનો માણસ બુદ્ધિમાન હોવા છતાં કમભાગી દેખાય છે. પણ જો તમે સાચું સમજો તો પૈસો પુણ્યથી મળે છે તે વાત સાચી છે, પણ પૈસો એ જ પુણ્ય છે એમ નથી.

સંપત્તિની સાથે સુબુદ્ધિથી થતાં લાભ

બંધુઓ ! જ્યારે સંપત્તિની સાથે સુબુદ્ધિ આવે છે ત્યારે જ સાચી લક્ષ્મી બને છે. અને એ લક્ષ્મી જીવનને અજવાળે છે. અને સત્ય વસ્તુનું ભાન થાય છે. એને લાગે છે કે હું કંઈક જીવન જીવી રહ્યો છું. એના શબ્દોમાં મધુરતા હોય, મગજમાં નમ્રતા હોય, વિચારોમાં ધર્મ હોય. આચરણમાં સદાચાર હોય. આ બધીય વસ્તુઓ કોની પાછળ આવે છે ? સંપત્તિની સાથે સુબુદ્ધિ આવે તો જ આવે.

એક વખતના પ્રસંગમાં પાંડવો અને કૌરવો કૃષ્ણની સહાય માંગે છે ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું. "જુઓ ! એક બાજુ મારું સૈન્ય અને વિભૂતિમત્તા છે અને એક બાજુ હું એકલો છું. એકલો આવું પણ લડીશ નહિ. આ બેમાં તમારે જેને પસંદ કરવા હોય તે કરી લો. કારણ કે મારે મન તો તમે બંને સરખા છો. ત્યારે કૌરવોએ વિચાર કર્યો અહો ! કૃષ્ણનો વૈભવ કેટલો બધો છે ! કૃષ્ણની સંપત્તિ અને સેના પણ કેટલી વિશાળ છે ! આ બધું જો આપણને મળતું હોય તો એકલા કૃષ્ણની આપણે શી જરૂર છે ! એમ વિચારી કૌરવોએ કહ્યું કે અમને તમારું સૈન્ય, સંપત્તિ, હાથી–ઘોડા બધું આપજો. કૃષ્ણ કહે કબૂલ છે. ત્યારે ધર્મરાજાએ કહ્યું. અમારે કાંઈ ન જોઈએ. અમારે તો તમે એક જ જોઇએ. જો તમે એક હશો તો શૂન્યમાંથી સર્જન થશે. અને જો તમે નહિ હો તો આખું સર્જન શૂન્ય થઈ જશે.

આ માંગણીમાં જીવનનું દર્શન થાય છે. આ તો એક રૂપક છે. પણ આમાં કૃષ્ણ એટલે શું ? અને એનું સૈન્ય એટલે સંપત્તિ અને કૃષ્ણ એટલે સુબુદ્ધિ. જીવનના રથને દોરનારો સારથી જો સુબુદ્ધિ નહિ હોય તો સમજી લેજો કે આ જીવન રથ કયાંય અથડાઈને ભાંગી તૂટી જવાનો. કુરૂક્ષેત્રના યુદ્ધમાં અર્જુન જો સફળતા મેળવી શકયા હોય તો એની બાણવિદ્યાની કુશળતાને લીધે, નહિં કે એના ગાંડીવના પરાક્રમને લીધે ! પણ એક કુશળ સારથીના પ્રતાપે જેની પાસે સદ્‌બુદ્ધિ છે એને કોઈ જ મારી શકે નહિ. તમે જંગલમાં જાઓ કે કોઈપણ અજાણ્યા પ્રદેશમાં જાઓ, એકલા ભલે જાવ પણ જો તમારી સાથે સદ્‌બુદ્ધિ હશે તો તમને સફળતા મળ્યા વિના નહિ રહે, પણ જેની પાસે સુબુદ્ધિ નથી, માત્ર સંપત્તિ જ છે, એની સંપત્તિને લોકો ઝૂંટવી શકે છે. રાજાઓ એને દંડ દઈ શકે છે. અને સરકાર એના ઉપર નિયંત્રણ પણ મૂકી શકે છે. શા માટે? સંપત્તિ છે પણ સુબુદ્ધિ નથી.

જીવનના સંગ્રામમાં જેના જીવનરથનો સારથી શ્રીકૃષ્ણ રૂપ સુબુદ્ધિ છે. એ આત્મા રૂપી અર્જુનને વિજય મળ્યા વિના રહે ખરો? આ સુબુદ્ધિ જેની પાસે હોય એ જ પુણ્યવાન છે. ભાગ્યવાન છે. અને એ સુબુદ્ધિના પ્રતાપે સંસારની સઘળી સંપત્તિઓને પોતાની પાસે બોલાવી શકે છે. અને સંપત્તિઓના સ્વામીઓને પણ પોતાના ચરણમાં ઝૂકાવી શકે છે.

એક વખત એક સુબુદ્ધિવાન રાજાને ત્યાં સંપત્તિવાન રાજા મહેમાન બનીને આવ્યો. આ સંપત્તિવાન રાજાનો વૈભવ અને વિસ્તાર ઘણો વિશાળ હતો. ધનાઢય રાજાએ આ રાજાને ત્યાં ખૂબ મહેમાનગીરી માણી. સુબુદ્ધિ રાજાનો મહેલ તો સાદો હતો, એનું જીવન પણ ખૂબ સાદું હતું. સંપત્તિવાન રાજાએ સુબુદ્ધિવાન રાજાને પૂછયું: ભાઈ તમે રાજ્ય ચલાવો છો કે સદાવ્રતખાતું ? રાજા કહે છે કેમ ? તમને મારું રાજ્ય સદાવ્રત જેવું લાગ્યું ?

ત્યારે સંપત્તિવાન રાજા કહે છેઃ મને તો લાગે છે કે તમે રાજ્ય નહિ પણ સદાવ્રતખાતું ચલાવો છો, કારણ કે તમે પ્રજાની પાસેથી કોઈ જાતના કર લેતા નથી. અને જે કંઈ છે તેમાંથી પણ લોકોને આપો છો. ગરીબોને વહેંચી દો છો. અને તમારા ભંડારમાં કોઈ સંપત્તિ દેખાતી નથી. હીરા, પન્ના, માણેક, મોતી, ઝવેરાત પણ તમારા ભંડારમાં નથી. તમારો ભંડારી પણ કેવો સાદો છે? મારા ભંડારની વાત તો જવાદો પણ મારા શરીર ઉપરનું ઝવેરાત જ એક કોડ રૂપિયાનું થાય. મારા રાજ્યભંડારની સાથે તમારા રાજ્યભંડારની સાથે સરખામણી કરું છું ત્યારે મારા રાજ્ય આગળ મને તમારું રાજ્ય સદાવ્રત જેવું લાગે છે. મેં આટલા દિવસ તમારું અન્ન ખાધું તેથી મને થયું કે હું તમને રાજ્ય ચલાવવાની રીત તો શીખવતો જાઉં!

સુબુદ્ધિવાન રાજા કહે છે બતાવો. તમે કેવી રીતે રાજ્ય ચલાવો છો? ત્યારે સંપત્તિવાન રાજાએ પ્રજાને કેમ ચૂસી લેવી. અને રાજ્યભંડાર કેમ તરબોળ બનાવવો તે બધી વાત કહી. બંધુઓ! આજની સરકાર કેવી રીતે રાજ્ય ચલાવે છે! એક બાજુ પ્રજા ઉપર ટેકસ નાંખે છે. બીજી બાજુ એમના મોજશોખ અને અમન ચમનમાં લાખોના ધુમાડા થાય છે. આજના નેતાઓ રાજ્યનું પણ ખાય છે અને પ્રજાનું પણ ખાય છે. બે મોઢેથી તેઓ ખાઈ રહ્યા છે. પણ એમના પેટ ભરાતા નથી. પ્રજાને નીચોવી એમની તિજોરીઓ ભરવામાં જ પડયા છે. પણ એમને ખ્યાલ નથી કે પ્રજાની શી સ્થિતિ છે?

હવે સુબુદ્ધિવાન રાજા કહે છેઃ—તમે તમારી રીત બતાવી. જો તમે કહો તો હવે હું મારી રીત બતાવું. સંપત્તિવાન રાજા કહે છે બતાવો. એ પહેલાં હું તમને પૂછું છું કે તમારી પાસે કેટલી સંપત્તિ છે એ મને કહો. એટલે એની પાસે જેટલી સંપત્તિ હતી તેનો આશરે અંદાજ કાઢીને કહ્યું કે મારી રાજ્ય સંપત્તિ આટલા અબજની છે. ત્યારે સુબુદ્ધિ રાજા કહે છે તમારી પાસે આટલા અબજ રૂપિયા છે. તો હવે મારી પાસે કેટલી સંપત્તિ છે તે હું તમને બતાવું. સુબુદ્ધિવાન રાજાએ તરત જ પોતાના ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે અત્યારે રાજ્યમાં નાણાંની ભીડ પડી છે. આપણું રાજ્ય મુશ્કેલીમાં મૂકાઈ ગયું છે. બીજા રાજાને આટલા અબજ રૂપિયા મારે ભરી આપવાનાં છે. માટે સૌ પોતાની શક્તિ પ્રમાણે રાજ્યના રક્ષણ માટે રાજ્યભંડારમાં રકમ આપી જાય. ત્રણ દિવસમાં તો પ્રજાએ ધન, રત્નો, હીરા, પન્ના, દાગીના બધું લાવીને આખો ભંડાર ભરી દીધો.

સુબુદ્ધિવાન રાજાને મન પ્રજા એ જ ધન હતું. પ્રજાને માટે રાજા પ્રાણ આપતો હતો. પછી જ્યારે રાજા મુશ્કેલીમાં હોય ત્યારે પ્રજા પણ પ્રાણ આપે જ ને! સુબુદ્ધિવાન રાજાએ સંપત્તિવાન રાજાને કહ્યું, હવે તમે તમારી સંપત્તિ આ મારી સંપત્તિ સાથે સરખાવી જુઓ. આની સંપત્તિના ઢગલા પાસે સંપત્તિવાન રાજાને પોતાની સંપત્તિ બહુ અલ્પ દેખાવા લાગી. બોલો, તમને રાજ્ય ચલાવતાં આવડે છે કે મને! તમારે

સંપત્તિને સાચવવા માટે ચોકીયાત રાખવા પડે છે. તમારી પાસે સંપત્તિ છે એટલે બીજા રાજાઓ તમારા રાજ્ય ઉપર મીટ માંડે છે. તમારું રાજ્ય લેવાને માટે ત્રાટકીને રહ્યાં છે. તમારા કંઈક શત્રુ બન્યા છે. અને મારે તો ભંડાર સાચવવા માટે કોઈ ચોકીયાતની જરૂર નથી. મારું રાજ્ય લેવા પણ કોઈ ઈચ્છે નહિ. દુનિયામાં મારો કોઈ દુશ્મન મળે નહિ. મારો રાજ્યભંડાર મારે ત્યાં નહિ, પ્રજાને ત્યાં રહે છે. મારો રાજ્યભંડાર સંપત્તિ નહિ પણ સુબુદ્ધિ છે.

બંધુઓ ! સંપત્તિ અને સુબુદ્ધિ વચ્ચે કેટલું અંતર છે એ તો તમે સમજી ગયા ને ? મારા રાજગૃહીના શ્રાવકો તો ચતુર અને ચાલાક છે. તમે તો સ્હેજમાં સમજી જાવ તેવા છો. એની પાસે સુબુદ્ધિ હતી એટલે એ પ્રસન્ન અને સંતોષી હતો. બીજાની પાસે સંપત્તિ હતી છતાં એ અસંતોષી હતો.

બંધુઓ ! ધર્મ એ ધનનો વિરોધી નથી. ધન મળવું તે પુણ્યને આધીન છે. પણ એ પૂર્ણ નથી. સંપત્તિને લોકોએ સત્કારી છે. પણ સંપત્તિ શેનાથી શોભે છે ? સુબુદ્ધિથી જ. સંપત્તિથી પ્રસિદ્ધિ અને સમૃદ્ધિ આવે પણ શાંતિ તો સુબુદ્ધિથી જ મળી શકે. આજે આપણને માનવ તરીકેનો મોટો ઈલકાબ મળી ગયો છે. પણ માનવ બનવું એ કંઈ સામાન્ય વાત નથી. માનવ બનવા માટે સુબુદ્ધિની અવશ્ય જરૂર છે. એ હોય તો જ હું કોણ છું અને કયાં છું એવો વિચાર આવે. શત્રુ કે મિત્ર પ્રત્યે એના વિચારો મંગળમય જ હોય.

બીજા માટેના અમંગલ વિચારો તમારા મંગલ વિચારોને પણ ખરાબ બનાવે છે. મગજના સુવર્ણપાત્રમાં આવા ખરાબ અમંગળ વિચારો શા માટે ભરવા જોઇએ ! તમારી પાસે માટીનું કોઇ પાત્ર હોય અને તમારા હાથમાંથી સરકીને ગટરમાં પડી જાય તો એમાં ગટરની ગંદકી આવ્યા વિના નહિ રહે. એને તમે ગમે તેટલું સાફ કરો તો પણ ગંદકીના અંશો તો એમાં રહી જ જાય છે. એને તમે સાબુથી, ગરમ પાણીથી ગમે તેટલું ધોવો પણ એક જ વાર ગટરમાં પડેલું પાત્ર જલ્દી શુદ્ધ થતું નથી. તે જ રીતે જે મગજમાં થોડી જ વાર માટે અશુભ વિચારો આવી ગયાં તો એટલી વાર પણ મગજનું પાત્ર ખરાબ થઈ ગયું ને ?

એટલા માટે જ જ્ઞાનીઓ કહે છે કે તમારું મગજ સુંદર વિચારોથી ભરી દો. જે કોઈ તમારી સામે આવે તેને જોઇને એકજ વિચાર કરો કે આનું ભલું થાઓ.

દરેકનું સારું જોતાં શીખો. ખરાબ જોવાની આપણે શી જરૂર ? સુબુદ્ધિવાન માણસ વિચાર કરતો કરતો ધીમે ધીમે પોતાની-અંદરની દુનિયાને સમૃદ્ધ બનાવતો જાય છે. મહાનુભાવો ! જગતમાં આજે સંપત્તિ વધતી જાય છે. સુબુદ્ધિ ઘટતી જાય છે. સુબુદ્ધિ જોઈતી હોય તો પ્રાર્થના કરવી જોઈએ.

ભગવાનને કાગળ લખવા માટે શાહી નહિ, કાગળ નહિ, કાંઇ નહિ. એ માટે હૃદયના શુદ્ધ ભાવથી પ્રાર્થના કરો. તમારો અવાજ ત્યાં પહોંચી જશે. બંધુઓ ! પ્રાર્થના એ શબ્દ નથી પણ હૃદયનો પોકાર છે. બાળક જેમ પોતાની માતાને પોકારે છે તેમ આપણા હૃદયનો પોકાર થવો જોઇએ કે હે પ્રભુ ! તું મને તારી હુંફ આપ. પ્રાર્થના એ મનુષ્યને માટે એક જરૂરી અંગ છે. માણસ જ્યારે પ્રાર્થનામાં બેસે છે ત્યારે અંતરનું અવલોકન કરે છે કે મારી પાસે સંપત્તિ છે કે સુબુદ્ધિ ! સંપત્તિ વધી કે સુબુદ્ધિ વધી ?

પહેલાનાં વખતમાં જેની પાસે લાખ રૂપિયા હોય તે લખેશ્રી કહેવાતો. એનું કેટલું માન હતું ! આજે લાખ તો ઠીક પણ ક્રોડપતિને પણ એટલી પ્રતિષ્ઠા મળતી નથી. માણસ પાસે સંપત્તિનો ઢગ થયો છે પણ એની સાથે સદ્‌બુદ્ધિ કેટલી વધી છે એનો વિચાર આવતો નથી. ભગવાન અને આપણી વચ્ચે એકતાનું દર્શન થાય છે ત્યારે આપણે ભગવાનની નજીક આવતા જઇએ છીએ. અને જેમ જેમ આપણે એની નજીક આવીએ તેમ તેમ દુર્બુદ્ધિ ઘટતી જાય છે સુબુદ્ધિ વધતી જાય છે. પુણ્યોદય એ શું છે ? આપણામાં સદ્‌બુદ્ધિ આવે ત્યારે સમજી લેવું કે હવે મારો પુણ્યોદય છે. પણ સદ્‌બુદ્ધિ ન આવે અને એકલી જ સંપત્તિ આવે તો એમ ન સમજી લેતાં કે મારો પુણ્યોદય છે. જો તમારો પુણ્યોદય હોત તો તમારી પાસે જેટલી સંપત્તિ છે એટલી સદ્‌બુદ્ધિ પણ હોત.

પર્યુષણ પર્વનો છઠ્ઠો દિવસ આજે પસાર થઈ જશે. હવે ફક્ત બે જ દિવસ આપણા હાથમાં છે. આજનું વ્યાખ્યાન સાંભળ્યા પછી તમારા જીવનમાં સદ્‌બુદ્ધિ આવે એવી પ્રભુને પ્રાર્થના કરવી. સમય થઈ ગયો છે. કાન્તિભાઇને પણ કંઇક જાહેરાતો કરવાની છે, હવે વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૪૯

ભાદરવા સુદ ૪ ને શુક્રવાર, તા. ૪-૯-૭૦

અનંતજ્ઞાની, ત્રૈલોક્ય પ્રકાશક, જગત ઉદ્ધારક પરમપિતા ભગવાન મહાવીર સ્વામીએ જગતના જીવોના કલ્યાણને અર્થે, ભવ્ય જીવોના ઉદ્ધારને અર્થે બત્રીસ સિદ્ધાંતની પ્રરૂપણા કરી. સિદ્ધાંત એટલે ત્રણે કાળે સિદ્ધ થયેલી વસ્તુ. ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં બે કુમારો અંતરંગ વૈરાગ્યના રંગે રંગાય છે. આ બે કુમારો એના પિતા પાસે વૈરાગ્યભાવના પ્રગટ કરે છે, ત્યારે તેનો પિતા ભૃગુ પુરોહિત શું બોલે છે !

अह तायगो तत्थ मुणीण तेसिं, तवस्स वाघायकरं वयासी ।
इमं वयं वेयविओ वयन्ति, जहा न होइ असुयाण लोगो ॥ ઉ. અ. ૧૪=૮

ભૃગુ પુરોહિત પોતાના પુત્રો એવા મુનિઓને સંયમમાં વ્યાઘાત કરનારું વચન બોલે છે. પોતે પણ વેદનો જાણકાર છે એટલે વેદવચન અનુસાર કહે છેઃ હે મારા પુત્રો!

અપુત્રસ્ય ગતિ નાસ્તિ સ્વર્ગો નૈવ ચ નૈવ ચ ।
ગૃહસ્થ ધર્મમનુષ્ઠાય તેન સ્વર્ગં ગમિષ્યતિ ॥

પુત્ર રહિત મનુષ્યને સ્વર્ગની પ્રાપ્તિ થતી નથી. પુત્ર વિના આ લોકમાં પણ સુખ મળતું નથી અને પુત્ર ન હોવાથી પિંડ આદિ આપ્યા વિના પરલોકમાં પણ સુખ ક્યાંથી મળે! આ પ્રમાણે વેદમાં કહેલું છે. જૈન દર્શનના મતે આ વચન સંયમ રૂપી તપમાં વ્યાઘાત કરનારું છે. આ ગાથામાં બે બાળકોને મુનિ કહેવામાં આવ્યા છે. હજુ તેમણે દીક્ષા લીધી નથી. સંસાર અવસ્થામાં છે. દ્રવ્ય ચારિત્ર ગ્રહણ કર્યું નથી. પણ એમનો વૈરાગ્ય એટલો બધો દૃઢ અને તીવ્ર હતો કે ભાવ ચારિત્ર તો આવી ગયું હતું. તેથી શાસ્ત્રકારે અહીં એમને મુનિ કહ્યાં છે.

સંયમમાં વ્યાઘાતકારી વચનો કોણ બોલાવે છે? આઠ કર્મમાં મોહનીય કર્મ પ્રધાન છે. મોહનીય કર્મ મદિરા પાન જેવું છે. મદિરાનો નશો ચઢે છે ખરો પણ અમુક સમયે પાછો ઉતરી જાય છે પણ મોહનીય કર્મનો નશો તો એવો ભયંકર છે કે માણસને અનંત સંસારમાં રઝળાવનાર છે. આ મોહનો નશો ઉતારનાર હોય તો વીતરાગ ભગવંતના સંતો છે. પોતે મોહના વિષ વમી નાંખ્યા છે. અને તેમની પાસે જનારને પણ તે મોહના વિષનું વમન કરાવે છે. જેને ઉત્કૃષ્ટ વૈરાગ્ય જાગ્યો છે એવા બે બાળકોએ એક જ વખત સંતોને જોયા અને એમનું જીવન પલટાઈ ગયું. માતા-પિતાએ એમના મનમાં જે ખોટું ભૂત ભરાવ્યું હતું તે પણ નીકળી ગયું. સંતના જીવનનું લક્ષ્ય આત્મોત્થાન છે. તેમની ક્રિયા એવા પ્રકારની હોય છે કે પોતાનું ઉત્થાન કરતાં બીજાનું ઉત્થાન સહેજે થઈ જાય છે. પરોપકાર તેમજ પરોદ્ધાર તેઓની આત્મસાધનાનું જ એક અંગ હોય છે. સંતના જીવનની ક્ષણ ક્ષણ, શરીરના કણ કણ તથા મનના અણું અણું બીજાઓના હિતના અર્થે જ હોય છે.

"સરવર તરુવર સંત જન, ચોથા વરસે મેહ.
પરોપકારકે કારણે, એતા ધારી દેહ."

સમુદ્ર પોતાની પાસે અથાગ પાણીનો સંચય કરી રાખે છે, તે પોતાને માટે નહિ પણ જગતમાં વ્યાપી ગયેલા સંતાપને દૂર કરવા માટે. વૃક્ષ ફળ-ફૂલથી લચી ગયેલાં હોય

છે, પણ વૃક્ષો પોતે ફળ ખાતાં નથી, પણ એના મધુરાં અને મીઠાં ફળો વડે બીજાની ભૂખ મટે છે. સરોવર, વૃક્ષ બધાનું કાર્ય પરોપકારી છે. એવી રીતે સંતો પણ પોતાનું જીવન પરહિત માટે જ ધારણ કરે છે. જેવી રીતે અગરબત્તી બીજાને સુગંધ આપવા માટે પોતાની જાતનું બલિદાન આપે છે. પોતે બળીને બીજાને ખુશબો આપે છે. સંતનું જીવન પણ અગરબત્તી જેવું હોય છે. તેઓ પોતાના દુઃખની પરવા કર્યા વિના પરહિત માટે જ પોતાનું સર્વસ્વ લૂંટાવી દે છે.

સંતનું હૃદય માખણ જેવું કોમળ હોય છે. સંતના જીવનમાં ગમે તેટલાં કષ્ટો આવી જાય, હજારો આપત્તિઓનાં પહાડ કેમ ન તૂટી પડે ! છતાં સંત ધીરજ ધારણ કરે છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે સાચો સંત કોને કહેવાય !

"लाभालाभे सुहे दुक्खे, जीविए मरणे तहा ।
समो निंदापसंसासु, तहा माणावमाणओ ॥" उ. अ. १९ – ९०

લાભ થાય કે અલાભ થાય, આહારને બદલે માર મળે, સુખ મળે કે દુઃખોના ડુંગરો તૂટી પડે, એમની સામે કોઈ પ્રશંસાના પુષ્પો વેરે કે નિંદાના કાંટા વેરે, કોઈ માન આપે કે અપમાન કરે, દરેકમાં સમભાવ રાખે તે સંત કહેવાય. એમના ઉપર મારણાંતિક ઉપસર્ગ આવી જાય તો પણ પોતાના ઉપર દયા કરવાની આજીજી નહિ કરે. જેમ જેમ દુઃખ, અપમાન, તિરસ્કાર અને ધૃણાની જ્વાળાઓ તેને બાળી ખાખ કરવા આગળ વધતાં જશે તેમ તેમ તેનું જીવન વજ્ર જેવું બનતું જશે. પછી એને ચલાયમાન કરવાની કોઈની તાકાત નથી. સંત હિમાલયની માફક અડોલ હોય છે.

સંતોનું હૃદય પોતાને માટે કઠોર હોય છે. "वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि" પોતાના કર્મશત્રુઓને જીતવા માટે સંતનું હૃદય વજ્રથી પણ કઠોર હોય છે. અને બીજાના દુઃખો જોઈને પુષ્પથી પણ કોમળ બની જાય છે. કહેવાનો આશય એ છે કે સંત કોઈના દુઃખો જોઈ શકતા નથી.

બંધુઓ ! સંતો એક પ્રકારનાં ડોકટર છે. જ્યારે તમારા શરીરમાં રોગનાં જંતુઓ ભરાઈ જાય છે ત્યારે એનો નાશ કરવા માટે ડોકટર પાસે જઈને દવા–ઈંજેકશન વગેરે લેવાં પડે છે એ જ રીતે જ્યારે તમારા મનમાં વિષય–વિકારનાં જંતુઓ ઉત્પન્ન થાય ત્યારે તમારે સંત રૂપી ડોકટરનું શરણ અવશ્ય લેવું જ પડે છે. તેમના સંપર્કથી વિષભર્યું માનસિક વાતાવરણ અમૃતમય બની જાય છે. અને જીવનમાં કોઈ નૂતન પ્રકાશ પથરાય છે. સંતના ચરણે જવાથી કંઈક આત્માઓના જીવનનો સુધાર થયો છે.

સમર્થ ગુરૂ અને આજ્ઞાંકિત શિષ્ય :–

રામદાસજી એક સમર્થપુરૂષ થઈ ગયા. જેઓ પહેલેથી જ કેવાં આત્માર્થી હતા ! નાનપણમાં જ એમનાં લગ્ન લેવાયાં હતાં. જ્યારે એ લગ્નના મંડપમાં બેઠેલા હતાં ત્યારે બ્રાહ્મણ બોલ્યો "સાવધાન" આ રામદાસે જેવો સાવધાન શબ્દ સાંભળ્યો તેવા જ તેઓ સાવધાન થઈ ગયા. એવાં તેઓ સાવધાન બની ગયા કે લગ્નમંડપ છોડીનો ચાલી નીકળ્યા. બાર બાર વર્ષો સુધી તેમની ખૂબ શોધ ચાલી પણ પત્તો ન લાગ્યો. પછી તેઓ સંન્યાસી બનીને ઘરઘરમાં ભિક્ષા માંગવા લાગ્યા. ખરેખર ! સ્વામી રામદાસ એ ઉચ્ચ કોટીના સંત હતાં. તેમનો પ્રભાવ ચારે તરફ વીજળીની રોશનીની જેમ ફેલાઇ ગયો હતો. તેમના પ્રભાવથી છત્રપતિ કહેવાતા શિવાજી મહારાજા પણ પ્રભાવિત થઈ ગયા હતાં. એ શિવાજીએ રામદાસને પોતાના ગુરૂ માન્યા હતાં.

એક વખતના પ્રસંગમાં સ્વામી રામદાસ હાથમાં ઝોળી લઇને ઘરઘરમાં ભિક્ષા માટે ફરી રહ્યાં છે તે જોઈ શિવાજીના મનમાં વિચાર આવ્યો કે અહો ! હું આવો મોટો મહારાજા અને મારા ગુરૂ ઘરઘરમાં ભિક્ષા માંગે ! શું હું એકલો એમની બધી જરૂરિયાતો પૂરી ન કરી શકું ? તરત જ શિવાજીએ એક ચિઠ્ઠિ લખીને પોતાના નોકરને કહ્યું. આ ચિઠ્ઠી સ્વામી રામદાસની ઝોળીમાં નાંખી દેજે. નોકરે શિવાજીના કહેવા પ્રમાણે સ્વામી રામદાસની ઝોળીમાં ચિઠ્ઠી મૂકી દીધી. એ ચિઠ્ઠીમાં લખ્યું હતું કે ગુરૂદેવ ! હું મારું સમસ્ત રાજ્ય આપના ચરણમાં સમર્પણ કરૂં છું. "આપ આ ભિક્ષાવૃત્તિ છોડી દો." સંત રામદાસજીએ આ ચિઠ્ઠી વાંચી અને ત્યાંથી સીધા શિવાજી પાસે આવ્યા અને કહ્યું : શિવા ! તેં તારૂ આખું રાજ્ય મને સોંપી દીધું. બોલ, હવે તું શું કરીશ ?

શિવાજીએ કહ્યું ગુરૂદેવ ! આપની જે કંઈ આજ્ઞા થશે તેનું પાલન કરીશ. આ શિવો આપની સેવામાં સદા હાજર રહેશે. ત્યારે રામદાસે કહ્યું "આ મારી ઝોળી ઝાલી લે" અને મારી સાથે ભીખ માંગવા ચાલ. ગુરૂની આજ્ઞા એટલે આજ્ઞા. મનમાં સ્હેજ પણ દુઃખ ન થયું. મનમાં એમ પણ ન થયું કે જે ગુરૂને ભિક્ષા માંગતા જોઇને મને શરમ આવતી હતી તો મારાથી ભિક્ષા માંગવા કેમ જવાય ! હસતે મુખડે ઝોળી ઉપાડી ગુરૂની સાથે ભિક્ષા માંગવા ચાલી નીકળ્યા. શિવાજી મહારાજને ઝોળી લઈને ભિક્ષા માંગવા જતાં જોઇને પ્રજાજનોને પણ ખૂબ નવાઈ લાગી. ગુરૂએ તેમને આખા ગામમાં ફેરવ્યા. છેવટે નદી કિનારે આવ્યાં. અને ભિક્ષામાં આવેલું ભોજન કર્યું. પછી ગુરૂએ કહ્યું બેટા ! તેં મને તારું આખું રાજ્ય સમર્પણ કરી દીધું છે પણ હવે હું આખું રાજ્ય તને પાછું સોંપું છું. પણ તે રાજ્ય મારું છે એમ સમજીને રાજ્યનો ટ્રસ્ટી બનીને રાજ્યનો કારભાર કરજે અને આ મારું ભગવું વસ્ત્ર પણ સાથે રાખજે. જેથી તને રાજ્ય પ્રત્યે મોહ ન થાય. ત્યારથી શિવાજીએ પોતાના રાજ્ય ઉપર ભગવો ઝંડો ફરકાવ્યો. આજે પણ મહારાષ્ટ્રમાં ભગવા ઝંડાનું મહત્વ છે. ત્યાર પછી શિવાજીએ ગુરૂના કહેવા પ્રમાણે

રાજ્ય ચલાવ્યું. રાજ્યના માલિક નહિ પણ ટ્રસ્ટી બનીને રાજ્ય કર્યું. આ શિવાજી ઉપર સ્વામી રામદાસનો પ્રભાવ હતો.

ભગવાન કહે છે–આ સંસારમાં તમને પૂર્વના પુણ્યથી જે જે વસ્તુઓ મળી છે તેના ઉપર તમે મમત્વ ન રાખો. ઘરનો વહીવટ ચલાવો તેમાં પણ તમે આસક્તિ રાખો નહિ. તમે લક્ષ્મીના માલિક ન બનો પણ ટ્રસ્ટી બનો. બધા ખાતાઓનાં તમને ટ્રસ્ટી નીમ્યાં છે. એ ગમે તેટલી વ્યવસ્થા કરે, તન–મનથી કામ કરે, છતાં માને છે કે આ મિલકતનો હું ટ્રસ્ટી છું, પણ માલિક નથી. ગોવાળ ગમે તેટલી ગાયો લઈને જંગલમાં ચરાવવા જાય. એને કોઈ પૂછે કે ભાઈ! આ બધી ગાયો તારી છે? તો કહેશે ના, હું તો એનો ચરાવનાર છું. ગાયો મારી નથી. તેમ જ્ઞાનીઓ કહે છે તમે સર્વ પદાર્થના જ્ઞાતા અને દ્રષ્ટા બનો. પદાર્થના જ્ઞાયક બનો પણ નાયક નહિ. અજ્ઞાનને વશ થયેલો જીવ જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં જ્ઞાયક બનવાને બદલે નાયક બનીને બેસી ગયો છે. એટલે દુઃખ પામ્યો છે. જ્ઞાતા અને દ્રષ્ટા બની ટ્રસ્ટીની જેમ તટસ્થ રહેશો તો સુખ અને દુઃખમાં સમભાવ રાખી શકશો.

મહામંગલકારી પર્યુષણપર્વનો આજે સાતમો દિવસ છે. છ દિવસ તો પલકારામાં પસાર થઈ ગયા. આ દિવસો દાન–શિયળ–તપ અને ભાવનાની આરાધના કરવાનાં છે. આ વર્ષે મેઘરાજા પણ ખૂબ સારી રીતે વરસ્યા છે. દાતાઓએ દાનનો પણ વરસાદ વરસાવી દીધો છે. સંઘને જેટલી જરૂરિયાત છે, કાન્તિભાઈ અને મગનભાઈની જે માંગણી છે તેને પણ તમે પૂરી કરી દીધી છે. અમારા તપસ્વી ભાઈ બહેનોએ તપશ્ચર્યા કરીને તપનો પણ વરસાદ વરસાવ્યો છે. રાજકોટ શહેરમાં જૈન સમાજમાં તપનું પૂર આવ્યું છે. આપણી નવી પૌષધશાળા તપોવન જેવી દેખાય છે. આ ચાર બોલમાં બે બોલની આરાધના સારી રીતે થઈ છે પણ શીયળ અને ભાવ એ બે બોલની આરાધના કરવાની છે. હજુ સુધી અમારા ત્રણ ભાઈઓએ સજોડે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી છે. તપસ્વીઓ તપશ્ચર્યા કરી રહ્યાં છે. જેનાથી તપશ્ચર્યા ન બની શકે તેમ હોય તે શીલ–વ્રતની આરાધના કરે. ભગવાને બ્રહ્મચર્યનો ખૂબ મહિમા બતાવ્યો છે. બ્રહ્મચર્યથી ઘણાં લાભ થાય છે.

બ્રહ્મચર્ય એ અમૃત છે. જે માણસ બ્રહ્મચર્ય રૂપી અમૃતનો રસાસ્વાદ માણે છે તે માણસ હંમેશને માટે અમર બની જાય છે. તેનું નામ ઈતિહાસના પાને લખાઈ જાય છે. તેનું જીવન લાખો વર્ષો સુધી પ્રકાશ આપ્યાં કરે છે. જેમણે બ્રહ્મચર્યની મહત્તાને સમજીને બ્રહ્મચર્યનો સ્વીકાર કર્યો છે તેઓ પ્રગતિના સર્વોચ્ચ શિખર પર પહોંચી ગયા છે. તેઓ દુનિયામાં પોતાનું નામ અમર બનાવી ગયાં છે.

આટલો સમય વ્યતીત થઈ ગયો છે, છતાં સીતાજીનું જીવન પણ પ્રેરણા આપી

રહ્યું છે. અશોક વાટિકામાં સતી સીતાજી એકલા હતાં. ત્રણ ખંડનો અધિપતિ રાવણ હાથ જોડીને સીતા પાસે કાકલૂદીઓ કરે છે. પરંતુ સીતા તેનો તિરસ્કાર કરે છે. એનું અપમાન કરે છે. તેનાં પ્રલોભનોને ઠોકરે ચઢાવે છે. રાવણની ચમકતી તલવાર જોઈને પણ સીતાજી ડરતાં નથી. દેવાનુપ્રિયો ! સીતાજી પાસે કોઈ તલવાર, તોપ કે બંદૂક ન હતાં. એમની પાસે જો કોઈ અદ્‌ભૂત શક્તિ હોય તો બ્રહ્મચર્યની હતી. બ્રહ્મચર્યનું તેજ મહાન છે. એનાં તેજ આગળ બીજા બધાં તેજ નિસ્તેજ બની જાય છે. બ્રહ્મચર્યની શક્તિ આગળ બીજી બધી શક્તિઓનો પરાજય થાય છે.

બ્રહ્મચર્યના પ્રભાવ વિષે વિજય શેઠ અને વિજયા શેઠાણીની વાત તો તમે ઘણી વખત સાંભળી હશે. વિજયશેઠની વાત કોઇ ઐતિહાસિક વાત નથી. એ સત્ય હકીકત છે. જેનું જીવન આ વિશાળ સાગર જેવું છે. તેનું કોઈ તળિયું નથી કે અંત નથી. એમની જીવનકથાઓ હજારો વર્ષોથી ઉલેચાય છે. છતાંય આ મહાસાગરનાં નીર ખૂટતાં નથી. ભવિષ્યમાં પણ આ મહાસાગરનાં નીર ખૂટે એવી કોઈ શકયતા નથી.

જેના જીવનમાં બ્રહ્મચર્યનું તેજ છે, સદાચારનું બળ છે, ચારિત્રની ચાંદની ચમકે છે તેનું જ જીવન આગળ આવી શકે છે. એવાં પુરૂષોનાં નામો જ ઈતિહાસના પાને અંકિત થઈ જાય છે. દેવોનો રાજા ઈન્દ્ર પણ શીયળવંત પુરૂષોના ચરણમાં શીર ઝૂકાવે છે. જગતની બધી જ શક્તિઓ બ્રહ્મચારીનું સ્વામીત્વ સ્વીકારે છે. બ્રહ્મચારીને સૌ કોઈ વખાણે છે. આપણા દેશમાં ભીષ્મ પિતામહ, સતી સીતા, સાવિત્રી, દ્રૌપદી આદિ મહાન આત્માઓનાં જીવનનાં ઉજ્જવળ આદર્શો વિદ્યમાન છે. એજ દેશમાં અત્યારે ચારિત્રની દરિદ્રતાનો પ્રારંભ થઈ ચૂકયો છે. એ જોઇ મને તો ખૂબ દુઃખ થાય છે. આપણો દેશ ધર્મપ્રધાન કહેવાય છે. આપણો દેશ અન્ય દેશોને ધાર્મિક દોરવણી આપે છે. આવા પવિત્ર દેશમાં આજે ચારિત્રનું પાલન થતું નથી. ભોગવિલાસની જ્વાળાઓમાં લોકો ગળાબૂડ ખૂંચવા લાગ્યા છે. ચલચિત્રોએ દેશમાં ખરાબ વાતાવરણ પ્રસરાવી દીધું છે. નાનાં નાનાં બાળકોની જીભ ઉપર પણ સિનેમાના ગીતોના સૂર સંભળાય છે. છોકરાઓ મા બાપને ગણકારતાં નથી. આ રીતે દેશનું નૈતિક અધઃ પતન થઇ રહ્યું છે. અનાચાર દિવસે દિવસે વધી રહ્યો છે. ક્ષયના જંતુઓની જેમ રાષ્ટ્રના દેહમાં ફૂલતાં ફાલતાં આ અનાચારોને રોકવાની જવાબદારી તમારી પેઢી પર છે. બંધુઓ ! આ યુવાની ભોગોની આગમાં હોમી દેવા માટે નથી. યુવાનીના તોફાનમાં પોતાની જાતને બરબાદ કરવા માટે આ જીવન નથી.

ભારતવર્ષના ઇતિહાસમાં બે શહેરો ખૂબ પ્રસિદ્ધ છે. એક દ્વારિકા અને બીજી લંકા. એક સમય એવો હતો કે જગતનું બધું જ આશ્ચર્ય દ્વારિકામાં એકઠું થયું હતુ. યાદવોને ઋદ્ધિ સિદ્ધિનો પાર નહતો. આખી દ્વારકા નગરી સોનાની બનાવવામાં આવી

હતી. દુનિયાનાં બધા રાજ્યો પર દ્વારકાની ધ્વજા ફરકતી હતી. યાદવકુળના આ યુવાનોમાં જ્યાં સુધી ઉલ્લાસનો પ્રકાશ રેલાતો હતો, પ્રતિષ્ઠા માટે કુરબાન થઈ જવાની ભાવના હતી, મોટાઈની ઘેલછા ન હતી, અનીતિ, અન્યાય અને ભ્રષ્ટાચાર સામે ઝઝૂમતા હતાં એમના જીવનમાં સદાચારની સૌરભ મહેંકતી હતી ત્યાં સુધી તેમનો વૈભવ ટકી રહ્યો. દ્વારકા નગરીની શોભા પણ ત્યાં સુધી ટકી રહી. પણ જ્યારે યાદવકુળના યુવાનો વિલાસપ્રિય બનીને પોતાની જાતને ભૂલી ગયાં, સોનાનાં મહેલોની છાયામાં માણસાઈની છાયા ઢંકાઈ ગઈ, કોણ મોટું છે, કોણ નાનું છે, કોનો સત્કાર કરવો જોઈએ, એ વાત ભૂલાઈ ગઈ અને વિકારોથી જીવનનું નૂર ઝાંખું પડી ગયું.

રાવણના અભિમાનને કારણે અને સીતા જેવી સતીને સંતાપવાને કારણે એની સોનાની લંકા રાખમાં રોળાઈ ગઈ. જ્યારે માણસ પોતાની માણસાઈ ચૂકે છે ત્યારે એનું નામ સાંભળવું પણ કોઈને ગમતું નથી. દુનિયા તેના નામનો પણ બહિષ્કાર કરે છે. લાખો વર્ષો વીતી જવા છતાં પણ આજે કોઈ માતા કે પિતા પોતાના સંતાનનું નામ રાવણ પાડતા નથી. જો કે રાવણ ખૂબ મોટો રાજા હતો. તે સોનાના મહેલમાં રહેતો હતો. તેના ચરણમાં દેવો પણ ઝૂકી પડતાં હતાં તો પછી બીજા મહારાજાઓનું તો પૂછવું જ શું? રાવણ આટલો શક્તિશાળી હોવા છતાં આજે કોઇ પણ પોતાના સંતાનનું નામ રાવણ પાડતું નથી. આનું કારણ એ છે કે રાવણ પાસે વૈભવ ઘણો હતો પણ જીવનનો વૈભવ તળિયાઝાટક થઇ ગયો હતો. સોનાનો મહેલ તો હતો પણ સદાચારનો મહેલ જમીનદોસ્ત થઈ ગયો હતો. સમુદ્ર પર તેનું શાસન ચાલતું હતું, પણ વિકારો પર તેનું શાસન ચાલતું ન હતું. એટલે આજે સૌ કોઈ રાવણના નામનો તિરસ્કાર કરે છે. રાવણ એકનો નહિ પણ તેના સારા કુટુંબની કોઇ વ્યક્તિના નામોનો પણ ઈન્કાર કરે છે. હજુ સુધી કોઈનું નામ કુંભકર્ણ, વિભીષણ, કોઈની બહેન કે દીકરીનું નામ મંદોદરી કે શૂર્પણખા સાંભળવામાં આવતું નથી.

કહેવાનો આશય એ છે કે તમને ગમે તેટલી પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, તમારે ઘેર વૈભવની છોળો ઉડે, બુદ્ધિનો પ્રકાશ ઝળહળે પણ જો મનમાં પવિત્રતા ન હોય, વિચારોમાં ઉચ્ચતા ન હોય, અને ઇંન્દ્રિયો પર કાબુ ન હોય, જીવનમાં સંતોષ ન હોય, તો સુખ અને શાંતિ ક્યાંથી મળે? જે માણસ ભોગનો ભિખારી બનીને ભટકતો હોય, વિકારો અને વાસનાઓના પ્રવાહમાં તણાઈ રહ્યો હોય તે ભૌતિક વિજય તો મેળવી શકતો નથી તો પછી આધ્યાત્મિક વિજય તો ક્યાંથી મેળવી શકે? અશાંતિ અને દુઃખનું મૂળ કારણ અસંતોષ અને અસંયમ છે.

પૃથ્વીરાજ ચૌહાણે મહંમદ ઘોરીને યુદ્ધમાં બાર વખત હરાવ્યો હતો. તેનું કારણ યુદ્ધમાં જવાનું હોય ત્યારે તે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળતો હતો, પરંતુ તેરમી વખત યુદ્ધમાં

જવાનું થયું ત્યારે એના મનમાં વાસનાના તરંગો ઉત્પન્ન થયાં. એની પત્ની સંયોગિતાને યુદ્ધમાં જતી વખતે કહ્યું કે સંયોગિતા ! આજે તું તારા હાથે મને કમરપટ્ટો બાંધી દે. વાસનાનો ગુલામ બનીને યુદ્ધના મેદાનમાં ગયો. જેથી યુદ્ધમાં તેનો પરાજય થયો. તેના પરાજયના કારણે ભારત પરતંત્રતાની બેડીમાં જકડાઈ ગયું.

"નેપોલિયનની ચારિત્રમાં દૃઢતા"

નેપોલિયનના પરાજયનું મુખ્ય કારણ પણ અસંયમ હતું. ઇન્દ્રિયોના સંયમને લીધે નેપોલિયન મોટો સેનાધિપતિ બન્યો હતો. એ જ્યારે ભણતો હતો ત્યારે એક નાઈને ઘેર તે રહેતો હતો. એ નાઈની (હજામ) સ્ત્રી ચંચળ મનની હતી. નાઈની સ્ત્રી તેના સૌંદર્યની પાછળ મુગ્ધ બની હતી. એ અનેક પ્રકારના ચેનચાળા કરી નેપોલિયનને પોતાના તરફ આકર્ષવાના પ્રયત્નો કરતી હતી પણ એ સ્ત્રી જ્યારે જ્યારે એની પાસે જતી ત્યારે ત્યારે નેપોલિયન પુસ્તક વાંચવામાં જ તલ્લીન હોય. કોઈના સામું જોવાની પણ એને ફુરસદ મળતી ન હતી.

નેપોલિયન ભણીગણીને જ્યારે દેશનો મુખ્ય સેનાપતિ બની ગયો ત્યાર પછી તે એક વખત પેલા ગામડામાં ગયો. નાઈની પત્ની દુકાનના ઓટલા પર બેઠી હતી. ઘોડો થોભાવીને નેપોલિયને તે બાઈને પૂછયું. બહેન ! તમારે ઘેર નેપોલિયન બોનાપાર્ટ નામનો એક યુવક ભણવા માટે રહેતો હતો તે યાદ છે ? તેનો સ્વભાવ કેવો હતો ? ત્યારે પેલી સ્ત્રીએ ગુસ્સે થઈને જવાબ આપ્યો કે હું નિરસ વ્યક્તિની વાત કરવા પણ ઈચ્છતી નથી. તેણે કોઇ દિવસ હસીને મારી સાથે વાત કરી નથી. એ તો વેદિયા ઢોર જેવો હતો. ત્યારે નેપોલિયને ખડખડાટ હસીને કહ્યું. તમારું કહેવું સત્ય છે. આ જ બોનાપાર્ટ જો તમારી રસિકતામાં ડૂબી ગયો હોત તો દેશનો મુખ્ય સેનાપતિ બનીને તમારી સન્મુખ ઉભો ન હોત.

નેપોલિયન જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાંતેણે વિજય પ્રાપ્ત કર્યો હતો. તે જીવનમાં સંયમ હોવાના કારણે જ ! પરંતુ જીવનની આથમતી સંધ્યાએ ઇન્દ્રિયોના ગુલામ બનવાને કારણે છેલ્લા યુદ્ધમાં તેનો પરાજય થાય છે. આજે બ્રહ્મચર્ય વિષે ઘણું કહેવાયું છે. બધા તપોમાં બ્રહ્મચર્ય એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ તપ છે. જે મનુષ્યો આ વ્રતનું પાલન કરે છે તેનું જીવન ધન્ય બને છે. જીવનનું સાચું તેજ બ્રહ્મચર્ય છે. આજના યુવાનો અને યુવતીઓ મોઢે પાવડર, સ્નો આદિ લગાડીને સૌંદર્યવાન બનવાના પ્રયત્નો કરે છે. પણ જો તમારે સાચું સૌંદર્ય ખીલવવું હોય તો તમે બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરો. સંત–સતીજીઓ કોઈ જાતના શોભાવર્ધક પદાર્થો વાપરતા નથી, છતાં જુઓ ! આ તમારી સામે તપસ્વીઓનાં તેજ કેવાં ઝબકે છે !

આજે બા. બ્ર. ઈન્દીરાબાઈ મહાસતીજીને ૨૪મો ઉપવાસ છે. બા. બ્ર. લાભુબાઈ મહાસતીને ૨૦મો ઉપવાસ છે. બા. બ્ર. બીજા ઈન્દીરાબાઈ મહાસતીજીને ૧૭મો ઉપવાસ છે. બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજીને ૧૫મો ઉપવાસ છે. બા. બ્ર. કાન્તાબાઈ મહાસતીને ૭મો અને બા. બ્ર. વસંતબાઈ મહાસતીજીને પાંચમો ઉપવાસ છે. રાજકોટ સંઘના અહોભાગ્ય છે કે સંઘમાં અને સંતોમાં પણ આટલી તપશ્ચર્યા થઈ છે. રાજકોટ સંઘ દરેકમાં મોખરે છે. સમય થઈ ગયો છે. વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.... ૪૯

સંવત્સરી મહાપર્વ

ભાદરવા સુદ ૫ ને શનિવાર તા. ૫-૯-૭૦

આજે પરમ પવિત્ર અને મંગલકારી સંવત્સરીનો દિન છે. જૈન ધર્મમાં બધાં જ પર્વો મહત્ત્વનાં છે, પણ પર્વાધિરાજનું બિરુદ તો પર્યુષણપર્વને જ આપવામાં આવ્યું છે. જેમ તમારે ઘેર જાન આવવાની હોય ત્યારે તમે જાનની રાહ કેટલા હર્ષપૂર્વક જુઓ છો, તે જ રીતે આ માંગલિક પર્વના દિવસોની રાહ એક મહિનાથી જોવાય છે. પર્વાધિરાજનું આગમન થતાં લોકોના મનમાં નવું ચેતન, નવી જાગૃતિ અને ભવ્ય ભાવનાનો ચમકારો દેખાય છે. જે ભાઈઓ અને બહેનો કોઈ દિવસ ઉપાશ્રયે નહિ આવતાં હોય તેઓ પણ આ પવિત્ર પર્વના દિવસોમાં ધર્મસ્થાનકોમાં આવી ધર્મારાધના કરે છે. એક સપ્તાહની ભાવપૂર્ણ સાધના પછી પર્વનો જે છેલ્લો દિવસ આવે છે તેને સંવત્સરી કહેવામાં આવે છે.

આજે ભારતમાં અને પરદેશમાં વસતાં જૈનોના દિલમાં આનંદ હશે કે આજે અમારો પવિત્ર દિવસ છે. આજના દિવસે લેવાનું અને દેવાનું એ બે કાર્યો કરવાનાં છે. જેમ વહેપારી વહેપાર કરે છે ત્યારે પૈસા આપે છે અને માલ ખરીદે છે. તમે તમારી દિકરી કોઈને ત્યાં પરણાવો છો અને કોઈ એમની પુત્રી તમારે ત્યાં પરણાવે છે. આ રીતે દુનિયામાં બધે લેવડદેવડથી કામ ચાલે છે. તેમ ભગવાન મહાવીરની પેઢી ઉપર પણ આજે લેવડદેવડ કરવાની છે. તમારે જેની સાથે વેર થયું હોય તેની પાસે તમારે ક્ષમાપના લેવાની છે. અને જે તમારી પાસે ક્ષમા માંગવા આવે તેને તમારે

હૃદયને પવિત્ર બનાવી ક્ષમા આપવાની છે. મહાનપુરૂષોએ જેવી ક્ષમા રાખી છે તેવી જ ક્ષમા રાખીને આપણે પરમપદને પ્રાપ્ત કરવું છે.

સંસ્કૃતમાં પૃથ્વીને પણ "ક્ષમા" કહેવામાં આવે છે. ધરતી પર લાકડાં – છાણાં, મળ – મૂત્ર આદિ ગમે તેવા અશુચી પદાર્થો નાંખવામાં આવે તો પણ એ વસ્તુઓને ધરતી ધીમેધીમે પોતાના સ્વરૂપમાં ફેરવી નાખે છે. બધી જ વસ્તુઓનું મૂળ સ્વરૂપ બદલાઈ જાય છે. તેવી જ રીતે વેર ને ઝેર ભૂલી જઈ, પારકાએ પહોંચાડેલા કષ્ટોને મનમાંથી કાઢી નાખી તેનું સ્હેજ પણ અહિત ન ઈચ્છવું તેનું નામ ક્ષમા. ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ક્ષમા એ કાયરોનું નહિ પણ વીરોનું ભૂષણ છે. જે કાયર હોય છે તે ક્ષમાશીલ હોતો નથી. અહીં જે મજબૂત શરીરવાળો કે વાણીમાં શૂરવીર હોય તેને વીર કહેવામાં આવતો નથી. પણ જે દૃઢ મનોબળવાળો હોય, જેમ કે ક્રોધ થઈ જાય એવો પ્રસંગ આવી જાય છતાં ક્રોધાયમાન થતો નથી. ગાળોનો જવાબ પણ મીઠા હાસ્યથી આપે છે. તે જ સાચો વીર છે. ભગવાને દુનિયામાં ચાર પ્રકારનાં વીર કહ્યાં છે. (૧) ધર્મવીર (૨) બુદ્ધિવીર (૩) યુદ્ધવીર (૪) દાનવીર.

(૧) સૌથી પ્રથમ નંબર છે ધર્મવીરનો. ધર્મવીર કોને કહેવાય ? આજે આપણે લીસ્ટ કરીશું તો તેમાં ધર્મવીરના નામો ઓછા નોંધાશે. જે પોતાનું સર્વસ્વ જતું કરે પણ પોતાના જીવનમાંથી ધર્મ ન જવા દે તે જ સાચો ધર્મવીર છે. કામદેવ શ્રાવક પૌષધશાળામાં પૌષધ લઈને બેઠા હતાં, દેવ તેમની પરીક્ષા કરવા આવ્યો. તેમણે કામદેવને પોતાના વ્રતથી ચલાયમાન કરવા માટે ઘણાં પ્રયત્નો કર્યા, પણ તેનું મન સ્હેજ પણ ચલિત ન થયું.

(૨) બીજો છે બુદ્ધિવીર. જે બુદ્ધિ મળી છે તેનો ઉપયોગ જ્ઞાન દ્વારા જીવોને ધર્મ તરફ વાળે. લોકોના અજ્ઞાનને દૂર કરી સન્માર્ગે વાળે, પાપ કરતો અટકે તે બુદ્ધિવીર છે. તમને બુદ્ધિ તો મળી છે પણ એ બુદ્ધિનો સદુપયોગ થતો નથી. બીજાને છેતરવા અને દુઃખ આપવામાં બુદ્ધિનો ઉપયોગ ન થવો જોઈએ. "बुद्धेः फलं तत्त्व विचारणं च" તમારી બુદ્ધિનો ઉપયોગ તત્ત્વના ચિંતનમાં જ થવો જોઈએ.

(૩) યુદ્ધવીરઃ– કોઇ માણસ મોટા મોટા સંગ્રામો કરી પોતાના ભુજાબળથી દશ હજાર દુશ્મનો ઉપર વિજય મેળવે તેથી તે સાચો વીર નથી. જ્ઞાનીઓએ કહ્યું છે કે :–

जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिणे ।
एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥

ઉ. સૂ. અ. ૯ ગાથા ૩૪

જે એક આત્માને જીતે છે, પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મન ઉપર વિજય મેળવે છે, વ્યસનો ઉપર કાબૂ મેળવે છે. વિષય વિકારોને જીતે છે. તે જ સાચો વીર છે. આજે

તો માણસો વ્યસનોનાં ગુલામ બન્યાં છે. ચા દેવીનું પાન ન કરે ત્યાં સુધી પગમાં ચેતન ન આવે. બીડી ન પીવે ત્યાં સુધી ભાઇનું પેટ સાફ ન થાય. આ કેટલી ગુલામી છે! કંઈક ભાઈ-બહેનો કહે છે કે અમે ઉપવાસ કરીએ પણ ચા વિના ચાલતું નથી. એક કપ ચા પીવાની છૂટ મળે તો ખુશીથી ઉપવાસ કરીએ. એક વ્યસનને ખાતર તપ કરતાં અટકી જવાય છે. આપણે કર્મભેદાનમાં યુદ્ધ કરવાનું છે. ત્યાં આવી કાયરતા કેમ ચાલે? જે કર્મો સાથે યુદ્ધ કરી આત્માને મુક્ત બનાવી સિદ્ધગતિનાં સુખડાં પામે તે સાચો યુદ્ધવીર છે.

(૪) દાનવીર:— આ પવિત્ર ભારતભૂમિ ઉપર ઘણાં દાનવીર થઇ ગયાં છે. ભામાશાહ, જગડુશાહ, વસ્તુપાળ તેજપાળ, એમો દેદરાણી આદિ અનેક દાનવીરો થઇ ગયાં. ઘણાં વર્ષો પૂર્વે ચાંપાનેરમાં ચાંપશી મહેતા નામના મહાજન થઈ ગયા. તેઓ એકવાર બાદશાહના દરબારમાં જઈ રહ્યાં હતાં. તે સમયે એક ચારણે તેમનું સ્વાગત કરતાં કહ્યું. "પધારો, શાહ પહેલો અને બાદશાહ પછી." તેની સાથે બાદશાહનો એક માણસ હતો. તેને આ શબ્દો ખટકયાં. બાદશાહ પાસે જઈને તેણે કહ્યું. સાહેબ! આપનો આચરણ વાણીયાની પ્રશંસા કરે છે અને એમ કહે છે કે "શાહ પહેલો અને બાદશાહ પછી" આપને વાણીયાથી પણ નીચા ગણે છે. આ સાંભળી બાદશાહને ચાનક તો લાગી પણ કહ્યું કે સમય આવ્યે જોઇ લઇશું.

બાદશાહે આ વાત ધ્યાનમાં રાખી. વખત જતાં એક વખત એવો પ્રસંગ આવ્યો કે ગામમાં દુષ્કાળ પડયો, અન્ન પાણીનાં સાંસા પડયા. લોકો ભૂખ-તરસથી તરફડવા લાગ્યા. પ્રજાએ રાજાને અરજ કરી કે અમારું રક્ષણ કરો. ત્યારે બાદશાહે કહ્યું કે આવા કટોકટીના સમયે પ્રજાનું રક્ષણ કરવું એ મારી પહેલી ફરજ છે. પણ બાદશાહથી શાહ મોટા છે તે પ્રજાનું રક્ષણ કરે. બાદશાહે શાહને બોલાવ્યાં અને કહ્યું કે આ દુષ્કાળમાં નગરજનોને અનાજ પૂરું પાડો. જો નહિ પાડી શકો તો તમારું શાહ પદ લઈ લેવામાં આવશે. પહેલાનાં વણિકો વેવલાવેડા કરીને ઉભા રહે તેવા ન હતાં. પોતાના શાહ પદને શોભાવવા માટે એક વખત પોતાનું સર્વસ્વ દઈ દેવું પડે તો દેવા માટે તૈયાર હતાં. તેઓ તમારી જેમ ભોગમાં ડૂબેલાં ન હતાં. દાનવીર હતા અને ચારિત્રવાન પણ હતાં. સુદર્શન શેઠને માથે કલંક ચઢયું. તેમને શૂળીએ ચઢાવ્યા, તો તેમના શિયળના પ્રભાવથી શૂળી ફીટીને સિંહાસન થઈ ગયું. સુદર્શન શેઠ વણિક હતાં.

મહાજને ઉઠાવેલી મહેનત:

શાહ નામને શોભાવવા વણિકોએ કેડ બાંધી. ગામેગામ ફરીને ટીપ કરવા લાગ્યા. દુષ્કાળમાં માણસોને રોટલો ને છાશ અવરાવી શકાય તેટલો ખર્ચ આપી શકે

તેનો એક દિવસ નોંધાય. ખૂબ ફરી ફરીને વણિકોએ છ માસ અને વીસ દિવસનાં નામો નોંધ્યા. પાંચ માસ અને દશ દિવસો બાકી છે. મહાજન ફરતું ફરતું પગપાળા ચાલીને એક ગામથી બીજે ગામ જઈ રહ્યું છે. ખેમા દેદરાણીને ખબર પડી કે અહીંથી મહાજન નીકળવાનું છે. તે ગામના પાદરમાં આવીને ઉભો રહ્યો. મહાજન ત્યાંથી પસાર થાય છે. સામે જઈને પૂછે છે ભાઈ! આપ કયાં જઈ રહ્યાં છો? ખેમાના કપડાં સાદા હતાં. મુખ ઉપરથી તદ્દન સાધારણ માણસ જેવો દેખાતો હતો. મહાજન કહે છે ભાઈ! અમે અમારા કામે જઈ રહ્યા છીએ. તારા કપડાં તો ફાટેલાં છે, તું તારું માંડ માંડ પૂરું કરતો હોય તેવો લાગે છે. તને કહેવાથી અમારું કામ પૂરું થાય તેમ નથી. અમારો ઓટો ટાઇમ બગડે છે. ખેમો કહે છે–એક વખત મારી ગરીબની ઝુંપડીએ પધારો.

બંધુઓ! આજે તમે પણ બહારનાં ભભકાંને જોતાં થઈ ગયાં છો. શુટ પહેર્યો હોય, ટાઈ બાંધી હોય, તેને માન આપો છો પણ ઉપરથી સીધો સાદો દેખાતો માણસ હોય, તેનામાં ગુણો ઘણાં હોય છતાં તેને કોઈ માન આપતું નથી. તમે બહારનાં દેખાવને ન જુઓ, અંતરને જુઓ. માણસ ઉપરથી ગમે તેટલો સુંદર હોય પણ તેનામાં જો દુર્ગુણો જ ભર્યા હશે તો તે દેખાવ પૂરતો જ માનવ છે.

ઉપરથી સાદો અને સીધો દેખાતો માણસ મહાજનને કરગરે છે. બાપુ! આપ મારે ત્યાં પધારો. હું તમને એમ નહિ જવા દઉં. તેનો ખૂબ આગ્રહ થવાથી અંતે મહાજનને જવું પડયું. મકાન બહારથી ઝુંપડી જેવું દેખાય છે. મહાજનના મનમાં એમ થાય છે કે આ આપણને શું આપવાનો છે? નકામો આપણને ખોટી કરે છે. ઘરમાં લઈ જઈને જાજમ પાથરીને મહાજનને બેસાડે છે અને આ રીતે ગામેગામ ફરવાનું કારણ પૂછે છે. મહાજને બધી વાતની રજુઆત કરી. એટલે પેલો ગરીબ દેખાતો વણિક કહે છે, મારે પણ ટીપમાં કાંઈક લખાવવું છે. એમ કહી તેના બાપ પાસે ગયો. અને મહાજન આ કામે આવ્યું છે તે બધી વાત કરી. ત્યારે પિતાએ કહ્યું : તારી શી ઇચ્છા છે? ત્યારે પુત્રે કહ્યું પિતાજી! મારા સ્વધર્મી બંધુઓ માટે મારું સર્વસ્વ દઈ દેવું પડે તો પણ દેવા હું તૈયાર છું. પુત્રની આવી ઉદાર ભાવના જોઈ પિતાની છાતી ગજગજ ઉછળવા લાગી. પિતાએ કહ્યું: પુત્ર! ગુરૂ અને સ્વધર્મીની સેવા કરવામાં મહાન લાભ છે. આવો અવસર ફરી ફરીને નહિ મળે. જેટલો લાભ લેવાય તેટલો લઈ લો.

તમે રોજ પેટ ભરીને ખાતા હો, એરકંડીશન રૂમમાં આરામથી પોઢતા હો, આવા સમયે દુઃખથી પીડાતા તમારા સ્વધર્મી બંધુઓને યાદ કરજો. ગામમાં કયો શ્રાવક દુઃખી છે? એ તમે જાણતા નહિ હો, પણ સાધુ ઘરઘરમાં ગૌચરી જાય તે બધું જાણતાં હોય છે. ધનવાનને ઘેર પાંચ જ માણસો હોય છતાં પાંચ લીટર દૂધનાં તપેલાં ભરેલા પડયાં હોય, જ્યારે ગરીબને ઘેર પાંચ–છ બાળકો હોય, પાંચ–છ મોટા મનુષ્યો હોય ત્યારે

નાનકડી તપેલીમાં ફક્ત લીટર કે અડધો લીટર દૂધ હોય છે. નાના નાના બાળકો દૂધ–દૂધ કરતાં હોય પણ બિચારા ક્યાંથી લાવે? હું ધનવાનોને વિનંતી કરું છું કે તમારા ખોટા ખર્ચા ઘટાડી તમે સ્વધર્મીની સેવા કરજો.

"શાહ નામને અમર બનાવ્યું"

પિતાની રજા મળી ગઈ. દિકરો મહાજન પાસે આવીને કહે છે ભાઈઓ! આ તમારી ટીપ ફાડી નાંખો. જેની જેની પાસેથી પૈસા લીધા હોય તે પાછા દઇ દો. અને આખા વર્ષનો જેટલો ખર્ચ થાય તે મારી પાસેથી લઈ જજો. આ સાંભળી મહાજન તો સ્થંભી ગયું. ભાઈ! આટલો મોટો ખર્ચ તું એકલો કેવી રીતે પૂરો કરીશ? નમ્રતાથી વણિક કહે છે. આપે મારા ઘરે પગલાં કરી મને પાવન કર્યો છે. ફૂલ નહિ ફૂલની પાંખડી આપના ચરણે ધરું છું. આપ સહર્ષ સ્વીકાર કરો. આપ જરા પણ મુંઝાશો નહિ. આ હતો એમનો દેઢરાણી. મહાજને તેની વાત માન્ય કરી. અને કહ્યું કે, તમે આ ફાટેલાં કપડાં ઉતારી સારા કપડાં પહેરી અમારા બાદશાહ પાસે ચાલો. ભાઈ! એ ફાટેલા કપડામાં ઘણું ભર્યું હતું. કમ્મરે બાંધેલી વાંસળીમાં રૂપિયાની નોટોની થપ્પીઓ ભરી હતી તે કાઢીને મહાજનને દઇ દીધી. અને કહ્યું કે જરૂર પડે તો વધારે પૈસા, અનાજ વગેરે જે જોઈએ તે લઈ જજો. આ વાણિયો કહે છે કે મારે કપડાં બદલાવવાની જરૂર નથી. મહાજને બાદશાહને ખબર આપી કે ફક્ત આ એક જ શાહે બાર મહિના સુધી પ્રજાનું રક્ષણ કરવાનું માથે લીધું છે. આ સાંભળી બાદશાહનો ગર્વ ઉતરી ગયો. અને શાહને ધન્યવાદ આપતાં કહ્યું : ખરેખર! ચારણે જેવા વખાણ કર્યા હતા. તેવા જ શાહ આ પૃથ્વી ઉપર વસ્યા છે. "શાહ પહેલો અને બાદશાહ પછી" તે વાત સાચી છે અને કહ્યું કે આજથી તમારી શાહની પદવી અમર રહેશે. બંધુઓ! આનું નામ સાચો દાનવીર! તમને મળ્યું હોય તો આવા ઉદાર બનજો. હસીને પતાવશો નહિ. રાજગૃહીના શ્રાવકો એવા ન હોય.

"સંવત્સરી પર્વનો મહિમા"

જૈનોમાં આજનો દિવસ સંવત્સરી તરીકે મનાવવામાં આવે છે. આજનાં દિવસે નાના નાના બાળકો પણ ઉપવાસ કરે છે, વૈષ્ણવ લોકોમાં પણ આજનો દિવસ ઋષિ–પંચમી તરીકે મનાય છે. તેઓ પણ આજે નિર્જળા ઉપવાસ કરે છે. સંવત્સરી પર્વ અષાઢ શુદ પુનમથી ૪૯ દિવસે આવે છે. વહેલું મોડું આવતું નથી. તેમાં પણ રહસ્ય છે. જ્યારે કાળ બદલાય છે તે દિવસ અષાડી પુનમનો હોય છે. તે સમયે સંવર્તક નામનો વિષમ વાયરો વાય છે, તેમાં પહાડ–પર્વત–ઝાડ–પાન બધું જ સાફ થઈ જાય છે. જૈન ધર્મ તથા ૩૬૩ પાખંડીના ધર્મ, અગ્નિ બધું જ વિચ્છેદ જાય છે. આવો વિષમકાળ આવી જાય છે. અને એ કાળ પાછો જ્યારે બદલાય છે ત્યારે અષાડ શુદ પુનમનો દિવસ આવે

છે. ત્યારે વરસાદ વરસે છે. એ વરસાદ સતત સાત દિવસ સુધી વરસે છે. તેનાથી ધરતીમાં રહેલાં બાર ઘેાવાઈ જાય છે. પછી સાત દિવસ ઉઘાડ નીકળે છે. ફરીને સાત દિવસ દૂધ નેા વરસાદ વરસે છે. પછી સાત દિવસ ઉઘાડ નીકળે છે. સાત દિવસ ઘીનેા વરસાદ વરસે છે. સાત દિવસ ઉઘાડ નીકળે છે. પછી સાત દિવસ અમૃતનેા વરસાદ વરસે છે. આ રીતે વરસાદ વરસવાથી ધરતીમાં રસકસ આવે છે. અને ૪૯મે દિવસે પૃથ્વીમાંથી અંકુરા ફૂટે છે. ઘાસ ઉગે છે. તે દિવસે ૭૨ બીલમાં રહેતાં મનુષ્યેા જે માંસ-મચ્છ-કચ્છ આદિનેા જ આહાર કરતા હેાય છે તેઓ બીલમાંથી બહાર નીકળે છે ત્યારે આ લીલું ઘાસ જોઇને ખુશ થાય છે. અને નિર્ણય કરે છે કે આપણે આજથી માંસ ખાવું નહિ. આ ઘાસ ખાઈને રહેવું. આ દિવસથી માંસાહારી લેાકેાએ જીવેાને અભયદાન આપ્યું. હિંસા કરતાં બંધ થઈ ગયા. તે દિવસ સંવત્સરીનેા પવિત્ર દિન હતેા.

સંવત્સરીના પવિત્ર દિવસે શ્રાવકને માટે પાંચ કલ્પ બતાવ્યાં છે. (૧) શ્રાવકે બે વખત પ્રતિક્રમણ કરવું. (૨) યથાશક્તિ દાન દેવું. (૩) શીયળ પાળવું. (૪) જેની જેની સાથે વેર બંધાયું હેાય તેની અંતઃકરણપૂર્વક ક્ષમા માગવી. અને કેાઈએ તમારેા અપરાધ કર્યો હેાય તે તમારી પાસે ક્ષમા માંગવા આવે તેા મુક્ત હૃદયે ક્ષમા આપવી. (૫) તપ કરવેા.

સાધુને પણ પાંચ નિયમેાનું પાલન કરવાનું હેાય છે. સંવત્સરીના દિવસે (૧) ચૌવિહારેા ઉપવાસ કરવેા [૨) લેાચ કરવેા (૩) સંવત્સરીના દિવસે બે પ્રતિક્રમણ કરવાં (૪) સૌની સાથે ક્ષમાપના કરવી (૫) શાસ્ત્ર-સિદ્ધાંતનું વાંચન કરવું. સાધુને જીવનની અંતિમ ઘડી હેાય તેા પણ આજે ચૌવિહારેા ઉપવાસ કરવેા જ પડે. ગમે તેવા માંદગીના બિછાને સૂતેલા હેાય છતાં પણ મસ્તકે લેાચ કરવેા જ પડે.

આજે વેર-ઝેર અને કષાયેાના કાંટા ને કાંકરા કાઢી હૃદયની ભુમિને પવિત્ર બનાવવાનેા દિવસ છે. ખેડૂત ખેતરમાં વાવણી કરતાં પહેલાં જમીનને ખેડીને પેાચી બનાવે છે. તેમ આપણા હૃદયમાં દાન-દયા-ક્ષમા આદિનાં બીજોની વાવણી કરવી હશે તેા આત્મા ઉપર રહેલાં પાપ-કષાય અને કર્મોના કાંકરા કાઢી નાંખી હૃદયને વિશુદ્ધ બનાવી દેા. ક્ષમા તેા એની જ માંગવાની હેાય કે તમારે જેની જેની સાથે વેર બંધાણાં હેાય. પણ તમે તેા પૃથ્વીકાય-અપકાય-તેઉકાય-વાઉકાય અને વનસ્પતિકાય આદિને ખમાવશેા. એ બિચારાં તમારી સાથે વેર બાંધવા આવતા નથી એની તેા દયા પાળવાની હેાય. જે જીવ જુનાં વેર-ઝેરને ભૂલે છે તે જ સાચી સંવત્સરી ઉજવી શકે છે. માટે જો તમે સાચી સંવત્સરી ઉજવતા હેા તેા જેની જેની સાથે તમારે વેર બંધાણાં હેાય તેને અંતઃકરણપૂર્વક ખમાવજો. તમે જેટલાં જેટલાં વેર બાંધશેા તેટલેા તમને ભય વધશે. ભગવાને કહ્યું છે કે "वेराणुबंधिणि महब्भयाणि" આ સૂત્રને સમજ્યા હેા તેા આજે બાર મહિનામાં થઈ

ગયેલી ભૂલોની આલોચના કરીને વિશુદ્ધ બનાવી વેર ઝેર છોડી દેજો. તો જ તમે સાચી સંવત્સરી ઉજવી ગણાશે.

"ગુજરાતમાં બનેલી કહાણી"

એક જ માતાના ઉદરમાં આળોટેલાં બે ભાઈ હતાં. બંને ભાઇઓને એકબીજા પ્રત્યે ખૂબ પ્રેમ હતો. જેમ રામ અને લક્ષ્મણ, કૃષ્ણ અને બળભદ્ર, તેવી આ ભાઇઓની જોડી હતી. જેમ ક્ષીર અને નીર, દૂધ અને સાકર પરસ્પર એકમેક થઈને રહે છે તેમ આ બે ભાઈઓનો પ્રેમ દૂધ અને સાકર જેવો હતો. તેઓ એક બીજાને મૂકીને કયાંય જતા ન હતાં. સાથે જમે, સાથે રમે અને સાથે સૂવે. એવા બે ભાઇ ઓ મોટા થતાં માતા–પિતાએ તેમને પરણાવ્યાં. અમુક સમય પછી માતા–પિતા સ્વર્ગવાસી બન્યા. આ બંને ભાઈઓ કમાય છે. કાયમ સરખી સ્થિતિ રહેતી નથી. ઘરમાં આસુરી લક્ષ્મી આવે છે ત્યારે કુસંપ કરાવે છે. પ્રેમમાં તડ પડાવે છે. અને જો દૈવી લક્ષ્મી આવે તો બંને ભાઈ વચ્ચે અણબનાવ હોય તો પણ પ્રેમના અંકુરા ફૂટે છે. આ ઘરમાં આસુરી લક્ષ્મીનું આગમન થયું. એટલે ભાઇઓનાં પ્રેમ ઓછા થવાં લાગ્યા. દિલમાં સંકુચિતતા આવવા લાગી. દેરાણી જેઠાણીમાં પણ ઝઘડા થવા લાગ્યા. અંતે બંને ભાઇઓ જુદા થાય છે. કર્મનો કોયડો અલબેલો છે. એને કોઈ કળી શકતું નથી. નાનાભાઈના એવા ઘોર પાપનો ઉદય થયો કે જે કોઈ ધંધો કરે તેમાં ખોટ જાય છે. ધીમે ધીમે ઘરની બધી વસ્તુઓ વેચાઈ ગઈ. ખાવાના પણ સાંસા પડવા લાગ્યા. જ્યારે મોટાભાઈ ને ત્યાં લક્ષ્મીનો પાર નથી. ગાદીએ બેઠો બેઠો પૈસાની ટંકશાળ પાડે છે.

બે ત્રણ વર્ષ તો આકરી કસોટીમાં પસાર થયા. પણ મોટોભાઈ નાનાભાઈની ખબર લેતો નથી. નાનોભાઈ થોડું ઘણું કમાય છે અને જે કંઈ મળે છે તેમાં સંતોષ માની દિવસો વીતાવે છે. આમ કરતાં ભાઈની સાથે અણબનાવ થયાં બાર વર્ષો વીતી ગયાં. બાર વર્ષથી મોટાભાઈએ નાનાભાઈના સામું જોયું નથી. એક વખત મોટોભાઈ બિમાર પડયો. તે અરસામાં જ સંવત્સરીનો પવિત્ર દિવસ આવ્યો. નાનોભાઈ વ્યાખ્યાનમાં ગયો હતો. મહારાજે ઉપદેશ આપ્યો કે જેની સાથે આપણે અણબનાવ થયો હોય તેની પાસે હૃદયપૂર્વક ક્ષમા માંગી હૃદય ઉપર જામેલા કલેશરૂપ કાળાશના પોપડાં ઉખાડી હૃદયને સ્વચ્છ દર્પણ જેવું બનાવવું. ભૂતકાળનું કંઈ પણ કડવું સ્મરણ હૃદયના ખૂણામાં રહી જવું ન જોઈએ. સંવત્સરી પ્રતિક્રમણ કર્યા પછી આપણે નવા નામે જીવનનો પ્રારંભ કરવાનો છે. આવો ઉપદેશ સાંભળી નાનાભાઈનું હૃદય પીગળી ગયું. અહો ! બાર બાર વર્ષોથી મોટાભાઈની સાથે અણબોલા છે. મેં મોટાભાઇના દર્શન પણ કર્યા નથી. માટે આજે જ મારા ભાઈના ચરણમાં પડીને તેમની પાસે ક્ષમા માંગી લઉં.

" નાનાભાઈની સાચી ક્ષમાપના "

નાનોભાઈ મોટાભાઈના ઘેર આવે છે. મોટોભાઈ બિમાર છે. ગળેથી પાણી પણ ઉતરતું નથી. પલંગમાં સૂતો છે. નાનાભાઈને આવતો જોયો એટલે સૂતો સૂતો કહે છે. 'આ મારો દુશ્મન આવે છે.' એને કાઢી મૂકો, મારે એનું કાળું મોઢું જોવું નથી. મોટાભાઈનો ક્રોધ જોઈ, ભાઈના શબ્દો સાંભળી એના મનમાં થયું કે મારા જવાથી મારા વડીલ ભાઈ ને ખેદ થાય તેવું કામ મારે કરવું નથી. તરત જ બહાર નીકળી ગયો. અને બહાર ઉભો રહીને કહે છે મોટાભાઈ! મારે આપની પાસેથી કંઈજ લેવું નથી. હું કંઈ જ લેવા માટે નથી આવ્યો. પણ આજે સંવત્સરીનો દિન છે તેથી, આપની પાસેથી ક્ષમા માંગવા આવ્યો છું. મોટાભાઈ ! મેં આપને ખૂબ કષ્ટ આપ્યું છે. આપ મારા ગુન્હા માફ કરી મને ક્ષમા આપો.

મોટોભાઈ અંદર સૂતો સૂતો કહે છે, હું તને સારી રીતે જાણું છું. તારા ઘરમાં કંઇ રહયું નથી. હું બિમાર છું એટલે તું ધીમે ધીમે પગપેસારો કરવા આવ્યો છે. તે નાનાભાઈની વાત સાંભળતો જ નથી. નાનોભાઇ તો ખમાવીને ચાલ્યો ગયો. ભગવાન કહે છે કે સામી વ્યક્તિ તને ક્ષમા આપે કે ન આપે પણ તું એને જરૂર ખમાવજે. તારા હૃદયની આરસી સ્વચ્છ બનાવજે.

" ખરી કસોટીનો દિવસ આ છે, સાધક ભૂલ થાય ના,
અવસર આવો ફરી નહીં આવે, જાગૃતિ ચૂકાય ના,
રાગથી રીઝી દ્વેષથી ખીજી, મનડું મૈલું કરાય ના,
નિંદા પ્રશંસાના પુદ્ગલ આવે, દિલને ત્યાં જોડાય ના,
ખમત ખામણાં પ્રેમે કરજે, વેર વિરોધ રહી જાય ના,
રગેરગમાં રમતો કરજે, અરિહંત જાપ ભૂલાય ના "

દિવસે દિવસે મોટાભાઈની બિમારી વધતી ગઈ. અંતિમ સમય નજીક આવ્યો. એના મનમાં મુંઝવણ થવા લાગી. આ મોટાભાઈને એક પુત્ર હતો. તે પણ ડોકટર હતો. તેણે જાણ્યું કે મારા પિતાજી હવે બચે તેમ લાગતું નથી. એટલે પાસે બેસીને કહે છે બાપુજી ! આપની જે ઈચ્છા હોય તે કહો. હું પૂરી કરવા તૈયાર છું. આપના દિલમાં શો અફસોસ છે ! જે હોય તે દિલ ખોલીને મને કહો. માતા–પિતાની અંતિમ ઈચ્છા પૂર્ણ કરવી તે પુત્રની ફરજ છે.

" મરતાં પણ વેર ના મૂકયું."

પિતા કહે છે બેટા ! મારા બે વચનનું તું પાલન કરીશ ? માતા પણ એનો પતિ પુત્રને શું કહે છે તે સાંભળવા માટે પાસે આવીને બેઠી છે. પુત્ર કહે છે બાપુજી ! જે હોય તે કહો. ત્યારે પિતા કહે છે, આ તારો કાકો છે એ મારો કટ્ટો દુશ્મન છે. પહેલું

તો હું તારી પાસે એ વચન માંગું છું કે મારા મરી ગયા પછી તારો કાકો આવે તો તેને મારી નનામીને અડવા દઈશ નહિ. મારા મરી ગયા પછી પણ એનો પડછાયો ન જોઈએ. દિકરો કહે છે ભલે, તમે જરા ય ચિંતા ન કરશો. બંધુઓ! જુઓ વેર શું કરે છે? પતિનો સ્વભાવ ખરાબ હતો પણ પત્ની સદગુણી હતી. તેનાથી આ સહન થયું નહિ. તે બોલી ઉઠીઃ સ્વામીનાથ! તમે આટલી લક્ષ્મી, પુત્ર, ઘરબાર છોડીને જાવ છો તો આ વેરની વસુઆર શા માટે સાથે લઈને જાવ છો?

વેર એ મહા ભયંકર છે. જીવને ભવાંતરમાં રખડાવે છે. માટે હજુ કંઈક સમજો. અને વેર છોડી દો. નાનાભાઈને ખમાવી લો. ત્યારે કહે છે તું અહીંથી ચાલી જા. મારે તારો ઉપદેશ સાંભળવો નથી. દિકરો પૂછે છે બાપુજી! મારા કાકાને તમારી નનામીને અડવા નહિ દઉં. બીજું વચન શું છે? પિતા કહે છે ભાઈ! તારા કાકાને હું જોઉં છું ને જાણે દુશ્મનને જોઉં છું. એને જોતાં જ મને થાય છે કે એને મારી નાંખુ. મેં તો એને કયારનો ય મારી નાંખ્યો હોત પણ જો હું એને મારી નાંખું તો સરકારનો ગુન્હેગાર થાઉં. ઇજ્જતને ધક્કો લાગે. વળી મારે જેલમાં જવું પડે. એટલે મેં એને માર્યો નથી. પણ જો બેટા! તું મારો સાચો પુત્ર હોય તો મારું વચન પાળજે. તું તો ડોકટર છે. એ કોઈ વખત માંદો પડે અને તને બોલાવે તો ડોકટરી ઇલાજ દ્વારા એનું કાસળ કાઢજે. પુત્ર કહે છે ભલે, મારાથી બનશે તે કરીશ.

મોટાભાઈ મરી ગયો પણ સાથે વેર લેતો ગયો. અને દિકરાને વેર લેવાનું શીખવાડતો ગયો. સગાવહાલાં આભડવા આવ્યાં છે. નાનાભાઈને ખબર પડી એટલે એ પણ રડતો રડતો આવ્યો. અને બધાની પાછળ બેઠો છે. સગાવહાલાં કહે છે ભાઈ! હવે શા માટે પાછળ બેસે છે? તારો વેરી તો ચાલ્યો ગયો. ત્યાં ડોકટર કહે છે તમે ન માનશો કે વેરી ચાલ્યો ગયો છે પણ હજુ વેર લેનારો હું બેઠો છું. મારા બાપની નનામીને અડવાનો પણ મારા કાકાને અધિકાર નથી. અહીંથી ચાલ્યા જાવ, કહીને હાથ પકડીને કાકાને કાઢી મૂકયાં. ગરીબનું બળ કેટલું? નાનો ભાઇ તો ચાલ્યો ગયો. આટલું એનું અપમાન થયું, અપમાન થવા છતાં પણ ભાઈ પ્રત્યે એને સ્હેજ પણ દ્વેષ ન આવ્યો. મનમાં એક જ અફસોસ છે કે હું કેવો કમભાગી! મારો ભાઇ તો ચાલ્યો ગયો. મને એના મુખનાં દર્શન પણ ન થયાં.

નાનાભાઇની પત્ની પણ આભડવા માટે આવી છે. એ ઘરમાં જઈને ખૂણામાં બેઠી. મોટાભાઈની પત્ની કહે છે બેટા! તું શા માટે દૂર બેસે છે? અહીં આવ. મારી પાસે બેસ. હું જેવી આ ઘરની હકદાર છું તેવી જ તું પણ હકદાર છે. આપણે બાર બાર વર્ષોથી એકબીજાના મુખ જોયા નથી. એકબીજા સામે બેઠા નથી. તેં બાર વર્ષે મારા ઘરમાં પગ મૂકયો છે. દેરાણીને પોતાની પાસે બોલાવીને બેસાડે છે. અને કહે છે, તારા

જેઠ ચાલ્યા ગયા. હવે આજથી આપણે ગઇ વાતોને ભૂલી જઇ નવા નામે જીવન જીવવાનું છે. બંનેએ એકબીજાની ક્ષમા માગી અને પવિત્ર બન્યા. જેઠની બધી ક્રિયા પત્યા બાદ દેરાણી પોતાને ઘેર આવી. ત્યારે તેનો પતિ કહે છે, હું તો તરત જ પાછો આવ્યો અને તું આટલો બધો વખત ત્યાં કેમ રોકાઈ? ત્યારે પત્ની કહે છે, મને ભાભીએ પ્રેમથી બોલાવી. અમે એક બીજાની ક્ષમા માંગીને વિશુદ્ધ બન્યા. ભાભીનો આપણા ઉપર અનહદ પ્રેમ છે.

બાપાના ગયા પછી માતા કહે છે બેટા! બાપની હિતશિખામણ માથે ચઢાવવાની હોય પણ બરાબ શિખામણ માનવાની ન હોય. તારો બાપ તને કહી ગયો છે તેવું તું ન કરતો, આપણે તો હવે તારા કાકાને આપણે ઘેર બોલાવવા છે અને સંપથી રહેવું છે. માતાએ પુત્રને ઘણી હિત શિખામણ આપી. હવે પુત્રનું મન ચકડોળે ચઢ્યું. "એક તરફ બાપનું વચન અને બીજી તરફ માતાની હિત શિખામણ" બંનેની વચમાં શું કરવું અને શું ન કરવું તેની ડોકટરને સમજ પડતી નથી.

બીજી તરફ મોટાભાઈના મરણ પછી નાનો ભાઈ ખૂબ ઝૂરે છે, રડે છે, એને એક જ વાતનો અફસોસ રહી ગયો કે અમે બંને ભાઈ એકબીજાની પાસે ક્ષમા માંગી શક્યા નહિ, મને મારા ભાઈના દર્શન ન થયા! એ અફસોસમાં નાનો ભાઈ ખાતો પીતો નથી. મોટાભાઇના વિયોગમાં અને અફસોસમાં નાનોભાઈ માંદો પડયો ત્યારે નાનોભાઈ નિર્ણય કરે છે કે મારે બીજા કોઈ ડોકટરની દવા લેવી નથી. મારો ભત્રીજો ડોકટર છે, એને બોલાવો. એ આવીને દવા આપે તો જ મારે લેવી છે. મને આશા છે કે મારો ભત્રીજો આવશે અને એની દવાથી મને જરૂર સારું થઈ જશે. ભત્રીજાને બોલાવે છે અને કહે છે બેટા! જીવાડ કે માર. મારે તારા સિવાય બીજા કોઈની દવા લેવી નથી.

કાકા પ્રેમભાવથી ભત્રીજાને બોલાવે છે, પણ ભત્રીજાના હૈયામાં વેર વાળવાની વૃત્તિ છે. આ સમયે તેને બાપનું વચન યાદ આવ્યું. મનમાં વિચાર કર્યો કે આજે બાપનું વચન પાળવાનો લાગ આવ્યો છે. બાપનું વેર લઉં એમ નિર્ણય કરી તેણે હાથમાં ઇંજેકશન લીધું. ઇંજેકશનમાં દવા ભરવા જાય છે પણ હાથ ધ્રુજવા લાગ્યા. હૃદય થડકવા લાગ્યું, બીજી તરફ માતાને ખબર પડી કે દિકરો એના કાકાને ત્યાં ગયો છે. રખે એના બાપનું વેર વાળવા છોકરમત કરી બેસે. એટલે દોડતી માતા દિયરને ઘેર આવી ગઈ. ડોકટર ઇંજેકશન તૈયાર કરીને કાકાને મારવા જાય છે ત્યાં માતા પુત્રનો હાથ પકડીને કહે છે કે બેટા! સદ્‌ભાવના છે કે અસદ્‌ભાવના? ડોકટર કહે છે માતા! અત્યારે માંશ અંતરમાં શુદ્ધ અને અશુદ્ધ મનની લડાઈ ચાલી રહી છે. અશુદ્ધ મન કહે છે બાપનું વેર વસૂલ કરી લે. સમય આવ્યો છે. જોજે ભૂલતો! અને શુદ્ધ મન કહે છે જોજે, વેરની વણઝાર લઈને જવાનું પાપ ન કરતો. માતા પુત્રનો હાથ પકડી ખૂણામાં લઈ જઈને

કહે છે દિકરા ! તારે તારા બાપનું વેર લેવું જ હોય તો પહેલાં આ ઈંજેકશન મને માર. પછી તારા કાકાને માર, મારું હૃદય સળગી જાય છે, ધિક્કાર છે મને કે તારા જેવા ક્રૂર હૃદયના નિર્દય પુત્રની હું માતા બની. આ કરતાં વાંઝણી રહી હોત તો સારું હતું.

બેટા ! હજુ પણ તને કહું છું કે તું સમજી જા. શાંત થા, થોડી ધીરજ રાખ અને તારા કાકા પાસે જઈને ક્ષમા માંગી લે. કારણ કે ક્ષમા માણસને સહનશીલ બનાવે છે, ક્ષમા આત્માની આંતરિક શક્તિને ઓળખવાનો સંદેશો આપે છે. અપકાર પર અપકાર કરવો એ કાર્ય તો દુર્જનનું છે. અને અપકાર પર ઉપકાર કરવો એ કાર્ય સજ્જનોનું છે. ગમે તેવા કઠીન કાર્યને સિદ્ધ કરવું હોય તો તેને માટે વશીકરણ મંત્ર ક્ષમા છે, તારા કાકાએ તો કાંઈ ગુન્હો જ કર્યો નથી. તેમની કેટલી પવિત્ર ભાવના છે. તારા પ્રત્યે તેમનો કેવો વિશુદ્ધ પ્રેમ છે. તેનો બદલો તું આ રીતે વાળવા ઉઠ્યો છે !!

" વેર-ઝેરના સાગરમાં તું ના જાજે,
સ્નેહના ઝરણમાં તું સદા ન્હાજે;

ત્યાગની સરિતામાં તરજે તું ન્હેલો....ઉડી તું જાશે,
સંસાર આ છે પંખીનો મેળો, ઉડી તું જાશે–એક દિન અકેલો "

" ડોકટરના હૃદયનું પરિવર્તન "

માતાના શબ્દોએ ડોકટરના દિલમાં ઝણઝણાટી પેદા કરી. ઝેરી ઈંજેકશન ફેંગાવી દીધું. અને દોડતો કાકાની પાસે આવી ચરણમાં પડી કહેવા લાગ્યો : કાકા ! આ ક્રૂર ભત્રીજાને માફ કરો. આપે તો મને પ્રેમથી બોલાવ્યો હતો, પણ હું તો વેર લેવા આવ્યો હતો. આપને ઝેરી ઈંજેકશન આપવાનો હતો, પણ મારી માતાના ઉપદેશથી મારા જીવનમાં આજે પરિવર્તન થયું છે. તેથી પોતાનું પાપ પ્રગટ કરી દીધું. પોતાની ભુલનો પશ્ચાતાપ કરી અશ્રુજળથી કાકાના ચરણ ધોઇ નાંખ્યા.

કાકાની આંખો પણ અશ્રુજળથી છલકાઈ ગઇ. કાકા કહે છે બેટા ! માણસ માત્ર ભૂલને પાત્ર છે. પણ ભૂલની ક્ષમા માંગવી, પોતાની ભૂલ કબૂલ કરવી તે દૈવી ગુણ છે. ભાઈની સાથે ઝઘડો થયો હોય કે વેર બંધાયું હોય તેને હૃદયમાં સંધરી રાખવું તે પાશવીવૃત્તિ છે. આજે તારી બુદ્ધિ શુદ્ધ બની ગઈ તેનો મને અત્યંત આનંદ છે. બેટા ! હવે તું મને એવી દવા આપ કે જેથી મારો રોગ મટી જાય. ડોકટરે હૃદયના પ્રેમથી ઈંજેકશન આપ્યું. દવા આપી અને કાકાની તબિયત એકદમ સારી થઇ ગઇ. બિમારી ચાલી ગઈ. આ ડોકટર પોતાના કાકા કાકીને પોતાના લેગા લઇ આવ્યો. ગઈ ગુજરી બધી વાત ભૂલી જઇને બધા સંપથી રહેવા લાગ્યા. આનું નામ સાચી ક્ષમાપના.

માણસ જ્યારે સામા માણસ સાથેનું વેર લેવાની વૃત્તિ કાઢી નાંખે છે અને તેણે કરેલા અપરાધોને માફ કરે છે તે વખતે તેનો આત્મા પ્રબળ શક્તિ ધરાવતો થઈ જાય છે. આટલી પ્રબળ શક્તિનો ભૂતકાળમાં તેને કયારે ય અનુભવ થયેલો હોતો નથી. ભગવાન મહાવીરે કહ્યું છે કે જેની સાથે તારે વેર બંધાયું હોય તેને તારે ક્ષમા આપવી જોઇએ. પછી ભલે તે તને સન્માન આપતો હોય. કે ન આપતો હોય, તેણે તને ક્ષમા આપી હોય કે ન આપી હોય પણ તું તેના કૃત્યો તરફ નજર કરીશ નહિ. તારે તરત જ તેની ક્ષમા માંગી લેવી જોઇએ.

ક્ષમાપર્વનો મહત્વનો સંદેશ છે કે જેની સાથે આપણે અણબનાવ થયો હોય કે કજિયો થયો હોય તેની ક્ષમા માંગવી. હૃદય પર જામેલા કાળાશના પોપડાને ઉખેડીને હૃદયને સ્વચ્છ દર્પણ જેવું બનાવવું. ભુતકાળનું કોઈ પણ કડવું સ્મરણ અંતઃકરણમાં રહેવું ન જોઇએ. જેમ વરસાદ વરસે છે ત્યારે ગામની ગંદી ગલીઓને પણ સ્વચ્છ બનાવે છે. તેમ આજના દિવસે વીતરાગ વાણીનું શ્રવણ કરી સંવત્સરી પછી હૃદયને નિર્મળ બનાવી નવા નામે જીવનનો પ્રારંભ કરવાનો છે. મેતારજ મુનિ, ખંધક મુનિ, ગજ સુકુમાર આદિ મહાન પુરૂષોએ કેવી અજબ ક્ષમા રાખી અને તેઓ મોક્ષમાં ગયા. આપણા જીવનમાં પણ એવી ક્ષમા આવે એવી પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરીએ. તપ-ત્યાગ-ચારિત્ર-ક્ષમા આદિ ગુણોથી જીવનને શોભાવીએ તો જ સંવત્સરી પર્વ ઉજવ્યાની સાર્થકતા છે. હવે સમય થઇ ગયો છે. કાન્તિભાઇ પણ સિગ્નલ આપે છે. એમને ઘણી જાહેરાતો કરવાની છે. વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં..૫૦

ભાદરવા સુદ ૮ ને મંગળવાર તા. ૮-૯-૭૦

અનંત ઉપકારી ત્રિલોકીનાથે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર અને તપ એ મોક્ષનાં સાધનો બતાવ્યાં છે. સાધન વિના ત્રણે કાળમાં સાધ્યની સિદ્ધિ થતી નથી. સાધન જેટલું સારું હોય તેટલું કાર્ય પણ સારું થવાનું.

આત્મા ઉપર અનાદિકાળનાં કર્મનાં કચરા જામેલા છે. એને ધોવાને માટે સમ્યગ્-દર્શન એ પાણી છે. જ્ઞાન એ સાબુ છે. ચારિત્ર એ ધોવાની ક્રિયા છે. અને તપ એ અગ્નિ છે. એકલું પાણી હોય પણ જો સાબુ ન હોય તો કપડાંનો મેલ થોડો ઓછો

થાય. અને પાણી વિના એકલા સાબુથી કપડાં ધોવામાં આવે તો મેલ જાય નહિ. તે જ રીતે સમ્યક્‌દર્શનનાં પાણી વિનાં એકલાં જ્ઞાન–ચારિત્ર અને તપ વડે કર્મનાં કચરા ધોવાય નહિ. અને ભવભ્રમણ પણ ટળે નહિ. માનવ જન્મ એ સાધના માટે છે. તેમાં જો જીવ સમ્યગ્‌દર્શન પામી જાય તો અવશ્ય એનો મોક્ષ થઈ જાય. હીરો ખાણમાંથી નીકળે ત્યારે તે સામાન્ય પથ્થર જેવો જ દેખાય છે. પણ જ્યારે તેને સાફ કરી સરાણે ચઢાવી પેલ પાડવામાં આવે ત્યારે તેનામાં તેજનાં કિરણો ફૂટે છે. તેમ સમ્યગ્‌દર્શનથી આત્મા ઉપરનો કચરો સાફ થઈ જાય. પછી જ્ઞાન–દર્શન અને ચારિત્રની સરાણ ઉપર ઘસવામાં આવે તો તેનાં તેજ અનેકગણાં વધી જાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં બે બાળકોને સમજાઇ ગયું છે કે આ માનવદેહ જેવું ઉત્તમ સાધન મળ્યું છે. એ સાધન દ્વારા સાધ્યની સિદ્ધિ કરી લઈએ. એક જ વખતના સંત સમાગમથી તેઓ જાગી ગયાં. અને એમના પિતાને કહે છે કે હે પિતા! અમને આ સંસારમાં રહેજ પણ આનંદ આવતો નથી. અમને સંયમનો રંગ લાગ્યો છે. એમને એક જ વખતના સંત સમાગમમાં સંયમનો રંગ લાગી ગયો. અને તમને તો આટલા વર્ષોથી સંત સમાગમ કરવા છતાં સંયમનો રંગ લાગતો નથી. પર્યુષણ પર્વના દિવસો પૂરા થઈ ગયાં. આજે દુબળી આઠમનો પવિત્ર દિવસ છે. સંવત્સરીના દિવસે ક્ષમાપના કરતાં જે કંઈ કષાયોનો થોડો ઘણો કાદ રહી ગયો હોય તેને દૂર કરી આત્માને ઊજ્જવળ બનાવવાનો છે. તમે દુબળી આઠમનો અર્થ જુદો કર્યો છે. તમે તો કહો છો કે પર્યુષણનાં પારણાં થઇ ગયા અને દુબળી આઠમ આવી એટલે મન દુબળા થઈ ગયા. ભલા–સંવત્સરીના પારણાં કર્યા અને ઉપાશ્રયના બારણાં છોડયાં. એવો દુબળી આઠમનો સંદેશ નથી. પણ દુબળી આઠમનો દિન તમને એ સંદેશ આપે છે કે હે માનવ! સંવત્સરીના દિવસે તમે ક્ષમાપના કરી. પણ હજુ અંતરના ખૂણે કષાયના કણીયા રહી ગયાં હોય, દ્વેષની આગ જલી રહી હોય, રાગમાં રમણતા થઈ રહી હોય તેને દુર્બળ બનાવી જ્ઞાન–દર્શન–ચારિત્ર દ્વારા આત્માને નિર્મળ બનાવવો. એ દુબળી આઠમનો સંદેશ છે.

વિના ધરમ કોઈ તરી શકે ના, અમીર હો યા મહાભિખારી,
મન ઉડે જો ગગન દ્વારે, લક્ષ્મી લલનાના વિચારે,
અધોગતિ લેશે રે સ્વીકારી.... અમીર હો....

બંધુઓ! જેટલાં તમે ધર્મમાં અનુરક્ત રહેશો તેટલાં તમે સુખી થશો. ગઈ કાલે ભયંકર વરસાદે હિંદભરને મુશ્કેલીમાં મૂકી દીધું છે. કેટલાં ગામડાં તણાઈ ગયાં, કેટલાં શહેરો અને ગામો ભયમાં છે અને કેટલા લોકોને સ્થાન ફેરવવા પડયાં! બીજા બધાં શહેરોની પરિસ્થિતિ જોતાં રાજકોટ ઘણું સહીસલામત છે. ધર્મ માણસનું રક્ષણ કરે છે. અધર્મ ડુબાડે છે. ભારતભૂમિ ધર્મની દૃષ્ટિએ પવિત્ર છે.

જ્યાં ધર્મ નથી, જ્યાં હિંસાના તાંડવ મચી રહ્યાં છે, તે દેશોમાં તમે દર વર્ષે કંઈક નવા જુની સાંભળો છો ને કંઈક દેશમાં વરસાદ ખૂબ પડયો. અને પૂરમાં બધું તણાઈ ગયું અને લીલો દુષ્કાળ પડયો. કંઈક વખત વરસાદ બિલકુલ પડતો જ નથી. ત્યારે સૂકો દુષ્કાળ પડે છે. માણસો અન્ન-પાણી વિના તરફડે છે. જે દેશમાં માંસાહાર થતો હોય, ધર્મનું નામનિશાન ન હોય ત્યાં આવી પરિસ્થિતિ સર્જાય છે. પણ જે દેશમાં ધર્મના બીજ છે, શાકાહારી દેશ છે તેને કસોટી આવે છે. કારણ કે બધા જીવોનાં પુણ્ય સરખા હોતાં નથી. ઘણાં જીવોના પાપ ઉભરાય છે ત્યારે કસોટી થાય છે. છતાં ધર્મના કારણે બચી જાય છે.

તમને તમારા ધન-વૈભવ આફતમાંથી નહિ બચાવે. પણ ધર્મ બચાવશે. જેનામાં ધર્મ હશે તેનો વાળ વાંકો કરવા માટે દેવ પણ સમર્થ નથી. અર્હન્નક શ્રાવકની દેવે દરિયામાં કસોટી કરી. વહાણ ઉંચે ઉછાળ્યું. સાથે દેવને ચિંતા હતી કે આવો દૃઢધર્મી-પ્રિયધર્મી મારા મહાવીરનો શ્રાવક દરિયામાં પડવો ન જોઈએ. દેવ કસોટી પણ કરે છે અને ચરણમાં પણ નમી જાય છે. દુઃખથી બચાવનાર હોય તો ધર્મ છે. "दुर्गति प्रसुतान् जन्तून् धारयती ति धर्मः" દુર્ગતિમાં પડતા જીવોને ધારી રાખે તેનું નામ ધર્મ છે. એ ધર્મ શું ચીજ છે ?

"धम्मो मंगल मुक्किट्ठं, अहिंसा संजमो तवो ।
देवा वि तं नमसंति, जस्स धम्मे सया मणो ॥"

દશ વૈ૦ અ. ૧-૧

મહાનપુરૂષો કહે છે કે ધર્મ એ ઉત્કૃષ્ટ મંગલ છે. બાહ્ય ટીલા ટપકાં કે રંગરાગમાં ધર્મ નથી. પણ જ્યાં અહિંસા-સંયમ અને તપની ત્રિવેણી છે ત્યાં જ સાચો ધર્મ છે. જ્યાં જીવોની હિંસા ન થતી હોય, જીવોની રક્ષા કરવામાં સતત ઉપયોગ રહેતો હોય ત્યાં સાચો ધર્મ છે. સત્તર ભેદે સંયમ પળાતો હોય તે ધર્મ છે. અને તપ પણ કર્મની નિર્જરાના હેતુથી જ હોવો જોઈએ. તપ કરતાં તાપ ન થવો જોઈએ. મહાન પુરૂષોએ તપ દ્વારા કર્મોને તોડયાં છે. જો તપ કરતાં જીવનમાં તાપ વધતો હોય તો કર્મનું બંધન થાય છે. દુબળી આઠમ તમને એ સૂચના કરે છે કે હે ભવ્ય જીવો ! તપ કરતાં શરીર સૂકાઈ જાય છે પણ એની ચિંતા ના કરશો. આગળના વખતમાં મહાન રાજાઓ, રાજાની રાણીઓ, અને રાજકુમારોએ અઘોર તપની સાધના કરી છે.

ધર્મમાં અડગ રહેતાં જીવોને કસોટી તો થાય. કસોટી વખતે આપણી શ્રદ્ધાનું પાટીયું મજબૂત રહેવું જોઈએ. આપણી શ્રદ્ધાનો કિલ્લો એટલો બધો દૃઢ હોવો જોઈએ કે જે બાહ્ય પ્રલોભનોના આક્રમણથી આપણને બચાવે. મનના સંશયાત્મક આઘાતોથી

પણ સુરક્ષિત રાખે. શરીરમાં રક્ત સંચરણનું જે સ્થાન છે તે સ્થાન જીવનમાં શ્રદ્ધાનું છે. શરીરમાં લોહીનું સરકયુલર થતું અટકી જાય તો પક્ષઘાત થઈ જાય છે તેમ જીવનમાં શ્રદ્ધાનું સરકયુલર ક્ષીણ થઇ જાય તો આપણું જીવન પણ પક્ષઘાતના રોગી જેવું અશક્ત તેમજ વિકલ બની જાય છે. માટે જીવનમાં સાધનાના વૃક્ષને શ્રદ્ધાનું જળ સિંચતા રહો. જેથી સિધ્ધનાં અભિનવ પુષ્પો અવશ્ય ખીલશે.

"देवा वि तं नसस्संति, जस्स धम्मे सया मणो।"

જેની શ્રદ્ધા ધર્મમાં મજબૂત હોય છે તેના ચરણમાં દેવો પણ નમે છે. પણ શ્રદ્ધાવાનને નમવું પડતું નથી. શ્રેણિક મહારાજાને ભગવાનના સંતો પ્રત્યે અનન્ય શ્રદ્ધા હતી. અજબ ભક્તિભાવ હતો. શ્રેણીકના જીવનનો બીજો એક પ્રસંગ છે.

એક વખત શ્રેણીક રાજાને વિચાર થયો કે જેના વચનામૃતો સાંભળતાં હૈયું તૃપ્ત થતું નથી, દર્શનથી આંખડી ધરાતી નથી, જેઓ ભવસમુદ્ર તરવાનો સાચો રાહ બતાવે છે, એવા ભગવાનની હું કઈ રીતે ભક્તિ કરું ? એણે મોટા મોટા પાંચ રાજવૈદ્યો રોકયા. અને વૈદ્યોને આજ્ઞા કરી કે મારા સંતોને વિહારમાં સહેજ પણ તકલીફ પડવી ન જોઈએ. તમારે સંતસમુદાયની સાથે જ દવાઓની પેટીઓ લઈને ફરવાનું. હું તમને દર મહિને બબ્બે હજાર રૂપિયા પગાર આપીશ. સંતોને સહેજ પણ તકલીફ થાય તો તમારે એમને ઔષધિ આપવાની. આ વૈદ્યો સંતોની સાથે પગપાળા વિહાર કરે છે. બે વર્ષ વીતી ગયા પણ એકે સંતે હજુ વૈદ્યની દવા લીધી નથી. વૈદ્યો મનમાં વિચાર કરે છે. બબ્બે વર્ષ થઈ ગયાં છતાં આ સંતો આપણી પાસેથી દવાની એક પણ પડીકી લેતા નથી. તેમ કોઈ દિવસ આપણને પૂછતા પણ નથી કે તમે અમારી સાથે કેમ ફરો છો ? એ તો એમના જ્ઞાન-ધ્યાન તપ અને સ્વાધ્યાયમાં મસ્ત રહે છે. બીજું તો ઠીક, આપણે મહારાજાને જવાબ શું આપીશું ? આપણાથી મફતનો પગાર કેમ ખવાય ? વૈદ્યો સંતો પાસે જઈને કહે છે ગુરૂદેવ ! અમે શ્રેણીક મહારાજાના વૈદ્યો છીએ. અમને રાજાએ આપની સાથે મોકલ્યાં છે. આપ કોઈક દિવસ તો અમારી પાસેથી દવા લો. ત્યારે સંતો કહે છે ભાઈ ! અમને એ દ્રવ્ય ઔષધીની જરૂર પડતી જ નથી. અને બિમારી જેવું લાગે કે અમે તપરૂપી ભાવ-ઔષધીનો ઉપયોગ કરીએ છીએ. અમારી પાસે આવી સરસ દવા હોય ત્યાં બીજી દવાની શી જરૂર ? સંતોનો જવાબ સાંભળી વૈદ્યો ચકિત થઈ ગયા. અને પાછા ચાલ્યા ગયા.

તપ એક ઔષધિ છે :– દેવાનુંપ્રિયો ! તપથી શરીરનાં રોગો પણ ચાલ્યાં જાય છે. આજે કોઈ માણસ તપ કરે અને પાછળ તબિયત બગડે તો માણસો બોલે છે કે તપશ્ચર્યા કરી અને આમ બન્યું. ભાઈ ! એ તો થવાનું હોય તો તપ ન કર્યો હોત તો પણ થાત. શું બધા તપ કરે તેથી જ માંદા થાય છે ? એ તો વેદનીય કર્મનો ઉદય

હોય તો થાય. આ ભાગ્યવાન રાજગૃહી નગરીમાં તપસ્વીઓનાં પારણાં થઈ ગયા. પણ હજુ કંઈક ભાઈ-બહેનોને અને ચાર સતીજીઓ –બા.બ્ર.પૂ. ઈન્દીરાબાઈ મહાસતીજીને આજે ૨૮ મો, બા. બ્ર. લાભુબાઈ મહાસતીજીને ૨૪ મો, બા.બ્ર. બીજા ઈન્દીરાબાઈ મહાસતીજીને ૨૨ મો અને બા.બ્ર. નવદીક્ષિત હર્ષિદાબાઇ મહાસતીજીને ૧૯ મો ઉપવાસ છે. હજુ આપણે ત્યાં તપશ્ચર્યા ચાલુ છે. તપયજ્ઞમાં જુના કર્મરૂપી કાષ્ટોની આહૂતિ અપાય છે. તપથી શરીર સૂકાય છે પણ આત્માનું તેજ વધે છે. અને ભલ ભલા અસાધ્ય રોગો પણ મટી જાય છે.

અમે મુંબઇ હતાં ત્યારે એક ભાઈને કેન્સરનું દર્દ થયેલ. કેન્સરનું નામ જ એવું છે કે તે સાંભળતાં જ માણસને હાયકારો લાગી જાય. કેન્સર થતાં માણસ દુનિયામાંથી કેન્સલ જ થઈ જાય છે. આ ભાઇને ગળાનું કેન્સર હતું. ગળેથી પાણીનું ટીપું પણ ઉતરતું નહોતું. ઉનાળાનો દિવસ; જીભ તો સૂકાઇ જાય છે. પાણી પાણી કરે પણ જ્યાં બે ટીપા પાણી ગળેથી ઉતારે ત્યાં એવી કારમી વેદના થાય કે એની સીમા નહિં. ખૂબ પૈસા ખર્ચી દવાઓ કરી. કંઈ જ રાહત ન થઈ. ત્યારે એ ભાઈએ નિર્ણય કર્યો કે મેં રોગ મટાડવા થાય તેટલા વાના કર્યા. ટાટા હોસ્પિતાલમાં ગયો. કિરણ લીધા, પૈસાનાં પાણી કર્યા, પણ ગળેથી એક ટીપું પણ પાણીનું ઉતરતું નથી. હવે મારે બીજી કોઈ પણ દવા કરવી નથી. પ્રભુને પ્રાર્થના કરીને કહે છે હે પ્રભુ ! તારી સાક્ષીએ આજથી ત્રીસ ઉપવાસનાં પ્રત્યાખ્યાન લઉં છું. જો મને રાહત થાય તો આહાર પાણીનો આગાર છે. અને રોગ ન મટે તો વોસિરે વોસિરે. શ્રદ્ધાપૂર્વક તપના પ્રત્યાખ્યાન કર્યા. અને સોળમે દિવસે તેણે એક પ્યાલો પાણી પીધું. ગળામાં કોઈ જાતની તકલીફ ન રહી, અને વીસ ઉપવાસ પૂરા થતાં તો સાવ સારું થઈ ગયું. એક ટીપું પાણી ઉતરતું ન હતું તેને બદલે ખાવાપીવામાં પણ તકલીફ પડતી બંધ થઈ ગઈ. એ ભાઈને તપ ઉપર એટલી બધી શ્રદ્ધા થઇ ગઇ કે ન પૂછો વાત. શ્રદ્ધાપૂર્વક કરેલો તપ ફળ્યા વિના રહેતો જ નથી.

વિશ્વાસ–શ્રદ્ધા એ આત્માની જ્યોતિ છે. સંશય એ આત્માનો અંધકાર છે. વિવેક હૃદયની સૌરભ છે અને અવિવેક એ મનની ગંદકી છે. જેના મનમાં શ્રદ્ધાની જ્યોતિ જલે છે એના કાર્યની સિદ્ધિ થયા વિના રહેતી જ નથી. શ્રદ્ધાથી માણસ આગળ વધી શકે છે. અને દુષ્કર કાર્યોમાં પણ સફળતા મેળવી શકે છે. પણ પ્રશ્ન એ છે કે આજના મનુષ્યને એક પણ બાબતમાં શ્રદ્ધા નથી. એથી પણ મોટો પ્રશ્ન એ છે કે આજે જુની શ્રદ્ધા તૂટતી જાય છે અને નવી શ્રદ્ધાનું નિર્માણ થઈ શકતું નથી. પછી ધર્મ, સમાજ અને ચારિત્રની ચઢતી કયાંથી થાય ? શ્રદ્ધા એજ જીવનનું બળ છે.

આ બે કુમારોને માતા–પિતા કહે છે હે મારા વ્હાલસોયા પુત્રો ! તમારે દીક્ષા લેવાનો આ સમય નથી. વેદમાં કહ્યું છે કે જે પુત્ર વિના મરણ પામે છે એને સ્વર્ગની

પ્રાપ્તિ થતી નથી. માટે તમે લગ્ન કરો. સંસારના સુખ ભોગવો. અને આ ગાદીના વારસદાર પુત્રની પ્રાપ્તિ થયાં પછી વાનપ્રસ્થ અવસ્થામાં તમે સંન્યાસ લેજો. અત્યારે તો તમારે સંસારના સુખો ભોગવવાનો સમય છે. બંધુઓ ! જેને સાચાં રત્નની પીછાણ થઈ જાય તે પછી કાચના ટુકડામાં ભરમાય ખરો ? તમને સાચા ઝવેરાતની પીછાણ નથી થઇ તેથી જ અમારે તમને રોજ કહેવું પડે છે.

એક વખત એક ઝવેરી ઝવેરાતના ધંધામાં થાપ ખાઇ બેઠો. એણે બે લાખ રૂપિયાનો એક હીરો ખરીદ્યો. તેમાં એ છેતરાઇ ગયો. એ હીરો ખરીદ કર્યા પછી એણે તપાસ કરી તો હીરો ખોટો છે. ઘરમાં સંપત્તિ રહી નહિ તેથી ખૂબ આઘાત લાગ્યો. પરિણામે શેઠ માંદા પડયા. અંતિમ સમય નજીક આવી ગયો. શેઠ મનમાં મૂંઝાય છે કે બધી સંપત્તિ બે લાખના હીરામાં ખર્ચાઈ ગઈ. હવે પાસે કંઇ છે નહિ. દિકરો નાનો છે, આ બે જણનું શું થશે ? ઉપરથી ઉજળો છું પણ ઘરમાં કાંઈ નથી. શેઠ એમની પત્નીને આશ્વાસન આપવા કહે છે, જુઓ ! તમે મા દિકરા આનંદથી રહેજો. અને જ્યારે ખૂબ અગવડમાં મૂકાઇ જાવ ત્યારે ગામમાં ફલાણા શેઠ ઝવેરી છે તે મારા ખાસ મિત્ર છે. આપણી તિજોરીમાં એક ડબ્બીમાં લાલ કાગળે એક હીરો વીંટીને મૂકયો છે, તે લઇને મારા મિત્ર પાસે જજો. તો તમારી અગવડતા ચાલી જશે.

મા–દિકરો માને છે કે કિંમતી હીરો મૂકીને ગયા છે પણ આપણે હમણાં વટાવવો નથી. સુખે દુઃખે જીવન વીતાવે છે. અને શેઠાણી પુત્રને ભણાવે છે. પણ તેઓ જ્યારે ખૂબ કષ્ટમાં મૂકાઈ ગયા ત્યારે માતા કહે છે બેટા ! તિજોરી ખોલ અને હીરો લઈને તારા કાકાની દુકાને જા. આ છોકરો ડબ્બી લઇને શેઠની દુકાને જાય છે. શેઠ આ છોકરાને ઓળખી જાય છે. અને પૂછે છે બેટા ! આજે કેમ આવવાનું બન્યું ? છોકરો કહે છે કાકા ! મારા બાપુજી અમને આ પ્રમાણે કહી ગયાં છે. અમારી અત્યારે આ સ્થિતિ છે. માટે હું અહિં આવ્યો છું. આપ આ હીરો વેચાણ લો. અથવા ગીરવી રાખો પણ મને પૈસા આપો. આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. શેઠે ડબ્બી ખોલી. હીરો જોયો. તો કાચ છે. શેઠ પરિસ્થિતિ સમજી ગયાં. અને વિચાર કર્યો કે આ તો મારો ખાસ મિત્ર હતો. એની પત્ની અને પુત્ર દુઃખમાં હોય ત્યારે મારે મદદ કરવી જ જોઈએ. પણ જો અત્યારે એમ કહીશ કે આ તો કાચનો ટુકડો છે તો એમને આઘાત લાગશે. એટલે કહે છે બેટા ! આ હીરો બહુ કિંમતી છે. હમણાં એના ઘરાક નહિ મળે. અત્યારે ઓછી કિંમતે વેચવો પડશે. માટે તું તારે ઘેર જ લઈજા. હું તને આ પાંચ હજાર રૂપિયા આપું છું. તે લઇ જા. તું અને તારી મા ખાઈ–પીને આનંદ કરો.

બંધુઓ ! મિત્ર કેવા હોવા જોઈએ ? દુઃખમાં જે સહાયક બને તે જ સાચો મિત્ર છે. આજે તો મિત્ર હોય ત્યાં સુધી શરમ પડે. પછી તું કોણ અને હું કોણ ? તમને

મળ્યું હોય તો દુઃખીના દુઃખ મટાડજો. ગઈ કાલના મૂશળધાર વરસાદમાં જે બિચારાનાં ઘર પડી ગયાં હશે, બેહાલ બની ગયા હશે, તેની કઈ દશા થઈ હશે ? તમે તો ખાઈ-પીને આરામથી સૂઈ ગયા હશો. તમને એમના દુઃખનો ખ્યાલ આવ્યો છે ?

ફૂલ પથારી તમે સૂવો ને ભાઈ તમારો રઝળે છે,
મેવા મિષ્ટાન્ન તમારે ત્યાં, એ બાલુડાં ટટળે છે.
ઉડી કેમ જાય ના નિદ્રા તમારી, મીઠી વાનગી કાં બને ના અકારી,
સુખમાં ડૂબેલા મનને મનાવો, તમોને મળ્યું એને બધાનું બનાવો,
વચન સુણ્યાં જે વીર પ્રભુના, ફોગટ જોજો જાય ના....સહારા....

આ દુઃખીના દુઃખ જોઈ તમારું હૈયું પીગળી જવું જોઈએ. તમારી ઉંઘ ઉડી જવી જોઈએ. તમને મળ્યું છે એને તમારું એકનું જ ન માનતાં સંવિભાગ કરો તો જ તમે સાચા જૈન છો.

આ છોકરો પાંચ હજાર રૂપિયા લઈને ઘેર આવે છે. માતાને વાત કરે છે ત્યારે માતા કહે છે બેટા ! શેઠે હીરો ન રાખ્યો માટે આપણે એ પૈસા લેવાય નહિ. તું અત્યારે જ જઈને પાછા આપી આવ. છોકરો પેઢી ઉપર પાછો આવે છે અને કહે છે બાપુજી ! મારી બા આ રીતે પૈસા રાખવાની ના પાડે છે. તો શેઠ કહે છે : તું ભણવાનું છોડી દે અને મારી પેઢી ઉપર કામે લાગી જા. હું તને ધંધો કરતાં શીખવાડી દઉં. આ છોકરો શેઠની પેઢી ઉપર કામે લાગી જાય છે. શેઠ એને બે વર્ષમાં સાચો ઝવેરી બનાવે છે. કિંમતીમાં કિંમતી ઝવેરાત પારખતો થઈ જાય છે. ત્યારે શેઠ કહે છે બેટા ! હવે તારો હીરો લઈ આવ. છોકરો હીરો લેવા જાય છે. હવે તો એ પોતે જ ઝવેરી બની ગયો છે. એટલે તેણે ડબ્બી ખોલીને જોયું તો કાચનો ટુકડો છે. હવે એ કાચનો ટુકડો સંઘરે ખરો ? તરત જ ફેંકી દીધો. હવે એને ઝવેરીને કહેવું પણ ન પડયું. શેઠ પાસે જાય છે. શેઠ પૂછે છે બેટા ! હીરો કયાં ગયો ? કહે છે બાપુજી ! એ તો કાચનો ટુકડો હતો. શેઠ કહે છે : મેં એ હીરો રાખ્યો હોત તો તને એમ થાત કે કાકાએ મને ઠગો કર્યો અને હીરો બદલી લીધો. હવે તું કયારે પણ ઠગાઈશ નહીં.

આ છોકરો સાચો ઝવેરી બની ગયો. અને મહાન શ્રીમંત બની ગયો. તેમ પેલા બે કુમારો પણ એક વખતના સંત સમાગમથી આત્માના ઝવેરી બની ગયાં. સ્વ અને પરની, સત્ અને અસત્ની પિછાણ થઈ ગઈ. હવે એના માતા-પિતા ભોગ-વિષય સમાન કાચના ટુકડામાં લલચાવે તો એ લલચાય ખરા ? મને શોચ એ જ છે કે આ કુમારો એક વખતના સંત સમાગમથી વૈરાગ્ય રંગે રંગાઈ ગયા, પેલો છોકરો બે વર્ષમાં ઝવેરી પાસે રહીને સાચો ઝવેરી બની ગયો, પણ મારા ભગવાન મહાવીરના શ્રાવકો

વર્ષોથી સંત એવા આત્માના ઝવેરીના પાસા સેવે છે પણ હજુ એમને સ્વ-પરની પિછાણ થઈ નથી. જ્યારે તમને સ્વ-પરની પિછાણ થશે ત્યારે જ સાચું સુખ પામી શકશો.

ભાદરવા સુદ ૧૧ ના દિવસે સ્વ પૂ૦ ગુરૂદેવ આચાર્ય રત્નચંદ્રજી મહારાજ સાહેબની પુણ્યતિથિ છે. તે નિમિત્તે દશમ-અગિયારસ અને બારશના અઠ્ઠમ કરાવવા છે. એ પૂ૦ ગુરૂદેવ રત્ન સમાન સાચા ઝવેરી હતાં. એમનો અમારા ઉપર અનહદ ઉપકાર છે. તો અઠ્ઠમ મોટી સંખ્યામાં કરશો. અમારો ભાલ લેશો તો સંસારનો ભાર આવો નહિ પડે, આત્મકલ્યાણ સાધી શકાશે. વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૫૧

ભાદરવા સુદ ૯ ને બુધવાર તા. ૯-૯-૭૦

શાસ્ત્રકાર ભગવંત ત્રિલોકીનાથે આ જગતના જીવોના કલ્યાણને અર્થે સિદ્ધાંત રૂપ વાણીની પ્રરૂપણા કરી. ત્રણે કાળે સિદ્ધ થયેલી વસ્તુ તેનું નામ સિદ્ધાંત. ભગવાનની વાણીમાં અનંત સામર્થ્ય રહેલું છે.

विश्वव्यापि तमो हिनस्ति तरणि, र्बालोऽपि कल्पाङ्कुरो ।
दारिद्र्याणि गजावलीं हरिशिशुः काष्ठानि वह्नेः कणः ॥
पीयूषस्य लवोऽपि रोगनिवहं यद्वत्तथा ते विभो ।
मूर्तिः स्फुर्तिमती त्रिजगती कष्टानि हर्तुं क्षमा ॥

જેમ ઉગતા સૂર્યનું એકજ કિરણ વિશ્વ ઉપર વ્યાપેલા અંધકારનો નાશ કરે છે. કલ્પવૃક્ષનો એક અંકુરો પણ દરિદ્રતાનો નાશ કરે છે. સિંહનું એક નાનકડું બચ્ચું હાથીઓના સમૂહને ભગાડી શકે છે. અગ્નિનો એક જ કણ લાકડાંની ગંજીને બાળીને સાફ કરી નાંખે છે. અને અમૃતનું એક જ બિંદુ રોગનો નાશ કરે છે. માણસ ગમે તેટલો માંદો હોય પણ જો અમૃતનું એક બિંદુ પાવામાં આવે તો એનો રોગ નાશ પામે છે. તે જ રીતે વીરના એક જ વચન પર પ્રતીતિ થાય તો મિથ્યાત્વ રૂપી અંધકારનો નાશ થયા વિના નહીં રહે. પણ તમને સંસારના કાર્યમાં જેટલી શ્રદ્ધા છે તેટલી વીર પ્રભુના વચન પ્રત્યે નથી. જેટલા રેડિયાના સૂર સાંભળવા ગમે છે એટલા વીરવાણીના સૂર સાંભળવા ગમતા નથી.

આજે સૌ કોઈ રેડિયા ઉપર શું સમાચાર આવ્યા, પેપરમાં શું સમાચાર આવ્યો તે સાંભળવા અને વાંચવા માટે આતુર હોય છે. વાહનવ્યવહાર ચાલુ થયો કે નહિ. તાર–લાઈન શરૂ થઈ કે નહીં, એ બધું તમે જાણવા માગો છો, તો ભગવાન કહે છે કે હે આત્મા! તારી જીવન નૌકા મઘદરિયે ઝૂલી રહી છે. તેની તને કંઈ ચિંતા થાય છે! કે પરની જ ચિંતા કરી છે? ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં બે આત્માઓને જીવનનૌકાને તારવાની લગની લાગી છે.

જેણે સંત સમાગમ કર્યો છે, જડ ચૈતન્યની વહેંચણી કરી છે, આત્માનું મહત્વ સમજ્યા છે તેને જ સંત સમાગમ કરવાનું મન થાય છે. કારણ કે તે સમજે છે કે ધન, માલ–મિલ્કત, કુટુંબ–પરિવાર આ બધું મને અંતિમ સમયે ત્રાણ શરણ થનાર નથી. ગરીબ યા શ્રીમંત, બાળક, યુવાન, વૃદ્ધ, સ્ત્રી–પુરૂષ સર્વેને એક દિવસ તો છોડીને જવાનું છે, સાથે તો પાપ અને પુણ્ય, શુભાશુભ કર્મ સિવાય કાંઇ જ આવવાનું નથી, જીવન અવિરતપણે ચાલ્યું જાય છે. જે યુવાનીમાં ખૂબ કાળજીપૂર્વક શરીરનું જતન કરવામાં આવે છે તે યુવાની પણ પાણીના પૂરની જેમ વેગે વહી જાય છે. ઘડપણમાં શરીરની શક્તિઓ ક્ષીણ થઈ જાય છે અને શરીરની લાલી ચાલી જાય છે.

શરીર રૂપી કોડીની બહુ સંભાળ લીધી અને રત્ન જેવા આત્માને ભૂલી ગયા. પણ દેહનો રંગ જોતજોતામાં પલટાઈ જાય છે. આવા ક્ષણ ભંગુર શરીર માટે શાશ્વત આત્માને ભૂલી ગયા છો. જ્ઞાની કહે છે કે "મકાનની માવજતમાં માલિકને ન વિસારો, દેહના રખોપામાં દેહીને ન ભૂલો." આત્માની પિછાણ મનુષ્ય ભવ સિવાય બીજે ક્યાંય નહીં થાય. આ અવસર ચૂક્યા તો પછી પસ્તાવો થશે. પંખીડા ખેતરમાંથી ક્ષણ ચણી જાય ત્યારે ખેડૂત ધ્યાન ન રાખે. આળસ કરીને બેસી રહે અને પછી પસ્તાવો કરે તેનો શો અર્થ? તેમ તમારું જીવન આળસમાં વ્યતીત થાય છે. અંતિમ સમયે પસ્તાવો થશે, પણ ગયેલો અવસર પાછો આવવાનો નથી. અંતિમ સમયે તમને કોઈ બચાવનાર નથી.

તમારી પથારી પાસે તમારા સગાં–સ્નેહીઓ વીંટળાઈને ઉભા હશે, મોટામાં મોટા સર્જન ડોકટર હાથમાં નાડી પકડીને બેઠા હશે તો પણ હંસલો ચાલ્યો જશે. આયુષ્યની દોરી સાંધવા કોઈ સમર્થ નથી. ભગવાનનો નિર્વાણ સમય નજીક આવ્યો ત્યારે ઈન્દ્રોએ ચરણમાં પડીને વિનંતી કરી કે હે પ્રભુ! ભસ્મગ્રહ ઉતરી જાય તેટલો સમય આપ આયુષ્ય લંબાવો, તો દુનિયાના જીવો શાંતિથી જીવી શકશે. ત્યારે ભગવાને કહી દીધું કે હે ઈન્દ્ર! બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહીં. આયુષ્ય ઘટે પણ વધે નહીં. ચોભંગીમાં કહ્યું છે કે (૧) વધી વધીને વધે તૃષ્ણા. (૨) ઘટી ઘટીને ઘટે

આયુષ્ય. (૩) વધે નહીં અને ઘટે પણ નહીં તે કેવળીએ પ્રરૂપેલાં ને જોયેલાં ભાવ. (૪) વધે પણ ખરા અને ઘટે પણ ખરા–મનના પરિણામ.

બંધુઓ ! આયુષ્ય તૂટેલું સંધાતું નથી. માટે આ માનવ જીવનની નૌકા ડૂબી ન જાય તેનું ખાસ લક્ષ રાખજો. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૩ મા અધ્યયનમાં ભગવાને કહ્યું છે કે,

सरीरमाहु नाव त्ति, जीवो वुच्चइ नाविओ।
संसारो अण्णवो वुत्तो, जं तरंति महेसिणो॥ उ. अ. २३–७३

માનવદેહ એ સંસાર રૂપી સમુદ્રને તરવા માટે નૌકા સમાન છે. અને અંદર બેઠેલો જીવાત્મા નાવિક છે. મહાન પુરૂષો આ નૌકામાં બેસીને સંસાર સમુદ્રને તરી ગયાં છે. જેનો નાવિક સારો હોય તેની નૌકાને આંચ આવતી નથી. ક્ષેમકુશળ સામે પાર પહોંચી જાય છે. પણ જો નાવિક બે ફામ હોય તો નૌકા ખડકો સાથે અથડાઇ જાય અને ભાંગીને ભુક્કો થઈ જાય. તમે એક લાખ રૂપિયાની અમેરિકાની ગાડીમાં બેઠા છો. ગાડીમાં રેડિયો, એરકન્ડીશન બધી જ સગવડ છે. અંદર બેઠા બેઠા ભલકાવ છો કે હું લાખ રૂપિયાની અમેરિકાની ગાડીમાં બેઠો છું. પણ ગાડીનો ડ્રાયવર સારો ન હોય અને જો તે બ્રેક ચુમાવી બેસે તો એકસીડન્ટ થઈ જાય. લાખ રૂપિયાની ગાડીના ભુક્કા બોલી જાય છે. ગાડી તો જડ છે. એને કંઈ થવાનું નથી. નુકશાન તમને છે. તેમ આ જીવરૂપી નાવિક જો ભવ સમુદ્રને પાર કરવામાં બેદરકાર રહેશે તો નુકશાન નૌકાને નહીં થાય, પણ ચેતનને ખોટ જશે. નૌકાને સાવધાન રાખવા સમુદ્રમાં દીવાદાંડીની જરૂર છે. તેમ હે બન્ધુઓ ! આ સંસાર સમુદ્રમાં રાગ અને દ્વેષ રૂપી મગરમચ્છો રહેલા છે. અને ક્રોધ–માન–માયા અને લોભ રૂપી મોટા ખડકો ઉભા છે. માટે તમારી જીવન નૌકા સાવધાનીથી હાંકજો. નહીંતર ભાંગીને ભુક્કો થઈ જશે.

આ સંસાર સમુદ્ર તરવાને માટે ભગવાને આગાર અને અણગાર એમ બે પ્રકારનો ધર્મ બતાવ્યો છે. વધુ ન કરી શકો તો આગાર ધર્મમાં તો જરૂર આવો. હે રાજકોટના શ્રાવકો ! તમારા સંસારનાં સુખોમાં સ્વાર્થ ભરેલો છે. શરીર ઉપરથી ઉજળું દેખાય છે, અંદર તો મલીનતા ભરેલી છે. ઘણી વખત દૂધ મેળવવામાં આવે છે તેમાં ઉપર પોપડો પણ સરસ જામી ગયો હોય છે. પણ નીચે પાણી જ હોય છે. તેમ સંસારના સુખો ઉપરથી સુંદર દેખાય છે, પણ નીચે તો પાણી જ છે. એકાંત સ્વાર્થની જ બાજી છે.

" भात कहे मेरा पुत सपुता, बहेनी कहे मेरा वैया,
घरडी बोरूं थेां कहे, सबसे बडा रूपैया "

ભાતા કહે છે–મારો પુત્ર, બહેની કહે–મારો વીર, અને ઘરની સ્ત્રી 'અમ્મા મારા

સ્વામીનાથ' કહેતી હોય. એ બધું ક્યાં સુધી ? જ્યાં સુધી સ્વાર્થ સધાય ત્યાં સુધી, બાકી તારું કોઈ નથી. નમિ રાજર્ષિ જ્યારે દીક્ષા લેવા નીકળ્યા ત્યારે બ્રાહ્મણના રૂપમાં ઇન્દ્ર આવીને કહે છે કે નમિરાજ ! તારી દીક્ષા એ ધર્મનું કારણ નથી પણ અધર્મનું કારણ છે. પુણ્યનું કારણ નથી પણ પાપનું કારણ છે. આ તારું અંતેઉર રડે છે. આખી નગરીમાં કોલાહલ મચી રહ્યો છે. પ્રજા ઝુરે છે. માટે તું દીક્ષા ન લઈશ. પણ એ કંઈ પતંગિયો રંગ ન હતો, કે તડકે મૂકે ને ઉડી જાય. આ તો મજીઠિયો રંગ હતો. નમિરાજ ઋષિને આત્માનો રંગ લાગ્યો હતો. એમણે કહી દીધું કે એ તો એમના સ્વાર્થને રડે છે. મને કોઈ રડતું નથી,

આજે તો તમોને ક્ષણ પુરતો વૈરાગ્યનો રંગ લાગી જાય પણ પછી સિંચન ન મળે તો ઉતરી જાય છે. જ્યારે ખૂબ વરસાદ પડે ત્યારે નદીમાં પૂર આવે છે. આજે નદી બે કાંઠે છલકતી હોય અને કાલે જોઈએ તો પૂર ઉતરી ગયા હોય. દરિયામાં સવારે જોઈએ તો અમુક સ્થળે પાણી ન હોય, અને સાંજે બંબાકાર પાણી હોય છે. ત્યાં ભરતી અને ઓટ આવે છે તેમ તમારામાં પણ ભરતી અને ઓટ આવે છે. સાચા વૈરાગીના જીવનમાં ભરતી અને ઓટ આવતા નથી. કસોટીના સમયમાં એ પાછો હઠતો નથી. સોનું અને પિત્તળ એ બંનેનો રંગ સરખો છે. પણ અગ્નિમાં નાંખવામાં આવે ત્યારે પિત્તળ પાછું હઠી જાય છે. જ્યારે સોનું અગ્નિમાં નાંખો કે તેજાબમાં નાંખો પણ તેની કિંમત વધે છે.

ઠાણાંગ સૂત્રમાં ચોભંગી કહી છે. તેમાં ચાર પ્રકારના ગોળા બતાવ્યા છે. એક મીણનો ગોળો, બીજો લાકડાનો ગોળો, ત્રીજો લોખંડનો ગોળો અને ચોથો માટીનો ગોળો. એ ચાર પ્રકારના ગોળાને વાદાવાદી ચાલી. મીણનો ગોળો કહે છે હું જબરો, લાકડાનો ગોળો કહે હું બળવાન, લોખંડનો ગોળો કહે હું બળવાન. પણ માટીનો ગોળો કહે, મારે હરીફાઈ કરવી નથી. હું તો શાંતિથી બેઠો છું. તમે હરીફાઈ કરો. એ ચાર પ્રકારના ગોળાની જેમ ચાર પ્રકારના મનુષ્યો હોય છે.

પહેલાં મીણના ગોળાને અગ્નિમાં નાંખવામાં આવ્યો નથી પણ જ્યાં તેને અગ્નિનો તાપ લાગ્યો ત્યાં ઓગળી જાય છે. તેમ એક પુરૂષ એવા પ્રકારનો હોય છે કે જ્યાં સ્હેજ કસોટી આવે, સ્હેજ કોઈનું કટુવચન સાંભળે, ત્યાં ધર્મ છોડી દે છે. બીજો લાકડાનો ગોળો—એને અગ્નિ પાસે મૂકવાથી કાંઈ ન થાય પણ અગ્નિમાં પડયો કે બળી જાય છે. તેમ કંઈક જીવો સ્હેજ સહન કરવામાં ધર્મ ન છોડે પણ કોઇ એને મ્હેણું મારે, ગાળ દે તો તરત જ ધર્મને છોડી દે છે. ત્રીજો લોખંડનો ગોળો, અગ્નિમાં નાંખે કે તરત જ બળી જતો નથી પણ અગ્નિમાં ખૂબ તપે ત્યારે ઢીલો પડી જાય છે, તેમ કંઇક આત્માઓ એવા છે કે કોઇના આકરા વચન સહન કરે છતાં પીગળે નહિ પણ જો એને મારકૂટ

કરે તો ધર્મ છોડી દે છે. ચોથો માટીનો ગોળો જેમ જેમ અગ્નિમાં તપે તેમ તેમ મજબૂત થાય છે. તેમ કંઈક જીવો એવા છે કે જેમ જેમ કસોટી થાય તેમ તેમ તે ધર્મમાં વધુ મજબૂત થાય છે. પોતે મજબૂત થાય છે અને બીજાને પણ ધર્મમાં મજબૂત બનાવે છે. બંધુઓ ! હવે તમારો નંબર કેવા પ્રકારના ગોળામાં છે ! તમે મીણનાં ગોળા જેવાં છો, લાકડાનાં ગોળા જેવા છો, લોખંડનાં ગોળા જેવા છો કે માટીના ગોળા જેવા છો ! તેનો તમે નિર્ણય કરી લેજો.

ભૃગુ પુરોહિતના બે પુત્રોને વૈરાગ્યનો રંગ લાગ્યો છે. માતા-પિતા પાસે વૈરાગ્યની વાત કરે છે. ત્યારે માતાપિતા તો એમને જુદું જ કહે છે. બંને બાલુડા સંસારમાંથી છૂટવાની વાત કરે છે ત્યારે માતા-પિત. એમને સંસારમાં બાંધવાની વાત કરે છે. અને કહે છે કે હે પુત્રો ! પુત્રની પ્રાપ્તિ વિના સ્વર્ગની પ્રાપ્તિ થતી નથી. હજુ પણ શું કહે છે-

अहिज्ज वेए परिविस्स विप्पे, पुत्ते परिट्ठप्प गिहंसि जाया
भोच्चाण भोए सह इत्थियाहिं, आरण्णगा होए मुणी पसत्था उ. अ. १४-९

હે મારા વ્હાલસોયા પુત્રો ! તમે પહેલાં વેદ ભણો. વેદનો અભ્યાસ તો તમારે કરવો જ જોઈએ. બંધુઓ ! સૌને સૌના ધર્મનું અભિમાન હોય છે. આ ભૃગુ પુરોહિત વેદમાં નિપુણ હતો. ગૌતમ સ્વામી પહેલાં તો વેદાંતી હતા. એ ચાર વેદના પ્રખર વિદ્વાન હતા. તો તમો પણ તમારા ધર્મના પ્રખર વિદ્વાન હશો ને ? જેનો જે ધર્મ હોય તેનું તત્વજ્ઞાન તો અવશ્ય મેળવવું જ જોઈએ. જો તમને તમારા તત્વોનું જ્ઞાન નહીં હોય તો પાખંડીઓ તમને પીંખી નાંખશે. તમે અટવાઈ જશો. જો તમારામાં જ્ઞાન હશે તો અટવાઈ જશો નહીં. પણ સુખ અને દુઃખમાં તમે સમાન રહી શકશો.

આજે તમારામાં જે કાંઇ નબળાઇઓ દેખાય છે તે અજ્ઞાન અને અસંયમને કારણે જ છે. તમારા નબળાં પડેલાં તત્વોને સબળ બનાવવાનો અમોઘ ઉપાય હોય તો જ્ઞાન અને ચારિત્ર છે. દુઃખ આવે તે પહેલાં દુઃખને જાણી લો. પછી તે આવશે તો તમને આકરું નહીં લાગે. જ્યાં ઘર છે ત્યાં દુઃખ બેઠું જ છે. ચારિત્રમાં દુઃખ નથી. એટલા માટે જ ભગવાન મહાવીરે કહ્યું છે કે મહેલમાં જે આનંદ નથી તે ચારિત્રમાં છે. માટે મારે મહેલ નથી જોઈતો. મારે સંયમ માર્ગે જવું છે. મહેલમાં જેલ છે. સંયમમાં મસ્તી છે. જ્ઞાન દૃષ્ટાથી વિચાર કરવામાં આવે તો સમજાય છે કે જે આત્માઓ સર્વ મમતાનો ત્યાગ કરી ચારિત્ર માર્ગે ગયા-તેઓ જેટલા સુખી હતા એના કરોડમા અંશે પણ અહીંનો કરોડપતિ સુખી નથી. જેણે બધું છોડી દીધું તેને ચિંતા નથી.

બંધુઓ, દુઃખ કયાં છે? મમતામાં. જ્યાં મમતા નથી ત્યાં દુઃખ પણ નથી. મમતામાં દુઃખ અને સમતામાં સુખ. જે વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે મમતા થઈ અને ત્યાં દુઃખ ઉભું થયું. પછી એના જ વિચારો આવે. મન એનામાં જ રમ્યા કરે, પછી આધ્યાત્મિક પ્રગતિ કયાંથી થાય? જેમ પતંગ દોરથી બંધાયેલો છે તેમ આ જીવ મમતાના દોરાથી બંધાયેલો છે. તેથી જીવ ગમે ત્યાં જાય પણ મમતા રૂપી દોરો એને પાછો નીચે લઇ આવે છે. ચક્રવર્તી જેવા ચક્રવર્તીઓએ જ્યારે છ ખંડના રાજ્યની મમતા છોડી દીક્ષા લીધી ત્યારે તેમને રાજ્ય કરતાં ત્યાગમાં ખૂબ આનંદ આવ્યો. છોડવામાં મર્દાનગી છે, ભેગું કરવાનું કામ તો ભિખારીઓ પણ કરે છે. જે છોડે છે તે મહાન છે. ત્યાગ કર્યા વિના માનવ કદી મહાન બની શકતો નથી. ચક્રવર્તીઓ ભોગોને છોડી દે છે ત્યારે તેઓ તેને તણખલું જાણીને છોડી દે છે. જે દુઃખ આપે, મગજમાં અનેક પ્રકારની ચિંતાઓ ઉભી કરે એની મમતા શા માટે રાખવી? વિષયોની આસક્તિ એ તો કર્મનું બંધન છે.

"વિષયો મહીં આસક્તિ જે, એ બંધનું કારણ કહ્યું,
વિષયો મહીં વિરક્તિ જે, એ મોક્ષનું કારણ કહ્યું."

જે વસ્તુને છોડવા બેઠા તેના પ્રત્યે મમતા રાખવામાં આવે તો છોડી શકાય નહિ. મમતા એ બંધનું કારણ છે. અને વિષયો તરફથી વિરક્તિ એ મોક્ષનું કારણ છે. જેને છોડવા બેઠા એની કિંમત પોતાના આત્મા કરતાં ઓછી લાગે તો જ છોડી શકાય. નહીંતર છૂટે નહીં. કદાચ સમજ્યા વિના છૂટી જાય તો પાછળથી બળતરા થાય. ચક્રવર્તીઓએ છ ખંડનું રાજ્ય તણખલા તુલ્ય ગણીને છોડયું અને સમતાનું સિંહાસન મેળવી લીધું. ચારિત્રની મઝા જ એવી છે કે તમારા અંતરમાં આનંદની લ્હેરો આવે, મસ્તી આવે. પછી એ મસ્તી આગળ સંસારનાં બધાં જ સુખો તુચ્છ લાગે. ત્યાગ સ્વભાવે આવી જાય. ગમે તેવી સુંદર વસ્તુ સામે આવીને ઉભી રહે તો પણ મૂર્છા થાય નહિ. ત્યાગીઓ છોડે તો એમ કહે કે મેં તુચ્છને છોડયું અને પરમને મેળવ્યું. અક્ષયસુખનું અને પરમ સુખનું કારણ ત્યાગ–ચારિત્ર છે. જ્ઞાન અને ચારિત્રથી આત્મામાં એવી શક્તિ પેદા થાય છે કે પાપ તો એને અડી શકે જ નહીં. વિશ્વની કોઈ પણ તાકાત એનાથી બળવાન નથી.

જ્ઞાન અને ચારિત્રથી આત્મામાં વિવેક આવે છે. તેથી એ સમજે છે કે હું તો આત્મા છું. હું જે દેહમાં વસું છું એ દેહને જે દુઃખ આવે છે તે બીજું કોઈ આપતું નથી. પણ દુઃખ આપનાર મારા પોતાના જ કર્મો છે. માટે પહેલાં મારે કર્મને હણવાં છે. જેમ પગમાં કાંટો વાંગે અને કાંટો ન નીકળે ત્યાં સુધી વેદના થાય છે. તેમ કર્મ આત્માની સાથે લાગેલા છે ત્યાં સુધી એક નહીં તો બીજી વેદના તો આવવાની જ છે. હું આત્મા છું એવી પ્રતીતિ થયા પછી પૂર્ણ બનવા માટે જે કંઇ ક્રિયાઓ થાય છે તેમાં

આનંદ જ આવે છે. આત્માને સમજ્યા પછી ધર્મક્રિયા કરવામાં જે રૂચિ જાગે છે તે સમ્યગ્–દર્શનનું પરિણામ છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા જે કંઈ ક્રિયા કરે તે ધાવ માતાની જેમ કરે છે. દેહને સજાવે, નવડાવે, ખવડાવે ત્યારે કહે છે કે હે આત્મા ! તું આ દેહમાં છે એટલે આને નવડાવવો પડે છે, ખવડાવવું પડે છે. જો તું ન હોય તો પછી આને તો બાળી જ મૂકવાનું છે.

અજ્ઞાનીને દેહ માટે મૂર્છા છે. મૂર્છા છે ત્યાં ભય છે. આત્મ ભાવમાં અને દેહભાવમાં શું ફરક છે ? જેને દેહ તરફનો ભાવ છે એ બીકણ હોય છે. હું મરી જઈશ, મારું લૂંટાઈ જશે, મારું શું થશે ? આમ કલ્પનાથી ભય ઉભા કરે છે. જે માણસ બીકણ હોય, અંધારાથી ડરતો હોય તે અંધારામાં બેઠો હોય તો પણ અંદરથી તો વિચારતો હોય કે અંદર કોઈ હશે તો નહીં ને ? અંદર કંઈક ખખડે કે પ્રકાશ દેખાય તો તરત જ એ ભયભીત બને છે. આત્મદશા આવ્યા પછી કોઈ જાતનો ભય રહેતો નથી. એ તો એ જ વિચાર કરે કે મારા આત્માને શું નુકશાન થવાનું છે ? કદાચ કંઈ થશે તો દેહને થશે પણ મારા આત્માને નહીં. એ કોઈથી ડરે નહીં. આત્માની શક્તિ અભય છે. ભય હોય તે સ્મશાનમાં ગજસુકુમારની માફક ધ્યાન લગાવી કેમ બેસી શકે ? ભય હોય તેને તો એકલા ઘરમાં જતાં પણ બીક લાગે. દેહભાવ જ બીકણ છે.

એક વખત એક રાજાએ નક્કી કર્યું કે મારે સંસાર છોડી સંન્યાસી બનવું છે. પણ કોના શિષ્ય બનવું ? એણે ગુરૂની શોધ કરવા માંડી. બધા સંન્યાસીઓને ખબર પડી કે રાજાને સંન્યાસી બનવું છે. ઘણાં સંન્યાસીઓએ વિચાર કર્યો કે આપણે રાજાના ગુરૂ બનીએ. રાજાના ગુરૂ બનવાની આશાથી ઘણાં સંન્યાસીઓ આવીને રાજાને કહેવા લાગ્યા કે અમે મોટા આશ્રમવાળા છીએ. માટે તમને બધી જાતની સગવડો આપી શકીશું. આ સાંભળી રાજાને હસવું તો આવ્યું પણ મૌન રહ્યા અને કહ્યું કે જેના આશ્રમનું આંગણું લાંબામાં લાંબુ હોય તેને જ હું મારા ગુરૂ બનાવું. રાજા સંન્યાસીઓનું આંગણું જોવા નીકળ્યો. દરેકનું આંગણું પહેલાનાં સંન્યાસીઓનાં આંગણા કરતાં મોટું હતું. પણ એક સંન્યાસી જે મૌન હતાં તેની પાસે ગયા તો ત્યાં આંગણું જ ન મળે. ત્યારે રાજા પૂછે છે કે ગુરૂદેવ ! આપના આશ્રમને આંગણું કેમ નથી ? ત્યારે સંન્યાસી કહે છે : રાજાસાહેબ ! તમે જોતાં નથી ? આખી ધરતી એ મારું આંગણું છે. અને આભ મારો પછેડો છે. હું ધરતીને બિછાવું છું. અને આભને ઓઢું છું. રાજા સંન્યાસીના ચરણમાં પડી ગયો અને એનો શિષ્ય બન્યો.

આ બે કુમારોને આત્માનું ભાન થયું છે. જેણે કંઈ પણ જ્ઞાન મેળવ્યું છે તે ગમે ત્યાં જશે તો પણ પોતાના ધર્મને ભૂલશે નહીં. માટે હું તો કહું છું કે તમારા સંતાનોને સંસ્કારી બનાવો. સંસ્કારી પુત્રો પરદેશના હવામાનમાં પણ રંગાતા નથી.

જુઓ ! આ વીરાણી શેઠના પુત્રો ! પરદેશમાં રહે છે છતાં તેઓ સામાયિક કરવાનું છોડતા નથી. આ એમનો માતાપિતાનો શિક્ષણ અને સંસ્કારનું બળ છે. આ બે પુત્રોને એમના માતા-પિતાએ સંત સમાગમથી વિમુખ રાખ્યા હતા. પણ પૂર્વ ભવમાંથી સંસ્કારો લઈ ને આવ્યા હતા. તે નિમિત્ત મળતાં જાગી ગયા. પણ બાપ કહે છે બેટા ! તમે વેદનું અધ્યયન કરો. વેદનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યા પછી બ્રાહ્મણોને ભોજન કરાવી ગૃહસ્થ ધર્મમાં પ્રવેશ કરો. સંસારનાં સુખો ભોગવીને પુત્ર પ્રાપ્તિ થયા બાદ એ સંતાનો મોટા થાય ત્યારે તેને ઘરમાં સ્થાપન કરીને પછી તમે સંયમ લો. તે સિવાય દીક્ષા લેવાય નહીં. પુત્રોને બાપ સંસારમાં ડુબાડી રાખવાનું પ્રોત્સાહન આપે છે. આનું કારણ જીવનો મોહ છે. વૃદ્ધ થાય પણ જીવનો મોહ છૂટતો નથી. પુત્રોના પુત્રો સુધી ચાલે તેટલું કમાવાની ચિંતા કરે છે. પણ તમને ખબર છે કે તમારા પુત્રો તમને શું કહેશે ? એક વખત એક વૃદ્ધ પિતા માંદા પડયા. બાપને ખૂબ મૂંઝવણ થાય છે. દિકરો સામે ઉભો છે. તે પૂછે છે બાપુજી ! તમને શી ચિંતા થાય છે ? જે હોય તે તરત જ કહો. હું તમારી ચિંતા દૂર કરું. બાપ કહે છે બેટા ! મને કોઇ ચિંતા નથી. એક તારી જ ચિંતા થાય છે કે તું આટલો મોટો થયો પણ કમાતા શીખ્યો નથી. ત્યારે પુત્ર કહે છે બાપુજી ! મને તમારી ચિંતા થાય છે કે આટલા વૃદ્ધ થયા, આખી જિંદગી તમે કાળા બજાર સિવાય કંઈજ કર્યું નથી. મારા માટે તો તમે ઘણું કમાઈને ભેગું કર્યું છે. આવું સરસ ઘર છે. પછી શું જોઈએ ! પણ તમે કોઈ દિવસ ભગવાનનું નામ પણ લીધું નથી. તમારું શું થશે ! બંધુઓ ! વિચાર કરજો. તમારે ઘડપણમાં આમ ના થાય.

તમે તમારો દિકરો કમાતો ન શીખ્યો તેની ચિંતા કરી પણ એને નવકાર આવડતા નથી, એની કદી ચિંતા કરી છે ? જો તમારે સુખી થવું હોય તો તમારા સંતાનોને સંસ્કારી બનાવો. જૈનશાળામાં મોકલો. જૈનશાળામાં જઈ ધર્મનું જ્ઞાન મેળવ્યું હશે તો કદી દુઃખ નહિ આવે. આ ભૃગુ પુરોહિત તેના પુત્રોને વેદનું જ્ઞાન મેળવવાનું કહે છે. આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૫૨

ભાદરવા સુદ ૧૦ ને ગુરૂવાર તા. ૧૦-૯-૭૦

શાસનપતિ ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થયા પછી જગતના જીવોને ત્રિવિધ તાપથી શાંતિ આપવા, ભવનું ભ્રમણ અટકાવવા અને

મોહનો મૂંઝારો મટાડવા માટે આપણા ઉપર ખૂબ જ અનુકંપા કરી છે. એ કરૂણા આ ભવપૂરતી જ નથી પણ ભવોભવ માટે છે. જેઓ સંસાર સમુદ્રને તરી ગયાં અને આપણને સંસાર સમુદ્ર તરવા માટે અનેક દાખલા–દલીલો અને ઉપમાઓ દ્વારા સમજાવી ગયાં છે.

મહાન પુરૂષોએ આ સંસારને વડલાની ઉપમા આપી છે અને મુસાફરખાનું પણ કહ્યું છે. ભૃગુ પુરોહિતના બે પુત્રો દેવભદ્ર અને જશોભદ્ર જેમને આ સંસાર એક વડલા જેવો અને મુસાફરખાના જેવો લાગ્યો છે. જેમની દૃષ્ટિમાં સંસારનાં સુખો તુચ્છ દેખાયાં છે. તેઓ સંયમ માર્ગે જવા તૈયાર થયાં છે. જ્યાં થોડા સમય માટે ભેગા રહેવાનું અને પાછું વિખરાઈ જવાનું છે, એવા સ્નેહની સાંકળે શા માટે બંધાવું જોઈએ ? જેમ મુસાફરખાનામાં બધા માણસો ભેગાં થાય છે અને સમય થતાં વિખરાઇ જાય છે. વડલા ઉપર સાંજ પડતાં પક્ષીઓ એકત્ર થાય છે અને સવાર પડતાં ઉડી જાય છે તેમ સર્વે જીવો આ સંસાર રૂપી વડલા ઉપર આવીને એકત્ર થયાં છે. આયુષ્ય પૂર્ણ થતાં આ વડલા ઉપરથી ઉડી જવું પડશે.

જ્ઞાની પુરૂષો કહે છે કે આવા વિનશ્વર સુખોની પાછળ તમે પાગલ ન બનો. જ્યારે કે ત્યારે એને છોડવાનાં છે. સ્વાધીનપણે નહીં છોડો તો પરાધીનપણે તો છોડવા જ પડશે. તો શા માટે સમજીને ન છોડો ! આવી સમજણ આવશે ત્યારે તો તમારી દશા જુદી જ હશે. સમજણના અભાવમાં જીવ જ્યાં જ્યાં જાય છે ત્યાં મમતાના દોરે બંધાય છે.

" जस्सिं कुले समुप्पन्ने, जेहिं वा संवसे नरे ।
ममाइ लुप्पइ बाले, अन्ने अन्नेहिं मुच्छिए ॥ " सूय. सु. अ. १–४

આ જીવ જે જે કુળમાં ઉત્પન્ન થયો, જેની જેની સાથે રહ્યો ત્યાં તેણે એક બીજામાં અજ્ઞાનપણે મમતા જ બાંધી. જ્યાં મમતા છે ત્યાં જ માર છે. અને સમતા છે ત્યાં સાર છે. માટે સમભાવ કેળવો. પણ તમે તો જ્યાં જાવ છો ત્યાં ચોંટી જ જાવ છો.

સાકર ઉપર માખી બેસે છે તો તે જ્યાં સુધી સાકરની મીઠાશની મઝા માણવી હોય ત્યાં સુધી માણે છે. અને મન ફાવે ત્યારે ઉડી પણ જાય છે. કોઈ જાતની બાધા–પીડા થતી નથી. પણ જે માખી તેલ કે ઘી ઉપર બેસે છે તે સુખ અલ્પ ભોગવશે પણ અંદર પાંખ ચોંટી જશે. અને અંતે મરી જશે. તેમ તમે પણ સંસારના રંગ રાગમાં ચોંટી જશો તો માખીની જેમ મરી જશો. દેહાથીં જીવડો દેહથી જુદો હોવા છતાં પોતે પોતાને દેહમય માની બેઠો છે. અને એમાં ચોંટી ગયો છે. કોશેટો પોતાના મુખમાંથી લાળ કાઢી પોતાના શરીર ઉપર લપેટે છે. પરિણામે એને ઉના પાણીમાં બફાવું પડે

છે. તેમ મોટા ભાગના જીવો ધન-વૈભવ, સત્તા, સંપત્તિ, પુત્ર, પત્ની આદિમાં સુખ માની મધલાળમાં લપટાય છે. એને પણ અંતે દુર્ગતિઓમાં કોશેટાની જેમ બફાવું પડશે. પરભવની વાત તો જવા દો. આ ભવમાં પણ બહારથી ઉજળા થઈને ફરતા હોય છે, પણ અંદરથી તો એનું કાળજું શેકાઈ રહ્યું હોય છે.

જેના જીવનમાં સ્વ-પરનો વિવેક જાગ્યો છે તેવા આત્માઓ ભૂલ કરે છે પણ ઠોકર વાગતાં ઠેકાણે આવી જાય છે. તે સુખમાં ચોંટી જતા નથી.

એક વખત એક મુનિ ગૌચરી નીકળ્યા. ઘરઘરમાં ગૌચરી કરતાં માર્ગ ભૂલ્યા. અને વેશ્યાના ઘરની સીડી ચઢી ગયાં. એમને ખબર નથી કે આ કોનું ઘર છે! તે તો ધર્મલાભ કહીને ઉભા રહ્યા. અંદરથી કામલત્તા ઘૂઘવાટ કરીને કહે છે, આ ધર્મલાભનું ઘર નથી. આ તો અર્થલાભનું ઘર છે. તમારા ધર્મલાભની મને જરૂર નથી. પણ તારા જેવા કમાવાના કાયર, ઘર છોડીને ગૌચરી નીકળેલા, અર્થના ત્યાગીમાં અર્થ લાભની આશીષ આપવાની તાકાત કયાંથી હોય! વેશ્યા વિષયભોગમાં ચકચૂર બનેલી હતી. તેણે એમ વિચાર ન કર્યો કે હું કોને આ શબ્દો કહી રહી છું, કારણ કે વિષયાંધ માણસને કોઈ જાતનો વિવેક જ હોતો નથી.

કમાવાના કાયર! ઘરઘરમાં ભીખ માંગનાર! આવા શબ્દો સાંભળી યુવાન મુનિનું લોહી ઉકળી ગયું, અહો! અમે મુનિ એટલે શું કાયર! અમારામાં કોઈ તાકાત નથી? અમે ભગવાન મહાવીરના પુત્ર છીએ. શૂરવીર અને ધીર છીએ. અમારામાં જે તાકાત છે તે ઈન્દ્રમાં પણ નથી. એક દિવસના સાચા સંયમીમાં જે તાકાત છે, જે સુખ છે તે ઇન્દ્ર ચક્રવર્તીને પણ નથી. ચક્રવર્તી અને ઈન્દ્રના સુખને પણ ઓળંગી જાય તેવું મહાન સુખ સાચા સંયમીનું છે. પણ એ સુખની પિછાણ કરવા માટે દૃષ્ટિ જોઇએ. જેની જેવી દૃષ્ટિ હોય છે તેવી સૃષ્ટિ દેખાય છે. દરિયા કિનારે માછીમાર જાય તો માછલાં જ જોવે. બજારે જાય તો મીઠું જોવે અને ઝવેરી જાય તો રત્નો જુએ. તેમ મારા વ્હાલા બંધુઓ! જો તમને વીતરાગનાં વચન પ્રત્યે શ્રદ્ધા હશે તો સંતના દર્શન કરતી વખતે તમને સાધુતાનાં દર્શન થશે. અંતરમાં ઝણઝણાટી થશે કે અહો પ્રભુ! હું ક્યારે આ સંસારનાં બંધન તોડીને સર્વવિરતી કયારે બનીશ! ગુરૂવંદન કરતી વખતે તમારા અંતરમાં ઘર ખટકવું જોઈએ. તમને કોઈ દિવસ ઘર ખટકયું છે ખરું? કે હવે હું ગૃહસ્થી મટીને સર્વવિરતી બનું. સર્વવિરતીના ઘરમાં આવ્યા વિના ભવના ભુક્કા નહિ થાય. ઘણાં કહે છે કે ભરત ચક્રવર્તીએ અરિસા ભુવનમાં કેવળજ્ઞાન મેળવ્યું હતું. મરૂદેવી માતા હાથીના હોદે કેવળજ્ઞાન પામ્યા હતાં તો શું અમને જ્ઞાન નહિ થાય? ભાઈ! તમે એમનો વાદ કરો છો પણ એમનાં જીવન તપાસ્યાં છે. ભરત ચક્રવર્તી ચક્રવર્તિના સુખો ભોગવતાં હતાં, છતાં કેટલા અનાસક્ત ભાવે રહેતા હતાં! ભાવચારિત્ર વિના કેવળ-

જ્ઞાન થાય જ નહિ. મરૂદેવી માતાનાં આગળનાં ભવ કેવા હતાં–એમણે કેવી કમાણી કરી હતી !

કામલત્તાના કટાક્ષ સાંભળી મુનિ છદ્મસ્થપણાંની લહેરમાં આવી ગયા. ભાન ભૂલ્યાં અને બોલ્યા. તારે મારી તાકાત જોવી છે ? એમ કહી જમીન પર પડેલું તણખલું હાથમાં લઇ એના બે ટુકડા કરીને લોંય ફેંકયા ત્યાં સવા ક્રોડ સોનામહોરોનો ઢગલો થઈ ગયો. જોયું ને ! જૈન મુનિઓમાં કેટલી તાકાત છે ! એમ કહી મુનિ તો બારણા તરફ પાછા ફરી ગયા. આ કામલતા તો બહુ ચાલાક હતી. એણે વિચાર કર્યો કે આના જેવો ઘરાક ફરી ફરીને નહિ મળે. ઘણાં મારી પાસે આવ્યાં પણ આના જેવો કોઇ ન જોયો. હવે ફરીને શોધવા જઇશ તો પણ નહિ મળે. તમારા ઘેર આવો સંત પધારે અને આવો ઢગલો થઈ જાય તો પછી તમે એનો કેડો છોડો ખરા ! પછી તો એની પાછળ જ પડો. (હસાહસ).

કામલતા મુનિને આડી ફરી વળી. ચરણમાં પડીને કહે છે. આપે આ અર્થલાભ તો આપ્યો પણ આ અર્થના ઢગલાને ભોગવશે કોણ ? કાં આ ઢગલો ઉપાડી જાવ અને કાં મારે ઘેર રહી જાવ. અહીં મુનિ મુંઝાયા. બાર બાર વર્ષના સંયમ પછી આ શક્તિ પ્રગટ કરી હતી. પણ એનું વારણ કરવાની વિદ્યા જાણતાં ન હતાં. કામલતા કહે છે હું આપને નહિ જવા દઉં. અર્થલાભ આપ્યો તો કામલાભ પણ આપવો જ પડશે. કામલતાના કામી વચન–બાણે મુનિ વિંધાઇ ગયા. મહાત્મા નંદિષેણનો તપોમય દેહ ઢળી પડયો. મુનિવેશ ઉતારી નાંખ્યો. મુનિવેશનાં વસ્ત્રો અને ઉપકરણોની પોટલી બાંધીને માળીયે મૂકી દીધી. એણે કપડાં અને રજોહરણ ફગાવી ન દીધાં. કારણ ! સપડાઈ ગયો પણ અંતરમાંથી બાર બાર વર્ષના સંયમભાવની લહેજત ગઇ નથી.

આંખમાંથી આંસુ સરી પડયાં. અહો–કામલતા ! હું આજે કાયર બની ગયો છું. ભાન ભૂલ્યો છું. મારું ભોગાવલી કર્મ નિકાચિત છે. પણ મારા અંતરમાં વિરતીનો જે પ્રેમ છે. મારા ભગવાન મહાવીરનું જેટલું સ્થાન છે તેટલું તારું સ્થાન નથી. મારા અંતરમાં વિરતીનો પ્રેમ તો હજુ એવો ને એવો જ છે. ભલે હું પડયો પણ આજથી પ્રતિજ્ઞા કરું છું કે દરરોજ દશ જીવોને પ્રતિબોધ પમાડી વિરતીના પંથે વાળીશ, પછી જ હું અન્નપાણી લઈશ. ખડખડાટ હસતી કામલતા બોલી, કોઈ દિવસ દશ તૈયાર ન થયા તો શું તમે ઉપવાસ કરશો ? અરે, દશમો નહિ બૂઝે તો હું દશમો નીકળી જઈશ. વિરતીના પ્રેમ આગળ બધા ય પ્રેમ મારી પાસે તુચ્છ છે. કામલતા કહે છે તમને વિરતી પ્રત્યે પ્રેમ છે તે મારે મન દુશ્મન છે. સ્વામીનાથ ! આપને એક અપૂર્વ નૃત્ય દેખાડું છું. એમ કહીને શણગાર સજવા ચાલી ગઈ.

બીજી તરફ નંદીષેણ વિચારમાં ડૂબી ગયા. અહો ! મેં આ શું કર્યું ? એક જીવ–

નમાં ત્રણ ત્રણ - ભવ કર્યા ! હું કોણ ? મગધ નરેશનો લાડકવાયો પુત્ર નંદીષેણ ! ક્યાં રાજભવનનાં સુખ અને ક્યાં ભગવાન મહાવીરના ઉપદેશથી વૈરાગ્ય રંગે રંગાયેલો હું ! દેવોએ મને વૈરાગ્યના પંથે જતાં વાર્યો હતો. મને કહ્યું હતું કે "તારું ભોગાવલી કર્મ નિકાચિત છે." ગૃહવાસ ફરીને સેવવો પડશે. પણ મારા ઉત્કૃષ્ટ વૈરાગ્યને કારણે એ વાતો મેં ફગાવી દીધી હતી. મેં કહ્યું હતું કે હું તો શુરવીર છું, કાયર નથી. હું ભગવાન મહાવીરનો શિષ્ય છું. કર્મો તો મારી પાસે રાંકડા છે. એમ વિચારી શૂરવીર બનીને નીકળી ગયો. અને આ મોહરાજાએ મને કામલતાને ઘેર ધકેલી મૂક્યો. ઘોર તપ, અપૂર્વ સ્વાધ્યાય, બધું ભૂલી ગયો ! મેં કડક નિયમ લીધો હતો કે આ દેહને અભડાવવા કરતાં પર્વતના શિખરેથી ઝંપાપાત કરવો શ્રેષ્ઠ છે. ભગવાનની પણ એ જ આજ્ઞા છે કે :- "वरं वाही वरं मच्चु" વિકારોને વશ થવા કરતાં મૃત્યુને ભેટવું સારું છે. હું વૈરાગ્યના પર્વતના શિખરે ચઢી ગયો પણ ચઢીને પટકાઈ ગયો. આમ વિચારે છે ત્યાં કામલતા નંદીષેણ પાસે આવીને વિવિધ પ્રકારનાં નૃત્ય કરવા લાગી. અનેક પ્રકારના હાવભાવ કરવા લાગી. ત્યારે નંદીષેણ કહે છે હે કામલતા ! તેં હજુ મને ઓળખ્યો નથી. તું મને ઓળખી લે. હું ભગવાન મહાવીરનો શિષ્ય છું. હું વીર માતાની હિતશિક્ષાનું દૂધ પીને બળવાન બનેલો વીર છું. મોહની કપટનીતિઓથી હું પૂરો વાકેફ છું. તેં અત્યાર સુધીમાં કેટલાય યુવાનોને તારા સૌંદર્યની સુરા પાઈને પાગલ બનાવી દીધા છે. અને તારા ચરણનાં દાસ બનાવ્યા છે. એ બધા ભગવાન મહાવીરના સેવકો ન હતાં. પણ હું તો ભગવાન મહાવીરનો દાસ છું, તે બીજાનો દાસ કેમ બની શકે ? ભલે તારી સાથે રહ્યો છું પણ મારું મન તો મહાવીરમાં જ છે.

મારું મનડું છે મહાવીરમાં....મને ગમતું નથી ભુવનમાં

દિવસો ઉપર દિવસો ચાલ્યાં જાય છે, પણ નંદીષેણ સામાયિક, પ્રતિક્રમણ, ચૌવિહાર તો છોડતાં જ નથી. એમનો દરરોજનો કાર્યક્રમ છે કે સવારમાં સામાયિક-પ્રતિક્રમણ પછી દશ આત્માઓને પ્રતિબોધ પમાડવા. પછી ભોજન, ત્યાર બાદ આરામ અને આરામ પછી થોડો વાર્તા-વિનોદ-ત્યાર પછી શાસ્ત્ર સ્વાધ્યાય-પ્રતિક્રમણ અને બાર ભાવનાઓનું ચિંતન કરતાં નિદ્રાદેવીને આધીન થવું. કામલતા વેશ્યા મટીને હવે નંદીષેણની પ્રિયતમા બની હતી. એના (વેશ્યાના) અંતરમાં હવે કોઈને વસવાનો એણે અધિકાર રાખ્યો ન હતો.

મગધના પ્રજાજનોમાં પણ વાતો ચાલે છે કે મગધ નરેશનો પુત્ર નંદીષેણ બાર બાર વર્ષ સુધી ઉગ્ર તપ કરી, સંયમ પાળી પતન પામ્યો છે, કામલતા વેશ્યાને ઘેર વસ્યો છે પણ આશ્ચર્યની વાત તો એ છે કે વેશ્યાના ઘરમાં રહીને પણ રોજ દશ આત્માઓને વૈરાગ્યના પંથે વાળીને જ ભોજન કરે છે. તો એના દિલમાં કોનું સ્થાન

હશે ? ભગવાન મહાવીરનું કે કામલતાનું ? લોકો એકબીજાને પૂછે છે કે આ નંદીષેણ ભોગાત્મા કહેવાય કે યોગાત્મા ? ત્યારે વિવેકી માણસો કહે છે કે એની દિવસચર્યા જોતાં એમ કહી શકાય કે એનું તન વેશ્યાના મંદિરમાં પડયું છે માટે તે ભોગાત્મા કહેવાય. પણ એનો જીવ તો ભગવાન મહાવીરની આસપાસ ભમ્યા કરે છે, માટે તે યોગાત્મા કહેવાય. નહિતર એ વેશ્યાને ઘેર રહીને રોજ દશ દશ જીવોને પ્રતિબોધ કયાંથી પમાડી શકે ? જો એનો આત્મા ભોગમાં ડૂબેલો હોય તો એનાં વચન સામાને અસર કરી શકે નહિ. વેશ્યાના ઘરમાં રહી વૈરાગ્યની વાતો કરવી એ કાંઈ સ્હેલ નથી.

કોઈક માણસો કહે છે અહો ! શી એની સમજાવવાની શક્તિ છે ? નંદીષેણને બીજાને પ્રતિબોધ પમાડતી વખતે અમે નજરે જોયાં છે. અને એમની વાણી સાંભળી છે. એક માણસને પ્રતિબોધ પમાડતાં એમણે માનવજીવનની દુર્લભતા સમજાવી, એ તો આપણાં હૃદયમાં સોંસરી ઉતરી જાય. પછી કર્મની કુટિલતા, પાપ કર્મોનાં વિપાકો સમજાવ્યાં. અને નરક ગતિનાં દુઃખોનું વર્ણન કર્યું ત્યારે તો આપણું કાળજું કંપી જાય. વળી કામલતાએ પોતાને કઈ રીતે ફસાવ્યો, એ વાત પણ સાફ કહી દે છે. પોતાના દુષ્કૃત્યોની ગર્હા કરતાં આંખમાં દડદડ આંસુ આવી જાય છે. આવી તેમની શુદ્ધ વૈરાગ્ય ભાવના છે.

આમ કરતાં કરતાં બાર બાર વર્ષોનાં વહાણાં વહી ગયાં. એક દિવસ એવો ઉગ્યો કે જે નંદીષેણ માટે સુવર્ણદિન હતો. નિત્યક્રમ મુજબ નંદીષેણે નવ આત્માઓને પ્રતિબોધ પમાડી દીધો, પણ દશમો માણસ એવો આવ્યો કે એ નંદીષેણને કહે છે– તમે મને ઉપદેશ કરો છો તો પછી તમે શા માટે અહીં બેઠા છો ? ત્યારે નંદીષેણે દુઃખિત દિલે કહ્યું–કે ભાઈ ! હું અભાગિયો છું, શું કરું ? પણ પેલા માણસને સંતોષ થયો નહિ. એને ખૂબ સમજાવ્યો, બાર વાગી ગયા પણ બૂઝતો નથી. ત્યારે કામલતા કહે છે. આ ભોજન ઠંડા થઈ જાય છે. જલ્દી ઉઠો. ત્યારે નંદીષેણે કહ્યું કે આ દશમો પ્રતિબોધ પામે એટલી જ વાર ! !

કામલતા નંદીષેણની મજાક કરતાં કહે છે, દશમો ન બૂઝે તો કાંઈ નહિ. આજે તમે જ દશમા બૂઝી જાવને ! તમારી શ્રાવિકાએ પણ કોઈક વખત તો આવી મજાક કરી હશે. પણ તમે તો ઘોળીને પી ગયાં હશો. કેમ ખરું ને ! આ નંદીષેણ કર્મોદયથી પડી ગયા પણ અંતરનો આનંદ ઓસરી ગયો ન હતો. કામલતાના શબ્દો સાંભળતાં જ તેને ચાનક લાગી ગઈ. પેલા અબૂઝને પડતો મૂકી તરત જ પોતે ઉભા થઇ ગયાં. અહો, કામલતા ! ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય ! આજે કોઇ ન મળે તો હું દશમો તૈયાર જ છું.

મજાકના આ શબ્દોએ તો સાચું તાકયું તીર,
જાગ્યો કેશરી સિંહજી સૂતેલો તોડીને જંજીર;

ગણિકાના વિનોદી વેણે આજ ઉઘાડયાં નેણ,
પીરસ્યા ભોજન પડચા રહ્યા ને નીકળ્યા નંદીષેણ;
વિદાય દે રૂપસુંદરી, અનંત તુજ ઉપકાર.
મર્મ ભરેલા તુજ શબ્દોએ દૂર કર્યો અંધકાર,
મલિન બનેલી સરિતાએ પાછું પલટાવ્યું વેણ....
પીરસ્યા ભોજન પડચા રહ્યાં ને નીકળ્યા નંદીષેણ.

કામલતાનાં મજાક ભરેલાં શબ્દોથી નંદીષેણ સાવધાન બની ગયા. કેશરીસિંહ જાગી ગયો. નંદીષેણે મુનિવેશનાં કપડાં જે રાખી મૂકયા હતાં તે માળીયેથી નીચે ઉતારીને એક પછી એક પહેરવા માંડયા. પાગલ બનેલી કામલતા રડતી રડતી કહે છે સ્વામીનાથ ! હું તો મશ્કરી કરતી હતી. નંદીષેણ કહે છે....એ મશ્કરી નહિં પણ મારે માટે સોનેરી સુવાક્ય છે. તેં કહયું તે બરાબર જ છે. સાચ્ચુ સ્ત્રીની મશ્કરી પણ સાચી જ હોય. હું તો મારા અસલ માર્ગે જાઉં છું. તું તારું જીવન ઉજ્જવળ બનાવજે. આ ભોગી નંદીષેણ તારો ઉપકાર કદી નહિ ભૂલે. તારા મર્મ ભરેલાં શબ્દોએ મારો અંધકાર દૂર કર્યો છે. થાળમાં પીરસેલા મીઠાં મધુર ભોજનો પડચાં રહયાં અને નંદીષેણ મુનિ ધર્મલાભ કહેતા આવ્યા હતાં તેમ ધર્મલાભ કહીને ચાલતાં થઈ ગયા.

બંધુઓ ! સાચો સિંહ પિંજરામાં પૂરાયેલો રહેતો નથી. એને તો સ્વતંત્રતા જ ગમે છે. નંદીષેણ કામલતાના મહેલરૂપી પિંજર છોડીને પોતાના માર્ગે ચાલ્યા ગયાં. અહીં પણ દેવભદ્ર ને જશોભદ્રને માતાપિતાનો મહેલ પાંજરા જેવો લાગે છે. એમાંથી છૂટકારો ઈચ્છે છે. પણ પિતા રજા આપતા નથી. તે પુત્રો એમના પિતાને શો જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

આવતી કાલે રાજકોટ સંઘને આંગણે ત્રિવેણી સંગમ છે. આવતી કાલે અમારી જીવનનૈયાના સાચા સુકાની પરમતારક પૂ. ગુરૂદેવની પુણ્યતિથિનો પવિત્ર દિવસ છે. તેમ જ બા. બ્ર. ઈન્દીરાબાઈ મહાસતીજીને માસખમણની ઉગ્ર તપશ્ચર્યાના પારણાંનો દિન છે. તેમજ બા. બ્ર. નવદીક્ષિત હર્ષિદાબાઈ ને પણ એકવીસ ઉપવાસનું પારણું છે. નાની ઉંમરમાં એ બંને સતીજીઓએ ઉગ્ર તપની સાધના કરી છે. હર્ષિદાબાઈએ ગઇ વખતે ભાવનગરમાં સંસારી અવસ્થામાં માસખમણ કરેલ.

આ તપસ્વીનું બહુમાન તપ–ત્યાગથી જ કરવાનું છે. એમની તપશ્ચર્યાના બહુમાનમાં ત્રીસ છુટક છુટક ઉપવાસ કરવા, ત્રીસ મહિના બ્રહ્મચર્યનું પાલન કરવું, નાટક સિનેમાનો ત્યાગ, કંદમૂળ ખાતા હો તો તેનો ત્યાગ, રાત્રિભોજનનો ત્યાગ, જે બને તે સારા પ્રત્યાખ્યાન કરજો. વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં....૫૩

ભાદરવા સુદ ૧૧ ને શુક્રવાર તા. ૧૧-૯-૭૦

શાસ્ત્રકાર ભગવાન ત્રિલોકીનાથે જગતના જીવોના આત્મકલ્યાણને અર્થે શાસ્ત્ર-સિદ્ધાંત વાણીનું પાન કરાવ્યું. એ અમૃતવાણીના ઘૂંટડા પીતાં જીવને જઘન્ય રસ આવે તો અનંતકર્મની લેખડો તૂટી જાય અને ઉત્કૃષ્ટ રસ આવે તો જીવ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે છે. ઉત્તરાધ્યયન સૂત્ર એ ભગવાનની અંતિમ વાણી છે. જેના છત્રીસ અધ્યયનમાં ચૌદમું અધ્યયન છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં બે કુમારોને આત્મ-સ્વરૂપની પિછાણ થઇ છે. આ પુત્રો શાશ્વત સુખ મેળવવાનાં અભિલાષી બન્યાં છે. તેમનો ભોગો તરફનો ભ્રમ ભાંગી ગયો છે. જન્મ-જરા અને મરણનો તેમને ત્રાસ છૂટયો છે. અને તેમને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું છે. તેથી બાળકો વિચારે છે કે :-

મારું શુદ્ધ સ્વરૂપ શું ? તે આપણે ભૂલી ગયાં છીએ. હું એટલે આત્મા. મારી સંપત્તિ કઈ? મારી સાચી સંપત્તિ જ્ઞાન-દર્શન અને ચારિત્ર છે. એ સિવાય જગતમાં મારું કંઈ જ નથી. બાકી તો બધું પરાયું જ છે. પરાયા કર્મ શત્રુઓ આપણા ઘરમાં ઘૂસી ગયા છે. જ્ઞાન અને દર્શન એ આત્માના સ્વભાવિક ગુણો છે. એ આત્માની સાથે જનાર છે. અને ચારિત્ર એ આ ભવ પૂરતું છે. આ જ્ઞાન-દર્શન અને ચારિત્રના ઘરમાં કર્મો ઘૂસી ગયાં છે. જે પોતાનું છે તે જતું નથી પણ જે પારકું છે તેને પુરૂષાર્થ દ્વારા અવશ્ય કાઢી શકાય છે. આત્મા અને કર્મો અનાદિનાં છે. છતાં પણ બંનેને પ્રયોગ દ્વારા અલગ કરી શકાય છે. પણ જ્ઞાન-દર્શનને અલગ કરી શકાય નહિ. સાકરનો ગુણ ગળપણ છે, એને દૂધમાં નાંખો કે પાણીમાં નાંખો, પોતે પીગળી જશે પણ પોતાનો ગુણ નહિ છોડે. કપડાનો મૂળ કલર શ્વેત છે. પણ લાલ પીળો આદિ રંગ ઉપરથી ચઢાવવામાં આવે છે. એ ચઢાવેલો રંગ ઉતરી જશે. પણ એનો શ્વેત રંગ તો કયારે પણ જતો નથી. તેમ આત્મા જ્ઞાન અને દર્શનથી ભિન્ન નથી, એ ગુણો પરાયા નથી પણ પોતાના છે.

કંચન, કામિની, કુટુંબીજનો, કાયા અને કર્મો બધા જ પરાયા છે. પોતે તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આત્મા એ દેહમય નથી પણ પોતાનું સ્વરૂપ ભૂલીને દેહમય બની ગયો છે. અને જે પોતાના નથી તેને પોતાના માનીને એણે ઘરમાં ઘૂસાડયા છે. બંધુઓ! તમે જ વિચાર કરો કે પરાયો પગ ઘરમાં પેસી જાય તો ઘરનો માલિક બનીને બેસી જાય ને ? અને ઘરનો નાશ જ કરે ને ? તે જ રીતે પરાયા કર્મ-પરમાણુઓએ આત્માના ઘરમાં પેસીને ઘરનો વિનાશ કર્યો છે. ઘરમાં રહેલી અમૂલ્ય સંપત્તિ

જે જ્ઞાન–દર્શન આદિને ફના કરી નાંખે છે. જીવે કેટલી મૂર્ખાઈ કરી છે કે પરાયા કર્મ-પરમાણુઓ તરફ તે આકર્ષાયો. અને કર્મરાજા પાસેથી જ એણે કર્મ પરમાણુઓની મુડી લીધી. વ્યાજ વિના તો કોઈ મૂડી આપે જ નહિ. એ તો ઉઘાડી વાત છે. પણ કર્મ-રાજાનું વ્યાજ તો ચક્રવર્તિ વ્યાજ છે. રાગ–દ્વેષના પનારે પડેલા જીવે ચક્રવર્તિ વ્યાજ આપવાની કબૂલાત કરી. એ પરમાણુઓની મૂડીમાંથી એણે વેપાર કરવાની શરૂઆત કરી. કર્મ પરમાણુઓની મૂડીમાંથી એણે વેપારની શરૂઆત કરી. કેટલાક પરમાણુઓમાંથી કાયા બનાવી, કેટલાક પરમાણુઓમાંથી કંચન, કામિની, બગીચા, બંગલા, બાળકો, હીરા–માણેક બધું જ એણે વસાવી લીધું. એની મૂડી એમાં રોકાઈ ગઈ. વહેપાર શરૂ કર્યો. એ વહેપારમાં કમાવાનું તો બાજુમાં રહ્યું પણ ઉપરથી દેવાળું કાઢયું. હવે પેલું ચક્રવર્તિ વ્યાજ કેવી રીતે ભરવું ? કર્મરાજા એ વ્યાજની વસૂલાત અનેક રીતે કરાવે છે. કયારેક એ કર્મના વિપાકો ભોગવવા જીવને નરક–તિર્યંચ આદિ ગતિમાં જવું પડે છે. મનુષ્યભવમાં આવે તો ત્યાં જન્મથી જ અંધ, રક્તપિત્ત, આદિ રોગોથી રીબાતો હોય છે. આવી અનેક પ્રકારની નવાજુની કર્મરાજા કરાવે છે. પરાયા કર્મોને પોતાના માનીને ઘરમાં પેસવા દીધા તેની કેવી કૂર સજા ભોગવવી પડી ! !

આ બે કુમારોને કર્મરાજાની સજા પ્રત્યક્ષ દેખાઈ છે. આત્મા શુદ્ધ નિશ્ચયનયે પરમ જ્યોત, તેજપુંજ, અખંડ, અવિનાશી અને શુદ્ધ સ્વરૂપ છે. મોક્ષે જવા માટે લાયક છે. એ કાર્ય કરવાની શક્તિ પોતાનામાં જ રહેલી છે. આત્મામાં રહેલાં જ્ઞાન–દર્શન અને ચારિત્ર દ્વારા જ કર્મશત્રુઓને ભગાડવાનાં છે. માટે હે પિતા ! અમને સંસારમાં આનંદ આવતો નથી. આપ અમને દીક્ષાની આજ્ઞા આપો. ત્યારે પિતા કહે છે :–

અહિજ્જ વેએ પરિવિસ્સ વિપ્પે, પુત્તે પરિટ્ઠપ્પ ગિહંસિ જાયા।
ભોચ્ચાણ ભોએ સહ ઇત્થિયાહિં, આરણ્ણગા હોહ મુણી પસત્થા ॥ ઉ. અ. ૧૪–૯

હે પુત્રો ! તમે શું પાગલની જેમ દીક્ષાની વાતો કરી રહ્યાં છો ! હજુ તમારે આ સંસારમાં કેટલાં કાર્યો કરવાનાં છે ! ભાઈ ! જેની વખારમાં જેવો માલ ભર્યો હોય તેવો જ નીકળે. કાપડીયા પાસે જાવ તો કાપડનો માલ બતાવે. સુખડીયા પાસે જાવ તો મીઠાઈ મળે. સુથાર પાસે જાવ તો સુંદર ફર્નીચર બતાવે. ગાંધી પાસે જાવ તો કરીયાણું બતાવે. તેલ અને ગોળના વહેપારી પાસે જાવ તો તેલ ને ગોળ મળે. તે જ રીતે ભોગી આત્માઓ પાસે ભોગની જ વાતો હોય અને ત્યાગીઓ પાસે ત્યાગની જ વાતો હોય. તમને એમ થતું હશે કે મહાસતીજી પાસે જઈએ ત્યારે તપ, ત્યાગ અને વૈરાગ્યની જ વાતો કરે છે. પણ તેઓ નાટક–સિનેમા કે સરકસની વાતો તો કરતા જ નથી. ભલા, વિચાર તો કરો. અમારી પાસે કઈ એવી વાતો હોય ? સાકર ગરીબ ખાય કે શ્રીમંત ખાય, બાળક

બાય કે યુવાન બાય, હસતાં બાય કે રડતાં બાય. જ્યારે બાય ત્યારે સાકર તો મીઠી જ લાગે, પણ કડવી ન લાગે. તેમ અમારી પાસે ગમે ત્યારે ગમે તે આવે પણ ત્યાગ અને વૈરાગ્ય સિવાય બીજી વાત જ ન હોય. તમારી તબિયત કેમ છે ? વહેપાર ધંધા કેવા ચાલે છે. તેજી છે કે મંદી ? ચાલુ વર્ષે કેટલું કમાયા ? આ બધો વહેપાર તમારો છે. સંત તો તમને એ પૂછશે કે દેવાનુપ્રિય ! ગયા વર્ષ કરતાં આ વર્ષે તમારો આત્મા કેટલો તેજીમાં આવ્યો ! ધર્મની કેટલી કમાણી કરી ? આત્માની કમાણી કરવા માટે આ માનવભવ જ ઉત્તમ છે. દેવભવમાં તો કમાણી ખોવાની છે. મનુષ્યભવની કમાણી ત્યાં બાવાની છે. અહીં કમાણી કરી કર્મની રાશીઓને તોડવાની છે, માટે કંઇક સમજો. રંગ-ભોગમાં રંગાઈ ન જાવ.

આ બે કુમારો ત્યાગની વાત કરે છે ત્યારે એમના પિતા કહે છે કે લાડીલાઓ ! તમે વેદ ભણો, વેદ ભણ્યા વિના મુનિ બનાય નહિ. પણ બંને કુમારોને તો જાતિસ્મરણ-જ્ઞાન થવાથી અજ્ઞાનનો કાળો પડદો પણ ખસી ગયો હતો. એમણે વેદ પણ ભણી લીધા હતા. પણ મોહનાં ચશ્મા પહેરેલાં માતા-પિતા એ કયાં જાણતા હતા ? એમણે તો એક જ વાત કરી કે તમે વેદ ભણો, બ્રાહ્મણોને જમાડો, ત્રીજી વાત કરી કે તમે પુત્રોને ઘરમાં સ્થાપન કરો. એમને જુદું ન કહેવું પડયું કે તમે પરણો. થોડામાં ઘણું સમાઈ જાય તેવી રીતે માતા-પિતા પુત્રોને સમજાવે છે. ચોથી વાત એ કરી કે-

भोच्चाण भोए सह इत्थियाहिं, आरण्णगा होह मुणी पसत्था ।

હે પુત્રો ! તમે મનગમતી સ્ત્રીઓની સાથે સંસારનાં ભોગ ભોગવો અને સંસારના સુખો ભોગવ્યા પછી પાછલી ઉંમરે અરણ્યમાં વસનાર પ્રશસ્ત મુનિ બનજો. ભોગના કીડા એકાંત ભોગની જ વાતો કરે. જૈન દર્શનમાં કયાંય ભોગની વાતો કરી નથી. જ્યાં જ્યાં દૃષ્ટિ કરશો ત્યાં ભોગથી છૂટવાની જ વાતો કરી છે. અત્યારના તર્કવાદના યુગમાં કંઈક માણસો બોલે છે કે પરલોકમાં સુખ મળશે કે નહિ તેની શી ખાત્રી ? આ હાથમાં આવેલાં સુખો શા માટે ન ભોગવવા ? મળેલાં સુખોને છોડી દેનાર તો મૂર્ખ છે. ભાઈ ! તીર્થંકરો મૂર્ખ ન હતાં. મૂર્ખ તો તમે છો કે અમૂલ્ય તકને ગુમાવો છો. જો તમારા પૈસા, ઘરબાર, પુત્ર-પરિવાર અને બંગલા જ તમને સુખ આપતા હોય તો સ્ટેમ્પના કાગળ ઉપર લખાણ કરી આપો કે આ બધા સુખોમાં કદી ઓટ આવવાની નથી. આ બધું જ અમારી સાથે આવશે. બોલો, છે આટલી ગેરંટી ! હું તમને ચેલેન્જ ફેંકીને કહું છું કે અમારા ત્યાગીઓના સુખમાં કદી ઓટ આવતી નથી, અને તમારા સુખમાં તો ઘડીએ ઘડીએ ભરતી અને ઓટ આવ્યા જ કરે છે.

તમારી નજરે જુઓ છો અને કાને સાંભળો છો કે આ વરસાદની હોનારતમાં

વાહન વ્યવહાર ખોરવાઈ ગયો છે એટલે નવો માલ પણ આવતો નથી. શ્રીમંતોના ઘરમાં દાણા ભર્યા છે એટલે એમને કોઈ જાતની ફિકર નથી. પણ જે બિચારા રોજ રોજની ખીચડી લાવીને ખાય છે તેમની કઈ સ્થિતિ હશે ? વહેપારીઓ સમજે છે કે ઠીક છે. અત્યારે આપણે કમાવાની સીઝન છે. ગરીબો પાસેથી ભમણું ભાવ લેતાં પણ અચકાતા નહિ હોય ! એ ગરીબ બિચારા કેવા મૂંઝાઈ જતા હશે ! એનો ખ્યાલ સરખો આવતો નથી. કેવી રાક્ષસી મનોવૃત્તિ છે ! જો તમે ભગવાન મહાવીરના ઉપાસક હો, અહિંસાના પુજારી હો, તો તમે આવા ગોરખધંધા ન કરશો. જ્યાં ચારે તરફ લોકો દુઃખમાં ડૂબી રહ્યાં હોય, કંઈકના ઘરબાર તણાઈ ગયા હોય ત્યાં તમારા ગળે મીઠાઈના બટકા કેમ ઉતરી જાય છે ? આ સમયે તો ભગવાનને પ્રાર્થના કરવાની હોય કે હે પ્રભુ ! મારો વ્હાલો હોય કે વેરી હોય, દરેક જીવોનું દુઃખ દૂર થાઓ. સર્વત્ર સર્વ જીવો સુખ અને શાંતિ પામો. અને તેટલી દુઃખીને રાહત આપો. આ જ માનવનું કર્તવ્ય છે.

આજનો દિવસ ત્રિવેણી સંગમનો છે. વૈષ્ણવ ધર્મમાં જ્યાં ત્રણ નદીઓ મળતી હોય ત્યાં લોકો તેને પવિત્ર તીર્થનું સ્થાન માને છે. આજના દિવસને હું પવિત્ર ત્રિવેણી સંગમ એટલા માટે કહું છું કે અમારા આત્મામાં ત્યાગ–વૈરાગ્યની જ્યોતિ જગાવનાર, ત્યાગના પંથે વાળનાર, ભડકે બળતા સંસારરૂપી દાવાનળમાંથી બહાર કાઢનાર બા. બ્ર. ગચ્છાધિપતિ સ્વ૦. પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબ જેમનો અમારા ઉપર અનહદ ઉપકાર છે તેમની પવિત્ર પુણ્યતિથિ છે. બીજું બા. બ્ર. ઇન્દીરાબાઈ મહા–સતીજીને ત્રીસ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાનું તેમજ બા. બ્ર. નવદીક્ષિત હર્ષિદાબાઈ મહા–સતીજીને ૨૧ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાનું આજે પારણું છે. બા. બ્ર. લાભુબાઈ મ. સ. તથા બા. બ્ર. ઈન્દીરાબાઈ મ. સ.ને હજુ તપશ્ચર્યા ચાલે છે. ત્રીજું ગોંડલ સંપ્રદાયના ખોડાજી મહારાજ સાહેબની પણ આજે પુણ્યતિથિ છે. એટલે આજનો દિવસ પવિત્ર છે.

ઠાણાંગ સૂત્રને ત્રીજે ઠાણે ત્રણ પ્રકારનાં ઋણ ભગવાને બતાવ્યાં છે. તેમાં પ્રથમ ઋણ માતા પિતાનું છે. પુત્ર માતા–પિતાની ગમે તેટલી સેવા કરે, પોતાના ચામડાના જુત્તા બનાવીને પહેરાવે તો પણ તે માતા–પિતાના ઋણમાંથી મુક્ત થઈ શકે નહિ. પણ જો એ પુત્ર માતા–પિતાને અંતિમ સમયે ધર્મ પમાડે, ભવના ફેરાથી ઉગારે તો એ ઋણથી મુક્ત થઈ શકે છે. બીજું ઋણ છે શેઠનું, જે તમારા સંસાર વ્યવહારમાં તમને સુખી કરે, તમને સાથ આપે છે. જે શેઠે તમારો હાથ ઝાલ્યો, જેના પ્રતાપે તમે સંસારમાં સુખી થયા, એ જ સુખી શેઠ તેમના કર્મોદયે ગરીબ થઇ જાય તો તે વખતે તમે તેનો ઉપકાર ન ભૂલતાં. અને એની એવી કપરી સ્થિતિમાં તમે તમારું સર્વસ્વ તેને અર્પણ કરી દો તો અને આ રીતે તેના દુઃખમાં સહાયક બનીને અંતિમ સમયે તેને ધર્મ પમાડો તો જ શેઠના ઋણમાંથી મુક્ત થઈ શકાય છે.

ત્રીજું ઋણ છે ગુરૂવર્યોનું. આપણે જીવનભર ગમે તેટલું કરીએ તો પણ ગુરૂવર્યોના ઋણમાંથી મુક્ત થઈ શકાતું નથી. એમનો આપણા ઉપર અસીમ ઉપકાર હોય છે. કોઈ માણસ આપણા ઉપર એક સામાન્ય ઉપકાર કરે છે તો પણ આપણે તેનો ઉપકાર ભૂલતાં નથી. તો જેમણે આપણને સંસાર દાવાનળમાંથી ઉગાર્યા હોય, અંધકારમાંથી પ્રકાશમાં જવાની પ્રેરણા આપી હોય તેમનો ઉપકાર તો કેમ ભૂલાય ?

ગુરુ વિના કો નહિ મુક્તિદાતા, ગુરુ વિના કો નહિ માર્ગ જ્ઞાતા
ગુરુ વિના કો નહિ જાડ્ય હર્તા, ગુરુ વિના કો નહિ સૌખ્ય કર્તા

ગુરૂ વિના આપણને કોઈ મુક્તિનો માર્ગ બતાવી શકતું નથી. જે છુટેલાં હોય તે જ છોડાવે છે. બંધાયેલા હોય તે ક્યાંથી છોડાવે ? દરેક ધર્મોમાં ગુરૂનું સ્થાન પ્રથમ બતાવ્યું. તમે સામાયિક લો છો ત્યારે અને પાળો છો ત્યારે બંને વખત નમોત્થુણં ગણો છો. તેમાં પહેલું નમોત્થુણં સિદ્ધ ભગવંતનું, બીજું અરિહંત પ્રભુનું, અને ત્રીજું નમોત્થુણં પોતાના ધર્મગુરૂ-ધર્માચાર્યને કરવાનું હોય છે. આપણાં તારક ગમે ત્યાં બિરાજમાન હોય ત્યાં આપણે તેમને વંદન કરીએ છીએ. તેનું કારણ શું ? ગુરૂ આપણા જીવનમાં સુંદર રસાયણ રેડે છે, એનો પાવર લાંબા સમય સુધી ટકી રહે છે.

પરદેશી રાજા એક વખત કેવો હિંસક હતો ! જેના હાથ તો લોહીથી ખરડેલાં જ રહેતાં હતા. એવા પરદેશી રાજાને કેશી સ્વામી જેવા ગુરૂ મળ્યાં. એના જીવનમાં જ્ઞાનનો દીપક પ્રગટયો. અનંતકાળનો પરદેશી પરદેશી મટીને સ્વદેશી બની ગયો. જ્યારે પરદેશી રાજાને સૂરિકંતા રાણીએ ઝેર આપ્યું, ત્યારે એને ખબર પડી કે મને ઝેર આપ્યું છે. નાડીઓ તૂટવા લાગી ત્યારે તેમણે આલોવી, પડિક્કમિ, ભૂમિનું પડિલેહણ કરીને સર્વ જીવોને ખમાવી સંથારો કર્યો. તે વખતે સિદ્ધ ભગવંતનું નમોત્થુણં ગણ્યું, અરિહંત પ્રભુનું ગણ્યું, ત્રીજું નમોત્થુણં ગુરૂનું આવ્યું તે વખતે પરદેશી પોતાના ગુરૂ કેશી સ્વામીને યાદ કરે છે: અહો ! મારા તારણહાર, મારી જીવનનૈયાના સાચા સુકાની ગુરૂદેવ ! આપ જે ગામમાં કે નગરમાં, જે સ્થળમાં બિરાજતા હો તે ગામને ધન્ય છે. એ નગરને ધન્ય છે. એ ભૂમિ પવિત્ર છે. આપ મારાથી હજારો માઈલ દૂર વસ્યાં છો, પણ આંખ બંધ કરી અંતરમાં અવલોકન કરું છું ત્યારે આપ મારી સમક્ષ દેખાવ દો. ગુરૂદેવ ! આપનો મારા ઉપર અનહદ ઉપકાર છે. જો આપના જેવા સમર્થ ગુરૂ મને ન મળ્યા હોત તો આ પાપી પરદેશીનું શું થાત ? મારા રાજ્ય વૈભવો, મારી સૂરિકંતા રાણી અને પ્રાણપ્રિય પુત્ર સૂર્યકુમાર કોઈ મને નરકના દુઃખોથી ઉગારનાર નથી. એ તો મને નરકગતિની ખાઈમાં ધકેલી દેનાર છે. રાણીએ આજે મને ઝેર આપ્યુ છતાં કોઈના પ્રત્યે મને ક્રોધ આવતો નથી. દ્વેષ જાગતો નથી. દરેક જીવો પ્રત્યે સમભાવ રહ્યો હોય તો ગુરૂદેવ, એ તમારો જ પ્રતાપ છે. ગુરૂદેવના ઉપદેશના પ્રતાપે પરદેશી રાજા ઝેરન

ભયંકર વેદના ભૂલી ગયા અને સમતા રસના ઘૂંટડા પીવા લાગ્યા. એ ગુરુનો પ્રતાપ હતો. ગુરુદેવને યાદ કરી અંતિમ સમયે પરદેશી રાજાની આંખમાંથી દડદડ આંસુ વહેવા લાગ્યા. જીવન નૌકાનો સુકાની સારો હોય તો કુમાર્ગે જતી નૌકાને સાચે માર્ગે વાળી ભયમાંથી મુક્ત બનાવી નૌકાને સુરક્ષિત અને નિર્ભય બનાવે છે. "મારા પરમ તારક ગુરુદેવ પણ મહાન પ્રતિભાશાળી અને સમર્થ હતાં. તેમનાં હું જેટલા ગુણ ગાઉં તેટલા ઓછા છે. તેઓ દિવ્ય જીવન જીવી ગયાં છે. તેઓશ્રીનાં જીવનમાં ઘણી વિશેષતાઓ હતી." તેનું સંપૂર્ણ વર્ણન કરવા બેસું તો ઘણો સમય જોઈએ. પણ આજે આપણી પાસે બહુ જ થોડો સમય છે. પ્રસંગને અનુસરીને ઘણાં ભાઈ-બહેનોને પણ આજે બોલવાનું છે. અને આજે બે સતીજીઓને પારણાં છે. એટલે ટૂંકમાં પૂજ્ય ગુરુદેવના જીવનમાં રહેલા ગુણોનું સ્મરણ કરી કૃતાર્થ થઈએ.

"સ્વર્ગસ્થ પૂજ્ય, બાલ બ્રહ્મચારી શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબને શ્રદ્ધાંજલી."

૧૦૦૮ પૂજ્યપાદ, સિદ્ધાંત વિશારદ, વ્યાખ્યાન વાચસ્પતિ, આત્મોદ્ધારક, જૈન-ધર્મદીપક, બાલ બ્રહ્મચારી, મહાન વિભૂતિ પૂજ્ય શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબની આજે ૨૨મી પુણ્યતિથિ છે. એ મહાન પુરુષનું જીવન ઘણું જ ઉજ્જવળ છે. તેમાંથી અહીં સંક્ષેપમાં આપની સમક્ષ રજુ કરું છું.

ગુજરાતનું પાટનગર અમદાવાદ છે. જેની મધ્યમાં પુણ્યસલિલા સાબરમતી પોતાનો શાંત પ્રવાહ વહેવડાવી રહી છે. તેના કિનારે ખંભાત રિયાસતનું ગલિયાણા નામે નાનું ગામ છે. તે શૂરવીર એવા ગરાસીયા રાજપૂતોની પુણ્યભૂમિ છે. ત્યાં જેતાભાઇ નામના રાજપૂત કિસાન વસતાં હતાં. તેઓ બહુ જ સરળ અને પવિત્ર ભાવનાવાળા હતાં. જેમ પંકમાંથી પંકજ ઉત્પન્ન થાય તેમ જેતાભાઈને ત્યાં વિક્રમ સંવત ૧૯૪૨ની સાલમાં કાર્તિક સુદ ૧૧ ના દિવસે પુત્ર રત્નનો જન્મ થયો. તેઓશ્રીનું જન્મ નામ રવાભાઈ હતું. તેઓ બે ભાઈ અને એક બહેન હતાં. માતા-પિતા ત્રણ સંતાનોને બાળ અવસ્થામાં મૂકી સ્વર્ગને પંથે ચાલ્યા ગયા. ધીમે ધીમે બાળકો મોટા થયાં. એક વખત રવાભાઇને કામ પ્રસંગે વટામણમાં ખંભાત સંપ્રદાયના પૂ. મોંઘીબાઈ મહાસતીજીનો સમાગમ થતાં અને ઉપદેશ સાંભળતાં તેઓ વૈરાગ્યના રંગે રંગાઈ ગયા. તેમના પિતાનો મૂળ ધર્મ સ્વામીનારાયણનો હતો. તેમને ઘરમાં ચેન પડતું ન હતું. તેથી તેઓ ગઢડા ગયા. અને તેમણે તેમના આચાર્યને સંસાર ત્યાગના હૃદયના ભાવ જણાવ્યાં. તે વખતે તેમના સ્વામીનારાયણ પંથના આચાર્યે કહ્યું કે તમારે અમારા પંથમાં બ્રહ્મચારી બનવું હોય તો તમારે તમારી માલ-મિલકત અમારા ભંડારમાં અર્પણ કરવી પડશે. તો જ તમને અમારા પંથની દીક્ષા આપવામાં આવશે. આ સાંભળી રવાભાઈ તો વિચારમાં પડી ગયા કે આ શું ? જે લક્ષ્મી અનર્થને જન્માવનારી છે તેનો મોહ અને મમત્વ આ સાધુમાં

ભર્યાં છે. માટે આ પંથમાં આત્મ કલ્યાણ થઈ શકે નહિ. તેથી ગાદીપતિને પ્રત્યુત્તર વ્યા દીધો કે મને તમારા ધર્મમાં આત્મકલ્યાણનો સાચો માર્ગ દેખાતો નથી. કેટલું મહાન આત્મમંથન! કેવી અગાધ શક્તિ અને બુદ્ધિ! તેર વર્ષના બાળકની કેવી હિંમત! રવાભાઈએ તેર વર્ષની ઉંમરમાં આટલો ઊંડો વિચાર કર્યો. ત્યારે તેમના ભાવિના ભણકારા કેટલા આનંદમય અને પ્રભાવશાળી હશે?

ત્યાંથી તેઓ પોતાના વતનમાં પાછા ફર્યા. પણ મહાસતીજીએ જે ઉપદેશ આપ્યો હતો તે તેમના મગજમાં ગૂંજતો હતો. આ બાળક વિચાર કરે છે અહો! હું એ મહાસતીજી પાસે જાઉં. હવે મારે આ ઘરમાં રહેવું નથી. તેઓ ખંભાત સંપ્રદાયના પૂજ્ય મોંઘીબાઈ મહાસતીજી પાસે પાછા આવ્યાં. અને તેમણે તેમને પૂજ્ય ગુરૂદેવ શ્રી છગનલાલજી મહારાજ પાસે ખંભાત અભ્યાસ માટે મોકલ્યા. ગુરૂદેવ મહાન પ્રભાવશાળી, ખૂબ વિચક્ષણ અને શક્તિશાળી હતાં. તેઓ બાળકનું લલાટ જોતાં સમજી ગયા કે આ કોઈ અમૂલ્ય રત્ન છે. ગુરૂના સાનિધ્યમાં રહેતાં તેર વર્ષના કિશોર એવા રવાભાઈએ પંદર દિવસમાં સામાયિક અને પ્રતિક્રમણ શીખી લીધા. ધીમે ધીમે એક વર્ષમાં ઘણો અભ્યાસ કર્યો. અને ચૌદ વર્ષનો કિશોર દીક્ષા માટે તત્પર બન્યો. સગાં–સ્નેહીઓને સમજાવી વિક્રમ સંવત ૧૯૫૬ના મહા સુદ પાંચમ (વસંતપંચમી) ના દિવસે ખંભાત શહેરમાં ખૂબ ઉત્સાહપૂર્વક આ કિશોરે પૂજ્ય શ્રી છગનલાલજી મહારાજ સાહેબ પાસે દીક્ષા અંગીકાર કરી. પૂજ્ય ગુરૂદેવે રવાભાઈનું ભાવિ જીવન ઉજ્જવળ જોઈ "રત્નચંદ્રજી" નામ આપ્યું.

રત્ન સમાન રત્નચંદ્રજી મહારાજ સાહેબ ગુરૂદેવના સાનિધ્યમાં રહી જ્ઞાનમાં ખૂબ આગળ વધ્યા. જેમ જેમ શાસ્ત્રજ્ઞાન સંપાદન કરતા ગયાં તેમ તેમ તેમનામાં નમ્રતા અને વિનય ગુણ પ્રગટ થતાં ગયાં. વૈશાખ વદી દશમના દિને ગુરૂદેવ સ્વર્ગવાસ પામતાં ખંભાત સંપ્રદાયનું સુકાન પૂજ્ય શ્રી રત્નચંદ્રજી મહારાજના હાથમાં આવ્યું. ખંભાત સંઘે પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબને પૂજ્યશ્રી તરીકેની પદવી અર્પણ કરી. પૂજ્ય પદવી પ્રાપ્ત થયા બાદ ગુરૂદેવે સંપ્રદાયનો મહિમા અને સંઘબળ ઘણું વધાર્યું. પોતાના શિરે આવેલી શ્રી સંઘની જવાબદારી બરાબર અદા કરવા લાગ્યા. ગ્રામાનુગ્રામ વિચરતાં પોતાનાં શિષ્યો સહિત વિક્રમ સંવત ૧૯૯૫માં તેઓશ્રી સાણંદ ચાતુર્માસ માટે પધાર્યા. તેમના ઉપદેશથી બે આત્માઓ બૂઝ્યા. એક જશુબાઈ મહાસતીજી અને બીજી હું. (શારદાબાઈ મહાસતીજી). જે ગુરૂદેવે અમને સંસારની અસારતા સમજાવી, અને બળતા દાવાનળમાંથી બહાર કાઢ્યાં અને આત્મકલ્યાણનો રાહ બતાવ્યો, તે ઉપકાર કદી ભૂલાય તેમ નથી. જેમ દરિયામાં દીવાદાંડી રાખવામાં આવે છે તેમ આ સંસાર સમુદ્રમાં અમારે માટે ગુરૂદેવ દીવાદાંડી સમાન હતાં. ખરેખર! જીવન રથનાં સાચા સારથી પૂજ્ય ગુરૂદેવ જ છે. ગુરૂ વિના કોઈ માર્ગ બતાવનાર નથી.

પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબ ૨૦૦૦ની સાલમાં સુરત ચાતુર્માસ માટે પધારેલ. ત્યારે પાળીયાદના રહીશ ત્રિકમલાલ ધનજીભાઈના સુપુત્ર શ્રી ડુંગરશીભાઇએ દીક્ષા અંગીકાર કરી. બા. બ્ર. હર્ષદમુનિ પૂજ્ય રત્નચંદ્રજી મહારાજ સાહેબના શિષ્ય તરીકે પ્રસિદ્ધ થયા. પૂ. ગુરૂદેવના સાનિધ્યમાં રહી તેમણે પણ વ્યાખ્યાતાનું પદ પ્રાપ્ત કર્યું. પૂજ્ય ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબે બાર ચોમાસા અમદાવાદમાં કર્યા. બાર ચાતુર્માસ ખંભાતમાં, દશ ચાતુર્માસ સુરતમાં, છ ચાતુર્માસ સાણંદમાં અને ચાર ચાતુર્માસ મુંબઈમાં (વિ. સં. ૧૯૬૪-૧૯૭૪-૧૯૭૫-૧૯૮૧) કર્યા હતા. વસોમાં ત્રણ, કઠોરમાં એક, બોટાદમાં એક, અને છેલ્લું ચાતુર્માસ સં–૨૦૦૪માં ખંભાત કરેલું. ગુરૂદેવને કોઈએ પૂછ્યું :- સાહેબ, આપનું સં–૨૦૦૪નું ચાતુર્માસ ક્યાં છે ? તો કહે કે આ છેલ્લું ચાતુર્માસ ખંભાત છે. એવું તેઓ સુરતથી પાછા ફરતાં વિહારમાંથી બોલ્યા હતા. તેઓ દર ચાતુર્માસમાં વ્યાખ્યાનમાં ભગવતીજી સૂત્રનું વાંચન કરતાં હતાં. પણ આખરના ચાતુર્માસમાં ઉત્તરાધ્યયન સૂત્રનું પાંચમું અધ્યયન " સકામ અકામ મરણ " નો અધિકાર વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીએ ખૂબ લાક્ષણીક શૈલીથી સમજાવ્યો હતો. તેમના વ્યાખ્યાનના પ્રભાવથી સંઘમાં અદ્‌ભૂત ઉત્સાહ વર્તાઈ રહ્યો હતો.

તે ગુરૂદેવના જીવનનો ઇતિહાસ જાણવા જેવો છે. પૂજ્ય ગુરૂદેવનું જીવન અને ચારિત્ર એટલું તો પ્રભાવશાળી હતું કે જોનાર માનવની આંખ ઠરી જાય. ગુરૂદેવની તબિયત ભાદરવા સુદ પાંચમના દિને શરદીનું જોર આવવાથી બગડી હતી. પણ તેમાં ધીમે ધીમે સુધારો થયો. ભાદરવા સુદ દશમના દિવસે તેમના શિષ્ય તપસ્વી કુલચંદ્રજી મહારાજને ૩૮ ઉપવાસ પૂરા થયા. ત્યારે તેમણે ગુરૂદેવને વિનંતિ કરી કે સાહેબ ! મને શાતા છે. ત્રણ ઉપવાસ ભેળવીને ૪૧ ઉપવાસ કરાવો. ગુરૂદેવ બોલ્યા–આજે હું તને છેલ્લું પારણું કરાવું છું. ગુરૂદેવના એકેક શબ્દો એવા હતાં કે કોઈને કંઈ ખ્યાલ ન આવ્યો. તે દિવસે આખા સંઘમાં પૂજ્ય રત્નચંદ્રજી મહારાજ ગૌચરી કરવા માટે પધાર્યા. ત્યારબાદ શિષ્યને પારણું કરાવ્યું. છેલ્લે સાંજના પ્રતિક્રમણ કરવા બેઠાં તે પહેલાં પોતાના લઘુશિષ્ય હર્ષદમુનિને માથે હાથ મૂકી ખૂબ શિખામણ આપી. તપસ્વી મહારાજને કહ્યું કે આજે તમને માનસિક ઉપસર્ગ આવવાનો છે. તમે બધા ખૂબ હિંમત રાખજો. વકીલ ગુલાબચંદભાઈ ખંભાત ગયેલા. તેમની સાથે ત્રણ માળ સુધી ફરી વાતો કરી અને વકીલને જવાની રજા આપી તેથી વકીલ અમદાવાદ આવ્યાં. ખંભાતના ઝવેરી માણેકલાલ ભગવાનદાસ પટેલ (હાલ મુંબઈ) સાયનમાં રહે છે. તેઓ મુંબઈ જતાં પહેલા પૂ. ગુરૂદેવના દર્શન કરવા આવ્યાં. તેઓને કહે છે કે તમે આજે મુંબઈ ન જશો. કાલે તમારું કામ પડવાનું છે. આવી આવી સંક્ષેપમાં ઘણી વાતો કરી. પોતાના જીવનની અંતિમ ઘડીનો ખ્યાલ આવી જવાથી પ્રતિક્રમણ કરી

ચૌવિહારના પચ્ચખાણ કર્યા. પછી મેડી ઉપરથી નીચે પધાર્યા. અને બધા શિષ્યોને સુંદર શિખામણ આપી. અને મને જ્યારે અમદાવાદ ચાતુર્માસની આજ્ઞા કરી ત્યારે મેં દલીલ કરી કે ગુરૂદેવ ! મારી તબિયત સારી નથી. હમણાં જ ઠીક થયું છે. તો આપ આ વખતે મને અમદાવાદ ચાતુર્માસ ન આપો. ત્યારે ગુરૂદેવે કહયું કે ચાતુર્માસની આ છેલ્લી આજ્ઞા આપું છું. આવી ઘણી ઘણી વાતો કરી પણ કોઈ સમજી શકયું નહિ.

પૂ. ગુરૂદેવની તબિયત રાતના વધુ બગડતી ગઈ. કારમું વાદળ ઘેરાવા લાગ્યું. ગુરૂદેવે શ્રી સંઘને કહી દીધું કે મારા ચારિત્રમાં કોઈ જાતનો દોષ લાગવો જોઈએ નહિ, તે વાત ખાસ ધ્યાનમાં રાખજો. એમ કહી પોતે સમાધિમાં સ્થિર થવા લાગ્યા. ચાર આંગળા ઉંચા કરી સંઘને નિશાન આપી દીધું અને છેવટે ભાદરવા સુદ અગિયારસના પ્રભાતે ચાર વાગે સંવત ૨૦૦૪ની સાલે પૂ. ગુરૂદેવ આ ફાની દુનિયા છોડી શ્રી સંઘને રડતો મૂકી સ્વર્ગના પંથે પ્રયાણ કરી ગયા.

બંધુઓ ! પૂજ્ય ગુરૂદેવની આ ૨૨મી પુણ્યતિથિ છે. બા. બ્ર. ઈન્દીરાબાઈ મહાસતીજીને ૩૦ અને બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજીને ૨૧ ઉપવાસનું પારણું છે. માટે જે કંઇ પ્રત્યાખ્યાન કરો તે એટલા મહિનાના લેજો. મહિનાના ન લો તો ઓછામાં ઓછા ૩૦, ૨૨ અને ૨૧ દિવસનાં કરશો જ. ઉપવાસ, આયંબીલ, પૌષધ, રાત્રિભોજનનો ત્યાગ, કંદમૂળનો ત્યાગ જેનાથી જે બને તે અવશ્ય કરશો. તો જ પૂ. ગુરૂદેવને સાચી શ્રદ્ધાંજલી આપી કહેવાય અને તપસ્વીનું બહુમાન કર્યું ગણાય.

આજે ગોંડલ સંપ્રદાયના ખોડાજી મહારાજ સાહેબની પણ પુણ્યતિથિ છે. તેઓશ્રીનો જન્મ રાજકોટના દશા શ્રીમાળી જ્ઞાતિના સુશ્રાવક શ્રી વીરજીભાઈને ત્યાં સંવત ૧૮૯૨ ના કારતક સુદી અગિયારસના દિવસે થયો હતો. જુઓ, મહાનપુરૂષોનો કેવો સુમેળ છે ! પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબનો જન્મદિન પણ કારતક સુદ અગિયારસનો અને પૂજ્ય ખોડાજી મહારાજ સાહેબનો જન્મદિન પણ એ જ છે. બંનેની સ્વર્ગારોહણ તિથિ પણ ભાદરવા સુદ અગિયારસની છે.

પૂજ્ય રત્નચંદ્રજી મહારાજ સાહેબના શિષ્યનું નામ પણ ખોડાજી મહારાજ સાહેબ હતું. તેઓશ્રી પણ ખૂબ વિનયવંત અને સરળ હતાં. આજે મને એ ખોડાજી મહારાજ પણ ખૂબ યાદ આવે છે.

પૂ. ખોડાજી મહારાજ સાહેબે સોળ વર્ષની ઉંમરે સંવત ૧૯૦૮ના અષાડ સુદી અગિયારસના શુભ દિને પૂજ્ય જસાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. તે મહાન પુરૂષે દીક્ષા લઈને ખૂબ પ્રગતિ સાધી છે. તેઓશ્રી કવિવર્ય હતાં. તેમણે સંયમ લીધા પછી ૭૦૦ ઉપરાંત સ્તવનો અને સજ્ઝાયો રચેલ છે. અને તેમનું "ખોડાજી

કાવ્ય માળા" નામનું પુસ્તક પણ બહાર પડેલ છે. તે ઉપરાંત "ખોડીદાસ ચોવીશી" અને "ચિત્ત સંભૂતિનો રાસ" પણ મહાકાવ્ય રૂપે વર્ણવેલ છે.

આવા મહાન પુરૂષ કવિવર્ય શ્રી ખોડાજી મહારાજ નાની ઉંમરમાં ગુલાબના પુષ્પ જેવી સૌરભ મ્હેંકાવી ગયા છે. ગુલાબને લસોટી નાંખો, કે ગરમ પાણીમાં નાંખી ઉકાળો તો પણ તે સુવાસ જ આપે છે. તેમ મહાનપુરૂષોનું જીવન આપણને સૌરભ જ આપે છે. એમના જીવનમાંથી આપણને પ્રેરણા મળે છે. તેઓશ્રી કર્મોને ખોડા કરી ૧૯ વર્ષ નિર્મળ ચારિત્રનું પાલન કરી ૩૫ વર્ષની ભરયુવાન વયે કાળધર્મ પામ્યાં છે.

આવા મહાન ગુરૂવર્યોની પુણ્યતિથિ નિમિત્તે જેટલી અને તેટલી વધુ ધર્મારાધના કરશો. સારા વ્રત–પ્રત્યાખ્યાન કરી મહાન પુરૂષોનો આદર્શ જીવનમાં અપનાવશો.

વ્યાખ્યાન નં.....૫૪

ભાદરવા સુદ ૧૨ ને શનિવાર તા. ૧૨–૯–૭૦

અનંતજ્ઞાની મહાન પુરૂષોની શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. વીતરાગની વાણી રૂપી પાણીનું એક જ બિંદુ અંતરમાં ઉતરે તો આપણું કલ્યાણ થઈ જાય.

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં બે પુત્રોને સંસાર અસાર લાગ્યો છે. તમે ઘણી વખત પૂર્વે સાંભળ્યું હશે કે આ સંસાર અસાર છે, છતાં છોડવાનું કદી મન થયું છે? તમને હજુ કર્મના દેણાં ચૂકવવાની ચિંતા થતી નથી, માટે તે તરફનો પુરુષાર્થ જાગતો નથી. જેથી અણગાર બનવાનું મન થતું નથી. જેટલી જિંદગી ગઈ તેટલી ભલે ગઈ,હવે જાગો તોય સારું છે. નિરાશ થવાની જરૂર નથી. જ્ઞાનીએ આત્માને ઉપર ચઢવા માટે ચૌદ ગુણસ્થાનની શ્રેણી બતાવી છે. એ સીડીના એકેક પગથિયાં ચઢવા માટે છે. પણ જ્યાં છીએ ત્યાં ને ત્યાં પડ્યા રહેવા માટે નહિ.

ચૌદ ગુણસ્થાનમાં જીવને ચોથા ગુણસ્થાનથી મોક્ષગતિએ જવાના મંડાણ મંડાય છે. સમ્યગ્દર્શન વિના જીવનો મોક્ષ થતો નથી.

नत्थि चरित्तं सम्मतविहुणं, दंसणे उ भइयव्वं ।
सम्मत्त चरित्ताइं, जुगवं पुव्वं व सम्मत्तं ॥ उ. अ. २८–२९ ।

જ્યાં સમ્યક્ત્વ હોય ત્યાં ચારિત્ર હોય પણ ખરું અને ન પણ હોય. એવો કોઈ

નિયમ નથી કે જ્યાં સમ્યક્ત્વ હોય ત્યાં ચારિત્ર હોય જ, પણ જ્યાં ચારિત્ર હોય ત્યાં સમ્યક્ત્વ હોય. જે અણગાર સાધુમાર્ગનો શ્રદ્ધાથી સ્વીકાર કરે છે તે સંસારને અસાર સમજે છે. એ તો સંસારને કર્મોદયના ફોતરાની જેમ ફગાવી દે છે. એને તો જિનેશ્વર-દેવનો ધર્મ જ સાર રૂપ લાગ્યો છે.

બંધુઓ ! તમને તો 'સંસાર અસાર છે' આ વાકય સંતોના મુખે સાંભળતાં કેટલા વર્ષોના વ્હાણાં વાયાં.

'સુણી સુણીને ફૂટ્યાં કાન, તો યે ન આવ્યું બ્રહ્મજ્ઞાન"

બસ, તમે તો એક જ વાત સમજ્યા છો કે સંતોને કહેવાનો ધર્મ અને અમારે સાંભળવાનો ધર્મ. અમે એમ કયાં છોડીએ એમ છીએ. જો હવે પણ કંઇક સમજતાં હો તો તમારા સંસારનાં પદાર્થો તમે અસાર સમજો. કંઇક એવા વ્હાના કાઢે છે કે દીક્ષા લેવાનું ઘણું મન થાય પણ અમારે તો કંપની જોઈએ. ભાઈ ! ભગવાન મહાવીર સ્વામીએ રાજવૈભવનો ત્યાગ કરી દીક્ષા લીધી ત્યારે એકલા લીધી હતી. ચોવીસ તીર્થંકરોમાં એકાકીપણે જો દીક્ષા લીધી હોય તો ભગવાન મહાવીર સ્વામીએ જ. એમણે એ જ વિચાર કર્યો કે કર્મ બાંધતી વખતે મેં કોઈ કંપનીની અપેક્ષા રાખી ન હતી. તો હવે કર્મ તોડવાના સમયે પણ કંપનીની શી જરૂર છે ? આ જીવ એકલો જ આવ્યો છે અને એકલો જવાનો છે.

ભૃગુ પુરોહિતના બે લાડકવાયા પુત્રો કર્મના દેણાં પતાવવાં તૈયાર થયાં છે. માતા-પિતા એમના પુત્રોને વિવિધ પ્રકારે સમજાવે છે કે હે પુત્રો ! તમારા ઉપર અમારી આશાના મિનારા છે. બે જ પુત્રો છો. હવે તમે જ્યારે સંયમ માર્ગે જશો તો આ ગાદીનો વારસદાર કોણ ! એમ એમના મનમાં દુઃખ થવા લાગ્યું.

सोयग्गिणा आयगुणिन्धणेणं, मोहाणिला पज्जलणा हिएणं ।
संतत्तभावं परितप्पमाणं, लालप्पमाणं बहुहा बहुं च ॥ उ. अ. १४-१०

આત્માના ગુણોરૂપી ઇંધન, શોક રૂપી અગ્નિ અને મોહ રૂપી પ્રચંડ વાયુથી ભૃગુ પુરોહિત ખૂબ સંતાપ કરવા લાગ્યો. બંધુઓ ! કહેવાનો આશય એ છે કે જેમ લાકડાં હોય, અગ્નિ હોય, અને તેમાં પણ તેને પ્રજ્વલિત કરનાર પવન વાય તો અગ્નિની જ્વાળા ફેલાતાં વાર ન લાગે. તેમ આ ભૃગુ પુરોહિત અને યશાભાર્યા બંને આત્માઓ ભાવીના મોક્ષગામી જીવો છે, પણ મોહનું પ્રબળ જોર છે. આઠ કર્મોમાં મુખ્ય સેનાપતિ જો કોઈ હોય તો તે મોહનીય કર્મ છે.

"કર્મો અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ,
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ."

આજે જીવ અઘાતી ઉપર ઘા કરે છે, પણ ઘાતી ઉપર ઘા કરતો નથી. વેદનીય કર્મ અઘાતી છે. પછી ચાહે શાતા વેદનીય હોય કે અશાતા વેદનીય હોય, પણ એ અઘાતી છે. છતાં રહેજ તાવ આવે, શરીરમાં દર્દ થાય, કે તરત જ એના ઉપર ઘા કરવા માટે વૈદ્યો–ડોકટરો અને હકીમો શોધો છો. તેથી પણ ન મટે તો માતા–માવડી અને દોરા ધાગા પણ કરો છો. અમારા કંઈક ભાઈઓને તો સામાયિક લેતાં પણ શરમ આવે, પણ દોરા ને માદળીયાં બાંધતા શરમ આવતી નથી. મારા મહાવીરના પુત્રોને આ દોરા ને માદળીયા શોભે ? આત્માના ગુણોના માદળીયાં પહેરો. હનુમાનજીને તેલ ચઢાવવાથી કે આકડાના ફૂલની માળા ચઢાવવાથી બળવાન નહિ બનાય. પણ બ્રહ્મચર્ય રૂપી બળ લઈને કર્મની જંજીરો તોડવામાં તમારા આત્માને હનુમાન જેવો બળવાન બનાવો.

ભૃગુ પુરોહિતને પુત્રો પ્રત્યે અથાગ મોહ છે. એના કારણે પુત્રોના વચન સાંભળી અંતરમાં ખૂબ દુઃખ થયું. જેમ વાયરાથી પ્રેરિત થયેલ અગ્નિ લીલાં અને સૂકાં લાકડાઓને બાળીને ભસ્મીભૂત કરી નાંખે છે, તેવી રીતે ભૃગુ પુરોહિતના હૃદયમાં શોક રૂપી અગ્નિ ઉત્પન્ન થયો છે. એટલે તેના આત્માના શાંતિ આદિ ગુણોને બાળીને ખાખ કરી રહયા છે. તેમાં પણ મોહનો પ્રચંડ વાયુ મળે એટલે શું બાકી રહે ? શોકમાં જલતો વિલાપ પણ કરે છે. મોહનીય કર્મ જેટલાં નાટક ન કરે તેટલાં ઓછાં છે. આ મોહને કારણે જ જીવ ચતુર્ગતિરૂપ સંસારમાં ભમ્યો છે.

વીતરાગના વચનોમાં જીવને શ્રદ્ધા થાય ત્યારે જ તેનો સંસાર પરિત થાય. અનાદિનો અંત કયારે આવે ? " संवत्तौ नियम " તમને જે જે વસ્તુઓ–ઉપભોગનાં સાધનો મળ્યાં છે તેના ઉપરથી મોહ ઓછો કરી એની મર્યાદા કરો. દિન પ્રત્યે અમુક દ્રવ્યો જ વાપરવાં, અમુક વસ્ત્રો ખપે, ગમન કરવાની મર્યાદા કરો. જેટલી છૂટ ભોગવો છો તેટલું ભ્રમણ વધવાનું છે. જેટલા નિયમમાં રહેશો તેટલો સંસાર પરિત થશે. જો મર્યાદા નહિ કરો તો તમારી તૃષ્ણા નદીના પૂરની જેમ વધતી જશે, કારણ કે તે આકાશની જેમ અનંત છે.

જે મનુષ્યો સંસારની ઈચ્છાઓ પૂર્ણ કરવા મથી રહ્યા છે તેની ઈચ્છા ચાળણીને પાણીથી ભરનાર કે પૈસાથી આકાશને પૂર્ણ કરનાર જેવી વ્યર્થ છે.

" મહા તૃષ્ણાના પૂરે, ઘણાં ભવથી તણાયાં છો,
હજુ પાછા નથી ફરતાં, કહો કયારે પછી ફરશો ? "

ભૂતકાળથી આપણો આત્મા સંસારમાં રઝળી રહયો છે. તમને કોઈ વખત પણ એવો વિચાર થાય છે કે અનંત આત્માઓ ભગવાનના પંથે ચાલી સિદ્ધ થઈ ગયા તો મારો આત્મા કેમ ન થાય ? મારા ભવનો હજુ અંત કેમ ન આવ્યો ? બીજા ભવોમાં

આત્મા જે કાર્ય નથી કરી શકયો તે આ ભવમાં કરવાનું છે. જો આ ભવમાં કમરે કસીને કામ નહિ કરો અને પ્રમાદમાં બેસી રહેશો તો પાછળથી પસ્તાવાનો પાર નહિ રહે. કારણ કે તમે ગમે તેમ કરશો તો પણ તમારી સંસારિક ઇચ્છાઓ પૂર્ણ નહિ થાય. મહાત્મા ભર્તૃહરિએ કહ્યું છે કે :–

भोगा न भुक्ता वयमेव भुक्ताः, तपो न तप्तं वयमेव तप्ताः ।
तृष्णा न जीर्णा वयमेव जीर्णाः, कालो न या तो वयमेव यातः ।

ભોગોને ભોગવતાં અમે જ ભોગવાઈ ગયાં, અમારાથી તપ તો તપી શકાયુ નહિ પણ અમે જ તપી ગયાં. અમારી તૃષ્ણા તો જીર્ણ થઈ નહિ પરંતુ અમે જ જીર્ણ થઈ ગયાં. કાળ તો ગયો નહિ અને અમે તો હવે ચાલ્યાં. આ રીતે ભર્તૃહરી પણ બોલ્યાં હતાં.

દેવાનુપ્રિયો ! ત્યાગ કર્યા વિના ત્રણે કાળમાં સિદ્ધિ થવાની નથી. પૂર્વે અનંત મહાન પુરૂષોએ સંસાર છોડયો ત્યારે જ તેઓ સિદ્ધ થઈ શકયા છે. પૂર્ણ થઈ ગયાં છે. વહેપારમાં નફો મેળવવા માટે મૂડી રોકવી પડે છે. ખેતરમાંથી અનાજનો પાક જોઈતો હોય તો પ્રથમ તો બીજ વાવવું પડે છે. પહેલાં ત્યાગ કરો તો જ તેનો લાભ મળી શકે છે. મકાનનું ભાડું જોઈતું હોય તો પહેલાં ભાડૂતને મકાન સોંપી દેવું પડે છે, તેમ બંધુઓ ! આત્માના સુખ મેળવવા માટે ત્યાગ રૂપી મૂલ્ય ચૂકવવા જોઈએ. પણ તમારે તો ત્યાગ કરવો નથી અને સુખ જોઈએ છે, તે કયાંથી બને ?

એક વખત એક વહેપારીએ પોતાના મુનીમને એક ડાયરીમાંથી એક કાગળ ફાડી અંદર પોતાની સહી કરી ચેક લખીને બેંકમાં ૫૦૦૦) રૂપિયા લેવા માટે મોકલ્યો. થોડી જ વારમાં મુનીમ ચેકના કાગળના બદલામાં રૂ. ૫૦૦૦) લઈને આવી ગયો. ઝાડુ કાઢનાર નોકરે આ બધું જોયું. એના મનમાં થયું કે અહો ! શેઠે એક કાગળમાં સહી કરીને કાગળ આપ્યો. તેમાં આ મુનીમજી પાંચ હજાર રૂપિયા લઈ આવ્યો, તો હવે મને કેમ ન મળે ? બીજે દિવસે નોકર વહેલો દુકાનમાં ઝાડૂ કાઢવા ગયો. અને શેઠે જે ચેક બુકમાંથી પાનું ફાડયું હતું તેમાંથી તેણે પાનું ફાડયું. તેના ઉપર પોતાની સહી પણ કરી. બે હજારનો આંકડો લખીને તે બેંકમાં ગયો. અને કેશીઅરના હાથમાં ચેક આપીને કહ્યું કે મને બે હજાર રૂપિયા આપો.

કેશીઅર કહે છે ભાઈ ! અહીં તારા નામનું ખાતું જ નથી. માટે તને રૂપિયા નહિ મળે. ત્યારે નોકર રૂઆબથી કહે છે કેમ નહિ મળે ? કાલે શેઠે સહી કરી હતી તો તમે પાંચ હજાર રૂપિયા તરત જ આપ્યા હતા. તો મેં પણ મારી સહી કરી છે. મને રૂપિયા કેમ ન મળે ? ત્યારે કેશીઅર સમજાવીને કહે છે ભાઈ ! તું સમજ્યા વિના

જ તારા શેઠની ચેકબુકમાંથી પાનું ફાડીને રૂપિયા લેવા માટે આવ્યો છે. પણ તને આ વિષયનું જ્ઞાન જ નથી. તારા શેઠે આ બેંકમાં બે લાખ રૂપિયા જમા કરાવ્યાં છે. તેથી તેમને રૂપિયા મળી શકે. તેં અહીં મુડી જમા કરાવી નથી. જેણે જમા કરાવ્યા હોય તેના જ ચેક અહીં ચાલી શકે છે. તારા શેઠ બે લાખની અંદરનો જ ચેક લખી શકે. પણ જો એથી વધુ પૈસા લખે તો એનો ચેક પણ પાછો જ ફરે. કેમ, આ વાત તો સાચી છે ને? તમે આ બાબતમાં તો બહુ જ ચતુર છો. મારા રાજગૃહીના શ્રાવકોને આવી વાતોમાં તો બહુ જ રસ આવે. જેમ એ બેંકમાં પહેલાં નાણાં જમા કરો તો જ જોઈએ ત્યારે પૈસા મળી શકે છે, તેમ આ ભગવાન મહાવીરની સદ્ધર બેંક છે તેમાં તપ-ત્યાગ અને સંયમનાં નાણાં જમા કર્યા હશે તો જોઈશે ત્યારે મળશે.

તમે જેટલા ભોગ-વિષયોમાં કાપ મૂકશો તેટલાં તમે પરભવમાં સુખી થશો. કર્મ રૂપી મળને દૂર કરવા માટે સમજણપૂર્વકની શુદ્ધ ક્રિયા કરવામાં આવે તો ઓછામાં ઓછા ત્રીજે ભવે અને વધુમાં વધુ પંદર ભવે તો અવશ્ય મોક્ષ મળે. અને સંતોના સમજાવવા છતાં પણ કામભોગોને ન છોડે તો ભવસાગરમાં ભમે છે.

ચિત્ત મુનિએ પોતાના પૂર્વના ભાઇ બ્રહ્મદત્ત ચક્રવર્તીને ખૂબ સમજાવ્યો. ભાઇ! આ ચક્રવર્તીના સુખો દુર્ગતિનું કારણ છે. માટે તું કંઇક સમજ. સમજીને છોડીશ તો તારું કલ્યાણ થશે. નહિતર દુર્ગતિમાં જઇશ. ત્યારે કામ રૂપી કીચડમાં ડૂબેલો બ્રહ્મદત્ત ચિત્ત મુનિને શું કહે છે :-

> नागो जहा पंकजलावसन्नो, दट्ठं थलं नाभिसमेइ तीरं ।
> एवं वयं कामगुणेसु गिद्धा, न भिक्खुणा मग्ग मणु व्वयामो ॥ उ. अ. १३-३०

તૃષાતુર બનેલો હાથી જેમ તળાવના કિનારે જાય છે. અને પાણીમાં ખૂબ કાદવ રહેલો છે એ જાણવા છતાં પણ એ કાદવમાં પગ મૂકે છે અને પરિણામે કાદવમાં ખૂંચી જાય છે. જેમ જેમ એ બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે તેમ તેમ વધુ ને વધુ એના પગ કાદવમાં ખૂંચતા જાય છે. એ તળાવનો કિનારો પણ જોવે છે અને જમીનને પણ જોવે છે. પણ એ બહાર નીકળી શકતો નથી. તેમ હે મુનિરાજ! હું પણ એ હાથીની જેમ કામ-ભોગમાં ડૂબેલો છું. કામભોગો દુર્ગતિના દાતાર છે, એમ જાણવા છતાં પણ એને હું છોડી શકતો નથી.

સમતાના સાગર, દયાળુ મુનિ બ્રહ્મદત્તને કહે છે હે બ્રહ્મદત્ત! તું કામભોગોને સંપૂર્ણપણે છોડવાને અશકત હોય તો તું મર્યાદિત કામભોગ છોડ. અને માંસ મદિરા આદિ અભક્ષ્ય વસ્તુઓનો ત્યાગ કર. અને ન્યાય-નીતિ, દયા, પ્રેમ આદિ સત્કાર્યો કરીશ તો પણ તને લાભ થશે.

"સંસારે જો રહી રાજન, જીવન શુદ્ધિ આચરે,
ઇચ્છિત સુખનો ભોક્તા, દેવ મોટો થઇશ તું."

હે બ્રહ્મદત્ત! સંસારમાં રહીને પણ જો તું સત્કાર્યો કરીશ તો ઇચ્છિત સુખોને ભોગવનાર મહદ્ધિકદેવ થઇશ. આ રીતે ચિત્ત મુનિએ બ્રહ્મદત્તને ખૂબ સમજાવ્યો, છતાં મુનિની એક પણ વાત એણે કબૂલ કરી નહિ. પૂરી નાદાની બતાવી. બંધુઓ! તમારા માથા ઉપર એક લાખ રૂપિયાનું દેણું હોય અને લેણદારને એક હજાર રૂપિયા આપો તો પણ તે ખુશ થતો હોય તો પણ તમે એમ કહી દો કે, એક હજાર રૂપિયા આપવાની પણ મારામાં શક્તિ નથી. તો તમે પુરા નાદાર કહેવાઓ કે નહિ?

पंचालराया वि य बंभदत्तो, साहुस्स तस्स वयणं अकाउ ।
अणुत्तरे भुंजिय काम भोगे, अणुत्तरे सो नरए पविट्ठो ॥ उ. अ. १३–३४

બ્રહ્મદત્તે મુનિનું એક પણ વચન માન્યું નહિ. અને કામભોગોમાં જ એ રક્ત રહ્યો. તે ઉત્તમ પ્રકારનાં કામભોગો ભોગવીને સાતમી નરકે ભયંકર દુઃખો ભોગવવા ચાલ્યો ગયો. મહાન સુખોનો ભોક્તા એવો ચક્રવર્તી સાતમી નરકની તીવ્ર વેદનાઓ કેવી રીતે ભોગવી શકતો હશે? જે કામના કીડા બને છે તેની આવી જ દશા થાય છે. માટે તમે પણ સમજીને છોડશો તો સારું છે. નહિ સમજો તો તમારે માથે ચતુર્ગતિની જેલ ઉભી જ છે.

ભૃગુ પુરોહિતે કહ્યું કે બેટા! પાછલી અવસ્થામાં તમે સંસાર ત્યાગીને સંન્યાસી બનજો. પાછલી ઉંમરમાં તો અન્યદર્શનિકો પણ સાધુ બનવાનું સ્વીકારે છે. પણ મારા સમજદાર શ્રાવકોને હજુ છોડવાનું મન થતું નથી. કંઇક તો કહે છે કે બાધા લઇએ તો ખરા પણ ન પળાય તો શું કરવું? પહેલેથી જ છૂટવાના રસ્તા શોધો છો.

કંઇક જીવો શૂરવીર થઇને સાધુ તો બની જાય પણ એમ વિચાર કરે કે દીક્ષા તો લઉં છું, પણ કદાચ ન પાળી શકું તો? અથવા મને ત્યાં ન ફાવે તો મારી આજીવિકાનું સાધન તો જોઇએ ને? એટલે સાધુપણામાં રહીને જ્યોતિષ, નંબર આપવા વગેરે બધું શીખી જાય. અને દીક્ષા ન પાળી શકે તો ખસી જાય. આવા કાયરો શાસનનો શો ઉદ્ધાર કરી શકવાનાં છે? આવા સંખ્યાબંધ સાધુઓ કે સાધ્વીઓ હોય તેની અમારે જરૂર નથી. એ કરતાં ભલે એક જ હોય પણ એક જ સિંહનું બચ્ચું હાથીના ટોળાઓને ભગાડી મૂકે છે. એક જ ચન્દ્ર અંધકારનો નાશ કરે છે, પણ અગણિત તારાઓ અંધકારનો નાશ કરી શકતા નથી.

એક વખત એક રાજાના રાજ્યમાં પાંચસો સૈનિકો આવ્યા. એમના શરીરનો બાંધો જોઇ રાજાએ વિચાર કર્યો કે, છે તો મજબૂત, પણ એક વખત લડાઇમાં ઉતરે,

વિજય મેળવે. એમનું કામ જોયાં પછી એમને પગાર આપું. રાજા કહે છે : ભાઈ! એક વખત તમારું પરાક્રમ જોઉં પછી તમને પગાર આપું. ત્યાં સુધી મારા રાજ્યમાં રહો. ખાઇ-પીને આનંદ કરો. સમય આવે જોઈ લઇશું. શત્રુ સામે સામનો કરવાનો સમય આવી ગયો. ત્યારે રાજા કહે છે બીજું સૈન્ય તો તૈયાર જ છે. પણ આ નવાં આવેલાં સૈનિકોને પહેલાં મોકલો. આ નવા આવેલા સૈનિકો તો એવા અલમસ્ત છે કે ચૂંટી ખણે ને લોહી નીકળે. મોટું પડછંદ શરીર છે. આંખો પણ વિકરાળ છે. એમને જોઈને જ શત્રુઓ ડરી ગયાં. આ તો ખૂબ બળવાન છે. આમને કેમ જીતી શકાશે? લડીને હારવા કરતાં પહેલેથી જ પાછા હઠી જઈએ. પેલા સૈનિકો જ્યાં પાછા હઠ્યાં ત્યાં પેલા પાંચસો જણા તાળીઓના ટબાકા વગાડી 'જય અંબે-જય બહુચરા' બોલીને ઉભા રહયાં. ત્યાં પેલા સૈનિકો સમજી ગયા કે આ તો પાવૈયા છે. તરત જ પકડી લીધા.

બંધુઓ! આમાં બેઠેલાં દૃઢધર્મી અને પ્રિયધર્મી દેખાતાં શૂરવીર શ્રાવકો કસોટીના પ્રસંગમાં ભાગવાનાં રસ્તાં શોધતાં હોય તેને અમારે કેવા કહેવા! (હસાહસ) મારે તમને કંઈ જ કહેવું નથી. તમે જ તમારી જાતે તમારી શક્તિનું માપ કાઢી લેજો. શાસનમાં આવા હજારો શ્રાવકો હોય તો પણ શું? ભલે એક જ શ્રાવક હોય પણ કર્મ-મેદાનમાં ઘા ઝીલવા તૈયાર હોવો જોઇએ.

બે પુત્રોને કર્મ મેદાનમાં યુદ્ધ કરવા જવું છે. પિતા કહે છે :- પુત્રો, તમે દીક્ષા લઈ લેશો તો અમારું શું થશે? પુત્રો માતા-પિતાને સમજાવશે. અને કર્મ મેદાનમાં જતાં સાચા શૂરવીરો પાછા નહિ પડે. હજુ એના પિતા શું કહેશે? છોકરાઓ પણ તેમની સામે કેવી દલીલો મૂકશે અને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૫૫

ભાદરવા સુદ ૧૪ ને રવિવાર, તા. ૧૩-૯-૭૦

મહાન વિભૂતિ, શાસનપતિ, સર્વજ્ઞ અને સર્વદર્શી ભગવંતે એમના જ્ઞાનમાં સર્વ દ્રવ્યો અને પર્યાયો જાણ્યાં અને દેખ્યાં. "सर्व द्रव्य पर्यायेषु केवलस्य।" કેવળજ્ઞાની સર્વદ્રવ્ય અને પર્યાયોને સંપૂર્ણ પણે જાણી શકે છે. એમણે જગતના જીવોને મોહનિદ્રામાં સૂતેલા જોઇને પડકાર કર્યો. હે જીવાત્માઓ! જાગો, કયાં સુધી ઉંઘ્યા કરશો? આ સંસાર આધિ-વ્યાધિ અને ઉપાધિ રૂપ દુઃખોથી ભરેલો છે. જન્મ,

જરા અને મરણની સાંકળથી સંકળાયેલો છે. આવા દુઃખમય સંસારથી મુક્તિ મેળવવી હોય તો વીતરાગના વચનો સમજવા જ પડશે. સમજીને સંસારમાંથી સરકયા વિના ઉદ્ધાર થવાનો નથી. આજે નહિ સમજો તો કાલે પણ સમજવું તો પડશે જ. ભગવાને કહ્યું છે કે :-

चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।
माणुसत्तं सुई सद्धा, संजमम्मि य वीरियं ॥ उ. अ. ३-१

પરમ કરૂણાવંત, પરમ ઉપકારી, શ્રુત કેવળી, ગણધર ભગવંત શ્રી સુધર્મા સ્વામી ભવ્ય જીવોના કલ્યાણને માટે ઉપદેશ આપતા ફરમાવે છે કે હે ભવ્ય જીવો ! કંચન, કામિની, કાયા અને કુટુંબની ચોકડી દુર્લભ નથી પણ માનવતા, શ્રુતવાણીનું શ્રવણ, તેના ઉપર શ્રદ્ધા અને સંયમ એ ચોકડી દુર્લભ છે. અસંયમ-અનીતિ અને અનાચારમાં રમણુતા કરવી તેમાં બહાદુરી નથી. એ તો અનાદિનાં છે જ. પરંતુ સંયમમાં, ન્યાય-નીતિમાં, અને સદાચારમાં રંગાવું તેમાં બહાદુરી છે. ઘાંચીનો બેલ આખો દિવસ ફરે પણ સાંજે ત્યાં ને ત્યાં આવે છે. તેમ આ જીવ અનંતકાળથી ૮૪ લાખ જીવાયોનીના ચક્કરમાં ભટકયો હોવા છતાં આજે પણ જુઓ તો પ્રાયઃ હતો ત્યાં ને ત્યાં ! કારણ કે નિજને ભૂલીને અત્યાર સુધી કંચન આદિ ચોકડીમાં ફસાયેલો રહ્યો છે. આટલો કાળ ભવમાં ભટકયા પછી પણ આત્મા હજુ ચરમાવર્તમાં આવ્યો નથી. આથી તેવા આત્માઓએ આજ સુધીમાં અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા અને હજુ પણ કેટલા કરશે એ તો જ્ઞાની ભગવંત જાણે. મનુષ્યજન્મ મળે તો પણ કર્મની ગાઢતા હોય છે કે તેને એવી ઈચ્છા કેમેય કરી ન થાય કે મને કોઈ મોક્ષ માર્ગે ચઢાવે તો ઠીક. અભવી નવ પૂર્વ સુધી ભણે તો પણ તેને મોક્ષની ઈચ્છા થાય જ નહિ. આ ધર્મની વાત તો લઘુકર્મી ભવ્ય-જીવો માટેની જ છે. અભવી પણ ચારિત્ર તો લે પરંતુ તેને પાંચ ચારિત્રમાંનું એક પણ ચારિત્ર હોય નહિ. દ્રવ્યથી તો યથાખ્યાત ચારિત્ર જેવું ચારિત્ર પાળે. પણ તે આ લોકના અહમેન્દ્ર પર્યંતના સુખો માટે પણ મોક્ષ માટે નહિ.

ચરમાવર્તમાં નહિ આવેલા આત્માને જ્ઞાનાવરણીય કર્મ એવું સજ્જડ હોય છે કે એને નવકાર મંત્ર આવડે નહિ એટલું જ નહિ પણ બોલાવો તો પણ ન બોલે. વ્યવહાર બધો આવડે. કપિલાદાસી દાન આપે તો શ્રેણિકરાજાની નરક હઠી જાય. એવું ભગવંતનું વચન છે, એમ કપિલા જાણે છે અને શ્રેણિક રાજા નરકે ન જાય એવું પણ તે હૃદયથી ઈચ્છે છે, છતાં પણ કપિલા દાન ન આપે તે ન જ આપે. હાથે ચાટવો બાંધીને બળાત્કારે દાન અપાવ્યું તો પણ કહી દીધું કે :- "આ દાન હું નથી દેતી પણ શ્રેણિક રાજાનો ચાટવો આપે છે." આનું નામ કર્મની ગાઢતા ! આયુષ્ય કર્મ સિવાયના સાત કર્મોનો એક કોટાનકોટી સાગરોપમથી ન્યુન એવો શેષભાગ રહ્યા બાદ માનવી જે માર્ગાનુસારી

બન્યો છે તે હજુ ગ્રંથી પ્રદેશે આવેલો છે. હવે તેને માટે તે પ્રદેશે જ અસંખ્યાતો કાળ રહેવાનો. સંખ્યાત કે અસંખ્યાત કાળે ગ્રંથી ભેદવાનો અને નહિ તો તે ગ્રંથી-પ્રદેશથી પાછો જવાનો એમ ત્રણ પ્રકાર છે. જે આત્મા હજુ ગ્રંથીને ભેદી શકે તેવી શક્તિવાળો નથી તે આત્મા તે સ્થળે અસંખ્યાતો કાળ રહીને પણ પાછો નીચે જાય. અને જે આત્મા ગ્રંથીનો ભેદ કરે તેને ત્યારબાદ અનિવૃત્તિકરણ વડે સમકિત-રત્નની પ્રાપ્તિ થાય.

એક કલ્પના કરો કે જેમ ખૂબ મેલા થયેલાં કપડાંને કે તલની ઘણી ચીકાશ જામેલાં કપડાંને તેનો મેલ કાઢવામાં સામાન્ય પ્રયોગો અસર ન કરે. તેમાંના ગાઢ મેલને કાઢવા માટે તો તે કપડું ધોબીને જ સોંપવું પડે. ધોબી ભઠ્ઠીના ઉકળતા પાણીમાં તે કપડાને નાંખે અને તેમાં મેલને છૂટો કરનાર ખાર, સાબુ આદિક પદાર્થો નાખે. ખૂબ બાફે, ખૂબ બદબદાવે, ત્યારે તે મેલ કપડાંથી છૂટો પડે. ઘણાં કાળથી મેલને પોતાનો માનનાર કપડું પોતે તે મેલને દૂર ન કરી શકે. એ તો ધોબીજ મેલ છૂટો પાડી શકે. કપડું ધોબીના ઉકળતા ભઠ્ઠામાં પડયા પછી મેલના લીધે બડબડીયાં (પરપોટા) કરે તો પણ ધોબી તેનાં બડબડીયાંની સામે જોઈ તેની દયા ન લાવે. એ તો મેલ છૂટો ન પડે ત્યાં સુધી નિરપેક્ષભાવે બદબદવા દે. અને સાથે બડબડીયાં પણ કરવાં દે. પોતાના કપડાંની તેવી કરૂણ દશાને જોઈને તેનો માલિક ધોબીને ભઠ્ઠામાંથી કાઢી લેવાનું કહે તો પણ ધોબી તેના સામે ધ્યાન ન દે. તેમ ગ્રંથીપ્રદેશે રહેલ આત્માની અનંતકાળના રાગ-દ્વેષ રૂપી મેલની અત્યંત ગાઢ ગ્રંથી રૂપી આમળને ભેદી નાંખવા માટે, આત્મા રૂપ કપડાંથી અલગ કરવા માટે, આત્માને સમ્યક્ત્વ સન્મુખ લાવી મૂકનાર ગુણ રૂપ ધોબી કર્મમેલનો સ્વામી આત્મા તેને રાહત આપવાનું કહે તો પણ તેની સામે ધ્યાન આપ્યા વિના તીવ્ર સદાચાર રૂપી ભઠ્ઠીના તાવડામાં ખૂબ બદબદાવે. અને તેમાં અનંતકાળનો સંબંધ હોવાના કારણે તે ગ્રંથીનો માલિક આત્મા તેની ઉપર કદાચ દયા લાવે તો તે સામે પણ આત્માનો એ કુહાડાની તીક્ષ્ણ ધાર જેવા તીક્ષ્ણ પરિણામ રૂપ ગુણ ધોબી નજર સરખી પણ ન કરે.

એ તીવ્ર સદાચાર રૂપ ભઠ્ઠીના તાવડામાં ખૂબ બદબદીને આત્મા રૂપ કપડાંથી તે મેલ કર્મરૂપી ગ્રંથી તદ્દન નિર્બળ થઈ જવાથી તે કપડું એ ગાઢ મેલથી મુક્ત થાય, એ મેલના યોગે બદબદતું શાંત થાય, પછી જ તે હિતસ્વી ધોબી તે આત્મ કપડામાંના તે ગ્રંથીરૂપ મેલમાંથી આત્માને લાગણીપૂર્વક બહાર કાઢે, અને તે પછી તેને અનિવૃત્ત-કરણ રૂપ નદીમાં નાંખીને શાંત કરે. ત્યાર પછી તો એ આત્મારૂપ કપડાંને થાય કે "હાશ" એ પ્રકારે આત્માને ગ્રંથીભેદ માટેના સતત પરિશ્રમને અંતે પ્રાપ્ત થતું સમ્યક્ત્વ એ 'હાશ' (સંતોષ) છે. એ પછી આત્માને દુર્ગતિમાં પડતો બચાવે અને શુભ સ્થાનમાં સ્થાપે,

એવા લક્ષણવાળા આત્માને જિનેશ્વર દેવ કથિત ધર્મની પ્રાપ્તિ થાય છે. ધર્મ પામ્યા પછી, માર્ગાનુસારિતા પ્રાપ્ત થયા પછી આત્મા એટલું સમજતો થાય છે કે આપ્તપુરૂષોના વચનને અનુસરવામાં જ લાભ છે. પણ ધર્મને નહિ સમજનારા યુવાનીઆ તો "સાઠે બુદ્ધિ નાઠી" કહીને હસી કાઢે છે. અને અસ્થિર વસ્તુઓની પાછળ પાગલ બનીને ભમે છે. પણ વિચાર કરો ! લક્ષ્મી એ તો અપરિગૃહિતા દેવી છે. તેને માટે માણસ ઘરબાર તજી પરદેશમાં ભટકે છે. પાઇ પાઈ એકઠી કરીને તિજોરી ભરી પણ અંતકાળે તમારી સામે જોશે ખરી ? શા માટે જુએ ! તમારે મન તો લક્ષ્મી એક છે પણ તમે એને છોડીને જાવ એટલે એને તો અનેક ! 'કોળીભાઈનો કૂબો, એક મૂવો ને બીજો ઉભો.' એ સ્થિતિ અપરિગૃહીતા લક્ષ્મીની છે. તમે એને માટે મરી ફીટચા પણ તમે મરી જાવ તો તમારી પાછળ એ આવશે નહિ. તમે જીવતા એને એક જ સ્વામી હતો. પછી તો અનેક સ્વામી છે. તેથી તમે દેહ છોડીને જાવ તો પણ એ તો તિજોરીમાં જ બેસી રહે છે.

કક્ષાની ચોકડીમાંની પહેલી ચીજ કંચન-લક્ષ્મી એવી છે. અને બીજી ચીજ છે કામિની, કે જેને એ લક્ષ્મીને બચીને લાવેલી હોય છે. લક્ષ્મી કરતાં આ તો કુલીનબાળા છે ને ! એટલે પોતાનો પતિ મરે ત્યારે એ લક્ષ્મીની જેમ ઘેર બેસી ન રહે પણ એ વિસામા સુધી પાછળ ચાલે છે. ત્યાં સુધી તે કૂટે છે. પણ એ કેવું ? છાતી લાલ ન થાય એવું, પછાડો ખાય, પડે, આખડે પણ એમાંય કેવી માયા ! જ્યાં ખાડા-ટેકરા-કાંકરા-કાદવ કે કોલસા ન હોય તેવી સપાટ જમીન હોય ત્યાં પછાડ ખાય. અને એમ કહે કે 'ગયા એની પાછળ થોડું જ જવાય' ! રડવામાં પણ 'તમે કયાં ગયા' એમ કહીને રડવાનું નહિ પણ અમને મૂકીને તમે ગયા, છોકરા નાના મૂકીને ગયા, હવે અમારું પૂરું કોણ કરશે ? એવા ઓળંભા આપીને રડવાનું. એ રીતે એ પોતાનું પૂરું કરતો બંધ થઈને મરી ગયો એટલે એને વિસામે વળાવીને પાછા વળી જવાનું.

કંચન અને કામિની આ પ્રકારના સંબંધી છે. હવે ચાર કક્ષાની ચોકડીમાંથી ત્રીજી બીજ કુટુંબ છે. તેનું સ્વરૂપ કેવું છે તે જોઈએ. "स्वजनाः श्मशाने" મરનારના મરી ગયા પછી કુટુંબીઓ તેને શ્મશાન સુધી મૂકી આવે છે. તેમાં પણ લગ્ન કરીને આવેલી સ્ત્રી પણ જ્યારે વિસામા સુધી આવી તો અમે તો અંગત સગાંકુટુંબી, અમારે તો એથી ય વધુ પાછળ જવું જોઈએ. એમ વિચારીને તેઓ એમને વિસામાથી આગળ વધીને શ્મશાન સુધી વળાવવા જાય છે. તે વળાવવામાં જોરથી રડે ખરા પણ એમના રડવામાં આંખમાં આંસુ ન હોય. શ્મશાને ગયા બાદ ભાઈની તાપણી કરે અને ઉનાળાનાં તાપમાં તાપણીથી દૂર જઈને બેસે. તેના વિયોગે તેમના કોઇ એકાદ કુટુંબીજનને એવું દુઃખ તો ન જ થાય કે ચેહમાં એની સાથે પડતું મૂકે. આ ત્રણ કક્ષાની વાત થઇ. માર્ગાનુસારી બનેલો આત્મા સદ્‌ગુરૂનો ઉપદેશ સાંભળીને સંસારની અસારતા સમજી જાય છે.

કક્ષારની ચોકડીમાંના ચોથા કક્ષારનું નામ છે કાયા. તે કાયા કયાં સુધી સાથે આવે છે ? "દેહ ચિતાયાં" આ દેહ વિચારે છે કે લક્ષ્મીના ભોગે, સ્ત્રીના ભોગે, અને કુટુંબીઓના ભોગે પણ મને પોષીને હૃષ્ટપુષ્ટ કરવામાં એને કોઈ જાતની ખામી રાખી નથી. હું વૃદ્ધાવસ્થા પામી તો માત્રાઓ આપીને પણ મને લાલચોળ રાખવા આણે કમર કસી છે.

वदनं दशनविहिनं वायो न परिस्फुटा गता शक्तिः ।
अव्यक्तेन्द्रिय शक्तिः पुनरपि बाल्यं कृतनरया ॥

આ સુક્તિ અનુસાર મારી વૃદ્ધાવસ્થા, બાલ્યાવસ્થા સમાન બની. એટલે કે ઘડપણ બાલપણ સમાન બની જાય છે. જેવી રીતે નાના બાળકના મુખમાં દાંત હોતા નથી તેમ (ઘડપણમાં) મારે પણ મુખમાં દાંત નહિ. જેમ બાળક સ્પષ્ટ બોલી શકતો નથી તેમ વૃદ્ધાવસ્થામાં પણ સ્પષ્ટ બોલી શકાતું નથી. બાળકની જેમ ચાલતાં ચાલતાં પડી જવાય છે. પાંચ ઇન્દ્રિયો પણ પોતાના વિષયને સારી રીતે ગ્રહણ કરી શકે નહિ. એટલે કાયા કહે છે કે આ વૃદ્ધાવસ્થાએ તો ફરીને મને બાલપણું આપ્યું.

બંધુઓ ! આ વાત બરાબર છે ને ? તમને તો એનો બરાબર અનુભવ છે ને ? તમે કહો છો ને કે વૃદ્ધ અને બાળક સરખાં. જેમ નાના બાળકને વારંવાર ખાવાનું જોઈએ અને સારું સારું ખાવાનું મન થાય તેમ વૃદ્ધ માણસને પણ ઘડીએ ઘડીએ સારું ખાવાનું મન થાય છે. પણ બાળકની જેમ વૃદ્ધ ઘડીએ ઘડીએ માંગી શકે નહિ. અને જો માંગે તો ઘરની સ્ત્રી અથવા તેની પુત્રવધૂઓ એને ખાવાનું આપે નહિ. જેનો પાપકર્મનો ઉદય હોય છે તેને ઘરનાં માણસો એમ કહી દે છે કે હમણાં ખાવાનું નહિ મળે. ટાઈમ થાય ત્યારે આવજો. આમ કહીને છણકે છે ત્યારે પોતાની ભૂખની લાલસાને તૃપ્ત કરવા માટે શું કરે છે ? પોતાની મોટી પુત્રવધૂને કહે છે બેટા ! આ દિકરો તો રડી રડીને અધો થઈ ગયો છે. બે આના આપો તો એને ગાંઠીયા અપાવી રાજી કરું. એમ કહી બે આના મેળવી છોકરાને બજારમાં લઈ જઈ કંદોઈની દુકાનેથી બે આનાના ગાંઠીયાનું પડીકું બંધાવે છે અને રસ્તામાં પડીકું છોડી (બીજા એમ જાણે કે નાનાં બાળકને ખાતાં શીખવાડે છે એ રીતે) તેમાંથી ગાંઠીયા લઈને કહે છે : જો બેટા ! આમ ખવાય. એમ બોલતાં બોલતાં પોતાના મોઢામાં ગાંઠીયા મૂકતો જાય. આવી માયા કરીને પોતાની લાલસા પૂરી કરે છે. ત્યારે કાયા કહે છે કે મારી વૃદ્ધાવસ્થામાં પણ મને મરનાર આત્માએ આવી રીતે પોષેલ છે. માટે મારે તેને માટે તેના કુટુંબીજનો કરતાં પણ વિશેષ કરવું જોઈએ. એમ સમજી કુટુંબીજનોએ મરનાર માટે ખડકેલી ચિતામાં પોતે ઝંપલાવે છે એટલે પોતે બળી જાય છે. છતાં પણ જે કાયા મરનારની સાથે તો જઈ શકતી નથી. ટૂંકમાં કાયા અહીં જ રહી.

દેવાનુપ્રિયો ! જીવતાં સુધી જેની ખૂબ સંભાળ રાખી કક્ષાની ચોકડીથી તદ્દન

ગયેલાં અકેલા અટૂલા બની ગયેલા જીવનો ધણી કોણ ? તો જ્ઞાની કહે છે. " कर्मानुगो-याति स एक जीवः " તે જીવે જીવનપર્યંત જેવા કર્મો કર્યા હોય છે તે કર્મો જીવને કર્માનુસાર ગતિમાં ગાયવત્ દોરીને લઈ જાય. ત્યાં તે જીવ બધાની આશા છોડીને અસહાયપણે એકલો જાય છે. મોહાંધ બનેલા જીવોને આ સજા ભોગવવી પડે છે. માટે દરેક જીવોને ધર્મનું શરણું અંગીકાર કરવાની જરૂર છે. તમે ધર્મ નહિ કરો તો તમારા વિના ધર્મ નિર્માલ્ય નહિ ગણાય. પણ ધર્મ નહિ કરનાર-ધર્મ વિનાનો નિર્માલ્ય ગણાશે. આ સાદી અને સીધી વાતને જેઓ સમજે છે તેઓ ધર્મ તરફ ઉદાસીન-ભાવ નથી રાખતાં. એટલે ધર્મ સન્મુખ થયા બાદ ધર્મના માર્ગે ચઢેલા માર્ગાનુસારી જીવને હજ્જારની ચોકડીમાંની ચોથી ચીજ કાયા પણ અસાર લાગે. દેવ-ગુરૂ અને ધર્મને જ પોતાના સાચા સંબંધી માને છે. કારણ કે પોતાનું હિત સાધવા માટે ધર્મના શ્રવણ અને સેવન માટે ડગલે ને પગલે દેવ-ગુરૂ ને ધર્મની જરૂર પડે. માટે બંધુઓ ! આટલું સાંભળ્યા પછી તમારા જીવનમાં હવે ધર્મને સ્થાન આપો. જે સમય ગયો તે તો ગયો, હવે તમારે શું કરવું તેનો વિચાર કરો.

એક પળ ગઈ તો ભલે ગઈ પણ બીજી સુધારી લેજો,
બીજી પળમાં શું કરવું તે આજે વિચારી લેજો.
કાલનું કામ કરી લે આજે, આજનું કર અબ હાલ,
સમજ્યા ત્યાંથી સવાર સમજી, બાજી સુધારી લેજો.
એક પળ ગઇ તો ભલે ગઇ પણ બીજી સુધારી લેજો.

બંધુઓ ! જીવનની બાજી બગાડવી કે સુધારવી તે આપણા પોતાના હાથની જ વાત છે. આ ક્ષણ ચૂકયાં તો પડયા સમજી લેજો. જે ચૂકયા તેણે ગુમાવી દીધું. અને જે ચેત્યા તેણે મેળવી લીધું. બાહ્ય દૃષ્ટિથી બહુ વિદ્વાન દેખાતો હોય, શાસ્ત્રનો જાણકાર હોય તે પંડિત કહેવાતો નથી. પણ ભગવાને કોને પંડિત કહ્યો છે ? " खणं जाणाहि पंडिए " જે ક્ષણને ઓળખે છે તે જ સાચો પંડિત છે.

પુંડરિક અને કુંડરિકની વાત તો તમે સાંભળી છે ને ? તમે રોજ સાધુ વંદણામાં બોલો છો કે :

" વળી પુંડરિક રાજા, કુંડરીક ડગિયો જાણ,
પોતે ચારિત્ર લઇને ન ધાલી ધર્મમાં હાણ. "

પુંડરિક અને કુંડરિક બંને સગા ભાઈઓ હતાં. કુંડરિકે વૈરાગ્યના રંગે રંગાઈ રાજવૈભવનો ત્યાગ કરી, સિંહ જેવો શૂરવીર બનીને દીક્ષા લીધી. વર્ષો સુધી ચારિત્રનું પાલન કર્યું. અઘોર તપ કર્યા. એક વખત વેદનીય કર્મનો ઉદય થતાં તબિયત બગડી. ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં પોતાના વડીલ સંતોની સાથે પોતાના ભાઇના ગામમાં

આવ્યા. પુંડરિક રાજાનું હૃદય હરખાઈ ગયું. પોતે ચારિત્ર લીધું ન હતું. પણ જે સંયમ લઈને નીકળ્યા છે તેના પ્રત્યે ખૂબ બહુમાન હતું. પોતાના ભાઈ એવા કુંડરિક મુનિને પોતાને ત્યાં સંતો સહિત લઈ આવે છે. અને રોકાવા માટે ખૂબ આગ્રહ કર્યો તેથી ત્યાં રોકાયા. સાધુને કલ્પે તેવા દવા-ઉપચારો કરાવે છે. દવા તથા સારા સારા આહારપાણી ખાવા મળ્યાં. ખૂબ આરામ મળ્યો. એટલે હવે ત્યાંથી વિહાર કરવાનું મન થતું નથી. ઇન્દ્રિયોએ આત્મા ઉપર સ્વામીત્વ જમાવ્યું. મન રૂપી પ્રધાને આત્મરાજાના રાજ્યની લગામ હાથમાં લઈ લીધી. હવે એનું શું ચાલે !

'સંયમના પરિષહો હવે કેમ વેઠાય ?' બંધુઓ ! સંયમમાર્ગમાં કયારેક મેવા ને મિષ્ટાન્ન પણ મળે અને કયારેક લુખ્ખો રોટલો પણ મળે. કોઈ વખત આહાર મળે તો પાણી ન મળે અને કોઇ વખત પાણી મળે તો આહાર ન મળે. સંતની ભાવના તો એવી જ હોય કે આહાર પાણી મળે તો સંયમની પુષ્ટિ થાશે. અને ન મળે તો તપની વૃદ્ધિ થશે. સાધુને બંને હાથમાં લાડુ છે. બંને રીતે લાભ છે. જયારે કુંડરિકે દીક્ષા લીધી ત્યારે પુંડરિકે ખૂબ સમજાવ્યો હતો કે વીરા ! જે કરે તે વિચારીને કરજે. આ કાયરનું કામ નથી. શૂરાનો સંગ્રામ છે. ત્યારે એનો વૈરાગ્ય ખૂબ તીવ્ર હતો. પણ જુઓ, મહાન તપસ્વી અને સંયમીઓ પણ કેવા પટકાઈ ગયાં છે.

કુંડરિકની તબિયત સારી થઈ ગઈ. એટલે ગુરૂ-મહારાજ વિહાર કરવાનું કહે છે. પણ જેનું મન નબળું પડી ગયું છે તેવો કુંડરિક કહે છે-હજુ મને જરા અશક્તિ લાગે છે. હમણાં વિહાર કરવો નથી. ગુરૂ એના ભાવ સમજી ગયાં. માંડ માંડ સમજાવ્યો. વિહાર કરાવ્યો. સાથે વિહાર તો કર્યો. ગામ બહાર નીકળ્યા એટલે કહે છે, મને બહુ થાક લાગ્યો છે. તમે બધા આગળ ચાલતા થાવ. હું થોડી વાર વિસામો લઈ ને પાછળ આવું છું. ગુરૂ તો વિહાર કરી ગયાં અને આ તો ઉદ્યાનમાં ઉભા રહ્યા. પુંડરિક રાજાને ખબર પડી કે મારો ભાઈ ઉદ્યાનમાં આવ્યો છે. પોતે વળાવવા ગયાં ત્યારે તો ગુરૂની સાથે હતાં. અને હવે એકલા આવ્યા છે. માટે નક્કી એના જીવનનું પરિવર્તન થયું લાગે છે. નહિતર એકલા આવે જ નહિ ઓછામાં ઓછા બે સાધુ અને ઓછામાં ઓછી ત્રણ સાધ્વી હોવી જ જોઈએ. એકલા વિચરાય નહીં. એકલામાં સ્વચ્છંદતા આવી જાય છે. અને વડીલની સાથે રહેવાથી ચારિત્રમાં પોલ ચલાવી શકાતી નથી.

જે પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠું મન એ છ નોકરોને આધીન થાય છે તેનું પતન થાય છે. પુંડરિક રાજા તરત જ કુંડરિકની પાસે આવ્યાં. એનું મન પારખી ગયાં. પુંડરિક રાજા કુંડરિકને પૂછે છે-રાજકાંબે વા મોક્ષકાંબે ? રાજ્યની ઈચ્છા છે કે મોક્ષની ? ત્યારે કુંડરિક કહે છે-રાજકાંબે ન મોક્ષકાંબે. મારે રાજ્ય જોઈએ છે, મોક્ષ નથી જોઈતો. પુંડરિક કહે છે ભાઈ ! જરા વિચાર કર. કોડીની ખાતર કોહીનુર શા માટે ગુમાવે છે ?

હાથીની સવારી મૂકી ગર્દભની સવારી કેમ ઇચ્છે છે? મહેલાતો મૂકી ઝૂંપડીમાં જવાનું કેમ પસંદ કરે છે? મિષ્ટાન્ન મૂકી સૂકો રોટલો કેમ ઇચ્છે છે? આ તને ન શોભે. જરા વિચાર કર. પણ જેની વૃત્તિઓ વિષયમાં ભમે છે તેને આ વાત કયાંથી ગળે ઉતરે? ઘણું સમજાવવાં છતાં તે ન સમજ્યો. પુંડરિક રાજા શાસન પ્રેમી છે. પોતાના શાસનને કલંક લાગે, ધર્મ નિંદાય, તે તેને પસંદ ન હતું. તેઓ કુંડરિકને રાજ્ય સોંપી દે છે. અને એણે ઉતારેલ મુનિવેષ પોતે ધારણ કરે છે. આગળના રાજાઓ અને શ્રાવકો શાસનને ખાતર પ્રાણ દેવો પડે તો દેવા તૈયાર હતાં. શાસનને માટે મરી ફીટતા પણ શાસનની હીલણા થાય તેવું કાર્ય કરતાં નહિ.

આજે તો શાસનની હીલણા થતી હોય ત્યાં પહેલાં રસ ધરાવે છે. કદાચ કોઈ બાલ સાધુ છદ્મસ્થદશાને કારણે ભાન ભૂલ્યો તો તરત જ એનો દાખલો લેવા માંડે છે. જોયું ને! સાધુપણામાં પણ કયાં સુખ છે? ભાઈ, તમે પતન પામે તેનો ન્યાય ન લેશો. ઉંચે ચઢે તેના આદર્શો અપનાવજો. પુંડરિક રાજા મુનિવેષ ધારણ કરી ચાલી નીકળ્યાં. જ્યાં સુધી ગુરૂ ન મળે ત્યાં સુધી આહાર પાણીનો ત્યાગ કર્યો. રેશમ જેવી સૂકોમળ કાયા, કોઈ દિવસ ખુલ્લા પગે ચાલ્યા ન હતાં. તે ઉગ્ર વિહાર કરીને ગુરૂની પાસે પહોંચી ગયા. અને દીક્ષા લઈ લીધી. કેટલું અજબ મનોબળ!

વૈજ્ઞાનિકો એક જડ પદાર્થમાં મનની શક્તિને કેન્દ્રિત કરીને તેમાંથી કેટલા આવિષ્કારો પ્રગટ કરે છે! અમેરિકામાં બાપણુ ચાલતું હોય અને આપણે અહીં બેડા સાંભળીએ. એ જડની શક્તિનો આવિષ્કાર નથી તો બીજું શું છે? તેવી જ રીતે ચૈતન્યની સાધનામાં મનની શક્તિઓને જો આપણે કેન્દ્રિત કરી લઈએ તો ભલ ભલા આશ્ચર્ય પામે તેવા આવિષ્કારો ચૈતન્યમાંથી પ્રગટ કરી શકાય. પુંડરિક રાજાએ પોતાની બધી જ શક્તિઓ સંયમમાં કેન્દ્રિત કરી લીધી. લુખ્ખા-સુક્કા આહાર કરી એવી સાધના કરી, મનમાં એવો આનંદ અનુભવ્યો કે રાજ્યમાં પણ એવો આનંદ આવ્યો ન હતો. માત્ર અઢી દિવસના ચારિત્રમાં કામ કાઢી ગયા. આ બાજુ વિષયમાં ગૃદ્ધ બનેલો કુંડરિક રાણીઓના આવાસમાં આવ્યો. રાણીઓએ મહેલનાં દ્વાર બંધ કરી દીધા. પણ જેની ઈન્દ્રિયો બેફામ બની છે એને કોણ રોકી શકે? એણે તો બેફામ વિષયો ભોગવ્યાં. રસેન્દ્રિયમાં ગૃદ્ધ બની મર્યાદાતીત આહાર-પાણી લીધાં. જેનું શરીર તપશ્ચર્યા દ્વારા જીર્ણ થઈ ગયું હોય, હોજરી કાગળની કોથળી જેવી થઇ ગઈ હોય તે ભારે ખોરાક કેવી રીતે પચાવી શકે? એણે અઢી દિવસનાં કામ ભોગોમાં ઘણાં વર્ષોનું ઉત્તમ ચારિત્ર રત્ન ગુમાવી દીધું. શરીરમાં ભયંકર રોગો ઉત્પન્ન થયાં. તીવ્ર વેદના થવા લાગી. અમૂલ્ય લાભ ગુમાવી કુંડરિક સાતમી નરકે તેત્રીશ સાગરોપમની સ્થિતિએ દુઃખો ભોગવવા ચાલ્યો ગયો. અને પુંડરિક રાજા અઢી દિવસમાં શુદ્ધ સંયમનું પાલન કરી આત્મકલ્યાણ સાધી ગયાં.

ભૃગુ પુરોહિતનાં બે પુત્રો આત્મ-સાધન સાધવા તૈયાર થયાં છે. પિતાને ભૂમ આઘાત લાગ્યો છે. હજુ પણ પુત્રોને સમજાવશે. પણ સમજદાર આત્માઓ માતા-પિતાને સમજાવીને તેમનું પણ કલ્યાણ કરાવશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૫૬

ભાદરવા સુદ ૧૫ ને સોમવાર તા. ૧૬-૯-૭૦

અનંતજ્ઞાની, પરમ ઉપકારી, શાસન સમ્રાટ, શ્રમણ ભગવંત મહાવીર પ્રભુને વંદન નમસ્કાર કરી, એમના બતાવેલા ઘેારી માર્ગે પ્રયાણ કરવું, એ અમારો ધર્મ છે. એમણે જે માર્ગ બતાવ્યો છે તે માર્ગે જવામાં આપણું કલ્યાણ છે. અને એ માર્ગ છોડીને ઉલ્ટા માર્ગે ચાલશો તો તમારા માટે ભવબંધનની પરાકાષ્ટા ઉભી છે. તમારે જવું છે વાંકાનેર અને ટિકિટ લીધી છે અમદાવાદની. તો વાંકાનેર કયાંથી પહોંચાય? તે રીતે આપણે પહોંચવું છે મુક્તિમંઝીલે અને સંસારના રંગરાગ તરફ પણ દૃષ્ટિ રાખવી છે, તો મુક્તિમંઝીલે કયાંથી પહોંચાય? જે માર્ગે જવું હોય તેનું ધ્યેય નક્કી કરી લેવું જોઇએ. ધ્યેય નક્કી કર્યા પછી તે માર્ગે ચાલવાનો પુરુષાર્થ કરવો જોઇએ.

જેણે ધ્યેય નક્કી કરી લીધું છે એવા બે બાલુડાને સંસાર ત્યાગની લગની લાગી છે. એમને ભાન થઈ ગયું છે કે સંસારના સુખો ગમે તેટલા સારા હોય તો પણ અંતે દુઃખમિશ્રિત છે. સો ટચનું સોનું અગ્નિમાં નંખાશે તો પણ સોનું જ રહેવાનું. અગ્નિમાં રહેલી ઉષ્ણુતા ત્રણે કાળમાં શીતળતાના રૂપમાં પરિણુત થતી નથી. તેમ પાણીની શીતળતા ત્રણે કાળમાં ઉષ્ણુતાના રૂપમાં પરિણુત નથી થતી. તે જ રીતે સાંસારિક સુખો એ સાચા સુખમાં કદી પરિણુત થતાં નથી. ગમે તેટલાં શ્રીમંત હોય કે ચક્રવર્તિ હોય છતાં જ્ઞાનીએ તેને સુખી કહ્યા નથી. જો તેમાં સુખ હોત તો તેમને સુખી કહેત. પણ સાચો સુખી કોણ?

નવિ સુહી દેવતા દેવલોએ, નવિ સુહી પુઢવી પઇરાયા,
નવિ સુહી સેઠ સેણાવઈ ય, એગંત સુહી મુણી વીતરાગી.

દેવલોકમાં રહેલો દેવ મહાન ઋદ્ધિનો ભોક્તા હોવા છતાં પણ સુખી નથી. પૃથ્વીનો અધિપતિ રાજા પણ આ સંસારમાં સુખી નથી. મોટો શ્રીમંત કોડાધિપતિ શેઠ પણ સુખી નથી, પણ સાચો સુખી હોય તો વીતરાગનો વારસદાર મુનિ છે. બાકી

તમારા સંસારનાં સુખો આપનાર રોડા અને કુકા જોઈતા હશે તે પણ પુણ્ય હશે તો મળશે, નહિતર નહિ મળે. પણ સાધુપણાનું સુખ જોઈતું હશે તો અબ ઘડી તમે મેળવી શકો છો. અમારી પાસે પૌદ્ગલિક સુખની કોઈ સામગ્રી નથી. તમે પ્રત્યક્ષ જોઈ શકો છો કે તમારા ઘરમાં રેડિયો, સોફાસેટ, પલંગ, ફર્નીચર ગોઠવીને સુંદર સજાવટ કરો છો. તે માંહેલી એક પણ સામગ્રી સંતો પાસે નથી. છતાં સાધુપુરૂષો સંસારી કરતા અનંતગણા સુખી છે, તેનું કારણ શું ? સમજાય છે ! ત્યાગ છે માટે સુખી છે.

ભૃગુ પુરોહિતનાં પુત્રો એ આનંદની મઝા માણવા તૈયાર થયાં છે. પણ એમને એ માર્ગે જતા એમના પિતા અટકાવે છે. પુત્રોની સંયમ પ્રતિ પ્રયાણની વાત સાંભળી જેના હૃદયમાં પરિતાપ થાય છે તેવા રાગને વશ થયેલા પિતા એક વાર નહિ પણ "लालप्पमाणं बहुहा बहुं च।" વારંવાર રૂદન કરે છે. બંધુઓ ! ગઈ કાલે પણ મેં કહ્યું હતું કે રાગ એટલું જ રૂદન છે. કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે રાગ ન હોય તો રૂદન ન થાય.

રાગ એ મોક્ષમાર્ગમાં બેડી સમાન છે. એ આપણો શત્રુ છે. જ્ઞાનીઓ આભ્યંતર શત્રુઓનાં રાગ-દ્વેષ-મોહ અને ક્રોધાદિ ચાર કષાયો એવા ચાર વિભાગ પાડીને તેના સ્વરૂપની પિછાણ કરાવે છે. ચાર વિભાગમાં પહેલો પ્રકાર રાગનો છે. સદ્ગતિના માર્ગમાં રાગ એ મનુષ્યો માટે લોઢાની સાંકળ સમાન છે. કોઈ માણસના પગમાં બેડી પહેરાવી દેવામાં આવે તો તે આગળ ચાલી શકતો નથી. તેમ રાગ દશાવાળા મનુષ્યો મોક્ષમાર્ગમાં કયાંથી ઝડપી વિકાસ સાધી શકે ? રાગ એ તો મોટામાં મોટું બંધન છે. આજે તમારી રાગ દશા એવી છે કે એકાદ દિવસ માટે પણ ઘર છોડવું પડે તો ભારે પડી જાય છે. પરિગ્રહ, પુત્ર, પરિવાર આદિની રાગદશાને કારણે ધર્મક્રિયામાં મનની સ્થિરતા રહેતી નથી. ઈષ્ટ સંયોગોમાં જીવ રાગને પોષતો હોય છે પણ એ સંયોગોનો જ્યાં વિયોગ થાય છે ત્યાં જીવને તીવ્ર દુઃખ ભોગવવું પડે છે. સંયોગનું સુખ રાઈ તુલ્ય છે અને વિયોગનું દુઃખ મેરૂ તુલ્ય છે. પગમાં કાંટો ઉપરના ભાગમાં વાગ્યો હોય તો કાઢતાં બહુ વેદના ન થાય, પણ ઉંડો વાગ્યો હોય તો કાઢતાં રાડ પડી જાય તેવી વેદના થાય છે. તેમ સંસારમાં રહેવા છતાં જળ-કમળની જેમ નિર્લેપ ભાવે રહ્યાં હો તો સંસારમાં કોઈ પણ જાતના વિયોગ સમયે તીવ્ર દુઃખ ન થાય. અને સંસારમાં ગળાબૂડ ખૂંચીને રહ્યા હશો તો વિયોગના પ્રસંગે રાડ નીકળી જવાની છે. માટે રાગદશામાં બહુ લેપાવા જેવું નથી. એકેકને મારાં માનીને બેસી ગયા છો પણ બરા પ્રસંગે કોણ તમારી પડખે ઉભા રહેવાનાં છે એનો વિચાર કર્યો ? આ તો પંખીનો મેળો છે. કોણ કયા ટાઈમે ઉડી જશે તેની કાંઈ જ ખબર નથી.

માટે બંધનોમાં જકડાવા જેવું નથી. વિરક્ત ભાવે રહેવા જેવું છે. આસક્ત-

વિરક્ત અને વીતરાગ, આ રીતે જીવોના ત્રણ વિભાગ પડે છે. આ કાળમાં આપણાથી વીતરાગ બની શકાતું નથી. પણ વિરક્ત તો અવશ્ય બની શકાય તેમ છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિ આસક્ત હતાં તો નરકે ગયા. મેઘકુમાર–ધન્ના–શાલિભદ્ર વિગેરે વિરક્ત હતાં તો તેઓ દેવલોકે ગયાં. અને જે વીતરાગ હતાં તે મોક્ષે ગયાં. આસક્ત બહિરાત્મા છે, વિરક્ત અંતરાત્મા છે અને વીતરાગ પરમાત્મા છે.

રાગ આસક્તિ રૂપ છે. દ્વેષ અપ્રીતિ રૂપ છે. અને મોહ અજ્ઞાનરૂપ છે. બાહ્યદૃષ્ટિએ દ્વેષ ભયંકર લાગે છે, પણ તત્ત્વદૃષ્ટિએ રાગ ભયંકર લાગે છે. દેહના રોગથી તો અમુક જ મનુષ્યો રીબાય છે, પણ રાગના રોગથી તો આખું જગત રીબાય છે. ચરમ શરીરી પુરૂષોને પણ રાગે હંફાવ્યા છે. રામચંદ્રજી મોક્ષગામી આત્મા હતાં છતાં લક્ષ્મણજી તરફના તીવ્ર રાગને લીધે લક્ષ્મણજીના મૃતકલેવરને છ છ મહિના સુધી ખભા પર ઉંચકીને પૃથ્વી પર ભમ્યા છે. કોઈ તેમને એમ કહેતું કે તમારા ભાઈ તો મૃત્યુ પામ્યા છે તો તેને રામ મારવા દોડતાં હતાં. તેઓ તો એમ સમજતાં હતાં કે મારો ભાઈ મારાથી રીસાઈ ગયો છે. હું તેને ગમે તેમ કરીને મનાવી લઈશ. છેવટે કોઈ મિત્ર દેવે તેમને સમજાવ્યાં. અને લક્ષ્મણજીના મૃત શરીરની તેમણે અંતિમ ક્રિયા કરી.

બંધુઓ! આવા મહાન પુરૂષોનાં જીવનનાં દૃષ્ટાંતથી પણ સમજી શકાય છે કે રાગદશા કેટલી ભયંકર છે! આવા ચરમશરીરી પુરૂષોને હંફાવનારો રાગ અજ્ઞાની જીવોને તો કયાંનો કયાંય દુર્ગતિની ઉંડી ખીણમાં પટકાવી દેશે. લક્ષ્મણજી વાસુદેવ હતાં. અને રામ બળદેવ હતાં. વાસુદેવ અને બળદેવ વચ્ચે એવો જ ગાઢ સ્નેહ હોય છે. અંતે એ જ પ્રસંગ જ્ઞાન પામેલ એવા રામચંદ્રજી માટે વૈરાગ્યનું કારણ બને છે. અને દીક્ષા લઈ વીતરાગ બની કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયાં છે. આવા મહાનપુરૂષો તો પોતાનું કાર્ય સાધી ગયા. પણ આપણે તો એ અંદરના શત્રુઓથી ખૂબ ચેતતા રહેવાનું છે. આંતર–શત્રુઓ તો ટાંપીને જ બેઠા હોય છે. એને સહેજ મોકો મળે કે તરત જ તે સીધા આપણી ગરદન ઉપર ચઢી બેસે છે.

રાગ જીતાય છે એટલે દ્વેષ તો સહેજે જીતાઈ જાય છે. રાગ એ તો એક પ્રકારની આગ છે. રાગમાં જ દ્વેષની જડ રહેલી છે. ગીતામાં પણ કહ્યું છે કે "कामात् क्रोधो अभिजायते" એટલે કે કામ રાગમાંથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધ અને માન એ દ્વેષનાં પર્યાયો છે. જ્યારે માયા અને લોભ એ રાગના પર્યાયો છે. અથવા 'અહં' અને 'મમ' એ જીવને મોટામાં મોટું બંધન છે. 'અહં' નો સમાવેશ દ્વેષમાં થાય છે. અને 'મમ' નો સમાવેશ રાગમાં થાય છે. રાગીની અકળામણ રાગી જ જાણી શકે છે. મનની આકુળતા જેવું બીજું એક પણ દુઃખ નથી અને નિરાકુળતા જેવું બીજું એક પણ સુખ નથી. વીતરાગી હમેશાં નિરાકુળ હોય છે. જ્યારે રાગી હમેશાં આકુળવ્યાકુળ

હોય છે. ચિત્તની સ્વસ્થતા અને સમાધિ વિના કયાંય સુખ નથી. વિરક્તને તેવા સુખનો અનુભવ હોય છે અને રાગીને તેવા સુખનો અનુભવ સ્વપ્નને પણ હોતો નથી. રાગની રિબામણમાં ચિત્તની સ્વસ્થતા અને સમાધિ કયાંથી હોય? જેટલા અંશે બાહ્ય પદાર્થો તરફનો રાગ ઘટે તેટલા અંશે ચિત્તની સ્વસ્થતા અને સમાધિ વધતી જાય છે. આ રાગની આગને જ્ઞાન અને વૈરાગ્ય રૂપી પાણી વડે બૂઝવી શકાય છે.

આટલા માટે જ જ્ઞાનીઓ આપણને વારંવાર કહે છે કે મોક્ષમાર્ગમાં રાગ એ બેડી સમાન છે. જયારે દ્વેષ એ દુર્ગતિના માર્ગમાં પ્રતિનિધિ રૂપ છે. રાગ અને દ્વેષ જીતવા ઉપર હું તમને રાજસ્થાનમાં બનેલી એક કહાણી કહું છું.

રાજસ્થાનનો એક યુવાન પોતાના કર્મોદયથી ગરીબ બની ગયો. એટલો બધો ગરીબ કે જેને બાવાના પણ સાંસા પડી ગયા. નોકરી માટે આખા ગામમાં રખડયો, ટુકાને ટુકાને ફર્યો પણ એને કોઈ નોકરી રાખતું નથી. આજે તમારા સ્વધર્મી બંધુઓ કેવી સ્થિતિમાં રહ્યાં છે, પણ એમની ખબર લેનાર બહુ થોડા છે.

આ ગરીબ યુવાનને બધા જાકારો કરે છે. રખડી રખડીને થાકવાથી ઘરે આવ્યો તો પત્ની કહે છે, જો કમાવાની ત્રેવડ નહોતી તો પરણ્યા શા માટે? આ નાના બાળકોને શું ખવડાવું? જો રળવું ન હોય તો મારા ઘરમાં નહિ. તને ગળે ફાંસો ખાતા આવડે છે કે નહિ? કોઈ કૂવો–હવાડો જોયો છે કે નહિ?

આજ સુધી જેના પ્રત્યે અત્યંત રાગ હતો. જે સ્વામીનાથ કહીને બોલાવતી હતી, તેવી પત્નીના આ શબ્દો તેને હાડહાડ લાગી આવ્યા. આ યુવાન જૈન હતો. એણે ઘણું સહન કર્યું. પણ આ છેલ્લા શબ્દો એનાથી સહન ન થયાં. ત્યારે એના મનમાં થયું કે જો અહીં રહીશ તો રોજના આ કટુવચનો સાંભળીને મારા મનમાં કષાય આવી જશે. મૂને તેથી કદાચ કર્મોતે મરી જઈશ. ભગવાને તો કહ્યું છે કે અકામ મરણે મરવાથી સંસાર વધે છે. માટે મારે એવા મરણે મરવું નથી. એટલે કંઈ પણ બોલ્યા સિવાય પેલો યુવાન ઘરમાંથી બહાર નીકળી ગયો. એણે નિર્ણય કર્યો કે જો ધન કમાઉં તો જ આ ઘરમાં પગ મૂકું. આખી દુનિયા સ્વાર્થની જ સગી છે. એની પાસે ગાડીભાડાનાં પણ પૈસા ન હતાં એટલે પગે ચાલતો જાય છે. ઘણું ચાલ્યા પછી છેક રાજસ્થાનને છેડે એક શહેરમાં પહોંચ્યો. ઘણું મોટું શહેર છે.

આ યુવાને વિચાર કર્યો કે મારે કોઈ ઓળખીતું કે સગુંવહાલું તો છે નહિ. કદાચ હોય તો પણ આવી કંગાલ હાલતમાં કોણ ઉભો રાખે? ઘરની સ્ત્રીએ ન રાખ્યો તો બીજું કોણ રાખે? સાચા સગાં મારાં સંતો છે અને બીજો ધર્મ છે. માટે ગામમાં જો ધર્મસ્થાન હોય તો ત્યાં જાઉં. ત્યાં મને કોઈ કાઢી નહિ મૂકે. એ શહેરમાં એક મોટું

ધર્મસ્થાન છે, ત્યાં પવિત્ર સંતો બિરાજમાન છે. એ ઉપાશ્રયમાં આવ્યો. અને એક ખૂણામાં સામાયિક લઇને બેસી ગયો. સાંજે પ્રતિક્રમણ કર્યું. આખો દિવસ ધર્મકરણીમાં વીતાવ્યો. બીજા દિવસે વ્યાખ્યાન બેઠું. આ ગરીબ યુવાન પણ વ્યાખ્યાનમાં બેઠો છે. મોટા મોટા શ્રીમંતો પણ વ્યાખ્યાનમાં આવ્યા હતાં. આ ગરીબ યુવાનને જોઈને કહે છે. અરે! આ ભિખારી અહીં કયાંથી ઘૂસી ગયો છે? નીકળ અહીંથી. એને બહાર કાઢવા માંડયો. ત્યારે મહારાજ કહે છે ભાઈ! એ તમારું શું બગાડે છે? એ કાલનો આવ્યો છે. સામાયિક પ્રતિક્રમણ આદિ ધર્મકરણી કરે છે. એને શા માટે કાઢી મૂકો છો? અહીં તો સર્વેનો સમાન હક્ક છે.

બધા શેઠીયાઓ ચાલ્યા ગયાં, પણ કોઈને એમ ન થયું કે આ શ્રાવક છે. એનાં કર્મોદયથી બિચારો ગરીબ બની ગયો છે. અજાણ્યો છે તો એને પૂછીએ તો ખરા કે એ કયાંથી આવ્યો છે? ત્રણ દિવસ સુધી ભૂખ્યો ને તરસ્યો ઉપાશ્રયમાં રહયો. પણ કોઈ એને પૂછતું નથી. ભૂખ અને તરસથી પીડાતો યુવાન ઉપાશ્રયના બારણા આગળ સૂતો છે. એવામાં સોનાના દાગીનાથી ઝળકતી એક બેન ત્યાં સંતના દર્શન કરવા આવે છે. બાઈનું નામ લક્ષ્મી બહેન હતું. જેવું નામ તેવા તેનામાં ગુણો હતાં. મીઠા શબ્દોથી એણે પૂછયું– વીરા! તું કોણ છે? અહીં શા માટે સૂતો છે? 'વીરા' એવો પ્રેમ ભર્યો શબ્દ સાંભળીને યુવાનને આનંદ થયો. અહો! આવી સ્થિતિમાં મને વીરો કહેનાર કોણ છે? આ પ્રેમભર્યા શબ્દોથી જાણે એનું અડધું દુઃખ ચાલ્યું ગયું હોય તેટલો આનંદ થયો. એના મનમાં જાણે નવચેતના જાગૃત થઈ. મીઠીવાણીનો કેવો પ્રભાવ છે!

લક્ષ્મીબાઈ કહે છે વીરા! હું અંદર ગુરૂદેવના મુખથી માંગલિક સાંભળીને તરત જ આવું છું. તું જતો ન રહીશ. તને મારે ઘેર લઈ જઈશ. એની સ્થિતિ જોઈને બાઈ સમજી ગઈ હતી કે મારો સ્વધર્મી બંધુ દુઃખનો માર્યો અહીં આવ્યો લાગે છે. બાઇ માંગલિક સાંભળે છે. પણ એનું મન પેલા યુવાનમાં છે. માંડ–સ્વધર્મી બંધુની સેવાનો અવસર મળ્યો છે. એ કયાંય ચાલ્યો ન જાય, માંગલિક સાંભળીને તરત જ પાછી ફરી.

બહાર આવીને તરત જ યુવાનને કહે છે વીરા! ચાલો મારે ઘેર. યુવાન કહે છે બહેન! અહીં મારે કોઈ બહેન જ નથી. હું તમારે ઘેર નહિ આવું. તમારે ઘેર આવતાં મને શરમ આવે છે. લક્ષ્મીબાઈ કહે છે. તારા જેવા સ્વધર્મી બંધુઓ મારા ભાગ્યે છે. ખૂબ આગ્રહ કરીને પોતાને ઘેર લઈ જાય છે. એને સ્નાન કરવા માટે ગરમ પાણી આપ્યું. એને પહેરવા માટે નવા કપડાં આપ્યા. ત્યાર પછી જેમ ઉપવાસીને પારણું કરાવે તેમ બધું જમાડયું. ત્રણ ત્રણ દિવસના ભૂખ્યા માણસને ઓછી સાધનસામગ્રીમાં કેટલા આશીર્વાદ મળે? તેમાં પણ પ્રેમપૂર્વક હૃદયના ઉમળકાથી સેવા કરનારને તો મહાન લાભ થાય છે.

બધું પત્યા પછી લક્ષ્મીબાઈ પૂછે છે ભાઈ! તમે કયાંના છો ? કયાં રહો છો ? અને આ ઉપાશ્રયમાં આવીને રહેવાનું કારણ શું ? ત્યારે યુવાને લક્ષ્મીબાઈને પોતાની બહેન સમજીને પોતાની બધી વીતક સંભળાવી. એની વાત સાંભળી લક્ષ્મીબાઇની આંખમાં આંસુ આવી ગયાં. એને ખૂબ દયા આવી તેથી એણે પોતાની પેઢી ઉપર નોકરી રખાવ્યો. એને ખૂબ સારી શિખામણ આપી કે જો ભાઈ! કર્મના ઉદયથી તારી આ દશા થઇ છે. પણ કોઈ દિવસ કોઈનો ઉપકાર ભૂલવો નહિ અને કોઈ દિવસ વિશ્વાસઘાત કરવો નહિ. વિશ્વાસઘાત એ મોટામાં મોટું પાપ છે. બહેનની શિખામણ હૃદયમાં અવધારી. પણ સાથે એ શરત કરી કે બહેન! મારે રોજ સામાયિક, પ્રતિક્રમણ અને ચૌવિહાર કરવાનો નિયમ છે, માટે શેઠને કહેજો. મને એટલો ટાઈમ નોકરીમાંથી છૂટ આપે. બહેન કહે છે ભાઇ! એ તો ઘણી આનંદની વાત છે. તારાથી થાય તેટલી બધી જ ધર્મક્રિયા કરજે.

આ યુવાન, શેઠની પેઢી ઉપર ખૂબ પ્રમાણિકપણે કામ કરે છે. જ્યારથી એ શેઠની પેઢી ઉપર આવ્યો ત્યારથી કુદરતે શેઠનો વેપાર વધ્યો. શેઠે ખુશ થઈ પગાર સારો કરી આપ્યો. બંધુઓ! આ યુવાનને આટલો લાભ થયો હોય તો એ ધર્મ પ્રત્યેની શ્રદ્ધાનો પ્રતાપ છે. ગમે તેટલા દુઃખમાં પણ એણે ધર્મ છોડયો નથી. એના પ્રભાવથી જ લક્ષ્મીબાઈને એના ઉપર દયા આવી. ધર્મ ભલે પ્રત્યક્ષ ન દેખાતો હોય પણ પરોક્ષ રહીને સહાય કરે છે. જેમ વૃક્ષના મૂળિયાં બહાર દેખાતાં નથી પણ જમીનમાં રહીને વૃક્ષને સહાય કરે છે. વૃક્ષના ઉપર ફળ-ફૂલ અને પત્રો આવતાં હોય, વૃક્ષ સુશોભિત દેખાતું હોય તો તે મૂળને આભારી છે. બંધુઓ! તમે તમારી સંસારની લીલી વાડીમાં મહાલતાં હો તો એ ધર્મનો પ્રતાપ છે. ધર્મ પરોક્ષ રહીને તમને સહાય કરે છે. દુઃખમાં એ તમને બચાવે છે. માટે ધર્મને કયારે પણ ભૂલશો નહિ.

આ યુવાન ખૂબ પ્રમાણિકપણે કામ કરે છે. એક વખત દુકાનમાં કોઇ મોટો ઘરાક આવ્યો. રૂપિયા પાંચ હજારનો માલ ખરીદીને ચાલ્યો ગયો. પણ રૂપિયા વીસ હજારનું પાકીટ ભૂલી ગયો. ઘરાકના ગયા પછી થોડીવારે એણે પાકીટ જોયું. કોઈએ આ પાકીટ જોયું નથી. ઘરાક આવ્યો. માલ આપ્યો. માલ લઈને ગયો. આ સમયે તે એકલો જ હતો. છતાં એણે દાનત બગાડી નહીં, કે કયાં મને કોઈએ જોયો છે? લાવને લઈ લઉં. એ પણ વાણિયો હતો. એણે એ જ વિચાર કર્યો કે મને તો હવે ઘણું મળે છે. ન હોય તો પણ અનીતિનાં નાણાં તો પરમાટી બરાબર છે. શેઠની પાસે જઇને પાકીટ બતાવતાં કહ્યું. બાપુજી! કલાક પહેલાં ફલાણાભાઈ આપણી દુકાનેથી આટલો માલ ખરીદી ગયાં છે. એમણે મને પૈસા આપ્યા ત્યારે મેં જોયું હતું. આવું જ પાકીટ હતું. એટલે મને લાગે છે કે એ ભૂલી ગયા હોવા જોઇએ. એમનું પાકીટ પહોંચાડી દેશો.

આ યુવાનની પ્રમાણિકતા જોઈ શેઠ ખૂબ ખુશ થયા. પરિણામે એને પોતાનો ભાગીદાર બનાવ્યો. અને એ મોટો વહેપારી-શ્રીમંત બની ગયો. જુઓ, ધર્મનો કેવો પ્રભાવ છે! ધર્મનીતિએ એને કેટલો મોટો બનાવ્યો? ધન કમાયા પછી એ યુવાન દશ વર્ષે પોતાને ઘેર આવે છે. પતિને સારાં વસ્ત્રો અને બે-ત્રણ માણસોની સાથે આવેલો જોઈ પત્ની સમજી ગઈ. અહો! મારો પતિ કમાઇને આવ્યો લાગે છે. એટલે સામી જઈને કહે છે પધારો સ્વામીનાથ! તમે મને મૂકીને કયાં ચાલ્યા ગયા હતા? મેં તો આપને માટે ઘીની, ગળપણની બધી બાધા કરી છે. (હસાહસ). આ યુવાનને પત્નીના શબ્દો સાંભળી કંઈ જ આશ્ચર્ય ન થયું. કારણ કે એ કર્મની ફિલોસોફી બરાબર સમજતો હતો, કે જે પત્નીએ મને કૂવે પડીને મરી જવાનું કહ્યું હતું તે પત્ની અત્યારે મને કેટલું માન આપે છે! આમાં રંગાવા જેવું નથી.

આ દૃષ્ટાંત દ્વારા આપણે તો એ જ સમજવાનું છે કે લક્ષ્મીબાઇ કેવી પવિત્ર હતી. ધનવાન પ્રત્યે રાગ નહિ, ગરીબ પ્રત્યે દ્વેષ નહિ. યુવાન પણ કર્મની ફીલોસોફીને સમજવાવાળો હતો, તેથી એણે પત્નીને એક પણ શબ્દ ન કહ્યો. પત્ની તથા બાળકોને આજીવિકાનું સાધન કરી આપી સંસાર ત્યાગી સાધુ બની ગયો. આ છે સંસારનું નાટક.

આ બે બાળકો આત્માના સુખનો આનંદ લૂંટવા ત્યાગને માર્ગે જવા તત્પર બન્યા છે. પણ પિતાને રાગ રડાવે છે. પુત્રો સાચા વૈરાગી છે. સો ટચનું સોનું છે. સાચા વૈરાગીઓ ગમે તેવી કસોટી આવે તો પણ પોતાનાં માર્ગથી ચ્યુત થતાં નથી. લીંબડી સંપ્રદાયના પૂજ્ય ગુલાબચંદ્રજી મહારાજને વૈરાગ્ય આવ્યો ત્યારે તેમના માતા પિતાએ એમને દીક્ષા નહિ લેવા માટે ખૂબ સમજાવ્યાં. પોતે પોતાનો નિર્ણય ન છોડયો ત્યારે એમની ઘણી જ કસોટીઓ થઈ હતી. ત્યાગીઓ અને વૈરાગીઓને કસોટીનો પ્રસંગ આવે ત્યારે ખૂબ આનંદ આવે છે. તે રીતે બંને બાળકો ખુબ જ મક્કમ છે. આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં....૫૭

ભાદરવા વદ ૧ ને મંગળવાર તા. ૧૫-૯-૭૦

અનંતજ્ઞાની શ્રમણ ભગવંત ત્રિલોકીનાથે જગતના જીવોના કલ્યાણને માટે ત્યાગનો મહાન માર્ગ બતાવ્યો છે.

આપણે ચિત્ત અને બ્રહ્મદત્તની વાત ચાલતી હતી. ચિત્તમુનિને વિચાર થયો કે મારો ભાઈ કયાં હશે ? એને હું સાચા માર્ગની પિછાણ કરાવું. એવી એમની ભાવના છે, પણ જ્યારે બંને ભાઇઓનું મિલન થયું, ત્યારે બ્રહ્મદત્ત કહે છે હું આવો મોટો ચક્રવર્તી અને મારો ભાઈ ઘર ઘરમાં ગોચરી જાય ? એના કરતાં મારો ભાઈ મારી સાંગાથે સંસારમાં રહે તો સારું. એમ વિચાર કરી ભાઈ પાસે તે પોતાના વૈભવોનું વર્ણન કરે છે. અને ત્યાં પાંચ પ્રકારનાં મહેલ હતાં. બીજા મહેલ તો ઘણાં હતાં. પણ એ પાંચ પ્રકારના મહેલો ઉત્તમ હતાં. એનાં નામ પણ જુદાં જુદાં હતાં. આજે તમે પણ સુંદર બંગલા બંધાવો છો. અને એના ઉપર તમારા શ્રીમતીજીનું નામ લખાવો છો. કારણ કે તમને શ્રીમતીજી પ્રત્યે અતિ પ્રેમ છે. અને બીજું–પત્નીના નામનું મકાન હોય તો ટેકસ ભરવો ન પડે ત્રીજું–વર્ષો સુધી નામ અમર રહે. કેમ બરાબર છે ને ? (હસાહસ).

બ્રહ્મદત્ત ચક્રવર્તિના મહેલો તમારા જેવા કાંકરાના ન હતા. પણ ઉત્તમ પ્રકારના અંદર રત્નો જડેલાં હતાં. એ મહેલોનાં નામ શું હતાં ? અને એ મુનિને શું કહે છે :

उच्चोयए सद्दु कक्के वंभे, पवेइया आयसहा य रम्मा ।
इमं गिहं चित्त धणप्पभूयं, पसाहि पंचाल गुणोववेयं ॥ उ. अ. १३–१३

ઉદય, ઉચ્ચ, મધુ, કર્ક અને બ્રહ્મ આ વિવિધ પ્રકારનાં સુશોભિત મહેલો, મંદિરો અને પંચાલ દેશનું રાજ્ય. આ બધું તમારું જ છે. હે મુનિ ! તમે ઘરઘરમાં ટુકડા માંગો છો; તેથી મને તો શરમ આવે છે તમારો ત્યાગ અને તપ છોડીને મારા આવા મહેલમાં ચાલો. તમને જેટલી સગવડ જોઇશે તે બધી હું પૂરી પાડીશ. તમારે સાધુપણું પાળીને પછી દેવલોકમાં જ જવું છે ને ? તો દેવલોક જેવાં જ સુખો મારે ત્યાં છે. તેને તમે અત્યારે જ ભોગવી લો. ભોગી ભોગનું આમંત્રણ આપે છે.

બ્રહ્મદત્તનાં વચન સાંભળી ચિત્તમુનિ કહે છે. હે બ્રહ્મદત્ત ! સાંભળ. મારે દેવલોકમાં જવાની તો ઈચ્છા જ નથી. દેવ સંબંધી અને મનુષ્ય સબંધી ભોગો તો જીવે અનંતીવાર ભોગવ્યાં છે. જે સુખો માટે તું મને આમંત્રણ આપે છે તે સુખો મને કેવા લાગે છે. તે તું સાંભળ.

सव्वं विलवियं गीयं, सव्वं नट्टं विडम्बियं ।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥ उ. अ. १३–१६

ગીત વિલાપ વિડંબન નૃત્ય છે, વિષમ ભાર ગણું ભૂષણો બધાં,
વિષયભોગ હળાહળ ઝેર છે, ક્ષણિક સૌખ્ય અનંત દુઃખંકર.

ચિત્તમુનિ કહે છે બ્રહ્મદત્ત ! જે ગીતોને તું આનંદદાયક માની રહ્યો છે તે તારા મનોહર ગીતો મને વિલાપ જેવાં લાગે છે. જેમ કોઈ યુવાન સ્ત્રીનો પતિ અકસ્માત

ગુજરી ગયેા હેાય, જેના ઉપર કુટુંબનું ગુજરાન નભતું હતું, જેના શબને અગ્નિ-સંસ્કાર પણ હજુ કર્યો નથી તે સમયે પ્રિય પતિના વિયેાગના દુઃખથી દુઃખી થયેલી સ્ત્રી કેવી કરૂણ સ્વરે વિલાપ કરે છે! એ વખતે તેને કેાઈ મધુર ગીત સંભળાવે તેા તેને આનંદ આવે ખરેા? તેમ હે બ્રહ્મદત્ત! જે સંગીતનાં સુર સાંભળતાં તને આનંદ આવે છે, તે મને તેા તરતની જ વિધવા થયેલી સ્ત્રીનાં વિલાપ જેવા લાગે છે. सव्वं नट्टं विडंबियं અને આ તારાં નાટક મને તેા વિડંબના રૂપ જ લાગે છે. જેમ કેાઈ મનુષ્ય દારૂના નશામાં પાગલ બનીને કુચેષ્ટાઓ કરે છે તેવી જ રીતે આ સર્વ નાટકની ચેષ્ટાઓ છે. અને सव्वे आभरणा भारा આ તારા આભૂષણેા નિરર્થક ભારરૂપ લાગે છે. सव्वे कामा दुहावहा' અને જે કામભેાગેામાં તમે સુખ માની રહ્યાં છેા તે છેવટે દુઃખદાયક છે. અને તે સર્વેથી અતિ ભયંકર છે. આવા કામભેાગેા તેા જીવે અનંતીવાર ભેાગવ્યા છે.

આ સંસારના સુખેા કાદવ અને કચરાં જેવાં છે. જેને એક માણસ છેાડે છે તેને બીજો ભેાગવવા તૈયાર થઈ જાય છે. માટે હે રાજન્! આ સર્વે વૈભવિક સુખેા એક દિવસ તમારે પણ અવશ્ય છેાડવાના છે. કાળ દિવસે દિવસે નજીક આવતેા જાય છે. મૃત્યુલેાકમાં જન્મ પામીને જન્મ, જરા અને મરણના ફેરા ટાળી દેવાની જરૂર છે. મૃત્યુને ધનવાન, ગરીબ કે સજ્જનેાની શરમ પડતી નથી. મૃત્યુની ગાડી તેા અવિરતપણે ચાલ્યાં જ કરે છે. માટે બ્રહ્મદત!

મહેલ મિનારા ને મેાટરગાડી, કાકા કુટુંબ કબીલા ને લાડી
અંત સમયે તારી સાથે નહિં આવે,
બાળી મૂકે તારી કાય રે લાખ લાખ રૂપિયાની,
કેાથળીએા મનવા આવે નહિ તારી સાથ રે.

તારી આ સેાનાની લગડીએા, હીરા-મેાતીના હાર, અને આ સુંદર મહેલેા તારી સાથે નહિ આવે. એ તારી સંપત્તિ એક સેકન્ડ પણ મૃત્યુને અટકાવી શકે તેમ નથી. તારેા આત્મા ગયા પછી તારા સુંદર શરીરને તે બધા ભેગા થઈને જલાવી દેશે. પરિગ્રહ તને દુર્ગતિમાં લઈ જશે. માટે ભાઇ! તું સમજી જા. છતાં પણ બ્રહ્મદત્ત ન સમજ્યેા. ૭૦૦ વર્ષનું આયુષ્ય ભેાગવતાં જે ચક્રવર્તિના સુખેા ભેાગવ્યાં તેને પરિણામે તે નરકે ગયેા. બાર ચક્રવર્તિમાં બ્રહ્મદત્ત અને સુભૂમ બે ચક્રવર્તિઓ ભેાગને ન છેાડવાથી નરકે ગયાં છે. બ્રહ્મદત્ત ૭૦૦ વર્ષના સુખની પાછળ સાતમી નરકે તેત્રીસ સાગરેા-પમનાં દુઃખેા ભેાગવે છે. કયાં સાતસેા વર્ષ અને કયાં તેત્રીસ સાગરેાંપમ!!

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનનેા અધિકાર ચાલે છે. તેમાં ભૃગુ પુરેાહિતના બે બાલુડા સંસારના દુઃખદાયક ભેાગેા છેાડવા તૈયાર થયાં છે. પિતાને પુત્રો પ્રત્યે અત્યંત રાગ છે એટલે તે ખુબ રડે છે. હજુ આગળ તેઓ શું કહે છે?

पुरोहियं तं कमसोऽणुणन्तं, निमंतयन्तं च सुए धणेणं ।
जहक्कमं कामगुणेहि चेव, कुमारगा ते पसमिक्ख वक्कं ॥ उ.अ. १४–११

તે પોતાના પુત્રોની પાસે અનુક્રમે ધન અને કામભોગનાં પ્રલોભનો આપ્યા કરે છે, પણ સાચો વૈરાગી એમાં પીગળતો નથી. જેમ જેમ માટીના ગોળાને અગ્નિમાં તપાવવામાં આવે તેમ તેમ તે મજબૂત થાય છે તેમ સાચા વૈરાગીની જેમ જેમ કસોટી થાય તેમ તેમ તે મજબૂત બને છે અને ઉદાસીનભાવે રહે છે. બંધુઓ ! સંસારમાં વસી રહ્યાં છો, પણ જ્યાં સુધી છોડી ન શકો ત્યાં સુધી તમે પણ ઉદાસીનભાવથી રહો.

એક નગરમાં એક રાજા હતો. તે રાજાને સુબુદ્ધિ નામનો પ્રધાન હતો. પ્રધાનનું નામ સુબુદ્ધિ હતું, તેવા જ તેનામાં ગુણો હતાં. આ પ્રધાન ધર્મમાં સન્મુખ અને કર્મપરિણામને સમજવાવાળો હતો. જ્યારે રાજા ધર્મથી વિમુખ હતો. કર્મની થીયેરીને સમજતો ન હતો; ખાઇ પીને સુખ ભોગવવામાં જ આનંદ માનનારો હતો. પ્રધાનને રાજાના કલ્યાણ માટે ખૂબ ચિંતા થતી હતી. એને દયા આવતી હતી કે સત્તાના શિખરે ચઢેલા આ મહારાજાની પરલોકમાં શી દશા થશે ? તમને તમારા પુત્રો માટે આવી ચિંતા થાય છે ? તમને એવી ચિંતા થતી હશે કે મારા બેઠા મારો પુત્ર કમાતો થઈ જાય તો સારું. પણ એના પરલોકને માટે ચિંતા નહિ થતી હોય. પ્રધાનના મનમાં થયું કે હું રાજાને ધર્મ પમાડું તો જ હું નિમકહલાલ છું. નહિતર નિમકહરામ છું. પ્રધાનની રાજા માટે કેવી સુંદર ભાવના હતી. પ્રધાન સમયની રાહ જોઈ રહ્યો હતો.

એક વખત રાજાએ મોટો ભોજન–સમારંભ ગોઠવ્યો છે. તેમાં નગરના મોટા મોટા આગેવાનોને પણ આમંત્રણ આપ્યું છે. પ્રધાનને પણ આમંત્રણ આપ્યું છે. ભોજનમાં અનેક પ્રકારની મીઠાઇઓ બનાવી હતી. સમય થયે બધા જમવા માટે આવી ગયાં. બધાને ભોજન પીરસવામાં આવ્યું. જમી રહ્યાં પછી બધાએ રસોઈનાં ખૂબ વખાણ કર્યા. ઘણાં તો બોલવા લાગ્યા કે આવું સ્વાદિષ્ટ ભોજન અમે અમારી જિંદગીમાં પહેલી જ વાર જમ્યાં. જેમ બધા વખાણ કરતાં તેમ તેમ રાજાને ખૂબ હર્ષ થતો. બધાએ તો ખૂબ વખાણ કર્યા, પણ પ્રધાન કંઇ જ બોલતો નથી. રાજા પૂછે છે પ્રધાનજી ! આ બધા તો આટલાં વખાણ કરે છે અને તમે કેમ કંઇ જ બોલતા નથી ! શું તમને ભોજનમાં મઝા ન આવી ? પ્રધાન તત્વ દૃષ્ટિવાળાં હતાં. વસ્તુના ગુણ અને પર્યાયનું એને યથાર્થજ્ઞાન હતું. એટલે પ્રધાનજી કહે છે સાહેબ ! મને ભોજનમાં કોઈ જાતની પ્રતિકૂળતા લાગી ન હતી. પણ એની પ્રશંસા તો હું નહિ કરી શકું. કારણ કે ભોજન બનાવતાં કેટલો આરંભ સમારંભ થાય છે ! "થાય છકાયનો કુટો ત્યારે બને એક રોટો" આપણે તો ઉદરપૂર્તિ માટે જ ભોજન કરવાનું છે. વળી હે રાજન ! વસ્તુ માત્ર પરિણમનશીલ છે. ભોજન ભાણામાં પીરસાયેલું હોય ત્યારે કેટલું સુંદર લાગે છે. અને મોંમાં નાંખીએ ત્યારથી જ એનું પરિણમન થઈ જાય છે. અને બીજે દિવસે સવારમાં તો એ બધું વિચિત્રતામાં પરિણામ પામે છે.

જિસકી સંગતિસે અતિ સુંદર, મિષ્ટ સુગંધિત ભોજન ભી,
અતિ દુર્ગંધિત કૃમિસે પૂરિત, હોતા ક્ષણમેં હાય સભી.

આ શરીરનો સંગ થતાં અતિ સુગંધિત ભોજન પણ અતિ દુર્ગંધના રૂપમાં પરિણમે છે, માટે એમાં પ્રશંસા કરવા જેવું શું છે?

પ્રધાનની વાત સાંભળી રાજાના મનમાં થયું : અહો ! આ પ્રધાન તો વેદિયા જેવો છે. એની સાથે લાંબી ચર્ચા કરવા જેવી નથી. જુઓ, વિવેકહીન મનુષ્યો સાચા માણસોને વેદિયા જેવા માને છે. ફરીને એક વખત રાજા ઘણાં મિત્રો સાથે ગામ બહાર ફરવા માટે જાય છે. ત્યાં રસ્તામાં એક ખાઈ આવે છે. એ ખાઈના પાણીમાંથી દુર્ગંધ આવે છે. એટલે રાજા સહિત બધા માણસોએ નાક આડા ડૂચા દીધા. ફક્ત પ્રધાને જ નાક આડો ડૂચો દીધો ન હતો.

રાજા પૂછે છે અહો પ્રધાનજી ! તમને દુર્ગંધ નથી આવતી ? ત્યારે સમતા રસનો સ્વાદ લેનારો પ્રધાન કહે છે સાહેબ ! આ દુર્ગંધીનું પરિણમન પણ દુર્ગંધમાં જ થાય છે. એમાં શું આશ્ચર્ય છે ? ત્યારે રાજા વિચારે છે કે આ પ્રધાન તો કેવો લાગે છે ? એને સારાં ખોટાની પારખ જ નથી. બધા નગરમાં પાછા ફરે છે. ત્યાર બાદ પ્રધાન પોતાના નોકર પાસે એ ગંધાતી ખાઈમાંથી એક ઘડો પાણી મંગાવે છે. અને તે પાણીમાં કતકચૂર્ણ વિગેરે નાંખીને શુદ્ધ બનાવે છે. પછી તેમાં બીજા સુગંધી પદાર્થો નાંખીને સુમધુર અને શીતળ પાણી બનાવે છે. પછી પ્રધાન પોતાને ત્યાં રાજાને જમવા બોલાવે છે. રાજા જમવા બેઠા છે તે સમયે પ્રધાન પેલું પાણી સોનાના કળશમાં ભરીને રાજાને પીવા માટે આપે છે. આથી રાજા પૂછે છે, આવું શીતળ અને સુમધુર જળ આપ કયાંથી લાવો છો ? મને કેમ પીવા માટે મોકલતાં નથી ?

પ્રધાન કહે છે સાહેબ ! આપ મને અભયવચન આપો પછી કહું. રાજા કહે છે આમાં આટલો બધો ડર શા માટે ? તમે કયો અપરાધ કર્યો છે ? આજ તમે મને અમૃત સમાન જળપાન કરાવ્યું છે તેનો ખુલાસો કરવાનો છે. તમને મારા તરફથી અભય-વચન છે. ત્યારે પ્રધાન કહે છે રાજન્ ! આ તો પેલી ગંધાતી ખાઇનું પાણી છે. આ વાત સાંભળી રાજા આશ્ચર્ય પામી ગયા. પણ કહે છે પ્રધાન ! આવું ખરાબ પાણી આટલું નિર્મળ કેમ બને ? મને આ વાત ગળે ઉતરતી નથી.

પ્રધાન કહે છે સાહેબ ! પ્રયોગથી બધું બની શકે છે. રાજા કહે છે–તમે મારી સમક્ષ પ્રયોગ કરી બતાવો, તો જ હું સાચું માનું. પ્રધાન ફરીથી પાણી મંગાવીને રાજાની સમક્ષ પ્રયોગ કરી બતાવે છે. આ જોઈ રાજાને પ્રધાન તરફ સદ્‌ભાવ જાગે છે. અને પૂછે છે આવું કેમ બન્યું ? ત્યારે પ્રધાન કહે છે–દ્રવ્ય માત્ર પરિણમન સ્વભાવી છે.

માટે આવું બને છે. રાજા પૂછે છે તમે આવું જ્ઞાન કયાંથી મેળવ્યું ? પ્રધાન કહે છે મારા ધર્મગુરૂઓ પાસેથી મેં આવું જ્ઞાન મેળવ્યું છે. આ રાજાને પણ જૈન મુનિઓનો સમાગમ કરવાનું મન થાય છે. પરિણામે મિથ્યાદૃષ્ટિ રાજા સમ્યગ્દૃષ્ટિ બની જાય છે.

દેવાનુપ્રિયો ! જો તમને આવું જ્ઞાન હોય તો ઈષ્ટ-અનિષ્ટનાં સંયોગ-વિયોગમાં રાગ-દ્વેષની પરિણતિ થાય જ નહિ. બાળનું પાણી જે રાજાને અનિષ્ટ લાગતું હતું તે જ ઇષ્ટ બન્યું. આથી રાજાને ધર્મ પર શ્રદ્ધા થઈ. ભૃગુ પુરોહિતના પુત્રો સમતા રસનું પાન કરે છે. હવે તેઓ શો જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૫૮

ભાદરવા વદ ૨ ને બુધવાર તા. ૧૬-૯-૭૦

અનંત કરૂણાનિધિ, ત્રિલોકીનાથ, વિશ્વવત્સલ, ભગવાન મહાવીર સ્વામીના મુખથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. જે વીરપ્રભુની વાણીના વચનામૃતોનું આપણે પાન કરીએ છીએ તે ભગવાન મંગલ સ્વરૂપ છે. આપણે વ્યાખ્યાનની શરૂઆતમાં સૌથી પ્રથમ જ બોલીએ છીએ.

" मंगलं भगवान वीरो, मंगलं गौतम प्रभुः ।
मंगलं स्थूलिभद्रा द्यां, जैन धर्मोऽस्तु मंगलम् ॥

ભગવાન મહાવીર સ્વામી મંગલકારી છે. ગૌતમ ગણધર મહામંગલકારી છે. સ્થુલિભદ્ર આદિ મુનિવરો મંગલકારી છે. અને જૈન ધર્મ પણ મંગલકારી છે. જે આવા મહાન મંગલકારી આત્માઓ છે તેમનું જ સૌથી પ્રથમ સ્મરણ કરવામાં આવે છે. ભગવાન મહાવીર સ્વામી મંગલકારી શાથી કહેવાય ? ધન-વૈભવ-સત્તા અને રાજકુમારપણાથી નહિ.

મુકયા મહેલ અને રિદ્ધિ સિદ્ધિ, ક્ષમા-સંયમ ને જ્ઞાન વૃદ્ધિ,
વર્યા વીર જંગલ, કીધું આત્મ મંગલ....પ્રભુ મારા, ગાઉં નિત્ય હું ગુણ રે તમારા.
જેણે મમતા મારી, વળી સમતા ધારી....પ્રભુ મારા, ગાઉં નિત્ય હું ગુણ રે તમારા.

જેમણે સંસારના સમગ્ર સુખોનો ત્યાગ કરીને તપ-સંયમમાં અજબ પુરૂષાર્થ ફોરવીને પહેલાં પોતાના આત્માનું મંગલ કરી લીધું. જે પહેલાં પોતાનું મંગલ કરે છે તે જ આખા જગતનું મંગલ કરી શકે છે. ગૌતમ સ્વામીને પણ મંગલ સ્વરૂપ

માનવામાં આવ્યા છે. તેનું કારણ ગૌતમ સ્વામીમાં અનેક ગુણોનો ખજાનો ભરેલો હતો. તેમના જીવનમાં વિનય ગુણની પ્રધાનતા હતી. વિનયગુણથી જ બીજા ગુણો આત્મામાં પ્રગટે છે. એવા પવિત્ર પુરૂષ ગૌતમ સ્વામી, ભગવાનનાં ગણધર હતાં. તેઓ મંગલ સ્વરૂપ છે. ગૌતમ સ્વામી મહા લબ્ધિવાન હતાં. આપણે માંગલિકમાં દરરોજ બોલીએ છીએ કે :—

"અંગુઠે અમૃત વસે, લબ્ધિ તણાં ભંડાર,
ગુરૂ ગૌતમને સમરીએ, મનવાંછિત ફલદાતાર."

આવા પવિત્ર પુરૂષનું નામ સ્મરણ કરવાથી પણ આપણા શોક સંતાપ ટળી જાય છે. તો એમની હૃદયપૂર્વક ઉપાસના કરવાથી તો કેટલો લાભ થાય? ભગવાન મહાવીર અને ગૌતમ સ્વામી તો મંગલકારી હતાં, પણ અહીં તો સ્થુલિભદ્રજીનું નામ પણ લીધું છે. મહાન મુનિઓ તો ઘણાં થઈ ગયાં છે, છતાં અહીં સ્થુલિભદ્રજીનું નામ લખવાનું કારણ શું?

સ્થુલિભદ્રના જીવનમાં બ્રહ્મચર્યનો મહાન ગુણ હતો. એમનું મનોબળ ખૂબ મજબૂત હતું. જેના શરીરમાં ખૂબ તાકાત હોય તેને બળવાન ન કહેવાય. રણક્ષેત્રમાં એકલો હજારો સૈનિકોને જીતે તેને જ્ઞાનીએ બળવાન નથી કહ્યો. રણક્ષેત્રમાં તો શત્રુઓને સૌ જીતે પણ શત્રુના ઘરમાં દાખલ થઈને શત્રુને જીતી લેનારા તો કોઈક વીરલા જ હોય છે. તેમ જંગલોમાં જઈ, ગુફાઓમાં રહી અને ધર્મસ્થાનકોમાં રહીને સૌ બ્રહ્મચર્યનું પાલન કરી શકે છે. પણ જ્યાં એકાંત મોહનું જ વાતાવરણ છે તેવા મોહના ઘરમાં રહીને મોહને જીતનાર તો વીરલા જ હોય છે. સ્થુલિભદ્રજીએ કોશાને ત્યાં ચાર ચાર મહિના સુધી રંગ–રાગના વાતાવરણમાં રહીને શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કર્યું છે.

સ્થુલિભદ્રના ગુરૂ સંભુતિવિજય નામે મહામુનિ હતા. એક વખત ચાતુર્માસ જવાનો પ્રસંગ આવ્યો, ત્યારે સ્થુલિભદ્ર આદિ ચાર શિષ્યો જુદા જુદા સ્થાનમાં ચાતુર્માસ રહેવાની આજ્ઞા માંગે છે. તેમાંથી એક મુનિ સિંહની ગુફા પાસે ચાતુર્માસ રહેવાની આજ્ઞા માંગે છે. બીજા મુનિ સર્પના રાફડા પાસે ચાતુર્માસ જવાની આજ્ઞા માંગે છે. ત્રીજા મુનિ કૂવાના મધ્યભાગમાં રહેલા લાકડા ઉપર ચાતુર્માસ રહેવાની આજ્ઞા માંગે છે. અને સ્થુલિભદ્રજી કોશાને ત્યાં ચાતુર્માસ રહેવાની આજ્ઞા માંગે છે. ચારેય શિષ્યોની યોગ્યતા જોઇને ગુરૂ મહારાજ ઇચ્છિત સ્થાનોમાં ચાતુર્માસ કરવાની તેમને આજ્ઞા આપે છે.

ગુરૂ આવા ભયંકર સ્થાનોમાં જવાની આજ્ઞા કયારે આપે? પોતાના શિષ્યોમાં એટલી યોગ્યતા હોય તો જ આપી શકે. ગુરૂદેવની આજ્ઞા શિરોમાન્ય કરીને ચારે ય સંતો નિર્ધારિત કરેલાં સ્થાને ચાતુર્માસ કરવા માટે પહોંચી જાય છે. તેમાં સ્થુલિભદ્ર

મુનિ, કોશા વેશ્યાને ત્યાં જાય છે. સ્થુલિભદ્રને કોશાની સાથે બાર બાર વર્ષનો પૂર્વનો સંબંધ છે, એટલે પૂર્વના સ્નેહથી પોતાને ત્યાં સ્થુલિભદ્રને આવતાં જોઈ તે હર્ષઘેલી બની જાય છે. અહો! જે બાર બાર વર્ષ મારી સાથે રહ્યા હતા, મને છોડીને ગયાં હતાં તે આજે હાલી ચાલીને મારે ઘેર આવ્યા! એના આનંદનો પાર ન રહ્યો. મુનિ પણ કોશાની આજ્ઞા લઈ તેના મકાનમાં ઉતરે છે. કોશાએ પોતાની સુંદર ચિત્રશાળામાં ઉતારો આપ્યો.

બંધુઓ! જે ચિત્રશાળામાં કોશાએ સ્થુલિભદ્રને ઉતારો આપ્યો તે ચિત્રશાળા તો જાણે અરિસાભુવન જોઈ લો. એ ચિત્રશાળામાં ભલભલા માણસનું મન ચલાયમાન થઈ જાય એવાં તો મોહક ચિત્રો હતાં. અને કોશાનું રૂપ-સૌંદર્ય તો અદ્‌ભૂત હતું. પણ એક વાર તો ચિત્રશાળાને જોઇને જ ભલભલા મનુષ્યો સ્થંભી જાય તેવું ચિત્રશાળાનું વાતાવરણ અતિમોહક હતું. સ્થુલિભદ્ર મહા મુનિ આવા સ્થાનમાં રહીને પણ તપ અને સંયમની સાધનામાં લીન બની ગયાં. સ્વભાવમાં રમણતા કરી રહ્યાં હતાં. એ કોઈથી ડગે તેમ ન હતા. આ તરફ કોશા પૂર્વની પ્રીત સંભાળીને મહામુનિને ડગાવવા માટે અનેક પ્રયાસો કરે છે. ગૌચરીમાં દરરોજ નવા નવા પકવાનો અને જાત-જાતના શાક ખૂબ અંતરના ઉમળકાથી વહોરાવે છે, પણ મુનિના અંતરમાં વિષય વાસનાનો છાંટો પણ પેદા થતો નથી.

મોહના સ્થાનકમાં રહીને સિંહ-કેસરિયા લાડુ પચાવવા એ કંઇ સામાન્ય વાત નથી. એ તો જેણે પાંચે ઈન્દ્રિયો અને છઠ્ઠા મન ઉપર વિજય મેળવ્યો હોય તેવા મહાન પુરૂષો જ પચાવી શકે છે. બીજા તો એક રાત્રિ પણ ત્યાં ન રહી શકે. જુઓ, જે મુનિ સિંહની ગુફા પાસે, સર્પના દર પાસે, અને કુવાના અંતરાળમાં રહેલા પાટીયા ઉપર ચાતુર્માસ રહ્યાં છે તેમને ગૌચરી મળવાની નથી, સિંહ કે સર્પ કંઈ ગૌચરી વહોરાવવાના નથી. અહીં તો મુનિની સેવામાં કોશા હાજર જ રહેતી. પણ સાથે કસોટી હતી. કોશાની વાત વિષય વાસનાને પોષવા માટેની હતી, પણ મુનિ એના સામું પણ જોતાં નથી.

ત્યારે કોશા સોળ શણગાર સજી અનેક પ્રકારનાં એની સામે નાટક કરે છે. કોશા નૃત્ય કળામાં, સંગીત કળામાં તો પ્રવીણ હતી. એણે સરસવના ઢગલા ઉપર સોય રાખી અને એના ઉપર પુષ્પ ગોઠવી તે પુષ્પ ઉપર નૃત્ય કર્યું. આપણે સરસવના દાણા ઉપર ચાલવા જઈએ તો લપસી જઈએ. એના બદલે એના ઉપર નૃત્ય કર્યું. વિવિધ પ્રકારનું નાટક કર્યું, છતાં મુનિ પોતાના ધ્યાનથી લેશમાત્ર ચલિત થયા નહિ રૂપરૂપના અંબાર સમી, વીજળીના ચમકારા જેવી જેની કાયા છે એવી કોશાની સામે મુનિ આંખ પણ ઊંચી કરતા નથી. પૂર્વે જેની સાથે અનેક પ્રકારનાં સુખો ભોગવેલાં છે, જેની સાથે બાર બાર વર્ષો સુધી વિષયરસ પોષેલો છે, એ જ વિષયરસમાં જોડાવા માટે કોશા વિવિધ પ્રકારનાં પ્રયત્નો કરી રહી છે, પણ સ્થુલિભદ્રજી એ કોશાની સામે નજર સરખી પણ કરતાં

નથી. કેવી અજબ સંયમની ધારા છે ! ! આનું નામ જ ખાંડાની ધાર છે. આજે સ્થુલિભદ્ર મુનિ ખાંડાની ધાર પર ચાલી રહ્યાં છે.

કોશાએ વાત વિષયની વખાણી, સ્થુલિભદ્રે હૃદયે નવ આણી,
હું તો પરણ્યો સંયમ પટરાણી રે....સ્થુલિભદ્ર મુનિ ઘેર આવે.

જેનું મન વિષયોથી વિરક્ત બની ગયું છે તેને પોતાના તરફ આકર્ષવા કોશા ગમે તેટલા પ્રયત્નો કરે પણ મુનિ ડગે ખરા ? જેને અમૃતરસની પિછાણ થઈ તે ઝેરને ગ્રહણ કરે ખરા ? સ્થુલિભદ્રને વિષય સુખો ઝેર જેવા લાગ્યા છે. કોશાને વિષયની ધૂન લાગી છે. જ્યારે મુનિને સંયમની રઢ લાગી છે. એમણે કોશાને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે હે કોશા ! હું તો સંયમરૂપી પટરાણીને વરી ચૂક્યો છું. જેના ઘરમાં પટરાણી હોય તેનું મન મેતરાણીમાં જાય ખરું ? હવે તું મારી પાસેથી તારા સુખની આશા છોડી દે. હવે મારી દૃષ્ટિમાં તો ભોગ ભયંકર રોગ જેવાં લાગે છે. અને યોગ એ અમૃત જેવા લાગે છે. કોશા વિષયોમાં રક્ત છે. મુનિ વિષયોથી અત્યંત વિરક્ત છે.

જેમ ભક્તામર સ્તોત્રમાં માનતુંગાચાર્ય ભગવાન ઋષભદેવની સ્તુતિ કરતાં બોલ્યા છે કે હે પ્રભુ—

चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभि, र्नीतं मनागपि मनो न विकारमार्गम् ।
कल्पान्त काल मरुता चलिताचलेन, किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ॥
ભક્તામર સ્તોત્ર. ગાથા. ૧૫.

હે પ્રભુ ! દેવાંગનાઓ તમારા ચિત્તમાં જરા પણ વિકાર ઉત્પન્ન કરી શકતી નથી તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? કારણ કે મોટા મોટા પહાડોને કંપાવતા પ્રલય-કાળના પવનથી મેરૂ પર્વત તો નહિ પણ એનું શિખર કદી પણ ડોલ્યું છે ?

જેમ પ્રલયકાળનો પ્રચંડ પવન વાવા છતાં પણ મેરૂ પર્વતનું એક શિખર પણ ચલાયમાન થતું નથી તેમ અહીં મોહનો પ્રચંડ વાયરો વાવા છતાં મુનિના મનમાં પણ વિકાર ન જાગ્યો. કેવો દૃઢ વૈરાગ્ય ! એક વખતના કોશાની પાછળ પાગલ બનેલા સ્થુલિભદ્રનું દૃઢ મનોબળ જોઈ કોશા પણ આશ્ચર્ય પામી ગઈ. એનો ગર્વ ઉતરી ગયો. અહો ! આ મુનિને હું કેવો માદક આહાર વહોરાવું છું ! આ ચિત્રશાળાનું વાતાવરણ પણ કેટલું મોહક છે ! છતાં પણ લેશમાત્ર ડગતા નથી. એની આગળ આજે હું દાસ બની ગઈ. એની દૃષ્ટિમાં આ મારા શણગાર તો ભંગાર જેવાં છે. છેલ્લે પણ એ મુનિને પોતાનામાં અનુરક્ત બનવા માટે ખૂબ સમજાવે છે.

ત્યારે મુનિ કહે છે કે કોશા ! આ સંસારનાં બધા પૌદ્ગલિક સુખો ક્ષણ પૂરતાં

જ છે. એની પાછળ અનંત કાળનાં દુઃખો ઉભેલાં છે. પણ જ્યાં ગયા પછી ફરીને જન્મ-મરણ કરવા પડતાં નથી એવા મોક્ષમાં જ સાચું સુખ છે. માટે હું એ સુખો મેળવવા પ્રયત્ન કરી રહ્યો છું. આવા વિષયજન્ય સુખો તો આ જીવે મનુષ્ય લોકમાં અને દેવલોકમાં અનંતીવાર ભોગવ્યાં છે, છતાં તૃપ્તિ થઈ નથી અને થવાની પણ નથી. હે કોશા! તેં અત્યાર સુધી તારી કાયાને પાપકર્મોથી અભડાવી છે. તારે પણ આત્માના શાશ્વત સુખો મેળવવા માટે પ્રયત્ન કરવાનો છે. માટે તું પણ સમજીને માનવજન્મને સફળ કરી લે. મુનિના વૈરાગ્ય ભર્યા વચનોથી કોશાના જીવનનું પરિવર્તન થયું. મુનિએ તેને સમ્યકત્વ પમાડીને બાર વ્રતધારી શ્રાવિકા બનાવી દીધી.

સ્થુલિભદ્ર મુનિ કાજળની કોટડીમાં રહ્યા છતાં કાજળથી લેપાયા નહિ. ચાર ચાર મહિના વિષય ઉત્પન્ન કરે તેવા વાતાવરણમાં મુનિ રહ્યા છતાં મેરૂની જેમ અડોલ રહી ચાતુર્માસ પૂર્ણ કરી ગુરૂ પાસે આવ્યાં. બીજા ત્રણ મુનિઓ જે જુદે જુદે સ્થળે ગયા હતાં તેઓ સ્થુલિભદ્રની સાથે આવી પહોંચે છે. ત્રણ મુનિઓ જ્યારે ગુરૂને વંદન કરે છે ત્યારે ગુરૂ કહે છે "દુષ્કર". અને સ્થુલિભદ્રે વંદન કર્યું ત્યારે "દુષ્કર, દુષ્કર, દુષ્કર" એમ ત્રણ વખત ગુરૂ બોલ્યાં. એટલે બીજા મુનિઓને મનમાં થયું કે જોયું? બધેય પક્ષપાત. આપણે ચાર ચાર મહિના વગડામાં રહીને કેવાં કષ્ટો સહ્યાં, કેવા ઉગ્ર તપ કર્યા છતાં ગુરૂએ કંઈ કદર કરી? અને જેણે વેશ્યાની સુંદર ચિત્રશાળામાં ચાર ચાર મહિના સુધી એકલા માલ પાણી ઉડાવ્યાં છે, એને ત્રણ વાર દુષ્કર-દુષ્કર-દુષ્કર કહીને આપણાં કરતાં પણ કેટલું બધું માન આપ્યું? જે સર્પના રાફડા પાસે અને કૂવાના માટીયા ઉપર ચાતુર્માસ કરી આવ્યા તે બે મુનિને મનમાં લાગ્યું, પણ તેમણે ઈર્ષ્યા ન રાખી. પણ સિંહની ગુફામાં ચાતુર્માસ ગયેલા મુનિ મહાન સમર્થ અને જ્ઞાની હતાં છતાં સ્થુલિભદ્રનું ગુરૂએ બહુમાન કર્યું તે એમનાથી સહન ન થયું. તે ઈર્ષ્યાની આગથી જલી ઉઠયા. બીજી સાલનું ચાતુર્માસ કોશાને ત્યાં ગાળવાની તેઓ આજ્ઞા માંગે છે. ગુરૂ કહે છે ભાઈ! આમાં તારું કામ નથી. સાધુપણામાં પ્રતિકૂળ પરિષહો જીતવાં સહેલાં છે, પણ અનુકૂળ પરિષહો જીતવા કઠીન છે. ગુરૂએ ખૂબ સમજાવ્યા પણ માન્યા નહિ. અને કોશાને ત્યાં જાય છે. કોશા પણ ખૂબ ચતુર હતી. એ સમજતી હતી કે વેશ્યાને ત્યાં કંઈ સંતના ચાતુર્માસ હોય નહિ. સ્થુલિભદ્ર તો મને સાચો માર્ગ બતાવવા આવ્યા હતાં, પણ આ તો સ્થુલિભદ્રજીની હરિફાઈમાં આવ્યા લાગે છે, મને સ્થુલિભદ્ર મુનિએ તો સાચા માર્ગે ચઢાવી છે, તો પણ હું આને તો બરાબર બતાવી દઉં, એમ વિચાર કરી મુનિને ચિત્રશાળામાં ઉતાર્યા. ચિત્રશાળાનું મોહક વાતાવરણ અને કોશા સોળ શણગાર સજી મુનિ પાસે આવીને ઉભી રહે છે, એના નૃત્ય અને હાવભાવ જોઈ મુનિનું મન ક્ષણવારમાં ચલિત થઈ ગયું. ચાર ચાર મહિના સિંહની ગુફા પાસે નિર્ભયપણે રહેનારાં મુનિ, કોશાને ત્યાં એક રાત્રિ પણ નિર્વિકારપણે પસાર ન કરી

શક્યા. પોતાના તપના પ્રભાવથી સિંહ જેવા ક્રૂર પ્રાણીને સ્થંભાવી દેનારા મુનિને કામદેવે ક્ષણવારમાં સ્થંભાવી દીધા. આ માટે જ જ્ઞાનીઓએ કામવાસના ઉપર વિજય મેળવવાનું કામ દુષ્કર કહ્યું છે.

જેના મનમાં વિકાર જાગ્યો છે એવા મુનિ, કોશાની આગળ વિષયલોગની યાચના કરે છે. ત્યારે કોશા કહે છે: મહારાજ! જેની પાસે ધન હોય તેનું અહીં કામ છે. ધન વિના અહીં કોઇનું સન્માન થતું નથી. મુનિ કોશાના શબ્દો સાંભળી વિચારમાં પડી ગયા. છેવટે તેમને યાદ આવ્યું કે નેપાલ-દેશનો રાજા એના રાજ્યમાં જે સાધુ પહેલા વહેલા જાય છે તેને રત્નકંબળ વહોરાવે છે. એ લાવીને કોશાના ચરણે ધરી દઉં તો મારું કામ સફળ થશે. જુઓ! વિષયવાસના કેવી ભયાનક છે! મુનિ ભાન ભૂલ્યા અને ઉપડયા નેપાળ દેશમાં. એ મુનિને ખબર ન હતી કે આ કોશા સ્થુલિભદ્રથી બોધ પામેલી છે. મહામુશીબતે ઉગ્ર વિહાર કરીને નેપાળ દેશમાં પહોંચ્યા. રાજાની પાસે રત્નકાંબળીની યાચના કરી એટલે રાજાએ મુનિને મહાકિંમતી રત્નકાંબળી વહોરાવી. તે લઈને મુનિ પાછા ફરે છે. રસ્તામાં ચોરાએ તે કાંબળી લૂંટી લીધી. ત્યારે મુનિ ફરીને રાજા પાસે ગયાં. રાજાએ ફરીને રત્નકંબલ વહોરાવી. તે લઈને ખૂબ કષ્ટો વેઠતાં ઉગ્ર વિહાર કરીને પોતાને સ્થાને પહોંચી ગયા. અને કોશાના ચરણમાં રત્નકંબલ અર્પણ કરી. લોગના સુખની ખાતર મુનિએ કેટલાં કષ્ટો વેઠયાં? આટલું કષ્ટ કર્મોની નિર્જરા કરવા માટે વેઠે તો કર્મના ભુક્કા ઉડી જાય.

રત્નકાંબળી જેવી કોશાને આપી તેવી જ મુનિને દેખતાં હાથમાં લઈને પગ લૂછીને તેણે બાળમાં ફેંકી દીધી. ત્યારે મુનિ કહે છે કોશા! તને કંઇ ભાન છે? મૂર્ખી જ લાગે છે. આ રત્નકંબલ લાવતાં કેટલી મહેનત પડી છે? એને તું પગે લૂછીને બાળમાં ફગાવી દે છે? ત્યારે કોશા કહે છે મુનિ! હું તો મૂર્ખી છું પણ તમે તો મૂર્ખના સરદાર છો. મેં તો રત્નકંબલ બાળમાં નાખી પણ તમે તો રત્નત્રય રૂપી ભાવ-રત્નકંબલને વિષય વાસનાની ગટરમાં ફગાવી રહયાં છો! હવે મૂર્ખ કોણ ને ડાહ્યું કોણ? તેનો નિર્ણય તમારી જાતે કરી લેજો.

જેમ રાજેમતીએ રહનેમીને ઠેકાણે લાવવા માટે કઠોર શબ્દો કહયાં હતાં તેમ કોશાએ આ મુનિને કઠોર વચનો કહી દીધા. અને કહ્યું કે હું સ્થુલિભદ્રથી બોધ પામેલી છું. તમે એમની સામે હરિફાઈમાં ઉતર્યા છો પણ વિચાર કરો. એની બરાબરી કરી શકે તેવો બીજો કોઇ પુરૂષ નથી. ચાર મહિનાને બદલે તમે તો એક રાત્રિ પણ નિર્વિકાર-પણે રહી શકયાં નથી. ધિક્કાર છે તમારી મનોવૃત્તિને! એમ અનેક કઠણ શબ્દો કહયાં.

કોશાના વચન સાંભળી મુનિની સાન ઠેકાણે આવી જાય છે. મુનિ કોશાના ચરણમાં

પડીને કહે છે : ભવસાગરમાં ડૂબતા મારા આત્માને તારવા માટે તેં મને હિત-શિક્ષારૂપે જે વચનો કહ્યાં છે તેની લાખ સોનામહોરો કરતાં પણ અનંતગણી કિંમત છે.

આ મુનિ ત્યાંથી ચાતુર્માસ પૂર્ણ કરીને ગુરુની પાસે આવે છે. પ્રથમ ગુરુને વંદન નહિ કરતાં સ્થૂલિભદ્રનાં ચરણમાં પડી ગદ્‌ગદ કંઠે ક્ષમા માંગે છે. અહો મુનિરાજ! આપ તો મહાન કામવિજેતા છો. મારા જેવાનું કામ નહિ. જે પરાક્રમી હોય તે જ સિંહણના આંચળમાં હાથ નાખીને દૂધ કાઢી શકે છે. તેવી જ રીતે કોશાના સમીપમાં રહીને આપ જેવા જ કામ ઉપર વિજય મેળવી શકો. બાકી મારા જેવા તો કયાંના કયાંય ફેંકાઈ જાય. પછી ગુરુદેવની પાસે આવીને કહે છે, ગુરુદેવ! ખરેખર! સિંહની ગુફા પાસે રહેવું સહેલ છે પણ કોશાના સંસર્ગમાં રહીને કામ ઉપર વિજય મેળવવો મુશ્કેલ છે. આપે સ્થૂલિભદ્ર મુનિને જે ત્રણ વાર દુષ્કર-દુષ્કર-દુષ્કર કહ્યું છે તે યોગ્ય છે. મેં ખૂબ ઈર્ષ્યા કરી, આપની આજ્ઞાની અવજ્ઞા કરી તે બદલ વારંવાર ક્ષમા માંગું છું. હવે મારો ભ્રમ ભાંગી ગયો. મને મારી ભૂલ સમજાઈ ગઈ. ત્યાં આ મુનિ પોતાની ભૂલનું પ્રાયશ્ચિત કરી પોતાનું કામ કાઢી ગયા. જે માણસ ભૂલ કરીને પણ પોતાની ભૂલને ભૂલ તરીકે કબૂલ કરે છે તે મહાન છે.

અહીંયા ભૃગુ પુરોહિતના બે બાળકો પણ ત્યાગને પંથે પ્રયાણ કરવા ઉત્સુક બન્યાં છે. તેમને તેમના પિતા ખૂબ સમજાવે છે. ભોગો ભોગવવાનું આમંત્રણ આપે છે અને કહે છે કે હે પુત્રો! આવા સુંદર કામભોગો મળ્યાં છે તેને શા માટે જવા દો છો? સંસારના સુખોનો અનુભવ કરીને પછી તમારે દીક્ષા લેવી હોય તો લેજો. જેની દૃષ્ટિ ખૂલી ગઈ છે, હીરો અને કાચ પારખવાની જેનામાં તાકાત છે. તેવા પુત્રો એમના પિતા સામે પોતાના વિચારોને રજુ કરે છે.

वेया अहीया न भवन्ति ताणं, भुत्ता दिया निन्ति तमं तमेणं ।
जाया य पुत्ता न हवन्ति ताणं, को णाम ते अणुमन्नेज्ज एयं ।। उ. अ. १४-१२

આ પુત્રો પડકાર કરીને એના પિતાને કહે છે હે પિતાજી! વેદ ભણવાથી દુર્ગતિમાં જવાના કર્મો અટકી જતાં નથી. વેદ ભણવાથી તે અધર્મને અટકાવે, મિથ્યા જ્ઞાન ટાળે અને પછી સમજણપૂર્વકની ક્રિયા કરે તો આત્મકલ્યાણ થાય. પણ વેદ ભણી જવા માત્રથી આત્મા કર્મબંધનથી મુક્ત થઈ શકતો નથી. વળી આપ કહો છો કે બ્રાહ્મણોને ભોજન કરાવવું એ પણ આપનો ભ્રમ છે. કારણ કે જે બ્રાહ્મણો કુમાર્ગે ચઢેલાં છે, જેઓ યજ્ઞ કરીને પશુવધ કરવાનું સમર્થન કરે છે તેવા અજ્ઞાની બીજાને કેવી રીતે તારી શકશે? એવા બ્રાહ્મણોને કરાયેલું ભોજન કેવી રીતે પુણ્યનું કારણ બની શકે?

અજ્ઞાની માણસો બ્રાહ્મણોને ભોજન કરાવવામાં પુણ્ય માને છે. વૈષ્ણવ લોકોમાં

એવી માન્યતા છે. એક વખત એક બાઇનો પતિ ગુજરી ગયેા છે. માતા કહે છે બેટા ! તારા બાપુજીની પાછળ આપણે બ્રાહ્મણેાને જમાડવાનું છે. શય્યા ભરવાની છે. આ છેાકરેા એક જૈન મિત્રના સહવાસથી જૈન ધર્મની શ્રદ્ધાવાળેા હતેા. તેથી એને આ બધું પસંદ ન હતું. એટલે કહે છે બા, આપણે બ્રાહ્મણેાને બધું આપીએ તેમાં મારા બાપુજીને કંઈ થેાડું મળવાનું છે ? ત્યારે માતા કહે છે, એ બ્રાહ્મણેાને જમાડયા વિના તારા બાપુજીને સદ્ગતિ ન મળે. માતાને ખુશ રાખવા પુત્રે એ બધું જ કર્યું. બાપ પહેરતેા હતેા તેવા વસ્ત્રો–વીંટી–બટન–વાસણ–પલંગ–ગાદલું–ઓશીકું વિગેરે બધું જ લાવ્યા. બ્રાહ્મણેાને જમાડવા માટે ચેાખ્ખા ઘીના લાડવા બનાવ્યા. બાપના બારમાને દિવસે બ્રાહ્મણેાને બેલાવ્યાં. બ્રાહ્મણેા જમવા બેઠા ત્યારે છેાકરેા કહે છે–મારા બાપુજીને જમતા પહેલાં અફીણ ખાવાની આદત હતી, એટલે મેં આ અફીણ ઘેાળીને તૈયાર કર્યું છે. માટે તમે બધા થેાડું થેાડું પી જાવ. કારણ કે અફીણ પીવે પછી જ મારા બાપુજીના પગમાં જોર આવતું હતું. તેા તમે અફીણ પીવેા તેા જ મારા બાપુજીને સ્વર્ગ મળે ને ? માટે અફીણ પીવેા, ત્યાર પછી જ લાડવા ખવાશે. બ્રાહ્મણેા તેા હાથ ધેાઇને ઉભા થઈ ગયા. છેાકરેા કહે છે હું તમને જમવાનું ના કહેતેા જ નથી. ત્યારે બ્રાહ્મણેા કહે છે ભાઇ ! અમે અફીણ પીએ તેમાં તારા બાપને કંઈ મળવાનું નથી. તેા તમે શા માટે આમ કરવાનું કહેા છેા ? ત્યારે કહે કે આ તેા અમારું પેટ ભરવા માટે જ અમે ઉભું કરેલું છે.

આ પુત્રેા કહે છે બાપુજી ! એ બ્રાહ્મણેાને જમાડવાથી સદ્ગતિ મળી જતી નથી. તેમજ પુત્રેા પણ આપણને સ્વર્ગની સીડી બતાવવાના નથી. માટે તમારી આ માન્યતા ભૂલભરેલી છે તેનેા કેાણ સ્વીકાર કરે ? એક જ વખતના સંતદર્શનમાં આ બે બાલુડાની મિથ્યાદૃષ્ટિ ટળી ગઈ. સત્ય દૃષ્ટિ ખુલી ગઈ. પણ હજુ સમાજમાંથી મિથ્યા માન્યતાઓ ગઈ નથી. શ્રાવકને ઘેર કંદમૂળ વપરાય ? અહીં કંઇક ઘેર કંદમૂળ જોવા મળે છે. આ બધું શાણા શ્રાવકે તજવું જોઇએ.

વ્યાખ્યાન નં.... ૫૯

ભાદરવા વદ ૩ ને ગુરૂવાર તા. ૧૭–૯–૭૦

શાસ્ત્રકાર ભગવંતે ઉત્તરાધ્યયન સૂત્રના દશમા અધ્યયનમાં ફરમાવ્યું છે કે " समय गोयम मा पमायए " હે ગૌતમ ! સમય માત્રનેા પણ પ્રમાદ ન કરેા.

ભારતના મહા માનવ પરમ મનીષી તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું છે કે જે આત્મા સમયના મહત્વને જાણી શકતો નથી તે મહત્વપૂર્ણ કાર્યો સંપાદિત કરી શકતો નથી. સમય એ વસ્તુ છે. જેણે માનવ જીવનને ગરીબમાંથી ધનવાન, પાપીમાંથી પુણ્યાત્મા, રાજામાંથી રંક, આળસુમાંથી ઉદ્યમી બનાવ્યો છે. જેણે સમયના ખેલને ઓળખ્યો નથી તેની જિંદગી મૃતવત્ થઈ ગઈ. જો માનવીએ ધન કમાવવું હોય તો પુણ્યથી અને ઉદ્યોગથી તે મેળવી શકે છે. ભૂલાઈ ગયેલું જ્ઞાન અભ્યાસથી તાજું કરી શકાય છે. પરંતુ ગુમાવેલ સમય ફરી પ્રાપ્ત કરી શકાતો નથી.

એક શાયરે કહ્યું છે કે :–

" સદા દૌર દૌરા રહતા નહીં, ગયા વક્ત ફિર હાથ આતા નહીં "

સમય એક વાર આપણા હાથમાંથી છટકી ગયો તે પછી ફરીથી મેળવી શકાતો નથી. એક કવિએ કલ્પના કરી કે એક માનવી કોઈ એક સુંદર ચિત્રશાળામાં દાખલ થયો. ત્યાં તેને ઘણાં ચિત્રો બતાવવામાં આવ્યા. એક ચિત્રમાં એણે જોયું તો એક મનુષ્યનો ચહેરો કાળા વાળોથી ઢંકાયેલો છે અને તેના પગમાં પાંખો મૂકેલી છે. જોનાર માનવી આ જોઈને આશ્ચર્ય પામ્યો અને તેણે આશ્ચર્યથી પૂછયું :– આ કોનું ચિત્ર છે ? ત્યારે ચિત્રકારે કહ્યું–અમૂલ્ય ક્ષણનું ચિત્ર છે.

તે માનવીએ ચિત્રકારને ફરીથી પ્રશ્ન કર્યો " તેનું મોં કેમ સંતાડેલું છે ? " ત્યારે ચિત્રકારે કહ્યું. જ્યારે તે માનવીઓની પાસે આવે છે ત્યારે માનવીઓ તેને ઓળખી શકતા નથી.

ફરીને તે માનવે બીજો પ્રશ્ન કર્યો : તેના પગમાં પાંખો કેમ મૂકેલી છે ? ત્યારે ચિત્રકારે હસતાં હસતાં કહ્યું–" એ તો ખૂબી છે. સમય તો જલ્દી ચાલ્યો જાય છે. અને એક વાર તે પાંખોથી ઉડી ગયો કે ફરી તેને કોઈ પકડી શકતું નથી. સમયના આ ચિત્રમાંથી બધાને પ્રેરણા મળે છે. તેથી જ હાથમાં આવેલો અમૂલ્ય સમય ચાલ્યો ન જાય એની કાળજી રાખવા માટે મહાપુરૂષોએ ખૂબ ભાર મૂકયો છે.

એક અંગ્રેજ વિચારકે કહ્યું છે. " time is money " સમય એ ધન છે. ધન જો નિરર્થક વેડફાઇ જાય તો તમે કેટલો અફસોસ કરો છો ? એટલો અફસોસ સમય વ્યર્થ વેડફાય છે તે માટે તમને થાય છે ખરો ? જે મનુષ્યો સમય રૂપી ધનનો સદુપયોગ કરે છે તેઓ એક દિવસ જગતના પૂજનિક માનવ બની જાય છે. અને ઉચ્ચ પદ પર પ્રતિષ્ઠિત થાય છે.

યુરોપમાં બરીટ નામનો એક માણસ લુહારનો ધંધો કરતો હતો. પોતાનાં ધંધામાં

તેને જે કુરસદના ટાઈમ મળતો તેનો ઉપયોગ તે વિવિધ ભાષા શીખવામાં કરતો હતો. આ રીતે તેણે સમયનો સદુપયોગ કરીને લગભગ અઢાર ભાષાઓ શીખી. તે કહેતો હતો કે હું જે કંઇ શીખ્યો છું તે બુદ્ધિબળથી નહિ પણ સમયનો સદુપયોગ કરીને.

પોપ એડ્રિયન છઠ્ઠો બહુ ગરીબ હતો. ઘણી મહેનતથી તે પોતાનું ગુજરાન ચલાવતો હતો. આમ છતાં પણ તે પોતાની એક પળ પણ નકામી જવા દેતો ન હતો. કુરસદના સમયે તે રાત્રે મ્યુનિસિપાલિટીની બત્તીએ પુસ્તકો વાંચતો અને થોડા જ સમયમાં તે દુનિયાનો અદ્વિતીય વિદ્વાન બની ગયો.

આજે જગતમાં વૈજ્ઞાનિકોએ એક એકથી ચઢીયાતી જે આશ્ચર્યજનક શોધો કરી છે, તે સમયના સદુપયોગનું જ ફળ છે. મોટા મોટા દાર્શનિકો, વિદ્વાનો અને સંતશિરોમણીઓ સમયનાં સદુપયોગથી જ ઉન્નતિ પદે પહોંચ્યા છે. સમયનો સદુપયોગ માનવને મહામાનવ બનાવી શકે છે. અને ભગવાનની કક્ષાસુધી પહોંચાડી શકે છે. જે સમય ચૂકી જાય છે. તેને પાછળથી પસ્તાવાનું જ રહે છે.

નેપોલિયનના વિજયનું મૂળ કારણ વિચારીએ તો સમય હતો. પાંચ મિનીટના સમયની કિંમત નહીં સમજનાર ઓસ્ટ્રિયા નિવાસીઓ નેપોલિયન બોનાપાર્ટ સામે હારી ગયા. વોટરલૂના યુદ્ધમાં નેપોલિયનની હારનું મુખ્ય કારણ તેના સાથીદાર 'પુગ્રી' એ આવવામાં પાંચ મિનિટનો વિલંબ કર્યો એટલા માટે નેપોલિયનને બંદી બનવું પડયું. માટે સમયને ખૂબ સાવધાનીથી વિતાવવો જોઈએ. સમયની દરેક પળ સોનાના કણની જેમ કિંમતી હોય છે. સમર્થ રામદાસે પણ સમયનું મહત્ત્વ બતાવતાં કહ્યું છે કે એક ક્ષણ પણ નકામી ન જવાં દેવી અને તેનો સદુપયોગ કરવો એ સદ્‌ભાગ્યની નિશાની છે.

રાષ્ટ્રપતિ વોશિંગ્ટન પણ સમયની બાબતમાં ખૂબ જ ચોકકસ હતો. એકવાર તેમના એક સેક્રેટરીએ પોતે મોડા આવ્યા તે બદલ ક્ષમા માગી અને કહ્યું: સાહેબ! મારી ઘડિયાળ જરા લેઈટ હતી એટલે આવવામાં મોડો પડયો. વોશિંગ્ટને તરત જ કહી દીધું જનાબ! કાં તો તમે તમારી ઘડિયાળ બદલી કાઢો, નહિતર પછી મારે મારો સેક્રેટરી બદલી કાઢવો પડશે. તેમના જીવનનો બીજો પણ એક પ્રસંગ છે.

રાષ્ટ્રપતિ વોશિંગ્ટન દરરોજ ચાર વાગે ભોજન કરતા હતા. એક વખત તેમણે અમેરિકન કોંગ્રેસના કેટલાક સભ્યોને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. પરંતુ તે સભ્યો નક્કી કરેલા સમયથી મોડા પહોંચ્યા ત્યારે તેમણે તે સમયે રાષ્ટ્રપતિને જમતાં દીઠાં તેથી તેમના મનમાં જરા ખેદ થયો. સમયનું પાલન કરનાર વોશિંગ્ટને કહ્યું: આપો રસોઇઓ મને એમ કયારે પણ પૂછતો નથી કે મહેમાન આવ્યા કે નહિ? તે તો ફકત એટલું જ કહે છે કે જમવાનો ટાઇમ થયો છે માટે આપ જમવા બેસો.

આપણા ભારતના લોકો અંગ્રેજોના સહવાસથી ઘણા ગુણાવગુણ શીખ્યા, પરંતુ 'સમયની નિયમિતતા' ઘણી ઓછી શીખ્યા. ભારતીય લોકજીવનમાં સમયસર ન આવવું એ સૌથી મોટી નિર્બળતા છે. સભા-સમારંભોમાં પણ ભારતીયો મોટે ભાગે વખતસર જઈ શકતા નથી. વ્યાખ્યાનોમાં પણ થોડા ઘણા મોડા પડે છે. કયાં તો અમુક માણસોનો સમુહ એકઠો થાય પછી આવે છે. જાણે સમયનું પાલન કરવું એ તો પોતાનું કર્તવ્ય સમજતાં ન હોય!

સેંટ નિહાલસિંહ નામના એક ભારતીય સજ્જન પેરિસની સહેલગાહે ગયા હતા. ત્યાં રસ્તો સાફ કરતાં એક હરિજનનો ફોટો લેવાનું તેમને મન થયું. હરિજને પોતાની ઘડિયાળ જોઈને કહ્યું, સાહેબ, મારી ડ્યૂટી પૂરી થવામાં પાંચ મિનિટ બાકી છે. એ પછી તમારી ઈચ્છા હોય તો મારો ફોટો લઈ શકો છો. આ વાતની સેંટ સાહેબ પર ઉંડી અસર થઈ. તેમને થયું. પેરિસના હરિજનો પણ સમયના એટલા નિયમિત છે કે પ્રમાણિકતાથી પોતાની ડ્યૂટી બજાવે છે અને પોતાના દરેક કાર્યો ટાઈમસર કરે છે. આ લોકો કયાં અને સમયને આમ તેમ ગપ્પામાં વેડફનારા આપણા ભારતીય લોકો કયાં! તેથી જૈન સિદ્ધાંત પણ આપણને પોકારી પોકારીને કહે છે "काले कालं समायरे" દરેક કાર્ય અગર દરેક સાધના તેના સમયે જ કરો. સમય પર જ એ કાર્ય કરવામાં સ્ફૂર્તિ અને આનંદ આવે છે. સમય તો બરફની છાંટ સમાન છે. એના પર ચાલવામાં જરા જેટલી અસાવધાની હશે તો લપસી પડતાં વાર નહિ લાગે. માટે જ જ્ઞાની પુરૂષોએ કહ્યું છે કે સમયની સાચી ઓળખાણ તો મનુષ્યભવમાં થઈ શકે છે.

માનવીનો ભવ દુર્લભ છે અને આ ભવમાંથી જ મોક્ષ મેળવી શકાય છે. જીવની ચાર ગતિ છે. દેવ, નરક, મનુષ્ય અને તિર્યંચ. જીવ દેવમાં જાય ત્યારે ત્યાં તે ભૌતિક સુખો મેળવે છે પણ ત્યાંથી પાછું મનુષ્ય દેહમાં આવવું પડે છે. નરકમાં દશ પ્રકારના અનંતા દુઃખો ભોગવવા પડે છે. અને ત્યાંથી પણ આત્મ કલ્યાણ માટે તો તેને મનુષ્ય-ભવમાં આવવું પડે છે. તિર્યંચમાં તેમજ પશુયોનિમાં બુદ્ધિ નહીં હોવાથી તેને જ્ઞાન મળતું નથી. અને આત્મજ્ઞાન વિના મોક્ષ નથી. માટે બધા ધર્મોમાં કહેલું છે કે મનુષ્યનો ભવ તે જ મુક્તિનો માર્ગ છે.

બંધુઓ! ઘણાં પુણ્યના યોગથી મનુષ્યભવ મળ્યો, છતાં પણ જો પોતાના આત્માને ઓળખશો નહિ તો ફરીને ભવસાગરના ચક્કરમાં રખડવું પડશે. માટે અત્યારે જે મનુષ્ય ભવ મળ્યો છે તેને સાર્થક કરી લેવો જોઇએ. તીર્થંકર ગોત્ર બાંધ્યા પછી પણ પાર્શ્વનાથ, મહાવીર સ્વામી વિગેરે બધા તીર્થંકરોને માતાને પેટે જન્મ લેવો પડયો હતો. ઉત્તમ પુરૂષો શ્રી રામ, કૃષ્ણ વિગેરેને પણ માતાની કુંખે જન્મ લેવો પડયો. અને ત્યાર પછી તેઓ ભગવાન થયા અને થશે. માટે આ મનુષ્ય જીવનમાં પોતાના

આત્માને ઓળખીને ભગવાન સાથે એક થઈ જવાનું છે. તો જ મનુષ્યભવ મળ્યો કામનો છે.

જ્યારે તીર્થંકર પ્રભુ દેશના આપે ત્યારે દેવતા, દેવીઓ, તિર્યંચો અને હજારો શ્રાવક શ્રાવિકાઓ આવે છે. અને બધા પર એક સરખી જ્ઞાનગંગા વહાવે છે, પણ જે અધિકારી હોય તે જ તેમાંથી તેનો સાર મેળવી શકે છે. અને મનુષ્ય જન્મ સફળ કરી શકે છે. માટે અત્યારે જે સમય મળ્યો છે તેને આત્મ સાધના કરવામાં વીતાવો. શુભાશુભ કર્મોથી જો સારું થાય તો તેનો હર્ષ નહિ અને બરાબ થાય તો તેનો શોક નહિ. તેમ નિર્લેપપણે જો રહેતાં શીખો તો નવાં કર્મ બંધાય નહિ અને પૂર્વે કરેલાં કર્મોને બાળી શકો. અને જે કર્મો ઉદયમાં આવ્યા હોય તેને ભોગવીને નિર્જરા કરી શકાય. આ રીતે માનવ જીવનની સફળતા મેળવી શકાય છે.

અત્યારે પાંચમો આરો ચાલે છે તેને કળીયુગ કહે છે. આગળના ચોથા આરાને સત્યુગ કહેતાં હતાં. તે સમયમાં એટલે કે ચોથા આરામાં ઘણો જ તપ કરે ત્યારે મોક્ષ મળતો હતો. જ્યારે આ પંચમ આરામાં ભગવાને "કુંડામાં રત્ન" કહ્યું છે.

જૈનધર્મની માન્યતા છે કે એક નવકાર મંત્રના શુદ્ધ જાપથી કર્મની નિર્જરા થઈ શકે છે. અને હિન્દુ ધર્મની માન્યતા છે કે રામનામના જાપથી પણ આત્મા ઈશ્વરની સાથે એક થઈ જાય છે. બધા ધર્મોનું ધ્યેય તો આત્મ કલ્યાણ કરવાનું છે. પરંતુ જૈન ધર્મે મુક્તિનો માર્ગ બહુ ઉંડા જઈને બતાવ્યો છે અને સમજાવ્યો છે. જો મનુષ્ય શુભ ભાવ કરે તો પહેલા બાંધેલાં કર્મોની નિર્જરા થાય છે. અને અશુભ ભાવ કરે તો નવાં કર્મો બંધાય છે. બધો આધાર ભાવના ઉપર છે. જ્યારે આ દેહ અને આત્મા બંને ભિન્ન દ્રવ્યો છે એમ સમજાશે ત્યારે જડ ચૈતન્યની ઘણાં સમયથી બંધાયેલી ગાંઠ છૂટી જશે અને પછી શરીર ઉપરનો મમત્વભાવ ઓછો થવા લાગશે. અને મનની ભાવના આત્માના શુદ્ધ સ્વરૂપ-સ્વભાવ તરફ વળવા માંડશે. તેથી ધીમે ધીમે સંસાર અસાર છે તેવો તમને ખ્યાલ આવતો જશે. અને તેથી કુદરતી રીતે જ ત્યાગ-અને વૈરાગ્યની ભાવના થશે. તેવી ભાવના થતાં તમારામાં કોઈ ચીજની વાસના રહેશે નહિ. અને નવા કર્મ બંધાશે નહિ. તેથી ચારિત્ર તો સહજ રીતે તમારામાં આવી જશે. અને પછી જ્ઞાની પુરૂષોના કહેવા પ્રમાણે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર થતાં મોક્ષનો માર્ગ ખુલ્લો થશે. અને પછી તમારા જન્મ-જરા અને મરણના ફેરા બંધ થઈ જશે. માટે પ્રથમ જડ-ચૈતન્યના ભેદજ્ઞાનને મેળવવાની જરૂર છે. આ ભેદજ્ઞાન થયા પછી નવા કર્મની આવક બંધ થઈ જશે. અને પહેલાં જે કર્મ બાંધ્યા છે તેની નિર્જરા થશે. માટે બંધુઓ! આ જે મનુષ્ય ભવનો અમૂલ્ય સમય મળ્યો છે તેને વેડફી ન નાંખતા આત્મસાધના કરવામાં તેનો સદુપયોગ કરો.

અહીંયા ભૃગુ પુરોહિતના બે બાલુડાને સમયની કિંમત સમજાઈ ગઈ છે. તેથી તેઓ આત્મ સાધના કરવા તત્પર બન્યા છે. આ બે પુત્રો એના પિતાને કહે છે હે પિતાજી! આપ કહો છો કે તમે વેદ ભણો, પણ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વ-વેદ એ ચાર વેદો ભણવા માત્રથી કંઈ મોક્ષ મળતો નથી. પણ "ज्ञान क्रियाभ्यां मोक्षः" પ્રથમ જ્ઞાન અને એ જ્ઞાન પ્રમાણે ચારિત્ર (આચરણ) કરવાથી મોક્ષ મળે છે. વળી આપ કહો છો કે બ્રાહ્મણોને ભોજન કરાવો તો પિતાજી! બ્રાહ્મણ કોને કહેવાય?

"समयाए समणो होइ, बम्भचेरेण बंभणो।"

સમતાથી સાધુ થવાય છે. અને બ્રહ્મચર્યનું પાલન કરે છે તે બ્રાહ્મણ કહેવાય છે. ખરેખર સાચો બ્રાહ્મણ તો એ છે કે, જે સંસારમાં રહેવા છતાં અલિપ્ત ભાવે રહે છે, જે કદી અસત્ય બોલતો નથી, જે બ્રહ્મચર્યનું પાલન કરે છે તે જ સાચો બ્રાહ્મણ છે, પણ બજારના બ્રાહ્મણો તો કેવા છે તે આપ જાણો છો. કહ્યું છે કે:- मोदकान् ब्राह्मणेभ्यो-ऽतीव रोचते." બ્રાહ્મણોને લાડવા બહુ જ પ્રિય હોય છે. અને ધર્મને બહાને હિંસા કરનારા હોય છે. માટે બ્રાહ્મણોને જમાડવાથી કંઈ પુણ્યનું કારણ બનતું નથી. આ રીતે આ બંને પુત્રો સાચા બ્રાહ્મણ તો તપ-ત્યાગ ને ચારિત્રમાં રકત હોય તેને જ કહેવાય તેમ પિતાને સમજાવી રહ્યાં છે. કારણ કે તે બંનેના દિલમાં સાચી શ્રદ્ધાનો દિપક પ્રગટી ગયો છે. તેથી જ એના પિતાને પણ જડબાતોડ જવાબ આપી દે છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૬૦

ભાદરવા વદ ૪ ને શુક્રવાર તા. ૧૮-૯-૭૦

ત્રણે કાળે સિદ્ધ થયેલી વસ્તુ તેનું નામ સિદ્ધાંત. ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીસ અધ્યયનમાં ચૌદમા અધ્યયનનો અધિકાર ચાલે છે. વીતરાગ પ્રભુની વાણી મહામંગલકારી, વિઘ્ન હરનારી, શાંતિ કરનારી, આપદાને ભેદનારી, ભાવરત્ન ચિંતામણી સમાન ઇચ્છિત સુખોને આપનારી છે. આવી અપૂર્વ વાણી સાંભળતાં કેટલોય સમય વહી ગયો, છતાં જીવને તેમાં રસ પેદા થતો નથી.

ભૃગુ પુરોહિતનાં કુમળા ફૂલ જેવા 'ખાતાં સૂવે અને ખાતાં ઉઠે' એવા બે બાલુડાં

દેવભદ્ર અને જશોભદ્રને સત્ સ્વરૂપની પીછાણ થઈ છે. એમને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું છે. પૂર્વના ભવમાં જેમણે વૈરાગ્યના રસનો, સંયમના સુખોનો સ્વાદ ચાખ્યો છે અને દેવના ભવમાં અવિરતીપણે રહ્યા હતા તે બધું પ્રત્યક્ષ જોઈ રહ્યાં છે. એમને હવે માતા-પિતા ગમે તેવા સંસારનાં સુખના પ્રલોભનો આપે તો પણ તેઓ એમાં હવે લોભાતા નથી. મનુષ્ય ધારે તે કરી શકે છે. મનુષ્ય ધારે તો મોક્ષમાં જવાની સાધના કરી શકે છે. અને ધારે તો નરકની ખાઈમાં પણ ધકેલાઈ જાય છે. સર્વવિરતી પણ મનુષ્ય બની શકે છે. કારણ કે તિર્યંચો બહુ બહુ તો દેશવિરતી બની શકે છે. નારકી અને દેવતા-ચોથું ગુણસ્થાન-અવિરતી સમ્યક્‌દૃષ્ટિ બની શકે છે, પણ મનુષ્ય ચૌદે ગુણસ્થાન સ્પર્શી શકે છે.

સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો તો સિદ્ધના પાડોશી કહેવાય. છતાં ત્યાંથી સીધા મોક્ષમાં જઈ શકતા નથી. આ મનુષ્ય જીવનની મહત્તા તમને સમજાય છે? મનુષ્ય-જીવન મળ્યા પછી પણ સંયમી જીવન એ તો સોનેરી જીવન છે. તમને રૂંવાડે રૂંવાડે આત્મસાધના કરવાનો તલસાટ જાગવો જોઇએ. આ બાળકોને રૂંવાડે રૂંવાડે તલસાટ જાગ્યો છે. જેમ રણસંગ્રામમાં લડતા સૈનિકો સામેથી આવતા શત્રુઓના બાણથી પોતાનું રક્ષણ કરવા માટે બખ્તર પહેરે છે. જેથી બાણ છાતીમાં ખૂંચી જાય નહિ. તેમ કર્મ-રૂપી બાણથી બચવા માટે વ્રત-પ્રત્યાખ્યાન રૂપી બખ્તરની જરૂર છે. બખ્તર પહેરેલો યોદ્ધો રણમેદાનમાં નિર્ભય રહે છે. ઘાયલ થતો નથી. તેમ જો પ્રત્યાખ્યાન રૂપી બખ્તર પહેર્યું હશે તે કર્મ મેદાનમાં ઘાયલ નહિ થાય. મનુષ્ય જીવનના અલ્પ આયુષ્યમાં એવો વીર્યોલ્લાસ જગાડો કે કેવળજ્ઞાન થઈ જાય. બીજા કોઇ પણ ભવમાં આવો વીર્યોલ્લાસ પ્રગટે તેમ નથી.

બંધુઓ ! કર્મ ખપાવવાના સમયે તમે કેમ અસાવધાન રહો છો ? જરા સાવધાન બનો. ભગવાનનો એકેક શ્રાવક વૈરાગ્યવંત હોય, ઉચ્ચ કોટિની આરાધના કરવાવાળો હોય, સ્વસંવેદન, જ્ઞાન અને જિનાજ્ઞાપૂર્વક આત્મદશામાં રમણતા કરનારો હોય, પરમ સ્વરૂપનો પરમ આનંદ માણનાર હોય.

ભગવાન તો કહે છે કે હે સાધક ! તું એક ઉપવાસ કરી જેટલાં કર્મો ખપાવે છે તેટલાં કર્મો ખપાવતાં નરકનાં જીવોને એક હજાર વર્ષો લાગે છે. આવા તપની અમોઘ ઔષધિ પણ માનવની પાસે છે. તપ એ કર્મોને બાળનાર છે અને આત્માને દેદિપ્યમાન બનાવનાર છે.

એક વખત સુધર્માસ્વામીને એમના પ્યારા શિષ્ય જંબુસ્વામી પૂછે છે હે ભગવંત ! સર્વજ્ઞ અને સર્વદર્શી ભગવાન મહાવીરે નરકના ભયાનક દુઃખોનું સ્વરૂપ વર્ણવ્યું છે. તો

હે પ્રભુ ! જીવે કેવાં કર્મો કર્યાં હોય ત્યારે તે જીવો નરકમાં ઉત્પન્ન થાય ? ત્યારે સુધર્મા-સ્વામી જંબુસ્વામીને કહે છે હે જંબુ ! દેવ મરીને નરકગતિમાં ન જાય. નારકી મરીને નરકમાં ન જાય પણ જુગલીયા મનુષ્ય પણ મરીને નરકમાં ન જાય. પણ પંદર કર્મ-ભૂમિનાં મનુષ્ય, સંજ્ઞી તિર્યંચ અને અસંજ્ઞી તિર્યંચ નરકમાં જાય છે. અસંજ્ઞી પહેલી નરક સુધી જ જાય.

નરકમાં ઉત્પન્ન થવાનાં ચાર કારણો બતાવ્યા છે. તેમાં પણ મહા આરંભિયાએ, મહાપરિગ્ગહિયાએ આ બે નરકમાં જવાનાં પ્રથમ કારણો છે. આજે કાપડની મીલો નવી શરૂ થતી હોય, જીન, ફેકટરી આદિ થતાં હોય ત્યાં મહાન આરંભ થાય છે. શસ્ત્રો બનાવવાનું કારખાનું બનતું હોય એમાં જો તમે મોટા વ્યાજની લાલચે પૈસા ધીરતા હો તો પણ તમે એ પાપકારી સાધનો બનાવતાં જે પાપ લાગે છે, તેમાં તમે ભાગીદાર છો. જ્યાં સુધી એ શસ્ત્રો દ્વારા હિંસા થશે ત્યાં સુધી તમને પાપ કર્મની ક્રિયા આવશે, માટે જ્યાં આવા મહાઆરંભ અને મહા પરિગ્રહનાં સાધનો એકઠાં થતાં હોય ત્યાં સાચા શ્રાવકની અનુમોદના પણ ન હોવી જોઈએ. મહાપરિગ્રહ લેવો કરવા માટે મહાઆરંભ થાય છે. આજે કાપડની મીલોમાં કેટલી ચરબી વપરાય છે ? ધગધગતી કોલસાની ભઠ્ઠી બુઝવવા માટે કાચા પાણી નાંખવામાં આવે છે. તેમાં તેઉકાય અને અપકાયના અસંખ્ય જીવોની હિંસા થઈ જાય છે. આવી મીલોનું ખાતમુહૂર્ત્ત થતું હોય ત્યાં શ્રાવકથી જવાય નહિ. એના ઉદ્‌ઘાટન સમારંભમાં જઈને અભિનંદન પણ અપાય નહિ.

દેવાનુપ્રિયો ! શ્રાવકથી પંદર કર્માદાનમાં એક પણ કર્માદાનનો વહેપાર કરાય નહિ. તમે કર્માદાનનો વેપાર કરી ગમે તેટલી સત્તા અને શ્રીમંતાઇ મેળવશો તો પણ બધું જ અહીં મૂકીને જવાનું છે. સત્તા અને શ્રીમંતાઈ કોઈ તમારી સાથે આવનાર નથી. માટે સમજીને જીવન જીવો.

હવે બીજી વાત એ છે કે એક જીવ લાંબુ આયુષ્ય ભોગવતાં હસે છે. જીવનના અંત સુધી આનંદમાં રહે છે એને ખમા ખમા થાય છે. જ્યારે બીજો આત્મા રોઈ-રોઇને લાંબુ આયુષ્ય પૂર્ણ કરે છે. અને ભગવાનને પ્રાર્થના કરે છે હે ભગવાન ! હવે મારા આયુષ્યની દોરી ખેંચી લે. આનું કારણ શું ? એણે પૂર્વભવમાં સંતોની સેવા કરી, સુપાત્રે દાન દીધું પણ આધાકર્મી આહાર પાણી વહોરાવ્યાં છે. હું તો તમને કહું છું કે તમારે ઘેર સંત પધારે ત્યારે તમે સૂઝતો આહાર ભલે લૂખો-સૂકો રોટલો હોય પણ એ નિર્દોષ વહોરાવો. પણ આધાકર્મી મેવા મીઠાઈ ન વહોરાવો. કારણ કે આધાકર્મી આહાર તમારું અને સંતનું બંનેનું બગાડશે. એવા દાનથી ધન તથા લાંબુ આયુષ્ય મળશે. પણ રડી રડીને ભોગવવાનો વખત આવશે પછી આવી લાંબી જિંદગીની શું કિંમત ? જુઓ, ગજસુકુમારનું ટૂંકુ આયુષ્ય, પણ એમાં ઓછી સાધનામાં અજબ સમતા

રાખીને કામ કાઢી ગયાં. સિદ્ધાંતમાં સુવર્ણાક્ષરે તેમનું નામ લખાઇ ગયું. આજે એવા લેનાર અને દેનાર દુર્લભ છે. સૂત્રમાં કહ્યું છે કે

દુલ્લહા ઉ મુહાદાઇ મુહાજીવિ વિ દુલ્લહા ।
મુહા દાઇ મુહા જીવિ દો વિ ગચ્છન્તિ સુગ્ગઇં ॥ દશ. અ. ૫–૧૦૦

લેનાર પણ સુપાત્ર હોય, દેનાર પણ સુપાત્ર હોય અને દાન પણ નિર્દોષ હોય તો સોનામાં સુગંધ ભળે. જેમ દૂધ પોતે સ્વભાવથી જ મીઠું છે, તો પણ તેમાં સાકર ભળે તો મીઠાશ ઓર વધે. અને તેમાં પણ કેશર, બદામ, ઈલાયચી, પીસ્તા અને ચારોળી નાંખવામાં આવે તો કેટલી મધુરતા આવે ! તેમ દાતા અને લેનાર બંને સુપાત્ર હોય તો બંને સુગતિમાં જાય છે.

મુખ્ય વાત એ હતી કે જીવ મહા આરંભી અને મહાપરિગ્રહી બનવાથી નરકમાં જાય છે. પંદર કર્માદાન એટલે એકાંત કર્મબંધનનો જ વેપાર. માટે જો તમે ભગવાનના સાચા શ્રાવક હો તો પૈસા કમાવાના લોભે પાપના વેપાર કરશો નહિં. ભલે કોઇ છાના પાપ કરે પણ એ પાપ ફૂટી નીકળશે. જે કર્મનો કર્તા છે તે જ ભોકતા છે. એ સિદ્ધાંત તમારા હૈયામાં લખી મૂકજો. નીતિનાં નવદોકડા સારાં છે પણ અનીતિનાં લાખો રૂપિયા ખોટાં છે, એમ સમજીને સાચા રાહ પર આવી જજો.

ભૃગુ પુરોહિતનાં બે પુત્રો સાચા રાહ પર આવ્યાં છે. એના પિતાને કહે છે બાપુજી ! અજ્ઞાનપણે ભણાયેલા વેદનું જ્ઞાન નરકગતિમાં જતાં અટકાવશે નહિ. તેમજ જે બ્રાહ્મણો યજ્ઞમાં પશુની આહુતિ આપવી, આદિ પાપ–જનક કાર્યોનું પ્રતિપાદન કરનાર છે એમને જમાડવાથી સદ્ગતિ થવાની નથી. તેમજ

જાયા ય પુત્તા ન હવન્તિ તાણં, કો નામ તે અણુમન્નેજ્જએયં ।

પુત્રો પણ પરલોકમાં ત્રાણ–શરણ થનાર નથી. પિતાજી, તમારી આવી વાતને માનવા કોણ તૈયાર થાય ? આ બાળકોની ભાષામાં પણ કેટલો વિવેક છે ! એમના એકેક વચનમાં કેટલો વિવેક ભર્યો છે !

ભૃગુ પુરોહિતને અત્યારે એના પુત્રો પ્રત્યે મોહ છે એટલે આ બધું કહે છે. પણ અંતે તો પુત્રોની વાત એના હૃદયમાં ઉતરશે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ–એ આઠ પ્રવચન માતા છે, તેમાં ભાષા સમિતિનો નંબર પણ છે. બધાએ ભાષાને ખૂબ ઉપયોગથી વાપરવાની છે. તમે જાણો છો ને કે સારી અને કિંમતી વસ્તુ ઉપર ચોકી પહેરો હોય તેમ ભાષા પણ કિંમતી છે એટલે એના ઉપર બત્રીસ દાંત રૂપી બત્રીસ તોપના ચોકીયાત છે. અને બે હોઠ રૂપી જેની આસપાસ મજબૂત કોટ છે. એવી જીભમાં ભાષા છે.

કાંટો, વીંછી કે સર્પ જે નુકશાન ન કરી શકે તે ભાષા કરી શકે છે. સર્પનું ઝેર ઉતારી શકાય છે. પણ જીભના ડંખનું કાતિલ ઝેર તો ઉતરતું નથી. એ તો ભવોભવ સુધી મારે છે. એટલા માટે જ મહાન પુરૂષો કહે છે કે તમારી વાણીનો ઉપયોગ પરોપકાર માટે કરજો.

એક વખત એક હોંશિયાર એલચીને ઇંગ્લેન્ડથી હિંદુસ્તાનમાં મોકલવામાં આવ્યો હતો. અહીં આવીને તેને એક જ કામ કરવાનું હતું કે હિંદુસ્તાનના રાજાઓ કેવા છે? એમની રાજનીતિ કેવી છે? એમનામાં સમજશક્તિ કેટલી છે? આ બધું જાણીને ત્યાં જઈને એનો બધો હેવાલ રજુ કરવાનો હતો. હિંદુસ્તાનમાં આવીને તે સીધો લખનૌના દરબારમાં ગયો. એની અંગ્રેજી ભાષા લખનૌનો રાજા જાણતો ન હતો. અને રાજાની ભાષા અંગ્રેજ સમજતો ન હતો. એટલે બંનેની વચમાં અંગ્રેજી અને ઉર્દૂ ભાષા જાણનારો એક ત્રીજો માણસ રાખવામાં આવ્યો. એટલે તે અંગ્રેજીનું ઉર્દૂ કરે અને ઉર્દૂનું અંગ્રેજી કરી બંનેને સમજાવે. એ જમાનાનાં નવાબો નૃત્ય અને મહેફિલોમાં મસ્ત હતાં. એમને પોતાના રાજ્યની કે પ્રજાની પડી ન હતી. એમનું બધુંય કામકાજ રાજ્યના મંત્રીઓ ચલાવી લેતા હતાં.

આ નવાબે પણ એલચીને પ્રશ્ન કર્યો કે તમારા રાજાને બેગમો કેટલી છે? વચલો માણસ રાજનીતિમાં નિપુણ હતો. તેણે વિચાર કર્યો કે જો હું અંગ્રેજને આવો પ્રશ્ન પૂછીશ તો એ સમજશે કે આ નવાબ તો એકલી ભોગની જ વાતો કરે છે. એટલે તેણે વાતને ફેરવીને પૂછયું કે આપની કેબિનેટમાં કેટલા સભ્યો બેસે છે? એલચીએ જવાબ આપ્યો કે ૨૧૨. દુભાષિયાએ નવાબને કહ્યું ૨૧૨ બેગમો છે.?

ફરીને નવાબે પૂછયું કે એના શાહજાદા કેટલા છે? ત્યારે દુભાષિયાએ એનું ભાષાંતર કરીને પૂછયું કે તમારી કેબિનેટના મેમ્બરોને કેટલું ભથ્થું મળે છે? તમે ચૂંટણી કેવી રીતે કરો છો? આ રીતે નવાબે એલચીને વાતોમાં બંગલા કેટલા? કૂતરા કેટલા? અને મહેફિલ કરવાનાં સ્થાન કેટલાં? આવી જ વાતો પૂછી, કારણ કે એમના જીવનમાં ભારોભાર વિકાર અને વિલાસ ભરેલાં હતા. રાજનીતિજ્ઞ દુભાષિયો હોંશિયાર હતો. એટલે તેણે નવાબના પ્રશ્નોનો અનુવાદ કરી એ જ પૂછયું કે તમે કેટલો કર લો છો? તમારા રાજ્યનું વ્યવસ્થાતંત્ર કેવું છે વિગેરે ફેરવીને પૂછયું.

આ વાર્તાલાપથી એલચીને થયું કે હિંદુસ્તાનના રાજાઓ ભલે કંઈ ન જાણે પણ રાજનીતિમાં આપણાથી ઉતરે તેવા નથી. આવો જે પ્રભાવ અંગ્રેજ ઉપર પડયો તે દુભાષિયાની વિશિષ્ટ વાણીના પ્રતાપે જ.

તમે ઘી બરાબર વાપરો તો રસોઈ સારી બને, પણ એ જ ઘીને ૧૦૮ વાર

પાણીથી ધોઈ નાંખો તો ઝેર બની જાય. તેવી રીતે જો વાણીમાં કટુતા હોય, કટાક્ષ હોય અને બીજાને ઉતારી પાડવાની ભાવના હોય તો એ વાણી ઝેર રૂપ જ નિવડે ને?

ભલે ઓછું બોલાય પણ મધુર બોલવું. આપણા વચનથી કોઈને દુઃખ ન થવું જોઈએ. માણસ અહંકારથી શોભતો નથી પણ અલંકારથી શોભે છે. માનવના અલંકાર એટલે પરોપકારી વચનો, માટે દરેક મનુષ્યને માન આપતાં શીખો. કારણ કે આજે નીચે બેઠેલો આત્મા કાલે ઉચ્ચ ગતિએ જનારો હોય છે. મૃગાવતી શિષ્યા હોવા છતાં ચંદનબાળા કરતાં પહેલાં કેવળજ્ઞાન પામી ગયા.

અહીં પણ ભૃગુ પુરોહિતના પુત્રો પહેલાં જાગ્યા છે] એમની વાણીની મધુરતાથી, મીઠા શબ્દો વડે પિતાને કેવી રીતે સમજાવશે તેના ભાવ અવસરે કહેવાશે.

આજે બોટાદ સંપ્રદાયના બા. બ્ર. ઈન્દીરાબાઈ મહાસતીજીને માસખમણનું પારણું છે. હજુ ભાગ્યવાન રાજગૃહી નગરીમાં વિનોદભાઈને તપશ્ચર્યા ચાલુ છે. આજે એમને ૧૯મો ઉપવાસ છે. વીર પ્રભુના શાસનનો કેવો અજબ પ્રભાવ છે!

આજે સતીજીની તપશ્ચર્યાના બહુમાન નિમિતે સૌ સારા સારા પ્રત્યાખ્યાન કરજો. સમય થઈ ગયો છે, એટલે આટલું કહીને વિરમું છું.

વ્યાખ્યાન નં.....૬૧

ભાદરવા વદ ૫ ને શનિવાર તા. ૧૯-૯-૭૦

અનંત કરૂણાનીધિ શાસ્ત્રકાર ભગવંતે ભવ્યજીવોના આત્મ ઉદ્ધારને માટે આગમ-રૂપ વાણીની પ્રરૂપણા કરી. ચાર મૂળ સૂત્રમાં ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪મા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં એ આત્માઓને સંસાર દાવાનળ જેવો લાગ્યો છે. સ્વ-પરનો વિવેક જાગતાં આત્મા એ વિચારે છે કે અનાદિકાળથી જીવ પરમાં જ પડ્યો છે. અને પરની ગુલામી કરી રહ્યો છે. પર વસ્તુમાંથી સુખની આશા રાખી રહ્યો છે. ભૌતિક સુખ માટે અઢાર પ્રકારના પાપનું આચરણ કરી રહ્યો છે. આ જ જીવની અજ્ઞાન દશા છે.

દેવભદ્ર ને જશોભદ્ર આ બંને બાલુડાને આત્માની સાચી ઓળખાણ થઈ ગઈ છે. તેથી તેઓ વિચારે છે કે આ આત્મા દેહથી ભિન્ન ચૈતન્ય તત્વ છે. તે પોતે આનંદ

સ્વરૂપ છે. પરંતુ પોતાના સ્વરૂપને ભૂલીને બહારમાં સુખ માની રહ્યો છે. તેથી પોતાનાં આનંદનો અનુભવ તેને થતો નથી. જેમ પાણીનો મૂળ સ્વભાવ ઠંડો છે. અગ્નિના સંયોગે તે ઉનું થાય છતાં તેનો ઠંડો સ્વભાવ નાશ પામી ગયો નથી એટલે ઉનું પાણી ઠંડુ થઈ જાય છે. તે જ રીતે આત્માનો ચિદાનંદ સ્વભાવ શાંત, અનુકૂળ અને ઠંડો છે, પણ પુણ્ય પાપની અવસ્થાથી અત્યારે આકુળતા–વ્યાકુળતા થાય છે. પરંતુ તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. જેમ સર્વજ્ઞ પરમાત્મા છે તેવો જ આ આત્માનો સ્વભાવ છે. આવા સ્વભાવને લક્ષ્યમાં લઈને એકાગ્રતા કરતાં નિર્મળ શાંતિ પ્રગટે છે અને મલિનતા ટળી જાય છે. માટે સંતનો સમાગમ કરી યથાર્થ સમજણ મેળવી આત્માના સ્વભાવની પ્રતીતિ કરો તો આનંદનો અનુભવ થશે અને જન્મ–મરણના ફેરા બંધ થઈ જશે.

પરંતુ જે આત્માઓને પોતાના આત્માની ઓળખાણ થઈ નથી તેવા આત્માઓ તો લક્ષ્મી મેળવવા માટે રાત–દિવસ પાપો કર્યા કરે છે. પણ બંધુઓ ! તમારી આ લક્ષ્મી કેવી છે ! જ્ઞાનીઓએ કહ્યું છે કે લક્ષ્મી વીજળી જેવી છે. વીજળીનો ઝબકારો થઈને જેમ ઓલવાઈ જાય છે તેમ લક્ષ્મી પણ પુણ્યના યોગથી આવે અને પાપનો ઉદય થતાં ચાલી જાય છે. તેનો અધિકાર પતંગના રંગ જેવો છે. પતંગનો રંગ જેમ ચાર દિવસની ચડતી છે તેમ લક્ષ્મીનો અધિકાર પણ કાયમ રહેતો નથી. પણ થોડો કાળ રહીને જતો રહે છે. માટે સત્તા અથવા અધિકાર મળ્યાં તો તેનો સદુપયોગ કેમ થાય, અને પ્રજાના દુઃખ દૂર કરવામાં તેનો ઉપયોગ કેમ થાય તેનું ધ્યાન રખાય તો તે અધિકારનો સદુપયોગ છે. માટે દરેક મનુષ્યે લક્ષ્મી, અધિકાર અને સત્તા મળે તો તેનો ઉપયોગ જેટલો અને તેટલો પરોપકાર અર્થે કરવાથી જ લાભ છે. જો તેમ નહીં કરો તો પાછળથી પસ્તાવાનો વખત આવશે.

આયુષ્ય પાણીનાં મોજાં જેવું છે. જેમ પાણીનો હીલોળો આવ્યો કે ગયો તેમ જન્મ પામ્યા અને એક દેહમાં રહ્યા કે ન રહ્યા ત્યાં બીજા દેહમાં જવું પડે છે. કામભોગ આકાશમાં ઉત્પન્ન થતાં ઈન્દ્રના ધનુષ્ય જેવા છે. ઈન્દ્રનું ધનુષ્ય વરસાદના વખતમાં દેખાય છે અને ક્ષણવારમાં નાશ પામી જાય છે. તેમ યૌવનમાં કામના વિકાર થાય ત્યારે જો સંયમ રાખવામાં ન આવે તો શરીરની શક્તિ ક્ષીણ થઈ જતાં અનેક રોગો થાય છે. અને પછી ઘડપણમાં પસ્તાવાનો વખત આવે છે. આ બધા ચંચળ અને વિનાશી છે જ્યારે આત્મા અખંડ અને અવિનાશી છે. તેથી જેણે આત્માને જાણ્યો તેણે બધું જાણ્યું. ત્રણે કાળમાં પરમાર્થનો પંથ એક છે, માટે કષાયની ઉપશાંતતા કરી, મનને કાબૂમાં રાખી દેહ અને ઈન્દ્રિયોનો મોહ ઓછો કરો.

બંધુઓ ! આ યુગમાં જ મહાત્મા ગાંધી જેવા મહાપુરૂષ થઈ ગયા. તેમણે પોતાનું

જીવન સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ઉપર જ કાઢયું. અને તપના તેજથી સત્યાગ્રહ કરીને પોતાના આત્માનું તેજ બ્રિટીશ જેવી સલ્તનત ઉપર પાડયું. જેથી બ્રિટીશ સલ્તનતને અહીં રહેવું અશકય લાગ્યું. અને પોતાની મેળે ચાલી ગયા. ભારતને સ્વતંત્રતા અપાવી અને રાજ્ય કેમ ચલાવવું તેની પ્રણાલિકા બતાવી. અને તેમના ખાસ અનુયાયી જે અગ્રેસરો હતા અને જેણે લડતમાં ઘણો ભોગ આપ્યો હતો તેમના ઉપર વિશ્વાસ રાખી રાજ્યસત્તા સોંપી. પોતે દેશને સ્વરાજ્ય અપાવ્યું હતું, છતાં પોતાના હાથમાં રાજસત્તા લીધી નહીં. ધનનો લોભ રાખ્યો નહીં. અને પોતે સાદાઈથી જ રહ્યા. પરંતુ તેમના અનુયાયીઓ રાજસત્તા ઉપર આવીને ગાંધીજીના સિદ્ધાંતો ભૂલી ગયા અને કેટલાક બીન અનુભવી, અપ્રમાણિક અને અભિમાની માણસો પ્રધાનપદ ઉપર આવતાં તેઓએ અહિંસા અને સત્યના સિદ્ધાંતોને ફક્ત ભાષણ કરવામાં જ રાખ્યા. પણ ભાષણ પ્રમાણે વર્તન થયું નહિ, મૂંગા પ્રાણીઓની કતલ અટકી નહીં. બ્રહ્મચર્યને બદલે ભ્રષ્ટાચાર વધી ગયો. અને અપરિગ્રહને બદલે પોતે જ સ્વાર્થ સાધવા તકવાદી થઈને ધનસંચય કરવા લાગ્યા. અને ભોગ વિલાસમાં પડવાથી પ્રજાનું કલ્યાણ કરી શકયા નહીં. આવી રીતે તમામ સિદ્ધાંતોનો ભંગ થતાં પ્રજાનો કોઈ ધણી રહ્યો નહિ. દેશી રાજ્યો અને બ્રિટીશના વખતમાં તો પ્રજાનો અવાજ સાંભળવામાં આવતો હતો અને પ્રજાને થોડી ઘણી રાહત પણ મળતી હતી. પણ અત્યારે તો કોઈ પ્રજાનો અવાજ સાંભળનાર નથી.

અત્યારે વિજ્ઞાનમાં નવી નવી શોધો થવાથી યંત્રવાદ વધી ગયો છે. રશિયા અને અમેરિકા એટમ અને હાઈડ્રોજન બોંબ બનાવીને તેના પ્રયોગો કરી રહયા છે. અને તેઓ એકબીજાની હરિફાઈમાં ઉતર્યા છે. જ્યારે આ શસ્ત્રોનો ઉપયોગ થશે ત્યારે દુનિયામાં શું થશે તે કલ્પી શકાતું નથી. જ્યારે લશ્કરો વધે ત્યારે પરિણામે લડાઈ થાય. તે તો આપણે ઈતિહાસમાંથી જાણી શકીએ છીએ. કૈસર તથા હીટલરની લડાઈથી લાખો માણસોનો અને મીલકતનો નાશ થઈ ગયો હતો. તેમાંથી કંઈક ઉંચા આવ્યા ત્યારે અણુશસ્ત્રો નીકળ્યા. તો હવે તો તેનું શું પરિણામ આવશે તે તો જ્ઞાની જાણે. સૌ શાંતિની વાતો કરે છે અને લડાઈની તૈયારીઓ કરે છે. પણ આનું પરિણામ શું આવશે ? ખરેખર જો, બધા શાંતિ ઈચ્છતા હોય અને દુનિયાના બધા દેશોને સુખ-સમૃદ્ધિ જોઈતાં હોય તો એક જ રસ્તો છે કે ભગવાનના બતાવેલા અહિંસાના માર્ગે આવવું પડશે.

લડતી ઝઘડતી આ દુનિયાને એક દિન,
મહાવીરના ચીંધ્યા રાહે જાવું પડશે....પ્રભુ મહાવીરના.

લાખ લાખ પ્રશ્નોના સાચા ઉકેલો, શસ્ત્રો થકી નહીં આવે,
ભીતિથી બંધાયેલા માનવીના હૈયામાં પ્રીતિ કદી નહિં જાગે.

સત્ય, અહિંસા ને શાંતિનું સંગીત, બુલંદ કંઠે ગાવું પડશે....પ્રભુ મહાવીરના...

બંધુઓ ! જ્યાં સુધી જીવો અહિંસાના પ્રેમી નહિ બને ત્યાં સુધી સાચી શાંતિ નહિં મેળવી શકે. જો સાચું સુખ જોઇતું હોય તો દરેક જીવોને એક વાર ભગવાન મહાવીરનો સિદ્ધાંત અપનાવવો પડશે. અને સત્ય, સદાચાર, પ્રમાણિકતા અને પ્રેમમય જીવન બનાવી સાચી મિત્રતા કેળવવી જોઈશે. ખરેખર, આગળનાં મિત્રો કેવા પવિત્ર હતાં અને એકબીજા માટે કેવો ભોગ આપતાં હતાં તે માટે જુનું દૃષ્ટાંત યાદ આવે છે. દૃષ્ટાંત તો જુનું છે. પણ બંને મિત્રોના ભાવ ઘણા જ સુંદર હોવાથી સમજવા જેવા છે.

રઘુ અને ચૈતન્ય નામનાં બે મિત્રો હતાં. આ બંને મિત્રો વચ્ચે એવી મૈત્રી કે જાણે પુષ્પ અને પરાગ જોઇ લો. બંને સમર્થ વિદ્વાન હતાં. બંને જ્યારે ભેગા થાય ત્યારે તેઓ જ્ઞાન ગોષ્ઠી જ કરે. અત્યારની માફક પાંચ સાત મિત્રો ભેગા થઈને બાલી વાતોના ગપ્પા હાંકતા ન હતાં એમની જ્ઞાન ગોષ્ઠીમાંથી કંઈક નવીન નવનીત મળતું. એક મિત્ર ભૂલ કરે તો બીજો એને ભૂલ કરતો અટકાવે. પાણીના સંગથી જેમ વસ્ત્ર સ્વચ્છ થાય છે તેમ એકબીજાના સમાગમથી આ મિત્રો એમનાં જીવનને સ્વચ્છ અને પવિત્ર બનાવતાં. માટે જ જ્ઞાની કહે છે કે તમે સાથીદાર શોધો તો કેવો શોધો ?

"મિત્ર ઐસા કીજીયે, જે ઢાલ સરીખા હોય,
સુખમેં પીછે પડ રહે, ઔર દુઃખમેં આગે હોય"

મિત્ર ઢાલ જેવા હોવા જોઇએ. ક્ષત્રિયો ઢાલને નીચે બાંધે છે. જ્યારે યુદ્ધનો સમય ન હોય ત્યારે ઢાલ પાછળ પડી રહે છે. પણ સંગ્રામમાં શત્રુઓના તલવારના ઝાટકાના ઘા ઝીલવા માટે આગળ આવે છે. તેમ તમારા મિત્રો એવા હોવા જોઇએ કે ભલે એ સુખની વેળાએ તમારી ખબર લેવા પણ ન આવતા હોય પણ જ્યારે ખબર પડે કે મારો મિત્ર દુઃખમાં છે, ત્યારે દોડીને આવે. પોતે કષ્ટ વેઠીને પણ મિત્રને મદદ કરે. મિત્રને અધોમાર્ગે જતો અટકાવે. આજે તો આવા મિત્રો મળવા મુશ્કેલ છે તમે તમારા મિત્રને બાર મહિને પણ પત્ર લખતા ન હો પણ ખબર પડે કે મારો મિત્ર કમૌતિયે દુઃખી થઈ ગયો છે, ભારે સંકડામણમાં આવી ગયો છે. તો તે સમયે તમે એને આશ્વાસન આપજો. અડવાડિયે પત્ર લખજો. એટલું જ નહિ પણ કષ્ટ વેઠીને પણ એને મદદરૂપ બનજો.

આ રઘુ અને ચૈતન્ય બે જીવન મિત્રો હતાં. બંનેએ બાર વર્ષ સુધી ખૂબ મહેનત કરીને એક ગ્રંથનું સર્જન કર્યું. એક વખત રઘુ ચૈતન્યને ત્યાં ગયો. એના ટેબલ પર એક ગ્રંથ લખેલો પડયો હતો. મિત્રની રજા લઇને રઘુએ વાંચવા લીધો. બંનેએ એક જ વિષય પર ગ્રંથ રચ્યો હતો. રઘુએ ચૈતન્યનો ગ્રંથ વાંચી લીધો. એના મનમાં થયું કે આવા સુંદર ગ્રંથ આગળ મારો ગ્રંથ શા કામનો ? મારા પુસ્તકને તો હવે કોઈ

હાથમાં પણ નહિ આવે. મારો બાર મહિનાનો શ્રમ પાણીમાં ગયો. તેનું હાસ્ય ઉડી ગયું. મુખ ઉપર વિષાદની છાયા છવાઈ ગઈ.

મિત્રનું મુખ જોઈ ચૈતન્ય પૂછે છે ભાઈ! તું આવ્યો ત્યારે તારા મુખ ઉપર કેટલો આનંદ હતા! અને અહીં આવ્યા પછી તારું મુખ ઉદાસ કેમ થઈ ગયું? તારો આનંદ કેમ ઓસરી ગયો? ત્યારે રઘુએ કહ્યું, મિત્ર! તારો ગ્રંથ જોઈ મારું મસ્તક તારા ચરણોમાં ઝૂકી જાય છે. મને એમ થાય છે કે મારો શ્રમ પાણીમાં ગયો. આપણે બંનેએ એક જ વિષય પર લખ્યું છે. પણ તારી લખવાની શૈલી અદ્‌ભૂત છે. તારી મૌલિકતા પણ અજબ છે. એમ એણે મિત્રની પ્રશંસા કરી. રઘુની ઉદાસીનતાનું કારણ ચૈતન્ય સમજી ગયો. એણે કહ્યું–તારી મહેનત વ્યર્થ નહિં જાય. રઘુ, તું ચિંતા ન કરીશ.

બંધુઓ! જુઓ. આ મિત્રના પ્રેમ કેવા હતા? તમારી આજની મિત્રતાનું ક્ષેત્ર ઘણું સંકુચિત છે. પાંચ મિત્રની ટોળીમાં છઠ્ઠો ન મળી શકે. આજની તમારી મિત્રતા બાવળિયાના પાણી જેવી છે. તમારી મિત્રતામાં ફક્ત સ્વાર્થ ભર્યો છે. તમારા મિત્રો સ્વાર્થ સધાય ત્યાં સુધી જ તમારાં છે. સ્વાર્થ સધાઈ જાય એટલે "તલ તારા ને મગ માશા" એમ કહીને છૂટા થઈ જાય છે. આ તો મૈત્રી નથી પણ મોહ છે "પ્રેમ એ હેમ છે." "અને સ્વાર્થ એ કથીર છે." આજનો પ્રેમ એ જડ પુદ્‌ગલ પૂરતો છે.

ચૈતન્ય રઘુની ઉદાસીનતાનું કારણ સમજી ગયો. પણ એણે એવો વિચાર ન કર્યો કે હવે મારે રઘુની સાથે મૈત્રી નથી રાખવી. તમે તો તરત જ મૈત્રી તોડી નાંખો. એક વખત પુનમની રાત્રે બંને મિત્રો નદી કિનારે ફરવા ગયાં છે. બંને હોડીમાં બેસી જળવિહાર કરી રહ્યા છે. નૌકા નદીના મધ્યભાગે આવી ત્યાં ચૈતન્યે બે હાથમાં કંઈક ઉપાડીને જલ્દી જળમાં પધરાવી દીધું. રઘુએ પૂછ્યું. મિત્ર! તેં આ શું કર્યું? ચૈતન્યે ચંદ્રિકા જેવું સ્મિત કરીને કહ્યું. મારા મિત્રના ગ્રંથ રૂપી ચંદ્રને મારો ગ્રંથ રૂપી રાહુ ગળી જતો હતો, તેને મેં પાણીમાં પધરાવી દીધો.

મોંઘા માનવ જીવનમાં પરમાર્થ તું કરી લે,
બીજાને સુખ દેવા જન્મ તું આ ધરી લે....મોંઘા....
સુખડ બીજાને માટે પોતે ઘસાઈ જાયે,
ઘસવા છતાં યે જ્યારે સુવાસને ના છોડે...મોંઘા....

આ જોઈને રઘુને તમ્મર આવી ગયાં. મિત્ર! તેં આ શું કર્યું? આવો અપૂર્વ ગ્રંથ તેં પાણીમાં પધરાવ્યો! જે પુસ્તક તારી કીર્તિને વધારત તેને તેં આમ સહજમાં જળ–શરણ કર્યું? ચૈતન્ય કહે, રઘુ! માણસની કિંમત છે. કીર્તિ એની આગળ ગૌણ છે. મારા મિત્રની પ્રસન્નતા આગળ એ ગ્રંથ તણખલા તુલ્ય છે. માણસના મૂલ્ય આગળ કીર્તિ અને

નામનાનું મૂલ્ય શું છે? તારો ગ્રંથ એ મારો જ ગ્રંથ છે. તારી બાર વર્ષની મહેનત પ્રત્યે મારૂં મન આદરથી જોવે છે.

રઘુનો પ્રેમ ટકાવી રાખવા માટે ચૈતન્યે કેવો ભોગ આપ્યો! મિત્ર હો તો આવા હો!! ભીષ્મ પિતા ઇતિહાસને પાને એમનું નામ અમર કરી ગયા. શાથી? એમનું નામ તો ગાંગેય હતું. પણ પોતાના પિતાને પરણાવવા ખાતર, પિતાના આનંદને ખાતર આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી. યુવાવસ્થામાં જ તેમણે ભીષ્મપ્રતિજ્ઞા અંગીકાર કરી અને જીવનના છેડા સુધી તેનું પાલન કર્યું, તેથી તે ભીષ્મપિતા કહેવાયા. દેવભદ્ર અને જશોભદ્ર હજુ આગળ તેમના પિતાને કહે છે:—

તમને વિનવું છું પિતાજી, તમારા પગમાં પડી,
હવે નહીં રે રાચીએ અમે સંસારમાં ઘડી,
કહેવું પિતાજી તમને ઘડી ઘડી.... હવે નહીં રે રાચીએ....
ભલે રાખ્યો તમે સહુ સંસારમાં અમને,
અમે તો વરી ચૂકયા છીએ અમારા સંયમને,
અમારા હૈયે રમે છે અરિહંતનું રટણ... હવે નહીં....
સંસારના મિંઢળ અમારે નથી બાંધવા,
અન્ય કોઈ દેવને નથી આરાધવા,
આ સંયમ જીવનની અમને કેડી જડી.... હવે નહીં....

હે પિતાજી! અમને જીવનની સાચી કેડી જડી ગઈ છે. માટે હવે અમે આ સંસારમાં એક ઘડી પણ રહેવા તૈયાર નથી. વળી આપ કહો છો કે પહેલાં વેદ ભણો, પણ હે પિતાજી! એકલી વેદવિદ્યા પણ ત્રાણ-શરણ નથી. જેમને તમે ભોજન કરાવવાનું કહો છો તેવા બ્રાહ્મણો તો પોતાનું પેટ ભરનારા અને પશુવધ કરાવીને-યજ્ઞ કરીને પાપને પ્રોત્સાહન આપનારા છે. તેમને ભોજન કરાવવાથી "लुत्ता दिया निन्ति तमं तमेणं." જ્યાં ઘોર અંધકારથી પણ અંધકાર છે એવી નરકમાં જવાય છે. નરકમાં પરમાધામીઓ જીવને કેટલું કષ્ટ આપે છે? આ ભવમાં જ માણસ બળદો પાસે ગજા ઉપરાંત કામ કરાવે છે. સવાયા ને દોઢા ભાર ભરે છે અને તે ઢોરો નબળા બની જાય ત્યારે વધ કરે છે. તેવા ઘોર પાપો કરનારા જીવોને નરકમાં પરમાધામીઓ ગાડે જોડીને એની કાંધ ઉપર ધગધગતી ધૂંસરી મૂકે છે. ખૂબ મારકૂટ કરે છે. જે માણસ અહીંયા પરસ્ત્રી ગમન કરતો હોય છે તેને ત્યાં પરમાધામીઓ લોઢાની તપાવેલી પૂતળી સાથે આલિંગન કરાવે છે. અંગોપાંગ છેદી નાંખે છે. પારાની જેમ એના અંગોપાંગ પાછા મળી જાય છે. એનું આયુષ્ય નિકાચિત હોય છે. એટલે કર્મની સજા ભોગવ્યા વિના તેમનો છૂટકારો થતો નથી. આવા ઘોર દુઃખો નરકમાં જીવને ભોગવવા પડે છે.

ત્રીજી વાત. હે પિતાજી! પુત્રો પણ ત્રાણ-શરણ થવાના નથી. જે પુત્રો માટે પિતા શરીરના ચામડા ઉતારીને કમાય છે, પુત્રો માટે પાપ કરીને લક્ષ્મી લેગી કરે છે, તો પણ પુત્ર, પિતાને દુર્ગતિમાં જતો અટકાવી શકતો નથી.

એક શેઠને અનાજની દુકાન હતી. અનાજના વહેપારમાં પાપ વધુ થાય, કારણ કે વરસાદના દિવસોમાં અનાજમાં જલ્દી સડો લાગી જાય છે. સડી ગયેલું અને બટાઈ ગયેલું તથા કલકલ જીવાતથી ભરેલું અનાજ અનાજના વહેપારીઓ દગો કરીને વેચી દે છે. નમુનામાં બતાવવામાં આવતું અનાજ એકદમ સારી ક્વોલીટીનું હોય અને આપવાનું તદ્દન સડેલું! પૈસાના લોભમાં માણસ કેટલું પાપ કરે છે. આ શેઠ ખૂબ અન્યાય-દગાપ્રપંચ કરીને ખૂબ કમાયો. એક જ પુત્ર હતો પોતાની બધી મિલ્કત પુત્ર માટે વારસામાં મૂકીને શેઠ મરણ પામ્યાં. અને મરીને તે બોકડો થયો. એ બોકડો ફરતો ફરતો જ્યાં પોતાની દુકાન છે ત્યાં આવ્યો. અનાજના કોથળા ખુલ્લા પડયાં છે. તેમાં આ બોકડાએ મોઢું નાંખ્યું. છોકરો દુકાન પર બેઠો છે. તરત જ બોકડાના માથામાં એવી જોરથી લાકડી મારી કે બોકડો તમ્મર ખાઈને પડી ગયો. એવામાં ત્યાં એક કસાઈ આવે છે. આ છોકરો બોકડાને કસાઈને હાથ સોંપવા તૈયાર થાય છે. બરાબર તે જ સમયે એક પવિત્ર સંત ત્યાંથી પસાર થાય છે. આ કરૂણ દૃશ્ય જોઈને માથું હલાવે છે, ત્યારે આ છોકરો પૂછે છે: મહારાજ! આપે મસ્તક કેમ હલાવ્યું?

સંત કહે છે ભાઈ! કરેલાં કર્મ જીવને ભોગવ્યા વિના છુટકો જ નથી. રાજા-મહારાજા હોય કે ચીંથરેહાલ ભીખારી હોય પણ દરેકને કરેલાં કર્મો તો ભોગવવા જ પડે છે. આ બોકડો એ બીજો કોઈ નહિ પણ તારો બાપ છે. તારા માટે એણે પાપ કરવામાં બાકી રાખ્યું નથી. એના કર્મે એ બોકડો થયો છે. પણ તું એને કસાઈના હાથમાં ન સોંપ. ત્યારે છોકરો કહે છે એ મારો બાપ જ છે એની શી ખાત્રી? ત્યારે સંત કહે છે- તું એને દુકાનમાં પેસવા દે. એણે અમુક ઠેકાણે ચરૂ દાટેલો છે એ ત્યાં જઈને ઉભો રહેશે અને પગથી બોદીને તને બતાવશે. બોકડો થયો છે, તો પણ તારા પ્રત્યે એને ઘણી મમતા છે. એ બતાવે ત્યાં તું બોદજે. જો ત્યાંથી ધનનો ચરૂ નીકળે તો માનજે કે એ તારો બાપ છે. બધું જ સંતના કહેવા પ્રમાણે બને છે. આ જોઈ છોકરાનું હૈયું ખુજી ઉઠયું. સંતે છોકરાનું ભાવિ સુધરશે એમ જાણીને આવા પ્રકારની વાત કરી હતી. આ છોકરાના મનમાં થઇ ગયું કે મારો બાપ આવો ધંધો કરીને બોકડો થયો, તો મારે આ પાપનો ધંધો શા માટે કરવો જોઇએ? છોકરાએ પોતાનું જીવન સુધારી નાંખ્યું...

કહેવાનો આશય એ છે કે પુત્રો પણ નરકમાં જતાં અટકાવી શકતાં નથી. આ બાપે પુત્રને માટે ગમે તેટલું ભેગું કર્યું પણ એને બોકડો બનતાં અટકાવી ન શક્યો. આ બે બાળકો

કહે છે કે હે પિતાજી ! પુત્રો પણ પરલોકમાં ત્રાણ–શરણ થનાર નથી. માટે આપની આ વાતને માનવા અમે તૈયાર નથી. હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં....૬૨

ભાદરવા વદ ૬ ને રવિવાર તા. ૨૦–૯–૭૦

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪ મા અધ્યયનનો અધિકાર ચાલે છે. ભૃગુ પુરોહિતના બે પુત્રો દેવભદ્ર અને જશોભદ્રને જડ–ચેતનનું ભેદ વિજ્ઞાન થયું છે. જડની પૂજા છોડી ચૈતન્ય દેવની ઉપાસનામાં એમનું ચિત્ત ચોંટી ગયું છે. એવા પુત્રોને એના પિતા સંસારના વિનશ્વર સુખો ભોગવવા માટે આગ્રહ કરે તો પણ એ સમજે ખરા ? એક વખત વૈરાગ્યનો રંગ લાગવો જોઇએ. આ બંને પુત્રો એમના માતા–પિતાને કહે છે કે–તમે અમને જેમાં ખુંચવી રાખવા ઇચ્છો છો તે સંસાર કેવો છે ?

खणमित्तसुक्खा, बहुकालदुक्खा, पगामदुक्खा अणिगाम सुक्खा ।
संसार मोक्खस्स विपक्खभूया, खाणी अणत्थाण उ कामभोगा ॥

ઉત્ત. સૂ અ. ૧૪ ગાથા–૧૩

હે પિતા ! આ સંસારમાં ક્ષણમાત્રનું સુખ છે. એની પાછળ લાંબાકાળનું દુઃખ ઉભેલું છે. એવા સુખમાં કોણ રાચે ? જ્યાં એક પાઈની કમાણી હોય અને તેની પાછળ સો રૂપિયાનું નુકશાન હોય એવો ધંધો તમે કરો ખરા ? ' ના." જો એવો ખોટનો ધંધો કરતા નથી તો આ સંસારનું સુખ ખોટના ધંધા જેવું છે. જે સુખમાં લુબ્ધ બની ગયા છો એ સુખ તમને દુઃખની ખાઈમાં ધકેલી દેનાર છે. એ ક્ષણિક સુખ માટે તમે પરિગ્રહ લેગો કરો છે, પણ તે પરિગ્રહ જીવને ચતુર્ગતિ સંસારમાં રખડાવનાર છે.

બંધુઓ ! પરિગ્રહ વૃત્તિનો અર્થ માત્ર કોઈ વસ્તુઓને ગ્રહણ કરી લેવી એટલો જ થતો નથી. જો ગ્રહણ કરી લેવા માત્રથી પરિગ્રહ થઈ જાય તો એક સાધુ અનેક ઠેકાણે ફરે છે. અનેક સ્થાનોને ગ્રહણ કરે છે. જીવન ધારણ માટે અનેક વસ્તુઓને ગ્રહણ કરે છે. તો આ પણ પરિગ્રહ થઈ જાય. પરંતુ નિષ્પરિગ્રહ શિરોમણી ભગવાન મહાવીરે તેને પરિગ્રહ કહ્યો નથી. પરિગ્રહ કયાં થાય છે અને કયાં નથી થતો તે માટે ભગવાને સિદ્ધાંતમાં બતાવ્યું છે કે :—

जं पि वत्थं च पायं वा, कंबलं पायपुंछणं ।
तं पि संजमलज्जट्ठा, धारंति परिहरंति य ॥
न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।
मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणा ॥

દશ. સૂ. અ. ૬ ગાથા ૨૦–૨૧

વસ્ત્ર, પાત્ર, પગલૂછણિયું, કામળી, રજોહરણ અથવા અન્ય જે પણ ઉપકરણ નિર્મમત્વ ભાવે સંયમયાત્રા માટે અથવા લાજ ઢાંકવા માટે મુનિ ધારણ કરે છે. તેને પ્રાણી માત્રના ત્રાતા કહી જ્ઞાતપુત્ર મહાવીરે પરિગ્રહ ગણાવ્યો નથી. પરંતુ એ મહર્ષિએ મૂર્છા જ પરિગ્રહ છે એમ કહ્યું છે. કહેવાનો આશય એ છે કે જે વસ્તુને મોહબુદ્ધિવશ થઈને, આસક્તિપૂર્વક ગ્રહણ કરવામાં આવે છે તે પરિગ્રહ છે. ભલે પછી તે વસ્તુ સજીવ હોય કે નિર્જીવ હોય. એક આચાર્યે પણ આ જ વાત કહી છે.

"परि समन्तात् मोह बुद्धया गृह्यते स परिग्रहः ।"

એટલા માટે પરિગ્રહનો સીધો સંબંધ કોઈ પદાર્થ સાથે નથી. પરંતુ આત્મા સાથે છે. કોઈ પણ સજીવ કે નિર્જીવ વસ્તુ ઉપર અથવા પોતાના દેહ ઉપર અથવા પોતાના વિચારો, માન્યતાઓ, સંપ્રદાય આદિ પૈકી કોઈના ઉપર પણ આત્માને આસક્તિ આવી ગઈ–જેની મૂર્છા, મમતા કે આસક્તિ જેટલી તેજ હશે તે તેટલો જ અધિક સંગ્રહ કરવાની મનમાં લાલસા રાખશે, વિચાર દોડાવશે.

ભલે કોઈ પ્રાણી સંગ્રહ ન કરી શકે પરંતુ તેના મનમાં તદ્વિષયક ભાવના તો રહેલી છે જ. તો ત્યાં અપરિગ્રહ નથી. કીડી, કૂતરો, ગાય આદિ મનુષ્યેતર પ્રાણીઓ પાસે બાહ્ય દૃષ્ટિથી જોઇએ તો કોઈપણ જાતનો સંગ્રહ નથી. પરંતુ તેમના મનમાં સંગ્રહની વૃત્તિ ભરપૂર પ્રમાણમાં હોય છે. એટલે એ પરિગ્રહવૃત્તિ કહેવાશે, અપરિગ્રહવૃત્તિ નહિ.

અપરિગ્રહ વૃત્તિમાં ભાવનાને પહેલું સ્થાન છે. ધારો કે કોઈ માણસે બહારની વસ્તુઓનો ત્યાગ કર્યો, પરંતુ અંતરમાં તો એ વસ્તુઓને મેળવાની આકાંક્ષા પડેલી છે. પરંતુ તે વસ્તુઓનો સંગ્રહ કરી શકતો નથી. આ ત્યાગ નથી, અપરિગ્રહ વૃત્તિ નથી, પણ ભગવાન મહાવીરના શબ્દોમાં કહીએ તો :–

वत्थ गंधमलंकारं, इत्थीओ सयणाणि य ।
अच्छंदा जे न भुजंति, न से चाइति वुच्चई ॥
जे य कंते पिये भोये, लद्धे विपिट्ठी कुव्वई ।
साहीणे चयइ भोए, से हु चाइ–त्ति वुच्चई ॥

દશ. સૂ. અ. ૩ ગાથા ૩–૪

સુંદર વસ્ત્રો, સુગંધિત પદાર્થો, આભૂષણો, સુકોમળ શય્યાઓ વગેરેને પોતાના હાથની વાત ન હોવાથી જે મેળવી શકતો નથી, અને એટલા માટે જ એ વસ્તુઓનો ઉપભોગ પણ કરી શકતો નથી, તેને ત્યાગી ન કહી શકાય. ત્યાગી એ છે, નિષ્પરિગ્રહી એ છે જે મનોહર વસ્તુઓને પોતે પ્રાપ્ત કરવાની સ્થિતિમાં છે, એ વસ્તુઓ રહેજે તેના આધીન છે, છતાં પણ સ્વેચ્છાથી એ વસ્તુઓને જે ત્યાગી દે છે તે જ સાચો ત્યાગી છે.

બંધુઓ ! મહાત્મા ગાંધીજીને કઈ વાતની કમીના હતી ? કઈ વસ્તુના અભાવે સીધીસાદી લંગોટી સ્વેચ્છાથી પહેરી ? જો તેમણે ધાર્યું હોત તો તેમને સારામાં સારો પગાર મળી શકતો હતો. સારામાં સારા એશઆરામનાં સાધનો તેઓ મેળવી શકતા હતા. રેલવેમાં મુસાફરી કરતી વખતે તેમને ફર્સ્ટ કલાસની ટિકિટ મળી શકતી હતી. રેશમી કે બારીક મલમલનાં કપડાં તેમને મળી શકતાં હતાં. પરંતુ એ બધાને ઠોકર મારીને તેમણે પોતાની સ્વેચ્છાથી સાદગી અપનાવી, આ બધું ફક્ત ભારતના આત્માઓને ગુલામીની પીડાથી પીડાતા જોઈને જ કર્યું ! અંગ્રેજોના અત્યાચારો, અન્યાયો અને શોષણોની ચક્કીમાં ભારતની જનતાને પિસાતી જોઈને તેમણે આ બધું કર્યું. ભારત માતાનો એ પ્યારો લાલ માતાના આ અસહ્ય દુઃખને જોઈ શકયો નથી. ભારત માતા દુઃખી છે, અર્ધનગ્ન અને અર્ધભૂખી છે. શોષિત અને પીડિત છે. એ લક્ષમાં રાખીને જ ગાંધીજીએ વાઇસરોયની મુલાકાત લેતી વખતે પણ પોતાની એ સાદી લંગોટી જ પહેરી રાખી. ભારતની ગરીબાઈ મટાડવા માટે જ તેમણે અપરિગ્રહ વૃત્તિ અપનાવી. ભગવાન મહાવીરથી માંડીને આજ સુધી હજારો જૈન સાધુ અને સાધ્વીઓ સ્વેચ્છાથી પરિગ્રહનો ત્યાગ કરી દેશદેશમાં વિચરી રહ્યા છે. એ શા માટે ! જગત સામે અપરિગ્રહ વૃત્તિના આનંદનો આદર્શ રજુ કરવા માટે અને જગતને સાચી સુખ-શાંતિની ચાવી બતાવવા માટે.

બંધુઓ ! ખરેખર આજે પરિગ્રહવૃત્તિનું રાજ્ય ચારે તરફ નજરે પડી રહ્યું છે. તેને લીધે શોષણ, હત્યાઓ, મારફૂટ અને મહાયુદ્ધ સુધીની બાબતો બની રહી છે. પરિગ્રહવૃત્તિના કારણે જ એક દેશ બીજા દેશ પર કબ્જો મેળવવા કોશિષ કરે છે. પરિગ્રહવૃત્તિ એટલી બધી ભયંકર છે કે તે માણસમાં માણસાઈ રહેવા દેતી નથી. પરિગ્રહવૃત્તિ રાખતી વ્યક્તિને પોતાના સગાં ભાઈ-બહેન પણ પોતાના કટ્ટર દુશ્મન જેવા લાગે છે.

કલ્પના કરો. એક માણસે દશ હજાર રૂપિયામાં એક મકાન ખરીદ્યું. મકાન ખરીદતાં પહેલા એ મકાનની તેને કશી પરવા નહોતી. પરંતુ વેચાણ લીધા પછી એ મકાન ઉપર તેને ' મારાપણા 'ની છાપ લાગી ગઈ. એ મકાનને એ માણસ ભાડે આપી દે છે. ભાડૂત એ મકાનને તોડે ફોડે કે કયાંય જરા ખરાબ કરે ત્યાં પેલા માણસના

મનમાં ખેદ થાય છે. વળી ભાડૂતનાં બાળકો જો એ મકાનમાં જરા જોરથી દોડે અને રમે તો પણ તેને દુઃખ થાય છે. તે માણસ ભાડૂત અને ભાડૂતનાં બાળકોને તેમ કરતાં રોકે છે. અને ટોક ટોક કરે છે. તે ઘણી વાર તો માણસાઈને ભૂલી જઈ ભાડૂત સાથે દુર્વ્યવહાર પણ કરી બેસે છે. હવે સંજોગવશાત્ બીજા જ મહિને તેણે તે મકાન દશ હજારમાં વેચી નાંખ્યું. અને તેને દશ હજાર રૂપિયા મળી પણ ગયા. હવે પેલો ભાડૂત એ મકાનની ભાંગફોડ કરે કે કંઈ પણ કરે, પરંતુ હવે તેને એ સાથે જાણે કશો સંબંધ જ નથી! કારણ? હવે તેને મકાન ઉપરથી મમત્વ ઉઠી ગયું છે. અને હવે મળેલા દશ હજાર રૂપિયા પર તેને મમત્વ થયું છે. મકાન પરથી મમત્વ ઉઠી જવાથી તેને હવે જરા પણ દુઃખ થતું નથી.

બંધુઓ! મારો કહેવાનો આશય એ છે કે પરિગ્રહવૃત્તિ કસ્તુરી મૃગની જેમ નાચે નચાવે છે. સુખની તૃષ્ણામાં તેને અહીં તહીં અથડાવે છે. અને જ્યાં સુધી માનવી પરિગ્રહવૃત્તિને છોડતો નથી ત્યાં સુધી તેનું સુખ એક સ્વપ્નની વસ્તુ બની રહે છે. તેના મનમાં મમતાના કારણે અસંતોષ અને અશાંતિની આગ સળગતી રહે છે. તેના કાન આડા પરિગ્રહવૃત્તિના પડદા હોવાથી તે સદુપદેશને પણ ગ્રહણ કરી શકતો નથી. તેની મમત્વ બુદ્ધિ, ઈચ્છાઓ અને તૃષ્ણાઓ હનુમાનના પૂંછડાની જેમ લાંબી વધતી જ જાય છે.

બંધુઓ! પરિગ્રહની તો શી વાત કરું? મહારાજા શ્રેણિક અને અમરકુમારની વાત આ માટે જાણવા જેવી છે.

શ્રેણિક મહારાજા ભગવાન મહાવીરના ભક્ત થયા તે પહેલાંની આ વાત છે. મગધાધિપ મહારાજા શ્રેણિકને પોતાની રાજગૃહ નગરીમાં એક ચિત્રામણશાળા બંધાવવા ના કોડ થયા. મહારાજાએ અનેક શિલ્પશાસ્ત્રીઓ અને કારીગરોને આમંત્ર્યા જોતજોતામાં ચિત્રામણશાળા તૈયાર થઇ ગઈ. પણ ભવિતવ્યતાના યોગે એનો દરવાજો વારંવાર તૂટી પડવા લાગ્યો.

રાજા શ્રેણિક ચિંતાતુર બન્યા. મોટા મોટા જોષીઓને બોલાવ્યા. જોષીઓએ સલાહ આપી. હે રાજન! આ સ્થળે બત્રીસ લક્ષણા બાળકનો હોમ કરવો પડશે તો જ દરવાજો ટકશે. રાજા શ્રેણિક કોઈ પણ ભોગે ચિત્રામણશાળા ઉભી કરવા ઇચ્છતો હતો, તેથી જોષીઓએ આપેલી આ અવળી સલાહ પણ તેણે સ્વીકારી.

મહારાજા શ્રેણિકે પડહ વગડાવ્યો :—

શ્રેણીક રાજાએ ગામમાં પડહ વગડાવ્યો કે રાજાની ચિત્રશાળાને માટે જે કોઈ માતા-પિતા પોતાનો બત્રીસ લક્ષણો પુત્ર ભોગ આપવા માટે આપશે તેને તે પુત્રના ભારોભાર સોનું તોળી આપવામાં આવશે. રાજગૃહી નગરના ખૂણે ખૂણે જોરથી પડહ વાગી રહ્યો છે. ચોરે અને ચૌટે ઢંઢેરો પિટાય છે, પણ કોણ દૈયાકૂટયો હોય કે જે થોડા ધનની ખાતર પોતાના બાળકને અગ્નિમાં હોમવા તૈયાર થાય! બે દિવસ સુધી તો

કોઈએ પડહ ઝીલ્યો નહિ. પણ સંસારમાં ભાતભાતના લોકો હોય છે. અહીં રાજગૃહી નગરીમાં રહેતા ઋષભદત્ત નામના ગૃહસ્થની પત્ની ભદ્રા બ્રાહ્મણીને વિચાર થયો કે મારે ચાર ચાર પુત્રો છે. તો હું આ પડહ ઝીલી લઉં, તો કેટલું બધું સોનું મળે? જિંદગીનું દારિદ્ર ટળી જાય. એણે તરત જ પડહ ઝીલી લીધો. પુત્ર પ્રત્યેનો ભદ્રા માતાનો દ્વેષ પ્રેરણાત્મક બન્યો. દ્વેષના પ્રચંડ અગ્નિમાં મમત્વના અંકુરા બળી ગયા. માતાના હૈયાની કોમળતા નાશ પામી. વાત્સલ્યના વારિ સૂકાઈ ગયા. તે પોતાના પતિ ઋષભદત્તને કહેવા લાગી કે આપણે ચાર પુત્રો છે તેમાંથી એકને દઈ દઈએ. ત્યારે ઋષભદત્ત કહે છે કયા પુત્રને આપીશું? જવાબમાં ભદ્રા કહે છે સ્વામીનાથ! પેલો સૌથી નાનો અમરીયો (અમરકુમાર) કંઈ જ કામ કરતો નથી. બેઠો બેઠો ખાય છે અને મને પજવે છે પણ ખૂબ. એ મને જરાયે ગમતો નથી. માટે એને આપી દઈએ.

પરિગ્રહ શું નથી કરતો!

"સ્વાર્થની છે આ સગાઇ, માત-પિતા સ્વાર્થી સૌ ભાઇ,
થાયે સ્વાર્થથી જૂદાઇ, વેર-ઝેર કરાવે જુદાઇ"

આ જગતમાં કોઈ કોઈનું નથી. આખું જગત સ્વાર્થમય છે. સ્વાર્થ હોય ત્યાં-સુધી જ સ્નેહ છે. જ્યાં સ્વાર્થ પૂરો થઇ જાય છે ત્યાં પ્રેમ એ ઝેરના રૂપમાં પરિણમે છે. પૈસાની ખાતર પોતાના ઉદરમાં આળોટેલાં પુત્ર માટે પણ મમતા ન રહી. પૈસો કેવી ચીજ છે! પૈસો દુનિયામાં નહિ કરાવે તેટલું ઓછું છે. પીળું દેખીને ભલભલાના મન પીગળી જાય છે. રાજ્યના લોભને ખાતર કોણિક પોતાના પિતા શ્રેણિક રાજાને પાંજરામાં પૂરતાં પાછો ન પડયો. સ્વાર્થને માટે જેની પાછળ પરદેશી રાજા પાગલ હતો તેવી સૂરિકંતા રાણી પરદેશીને ઝેર દેતાં પાછી ન પડી. આવા સ્વાર્થમય જગતમાં કયાં રાચવા જેવું છે?

અમર તો જંગલમાં લાકડાની ભારી લેવા ગયો છે. માથે લાકડાનો ભારો લઈ ને ચાલ્યો આવે છે. એક સંત જંગલમાં ભૂલા પડયા છે. આ છોકરાને પૂછે છે ભાઈ! તું આ ગામનો લાગે છે. હું ભૂલો પડયો છું, તું મને માર્ગ બતાવીશ? છોકરો કહે છે બાપજી! ચાલો, હું આપની સાથે જ આવું. એમ કહીને માથેથી ભારો ભોંય મૂકીને સંતને માર્ગ બતાવવા ચાલ્યો. સંત પણ વિચાર કરે છે કે આ છે તો નાનકડો બાળ પણ શું એની ભક્તિ છે! સંતને માર્ગ બતાવી સંતના ચરણમાં નમન કરી અમર પાછો ફરે છે ત્યારે સંત કહે છે ભાઈ! હું તને કંઈક આપું. સાધુ અને સંસાર એ બંને માર્ગો ભિન્ન ભિન્ન છે. સંસારી પાસે ધન ન હોય તો એની કિંમત નથી. અને સાધુ પાસે ધન હોય તો તેની કિંમત નથી, માટે અમારી પાસે ધન ન હોય, પણ હું તને આત્માનું

ધન આપું છું એમ કહીને એને નવકારમંત્ર શીખવાડયો. અને કહ્યું કે તું આ મંત્રનું હંમેશાં સ્મરણ કરજે. જ્યારે તારું દુનિયામાં કોઇ સગું ન રહે, તારા માથે વિપત્તિના વાદળો તૂટી પડે તો પણ તું આ મંત્રને ભૂલીશ નહીં. એ તને જરૂર સહાય કરશે. તું આપત્તિમાંથી બચી જઈશ. અમરે કોઈ દિવસ આવો મંત્ર સાંભળ્યો જ ન હતો. એના દિલમાં અત્યંત આનંદ થયો. મેં કદી આવો મંત્ર સાંભળ્યો નથી. સંત મહાત્માએ મારા ઉપર ખૂબ કૃપા કરી. આજે તમારે મન તો નવકાર મંત્ર શાકભાજી જેવો થઈ ગયો છે. જેટલી અન્ય ધર્મીને આપણા નવકારમંત્ર ઉપર શ્રદ્ધા છે એટલી શ્રદ્ધા કંઈક જૈનના દિકરાને નથી. ખૂબ શ્રદ્ધાપૂર્વક નવકાર મંત્રનું સ્મરણ કરવામાં આવે તો દેવલોકમાંથી દેવને પણ નીચે ઉતરવું પડે. એવો નવકાર મંત્રનો અજબ પ્રભાવ છે.

અમર લાકડાનો ભારો લઈને ઘેર આવે છે. આંગણામાં ત્રાજવા પડયાં છે. રાજાના માણસો ઉભા છે. લોકોની ઠઠ જામી છે. અમર હરખાતો હરખાતો ઘેર આવે છે. એને ખબર નથી કે આ બધું કોને માટે છે? અમર પૂછે છે બા! આજે આપણે ઘેર, આ બધી શેની ધમાલ છે? ત્યારે તેની માતા કહે છે બેટા! કોઈ એના પુત્રને સોનાથી તોળે, કોઇ ચાંદીથી તોળે પણ મને એવી હોંશ છે કે હું તને સોનાથી તોળું. નામ તો ભદ્રા હતું પણ સ્વભાવમાં ક્રૂરતા હતી. બાળક તો તદ્દન નિર્દોષ હતો. ઝટ દઈને ત્રાજવામાં બેસી ગયો. ભારોભાર સોનાની લગડીઓથી અમર તોળાઈ ગયો. તરત જ રાજાના માણસો કહે છે ભાઈ! હવે ચાલો રાજ્યમાં. આજે તારી માએ તારા ભારોભાર સોનું લઈને તને વેચ્યો છે. તને યજ્ઞમાં હોમવાનો છે. આ સાંભળી બાળક ચોધાર આંસુ સારે છે. હૈયાફાટ રૂદન કરે છે પણ કોઈને ય દયા આવતી નથી.

"ધનને લોભે વેચીઓ, માત-પિતા મુજ આજ,
કેવા અનર્થ ધન કરે, છોડી નિજ કુળ લાજ"

અમર તો થરથર ધ્રુજે છે. એને થયું કે બસ, હવે મારું આવી બન્યું. મારે આમ જ મરી જવાનું. જીવ માત્રને જીવન પ્રિય છે. જગતની કોઇ પણ ચીજ જીવનથી અધિક પ્રિય નથી. ભગવાને દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે :-

सव्वे जीवा वि इच्छंति, जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं, निग्गंथा वज्जयंतिणं ॥

દશ. સૂ. અ. ૬ ગાથા-૧૧

આ જગતમાં દરેક જીવોને જીવવાની ઇચ્છા છે. કોઇને મરવું ગમતું નથી. જો તમે સાચા અહિંસાના પૂજારી હો તો ભગવાનનો આ અમૂલ્ય સંદેશ "જીવો અને જીવવા દો" હૃદયમાં લખી લો.

ચોરે અને ચૌટે લોકો ધિક્કાર અને તિરસ્કાર વરસાવે છે, અને કહે છે કે ધિક્કાર છે એનાં માબાપને. જે થોડા સોના ખાતર ફૂલ જેવા કોમળ બાળકને અગ્નિમાં હોમવા-તૈયાર થયાં છે. અમર માતા પાસે જઇને કરૂણ સ્વરે રડતો રડતો કહે છે કે હે મારી વહાલી માતા !

માતા મોરી મને મૃત્યુનો ડર જ લાગ્યો, તું તો કરૂણાની સરિતા,
માતા મારું હૈયું રે કંપે....માતા મને બચાવી લેને તું આજ....હો માતા મને....

તું તો મને પ્રાણથી પણ પ્યારી છે. પુત્રની વેદના તો માતાનું હૃદય જ જાણી શકે છે. હે માતા ! હું તને કદી પજવીશ નહિ. બાવાનું પણ નહીં માંગુ. તું કહીશ તેમ કરીશ. મા...તું મને બચાવ. હું તારા શરણે છું. બોલતાં બોલતાં અમરની આંખોમાંથી દડદડ આંસુ પડે છે. નાના બાળકનાં કાલાઘેલા અને કરૂણ શબ્દો કઠોર હૃદયનાં માનવીને પણ પીગળાવી દે તેવાં છે. જોવા મળેલા માણસો પણ બોલે છે આ તે કેવી માતા કહેવાય ? અમરનાં શબ્દો સાંભળી લોકોનું હૃદય પીગળી ગયું. પણ ભદ્રાના કઠોર હૃદયમાં કરૂણાનો છાંટો પણ ઉભરાતો નથી. ઉપરથી કહે છે બેટા ! હું શું કરું ! તારા બાપે તને વેચી દીધો છે. જ્યારે માતાની હુંફ ન મળી ત્યારે રડતો રડતો પિતા પાસે જાય છે અને કહે છે બાપુજી ! મને બચાવો. ત્યારે પિતા કહે છે ભાઇ ! હું શું કરું ? આ તારી મા માનતી નથી. નહીંતર હું તો તને કયારનો ય બચાવી લઉં. માતા-પિતાનાં વાત્સલ્યના નીર સૂકાઈ ગયાં છે. માતા-પિતાએ એકબીજાએ માથે ન લીધું ત્યારે પોતાની સાથે મસ્તી કરનાર ભાઈ-બહેનોને કહે છેઃ ઓ વહાલા ભાઈ અને બહેનો ! તમે માતા-પિતાને કંઈક તો સમજાવો. પણ કોઈ અમરની વાત સાંભળતું નથી. છેવટે કાકા-કાકી-મામા-મામી આદિ સગાંઓનાં શરણે જાય છે ત્યારે સહુ એમ જ કહે છે તારા મા-બાપે તને વેચ્યો છે એમાં અમારું શું ચાલે ! કોઇએ આશરો ન આપ્યો. તેથી નિરાશ થઇને પાછો ફર્યો.

રાજાનાં માણસો ઉતાવળ કરે છે. અમરકુમારને હાથ પકડીને લઇ જાય છે. ગામ વચ્ચે મહાજન પણ જોવા મળ્યું છે. મહાજનને જોઇને કરુણ સ્વરે વિલાપ કરતો અમર કહે છે-

મારા માતા ને પિતા મારા નથી, કોઈ મહાજન મા ને બાપ,
મને મરવું નવ ગમે, બચાવો મહાજન મા ને બાપ.

હે મહાજન ! જેનું કોઈ ન હોય તેના મહાજન માતા-પિતા તુલ્ય છે. મને એક અનાથ- દીન ગણીને બચાવો- બચાવો- ત્યારે મહાજન કહે છે ભાઈ ! જો રાજાનો બળાત્કાર હોત તો જરૂર અમે તને બચાવી શકત. પણ આ તો રાજાનો હુકમ છે. તારા મા બાપે જાણી બૂઝીને વેચ્યો છે. એટલે એમાં અમારું કંઈ જ ચાલે તેમ નથી. દરેકનો એક જ જવાબ મળે છે. અમરને સમજાઇ ગયું કે દુનિયામાં કોણ કોનું ! જ્યાં સ્વાર્થના ફાંફા ભર્યા હોય ત્યાં સ્વચ્છતા ક્યાંથી સંભવે ?

છેવટે શ્રેણિક રાજા પાસે અમરને લઈ જવામાં આવે છે. એ રાજાના ચરણમાં પડીને કહે છે હે રાજન! આપ તો પ્રજાના પિતા છો. અમારા નાથ છો.

"દુનિયા રૂઠે તો ભલે રૂઠે પણ તું'ના રૂઠીશ મારા નાથરે–દર્શન દેજો ફરી."

હોમ હવનની તૈયારી થઈ. અમર કુમારને નવડાવી–ધોવડાવી ફૂલની માળા વગેરેથી શણગારી હોમવા માટે હાથમાં લીધો. અમરકુમારે મહારાજાને વિનંતી કરી હે રાજન! આપ પ્રજાના પાલક છો. પ્રજાના રક્ષક પિતા ઉઠીને પુત્ર તુલ્ય પ્રજાનું ભક્ષણ કરશો તો પ્રજા ક્યાં જશે? શા માટે મારા જેવા નિર્દોષ બાળકને આપ હોમી રહ્યા છો? જીવતા જીવોનો ભોગ આપવો એ તો મહાન પાપ છે. પાપ પ્રગટ રીતે કરો કે છૂપાં કરો. પર્વતની ટોચે ચઢીને કરો કે ભોંયરામાં પેસીને કરો પણ પાપ કદી છૂપું રહેતું નથી. કરેલા પાપનો બદલો અવશ્ય મળે છે.

રાજાએ જવાબ આપ્યો–તારા મા આપે જો તને વેચ્યો ન હોત તો તને અમે હોમત નહિ. તારી માતાને ભારોભાર સોનું આપીને મેં તને ખરીદી લીધો છે. મેં હક્ક વગર તને લીધો નથી. એટલે કેવી રીતે બચાવું? આમ રાજા શ્રેણિક પણ છૂટી પડયો. બાળક ડૂસકે ને ડૂસકે રડે છે. વિલાપ કરે છે. પણ આજે તો એની વાત સાંભળવા કોઈ તૈયાર નથી. ત્યારે અમરકુમાર વિચારે છે.

"અમર વિચારે ગુરૂએ શીખવ્યો મંત્ર ભલો નવકાર,
જાપ જપંતા સંકટ ટળશે, નહી બીજો આધાર"

હવે રાજા બ્રાહ્મણોને બોલાવી યજ્ઞ શરૂ કરાવે છે. અમરકુમારને પવિત્ર ગંગાજળથી સ્નાન કરાવી કેસર ચંદન કસ્તુરી આદિ સુગંધિત પદાર્થોનું વિલેપન કર્યું. કપાળમાં ચાંલ્લો કર્યો. કંઠમાં પુષ્પની માળા પહેરાવી. અમરને બેસાડી બ્રાહ્મણો મંત્રનો ઉચ્ચાર કરે છે. રાજગૃહી નગરીની પ્રજા જોવા માટે ઉમટી છે કે આ અમરનું શું થશે? રાજાનો દરવાજો કેવી રીતે બની જશે?

–અમરને ગમે તેવા વસ્ત્રો પહેરાવે કે મિષ્ટાન્ન જમાડે પણ આવા સમયે તેને કંઈ ગમે બરું? અમર મનમાં વિચારે છે અહો! હવે હું તો બે ઘડીનો મહેમાન છું. માતા–પિતા–ભાઈ–ભગિની–રાજા–મહાજન કોઈએ મને શરણ ન આપ્યું. સહુ સ્વાર્થના સગા છે. જવાનું એ તો નક્કી છે. તો જતાં જતાં હું પ્રભુને યાદ કરી લઉં. મને ગુરૂ મહારાજે કહ્યું હતું કે તારે માથે વિપત્તિના વાદળ તૂટી પડે અને કોઈ તારું ન રહે ત્યારે તું આ મંત્રનું સ્મરણ કરજે. કોણ જાણે મારું ભાવિ ગુરૂરાજ જાણતાં હશે! એવો જ પ્રસંગ આવી ગયો. અત્યારે તો એ ગુરૂમંત્ર જ મારું શરણ છે. એજ મારું રક્ષણ કરશે. એમ વિચારી મરણનો ભય ભૂલી જઈ નવકારમંત્રમાં લીન બની ગયો. તન્મય થઇ ગયો.

અમરકુમાર નવકારમંત્રમાં તો એવો લીન બની ગયો કે જ્યારે તેને ઉંચકીને યજ્ઞમાં હોમવા તૈયાર થયા ત્યારે તે જ ક્ષણે વાતાવરણ ફરી ગયું. અમરકુમારના નવકાર-મંત્રની અસર દેવ લોકમાં થઈ. ઈન્દ્રનું આસન ચલાયમાન થયું. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને દેવે જોયું તો રાજા શ્રેણિકને ત્યાં અમરને યજ્ઞમાં હોમવાની તૈયારી થઈ રહી છે, ત્યાં એકદમ દેવો આવે છે.

"સુર સિંહાસન પર બેસાડે, ઉંચકી અમરકુમાર,
સૌની વચ્ચે ગુણ ગાવંતો અમર અમર કુમાર"

દેવે રાજા શ્રેણિકને સિંહાસન ઉપરથી ઉથલાવી નાંખ્યો. અને અગ્નિની ભભકતી જ્વાળાને શીતળ કરી નાંખી. હોમ કરનારા બીજા બધા બ્રાહ્મણોને બેભાન કરીને પૃથ્વી ઉપર લાંબા કરી નાંખ્યા. સૌના હોશકોશ ઉડી ગયા. અને અમરકુમારને હવન કરવાના અગ્નિના કુંડને સ્થાને સુંદર સિંહાસન બનાવી તેના ઉપર બેસાડે છે. બે બાજુ દેવો ચામર વીંઝે છે. લોકવાણી થઈ કે "પાપનો પ્રત્યક્ષ પરચો જોઈ લો."

આ દૃશ્ય જોઈને નગરજનો તો સ્તબ્ધ બની ગયા. આ છોકરો તો કોઈ દૈવી લાગે છે. સૌએ અમરકુમારને બે હાથ જોડી પ્રાર્થના કરી કે 'સહુના પ્રાણ બચાવો.' મહાપુરૂષો તો બૂરું કરનારનું યે ભલું ઈચ્છે. તરત જ અમરકુમાર નવકારમંત્ર ગણી પાણીના છાંટણા છાંટી સૌને શુદ્ધિમાં લાવે છે. જાણે નવું જીવન મળ્યું હોય તેમ સૌ બેઠા થયા. રાજાને પણ ભાન થઈ ગયું કે આ છોકરો કોઈ દેવતાઈ પુરૂષ છે. પ્રજાજનો પણ બે મોઢે બોલવા લાગ્યા કે કુમળા નિર્દોષ બાળકની હત્યા કરનારને કેવા ફળ ભોગવવા પડયા? શ્રેણિક રાજાને પોતાની ભૂલ સમજાઈ. એ પોતાનું આખું રાજ્ય અમરકુમારના ચરણે ધરે છે. નવકારમંત્રનું આવું મહાત્મ્ય જાણી રાજા શ્રેણિક જૈન ધર્મ પ્રત્યે આકર્ષાયો. અને હાથ જોડી અમરકુમારને વિનંતી કરી, આ રાજ્યનો આપ સ્વીકાર કરો. અમારા ઉપર આપે ઘણો ઉપકાર કર્યો છે.

અમરકુમારે સાફ ના પાડી અને કહ્યું કે મારે રાજઋદ્ધિ વગેરે કંઇ જોઇતું નથી. આ સ્વાર્થી સંસારનું સ્વરૂપ મેં જોઈ લીધું છે. આજે મારા આત્માને આ ઉચ્ચ સ્થિતિએ લાવનાર જૈન મુનિએ શીખવાડેલ નવકારમંત્ર છે. તમે જે કંઈ જોઇ શકો છો તે બધો પ્રભાવ નવકારમંત્રનો છે. માટે મારે હવે આ સંસારના પ્રલોભનમાં ભૂલાવું નથી. મારા સાચા સગા જૈન મુનિ એવા મારા ગુરૂ અને નવકારમંત્ર છે. જે સંપત્તિ મને મરણનાં મુખમાં ધકેલી દેનાર થઈ એ સંપત્તિ મારે શા માટે સ્વીકારવી? મારે હવે આ ઝેરી વાસનાથી ભરપૂર સંસારમાં રહેવું નથી, એમ કહી લક્ષ્મીનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરી લીધી અને આત્મસાધના માટે સ્મશાનમાં જઇ ધ્યાનમાં ઉભા રહ્યા.

આ વાત આખા ગામમાં ફેલાઈ ગઇ. આ તરફ બાળકને વેચી તેનાં મા-બાપ

ભારોભાર સુવર્ણ લઈ આવ્યાં અને ઉજાણી મનાવવા લાગ્યા. ત્યાં જ માતાએ સાંભળ્યું કે અમર તો અમર રહ્યો છે, મર્યો નથી. એ દીક્ષા લઈને ચાલ્યો ગયો છે. આથી માતાને ચિંતા થઈ કે રાજા આ ધનનો ઢલ્લો જરૂર આંચકી લેશે એ અમરીયો જીવતો હશે ત્યાં સુધી મને જંપ વળશે નહિ. માટે હું એને મારી નાખું. આજે દીક્ષા લીધી છે. જૈન મુનિને રાત્રે તો ચલાય નહિ. જઇ જઇને કેટલે દૂર ગયો હશે! ગામ બહાર જંગલમાં જ હશે. હું જઈને એને મારી નાંખું. પછી રાજા ધન માંગશે તો હું કહીશ કે મને મારો પુત્ર પાછો આપો તો ધન પાછું આપું. આ દિકરાએ શું કામ કર્યું છે, એનો રાજા ઉપર કેવો પ્રભાવ પડયો છે, એ વાતની ભદ્રાને ખબર નથી.

જેના અંતરમાં ક્રોધનો અગ્નિ પ્રદિપ્ત થયો છે તેવી ભદ્રા માતા અડધી રાતે હાથમાં છરી લઈ પોતાના જ બાળક અમરકુમાર મુનિવરને મારી નાખવા માટે નીકળી.

"ચાલી ઝટપટ મસાણ માંહી, આવી બાળક પાસ,
પાળીએ કરી પાપિણી મારે, પૂરે મનની આશ."

જ્યાં અમર મુનિ કાઉસગ્ગ કરી ધ્યાનમાં લીન બન્યા હતાં ત્યાં માતા આવી અને છરીથી મુનિની ગરદન કાપી નાંખી. અમરે જોયું કે આ મારી માતા છે. તેણે વિચાર્યું: હે આત્મન્! રખેને તું ભાન ભૂલતો!

દેહ વિનાશી તું અવિનાશી, જો જે મમતા તું કરતો,
માતા પ્રત્યે પ્રેમ જ ધરજે, વેરનો છાંટો નવ લાવતો...દેહ.

હે ચેતનદેવ! જોજે તું ભાન ન ભૂલતો. આજે તારી કસોટી છે. માતાનો ઉપસર્ગ સમતા ભાવે સહન કરી શુભ ધ્યાનના બળે અમર મુનિ ત્યાંથી કાળધર્મ પામી બારમા દેવલોકે ગયા.

બીજી તરફ માતા આવું નિર્દય કામ કરી ખુશી થતી ઘેર પાછી ફરે છે, ગુન્હો કરનારનું દિલ હમેશાં ભયભીત રહે છે. એના કપડાં લોહીવાળા થઇ ગયાં છે. કદાચ કોઈ જોઈ જશે તો બધી વાત જાણી જશે, એ ભયથી એક નાળામાં થઈને ભદ્રા મુઠીઓ વાળીને ભાગે છે, પણ કરેલાં કર્મનો બદલો તો અવશ્ય મળે જ છે.

"कृतं कर्मं क्षयो नास्ति, कल्पकोटि शतैरपि।
अवश्यमेव भोक्तव्यं, कृतंकर्मं शुभाशुभम्॥"

કોડો પ્રયત્ન કરવા છતાં કરેલાં કર્મો નાશ પામતાં નથી. શુભ કે અશુભ કર્મ ભોગવ્યે જ છૂટકો થાય છે. ભોંયરામાં છૂપાઈને કરેલું પાપ પડકાર કર્યા વિના રહેતું જ નથી. આ ભદ્રાને એના કર્મનું ફળ તરત જ મળે છે. એ જેવી ભાગે છે તેવી ત્રણ દિવસની ભૂખી વાઘણ સામેથી આવે છે અને તરાપ મારીને ભદ્રાને ફાડી ખાય છે.

મુનિ હત્યા કરી પાપિણીએ, નિજ ઘર દોડી જાય,
વાઘણ વચમાં મળતાં એને, પાડી ફાડી ખાય.

પાપનો ઘડો ફૂટ્યા વગર રહેતો નથી. અશુભ પ્રવૃત્તિથી કરેલા પાપકર્મના દુઃખ-વિપાકને ભોગવવા છઠ્ઠી નરકે ચાલી ગઈ. એ જ માતાની કુક્ષીએ જન્મેલ પુત્ર સંયમની સુંદર સાધના વડે સમતા ભાવે ઉપસર્ગને સહન કરી બારમા દેવલોકે ગયા અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઇ અમર મુનિનો આત્મા આત્માનું અમરત્વ લેવા મોક્ષમાં જશે. અને ધનમાં પાગલ બનેલી માતા કર્મના ફળ ભોગવવા નરકે ગઈ.

બંધુઓ ! મારો કહેવાનો આશય એ છે કે આત્મા પાસે અમૂલ્ય ધનનો છે. પણ કર્મોના આવરણથી તે ઢંકાઈ ગયો છે.

ભૃગુ પુરોહિતના બે બાળકો પણ આત્માનો ધનનો મેળવવા અને આત્માનું અમરત્વ પ્રાપ્ત કરવા તૈયાર થયાં છે. આપણે પણ આત્માનું અમરત્વ પ્રાપ્ત કરવા માટે એવો પુરૂષાર્થ કરી એક દિવસ અમર બની જઈએ. સમય થઈ ગયો છે. વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.... ૬૩

ભાદરવા વદ ૭ ને સોમવાર તા. ૨૧-૯-૭૦

શાસ્ત્રકાર, શાસન સમ્રાટ, વીર ભગવંતના મુખકમળમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. આ જગતનાં જીવો અનાદિ કાળથી જન્મ-જરા અને મરણનાં દુઃખથી રીબાઈ રહ્યાં છે. એ દુઃખોથી મુક્ત થઇ અક્ષય સુખ કેમ પ્રાપ્ત કરે તે માટે જગતના જીવોને પડકાર કરીને કહ્યું: હે આત્માઓ ! મોહની ઘેરી નિદ્રામાંથી જાગો અને કંઈક સમજો. સમજવાનો આ સોનેરી અવસર છે. અણસમજમાં ઘણો કાળ વ્યતીત થઈ ગયો. સમજવાનો કાળ અલ્પ છે. કારણ કે આ જીવે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયપણામાં કેટલો કાળ કાઢ્યો ? સંજ્ઞી પંચેન્દ્રિયમાં પણ જ્યારે મનુષ્યભવ મેળવ્યો ત્યારે કંઈક વિવેક જાગ્યો. તેમાં પણ જૈન કુળ અને જૈન ધર્મની પ્રાપ્તિ થઈ. પછી જ ખરો વિવેક જાગ્યો. મનુષ્યનું આયુષ્ય અલ્પ છે, અલ્પ સમયમાં ઝાઝું કામ કરવાનું છે.

જેમ સરકાર જાહેરાત કરે કે આઠ દિવસ માટે રાજકોટમાં દરરોજ આઠ વાગ્યે

લાઈટ બંધ થઈ જશે અને કેરોસીન પણ ઝડવાડિયું મળશે નહિ તો તમે શું કરશો? ઘરના માણસોને કહી દો ને કે ભાઈ! જેમ બને તેમ જલ્દી દિવસે જ બધું કામ કરી લો. રાત્રે લાઇટ બંધ થઇ જશે. પણ આપણો જીવન દિપક કયારે બૂઝાશે એની કોઈ જાહેરાત થઇ છે? એની કોઈ ખાત્રી છે? "ના" તો પેલું કામ તમે જેમ દિવસે ઝડપથી કરી લો છો, તે જ રીતે આત્માની સિદ્ધિનાં કાર્યો ઝડપભેર કરી લો. કાળ રાજાનું આક્રમણ કયારે થશે તેની ખબર નથી. ઉંઘતા હશો કે જાગતા હશો, બેઠા હશો કે ઉભા હશો, રાત્રિ હશે કે દિવસ હશે પણ એ તમને છોડનાર નથી.

આ કાયા કાગડા સમાન છે અને આત્મા હંસ સમાન છે. આ હંસ જેવો આત્મા કાગડા સમાન દેહના સંગે ભળી એના રંગ-રાગમાં અટવાઇ ગયો છે. ભોગોમાં ભરમાઈ ગયો છે. જે આત્માઓ એ ભોગોને છોડી ચાલી નીકળ્યા તે સાચા સ્વરૂપને પામી ગયાં. અહીં ભૃગુ પુરોહિતના બે પુત્રોને એ વાત યથાતથ્ય સમજાઈ ગઈ છે. એટલે એના પિતાને કહે છે હે પિતાજી! તમે જે સુખો માટે અમને આમંત્રણ આપો છો તે વિષય સુખો કેવા છે?

खणमित्तसुक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अणिगामसुक्खा ।
संसारमोक्खस्स विपक्खभूया, खाणी अणत्थाण उ कामभोगा ॥ उ. अ. १४-१३

કામભોગોનાં સુખ મધથી ખરડેલી તલવાર જેવાં છે. મધ ચોપડેલી તલવારની ધાર કોઈ ચાટે તો તેને સહેજ મીઠાશ લાગે પણ એની જીભ કપાયા વગર રહેતી નથી. તેમ હે પિતાજી! આ સંસારનાં સુખો મધ ચોપડેલી તલવાર જેવાં છે. એને ભોગવતાં ક્ષણવાર આનંદ આવે છે, પણ એનાં ફળ સ્વરૂપે નરક આદિ અશુભ ગતિઓમાં ઘણા લાંબા કાળ સુધી દુઃખો ભોગવવા પડે છે. જ્યાં દુઃખ વધારે છે અને સુખ તો અલ્પ છે એ કામભોગ સંસાર રૂપી બંધનનું કારણ છે. અને મોક્ષને માટે પ્રતિપક્ષી રૂપ છે. એટલે મોક્ષમાં જતાં અટકાવનાર છે. વધુ શું કહેવું? સંસારનાં સર્વ અનર્થોનું મૂળ કારણ કોઈ હોય તો કામભોગો જ છે.

હે પિતાજી! આપના જેવા વિચારશીલ પિતાજીને આવા કામભોગો માટે અમને આમંત્રણ આપવું તે બિલકુલ ઉચિત નથી. અમે અત્યાર સુધી ભાન ભૂલેલા હતા હવે કંઈક સમજણમાં આવ્યાં છીએ. હવે અમે તમારી વાતનો સ્વીકાર કરીશું નહિ. કારણ કે અનાદિકાળથી ભાન ભૂલેલો જીવ આ ચૌદ રાજલોકમાં નીચે સાતમી પાતાળ સુધી, ઉંચે સિદ્ધશીલા સુધી જઈ આવ્યો છે. જુદી જુદી યોનિઓમાં કેવી કેવી સ્થિતિ હોય છે! પુદ્ગલ દ્રવ્યની ખાસ કરીને ઔદારિક આદિ આઠ વર્ગણાઓમાંથી કેવા કેવા શરીર, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન, કર્મ વિગેરે આ જીવ બાંધે છે, તેમાંથી કર્મનો બંધ, સંક્રમણ, ઉદ્વર્તના-અપવર્તના-નિદ્ધતિ, ઉદીરણા, ઉદય વિગેરેનું કેવું કેવું તંત્ર ચાલે છે તેની

બગર નથી. કારણ કે અજ્ઞાનદશામાં જ જીવ પડયો છે. બંધુઓ ! આજે જો તમે સમજો તો જગતમાં ધર્મ પામવો કેટલો દુર્લભ છે ? સમ્યક્ત્વ અને ચારિત્ર સ્પર્શવું એ કેટલું મોંઘું છે ! પૂર્વના પુણ્યોદયથી અને ભાગ્યોદયથી સુલભ રીતે પ્રાપ્ત કરી શકીએ તેવો આપણને અવસર મળ્યો છે. કિંમતીમાં કિંમતી વસ્તુ આજે આપણા હાથમાં આવી છે. સર્વજ્ઞ ભગવંતે જે પ્રત્યક્ષ જોયું છે તે તત્ત્વને જ જૈન ધર્મમાં સ્થાન આપ્યું છે. સૂક્ષ્મમાં સૂક્ષ્મ કોટિની અહિંસાનું વર્ણન જૈન ધર્મ સિવાય બીજે કયાંય જોવા મળે છે ? બીજા ધર્મની સમજ એટલી જ છે કે આપણે પાપ કરીએ તો પાપ લાગે. પણ કોઈ પાપ કરે તેમાં આડકતરી રીતે સાથ કે અનુમતિ હોય તો પણ પાપ લાગે એવું કયાંય એમણે સમજાવ્યું છે ? પાપ ન કરવા છતાં પાપથી નિવૃત્ત ન હોય, એટલે પ્રતિજ્ઞા ન કરી હોય તો પણ પાપ લાગે તેવું સમજાવવાની તેમનામાં શક્તિ છે ખરી ? આપણે કેટલા બધા ભાગ્યવાન છીએ કે એવું સુંદર સમજવાનું તત્ત્વ આપણી સામે મોજુદ છે. અહા ! આવું સુંદર તત્વ મોજુદ હોવા છતાં ન સમજીએ તો પૂરા કમભાગી જ ને ! અદ્‌ભુત અને વાસ્તવિક કોટિના ચરિત્ર માત્ર જૈન ધર્મમાં મળે છે. તે સાંભળતાં ખરેખર આત્મા ઉન્નતિના માર્ગે પ્રયાણ કરવા તૈયાર થઈ જાય, તેવો મહાન, શ્રેષ્ઠ અને કિંમતી ધર્મ મળ્યો છે. ધર્મની હૃદયસ્પર્શી શ્રદ્ધા થાય તો આત્મામાં સમ્યક્ત્વનો દીવો ઝગમગતો થઈ જાય. સુબાહુકુમાર, નંદિષેણ, ધન્નો વિગેરે સર્વજ્ઞ પરમાત્મા મહાવીર દેવના વચન પર શ્રદ્ધા ધરાવનાર બન્યા હતા તેથી પ્રભુની વાણી સાંભળી સંસાર પ્રત્યે ભયભીત બની ગયાં. અણગમાવાળા બન્યા. "હવે આ ભયાનક સંસારનો સંગ એક દિવસ પણ શા માટે રાખવો જોઈએ ?" એમ વિચારી તત્કાલ ચારિત્ર માર્ગે જીવન ઝુકાવ્યું. શ્રેણિક મહારાજા કામદેવ કે આનંદ શ્રાવકની જેમ દેશ વિરતી પણ બની શકયા ન હતા. તો પણ સંસારમાં રહીને આખી દૃષ્ટિ ફેરવી નાંખી. જગત પ્રત્યેના પ્રેમનું વલણ ફેરવી નાંખ્યું. સમ્યક્ત્વનું ઘડતર થયા પછી જીવન પલટાતા વાર લાગતી નથી. સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્ર રૂપી સાધનામાં જ માનવ જીવનની સફળતા છે. તેના ઉપર એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક રાજા હતો. પુન્યાઈ મુજબ મધ્યમ રાજ સંપત્તિ તેને મળી હતી. પરંતુ આ દુનિયામાં ચડતી પડતીનું પૂછવું જ શું ? રાજાની આબાદી કર્મરાજાથી સહન ન થઈ. તેથી રાજાની સામે બાથ ભીડવા એક દુશ્મન હુમલો કરવા માટે આવ્યો. હવે આ રાજા એવી ગફલતમાં હતો કે દુશ્મન ઠેઠ રાજમહેલ સુધી આવી પહોંચ્યો ત્યારે ખબર પડી. પછી તો સૌ ચારે બાજુ નાઠા. રાજા પણ જીવ બચાવવા માટે જંગલમાં નાઠો. એનાં હૈયામાં એવી તો દુઃખની ચોટ લાગી ગઇ કે રાજા નાના બાળકની જેમ જંગલમાં પોકે પોકે રોવા લાગ્યો. સુખમાં મહાઆરામી હોય એ દુઃખમાં કયાંથી ધીરજ રાખી શકે ? દુઃખમાં હિંમત તો એ જ રાખી શકે કે જે સુખમાં સાવધાન હોય, છકી ગયો

ન હોય, લલિતાંગદેવ સ્વયંપ્રભા દેવીના સુખમાં એવો ગળાબૂડ ખૂંચી ગયો હતો કે દેવીના મૃત્યુથી ગાંડા જેવો બની વિમાનમાં ઠામ ઠામ " હે સ્વયંપ્રભા, હે સ્વયંપ્રભા " કરતો ફરી રહ્યો છે. કોણ લલિતાંગદેવ એ જાણો છો ને ! ભગવાન ઋષભદેવ સ્વામીનો જીવ. તમને થશે કે એમની આ સ્થિતિ ! હા. જ્યાં સુધી જીવ પોતે મોહના બંધનોમાં સ્વેચ્છાએ જકડાય છે, ત્યાં સુધી ગમે તેવા આત્માની ઘેલી અવસ્થા થાય તેમાં કંઈ જ નવાઈ નથી. બાંધેલ કર્મને કયાં એવી શરમ છે કે આ મોટા માણસ છે તો એમને આપણાથી કેમ નડાય ? એ કર્મ તો તીર્થંકરપણું પામી ચૂકેલા શ્રી ભગવાન મહાવીર ઉપર પણ ગોશાળાની તેજુલેશ્યાનું નિમિત્ત લઈને ત્રાટકયું હતું. અને એણે ભગવાન જેવાને પણ છ માસ સુધી ગરમીની પીડા આપી હતી. પાપ કર્મનો ઉદય તો ભલભલાને આવે છે. પણ એ વખતે ધૈર્ય રાખવું, સહિષ્ણુ રહેવું એટલે સહન કરવામાં હર્ષિત બનવું એ જરૂરી છે. એ માટે સુખના કાળમાં છકેલ કે ગળીયા ન બનવું જોઇએ.

રાજા ભૂલો પડેલો છે. સુખમાં તે મદમસ્ત હતો, તેથી અત્યારે દુઃખ વખતે જંગલમાં એકલી અટૂલી નિરાધાર સ્થિતિમાં શોકાકળ કરે છે. હાય ! આ કેમ સહ્યું જાય ? દુશ્મન કેવો હરામી ! હે ભગવાન ! શું કરું હવે ! મારાથી તો આ જોવાતું નથી. હું નરાધમ ! આવું બન્યું ત્યાં સુધી જીવતો કેમ રહ્યો ? વિગેરે કલ્પાંત કરવા લાગ્યો. તે એટલે સુધી માથું ને છાતી કૂટે છે કે એના હાથમાં ગળે બાંધેલ માદળિયાની દોરી ઝાવતાં તૂટી ગઇ અને માદળિયું જમીન પર ફેંકાઈ ગયું. કહો, કલ્પાંત કોણ કરાવે છે ? રાજ્ય ગયું તે ? " ના. " રાજ્ય ગયું છતાં રાજા હમણાં જ–ક્ષણ પછી કલ્પાંત ભૂલી જવાનો છે. તો કલ્પાંત કોણ કરાવ્યો ? ઊંધી સમજણે. અવળી દૃષ્ટિએ. તે માનતો હતો કે રાજ્ય એટલે સુખોની ખાણ. આ જિંદગી આવા સુખ માટે જ છે. ઉત્તમ મનુષ્ય ભવમાં આવ્યા પછી પણ આવી અવળી સમજણ !

આવી દૃષ્ટિ રહે ત્યાં સુધી સમ્યક્ત્વ અને ઉચ્ચ ચારિત્ર કયાંથી સ્પર્શે ? રાજાના ગળામાંથી પડી ગયેલા માદળિયામાંથી ચિઠ્ઠી નીકળી. તે જોઇ રાજા વિસ્મય પામ્યો કે આમાં વળી ચિઠ્ઠી શાની ? ક્ષણભર દુઃખ ભૂલી ચિઠ્ઠી હાથમાં લઈ ખોલી, તો એમાં લખાણ જોયું. એમાં શું લખ્યું હતું ? એમાં લખ્યું હતું કે " આ પણ ટકવાનું નથી " આ વાંચતા જ રાજા ચોંકયો. તે વિચારે છે કે શેનો હું ફોગટ કલ્પાંત કરું છું ? દુઃખમાં ધીરજ ધરવા માતાજીએ નાનપણમાં આ કેવો સરસ હિતોપદેશ માદળિયામાં બાંધી આપ્યો. ચિઠ્ઠી કહે છે : આ દુઃખ લાંબું ટકવાનું નથી. તો પછી શા માટે શોક કરવો ? જીવ, ઉદ્યમ કર. રાજાને હિંમત આવી ગઈ. કેમ કે દૃષ્ટિ ફરી. સુખ ભલે સદા ન રહે, વચમાં દુઃખ પણ આવે, પરંતુ એ દુઃખ કાંઈ ટકી ન રહે. એક ટૂંકો પણ હિતોપદેશ કેવું સુંદર કાર્ય કરે છે. માતાનું એ ડહાપણ હતું. પૂર્વકાળે આવો ખ્યાલ બહુ રખાતો

હતો. જીવનનું ધોરણ લક્ષ્મી અને ભોગ-વિલાસ પર ન હતું, પણ સમાધિ-ધૈર્ય અને ધર્મની લાગણી પર હતું. રાજાને એટલો ટૂંકો હિતોપદેશ સોનેરી થઈ પડયો. દુઃખમાં દુર્ધ્યાનમાંથી એ બચાવી લે છે. જીવનમાં આવા ઉપદેશનાં સ્થાન રાખવા જોઈએ. તમે રાખ્યાં છે ને? તમારા હિસાબી ચોપડાના ખૂણે એકાદુ હિત વચનનું લખાણ રાખજો. નીતિ અને સત્યનું પાલન કરનાર જ સદ્ગતિનો અધિકારી બને છે.

રાજા માદળિયું પાછું ચિઠ્ઠી સાથે ગળે બાંધીને ત્યાંથી ઉઠીને મિત્રરાજા પાસે પહોંચ્યો. મિત્રે આવકાર આપ્યો. એણે મિત્રને બધી વાત કરી. પેલાએ સહાનુભૂતિ દેખાડી, પોતાનું લશ્કર આપ્યું. મિત્રતા આનું નામ કે જેમાં સામાના દુઃખના અવસરે શકય હોય તેટલી સહાય કરવાની તૈયારી હોય. લશ્કર લઈ રાજાએ પોતાના દુશ્મન પર ચઢાઈ કરી અને દુશ્મનને હરાવી રાજ્ય પાછું કબજે કર્યું.

સમ્યક્ત્વના વલણની વાત હવે આવે છે. રાજાએ રાજ્યમાં બધું પહેલાંની જેમ સુસ્થિત કરી દીધું. પછી મંત્રીમંડળ સામે બેસી રાજા આનંદપૂર્વક પોતાની હકીકત કહી રહયો છે. કેમ મંત્રીજી! જાણો છો! આ બધું કેમ બરાબર થઈ આવ્યું! ના હજુર! અરે શું ના? આમાં તો ચમત્કાર થયો. હેં ચમત્કાર? હા. જંગલમાં ગયા પછી મને તો કલ્પાંતનો પાર ન હતો. ત્યાં આ માદળિયામાંથી ચિઠ્ઠી નીકળી. તે વાંચી હિંમત મેળવી. પછી તો મિત્ર રાજાની સહાયતાથી પાછા આપણે આબાદ બની ગયાં.

ખરો ચમત્કાર હજુર! થાય જ ને. દુશ્મનનું શું ગજું? "ચિઠ્ઠીમાં એવું તે શું લખ્યું હતું! "આ પણ ટકવાનું નથી" એવું લખ્યું હતું. આપે એનો શો અર્થ કર્યો? એનો અર્થ એવો કર્યો કે તને ભલે દુઃખ આવ્યું પણ તે ઝાઝો સમય ટકવાનું નથી. પ્રધાન કહે છે ક્ષમા કરજો હજુર! એનો અર્થ એવો પણ થાય છે કે આ વૈભવ-સુખ-સંપત્તિ પણ ટકવાનાં નથી. આ સાંભળી રાજા ઠંડો જ પડી ગયો. મનમાં હવે મંથન ચાલ્યું. વાત સાચી છે. ખરેખર! આ સંસારના ભોગો કાયમ ટકવાના નથી. એમ સમજી રાજગાદી પોતાના પુત્રને સોંપી પોતે મહર્ષિ બન્યા. આ રાજા અને મંત્રી કેવા? મંત્રીએ રાજાની દૃષ્ટિ ફેરવી, વલણ ફેરવ્યું. વલણ ફરે તો સમ્યક્ત્વ તો શું પણ ચારિત્ર આવતાં પણ વાર ન લાગે.

અહીંયા પણ એક જ વખત સંત સમાગત થતાં આ બે બ્રાહ્મણ પુત્રોની દૃષ્ટિ ફરી ગઈ છે. ચારિત્ર લેવાની જેમના ચિત્તમાં ચટપટી લાગી છે તેવા પુત્રો એમના પિતાને કહે છેઃ- હે બાપુજી! સંસારનાં કામભોગ સર્વ અનર્થોની ખાણ જેવાં છે. અમને તો એક ક્ષણ પણ અહીં ગમતું નથી. જેમ કોઇ યુવાન સ્ત્રી વિધવા થાય છે ત્યારે એને પુરાણા રિવાજ પ્રમાણે સારામાં સારું ઘરચોળું ઓઢાડે છે, દાગીના પહેરાવે છે, એક

બાજુ ઘરચોળા પહેરાવાય અને બીજી બાજુ એનો ચુડો ભાંગવાનો હોય ! આ ઘરચોળા બાઈને અંગારા જેવા લાગે છે. એ જ ઘરચોળું લગ્ન વખતે પહેર્યું હશે ત્યારે એના મનમાં કેટલો આનંદ હશે ? એક જ ઘરચોળું એક વખત પહેરતાં આનંદદાયક લાગ્યું અને બીજી વખત પહેરતાં દુઃખદાયક લાગ્યું. આ સંસારનાં એકેક પદાર્થો એવાજ છે. એક ક્ષણે સુખ આપનાર પદાર્થ બીજી જ ક્ષણે દુઃખ આપનાર બને છે. એમાં શા માટે રાચવું જોઈએ ? હજુ આ પુત્રો આગળ શું કહેશે તેનાં ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૬૪

ભાદરવા વદ ૮ ને મંગળવાર તા. ૨૨-૯-૭૦

સર્વજ્ઞ પરમાત્માએ જગતના જીવોના એકાંત સુખને અર્થે સિદ્ધાંત રૂપ વાણીનું પ્રકાશન કર્યું. સિદ્ધાંત એટલે ત્રણે કાળમાં સિદ્ધ થયેલી વસ્તુ તેનું નામ સિદ્ધાંત.

આપણે ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪ મા અધ્યયનનો છ જીવોનો અધિકાર ચાલે છે. ભૃગુ પુરોહિતના બંને પુત્રો દેવભદ્ર ને જશોભદ્રને ભગવંતના નિર્ગ્રંથ પ્રવચનમાં અપૂર્વ શ્રદ્ધા થઈ છે. તેથી તેમના આત્મામાં ઉલ્લાસ આવી ગયો છે. જ્યાં સુધી જીવની પાસે દર્શન મોહનીય કર્મ છે ત્યાં સુધી જીવને સમ્યક્‌દર્શન થઈ શકતું નથી. આ દર્શન-મોહનીય કર્મ જીવ છ પ્રકારે બાંધે છે. ૧) કેવળજ્ઞાની અને જ્ઞાનીઓની નિંદા કરે તો જીવ મોહનીય કર્મ બાંધે. ૨) ગુરૂ અને સંઘની નિંદા કરે તથા અવર્ણવાદ બોલે તો જીવ મોહનીય કર્મ બાંધે. ૩) વીતરાગનાં પ્રરૂપેલાં સિદ્ધાંતના વચનોની નિંદા કરે તો જીવ મોહનીય કર્મ બાંધે. ૪) અરિહંતની નિંદા કરે તો જીવ મોહનીય કર્મ બાંધે. ૫) જૈન માર્ગની નિંદા કરે તો જીવ મોહનીય કર્મ બાંધે. ૬) કુમાર્ગનો પ્રકાશ કરે તો જીવ મોહનીય કર્મ બાંધે.

આ દર્શન મોહનીય કર્મનો નાશ સ્વરૂપના નિર્ણયથી થાય છે. અને તેને સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થાય છે. જ્યારે આત્મામાં અપૂર્વભાવ પ્રગટ થાય છે ત્યારે જીવની અંદર રણકો વાગે છે. અહીંયા બંને પુત્રોના આત્મામાં આવો રણકાર થઈ ગયો છે. તેથી તેઓ એ જ વિચારે છે કે અનંતકાળથી જે મને નથી મળ્યું તે આજે મળ્યું છે. આ બંને પુત્રોને સત્ય સ્વરૂપની પિછાણ થઈ ગઈ છે. બંધુઓ ! જીવ અનંત કાળથી પરમાં સ્વપણું માનીને બેસી ગયો છે. પણ તેની આ માન્યતાને તો પહેલી જ કાઢવી

પડશે. આ સુંદર મનુષ્યનો ભવ મિથ્યાત્વમાં રગદોળવા માટે નથી મળ્યો. માટે તમે સર્વજ્ઞના સત્ય વચનમાં શ્રદ્ધા રાખતાં શીખો. અને એ શ્રદ્ધા રાખવામાં તમારે લાખ કે ક્રોડ રૂપિયાનો ખર્ચો કરવાનો નથી. જીવ ચાર કારણથી સંસારને ઘટાડે છે. તેમાં સૌથી પ્રથમ જીવ જીવદયા પાળે તો સંસારને ઘટાડે છે. ધર્મરૂચિ અણગારે કીડીઓની તથા બીજા જીવજંતુઓની કરૂણા લાવીને સંસાર પરિત કરી નાંખ્યો. શાંતિનાથ ભગવાનના પૂર્વ ભવમાં મેઘરથ રાજાના જીવે પારેવાની દયા પાળીને સંસારને ઘટાડી નાંખ્યો. તમારે પણ જો સંસારને પરિત કરવો હોય તો તમે જીવ દયા પાળો, બીજા પાસે પળાવો અને જે પાળતા હોય તેને અનુમોદન આપો. જેનું શરીર કાયમને માટે માંદું રહેતું હોય તો તે જીવે જાણવું જોઇએ કે તેણે જીવદયા પાળી નથી. જીવ હિંસા કરવાથી જીવ અલ્પ આયુષ્ય બાંધે. અશાતા વેદનીય કર્મ બાંધે. આપણા જૈન ધર્મના બધા સિદ્ધાંતો અહિંસાના પાયા પર નિર્ભર છે. "અહિંસા પરમો ધર્મ:" એ સુવર્ણ સૂત્રથી જૈન-ધર્મનો ઝંડો ફરકયો છે. બંધુઓ! તમને જે ન ગમે તે બીજાને પણ ન ગમે એમ સમજીને તમારું ધ્યેય જીવદયામાં રાખો. આ પહેલી વાત થઈ જીવદયાની. કે જીવદયા પાળે તો જીવ સંસાર ઘટાડે.

હવે બીજું કારણ એ છે કે સમકિત નિર્મળ પાળવાથી જીવ સંસાર પરિત કરી નાંખે છે. સતી સુલાસની જેમ. ૩) બ્રહ્મચર્ય પાળવાથી પણ જીવનો સંસાર ઘટે છે. ૪) સાધુ-સાધ્વીને નિર્દોષ-સૂઝતો આહાર વહોરાવે તો પણ જીવનો સંસાર પરિત થાય છે.

દેવભદ્ર અને જશોભદ્રને આ સંસાર દુઃખમય લાગ્યો છે. તમને સંસાર કેવો લાગે છે? દુઃખી કરે એવો કે સુખી કરે એવો? આ સંસારમાં દુઃખ ઘણું અને સુખ અલ્પ-નામ માત્રનું. પણ એ સુખની લાલચ જીવને એવી વળગી છે કે દુઃખી જીવ પણ સુખની આશામાં જીવે છે. અને સુખી જીવ સુખમાં એવો ગાંડો બની જાય છે કે આગળ મારું શું થશે તેની ચિંતા જ તેને ઘણું કરીને થતી નથી. એ સુખ ઉપરથી આંબો ઉઠે તો ગમે તેટલું સુખ મળ્યું હોય તો એમ થશે કે આ સુખ કાંઈ મારી મુક્તિનો દાતા નથી. આ સુખ તો એવું છે કે જે એને વળગે તેને એ દુઃખી કર્યા વિના રહે નહિ. હવે મારે આ સંસારના અલ્પ સુખની ઈચ્છા કરવી નથી પણ મારે તો મુક્તિનો ઉપાય શોધવો છે. સંસારનું કોઈપણ સુખ જો આપણે સાવધ ન હોઈએ તો દુઃખદાયક છે. એટલે આ દુઃખથી છૂટવા માટે સંસારનું સુખ મેળવવાનો પુરૂષાર્થ કરવો જોઈએ નહીં. આવું જ્યારે જીવને સમજાઈ જાય ત્યારે એને ખરેખર ધર્મની જરૂર પડે. અને તેની સાથે શુદ્ધ યથાપ્રવૃત્તિકરણ શરૂ થઈ જાય. એમાંથી અનુક્રમે અસંખ્ય ગુણ-નિર્જરા થવા જેવી સ્થિતિ પેદા થાય અને એમાં વધતા વધતા જીવ સમ્યક્‌દર્શન ગુણને પામી જાય.

બન્ધુઓ! જ્ઞાન તો ક્ષયોપશમ પ્રમાણે હોય છે. પણ જો ચારિત્ર નિર્મળ હોય, હૃદય સરળ હોય, તો એક નવકારનો ગણનારો પણ કેવળજ્ઞાન પામી જાય છે.

એક વખત એક માણસને વીતરાગની વાણી સાંભળીને વૈરાગ્ય આવ્યો. દીક્ષા લેવા તૈયાર થઈ ગયો. ઉત્કૃષ્ટ વૈરાગ્ય જોઈ ગુરૂએ દીક્ષા આપી. દીક્ષા તો લીધી પણ નવકાર-મંત્ર જેટલું એનામાં જ્ઞાન ન હતું. દીક્ષા લઇને એણે ગુરૂને કહી દીધું કે હે ગુરૂદેવ ! મને કંઈ આવડતું જ નથી. હું અજ્ઞાન છું, અબુધ છું. મેં જગતમાં પૂજાવા કે જાહેરાત કરવા દીક્ષા નથી લીધી. હું તો આપની પાસે કંઈક પામવા આવ્યો છું. આપ કૃપા કરીને મને જ્ઞાન આપો. ગુરૂ જ્ઞાની છે. જોયું કે એને જ્ઞાનાવરણીય કર્મનો જબ્બર ઉદય છે, એટલે એને કહ્યું કે જો ભાઇ ! ભગવાનના બધા ય સંતો કંઇ જ્ઞાની નથી હોતાં.

એકેક મુનિવર રસના ત્યાગી, એકેક જ્ઞાન ભંડાર રે...પ્રાણી....
એકેક મુનિવર વૈયાવચ્ચ વૈરાગી, એના ગુણનો નાવે પાર રે....પ્રાણી
સાધુજીને વંદણા નિત નિત કીજે....

ભગવાનના બધા સંતોમાં કોઈ તપસ્વી હોય છે તો કોઇ જ્ઞાની હોય છે, કોઈ વિનયવાન હોય છે, પણ બધા જ ગુણવંત અને પૂજનીક છે. અહીં એકલા જ્ઞાનને મહત્વ આપ્યું નથી. જ્ઞાનની સાથે સરળતા, ક્ષમા, વિનય આદિ ગુણો હોવા જોઈએ.

આ શિષ્યને ગુરૂએ કહ્યું ભાઇ ! તારે કોઇ પણ જાતનો ભેદભાવ રાખ્યા સિવાય દરેક પંચમહાવ્રતધારી સંતોની સેવા કરવી. સેવા કરવામાં પણ મહાન લાભ છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ મા અધ્યયનમાં ભગવાનને પ્રશ્ન કર્યો કે હે પ્રભુ !

" वेयावच्चेणं भंते जीवे किं जणयइ ? वेयवच्चेणं तित्थयर नाम गोत्तं कम्मं निबन्धइ । "

વૈયાવચ્ચ કરવાથી પણ આ જીવ તીર્થંકર નામ કર્મ બાંધે છે. વિનયવંતનો ઇતિહાસ ભણી જવાથી વિનયવાન બની જવાતું નથી. વિનય કરવો એ કંઇ સહેલી વાત નથી. ઉપર ઉપરથી બે કામ કરી દેવાથી વિનય કર્યો ન કહેવાય. પણ વિનય કરતાં ગમે તેવી કસોટી આવે, ગુરૂ કદાચ કઠોર વચનો કહી દે તો પણ પ્રસન્ન રહેવું જોઈએ. ત્યારે જ સાચો વિનય કર્યો કહેવાય.

આ શિષ્યને જ્ઞાન નથી પણ સરળ ખૂબ છે. ગુરૂની આજ્ઞા પ્રમાણે દરેક સંતોનો ખૂબ વિનય કરે છે. ખૂબ આનંદપૂર્વક, ચિત્તની પ્રસન્નતાપૂર્વક, આ મારા અને આ મારા નહિ એવા ભેદભાવ વિના સેવા કરે છે. એણે એવી સેવા કરી કે દેવલોકમાં પણ એમનાં વખાણ થયાં. તમે બધા જેમ ભેગા થઈને વાતો કરો છો, તેમ દેવો પણ એમની સભામાં વાતો તો કરે. તમે દૃઢધર્મી હો, શ્રદ્ધાવાન હો તો તમારા પણ દેવલોકમાં વખાણ થયા વિના ન રહે. તમારા વખાણ થાય ત્યારે મિથ્યા દૃષ્ટિ દેવને એમ થાય કે ઇન્દ્ર-મહારાજા આપણી પ્રશંસા નથી કરતા અને મૃત્યુલોકના માનવીની પ્રશંસા કરે છે !

આમ મિથ્યા દૃષ્ટિ જીવને દુઃખનું કારણ બને છે. અવળાઈને કારણે જીવે અનાદિ

કાળથી પરના દોષો જોયાં છે, પણ સ્વદોષ તરફ એણે દૃષ્ટિ કરી નથી. જ્ઞાની ભગવંત કહે છે હે જીવ! જ્યાં સુધી તું પરાયા દોષો જોયા કરીશ અને સ્વ-દોષોને શોધીને દૂર નહિ કરે ત્યાં સુધી ત્રણ કાળમાં તારું કલ્યાણ નહીં થાય.

અહીં આ મિથ્યાત્વી દેવથી સહન ન થયું. એટલે જૈન મુનિનું રૂપ લઈને ગામના પાદરમાં આવીને બેઠાં. શરીર તો એવું બનાવ્યું કે જાણે રક્તપિત થયો હોય તેમ આખા શરીરમાંથી લોહી ને પરૂના ઢગલાં થાય છે. દુર્ગંધનો પાર નથી. એવું શરીર બનાવ્યું છે. અને ગામમાં કહેવડાવે છે કે પેલો સાધુડો વિનયવાન- સેવાભાવીનો ઈલ્કાબ લઈને બેઠો છે, એને કહેજો કે અહીં મારી સેવા કરવા આવે. કેવું કહેવડાવ્યું! ગામમાં આવીને માણસે ખબર આપ્યા. આ વિનયવંત સંતને તે દિવસે જ માસખમણનું પારણું છે. આ સંતે હજી પારણું પણ કર્યું નથી. ગૌચરી મૂકીને ખબર મળતાં જ ગામના પાદરમાં આવ્યા. સંતના ચરણમાં પડયા. ત્યારે પેલા સંત કહે છે : મોટો સેવાભાવીનો બિલ્લો લઈ ને બેઠો છે. મેં કયારના ખબર મોકલાવ્યા છે. કંઈ ખબર પડે છે કે નહિ! હાલ્યો હાલ્યો દોઢ કલાકે આવ્યો. ખૂબ ક્રોધ કર્યો. પણ ક્ષમાના સાગર મુનિના મનમાં ક્રોધ ન આવ્યો. વિનયપૂર્વક કહે છે, ગુરૂદેવ! મારી ભૂલ થઈ ગઈ. ક્ષમા કરો. હવે આપ ઉપાશ્રયે પધારો. ત્યારે કહે છે-મને ખૂબ તરસ લાગી છે. પહેલાં પાણી લઈ આવ, પછી આવું છું. તો કહે છે તહેત.

સંત કહે છે, જોજે તારી માટલીનું પાણી ન લાવતો, મારે એ નહિ ખપે, ગામમાંથી વહોરીને લાવજે. આ સંત ગામમાં ગયા. ઘેર ઘેર ફર્યા પણ કયાંય પાણીનો છાંટો ન મળ્યો. અને હોય તો અસૂઝતું હોય. ફરીને પાછા આવ્યા. ચરણમાં પડીને કહે છે. ગુરૂદેવ! કમભાગી છું. કયાંય પાણીનો જોગ ન મળ્યો. કેવો કમભાગી કે હું આપની સેવા ન કરી શકયો! આંખમાં આંસુ આવી ગયા. વિનયપૂર્વક ચરણમાં પડીને કહે છે ગુરૂદેવ! આપ ગામમાં પધારો. મારા ખંભે બેસી જાવ. લોહી પરૂના ઢગલાં થાય છે. એવા સંત એમના ખંભે બેસી ગયા. ગામમાં લાવ્યા. પાણી પાયું. પછી કહે છે મને તો-ભૂખ લાગી છે. ત્યારે કહે છે ગુરૂદેવ! ગૌચરી તૈયાર છે. આહાર, પાણી આપે છે. તો બધા પાતરામાં લોહી પરૂવાળા હાથ નાંખી બધો આહાર ચૂંથી નાંખ્યો, એઠો-જૂઠો કરીને કહે છે, હવે મારે નથી ખાવું. એમ કહીને ઉઠી ગયા. આ વિનયવંત સંત કહે છે ગુરૂદેવ! આજે તો લૂખો આહાર લાવ્યો હતો. પણ આપે મારા ઉપર કૃપા કરીને અંદર કેટલું બધું ઘી નાંખી દીધું! માસખમણના તપસ્વી સંત અમૃતની જેમ એ આહાર આરોગી ગયાં. આ કાળમાં આવો વિનય કોઈ ભાગ્યવાન જ કરી શકે. તે સમયે દેવે ઉપયોગ મૂકીને જોયું કે અહો! જોઉં તો અરે કે એના અંતરમાં આનંદ છે કે ખેદ? જોયું તો માસખમણનું પારણું છે. અંતરમાં આનંદ છે. કષાયનું નામ ન મળે. ખરેખર સો ટચનું સોનું છે. તરત જ ત્યાં દેવ પોતાના અસલ સ્વરૂપમાં પ્રગટ થાય છે.

અને ચરણમાં પડીને કહે છે ધન્ય છે : મુનિરાજ ! આપની સમતાને ! આપની તોલે વિનયમાં કોઈ નહિ આવે. મેં જેવા આપના વખાણ સાંભળ્યા હતાં તેવા જ આપ છો. દેવે ઝૂકી ઝૂકીને નમસ્કાર કર્યા. અંતે વિનય કરતાં કરતાં એ મુનિના જ્ઞાનવરણીય કર્મનું આવરણ ખસી જાય છે અને છેવટે કેવળજ્ઞાન પામે છે.

સાચા વૈરાગીની જેમ જેમ કસોટી થાય તેમ તેમ તે મજબૂત બને છે, પણ પોતાનો નિશ્ચય ફેરવતાં નથી. અમારા ગુરૂદેવ પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબનાં સુશિષ્ય બા. બ્ર. હર્ષદમુનિ મહારાજ હતા. જેઓની સ્વર્ગતિથિ પોષ વદી પાંચમની આવે છે, પણ ચાતુર્માસમાં વધુ ધર્મધ્યાન થાય એટલા માટે ખંભાત સંઘે ભાદરવા વદ પાંચમની તીથી નિર્માણ કરી છે. ખંભાત સંપ્રદાયના દરેક ક્ષેત્રમાં તે દિવસે ખૂબ ધર્મકરણી થાય છે.

તેઓ બાલ્યકાળમાં જ વૈરાગ્ય પામ્યાં હતાં. તેઓ મૂળ લખતર પાસે વણા ગામના વતની હતાં. બોટાદ સંપ્રદાયના મૂળચંદજી મહારાજ સાહેબના શિષ્ય દુર્લભજી મહારાજ સાહેબ હતાં તેઓ તેમના સંસારી પક્ષે દાદા થાય તેમની પાસે દીક્ષા લેવાના ભાવ હતા. કોઈ કોઈ વખત તેમની પાસે જઈને અભ્યાસ કરતા. પણ એમના પિતાશ્રી દીક્ષાના કટ્ટા વિરોધી હતાં. એ જાય એટલે જઈને લઈ આવે. એવામાં એવું બન્યું કે દુર્લભજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યા. એમનું મૂળ નામ ડુંગરશીભાઈ હતું. ગુરૂદેવ કાળધર્મ પામ્યા. એમની વિસામાની ડાળ તૂટી ગઈ. એમણે નિર્ણય કર્યો કે સંયમ નૌકાના સાચા સુકાની ન મળે ત્યાં સુધી મારે દરરોજ પાણી સહિત છ જ દ્રવ્યો વાપરવા. તેમાં પણ દરરોજ એક દ્રવ્યનો ત્યાગ કરે એટલે ચાર જ વસ્તુ ખાવાની. એમના બાપુજી એમને સાણંદ એક દેરાવાસીને ત્યાં નોકરી કરવા માટે મૂકી ગયા.

સાચો વૈરાગી કયાંય છૂપો રહેતો નથી. જેમ રણસંગ્રામમાં શૂરવીર કદી છૂપો ન રહે તેમ સાચો વૈરાગી ગમે ત્યાં જાય તો પણ છૂપો રહેતો નથી. એક વખત તો એમના પિતાશ્રીએ એમના પગમાં એવી છૂટી કુહાડી મારી હતી કે જો કુહાડી વાગે તો તારો પગ ભાંગી જાય તો તું દીક્ષા લેતો અટકી જાય ને ! પણ બન્યું એવું કે સવળી કુહાડી એમના પગ પાસે આવતાં અવળી થઈ ગઈ. ને સહેજ દૂર રહી ગઈ. પણ વાગી નહીં. છતાં એટલી જ મક્કમતા હતી. એ ડુંગરશીભાઈ સાણંદમાં નોકરી કરતા હતાં તો પણ દરરોજ પોતાના નિત્ય-નિયમ-સામાયિક-પ્રતિક્રમણ વિગેરે ચૂકતા ન હતાં. તે સિવાય દુકાનમાં ઘરાકી ન હોય ત્યારે સમય મળે ધાર્મિક અભ્યાસ પણ કરતા હતાં.

દરરોજ ઉપાશ્રયમાં આવીને ધર્મધ્યાન કરતાં. પણ પોતાના જીવન નૌકાના સુકાની નહિ મળવાથી એમના મન ઉપર ખૂબ ઉદાસીનતા રહેતી. સાણંદના શ્રાવકોના મનમાં થયું કે આ છોકરો કોઈ ભવ્ય આત્મા છે. કોઈ વૈરાગી જીવજો લાગે છે. પણ કોઈ અજાણ્યો લાગે છે. એક દિવસ વાડીભાઈ (બા. બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીજીના સંસારી

પિતાશ્રી) તથા શકરાભાઇએ તેમને પૂછયું કે ભાઈ! તમે કયાંના રહેવાસી છો? અહીં કયા કારણે આવ્યા છો? આ બધું પૂછતાં ડુંગરશીભાઈએ પોતાની બધી વાત કરી કે હું મારા સાચા તારણહારની શોધમાં છું. ત્યારે વાડીભાઇ અને શકરાભાઈએ કહ્યું કે જો આપને ભાવના હોય તો અમારા ખંભાત સંપ્રદાયના આ. પ્ર. પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબનું આપને મિલન કરાવી આપીએ. વાડીભાઈએ કહ્યું. મારી દિકરીએ પણ દીક્ષા લીધેલી છે. જો તમારું મન ત્યાં ઠરે તો ત્યાં દીક્ષા લેજો. એમણે ભાવના બતાવી એટલે વાડીભાઈ તેમને પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ પાસે લઈ ગયાં. પૂ. રત્નચંદ્રજી ગુરૂનું રત્ન સમ તેજસ્વી મુખડું જોતાં જ ડુંગરશીભાઈનું હૈયું ઉલસી ગયું. અને પૂ. ગુરૂદેવની પાસે તેઓ જ્ઞાનાભ્યાસ માટે રોકાઈ ગયાં. પોતાને જોઈએ તેવા સાચા સુકાની–સમર્થ ગુરૂદેવ મળી ગયા. પછી તો વૈરાગીના આનંદનું પૂછવું જ શું?

બીજી તરફ એમના બાપુજીને ખબર પડી કે ડુંગરશી તો ભણવા ગયો છે. એટલે તાબડતોડ સાણંદ આવ્યા. વાડીભાઈ તથા શકરાભાઇને કહે છે કે, તમે તમારા મનમાં સમજો છો શું? મારા દિકરાને શા માટે મૂકી આવ્યા? ખૂબ ક્રોધ હતો. બધી વરાળ ઠાલવી. વાડીભાઇએ કહ્યું કે ભાઇ! તમારો દિકરો પાછો આવે તો લઇ આવો. અમે પરાણે મૂકી આવ્યાં નથી. મારી દીકરીએ દીક્ષા લીધી તો અમારું ચાલ્યું નથી, તો તમારા દિકરાની વાત કયાં કરવી? તેમના પિતાશ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબ પાસે આવ્યા. ક્રોધથી ધમધમતા આવ્યા હતાં પણ જ્યાં પૂ. ગુરૂદેવની શાંત મુખમુદ્રાના દર્શન કર્યા ત્યાં આપો-આપ ક્રોધ શમી ગયો. મહાન ત્યાગી પુરૂષોના ચારિત્રનો પ્રભાવ પણ અલૌકિક હોય છે. ગુરૂદેવના ચરણમાં પડીને કહે છે-ગુરૂદેવ! આપે શું જાદુ કર્યું! હું તો ડુંગરશીને લેવા આવ્યો હતો, પણ હવે હું આજથી તેને દીક્ષાની આજ્ઞા આપું છું. આપને જ્યારે ઇચ્છા હોય ત્યારે આપ દીક્ષા આપી શકો છો. જુઓ! વૈરાગીને ઘેર લઇ જવા આવ્યા હતાં પણ દીક્ષાની રજા આપી દીધી. ત્યાં ને ત્યાં દીક્ષાનું મુહુર્ત જોવડાવ્યું. દિવસ નક્કી કર્યો. અને એમના પિતાજી કહે છે ભાઇ! હવે તું થોડા દિવસ ઘરે ચાલ. બધા સગાવહાલાંને મળીને પછી આવજે.

ડુંગરશીભાઇ પિતાજીની સાથે સુરેન્દ્રનગર આવ્યાં. કારણ કે પછી તેઓ સુરેન્દ્રનગર રહેતાં હતાં. એક મહિનો ત્યાં રહી માતા–પિતાને સંતોષ પમાડીને તેઓ પાછા ગુરૂદેવ પાસે આવ્યા. હવે દીક્ષાના ૧૩ દિવસો બાકી રહ્યાં એટલે એમના પિતાજીએ બધા સગાંને તેડાવી લીધાં. બીજે દિવસે દીક્ષામાં જવું છે. પણ કુદરત કંઇ જુદું જ વિચારે છે. એટલે ડુંગરશીભાઇના પિતાશ્રીને એકાએક રાત્રે ડાબી સાઇડમાં પડખાનો દુખાવો ઉપડયો. ડોકટરો બોલાવ્યા. પણ કોઇનો કંઇ જ ઇલાજ કામ ન લાગ્યો. ચાર કલાકની ટૂંકી બિમારી ભોગવીને તેઓ ફાની દુનિયાનો ત્યાગ કરીને ચાલ્યા ગયા! આનંદને સ્થાને શોક છવાઇ ગયો!

પૂજ્ય મહારાજ સાહેબ ડુંગરશીભાઈ ને કહે છે ભાઈ! તારા બાપુજીનું અકસ્માત અવસાન થઈ ગયું છે. તારા ભાઈઓમાં તું સૌથી મોટો દિકરો છે. માટે એ બધાનો આશ્વાસન ખાતર તું થોડા દિવસ દીક્ષામાં ફેરફાર કર. ત્યારે સાચો વૈરાગી આત્મા કહે છે ગુરૂદેવ ! મારી દીક્ષાની તિથિ નહિ ફરે. મારા પિતાજી ગયા ને કોને ખબર છે કે, હું નહિ ચાલ્યો જાઉં ? આયુષ્યનો ભરોસો નથી. મારી ક્ષણ ક્ષણ લાખેણી જાય છે. બાપજી જે દિવસે તેરમું હતું તે જ દિવસે દીકરાએ દીક્ષા લીધી. અઢાર વર્ષની બાળવયમાં દીક્ષા લઈ ૨૯ વર્ષની ઉંમરે દશ વર્ષ સંયમનું પાલન કરીને કામ કાઢી ગયા. એવા દૃઢ વૈરાગી આત્માઓનો ભેટો મળવો મુશ્કેલ છે. જેવો વૈરાગ્ય હતો તેવો જ તેમનો વિનય હતો. ખૂબ જ્ઞાન મેળવી તેઓ સુવાસ ફેલાવી ગયાં છે. એ પવિત્ર આત્માને આપણા કોટિ વંદન હોજો.

અહીં આ બે બાલુડાઓનો વૈરાગ્ય પણ ખૂબ મજબૂત છે. એમના પિતાજીને કહે છે બાપુજી ! કામભોગ તો કીચડનાં કૂંડા જેવા છે. કીચડથી ખરડાયેલાં કપડાં કીચડમાં ન ધોવાય. પણ શુદ્ધ જળમાં જ ધોવાય નહિંતર ખરડાઈ જાય. તેમ આત્માને કામભોગ રૂપી કીચડમાં રગદોળવાથી ઉજ્જવળ નહિ બને. પણ સંયમના શુદ્ધ જળ વડે જ આત્મા પવિત્ર બનશે. કામભોગો તો અનર્થની ખાણ છે. માટે અમે એમાં નહિ રાચીએ. હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૬૫

ભાદરવા વદ ૯ ને બુધવાર, તા. ૨૩-૯-૭૦

અનંત જ્ઞાની, પરમ તારક, વિશ્વવત્સલ, વિભુની વાણી તેનું નામ સિદ્ધાંત. જગતના જીવોના કલ્યાણને અર્થે મહાન પુરૂષોએ આગમમય વાણી બતાવી. આગમ એટલે અરિસો. જેમ તમારાં મુખ ઉપર ડાઘ પડે છે ત્યારે તમે અરિસામાં દૃષ્ટિ કરીને મુખ ઉપર રહેલો ડાઘ દૂર કરો છો, તેમ આત્મા ઉપર અનાદિકાળથી રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયોનાં જે ડાઘ પડી ગયાં છે તેને સાફ કરવાને માટે આગમ રૂપી અરીસાની જરૂર છે. અરીસો જેટલો સ્વચ્છ હશે તેટલું તેમાં મુખનું પ્રતિબિંબ પણ સ્વચ્છ પડશે. તેમ તમારું મન જેટલું સ્વચ્છ હશે તેટલું તમે જલ્દી આત્મદર્શન કરી શકશો.

એક વસ્ત્ર ઉપર રંગ ચઢાવવો હશે તો તે વસ્ત્રને પણ પહેલાં ધોઈ ને સ્વચ્છ બનાવવું પડશે. વસ્ત્ર જેટલું શુદ્ધ હશે તેટલો તેને રંગ પણ સારો ચઢશે. મેલું હશે તો

આવ્યા પડી જશે. દિવાલ સ્વચ્છ અને સપાટ ન હોય તો રંગ બગડે. અને મહેનત માથે પડે છે. ચિત્ર ખીલી ઉઠતું નથી. તે જ રીતે જેનું હૃદય અને મન પવિત્ર હોય છે તેના આત્માને વૈરાગ્યનો રંગ સારો ચઢી શકશે.

અનાદિકાળના મલીન આત્માને સ્વચ્છ બનાવવા માટે વીતરાગની વાણી રૂપી પાણી છે. અને સમ્યકત્વ રૂપી સાબુ છે. આ બે વસ્તુઓ જેના હાથમાં આવી જાય તેનો આત્મા પવિત્ર-સ્વચ્છ બન્યા વિના રહે નહીં.

અહીં દેવભદ્ર અને જશોભદ્ર એ બંને બાલુડાનો આત્મા સ્વચ્છ બની ગયેલો છે. એક જ વખત સંતના દર્શન થતાં વૈરાગ્યનો મજીઠીયો રંગ ચઢી ગયો. મજીઠીયો રંગ ગમે તેવા તડકે કપડાં સૂકવવામાં આવે, ઉકળતા પાણીમાં બાફવામાં આવે તો પણ ઝાંખો પડતો નથી. તે જ રીતે આ બે બાળકોને એમના માતા-પિતા ગમે તેવી કસોટી કરે તો પણ એમનો વૈરાગ્યનો રંગ ઉતરે તેમ નથી. સાચો વૈરાગી જેમ જેમ કસોટી થાય તેમ તેમ મજબૂત થાય છે. માટીનો ગોળો પોચો હોય પણ જેમ જેમ અગ્નિમાં તપે તેમ તેમ તે મજબૂત બનતો જાય છે. તેમ સાચા વૈરાગી આત્માઓ જેમ જેમ કસોટીની ભઠ્ઠીમાં તપે તેમ તેમ વૈરાગ્યનાં તેજ વધુ ઝગઝગી ઉઠે છે. દેવભદ્ર નિડરપણે એના પિતાને કહી દે છે કે હે પિતાજી ! આપ અમોને જે સુખોને માટે આમંત્રણ આપો છો; એ તો સંસાર રૂપી કાદવના કુંડામાં ખૂંચી જવાનું છે. અને આ સંસારના બધા જ સ્નેહો અને પદાર્થો કેવાં છે :-

તન-મન-સાધન સહુ જગનાં ફના થવા સર્જાયા છે,
રાચ-રચીલા મહેલ મજેના, ફના થવા સર્જાયા છે,
માતા-પિતા કે ભ્રાતા ભગિની, ફના થવા સર્જાયા છે,
દિલથી દિલભર થઈ રહેવાના, ફના થવા સર્જાયા છે.''

જગતનો એક પણ પદાર્થ શાશ્વત રહેનાર નથી. સર્વ સંબંધો ક્ષણિક છે. કોના ઉપર મમતા કરવા જેવી છે ! જે સુખો ઘડીકમાં હસાવી જાય અને ઘડીકમાં રડાવી જાય તેના ઉપર મોહ શા માટે કરવો જોઈએ ? જ્યાં સુધી અમે અજ્ઞાન હતા ત્યાં સુધી પૌદ્ગલિક સુખોમાં રાચ્યા. હવે અમને સમજાઈ ગયું છે કે આ ક્ષણિક સુખો લાંબા કાળ સુધી દુઃખ દેનાર છે. આ તો જાણી પ્રીછીને ખોટનો ધંધો કરવા બરાબર છે. માટે અમે એમાં રાચીશું નહિ. હજુ પણ બે બાળકો શું કહે છે :-

परिव्वयन्ते अणियत्तकामे, अहो य राओ परितप्पमाणे ।
अन्नपमत्ते धणमेसमाणे, पप्पोति मच्चुं पुरिसे जरं च ॥

उत्त. सू. अ. १४ गाथा १४

કામભોગોથી નિવૃત્ત નહિ થયેલા આત્માઓ રાત-દિવસ ચારે દિશાઓમાં પરિભ્રમણ કરતાં ખૂબ પરિતાપના પામી રહ્યાં છે. એટલે રાત દિવસ ચિંતા રૂપી અગ્નિમાં જલી રહ્યાં છે. તેમજ પુત્ર-પરિવારને માટે ધન ભેગું કરવાને માટે અસહ્ય કષ્ટો વેઠે છે. એમાં ને એમાં અમૂલ્ય માનવ જિંદગી ખતમ થઇ જાય છે. ધન મેળવવાને માટે દેશ છોડીને પરદેશ જાય છે. તો કોઇક તો ત્યાં ને ત્યાં જ વૃદ્ધ થઈ જાય છે અને મૃત્યુ પામે છે.

બંધુઓ ! આ ઉપરથી તમને લાગે છે કે હવે આ સંસારમાંથી સમજીને સરકી જવા જેવું છે ! સમજદાર – વિચક્ષણ પુરૂષો તો સમજીને સરકી ગયાં. જેમ તમે ધન લઇને રસ્તેથી જતાં હો તે સમયે તમને કોઈ ગુંડાઓ ચારે તરફથી ઘેરી લે તો પણ તમે ગમે તેમ કરીને તે ગુંડાઓના ટોળામાંથી સરકવાનો પ્રયત્ન કરો છો ને ? તે જ રીતે તમારા કુટુંબ પરિવારથી તમે ઘેરાઈ ગયાં છો. તમને અમે કહીએ છીએ કે હે દેવાનુપ્રિયો ! હવે આમાંથી નિવૃત્તિ મેળવો. તો તમે કહેશો કે હવે તો આ બધી જંજાળ ઉભી કરી. હવે કેવી રીતે છુટાય ! તમે ધારો તો સમજણપૂર્વક એમાંથી મુક્ત બની શકો છો. પરિવારે ગમે તેટલા ઘેરી લીધાં હોય, પણ તેમાંથી જે માણસ સમજીને અસી જાય છે, તેને ભગવાન કહે છે કે તે ભાગ્યવાન છે. માની લો કે તમારા ગામમાં અકસ્માત તોફાન ફાટી નીકળે તે સમયે તમારો દિકરો બહાર ગયો છે. એ ક્યાંય ફસાઈ ગયો છે, તેની તમને ખબર નથી. વાતાવરણ ખૂબ તંગ બન્યું છે. તે વખતે તમને કેટલી ચિંતા થાય ? પણ તમારો દિકરો ભયંકર વાતાવરણમાંથી બચીને ક્ષેમકુશળ ઘેર આવી જાય તો તમે શું કહો છો ? દિકરા ! પૂરો ભાગ્યશાળી કે આવા તોફાની વાતાવરણમાં પણ તું બચી ગયો. અમારી ચિંતા મટી ગઈ. તમે એને ભાગ્યશાળી કહો છો.

ભગવાન કહે છે હે આત્મા ! તું ચાર ગતિ, ચોવીસ દંડક અને ચોરાશી લાખ જીવાયોનીમાંથી સરકીને મનુષ્ય ભવ પામ્યો છે તો આવા મનુષ્યભવ પામ્યાં છો તો તમે ભાગ્યશાળી ખરા કે નહિ ? મનુષ્યભવ તમને જેમ તેમ નથી મળ્યો.

બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તો યે અરે ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો રાચી રહો !

મહાન પુણ્યના પુંજ ભેગા થયાં ત્યારે તમને માનવદેહ મળ્યો છે. હવે આ ફેરો અફળ ન જવો જોઈએ. તમે કોઇ ઘરાક પાસે પૈસા માંગતા હો-ઘરાકની પાસે પૈસા માંગ્યા તો કહે કે શેઠ ! અત્યારે મારી પાસે પૈસા નથી પણ અમુક તારીખે તમે મારે ત્યાં આવજો. હું તમને ચૂકતે પૈસા આપી દઈશ. હવે ઘરાક ગામડામાં રહે છે. ગામ એવું અગવડવાળું છે કે બસ કે ગાડીનું સાધન પણ મળતું નથી. તેમાં પણ ઉનાળાનો

દિવસ હોય, બે માઈલ દૂર એવા તડકામાં પગે ચાલીને ઘરાકને ઘેર ગયાં, પણ વાયદો આપ્યા પ્રમાણે ઘરાક હાજર ન રહ્યો. પૈસા મળ્યાં નહિ. ગયા તેવા ખાલી હાથે પાછા ફરવું પડે તો તમારું મોઢું કેવું થઈ જાય? દિવેલ પીધા જેવું થઈ જાય ને? ત્યાં તમને એમ થાય છે કે મારો આંટો અફળ ગયો. પણ તમારો એક દિવસ સામાયિક કે તપત્યાગ વિનાનો જાય તો મનમાં દુઃખ લાગે છે કે મેં આજે કંઈ જ ન કર્યું! મારો દિવસ અફળ ગયો? જ્યારે તમને તમારા મનથી એવું લાગશે કે મારી જિંદગીના કિંમતી દિવસો ચાલ્યા જાય છે ત્યારે કંઈક આગળ વધી શકશો, પણ ખરી રીતે તમને કંઈ ચિંતા જ થતી નથી. તમારી ચિંતા અમને થાય છે કે આ બિચારાઓનું શું થશે?

અજ્ઞાની જીવો વિષય વાસનાઓ પોષવા ખાતર રાત કે દિવસ જોતાં નથી. ગાડાનાં બેલ બનીને ભાર ઉંચકયા જ કરે છે, છતાં પણ શાંતિનું નામ ન મળે. જેમ ભાડભુંજો ને ઘાણી ને ચણા શેકે છે ત્યારે એના તાવડામાં ફટફટ ઘાણી ફૂટે છે. તેમ અજ્ઞાની જીવો આ સંસારનાં તાવડામાં ઘાણી-ચણાંની જેમ રાત-દિવસ ફટ ફટ ફૂટી રહ્યાં છે. અનેક પ્રકારની ચિંતાઓથી તેનું કાળજું ફડ ફડ થતું હોય છે. આજની સરકારના લશ્કરામાં માણસ કેટલો ફફડી રહ્યો છે? ઈન્કમટેક્ષ, સેલટેક્ષ, મરણનો ટેક્ષ, કેટલાં લશ્કરાં? એમાં તમને ક્યાંથી નિરાંતે ઉંઘ આવે? સરકાર અનેક પ્રકારનાં ટેક્ષ નાંખીને નાણાં પડાવી રહી છે. પણ એ કોની પાસેથી પડાવે છે? એની મર્યાદા છે કે જે અમુક હજારથી વધુ કમાતાં હોય એને માટે જ આ બધી ધમાલ છે. પણ જે બિચારા પોતાની આજીવિકા પૂરતું જ કમાય છે તેને કોઈ જાતનો ફફડાટ નથી હોતો. એને પાપ કરવા પડતાં નથી. એ તો શાંતિથી ખાઈ-પીને ધર્મધ્યાન કરી શકે છે.

આજે દુનિયામાં જે કંઈ પાપ થાય છે તે બધું પરિગ્રહને માટે છે. અઢાર પાપ-સ્થાનકમાં પરિગ્રહ એ પાંચમું પાપ છે, ઘણું ભાઈ બહેનો અમારી પાસે પાપનું પ્રાયશ્ચિત લેવા આવે છે. મહાસતી! આઠમ હતી ને ભૂલથી શાક ખવાઈ ગયું. ચાલતાં ચાલતાં પગ નીચે મંકોડો આવી ગયો, તેનું પ્રાયશ્ચિત આપો. પણ ભાઈ! આ પાંચમું પાપ લેગું કર્યું છે. તેના માટે કોઈ પ્રાયશ્ચિત લેવા આવતા નથી. આજે કલેશ-કંકાસ-ઝઘડા-ટંટા અને ખૂનખાર યુદ્ધો થઈ રહ્યાં છે. એ બધું પરિગ્રહ માટે જ ને? હલ અને વિહલની પાસે એક હાર અને હાથી હતા. તે પદ્મવતીથી જોઈ શકાયા નહીં. તેથી તેણે કોણિકને ચઢાવ્યા. અને કોણિકે હલ-વિહલની પાસે હાર અને હાથીની માંગણી કરી. હલ-વિહલે ના પાડી. અને કહ્યું: અમને બાપુજીએ આપેલ છે. માટે અમે હાર-હાથી નહીં આપીએ. છેવટનું એ પરિણામ આવ્યું કે કોણિક યુદ્ધ કરવા તૈયાર થયો. હલ-વિહલ નાનાને આશરે ગયા. અને કોણિકે કરેલા અન્યાય સામે ચેડારાજાને યુદ્ધમાં ઉતરવું પડયું. એ યુદ્ધમાં કેટલા જીવોનો સંહાર થઈ ગયો? એક કોડ એંશી લાખ માણસો એ લડાઈમાં મરાયા. એક હાર અને હાથી

માટે જ ને? પંચ મહાવ્રતધારી સંતોને ભગવાને પરિગ્રહથી દૂર રાખ્યાં છે. તો તેમને કેટલો આનંદ છે! પરિગ્રહ છે ત્યાં જ દુઃખ છે.

પાંડુરાજા અને ધૃતરાષ્ટ્ર બંને એક માતાના જાયા સગા ભાઈઓ હતાં. પાંડુરાજાના પાંચ પુત્રો તે પાંડવો અને ધૃતરાષ્ટ્રના સો પુત્રો તે કૌરવો હતાં. એ પાંડવો અને કૌરવો વચ્ચે ખૂનખાર યુદ્ધ શા માટે થયાં? એક રાજ્ય માટે જ ને? યુદ્ધમેદાનમાં બધા જ કૌરવો ખતમ થઈ ગયા. છેલ્લો દુર્યોધન મૃત્યુની શય્યા ઉપર સૂતો છે. છેલ્લા શ્વાસ ખેંચી રહ્યો છે. તે વખતે અશ્વત્થામા પૂછે છે મહારાજ! આપને કંઈ શોચ ન રહેવો જોઇએ. આપની કંઈ ઇચ્છા છે? જે હોય તે કહો. હું તમારી અંતિમ ઇચ્છા પૂર્ણ કરું. મૃત્યુના બિછાને સૂતેલો દુર્યોધન શું કહે છે! માણસ મરણ પથારીએ સૂતો સૂતો પણ વેર છોડતો નથી. દુર્યોધન કહે છે હે અશ્વત્થામા! તું મારી ઇચ્છા પૂર્ણ કરવા માંગતો હોય તો મારા દુશ્મન એવા પાંચેય પાંડવોનાં માથા કાપીને મારી સામે હાજર કર, તો જતાં જતાં પણ મારા આત્માને શાંતિ વળે.

અશ્વત્થામા અંધારી રાત્રિમાં ઉપડયો પાંડવોની છાવણીમાં. ત્યાં કંઇ લાઈટો ન હતી. એટલે શોધતો શોધતો પાંડવોના તંબુમાં આવ્યો. જ્યાં દ્રૌપદી અને તેના પાંચ પુત્રો સૂતાં છે, ત્યાં આવી તલવારના એક જ ઘડાકે દ્રૌપદીનાં પાંચે ય પુત્રોનાં શીર ઉડાડી દીધા. અશ્વત્થામા લોહી નીતરતાં પાંચ માથા લઈને દુર્યોધન પાસે આવ્યો. દ્રૌપદીનાં પુત્રોનાં મસ્તક જોઈને એની આંખમાં આંસુ આવી ગયા. તે બેશુદ્ધ બની ગયો. અશ્વત્થામા પૂછે છે તમે કેમ રડો છો? ત્યારે દુર્યોધન કહે છે ભાઇ! આ તો કુમળા ફૂલ જેવા નિર્દોષ બાળકો છે. જેવા મારા પુત્રો છે તેવા જ પાંડવોનાં પુત્રો છે. મારે આમની સાથે કયાં વેર છે? નિર્દોષ બાળકોએ મારું શું બગાડયું છે? કે તેં એમને વીંધી નાંખ્યા? મારે તો પાંચ પાંડવોની સાથે જ વેર છે. એમ બોલતાં બોલતાં દુર્યોધનના પ્રાણ ચાલ્યા ગયા.

અશ્વત્થામાને ખૂબ ભય લાગ્યો. અહો! દુર્યોધન તો ચાલ્યો ગયો. પાંડવોને એમના પુત્ર મરાયાની ખબર પડશે તો મને માર્યા વિના નહિ રહે. એટલે ભયભીત બનીને એ ગીચ ઝાડીમાં ભરાઈ ગયો. આ તરફ પુત્રોનાં મસ્તક વગરનાં ધડ પડયાં છે. લોહીની નીક વહે છે એટલે દ્રૌપદીની પથારી પલળી ગઇ. એકદમ દ્રૌપદી ભરનિદ્રામાંથી જાગી ગઇ. પુત્રોના ધડ જોઇને એકદમ એના મુખમાંથી ચીસ નીકળી ગઈ. આખી છાવણીમાં કોલાહલ મચી ગયો. પાંચે પાંડવો દોડી આવ્યાં. દ્રૌપદી કહે છે પાંચ પાંચ પતિની પત્ની હું પાંચાળી. ધર્મનિષ્ઠ ધર્મરાજા, ગદાધારી ભડવીર ભીમ અને ગાંડીવધારી અર્જુન આ બધા હયાત હોવા છતાં મારા પુત્રોનું આ રીતે ખૂન કોણે કર્યું? જ્યાં સુધી મારા પુત્રોને મારનાર દુશ્મનનો પત્તો નહિ મળે ત્યાં સુધી મારે અન્ન-જળનો ત્યાગ છે.

પાંચે પાંડવો દુશ્મનને શોધવા નીકળ્યા. અશ્વત્થામા ઝાડીમાં ભરાઈ ગયો છે. એનું હૃદય થડકે છે. એક વાત નક્કી છે કે જે માણસે ગુન્હો કર્યો હોય છે તેનું હૃદય થડકયા જ કરે છે. એને ઉંઘ પણ આવતી નથી. કદાચ ઉંઘ આવી જાય તો પણ ઉંઘમાં એનું હૈયું થડકતું જ હોય છે. જ્યારે નિર્દોષ માણસ તો આરામથી ઉંઘી જાય છે. માણસને બે કારણથી ઉંઘ ન આવે. એક તો કોઈનો ભયંકર ગુન્હો કર્યો હોય તો અને બીજું વહાલી વસ્તુ કે વહાલા માણસનો વિયોગ પડે તો પણ ઉંઘ ઉડી જાય છે.

એક ન્યાયાધીશ બધાનો ન્યાય કરે છે પણ એના ઘરમાં ન્યાય કરી શકતો નથી. ન્યાયાધીશ ઘરેથી કોર્ટમાં જાય ત્યારે ખુરશીમાં બેઠેલા વકીલો પણ ઉભા થઇને સલામ ભરે એવો એનો હોદ્દો હતો. પણ ઘરમાં એમનો હોદ્દો ન હતો. પત્ની આગળ એનું કંઈ જ ચાલતું ન હતું. આ ન્યાયાધીશ એક ગરીબ માતાનો પુત્ર હતો. એવી ગરીબ સ્થિતિમાં માતાએ પુત્રને ઉછેરીને મોટો કર્યો, ભણાવ્યો–ગણાવ્યો અને પુત્ર મોટો ન્યાયાધીશ બન્યો. સારા ઘરની કન્યા સાથે એનું લગ્ન થયું. આ કન્યાનું નામ દામિની હતું. આ દામિનીનો દમકાર એવો હતો કે ભલભલા માણસોને ધ્રુજાવનાર ન્યાયાધીશ એની પત્ની દામીનીથી થરથર ધ્રુજતો હતો. ઘરમાં વહુરાણીનાં રાજ્ય હતાં. શ્રીમતીજીનો ઓર્ડર થયો કે આ ડોશીમાને આજથી મારા ઘરના રૂમમાં પગ મૂકવાનો હક્ક નથી. પાછળનો એક ઓરડો આપી દીધો. બસ હવે માજીને અહીં જ રહેવાનું અને વહુ જે આપે તે ખાઈ લેવાનું. ન્યાયાધીશને ત્યાં બે પુત્ર થયાં. ડોશીમાને એવી હોંશ થાય કે મારા દિકરાના દિકરાને રમાડવા જાઉં. બાળકો રમતાં હોય તો વહાલથી બોલાવે. પણ દામીનીનો દેકારો એવો કે બાળકો એની પાસે જઈ જ ન શકે. મા એના બાળકોને એવી શિખામણ આપે કે બેટા! આ ડોશીની પાસે કદી પણ જવું નહિ. એ તો આપણને મારે. એવી ડાકણ છે. એટલે બાળકો શેના જાય?

છોકરાં ગમે તેવાં પાકે તો પણ માતા તો હમેંશા પુત્રની સામે પ્રેમભરી દૃષ્ટિથી જ જોતી હોય છે. માતા હમેંશા પુત્રનું હિત જ ચાહતી હોય છે. તેમાં એક દિવસ એવું બન્યું કે દામીની એના બે બાળકોને લઈને પીયર ગઇ છે. ન્યાયાધીશ કોર્ટમાં ગયા છે. તેમાં એક કામદાર અને નોકરોના કેસનો તે દિવસે ચુકાદો આપવાનો હતો. તેમાં કામદારની જીત થઇ અને નોકરોની હાર થઇ; એટલે નોકરોએ તોફાન મચાવ્યું અને નિર્ણય કર્યો કે ન્યાયાધીશ બહાર નીકળે એટલે એને મારી નાંખવો. ખૂબ તોફાન થયું. ન્યાયાધીશની માતાને ખબર પડી કે પોતાના પુત્રના માથે આવી આપત્તિ આવી પડી છે. મારા પુત્રને મારવાનાં કાવત્રા ચાલે છે. ન્યાયાધીશ કોર્ટમાંથી બહાર નીકળી શકતો નથી. માતાએ ખાધું–પીધું નહિ અને પુત્રની ચિંતા કરવા લાગી. પ્રભુને પ્રાર્થના કરવા લાગી કે હે પ્રભુ! તું મારા પુત્રની રક્ષા કરજે.

ન્યાયાધીશ જેમ તેમ કરીને રાત્રે સાડાબાર વાગ્યે છાનોમાનો ઘેર આવે છે, પણ ઘરનાં બારણે તાળું લગાવેલું છે. હવે તાળું ખોલવા જાય એટલી વારમાં પણ એને કોઇ પાછળથી આવીને મારી નાંખે તો ? એવો ડર હતો અને હતું પણ એમ જ, એટલે ન્યાયાધીશે વિચાર કર્યો કે મારી મા રહે છે તે પાછળના ઓરડામાંથી જતો રહું. એટલે માતાના ઓરડાની બારીએ આવ્યો. હાથ અડાડયો ત્યાં બારણું ખુલી ગયું. માતા ઘરમાં બેઠી છે. ન્યાયાધીશ કહે છે મા ! આખું ગામ ઉઘે છે અને એક વાગ્યો છતાં તું કેમ જાગે છે ? તને ઉંઘ નથી આવતી ? માતા કહે છે બેટા ! મને ઉંઘ કઇ રીતે આવે ? બેટા ! તારે માથે મરણની આફત આવી હોય તો માને ઉંઘ કેમ આવે ? બેટા ! તું ઘેર આવી ગયો. તને જોઇને મારા બહોંતેર કોઠે દીવા થયા. તને જોઈને મારા આનંદનો પાર નથી. બેટા ! હું તારા માટે પ્રભુને પ્રાર્થના કરતી હતી. મારી પ્રાર્થના પ્રભુએ સાંભળી. માતાના આ શબ્દો સાંભળી ન્યાયાધીશ ક્ષણભર સ્થંભી ગયો. અહો ! પાંચ પાંચ વર્ષથી જે માતાના સામું પણ મેં જોયું નથી, એની ખબર પણ લીધી નથી અને એક નકામા ઓરડામાં રાખી મૂકી છે, છતાં મારા પ્રત્યે માતાને કેટલો પ્રેમ છે ! માતા પ્રત્યે લાગણી દર્શાવતો ન્યાયાધીશ પોતાના દિવાનખાનામાં આવી પલંગમાં સૂતો પણ તેને ઉંઘ આવતી નથી, કારણ કે એના મનમાં એક ચિંતા છે કે આજે તો ગમે તેમ કરીને છૂટયો પણ કાલે મારું શું થશે ? હવે મારે શું કરવું ? એમ અનેક પ્રકારનાં તર્ક-વિતર્ક મનમાં થાય છે પણ ઉંઘ આવતી નથી. એટલે ઉઠીને પાછો માતાની પાસે આવ્યો. તો પણ માતા તો બેઠેલી જ છે. ન્યાયાધીશ કહે છે મા ! હું તો ઘેર આવી ગયો. હવે તું શા માટે જાગે છે ? ત્યારે માતા કહે છે, હે બેટા ! હું તો પ્રભુને એવી પ્રાર્થના કરું છું કે હે પ્રભુ ! સર્વને સદ્‌બુદ્ધિ મળે અને બધું તોફાન શમી જાય. અને મારો દિકરો ક્ષેમકુશળ રહે. આ સાંભળી ન્યાયાધીશનું હૃદય પીગળી ગયું. આ....હા....શું મારી માતાની લાગણી છે ? હું જેની ચિંતા કરું છું એને માટે જ મારી માતા પ્રભુને પ્રાર્થના કરે છે. પાંચ પાંચ વર્ષથી જેના પ્રેમમાં પાગલ બન્યો છું એ તો દુઃખના સમયે પીયરમાં જઈને બેઠી છે. અરેખર ! આજે હું બચી ગયો હોઉં તો માતા, તારો જ પ્રતાપ છે. ધિક્કાર છે મારા જેવા અધમપુત્રને ! માતા ! તારા ઉપકારનો બદલો કઈ રીતે વાળીશ ? એમ કહી પશ્ચાતાપનાં આંસુ વડે માતાના ચરણ ધોઈ નાંખ્યા.

માતા કહે છે દિકરા ! એ તો હોય. મારા પાપનો ઉદય હતો. એમાં તારો દોષ નથી. ન્યાયાધીશ માતાને ઉંચકીને પોતાના દિવાનખાનામાં લઈ આવ્યો અને પલંગમાં સૂવાડી દીધી. બીજે દિવસે સવારમાં દાસીની આવે છે. માજીને પલંગમાં સૂતેલાં જોઇને કહે છે : આ ગંધાતી ગોબરી ડોશી મારા દિવાનખાનામાં કયાંથી આવી ? ન્યાયાધીશે અત્યાર સુધી બહારનો જ ન્યાય કર્યો હતો. આજે એની દૃષ્ટિ ખુલી ગઈ હતી. તરત જ આવીને તે કહે છે ખબરદાર ! માતાને એક પણ શબ્દ કહ્યો છે તો ! માજીને હું દિવાન

આનામાં લાવ્યો છું. હવે તમને એ માજી ગમતા હોય તો મારા ઘરમાં ખુશીથી રહો. નહિતર તમે તમારે પિયર પધારો. 'હવે તમારું કહ્યું નહિ થાય. જ્યારે માણસની દૃષ્ટિ ખુલે છે ત્યારે સત્ય વસ્તુનું ભાન થાય છે.

કહેવાનો આશય એ હતો કે માણસના હૃદયમાં ગુન્હો કર્યો હોય ત્યારે ડર હોય છે. ત્યારે એનું હૃદય થડકે છે. આ માતાને પુત્રના મરણનો ડર હતો. પુત્ર પ્રત્યેના રાગના કારણે તેને ઉંઘ આવતી ન હતી. અહીં અશ્વત્થામા ડરનો માર્યો ઝાડીમાં બેઠો બેઠો ધ્રુજે છે. પાંડવોએ શોધતાં શોધતાં એને શોધી નાંખ્યો. બસ. આ જ અમારા પુત્રોને મારનારો છે. તેને પકડીને દ્રૌપદી પાસે લાવે છે. મરણના ડરથી અશ્વત્થામા ધ્રુજે છે. દ્રૌપદીએ એના સામું જોયું. એના અંતરમાં અપાર ક્રોધ હતો. આંખમાંથી ક્રોધના અંગારા ઝરતા હતા. પણ અશ્વત્થામાને જોઈને હતાશ થઈ ગઇ. અહો ! આ તો કૃપીનો પુત્ર છે. તે એનો એકનો એક જ મોટી ઉંમરનો પુત્ર છે. જો હું આને મરાવી નાંખીશ તો બિચારી કૃપી વાંઝણી બનશે. મારા પાંચ પુત્રો ગયા પણ હજુ તો હું નાની છું. મારે પુત્ર પ્રાપ્તિનો સંભવ છે. પણ કૃપી તો ઉંમર લાયક છે. હવે એને બીજો પુત્ર થાય તેમ નથી. બીજું વેરનો બદલો વેરથી ન લેવાય. મારા પુત્રો જવાથી જેવું મને દુઃખ થયું છે તેવું જ આને થશે ને ? હું એને મરાવી નંખાવું તો પણ મારા પુત્રો મને મળવાના નથી. મારે શા માટે વેરની વણઝાર વધારવી જોઇએ ? દ્રૌપદીનું હૃદય પલટાઈ જાય છે અને અશ્વત્થામાને જીવતો છોડી દે છે. વેરનો બદલો પ્રેમથી વાળે છે.

મુખ્ય વાત એ હતી કે પરિગ્રહના કારણે ભાઇ–ભાઈની સાથે પણ વેર બંધાય છે. દુર્યોધન મરી ગયો તો પણ એણે વેર ન છોડયું. અને પાંડવોએ વેર રાખ્યું નહિ. જ્યારે દૃષ્ટિ સમ્યક્ થાય છે ત્યારે અવળી વાતને પણ સવળાઇના રૂપમાં જ સમજે છે. દેવભદ્ર ને જશોભદ્રને પણ સત્ય હકીકત સમજાઈ ગઈ છે. પિતાનાં અવળાં વચનો પણ સવળાઈના રૂપમાં પરિણમાવે છે. પિતાજી જેમ જેમ કસોટી કરે છે તેમ તેમ તેઓ માટીના ગોળાની જેમ વધુ મજબૂત બનતા જાય છે. હજુ પણ આગળ શું કહેશે તે વાત અવસરે લઈશું.

વ્યાખ્યાન નં....૬૬

ભાદરવા વદ ૧૦ ને ગુરૂવાર તા. ૨૪–૯–૭૦

અનંતજ્ઞાની શાસન સમ્રાટ સર્વજ્ઞ ભગવંત ફરમાવે છે કે હે ભવ્ય આત્માઓ ! કંઈક સમજો. હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક કરો. જાણીને છોડવા જેવું છોડો, અને

ગ્રહણ કરવા જેવું ગ્રહણ કરો. દેવલોકના ભોગમાં પડેલો જીવ છોડવા ઇચ્છે તો પણ છોડી શકતો નથી, અને નરકમાં તો એવી ભયંકર વેદના છે કે એ વેદનાથી જીવ કિંકર્તવ્યમૂઢ બની જાય છે. સૂયગડાંગ સૂત્રમાં નરકના દુઃખોનું એવું કરૂણ વર્ણન આવે છે કે સાંભળતાં ભલભલાનાં કાળજા કંપી જાય. જ્યારે આપણાથી એ વર્ણન સાંભળતાં પણ ધ્રુજી જવાય છે તો એ દુઃખનું વેદન કરનાર જીવોની દશા કેવી કરૂણાજનક હશે? અને તિર્યંચનાં પરાધીનપણાનાં દુઃખો તો તમે પ્રત્યક્ષ જોઈ રહ્યાં છો. સાચી કમાણી કરવાનો જો કોઇ ભવ હોય તો એક માનવભવ જ છે.

"પૂર્વ જન્મકા પુણ્ય યોગ જબ, પ્રગટ હુઆ અતિ હે ભાઈ,
તબ સુખદાયક સભી વસ્તુએં, કિસી જીવને યહિ પાઈ,
તો અતિ ધીર સંયમી ગુરૂકા, મહા કઠીન જગમેં સંયોગ,
કલ્પવૃક્ષ સમ સમઝે પ્રિયવર, સત્સંગતિ કા મિલના યોગ."

પૂર્વના મહાન પુણ્યના યોગથી કલ્પવૃક્ષ સમાન આ અમૂલ્ય માનવભવ મળ્યો છે. જેના હાથમાં રત્ન ચિંતામણી હોય, જેના આંગણામાં કલ્પવૃક્ષ ઉગ્યું હોય એને શું ભીખ માંગવાની હોય? અને કદાચ માંગવા જાય તો તમે તેને મૂર્ખ જ કહો ને? "હા". તો તમે અમૂલ્ય માનવ ભવ પામીને બહાર ભૌતિક સુખોની ભીખ માંગતા હો તો તમે પણ મૂર્ખ ખરા કે નહિ! એવા લાખો ને કરોડો રત્ન ચિંતામણી ભેગા કરો તો પણ એનાથી તમને માનવભવ નહિ મળે. માટે સમજીને તમારા જીવનમાં ધર્મનું વાવેતર કરો. આ વર્ષે લોકો કહેતા હતાં કે સોનાનું વર્ષ છે. પણ અતિવૃષ્ટિના કારણે સોનાનું વર્ષ કથીરનું વર્ષ થઈ ગયું. પણ ધર્મમાં કંઈ અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થવાની નથી. અને કોઈ જાતનું નુકશાન થવાનું નથી. અહીં તો જ્યારે જુઓ ત્યારે લાભ-લાભ ને લાભ જ છે.

એક વખત તમને સમજાવું જોઈએ કે આ માનવદેહ મળ્યો છે તે યોગાયતન માટે છે પણ ભોગાયતન માટે નથી. ભગવાને માનવભવનો મહિમા કંઈ એમ ને એમ નથી ગાયો. "મા + નવ" ફરીને નવ મહિના માતાના ગર્ભમાં ન આવે તેનું નામ માનવ. આ માનવના નામને સાર્થક કરવા માટે તમારે પુરુષાર્થ કરવો જરૂરી છે. કારણ કે જેમ તમારી સામે ભોજનનો થાળ પીરસીને મૂક્યો હોય પણ હાથમાં લઈને મોઢામાં કોળિયો મૂકવાની ક્રિયા તો તમારે કરવી પડશે. અને ચાવીને ઉતારવામાં આવે તો જ ભૂખ મટે છે. પણ ભોજન-ભોજન બોલવા માત્રથી પેટની ક્ષુધા શાંત થતી નથી. તે જ રીતે મોક્ષ-મોક્ષ બોલવાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. પણ પુરુષાર્થ કરવાથી મોક્ષ મળે છે. કહ્યું છે કે :-

કાગળ તણી હોડી વડે સાગર કદી તરાય ના,
ચીતરેલ મોટી આગથી ભોજન કદી રંધાય ના."

સમુદ્રને તરવા માટે તો લાકડાની નૌકા જ જોઈએ. કાગળની સુંદર દેખાતી નૌકા તો પોતે ડૂબે છે અને બીજાને ડૂબાડે છે. એ તો શોભાની જ હોય. આગનો મોટો ભડકો ચીતરેલો હોય એના ઉપર તપેલી મૂકી દેવામાં આવે તો કંઈ એનાથી રસોઈ તૈયાર ન થાય. એને માટે તો સાચી અગ્નિ જ જોઈએ. તેમ મોક્ષમાં જવા માટે તો સમ્યક્ પુરુષાર્થ જોઈએ. ઉપચારથી તમે શ્રાવક બની ગયાં છો. તમને કહીએ કે ભાઈ! ૨૪ કલાકમાંથી એક કલાક તો આત્મા માટે કાઢો. એક સામાયિક તો કરો. તો કહો છો કે અમને ટાઈમ નથી. ભાઈ! તમને અત્યારે ટાઈમ નથી તો તમે ક્યારે ટાઈમ મેળવશો? તમે ગમે તેટલો સંપત્તિનો સાગર છલકાવશો, બેંકના ખાનામાં ગમે તેટલા નાણાં જમા કરાવશો પણ તમારી સાથે શું આવવાનું? તમે જ કહો કે અત્યારસુધીમાં તમારા વડવાના વડવા બધું છોડીને ગયા એ કંઈ જ સાથે લઈ ગયા? રાજા-મહારાજા કોઈ કંઈ જ લઈ જઈ શક્યા નથી. તમે નજરે દેખો છો છતાં પણ એની પાછળ જ વળગ્યા રહો છો. આ તમારી કેવી મૂર્ખાઈ છે. તમે જેટલો સમય ધર્મમાં વીતાવશો, જેટલી શક્તિ આત્મ કલ્યાણમાં ખર્ચશો, અને જેટલાં નાણાં દાનમાં વાપરશો એ જ તમારી સાથે આવનાર છે. ધર્મારાધના-દાન-તપ આદિ શુભ કાર્યો કરવા, કરાવવા અને કરનારને અનુમોદના આપવી એમાં જ મહાન લાભ છે. બાકી તો બધું જ અહીં રહી જવાનું છે.

ભૃગુ પુરોહિતના બે પુત્રો એના પિતાને કહે છે હે પિતા! આ સંસાર ઘોર દુઃખનું કારણ છે. તેમાં જેઓ કામભોગથી નિવૃત થયાં નથી, તે લોકો રાત-દિવસ ચિંતામાં શોક રૂપી અગ્નિ વડે બળ્યા કરે છે. બીજાઓની ચિંતા કરીને એ વૃદ્ધ થાય છે અને મરણના શરણ થાય છે.

आउक्खयं चेव अबुज्झमाणे, ममाइ से साहसकारी मंदे ।
अहो य राओ य परितप्पमाणे, अट्ठेसु मूढे अजरामरे व्व ॥ સૂયગડાંગ

આયુષ્ય ક્ષણે ક્ષણે ક્ષય થઈ રહ્યું છે. એમ જેઓ સમજતા નથી અને મારાપણાની બુદ્ધિથી જેઓ વ્યાપારમાં મહાન સાહસ ખેડનારા રાત્રિ અને દિવસ તીવ્ર પરિતાપને અનુભવતા પોતાના ઘોર અજ્ઞાનને લીધે કેટલાક માણસો જાણે પોતે જ અજરામર ન હોય તે રીતે આરંભ-સમારંભાદિમાં પ્રવર્તતા હોય છે.

જે માણસને જન્મ-મરણનો ડર લાગે છે તે અમુક ઉંમરે આરંભ-સમારંભમાંથી નિવૃત્ત થઈ જાય છે. સર્વથા નહીં તો છેવટે દેશથી પણ નિવૃત્તિ લે છે. સંસારમાંથી નિવૃત્તિ લે તો ધર્મ પ્રવૃત્તિમાં ઉત્તરોત્તર એનો ઉત્સાહ વધતો જાય છે. માટે મનમાં નિરંતર એવી ભાવના ભાવો કે આ મારું શરીર અનિત્ય છે. વૈભવો પણ શાશ્વત નથી. ગમે તેવી ઇષ્ટ વસ્તુઓની મને પ્રાપ્તિ થઈ હોય પણ દરેક પ્રકારની સંપત્તિ અંતે તો અનિત્ય છે. વિષયજન્ય સુખ તે પણ અનિત્ય છે. દેહ કહો, યૌવન કહો,

જીવન કહેા કે ઘરબાર–કહેા બધું જ અનિત્ય છે. આ પ્રમાણે વસ્તુની અનિત્યતા વિચારતાં તેમાંથી રાગ ઉઠી જાય તેનું નામ વિરાગ છે અને વિરાગનું ફળ પરંપરાએ વીતરાગ ભાવ છે. અનિત્યાદિ બાર ભાવનાઓનું ચિંતન કરતાં કરતાં કેવળજ્ઞાનનો અંદરથી રણકાર આવે છે. બાર ભાવનાઓમાં એકેક ભાવનાના ચિંતનમાં ભવનો નાશ કરવાની પ્રચંડ તાકાત રહેલી છે. હવે તમે એવી ભાવનાના ચિંતનમાં લાગી જાવ. બાર ભાવનાનું ચિંતન એ મોક્ષ પ્રાપ્તિનો એક અમોઘ ઉપાય છે. પછી બીજા કોઈ ઉપાયો શોધવા નહિ પડે. ઉપર ઉપરથી લુખી ભાવના કામ નહિ લાગે. લુખી ભાવના ભાવવાથી માલ પાણી નહિ મળે. જો મોક્ષના સુખનો માલ જોઇતો હોય તો શુદ્ધ હૃદયથી ભાવના ભાવવી જોઇએ.

બંધુઓ! આખી જિંદગી સુધી ધનનો સંચય ખૂબ કર્યો, હવે તો ધર્મનો સંચય કરો.

"अनित्यानि शरीराणि, वैभवो नहि शाश्वतः ।
नित्यं सन्निहितो मृत्युः, कर्तव्यो धर्मसंचयः ॥"

આ શરીર અનિત્ય છે. વૈભવ માત્ર અશાશ્વત છે. અને દિવસે દિવસે મૃત્યુ આપણી નજીક આવી રહ્યું છે. એટલું જ નહિ પણ મૃત્યુ આપણી ચોટલી પકડીને જ બેઠેલું છે. એ કયા સમયે ખેંચી લેશે તેની આપણને ખબર નથી. એમ સમજીને હમેંશા ધર્મારાધના કરવી જોઇએ. તમને એ વાત બરાબર સમજાઈ નથી, હૈયે બેઠી નથી એટલે જ રાત્રિ–દિવસ ધનનો સંચય કરવા માટે મથી રહ્યાં છો. વીતરાગ વાણીનો એકેક શબ્દ અંતરમાં ઉતરી જાય તો ઓર આનંદ આવે. જેમ મેંદીમાં રંગ તો હોય છે પણ એને જેમ જેમ વધુ ઘૂંટવામાં આવે તેમ તેમ એનો રંગ વધુ આવે છે. તેમ જિનવાણીના શબ્દે શબ્દમાં વિરાગ ભર્યો છે. પણ એનું મંથન કરો તો જ મેળવી શકો.

સર્વાર્થસિદ્ધ વિમાનમાં રહેનારા દેવો જેઓ એકાવતારી જ હોય છે છતાં પણ તેમને ત્યાંથી ચ્યવે જ છૂટકો થાય છે. તેમને સર્વાર્થસિદ્ધ વિમાનની ઋદ્ધિ છોડીને તેત્રીસ સાગરોપમનું આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુલોકમાં આવીને જન્મ લેવો પડે છે. દેવો જે વિમાનમાં ઉત્પન્ન થાય છે તે વિમાન શાશ્વત છે. પણ વિમાનમાં રહેનારા દેવો શાશ્વત નથી. સર્વાર્થસિદ્ધ વિમાન જે દેવલોકમાં ઉંચામાં ઉંચું સ્થાન છે છતાં ત્યાં ઉત્પન્ન થયેલાં દેવો પણ આયુષ્ય પૂર્ણ થતાં મનુષ્યલોકમાં આવે છે. તો પછી દુનિયામાં શાશ્વત કોણ રહી શકવાનું છે? આ જીવ ખોટી મમતા રાખીને બેઠો છે. જો શાશ્વત–અશાશ્વત ભાવને સમજે તો જરૂર મોક્ષ મેળવવાની લગની લાગે. શરીરનું આરોગ્ય, આયુષ્ય, તાકાત, ધન–સંપત્તિ બધું જ ક્ષણિક છે.

તમારા જન્મની તારીખ તો તમે નોંધી રાખી હશે. પણ મૃત્યુ કયારે આવશે એને માટે કોઈ તારીખ નક્કી નથી. જેમ કાળનો દિવસ નક્કી નથી હોતો તેમ ધર્મ અમુક કાળમે કરીશું એવો કાળ ન હોવો જોઇએ. ધર્મ સદાકાળ આચરવા યોગ્ય છે.

બંધુઓ! પુષ્પ ગમે તેટલું સુંદર હોય પણ એમાં સુગંધ ન હોય તો પુષ્પની કાંઈ જ કિંમત નથી. સરોવર ગમે તેટલું મોટું હોય પણ એમાં જો પાણી ન હોય તો તેની પણ શોભા નથી. તે જ રીતે તમે પણ રૂપ-વૈભવ અને સંપત્તિથી ફાલ્યા-ફુલ્યા દેખાતાં હો પણ તમારા જીવનમાં ચારિત્ર-શિયળ ન હોય તો તમારું જીવન નકામું છે. જેઓએ સ્વપરના કલ્યાણને માટે સંસારનો ત્યાગ કરી સંયમ માર્ગ અંગીકાર કર્યો છે તેઓ કલ્પવૃક્ષ સમાન છે. અને જે ચારિત્ર હીન આત્માઓ છે તે કંટકવૃક્ષ સમાન છે. તમે સંસારના રાગનો સર્વથા ત્યાગ ન કરી શકો પણ શુદ્ધ જીવન જીવશો તો પણ પોતાનું અને બીજાનું કલ્યાણ સાધી શકશો. ચારિત્ર વિષે બનેલો એક પ્રસંગ છે. તેની તમારી સામે રજુઆત કરું છું.

"સતી સુશીલાના રૂપમાં પાગલ બનેલ વિદ્યુતચંદ્ર."

બે મિત્રો વસતા હતાં. તેમાં એકનું નામ વિદ્યુતચંદ્ર અને બીજાનું નામ ઉદયચંદ્ર. બંને જીગરજાન દોસ્તો. બંનેની મૈત્રી જાણે દૂધ અને સાકર જેવી. બંને સાથે ફરવા જાય. કોઈ કાર્ય કરવું હોય તો પણ સાથે મળીને એકબીજાની સલાહ સૂચના મુજબ કરતાં. એક દિવસ બંને મળે નહિ તો ચેન ન પડે, એવી તેમની ગાઢ મૈત્રી હતી. આ મિત્રોમાં ઉદયચંદ્રનું લગ્ન સુશીલા નામની એક ગુણવાન કન્યા સાથે થયું હતું. સુશીલા જેવી રૂપવાન હતી તેવી જ ગુણવાન હતી. એણે સદ્‌ગુણની સૌરભ આખા કુટુંબમાં ફેલાવી હતી.

ઉદયચંદ્રનું બહારગામ ગમન

એક વખત ઉદયચંદ્રને અકસ્માત બહારગામ જવાનું બન્યું. વિદ્યુતચંદ્રને ખબર ન હતી કે મારો મિત્ર બહારગામ ગયો છે. એ તો એના મિત્રને મળવા માટે ઘેર આવ્યો. આ વખતે સુશીલા માથું ઓળી રહી હતી. પતિના મિત્રને જોઈને એણે માથે ઓઢી લીધું પણ આ વિદ્યુતચંદ્ર સુશીલાનું રૂપ જોઈ ગયો. અહો! ઉદયચંદ્રની પત્ની આટલી બધી રૂપાળી છે! એના પતિની ગેરહાજરી હોવાથી સુશીલાએ એનો સત્કાર કર્યો. પણ હવે વિદ્યુતચંદ્ર તો જેમ પતંગીયું દીપકના રૂપમાં આકર્ષિત બને છે તેમ તે સુશીલાના રૂપમાં પતંગીયું બનીને ભમવા લાગ્યો. તે ઉદયચંદ્રની ગેરહાજરીમાં પણ વિના પ્રયોજને વારંવાર ઉદયચંદ્રને ઘેર આવવા લાગ્યો. અને અનેક પ્રકારની કુચેષ્ટાઓ કરવા લાગ્યો. સુશીલા ચતુર હતી. એનું રહસ્ય સમજી ગઈ કે આની બુદ્ધિમાં ફેરફાર થયો છે.

ઉદયચંદ્ર આઠ દિવસ માટે બહારગામ ગયો હતો. સુશીલા ઘરમાં એકલી જ હતી, એટલે મોકો જોઈને વિદ્યુતચંદ્રે કહ્યું કે મારો મિત્ર તો બહારગામ ગયો છે. અને આટલા મોટા ઘરમાં તમે સ્ત્રી જાતિ એકલાં જ રહો તે સારું નહિ. જો તમે કહો તો હું રાત્રે તમારે ત્યાં સૂવા માટે આવું. વિષયાધીન બનેલા માણસો વિષયમાં એવા ચકચૂર બની જાય છે કે તે અવસ્થામાં લજ્જા જેવી અપૂર્વ ચીજને પણ તિલાંજલી આપી દે છે.

સુશીલાનું હૃદય પવિત્ર હતું. એણે એ જ વિચાર કર્યો કે જો મને મારા ચારિત્રનું રક્ષણ કરવાની તાકાત છે તો મને કોઈ શું કરી શકવાનું છે? એટલે કામરૂપી કીચડમાં ખૂંચતા ઉંડા ખાડામાં ગબડતા એવા પોતાના પતિના મિત્ર વિદ્યુતચંદ્રને બચાવવાની બુદ્ધિથી તેણે કહ્યું: જેવી તમારી ઇચ્છા. મને કોઈ જાતની હરકત નથી.

સુશીલાના મધુર શબ્દો સાંભળી વિદ્યુતચંદ્રનું હૈયું હર્ષથી નાચી ઉઠ્યું. અહો! મારી ધારણા સફળ થઈ. એને મારા પ્રત્યે કેટલો પ્રેમ છે! આનંદ પામતો તે પોતાને ઘેર ગયો. આ તરફ સુશીલાએ એક સુંદર પલંગ ઢાળ્યો છે. એના ઉપર સુંદર મખમલનો રંગબેરંગી ગાલીચો બિછાવ્યો. એના ઉપર રેશમ અને જરીની ઉંચામાં ઉંચી સાડીઓ અને શેલા પાથર્યા. અને ડેલીની અંદરના માર્ગમાં પણ બધે ગાલીચા પાથરી દીધા. અને આખો ઓરડો રોશનીથી ઝહહળાવી મૂક્યો છે. એવો સુંદર રૂમ શણગાર્યો. પણ એણે આંગણામાં તો બધે કીચડ જ પાથરી દીધો હતો.

સતીના પડકારથી સુધરેલ વિદ્યુતચંદ્ર

રાત્રિના દશ વાગ્યા. વિદ્યુતચંદ્રે આવીને બારણું ખખડાવ્યું. તો સુશીલા જાતે જ ખોલવા માટે ગઈ. સુશીલાને જોઈને એના આનંદનો પાર ન રહ્યો. "એ જાતે જ મારું સ્વાગત કરવા આવી." અંદર દાખલ થતાં ચાલવાના માર્ગમાં બધે મખમલના ગાલીચા બિછાવેલા છે. રોશનીથી ઓરડો તો ઝગમગ થઈ રહ્યો છે. આ બધો ભપકો જોઈને વિદ્યુતચંદ્રના મનમાં આનંદની ઊર્મિઓ ઉછળવા લાગી. એના મનમાં થયું કે આ બધો ભપકો તો મારા બહુમાન માટે જ છે ને? બંધુઓ! ઘુવડ તો દિવસે અંધ હોય છે. ભગડો રાત્રે અંધ બને છે. પણ કામી માનવ તો સદાય અંધ જ હોય છે. કામાંધ બનેલો વિદ્યુતચંદ્ર શણગારેલા ઓરડામાં પેસવા જાય છે તો બધે ગાલીચા અને કિંમતી સાડીઓ બિછાવેલાં જોઈ આગળ વધી ન શક્યો. એ ત્યાં જ સ્થંભી ગયો. એણે આનંદભેર પૂછ્યું: આ ગાલીચા અને જરીની સાડીઓ શા માટે બિછાવ્યાં છે? ત્યારે સુશીલાએ નમ્રતાપૂર્વક કહ્યું કે આપ પધારવાના છો એટલા માટે.

આ ગાલીચા અને જરીના શેલા તમે ઉપાડી લો, કારણ કે તમારા આંગણામાં ફક્ત ઠાકવ કીચડ ને કાંકર પાથરેલો છે. એટલે મારા પગ ખરડાઈ જાય છે. હું એવા ખરડાયેલા

પગ મૂકું તો ગાલીચા અને કિંમતી સાડીઓ બગડી જાય. ત્યારે સુશીલા કહે છે:–વાંધો નહિ. ભલે બગડી જાય. પણ વિદ્યુતચંદ્ર કહે છે. 'ના' મારો જીવ ચાલતો નથી. હું આવા ગંદા પગ એમાં નહિ મૂકું. ત્યારે સુશીલા હૃદયના મર્મને વીંધી નાખે એવા માર્મિક શબ્દોમાં કહે છે કે તમને આ સાડીઓ અને ગાલીચા બગડી જાય એની ચિંતા છે, પણ જ્યાં તમે તમારું અને મારું જીવન બગાડવા બેઠાં છો ત્યાં આ ગાલીચા અને વસ્ત્રો કાંઇ મોંઘા નથી. આપણું જીવન કરતાં આની કિંમત કંઈ વધારે નથી. જે માણસ પોતાના અમૂલ્ય ચારિત્રને સળગાવવા ઉઠયો તે તણખલાને શા માટે રડે?

સુશીલાના શબ્દો વિદ્યુતચંદ્રના હૈયામાં તીરની જેમ વાગી ગયા. એનું હૈયું ચિરાઈ જવા લાગ્યું. અને એના અંતરમાં પશ્ચાતાપની પ્રચંડ જ્વાળા પ્રગટી. એનાં વિવેકનાં નેત્રો ખુલી ગયાં. એના હૈયામાં અનેક પ્રકારનાં આંદોલનો ઉપડયા. "હું કેવો અધમ! કેવો અંધ, પાપી, નીચ કે સતીનું સતીત્વ લૂંટવા ઉઠયો.! મારું ચારિત્ર લૂંટાવવા ઉઠયો! મારા ઉપર લાગણી ધરાવનાર મિત્રની પત્ની ઉપર જ કુદૃષ્ટિ કરી?" એને ખૂબ લજ્જા આવી ગઈ. તે સુશીલાના ચરણોમાં ઢળી પડયો. પશ્ચાતાપનાં આંસુથી સુશીલાનાં પગ ધોઈ નાંખ્યા. પશ્ચાતાપથી હૈયું હળવું બની ગયું. ગદ્‌ગદ કંઠે બોલ્યો– હે શિયળની મૂર્તિ સમાન સુશીલાદેવી! તેં આજે મને પાવન કર્યો. હે માતા! તું મને માફ કર. મારા જેવા પતિતનો તું ઉદ્ધાર કર. મારા અંધકાર ભર્યા જીવનમાં તારા શિયળની જ્યોત મને માર્ગદર્શક બની છે. એમ બોલી માફી માંગતો વિદ્યુતચંદ્ર ત્યાંથી ચાલતો થયો. એ ગયો તે ગયો– ફરીને દેખાયો જ નહિ. હજુ પણ એના મિત્રો એને શોધે છે પણ એનો કયાંય પત્તો લાગતો નથી.

આ કિસ્સો વડોદરામાં બનેલો છે. દેવાનુપ્રિયો! વિદ્યુતચંદ્રે ભૂલ તો કરી પણ પાછળથી એને પોતાની ભૂલ સમજાઈ. આંખમાં પશ્ચાતાપનાં આંસુ આવી ગયા. આંસુના બે ટીપામાં ઘણી શક્તિ છે. થઈ ગયેલા પાપના પશ્ચાતાપથી જો આંસુ આવે તો કર્મબંધન તૂટે છે. અને ઈષ્ટના વિયોગથી અને અનિષ્ટના સંયોગથી આર્તધ્યાન થતાં જો આંખમાં આંસુ આવે તો કર્મનું બંધન થાય છે. ચારિત્રવાન આત્માઓ પોતાના ચારિત્રના પ્રભાવથી પતિતને પણ પાવન કરે છે. જે પુરૂષ સ્વપત્નીમાં સંતોષ રાખે છે અને જે સ્ત્રી પોતાના પતિ સિવાય અન્ય પુરૂષોને ભાઈ સમાન માને છે એના ચારિત્રમાં આટલી તાકાત છે, તો જે સર્વથા બ્રહ્મચર્યનું પાલન કરે છે એનામાં કેટલો પ્રભાવ હોય? દુનિયામાં મોટામાં મોટો કોઈ પ્રભાવ કહો, શક્તિ કહો કે પ્રકાશ કહો તે બધું જ બ્રહ્મચર્યમાં જ છે.

તમારી સામે હું વારંવાર બ્રહ્મચર્યની વાત મૂકું છું, તે શા માટે? તમારી દયા આવે છે કે કામ રૂપી કીચડમાં ખૂંચી ગયેલાં મારા મહાવીરના પુત્રોનું શું થશે! અહીં

તમને ખબર નહિ પડે પણ જ્યારે નરકગતિની દારૂણ વેદના ભોગવશો તે વખતે તમારી વહાલી પત્ની કે પુત્રો કે પૈસા કોઇ તમને પરમાધામીના હાથમાંથી છોડાવવા નહિ આવે. નરકગતિની એવી દારૂણ વેદનાઓ રહેલી છે.

શ્રેણિક મહારાજા અત્યારે પહેલી નરકે છે. છતાં પણ કોઈ પરમાધામીઓ એમની દયા ખાતા નથી કે એ તીર્થંકર થવાના છે. એ તો સમકિતી જીવ છે. સમભાવથી દુઃખને વેદતા હોય છે. ટૂંકામાં કર્મ કોઈને છોડનાર નથી. એક વખતના અબ્રહ્મચર્યમાં ઉત્કૃષ્ટ નવ લાખ તો સંજ્ઞી જીવો અને બીજા અસંખ્ય અસંજ્ઞી જીવોનો કચ્ચરઘાણ નીકળી જાય છે. હવે તમારા જીવનમાં બ્રહ્મચર્ય પાળવાનો સમય આવી ગયો છે. હવે નહિ જાગો તો કયારે જાગશો.

આ બે બાલુડા નાની ઉંમરમાં જાગી ગયાં છે. તેઓ કહે છે કે હે પિતાજી ! આ સંસારના કામભોગો દુઃખકર્તા છે. અનર્થની ખાણ છે. જે જીવો જિંદગીના અંત સુધી કામભોગોથી નિવૃત નથી થતાં તે જીવો રાત-દિવસ ખૂબ પરિતાપ પામે છે. હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.... ૬૭

ભાદરવા વદ ૧૧ ને શુક્રવાર તા. ૨૫-૯-૭૦

અનંત જ્ઞાની શાસ્ત્રકાર ભગવાને જગતના જીવોના કલ્યાણને અર્થે સિદ્ધાંત રૂપ વાણીની પ્રરૂપણા કરી. મહાનપુરૂષોના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. જ્ઞાની ભગવંતના મુખેથી ઝરતી અમીરસ ધારા સમાન વાણીના ઘૂંટડાં પીતાં શિષ્યો ધરાતા ન હતાં. જેમ જેમ સાંભળતા જાય તેમ તેમ જિજ્ઞાસા વધતી જતી હતી. જ્યારે તમને દિવસે દિવસે નોટોના બંડલ ભેગા કરવાનો અસંતોષ જાગ્યો છે. એટલે કોઈ દિવસ તૃપ્તિનો ઓડકાર જ નથી આવતો. જંબુસ્વામી સુધર્માસ્વામીને વિનયપૂર્વક પૂછે છે કે, હે ભગવંત ! શ્રમણ ભગવાન મહાવીરે ઉત્તરાધ્યનન સૂત્રના ચૌદમા અધ્યયનમાં કયા કયા ભાવોનું કથન કર્યું છે ? ત્યારે સુધર્માસ્વામી પોતાના પ્યારા શિષ્ય જંબુને કહે છે : હે જંબુ ! ભગવાન મહાવીર સ્વામીએ ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનું વર્ણન કર્યું છે. આ સુધર્માસ્વામી પણ કંઈ કમ ન હતાં.

ચૌદ પૂરવધાર કહીએ, જ્ઞાન ચાર વખાણીએ,
જિન નહિ પણ જિન સરીખા, સુધર્માસ્વામી જાણીએ,
માત-પિતા કુળ જાત નિર્મળ, રૂપ અનુપમ વખાણીએ,
દેવતાને વલ્લભ એવા શ્રી જંબુસ્વામી જાણીએ.

જેમને કેવળજ્ઞાન થયું ન હતું, પણ કેવળ જ્ઞાન સમાન સુધર્માસ્વામી હતા. એવું એમનું જ્ઞાન નિર્મળ હતું. સુધર્મા અને જંબુ ગુરૂ-શિષ્યની અનોખી જોડી હતી. જંબુસ્વામી વાણીનાં ઘૂંટડા પીતાં ધરાતાં ન હતાં અને દેનાર સુધર્માસ્વામી પણ એવા સમર્થ હતા. બંને સમાન પાત્રો હતાં. અને તમે તો કલાક સાંભળો ત્યાં ધરાઈ જાવ છો. કારણ કે તમે કંચન, કામિની, કાયા, કુટુંબ અને કીર્તિ એ પાંચ 'ક'કારમાં અટવાઈ ગયાં છો.

જેટલી કીર્તિની ભૂખ છે એટલી વિરતીની ભૂખ જાગે તો કલ્યાણ થાય. આ બે બાલુડા દેવભદ્ર અને જશોભદ્રને વિરતીની ભૂખ જાગી છે. કંચન, કામિની, કુટુંબ, કીર્તિની જેને ભૂખ જ નથી. એમની દૃષ્ટિમાં બધું તુચ્છ અને અસાર લાગ્યું છે. સંસાર બંધન રૂપ લાગ્યો છે. કારણ કે એમનો વૈરાગ્ય મોહગર્ભિત ન હતો. કોઈ સંતનો અતિ રાગ થયો ને વૈરાગ્ય આવ્યો એમ ન હતું. તેમજ દુઃખગર્ભિત કે સંસારમાં કોઈ પણ જાતનું કષ્ટ પડયું અને દીક્ષા લેવા ઉઠયા તેમ ન હતું. આ તો સમજણપૂર્વક જાગેલા હતાં. જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હતો. એમની સામે ઈન્દ્ર આવે તો પણ એ ડગે તેવા ન હતા.

આત્માનો સ્વભાવ તો બંધનથી મુક્ત બનવાનો છે. સચ્ચિદાનંદ સ્વરૂપ છે. ગગન-વિહારી છે. પણ હજુ આ જીવને બંધન ખટકયું જ નથી. એટલે બંધનમાંથી મુક્ત થવા છતાં સામેથી બંધનમાં જકડાવા જાય છે. સૌથી પ્રથમ વાત તો એજ છે કે બંધન શું છે? એ જ જાણ્યું નથી. તો પછી મુક્તિ કયાંથી મળે? સંપૂર્ણ બંધનમાંથી મુક્તિ તો ત્યાગી અવસ્થામાં જ મેળવી શકાય છે. જ્યાં સુધી છકાયના જીવોની રક્ષા નહિ કરો ત્યાં સુધી સાચું સુખ નહિ મળે. અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ, સમ્યકત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય, અને મિશ્ર મોહનીય એ સાત પ્રકૃતિનો જ્યાં સુધી ક્ષયોપશમ, ઉપશમ કે ક્ષય ન થાય ત્યાં સુધી સમ્યકત્વ આવે નહિ. અને જ્યાં સુધી સમ્યક્ત્વ ન આવે ત્યાં સુધી મુક્તિમહેલનો પાયો નંખાય નહિ.

તમે જમીન લઇને એમાં પાયો નાંખી મૂકો છો અને માનો છો કે જો પાયો નાંખી રાખ્યો હશે તો ભવિષ્યમાં મકાન બાંધી શકાશે. એમ જો તમે સમ્યકત્વ રૂપી પાયો નાંખી રાખ્યો હશે તો અવશ્ય ત્રીજે કે પંદરમા ભવે તો મોક્ષ થવાનો. કદાચ સમકિત પામીને વમી જવાય તો પણ અર્ધપુદ્ગલ પરાવર્તને તો અવશ્ય મોક્ષ થાય,

થાય ને થાય જ. પણ તમને તો આ પાયો નાંખવાનું મન જ કયાં થાય છે? તમે તો સંસારનો પાયો મજબૂત કરો છો. મકાન ગમે તેટલું ઉંચું થાય તો પણ વાંધો ન આવે. બાંધકામ પણ એવું મજબૂત કરો કે સો વર્ષ સુધી કાંકરી ખરે જ નહિ. પણ વિચાર કરજો કે મકાનની કાંકરી ન ખરે તે પહેલાં તમારી કાંકરી નહિ ખરે ને! કંઈકના મકાન અધૂરા રહી ગયા અને ચાલ્યા ગયા. મકાન બંધાઈ ગયા અને વાસ્તુ પણ ન કર્યું. અને એક દિવસ પણ મહેલમાં મહાલ્યા વિના જ કંઈક તો ચાલ્યા ગયા. આવું આ જીવન ક્ષણિક છે.

દેવભદ્ર અને જશોભદ્રને ત્યાગની તાલાવેલી લાગી છે. સંસારનાં બંધનમાંથી છૂટવાનો અજંપો જાગ્યો છે. પણ હું નથી માનતી કે તમને આવો અજંપો થતો હોય! તમારી પાસે ધનના અજંપા સિવાય બીજી વાત જ નથી. તમારાં સગાં કે સ્નેહી સવારે સાડા છ વાગ્યાના પ્લેનમાં પરદેશ જવા ઉપડવાના છે, તેને વળાવવા માટે જવાનું હોય અથવા કોઈ આવવાનું હોય તો સામે લેવા માટે જવાનું હોય તો તમને કેટલો અજંપો રહે છે? ત્યાં તો અડધો કલાક વહેલા પહોંચી જાવ છો. તમે બહારગામ જવા માટે સ્ટેશને જવા નીકળ્યાં. સાડા આઠની ટ્રેઇન છે. સામે કોઈ મિત્ર મળી ગયો અને તમને ઉભા રાખે તો તરત જ કહી દો છો કે મહેરબાન! માફ કરજો. અત્યારે હું તમારી સાથે વાત કરવા રોકાઈ શકું તેમ નથી. કારણ કે મારે ટ્રેઈન ઉપડવાનો ટાઈમ થઈ ગયો છે. બોલો! અહીં તમને કેટલો અજંપો છે? કેટલી ઉતાવળ છે? પણ આ જગ્યાએ તમે વ્યાખ્યાનમાં આવવા માટે ઘરેથી નીકળ્યા. સમય થઈ જવા આવ્યો છે, તે જ સમયે કોઈ ખાસ સ્નેહી મિત્ર મળી જાય તો તમે એમ કહેશો ને કે મહેરબાન! હું અત્યારે તમારી સાથે વાત કરવા માટે નહિ રોકાઉં, કારણ કે વીરવાણી સાંભળવાનો અમૂલ્ય સમય ચાલ્યો જાય છે. હું મોડો પડીશ તો મારું જશે. બોલો...તમે આવું કહેશો કે પછી વાતો કરવા રોકાઈ જશો. (હસાહસ).

વીતરાગના સંતો કોઇના સહારે જીવતા નથી. અમને ભગવાને કેટલા સ્વાવલંબી બનાવ્યાં છે? કોઈ જાતની પરાધીનતા જ ન મળે. ગાડી-મોટર ખપતાં નથી. શરીરની મર્યાદા સાચવવા માટે બે કપડાં જોઇએ. એક પાઇની પણ અમારે જરૂર ન પડે. "ટાઢા ટુકડા ખાય ને હવામાં ઉડયા જાય" સાધુ આહાર પણ છ કારણે કરે છે.

वेयण वेयावच्चे, इरियट्ठाए य संजमट्ठाए ।
तह पाणवत्तियाए, छट्ठं पुण धम्मचिन्ताए ॥ ઉ. અ. ૨૬–૩૫

ક્ષુધાવેદનીય શમાવવાને માટે, વૈયાવચ્ચ કરવાને માટે, ઇર્યાસમિતિ સાચવવાને માટે, સંયમનો નિર્વાહ કરવાને માટે, પ્રાણીઓની દયા પાળવાને માટે અને ધર્મ જાગૃતિ જાગવાને માટે. આ છ કારણે સાધુ આહાર કરે છે. નહિ કે શરીરને હૃષ્ટપુષ્ટ કરવાને

માટે. અમને કોઈ એંજીનીયર, બેરીસ્ટર કે વકીલની પણ શરમ પડતી નથી. અમે તો અકિંચન હોવા છતાં ધનવાન છીએ. તમારા સુખ ગમે તેવાં હોય પણ એ બધાં જ સુખો અમારા સુખ આગળ તણખલા તુલ્ય છે. અમને તમારા જેટલી હાયબળતરા છે? આ વાત તમારા ગળે ઉતરે છે? (સભા :–સાચી લાગે છે પણ કહેવું નથી) તમે તો મહા ઉસ્તાદ છો. સાચું લાગે છે પણ બોલવું નથી. બોલ્યો તો બંધાઇ જાવ ને! એટલે બોલતાં નથી પણ યાદ રાખજો કે એક દિવસ ત્યાગ કર્યા સિવાય તો તમારો ઉદ્ધાર થવાનો નથી. જેની રમણતા ત્યાગમાં છે એ બીજાને પણ આ માર્ગે જ દોરે છે.

ભવદત્ત અને ભવદેવ નામના બે સગા ભાઇ છે. ભવદત્ત મોટો છે અને ભવદેવ નાનો છે. ભવદત્તે બાલપણમાં જ સંસાર ત્યાગી દીધો અને સંયમપંથે ચાલી નીકળ્યો. બંને ભાઇઓ વચ્ચે દશ વર્ષનું અંતર છે. મોટાભાઈએ દીક્ષા લઇને ખૂબ જ્ઞાન મેળવ્યું. ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં બાર વર્ષે પોતાના ગામમાં પધાર્યા. તે જ દિવસે નાનો ભાઈ પરણીને આવે છે. ગામમાં સાધુ-સંતો બિરાજતાં હોય તો વરઘોડીયું પરણીને આવે એટલે એને ઉપાશ્રયે દર્શન કરવા લઈ આવવાનો એક રિવાજ છે. ભલે ભાઈ કે બહેનને ધર્મ ગમતો પણ ન હોય છતાં પરણીને પગે લગાડવા લાવો છો, શા માટે? એમાં પણ ઉંડે ઉંડે ભૂખ છે, કે સંતના દર્શન કરાવીએ, માંગલિક સંભળાવીએ અને પેટીમાં સવા રૂપિયો નંખાવી દઇએ તો એમની જોડી અખંડ રહે. સંસારની વાડી લીલીછમ રહે.

અહીં તો ગામમાં સંત હતા નહિ. અને તે જ દિવસે અનાયાસે સંત પધાર્યા. કેવો સુયોગ કહેવાય! ભવદેવને ખબર પડી કે સંત પધાર્યા છે. તેમાં પણ મારા વડીલ બંધુ ભવદત્ત મુનિ પધાર્યા છે. એટલે મિત્રોને સાથે લઈને ભવદેવ વડીલ બંધુના દર્શનાર્થે ગયો.

જે કન્યાની સાથે લગ્ન થયું છે તેનું નામ નાગીલા છે. નાગીલા ખૂબ સંસ્કારી છે. અને રૂપમાં તો અપ્સરા જેવી છે. હજુ ભવદેવે એનું મુખ જોયું નથી કે નાગીલાએ ભવદેવનું મુખ જોયું નથી. એક બીજા મળ્યા પણ નથી. તે પહેલાં ભવદેવ ગુરૂ મહારાજના દર્શને ગયો. સંતના ચરણમાં પોતાનું મસ્તક ઝુકાવે છે. ત્યારે મોટો ભાઈ ભવદત્તમુનિ કહે છે ભાઈ! તને આ ઉજ્જવળ માર્ગ ન રુચ્યો કે તું કાદવમાં ખરડાવા ગયો? આપણે બંને એક માતાના જાયા. એક ભાઇ અમૃત પીવે છે અને તું જાણીબ્રીછીને ઝેર પીવા ગયો! તને એમ ન થયું કે મારા ભાઈએ દીક્ષા લીધી છે તો હું પણ દીક્ષા લઉં! ત્યારે સાથે આવેલા ટીખળીયા મિત્રો બાજુમાં ઉભા છે-તેઓ મશ્કરી કરતાં બોલ્યા કે મહારાજ! હજુ કયાં બગડી ગયું છે–એને દીક્ષા લેવી હોય તો લઈ શકે છે. મિત્રોએ મજાક કરી ત્યારે ભવદેવે કહ્યું–મહારાજ! હું તૈયાર છું. મને આપ દીક્ષા આપો. મહારાજે તો સહજ ભાવે કહ્યું હતું પણ હવે એ જ્યારે મજાકનો માર્યો તૈયાર થઈ ગયો તો પછી શા માટે જવા દેવો? મિત્રોના મનમાં એમ હતું કે આ કંઇ થોડો એમ દીક્ષા લઇ લેવાનો છે અને મહારાજ દઈ દેવાનાં છે! પણ અહીં તો વાત વટ પર ચઢી ગઈ.

ભવદેવ કહે છે મને દીક્ષા આપો. મેં આપના ચરણમાં શીર ઝૂકાવ્યું છે. હવે આપ લોચ કરી નાંખો. અને મને દીક્ષા આપો. અહીં તો મહારાજે લોચ કરી વેશ પહેરાવી દીધો. કોડભર્યો પરણીને આવેલો ભવદેવ સાધુ બની ગયો મિત્રોના મોઢાં ઝાંખા પડી ગયા. હવે આપણે જવાબ શું આપીશું ? બધા વીલે મોઢે ઘેર આવ્યા. અને નાગીલાને તેમજ ઘરના બધાને ભવદેવ સાધુ થયાના સમાચાર આપ્યાં.

નાગીલા ખૂબ ધર્મિષ્ઠ અને સંસ્કારી હતી. પણ એને સ્વપ્નેય એવી કલ્પના તો કયાંથી હોય કે પરણીને જઈશ તે દિવસે જ મારી આશાના મિનારા તૂટી જશે. છતાં પણ ગંભીર અને ગુણવાન હતી. એટલે એણે એ જ વિચાર કર્યો કે ધન્ય છે એની જનેતાને ! કેટલા કોડે મને પરણ્યાં ? અને આમ સાધુ બની ગયા. હું કેટલી ભાગ્યવાન ! આનાથી ઉત્તમ બીજું શું ! આમ તો હું દીક્ષા ન લેત, પણ હવે હું મારું જીવન ધર્મમાં જ વીતાવીશ અને જિંદગીભર બ્રહ્મચર્યનું પાલન કરીશ અને મારૂં જીવન સાર્થક બનાવીશ.

બંધુઓ ! આ જગ્યાએ તમારા દિકરા અગર દિકરીને કોઈ સંત કે સતીજી દીક્ષા આપી દે તો તમે શું કરો ? (રાજકોટમાં રહેવું ભારે પડી જાય). પુણ્યવાન અને સમજુ આત્માઓને તો આનંદ થાય. પહેલાનાં વખતમાં જ્યારે ભગવાનની દેશના સાંભળવા જતાં હતાં ત્યારે ભગવાનની વાણી સાંભળીને કંઈક જીવો ત્યાં ને ત્યાં દીક્ષા લઈ લેતાં હતાં. કંઈક આત્માઓ બાર વ્રતધારી બનતાં હતાં. પણ કંઇ ને કંઇ વ્રત ગ્રહણ કરીને જ આવતાં હતાં. કંઈક આત્માઓ ઘરે આવીને આજ્ઞા લઇને દીક્ષિત બનતાં હતાં. પણ જે ખાલી જોવા જ જતાં હતાં એ તો એવાં ને એવાં જ પાછાં આવતાં હતાં. બહેનો કૂવે પાણી ભરવા માટે જાય છે ત્યારે બેડું કાટવાળું અને ખાલી લઇને જાય છે. પણ કૂવે જઈને બેડુ-ઉટકીને સાફ કરે છે અને પાણી ભરીને આવે છે. તેમ બંધુઓ ! તમે પણ અહીં આવો ત્યારે ખાલી આવો છો. પણ તમારા હૃદયમાં જે વિષય-કષાયનો કાટ ચઢયો હોય તેને વીતરાગવાણીના પાણી વડે સાફ કરી શુભ ભાવનાનું જળ ભરીને જાવ. ખાલી આવો અને જ્ઞાનામૃતનું પાણી ભરીને જાવ. રોજ તમે એક એક વચન ગ્રહણ કરતાં જશો તો પણ તમારૂં હૃદય રૂપી બેડું એક દિવસ ભરાઈ જશે. અને એક દિવસ તમે મહાન ગુણવાન બની જશો.

આ તરફ ભવદેવ મુનિ દીક્ષા લઇને પોતાના ભાઈની સાથે વિહાર કરી ગયાં. આ તરફ નાગીલાએ પણ એવો નિર્ણય કર્યો કે મારે જીવનભર આયંબીલ તપ કરવો. કારણ કે એક તો હું યુવાન છું, સ્વરૂપવાન છું. આ ઉંમરમાં બ્રહ્મચર્ય પાળવું સ્હેલ નથી. બંધુઓ ! બે ભુજાએ સમુદ્ર તરવો સ્હેલ છે, પણ ભર યુવાનીમાં બ્રહ્મચર્ય પાળવું એ કઠણ છે. વળી વૃક્ષને જેટલા ફળફૂલ વધુ આવશે એટલા એના ઉપર પક્ષીઓ વધુ આવીને બેસશે. અને વૃક્ષને કિલામના ઉપજાવશે. ભગવાને ઉત્તરાધ્યયન સૂત્રના બત્રીસમા અધ્યયનમાં કહ્યું છે કે :—

रसा पगामं न निसेवियव्वा, पायं रसा दित्तिकरा नराणं ।
दित्तं च कामा समभिद्दवन्ति, दुमं जहा साउफलं व पक्खी ॥ उ.अ.३२-१०

જેટલાં જેટલાં રસોનું અને સ્વાદોનું સેવન કરવામાં આવે તેટલો વિકાર વધે છે. અને કામ રૂપી પક્ષીઓ આત્માને કિલામના ઉપજાવે છે. માટે જો બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તો તપ અવશ્ય કરવો જોઇએ. જેટલો આહાર વધુ કરવામાં આવે એટલી ઇન્દ્રિયો વધુ કૂદાકૂદ કરે છે. અને જો તપ કરવામાં આવે તો એ કૂદાકૂદ બંધ થઈ જાય છે.

નાગીલા ખૂબ તપશ્ચર્યામાં ઉતરી ગઈ છે. આયંબીલ ને ઉપવાસ કરીને એણે યુવાનીનું તેજ ઝાંખું બનાવી દીધું. તદ્દન સાધ્વી જેવું જીવન જીવે છે. સ્ત્રીઓને એના પતિને રંજન કરવા માટે શણગાર સજવા પડે છે. ખરી રીતે તો પતિની પાસે શણગાર સજવાના હોય પણ બહાર જાય ત્યારે તો તદ્દન સાદાઈથી જ નીકળવું જોઇએ. પણ આજે તો ઉલ્ટી ગંગા વહી રહી છે. બહાર નીકળે એટલે ભભકાનો પાર નહિ. બની ઠનીને નીકળે તેમાં પણ અત્યારની વેશભૂષાએ તો માઝા મૂકી છે. જેટલી ફેશનો વધી, નખરાં વધ્યાં એટલાં ચારિત્ર લૂંટાવા લાગ્યા છે. ખરેખર ! સ્ત્રીઓનાં શણગાર જોઈને એની પાછળ પુરૂષો આકર્ષાય છે. તો બેનો ! તમારા નિમિત્તે પણ કોઈ ચારિત્રથી ચ્યુત થાય એવું શા માટે કરવું જોઇએ ? સતી સ્ત્રીઓએ બહાર નીકળે ત્યારે તદ્દન સાદાઈથી જ નીકળવું જોઇએ કે જેથી કોઇનું મન બરાબ ન થાય.

નાગીલા તો ધર્મમય જીવન વીતાવે છે. ભવદેવને દીક્ષા લીધાંને બારબાર વર્ષો વીતી ગયાં. બાર વર્ષે કામરૂપી સૂતેલો સિંહ જાગ્યો. ભવદેવના મનમાં વિચારો આવવા લાગ્યાં કે હું કેવો નિષ્ઠુર, કેવો ક્રૂર કે મિત્રોની મજાકમાં રંગમાં આવીને મેં દીક્ષા લઈ લીધી ! કોડ ભરેલી કામિનીને તરછોડીને હું સંયમ માર્ગે ચાલી નીકળ્યો ! મેં એનો વિશ્વાસઘાત કર્યો ! એ મારા વિયોગે ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડતી હશે ! તેને નાગીલા પ્રત્યેનો મોહ જાગ્યો. દિવસે દિવસે એના યમ-સંયમની સાધનામાંથી એનું મન નાગીલામાં રમવા લાગ્યું. સૂતાં, ઉઠતાં, બેસતાં ને સ્વાધ્યાય કરતાં એના મનમાં એક જ વિચાર ઘોળાવા લાગ્યો કે, પતિવિહોણી નાગીલાનું શું થયું હશે ? હવે મારે જલ્દી નાગીલા પાસે જવું છે. હવે મારે દીક્ષા પાળવી નથી. હવે ક્યારે જલ્દી મોકો મળે અને ગુરૂને વેશ સોંપીને અહીંથી ચાલી નીકળું ! પણ ભાઇને કહેવાય કેમ ? જેનું મન વિષયોમાં ભમે છે.તેને પછી કોઇ જાતની શરમ રહેતી નથી.

અંતે એણે શરમ છોડીને ભવદત્ત મુનિને વાત કરી કે "ભાઈ! હવે મારે સંસારમાં જવું છે. મને નાગીલા બહુ યાદ આવે છે. આપ મને રજા આપો.

નાગીલા મને ઘણી સાંભળે, ઘડી વર્ષ સમાન દેખાય,
બાર વર્ષો તો વીતી ગયાં, નાગીલા જોયા વિણ,

હવે ભૂલી શકું ના લગાર રે, સંયમ કેમ પાળું જી,
મને લાગ્યો નાગીલાનો નેહ રે, સંયમ કેમ પાળું જી.

ભાઈએ એને ખૂબ સમજાવ્યો કે હે ભાઈ! "હાથીની અંબાડી છોડીને હવે ગર્દભની સ્વારી કરવા કયાં જાય છે? કોહીનુર છોડીને કાંકરો ગ્રહણ કરવાનું તને કેમ મન થાય છે? જે મુખે પાન ચાવ્યા હોય તે મુખે હવે કોલસા ન ચવાય. ખૂબ ખૂબ સમજાવ્યો. પણ જ્યારે માન્યો નહિ ત્યારે કહે છે–બાર બાર વર્ષ દીક્ષા લીધા પછી હવે તને મોહ જાગ્યો છે! આવું ઉત્તમ ચારિત્ર છોડીને સંસારમાં જવું તેના કરતાં મરી જવું શ્રેયસ્કર છે.

"તારા કરતાં અગંધન કુળનો સર્પ સારો. શ્રેષ્ઠિના એક પુત્રને પરણાવ્યો. પ્રથમ રાત્રિએ તેને અગંધન કુળનો સર્પ કરડયો. ઝેર ચઢયું. એ ઝેર ઉતારવા શ્રેષ્ઠિની પત્નીએ મંત્ર–તંત્ર–વાદીઓને બોલાવ્યાં. મંત્રના પ્રયોગથી બધાં જ સર્પો આવ્યા પણ કહે છે. બહેન! અમે તારા પુત્રને કરડયાં નથી. બધાં દૂધ પીને ચાલતાં થયાં. છેલ્લે અગંધન કુળનો સર્પ આવ્યો. એણે કહ્યું કે અમારા કુળની પ્રતિજ્ઞા છે કે વમેલું ઝેર પાછું ચૂસાય નહિ. માટે હું તારા દિકરાનું ઝેર ચૂસીશ નહિ. ત્યારે કહે છે જો તારે ઝેર ચૂસવું નથી તો શા માટે આવ્યો છે? સર્પ કહે છે આ અગ્નિના કુંડમાં બળી મરીશ પણ ઝેર નહિ ચૂસું. પોતાના શરીરનું ગૂંચળું બનાવીને અગંધન કુળનો સર્પ અગ્નિના કુંડમાં બળી મર્યો પણ વમેલું ઝેર ન ચૂસ્યું. તારા કરતાં આ સર્પ નહિ સારો?" એમ અનેક પ્રકારે સમજાવ્યો. પણ ઉછળ્યું અન્ન કયાં સુધી ટકે? બનવા યોગ્ય એવું બન્યું કે ભવદત્ત મુનિ થોડા વખતમાં કાળધર્મ પામ્યાં. હવે તેને કોઈનો ડર ન રહ્યો. બીજા મુનિઓએ એને સમજાવ્યો પણ માન્યો નહિ. અને ત્યાંથી ચાલી નીકળ્યો. વિહાર કરતાં કરતાં તે પોતાના જ ગામમાં આવ્યો.

નાગીલાએ દીક્ષા નથી લીધી પણ સાધ્વીની જેમ જ સંસારમાં રહે છે. તપશ્ચર્યા વડે એણે એનું રૂપ બાળી નાખ્યું છે. શરીર શ્યામ પડી ગયું છે. યૌવન ઓસરી ગયું છે. એટલે એ હવે પહેલાં જેવી સ્વરૂપવાન નાગીલા રહી નથી. આ ભવદેવ ગામમાં જાય છે. ત્યારે એને એક બાઈ સામી મળે છે. તેને ભવદેવ પૂછે છેઃ તમે નાગીલાને ઓળખો છો? એ કયાં રહે છે તે તમે જાણો છો? બાઈ વિચાર કરે છે કે આ મહારાજ નાગીલાને શા માટે યાદ કરતાં હશે? પૂછે છે કે આપનું નામ શું? ત્યારે કહે છે મારું નામ ભવદેવ. બાઈ કહે છે, આ ગામમાંથી ભવદત્ત અને ભવદેવ નામના બે ભાઈઓએ દીક્ષા લીધી છે તે તમે જ છો? તો કહે છે હા. હું ભવદેવ છું. બાઈ ઓળખી ગઈ કે આ પોતાનો સ્વામી જ છે. એ શા માટે આવ્યાં હશે? શું ચારિત્રથી એનું મન લથડયું હશે? એમ અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરતી નાગીલા બોલીઃ મહારાજ! નાગીલા સાથે આપને

પૂર્વનો કંઈ સંબંધ છે? તો કહે છે કે હા, એ મારી પત્ની છે. મારે એને મળવું છે. ત્યારે નાગીલા કહે છે શા માટે તમારે એને મળવું છે? ત્યારે ભવદેવ કહે છે કે, મારે એનું જરૂરી કામ છે.

બાઈ કહે છે હું પોતે જ નાગીલા છું. આપને જે કામ હોય તે વિના સંકોચે મને કહો. મુનિ કહે છે અહીં કહેવાય તેમ નથી. ઘરે ચાલો. બંને ઘેર આવે છે. નાગીલા કહે છે. ગુરુદેવ! મારે લાયક સેવા હોય તે જલ્દી ફરમાવો. ત્યારે વિષયાસક્ત બનેલો ભવદેવ કહે છેઃ અહો નાગીલા, હું કેવો કઠોર! તને કોડભરી તરછોડીને ચાલ્યો ગયો! તને કંઈ જ સુખ ન આપી શક્યો અને સાધુ બનીને ચાલી નીકળ્યો! હવે હું આ સાધુવેશ છોડીને તને સંસારનું સુખ આપવા ઈચ્છું છું. આ સાંભળી નાગીલા કહે છે સ્વામીનાથ! ઉજ્જવળ વસ્ત્ર કાદવમાં કાં રગદોળો છો? બાર બાર વર્ષથી હાથમાં આવેલું અમૂલ્ય રત્ન કાં ગુમાવો છો? આપ આ શું બોલી રહ્યાં છો? આપને આ ન શોભે. એમ નાગીલા ભવદેવને કહે છે. હજુપણ આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં.....૬૮

ભાદરવા વદ ૧૨ ને શનિવાર તા. ૨૬-૯-૭૦

અનંત કરૂણાનીધિ શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના કલ્યાણને અર્થે મંગલકારી વાણી વરસાવી. એ વાણી સાંભળતાં જીવને જઘન્ય રસ આવે તો કર્મની કોડો ખપી જાય અને ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર નામ કર્મ પણ ઉપાર્જન કરી લે, એવો ભગવંતની વાણીનો પ્રભાવ છે. કલ્પવૃક્ષ અને રત્નચિંતામણીમાં ભૌતિક સુખ આપવાની તાકાત છે. એ બાહ્ય દરિદ્રતા દૂર કરી શકશે પણ આત્માની દરિદ્રતા દૂર કરાવી ઇચ્છિત સુખ આપનાર ભાવ કલ્પતરૂ કે ભાવ ચિંતામણી સમાન કોઈ હોય તો વીતરાગ દેવની વાણી છે. પણ એમાં જીવને શ્રદ્ધા થવી જોઈએ.

બંધુઓ! જો તમે સ્થિર અને શ્રદ્ધાવાન બનશો તો બીજાને પણ આ માર્ગમાં સ્થિર બનાવી શકશો. પણ જો બાપ ન સમજતો હોય તો બેટાને ક્યાંથી સમજાવે કે દિકરા! સંસારની પેઢી કરતાં ભગવાન મહાવીરની પેઢીમાં કમાણી વધુ છે. જો તું આ પેઢીમાં ભાગીદારી કરીશ તો કર્મના ભુક્કા ઉડયા વિના નહિ રહે. આવું સમજાવનારા બહુ ઓછા છે.

માતાપિતાના સ્વર્ગવાસ પછી ભગવાન મહાવીર સ્વામી દીક્ષા લેવા તૈયાર થયા.

ત્યારે તેમના વડીલબંધુ નંદીવર્ધનના હાથપગ ઢીલા થઇ ગયા. વર્ધમાનકુમારની દીક્ષાની વાત સાંભળી એમને એવો આઘાત લાગ્યો કે અહો! હું મા–બાપ વિનાનો થઇ ગયો. અને હવે ભાઇ વિનાનો થઇ જઈશ? શું મારો ભાઈ મને છોડીને દીક્ષા લેશે? ભાઇના સંતોષ ખાતર વર્ધમાનકુમાર બે વર્ષ સંસારમાં રોકાઈ ગયા. પણ સાધુની જેમજ તેઓ સંસારમાં રહ્યા હતાં. બે વર્ષ તો પલકારામાં વહી ગયાં.

કારતક વદ દશમનો દિવસ આવ્યો. વિરાગી વર્ધમાનકુમાર આ દિવસે મહાભિનિષ્ક્રમણના પંથે કદમ ભરવાનાં હતાં. વીરા નંદીવર્ધનનું કાળજું કામ કરતું નથી. વર્ધમાનકુમારનું માન રાજા નંદીવર્ધનના દિલમાં હતું તેટલું જ નગરના તમામ પ્રજાજનોના અંતરમાં હતું. નંદીવર્ધનના ભાઈ છે એટલે એમને તો ભાઇ પ્રત્યે અથાગ મોહ હોય એમાં કાંઈ નવાઈ નથી, પણ જ્યાં ગામમાં ઉદ્‌ઘોષણા થઈ કે "પ્રજાના લાડીલા વર્ધમાનકુમાર આવતી કાલે અગાર મટીને અણગાર બનશે. ત્યારે દરેકના દિલમાં ચરોડા પડી ગયો. અહો! આવો સુકુમાર બાલુડો ત્યાગના કઠીન માર્ગે જશે? એ કષ્ટો એનાથી કેમ વેઠાશે? ત્યારે કંઈક સમજુ માણસો બોલે છે કે "હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને" શુરવીરો મેદાનમાં શસ્ત્રો વડે શત્રુને જીતે છે, પણ આ તો ક્ષમાના શસ્ત્રોવડે કર્મશત્રુઓને જીતવા નીકળે છે. આપણને તો આવું યુદ્ધ કરતાં પણ ન આવડે. સૌ મનમાં અફસોસ કરવા લાગ્યાં, રડવા લાગ્યા, પણ જે શુરવીર થઇને નીકળે છે તે પછી કોઈના સામુ જોતાં જ નથી.

વૈરાગી વર્ધમાનકુમાર રાજવૈભવોનો ત્યાગ કરીને નીકળી ગયાં. રત્નજડિત શિબિકામાં બેઠાં. મંગલ વાજિંત્રો વાગવા લાગ્યા. કોડો સોનૈયાઓનો વરસાદ વર્ધમાનકુમારના હાથે વરસવા લાગ્યો. વર્ધમાનકુમારના મુખ ઉપર અપૂર્વ આનંદ હતો. ત્રીસ વર્ષમાં કયારેય એવો આનંદ એમના મુખ ઉપર જોવામાં આવ્યો ન હતો. જેને માટે પૂર્વના ત્રીજા ભવે લાખ લાખ વર્ષો સુધી મહિના મહિનાના ઘોર તપ તપ્યાં હતાં. ધોમ ધોમ સાહ્યબીથી ભરેલા દેવલોકમાં પણ જેની મનુષ્ય બનીને સંયમ પાળવાની તીવ્ર તમન્ના હતી. તેથી સિદ્ધાર્થ રાજાના રાજવૈભવો પણ ફિક્કાં લાગ્યાં અને એવો સંયમ અંગીકાર કરવાનો મંગલ સમય આવી ગયો, પછી તો આનંદ જ હોય ને!

ભગવાનની દીક્ષામાં નગરજનો જ નહિ પણ દેવો અને ઇંદ્રો પણ આવ્યાં હતા. વર્ધમાનકુમાર ઉદ્યાનમાં પહોંચી ગયા. અને એક પછી એક વસ્ત્રો અને આભૂષણો ઉતારવા માંડયા. સૌ ગમગીન બની ગયાં છે. આંખોમાંથી ચોધાર આંસુ વહે છે. અને જ્યાં વર્ધમાનકુમારે મુઠ્ઠીમાં વાળ લીધા ત્યારે નંદીવર્ધન બેભાન થઈને ધરતી ઉપર ઢળી પડયાં પણ વર્ધમાનકુમારે તો પંચમુષ્ટિ લોચ કરી નાખ્યો. નંદીવર્ધનને ખૂબ ઉપચારો કરીને ભાનમાં લાવ્યા. દેવોએ પણ એમને આશ્વાસન આપ્યું. પણ હવે વર્ધમાનકુમારના સામું જોવાની એમની હિંમત ન હતી.

સહુજનોની વચમાં ભગવાને ગંભીર અવાજે સર્વવિરતી સામાયિક અંગીકાર કરી લીધી. વર્ધમાન હવે વર્ધમાન કુમાર મટીને શ્રમણ ભગવાન મહાવીર બન્યાં. દેવોએ એમને શ્રમણ ભગવાન મહાવીર નામ આપ્યું. અને ઇન્દ્રે ભગવાનના ખભે દેવદૂષ્ય વસ્ત્ર નાંખ્યું. હવે ભગવાન દીક્ષા લઈને આગેકૂચ કરવા પગ ઉપાડે છે. રાજા નંદીવર્ધન એમના ચરણમાં મસ્તક ઝૂકાવી ચોધાર આંસુએ રડે છે. જ્યાં રાજા આટલું રડતો હોય ત્યાં પ્રજાજનોની તો વાત જ શી કરવી? વૃદ્ધ–બાળક–યુવાન–સ્ત્રી–પુરૂષ બધા ય જાણે કોઈ સ્વજન પરલોકમાં ન ગયો હોય? એવો આઘાત અનુભવે છે. ભાનવાળા પણ ભાન ભૂલી ગયાં છે. કોઈની બુદ્ધિ કામ કરતી નથી.

કર્મશત્રુઓને હંફાવવા સજજ થયેલા વર્ધમાનકુમારને જોઈ સહુ સ્તબ્ધ બની ગયાં છે. નંદીવર્ધનનું માથું ભાઈના ચરણમાંથી ઉંચું થતું નથી. કેટલો મોહ છે! "આટલાં ભોગ ભોગવ્યાં છતાં હજુ મને વૈરાગ્યભાવ જાગતો નથી, અને આ મારો નાનો ભાઈ ભોગનો ત્યાગ કરીને ચાલ્યો!" હું એને મારું મોઢું કેવી રીતે બતાવું. અંતે નંદીવર્ધનને ઇન્દ્રે સમજાવીને ઉભા કર્યા, જાણે ભયંકર ગુન્હો ન કર્યો હોય! ભયંકર ચોરી ન કરી હોય! એવો એમને અફસોસ થવા લાગ્યો. ગદ્‌ગદ્‌ કંઠે નંદીવર્ધનને કહે છે પ્રભુ! મેં આપને ખૂબ હેરાન કર્યા. મારા મોહને ખાતર મેં આપને બબ્બે વર્ષ સુધી સંસારમાં જકડી રાખ્યા. પ્રભુ, મને માફ કરો. પણ ભગવાન એક શબ્દ પણ બોલતાં નથી.

મૌન ધરી ભગવાને આગે કદમ ઉઠાવ્યું. નંદીવર્ધન અને પ્રજાજનોનું રૂદન બંધ થતું નથી. પણ ભગવાન કોઈના સામું જોતાં નથી. આગળ ભગવાન અને પાછળ નંદીવર્ધન, દેવો અને ઇન્દ્રો અને તેની પાછળ નગરજનો ભગવાનને વળાવવા માટે ગયાં છે. બીજી તરફ વર્ધમાન કુમારની પત્ની યશોદા અને પુત્રી પ્રિયદર્શનાથી આ કરૂણ દૃશ્ય જોઈ શકાયું નહિ. તેમના પગ ઉપડી શકયા નહિ. એટલે બંને એક વૃક્ષ નીચે બેસી ગયા.

આજ સુખી છું કે સ્વામી મારો, સ્વામી ત્રિલોકનો થાશે,
દુઃખ એટલું કે હું અભાગી, આવી શકું નહિ સાથે,
આંસુ નથી આ અપશુકનના, પુલકિત છે મુજ પ્રાણ,
પામર છું હું તેમ છતાં પણ, વીર પુરૂષની નાર,
હું તો નહિ પણ પગલે તમારે આવશે પુત્રી તમારી,
આશિષ દો પ્રિયદર્શનાને, પામે ઉત્તમ સ્થાન.
જાઓ સિધાવો અંતર્યામિ, કરવા જગત કલ્યાણ,
સ્વામી કરજો સુખે પ્રયાણ.

જ્યાં ભગવાને પગ ઉપાડયો ત્યાં એ બંને મા–દિકરીના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ. બંને ત્યાં બેભાન બનીને ઢળી પડયાં, પણ પ્રભુ તો આગળ વધ્યે જ જાય

છે. મોહથી ઘેરાયેલાં માનવીઓ કયાં સુધી આગળ ચાલે ! રાગી અને વિરાગી બંનેના પંથ ન્યારા છે.

બંધુઓ ! જગત કેવું મોહના રાગમાં ડૂબેલ છે ! સહુને પોતાના સ્વજનના જવાથી દુઃખ થયું છે. એટલે રડે છે. ભગવાનને ત્યાગ માર્ગે કેવાં કેવાં કષ્ટો પડશે એની કલ્પના કરે છે. પરંતુ એક પણ પ્રજાજન મોહને છોડીને એમની સાથે જવા તૈયાર ન થયો. ઘણે દૂર જઈને ભગવાન સ્થંભી ગયા. સૌને મૂક સૂચના કરી કે હવે મારે મારા માર્ગે ચાલવું છે. તમે પાછા વળો. બધા ભગવાનને વંદન કરીને ઉભા રહી ગયાં. કોઇના સામું જોયા વિના જગતના ઉદ્ધારક પ્રભુ ત્યાંથી એકલા ચાલી નીકળ્યાં. તેમણે દીક્ષા એકલાં જ લીધી અને કર્મમેદાનમાં એમને એકલાને જ યુદ્ધ ખેલવાનું હતું, એટલે પોતે એકાકી ચાલી નીકળ્યા. જ્યાં સુધી ભગવાન દેખાયા ત્યાં સુધી સમગ્ર પ્રજાજનો અને રાજા નંદીવર્ધન બધા રડતાં જ ઉભા રહ્યાં. યશોદા–પ્રિયદર્શના, જમાલી બધા જ ગમગીન બની ગયાં હતાં.

રાજા નંદીવર્ધન કરૂણ સ્વરે વિલાપ કરતાં કરતાં બોલે છે–ઓ મારા લાડીલા વીરા ! આમ અમને મૂકીને એકલો અટૂલો કયાં જઈશ ! ઘોર જંગલમાં વાઘ-સિંહ-સર્પ મળશે ત્યાં તારું કોણ ? ઉનાળાની સખત તડકા, શિયાળાની સખત ઠંડી તું કેમ સહન કરીશ ? કયારે પણ ખુલ્લા પગે નહિ ચાલેલો મારો ભાઈ ખુલ્લા પગે કેમ ચાલી શકશે ? જેની સામે કોઈ ઉંચા સાદે બોલે તો તેને હું બોલતો બંધ કરી દઉં, તેના બદલે મારા ભાઈને કોઈ કટુ વચનો કહેશે, અપમાન કરશે. આ બધું એ કેમ સહન કરશે ? લાખો ભિક્ષુકોને ભિક્ષા દેનારો ભિક્ષા માટે ઘરઘરમાં ઘૂમશે ? વીરા ! તારા વગર હું કોની સાથે વાત કરીશ ! આમ રાજા નંદીવર્ધન ભાઇના ભાવિની ચિંતા કરતાં કરતાં બેભાન બની જાય છે. વળી શુદ્ધિમાં આવે છે. નગરજનો સમજાવીને નંદીવર્ધનને મહેલમાં લઈ જાય છે. પણ એમને વર્ધમાનકુમાર વિના રાજમહેલ પણ ભૂતિયામહેલ જેવા દેખાવા લાગ્યાં.

રાગનું બંધન એ ભયંકર બંધન છે. નંદીવર્ધનને ભાઇ પ્રત્યેનો રાગ રડાવે છે. જગત પિતા ભગવાન મહાવીરે આવો વૈભવ છોડીને દીક્ષા લીધી. અને કર્મોની ઉદીરણા કરવા માટે અનાર્ય દેશમાં ચાલી નીકળ્યા. ત્યાં એમને કેવા કેવા કષ્ટો પડયાં છે એ તો તમે ઘણી વખત સાંભળ્યું છે. એમણે કર્મોને સામેથી આમંત્રણ આપ્યું છે. જ્યારે આપણે તો ઉદયમાં આવતાં કર્મને અટકાવવા તૈયાર થઈએ છીએ. આપણા ભગવાને પોતાના પગ ઉપર કુહાડો મારીને પછી જ જગતની સામે તપ–ત્યાગની વાતો મૂકી છે. સાડાબાર વર્ષ અને પંદર દિવસ સુધી ઉંઘ કરીને ઉંઘ્યા નથી. ચાર માસી, છ માસી, બે માસી અને પંદર દિવસના ઉપવાસ આવા અનેક મહાન તપ કર્યા. તપમાં પણ ચોમાસા

સિવાયના દિવસોમાં તો વિહાર જ હોય. ક્યાં એ પુરૂષની કઠોર સાધના અને ક્યાં આપણા જેવા પામર પ્રાણીઓનો પ્રમાદ!

દેવાનુપ્રિયો! સ્વઘરમાં સ્થિર થયા વિના અને પ્રમાદ છોડયા વિના ઉદ્ધાર થવાનો નથી. એક વ્યવહારથી તમે સમજો કે જમાઈ સાસરે જાય છે ત્યારે તેમને સાસરીયાં કેટલું માન આપે છે? વળી તેમાં પણ સાસુજીને તો જમાઈરાજ ખૂબ વહાલા હોય છે. છતાં અંતે તો પોતાને ઘેર જ આવવું પડે છે. સાસરું એ તો પરાયું ઘર છે. ગમે તેવું હોય તો પણ પોતાનું ઘર સારું, એમ તમે સમજો છો ને? ત્યાં તમને જેવો વિવેક છે તેવો વિવેક આત્મા માટે જાગે તો આ બધાંય તોફાન મટી જાય. જે આત્મા સ્વઘરમાં સ્થિર થાય છે તેની રખડપટ્ટી અટકી જાય છે.

દેવભદ્ર અને જશોભદ્રને સ્વઘરની લગની લાગી છે. સંસાર એ પરઘર છે. સંયમ એ સ્વઘર છે. તે બે બાળકો એના પિતાજીને કહે છે—

इमं च मे अत्थि इमं च नत्थि, इमं च मे किच्च इमं अकिच्चं ।
तं एवमेव लालप्पमाणं, हरा हरंति त्ति कहं पमाओ ॥

ઉત્ત. સૂ. અ. ૧૪ ગાથા ૧૫

આ મારું છે. આ મારું નથી. આ કામ મારે કરવાનું છે. આ કામ મારે કરવાનું નથી. આ પ્રકારની ઘટના સંસારમાં દિનરાત ચાલ્યાં કરે છે. જીવન ટૂંકું છે અને કામ ઘણાં છે. આ સ્થિતિમાં કોઈ વ્યક્તિ પોતાની ઈચ્છાનુસાર પોતાનું કામ પૂર્ણ કરી શકતી નથી. અત્યાર સુધી કોઈ પણ વ્યક્તિએ સંસારનાં કામો પૂર્ણ કર્યા હોય અને કૃતકૃત્ય થયાં હોય એમ બન્યું નથી. બની શકતું પણ નથી. મેં અમુક કામ તો કર્યું છે અને હવે અમુક કામ કરીશ એવી લાલસા જીવને વળગેલી જ હોય છે. એ લાલસાની પૂર્તિ થતી નથી. દા. ત. ગળાના આભૂષણો તૈયાર થયાં તો પછી જીવને હાથની બંગડી કરવાની ઈચ્છા થાય છે. બંગડી તૈયાર થઈ જાય એટલે પગના ઝાંઝર કરાવવાની ઈચ્છા થાય છે. જો ચાંદીના દાગીના હોય તો સોનાના અને સોનાના હોય તો હીરાનાં દાગીના બનાવવાની ઈચ્છા થાય અને આ રીતે સંસારમાં તૃષ્ણાનો અંત આવતો નથી પણ તૃષ્ણા ઉત્તરોત્તર વધતી જાય છે. પરંતુ જ્યારે આત્મામાં શરીર અને આત્માનું ભેદજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે આત્મા આ બધી વસ્તુઓનો ત્યાગ કરી દે છે અને તૃષ્ણાનો અંત આણી સંતોષામૃતનું પાન કરે છે. Contentment is the root of happiness

સંતોષ એ સુખનું મૂળ છે. સંતોષ એ મહામૂલ્યવાન મોતી છે. જે કોઈ દશ હજાર ઈચ્છાઓનું બલિદાન આપી સંતોષનું મોતી ખરીદ કરે છે તે ખરીદી ડહાપણ ભરેલી અને સુખદાયક ગણાય છે. આત્મા જ્યારે સંતુષ્ઠ બને છે ત્યારે જ તેને શાંતિનો અનુભવ થાય છે. તે સિવાય તો આત્મા તૃષ્ણા રૂપી નદીમાં તણાઈ જઈ તેમાં જ ગોથાં

ખાઈ દુઃખ પામે છે. પરંતુ જે આત્માને ભેદજ્ઞાન થાય છે તે ધર્માત્મા તો સાંસારિક ચીજોને તુચ્છ સમજી તેનો ત્યાગ કરી દે છે.

દેવભદ્ર અને જશોભદ્ર કહે છે હે પિતા! આમ તો સાંસારિક કામો ઘણાં છે અને તે કામો માટે હાયવોય પણ ઘણી કરવી પડે છે. પરંતુ જેના આધારે સાંસારિક કામો કરવામાં આવે છે તે આયુષ્ય તો ક્ષીણ થતું જાય છે. જ્યારે આયુષ્ય જ ક્ષીણ થતું જાય છે તો પછી સાંસારિક કામો પૂર્ણ કેવી રીતે થઇ શકે? આયુષ્ય કયારે પૂર્ણ થઇ જશે તેની કોઇને ખબર નથી. મારો કહેવાનો આશય એ છે કે સંસારની તૃષ્ણા વધતી જ જાય છે. અને જે વધતી જાય તે પૂર્ણ કેવીં રીતે થઈ શકે? તૃષ્ણાની વૃદ્ધિ કરવાથી આશાની પૂર્તિ થતી નથી. આશાની પૂર્તિ તો તૃષ્ણાનો ત્યાગ કરવાથી થાય છે. પણ અજ્ઞાનને લઇને જીવ સ્વઘરને ભૂલી ગયો છે. અને એને પરઘર પ્યારું લાગ્યું છે. જગતમાં કોઇ મોટો ઝઘડો હોય તો તે તારા અને મારાનો છે. જ્યાં ગયો ત્યાં જીવ મોહ અને વાસનાનો ગુલામ બન્યો છે.

આ જ રીતે ભવદેવ બાર બાર વર્ષ સુધી સંયમ પાળીને ઘેર આવ્યો. એમાં પણ મમતા જ હતીને? કે મારી નાગીલા મારા વિયોગે ઝૂરતી હશે. મેં એને સુખ ન આપ્યું. એ સંસારનો ગૃદ્ધિ બનીને ઘેર આવ્યો પણ નાગીલા સંસારમાં રહેવા છતાં ચારિત્રમાં કેટલી મક્કમ છે! ભવદેવ કહે છે નાગીલા! હું તને સુખ આપવા આવ્યો છું. ત્યારે નાગીલા સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે કે ધિક્કાર છે તમને! મિત્રોની મશ્કરીમાં તમે છલાંગ મારીને સિંહ જેવા બનીને નીકળી ગયાં. કેટલો ત્યાગ કર્યો? બાર બાર વર્ષ સુધી આવી ઉત્તમ સાધના કરી અને હવે તમને ભોગની યાચના કરતાં શરમ નથી આવતી? તમે તમારા માતા-પિતાના કૂળને લજવવા ઉઠયાં છો! સિંહ જેવા બનીને હવે શિયાળ જેવા કેમ બની ગયા? આ હાડ-માંસ અને લોહીથી ભરેલા શરીરમાં શું છે? તમને આમાં શેનો મોહ જાગ્યો કે તમે પાછા આવ્યાં? કોહીનુર છોડીને કાંકરા ગ્રહણ કરવા શા માટે આવ્યા? એવાં કઠોર શબ્દો કહ્યાં કે ભવદેવ સ્થિર થઇ ગયો.

નાગીલાએ દીક્ષા નહોતી લીધી. એ તો સંસારી હતી ને? છતાં પણ એનામાં કેટલી તાકાત હતી? પોતે ઘરમાં એકલી જ હતી પણ ડરી નહિ. જડબાતોડ જવાબ સાથે ખૂબ કઠોર શબ્દોમાં કહ્યું. સ્વામીનાથ! મિષ્ટાન્નનાં થાળ છોડીને એંઠવાડમાં મોઢું નાંખવા કયાં આવ્યા? એક વખત તમે મને એંઠવાડ સમજીને વમી દીધી. વમેલો આહાર તો ભિખારી પણ ઇચ્છે નહિ. અને તમે વમેલાને ગ્રહણ કરવા ઇચ્છો છો? વમેલું કાગડા ને કૂતરા ખાય. રાજા-મહારાજા અને ચક્રવર્તિઓ કેટલી સ્ત્રીઓને છોડીને નીકળી ગયા છે? તમે તો મને એકને છોડી છે. વિચાર કરો. આ અમૂલ્ય ચીજને ફગાવી દેશો તો તમારી કઇ ગતિ થશે? જેમ રાજેમતી રહનેમિને કઠોર શબ્દો કહીને એની

સાન ઠેકાણે લાવ્યા હતાં. અને રહનેમિને સંયમમાં સ્થિર કર્યા હતા તેમ નાગીલાએ પણ ભવદેવને સમજાવવામાં પાછી પાની કરી નહિ. એ સાચી સિંહણ બની ગઈ હતી.

નાગીલાના શબ્દોથી ભવદેવની શાન ઠેકાણે આવી ગઈ. 'માતા' ! કહીને એ નાગીલાના ચરણમાં પડી ગયો. અત્યાર સુધી એની દૃષ્ટિમાં નાગીલા પત્ની હતી, પણ હવે એણે કહ્યું : માતા ! તારો ઉપકાર કદી નહિ ભૂલું. તેં મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. ભાન ભૂલેલાને તું ઠેકાણે લાવી છું. ભવદેવે નાગીલાની માફી માંગી અને એનો પુનઃ પુનઃ ઉપકાર માનતો પોતાના ગુરૂદેવની પાસે આવ્યો. ગુરૂદેવના ચરણમાં પડી પોતે કરેલી ભુલનું પ્રાયશ્ચિત માંગ્યું. ગુરૂદેવ ! હું ભાન ભૂલ્યો, મન અને વચનથી મારા ચારિત્રમાં દોષ લગાડ્યો છે પણ કાયાથી દોષ નથી લગાડ્યો. હવે કદી આવી ભૂલ નહિ કરું. પશ્ચાતાપનાં આંસુ સારી પાપનું પાયશ્ચિત લઈ પવિત્ર બન્યાં. ગુરૂએ ફરીને એને દીક્ષા આપી. ભવદેવ શુદ્ધ ચારિત્રનું પાલન કરીને દેવલોકમાં ગયા અને ત્યાંથી ચ્યવીને સુધર્માસ્વામીના પ્યારા શિષ્ય જંબુકુમાર બન્યા. એ પ્રતાપ નાગીલાનો છે.

બંધુઓ ! તમે દીક્ષા લો તો સારી વાત છે. દીક્ષા લેવાને સમર્થ ન હો તો ગૃહસ્થ જીવનમાં સાથી શોધો તો નાગીલા જેવા શોધજો. ચામડાને મહત્વ ન આપશો. ગુણને મહત્વ આપજો. તમે અધોગતિમાં પડતાં હો તો એ તમને હાથ પકડીને બહાર કાઢે. એ જ સાચી સગાઈ છે. જેનો સંગ થતાં ભવભ્રમણ વધે તે સાચી સગાઈ નથી. આત્માની સગાઈ એ જ સાચી સગાઈ છે. દેહની સગાઈ તો જીવે અનંતી વખત બાંધી છે. તેથી ભવનો અંત આવ્યો નથી. બે બાળકોના નિમિત્તે માતા-પિતાને પણ વૈરાગ્ય ભાવ જાગશે. એ બાળકો હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં....૬૯

ભાદરવા વદ ૧૩ ને રવિવાર તા. ૨૭-૯-૭૦

અનંત કરૂણાનીધિ, શાસનપતિ, ત્રિલોકીનાથ ભગવાને જગતનાં જીવોને કલ્યાણનો રાહ બતાવતાં ટકોર કરીને ભરનિદ્રામાંથી જાગૃત કર્યા. અને શાસ્ત્ર-સિદ્ધાંત રૂપી વાણીની દિવ્ય વીણા વગાડી. ભગવાનની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રનું ૧૪મું અધ્યયન જેમાં ઈષુકાર રાજા, કમલાવંતી રાણી, ભૃગુ પુરોહિત અને યશા ભાર્યા અને તેના બે લાડકવાયા પુત્રો દેવભદ્ર અને જશોભદ્ર એ છ જીવોનો અધિકાર ચાલે છે. જે શૂરવીર હોય

તે જ શૂરા થઈને નીકળી જાય. દેવભદ્ર અને જશોભદ્ર શૂરવીર બનીને સંયમ માર્ગે જવા તૈયાર થયાં છે. તેઓ શું કહે છે :—

इमं च मे अत्थि इमं च नत्थि, इमं च मे किच्च इमं अकिच्चं।
तं एवमेव लालप्पमाणं, हरा हरंति त्ति कहं पमाओं ॥

હે પિતાજી ! આ સંસારમાં એકેક જીવો શું કરી રહ્યા છે ? આ મારું છે અને આ મારું નથી. આ કાર્ય મેં કરી લીધું અને આ કાર્ય હજુ મારે કરવાનું બાકી છે. એવી રીતે નિરંતર સંલાપ કરનારા જીવોને કાળ રૂપી ચોર એક દિવસ આયુષ્ય પૂર્ણ થયે ઝપાટામાં પકડી લે છે. માટે ધર્મના કાર્યમાં પ્રમાદ ન કરવો જોઈએ.

દેવાનુપ્રિયો ! આજે મોહમાં પડેલા જીવો સંસારના સુખોની સામગ્રીઓ ભેગી કરવાને માટે રાત-દિવસ પાગલ બનીને ભમી રહ્યાં છે. પણ જીવને ખબર નથી કે આ બધું ભેગું કરવામાં જ મારું જીવન હોમાઈ જશે, પછી ધર્મધ્યાન કયારે કરીશ ? એ વાત એ ભૂલી જાય છે કે રાત્રિ અને દિવસ રૂપી કાળા અને ધોળા ચોકો મારા આયુષ્યની દોરી કાપી રહ્યાં છે. હું અનેક પ્રકારની આધિ-વ્યાધિ અને ઉપાધિઓમાં વ્યગ્ર રહ્યો છું, પણ કાળ આવશે ત્યારે કોઈની રાહ નહિ જુવે. માટે પ્રમાદ છોડીને નિરાંતે ધર્મ કરી લઉં. આટલું જો જીવ સમજે તો બેડો પાર થઈ જાય. આ જિંદગી તો ચાર દિવસની ચાંદની જેવી છે. પછી તો ઘોર અંધારી રાત છે. માટે જીવનની કિંમત સમજો.

મહાન પુરૂષોએ સાચું જીવન શું છે એ આપણને સમજાવ્યું છે. તેમજ જુદા જુદા તત્વ ચિંતકોએ પણ પોત પોતાની કલ્પના પ્રમાણે જીવનની પરિભાષા જુદીજુદી રીતે કરી છે. સાધકની દૃષ્ટિએ જીવન નદીના પ્રવાહ જેમ અસ્થિર છે. દાર્શનિક દૃષ્ટિએ જીવન એક ચિંતન છે. અને કવિની દૃષ્ટિએ જીવન એક કાવ્ય છે. અને યોદ્ધાની દૃષ્ટિએ જીવન એક યુદ્ધ છે. આ પ્રમાણે દરેકે જીવનની વ્યાખ્યા જુદી જુદી રીતે કરી છે. પણ ખરેખર સમજવાનું એ છે કે જ્યાં સુધી ત્યાગમય જીવનની મહત્તા સમજાણી નથી ત્યાં સુધી જ્ઞાન-વિજ્ઞાન અને કળાઓની કંઈજ મહત્તા નથી.

એક લેખકે કહ્યું છે કે આવો ઉત્તમ મનુષ્ય ભવ પામ્યા છતાં જેને આત્મ-ઉદ્ધારની ખેવના નથી, ઝંખના નથી, એ મનુષ્ય બુદ્ધિમાન હોવા છતાં પણ અબુધ છે. કલા-નિપુણ હોવા છતાં પણ કમનસીબ છે. અને શ્રીમંત હોવા છતાં પણ રંક છે. ગમે તેટલી બુદ્ધિ હોય પણ બુદ્ધિનો વ્યય આત્મ કલ્યાણમાં ન થતો હોય અને ભોગવિલાસ માટે જ થતો હોય તો તે સાચું જીવન નથી. તમારા જીવન રૂપી બગીચામાં વિજ્ઞાનની વાતોનું ઘાસ ઉગ્યું છે અને આદર્શોની હરિયાળી ઘણી છે, પરંતુ ભાવ અને ક્રિયા રૂપી ફળોથી લચેલું એક પણ વૃક્ષ હજુ જોવામાં આવતું નથી. કેવળ ઉચ્ચ જીવન જીવવાની વાતો કર્યે કંઈ કલ્યાણ નહિ થાય.

એક તત્વ ચિંતકે જીવનના ત્રણ પ્રકાર બતાવ્યાં છે. (૧) આસુરી જીવન (૨) દૈવી જીવન (૩) આધ્યાત્મિક જીવન.

જે જીવન ભોગ-વિલાસ, મોજ-મઝા અને રાગ-દ્વેષના કાદવમાં રગદોળાયેલું છે તે આસુરી જીવન છે. ધન-વૈભવ અને ઐશ્વર્યમાં જ જેણે સાચું જીવન માન્યું છે. અને એને પ્રાપ્ત કરવા માટે પ્રતિપળે પ્રયાસ કરે છે. અને એમાં જ સાચા સુખની ખોજ કરતો હોય છે તે આસુરી જીવન. આસુરી જીવન એ ભોગપ્રધાન જીવન છે અને આદર્શ જીવન એ ત્યાગ પ્રધાન જીવન છે. પણ આજે તો અજ્ઞાની જીવો ભોગને મહત્વ આપે છે. એક નાનું બાળક જન્મે છે ત્યારે તે પણ મુઠ્ઠી વાળીને આવે છે. એની મુઠ્ઠી ખોલાવવા ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે તો પણ તે મુઠ્ઠી ખોલતો નથી. પણ મુઠ્ઠીમાં શું છે?

ધન-જન-વસ્ત્ર વિભવ બલ તેરે, જન્મ સમય પર સાથ ન થા,
નગ્ન રૂપ હોને પર ભી તૂ મુઠ્ઠી બાંધે આયા થા,
બંધી હુઈ મુઠ્ઠી કહતી થી, પુણ્ય સાથમેં લાતા હૈ,
કહતે ખુલે હાથ યે તેરે, હા સબ છોડકે જાતા હૈ।

જન્મ સમયે તમે સાથે કંઈ જ લાવ્યા ન હતાં. બંધ મુઠ્ઠીમાં સાથે પુણ્ય અને પાપ, શુભાશુભ કર્મો લઈને આવ્યાં હતાં. આવો ઉત્તમ માનવભવ પામીને ભોગવિલાસમાં પડયાં તો પુણ્યનો ધુમાડો કરીને ખાલી હાથે આ બધું છોડીને જવાનું છે.

મૃગાપુત્રને ઘેર એના મહેલની પૂરણીમાં રત્નો પૂર્યા હતાં. મહેલનાં તળિયામાં પણ રત્નો જડયા હતાં. દેવાનુદ્રક દેવના જેવી મહાન સાહ્યબી તેઓ ભોગવતાં હતાં. છતાં સમજ્યા ત્યારે પળમાં છોડીને ચાલ્યા ગયાં. સમજો તો તમે પણ રત્ન કરતાં પણ કિંમતી ભૂમિમાં જન્મ્યા છો. આવો આર્યદેશ મળવો દુર્લભ છે. બીજા દેશોમાં લોકોને પુણ્ય-પાપનું ભાન નથી. જ્યાં ઘણી હિંસા થતી હોય છે, જ્યારે આ તો ધર્મપ્રધાન દેશ છે. જેઓ અનાર્ય ભૂમિમાં જન્મ્યાં છે એમને તો પુણ્ય પાપનું ભાન જ નથી. ભોગો ભોગવવા, ખાઈ-પીને મઝા કરવી એ જ એમના જીવનનું કર્તવ્ય સમજે છે. તેમનું જીવન એ આસુરી જીવન છે.

છ દર્શનોની અંદર એક ચાર્વાક દર્શન છે. એમની માન્યતા એવી છે કે આત્મા જેવી કોઇ સ્વતંત્ર વસ્તુ જ નથી. જે કંઈ છે તે આ શરીર જ છે. માટે આવા સુંદર શરીર વડે જેટલા ભોગવિલાસો ભોગવાય તેટલાં ભોગવી લો. તેમનો આ એક શ્લોક છે.

"यावत् जीवेत् सुखं जीवेत, ऋणं कृत्वा घृतं पिबेत ।
भस्मीभूतस्य देहस्य, पुनरागमनं कुतः ?"

જ્યાં સુધી જીવો ત્યાં સુધી સુખપૂર્વક જીવો. જીવનમાં કોઈ પણ જાતનું કષ્ટ

ન વેઠો. અને દેણું કરીને પણ ઘી પીવો. એનો અર્થ એવો નથી કે ઘી કંઈ થોડું પીવાય છે ? પણ ભોગવિલાસ માટે તમારી પાસે પૈસા ન હોય તો દેવું કરીને પણ મોજ મઝા ઉડાવો. લૂંટફાટ કરીને પણ ભૌતિક સુખોને પ્રાપ્ત કરો. આ લોકો બિલકુલ નાસ્તિક છે. તેઓ ધર્મ જેવી ચીજ તો માનતા જ નથી. તેમની સામે આસ્તિક લોકો કહે છે ભાઇ ! દેવું કરીને મોજમઝા શા માટે કરવી જોઈએ ? ગમે ત્યારે પણ એ દેવું તો ભરપાઈ કરવું જ પડશે ને ? કદાચ તમે અહીંઆ નાદારી નોંધાવી દેશો તો ચાલશે પણ કર્મરાજાની હાઇકોર્ટમાં તો ચોખ્ખું નોંધાઈ જશે. બીજા ભવમાં ગમે તે રીતે એ દેવું ચક્રવર્તિ વ્યાજ સહિત ચૂકવવું પડશે.

ત્યારે ચાર્વાક દર્શનવાળા નાસ્તિકો શું કહે છે ? આ લોક કે પરલોક તો છે જ નહિ. પુણ્ય–પાપ જેવી કોઈ વસ્તુ નથી. તમને થતું હોય કે પરલોકમાં દુષ્ટ કર્મોની સજા ભોગવવી પડશે, પણ પરલોક જ નથી, કારણ કે આત્મા પંચભૂતમાંથી ઉત્પન્ન થયો છે અને પંચભૂતમાં મળી જવાનો છે. આ દેહ તો ભસ્મીભૂત થઈ જવાનો છે. ફરી ફરીને આવો દેહ નહિ મળે. માટે બને તેટલાં ભોગ–ભોગવી ખાઈ પી ને મૂઝા કરો. આનું નામ આસુરી જીવન છે. આસુરી જીવનનો આધાર કામના–વાસના અને ઇચ્છા છે. ઇચ્છા તો હંમેશા વધતી જ રહે છે. ઇચ્છાની તરસ કદી પણ છીપતી નથી કારણ કે " इच्छा उ आगास समा अणंतया " ભગવાને કહ્યું છે કે ઇચ્છા તો આકાશ જેટલી અનંત છે. મનુષ્યનું આયુષ્ય મર્યાદિત છે. અને ઇચ્છાઓ અમર્યાદિત છે. તેમજ જગતમાં જીવો અનંતા છે. અને એકેક જીવની તૃષ્ણા પણ અનંત છે. જે પદાર્થો ઉપર મમતા છે, જેને માટે તૃષ્ણા છે, તે પદાર્થો પરિમિત છે. એ પરિમિત પદાર્થો પ્રત્યે એકેક જીવની તૃષ્ણા અનંતી છે. હવે એ તૃષ્ણાઓની તૃપ્તિ કયાંથી થાય ? જ્ઞાની પુરૂષોએ કહ્યું છે કે આસુરી જીવનના અંતે પશ્ચાતાપ સિવાય બીજું કંઈ નથી. બરોબર થોડા સુખ માટે કેટલું દુઃખ થાય છે તેના ઉપર એક દૃષ્ટાંત છે.

કોડાધિપતિ શેઠનો એક પુત્ર હતો. એના પિતાની પાસે કોડોની સંપત્તિ હતી. પણ પાપકર્મનો ઉદય થતાં ભાગ્ય પલટાયું. બધી સંપત્તિ હતી ન હતી થઇ ગઇ. પિતા યુવાન પુત્રને છોડીને પરલોકવાસી થઇ ગયાં. આ છોકરો યુવાન થયો છે. કર્મને શરમ નથી. કર્મ રંકને રાજા બનાવે છે અને રાજાને રંક બનાવે છે. આજની સરકારે સત્તાધીશ રાજાઓને કેવા બનાવી દીધા છે ! હવે તો હુંડીયામણ પણ કપાઈ ગયું છે. તીર્થંકર, ચક્રવર્તિ, શેઠ, સેનાપતિ કે રાજા–મહારાજા કોઇને કર્મ છોડતાં નથી. ખુદ તીર્થંકર ભગવંતોને પણ કર્મો ઉદયમાં આવ્યા છે.

" રાય રંક સહુ સરખા એને, ઉંચ નીચના ભેદ ન એને, જ્યારે કર્મની આવે સ્વારી "

કર્મ કોઇના પ્રત્યે ભેદભાવ નહિ રાખે. પણ ફરક એટલો જ છે કે મહાન પુરૂષોએ

શૂરવીર બનીને કર્મને રાંકડા બનાવી દીધા. અને આપણે કર્મની આગળ નિર્બળ બની જઇએ છીએ. સહેજ ઉદયમાં આવે તો તરત જ એને દબાવવાની દવા કરવા તત્પર બનીએ છીએ. પણ યાદ રાખજો કે મારે ને તમારે કર્મ ભોગવ્યા વિના ત્રણ કાળમાં છૂટકારો નથી.

ક્રોડપતિનો દિકરો આજે રંક બની ગયો છે. બાપ મરી ગયા પછી સગાં સ્નેહીઓએ ભેગા થઈને એ યુવાનને એક કન્યા સાથે પરણાવી દીધો. બંનેનો સંસાર સુખપૂર્વક ચાલે છે. યુવાનનો પિતા ખૂબ ધનવાન હતો એટલે પરદેશમાં પણ ઘણાં વહેપારીઓ સાથે સંબંધ હતો. પેરિસના વહેપારીને ખબર નહિ કે શેઠ તો ચાલ્યા ગયાં છે. અને છોકરાની આ સ્થિતિ છે. એ પેરિસનો પ્રસિદ્ધ વહેપારી શેઠના ગામમાં આવવાનો હતો. એટલે આ શેઠને ત્યાં એણે એક આમંત્રણ પત્ર લખ્યો કે હું તમારા ગામમાં અમુક જગ્યાએ આવવાનો છું. ત્યાં મારા તરફથી એક પાર્ટીનો પ્રોગ્રામ છે. તમે ત્યાં જરૂર આવજો. આ યુવાને એની પત્નીને પત્ર વંચાવ્યો. બંનેએ વિચાર કર્યો કે આપણે કેમ કરવું ? નિર્ણય કર્યો કે આપણે ત્યાં જવું. પણ હવે એની સ્ત્રી શું કહે છે ? સ્વામીનાથ ! હું તમારી સાથે આવું તો ખરી પણ ત્યાં તો બધા શ્રીમંતો અને એમની સ્ત્રીઓ સુંદર વસ્ત્રા-ભૂષણથી સજ્જ બનીને આવવાની, મારી પાસે વસ્ત્રો તો સરસ છે પણ ગળામાં પહેરવા માટે હાર નથી. વસ્ત્ર સારા પહેરું પણ હાર વિના શોભશે નહિ. માટે તમારો મિત્ર ખૂબ ધનવાન છે તેમને ત્યાંથી એક મોતીનો હાર માંગી લાવો. તો હું પહેરીને તમારી સાથે આવું. આ યુવાનને પણ પત્નીની વાત યોગ્ય લાગી.એટલે મિત્રને ઘેર ગયો. અને બધી વાત કરી. મિત્રે એક બનાવટી હીરાનો હાર આપ્યો. તે લઈને ઘેર આવ્યો. અને બંને પાર્ટીમાં ગયા. રાત્રિના બાર વાગ્યે પ્રોગ્રામ સમાપ્ત થતાં બંને ઘેર આવ્યાં. બાઈ ને થયું કે પારકો હાર છે, કદાચ તૂટી જાય તો ! તેના કરતાં પહેલાં જ કાઢીને મૂકી દઉં. પણ કાઢવા જાય તો ગળામાં હાર જ ન મળે. પતિ-પત્ની બંને જણા ગાભરા બની ગયાં. રાત્રે ખૂબ તપાસ કરી પણ હાર મળ્યો નહિ. હવે મિત્રને શો જવાબ આપવો, એની મૂંઝવણ થવા લાગી. ચિંતામાં આખી રાત ઉંઘ્યા નહિ.

સવાર પડતાં બંને જણાં એક મોટા ઝવેરીની દુકાને ઉપડયાં. અને હાર જોવા મંગાવ્યા. એક પછી એક હીરાના હાર લાવ્યા. તેમાં મિત્રને ત્યાંથી જેવો હાર પહેરવા માટે લાવ્યા હતાં તેવો જ હાર જોયો. એટલે તેની કિંમત પૂછી. એટલે ઝવેરીએ કહ્યું: એ હારની કિંમત એક લાખની છે. આ સાંભળી બંનેના હૈયામાં ધ્રાસકો પડી ગયો. અહો ! જ્યાં પાંચ હજારનાં સાંસા છે ત્યાં એક લાખ રૂપિયા ક્યાંથી લાવવા ! અને મિત્રનો હાર પહેરવા માટે લાવ્યા હતા એટલે પાછો આપ્યા વિના તો છૂટકો જ નથી. કર્મના ઉદયથી ગરીબ હતો પણ ગરીબાઈમાં પ્રમાણિકતા ચાલી ગઇ ન હતી. એટલે કહ્યું- અમારા કર્મોદયે અમારી આ પરિસ્થિતિ સર્જાઈ છે. અમારી પાસે પૈસા નથી, પણ આ હારની

કિંમત ચૂકવવા અમે બંને માણસ વીસ વર્ષ સુધી તમારે ત્યાં નોકરી કરીશું. તમે જે કહેશો તે કામ કરીશું. અને તમારા વધેલા ખોરાકમાંથી જે કંઇ આપશો તે ખાઈ લઈશું. ઝવેરીએ આ વાત મંજુર કરી. એટલે એક લાખ રૂપિયાની કિંમતનો હાર લઇને મિત્રને ત્યાં આપી આવ્યાં. પણ બીજી કંઈ જ વાત ન કરી.

મિત્ર ખૂબ ધનવાન હતો. એને ઘેર દાગીનાની કમીના ન હતી. એણે પણ ખોલીને જોયું નહિ કે આ કેવો હાર છે? જોયું હોત તો ખબર પડત. એણે લઇને બીજા દાગીના લેગો હાર મૂકી દીધો. આ બંને માણસો ઝવેરીને ત્યાં નોકરી કરે છે. શેઠ ફાટેલાતૂટેલાં કપડાં આપે તે પહેરતાં અને લૂખો સૂકો રોટલો આપે તે ખાઇ લેતા. શેઠ એમની પાસે કાળી મજુરી કરાવતાં હતાં. આ રીતે આ બંને માણસે વીસ વર્ષો સુધી નોકરી કરી. વીસ વર્ષની મુદત પૂરી થતાં પતિ-પત્ની શેઠની રજા લઈને પાછા ફરીને ઘેર આવે છે. શરીર તો સૂકી લાકડી જેવું થઈ ગયું છે. કપડાં પણ ફાટેલાં-તૂટેલાં છે. એવી હાલતમાં ચાલ્યાં જાય છે. તે વખતે જેનો હાર પહેરવા લાવ્યા હતાં તે જ મિત્ર સામો મળે છે. અને પૂછે છે કે ભાઇ! તમે ઘણાં વર્ષોથી કેમ દેખાતા નથી? અને તમારી આ હાલત કેમ? ત્યારે આ લોકો હારની વાત કરે છે. તમારો હાર ખોવાયો તેના બદલામાં એની કિંમત અમારે આ પ્રમાણે ચૂકવવી પડી. પતિ-પત્નીની વાત સાંભળી પેલો મિત્ર કહે છે. અરે! આ તો ગજબ થઇ ગયો. મેં તમને જે હાર આપેલો એ તો ખોટા હીરાનો હતો. અને એની કિંમત તો ફક્ત પચાસ રૂપિયાની હતી. પચાસ રૂપિયાના હારને સાચો હીરાનો હાર સમજીને તમે તમારી જિંદગીના વીસ વર્ષ બરબાદ કર્યા! ચાલીસ વર્ષની ઉંમરમાં નોકરી કરવા ગયા હતાં અને વીસ વર્ષ નોકરી કરી, સારી યુવાની દુઃખમાં પસાર કરી અને ઘડપણ આવી ગયું. ૬૦ વર્ષની ઉંમર થઈ ગઈ. બંને જણાં ખૂબ પશ્ચાતાપ કરવા લાગ્યા. પાછળથી પસ્તાવો કર્યે શું વળે? થોડીવાર હાર પહેરવાનો મોહ ન કર્યો હોત તો આ પરિસ્થિતિ ઉભી ન થાત. પચાસ રૂપિયાના હાર ખાતર અને સાચી ઓળખાણના અભાવે તેમણે અબજો રૂપિયા આપતાં પણ ખરીદી ન શકાય એવી અમૂલ્ય માનવ-જીંદગીના વીસ વર્ષ ગુમાવી દીધા. અલ્પ સુખ માટે કેટલું કષ્ટ વેઠયું? જે મનુષ્યો તન-ધન અને વાસનામાં સુખની કલ્પના કરીને તેમાં જ જીવનભર લાગ્યાં રહે છે. તેમાં સાચું સુખ મળતું નથી. પરિણામે દુઃખ જ મળે છે.

હવે બીજું છે દૈવીજીવન-દૈવીજીવનમાં અંધકાર ન હોય પણ સત્યનો સૂર્ય ચમકતો હોય. સદાચાર, નીતિ અને પ્રેમના દીવડા ઝગમગતા હોય. સદ્‌ગુણોની સુવાસ મઘમઘતી હોય તેનું નામ છે દૈવીજીવન. દૈવીજીવન જીવનાર વ્યક્તિ સૌથી પ્રથમ ચારિત્ર-વાન હોય છે. દૈવીજીવન જીવનાર આત્મા નરમાંથી નારાયણ બને છે. અને માનવમાંથી મહા માનવ બની જાય છે. એના જીવનમાં માનવતા મહેંકી ઉઠે છે. દુઃખીને જોઈને

એના દિલમાં દયાના ઝરણાં વહે છે. અને તે પોતાનું સર્વસ્વ આપી દઈને પણ દુઃખીના દુઃખ મટાડે છે.

એક વખતનો પ્રસંગ છે. એક બહુ મોટું નહિ અને બહુ નાનું નહિ તેવું ગામ છે. તેમાં એક ગરીબ કુટુંબ વસે છે. તેમાં એક માતા અને દિકરો બંને જણા રહે છે. આ માતાએ મહેનત મજુરી કરીને પોતાના પુત્રને ડોકટર બનાવ્યો. પણ સાથે એ સંસ્કાર પણ રેડયા કે દિકરા ! ભલે જીવન ઓછું જીવાય, પણ દૈવી જીવન જીવવું. તું ડોકટર બનીને પરદુઃખભંજન બનજે. ગરીબનાં આંસુ લૂછજે. તેના જીવનનું આવું સુંદર ઘડતર ઘડયું છે. આ પુત્રનું નામ અશ્વિન છે. આ અશ્વિનના લગ્ન થયાં. પણ તેના દિલમાં બીજાના દુઃખો કેમ મટાડી શકું એ જ તેની ભાવના છે. ગરીબોની સેવા કરતાં મારા પાપ ધોવાશે. અશ્વિનની પત્નીનું નામ સગુણા છે. સમય જતાં તેને એક પુત્ર અને પુત્રી થયા. પુત્રનું નામ સુશીલ અને પુત્રીનું નામ શીલા છે. આમ આ બધા આનંદથી રહે છે. પરંતુ ડોકટર અશ્વિનની ભાવના પરદુઃખભંજનની છે. જ્યારે સગુણાને તે ગમતું નથી. જ્યારે પાપનો ઉદય હોય ત્યારે આવી પત્ની મળે. રથના બે પૈડાં બરાબર હોય તો રથ સારી રીતે ચાલી શકે તેમ સંસારમાં પણ જો પતિ–પત્ની બંને સુમેળ સ્વભાવવાળા હોય તો સંસાર સારી રીતે ચાલે. આ ડોકટર જ્યાં સારી વીઝીટ મળતી હોય ત્યાં જરા બેકાળજી કરે પણ ગરીબની વાત સાંભળે ત્યારે તેનું લોહી ઉછળી જાય. અને ત્યાં જલદી દોડી જાય. તે સમજતો કે ગરીબ માણસનું કોણ ?

એક વાર સગુણા ડોકટરને કહે છે–જુઓ ! બધા ડોકટરોને ત્યાં મોટરો દોડે છે અને આપણે ઘેર છે મોટર ? તમે તો બધા ગરીબને જ શોધો છો. ત્યારે ડોકટર કહે છે કે આ જે બધી મોટરો દોડે છે તે આપણી જ છે ને ! બે–ચાર આના આપીએ કે મોટરમાં બેસવાનું મળે. પણ વિચાર તો કર કે જ્યારે આપણે મૃત્યુ પામીને પરલોકમાં જશું ત્યારે મોટર, હાટ–હવેલી કે બંગલા સાથે નહિ આવે. હું ગરીબાઈમાં જ મોટો થયો છું એટલે ગરીબ લોકોની સ્થિતિનો મને પૂરો ખ્યાલ છે.

રવિવારનો દિવસ છે. બપોરના જમી પરવારીને ડોકટર પોતાની પત્ની, સુશીલ અને શીલા સાથે ચોપાટ રમે છે. હજુ ચોપાટ પૂરી થઈ ન હતી ત્યાં બારણું ખખડાવવાનો અવાજ આવ્યો. એટલે સગુણા એકદમ ચમકીને ઉઠી અને બડબડતી નીચે ગઈ. બારણું ખોલ્યું અને રૂઆબમાં પૂછયું: તું કોણ છે ? સમય–કસમય જોયા વિના જ હાલી નીકળે છે. કેમ જાણે દાક્તર સાહેબ તો યંત્ર ન હોય ! દરવાજો ખોલીને જોયું તો સામે એક ગરીબ બેડૂત જેવો માણસ ઉભો હતો. તેણે બે હાથ જોડીને સગુણાને નમસ્કાર કર્યા. સગુણાએ વિવેક પૂરતો ય તેના નમસ્કારનો જવાબ આપ્યા વિના પૂછયું–કેમ શું કામ છે ? ગરીબ માણસ જવાબ આપે તે પહેલાં તો તે બોલવા લાગી. ડોકટર સાહેબ

નવરા નથી. ખૂબ અગત્યના કામમાં છે. ગામમાં ઘણાં ડોકટરો છે ત્યાં જાવ ને ! આ ડોકટર સિવાય તમને બીજા કોઇ મળતા નથી ? કે રવિવારે પણ જંપ વળવા દેતા નથી ! ગરીબ માણસ રડી પડયો અને કહે છે બુન ! મારે એકનો એક દિકરો છે. તેને પેટમાં સખ્ત દુખાવો ઉપડયો છે. આંચકી આવે છે. ઘરગથ્થુ ઘણાં ઉપચાર કર્યા પણ કાંઈ સારું થતું નથી. તેથી દોડાદોડ આવ્યો છું. મને ડોકટર પર ખૂબ શ્રદ્ધા છે. એક વાર મારી લાડકી દિકરીને મરતી બચાવી હતી તેથી જો ડોકટર આવે તો મારા દિકરાને સારું થઇ જાય. આ ગરીબ માણસ આમ કહે છે ત્યાં તો સગુણા જોરથી બારણું બંધ કરીને ઉપર જતી રહી. ખરેખર એ તો જેને વીતે તે જ જાણે.

ધનવાન જીવન માણે છે, દુઃખિયારા આંસુ સારે છે,
કોઈ અનુભવીને પૂછી જો, કે કેમાં જીવી જાણે છે.

સગુણા ઉપર ગઈ એટલે ડોકટરે પૂછયું કે કોણ હતું ? તો કહે, કોઇ નહિ. ત્યારે ડોકટર કહે–બારણું કોણે ખખડાવ્યું હતું ? એ તો આપણી કામવાળી મંગુ હતી. ડોકટર કહે–તારી ખોટું બોલવાની ટેવ હજુ ન ગઇ ! મેં બારીમાંથી બધી વાતચીત સાંભળી છે. અને બધું જોયું છે. ડોકટર તો તરત જ ઉઠયા અને દવાની બેગ હાથમાં લઇને મોજા અને બુટ પહેર્યા વગર જુની ચંપલ પહેરીને તે ગરીબ માણસના ઘેર જવા તૈયાર થયાં. ત્યારે સીડી ઉતરતાં સ્ત્રી એ ડોકટરને કહયું: આજે પિકનિકનો પ્રોગ્રામ છે એટલે જલ્દી પાછા આવજો. ડોકટરે કહયું: જો છોકરાને સારું હશે તો આવીશ, નહીં તો મારો મિત્ર અશોક અને તેની પત્ની ઉષા બોલાવવા આવે તો તમે બન્ને જણા જજો. ડોકટર અશ્વિન, બેડૂતના ઘરે પહોંચી ગયો. અને ત્રણ કલાક ખૂબ ઇલાજ અને ઉપચારો કરી તેના એકના એક પુત્રને નવજીવન આપ્યું. બેડૂતનું કુટુંબ ડોકટર પર હજારો આશીર્વાદ વરસાવી રહ્યું. મામુલી ફી લઈ અશ્વિન ઘરે ગયો. અશ્વિનને મન એ ફી કરતાં પેલા ગરીબ કુટુંબે આપેલા અંતરના આશીર્વાદ વધારે મૂલ્યવાન હતા. આવા ડોકટરો મળવા આજે મુશ્કેલ છે.

ડોકટરના મિત્ર અશોક પાછળથી બોલાવવા આવ્યા પણ ડોકટર વિના સગુણા અને તેના બાળકો કોઇ ગયા નહીં. અને સગુણા રીસાઈને સૂઈ ગઈ. ડોકટરે આવીને પૂછયું: પિકનિકના પ્રોગ્રામમાં ન ગયા ? તો કહે ના. ડોકટર પણ સૂઈ ગયા. ડોકટરને બીજાના દુઃખ દૂર કરવાની ભાવના અને તેમને એ જ ગમે, જ્યારે સગુણાંને ફરવું ને નાચવું ગમે. પણ ડોકટર તેને ખૂબ સુંદર રીતે સમજાવતો. અને કહે કે સગુણા ! હું નાનો હતો ત્યારે સંતો ને માતા પિતા પાસેથી મેં સાંભળ્યું હતું કે તમે પરદુઃખભંજન બનશો તો સુખી થશો. અને એ ગરીબોના આશીર્વાદથી તમારી લીલી વાડી કુલી–ફાલી રહેશે. પણ સગુણાને તેની અણઘડાઇને કારણે આ વાત ગળે ઉતરતી નથી.

એક વાર સગુણા તેના પતિને કહે છેઃ–તમે સોમવારથી શનિવાર સુધી દવાખાનું ચાલુ રાખો. રવિવારે એક દિવસ તો આરામ હોવો જોઈએ ને? આ દલીલોનો ડોકટર સુંદર જવાબ આપતો–તું કેવી વાત કરે છે? જો રોગ રવિવારે ન આવતો હોત તો હું જરૂર બંધ રાખત. પણ રોગ અને મોત ચોક્કસ દિવસની રાહ જોતા નથી. માટે કોઈ રવિવારે માંદુ પડે તો ઈલાજ તો કરવો જ પડે ને! પણ અશ્વિનની વાત સગુણાને ગમતી નથી.

એક રવિવારે સુશીલની જન્મજયંતિના આનંદમાં સંગીત અને પાર્ટીનો પ્રોગ્રામ ગોઠવ્યો હતો. પ્રોગ્રામ ત્રીજે માળે વિશાળ અગાશીમાં હતો. એટલે સગુણા નીચે દરવાજામાં ઉભી રહી બધા આમંત્રિતોનો સત્કાર કરી બીજે માળ મોકલતી હતી. બીજે માળે અશ્વિન પણ બધાનો સત્કાર-સન્માન કરી ત્રીજે માળે મોકલતો. એવામાં એક ગરીબ માણસ દોડતો દોડતો રડતો રડતો આવ્યો અને કહે–બેન! ડોકટર સાહેબ છે? મારો દિકરો ખૂબ બિમાર છે. તે જીવશે કે કેમ એ શંકા છે. આનું રૂદન જોઈને ઘડીભર તો સગુણાનું હૈયું પલળી ગયું. પણ બીજી જ પળે વિચાર આવ્યો કે જો અશ્વિન જશે તો આ પાર્ટીનો બધો ય આનંદ ઉડી જશે. તેથી ડોકટરને આ વાત કરી નહિ અને આશાભેર આવેલા માનવીને નિરાશ નહીં કરતા કહ્યું–હું ડોકટરને જરૂર મોકલત, પણ તેઓ જરૂરી કામે વડોદરા ગયા છે. કયારે આવશે? રાત્રે આવે, પરોઢિયે આવે કે સવારે આવે તે હું કહી શકું નહિ પણ તમે તમારું સરનામું આપતાં જાવ એટલે ડોકટર આવશે ત્યારે મોકલીશ. તે ગરીબ માણસ સરનામું આપીને ઘેર ગયો. ઘેર જઈને પોતાના પુત્ર માટે બીજી દવા કરે છે પણ લાગુ પડતી નથી. એટલે રડવો રડતો ડોકટરની રાહ જોવે છે. અહીંયા સંગીતનો પ્રોગ્રામ તથા પાર્ટી બધું આનંદપૂર્વક પૂર્ણ થઈ ગયું. ત્યાં સગુણાને પેલો ગરીબ માણસ યાદ આવ્યો પણ અશ્વિનની આંખોમાં ઉંઘ ઘેરાયેલી હતી એટલે તેણે વાત ન કરી. બધા નિદ્રાધીન થઈ ગયા.

અડધી રાત્રે ભર ઉંઘમાં સૂતેલી સગુણાની આંખો એકાએક ઉઘડી ગઈ. તો કોઈ ધીમા ઉંહકારા કરી રહ્યું હતું. ઉઠીને જોયું તો શીલાનું શરીર એકદમ ગરમ અને થાર ડીગ્રી જેટલો તાવ ચઢયો હતો. તેણે અશ્વિનને ઉઠાડયો અને રોવા કકળવા મંડી. જુઓ, શીલાને ખૂબ તાવ ચઢયો છે. ઝટ દવા કરો. ત્યાં અશ્વિનના પલંગની નજીક સુશીલ પણ ધીમા અવાજે ઉંહકારા કરી રહ્યો હતો. સગુણાએ જોયું તો તેને પણ પુષ્કળ તાવ છે. અશ્વિને બંને માટે ખૂબ ઈલાજ અને ઉપચાર કર્યા, કોલનવોટરનાં પોતાં મૂકયા પણ સુશીલ અને શીલાને એટલો બધો તાવ છે કે એક ડીગ્રી પણ ઘટતો નથી. અને ઉપરથી તાવ વધી જવાથી બંને બાળકો બેભાન બની ગયા.

અશ્વિનને પણ હવે શું કરવું એ વિચારમાં શૂનમૂન બેઠો હતો. આમ બેઠેલો જોઈને સગુણા કહે છે, લોકોને નવજીવન આપવા દોડયા જાવ છો અને અહીં કેમ ધ્યાન રાખતા

નથી ? ત્યારે અશ્વિન કહે છે આટલા-ઉપચાર મેં કોઈ દિવસ કયાંય કોઈને માટે કર્યા નથી તેટલા આ બાળકો માટે કર્યા છે, છતાં કેમ સારું થતું નથી ? છેવટે તેના મિત્ર ડૉ. અશોકને ફોન કરી બધી વાત કરી. સગુણા વિચારે છે કે અશ્વિનના હાથમાં જશ રેખા છે. મૃત્યુના મુખ સુધી પહોંચેલા દરદીઓ અશ્વિનનો હાથ અડકતાં નવું જીવન મેળવે છે અને આજે એકેય ઈલાજ કેમ સફળ નીવડતો નથી ? એકાએક તેને યાદ આવ્યું કે તે એક દિવસ કહેતા હતા કે જે દિવસે કોઇના દુઃખ મટાડવામાં એકાળજી કરીશ ત્યારે નક્કી સમજજે કે આપણી લીલી વાડી કરમાઇ જવાનો પ્રસંગ આવશે એટલે તે એકદમ ઉઠીને ચિઠ્ઠી લાવી અને કહ્યું: ડૉકટર અશોકના આવવાથી મારા પુત્રોને નહિ મટે પણ આપ આ ચિઠ્ઠી લો અને પેટી લઈને નીચે ઉતરો. મેં પાર્ટીના આનંદ માણવાના સ્વાર્થમાં તમને વાત જ કરી નહિ. એનાં ફળ અત્યારે મારા બે ગભરૂ બાળકો ભોગવી રહ્યાં છે. ઘરમાં બબ્બે બાળકોને તાવમાં તરફડતા મૂકી ડૉકટરને જવાનું મન થતું નથી. પણ સગુણાએ મક્કમ સ્વરે કહ્યું-તમે ત્યાં જાવ. તેને મટશે તો જ મારા સંતાનોને તાવ ઉતરશે. ડૉકટર સરનામા પ્રમાણે તેના ઘેર ગયા. ડૉકટરને જોઈને બધાએ કહ્યું: આવો ! હવે મારો દિકરો સાજો થઈ જશે. ડૉકટર પર બધાને ખૂબ શ્રદ્ધા છે. શ્રદ્ધા હોય તો દર્દ જાય. ડૉકટર ગયા. કેશ હાથમાં લીધો અને સારું થવા લાગ્યું.

આ બાજુ અશોક ડૉકટરે આવીને ઉપચારો શરૂ કર્યા. સગુણા મનમાં તે ગરીબનો દીકરો બચી જાય એવી પ્રાર્થના કરી રહી છે. સવાર થતાં સુશીલ અને શીલાને તાવ સાવ ઉતરી ગયો. ડૉ. અશ્વિન તે ગરીબના પુત્રને મટાડી ઘેર આવે છે અને જુવે છે તો બંનેનો તાવ ઉતરી ગયો છે. પત્નીને ડૉકટરનું વચન હવે સત્ય સમજાઈ ગયું કે પરદુઃખભંજન બનવાથી, ગરીબોના આંસુ લૂછવાથી, તન-મન ને ધનથી ઉપયોગી બનવાથી આપણી વાડી લીલી જ રહેવાની, અને આસુરી જીવન જીવવાથી આ ખીલેલી વાડી કરમાઈ જવાની. સગુણા સુધરી ગઈ. છેલ્લે અશ્વિને સગુણાને કહ્યું. ભૌતિક સંપત્તિ તો મનુષ્યનો પ્રાણ બચાવવામાં નિષ્ફળ નીવડે છે, પણ ગરીબોના અંતરમાંથી નીકળતા આશીર્વાદ જ મનુષ્યની અમૂલ્ય સંપત્તિ છે. ખરેખર ! આવું જીવન જીવનાર સાચો માનવ છે. આનું નામ છે દૈવી જીવન.. દૈવી જીવન આવે ત્યાં આધ્યાત્મિક જીવન સહજ આવી જાય છે.

હવે ત્રીજું આધ્યાત્મિક જીવન :—

જે જીવનમાં ભગવાને બતાવેલા તત્વો પ્રત્યે અખૂટ શ્રદ્ધા હોય, સમ્યગ્ જ્ઞાનનો દિપક ઝગમગતો હોય, અને જ્ઞાન પ્રમાણે આચરણ કરવામાં આવતું હોય તેનું નામ આધ્યાત્મિક જીવન છે. આધ્યાત્મિક જીવનમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્-ચારિત્રનો પરમ વિકાસ થાય છે. જ્યાં ગંગા-યમુના અને સરસ્વતી એ ત્રણે નદીઓનો

સંગમ થાય છે તે તીર્થસમાન બની ગયું છે. એ જ પ્રમાણે આપણા આત્મા રૂપી નદીમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર રૂપી ત્રણે સરિતાઓનો સંગમ થાય તો આપણું આધ્યાત્મિક જીવન પણ પવિત્ર તીર્થ સમાન બની જાય.

આ ત્રિવેણીના અભાવે જીવનમાં જેવી જોઇએ તેવી પ્રગતિ થઇ શકતી નથી. સૌથી પ્રથમ તો સત્યતત્વ ઉપર દૃઢ શ્રદ્ધા થવી જોઇએ. જ્યારે શ્રદ્ધા થશે ત્યારે જ્ઞાનનો આનંદ આવશે. જ્યારે જ્ઞાનનો આનંદ આવશે ત્યારે જીવન-આકાશમાં ચારિત્રની ચાંદની ચમકશે. આપણે જેને સમ્યક્જ્ઞાન-દર્શન અને ચારિત્ર કહીએ છીએ તેને બીજા ભારતીય ચિંતકોએ ભક્તિયોગ, જ્ઞાનયોગ અને કર્મયોગ કહેલ છે. આપણા જીવનમાં જ્યારે આ ત્રણેનો પૂર્ણ વિકાસ થાય છે ત્યારે આત્મા પરમાત્મા બની જાય છે. માટે બંધુઓ ! આજના જીવનમાં જે અશાંતિ દેખાય છે, તેનું મુખ્ય કારણ આસુરી જીવન છે. એવા જીવનનો ત્યાગ કરી દૈવી જીવન જીવતાં શીખો અને તેમાંથી આધ્યાત્મિક જીવન પ્રતિ પ્રયાણ કરો. અને આત્મ સાધના સાધી લો. ફરીને જન્મ-જરા ને મરણના ફેરા કરવાનું ન રહે. સમય થઈ ગયો છે એટલે વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૭૦

ભાદરવા સુદ ૧૪ ને સોમવાર તા. ૨૮-૯-૭૦

અનંતજ્ઞાની મહાન પુરૂષોએ જગતના ઉદ્ધારને માટે શાસ્ત્રવાણી પ્રકાશી. ચાર મૂળસૂત્રમાં ઉત્તરાધ્યયન સૂત્ર જેનાં છત્રીશ અધ્યયન કહેલાં છે. તેમાંથી ચૌદમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં દેવભદ્ર અને જશોભદ્ર એ બે બાલુડાને સંસારની અસારતા સમજાઈ છે. એટલે હવે ભવભ્રમણના ફેરા કેમ ટળે એ માટે જ એમનો પુરુષાર્થ છે. જો કે છ એ આત્માઓ હળુકર્મી છે. છ એ ચરમશરીરી જીવો છે. પણ હજુ બે જીવો જાગૃત થયાં છે. બાળકોના નિમિત્તથી ભૃગુ પુરોહિત ને જશાભાર્યા તૈયાર થશે. અને તેમના નિમિત્તથી ઇષુકાર રાજા અને કમલાવંતી રાણી જાગશે. પણ હજુ ભૃગુ પુરોહિતને એના પુત્રો પ્રત્યે મોહ છે. મોહના કારણે જ આ જીવ મૂંઝાય છે.

આ જીવે પોતાના સ્વરૂપને ઓળખ્યા વિના અનંતકાળથી પરિભ્રમણ કર્યું છે. આત્માએ અજ્ઞાનતાથી ઉભું કરેલું દુઃખ આત્માના જ્ઞાનથી જ દૂર કરી શકાય છે. શરીર વિનાશી છે. અને આત્મા અવિનાશી છે. આયુષ્ય પૂર્ણ થયે શરીર તો છૂટી જાય છે

પણ આત્મા તો અમર છે. આત્માએ ભેદ વિજ્ઞાનથી અજ્ઞાનને દૂર કરવાની જરૂર છે. તો જ બાહ્ય પદાર્થો પરની મમતા ઓછી થાય. સૌએ પોતાના આત્માને સમજાવવાની જરૂર છે કે હે આત્મા! ચલાયમાન એવા જડ પુદ્ગલોની ઐંઠનો ભોગવટો તને કેમ ગમે છે? રાજહંસ જેમ માન સરોવરમાં મસ્ત રહે છે તેમ તારે જ્ઞાનસ્વરૂપમાં મસ્ત રહેવું જોઈએ.

કુકડો જેમ ઉકરડાને જ ઉથામે છે તેમ આત્મા જ્યારે વિભાવ દશામાં હોય ત્યારે ઉકરડા જ ઉથામતો હોય છે. કેટલા પુરુષાર્થે આપણને આ માનવજન્મ મળ્યો તેનો તમને વિચાર થશે ત્યારે તમારા વિચારમાં કેવું પરિવર્તન આવશે તેની તમને અબર છે? જેમ તમને સર્પનો ભય લાગે છે તેમ તમને પાપનો ભય લાગશે. સમ્યક્‌દૃષ્ટિ આત્મા કર્મેન્દ્રિયથી સંસારમાં રહ્યો હોય છે પણ અંતરના પ્રેમથી નહિ. અંતરના પ્રેમથી તો પરમાત્માને જ ઝંખતો હોય છે. સમકિતી અંતરથી મોક્ષના સુખને ઝંખે છે. દેવના ગમે તેવા સુખ હોય તો પણ તે તેને દુઃખ માને છે. આવા શુભ અધ્યવસાયના પરિણામે સમકિતી ઘણી નિર્જરા કરે છે. જેનું લક્ષ પરમાત્મા તરફ વળ્યું તેનો બેડો પાર થાય છે. મોક્ષમાર્ગમાં ચિત્તના અધ્યવસાયની ઘણી મોટી કિંમત અંકાયેલી છે. તેમાં શુભ અધ્યવસાય પ્રમાણે જો પુરુષાર્થ ઉપડે તો એક જન્મમાં અનેક જન્મોનાં કર્મો ખપી જાય છે. આ જીવે અવળો પુરુષાર્થ તો ઘણો કર્યો છે. જો હવે સમજીને સવળો પુરૂષાર્થ કરે તો પછી બાકી શું રહે? અલ્પ સમયમાં કામ કાઢી જાય. જીવની અનાદિથી રૂચી પુદ્ગલભાવની ઐંઠમાં જ છે. તેને સ્વભાવ તરફ રૂચી થઇ જ નથી.

"સકલ જગત તે ઐંઠવત, અથવા સ્વપ્ન સમાન,
તે કહીએ જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન."

જ્ઞાનીની દૃષ્ટિમાં આખું જગત ઐંઠવત્ અથવા સ્વપ્ન સમાન ભાસે છે. અને તે જ સાચી જ્ઞાનદશા છે. જ્યાં સુધી આવા ભાવ ન આવે ત્યાં સુધી જ્ઞાન ફક્ત વાચાજ્ઞાન છે. બંધુઓ! આ જગતનાં બધા પદાર્થો જીવે અનંત વાર ભોગવ્યાં છે અને અનંતીવાર છોડયાં છે. અને એજ પદાર્થો બીજાઓએ પણ અનંત વાર ભોગવ્યાં છે. હવે એ ઐંઠ નહિ તો બીજું શું કહેવાય? તમને ઐંઠ આવી ગમતી નથી તો પુદ્ગલની ઐંઠ કેમ ગમે છે? જડ પુદ્ગલો પ્રત્યેનો રાગ તમને મૂંઝવે છે.

આત્માને મોહ નિદ્રામાંથી જાગૃત કરો. આત્મા પ્રમાદમાં પડયો છે એટલે એના ઘરમાં મોહ–માન–માયા–મદ–મત્સર બધાને સ્થાન મળે છે. જે ઘરની બાઇ કુવડ હોય તેના ઘરમાં ચકલા માળા નાંખે. ઉંદરડા દર કરે અને જાળાં પણ થાય. પણ જે ઘરની સ્ત્રી સુઘડ છે, જાગૃત છે એના ઘરમાં ચકલા માળા નાખી શકે નહિ. આત્માની પ્રચંડ

શક્તિ આગળ કોઇની તાકાત નથી કે કેાઇ ટકી શકે. પણ જ્યાં પોતાની શક્તિનું ભાન જ નથી ત્યાં શું કહેવું ?

દેવભદ્ર અને જશોભદ્ર ભૃગુ પુરોહિતને કહે છે કે પિતાજી ! આ સંસારમાં કંઈક જીવો આ મારું અને આ તારું, આટલું મેળવ્યું અને આટલું મેળવવાનું છે. આ વ્યવસાયમાં જ જિંદગી પૂરી કરે છે. વળી ધન ભેગું કરતાં કેટલું પાપ કરવું પડે છે ! જ્યારે પુણ્યશાળી જીવો મળેલી લક્ષ્મીને છોડી દે છે. પૂર્વ જન્મમાં જેણે ખીરના દાનથી પુણ્ય ઉપાર્જન કર્યું છે તેવા શાલિભદ્રની વાત તમે સાંભળો.

શ્રેણિક મહારાજા મગધ દેશના રાજા હતા. તેમની રાજધાની રાજગૃહ નગરીમાં હતી. ત્યાં શાલિભદ્ર મોટા શ્રેષ્ઠી તરીકે રહેતા હતાં. એમની ઋદ્ધિ આગળ રાજાની ઋદ્ધિ સામાન્ય દેખાતી હતી.કારણ કે શાલિભદ્રને તેમના પિતાદેવ પ્રસન્ન હતાં.રોજ ૯૯ પેટી ઉતરતી હતી. ભોજન, વસ્ત્ર, અલંકારો દેવતાઈ હતાં. આ રાજગૃહ નગરીની ખ્યાતિ સાંભળીને નેપાળ દેશના વહેપારીઓ સવા લાખ સોનૈયાની કિંમતની એક એવી ૧૬ રત્નકંબળ લઈને રાજસભામાં વેચવા ગયા. ગમે તેવી ઠંડીમાં પણ રત્નકંબળ ઢાંકવામાં આવે તો પથ્થર જેવાં ઠરેલાં ઘી પણ પીગળી જાય. ગ્રીષ્મ ઋતુમાં તપેલાં ઘી ઉપર ઢાંકવામાં આવે તો ઠરીને પથ્થર થઈ જાય. અને ચોમાસામાં ન શરદી કરે કે ન ગરમી કરે, આવી ગુણવાગી રત્નકંબલ મેલી થાય ત્યારે અગ્નિમાં નાંખે તો શુદ્ધ થઈને બહાર આવે. પણ રાજાએ કહ્યું-કંબલના મોહમાં સવા લાખ સોનૈયા ખરચીએ તેના કરતાં પ્રજાના રક્ષણમાં ખરચીએ તો શું ખોટું ! વહેપારીઓ સાંભળીને ખિન્ન થઈ ગયા અને બોલ્યા કે જે માલ મગધ દેશના માલીક ન ખરીદે તે બીજું કોણ ખરીદ કરે ! નાહકના મહેનત કરીને આવ્યા. શાલિભદ્રની માતાએ આ વહેપારીઓને ઉદાસપણે પોતાના ઘર આગળથી જતા જોયા. દાસીને બોલાવવા મોકલી. "જે માલને રાજા ખરીદી ન શકયા તે તારી શેઠાણી શું ખરીદ કરવાના હતા ?" દાસીએ કહ્યું-એક વખત આવો. વહેપારીઓ આવ્યા. શેઠાણીને જોઇને ખુશ થયા. ભદ્રા શેઠાણી પૂછે છે-શું લાવ્યા છો ? રત્નકંબળ કેટલી છે ? ૧૬. બહુ ખોટું કર્યું. મારે ૩૨ જોઈતી હતી, કારણ કે મારા શાલિભદ્રની સ્ત્રીઓ ૩૨ છે. કિંમતીમાં કિંમતી રત્નકંબળ માટે બત્રીસને યાદ કરનાર શાલિભદ્રની માતા પોતાને કેમ ભૂલી જાય છે ? એમાં જ જૈનધર્મના હાર્દને પામેલી માતાની મહત્તા છે. એ બત્રીસ પુત્રવધૂઓ એ માતાને કેવી રીતે પૂજતી હશે ? સામાની પાસેથી જો તમારે ગુણ જોઇતો હોય તો પ્રથમ તમે ગુણવાન બનો.

પહેલાંનાં જૈન કુટુંબો ગૃહસ્થાવાસમાં પણ આ દશાનાં હતાં, કારણ કે તેમને ત્યાં ત્યાગની છોળો ઉછળતી હતી. હૃદયમાં ઉપભોગોની પિપાસા નહોતી એટલે વહુઓ પ્રત્યે પણ દીકરીઓ જેટલો સદ્ભાવ રહેતો. જ્યારે આજે તો વહુ માટે ઘી, દૂધ તાળામાં હોય

છે. વહુઓ પણ મનમાં કહે છે કે સાસુજી ! યાદ રાખજો. હાથમાં આવો એટલી વાર છે, નહિ ખવાય તો ઢોળી નાંખશું. આજના સાસુ વહુ એટલે કોઈ જુની જ વસ્તુ. આ તમારો આજનો સંસાર ! તમે જે સંસારનાં સુખોનું વર્ણન કરો છો તે આ જ કે બીજું ? તમે બહાદુર છો કે બંગલામાં રહી શકો છો. તમે એવું પુણ્ય કરીને આવ્યા છો કે સંસારમાં સડયા સિવાય છૂટકો નથી. તમારો ગુસ્સો સંસારનો ત્યાગ કરવાનું કહે તેના ઉપર. શાલિભદ્રની માતાનું હૃદય કેટલું ઉદાર હશે ? શાલિભદ્રની માતા કહે છે કે સોળના બત્રીસ ટુકડા કરો અને પછી મને આપો. પેલા વહેપારી વિચાર કરે છે કે ટુકડા કરીએ પણ ૧૬ની કિંમત કયાં છે ? તેથી શંકાશીલ થયાં. એ શેઠાણી જાણી ગયા. તરત જ નોકરોને હુકમ કર્યો અને સોનૈયાની થેલીઓ વહેપારીઓ આગળ ધરી અને રત્નકંબળના ટુકડા થઈ ગયા. ભદ્રા માતાએ પોતાની બત્રીસે પુત્રવધૂઓને એક એક ટુકડો અર્પણ કર્યો. પુત્રવધૂઓએ સ્નાન કરી તે ટુકડાથી શરીરને લૂછીને તે ટુકડા ગટરમાં ફેંકી દીધા. રાણીને સમાચાર મળ્યા કે મહારાજાએ એક પણ કંબળ ખરીદ કરી નહિ પણ એક તો જોઈએ. તેથી રાજાએ વહેપારીઓને બોલાવ્યાં. આ વહેપારીઓએ બધી હકીકત રાજાને કહી. રાજા આ સાંભળી ખૂબ આશ્ચર્ય પામ્યા. અને મનમાં વિચાર્યું કે અહો ! તે કેવો શ્રીમંત હશે ? પછી સવાલાખ સોનામહોર આપી શાલિભદ્રને ત્યાંથી એક રત્નકંબળ લેવા માણસને મોકલ્યો. ભદ્રા માતા કહે છે ભાઈ ! રાજાને એમ કહેજો કે રત્નકંબળ તો શું પણ બધુંયે આપનું જ છે. અમે બધાં પણ આપનાં છીએ. રત્નકંબળ હોય તો પણ કિંમત લઈને આપવાની હોય ? પણ લાચાર છું કે સોળેના ટુકડા થઈ ગયા અને તે ગટરમાં ફેંકાઈ ગયા. માણસે આ વાત જઈને શ્રેણીક મહારાજાને કહી. શ્રેણીકે વિચાર્યું કે કેવો શ્રીમંત હશે તે ! એની સાહ્યબી કેટલી હશે ? મારે જરૂર એને જોવો જોઈએ. આમ વિચારી રાજા અભયકુમારને કહે છે કે તમે ખબર આપો કે શાલિભદ્ર રાજસભામાં આવે. ભદ્રા માતા કહે છે આપની આજ્ઞા મારા માથા ઉપર. પણ મારા શાલિભદ્રે સૂર્ય કયાં ઉગે છે અને કયાં આથમે છે તે જોયો નથી. સાતમા માળેથી કદી નીચે ઉતર્યો નથી. તો રાજા મારા ઘેર પધારે અને અમને પાવન કરે. રાજાએ પણ આ વાત માન્ય રાખી. રાજા સમ્યક્‌દૃષ્ટિ હતો. બંનેના વિચારમાં અને ભાષામાં કેટલી સૌમ્યતા અને સુંદરતા ઝળકી રહી છે ! એ ખૂબ વિચારવા જેવું છે. આ બધો પ્રતાપ શ્રી વીતરાગના શાસનની રસિકતાનો છે.

બંધુઓ ! અર્થ–કામની લાલસા એ એક ભયંકર વસ્તુ છે. દુનિયાના પદાર્થોની આસક્તિ રૂપી અગ્નિ સળગી રહેલ છે. તેને વૈરાગ્ય રૂપ જળથી શાંત કરો. " નમો અરિહંતાણં " ની નવકારવાળી કેમ ગણવી ? શા માટે ગણવી ? તે તો તમે બધા ભૂલી ગયા છો. માટે હવે નવકારવાળી રોજ ગણો કે " દુનિયાના પદાર્થોને મારે એક દિવસ

છોડયા વિના છૂટકો નથી." આથી તમારો આત્મા દિવસે દિવસે પવિત્ર બને. તમે દીક્ષાથી બીવો છો પણ તેને લીધા વિના તમારો તો નહિ પણ તમારા મા–બાપનો પણ ઉદ્ધાર થવાનો નથી. આપણા તારક પ્રભુએ લીધું તો તમારે લેવું જ પડશે. વૈરાગ્યભાવવાળા આત્માઓને સંસાર વિષ જેવો લાગે છે.

દેવાનુપ્રિયો! જ્ઞાની પુરૂષોના કહેવા પ્રમાણે માર્ગાનુસારીનો પહેલો ગુણ છે ન્યાય–સંપન્નતા. કદાચ પૈસા વિના ચાલે પણ મમતા છૂટી જાય તો અહોભાગ્ય સમજજો. અનીતિ, અસત્ય, વિશ્વાસઘાત કરવો એ બધું મારે ન જોઈએ. યાદ રાખજો કે અનીતિ, અસત્ય આદિથી બંધાયેલા કર્મો જ પીને નહિ બેસવા દે. પરભવ છે નહિ એવી નાસ્તિકતા ન બતાવો. શ્રીમહાવીર દેવના શાસનમાં કોઈનો પક્ષપાત નથી. જો જ્ઞાની પુરૂષોની આજ્ઞા પ્રમાણે ન વર્ત્યા તો નરકનિગોદ આદિના બાડા તૈયાર છે. અમે કહીશું કે આગમો બહુ ભણ્યા, તમે કહેશો કે અમારી સાહ્યબી ખૂબ છે પણ એ બધું ત્યાં નહિ ચાલે. બંધુઓ, તમારે ક્યાં જવું છે! નરકમાં કે નિગોદમાં! (સભામાંથી અવાજ :– એકેમાં નહિ, કારણકે બંને ખોટા છે. માટે ત્યાં જવું નથી) પણ કાર્યો ત્યાં જવાના કરવા છે. તમારી આ મોજ–મઝા તમને ઉત્તમ ગતિ નહિ અપાવે. માટે એમાંથી આસક્તિ ઉઠાવી લઈને તમે ધર્મમાં ચિત્તને જોડો.

હવે એક વખત શાલિભદ્ર કેવો છે એ જોવા શ્રેણિક મહારાજા એને ઘેર ગયા. શાલિભદ્ર સાતમે માળ રહેતો હતો. જેને સૂર્ય ઉગવા–આથમવાની ખબર ન હતી. એવા શાલિભદ્રની માતાએ રાજા શ્રેણિકને પોતાને ત્યાં આવવા આમંત્રણ આપ્યું હતું. એથી શ્રી શાલિભદ્રના બાપ ગોભદ્ર શેઠ જે દેવતા થયા છે, તે દેવતાએ આખા નગરને શણગારી મૂક્યું. રાજા શ્રેણિકે જ્યારે અભયકુમારને પૂછ્યું કે આ બધું શું છે? ત્યારે મંત્રીશ્વર અભયકુમારે કહ્યું કે મહારાજ! શાલિભદ્રે કરેલી આપના પ્રવેશ મહોત્સવની તૈયારી છે. રાજા મકાન જોઈ આશ્ચર્ય પામે છે. હવે તે વિશેષ વાત અવસરે લઈશું. આપણી મૂળ વાત પર આવીએ.

ભૃગુ પુરોહિતના બે બાળકો કહે છે હે પિતા! આ સંસારમાં ક્ષણ માત્રનો પ્રમાદ કરવા જેવો નથી. અમારે તો હવે વહેલી તકે સંયમ લેવો છે. આ ભૃગુ પુરોહિત પણ જેવો તેવો ન હતો. ખૂબ બુદ્ધિશાળી હતો. વેદનો જાણકાર હતો. તે કહે છે હે મારા પ્રિય પુત્રો! તમે મારી વાત સાંભળો.

> धणं पभूयं सह इत्थियाहिं, सयणा तहा कामगुणा पगामा ।
> तवं कए तप्पइ जस्सलोगो, तं सव्व साहीणमिहेव तुब्भं ॥
>
> ઉત્ત. સૂ. અ. ૧૪ ગાથા ૧૬.

હે પુત્રો! આપણે ઘેર લક્ષ્મીની કમીના નથી. પૂર્વના પુણ્યથી મળ્યું છે. મારે તો લક્ષ્મી મેળવવા માટે કોઇ જાતનું પાપ કરવું પડ્યું નથી, કારણ કે ઈષુકાર રાજાને

ભૃગુ પુરોહિતની સાથે પૂર્વનો ઋણાનુબંધી સંબંધ છે, એટલે મન માન્યું ધન આપે છે. સુવર્ણ–હીરા–માણેક, પન્ના આદિ ઝવેરાત પણ ઘણું છે. સાત પેઢી સુધી બેઠા બેઠા ખાવ તો પણ ખૂટે તેમ નથી. એટલે તમારે ધન મેળવવા પાપ નહિ કરવું પડે. વળી દેવકુમારી જેવી કન્યાઓ તમને પરણાવું, અને તમે સંસારમાં રહીને મનમાન્યા સુખો ભોગવો. વળી રહેવાને માટે દેવભવન જેવા મહેલો છે. શિયાળામાં રહેવાના મહેલ જુદા, ઉનાળામાં રહેવાનાં મહેલ જુદા, ચોમાસામાં રહેવાના મહેલ જુદા. તમારે કોઈ જાતની ચિંતા કરવાની નથી. છતાં આવા ઉત્તમ કામભોગો શા માટે છોડી દો છો ?

બંધુઓ ! જ્યાં ખૂબ ધન હોય છે ત્યાં ઘણે ઠેકાણે ધર્મ દેખાતો નથી. અને કંઈક પુણ્યવાન જીવો એવાં પણ છે કે ગમે તેટલાં વૈભવો હોય, તો પણ ધર્મ એમને પ્રાણની જેમ વહાલો હોય છે. આગળનાં રાજકુમારો આવી ઋદ્ધિ છોડીને નથી નીકળ્યાં ? રાજકોટમાં વીરાણીનો જ દાખલો છે કે જેમને ઘેર રજવાડા જેવી સાહ્યબી છે છતાં એમના કુટુંબમાં વિનોદ મુનિ જેવાં રત્ન ન પાકયાં ? ધનની સાથે ધર્મ રૂચવો એ પણ પુણ પુણ્યની વાત છે. ધર્મ સમજીને ન્યાય–નીતિથી કમાયેલું ધન લાંબા સમય સુધી ટકી રહે છે. અને અનીતિથી કમાયેલું ધન અલ્પકાળ ટકે છે. અને પાપનાં પોટલાં બંધાવે છે. ભૃગુ પુરોહિત હજુ પણ એના પુત્રોને કેવા પ્રલોભનો આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૭૧

ભાદરવા વદ અમાસ : તા. ૨૯–૯–૭૦ મંગળવાર

અનંતજ્ઞાની, શાસન સમ્રાટ, ત્રિલોકીનાથ, કરૂણા સાગર ભગવાને જગતના જીવોના ઉદ્ધારને અર્થે શાસ્ત્રમય વાણીનું નિરૂપણ કર્યું.

ભૃગુ પુરોહિતના બે પુત્રો પ્રમાદ છોડી જાગૃત બન્યાં છે. એમને ભૃગુ પુરોહિત કહે છે કે, મારા વ્હાલા પુત્રો ! તમે કહો છો કે પૈસા મેળવવા માટે મહાન પાપ કરવા પડે છે. તો હું તમને કહું છું કે તમારે પૈસા કમાવવાની જરૂર નહિ પડે. કારણ કે પૂર્વના પુણ્યથી મારી પાસે ધનની કમીના નથી. તેમજ સારામાં સારી રૂપવંતી કન્યાઓ તમને પરણાવીશ. તેમની સાથે તમે સુખ ભોગવો. તેમજ આપણું કુટુંબ પણ ઘણું વિશાળ છે. સગાસંબંધી પણ ઘણાં છે. તેમની સાથે તમે આનંદ કરો.

" तवं कए तप्पइ जस्सलोगा, तं सव्व साहिणमिहेव तुब्भं ॥ "

હે પુત્રો ! હું તમને વધુ શું કહું ? જે સુખો મેળવવાને માટે લોકોને તપ કરવો પડે છે, એવા બધા સુખો તમને સહેજે પ્રાપ્ત થયાં છે. એને લાત મારીને સંયમ લેવો એ તો તમારી નરી મૂર્ખતા છે. માટે તમે સમજીને સંસારમાં રહો અને દીક્ષા લેવાની વાત છોડી દો.

પિતાને પુત્રો પ્રત્યે અત્યંત મોહ છે. એટલે મોહની જ વાતો કરે છે. દુનિયામાં બધા જીવો મોહરાજાની માયાજાળમાં ફસાયેલા છે. દરેક જીવને ધન-વૈભવ અને સત્તા વહાલી છે. કોઈને સત્તા છોડવી ગમતી નથી. પણ જો સમજાઈ જાય કે મારો સાચો વૈભવ કયો ? તો બધો મોહ ઉતરી જાય છે. ભગવાન ઋષભદેવ દીક્ષા લઈને નીકળી ગયા. ત્યાર બાદ ભગવાનના સૌથી મોટા પુત્ર ભરતની આયુધશાળામાં ચક્ર રત્ન ઉત્પન્ન થાય છે. જે આત્માઓ ચક્રવર્તિ બને છે તેમનો જબ્બર પુણ્યનો ઉદય હોય છે. તેને ચૌદ રત્નોની પ્રાપ્તિ થાય છે. તેમાં ચક્રરત્ન, છત્રરત્ન, દંડરત્ન અને ખડ્ગ રત્ન એ ચાર રત્ન ચક્રવર્તિની આયુધશાળામાં ઉત્પન્ન થાય છે. અને ચર્મરત્ન, મણિરત્ન અને કાકણિ રત્ન એ ત્રણ રત્નો લક્ષ્મીના ભંડારમાં ઉત્પન્ન થાય છે. આ સાત એકેન્દ્રિય રત્નો છે. અને સાત પંચેન્દ્રિય રત્નો હોય છે. સેનાપતિ રત્ન, ગાથાપતિ રત્ન, વાર્ધકિ રત્ન, પુરોહિત રત્ન; એ ચાર રત્ન ચક્રવર્તિના નગરમાં ઉત્પન્ન થાય છે. સ્ત્રી રત્ન વિદ્યાધરની શ્રેણીમાં ઉત્પન્ન થાય છે. ગજ રત્ન અને અશ્વ રત્ન વૈતાઢ્ય પર્વતના મૂળમાં ઉત્પન્ન થાય છે. આ રીતે ચક્રવર્તિને ચૌદ રત્નોની પ્રાપ્તિ થાય છે. તેમાં ચક્રરત્ન છ ખંડની સાધના કરવાનો માર્ગ બતાવે છે.

ચક્રરત્ન એવું દૈવી રત્ન હોય છે કે જેનું રક્ષણ કરનારા એક હજાર દેવો હોય છે. એના આધારે જ ચક્રવર્તિ છ ખંડની સાધના કરે છે. ભગવાન ઋષભદેવને કેવળજ્ઞાન થયા પછી ભરત ચક્રવર્તિ છ ખંડની સાધના કરવા ગયા છે. સાઠ હજાર વર્ષે એ છ ખંડ સાધીને આવે છે. ત્યારે ધૂમ ધામધૂમથી અયોધ્યા નગરમાં પ્રવેશ કરે છે. અને ત્યાર બાદ ભરત ચક્રવર્તિના રાજ્યાભિષેકનો મહોત્સવ ઉજવાય છે. દેવાધિદેવ-ભગવંતનો જેમ ઇન્દ્રો અભિષેક કરે છે તેમ નરદેવ-ચક્રવર્તિને પણ આભિયોગિક દેવો અભિષેક કરવા આવે છે. ત્યાર બાદ બત્રીસ હજાર રાજાઓ અભિષેક કરવા આવે છે. સેનાપતિઓ, શ્રેષ્ઠિઓ પણ તેમનો અભિષેક કરે છે. અને સૌ ચરણમાં શીર ઝૂકાવી " તમે જય પામો, વિજય પામો " એવા મંગલમય શબ્દોથી ચક્રીને વધાવે છે.

ભરત ચક્રવર્તિના રાજ્યાભિષેક મહોત્સવમાં દેવો, બત્રીસ હજાર મુગટબંધી રાજાઓ તેમજ નગરજનો આવ્યાં. પણ સગા નવ્વાણું ભાઈમાંથી એક પણ ભાઈ રાજ્યાભિષેકના મહોત્સવમાં ભાગ લેવા આવ્યો નહિ, એટલે ભરત પહેલાં પોતાના ૯૮ ભાઈઓની પાસે એક દૂત મોકલે છે. દૂતો જઈને કહે છે-હે રાજકુમારો ! તમે જો રાજ્યસંપત્તિ ભોગવવા

ઇચ્છતા હો તો તમારા મોટાભાઈ ભરત મહારાજાને તાબે થાવ, અને તેમની આજ્ઞાનું પાલન કરો. ત્યારે નાના ભાઈઓ કહે છે–પિતાજીએ દીક્ષા લેતા પહેલાં જ અમને રાજ્ય વહેંચી આપ્યું છે. તો અમે શા માટે ભરતના તાબે થઈએ! આપણે એની આજ્ઞા શેના ઉઠાવીએ? એ આપણને શું આપી દેવાના છે કે જેથી આપણે તેનો દાસ બનીએ? શું અચાનક મૃત્યુ આવશે તો ભરત કંઈ અટકાવી શકશે? વૃદ્ધાવસ્થાને રોકવા શક્તિમાન છે? આપણા શરીરમાં રોગોનું આવાગમન થશે તો એ રોગ રૂપી રિપુઓને મારીને હઠાવવાની ભરતમાં તાકાત છે કે આપણે તેમની ગુલામી કરીએ! હા, એ આપણો વડીલ બંધુ છે. એટલે આપણે તેની સેવા કરીએ. એની આજ્ઞા માનીએ તે જુદી વાત છે. પણ એ આપણા ઉપર હુકમ શેનો કરે! છ ખંડ જીતીને આવ્યો છે તો પણ હજુ એની તૃષ્ણાની આગ શાંત નથી થઈ? વિજયની ખુશાલીમાં નાના ભાઈઓને ખુશ કરવાની વાત તો દૂર રહી પણ આ તો પિતાજીએ અમને જે કંઈ આપ્યું છે તે પણ પડાવી લેવાની વાત કરે છે! ભરત મહારાજા જે પિતાના પુત્ર છે તેમનાં જ અમે પણ પુત્રો છીએ. અને રાજ્યમાં અમારો સહુનો સરખો હક્ક છે. માટે હે દૂતો! તમે ભરત મહારાજાને કહેજો કે અમે તેમને તાબે થઈશું નહિ. અમે આ અન્યાયનો ફેંસલો કરવા માટે પૂજ્ય પિતા ઋષભદેવ ભગવાન પાસે જઈને ન્યાય કરાવીશું. ત્યાં સુધી આ બાબતમાં કંઈ નિર્ણય થઇ શકશે નહિ.

૯૮ ભાઈઓ ભેગા થઈને ભગવાન ઋષભદેવ અષ્ટાપદ પર્વત ઉપર બિરાજમાન હતાં ત્યાં આવ્યા. એ કેવા સરળ આત્માઓ હતા? આવી વ્યવહારિક બાબતોમાં પણ ભગવાનની સલાહ લેવા માટે ગયાં. પણ ભગવાન કંઇ એ બાબતમાં થોડું જ માથું મારે? ભગવાનના ચરણમાં વંદન કરીને કહે છે હે પ્રભુ! અમે આપની પાસે એક ફરિયાદ કરવા આવ્યા છીએ. આપ અમારી ફરિયાદ સાંભળી બરાબર ન્યાય કરજો.

પ્રભુ તો બધું જ જાણી રહ્યા હતાં. પુત્રો કહે છે પ્રભુ, આપે દીક્ષા લીધી ત્યારે સોએ પુત્રોને રાજ્ય વહેંચી આપ્યું છે. અમે તો જે કંઈ મળ્યું તેમાં સંતોષ માન્યો છે. અમે જરા પણ તૃષ્ણા રાખી નથી. અને મોટાભાઈ ભરત મહારાજાએ છ છ ખંડનું રાજ્ય મેળવ્યું છતાં એમની તૃષ્ણા શાંત થતી નથી. તેઓ અમારું આપે આપેલું રાજ્ય પણ પડાવી લેવા ઇચ્છે છે. એમણે અમારા ઉપર ફરમાન કર્યું છે કે કાં રાજ્ય છોડી દો અને કાં મારી સેવા કરો. અમને કંઈ જ સમજણ પડતી નથી. શું અમે એવા નમાલા છીએ કે અમારા હક્કનું રાજ્ય છોડીને, એની તાબેદારી ઉઠાવીએ? આપે આપેલું રાજ્ય અમારે છોડવું નથી. અને એની તાબેદારી અમારે સ્વીકારવી નથી. એટલે તેની સામે યુદ્ધ કર્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી. છતાં પણ આપને પૂછ્યા વિના અમે કંઈ જ કરવા ઇચ્છતા નથી. તો પ્રભુ! આપ જ અમને યોગ્ય સલાહ આપો કે અમે

એની સામે યુદ્ધમાં ઉતરીએ કે તેની તાબેદારી સ્વીકારીએ? આપ જેમ કહેા તેમ અમે કરીએ.

૯૮ પુત્રેા, પ્રભુ શું ન્યાય કરશે–એ શું કહેશે તે સાંભળવા મીટ માંડીને બેસી ગયાં છે. ત્યાગીના શરણે જે જાય છે તેને ત્યાગની જ વાત સમજાવે છે. સર્વજ્ઞ પ્રભુ જેવી દિવ્ય દૃષ્ટિ આપનાર દુનિયામાં તેના સમાન મહાન કેાઈ જ નથી. પ્રભુ કહે છે હે પુત્રેા! તમારે કેવું રાજ્ય જોઇએ છે? શાશ્વત કે નાશવંત? જે રાજ્ય ભેાગવતાં અનેક શત્રુઓનેા ભય રહે તેવું રાજ્ય ગમે છે? પુત્રેા કહે છે–જે રાજ્ય ઉપર કેાઇ દુશ્મન ચઢાઈ ન કરે એવું રાજ્ય અમારે જોઇએ છે. તેા હે પુત્રેા! ભરત એ તમારેા દુશ્મન નથી. તમારા સાચા શત્રુઓ એ તમારાં કર્મો છે. બહારમાં તમારા કેાઈ દુશ્મન છે જ નહિ. જે બહિરાત્મા હેાય તે જ બહારનાને પેાતાના શત્રુ માને છે. રાગ–દ્વેષ–મેાહ અને કષાય એ જ આત્માના અનાદિના દુશ્મનેા છે. અનાદિકાળથી એ શત્રુઓએ આત્માનું સામ્રાજ્ય ઝૂંટવી લીધું છે. માટે એ દુશ્મનેાની સામે યુદ્ધ કરેા. ભરત તમારેા વડીલ બંધુ છે. એ કદાચ તમારું બાહ્ય રાજ્ય લઇ લેશે અને તમારા આ લેાકનાં કહેવાતા સુખેાને ધક્કો લાગશે, પણ આ આભ્યંતર શત્રુઓ તેા ભવેાભવમાં તમને પરાધીનતાની બેડી પહેરાવનાર છે. માટે તમારે ભરતની સામે યુદ્ધ કરવાનેા કંઈ જ અર્થ નથી. ભરતની રાજ્ય માટેની તૃષ્ણા ગમે તેટલી વિશાળ હેાય પણ જ્યાં એ તમારા આભ્યંતર યુદ્ધની વાત સાંભળશે ત્યાં એ સ્થંભી જશે. માટે જો તમારે સાચી રાજ્ય લક્ષ્મી મેળવવી હેાય તેા મારા કહેલા શત્રુઓની સામે જંગ માંડેા.

દુનિયામાં જે કંઈ થાય છે તે બધું ભૌતિક સુખેાને માટે જ થાય છે. એને માટે ન કહેા તેટલાં પાપ, કષાયેાનું સેવન, અન્યાય–અનીતિ બધું જ થાય છે. જેને જીવન જીવવા ખાતર જીવવું છે એને દુનિયામાં કંઈ જ ઉપાધિ નથી. આ ૯૮ પુત્રેાને ભગવાન પાસે શા માટે આવવું પડયું? રાજ્યના સુખ જતા ન રહે એ માટે જ ને! પણ ભગવાને તેા સત્ય વાત સમજાવી દીધી કે રાજ્યનું સુખ ગમે તેવું હેાય તેા પણ તે નાશવંત છે. જો તમને રાજ્યની તૃષ્ણા નથી તેા તમારે દુનિયામાં કેાઈના સેવક બનવાની જરૂર નથી. દુનિયામાં સંપત્તિની પાછળ વિપત્તિ રહેલી છે. કેાઈ સંપત્તિ એવી નથી કે જેની પાછળ વિપત્તિ ન હેાય. માત્ર જ્ઞાન દર્શન અને ચારિત્રની સંપત્તિ જ એવી છે કે જેની પાછળ વિપત્તિ નથી.

પુણ્ય ખલાસ થતાં આજનેા રાજા કાલે રંક બની જાય છે. અને પાપનેા પડદેા ખસી જતાં કાલનેા રંક રાજા બની જાય છે. ક્ષણમાં આનંદથી ગુંજતું વાતાવરણ શેાકમાં ફેરવાઇ જાય છે. જ્યારે પ્રવર્જ્યા એ પરમાનંદ પ્રાપ્ત કરવાની પગદંડિકા છે. વળી રાજેશ્વરી તે નરકેશ્વરી કહેવાય છે. રાજ્ય મળવા છતાં રાજ્યમાં ન લેપાય તે જ

સદ્ગતિનો મહેમાન બની શકે છે. માટે આવા અશાશ્વત રાજ્યનો મોહ છોડી શાશ્વત રાજ્યપ્રાપ્તિ માટે સંયમ માર્ગ જ શ્રેયકારી છે. આવી ઉત્તમ સલાહ તો ભગવાન જ આપી શકે. ત્યાં ને ત્યાં ૯૮ પુત્રોએ બોધ પામીને ભગવાન ઋષભદેવ પાસે દીક્ષા અંગીકાર કરી.

ભરત મહારાજાને ખબર પડી કે મારા ભાઈઓએ દીક્ષા અંગીકાર કરી. એટલે ભરત મહારાજાએ પોતાની આણ વર્તાવી, પણ ભરત મહારાજાના સેનાપતિએ સભામાં આવીને કહ્યું કે રાજન્! આપે બધા ઉપર વિજય મેળવી લીધો છતાં ચક્રરત્ન હજુ નગરમાં પ્રવેશ કરતું નથી, માટે હજુ પણ કોઈ બાકી રહી ગયું લાગે છે. હજુ કોઈ એવો હશે કે જેમણે તમારી આજ્ઞા શિરોમાન્ય ન કરી હોય. ત્યારે ભરત મહારાજા કહે છે, હજુ વળી કોણ બાકી રહી ગયો છે કે ચક્રરત્ન નગરમાં પ્રવેશ કરતું નથી! ત્યારે બીજા સેનાપતિઓ કહે છે મહારાજા! ખુદ આપના નાના ભાઈ બાહુબળી આપની આજ્ઞા શિરોમાન્ય કરતાં નથી. એને કારણે જ ચક્રરત્ન અટકી ગયું છે.

ભરત મહારાજા બાહુબલિને સમાચાર મોકલાવે છે કે જો તમે રાજ્ય સુખ ભોગવવાની અને જીવનની ઇચ્છા રાખતા હો તો મારે તાબે થઈ જાવ. બાહુબલિ આવેલા દૂતને કહે છે કે ભરતને કહી દેજે, કે બાહુબલિ તમારી આજ્ઞામાં રહેવા તૈયાર નથી. એ કંઈ કાચો પોચો નથી. સાચો સિંહ છે. ભરત મહારાજા બાહુબલિની સામે યુદ્ધ કરે છે. બંને ભાઈઓ વચ્ચે બાર બાર વર્ષ સુધી ઘોર સંગ્રામ ચાલે છે, છતાં પણ બંનેના સૈન્યમાંથી કોઇના સૈન્યની હાર થતી નથી. બંને ભાઇનું યુદ્ધ જોવા માટે સ્વર્ગમાંથી દેવો હાજર થતાં હતાં. દેવો પણ ક્ષણભર વિચારમાં પડી જતાં હતાં કે અહો! કર્મની કેવી વિચિત્રતા છે! બંને સગા ભાઇઓ છે. વળી ચરમ શરીરી જીવો છે, છતાં તુચ્છ રાજ્ય લક્ષ્મીની ખાતર યુદ્ધ કરી રહ્યાં છે! બંને ભાઇઓને સમજાવવા ઇન્દ્ર મહારાજા વચ્ચે પડયા. એમણે કહ્યું કે જો તમારે લડવું જ હોય તો સામસામા લડી લો. પણ નિર્દોષ મનુષ્યોનો સંહાર શા માટે કરો છો? એ વાત તેમને ગળે ઉતરી. ઇંદ્રે એમને પાંચ પ્રકારના યુદ્ધ નક્કી કરી આપ્યા. (૧) દૃષ્ટિયુદ્ધ (૨) વાક્‌યુદ્ધ (૩) બાહુયુદ્ધ (૪) મુષ્ટિયુદ્ધ (૫) દ્વંદ્વયુદ્ધ. આ પ્રમાણે બંને ભાઈઓ યુદ્ધ કરે છે. આ પાંચ પ્રકારનાં યુદ્ધમાં બાહુબલિનો વિજય થાય છે. ભરત મહારાજા હારી જાય છે. પોતાની હાર થતાં ભરત મહારાજા વિચારે છે કે ભરત ક્ષેત્રના છ છ ખંડ મેં સાધ્યા છે. સાઠ હજાર વર્ષ સુધી મેં સંગ્રામ ખેલ્યા છે. હવે એ રાજ્યનો માલિક શું બાહુબલિ બની જશે?

એક મ્યાનમાં બે તલવાર સમાય નહિ તેમ એક જ ભરતક્ષેત્રમાં એક સાથે બે ચક્રવર્તિ કદી હોઇ શકતા જ નથી. ચક્રવર્તિનું બળ એટલું બધું હોય છે કે એને કોઈ રાજા જીતી શકે જ નહિ. અહીં ન બનવાનું બની ગયું છે. બાહુબલિની પણ પ્રચંડ તાકાત છે. એને કોઇ જીતી શકે તેમ નથી. હવે છેલ્લો અજમાશ કરી લઉં. છેલ્લામાં છેલ્લું

શસ્ત્ર સુદર્શન ચક્ર મારા હાથમાં છે, એમ વિચાર કરી ભરત ચક્રવર્તિ ચક્રરત્નને યાદ કરે છે. ત્યાં ચક્રરત્નના અધિષ્ઠાયક દેવો એના હાથમાં સુદર્શન ચક્ર આપે છે. ભરત મહારાજા ચક્રને હાથમાં લઈને જોરથી આકાશમાં ઘૂમાવે છે. ત્યારે બાહુબલિ કહે છેઃ- યુદ્ધની ઉત્તમ રીત છોડીને તમે અધમ રીત અજમાવી રહ્યાં છો. મર્યાદાનો ત્યાગ કરવો એ તમારા જેવા મહાન પુરૂષોને યોગ્ય લાગતું નથી. છતાં ભરત મહારાજા બાહુબલિ ઉપર સુદર્શન ચક્ર છોડે છે. પરંતુ બાહુબલિ પણ ચરમશરીરી જીવ છે. વળી બંને સગા ભાઈ છે. એક ગોત્રના હોય તેના ઉપર સુદર્શન ચક્ર અસર કરી શકતું નથી. તેમ આ બંને સગા ભાઈ છે એટલે સુદર્શન ચક્ર બાહુબલિની આસપાસ પ્રદક્ષિણા કરી પાછું ફરીને ભરત ચક્રવર્તિના હાથ ઉપર આવી સ્થિર થઇ જાય છે.

બંધુઓ! આ કાળમાં વૈજ્ઞાનિકોએ ઘણી શોધખોળ કરી છે. અનેક પ્રકારના શસ્ત્રોનું સર્જન કર્યું છે. અણુબોંબ, હાઇડ્રોજન બોંબ આદિ ભયંકર વિનાશના સાધનો શોધ્યાં છે. આ યુગના અણુબોંબ આદિ શસ્ત્રો આસુરી શસ્ત્રો છે. જ્યારે સુદર્શન ચક્ર તો દૈવી શસ્ત્ર કહેવાય. તે દુશ્મનનું મસ્તક છેદીને જ પાછું ફરે પણ નિર્દોષને કોઈ જાતની ઈજા પહોંચાડે નહીં. તેમજ એક જ ગોત્રના મનુષ્ય ઉપર અસર કરી શકે નહિ એટલે એ દૈવી શસ્ત્ર કહેવાય. આજના તમારા આસુરી શસ્ત્રો તો નિર્દોષ અને દોષિત બધાનો સંહાર કરી નાંખે છે. ભરત મહારાજાનું ચક્ર તો પાછું ફરી ગયું. પણ બાહુબલિ ભયંકર મુષ્ટિ ઉગામી ભરતને મારવા દોડે છે. અને દોડતા જેવા ભરતની સામે આવે છે તેવા એના બધા તરંગો શમી જાય છે, અને મનમાં વિચાર થાય છે કે અહો! એક રાજ્યના ટુકડા ખાતર હું કોનો સંહાર કરી રહ્યો છું? ગમે તેમ તોય મારો મોટો ભાઈ છે. નાનો થઈને હું મોટાભાઇને હણવા તૈયાર થયો છું! ધિક્કાર છે મને! મારા કરતાં મારા નાના ૯૮ ભાઇઓ હજારો ધન્યવાદને પાત્ર છે કે જેઓ રાજ્યનો લોભ છોડી પિતાના સાચા પુત્ર બની ગયા! પણ હવે આ ઉગામેલી મુષ્ટિ પાછી કેમ વાળી શકાય? તરત જ ઉગામેલી મુષ્ટિ વડે લોચ કરી નાંખે છે. અને બાહુબલિ પલવારમાં રણક્ષેત્રને ધર્મ-ક્ષેત્ર બનાવી દે છે. ત્યાં ને ત્યાં દીક્ષિત બની જાય છે. દેવો પણ અચેત પુષ્પોની વૃષ્ટિ કરે છે અને કહે છે કે ઘણું સારું કર્યું. એવી ઘોષણા કરે છે ત્યારે ભરત મહારાજા પણ એમના ચરણમાં ઝૂકી પડે છે. અને ગદ્‌ગદ્‌ કંઠે બોલે છે વીરા! તમને ધન્ય છે. આટલી શૂરવીરતા હોવા છતાં તમે ક્ષણવારમાં રાજ્યવૈભવનો ત્યાગ કરી દીધો. તમે જ પૂજ્ય પિતાના સાચા વારસદાર છો. હું તમારા જેવો બનીશ ત્યારે જ પિતાનો સાચો પુત્ર બનીશ.

ભરત મહારાજા ચક્રવર્તિની પદવી પામ્યાં પણ એમાં લુબ્ધ ન બન્યાં. એ સંપત્તિથી અલિપ્ત રહેતાં. એણે ચેતવણી આપવા માટે પગારદાર માણસો રોકયા હતા, કે હે મનુષ્યો! હું જ્યારે ભાન ભૂલીને રાજ્યસંપત્તિમાં ચકચૂર બનું ત્યારે તમે મને ચેતવણી આપજો કે :— "ચેત ચેત ભરહ નરરાયા, કાલ ચપેટા દેત હ"

હે રાજન્! તું ચેતી જા. તારા માથે કાળ ભમી રહ્યો છે. આટલા સુખમાં પણ નિરંતર આવી જાગૃતિ રાખતા હતાં ત્યારે તો અરિસાભુવનમાં કેવળ જ્ઞાન પામી ગયા. દીક્ષા લઈને આત્મકલ્યાણ સાધી ગયા.

જો વૈભવ વિલાસમાં જ સુખ હોત તો ચક્રવર્તિઓ તેને છોડત નહિ. મહાનપુરૂષો છોડીને ગયાં છે, તો નક્કી સમજી લેજો કે સુખ ત્યાગમાં છે, ભોગમાં નહિ. આ સંપત્તિને ખાતર રાજાઓને કેવા યુદ્ધ-સંગ્રામો કરવા પડયા. અંતે સમજ્યા ત્યારે છોડતાં વાર ન લાગી. ગમે તેટલું ધન હોય પણ કરેલાં કર્મની સજા ભોગવતી વખતે જીવને સહાયક બનવાનું નથી. તે સમયે જો સાચી સહાય કરનાર હોય તો વીતરાગ કથિત ધર્મ છે. ધર્મ વિના ત્રણે કાળમાં જીવનો ઉદ્ધાર થવાનો નથી.

દેવાનુપ્રિયો! ગઇ કાલે આપણે શાલિભદ્રની ઋદ્ધિની અને શ્રેણિક મહારાજા તેને ત્યાં જોવા જવાની વાત કરી હતી. આમાં ખાસ વિચારવાનું એ જ છે કે શાલિભદ્ર કેવો ઋદ્ધિશાળી છે છતાં જોજો, શ્રેણિકનું શાલિભદ્રના ઘેર જવાનું નિમિત્ત કેવું રૂપ ધારણ કરે છે તે સાંભળવા જેવું છે. માટે તે વાત હું કહું છું.

શ્રેણિક મહારાજા શાલિભદ્રનો મહેલ જોઈ આવ્યા બને છે. પહેલા ખંડમાં ઉંબરે ઉભા રહેવું પડે છે. સ્વચ્છ સ્ફટિકની જમીન નિર્મળ પાણીના સરોવર જેવી દેખાય છે. રાજા મૂંઝાય છે. પગ મૂકું અને ડૂબું તો! પણ બુદ્ધિનો નિધાન અભયકુમાર પાસે જ હતો. ઘરમાં સરોવર કયાંથી? એ તરત જ સમજી ગયા. એકદમ કંઈક ચીજ કાઢી ભોંય ઉપર નાંખી અને આગળ ચાલ્યા. રાજા પૂછે છે કે શાલિભદ્ર અહીં કેમ દેખાતા નથી? કહે છે રાજન! શાલિભદ્ર અહીં હોય? આ તો હાથી-ઘોડા વિગેરે પશુઓને રહેવાનું સ્થાન છે. શ્રેણિક મહારાજા વિચારે છે કે ભગવાન શ્રી મહાવીરદેવે કહેલા પુણ્યના અનેક પ્રકારોમાંનો આ પણ એક પુણ્યનો પ્રકાર છે. આવા મકાનમાં અત્યારે કોઈ રાજા આવે તો તરત જ મનમાં થાય કે આ મારા કરતાં ચઢી ગયો અને તેને તેનું ધન પડાવી લેવાની ભાવના થાય, પણ આ તો સમ્યક્દૃષ્ટિ રાજા હતો. તેથી એમણે તો વિચાર્યું કે જેવું મારી પાસે રાજપુણ્ય છે તેવું શાલિભદ્ર પાસે ભોગપુણ્ય છે. શ્રેણિક રાજાને જરા પણ ઇર્ષ્યા ન આવી. "અરિહંતના શાસનને પામેલા સમ્યગ્દૃષ્ટિ આત્માને દુનિયાની કોઈપણ વસ્તુ અનીતિના પંથે લઈ જવા સમર્થ નથી."

શ્રેણિક રાજા વિચારે છે કે જે મારા રાજભુવનમાં નહિ તે એના હાથી ઘોડા માટે! કેવું પુણ્ય! જેમ શ્રેણિક રાજા સમ્યગ્દૃષ્ટિ અને ભગવાન મહાવીર પ્રભુનો અનુયાયી હતો તેમ શાલિભદ્ર પણ સમ્યગ્દૃષ્ટિ અને ભગવાન મહાવીરનો અનુયાયી હતો. મહારાજા શ્રેણિક ઉપર ગયા. ચોથે માળે ભદ્રામાતાએ કહયું. રાજન્ પધારો. અહિં જ બિરાજો. પાંચમે માળે હું રહું છું. છઠ્ઠા માળે મારા શાલિભદ્રની બત્રીસ પત્નીઓ રહે છે અને

સાતમા માળે મારો શાલિભદ્ર રહે છે. સ્ત્રીઓના આવાસમાં થઈને આપનાથી ન જઈ શકાય. હું શાલિભદ્રને નીચે બોલાવી લાવું છું. તેના ઘરનો બધો વહીવટ માતા કરે છે. છતે દીકરે માતા વહીવટ કરે એ માતાની કેવી ઉદારતા ! આજના મા-દીકરામાં કેવું વર્તન હોય છે ! તે તો જરા તમે સંસારમાં શોધજો તો ખરા ! જો તમારે સંસારને સ્વર્ગ સમાન બનાવવો હોય તો સમ્યકદૃષ્ટિ બનો.

"સમ્યકદૃષ્ટિ એટલે ત્યાગનો પિપાસુ, ત્યાગનો જાપ કરનાર" બંધુઓ ! તમે પણ ત્યાગના પિપાસુ બનજો અને રાગને લાત મારજો. જો સંસારના રાગના રસીયા બનશો તો ચતુર્ગતિ રૂપ સંસારમાં રખડશો. ભદ્રામાતા શાલિભદ્રની પાસે જાય છે. માતાને જોઈ શાલિભદ્ર વંદન કરે છે અને પૂછે છે. માતાજી ! કયા કારણથી પધાર્યા ? માતા કહે છે–હે પુત્ર ! શ્રેણિક આવ્યા છે માટે તું નીચે ચાલ. શાલિભદ્રે કહ્યું– માતા ! એમાં મને શું પૂછો છો ! જેમ રોજ તમે તમારી મેળે કરો છો તેમ કરી લો. અને નાખો વખારે. માતા કહે છે ભાઈ ! શ્રેણિક એ કરીયાણું નથી કે વખારે નંખાય. આ તો આપણા ગામના રાજા છે. મગધ દેશના માલીક છે. આપણા નાથ છે. તો આપણી ફરજ છે કે નીચે આવી એમનું સત્કાર-સન્માન કરવું. શાલિભદ્ર વિચારે છે કે નાથ ! અને એ પણ મારા ! હું મનુષ્ય અને તે પણ મનુષ્ય. જરૂર મારા પુણ્યમાં ખામી છે. મારા નાથ તો ભગવાન મહાવીર એક જ છે. આ નવા નાથ વળી કોણ ! હવે હું એવાં કાર્ય કરું કે નાથ જ ન રહે. શાલિભદ્રની દશા પલટાઈ ગઈ. એને બધું ખોટું ભાસ્યું. અને માતાને કહ્યું: હું આવું છું. પણ આટલા શબ્દ માત્રથી જ દશા બદલાય અને રસ્તે પ્રયાણ કરવા માંડે એનું શું કારણ ! એની પાસે પ્રલોભનો તો ઘણાં હતાં. આ લોકમાં પણ તે દેવતાઈ ભોગ ભોગવતો હતો. જો શાલિભદ્ર ધારત તો કહી શકત કે માતા ! જાવ, કહી દો કે માલિક ન જોઈ એ. એને થાય તે કરી લે. પોતાના પિતા ગોભદ્ર શેઠ દેવ હતા, તેની પાસે લશ્કર મંગાવી લડી શકત, પણ એવો બાલીશ વિચાર ન આવ્યો, કારણ કે તે સમ્યકદૃષ્ટિ આત્મા હતો.

શ્રેણિક મહારાજા પણ અવિરતિ સમ્યકદૃષ્ટિ હોવા છતાં પ્રભુ મહાવીરના પરમ ભક્ત હતા. માતાના કહેવાથી શાલિભદ્ર નીચે આવ્યા. દેવકુમાર જેવા સુકોમળ શરીરવાળા શાલિભદ્રને જોઈ રાજા શ્રેણિકને ખૂબ પ્રેમ જાગ્યો. પ્રેમથી પોતાના ખોળામાં બેસાડયો. આજે તમારા ઘેર કોઈ રાજા તો આવે જ નહિ પણ કોઇ મોટા અમલદાર આવે અને તમારું સન્માન કરે તો ! અમલદારની ઓળખાણ થતાં તમે બોલવા મંડી પડો કે અમલદાર મારા હાથમાં છે. આમ કરું ને તેમ કરું. પછી શું ! મગધદેશના માલિક શ્રેણિક મહારાજા શાલિભદ્રને પૂછે છે. કેમ છે ? શાલિભદ્ર કહે છે કે દેવ, ગુરૂ અને ધર્મના પ્રતાપથી આનંદ છે, પણ આપની કૃપા જોઈએ. દેવ, ગુરૂ અને ધર્મનું વચન સાંભળી રાજા વિચારે છે કે આવી ભોગની અવસ્થામાં પણ દેવ, ગુરૂ અને ધર્મને ભૂલતો

નથી. આવી દેવતાઈ સાહ્યબી ! બત્રીસ દેવાંગના જેવી સ્ત્રીઓ વચ્ચે પણ શાલિભદ્ર દેવ–ગુરૂ અને ધર્મને યાદ કરે છે. શ્રેણિક રાજાના ખોળામાં થોડી વાર બેસતાં શાલિભદ્રને પરસેવો છૂટયો એટલે માતા કહે છે હે રાજન ! મારા કોમળ પુષ્પને આપ ખોળામાંથી છોડી દો, નહીં તો એ કરમાઈ જશે, કારણકે એણે માણસોનો શ્વાસોચ્છવાસ આ રીતે કદી સહન કર્યો નથી. આવા સુકોમળ શરીરવાળો અને ધોમ ધોમ સાહ્યબીમાં રહેનારો શાલિભદ્ર પણ આગળ જતાં કેવી રીતે આત્માની સાધનાના માર્ગ પર જાય છે તે વાત અવસરે વિચારશું.

આજે વિનુભાઈના માસખમણ તપની પૂર્ણાહુતિનો દિન છે. હું તો તેમને અને જે જે ભાઈ–બહેનોએ ઉગ્ર તપની સાધના કરી છે તે સર્વેને કહું છું કે આવો તપ કર્યા પછી જીવનમાં પવિત્રતા આવવી જોઈએ. અને કષાયોની કાળાશ ઘટવી જોઈએ. અને આ તપ કર્યા પછી રાત્રિ ભોજનનો ત્યાગ, કંદમૂળનો ત્યાગ એટલું તો જીવનભર માટે થાય એ ઉત્તમ વાત છે. તપની લહેજત કાયમ માટે તમારા દિલમાં રહેવી જોઈએ. યથાશક્તિ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા પણ કરવી જોઈએ. આવા સદ્‌ગુણો આવવાથી જીવન શોભી ઉઠે છે. સમય થઈ ગયો છે એટલે વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૭૨

આસો સુદ એકમ ને બુધવાર તા. ૩૦–૯–૭૦

રાગો ય દોસો વિ ય કમ્મબિયં, કમ્મં ચ મોહપ્પભવં વયન્તિ।
કમ્મં ચ જાઈ મરણસ્સ મૂલં, દુક્ખં ચ જાઈ મરણં વયન્તિ ॥ ઉ. અ. ૩૨–૭

રાગ અને દ્વેષ એ કર્મોનાં બીજ છે. અને કર્મ મોહનો પુત્ર છે. આત્મા ઉપર કર્મો ચોંટવાનું મુખ્ય કારણ મોહની ચિકાશ બને છે. આ કર્મ ભવ–પરંપરાના બીજો છે. આથી જ આત્મા જન્મ અને મૃત્યુના ચક્રમાં ફર્યા કરે છે. જન્મ અને મૃત્યુ રૂપી દુઃખનું મૂળ પણ કર્મ છે. આત્મા દુઃખથી બચવા ઈચ્છે છે, પણ દુઃખના કારણથી બચવા ઈચ્છતો નથી. તાપથી બચવા ઈચ્છે છે પણ સૂર્યનાં કિરણોનાં મોહને છોડવા ઈચ્છતો નથી. પરંતુ બંધુઓ, એ વાત નિશ્ચિત છે કે જ્યાં સુધી કારણ હાજર છે ત્યાં સુધી કાર્યની પરંપરા ચાલુ રહેવાની, કાર્યની સમાપ્તિ માટે પહેલાં કારણને સમાપ્ત કરવું જોઈશે. દુઃખને મટાડવા તો આપણે ચાલી નીકળ્યા, પણ રસ્તો જ જાણ્યો નથી.

જોયો નથી, તો આપણા પ્રયત્નો નિષ્ફળ નીવડશે. દુઃખથી મુકત થવાનો સાચો માર્ગ તો ભગવાન મહાવીર બતાવી ગયા છે.

"दुक्खं हयं जस्स न होइ मोहो।"

આ સોનેરી સૂત્રને તમે યાદ રાખો. દુઃખ તેનુ હણાયું છે કે જેને મોહ થતો નથી. વિશ્વના દુઃખોના ઉપરની છાલ તોડીને જોશો તો ત્યાં તમને મોહનું બીજ દેખાશે. જરા ઉંડા ઉતરીને જુઓ તો ખરા કે દુઃખ એ શું છે અને તે કયાં છે? તમે વિયોગની ક્ષણોને દુઃખની ક્ષણો માનો છો. એ ક્ષણો કયારેક એવી કરૂણ હોય છે કે વિયોગનું દુઃખ આંખોમાં આંસુ વહાવી દે છે. તે વિયોગ પછી સંપત્તિનો હોય કે સંબંધીનો હોય પણ એ માનવના દિલને પીગળાવી દે છે. બધા વિયોગોમાં પુત્રના વિયોગની વાત સૌથી વધુ કરૂણ હોય છે. એ વિયોગનો ઘા મમતાળુ માતાના હૃદય ઉપર પડે છે.

રાજકોટ રાજગૃહી જેવી ભાગ્યવાન અને વિશાળ નગરી છે. લાખોની સંખ્યામાં માણસો અહીંયા વસે છે. અહીંયા પણ ઓછામાં ઓછો એક માણસ તો દરરોજ મૃત્યુ પામતો હશે. પણ એ બધાનું દુઃખ શું તમારા મનને પીડા પહોંચાડે છે? (સભામાંથી અવાજ–ના.) જો મૃત્યુ જ દુઃખનું કારણ હોય તો દુનિયામાં રોજ મૃત્યુ પામતાં હજારો માનવીઓ તમને શામાટે દુઃખ પેદા કરતું નથી? જો મૃત્યુ દુઃખ આપતું નથી તો પછી કોઈ વહાલી વ્યક્તિ જયારે સંસારમાંથી વિદાય લે છે ત્યારે શા માટે તમે કલાકોના કલાકો સુધી આંસુ વહાવ્યા કરો છો? દુઃખનું મૂળ રૂપ જો તમે જાણવા માગશો તો દુઃખ કોઈના જીવવા અથવા મરવામાં નથી. જો એમ હોત તો પાડોશીના પુત્રના મૃત્યુથી પણ તમને જરૂર દુઃખ થાત, પણ એવું બનતું નથી. દુઃખ તો મારાપણામાં રહેલું છે. આપણું કોઇ પ્રિયજન ચાલ્યું જાય તો એનો વિયોગ આપણને ખટકે છે. પુત્ર મૃત્યુ પામ્યો એનું દુઃખ નથી. પરંતુ તે પોતાનો હતો અને તેથી જ માતાની મમતા આટલી દ્રવી જાય છે અને દુઃખ થાય છે. પાડોશીમાં કોઈ મરી જાય તો એના મોં પર દુઃખની રેખા પણ ફરકતી નથી. જ્યાં પોતાપણું નથી ત્યાં દુઃખ નથી અને જ્યાં પોતાપણું ગયું ત્યાં દુઃખ પણ ગયું. પરંતુ મોહમય આત્મા આ વાતનો સ્વીકાર કરતો નથી. ભગવાન મહાવીરે આચારંગ સૂત્રના અધ્યયનમાં ફરમાવ્યું છે કેઃ—

"इण मेव नाव बुज्झंति, जे जणा मोह पाउडा" આચારંગ સૂત્ર

મોહમાં મૂઢ બનેલો આત્મા સત્યનો પ્રકાશ મેળવી શકતો નથી. જયારે હૃદયમાં મોહની આંધી આવે છે ત્યારે એનો પહેલો પ્રહાર વિવેકની દીપશિખા ઉપર પડે છે. વિવેક પોતે જ પ્રકાશ છે. પરંતુ મોહ અંધકાર ફેલાવે છે. એ પોતાના ભાવિજીવન પ્રત્યે સાવધાન થતો નથી તેમ એનું શું પરિણામ આવશે એ તરફ એનું ધ્યાન પણ

જતું નથી. સીતા સોનાના મૃગ ઉપર મોહિત થઈ. રામાયણ કાળમાં થનાર એ મહાયુદ્ધનો મૂળમાં આ મોહ જ છૂપાયેલો રહ્યો છે. સુવર્ણમૃગનો મોહ પણ યુદ્ધની એક ચિનગારી બનીને રહ્યો છે. એના પછી આવે છે રાવણનો સીતા પ્રત્યેનો મોહ. આમ દરેક યુદ્ધના મૂળમાં ઉંડા ઉતરશો તો એમાં મોહ દેખાશે. પછી ભલેને એ રૂપનો મોહ હોય કે પછી ધનનો હોય. સંપત્તિ અને સુંદરીને લઈને જ મોટાં મોટાં યુદ્ધો ખેલાયાં છે. જે જે વિશ્વયુદ્ધો થયાં તેમાં નજર નાંખશો તો ત્યાં પણ તમને મોહનો ઈતિહાસ જ મળશે. આ માટે મને એક નાનકડું દૃષ્ટાંત યાદ આવે છે.

એક વાર એક ગામની અંદર જ્યાં અનેક સંસ્કૃતિઓ ભેગી થાય છે ત્યાં મેળો ભરાયો. એક શેઠ મેળામાં ગયા અને મેળામાંથી માલ ખરીદ્યો. સામાનને પેટીમાં ભરા-ભર પેક કરી દશ મજુરોને પેટીઓ ઉપાડવા બોલાવ્યા. દરેક મજૂરના માથે ચાર ચાર પેટીઓ મૂકી. અને શેઠ પોતાના ઘર તરફ રવાના થયા. રસ્તો ખૂબ લાંબો. જેઠ મહિનાનો સૂર્ય પોતાના સહસ્ર કિરણો વડે પૃથ્વીને બરાબર તપાવી રહ્યો હતો. આવી પ્રચંડ ગરમીમાં ખાલી હાથે ઘરની બહાર જવાનું મુશ્કેલ બને છે. જ્યારે આ બિચારા મજુરો ચાર ચાર પેટીઓ માથે મૂકી ધોમધખતા તડકામાં રસ્તે ચાલી રહ્યા હતા. અને તેથી સખ્ત ગરમીના કારણે તેમના શરીરમાંથી પરસેવાની ધારાઓ નીતરતી હતી.

આખરે મજુરોની ધીરજની હદ આવી ગઈ. તેઓ કહેવા લાગ્યા કે હવે તો ચલાય તેમ નથી. માથે ભાર અને ચાલવું એ બની શકે તેમ નથી. હવે તો એક ડગલું ભરવું પણ મુશ્કેલ છે. જો આપણી આ જ સ્થિતિ રહેશે અને ભાર ઓછો કર્યા વિના ચાલશું તો આપણે અહીં જ ઢગલો થઈને પડી જશું. શેઠે મજુરોની આ વાત સાંભળી તેથી તેમનું હૃદય પીગળી ઉઠ્યું. કારણ કે મજુરોની સ્થિતિને એ બરાબર સમજતો હતો. ગરીબાઈના દુઃખ એણે અનુભવ્યા હતા. એટલે મજુરોના દુઃખને સમજી શક્યો.

"જેને વીતી હોય તે જાણે રે, અજાણ્યો કોઇ ન જાણે રે,
કાંટો ખરેખર બોરડી કેરો, હાથમાં વાગ્યો હોય,
વાગ્યા વિનાની વેદના રે, જાણી શકે નહીં કોય."

જે જેના ઉપર વીતે છે તે જ જાણી શકે છે. જે હમેંશા મોટરોમાં ફરતો હોય તેને પગે કેમ ચલાય એ શું ખબર પડે? જે હમેંશા વિશાળ મહેલોમાં વસે છે અને રોજ મિષ્ટાન્ન જમે છે એને ગરીબોની જિંદગીનો ખ્યાલ કયાંથી આવે? ફુટ-પાથ ઉપર સૂનારને કેવું વીતે છે એ શ્રીમંત શું જાણે! જે માણસે દુઃખની વેદના ભોગવી છે તે જ બીજા દુઃખીઓના દુઃખને જાણી શકે છે.

શેઠ મજુરોની સ્થિતિ સમજી ગયા અને મીઠા શબ્દોમાં કહ્યું કે ભાઈઓ ! જે જેટલો ભાર ઉપાડીને શાંતિથી ચાલી શકે તે તેટલો જ ભારે ઉપાડે અને બાકીનો અહીં મૂકી દે. મને એ માટે કંઈ દુઃખ નહીં લાગે. તમારું કષ્ટ તે મારું કષ્ટ છે. કારણ કે તમારા સૌમાં હું મારા જ આત્માનું પ્રતિબિંબ જોવું છું. આ જડ ટુકડા કરતાં તમારામાં રહેલા ઝળકતા ચૈતન્ય પ્રત્યે મારા આત્માને ખૂબ પ્રેમ છે. શેઠનાં મધુર વચનોથી મજુરોને કંઈક આશ્વાસન મળ્યું. એમણે તો બે-બે પેટીઓ ઉતારી દીધી.

હવે એક મજુર હતો, જેણે વિચાર્યું કે આ પ્રશ્ન તો તે જ સમયે અમારી સામે આવ્યો હતો જ્યારે અમે શેઠને ઘેર પેટીઓ પહોંચાડવાનું વચન આપ્યું હતું. હવે અમે જો પેટીઓ ફેંકી દઈએ તો શેઠને કેટલું નુકશાન થશે ? આ બાજુ અમે અમારા વચનોથી પાછાં ફરીએ છીએ. આમ વિચારી તે ચારેય પેટી માથે મૂકીને ચાલતો રહ્યો. છેવટે ઘર આવી ગયું. એટલે બધા મજુરો ભારથી મુક્ત થઈને પોતાને ઘેર જવા ઉત્સુક હતા. મજુરો જેવી પેટીઓ ઉતારવા લાગ્યા કે શેઠ બોલ્યા. આ કષ્ટ શા માટે કરો છો ? જેની પાસે જેટલી પેટીઓ છે તે તે લઈને તેઓ પોતાના ઘેર જઈ શકે છે. આ બધું તમારા માટે જ છે. આ સાંભળતાં જ મજુરોએ એકદમ આંચકો અનુભવ્યો. તેઓ વિચારવા લાગ્યા, અમને આવી ઠગાં ખબર હતી, નહીંતર બધી પેટીઓ આપણે ઉપાડી લાવત.

જે પેટીઓ નીચે ફેંકવાથી મજુરોએ શાંતિ અનુભવી હતી એ જ પેટીઓ માટે હવે એમની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. કારણ કે ત્યારે પેટીઓ શેઠની હતી અને હવે એ પોતાની થઈ ગઈ. પહેલાં એના પર મારાપણું નહોતું એટલે માલ ભરેલી પેટીઓ ફેંકી દેવામાં શાંતિ માની હતી. હવે એ પેટીઓ પર મારાપણું આવ્યું એટલે ભારથી હલકા હોવા છતાં પણ હૃદય પર દુઃખની શિલા આવી પડી. માટે જ આપણા તારક પ્રભુ મહાવીરે કહ્યું છે કે જ્યાં મારાપણું છે ત્યાં જ દુઃખ રહેવાનું છે.

રાગમાં જે ગાંઠા બને તેને રિબાવું પડે છે. બંધુઓ ! આજે રાગ તમને લૂંટી રહ્યો છે પણ તમે રાગને લૂંટારા તરીકે ઓળખો ને ? તમને રાગે કેવા પોતાને વશ બનાવી દીધા છે ? એક નાના સોનાના ટુકડામાં તમે કેવા ખુશ થઈ જાવ છો ! પાંચ પચ્ચીસ હજાર રૂપિયા, એકાદ સુંદર બંગલો અને કોઈ સૌંદર્યવાન કન્યા મળી જાય તો તમે તેમાં કેટલા બધા ખુશ થઈ જાવ છો ! અમે કોઈકે ભાઈને પૂછીએ કે ભાઈ કેમ છો ? તો એ જલ્દી કહેશે કે હું સુખી છું. અને તરત જ સુખની વસ્તુઓ ગણાવા લાગશે. અમે એ શું ગણાવશે ? બંગલો પોતાનો છે, પૈસા ઘણા ભેગા થયાં છે, સ્ત્રી પણ સારી મળી છે વિગેરે બધું ગણાવશે. પણ આ શું ઘેલછા નથી ? એને કોણ સમજાવે કે બંગલો કાલે સવારે તારો મટીને પારકો થશે. બંગલો તો રહેશે અને તારે જવું પડશે. પૈસા પણ રહ્યા તો રહ્યા અને છેવટ સ્ત્રી પણ મરશે અથવા તો તું મરીશ ને એનો વિયોગ

થશે. આમાં શું ખુશ થવા જેવું છે ? આમાં તારું શું છે ? પુત્ર મરશે તો પુત્રનો રાગ તને વિયોગની કેટલી પીડા કરશે ? આમાં કાંઈ ખુશ થવા જેવું કે મલકાવા જેવું નથી. રાગના પરિણામે તારે રોવું પડશે. તને આ બધું જે મળ્યું છે તે પૂર્વના પુણ્યના યોગથી મળ્યું છે, પણ એમાં તું આસક્ત શા માટે બન્યો છે ? રાગમાં જે ગાંડા બને તેમને દુઃખમાં રીબાવું પડે છે.

એક વખતની વાત છે. એક વાર એક યુવાન છોકરાની પત્ની અચાનક સળગી જતાં ત્રણ દિવસની વેદના ભોગવી રીબાઈને મૃત્યુ પામી. તે છોકરો મારી પાસે આવીને ખૂબ રડવા લાગ્યો. મેં પૂછ્યું : ભાઇ ! તું શા માટે રડે છે ? છોકરો કહે–મારી પત્ની ત્રણ દિવસની વેદના ભોગવીને મૃત્યુ પામી છે. તે વેદના યાદ આવે છે અને તેનો મીઠો સ્નેહ યાદ આવે છે તેથી રડવું આવે છે.

ત્યારે મેં તે ભાઈને કહ્યું–ભાઇ ! આ સંસાર જ એવો છે. પાપના ઉદયથી જીવોને ન દેખાય અને ન સહન થાય એવી વેદનાઓ સહન કરવી પડે છે. રાગ પણ એટલો બરાબ છે કે તે માણસ જેવા માણસને પણ રોવડાવે છે. આ સંસારમાં જેટલા સંયોગ છે તે બધાની પાછળ વિયોગનું દુઃખ તો રહેલું જ છે. તારી પત્નીના જવાથી તું રડે છે પણ ભાઈ, ગમે તેટલું તું રડીશ પણ મરનાર આત્માનું મુખ જોવા મળવાનું નથી અને રડવાથી તો કર્મબંધન થશે. આ રડાવનાર રાગ છે. માટે હવે તારે રડવું ન પડે એવું તું કર. ત્યારે ભાઈએ પૂછ્યું કે, શું કરું ? અમે કહ્યું–હવે આવા કોઈ સંયોગમાં પડવું જ નહિ કે જેથી આમ રડવાનો પ્રસંગ આવે ! સૌથી શ્રેષ્ઠ ઉપાય તો એ છે કે તમે સંસાર છોડીને સંયમ માર્ગે આવી જાવ. આમ કહ્યું એટલે તે ભાઈ તરત જ રડતો બંધ થઈ ગયો અને હસવા લાગ્યો. અને કહે–મહાસતીજી ! એમ તે કાંઈ હોય ! એ તો ઘડીક લાગી આવે અને રડીએ. બાકી તો બીજે વાત ચાલે છે. આ તો એક ભાઇની વાત ચાલે છે. બાકી સંસારમાં તો આમ જ ચાલે છે.

બંધુઓ ! જો તમે ચારિત્ર લઇ શકતા ન હો અને સંસારમાં રહીને પણ સુખનો અનુભવ કરવો હોય અને દુઃખથી છૂટવું હોય તો જીવનમાં વિરાગભાવ કેળવવો જરૂરી છે. સંસારમાં વિરાગભાવે રહેતાં શીખો. વિરાગભાવે રહો એનો અર્થ એમ નથી કે સંસારમાં રહેજો. તમે જ્યાં સુધી સંસારને છોડી ન શકો અને સંયમને અપનાવી ન શકો ત્યાં સુધી સંસારમા રહેવું પડે તોય વિરાગભાવે રહેવું. તમે ચારિત્ર લેવા સમર્થ ન હો પણ સંસારમાં રહેવા જેવું તો નથી એ વાત તમારા હૈયામાં કોતરી રાખજો. સંસારથી છૂટવા માટે રાગને દૂર કરવો પડશે. રાગને દૂર કરવા માટે પ્રથમ તો તેનું સ્થાન બદલવું પડશે. રાગ કરો તો સુદેવ અને સુધર્મ ઉપર કરો. પણ એ સિવાય બીજે કયાંય રાગ થાય નહિ. સુદેવ–સુગુરૂ અને કેવળી પ્રરૂપિત સુધર્મનો રાગ તમને ભવકટ્ટી કરાવશે.

બંધુઓ ! ગઇ કાલે આપણે શાલિભદ્રની વાત કરી હતી. સુકોમળ શરીરવાળો અને દેવતાઈ સાહ્યબી ભોગવનાર શાલિભદ્રને ક્ષણવારમાં સંસારનો રાગ છૂટી ગયો અને આત્મ-સાધનાનો રસ લાગ્યો. તે સંયમ લેવા તત્પર બન્યો. તેથી શાલિભદ્રની માતા રાજા પાસે જઇને કહે છે કે રાજન મને આપનો પટ્ટહસ્તિ, છત્ર, ચામર આદિ આપવાની કૃપા કરો. મારે મારા શાલિભદ્રનો દીક્ષા મહોત્સવ કરવો છે. શ્રેણિક મહારાજા કહે છે કોણ ! શાલિભદ્ર દીક્ષા લે છે? ત્યારે ભદ્રા માતા કહે-હે રાજન ! એ શાલિભદ્ર આજે બદલાઈ ગયો છે. શ્રેણિક વિચારે છે ધન્ય છે એને ! સંસારના કર્દમમાં હું ક્રીડા છું અને આવો સુકોમળ શાલિભદ્ર સંયમ લે છે! ખરેખર, સાચો ત્યાગી એ છે કે જે ક્ષણવારમાં મળેલા ભોગોને લાત મારીને ફેંકી દે. શ્રેણિક મહારાજા ભદ્રા માતાને કહે છે, હવે તમારે કંઈ કહેવાની જરૂર નથી. શાલિભદ્રનો દીક્ષામહોત્સવ હું કરીશ. જે શ્રેણિકે પહેલી વાર આમંત્રણ માગ્યું હતું તે શ્રેણિક આજે રાજસભા બંધ કરી શાલિભદ્રને ઘેર જાય છે. શાલિભદ્રને પોતે જાતે સ્નાન કરાવે છે. મગધનો માલીક સ્નાન કરાવતાં કહે છે કે તું મહાન છે, ધન્ય છે, મેરૂનો ભાર ઉપાડવા તૈયાર થયો છે. ખરો ત્યાગી, અમે પામર. પુણ્યવાન ! તું તરી ગયો અને અમે રહી ગયા. શ્રેણિકે પોતે શાલિભદ્રને સ્નાન કરાવી, અલંકાર સજાવી, પાલખીમાં બેસાડયો. અને વિચારે છે : ભલે હું રાજા પણ આવા ત્યાગીના આગળ તો નાનો છું. જે વખતે રાજા શ્રેણિક પણ ત્યાગની મહત્તા આગળ પોતાની નાનમ બતાવે ત્યારે દુનિયામાં કેવી છાપ પડે? "भवोदधौ न रमते।" એનો જેના હૃદયમાં જાપ ચાલતો હોય તેને કોઈ સંસારમાંથી નીકળીને સંયમ માર્ગે જતો હોય ત્યારે તેના આનંદની સીમા ન રહે. શ્રેણિક મહારાજા કહે છે, ધન્ય એને ! ભોગ ભોગવી પણ જાણ્યા અને ત્યાગી જાણ્યા. પુણ્યવાન દેવતાઇ સુખોને લાત મારી સંયમધર બની ઉઘાડે માથે અને ઉઘાડે પગે મધ્યાન્હકાળે રેતીમાં ચાલતાં સમતા રસમાં ઝીલતા અને સંયમની સુંદરમાં સુંદર આરાધના કરતાં, તે વીર પુરૂષે છઠને પારણે છઠનો અભિગ્રહ કર્યો હતો. છેલ્લીવાર માસખમણને પારણે રાજગૃહી નગરીમાં આવી માત્ર દહીંનું પારણું કરી ભગવાનની આજ્ઞા લઈ વૈભારગિરી ઉપર એક માસનું અનશન કર્યું. ત્યાંથી કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાને દેવ થયા. ત્યાંથી ચ્યવી મનુષ્યલોકે આવી સંયમ લઇ કેવળજ્ઞાન ઉપાર્જન કરી મુક્તિ મેળવશે.

ધન્નાભદ્ર અને જશોભદ્રને મોક્ષના સુખની પ્યાસ જાગી છે. તેઓ કહે છે કે પિતાજી ! દુર્ગતિમાં પડતાં બચાવનાર કોઈ હોય તો ધર્મ છે. ધન નહિ. હવે તે શું બોલે છે :-

धणेण किं धम्मधुराहिगारे, सयणेण वा कामगुणेहिं चेव।
समणा भविस्सामु गुणोहधारी, बहिंविहारा अभिगम्मभिक्खं॥

ઉત્ત. સૂ. અ. ૧૪ ગાથા ૧૭

હે પૂજ્ય પિતાજી ! આપ અમને ધન-સ્વજન અને કામગુણોનાં પ્રલોભનો આપી સંસારમાં રહેવાનું કહો છો તો એ બાબતમાં અમે આપને પૂછીએ છીએ કે-જે માણસને ધર્મની ધૂંસરી ઉપાડવી છે, સંસાર છોડી સાધુ બનવું છે, મોહ-માયા અને મમતાનાં બંધન તોડવાં છે તેને ધન-સગાં સ્નેહી અને કામભોગો સાથે શી મતલબ છે ? ધર્મની સામે એ બધા પદાર્થો તુચ્છ છે. અસાર છે. માટે અમે બંને તો ગુણોના સમુદાય રૂપ એટલે કે જેમાં ગુણોની જ પ્રકર્ષતા છે એવો સંયમમાર્ગ અંગીકાર કરીશું. અને દ્રવ્ય તથા ભાવથી અપ્રતિબદ્ધ બનીને નગરથી બહાર રહી ભિક્ષાવૃત્તિ (ગોચરી) કરીને અમારું જીવન વ્યતીત કરીશું. કારણ કે સાચું સુખ સંયમમાં છે. ધન, કુટુંબ, પરિવાર, કોઈ દુઃખમાંથી મુક્ત કરી શકતું નથી. માણસ રોગથી ઘેરાઈ ગયો હોય તે વખતે એને સોના ચાંદીની પાટો ઉપર સૂવાડવામાં આવે તો પણ શું રોગીની પીડા મટાડી શકશે ? "ના" અતુલ પીડા સહન કરતા હો, સારું કુટુંબ ઘેરાઈને બેઠું હોય પણ એ કંઈ રોગમાંથી મુકત કરાવશે ?

"જનક માત સુબાંધવ બેનડી, રમણી પુત્ર સ્નેહી સમાજ જે,
દુઃખ કર્મ ઉદય જબ આવતાં, ન લઇ ભાગ શકે સુખ દઇ શકે."

કર્મ ઉદયમાં આવે છે ત્યારે કોઇ એમાં ભાગ લઈ શકતું નથી, તો પછી એવા સુખોમાં શા માટે રાચવું જોઈએ ? મહાનપુરૂષો તો કહે છે કે જે સ્વ છે તે સ્વ છે. અને પર છે તે પર છે. અને સ્વ-પરનો ભેદ જે જાણે તે ખરો તત્વજ્ઞ છે. ભૌતિક પદાર્થો ગમે તેટલાં મળે તો પણ તેમાં શાંતિ નથી. કદાચ તમે શાંતિ માની લો તો ભલે. બાકી વાસ્તવિક સુખ તો નથી જ, કારણ કે આત્મામાં અનંત સુખ-સમૃદ્ધિ ભરી પડી છે. આત્મામાં સુખ પણ અનંતુ રહેલું છે. તેમ જ્ઞાન-દર્શન અને વીર્ય પણ અનંતુ ભર્યું છે.

તાત્વિક દૃષ્ટિએ જોતાં અનંત સુખ માટે આત્માને કોઇ પદાર્થની જરૂર નથી. જરૂર છે ફક્ત પોતાના સ્વરૂપની. પણ તે તો અંતરમાં ઢળે અને પરથી પાછો વળે તો જ પ્રાપ્ત થાય. જીવે બાલપણ તો રમતગમતમાં ખોયું, યુવાની મોજશોખ અને ઉન્માદમાં ગુમાવી, પ્રૌઢ અવસ્થા પ્રમાદમાં વીતાવી, ઘડપણ, ઉદ્વેગ અને અશાંતિમાં પસાર કર્યું. તો પછી મરણ વખતે સમાધિ કયાંથી મળે ? જો સાચી સમાધિ પ્રાપ્ત કરવી હોય તો બહિર્મુખ-દૃષ્ટિ છોડી અંતર્મુખ દૃષ્ટિ કેળવો. કબીરજીએ પણ કહ્યું છે કે:—

इस तनकी कौन बढाई देखत नयनोमें मिट्टी मिलाइ ।
अपने खातर महल बनाया, आप ही जाकर जंगल सोया ॥
केश जले ज्युं घासकी पुलियां, हाड जले ज्युं काष्ठका मूलियां ।
कहत कबीरा सुन हो मुनिया, आप मूए पीछे डूब दुनिया ॥

આવું સરસ સાંભળ્યા પછી પણ પર વસ્તુમાં પોતાપણાંની બુદ્ધિ થતી હોય તો તે માનવ કમભાગી છે. હવે તમારા મનમાં થવું જોઈએ કેઃ– शुद्धात्मद्रव्यमेवाहं शुद्ध ज्ञानं गुणो मम । સ્વ એટલે શુદ્ધ આત્મ દ્રવ્ય તે જ હું છું અને શુદ્ધજ્ઞાન એ જ મારું સ્વરૂપ છે. એ સિવાય બીજું મારું કોઈ પણ છે નહિ. અને હું પણ કોઈનો નથી. બસ્ટલું જો અંતરથી સમજાઈ જાય તો ? મોહ મહિપતિના માથે વજ્ર તૂટી પડયા જેવું જ થાય ને? પણ સમજાય તો ને ?

જે આત્માને પોતાના સ્વરૂપનું ભાન થાય છે તેને બાહ્ય ભાવો સ્વપ્ન જેવા દેખાય. કોઈ પણ પદાર્થમાં એને મોહ થતો નથી. ફક્ત આત્માની ઉપાસનામાં જ લીન બની જાય છે. સંસાર પ્રત્યે ઉદાસીનતા આવી જાય છે. સંસારમાં રહેવું પડે તો ન છૂટકે જ રહે છે. પણ ચિત્તમાં તો મોક્ષની જ ઝંખના હોય છે. આ રીતે અંતરાત્મ દશામાં રમણતા કરતાં પરંપરાએ પરમાત્મ દશા પ્રાપ્ત કરે છે અને પરમ જ્યોતિના દર્શન પણ એ અંતરમાં જ કરે છે.

દેહમાં પોતાપણાની બુદ્ધિથી રહેવું તે બહિરાત્મદશા છે અને ઉદાસીનભાવે રહેવું તે અંતરાત્મ દશા છે. સિદ્ધ ભગવંતો પરમાત્મ દશા પ્રાપ્ત કરી ચૂક્યા છે. યોગીપુરૂષો અંતરાત્મ દશામાં છે. આપણે આ કાળમાં પરમાત્મ દશા પ્રાપ્ત ન કરી શકીએ પણ અંતરાત્મ દશા તો પામી શકીએ ને ? અંતરાત્મ દશાની શરૂઆત ચોથા ગુણસ્થાનકથી થાય છે અને બારમા ગુણસ્થાને તેની પરાકાષ્ટા થાય છે. અને તેરમે ગુણસ્થાને તો પરમાત્મ દશા પ્રાપ્ત થઈ જ જાય છે. ચોથે ગુણસ્થાને જીવ સમ્યક્ત્વ પામે છે. અને સમ્યક્ત્વ એ જ અંતરાત્મ દશા છે.

દેવાનુપ્રિયો ! સમકિતી આત્મા ભવભીરૂ હોય અને પાપભીરૂ પણ હોય છે. એના અંતરમાં મોક્ષ સિવાય બીજી કોઈ અભિલાષા હોતી નથી. એ સંસારના તમામ પદાર્થોને પોતાથી પર અને ભિન્ન માને છે. ભેદ વિજ્ઞાનની જ્યોત એના અંતરમાં ઝળહળતી હોય છે. ટૂંકમાં કહેવાનો આશય એ છે કે આત્માની પ્રભુતા આત્માના પોતાના જ ઘરમાં છે. જે જીવ નિજ સ્વરૂપ–સ્વઘરને ભૂલીને પુદ્ગલ રૂપ પરઘરમાં રમે છે, તેથી જ તે સંસારમાં ભમે છે. આ એક જ સંસારનું મૂળ કારણ છે. આ મૂળને ઉખેડવામાં ન આવે ત્યાં સુધી સંસારનો અંત આવશે જ નહિ.

દેવભદ્ર અને જશોભદ્ર પણ સંસાર રૂપી વૃક્ષનાં મૂળને છેદવા માટે તૈયાર થયાં છે. સ્વ–સ્વરૂપની એમને પીછાણ થઈ ગઈ છે. જેને કંઈક સમજાય છે તે અવશ્ય ત્યાગ કરે જ છે. આજે વિનુભાઈ પણ કંઈક ત્યાગ કરવા ઈચ્છે છે. માસખમણ રૂપી મંદિર ઉપર તેઓ કળશ ચઢાવે છે. ભર યુવાનીમાં વિનુભાઈ તથા જયસુખભાઈ પતીશ યાવજ્જીવન શુકલપક્ષમાં બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા કરે છે, તે ધન્યવાદને પાત્ર છે. ખરેખર તપશ્ચર્યા

કર્યા પછી આવો રસ અંતરમાં રહેવો જ જોઈએ. બધા જ તપસ્વીઓને હું કહું છું કે તમે પણ જીવનમાં કંઈ ને કંઇ આવો ઉત્તમ ત્યાગ અપનાવશો. આપણે ત્યાં ૧૧ માસ-ખમણમાં ચાર તો પૂ. મહાસતીજીઓને હતાં. પૂ. વિજયાબાઈ મ.સ., પૂ. લાભુબાઈ મ.સ., પૂ. ઈન્દીરાબાઈ મ.સ. બીજા ઈન્દીરાબાઈ મ.સ. અને રાયચંદભાઈ ઘીઆ, રૂપાણીભાઇ, વિનુભાઈ અને બાકીના ચાર બહેનો. ધન્ય છે આવા તપસ્વીઓને! વિશેષ ભાત્ર અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.... ૭૩

આસો સુદ ૨ ને ગુરૂવાર તા. ૧-૧૦-૭૦

અનંતજ્ઞાની, જગત ઉદ્ધારક, સ્વ-પર પ્રકાશક, ત્રિલોકીનાથે સિદ્ધાંત પ્રરૂપ્યાં. ત્રણે કાળે સિદ્ધ થયેલી વસ્તુ તેનું નામ સિદ્ધાંત.

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં દેવભદ્ર અને જશોભદ્ર બે કુમારોને જાતિ સ્મરણ જ્ઞાન થવાથી આત્મામાં વિવેક જાગ્યો છે. એમને સંસારમાં ક્ષણમાત્રનું સુખ દેખાતું નથી. સુખ માત્ર અંદરમાં છે. એ બહાર ગમે તેટલા ફાંફા મારે તો પણ કયાંથી મળે?

પોતાનો સાક્ષાત્કાર પોતાને જ કરવાનો છે. એને શોધવા તમે બહાર કયાં ભમી રહ્યા છો? જે નથી તેને દીવો લઈને ગમે ત્યાં જોતો તો પણ કયાંથી મળવાનું છે? સ્વરૂપની પીછાણ કર્યા વિના કંઇ વળવાનું નથી. દૃષ્ટિ પલટાવીને અંદર નિરીક્ષણ કરો. અવિનાશી તો અંદર જ બિરાજેલો છે. સાચો આરાધ્ય દેવ તે જ છે. "સોઽહં સોઽહં" "તે હું છું. તે હું છું." જેવો સિદ્ધનો આત્મા તેવો જ આપણો આત્મા છે. સિદ્ધ ભગવંતનો આત્મા અસંખ્યાત પ્રદેશી છે. તેમ આપણો આત્મા પણ અસંખ્યાત પ્રદેશી છે. પણ ફરક એટલો જ છે કે તેમણે આત્માના અનંત ગુણો વ્યક્ત કર્યા છે. અને આપણા આત્માના ગુણો અજ્ઞાનના આવરણથી આચ્છાદિત બનેલાં છે. જેમ ફાનસ ઉપર એક જાડું કપડું વીંટાળી દેવામાં આવે તો એનો પ્રકાશ આછો દેખાય, ઝીણું કપડું વીંટાળવામાં આવે તો એથી અધિક પ્રકાશ દેખાય અને કપડું લઈ લેવામાં આવે તો ચોખ્ખો પ્રકાશ દેખાય, તેમ આત્મા પણ તેજનો પુંજ છે. જ્ઞાની પુરૂષો તો કહે છે કે આત્માના તેજ પાસે રત્નોનાં અને સૂર્યનાં તેજ ઝાંખા પડી જાય છે. તમને પણ પ્રકાશ તો ગમે છે

પણ બહારનો. પણ તે પ્રકાશ ચાલ્યો જાય છે, પરંતુ અંદરનો–આત્માનો પ્રકાશ આવ્યા પછી કદી પણ નષ્ટ થતો નથી. અનંતકાળ સુધી સદા ટકી રહે તેવું જ્ઞાન આત્મામાં છે, છતાં જીવો બહાર શોધે છે.

જે આત્માઓ પરને સ્વ બનાવવા મથામણ કરે, પોતાનું પારકું માને અને પારકા પર પોતાનું સ્વામિત્વ જમાવે અને પારકામાં એકરૂપ બની જાય તે છે આત્માની ઉન્માદ અવસ્થા. જ્યાં સુધી જેને પોતાની અવસ્થામાં હોય ત્યાં સુધી કાંઈ નહિ, પણ જ્યાં પારકી વસ્તુમાં સ્વત્વ અને સ્વામિત્વનો અધિકાર આવે એટલે ઉન્માદ ઉત્પન્ન થાય.

એક વખત વિઠોબાના ઘણાં ભક્તો વિઠોબાની પ્રતિમાને એક ખચ્ચર ઉપર નાની પાલખીમાં બેઠવી એક મંદિરથી બીજે મંદિર લઈને જઈ રહ્યાં હતાં. વરઘોડો બજાર-માંથી પસાર થઈ રહ્યો છે. વાજાનો અવાજ સાંભળી કંઈક માણસો દુકાનમાંથી ઉઠીને દર્શન કરવા આવે છે. ત્યારે ખચ્ચરને થયું કે આટલા બધા માણસો મારી આગળ ચાલે છે. ઢોલ–નગારા ને વાજાં વાગી રહ્યાં છે. અરે! મારી તો મને કિંમત જ ન હતી. પણ મારી મહત્તા કેટલી બધી છે? ખચ્ચર તો રંગમાં આવી ગયું. ઢોલ વાગતો જાય અને ખચ્ચરના પગ પણ તાલ પૂરાવતા જાય છે. ત્યાં તો મંદિર આવી ગયું ને પ્રતિમાને ઉતારી અને ખચ્ચરને છૂટું કરી દેવામાં આવ્યું. ખચ્ચર છાતી ફુલાવતું બજારમાં ગયું. વાહ, આજ તો વહેપારીની દુકાનમાં પેસી જાઉં અને મનભાવતી ચીજોમાં મોઢું નાંખીને પેટ ભરીને ખાઈ લઉં. જ્યાં માલમાં મોઢું નાંખ્યું ત્યાં દુકાનદાર ડફણું લઈને મારવા દોડ્યો. એ એને આવા દે ખરો?

અજ્ઞાન ખચ્ચર એ ન સમજ્યું કે જે ઢોલ ને વાજા વાગતાં હતાં, લોકો વંદન કરતા હતા, આ બધું સન્માન કોનું હતું? એ સન્માન ખચ્ચરનું ન હતું પણ તેના ઉપર મૂર્તિ હતી તેનું હતું. ખચ્ચર અને મૂર્તિ અલગ હતાં. ખચ્ચર એ જ વિઠોબા ન હતા. દરેક જીવોની ખચ્ચર જેવી જ સ્થિતિ છે. તમારી પાસે પૈસો આવે, સત્તા આવે કે જે. પી. (માનદ ન્યાયાધીશ)ની પદવી આવે તો તમારે ત્યાં સવારથી લોકો સહી કરાવવા આવે, ત્યારે તમને પણ એમ થાય કે વાહ, વાહ, મારું કેટલું માન છે! મારે ત્યાં કેટલું માણસ ભેગું થાય છે! એમ મન ઉન્માદમાં આવી જાય. ભાઈ! તમારી પાસે બધા માણસો આવે છે એ માન તમારું નથી, પણ તમારી પાસે સરકારનો ખિતાબ છે, પદવી છે તેને કારણે આવે છે. અહીં સ્વ અને પરનો વિભાગ કરતાં આવડવો જોઈએ. આ જોઇ વિજ્ઞાનની ખામી છે. તેને કારણે જ પારકાને મળતું માન પોતાને મળે છે એમ જીવ માની લે છે.

ઘણાં જૂના વખતની આ વાત છે. એક ગરીબ ભાઈ, બહેનને ઘેર ગયો. બહેને જેમ તેમ જમાડીને રવાના કર્યો. ભાઈ, બહેનને ઘેરથી નીકળીને બહારગામ ધંધો કરવા

માટે ગયો. ખૂબ ધન કમાયો. કમાઈને પાછા વળતાં ભાઈ ધનવાન બનીને બહેનને ઘેર આવે છે. બહેને ખૂબ પ્રેમપૂર્વક ભાઈનું સન્માન કર્યું. સારાં સારાં પકવાન પીરસ્યાં. ત્યારે ભાઈએ જમતી વખતે ભાણા આગળ ગીનીઓ ગોઠવી. ત્યારે બહેન કહે છે ભાઈ! તું આ શું કરે છે? ત્યારે ભાઈ કહે છે કે, તેં જેમને માટે આ ભોજન ગોઠવ્યું છે તે! આ બધું મારે માટે કર્યાં છે? ત્રણ વર્ષ પહેલાં હું આવ્યો ત્યારે મને પૂરો રોટલો પણ ખાવા મળ્યો ન હતો. અને આજે પાંચ પાંચ પકવાન પીરસાયાં છે. આ બધું ગીનીઓ માટે નથી શું? હે સોનામહોરો! તમે આ પકવાન પેટ ભરીને જમો. આ બધું મિષ્ટાન્ન તમારે માટે છે. મારે માટે તો લૂખો રોટલો હતો.

ઘણી વખત તો આ રીતે માણસ વસ્તુને લીધે જ પૂજાતો હોય છે. પણ પોતે અજ્ઞાનથી એમ માની લે છે કે અહો! મારું માન કેટલું બધું છે? છાતી ફુલાવીને ફરે, મનમાં ફુલાય પણ કોઈ વખત એનું અપમાન થાય તો જોઈ લો મજા! એ તમારી સામે પણ નહીં જુએ. એના મનમાં એક જ પ્રશ્ન ઉઠશે કે મારું આટલું બધું અપમાન! પણ ભાઈ! તને માન હતું જ કયાં? માન માત્ર પૈસા અને પદવીનું હતું. પૈસો અને પદવી ચાલ્યા ગયાં પછી અપમાન સિવાય બાકી શું રહ્યું? પારકી વસ્તુ ઉપર આ જીવ મમત્વનું આરોપણ કરે છે. માણસ જેમ જેમ પારકી ચીજ પોતાની બનાવતો જાય છે તેમ તેમ તેની ભૂખ વધતી જાય છે.

પછી એ રાજા હોય કે મહારાજા હોય પણ એને બધે ન્યૂનતા જ દેખાય છે. પોતાના રાજ્યમાં, પોતાની વસ્તુઓમાં બધે ઓછપ જ દેખાય. મારી પાસે કેટલું ઓછું છે અને પેલાની પાસે કેટલું બધું છે! એક રાજા મોટું લશ્કર લઇને યુદ્ધ કરવા જઈ રહ્યો છે. રસ્તામાં એક મસ્ત તત્ત્વચિંતક બેઠો હતો. રાજાએ તેને પ્રણામ કર્યા. ચિંતકે ઊંચું જોયું. રાજા સામે જોઈને બોલ્યો : હે રાજન! તમે કયાં જઈ રહ્યાં છો? રાજા કહે છે : બીજા દેશ ઉપર ચઢાઇ કરવા. શા માટે? વિજય મેળવવા. પછી શું કરશો? બીજો દેશ જીતવા જઈશ. ત્યાંથી કયાં જશો? ત્યાંથી આગળ વધતો જઈશ. આટલા બધા દેશ જીત્યા પછી શું કરશો? "પછી? પછી આરામ કરીશ." છેલ્લા દિવસોમાં શાંતિથી જીવનયાત્રા પૂરી કરીશ.

ચિંતકે હસીને કહ્યું:– આટલું યુદ્ધ કરીને આટલા બધા માણસોનો સંહાર કરીને પછી જો શાંતિ લેવાના હો તો આજથી જ કેમ શાંતિ લેતા નથી? આજે તમારી શાંતિને તમારા સિવાય કોણ નષ્ટ કરે છે? અત્યારે તમારી પાસે શું ઓછું છે? ખાવા માટે ભોજન છે, મોટો રાજ્યભંડાર છે, રહેવા માટે મહેલ છે, પહેરવા માટે સુંદર વસ્ત્રો છે, તો પછી તમારી શાંતિમાં કોણ આડું આવે છે? વળી તમને શી ખાત્રી કે તમે યુદ્ધમાં વિજય મેળવીને જ પાછા આવશો! રાજા ત્યાંથી આગળ વધ્યો ને યુદ્ધમાં ગયો. યુદ્ધમાં તે હારી ગયો. એને મહેલમાં શાંતિ ન મળી. છેવટે સ્મશાનમાં પોઢી ગયો.

માણસમાં રહેલી ન્યૂનતાની દૃષ્ટિને લીધે એ આખી જિંદગી સુધી દોડાદોડ કરે છે. એ પોતે નથી દોડતો પણ એનામાં રહેલી ઓછપ તેને દોડાવે છે. શી ન્યૂનતા છે એનો એને ખ્યાલ નથી, પણ ન્યૂનતા સતત લાગ્યા કરે છે. કારણ કે પોતાને પોતાનો ખ્યાલ નથી. જેને સાચી ન્યૂનતા કઇ છે એ વાત સ્પષ્ટ સમજાઇ જાય છે તેવા આત્માઓને ગમે તેટલા બાહ્ય પ્રલોભનો આપવામાં આવે તો પણ તેઓ તેમાં લપટાતા નથી.

ભૃગુ પુરોહિત પોતાના પુત્રોને ધન-વૈભવ, સ્ત્રીઓ, સ્નેહીજનો વગેરેના પ્રલોભનો આપે છે ત્યારે પુત્રો પડકાર કરીને એના પિતાને કહે છે હે પિતાજી ! "धणेण किं धम्म धुराहिगारे" જેને ધર્મની ધુરા વહન કરવી છે તેને ધનની શી જરૂર છે ? સ્વજનો, સ્ત્રીઓ અને કામગુણોથી શી મતલબ છે ? ધન કોઈને તારનાર નથી. સગાં-સબંધીઓ દુઃખમાં સહાયક નથી અને કામગુણો નરકમાં જતાં અટકાવનાર નથી, માટે હવે અમને સંસારમાં રહેવું ગમતું નથી. આપ જલ્દી રજા આપો તો અમે પ્રવજ્યાના પુનિત પંથે પ્રયાણ કરીએ.

જ્યાં ભડભડતો દાવાનળ લાગ્યો હોય ત્યાં શાંતિથી કેમ બેસી શકાય ? તમે આરામથી દુધ ચોખા ખાઈ રહ્યાં હો તે વખતે કોઈ બૂમ પાડે કે દોડો દોડો, તમારી દુકાનમાં આગ લાગી. ત્યાં તમે એમ વિચાર કરો અરા કે દુધ-ચોખા શાંતિથી ખાઈ લઉં ! પછી નિરાંતે જઇશ. ત્યાં તો તરત જ દોડો છો. અને દુકાનમાંની સાર વસ્તુઓને જલદી બચેડી લો છો. તે જ રીતે આ અસાર સંસારમાં દાવાનળ ભભૂકી ઉઠ્યો છે. તેમાંથી સારભૂત આત્મતત્વને બચાવી લેવું છે. અનંત જ્ઞાનીઓએ તુચ્છ પદાર્થોને છોડી દીધા, તો તમારે તેનો સંગ્રહ કરવાની શી જરૂર છે ?

"જડ વસ્તુઓ મળે તો હું સુખી અને ન મળે તો હું દુઃખી." સાચું સમજાયા પછી પણ તમારી આ જડ માન્યતા ક્યાં સુધી રહેશે ? જડની કિંમત ક્યાં સુધી આંકયા કરશો ? રાગ અને દ્વેષ ક્યાં સુધી કરશો ? જ્યાં વસ્તુ જ આપણી નથી. તેમજ આપણે જેને છોડીને એક દિવસ જવું છે એનો આટલો બધો મોહ શા માટે ? જ્ઞાની કહે છે કે, જો તમને સાચી વાત સમજાણી હોય તો પર વસ્તુની મમતા છોડો અને શ્રદ્ધાના મજબૂત પાયા ઉપર ચારિત્રની ઇમારત ચણી લો.

દુનિયામાં માનવ જીવન, ધન-વૈભવ-સત્તા, લાડી-વાડી ને ગાડી મળી જવાથી કંઈ વિશેષતા નથી. બધું જ હોય પણ સાથે ચારિત્ર ન હોય તો બધું વ્યર્થ છે. બધો વૈભવ એકડા વિનાના મીંડાની જેમ શૂન્ય છે. આત્મ કલ્યાણની સાથે ધનને કંઇ જ લેવા દેવા નથી. ત્યાગ માર્ગમાં એવું નથી કે ધનવાનનો દીકરો દીક્ષા લે તેનો મોક્ષ થાય અને ગરીબનો મોક્ષ ન થાય. અહીં તો સર્વેનો સમાન હક્ક છે. ગરીબમાં ગરીબ માણસ પણ વહેલામાં વહેલી તકે કલ્યાણ કરી જાય છે.

એક વખત એક ગરીબ સાત દિવસનો ભૂખ્યો માણસ ગૃહસ્થીના આંગણે ઉભો ઉભો કલાકથી રોટીના ટુકડા માટે કરગરે છે, પણ કોઈ એને રોટલીનો ટુકડો આપતું નથી. એટલે તે આગળ ગયો. અને બીજા ગૃહસ્થના આંગણામાં આવીને ઉભો રહ્યો. એ ઘરમાં એ સંતો ગૌચરી માટે પધારેલાં છે. ઘરના માણસો મહારાજને વંદન કરે છે. 'પધારો પધારો' કહી તેમનો આદર સત્કાર કરે છે. અને લાડવાનો થાળ લઇને વહોરાવે છે. મહારાજ કહે છે બસ–બસ, અમારે જરૂર નથી. તોપણ ગૃહસ્થ ખૂબ આગ્રહ કરીને એમને લાડવા વહોરાવે છે. બહાર ઉભેલો ભિખારી આ બધું જોવે છે. અને મનમાં વિચારે છે કે હું કલાકથી કરગરું છું, છતાં મને કોઈ લૂખી રોટીનો ટુકડો પણ દેતું નથી અને આ સાધુઓ ના પાડે છે છતાં એમનું પાત્ર લાડવાથી ભરી દીધું. આવા મહારાજ થવું તો બહુ સારું. બીજું તો ઠીક, પણ આ ઘરઘરમાં "આપો મા–બાપ, આપો મા–બાપ" એમ કરગરવું તો ન પડે ને? બંને મહારાજ ગૌચરી કરીને પાછા ફર્યા. પેલો ભિખારી એમની પાછળ પાછળ જાય છે. રસ્તામાં કોઇને ન દેખતાં મહારાજ એકલા પડયા એટલે કહે છે મહારાજ! તમારા પાત્રમાં તો ખૂબ લાડવા આવ્યાં છે. હું સાત–સાત દિવસનો ભૂખ્યો છું. મેં લાડવો કદી ખાધો જ નથી માટે મને કૃપા કરી એક લાડવો આપો. મહારાજ કહે છે ભાઈ! અમારો લાડવો બહુ મોંઘો છે, તને ન પચે. જો અમારો લાડવો ખાવો હોય તો અમારા જેવા સાધુ બની જાવ તો લાડવો મળે.

ભિખારી લાડવો ખાવાની લાલચે સાધુ બનવા તૈયાર થયો. તે કહે છે મહારાજ! મને તમારા જેવો સાધુ બનાવી દો. મહારાજ કહે છે ભાઇ! અમારા ગુરૂદેવ ઉપાશ્રયમાં બિરાજે છે, તું એમની પાસે ચાલ. યોગ્ય લાગશે તો એ તને દીક્ષા આપશે. ભિખારી તો સાધુની સાથે ઉપાશ્રયમાં આવ્યો. ગુરૂ ખૂબ જ્ઞાની હતાં. એમના મતિ અને શ્રુતજ્ઞાન ખૂબ નિર્મળ હતાં. જ્ઞાન વડે જાણી લીધું કે આ કોઇ સુપાત્ર જીવ છે. એને અત્યારે ખાવાની જ ભૂખ છે પણ પછી એનું જીવન સુધરવાનું છે. એટલે સંઘની અનુમતિ લઈને તેને દીક્ષા આપી. કપડાં પહેરાવી કરેમિ ભંતેનો પાઠ ભણાવ્યો. ગુરૂ, શિષ્યોને કહે છે કે પહેલાં તમે ગૌચરી ખાશો નહિ. પહેલાં નવદીક્ષિત સંતને જેટલું ખાવું હોય તેટલું ધરાઈને ખાઈ લેવા દો.

જે તુરતનો સાધુ બનેલો છે એને આહાર કરવા બેસાડયો. એક તો સાત દિવસનો ભૂખ્યો છે. વળી ગરીબ હતો એટલે ભારે ખોરાક તો કદી ખાધો જ ન હતો. એની હોજરી લૂખુપાખુ પચાવે તેવી થઇ ગઈ હતી. એને મિષ્ટાન્ન ખાવા મળે પછી બાકી શું રહે? એણે તો સારી રીતે લાડવા ઝાપટયા. હોજરી સંકોચાઈ ગયેલી. તેમાં ભારે પદાર્થ વધુ પ્રમાણમાં પડે એટલે આકુળ વ્યાકુળ થઈ જવાય. ખૂબ ધરાઇને ખાઈ લીધું. પણ પછી તો અકળામણ થવા લાગી. પેટમાં સખત દુખાવો ઉપડયો. ગ્રાવકોને ખબર

પડી એટલે તરત જ ઉપાશ્રયમાં આવ્યા. ગુરૂને પૂછે છે નવદીક્ષિતને શું થયું છે ? જરૂર હોય તો ડોકટર લાવીએ. શ્રાવકો લળીલળીને વંદણા કરે છે, શાતા પૂછે છે અને તબિયતના સમાચાર પૂછે છે. ત્યારે ભિખારીમાંથી સાધુ બનેલાને વિચાર આવે છે કે અહો ! મેં તો ખાવા માટે જ દીક્ષા લીધી છે તો પણ શ્રાવકોને મારા પ્રત્યે કેટલો પૂજ્યભાવ છે ! ગુરૂને બે હાથ જોડીને કહે છે ગુરૂદેવ ! દીક્ષા એટલે શું ? આપ કૃપા કરીને મને સમજાવો. ગુરૂ કહે છે ભાઇ ! દીક્ષા તો ભવના ફેરાને ટાળનારી, કર્મના બંધનોને કાપનારી અને મોક્ષના અનંત-અવ્યાબાધ સુખને આપનારી છે. સંયમી જીવન જેવું ઉત્તમ જીવન દુનિયામાં બીજું કોઈ નથી. ઈન્દ્રો પણ સાધુના ચરણમાં નમસ્કાર કરે છે.

ગુરૂના શબ્દો સાંભળી નવદીક્ષિત સાધુના પરિણામની ધારા વિશુદ્ધ બનવા લાગી. સંયમની મહત્તા સમજાઈ ગઈ. શ્રાવકો કહે છે ગુરૂદેવ ! કંઈ દવા-ઉપચાર કરીએ તો એમને જલ્દી શાતા થાય. પણ ગુરૂ જાણતાં હતાં કે હવે એ બહુ લાંબુ કાઢે તેમ નથી. એટલે એને સંથારો કરાવી દીધો. પ્રેમપૂર્વક ગુરૂએ આપેલી પ્રતિજ્ઞાનો તેણે સ્વીકાર કર્યો. એની ભાવના વિશુદ્ધ બનતી ચાલી. ઉચ્ચ ભાવનામાં રાત્રિના બાર વાગ્યે કાળધર્મ પામ્યા. ત્યાંથી કાળ કરીને ચંદ્રગુપ્ત રાજાનો પુત્ર અશોક, તેનો પુત્ર કુણાલ અને તેનો પુત્ર સંપ્રતિ રાજા થયો. અહીં તમને એમ થશે કે સાધુ મરીને તો દેવલોકમાં જાય અને આ કેમ મનુષ્ય થયાં હશે ? એનું કારણ એ છે કે દીક્ષા લેતા પહેલાં જ આયુષ્યનો બંધ પડી ગયો હતો. એટલે ફેરફાર થઈ શકે નહિ. એ સંપ્રતિ રાજા જ્યારે રાજ્યગાદીએ આવ્યો. ઘણાં દેશોનો સ્વામી બન્યો, ત્યાર પછી એક દિવસ મહેલનાં ઝરૂખામાં બેઠો છે, તે સમયે એક વખતના દીક્ષા દેનાર ગુરૂ પોતે વિહાર કરીને ગામમાં પધારે છે. શ્રાવકો ગુરૂની સામે આવ્યાં છે, સંપ્રતિ રાજા આ મહારાજને જુવે છે ત્યાં મનમાં ઉલ્લાસ આવે છે અને વિચારે છે કે આ સંતને મેં કયાંક જોયાં છે. વિચારશ્રેણીએ ચઢતાં એને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું, અને જોયું કે આ તો ભિખારીના ભવમાં લાડવા ખાવાની લાલચે મેં દીક્ષા લીધી હતી. એ દીક્ષા આપનાર મારા પરમ તારક છે. આજે સંપત્તિશાળી સંપ્રતિ રાજા બન્યો હોઉં તો આ ગુરૂનો પ્રતાપ છે. તરત જ તે મહેલમાંથી નીચે ઉતર્યો અને સંતના ચરણમાં પડી ગયો.

આવો પ્રતિભાશાળી રાજા સંતના ચરણમાં પડી જાય પછી પ્રજા ઉપર એનો કેવો પ્રભાવ પડે ? રાજા ચરણમાં પડીને કહે છે ગુરૂદેવ ! આપે મને ઓળખ્યો ? મહારાજ કહે છે ભાઈ ! તમને કોણ ન ઓળખે ? તમે તો સંપ્રતિ મહારાજા તરીકે પ્રખ્યાત છો. રાજા કહે છે ગુરૂદેવ ! હું આપને એ રીતે ઓળખાણ આપવા નથી માંગતો. હું તો આપને બીજી રીતે મારી ઓળખાણ આપવા ઇચ્છું છું. આપ મને બીજી રીતે પણ ઓળખો છો. ગુરૂએ પોતાના જ્ઞાનમાં જોયું, અહો ! તું તો મારો શિષ્ય દ્રુમક ! જે બાર કલાકની

દીક્ષા પાળી કાળધર્મ પામ્યો હતો તે જ તું છે અને આજનો સંપ્રતિરાજા બની ગયો ! રાજા કહે છે ગુરૂદેવ ! આપે તો મને ન્યાલ કરી દીધો. રંકમાંથી રાજા બનાવી દીધો. આ બધો આપનો જ પ્રતાપ છે. હવે આજથી હું મારું સમસ્ત રાજ્ય આપના ચરણમાં અર્પણ કરું છું. આપ આજ્ઞા ફરમાવો. મહારાજ કહે છે ભાઈ ! સાધુને રાજપાટ-વૈભવ ખપે નહિ. પણ જો આજ્ઞા સ્વીકારવી હોય તો પ્રથમ તું શ્રાવક બન. જ્યાં અનાર્ય પ્રદેશો છે ત્યાં મુનિઓ જઈ શકતા નથી. ત્યાં જઇને તું જૈન ધર્મનો પ્રચાર કર. ગુરૂની આજ્ઞાથી સંપ્રતિ રાજા શ્રાવક બની ગયાં અને જૈન ધર્મને રાજ્ય ધર્મ બનાવી ખૂબ પ્રચાર કર્યો.

દેવાનુપ્રિયો ! આ દૃષ્ટાંતથી એક જ વાત સમજવાની છે કે દીક્ષા લેવાથી જીવને કેટલો લાભ થાય છે. ગરીબમાં ગરીબ ભિખારી દીક્ષા લેવા તૈયાર થયો પણ રાજગૃહીના શ્રાવકોને સંસાર છોડવાનું મન નથી થતું. ગરીબ જ દીક્ષા લે અને ધનવાન ન લે એવું પણ અહીં નથી. શ્રેણિક મહારાજાની સુકોમળ રાણીઓ રાજસુખોનો ત્યાગ કરી ચાલી નીકળી હતી. દીક્ષા લીધી એટલું જ નહિ પણ રત્નાવલી, કનકાવલી આદિ ઉગ્ર તપ કરી કાયાને સુકે ભૂકે કરી નાંખી હતી. તમે એના જેવા સુકુમાર તો નથી ને ? છતાં પણ ત્યાગ કરવાનું મન થતું નથી. દીક્ષા ન લો તો ખેર ! હું તો કહું છું કે શ્રાવક બનો તો પણ સારું છે. કાંદા-કંદમૂળનો ત્યાગ કરો, બ્રહ્મચર્ય પાળો. તો પણ કંઇક સમજ્યાં છો. બાકી તો કહ્યું છે કે " અમન-ચમન તે નરક ગતિમાં ગમન ". આ દેહ એક દિવસ આખમાં ખપી જવાનો છે. માટે જીવનમાં થોડું પણ ધર્મનું આચરણ કરો. જિન શાસનમાં જન્મીને જિનેશ્વરની આજ્ઞાને વફાદાર ન રહો તો ગુન્હેગાર છો. સંપ્રતિ રાજાએ ગુરૂની આજ્ઞા માથે ચઢાવી જૈન ધર્મનો ખૂબ ફેલાવો કર્યો હતો. તમે પણ આવા સંપ્રતિ બનો.

દેવભદ્ર અને જશોભદ્ર એમના પિતાને કહે છે : અમને આ સંસાર એક જેલ જેવો લાગે છે. બધા સુખના સાધનો બંધન રૂપ લાગે છે. માટે અમને આ સંસારમાં કોઇ ત્રાણ-શરણ થનાર નથી. માટે અમે તો મહાન ગુણોના ધારક પંચમહાવ્રતધારી સાધુ બનીને ગ્રામાનુગ્રામ વિહાર કરતાં અમારું કલ્યાણ કરીશું. અને અમારી પાસે આવનારનું પણ કલ્યાણ કરાવીશું. હવે ભૃગુ પુરોહિત આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૭૪

આસો સુદ ૩ ને શુક્રવાર તા. ૨-૧૦-૭૦

અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોને આત્મ ઉદ્ધાર માટે ઉપદેશ આપતાં સમજાવ્યું કે હે જીવો ! અનાદિકાળથી જો આત્માનું કોઈ અહિત કરનાર હોય તો

મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને અશુભયોગ. આ પાંચ કારણોને લઈને જીવ સત્ય માર્ગની પીછાણ કરી શકતો નથી. મોક્ષમાં જતાં આ પાંચ કારણો જીવને અટકાવે છે. અને ભવભ્રમણ કરાવે છે. હવે જો તમને લાગતું હોય કે હવે મને ભવભ્રમણનો થાક લાગ્યો છે તો આ પાંચ કારણોને દૂર હઠાવવાનો પુરુષાર્થ કરો.

દેવભદ્ર અને જશોભદ્રની દૃષ્ટિ સમ્યક્ બની ગઈ છે. તેઓ એમના પિતાજીને કહે છે કે હે પિતાજી! આપે બતાવેલા પ્રલોભનોમાં અમે રાચનાર નથી. તમે જેમાં સુખ માનો છો એ તમારી મિથ્યા ભ્રમણા છે. ત્યારે ભૃગુ પુરોહિત કહે છે હે મારા પુત્રો! તમે જે ધર્મ-કર્મની વાતો કરો છો તે બધી તમારી પણ ભ્રમણા છે.

જહા ય અગ્ગી અરણી અસન્તો, ખીરે ઘયં તેલ્લ મહાતિલેસુ।
એમેવ જાયા સરીરંસિ સત્તા, સંમુચ્છઈ નાસઈ નાવચિટ્ઠે ।। ઉ. અ. ૧૪-૧૮

હે પુત્રો! જેવી રીતે અરણીમાં અગ્નિ નહીં હોવા છતાં પણ અરણીથી અગ્નિ ઉત્પન્ન થઈ જાય છે. દૂધમાંથી ઘી અને તલોમાંથી તેલ ઉત્પન્ન થઈ જાય છે. તેવી જ રીતે શરીરમાંથી જ સત્વ-જીવ ઉત્પન્ન થાય છે. અને શરીરનો નાશ થવાથી આત્માનો પણ નાશ થઈ જાય છે.

એટલે આત્માનું અસ્તિત્વ જ સિદ્ધ થતું નથી. તો પછી તમારે આ સંસારના વિદ્યમાન સુખોને છોડીને સંયમ લેવાની શી જરૂર છે? તેના કરતાં સંસારના સુખો ભોગવવા એ જ તમારા માટે લાભદાયક છે.

જ્યાં સુધી જીવ પોતાના સ્વરૂપને નથી ઓળખતો ત્યાં સુધી તે કેવી કેવી વિચિત્ર પ્રકારની યુક્તિઓ શોધી કાઢે છે. ઝવેરાતની ઓળખ ન હોય ત્યાં સુધી જીવ કાચના ટુકડા ભેગા કરે, લાલ કાગળે વીંટીને તિજોરીમાં મૂકે પણ જ્યારે સાચો ઝવેરી બની જાય પછી તે કાચના ટુકડા તિજોરીમાં રહેવા દે ખરો? તરત જ ફગાવી દે, તેમ તમને પણ તમારા અસ્તિત્વનું ભાન થશે ત્યારે મિથ્યા માન્યતાઓ ફગાવી દેશો. દ્રવ્ય છ છે. તેમાં પાંચ દ્રવ્યો તો જડ છે. એક જીવ દ્રવ્ય જ ચેતન છે. પાંચે દ્રવ્યો પોતપોતાના સ્વભાવને છોડતાં નથી. ધર્માસ્તિકાયનો સ્વભાવ ચાલવામાં સહાય કરવાનો છે. અધર્માસ્તિકાયનો સ્વભાવ સ્થિર કરવાનો છે. આકાશનો સ્વભાવ અવકાશ આપવાનો છે. પુદ્ગલનો સ્વભાવ સડન-પડન-ગલન-વિધ્વંસન છે. કાળનો સ્વભાવ વર્તના લક્ષણ-જુનાનું નવું અને નવનું જુનું બનાવવાનો છે. જીવનો સ્વભાવ જ્ઞાન-દર્શનમય છે. એવો જીવ પોતાનો સ્વભાવ ભૂલીને આત્મા દેહમય બની ગયો છે, દેહ તે હું છું એમ અજ્ઞાન દશાથી માની બેઠો છે. એટલે ડગલે ને પગલે તે દુઃખ પામે છે.

જીવમાં સમજશક્તિ આવે છે ત્યારે કોઇ એનું અપમાન કરે કે ગાળ દે તો પણ

એને કંઈ જ લાગતું નથી. માથે કાળી ટોપી પહેરીને એક માણસ ચાલ્યો જાય છે. તેની પાછળ બીજો ધોળી ટોપીવાળો માણસ ચાલ્યો જાય છે. પાછળથી એક માણસ બૂમ પાડે કે હે કાળી ટોપીવાળા ભાઇ! ઉભા રહો. ધોળી ટોપીવાળા પુરૂષે સાંભળ્યું, પણ એણે એવો વિચાર કર્યો કે એ તો કાળી ટોપીવાળાને ઉભા રહેવાનું કહે છે. મેં તો ધોળી ટોપી પહેરી છે. મારે શા માટે ખોટી થવું જોઈએ? મારે શા માટે ઠપકો ભગાડવો જોઈએ? તેમ કાળી ટોપી રૂપી દેહ છે એને કોઈ કંઈ કરે કે કહે તો આત્માને તેની સાથે કંઈ જ લાગતું વળગતું નથી. એક વનસ્પતિ કાય વર્જીને ત્રેવીસ દંડકથી સિદ્ધના જીવો અનંતગુણા અધિક છે. ત્યાં અશરીરી આત્માને જ રહેવાનું છે. ત્યાં તમારા હીરાચંદ, મોતીચંદ, અમરચંદ, પન્નાલાલ, માણેકલાલ એવું સિદ્ધમાં નામ જ નથી. આ બધા નામ શરીરનાં છે, આત્માનાં નહિ.

આત્માની મલીન અવસ્થા એ જ સંસાર છે. અને શુદ્ધ અવસ્થા એ મોક્ષ છે. માન અપમાન આ બધી મોહનીય કર્મની પ્રકૃતિઓ છે. એ બધું આત્માના ઘરનું નથી. એને એક દિવસ છોડયે જ છૂટકો છે. આવું તમને બરાબર સમજાઈ જાશે ત્યારે તમે અહીં જ સિદ્ધગતિના સુખનો અનુભવ કરશો.

જેલમાં રહેલા કેદીને પણ જેલ કલંક રૂપ લાગે છે. ત્યાં એને ગમે તેટલાં સુખો કદાચ મળે છતાં જીવ એમ માને છે કે ગમે તેવાં સુખ હોય તો પણ આ તો જેલ છે. એને એ જેલમાંથી છૂટવાનું મન થાય છે. પણ જ્ઞાની કહે છે કે એ જેલ તો એક ભવ પૂરતી છે, પણ તું અનાદિકાળથી કાર્મણ કોથળામાં પૂરાયો છે. એ કોથળામાં પૂરાઈ રહેવું તને કેમ ગમે છે? એ જેલ તને કેમ નથી સાલતી? એનું કારણ મોહ છે. બંધુઓ! ભોગ એ ઝેર જેવા છે અને સંસાર એક બેડી સમાન છે.

ભૃગુ પુરોહિત એના પુત્રોને કહે છે હે લાડીલા પુત્રો! દેહના નાશે આત્માનો નાશ છે. જેમ એક કપડામાંથી બધા તાર છૂટા કરી નાંખવામાં આવે તો એ કપડું કપડું રહેતું નથી. વેરવિખેર થઈ જાય છે. તેમ પાંચ ભૂતમાંથી આત્મા ઉત્પન્ન થયો છે. એ પાંચ ભૂતોનો નાશ થવાથી આત્માનો પણ નાશ થઈ જાય છે. વળી આત્મા જુદો છે જ નહિ. આત્મા હોય તો તે કેમ દેખાતો નથી? આ બંને પુત્રો પણ કાચા ન હતાં. સમજણના ઘરમાં આવેલા હતાં. બે બાળકો એના પિતાને શો જવાબ આપે છે:

नो इन्दियगेज्झ अमुत्तभावा, अमुत्तभावा वि य होइ निच्चो ।
अज्झत्थहेउं नियस्स बन्धो, संसारहेउं च वयन्ति बन्धं ॥ उ. अ. १४-१९

હે પિતાજી! આત્મા અમૂર્ત છે. માટે ઇન્દ્રિયોથી જોઈ શકાતો નથી. અને અમૂર્ત હોવાથી આત્મા નિત્ય છે. તથા અધ્યાત્મ હેતુ, મિથ્યાત્વાદિ નિશ્ચયથી બંધનું કારણ છે. અને બંધને જ સંસારનો હેતુ કહેલ છે.

વળી આપે કહ્યું કે અરણીમાં અગ્નિ, દૂધમાં ઘી અને તલમાં તેલની સત્તા પહેલાં ન હતી. પછી ઉત્પન્ન થઈ છે એ વાત તદ્દન ખોટી છે. કારણ કે જે અસત્ વસ્તુ હોય છે તેની ઉત્પત્તિ હોતી જ નથી તો પછી પાંચ ભૂતોથી આત્માની ઉત્પત્તિ કયાંથી હોય ? આત્મા તો એક સ્વતંત્ર દ્રવ્ય છે. જો આત્મા સ્વતંત્ર દ્રવ્ય છે તો એ પ્રત્યક્ષ દેખાતો કેમ નથી ? એનું કારણ એ છે કે ચક્ષુ આદિ ઈન્દ્રિયો, રૂપી પદાર્થોને જોઈ શકે છે. અરૂપીને ગ્રહણ કરી શકતી નથી. તથા જે વર્ણ-ગંધ-રૂપ-રસ આદિથી રહિત છે તે અરૂપી છે. અને અરૂપી હોવાથી આત્મા નિત્ય છે. કારણ કે શરીર ગ્રહણ કરવા પહેલાં પણ આત્મા વિદ્યમાન હતો અને શરીર છૂટયા બાદ પણ આત્મા તો વિદ્યમાન રહે છે, માટે તે નિત્ય છે. કદાચ તમને પ્રશ્ન ઉઠશે કે આત્મા નિત્ય છે તો એની સાથે કર્મોનો સંબંધ કેવી રીતે થયો ? તો જ્ઞાની પુરૂષો કહે છે કે મિથ્યાત્વ આદિ જે ગુણો છે તે જ કર્મબંધના હેતુ છે. કદાચ એવો પ્રશ્ન ઉઠે કે અમૂર્ત આત્માની સાથે મૂર્ત કર્મોનો સંયોગ કેવી રીતે થયો ? તો એનો જવાબ એ છે કે જેમ આકાશ અમૂર્ત અરૂપી હોવા છતાં પણ તે રૂપી પદાર્થોનું ભાજન છે તેવી રીતે આત્મા પણ અમૂર્ત હોવા છતાં તે મૂર્ત કર્મોનું ભાજન બની શકે છે. આ રીતે આત્માની સાથે જે કર્મોનો બંધ થાય છે તેને જ્ઞાનીઓ સંસારના પરિભ્રમણનું કારણ માને છે. એટલે સિદ્ધ થાય છે કે આત્મા એ સ્વતંત્ર પદાર્થ છે. અને અનાદિ કાળથી મિથ્યાત્વ આદિને કારણે કર્મનું બંધન કરે છે. એ કર્મબંધનનો નાશ કરવા માટે ધર્મનું આચરણ કરવું જોઈએ.

દેવાનુપ્રિયો ! આવો જડબાતોડ જવાબ કોણ આપી શકે ? જેણે જ્ઞાન મેળવ્યું હોય તે જ આપી શકે ને ? અમે તમને એટલા માટે જ કહીએ છીએ કે પહેલાં જ્ઞાન મેળવો. " पढमं नाणं तओ दया " પહેલાં જ્ઞાન મેળવ્યું હશે તો તમે જીવ-અજીવ, રૂપી-અરૂપીને જાણી શકશો. પણ જો જ્ઞાન નહિ હોય તો કેવી રીતે ખબર પડશે ? આગળનાં શ્રાવકો પણ કેવા હોંશિયાર હતા. કોઇ એની સામે શાસ્ત્ર વિરૂદ્ધ શંકા ઉઠાવે તો તેને જડબાતોડ જવાબ આપી દેતાં હતાં.

મંડૂક શ્રાવક ચાલ્યો જતો હતો. દશ નાસ્તિકો એક ઝાડ નીચે બેઠા હતાં. તેઓ મંડૂકને કહે છે અલ્યા, અહીં આવ. આ તારો ભગવાન મહાવીર મોટી મોટી આત્માની વાતો કરે છે, પણ આત્મા તો દેખાતો નથી. તો આત્માને કેવી રીતે માનવો ? તમારા જેવા હોત તો કહી દેત કે વાત સાચી છે. પણ આ તો હોંશિયાર હતો. જ્ઞાની હતો. એટલે કહે છે, દુનિયામાં ઘણી વસ્તુઓ એવી છે કે જે રૂપી હોવા છતાં પણ જોઈ શકાતી નથી. તો પછી અરૂપી તો કયાંથી દેખાય ? વાત કરે છે એટલામાં ઠંડો પવન આવે છે. એટલે મંડૂક પૂછે છે કે આ પવન વાય છે તે રૂપી છે છતાં પણ દેખાય છે ખરો ? હિંગનો વઘાર કરે છે તેની સુગંધ આવે છે પણ તે દેખાય છે ખરી ? જો એ તમે મને બતાવો તો હું તમને આત્મા બતાવું. પેલા નાસ્તિકો બોલતા ચૂપ થઈ ગયાં. એમને

સત્ય વાત સમજાવી. પછી ભગવાન મહાવીર પાસે આવીને વિનયપૂર્વક પૂછે છે : પ્રભુ ! મને રસ્તામાં આ પ્રમાણે પ્રશ્ન કર્યો અને મેં આમ જવાબ આપ્યો છે, તેમાં કાંઈ ભૂલ તો નથી થતી ને ? અર્થનો અનર્થ તો નથી થતો ને ? આટલું જ્ઞાન હોવા છતાં પણ નમ્રતા કેટલી છે !

નમ્રતા હોય તો જ જ્ઞાન ટકી શકે છે. અને જ્ઞાન હોય તો જ જીવને સ્વ-પરના ભેદ સમજાય છે. અને ભેદ સમજાય છે ત્યારે જીવને સંસારના બધા જ પ્રલોભનો તુચ્છ લાગે છે. પછી ભલેને મહેલ-મહેલાતો મળે, હીરા-મોતી ને માણેકના ઢગ મળે પણ બધું જ એની દૃષ્ટિમાં તણખલા જેવું અસાર જ દેખાય છે. એ સમજે છે કે મીઠા વિનાના ભોજનમાં સ્વાદ નથી, સુગંધ વિનાના પુષ્પની કિંમત નથી તેમ ચારિત્ર વિનાના જીવનની પણ કિંમત નથી. ચારિત્રને માટે માણસ ગમે તેટલું મળે તો પણ તે બધું જતું કરે છે.

એક વખત એક ખેડૂતની સ્ત્રી હાથમાં દાતરડું લઈને ઘાસ કાપી રહી છે. સ્ત્રી ખૂબ સ્વરૂપવાન છે. એક ફાટેલો તૂટેલો સાડલો પહેર્યો હતો. એના દેહ ઉપર કોઈ દાગીના પણ ન હતા. પૂર્વનાં પુણ્યે રૂપ ઘણું મળ્યું હતું. એ ગામનો રાજા શિકાર કરવા નીકળેલો. ફરતો ફરતો એ બાઈના ખેતરમાં આવી પહોંચ્યો. આ બાઈનું રૂપ જોઈને તે ભાન ભૂલ્યો. પુરૂષોના મન ભમરા જેવા હોય છે. ભ્રમર જ્યાં પુષ્પ દેખે ત્યાં બેસી જાય છે. તેમ વિષયાંધ પુરૂષ કામનાને લીધે જ્યાં રૂપ દેખે ત્યાં લપટાઈ જાય છે.

યૌવન, પ્રભુતા અને વૈભવવાળો રાજા એકાંતમાં આ ખેડૂત સ્ત્રીને જોઈને વિવેક ભૂલ્યો. એ વિચારવા લાગ્યો કે શું આ બાઈનું રૂપ છે ? વિધાતાએ રૂપ તો આને જ આપ્યું લાગે છે. બાઈ ખેતરમાં એકલી જ છે. એકાંતનો લાભ લઈ રાજા એ સ્ત્રીની પાસે આવીને કહેવા લાગ્યો કે-આ તારું કોમળ શરીર સૂર્યના તાપને સહન કરવા યોગ્ય નથી. આ તારા સુંદર હાથ દાતરડું પકડીને ઘાસ કાપવા યોગ્ય નથી. તારું મનોહર રૂપ તને રાજરાણી બનાવવાની પાત્રતા આપી રહ્યું છે. તું મજુરી કરનાર ખેડૂતને ત્યાં નહિ પણ મારા રાજભવનમાં શોભે તેવી છે. માટે મારા મહેલમાં ચાલ. હું તને મારી પટરાણી બનાવીશ.

આ સ્ત્રી ગરીબ હતી પણ ચારિત્રવાન હતી. ગરીબની સામે રાજસુખનું મોટું પ્રલોભન હતું, છતાં પણ એ ભોગની ભિખારણ ન હતી. ગરીબાઈમાં પણ સંતોષ માનનારી હતી. પૌદ્ગલિક સુખના અનુરાગી હોય તે ધનવાન હોવા છતાં પણ ભિખારી છે. ઘડ કાપનારી સ્ત્રી વિચાર કરવા લાગી કે અરેરર ! રાજા ભાન ભૂલ્યો છે. ભોગનો ભિખારી છે. જે જ્યાં ને ત્યાં ભીખ માંગતો ફરે છે તે બીજાને શું સુખ આપવાનો છે ? એના અંતઃપુરમાં કેટલી રાણીઓ હશે ? છતાં એની વિષયવાસના તૃપ્ત ન થઇ, તો મારાથી કેવી રીતે તૃપ્ત થવાની છે ? રાજા તો મારી સામે ખુલ્લી તલવાર લઈને ઉભો છે. અને

હું તો એકલી છું. જો હું એની વાતનો સ્વીકાર નહિ કરું તો બળજબરી કરશે. માટે અહીં મારે કળથી કામ લેવું શ્રેષ્ઠ છે. શરીર તો વહેલું કે મોડું છોડવાનું જ છે. ભલે મારૂં મોત થાય પણ મારા ચારિત્રનું રક્ષણ તો જરૂર કરૂં. એવો નિર્ણય કરીને રાજાના સામું જોઇને તે બોલી.

અહો મહારાજા! મને રૂપ તો ઘણું મળ્યું છે, પણ કમનશીબે મારો જન્મ બેડૂતને ઘેર થયો. છતાં પણ મારા રૂપ ઉપર મોહ પામીને આપ મારી પાસે આવ્યા છો એ પણ મારા પુણ્યનો ઉદય છે. બેડૂતની સ્ત્રીના આ શબ્દો સાંભળી રાજા તો ખુશ થયો. અહો! મારી વાતનો એણે સ્વીકાર તો કર્યો. આ સ્ત્રી પોતાની વાતનો તરત જ સ્વીકાર કરી લેશે અને એના મુખમાંથી આવા સુંદર શબ્દો સાંભળવા મળશે એવી તો એને આશા પણ ન હતી. રાજા આનંદમાં આવીને કહે છે, પુણ્યનો ઉદય હોય છે ત્યારે બધા જ સંયોગો આવી મળે છે. તું કેટલી પુણ્યવાન છે. બોલ, હવે તો હું તું જે કહે તે કરવા તૈયાર છું.

આ સ્ત્રીએ મુખ ઉપર હર્ષ બતાવતાં કહ્યું કે મને પણ તમારા પ્રત્યે ખૂબ પ્રેમ છે. પણ મને આ તમારી તલવારની ખૂબ બીક લાગે છે. ત્યારે રાજા કહે છે કે હું ક્ષત્રિય છું. રાજ્યનું રક્ષણ કરવા માટે તલવાર તો રાખવી જ જોઈએ. સ્ત્રી કહે છે ગમે તેમ કરો પણ મને તો તમારી તલવારની બહુ જ બીક લાગે છે. જો તલવાર રાખવી હોય તો એની ધાર બુઠ્ઠી થઈ જાય તેમ કરો. રાજા કહે છે મને તારા પ્રત્યે પૂરો પ્રેમ છે. અને તને શા માટે બીક લાગે છે? તલવારની ધાર બુઠ્ઠી કરવાની શી જરૂર છે? સ્ત્રી કહે છે મને ભય જ લાગે છે. હું તમને તલવારની ધાર બુઠ્ઠી બનાવવાનો સરસ ઉપાય બતાવું. આ જંગલમાં એક પ્રકારની વનસ્પતિ થાય છે તેનો રસ તલવારની ધાર ઉપર ચોપડવાથી તરત જ તલવારની તીક્ષ્ણ ધાર બુઠ્ઠી થઈ જાય છે. "सम्मोहात् स्मृति विभ्रमः" મોહને કારણે શાસ્ત્રગમ્ય કે અનુભવગમ્ય વાણી પણ સમજાતી નથી. એને ભ્રમ થાય છે. કામાંધ પુરૂષ સાચું વિચારી શકતો નથી. મોહથી રાજા સ્ત્રીની પાછળ પાછળ ચાલવા લાગ્યો. જંગલમાં જઇને એક ઝાડ ઉપરથી પાંદડા તોડી તેનો રસ કાઢયો. અને રાજાએ જાતે જ તે રસ તલવારની ધાર ઉપર ચોપડયો, પણ તલવારની ધાર બુઠ્ઠી થઈ હોય તેમ રાજાને ન લાગ્યું.

બેડૂતની સ્ત્રી કહે છે એમ બબર ન પડે. મારો અનુભવ છે કે આ વૃક્ષના પાનનો રસ લગાડવાથી ગમે તેવી તીક્ષ્ણ ધાર બુઠ્ઠી થઈ જાય છે. મને તો વિશ્વાસ છે કે બુઠ્ઠી થઈ ગઈ છે. તમારે ખાત્રી કરવી હોય તો મારા ગળા ઉપર જ પ્રહાર કરો. મારું ગળું કપાશે નહિ. રાજાએ ના પાડી પણ સ્ત્રીએ ખૂબ હઠ કરીને રાજાની પાસેથી તલવાર લીધી અને એણે પોતાના ગળા ઉપર તલવારનો ઘા કર્યો. ત્યાં જેમ ચાકડા પરથી પાત્ર ઉતારે

તેમ સ્ત્રીનું મસ્તક ધડથી જુદું થઈ ગયું. સ્ત્રીએ શિયળને ખાતર મરવું પસંદ કર્યું, પણ ભોગોમાં આસકત ન બની. જે ચારિત્રના રક્ષણ ખાતર મૃત્યુ પામે છે તે સુગતિમાં જાય છે.

જે સ્ત્રી ચારિત્રને માટે પોતાના પ્રાણ છોડી દે છે, પણ પોતાનું વ્રત અખંડ રાખે છે, તે જ સાચી સતી છે. આ સ્ત્રીનું મસ્તક ધડથી જુદું પડેલું જોઈ રાજાનો કામનો નશો ઉતરી ગયો. તેને સમજાઇ ગયું કે અહો! આ સ્ત્રીએ એના શીલની ખાતર જ પોતાનું બલિદાન આપી દીધું. પરિશ્રમમાં સુખ માનનારી આ સ્ત્રીએ શીલ વિનાના રાજસુખને તણખલાની તોલે માન્યું હતું. તે વાત રાજાને સમજાઇ ગઈ. "મારા અંતઃપુરમાં આટલી બધી રાણીઓ હોવા છતાં મારી કામવાસનાને ખાતર આ સ્ત્રીનું મોત થયું નેં?" અબળા અને ગરીબ હોવા છતાં રાજસુખમાં ન રાચતાં ચારિત્રને ખાતર તેણે પોતાનું જીવન કુરબાન કર્યું. આવી પવિત્ર સ્ત્રીને હજારો વાર ધન્યવાદ છે. અને મને કોડોવાર ધિક્કાર છે.

"શીર સાટે શીલ સાચવે, ત્યજે ન ટેક લગાર,
પ્રાણ જતાં પલટે નહિ, તે સતીમાં શીરદાર"

રાજાને પોતાની ભૂલનો ખૂબ પસ્તાવો થયો. પશ્ચાતાપના પૂરમાં સ્નાન કરી, વિશુદ્ધ બનીને તેણે પ્રતિજ્ઞા કરી કે હવેથી મારે કોઈ પણ સ્ત્રીની સામે કુદૃષ્ટિ કરવી નહીં. એક શીલવતી સ્ત્રીની કુરબાનીએ રાજાને સાચું ભાન કરાવ્યું. રાજા સમજણના ઘરમાં આવી ગયો. ચારિત્રવાન આત્માનું જીવન બીજાઓને પ્રેરણાદાયી બને છે.

અત્યારે ભૃગુ પુરોહિત એના પુત્રોની સામે કેવા કેવા પ્રશ્નો કરે છે, પણ પુત્રોના વૈરાગ્યના કારણે એના જીવનમાં પણ કેવું પરિવર્તન થઈ જશે, તેમજ હજુ પણ કેવા કેવા પ્રશ્નો કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં....૭૫

આસો સુદ ૪ ને શનિવાર તા. ૩-૧૦-૭૦

અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના કલ્યાણને અર્થે શાસ્ત્ર સિદ્ધાંતમય વાણીનું નિરૂપણ કર્યું. જે ભગવંતે આપણા ઉપર કરૂણા વરસાવી તે ભગવંત કેવા હતા? એ મહાન પુરૂષનો જન્મ થવાથી જગતના જીવોને શો લાભ થયો? એ આપણે જાણવું જોઈએ. કોઇ માણસ જો મહત્તાવાળો હોતો નથી તો એને એના દીકરાઓ પણ યાદ કરતા નથી તો જગત તો યાદ કરે જ કયાંથી?

જ્યારે રાજાઓ સત્તા અને લડાઈમાં પડયા હતા, વૈશ્યો જ્યારે શોષણ અને ભોગમાં પડયા હતા, અને શુદ્રો જ્યારે ફૂટબોલની જેમ ઠોકરે ચઢી રહ્યા હતાં, જ્યારે માનવ-જાત દુઃખી હતી ત્યારે તેમને કોઈ આશ્વાસનની, સહૃદયતાથી તેમનો હાથ પકડે તેવા માનવીની જરૂર હતી. તેવા સમયે અંધકારમાં જેમ સૂર્ય પ્રકાશે તેમ ભગવાન મહાવીરનો જન્મ એક રાજકુળમાં થયો હતો. આવા રાજકુળમાં જન્મવા છતાં ગરીબોનાં અને વ્યથિત આત્માઓનાં દુઃખ દર્દો તેમનાથી અજાણ્યાં ન હતાં.

ત્રીસ વર્ષની ભરયુવાન વયે ભગવાને સંસારનો ત્યાગ કર્યો હતો. મહત્તા એમ ને એમ નહોતી મળી. આવી મહત્તા મેળવવા માટે સાધના તો અવશ્ય કરવી જ જોઈએ. ભગવાન મહાવીરે સાડા બાર વર્ષ સુધી એકાગ્ર બનીને એવી સાધના કરી કે જેમાં ખાવા-પીવાનું, સૂવાનું ભૂલાઈ ગયું હતું. ભગવાને મૌનપણે એવી ઉગ્ર સાધના કરી હતી. એ સાધના અને આત્મ સંશોધનમાંથી ભગવાન મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તે સમયે બ્રાહ્મણો એમ કહેતાં કે અમે શ્રેષ્ઠ છીએ. અને બીજા બધાં અમારા અંગ-ઉપાંગ છે. ત્યારે ભગવાને જણાવ્યું કે " તમારામાં જેવો આત્મા છે તેવો જ આત્મા એક ક્ષુદ્રમાં છે. કીડી-મંકોડામાં છે. સર્વ જીવોમાં છે. તમને જેમ સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે. તેમ સર્વ જીવોને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે. કીડીને પણ તડકો ગમતો નથી. નાનામાં નાના જંતુઓ પણ જીવવાનું ઇચ્છે છે. ભગવાન મહાવીરનો આ પહેલો સિદ્ધાન્ત હતો.

બંધુઓ ! આવા હતાં આપણા ભગવાન મહાવીર. આપણે પણ એમના સિદ્ધાંતને જીવનમાં અપનાવવો જ પડશે તમે બીજાને સુખ આપશો તો તે ફરીને અંતે તમારી પાસે આવશે. અને તમે જો બીજાને દુઃખ આપશો તો તે પણ ફરીને અંતે તમારી પાસે આવશે. દુનિયા ગોળ છે. સુખ યા દુઃખરૂપી તમે છોડેલું બાણ અંતે દુનિયાનું ગોળ ચક્કર લગાવીને છેવટે તમારી તરફ જ પાછું ફરશે. એ ભૂલશો નહિ. કાનમાં ખીલા મારવા આવેલા માનવીને માટે પણ ભગવાન મહાવીરે પ્રેમની લાગણી બતાવી હતી. ગાંધીજીને ગોડસેએ ગોળી મારી ત્યારે ગાંધીજી પણ મોઢામાંથી કટુવચન બોલ્યાં ન હતાં. ગોળી મારનાર પ્રત્યે પણ દ્વેષભાવ ન લાવતાં 'હે રામ' બોલ્યા. કારણ કે એમનામાં સમતાભાવ હતો. શ્રીમંત કે ગરીબનો ભેદભાવ ન હતો. એટલે આજે પણ ગાંધીજીને દુનિયા યાદ કરે છે. આવી સમજણમાંથી પ્રેમ પેદા થાય છે. આજે તો સૌ વાદાવાદીમાં પડી ગયા છે. સમાજવાદ, સામ્યવાદ, મૂડીવાદ, સત્તાવાદ આમ બધા વાદ અલગ થઈ ગયાં છે. એકબીજાને સમજવા માંગતા નથી. પણ આ બધો તમારો તકવાદ અને બકવાદ છે. આજના માંધાતાઓ સામાને સમજવાની કોશિષ કરે તો તંગ વાતાવરણ ઘણું ઓછું થઇ જાય. એટલે આજે દુનિયાને અનેકાંતવાદ સમજાવવાની જરૂર છે. આવી સમજણ આવશે તો જ યુદ્ધ અટકશે અને શાંતિ સ્થપાશે.

એક વખત એક બાપ દીકરો લડી પડયાં દીકરો કહે, આજે હું તમારી સાથે નહિ જમું એટલે પછી બાપ પાટલો અને થાળી લઇને તેની પાસે ગયો અને કહ્યું. તું મારી સાથે નહિ જમે તો કંઈ નહિ પણ હું તારી સાથે જમીશ. તેથી ઝઘડો આપોઆપ શમી ગયો. બંધુઓ! જગતના વ્યવહારમાં પણ આપણે આવું વાતાવરણ બનાવવાની જરૂર છે. ભગવાન જ્યાં ગયા ત્યાં તેમણે લોકોને અનેકાંતવાદ સમજાવ્યો.

દરરોજનો આપણો ચાલુ અધિકાર છે. તેમાં ભૃગુ પુરોહિતે એના પુત્રોને પ્રશ્ન કર્યો કે હે પુત્રો! જો આત્મા છે તો તે કેમ દેખાતો નથી? તેનું સ્પષ્ટીકરણ ગઈ કાલે કરવામાં આવ્યું છે. જે આત્માઓ પૂર્વે સંયમની આરાધના કરીને આવ્યાં છે તેમણે આ ભવમાં હજુ દીક્ષા લીધી નથી. સંસારમાં છે પણ કેવી શક્તિ કેળવી છે. બાપની સામે કેવા જવાબ આપે છે. સંયમનો આનંદ ઓર છે. જે વસ્તુનો સ્વાદ પહેલાં ચાખેલો હોય તેને ફરીને જોતાં જ મોંમાં પાણી આવે છે ને? તમે લીંબુનો સ્વાદ ચાખેલો છે એટલે ફરીને કોઇ તમારી સામે લીંબુ લાવીને મૂકે તો ભલે, તમે લીંબુ ખાવ નહિ પણ મોંમાં પાણી તો જરૂર આવે છે. પાકી કેરી દેખો તો તેની મધુરતા યાદ આવે છે. તેમ જેણે આત્માના અનુપમ સુખની અનુભૂતિ કરી છે તેને જોતાં જ તેના અંતરમાં આનંદની લહેરો આવી જાય છે. એને સંસારનો સંગ સહજ છૂટી જાય છે.

દેવભદ્ર અને જશોભદ્ર બંને વૈરાગ્યના ઝુલે ઝૂલી રહ્યા છે. જ્ઞાની અને અજ્ઞાનીમાં જો કોઈ ફરક હોય તો એ જ છે કે જ્ઞાનીને રહેજે છૂટી જાય છે અને અજ્ઞાનીને છોડવા પ્રયત્ન કરવો પડે છે. કદાચ અજ્ઞાની માણસ રંગમાં આવીને છોડી દે તો પણ પછી એને યાદ આવે છે. જ્ઞાનીને છોડ્યા પછી યાદ જ ન આવે. આ બાળકો સમજણપૂર્વક સંસાર ત્યાગવા તૈયાર થયાં છે. તેઓ શું કહે છે:

जहावयं धम्ममणाणमाणा, पावं पुरा कम्ममकासि मोहा ।
ओरुब्भमाणा परिरक्खयन्ता, तं नेव भुज्जो वि समायरामो ॥ उ. अ. १४-२०

હે પિતાજી! અમે જ્યાં સુધી ધર્મને સમજતા ન હતાં ત્યાં સુધી પહેલાં ઘણાં પાપ કર્મો કર્યા છે. અમે અણસમજુ હતા ત્યારે તમારી આજ્ઞા પ્રમાણે તથા આપના દ્વારા સુરક્ષિત કરેલાં ઘરમાંથી બહાર પણ નીકળતા ન હતાં. ઘરમાં જ પૂરાઈ રહેતા હતાં. પણ હવે અમે પાપકર્મનું સેવન નહિ કરીએ. કારણ કે અમે ધર્મ અને અધર્મને સારી રીતે જાણીએ છીએ. ધર્મનું આચરણ કરવાથી શું લાભ થાય છે અને વિષય-ભોગોનું સેવન કરવાથી તેના કટુ ફળો નરક ગતિમાં કેવી રીતે ભોગવવા પડે છે અને ધર્મ કરવાથી તેના ફળ સ્વર્ગમાં કેવા સુંદર મળે છે, એ બંને વાત સારી રીતે સમજી શકીએ છીએ. માટે વિષયભોગના પ્રલોભનમાં અમે લોભાઈશું નહિ

આપણામાં જો કંઈક પણ સમજશક્તિ આવી હોય તો પાપ કરતાં અટકવું એ જ સમજણનું ફળ છે. " ज्ञानस्य फलं विरति । " જ્ઞાનનું ફળ વિરતિ છે. જેમ જેમ જ્ઞાન આવે તેમ તેમ મનુષ્ય પાપ કરતો અટકે છે. સંસાર ભાવથી વિમુખ બનતો જાય છે અને સંયમની સન્મુખ થતો જાય છે. એ જ જ્ઞાનનું ફળ છે. તમે કેટલા વર્ષોથી આ વ્યાખ્યાન-વાણી સાંભળતા આવ્યા છો પણ હજુ જીવનમાં કંઈ ફેરફાર દેખાતો નથી.

એક માણસ જાતિથી જૈન, ન હતો પણ એને પૂર્વે જૈન મુનિનો સમાગમ થયેલો હતો. એ માણસ ખૂબ ગરીબ હતો. ગરીબીમાં પણ એના જીવનમાં અમીરી હતી, કોઈક ધનથી ગરીબ હોય છે પણ મનથી ગરીબ નથી હોતા. એણે સંતનો સમાગમ થવાથી અપરિગ્રહ વ્રત અંગીકાર કર્યું હતું. એમાં એવો નિયમ કર્યો હતો કે મૂડીમાં એક દોકડો રાખવો. અને દરરોજ આપણે બંનેએ (પતિ-પત્ની) અને ત્રીજો કોઈ એક અતિથી એ ત્રણના પેટ ભરવા પૂરતા પૈસા મળે એટલા જ લાકડાં કાપવા, એથી અધિક લાકડાં કાપવા નહિ. આ પ્રમાણે એમનો જીવનનિર્વાહ ચાલે છે.

એક વખત એવો પ્રસંગ બન્યો કે છ દિવસ સુધી લગાતાર વરસાદ વરસ્યો. એટલે લાકડા કાપવા જઈ શકાય નહિ. ઘરમાં અનાજના ડબ્બા ભર્યા ન હતાં કે ન હતાં પૈસા. એટલે છ દિવસના પતિ-પત્ની બંનેને ઉપવાસ થયા. પણ મનમાં જરા પણ મલીનતા ન આવી. ભૂખનું દુઃખ સાલ્યું નહિ. કારણ કે સમજણપૂર્વક પરિગ્રહનો ત્યાગ કરેલો હતો. છ દિવસ પછી જ્યારે વરસાદ બંધ થયો, પાણી ઉતરી ગયાં, એટલે બંને માણસો જંગલમાં લાકડા કાપવા માટે ગયા. છ છ દિવસના ભૂખ્યા આ બંને, લાકડા કાપીને જંગલમાંથી વેચવા માટે જઈ રહ્યા છે, ત્યાં માર્ગમાં એક સોનાની ગીનીઓથી ભરેલી થેલી જોઈ. થેલીનું મોઢું ફાટી ગયેલું હતું. એટલે ગીનીઓ દેખાતી હતી. ઉપરથી સૂર્યદેવનાં કિરણો આવે છે. એટલે સૂર્યના કિરણમાં ગીનીઓ ખૂબ ઝગમગે છે. પતિ આગળ હતો. પત્ની થોડે દૂર હતી. પતિએ ગીનીઓની થેલી જોઈ મનમાં વિચાર કર્યો કે મેં તો મન જીતી લીધું છે, મેં સુવર્ણનો ત્યાગ કર્યો છે. પણ મારી પત્નીને આ ગીનીઓ જોઇને કદાચ લોભ લાગી જાય તો ! કારણ કે એક તો ગરીબાઈ છે, બીજું છ છ દિવસના ભૂખ્યા છીએ એટલે મનનાં પરિણામ પલટાતાં વાર ન લાગે. એવા વિચારથી તેણે સોનાની ગીનીઓની થેલી ઉઠાવીને બાજુના ખાડામાં નાખી અને તેના ઉપર ધૂળ વાળી દીધી. તે ધૂળ નાખતો હતો એટલામાં એની પત્ની આવી પહોંચી. તેણે પૂછયું: આ શું કરો છો ? એના પતિએ સત્ય હકીકત કહી દીધી. કારણ કે એને સત્ય બોલવાનું વ્રત હતું. તેણે કહ્યું અહીં ગીનીઓથી ભરેલી થેલી પડી હતી. હું તો અપરિગ્રહી છું. મારું મન લોભાયું નહિ. મેં એને અસાર માન્યું છે. પરંતુ તું સ્ત્રી છે. વળી છ છ દિવસની ભૂખી છે તેથી કદાચ તારું મન એ લેવા લોભાય, એટલા માટે મેં એના પર ધૂળ ઢાંકી દીધી છે. આ

સાંભળી પત્ની કંઈ પણ ઉત્તર આપ્યા સિવાય આગળ ચાલી ગઈ. ત્યારે પતિ પૂછે છેઃ– તું કેમ કંઈ જ બોલતી નથી ? તેમ તેં મને છણુકો પણ કર્યો નહિ. આ સાંભળી પત્ની દુઃખિત હૃદયે બોલી સ્વામીનાથ ! જેને તમે છોડયું છે તે સોનું તમને સોનારૂપે દેખાયું તે જાણીને મને અત્યંત દુઃખ થાય છે. જેને છોડયું તેને તે રૂપે શા માટે દેખાય ? એ તો માટી છે. માટીને માટીથી ઢાંકતા જોઈ મને તમારા વિષે ઘણી ચિંતા થાય છે.

દેવાનુપ્રિયો ! જોયું ને ! પતિ માનતો હતો કે પત્નીનું મન ગીનીઓની થેલી જોઈને લલચાશે પણ એ તો સોનાને માટી રૂપે જોનારી હતી. કારણ કે સમજણપૂર્વકનો ત્યાગ હતો. ત્યાગીઓને મન ધનની કંઈ જ કિંમત હોતી નથી. તમારી સમક્ષ હજાર હજારની નોટોના હજાર બંડલ પડયા હોય તો તમારું મન આનંદથી નાચી ઉઠે. અને સાધુને મન તો એ કાગળીયાની થોકડી જ દેખાય. પુણીયો શ્રાવક, જેની પાસે કંઈ જ મૂડી ન હતી, પુણી કાંતીને જીવન નિભાવતો હતો. પતિ–પત્ની ઉપવાસ કરીને સાધર્મીની ભક્તિ કરતા હતાં. એવો શ્રાવક કેવો સુખી હતો ! ભગવાન મહાવીર પણ એમના વખાણ કરતા હતાં. એક વખતે શ્રેણિક રાજા એની ઝુંપડીએ આવ્યા અને એક સામાયિકની માંગણી કરી. એક સામાયિકના બદલામાં શ્રેણિક રાજા આખું રાજ્ય આપવા તૈયાર થયા. ત્યારે પુણીયાએ કહી દીધુંઃ મહારાજા !" તમારા આખા રાજ્ય કરતાં પણ મારી સામાયિક મહાન છે." નિત્યના બદલામાં અનિત્યનો સોદો શા માટે કરવો ? તમારું રાજ્ય અનિત્ય છે અને મારી સામાયિક નિત્ય છે. તે સુખ આપનારી છે એનો સોદો ન હોય. રાજા જેવા રાજાને આવા શબ્દો કહી દેવા તે નાની સૂની વાત છે ? આ હતો મહાવીરનો સાચો શ્રાવક.

તમે પણ શ્રાવક તો છો, પણ શ્રાવકને યોગ્ય એવી સમજનો અભાવ છે. તેથી જ્યાં જોયો ત્યાં મન લોભાઈ જાય છે. જિંદગી સુધી ખાવ એટલું મળી ગયું છે. તો પણ આટલી બધી દોડધામ શા માટે હોય ? સમજણના ઘરમાં આવશો એટલે આપમેળે તમે સ્થિર થઈ જવાના. પછી અમારે તમને કહેવું જ નહિ પડે કે તમે પાપ કરવાનું છોડી દો.

બંને કુમારો પણ હવે સમજણના ઘરમાં આવ્યા છે. એટલે એના પિતાને કહે છે પિતાજી ! અણસમજમાં ઘણાં પાપના ભાથાં બાંધ્યાં. હવે અમે સમજણના ઘરમાં આવ્યા છીએ. અમારે અધોગતિમાં જવાના કર્મો કરવા નથી. અમને પાપનો ડર લાગે છે અને ભવનો ભય લાગે છે. સાચા વૈરાગીને રોકવા કોણ સમર્થ છે ? કાચો પોચો વૈરાગી હોય તો ફસાઈ જાય. નમિ રાજર્ષિ દીક્ષા લેવા નીકળ્યા ત્યારે ઈન્દ્ર મહારાજા બ્રાહ્મણના રૂપમાં આવીને કહે છે હે નમિરાજ ! તારી નગરી બળી રહી છે. તારા અંતઃપુરની રાણીઓ રૂદન કરે છે. ગામમાં કોલાહલ મચી રહયો છે. તું આ બધાને શાંત કર. બળતી નગરીને ઓલવ અને પછી દીક્ષા લે. ત્યારે નમિ રાજર્ષિ શો જવાબ આપે છેઃ–

सुहं वसामो जीवामो, जेसिं मो नत्थि किंचणं ।
मिहिलाए डज्झमाणीए, न मे डज्झइ किंचणं ॥ उ. अ ९–१४

હું તો સુખપૂર્વક વસું છું, સુખપૂર્વક જીવું છું. આ જે કંઈ થઈ રહયું છે તેમાં મારૂં તો કાંઇ જ નથી. મિથિલાનગરી બળે છે તેમાં મારૂં કાંઈજ બળતું નથી. નમિ-રાજાએ દીક્ષા લીધી ન હતી છતાં પણ એને સંસારાવસ્થામાંથી જ નમિ રાજર્ષિ કહેતા હતાં. કારણ કે રાજ્યમાં રહેવા છતાં પણ તેઓ રાજ્યમાં લુબ્ધ થયેલા ન હતા. સહેજે નિમિત્ત મળતાં જાગી ગયાં અને રાજ્ય છોડીને ચાલ્યા નીકળ્યા.

ગ્રંથકારની એક કથા છે. જનક રાજાના ગુરૂ ઉપદેશ આપતા હતાં. ગુરૂ ઉપદેશ આપતાં જનક રાજાને જનકવિદેહી કહીને સંબોધન કરતા, અને જનક રાજાના ખૂબ વખાણ કરતાં હતાં. ત્યારે શિષ્યોને થયું કે આપણે ઘરબાર છોડીને ગુરૂના ચેલા બન્યા. સંસાર છોડીને સંન્યાસી બની ગયાં, છતાં પણ ગુરૂ આપણા વખાણ કરતાં નથી. અને જનક રાજાના જ વખાણ કર્યા કરે છે. એમ ઈર્ષ્યા આવવા લાગી. ત્યારે ગુરૂના મનમાં એમ થયું કે આ લોકોને બતાવવું તો જોઈએ. એટલે ગુરૂએ માયા રચી. પ્રવચન ચાલે છે, જનકરાજા બેઠા છે. આખા ગામના લોકો પણ પ્રવચન સાંભળવા આવ્યા છે. તે વખતે ગામમાં આગ લાગી. લોકોને ખબર પડી કે ગામમાં આગ લાગી છે. એટલે બધા ધીમે ધીમે ઉઠવા લાગ્યા. માણસો તો ધીમે ધીમે બધા જ ચાલ્યા ગયા. બધા સંન્યાસી-શિષ્યોને ખબર પડી કે આપણો ઉતારો છે ત્યાં પણ આગ લાગી છે. એટલે સંન્યાસીઓ પણ વિદાય થઈ ગયા. હવે રહ્યા ગુરૂ ને બીજા જનક રાજા. ગુરૂ કહે છે હે રાજન ! તારી નગરી બળી રહી છે. બધા લોકો વિદાય થઈ ગયાં છે. હવે તને એમ થતું હોય કે હું ગામનો રાજા અને મારાથી કેમ ઉઠાય ? તો તું મારી શરમે બેસી ન રહેતો. ત્યારે જનક રાજા કહે છે ગુરૂદેવ ! આમાં મારું કંઈ જ બળતું નથી. રાજ્ય-વૈભવ-મહેલ-મહેલાતો બધું છોડીને એક દિન જવાનું છે. સાથે તો શુભાશુભ કર્મ સિવાય બીજું કંઈ જ આવનાર નથી. આપની કૃપાથી હું સમજણના ઘરમાં આવ્યો છું. હવે આ બધો મોહ શા માટે ? મારા મનમાં પણ એની ચિંતા થતી નથી. માટે મારે જવું નથી.

જનક રાજાની દૃઢ શ્રદ્ધા જોઈ ગુરૂએ બધી માયા સંકેલી લીધી. શિષ્યો પોતાના ઉતારે ગયા. જોયું તો કંઈ જ ન મળે. પાછા ગુરૂ પાસે આવ્યા. રાજા તો આનંદપૂર્વક બેઠા છે. મનમાં જરા પણ ઉદ્વેગ ન મળે. ગુરૂ કહે છે દેખો, આ રાજાની શ્રદ્ધા કેટલી અટલ છે ? તમારું બળી બળીને શું બળી જવાનું હતું ? તમારી પાસે બે કપડાં સિવાય બીજું શું છે ? અને આ રાજા આખા રાજ્યનો માલિક હોવા છતાં રાજ્યથી પર છે. શિષ્યોની આંખ ખુલી ગઈ. ખરેખર, આપ જનક વિદેહી તે વિદેહી જ છો. સંસારમાં વસવા છતાં બધું જ એણે પર માન્યું છે. અને અમે સંસાર ત્યાગી ભગવાં વસ્ત્રો પહેર્યા

પણ હજુ મમતા જીતાઈ નથી. વ્યવહારથી રાજા છે. પણ એના આત્માના શુદ્ધ પરિણામની અપેક્ષાએ એ ત્યાગી બની ગયા છે.

દેવભદ્ર અને જશોભદ્ર પણ બાહ્ય ભાવે સંસારમાં રહ્યા છે પણ આભ્યંતર ભાવે ત્યાગના ઘરમાં આવી ગયા છે. રગેરગમાં વૈરાગ્યની જ્યોત ઝળહળી ઉઠી છે. તેમણે કહી દીધું કે પિતાજી ! અમે અજ્ઞાન હતા ત્યાં સુધી તમારા કહેવા પ્રમાણે ચાલ્યા. પણ હવે અમારાથી તમારા કહ્યા પ્રમાણે સંસારમાં રહેવાશે નહિ. કારણ કે સંસારમાં રહેવાથી ડગલે ને પગલે પાપ કર્મોનું આચરણ કરવું પડે છે. અને અમને તો પાપનો ડર લાગે છે. હવે અમે પાપ કેવી રીતે કરી શકીએ ! હજુ બંને પુત્રો એમના પિતાને શો જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૭૬

આસો સુદ ૫ ને રવિવાર તા. ૪-૧૦-૭૦

અનંતજ્ઞાની ભગવંતે ઢાંડી પીટાવીને જગતના જીવોને સંબોધન કર્યું છે, કે હે ભવ્ય જીવો ! દુનિયામાં બધું જ પાછું મેળવી શકાય છે પણ તમારા જીવનમાંથી જે સોનેરી સમય જઈ રહ્યો છે તેને અબજો રૂપિયા આપતાં પણ તમે પાછો મેળવી શકશો નહિ.

" માનવજીવન મોંઘુ મળ્યું, જે ઘડી ઘડી મળશે નહિ,
શોધ્યા વિના સદ્‌વસ્તુને, સંસાર આ ટળશે નહિ "

મહાન પુણ્યના ઉદયથી મહાન મોંઘેરું એવું માનવજીવન મળ્યું છે. વારે વારે આવો અવસર મળવાનો નથી. માટે અલ્પ માનવ જીંદગાનીમાં સત્ય વસ્તુની પીછાણ કરી લો, જેથી વારંવાર સંસારની જેલમાં જકડાવું પડે નહિ.

દેવભદ્ર અને જશોભદ્રને સત્ તત્વની પીછાણ થઈ ગઇ છે. તેઓ તેમના પિતાને કહે છે હે પિતાજી ! અમે જ્યાં સુધી ધર્મ અને અધર્મને સમજતાં ન હતાં ત્યાં સુધી પાપ કર્મો કર્યા, હવે અમે પાપ કર્મોમાં રાચીશું નહિ. જે ઝવેરીને સાચા અને કલ્ચર મોતીની પીછાણ થઈ જાય છે તે કલ્ચરનો સંગ્રહ કરતો નથી. તેમ કામભોગ આદિ સંસારના સુખો અમારી દૃષ્ટિમાં કલ્ચર છે અને આત્માનાં સુખો જ સાચા છે. માટે સાચાને છોડીને કલ્ચરને કોણ મૂર્ખ ગ્રહણ કરે ?

અનાદિકાળથી આત્મા પુદ્ગલ પરાવર્તન કરી રહ્યો છે. તેનું મૂળ કારણ મિથ્યાત્વ છે. મિથ્યાત્વને વશ થઈ જીવ કર્મો બાંધે છે. અને કર્મ જ પરિભ્રમણનું કારણ છે. તમે સરકારનો કોઈ ગુન્હો કરો તો તમારે જેલમાં જઈને સજા ભોગવવી પડે છે. પણ એ જેલની સજા મર્યાદિત સમયની હોય છે. બહુ બહુ તો જિંદગીની જેલ પડે, છતાં એક જ ભવ પૂરતી જ ને ? પણ કર્મરાજાની સજા કેવી ક્રૂર છે. આત્માને અનંતકાળથી કેદમાં પૂરી રાખ્યો છે. આ જીવ તીર્થંકર ભગવંતના સમોસરણમાં પણ જઈ આવ્યો છે, એમની વાણી સાંભળી છે, અભાગી જીવડો કોરો ને કોરો રહી ગયો છે. મહાનપુરૂષો કહે છે જે ઘડી ગઇ તે ભલે ગઇ, હજુ સમજો તો પણ સારૂં છે. હજુ બાજી બગડી નથી ગઇ. જેટલી જીંદગી બાકી છે તેને તું સુધારીશ તો પણ કલ્યાણ થઇ જશે. અજ્ઞાનમાં અનંતો કાળ ચાલ્યો ગયો પણ જો તમારો વર્તમાનકાળ સુધારશો તો ભવિષ્યકાળ સુધરી જશે. ભવિષ્યકાળ સુધરશે એટલું જ નહિ, ભૂતકાળ પણ સુધરી જશે.

ભૂતકાળમાં કરેલી ભૂલોનો પશ્ચાતાપ કરવાથી જો કર્મનો બંધ પડી ગયો ન હોય, બાલી દળીયાં જ ભેગા કર્યા હોય તો તેને વેરવિખેર કરી શકાય છે. પ્રસન્નચંદ્ર મુનિ ધ્યાન અવસ્થામાં લીન હતા. શ્રેણિક રાજાએ ભગવાનને તે વિષયમાં પૃચ્છા કરી કે પ્રભુ! એ મુનિ અત્યારે કાળ કરે તો ક્યાં જાય ? ભગવાને તે વખતની એની પરિણામધારા જોઈને કહયું કે એ અત્યારે કાળધર્મ પામે તો નરકમાં જાય. કારણ કે તે સમયે તેઓ મનથી યુદ્ધ કરી રહયા હતાં. યુદ્ધ કરતાં કરતાં માથેથી મુગટ લેવા ગયા, ત્યાં તો માથે મુંડન જોઈને મનની પરિણામધારાએ જુદો વળાંક લીધો. અને પશ્ચાતાપ કર્યો. ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પામી ગયાં. દેવદુંદુભી વાગી. ત્યારે રાજા પૂછે છે પ્રભુ આમ કેમ ? ભગવાન શ્રેણિક રાજાને સત્ય વાત સમજાવે છે. કારણ કે આપણે તો બાહ્ય દેખાવને જોનારા છીએ. આંતરિક દેખાવને જોઈ શકતા નથી. ચર્મચક્ષુથી તો ચામડું જ જોવાય. અંતર ન જોવાય. એ માટે જ આપણે પ્રભુને પ્રાર્થના કરવાની છે અને પુરૂષાર્થ ખેડવાનો છે.

હે પ્રભુ ! મારી દૃષ્ટિ સૂક્ષ્મતર અને અન્તર્ભેદી થાઓ. મારી દૃષ્ટિ કેમેરાની જેમ બાહ્ય વાતાવરણને અંકિત કરવામાં જ ન લાગી રહે, પરંતુ મારી દૃષ્ટિ એકસરેની જેમ અન્તર્ભેદી થાઓ. બહાર ન જુએ, અંદર જુએ, તનને નહિ મનની ગતિને જુએ. દેહને નહિ, આત્માને જુએ, જડનું નહિ આત્માનું દર્શન કરે. મારી દૃષ્ટિમાં એવું તેજ પ્રગટાવ કે જેથી સમસ્ત બાહ્ય વાતાવરણને ભેદીને હું અન્તઃસ્થિત આત્મદેવનાં દર્શન કરી શકું.

જે માણસ પોતાના મન ઉપર બ્રેક (લગામ) રાખી શકે છે તેને માટે દુનિયામાં કોઈ ચીજ દુષ્કર રહેતી નથી. મનને જીતનાર મહાવીરે કહ્યું છે કે "परिणामे बंधा परिणामे मोक्खो ॥"

બંધન અને મુક્તિ એ મનની અંદર જ છે. મુક્તિના સાધકે સર્વ પ્રથમ મન ઉપર વિજય પ્રાપ્ત કરવો જોઈએ. જે સાધક ચૌદમા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે તે સર્વ પ્રથમ મનયોગનો નિરોધ કરે છે. મનોયોગનો નિરોધ કરનારથી વચનયોગ અને કાયયોગનો નિરોધ તો સ્હેજે થઈ જાય છે.

બંધુઓ ! આવું ઉત્તમ જીવન પ્રાપ્ત કરીને આપણે માનવતાના દૈવી ગુણો–સત્ય–નીતિ–સદાચાર–સંયમ આદિ ગુણો પ્રગટ કરવાના છે.

" તારા જીવન મંદિરમાં તેં કયી મૂરતી પધરાવી છે !
ભાવ ભરેલા શુદ્ધ જીવનમાં કયી શોભા અપનાવી છે !
જીવન મરણની સુંદર રચના કયી રીતે અજમાવી છે !
અણમોલી વસ્તુની કિંમત કઈ રીતે અરચાવી છે ? "

આ ઉત્તમ જીવન ઉત્તમ વસ્તુઓથી જ શોભે છે. બાહ્ય દેખાવથી માનવ જીવનની કિંમત નથી. ધન–વૈભવનો ગમે તેટલો ઠઠારો હોય પણ જે જીવનમાં ધર્મ નથી તો તેની કંઈ જ કિંમત નથી. મોતી ગમે તેટલું કિંમતી હોય પણ જો એનું પાણી સૂકાઈ ગયું તો મોતીની કંઈ જ કિંમત નથી. દેહ ગમે તેટલો સુંદર હોય પણ તેમાંથી પ્રાણ ઉડી ગયા પછી દેહની કાંઈ જ કિંમત નથી તેમ માનવ જીવનમાં સત્ય–નીતિ–સદાચાર–સંયમ અને શુદ્ધ ભાવનાનું નીર સૂકાઇ ગયું હશે તો તેની પણ કંઈ જ કિંમત નથી. જેમ કોઇ મૂર્ખ માણસ કિંમતી વસ્તુને નજીવી કિંમતમાં વેચી નાંખે છે તેમ આ જીવ મોહમાં મસ્ત બનીને કામભોગમાં અમૂલ્ય જીંદગી ખચી નાંખે છે.

મહાનપુરૂષો કહે છે કે કર્તવ્યનિષ્ઠ બનો. આગમ, વેદપુરાણ આદિ સર્વ ભારતીય શાસ્ત્રોમાં કર્તવ્યપરાયણ બનવાનો ઉપદેશ આપેલો છે. કર્તવ્ય એ જીવનનો સોનેરી પ્રકાશ છે. જીવનનું નવનીત છે. અને જીવનને અમર બનાવનાર રસાયણ છે. કર્તવ્યનિષ્ઠ આત્માઓને. જગતમાં કોઇની પરવા હોતી નથી. એ તો પોતાના કાર્યમાં જ લીન રહે છે. કર્તવ્યના ફળની આશા પણ રાખતા નથી.

એક વખત સતી દ્રૌપદીએ ધર્મરાજાને પ્રશ્ન કર્યો કે હે સ્વામીનાથ ! આપ આટલા ધર્મનિષ્ઠ રહો છો, સદાચારમય જીવન વીતાવો છો, છતાં પણ તમને આટલું બધું કષ્ટ પડે છે, આપ વન વન ભટકો છો ! જ્યારે એકાંત દંભની મૂર્તિ સમો દુર્યોધન પાપની જ પ્રવૃત્તિમાં તલ્લીન રહેવા છતાં પણ સંસારના વિરાટ વૈભવો ભોગવે છે. એટલે મને તો એમ જ લાગે છે કે જીવનમાં સુખ મેળવવું હોય તો છળ–કપટ જ કરવા જોઈએ. ત્યારે ધર્મરાજાએ સ્મિત કરીને કહ્યું કે દ્રૌપદી ! એ તમારી ભૂલ છે. એ તમારો ભ્રમ છે. હું કદી ફળની આશાથી ધર્મક્રિયા કરતો જ નથી. જે માણસ ફળની ઇચ્છાથી ધર્મ કરે છે તે ભૂલાવામાં પડેલો છે. હું તો જે કંઇ કરું છું તે મારી ફરજ સમજીને કરું છું, બીજું કંઇ જ કરતો નથી.

દુર્યોધન જે કંઇ સુખો ભોગવે છે તેમાં એના પૂર્વ પુણ્યની પ્રધાનતા છે. એનામાં પાપની ગૌણતા અને પુણ્યની પ્રધાનતા છે. જ્યારે મારા જીવનમાં પાપની પ્રધાનતા છે અને પુણ્યની ગૌણતા છે. જૈન શાસ્ત્રકારોએ ફળની આશાથી કરવામાં આવતા તપ-જપ-વ્રત-નિયમને જીવનનાં શલ્ય કહ્યાં છે. આપણી કરણી કર્મ નિર્જરાના હેતુથી જ થવી જોઈએ. કર્તવ્ય દૃષ્ટિથી થતી સાધનામાં સોનાના જેવી ચમક આવે છે. મહાન પુરૂષો તપ-સંયમ આદિ ઉગ્ર સાધના કર્મ અપાવવા માટે જ કરતા હતા. સુખ માટે નહિ. તેઓ સામેથી કર્મની ઉદીરણા કરવા જતાં હતાં. તો આપણને કર્મો ઉદયમાં આવે છે તેને સમતાભાવે સહન કરી લેવા શું ખોટા ? જેમને કર્તવ્યનું ભાન નથી, જીવનમાં સદાચાર નથી તેના જીવનની કંઈ જ કિંમત નથી. એ આત્મા ત્રણ કાળમાં પણ સુખી થઈ શકતો નથી. સદાચારી મનુષ્ય જ સુખી છે અને પાપી તો સદાને માટે દુઃખી છે.

કર્તવ્યનિષ્ઠ માનવી એનાં કર્તવ્યો ઉપરથી જ પરખાઇ જાય છે. જેમ કોઈ વસ્તુને પારખવું હોય તો એના તાર ઉપરથી પરખાઈ જાય છે. અને શસ્ત્ર એની ધાર ઉપરથી પરખાઇ જાય છે. તેમ માનવ એના નામ ઉપરથી નહિ પણ કર્તવ્ય ઉપરથી પરખાઈ જાય છે. તમે જૈન કુળમાં જન્મ્યા છો. શ્રાવક નામ ધરાવ્યું છે. ભગવાને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી છે-સાધુ-સાધ્વી, શ્રાવક, શ્રાવિકા ચારે ય મળીને સંઘ બને છે. તમે પણ સંઘનું એક અંગ છો. તમારું પદ કંઇ કમ નથી. હવે તમારે પણ એ જ વિચારવાનું રહે છે કે શ્રાવક કુળમાં જન્મ્યા પછી મારે મારા જીવનમાં કેવાં કર્તવ્યો કરવાં જોઈએ. વ્યવહારથી તમે સંસારમાં રહ્યા છો, પણ નિશ્ચયે તો સંસાર છોડવાનું લક્ષ જ હોવું જોઈએ જ્યાં સુધી સંસાર હેય નહિ લાગે ત્યાં સુધી તમે તમારું કર્તવ્ય બજાવી શકશો નહિ. આજે તો સંઘની મીટીંગ છે, બહારગામથી પણ ઘણાં શ્રાવકો આવ્યાં છે, એટલે વ્યાખ્યાન હા વાગ્યે પૂર્ણ કરવાનું છે.

કર્તવ્ય નિષ્ઠાનો સૂર પુરાવતું એક દૃષ્ટાંત યાદ આવે છે. રાજસ્થાનના ઇતિહાસનો એક સોનેરી પ્રસંગ છે. ચિતોડ ઉપર જ્યારે વનવીર રાજા ચઢી આવ્યો ત્યારે ચિતોડનો રાજા ભયભીત બની ગયો. એ પોતાના પ્રાણ બચાવવા ચિતોડ છોડીને ગુપ્ત રીતે નાસી છૂટે છે ત્યારે પન્ના નામની એક ધાવ માતાને પોતાના પુત્ર ઉદયને સોંપીને તે જાય છે. "પન્ના ! અમે તો ગમે ત્યાં ભાગી જઈશું. કદાચ દુશ્મન અમારી પાછળ પડશે તો અમને પણ મારી નાંખશે. માટે તું આ મારા ઉદયકુમારને સાચવજે." એમ કહીને ચાલ્યો ગયો. બીજી તરફ દુષ્ટ વનવીર નગ્ન તલવાર લઇને મહેલમાં આવે છે. એણે એ વિચાર કર્યો કે રાજા ભલે ભાગી ગયો પણ એને એક પુત્ર છે. એ જો જીવતો હશે તો એ મોટો થતાં રાજ્ય પડાવી લેશે. માટે એનો પહેલાં વધ કરૂં, પછી એના બાપને શોધીને તેના પણ ટુકડે ટુકડા કરી નાંખીશ.

પોતાની ફરજ બજાવતાં પોતાના જ દીકરાનું બલિદાન આપ્યું

પન્ના એ ઉદયકુમારની ધાવમાતા હતી. પણ એની કર્તવ્યનિષ્ઠા કેવી હતી ? એને વનવીરના દુષ્ટ કર્તવ્યની પહેલેથી જ ખબર મળી હતી. પણ એ ગભરાઇ નહિ. દુષ્ટ વનવીરને સિંહ ગર્જના કરીને પડકાર કર્યો. આખરે કઠોર કર્તવ્યની ઘડી આવી પહોંચી. એક બાજુ ઉદયસિંહના રક્ષણનો સવાલ હતો. પન્ના નિમકહલાલ હતી. પૂરી સ્વામી-ભક્તા હતી એટલે એણે પોતાના પુત્રને રાજકુમારનો પહેરવેશ પહેરાવીને સૂવાડયો હતો. અને ઉદયકુમારને પોતાના પુત્રને પહેરાવે તેવા કપડાં પહેરાવીને પાછળના રૂમમાં સૂવાડયો હતો. પન્નાની પાસે આવીને વનવીર પૂછે છે ઉદયસિંહ ક્યાં છે ? પન્ના કહે છેઃ મહારાજા, હું તમને ઉદયકુમાર હમણાં જ બતાવું છું. પણ મને તો આ તમારી ચમકતી તલવાર જોઈને બીક લાગે છે. છતાં પણ બતાવ્યા વિના તો છૂટકો જ નથી એમ કહીને સ્વામી-ભક્તિના કર્તવ્ય પર દૃઢ રહીને પન્નાએ પોતાના પુત્રને રાજકુમારના પહેરવેશમાં સૂવાડયો હતો તે બતાવ્યો. કઠોર હૃદયના વનવીરે તલવારના એક જ પ્રહારથી ફુલથી પણ કોમળ એવા પન્નાના પુત્રને ઉદયસિંહ માનીને પૂરો કરી દીધો.

આવી દુષ્ટ રીતે પોતાના પુત્રનું મૃત્યુ થયેલું જોઈને કઇ માતાને દુઃખ ન થાય ? અંતરમાં તો ખૂબ જ આઘાત લાગ્યો પણ કર્તવ્ય અદા કરવાની બળવાન ભાવના હતી, એટલે મનમાં એ જ વિચાર કર્યો કે જો મારી આંખમાં આંસુ આવશે તો આ દુષ્ટ વનવીર સમજી જશે. એટલે એણે આંખમાં ટીપું પણ આવવા દીધું નહિ. પોતાનો પુત્ર નહિ પણ રાજકુમાર મરાયો છે એવો જ દેખાવ કર્યો. ઉદયસિંહને મારીને વનવીર તો ચાલ્યો ગયો. બીજી તરફ પન્નાએ એ નિર્ણય કર્યો છે કે ઉદય જ્યાં સુધી મોટો ન થાય ત્યાં સુધી મારે એનું બરાબર રક્ષણ કરવું. હવે કદાચ વનવીરને આ વાતની જાણ થાય તો બંને બાજુથી દુઃખી થાઉં. માટે ઉદયને લઈને અહીંથી ભાગી જવામાં જ સાર છે. એમ વિચાર કરી એક મોટા કરંડિયામાં પાંદડા પાથરી વચમાં ઉદયને સૂવાડી ઉપર પાંદડા ઢાંકી કરંડિયો પેક કરી એક વિશ્વાસુ માણસ સાથે નગર બહાર મોકલાવી દીધો. અને પોતે પણ ગુપ્ત રીતે ગામ બહાર ચાલી ગઇ.

પન્ના ઉદયના રક્ષણ ખાતર ભાગી છૂટી

પન્ના ઉદયકુમારને લઈને ઘરઘરમાં ઘૂમે છે. જેને ત્યાં તે આશ્રય માંગવા જાય ત્યાંથી તેને જાકારો મળવા લાગ્યો. કારણ કે વનવીરની ચારે તરફ હાક વાગતી હતી. એનો જુલમ ખૂબ હતો એટલે પન્નાને કોઇએ આશ્રય ન આપ્યો. એટલે તે ઉદયને લઈને વન વન ભટકી, ડુંગરાઓમાં દડમજલ કરી. કાંટા-કાંકરા અને હિંસક પશુઓની પણ એણે પરવા ન કરી. છેવટે અરવલ્લીના દુર્ગમ પહાડો અને ઈડરના કૂટ માર્ગો પસાર કરીને, તે

કુંભલમેરૂ દુર્ગ પહોંચી. આ દુર્ગનો કિલ્લેદાર આશાશાહ નામનો એક જૈન વણિક હતો. એને ત્યાં જઇને પન્નાએ પોતાની બધી આપવીતી સુણાવી અને કહ્યું કે આપ તો જૈન છો. તમારા દિલમાં દયાનો વાસ છે. માટે મારા રાજાના પ્રાણ બચાવો. એટલા માટે જ હું તેમને આપના ખોળામાં મૂકવા આવી છું. આટલા માટે જ મેં આપનું શરણ લીધું છે.

આશાશાહ કહે છે બહેન! તારી વાત સાચી છે પણ વનવીર જાણે તો મારું મોત થઈ જાય માટે હું તને આશ્રય નહિ આપી શકું. આ સમયે આશાશાહની વયોવૃદ્ધ માતા પાસે જ બેઠી હતી. પોતાના પુત્રની કાયરતા અને કર્તવ્યથી પતિત થતો જોઈને માતાને ખૂબ દુઃખ લાગ્યું. પુત્રને ઠપકો આપતાં તે કહેવા લાગી. આશા! ધિક્કાર છે તારા જીવતરને! આના કરતાં તું મારા પેટે પથરો પાક્યો હોત તો સારું હતું. ધોબીઘાટે કપડાં ધોવા તો કામ આવત! હું વાંઝણી રહી હોત તો શું ખોટું? એક શરણાગતને તું આશ્રય નથી આપી શકતો? આશાભેર તારા શરણે આવેલી બાઈને જાકારો આપતાં તને શરમ નથી આવતી? નિરપરાધીઓને અત્યાચારીઓના ત્રાસથી બચાવવાની તારામાં શક્તિ છે, છતાં પણ પ્રાણના મોહમાં પડીને કર્તવ્યધર્મથી તું કેમ ડગી રહ્યો છે? જે માનવી કોઈના દુઃખમાં સહાયક નથી બનતો તેનું જીવન વ્યર્થ છે. દીકરા! મને તો તારા પર એવો ગુસ્સો આવે છે કે જો આટલામાં તલવાર પડી હોત તો હાથમાં લઈને તારી ડોક ઉડાવી દેત.

માતાના કઠોર શબ્દો સાંભળી આશાશાહનું હૃદય પીગળી ગયું અને તે માતાના ચરણમાં પડી ગયો. માતાના શૂરાતન ભરેલા વચનો સાંભળી આશાશાહમાં હિંમત આવી ગઈ. એટલે બોલ્યો–હે માતા! આવી વીરમાતાનો પુત્ર થઈને હું આવો કાયર કેમ બની શકું? મા, તું બેઠી છું ને હું પ્રાણના તુચ્છ મોહમાં પડી જઈને કર્તવ્યની અવહેલના હવે નહિ કરું. માતા! હવે મારો ભ્રમ ભાંગી ગયો. તેં મને કર્તવ્યપાલનનું સાચું ભાન કરાવ્યું. પુત્રના શબ્દો સાંભળી માતાની છાતી ગજગજ ફુલવા લાગી. માતાનું હૃદય વત્સલતાથી ઉભરાવા લાગ્યું અને પોતાના પુત્રના માથે વહાલભર્યા હાથ ફેરવવા લાગી. વીર આશાશાહે ઉદયસિંહને પોતાનો ભત્રીજો કરીને સ્થાપ્યો.

ઉદયસિંહ મોટો થતાં બીજા સામંતોનો સાથ લઈને વનવીરને હરાવી ચિતોડનું રાજ્ય પાછું મેળવ્યું. પન્નાના મનોરથ પૂરા થયા. ઉદયસિંહ ચિતોડની ગાદી ઉપર બેઠો ત્યારે પન્નાના ચરણમાં પડીને કહે છે પન્ના! તું જ મારી સાચી માતા છે. તારો મારા ઉપર અનહદ ઉપકાર છે. તારા ઉપકારનો બદલો હું કઈ રીતે વાળી શકીશ? મારી ખાતર તેં તારા એકના એક લાલનો ભોગ આપ્યો છે. હવે હું આજથી તારો સાચો પુત્ર છું. તારી ચરણરજ મસ્તકે ચઢાવ્યા વિના હું આ સિંહાસન પર નહિ બેસું.

બંધુઓ! પન્ના ધાવમાતા હોવા છતાં પણ એના જીવનમાં કેટલી કર્તવ્યનિષ્ઠા

હતી. પોતાની પરવા ન કરી પણ ઉદયનો વાળ વાંકો ન થાય તે માટે એણે કેટલી કાળજી રાખી. આશાશાહે પણ એને સહકાર આપી પોતાનું કર્તવ્ય બરાબર બજાવ્યું. કર્તવ્યનિષ્ઠ વ્યક્તિઓ કષ્ટના કાંટાથી ડરી જઈને પણ પોતાનો માર્ગ છોડતી નથી. પોતાની પ્રસન્નતા છોડતી નથી. અને તે કર્તવ્યને કોઈ લોભ-સ્વાર્થ કે પ્રલોભનના બદલામાં વેચતી પણ નથી. તમને એમ થશે કે આ તો ઘણાં જુના વખતની વાત છે. પણ હમણાં થોડા વખત પહેલાં બનેલી એક વાત કહું.

એક ડોકટર ખૂબ હોંશિયાર હતો. એની પાસે સેંકડો દર્દીઓ આવતાં હતાં. ડોકટરને જશ પણ સારો મળતો હતો. અને પોતે સેવા પણ ખૂબ કરતો હતો. દરેક દર્દીઓને ખૂબ ધ્યાનથી તપાસતો હતો, અને તે પ્રમાણે ઉપચાર પણ કરતો. દર્દી સાજા થઈને ડોકટરનો ખૂબ ઉપકાર માનતા. એક દિવસ એવું બન્યું કે ડોકટર પાસે એક પછી એક દર્દીઓ આવતાં ગયા. એ દિવસે ડોકટરને જમવાનો પણ ટાઈમ ન મળ્યો. સાંજે થાકયો પાકયો ઘેર આવીને ખુરશીમાં બેઠો છે. એની પત્ની ગરમ ગરમ ચા બનાવી રહી છે. એવામાં એક માણસ દોડતો આવીને કહે છે ડોકટર સાહેબ! મારો એકનો એક દીકરો મેડા ઉપરથી પડી ગયો છે, એને માથામાં ખીલો વાગ્યો છે. લોહી હાલ્યું જાય છે, આપ જલ્દી પધારો. ત્યારે ડોકટર કહે છે ભાઈ! થોડીવાર બેસ. આ ચા થાય એટલે પી લઉં અને હું ખૂબ થાકી ગયો છું એટલે પા કલાક આરામ કરીને પછી આવું છું.

ડોકટરના શબ્દો સાંભળી એની પત્ની સુશીલા કહે છેઃ અહો સ્વામીનાથ! અત્યારે તમને ચા પીવાનો કે આરામ કરવાનો અધિકાર નથી. એનો છોકરો બેભાન થઈને પડયો હોય ત્યાં વાર કરાય જ નહિ. આ જગ્યાએ તમારો દીકરો પડી ગયો હોત, એના માથામાં ઘા પડયો હોત તો શું તમે ચા પીવા રોકાત ખરા? અત્યારે તો તમારે તરત જ જવું જોઈએ. અને દર્દીને દર્દમાં કેમ રાહત થાય એવા ઇલાજો કરવા એ તમારું કર્તવ્ય છે. પત્નીના શબ્દો સાંભળી ડોકટરને પોતાના કર્તવ્યનું ભાન થયું. ચા પીવાનું છોડીને છોકરાને જોવા માટે એના બાપની સાથે ગયો અને પોતાના કર્તવ્યનું પાલન કર્યું.

બંધુઓ! હવે તમે તમારા કર્તવ્યમાં કેટલા પરાયણ છો એ જ જોવાનું રહ્યું. માનવજન્મ પામીને દરેક મનુષ્યે કર્તવ્યનું પાલન કરવાનું છે. સંસારમાં રહીને સંસાર અને સંયમ બંને સાઇડો તપાસવાની છે. તમારા ચોપડામાં જમા અને ઉધાર બંને ખાતા પાડો છો. તેમાં આગળ જમાનું ખાતું અને પાછળ ઉધારનું ખાતું એવું નથી હોતું. પણ જમા અને ઉધાર સામે સામે રાખો છો. તેમ તમે પણ તમારા જીવનમાં કેટલા ગુણો અપનાવ્યા છે, કેટલાં શુભ કાર્યો કર્યા છે અને કેટલા અશુભ કાર્યો કર્યા છે, એનો ચોપડો કદી તપાસ્યો છે? તમારા વહેપારના સવાહાથના ચોપડા રાખ્યાં છે, પણ આત્માને માટે એક નાનકડી ડાયરી પણ નથી રાખી. દર વર્ષે નવા ચોપડા લખો છો

પણ જૂના ચોપડા તો સાચવીને રાખો છો. તમારી પાસે વીશ વર્ષના જૂના ચોપડા માંગે તો પણ સાચવીને રાખો છો. તમે માનો છો કે એ તો અમારું સોનું છે. તમને જેટલી ચોપડા સાચવવાની કાળજી છે એટલી આત્માને સાચવવાની કાળજી નથી

જો તમારામાં કર્તવ્ય નિષ્ઠા હોત તો જીવનમાં જુદી જ ચમક હોત. ગરીબીમાં પણ અમીરી જોઇએ. દુઃખમાં પણ સહનશીલતા હોવી જોઇએ. પન્નાએ પોતે કેટલાં કષ્ટો વેઠીને ઉદયની રક્ષા કરી. એજ ઉદય રાજા બનતાં પન્નાના હર્ષનો પાર ન રહ્યો. તેમ તમારા જીવનનો ઉદય પ્રગટાવવો હોય તો આવી દૃઢતા કેળવો. ભરદરિયામાં દેવે વહાણ ડોલાવ્યાં, છતાં પણ મોઢામાંથી એમ ન કહ્યું કે મારો ધર્મ ખોટો છે. આ હતો સાચો શ્રાવક. મરણ આવે તો પણ શું ? મારા ધર્મ કરતાં શું જીવન વિશેષ છે ? ધર્મ એ જ મારો પ્રાણ છે. મારા જીવતર ખાતર ધર્મને વેચવો એ મારું કર્તવ્ય નથી. એના જીવનમાં શ્રદ્ધાનો દીપક જલતો હતો. તમે પણ તમારા જીવનમાં કર્તવ્યનો દીપક પ્રગટાવજો. સત્ય-નીતિ અને સદાચારની સૌરભથી જીવનને મહેંકાવજો. તો જ માનવ-જીવનની સાર્થકતા છે. સમય થઈ ગયો છે. વિશેષ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૭૭

આસો સુદ ૬ ને સોમવાર, તા. ૫-૧૦-૭૦

અનંતજ્ઞાની, ચરમતીર્થંકર ભગવંત મહાવીર સ્વામીએ કહ્યું છે કે તત્વને સમજવા માટે આ સોનેરી સમય છે. ખેડૂત વર્ષાકાળ આવતાં પહેલાં શું કરે છે ? એ જમીનને ખેડીને કાંકરા આદિ સાફ કરીને વરસાદની રાહ જુએ છે. વરસાદ આવે કે તરત જ બીજ વાવી દે છે. વરસાદ આવતાં પહેલાં આકાશમાં વાદળાં થાય છે. મોર ટહૂકાર કરે છે, ગાજવીજ થાય છે અને પછી વરસાદ તૂટી પડે છે. આ જોઇને ખેડૂતનું હૈયું હર્ષથી નાચી ઉઠે છે. અને નાના બાળકો પણ વરસાદ જોઇને હર્ષથી નાચે છે, કૂદે છે, પણ બંનેના આનંદમાં ફેર હોય છે. બાળક તો માત્ર વરસાદ પડવાથી જ આનંદ પામે છે. જ્યારે ખેડૂત તો વાવ્યા પછી એમ જોશે કે બીજમાંથી અંકુરા ફૂટયા, અંકુરામાંથી છોડવા થયાં, ફૂલ અને ફળ આવ્યાં અને છેવટે અનાજના ગાડા ભરાય તો જ એને આનંદ આવે છે. એકલા વરસાદથી ખેડૂતને આનંદ આવતો નથી. તે જ રીતે જીવનમાં

પણ બીજ રૂપે ગુણો રહેલાં છે. તેના ઉપર ધર્મારાધના રૂપી વરસાદ વરસાવવાનો છે. પછી જોવાનું એ છે કે ગુણોરૂપી અંકુરા ફૂટયા ? ગુણોનું પ્રગટીકરણ થયું ? ઘણી વખત જીવનો આનંદ પણ નાના બાળક જેવો હોય છે. કોઈ પણ મહેલ બનાવવો હોય તો તેનો પાયો મજબૂત જોઈએ. તો જ તે મહેલ ગમે તેવા ઝંઝાવાતોમાં પણ ટકી શકે છે. તેમ તમારા જીવનમાં ધર્મરૂપી મહેલ ચણવો હશે તો સદ્‌ગુણોના પાયા મજબૂત અને ઉંડા નાખવા પડશે. ધર્મરૂપી બીજનું વાવેતર કરવા માટે અનુકૂળ ગતિ હોય તો તે મનુષ્ય ગતિ છે. દેવગતિમાં પુણ્યનો ઘોધ જબ્બર છે પણ તેમાં ચારિત્રના બીજ વાવી શકાતાં નથી. તિર્યંચ અને નારકીમાં તો ઓબ્બર ભૂમિ છે એટલે ત્યાં પણ સંયમની સાધના થઈ શકતી નથી. અને મનુષ્યની ભૂમિ કાળી માટી જેવી છે. તેમાં થોડું વાવો તો પણ અનેક ગણું ઉગી નીકળે છે. માટે તમે પ્રમાદ ત્યાગીને મનુષ્ય જન્મ સફળ કરી લો. સંયમની સુંદર સાધના મનુષ્ય જન્મમાં જ થઈ શકે છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે "જાગૃતિ એટલું જીવન અને પ્રમાદ તેટલું પતન." જાગૃતિ પૂર્વક જીવન જીવશો તો જ મૃત્યુ સુધરશે. અને મૃત્યુ ત્યારે જ સાર્થક થાય કે જ્યારે તમારો પરલોક સુધરે. એટલે મનુષ્યને જો જીવન જીવતાં આવડે તો જ તે મૃત્યુંજય બની શકે છે. મૃત્યુ દરેકને માટે અનિવાર્ય છે. પણ જ્ઞાની હસતાં હસતાં મૃત્યુને ભેટે છે જ્યારે અજ્ઞાની મમત્વને કારણે મૃત્યુ સમયે રડે છે. માટે જીવનને સફળ બનાવવું હોય તો ધર્મને જીવનમાં ઉતારો.

ભૃગુ પુરોહિતના બે પુત્રો દેવભદ્ર અને જશોભદ્ર જાગૃત થઈ ગયાં છે. તેમણે પિતાને કહી દીધું કે અમે જ્યાં સુધી ધર્મ-કર્મને સમજતા ન હતાં ત્યાં સુધી પાપ-કર્મોનું આચરણ કર્યું, પણ હવે અમે સમજણના ઘરમાં આવ્યા છીએ. હવે અમે વિષય સુખોના પ્રલોભનમાં પડીએ તેમ નથી. હજુ પણ તેઓ શું કહે છે:—

अब्भाहयम्मि लोगम्मि, सव्वओ परिवारिए ।
अमोहाहिं पडन्तीहिं, गिहंसि न रइं लभे ॥ उ. अ. १४-२१

હે પિતાજી! અમોઘ શસ્ત્રધારાઓ પડવાથી સર્વ દિશાઓમાં પીડિત બનેલા આ લોકમાં હવે અમને આ ઘરમાં આનંદ આવતો નથી.

બાલુડાઓ શું કહે છે-પિતાજી! અમને હવે ઘરમાં આનંદ આવતો નથી તમારી અડધી જિંદગી ચાલી ગઈ. ઘડપણે ઘેરો ઘાલ્યો, તો પણ ઘરનો મોહ ઘટવાને બદલે વધતો જ જાય છે. પણ દેવાનુપ્રિયો! સમજો. આ લોક ચારે બાજુઓથી દુઃખમાં ઘેરાયેલો છે. એના ઉપર તીક્ષ્ણધારવાળા શસ્ત્રોની અમોઘ ધારાઓ વરસી રહી છે. એવા સંસારમાં આનંદ કેમ આવે છે ? બે બાળકો કહે છે પિતાજી! આપ વિચાર કરો કે જેમ એક મૃગ હોય એને કોઈ પણ રીતે દોરડાથી બાંધી લીધો છે. હવે એ મૃગને ચારે તરફથી

શિકારીઓ માર મારતા હોય. હવે એ મૃગ છૂટવા માટે ફાંફા મારે છે પણ મજબૂત બંધને બાંધી દીધો છે એટલે કેવી રીતે છૂટી શકે ? મારનો ખૂબ ત્રાસ છૂટયો છે. તીવ્ર વેદનાનો અનુભવ કરતાં એ મૃગને આનંદનું નામ નિશાન કયાંથી હોય ? એવી રીતે જે મનુષ્ય વિષય પાશથી બંધાઈ ગયો હોય અને રાગ-દ્વેષ મોહ આદિ મલ્લોના પ્રહાર પડતાં હોય એ સ્થિતિમાં તેને ઘરમાં આનંદ કેવી રીતે આવે ?

તમે કહો કે ન કહો પણ સંસારમાં વિંધાઈ રહ્યાં છો. દુઃખથી ઘેરાઈ ગયેલા છો. પણ મોહ માયાના એવા ઝેર ચડી ગયાં છે કે એ દુઃખ તમને દુઃખરૂપે લાગતું નથી. જેને ઝેરી નાગ કરડયો હોય, ઝેર ખૂબ વ્યાપી ગયું હોય એવા માણસને કડવો લીંબડો ચવડાવવામાં આવે અને પૂછવામાં આવે કે ભાઇ ! લીંબડો કેવો લાગે છે ? તો કહેશે કે મને તો મીઠો લાગે છે. ઝેરના પ્રભાવથી કડવો લીંબડો મીઠો લાગે છે તેમ અજ્ઞાની વિષયાસકત આત્માઓને મિથ્યાત્વ મોહના કારણે વિષ જેવા વિષયસુખો મીઠાં લાગે છે. તમે પણ કયારેક તો સંસારના દુઃખથી કંટાળી જાવ છો. ઘરમાં બેઠા હો ત્યારે તમારા શ્રીમતીજી કહે કે મારે આવી સાડી જોઈએ છે, આવા દાગીના જોઈએ છે ઘરેથી ઉઠીને દુકાને ગયા તો ખબર પડી કે વહેપારમાં મંદી આવી છે. આટલી ખોટ ગઈ છે ત્યાં તમારું માથું ભમી જાય છે. ત્યાંથી ઉઠીને ફરવા ગયા તો ત્યાં લેણીયાતો મળ્યા ને પૈસાની માંગણી કરવા લાગ્યા. બોલો, હવે તમને કયાંય શાંતિ છે ખરી ? છતાં પણ તમને કેમ આનંદ આવે છે ?

ઉગતી ઉંમરમાં આ બંને બાળકો કહે છે હે પિતાજી ! આવા દુઃખમય સંસારમાં અમને બિલકુલ આનંદ આવતો નથી.

સમજણપૂર્વક જેઓ સંસારનો ત્યાગ કરે છે તેને ત્યાગમાર્ગમાં અલૌકિક આનંદ આવે છે. જે લોકોએ ખમીરથી ત્યાગ કર્યો તેઓ અમીર બન્યા. માત્ર વેશપરિવર્તન રૂપ ત્યાગ લાંબો સમય ટકી શકતો નથી. છ મહિને રંગ ઉતરી જાય છે. ત્યાગનો રંગ કયારે ટકે ? અંદરથી આવે ત્યારે. હળદરમાં રંગેલા કપડાં ન ભીંજવો ત્યાં સુધી અને તડકે ન મૂકો ત્યાં સુધી જ રંગ રહે, પણ એને જેવું તડકે મૂકવામાં આવે તેવો જ એનો રંગ ઉડી જાય છે. ઘરમાં કજિયા હોય, અનુકૂળતા ન હોય અને પ્રતિકૂળતાને લઈને ઘરમાંથી કંટાળીને દીક્ષા લઈને નીકળી ગયા હોય એને હળદરીયા રંગ જેવો વૈરાગ્ય કહેવાય. મનમાં વૈરાગ્ય નથી આવ્યો પણ જીવનમાં મુશીબત આવી છે.

ત્યાગ વૈરાગ્યમાંથી જ આવે છે. વૈરાગ્ય કયારે આવે ? જ્ઞાનથી પુદ્ગલની અસારતા સમજાય, પુદ્ગલને મેળવવા ખાતર જ આ બધી વિટંબનાઓ સહન કરવી પડે છે. હવે એ સહન કરવાનું ઓછું કેમ થાય એ વિચારણા જાગે તો વૈરાગ્ય આવે. પુદ્ગલના

સંગના પરિણામે બધી અવદશાઓ ઉભી થાય છે. અંદરનું સ્વામીત્વ દબાઈ જાય છે અને દાસપણું ઉપર આવે છે. કર્મબંધન વસ્તુમાં નથી પણ આસક્તિમાં છે. વર્ષોની સાધના પછી, વર્ષોના ચારિત્ર પછી અને વર્ષોના અભ્યાસ પછી એ તટસ્થતા આવે છે. અનુકૂળ સંયોગો હોય કે પ્રતિકૂળ સંયોગો હોય, પણ દરેક પ્રસંગે ચિત્તમાં સમતા રાખવી એ કંઈ વાતો કરવાથી ન બને. શઠ પ્રત્યે શઠતા કરવી એ સંસારીનું કામ છે. અને શઠ પ્રત્યે પણ સૌજન્યતા રાખવી એ સાધુતાનું કામ છે. આ સમતા એટલે સાધુતા.

અજ્ઞાનતાને લીધે આત્મા અમર હોવા છતાં વારંવાર મોતના વિચાર કરે છે. મૃત્યુ એ દેહ માટે એક હકીકત છે. દેહ મરવાનો છે, હું મરવાનો નથી. હું તો કયાંક બીજે રહેવાનો છું. આનંદઘનજી મહારાજે ગાયું છે કે :–

" દેહ વિનાશી હમ અવિનાશી, અપની ગતિ પકડેંગે । "

આ શરીર વિનાશી છે. એ તો અહીં જ પડી રહેવાનું છે. સગાવહાલાં એને ઉંચકીને સ્મશાને લઈ જવાના છે અને ચિતામાં ગોઠવીને બાળી મૂકવાના છે. પણ હું અવિનાશી છું. હું મરવાનો નથી. આત્મા અવિનાશી છે એવું જીવને ભાન થાય, જ્ઞાન થાય તો ચોવીસે કલાક આ જીવ શરીરની મમતામાં, ધનની ચિંતામાં, પ્રતિષ્ઠાના મોહમાં અને મારાપણાના અજ્ઞાનમાં મૂંઝાઈને જે સહન કરી રહ્યો છે એ સહન કરવામાંથી તે મુક્ત થઇ જાય છે.

દક્ષિણ અમેરિકામાં ચીલી નામનો એક પ્રદેશ છે. એમાં ઘણીવાર ધરતીકંપ થાય છે. ત્યાં ઘણા ધરતીકંપ થતા હોવાથી ત્યાંના લોકોએ નક્કી કર્યું કે આપણે ઉંચા મકાનો બાંધવા નહિ. મકાનો મોટા બાંધીશું તો એ જ આપણા મૃત્યુનું કારણ બનશે. એટલે ચીલી દેશના માણસો મકાનના પાયા ઊંડા ઓછા નાંખે અને મકાન ઉંચા પણ ન બાંધે, કે જેના ભારથી માણસો દબાઈને મરી જાય. એ સમજે છે કે ગમે તે સમયે ધરતીકંપ થાય, ગમે તે ઘડીએ આંચકો આવે અને આપણે બહાર નીકળવું પડે તો પણ વાંધો નહિ. બધું સલામત કરીને જ તેઓ રહે છે. આત્માના અમરત્વનો અપરોક્ષ જેને અનુભવ થાય છે તે સંસારમાં રાગ–દ્વેષના પાયા ઊંડા ન નાંખે. એ તો ચીલી પ્રદેશમાં વસતા માણસોની જેમ આ દેહમાં અપ્રમત્તપણે વસે છે.

બંધુઓ ! તમે જાણો છો ને કે સંસારમાં દરેક વસ્તુઓ કેટલી ચંચળ છે ! ચીલીમાં તો અમુક ટાઈમે ધરતીકંપ થાય પણ આ જીવનમાં તો કઈ ઘડીએ ધરતીકંપ થશે તેની પોતાને ખબર નથી. પેપરોમાં વાંચો છો ને કે સાંજે સૂતેલો માણસ સવારે ઉઠયો જ નહિ. આપણે સાંભળીએ છીએ કે અમુક ઠેકાણે ગયેલો માણસ ત્યાંથી પાછો આવ્યો જ નહિ. એટલે આ સંસાર ચીલી પ્રદેશ જેવો છે. એને એમાં સતત ભય રહેલો છે. કઈ ઘડીએ શું બનશે એ કહી શકાય નહિ.

આત્મા રૂપી રહેવાસીએ શું કરવું જોઈએ ? ચીલી પ્રદેશના માણસો બે કામ કરે છે. પાયો ઊંડો નહિ અને દિવાલ તોતીંગ નહિ. તેમ આ સંસારમાં બંધુઓ ! રાગ-દ્વેષના પાયા ઉંડા નાંખવા નહિ અને મોહની દિવાલો ઊંચી ચણવી નહિ. આ બે વસ્તુઓ ખૂબ સાવધાનીપૂર્વક કરવાની છે. આજે તો જ્યાં ને ત્યાં પાયા ખૂબ ઊંડા નંખાય છે. જ્યાં ને ત્યાં મારા ને તારાના તોફાન છે. રાગ અને દ્વેષની રામાયણ વંચાય છે. પહેલાં તો જર, જમીન અને જોરૂ માટે ઝઘડા થતાં હતાં, પણ આજે તો પંથને માટે, સંપ્રદાયને માટે, ભાષાને માટે જ્યાં જુઓ ત્યાં ઝઘડા સળગી ઉઠયાં છે. જે તરવાનું સાધન છે, જેનાથી આત્મકલ્યાણ કરવાનું છે, રાગ-દ્વેષ ઓછા કરવાના છે એના નામે જે અજ્ઞાનીઓ ઝઘડા કરે છે તે અમૃતને ઝેર બનાવવા ઉઠયા છે.

મહાનુભાવો ! આટલું સાંભળ્યા પછી, સમજ્યા પછી તમને લાગે છે ને કે આ સંસારમાં મારે ડગલે ને પગલે સાવધાન રહેવાની જરૂર છે. "સાવધાની તેટલી સલામતી-ગફલત તેટલી ગલત" સંસારનું કોઈ પણ કાર્ય કરતાં કોઈની સાથે તીવ્ર મન દુઃખ ન થાય, કદાચ ઘડીભર કોઈની સાથે મનદુઃખ થઈ ગયું તો સાંજ પડે એની પાસે ક્ષમાપના માંગી ચોપડા ચોખ્ખા બનાવી લેવાં, કારણ કે આવતી કાલનું પ્રભાત જોવાનો વખત આવશે કે નહિ તેની આત્માને ખબર નથી. આવી જ્ઞાન દશા આવે તો આ કાયા, ધન, વિગેરે જે સંસારના ઉંડા પાયા નાંખવાનું કારણ બને છે તે આત્મ સાધનાનું કારણ બની જાય છે. જગતમાં જેટલા દિવસો રહેવું, જેટલા મહિનાઓ અને જેટલાં વર્ષો રહેવું તેમાં અજાણતાં પણ આપણા પાપનો પાયો ન નંખાય તે માટે જાગૃત રહેવું. ભૂલથી પણ જો પાપનો પાયો નંખાઈ ગયો તો સમજી લેજો કે તમારે જ સહન કરવાનું છે. તોતિંગ દિવાલનું નુકશાન કોઈને થવાનું નથી. તમને જ થશે. ધરતીકંપ થાય છે ત્યારે તોતિંગ દિવાલ બાંધનારને જ રોવું પડે છે. જેમ માણસ ખૂબ લોભ કરે, અહંકાર કરે, દુનિયાની ખૂબ ઉપાધિઓ ઉભી કરે તો કરનારને જ ઉપાધિઓ નીચે દટાઈ જવું પડે છે. જે માણસ આખી જિંદગી સુધી ધનને માટે જ ધમાલ કરતો રહે છે, આસક્તિમાં ગળા સુધી ખૂંચી જાય છે તેની દશા બગડી જાય છે. જ્યારે મૃત્યુ આવીને હાથ પકડે છે ત્યારે રાંકની જેમ હાય હાય કરતો મરે છે. મૃત્યુ સમયે જીવનપર્યંત કરેલાં મોહ-માયાનું નાટક એની નજર સમક્ષ ખડું થાય છે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક ગામમાં એક ધનાઢ્ય માણસ રહેતો હતો. તેણે તેની આખી જિંદગી ધન લેગું કરવામાં વીતાવી હતી. પરંતુ તેનો સદુપયોગ ન કર્યો. તેની રગેરગમાં કૃપણતા વ્યાપી ગઈ હતી. તે વ્યાજવટાવ અને ગીરોનો ધંધો કરતો હતો. એક વખત આ માણસ બિમાર પડયો. તેને પાંચ પુત્રો હતાં. તેઓ બાપુજીની ખડે પગે સેવા કરવા લાગ્યા. પુત્રોએ વિચાર કર્યો કે હવે બાપુજીનો અંતઃકાળ નજીક આવ્યો છે એટલે તેમનું ચિત્ત ધર્મધ્યાનમાં જોડાય તેમ કરવું, જેથી તેમનું મૃત્યુ સુધરી જાય. પણ જેણે આખી

જિંદગીમાં ધર્મધ્યાન કર્યું ન હોય, ભગવાનનું નામ ન લીધું હોય, તેનું ચિત્ત હવે ધર્મમાં કે પ્રભુમાં કયાંથી ચોંટે? શેઠની પણ એવી હાલત હતી. દીકરાઓએ કહ્યું– બાપુજી! હવે ધર્મધ્યાનમાં ચિત્ત જોડો! પરંતુ બાપુજી તો જીવનભર માયાના કીડા જ બન્યાં હતાં. ધર્મમાં તેમણે કદી ચિત્ત જોડયું ન હતું. એટલે તેઓ તરત જ બોલી ઉઠયા. બેટા! પેલા ઘરમાં રહેતા જાટ પાસે બસો રૂપિયા લેણાં છે, જોજે ભૂલી ન જતો.

બીજા દીકરાને થયું કે બાપુજીને ઈશ્વરનું સ્મરણ કરાવું, એટલે તેણે કહ્યું: બાપુજી! હવે ઈશ્વરનું નામ લો. પણ શેઠ ઈશ્વરનું નામ કયાંથી લે? ઈશ્વર અને માયાને તો વેર હોય છે. ઈશ્વર અને માયાને ઉભા રહ્યે પણ બનતું નથી. એટલે તે કહેવા લાગ્યો–અરે દીકરા! પેલા ઈશ્વરપ્રસાદ પર દાવો કરવાનો છે. એણે મૂડી કે વ્યાજ કશું જ આપ્યું નથી. તેં મને યાદ કરાવી આપ્યું તે ઠીક થયું.

એટલામાં ત્રીજો દીકરો આવ્યો. અને તેણે કહ્યું–બાપુજી! હવે તમે બે ઘડીના મહેમાન છો. માટે રામ રામ કરો. રામ–રામ શબ્દ કાને પડતાં શેઠને કોઈ પુરાણી સ્મૃતિ તાજી થઈ હોય તેમ બોલી ઉઠયા. અરે બેટા! પેલા રામા હજામનું ખાતું જરા જોઇ લેજે. એણે આપણને પૂરા રૂપિયા આપ્યા છે કે નહિ?

ચોથો દીકરો કહે છે બાપુજી! કૃષ્ણનું સ્મરણ કરો. ત્યારે શેઠ તરત જ બોલી ઉઠયા. બેટા! તેં યાદ કરાવ્યું તે સારું થયું. પેલો કીસનો માળી છે ને, એની પાસેથી આપણી લેણી રકમના બદલામાં દશ મણ અનાજ લેવાનું છે તે ભૂલતો નહિ.

પછી તો બધાય દીકરાઓ એકી સાથે બોલી ઉઠયાં કે બાપુજી! આ બધું જ ભુલીને હવે ભગવાનનું નામ લો. પરંતુ શેઠની બુદ્ધિ ઉપર માયાનો ગાઢ પડદો પડેલો હતો. એટલે એને ભગવાનનું નામ યાદ કરતાંની સાથે ભગવાનજી બ્રાહ્મણ પાસે પાંચ સો રૂપિયા માંગતા હતાં તે યાદ આવ્યા. અને કહે છે બેટા! તે તમે યાદ કરીને લઈ આવજો. આ રીતે શેઠના મનમાં મરતાં સુધી લેણદેણના વિચારો જ ચાલુ રહયા. પણ તેનું ચિત્ત ઈશ્વરમાં ન લાગ્યું તે ન જ લાગ્યું.

આ દૃષ્ટાંત સાંભળીને તમને શેઠ ઉપર હસવું આવે છે. પણ બંધુઓ! આમાં કંઈ હસવા જેવું નથી. મરણ સમયે જેવું શેઠનું જીવન બની ગયું હતું તેવું જ દયાજનક જીવન આ દુનિયામાં હજારો વ્યક્તિઓનું બની ગયું છે. તમારું જીવન પણ અંતિમ સમયે આવું દયાજનક ન બને, બીજાને હસવું આવે તેવું ન બની જાય તેનું ધ્યાન રાખજો. અત્યારથી જ મૃત્યુ સુધારવાનો પ્રયત્ન કરતાં રહેજો. બે પુત્રો કહે છે હે પિતાજી! આ મોહ માયાથી ભરેલા સંસારમાં અમને ગમતું નથી. તમારા ઘરમાં અમને આનંદ આવતો નથી. હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૭૮

આસો સુદ ૭ ને મંગળવાર તા. ૬-૧૦-૭૦

ભૃગુ પુરોહિતના બે પુત્રો ચારિત્ર અંગીકાર કરવા માટે ઉત્સુક બન્યાં છે. એટલે તેઓ તેમના પિતાને કહે છે હે પિતાજી ! ચારે તરફથી અમોઘ શસ્ત્રધારાઓનો વરસાદ વરસે છે. અને આધિ-વ્યાધિ અને ઉપાધિઓથી વિંધાઈ જવાય છે. એવા ઘરમાં હવે અમને આનંદ આવતો નથી.

માનવ જીવનની સાર્થકતા ચારિત્રમાં છે. સંસારનાં સુખો તો અનંતકાળથી ભોગવતા જ આવ્યા છીએ. એમાં કંઈ જ નવીનતા આવી નથી. બંધુઓ ! જેને આધ્યાત્મિક ક્ષેત્રમાં વિકાસ સાધવાનું મન થાય છે તેને જ ચારિત્રની મહત્તા સમજાય છે. એ જ મનુષ્યો ચારિત્રનું મૂલ્ય સમજે છે. જેમને આગળ વધવાની ભાવના નથી તેમને ચારિત્રનું મહાત્મ્ય સમજાતું નથી. જેમને જીવનમાં ઉચ્ચ વસ્તુની સિદ્ધિ પ્રાપ્ત કરવી નથી એને ચારિત્રની વાતો કયાંથી ગમે ! ચારિત્ર એ લાકડા ચીરવાનું કામ નથી પણ લાકડામાંથી ઉત્તમ પ્રકારની મૂર્તિ ઘડવાનું કામ છે. અણઘડ કારીગર એ કામ કરી શકતો નથી. જેને પોતાના જીવનને લાકડાના ફાડચા જેવું બનાવવું છે તે ચારિત્ર તરફ નજર ન કરે, પણ જેને પોતાનું જીવન મનોહર મૂર્તિ સમાન બનાવવું છે તેને ચારિત્ર તરફ લક્ષ્ય આપવું જ પડશે. કારણ કે ચારિત્ર એ એવી ચીજ છે કે તે ઈચ્છા કરતાં પણ અધિક ઉત્તમ જીવન બનાવે છે.

'ચારિત્ર એ મનુષ્ય જીવનમાં રહેલા કચરાને સાફ કરી તેજસ્વી બનાવે છે. મનુષ્ય-જીવનમાં રહેલી પ્રચંડ શક્તિઓને ચારિત્ર જગાડી શકે છે. ચારિત્રવાન મનુષ્ય પોતાના શરીર અને મન ઉપર પોતાની સત્તા જમાવી તેમાંથી લાભ મેળવે છે. માટે જેમને ઉત્તમ બનવાની ઇચ્છા હોય તેમણે ચારિત્રની સિદ્ધિ તો અવશ્ય કરવી જ પડશે. ચારિત્રની શક્તિ એ એકડા સહિત મીંડા જેવી છે. જે જીવનનાં મૂલ્યને વધાર્યા જ કરે છે. સત્ ચારિત્ર માટે મનુષ્યે પોતાના જીવનની દરેક શક્તિઓને કસવી પડે છે અને તેથી જ મનુષ્યની શક્તિઓનો વિકાસ થાય છે. મનુષ્ય જ્યારે પોતાની શક્તિઓનો શુદ્ધ ઉપયોગ કરે છે ત્યારે તેનામાં ચારિત્ર પ્રગટે છે. ચારિત્ર પ્રગટે છે ત્યારે દેવત્વ અને ઈશ્વરત્વ તેનામાં આવી જાય છે. માટે જો કલ્યાણ કરવું હોય અને માનવભવની મહત્તા તમને સમજાણી હોય તો ચારિત્ર અંગીકાર કરવું જોઇએ.

આખી જિંદગી પર પુદ્ગલના સંગ્રહમાં વીતાવી. કરોડો ને અબજોની મિલ્કત ભેગી કરી પણ એનાથી અધિક કિંમતી હોય તો આ માનવભવ છે. પૌદ્ગલિક પદાર્થો તમે જેને કિંમતીમાં કિંમતી માનો છો તે લાખ-કરોડ કે અબજની કિંમત આપીને ખરીદી શકાય છે, પણ માનવ ભવની એકેક ક્ષણ એવી અમૂલ્ય છે કે તેને કરોડોનાં મૂલ્ય ચૂકવતાં પણ ખરીદી શકાશે નહિ. હવે તમે જ કહો કે જેનાં મૂલ્ય આપતાં વસ્તુ મળે તેની કિંમત વધારે કે મૂલ્ય ચૂકવતાં પણ ન મળે તેની કિંમત વધારે!

ધર્મ સમજ્યા પછી મનુષ્યને સમયની અને વસ્તુની કિંમત સમજાય છે. શ્રેણિક મહારાજાને અનાથી નિગ્રંથનો ભેટો થયો ન હતો ત્યારે તેઓ શિકારમાં મસ્ત હતાં. ગર્ભવંતી હરણીને ગર્ભ સહિત વીંધી નાંખી અને એમાં એવો તીવ્ર રસ રેડયો કે પરિણામે તેમણે નરકનું આયુષ્ય બાંધી દીધું, ત્યાર પછી અનાથી નિગ્રંથનો ભેટો થતાં ધર્મ પામ્યા. એવું પામી ગયા કે એ ભગવાન મહાવીરના પરમ ભક્ત બની ગયાં. એક વખત ભગવાનને પ્રશ્ન કર્યો કે પ્રભુ! હું મરીને કયાં જઈશ? ભગવાન કહે છે શ્રેણિક! તારા ભાગ્યમાં આયુષ્યના પડેલા બંધથી નરકની રૌ રૌ વેદનાઓ લખાયેલી છે. પરમાધામીઓ પોતાના ખંજરો લઇને તમારી પ્રતિક્ષા કરી રહ્યા છે.

બંધુઓ! અહીં તમારી શરમ ને લાંચ રૂશ્વત ચાલશે, પણ કર્મરાજાની કોર્ટમાં ચક્રવર્તિ ને ચિંથરેહાલ, શ્રીમંત અને રંક સર્વે સરખાં છે. સર્વેને સમાન ઈન્સાફ મળે છે. પોતે નરકમાં જશે એ સાંભળી શ્રેણિક રાજાને એવો આઘાત લાગ્યો કે હાથમાં ભિક્ષાનું પાત્ર લઇને મગધની શેરીએ શેરીએ ઘૂમવું પડત તેમાં જે દુઃખ કે દીનતા ન લાગત તેનાથી પણ વધુ દુઃખ શ્રેણિકને લાગ્યું. મા વિહોણું બાળક જેમ દયામણું થઇને રડે તેમ આંખમાં આંસુ લાવીને કહે છે પ્રભુ! શું, આપનો ભક્ત નરકની રૌ રૌ ભડકે બળતી જ્વાળાઓમાં ભડથું બનશે? શું પ્રભુ! આનો કોઈ ઉપાય જ નથી, કે લલાટના લેખ ઉપર મેખ મારી શકાય? ભગવાન કહે છે શ્રેણિક, કર્મરાજાની કોર્ટમાં કોઈનું ચાલે તેમ નથી. પ્રભુ! આનો કંઈક તો ઉપાય બતાવો. કદાચ મગધનું વિરાટ રાજ્ય છોડી દેવું પડશે તો છોડવા તૈયાર છું. પણ કંઈક રસ્તો બતાવો. એમ કહી શ્રેણિક રાજા ડૂસકા ભરીને રડવા લાગ્યા.

ભગવાન તો સર્વજ્ઞ હતા. બધું જ જાણતાં હતાં. તેઓ કહે છે શ્રેણિક! તમે ગર્ભ સહિત હરણીને વીંધી નાંખી. તેમાં ખૂબ હરખાયા. તે વખતે નરકાયુષ્યનો બંધ પડી ગયો છે. એમાં મીનમેખ ફેર પડી શકે તેમ નથી. છતાં એક ઉપાય છે. તારી કપિલા નામની દાસી દાન આપે, કાલસૌરિક કસાઈ એક દિવસની હિંસા બંધ કરે. અથવા તો પુણિયો શ્રાવક એક સામાયિકનું વચનદાન આપે તો તમારે લલાટે લખાયેલા લેખ ઉપર મેખ લાગે. મગધના રાજ્યસિંહાસન માટે અભિષેક થયો તે વખતે પણ જે આનંદ અનુભવ્યો

ન હતો તેનાથી અધિક આનંદ પ્રભુના પ્રેમભર્યા વચનો સાંભળીને અનુભવ્યો. કપિલાદાસીને દાન આપવા કહ્યું, પણ એણે દાન આપવાની હા ન પાડી ત્યારે એના હાથે ચાટવો આંધીને દાન અપાવ્યું. કાલસૌરિક કસાઈને એક દિવસ હિંસા બંધ કરવાનું કહ્યું, એ ન માન્યો ત્યારે એને કૂવામાં ઊંધે મસ્તકે લટકાવ્યો. ત્યારે એણે કૂવામાં પાડા ચીતરીને માર્યા. દ્રવ્યથી હિંસા ન કરી પણ એના પરિણામ તો હિંસામય જ રહ્યાં. એટલે પ્રભુએ કપિલાના દાનને દાન તરીકે માન્ય ન કર્યું. કાલસૌરિકની એવી અહિંસાને ભગવાને હિંસા જ કહી ત્યારે શ્રેણિક રાજા પુણિયા શ્રાવકની ઝુંપડીએ ગયાં.

પોતાને આંગણે મગધનરેશને આવેલાં જોઈને પુણીયો શ્રાવક કહે છે : પધારો મહારાજા ! આજે મારું ગરીબનું આંગણું પાવન થયું. શ્રેણિક રાજા નમ્રતાપૂર્વક કહે છે– મને એક સામાયિકનું દાન આપો. મારે બીજું કંઈ જ નથી જોઇતું. પુણીયો શ્રાવક કમ ન હતો. ગરીબ હતો પણ આત્માથી અમીર હતો. શ્રેણિક રાજા ભગવાનનાં ભક્ત હતાં તેમ એ પણ ભગવાનનો ભકત હતો. ભગવાને એને ધર્મનાં પાઠ ભણાવ્યા હતાં. બારબાર પ્રકારની પ્રબદા વચ્ચે ભગવાનના મુખે એના વખાણ થતાં હતાં. જેના મગજમાં આત્માની અજબ ખુમારી હતી. તેવા પુણીયા શ્રાવકે શ્રેણિક મહારાજાને કહ્યું રાજન્ ! તમારું મગધનું રાજ્ય નહિ પણ અખિલ બ્રહ્માંડનું રાજ્ય પણ સામાયિક આગળ મને તુચ્છ લાગે છે. હું જ્યારે સામાયિકમાં બેસું છું ત્યારે આ ઉનનું આસન મારી દૃષ્ટિમાં સિદ્ધશીલાની તેજસ્વી ભૂમિ જેવું બની જાય છે. અને બે ઘડી માટે હું આ સંસારમાં નથી રહેતો પણ સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાઉં છું. એટલે સિદ્ધ ભગવંતના સુખનો અનુભવ કરું છું. હવે આપ જ કહો. હું આપને સામાયિકનું વચનદાન કેવી રીતે આપી શકું ! બંધુઓ ! પુણીયા શ્રાવક પાસે સામાયિકની કેવી ખુમારી, કેવું ખમીર હતું કે જે એક ઘાસની ઝુંપડીમાં રહેવા છતાં મહેલનો આનંદ માણી શકતો હતો. ખાવા માટે આંગળાના વેઢે ગણાય તેટલી જ ચીજો હોવા છતાં બત્રીસ પ્રકારના પકવાનનો ઓડકાર લઈ શકતો હતો. પુણીયા શ્રાવકે શ્રેણિક રાજાને એક સામાયિકનું વચનદાન ન આપ્યું એટલે તેઓ ત્યાંથી પાછા ફર્યા. પણ એક નવો આદર્શ લઈને આવ્યાં કે ત્રણ ભુવનનાં રાજ્ય કરતાં પણ એક સામાયિક મહાન છે.

શ્રેણિક જેવા મહારાજાને નરકગતિનો ભય લાગ્યો, પણ તમને હજુ ભય લાગ્યો નથી. નરકમાં કેવી કારમી વેદનાઓ રહેલી છે. અહીં તો કોઈ આપણા અંગોપાંગ છેદી નાંખે ત્યારે દુઃખ થાય, જિંદગીની પરાધીનતા થાય, એ વાત સાચી, પણ વારંવાર વેદના ભોગવવાની નહિ. પણ નરકમાં તો હાથ પગ છેદી નાંખે, વળી પાછા ભેગા થઈ જાય. એને ફરીને પાછા કાપી નાંખે છે. સૂયગડાંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે :–

हण छिन्दह भिन्दह णं दहेति, सद्दे सुणेन्ता परधम्मियाणं ।
ते नारगाओ भयभिन्नसन्ना, कंखंति कं नाम दिसं वयामो ॥

સૂય. સૂ. અ. ૫ ઉ. ૧ ગાથા ૬

પરમાધામીઓ નિરંતર 'હણો, છેદો, મારો, કાપો, બાળો' એમ બોલ્યા જ કરતાં હોય છે. એના શબ્દો સાંભળીને જ નરકમાં રહેલાં નારકીઓ ભયભીત બની જાય છે. આપણાથી તો રહેજ કોઇને માર મારતાં પણ જોઈ શકાતું નથી. તો નરકની આવી તીવ્ર વેદનાઓ કેમ સહન થાય? આવા કષ્ટો વેઠવા ન હોય તો પાપભીરૂ બનો. આજે તો જ્યાં જુઓ ત્યાં પાપ સિવાય બીજી વાત જ નહીં.

ગીરધરભાઈ દફ્તરી વાત કરતાં હતાં કે આજે એટલી બધી હિંસા વધી ગઇ છે કે ન પૂછો વાત. ચૂંટી ખણો ને લોહી નીકળે એવી રોજની ૬૦ લેંસોને ક્રૂર રીતે કાપી નંખાય છે. એને કાપે તે વખતે લોહીની જરૂરવાળો લોહી લેવા, ચરબીની જરૂરવાળો ચરબી લેવા હાજર થાય છે. હું તો તમને કહું છું કે આવા નિર્દોષ જીવોની જ્યાં હિંસા થતી હોય એવા ધંધા કરીને તમે કોઠાની મિલકત ભેગી કરશો પણ અંતે ક્યાં જવાનું! તમે એનો વિચાર કરો. આ ભવમાં એ જીવોનું છેદનભેદન કરનારાઓને બીજા ભવમાં અનેક વાર છેદાવું પડશે. કર્મ કદી તમારો પીછો નહિ છોડે.

ભૃગુ પુરોહિત, પુત્રોની વાત સાંભળી વિચારમાં પડી ગયો. તેને થયું કે અહીં તો કોઈ શસ્ત્રોનો વરસાદ વરસતો નથી. અહીં તો કોઈ ઘેરી લેનાર કે દુઃખ દેનાર દેખાતું નથી, છતાં આ પુત્રો આમ શા માટે બોલતા હશે? શું મારા પુત્રોને કોઈ ગુપ્ત રીતે કષ્ટ આપતું હશે? હવે તે પુત્રોને પૂછે છે—

केण अब्भाहओ लोगो केण वा परिवारिओ ।
का वा अमोहा वुत्ता, जाया चिन्तावरो हुमे ॥ ઉ. અ. ૧૪-૨૨

હે મારા વ્હાલસોયા પુત્રો! આ લોકને કોણ પીડિત કરી રહ્યું છે? કોનાથી વીંટાઈ ગયેલો છે અને શસ્ત્રોની ધારાઓ કઈ છે? એ તમે મને બતાવો. એ જાણવા માટે હું ખૂબ ચિંતાતુર બની ગયો છું. હે પુત્રો! તમે કહો છો કે મૃગલાને પકડીને શિકારીઓ એને ચારે તરફથી હેરાન કરી મૂકે છે એવી રીતે તમને આ સંસારમાં મારનાર કોણ દુશ્મન જાગ્યો છે? અને તમારા ઉપર કયા શસ્ત્રોની ધારાઓ વરસી રહી છે તે મને તમે જલ્દી કહો. તમારી વાત સાંભળીને મને ખૂબ ચિંતા થાય છે. તમે મને બતાવો તો હું એનો ઉપાય કરું. જેમ કોઈ માણસને દર્દ થયું હોય તો ડોકટર પાસે જઈને એનું નિદાન કરાવવું પડે. નિદાન થયા પછી જ યોગ્ય ઉપાય થઇ શકે છે. તેવી રીતે તમારા દુઃખોની મને ચિંતા થાય છે. માટે તમે મને કહો તો હું જલ્દી તમારું દુઃખ દૂર કરું.

ભૃગુ પુરોહિત બાહ્ય દૃષ્ટિથી જોનારો હતો. જ્યારે એના પુત્રો આંતરિક દૃષ્ટિથી જોતાં હતાં. બાહ્ય દૃષ્ટિવાળા બાહ્ય લાભાલાભને જુવે છે અને અંતર દૃષ્ટિવાળા આત્માના લાભાલાભને જુએ છે. જ્યાં સુધી તમારા અંતર ચક્ષુ નહિ ખુલે, વીતરાગ વાણીમાં શ્રદ્ધા નહિ પ્રગટે ત્યાં સુધી સાચો લાભ કે આનંદ મળશે નહિ. પુત્રો માટે, પત્ની માટે ઘણાં પાપ કર્યાં હવે તો કંઈક સમજો અને આત્મા માટે તો કંઈક કરો. સારી જિંદગી ધર્મ–ધ્યાન નહિ કરો તો અંતિમ સમયે ધર્મ ક્યાંથી ગમશે ? તમારા સાચા સગાં કોઇ નથી અને સંસારનું કામ તો સહાને માટે છે, છે ને છે જ. એક કલાક તો આત્મા માટે કાઢો. અહીં આવશો તો કંઈક સમજણ આવશે. નહિ આવો તો ક્યાંથી મળશે ?

એક ધનવાન શેઠ હતો. જેવો ધનવાન હતો તેવો જ તે જ્ઞાનવાન હતો. એને કોઈની સલાહ લેવાની પણ જરૂર ન હતી. પોતે પોતાનું બધું જ સાધન કરી લીધેલું હતું. શેઠને ત્રણ દિકરા હતા. દીકરાઓને પણ તેમનું સાધન કરી આપ્યું હતું. એટલે કોઈ જાતની ચિંતા પણ ન હતી. એક વખત આ શેઠ ખૂબ બિમાર પડયાં. એમને એમ લાગ્યું કે હવે હું બિમારીમાંથી બચું તેમ લાગતું નથી. એટલે તેમણે પોતાના ત્રણે પુત્રોને પાસે બોલાવીને કહ્યું: હે પુત્રો ! હું તો હવે થોડા દિવસનો મહેમાન છું. મૃત્યુ નજીક આવી રહ્યું છે. માટે હવે તમે ત્રણે મારી પાસે આવીને બેસજો અને મને ધર્મ–ધ્યાન સંભળાવજો જેથી મારું મૃત્યુ સુધરે. અને હું મારી અંતિમ સાધના સાધી શકું. આપની વાત સાંભળી બહાર જઈને મોટા બે પુત્રો કહે છે કે એવું કંઈ થોડું નક્કી છે કે આપુજી થોડા દિવસમાં ચાલ્યા જશે. આપણે રોજ રોજ શા માટે બેટી થવું જોઇએ ? એમને તો થોથા ને પોથા વાંચવા સિવાય બીજું શું ગમે છે ? આપણે તો રોજ જવું નથી. અહીં વિચારવાનું એ છે કે જો આપે એમ કહ્યું હોત કે હે પુત્રો ! મારી પાસે હજુ ઘણી મિલકત છે. તમે આવજો. હું તમને સરખે ભાગે વહેંચી આપીશ, તો તો દીકરાઓ દોડતા જાત. એમાં વાંધો ન આવત, પણ ધર્મધ્યાન સંભળાવવાનું કહ્યું એટલે જવા તૈયાર ન થયા.

નાનો પુત્ર ખૂબ સમજણો અને ચતુર હતો. એણે એ જ વિચાર કર્યો કે પૂજ્ય બાપુજીનું અમારા ઉપર ઘણું જ ઋણ છે. અંતિમ સમયે એમને આપણે ધર્મ ન પમાડીએ અને એમની અંતિમ ઇચ્છા પૂરી ન કરીએ તો પિતૃઋણમાંથી મુક્તિ કેમ મળે ? ધંધો તો સહાનો છે. મારા મોટાભાઈઓ તો ગમે તેમ કરે પણ મારે તો મારી ફરજ ચૂકવી નથી. નાનો દીકરો દરરોજ બાપની પાસે જાય છે. ધર્મધ્યાન સંભળાવે છે. પંદર દિવસ પછી બાપ એના પુત્રને કહે છે બેટા ! મારી પાસે આ એક ચંદ્રકાંત મણી છે. મણી એક છે અને તમે ત્રણ ભાઈઓ છો. માટે તમારે ત્રણેએ એકેક મહિનો આ ચંદ્રકાંત મણીને તમારે ઘેર રાખવો. આ ચંદ્રકાંત મણીનો ચમત્કાર દર પૂનમે થાય છે. મણીમાં શું ચમત્કાર છે એ બધી વાત બાપે નાના પુત્રને સમજાવી દીધી.

બે ત્રણ દિવસમાં બાપ પરલોકવાસી થઈ ગયો. એમની બધી ક્રિયા પતી ગઈ. પછી નાનો ભાઈ કહે છેઃ બાપુજીએ આ એક ચંદ્રકાંત મણી આપ્યો છે અને કહ્યું છે કે દરેકને ત્યાં મહિનો મહિનો રાખવો. મોટો પુત્ર કહે છે કે હું મોટો છું. માટે મારે ઘેર પહેલાં રાખવો જોઈએ, તો મને આપો. એ લઈ ગયો. અને ઘરમાં કાચના કબાટમાં મૂકી દીધો. એ તો એમ સમજતો હતો કે મારે ઘેર મહિનો રાખવાનો છે. એની વિધિ કંઈ જ એ જાણતો નથી. રાત પડી એટલે આ મણીનાં એવાં અજવાળાં પણ થઈ ગયાં કે લાઈટની જરૂર ન પડે. કબાટમાં મૂકેલો મણી કેટલું તેજ કરે છે? મોટા પુત્રને થયું કે ઠીક, એક મહિનો કેરોસીન બાળવું નહિ પડે. એટલો ખર્ચ ઓછો થશે. એણે એક મહિના સુધી મણી રાખીને બીજા ભાઈને આપ્યો.

બીજો ભાઈ મણી ઘેર લાવીને સાચવીને મૂકે છે. રાત પડી. એ મણી બહાર કાઢીને જુવે છે તો એનું તેજ ઝીલી શકાતું નથી. દિવસ જેવું ઘરમાં અજવાળું–અજવાળું લાગવા માંડયું. એના ઘરમાં માંકડ ખૂબ થયા હતાં. એટલે એના મનમાં એવો વિચાર થયો. ઠીક થયું. રાત્રે માંકડ બહુ કરડે છે, ત્યારે માંકડ વીણવા માટે લાઈટ કરવી પડે છે તો એ ઝટપટ મટી ગઇ. માંકડ વીણવાની મઝા પડશે. આખો મહિનો બીજા નંબરના પુત્રે મણીના પ્રકાશમાં માંકડ વીણવામાં પસાર કર્યો.

હવે ત્રીજા નંબરના પુત્રનો વારો આવ્યો. એ તો એની બધી વિધિ જાણતો હતો. બાપે કહ્યું હતું કે તું પુનમની રાત્રે એક મોટા ઘડામાં સ્વચ્છ પાણી ભરીને એમાં આ ચંદ્રકાન્ત મણી નાંખીને ચંદ્રના અજવાળામાં મૂકી દેજે. પુનમની રાત્રે બાર વાગ્યે એમાં ઉભરો આવશે. અને એમાંથી પાણીની છોળો ઉડશે. એ પાણી લોખંડ ઉપર પડશે તે બધું સોનું બની જશે. એટલે નાના દીકરાએ લાખો મણ લોખંડ લાવીને અગાશીમાં ભેગું કરી દીધું. પૂનમની રાત્રે બધું જ બાપના કહેવા પ્રમાણે બન્યું. લાખો મણ લોખંડ સોનું બની ગયું. એણે બરાબર ચંદ્રકાન્ત મણીનો ઉપયોગ કરી લીધો. હવે મોટાભાઇઓ ફરીને એને મણી આપે કે ન આપે તો વાંધો નહિ. એણે તો પોતાનું કામ કરી લીધું. મોટાએ કેરોસીન બચાવવામાં, બીજાએ માંકડ વીણવામાં મણીનો ઉપયોગ કર્યો કારણ કે તેઓ વિધિ જાણતાં ન હતાં. મણીના ગુણને જાણતાં ન હતાં. જ્યારે નાનો પુત્ર બાપની પાસે ગયો તો બધી વિધિનો જાણકાર બન્યો અને ન્યાલ થઈ ગયો. ફરીને ન મળે તો પણ એને એની પરવા ન રહી.

તેમ આ દૃષ્ટાંત ઉપરથી આપણે પણ એ જ સાર ગ્રહણ કરવાનો છે કે ચંદ્રકાંત મણી સમાન ચમત્કારી, મહાન મોંઘેરો માનવભવ આપણને મળ્યો છે. પણ માનવભવમાં આપણે શું કરવું જોઈએ તેનું જ્ઞાન નથી. નાનો પુત્ર બાપની પાસે ગયો તો બાપે વિધિ બતાવી. જે ન ગયાં તે જાણ્યા વિનાનાં રહી ગયા. તેમ આપણે પરમ પિતા પ્રભુ

મહાવીરના પુત્રો છીએ. અહીં આવશો તો માનવજીવનની મહત્તા સમજાશે. પણ અહીં નહિ આવો અને વહેપારને વળગીને જ રહેશો તો કયાંથી સમજી શકશો. એ મણી તો લોઅંડનું જ સુવણું બનાવતો હતો. પણ માનવભવ રૂપી મણી એવો છે કે માનવને મહાન બનાવે છે. આત્માને અનંત સુખોના ધામ સ્વરૂપ મોક્ષના મોતી બનાવે છે.

ભૃગુ પુરોહિતના પુત્રો માનવજીવનની મહત્તા સમજ્યા છે. તેઓ પોતાનું જીવન સફળ બનાવવા તૈયાર બન્યા છે. બાપ મોહપાશમાં બંધાયેલો હોવાથી પૂછે છે હે પુત્રો! કઈ તીક્ષ્ણધારાઓ વરસે છે, તમને કોણ કષ્ટ આપે છે તે તમે મને કહો. હવે પુત્રો શો જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૭૯

આસો સુદ ૮ ને બુધવાર તા. ૭-૧૦-૭૦

ભૃગુ પુરોહિતના લાડીલા બે પુત્રો એક જ વખત સંત દર્શન કરીને વૈરાગ્યના રંગે રંગાઈ ગયા. સંતનું દર્શન પણ જીવોને મહાન ફળદાયી છે. મૃગાપુત્ર, શ્રેણિક રાજા, સંયતિ રાજા આ બધા જીવો એક જ વખતના સંત સમાગમથી જીવનમાં પામી ગયા છે. એ સંતો પણ કેવા હોય છે?

સંત કોને કહેવાય? જેનામાં કોઈ પણ જાતનો તંત નહિ તે સાચો સંત કહેવાય. સંત કોઈ પણ જાતની પકડ પકડે નહિ. બળતા-ઝળતા અને પ્રજળતા આત્માઓને શાંતિ પમાડે તેનું નામ સંત. સંતો એ ખારા સમુદ્રમાં મીઠી વીરડી સમાન છે. બીજી રીતે કહું તો સત્ને શોધે તે સંત. અને સત્ની પિછાણ કરાવે તે સંત છે. સાચા સંતો જ સત્ની પિછાણ કરાવી શકે છે. લાડી-વાડી-ગાડી-બંગલા-મોટર-પૈસા ને પુત્ર-પરિવાર એ કોઈ તમને દુર્ગતિમાં જતાં અટકાવનાર નથી. પણ અંતિમ સમયે સાચું શરણ હોય તો અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુનું છે. એ તો તમે જાણો છો ને? જેણે સારી જિંદગી ધર્મ કર્યો નથી, સંતદર્શન પણ કર્યું નથી, એવા માણસના મૃત્યુ સમયે તો નવકાર મંત્રનું જ શરણું દેવાય છે. ત્યાં તમને એવી શ્રદ્ધા છે કે ધર્મ જ જીવને ત્રાણ-શરણ છે. સંતોએ જીવનમાં ધર્મને અપનાવ્યો છે. એ આપણા તારણ-હાર છે. જે તારણહાર હોય એ જ તારી શકે.

સાચી સમજણના અભાવે જ જીવ અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરે છે.

"અનંતકાળથી આથડ્યો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરૂ સંતને, મૂક્યું નહિ અભિમાન,
સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક,
પાર ન તેથી પામીયો, ઉગ્યો ન અંશ વિવેક." (શ્રીમદ રાજચંદ્ર)

અનંતકાળ વહી ગયો. અનંત પુદ્ગલ પરાવર્તન થઈ ગયાં. છતાં પણ જીવને પોતાનું સ્વરૂપ સમજાયું નથી. કારણ કે અવળી દૃષ્ટિનાં ચશ્મા પહેર્યાં છે. જ્યાં ગયો ત્યાં અભિમાન લઇને ફર્યો. સંતોની નમ્રભાવે સેવા ન કરી. કોઈ ભાઈ એના મિત્રને કહે કે ભાઇ! હવે તો ચાતુર્માસ પૂર્ણ થવા આવ્યું છે. સંતો થોડા જ દિવસના મહેમાન છે માટે તું ઉપાશ્રયે ચાલ. તો એ કહેશે કે તમે મને કહો છો કે ઉપાશ્રયે ચાલ. પણ મને મહાસતીજીએ ક્યાં કહ્યું છે કે ઉપાશ્રયે આવજો. અને એક દિવસ ગયો હતો તો મારા સામું પણ જોયું નથી. અહીં આવવામાં પણ જીવને માન જોઇએ છે. પણ ભાઈ! ધર્મ કરવામાં માન અપમાનની શી જરૂર? નરક અને તિર્યંચ ગતિઓમાં તો તમારી કેવી હાલત હતી એ ભૂલી ગયા? તે અહીં આટલું બધું માન મેળવવા માગો છો?

માન મૂકી નમ્ર બનો. સાચો ધર્મ જ તારનાર છે. નમ્રતા એ જ ધર્મનું મૂળ છે. તમને ધન કરતાં ધર્મ વહાલો હોવો જોઈએ. તમારા સંતાનો કરતાં સંત વહાલા હોવા જોઇએ. ભગવાન કહે છે, સ્ત્રી-પુત્ર-કુટુંબ-પૈસા આદિમાં તું જે સુખનું કારણ માને છે તે તો ખરેખર દુઃખનું જ કારણ છે. આચારંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે :

से दुक्खाए, मोहाए, माराए, णरगाए, णरगतिरि,
क्खाए सततं मूढे धम्मं णाभिजाणाति । आचारांग अ. २ उ. ४

ધન, વૈભવ, સ્ત્રી, પુત્ર, પરિવારનો મોહ એ દુઃખનું કારણ છે. તે નરક અને તિર્યંચ યોનીમાં લઇ જવાનાં કારણો છે. એમાં સતત મોહ પામેલો માનવી ધર્મને જાણી શકતો નથી. પણ ખરેખર! જો તમે સમજો તો ધર્મ જ સાચો સખાયો છે. ધર્મ પ્રત્યે તમને પ્રેમ હોવો જોઈએ. પણ આજે તો માનવો ધર્મને બદલે ધનમાં અને સંતને બદલે સંતતિમાં અટવાઈ ગયા છે. હવે દૃષ્ટિનો પલટો કરીને ધર્મનું આરાધન કરો. ધર્મ શાશ્વત સુખ આપનાર છે. અને ભૌતિક પદાર્થો અનિત્ય, અશાશ્વત અને દુર્ગતિમાં લઇ જનાર છે. પણ મોહને વશીભૂત આત્માને એનું ભાન નથી.

જેમ કોઈને યક્ષ વળગ્યો હોય તો તેને પોતાના દેહનું ભાન હોતું નથી. વળગાડવાળો માનવી ગમે ત્યાં પડતા મૂકે. ઘડીકમાં હસે અને ઘડીકમાં રડે. ઘડીકમાં નાચે અને ઘડીકમાં કૂદે. આવા જેસે તો ખાધા જ કરે અને ન ખાય તો અઠવાડિયું ખાય નહિ એવું ગાંડપણ કરે છે. ઠાણાંગ સૂત્રના બીજે ઠાણે ભગવાને બે પ્રકારનાં ભૂત

કહયાં છે. "मोहभूए जक्खभूए" એક મોહનું ભૂત અને બીજું યક્ષનું ભૂત. જેમ યક્ષના વળગાડવાળા માનવીને કોઈ જાતનું ભાન રહેતું નથી તેમ આ આત્માને અનાદિ-કાળથી મોહનો વળગાડ વળગ્યો છે. મોહના ભૂતે જીવ ઉપર એવું આચ્છાદન કર્યું છે કે હું ચૈતન્ય સ્વરૂપ, અનંત શક્તિનો અધિપતિ, શાશ્વત સુખનો સ્વામી છું એ ભાન ભુલાવી દીધું છે. પેલો યક્ષ વળગ્યો હશે તો અમુક સમયે એ વળગાડ છૂટી જાય છે. કદાચ પૂર્વનું વેર હોય તો મરતાં સુધી રહે છે. પણ દેહ છૂટતાં એ વળગાડ છૂટી જાય છે. પણ મોહનો વળગાડ તો ભવોભવ સુધી સાથે રહે છે. એના આવરણથી જીવ ભ્રમમાં પડી સત્ય વસ્તુની પિછાણ કરી શકતો નથી.

આત્મામાં ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળની વાતો એક જ સમયમાં જાણી દેખી શકે એવી શક્તિ રહેલી છે. પણ મોહ રૂપ ભૂતના વળગાડથી એ શક્તિઓ ઢંકાઈ ગઈ છે. એ આવરણ નહિ ખસે ત્યાં સુધી જીવનું કલ્યાણ નહિ થાય. કલ્યાણની કેડી પ્રાપ્ત કરવા માટે સંત ચરણનો આશ્રય શોધી લો. પંચ પરમેષ્ઠિનું શરણ અંગીકાર કરી લો. તમે પંચ પરમેષ્ઠિ ભગવંતનું સ્મરણ કરો છો. તેમાં અરિહંત ભગવંતને સૌથી પહેલો નમસ્કાર કરો છો. તો શું એ અરિહંત ભગવાન પાસે ધન-ગાડી-વાડી-લાડી ને બંગલા છે ખરા ? તેમની પાસે કઈ સંપત્તિ છે કે તમે એને નમો છો ? તમે જેને ઇચ્છો છો એ ચીજો તો તેઓ છોડીને નીકળી ગયાં છે. એ તો સત્ વસ્તુની આપણને પ્રતીતિ કરાવે છે. એમની પાસે હોય તો આત્મિક ધન છે. પુદ્ગલની માયાથી તેઓ પર રહે છે. કારણ કે પુદ્ગલ એ જડ છે. જડ પુદ્ગલ અને ચેતન આત્મા કર્મના સંયોગથી ભેગા થઇ ગયાં છે. પણ ત્રણે કાળમાં એક થવાના નથી.

પુદ્ગલનો મોહ ઓછો કરો તો સઘળી દિશા સૂઝે. પુત્ર અને પત્નીને ખાતર ન કરવાનાં કામ કરી રહ્યાં છો. એ કર્મને વશ થઈને નરક અને તિર્યંચ યોનીમાં ચાલ્યા જશો. ત્યાં કોઈ બચાવવા આવશે નહિ. ઘરમાં, જમીનમાં, મિલ્કતમાં સહુ ભાગીદારી કરશે, પણ કર્મમાં કોઈ ભાગીદારી કરશે નહિ. અને કર્મ તો કરનારની પાછળ જ જાય છે. "कत्तारमेवं अणुजाइ कम्मं" સો ગાયોનું ટોળું ઉભું હોય તો પણ વાછરડી એની માને ઓળખીને તેની પાસે જ જાય છે. બીજા કોઈની પાસે જતી નથી. તેમ કર્મ-રૂપી વાછરડી પણ એના કરનારને જ વળગે છે. માટે કર્મ બાંધતી વખતે ખૂબ સાવધાન રહો. આ જીવ મનથી-વચનથી અને કાયાથી-ત્રણ કરણથી કર્મ બાંધે છે. એમાં મન તો એવું મસ્તીખોર છે કે એ નવરું પડે એટલે કયાંનું કયાંય પહોંચી આવે છે. એની ગતિ તો આજના તમારા રોકેટથી પણ અધિક છે. માટે મનને તો એવું પ્રવૃત્તિમાં જોડી દો કે એ નવરું જ ન પડે. અને નવરું પડે તો એને એક કામ તો સોંપી જ રાખો. મનને કહી દો કે જ્યારે તારે કંઈ જ કામ ને હોય ત્યારે તારે નવકારમંત્રનું સ્મરણ કર્યા કરવું. જેણે મનને જીત્યું છે તેણે જગતમાં સઘળું જીત્યું છે.

સંસારના રંગ રાગથી જેણે મનને જીતી લીધું છે એવા બે પુત્રો દેવભદ્ર અને જશોભદ્ર કહે છે પિતાજી! અનેકવિધ દુઃખોથી આ લોક પીડાઈ રહ્યો છે. ચારે તરફ ઉપાધિઓથી વીંટાઈ ગયેલો છે. અને ઉપરથી તીક્ષ્ણ શસ્ત્રોની ધારાઓ વરસી રહી છે. એવા સંસારમાં અમને આનંદ આવતો નથી. આ સંસારમાં હવે રહેવા જેવું જ શું છે? ત્યારે મોહથી ઘેરાયેલો પિતા કહે છેઃ હે મારા વ્હાલસોયા પુત્રો! તમને કોણ સતાવી રહ્યું છે! હું આટલો સમર્થ અને સત્તાવાન છું. રાજાની પાસે મારું આટલું માન છે. રાજા હું કહું તેમ કરે છે અને મારા બેઠાં તમારું નામ લેનાર કોણ છે? તમારા દીકરાને કોઇ કંઈ કહી જાય તો તમે પણ કહો છો ને કે એ મારા દીકરાને આમ શેનો કહી જાય? એ મારા દીકરાને કહેનાર કોણ? હું એને બતાવી દઈશ. તેમ આ ભૃગુ પુરોહિત પણ એના પુત્રોને કહે છે કે હે મારા લાડકવાયા! તમારી વાત સાંભળીને તો હું ચિંતાતુર બની ગયો છું. મારી ઉંઘ પણ ઉડી ગઈ છે. બાપના મનમાં એમ કે હમણાં કોઈ દુશ્મનનું નામ લેશે. પણ આ કંઈ બાહ્ય દુશ્મન ન હતાં. આ લોક શેનાથી પીડાઈ રહ્યો છે? શેનાથી વીંટાઇ રહ્યો છે અને કયા શસ્ત્રોની ધારાઓ વરસી રહી છે, એ બહુ સમજવા જેવી વાત છે. પણ મોહમાં પડેલા માનવીને એનો વિચાર સરખો પણ આવતો નથી. એ તો દ્રવ્ય દુશ્મનોને નસાડવા દોડે છે અને અભિમાનમાં અક્કડ થઈને ફરે છે. પણ અભિમાન કદી કોઈનું ટક્યું નથી અને ટકવાનું પણ નથી.

ચરોતરમાં એક ધનવાનની બાજુમાં એક ગરીબનું ઘર હતું. તે અમીન પટેલ હતો, પણ એના કર્મોદયે એ ગરીબ થઈ ગયો હતો. વિધવા માતા અને એનો સાત વર્ષનો પુત્ર બે જ હતાં. ધનવાનને ઘેર તો લક્ષ્મીની છોળો ઉડતી હતી. ખાવા-પીવાની કમીના ન હતી. કેરીની સીઝન આવી એટલે એને ઘેર તો કેરીના કરંડીયા આવવા લાગ્યા. આ ધનવાનનો છોકરો આંગણામાં ઉભો ઉભો કેરી ખાય છે, ત્યારે આ ગરીબ વિધવા માતાનો દીકરો કહે છે ભાઇ! તારા ઘેર તો ઘણી કેરીઓ છે. મેં તો કેરી ચાખી પણ નથી. તું મને એક કેરી આપ. બાળક તો નિર્દોષ હોય છે. એટલે કહે છે, ઉભો રહે. હું મારી બાને પૂછીને તને કેરી આપું છું. એમ કહીને તે બાળક એની માતાને પૂછવા ગયો કે બા! આ છોકરો કેરી માંગે છે, હું આપું? ત્યારે મા કહે છે બેટા! એવા તો કંઈકે માંગવા હાલ્યા આવે, આપણે એને કેરી આપવાની નહિ. માંગે તો ટીયો બતાવવાનો. એમ છતાં પણ જો માંગે તો કેરી ખાઇને એના માથામાં ગોટલો મારવાનો, પણ કેરી તો આપવાની જ નહિ.

દારૂના નશા કરતાં પણ લક્ષ્મીનો નશો ભયંકર છે. પૂર્વના પુણ્યોદયથી લક્ષ્મી મળી છે, પણ એ લક્ષ્મી આવતાં જીવનમાંથી જો સદાચાર ચાલ્યો જતો હોય તો તે લક્ષ્મીની કંઇ જ કિંમત નથી. પુણ્યાનુબંધી પુણ્યની જો લક્ષ્મી આવી હશે તો

લક્ષ્મીની સાથે જીવનમાં સદ્‌ગુણો આવશે. જેમ આંબા ઉપર કેરીઓ આવે છે ત્યારે આંબો નમી પડે છે, તેમ કંઈક જગ્યાએ એવું પણ જોવા મળે છે કે જેમ જેમ લક્ષ્મી વધે છે તેમ તેમ સત્ય–નીતિ–સદાચાર આદિ ગુણો વધે છે, અને કંઈક એવાં ઘર પણ જોવા મળે છે કે લક્ષ્મી વધતાં અન્યાય, અનીતિ, વ્યસનો આદિ દુર્ગુણો વધે છે. પહેલાં લક્ષ્મી ન હતી ત્યારે જીવન સદ્‌ગુણોથી ભરેલું હતું. અને લક્ષ્મી આવતાં સદ્‌ગુણોને સર્વથા દૂર કરી દુર્ગુણોએ સ્થાન જમાવ્યું. આવી લક્ષ્મીને તમે મનથી પણ ઇચ્છશો નહિ. ધર્મરાજાને ઘેર ત્રણ વખત લક્ષ્મી આવી પણ ધર્મરાજાએ કહી દીધું કે હે લક્ષ્મી! સત્ય–નીતિ–સંપ અને સદાચાર સહિત જો તારે મારા ઘરમાં આવવું હોય તો આ દ્વાર ખુલ્લાં છે. પણ જો તારા આવવાથી મારો સદાચાર નષ્ટ થતો હોય, ભાઈ–ભાઈ વચ્ચે ઝઘડા થતા હોય તો મારે તું નથી જોઇતી, તને નવ ગજના નમસ્કાર. ગરીબાઈ વેઠવી સારી પણ લક્ષ્મી સહિત દુર્ગુણોથી ભરેલું જીવન જીવવું અરાબ છે. પૂર્વના પુણ્યોદયે લક્ષ્મી મળી જાય તો લક્ષ્મીપતિ બનજો પણ લક્ષ્મીના દાસ ન બનશો. જો તમે લક્ષ્મી-પતિ હશો તો તમે ધારશો ત્યાં શુભકાર્યોમાં લક્ષ્મી વાપરી શકશો. પણ જો એના દાસ બનીને રહેશો તો પેટમાં પૂરું ખાશો પણ નહિ.

રાણીગરા રૂપિયાનું ચલણ હતું ત્યારની આ વાત છે. એક ધનવાન શેઠ ખૂબ કંજુસ હતાં. છોકરાને ઘેર છોકરા થયાં પણ કોઇને સુખે ખાવા દે નહિ. એક દિવસ છોકરાનાં છોકરા હઠે ચઢયા ને કહેવા લાગ્યાઃ દાદા! આજે તો પેંડા ખાવા છે, લાવી આપો તો જ હા. નહિતર તમને દુકાને જવા નહિ દઇએ. કંજુસીયો દાદો એક રોકડો રૂપિયો લઇને કંદોઇની દુકાને ગયો. મીઠાઇનો ભાવ પૂછ્યો. એને થયું કે પેંડા લઈશ તો આખો રૂપિયો આપી દેવો પડશે. એટલે ઘેર પાછો આવ્યો. છોકરાઓ પૂછે છે દાદા! પેંડા લાવ્યા? ત્યારે દાદા કહે છે બેટા! લેવા તો ગયો પણ આ રૂપિયો રોવા લાગ્યો. એટલે કયાંથી લાવું? (હસાહસ) રૂપિયો કંઇ રડે ખરો! ઉનાળાનો દિવસ હતો અને રોકડો રૂપિયો મુઠીમાં રાખેલો એટલે હથેળીમાં પરસેવો વળી ગયેલો હોવાથી રૂપિયો ભીંજાઇ ગયો હતો. એટલે બાળકોને કહે છે. જુઓ! રૂપિયો રડે છે!

જે માણસો પેટમાં નથી ખાતાં તે પરને માટે તો ઉદાર કયાંથી બને? યાદ રાખજો. બહુ લોભ કરશો, મમતા રાખશો તો મરીને એના રખેવાળ બનશો. અને જે પૈસા લેવા આવે તેને ફૂંફાડા મારશો. મમતા રાખશો તો મરી જશો. લક્ષ્મી એ પરિગ્રહ નથી પણ એના ઉપરની મમતા એ પરિગ્રહ છે. જેની પાસે કંઈજ નથી એવો ભિખારી મરીને નરકમાં જાય છે, અને મહાન વૈભવમાં મ્હાલવા છતાં છેવટે ત્યાગીને મૂર્છા રહિત બનનારા મોક્ષમાં ગયા છે. એનું કારણ, વૈભવમાં વસવા છતાં પણ અનાસક્ત ભાવે રહેતા હતાં.

ભગવાન ઋષભદેવ બાર પ્રકારની પ્રખદામાં ઉપદેશ આપતાં કહેતા હતાં કે જે જીવ

મહા આરંભી અને મહા પરિગ્રહી હશે તે મરીને નરકમાં જશે. ત્યારે એક વ્યક્તિ ઉભી થઇને પ્રભુને પ્રશ્ન કરે છે કે હે પ્રભુ! ભરત ચક્રવર્તિ મરીને કયાં જશે? ગમે તેમ તો ય ભરત ચક્રવર્તિ રાજા છે એટલે કઈ નરકમાં જશે એમ તો પૂછાય નહિ. એટલે આમ પૂછ્યું. તીર્થંકરના વખતમાં પણ આવા તુક્કા ઉઠાવનાર મળ્યાં છે તો અત્યારની તો વાત જ કયાં કરવી? ભગવાન કહે છે–ભરત ચક્રવર્તિ મોક્ષમાં જશે. એટલે અજ્ઞાનીઓ અંદર અંદર વિવાદ કરવા લાગ્યા. જોયું ને! ભગવાનને કયાં ઓછા રાગ–દ્વેષ છે! ગમે તેમ તો ય ભરત પોતાનો પુત્ર છે, એટલે જમણો હાથ તો મોં ભણી જ વળે ને! ઉંટ મરે તો ય મારવાડ સામું જુએ છે. તેમ ભગવાને પણ પક્ષપાત કર્યો. આમ તો કહે છે બહુ આરંભ ને પરિગ્રહ વધારનાર નરકમાં જાય. અને ભરત ચક્રવર્તિને ઘેર આટલો પરિગ્રહ હોવા છતાં પણ કહે છે કે મોક્ષમાં જશે. બંધુઓ! શંકા કરનારને જ્ઞાન નથી કે એ જીવો એવા હળુકર્મી છે કે વૈભવમાં ન્હાલવા છતાં અનાસક્ત ભાવે રહેતા હતાં. જળકમળવત્ રહેતા હતાં. જેમ ફાટી ગયેલું જીર્ણ કપડું ફાટતાં જેટલી વાર લાગે તેટલી વારમાં ભરત કેવળજ્ઞાન પામી ગયા હતાં. મરૂદેવી માતા હાથીના હોદે કેવળજ્ઞાન પામ્યા અને ભગવાન ઋષભદેવને દીક્ષા લીધા પછી એક હજાર વર્ષે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું હતું. જો ત્યાં પક્ષપાત થતો હોત તો ઋષભદેવ પ્રભુ એટલો વખત શા માટે કેવળજ્ઞાન ન પામ્યા. બાર બાર મહિના સુધી આહાર–પાણી ન મળ્યાં. એ બધું કેમ બન્યું? એમાં પૂર્વકૃત કર્મો કામ કરતાં હોય છે. એ આત્માઓ પુણ્યવાન અને હળુકર્મી હતાં. લક્ષ્મીના મદમાં છકી જાય તેવા ન હતાં.

માતાના કહેવા પ્રમાણે ધનવાનનો છોકરો ગરીબના છોકરાને ટીચો બતાવવા લાગ્યો. તો પણ પેલા ગરીબ છોકરાએ કેરી માંગવાનું ચાલુ રાખ્યું. એટલે માતાની શિખામણ પ્રમાણે ધનવાનના છોકરાએ કેરી ખાઈને ગોટલો પેલા છોકરાના માથામાં માર્યો. એટલે એ રડતો રડતો પોતાની માતા પાસે આવીને કહેવા લાગ્યો. બા! મને શેઠના છોકરાએ ગોટલો માર્યો. માતા કહે છે ભાઇ! તું શા માટે એની પાસે ગયો? હું તો તને ના જ પાડતી હતી. પણ બાળક કંઈ ઓછું સમજે છે? એણે તો હઠ કરી કે મારે કેરી ખાવી છે. માતાએ એને ખૂબ સમજાવ્યો પણ માન્યો નહિ એટલે માતાને ખૂબ ક્રોધ ચઢયો. એટલે હાથમાં ઢીંચણીયું લઈને છૂટું માર્યું. એની એક ખીલી ઉંચી થઇ ગયેલી તે છોકરાને વાગી જતાં લોહીની ધાર થઈ. તરત જ માતા દોડતી જઈને પુત્રને પંપાળવા લાગી. અહો! બાલપણામાં રંડાપો આવ્યો, હવે મારી આશાના મિનારા આ દીકરા ઉપર છે, પણ હું કેવી કમભાગી! આ વ્હાલા દીકરાને એક કેરી પણ નથી આપી શકતી! પુત્રનું માથું ખોળામાં લઈને ખૂબ રડે છે. ત્યારે બાળક કહે છે બા! તું રડીશ નહિ. હવે હું કદી કેરી નહિ માંગું. તું જે આપીશ તે હું ખાઈ લઇશ.

ગરીબાઇનાં દુઃખ તો જે વેઠે છે તે જ સમજે છે. દિવાળી આવશે એટલે તમારે ત્યાં સેવ–સુંવાળી, ઘૂઘરા અને ઘારીની ઘમઘમાટી બોલશે અને કંઇક ગરીબને ઘેર બેસતા વર્ષે મોઢું ગળ્યું કરવા ગોળનાં પણ સાંસા હશે. માટે તમને જે મળ્યું છે તેમાં કોઇ ગરીબના સામું જોજો. પેલી શ્રીમંત શેઠાણી એના છોકરાને કહે છે: તું એના ઓટલે જઈને ખા. બાળક ગરીબના ઓટલે આવીને મેવા–મીઠાઈ ઉડાવે છે અને ગરીબના છોકરાને ટીપો બતાવે છે. પણ હવે એ છોકરો ખૂબ સમજી ગયો છે. એટલે કહે છે ભાઈ! તમારા પૂર્વના પુણ્યોદયે તમે આવ અને સુખી થાવ. હવે હું તારી પાસે કંઈ જ નહિ માંગુ. એને એની માતાએ એક વખત ફટકો માર્યો તો બાળક સમજી ગયો. પણ હું તમને રોજ ફટકા લગાવું છું પણ તમે સમજતાં નથી. તમને કદાચ એમ થશે કે મહાસતીજી આપણને રોજ રોજ આમ્રખા મારે છે કે આમ કરો ને તેમ કરો. એ રોજ રોજ આપણને શેના કહે? ભાઈ, એમાં મને બીજો કોઈ સ્વાર્થ નથી. મને તમારા પ્રત્યે એ જ લાગણી છે કે મારા ભગવાન મહાવીરના સંતાન નરકે ન જવા જોઈએ. જેમ પેલી માતાને એના પુત્ર પ્રત્યે દ્વેષ ન હતો. એણે તો ગરીબાઈના દુઃખથી કંટાળીને ઢીંચણીયાનો ઘા કર્યો હતો. એ જ માતા લોહી નીકળ્યું ત્યારે પંપાળવા લાગી. તેમ ગુરૂઓ તમને ઉપરથી કઠોર શબ્દો કહેશે પણ અંતરથી તો તમારા પ્રત્યે લાગણી છે. જેમ કુંભાર ઘડાને ઉપરથી ટપલા મારે છે પણ અંદર હાથ રાખે છે. તેમ ગુરૂઓ ભલે ઉપરથી ટપલા મારતા હોય પણ અંદરથી તમારા પ્રત્યે એમને લાગણી છે.

આ છોકરો ધીમે ધીમે મોટો થયો. માતાએ પેટે પાટા બાંધીને ભણાવ્યો. ભણવામાં ખૂબ હોંશિયાર નીકળ્યો. ચરોતરના પટેલો આફ્રિકામાં ખૂબ વસેલા છે. આ છોકરાના કુટુંબીજનો આફ્રિકામાં વસતા હતાં. તેઓ આ છોકરાને આફ્રિકા લઈ ગયા. એને ધંધે વળગાડી દીધો. ત્યાં તેનું એવું પુણ્ય જાગ્યું કે તે ખૂબ કમાઈ ગયો. આજે પણ એ વ્યક્તિ વિદ્યમાન છે. ૩૦ થી ૪૦ લાખનો આસામી છે પણ એના જીવનમાં અભિમાન ન મળે. કોઈ પણ ગરીબને જુવે તો એને મદદ કરે છે. એક વખતની કડકડતી ઠંડીમાં જે ગરીબનો છોકરો થર થર ધ્રુજતો હતો, પહેરવા વસ્ત્રો ન હતાં. એણે પોતાનો કોટ ને ખમીશ ઉતારીને એને પહેરાવી દીધા. એ કોઇ ગરીબનું દુઃખ જોઇ શકતો નથી. કારણ કે પોતે કેવી સ્થિતિમાંથી પસાર થયો છે એનો એને અનુભવ છે. તમારા જીવનમાં આવો પ્રસંગ બની જાય ત્યારે તમારી પૂર્વ પરિસ્થિતિનો ખ્યાલ કરો. કંઇક એવા પુણ્યવાન જીવો પણ છે કે જેમણે ગરીબાઇ જોઈ જ નથી. તો પૂર્વભવના દુઃખોનો ખ્યાલ કરો અને જીવનને સદાચારથી ભરી દો.

બે બાળકો એના પિતાને જવાબ આપશે કે આ લોક કેવા દુઃખોથી પીડાઈ રહ્યો છે, શેનાથી વીંટાઈ રહ્યો છે, અને કઈ તીક્ષ્ણ ધારો વરસી રહી છે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.... ૯૦

આસો સુદ ૯ ને ગુરૂવાર તા. ૯-૧૦-૭૦

મહાન પુરૂષોએ આપણને ખાસ સમજાવ્યું છે કે હે આત્માઓ ! તમે પહેલાં પોતાને ઓળખો. માટે આપણે સર્વ પ્રથમ આપણી પિછાણ કરવી જોઈએ, કે હું તે શરીર નહીં પણ સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છું. આ હાથ-પગ આદિ નામ શરીરનાં છે. શરીર એ પણ બંધન છે. આપણે અશરીરી બનવું છે. શરીરમાં રહેવા છતાં પણ આપણને એમ લાગવું જોઇએ કે હું રાજીથી રહ્યો નથી પણ કર્મોદયથી છૂટકો નથી માટે રહ્યો છું. શરીરને લીધે ઉપાધિ કેટલી ! શરીર ન હોય તો આધિ-વ્યાધિ કે ઉપાધિ એકેય ન રહે. તમે સમજો કે જો શરીર આપણું નથી તો પૈસા ટકા તો આપણાં ક્યાંથી ગણાય ? નહીં. પણ તમે શું માનો છો ? કોઈ પૂછે કે તમારૂં નામ શું ? એ વખતે નામ અને પેઢી ઝટ યાદ આવે છે ને ? પણ આપણું શું ? એ ગણાવતાં આત્માના ગુણો યાદ કરો છો ખરા ? મારે ચાર પેઢીઓ છે એમ બોલતાં છાતી ફુલાય છે. પણ એ શરીર કે પેઢીઓ સાથે આવશે ? "ના" તો પછી જે આપણું નથી તેની મમતા શી ? હું કોણ અને મારૂં શું ? એ નક્કી કરવું જોઈએ. જૈન કુળમાં જન્મ્યા છો અને હવે અહીં નક્કી નહીં કરો તો ક્યાં કરશો ? આ સામગ્રી પામવા છતાં આત્માને ક્યારે અને ક્યાં ઓળખશો ? જેને આત્માની ઓળખાણ થઈ ગઈ છે તે મરણથી ડરતો નથી. દુઃખથી ગભરાતો નથી. એ તો સમજે છે કે શરીર એ હું નહિ. એ તો આત્માને બંધન રૂપ છે. કર્મસત્તા છૂટે તો જ મોક્ષ મળે. તમે તો ઉલ્ટા દિવસે દિવસે રાગના બંધનમાં બંધાતા જાવ છો. અત્યાર સુધી કહેલી વાત જો તમારા અંતરમાં ઉતરી હશે તો તમે રાગ-બંધનમાંથી છૂટવાનો ઉપાય શોધશો.

જેમને બંધનમાંથી છૂટવાનો ઉપાય સમજાઇ ગયો છે તેવા ભૃગુ પુરોહિતના બે પુત્રો એમના પિતાને શો જવાબ આપે છે :

मच्चुणाऽब्भाहओ लोगो, जराए परिवारिओ ।
अमोहा रयणी वुत्ता, एवं ताय विजाणह ॥ उ. अ. १४-२३

હે પિતાજી ! આપ પ્રશ્ન કરો છો કે આ લોક શેનાથી પીડાઈ રહ્યો છે ? શેનાથી ઘેરાઈ ગયો છે ? અને કયા શસ્ત્રોની ધારાઓ વરસી રહી છે ? તો એના જવાબમાં

અમે કહીએ છીએ કે આ લોક મૃત્યુથી પીડાઈ રહ્યો છે. જરા-ઘડપણથી વીંટાઈ રહ્યો છે. અને રાત્રિ-દિવસ રૂપી અમોઘ શસ્ત્રધારાઓ વરસી રહેલ છે.

બંધુઓ ! મૃત્યુની પીડામાંથી અત્યાર સુધીમાં કોઈ પણ જીવ છૂટી શકયો નથી. મૃત્યુથી આખો લોક પીડાઈ રહ્યો છે, ચાહે તીર્થંકર હોય, ગણધર હોય, ઈન્દ્ર હોય, ચક્રવર્તિ હોય કે વાસુદેવ-બળદેવ હોય, આવા મહાન પુરૂષો પણ વિકરાળ કાળના મુખમાં ઝડપાઈ ગયાં છે તો પછી આપણા જેવાની તો વાત જ કયાં રહી ! કાળના પંજામાંથી બચાવવા કોઇ સમર્થ નથી. માતા-પિતા, ભાઈ-બહિની, પુત્ર-પત્ની પાસે ઉભા હોય, મોટા મોટા સર્જનો ઉભા હોય પણ એ બધાં આંખો ફાડીને જોતાં રહે છે. અને કાળ કેળિયો કરીને જીવને લઈ જાય છે. પણ કોઈ કાળના પંજામાંથી બચાવી શકતું નથી. અતિવૃષ્ટિને કારણે નદીઓમાં પૂર આવ્યાં, એમાં કંઈકનાં લાલ તણાઈ ગયાં. પણ કોઈ માતા-પિતા બચાવવા સમર્થ થઈ શકયાં નહિ. માટે એક વાત સમજી લેજો કે વહેલા કે મોડા એક દિવસ જવાનું છે એ વાત નક્કી છે. બીજી વાત એ છે કે જરાથી લોક ઘેરાઈ ગયો છે. વૃદ્ધાવસ્થા આવતાં આ શરીરની કાન્તિ દિવસે દિવસે બદલાતી જાય છે. આ જીવન કેવું છે.

"જલ પ્રવાહ સમું અવિશ્રાન્ત આ, ઘટતું જાય ક્ષણિક જ જીવન;
દૂર જતાં જન યૌવન કાન્તિ એ, ડુંકડી આવી જરા તનને હરે."

પાણીના પ્રવાહની જેમ અવિરતપણે આપણું આયુષ્ય ક્ષીણ થઈ રહ્યું છે. તમે સવારમાં ઉઠીને હરખાવ છો કે આજે નવું પ્રભાત ઉગ્યું, પણ તમારા જીવનની સોનાની લગડીઓ કરતાં પણ કિંમતી ક્ષણો રાત્રિ અને દિવસ રૂપી ચોરો લઇને રવાના થાય છે. જેમ જેમ વૃદ્ધાવસ્થા ઘેરો ઘાલે છે તેમ તેમ શરીરનું બળ ક્ષીણ થાય છે. પછી ધર્મમાં પણ ચિત્ત લાગતું નથી. રાત્રિ અને દિવસો વ્યતીત થતાં વાર લાગતી નથી. જેમ જેમ દિવસો જાય છે તેમ તેમ આપણે મૃત્યુની નજીક આવતા જઈએ છીએ. એટલે રાત્રિ અને દિવસ રૂપી તીક્ષ્ણ શસ્ત્રની ધારાઓ વરસી રહી છે. આમાંથી બચવાનો સુંદરમાં સુંદર ઉપાય હોય તો ધર્મનું શરણ અને ચારિત્રનું ગ્રહણ છે.

જે આત્માઓ સમજી ગયાં તે તો મોહ-માયા-મમતા તજીને સાધુ બની ગયાં. પણ જેને મમતા નથી છૂટતી તેઓ આ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. તમે અત્યાર-સુધી નજરે દેખો છો કે કોઈના બાપ-દાદાઓ એક દમડો પણ સાથે લઈ ગયાં નથી, તો અમે શું લઈ જવાના છીએ ! મમત્વને કારણે કષાય આવે છે. કોઈ બહેને તપ-શ્ચર્યા કરી હોય અને સારી સાડી પહેરીને ઉપાશ્રયમાં બેઠી હોય તે વખતે બહારથી બીજી કોઈ બહેન ઉતાવળી આવી, ગરબડ ચૂકથી એની સાડી ઉપર પગ પડી જાય તો તરત જ કહેશે કે બહેન ! જરા દેખો છો કે નહિ ! તમારા કચરાવાળા પગ મારી

સાડી ઉપર પડ્યા અને મારી સાડી બગડી. કહેવાનો હેતુ એ કે, માસખમણ જેવી ઉગ્ર તપશ્ચર્યા કરીને દેહ સૂકવી નાંખ્યો પણ અંદરની 'મમતા સૂકાઈ નથી, એટલે ક્રોધ આવી ગયો. એક એક પછી એકેક કષાયો ઉભેલી જ છે. ક્રોધ પછી માન આવે છે.

સિદ્ધાંતના સિદ્ધાંતો ભણી ગયા. ૫૦-૧૦૦ થોકડા ભણી ગયાં. પ્રશ્નનું જ્ઞાન મેળવી લીધું, એટલે એમ થઈ જાય કે હું કંઈક છું. મારા જેટલું કોઈની પાસે જ્ઞાન જ નથી. પોતાના માનનું પોષણ કરવા માટે પોતે જે નાડું પકડે છે, તે છોડતાં નથી. એમને કહેવામાં આવે કે બેન, આમ નથી પણ આમ છે. તો તરત જ એને કષાય આવી જાય છે કે હું કંઈક જાણું છું. એ મને શેના કહે? હું કહું છું તે જ સાચું છે. પોતાની વાત સાચી ઠરાવવા ઉત્સૂત્રની પ્રરૂપણા કરે છે. અમે સાધુ બનીને પાટે બેસી ગયાં. તમને ઉપદેશ આપીએ એમાં અમારી મરજી મુજબ સિદ્ધાંતના અર્થ કરીએ તો અમારો અનંત સંસાર વધી જાય. તેથી જ ભગવાન કહે છે કે ઉત્સૂત્રની પ્રરૂપણા કરનારો કસાઈ કરતાં પણ મહાન પાપી છે. કસાઈ તો બુલ્લો પાપી છે પણ ઉત્સૂત્રની પ્રરૂપણા કરનાર તો એનાથી પણ અધિક પાપી છે. કારણ કે ઉત્સૂત્રની પ્રરૂપણા કરનારો તો પોતાને હણે છે અને અનેક આત્માઓને વિપરીત માર્ગ ઉપર ચઢાવીને અનંત સંસારમાં પોતાના આત્માને રઝળાવે છે. મહાત્મા આનંદઘનજીએ કહ્યું છે કે :-

> " પાપ નહિ કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહિ કોઇ જગ સૂત્ર સરિખો,
> સૂત્ર અનુસારે જે ભવિક ક્રિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો,
> ધાર તલવાર તણી સોહ્યલી, દોહ્યલી ચઉદમા જિન તણી ચરણ સેવા. "

ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાથી અધિક દુનિયામાં બીજું કોઇ મોટું પાપ નથી. અને સૂત્ર-સિદ્ધાંતની આજ્ઞા પાળવા જેવો બીજો કોઈ ધર્મ નથી.

જમાલિ એ ભગવાન મહાવીરનો જમાઈ હતો અને બીજી તરફ ભાણેજ હતો. એનો વૈરાગ્ય કેવો ઉત્કૃષ્ટ હતો? એના વૈરાગ્યની વાતો સાંભળતાં આપણાં રોમાંચ ખડા થઈ જાય છે. એવા જમાલી પોતાના ૫૦૦ શિષ્યો સહિત વિચરતાં હતાં. એક દિવસ તેમની તબિયત બગડી ત્યારે શિષ્યોને કહ્યું: મારા માટે પથારી બિછાવો. શિષ્યો પથારી કરી રહ્યા હતાં ત્યાં જમાલિએ પૂછ્યું-પથારી થઇ ગઇ? શિષ્યો કહે છે હા, જમાલિ ત્યાં જઇને જુવે છે તો પથારી પૂરી થઈ ન હતી. તેથી તે શિષ્યોને કહેવા લાગ્યા કે પથારી તો થઇ નથી અને તમે ખોટું કેમ બોલ્યા? ત્યારે શિષ્યો કહે છે કે ભગવાને કહ્યું છે કે " કડેમાણે કડે " અર્થાત્ કામ કરવા માંડ્યું ત્યારથી કર્યું કહેવાય. ત્યારે જમાલિએ કહ્યું કે એ ભગવાન મહાવીરનું વચન ખોટું છે. કામ પૂર્ણ થાય ત્યારે જ

પૂરું થયું કહેવાય. આ પ્રમાણે સ્હેજ ઉત્સૂત્રની પ્રરૂપણા કરી, એટલે ભગવાને બહેનો જેમ ઘઉંમાંથી કાંકરા ફગાવી દે તેમ જમાલિને પોતાના શિષ્ય સમુદાયમાંથી ફગાવી દીધા.

બંધુઓ ! વડનું બીજ નાનું હોય છે પણ એ નાનાશા બીજમાં વડલાનું વિશાળ વૃક્ષ બનવાની તાકાત રહેલી છે. તેમ એક નાનકડી ભૂલનું પરિણામ કેટલું ભયંકર આવે છે ! અગ્નિની નાની ચિનગારી ઘાસની ગંજી પર જઈને પડે કે રૂના ઢગલા પર જઈને પડે તો ભયંકર વિનાશ સર્જે છે. તેમ નાનું સરખું પાપ પણ ઉગ્ર રૂપ લે તો ભયંકર વિનાશ નોતરે છે. માટે ઉત્સૂત્રની પ્રરૂપણા કરતી વખતે ખૂબ વિચાર કરવો. વીંછીનો ડંશ સોયની અણી જેટલો જ હોય છે. છતાં પણ તે મોટા મોટા માણસો માટે અસહ્ય બને છે. તેમ અલ્પ પાપ પણ માણસને માટે અતિ દુઃખદાયી બને છે.

શ્રી ગુપ્તાચાર્યના શિષ્ય રોહગુપ્ત કોઈક વાદીની સાથે ચર્ચા કરતાં હતાં. ચર્ચા દરમ્યાન પેલા વાદીએ જીવરાશિ અને અજીવરાશિ એમ બે રાશિની સ્થાપના કરી. તે વખત રોહગુપ્તજી એક સૂતરના દોરાને વળ ચડાવી તે દોરો નીચે મૂકી ચર્ચા કરનારને પૂછયું કે આ દોરો કઈ રાશિ કહેવાય ? જીવરાશિ કે અજીવરાશિ ? જો તમે જીવરાશિ કહેશો તો સૂતર એ અજીવ પદાર્થ છે. જો તમે અજીવરાશિ કહેશો તો આ અજીવ સૂતર આ પ્રમાણે હલનચલન કેમ કરે છે ? એ પ્રમાણે સાંભળી અને સૂતરના દોરાને જોઈ ચર્ચા કરનાર ચૂપ થઈ ગયો. ત્યારે રોહગુપ્તજીએ કહયું ભાઈ ! આ સૂતરનો દોરો છે તે જીવરાશિ કે અજીવરાશિ ન કહેવાય પણ જીવાજીવ નામની ત્રીજી રાશિમાં ગણાય. એ પ્રમાણે વાદીને હરાવીને પોતાના ગુરૂજી પાસે આવ્યાં. અને ચર્ચામાં જીત્યાની તમામ વાત ગુરૂજીને કરી. ત્યારે ગુરૂજીએ કહયું કે શ્રી ભગવાન મહાવીરે તો જીવરાશિ અને અજીવરાશિ એ બે રાશિ જ શાસ્ત્રમાં ફરમાવી છે. અને તમે તમારા મનથી કલ્પીને ત્રીજી રાશિનું સ્થાપન કર્યું તે મિથ્યા છે. માટે તમે સભાની સમક્ષમાં એનું મિચ્છામિ દુક્કડં લો. પણ રોહગુપ્તજીએ માન અને મગરૂરીને વશ થઈને પોતાની હઠ છોડી નહિ અને પોતાની ભૂલનું મિચ્છામિ દુક્કડં ન લીધું એટલે તે પણ નિન્હવ તરીકે ગણાયા.

બંધુઓ ! જે મહાન ઉગ્ર કરણીના કરનાર હતા, તેમણે ભગવાનના એક વચનને ઉલ્ટી રીતે પ્રરૂપ્યું તો નિન્હવ તરીકે ફેંકાઈ ગયા. દેવાનુપ્રિયો ! શાસ્ત્રના ગહન ભાવોને તમારી બુદ્ધિ પ્રમાણે સમજજો. તમને ન સમજાય તો શાસ્ત્રના જાણકાર ગુરૂની પાસે જઈને તમારી શંકાનું સમાધાન કરજો. એથી પણ ન સમજાય તો " तत्त्वं तु केवलिगम्यं " એમ સમજજો. ભગવાને જે ભાવ ભાંખ્યા છે તે જ સત્ય છે. એમાં શંકાને સ્થાન નથી. એમ સમજી પ્રભુના વચન ઉપર શ્રદ્ધા રાખશો તો તમારો આ ભવ ને પરભવ બંને સુધરી થશે.

દેવભદ્ર અને જશોભદ્ર એના પિતાને હજુ પણ શો જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૮૧

આસો સુદ ૧૦ ને શુક્રવાર તા. ૯-૧૦-૭૦

જે આત્માઓ કામવાસના ઉપર વિજય મેળવે છે તેને માટે દુનિયામાં કંઈ જ કાર્ય કઠીન નથી. જ્ઞાની પુરૂષો કહે છે કે કામવાસના એ આત્માનો સ્વભાવ નથી પણ વિકાર છે. રોગ છે. જેમ કોઈ માણસને ખરજવું થયું હોય તેને ખણ તો આવે છે, પણ ખણ્યા પછી ખણ શમી જાય છે. તેમ વાસના પણ ખરજવા જેવી છે. ખણતી વખતે ઠીક લાગે છે. પણ ખરજવાનો વિકાર વધતો જાય છે તેમ કામ વિકાર પણ ભોગથી વધે જાય છે. અગ્નિમાં ગમે તેટલા લાકડા નાંખવામાં આવે તો પણ અગ્નિ તૃપ્ત થતી નથી. સમુદ્રમાં ગમે તેટલી નદીઓ ભળે તો પણ સમુદ્ર ભરાતો નથી. તેમ તમે ગમે તેટલા કામભોગો ભોગવશો તો પણ વિષયાગ્નિ ઠરશે નહિ. માટે કામભોગ છોડો.

આ સંસારમાં અનંતાનંત કાળથી કામભોગોની પાછળ પાગલ બનીને મોહમયી આત્મા ભમી રહ્યો છે. અને અનંતી વખત કામભોગો ભોગવ્યાં છતાં પણ કામવિકાર રૂપી રોગ, મોહમાં પડેલા જીવનો મટયો નહિ. માટે એ હકીકત છે કે ભોગથી કામ કદી શાંત થાય નહિ. "न जातु कामः कामनामुपभोगेन शाम्यति।' પણ કામના તો બ્રહ્મચર્યનું પાલન કરવાથી જ શાંત થાય છે. માટે બંધુઓ! જેમ બને તેમ કામના ઉપર વિજય મેળવવા માટે બ્રહ્મચર્યપાલનનો અભ્યાસ કરો. જેટલું ઈન્દ્રિયો અને મન ઉપર નિયંત્રણ કરવામાં આવશે તેટલું અવશ્ય બ્રહ્મચર્યનું પાલન કરી શકાશે. આત્માનું શુદ્ધ સ્વરૂપ નિર્વિકાર છે. જ્ઞાન અને ચારિત્રમય છે. વીતરાગ સ્વરૂપ છે. તો એનો અનુભવ ઠરવાને બદલે અજ્ઞાનને કારણે કામવિકારોનો અનુભવ કરી રહ્યો છે. એ ચામડાની રમતબાજી રમવાથી જીવને શો લાભ થવાનો? ખરેખર પરલોકમાં હલકા અવતાર મળે છે. માટે બંધુઓ! એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે સારા સારા શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શનાં આકર્ષણભર્યા વિચારોને અટકાવવા જોઈએ. કારણ કે સર્વજ્ઞ પ્રભુએ ખરાબ વિચારને બ્રહ્મચર્ય વ્રતના ઉલ્લંઘનનું પહેલું પગથીયું કહ્યું છે, માટે મનને એવું જાગૃત બનાવી દો કે એ જડ પદાર્થો તરફ આકર્ષાય જ નહિ. કોઈ પણ પદાર્થ પ્રત્યે રાગ-દ્વેષ કર્યા વગર અલિપ્ત અને તટસ્થ ભાવથી જ રહે. મન એમ કહી દે કે હે જડ! મારા આત્માની સમૃદ્ધિ સામે તારી કશી જ કિંમત નથી. તું તો મોક્ષમાં જતાં બેડી રૂપ બનીને મને ભવમાં ભટકાવે છે. આવા ભાવ કોને આવે? જે પરભાવોથી પાછા પડયાં હોય, સ્વભાવમાં સ્થિર બન્યાં હોય તેને આવે છે.

દેવભદ્ર અને જશોભદ્ર એના પિતાને કહે છે કે આ લોક મૃત્યુની વેદનાથી પીડાઇ રહ્યો છે. વૃદ્ધાવસ્થાથી વિંટળાઈ રહ્યો છે. રાત્રિ અને દિવસરૂપી શસ્ત્રોની તીક્ષ્ણ ધારાઓ વરસી રહી છે. આમાં કયાં રાચવા જેવું છે? હે પિતાજી! તમે આ વાતનો વિચાર કરો. આ સંસારમાં તો જ્યાં ને ત્યાં દંડાવાનું જ છે. જીવ ચાર ગતિ, ચોવીસ દંડક અને ચોરાસી લાખ જીવાયોનીમાં અનાદિકાળથી પરિભ્રમણ કરી રહ્યો છે. આ શરીર છે તો જ ઉપાધિ છે. જન્મ પણ શરીરનો અને મરણ પણ શરીરને જ હોય છે. માટે હવે અમારે આ સંસારમાં રહેવું નથી.

દેવાનુપ્રિયો! જ્યાં સુધી જીવ અજન્મ દશા પ્રાપ્ત નહીં કરે ત્યાં સુધી આ બધી જ ઉપાધિ રહેવાની છે. અનુત્તર વિમાનમાં તેત્રીસ સાગરોપમની સ્થિતિએ રહેલો મહર્ધિક દેવ એને, ત્યાં ભોગવિષયો નથી, કોઇની પરતંત્રતા પણ નથી. તેઓ તો સ્વયં ઇન્દ્રો છે. તે લોકો તો છ દ્રવ્ય, નિક્ષેપા અને નયની ચિંતવણામાં જ મશગૂલ રહે છે. એમાં એને તેત્રીસ સાગરોપમ પૂરા થઈ જાય છે. તો પણ એને ખબર પડતી નથી. એવા દેવને આવા ઉત્તમ સુખો ભોગવીને પાછા માતાના ગર્ભની ગંધાતી કોટડીમાં આવીને ઉત્પન્ન થવું પડે છે. એ દેવલોકમાં રહેલા દેવોને મનુષ્ય લોકમાં આવતા ગંધ આવે છે. મનુષ્ય ગમે તેટલો બહારથી સ્વચ્છ અને સુગંધિત રહે પણ અંદર તો હાડ, માંસ, લોહી સિવાય બીજુ શું ભર્યું છે? દેવોને વૈક્રિય શરીર છે એટલે એને મનુષ્યના શરીરની ગંધ આવે છે. એવા દેવને માતાના ગર્ભમાં કેરીની માફક ઉંધા મસ્તકે લટકવું પડે છે. જ્યારે માતા વડીનીત અને લઘુનીત કરે ત્યારે ગર્ભના શરીરની નાકની દાંડી ઉપર થઇને રેલા ઉતરે છે. આ બધું જીવે કેમ સહન કર્યું હશે? વિચાર કરો.

ભવનપતિ–વાણવ્યંતર–જ્યોતિષી અને પહેલા–બીજા દેવલોકના દેવો પૃથ્વી–પાણી–વનસ્પતિ, મનુષ્ય અને તિર્યંચ એ પાંચ દંડકમાં જાય છે. અને ત્રીજાથી આઠમા દેવલોક સુધીના દેવો મનુષ્ય અને તિર્યંચ બે ગતિમાં જાય છે. નવમા દેવલોકથી માંડી સર્વાર્થ-સિદ્ધ વિમાનના દેવતાઓ ચ્યવીને મનુષ્ય ગતિમાં જાય છે. નારકી અને દેવોને ચ્યવવાનું કહેવાય છે. અને મનુષ્ય ને તિર્યંચને મરવાનું કહેવાય છે. કારણ કે દેવોને તો ચ્યવીને મનુષ્ય કે તિર્યંચ કોઇ ને કોઈ ગતિમાં જવું જ પડે છે. જ્યારે મનુષ્ય એક વખત સમજીને સંસાર છોડી દે તો ભવના ભુક્કા કરી નાંખે છે. અને ઘાતી કર્મના ભુક્કા કરે તો ફરીને શરીર ધારણ કરવું પડતું નથી. આટલી તાકાત મનુષ્યમાં રહેલી છે. માટે હવે ચોવીસ દંડકમાં દંડાવું ન હોય તો સંસારને તિલાંજલી આપવાનો પુરૂષાર્થ કરો. ચોવીસ દંડકને દંડક શા માટે કહ્યા? ત્યાં દંડાવાનું જ છે. અને ચૌદ ગુણસ્થાનમાં સૌથી પ્રથમ ગુણસ્થાન તો મિથ્યાત્વનું છે છતાં એને ગુણસ્થાન કહ્યું શા માટે? કારણ કે એ ગુણસ્થાનેથી જીવ ક્રમે ક્રમે વિકાસ સાધે તો એ ઘણો આગળ વધી જાય છે. ત્યાં

ગુણોનું પ્રગતિકરણ થાય છે એટલે એને ગુણસ્થાનક કહેલ છે.

જિનવાણી સાંભળ્યા પછી જો અંતરમાં ઉતરતી હોય તો જીવનમાં દિન-પ્રતિદિન ગુણોની વૃદ્ધિ થવી જોઈએ. અને માનવ જીવનનો સદુપયોગ થવો જોઈએ. જો કોઈ આત્મા ધર્મને માર્ગે જતો હોય તો તેને જોઈને અંતરમાં આનંદ થવો જોઈએ. ત્યાગી-વૈરાગીને જોઇને ધર્મિષ્ઠ આત્માના અંતરની ઉર્મિઓ ઉછળે છે. અને પોતે એવા બનવા માટેની ભાવના ભાવે છે. પણ જે ધર્મ-કર્મને સમજતો નથી, ભોગ-વિષયોમાં પોતાનું અમૂલ્ય જીવન વીતાવી દે છે તેને અંતિમ સમયે કેવી વેદના ભોગવવી પડે છે તે એક દૃષ્ટાંત દ્વારા સમજાવું છું.

એક શહેરમાં એક ધનવાન શેઠ હતો. એને એના ધનનું ખૂબ અભિમાન હતું. સાધુઓની તો ખૂબ નિંદા કરે. ધર્મના અવર્ણવાદ બોલે, કોઈ દીક્ષા લેવા નીકળે તો એમ કહે કે દીક્ષા લે એટલે કમાવું તો મટી જાય ને? મફતના રોટલા ખાવા મળે. અને બહેન દીક્ષા લે તો એમ બોલે કે શું બોટું! કામ કરવું તો મટી ગયું! એ શેઠને મોટી પેઢી હતી. ઘેર ઘોડાગાડી હતી. ઘોડો તો અરબીનો હતો. સ્હેજ લગામ ખેંચે કે પવનવેગે દોડે. શેઠ ગાડીમાં બેસીને ફરવા નીકળે તો જાતે જ ગાડી હાંકે. એનું મોઢું જોતાં એમ લાગે કે આ અભિમાનનું પૂતળું છે. એના મનમાં એવું અભિમાન કે મારા જેવો ઘોડો કોની પાસે છે? મારા જેવું પડું શરીર કોનું છે? આવા અભિમાનમાં બીજાની આગળ ચારિત્રની અને મુનિઓની નિંદા જ કર્યા કરતો હતો. આ નિંદાની પાછળ દિલમાં કેટલા ભયંકર અશુભ ભાવ અને દુર્ધ્યાન ચાલ્યા કરતા હશે?

એક વખત એવું બન્યું કે એના મોટા છોકરાના લગ્ન લીધા. આખી નાતમાં જમવાનાં નોતરા ફેરવ્યાં. જમણનો દિવસ આવ્યો. શેઠ તો સવારમાં વહેલા ઉઠ્યા. નાહી-ધોઈ નાસ્તા પાણી વિગેરે કામ પતાવી દીધા. ત્યાં સુધીમાં તો પડ્યા જેવા શરીરમાં-નખમાં પણ રોગ દેખાતો ન હતો, પણ એકાએક કોણ જાણે શું થઇ ગયું? કે શેઠ નાતને જમવાની વાડીએ જવાની તૈયારી કરે છે, ત્યાં એને બ્લડ પ્રેશર વધી ગયું, કહો કે તીવ્ર પાપકર્મના ઉદયે શરીરમાં ગમે તે વિક્રિયા ઉભી થઈ અને માથાની બેરી નસ તૂટી ગઈ. જીભ બેંચાવા લાગી. "ભાઈને પીડા થાય છે. તેને એના છોકરાને કે સ્ત્રીને કેટલું ય કહેવું હશે." તે બોલવા ગયો પણ ઓ....આ....ઓ.... સિવાય બીજો અક્ષર જ ન કાઢી શક્યો. કારણ કે જીભ બેંચાતી હતી. ડોકટર પણ શું કરી શકે?

તીવ્ર અશુભ કર્મનો ઉદય થયો હોય ત્યારે ડોકટર પણ કંઈ જ કરી શકે તેમ નથી. બિચારો ત્રણ દિવસ સુધી ઓ....ઓ કરતો રહ્યો. પોતાની પત્નીને કે વ્હાલા પુત્રોને દિલની કંઈ જ વાત કરી શક્યો નહિ. બંધુઓ! વિચાર કરો. પૂર્વે કરેલા અભિમાન અને દેવ-ગુરૂ ધર્મની કરેલી નિંદાથી બાંધેલા અશુભ કર્મોદયે તેને ઢીલોઢસ કરી

નાંખ્યો. ત્રણ ત્રણ દિવસની અઘોર પીડામાં શરીરની મૂર્ચ્છા, જીવવાની મમતા વિગેરે ડાકણોના ટોળાએ એને એવો ઘેરી લીધો કે એના અંગે હાયવોયનો પાર ન રહ્યો. ને અંતર કલેશનો પણ પાર નહિ. છેવટે અશુભ ભાવ, અશુભ ધ્યાન મગજ ઉપર ચઢી બેઠા અને એ કરૂણ હાલતે મર્યો. આખી જિંદગી સેવેલા અભિમાન, ધર્મ દ્વેષ અને ધર્મનિંદાના અશુભ ભાવોનું એને કેવું ફળ મળ્યું ? મરણ વખતે એનું અભિમાન કેવું ઓસરી ગયું ! માટે જ જ્ઞાનીઓ કહે છે કે તમે જીવનમાં શુભ ભાવના ભાવો. તમારાથી કોઈનું સારું ન થાય તો બેર, પણ કોઈનું અશુભ તો ન જ કરવું. ધર્મ કદાચ ઓછો થાય તો ઓછો કરો, તમે ત્યાગી ન બની શકો તો ન બનો, પણ જે ધર્મ કરે છે, સંસાર ત્યાગે છે એના અવર્ણવાદ તો ન જ બોલવા. મનમાં આવેલો સ્હેજ અશુભભાવ પણ કેટલું નુકશાન કરે છે !

એક મુનિ કાઉસગ્ગ કરતા હતા. કાઉસગ્ગ તો એક લોગસ્સનો જ હતો. પણ લોગસ્સ બોલતાં એવા શુભ ધ્યાને ચઢયાં કે ત્યાં એમનું અવધિજ્ઞાનાવરણીય કર્મ તૂટતાં અવધિજ્ઞાન પ્રગટ થયું. અશુભ જ્ઞાનાવરણાદિ કર્મોને તોડવાની ધ્યાનમાં તાકાત છે. શુભ ધ્યાનનું આ મહત્વ જીવ સમજતો નથી, એટલે ધ્યાન કરી શકતો નથી. મુનિને શુભ ધ્યાનમાં જ ત્યાં અવધિજ્ઞાન પ્રગટ થયું. હજુ કાઉસ્સગ્ગમાં જ છે, ને અવધિજ્ઞાનથી અસંખ્ય જોજન ઉંચે વૈમાનિકમાં પહેલું દેવલોક દેખાયું. ત્યાં ઇન્દ્ર શું કરે છે એ જોવાની જિજ્ઞાસા થતાં જ ખૂણામાં ઇન્દ્ર તેની ઇન્દ્રાણીને મનાવતો દેખાયો. એ જોઈને મુનિને હસવું આવ્યું, કે અહો ! આવો મોટો ઇન્દ્ર પણ ઇન્દ્રાણીને મનાવવા બેઠો છે ! આટલો બધો ગુલામ !

એમને સ્હેજ હાસ્ય આવી ગયું. હાંસી મશ્કરી એ પણ અશુભભાવ છે. એનું ફળ કેવું મળે છે ? મુનિને હસવું આવ્યું ત્યાં જ અવધિજ્ઞાનનાં આવરણકર્મ પાછા ઉદયમાં આવી ગયા અને આવેલું અવધિજ્ઞાન ચાલ્યું ગયું. એટલે અંધારું થઈ ગયું. કંઈ જ દેખાતું નથી. સ્હેજ હાસ્યમાં કેટલું બધું ગુમાવી દીધું ! બીજાની હાંસી કરતાં હૈયામાં જે તુચ્છતા આવી તે હવે શુભ ભાવ લાવવા જાય, શુભ ધ્યાન કરવા જાય પણ એમાં પ્રબળ પાવર કયાંથી આવે ? કોઈક વખતના આવા અશુભ ભાવથી એવી ખરાબી થાય છે કે હૈયું તુચ્છ અને ક્ષુદ્ર બની જાય છે. જેથી શુભભાવ અને ધ્યાનને જાગવાનો અવકાશ પણ રહેતો નથી. માટે અશુભ ભાવ લાવતાં પહેલાં ખૂબ વિચાર કરવાની જરૂર છે.

મુનિનું અવધિજ્ઞાન કેમ ચાલ્યું ગયું ? મુનિ તો ગુણીયલ હતા, પણ ઇન્દ્રની મોહ-મૂઢ દશા જોતાં એના પર હસ્યા. હાંસીનો ભાવ આવે એ તામસ ભાવના ઘરનો છે. પેલા મુનિને એવા ભાવ આવ્યાં હોત કે સંસારનો મોહ કેવો વિચિત્ર છે ! મોહમાં માણસ કેવો મૂઢ બની જાય છે, એને કારણે જ એ સંસારમાં પરિભ્રમણ કરે છે, તો

અવધિજ્ઞાન જતું ન રહેત. પણ એમને આવી દયા આવવાને બદલે એમને તો એમ થયું કે હેં-ઇન્દ્ર પણ આવો પાગલ ! આવું કરે છે ? એમ તિરસ્કાર આવ્યો. હાંસી-ટુર્ણછા થઈ, એટલે સાત્વિક ભાવ ચાલ્યો ગયો. અને તામસ ભાવ ઝગમગતો થયો. પછી અવધિજ્ઞાન ચાલ્યું જાય એમાં કયાં નવાઈ પામવા જેવું છે ? એટલા માટે જ તામસ-ભાવને પોષનારાં નિમિત્તો જેટલાં ઓછાં સેવો તેટલા બચી શકો. હું તો તમને એ જ કહું છું કે તમે ત્યાગી ન બની શકો તો એટલું તો જરૂર કરજો કે સંસારમાં રહીને પણ કોઈના પ્રત્યે રાગ-દ્વેષ ન કરવો, કોઈની હાંસી-મશ્કરી ન કરવી. કોઈની મજાક કરવામાં પણ જીવ કર્મ બાંધે છે. માટે ત્યાગ એ જ સર્વશ્રેષ્ઠ કલ્યાણની ભૂમિકા છે.

બે બાળકો કહે છે હે પિતાજી ! આ સંસારમાં કયાંય સુખનું નામનિશાન દેખાતું નથી. આ અસાર સંસારમાંથી જો કોઈ બચાવનાર હોય તો એક માત્ર ધર્મ જ છે.

જા જા વચ્ચઈ રયણી, ન સા પડિનિયત્તઇ ।
અહમ્મં કુણમાણસ્સ, અફલા જન્તિ રાઇઓ ।। ઉ. અ. ૧૪-૨૪

હે પિતાજી ! આપણા જીવનમાંથી જે જે રાત્રિ અને દિવસો જાય છે તે ફરીને પાછા આવતાં નથી. અને અધર્મ કરનારના રાત્રિ અને દિવસ અફળ જાય છે.

મનુષ્યજીવન અમૂલ્ય છે. એ તો મહાનપુરૂષો કહેતાં આવ્યા છે. એ રીતે માનવ-જીવનનો ઉપયોગ થાય છે. બે માણસને લાખ લાખ રૂપિયાની મૂડી મળી. તેમાં એક માણસે પોતાની મૂડીનો ઉપયોગ દાનમાં કર્યો. ગરીબની સેવામાં નાણાં વાપર્યા. દુઃખી જીવોને શાતા ઉપજાવીને નાણાંનો સદુપયોગ કર્યો. અને બીજા માણસે ભોજશોખમાં અને વ્યસનોમાં નાણાંનો ઉપયોગ કર્યો. મૂડી તો બંનેની ખર્ચાઈ પણ સફળ કોની કહેવાય ! જે પોતાના હાથે સત્કાર્યોમાં નાણાંનો સદુપયોગ કરે છે એ જ સાચું નાણું છે.

કહેવાનો આશય એ જ છે કે જે મનુષ્ય અધર્મનું આચરણ કરે છે તેના રાત્રિ અને દિવસ અફળ જાય છે. પોતે આ જિંદગીમાં સુખ પામી શકતો નથી અને પરભવમાં પણ સુખ પામતો નથી. હજુ પણ પુત્રો શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં....૮૨ (વિજયાદશમી)

આસો સુદ ૧૧ ને શનિવાર તા. ૧૦-૧૦-૭૦

અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવંતે આપણા ઉપર મહાન અનુકંપા કરી સિદ્ધાંત રૂપ વાણીની પ્રભાવના કરી. એવા પ્રભુને વંદન કરતાં એમના ગુણોનું સ્તવન કરતાં પણ

આપણાં પાપકર્મો ધોવાઈ જાય છે. સંસારમાં તમારાથી કોઈ મોટો માણસ આવે છે તો તમે એને નમસ્કાર કરો છો. એમાં તો તમને સ્વાર્થ છે. એને વંદન કરતાં તમારા પાપ ધોવાશે નહિ. પણ ભગવાનને વંદન કરતાં, એના ગુણગ્રામ કરતાં તેનામાં તદાકાર બની જઈએ તો મહાન લાભ થાય. આત્માની દૃષ્ટિએ તો એમનો આત્મા અને આપણો આત્મા સમાન છે પણ ફેર એટલો જ છે કે પ્રભુએ જેને જીતી લીધા છે તેનાથી આપણે જીતાઈ ગયા છીએ.

હું તો ક્રોધ કષાયે ભરિયો, તું તો સમતા રસનો દરિયો,
હું તો અજ્ઞાને આવરિયો, તું તો કેવળ કમળા વરિયો,
હું તો વિષય સુખનો આસી, તેં તો વિષય કીધા નિરાસી,
હું તો કરમના ભારે ભરિયો, તમે સર્વથા દૂર કરીયો,
હું તો મોહ તણે વશ પડીયો, તું તો સબળ મોહને નડિયો,
હું તો ભવસમુદ્રમાં ખૂંચ્યો, તું તો મોક્ષ મંદિરમાં પહોંચ્યો.

હે પ્રભુ ! તેં તો કષાયો ઉપર વિજય મેળવ્યો છે. હું તેનાથી જીતાઈ ગયો છું. તારામાં સમતા ભરી છે ને હું તો મમતાથી ભરેલો છું. તારામાં જ્ઞાન ભરેલું છે અને હું તો અજ્ઞાનથી અવરાઈ ગયો છું.

આજનો દિવસ વિજયાદશમીનો છે. વિજયાદશમીના દિને ક્ષત્રિયોને ખૂબ આનંદ હોય છે. આગળના વખતમાં રાજા–મહારાજાઓ દશેરાને દિવસે સ્વારી કાઢતાં હતાં. વડોદરાના મહારાજાની સ્વારી જોવા માટે અમદાવાદથી સ્પેશ્યલ ટ્રેઈનો દોડતી હતી. આજે તો રાજા અને પ્રજા સરખા બની ગયા છે. સાલીયાણા મળતા હતાં તે પણ બંધ થઇ ગયા. આ બધો કેવો કર્મનો ઉદય છે. દશેરાને વિજયનું પર્વ કહેવામાં આવે છે. આજના દિવસે ભલાઈએ બૂરાઈ ઉપર વિજય મેળવ્યો હતો. નીતિએ અનીતિને પરાજિત કરી હતી. જ્યાં સદાચાર હોય છે ત્યાં દુરાચાર ટકી શકતો જ નથી. જે વાતને લાખો વર્ષો વીતી ગયા છતાં પણ આજે તે પ્રસંગ જનતાના મનમાં જાગૃત છે. જેના જીવનમાં દુરાચારની દુર્ગંધ ભરી હોય છે તેને લાખો વર્ષોના કાળનો પ્રવાહપણ ભૂલાવી શકતો નથી.

આજના દિવસ માટે બે મત પ્રચલિત છે. કેટલાક લોકોની માન્યતા એવી છે કે આજનાં દિવસે રામે રાવણની સામે યુદ્ધ કર્યું હતું. અને કોઈ એમ પણ કહે છે કે રામ અને રાવણના યુદ્ધની આજે સમાપ્તિ થઈ હતી. આ વાતમાં ગમે તેવા મતભેદ હોય છતાં એક વાત તો નક્કી છે કે રામચંદ્રજીએ રાવણ ઉપર વિજય મેળવીને સીતાજીને પાછા મેળવ્યા હતાં. આપણે વ્યવહારમાં એમ બોલીએ છીએ કે રામે રાવણને માર્યો. પણ ખરી રીતે તો લક્ષ્મણે રાવણને માર્યો હતો. રાવણની દુષ્ટ વાસનાઓને કારણે એની કેવી ફજેતી થઈ છે. ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં કેટલીક જગ્યાએ ગામની

બહાર રાવણનું પૂતળું બનાવીને ઉભું રાખે છે. એને વૃદ્ધથી માંડીને નાના નાના બાળકો સારા સારા કપડાં પહેરીને ત્યાં જાય છે. તેમને પૂછવામાં આવે કે ભાઈ! ક્યાં જાઓ છો? તો કહેશે કે રાવણને મારવા જઈએ છીએ. એ નાના બાળકો પણ રાવણના પૂતળાને પથ્થર મારી આવે છે. એ રાવણ કદાચ જીવતો ને જાગતો ત્યાં ઉભો હોય તો કોઈ ત્યાં ઉભા રહી શકશે ખરા? એમને પાછા વળતા પૂછવામાં આવે કે તમે કયાં જઈ આવ્યા? તો કહેશે કે રાવણને મારી આવ્યા. મહાબળવાન વાસુદેવ એવા લક્ષ્મણને પણ રાવણનો સંહાર કરતાં છ માસ લાગ્યા હતાં. અને આજના નાના નાના બાળકો ઘડીકમાં રાવણને મારી આવ્યા? ના, એવું નથી. પણ એણે કરેલા દુરાચારની ફજેતી છે.

જે મનુષ્ય સદાચારને છોડી દુરાચારનું સેવન કરે છે, તેની ફજેતી ચોક્કસ થવાની છે. અને એની ગમે તેવી દુર્દશા થશે તો પણ કોઇને એની દયા નહિ આવે. જેના જીવનમાં ભલાઈ હશે તેને હજારો મિત્રો મળી જશે. અને જો એનું જીવન દુરાચારથી ભરેલું હશે તો માડી જાયો ભાઈ પણ એને છોડી દેશે. એને માટે રાવણનું દૃષ્ટાંત સાક્ષી રૂપ છે. જ્યારે એ જ રાવણ સદાચાર અને નીતિથી ચાલતો હતો ત્યારે સેંકડો રાજાઓ એના ચરણમાં ઝૂકી પડતા હતા. તે જ્યાં જતો હતો ત્યાં લોકો એનું સ્વાગત કરતા હતા. આવો બળવાન રાવણ રામની સામે કેમ હારી ગયો? એ તો તમને આપોઆપ સમજાઈ જાય તેવી વાત છે. એ જ્યાં જતો ત્યાં એકલી જનતા જ નહિ પણ મોટા મોટા સમ્રાટો પણ એનું સ્વાગત કરતા. પરંતુ જે દિવસે તેણે સદાચારની સીમાનું ઉલ્લંઘન કર્યું તે દિવસે તેના દિવસો પલટાઈ ગયાં. બીજાની વાત તો બાજુમાં મૂકો, પણ સગો ભાઈ–વિભીષણે પણ એને છોડી દીધો હતો.

આજે આટલાં વર્ષો થઈ ગયાં છતાં ભગવાન મહાવીર, રામચંદ્રજી, કૃષ્ણ, બધાની જય બોલતાં તમારા બધાના હૈયા હરખાઈ જાય છે. મહાવીરનું નામ બોલતાં જૈનોને આનંદ થશે. રામ–કૃષ્ણનું નામ બોલતાં વૈષ્ણવોને આનંદ થશે. પણ રાવણનો જય બોલાવતાં કોઈને આનંદ નહિ થાય. કારણ કે એના જીવનમાં દુષ્ટ વાસનાની દુર્ગંધ ભરી હતી. આટલાં વર્ષો વીતી ગયાં, પણ હજુ કોઇ માણસ પોતાના સંતાનનું નામ રાવણ પાડવા ઇચ્છતું નથી. આજે લોકો પશુ–પક્ષીમાંથી નામ પસંદ કરે છે. કચરામાંથી નામ પસંદ કરે છે. વનસ્પતિમાંથી નામ પસંદ કરે છે. ઘણા ભાઇઓનું નામ પોપટલાલ હોય છે. બહેનોનું નામ મેનાબહેન, કોકીલાબહેન હોય છે. આ પક્ષીનું નામ નથી? ઘણાં ભાઈ ઓનું નામ કચરાભાઈ અને પુંજાભાઈ હોય છે. કંઈક બહેનોનાં નામ દુધીબહેન, નારંગી-બહેન વિગેરે હોય છે. અને મહારાષ્ટ્રમાં તો ઘણી બહેનોનું નામ બદામબેન, પતાસીબેન પણ હોય છે. આ બધામાંથી તમે નામની પસંદગી કરી, પણ હજુ સુધી કોઇએ પોતાના પુત્રનું નામ રાવણ કે દુર્યોધન પાડયું નથી. એનું કારણ એ જ છે કે એમણે નીતિના નિયમોને ઠોકરે માર્યા હતા.

રાવણ, પદ્મોત્તર અને કીચક વિગેરે વાસનાના ગુલામ બન્યાં હતાં. તેમણે પોતાની પત્નીઓ ઉપરાંત પરસ્ત્રીઓ સામે વિકારભરી દૃષ્ટી ફેંકી હતી. વાસનાના નિમિત્તના એક જ ઝપાટે સોનાની લંકા બળીને ખાખ થઇ ગઇ. અને રાવણ પોતે પણ નાશ પામ્યો અને જતાં જતાં દુર્વાસનાની દુર્ગંધ મૂકતો ગયો.

દેવાનુપ્રિયો ! આજનો દિવસ મહાન પવિત્ર છે. આજે કંઈક માણસો જલેબી, ફાફડા ખાઇને દશેરાનો દિવસ ઉજવશે. પણ એથી ઘડી–બે ઘડી આનંદ આવશે, પણ વાસના ઉપર વિજય નહિ મેળવાય. ખરેખર તો આપણે દુષ્ટ વાસનાઓ ઉપર વિજય મેળવવાનો છે. આત્માએ આત્માની સાથે યુદ્ધ કરવાનું છે.

લડો સૌ આત્મ–સંગ્રામે, બીજા સંગ્રામ શા કરો,
શુદ્ધાત્માથી દુરાત્માને, જીતીને સુખ મેળવો.

આત્માએ બહારના યુદ્ધ ખેલવાની જરૂર નથી. અંતરમાં અનાદિકાળથી શુભ અને અશુભ વાસનાઓનો જંગ મચી રહ્યો છે. તેના ઉપર વિજય મેળવો. આજે સૌને વિજય મેળવવો ગમે છે. પરાજય કોઇને ગમતો નથી. પણ એ વિજય પરાજયના રૂપમાં ન પલટાઈ જાય એવું કયારે બની શકે ? વાસના ઉપર વિજય મેળવાય ત્યારે જ.

વાસના બે પ્રકારની છે. એક શુભ વાસના અને બીજી અશુભ વાસના. જેમ એક પ્રકારની પ્રવૃત્તિ બીજા પ્રકારની પ્રવૃત્તિને અટકાવે છે તેમ એક પ્રકારની વાસના બીજા પ્રકારની વાસનાને મારે છે. સદ્‌વાસનાથી કુવાસનાનો નાશ થાય છે. માટે વાસનાનો વિજય કરવા માટે વાસના જરૂરી છે, પણ કઇ વાસના જોઇએ તે બરાબર સમજી લેજો. આજ સુધી જીવે કેટલાં કેટલાં પ્રયત્નો કર્યા છતાં બધા નિષ્ફળ શાથી ગયા ? એનું કારણ એ જ છે કે જે વાસના મેળવવી જોઇએ, જેનો આશ્રય લેવો જોઇએ તે વાસના હજુ અંતરમાં આવી નથી. એનો આશ્રય લીધો નથી તેના કારણે જ જીવ બધે નિષ્ફળતા પામ્યો છે. જ્યાં સુધી સમ્યક્‌ત્વની વાસના ન પમાય ત્યાં સુધી મિથ્યાત્વની વાસના ન ટળે.

બંધુઓ ! આ જીવને અનાદિકાળથી પરતંત્રતાની બેડીમાં સપડાવનાર બૂરામાં બૂરી કોઇ વાસના હોય તો તે મિથ્યાત્વની વાસના છે. વાસના એટલે શું ? જે વાસિત કરે તેનું નામ વાસના. આત્મામાં વિપરીત ભાવનાનાં સંસ્કાર એનું નામ મિથ્યાત્વ વાસના અને આત્મામાં સમ્યક્‌ વાસનાના સંસ્કાર એનું નામ સમ્યક્‌વાસના. જેવી વાસના જે આત્માને વાસિત કરે તે આત્મા તેવા રૂપે વાસિત થાય છે. અને વાસના પણ બહારના વાતાવરણને લઇને આવે છે. તમે જેવા વાતાવરણમાં રહેલા હશો તેવી વાસનાના સંસ્કારો તમારામાં આવવાના છે.

આજે તો જ્યાં ને ત્યાં મોજશોખ ભરેલું મોહક વાતાવરણ જોવા મળે છે. જૈનોના

ઘરમાં ગૌચરી જઇએ તો જૈનની નિશાની તરીકેનું એક પણ ચિન્હ જોવા મળતું નથી. તમારા સંતાનોનું ભવિષ્ય સુધારવું હોય, તમારું જીવન સુધારવું હોય તો પહેલા ઘરનું વાતાવરણ પણ સુધારવું પડશે. તમારા ઘરમાં તમારા ફોટા ટીંગાડયા હોય છે એનાથી તમને શું સિંચન મળવાનું ? એના કરતાં ઘરની એક દિવાલ ઉપર લખો કે "समयं गोयम मा पमायए" હે ગૌતમ, સમય માત્રનો પ્રમાદ કરવા જેવો નથી, તો મારા તો કેટલા વર્ષો પ્રમાદમાં વીતી ગયા. બીજી દિવાલ ઉપર લખો કે "कत्तारमेव अणुजाइ कम्मं" કર્મ કરનારની પાછળ જ જાય છે. કર્મ કરનારને જ ભોગવવાં પડે છે. ત્રીજી દિવાલ પર લખો કે "कडाण कम्माण न मोक्ख अत्थि" હું ગમે તેમ કરીશ. છાનાં પાપ કરીશ પણ કરેલાં કર્મ ભોગવ્યા વિના છૂટકો જ નથી. ચોથી દિવાલ ઉપર લખો કે "एगोहं नत्थि मे कोइ नाहमन्नस्स कस्सइ" આ સંસારમાં હું એકલો જ છું, મારું કોઈ નથી તેમજ હું કોઇનો નથી.

તમે સવારના પહોરમાં ઉઠીને આવા સોનેરી સુવાકયો વાંચશો તો પણ તમારો આત્મા જાગી ઉઠશે. આવા સંસ્કારો તમારા આત્મામાં દૃઢ બનશે. આત્માનો સ્વભાવ એવો છે કે જેવી વસ્તુ એની સામે હોય તેવું પ્રતિબિંબ તેમાં પડે છે. જેમ સ્ફટિક સફેદ હોય છે પણ તેની નીચે જેવા કલરની વસ્તુ રાખવામાં આવે છે તેવું પ્રતિબિંબ તેમાં પડે છે, માટે જ જ્ઞાની કહે છેઃ જેવું વાતાવરણ તેવી વાસના. અને જેવી વાસના તેવા સંસ્કારો પડે છે. આપણો આત્મા હજુ સુધી મુક્ત દશાને પામ્યો નથી. સ્વ-સ્વરૂપને પ્રાપ્ત કરી શકયો નથી. તેનું એ જ કારણ છે કે હજુ વાસના ઉપર વિજય મેળવ્યો નથી. વાસનાનો વિજય જે વાસનાથી કરાય તે વાસના ભેળવાઈ નથી. જેમ કાંટો કાંટાને કાઢે છે. કાંટો તીક્ષ્ણ છે તો તેને કાઢવા માટે સાધન પણ તીક્ષ્ણ જોઈએ. તેમ મિથ્યા વાસનાને કાઢવા માટે સમ્યકૃત્વાદિ વાસના જોઈએ.

જીવનમાં સમ્યગ્વાસનાનું સ્થાન સંસ્કારથી આવે છે, સદાચારથી આવે છે. જીવનમાં પહેલેથી સદાચારનું સિંચન કર્યું હશે તો ગમે તેવી પરિસ્થિતિમાં પણ તમે અચલ રહી શકશો. અને જો સદાચાર નહિ હોય તો જીવનમાં ક્રોધ-માન-માયા-લોભ આદિ દુરાચારો સ્થાન જમાવી બેસશે. દુનિયામાં કોઈ મોટામાં મોટો દુશ્મન તમારું જેટલું અહિત નહિ કરે તેથી અધિક અહિત કરનાર આ દુશ્મનો રહેલાં છે. દશવૈકાલિક સૂત્રમાં પ્રભુએ કહ્યું છે કે :-

कोहो पीइं पणासेइ, माणो विणय नासणो ।
माया मित्ताणि नासेइ, लोहो सव्व विणासणो ।। દશ વૈ. અ. ૮-૩૮

ક્રોધ તો એકલી પ્રીતિનો નાશ કરે છે. માન આવે તો વિનયનો નાશ કરે છે. માયા મિત્રતાનો નાશ કરે છે, પણ જો કોઠામાં લોભ-શત્રુ પેઠો તો બધા ય ગુણોનો

નાશ કરી નાંખે છે. લોભ આવે છે ત્યારે તેનામાં હિત–અહિત, કલ્યાણ–અકલ્યાણ અને દયા ભૂલાઈ જાય છે. પોતાના ક્ષણિક સ્વાર્થને માટે બીજાનો વિનાશ કરતાં પણ અચકાતો નથી.

એક વખતનો પ્રસંગ છે. એક દયાળુ માણસે લોકોને સર્પદંશનું ઝેર ઉતારવાની અકસીર દવાનું શોધન કર્યું. ઘણી વનસ્પતિઓનો રસ એકઠો કરી ખૂબ મહેનત કરી એણે એ દવાનું સંશોધન કર્યું હતું. પછી એણે એ દવાનો પ્રયોગ કરી જોયો. તો એનાથી સર્પના ભયંકરમાં ભયંકર ઝેર ઉતરવા લાગ્યા. એટલે એમણે દવામાંથી ઇંજેકશનો બનાવ્યા. અને કંપની ખોલી. ઇંજેકશનની કિંમત સોળ રૂપિયા રાખી. ગામડામાં સર્પોનો ઉપદ્રવ ખૂબ હોય છે. લોકોને જેમ જેમ ખબર પડતી ગઈ તેમ તેમ તેની ખપત વધતી ગઈ. જે માણસ મરણના મુખમાં સપડાયો હોય તે બચી જાય, તો તેને માટે સોળના બત્રીસ રૂપિયા આપવા પડે તો પણ મોંઘું પડે નહિ.

આ શેઠની કંપનીની ખ્યાતિ ખૂબ પ્રસરવા માંડી. મોટા પ્રમાણમાં ઓર્ડરો આવવા લાગ્યા. આ જોઈ બીજા વહેપારીના મનમાં થયું કે આજ કાલ કંપની ખોલી અને ખૂબ જામી ગયો. એ ખૂબ કમાઇ ગયો. તો હું પણ આની સામે આવી કંપની ખોલું એમ વિચાર કરી એણે પેલા વહેપારીની દુકાનેથી એક ઇંજેકશન ખરીદ્યું. અને એના જેવા જ આકારના અને એવા જ કલરના ઇંજેકશનો બનાવ્યા. અને ઉપર લેબલ પણ એના જેવું જ લગાડયું. ઉપર લેબલ લગાડવાથી કે એવો કલર બનાવવાથી કંઈ એ દવાના ગુણો થોડા જ એમાં આવી જાય ? ઉપરનાં લેબલ તો ઘણાં સારા હોય પણ અંદર માલ જ ન હોય તો શું ? તમે જૈન કુળમાં જન્મ લીધો છે, જૈન તરીકેનું બીરૂદ ધરાવ્યું છે, પણ અંદર જૈનત્વનો માલ ન હોય તો શા કામનું ? તમે અહીં સામાયિક લઇને બેઠા છો પણ અંદર સમતાભાવનું તત્ત્વ છે કે નહિ એ તો તમે જ વિચાર કરી લેજો.

જુઓ, પૈસાનો લોભ શું અનર્થ નથી કરાવતો ? બીજા વહેપારીએ નવી કંપની ખોલી અને ઇંજેકશનો વેચવા માંડ્યાં. એણે ઇંજેકશનનો ભાવ આઠ રૂપિયા રાખ્યો. આજે દુનિયા સસ્તું મળે ત્યાં દોડે છે. સોળ રૂપિયાની વસ્તુ આઠ રૂપિયામાં મળતી હોય તો પછી સોળ રૂપિયા ખર્ચવા કોણ જાય ? હવે જુની કંપનીવાળાને ત્યાં તો કોઈ ઇંજેકશન લેવા જતું જ ન હતું. અને ઓછી કિંમતે વેચવાનું પરવડે તેમ ન હતું. અને સોળ રૂપિયામાં કોઈ ખરીદનાર ન હતું. એટલે એણે માલ વેચવો બંધ કર્યો. જુની કંપની બેસી ગઈ.

આજની દુનિયા બહારનું લેબલ જુવે છે, પણ ગુણ જોતી નથી. તમે વસ્તુના બાહ્ય ચળકાટને ન જોશો પણ એનામાં રહેલું તત્ત્વ જોતાં શીખજો. એ લેબલ અને રંગીન પાણી ઝેરને ઉતારી નહિ શકે. એનાથી તો દગો થાય છે, લોકો ઇંજેકશન લઇ જાય છે. તેમાં આયુષ્યના બળવાન હોય ને બચી જાય તો માની લે કે ઇંજેકશનથી ઝેર ઉતર્યું. અને કોઇ મૃત્યુ પામે તો એમ માની લેતાં કે એનું આયુષ્ય પૂરું થયું. એમ સમજી આંખોમાંથી આંસુ પાડી બેસી રહેતાં.

ભેળસેળ કરીને વસ્તુ વેચવી એ મોટું પાપ છે. તેમાં પણ આવી દવાઓમાં આવી જાતની દગાખોરી કરવી એ તો ઘણું જ ભયંકર પાપ છે. દગો કોઈનો સગો નથી. આવી દગાબાજી એક દિવસ પોતાનું જ અહિત કરનારી નીવડે છે. બંધુઓ ! તમને ગમે તેટલો પૈસો મળે પણ પૈસાના ગુલામ બની કદી આવા પાપ ન કરશો. લોભી મનુષ્યને પાપની પણ પરવા હોતી નથી. એક વખત નવી કંપની પર ફોન આવ્યો કે જલ્દી ઈંજેકશન મોકલી આપો. આ કંપનીવાળા શેઠના પુત્રના મિત્રનો ફોન હતો. એટલે તરત જ એનો પુત્ર ઈંજેકશન લઈને પહોંચી જાય છે. બાવીશ વર્ષનો યુવાન મિત્ર સર્પદંશના ઝેરથી બેભાન થઈને પડયો છે. તરત જ ડોકટર બોલાવ્યા. ઈંજેકશન અપાવ્યું. બાપ રાહ જોઈને બેઠો હતો કે હમણાં મારો પુત્ર આંખ ખોલશે, પણ કયાંથી ખોલે ? દવામાં સત્ત્વ હોય તો ઝેર ઉતરે ને ? પુત્રે તો સદાને માટે આંખ મીંચેલી જ રાખી. પુત્રનું મૃત્યુ થયું જાણીને એના માતા–પિતા પછાડો ખાઈને રોવા લાગ્યા. થોડા દિવસ પહેલાં જ જેના લગ્ન થયાં હતાં તે પત્ની બેભાન થઈને પડી. આ કરૂણ વાતાવરણ જોઈને શેઠના દિકરાનું હૈયું કંપી ઉઠયું. તેણે ઘેર આવીને કહ્યું: બાપુજી ! આ ધંધો બહુ જ ખોટો છે. આપણાં અલ્પ સ્વાર્થને ખાતર કંઈક જીવોનાં પ્રાણ હણાય છે. આ તો ભયંકરમાં ભયંકર પાપ કહેવાય. બાપ કહે છે દીકરા ! પૈસા કેમ કમાવાય તેની તને શી ખબર પડે ? આવી ધર્મની વાતો તું કયાંથી શીખી આવ્યો ? હવે કાલથી ઉપાશ્રયમાં જઈશ નહિ. ધર્મ તો ઉપાશ્રયમાં કરવાનો. ઘેર નહિ. જો ધર્મમાં કહ્યા પ્રમાણે કર્યા કરશો તો ભૂખે મરવાના દિવસો આવશે.

જુઓ ! લોભવૃત્તિ ધર્મને પણ દેશનિકાલ કરાવે છે. માટે હું તો તમને કહું છું કે ભલે પૈસાદાર ન બનાય તો કાંઈ નહિ પણ ધર્મને ચૂકશો નહિ. અને લોભને તો હૃદયમાં સ્થાન જ ન આપશો. બાપની સામે દીકરાનું કાંઈ જ ચાલ્યું નહિ. એક દિવસ એવો પ્રસંગ બની ગયો કે શેઠ આરામથી પલંગમાં સૂતા છે. એના ભયંકર પાપકર્મનો ઉદય થવાનો એટલે કોણ જાણે કયાંથી મોટો લોરિંગ સર્પ આવીને શેઠના અંગુઠે કરડી ગયો. જેવો સર્પે ડંખ માર્યો તેવી જ તેના મોઢામાંથી કારમી ચીસ નીકળી ગઈ. ચીસ સાંભળી પુત્ર-પત્ની બધાં દોડી આવ્યાં. લાઈટ કરીને જોયું તો મોટો ભયંકર કાળો ઝેરી નાગ. બાપ કહે છે બેટા ! ઈંજેકશન લઈ આવ. પુત્ર કહે છે પિતાજી ! દુકાનની ચાવી કયાં મૂકી છે ? ત્યારે કહે છે બેટા ! આપણી દુકાનનું ઈંજેકશન કામ નહિ લાગે. એ તો નકલી માલ છે. જુની કંપનીવાળા વહેપારીને ત્યાંથી લઈ આવ. પિતાજી ! અત્યાર સુધી દગા–પ્રપંચ કરી બીજાનાં પ્રાણ લૂંટતા વિચાર ન કર્યો. આ પાપ હવે તમને કેમ બચાવશે ?

પુત્ર તો દોડતો જુની કંપનીમાં ઈંજેકશન લેવા ગયો. એણે કહયું કે સોળ રૂપિયા

લો અને મને જલ્દી ઇંજેકશન આપો. મારા બાપુજીને સર્પ કરડયો છે. ત્યારે જુની કંપનીનો માલિક પૂછે છે ભાઈ! તારા પિતા તો મોટા વહેપારી છે. તમે બીજાને ઇંજેકશન આઠ રૂપિયામાં આપો છો અને આજે સોળ રૂપિયા ખર્ચીને મારી દુકાને શા માટે લેવા આવ્યા ? જો કે અમારી પાસે તો હવે એક પણ ઇંજેકશન નથી. તમારી કંપનીની હરિફાઇને લીધે અમારો માલ ખપતો બંધ થઈ ગયો. એટલે અમે માલ બનાવવાનું બંધ કર્યું છે. પુત્ર કહે છે ભાઈ! સોળને બદલે બત્રીશ રૂપિયા લો પણ એક ઇંજેકશન આપો. વહેપારી કહે છે ભાઈ! બત્રીશ તો શું પણ તું ત્રણ હજાર બસો ૩૨૦૦ રૂપિયા આપે તો પણ હું તને એક ઇંજેકશન આપી શકું તેમ નથી, કારણ તે મારી પાસે છે જ નહિ.

પુત્ર વીલે મોઢે પાછો આવ્યો. દુકાનમાં તો ઘણાં ઇંજેકશનો ભરેલા પડયાં છે, પણ એ તો બીજાને માટે હતાં. ભલે દુનિયા ન જાણે પણ પોતે તો જાણતો જ હતો કે એમાં સાચી દવા નહિ પણ રંગીન પાણી જ ભરેલું હતું. એ શા કામનું ? છ કલાકમાં તો શેઠ ચાલ્યા ગયાં. બંધુઓ ! બીજાને દુઃખ દેનાર પોતે કયાં સુધી હસતો રહી શકે ? બીજાનું અહિત કરતાં પહેલાં પોતાનું જ અહિત થઇ જાય છે.

પરનું બૂરું કરતાં પહેલાં પોતાનું થઈ જાય, ખરેખર એ કુદરતનો ન્યાય....(૨)
ખાડો ખોદે તે જ પડે છે, રડાવનારો પોતે રડે છે,
અભિમાનમાં નાના મોટાનું, પલમાં હણાઈ જાય....ખરેખર....

પાપકર્મનો બદલો મળ્યા વિના રહેતો જ નથી. કોઈ માણસ આ ભવમાં પાપકર્મનાં ફળ ભોગવે છે, કોઈ પરભવમાં ભોગવે છે, તો કોઈ આ ભવ અને પરભવમાં કર્મનો વિપાક ભોગવે છે. રૂએ લપેટેલી આગ છાની રહે તો કર્મો છાનાં રહે. લસણ વાવીને કસ્તુરીની આશા રાખે તો તે કયાંથી મળે ? આગ ઉપર હાથ રાખીને ભગવાનને પ્રાર્થના કરે કે પ્રભુ ! જોજે મારો હાથ ન બળે. એ કદી બની શકે ખરું ? ખરાબ કામ કરીને માણસ એમ ઈચ્છે કે એના કડવા ફળ મને ન મળે, પણ એ કદી બનવાનું જ નથી. માટે પાપ કરતાં પાછા ફરો. પાપકર્મ કરવામાં પ્રમાદ કરો અને ધર્મનું આચરણ તરત જ કરો.

આજનો દિવસ દુષ્ટ વાસનાઓ ઉપર વિજય મેળવી કર્મશત્રુઓ ઉપર વિજય મેળવવાનો છે. તો જ સાચા શૂરવીર બની શકાય. બાહ્ય શત્રુઓ ઉપર તો ઘણી વખત વિજય મેળવ્યો. હવે આંતરિક શત્રુઓ ઉપર વિજય મેળવવા પુરુષાર્થ કરો. દેવભદ્ર અને જશોભદ્ર કર્મશત્રુઓ ઉપર વિજય મેળવવા તૈયાર થયાં છે. તેઓ પોતાના પિતાને કહે છે પિતાજી ! પ્રમાદનું સેવન કરવાથી અને અધર્મનું આચરણ કરવાથી જીવનનાં રાત્રિ અને દિવસો અફળ જાય છે.

जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तई ।
धम्मं च कुणमाणस्स, अफला जन्ति राईओ ॥ उ. अ. १४–२५

જે મનુષ્ય ધર્મધ્યાન કરે છે તેનાં રાત્રિ અને દિવસો સફળ જાય છે. ધર્મધ્યાન કરવાથી ચતુર્ગતિના ચક્કરમાં ભ્રમણ કરવાનું અટકી જાય છે. કદાચ ધર્મ કરતાં કષ્ટ આવશે તો એ વેઠવામાં પણ મહાન લાભ છે. સંસાર ત્યાગી સંયમના માર્ગે જતાં જો ઉગ્ર પરિષહ આવશે તો પણ સહન કરી લઈશું. પણ અધર્મમાં રકત રહીને પાપકર્મ બંધાય એવું કાર્ય અમારે કરવું નથી. સંયમ માટે કદાચ આ દેહને હોમી દેવો પડશે તો પણ હોમી દેવા તૈયાર છીએ.

બધું દુઃખ જગતનું અમવું છે, પ્રભુ ચંદન મારે બનવું છે.
મન મારીને મારે દમવું છે.... પ્રભુ....
કોઈ કાપે એને કરવતથી તો પણ કહું છું હરકત નથી
નીચી મુંડીએ નમવું છે.... પ્રભુ...
કોઇ લાભ ઉઠાવે ઘસી ઘસી, હું સહન કરું છું હસી હસી,
પરની શાંતિમાં શમવું છે....પ્રભુ ચંદન મારે બનવું છે.

ચંદનનું લાકડું ખૂબ કિંમતી હોય છે. બીજા લાકડાની ગંજીઓ ખડકી હોય અને ચંદનના લાકડાનો એક જ ટુકડો ભલે હોય પણ કિંમત ચંદનના ટુકડાની છે. ચંદન જેમ જેમ ઘસાય છે તેમતેમ એ સુવાસ આપે છે. એનું વિલેપન કરનારને પણ શીતળતા આપે છે. ચંદન કંઈ એમ નથી બનાતું ! એને કેટલાં કષ્ટો વેઠવા પડે છે ત્યારે એની કિંમત થાય છે. પારકાને માટે પોતાની જાતને ઘસી નાંખે છે. તેમ સંયમ માર્ગે જતાં ગમે તેટલાં પરિષહો પડશે તો સમભાવે સહન કરી લઈશું. કોઈ કરવતથી કાપી નાંખે કે કોઈ પૂજા કરે એની અમને પરવા નથી. પણ આ સંસારમાં અમારે રાચવું નથી. હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૮૩ બ્રહ્મચર્યનો મહિમા

આસો સુદ ૧૨ ને રવિવાર તા. ૧૧–૧૦–૭૦

અનંત કરૂણાનીધિ શાસ્ત્રકાર ભગવંત મહાવીર સ્વામીએ જગતના જીવોના આત્મ–કલ્યાણને અર્થે શાસ્ત્ર સિદ્ધાંતમય વાણીની પ્રરૂપણા કરી. ત્રણે કાળે સિદ્ધ થયેલી વસ્તુ

તેનું નામ સિદ્ધાંત. ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં એ કુમારો કહે છે કે જે મનુષ્ય ધર્મધ્યાન કરે છે તેના રાત્રિ અને દિવસો સફળ જાય છે.

"धम्मं कुणमाणस्स, सफला जन्ति राइओ।"

જે સોનેરી સમય જાય છે તે લાખો રૂપિયા આપવા છતાં પણ પાછો મળતો નથી. આવા અમૂલ્ય સમયનો સદુપયોગ કઈ રીતે કરવો જોઈએ તેનો વિવેક કરો.

ભગવાન મહાવીરનો આપણને સંદેશ છે કે હે આત્માઓ! તમે માનવભવ પ્રાપ્ત કરીને તમારા અંતરમાં જ્ઞાનનો દિપક પ્રગટાવો. આજે આયંબીલની ઓળીનો છઠ્ઠો દિવસ છે. આ દિવસોમાં તપ કરીને આત્મા ઉપર જામેલો કર્મનો મેલ દૂર કરી, અંતરમાં જ્ઞાનનો દિપક પ્રગટાવી આપણો આધ્યાત્મિક જીવનનો માર્ગ સરળ બનાવવાનો છે. કારણ કે જ્ઞાનની મશાલ વિના જીવનની અંધારી રાત્રિમાં તમે આગળ વધી શકશો નહિ.

અજ્ઞાન અંધકાર સ્વરૂપ છે, જ્યારે જ્ઞાન પ્રકાશ-સ્વરૂપ છે. તમે પ્રકાશ કરવા માટે ફાનસ સળગાવો છો તો તેમાં ફાનસ, વાટ, કેરોસીન, દિવાસળી બધું જોઈએ. લાઈટ કરવા માટે ગ્લોબ, બટન, પાવર વિગેરેની જરૂર પડે છે ત્યારે તમને પ્રકાશ મળે છે, જ્યારે જ્ઞાન એવો પ્રકાશ છે કે એને તેલની કે વાટની આવશ્યકતા નથી. જ્ઞાન સ્વતઃ પ્રકાશમાન છે એને અન્ય પ્રકાશની જરૂર નથી. જ્ઞાનનો પ્રકાશ તો સૂર્યના પ્રકાશ કરતાં પણ શ્રેષ્ઠ છે. કારણ કે સૂર્ય તો દિવસે જ પ્રકાશ આપે છે જ્યારે જ્ઞાન તો રાત્રે અને દિવસે એક સરખો જ પ્રકાશ આપે છે. સૂર્ય તો પ્રકાશ આંખવાળાને જ આપે છે જ્યારે જ્ઞાન આંખવાળાને જ નહીં પણ આંખ-વગરનાને પણ પ્રકાશ આપે છે. જ્ઞાનના અભાવે આત્મા અનંત કાળથી દુઃખમય સંસારમાં ભમી રહ્યો છે. એને સ્વપ્નમાં પણ સુખના દર્શન થતાં નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન કહે છે કે—

जावन्तऽविज्जापुरिसा, सव्वे ते दुक्खसंभवा।
लुप्पन्ति बहुसो मूढा, संसारम्मि अणन्तए॥ उ. अ. ६-१

અજ્ઞાન એ સર્વ દુઃખોનું મૂળ છે. અજ્ઞાની માણસને સત-અસતનો વિવેક હોતો નથી. એટલે તે જન્મ-મરણથી નિવૃત્ત થઈ શકતો નથી, એટલે જ દુઃખ પામે છે. અનંત સંસારમાં તે પરિભ્રમણ કરે છે. બંધુઓ! આધ્યાત્મિક ક્ષેત્રમાં કહો કે વ્યવહારિક ક્ષેત્રમાં કહો પણ જ્ઞાન તો અવશ્ય જોઈશે જ. તમે કોઈ પણ જાતનો વહેપાર કરશો તો એના વિષયનું જ્ઞાન તો જોઈએ જ ને? કાપડનો વહેપાર કરવો હોય તો કાપડના વિષયને લગતું જે જે જ્ઞાન હોય તે મેળવવું જોઈએ. કરીયાણાનો વહેપાર કરવો હોય તો તેનું જ્ઞાન મેળવવું જરૂરી છે. તેમ જ્યાં સુધી દેહના ધર્મનું અને આત્માના ધર્મનું તમને જ્ઞાન નહિ હોય ત્યાં સુધી સાધનાનો સ્વાદિષ્ટ રસ ક્યાંથી ચાખી શકશો?

આ આત્માએ અજ્ઞાનમાં અનંત જન્મો વીતાવ્યાં. તેણે એવા ભવો કર્યા કે જ્યાં પાપ કરવાની સીમા ન રાખી. પાપ પણ અજ્ઞાનથી જન્મે છે. અંધકારમાં કાળી રસ્સી પડી હશે તો એ તમને સર્પ જેવી દેખાશે. એનાથી તમે ડરશો પણ જ્યાં પ્રકાશ કરીને જોશો ત્યાં રસ્સી દેખાશે. તેમ અજ્ઞાનથી આત્મા વિપરીત રૂપે દેખે છે પણ જ્યાં એના જીવનમાં જ્ઞાનનો દિપક પ્રગટશે ત્યાં એ જ વસ્તુ એને સવળી દેખાશે.

णाणस्स सव्वस्स पगासणाए, अन्नाण मोहस्स विवज्जणाए ।

અજ્ઞાન અને મોહને દૂર કરવા માટે તેમજ સંપૂર્ણ જ્ઞાનના પ્રકાશ માટે વીતરાગ પ્રભુની દેશના પ્રકાશિત થઈ છે. અજ્ઞાન એ અંધારી રાત છે. જેમાં હીરા ને કાંકરા સરખા દેખાય છે. એટલે હીરાની પિછાણ ન હોવાથી કાંકરો માનીને ફેંકી દે છે. તેમ અજ્ઞાન સત્ય વસ્તુનું ભાન થવા દેતું નથી. જુનાપુરાણા રીતરિવાજો પ્રમાણે માણસ કાર્યવાહી કરતો રહે છે. જુઓ, અજ્ઞાનદશાથી માણસ શું કરે છે, એના ઉપર એક દૃષ્ટાંત આપું.

મહારાષ્ટ્રમાં બનેલો પ્રસંગ છે. એક ઘરમાં લગ્નનો પ્રસંગ હતો. વર–વહુ પરણીને ઉઠયા એટલે માતા–પિતા કહે છે ચાલો, આપણે ગુરૂના દર્શન કરવા જઇએ. ચોરીમાંથી ઉઠીને સંતદર્શને જવા કદમ ઉઠાવે છે. તે જ વખતે બિલાડી બાજુમાંથી નીકળીને આવી. બાપની નજર પડી. એને થયું કે બિલાડી આડી ઉતરે એ તો અપશુકન કહેવાય. આજે તમે કંઈક સારું કરવા જતાં હો અને કોઈ માણસને શરદી થઈ હોય ને એને જો છીંક આવી જાય તો જાણે એના બાર વાગી ગયા કોઈ વિધવા બાઈ સામી મળી તો એમ થાય કે આ કયાંથી આવી ? તમારો ઉત્સાહ મંદ પડી જવાનો. આ પણ એક માનવના મનની નિર્બળતા છે.

વરના બાપને થયું કે આ બિલાડી આગળ જશે તો અપશુકન થયાં એમ થશે. એટલે એક ટોપલો લઈને બિલાડી ઉપર ઢાંકી દીધો. ઘૂંઘટમાંથી નાનકડી વહુએ આ બધું જોયું. વર–વહુ ગુરૂ દર્શન કરવા ગયા. એ વાત તો ત્યાં પતી ગઈ. વર–વહુ બંને ગૃહ-સ્થાશ્રમી બન્યા. વખત જતાં એમને ત્યાં સંતાન થયા. પોતાનો મોટો પુત્ર બાવીશ વર્ષનો થયો. પોતાના લગ્ન પછી પચ્ચીસ વર્ષે એને ઘેર પાછો લગ્નનો પ્રસંગ આવ્યો. લગ્નના મંગલ વાજિંત્રો વાગી રહ્યાં છે. મંગલગીતોથી ઘર ગુંજી ઉઠયું છે. વર–વહુ પરણી ઉતર્યા એટલે ગુરૂના દર્શને લઈ જાય છે. ત્યારે વરની માતા કહે છે. દર્શન કરવા એમ ને એમ નહીં જવાય. તમને પુરૂષોને તો ઘરના રીત–રિવાજોની ખબર જ ન પડે. બસ તમે તો કમાઈ જાણો, બીજું શું કરી જાણો ? ત્યારે એનો પતિ કહે છે કેમ ? બધા રીતરિવાજ કર્યા છે. તમારા કહેવા પ્રમાણે બધું જ કર્યું છે. હવે શું બાકી છે ? ત્યારે એમના શ્રીમતીજી કહે છે, એટલે જ કહું છું કે તમને શી ખબર પડે ? આપણાં લગ્ન થયાં ત્યારે બાપુજીએ

એક બિલાડી ટોપલા નીચે ઢાંકી હતી. માટે જાવ. એક બિલાડી જલ્દી લઈ આવો. એટલે કહે છે, બિલાડી ટોપલા નીચે ઢાંકવાનું શું પ્રયોજન? મને તો કંઇ જ ખબર નથી.

ભલે, તમને કંઈ ખબર ન હોય પણ આપણા વડીલો જે કરતાં આવ્યાં છે તે પ્રમાણે આપણે કરવાનું. વડીલો કરતાં આવ્યા છે તે ખોટું થોડું જ હોય! માટે જલ્દી એક બિલાડી લઈ આવો. પછી જ વર-વહુ અહીંથી ઉઠી શકશે. આ કેવું ઘોર અજ્ઞાન છે! તે વખતે તો કુદરતી બિલાડી આવી ગઈ હતી. અને એના સસરાએ ટોપલો ઢાંક્યો હતો. પણ એક પકડ પકડાઈ ગઈ. દેવીનો ઓર્ડર થતાં દેવ આડોશી-પાડોશીને પૂછે છે, અહીં બિલાડી છે? લોકો સામો પ્રશ્ન કરે છે કે ભાઈ! તમારે વળી બિલાડીની શી જરૂર? અને બિલાડી એકદમ કયાંથી મળે? કદાચ મળે તો એકદમ થોડી પકડાય? માંડ માંડ બિલાડીને પકડીને લાવ્યા. ટોપલા નીચે ઢાંકી ત્યારે વર-વહુ દર્શન કરવા જઈ શકયા અને ગુરૂદર્શન કરીને આવ્યા ત્યાં સુધી બિલાડીને ટોપલા નીચે ઢાંકી રાખી. (હસાહસ)

દેવાનુપ્રિયો! તમને આ વાત સાંભળીને હસવું આવે છે પણ ખરેખર! તમારામાં પણ આવી જડ માન્યતાઓ ઘર કરીને બેસી ગઇ છે. વડીલોની પરંપરા પ્રમાણે માતાના નિવેદ્ય કરે છે, શીતળા સાતમ કરે છે, અમે કહીએ કે આ જડ માન્યતાઓ છોડો તો કહો છો કે એ તો અમારા કૂળમાં થતું આવ્યું છે. ભાઇ! જો તમે આ બધામાં વડીલોની પરંપરા પ્રમાણે ચાલો છો તો તમારા વડીલો ગરીબ હતાં અને તમે તો ધનવાન છો, તમે પણ ગરીબ જ રહોને? તમારા પિતા એક આંખે કાણા હતા. તમે પણ શા માટે કાણા નથી થઈ જતા? પણ જ્યાં મિથ્યાત્વની માન્યતા કરવાની હોય છે ત્યાં કુળપરંપરાને વળગી રહો છો. આ એક ઘોર મિથ્યાત્વ છે.

તમે મિથ્યાત્વ-માન્યતાઓમાં અટવાઇ રહેશો તો પછી તમારા સંતાનોમાં પણ સારા સંસ્કાર કયાંથી પડવાના? તમારે કાંદા ને કંદમૂળ આવા જોઈતા હશે તો તમારા સંતાનો આવાના જ છે એ નક્કી સમજી લેજો. તમે જો ચારિત્રવાન બનશો તો તમારા સંતાનો પણ ચારિત્રવાન બનશે. આગળની માતાઓ કેવી પવિત્ર હતી. પોતે ગર્ભવંતી હોય ત્યારથી એના મનમાં પવિત્ર ભાવનાઓ ભાવતી હતી. એ શુભ ભાવનાની અસર ગર્ભના જીવ ઉપર પડતી હતી.

એમો દેવરાણી ગર્ભમાં હતો ત્યારે એની માતા એવી ભાવના ભાવતી હતી કે અહો! હે પ્રભુ! આવું ઉત્તમ જૈનકુળ મળ્યું, જૈનધર્મ મળ્યો, સદ્‌ગુરૂનો યોગ મળ્યો. હવે મારા ચતુર્ગતિના ફેરા ન રહેવા જોઇએ. ગૃહસ્થાશ્રમમાં રહીને દાન દેવું, ગુરૂદર્શન કરવા વિગેરે ભાવનાઓ ભાવતી હતી. પત્ની ગર્ભવંતી છે એવી ખબર પડે ત્યારથી સંતાન ત્રણ વર્ષનું ન થાય ત્યાં સુધી પતિ-પત્નીએ સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. તેથી સંતાનો પણ શૂરવીર અને તેજસ્વી બને છે. આજે તો બ્રહ્મચર્યનું નામ-

નિશાન ન મળે. દિન પ્રતિદિન એવા સાધનોની શોધ વધતી જાય છે. પરિણામે વિકારોને પ્રોત્સાહન મળતું જાય છે. આ અધમવૃત્તિઓ ક્યાં જઇને અટકશે ?

એમા દેદરાણીનો જન્મ થયો. સવા માસનો થયો. એની માતા ખોળામાં સૂવાડીને કેવા હાલરડા ગાય છે. એ તમારી જેમ સૂઈ જા... સૂઈ જા....એમ નહિ. પણ હે મારા લાલ ? તું શુદ્ધ છે, બુદ્ધ છે, નિરંજન છે. બેટા ! તું બહાદુર થજે. એમ આત્માને જગાડવાના હાલરડા ગાઇ રહી છે. બેમો અઢી મહિનાનો થયો. એક વખત ગોદડીમાં સૂવાડયો છે. માતા નાહી ધોઇ શણગાર સજી પુત્રને રમાડી રહી છે. તે વખતે એનો પતિ ત્યાં આવે છે. પત્નીના મુખ ઉપર ચારિત્રનાં તેજ ઝળકે છે અને બીજું તે સૌંદર્યવાન છે. પત્નીને જોઈ પતિના મનમાં સ્હેજ વિકારી ભાવ આવ્યો. એના મુખ ઉપરના ભાવ જોઈને પત્ની સમજી ગઇ કે મારા પતિનું મન બગડયું છે. એટલે એણે મૂંગી સમસ્યા કરીને પતિને સમજાવ્યો. સ્વામીનાથ ! બાલુડો ત્રણ વર્ષનો ન થાય ત્યાં સુધી સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવાનું છે. તમે મન મલીન ન બનાવતાં. સંતાનોને સંસ્કારી બનાવવા એ તો માતા-પિતાની પહેલી ફરજ છે. પણ મોહને વશ થયેલો પતિ સ્હેજ મોહનું નિશાન કરે છે. બ્રહ્મચર્ય ખંડિત નથી કર્યું છતાં માતાને ખૂબ આઘાત લાગે છે. ધિક્કાર છે મારા જીવનને ? જ્યાં મારી અને તમારી વચ્ચે ત્રીજું માણસ હોય ત્યાં સ્હેજ પણ મોહનું નાટક ન હોવું જોઇએ. ગોદડીમાં સૂતેલો અઢી મહિનાનો નાનો બાળક અવળો ફરી ગયો. નાના બાળકને લજ્જા આવી પણ પતિને લજ્જા ન આવી.

બીજા રૂમમાં જઈને એના પતિને ખૂબ ફટકારે છે. સ્વામીનાથ ! આપણા બેની વચમાં ત્રીજું માણસ હોય ત્યાં સુધી આપણે ભાઇ-બહેનની દૃષ્ટિથી રહેવું જોઈએ. જો માતા-પિતાનું જીવન અમર્યાદિત હશે તો બાળકના જીવનમાં સંસ્કાર કેવા પડશે ? ભલે, જીવન ટુંકું જીવો પણ સુંદર જીવન જીવી જાવ. ગજસુકુમાર લઘુવયમાં કેવું ઉમદા જીવન જીવી ગયા ! સૂત્રમાં એમનું નામ સુવર્ણાક્ષરે લખાઈ ગયું. અને સોમિલ બ્રાહ્મણ ઘણું લાંબુ જીવન જીવ્યો છતાં પાપના ભારા બાંધી નરકે ગયો.

માતાના દિલમાં ખૂબ આઘાત લાગ્યો છે. તેને ખૂબ લજ્જા આવી ગઈ છે. પુત્રના માથે હાથ ફેરવીને કહે છે બેટા ! શૂરવીર ને ધીર બનજે. તારું જીવન ઉજ્જવળ બનાવજે. તારી સમક્ષ અમે જે દૃષ્ટિ દોષનું સેવન કર્યું છે તેના પ્રાયશ્ચિતમાં હું આજે મારી જીવન લીલા સમાપ્ત કરું છું એમ કહી પાછળના ઓરડામાં જઈને ગળે ફાંસો ખાઈને મરી ગઈ. એ માતા કેટલી શૂર-વીર ને ધીર હતી ! કેવળ ભોગમાં આનંદ માનનારી ન હતી. ધન્ય છે એ વીર માતાઓને ! સંતાનોના ભાવિ જીવનના ઘડતર માટે પોતાના જીવનનું બલિદાન દેવામાં પાછી પાની ન કરી. જે સંસ્કારો સો શિક્ષકો નથી આપી શકતાં તે એક જ માતા આપી શકે છે. એવી તો કંઈક માતાઓ પોતાના નામ અમર બનાવી ગઈ છે.

એક બીજો દાખલો આપું. સમ્રાટ સંપ્રતિ રાજા થઈ ગયો. એની માતા કેવી હતી એ તમે જાણો છો ? જ્યારે પ્રિયદર્શી અશોકનો પૌત્ર સંપ્રતિ રાજા દિગ્વિજય કરીને ઘેર પાછો આવે છે અને માતાના ચરણમાં માથું મૂકીને આશિષ માંગે છે ત્યારે માતા એના માથે હાથ મૂકતી નથી. દિગ્વિજેતા સંપ્રતિ રાજા માથું ઉંચું કરીને માતાની સામે જુએ છે ત્યારે એને ખબર પડે છે કે માતા તો અત્યંત ઉદાસ છે. આમ કેમ ? જ્યારે આખું નગર હર્ષના હિલોળે ચઢયું છે ત્યારે માતા શોકમગ્ન કેમ ? માતૃભક્ત સંપ્રતિ મનમાં વિચાર કરે છે.

માતાને પૂછે છે હે માતા ! તું ઉદાસ કેમ છે? શું, મારો દિગ્વિજય તને ન ગમ્યો ? માતા ! તારા મુખ ઉપરની ઉદાસીનતા મારાથી જોઈ શકાતી નથી. ઝેરીનાગના ડંખની વેદના કરતાં પણ મારી માતાના મુખ પરની ઉદાસીનતા જોઈને મને અધિક વેદના થાય છે. માતા....તું જલ્દી કહે. તારી ઉદાસીનતાનું કારણ શું છે ? તારી પ્રસન્નતા વિદાના આ મારા નગર–પ્રવેશમાં ધૂળ પડી. અને મારા જીવનને પણ ધિક્કાર છે !

માતા કહે છે બેટા ! હજારો માનવીના કચ્ચરઘાણ કરીને મેળવાતા વિજયમાં મને આનંદ શાનો હોય ? અહિંસાની આહલેક પૂકારનારા પરમપિતા મહાવીર પ્રભુના આપણે સંતાનો છીએ. શત્રુને પણ મિત્ર બનાવવાની કળાના કુશળ કારીગરો ! આપણે શત્રુતાને હણવાની હોય, શત્રુતા વધારવાની ન હોય. તેં યુદ્ધો કરીને કેટલું ઘોર પાપ કર્યું. બેટ ! જે બની ગયું તે ખરું, પણ હવે તું એક કામ કરે તો હું આનંદ પામું.

હે બેટા સંપ્રતિ ! તું મારી વાત સાંભળ. આખું વિશ્વ રાગ–રામા–રમા અને રસનાની મોહિનીમાં લપેટાયું છે. એના કાતીલ વિષ આત્મામાં વ્યાપી ગયાં છે. રાગ–રામા–રમા અને રસનાનું ઝેર ઉતારનાર સમર્થ ગારૂડિક કોણ છે તે તું જાણે છે ? એક માત્ર વીતરાગ ભગવાન. એવા સર્વજ્ઞ પ્રભુની ભક્તિ કર. અને આ ઝેર ઉતાર. ઝેર ઉતારીને સાચું જીવન પામી જા. હે દીકરા સંપ્રતિ ! મારે તો તારી વિજેતા ધરતીના કણ કણ ઉપર સર્વજ્ઞ પ્રભુ વીતરાગે વગાડેલી અહિંસાની વેણુના મધુર સૂર સાંભળવા છે. જે જે ભૂમિમાં તારી આણ વર્તતી હોય ત્યાં અહિંસાનો ધ્વજ ફરકવો જોઈએ. બેટા ! જો તારે તારી માતાને પ્રસન્ન કરવી હોય તો તેનો આ એક જ ઉપાય છે.

હે માતા ! તારી ખાતર તારો બાળ પ્રાણ અર્પણ કરી દેવા પડે તો પણ તૈયાર છે. આમાં તે શી મોટી વાત છે ? મને આજે જ ખબર પડી કે તું મારી એકની જ માતા નથી, પણ તું તો સર્વ આર્યજનની સાચી કાળજી રાખનારી સાચી માતા છે. જ્યાં સુધી મારી વિજેતા ભૂમિ ઉપર અહિંસાનો ધ્વજ નહિ ફરકાવું ત્યાં સુધી હું જંપીને બેસીશ નહિ. મને ત્યાં સુધી ચેન નહિ પડે. દિગ્વિજેતા સંપ્રતિએ એક જ શ્વાસે માતાને કહી દીધું.

બસ. બેટા ! હવે મને સંતોષ થયો. મારા અંતરના તને આશીર્વાદ છે કે તું મહાન બનજે. મહાત્મા બનજે. અને પરમાત્મા બનજે. ચરણમાં પડેલાં પુત્રના માથે હાથ ફેરવતાં માતાએ આશીષ આપ્યા. જુઓ, દેવાનુપ્રિયો ! અને મારી માતાઓ ! આ માતાઓ કેવી શૂરવીર હતી ? સંસારની સુખ-સગવડોમાં જ આનંદ માનનારી ન હતી. ભારત ભૂમિની એકેક માતા જો આવી વીર બને તો સંતાનો કેવા શૂરવીર બને ! બેમા દેદરાણીની માતાએ ચારિત્રને ખાતર પોતાના જીવનનું બલિદાન દીધું તો એનો પુત્ર કેવો દાનવીર નીકળ્યો ! બેમાદેદરાણીએ દુષ્કાળમાં કેવો ઉપકાર કર્યો છે એ વાત તો તમે બધા જાણો છો. સંપ્રતિ રાજાએ માતાના આદેશથી દેશોદેશમાં કેટલો અહિંસાનો પ્રચાર કર્યો. બેમોદેદરાણી પણ શાહ હતો અને તમે પણ શાહ છો. શાહની સામે બાદશાહો નમી પડયાં છે.

જે મનુષ્યો ભગવાન મહાવીરના બતાવેલા રાહે ચાલે છે તે કદી દુઃખી નથી થતાં. કદાચ પોતાના પૂર્વના પાપકર્મના ઉદયથી તેઓ ધનવાન ન હોય પણ કદી દુઃખી થતા નથી. બ્રહ્મચર્યનું પાલન કરનાર કદી ભૂખ્યો રહેતો નથી. વધુ શું કહું ? બ્રહ્મચારી આત્મામાં અલૌકિક તાકાત હોય છે. એના પરમાણુઓ પણ પવિત્ર બની ગયા હોય છે. બ્રહ્મચારી મનુષ્ય જ્યાં બેઠો હોય છે તે જગ્યા ઉપર બીજો માણસ બેસે તો એના વિચારોમાં પણ પરિવર્તન થઈ જાય છે. એટલી બ્રહ્મચર્યમાં તાકાત છે.

ટંકારામાં દયાનંદ સરસ્વતી થઈ ગયાં. તેઓ બાલપણથી જ વૈરાગ્ય પામી સંન્યાસી થઈ ગયાં હતાં. એમની ખ્યાતિ ખુબ પ્રસરી ત્યારે કોઈ રાજાના મનમાં થયું કે એ કેવો બળવાન હશે ? મારે એની પરીક્ષા કરવી છે. એના બળની પરીક્ષા કરવા માટે બે મલ્લને મોકલ્યા. દયાનંદ સરસ્વતી સ્નાન કરીને ઉઠયા હતા. પોતે પહેરેલું વસ્ત્ર સામાન્ય નીચોવીને મૂકયું હતું. ત્યાં પેલા બે મલ્લ આવીને કહે છે-આપ જ દયાનંદ સરસ્વતીને ? "હા" તો અમારે આપની સાથે કુસ્તી કરવી છે. ત્યારે દયાનંદ કહે છે ભાઈ! મને વાંધો નથી. જો આપણે કુસ્તી કરીશું તો કાં તો તમારા હાડકા ખોખરા થશે અને કાં તો મારા હાડકા ખોખરા થશે. તેના કરતાં જો તમારે મારા બળની પરીક્ષા કરવી હોય તો એમ કરો, આ કપડું મેં નીચોવીને મૂકયું છે. એને નીચોવીને તમે પાણી કાઢી આપો. આ બંને મલ્લ કપડાને વળ ચઢાવીને ખૂબ જોરથી નીચોવે છે, પણ એક ટીપું પાણી નીકળ્યું નહિ અને દયાનંદ સરસ્વતીએ સહજ રીતે નીચોવ્યું તો પણ અંદરથી પાણી નીકળ્યું.

બંધુઓ ! તમે શરીરને મજબૂત બનાવવા માટે પૌષ્ટિક ખોરાક ખાવ છો. ઉપરથી વિટામીન સી. અને ડી. માટે ગોળીઓ ખાવ છો. ભાઈ ! હું તો તમને કહું છું કે જો તમારે તમારા શરીરને બળવાન બનાવવું હોય, નિરોગી રાખવું હોય અને વિટામીન

જોઈતું હોય તો એ તમારા દૂધ-ઘી-ફ્રુટ, શાકભાજી કે વિટામીનની ટીકડીઓમાં કે વિટામીનના ઈંજેકશનોમાં નથી. એ શક્તિ બ્રહ્મચર્યમાં છે. તમે એક દિવસે એક શેર અનાજ ખાવ. તેમ કરતાં ૪૦ દિવસે ૪૦ શેર અનાજ તમારા પેટમાં જાય, ત્યારે એક શેર લોહી બને છે. અને એક શેર લોહીમાંથી એક તોલો વીર્ય બને છે. એ શક્તિ એક દિવસના અબ્રહ્મચર્યમાં ખતમ થઈ જાય છે. પછી તમે ગમે તેટલું ખાવ તો પણ તમારામાં શક્તિ ક્યાંથી આવે ?

કોઈ માણસને ટી. બી નું દર્દ થયું હોય તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવે છે. ત્યારે ડોકટર પણ કહે છે કે આ દર્દ મૂળમાંથી નાબુદ કરવું હોય તો સંપૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરો. બ્રહ્મચર્ય એ અમોઘ શક્તિ છે. સર્વ તપોમાં ઉત્તમ તપ છે. સર્વ ઔષધિઓમાં અકસીર ઔષધિ છે. નેમનાથ ભગવાન નાના હતાં ત્યારે કૃષ્ણનો શંખ રમત કરતાં કરતાં ફૂંકયો. દ્વારકા નગરી ધ્રુજી ઉઠી. કૃષ્ણ પણ વિચારમાં પડી ગયા કે મારો શંખ કોણે ફૂંકયો ? તપાસ કરી તો નેમકુમારને જોયાં. તેમને થયું: અહો ! આ નાના બાલુડામાં આટલી બધી શક્તિ ? એમનું બળ જોવા માટે કૃષ્ણે કહ્યું કે ભાઈ ! તું મારો આ હાથ વાંકો વાળી આપ. કૃષ્ણે હાથ લાંબો કર્યો. નેમકુમારે સહેજ વારમાં કૃષ્ણનો હાથ નમાવી દીધો. નેમકુમાર કહે છે મોટાભાઇ ! હવે તમે મારો હાથ વાંકો વાળી આપો. નેમકુમારે હાથ લંબાવ્યો. કૃષ્ણ નેમકુમારનો હાથ પકડી હીંચકા ખાવા લાગ્યા, તો પણ હાથ વાંકો ન વળ્યો. કૃષ્ણને સમજાઈ ગયું કે એ બ્રહ્મચારી છે. એટલે આટલું બધું બળ છે. માટે એને પરણાવું તો જ એનું બળ ઓછું થાય. તીર્થંકરનું બળ તો અલૌકિક હોય છે. નેમનાથને પરણવા મોકલ્યા તો પણ તોરણેથી પાછા ફર્યા.

ભગવાન મહાવીરના કંઇક સંતો લૂખા-સૂકા આહાર કરે, તપ કરે તો પણ શરીરમાં કેટલી તાકાત હતી. પરદેશી રાજા એના ચિત્ત સારથીની સાથે ઉદ્યાનમાં આવ્યા. કેશી સ્વામી એમના શિષ્ય પરિવારમાં બેઠા છે. જ્ઞાનની છોળો ઉછળી રહી છે. ત્યાગ-વૈરાગ્યના ફુવારા ઉડે છે. પરદેશી રાજા પૂછે છે હે ચિત્ત ! એમના લલાટ ઉપર કેવું લાઈટ ઝળહળે છે. એમના શરીર કેવા પહેલવાન જેવા છે. એમના મુખ ઉપર કેવી મસ્તી દેખાય છે. એ લોકો શું ખાતા હશે ? ચિત્ત કહે છે હે રાજન ! એ તો લૂખા-સૂકા આહાર કરે છે. અને બાર પ્રકારનો તપ કરે છે. પણ એમના મુખ ઉપર બ્રહ્મચર્યનાં તેજ ઝળહળે છે. ત્યાગની મસ્તી છે અને આત્માના આનંદમાં ઝૂલે છે. એ કેશી સ્વામીનો સમાગમ થતાં ક્રૂરમાં ક્રૂર એવા પરદેશી રાજાના જીવનનું પરિવર્તન થઈ જાય છે.

કહેવાનો આશય એ છે કે સાચું સુખ અને સાચો આનંદ ત્યાગમાં છે. ભોગમાં નહિ. જેના અંતરમાં ત્યાગનો રણકાર થયો છે એવા બે પુત્રો કહે છે: પિતાજી ! હવે અમે સંસારમાં નહિ રાચીએ. ત્યાગ માર્ગે જતાં અમને ગમે તેટલાં કષ્ટો પડશે તો પણ સહન કરી લઈશું.

કોઈ અગ્નિમાં એને બાળે, નથી ફરિયાદો કરવી મારે,
આનંદથી મારે બળવું છે....પ્રભુ ચંદન મારે બનવું છે.

ચંદનના ટુકડાને કોઈ બાળી નાંખે, ઘસી નાંખે તો પણ એ એનો શિતળ સ્વભાવ છોડતું નથી. એ જેમ જેમ ઘસાય છે તેમ તેમ અલૌકિક સુવાસ આપે છે. તેમ સંયમ માર્ગે જતાં જેમ જેમ કસોટી આવશે તેમ તેમ અમારા આત્મામાંથી સુવાસ મહેંકશે. પીપરને સામાન્ય રીતે વાટીને ખાવામાં આવે તો પણ ખવાય. અને એ જ પીપરને ૬૪ પ્રહર સુધી સતત ઘૂંટીને ખાવાના ઉપયોગમાં પણ લેવાય છે. પીપર તો એક જ છે પણ બંનેના ગુણમાં ફેર છે. જેમ જેમ પીપર ઘૂંટાય તેમ તેમ તેમાં ગુણ પ્રગટે છે. તે જ રીતે આત્મામાં જેમ જેમ તત્ત્વનું મંથન થાય છે તેમ તેમ ગુણો પ્રગટે છે.

ચંદન કહે છે કે મને ઘસી ઘસીને કોઇ લાભ ઉઠાવે તો મારે હસતે મુખે સહન કરવું છે. પણ બીજાને શિતળતા આપવી છે. જડ કાષ્ઠ પણ બીજાને શાતા ઉપજાવી શકે છે તો આપણે ચૈતન્ય શું ન કરી શકીએ ? આત્માની શક્તિ અનંત છે. માટે 'અમારે સંસારમાં રહેવું નથી. અનંત સુખના સ્વામી બનવું છે.' હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

હવે તો દિવાળી નજીક આવે છે પણ આ કારમી મોંઘવારી લોકોને ભરખી ખાય છે. ગરીબોના દિલમાં દિવાળીનો આનંદ કયાંથી હોય ? ધનવાનોને મન દિવાળી છે, ગરીબોને મન તો હોળી છે. એક કવિએ ગાયું છે કે–

મા દિલ્હી તે ગઢથી ઉતર્યા મોંઘવારી મા,
એ તો પરવરીયા ગુજરાત રે મોંઘવારી મા,
મા ભૂખ ભૂખ કરતાં આવીયા મોંઘવારી મા,
એના શા કરીએ સન્માન રે મોંઘવારી મા....મા....

દિલ્હી શહેરથી ઈન્દીરાજીએ મોંઘવારી માને મોકલ્યા છે. સાણ ગુજરાતમાં મોંઘવારીએ ઘેરો નાંખ્યો છે. જ્યાં જુઓ ત્યાં ત્રાસ ત્રાસ વર્તી રહયો છે. લોકો પોકાર કરે છે કે શું ખાઈએ ને શું વાપરીએ ? ઘી મોંઘું, તેલમોંઘું, ખાંડ–ગોળ મોંઘા અને અનાજની તંગી. હવે દિવાળીમાં આનંદ કયાંથી આવે ? જે ભારતભૂમિમાં કેટલું અનાજ પાકે છે, કેટલી ચીજોનું ઉત્પાદન થાય છે એજ ભારતના સંતાનોને પોતાની ચીજો ખાવા મળતી નથી. છતાં સાધને ભારત ભૂખે મરે છે, એનું કારણ નેતાઓ પોતાના મોજ શોખ ખાતર પોતાના દેશમાંથી ઘઉં, તેલ તિગેરે ચીજો પરદેશમાં મોકલે છે. અને પોતાની પ્રજા ભૂખ ભોગવે છે. દિલ્હી શહેરથી મોંઘવારી મા એમનાં બાળ-બચ્ચાને લઈને ગુજરાતમાં પધાર્યા છે. તમારા સંસારમાં કેટલું દુઃખ છે. ભગવાન કહે છે કે "एगंत सुही मुणी वीतरागी।"

એકાંત સુખી હોય તો વીતરાગી સંત છે. એના આનંદમાં કદી ઓટ આવતી જ નથી. દૂંકમાં જે આત્મા તપ–ત્યાગ અને બ્રહ્મચર્યમાં રમણુતા કરશે તે આત્માના અનંત સુખ પ્રાપ્ત કરશે.

વ્યાખ્યાન નં....૮૪

આસો સુદ ૧૩ ને રવિવાર તા. ૧૨–૧૦–૭૦

ભગવંતે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધાંત પ્રકાશ્યા છે. એમાં અનંત અનંત ભાવભેદ ભરેલાં છે. એવી અપૂર્વ વાણી જે સાંભળે છે તે આ ભવસાગર સહેલાઇથી તરી જાય છે. આત્મા કર્મોને આધીન બની જુદી જુદી ગતિમાં ઉત્પન્ન થાય છે. જીવ તો જે છે તે જ છે. પણ અપેક્ષાએ જેવાં કર્મ કરે છે તેવી ગતિને પામે છે.

આપણે એ જ વાત ચાલે છે કે અધર્મ કરવાથી જીવ દુર્ગતિમાં જાય છે અને ધર્મ કરવાથી જીવ સુગતિમાં જાય છે. અધર્મ કરનારના દિવસો અને રાત્રિઓ નિષ્ફળ જાય છે. દેવભદ્ર અને જશોભદ્ર એમના પિતાજીને કહે છે હે પિતાજી ! અધર્મ કરીને આ જીવ અધમ ગતિઓમાં ઉત્પન્ન થયો છે. નરક અને તિર્યંચ ગતિના દુઃખોનું વર્ણન સાંભળતાં હવે અમને આ સંસારમાં રહેવું કેમ ગમે ?

દેવાનુપ્રિયો ! તમને હવે કંઈ સમજાય છે ? આ સંસારમાં રહેવા છતાં જેનો આત્મા જાગૃત છે, એને એમ લાગે કે આ સંસારમાં તો ડગલે ને પગલે પાપ ભરેલાં છે. એમાં આત્માની મહા વિટંબણા દેખાય છે. અને એમ થાય છે કે આ સંસાર જ પાપો કરાવનાર છે. આ સંસાર જ ટળી જાય તો પછી પાપ કરવાના ન રહે. આમ સહેજે આ સંસાર પ્રત્યે નફરત જાગે અને વૈરાગ્ય ઉત્પન્ન થાય.

જ્ઞાની પુરૂષો એ જ કહી ગયાં છે કે આ જીવ ચારે ગતિમાં જે દુઃખો ભોગવી રહ્યો છે તેનું મુખ્ય કારણ પૂર્વભવોમાં વિષય સુખોની આસક્તિમાં લુબ્ધ બનીને જીવે જે પાપો કર્યા છે તેનું જ આ ભયંકર પરિણામ છે. ધર્મ–અધર્મને નહીં જાણનારા નિર્દય લોકો નિરંતર અધર્મમાં રક્ત રહે છે. રસલોલુપી માંસાહારીઓ કેવા અધમ પાપો કરે છે ! તથા ધનના લોભી વનને કેવા દાવાનળ લગાડે છે ! પૃથ્વી ખોદી નાંખે છે, પાણીના બંધ બાંધે છે અને વનસ્પતિનો કચરઘાણ વાળી નાંખે છે. બીજા ઘણાં મનુષ્યો

મોટા મોટા આરંભ કરી જીવોની ઘાત કરી નાંખે છે પણ દિલમાં અરેરાટી આવતી નથી. અને એ જીવો પરિગ્રહની પાછળ તો એવા પાગલ બન્યાં છે કે ધર્મ કરવાનું તો એમને સૂઝતું જ નથી.

દેવાનુપ્રિયો ! મહા આરંભી અને મહાન પરિગ્રહ ભેગો કરનારા મનુષ્યો એવા પાપના કીચડમાં ખૂંચી ગયા છે અને ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયોનું પોષણ કરતા હોય છે કે પાપો કરીને પાછો એને એના પાપનો સહેજ પણ પશ્ચાતાપ થતો નથી. એટલે એ જીવો પાપથી કેવી રીતે પાછા હઠે ? તમે કોઈ દિવસ ગુરૂની પાસે આવી પાપનું પ્રકાશન કરો છો ? અથવા જે પાપ થઈ ગયાં તે થઈ ગયા. હવે નવા પાપ ન થાય તે માટે પ્રત્યાખ્યાન પણ કરો છો ? બસ, રાત-દિવસ એક જ ધૂન છે કે મનમાન્યું ખાઉં, ગમે તેમ કરીને પૈસા લાવું અને નિરંકુશ બનીને રંગરાગમાં રચ્યોપચ્યો રહું. આ એક જ રટણા છે ને ? આ કાર્યવાહી આત્માને પાપોથી ભારે બનાવી રહી છે. તો પણ આશ્ચર્યની વાત એ છે કે આવા ઘોર પાપો કરવા છતાં પાપને પાપ રૂપે માનતા નથી. તેઓ એમ માને છે કે અમે જે કંઈ કરીએ છીએ તે બધું બરાબર છે. આવાં ઘોર પાપો પ્રત્યે જરા પણ સૂગ કે સંકોચ નહિ. બીજાને પણ એ પાપ કરવાનું શીખવાડે છે. કેવું ઘોર અજ્ઞાન ?

એ અજ્ઞાની પાપી જીવોને ખબર નથી કે મેં કરેલાં ઘોર પાપકર્મોના કટુફળ તરીકે નરકમાં અસંખ્ય વર્ષો સુધી ઘોરાતિઘોર ત્રાસભરી વેદના ભોગવવી પડશે. બંધુઓ ! તમારા પ્રિય પુત્ર અને પ્રાણપ્યારી પત્નીને ખાતર જીવે ભયંકર પાપો કર્યા. પણ એ પુત્ર અને સગાવહાલાં તો મરી ગયા પછી સ્મશાનમાં બાળી, નદી કિનારે સ્નાન કરીને ઘર ભેગા થઈ જશે. અને આ જીવને એકલાને અધમ ગતિઓમાં જઇને દુઃખની ભઠ્ઠીમાં શેકાવું પડશે. તેનું જીવને ભાન છે ? માટે કંઈક સમજો. જો નરક અને તિર્યંચ ગતિમાં ન જવું હોય તો પાપની પ્રવૃતિ કરતાં પાછા હઠો. નરકમાં જીવ કેવાં કેવાં સ્થાનોમાં ઉત્પન્ન થાય છે, અને કેવાં ભયંકર દુઃખો ભોગવે છે તે ટૂંકમાં સમજવું.

નરકમાં નારકીને ઉત્પન્ન થવાનું સ્થાન કેવું ભયંકર હોય છે :-

નરકમાં નરકાવાસ ઘોર અંધકારથી ભરેલાં હોય છે. કયાંક અતિ ઉષ્ણ અને કયાંક અતિ શીત હોય છે. અને એમાં મેદ-મજ્જા-ચરબી-લોહી-રસી-પરૂ-માંસ વિગેરે અશુચી પદાર્થો જ્યાં ત્યાં વેરાયેલા રહે છે. વજ્ર જેવા મુખવાળા પક્ષીઓ છે, કે જે નરકમાં જીવોને તીક્ષ્ણ ચાંચો ભોંકયા જ કરે છે. ત્યાં સાંકડી અને નળીવાળા મોંની કુંભીમાં ઉત્પન્ન થવું પડે છે. એમાંથી બહાર નીકળતાં કેટલી મુશીબત પડે છે. પરમાધામી દેવો એ નારકીને ખેંચી-ખેંચીને બહાર કાઢે છે. બહાર નીકળ્યો કે સામે ભયંકર સિંહ અને શિકારી

કૂતરા એને ફાડી ખાવા તૈયાર થઈને ઉભા હોય છે. સૂત્રકૃતાંગ સૂત્રનું પાંચમું અધ્યયન વાંચો તો ખબર પડે કે નરકમાં કેવી રૌ રૌ વેદના જીવો ભોગવે છે!!

પરમાધામીઓ પાપી જીવોને નરકમાં ઉકળતા રસમાં નાંખે છે, આગમાં બાળે છે અને કરવતથી કાપે છે :—

મૃગા પુત્રે એની માતાની પાસે નરકનાં દુઃખોનું વર્ણન કર્યું છે, એ પણ તમે ઘણી વખત સાંભળ્યું હશે. એ વાંચતા પણ કંપારી છૂટે છે. તો જીવે એ દુઃખો કેમ ભોગવ્યા હશે ? એ સિંહ એને ફાડી ખાય, ચાવી જાય, ત્યાર પછી તરત જ પરમાધામીઓ ઉકળતા તાંબા અને સીસાના ધગધગતા રસમાં નાખી ઉકાળે છે. વળી બહાર કાઢી તીક્ષ્ણ કાંગરાવાળી કરવતથી વહેરે છે, યંત્રમાં પીલે છે, ધગધગતી ભઠ્ઠીની આગમાં નાંખી શેકે છે. એ પરમાધામી દેવો જગતમાં જે મોટામાં મોટા દુઃખો કહેવાય તે બધા દુઃખોની નારકીના જીવો ઉપર વર્ષા વરસાવે છે.મળ–મૂત્ર–રસી–પરૂ–શ્લેષ્મ વિગેરે અતિ દુર્ગંધી બિભત્સ પદાર્થોની ભરેલી કુંભીમાં જીવોને નાંખી દે છે. એમાં એ બિચારાના હાથ–પગ વિગેરે અંગો ગળી જાય છે. વળી પાછા એ અંગો જ્યાં વિકસવા માંડે એટલે કુંભીમાં સમાતા નથી. કુંભીમાં ભીંસ થવાથી જ્યાં મોઢું બહાર કાઢે ત્યાં પરમાધામીઓ શું બોલે છે? અરે, એ પાપીઓને મારો, કાપો, છેદો, ભેદો, ફાડો, પકડો એમ બોલતાં એ જીવોને પકડીને ભાલા–તલવાર–બરછી વગેરે લઈને તૂટી પડે છે. બરૂગ વડે કાપાકાપી અને ભાલાથી ભોંકાભોંકી કરે છે. કેવી તીવ્ર વેદના થતી હશે ? એ શરીરના ટુકડેટુકડા કરી નાંખે છે. એ છેદાયેલા અંગોપાંગ પારાની કણીઓની જેમ ભેગા થઈ જાય છે, અને જ્યાં આખું શરીર બની ગયું કે તરત એની પૂંઠમાં શૂળી ભોંકી શૂળી પર એને બેસાડે છે. આવી તીવ્ર વેદના વિલંબ રહિત નરકમાં જીવો ભોગવે છે. દેવાનુપ્રિયો ! નારકીના દુઃખોનો ખ્યાલ કરજો.

એક પછી એક–ઉપરાઉપરી માર પડવાથી વેદનાનો પાર નથી રહેતો. લાકડીના પ્રહાર, તલવારના ઘા, ભયંકર ગરમી આદિ વેદનાઓથી અતિ ત્રાસ પામેલા નારકો બિચારા રાંક બનીને કરૂણ સ્વરે રડતાં વિનંતી કરે છે કે હે સ્વામી ! અમારા ઉપર કૃપા કરો. અમે ખૂબ દુઃખી દુઃખી થઈ ગયા છીએ. અમને ખૂબ પીડા થાય છે. અમે હાથ જોડીને આપને વિનવીએ છીએ કે અમે એવો શો અપરાધ કર્યો છે ? શાં પાપ કર્યાં છે કે આપ અમને આવું ઘોર દુઃખ આપો છો !!

આ બિચારા ગરીબડા જીવો નમ્રતાપૂર્વક પૂછે છે ત્યારે પરમાધામીઓ કુંફાડા મારતા, એના માથામાં ઘણનો ઘા મારતાં કઠોર સ્વરે કહે છેઃ હે નાદાન ! તને પૂર્વભવમાં તારા ધર્મ ગુરૂઓ કહેતા હતાં કે કોઈ જીવને હણશો મા, હણશો તો હણાવું પડશે, જૂઠું ન બોલશો, ચોરી ન કરશો, પરસ્ત્રીગમન ન કરશો, પરિગ્રહમાં આસક્ત

ન થશો, કાંદા કંદમૂળ ન ખાશો. રાત્રિભોજન ન કરશો. આવા પાપકર્મ કરશો તો તમારે નરકમાં જવું પડશે. આવા આવા દુઃખો ભોગવવા પડશે. પણ એ ગુરૂની હિત શિખામણો તને ગમતી ન હતી. જ્યારે પૂર્વભવમાં તું જીવોને મારી નાંખતો હતો, ચીરી નાંખતો હતો, અને એના માંસની મીજબાની ઉડાવતો હતો ત્યારે એમ નહોતો પૂછતો કે મેં એવો શો અપરાધ કર્યો છે કે મારે આ જીવોને મારવા પડે છે ! અને હવે પૂછે છે કે મેં શો અપરાધ કર્યો છે ?

મન ફાવે તેટલાં જૂઠ બોલતો હતો. ચોરીઓ કરીને લોકોના હૃદય કકળાવતો હતો, પર સ્ત્રીઓમાં મોહિત બની બીજાની યુવાન સ્ત્રીઓની સાથે ભોગ ભોગવતો હતો, કાચી કાકડીને કાપી ઉપર મીઠું ને લીંબુ ચઢાવી કાંટામાં ભરાવીને હોંશે હોંશે ખાતો હતો. બટાકાના શાક ખાતો હતો, મદિરાની પ્યાલીઓ મઝાથી પીતો હતો. આવા આવા પાપો કરતી વખતે તને ભાન નહોતું. અને હવે પૂછે છે ! કે મેં શું પાપ કર્યું ? પરમાધામીઓ આવા મ્હેણાં મારે છે. આવા મ્હેણાં મારતાં મારતાં પણ એમના હાથ બંધ નથી રહેતા. એકેક પાપની યાદ દેવડાવતાં જાય અને એના શરીર પર મોટા લોખંડી ઘણના ઘા ઝીકતા જાય છે. એટલે એ મ્હેણાં સાંભળવા જેટલો સમય પણ શસ્ત્રપ્રહારની કારમી પીડા બંધ નથી થતી.

વળી પાછા એને સંભળાવતા જાય છે કે હે દુષ્ટ ! તું પૂર્વે જ્યારે મહાન લોભમાં પડયો ત્યારે કેવા કેવા પાપના ધંધા કરતો હતો. શિકાર ખેલી મૃગલા જેવા ભોળા પ્રાણીને નિર્દય બનીને હણતો હતો. ધનના ઢગલા ઉપર ગાઢ મૂર્છા કરતો હતો. અભિમાનથી અક્કડ બનીને ચાલતો હતો. અને બીજાઓની પેટ ભરીને નિંદા કરતો હતો. ત્યારે તને તારા પાપનો વિચાર કરવાનો સમય ન હતો. અને ગુરૂ વચનમાં તને શ્રદ્ધા ન હતી. અને પાપી ! હવે શેનો પૂછે છે કે મેં શાં પાપ કર્યા ? મૂર્ખ છતાં પોતાની જાતને પંડિત માની રાગ દ્વેષ અને મોહમાં ખૂંચીને બોલતો હતો કે વેદ વિના બીજા કયા શાસ્ત્રો પ્રમાણિક છે ? એમ બોલી પવિત્ર સંયમી મુનિઓની નિંદા કરતો હતો. નાસ્તિક બની ધર્મ–સ્વર્ગ–નરક–મોક્ષ જેવી કોઇ ચીજ જ નથી. બસ, ખાઈ પીને મોજ કરો, આવો બકવાદ કરતો હતો, તે વખતે તને ગુરૂઓ સાચો માર્ગ બતાવવા કહેતાં કે ભાઈ ! આવા પાપ તારાથી ન કરાય. આવા વચન તારાથી ન બોલાય, તે વખતે અભિમાનમાં આવી રોફથી ગુરૂની વાતની હાંસી ઉડાવતો હતો અને હવે ગરીબડો થઈ શેનો રડે છે ! ઉપર કહેલાં કટુ વચનો સંભળાવતાં દુષ્ટ દેવો એમના શરીરના ઝીણા ઝીણા ટુકડા કરીને આકાશમાં ઉછાળે છે. એને સમડા જેવા પક્ષીઓ તોડી તોડીને ચાવે છે. નરકના જીવોના આત્મપ્રદેશો એ અંગોમાં પણ પ્રસરેલા હોય છે, તેથી તે જીવો કારમી વેદના અનુભવે છે. અને હાય–હાય ! એમ કરૂણ વિલાપ કરે છે, છતાં પરમાધામીને કયાં દયા છે ? તે અંગો પાછા સંધાઈ અખંડ શરીર બનતાં ભડભડતી અગ્નિમાં નાંખીને તપાવે છે.

નરકમાં નારકીઓ ભૂખ અને તરસથી ખૂબ રિબાય છે. અને રડતાં રડતાં બોલે છે– હે સ્વામી ! અમે બળી જઈએ છીએ, અમને ખૂબ ભૂખ લાગી છે ત્યારે પરમાધામીઓ કહે છે અરે ! પાણી લાવો, એમ કહી એમના મોઢા પહોળાં કરી તાંબા અને સીસાનો ધગધગતો રસ રેડે છે. ભયંકર દાહથી રાડ પાડીને દુઃખી થયેલા નરકના જીવો કહે છેઃ બસ બસ, અમારી તરસ મટી ગઈ. હવે અમારે પાણી નથી પીવું. અમને માફ કરો. તો પણ પરમાધામીઓ મોંમાં સાણસાં નાંખી મોં પહોળા કરી, ગળા સુધી નળી ઉતારી એમાં ગરમ ગરમ–લ્હાય જેવા સીસાના રસ રેડી દે છે. અને ભૂખ લાગી હોય તો લો, એમ કહી એના જ શરીરને કાપી એના ટુકડા પકાવીને–તળીને એમને ખાવા આપે છે. આવી અતુલ વેદના એ જીવો ત્યાં ભોગવે છે.

આવા ત્રાસથી કંટાળી નારકીઓ ત્યાંથી ચારે દિશામાં દોડે છે. દોડતાં દોડતાં આગળ જાય છે. ત્યાં પાણીથી ભરેલી નદી જુવે છે. હાશ ! હવે પાણી પીને આપણી તૃષા છીપાવશું, અને ઠંડક મેળવીશું. એ નદીને પાણીથી ભરેલી માને છે, પણ એ તો ધગધગતા તાંબાં, સીસા અને પરૂના રસથી ભરેલી હોય છે. તરસ અને ગરમીથી આકુળ–વ્યાકુળ થયેલા જીવો શીતળતા મેળવવાની આશાથી એ નદીમાં ઝંપલાવે છે, ત્યાં આખા શરીરમાં ઝાળ ઉઠે છે. નદીના પ્રવાહમાં તણાય છે. એમાંથી નીકળવા પ્રયત્ન કરે છે, પણ જાણે ગુંદરના કીચડમાં ન ફસાઈ ગયા હોય ! તેમ નીકળી શકતા નથી. કેટલોક વખત એ નદીમાં તણાતા તણાતા મહામુશીબતે બહાર નીકળે છે ત્યાં પરમાધામીઓ મારો, પકડો. કાપો એવી બૂમો મારે છે. વૈતરણી નદીમાંથી માંડ માંડ બહાર નીકળેલા જીવો નદી–કિનારે રહેલી રેતીને ઠંડી માનીને તેમાં આળોટવા જાય છે, પણ એ રેતી તો ભાડ ભુંજએ ધાણી–ચણા શેકવા માટે તપાવેલી રેતી કરતાં પણ અનંત ગણી ઉષ્ણ હોય છે. એ જીવો એમાં ધાણી ચણાની જેમ શેકાઈને ખાખ જેવા થઈ જાય છે.

બંધુઓ ! આ નરકગતિના ત્રાસ જેવા તેવા નથી. આ કંઈ કલ્પિત વાતો નથી. આ દુઃખો ભોગવવાનો વખત ન આવે તે માટે ખૂબ સાવધાન રહેજો. આટલાં કષ્ટો ભોગવવાથી પણ પતી જતું નથી. ઉષ્ણ રેતીમાં શેકાઈ ગયેલા નારકો શાંતિ મેળવવા વનમાં દોડે છે.

સામે, વૃક્ષોથી ભરપૂર દેખાતાં વનમાં દોડે છે. એ વૃક્ષના પાંદડાની ધારો તલવાર અને ભાલા જેવી અણીદાર હોય છે. જેવાં એ ઝાડ નીચે જઈને બેસે છે તેવા ઉપરથી તીક્ષ્ણ ધારવાળાં પાંદડા પડે છે, તેનાથી અંગોપાંગ છેદાય છે. માથું ચીરાઈ જાય છે, ત્યારે બચાવો બચાવો એમ ચીસાચીસ કરે છે. દોડાદોડ કરે છે. પણ એ વિષમ વન-માંથી એકદમ બહાર કયાંથી નીકળી જવાય ? એ દોડતાં જાય અને ઉપરથી ધડાધડ શસ્ત્ર જેવાં પત્રો અને ફળો શરીર ઉપર પડે છે. અહીં તો સહેજ કોઈ કટુવચન કહે કે કોઈની

કેાણી વાગે તેા પણ તરત ગરમ થઈ જવાય છે, તેા નરકની ઘેાર પીડા ભેાગવવી પડશે તેા શું થશે ? આ જીવેા ત્યાંથી છૂટીને ખુલ્લા મેદાનમાં દેાડી જાય છે. ત્યાં ભયંકર પવન વીંઝાય છે. એ પવનમાં મેાટી મેાટી શીલાઓ જેવા પથ્થરેા એમના માથા ઉપર આવી પડે છે. એ પથ્થરેા પડવાથી એમના હાથ–પગ ભાંગી જાય છે. આંખેા ફુટી જાય છે, કાન કપાઈ જાય છે. પવન પણ અગ્નિની જ્વાળા જેવેા ગરમ હેાય છે. વગડાનેા છેડેા જ આવે નહિ. ભગવાન કહે છે કે અહીં તારાથી એક વચનનેા પ્રહાર સહન નથી થતેા તેા જ્યાં આવી શીલા જેવા પથ્થરેાનેા વરસાદ વરસશે ત્યારે તું શું કરીશ ? અહીં તેા અલ્પ દુઃખ સહન કરશેા તેા મહાન નિર્જરા થશે.

પથ્થરેાનેા માર સહન કરતાં ત્રાસથી દેાડે છે તેા સામે એક મેાટા પર્વતની ગુફા દેખે છે. એટલે એમને એમ થાય છે કે હાશ !.... આમાં પેસી જઈ એ તેા આ પથ્થરના મારાથી બચી જવાય. બિચારા બચવા માટે પ્રયત્ન કરે છે પણ એમના અશુભ કર્મેા જ એવાં હેાય છે કે જ્યાં જાય ત્યાં દુઃખ જ મળે. એટલે જ્યાં એ જીવેા ગુફામાં પેસે છે ત્યાં ઉપરથી મેાટી શીલા તૂટી પડે છે. એમના શરીરના ચૂરેચૂરા થઈ જાય છે, વેદનાનેા તેા પાર જ નથી. 'અરેરે ! આપણે અહીં કયાં આવી ભરાયા ?' મહામુશીબતે ઉભા થઇને ગુફામાંથી બહાર નીકળવા દેાડે છે ત્યાં ગુફાની વજ્ર જેવી બે દિવાલ સામસામેથી ધસી પડે છે. તેમાં એ જીવેા ભીંસાઇ જાય છે અને એના શરીરને રેાટલા જેવું બનાવી દે છે.

બંધુઓ ! આ જીવે નરકમાં આવા મહાન કષ્ટો વેઠયાં છે. મહાનપુરૂષેા આ દુઃખેાનું વર્ણન કરીને આપણને ચેતાવે છે. કહેવાનેા આશય એ જ છે કે નરકનાં દુઃખેા અહીંના દુઃખેા કરતાં અનંત ગુણાં છે. એની અપેક્ષાએ જો આપણે વિચારીએ તેા અહીં કાંઇ જ દુઃખ નથી. અહીં તમને ગરમી લાગે તેા પંખા નંખાવેા છેા, એરકંડીશન રૂમેા બનાવેા છેા પણ ત્યાંની ગરમી માટે તેા જ્ઞાની કહે છે કે ત્યાંના જીવને લાવીને અહીંની અગ્નિની મેાટી ભઠ્ઠીમાં સૂવાડયેા હેાય તેા એને લાગે કે મને બરફની લાદી ઉપર સૂવાડયેા. એવી ઠંડક લાગે. નિરાંતે છ મહિનાની ઉંઘ આવી જાય છે. ગરમીની વેદના આટલી ભયંકર છે, તેા મારકૂટ–છેદન–ભેદનની પીડાની તેા વાત જ કયાં કરવી ?

આ નરકનાં દુઃખેા જો તમને ધ્યાનમાં રહે તેા તમને અહીંના કષ્ટ કંઈ જ ન દેખાય અને તમને એમ થશે કે અત્યારે બધી જોગવાઈ છે તેા હવે હું ધર્મનું આચરણ કરું. જ્ઞાનાદિ ગુણેાને જીવનમાં અપનાવી લઉં. ઇન્દ્રિયેાનું દમન કરી લઉં. કષાયેાને દબાવી દઉં. અત્યારે સારી સ્થિતિમાં જો ધર્મ નહિ કરું તેા જ્યારે દુઃખની ઝડીઓ વરસશે ત્યારે હું શું કરી શકીશ ? અને આ મનુષ્યભવમાં જે ધર્મધ્યાન કરવાની સામગ્રી મળી છે તે બીજે કયાં મળવાની છે ?

આ નરકનાં દુઃખેા તમને પ્રત્યક્ષ દેખાતા નથી, એટલે તમને પાપ કરવાનું મન

થાય છે. અહીં તમે એક સામાન્ય ગુન્હો કરો છો તો જેલમાં જવું પડે છે. હાથકડી પહેરવી પડે છે. ફરીને એવો ગુન્હો કરતાં નથી. અમે તમને કહીએ છીએ કે દેવાનુપ્રિયો! ધર્મધ્યાન કરો. તો તમે બહાના કાઢો છો કે સાહેબ! મને ટાઈમ નથી. કામધંધાની ખૂબ હાડમારી છે. મારું શરીર સારું નથી. અહીં કેવા બહાના કાઢો છો! નરકમાં આવા બહાના નહિ કઢાય? બ્રહ્મદત્ત જેવો ચક્રવર્તિ એની વ્હાલી પટરાણી કુરૂમતીની આસક્તિમાં તણાયો. અને મરીને નરકે ગયો. ત્યાં એને અહીંના કયા બહાનાએ ઉગાર્યો? નરકમાં જઈને બૂમો પાડવા લાગ્યો કે હે કુરૂમતી! મને બચાવ. પણ ત્યાં કુરૂમતી એને બચાવવા ન ગઈ.

સમજણપૂર્વક ધર્મારાધના કરો તો જ પાપકર્મ અટકશે. ધર્મ કરતાં, તપ કરતાં જો એક કષાયનો કણીયો આવી ગયો તો મહાન અમૂલ્ય કરણી બળીને ખાખ થઇ જશે. અગ્નિશર્માએ માસખમણના પારણે માસખમણની ઘોર તપશ્ચર્યા કરી હતી. ગુણસેન રાજાએ એને ત્રણ ત્રણ વખત પારણાનું આમંત્રણ આપ્યું. એ તાપસ હતો. જૈન મુનિ ન હતો. એનો નિયમ હતો કે જેણે આમંત્રણ આપ્યું હોય તેને ત્યાં પારણું કરવા જવું. જો પારણું ન થાય તો પાછું માસખમણ કરવું. અગ્નિશર્મા પ્રથમ માસખમણના પારણે રાજાને ત્યાં ગયો. ત્યારે રાજાને ભયંકર માથાનો દુખાવો ઉપડયો એટલે તપસ્વીના પારણાંની વાત વિસરાઈ ગઈ. બીજી વખત અગ્નિશર્મા ગયો ત્યારે રાજાને યુદ્ધમાં જવાનું થયું અને ત્રીજી વખત રાણીએ પુત્રને જન્મ આપ્યો, તેના ઉત્સવમાં રાજા પડી ગયો હતો. એટલે ત્રણે વાર અગ્નિશર્માના પારણાની વાત વિસરાઇ ગઇ. તેથી અગ્નિશર્મા તાપસને ત્રણ મહિનાના ઉપવાસ થયા. તેથી એની આહારસંજ્ઞા ભભૂકી ઉઠી. એને એમ થયું કે આ રાજા મને વારંવાર આમંત્રણ આપી જાય છે. અને પારણું કરાવતો નથી અને મારૂં અપમાન કરે છે એટલે પોતાનું સ્વમાન હણાય છે એમ લાગ્યું. આ કારણોને લીધે તેને ભયંકર ક્રોધાગ્નિ પ્રગટયો. અને નિયાણું કર્યું કે મારા તપનું જો ફળ હોય તો હું ભવોભવમાં ગુણસેન રાજાને મારનારો થાઉં.

તેથી ગુણસેન રાજા અને અગ્નિશર્મા નવ ભવ સુધી સાંકડી સગાઈમાં ઉત્પન્ન થયાં. પુત્ર–પિતા પણે, માતા અને પુત્રપણે, પતિ–પત્ની પણે જન્મીને વેર લીધા. ગુણસેન રાજાએ એની સામે ખૂબ ક્ષમા રાખી. તો પોતે મોક્ષમાં ગયા અને અગ્નિશર્મા અનંત ભવમાં ભમ્યો.

દેવભદ્ર અને જશોભદ્ર કહે છે કે પિતાજી! જે મનુષ્ય અધર્મમાં પોતાનું જીવન વીતાવે છે તેને આવાં કષ્ટો સહન કરવા પડે છે. અમારે કષ્ટો વેઠવા નથી. અમારા જીવનની અમૂલ્ય પળો વીતી જાય છે.

जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तइ ।
धम्मं च कुणमाणस्स, सफला जन्ति राईओ ।। उ. अ. १४–२५

હે પિતાજી! જીવનની જેટલી ઘડીઓ ધર્મધ્યાનમાં વ્યતીત થાય છે, ચારિત્રમાં વ્યતીત થાય છે તે જ સફળ છે. જે મનુષ્ય પોતાનું ધન પરમાર્થમાં વાપરે તે જ શુભ ફળ દેનાર બને છે, બાકી તો બધું અહીંનું અહીં જ રહેવાનું છે. અમે તો આપને પણ કહીએ છીએ કે આપ પણ આપનું જીવન શા માટે અધર્મમાં વીતાવો છો? ફરી ફરીને આવો અમૂલ્ય માનવભવ નહિ મળે. માટે અમારી સાથે સંયમ માર્ગે પ્રયાણ કરીને જીવન સાર્થક કરી લો. પુત્રોની વાત હવે ભૃગુપુરોહિતના ગળે ઉતરી છે. હમેંશા ત્યાગીનો વિજય થાય છે. ભોગીનો પરાજય થાય છે. બંને પુત્રોનો અહીં વિજય થશે. અને ભૃગુપુરોહિત એના પુત્રોને શું કહેશે તેનો ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૮૫

આસો સુદ ૧૪ ને મંગળવાર તા. ૧૩-૧૦-૭૦

અનંત જ્ઞાની શાસ્ત્રકાર ભગવંતના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં જે આત્માઓ આત્મસ્વરૂપમાં રમણતા કરી રહયા છે તે બે બાલુડા એમના પિતાજી પાસે આત્મભાવની રજુઆત કરે છે. તેઓ કહે છે હે પિતાજી! જીવન ક્ષણિક છે. અલ્પ આયુષ્યમાં ઘણું કામ કરવું છે. તેમાં જેટલો સમય અવ્રતમાં જાય છે તે બધો અફળ જાય છે. જેટલી ઘડીઓ સંયમમાં વીતશે તે જ સફળ થશે. આ જીવે અજ્ઞાનમાં અનંતકાળ વીતાવ્યો છે. અને અજ્ઞાનને કારણે જ આથડયો છે. જ્ઞાની અને અજ્ઞાનીમાં શું ફરક છે!

બાલ તપસ્વી સહતે હૂ, જો કષ્ટ કરોડો વર્ષ મહાન,
જિતને કર્મ નષ્ટ કરતે હૈં, ઉસ તપસે વહ નર અજ્ઞાન,
જ્ઞાની જન ઇતને કર્મો કા ક્ષણુમેં કર દેતા હૈ નાશ,
જ્ઞાન નિર્જરા કા કારણ હૈ, મિલતા ઉસસે મુક્તિ પ્રકાશ.

અજ્ઞાની જન કોડો વર્ષ સુધી તપશ્ચર્યા કરવા છતાં જે કર્મોની નિર્જરા નથી કરી શકતા તે જ્ઞાની પુરૂષ એક ક્ષણમાં કર્મોનો નાશ કરી મુક્તિનો અખંડ આનંદ મેળવે છે.

સમયની ખૂબ કિંમત છે. તમે કહો છો ને કે " time is money ". સર્વાર્થસિદ્ધ વિમાનમાં રહેલા દેવો એકાવતારી હોય છે. તેમને માટે ભગવંતને પ્રશ્ન પૂછવામાં આવ્યો

કે પ્રભુ! સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોને એવું શું કર્મ બાકી રહયું કે તેત્રીશ સાગરોપમની સ્થિતિએ સર્વાર્થસિદ્ધ વિમાનમાં તેમને ઉત્પન્ન થવું પડયું! ભગવાન કહે છે હે ગૌતમ! એની પાસે લવસત્તમાવા-ફક્ત સાત લવનું આયુષ્ય વધુ હોત તો એ મનુષ્ય ભવમાંથી સીધો જ મોક્ષમાં જાત સૂકા ઘાસનો પુળો બળે તેટલા સમયનું કર્મ બાકી રહયું જેથી એમને ત્યાં ઉત્પન્ન થવું પડયું. તમને સમયની કિંમત સમજાય છે? તમે તો ઉઠીને મોઢામાં દાતણ કરતા છાપા વાંચો. રશિયા શું કરે છે અને અમેરિકામાં શું ચાલે છે, એ જાણવાનો તમને રસ છે, પણ સવારમાં ઉઠી તીર્થંકરના નામ કે પાંચ નવકાર તમને યાદ આવે છે! સ્ત્રીકથા, ભક્તકથા, દેશકથા અને રાજકથામાં જીવને જેટલો રસ છે તેટલો રસ ધર્મકથામાં નથી. ચારેય વિકથાઓ ત્યજવા યોગ્ય છે.

ધ્યાન પણ ચાર પ્રકારના છે. તેમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બે દુર્ધ્યાનો ત્યજવા યોગ્ય છે. ઈષ્ટનો વિયોગ અને અનિષ્ટનો સંયોગ થતાં જે ધ્યાન થાય છે તેનું નામ આર્તધ્યાન છે. આવું અસાર ધ્યાન કરવા માટે આપણને મન નથી મળ્યું. પશુઓ અને અનાર્યો કરતાં ઉચ્ચ કોટિનું શુદ્ધ મન મળ્યું છે તે પરમાત્માના ધ્યાનમાં જોડાવા માટે મળ્યું છે. તુચ્છ અને નાશવંત વસ્તુઓમાં તો પશુઓ અને અનાર્યો મનને જોડે. આપણું મન તો તત્ત્વજ્ઞાનના રોપ રોપવાનું ઉદ્યાન છે. આર્તધ્યાનનો ઉકરડો ઉભો કરવા નહિ. માટે આર્તધ્યાન આવતાં પડકાર કરો કે ખરેખર! તું મારૂં કંઈ બગાડી શકે તેમ નથી. બંધુઓ! ધર્મિષ્ઠ જીવ પણ આર્તધ્યાન કરવાથી દુર્ગતિમાં ચાલ્યો જાય છે.

ભગવાન પાર્શ્વનાથનો આત્મા મરૂભૂતિના ભવમાં શ્રાવકના વ્રતોનું પાલન કરનારો, ધાર્મિક જીવન જીવનારો અને પવિત્ર વિચારોમાં રમણતા કરનારો હતો. અને તેમનો ભાઈ કમઠ દુરાચાર અને ઉદ્ધતાઈવાળો હતો. તેથી રાજાએ એને નગર બહાર કાઢી મૂકયો. એને કાઢવામાં પોતે નિમિત્ત બન્યો એ ખોટું થયું એમ માની મરૂભૂતિ કમઠની ક્ષમા માંગવા ગયો. ભોલો. એ કેવો પવિત્ર આત્મા હશે કે ક્ષમા માંગવા ગયો! જ્યાં એ કમઠના પગમાં પડી ક્ષમા માંગે છે ત્યાં કમઠે રોષથી એના માથા ઉપર પથ્થરની શીલા ફેંકી. અને તેથી ખૂબ વેદના થવાથી ધર્માત્મા મરૂભૂતિ આર્તધ્યાનમાં પડયો. અહો! હું એને ખમાવું છું છતાં એણે મને માથામાં શીલા મારી! એ આર્તધ્યાનમાં મરીને ત્યાંથી અટવીની હાથણીના પેટે હાથી તરીકે ઉત્પન્ન થયો. તીર્થંકરનો જીવ છે. વર્ષોનો ધર્માત્મા છે, છતાં દુર્ધ્યાનને કોઈની શરમ પડે છે! દુર્ધ્યાને મરૂભૂતિને ઉંચકીને સદ્ગતિમાંથી ભ્રષ્ટ કરી દુર્ગતિમાં પટકયો. જીવનમાં જો એક જ વખત આવું દુર્ધ્યાન આવી ગયું તો તેનું આ ફળ આવ્યું! તો જીવનભર આવું કાર્ય કરે જનારની કઇ દશા થાય! આર્તધ્યાન કરવું એ એક પ્રકારનો ગુન્હો છે. એ ગુન્હાની સજા તો જીવને ભોગવવી જ પડે છે. કષ્ટ આપનારને તો એના ગુન્હાની સજા મળશે, પણ તું તો તારા ગુન્હાની સજા ભોગવશે.

કહેવાનું એ છે કે બીજાના વાંકે પણ આપણને આપણું મન બગાડવાનો અધિકાર નથી. મન બગડયું ત્યાં કર્મો ચોંટયા જ સમજો. આર્તધ્યાન તે મનનો બગાડ છે. અને એથી તિર્યંચ ગતિને યોગ્ય અશુભ કર્મો આત્મા પર ચોંટી જાય છે. ધર્માત્મા એવા મરૂભૂતિને આર્તધ્યાનને કારણે હાથીનો અવતાર આવ્યો.

બંધુઓ ! ભલે, આપણો ગુન્હો ન હોય છતાં સામી વ્યક્તિ આપણા ઉપર પ્રહાર કરે, છતાં તમે મનને આર્તધ્યાન રૌદ્રધ્યાનમાં ન જોડશો. જુઓ, મરૂભૂતિ એ ભગવાન પાર્શ્વનાથનો આત્મા હતો, છતાં આર્તધ્યાનના પરિણામે તેને તિર્યંચમાં જવું પડયું. આ દાખલા દ્વારા એ જ વાત સમજવાની છે કે આર્તધ્યાન રૌદ્રધ્યાનમાં જતાં મનને અટકાવવું. મનમાં રૌદ્ર પરિણામો આવતાં પણ ભયંકર નુકશાન થાય છે. અલ્પ આર્તધ્યાનનું પરિણામ વધતાં વધતાં ઘણું વધી જાય છે.

ચંડકૌશિક નાગ કેવી રીતે બન્યો હતો એ તો તમે જાણો છો ને ? અલ્પ વૈરની વણઝાર વધતાં વધતાં કેટલી વધી ગઈ ? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી એનો ગુણાકાર કેટલો બધો વધે છે ? બે મુનિઓ સવારે ઠંડીલ જવા માટે ગયા હતા. ચાલતાં ચાલતાં અનુપયોગથી ગુરૂના પગ નીચે મરેલી દેડકીનું કલેવર આવી ગયું. સાંજે પ્રતિક્રમણ કરીને ગુરૂએ દિવસ દરમ્યાન કરેલાં પાપોની આલોચના કરી. ત્યારે શિષ્યે યાદ કરાવ્યું કે ગુરૂદેવ ! આજે સવારે આપના પગ નીચે દેડકી કચરાઈ ગઈ હતી, તેનું પ્રાયશ્ચિત કરવું આપ ભૂલી ગયા. ગુરૂ કહે છે ભાઈ ! એ તો મરેલી જ દેડકી હતી. એમાં મને પ્રાયશ્ચિત શેનું આવે ? પણ શિષ્ય સમજતો નથી. પાંચ મિનિટ થઇને ફરી શિષ્યે ગુરૂને ટકોર કરી કે તમે પ્રાયશ્ચિત કેમ લેતા નથી ? ગુરૂ કંઈ જ ન બોલ્યા, ત્યારે ત્રીજી વખત બોલ્યો. એટલે ગુરૂને ક્રોધ આવ્યો. 'એ વાતને સમજતો નથી ને ટકટક કરે છે માટે એને શિક્ષા કરું.' બંધુઓ ! અહીં જોજો, વૈરની વણઝારનો કેવો ગુણાકાર થાય છે !

ગુરૂ હાથમાં રજોહરણ લઈને શિષ્યને મારવા દોડયા. શિષ્ય પોતાના બચાવ ખાતર ઉપાશ્રયમાં દોડયો. અંધારામાં ક્રોધાવેશમાં દોડતાં ઉપાશ્રયમાં રહેલો થાંભલો ગુરૂના માથામાં વાગવાથી પછાડ ખાઈને પડયા. અને ક્રોધાવેશમાં મરીને અગ્નિકાય દેવ તરીકે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને મનુષ્ય બન્યા. અને કનકખલ આશ્રમમાં તાપસ બનીને રહેવા લાગ્યા. એ આશ્રમના યોગાનમાં વૃક્ષ-ફળ-ફુલથી શોભતું સુંદર ઉપવન બનાવ્યું. એ ઉપવનની રાત-દિવસ ચોકી કરતો હતો. અને હાથમાં તીક્ષ્ણ કુહાડી લઇને ફરતો હતો. 'જે કોઈ આ મારા ઉપવનમાંથી એક ફળ કે પુષ્પ તોડશે તેને જનથી મારી નાંખીશ.' એવા રૌદ્ર પરિણામ તેને આવ્યા. જુઓ ! વૈરની વણઝાર કેવી વધી ગઈ ? સાધુના ભવમાં દ્રવ્યથી હાથમાં રજોહરણ હતો. ક્ષેત્રથી ઉપાશ્રયની ચાર દિવાલ હતી. કાળથી પ્રતિક્રમણ પછીનો સમય હતો અને ભાવથી શિષ્યને શિક્ષા કરું એવા ભાવ હતા. તો તાપસના

ભવમાં દ્રવ્યથી હાથમાં રત્નોહરણને બદલે કુહાડી આવી, ક્ષેત્રથી આશ્રમનું વિશાળ ઉપવન આવ્યું, કાળથી ગમે તે કાળ આવ્યો અને ભાવથી ગમે તે આવે તેને જાનથી મારી નાંખું એવા ભાવ આવ્યા. એક વખત એ તાપસ બહાર ગયો હતો, તે વખતે કેટલાક મદમસ્ત યુનાનોએ આવી તેનું ઉપવન છિન્ન ભિન્ન કરી નાંખ્યું. ફલ-ફુલ તોડી નાંખ્યા. એ તાપસ બહારથી આવે છે, એટલે એ યુવાનો ભયથી ભાગે છે. તીક્ષ્ણ ધારવાળો કુહાડો લઇને તાપસ એમની પાછળ દોડે છે. ભલે મારી કુહાડીની ધાર બુઠ્ઠી થઇ જાય પણ આ યુવાનીયાઓને તો જાનથી મારી નાંખું. એકેયને જીવતો ન જવા દઉં. એમ નિર્ણય કરી ક્રોધાવેશમાં આવીને દોડયો. ક્રોધાંધ બનેલો તાપસ મહી વાળીને દોડે છે. માર્ગમાં કૂવો આવે છે એનો પણ એને ખ્યાલ ન રહ્યો. એ કુવામાં પડી ગયો. ભયંકર ક્રોધાવેશમાં મૃત્યુ પામ્યો એટલે ત્યાંથી મરીને ચંડકૌશિક નાગ થયો.

હવે તો દ્રવ્યથી કોઈ બાહ્ય સાધન ન કહ્યું, પણ એ દૃષ્ટિ વિષ સર્પ બન્યો. એની દૃષ્ટિ એ જ એનું શસ્ત્ર બની ગયું. ક્ષેત્રથી વિશાળ વન આવ્યું, કાળથી ગમે તે કાળ અને ભાવથી ગમે ત્યારે ગમે તે આવે. ચાહે માનવ હોય, દાનવ હોય, પશુ હોય કે પક્ષી હોય. તે જેના સામે દૃષ્ટિ ફેંકે તે મરણને શરણ થઈ જતાં. એક સામાન્ય-ક્રોધમાંથી આવું ભયંકર પરિણામ આવ્યું. મોટી વેરની વણઝાર ઉભી થઈ ગઈ. છેવટે એની ભવ્યતા ખીલી અને ભગવાન મહાવીરનું તે વનમાં આગમન થયું. પ્રભુએ એટલું જ કહ્યું:

"કંઈક સમજ તું કંઈક સમજ તું.... કહે કરૂણા આણી,
મહાભયંકર એ મારગમાં વિચરે મહાવીર સ્વામી."

હે ચંડકૌશિક! કંઈક સમજ. વેરથી વેરની વસૂલાત ન કરાય. વેરને શમાવવા પ્રેમ જોઈએ. આટલા જ શબ્દે ચંડકૌશિક જાગી ગયો અને એને ત્યાં જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. પછી શું બાકી રહે!

બંધુઓ! કરેલાં કર્મો જીવને અવશ્ય ભોગવવા પડે છે. અહીં હસીહસીને કર્મ બાંધશો પણ પરભવમાં રડી રડીને ભોગવતાં પણ પૂરા નહિ થાય. કર્મ ભોગવતી વખતે તમે ગમે તેટલી નમ્રતા બતાવશો, કરગરશો, કાલાવાલા કરશો તો પણ ઉપરથી ડફણાં જ પડશે, અને વધુ ને વધુ આર્તધ્યાન થશે. અને અહીં આત્માના લક્ષે નમ્રતા કેળવશો તો કર્મના બંધનો તૂટશે. તમે તો વણિક બહુ બુદ્ધિશાળી છો. વહેપારીના દીકરાની દૃષ્ટિ લાભ તરફ જ હોય. વહેપારમાં લાભ થતો હોય તો આનંદ થાય અને ખોટ આવે તો શોક થાય છે. ખોટનો ધંધો તમને ગમતો નથી.

દેવભદ્ર અને જશોભદ્ર ભૃગુ પુરોહિતને કહે છે પિતાજી! દિવસો તો ધર્મીનાં પણ જાય છે અને અધર્મીનાં પણ જાય છે પરન્તુ તે બંનેમાં ફેર

છે. ધર્મીના દિવસ અને રાત્રિ સફળ જાય છે અને અધર્મીનાં અફળ જાય છે, માટે અમે તો આપને પણ એમ જ કહીએ છીએ કે આપ પણ અમારી સાથે સંયમ માર્ગે ચાલો. આ સંસારમાં આપને પણ રાચવા જેવું નથી. ભૃગુ પુરોહિત પણ સમજદાર હતો. પુત્રોની વાત એના ગળે ઉતરી. એટલે પુત્રોને કહે છે, તમારી વાત સાચી છે. પણ મારી એક વાત સાંભળો.

एगओ संवसित्ताणं, दुहओ सम्मत संजुया ।
पच्छा जाया गमिस्स मो, भिक्खमाणा कुले कुले ॥ उ.अ. १४–२६

ભૃગુ પુરોહિત કહે છે હે મારા વ્હાલા પુત્રો ! હું તમારી વાતનો સ્વીકાર કરું છું. પણ આપણે ચારે ય જણ પહેલાં સમ્યક્ત્વપૂર્વક દેશવિરતિ શ્રાવક બનીને સંસારમાં રહીએ. જ્યારે તમારી ઉંમર પરિપકવ થશે ત્યારે આપણે દીક્ષા લઈને ઘર ઘરમાં ગૌચરી કરી આપણી જીવનયાત્રા ચલાવીશું. આ ગાથામાં ભૃગુ પુરોહિત એના પુત્રોને એ સમજાવી રહ્યો છે કે હમણાં ગૃહસ્થ ધર્મનું પાલન કરી પાછલી ઉંમરમાં દીક્ષા લેવી જોઇએ.

પિતાને તો સમજાઇ ગયું છે કે પુત્રો જે માર્ગે જાય છે એ માર્ગ જ સાચો છે. વહેલા કે મોડા એ માર્ગે જવું તો પડશે જ. બંધુઓ ! આ બ્રાહ્મણ સમજી ગયો. પણ તમને સમજાય છે કે નહિ ? વહેલા કે મોડા સંયમ લીધા વિના સાધ્યની સિદ્ધિ થવાની નથી. જીવોને ત્રણ પ્રકારે વૈરાગ્ય આવે છે. દુઃખગર્ભિત, મોહગર્ભિત અને જ્ઞાનગર્ભિત.

એક વખત ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં રાજગ્રહી નગરીમાં પધાર્યા. આ સમયે શ્રેણિક રાજાના દશ પુત્રો ચેડા (ચેટક)મહારાજાની સામે યુદ્ધ કરવા ગયા છે. જેના પુત્રો યુદ્ધમાં ગયા હોય, જે યુદ્ધમાં લોહીની નદીઓ વહેતી હોય તેની માતાઓને ઉંઘ કેમ આવે ? જે બાઇનો પતિ જેલમાં પૂરાયો હોય તેને મીઠાઇ ભાવે ખરી ? તેમ હે દેવાનુપ્રિયો ! જેનો આત્મદેવ અનાદિકાળથી કર્મની કોટડીમાં પૂરાયો હોય તેને સુખે ઉંઘ કેમ આવવી જોઇએ ? કર્મની સજા ભોગવી રહ્યાં છો તે કેમ ભૂલી જાવ છો ? દશે રાણીઓને પોતાના પુત્રોની ખૂબ ચિંતા થાય છે. તેમને ઉંઘ આવતી નથી. ખૂબ ઝૂરે છે. એ દશે ય રાણીઓ ભગવાન પાસે આવી હાથ જોડી, વંદન નમસ્કાર કરી પૂછે છે હે પ્રભુ ! આપ તો સર્વજ્ઞ છો. આપ તો સમય સમયની વાત જાણી દેખી રહ્યાં છો. અમારે એક એક જ પુત્ર છે. અમારા (દશે ય રાણીઓના) દશ પુત્રો ચેડા મહારાજાની સામે યુદ્ધ કરવા ગયા છે. તો હે પ્રભુ ! અમારા પુત્રોનો યુદ્ધમાં વિજય થશે કે પરાજય થશે ? અમે અમારા પુત્રોનું મુખ જોઈ શકીશું કે નહિં ?

ભગવાન તો બધું જાણતા હતા. પ્રભુ કહે છે ચેડા રાજાના એકેક બાણથી એકેક એમ દશ દિવસમાં તમારા દશે ય પુત્રો મૃત્યુ પામ્યા છે. આ સાંભળી દશે ય રાણીઓ

મૂર્છાગત થઇ ગઈ. વૃક્ષનું મૂળ કપાતાં જેમ વૃક્ષ તૂટી પડે તેમ રાણીઓ બેભાન થઈને ધરતી ઉપર ઢળી પડી. મૂર્છા ઉતરી જતાં દશે રાણીઓ ભાનમાં આવી. ભગવાનની વાણી સાંભળી એમને વૈરાગ્ય આવ્યો. અંતગડ સૂત્રમાં નેવું જીવોનો અધિકાર આવે છે. તેમાં શ્રેણિકની આ રાણીઓનો અધિકાર પણ આવે છે.

" શ્રેણિકની રાણી કાલીયાદિક દશ જાણ, દશે પુત્ર વિયોગે સાંભળી વીરની વાણ,
ચંદનબાળા પે' સંયમ લઈ હુવા જાણ, તપ કરી દેહ ઝોંસી પહોંચ્યા છે નિર્વાણ ".

જેના કલૈયાકુંવર જેવા પુત્રો મૃત્યુ પામ્યા હોય તેને સંસારમાં રહેતાં આનંદ આવે ખરો ? રાણીઓ કહે છે પ્રભુ ! હવે અમારે આ સંસારમાં રહેવું નથી. અમને આ સંસાર દુઃખદાયક લાગે છે. હળુકર્મી આત્માઓને દુઃખનું નિમિત્ત પણ વૈરાગ્યનું કારણ બની જાય છે. ભગવાનની વાણી સાંભળી રાણીઓએ આર્તધ્યાન કર્યું નહિ. અને ત્યાં ને ત્યાં દીક્ષા લેવા તૈયાર થઈ ગઈ. નાગની ફેણ જેવા કાળા ભ્રમર ચામુક જેવા ચોટલા ઉતારી નાંખ્યા, અને ચંદનબાળા પાસે દીક્ષા લીધી.

દીક્ષા લઇને દશે ય રાણીઓએ રત્નાવલી, કનકાવલી વિગેરે ઉગ્ર તપ કર્યા. રત્નાવલી હાર રૂપ તપમાં એક ઉપવાસ અને પારણું, બે ઉપવાસ-પારણું, ત્રણ ઉપવાસ ને પારણું પછી આઠ છઠ્ઠ પછી એક ઉપવાસ ને પારણું, બે ઉપવાસ ને પારણું એમ ચઢતાં ચઢતાં સોળ ઉપવાસ-પારણું, પછી ચોત્રીસ છઠ્ઠ અને પાછું ઉતરવાનું. એમ સોળ ઉપવાસ કરીને પારણું, પછી પંદર ઉપવાસ કરીને પારણું એમ એક સુધી ઉતરવાનું. પછી આઠ છઠ્ઠ, પછી અઠ્ઠમ-પારણું, છઠ્ઠ-પારણું અને એક ઉપવાસ.

પહેલી પરિપાટીમાં પારણે એકાસણાં કરે, બીજી પરિપાટીમાં પારણે નીવી કરે, ત્રીજી પરિપાટીમાં પારણે આયંબિલ કરે અને ચોથી પરિપાટીમાં હાથ ન ખરડાય એવી વસ્તુથી પારણું કરે. આવી ચાર પરિપાટી એટલે કે આવો તપ ચાર વખત કર્યો. એમ કનકાવલી, મુક્તાવલી, લઘુસિંહ ક્રિયા વિગેરે મહાન તપ કરી કર્મના ભૂક્કા ઉડાડી નાંખ્યા. છેલ્લે એક મહિનાનો સંથારો કરીને મોક્ષમાં ગયા.

બંધુઓ ! આવી સુકુમાર રાણીઓ પણ સંયમનાં માર્ગે વિચરી કલ્યાણ કરી ગઈ. તમને કેટલી સુકુમારતા છે? રજેજ પણ કષ્ટ પડે તો વેઠાય નહિ. પરિષહ સહન ન થાય. પણ ભાઇ ! અહીં તમને સુકુમારપણું જોઇએ છે. પણ નરકમાં ને તિર્યંચ ગતિમાં કયાં તમારા માટે ઢોલિયા ઢાળી મૂક્યાં છે ? જે મહાન બને છે તેને કષ્ટ તો સહન કરવું જ પડે છે.

ભૃગુ પુરોહિતે પુત્રોની વાત તો માન્ય કરી, પણ પુત્રો હવે શું કરે ? સંસારમાં રોકાઈ જાય ખરા ? બોલોને, કેમ બોલતા નથી ? બાપ તો કહે છે કે પાછલી ઉંમરમાં

પણ દીક્ષા લઈ શકાય છે.

પચ્છા વિ તે પયાયા, ખિપ્પં ગચ્છન્તિ અમર ભવણાઇં ।
જેસિંડપિઓ તવો સંજમો જ, ખંતિ અ બમ્ભચેરં ચ ॥ દશ વૈ. અ. ૪–૨૮

જે આત્મા પાછલી ઉંમરમાં જાગે છે તે પણ દીક્ષા લઈ શકે છે. ગજસુકુમાર, અયવંતાકુમાર આદિ લઘુવયમાં દીક્ષા લઈને નીકળી ગયા છે. મેઘકુમાર, મૃગાપુત્ર આદિ ભર યુવાનીમાં દીક્ષા લઈને નીકળી ગયાં છે. અને ઉદ્દાયન રાજા, સંયતિ રાજા વિગેરે પાછલી ઉંમરમાં પણ જાગ્યાં છે.

પિતા કહે છે હે પુત્રો! આપણે પાછલી ઉંમરે દીક્ષા લઈશું. પણ આ કંઈ પીગળી જાય તેવા ન હતા. પતંગિયો વૈરાગ્ય ન હતો, મજીઠીયો વૈરાગ્ય હતો. જે ધાન્ય ઉછળ્યું તે પેટમાં ટકી શકે નહિ. એ તો નીકળ્યે જ છૂટકો થાય. તેમ જેને સંસાર એંઠ જેવો લાગે તે કેવી રીતે સંસારમાં રહી શકે?

કોઈ જીવો જે સંયમના પ્રેમી છે તે દીક્ષા ન લઇ શકે તો પણ સંસારમાં રહીને પણ સંયમીને કેટલું પ્રોત્સાહન આપે છે. સાધુ–સાધ્વીને કેવી સહાય કરે છે? હવે દિવાળી આવશે ત્યારે તમે નવા ચોપડામાં પ્રથમ લખશો કે "અભયકુમારની બુદ્ધિ મળજો, ધન્ના શાલિભદ્રની ઋદ્ધિ મળજો, કૈવન્ના શેઠનું સૌભાગ્ય મળજો અને ગૌતમ સ્વામીની લબ્ધિ મળજો." બધું માંગવા તૈયાર થયાં. પણ એ અભયકુમાર કેવો હતો તેનો કદી વિચાર કર્યો? અભયકુમારના જીવનનો એક પ્રસંગ છે.

એક વખત અભયકુમાર પ્રભાતના પહોરમાં ભગવાન સુધર્માસ્વામીનાં દર્શનાર્થે ગયાં. તે વખતે એકાએક સુધર્માસ્વામી સહિત બધા સંતો વિહારની તૈયારી કરી રહયાં છે. આ જોઈ અભયકુમાર સ્તબ્ધ બની ગયા. અને પૂછે છે પ્રભુ! એકાએક આમ કેમ? સુધર્માસ્વામી કહે છે, અભય! જ્યાં સાધુની હેલણા થાય, પ્રીતનો ભંગ થાય ત્યાં અમને રહેવું કલ્પે નહિ. પ્રભુ! શું કારણ છે? આપ મને જલ્દી કહો.

સુધર્માસ્વામી કહે છે અભય! ગઇ કાલે એક ભવ્યાત્મા કઠિયારાને દીક્ષા આપી. એ નવદીક્ષિત સંતની લોકો નિંદા કરે છે અને એમ બોલે છે કે અમે તો આટલાં વર્ષોથી ધર્મ પામ્યા છીએ, સામાયિક, પ્રતિક્રમણ, તપ, જપ આદિ ક્રિયાઓ કરીએ છીએ. છતાં પણ અમે સાધુ ન થયાં અને આજકાલનો અબુધ લાકડા કાપનારો કઠિયારો સાધુ થઈ ગયો. શું ખોટું થયું? લાકડાના ભારા વેચવા મટી ગયાં. સારૂં સારૂં ખાવાનું મળશે. આવી વાતો કરે છે. ભાઈ! ત્યાગ માર્ગમાં શ્રીમંત અને ગરીબના ભેદભાવ ન હોય. જે દેશમાં અમારા સાધુની નિંદા થાય ત્યાં અમારાથી રહેવાય નહિ. માટે અમે રાજગૃહી છોડીને વિહાર કરી જઇશું.

અભયકુમાર હાથ જોડીને સુધર્માસ્વામીને વિનવે છે કે પ્રભુ! આપ મારી ખાતર બે દિવસ રોકાઈ જાવ. હું બધું જ ઠીક કરી દઈશ, વાતાવરણ સુધરી જશે. બુદ્ધિ–

નિધાન અભયકુમાર પોતાના મહેલે આવ્યાં. પોતાના માણસોને બોલાવી પ્રભાતના પહોરમાં નગરીના મધ્યચોકમાં સોનાના, હીરાના અને પન્નાના ઢગલા કરાવ્યાં. અને પોતાના માણસોને ઉભા રાખ્યા. એ માણસો મોટેથી જાહેરાત કરવા લાગ્યાં કે કોઇ લઇ જાઓ. આ ત્રણે ઢગલા અભયકુમાર મફતમાં આપી દે છે. જેને જોઈએ તે લઇ જાવ.

બંધુઓ! જો ધનના ઢગલા મફતમાં મળતા હોય તો કોણ લેવા ન આવે? તમારી રાજગૃહી નગરીમાં આવું બને તો તમે પણ દોડો ને? (હસાહસ). નગરીમાં વાત પ્રસરી ગઈ. ધનવાનો પણ આવ્યાં ને ગરીબો પણ આવ્યાં. મધ્યમ વર્ગ પણ દોડી આવ્યો. જ્યાં ધનના ઢગલાને અડવા જાય છે ત્યાં પેલા માણસો કહે છેઃ જરા થોભો. આ ધનના ઢગલા મફતમાં જ આપી દેવાના છે. પણ એક શરત છે કે સુવર્ણ લેનારા માણસોએ જીવનભર કાચા પાણીને, અગ્નિને, વનસ્પતિને અડકવાનું નહિ. મૈથુનનું સેવન કરવાનું નહિ. આ શરત જેને મંજુર હોય તે આ ત્રણે ઢગલા મફતમાં લઈ જાવ.

આ શરત સાંભળી સૌ પીછેહઠ કરવા લાગ્યા. ધન લઈને આપણે ભોગવવાનું તો નહિ. સાધુ બની જઈએ તો જ એમની શરતનું પાલન થઇ શકે. માટે આપણે આવું ધન જોઇતું નથી. હજારો માણસોની ઠઠ જામી હતી. એક પણ મરદ આગળ ન આવ્યો. આ જોઈને મંત્રીશ્વર અભયકુમાર એક ખૂણામાંથી બહાર નીકળ્યા. માનવમેદની સામે પોતાનો ઘોડો ઉભો રાખી બોલ્યાઃ હે મગધના પ્રજાજનો! જે કાંઈ બોલો તે વિચારીને બોલો. ઉતાવળથી અપાઇ જતાં અભિપ્રાયો કયારેક મોટું નુકસાન કરી દે છે. સોના-મહોરો ને ઝવેરાતના ઢગલા મફતમાં આપવા છતાં એક પણ મરદ કેમ આગળ ન આવ્યો? તમને આટલું ધન મળે છે તો પણ તમે અગ્નિ, કાચું પાણી અને મૈથુન છોડવા કેમ તૈયાર નથી થતા? અને જે આત્માએ ગઈ કાલે આ ત્રણે ચીજોનો સદાને માટે ત્યાગ કરી દીધો એની તમે પ્રશંસા ન કરી અને ઉલ્ટા નિંદા કરવા તૈયાર થયાં? પણ વિચાર કરો. એ કઠિયારો આ સોનામહોરોનો અધિકારી છે, છતાં એ તો બિચારો સુવર્ણ લેવા આવ્યો નથી. અને તમે તો ભિક્ષુકની જેમ દોડી આવ્યાં છો. પણ જરા સમજો કે અગ્નિ, કાચું પાણી, મૈથુન અને સંસારનો ત્યાગ કરવો એ સહેલું કામ નથી. જે ત્યાગે છે એમને વંદન કરો અને તમે કરેલી ભૂલની ભગવાન સુધર્માસ્વામી પાસે જઇને માફી માંગો. અભયકુમારની વાત સાંભળી સૌને પોતાની ભૂલ સમજાઈ ગઈ. ત્યાંથી સૌ માનવો ભગવાન સુધર્માસ્વામી પાસે આવ્યા અને પોતાની ભૂલની માફી માંગી.

અભયકુમારની આવી બુદ્ધિ હતી. બુદ્ધિનો સદુપયોગ તેઓ કરતાં હતાં. જ્યાં સંયમીના ગુણગાન થતાં હોય ત્યાં એનું હૈયું નાચી ઉઠતું હતું. સંયમીની નિંદા થતી સાંભળી એના દિલમાં દુઃખ થતું હતું. અંતે અભયકુમારે પણ દીક્ષા જ લીધી હતી.

અહીં ભૃગુ પુરોહિત કહે છેઃ હે પુત્રો! આપણે હમણાં શ્રાવક ધર્મનું પાલન કરીએ,

પછી દીક્ષા લઈશું. જેની રગેરગમાં વૈરાગ્ય ભર્યો છે, જેની ક્ષણ ક્ષણ લાખેણી જાય છે તેવા પુત્રો એના પિતાને શું કહેશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન.....નં. ૮૬

આસો સુદ ૧૫ ને બુધવાર તા. ૧૪-૧૦-૭૦

અનંતજ્ઞાની ત્રૈલોક્ય પ્રકાશક, શાસન સમ્રાટ, મહાવીર પ્રભુના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. જગતના જીવો ઉપર કરૂણા કરી ભગવંતે બત્રીશ સિદ્ધાંતની પ્રરૂપણા કરી જેમાં ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે.

ભૃગુ પુરોહિતના બે પુત્રોને સદ્‌ગુરૂનો ભેટો થતાં તેમનું જીવન ત્યાગમય બની ગયું. એમના જીવનમાં પ્રકાશ પથરાઈ ગયો. આજે આસો શુદ પૂર્ણિમાનો પવિત્ર દિવસ છે. આયંબીલની ઓળીનો છેલ્લો દિવસ છે. બીજી રીતે કહું તો અમારા પરમ તારક, જીવનનૌકાના સાચા સુકાની, પૂજ્ય ગુરૂણી પાર્વતીબાઇ મહાસતીજીની પુણ્યતિથિનો પવિત્ર દિન છે. લોક વ્યવહારમાં પણ આજનો દિવસ શરદ પૂર્ણિમા તરીકે ઓળખાય છે. આપણે પણ આપણા જીવનમાં જ્ઞાનની પવિત્ર પૂર્ણિમા પ્રગટાવવાની છે. જ્ઞાન કયારે મળે ? સદ્‌ગુરૂ મળે ત્યારે ને ? સદ્‌ગુરૂઓ આપણા જીવનમાં રહેલા અજ્ઞાનના તિમિરને ટાળીને જ્ઞાનનો પ્રકાશ પાથરે છે. જે અનાદિકાળના અંધકારને ટાળી પ્રકાશમાં લાવે તે જ સાચા ગુરૂ છે. ગુરૂ ગુરૂમાં પણ ફેર હોય છે.

काष्टे च काष्टे तरता यथास्ति, दुग्धे च दुग्धे तरता यथास्ति ।
जले जले त्वं तरता यथास्ति, गुर गुरौ चां तरता यथास्ति ॥

લાકડા લાકડામાં ઘણું અંતર છે. સાગનું લાકડું, સીસમનું લાકડું, બાવળ અને લીંબડાનું લાકડું, ચંદનનું લાકડું. બધા લાકડામાં ચંદનનું લાકડું કિંમતી છે. દૂધ દૂધમાં પણ ફેર છે. ગાય-ભેંસનું દૂધ એ પણ દૂધ છે. આકડાનું, થોરનું દૂધ એ પણ દૂધ કહેવાય છે, પણ બંનેના ગુણમાં ફેર છે. ગાય અને ભેંસનું દૂધ શરીરને પુષ્ટિકારક છે. અને આકડાનું, થોરીયાનું દૂધ પીવે તો માણસ મરી જાય છે. પાણી પાણીમાં પણ ફેર હોય છે. એક ગામનું પાણી એવું હોય છે કે ખોરાક પાચન કરે છે. અને કોઈ ગામનું

પાણી એવું પણ હોય છે કે જે પીવાથી ભૂખ ન લાગે. તે જ રીતે ગુરૂ-ગુરૂમાં પણ ફેર છે.

સાચા ગુરૂ ખોટી વાતમાં હાજી હા ન કરે. પોતે તરે અને પોતાને શરણે આવેલાનો પણ ઉદ્ધાર કરે, એજ સાચા ગુરૂ છે. સાચી વાત સમજાવતાં સદ્‌ગુરૂ પાછા ન પડે. એ કહી દે કે હે દેવાનુંપ્રિયો ! તમે શુભ કર્મો કરશો તો સ્વર્ગમાં જશો અને અશુભ કર્મ કરશો તો નરક ને તિર્યંચમાં જશો. જીવ ચાર કારણે નરકનું આયુષ્ય બાંધે છે. અને ચાર કારણે તિર્યંચનું આયુષ્ય બાંધે છે એ તો તમે જાણો છો ને ! હવે નરક અને તિર્યંચમાં ન જવું હોય તો મહા આરંભ, મહા પરિગ્રહ, ગાઢ માયા, ખોટા તોલ અને ખોટા માપ ન રાખશો.

ભગવાનનો એક જ સંદેશ છે કે ચાહે સાધુ હોય કે શ્રાવક હોય પણ તમે એકેક કાર્ય કરતાં પાપનો ભય રાખજો. ભવભીરૂ બનજો. અભયકુમારને શ્રેણિક રાજા રાજ્યગાદી આપવાનું કહે છે ત્યારે અભયકુમાર કહે છેઃ પિતાજી ! તમે તમારા પુત્રનું હિત ઇચ્છો છો કે અહિત ? મારે આ રાજ્ય નથી જોઇતું. ભગવાન કહે છે છેલ્લામાં છેલ્લા ઉદાયન રાજા દીક્ષા લેશે, પછી કોઈ રાજા દીક્ષા નહિ લે. માટે મારે રાજા બનવું નથી. જુઓ તો ખરા, કેવા વૈરાગી આત્માઓ ! જેને રાજ્યનું સિંહાસન મળે છે છતાં એ છોડીને દૂર ભાગે છે. આજે ભૌતિક સુખો મેળવવા માટે માણસો કેટલી મહેનત કરે છે ? મિથ્યા માન્યતાઓ રાખે છે. નથી મળતું ત્યાં મેળવવા મથે છે. વૈરાગી આત્મા ધનના ઢગલાને રોડા અને કુંકા જેવા સમજે. સંસારના સગાં સ્નેહીઓ એની દૃષ્ટિમાં હાડકાના માળા દેખાય. ત્યારે એ ભોગને છોડી શકે. જેમ કોઈને વ્હાલાનો વિયોગ થાય, પછી એ સંસારમાં રહેવા છતાં ઉદાસીન ભાવે રહે છે. એમાં એને રસ હોતો નથી. નિરસ ભાવે રહે છે. તેમ વૈરાગી પણ ઉદાસીન ભાવે સંસારમાં રહે. તમે કુંભારના નિભાડા પાસે ઉભેલાને પૂછો કે તને ગરમી કેવી લાગે છે? ત્યારે તે કહેશે કે આગમાં ઉભા હોય તેવી લાગે છે. તેમ આ સંસાર પણ કુંભારના નિભાડા જેવો લાગવો જોઈએ.

બંધુઓ ! તમે ટ્રેનમાં મુસાફરી કરતા હો ત્યારે ખિસ્સાકાતરૂઓથી કેટલા સાવધાન રહો છો ? એ મીલ્કત ન લૂંટાઈ જાય તેને માટે જેટલી સાવધાની છે તેટલી આત્માનો માલ ન લૂંટાઈ જાય તેની અંશ માત્ર સાધવાની છે ? ભૌતિક ઋધ્ધિ સાચવવામાં જેટલા સાવધાન છો એટલા જ આત્માની ઋદ્ધિ સાચવવામાં બેદરકાર છો. જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ જ આત્માનું ધન છે. એને રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભાદિ દુશ્મનો લૂંટી ન જાય તે માટે ખૂબ સાવધાન રહો. બે આત્માઓ સાવધાન થઈ ગયાં છે. તેઓ તેમના પિતાને કહે છે પિતાજી ! આ સંસારમાં રાચવા જેવું નથી. અમારી એકેક પળ અમૂલ્ય જાય છે. આપ અમને આજ્ઞા આપો. આ આત્મા સંસારમાં અનંતકાળથી ભમે છે

સાયર જેટલાં દૂધ પીધા જી, માતાના સ્તનમાંય,
એટલા ભવ અમે કર્યા જી, ગણ્યા એ ન ગણાય,
પિતાજી, આજ્ઞા આપોને આજ.

નરક અને તિર્યંચના ભવની વાત તો બાજુમાં મૂકો, પણ આખો સમુદ્ર ભરાઈ જાય એટલાં તો માતાના દૂધપાન કર્યા છે. એટલે એટલા તો મનુષ્યના ભવ કર્યા છે. તો નરકતિર્યંચના કેટલા ભવ કર્યા હશે ? માટે હવે અમારે આ સંસારમાં રહેવું નથી. આવો સૂર કયારે નીકળે ? જડનો રાગ છૂટે ત્યારે ને ? પાણી માંગે ને દૂધ મળે છે એવા સુખોમાં આ જીવોને રહેવું નથી ગમતું અને તમને છોડવું નથી ગમતું. જેમ બકરું બેં બેં કરે છે તેમ અજ્ઞાની જીવ મોહને કારણે મેં મેં કરે છે. આચારંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે અજ્ઞાનને વશ થઈ એકેક જીવો શું કરે છેઃ—

माया मे, पिया मे, भाया मे, भरणी मे, भज्जा मे, पुत्ता मे, धुया मे, ण्हुसा मे,
सहिसयण–संगथ संथुयामे, विवित्तु वगरण परिवट्टण भोयणच्छायणं मे, इच्चत्थं
गहिए लोए वसे पमत्ते । आचारंग सूत्र अ. २ उ. १

માતા મારી છે, પિતા મારા છે, ભાઈ–બહેન મારા છે, પત્ની પુત્ર–પુત્રી, પુત્રવધૂ, મિત્રો, સ્વજનો, ઘરવખરી આ બધું જ મારું છે, જ્યાં જુઓ ત્યાં મારું, મારું ને મારું કરી રહ્યા છો. જ્યાં સુધી જીવને જડનો રાગ છે ત્યાં સુધી વૈરાગ્ય નહિ આવે. અહીં અમે તમને કહીએ દેવાનુપ્રિયો ! જડ પુદ્ગલો ઉપર મમતા કરવા જેવી નથી. ત્યારે તમે માથું ધુણાવો છો, પણ એ પાવર કયાં સુધી રહેવાનો ? તમે અહીંથી ઉઠીને ઘેર ગયા. ઘરે તમારા કપડાં વોશીંગ કંપનીમાં ધોવાઈને આવ્યાં છે. તમારો નાનો પુત્ર બહારથી કોલસાની ભૂકીવાળા હાથ લઈને ઘરમાં આવ્યો અને એ તમારા કપડાં ઉપર હાથ ઘસે તે વખતે તમારી પારાશીશી શાંત રહેશે કે ચઢી જશે ? જો બરાબર સમજ્યા હશો તો તમને એમ થશે કે આ તો જડ છે. એનો આટલો બધો મોહ શા માટે? અને નહિ સમજ્યા હો તો એમ થશે કે મારા ઈસ્ત્રીબંધ કપડાં બગાડી નાખ્યા. જડ ચૈતન્યનો ભેદ સમજવા જેવો છે. અંદરથી જેનું ચૈતન્ય ધબકારા કરતું હોય છે તે આત્માઓ કેવા હોય છે ?

જેના જીવનમાં ચૈતન્ય ધબકતું હોય એ જ સાચું સ્વસ્થ જીવન છે. ચૈતન્યથી ધબકતા જીવનમાં પાપનો ડર હોય, તે આત્માઓ પાપથી દૂર રહેવાના જ વિચારો કરતા હોય, અને તે અનુસાર જ તેમની પ્રવૃત્તિ ચાલતી હોય, તેના માટે એક સુંદર દૃષ્ટાંત છે.

એક ધનવાન શેઠને સમુદ્રદત્ત નામનો પુત્ર હતો. તેના લગ્ન બીજા ગામની જિનમતી નામની શ્રેષ્ઠી કન્યાની સાથે થયાં હતાં. જીવનમાં બને તેટલો વધુ સંયમ

પાળવો તે સમુદ્રદત્તનો મુખ્ય આદર્શ હતો. એટલે એની ભાવના એવી હતી કે સંસારના બંધને બંધાયા છીએ પણ પત્નીને જેટલી મોડી તેડીશું તેટલું બ્રહ્મચર્ય વધુ પળાશે. એટલે એ પત્નીને તેડવાની એને ઉતાવળ ન હતી. પણ મોહના દલાલ સગાવહાલાંઓ એનો અર્થ જુદો કરવા લાગ્યા. સમુદ્રદત્તને એ કન્યા ઉપર પ્રેમ નથી. મોટે ભાગે દુનિયા મોહ ઘેલી હોય છે. એને આત્મ–ચૈતન્ય અને તત્ત્વ પ્રકાશનાં જીવનના સાત્વિક આનંદની ખબર કયાંથી હોય? જિનમતી પણ એવી જ રીતે તત્ત્વનો પ્રકાશ પામેલી હતી. જેની રમણુતા જિનેશ્વરમાં જ છે એવી જિનમતીના વિચારો પણ સમુદ્રદત્તને મળતાં જ હતાં.

જ્યારે લોકોમાં આવી વાત થઇ ત્યારે સમુદ્રદત્ત પોતે જ પોતાના એક નોકરને સાથે લઇને પત્નીને તેડવા માટે જાય છે. તે સમયમાં ગાડી–મોટર આદિ વાહનોની સગવડ ન હતી એટલે ચાલતો જાય છે. ચાલતાં ચાલતાં વન–વગડામાં એક ઝાડ નીચે સમુદ્રદત્ત સૂતો છે. પેલા નોકરને બેસી રહેવું ગમતું ન હતું, એટલે બેઠો બેઠો જમીન ખોદવા લાગ્યો. પોચી જમીન હતી એટલે જલ્દી ખાડો પડી ગયો. તેની અંદર એણે એક સોનાનો ચરૂ દાટેલો જોયો. એ જોઇને નોકર હરખાવા લાગ્યો. સમુદ્રદત્ત એકદમ જાગી ગયો. એની દૃષ્ટિ એ બાડા તરફ જતાં એણે કહ્યું–તું આ શું કરે છે? ભાઇ, એને દાટી દે. આ તો લોભનું કારણ, ઉન્માદ વધારનાર અને આરંભ–સમારંભથી જીવનો વધ કરાવનાર છે. વગર મહેનતનું પરાયું ધન ખુબ અનર્થ કરાવનાર છે. સમુદ્રપાળના જીવનમાં ચૈતન્ય ઘબકારા કરી રહ્યું હતું એટલે એને આવા વિચારો આવ્યા. જેનો ચેતનદેવ ઉંઘતો હોય છે એના વિચારો આનાથી તદ્દન જુદા હોય છે.

ચેતનદેવની પાસે ચૈતન્ય શક્તિ તો છે જ. પણ કયારેક એ અંદરથી ઘબકારા કરતી હોય છે અને કયારેક એ સૂતેલી હોય છે. જ્યારે પાપથી દૂર રહેવાનું મન થાય ત્યારે ચૈતન્ય જાગતું હોય છે, અને જ્યારે પાપમાં જ મગ્ન રહેવાનું મન થાય ત્યારે ચૈતન્ય ઉંઘતું હોય છે. ચૈતન્યને ઘબકતું રાખવા માટે જ આ શ્રેષ્ઠ માનવનો ભવ મળ્યો છે. એને જેમ તેમ ગુંચાવો નહિ.

આ નોકર જડનો રાગી છે. એટલે એને તો પેલા ચરૂમાં જ આનંદ આવતો હતો. પણ સમુદ્રદત્તના વચન સાંભળી એને મનમાં એમ થયું કે નક્કી ધન જોઇને શેઠની નીયત બગડી છે. એને આ ચરૂ લઇ લેવો છે, અને ઉપરથી ધર્મની વાતો કરીને સફાઇ બતાવે છે. પણ હું કંઇ એમ ધન જવા દઉં તેમ નથી. એમ વિચાર કરી એ વખતે સસરાનું ગામ નજીક આવતાં સમુદ્રદત્ત કહે છે ભાઇ! હું અહીં ગામ બહાર થોડીવાર બેસું છું. તું આગળ જઇને મારા સસરાને ખબર આપ કે તમારા જમાઇરાજ આવે છે.

શેઠની આજ્ઞા થાય એટલે જવું તો પડે જ, પણ એના મનમાં પેલા જડનો રંગ

લાગ્યો છે. એના મનમાં એવા વિચારો આવ્યા કે જોયું ને, મને આગળ મોકલીને પેલો ચરુ એને ઉપાડી લાવવો છે. માટે જ આ ધંધો કર્યો છે. બંધુઓ ! જોજો, પરિગ્રહ કેવો અનર્થ કરાવે છે. ભગવાને દશવૈકાલીક સૂત્રમાં કહ્યું છે—

न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।
मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणा ॥ દશ. વૈ. અ. ૬–૨૧

જડ પ્રત્યેની મૂર્છા એ જ પરિગ્રહ છે. જ્યાં મૂર્છા નથી ત્યાં પરિગ્રહ નથી. ભરત ચક્રવર્તિ પાસે કેટલી સમૃદ્ધિ હતી, છતાં એને એમાં મૂર્છા ન હતી. એટલે એને પરિગ્રહવાન ન કહ્યો.

આ નોકર તો ઉતાવળો થોડે જઈને પાછો આવ્યો. અને સમુદ્રદત્તને કહે છે ભાઈ! તમારા સાસરે જવા જેવું નથી. હું તો તમારા સાસરે ગયો ત્યારે તમારા સાસુ-સસરા બિચારા ઉદાસ બનીને બેઠા હતા. મેં તો આજુબાજુના ઘરમાં તપાસ કરી તો એવું જાણવા મળ્યું કે તમારી પત્ની જિનમતી બરાબ લાઇને ચઢી ગઈ છે. એટલે એમના મોઢાં તો કાળા મેશ જેવા થઈ ગયા છે. જમાઈરાજ તેડવા આવે ત્યારે મોઢું શું બતાવશે?

સમુદ્રદત્ત વિચારમાં પડી ગયો. જિનમતી તો ખૂબ સંસ્કારી છે. આવું બને તેમ મને લાગતું નથી. છતાં પણ મોહ બૂરી ચીજ છે. જુઓ ! ધનનો લોભ શું નથી કરાવતો ? લોભની પાછળ કેવી માયાજાળ રચાય છે. ધનના લોભથી નોકર પવિત્ર જિનમતી ઉપર આરોપ મૂકતાં પણ અચકાયો નહિ. રાજ્યના લોભથી કોણિકે પોતાના પિતાને કારાગ્રહમાં પૂર્યા હતા. રોજ પાંચસો ચાબખાનો માર મારતાં પણ અચકાયો નહિ. પિતાએ એને માટે કેટલું કર્યું હતું એ બધું જ પરિગ્રહમાં પાગલ બનીને તે ભૂલી ગયો હતો.

સમુદ્રદત્ત ખૂબ ભદ્રિક હતો, એટલે નોકરની વાત સાચી માની. મનમાં એ જ ભાવના જાગી કે અહો ! મોહની કેવી વિટંબના છે, કે આવા સંસ્કારી કુટુંબમાં ઉછરેલી કન્યાને પણ ભૂલાવામાં નાંખી દીધી. આમાં એનો પણ શો દોષ ? આ સંસાર જ એવા પ્રકારનો છે. ભર્તૃહરિ રાજા પિંગલાની પાછળ કેવો પાગલ હતો. અને એ પિંગલા મહાવતમાં આસક્ત હતી. પરદેશી રાજાને સૂરિકંતા રાણી ઉપર કેટલો પ્રેમ હતો. છતાં પણ એ સૂરિકંતા રાણીએ રાજાને ઝેર આપતાં પાછી પાની ન કરી. આમાં જિનમતીનો દોષ નથી અને મારે પણ આ સંસારમાં રાચવા જેવું નથી. ત્યાં એને સંસાર ઉપરથી વૈરાગ્ય આવી ગયો. એટલે નોકરને કહે છે ભાઈ ! મને તો આ સંસાર ઉપરથી વૈરાગ્ય આવ્યો છે. માટે હું તો હવે અહીંથી કોઈ ગુરૂની શોધમાં જાઉં છું. મને સદ્‌ગુરૂ મળશે એટલે તેમની પાસે દીક્ષા લઈ લઈશ. અને તું અહીંથી સીધો ઘેર પહોંચી જા. અને મા-બાપુજીને આ સમાચાર આપજે.

સમુદ્રદત્ત કેવો પવિત્ર આત્મા છે. એને જિનમતી ઉપર સ્હેજ પણ તિરસ્કાર ન આવ્યો. ઉલ્ટો એની દયા ખાવા લાગ્યો, કે બિચારીને કર્મે ભૂલાવી. અને પોતે વૈરાગ્યના રંગમાં રંગાઈ ગયો. બસ. હવે આ સંસારને નવગજના નમસ્કાર. એનું ચૈતન્ય કેવું ધબકારા કરતું હતું ? કે આવા પ્રસંગે પણ મનમાં ખેદ ન આવ્યો. જ્યારે નોકરના જીવનમાં જડતા ધબકારા મારી રહી હતી. એટલે એને એવી શંકા થઈ કે આ સમુદ્રદત્ત મને મોકલીને પેલી મિલકત લઈ લેશે તો ? એટલે કહે છે કે આપને આમ એકલા મૂકીને મારાથી ન જવાય. આપને ગુરૂ મહારાજના ભેગા કરી પછી હું ઘેર જઈશ. એમ કહી સાથે ચાલ્યો, પણ એની દાનત ખોટી છે, કારણ કે અંતરમાં જડ લક્ષ્મીનો મોહ છે. પરિગ્રહની મમતા માણસની બુદ્ધિમાં ભ્રમ પેદા કરે છે. એટલે એ ક્રૂર કર્મ કરે એમાં કાંઈ નવાઈ નથી.

નોકરના બિસ્સામાં છરી હતી. તે તેણે કાઢી અને સમુદ્રદત્તને પાછળથી પીઠમાં ભોંકી દીધી. પછી તે એકદમ ભાગવા લાગ્યો. સમુદ્રદત્તની પીઠમાં ઘા લાગવાથી પાછા વળીને જોયું તો નોકરને દોડતો જતો જોયો. બૂમ પાડી પણ પાછો ન વળ્યો. એટલે સમુદ્રદત્તને મનમાં લાગ્યું કે પેલા ચરૂના લોભમાં જ આણે આ પાપ કર્યું લાગે છે. તો આણે જિનમતીને માટે પણ ખોટી વાત નહિ કરી હોય એની શી ખાત્રી ? છતાં પણ ગમે તેમ હોય.... હવે મારે સંસારમાં પડવું જ નથી. સમુદ્રદત્તને નોકર ઉપર પણ ગુસ્સો ન આવ્યો. હશે, એ બિચારો અજ્ઞાન છે એનો શો દોષ ? એમ શુદ્ધ વિચારધારા પર ચઢયો. સૂકા પાંદડાનો ભૂકો ઘા ઉપર દાબી પાટો બાંધી દીધો. ત્યાંથી ચાલતો ચાલતો ગુરૂ પાસે પહોંચી ગયો. ગુરૂને સર્વ હકીકત કહી. તેણે ઘા ઉપર ઉપચાર કરીને દીક્ષા લીધી.

સમુદ્રદત્તે દીક્ષા લીધાના સમાચાર આજુબાજુના ગામમાં ફેલાઈ ગયાં કે કલાણાં શેઠનો પુત્ર તો સાધુ બની ગયો. જિનમતીના કાને પણ આ સમાચાર વાયુવેગે પહોંચી ગયા. જિનમતીના જીવનમાં ચેતનનો ધબકારો હતો. એના વિચારો પણ સમુદ્રદત્ત જેવાં જ હતાં. એટલે એને ખૂબ આનંદ થયો. એના માતા-પિતાને કહે છે હે માતા-પિતા ! એમણે દીક્ષા લઇને જીવન સાર્થક કર્યું. હું પણ એ પવિત્ર આત્માના દર્શનાર્થે જાઉં છું. અને હું પણ ચારિત્ર લઈશ.

માતા-પિતાની આજ્ઞા લઈ, એમણે આપેલી સગવડ સાથે જિનમતી સમુદ્રદત્ત મુનિના દર્શને ગઈ. પોતાના પતિને મુનિવેશમાં જોઇ આંખમાં હર્ષનાં આંસુ આવી ગયા. તે ગદ્‌ગદ કંઠે કહે છેઃ હે મુનિરાજ ! ધન્ય છે. આપે ચારિત્ર માર્ગ અંગીકાર કરી આપના આત્માને તાર્યો અને મને પણ આ ભવ કૂપમાંથી ઉગારી. આપનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. વિષયના રંગમાં રગદોળનાર પતિ તો ઘણા ભવમાં મળ્યા, પણ આજીવન શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરાવી ચારિત્ર માર્ગે ચઢાવનાર પતિ તો મહાન ભાગ્યનો ઉદય

હોય તો જ મળે. બંધુઓ! જિનમતીએ એમ ન કહ્યું કે તમારે સાધુ થઈ જવું હતું તો મને પરણ્યા શા માટે? આવી પત્ની મળવી એ પણ મહાન પુણ્યનો ઉદય છે. સમુદ્રદત્તને ઉપકારી માની જિનમતિએ પણ દીક્ષા લઈ લીધી. અને બંને આત્માઓએ પરણ્યા છતાં અખંડ બ્રહ્મચારી રહી આત્માનું કલ્યાણ કર્યું. ચૈતન્યથી ધબકતા જીવનમાં જ આવી સુંદર વિચાર શ્રેણી સંભવી શકે છે.

દેવભદ્ર અને જશોભદ્રના અંતરમાં પણ ચેતનના ધબકારા થઈ રહ્યા છે. જેને સંસાર કારાગૃહ સમાન લાગે છે તેવા બે પુત્રો પિતાજીને કહે છે, અમને દીક્ષાની આજ્ઞા આપો. ત્યારે પિતા કહે છે હમણાં શ્રાવકના બાર વ્રત અંગીકાર કરી સંસારમાં રહીએ. પાછલી ઉંમરમાં આપણે ચારે જણા દીક્ષા લઇશું. અને ઘર ઘરમાં ગોચરી કરી આપણી જીવન-યાત્રા વીતાવીશું. ત્યારે પુત્રો શું કહે છે :—

जस्सत्थि मच्चुणा सक्खं, जस्स वऽत्थि पलायणं ।
जो जाणइ न मरिस्सामि, सो हु कंखे सुए सिया ॥ उ. अ. १४–२७

પિતાજી! આપ કહો છો કે આપણે પછી દીક્ષા લઇશું તો શું આપણે એટલો સમય જીવીશું એ નક્કી છે? જ્યાં એક ક્ષણનો પણ ભરોસો નથી ત્યાં એટલા લાંબા સમયની રાહ કેમ જોવાય? આ સંસારમાં સુખે કોણ સૂઈ શકે?

જેને છે મૃત્યુથી મૈત્રી, જે જાણે મરવું નથી,
મૃત્યુથી જે છૂટી ભાગે, તે સુવે સુખથી ભલે.”

જેણે મૃત્યુ સાથે મિત્રતા સાધી હોય, અથવા જે જાણતો હોય કે હું મરવાનો નથી, તેમજ મૃત્યુ આવે ત્યારે ભાગી છૂટવાની જેનામાં શક્તિ હોય તે જ સુખપૂર્વક સૂઈ શકે. અર્થાત્ ધર્મકાર્ય માટે રાહ જોઈ શકે. જો કે આ બધી વાતો અસંભવિત છે. દરેક મનુષ્યને માટે મૃત્યુ અનિવાર્ય છે. માટે ધર્મના કાર્યમાં સહેજ પણ ઢીલ કરવી જોઇએ નહિ.

<u>સ્વ. પૂજ્ય પાર્વતીબાઇ મહાસતીજીને શ્રદ્ધાંજલી :–</u>

આજે અમારા તારક પૂજ્ય ગુરૂણીજીની ૧૫મી પવિત્ર પુણ્યતિથિનો દિન છે. ખરેખર! ગુરૂ એ તો જન્મ મરણના ચક્કરને મટાડનાર છે, અને અંધકારમાંથી પ્રકાશમાં લાવનાર છે. ચારિત્રમય જીવનનું ઘડતર ઘડનાર છે. પૂ. ગુરૂણીનો અમારા ઉપર અનહદ ઉપકાર છે. બધાના ઋણમાંથી મુક્ત થઈ શકાય છે પણ ગુરૂના ઋણમાંથી મુક્ત થઈ શકાતું નથી. કારણ કે તેઓ આપણને ભવસમુદ્રમાંથી તારનાર છે.

પૂજ્ય ગુરૂણી ખૂબ જ ગુણગંભીર હતાં. એમનું ચારિત્ર પણ ખૂબ ઉચ્ચ કોટીનું હતું. પૂજ્ય પાર્વતીબાઈ મહાસતીજીનો જન્મ લીંબડી શહેરમાં ચોકસી કુટુંબમાં થયો

હતા. તેમના પિયરીયાં દેરાવાસી હતા, અને તેમના લગ્ન સાધુંદમાં સ્થાનકવાસી કુટુંબમાં થયેલા. તેમના લગ્ન તેરમા વર્ષે થયા હતાં અને ચૌદમા વર્ષે તો તેઓને સંસારનું કારમું દુઃખ–વિધવાપણું આવી ગયું. પહેલાના વખતમાં નાની ઉંમરમાં લગ્ન થતાં. પાર્વતીબાઇ મહાસતીજી પરણ્યાં હતાં એટલું જ. બાકી સંસાર શું કહેવાય એ પણ તેઓ સમજતાં ન હતાં. તેમની ઉંમર નાની હતી એટલે માતા–પિતાએ તેમનું મન ધર્મના માર્ગે વાળ્યું. તેમને પણ સમજાઈ ગયું કે આ સંસાર આવો ભયંકર છે. આ સંસારમાં રહેવું તેના કરતાં આત્મસાધના કરી માનવ જીવનને હું સફળ કરી લઉં. તેમને સંયમ લેવાની લગની લાગી.

તેમના પિતાશ્રી દેરાવાસી હતાં. તેઓએ કહ્યું : દીક્ષા લેવી હોય તો દેરાવાસીમાં આપું, એટલે રજા આપતાં ન હતાં. પૂજ્ય મહાસતીજી કહે છે મારે તો સ્થાનકવાસીમાં જ દીક્ષા લેવી છે. ચાર વર્ષ તેઓ સંસારમાં રહ્યા. છેવટે વૈરાગીનો વિજય થયો અને કુટુંબીજનોની આજ્ઞા મળતાં ખંભાત સંપ્રદાયના પૂજ્ય આચાર્ય ગુરૂદેવશ્રી છગનલાલજી મહારાજના સાનિધ્યમાં પૂજ્ય ગુરૂણી જડાવબાઈ મહાસતીજી પાસે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. પૂજ્ય જડાવ બાઇ મહાસતીજી પણ પ્રખર વિદ્વાન સાધ્વીજી હતાં. તેમની પાસેથી ખૂબ જ્ઞાન મેળવ્યું. જ્ઞાન–ધ્યાનમાં આગળ વધી જૈન શાસનની શોભા વધારી અમારા તારણહાર બન્યાં.

પૂજ્ય ગુરૂણી ખૂબ જ શાંત અને સૌમ્ય પ્રકૃતિનાં હતાં. તેમનો આત્મા ખૂબ પવિત્ર હતો. સંવત બે હજારને આઠ (૨૦૦૮)ની સાલમાં તેમને છાતીનું કેન્સર થયું હતું. તેથી તેમણે ઓપરેશન કરાવ્યું હતું. અને તેથી તેમને ઘણું જ સારું થયું હતું. ત્યાર બાદ તેઓ સુરત, વડોદરા વિગેરે ગુજરાતના ક્ષેત્રોમાં અને સૌરાષ્ટ્રમાં વઢવાણ, સુરેન્દ્રનગર, સાયલા, મૂળી, વિગેરે ક્ષેત્રોમાં વિચરતાં ચોટીલા થઇ રાજકોટ સુધી વિહાર કરેલ, અને ખૂબ જ ધર્મની પ્રભાવના કરેલ. છેવટે વેદનીય કર્મના ઉદયે સંવત ૨૦૧૧માં કેન્સરે ફરીને ઉથલો માર્યો. આવી ભયંકર વ્યાધિ હોવા છતાં પોતે ખૂબજ સમતા રાખતાં હતાં. અને નવકારમંત્રનું સતત સ્મરણ કર્યા કરતા હતા. આવી અસહ્ય વેદના પ્રસન્ન ચિત્તે સહન કરતાં હતાં.

આમ કરતાં આસો સુદ તેરસને દિવસે તેમનો અંતરાત્મા જાગી ઉઠયો. અને મને તથા મારા ગુરૂબહેન પૂજ્ય જશુબાઈ મહાસતીજીને કહી દીધું કે હું હવે ત્રણ દિવસ જ છું. મને સંથારો કરાવો. તેમ દરેક રીતે એમણે અમને ખૂબ જાગૃત કર્યા. પણ અમે તે વાતને દૃઢતાપૂર્વક ગ્રહણ ન કરી શક્યાં. અને પૂનમનો દિવસ આવી ગયો. છેલ્લે ખુલ્લા શબ્દોમાં કહી દીધું કે હું આજનો દિવસ છું, મને સંથારો કરાવો. પંચ મહાવ્રત ઉચ્ચરાવો વિગેરે કહ્યું. મને પણ થઈ ગયું કે મારા તારણહાર અમને મૂકીને આજે ચોક્કસ

જવાના. તેઓ સાચું જ કહે છે. એટલે મેં એમનો પાટો છોડીને જોયું તો ઘા તો તદ્દન સૂકાઈ ગયેલો. લોહી–પરૂનું તો નામ નિશાન ન મળે. દર્દ પણ તદ્દન શાંત થઈ ગયું. અને તેમને પંચ મહાવ્રતની આલોચના કરાવી, બધા પ્રત્યાખ્યાન કરાવી સંથારો કરાવી દીધો. અમે તથા શ્રી સંઘ તેમની પાસે એકધારી સ્વાધ્યાય સંભળાવવા લાગ્યા. એ આત્માએ અંતિમ સમય સુધી પોતાના આત્મ સ્વરૂપમાં રમણતા કરી. સજાગ બનેલા આત્માએ વીતરાગદેવનું શરણું લઈ તેમના કહેવા પ્રમાણે આસો સુદ પૂનમના દિવસેરાત્રે આ નશ્વર દેહનો ત્યાગ કર્યો. તેમના હું જેટલા ગુણ ગાઉં તેટલા ઓછા છે. રાજકોટ શહેરને આંગણે પૂજ્ય ગુરૂણીની પંદરમી પુણ્યતિથિ ઉજવાય છે. તે પવિત્ર આત્માના ગમે તેટલા ગુણગ્રામ કરું તો પણ તેમના ઋણમાંથી મુક્ત બની શકું તેમ નથી. આજે ખંભાત સંપ્રદાયમાં સોળ સાધ્વીજી વિદ્યમાન છે, તે પૂજ્ય ગુરૂણીનો જ પ્રતાપ છે. પૂજ્ય ગુરૂણીની પુણ્યતિથિનો દિવસ પણ એવો પવિત્ર છે કે દરેક માણસો સ્હેજે ધર્મ–આરાધનામાં જોડાય. તેમની શ્રદ્ધાંજલી નિમિત્તે દરેક ભાઈઓ અને બહેનો સારાં સારાં વ્રત–પ્રત્યાખ્યાન કરી લેશો.

વ્યાખ્યાન નં.... ૮૭

આસો વદ ૧ ને ગુરૂવાર તા. ૧૫–૧૦–૭૦

શાસન સમ્રાટ ત્રિલોકીનાથ વીર પ્રભુની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્ર, જે વાણીમાં અનંત ભાવભેદ રહેલાં છે. દુનિયામાં વાણી તો અનેક પ્રકારની છે. પણ જે વાણી સાંભળતાં અનાદિ કાળની કર્મની બેખડો તૂટે તે જ સાચી વાણી છે. ભગવાન ભવ્ય જીવોને જગાડતાં કહે છે હે આત્માઓ ! તમે સમય માત્રનો પ્રમાદ ન કરો. કેટલો કાળ તમે પ્રમાદમાં વીતાવ્યો ? કેટલો કાળ અવ્રતમાં પસાર કર્યો ? હવે જો કર્મોનો ક્ષય કરવો હોય તો પ્રમાદનો ત્યાગ કરો. કારણ કે જેવી રીતે કર્મનો બંધ પ્રમાદથી થાય છે તેવી જ રીતે અપ્રમાદથી કર્મોનો ક્ષય પણ થાય છે. મોક્ષ એટલે શું ? કૃત્સ્નં કર્મક્ષયો મોક્ષઃ સંપૂર્ણ કર્મનો ક્ષય થવો તેનું નામ મોક્ષ છે. એક વખત બંધાયેલું કર્મ કયારેક તો ક્ષય પામે છે પણ જ્યાં સુધી એ કર્મ ફરીને બંધાવાનો સંભવ હોય, અગર એ કર્મ શેષ પણ બાકી હોય ત્યાં સુધી તેનો આત્યંતિક ક્ષય થયો છે એમ ન કહી શકાય. આત્યંતિક ક્ષય એટલે પૂર્વે બાંધેલા કર્મોનો ક્ષય અને નવા કર્મને બાંધવાની યોગ્યતાનો અભાવ. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય, એ ચાર કર્મોનો સંપૂર્ણ ક્ષય થવાથી વીતરાગતા–

સર્વજ્ઞતા પ્રગટે છે, છતાં વેદનીય આદિ ચાર અઘાતી કર્મોની વિદ્યમાનતા હોવાને કારણે મોક્ષ મળતો નથી. એ ચારેય કર્મોનો સંપૂર્ણ ક્ષય થાય છે ત્યારે જ સંપૂર્ણ કર્મનો અભાવ થઈ જન્મ મરણનું ચક્ર બંધ પડે છે તેનું નામ જ મોક્ષ છે.

પ્રમાદને કારણે અનાદિકાળથી જીવ ચતુર્ગતિના ચક્કરમાં ભમે છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિમાં સૌથી વધુ કાળ જીવે કઈ ગતિમાં પસાર કર્યો તે તમે જાણો છો ને? એકેન્દ્રિયમાં એટલે સાધારણ વનસ્પતિ અનંતકાયમાં અનંતકાળ પસાર કર્યો. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાઉકાયમાં અસંખ્યાતો કાળ કાઢયો.

वणस्सईकाय मइगओ, उक्कोसं जीवो उ संवसे ।
कालमणन्त दुरन्तयं, समयं गोयम मा पमायए ।। उ. अ. १०-६

વનસ્પતિકાયમાં અનંતોકાળ પસાર કર્યો છેઃ જીવ નિગોદમાં ઘણું રહ્યો છે. હજુ વ્યવહાર રાશિના કંઈક જીવો એવા છે કે અનંતી ચોવીસીઓ થઈ ગઈ છતાં પણ હજુ તે જીવો બહાર આવ્યા નથી. આ જીવ ત્રસકાયમાં વધુમાં વધુ બે હજાર સાગરોપમ રહે છે. બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિય, ચૌદેન્દ્રિય અને પંચેન્દ્રિય આ બધા ત્રાસ કહેવાય. આ બધા વચ્ચેનો કાળ બે હજાર સાગરોપમનો છે, બાકીનો કાળ સ્થાવરનો છે. જો આટલા સમયમાં જીવ ચેતી જાય તો સારી વાત છે. નહિ તો પાછા એક વખત એકેન્દ્રિયમાં ગયા વિના છૂટકો જ નહિ. પાછો ફરીને ત્રસકાયમાં આવે.

"એકેન્દ્રિયમેં ફિરતે ફિરતે, કુછ શુભ કર્મ ઉદય આયા,
તબ દો ઈન્દ્રિયમેં તેઈન્દ્રિયમેં, કાલ અનંત કષ્ટ પાયા,
ફિર ચૌરેન્દ્રિયમેં દુઃખ પાયા, પંચેન્દ્રિય ગતિ ફિર પાઈ,
વહાં નરક તિર્યંચ યોનિમેં, કષ્ટ સહા અતિ હૈ ભાઈ."

એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિયમાં અજ્ઞાનપણે કેટલાં કષ્ટ સહન કર્યા છે. એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિયમાં એમ ઉત્તરોત્તર પુણ્ય વધતું ગયું તેમ તેમ આગળ આવતાં ગયા. પંચેન્દ્રિયમાં પણ નરક ગતિ અને તિર્યંચગતિમાં કેવા કષ્ટ સહ્યા. પછી આ અમૂલ્ય માનવભવ મળ્યો છે. મનુષ્યનું આયુષ્ય બહુ અલ્પ છે. હવે પ્રમાદ કરીને કેમ બેસી રહેવાય?

બે પુત્રો એના પિતાને કહે છે પિતાજી! આપ કહો છો કે આપણે પાછલી ઉંમરે સંયમી બનીશું. આવો વિશ્વાસ કોણ રાખી શકે? જેણે મૃત્યુ સાથે મિત્રાચારી બાંધી હોય અથવા મરણ વખતે કાળના પંજામાંથી પલાયન-ભાગી છૂટવાની જેનામાં તાકાત હોય અથવા તો જેને ખબર હોય કે હું મરવાનો જ નથી એ જ આવી રીતે ધર્મ કરવા માટે સમયની રાહ જોઈ શકે. વળી યુવાવસ્થામાં જે ધર્મની આરાધના થઈ શકે છે તે ઘડપણમાં નથી થઇ શકતી. કાનપુરી દેવાળું કુંકશે, પેટલાદમાં આગ લાગશે, ખંભાત ખળભળી ઉઠશે અને પાવાપુરી ધ્રુજી ઉઠશે, ત્યારે કંઈ ધર્મારાધના નહિ થાય. કાનપુરી

એટલે કાન સાંભળશે નહિ, પેટલાદ એટલે પેટ-હોજરીમાં બાધેલું પાચન નહિ થાય, ખંભાત એટલે ખંભા બળબળી જશે અને પાવાપુરી એટલે પગ ધ્રુજશે ત્યારે શું કરી શકવાના છો ? માટે જ જ્ઞાની કહે છે " જ્યાં સુધી એક પણ ઇન્દ્રિયની હાની થઈ નથી ત્યાં સુધી ધર્મનું આચરણ કરી લો. "

જેમ જેમ ઉંમર વધતી જાય છે તેમ તેમ મનુષ્યની પ્રકૃતિઓ પણ ફરતી જાય છે. પત્ની બહાર જાય એટલે ડબ્બાઓ ખોલીને જુએ અને બાવા માટે ફાંફા મારે. રખેને આવી જશે તો બાવા નહિ દે. જેવું તેવું ચાવીને ઉતારી દે એટલે અપચો થઈ જાય છે. માટે જ જ્ઞાની કહે છે— " મનુષ્ય જન્મ ચાલીસે મીઠો, સાઠે ક્રોધ સાઠામાં પેઠો. સિત્તેરે સઘો ન કોઈ, એંશીએ આશ ન હોઈ."

આ સંસારમાં બધા ય સગાં સ્વાર્થનાં છે. જ્યાં સુધી મધપુડામાં મધ હોય છે ત્યાં સુધી માખીઓ એની આસપાસ આંટા મારે છે. તેમ જ્યાં સુધી ધન રૂપી મધ પાસે છે ત્યાં સુધી જ સહુ સગા થવા આવે છે. આવા સ્વાર્થમય અને ક્ષણિક સંસારમાં રાચવા જેવું નથી. દેવભદ્ર અને જશોભદ્ર કહે છેઃ અમને મૃત્યુ કયારે આવશે તેની ખબર નથી. મૃત્યુ સાથે અમે મિત્રતા સાધી નથી, અને મૃત્યુ આવે ત્યારે ભાગી જવાની પણ અમારામાં તાકાત નથી. માટે આપ આજ્ઞા આપો. અમે સંયમ માર્ગે પ્રયાણ કરીએ. હજુ પુત્રો શું કહે છે.

अज्जेव धम्मं पडिवज्जयामो, जहिं पवन्ना न पुणब्भवामो ।
अणागयं नेव य अत्थि किंचि, सद्धाखमं णे विणइत्तु रागं ।। उ.अ. १४-२८

હે પિતાજી ! અમે આજે જ ધર્મને અંગીકાર કરીશું. જે ધર્મને ગ્રહણ કરવાથી ફરીને સંસારમાં જન્મ-મરણ કરવા પડતા નથી. તથા આપ અમને કામભોગોને માટે વારંવાર આમંત્રણ આપો છો, પણ વિચાર કરો કે, આ સંસારમાં એવો કોઇ પણ પદાર્થ નથી કે આ જીવને એની કયારે પણ પ્રાપ્તિ ન થઈ હોય ! કહેવાનો આશય એ છે કે આ આત્મા ઉંચ-નીચ અવસ્થાઓમાંથી અનેકવાર પસાર થયો છે. કયારેક રાજા બન્યો તો કયારેક રંક બન્યો, કયારેક મનુષ્ય બન્યો તો કયારેક તિર્યંચમાં ગયો. કયારેક દેવ તો કયારેક નારકી. કોઇ પણ અવસ્થા એવી નથી કે આ જીવે એક વાર અથવા અનેકવાર એનો અનુભવ ન કર્યો હોય. કામભોગોનો તો અનેક વાર ઉપભોગ કર્યો છે. માટે હવે અમને કામાદિ રાગના ત્યાગમાં અને ધર્મને અંગીકાર કરવામાં જ રૂચી થાય છે, આનંદ આવે છે. માટે હવે તો અમે સંયમવ્રત અંગીકાર કરીશું.

દેવાનુપ્રિયો ! આત્મ સાધના કરવાનો બે બાળકોને કેવો રંગ લાગ્યો છે ? તમને સંસારનો રંગ લાગ્યો છે ને એમને સંયમનો રંગ લાગ્યો છે. તમને એમ છે કે સંસારમાં બેઠા બેઠા મોક્ષ મળે તો જોઈએ છે, પણ એમ સંસારમાં બેઠાં મોક્ષ થોડો મળે ?

એક રાજા ખૂબ ન્યાયી અને પ્રજાપાલક હતો. પ્રજા પણ એને પૂરા પ્રેમથી ચાહતી હતી. આ રાજાને એવી ધૂન લાગી કે મારે મોક્ષ જોઈએ છે. તેથી તેને રાજવૈભવોમાં રહેજ પણ આનંદ ન હતો. ખાવું-પીવું કંઈ જ ગમતું ન હતું. બસ, એક જ એના મનમાં રટણ હતું કે મોક્ષ કેવી રીતે મળે? અને આત્મ સ્વરૂપનું જ્ઞાન કેવી રીતે થાય? રાજ્યમાં રહેવા છતાં ઉદાસીન ભાવે રહેતો હતો. તમારે ધન જોઈએ છે અને એને ધર્મ જોઈતો હતો. એને સંત ગમતાં હતાં, તમને સંતાનો ગમે છે. તમે સંસારના સુખોને ચાહો છો એ મોક્ષના સુખોને ચાહતો હતો. રાજાને સંપત્તિની ભૂખ ન હતી, સુંદરીઓનાં સૌંદર્યમાં પણ મુગ્ધ બનતો ન હતો. એને મન તો

રજકણ કે ઋદ્ધિ વૈમાનિક દેવની, સર્વે માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો....અપૂર્વ.

એને મન વૈભવ અને માટી સમાન હતાં. આવા નિસ્પૃહી રાજા પ્રજાને શા માટે પીડે? અને જે રાજા પ્રજાને કષ્ટ ન પહોંચાડે તેને પ્રજા પણ શા માટે નુ ચાહે? આત્માનંદની વાતો જ ન્યારી છે. પુદ્ગલાનંદીઓને એનો અનુભવ કયાંથી હોય? આ રાજા દરરોજ ધર્મસભા કરતો. જુદા જુદા તત્વજ્ઞોને અને ધર્મપ્રચારકોને બોલાવતો. અને સૌને એક જ પ્રશ્ન કરતો કે મને મોક્ષ કેવી રીતે મળે? મારે મોક્ષ જોઇએ છે. દરેક પોતપોતાની રીતે એનું સમાધાન કરતા. અને રાજા સાંભળે જતો હતો. આ વાતને વર્ષો વીતી ગયા પણ રાજાનો મોક્ષ થયો નહિ. રાજાની ચિંતા વધવા માંડી. એ ચિંતામાં ને ચિંતામાં રાજા સૂકાવા લાગ્યો. એની ભૂખ ભાગી ગઈ હતી અને ઉંઘ પણ ઉડી ગઈ હતી.

એક ફકીરને ખબર પડી કે રાજાને મોક્ષ જોઇએ છે, પણ હજુ એને મોક્ષ મળ્યો નથી. એક દિવસ રાજા પોતાના મહેલની અગાશીમાં સૂતો છે. બરાબર બારને ડંકે એ ફકીર બહારની સીડીએથી રાજમહેલની અગાશીમાં આવ્યો. બાર વાગ્યે પણ રાજા તો મોક્ષના વિચારમાં જાગતો જ પડયો હતો. માણસના પગનો અવાજ સાંભળી રાજા એકદમ બેઠા થઈ ગયા અને મોટા અવાજે બૂમ પાડીને બોલ્યા-કોણ છે? ફકીરે જવાબ આપ્યો. રાજન! એ તો હું છું. મારું ઊંટ ખોવાઈ ગયું છે તે શોધવા માટે હું અહીં આવ્યો છું.

ફકીરની વાત સાંભળી રાજાએ ખડખડાટ હસતાં કહ્યું. અરે મૂર્ખ! ઊંટ તો બહાર જંગલમાં ફરતું હોય. અહીં તે વળી ઊંટ હોય ખરું? અગાશીમાં ઊંટ કયાંથી જડે? ફકીર પણ હસીને કહે છે સાહેબ, હું મૂર્ખ નથી પણ જો અગાશીમાં ઊંટ ન હોય તો પછી રાજમહેલમાં બેઠા બેઠા મોક્ષ મળે ખરો? આ આપની મૂર્ખાઈ નથી તો બીજું શું છે! બંધુઓ! તેજી ઘોડાને ચાબૂક બતાવવાની જ હોય.

તેજીને ટકોરો ને ગધેડાને ડફણાં, રોજ ખાય ને રોજ ભૂલી રે જાય,
દુર્જન મીઠું ખાય, મીઠું ના બોલતો રે, જેવી જેની જાત છે તેવી તેની ભાત છે.

ફકીરના એક શબ્દે રાજા જાગી ગયો અને રાજમહેલનો ત્યાગ કરીને નીકળી ગયો. સંસારમાં રહીને અનાસકત રહેવું બહુ મુશ્કેલ છે. ભડભડતી આગમાં હાથ નાંખીને દાઝવું નહિ તે બની શકે જ નહિ. જ્યાં સંયમ ત્યાં સંસાર નહિ અને સંસાર ત્યાં સંયમ નહિ. ત્યાગ ત્યાં ભોગ નહિ અને ભોગ ત્યાં ત્યાગ નહિ. જો ભોગોમાં સુખ હોત તો તીર્થંકરો અને ચકવર્તિઓ ભોગનો ત્યાગ ન કરત, પણ જ્યારે મહાન પુરૂષો ત્યાગના માર્ગે ગયા છે ત્યારે ત્યાગમાં સુખ છે એ વાત નક્કી છે.

રાજા ફકીરના એક વચને જાગી ગયો. જેનો અધિકાર ચાલી રહ્યો છે તે બે બાલુડા પણ એક વખતના સંત સમાગમે જાગી ગયા. પણ હજુ રાજગ્રહી નગરીના શ્રાવકો જાગ્યા નથી. તમોને તો મૃત્યુ સાથે મૈત્રી લાગે છે. અહીંથી જવાનું જ નથી એમ લાગે છે. ડાકલા ડમડમ થઇ ગયાં પણ હજુ હાય પૈસો:ને ઓય પૈસો, મમતા છૂટતી જ નથી; પણ યાદ રાખજો, પૈસો તમારી સાથે આવવાનો નથી. પરિગ્રહ તમને કર્મના ભારથી ભારે બનાવે છે. પક્ષીની પાંખમાં કચરો ભરાઇ ગયો હોય તો તે ખંખેરી નાંખે છે અને હળવું બની આકાશમાં ઉડે છે. તેમ જો તમારે પણ આત્માને હળવો બનાવવો હોય તો પરિગ્રહની મર્યાદા કરો. અનંતો કાળ અવ્રતમાં ગુમાવ્યો છે. હવે વિરતિના ઘરમાં આવો.

કૃષ્ણ મહારાજા પોતે અવિરતિ સમ્યકદૃષ્ટિ હતાં. પોતે દીક્ષા લઇ શકયા નહિ હતા, વ્રત પ્રત્યાખ્યાન કરી શકયા ન હતાં પણ પોતાના પુત્રો, પુત્રીઓ અને પટ્ટરાણીઓ બધાને કહી દીધું કે જેને દીક્ષા લેવી હોય તે લઇ લો. આ સંસાર તો દુઃખનો દાવાનળ છે. જે સંયમ લેશે તે એમાંથી બચી જશે. સંસારમાં રહીને પણ સંયમીને પ્રોત્સાહન આપતા હતાં. આ પૃથ્વી ઉપર ગુણવાન આત્માઓનો તોટો નથી. " બહુરત્ના વસુંધરા " કંઈક આત્માઓ ત્યાગીઓ અને વૈરાગીઓને જોઇને, તપસ્વીઓને જોઇને એના ચરણમાં ઝૂકી જાય છે. જે ધર્મના માર્ગે જાય છે એને જોઇને તેમનું હૈયું હરખાઇ જાય છે. અને કંઈક એવા ભારેકર્મી જીવો હોય છે કે કોઈ માણસ દાન કરતો હોય તો એને બળતરા થાય. કોઈ નાની ઉંમરમાં બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અંગીકાર કરતો હોય તો એને જોઇને કહે કે અરે! હજુ તારી કઈ ઉંમર થઈ ગઈ કે અત્યારથી બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવા ઉઠયો છે! હું તો તમને કહું છું કે જે જીવો ધર્મના માર્ગે જતાં હોય તેને અટકાવશો નહિ. તેના માર્ગમાં નડતર રૂપ ન બનશો, પણ એને પ્રોત્સાહન આપજો. જેથી એના પરિણામ ચઢતા જાય. ધર્મના માર્ગે ચઢતાને જોઇને આનંદ પામજો પણ બળી ન જશો.

મમ્મણ શેઠ જેવો કૃપણ માણસ એક દિવસ ઉદાસ થઇને, લમણે હાથ દઈને બેઠો હતો. એની પત્ની એની પાસે આવી. પતિને ઉદાસ જોઇને પૂછે છે સ્વામીનાથ! આજે શું થયું છે? આપની તબિયત બરાબર નથી કે કાંઈ નુકશાન થયું છે? ઉદાસ કેમ છો? ચાલો, ઉઠો, જમવાનો વખત થઈ ગયો છે. ત્યારે પેલો કૃપણ માણસ કહે છે:-

મને આજે આવું ભાવે એમ નથી. પત્ની કહે છે એવું તે શું છે? કે તમને આવું ભાવે એમ નથી! અરે! મારા દુઃખની શી વાત કરું! જોને, આપણા ગામમાં રહેતા પેલા માણેકલાલની તો ડગળી જ ચસકી ગઈ છે. એના બાપે કેટલી મહેનત કરીને પૈસા લેગા કર્યા છે અને એ તો પૈસા ઉડાડવા બેઠો છે. સહાયક ફંડમાં, દીક્ષાઓમાં, જ્યાં જુઓ ત્યાં તે એટલો જ પૈસો વાપરે છે. દાનમાં લોકોને ફોગટ પૈસા આપી દે છે એ મારાથી જોયું જતું નથી. એને દાનમાં પૈસો વાપરતો જોઈને મારી તો તબિયત બગડી ગઈ છે. અને ખાવાની રૂચી જ ઉડી ગઈ છે.

પતિની વાત સાંભળી એની પત્ની કહે છે, તમને કોગળીયું આવે, એ પૈસો વાપરે છે ને તમારા પેટમાં શેની બળતરા થાય છે? (હસાહસ) આ તો ગુણીના ગુણ ઉપર ઝેર કરો છો, એમાં આપણે શું લેવાદેવા! દાન દેવાવાળો જુદો છે અને લેવાવાલા પણ જુદા છે. કમાવનાર કમાઈને આપે છે એમાં તમારું શું જવાનું છે? પણ એક કહેવત છે ને કે "દાતાર દાન કરે અને ભંડારી પેટ ફૂટે".

કોઇ માણસે જમણવાર કર્યો હોય અને જમણમાં સત્તર ચીજો બનાવી હોય ત્યારે જમનારા હોંશથી જમતા જાય અને જમાડનારની પેટ ભરીને પ્રશંસા કરતા શીય પણ આવી બળતરા કરનારાઓથી એ સહન ન થાય. એના પેટમાં ઈર્ષ્યાની આગ વરસતી હોય અને જ્યાં ને ત્યાં બબડતો જાય કે જોયો મોટો ઉદાર થઈ ગયો છે? શું બે ત્રણ ચીજો બનાવી હોય તો ન ચાલે? એ તો ઉદાર નથી પણ ઉડાઉ છે. ભાઈ, એણે ખર્ચ કર્યો એમાં તારું શું ગયું? તો એ કહેશે કે એમાં મારું જાય કે ન જાય એનો સવાલ નથી, પણ ખોટા પૈસા ખર્ચાઈ રહ્યાં છે તે મારાથી સહન થતું નથી. પોતે કૃપણ હોય તો ઉદારની ઉદારતા કયાંથી જોઇ શકે?

બંધુઓ! જેવી આ કૃપણની દશા હતી તેવી જ જૂઠાબોલા, લોભી, નિંદાખોર અને અભિમાની માણસોની દશા હોય છે. તેઓ સદાચારી, ગુણસંપન્ન, સત્યવાદી અને ત્યાગી–તપસ્વીઓ ઉપર ઈર્ષ્યા કરનારા જ હોય છે. જોજો, તમે આવા ન બનતાં, ગુણવાન વ્યક્તિઓને જોઈને તેમના ગુણના અનુરાગી બનજો, પણ ગુણવાનની નિંદા ન કરશો. અને પરિગ્રહની મમતા ન રાખશો. પરિગ્રહની મમતા જીવને અધોગતિમાં લઇ જનાર છે.

બે પુત્રો ભૃગુ પુરોહિતને કહે છેઃ અમે તો જલ્દી સંયમ માર્ગે પ્રયાણ કરીશું. ચારિત્ર અંગીકાર કર્યા વિના આત્માની સિદ્ધિ થવાની નથી. ઘણાં એમ પ્રશ્ન કરે છે કે દશ શ્રાવકોએ કયાં દીક્ષા લીધી હતી? દીક્ષા લેવી એવું કંઈ નથી. પણ ભાઇ! દશ શ્રાવકો શ્રાવકના વ્રત નિર્મળ પાળીને દેવલોકમાં ગયા છે, મોક્ષમાં ગયા નથી. એમને મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને ચારિત્ર અંગીકાર કરવું પડશે. દૃઢ વૈરાગીને રોકવા માટે કોઈ

સમર્થ નથી. દેવલોકમાંથી ઈન્દ્ર આવે તો પણ સાચા વૈરાગીને રોકી શકે નહિ. બે પુત્રો દીક્ષા લેવા માટે મક્કમ થઈ ગયાં છે, હવે ભૃગુ પુરોહિત શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૮૮

આસો વદ ૨ ને શુક્રવાર તા. ૧૬-૧૦-૭૦

અનંત જ્ઞાની સર્વજ્ઞ ભગવંતે આ જગતના જીવો ઉપર અનુકંપા કરી શાસ્ત્ર-સિદ્ધાંત રૂપી વાણીનો ધોધ વહાવ્યો. ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં બે કુમારોને વૈરાગ્યનો રંગ લાગ્યો છે. તેઓ કહે છે :-

હે પિતાજી ! અમે આજે જ ધર્મને અંગીકાર કરીશું, કે જે ધર્મનું શરણું અંગીકાર કર્યા પછી આ ભવ-અટવીમાં ભમવું ન પડે. અમને હવે ભવનો ભય લાગ્યો છે.

ધર્મનો પ્રારંભ ભવ નિર્વેદથી એટલે સંસાર પરના વૈરાગ્યથી થાય છે. વૈરાગ્ય એટલે શું ? જેમાં સંસારના ભૌતિક સુખો, ધન-મહેલ-મહેલાતો આદિ સુખની સામગ્રીઓ જીવને આનંદદાયક ન લાગે પણ દુઃખદાયક લાગે. ભયાનક લાગે. આમાં હું અટવાઈ જઈશ તો મારા આત્માનું શું થશે ? આવો એને ભય લાગે. તેથી એ સુખ-સામગ્રી એને છોડવા જેવી લાગે. અને જ્યાં સુધી એ ન છૂટે ત્યાં સુધી એને મૂંઝવણ થાય. આનું નામ વૈરાગ્ય. આવો વૈરાગ્ય ભવનિર્વેદ ન આવે ત્યાં સુધી વાસ્તવિક ધર્મની શરૂઆત થઈ નથી. પછી ભલે દાન કરો, તપ કરો, સામાયિક-પ્રતિક્રમણ બધું જ કરો, પણ સાથે ભવનિર્વેદ તો થવો જ જોઈએ. વૈરાગ્યભાવ સહિત કરેલી કરણી જ કર્મની નિર્જરા કરાવે છે. ધર્મપરાયણ બનો પણ સાથે સાથે સંસારનાં સુખો અને સામગ્રીઓનો રસ ઉલેચો હશે તો કરણીના ફળ તરીકે એની જ તમે માંગણી કરવાના અને એના પરિણામે સંસાર જ વધવાનો કે બીજું કંઈ ! ગૃહસ્થાવાસમાં રહેવા છતાં તમને ભવનો ભય તો હોવો જ જોઈએ.

બંધુઓ ! જગતમાં જૈન દર્શન જેવું વિશાળ એક પણ દર્શન નથી. ભગવાને બે પ્રકારે ધર્મ બતાવ્યો છે. એક આગાર ધર્મ અને બીજો અણગાર ધર્મ. જેમ મેડી ઉપર ચઢવા માટે તમે દાદર બનાવો છો તેમ તમારા આત્માને ઉંચે લઈ જવા માટે પણ ભગવાને બાર પગથિયાવાળો એક દાદર બનાવ્યો છે. બાર વ્રત રૂપી બાર પગથિયા

છે. દરેક શ્રાવકે આ બાર વ્રત અંગીકાર કરવા જોઈએ. દરેક ધર્મમાં એના ધર્મનું કોઈને કોઇ પ્રતીક હોય છે. બ્રાહ્મણોની માન્યતા એવી છે કે જે જનોઈ પહેરે તે બ્રાહ્મણ કહેવાય. જે જનોઈ ન પહેરે તેને તેઓ બ્રાહ્મણ તરીકે અપનાવતા નથી. સ્વામીનારાયણ ધર્મમાં એમની કંઠી ન બાંધે તો તેને એ લોકો સ્વામીનારાયણ ધર્મના સત્સંગી તરીકે સ્વીકારતા નથી. તો પછી જૈનને માટે પણ કંઈક તો હોવું જ જોઈએ ને ? માટે શ્રાવકે આ બાર વ્રતનું અને સાધુએ પંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું પાલન કરવું જોઈએ. આપણા પ્રભુની કેવી વિશાળ દૃષ્ટિ છે ! કે શ્રીમાન-રંક-બાલ-યુવાન-વૃદ્ધ સર્વે ધર્મનું પાલન કરી શકે છે. અહીં કોઈને માટે પ્રતિબંધ નથી. ભગવાનનો શ્રાવક દૃઢધર્મી અને પ્રિયધર્મી હોય. દેવનો ડગાવ્યો પણ ડગે નહિ, અને પોતે જે ધર્મ સમજ્યો છે તે બીજાને સમજાવે. એના ગુણોની સુવાસથી એની પાસે ગુણવાન આત્માઓ દોડીને આવે. પુષ્પમાં સુગંધ છે તો ભ્રમર દોડીને તેની પાસે આવે છે, પણ પુષ્પ કોઇને બોલાવવા જતું નથી. ગળપણ પાસે કીડીઓ આવે છે, તેમ તમારા જીવનમાં ગુણોની સુવાસ હશે તો તમારી પાસે આવનારને પણ આનંદ આવશે.

આત્માર્થી જીવને આત્માનો રસ હોય છે. અને એમાં જ એને આનંદ આવે છે. તમારી દુકાનમાં અનેક પ્રકારનો માલ ભર્યો છે. તમે દુકાને બેઠા હો તે વખતે કોઈ બહેન ગાડીમાંથી ઉતર્યાં. હીરાની વીંટી અને હીરાના બુટીયા પહેર્યા છે. એને જોઇને તમે કેટલી નમ્રતા બતાવો છો ! આવો બહેન ! શું જોઈએ છે ? એટલે વેપારી સાડીઓ ઉપર સાડીઓ ઉકેલવા માંડે. ૨૫-૩૦ સાડીઓ ઉકેલીને મૂકી પણ બહેને તો તમારી એક પણ સાડી ન ખરીદી. સાડીઓ જોઈને ચાલતી થઈ ગઈ. એટલે તમને ખેદ તો થાય ને ? કે જો એકેય સાડી લેવી ન હતી તો શા માટે આટલી મહેનત કરાવી ? આવા મુંડિયા ઘરાક ન આવતા હોય તો શું ખોટું ? તમારા મનમાં આવો ભાવ આવે છે. તો હવે આ પણ એક દુકાન જ છે, હો, હું તમને દરરોજ વીતરાગની દુકાનનો માલ બતાવું છું. પણ જો તમે એક પણ વ્રત અંગીકાર ન કરો, વીતરાગના વારસદાર ન બનો તો મારે તમને કેવા ઘરાક કહેવા ? તમે દીક્ષા ન લઇ શકતા હો તો બાર વ્રતધારી શ્રાવક તો અવશ્ય બનવું જ જોઈએ. શ્રાવકના બાર વ્રતમાં અગિયાર વ્રત તો સ્વાધીન છે. જ્યારે બારમું વ્રત પરાધીન છે. વળી દાન લેનાર મુનિ પણ સુપાત્ર હોવા જોઇ એ. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના આરાધક મુનિ જ સુપાત્ર કહેવાય છે.

સુપાત્ર દાનના પણ ત્રણ પ્રકાર છે. ઉત્કૃષ્ટ સુપાત્ર દાન, મધ્યમ સુપાત્ર દાન અને જઘન્ય સુપાત્ર દાન. સંયમીજનોને દાન આપવું તે ઉત્કૃષ્ટ સુપાત્રદાન છે, કારણ કે સંયમી, તમે આપેલો આહાર કરી કોઈ જાતનું પાપ કરવાના નથી. એ તો સ્વાધ્યાય અને જ્ઞાન ધ્યાનમાં મસ્ત રહેવાના છે. સ્વધર્મી બંધુને દાન આપવું તે મધ્યમ સુપાત્રદાન છે. અને દુઃખીને અનુ-

કંપા ભાવે સહાયતા આપવી તે જઘન્ય દાન છે. જે સમયે જે પ્રકારનું દાન દેવાનો અવસર આવે તેને સહર્ષ વધાવી લેવો જોઈએ.

શુદ્ધ ભાવનાપૂર્વક સુપાત્ર સંતને આપેલું દાન મહાન ફળદાયી બને છે. આગમના સિદ્ધાંતોમાં દાનનો ખૂબ મહિમા બતાવ્યો છે. કંઈક આત્માઓએ સુપાત્ર દાન દેતાં કર્મની લેખડો તોડી છે. અને તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું છે. તમે કદી વહોરાવો પણ જો તે નિર્દોષ ન હોય તો એ તમારું દાન ઉગી નીકળશે નહિ. આધાકર્મી આહાર ગમે તેટલો સારો હોય પણ એ રાખમાં ઘી ઢોળાયા જેવું છે. સૂયગડાંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે આધાકર્મી આહાર લેનાર અને દેનાર બંને વ્યક્તિઓને અનંતી વખત ગર્ભમાં આવવું પડે છે. માટે એવું દાન કરશો નહિ. તમારી પાસે ગમે તેટલી કિંમતી વસ્તુ હોય પણ જો એ નિર્દોષ હોય અને તે સંતને ઉપયોગમાં આવતી હોય તો તે વખતે તમે એવો વિચાર ન કરશો કે આ વસ્તુ હિંદુસ્તાનમાં નથી મળતી, જો આપી દઈશ તો ફરીને નહિ મળે. પણ સાધુના ચારિત્ર પાલનમાં સહાયક બને તેમ હોય તો તમે વિના સંકોચે વહોરાવી દેજો જેથી મહાન લાભ મેળવી જશો.

સંતો તમારે ઘેરથી ગૌચરી વહોરી જાય પછી એનો સંવિભાગ કરે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે "જે મુનિ સંવિભાગ નથી કરતો તેનો મોક્ષ થતો નથી." આ સૂત્ર સાધુને એકને જ લાગુ પડે છે તેમ નથી. ગૃહસ્થોને પણ આ કાયદો લાગુ પડે છે. સંયમી મુનિ પોતાના સંયમી મુનિઓનો સંવિભાગ કરીને જ આહાર કરી શકે છે. તેમ તમને પણ જે સંપત્તિ મળી છે તેમાંથી તમારા સ્વધર્મી બંધુઓનો સંવિભાગ કરવો જોઈએ. સંપત્તિ તમારા એકલા માટે જ નથી. તેમાં દીન-દુઃખીનો પણ હક્ક છે. ધનવાનોએ ધનનો, બુદ્ધિવાનોએ બુદ્ધિનો સંવિભાગ કરવો જોઈએ. તમારા ધન અને બુદ્ધિનો ઉપયોગ સ્વાર્થ માટે જ કરશો તો તમે પણ મુક્તિના માર્ગે કદી વિકાસ સાધી શકશો નહિ. આજે મોટા ભાગે ડોકટર, વકીલો, ઈજનેરો પોતાની બુદ્ધિનો સંવિભાગ કરતા નથી. કોઈ ગરીબ માણસને દર્દ થયું ને ડોકટર પાસે ગયો તો સહેજ તપાસીને તરત જ પૈસા લેશે. ઈજનેર પાસે મકાન બનાવવાની સલાહ લેવા જાય તો તેના પણ પૈસા અને વકીલની સલાહ લેવા જાય તો થોડીવાર વાતચીત કરીને સલાહ આપ્યાના પૈસા માંગે છે. આ બુદ્ધિનું વેચાણ નથી તો બીજું શું છે? વીતરાગના માર્ગને સમજ્યા હો તો તમારી બુદ્ધિ, શક્તિ અને બળનો સંવિભાગ કરી દુઃખીને રાહત આપો. તો જ તમે ધર્મને સમજ્યા છો. એથી તમારું જીવન પણ ઉજ્જવળ થશે અને બીજાને રાહત મળશે.

ભગવાન મહાવીરનો શ્રાવક નવતત્વનો જાણુ હોય. નવતત્વમાં હેય તત્વ પણ છે, જ્ઞેય તત્વ પણ છે અને ઉપાદેય તત્વ પણ છે. જીવ અને અજીવ એ તત્વ જ્ઞેય-જાણવા યોગ્ય છે. પાપ-આશ્રવ અને બંધ હેય-છોડવા યોગ્ય છે. પુણ્ય-સંવર-નિર્જરા અને

માક્ષ એ ચાર ઉપાદેય–અંગીકાર કરવા યોગ્ય છે. આ નવ તત્વમાંથી હેય તત્વો પ્રત્યે જીવને ગ્લાનિ હોય અને ઉપાદેય તત્વો પ્રત્યે આનંદ રહે તો તત્વોનો વિચાર એ સમ્યક્ તત્વ ચિંતના બને. તત્વનું જ્ઞાન મેળવી લેવાથી કામ ન ચાલે. તમે તત્વજ્ઞાન મેળવી લીધું છે. એટલે કહી શકો કે આ સંવરનું કાર્ય છે, આ આશ્રવનું કાર્ય છે, આ બંધનું કાર્ય છે અને આ નિર્જરાનું કાર્ય છે. એમ કોરું સર્ટિફિકેટ આપવાથી ન ચાલે. પણ એ જ્ઞાનની સાથે સંવર અને નિર્જરાના કાર્ય કરતી વખતે આનંદ થવો જોઇએ. અને બંધ તથા આશ્રવના કાર્યો કરતાં દિલમાં ખેદ થવો જોઇએ, તોજ સાચી સમજણ કહેવાય.

"આશ્રવમાં ખેદ અને સંવરમાં આનંદ માનનાર મહારાજા કુમારપાળ."

એક વખતનો કુમારપાળ રાજા કેવો શિકારી હતો, પણ જ્યારથી એને હેમચંદ્રાચાર્યનો ભેટો થયો ત્યારથી એનું જીવન પલટાઈ ગયું હતું. એને બંધ, આશ્રવ અને આરંભ સમારંભના કાર્યોમાં જરૂજ પણ આનંદ આવતો ન હતો. કુમારપાળ રાજાના જીવનનો એક પ્રસંગ છે.

એક વખત કુમારપાળ રાજાના સામંતો કહે છે. સાહેબ! આપણા નગરમાં વસતા કુબેરશેઠની સંપત્તિ જોવા જેવી છે. ખૂબ વખાણ કર્યા, પણ એથી કુમારપાળને આનંદ આવે એમ ન હતું. પણ એક વખત કુમારપાળ મહારાજાને કુબેરશેઠની સંપત્તિ જોવા જવાનો પ્રસંગ આવ્યો. મહારાજા એમના કેટલાક સામંતો સાથે જઈ રહ્યા છે. દૂરથી કુબેર શેઠના મહેલો દેખાયા. ત્યારે સાથેના માણસો કહે છે. સાહેબ, જુઓ! આ સામે ઉંચી ધજાઓ ઉડતી દેખાય છે તે કુબેરશેઠની હવેલીઓ ઉપરની ધજાઓ છે. કુમારપાલ રાજાને એ મહેલ અનિત્ય અને અજીવ તત્વ દેખાય છે. વળી આરંભ–સમારંભનું કાર્ય છે એમ સમજે છે એટલે એમાં આનંદ શેનો આવે? એટલે એમના માણસોને તે કહે છે કે એમાં તમે શું હરખાઓ છો! જુઓ! આ ધજાઓ ફરફર હવામાં ઉડી રહી છે, એ કહી રહી છે કે આ મહેલોનો સંયોગ અનિત્ય છે. એક દિવસ ફરર થઇને ઉડી જવાનો છે.

સામંતો રાજાનો જવાબ સાંભળીને સ્તબ્ધ થઈ ગયાં. કારણ કે એમના મનમાં હતું કે રાજા આ હવેલીઓની હારમાળા જોઇને ખુશ થશે. હવેલીઓ જોઈને સામંતોના આનંદનો પાર ન હતો, પણ કુમારપાળ મહારાજાના મુખેથી તો એમને વૈરાગ્યભર્યાં વચનો જ સાંભળવા મળ્યા. દેવાનુપ્રિયો! આ હતું કુમારપાળ રાજાનું તત્વજ્ઞાન. દરેક જડ પદાર્થો એને મન પુદ્ગલના પિંડરૂપે જ દેખાતા હતા. હેમચંદ્રસૂરિ મહારાજ જેવા ગુરુ પાસેથી તત્વજ્ઞાન મળ્યા પછી એના અંતરમાં એવો ઉઘાડ થઈ ગયો હતો કે કોઇ પણ કાર્ય કરે તો એ તાત્વિક દૃષ્ટિએ વિચાર કરીને જ કાર્ય કરે. એ સંતપુરૂષના સમાગમનો એવો અજબ પ્રભાવ પડયો કે એણે સંસારને પરિત કરી નાખ્યો. એની પાસે તત્વજ્ઞાન હતું એટલું જ નહિ પણ સાથે કરુણાભાવ પણ એવો હતો કે અઢાર દેશમાં એણે અહિંસાનો

બંધ કરાવ્યો. હિંસા થતી અટકાવી. અઢાર દેશની પ્રજાને ચોરી–જુગાર શિકાર આદિ સાત પ્રકારના વ્યસનો છોડાવી વીતરાગ પ્રભુનો માર્ગ સમજાવ્યો હતો.

જ્ઞાની પુરૂષો કહે છે જેના અંતરમાં જગતના જીવોને ધર્મ સમજાવી મોક્ષમાર્ગે ચઢાવવાનો કરૂણા ભાવ પ્રગટે છે તે તીર્થંકર નામકર્મ બાંધવા જેટલું પુણ્ય ઉપાર્જન કરે છે. દેશ, જ્ઞાતિ, કુટુંબને વીતરાગ પ્રભુના માર્ગે ચઢાવી તારવાની કરૂણા જાગે તો ગણ–ધર પદ મેળવવા જેટલું પુણ્ય ઉપાર્જન થાય છે. અને જો પોતાના આત્માને તારવાની ઉત્કૃષ્ટ ભાવના જાગે અને સમ્યક્ પુરૂષાર્થ કરે તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. કુમારપાળ રાજાએ પોતાના રાજ્યની અને પ્રજાની કરૂણા ચિંતવી પુણ્ય ઉપાર્જન કર્યું હતું. બંધુઓ ! માંસાહારી, જુગારી, શિકારી આદિ અનાડી લોકોને સમજાવી ધર્મ પમાડવો એ કાંઈ સ્હેલી વાત નથી. એ કાર્ય કરવાની પાછળ તન–મન અને ધનથી ભોગ આપવો પડે છે.

જેમને ભવ પ્રત્યે નિર્વેદ થયો છે, જેમનો આત્મા જાગૃત બન્યો છે તેવા બે બાલુડા દેવભદ્ર અને જશોભદ્ર કહે છે હે પિતાજી ! અમારે હવે ક્ષણ વાર પણ આ સંસારમાં રોકાવું નથી. આપે અમને જે સુખો માટે વારંવાર આમંત્રણ આપ્યું છે એ ભોગો તો અમારા આત્માએ એક વખત નહિ પણ અનંત વખત મેળવ્યાં છે. અને છોડયા છે. પુદ્ગલ એ તો એક પ્રકારની એંઠ છે.

જે પદાર્થોને એક આત્મા ભોગવીને છોડી જાય છે તેને જ બીજો આત્મા ગ્રહણ કરે છે. આજે તમારી પાસે દશ રૂપિયાની એક નોટ હોય છે તે કાલે બીજાની પાસે જાય છે. બીજા પાસેથી ત્રીજા પાસે અને ત્રીજા પાસેથી ચોથા પાસે જાય છે. એમ દરેક પદાર્થોની એવી જ સ્થિતિ છે. માટે એના ઉપર મમત્વભાવ કરવા જેવો નથી. પૌદ્ગલિક પદાર્થો પ્રત્યેથી આસક્તિભાવ ઉઠ્યા વિના વિરક્ત થઇ શકાતું નથી. પુત્રોની વાત સાંભળી ભૃગુ પુરોહિતનો આત્મા જાગૃત બન્યો. હળુકર્મી અને સુલભબોધી જીવ હતો એટલે પોતાના પુત્રોનો વૈરાગ્ય જોઇ પોતે પણ રંગાઈ ગયો. અત્યાર સુધી તો જે કંઇ વાતચીત થઈ તે પુત્રો અને પિતા વચ્ચે થઇ. હવે ભૃગુ પુરોહિત એમના ધર્મપત્ની યશોમતીને શું કહે છે :–

પહીણપુત્તસ્સ હુ નત્થિવાસો, વાસિટ્ઠિ ભિક્ખાયરિયાઇ કાલો ।
સાહાહિ રૂક્ખો લહઇ સમાહિં, છિન્નાહિ સાહાહિ તમેવ ખાણું ॥ ઉ.અ. ૧૪–૨૯

હે વાસિષ્ઠિ ! જ્યારે આપણા બે પુત્રો સંયમ માર્ગે ચાલ્યા જાય છે તો હવે મારે આ સંસારમાં રહીને શું કામ છે ? અર્થાત્ હવે સંસારમાં રહેવું તે મારે માટે યોગ્ય નથી. અને હવે મારે પણ ભિક્ષાચરી કરવાનો સમય આવી ગયો છે. વળી વૃક્ષ ઉપર શાખાઓ, ડાળીઓ, પુષ્પ, પત્ર વિગેરે હોય તો જ વૃક્ષ શોભે છે. ડાળીઓ કપાઈ જવાથી વૃક્ષની શોભા નષ્ટ થઈ જાય છે. ડાળાં–પાંદડા વિનાના વૃક્ષને લોકો ઠુંઠું કહે છે. તો આપણા

પુત્રો પણ આપણા ગૃહસ્થાશ્રમમાં શોભા રૂપ છે. જે મારા ખોળામાં ખેલ્યા છે, જેમને મેં ઉછેરીને મોટા કર્યા છે, એવા પુત્રો લઘુવયમાં ત્યાગ માર્ગે પ્રયાણ કરે અને હું સંસારમાં બેસી રહું એ શોભારૂપદ નથી. અર્થાત્ મારું જીવન હડવૃક્ષ જેવું જ બની જાય.

અંબુઓ! ભૃગુ પુરોહિતના જીવનમાં કેટલી સભ્યતા હતી. એની પત્નીને આજની જેમ બોલાવી નહિ. આજે તમે જે રીતે બોલાવો છો તે રીતે એ બોલાવતો ન હતો. એણે તો એમ કહ્યું કે હે વસિષ્ઠ ગોત્રમાં ઉત્પન્ન થયેલી વસિષ્ઠિ! એની પત્ની પ્રત્યે કેટલું માન હતું! તમે એમ ન સમજશો કે સ્ત્રી એટલે અમારા પગની મોજડી છે. તીર્થંકરો અને મહાન પુરૂષોને જન્મ આપનારી સ્ત્રીઓ જ હતી. તમે ધનતેરસને દિવસે લક્ષ્મીની પૂજા કરો છો. એ લક્ષ્મીદેવી પણ સ્ત્રી જ છે. જગતમાં સ્ત્રીઓએ પણ મહાન કાર્યો કર્યા છે. સ્ત્રીઓ કરતાં તમારી પુન્યાઈ અધિક છે, છતાં સ્ત્રીઓનો તિરસ્કાર કરવા જેવો નથી. ભૃગુ પુરોહિત પોતાની પત્નીને કહે છે, મેં આપણા લાડીલા પુત્રોને ખૂબ સમજાવ્યા, ખૂબ ખૂબ કસોટી કરી. જેમ જેમ કસોટી કરતો ગયો તેમ તેમ એમનો વૈરાગ્ય મજબૂત બનતો ગયો. હવે તો એ ક્ષણવાર પણ સંસારમાં રહેવા માંગતા નથી. આપણા બંને પુત્રો સંયમ માર્ગે જાય છે તો હવે મને પણ આ સંસારમાં રહેવું ગમતું નથી.

મારા રાજગૃહી નગરીના શ્રાવકો! હું તમને પૂછું છું કે આ રીતે તમારા સંતાનોને વૈરાગ્ય આવે અને તેઓ સંયમમાર્ગે જાય તો તમને એવું લાગે ખરું કે આ કુમળા ફૂલ જેવા આપણા ખોળામાં ખેલેલા પુત્રો દીક્ષા લે છે તો હવે મારાથી આ સંસારમાં કેમ બેસી રહેવાય? એમ થાય છે? બોલો તો ખરા. (હસાહસ) "ના" પુત્ર કે પુત્રીને વૈરાગ્ય આવે તો તેને દીક્ષા આપી દેવાની. પણ તમારે તો સંસારમાં જ ખૂંચતા જવાનું. આ તો બ્રાહ્મણ હતો. એને વારસાગત જૈન ધર્મ મળેલો ન હતો. એ તો પહેલાં એમ કહેતો હતો કે જેને પુત્ર ન હોય એને સ્વર્ગ મળતો નથી. જેને વેદાંતની પૂરી શ્રદ્ધા હતી એવો બ્રાહ્મણ પણ વૈરાગ્ય રંગે રંગાઈ ગયો. પણ મારા મહાવીરના પુત્રોને હજુ વૈરાગ્યનો રંગ લાગતો નથી. રાજકોટમાં દીક્ષા તો ઘણી થઈ છે. ખૂબ પુણ્યવાન ક્ષેત્ર છે. હવે મહાવીરના શાસનના સુકાની બનવા તૈયાર થાવ. ભૃગુ પુરોહિત પોતાની પત્નીને કહે છે કે આપણા પુત્રો સંયમ માર્ગે જાય છે માટે હવે મારે પણ આ સંસારમાં રહેવું નથી. હજુ આગળ શું કહેશે તેનો ભાવ અવસરે કહેવાશે.

આજે ગોંડલ સંપ્રદાયના પૂજ્ય બા. બ્ર. પાર્વતીબાઈ મહાસતીજીની પવિત્ર પુણ્યતિથિ છે. પૂજ્ય પાર્વતીબાઈ મ. સ. ગોંડલ સંપ્રદાયના તેજસ્વી સાધ્વીજી હતાં. તેમનો જન્મ તીથવા ગામમાં થયો હતો. અને તેમણે દીક્ષા રાજકોટ શહેરમાં લીધી હતી. માતા અને પુત્રી બંનેએ સાથે દીક્ષા લીધી હતી. પૂજ્ય પાર્વતીબાઈ તેર વર્ષની

ઉંમરમાં જ દીક્ષા લીધી હતી. અને ખૂબ જ્ઞાન મેળવ્યું હતું. માતા અને પુત્રી બંને પ્રખર વિદ્વાન હતા. સલાહ–સુચન આપે તેવા પ્રતાપી હતાં. પૂજ્ય પાર્વતીબાઈ મ. સ. પૂજ્ય પુરીબાઈ મ. સ. અને સંતોકબાઇ મ. સ. ગુરૂણી હતાં. તેમના પ્રતાપે જ આજે તેમનો શિષ્યા–પરિવાર વિદ્યમાન છે.

જ્યારે જ્યારે પોતાના ઉપકારી, પરમ તારક ગુરૂ–ગુરૂણીની પુણ્યતિથિનો દિન આવે ત્યારે શિષ્ય–શિષ્યાઓને પોતાના ઉપકારી ગુરૂજનો યાદ આવે છે. પોતાના ઉપકારી વડીલોના ઋણથી મુક્ત થવા કંઇક કરી છૂટવાની ભાવના થાય છે. પૂ. સ્વ. પાર્વતીબાઈ મહાસતી ખૂબ ગુણીયલ, ચારિત્ર નિષ્ઠ હતાં, તેમનાં આપણે જેટલાં ગુણ ગાઈએ તેટલાં ઓછાં છે. પહેલાના સમયમાં લઘુવયમાં બા. બ્ર. સાધ્વીજી બહુ ઓછા નીકળતાં હતાં.

પૂજ્ય પાર્વતીબાઈ મહાસતી ૪૨ વર્ષ દીક્ષા પર્યાય પાળી આસો વદ બીજ ને રવિવારના દિવસે પોરબંદર મુકામે ૧૯૯૨માં બપોરના ત્રણ વાગે કાળધર્મ પામ્યા હતાં. અંતિમ સમય સુધી ખૂબ જ શુદ્ધિ હતી. પોતાના શિષ્યાઓ અંતિમ સમયે સૂત્રની સ્વાધ્યાય કરાવતાં હતાં. તેઓએ કહ્યું કે હું મારી જાતે જ બધું કરી લઈશ. પોતાની જાતે જ સ્વાધ્યાય કરી, શરણા લીધાં. જીવનભર અપ્રમત્તપણે રહ્યાં હતાં તેથી અંતિમ સમય સુધી એ જ અપ્રમત્તાવસ્થા રહી હતી. સ્વાધ્યાય ધ્યાનમાં ઓતપ્રોત રહી પોતાની સંયમ સાધના સફળ કરી. આવા પવિત્ર રત્નો ચાલ્યા જાય છે અને સંયમની સૌરભ મહેંકાવતા જાય છે. પવિત્ર આત્માઓનું જીવન આપણને ખૂબ પ્રેરણાદાયી બને છે.

ખંભાત સંપ્રદાયના મહાન વૈરાગી, સ્વ. પૂજ્ય તારાબાઇ મહાસતીજીનાં જીવનની ટૂંકી રૂપરેખા.

આજે પૂજ્ય પાર્વતીબાઇ મહાસતીજીને શ્રદ્ધાંજલી આપતાં અમારા પૂ. તારાબાઈ મહાસતીજીનું પવિત્ર જીવન યાદ આવે છે. એમની પુણ્યતિથિ મહા વદ બીજની છે. અને આજે આસો વદ બીજનો દિવસ છે. ખંભાત સંપ્રદાયના ક્ષેત્રોમાં તેમની પુણ્યતિથિ અશાડ વદ બીજની નિર્માણ કરી છે. જેથી ચાતુર્માસના દિવસોમાં વધુ ધર્મકરણી થઈ શકે.

ખરેખર! પોતાના ગુરૂવર્યોની પુણ્યતિથિ તો શિષ્યો ઉજવે, શિષ્યના હૃદયમાં તો ગુરૂનું સ્થાન હોય જ. પણ ગુરૂના હૃદયમાં શિષ્યનું સ્થાન હોવું, ગુરૂણી પોતાના શિષ્યાની તિથિ ઉજવે એ તો ખૂબ મહત્વની વાત છે. એ આત્મા કેટલો પવિત્ર અને હળુકર્મી હશે? તારાબાઇ મહાસતીજીના જીવનમાં ઘણાં જ ગુણો હતાં. આજે સમય થઈ ગયો છે તેથી બહુ લાંબુ વિવેચન કરતી નથી. ટૂંકમાં થોડું કહું છું.

આકાશમાં તારા ચમકે છે તેમ તારાબાઈ મહાસતીજી મારા શિષ્યામંડળમાં એક ચમકતા તારા હતા. પૂ. તારાબાઇ મહાસતીજીનો જન્મ અમદાવાદ શહેરમાં લુણસાવાડા ઝોટીપોળમાં થયો હતો. તેમના પિતાજીનું નામ ઉગરચંદભાઇ અને માતુશ્રીનું નામ સમરતબહેન હતું. તેમના લગ્ન પણ થયેલા હતા. આ સંસાર તો સંયોગ અને વિયોગના દુઃખથી ભરેલો છે. તદનુસાર તેઓ ૨૪ વર્ષની ઉંમરમાં વિધવા થયા. વિધવા થયા પછી એક જ વર્ષમાં અમારો (પૂ. બા. પ્ર. વિદુષી શારદાબાઇ મહાસતીજીનો) પરિચય થતાં તેઓ ધાર્મિક પ્રવૃત્તિમાં જોડાયા અને વૈરાગ્ય રંગે રંગાઇ ગયા. મારી દીક્ષા પછી આ બધી શિષ્યાઓમાં તેઓ સૌથી પ્રથમ વૈરાગ્ય પામેલા હતા. તેમને ચાર પુત્રો હતા અને તે નાના હતા. તેમને મોટા કરવાની જવાબદારી પોતાના માથે હતી એટલે ન છૂટકે સંસારમાં રહેવું પડયું. સંસારમાં તેઓ ખૂબ અનાસક્ત ભાવે રહી તપ-ત્યાગ અને જ્ઞાન-ધ્યાનમાં મસ્ત રહેતા હતાં. આમ કરતાં સૌથી મોટા પુત્રના લગ્ન કરી થોડો સમય સંસારમાં રહી મોટા પુત્રને જવાબદારી સોંપી સંસારની રિદ્ધિ-સિદ્ધિ ને મહાન સુખો ત્યાગી સંવત ૨૦૧૪માં સાબરમતી ગામમાં તેમણે દીક્ષા અંગીકાર કરી. આજે દીક્ષા તો સહુ લે છે, પણ બાળકોનો મોહ છોડી દીક્ષા લેવી એ મહાન કઠીન છે. જેવી રીતે પુત્ર પરિવારના મોહના બંધનો કાપી શૂરવીર બનીને સંયમ માર્ગે તેઓ નીકળ્યા હતાં તે જ રીતે અંતિમ સમય સુધી સંયમમાં રક્ત અને મસ્ત રહ્યા હતાં.

અમે મુંબઇ ગયા ત્યારે સંવત ૨૦૧૮ નું પ્રથમ ચાતુર્માસ મુંબઈ-કાંદાવાડી, સં. ૨૦૧૯ નું માટુંગા, ૨૦૨૦ નું દાદર, ૨૦૨૧ નું વિલેપાર્લા અને ૨૦૨૨ નું ઘાટકોપરમાં કર્યું. ઘાટકોપરનું ચાતુર્માસ પૂર્ણ કરી મંદાકિનીબાઈની દીક્ષા પ્રસંગે પોષ વદ દશમના દિવસે અમે બધા ઠાણા માટુંગા આવ્યા. તે વખતે મહા સુદ બીજના દિવસે તારાબાઈ મહાસતીજીને માથાના ચસકા ઉપડયા. એ દર્દનું નિદાન કરાવવા માટે માટુંગા શ્રી સંઘે મોટા મોટા સર્જનો બોલાવ્યા અને ખડે પગે સેવા કરી. પણ વેદનીય કર્મ આગળ કોઇનું ચાલ્યું નહિ. પૂજ્ય તારાબાઈ મહાસતી ખૂબ સમતાભાવે દર્દ સહન કરતા હતાં. તેમના મુખ ઉપર સ્હેજ પણ ગ્લાનિ ન હતી. જ્યારે જુઓ ત્યારે પ્રસન્ન જ રહેતાં.

પોતાના કાળધર્મ પામવા અગાઉ ત્રણ દિવસ પહેલાંથી જ તેમણે મને બધા સંકેતો કર્યા હતાં. મને પાસે બેસાડીને કહ્યું કે મહાસતીજી ! આ જીવન ક્ષણભંગુર છે. નશ્વરદેહનો મોહ રાખવા જેવો નથી. હું અહી દિવસ છું. પણ હું વડી દીક્ષા જોવાની છું. હું એમના ગુઢ અર્થને સમજી ન શકી. મેં કહ્યું કે વડી દીક્ષા તો સાયન થવાની છે ને. તમારી ઇચ્છા હોય તો વહી દીક્ષા માટુંગામાં જ કરીએ. તો કહે છે ના. એમ નહિ. હું વહી દીક્ષા જોવાની છું. મને અંતિમ આલોયણા કરાવો. તા. ૨૪-૨-૬૭ થી તેમણે ધૂન બોલવાની શરૂ કરી.

"દેહ મરે છે હું નથી મરતી, અજર અમર પદ મારું"

આ પ્રમાણે પોતે જાતે જ બોલવા લાગ્યાં.

તા. ૨૫ મીની સવારે મને કહે છેઃ મહાસતીજી ! આજે જે ગૌચરી લાવ્યા હોય તે બધું પતાવી દેજો. કંઈજ રાખશો નહિ. આ દેહ વહેલો કે મોડો છોડવાનો છે. એની બહુ મમતા ન રાખવી. મને ગોળગોળમાં બધું જ સમજાવી દીધું. આગલે દિવસે જ મને કહ્યું હતું કે હું કેવી ભાગ્યશાળી છું કે મારા ગુરૂણીના ખોળામાં માથું મૂકી મારા ગુરૂદેવ પૂજ્ય રત્નચંદ્રજી મહારાજ સાહેબ પાસે જઈશ ! બરાબર તે જ પ્રમાણે બન્યું. વ્યાખ્યાનનો સમય થયો એટલે વસુબાઈને વ્યાખ્યાન શરૂ કરવા મોકલ્યા હતાં. હું નવ વાગે વ્યાખ્યાનમાં જવા તૈયાર થઈ. દાદર સુધી ગઈ પણ મને કોઈ કાંઈ કહેતું હોય તેમ અવાજ આવ્યો કે–તને કહ્યું છે કે હું અઢી દિવસ છું અને તું ક્યાં જાય છે ? બે ત્રણ વખત અવાજ આવ્યો એટલે વ્યાખ્યાનમાં ન જતાં પાછી આવી તેમના માથા આગળ બેઠી. તેમણે મારા ખોળામાં માથું મૂકયું. એમની આત્મરમણતા તો ચાલુ જ હતી. મને કહે છે મહાસતીજી, હું નથી મરતી. મારો દેહ મરે છે. તમે કંઈજ જોયું નથી પણ આપ ખૂબ હિંમત રાખજો. એમ કહી પોતાની જાતે હાથ જોડીને ત્રણ વખત બોલ્યા, કે આદીશ્વર દાદા ! મને તારું શરણું હોજો. એટલે મને એમ થઈ ગયું કે હવે મારા તારાબાઈ ચાલ્યા. એટલે એમને મેં ૯–૪૫ મિનિટે આગારી સંથારો કરાવ્યો. પ્રત્યાખ્યાન લેતાં એમના મુખ ઉપર એટલો બધો હર્ષ થયો કે બસ, હવે મારી ભાવના પૂર્ણ થઈ. વ્યાખ્યાન પૂરું થયેલ તેથી આખો સંઘ હાજર હતો. સંઘ તથા અમે બધા એમને નવકારમંત્રના શરણું દેતા હતાં, પણ પોતે તો છેલ્લા શ્વાસ સુધી "દેહ મરે છે હું નથી મરતી, અજર અમર પદ મારું" એ ધૂન ચાલુ જ રાખી. ૧૦ ને ૧૦ મિનિટે પોતાની જાતે જ ધૂન બોલતાં બોલતાં ૪૮ વર્ષની ઉંમરે ૨૩ વર્ષની દીક્ષા પર્યાય પાળી મહા વદ બીજ ને શનિવાર તા. ૨૫–૨–૬૭ ના રોજ સમાધિપૂર્વક તેમણે આ નશ્વર દેહનો ત્યાગ કર્યો. દીક્ષા લીધી ત્યારથી જ એમની ભાવના હતી કે ભલે ઓછું જીવાય પણ હું પંડિત મરણે મરું. એ એમની ભાવના પૂર્ણ થઈ. ટૂંકું જીવન જીવ્યા પણ આત્મ–સાધના સાધી ગયા.

પૂ. તારાબાઈ મહાસતીજી ખૂબ સરળ, ભદ્રિક, વિનયવાન અને ગુણીયલ હતાં. તેઓ સાતમાં શિષ્યા હોવા છતાં સંપૂર્ણ જવાબદારી સંભાળતા હતાં. આવા પવિત્ર આત્માઓને યાદ કરી તેમના ગુણો જીવનમાં ઉતારવા ઉદ્યમવંત બનીએ એજ ભાવના. પૂજ્ય પાર્વતીબાઈ મહાસતીજીની આજે પુણ્યતિથિ છે, માટે સૌ સારાં સારાં વ્રત–પ્રત્યાખ્યાન કરશો. તોજ તેમને સાચી શ્રદ્ધાંજલી આપી કહેવાય.

વ્યાખ્યાન.....નં. ૮૯

આસો સુદ ૩ ને શનિવાર તા. ૧૭-૧૦-૭૦

વીતરાગની વાણી તો જીવને એકાંત કલ્યાણકારી છે. પણ વર્ષો સુધી સાંભળ્યા જ કરશો તેથી તમારું કલ્યાણ નહીં થાય. પણ શ્રવણ કર્યા પછી ચિંતન કરવું જોઈએ. ચિંતન કર્યા પછી આચરણમાં ઉતારો તો જ કલ્યાણ થઈ શકે. શ્રવણથી જે જ્ઞાન થાય છે તેને મહાન પુરૂષો શ્રુત-જ્ઞાન કહે છે. અને શ્રવણ પછી ચિંતન થાય તેને ચિંતનજ્ઞાન કહેવાય છે. અને ચિંતન પછી અંતરાત્મમાં પરિણમન થાય તેને ભાવજ્ઞાન કહેવામાં આવે છે. શ્રવણ એ પાણી જેવું છે, કારણ કે તરસ્યો માણસ પાણી પીવે તો થોડીવાર તૃપ્તિ થાય. થોડીવાર પછી તરસ તો લાગ-વાની જ છે. ચિંતન એ દૂધ જેવું છે, કારણ કે દૂધ પીવાથી જે તૃપ્તિ થાય છે તે પાણી કરતાં લાંબા કાળ સુધી ટકે છે. અને ભાવ જ્ઞાન અમૃત જેવું છે, કારણ કે ભાવજ્ઞાન રૂપ અમૃતનું પાન કરવાથી સદાને માટે તૃપ્તિ થઈ જાય છે. એક જ વખત વીતરાગ વાણીનું શ્રવણ કરીને રોહણીયો ચોર, અર્જુનમાળી આદિ પાપીમાં પાપી જીવો પણ જીવનનો ઉદ્ધાર કરી ગયાં છે. તો તમે તો કેટલાં વર્ષોથી વીતરાગની વાણી સાંભળતા આવ્યા છો. અને હજુ સાંભળ્યા જ કરો છો, તો તમારા જીવનનો ઉદ્ધાર થવો જ જોઈએ.

ભગવાને મોક્ષમાં જવા માટેના ચાર સાધનો બતાવ્યા છે.

નાણં ચ દસણં ચેવ, ચરિત્તં ચ તવો તહા ।
એસ મગ્ગોતિ પન્નતો, જિણેહિં વરદંસિહિ ॥ ઉ. અ. ૨૮-૨

સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એજ મોક્ષ માર્ગ છે. એમ સર્વજ્ઞ જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે. તત્વાર્થ સૂત્રમાં વાચક ઉમાસ્વાતિજીએ પણ ચારિત્રમાં તપનો સમાવેશ કરીને કહ્યું છે કે સમ્યગ્ દર્શન-જ્ઞાન અને ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. સમ્યગ્ જ્ઞાનથી જીવ જગતના ભાવોને યથાર્થ રીતે જાણે છે. દર્શનથી શ્રદ્ધા કરે છે. અને ચારિત્રથી સ્વરૂપમાં રમણતા કરે છે. અને તપથી કર્મોને બાળી આત્માને શુદ્ધ કરે છે. મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને જીવે મોક્ષમાર્ગની આરાધના કરી નથી. એટલે અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. આ જીવે જેટલો પુરૂષાર્થ સંસાર-સુખની સામગ્રી પ્રાપ્ત કરવામાં કર્યો છે તેનાથી અલ્પ પુરૂષાર્થ પણ જો મોક્ષ માટે કરે તો અલ્પ કાળમાં એ મોક્ષ પામી જાય છે. પણ પુરૂષાર્થ ઉગ્ર અને સમ્યક્ હોવો જોઈએ.

મોક્ષમાર્ગની પ્રાપ્તિ ફક્ત મનુષ્ય ભવમાં જ થઇ શકે છે. અખૂટ વૈભવોની વચ્ચે

ઉભેલા સમ્યગ્ દૃષ્ટિ દેવો પણ મનુષ્યભવને ઝંખે છે તેનું કારણ શું? મોક્ષમાર્ગની આરાધના મનુષ્યભવમાં થાય છે. એ માટે જ. જ્યારે તમને મનુષ્ય ભવની પ્રાપ્તિ થઇ છે છતાં ભૌતિક સુખોને જ ઝંખી રહ્યા છો, એ કેવું કમભાગ્ય છે! જેની પાસે નથી તે ઝંખે છે અને જેને મળ્યું છે તેને કિંમત નથી. બંધુઓ! એક વાત નક્કી સમજી લેજો કે આ જીવને ધન-વૈભવ, બાગ-બગીચા-લાડી-વાડી ને ગાડી, પુત્ર, પત્ની, દેવની ઋદ્ધિ બધું જ મળવું સુલભ છે, આ બધું જ જીવ અનંતી વખત પ્રાપ્ત કરી ચૂક્યો છે, ફક્ત નથી શું મળ્યું? સર્વજ્ઞ પ્રરૂપિત ધર્મ જ જીવને મળ્યો નથી. કદાચ મળ્યો હશે તો તેને પિછાણ્યો નથી. તેને કારણે જ મોક્ષની પ્રાપ્તિ થઇ નથી.

વીતરાગ પ્રરૂપિત ધર્મનું શરણું અંગીકાર કરીને અનંત જીવો મોક્ષપદને પ્રાપ્ત કરી ગયાં છે. વર્તમાનકાળે મહાવિદેહ ક્ષેત્રમાં પ્રાપ્ત કરી રહ્યા છે અને ભવિષ્ય કાળમાં અહીંથી પણ ઘણા આત્માઓ મોક્ષપદને પામશે. પણ જે આરાધના કરતા નથી તેનું શું થશે? તમારી આખી જિંદગી ધન કમાવવામાં, કુટુંબનું પાલન પોષણ કરવામાં ચાલી ગઇ. તમે આ સંસારની વેઠ કરવા જ મનુષ્ય ભવ પામ્યા છો કે આત્મ સાધનાનું લક્ષ્ય કર્યું છે? મનુષ્ય જન્મ રૂપી કલ્પવૃક્ષનું મુખ્ય ફળ ચારિત્ર છે. આવો ઉત્તમ મનુષ્યભવ પામીને દેશ વિરતિ પણ ન બની શકો તો મળેલા મનુષ્યભવની કિંમત કોડીની જ છે. જેને મનુષ્યભવની કિંમત સમજાણી છે અને સર્વવિરતિ બનવા તૈયાર થયા છે તેવા બે પુત્રોનો વૈરાગ્ય જોઈ પિતાને પણ વૈરાગ્યનો રંગ લાગ્યો. ચરમ શરીરી જીવ છે. એને પણ લાગ્યું કે મારા પુત્રો જે સંયમ માર્ગે જવા તૈયાર થયા છે તે માર્ગે ગયા વિના ત્રણ કાળમાં આત્માની સિદ્ધિ થવાની નથી.

ભૃગુ પુરોહિત પોતાની પત્ની યશાને કહે છેઃ-હે વસિષ્ઠિ! આપણા પુત્રો સંયમ-માર્ગે જાય છે તો મારે શા માટે સંસારમાં રહેવું? વળી મારે ભિક્ષાચરી કરવાનો સમય આવી ગયો છે. પહેલાંના માણસોના માથામાં એક સફેદ વાળ આવે એટલે ચેતી જતા હતાં કે હવે મારાથી સંસારમાં રહેવાય જ નહિ. જો કે ચાલુ જમાનામાં તો ઘરડાના માથામાં કાળા વાળ હોય છે, અને યુવાનના માથામાં ધોળા વાળ આવી ગયા હોય છે, પણ અમુક વર્ષની ઉંમર થાય એટલે ભોગનો ત્યાગ કરી ત્યાગનો રાગ કરવો જોઇએ. તમે માનો છો કે આ સંસારમાં સગા-વહાલાં, કુટુંબ બધું જ મારું છે. પણ ભાઈ! આ બધો જ સંસાર સ્વાર્થનો ભરેલો છે.

સ્વપ્નનાં સુખો સાચા હોતાં નથી. સ્વપ્ન પૂરું થઈ જાય, ઉંઘ ઉડી કે સુખ પણ અદૃશ્ય થઈ જાય છે. તેમ આ સંસારનું સુખ પણ સ્વપ્નવત્ છે. સંસારના સ્નેહમાં બધે એકાંત સ્વાર્થ ભરેલો છે. હું તમને એક રૂપક દ્વારા સમજાવું.

કોઈ એક નાના ગામડામાં એક કાકો અને ભત્રીજો રહેતા હતાં. ભત્રીજો હજુ કુંવારો હતો અને કાકાની પત્ની પરલોક ગઈ હતી. એ ગામમાં એક સંન્યાસી મહાત્મા ફરતા ફરતા પધાર્યા. એમનું પ્રવચન સાંભળવા કાકો ને ભત્રીજો બંને જાય છે. એ સંન્યાસીએ સંસારની અસારતા ઉપર ખૂબ ભાર આપ્યો. આ સાંભળી કાકા અને ભત્રીજાને સંસાર અસાર લાગ્યો. પણ ભત્રીજાનો વૈરાગ્ય સચોટ હતો અને કાકાનો વૈરાગ્ય ઉપરનો હતો. છતાં કહે છે બેટા! મને તો આ મહાત્માનું વ્યાખ્યાન સાંભળી સંસાર અસાર લાગ્યો છે. ત્યારે ભત્રીજો કહે છે મારે પણ આ મહાત્માનો શિષ્ય બની જવું છે. તો ચાલો ત્યારે, આપણે બંને આ માલ મિલકતને ધર્માદામાં વાપરી નાંખીએ. કારણ કે પાછળ કોઇ વાપરનાર તો છે જ નહિ. ત્યારે કાકો કહે છે થોડા વખત પછી આપણે સંન્યાસ લઈએ. ભત્રીજો કહે છે કાકા! છેડવું એમાં વાર શા માટે? તમારે કયાં મારા કાકીની પણ રજા લેવાની છે? હું તો આજે જ સાધુ બની જાઉં છું. કાકા કહે છે ભલે, તું હમણાં મહાત્માની પાસે દીક્ષા લઈલે, અને હું આ ઘરબાર અને ધનની વ્યવસ્થા કરીને થોડા સમયમાં જ આવી જઈશ. કાકાના અંતરમાં હજુ સંસાર તરફનો તીવ્ર રાગ હતો, પણ ભત્રીજાને દીક્ષા આપવા માટે જ આ બધો ઢોંગ કર્યો હતો. ભત્રીજાનો વૈરાગ્ય સચોટ હોવાથી વેદાંત ધર્મની દીક્ષા અંગીકાર કરી, ગુરૂની સાથે ત્યાંથી વિહાર કરી જાય છે.

આ બાજુ કાકાને તો પોતાની અને ભત્રીજાની મિલકત મળી જવાથી મોહ વધ્યો. ફરીને લગ્ન કર્યું અને સંસારના સુખો ભોગવવા લાગ્યો. આ તરફ ભત્રીજો રાહ જોતો હતો કે મારા કાકા હજુ કેમ દીક્ષા લેવા ન આવ્યા? ભત્રીજાએ દીક્ષા લઈને વેદાંત-ધર્મનું ખૂબ જ્ઞાન મેળવ્યું. આ વાતને બાર વર્ષો વીતી ગયા. ખૂબ જ્ઞાન મેળવી ભત્રીજો બાર વર્ષે પોતાના ગામમાં આવે છે. ખૂબ જ્ઞાન મેળવ્યું છે. વાણીમાં પણ ખૂબ ઓજસ છે એટલે આખું ગામ વાણી સાંભળવા ઉમટે છે, પણ કાકા તો આવ્યા જ નહિ. કારણ કે પોતે પહેલાં દીક્ષા લેવાની વાત કરી હતી ને પછી લગ્ન કર્યું, એટલે ભત્રીજા પાસે જતાં શરમ આવતી હતી. પણ ભત્રીજો કાકાને કયાં છોડે તેમ હતો! એ ભિક્ષા લેવા માટે કાકાને ઘેર જાય છે. અને કહે છે તમે કેમ દેખાતા જ નથી? વ્યાખ્યાનમાં આવવા માટે કહે છે. બીજે દિવસે કાકા વ્યાખ્યાનમાં જાય છે. વ્યાખ્યાન પૂર્ણ થયા પછી ભત્રીજાને મળવા માટે ઉભા રહે છે. બધા માણસો જતા રહ્યા પછી ભત્રીજો કહે છે કાકા! તમે તો કહ્યું હતું ને કે હું થોડા વખતમાં જ દીક્ષા લેવા માટે આવું છું અને આ શું કર્યું? હજુ પણ સમજીને રાહ બદલો તો સારું છે. કાકા કહે છે હવે તો હું દીક્ષા લઈ શકું તેમ નથી. હવે જો દીક્ષા લઉં તો મારા શ્રીમતીજી મારી પાછળ આપઘાત જ કરે. એ તો મારા વિના ખાય પણ નહિ. માટે એ પંચેન્દ્રિયની હત્યાનું પાપ કોણ વ્હોરે? જુઓ. આ કાકાની ચતુરાઈ? (હસાહસ).

ભત્રીજો કહે છે એ બધો તમારો ભ્રમ છે. પણ એક વખત જો તમારે જોવું જ હોય તો હું કહું તેમ કરો. પછી મને કહેજો. જુઓ, આ ગુટિકા લઈ જાવ. એને તમે મોઢામાં રાખશો એટલે શ્વાસ બહુ જ ધીમો પડી જશે અને આંખો ખુલ્લી રહેશે એટલે તમે બધું જ જોઈ શકશો. જોનારને એમ જ લાગશે કે આ તો મરી ગયા છે. પણ તમે ગભરાશો નહિ. આ ગુટિકા મોઢામાં રાખી ઓરડામાં થાંભલી છે તેમાં પગ ભરાવી ભીંતમાં માથું રાખી ચત્તાપાટ સૂઈ જજો. પછી જે બને તે જોયા કરજો. ભત્રીજાએ આ પ્રમાણે કહ્યા પછી કાકો કહે છે હું ગમે તેટલી એની અગ્નિપરીક્ષા કરું પણ એને મારા તરફ એટલો પ્રેમ છે કે એ પ્રાણ આપતાં પાછી નહિ પડે. ભત્રીજો કહે છે તમે એક-વાર અજમાશ તો કરી જુઓ, પછી યોગ્ય લાગે તેમ કરજો.

કાકા તો ત્યાંથી ઉઠીને સીધા ઘેર આવ્યા. મોંમા ગુટિકા રાખી થાંભલીમાં પગ ભરાવી ચત્તાપાટ સૂતા. મોઢામાંથી ફીણ ચાલ્યા જાય છે. શરીરે પરસેવાના છેદ વળી ગયા છે. પત્ની રસોડામાંથી બહાર આવે છે. શેઠને ચત્તાપાટ સૂતેલા જોઈ શેઠની પાસે ગઈ. જુવે છે તો શેઠની ગંભીર સ્થિતિ છે. મનમાં થયું કે આ તો હવે બે ઘડીના મહેમાન છે. બનવા જોગ તે જ દિવસે દૂધપાક, પુરી ને બમણુ બનાવેલ. શેઠાણીના મનમાં થયું કે જો અત્યારથી સગા-સંબંધીને કહેવડાવીશ તો મારા દૂધપાક-પુરી બગડશે. અને હવે તો એ જવાના છે તે જવાના છે, અને મારે પાછું આખો દિવસ રોવા-કૂટવામાં ગળું ખેંચવું પડશે. એમ વિચારી બે માણસ માટે બનાવેલા દૂધપાક-પુરી એકલી ખાઇ ગઈ. શેઠ બધું જોયા કરે છે. અહો ! હું માનતો હતો કે તે મારી પાછળ પ્રાણ આપી દેશે, તેને બદલે દૂધપાક પુરી ઝાપટવા બેઠી છે. શેઠાણી તો ખાઈ-પી, કબાટોને તાળા લગાવી સગાવ્હાલાંને ખબર આપે છે કે શેઠને કંઈક થઈ ગયું છે. કારણ કે નાના ગામડામાં કંઈ કાયમ ડોકટરો હોતા નથી. અઠવાડિયામાં બે દિવસ ડોકટર આવતો હતો એટલે ડોકટરને કયાંથી બોલાવે ? બધાએ આવીને જોયું અને કહેવા લાગ્યા: શેઠ તો ખલાસ થઈ ગયા છે. શબને બાંધવાની તૈયારી કરે છે અને શેઠાણી તો છાતીફાટ રૂદન કરે છે. બે ત્રણ માણસોને ખાંપણ લેવા પણ મોકલી દીધા. હવે શેઠને બાંધવાની તૈયારી કરે છે પણ એમણે પગ એવા થાંભલામાં ભરાવ્યા હતાં કે કેમે ય કરી પગ નીકળે નહિ. બધા મૂંઝાઈ ગયા. છેવટે બે-ત્રણ વૃદ્ધોએ કહ્યું કે આ થાંભલી વેરી નાંખીએ તો જ આના પગ આમાંથી છૂટા થાય. આ શબ્દો શેઠાણીના કાને પડયા. એટલે મનમાં ચિંતા થઈ કે એક તો ધણી વગરની થઈ ગઈ. હવે આ થાંભલી વેરી નાંખશે એટલે ઘર વિનાની થઇ જઈશ. પણ બધા વડીલોને કહેવા કેવી રીતે જવાય ? એટલે એણે રૂદનના સૂરમાં ભીને નવો સૂર ઉમેરીને શું કહે છે !

મારા પતિના પગ વેરી નાંખો, પણ થાંભલી અવિચળ રાખો,
થાંભલી વિના ઘર પડી જશે, બહેની તમારી દુઃખી થાશે.

બંધુઓ ! જોયું ને ? રૂદનમાં કેવું કહી દીધું. મરી ગયા પછી રડે છે ને એ પણ સાચું રડતા નથી. અને કદાચ રડે છે તો તેમાં એમનો સ્વાર્થ છે. પેલા વૃદ્ધો કહે છે જાવો ત્યારે કરવત. પગ વેરી નાંખીએ. હવે જ્યાં પગ વહેરવાની વાત થઈ ત્યાં ગુટીકા બહાર કાઢી કે તરત જ કાકા ધડાક દઈને બેઠા થઈ ગયા. અને ભત્રીજાના આશ્રમ તરફ દોટ મૂકે છે. લોકોને આશ્ચર્ય થયું કે આ તો મડદું બેઠું થયું કે શું ? પત્ની પાછળ દોડે છે. શેઠને કહે છે કયાં જાવ છો ? મારા સામું તો જુઓ ! શેઠ કહે છે તને મારા ઉપર કેટલો પ્રેમ છે એ મેં જોઈ લીધું. હવે મારે એક ક્ષણ પણ સંસારમાં રહેવું નથી. ભત્રીજા પાસે કાકો પણ વેદ-ધર્મની દીક્ષા લઈ લે છે.

રાજગૃહીના શ્રાવકો ! જુઓ, આ ભત્રીજાએ કાકાની આંખ ખોલાવી. સંસારની મમતા મૂકાવી દીધી. હવે તમે પણ સમજીને મમતા મૂકો તો સારી વાત છે. નહિતર અનિચ્છાએ પણ સંસાર છોડવો તો પડશે જ. આ જીવ મમતામાં અંધ બન્યો છે. પણ આ શરીરને જ્યાં મૂકીને જવાનું ત્યાં માલ-મિલકત, મોટર ને બંગલા તો કયાંથી સાથે આવવાના છે ? આ સંસારનું સ્વરૂપ સમજો અને મમતા ઓછી કરો. જેમ ભત્રીજાએ કાકાની આંખ ખોલાવી દીધી તેમ અહીં પણ પુત્રોના નિમિત્તથી બાપ જાગી ગયો છે. અને પોતાની પત્નીને કહે છે કે સંસારનાં સુખો ભોગવવા જેવા તો આપણા પુત્રો છે. એ જ્યારે છોડીને ચાલ્યા જાય છે તો મારે સંસારમાં શા માટે રહેવું જોઈએ ? ડાળા વિનાનું વૃક્ષ જેમ ઠુંઠું લાગે છે તેમ પુત્રો વિના આપણું જીવન પણ ઠુંઠા વૃક્ષ જેવું છે. માટે પુત્રોનો જે માર્ગ છે તે જ મારો માર્ગ છે. હજુ પણ ભૃગુ પુરોહિત શું કહે છે—

पंखा विहूणो व्व जहेव पक्खी, भिच्चा विहूणो व्व रणे नरिन्दो ।
विवन्न सारो वणिओ व्व पोए, पहीण पुत्तोमि तहा अहंपि ॥ उ. अ. १४-३०

હે વાસિષ્ઠિ ! (વસિષ્ઠ ગોત્રમાં ઉત્પન્ન થવાવાળી) જેવી રીતે આ લોકમાં પાંખ વિનાનું પક્ષી, સેના વિના સંગ્રામમાં ગયેલો રાજા અને ધન રહિત વણિક વહાણ ડૂબી જવાથી દુઃખી થાય છે, તેવી રીતે હું પણ પુત્રો વિના દુઃખી થઈશ.

જેમ પક્ષીની પાંખ કપાઈ જાય તો એના જીવનમાં એને કોઈ જાતનો આનંદ રહેતો નથી. પાંખ વિનાનું પક્ષી ગમે ત્યાં પડી જાય છે અને કાગડા ચાંચો મારે છે. કૂતરા ફેંદી નાંખે છે. બિલાડી ખાઇ જાય છે. પણ પોતે પાંખ રહિત થઈ ગયું હોવાથી દુઃખી દુઃખી થઈ જાય છે. જો પાંખ હોય તો એક વૃક્ષની ડાળ ઉપરથી બીજા વૃક્ષની ડાળ ઉપર જઈને બેસે છે, એને કોઇ હેરાન કરી શકતું નથી. પણ પાંખ વિના એની બૂરી દશા થાય છે, તેમ મારી દશા પણ પાંખ વિનાના પક્ષી જેવી બની ગઈ છે, બીજુ

વાત :–જો રાજા પોતાના સૈન્ય સહિત યુદ્ધમાં જાય તો જલ્દી પરાજય પામતો નથી, પણ સૈન્ય વિનાનો એકલો રાજા જલ્દી પરાજિત બને છે.

ત્રીજી વાત :–જેમ ધન વિના વણિક વહાણમાં મુસાફરી કરતો હોય અને તેમાં પણ જો વહાણ દરિયામાં ડૂબી જાય તો તે અત્યંત દુઃખી દુઃખી થઈ જાય છે. એની મુંઝવણનો પાર રહેતો નથી. એવી રીતે હું પણ પુત્રો વિના દુઃખી થઈશ અને મારે પણ પુત્રો વિના આવા કષ્ટો વેઠવાનો વખત આવશે, તેના કરતાં દીક્ષા લઇ લેવી શું ખોટી ? દેવાનુપ્રિયો ! તમને કદી આવો વિચાર આવે છે ? પુત્રોની પાછળ બાપ તૈયાર થઈ ગયો. આપણા સ્થાનકવાસી સમાજમાં તો આખા કુટુંબ બહુ જ ઓછા નીકળે છે. પણ દેશવાસીમાં તો માતા–પિતા–પુત્રો અને પુત્રીઓ સામટા એક ઘરમાંથી દીક્ષા લઈને સંયમ માર્ગે ચાલી નીકળે છે. અને સંયમમાં રમણતા કરતા હોય છે. સંયમનો આનંદ ઓર છે. હવે તો ચાતુર્માસ પૂર્ણ થવા આવ્યું છે. રાજગ્રહીનગરીમાંથી એક વીર તો વીરને માર્ગે જવા તૈયાર બનો. તો મને પણ આનંદ આવે કે એક વીર તો જાગ્યો. અને વીતરાગવાણી અંતરમાં ઉતારી. જે જાગશે તેનું જીવન સફળ થશે. ભૃગુ પુરોહિતે એની પત્નીને આ પ્રમાણે કહ્યું. હવે એની પત્ની યશા શો જવાબ આપશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં....૯૦

આસો વદ ૪ ને રવિવાર તા. ૧૮–૧૦–૭૦

જગતના જીવોના આત્મ કલ્યાણને અર્થે, પરમતારક પરમાત્માએ જગતના જીવો સાચું સુખ કેમ પ્રાપ્ત કરે, એટલા માટે અનુકંપા કરીને શાસ્ત્ર સિદ્ધાંત રૂપી વાણીનો પ્રવાહ વહાવ્યો. મહાન પુરૂષો દાંડી પીટાવીને કહે છે કે દુર્લભમાં દુર્લભ જો કોઈ ભવ હોય તો માનવભવ છે. આવો ઉત્તમ માનવભવ પ્રાપ્ત કરીને જેને મેળવવા માટે મથી રહ્યા છો, જેની પાછળ દોડા દોડી અને કાળા ધોળા કરી રહ્યા છો એ પરિગ્રહનો પોટલો તમારી સાથે આવવાનો નથી. આ બધું અહીં જ છોડીને જવાનું છે.

મનુષ્યભવમાં જીવને જેમ પુણ્યથી આરાધનાની સામગ્રી મળી છે તેમ પુણ્યના યોગે સંસાર સુખની સામગ્રી પણ મળી છે. તો હું તમને પૂછું છું કે એ બંને સામગ્રી-માંથી તમને અધિક પ્રેમ કોના ઉપર છે ? સંસાર સુખની સામગ્રી ઉપર કે આરાધનાની સામગ્રી ઉપર ? સંસાર સુખની સામગ્રી એટલે તમે સમજો છો ને ? પૈસા મળવાં, બંગલા

સ્ત્રી, પુત્ર-પરિવાર-ખાન-પાન આદિ મળવાં તે સંસારના સુખની સામગ્રી કહેવાય છે. અને સદ્‌ગુરૂનો યોગ, જિન પ્રરૂપિત ધર્મ, શાસ્ત્ર શ્રવણનો યોગ, આ બધી આરાધનાની સામગ્રી છે. હવે તમારા આત્મદેવને પૂછો કે તને કઈ સામગ્રી ગમે છે? સંસારના સુખની સામગ્રીમાં તમે જે આનંદ માનો છો તે બરોબર વાસ્તવિક સુખની સામગ્રી નથી. મોહાંધ આત્માઓ જ સંસારના સુખની સામગ્રીમાં આનંદ માને. જ્ઞાનીને એમાં આનંદ ન હોય. તમે મનુષ્યભવ પામીને પૈસા ટકા અને કુટુંબ પરિવાર માટે શું શું કર્યું? અને વીતરાગ દેવ, નિગ્રંથગુરૂવરો, અને ત્યાગમય શાસનની સેવા માટે શું શું કર્યું? અહીં જ સમજાઈ જાય છે કે તમને વધારે પ્રેમ શેમાં છે? અંતરના ઉંડાણમાંથી વિચાર કરશો તો તમને સમજાશે કે સંસારની સુખ સામગ્રી મેળવવા માટે, પરિગ્રહના પથારા વધારવા માટે મેં મારું જીવન વીતાવી દીધું. જ્યારે ધર્મ સામગ્રી માટે હજુ મેં કંઈ જ કર્યું નથી. આ રીતે હ�ૃદયના મંથનપૂર્વકની વિચારણા એ પણ ધર્મપ્રાપ્તિની પૂર્વભૂમિકા છે.

દેવાનુપ્રિયો! તમે આત્માને રોજ પૂછો કે તેં માનવભવ પ્રાપ્ત કરીને આત્માને કર્મના બંધનોથી છોડાવવા માટે શું કર્યું? તમે એક વાત નક્કી કરી લેજો કે આરાધનાની સામગ્રીનો સદુપયોગ કરવાથી નિયમા સદ્‌ગતિ છે, અને સંસાર સુખની સામગ્રીમાં, આરંભ સમારંભમાં પાગલ બનવાથી નિયમા દુર્ગતિ છે, માટે કંઈક સમજો. પૂર્વે શુભ કર્મો કરીને આવ્યાં છો તો આ ભવમાં પામ્યા છો. પુણ્યનાં શુભ ફળ ભોગવવા ગમે છે પણ પુણ્ય કેવી રીતે થાય છે તેની ખબર નથી.

पुण्यस्य फल मिच्छन्ति, पुण्यं नेच्छन्ति मानवाः ।
पापस्य फलं नेच्छन्ति,, पापं कुर्वन्ति सादराः ॥

આજે મોટા ભાગના મનુષ્યો પુણ્યનાં શુભ ફળો ઈચ્છે છે, પણ પુણ્ય કરવું ગમતું નથી. પાપમાં રકત રહેવું છે, પાપ કરવા છે પણ પાપનાં અશુભ ફળ ભોગવવા ગમતા નથી. બાવળ વાવીને કેરીની ઈચ્છા રાખવી છે તે કયાંથી બને? બાવળ વાવવાથી તો કાંટા જ મળે ને? આ ભવમાં પાપ, કર્યા જ કરો તો કર્મરૂપી કંટકો જ વાગવાના છે. તમે નજરે જ દેખો છો ને કે કંઈક સુખી છે ને કંઈક દુઃખી છે. આ બધી પુણ્ય પાપની લીલા છે. માટે સમજીને મમતા છોડો. મમતા તો કેટલી બધી છે! અમારી બહેનો ઉપાશ્રયમાં આવે ત્યારે કેડે ચાવીઓનો મોટો ઝૂડો ભરાવીને આવે છે. મને તો એમ થાય છે કે આને ભાર પણ નહિ લાગતો હોય! (હસાહસ). (સભા :-ભાર કયાંથી લાગે! મમતા છે ને!) કંઈક સમજો. બહુ મમતા રાખશો તો પાછળથી દુઃખી થવું પડશે. કદાચ એ ઝૂડો ઘેર રહી ગયો અને અહીં આવીને સામાયિક લેવાઈ ગઈ. કેડે નજર ગઈ તો ઝૂડો બાથરૂમમાં રહી ગયો, તો સામાયિકમાં પણ ઉત્પાતનો પાર નહિ. વહુના

હાથમાં જતો રહેશે તો ! અહીં સંવરના ઘરમાં આવીને પણ મમતા છૂટતી નથી. મને તો તમારી દયા આવે છે કે આ મારા મહાવીરના સંતાનોનું શું થશે ? હા,સાથે લઇ જવાનું હોય તે આટલી બધી મમતા રાખો તો ઠીક છે, પણ આ તો બધું અહીં જ રહેવાનું છે. તમારા કરેલાં કર્મો જ તમારી સાથે આવવાના છે. ખુદ ભગવાન મહાવીર સ્વામીને પણ કર્મે છોડયા નથી. વાસુદેવના ભવમાં શૈયાપાલકના કાનમાં સીસું રેડાવ્યું હતું તો મહાવીર પ્રભુના ભવમાં કાનમાં ખીલા ભોંકાણા. ભગવાનના કાનમાં ખીલા ભોંકાયા પણ એક સ્ક્રેજ ચીસ સરખી પાડી નથી. એ આપણને બતાવે છે કે હે જીવ ! તેં કર્મ કરતી વખતે વિચાર કર્યો નથી. હવે ભોગવતી વખતે શા માટે દુઃખ ધરે છે ?

મનુષ્ય ભવમાં કર્મનાં દેણાં પતાવવાનો અમૂલ્ય અવસર છે. સાતમી નરકે જવાના કર્મો પણ મનુષ્ય બાંધે છે અને મોક્ષમાં પણ મનુષ્ય જઈ શકે છે. મનુષ્ય કર્મ બાંધવામાં શૂરવીર છે અને કર્મ તોડવામાં પણ શૂરવીર છે. માટે મનુષ્ય ભવની અમૂલ્ય ઘડીને ઓળખો. આવો સમય ફરી ફરીને નહિ મળે. પાછળથી પસ્તાવાનું ન થાય. અણસમજમાં જીવે કંઇ ન કર્યું પણ સમજણના ઘરમાં આવે ત્યારે જીવની દશા પલટાઈ જાય છે.

શારદાપૂજન વખતે તમે ચોપડામાં લખશો 'મને શાલિભદ્રની ઋદ્ધિ મળજો' પણ એવું કોઈ વખત લખો છો ખરા કે મને પાંચ મહાવ્રત મળજો ! જેની રમણુતા હોય એજ યાદ આવેને ? પંચ મહાવ્રતની રમણુતા તમારા દિલમાં છે ? ભગવાનનો શ્રાવક ભોગનો ભિખારી ન હોય. પ્રભાતના પહોરમાં ઉઠીને શ્રાવક કેવી ચિંતવણા કરે ? હે ભગવંત ! હું કયારે આરંભ પરિગ્રહનો ત્યાગ કરીશ ? હું કયારે મહાવ્રતધારી સાધુ બનીને ત્યાગ-માર્ગમાં આવીશ ? અને અંતિમ સમયે આલોવી પડિક્કમી, નિંદી નિસલ્લ થઇને સંથારો કરીશ ? આવો અપૂર્વ અવસર કયારે આવશે ? આ અવસરની રાહ જોતો હોય, અને તમે કેવી ભાવના ભાવો છો. આ દેહ ત્યાગ માટે મળ્યો છે ભોગ માટે નહિ. ધન સન્માર્ગે વાપરવા માટે મળ્યું છે, સંગ્રહ કરવા માટે નહિ. મુખ્ય કહેવાની વાત એ છે કે શાલિભદ્રની ઋદ્ધિ માંગો છો પણ એ શાલિભદ્રે પૂર્વભવમાં શું કર્યું હતું એ જાણો છો ? આગલા ભવમાં તો એ ભરવાડનો પુત્ર હતો. અને સંતને, માગી તાગીને બનાવેલ ખીર ઉત્કૃષ્ટ ભાવે વહોરાવી હતી. એ તો તમે સૌ જાણો છો. પણ ભરવાડના આગલા ભવમાં એ કોણ હતો એ નહિ જાણતાં હો.

ભરવાડના આગલા ભવમાં શાલિભદ્રનો આત્મા એક સમૃદ્ધ શેઠ હતો. પૂર્વના પુણ્યોદયે તેનો વૈભવ છલકાઈ રહ્યો હતો. પણ તે એવો કંજુસ હતો કે "ચમડી તૂટે પણ દમડી ન છૂટે" એક રાતી પાઈ પણ સન્માર્ગે વાપરતો ન હતો. ઘરમાં પણ સુખે ખાય નહિ અને ઘરનાને ખાવા દે પણ નહિ. પોતે સુખે ન ખાય તો બીજાને કયાંથી આપે ? હતો તો શ્રાવક પણ એને ઘેર કદી સંતના પગલાં થતાં ન હતાં. તો પછી

સ્વધર્મી બંધુની ઐંઠ તો પડે જ ક્યાંથી? ફાળામાં પણ પૈસા આપતો નહિ. એટલે એને ઘેર સંઘ મહાજનનાં પગલાં પણ થતાં નહિ. બધાનું ખાવામાં સમજ્યો હતો પણ કોઈને ખવડાવવામાં સમજ્યો ન હતો. એટલે સહુ એને કંજુસીયો કહેતાં હતાં.

આ શેઠને ચાર પુત્રો હતાં. પુત્રો પણ પરણેલાં હતાં. આવું મોટું કુટુંબ હતું. એક વખત આ શેઠના સૌથી નાના પુત્રની વહુ ઉતાવળી કોઈ કામ પ્રસંગે બહાર જઈ રહી હતી. રસ્તામાં એક ડોશીમાને એની હડફેટ લાગી. એટલે ડોશીમાએ મ્હેણું માર્યું કે શું તારા સસરાએ સંઘ કાઢયો છે કે સ્વામી વાત્સલ્ય કર્યું છે! તે આટલી બધી રૂઆબથી ચાલે છે? ડોશીના વચન નાની પુત્રવધૂને હાડ–હાડ લાગી ગયાં. તેણે ઘેર આવીને પોતાની જેઠાણીઓને વાત કરી અને કહ્યું કે ગમે તેમ થાય, પણ સ્વામી–વાત્સલ્ય કરો. જેઠાણીઓએ એમના પતિને વાત કરી. બધાને મનમાં તો દુઃખ થયું પણ સ્વામી વાત્સલ્ય કરવું કેવી રીતે? જ્યાં એક રૂપિયો વપરાઈ જાય ત્યાં બાપને હાય લાગી જાય છે, તો સ્વામી વાત્સલ્ય કરીએ તો હાર્ટફેલ જ થઈ જાય ને? નાની વહુ કહે છે ગમે તેમ કરો પણ સ્વામી વાત્સલ્ય કરો તો જ હા, નહિતર મારે આ ઘરના અન્નપાણી હરામ છે. આ તો હઠ લઈને બેઠી પુત્રો મૂંઝાયા. કરવું શું?

બધા પુત્રોએ ભેગા મળી નિર્ણય કર્યો કે પિતાજીને જાણ થવા ન દેવી અને ગુપ્ત રીતે સ્વામીવાત્સલ્ય કરવું. ગુપ્ત રીતે બધી વસ્તુઓ મંગાવી, બાજુના ઘરમાં રસોઈ બનાવડાવી. મીઠાઈ સુખડીયાની પાસે બારોબાર બનાવડાવી. અને સંઘમાં બધે જમવાનું આમંત્રણ આપ્યું. લોકો પણ આશ્ચર્ય પામી ગયા કે આ શું? કંજુસીયા કાકા આજે સંઘ જમાડે છે! જમણનો સમય થયો. તે વખતે છોકરાઓએ એવી ગોઠવણ કરી કે બાપને મકાનને પાંચમે માળે બેસાડી બે ત્રણ મુનિમોને સાથે લઈને ચોપડા તપાસવાનું કામ કાઢયું. બે છોકરાઓ જમણની વ્યવસ્થામાં રોકાયા અને બે જણા બાપની પાસે બેઠા. બાપ નામાના ચોપડા તપાસવામાં તલ્લીન છે. પણ આખા સંઘનું માણસ આંગણામાં જમવા બેસે, વાસણ ખખડે એ કંઈ થોડું છાનું રહે? જમણ પીરસાય છે. પીરસનારા બોલે છે, શિખંડ–પુરી–મોહનથાળ....અને જમનારા પણ બોલે છે, મને શિખંડ આપો, ખમણ આપો. આ બધો અવાજ શેઠના કાને આવ્યો. શેઠ કહે છે બેટા! આપણા આંગણામાં આ બધો અવાજ શેનો આવે છે? જાણે આપણે ઘેર જ જમણવાર ન હોય! શિખંડ ને મોહનથાળ. આ બધું કોણ બોલે છે? દીકરો કહે છે બાપુજી! કોઈ નથી બોલતું. એ તો તમને ભ્રમ છે. તમે તો ચોપડા તપાસો. શેઠ કહે ઠીક. ચોપડા તપાસવા લાગ્યા. પાંચ–દશ મિનિટ થઈ ને ખૂબ અવાજ આવ્યો. હવે ભાત–દાળનો અવાજ આવવા લાગ્યો. આ શેઠને ચેન પડતું નથી. દીકરા, ગમે તેમ હોય પણ કંઈક છે, મને અગાશીમાં જઈને જોવા દે. દીકરો કહે છે બાપુજી! અમે આટલા મોટા થયા પણ આપણા ઘરમાં

તો દાળ હોય તો શાક ન બને. અને શાક હોય તો દાળ નહિ. તો આપણા ઘરમાં શિખંડ, પુરી ને મોહનથાળ ક્યાંથી બને ? અને આપણે કયાં કોઈ દિવસ કોઇને જમાડીએ છીએ ! એ તો કોઈના ઘરમાંથી અવાજ આવતો હશે. એમ કહી શેઠને બેસાડયાં. અવાજ તો વધતો ગયો. ફરીને શેઠ ઉઠયાં. અને અગાશીમાં આવ્યા તો પોતાના આંગણામાં જ જમણવાર છે. અને પોતાના પુત્રો જ બધો કારભાર કરે છે. અહ્યા....આ તો આપણા ઘેર જ જમણવાર કયોં લાગે છે. અને મને કેમ કોઈ કંઈ કહેતા નથી ? પુત્ર કહે છે પિતાજી ! માફ કરો. આપણે આખા ગામનું બાધું છે પણ કહી કોઇને આપણે જમાડયાં નથી. અને આ પ્રમાણે બધું બન્યું છે, પણ આપને કહીએ તો આપ તો હા પાડો જ નહિ. એટલે અમે આ રીતે આપનાથી છાનું આ કાર્ય કર્યું છે.

પુત્રની વાત સાંભળી શેઠના મનમાં અફસોસ થયો. અહો ! ધિક્કાર છે મારી લોભ-વૃત્તિને ! હું બાવામાં સમજ્યો પણ કોઇને બવડાવવામાં ન સમજ્યો.

હું ઢોંગ કરું છું ધર્મીનો, પણ ધર્મ વસ્યો ના હૈયામાં,
બેહાલ ભલે ફરતી દુનિયા, મારે સૂવું સુખની શય્યામાં....અરે ઓ રે.

શેઠને ખૂબ પસ્તાવો થયો. અહો ! હું શ્રાવક નામ ધરીને બેઠો. પુણ્યથી લક્ષ્મી પામ્યો, પણ કોઈ ગરીબની સંભાળ ન લીધી. કંઇક બિચારા માનવો ફુટપાથ પર બેહાલ બનીને સૂતા હશે અને હું તો સુખની શય્યામાં આનંદ માનું છું. ખરેખર, આજ સુધી મેં બધાનું બા બા કર્યું પણ કોઇને બવડાવવામાં ન સમજ્યો, ત્યારે પુત્રવધુને મ્હેણું માર્યું ને ? અને મારા પુત્રોને મારાથી છાનું આ કામ કરવું પડયું ને ? મેં પહેલેથી ઉદારતા કરી હોત તો આમ ન બનત. ઘરે જમણવાર ને મને છોકરાઓએ ચોપડા તપાસવા બેસાડયો ! આ મારી કંજુસાઇને કારણે છોકરાઓને આ રમત રમવી પડી ને ? શેઠને ખૂબ પશ્ચાતાપ થયો.અરે હું કેવો કમભાગી ! મેં મારી જિંદગીમાં કદી સ્વધર્મીની સેવા ન કરી, સંતને સુપાત્રે દાન ન દીધાં એમ પશ્ચાતાપ કરે છે. ત્યાં સામેથી પંચમહાવ્રતધારી સાધુઓનું ટોળું આવતું જોયું. સંતને જોઇને શેઠને એવો ઉત્કૃષ્ટ ભાવ આવી ગયો કે હવે જલ્દી સંતને બોલાવી લાવું અને મારા હાથે દાન દઉં. મારા હાથ પાવન કરું. એવી ભાવનાનો કુવારો ઉડયો કે શેઠ સંતને બોલાવવા દોડયાં. ચાર સીડી ઉતરીશ ત્યાં સંત દૂર નીકળી જશે. સંતને તો અનેક ભાગ્યવાન શ્રાવકો વહોરાવનાર છે. એ મારા ઘર ઉપર બેઠા નથી. જલ્દી ઉતરવા જતાં ભાન ભૂલ્યા. પગથીયાં ભૂલી ગયા ને દાદરેથી શેઠ પડી ગયાં. પડયા તેવા જ પ્રાણ ઉડી ગયાં. દાન દઈ શકયાં નહિ, પણ દાન દેવાની ઉત્કૃષ્ટ ભાવના રહી ગઈ. તે ભાવનામાં મૃત્યુ પામીને ભરવાડને ઘેર જન્મ પામ્યાં અને ત્યાં પણ અંતિમ સમયે માસખમણના પારણે ઉત્કૃષ્ટ ભાવે સંતને ખીર વહોરાવે છે, તેના પ્રભાવે એ શાલિભદ્ર બને છે.

દેવાનુપ્રિયો ! આ જન્મના વિચારો આવતા જન્મનું ખાતર બને છે. એટલે આ ભવમાં જેવી ભાવનાઓ કરી હોય છે અને તે પૂર્ણ ન થાય તો આવતા ભવમાં એવી જ ભાવના સ્ફુરે છે. જો તમે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરવાની ભાવના કરી હોય અને બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું નથી અને આયુષ્ય પૂર્ણ થઈ ગયું તો આવતા ભવમાં સહેજે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરી શકશો. સંયમ લેવાની ભાવનામાં મૃત્યુ આવી ગયું હશે તો આવતા ભવમાં સહેજે સંયમની ભાવના થશે અને સંયમ માર્ગે પ્રયાણ કરી શકશો, પણ આખી જિંદગી હાય પૈસો ને ઓય પૈસો જ કર્યો હશે, આખી જિંદગી ભોગમાં જ વ્યતીત કરી હશે તો બીજા ભવમાં પણ તેના જ ભણકારા વાગવાના. અને પૈસાને સાચવવા ફૂંફાડા મારતા નાગ થશો. માટે મમતા ન રાખો. સંસારમાં રહેવા છતાં અનાસક્ત ભાવે રહો. શાલિભદ્ર સ્વર્ગ જેવા સુખ ભોગવતો હતો. બત્રીસ કન્યાઓનો સ્વામી બન્યો હતો. પણ એમ ખબર પડી કે મારે માથે નાથ છે ? ત્યાં અપ્સરા જેવી બત્રીશ કન્યાઓનો મોહ પલવારમાં છોડી શૂરવીર બનીને નીકળી ગયો. એને મળ્યું હતું છતાં છોડીને નીકળી ગયો. અને તમને નથી મળ્યું પણ એને મેળવવા ફાંફા મારો છો. પણ એક દિવસ છોડયા વિના છૂટકો નથી.

જે છ જીવોનો અધિકાર ચાલે છે તેમાં દેવભદ્ર અને જશોભદ્ર એક જ વખતના સંત દર્શનથી જાગી ગયા છે. પુત્રોના વૈરાગ્યથી પિતા પણ વૈરાગ્યના રંગે રંગાઈ ગયા છે. એને પણ સંસારનું સ્વરૂપ સમજાઈ ગયું છે. એટલે ત્યાગ માર્ગે જવા તૈયાર થઈ ગયા. સ્વાધીનપણે છોડવામાં જ મઝા છે. જો અત્યારે નહિ નીકળું તો જ્યારે ત્યારે મરી જઈશ ત્યારે મને આડો પાડીને ઘરની બહાર કાઢશે, તેના કરતાં ઉભા ઉભા નીકળી જવું શું ખોટું ? બંધુઓ ! જે ઉભા ઉભા બહાદુર બનીને નીકળી જાય છે તે આત્માના મહાન સુખોને પામે છે. અને જે આડો નીકળે છે એ તો કર્માનુસાર વિવિધ ગતિઓમાં ભ્રમણ કરે છે. ઉભા ઉભા ઘર છોડે છે એની મહત્તા છે. આડા નીકળે એની કોઈ મહત્તા નથી. ભૃગુ પુરોહિત એની પત્નીને કહે છે હે યશા ! જેવી રીતે પાંખ વિનાના પક્ષીને કૂતરા ને બિલાડા વીંખી નાખે છે, તેથી તે ઉડી શકતું નથી અને મરણને શરણ થાય છે. એકલો સૈન્ય વિનાનો રાજા રણમેદાનમાં શત્રુના પંજામાં સપડાઈ જાય છે. અને વહાણમાં મુસાફરી કરનાર વહેપારી પૈસા વિના દુઃખી થાય છે તેમ પુત્ર વિના મારી પણ એવી દશા થશે, માટે મારે આ સંસારમાં રહેવું નથી. મને આ સમૃદ્ધિથી ભરેલા મહેલ જેલ જેવા લાગે છે. મને આ સંસારમાં ક્ષણવાર રહેવું ગમતું નથી.

ભૃગુ પુરોહિતને સંસાર શૂન્ય લાગે છે. એને સર્વસ્વ સુખ સંયમમાં જ દેખાવા લાગ્યું. જ્યારે જીવનમાં જાગૃતિ આવે છે ત્યારે એનું જીવન પલટાઈ જાય છે. એક વખત એ જ ભૃગુ પુરોહિત એના પુત્રોને કેવા જવાબ આપતો હતો ? પુત્રોને સંસારમાં રોકવા

માટે કેટલા પ્રયાસો કર્યા. અને હવે એને મન જ સંસાર અસાર લાગ્યો. જેમ કુંભારનો નીભાડો સળગતો હોય તે વખતે શું કોઈ માણસ નીભાડા પાસે ઉભો રહી શકે છે ? 'ના' નીભાડા પાસે ઉભા રહેતા ગાળ લાગી જાય છે. આંખો પૂરાઈ જાય છે. એટલે નીભાડા પાસે કોઇ પણ ઉભા રહી શકતા નથી. તેમ જેને આ સંસાર કુંભારના નીભાડા જેવો લાગે તે ઘડી પણ રોકાઈ શકે ? વૈરાગીને નછૂટકે સંસારમાં રહેવું પડે તો રહે પણ એ ખાય-પીવે-હરે-ફરે, સંસારનો વ્યવહાર ચલાવે પણ એમાં એને આનંદ ન હોય. એને તો ત્યાગમાં જ આનંદ આવે છે. જુઓને ! આ દિવાળી આવી છે. એટલે રવિવારનો દિવસ છે તો પણ કંઈક ભાઈઓને ઉતાવળ લાગે છે. તમે વીતરાગવાણી સાંભળી સાંભળીને ધરાઇ ગયા લાગો છો કે એક કલાક પણ શાંતિથી વીતરાગવાણીનું પાન કરી શકતા નથી ! તમે કોઈ ફંકશનમાં જાવ છો તો ત્યાંનો કાર્યક્રમ પૂરો ન થાય ત્યાં સુધી ઉઠો છો ખરા ? અને અહીં જ બધું ચલાવી લો છો. મોડા આવો ને વહેલા ઉઠી જાવ. આ બધી પોલ અહીં ચલાવો છો. આ જ બતાવે છે કે તમને વીતરાગવાણીમાં કેટલી રૂચી છે ! તમે તો એવા હોંશીયાર છો કે સાધુ વ્યાખ્યાન ન વાળે તો તમે ચેતવણી આપો. સામાયિક પાળવા માંડો. પથરણું વીંટી દો. અને પછી અવસરે કહેવાશે એની રાહ જુવો છો. કેમ, આ વાત બરાબર છે ને ? (હસાહસ)

ભાવભેદ અવસરે કહેવાશે કે વાણીયો વીંટી પથરણું ઝટ ભાગશે,
દુકાને બેસી છેતરે ઘરાકને, સ્થાનકમાં ગુરૂને છેતરે,
એવા ભકતોથી ભગવાન થાકે તો સાધુથી કેમ સમજાશે....કે....
વાણીયો વીંટી પથરણું ઝટ ભાગશે.

મારા વીરો ! તમે તો આવા નથી ને ? થોડી શાંતિ રાખો. તમે ઉપાશ્રયમાં દાખલ થાવ છો ત્યારે નિસિહિ-નિસિહિ બોલો છો. પાપનો ત્યાગ કરી આશ્રવને છોડી સંવરના ઘરમાં આવીને બેસો છો. એટલી વારમાં તો શાંતિથી બેસો. બે ઘડીની સામાયિકમાં તમે ચૌદ રાજલોકના આશ્રવને રોકી દો છો. જે ભાઈઓ ઉઠે છે એની એકની જ આ વાત નથી, પણ જે ભાઈઓ અહીં આવીને કલાક બેસે છે પણ સામાયિક કરતા નથી. તેઓ ખરેખર, પોતાનો અમૂલ્ય લાભ ગુમાવે છે. કલાક બેસવું જ છે. તો સંવરમાં શા માટે નથી આવતા ? કંઈક શ્રાવકો એવા ઉપયોગવંત હોય છે કે જમી લે. અને પાણી પીને તરત જ ચૌવિહારના પ્રત્યાખ્યાન કરી લે છે. એક કલાક, બે કલાક, ત્રણ કલાક, પોતાની શક્તિ પ્રમાણે પ્રત્યાખ્યાન કરે છે. કારણ કે આખો દિવસ કંઈ ખાવાનું કે પાણી પીવાનું હોતું નથી. તો શા માટે પ્રત્યાખ્યાન ન કરવા ? તમારા પૈસા વ્યાજે મૂકો તો વ્યાજ મળે અને ઘરમાં પડયા રહેતો વ્યાજ ન મળે. તમે તો મુડીનું વ્યાજ જવા દો તેમ નથી. ત્યાં તો બધે હોંશિયારી વાપરો છો. પણ આત્માના કામમાં જ કાયર છો. તમારા વહેપારમાં ગમે

તેડલી છેતરપિંડી કરો, લેણસેળ ચલાવો, ધરાકને છેતરો પણ અહીં તમારી એ ચાલાકી નહિ ચાલે. કદાચ અહીંથી તમે હોંશિયારી વાપરી છૂટી જશો પણ કર્મરાજાના સકંજા-માંથી નહિ છૂટી શકો. ત્યાં તો પાઈ પાઈનો હિસાબ ચૂકવવો પડશે.

એક વૃદ્ધ ડોશીમા હતાં. એને સંતાન ન હતાં. પોતે એકલા હતાં. એને થયું કે આ દાગીના અને રાચરચીલું મારે એકલીને બહુ શું કરવું છે? જરૂરિયાત પૂરતી ચીજો રાખીને, દાગીના વિગેરે વેચીને ડોશીમાએ પૈસા ભેગા કર્યા. કુલ રૂપિયા ૩૦,૦૦૦ની રકમ ભેગી કરીને એક ધનવાન શેઠને ત્યાં થાપણ તરીકે મૂકી. દર મહિને ૩૦૦ રૂ. વ્યાજ મળે તેમાં ડોશીમા પોતાનું ગુજરાન ચલાવતા હતા. વર્ષો સુધી આ રીતે ચાલ્યું. છેવટે ડોશીમા ખૂબ વૃદ્ધ થઈ ગયા એટલે શેઠને કહે છે શેઠજી! હવે મને મારા રૂપિયા ૩૦,૦૦૦ (ત્રીશ હજાર) વ્યાજ સહિત પાછા આપી દો, કારણ કે હવે મારી ઉંમર થઇ ગઈ છે. કયારે કાળ રાજાની સ્વારી આવશે તેની ખબર નથી. મારે કોઈ ખાનાર નથી, તો મારા હાથે જ પૈસા દાન-પુણ્યમાં વાપરી નાખું.

આ વખતે શેઠને નાણાંની ભીડ હતી. એટલે કહયું : માજી! હજુ તો તમે એકદમ મરવાના નથી. પૈસા છૂટા થશે એટલે બે ચાર મહિનામાં આપી દઈશ. પાછળથી શેઠની દાનત બગડી. એના મનમાં વિચાર આવ્યો કે ડોશીમા તો એકલા જ છે. આટલી મોટી રકમ લાઇને ઉઠાડી દેશે. એના કરતાં એ મરી જાય તો બધી રકમ મારે ઘેર રહેશે. માટે દિવસ ભલે લંબાતા. ડોશીમા તો પૈસાની માંગણી કર્યા કરતા ને શેઠ બે દિવસમાં આપીશ, ચાર દિવસમાં આપીશ એમ વાયદા આપતા ગયા. છેવટે ડોશી તો દેવલોક પામ્યા. ડોશીના મૃત્યુના સમાચાર સાંભળી શેઠને ખૂબ આનંદ થયો. ત્રીશ હજાર રૂપિયાની ગાંસડી એમ ને એમ મળી ગઈ. ઘેર જઈને એની પત્નીને કહે છે, આજે તો કંસાર બનાવ. ખૂબ આનંદ નો દિવસ છે. કારણ કે હું કંઈ ચોરી કરવા ગયો નથી. અન્યાય કર્યો નથી. ડોશીમા મરી ગયા ને એના રૂપિયા મળ્યા છે. આ શેઠે પોતાની ભૂલને ભૂલ તરીકે ન માનતાં સદ્‌ગુણ માન્યો. હવે એ આગળ કયાંથી આવી શકે!

શેઠને આનંદનો પાર નથી. થોડા મહિના પછી શેઠના ઘેર પુત્રનો જન્મ થયો. શેઠ કહે છે મારે માટે આ નવું વર્ષ સારું બેઠું છે. આ વર્ષે તો લાભ-લાભ ને લાભ છે. એક તો પૈસા મળ્યાં. પુત્ર ન હતો તે પુત્ર મળ્યો. ખૂબ લાડકોડે પુત્રને ઉછેર્યો. મોટો થતાં એને પરણાવ્યો. ઘરમાં વહુ આવી. પરણ્યાની પહેલી રાત્રે જ આ યુવાન પુત્રને એકાએક પેટમાં શૂળનો રોગ થયો અને એકનો એક પુત્ર મરી ગયો. શેઠ શેઠાણી ખૂબ કલ્પાંત કરે છે. અરેરે....દીકરા! તારે આમ જ ચાલ્યા જવું હતું તો શા માટે પરણ્યો? અમને ઘડપણમાં આ થાપણ સાચવવાની મૂકીને ગયો! પુત્રના વિયોગે ખૂબ ઝૂરે છે. શેઠની જિંદગી ઝેર જેવી થઈ ગઇ. જીવનમાં હવે કાંઈ રસ ન રહ્યો. સહુ સગાં સ્નેહીઓ

શેઠને આશ્વાસન આપવા આવ્યા અને કહેવા લાગ્યા કે કુદરત ક્રૂર છે. ભગવાને ઘડપણમાં તમને અન્યાય કર્યો. મોટી ઉંમરે તમારા એકના એક યુવાન દીકરાને છીનવી લીધો. શેઠ ખૂબ રડે છે. હવે એને કયાંય ચેન પડતું નથી. પુત્રને ગુજરી ગયા થોડા દિવસ થઈ ગયા.

એક દિવસ શેઠના વૃદ્ધ મુનિમજી શેઠની પાસે બેઠા છે. તે વખતે શેઠે કહ્યું– મુનિમજી ! મને તો હવે ભગવાન ઉપર પણ શ્રદ્ધા નથી. ધર્મમાં પણ મારું મન લાગતું નથી. મને જીવન ઝેર જેવું લાગે છે. સમય જોઈને મુનીમજી કહે છે શેઠજી ! જો આપને ખોટું ન લાગે તો એક વાત કહું. વાત કડવી પણ સત્ય છે. શેઠે કહ્યું– સાચું હશે તો મને ખોટું નહિ લાગે. વિના સંકોચે કહો. મુનિમજીએ જૂનો ચોપડો ખોલીને કહ્યું– જુઓ, આ તારીખે ડોશીમાએ આપણે ત્યાં ત્રીશ હજાર રૂપિયા જમા કરાવ્યા હતા. ત્યાર બાદ આટલા વખત પછી ડોશીમા મરી ગયા. એ ડોશીના ગયા પછી બરાબર નવ મહિને આપને ત્યાં પુત્રનો જન્મ થયો છે. એ મૂડીનું વ્યાજ આટલું થયું. હવે હિસાબ જોશો. પુત્રને ઉછેર્યો, ભણાવ્યો, ગણાવ્યો, પરણાવ્યો અને મરી ગયો ત્યાં સુધીના ખર્ચનો સરવાળો માંડશો તો એ ડોશીની વ્યાજ સહિત મૂડીનો હિસાબ ચૂકતે થઈ જશે. સરવાળે એક પણ પાઈ વધતી નથી ને ઘટતી પણ નથી.

જે દિવસે દીકરો મરી ગયો તે જ દિવસે હિસાબ પૂરો થાય છે. શેઠજી ! પુત્રની પાછળ રડો છો, ઝૂરો છો પણ તમે એમ ન માનશો કે એ પુત્ર પ્રેમ આપવા કે તમારી સેવા કરવા આવ્યો હતો. એ તો ડોશીનો આત્મા હિસાબ લેવા આવ્યો હતો. એનું લેણું પતી ગયું એટલે એ ચાલ્યો ગયો. તમે ડોશીને અન્યાય કર્યો એના બદલામાં એ પત્નીને મૂકતો ગયો. હવે તમે જોયા કરો ને રોયા કરો. તમે માનતા હો કે ડોશીમાને છેતરી લીધા એટલે પતી ગયું. પણ કર્મ કોઈને છોડતા નથી. બીજે થોડી ભૂલચૂક ચાલશે પણ કર્મના ખાતામાં તો હિસાબ ચોખ્ખો જોઈશે. એક પાઈની પણ ભૂલ નહિ ચાલે. એકબીજાના સંબંધોની પાછળ અનેક પ્રકારનો ઋણાનુબંધ હોય છે. જીવે તો માત્ર દેવું જ ચૂકવવાનું છે. લેણદારો પતિરૂપે આવે, પત્નીરૂપે આવે, માતા–પુત્ર–ભાઈ–ભગિની, પાડોશી, મિત્ર કે ભાગીદાર રૂપે આવે, પણ દેવું ચૂકવાઈ ગયા પછી લેણદાર એક પળ પણ ઉભો નહિ રહે. લેણાં–દેણાં પતી જાય એટલે સૌ સૌના રસ્તે પડી જાય છે. માટે માણસ આકારને નહિ પણ એની પાછળ રહેલા નિરાકારને અનુભવે ત્યારે જ એને પોતાનું દર્શન થાય છે. અને પછી દરેક પરિસ્થિતિમાં સમત્વથી રહી શકે છે. મુનિમના કહેવાથી શેઠની આંખ ખુલી જાય છે, અને પોતાની ભૂલ સમજાતાં જીવનનો પલટો થઇ જાય છે.

અહીં પણ છ જીવોને પૂર્વનો ઋણાનુબંધી સંબંધ છે. એક પછી એકને જાગૃત કરે છે. બે પુત્રો ને પિતા જાગી ગયાં છે. હવે પત્નીને ભૃગુ પુરોહિતે કહ્યું કે મારે પણ

આ સંસારમાં રહેવુ નથી. પુત્ર વિના મને જીવનમાં આનંદ આવતો નથી. માટે આત્માનંદની મોજ માણવા હું પણ પુત્રોની સાથે જઈશ. હવે પત્ની શું કહે છે :-

सुसंभिया कामगुणा इमे ते, संपिण्डिया अग्गरसप्पभूया ।
भुंजामु ता कामगुणे पगामं, पच्छा गमिस्सामु पहाणमग्गं ॥ उ. अ. १४-३१

યશાભાર્યા કહે છે હે સ્વામીનાથ! આપણા ઘરમાં અનેક પ્રકારના મનોરંજક કામભોગ વિદ્યમાન છે. એ પણ પર્યાપ્તરૂપમાં છે. કોઈ જાતના સુખોની કમીના નથી. તો અત્યારે શા માટે દીક્ષા લેવી જોઈએ? આપણે બંને આ સંસાર સુખોને ભોગવીએ. યુવાવસ્થા પૂરી થઈ વૃદ્ધાવસ્થાનું આગમન થશે ત્યારે આપણે બંને જ્ઞાન-દર્શન અને ચારિત્ર રૂપ જે પ્રધાન-શ્રેષ્ઠ માર્ગ છે તેને ગ્રહણ કરીશું. આપે પુત્રોને ઘણું સમજાવ્યા છતાં તેઓ ન માન્યાં તો ભલે, એ બંને પુત્રો દીક્ષા લે, પણ આપણે હમણાં દીક્ષા લેવી નથી.

બંધુઓ! એકને સંસારનો રસ છે અને એકને ત્યાગનો રંગ લાગ્યો છે. જેમાં જેને રસ હોય તેને તેમાં આનંદ આવે. તમને સંસારનો આનંદ છે. તમે બધાં ભેગા થયા હો તો શી વાતો કરો? આપણી જ્ઞાતિમાં કયો મૂરતીયો સારો છે? કોનું ક્યાં વેવિશાળ જોડવાનું છે, વેપાર ધંધામાં કેવી તેજી છે, એવી વાતો કરો. સંતો ભેગા થાય તો જ્ઞાન ગોષ્ઠિ કરે. તત્ત્વના રસીક સ્વધર્મી બંધુઓ જો ભેગા થાય તો તત્ત્વની ચર્ચા કરે. અહીં તો ત્યાગી ને ભોગી ભેગા થયા છે. સૌ પોતપોતાની વાતનું સમર્થન કરે છે. અમે તો તમને ત્યાગના સુખની જ વાત કરીએ. ભોગની વાત જ આ માર્ગમાં ન હોય.

ભૃગુ પુરોહિતને ઘેર રજવાડા જેટલી સાહ્યબી હતી. છતાં જ્યારે આત્મા સમજણના ઘરમાં આવ્યો ત્યારે એને વૈભવ તુચ્છ લાગ્યાં. તમે તો આજે વૈભવથી છલકાઈ ગયાં છો. અને વૈજ્ઞાનિક શોધમાં એટલા અંજાઈ ગયાં છો કે જાણે અમારા જેટલું સુખ તો કોઈએ જોયું જ નથી. કંઈક બહેનોને ભાઈઓ કહે છે કે અમારા માતા-પિતાઓએ તો કંઈ જ સુખ જોયું નહિ. અમે તો સ્વર્ગના સુખ ભોગવીએ છીએ. બહેનો કહે છે કે મારા સાસુજી તો બિચારા માટીના ઘડા વડે કૂવામાંથી સિંચીને, માથે બેડા ઉપાડીને પાણી લાવતાં હતાં. અને અમે તો ચકલી ફેરવીએ ત્યાં ગંગા ને જમવા બેસવા લાગે છે. એ બિચારા કેટલો ધુમાડો સહન કરે ત્યારે ચૂલો ફૂંકી ફૂંકીને રસોઈ કરતાં હતાં, અને અમે તો સ્વીચ દબાવીએ એટલે ગ્યાસ ઉપર રસોઈ બને. ધૂમાડો પણ આંખમાં પૂરાય નહિ. ઘર પણ કાળું ન થાય. એમને તો જુદી જુદી તપેલીઓ ચઢાવવી પડતી ને અમે તો કુકર ચઢાવી દઇએ એટલે દાળ-ભાત-શાક તૈયાર થઈ જાય. એમને અજવાળું જોવા માટે ફાનસ સળગાવવું પડતું હતું તેમાં પણ કેટલી માથાકૂટ, કેરોસીન પૂરવું પડે, ચીમની ઉટકવી પડે, વાટ કાતરવી પડે, ત્યારે ફાનસ સળગે, ઉનાળામાં તાપ લાગે એટલે એરકંડીશન રૂમ-પંખા-આ બધી કેટલી સગવડ!! બિચારા જોયા વિનાં ચાલ્યાં

ગયા. એ બિચારી વડીલોની દયા ખાય છે. પણ સાચું કહું તો જેટલાં સાધનો વધ્યાં તેટલું બંધન વધ્યું છે. જેટલો સમય બચ્યો એટલો પ્રમાદ વધ્યો ને મોજશોખ વધ્યાં છે. પહેલાનાં માણસો શ્રમજીવી હતાં. સ્વાવલંબી હતા. આજે તમે કેટલા પરાધીન બની ગયાં છો ! આટલી નિવૃત્તિ હોવા છતાં ધર્મારાધના તો કરી શકતા જ નથી.

યશાભાર્યા ભૃગુ પુરોહિતને કહે છે સ્વામીનાથ ! પુત્રોને દીક્ષા લેવી હોય તો ભલે લઈ લે. આપણને સ્વર્ગ જેવાં જે કામભોગો પ્રાપ્ત થયાં છે તે ભોગવી લઇએ. એમ કહે છે પણ ભૃગુ પુરોહિતનો વૈરાગ્ય પતંગીયા રંગ જેવો ન હતો, કે ઘડી પૂરતો જ રહે. સમજણપૂર્વકનો મજીઠીયો રંગ હતો. હવે એ સંસારના સુખોમાં લેપાય તેમ નથી. અત્યાર સુધી પિતાએ પુત્રની કસોટી કરી. હવે પત્ની પતિની કસોટી કરે છે. હવે યશાભાર્યાને ભૃગુ પુરોહિત શો જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૬૧

આસો વદ ૫ ને સોમવાર, તા. ૧૯–૧૦–૭૦

ભૃગુ પુરોહિત સંયમ લેવા ઉત્સુક બન્યો છે. ભૃગુ પુરોહિત સંયમ શા માટે લે છે? તેનો સંયમ લેવાનો ઉદ્દેશ શો છે? મોક્ષમાં જવાનો. મોક્ષમાં કયારે જવાય? મોહને મારે તો મોક્ષમાં જવાય. મોહના અક્ષરો બે છે. મો એટલે મોક્ષ અને 'હ' એટલે હરણ કરવાવાળો. મોહ એટલે મોક્ષમાં ન જવા દે. મોક્ષમાં જતાં રૂકાવટ કરતું હોય તો તે મોહનીય કર્મ છે. મોહનીય કર્મ આદિ ચાર ઘાતી કર્મો દૂર થાય એટલે કેવળજ્ઞાન થાય. કેવળજ્ઞાન ને કેવળદર્શન મોહનીય કર્મના ક્ષય થયા બાદ પ્રગટ થાય. મોહનીય 'કર્મ' જબરદસ્ત છે. આઠ કર્મમાં મોહનીય કર્મ રાજા છે અને બાકીના સાત કર્મો પ્રજા છે. તે સાત કર્મો તો બિચારા ભલા માણસ જેવા છે, પણ મોહનીય કર્મ તો જબર દસ્ત મોટો ગૂંડો છે અને તે ખૂબ ઉંડો છે. ગૂંડો છે પણ તમને લાગી રહ્યો છે રૂડો. ભગવાને કર્મનાં આઠ પ્રકાર બતાવ્યા છે. આઠ પ્રકારનાં કર્મ તે વૃક્ષ છે અને એમાં મોહનીય કર્મ મૂળ છે. તેમાં સાત કર્મો તો તેનાં ફળ છે. જે આત્મા મોહનીય કર્મની નાટકકળા સમજી ગયા તે તો સંસાર છોડીને નીકળી ગયા. તીર્થંકર ચક્રવર્તિઓએ આત્માનાં સ્વરૂપને સમજીને મોહનીય કર્મની ભયંકરતાથી મુક્ત બનવા માટે સંયમ લઇ લીધા. તમારે પણ એ રીતે સંસાર છોડવા જેવો છે. ભલા ! તમે સર્પ તો જોયો હશે? (જવાબ હા) આંખથી જોયો

છે પણ તેનો સ્પર્શ તો નહીં કર્યો હોય ? તેનું શરીર મખમલનાં ગાદલાં કરતાં પણ સુંવાળું છે. મખમલનાં ગાદલાં તેની પાસે કંઈ હિસાબમાં નથી. તેમજ શરીરની કોમળતા પણ ખૂબ જ છે. છતાં તમને તેના શરીરની સુંવાળાશનો અનુભવ લેવાનું મન થાય ખરું ? "ના." કેમ ન થાય ? તે ભયંકર છે તેથી. બંધુઓ ! બસ. મારે તમારી પાસેથી એટલું જ જાણવું હતું. સમજો. મોહનીય કર્મ પણ સર્પ જેવું જ છે. તે બહારથી મુલાયમ અને સુંવાળું મોહનીય કર્મનાં ભોગવટામાં તમને દેખાય છે, પણ પરિણામ શું આવશે, તે ધ્યાન રાખજો. વીરાણી સાહેબ ! તમારા બંગલાનાં ટાઈલ્સ કેટલા સુંવાળા છે ? પણ તેમાં કોઈ વાર પાણી પડયું હોય તો લપસી જવાય ને ? પછી હાડકાં ભાંગી જાય ને ! તેમ આ મોહનીય કર્મે ઘણાનાં હાડકાં ભાંગી નાંખ્યા છે. દેવાનુપ્રિયો ! તમને દ્રવ્ય સર્પનો ભય છે પણ તમને ભાવ સર્પ રૂપ મોહનીય કર્મનો ભય કેમ નથી ? અહા ! તેને તો તમે ગળે વળગાડીને ફરો છો. આ તો મારો ભાઈ છે, આ તો મારો બાપ છે, આ મારી માતા છે, આ મારી બેન છે, આ મારી પત્ની છે. આ તો મારા કુટુંબી સગા છે ને આ તો મારા કુંટુંબ સગા છે. કેટલા સગપણરૂપી મોહનીય સર્પને છાતીએ લગાડીને ફરો છો ! સર્પનું ઝેર તો એક જ ભવ બગાડશે. પણ મોહનીય કર્મ રૂપી ઝેર તો જીવનો અનંતો સંસાર વધારશે. માટે સમજીને તે ઘાતી કર્મો ઉપર ઘા કરતાં શીખો.

બીજી રીતે વિચારીએ. તમે લુહારને જોયો હશે. લુહાર બધા હથિયાર બનાવે છે. તેમાં તે હાથકડી ને પગની બેડી પણ બનાવે છે અને તે હાથકડી અને પગની બેડી કોઈ શેતાનને પહેરવા માટે જ હોય છે. હવે હું તમને પૂછું ? તમે અઢારથી એકવીશ વર્ષની ઉંમરનાં થયાં ત્યાં તમને પણ હાથકડી કે બેડી બાંધે છે. તમે તો સામેથી હાથ આપો છો. મારો કહેવાનો આશય સમજી ગયા ? હાથ લાંબો કરીને પહેરી છે ને ? મારે એનું સ્પષ્ટીકરણ કરવાની જરૂર નથી કે કઈ કડી તમે પહેરી ? કારણ કે તમે પરણેલા છો. ચોરીમાં ફેરા ફર્યા તેનો મતલબ શું ? ચોરીમાં જે ચાર છોડ હતાં તે છોડ તમને સુચન કરે છે કે તું ચાર ગતિના ફેરાને વરી ચૂક્યો. એકેક છોડ ઉપર સાત સાત માટલા હોય છે. તે સાત ચોક અઠ્ઠાવીસ થયાં. અઠ્ઠાવીસ શું છે ? તે ખબર છે ને ? એ અઠ્ઠાવીશ મોહનીય કર્મની પ્રકૃતિ છે કે જે જીવને પોતાના ઘેરામાંથી બહાર નીકળવા ન દે.

હવે જો તમારે આ ચાર ગતિ રૂપી જેલમાંથી છૂટવું હોય તો સંયમમાં આવવું જ પડશે. તેના વગર આત્માની સિદ્ધિ જ નથી. બંધુઓ ! સમજો. સંસાર એ તો કાજળની કોટડી જેવો છે. કોઈ માણસ એમ વિચાર કરે કે કાજળની કોટડીમાં રહીને પણ મારા કપડાને ડાઘ ન પડવા દઉં તો તે બનવું અશક્ય છે, તેમ સંસારમાં રહીને આત્મ કલ્યાણ કરવું એ પણ મુશ્કેલ છે. આત્માને મુક્તવિહારી બનાવવો હોય તો સંસારના બંધન તોડે જ છૂટકો છે. એક વખત તમને સંસાર બંધનરૂપ લાગવો જોઈએ.

સંસારમાં ગમે તેટલાં સુખ હોય તો પણ એ બંધનરૂપ જ છે. પણ તમને સંસાર પ્રત્યેનો રાગ છે એટલે સંસાર બંધનરૂપ લાગતો નથી. રાગ અને દ્વેષ આ બે જીવને બંધનકર્તા છે, એ બંને કર્મનાં બીજ છે.

રાગ અને દ્વેષ એ કર્મનાં બીજ છે, એ બંનેથી કર્મનું બંધન થાય છે. કર્મનું બંધન થવાથી મોહ ઉત્પન્ન થાય છે. અને મોહથી જીવ વધુ કર્મબંધન કરે છે. કર્મ એ જન્મ-મરણનું મૂળ છે. અને જન્મ-મરણ એ જ દુઃખ છે. તમને સંસારના દુઃખો દુઃખરૂપ લાગે છે? એ દુઃખથી મુક્ત થવાની ઝંખના કેમ થતી નથી? એનું કારણ એક જ છે કે તમે સંસારના સુખમાં એવા ખૂંચી ગયાં છો કે વીતરાગ વાણીના એક બે વચને તો જાગો તેમ નથી. બે-ત્રણ મહિના એકધારો વીતરાગ વાણીનો વરસાદ વરસે ત્યારે માંડ તમારા ગળે વાત ઉતરે.

તમે દહીં જમાવો છો ને? એનો તો તમને પૂરો અનુભવ છે. શિયાળામાં દહીં ખૂબ સરસ જામે છે. એ ખૂબ જામેલા દહીંમાંથી માખણ છૂટું પાડતાં ખૂબ મહેનત કરવી પડે છે. ખૂબ વલોવીને દહીંને ઢીલું પાડીને તેમાં ગરમ પાણી નાંખી પાછું વલોવાય છે, ત્યારે તેમાંથી માખણ છૂટું પડે છે. પાણી એ માખણ કાઢવામાં સહાયભૂત બન્યું, પણ પાણીમાં કંઈ માખણ ન હતું. માખણ તો દહીંમાંથી જ મળે છે. તેમ તમને આ સંસારમાં પૂર્વના પુણ્યથી આ સંસારનાં સુખો રૂપી દહીં મળી ગયું છે. એમાં તમે એવા જામી ગયા છો કે તમારા ઉપર વીતરાગવાણીનું ગરમ પાણી રોજ રેડીએ છીએ તો પણ સંસારમાંથી છૂટવાનું તમને મન થતું નથી.

આ સંસારમાં તમને કોઈ રોકતું હોય તો રાગ છે. દરેક જડ પુદ્ગલો ઉપરનો રાગ તમને સંસારમાં ડૂબાડે છે. એ રાગનું બંધન કપાય તો જ સંસારથી છૂટાય. રાગ અને દ્વેષનાં બંધનો કાપવાનો જે પુરૂષાર્થ છે એ જ સાચો સમ્યક્ પુરૂષાર્થ છે, બાકીનો બધો પુરૂષાર્થ સંસાર બંધનનો છે. માટે જો વીતરાગ વાણી તમારા ગળે ઉતરતી હોય તો હવે સંસારનો મોહ ઓછો કરો. જેને સમજાઈ ગયું છે કે આ સંસાર એ કાજળની કોટડી છે, કારાગૃહ છે એવો ભૃગુ પુરોહિત જાગી ગયો છે. એના મનમાં એ વાત ઠસી ગઈ છે કે મારા પુત્રો જે માર્ગે જાય છે તે માર્ગ સાચો છે. આત્માની સાચી સમાધિ તો ત્યાગમાં છે, ભોગમાં નહિ. જેની સેવામાં દેવો હાજર હતાં એવા ચક્રવર્તિઓ પણ સંસારનાં સુખોને લાત મારીને નીકળી ગયાં છે. જો એમાં સુખ હોત તો એ શા માટે નીકળી જાત? ચક્રવર્તિની ઋદ્ધિ કેટલી હોય છે? એ સાંભળતાં પણ તમને આશ્ચર્ય લાગશે. ચક્રવર્તિના રસોડે રોજ કેટલું અનાજ રંધાતું હતું?

ચાર કોડ મણ અન્ન નિત સીઝે, લૂણ દશ લાખ મણ લાગી,
તિન કોડ ગોકુળ નિત ફરસે, તો ભી ન હુઆ અનુરાગીજી....ભરત....

કેવી બધી સંપત્તિ! ૬૬ કોઠ પાયદળ લશ્કર છે. જેને રસોડે રોજ બાર કોઠ મણ અન્ન રંધાય, જેમાં રોજ ૧૦ લાખ મણ તો ભીંડું વપરાય, એના શાક-દાળના વઘારમાં ૭૨ મણ તો રોજ હિંગ વપરાતી હતી. ત્રણ કોઠ ગોકુળની ગાયો રોજ દૂધ આપે અને ૬૬ કોડના લશ્કરને પગાર આપવા કેટલું ધન જોઈએ? આટલા ઉપરથી સમજી જાવ કે ચક્રવર્તિની ઋદ્ધિ કેટલી હશે? આટલી સમૃદ્ધિ હોવા છતાં ભરતાદિ ચક્રવર્તિઓ એના રાગમાં રગદોળાયા નહિ. તેઓ સંપત્તિવાન હોવા છતાં અલિપ્ત રહેતા હતાં. એમના અંતરમાં વૈરાગ્યની છોળો ઉછળતી હતી. પોતાના શુદ્ધ અને જ્ઞાનમય નિર્વિકાર સ્વરૂપનો ખ્યાલ હતો. પછી બાહ્ય સંપત્તિમાં શા માટે લેપાય?

ભૃગુ પુરોહિત સંસારભાવથી અલિપ્ત બન્યો પણ એની પત્ની યશાને સંસારના સુખનો રાગ છે એટલે કહે છે સ્વામીનાથ! લોકો જે સુખની ઝંખના કરે છે તે બધાય સુખો આપને મળ્યા છે. આ સંસારમાં કંઈક મનુષ્યો પાસે ધન નથી તો તે મેળવવા ફાંફા મારે છે, કેટલી મહેનત કરે છે. કંઈકની પાસે ધન છે તો ઘરમાં સંપ નથી. કોઈને ઘેર ધન પણ છે અને સંપ પણ છે તો શરીર સાજું નથી. "સાત સાંધે ત્યાં તેર તૂટે" એવી એકેક જીવોની પરિસ્થિતિ છે. જ્યારે આપણને તો આમાંની એક પણ ઉપાધિ નથી. પૂર્વના પુણ્યથી લીલા લહેર છે, તો આવા સુખો ભોગવવાના સમયે શા માટે આપણે દીક્ષા લેવી જોઈએ? પુત્રોને દીક્ષા લેવી હોય તો ભલે એ લઈ લે. પણ આપણે તો સંસારના બધા સુખો ભોગવી લઈએ. પછી પાછલી ઉંમરે આપણે બંને ચારિત્ર અંગીકાર કરીશું. હજુ આપણી યુવાની વીતી ગઈ નથી.

દેવાનુપ્રિયો! એણે તો પાછલી ઉંમરે પણ દીક્ષા લઈશું એમ કહ્યું, પણ તમે તો પાછલી ઉંમર વીતી જવા આવી તો પણ જાગતા નથી. સંસારની પ્રવૃત્તિઓમાં તમે માનો છો કે યુવાનીમાં જેટલું થાય તેટલું કરી લઈએ. પૈસા કમાવાની પાછળ જેટલી તમારી દોટ છે તેટલી આત્માને કર્મની બેડીમાંથી મુક્ત કરવા માટે નથી. ભોગવિલાસ તરફની જે તમારી દોટ છે તે દોટની દિશા બદલાવી આત્મા તરફનું લક્ષ કરો. સંસારના સુખો પ્રત્યેનો રાગ તમને દુર્ગતિમાં લઈ જશે. રાગદશા કેવી બૂરી છે, રાગ ક્યાં રડાવે છે સાંભળો.

એક ધનાઢ્ય શેઠને બે પત્નીઓ હતી. તેમાં નવી પત્ની ખૂબ સૌંદર્યવાન હતી. સાથે વિનય-વિવેક આદિ ગુણો પણ તેનામાં ખૂબ હતાં. એટલે શેઠને નવી શેઠાણી પ્રત્યે ખૂબ રાગ હતો. વારંવાર નવા શેઠાણી સામું જોયા કરે. વહેપાર-ધંધો કરે પણ એનું મન તો શેઠાણીમાં જ રમ્યા કરતું. શેઠાણીને પણ શેઠ પ્રત્યે એટલો જ પ્રેમ હતો. એક વખત શેઠ અને શેઠાણી બંને બેઠા છે. આનંદ વિનોદની વાતો કરી રહ્યાં છે. વાતવાતમાં શેઠ કહે છે મને તો તારા પર ખૂબ મોહ છે. જો મારા પહેલાં તારું આયુષ્ય પૂર્ણ થાય તો હું તો તારા વિના જીવી જ ન શકું, પણ તને મારા ઉપર કેટલો પ્રેમ છે? ત્યારે

શાણી કહે છે સ્વામીનાથ! હું પણ તમારા વિના ક્ષણવાર ન જીવી શકું. મારું સૌભાગ્ય અખંડ રહે, આપ દીધાયું'થી બનો. છતાં કદાચ ન બનવાનું બની જાય. જે ઘડીએ હું આપના અશુભ સમાચાર સાંભળું તે જ ક્ષણે આ દેહમાંથી પ્રાણ ઉડી જવાનો એ વાત નિશ્ચય સમજી લેજો. શેઠાણીની વાત સાંભળી શેઠને ખૂબ આનંદ થયો. અહો શું શેઠાણીને મારા પ્રત્યે પ્રેમ છે. તમારા શ્રીમતીજી તમને આવો જવાબ આપે તો તમને પણ આવો જ આનંદ થાય ને? (હસાહસ).

એક વખત શેઠના મનમાં થયું કે આ શેઠાણી કહે છે કે હું તમારો વિયોગ સહન ન કરી શકું. પણ એની શી ખાત્રી? હું મરી જાઉં તો મને શી ખબર પડશે? એના કરતાં જીવતાં જ પરીક્ષા કરી લઉં. શેઠ ઘોડાગાડીમાં બેસી સાથે એક નોકરને લઈને બહારગામ ગયા. ગામથી ૧૦-૧૨ માઈલ દૂર જઈ શેઠ પેલા નોકરને કહે છે હું કહું છું તે પ્રમાણે તું નવા શેઠાણીને કહેજે, હું ગામ બહાર અમુક જગ્યાએ આવીને રોકાઈશ. તું ઘોડાગાડી લઈને જલ્દી જા. નોકર તો રડતો રડતો, મોઢે શ્વાસ માતો નથી એવી હાલતમાં શેઠાણી પાસે આવ્યો. શેઠાણી પૂછે છે તું શેઠની સાથે ગયો હતો ને આમ બેબાકળો બનીને કેમ પાછો આવ્યો? નોકર રડતો રડતો કહે છે શેઠાણીજી! કહેવાય એમ નથી. કહેતાં મારી જીભ ઉપડતી નથી. એમ કહી ખૂબ રડવા લાગ્યો. શેઠાણી કહે છે જે હોય તે જલ્દી કહે. નોકર કહે છે બા સાહેબ! શી વાત કરું? અમે અહીંથી ગયા જંગલમાં. બપોર થયો એટલે શેઠ નાસ્તો કરવા બેઠા. બાજુમાં જ તળાવ હતું એટલે શેઠ નાસ્તો કરી હાથ-પગ ધોવા તળાવે ગયાં. પણ કોણ જાણે કયાંથી ત્યાં એક સિંહ આવ્યો અને મારા શેઠને પંજામાં લઈને ભક્ષી બાધા. અને હું આપને સમાચાર દેવા આવ્યો. ગજબ થઈ ગયો. એમ કહીને તે રડવા લાગ્યો.

નોકરની વાત સાંભળી શેઠાણી બેભાન થઈને ધડાક દઈને ધરતી ઉપર ઢળી પડયા, અને પડયાં એવા જ એના પ્રાણ ચાલ્યા ગયાં. બંધુઓ! ભગવાને ઠાણાંગ સૂત્રમાં કહ્યું છે કે સાત પ્રકારે આયુષ્ય તૂટે છે. આયુષ્ય બે પ્રકારનું છે. સોપક્રમ અને નિરૂપક્રમ. તેમાં તીર્થંકર, ચક્રવર્તિ, બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, નારકી, દેવતા અને યુગલિયાનું આયુષ્ય નિરૂપક્રમ છે. તે આયુષ્ય, સ્થિતિ પૂરી થયા વિના તૂટતું નથી. ગમે તેવાં કારણો ઉપસ્થિત થાય તો પણ તૂટતું નથી. તેને નિરૂપક્રમ આયુષ્ય કહેવાય છે. અને આ સિવાય સર્વ જીવોનું આયુષ્ય બંને પ્રકારનું હોય છે.

સોપક્રમ આયુષ્ય સાત પ્રકારે તૂટે છે (૧) ધારકો પડવાથી મરે, (૨) શસ્ત્રથી મરે (૩) મંત્ર-મૂઠથી મરે (૪) ઘણો આહાર-અજીર્ણથી મરે (૫) સર્પાદિક કરડવાથી મરે (૬) શૂલાદિકની વેદનાથી મરે (૭) શ્વાસોશ્વાસ રૂંધાવાથી મરે.

એ સાત કારણે આયુષ્ય ઘટે છે.

ભગવાને કહ્યું છે કે કોઇને ત્રાસકો પડે તેવી ભાષા બોલવી નહિ. કોઈની ખોટી મજાક કરવી નહિ. હાસ્યથી કોઈને ત્રાસકો પડે તેવું બોલવાથી ઘણો અનર્થ ઉભો થાય છે. કષાય એ તો મુલ્લી કષાય છે. પણ હાસ્ય–રતિ–અરતિ આદિ જે નવ નોકષાયો કહેવાય છે એ તો કષાયને પ્રોત્સાહન આપનાર છે. કષાય અને નોકષાય બધા મોહનીય કર્મના જ સંતાનો છે. આ શેઠે શેઠાણીની પરીક્ષા કરવા ખાતર જ મજાક ઉડાવી. અને શેઠાણીને આ સમાચાર સાંભળી ત્રાસકો પડતાં જ તેના પ્રાણ ઉડી ગયા. આ જોઇ નોકર તો ગભરાઈ ગયો. હવે શું કરીશ? શેઠ ગામ બહાર નજીકમાં જ આવી ગયા હતાં. નોકરે જલ્દી શેઠને સમાચાર આપ્યા કે મેં શેઠાણીને આપના સમાચાર આપ્યાં. સાંભળતાં જ શેઠાણીનાં પ્રાણ ચાલ્યા ગયા. શેઠ દોડતા આવ્યા. શેઠાણીનું મૃત કલેવર જોઈ શેઠ બેભાન થઈ ગયા. ડોકટરો બોલાવ્યાં. ઘણું ઉપચારો કરીને ભાનમાં લાવ્યા. સગાવહાલાં ભેગા થયાં. શેઠાણીને નનામીમાં બાંધ્યા. શેઠ તો પાગલ બનીને બોલે છે. તું એક વાર તો મારા સામું જો. મારી સાથે હસીને વાત કર. તું કેમ રીસાઈ ગઇ છે? એમ કહી પોક મૂકી રડે છે. આખો દિવસ ગયો. શેઠ પાગલતા છોડતા નથી અને નનામી ઉપાડવા દેતા નથી. બીજો દિવસ થયો. પણ શેઠ તો કહે છે મારી પત્નીને નહિ લઇ જવા દઉં. ગામના મોટા મોટા માણસો અને વૃદ્ધોએ ભેગા થઈને શેઠને ખૂબ સમજાવ્યાં. અહો શેઠ! આ જીવન ક્ષણભંગુર છે. આ દેહ તો કાચી માટીનો બિનારો છે. કાયા કાચી માટીના ઘડા જેવી છે. એમાં આટલો બધો મોહ શા માટે? રાજા–મહારાજા, તીર્થંકર, ચક્રવર્તિ બધાને દેહ છોડવો પડયો છે. અમારે ને તમારે છોડવાનો છે. આમ ખૂબ સમજાવ્યા એટલે શેઠનો મોહ ઉતરી ગયો. પણ પોતે શેઠાણીની પરીક્ષા કરવા માટે કીમીયો અજમાવ્યો હતો એ વાત તો શેઠ સિવાય કોઈ જાણતું ન હતું. શેઠને ભાન થઇ ગયું કે આ સંસાર સંયોગ અને વિયોગથી ભરેલો છે. કોઈના ઉપર મોહ રાખવા જેવો નથી. પણ મારી મજાકને કારણે જ શેઠાણીનું મૃત્યુ થઈ ગયું. એ તો મહાન પાપ થઈ ગયું. પંચેન્દ્રિય જીવની ઘાત કરનારો મરીને નરકે જાય છે. હવે હું આ પાપ-માંથી કેવી રીતે મુક્ત બનું? આ પાપમાંથી મુક્ત થવા મારે તો દીક્ષા જ લઈ લેવી જોઇએ. પાપના ભયથી શેઠને વૈરાગ્ય આવી ગયો. અને દીક્ષા લઇ લીધી. તમને તો પાપનાં ભયથી પણ વૈરાગ્ય આવતો નથી.

ભૃગુ પુરોહિતને સમજાવ્યા પૂર્વકનો; વૈરાગ્ય છે. સાચા વૈરાગીની ગમે તેટલી કસોટી થાય પણ એ ઢીલો પડતો નથી. માટીનો ગોળો જેમ જેમ તપે તેમ તેમ તે વધુ મજબૂત થાય છે. તેમ સાચા વૈરાગીની કસોટી થાય તેમ મજબૂત થાય છે. ભૃગુ પુરોહિતને એની પત્નીએ કહ્યું, સ્વામીનાથ! આપણે ત્યાં સ્વર્ગ જેવાં સુખો છે, શરીર પણ સારૂં છે, આપનું રાજા પાસે ખૂબ માન છે. આવા સુખો છોડીને દીક્ષા લેવી ઠીક નથી. ગમે તેટલાં પ્રલોભનો મળે પણ હવે ભૃગુ પુરોહિત ઢીલો પડે તેમ નથી. તે પત્નીને શું કહે છે:–

भुत्ता रसा भोइ जहाइ णे वओ, न जीवियट्ठा पजहामि भोए ।
लाभं अलाभं च सुहं च दुक्खं, संचिक्खमाणो चरिस्सामि मोणं॥ ॥ उ. अ. १४-३२

ભૃગુ પુરોહિત કહે છે કે પ્રિયા ! રસાદિ પદાર્થો મેં ખૂબ ભોગવ્યાં. આ યુવાવસ્થા મને છોડીને ચાલી જાય છે. કામભોગોને બહુ ભોગવવાથી પણ અભાવ થઈ જાય છે. તમે અનુભવ કરજો. જે ચીજ તમને બહુ ભાવતી હોય, એને જોઈ ને તમારું દિલ નાચી ઉઠતું હોય, એ વસ્તુ તમારા ભાણામાં પીરસાય. તમે પેટ ભરીને ખાઈ લીધું. તો પણ સામી વ્યક્તિ કહે, હજુ ખાવ. એમ ખૂબ આગ્રહ કરીને પીરસે અને હાડિયા સુધી આવી જાય, પછી એ પ્રિય વસ્તુ પણ અપ્રિય બની જાય ને ? બહુ જ ખાવાથી એના ઉપર અરૂચી થાય છે. સિનેમાના શોખીનોને સિનેમાનો ખૂબ શોખ હોય છે. પણ એને આખો દિવસ પિકચર જોવા જ બેસાડી રાખવામાં આવશે તો જોઇ જોઇને તેની આંખો દુઃખી જશે. જે પિકચરમાં નટીઓના નાચ જોઈ ને એનું હૈયું થન થન નાચતું હતું તે પછી નહિ ગમે. અતિપ્રિય વસ્તુનો બહુ ઉપભોગ કરવાથી એમાં કંટાળો આવે છે. તેમ ભોગ-વિષયો ઉપર પણ જીવને અરૂચી થાય છે.

જ્યાં સુધી નથી સમજ્યા ત્યાં સુધી જ ભોગમાં તમે રચ્યા પચ્યાં રહેશો. પણ સમજશો ત્યારે અમારે તમને કહેવું પણ નહિ પડે. સંસારમાં સુખો મેળવવાનો પુરૂષાર્થ એ રેતીને પીલીને તેલ અને પાણી વલોવીને માખણ કાઢવા જેવો વ્યર્થ છે. છાશમાં જો માખણ રહી જાય તો છાશ મીઠી લાગે છે. પણ જો માખણમાં છાશ રહી ગઈ તો માખણ ગંધાઈ જશે. તેમ આ સંસારમાં જો તમને બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરવાની ભાવના થાય, પરિગ્રહની મમતા ઓછી થાય તો તો સારૂં છે. તમારો સંસાર ત્યાગથી શોભી ઊઠશે, પણ ત્યાગમાં જો ભોગની વાસના રહી જાય તો પતન થાય. છાશ મિશ્રિત માખણની જેમ એનું જીવન ગંધાઈ જાય છે.

ભૃગુ પુરોહિત કહે છે કે, હે સ્ત્રી ! આ ભોગોથી હું તો હવે કંટાળી ગયો છું. મને અરૂચી થઈ ગઈ છે. યુવાવસ્થા પણ પૂરવેગે ચાલી જાય છે. હજુ ઘડપણે ઘેરો ઘાલ્યો નથી. તો ઘડપણ આવે ત્યારે ભોગોને છોડવા તેના કરતાં પહેલાં જ શા માટે ન છોડવા ? વળી આ યુવાની કાયમ રહે એટલા માટે હું ભોગોને નથી છોડતો. તેમજ મારી પ્રશંસા થાય, મને પર ભવમાં સ્વર્ગનાં સુખો મળે એવી આશાથી પણ દીક્ષા લેતો નથી, આ સંસારમાં કંટાળી ગયો છું, અહીંથી છૂટું એવી ભાવનાથી પણ સંસાર છોડતો નથી. પણ લાભ-અલાભ-સુખ-દુઃખનો સમ્યક્ પ્રકારે અનુભવ કરવા માટે હું દીક્ષા લઉં છું. હજુ પણ યશા પત્ની ભૃગુ પુરોહિતને સમજાવવા માટે શું કહેશે તે વાત અવસરે.

વ્યાખ્યાન નં.....૯૨

આસો વદ ૬ ને મંગળવાર તા. ૨૦-૧૦-૭૦

શાસ્ત્રકાર ભગવંતોએ કષાયનું સ્વરૂપ સમજાવતાં એવી સુંદર વાત કરી છે કે હે જીવો! કષાય એ સંસારની અભિવૃધ્ધિનું કારણ છે. કષાયનો અર્થ કષ એટલે સંસાર અને આય એટલે વૃધ્ધિ. કષાયનો અર્થ સંસારની વૃધ્ધિ કરવી. ટૂંકમાં સંસાર વૃધ્ધિ કષાયથી થાય છે. કષાયથી જીવ ચાર ગતિના ફેરા ફરે છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, એ ચારે ગતિમાં કષાય છે. પણ ક્રોધનું વધુ સ્થાન નરક ગતિમાં છે. નરકમાં કોણ જાય? જેણે ઘણાં પાપ કર્યા હોય તે. ઘણે ભાગે વધુ પાપો કષાયને વશ થઈને થાય છે. કારણ કે જ્યાં ક્રોધ હોય ત્યાં માન, માયા ને લોભ આવે. જેમ ઘરમાં ગોળનો કકડો પડયો હોય તો કીડીઓ આવે છે. અને સાથે બીજી કીડીઓને લેતી આવે છે. જેમ તમે ચોકમાં કંઇ આવાનું નાંખ્યું તો કાગડો આવશે અને તે કા કા કરીને બીજા કાગડાને લેતો આવશે. તેવી જ રીતે ક્રોધ આવે છે ત્યારે બીજી કષાયોને લેતો આવે છે. ચાર કષાયની અંદર શિરોમણી હોય તો ક્રોધ કષાય છે. અને અનંતાનુબંધીના સ્વરૂપમાં તે આવે ત્યારે નરકમાં લઈ જાય છે. ક્રોધ આવવાનું કારણ સ્વાર્થવૃત્તિ હોય છે. અને તેથી ક્રોધ આવે છે. જ્યાં પોતાનું ધાર્યું ન થાય ત્યાં ક્રોધ આવી જાય છે. અને સંસારમાં ભટકાવે છે. કષાય ચાર ગતિ, ચોવીશ દંડક અને ચોરાશી લાખ જીવાયોનીમાં છે. પણ નરકમાં અધિક હોય છે. જો આત્મા વિચાર કરે કે હું ક્રોધ શા માટે કરું છું? તો એ ક્રોધ કરતાં જરૂર અટકે. ક્રોધનું કારણ પરિગ્રહ પણ છે. કોઈ જમીન માટે, કોઈ ધન માટે, વસ્તુ માટે લડતાં હોય છે. જુઓને હમણાં દેશોનાં પ્રકરણો કેવા ચાલે છે? હરીયાણા અને પંજાબ લડી રહ્યા છે. ચંદીગઢનું કેવું ચાલે છે? ચંદીગઢ શબ્દનો અર્થ શું છે તે સમજો છો? ચંદીગઢ એટલે ક્રોધ કરવા વાળો ગઢ. સમતાનું નામ જ ન હોય. એક વખત બે છોકરીઓ પાંચ પાંચીકા લઈને રમતી હતી. રમતાં રમતાં નાની છોકરીએ ત્રણ પાંચીકા લઈ લીધા. મોટીને બે મળ્યા, તેથી મોટી ગાળો ભાંડવા લાગી, ગાળો આપતાં આપતાં ગાળો ખૂટી ગઈ પછી શું કરવું? વિચાર કરો. પછી ઠંડુ પડવું પડયું ને! પહેલેથી જ ક્રોધને જીત્યો હોત તો કેટલું સારૂં? ખરેખર, આવા સમયે જે સમતા રાખે તે જ સાચી સમતા છે.

એક વખત જ્યારે યતિઓનું જોર હતું ત્યારે એક ગામમાં યતિનો ઉપાશ્રય

હતો. બીજો ઉપાશ્રય ન હતો તેથી સ્થાનકવાસીના કોઈ એક સંત યતિના ઉપાશ્રયે આવ્યાં અને પૂછયું કે અમે અહીં ઉતરીએ ? યતિના ગુરૂ બહાર ગયા હતાં, તેથી શિષ્યે 'હા' પાડી. તેથી સંત ઉતર્યા. પછી ગુરૂ આવી ચઢયાં. અને તે સાધુને જોતાં જ ખૂબ ઉગ્ર સ્વભાવમાં આવીને બોલવા લાગ્યા, કે આવા ઢુંઢીયાને કોણે જગ્યા આપી ? અને અહીં કેમ ઉતાર્યા ? જેમ ફાવે તેમ બોલવા લાગ્યાં. પણ સંત એટલા બધા શાંત હતાં કે એક પણ શબ્દ બોલ્યા નહી, અને કહયું કે ભાઈ, ક્રોધ કરશો નહીં. અમે વિહાર કરી જઈશું, કારણ કે સંતે પોતાના સ્વ ઘરની અંદર કષાય રૂપી ચોરને પેસવા માટે દરવાજો બંધ કરી દીધો હતો- તમે પણ ઘરનાં દરવાજા બંધ રાખ્યા હોય છે અને ઉપર લખ્યું હોય છે કે 'નો એડમીશન વિધાઉટ પરમીશન.' No admission without permission બરોબર તમે દરવાજો તો બંધ રાખ્યો પણ કષાય માટે દરવાજા ખુલ્લા છે. બીજી રીતે પહેલાં તો તમે એમ લખતાં હતાં કે ભલે પધારો. "Wel Come" તેનો અર્થ શુભેચ્છાનો આવકાર.

દેવાનુપ્રિયો ? પોતાનું ઘર "नाणं च दंसणं चेव चरित्तं च।" એ પોતાનું ઘર છે. પણ ક્રોધ-માન-માયા અને લોભ એ જીવનું ઘર નથી. પણ નરક ને તિર્યંચ ગતિ અપાવનારું છે. માટે કષાયને જીતવી તેમાં જ આત્માનું શ્રેય છે. જે ક્રોધ કષાયને જીતે છે તે જ સ્વઘરમાં ગયો કહેવાય. પહેલાના જમાનામાં રાજભવનમાં રાણીને ક્રોધ આવે તો તે કોપ ભવનમાં બેસી જતી હતી. તમારા ઘરમાં કોપ ભવન છે ? અરે, તમારું તો આખું ઘર જ કોપભવન છે. ખરું ને ?

બંધુઓ ? ક્રોધના પ્રસંગમાં કોઇ પણ રીતે શાંતિ રાખવી જોઇએ તેમ અમારા ગુરૂદેવ કહેતા હતાં. કોઈક અજાણ્યા અને ધર્મથી વંચિત એવા એક ગામમાં અમારા મહારાજ સાહેબ પધારેલા. તેમાં પાણી વહોરવા માટે ગુરૂદેવ તથા તેમના ગુરૂભાઈ ગયા. જેવા ઘરમાં દાખલ થયા એવા જ સામે બેઠેલા ભાઇઓએ કહ્યું કે તમે કોણ છો ? તેઓએ કહ્યું. અમે જૈનના સાધુ છીએ. ગરમ પાણી લેવા આવ્યા છીએ. ત્યાં તરત જ શેઠ બોલ્યાઃ તારા બાપે પાણી કરી રાખ્યું છે. પછી મહારાજ નમ્રતાથી બોલ્યા. ના ભાઈ. અમે તો સૂઝતું હોય તો લઈએ. શેઠને તે વચનની અસર થઈ અને શેઠાણીને પૂછયું કે ગરમ પાણી છે ? આ મહારાજને જોઈએ છે. ત્યાં તો શેઠાણી તાડુકીને બોલ્યા. શું એની મા અહીં બેઠી છે કે કરી આપે ! 'આવા કટુ વચનો પણ સંતોને સાંભળવા પડે છે. છતાં સંત પોતાનાં સ્વ ઘરમાં રમતા હોવાથી પર ઘર રૂપી કષાયમાં જતા નથી. છેવટના પરિણામમાં તે બંને માણસોને ખ્યાલ આવી ગયો કે સંત કેટલા બધા શાંત છે ?

એક વાર કૃષ્ણ, બળદેવ અને તેનો સારથી ત્રણે જણ જઈ રહ્યા છે. જતાં જતાં અંધારું થઈ જાય છે. અને ગાઢ વનમાં આવે છે. તેથી કૃષ્ણ કહે છે કે આપણે અહીં જ રાત રહી જઇએ. બધા ત્યાં એક ઝાડ નીચે રહે છે. ત્યારે રાત્રીનો એક પહોર પૂરો

થયો હતો. ને ત્રણ પહોર બાકી રહ્યાં તેથી કૃષ્ણે કહ્યું કે પહોર ત્રણ બાકી છે અને આપણે પણ ત્રણ જણા છીએ. તેથી પહેલા પહોરમાં સારથી પછી બળદેવ અને ત્રીજા પહોરમાં હું એમ વારાફરતી જાગીએ અને ચોકી કરીએ. પછી કૃષ્ણ ને બળદેવ સૂઈ ગયા. અને સારથી પહેરો ભરવા લાગ્યો. એટલામાં સામે હાડપિંજર ઝાડ ઉપરથી ઉતરી નીચે આવીને સારથી પાસે આવ્યું ને કહેવા લાગ્યું કે હું ભૂત છું અને કેટલાય દિવસનો ભૂખ્યો છું. તેથી હું તને કાંઈ નહીં કરું પણ બે જણ સૂતા છે તેનું લોહી મને પીવા દે. ત્યારે સારથી કહે છે કે મારા સ્વામીનું લોહી તને પીવા નહીં દઉં. આવી જા લડાઈ કરવા. પછી બંને જણ લડે છે. તેમાં સારથીને લોહી નીકળે છે. અને એમ કરતાં પહોર પૂરો થાય છે. તેથી તે ચાલ્યો જાય છે, અને પછી સારથી બળદેવને જગાડે છે. ને પોતે સૂઈ જાય છે. હવે બળદેવ પહેરો ભરવા આવ્યાં ત્યાં થોડીવારમાં તે અસ્થિબંધ જે ભૂત છે તે આવે છે અને કહે છે કે હું ભૂત છું. અને કેટલાય દિવસનો ભૂખ્યો છું. તને કંઈ જ નહીં કરું. બે જણ સૂતા છે તેનું લોહી પીવા દે. બળદેવ કહે છે લોહી પીવા તો નહીં દઉં. આવી જા લડાઈ કરવાં. ને તે બંને જણ લડે છે. તેમાં બળદેવને શરીર પર લોહી નીકળે છે. એમ બીજો પહોર પણ પૂરો થાય છે. તેથી તે ચાલ્યો જાય છે. પછી બળદેવ પણ કૃષ્ણને જગાડીને સૂઈ જાય છે. પણ કૃષ્ણને આ વાત કહેવાનું યાદ રહેતું નથી. અને વાત કર્યા વિના જ સૂઈ જાય છે. પછી કૃષ્ણ પહેરો ભરવા આવે છે. ત્યાં વળી તે ભૂત આવે છે. આવીને કહે છે હું કેટલાય દિવસનો ભૂખ્યો છું. છતાં તને કંઈ જ નહીં કરું, પણ મને બળદેવ ને સારથીનું લોહી પીવા દે. ત્યારે કૃષ્ણ કહે છે લડાઈ કરવી હોય તો આવી જા. પણ લોહી પીવા તો નહીં મળે. તે લડાઈ માટે તૈયાર થાય છે. કૃષ્ણ મહારાજ તો સીધી ચોટી પકડી લે છે. ભૂતની ચોટી પકડાય એટલે હારી જાય. તે તો કૃષ્ણના ચરણમાં પડે છે. ને દાસ બને છે. પછી સવારના બંને ઉઠે છે અને જ્યાં કૃષ્ણ જુએ છે કે બંનેને લોહી નીકળ્યું. એટલે પૂછે છે કે આ શું ? બંને જણ કહે છે અમે તો ભૂત સામે સામનો કરી તમારી રક્ષા કરી. ત્યારે કૃષ્ણ મહારાજે કહ્યું કે લડાઈ તો મેં પણ કરી પણ મને કંઈ ઈજા થઈ નથી. ચોટી પકડી લીધી એટલે વશ થઈ ગયો. ટૂંકમાં આત્માનું સામર્થ્ય એટલું બધું છે કે ભૂતના ભૂત પણ વશ થઈ જાય. કૃષ્ણની આત્મશક્તિ આગળ જેમ ભૂતનું કાંઈ ન ચાલ્યું, તેમ આત્મ સ્વરૂપની જેને પિછાણ થાય છે તેવા આત્મા આગળ કર્મરૂપી ભૂતોને ગયા વગર છૂટકો જ નથી. માટે બંધુઓ ! એકવાર સમજો તો સંસારનો રાગ છૂટ્યા વગર રહેશે જ નહિ.

સંસાર એ આશ્રવનું કારણ છે એવું જેને સમજાઈ ગયું છે એવો ભૃગુ પુરોહિત સંવરના ઘરમાં આવવા તૈયાર થયો છે. એની પત્ની એને સંસારમાં જકડી રાખવા મથે છે, પણ સાચો સિંહ હવે ઝાલ્યો રહે ? એને સંસારનાં રંગરાગ હવે ગમતાં નથી.

વિભાવનાં જ્યાં વહેણ વહે છે, નાસ્તિકોનાં નયન ઠરે છે,
જ્યાં સ્વરૂપનો નહીં સ્વાદ રે, નિજાનંદનો આનંદ રે....કયાંયે.
વાસનાઓનાં વિષથી ભરેલો, કષાયોના કલંકે ચઢેલો,
જ્યાં રંગરાગ મઢેલ રે, જીહાં રંગ મજીઠિયો ચઢેલ રે,
કયાંયે શોધ્યો જડે નહિ સાર રે...(૨)

આ સંસારમાં વિભાવનાં વહેણ વહી રહ્યાં છે. અજ્ઞાની–અંધ શ્રદ્ધાળુઓને વિભાવમાં આનંદ આવે છે. જ્યારે જ્ઞાનીઓને તો સ્વભાવમાં આનંદ આવે છે. અનાદિકાળથી વાસનાઓના વિષથી આત્મા બેભાન બની ગયો છે. કષાયોથી આત્મા મલિન બન્યો છે. સંસારમાં રંગરાગનાં રંગબેરંગી કુવારા ઉડી રહ્યા છે. ત્યાં આત્માર્થીને કયાંથી આનંદ આવે ? જિનવાણીનો અપાર મહિમા છે. એ વાણીમાં વિષય કષાયોના વિષ ઉતારવાની, સંસારના બંધનો તોડાવવાની અને વિભાવના વહેણ અટકાવી સ્વભાવમાં સ્થાપન કરવાની તાકાત છે.

વીતરાગવાણીને આચરણમાં ઉતારવાની વાત તો મહાન છે. પણ પંચ પરમેષ્ઠિ–નવકારમંત્રમાં પણ કેટલી તાકાત છે ? એક નવકાર મંત્ર ઉપર શ્રદ્ધા બેસે તો પણ તમારૂં કામ થઈ જાય. કર્મની ભેખડો તૂટી જાય. નવકારમંત્રની શ્રદ્ધા ઉપર એક બનેલી ઘટના કહું. તમે સાંભળો.

નવકાર મંત્રનો ચમત્કાર :– આ જૈન ધર્મ વણિકોનો જ નથી. પહેલાં ક્ષત્રિયોનો ધર્મ હતો. હવે વણિકોના હાથમાં આવ્યો છે. એક વખત એક મુસલમાનને જૈન મુનિનો સમાગમ થયો. જૈન મુનિનો ત્યાગ અને તેમની અસરકારક વાણીની એ મુસલમાનના હૃદય પર ગાઢ અસર થઈ. એણે જૈન મુનિ પાસે માંસમદિરાનો ત્યાગ કર્યો. એટલું જ નહિ પણ એ મુસલમાન કહે છે ગુરૂદેવ ! મને કંઈક મંત્ર આપો. મહારાજે એને નવકારમંત્ર શીખવાડીને કહ્યું–તારે હૃદય પવિત્ર બનાવી, ચિત્તની એકાગ્રતાપૂર્વક નવકાર મંત્રનું સ્મરણ કરવું. મુસલમાનને નવકાર મંત્ર ઉપર એટલી બધી શ્રદ્ધા બેસી ગઈ કે બસ. કામકાજથી નિવૃત્ત થાય એટલે નવકાર મંત્રનું સ્મરણ જ કર્યા કરે. એના આચાર–વિચારમાં પણ પરિવર્તન થઈ ગયું.

ધર્મ માટે થયેલી કસોટી : એના પવિત્ર આચાર વિચારથી પોતાની મુસ્લીમ કોમથી એ જુદો પડવા લાગ્યો. મુસલમાન હિંદુ ધર્મની શ્રદ્ધા કરે એ બીજા મુસલમાનથી કેમ સહન થાય ? બીજા મુસલમાનોએ તેને ઘણું સમજાવ્યો કે આ તો ધતીંગ છે. છોડી દે આ ધર્મને. ઘણું સમજાવ્યો પણ પેલો શ્રદ્ધાવાન મુસલમાન અડગ જ રહ્યો. એટલે બીજા મુસલમાનોને ઝનૂન ચઢયું. તેમાં એક મુસલમાને તો નિર્ણય કર્યો કે આને મારે

જનથી મારી નાંખવો. ઘણાં વિચારો કર્યા પછી એક ઉપાય એણે અજમાવ્યો. જંગલમાંથી એક ઝેરી સર્પ લઈ આવ્યો. અને જ્યાં પેલો શ્રદ્ધાળુ મુસલમાન સૂઈ રહેતો હતો ત્યાં એની પથારી નીચે સર્પને એવી રીતે મૂકયો કે ભાગી ના જાય. આ વખતે નવકાર મંત્રનો શ્રદ્ધાળુ મુસલમાન ત્યાં હાજર ન હતો. પણ રાત્રે સૂવાના સમયે ત્યાં આવ્યો. અને રોજના નિયમ પ્રમાણે નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યો. ત્યાં તેને આપોઆપ એવો ભાસ થયો કે મારી પથારીમાં સર્પ છે એટલે તરત જ ઉભો થઈ ગયો. અને પથારી ઊંચી કરીને જોયું તો નીચે સર્પ મૂંઝાઇ રહ્યો હતો. તરત જ સર્પ કંઈ પણ કર્યા વિના ચાલ્યો ગયો.

આ મુસલમાને તો ગુરૂદેવના મુખેથી નવકાર મંત્રનો અજબ મહિમા સાંભળ્યો હતો. બંધુઓ ! આ નવકાર મંત્ર એ જેવો તેવો મંત્ર નથી પણ તમને એના પ્રત્યે શ્રદ્ધા જ નથી. શુદ્ધ ભાવપૂર્વક તમે નવકારમંત્રનું સ્મરણ કરો. નવકારમંત્રના પાંચ પદમાં કેટલાને તમારા નમસ્કાર થાય ? જઘન્ય બે ક્રોડ કેવળી ઉત્કૃષ્ટ નવ ક્રોડ કેવળી, જઘન્ય ૨૦ તીર્થંકર ઉત્કૃષ્ટ ૧૭૦ તીર્થંકર, અનંતા સિદ્ધ ભગવંતો, જઘન્ય બે હજાર ક્રોડ અને ઉત્કૃષ્ટ નવ હજાર ક્રોડ સાધુ-સાધ્વીને તમારા નમસ્કાર થાય. અને તેથી કેટલા કર્મની સાંકળો તૂટી જાય ?

સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂર્વનો સાર,
એના મહિમાનો નહિ પાર, એનો અર્થ અનંત અપાર...સમરો....

ચૌદ પૂર્વના જ્ઞાનનો સાર નવકારમંત્રમાં સમાયેલો છે. એમાં એટલો ગૂઢ અર્થ સમાયેલો છે કે એનું વિવેચન કરવા બેસીએ તો ઘણો સમય જોઈએ. આ મુસલમાનને તો નવકારમંત્ર ઉપર શ્રદ્ધા હતી જ. તેમાં આવો બનાવ બની ગયો એટલે એની શ્રદ્ધા વધુ મજબૂત બની.

ખાડો ખોદે તે જ પડે છે :- આ તરફ પેલો વિહ્વલ બનેલો સર્પ શ્રદ્ધાળુ મુસલમાનની પથારી નીચેથી નીકળી જે મુસલમાન આ સર્પ મૂકી ગયો હતો તેના જ ઘેર ગયો. તેની એક છોકરી સૂતી હતી તેને કરડયો. છોકરીએ એવી કારમી ચીસ પાડી કે બધા માણસો જાગીને દોડી આવ્યાં. આડોશી-પાડોશી પણ ભેગા થઈ ગયાં. છોકરીનો બાપ પણ આવ્યો. એને ખબર ન હતી કે મારી દીકરીને સર્પ કરડયો છે. એના હૃદયમાં તો એવો અપાર આનંદ હતો કે ઠીક થયું. પેલા ભગતડા મુસલમાનનું આજે કાટલું નીકળી ગયું હશે, પણ એ તો નવકારમંત્રના પ્રભાવથી બચી ગયો હતો અને આરામથી ઉંઘી ગયો હતો.

પેલા દુષ્ટ મુસલમાનને ખબર પડી કે મારી પુત્રીને સર્પદંશ થયો છે, એટલે એના

તો હોશકોશ ઉડી ગયા. ઘણાં ઉપચારો કર્યા, મંત્રવાદીઓને બોલાવ્યા, પણ કોઈ રીતે સર્પનું ઝેર ન ઉતર્યું. મુસલમાન ખૂબ મૂંઝાયો. હાય....મારી પુત્રી મરી જશે ! એનું ઝેર નહિ ઉતરે ? શું થશે ? એમ ચિંતાતુર બની ગયો ને લમણે હાથ દઈને બેઠો. થોડી વાર પછી એને થયું કે ખરેખર ! મારા કર્મનું ફળ મને મળ્યું. મેં બીજાને મારી નાખવા પ્રયત્ન કર્યા, તેના પરિણામે મારે જ રડવાનો વખત આવ્યો. "હાયના કર્યા હૈયે વાગ્યાં" એ કહેવત સાચી પડી. હવે શું કરવું ! ખૂબ મૂંઝવણ થઈ.

અંતે એને એવો વિચાર થયો કે લાવને પેલા ભગતની પાસે જાઉં અને એના ચરણમાં પડી મારા અપરાધની માફી માંગું. જરૂર એ મારી પુત્રીનું ઝેર ઉતારશે. તરત જ પેલા શ્રદ્ધાળુ મુસલમાન પાસે દોડીને આવ્યો. પેલો તો ઘસઘસાટ ઉંઘતો હતો. એને ઢંઢોળીને ઉઠાડ્યો. એટલે પૂછે છે કેમ ભાઇ ! અત્યારે અહીં આવ્યા છો ? ત્યારે પેલો મુસલમાન હાથ જોડીને કહે છે ભાઈ ! હું આપના ચરણમાં પડીને માફી માંગું છું. મારો ગુન્હો માફ કરો. હું તો આપનો અપરાધી છું. પેલો શ્રદ્ધાળુ મુસલમાન વિચારમાં પડી ગયો કે શેનો ગુન્હો ને શેની માફી ? આ શું બોલી રહ્યાં છો ? મને કાંઈ સમજાતું નથી. પૂછે છે ભાઈ, તમે શેની માફી માંગો છો ? તમે તો કંઈ મારો ગુન્હો કર્યો નથી અને આમ કેમ બોલો છે ? આ શ્રદ્ધાળુ મુસલમાનને ખબર ન હતી કે સર્પનું કારસ્તાન આ ભાઈસાહેબનું જ હતું. દુષ્ટ મુસલમાને સત્ય વાત કહી દીધી. પછી કહ્યું કે મારી એકની એક પુત્રીને સર્પ કરડયો છે, બેભાન થઈ ગઈ છે. કોઇ રીતે ઝેર ઉતરતું નથી. ઘણાં ઉપાયો કર્યા પણ બધા નિષ્ફળ ગયા. આપ મારી પુત્રીને બચાવો. એનું ઝેર ઉતારો.

શ્રદ્ધાવાન મુસલમાને કહ્યું : હું કંઈ થોડો જ મંત્ર તંત્ર વાદી છું ! ત્યારે પેલાએ કહ્યું: ભલે. આપ મંત્રવાદી ન હો પણ મને વિશ્વાસ છે કે આપ મારી પુત્રીને બચાવી શકશો. ઠીક, બીજાના પ્રાણ મારાથી બચતા હોય તો હું આવવા તૈયાર છું. કેટલી ઉદ્ધાર ભાવના ! પોતાનું બૂરું કરનારનું પણ ભલું થાય એવી આ શ્રદ્ધાળુ મુસલમાનની ભાવના હતી. તરત જ ઉઠીને પેલા મુસલમાનને ઘેર આવ્યો.

શ્રદ્ધાથી થયેલ ચમત્કાર : મુસલમાનની પુત્રીના હોશહોશ ઉડી ગયા હતા. મંત્રવાદીઓએ હાથ ખંખેરી નાંખ્યા હતાં. હવે બચવાનો કોઈ ઉપાય ન હતો. છતાં શ્રદ્ધાળુ મુસલમાને શ્રદ્ધા પૂર્વક નવકારમંત્રનું સ્મરણ કરી તેના ઉપર પાણી છાંટયું. ત્યાં અજબ ચમત્કાર થયો. છોકરીનું ઝેર આપો આપ ઉતરી ગયું. અને છોકરી જાણે નવો અવતાર પામી હોય તેમ આળસ મરડીને પથારીમાંથી ઉભી થઈ ગઈ. પાસે ઉભેલા દરેક માણસો આશ્ચર્યચકિત બની ગયા. દરેક હર્ષઘેલા બની ગયાં. અને શ્રદ્ધાળુ મુસલમાનને ધન્યવાદ આપવા લાગ્યા, અને સૌના મુખમાંથી સહેજે એવા શબ્દો સરી પડ્યા કે કેવી પરોપકાર-પરાયણતા ! કેવો અજબ મંત્રનો પ્રભાવ ! ભાઇ, ધન્ય છે તમને ! !

બંધુઓ ! એક અપરાધી ઉપર પણ રહેમ નજર રાખવી એ સહેલી વાત નથી! દુનિયામાં આવા માણસો બહુ જ ઓછા હોય છે. નવકાર મંત્રનો પ્રભાવ અજબ છે, નવકાર મંત્રના પ્રભાવના અનેક દૃષ્ટાંતો છે. નવકાર મંત્રને ગણનારા પણ પરમ પદને પામી ગયાં છે. નવકાર મંત્ર અનાદિનો એનો એ જ છે, પણ ગણનારની શ્રદ્ધા ઉપર આધાર રહેલો છે. તમે પણ નવકાર મંત્ર ગણતા હશો. પણ ચિત્તની સ્થિરતા ન હોય, હાથમાં માળા હોય અને ચિત્ત તો ક્યાંય ભમતું હોય. હૃદય બૂરી ભાવનાના કચરાથી ભરેલું હોય ત્યાં આવો પ્રભાવિક મંત્ર કયાંથી ફળે? કબીરજીએ કહ્યું છે કેઃ—

"માલા ફેરત જુગ ગયા, ગયા ન મનકા ફેર,
કરકા મનકા ડારી કે, મનકા મનકા ફેર."

આવી રીતે નવકાર મંત્ર ગણતાં જન્મારો વીતી જવા આવ્યો, પણ મનનું ભટકવા-પણું ન ટળે તો ફળ કયાંથી મળે? મનને બહાર ભટકતું રાખી માળાના મણકા ગણવા કરતાં મન રૂપી મણકાને જો હાથમાં લઇ લો અર્થાત મનને વશ કરી લો તો જરૂર સાધનામાં સફળતા મળ્યા વિના ન જ રહે. પણ શ્રદ્ધા હોની જોઈએ.

આજે માણસમાં શ્રદ્ધા નથી, વિશ્વાસ નથી, નવકાર ગણતાં ફળની માંગણી કરો છો. બસ, પૌદ્ગલિક સુખની આશાથી જ નવકાર મંત્ર ગણો છો તો તેનું ફળ એવું જ મળે ને? તમને તો નવકાર મંત્ર ગણવાનો ટાઈમ જ કયાં છે? કદાચ ગણતા હશો તો સુખની આશાથી ગણતા હશો. અમે તમને પૂછીએ કે શ્રાવકજી! નવકાર મંત્ર ગણો છો? ત્યારે એવો જવાબ મળે છે કે સાહેબ! ઘણાંય નવકાર મંત્ર ગણ્યાં પણ અમને તો કંઈ તત્ત્વ દેખાતું નથી.

યશાની વિનંતી:— ભૃગુ પુરોહિત બ્રાહ્મણ હતો, છતાં ચારિત્રમાર્ગની એને શ્રદ્ધા થઈ. મુસલમાનને એક જ વખત જૈન મુનિનો સમાગમ થતાં નવકારમંત્ર ઉપર અખૂટ શ્રદ્ધા થઈ. પણ વર્ષોથી ઉપાશ્રયમાં બેસતા વીતરાગવાણીનું પાન કરનાર મહાવીરના પુત્રોને હજુ જાગવાનું મન થતું નથી. દીક્ષાની વાત આવે ત્યારે કહો છો કે શું કરીએ? શ્રાવિકાજી રજા નથી આપતાં. પણ ભાઇ! જેને અંતરંગ વૈરાગ્ય આવે તેને પત્ની-પુત્રો માતા-પિતા કોઈ રોકી શકતું નથી.

ભૃગુ પુરોહિતને એની પત્નીએ કહ્યું કે સ્વામીનાથ! મળેલાં સુખોને છોડીને તમે બીજા સુખો મેળવવા શા માટે દીક્ષા લો છો? આપણે પછી દીક્ષા લઈશું. પણ ભૃગુ પુરોહિતે એની વાતનો સ્વીકાર ન કર્યો. એણે સામે જવાબ આપ્યો કે યશા! ઘણાં ભોગ ભોગવ્યાં. ગમે તેટલાં ભોગો ભોગવીએ તો પણ તૃપ્તિ થવાની નથી. મેં તો ભોગોને છોડ્યા નથી અને યુવાની તો ઝડપભેર ચાલી જાય છે. આત્મ સાધના માટે યુવાવસ્થા જ શ્રેષ્ઠ છે.

મજબૂત ગાંઠને ચીરવા માટે બત્રીસ વર્ષનો યુવાન યોદ્ધો અને તીક્ષ્ણ કુહાડો જ જોઈએ. બુઠ્ઠો કુહાડો ગાંઠ ચીરી શકતો નથી તેમ કર્મની મજબૂત ગ્રંથીને ચીરવા માટે પણ યુવાવસ્થા જ જોઈએ. તમે માનતા હો કે ઘડપણમાં ધર્મધ્યાન કરીશું, પણ ઘડપણ આવશે કે નહિ તેની શી ખાત્રી ? કદાચ માની લો કે ઘડપણ આવશે તો તમારી શારીરિક શક્તિ સારી રહેશે કે નહિ તેની ખબર છે ? કાયા તો કાચી માટીના ઘડા જેવી છે. એનો વિશ્વાસ કરવા જેવો નથી. જ્યાં સુધી સાધન મજબૂત છે ત્યાં સુધી સાધ્યની સિદ્ધિ કરી લો.

ભૃગુ પુરોહિત કહે છે કે હું કોઈ સુખની આશાથી ભોગનો ત્યાગ કરતો નથી. હું તો સંયમમય જીવન ગાળવા, લાભ–અલાભ–સુખ–દુઃખ આદિને સમ્યક્ પ્રકારે જાણીને સમતાભાવ ધારણ કરી આત્માને કર્મના બંધનથી મુક્ત કરવા દીક્ષા લઉં છું. હજુ પણ તેની પત્ની શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૯૩

આસો વદ ૭ ને બુધવાર તા. ૨૧–૧૦–૭૦

સુજ્ઞ બંધુઓ ! પરમ કૃપાળુ ભગવાન મહાવીર જેઓ ત્રિશલાના લાલ હતા. જેઓ આજથી ૨૪૯૬ વર્ષો પૂર્વે મોક્ષમાં પધાર્યા છે તેમનું આપણે સ્તવન કરીએ છીએ. સ્તવન શા માટે કરીએ છીએ ? રાગદ્વેષનો નાશ કરવા માટે. અનાદિકાળથી જીવ રાગદ્વેષના તોફાને ચઢ્યો છે. એને શાંત કરવો હોય તો તમારે વીતરાગ વાણીના સ્વરૂપને જરૂર સમજવું જોઈશે. અને સંત સમાગમ કરવો જોઈશે. સંત સમાગમ શા માટે કહ્યો ? સંસારી જીવો અનીતિ, પ્રપંચ અને કાવાદાવામાં પડેલા છે. તે રાગ–દ્વેષથી પર થવા ઉપદેશ આપી શકે નહીં. અને જો તે ઉપદેશ આપવા જાય તો તે છિન્નભિન્ન થઈ જાય. કેમ ખરું ને ? તમે ગમે તેવા શ્રીમંત હો પણ તમે ત્યાગમાં આવ્યા નથી અને કોઈને ત્યાગનો ઉપદેશ આપવા જાવ તો ઘડીના છઠ્ઠા ભાગમાં ઉડી જાવને ? સત્તાના રાગમાં પડેલો માનવી કંઈ પણ સમજાવવાને સમર્થ નથી. ખરેખર સમજાવવાને સમર્થ હોય, કહેવાને યોગ્ય હોય તો સંતપુરૂષ છે. કારણ કે તે સંસારના પ્રલોભનથી અને ભોગોથી વિરક્ત થયા છે. તમારા જીવનના અનુભવો તમારા ખ્યાલમાં છે ને ? સંસારના રંગરાગમાં પડીને તમારા બાળકોને પણ સાચી સલાહ આપી શકતા નથી. આજે ઘણી જગ્યાએ સંતાનોને માબાપ વખોડે છે. એને નફ્ફટ કહે છે, પણ ખરેખર જવાબદાર કોણ છે ? તેની માબાપને ખબર નથી. બાળપણથી જ બાળકો માબાપનું વર્તન જોતાં આવ્યાં

અને જેવું જોયું તેવું શીખ્યા. મમ્મી અને પપ્પા પફ પાવડર લગાવી હાથમાં પર્સ લઈને ફરવા નીકળે તો બાળકો શું શીખે? આ સિનેમાએ તો સત્યાનાશ વાળ્યું. ગમે તેવા અશ્લીલ દૃશ્યો અને ઉભટ પહેરવેશ રજુ કરીને બાળકોના જીવનમાં કેટલી ખરાબ વાસનાઓ ઉભી થઇ તેનો ખ્યાલ છે? અરે, શું કહું, આજના કંઈક માબાપો તો પોતાના સંતાનને સિનેમા જોવા માટે, છેલ્લી ઢબના કપડાં પહેરવા માટે આગ્રહ કરે, અને તે રીતે બાળક ન કરે તો ઓઘો કહે. ખરેખર! આ સિનેમાએ તો કોમળ બાળકોના મન મતિભ્રષ્ટ કર્યા છે અને ગેરરસ્તે દોર્યા છે. પણ યાદ રાખજો, તમારા સંતાનોને ધાર્મિક શિક્ષણથી વંચિત રાખશો, અને આવા કુસંસ્કારો તરફ જતાં રોકશો નહિ તો પરિણામ શું આવશે? લીમડો વાવ્યા પછી આંબાના ફળની આશા રાખશો તો આંબો કયાંથી મળશે? માટે જો ખરેખર બાળકોને સુધારવા હોય તો પ્રથમ મા બાપોએ સુધરવું પડશે અને બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન અને સંતનો સમાગમ કરાવવો જોઇશે. કેવળ તિરસ્કાર કરવાથી બાળકો સુધરી જવાના નથી પણ પ્રેમથી ધર્મના સંસ્કારો આપો. તમને જ્યાં જ્યાં સંસારમાં સુખ દેખાય છે ત્યાં ખરેખર ઉંડાણથી વિચાર કરશો તો દુઃખ જ દેખાશે. આજનો માનવી અર્થ અને કામના રાગમાં આંધળો થઈને ફરે છે. પણ તેની ભયાનકતા જીવને જ્યારે સમજાશે ત્યારે આપોઆપ તેનો રાગ ઘટી જશે. પૈસો તમને ખૂબ વહાલો છે અને તમારા સંસારી સુખ અને સગવડ આપનારો દેખાય છે. તમે માનો છો કે તેનાથી સર્વ સગવડતા મળે, માનપાન મળે, અને તેમાં તમે સુખ અનુભવો છો. પણ તમને ખબર નથી કે આ તો પૂર્વભવે કરેલાં પુણ્યનું પરિણામ છે. પુણ્ય હોય અને થોડો પુરૂષાર્થ કરે તો ધન મળી રહે પણ તેમાં રાચવા જેવું નથી. કારણ કે તે કાયમ નથી રહેવાનું. ગમે ત્યારે આગ લાગે, ચોરી થાય, મોત આવે તો ધનને છોડીને જવાનું જ છે. ખરેખર, તમે ભોગો ભોગવતાં જે સુખ નહીં અનુભવ્યું હોય તેથી અનંત ગણું દુઃખ તમને છોડતાં થવાનું છે.

હેન્રીફોર્ડ દુનિયાનો અગ્રગણ્ય શ્રીમંતો પૈકીનો એક શ્રીમંત હતો. તે પોતાના જીવનમાં છતાં પૈસે પૈસા પાછળ જ ગુંગળાઇને મર્યો, તેનો તમને ખ્યાલ નહીં હોય. એક વખતની વાત છે. "Strong Room" સ્ટ્રોંગ રૂમમાં પૈસા ગણતા ગણતાં-બારણું આપો આપ બંધ થઈ જાય છે. અને કરોડો ડોલરનો માલિક નજર સમક્ષ છતે પૈસે તે જ "Strong Room" માં ગૂંગળાઈ ને મરે છે. પાણી પાણી કરે છે. પણ અવાજ બહાર સંભળાતો નથી. એને ત્યાં સુધીનો વિચાર થયો કે મને કોઈ એક ગલાસ પાણી પીવડાવે તો હું તેને મારી બધી મિલકત દઈ દઉં. આટલી તૈયારી હોવા છતાં તરફડીને તે મરી ગયો. હે મારા બંધુઓ! આ લક્ષ્મીના મોહને તમે જુદી જુદી દૃષ્ટિથી તપાસશો તો તમને ખ્યાલ આવશે કે ખરેખર લક્ષ્મી નાશવંત છે. કર્મ બંધાવનાર છે અને અશરણ છે.

આ ઉપરનું દૃષ્ટાંત સાંભળતા તો તમને ખ્યાલ આવે છે ને કે લક્ષ્મી શરણ આપનારી નથી. જો તમને આટલું સમજાશે તો તમને આપો આપ એના પરનો રાગ ઓછો થઈ જશે. હવે આજનો માનવી વાસના અને કામનાનો ભોગી બન્યો છે, તેના વિષે થોડું સમજવું. જો તમે દરેક વસ્તુને અનેકાંત દૃષ્ટિથી જોશો તો તમને બધો ખ્યાલ આવશે. જ્યારે સ્ત્રી તરફ તમે જુઓ છો ત્યારે તમને લાગે છે કે કેવી રૂપાળી છે, સુશીલ છે, શીલવંતી છે, સંસ્કારી છે. બધી રીતે સેવા ચાકરી કરે તેવી છે, આ રીતે જોઈને તમને તેના પ્રત્યે સ્નેહ થાય છે. પણ બીજી દૃષ્ટિથી સ્ત્રી તરફ વિચાર કરવો જોઇએ. અહો! હું જેના પ્રત્યે રાગ કરું છું તે શરીર કેટલું અશુચીથી ભરેલું છે અને નાશવંત છે!

એક વખતની વાત છે. એક ગામમાં મામા ભાણેજ સાથે જતા હતા. તેમાં એક સ્ત્રી જતી જોઈને ભાણેજ તેના સૌંદર્યના વખાણ કરવા લાગ્યો. આથી મામાએ આંખો બંધ કરી દીધી અને નાકે રૂમાલ ઢાંકી દીધો. ભાણેજ કહે. મામા! આમ કેમ કર્યું? ત્યારે તેનો મામો ભાણેજને સુધારવા શું બોલ્યો? દિકરા! એ તો ખૂબ અશુચીનું ભરેલું શરીર છે. નાકમાં લીંટ છે, કાનમાં મેલ છે, આંખમાં ચીપડા છે અને શરીર આખું મળ, કફ અને અશુચીથી ભરેલું છે.

આવા અશુચીથી ભરેલા શરીરમાં તું શું મોહી પડયો! એમ અનેક પ્રકારે જ્યારે મામાએ નાશવંત શરીર વિષે સમજાવ્યું ત્યારે ભાણેજને ભાન થઈ ગયું અને તેના પ્રત્યેનો રાગ આપો આપ ઘટી ગયો. દેવાનુપ્રિયો! સંસારના સુખો તો ઈલેકટ્રીક શોટ જેવા છે. મોહીત આત્મા તેને જોતાં જ ચોંટી જાય છે. પણ જ્યારે તેમાં રહેલી ભયાનકતાનું દર્શન થાય છે ત્યારે તે ઉખડી જાય છે. જેમ ઈલેકટ્રીક શોટવાળા માનવીને લાકડું અડે કે તરત જ માનવી છૂટો પડી જાય છે, તેમ શરીર અશુચીનું ભરેલું છે તેવું ભાન થાય છે કે તરત જ તેના પ્રત્યેનો રાગ ઘટી જાય છે. આવું જ એક બીજું દૃષ્ટાંત છે, તે તમને કહું છું.

એક નગર છે. તે નગરમાં એક નગરશેઠને ત્યાં સુશીલ યૌવનવંતી પુત્રી છે. રાજપુત્ર એક વખત આ કન્યાને જોઈને મોહી જાય છે અને તરત જ તેને મળવા આતુરતા દર્શાવે છે. તે પત્ર લખે છે, અને કન્યા તરત જ અઠવાડિયા પછીનો ટાઇમ આપે છે. આવો જવાબ મળતાં રાજકુમારને થયું કે કન્યા પણ મારા જેવા જ વિચારવાળી છે. પણ તેને ખબર નથી કે આ એક સુશીલ ગૌરવવંતી ભારતીય સન્નારી છે. અને શીલખાતર પ્રાણ અર્પણ કરવા પણ તૈયાર છે. કન્યા જાણે છે કે રાજકુમાર ધારે તે કરી શકે તેમ છે. પરંતુ તે સંસ્કારી કન્યાને સંતનો સમાગમ થયેલો હતો. એટલે આત્મજ્ઞાનથી પોતાનાં શીલના રક્ષણ કાજે પોતાનું જીવન હોડમાં મૂકે છે. પોતાના કુટુંબના રાજવૈદને બોલાવે

છે. અને તરત જ પોતાના શરીરને સૂકવી નાંખવા મળ કાઢી નાખીને શીલનો બચાવ કરવા સંકલ્પ કરે છે. અને રાજવૈદ્યને તેને માટે કોઈ દવા હોય તો પૂછે છે. રાજવૈદ્ય કહે છે કે નેપાળાની એક ગોળી પણ શરીરના મળને કાઢી ફિક્કું કરી નાખે છે. શેઠની કન્યા ખાનગીમાં ૨૮ ગોળી પોતાની જવાબદારીએ જ માંગે છે. સવાર સાંજ બબ્બે ગોળી લેવાનું શરૂ કરે છે. નેપાળાની અસર પણ કેવી ? તે આપ સહુ જાણતાં હશો. સવાર-સાંજ બબ્બે ગોળી લેવાથી શરીરનાં મળ નીકળવા માંડયા. તેને તે કન્યા સુંદર કુંભમાં ભરીને ઢાંકી રાખે છે. અને અઠવાડિયામાં પોતાનું શરીર ક્ષીણ-શક્તિહીન અને ફીકકું કરી નાંખે છે. આ બધું શા માટે ? એક શીલની રક્ષા માટે ને ? અઠવાડિયા પછી રાજકુમાર આવે છે. દિવાનખંડ સુશોભિત બનાવેલ છે. મળના કુંભો રંગબેરંગી કાગળોથી ઢાંકી ઉપર ગુલાબના ફુલો વિગેરે ઢાંકી દિવાનખંડમાં ગોઠવી દીધા છે. અગરબત્તીઓની સુવાસ ફેલાવી દીધી છે અને રાજકુમાર તો શેઠની કન્યા મેળવવાની તીવ્ર ઈચ્છામાં તેની રાહ જોઈને બેઠો છે. જ્યારે સાત દિવસમાં પોતાનું રૂપ મળ રૂપે કાઢી કન્યા તો ફીક્કી હાડપિંજર જેવી થઈ ગઈ છે. કન્યાએ કામ કરનાર બાઈને બોલાવવાની મનાઇ કરી છે. કુમારને કન્યા જોવાની આતુરતા છે. તેની આતુરતામાં જ આ કન્યા પોતાની કામ કરનારી બાઇઓ સાથે આવે છે. રાજકુમાર તો ગુલાબી ગાલ અને રૂપના મોહમાં પડેલ આ કન્યાને જોતાં ઓળખી શકતો નથી. તે કામાંધ રાજકુમાર કામ કરનારી બાઈઓને શેઠની રૂપવંતી કન્યા વિષે પૂછે છે ત્યારે સુચના પ્રમાણે કામવાળી બાઈઓ મૌન સેવે છે. અને શેઠની પુત્રી તરતજ કહે છે કે આપ જેને મળવા માગો છો તે શેઠની પુત્રી તો હું જ છું. શરીરના રૂપમાં કામાંધ થયેલા રાજકુમારને તરત જ કન્યા કહે છે કે આપે તે કન્યાને મોહેલ કે રૂપને મોહેલ ! જો તમારે કન્યા જોઈતી હોય તો તે હું પોતે જ છું અને તેનું રૂપ જોઈતું હોય તો આ કુંભમાં છે. તેમ કહી તે કન્યા કામવાળી બહેનોને કુંભ ખોલી નાંખવા સુચના આપે છે. અને તરત જ અઠવાડિયામાં ગંધાઈ ગયેલા મળની દુર્ગંધ ફેલાઈ જાય છે. તેનાથી રાજકુમાર અરેરાટી પામી જાય છે. ત્યારે કન્યા સત્ય હકીકત કહે છે કે જો રૂપ જ જોઈતું હોય તો મારું રૂપ આ કુંભોમાં નીચોવીને નાંખ્યું છે. તે જોઈતું હોય તો લઈ જાવ. અને તે અંગેની સંપૂર્ણ વાત પણ કહે છે. રાજકુમારને તરત જ્ઞાન થઈ જાય છે. તે કન્યાના ચરણમાં પડે છે. અને પોતે કરેલ કુદૃષ્ટિ માટે માફી માંગે છે. અરે ! તેને પોતાની બહેન ગણે છે. તેને તે જ ક્ષણે શરીરના દુર્ગંધના રૂપનું ખરું સ્વરૂપ જોતાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અને તેના રૂપ અને સૌંદર્ય પ્રત્યેનો રાગ તૂટી જાય છે. અને રાજપુત્રને ભાન થઈ જાય છે. શેઠની કુંવરી રાજપુત્રને સમજાવતાં આગળ કહે છે હે રાજપુત્ર ! કોઈ કોઈ શરીર દાદરના રોગથી એટલા બધાં વ્યાપ્ત થઈ ગયેલાં હોય છે કે આંગળી મૂકીએ તેટલી જગા પણ ખાલી દેખાતી નથી. ત્યારે કોઈ ખરજવાથી ઘેરાઈ ગયેલું હોય છે. અને મોટા મોટા વ્રણ

પડી ગયેલા હોય છે. કોઈ હરસની વ્યાધિથી પીડાતું હોય છે. કોઈ શરીર કોઢથી સડેલ અથવા લાલ બની ગયું હોય છે. તો કોઈ સોજાથી સ્થૂલ અને ભયંકર જેવું દેખાય છે. કોઇને ખાંસી, કોઇને માથાનો દુઆવો, કોઇને દમ, કોઇને ઉલ્ટી તો કોઇને અતિસાર, કોઇને તાવ આદિ રોગથી વેદના થતી જોવામાં આવે છે. જેવું મરણનું દુઃખ છે તેવી રીતે આ રોગોનું પણ દુઃખ છે, એવા અનેક રોગોથી વ્યાપ્ત એવા આ શરીર પર જરા પણ મોહ રાખવા જેવો નથી. આમ કુંવરીના સમજાવવાથી રાજપુત્રને શરીરની અનિત્યતા સમજાતાં વૈરાગ્ય ઉત્પન્ન થયો. અને તેનો મોહ ઉતરી ગયો.

બંધુઓ! હવે આપણે આપણા ચાલુ વિષય પર આવીએ. ભૃગુ પુરોહિતને સંસારની અને શરીરની અનિત્યતા સમજાઇ ગઈ છે. જેને આત્માની અનુભૂતિ થઈ ગઈ છે, સ્વપરની પિછાણ જેને થઇ ગઈ છે, તેવો ભૃગુ પુરોહિત દીક્ષા લેવા માટે તૈયાર થયો છે. પત્નીને કહે છે તું મને રજા આપ તો મારા લાડીલા પુત્રોની સાથે હું દીક્ષા લઇને નીકળી જઉં. આ ક્ષણિક સંસારમાં રાચવા જેવું નથી. ભૃગુ પુરોહિતે કહ્યું કે પુત્રો દીક્ષા લઇ લે પછી મારે આ ક્ષણિક સંસારમાં શા માટે પડ્યા રહેવું જોઈએ! બંધુઓ! ભૃગુ પુરોહિત કંઇ વૃદ્ધ નહોતો થઇ ગયો. બે પુત્રો કિશોરવયમાં જાગી ગયા છે. ભૃગુ પુરોહિતને સંસારના સુખો ભોગવવાનો સમય છે. પણ એ આત્માને સમજાયું કે આ સુખો ગમે તેટલા દેખાવમાં સારા હોય પણ ભોગવ્યાં પછી એનું પરિણામ સારું આવવાનું નથી. એની પત્ની યશાને પતિનો મોહ છે એટલે મનમાં થાય છે કે મારા પુત્રો દીક્ષા લઈ લેશે, પતિ પણ દીક્ષા લેશે, તો પછી આ સંસારમાં મને સુખ શું? કમોદમાંથી ચોખા કાઢી લીધા પછી ફોતરામાં શું સાર? એમ મારા પતિ ને પુત્રો ગયા પછી મારું જીવન પણ કમોદના ફોતરા જેવું અસાર બની જશે. એટલે પતિને કહે છે સ્વામીનાથ! આપ પુત્રોના વાદે દીક્ષા લેવા તૈયાર થયાં છો પણ વિચાર કરો. ત્યારે ભૃગુ પુરોહિત કહે છે–શાસ્ત્રમાં ખરું કહ્યું છે કે का हानीः समयक्षतिः મોટામાં મોટી નુકશાની જો કોઇ હોય તો તે સમયક્ષતિની છે. મહાવીર પ્રભુ કહે છે કે—

હે ગૌતમ! જેમ ઝાડમાં પીળાં થએલા પાકાં પાંદડા એક પછી એક પડતાં જાય છે તેવી જ રીતે દિવસ અને રાત્રીઓ પસાર થતાં માણસનું જીવન પાકતું જાય છે અને થોડા જ વખતમાં જીંદગીનો અંત આવી જાય છે. જેમ દાભડાની અણી ઉપર લટકતું ઝાકળનું બિંદુ પવનનો ઝપાટો લાગતાં તરત પડી જાય છે તેમ મનુષ્યની જીંદગીનો તરત અંત આવી જાય છે. માટે ધર્મના કાર્યમાં કે આત્માનું શ્રેય સાધવામાં એક ક્ષણનો પણ પ્રમાદ ન કરવો. એક ક્ષણ પણ વ્યર્થ ગુમાવવી નહિ. મનુષ્યની જીંદગીનો પ્રત્યેક સમય કર્મના પ્રવાહને આત્મામાં પ્રવેશ કરતો અટકાવવામાં અને જુના કર્મોને દૂર કરવામાં વપરાય તો જ જીવનનો સદ્વ્યય થયો ગણાય. બીજી જીંદગીઓની અપેક્ષાએ

મનુષ્યની જીંદગી બહુ કિંમતી છે. તેની એક ક્ષણ લાખો અને કરોડો સોનામહોરો કરતાં વધારે કિંમતી છે. તેનો યથેચ્છ–ગમે તેવી રીતે ઉપયોગ કરવો કે તેને વ્યર્થ ગુમાવી નાંખવી એ ચલાવી લેવાય તેવી વાત નથી. દરેક ક્ષણ અપ્રમાદમાં જ પસાર થવી જોઈએ. ભારંડ પક્ષીની માફક સાવધાન રહેવું. ક્રોધ–માન–માયા–લોભ–ઇર્ષ્યા–અસૂયા–મદ–મોહ વગેરે લુંટારાઓનું એટલું બધું પરિબળ છે કે આત્માની પ્રમત્તાવસ્થામાં તેઓ એકદમ આત્મિક સંપત્તિ લૂંટી જાય છે. અને આત્મિક સંપત્તિને સ્થાને કર્મનો કચરો ભરી દે છે. માટે તેમનાથી બચવાને અપ્રમાદ સેવવાની અને પ્રમાદને દૂર કરવાની ઘણી જરૂર છે. ભૃગુ પુરોહિતના વૈરાગ્યભર્યા વચનો સાંભળી હજુ યશા શું કહે છે :–

મા હુ તુમં સોયરિયાણ સમ્મરે, જુણ્ણો વ હંસો પડિસોત્તગામી ।
મુંજાહિ ભોગાઇ મએ સમાણં, દુક્ખં ખુ ભિક્ખાયરિયા વિહારો ॥ ઉ. અ. ૧૪–૩૩

યશા કહે છે કે સ્વામીનાથ ! પ્રતિસ્રોતગામી જીર્ણ હંસની જેમ તમારે તમારા ભાઈઓને યાદ ન કરવા પડે. તમે મારી સાથે સંસારમાં રહીને સુખ ભોગવો. હું નિશ્ચયથી આપને કહું છું કે દીક્ષા લઈને ભિક્ષાચરી કરવી. વિહાર અને મુનિચર્યા દુઃખરૂપ છે. અહીં વિહાર શબ્દ એકલા વિહાર માટે જ વપરાયો નથી. પણ સાધુના સમસ્ત આચારો માટે બતાવ્યો છે. એનો કહેવાનો આશય એ છે કે ત્યાગનો માર્ગ એ કંઈ જેવો તેવો નથી. ખાંડાની ધાર ઉપર ચાલવા જેવું છે. ત્યાગમાર્ગે જતાં અનેક પ્રકારના ઉપસર્ગો આવશે. હજુ યશા કહે છેઃ સ્વામીનાથ ! હું આપને સત્ય કહું છું. દીક્ષા લેવી એ મહાન દુષ્કર છે. ત્યાં કોઈને કહેવાશે નહિ. સહેવાશે નહિ અને ઘેર પણ નહિ અવાય. પછી તમે મને યાદ કરશો કે મારી પત્ની કહેતી હતી તે સાચું હતું. તમે પાછળથી પસ્તાશો. કેવી રીતે ? મોટી નદીનો પ્રવાહ પૂરજોશમાં વહેતો હોય તે વખતે સામે કિનારે જવાની આશાથી યુવાન હંસો પ્રયાણ કરે, તેની સાથે વૃદ્ધ હંસ પણ સામે કિનારે જવા તૈયાર થાય તો તેની કેવી દશા થાય ? મધ્ય ભાગે જઈને વૃદ્ધ હંસ થાકી જાય છે ત્યારે એના મનમાં એમ થાય છે કે હું ક્યાં આવ્યો ? પછી નહિ આ કિનારાનો ને નહિ સામાં કિનારાનો ! " અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ " જેવી એની સ્થિતિ થાય છે. તેમ સ્વામીનાથ ! પુત્રોની ઉગતી ઉંમર છે, એમનામાં બળ છે. એ તો પરિષહો સહન કરવામાં પાછા નહિ પડે. પણ તમે થાકી જશો એટલે ઝૂરશો કે મેં દીક્ષા ન લીધી હોત તો સારું હતું. રખેને તમને દીક્ષા લઈને આવો શોચ થાય. એના કરતાં સંસારમાં રહી મારી સાથે ભોગ ભોગવો.

તમને તમારી પત્ની આ પ્રમાણે કહે તો તમે કેવા કુલાઈ જાવ. બીજાને એમ કહો કે તારી ભાભીનો મારા ઉપર કેવો પ્રેમ છે ! એ તો મારા માટે એક વખત પ્રાણ આપવા પડે તો આપી દે તેવી છે. ભાઇ ! આ બધું તમને ઉજળું દેખાય છે. પણ અંદર તો તેનો સ્વાર્થ ભર્યો છે. તમારા શુભ પુણ્યનો ઉદય છે ત્યાં સુધી પ્રેમ છે, પરન્તુ પાપનો ઉદય થશે એટલે પ્રેમ એ દ્વેષના રૂપમાં પરિણમશે.

એક યુવાને લગ્ન કર્યાં. પરણીને પત્ની ઘરમાં આવી. એ સ્ત્રી ખૂબ સાદી અને સંસ્કારી હતી. પરણીને આવ્યા પંદરેક દિવસ થયા. તેણે પતિના સ્વભાવને પારખી લીધો. પછી કહે છે સ્વામીનાથ ! હું આપને એક વાત કહું. મારા બાપે આટલા દાગીના કર્યાં છે, આટલા કપડાં કર્યા છે, આ બધો જગનો વહેવાર છે. જગના વહેવારને અનુસરીને કરિયાવર કર્યો છે. બાકી મને આ સાડીઓ–શેલા અને સોનાના દાગીના પહેરવા ગમતા નથી. જો આપને દુઃખ ન થાય તો હું ખાદીના સાદા કપડાં અને સૌભાગ્યની નિશાની પૂરતી બે સફેદ બંગડી જ પહેરું. જેટલાં સુંદર રંગબેરંગી વસ્ત્રો પહેરીએ તેટલાં આપણે સુંદર દેખાઈએ. અને આપણા નિમિત્તથી બીજા પુરૂષોનું મન બરાબ થાય. માટે મારે તો સાદાઈથી જ જીવન વીતાવવું છે. પતિ પણ ખૂબ સદાચારી હતો. અત્યારના જમાનાનો ફેશનેબલ ન હતો. એટલે તેણે એની પત્નીને હા પાડી.

આજે તો દિન–પ્રતિદિન ફેશનો વધતી જાય છે. પહેલાના જમાનામાં સૌભાગ્યવંતી સ્ત્રીઓ કપાળમાં કંકુનો ચાંલ્લો કરતી હતી. આજે તો કાળો મેશનો ચાંલ્લો કરે છે. મેચીંગે તો હદ વાળી છે. જેવા રંગના કપડાં તેવા રંગનો ચાંલ્લો, રૂમાલ, ઘડિયાળનો પટ્ટો બધું જ જોઇએ. પહેલાં તો શોક હોય તો કાળા બ્લાઉઝ પહેરાતા હતાં. તેના બદલે આજે તો ફેશનમાં પણ કાળા બ્લાઉઝ પહેરે છે. પહેલાં શરીરની મર્યાદા સાચવવા જાડા કપડા પહેરતા હતાં અને આજે તો સાવ બારીક નાઇલોનના કપડાં પહેરાય છે. નાઇલોને તો ભારતનું નાક કપાવ્યું છે. આજે તમે નાઈલોનનાં કપડાં લાવી આપો છો અને બહેનો પહેરે છે, પણ એનાથી શરીરની મર્યાદા સચવાતી નથી.

આ બહેન કહે છે વસ્ત્રો તો શરીરને ઢાંકવા માટે જ પહેરવા છે ને ? એણે બાદીના બે જોડી કપડાં મંગાવ્યા, પોતાની ભારે મૂલી સાડીઓ અને દાગીનાનો ગરીબોની સેવામાં ઉપયોગ કરી નાંખ્યો. ઘરમાં જરૂરિયાત પૂરતી સામગ્રી રાખી. પતિ પગાર લાવે તેમાં પોતાનું ગુજરાન નભાવે છે. ખૂબ સાદાઇથી જીવન જીવે છે. ઘરકામથી નિવૃત્ત થાય ત્યારે સારા પુસ્તકોનું વાંચન કરતી, પણ ઘરની બહાર કામ વિના જતી નહિ. પતિ દિવસે નોકરી જાય એટલે બાઇ તો ઘરમાં એકલી જ હોય. પાડોશણબાઈ એના ઘરમાં આવીને કહે છે બહેન ! તમે તો પરણીને આવ્યા ત્યારથી ઘરમાં એકલા જ રહો છો. શેરીની બહેનોએ તમારું મોઢું પણ પૂરું જોયું નથી, કોઈ કોઈ વાર બહાર નીકળતા હો તો ! ઘરમાં એકલા બેસી રહેવું કેમ ગમે છે ? વળી તમે તો સ્વતંત્ર છો, છતાં કોઈ દિવસ નહિ ફરવું હરવું કે સારા કપડાં દાગીના પણ પહેરવા નહિ ! આ બાઈને પાડોશણની વાત ન ગમી. એણે કહી દીધું બહેન ! મને બહુ બહાર નીકળવું ગમતું જ નથી. બાઇના પતિને મહિને રૂ. ૨૦૦, નો પગાર હતો. ઘરખર્ચ કાઢતાં દશ રૂપિયા બચાવતા હતાં. અને એ દશ રૂપિયાનું દર મહિને સારું સાહિત્ય વસાવે. પતિ–પત્નિ સાંજે ભેગાં મળી રાત્રે

એનું વાંચન કરે છે. આ રીતે જીવન ચાલે છે. પણ પેલી પાડોશણબાઈ તો રોજ રોજ આ સાદી બાઈ પાસે આવે અને હરવા ફરવાની ને નાટક સિનેમાની વાતો કરવા લાગી. એટલે એના કાન ભરાઈ ગયાં, રોજ રોજ મોહ વિષયક કથા સાંભળવાથી માણસનું મન પલટાઇ જાય છે. તે અનુસાર આ બાઈના મનમાં પણ મોહ જાગ્યો. બસ હવે તો હરવું ફરવું ખાવું ને ખેલવું એવી લગની લાગી.

એક દિવસ એનો પતિ દસ રૂપિયાનું નવું પુસ્તક ખરીદીને લાવ્યો. હર્ષભેર પત્નીના હાથમાં આપ્યું. ત્યારે સ્ત્રી કહે છે તમે તો બસ, પુસ્તક વસાવવામાં જ સમજ્યા છો. મને કોઈ દિવસ હરવા–ફરવા લઈ જતા નથી. મારે માટે આ નથી લાવતા અને તે નથી લાવતા. આમ રોજ બોલવા લાગી. પતિ સમજી ગયો કે કોઈના સંગથી આના રંગ ઢંગ બદલાઈ ગયાં છે. એક વખત એની ઈચ્છા તો પૂરી કરી લઉં. બીજે દિવસે જ મહિનો બદલાતો હતો. પગાર મળી ગયો એટલે પત્નીની ઇચ્છા મુજબ એને ફરવા–પીકચર જોવા બધે લઈ જવા લાગ્યો. એને જે જે જોઇએ તે બધું લાવી આપ્યું. બાઈ તો એવી ચઢી ગઈ કે સાંજે તો હોટલમાં જ ખાવા જવાનું. પોતે રસોઈ પણ બનાવતી નથી. એના મોજશોખ પૂરા કરવામાં આખા મહિનાનો પગાર અઠવાડિયામાં પૂરો થઈ ગયો. ઘરમાં જે કાંઈ ભાંડ ભૂકો હતો તે પણ વેચી નાંખ્યો ને માથે કરજ થયું. પતિના મનમાં ચિંતા થઈ કે પગાર તો પૂરો થઈ ગયો. હવે બાવીસ દિવસ કાઢવા કેવી રીતે, એ ચિંતામાં માંદો પડયો. ખૂબ સખત તાવ આવ્યો. પતિને માટે ડોકટર તો બોલાવ્યો પણ વીઝીટના પૈસા પણ પાસે છે નહિ. શું કરે? ખૂબ મૂંઝાણી. ડોકટરે કહ્યું, અઠવાડિયું અનાજ તો આપવાનું નહિ. હવે દવાના પૈસા અને પતિના બરફ ઘસવા કે ફ્રુટ લાવીને બવડાવવાના પૈસા નથી. બાઈ ખૂબ મૂંઝાઈ ગઇ. અને પથારી પાસે બેસીને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી. ત્યારે એનો પતિ કહે છે તું શા માટે મુંઝાય છે? શા માટે રડે છે? તું રડીશ નહિ. શાંતિ રાખ. હું જીવું તોય ભલે અને મરું તોય ભલે, પણ તારી ઇચ્છા પૂરી થઈને? તને મારા તરફથી અસંતોષ નથી રહ્યો ને? પત્ની પણ સજ્જન અને ચતુર હતી. પતિના એક જ શબ્દમાં સમજી ગઈ. માફી માંગવા લાગી. એનો પતિ કહે છે તું કેટલી સાદી, તારા બાપના ઘરેથી કરિયાવરમાં આપેલી ભારે મૂલી સાડીઓ તેં ગરીબોને આપી દીધી. અને તને આ શું સૂજયું? પાડોશણ તને ચઢાવવા આવી પણ દુઃખમાં મદદ કરવા આવી? હું બિમાર પડયો છું તો બબર લેવા કેમ નથી આવતી? આ દુનિયા તો દોરંગી છે. જે કંઇ કરીએ તે આપણા કાળજાને પૂછીને કરવું પણ કોઇની શિખામણે ચઢવું નહિ. કોઇના ગુણ ગ્રહણ કરવા પણ અવગુણ ગ્રહણ કરવા નહિ.

પતિના બે શબ્દોથી પત્નીની સાન ઠેકાણે આવી ગઇ. એણે નિર્ણય કર્યો કે જો મારા પતિને સારું થઈ જાય તો હવે મારે કોઈ પારકાની શિખામણે ચઢવું નહિ. અને

પહેલાંની જેમ સાદાઈથી જીવન જીવવું. અંતે એનો પતિ સાજો થાય છે. હવે તો નિર્ણય કર્યો છે કે એક જ ટંક જમવું અને બને તેટલું વાંચન-મનનમાં જ રક્ત રહેવું. જો સંગ સારો હોય તો માણસ સુધરી જાય છે. પતિ સાદાઈ અને સદાચારમાં અડગ રહ્યો તો બાઈ પણ એક ટકોરમાં સુધરી ગઈ.

યશાને મોહ મૂંઝવે છે એટલે ભૃગુ પુરોહિતને કહે છેઃ દીક્ષા લઈને ઘરઘરમાં ગૌચરી જવું બહુ મુશ્કેલ છે. ઉગ્ર તાપમાં વિહાર કરવા પડશે. ભાજીપાલાની જેમ વાળને ચૂંટવા પડશે. કોઈ વખત આહાર મળશે તો પાણી નહિ મળે. માણસ આહાર વિના ટકી શકે છે પણ પાણી વિના ટકી શકતો નથી. અમે ગામડામાં ગૌચરી જઈએ ત્યારે કેવા કેવા વચનના પ્રહારો પડે છે. લોકો કહે છે મોઢે પાટો બાંધ્યો છે તો પેટે પણ પાટો બાંધી લેવો હતો ને? ઉતારો પણ કેવો વિષમ મળે છે. આવા સંયોગોમાં આનંદ થવો જોઈએ. "અહો પ્રભુ! આજે મારી કસોટીનો દિવસ છે." કસોટીના સમયે પ્રસન્ન ચિત્ત રહેવું, એ જ સાધુપણાનો સાર છે. સમભાવે પરિષહોને સહન કરવાથી કર્મોની નિર્જરા થાય છે.

ભૃગુ પુરોહિતનો વૈરાગ્ય ખૂબ દૃઢ છે, એટલે પત્નીના વચન સાંભળી એનું મન પીગળી જતું નથી. ઉલ્ટો મજબૂત બનીને કહે છે કે યશા! તું કહે છે કે પછી દીક્ષા લઈશું. પણ અત્યારે તો દીક્ષાની કઠીનતાની વાતો કરે છે. મને કહે છે કે વૃદ્ધ હંસની જેમ તમે થાકી જશો અને તમારા મનમાં ખેદ થશે. તો પછી ઉંમર વધશે તે વખતે કેવી દશા થશે? પછી તો દીક્ષા કેવી રીતે લેવાશે? શરીરનું બળ ઘટી જશે, ત્યારે સંયમ લઈ શકાશે નહિં. માટે તું મને અત્યારે જ આજ્ઞા આપ. હવે આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

વ્યાખ્યાન નં.....૯૪

આસો વદ ૮ ને ગુરૂવાર તા. ૨૨-૧૦-૭૦

બા. બ્ર. પૂ. લાભુબાઈ મહાસતીજીએ આપેલું વ્યાખ્યાન

અનંતજ્ઞાની વિશ્વવત્સલ, કરૂણાનીધિ, ભગવંતે જગતના જીવોના ઉદ્ધારને અર્થે શાસ્ત્ર-સિદ્ધાન્તના એકેક અધ્યયનમાં આત્માના પવિત્ર પંથનું માર્ગદર્શન બતાવેલું છે.

સિદ્ધાંતની એકેક ગાથાના અક્ષરે અક્ષરમાં આત્મ ગૌરવ ગૂંથેલું છે. શાસ્ત્રમાંના એકેક શબ્દનો વિચાર કરતાં સમજાય છે કે શાસ્ત્રમાં આત્માની અનોખી સૌરભ ભરેલી છે. જ્યાં સુધી આત્મા સિદ્ધાંત સાગરમાં ડૂબકી નહિ મારે ત્યાં સુધી મોક્ષનાં મોતી મેળવી શકશે નહિ. આપ્ત પુરૂષો કહે છે હે માનવ! જ્યાં સુધી તું દરિયાની સપાટી ઉપર જ ફર્યા કરીશ ત્યાં સુધી તું મોતી પ્રાપ્ત કરી શકીશ નહિ. તે જ રીતે માનવ જ્યાં સુધી શ્રુત સાગરમાં ડૂબકી નહિ લગાવે ત્યાં સુધી તે આત્મ સુખના મોતી મેળવી શકશે નહિ. મારા ને તમારા આત્માએ અનંતકાળથી સંસારનાં અનેકવિધ દુઃખો ભોગવ્યાં. એ દુઃખો પ્રાપ્ત થવાનું મૂળ કારણ શું છે? એ દુઃખોથી મુક્ત થવા અનુભવી પુરૂષો કહે છે.

"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરૂ ભગવંત"

આ જીવ ચાર ગતિમાં કહો, ચોવીશ દંડકમાં કહો, ચોરાશી લાખ જીવાયોનીમાં કહો, અનાદિકાળથી કેટલું દુઃખ પામ્યો છે? કોના કારણે દુઃખી થયો છે? જ્ઞાની કહે છે કે માનવ! તારા અંતરઘટમાં અનંત સુખોનો અધિપતિ રહેલો છે. દેહ-દેવળમાં દેવી બિરાજે છે તેની તને પિછાણ થઈ નથી તેથી તું દુઃખમાંથી મુક્ત થઈ શકયો નહિ. જ્યાં સુધી જીવ મહાનપુરૂષોના શરણે ન જાય, મહાનપુરૂષોનો સમાગમ ન કરે ત્યાં સુધી દુઃખ મુક્તિની યુક્તિ સમજી શકે નહિ.

આજનો પવિત્ર દિવસ શા માટે છે? અનંતકાળથી ભવારણ્યમાં આથડતો મારો ને તમારો આત્મા દુઃખ અને પીડા રહિત બની શકયો નથી. મુક્તિના સુખની સડકે પ્રયાણ કરી શકયો નથી. જીવોના આત્મપ્રદેશ ઉપર જે અજ્ઞાનના અંધકાર છવાઈ ગયા છે તેને દૂર કરવા માટેનો આજનો પવિત્ર દિવસ છે. આજે ગોંડલ ગચ્છાધિપતિ સ્વ૦ પૂજ્ય જશાજી મહારાજ સાહેબની પાવનમી પુણ્યતિથિનો દિવસ છે. એ પવિત્ર પુરૂષનો જન્મ કયાં થયો હતો? એમણે આત્મસાધના કઇ પવિત્ર ભૂમિમાં કરી હતી તે વિષે આજે થોડું બોલવાનું છે.

સ્વ. પૂજ્ય બા. બ્ર. ગચ્છાધિપતિ જશાજી મહારાજ સાહેબની પુણ્યતિથિ :-

પૂજ્ય ગુરૂદેવ જસાજી સ્વામીનો જન્મ ૧૮૮૫ની સાલમાં મારવાડ ભૂમિમાં ક્ષત્રિય કુટુંબમાં થયો હતો. પૂજયશ્રીનો જન્મ કયાં થયો? અને કેવી રીતે તેમને વૈરાગ્ય આવ્યો? ક્ષત્રિય કુટુંબમાં ખેતીનો ધંધો મુખ્ય હોય છે. આ જશાજીભાઇ મોટા થતાં એકવીશ વર્ષની ઉંમરે એક વખત ખેતરમાં કામ કરી રહ્યા હતાં. જશાજીભાઈ ખેતરમાં હળ ખેડતાં ખેડતાં, ધરતીની ખેડ કરતાં આત્મપ્રદેશો ઉપર રહેલાં કર્મોની ખેડ કરવા તૈયાર થયાં. હળુકર્મી આત્માઓને નિમિત્ત પણ કેવા મળી જાય છે? એક દિવસ જશાજીભાઈ

ધરતી ખેડી રહ્યા હતાં. ખેડતાં ખેડતાં કીડીઓનો સમુહ તેમના જોવામાં આવ્યો. પાપભીરૂ આત્માઓ આશ્રવના સ્થાનમાં પણ સંવર કરે છે. આચારંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે

"जे आसवा ते परिसवा, जे परिसवा ते आसवा."

કીડીઓનો સમુહ જોઈ પાપ ભીરૂ એવા જશાજીભાઈના અંતરઘટમાં રણકાર થયો. અસંખ્ય કીડીઓ જોઈ એમના આત્મામાં અનુકંપાભાવ ઉત્પન્ન થયો. તેઓ વિચાર કરવા લાગ્યાઃ અહો પ્રભુ ! પાપી પેટને ખાતર મારે કેટલું પાપ કરવું પડે છે! આવું પાપ કરવું એ મારે માટે શ્રેયકારી નથી. સંસારમાં ઉભેલો આત્મા બહિર્મુખ દૃષ્ટિને અંતર્મુખ બનાવી આત્મામાં ઉંડો ઉતરે છે ત્યારે એને પાપની સૂગ ચઢે છે. અને આત્માને પાપનો પશ્ચાતાપ થાય છે. અને પરિણામ નિર્મળ થાય છે. જશાજીભાઈના મનમાં થઈ ગયું કે આ પાપી પેટને ખાતર મારે આવું પાપ કરવું નથી. ખેતી કરતાં કરતાં ચાલી નીકળ્યા. સાચા સંતની શોધ કરવા નીકળે છે. શોધ કરતાં કરતાં ભક્તોની એક મંડળી ભેટે છે. ભક્તોની મંડળી એક ગામથી બીજે ગામ યાત્રા કરવા નીકળી હતી.

જશાજીભાઇ પણ એ ભક્ત મંડળીમાં જોડાઈ ગયાં. ભક્ત મંડળની સાથે એક ગામથી બીજે ગામ ફરતાં ફરતાં સૌરાષ્ટ્રમાં આવે છે. સૌરાષ્ટ્રમાં ઘણાં ગામ ફરતાં ફરતાં રાજકોટ નગરીમાં આવે છે. રાજકોટમાં આવ્યા પછી જશાજીભાઇના દેહમાં અશાતા વેદનીયનો ઉદય થતાં ખૂબ ભયંકર તાવ આવ્યો. ભક્તોની મંડળી બે ત્રણ દિવસ રોકાઇ, પણ જશાજીભાઈ ને તાવ ઉતર્યો નહિ. ભક્તોએ વિચાર કર્યો કે આને તાવ ઉતરતો નથી. જો આપણે એના માટે રોકાઇ જઈશું તો આપણે ઘણાં ગામ ફરવાનું રહી જશે. આપણે આગળ નીકળી શકીશું નહિ.એમ વિચાર કરી ભક્ત મંડળીના એક ભક્તને તેની પાસે મૂકીને ચાલી નીકળે છે. તેમને સખત તાવ ચઢેલો હતો. ભાન પણ ન હતું. તાવ ઉતરતાં આંખ ખોલીને જોયું તો પોતાના સહવાસીઓને જોયા નહિ. બધા કયાં ગયાં? પુછપરછ કરતાં ખબર પડી કે પોતાના સાથીઓ ચાલ્યા ગયા. અહો પ્રભુ ? હું જેના આશ્રયે આવ્યો, મેં જેમનો સાથ કર્યો હતો તેવા સાથીઓ પણ મને છોડીને ચાલ્યા ગયા ? આ સંસારમાં કોણ કોનું છે ? એમ વિચાર શ્રેણીએ ચઢયા. તાવ સંપૂર્ણ ઉતરી ગયો.

એક વખત જસાજીભાઇને કોઈ સુજ્ઞ શ્રાવકનો ભેટો થયો. શ્રાવક પૂજ્યશ્રીને જોવે છે. એમને જોઇ ને શ્રાવકના મનમાં વિચાર થયો કે આ કોઇ પરદેશી પંખીડું લાગે છે. એમના ખબર અંતર પૂછયા, પરિસ્થિતિ જાણી લીધી અને શ્રાવક તેમને પોતાને ઘેર લઇ ગયાં. અને આવેલા પરદેશીને મીઠી હુંફ આપી. ખૂબ સેવા કરી. એમનું શરીર સ્વસ્થ થઈ ગયું. આ સમયે રાજકોટમાં પૂજ્ય પૂંજાજી મહારાજ સાહેબ બિરાજતાં હતાં. જશાજીભાઈની ધર્મભાવના જાણી સુજ્ઞ શ્રાવકે વિચાર કર્યો કે આ કોઈ હળુકર્મી આત્મા છે. એને સાચા ગુરૂ કોને કહેવાય છે, કર્મ બંધન કેવી રીતે થાય છે ? કર્મ બંધનથી મુક્ત

થવાની યુક્તિ કોણ બતાવે છે? સાચું સુખ કયાં છે અને દુઃખ કયાં છે? જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર કોને કહેવાય? વિગેરેનું વાસ્તવિક જ્ઞાન આને આપવા જેવું છે. એમને પુંજાજી સ્વામીના દર્શનાર્થે લાવે છે. એમનું લલાટ જોઈને પૂજ્યશ્રીને મનમાં એમ થયું કે આ કોઇ ભવ્યાત્મા છે. એમ સમજી યોગ્ય ઉપદેશ આપ્યો. જશાજીભાઈ ગુરૂનો ઉપદેશ દિલમાં ઘૂંટવા લાગ્યા. સાચા સંતની પિછાણ થઈ.

જસાજીભાઈએ મનમાં વિચાર કર્યો કે મેં અત્યાર સુધીમાં કંઈક સંત-સંન્યાસીઓ જોયા, મહંતો જોયા, અલખ નિરંજનની આહલેક પુકારતા જોગીને જોયા, પણ જૈન મુનિને અત્યાર સુધી જોયા નહિ. ખરેખર, સાચો ધર્મ હોય તો જૈન ધર્મ છે. જૈન ધર્મ જેવો ત્યાગ બીજે કયાંય નથી. આવા સદ્‌ગુરૂઓ જ ભવસાગરથી તરી શકે અને બીજાને તારી શકે. પૂજ્ય પૂંજાજી સ્વામીના સમાગમથી તેમના અંતરઘટમાં વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થયો. અને દીક્ષા લેવાનો દૃઢ નિશ્ચય કર્યો. દિલના દિવાનખાનામાં જે ભાવો ભર્યા હતાં તે ગુરૂ પાસે વ્યક્ત કર્યા. અને ગુરૂ પાસે એક વર્ષ સુધી સતત અભ્યાસ કરી બાવીશ વર્ષની ઉંમરે ૧૯૦૭માં વૈશાખ સુદ ચોથના રાજકોટ શહેરનાં ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

દીક્ષા લઈને પૂજ્ય ગુરૂદેવની સાનિધ્યમાં રહી પૂજ્ય ગુરૂદેવની સેવા કરતાં જ્ઞાન માટે ભગીરથ પુરૂષાર્થ કર્યો. શુદ્ધ સંયમની સાધના કરતાં અથાગ જ્ઞાન પ્રાપ્ત કર્યું.

"ક્ષત્રિયપણું ખેલાવ્યું, આવ્યા સોરઠ દેશ, પૂજ્ય પુંજાજી સ્વામી પાસે, લીધો સાધુવેશ,"
"મરૂધરના છો મહંત રે, છત્રીશ ગુણથી યુક્ત, બહુસુત્રી ભગવંત, સૂત્ર સિદ્ધાંતની રૂચ,"
"૬૭ વર્ષ સંયમમાં સ્થિર, કાપ્યાં કર્મ કઠીર, ધર્મબાગ રખવાળ, ગરવા ગુણ ગંભીર."

ઘણું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તેમને આચાર્યપદવી અર્પણ કરવામાં આવી. હું ભુલતી ન હોઉં તો મારા સાંભળવા મુજબ ગોંડલ સંપ્રદાયના એ મહારથીએ ૬૭ વર્ષ સુધી શુદ્ધ અને શ્રેષ્ઠ ઉગ્ર સાધના કરતાં કંઈક ભવ્યાત્માઓને સંસાર સમુદ્રથી તાર્યા છે. પૂજ્ય જસાજી સ્વામીને જ્ઞાની-ધ્યાની-વિનયવાન, તપોધની એવાં તેર શિષ્યો હતાં. વખત જતાં પૂજ્યશ્રીના અંતર ઘટમાં જ્ઞાનનો ખૂબ ઉઘાડ થઈ ગયો. જેમનાં ચર્મચક્ષુ ચાલ્યા ગયા હતાં પણ અંતરચક્ષુ ખુલી જાય હતા. કોઈ પ્રશ્ન પૂછવા આવે, કોઈ ગાથા લેવા આવે તો ખૂબ સુંદર રીતે સમજાવતાં હતાં. અને કયા સિદ્ધાંતના કયા પાના ઉપર આનો ઉત્તર છે તેમ તેઓ કહી શકતા હતાં. વિચાર કરો. એ મહાન પુરૂષની કેટલી ધૈર્યતા, કેટલી ગંભીરતા? કેટલો ક્ષયોપશમ હશે કે કયા પાના ઉપર કયું પદ છે તે પણ તેઓ જાણી શકતા હતા. એ છત્રીસ ગુણના ધારક, ધીરવીર ને ગંભીર આચાર્ય રાજકોટમાં સ્થિર-વાસ રહયાં. પરંતુ ભાવિમાં-ક્ષેત્રસ્પર્શના નહિ હોય જેથી રાજકોટમાં ભયંકર પ્લેગનો રોગ ફાટી નીકળ્યો, એટલે પૂજ્ય ગુરૂદેવ રાજકોટ છોડી ગોંડલ પધાર્યા. ગોંડલમાં જ દેહ પડવાનો હશે એટલે ગોંડલમાં પણ ભયંકર કડકડીયો રોગ ફાટી નીકળ્યો. કડકડીયા

રોગમાં પૂજ્યશ્રીનો દેહ જકડાઈ ગયો. અને સંવત ૧૯૭૪નાં આસો વદી આઠમને દિને ૮૯ વર્ષની ઉંમરે ગોંડલ મુકામે ગાદીના ગામમાં પૂ. ગુરૂદેવનો દેહવિલય થયો. (કાળધર્મ પામ્યા.) મૃત્યુ કોઇને છોડતું નથી. આવા પવિત્ર મહાન પુરૂષને કાળરાજાએ પકડી લીધા. એ આત્મા તો પોતાની સાધના સાધી, ત્યાગની જ્યોત જલાવી, સંયમની સૌરભ મ્હેંકાવી આપણને અનુપમ સંદેશ આપી ગયાં છે. આપણે પણ એ પવિત્ર પુરૂષના પંથે પ્રયાણ કરીએ અને ઉત્તમ સાધના સાધીએ એ જ ભાવના !! વધુ બિહુપી. બા. બ્ર. પૂ. શારદાબાઈ મહાસતીજી ફરમાવશે.

અનંતજ્ઞાની શાસન સમ્રાટ સર્વજ્ઞ ભગવંતે પોતાના જ્ઞાનમાં જગતનું સ્વરૂપ નિહાળ્યું. ભગવાને જેટલું પોતાના જ્ઞાનમાં જાણ્યું તેટલું તેઓ વાણી દ્વારા કહી શકયા નથી.

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શકયા નહિ પણ તે શ્રી ભગવાન જો,
એહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે, અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો....અપૂર્વ.

જેટલા ભાવો જોયા તેટલા વાણી દ્વારા પ્રભુ વર્ણવી શકયા નથી. જેટલા ભાવો પ્રભુએ વાણી દ્વારા ઠાલવ્યા તેટલા ગણધરો ઝીલી શકયા નથી. જેટલું ગણધરોએ ઝીલ્યું તેટલું આચાર્યો યાદ રાખી શકયા નથી. આંખ ખોલીને આ હોલને આખો જોઈ શકાય, પણ એટલી જ વારમાં હોલનું વર્ણન કરી શકાય નહિ. કારણ કે કહેવામાં જેટલો સમય લાગે છે તેટલો જોવામાં લાંગતો નથી. ભગવાન મહાવીર સ્વામીએ ઓછા આયુષ્યમાં ઘણી આરાધના કરી. ભગવાનનું આયુષ્ય ૭૨ વર્ષનું હતું તેમાં ત્રીશ વર્ષ તો ગૃહસ્થાશ્રમમાં રહ્યા. ૪૨ વર્ષ દીક્ષા પર્યાય પાળી, તેમાં સાડા બાર વર્ષ તો છદ્મસ્થપણામાં ગયા. પછી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યા અને પછી જગતના જીવોને પ્રતિબોધ કર્યો. હે આત્માઓ ! "संबुज्झह किं न बुज्झइ।" તમે બોધ પામો. કેમ સમજતાં નથી ! કંઈક સમજો. ગયેલી ઘડી ને પળ ફરીને પાછી નહિ મળે. ભગવાનનો આપણા ઉપર કેટલો મહાન ઉપકાર છે. ભગવાન મહાવીરને મોક્ષ ગયાં ૨૪૯૬ વર્ષ થઈ ગયાં. ઋષભદેવ પ્રભુ મોક્ષે ગયા કેટલો કાળ વીતી ગયો તો પણ આપણે એ મહાન પુરૂષોને યાદ કરીએ છીએ. કારણ કે એ મહાન પુરૂષોના જીવનમાં મહાન ગુણો હતાં. જગતનાં જીવો પ્રત્યે કરૂણાભાવ હતો. આજે તમારા બાપદાદાઓને ગયા ત્રણ પેઢીઓ થઇ જાય તો પણ યાદ કરતાં નથી. કારણ કે એમના જીવનમાં સ્વાર્થ હતો. મહાનપુરૂષોના જીવનમાં સ્વાર્થ ન હતો. મહાનપુરૂષોનું જીવન પરમાર્થ કાજે જ હોય છે.

હમણાં જ લાભુબાઈ મહાસતીજીએ પૂજ્ય જસાજીસ્વામીના જીવનનું સુંદર શૈલીમાં વર્ણન કર્યું. એ આત્મા કેવો પવિત્ર હતો. એમણે ધરતી ખેડતાં ખેડતાં કીડીઓ જોઇને પોતાના અંતરની ભૂમિને ખેડી નાંખી. પૃથ્વીના પડળ ઉખાડતાં કર્મનાં પડળ ઉખાડવાની ભાવના જાગી. મહાન પુરૂષોના જીવન ચરિત્ર સાંભળી તમને કંઈ સમજાય છે કે નહિ? ગોંડલ

સંપ્રદાયમાં જેટલાં સંત–સતીઓ કાળધર્મ પામી ગયાં છે તેમની પુણ્યતિથિ તમે દર વર્ષે ઉજવો છો છતાં તમને કેમ અસર નથી થતી? મને તો લાગે છે કે મારા રાજગૃહીના શ્રાવકો લોખંડનું બખ્તર પહેરીને આવે છે. એટલે તમારું હૃદય પીગળતું નથી. હવે તમારે માટે કઈ જાતનો ભઠ્ઠો સળગાવવો કે કંઈક કરતાં તમારું હૃદય (હૈયું) પીગળે! તમને ગળથૂથીમાંથી જૈન ધર્મના સંસ્કાર વારસાગત મળ્યા છે. જ્યારે જસાજીસ્વામીને વારસાગત જૈન ધર્મ નહોતો મળ્યો. છતાં કેવું સુંદર જીવન જીવી ગયા!!

લાભુભાઈ એ કહ્યું કે એમના અશાતાવેદનીય કર્મનો ઉદય થયો. ભક્તોની મંડળી એમને મૂકીને રવાના થઈ ગઈ. હું તો કહું છું કે એ પવિત્ર આત્માને અશાતા-વેદનીય કર્મનો ઉદય સારા માટે થયો. હળુકર્મી આત્માઓને માટે અશુભ નિમિત્ત પણ શુભમાં ફેરવાઈ જાય છે. નમિ રાજર્ષિને દાહજ્વરનો રોગ થયો ત્યારે એમની રાણીઓ એમના શરીરે વિલેપન કરવા માટે ચંદન ઘસવા લાગી. એ રાણીઓના કંકણનો અવાજ એમના વૈરાગ્યમાં નિમિત્ત બની ગયો. અને એકત્વ ભાવના ભાવી ત્યાગના પંથે નીકળી ગયા. સનત્કુમાર ચક્રવર્તિને પોતાના રૂપ માટે ખૂબ ગર્વ હતો. એમના શરીરમાં સોળ રોગો ઉત્પન્ન થતાં ગર્વ ગળી ગયો. રોગનું નિમિત્ત વૈરાગ્યનું કારણ બની ગયું. અનાથીમુનિને શૂળ રોગ ઉત્પન્ન થયો. માતા–પિતા–ભાઈ–બહેનો કોઈ રોગ ન મટાડી શકયાં ત્યારે નિર્ણય કર્યો કે જો મારો રોગ મટી જાય તો સવારમાં જ સ્વજનોની આજ્ઞા લઈને ક્ષાન્ત, દાન્ત, નિરારંભી મુનિ બની જાઉં. આ રીતે સંકલ્પ કર્યો અને એમનો રોગ ચાલ્યો ગયો ને ત્યાગમાર્ગે ચાલી નીકળ્યા. સગર ચક્રવર્તિના દોઢ ક્રોડ પુત્રો ગંગા નદીના પ્રવાહમાં ખતમ થઈ ગયા. એ પુત્રોનો વિયોગ એના વૈરાગ્યનું નિમિત્ત બન્યું. તેમ પૂજ્ય જસાજીભાઈને તાવ ન આવ્યો હોત તો સાથીદારો મૂકીને જાત નહિ અને પુંજાજી સ્વામીનો ભેટો ન થાત અને પૂજ્ય જસાજી સ્વામી ગોંડલ સંપ્રદાયના તારક પણ ન બનત. તમે પણ કેવાં ભાગ્યવાન છો કે આવા પવિત્ર પુરૂષોએ રાજકોટની ભૂમિમાં દીક્ષા લીધી છે. આમાંના કેટલાય વૃદ્ધ ભાઈઓએ એ પુરૂષના દર્શન કરેલા હશે. એ પુરૂષો આપણને એ જ વાત સમજાવી ગયાં છે કે ત્યાગ વિના ત્રણ કાળમાં સિદ્ધિ થવાની નથી.

તીર્થંકરો દીક્ષા લેવાના જ હોય છે. તો પણ જ્યારે તીર્થંકરોને દીક્ષા લેવાનો સમય થાય છે ત્યારે દેવો ભગવાનને કહેવા આવે છે પ્રભુ! હવે સંસારની બહાર નીકળો. તીર્થની સ્થાપના કરો. જગતના જીવો ઉપરથી અજ્ઞાનનો અંધારપટ દૂર કરી તેમને સાચો રાહ બતાવો. કયા દેવો ભગવાનને આ પ્રમાણે કહે છે એ તમે જાણો છો ને? લોકાંતિક દેવો આવે છે. એ પણ એક પુન્યાઈની વાત છે. દેવલોકમાં ૬૪ ઇન્દ્રો છે. તેમાં તીર્થંકરના જન્મ મહોત્સવ સમયે મેરૂ પર્વત ઉપર સ્નાન કરાવવા લઈ જાય છે. તેમાં પ્રથમ હક્ક અચ્યુત દેવલોકના ઇન્દ્રનો છે. અચ્યુતેન્દ્ર જ તીર્થંકરને સ્નાન કરાવે છે. અચ્યુત દેવલોકના

દેવોની આયુષ્ય સ્થિતિ બાવીસ સાગરોપમની છે. એટલા સમય દરમ્યાન જેટલા તીર્થંકરો થાય તેટલા બધાના જન્મમહોત્સવનો લાભ અચ્યુતેન્દ્રને જ મળે છે. અત્યારે સીતાજીનો આત્મા અચ્યુતેન્દ્ર છે. કેટલી પુન્યાઈ! તીર્થંકરના પંચ કલ્યાણિકમાં જન્મમહોત્સવનો સર્વ પ્રથમ હક્ક એને જ મળે છે.

સીતાજી બારમા દેવલોકના ઈન્દ્ર એમ ને એમ નથી બન્યાં. એમણે કેવો ત્યાગ કર્યો હતો? દુઃખમાં પણ કેવો ગજબ સમતાભાવ રાખ્યો હતો. જ્યારે સીતાજીને લંકામાંથી પાછા લઈ આવ્યા ત્યારે એક ધોબીએ એની પત્નીને મહેણું માર્યું કે હું કંઈ રામ જેવો નથી કે છ છ મહિના રાવણને ઘેર રહી આવેલી સીતાને પાછી પોતાના ઘરમાં રાખી તેમ હું તને નહિ રાખું. એ ધોબીના વચનને ખાતર સીતાજીને વનવાસ મોકલી દીધા. સીતાજી ગર્ભવંતા હતા. જંગલમાં લવ-કુશને જન્મ આપ્યો. કેટલાં કષ્ટ વેઠ્યાં પણ રામચંદ્રજીનો દોષ ન કાઢ્યો. પોતાના કર્મનો દોષ ગણી મનમાં સ્હેજ પણ આર્તધ્યાન-રૌદ્રધ્યાન નહિ કરતાં સમભાવ રાખ્યો. એના પુણ્યનો ઉદય થતાં પાછા રામચંદ્રજી અયોધ્યામાં લાવે છે. સીતા અયોધ્યાની મહારાણી બને છે. છતાં મનમાં જરાય મલકાટ ન આવ્યો. રાજ્યના સુખો છોડીને દીક્ષા લીધી. ખૂબ તપ કર્યા ત્યારે બારમા દેવલોકના ઈન્દ્ર બન્યા છે. સોળ સતીમાં સીતાજીનું નામ છે. સતીઓને કેવાં કષ્ટો પડ્યાં છે તેનો તમે જરા ખ્યાલ કરો.

સતી દમયંતીએ પણ જીવનમાં કેવાં કષ્ટો વેઠ્યાં હતાં છતાં મનમાં જરાય ખેદ નથી થયો. નળરાજા જુગાર રમ્યાં, જુગારમાં બધું હારી ગયા અને વનમાં જવાનો વખત આવ્યો. તે સમયે નળરાજા દમયંતીને કહે છે હે સતી! તેં મને ખૂબ સમજાવ્યો. જુગાર રમવાની ના પાડી પણ મારી અવળચંડાઈએ જુગાર ન છોડ્યો, અને બધું ગુમાવ્યું. હવે મારી ભૂલની શિક્ષા ભોગવવા હું વનમાં જાઉં છું. તમે અતિ સુકુમાર છો, જંગલનાં કષ્ટો તમે નહિ વેઠી શકો માટે તમે તમારા પિયર જાવ અને હું મારા કર્મની સજા ભોગવવા વનમાં જાઉં છું. તે વખતે દમયંતીએ એમ ન કહ્યું કે આ તમારા પાપે રાજ્યનું સુખ ગયું. પણ એમ ન કહેતાં શું કહ્યું? સ્વામીનાથ! આપ આ શું બોલ્યા? પતિ વનમાં ભટકે ને પત્ની મહેલમાં લહેર કરે, એ કદી નહિ બને. તમારી સાથે રહી જેવો સુખમાં ભાગ લીધો તેવો દુઃખમાં પણ ભાગ લેવો જોઈએ. એ મને બરાબર આવડે છે. દુઃખ વખતે પિયર જાઉં તો હું સાચી પત્ની શેની?

દેવાનુપ્રિયો! પાપ કર્મ તો હરખાઈને કરો છો, પણ એ પાપ કર્મની સજા ભોગવતી વખતે એટલી શાંતિ નથી હોતી, અને પાપને ખરાબ સમજ્યા પછી શાંતિપૂર્વક પાપને ધોવાનો ઉપાય કરતા નથી કે પાપનો ત્યાગ પણ કરતા નથી. એ કેમ ચાલે? ઉપવાસ શા માટે કરો છો? આ જીવ અનાદિકાળથી આહાર-સંજ્ઞામાં લુબ્ધ બન્યો છે.

જેણે ખાવાની પાછળ ઘણું પાપ કર્યું છે. તેને ધોવા માટે અને આત્માનો અણાહારક સ્વભાવ પ્રગટ કરવા માટે જ ઉપવાસ કરવાનો છે. પણ જેટલો ખાતી વખતે જીવને આનંદ હોય છે તેટલો ઉપવાસ કરતી વખતે આનંદ આવતો નથી. ત્યાં તો પરાણે પ્રીત કરવા જેવું દેખાય છે. કેમ ખરું ને? એ કેમ ચાલે?

સતી દમયંતીનો આ હિસાબ હતો કે જો પતિની સાથે મહેલમાં રહીને સુખ ભોગવતાં આવડયા તો વનવાસનાં દુઃખ ભોગવતાં પણ આવડવું જોઈએ. એટલે નળરાજાને કહે છે સ્વામીનાથ! આપ તેની ચિંતા ન કરશો. મને આપની સાથે રહેતાં જંગલમાં જે આનંદ આવશે તે પિયરના મહેલમાં રહેતા નહિ આવે. સુખ પણ કર્મના વિપાક છે અને દુઃખ પણ કર્મના વિપાક છે, માટે શુભાશુભ કર્મના ફળ આનંદથી જ ભોગવવાં જોઈએ.

દમયંતી નળરાજાની સાથે વનમાં ગઈ. સમભાવથી આનંદપૂર્વક વનવાસના કષ્ટો વેઠે છે. છતાં નળરાજા અડધી રાતે દમયંતીને ઉંઘતી એકલી અટૂલી વનમાં છોડીને ચાલ્યા ગયા ત્યારે દમયંતીને વનવાસનું જે દુઃખ નહોતું લાગ્યું તે પતિના વિયોગનું દુઃખ લાગ્યું. તમને એમ લાગશે કે એ પણ આર્તધ્યાન જ કહેવાય ને? "ના". પતિના ચાલ્યા જવા પાછળ એની વિચારધારા કેવી શુદ્ધ હતી!

નળરાજાના ગયા પછી દમયંતીએ નળરાજાને દોષ ન આપ્યો. કે અરેરે! મને એકલી મૂકીને ચાલ્યા ગયા? એમણે એટલો પણ વિચાર ન કર્યો કે એકલીનું શું થશે? પણ એણે એવો વિચાર કર્યો કે મારા પતિ હું જંગલનાં કષ્ટો વેઠું છું તે જોઈ ન શક્યાં. 'જો હું એને મૂકીને જાઉં તો એ પિયર જતી રહેશે.' મારા પતિની કેટલી કૃપા દૃષ્ટિ! સવળો અર્થ કર્યો. પતિનો વિયોગ પડવાની પાછળનું દુઃખ પોતાના કામસુખો લૂંટાઈ જશે એમ નથી પણ એને પોતાના શિયળના રક્ષણની ચિંતા હતી. એક તો ભરયુવાની છે. શરીરનું સૌંદર્ય છે. કોઈ કામી પુરૂષ પાછળ પડે તો શું? આમ પતિના વિયોગની પાછળ શીલ રક્ષણની ચિંતા છે. એને આર્તધ્યાન ન કહેવાય. પણ શીલ-રક્ષણની ભાવના એ મહાન ગુણ છે. એનું સાધન ખોવાઈ જતાં ચિંતા થાય, દુઃખ થાય એ તો શુભ ધ્યાન છે.

દેવાનુપ્રિયો! સવળી દૃષ્ટિ અને અવળી દૃષ્ટિમાં આ જ અંતર છે. શરીર માંદુ પડે ત્યારે તમને એમ થાય છે કે અરેરે! આ શરીરના સુખ-ખાન-પાન આદિનો આનંદ ક્યાં ચાલ્યો ગયો? અને આ રોગની વેદના ક્યાંથી આવી? આને આર્તધ્યાન કહેવાય. અને જો એવો વિચાર આવે કે આ શરીર સારું હતું ત્યારે તપત્યાગ વિગેરે આરાધના ન કરી, હવે માંદા શરીરે કેવી રીતે થશે? ભલે બાહ્યતપ ન કરી શકું પણ આભ્યંતર તપ તો કરું. પછી તો પથારીમાં સૂતા સૂતા પણ મહાન પુરૂષોની અજબ સહનશીલતાનું

ધ્યાન, અરિહંતનું ધ્યાન કરતાં કષાયોનું ઉપશમન થાય તેથી દર્દના દુઃખમાં ચિત્ત ન જોડાય. તેથી તે શુભ ધ્યાન કહેવાય ને ?

સતી દમયંતીએ પોતાના શીયળના રક્ષણ માટે ચાર મહાન પ્રતિજ્ઞાઓ લીધી. દુઃખમાં પણ ચિત્તની સમાધિ ન ગુમાવવી એ મહાન ગુણ છે. દમયંતીએ પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી પુનઃ પતિનું મિલન ન થાય ત્યાં સુધી મારે દૂધ-દહીં-ઘી-તેલ-ગોળ સાકર, કડા વિગય (તળેલું ન ખાવું) એમ પાંચ વિગયનો ત્યાગ, રંગીન વસ્ત્રોનો ત્યાગ, શ્વેત વસ્ત્રો જ પહેરવાં, પથારીનો ત્યાગ, અને શણગારનો પણ ત્યાગ, જેને બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તેને આ ચાર વસ્તુનો ત્યાગ કરવો જોઈએ. સતી દમયંતીના આ ત્યાગમાં પણ પતિનો મોહ ન હતો કે મારા પતિ મને છોડીને ગયા તો મારે ખાવું-પીવું-પહેરવું-ઓઢવું, આ બધું કોના માટે કરવું છે ? આવા મોહથી નહિ પણ પોતાના શીયળના રક્ષણ માટે ત્યાગ કર્યો હતો. દમયંતીને નળરાજા બાર વર્ષે મળવાના હતાં. બાર બાર વર્ષ સુધી પાંચે વિગયનો ત્યાગ કર્યો. અને આજે તો માનવને એક દિવસ પણ ચાનું કોડિયું નથી છૂટતું. તિથિએ બ્રહ્મચર્યનું પાલન કરવું પણ પાલવતું નથી. શરીરની ટાપટીપ અને ખાનપાનના સ્વાદ ઓછા થાય તો શીયળ પાળવું ગમે ને ? તમને એક દિવસ માટે ત્યાગ નથી થતો તો આ સતીએ બાર બાર વર્ષ સુધી કેવી રીતે છોડયું હશે ? જેને મન શરીરનાં સુખ કરતાં શીયળની કિંમત વધારે છે, તેને મન વિગયનો રસ અને શય્યા કે શણગારની શી કિંમત ?

જ્ઞાન-દૃષ્ટિની આ જ ખૂબી છે કે કોઈ પણ પ્રસંગમાં આર્તધ્યાન ન કરતાં ધર્મ-ધ્યાન જ કરે છે.

દમયંતીએ નળરાજાનો વિયોગ પડતાં, વિયોગનો ખેદ ન કરતાં શીયળ-રક્ષા માટે એક ગુફામાં રહી, શુભ ધ્યાનમાં લીન બની. એની શ્રદ્ધાનું બળ દિન-પ્રતિદિન વધતું ગયું. એક વખત એવો પ્રસંગ બન્યો કે સાત દિવસ સુધી વરસાદની ભારે હેલી થઈ. એ ગુફાની પાસે રહેતા તાપસો એ રેલમાં તણાઈ જાય એવો પ્રસંગ આવ્યો. ત્યારે દમયંતીએ જમીન ઉપર એક મોટું કુંડાળું બનાવી એમાં તાપસોને બેસાડી દીધા. બધે બંબાકાર જળ ચાલ્યા જાય છે પણ દમયંતીએ બનાવેલા કુંડાળામાં એક ટીપું પાણી પડતું ન હતું.

જે શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરે છે એને દેવો પણ સહાય કરે છે. આ શીલ અને શ્રદ્ધાનો કેવો પાવર છે ? સંપૂર્ણ બ્રહ્મચર્યની વાત છોડી દો, પણ જે માણસ પોતાની પત્નીમાં જ સંતોષ માની શીયળવ્રતનું પાલન કરે છે એને પણ આટલો લાભ થાય છે. દમયંતીએ સદંતર બ્રહ્મચર્યના પ્રત્યાખ્યાન નહોતા કર્યા પણ પોતાના પતિ સિવાય દુનિયાનાં સમસ્ત પુરૂષોને પિતા ને ભાઈ તુલ્ય માન્યા હતાં. દમયંતિએ એના દિલમાં શિયળનું સામ્રાજ્ય સ્થાપી જ્ઞાન દૃષ્ટિને પ્રાધાન્ય આપ્યું હતું. તો દુઃખમાં પણ સમભાવ

રાખી શકી. જ્યાં સુધી તમારું મન-ઈષ્ટ-અનિષ્ટના અને રાગ-દ્વેષમાં દબાયેલું રહેશે ત્યાં સુધી તમારી તત્વદૃષ્ટિ નહિ ખુલે અને શુભ ધ્યાનનાં દર્શન નહિ થાય. જો આત્મ-સમાધિમાં સ્થિર બનવું હોય તો પુદ્ગલની મમતા છોડો.

ભૃગુ પુરોહિતને પુદ્ગલની મમતા નથી. એ ત્યાગના માર્ગે જવા તૈયાર થયો છે. માણસનો આત્મા જાગૃત બને છે ત્યારે ભયંકર કષ્ટો પણ એને મન કંઈ નથી લાગતાં. પોતાની પત્નીને એણે કહી દીધું કે હે યશા ! આ જીવને ભોગ ભોગવતાં તૃપ્તિ થઇ નથી. અને તું જે કહે છે કે સંયમમાં ઘણું કષ્ટ છે, વળી ભિક્ષાચરી એ તો દુઃખરૂપ છે. તો એમાં જરા કષ્ટ નથી. મારા આત્માના અર્થે લાભ-અલાભમાં, સુખ અને દુઃખમાં સમભાવ રાખીશ તો કર્મનાં બંધન તૂટશે. હજી પણ આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

આજે પૂજ્ય જસાજી મહારાજ સાહેબની પુણ્યતિથિ છે. તેમનું જીવનચરિત્ર તમે સાંભળી ગયા, હવે વિશેષ કહેવાનું રહેતું નથી પણ એક વાત ધ્યાનમાં રાખજો કે આ ક્ષત્રિયના બચ્ચાએ પોતાનું ક્ષત્રિયપણું કર્મના બંધન તોડવામાં બતાવ્યું. અમારા પૂજ્ય છગનલાલજી મહારાજ સાહેબ પણ ક્ષત્રિય હતાં, અને તેમના શિષ્ય પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ પણ ક્ષત્રિય હતાં. પૂજ્ય જસાજી મહારાજ સાહેબે અમારા પૂજ્ય છગનલાલજી મહારાજ સાહેબને તેડાવ્યાં હતાં. અને એમનું અમૂલ્ય જ્ઞાન એમને આપ્યું હતું. ક્ષત્રિયનું દિલ ક્ષત્રિયમાં જ ઠર્યું. એમણે છગનલાલજી મહારાજ સાહેબની ગંભીરતા, પાત્રતા, વિનય આદિ ગુણો જોઇને જ્ઞાન આપ્યું હતું. એ ગુરૂદેવનો સમાજ ઉપર મહાન ઉપકાર છે. એમના ઉપકારનો બદલો વાળવા માટે એમના જીવનમાંથી કંઈક ને કંઈક ગુણો અપનાવીએ તો જ શ્રદ્ધાંજલી આપી સફળ ગણાય.

વ્યાખ્યાન.....નં. ૬૫

આસો વદ ૯ ને શુક્રવાર, તા. ૨૩-૧૦-૭૦

આજે જે માનવદેહ મળ્યો છે તે માનવદેહ જાણે કે એક ઘડો છે. મુસલમાન સિવાય ગમે તે કોમની કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે તેની સ્મશાનયાત્રામાં સૌથી આગળ એક ઘડો (દોણી) હોય છે. આપણો દેહ પણ એક ઘડો જ હતો. અને તે હવે ફૂટી ગયો. આ વાતના પ્રતીક સમો આ એક રિવાજ છે. આ ઘડો જીવને એટલા માટે મળ્યો હતો કે તેમાં સત્કર્મનું જળ ભરવામાં આવે, પરંતુ ખેદની વાત એ છે કે, તેમાં

સત્કર્મનું જળ ભરવામાં આવ્યું નહિ અને તે ઘડો ફૂટી ગયો. એટલે આ ઘડો આપણને ઘડો-ઢોણી લેવાનું કહે છે કે ઘડો ફૂટે તે પહેલાં સત્કર્મનું શિતળ જળ તેમાં ભરી લો.

બંધુઓ ! તમે આખો દિવસ વેપાર કરો છો અને સાંજે દિવસ ભરની મહેનતનો તમને કેટલો નફો થયો એનો કસ કાઢો છો. જો લાભ ન થયો હોય તો ખોટ કેટલી ગઈ તેનો પણ કસ કાઢો છો. મૃત્યુ પણ જીવનના વેપારનો કસ કાઢવા માટે સંધ્યાકાળ છે. જીવનની એ સંધ્યાએ જોવાનું એ છે કે જીવનમાં કેટલું મેળવ્યું છે ? જેણે મૃત્યુની કળાને સાધ્ય કરી છે, જેણે મૃત્યુને જાણી લીધું છે તે પહેલેથી જ મૃત્યુને ભેટવા માટે તૈયાર રહે છે. તે હસતાં હસતાં મૃત્યુને ભેટતાં રહેજ પણ અચકાતો નથી. તેમજ મૃત્યુને ટાળવાનાં પ્રયત્ન પણ કરતો નથી.

દેવાનુપ્રિયો ! મૃત્યુ તો બંને પ્રકારના લોકોને જરૂર આવવાનું છે, એ વાત તો નક્કી છે. જે તન, ધન તેમજ કુટુંબ ઉપર ઊંડી આસક્તિ રાખે છે તેને પણ મરવાનું છે, અને જે નિરાસકત રહે છે તેને પણ મરવાનું છે, જે દુઃખના સમયે ગભરાય છે તે પણ મરશે અને હસતો હસતો સમભાવથી દુઃખોને સહન કરે છે તે પણ મરશે. પરંતુ બંનેના મૃત્યુમાં મોટું અંતર છે. દિવસ-રાત જેટલું અંતર છે.

દેહધારી બધા પ્રાણીઓને કોઈ ને કોઈ દિવસે મરવાનું તો છે જ. પરંતુ એક ધીરતાપૂર્વક મૃત્યુને ભેટે છે જ્યારે બીજો કાયરની જેમ મરે છે. એક સત્ય-શીલની આરાધના કરતો મરે છે, ધર્મપાલન કરતો મરે છે, બીજો શીલ-સદાચાર અને ધર્મવિહોણું જીવન વીતાવતો મરે છે. બંનેમાં જે ધીરતાપૂર્વક કે શીલારાધના કરતો મૃત્યુને પ્રાપ્ત કરે છે તેનું મૃત્યુ શ્રેષ્ઠ છે, કાયરની જેમ રોતાં કકળતાં મરવું તેના કરતાં સંયમશીલ રહીને ધૈર્યપૂર્વક હસતાં હસતાં મોતને ભેટવું સારૂં છે.

જૈન શાસ્ત્રોમાં અજ્ઞાન યુક્ત, કોઈ સત્કર્મ કર્યા વિનાના, કોઈ પ્રકારનું ધર્મપાલન કર્યા વિનાના, રોતાં કકળતાં મરણને બાલમરણ કહ્યું છે. અને જ્ઞાનયુક્ત, સદાચાર, સંયમ તથા ધર્મપાલન સાથેના હસતાં મરણને પંડિત મરણ કહ્યું છે. બાલ મરણનો વાસ્તવિક અર્થ મૃત્યુના રહસ્યને નહિ સમજનારનું મરણ છે. બાલ મરણમાં મોટું નુકશાન એ થાય છે કે માનવી કંઈ પણ તૈયારી વિના, ધર્મપાલન કર્યા વિના, દુઃખથી પીડિત થઈને મરે છે. એથી ઉલ્ટું પંડિત મરણથી મરનાર વ્યક્તિ પોતાના જન્મ-મરણને મર્યાદિત કરી લે છે. અથવા કોઈ ઉત્કૃષ્ટ સમાધિ મરણથી મરે તો સદાને માટે જન્મ-મરણની બેડીઓ તોડી નાખે છે.

ધર્મ માટે, પોતાના આદર્શો માટે તથા સત્ય માટે મરી ફીટનારાઓની સંખ્યા દુનિયાના ઇતિહાસમાં ભલે ઓછી હોય છતાં એ બધા બનાવો પ્રકાશ પ્રત્યે પ્રેરણા આપનારા આવા લોકો પોતાના જીવનમાં જ્યાં સુધી જીવતા રહ્યા ત્યાં સુધી આદર્શ,

ધર્મ અને સત્ય માટે જ જીવતા રહ્યા અને એ આદર્શ, ધર્મ અને સત્ય માટે મૃત્યુ પણ એમના સામે આવ્યું તો એ મૃત્યુ કલા–મર્મજ્ઞોએ સ્હેજ પણ આનાકાની કરી નહિ, તેઓ જરાપણ ગભરાયા નહિ અને હસતાં હસતાં તેમણે મૃત્યુનું સ્વાગત કર્યું.

જૈન સિદ્ધાંતમાં આવા ધર્મવીરોનાં ઘણાં ઉદાહરણો મળે છે.

સ્કન્દક મુનિનું નામ તો તમે સાંભળ્યું જ હશે. પોતાની સંયમ–યાત્રા માટે તેઓ એક નગરમાં ગોચરી માટે ફરી રહ્યા છે. અચાનક તેમના પર રાજાની દૃષ્ટિ પડી જાય છે. અને તે જ સમયે રાજાની રાણી પર દૃષ્ટિ જતાં રાણીની આંખમાં આંસુ જોયા. આથી રાજાએ મનમાં અનેક પ્રકારના કુતર્કો રચીને મુનિનો સંહાર કરવા માટે જલ્લાદોને હુકમ આપ્યો કે આ ભિક્ષુકને સ્મશાનમાં લઈ જઈને તેમના શરીરની ચામડી ઉતારી નાંખો. મુનિએ કયાંય ફરિયાદ કરી નહિ. એક પરમાત્મા સિવાય બીજે કયાંય તેમને ફરિયાદ પણ કરવાની નહોતી. જલ્લાદોએ તેમને મૃત્યુ દંડનો હુકમ સંભળાવ્યો. અને તે પ્રસન્ન મને તેમની સાથે ચાલી નીકળે છે મૃત્યુને ભેટવા માટે. તમને સાંભળીને આશ્ચર્ય થશે કે જ્યાં મોટા મોટા વીર, ભાલાની અણી પર ચાલનારા પણ કંપી ઉઠે છે ત્યાં આ ધર્મવીર, ત્યાગવીર અને ક્ષમાવીર પોતાના આદર્શ માટે શરીર પરની ચામડી ઉતરાવીને શાંતિ અને સમભાવથી ચહેરા ઉપર કોઈ પણ જાતનો ગભરાટ લાવ્યા વિના મૃત્યુનો સ્વીકાર કરી લે છે.

ગજસુકુમાર મુનિનું આદર્શ મરણ પણ તમારી સમક્ષ સૂર્ય સમાન ઝગમગી રહ્યું છે. તેમણે પરમાત્મ ભાવમાં રમણતા કરીને પોતાના દેહને હસતાં હસતાં છોડી દીધો. ન તો તેમને કુટુંબની ચિંતાએ સતાવ્યાં, ન તો તેમના (પોતાના) દેહ પર તેમને કોઈ મમત્વ જાગ્યું, કે ન તો તેમના મનમાં સોમિલ બ્રાહ્મણ પ્રત્યે પણ કોઈ જાતનો દ્વેષભાવ ઉત્પન્ન થયો. બંધુઓ! આ તો સિદ્ધાંતની વાતો આપની સમક્ષ રજુ કરી પણ ઈતિહાસમાં પણ આવા ઘણાં ઉદાહરણો જોવા મળે છે.

સત્યવીર સોક્રેટિસની વાત તો આપ જાણતાં હશો. તે સોક્રેટિસે સત્ય માટે મરી ફીટવામાં જરા પણ પાછી પાની ન કરી. તે બજારમાં ઉઘાડે છોગે લોકોને સત્ય વાત કહેતા હતાં. નિર્ભયતાથી સત્ય વાત કરતા હતા. સાચી વાત કહેવાના તેમના સદ્‌ગુણને લીધે કેટલાક નવજુવાનો તો તેમના પ્રત્યે ખૂબ આકર્ષાયા હતા. એક વખત તેમના દેશના દશ સેનાપતિઓને મૃત્યુદંડની શિક્ષા ફરમાવવામાં આવી હતી. એ સમયે એજ વાત વાતાવરણમાં મુખ્યત્વે હતી. આ વિષે કોઈએ સોક્રેટિસનો અભિપ્રાય પૂછયો. સત્યવકતા સોક્રેટિસે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપતાં કહી દીધું. "આ શિક્ષા બાબતમાં હું સંમત થતો નથી." આથી રાજ્યકર્તાઓ તેમના પર ચિડાયા અને તેમના પર બે આરોપ મૂકવામાં આવ્યા:–

એક આરોપ તો એ, કે તેમણે પ્રજાતંત્રના સ્વામીઓના હુકમનો અનાદર કર્યો અને રાજ્યતંત્રના સંચાલકોમાં અવિશ્વાસ વ્યકત કર્યો. બીજો આરોપ એ કે તેમણે નગરના નવયુવકોને બગાડયા. આમ બે આરોપો મૂકીને સોક્રેટિસને કેદ કરવામાં આવ્યા. પરંતુ સોક્રેટિસ સત્ય વાત કહેવામાં કદી પાછી પાની કરતા નહોતા. અદાલતના પિંજરામાં ન્યાયાધીશ સમક્ષ તેમને ખડા કરવામાં આવ્યા ત્યારે તેમણે પોતાની જુબાની આપતાં કહ્યું:-

"હું તો ઈશ્વર આજ્ઞામાં માનું છું. અને ઈશ્વર આજ્ઞાથી જ મેં મારા કર્તવ્યનું પાલન કર્યું છે. હું ઈશ્વરાધિકારોને મારા અધિકારો કરતાં વધુ માનું છું. જો આપ નામદાર મારા સત્ય કર્તવ્યનો ત્યાગ કરવાની મને સલાહ આપો તો જ મને આ અદાલતમાંથી મુક્તિ મળે એમ કહો, તો પણ હું મારા એ સત્ય કર્તવ્યનો ત્યાગ કરવા તૈયાર નથી. કારણ કે આ કાર્ય મને ઈશ્વરે સોંપ્યું છે. આપ નામદારે નહિ. મને માન-સન્માનની જરા પણ ઈચ્છા નથી. મૃત્યુ એ કેવી વસ્તુ છે એ હું જાણતો નથી પરંતુ એ સારી વસ્તુ પણ હોઈ શકે છે. હું તેનાથી ડરતો નથી. જે ખોટું છે તેના કરતાં જે સારું છે તેને હું પસંદ કરીશ."

એથેન્સ નગરની રાજસભામાં સોક્રેટિસને વિષપાનની સજા કરી. સજા ખૂબ કઠોર હતી. નિર્દોષ પ્રત્યે એ ચોકખો અન્યાય હતો, છતાં તે મૃત્યુથી ગભરાયા નહિ. મૃત્યુને ટાળીને સત્યને મારવાનું તેમને પસંદ નહોતું. વિષનો પ્યાલો હાથમાં લઈને હસતાં મુખે પ્રસન્નતાથી તેઓ તેનું પાન કરી ગયા અને સદાને માટે આંખો મીંચી દીધી.

આવી જ રીતે ઈસુ ખ્રિસ્તે પણ પોતાના આદર્શો માટે પોતાની જાતનું બલિદાન આપી દીધું હતું. પોતાના મૃત્યુની આગલી રાતે તેઓ બાર શિષ્યો સાથે જમવા બેઠા હતા. પોતાની પતરાળીમાંથી એક કોળિયો હાથમાં લઈને તેમણે પોતાના શિષ્યો સામું જોયું અને પછી કહેવા લાગ્યા, કે વહાલા શિષ્યો, તમારામાંથી એક જણ મારા પર કોધાયમાન થઈ ગયો છે. ગુરૂના આ વચનો સાંભળી સૌને નવાઈ લાગી. બધા એક-બીજાના મોં સામું જોવા લાગ્યા. દરેકનું હૃદય ગુરૂ ભક્તિથી ભરપૂર હતું. દરેકે કરૂણ સ્વરમાં પૂછયું. ગુરૂદેવ, શું હું એ છું ?

ત્યારે શિષ્યો પ્રત્યે પ્રેમપૂર્ણ દૃષ્ટિ નાખીને ઈસુ બોલ્યા-નહિ. હું જેને મારા હાથે આ કોળિયો ખવડાવું તે! આટલું કહીને તેઓ એક શિષ્ય પાસે ગયા. એ શિષ્ય જ શત્રુઓ સાથે મળી ગયો હતો. તેણે જ પોતાના ગુરૂ ઈસુખ્રિસ્તને શત્રુઓને સોંપી દેવાનો કોલ આપ્યો હતો. તેના મોંમાં જ ઈસુપ્રભુએ કોળિયો મૂકયો. છતાં એ હૃદયહીનને કશો વિચાર આવ્યો નહિ. ઈસુએ તેની પીઠ પર પોતાનો પ્રેમાળ હાથ ફેરવતાં કહ્યું 'યહુઆ' હવે વધુ મોડું થવા આવ્યો છે. તું તારા કામ પર જા. તે ત્યાંથી ચાલી નીકળ્યો. આમ

છતાં એ નરાધમનું હૃદય પીગળ્યું નહિ. તે ઈસુના વિરોધીઓ પાસે ગયો. પહેલાં રચેલા ષડયંત્ર અનુસાર હથિયાર બંધ સૈનિકોને લાવીને તેણે ઈસુને પકડાવી દીધા.

ઈસુએ એ સમયે પણ યહુઆ તરફ ક્રોધ દૃષ્ટિથી ન જોયું. પણ ક્ષમા દૃષ્ટિ નાખી. ગુરૂને આ રીતે હથિયાર બંધ સૈનિકો લઇ જાય એ ઇસુના એક બીજા શિષ્યથી સહન થઇ શકયું નહિ. તેથી ક્રોધાયમાન થઇને તેણે એક સૈનિકનો કાન કાપી લીધો. આ વખતે ઇસુએ તેને કહ્યું. અરે ભાઇ! આ તું શું કરે છે? તારી તલવાર મ્યાન કરી દે. કેમ કે તલવાર ચલાવનાર છેવટે તલવારનો જ શિકાર બનવાનો છે.

એ પછી ઇસુને ન્યાયાધીશની કચેરીમાં લઇ જવામાં આવ્યા. ન્યાયાલયમાં રોમન ન્યાયાધીશોએ તેમને નિર્દોષ જાહેર કરીને છોડી મૂક્યા. પરંતુ યહુદ્દી લોકોને આ ન્યાય પસંદ ન પડયો. તેમણે ઇસુની ફરવે તેમ ઠેકડી ઉડાવવાની શરૂ કરી અને પછી તેમને ક્રોસ (શુળી) પર ચડાવીને તેમના હાથપગમાં ખીલા ઠોકી દીધા. ત્યારે ઇસુ શું વિચારે છે:—

વેરઝેરના સાગરમાં તું ના જાજે, સ્નેહના ઝરણામાં તું સદા ન્હાજે,
ત્યાગની સરિતામાં તરજે તું ન્હેલો, ઉડી તું જાશે એક દિન અકેલો,
સંસાર આ છે પંખીનો મેળો, ઉડી તું જાશે એક દિન અકેલો.

કેવી ઇસુની પવિત્ર ભાવના! આટલું થવા છતાં આવા પ્રહારો કરાવનારો કુશિષ્ય– તેના પ્રત્યે કે યહુદ્દી પ્રત્યે સ્હેજ પણ ક્રોધ નહીં કરતાં મરતી વખતે પણ આ પુણ્ય– પુરૂષે શત્રુઓને આશીર્વાદ આપ્યા. ક્ષમા પ્રદાન કરી અને હસતાં હસતાં પ્રસન્ન મુખડે પોતાના આદર્શો માટે પ્રાણ આપ્યા.

મૃત્યુની કલા જેણે સાધ્ય કરી છે તે પોતાના કર્તવ્ય માટે આ દુનિયામાં જીવે છે તેમજ કર્તવ્ય માટે મરી ફીટે છે. હજારો દેશભકતો દેશ કાજે કુરબાન થઇ જાય છે. તેમને મૃત્યુનો ભય ડરાવી શકતો નથી. સુભાષચંદ્ર બોઝ, સરદાર ભગતસિંહ ઇત્યાદિ નરવીરો આ પ્રકારની દેશભકિતથી પ્રેરાઇને મરી ફીટયા.

શીખ સંપ્રદાયના બે વીરો ફત્તેસિંહ અને જોરાવરસિંહે ધર્મ માટે પ્રાણનું બલિદાન આપ્યું. તેમની વાત તો ભારતીય ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. ધર્મ પરિવર્તન માટે મોગલ બાદશાહોએ તેમને ઘણાં પ્રલોભનો આપ્યાં, ભય બતાવ્યો, પરંતુ તેમણે સ્હેજ પણ મચક આપી નહિ અને છેવટે તેમને દિવાલમાં ચણી લેવામાં આવ્યા. ધર્મ માટે મરીને તેઓ ઇતિહાસના પાને અમર થઇ ગયા. ધર્મપ્રાણ લોંકાશાહને પણ ધર્મ માટે વિરોધીઓએ ઝેર આપી દીધું અને હસતાં હસતાં તેમણે પોતાના પ્રાણ ન્યોચ્છાવર કર્યા.

જે મૃત્યુકલાનો મર્મ સમજી લે છે તે કાયરોની જેમ મૃત્યુનો સ્વીકાર કરતા

નથી. તે તો વીરોચિત મૃત્યુને મંજુર કરે છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પોતાની પૌત્રી મનુબેનને કહ્યું હતું. "જો હું કોઈ બિમારીથી મરી જાઉં અથવા કાયરની જેમ આદશીંને એક બાજુએ મૂકીને મરી જાઉં તો તું સમજજે કે હું એક ઢોંગી હતો, મહાત્મા નહોતો." જે દિવસોમાં નોઆખલીમાં હિંદુ મુસલમાન વચ્ચે આપસ-આપસમાં યુદ્ધ થયું. તેનાથી મહાત્માજીનું દિલ સળગી ઉઠયું હતું. વર્ધાથી તેઓ તરત જ નોઆખલીની સળગતી આગમાં ગયા. ત્યાં આગળ મૃત્યુનો ભય તેમને પોતાના કર્તવ્યથી જરા પણ ડગાવી શક્યો નહિ.

છેવટે સાંપ્રદાયિકતાના શિકાર બન્યા. નાથુરામ ગોડસેએ ગાંધીજી જ્યારે પ્રાર્થના કરવા જતા હતા ત્યારે તેમના પર ત્રણ ગોળીઓ છોડી. મહાત્માજી ગભરાયા નહિ તેમજ ગોડસેને પણ તેમણે સારું ખોટું કશું કહ્યું નહિ. ક્રોધ ન કરતાં શાંત ભાવથી અંતિમ વેળાએ તેમના મુખમાંથી 'હે રામ' શબ્દનો ઉચ્ચાર થયો.

ગાંધીજી માટે સારોયે દેશ ચિંતિત હતો. દેશના પ્રસિદ્ધ નેતાઓ તેમના રક્ષણ માટે પોલીસનો પ્રબંધ કરતા હતા. પરંતુ ગાંધીજીને આ પસંદ નહોતું. આ બાબતમાં ગાંધીજીએ સાફ ઈન્કાર વ્યક્ત કર્યો. અને આમ કહ્યું. જેને અહિંસામાં સંપૂર્ણ શ્રદ્ધા છે તેને પોતાના રક્ષણ માટે કોઈની પણ આવશ્યકતા નથી. આ પ્રકારના તેમના મૃત્યુને જગતનાં બધા રાષ્ટ્રોએ "આદર્શ મૃત્યુ" તરીકે બિરદાવ્યું.

પરંતુ શું તમને એમ લાગે છે કે મહાત્મા ગાંધીએ મૃત્યુકલાની સાધના એક જ દિવસમાં કરી નાંખી હતી? ના, એ તો તેમની જીવનભરની સાધનાનું ફળ હતું. તેઓ તો મૃત્યુ માટે પહેલેથી જ તૈયાર હતા. પોતાના જીવનકાળમાં જ્યારે પણ તેમની સમક્ષ મૃત્યુનો પ્રસંગ આવ્યો ત્યારે તેઓ ડર્યા નહિ. પોતાની જીવનભરની સાધનાથી જ તેમણે મૃત્યુ-કલાને હસ્તગત કરી હતી.

બિહારના ચંપારણ્ય જિલ્લામાં ગાંધીજીએ જ્યારે સત્યાગ્રહ કર્યો ત્યારનો પ્રસંગ છે. ચંપારણ્યમાં અંગ્રેજ લોકો ખેડૂતને ઘણું કષ્ટ આપતા હતા. જ્યારે ગાંધીજી દુઃખ-નિવારણ અર્થે ત્યાં પહોંચ્યા ત્યારે એક અંગ્રેજે પ્રતિજ્ઞા કરી હતી કે, જો ગાંધી મને એકાંતમાં મળી જાય તો હું તેને ગોળીએ દઈ દેવાનો! બાપુના કાને આ વાત આવી. મૃત્યુનો ડર તો તેમને હતો જ કયાં? એટલે બીજા જ દિવસે વહેલી સવારમાં જ તે એ અંગ્રેજના આંગણે સામા ગયા ને કહેવા લાગ્યા. ભાઈ! તમે ગઈ કાલે ગાંધીને ગોળીએ દઈ દેવાની પ્રતિજ્ઞા કરી હતી ને? લો, હું જ એ ગાંધી. તમારી પ્રતિજ્ઞા પૂરી કરી લો. પેલો અંગ્રેજ તો એવો બિસિયાણો પડી ગયો કે બિચારો બોલે પણ શું? તે તો પાણી પાણી થઈ ગયો ને ગાંધીજીની ક્ષમા માંગવા લાગ્યો.

મારો કહેવાનો આશય એ છે કે મૃત્યુંજયી વીરો મૃત્યુને હસતાં હસતાં સ્વીકારી લે છે. સિદ્ધાંતમાં સાધુઓ વિષે કહેવામાં આવ્યું છે કે "जीवियास मरणभय विप्पमुक्को" તે જીવવાની પણ આશા ન રાખે તેમજ મૃત્યુના ભયથી પણ મુક્ત હોય.

સાધુ તો જ્યારથી તે દીક્ષિત થાય છે ત્યારથી જ શિરપર કફન બાંધીને ચાલતો હોય છે. એટલે કે મોતને સાથે લઈ ને ફરતો હોય છે. મૃત્યુ સાથે મિત્રતા રાખતો હોય છે અને તેને જીવનની પણ આકાંક્ષા હોતી નથી. તેના માટે તો જીવન અને મરણ એક ખેલ છે. એ તો એમ સમજીને ચાલે છે કે જીવતા રહેવું એ આત્માનો ધર્મ છે અને મરવું એ શરીરનો ધર્મ છે. તે પોતાના આદર્શ માટે, સત્ય અને સિદ્ધાંત માટે જીવતો રહેશે. જ્યારે તે જોશે કે હવે આ દેહથી સિદ્ધાંત પાલન થતું નથી. ચારિત્ર પાલન કરવામાં આ દેહ હવે સાધનભૂત બની શકે તેમ નથી ત્યારે તે અંતિમ સાધના એટલે કે સ્વેચ્છાએ સંલેખના કરી લે છે. તેવા સાધક આત્માને તો જીવનમાં પણ આનંદ છે અને મૃત્યુમાં પણ આનંદ છે. ભગવાને કહ્યું છે "जीविए मरणे तहा" જીવનમાં અને મરણમાં બંનેમાં સમભાવ હોય છે. જેના જીવનમાં આવો સંયમનો રંગ હોય છે તે સાધુતામાં છેજ છે.

આ રીતે જ ભૃગુ પુરોહિતને સંસારનો આનંદ ઉડી ગયો છે અને આત્માનંદનો પ્રકાશ જીવનમાં ખીલ્યો છે તેથી તે વૈરાગ્યના પંથે જવા તત્પર થયો છે. તેથી પોતાની પત્નીને કહે છે હે યશા ? તું સંયમ માર્ગે જવાની આજ્ઞા આપ. હવે મારે આ સંસારમાં રહેવું નથી. ત્યારે પત્ની કહે છે સ્વામીનાથ ! સંયમ લેવો કંઇ રહેલ નથી. ત્યાં તમને બધું મનગમતું નહિ મળે. ત્યાં તો નિર્દોષ અને સૂકા આહારની ગવેષણા કરવી પડશે. સંયમમાં લૂખા–સૂકા આહાર મળશે. કયારેક નહિ પણ મળે. તે વખતે તમે પસ્તાવો કરશો. તેના કરતાં આનંદથી મારી સાથે રહો અને ઈચ્છિત સુખો ભોગવો. પણ જેને આત્માના સુખની અનુભૂતિ થઈ હોય તે સંસારમાં રાચે ખરો ? સાધુને વિહારમાં આનંદ અને ગૌચરી કરતાં સમતારસનું પાન કરતો થકો આત્માનો આનંદ અનુભવતો હોય છે. સાધુ ગૌચરી કરતાં પણ કર્મ તોડે છે. નિર્દોષ આહાર ગ્રહણ કરનારો પોતે જો સુપાત્ર હોય તો કલ્યાણ કરે પણ સાથે દાતારનું પણ કલ્યાણ થાય છે. દાતારને દાન દેતાં ઉત્કૃષ્ટ ભાવ આવે તો કર્મની ભેખડો તોડી નાંખે અને સુગતિ પ્રાપ્ત કરે છે. સાધુથી આમંત્રિત, ઉદ્દેશિક આહાર લેવાય નહિ. આધાકર્મી આહાર સંયમમાં કેટલું નુકશાન પહોંચાડે છે.

એક ક્રોડાધિપતિનો દિકરો ગ્રેજ્યુએટ થયેલો, પણ હળુકર્મી આત્મા હતો. એણે કોઈ સંતની વાણી સાંભળી વૈરાગ્યનો રંગ લાગ્યો. દીક્ષા લેવા તત્પર થયો. એ શ્રીમંતનો છોકરો દીક્ષા લેવાનો છે એ વાત સાંભળી ગામના લોકોને પણ ખૂબ આશ્ચર્ય થયું. અહો ! આપણી પાસે તો એની સંપત્તિ આગળ કંઈ સંપત્તિ નથી. આટલું બધું સુખ છોડીને

એ દીક્ષા લેશે? આપણને તો દીક્ષા લેવાનું મન પણ થતું નથી. એમ કહેવા લાગ્યાં. આ છોકરો દીક્ષા લઈને નીકળી ગયો. હવે શ્રીમંતનો દિકરો એટલે એના મિત્રો પણ ઘણાં હોય. સગાં સ્નેહીઓ પણ ઘણા હોય. એ જ્યાં જાય ત્યાં એનો બધા ખૂબ આદર–સત્કાર કરવા લાગ્યા. ભગવાન મહાવીર સ્વામીએ દીક્ષા લીધી. પછી જ્યાં જ્યાં ગૌચરી જાય ત્યાં લોકો શું કહે? પધારો, ત્રિશલાના જાયા, સિદ્ધાર્થનંદકુમાર! ત્યારે ભગવાને વિચાર કર્યો કે અહીં તો બધા મને ઓળખે છે. જ્યાં જાઉં છું ત્યાં બધા મારો આદર કરે છે. માટે અહીં રહેવાથી મને કોઇ ઉપસર્ગ આવશે નહિ. અને મારા કર્મો ખપશે નહિ. કર્મોને ખપાવવા માટે ભગવાન અનાર્ય દેશમાં વિચર્યા. તમને કર્મ ઉદયમાં આવે તે પહેલાં તો કંઈક ધાંધલ મચાવો છો. સ્હેજ બેચેની લાગે કે ડોકટરની પાસે જાવ. દવા કરો અને ન મટે તો માતા–માવડી, માદળીયા, દોરા–ધાગા કરો છો, પણ યાદ રાખજો કે કર્મ આગળ કોઈની તાકાત નથી.

શ્રીમંતના પુત્રે દીક્ષા લીધી. વિહાર કર્યો. જ્ઞાન ખૂબ મેળવ્યું હતું. વાણીમાં વિદ્વતા પણ ખૂબ હતી. વૈરાગ્ય પણ ઉચ્ચ કોટિનો હતો. જ્યાં જાય ત્યાં ખૂબ માન મળે. એ સંત ગૌચરી માટે નીકળે ત્યારે મોટા મોટા શેઠીયાઓ, શ્રીમંતો એને માટે હાજર હોય. રોજ રોજ આમંત્રણ આપી જાય કે મહારાજ! આજે મારે ઘેર પધારજો. સંત પણ પ્રશંસામાં પીગળી ગયાં. ગૌચરી જાય ત્યાં મેવા–મિષ્ટાન તૈયાર હોય. આજે દૂધપાક તો કાલે શિખંડપુરી, ખમણ, દહીંવડા, પાતરા રોજ નવા નવા આહાર વહોરી લાવીને ખાવા લાગ્યા. પછી તો ભક્તો મહારાજની પાછળ ફરવા લાગ્યાં. રસોડા ખોલીને રહેવા લાગ્યા અને સાધુને વહોરાવવા લાગ્યા.

ભગવાને કહ્યું છે કે આધાકર્મી આહાર સાધુના પેટમાં જાય એટલે વિકૃતિ થયા વિના રહે જ નહિ. સંત સિંહ જેવો થઈને નીકળ્યો હતો તે શિયાળ જેવો બની ગયો. અને જ્ઞાન–ધ્યાન–સ્વાધ્યાય–તપ બધું વિસરાઈ ગયું. બસ ખાઈ પીને આરામથી પાટે સૂઈ જાય અને ભક્તોને આનંદ કરાવે. દીક્ષા લીધાને બાર બાર વર્ષો વીતી ગયા. પણ કંઈ નવી સિદ્ધિ પ્રાપ્ત ન થઈ. જુનું હતું તે ચાલ્યું ગયું. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે. પણ પોતાની ભૂલ સમજાયા પછી ભૂલને ભૂલ તરીકે કબૂલ કરવી અને ફરીને એવી ભૂલો ન કરવી એ ખૂબ મહત્વનું છે.

એક વખત આ સંત ગૌચરી જતા હતાં, તે વખતે એક વૃદ્ધ ડોશીમા સામા મળ્યાં. બે હાથ જોડી ખૂબ ભાવ પૂર્વક કહે છે ગુરૂદેવ! આજે મારે ઘેર પધારો. મારી ગરીબની ઝુંપડી પાવન કરો. તમે રસ્તે ચાલ્યા જતાં હો અને રસ્તામાં સ્હેજે સંત ભેટી જાય અને તમે ભાવના ભાવો, અને સંતને તમારે ઘેર લઈ જાવ તેમાં દોષ નથી. પણ ઉપાશ્રયે આવી ખૂબ આગ્રહ કરીને સંતને પોતાને ઘેર લઈ જવાય નહિ. સંતનું ભાવિ સુધરવાનું

હતું. ડોશીમાની ભાવના જોઈ સંત ડોશીને ઘેર જાય છે. ડોશીના ઘરમાં મેવા-મિષ્ટાન્ન ન હતાં. દાળ-ભાત-શાક-રોટલી પણ ન હતી. બસ એક લૂખો રોટલો અને ગરમ પાણી બે જ ચીજ હતી. આ માજી રોજ એક રોટલો બનાવતી. જો કોઇ સંત પધારે તો અડધો રોટલો વહોરાવી દેતી અને અડધો પોતે ખાતી. જો કોઈ ન પધારે તો બે ટંક અડધો અડધો રોટલો પોતે ખાઈ લેતી. માજીએ અડધો રોટલો સંતના પાત્રમાં વહોરાવી દીધો. અને હાથ જોડી બોલીઃ ગુરૂદેવ ! કમભાગી છું. રોટલામાં વહોરાવવા ઘી પણ મારી પાસે નથી. એક જ રોટલો બનાવું છું. આપ જેવા ગુરૂદેવ પધારે તો અડધો રોટલો વહોરાવું છું. રોટલા સાથે ગરમ પાણી વહોરાવ્યું. આ ડોશીની ભાવના જોઇ સંતના મનમાં વિચાર થયો. ગરીબ છે પણ શું એની ઉત્કૃષ્ટ ભાવના છે! બસ, આજે મારે પેલા શેઠીયાઓને ઘેર ગૌચરી જવું નથી. આ રોટલો ને પાણી જ વાપરી લેવું છે. સ્થાનકમાં જઇ ગરમ પાણીમાં રોટલો ચોળીને ખાઈ ગયાં.

બંધુઓ ! નિર્દોષ આહાર શું કામ કરે છે એ તમે જોજો. સંતના પેટમાં નિર્દોષ આહાર પડયો એટલે વિચાર આવ્યોઃ અહો ? કેટલા વખતથી સ્વાધ્યાય-જ્ઞાન-ધ્યાન બધું જ ભૂલી ગયો છું ! લાવ આજે તો સ્વાધ્યાય કરું. સ્વાધ્યાય કરવાનું મન થયું. વાંચન કરવા બેઠા. વાંચતા વાંચતાં વિચાર થયો. અહો ? પ્રભુ, મેં બાર બાર વર્ષથી સંયમ લીધો છે, સગા-સ્નેહીઓ અને ધન વૈભવનો ત્યાગ કર્યો છે, પણ પ્રશંસામાં પીગળી ગયો. આહાર સંજ્ઞામાં ગૃદ્ધ બન્યો. મેં મારું કેટલું બધું ગુમાવ્યું ? સાચા સંયમનું ભાન થઈ ગયું. આધાકર્મી આહારે તો નખ્ખોદ વાળ્યું. હવે તો મારે નિર્દોષ ગૌચરી કરવા જવું છે. આ સંત જ્યારે ગૌચરી જવા લાગ્યા. ત્યારે ભક્તો કહે છે ગુરૂદેવ ! અમે તો આપની રાહ જોઈએ છીએ. આપ કેમ અમારે ઘેર પધારતા નથી ? સંત કહે છે માફ કરો. તમારા આહારે તો મારી સાધનામાં ગજબ નુકશાન કર્યું. હવે મારે એવા આધાકર્મી આહાર વહોરવા નથી. છેવટે નગર શેઠ ખૂબ કહે છે એટલે સંત ગૌચરી માટે જાય છે. અને શેઠને કહે છે-મારી બાર વર્ષની સાધના અને આ ચાર દિવસની સાધનાનું બળ જોવું છે ?

સંતે શેઠના ઘરેથી વહોરેલી ઘીમાં ઝબોળેલી રોટલી હાથમાં લીધી અને બોલ્યા. જો મારી બાર વર્ષની દીક્ષા પર્યાયમાં મેં આધાકર્મી આહાર વહોરી મારું ચારિત્ર લૂંટાવી દીધું હોય તો આ રોટલીમાંથી લાલ કલરની ધાર થજો. એમ કહી મૂઠી વાળી રોટલીને નીચોવી તો રીતસર લાલ કલરની ધાર થઈ. બીજી વખત પેલી ડોશીમાના ઘેરથી વહોરી લાવેલો લૂખો રોટલો હાથમાં લઈ ને સંત કહે છે-જો આ ચાર દિવસમાં મેં શુદ્ધ આહારની ગવેષણા કરી હોય, નિર્મળ ચારિત્રનું પાલન કર્યું હોય તો આ રોટલામાંથી સફેદ ઘીના જેવી ધાર થજો. એમ કહીને જ્યાં રોટલો નીચોવ્યો ત્યાં લૂખા

રોટલામાંથી ઘીના જેવી ધાર થઈ. દેખો શેઠ ! આધાકર્મી આહારે મારો સંયમ લુંટાવ્યો. હવે તો મારે શુદ્ધ ચારિત્રનું પાલન કરવું છે. શુદ્ધ ચારિત્રના પાલનમાં આહાર પણ કામ કરે છે. "જેવો આહાર તેવો ઓડકાર." આ સંતની આંખ ખૂલી ગઈ. તેઓ શુદ્ધ ચારિત્રનું પાલન કરવા લાગ્યા.

અહીં ભૃગુ પુરોહિતની પત્ની યશા કહે છે સ્વામીનાથ ! સંયમમાં સુકુમારપણું નહિ ચાલે. ત્યાં તો નિર્દોષ આહારની ગવેષણા કરવી પડશે. કડવા-કસાયેલા, લુખા-સૂકા આહાર સમભાવે ખાવા પડશે. આ પ્રમાણે સંયમની કઠીનતા બતાવે છે, પણ જે સાચો સિંહ હોય તે કંઇ પાછો પડે ? યુદ્ધના મેદાને ચઢેલો યોદ્ધો ગમે તેટલા તીર વાગે તો પણ પાછો પડતો નથી. તેમાંય જે કર્મના મેદાનમાં જંગ ખેલવા નીકળ્યો હોય તે શેનો પાછો પડે ? ભૃગુપુરોહિત એની પત્નીને શું કહે છે :-

जहा य भोई तणुयं भुयंगो, निम्मोयणिं हिच्च पलोइ मुत्तो ।
एमेव जाया पयहन्ति भोए, ते हं कहं नाणुग मिस्समेक्को । उ. अ. १४-३४

ભૃગુ પુરોહિત કહે છે હે પ્રિયા ? તું મને કહે છે કે તમે મારી સાથે રહીને ભોગ ભોગવો, પણ મને તો આ સંસાર હવે દાવાનળ જેવો લાગે છે. સંસારની સમૃદ્ધિ શૂન્ય લાગે છે. જે જીવો પૂર્વે પુણ્ય કરીને આવ્યાં છે તે આ ભવમાં પુણ્યના ફળ ભોગવે છે. એ પુણ્યમાં પણ જેને ધર્મ રૂચે છે તે ખરેખર ભાગ્યવાન છે. એને માટે કહી શકાય છે કે છે, છે ને છે. પૂર્વે કરીને આવ્યા છે. તેઓ વર્તમાનમાં ભોગવે છે અને પરભવને માટે સાધના કરી રહ્યા છે. ભૃગુ પુરોહિતને માટે પણ એમ જ છે ને ? પૂર્વે કરીને આવ્યો છે. તેથી આ ભવમાં અઢળક વૈભવ પામ્યો છે. અને આત્મસાધના કરવા માટે પરલોકના સુખની આકાંક્ષાથી નહિ પણ કર્મના બંધન તોડી અક્ષય સુખના હેતુથી દીક્ષા લેવા નીકળ્યો છે.

ભૃગુ પુરોહિત યશાભાર્યાને કહે છેઃ જેમ સર્પના શરીર ઉપર કાંચળી થાય છે તો તેને એનો બહુ ભાર લાગે છે. શરીર ઉપરની કાંચળી ઉતારતાં સર્પને ખૂબ કષ્ટ પડે છે. જેમ આખા શરીરની ખોલ ઉતારે તેમ સર્પ એના શરીર ઉપરથી કાંચળી ઉતારે છે. એ કાંચળી ઉતારવી સ્હેલ નથી. સર્પને ઘણું કષ્ટ પડે છે. પણ સર્પ કાંચળી ઉતાર્યા પછી એના સામું જોતો નથી કે કોણ લઈ ગયું અને શું કર્યું ? તે સર્પ પાછું વાળીને જોતો નથી તેમ હે યશા ! આ તારા વ્હાલસોયા લાડીલા બે પુત્રો સંસારના કામભોગોને તુચ્છ સમજીને સર્પની કાંચળીની જેમ છોડીને સંયમ માર્ગે જઈ રહ્યા છે. કુમળા ફુલ જેવા બાલુડા લઘુવયમાં કામભોગોને છોડીને જતા હોય ત્યાં મારાથી હવે આ સંસારમાં કેમ બેસી રહેવાય ! પુત્રોના ગયા પછી હું એકલો સંસારમાં શા માટે બેસી રહું ? પુત્રો દીક્ષા લે અને મારે સંસારમાં બેસી રહેવું એ પણ મારે માટે ઉચિત નથી.

દેવાનુપ્રિયો ! આ રાજગૃહી નગરી સમાન રાજકોટમાંથી કંઈક માતા-પિતાની પુત્રીઓ સંયમ માર્ગે નીકળી છે. પણ માતા-પિતાને આવો વિચાર થાય છે કે દિકરી દીક્ષા લઈને ચાલી ગઈ તો હવે મારાથી સંસારમાં કેમ બેસી રહેવાય ? ત્યાં તો કહો છો કે અમને દીક્ષાના ભાવ જ નથી આવતા. કેવી રીતે દીક્ષા લઈએ ? તમને શું સંસારના સુખોના જ ભાવ આવે છે ? અરે, કાંઈક તો વિચાર કરો કે એ આત્માઓ છોડીને ચાલ્યા ગયા ને મારાથી કેમ ન છૂટે ? મારી નબળાઈ છે. આત્મા અનંત શક્તિનો ધણી છે. સંસાર કેમ ન છૂટે ? મનને મક્કમ કરો તો અવશ્ય છૂટી શકે.

ભૃગુ પુરોહિતે યશાને કહ્યું કે પુત્રો સંયમ પંથે જાય છે માટે હું પણ એમની સાથે દીક્ષા લઈશ. આ કામભોગો મને વિષના કટોરા જેવા લાગે છે. હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં....૬૬

આસો વદ ૧૦ ને શનિવાર તા. ૨૪-૧૦-૭૦

અનંતજ્ઞાની, પરમ પુરૂષ, ચરમ તીર્થંકર મહાવીર પ્રભુની અંતિમવાણી ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ અધ્યયનમાં ચૌદમા અધ્યયનનો અધિકાર ચાલે છે. સુલભબોધી છ આત્માઓનો જેમાં અધિકાર ચાલ્યો છે, તેમાં છ માંથી ત્રણ આત્માઓ જાગૃત બન્યાં છે. જેમને લાગ્યું છે કે અમારો આત્મા કર્મના સમુહથી ભારે બની ગયો છે. ભારે બનેલા આત્માને હળવો બનાવવાનો અમોઘ ઉપાય હોય તો ચારિત્ર જ છે. ચારિત્ર વિના ત્રણ કાળમાં આત્માનો ઉદ્ધાર નથી.

હલકી વસ્તુ પાણીમાં તર્યા કરે છે અને ભારે વસ્તુ પાણીમાં ડૂબી જાય છે. તે જ રીતે કર્મના ભારથી હળવો બનેલો આત્મા સંસારરૂપી સમુદ્રમાંથી તરી જાય છે. અને કર્મના ભારથી ભારે બનેલો આત્મા સંસાર સમુદ્રમાં ગોથા ખાધા જ કરે છે. પ્રભુ આપણને દાંડી પીટાવીને કહે છે કે, આત્માને કર્મના ભારથી હળવો કરો. " कसेहिं अप्पाणं, जरेहिं अप्पाणं " આત્મા ઉપર લાગેલાં કર્મના થરને કૃશ કરો, જીર્ણ કરી નાંખો તો આત્મા હળવો બની જશે. જેણે સ્વની પીછાણ કરી તેણે ભગવાનને પણ ઓળખ્યાં છે. પણ પહેલાં સ્વરૂપની પિછાણ કરવાની જરૂર છે. આચારંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે:-

जे एगं जाणइ से सव्वं जाणइ, जे सव्वं जाणइ से एगं जाणइ જે એકને જાણે છે તે સર્વને જાણે છે અને જે સર્વને જાણે છે તે એકને જાણે છે.

દેવાનુપ્રિયો ! આત્માની શક્તિ અનંત છે. મહાનપુરૂષોના આત્મામાં જે શક્તિ હતી તેવી જ શક્તિ દરેક આત્મામાં છે. ચાહે કીડીનો આત્મા હોય, હાથીનો હોય, પક્ષીનો આત્મા હોય, દેવનો આત્મા હોય કે મનુષ્યનો હોય પણ શક્તિમાં ફરક નથી. જેવી રીતે તકિયાના ગલેફ રંગબેરંગી હોય પણ અંદરનું રૂ બધામાં એકસરખું સફેદ જ હોય છે. જેવી રીતે ગાયની ચામડી સફેદ, કાળી, લાલ આદિ ભિન્ન ભિન્ન રંગની હોય છે. પણ દૂધ તો બધી ગાયોનું સફેદ જ હોય છે. પણ શક્તિને સંયમમાં ફોરવવી એ જ મહત્વની ચીજ છે.

ભૃગુ પુરોહિત અને તેના બે બાલુડાને પોતાની શક્તિનું ભાન થયું છે. ભૃગુ પુરોહિતને એની પત્ની સંસારમાં રાખવા માટેની વાતો કરે છે. પણ ભૃગુ પુરોહિત કંઇ કાચો ન હતો. દૃઢ વૈરાગી હતો. એણે પત્નીને શો જવાબ આપ્યો. "जहा य भोई तणुय भुयंगो" હે યશા ? જેમ સર્પ કાંચળી છોડીને જાય છે તો ફરીને એના સામું જોતો નથી. તેમ આપણા પુત્રો કાંચળીની જેમ સંસારને છોડવા ઉઠયા છે, તો પછી મારે હવે આવા સંસારમાં શા માટે બેસી રહેવું ? આ જીવ કર્મને વશ થઇને બહુ ભમ્યો છે.

एगया देवलोएसु, नरएसु वि एगया ।
एगया आसुरं कायं, आहा कम्मेहिं गच्छइ ।। उ. अ. ३–७

કયારેક દેવલોકની અખૂટ સાહ્યબી ભોગવી આવ્યો, તો કયારેક નરક ગતિના રૌ રૌ દુઃખો પણ ભોગવી આવ્યો અને કયારેક અસુરકાયોમાં ઉત્પન્ન થઈ આવ્યો પણ હજુ ચતુર્ગતિ સંસારમાં ભટકવાનું બંધ ન થયું.

એક જ વખતના સંત સમાગમે બે પુત્રો જાગ્યાં. બે પુત્રોના નિમિત્તે પિતા જાગ્યા. હવે યશા પણ જાગશે. એક પછી એક એમ છ એ જીવો બોધ પામી જશે. હળુકર્મી આત્માઓ સહેજ નિમિત્ત મળતાં જાગૃત બને છે. પણ જેનું હૃદય કઠોર છે, જેઓ ભારે–કર્મી જીવો છે, તેમને ગમે તેટલો ઉપદેશ આપવામાં આવે તો પણ પીગળતાં નથી. સિદ્ધાંતમાં દૃષ્ટિ કરીએ તો વૈરાગ્યના ચમત્કાર દેખાય છે. એકેક આત્માઓ કેવી રીતે જાગ્યા છે ? અંતગડદશાંગ સૂત્રમાં અયવંતા કુમારનો અધિકાર ચાલ્યો છે. તમે સાધુવંદણામાં રોજ બોલો છો કે:–

"કુંવર અઈમુત્તે દીઠા ગૌતમ સ્વામ, સુણી વીરની વાણી કીધો ઉત્તમ કામ"

અતિમુકત કુમારને એક જ વખત ગૌતમ સ્વામીનો ભેટો થયો હતો. તે પણ

કેવી રીતે? સાંભળો. એક વખત ભગવાન મહાવીર સ્વામીના પટ્ટ શિષ્ય ગૌતમ સ્વામી વીર ભગવંતની આજ્ઞા લઈને પોલાસપુર નગરમાં છઠ્ઠને પારણે ગૌચરી માટે પધાર્યા. તે વખતે નવ વર્ષનો બાળ અતિમુકત કુમાર એના બાલ મિત્રો સાથે ગેડી દડાની રમત રમી રહ્યો હતો. ગૌતમસ્વામી ગૌચરી માટે એક ઘરમાંથી બીજા ઘરમાં શુદ્ધ નિર્દોષ ગૌચરીની ગવેષણા કરવા માટે જાય છે. સંતોને માટે ભગવંતનો ઉપદેશ છે કે હે મારા શ્રમણો ? ગૌચરી માટે ૫૦ ઘર ફરવા પડે તો ફરજો પણ શુદ્ધ આહારની ગવેષણા કરજો. શુદ્ધ આહાર જ સંયમની રક્ષામાં નિમિત્ત બને છે. ગૌતમ સ્વામીને એક ઘરમાંથી બીજા ઘરમાં જતાં જોઈ અતિમુકતકુમારને ખૂબ આશ્ચર્ય લાગ્યું. એણે કદી સંતને જોયા ન હતાં. પણ એટલું તો મનમાં જરૂર થયું કે આ કોઇ ઉત્તમ પુરૂષ છે. એક ઘરમાંથી બીજા ઘરમાં શા માટે જતા હશે? લાવ, હું તેમની પાસે જઈને પૂછું. નવ વર્ષનો કિશોર રમત રમવાનું છોડી ગૌતમસ્વામી પાસે આવ્યો. વંદન કરીને પૂછયું: પ્રભુ ! આપ એક ઘરમાંથી બીજા ઘરમાં જાવ છો, તો આ શું કરો છો ? ગૌતમસ્વામી કહે છે કે અમે સાધુ છીએ, નિર્દોષ આહારની ગવેષણા કરવા માટે એક ઘરમાંથી બીજા ઘરમાં જઇએ છીએ.

નિર્દોષ બાળક કહે છે પ્રભુ ? તો આપ મારે ઘેર ન પધારો ? ગૌતમ સ્વામી કહે છે અમે તો બધાને ઘેર જઈએ. અમારે ત્યાં ઉંચનીચ, શ્રીમંત-રંક એવો કોઇ ભેદ-ભાવ નથી. અતિમુકત કુમાર પોલાસપુર નગરના વિજયસેન રાજાની રાણી શ્રીદેવીનો પુત્ર હતો. તે કહે છે પ્રભુ! મારે ઘેર પધારો. ગૌતમ સ્વામીને લઇને કુમાર પોતાના મહેલમાં આવે છે. માતા શ્રીદેવીજી મહેલમાં ઉભા છે. પોતાનો વ્હાલસોયો પુત્ર સંતને લઇને ઘેર આવી રહ્યો છે, આ જોઈ માતાને એટલો બધો હર્ષ થયો કે ન પૂછો વાત. અહા....હું કેવી ભાગ્યશાળી ? મારો લાલ પવિત્ર સંતની સાથે આવે છે!

માતા દેખી કહે પુણ્યવંતા, ભલે જહાજ ઘર આવ્યા,
હર્ષભાવ ધરી નિજ હાથે, વહોરાવ્યા અન્ન પાણીજી....અયવંતા.

ગૌતમ સ્વામીને જોઇને શ્રી દેવી કહે છે પ્રભુ! પધારો. આજે તો હું મહા ભાગ્યવાન બની. મારા ભાગ્ય ખુલી ગયાં કે તરણતારણ જહાજ સમાન આપ જેવા સંત મારે ઘેર પધાર્યા. તેણે ખૂબ હર્ષપૂર્વક ભાવથી નિર્દોષ આહાર વહોરાવ્યો. અમે ગૌચરી જઇએ છીએ ત્યારે જોઇએ છીએ, કે કંઇક ઘરમાં નાના બાળકો પણ વહોરાવવા માટે હઠ કરે છે. વળી એની માતા કંઇક ભૂલી જાય તો બાળકો યાદ કરી આપે છે કે બા ! પેલા ડબ્બામાં પેંડા છે, તે મહાસતીજીને વહોરાવને! નાના બાળકને આવી રીતે વહોરાવવાનું મન થાય એ મહાન પુણ્યનું નિશાન છે.

ગૌતમ સ્વામી ગૌચરી વહોરીને પાછા ફર્યા ત્યારે અતિમુકત કુમાર પણ પાછળ

આવ્યાં. ગૌતમ સ્વામીના હાથમાં ઝોળી છે. એ જોઈને કહે છે પ્રભુ ! મને આ ઝોળી ઉપાડવા માટે આપો ને ! ગૌતમસ્વામી કહે છે તને અમારી ઝોળી ઝાલવા અપાય નહિ. સાધુનો ભાર તો જે સાધુ થાય, અમારા જેવી દીક્ષા લે તેને જ અપાય. બાલુડો ગૌતમ સ્વામીની આંગળી પકડીને ચાલ્યો જાય છે. પૂછે છે પ્રભુજી ! મને કેમ ન અપાય ? ગૌતમ સ્વામી કહે છે સંસારમાં રહેલા જીવો અવ્રતી કહેવાય. અમારાથી અવ્રતીની સેવા ન લેવાય. અયવંતાકુમારના મનમાં એ વાત ઠસી ગઇ. એટલે કહે છે પ્રભુ ! હું આપનાં જેવો સાધુ બની જાઉં તો મને ઝોળી આપશો ને ! ગૌતમ સ્વામી કહે છે, હા જરૂર આપું. અમે વિહાર કરતા હોઈએ છીએ ત્યારે અમારી કંઈક બહેનો અમને કહે છે મહાસતીજી ! અમને થોડું ઉંચકવા આપો. ત્યારે અમે કહીએ છીએ કે જો અમારો ભાર ઉંચકવો હોય તો દીક્ષા લઈ લો. ત્યારે કહેશે "ના" દીક્ષા તો લઇ શકાય એમ નથી.

અયવંતા કુમાર કહે છે પ્રભુ ! તમે મને બહુ ગમો છો હોં. તમે મને કેવું સરસ સમજાવ્યું. ગૌતમ સ્વામી કહે છે. મારા કરતાં મારા તારણહાર, મારા પ્રભુ તો એવા સરસ છે કે હજારો ટયુબ લાઈટનો જે પ્રકાશ ન હોય તેનાથી અનંત ગણો ભગવંતનો પ્રકાશ છે. ગૌતમસ્વામીની સાથે અયવંતા કુમાર પ્રભુની પાસે આવે છે. પ્રભુને વંદન કરે છે. અને ભગવાનની વાણી સાંભળીને વૈરાગ્ય પામી જાય છે. હાથ જોડી પ્રભુને કહે છે પ્રભુ ! આપ હમણાં વિહાર ન કરશો. આપ હમણાં અહીંયા રોકાજો. મારે આપની પાસે દીક્ષા લેવી છે. એટલે મારા માતા-પિતાની રજા લઈને હું દીક્ષા લેવા માટે આવું છું. એમ કહી અયવંતાકુમાર ઘેર આવ્યા. આવીને કહે છે માતા ! હું તો આજે ભગવંતની વાણી સાંભળી આવ્યો. મને તો ભગવંતની વાણી ખૂબ ગમી. આ સાંભળીને માતાને ખૂબ હર્ષ થયો. ધન્ય છે મારા પુત્રને ! પ્રભુની વાણી રૂચી. આજે હું પણ ભાગ્યવાન બની.

"ઘર આવી માતાશું પૂછે, અનુમતિ કી અરદાસ,
વાત સુણી માતાજી કાંઈ (૨) આણી મનમાં હાણુજી,
અયવંતા મુનિવર, નાવ તિરાઈ વહેતા નીરમાં" (૨)

ભગવાનની વાણી સાંભળી આવ્યો, એટલું કહ્યું ત્યાં આનંદ થયો. પણ પુત્ર કહે છે માતા ! મને આ સંસાર અસાર લાગ્યો છે, હવે મારે દીક્ષા લેવી છે. મારી એકેક ક્ષણ લાખેણી જાય છે.

"આજ્ઞા આપો ને મોરી મૈયા, મારે તારવી છે જીવન નૈયા,
મળ્યા પ્રભુજી જીવન ખેવૈયા, ભવોદધિના સાચા તરવૈયા.
મંગલ આશીષ આપો, મુજને આજ્ઞા આપો. મારે જાવું છે સંયમ પંથ રે....

મારે દીક્ષા લેવી છે, મને આજ્ઞા આપો, એમ જ્યારે કહ્યું ત્યારે માતા ધરતી ઉપર ઢળી

પડી. હૃદયમાં ખૂબ આઘાત લાગ્યો. માતાને પોતાના સંતાનો ઉપર અપાર વાત્સલ્ય-ભાવ હોય છે. ખૂબ ઉપચાર કરી માતાને શુદ્ધિમાં લાવ્યા. માતા કહે છે બેટા! દીક્ષા લેવી એ નાની સૂની વાત નથી. હજુ તો તું બાળક કહેવાય. સંયમના પરિષહો તું સહન કરી શકીશ નહિ.

તું કયાં જાણે સાધુ પણામેં, બાલ અવસ્થા તેરી.
ઐસા ઉત્તર દિયા કુંવરજી, માત કહે બલિહારીજી–અયવંતા.

સાધુપણું શું કહેવાય! એ તું શું સમજે? હજુ તો તું બેલ બેલતો બાળક છે. ત્યારે કુમાર કહે છે માતા! હું જાણું છે તે નથી જાણતો. હું એ વાત જાણું છું કે મનુષ્ય માત્ર ને માથે મૃત્યુ ઝઝુમીને રહેલું છે, પણ મૃત્યુ કયારે આવશે એ હું નથી જાણતો. હવે એક પળ પણ મને ભગવાન વિના ગમતું નથી. મને ઝટ દીક્ષાની આજ્ઞા આપો. માતાએ તેને ખૂબ સમજાવ્યો પણ સાચો વૈરાગી સમજે ખરો? અંતે માતાને આજ્ઞા આપવી પડી. ખૂબ ધામધૂમ કરીને પુત્રને દીક્ષા આપી. સામેથી પ્રભુને સોંપવા ગઈ. પ્રભુને હાથ જોડીને કહે છે, પ્રભુ!

"કોઈ રે વહોરાવે આહાર પાણી રે, કોઇ વહોરાવે પાતરાની જોડ,
હું રે વહોરાવું મારા પુત્રને, અનુમતિ દીધી મા એ રોવંતા."

કોઈ આપને આહાર પાણી વહોરાવશે, કોઇ કપડાની જોડી, તો કોઇ પાતરાની જોડ વહોરાવશે, પણ હું તો મારી આંખની કીકી સમાન, હૈયાના હાર સમાન, કાળજડાની કોરસમાન મારા લાડીલા પુત્રને વહોરાવું છું. પ્રભુ! આપ એની સંભાળ રાખજો. પુત્રને આશીષ આપીને માતા કહે છે, કે વ્હાલા પુત્ર! સિંહની પેરે સંયમ લઈને અપ્રમતપણે વિચરજે. પ્રમાદ ન કરીશ. સદા જાગૃત રહેજે. એક માતાને રોવડાવી, હવે બીજી માતાને ન રોવડાવીશ. તારી સાધનાની સિદ્ધિ પ્રાપ્ત કરી લેજે. દેવાનુંપ્રિયો! આનું નામ સાચી માતા. પુત્રને આશિષ આપતાં પણ કેવા સુંદર શબ્દો કહ્યા!!

અયવંતા મુનિ દીક્ષા લઈને સ્થવિર ભગવંતો પાસે જ્ઞાનાભ્યાસ કરે છે. આનંદથી રહે છે. એમાં એક દિવસ ખૂબ વરસાદ પડયો. વરસાદ બંધ થઈ ગયા પછી બધા મુનિઓની સાથે અયવંતા મુનિ પણ ઠંડીલ જવા માટે જાય છે. વરસાદ પડયો હોય એટલે સ્વાભાવિક રીતે પાણીના ખાબોચીયાં ભરાયા હોય. અયવંતા મુનિ ઠંડીલ જઇને ઝટ ઉઠી ગયા. હજુ બાલવય છે, એટલે પેલા ખાબોચીયામાં પાણી જોઈને તેમને રમવાનું મન થયું.

વર્ષાકાળ વરસ્યા પીછે, મુનિવર ઠંડીલ જાવે,
પાળ બાંધી પાણીમાં, પાતર(૨)નાવ જાણી તીરાવેજી...અયવંતા.

નાવ તીરે રે મોરી નાવ તીરે(૨)એમ મુખથી શબ્દ ઉચ્ચારે,
સાધુ કે મન શંકા ઉપજી.(૨)કિરિયા લાગે થારે જી
અયવંતા મુનિવર, નાવ તીરાઈ વહેતા નીરમેં.

પાણીના ખાબોચિયામાં પાતરી મૂકીને રજોહરણની દાંડી વડે પાતરીને હલેસાં મારતાં એવા હરખાય છે અને મોઢેથી બોલતા જાય છે. જુઓ ? મારી નાવ કેવી સુંદર છે ! પાણીમાં કેવી તરે છે ! ખૂબ પવિત્ર ભાવ છે. મનમાં કોઈ જાતનું માયાકપટ નથી. અને પાણીમાં પાતરી તરાવવાની ખૂબ મજા આવી ગઇ છે. મોટા શબ્દથી બોલે છે કે "નાવ તીરે રે મોરી નાવ તીરે" શું બોલે છે ! મુનિઓ આવીને જુવે છે તો અયવંતા મુનિને બાલક્રીડા કરતાં દેખ્યા. આ જોઇને મુનિઓ અંદરો અંદર બબડવા લાગ્યા. સાધુપણું શું કહેવાય એનું તો ભાન નથી. કોણ જાણે ભગવાને આને કેમ દીક્ષા આપી દીધી ! એમ બોલવા લાગ્યા.

અયવંતાની પાસે આવીને ઠપકો આપતાં કહ્યું, હે અયવંતા મુનિ ! આજે તમે ઘણું મોટું પાપ કર્યું છે. આપણાથી સચેત પાણીને અડાય પણ નહિ તેને બદલે તમે સચેત પાણીમાં ઉભા રહી પાતરીને તરાવી. આજે કેટલા અપકાય જીવોનું છેદન ભેદન થઈ ગયું ? આટલા શબ્દે આ બાળમુનિ ચમકી ગયા ! હે પ્રભુ ! મને પાપ લાગ્યું ! અરર...હવે મારું શું થશે ? પાપ નહિ કરવા માટે મેં સંસાર છોડયો "પાપ નહિ કરું" એવી બાત્રીસ માતાને આપીને મેં માતાની આશિષ મેળવી. અને આજે મેં આવું પાપ કર્યું ? અંતરમાં પાપનો ઉકળાટ થયો. અયવંતા મુનિના અંતરમાં પાપનો મહાનલ પ્રગટયો.

તેઓ પ્રભુની પાસે આવ્યાં અને કહે છે પ્રભુ ! આજે મારી ભૂલ થઈ છે. મારાથી મોટું પાપ થઈ ગયું છે. સત્ય હકીકત કહી દીધી. પ્રભુ તો સર્વજ્ઞ હતાં. બધું જાણતા હતાં પણ બીજા મુનિઓ અંદરો અંદર અયવંતા મુનિની હેલણા કરતાં હતાં. પ્રભુ તેમને શું કહે છે.

ભગવંત ભાંખે સર્વ સાધુકો, ભક્તિ કરો સહ દિલ,
હિલના નિંદા મતિ કરો કંઈ (૨) ચરમ શરીરો જીવ જી.....અયવંતા.
શાસનપતિકા વચન સુણીને, સબહી શીશ ચઢાયા,
અયવંતા કી હુંડી સ્વીકારાઈ (૨) આગમમાંહી ગાયા જી,
અયવંતા મુનિવર, નાવ તીરાઈ વહેતા નીરમાં.....

ભગવાન સંતોને કહે છે હે સંતો ! અયવંતા મુનિના અવર્ણવાદ ન બોલો. એ ચરમ શરીરી આત્મા છે. પ્રભુએ બે શબ્દ કહ્યાં ત્યાં બધા શાંત થઈ ગયા. અયવંતા

મુનિ કહે છે પ્રભુ! મને પાપનું પ્રાયશ્ચિત આપો. મારાથી આ પાપ સહન નહિ થાય. જે શિક્ષા કરવી હોય તે કરો, પણ પ્રભુ મને પાપમાંથી મુક્ત કરો. આ અયવંતા મુનિએ સિદ્ધાંત નહોતા વાંચ્યા. થોકડા કંઠસ્થ નહોતા કર્યા. રમત રમતાં રમતાં વૈરાગ્ય પામ્યો અને દીક્ષા લીધી હતી. તમે તો કેટલા શાસ્ત્રોનું વાંચન કર્યું. કેટલા સંતોના વ્યાખ્યાન સાંભળ્યા, કેટલું જ્ઞાન મેળવ્યું છે, પણ હજુ તમારા અંતરમાં પાપ ખટકે છે ખરું? ખાતા ખાતા દાંત નીચે પથરી આવી જાય તો તરત જ ખટકે છે. પગમાં નાનકડો કાંટો વાગ્યો હોય તો ખટકે છે. આંખમાં તણખલું પડયું હોય તો તે પણ ખટકે છે, પણ હજુ તમને પાપ ખટકતું નથી. જે આત્માઓને પાપનો ડંખ લાગે છે તે સંસારમાં રહી શકતા નથી. ઘણો પુરૂષાર્થ કરવા છતાં દીક્ષા ન લઈ શકો તો રોજ પ્રભાતના પહોરમાં ઉઠી એવી ભાવના ભાવો કેઃ હે પ્રભુ! આ ભવમાં તો દીક્ષા લઈ શકું તેમ નથી, પણ આવતા ભવમાં નવ વર્ષની ઉંમરમાં જ દીક્ષા લેવાના ભાવ આવે. અને સંસાર છોડીને દીક્ષા લેવા નીકળી જાઉં. આવી ભાવના ભાવતાં મૃત્યુ થાય તો બીજા ભવમાં જલ્દી દીક્ષા ઉદયમાં આવે.

અયવંતા મુનિને આટલી લઘુવયમાં ગેડીદડા રમતાં ગૌતમ સ્વામીને જોતાં દીક્ષાના ભાવ એમ ને એમ આવ્યા હશે? પૂર્વભવમાં સાધના કરતાં કરતાં આવ્યા હશે. પ્રભુ કહે છે, અયવંતા મુનિ! પાપનું પ્રાયશ્ચિત કરવા માટે ઇરિયાવહી પડિક્કમો. અયવંતા મુનિ ઇરિયાવહી પડિક્કમવા લાગ્યાં. અંતરમાં પશ્ચાતાપનો ભડકો સળગ્યો. ઇરિયાવહીનો એકેક શબ્દ બોલતાં બોલતાં કર્મરૂપી ઇંધનો જલાવીને રાખ કરી નાંખ્યા.

ભૃગુ પુરોહિતના મનમાં પણ એમ થયું છે કે આત્મસાધના સાધી લઉં. ખરેખર! સંયમ અને તપ દ્વારા આત્માને દમવા જેવો છે. જો તપ ને સંયમ દ્વારા આત્માને નહિ દમું તો નરક અને તિર્યંચગતિમાં વધ અને બંધન દ્વારા આત્માને પરવશપણે દમવો પડશે. ઘણું દમન કરવા છતાં આત્મ કલ્યાણ નહિ થાય. સમજણપૂર્વક સંયમ લઈને આત્માને દમીશ તો કર્મોની નિર્જરા થશે.

ટૂંકમાં જે આત્માઓ સરળ છે, તેના અંતરમાંજ ધર્મ ટકી શકે છે. તેના આત્મામાં જ સમ્યક્ત્વનાં બીજડાં ઉગી શકે છે. પણ જેના હૈયામાં મોહ–માયા અને મમતાએ સામ્રાજ્ય સ્થાપ્યું છે તેને ધર્મ રૂચતો નથી. જેને એક વખત જૈન ધર્મની શ્રદ્ધા ન હતી, પુત્રોને કહેતો હતો કે તમે વેદ ભણો, બ્રાહ્મણોને જમાડો, અને સ્ત્રી સાથે સુખો ભોગવી સંતાનની પ્રાપ્તિ કરો. "अपुत्रस्य गति र्नास्ति।" પુત્ર વિના સદ્ગતિ મળતી નથી. આવું કહેનારો ભૃગુ પુરોહિત દીક્ષા લેવા તૈયાર થયો. તે યશાભાર્યાને કહે છે હે પ્રિયા! તું કહે છે કે તમે સંયમ લઈને પસ્તાશો. મને યાદ કરશો. પણ હું કંઈ એવો કાયર નથી. જેને વિષયો તરફ આસક્તિ હોય તેને ખેદ થાય. હું તો વિષયોથી વિરક્ત

બની ગયો છું. કાયર હોય તેને સંયમ કઠીન લાગે. મને ન લાગે. હું તો દીક્ષા લઈને જ્ઞાન-દર્શનમાં રમણતા કરીશ. તું સાથે આવે તો ભલે અને ન આવે તો પણ ભલે, હું તો દીક્ષા લેવાનો એ નક્કી છે. હું તારો રોકયો રોકાવાનો નથી. મને સંસાર ભારરૂપ લાગે છે. હજુ પણ ભૃગુ પુરોહિત શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૯૭

આસો વદ ૧૧ ને રવિવાર તા. ૨૫-૧૦-૭૦

શાસ્ત્રકાર ભગવંત ત્રિલોકીનાથે જગતના જીવોના કલ્યાણને માટે શાસ્ત્ર સિદ્ધાંતરૂપ વાણીની પ્રરૂપણા કરી. ત્રણે કાળે સિદ્ધ થયેલી વીર ભગવંતની શાશ્વતી વાણી એનું નામ સિદ્ધાંત. ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં ત્રણ આત્માઓ-ભૃગુ પુરોહિતના બે પુત્રો દેવભદ્ર અને જશોભદ્ર અને ત્રીજો ભૃગુ પુરોહિત એ ત્રણેને સમજાઈ ગયું છે કે આ સંસારમાં સાચું શરણ કોનું છે ?

દુસ્તરે ખલુ સંસારે, ત્વામેવ શરણં મમ ।
નિઃસહાયસ્ય હે દેવ, તારકસ્ત્વં જિનેશ્વર ॥

આકાશમાં રાત્રે ચંદ્રનો પ્રકાશ પથરાય છે, તારલાઓ ઝગમગે છે અને પૃથ્વી ઉપર અનોખો પ્રકાશ પથરાય છે. એ પ્રકાશને જોઈને અનેક જીવો આનંદ પામે છે. પણ જેને આંખ જ નથી એ બિચારો આ પ્રકાશનો આનંદ કયાંથી લૂંટી શકે ? અંધ માણસ દયાને પાત્ર છે. અંધ માણસ જેમ દયાને પાત્ર છે તેમ અજ્ઞાની પણ આંધળાની જેમ દયાને પાત્ર છે. આગમનો પ્રકાશ એ પામી શકતો નથી. આત્માના ઉત્થાનનો આનંદ એ લૂંટી શકતો નથી. આત્માના અનાદિના અજ્ઞાનના અંધકારને દૂર કરવા માટે અને અંતરમાં જ્ઞાનના અજવાળા પાથરવા માટે વીતરાગ વાણીને અંતરમાં ઉતારવાની જરૂર છે.

આ સંસાર અસાર છે. કોઈ કોઈને શરણભૂત નથી. અનેક મહાન પુરૂષો તમને કહેતાં આવ્યાં છે, પણ એ વાત તમારા ગળે ઉતરતી નથી. એનું કારણ એ જ છે કે તમારી દૃષ્ટિ ઉપર અજ્ઞાનનું આવરણ આવી ગયું હોય પછી અશરણ પણ શરણરૂપ જ લાગે ને ? કાળા કલરના ચશ્મા પહેર્યા હોય તો બધું જ કાળું દેખાય. અને શ્વેત ચશ્મા પહેર્યા હોય તો બધે શ્વેત અને નિર્મળ જ દેખાય; કેમ આ વાત બરાબર છે ને ? જેની

દૃષ્ટિ સંસાર તરફ જ હોય તેને એમાં જ આનંદ આવે ને? પણ યાદ રાખજો. આ સંસારમાં કોઈની ઇચ્છાઓ પૂરી થઇ નથી. તમે કેટલા આશાના મિનારા ચણ્યા હશે, અને એ તમારી આશાના મિનારા કેટલીક વખત જમીનદોસ્ત થઈ ગયાં હશે. ઘડીકમાં સુખ અને ઘડીમાં દુઃખ. આ બધું જાણો છો, જુવો છો, છતાં જીવનમાં અજ્ઞાનતાએ અડ્ડો જમાવ્યો છે એટલે તમે માનો છો કે અમારું શરણ ભૌતિક પદાર્થો છે.

તમે શું માનો છો? પેટનું શરણ ધાન્ય છે. જીભનું શરણ સ્વાદુ પીણાં છે અને શરીરનું શરણ એમ્બેસડર–ફીયાટ–કાર છે. ભલા, જો તમારી કાર તમારા શરીરનું શરણ હોય તો તમે ગાડીમાં બેસીને બહાર ગયાં અને સામેથી અચાનક ખટારો આવ્યો અને કાર સાથે ભટકાયો. એકસીડન્ટ થઈ ગયો અને ખૂબ ઈજા થઈ. હવે તમે જ કહો કે જેને તમે શરણ માન્યું તે શરણ મરણ બન્યું કે બીજું કંઈ? અહીં જ આત્માનું અજ્ઞાનપણું છે. જે અલ્પ સુખને ભોગવ્યા પછી એની પાછળ અનંતકાળનું દુઃખ ઉભું થતું હોય તો તે સાચું સુખ નથી. કિંપાક વૃક્ષના ફળો દેખાવમાં પણ સુંદર હોય છે અને ખાવામાં પણ મધુર હોય છે. મોસંબી, સંત્રા, સફરજન આદિના સ્વાદ કરતાં પણ તેનામાં ઘણી મધુરતા હોય છે પણ એને ખાધા પછી બે ઘડીમાં એ ઝેરરૂપે પરિણમી જાય છે. માણસના જીવ અને કાયા જુદા થઈ જાય છે. ક્ષણવારના સુખની પાછળ અનંત-કાળનું દુઃખ ઉભું કરે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના સાતમા અધ્યયનમાં ગાય અને બોકડાનો ન્યાય આપ્યો છે. માલિકે એક બાજુ ગાય અને વાછરડી બાંધી છે. અને બીજી બાજુના ખીલે એક બોકડો બાંધ્યો છે. બોકડાને ગોળ–ખાંડ–અને લીલો ચારો ખવડાવે છે. અને ગાયને સૂકું ઘાસ નીરે છે. ત્યારે ગાયની વાછરડી કહે છે કે માતા! તું તો મને પૂરું દૂધ પણ પીવા દેતી નથી. અને માલિકને દૂધ આપે છે. અને આ બોકડો કંઈ જ આપતો નથી. છતાં એને તો ગોળ–ખાંડ અને મઝાનું લીલું ઘાસ ખાવા મળે છે. અને આપણને તો લીલું ઘાસ પણ નહિ. ફકત સૂકું ઘાસ ખાવા મળે છે. મા કહે બેટી! ધીરજ રાખ. એના સુખની પાછળ દુઃખનો ઢગલો પડયો છે. આપણા સૂકા ઘાસમાં જે આનંદ છે તે સાચો આનંદ છે. અને એનો આનંદ દુઃખ ભરેલો છે. એનું પરિણામ બહુ ભયંકર છે. એક દિવસ માલિકને ઘેર મહેમાન આવ્યા, એટલે પ્રભાતના પહોરમાં હાથમાં ચકચકતી છરી લઈને માલિક આવ્યો. આ જોઈ વાછરડી થરથર ધ્રુજવા લાગી, ત્યારે માતા કહે છે બેટા! તું ધ્રુજીશ નહિ. ગભરાઈશ નહિ. એ તો બોકડાને મારે છે. માલિકે જોતજોતામાં છરી બોકડાની ગરદન ઉપર ફેરવી દીધી.

દેવાનુંપ્રિયો! આ દૃષ્ટાંત ઉપરથી તમારે શું સમજવાનું છે? તમારી દૃષ્ટિમાં પેલા બોકડાની જેમ ભોગ વિલાસમાં મઝા દેખાતી હોય, પણ એની પાછળ અનંતકાળનું દુઃખ

ઉલ્લેખ્યું છે. અમારા ત્યાગીઓના સુખ ભલે પેલી ગાયના સૂકા ઘાસ જેવા હોય પણ એની પાછળ મહાન સુખ છે. ભગવાનની આજ્ઞાનો આરાધક સાધુ ભુવનપતિ, વાણવ્યંતર કે જ્યોતિષી દેવમાં ન જાય, પણ વૈમાનિકમાં જાય.

પંચેન્દ્રિયના વિષયોમાં જે ગૃદ્ધ બનશે તેની બોકડા જેવી દશા થશે. આજની આત્માઓને સીનેમાના સીન જોવા ગમે છે પણ સંતદર્શન કરવા નથી ગમતા. રેડિયોના સૂર સાંભળવા ગમે છે પણ વીતરાગ વાણીના સૂર સાંભળવા ગમતા નથી. ફ્રીઝમાં મૂકેલાં ઠંડા પાણી પીવા ગમે છે. ઉના ઉના બટાટાવડા જોઇ લૂલી લળકારા મારે છે, પણ યાદ રાખજો કે એ તમારા મોજશોખની પાછળ નરકગતિના ઘોર દુઃખોની યાતના ઉલ્લેખી છે.

શ્રેણિક મહારાજા એક વખત શિકારના કેટલા શોખીન હતા. ગર્ભવંતી હરણીને ગર્ભ સહિત વીંધીને હરખાયા. ત્યાં નરકનો બંધ પાડી દીધો. પણ એ જ શ્રેણિક રાજાને અનાથી નિગ્રંથનો સમાગમ થયો ત્યારે સમકિત પામ્યા. પછી ભગવાન મહાવીરનો ભેટો થયો. અને શ્રેણિક રાજાનું જીવન પલટાઈ ગયું. તેઓ પાપભીરૂ બની ગયાં. શ્રેણિક રાજાએ ધર્મની ખૂબ દલાલી કરી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. પણ પૂર્વે કરેલાં કર્મ ભોગવવા નરકમાં ગયા. ત્યાં કેટલું દુઃખ ભોગવી રહ્યા છે ? અહીંયા એની પર્યાય કેવી હતી અને નરકમાં કેવી પર્યાય પલટાઇ ગઇ છે. કર્મરાજા કોઇને છોડતાં નથી. માટે કર્મ બાંધતી વખતે ખૂબ સાવધાન રહો.

તમે જીવનની એક એક ક્ષણે ખૂબ સાવધાનીપૂર્વક કાર્ય કરો. તમે તો ખૂબ હોંશિયાર છો કે એક નજીવી ચીજ પણ નકામી જવા દેતા નથી. પહેલાના સમયમાં તમે હોલ્ડર વડે ચોપડામાં લખતા હતા. વધુ શાહી પડી જાય ત્યારે લીટા અક્ષરોને સૂકવવા માટે એના ઉપર રેતી નાંખતા હતાં. એ સૂકાઈ જાય એટલે રેતીને પાછી ડબ્બીમાં ભરી લેતા હતા, પણ જેમ તેમ ઉડાડી નાંખતા ન હતાં. સસ્તામાં સસ્તી રેતી એની પણ તમે કિંમત આંકી. મને તો લાગે છેકે રેતીના કણની કિંમત કરનારો શ્રાવક જીવનની ઘડીને નકામી જવા દે ખરો ? પણ ત્યાં તમને નજીવી વસ્તુની જેટલી કિંમત સમજાઈ છે એટલી આત્માની ચીજની કિંમત સમજાઇ નથી. જો સમજાઈ હશે તો તો તમે સંસારનું કાર્ય કરતા હશો તો પણ મનમાં તો એ જ વિચાર આવતા હશે કે મેં અમૂલ્ય માનવ-જીવન પ્રાપ્ત કરીને શું કર્યું ? કેટલાં પાપ કર્યા અને કેટલો ધર્મ કર્યો ? સાધક સમયે સમયે સજાગ રહેતો હોય અને પાપ તરફની એની પ્રવૃત્તિ ન હોય.

ભૃગુ પુરોહિતને અમૂલ્ય માનવ જીવનની મહત્તા સમજાઈ ગઈ છે. એની યશાભાર્યાને કહે છે કે યશા ! તું મને કહે છે કે વૃદ્ધ હંસની જેમ તમે પસ્તાશો. પણ તું સાંભળ. આ દેહરૂપ પર્યાય પલટાય છે, પણ આત્મા તો પલટાતો નથી. મારું શરીર વૃદ્ધ થયું છે, પણ મારો આત્મા વૃદ્ધ થયો નથી.

"આત્મા દ્રવ્યે નિત્ય છે, પણ પર્યાયે પલટાય,
બાળાદિક વય ત્રણનું, જ્ઞાન એકને થાય."

બાલપણું, યુવાની, વૃદ્ધાવસ્થા વિગેરે ધર્મો દેહના છે. આત્માના નથી. શરીરરૂપ પર્યાય પલટાય છે. બાકી આત્મા તો ત્રણે કાળમાં શાશ્વત રહેવાવાળો છે. ચિદાનંદ સ્વરૂપી છે. હું તો સંયમ લઈને નિજાનંદમાં રમણતા કરીશ. હવે શું કહે છે :-

छिन्दित्तु जालं अबलं व रोहिया, मच्छा जहा कामगुणे पहाय ।
धोरेयसीला तवसा उदारा, धीरा हु भिक्खायरियं चरन्ति ॥ उ. अ. १४. ३५.

હે યશા ! જેવી રીતે રોહિત નામનો મત્સ્ય નિર્બળ-જીર્ણ જાળમાં ફસાઈ જાય છે, પણ એની પૂંછડી એવી તીક્ષ્ણ હોય છે કે તે પૂંછડી દ્વારા એ નિર્બળ જાળને કાપી નાંખે છે. અને તે જાળના બંધનથી મુક્ત બનીને બહાર નીકળી જાય છે. તેવી જ રીતે મારા પ્રાણપ્રિય પુત્રો કામભોગ રૂપી જાળને છેદી દીક્ષા લેવા માટે તૈયાર થયાં છે. તે રીતે હું પણ તેમની માફક કામભોગની વિષમ જાળને રોહિત નામના મત્સ્યની જેમ તપ અને શીલ વડે છેદી નાખીશ. અને ધીર પુરૂષોની જેમ સંયમ માર્ગે વિચરીશ.

ભૃગુ પુરોહિત પોતાના પુત્રોની સાથે કામ ભોગની જાળ તોડીને સંયમ માર્ગે જવા તૈયાર થયો છે. તેને સંસારના સુખો કુચા જેવા લાગ્યાં છે. જેમ શેરડીનો રસ ગમે તેટલો મીઠો, મધુર હોવા છતાં એના કુચાને ફેંકી જ દેવા પડે છે, તેમ સંસાર ગમે તેટલો મધુર લાગતો હોય પણ તેના મોહ રૂપી કુચા તો ફેંકી દેવા પડશે. જો એને ફેંકી દેવામાં ન આવે તો આત્મા અધઃપતનની ઊંડી ખાઈમાં ધકેલાઈ જાય છે. સંસારની સંપત્તિની પ્રીતની રીત નદીના પ્રવાહમાં તણાતા કાંકરા અને કચરા જેવી છે.

દેવાનુપ્રિયો ! આજે આસો વદી અગિયારશનો દિવસ તો આવી ગયો. હવે દિવાળી આવી. દિવાળીના દિવસોમાં પહેલાં તો સહુના દિલમાં આનંદ થતો હતો. પણ હવે જે દિવાળી આવે છે તેમાં કંઈકને મન આનંદના દિવસો છે. અને કંઈકને મન હોળીના દિવસો છે, કારણ કે દિવાળી આવે તે પહેલાં મોંઘવારી આવી ગઈ છે. ધનવાનોના ઘરમાં જાતજાતનાં મિષ્ટાન્ન બનશે. અને ગરીબને ખાવાના પણ સાંસા પડશે. એને મન શું દિવાળી અને શું હોળી ! એક કવિએ ગાયું છે કે :—

ક્યાંથી પ્રગટાવું દીવડા મોંઘવારી મા, મારા ઘરમાં ખૂટ્યા તેલ રે મોંઘવારી મા,
ક્યાંથી ધરું નૈવેદ્ય રે મોંઘવારી મા, મારા ખૂટ્યા ખાંડ ને ગોળ મોંઘવારી મા,
ક્યાંથી ઉતારું આરતી, મોંઘવારી મા, નહિ સ્વપ્નેય ઘીનું નામ મોંઘવારી મા,
મા દિલ્હી તે ગઢતી ઉતર્યા મોંઘવારી મા, એ તો પસ્વરીયા ગુજરાત રે મોંઘવારી મા.

કવિએ મોંઘવારી વિષે કેવું કરૂણ કાવ્ય બનાવ્યું છે ! તમારા પુણ્યોદયે તમે સુખી

હો એટલે તમને ખબર નહિ પડે કે સમાજમાં એકેક માણસો કેવી દશામાં સીદાઈ રહ્યાં છે! પહેલાંનો જમાનો એવો હતો કે ધનવાનો પોતાના સ્વધર્મી બંધુઓ જે ગરીબ હોય તેને છૂપી રીતે મદદ કરતા હતાં. અને ખબર પણ ન પડતી. જ્યારે આજે તો આપવાનું થોડું ને ગાજવાનું ઘણું છે. તમે કોઈ ને ન આપી શકો તો, બેર! પણ દુકાને બેસી અનીતિ ન કરવી એટલું તો કરો. આજે તો બધે ધનના માન છે, સંપત્તિને સત્કાર છે, એક બનેલી વાત છે.

એક અનાજની મોટી દુકાન હતી. વહેપારી ગાદી ઉપર બેઠેલો હતો. ત્યાં એક ગરીબ માણસ અનાજ લેવા માટે આવ્યો. તે ત્રણ દિવસનો ભૂખ્યો હતો. એના બાળકો પણ ભૂખ્યા તરફડતા હતા. વહેપારી આવનાર વ્યક્તિનું મોઢું જોઈ ને સમજી ગયો કે આ કોઇ દુઃખી છે. એના ખિસ્સામાં કલદાર નથી પેલો ગરીબ માણસ દુકાનમાં પગ મૂકે તે પહેલાં જ શેઠ કહે છે કેમ આવ્યો છો? ગરીબ માણસ કહે છે બાપુ! એક રૂપિયો કમાઇને આવ્યો છું. મારે ઘરે બાજરી જોઈ એ છીએ. ત્યારે શેઠ કહે છે ભાઈ! દુકાનમાં માલ જ થઇ રહ્યો છે એટલે બિચારો ગરીબ માણસ નિરાશ થઇને લથડતે પગે પાછો ફર્યો. એને ગયા પાંચ મિનિટ થઇ ને બીજો તેજસ્વી ઘરાક આવ્યો. ખિસ્સામાં નોટોના બંડલ ભર્યા છે. એને જોઇને વહેપારી ઉભો થઈ ગયો. અને કહે છે પધારો, પધારો! પેલો ઘરાક કહે છેઃ મારે અનાજ જોઇએ છે. તો વહેપારી કહે છે. આ ઘઉં છે, આ ચોખા છે, આ બાસમતી, આ કમોદ જે જોઇએ તે કહો. દુકાનમાં ઘણો માલ છે. તમે અહીં આવવાની તસ્દી પણ શા માટે લીધી? એક ચિઠ્ઠી મોકલી દીધી હોત તો તમારે ઘેર અનાજ મોકલાવી આપત. જુઓ. ઘરાક તો બે ય હતાં પણ એકને કહે છે કે તમારે ઘેર મોકલાવી આપત. અને એકને કહ્યું કે દુકાનમાં માલ જ નથી. આ કોનું માન? માનવનું કે માનવની સંપત્તિનું? તમે તો દુકાને બેસીને આવું તો નથી કરતા ને? જો કરતા હો તો આજથી નક્કી કરજો કે મારે હવે આવું ન કરવું. ગરીબ ઉપર રહેમ દૃષ્ટિ રાખવી. એ એનાં પાપકર્મના ઉદયથી ગરીબ થયો છે. પણ જો તમે આવા ધંધા કરશો તો તમારા એનાથી પણ બૂરા હાલ થશે.

દિવાળીના દિવસો આવ્યાં છે. એટલે અમારા ભાઇઓ ચોપડા ચોખ્ખા કરવામાં પડયાં છે. અને બહેનો ઘર સાફ કરવામાં પડી છે. ચોપડા ચોખ્ખા કરતાં પહેલાં તમારું અંતર ચોખ્ખું કરજો. એક બાજુ કારમી મોંઘવારી છે. અને બીજી બાજુ ધનવાનના દિકરા સો, સો, બસો, બસોના દારૂખાના ફોડીને ધુમાડો કરશે. અને ગરીબની આંખમાંથી આંસુ પડશે. આ કઈ જાતની દિવાળી! દિવાળીને નામે કેટલી હિંસા થાય છે? અમારા પાના અને પુસ્તક અમે કેટલી જતનાથી વાપરીએ છીએ. છતાં ઝીણા સુક્ષ્મ કંથવા થઇ જાય છે. તમને તો દેખાય જ નહિ. આ કાળમાં જીવોની ઉત્પત્તિ ખૂબ હોય છે. તમે ઘર-

માંથી બાવા-ઝાળા પાડશો, અભરાઈ ઉપરના વાસણો ઉઠકશો, તેમાં કેટલા જીવોની હિંસા થશે! કારતક સુદ પુનમ પછી એ જીવોની ઉત્પત્તિ આપમેળે બંધ થાય છે. હિંસા કરી ઘરને ઝાકઝમાળ બનાવવાથી દિવાળી ઘરમાં નહિ આવે. અહિંસાના દિપક પ્રગટાવવા એજ તમારી સાચી દિવાળી છે.

ભૃગુ પુરોહિત અને તેના બે પુત્રો ત્યાગના પંથે જાય છે. એને મન સંસારના સુખો, સંસારની સગાઈ સ્વાર્થમય લાગે છે. તમને હજુ સંસાર એવો નથી લાગ્યો, એટલે જ મારાપણું માનીને બેસી રહ્યાં છો. સંતો તો તમને સદાય એક જ ઉપદેશ આપે છે કે સંસારની માયા જુઠી છે. એને છોડો. સાચું સુખ અને અપૂર્વ શાંતિ ત્યાગ અને વૈરાગ્યમાં છે, પણ માયાનો પોટલો છૂટતો જ નથી. સંતાનોના મોહમાં અને ધનની લાલસામાં એવા રચ્યા-પચ્યા રહો છો કે એના મોહમાં ધર્મધ્યાન-જ્ઞાન-દાન બધું જ વિસરી ગયાં છો. દિકરાને શેઠીયો બનાવવા માટે વેઠીયા બનીને રાત-દિવસ મહેનત કરો છો. પણ તમારા સંતાનો રાતી પાઇ પણ પાછળ બંધાવવાના નથી. તમે માનો છો કે સંતાનો એ વૃદ્ધાવસ્થાનો વિસામો છે, પણ એ તો સ્વાર્થનાં સગાં છે.

એક નગરશેઠને ચાર પુત્રો હતાં. આ શેઠે જિંદગી પર્યંત પુત્રોને માટે કાળા ધોળા કરીને લક્ષ્મી ભેગી કરી હતી. ન તો કોઇ દિવસ દાન કર્યું કે ન તો ધર્મધ્યાન કર્યું. શેઠે ચારે પુત્રોને ખૂબ ધામધૂમથી પરણાવ્યા. શેઠાણી તો ગુજરી ગયા હતાં. શેઠે વિચાર કર્યો કે મારા દેહનો શો ભરોસો છે? હું મરી જઇશ તો પાછળથી છોકરાઓ મિલ્કત માટે ઝઘડશે. તેના કરતાં હું જ મારી જાતે ધનની વ્યવસ્થા કરી લઉં. દિકરાઓને મારા હાથે જ સરખે ભાગે વહેંચી આપું કે પાછળથી કોઇ જાતનો ઝઘડો જ ન રહે. શેઠે ખૂબ વિચાર કરી મિલ્કતના પાંચ સરખા ભાગ કર્યા. ચાર ભાગ દિકરાના અને પાંચમો ભાગ પોતાને માટે રાખ્યો. પુત્રો કહે છે બાપુજી! અમે ચાર ભાઇઓ છીએ અને તમે પાંચ ભાગ શા માટે પાડયા? બાપ કહે છે એક ભાગ મારા માટે. પુત્રો કહે છે પિતાજી! અમે તમારા છીએ અને તમે અમારા છો. આવી જુદાઇ શા માટે? અમને તમે જ આપ્યું છે. આ બધું તમારું જ છે ને?

શેઠને પુત્રોનો મોહ હતો. એમને થયું કે કંઈ નહિ. પુત્રો મારા જ છે તો મારે જુદો ભાગ રાખીને શું કામ છે? પુત્રોની વાત માનીને એણે પોતાના ભાગની મિલ્કત પણ પુત્રોને વહેંચી આપી. પુત્રોના મનમાં એમ હતું કે બાપા તો ઘરડા થયા છે. જીવી જીવીને કેટલું જીવશે? માંડ એકાદ બે વર્ષ કાઢશે. પણ બાપાનું આયુષ્ય તો ખૂબ લાંબુ નીકળ્યું. દિકરાને ઘેર દિકરા થયા. અને દિકરાના દિકરા પર પરણ્યા. પણ બાપા તો જીવતા રહ્યાં. બે ત્રણ વર્ષ તો બાપાનું માન સાચવ્યું. પણ ધીમે ધીમે માનમાં ઓટ આવવા લાગી. પુત્રવધૂઓ છણકા કરવા લાગી. ખાવા પીવામાં પણ વેરા-આંતરા થવા

લાગ્યો. એક વખત મોટા દિકરાની વહુ કહે છે: મેં તો તમને બહુ સાચવ્યાં. હવે બીજા દિકરાને ઘેર જાવ. એટલે બાપા બીજા દિકરાને ઘેર ગયા. છ મહિના રહ્યા ત્યારે બીજો દિકરો કહે છે, ત્રીજાને ઘેર જાવ. ત્રીજાએ બે મહિના રાખ્યા પછી કહે છે, હવે નાના દિકરાને ઘેર જાવ. શેઠ તો વારે ચઢયાં. કફોડી દશા થઈ. શેઠ જ્યાં પ્રેમ જોતા હતાં ત્યાં હવે ઘૃણા દેખાવા લાગી. હવે તો પુત્રો કહે છે, અમારા ઘરમાં નહિ. જ્યાં ને ત્યાં લીંટ-લપકા નાંખો છો એટલે ઘરમાં ગંદકી થાય છે. આ ઓરડીમાં રહેજો. અમે તમને ત્યાં થાળી મોકલાવી આપીશું. શેઠ કહે ભલે. કોઈ દિવસ ખાવાનું મોકલાવે, કોઇ દિવસ ન મોકલાવે. આવી સ્થિતિમાં શેઠ રહે છે.

શેઠના મનમાં ખૂબ પસ્તાવો થાય છે. અરેરે, જે પુત્રોની પાછળ પાગલ બનીને મેં પાપ કરવામાં બાકી ન રાખ્યું. ઘઉં-ચોખા આદિ અનાજમાં તેવા કલરના કાંકરા ભેળવીને અનાજ વેચ્યું. અનીતિ કરી. કદી મારા હાથે દાન-પુણ્ય કર્યું નહિ. એ મારાં કર્મો જ મને ઉદયમાં આવ્યા છે. હવે પસ્તાવો કરીને શું કરું? મારા ભાગની મિલ્કત પણ આપી દીધી. હવે છોકરાઓ સામું પણ જોતાં નથી. આમ શેઠ ચિંતામાં બેઠા છે ત્યાં શેઠનો એક જુનો મિત્ર મળવા આવ્યો, શેઠની હાલત જોઇ મિત્રનું હૈયું ભરાઈ આવ્યું. મિત્રને કહ્યું ભાઈ! પાપ કરતાં પાછું વાળીને ન જોયું, હવે તો મને ભગવાન બહુ યાદ આવે છે. મિત્ર કહે છે ભાઈ! તને પાછલી ઉંમરે પણ ભગવાન યાદ આવ્યા છે, માટે જરૂર તારું ભલું થશે. મિત્રે શેઠને દુઃખમાંથી ઉગરવાનો એક કિમીયો બતાવ્યો. હું કહું તેમ કરજે. કાલે હું એક પેટી લઇને તારી પાસે આવીશ. પછી તું જોજે કે, તારી દશા કેવી પલટાઇ જાય છે! દિકરાઓ અને વહુઓ તારી ખૂબ સેવા કરશે. પણ તું એમના મોહમાં ફસાઇશ નહિ. પણ સમયનો લાભ ઉઠાવી લેજે. અને તારા પાંચમા ભાગની બધી મિલ્કત દાનમાં વાપરી નાંખજે. જેથી તારો પરભવ સુધરશે. આ ભવમાં તો તેં ધન લેગું કરવા સિવાય બીજું કંઇ જ કર્યું નથી. માટે જાગ્યો ત્યારથી સવાર સમજીને પરભવનું ભાતુ બાંધી લેજે.

બીજે દિવસે સવારના પહોરમાં શેઠનો મિત્ર એક ચકમકતી સુંદર વજનદાર પેટી લઇને આવ્યો. પુત્રો પણ સવારમાં ઘેર હતાં. પેટી આવેલી જોઈ ને પુત્રો બાપાની ઓરડીમાં ગયા. બાપાનો મિત્ર કહે છે, શેઠ વર્ષો પહેલાં તમે મને આ મૂડી સાચવવા આપી હતી, હવે મારાથી આ મિલ્કત સચવાય તેમ નથી. આ તમારી પેટી સંભાળી લો. ચાવી તો તમારી પાસે જ છે. પેટીમાં શું છે તે હું જાણતો નથી. શેઠ કહે મિત્ર! આમાં તો મારી ખરી મિલ્કત છે. દિકરાઓએ આ વાત સાંભળી, એટલે મનમાં થયું કે હજુ બાપા પાસે તો ઘણી મિલ્કત છે. મિલ્કત જોઇને દિકરાઓ કહે છે બાપુજી! તમે એકલા આ ઓરડીમાં પડયા રહો તે સારું ન કહેવાય. અમારે ઘેર ચાલો. પિતા કહે છે મારે તમારે

ઘેર નથી આવવું. મારી પાસે મિલકત છે, તેમાંથી રસોઈયો રાખી લઈશ. કામ કરનારે નોકર રાખીશ અને આરામથી ખાઈશ. પુત્રો કહે છે, ચાર ચાર દિકરા બેઠા હોય અને તમે એકલા જુદા રહો તો અમારું નાક જ કપાઈ જાય ને! અમે તમને એકલા તો નહિ જ રહેવા દઈએ. પુત્રોનો ખૂબ આગ્રહ જોઈને શેઠ કહે ભલે. પુત્રોને ઘેર ગયા. હવે તો બાપાજીના માન પાન વધી ગયા. પુત્ર–વધૂઓ પણ પ્રેમથી સેવા કરવા લાગી. રોજ રોજ બદામનો શીરો, લાપશી વગેરે નવું નવું ભોજન બનવા લાગ્યું.

દેવાનુપ્રિયો! બાપા તો તેના તે જ હતાં પણ આ બધો ચમત્કાર બાપાની પાસે ધન હતું તેનો હતો. હવે બાપાની આંખ ઉઘડી ગઈ હતી. થોડા દિવસ પછી બાપા કહે છે બેટા! મારે હવે તો દાન–પુણ્ય કરવું છે. મારે ૨૫,૦૦૦ રૂપિયા જીવદયામાં વાપરવા છે. આ પેટી ખોલીને તેમાંથી એક હીરો વેચી નાંખુ. પુત્રો કહે :– ના બાપા. આ બધું તમારું જ છે ને? તમે શા માટે સંકોચ રાખો છો? મોટા પુત્રે ૨૫,૦૦૦ રૂપિયા આપ્યા. તે જીવદયામાં વાપરી નાંખ્યા. બે ત્રણ મહિના થયા એટલે બીજા દિકરાને કહે છે મારે જ્ઞાનદાનમાં પૈસા વાપરવા છે. પુત્ર કહે છે બાપુજી! તમે જેમ કહો તેમ કરવા તૈયાર છું. ૨૫,૦૦૦ રૂપિયા લઈને જ્ઞાનદાનમાં વાપર્યા. આ રીતે ત્રીજા પુત્ર પાસેથી ૨૫,૦૦૦ લઈ ગરીબોની સેવામાં વાપર્યા. ચોથા પુત્ર પાસેથી રૂપિયા લઈને જુદી જુદી સંસ્થાઓમાં વાપર્યા. આખા ગામમાં શેઠની વાહ વાહ બોલાવા લાગી. ઘડપણમાં શેઠની મતિ સુધરી ગઈ. કેટલું બધું દાન કરે છે! દાનેશ્વરી તરીકે શેઠ પ્રખ્યાત થયાં.

થોડા સમયમાં શેઠનો અંતકાળ નજીક આવ્યો. શેઠે પોતાના પુત્રોને બોલાવીને કહ્યું :– હે વહાલા પુત્રો! આ પેટી તમને સોંપું છું એમાં મેં તમારા, પુત્રવધૂઓના, નોકરના. બધાના ભાગ પાડીને જુદી જુદી ડબ્બીઓ મૂકી છે. તમારે કોઈ જાતની ચિંતા જ ન રહે. મારા મરણ પછી કારજ પતી જાય ત્યારબાદ ભેગા થઈને આ પેટી ખોલજો.

શેઠ તો ચાલ્યા ગયા. શેઠનું અવસાન થયા તેર દિવસ થઈ ગયાં. ચૌદમે દિવસે કુટુંબ ભેગું થયું. પેટી ખોલવાની છે. દરેકના મુખ ઉપર એટલો હર્ષ છે કે જાણે પેટી-માંથી શું નીકળશે? ગામમાં પણ ખબર પડી ગઈ છે કે આજે શેઠ મિલકતની પેટી મૂકીને ગયા છે, તેના ભાગ પડવાના છે. શું નીકળશે તે જોવા માટે શેઠના ઘરમાં માણસ સમાતું નથી. બધાની વચમાં પેટી ખોલી. અંદરથી એટલી સુગંધ મહેંકે છે કે જાણે કેટલી કિંમતી ચીજો હશે? પેટી ખોલી અને સૌના નામની ડબ્બીઓ આપી દીધી. ડબ્બીમાં પણ લાલ કાગળ ઉપર કાગળ વીંટેલા. સાત કાગળ ઉકેલે ત્યારે વસ્તુ મળે. નોકરે સૌથી પહેલાં ખોલીને જોયું તો અંદરથી ગોળમટોળ પથ્થર નીકળ્યો. પછી તો બધાએ પોતાની ડબ્બીઓ ખોલીને જોયું તો પથ્થર જ નીકળ્યા. બધાય ભેગા થઈને માથા ફોડવા લાગ્યા. બાપા તો આપણને રમાડી ગયા.

દૂંકમાં કહેવાનો આશય એ છે કે પિતાએ પુત્રોનો મોહ રાખી પહેલી જિંદગીમાં ધર્મધ્યાન ન કર્યું, દાન ન કર્યું. પુત્રોના વર્તનથી પિતાની આંખ ખુલી ગઈ, અને સંસારનું સ્વરૂપ સમજાઈ ગયું. મિત્રની શિખામણથી શેઠે આ કામ કર્યું. અને પોતાના ભાગની મિલકત દાનમાં વાપરી. અને છેલ્લી જીંદગી ધર્મધ્યાનમાં વીતાવી. પિતા આવું કરત નહિ પણ પુત્રો પોતાની ફરજ ભૂલી ગયાં. એમ વિચાર ન કર્યો કે આપણે માટે પિતાએ કેટલું કષ્ટ વેઠયું છે! સવા સવા લાખ રૂપિયાની મિલકત મળવા છતાં પિતાને સાચવી ન શકયા ત્યારે બાપને આ કાર્ય કરવું પડયું. જોજો, અહીં બેઠેલા વૃદ્ધ બાપાઓ આવું ન કરતા. ફકત સાર એટલો જ ગ્રહણ કરવાનો છે કે પિતાએ પુત્રનો અને પુત્રોએ પિતાનો પ્રેમ સંપાદન કરવાની જરૂર છે. પ્રેમમાં સ્વાર્થ ન હોવો જોઈએ.

દેવાનુપ્રિયો! એવું જીવન જીવી જાવ કે દુનિયા તમને યાદ કરે. પિતાજીની આજ્ઞાનું પાલન કરવા માટે રામચંદ્રજી વનમાં ગયાં. રામ-લક્ષ્મણ અને સીતાજી માતા પિતાને વંદન કરી મહેલ છોડીને ચાલ્યા ગયાં. મહેલ કારાગાર જેવો સૂનો લાગવા માંડયો. ત્યારે દશરથ રાજા રાણીઓ સહિત તથા આખી અયોધ્યા નગરીના પ્રજાજનો રામની પાછળ જાય છે, વહેપારીઓએ માલ-મિલકત ભરેલી દુકાનો ખુલ્લી મૂકી દીધી. કોઈ જોવા પણ ન રહ્યું કે પાછળ શું થશે? આખી અયોધ્યાનગરી શૂનકાર બની ગઈ. રામે પાછું વાળીને જોયું તો અયોધ્યા નગરીની સમસ્ત પ્રજા પોતાની પાછળ ચાલી આવે છે. પૂજ્ય પિતાજી પણ પાછળ આવે છે. તરત જ રામચંદ્રજી ઉભા રહી ગયા. કહે છે પિતાજી! આપનાથી ન અવાય. આપ ઉભા રહો. ખૂબ સમજાવીને પાછા મોકલ્યા. રામના વિયોગથી દશરથ રાજા બેભાન થઈ ગયા. પ્રજાજનો ચોધાર આંસુએ રડી રહ્યાં છે. જ્યાં સુધી રામ દેખાયા ત્યાં સુધી સૌ સજળ નેત્રે જોઈ રહ્યા.

કહેવાનો આશય એ છે કે એ પણ માનવ હતાં. તમે પણ માનવ છો. એક માણસ સદ્‌ગુણની સૌરભ ફેલાવે છે. બીજો દુર્ગુણોની દુર્ગંધ ફેલાવે છે. એકના મૃત્યુ પાછળ કંઈક જીવો રડે છે. વર્ષો સુધી એને યાદ કરે છે, જ્યારે એક મરી જાય છે તો એને કોઈ યાદ પણ કરતું નથી. રામચંદ્રજીએ પ્રજાનો કેટલો પ્રેમ સંપાદન કર્યો હશે! તમે પણ આવું જીવન જીવતાં શીખો. દિવાળીના દિવસોમાં દીન-દુઃખી ઉપર દયા લાવી એનું દુઃખ દૂર કરજો યથાશક્તિ દાન કરજો. તો જ તમે સાચી દિવાળી ઉજવી છે.

ભૃગુ પુરોહિત કહે છે કે રોહિત મત્સ્યની જેમ કામભોગની જાળ છેદીને હું પુત્રોની સાથે દીક્ષા લઈ તપ-સંયમમાં રમણતા કરીશ. હવે આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૬૮

આસો વદ ૧૨ ને સોમવાર તા. ૨૬-૧૦-૭૦

આ જીવ મન-વચન અને કાયાથી કર્મ બાંધે છે. તેમાં જેટલા કર્મ કાયાથી નથી બંધાતા તેટલા વચનથી બંધાય છે. અને વચનથી નથી બંધાતાં તેટલા મનથી બંધાય છે. આ મન તો બહુ જ ચંચળ છે. ઘડીકમાં ક્યાં હોય અને ઘડીકમાં ક્યાં ચાલ્યું જાય છે. શુભઅશુભ વિચારની હારમાળા ચાલતી જ હોય છે, માટે મનને અશુભ વિચારોમાંથી નિવર્તાવી શુભ વિચારોમાં જોડાયેલું રાખો તો આત્માના અધ્યવસાય નિર્મળ રહેશે. અરિસો સ્વચ્છ હોય તો પ્રતિબિંબ પણ સ્વચ્છ પડે. અને અરિસો મલીન હશે તો પ્રતિબિંબ સ્વચ્છ નહિ પડે. માટે મન જેટલું સ્વચ્છ હશે તેટલી વીતરાગ વાણીની અસર જલ્દી થશે. મનુષ્યનું મન એ મનીબેગ છે. એમાં કુવાસનાના કચરા ન ભરાય. એમાં તો કિંમતી રત્નો જ ભરાય. તમે તમારા મનની મનીબેગમાં શું ભર્યું છે? અહીં કુવાસનાના કચરા ભરીને તો નથી આવ્યાને! ટૂંકમાં મનને નિર્મળ બનાવવાની જરૂર છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. તેમાં ભૃગુ પુરોહિત અને તેના બે પુત્રોને સમજાઇ ગયું છે કે આત્માના શાશ્વત સુખ મેળવવા માટે આપણે શું કરવું જોઈએ! તમારે સારી ચીજ ખરીદવી હોય તો સામે મૂલ્ય તો આપવા જ પડે છે ને? તમે કંદોઇની દુકાને મીઠાઇ ખરીદવા જશો તો મીઠાઇના મૂલ્ય આપવા જ પડે છે ને? પૈસાનો ત્યાગ કર્યા વિના મીઠાઈ મળતી નથી. તો પછી જેને મોક્ષના સુખ મેળવવા હોય તેને સંસારના સુખોનો ત્યાગ કરવો જ પડે ને? સંસારનો ત્યાગ કર્યા બિના મોક્ષના સુખ કદી મળવાના નથી. કાયાનો મોહ રાખીને બેસી રહેવાથી કર્મની બેખડો નહિ તૂટે. જેને તમે ખૂબ સાચવો છો તે કાયા તો ફૂટેલા હાંડલા જેવી છે. એનો મોહ રાખવા જેવો નથી. એ તમને કયારે દગો દઈ દેશે તેની ખબર નથી

તારી કાચી કાચી કાયાનું તું શાને કરે છે ગુમાન,
ભજી લે મહાવીરનામ....ભજીલે....(૨)

કાયા તારી કાચી છે, માન શિખામણ સાચી છે,
ચાર દિવસની છે જિંદગાની, ચાર દિવસના ખેલ,
એ ધન દોલત કંઈ કામ ન આવે....શાને કરે છે ગુમાન-ભજીલે.

કાચા ઘડાને એક ઓરડામાં તાણું વાસીને મૂકવામાં આવે તો એમ ને એમ પડયો

રહેશે. ફૂટી નહિ જાય. પણ આ કાયા તો કાચા ઘડા કરતાં પણ કાચી છે. એને ગમે ત્યાં રાખો પણ ફૂટયા વિના નહિ રહે. આ તમે નજરે દેખો છો પણ હજુ ભાન થતું નથી. ચાર દેશમાં ચાર પ્રત્યેક બુદ્ધ થઈ ગયા. તેમને સહેજ નિમિત્ત મળતાં સમજી ગયા,

करकण्डु कलिंगेसु, पंचालेसु य दुम्मुहो ।
नमीराया विदेहेसु, गन्धारेसु य नग्गई ॥ उ. अ. १८-४६

કલિંગ દેશમાં કરકંડૂ રાજા, પંચાલ દેશમાં દુર્મુખ રાજા, વિદેહ દેશમાં નમી રાજા, અને ગંધાર દેશમાં નિર્ગતિ રાજા થઈ ગયા. આ ચારે ય રાજાઓને નિમિત્ત મળતાં સંસારનું સ્વરૂપ સમજી રાજપાટ છોડીને દીક્ષા લઈને મોક્ષમાં ગયા.

કલિંગ દેશમાં કરકંડૂ રાજાને એક વાછરડો જોઈને વૈરાગ્ય આવ્યો. જે વાછરડો પહેલાં જોયો હતો ત્યારે તે મદમસ્ત ચૂંટી ખણે ને લોહી નીકળે એવો બળવાન હતો. અમુક વર્ષો પછી એ જ વાછરડાને તેણે જોયો. એ જોઈને કરકંડુ રાજાના મનમાં એવો વિચાર આવ્યો કે અહો ! આ જ વાછરડો એક વખત કેવો હતો ! અને અત્યારે કેવો દુર્બળ બની ગયો છે ! ચાલે છે તો હાંફી જાય છે, મોઢામાં ફીણ આવી ગયાં છે, શરીર પર માખીઓ બણબણે છે, તે ઉડાડવાની પણ એનામાં તાકાત નથી. આ શરીરનો સ્વભાવ આવો જ છે. કોને ખબર કાલે મારા શરીરની પણ આવી દશા નહિ થાય ! આટલા વિચારે વૈરાગ્ય આવી ગયો. શાસ્ત્રનું વાંચન કર્યું ન હતું. ગુરૂની વાણી પણ નહોતી સાંભળી. નિમિત્ત મળતાં સહેજમાં જાગી ગયા. તમને તો કેટલાં ય નિમિત્તો મળતાં હશે તો પણ જાગતા નથી.

હું તમારી સામે રોજ વૈરાગ્યની વાતો કરું છું કે ભૃગુ પુરોહિતના બે પુત્રો એક જ વાર સંત દર્શનથી જાગી ગયાં. પુત્રોના નિમિત્તે પુરોહિત પણ જાગી ગયો. અને એની પત્ની યશા પણ હવે જાગશે. પણ મારા મહાવીરના પુત્રો જાગતા નથી. આજે વિજ્ઞાને ઘણાં સાધનોની શોધ કરી છે. તેમાં જે વોટરપ્રુફ છે તેના ઉપર ગમે તેટલું પાણી રેડો તો પણ તેને પાણીની અસર થતી નથી. તે પલળશે નહિ. બીજું અગ્નિપ્રુફ. અગ્નિપ્રુફ વસ્તુને ગમે તેટલી ભડભડતી અગ્નિમાં નાંખો તો પણ તે બળશે નહિ. તેમ મારા શ્રાવકોના હૃદય અને ભગજ તો એવા પ્રવચનપ્રુફ બની ગયાં છે કે ગમે તેટલાં મહાન પુરૂષો વીતરાગ વાણીનો તેમના ઉપર વરસાદ વરસાવે પણ પીગળે જ નહિ. મને તો ઘણી વખત વિચાર થાય કે આટલું આટલું સાંભળવા છતાં આત્માઓને વૈરાગ્ય કેમ નહિ આવતો હોય ! પણ જ્યાં પ્રવચનપ્રુફ થઇ ગયા હોય ત્યાં કયાંથી અસર થાય ? (હસાહસ) દેવાનુપ્રિયો ! કંઈક સમજો. સમજ્યા વિના ઉદ્ધાર થવાનો નથી.

ભૃગુ પુરોહિત તેની પત્નીને કહે છે હે પત્ની ! તારા મનમાં એમ થાય છે કે મારો પતિ

સંયમનાં કષ્ટો કેવી રીતે સહન કરશે ? જો તમારા શ્રીમતીજી તમને આ રીતે કહે તો તમને તો એમજ થાય કે મારી પત્નીને મારા પ્રત્યે કેટલો બધો પ્રેમ છે ! સંસારમાં તો મારી ચિંતા કરી પણ હું છોડીને જાઉં છું તો પણ મારી કેટલી ચિંતા કરે છે ? પણ સમજો. એ ચિંતાની પાછળ સ્વાર્થ સમાયેલો છે. હવે ભૃગુ પુરોહિત કહે છે ! જેમ મારા પુત્રો કામગુણોની જાળને તોડીને દીક્ષા લેવા માટે તૈયાર થયાં છે તેમ હું પણ આ સંસારમાં અજ્ઞાન અવસ્થામાં માછલાની જેમ જાળમાં ફસાઈ ગયો હતો પણ હવે રોહિત મત્સ્યની જેમ હું કામભોગોની જાળને ભેદીને સંયમમાર્ગે વિચરીશ. જેમ ધૈર્યવાન, ગંભીર, ધર્મમાં ધુરંધર એવા પુરૂષો વૃષભની જેમ સંયમની ધુરા ઉપાડી શકે છે તેમ હું પણ તપ અને શીલ દ્વારા સંયમની ધુરા વહન કરીશ કારણ કે મને તો આ સંસાર કાજળની કોટડી જેવો લાગે છે. હવે હું આ સંસારમાં રોકાઈશ નહિ.

આ સંસારમાં તો ક્ષણિક સુખની પાછળ અનંતકાળનું દુઃખ રહેલું છે. કામભોગો ભોગવતાં ક્ષણવારના સુખની પાછળ કેટલાયે કાળના દુઃખની પરંપરા ઉભી થાય છે. જેમ કોઈ માણસ પાંચ હજાર રૂપિયા ઉછીના લઈને ધામધૂમ કરીને દિકરાને પરણાવે, જલસા કરે. પણ મનમાં તો એ સમજતો હોય છે કે આ જલસાની પાછળ મારા માથે કરજ થયું છે. તેમ આ સંસારના રંગરાગમાં પડી અજ્ઞાની જીવો જલસા ઉડાવે છે, ક્ષણિક સુખ લૂંટવામાં આનંદ માને છે, પણ વિચાર કરજો કે એ સુખની પાછળ તમારા માથે કર્મના કરજ વધી રહ્યાં છે. જ્યારે પરિષહ-ઉપસર્ગ સહન કરતાં સંયમમાં કર્મના કરજ ચૂકવાઈ જાય છે. તમે સંસારના સુખો મેળવતાં ઓછાં કષ્ટ નથી વેઠતાં. માતા-પિતા-પત્ની-પુત્રો છોડીને ધન કમાવા પરદેશની સફરે ઉપડો છો, ત્યાં કેટલું કષ્ટ વેઠો છો. વ્હાલસોયો એકનો એક દિકરો ધન કમાવા માટે પરદેશ જાય છે. બાર વર્ષે તે પાછો આવે છે. ત્યાં સુધી એ ઘર બાર, માતા-પિતા અને પત્નીનો મોહ છોડે છે ને ! ત્યાં બ્રહ્મચર્યનું પાલન પણ કરે છે. આ રીતે છોડે છે અને બીજો સમજીને છોડે છે. ત્યાગ તો બંનેનો છે. પણ એકને કર્મોની નિર્જરા થાય છે, જ્યારે બીજાને કર્મની નિર્જરા થતી નથી. કારણ કે તમારા છોડવામાં સંસારનો રાગ છે. મોહનું પોષણ છે. અને સંયમ લે છે તેને છોડવામાં રાગ હોતો નથી. મોહ, માયા અને મમતાના બંધન તોડવા માટે, અને કર્મના કરજથી મુક્ત થવાના હેતુથી દીક્ષા લે છે. માટે બંનેમાં આસમાન અને જમીન જેટલું અંતર રહેલું છે.

ભૃગુ પુરોહિતનો વૈરાગ્ય ખૂબ સમજણ પૂર્વકનો છે. પત્નીએ ઘણું કહ્યું પણ પોતે અડગ રહ્યો. સાચા વૈરાગીને કોઇ રોકી શકતું નથી. તમે તો કહો છો કે શું કરીએ ? વૈરાગ્ય તો આવી જાય છે પણ અમને અમારી પત્ની અને અમારા પુત્રો રોકે છે. આ તમારી કચાશ છે. ભૃગુપુરોહિતને યશાએ કેવા કેવા શબ્દો કહયા, છતાં રોકાયો ? હવે એની પત્નીના મનમાં પતિના વચન સાંભળી વિચાર આવ્યો. તે શું કહે છે.

नहेव कुंचा समइक्कमंता, तयाणि जालाणि दलित्तु हंसा।
पलेंति पुत्ता य पइ य मज्झं, ते हं कहं नाणुगमिस्समेक्का ॥ उ. अ. १४-३९

અત્યાર સુધી યશા પોતાના પતિને "સંયમમાં આવા દુઃખો, છે, એ દુઃખો કેમ વેઠી શકશો ? તેના કરતાં મારી સાથે રહીને સંસારના ભોગ ભોગવો" એમ કહેતી હતી, પણ હવે એના મનમાં સમજાયું કે જો સંસારમાં સુખ હોત તો મહાન પુરૂષો સંસારને છોડત નહિ. વળી જો ધન-વૈભવમાં સુખ હોત તો ધનવાન કદી દુઃખી ન થાત. પણ એવું તો છે નહિ. આજનો શ્રીમંત કાલે રંક બની જાય છે, આજનો બળવાન કાલે નિર્બળ બની જાય છે. આ બધી વિચિત્રતાઓથી સંસાર ભરેલો છે. સંયમમાં જ સાચું સુખ છે. આ વાત એને સમજાઈ ગઈ.

યશાના મનની વિચારધારા પલટાઇ ગઈ. એના મનમાં શો વિચાર આવ્યો. જેવી રીતે આકાશમાં ક્રૌંચ નામનું પક્ષી અપ્રતિહતપણે ઉડે છે અને હંસ જેવી રીતે જાળને અનર્થનું કારણ જાણી તેના ટુકડે ટુકડા કરી ઉડી જાય છે. તેવી રીતે મારા સ્વામીનાથ અને મારા બે પુત્રો વિષયોની વિકટ જાળ તોડીને ક્રૌંચ અને હંસની જેમ સંયમ રૂપી આકાશમાં અપ્રતિબંધપણે વિચરવા જઈ રહ્યા છે. તો પછી હું પણ શા માટે તેમની સાથે દીક્ષા ન લઉં ! પુત્રો અને પતિના સંયમપંથે ગયા પછી એકલી સ્ત્રીને ઘરમાં રહેવું શોભે નહિ. મારે પણ તેમની સાથે સંયમ લેવો જોઈએ.

દેવાનુ પ્રિયો ! વિચાર કરો. ભૃગુ પુરોહિત બ્રાહ્મણ હતો. એ તમારી જેમ જૈનકુળમાં જન્મેલો ન હતો. ભૃગુ પુરોહિતને ત્યાં રજવાડા જેટલી સંપત્તિ છે. રાજા પાસે એનું ખૂબ માન છે, છતાં એને સંસાર એ બંધન લાગ્યું. અને સંસારના બંધનમાંથી મુક્તિ મેળવવા તૈયાર થયો. પણ મારા આ મહાવીરના પુત્રોને સંસાર એ બંધનરૂપ લાગ્યો નથી. પાંજરામાં પૂરાયેલાં પક્ષીને પણ પાંજરું બંધન રૂપ લાગે છે. સ્વેચ્છાથી આકાશમાં ઉડતા પોતાના જાતિભાઈઓને જોઈને એની આંખમાં આંસુ આવી જાય છે. અહો ? કયાં મારું મુક્ત જીવન અને કયાં આ પાંજરાનું બંધન!

એક વખત એક પોપટને પાંજરામાં પૂરીને કોઈ શેઠ પોતાને ઘેર લઇ આવ્યા. એ શેઠ પોપટને રોજ હાડમની કળીઓ ખવડાવે છે. પણ એને પાંજરામાં આનંદ આવતો નથી. એક વખત એ ગામમાં મહાન જ્ઞાની સંત પધાર્યા. શેઠ રોજ વ્યાખ્યાન સાંભળવા જતા હતાં. ત્યારે પેલો પોપટ પાંજરામાં બેઠો બેઠો શેઠને કહે છે શેઠ ! તમે રોજ વ્યાખ્યાન સાંભળવા જાવ છો. ગુરૂદેવ ખૂબ જ્ઞાની છે. તો આપ મારાવતી એટલું પૂછજો કે બંધનમાંથી મુક્તિ કેવી રીતે મેળવાય ? શેઠને પણ વિચાર થયો કે હું રોજ વ્યાખ્યાન સાંભળું છું છતાં મને આવો વિચાર નથી આવતો અને આ પોપટને આવો વિચાર કેમ આવ્યો

હશે ! શેઠને આજ સુધી ખબર ન હતી કે જેને જિંદગી જેલ જેવી લાગે છે તેને જ છૂટવાનું મન થાય છે. તમે તો સંસારની જેલમાં રહેવા માટે એવા ટેવાઈ ગયાં છો કે છૂટવાનું મન જ નથી થતું.

શેઠ વ્યાખ્યાનમાં ગયા. વ્યાખ્યાન પૂરું થયા પછી બધા લોકો વિખરાયા. એટલે શેઠે મહારાજ પાસે જઈને પુછ્યું : ગુરૂદેવ ! બંધનમાંથી મુક્તિ કેવી રીતે મળે ! શેઠની વાત સાંભળી મહારાજ કહે છે, આ પ્રશ્ન કોનો છે ! આ પ્રશ્ન તમારા અંતરમાં ઉદ્‌ભવ્યો હોય તેમ મને નથી લાગતું. ત્યારે શેઠ કહે છે ગુરૂદેવ ! આપની વાત સાચી છે. આ પ્રશ્ન મારા પોપટે પૂછાવ્યો છે. આ સાંભળી મહારાજ તો જ્યાં હતા ત્યાં બેભાન થઈને પૃથ્વી ઉપર ઢળી પડયા. આ જોઈ શેઠ તો ગભરાઈ ગયા. આ શું થઈ ગયું ! મેં પ્રશ્ન પૂછ્યો ન પુછ્યો ને મહારાજને કંઈક થઈ ગયું ! જો કોઈ આવશે તો મને આક્ષેપ આપશે કે આ શેઠે જ મહારાજ ને કંઈક કરી નાંખ્યું છે. મને લોકો બદનામ કરશે, એના કરતાં હું જલ્દી રવાના થઇ જાઉં.

મહારાજ તો ભાનમાં જ હતાં. શેઠ ગયા એટલે મહારાજ ઉભા થઈ ગયાં. શેઠ ઘેર ગયા એટલે પોપટે પૂછયું : શેઠ ! મારા પ્રશ્નનો જવાબ લાવ્યા ? શેઠ કહે છે અરે! તારા પ્રશ્ને તો ગજબ કર્યો. મેં મહારાજને પ્રશ્ન પૂછ્યો એવા જ એ તો બેભાન થઈ ગયાં. પોપટ સમજી ગયો કે મારા પ્રશ્નનો એ મૂંગો ઉત્તર છે. સાંજ પડતાં પોપટ પાંજરામાં બેભાન થઈને પડી ગયો. ખાવું–પીવું બધું છોડીને મૃત કલેવરની જેમ પડી રહ્યો. શેઠ બહારથી આવ્યા. રોજના નિયમ પ્રમાણે પોપટને દાડમની કળીઓ ખવડાવવા આવ્યા. પાંજરું બોલીને જોયું તો પોપટ નિશ્ચેતન પડયો છે. હાલતો નથી, ચાલતો નથી. ખૂબ તપાસીને જોયું તો શેઠને લાગ્યું કે નક્કી પોપટ મરી ગયો લાગે છે એટલે શેઠે તો પોપટને પકડીને પાંજરામાંથી બહાર કાઢીને ફેંકી દીધો. મુક્તિ મળતાં પોપટ પાંખો ફફડાવતો ઉડીને ઝાડની ડાળીએ જઈને બેઠો.

શેઠ કહે છે અરે પોપટ ! તું તો મરી ગયો હતો ને પાછો કયાંથી જીવતો થયો ? પોપટે કહ્યું. શેઠ ! મને મારા ગુરૂએ બેભાન બનીને એ ઉપદેશ આપ્યો કે દુનિયામાં બંધનમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ એ છે કે તમારી જે ઇન્દ્રિયો છૂટી છે તે છૂટી ઇંદ્રિયો પર નિયંત્રણ રાખો તો અવશ્ય મુક્તિ મળશે. એમ કહી પોપટ ઉડી ગયો. આ તિર્યંચ પોપટને બંધનમાંથી મુક્ત થવાનું મન થયું, પણ મારા રાજગૃહી નગરીના ચતુર શ્રાવકોને હજુ મુક્ત થવાનું મન થતું નથી. તમને લાગતું હશે કે અમે તો મુક્ત જ છીએ ને ! પોપટની જેમ કયાં પાંજરામાં પૂરાયેલા છીએ ? બંધુઓ ! કંઈક સમજો. ભલે તમને બહારનું બંધન ન દેખાતું હોય પણ આ સંસારમાં સ્નેહની સાંકળે બંધાયેલા છો તે અને બીજું આ શરીર પણ બંધન રૂપ છે.

એકેક ઇન્દ્રિના વિષયોમાં અજ્ઞાની જીવો એવા આસક્ત બનેલાં છે કે તેનાથી છૂટવાની લગની નથી લાગતી. તમારી ઇન્દ્રિયો કહે કે મારે અમુક જાતની સગવડો જોઇએ છે, તો તમે એને કહી દો કે એના વિના ચાલી શકે તેમ છે, માટે તને એ નહિ મળે. કારણ કે દેહની સગવડો આત્માના હિતમાં નથી. વૃત્તિઓ કાબૂમાં રાખવામાં આવે ત્યારે જ માનવ મહાત્મા બની શકે છે. એ જ વૃત્તિઓ છૂટી–અનિયંત્રિત હોય ત્યારે માનવ પાપાત્મા બને છે. મનુષ્ય જીવનના એક છેડે પાશવતા છે અને બીજા છેડે દિવ્યતા છે. આપણે પાશવતામાંથી દિવ્યતા તરફ પ્રયાણ કરવાનું છે. વચ્ચે માનવતાનો સેતુ છે. તેના દ્વારા સૌએ પ્રગતિ કરવાની છે. આજે ગતિ તો સહુ કરે છે, પણ જે આત્મા કર્મના બંધનમાંથી મુક્ત થવા તરફ ગતિ કરે છે. તેનું નામ જ સાચી ગતિ–પ્રગતિ છે.

ભૃગુ પુરોહિત, તેના બે પુત્રો અને તેની પત્ની એ ચાર આત્માઓ સાચી પ્રગતિ કરવા તૈયાર થયા છે. કેવા હળુકર્મી આત્માઓ છે કે જેઓ એકબીજાના નિમિત્તે જાગી ગયા. એ તમારી જેમ પ્રવચન મુકે ન હતાં. યશાભાર્યાના મનમાં પણ વિચાર આવ્યો કે મારા પુત્રો અને મારા પતિ સંસાર બંધનની વિષમય જાળને ભેદીને સંયમપંથે પ્રયાણ કરે છે. તો મારે શા માટે સંસારમાં રહેવું જોઇએ? હું પણ તેમની સાથે દીક્ષા લઇશ. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં...૯૯ (ધનતેરશ)

આસો વદ ૧૩ ને મંગળવાર તા. ૨૭–૧૦–૭૦

અનંતજ્ઞાની મહાન પુરૂષો ચિર નિદ્રામાં પોઢેલા જીવોને ઢંઢોળીને જગાડે છે. હે આત્માઓ! આ સોનેરી સમય પ્રમાદ કરવા માટે નથી મળ્યો. જાગૃતિનો સંદેશ આપતાં મહાન પુરૂષો કહે છે:—

जागरह जसणरा णिच्चं, जागर माणस्स वड्ढते बुद्धी । બૃહદ્‌ભાષ્ય. ૩૩૮૩

જાગૃતિ એ જીવન છે. પ્રમાદ એ પતન છે. અને નિદ્રા એ મૃત્યુ છે. આળસ એ તો જીવતા માનવીનું અવસાન છે. માટે હે મનુષ્યો! સદાકાળ જાગતાં રહો. જાગતા રહેનારની બુદ્ધિ પણ હમેંશા જાગતી રહે છે. અને જે ઉંઘે છે એની વિકાસ શક્તિ પણ ઉંઘી જાય છે જે આળસ કરે છે તેની બુદ્ધિ પણ કટાઈ જાય છે.

सुवंति सुवंतस्स सुयं संतियं खंकियं भवे पमत्तस्स । નિશીથ ભાષ્ય ૫૩૦૪

આ સંસારમાં જેટલાં મહાન પુરૂષો થયા, મોટા મોટા વિદ્વાનો અને વૈજ્ઞાનિકો થઈ ગયાં એ બધાની સાધનાનો મૂળમંત્ર આ જ છે કે હંમેશા જાગૃત રહો, કાર્યમાં લાગ્યા રહો, અને અખંડ અવિચલ નિષ્ઠાપૂર્વક તમારા ધ્યેયની સિદ્ધિ માટે પુરુષાર્થ ચાલુ રાખો. જે સિદ્ધિના અમૃતને ચાહે છે તેને આળસના ઝેરથી બચવું પડશે. બીજા શબ્દોમાં કહું તો ખાટલામાં પડયા રહેવું તેનું નામ જ પ્રમાદ નથી, પણ ભગવંતે કહ્યું છે કેઃ-

मद्द विसय कसाया, निद्दा विकहा य पंचमी भणिया ।
एए पंच पमाया, जीवा पाडंति संसारे ॥ ૫૨૫૨૨ ગાથા

મદ, વિષય, કષાય, પરનિંદા અને ચાર વિકથા એ પાંચ પ્રમાદ છે. અને એ, જીવને અનંત સંસારમાં રઝળાવનાર છે. આજે મનુષ્યને અહં જલ્દી આવી જાય છે. કોઈ ધર્મકાર્ય હોય કે વ્યવહારિક કાર્ય હોય એમાં તમે જોડાયા. અને જો તમારું ધાર્યું ન થયું તો અંદર બેઠેલો 'અહં' વરરાજા એવો ફૂદશે કે હું કંઈક છું. મારું ધાર્યું કેમ ન થાય ? દુનિયા મને કેમ ન પૂછે ? જ્યાં સુધી આ અહં નહિ ઓગળે ત્યાં સુધી મોક્ષ નહિ મળે. માટે જ જ્ઞાની કહે છે કે અહં ઓગળે નહિ, મદ મરે નહિ, વાસના વિરમે નહિ, તો મોક્ષની પ્રાપ્તિ પણ ન થાય.

આજે તમે ભૌતિક સાધનોથી અહંકાર કરો છો. અહો ! અત્યારના જેવી વૈજ્ઞાનિક શોધખોળ અમારા વડવાઓના વખતમાં ન હતી. કેવાં ઝડપી સાધનોની શોધખોળ વિજ્ઞાને કરી છે ! પણ આમાં નવાઈ પામવા જેવું શું છે ? તમે સિદ્ધાંત વાંચ્યા હોય તો ખબર પડે ને ? ચક્રવર્તિ પાછળ ઋદ્ધિ કેટલી ? એનાં રત્નો કેવા ઓટોમેટિક કાર્ય કરતા હતા. ચક્રવર્તિ પાછળ ચાલે અને દંડ રત્ન આગળ ચાલે. ગુફાઓના દ્વાર ખોલી નાંખે. જેના નવ નિધાન અને ચૌદ રત્નોને સાચવવા કેટલાય દેવો હાજર હતા. તમારા વૈજ્ઞાનિક સાધનોમાં આ તાકાત છે ? આવી સાહ્યબીના ધણી ચક્રવર્તિઓ સંસાર ત્યાગીને સાધુ બની ગયા. બાર ચક્રવર્તિમાંથી દશ ચક્રવર્તિઓએ દીક્ષા લીધી છે. એમની પાસે જે ભૌતિક સુખ હતું તેને છોડીને આત્માના અખંડ અવિનાશી સુખ મેળવવા ચાલ્યા ગયા. તમારી પાસે નથી છતાં એને મેળવવા અથાગ પ્રયત્નો કરો છો.

આજે ધનતેરસનો પવિત્ર દિવસ છે. ખરેખર તો આજે, ધનતેરસ નહિ પણ ધણતેરસનો દિવસ છે. પણ તમારી રમણતા ધનમાં છે, એટલે ધનતેરસ નામ પાડી દીધું છે. આ પવિત્ર દિવસોમાં આત્માની આરાધના કરવાની છે. ભગવાન મહાવીર સ્વામીનું અંતિમ ચાતુર્માસ પાવાપુરીમાં થયું હતું. દિવાળીના દિવસે પ્રભુ નિર્વાણ પામ્યા છે. તે સમયે અઢાર દેશના નવ મલ્લી અને નવ લચ્છી રાજાઓ ભગવાનની પાસે આવીને

છઠ્ઠ પૌષધ કરીને બેસી ગયા હતા. તમને એમ થશે કે ભગવાન આસોવદી અમાસને દિવસે જ મોક્ષમાં જશે એવી ખબર કયાંથી પડી ? આ પ્રસંગ એવી રીતે ઉપસ્થિત થયો છે કે જ્યારે મંખલીપુત્ર ગોશાલકે ભગવાન ઉપર તેજુલેશ્યા છોડી ત્યારે ગોશાલકનું ભાવિ જોઈને સર્વજ્ઞ ભગવંતના મુખમાંથી શબ્દો સરી પડયાં. "હે મંખલિપુત્ર ગોશાલક ! હું તો આ પૃથ્વી ઉપર હજુ સાડા સોલ વર્ષ સુધી ગંધહસ્તિની જેમ વિચરવાનો છું. પણ તારું તો આજથી સાતમે દિવસે મૃત્યુ છે. કંઈક વિચાર કર. સર્વજ્ઞના વચનમાં કદી શંકા હોય જ નહિ. સત્ય જ હોય.

અઢાર દેશના રાજાઓ આજના દિવસે સાંજે પાવાપુરીમાં આવ્યા હતા. કારણ કે ચૌદશ-પાખીનો છઠ્ઠ કરવાનો હતો. એટલે આગલા દિવસે તો આવી જવું જ પડે. આ રાજાઓ એકલા જ નહોતા આવ્યા. પણ એમની સાથે એમનો સમગ્ર પરિવાર, એમનું સૈન્ય-લશ્કર બધું લઈને આવ્યા હતાં. તે રાજાઓ પોતાના સૈન્ય સહિત સાંજના સમયે પાવાપુરીમાં ભગવાન પાસે આવી રહ્યાં હતાં. તે સમયે જંગલમાં ચરવા ગયેલી ગાયોનાં ઘણ ગામમાં પાછા ફરી રહ્યાં હતાં. પણ આ રાજાઓનાં મોટા સૈન્યો અને તેમનાં હથિયારો જોઈને ગાયો અને ભેંસોના ઘણ ભડકી ગયા. ગાયો ને ભેંસો ભાગાભાગ કરવા લાગી. ત્યારે ગોવાળીયા ગામના લોકોને પૂછે છે, આજે આપણા ગામમાં શું છે ? આટલું મોટું સૈન્ય કેમ આવ્યું છે ? ત્યારે ખબર પડી કે આજે પાવાપુરીમાં અઢાર દેશના રાજાઓ પોતાનો સૈન્ય-પરિવાર લઈ ભગવાનની પાસે આવ્યા છે. સૈન્યને જોઈને ગાયોનું ઘણ દોડવા માંડયું તે ઉપરથી આજના દિવસનું નામ ધણતેરસ પડયું. એ ઘણ શબ્દમાંથી અપભ્રંશ શબ્દ બનીને ઘણનું 'ધન' બન્યું. અને તમે બધા ધનતેરસ માની બેઠાં છો.

આજના દિવસે અમારા કંઈક શ્રાવક બંધુઓ ઉંબરામાં કંકુના સાથિયા પૂરી ધનની પૂજા કરીને આવ્યા હશે. રૂપિયાને દૂધથી ધોવાથી અને પૂજા કરવાથી ધન નહિ મળે. સાચું લક્ષ્મીપૂજન તો લક્ષ્મીનો સદુપયોગ કરવાથી થાય છે. કારણ કે લક્ષ્મીને તિજોરીમાં પૂરી રાખશો તો તે પણ અકળાઈ-કંટાળી જાય છે. લક્ષ્મીના ભાગ્ય દાનથી ખુલે છે. પરોપકારમાં જેટલી લક્ષ્મી વપરાય તે જ લક્ષ્મીની સાચી પૂજા છે. બાકી લક્ષ્મીને ભેગી કરવામાં કોઈ વિશેષતા નથી. તમે તો લક્ષ્મી કેમ મેળવવી, કેમ ભેગી કરવી એમાં જ જીવનની વિશેષતા સમજો છો. તમારે મન જેટલી ધનની વિશેષતા છે એટલી ધર્મની નથી.

ભરત મહારાજાને એકી સાથે ત્રણ વધામણી આવી. ૧) આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. ૨) ભગવાન ઋષભદેવને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ૩) તેની પટ્ટરાણીએ પુત્રને જન્મ આપ્યો. આ ત્રણે ય વધામણીઓ એકી સાથે આવી. હવે તમે સાચું બોલજો. કઈ વધામણીને પહેલી વધાવો. માની લો કે તમારી રાજગૃહી સમાન રાજકોટ નગરીમાં જ તમને આ રીતે ત્રણ વધામણીઓ એકી સાથે આવે કે ૧) મહાન-પવિત્ર, જ્ઞાની-ધ્યાની-

તપસ્વી–પંચ મહાવ્રતધારી સંત રાજકોટમાં પધારે છે. ૨) લોટરી લાગી છે. ૩) પુત્રવધૂએ પુત્રને જન્મ આપ્યો છે. આ ત્રણ વધામણી સાંભળીને તમે કોને રોકડીયા આપશો? કઈ વધામણી સાંભળીને તમારું હૈયું હર્ષથી નાચી ઉઠશે? (હસાહસ). સંસારી જીવોની દૃષ્ટિ સંસાર તરફ જ હોય છે. જરા સિદ્ધાંતમાં દૃષ્ટિ કરો. આગળના મહારાજાઓ પ્રભુ પધાર્યાની વધામણી સાંભળીને હર્ષથી નાચી ઉઠતાં હતાં.

શ્રેણિક જેવો મહારાજા ઉદ્યાનપાલકને કહી રાખતો હતો કે મારા તરણતારણ પ્રભુ આવે કે તરત જ મને ખબર આપજે. જ્યારે જ્યારે પ્રભુ ઉદ્યાનમાં પધારતાં ત્યારે ત્યારે વનપાલક રાજાને વધામણી આપવા માટે આવતો ત્યારે શ્રેણિક રાજા શું કરતા! પ્રભુના આગમનના સમાચાર સાંભળીને તરતજ સિંહાસનેથી ઉભા થઈ જતાં. અને પ્રભુ જે દિશામાં બિરાજમાન હોય તે દિશામાં સાત–આઠ પગલાં જઈને પ્રભુને ત્રિકાળ વંદન કરતા. રાજાનો તે વખતનો ઉલ્લાસભાવ જોઈને વનપાલક આશ્ચર્ય પામી જતો. વંદન કર્યા પછી રાજાઓ પૂછતાં હે વનપાલક! મારા પ્રભુને ઉતરવા માટે આજ્ઞા આપી? એમને કહ્યે તેવા પાટ–પાટલા વિગેરે આપ્યું છે ને? વિગેરે પૂછતા. અને પ્રભુ–આગમનની વધામણીની ખુશાલીમાં એક માથાનો મુગટ રાખીને અંગ ઉપર પહેરેલાં સાત સેરા, નવ સેરા, અઢાર સેરા, હીરાના ને હેમના હાર, બાજુબંધ વિગેરે તમામ આભૂષણો વનપાલકને આપી દેતા. તેથી એની જિંદગીનું દારિદ્ર ટળી જતું. આથી વનપાલક ઉપર પણ એવો પ્રભાવ પડેતો કે જે ભગવંતના આગમનનાં સમાચાર આપ્યા તો હું ન્યાલ થઈ ગયો, તો એ પ્રભુની હૃદયના ભાવપૂર્વક ભક્તિ કરવામાં આવે તો શું ન મળે! કંઈક વનપાલકો રાજાની ભક્તિ જોઈ ધર્મ પામી જતા હતાં. અન્યધર્મીઓને જો જૈનધર્મ પમાડવો હોય તો પરિગ્રહની મમતા છોડવી પડે છે. કંઈક આત્માઓ હજુ પૃથ્વી પર વિદ્યમાન છે, કે જેઓ બીજાને ધર્મ પમાડવા માટે પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરે છે.

ધનતેરસ, કાળીચૌદશ અને દિવાળી–આ ત્રણ દિવસો ધર્મની આરાધના કરવા માટે છે. બને તો અઠ્ઠમ કરવો જોઈએ, ન બને તો છઠ્ઠ અને છઠ્ઠ પણ ન કરો તો આસો વદી અમાસ–ભગવાનની નિર્વાણ તિથિના દિવસે ઉપવાસ તો અવશ્ય કરવો જોઈએ. અઢાર દેશના રાજાઓ રાજ્ય છોડીને છઠ્ઠ પૌષધ કરીને બેસી ગયાં હતાં. તમારે રાજ્યનો વહીવટ તો નથી સંભાળવાનો ને? ઘૂઘરા–ઘારી–સેવ–સુંવાળી ને લાપસી જમવાથી, કોડિયામાં તેલના દિવા પ્રગટાવવાથી દિવાળી ઉજવી નહિ કહેવાય. આત્મ પ્રદેશ ઉપર અનાદિ કાળથી આઠ કર્મનાં પડળ આવી ગયાં છે, તેને ઉખાડી જ્ઞાનના દિપક પ્રગટાવવાથી સાચી દિવાળી ઉજવી કહેવાય. જૈન ધર્મના બધા જ પર્વો લોકોત્તર પર્વો છે. તે પર્વોમાં આરંભ–સમારંભ ન હોય, ખાઈ–પી, પહેરી ઓઢીને આનંદ માનવાનો નથી. પણ આ દિવસોમાં આરંભ–સમારંભ ઘટાડી આત્માની ઉપાસના કરવાની છે.

ભરત મહારાજાએ ત્રણ વધામણીમાં ભગવાન ઋષભદેવના કેવળજ્ઞાનની વધામણીને પ્રથમ મહત્વ આપ્યું. પોતાની દાદીને કહે છે હે માતા! તમે 'મારો ઋષભ, મારો ઋષભ' કહીને રડો છો, આંખોના નીર સૂકવી નાંખ્યા છે. એ કેવળજ્ઞાની ભગવાન ઋષભદેવ સ્વામી પધાર્યા છે. ચાલો, આપણે ભગવાનના દર્શન કરવા જઈએ. દુનિયામાં માતાનું હેત અલૌકિક હોય છે. બધું જ ખરીદી શકાશે પણ માતાનું વાત્સલ્ય નહિ ખરીદી શકાય. ઋષભનું નામ સાંભળી મરૂદેવી માતાનું હૈયું હરખાઈ ગયું. તેઓ તરત જ ઉભા થઈ ગયા. ભરત મહારાજા હાથીની અંબાડી ઉપર મરૂદેવી માતાને બેસાડીને ઋષભદેવ પ્રભુના દર્શને આવે છે.

ગયવર અંબાડીએ માતાજી આવે, ન તો પ્રભુજી મા કહી બોલાવે,
કોણ માતા, કોણ પુત્ર? સ્વારથીયો સંસાર, મરૂદેવી માતા પૂછે કયાં છે મારો લાલ.

દેવોએ સમોસરણની રચના કરી છે. સિંહાસન ઉપર પ્રભુજી બિરાજમાન છે. દેવો મહોત્સવ કરી રહ્યાં છે. આ જોઈને મરૂદેવી માતાના મનમાં થયું. અહો! હું તો ઋષભ ઋષભ કરું છું, પણ ઋષભ તો કેટલી સાહ્યબીમાં બેઠો છે, એ તો મારા સામું પણ જોતો નથી. ક્ષણિક મોહ મૂંઝવે છે. બીજી જ ક્ષણે માતાને વિચાર થયો; મને મારા પુત્રોનો મોહ છે. એ તો સંસાર ત્યાગી સાધુ બની ગયાં. એને મન દુનિયાની બધી જ માતાઓ મરૂદેવી છે. એમને કોઇના ઉપર રાગ કે દ્વેષ નથી. મોહનો ઉછાળો બેસી ગયો. કોણ માતા ને કોણ પુત્ર! સંસારમાં તો સ્વાર્થની સગાઇ છે. રાગ છૂટી જતાં ક્ષપકશ્રેણી માંડી શુકલધ્યાન ધ્યાવતાં ઘાતી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા અને મોક્ષે ગયાં. ભગવાન ઋષભદેવને તીર્થની સ્થાપના કરતાં પહેલાં જ મરૂદેવી માતા મોક્ષે ગયા તેથી તે અતીર્થ સિદ્ધ કહેવાયા. તમને થશે કે મરૂદેવી માતા વગર દીક્ષાએ હાથીની અંબાડીએ કેવળજ્ઞાન પામ્યા તો અમને કેમ ન થાય? પણ, બંધુઓ! ભાવચારિત્ર વિના કદી કેવળજ્ઞાન થાય નહિ. ભલે દીક્ષા નહોતી લીધી પણ મોહનીય ઉપર કેટલો વિજય મેળવ્યો! રાગનો ઉપશમ કર્યો, તે સિવાય મરૂદેવી માતાએ આગળના ભવમાં કેવી આરાધના કરેલી છે અને ભાવના ભાવતાં ભાવ ચારિત્ર આવ્યું ત્યારે જ કેવળજ્ઞાન પામ્યાં છે. તમારે તો લાડુ ખાવા છે ને મોક્ષમાં જવું છે, એ ક્યાંથી બને?

કંઈક એમ પણ કહે છે કે ભરત ચક્રવર્તિ ધન તેરસના દિવસે છ ખંડની સાધના કરીને આવ્યા હતાં. એ ભરત ચક્રવર્તિ અરિસાભુવનમાં કેવળજ્ઞાન પામી ગયા હતાં. એ કેવાં હળુ હમી જીવો હતા. ધનની પૂજા કરવાથી ધન નહિ મળે, પણ ધર્મની આરાધના કરવાથી અશુભ કર્મ ખપશે અને શુભ કર્મ બંધાશે. અંતે શુભમાંથી શુદ્ધ બનીને મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત થશે. ઉત્તરાધ્યયન સૂત્ર અને વિપાક સૂત્ર ભગવાનની અંતિમ વાણી છે. દિવાળીના દિવસે ઉત્તરાધ્યયન સૂત્રની સ્વાધ્યાય કરવી અને ઉત્તરાધ્યયન સૂત્ર ન આવડતું હોય તો સૂયગડાંગ સૂત્રનું છઠું અધ્યયન "પુચ્છિસ્સુણં" જેમાં ભગવાનના ગુણ ગ્રામ કરવામાં આવ્યા છે તે ૧૨૫ પુચ્છિસ્સુણંની સ્વાધ્યાય કરવી જોઈએ. વિપાક સૂત્રના

આમ તો ૧૦૮ અધ્યયનો હતાં, પણ અત્યારે દશ સુખવિપાકનાં અને દશ દુઃખ વિપાકના એમ ૨૦ અધ્યયન જ મોજુદ છે. બાકીના અધ્યયન વિચ્છેદ ગયાં છે. ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીશે છત્રીશ અધ્યયન મોજુદ છે. તેમાં ચૌદમા અધ્યયનનો અધિકાર ચાલે છે.

દેવભદ્ર અને જશોભદ્ર એ બે કુમારો સંત દર્શનથી વૈરાગ્ય પામ્યાં. પુત્રોના દૃઢ વૈરાગ્યથી ભૃગુ પુરોહિત જાગ્યો. અને ભૃગુપુરોહિતના વૈરાગ્યથી તેની પત્ની યશાદેવીને વૈરાગ્ય આવ્યો. પતિની વાત યશાના ગળે ઉતરી ગઈ. એના મનમાં ભાવ આવ્યાં કે મારા પુત્રો અને મારા પતિ દીક્ષા લે છે, તો હવે મારે પણ સંસારમાં રહીને શું કામ છે ? તમે એમ ન માનશો કે તે બિચારી નિરાધાર થઇ ગઈ, એકલી થઇ ગઈ એટલે દીક્ષા ન લે તો શું કરે ? એવું નથી. એને ઘેર લક્ષ્મીનો તૂટો ન હતો. સાંભળો. હવે સૂત્રકાર શું કહે છે :-

पुरोहियं तं ससुयं सदारं, सोच्चा ऽभिनिक्खम्म पहायभोए ।
कुडुम्बसारं विउलुत्तमं च, रायं अभिक्खं समुवाय देवी ॥ उ.अ. १४-३७

ભૃગુ પુરોહિત, તેના બે પુત્રો અને તેની પત્ની એ ચાર આત્માઓ ધન-વૈભવ, બંગલા, કામ ભોગ બધું જ છોડીને દીક્ષા લઇને નીકળી ગયા. હવે પાછળ શું બન્યું એ વાત આ ગાથામાં કહેવામાં આવી છે.

ભૃગુ પુરોહિતની પાસે વિપુલ સંપત્તિ હતી. છ એ ઋતુમાં સાનુકુળ રહે તેવા મહેલ હતાં. એની લક્ષ્મી કાળા બજારની ન હતી. તમે એમ માનો છો કે કાળા બજાર કરવાથી ધનવાન બનાય છે પણ એમ નથી. કંઈક પુણ્યવાન જીવો કાળા બજાર નથી કરતાં છતાં ધનવાન બને છે. એને ઘેર પાણીના પૂરની જેમ લક્ષ્મી આવ્યા જ કરે છે. ઘણી વખત એવું પણ બને છે કે વખારમાં માલ ભરેલો હોય છે. અને એ જ માલની ખેંચ પડી જાય છે અને ભાવ વધી જાય છે ત્યારે ગવર્નમેન્ટ ભાવ નક્કી કરી આપે છે કે તમારે આ ભાવે જ માલ વેચવો, તેમાં કાળાબજાર ન કહેવાય. પુણ્યશાળીને પગલે પગલે નિધાન હોય છે. અને પુણ્ય વગરનો માણસ કાળી મજુરી કરી ૨૦૦ રૂપિયા લઈને ઘેર આવતો હોય ત્યાં ખીસ્સું કપાઈ જાય છે. કર્મ ન કરાવે એટલું ઓછું છે.

માતા, પિતા અને બે પુત્રો એ ચાર પુણ્યવાન આત્માઓ વિપુલ સંપત્તિને છોડીને નીકળી ગયાં. નીકળતાં એવો વિચાર પણ ન કર્યો કે આપણી આટલી બધી લક્ષ્મી પાછળથી કોણ લઇ જશે ? તેના કરતાં આપણા હાથે જ લક્ષ્મીની વહેંચણી કરતા જઈએ. તેઓ તો એક જ વાત સમજ્યાં કે જે પૌદ્ગલિક વૈભવો એંઠ સમાન છે, સંસારમાં ભ્રમણ કરાવનાર છે એને છોડીને આપણે જઈ રહ્યાં છીએ તો બીજાને શા માટે આપતા જવું ! જે થવાનું હશે તે થશે. જો એ સાચું હોત તો આપણે એને છોડત નહિ. મહાન પુરૂષો એનો ત્યાગ કરત નહિ. તિજોરી, ઘરબાર ખુલ્લાં મૂકીને આ ચાર જીવો નીકળી ગયાં.

છે. જે લક્ષ્મીને માટે આજે રાષ્ટ્ર-રાષ્ટ્ર લડે છે, પિતા અને પુત્ર, માતા અને પુત્રી સાસુ અને વહુ, દેરાણી-જેઠાણી ઝઘડાં કરે છે, એક માતાનાં જાયાં બે ભાઈ મઝીયારો વહેંચે છે ત્યારે એક ચીજ ઓછી આવે તો એના ટુકડા કરે છે, કોર્ટે ચઢે છે પણ એક સામાન્ય ચીજ માટે ઉદારતા દાખવતા નથી. લક્ષ્મી એવી ચીજ છે કે વહાલાને વેરી બનાવે છે. ભાઇ-ભાઈનો પ્રેમ લુંટાવે છે. આજે દુનિયામાં જે કાંઈ ઝઘડા-ટંટા થાય છે તે બધું લક્ષ્મી માટે જ થાય છે.

ચાર પવિત્ર આત્માઓ લક્ષ્મીને અનર્થનું કારણ સમજી ઘરનાં દ્વાર ખુલ્લા મૂકી ત્યાગ માર્ગે નીકળી ગયા. પાછળથી ઇષુકાર રાજાને ખબર પડી કે મારો માનનીય ભૃગુ પુરોહિત વિપુલ સંપત્તિનો ત્યાગ કરી, ઘર બાર ખુલ્લાં મૂકી, એના બે પુત્રો અને પત્ની સાથે દીક્ષા લઇને નીકળી ગયો. હવે એની સંપત્તિનો કોઈ ધણી નથી. વળી એ સંપત્તિ તો મેં પોતે જ આપેલી હતી. એટલે એને ગ્રહણ કરવામાં કોઈ જાતનો દોષ નથી. એમ સમજીને રાજા, ભૃગુ પુરોહિતની સંપત્તિ પોતાના રાજ્યમાં લાવે છે. ત્યાં શું બને છે :-

મહેલે તે બેઠા રાણી કમલાવંતી, ઉડે છે ઝીણેરી ધેપ,
સાંભળ હો દાસી, આજે રે નગરીમાં ધેપટ અતિ ઘણી.
કાં તો રાજાએ પ્રધાનનો દંડલીધો, કાં તો લૂંટી નગરી રાજાએ આજ,
કાં તો કરવેરા રાજાએ વધારીયા, કાં કર્યો કોઈ અન્યાય....સાંભળ હો.

ઇષુકાર રાજાની રાણી કમલાવંતી મહેલના ગોખે બેઠી હતી. અહીં પણ આપણી કમલાવંતી બહેનો ઘણી બેઠી છે. જોજો, ઇષુકાર રાજાની રાણી કમલાવંતી કેવું કામ કરે છે ! નગરીમાં ચારે બાજુ ઝીણી રજ ઉડી રહી છે. ચારે બાજુ દિશાઓ ઝાંખી દેખાય છે. આ જોઈ રાણી પોતાની દાસીને પૂછે છે હે દાસી ! આજે આપણી નગરીમાં આટલી બધી રજોટી કેમ ઉડે છે ? શું રાજાએ પ્રધાનનો દંડ કર્યો છે ? કે નગરીમાં લૂંટ ચલાવી છે ? પ્રજા ઉપર કરવેરા નાંખીને પ્રજાને રાજા પીડે છે કે કોઈ નિર્દોષ માણસને અન્યાય કર્યો છે ? આમાંથી કોઈ ને કોઇ કારણ વિના આટલી બધી ધૂળ ઉડે નહિ. અને આજે ધૂળ કેમ ઉડે છે ? કમલાવંતી રાણી ખૂબ વિચિક્ષણ હતી. એ જેવી તેવી ન હતી.

તમે અન્યાય કરીને, ભોળા ઘરાકને છેતરીને પૈસા કમાઈ લાવો છો. તો આ શ્રાવિકાઓ કહી એમ પૂછે છે ખરી કે સ્વામીનાથ ! આપણી પાસે આટલો બધો પૈસો ન હતો. અને હમણાં હમણાં તો તમે ઘણું કમાયા છો, તો આ પૈસો અનીતિનો તો નથી આવતો ને ? કાળા બજાર તો નથી કરતા ને ? સાચી શ્રાવિકા હોય તો જરૂર પૂછે. પણ આજે તો બધાની દૃષ્ટિ પૈસા ઉપર જ ઠરે છે. એટલે ગમે તેમ કરીને નાણાં કમાવા ને ધનવાન બનવું એ એક જ લક્ષ છે. ત્યાં કાળા બજાર ને ધોળા બજાર ક્યાંથી જુએ ?

આજની સ્ત્રીઓ તો એમજ કહે છે કે તમે કાળા બજાર કરો કે અનીતિ કરો પણ મારે તો હીરાની બંગડી જોઈશે જ. જેમ પેલો ગોર વર-કન્યાને પરણાવે ખરો પણ કહેવત છે ને કે "વર મરો કે કન્યા મરો પણ મારું તરભાણું ભરો." તેમ તમારે ત્યાં પણ એક જ વાત છે કે બસ લાવો, પણ એ નાણું ક્યાંથી આવે છે એ કોઈ જોતાં નથી. પણ યાદ રાખજો કે કાળા બજાર કરી નાણાં ભેગાં કરો છો. મોજ શોખ તો કરો છો પણ તે બધાય ભોગવતી વખતે તમારો બરડો તૂટી જશે. તે વખતે કર્મ ભોગવવા કોઈ નહિ આવે.

રાણીને ચિંતા થઈ કે મારો પતિ કોઇ અન્યાય નથી કરતો ને ? એટલે દાસીને પૂછે છે કે આ રજોટી ઉડવાનું કારણ શું છે. ? ત્યારે દાસી શું કહે છે.

નથી રે બાઈજી પ્રધાનનો દંડ લીધો, નથી લૂંટી રાજાએ નગરી,
નથી રે રાજાએ કોઈ અન્યાય કર્યો, નથી પાડી રાજાએ ધાડ.
સાંભળ હો બાઈજી....આજ રે નગરીમાં બેપટ શેની ઉડે ?

હે રાણીજી. અમારા ઈષુકાર મહારાજા પ્રજાના પાલક છે. એમના નામ પ્રમાણે એમનામાં ગુણ છે. રાજાનું નામ ઇષુકાર છે. ઇક્ષુ એટલે શેરડીમાં મીઠાશ છે તેમ મહારાજાના જીવનમાં મીઠાશ છે. તે કદી કોઇને અન્યાય કરે તેવા નથી. પ્રધાનનો દંડ કર્યો નથી કે પ્રજા ઉપર કરવેરા પણ વધાર્યા નથી. પ્રજા ઉપર રાજાની ખૂબ રહેમ દૃષ્ટિ છે. પણ નગરીમાં એક બનાવ બન્યો છે, હવે શું બનાવ બન્યો છે, આ ધૂળ શાથી ઉડે છે તે વાત દાસી, કમલાવતી રાણીને કહેશે ને રાણી રાજાને શું કહેશે તેના ભાવ અબસૂરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૧૦૦ કાળીચૌદશ

આસો વદ ૧૪ ને બુધવાર તા. ૨૮-૧૦-૭૦

અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવંત વીતરાગ પ્રભુએ ભવ્ય જીવોના કલ્યાણને અર્થે બત્રીશ આગમમય વાણીની પ્રરૂપણા કરી. સિદ્ધાંત એટલે ત્રણે કાળે સિદ્ધ થયેલી શાશ્વતી વાણી. ઉત્તરાધ્યયન સૂત્ર એ પ્રભુની અંતિમ વાણી છે. ભગવંત મહાવીર સ્વામીએ અંતિમ ચાતુર્માસ પાવાપુરીમાં કર્યું. અંતિમ સમયે સોળ પ્રહર સુધી અખંડ દેશના દીધી. તેમાં ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીસ અધ્યયનનો પણ સમાવેશ થાય છે. તે છત્રીસ અધ્યયનમાંથી ચૌદમું અધ્યયનનો અધિકાર ચાલે છે.

ભૃગુ પુરોહિતના બે પુત્રો, ભૃગુ પુરોહિત અને તેની પત્ની યશા એ ચાર આત્માઓ એકબીજાના નિમિત્તે વૈરાગ્ય પામી ગયા. તે જીવોને લાગ્યું કે આ સંસાર સો ત્રિતાપનો ભઠ્ઠો છે. સગાસંબંધીઓ એ તો બધા સ્વાર્થનાં સગાં, મતલબની માખીઓ સમાન છે. અને આ જે ધન વૈભવ, સંપત્તિ, મહેલ આદિ પદાર્થો નાશવંત છે. તો પછી તેમાંથી અખંડ, અવિનાશી, શાશ્વત સુખ ક્યાંથી પ્રાપ્ત થાય ? સમુદ્રમાં થતાં ભૂકંપ ઉપર કોઈ માણસ સોડ તાણીને સુખે સૂઈ શકતો નથી. જો એ તેના ઉપર સોડ તાણીને સૂઈ શકે તો ક્ષણે ક્ષણે ફરતાં વિનાશી પદાર્થોમાંથી સુખ મેળવી શકે, પણ એ બનવું જ અસંભવિત છે. તેમ આ અસાર સંસારમાં રહી શાશ્વત સુખની આશા રાખવી તે પણ તદ્દન અસંભવિત છે. એમ સમજી હળુકર્મી જીવો સંસાર દાવાનળમાંથી નીકળી જાય છે.

દેવાનુપ્રિયો ! તમે જે સુખો મેળવવા રાત-દિવસ ફાંફાં મારો છો, ભૂખ-તરસ વેઠો છો તે સુખો પુણ્યવાન જીવોને સામેથી મળતા હતાં. ચક્રવર્તિને નવ નિધિ અને ચૌદ રત્નોની પ્રાપ્તિ થાય છે. નવનિધાન જેમાં રહે છે તે પેટી કેટલી મોટી હોય છે ? અને ક્યાં રહે છે એ તમે સાંભળ્યું નહિં હોય. નવનિધાનની પેટી બાર યોજન લાંબી, નવ યોજન પહોળી અને આઠ યોજન ઉંચી હોય છે. જેના આઠ પૈડા હોય છે. જ્યાં સમુદ્રની સાથે ગંગા નદી મળે છે ત્યાં આ પેટી રહે છે. જ્યારે ચક્રવર્તિ અઠ્ઠમ તપ કરી તેનું આરાધન કરે છે ત્યારે તે મહા નવનિધિની પેટી ત્યાંથી નીકળી ચક્રવર્તિના ચરણમાં આવીને ઉભી રહે છે. તેમાંથી દ્રવ્યમય વસ્તુઓ તો પ્રત્યક્ષ નીકળે છે. અને કર્મરૂપ (કાર્ય કરવારૂપ) વસ્તુને બતાવતી વિધિઓનાં પુસ્તકો નીકળે છે. જેને વાંચીને ઈષ્ટ અર્થની સિદ્ધિ કરી શકાય છે. આ ચૌદ રત્ન અને નવનિધિનું રક્ષણ કરવા માટે એક હજાર દેવો નિયુક્ત કરેલા હોય છે. તે દેવો જ આ બધું કાર્ય કરે છે. તે સિવાય તેના આત્મરક્ષક દેવો તો જુદા હોય છે. જ્યારે ચક્રવર્તિ આ બધું છોડીને દીક્ષા લે ત્યારે બધાં સાધનો પોતપોતાને ત્યાં ચાલ્યા જાય છે. જે આવા સુખોને છોડે છે તે ચક્રવર્તિ મોક્ષના મહાસુખ પામે છે. કદાચ મોક્ષે ન જાય તો દેવલોકમાં જાય છે, અને ત્યાંથી અલ્પભવ કરીને મોક્ષે જાય છે. અને જે છેક સુધી એ સુખોને નથી છોડતા તે નરકમાં જાય છે. તમારે લક્ષ્મી મેળવવા કંઈક કાળા ધોળ, ઉંધા ચત્તા કરવા પડે છે. તમને ખમ્મા ખમ્મા કરનાર બે ચાર નોકર હોય તો ફુલાઈ જાવ છો. વળી એ તમારા નોકર પણ કેવા ? તમે સાચવો ત્યાં સુધી સારા. અને જો વિફરે તો શેઠનો જાન લઈ લે છે. મુંબઈમાં આવા કિસ્સા ઘણાં બને છે. તમે ઘણી વખત છાપામાં વાંચતા હશો અને સાંભળતાં હશો. ચક્રવર્તિને તો આવું બને જ નહિ. છતાં વૈરાગ્ય પામી ગયાં. જે વૈરાગ્ય ન પામ્યાં તેમને દેવો કે એમની રાણીઓ દુર્ગતિમાં જતાં અટકાવી ન શકી. ચક્રવર્તિની દાસીમાં કેટલું બળ હોય છે કે રત્નને ચપટીમાં ચોળી ચૂર્ણ બનાવી ચક્રવર્તિના કપાળમાં તિલક કરે. એવી બળવાન દાસીઓ

પણ ન બચાવી શકી, તો અમારી આ બહેનો તો વાઘ આવ્યો, એટલું સાંભળે તો ય લડકીને ભાગી જાય. એ તમને શું બચાવશે ? કોઈ કોઈને ત્રાણ–શરણ નથી.

સંસારના સુખોને હેય સમજી ચાર આત્માઓ બધું છોડીને નીકળી ગયા. એનું કુટુંબ વિશાળ હતું. વિપુલ સમૃદ્ધિ હતી. ભૃગુ પુરોહિતની ઋદ્ધિની જે વાત કરી છે તે મારા કે તમારા ઘરની વાત નથી. ભગવાનની વાણી છે. ઘણી વખત એવું બને છે કે સામાન્ય વસ્તુને પણ અતિશયોક્તિ કરીને મહાન બતાવવામાં આવે છે. પણ અહીં એવું નથી. તમારા ઘરમાં ટાઇલ્સો જડયા છે. એના ઘરના ટાઇલ્સોમાં ઝવેરાત જડયું હતું. અત્યારે તો હીરાની બુટ્ટી, હીરાની વીંટી અને બંગડી પહેરી હોય તો બહેનોને એમ થાય કે હું તો હીરે ઝગમગતી છું. અને એ પહેરેલાં દાગીના બીજાને બતાવતાં એટલો હર્ષ અનુભવે છે, અંતરમાં અભિમાન કરે છે કે મારા જેવું કોણ સુખી છે ?

એક વખત એક નગર શેઠાણીએ નાકમાં હીરાનો નખલો પહેર્યો, સવા લાખ રૂપિયાનો હીરાનો નખલો જગત કેમ જુવે એવી શેઠાણીને ભૂખ હતી. એટલે દિવાળીના દિવસ જેવો મોટો દિવસ. આ દિવસોમાં તો સહુ કોઈ નિવૃત્ત થઈ સંતોના દર્શન કરવા અને વ્યાખ્યાન વાણીનો લાભ લેવા આવે. ઉપાશ્રયમાં માણસ ચિક્કાર હોય. આ નગર શેઠાણી તો દિવાળીના દિવસે નખલો પહેરીને ઉપાશ્રયમાં આવ્યા. શ્રોતાજનો એક ચિત્તે પ્રભુની વાણી સાંભળે છે. એ બધી બહેનોનો તાર તોડાવી વચમાં થઈને છેક આગળ આવી. વચમાં થઈને બીજી બહેનોના માથે હાથ મૂકતી મૂકતી આવે એટલે સ્વાભાવિક સૌની દૃષ્ટિ એના તરફ જાય. એટલે એના મનમાં સંતોષ થયો કે બહેનોએ તો મારો નખલો જોયો પણ હજુ પુરૂષોએ જોયો નથી. એ કેવી રીતે જુવે ? આગળ જઈને કહે છે ગુરૂદેવ ! "મત્થેણ વંદામિ" એટલે પુરૂષોનું ધ્યાન તેના તરફ આકર્ષાયું. પુરૂષોએ નખલો જોયો. વાહ, મારો નખલો પુરૂષોએ જોયો પણ હવે કોણ બાકી રહ્યું તે સમજાઈ ગયું ને ? ગુરૂએ તેના સામું ન જોયું. બધા ય મારો નખલો જુવે અને ગુરૂ ન જુએ એ કેમ ચાલે ? એટલે બીજી વખત બોલી–ગુરૂદેવ 'મત્થેણ વંદામિ'. તો પણ ગુરૂએ સામું ન જોયું ત્યારે ત્રીજી વખત બોલી. ત્યારે મહારાજ કહે છે બહેન ! તમારો નખલો સૌએ જોઈ લીધો છે હવે દયા પાળો. (હસાહસ). અજ્ઞાન દશાથી માણસ બાહ્ય આડંબરમાં આનંદ માને છે.

આજે કાળી ચૌદસનો પવિત્ર દિન છે. ધનતેરસ, કાળીચૌદશ, દિવાળી, બેસતુંવર્ષ અને બીજ એ પાંચ દિવસો પવિત્ર માનવામાં આવે છે. બધા પર્વોમાં દિવાળી પર્વ એવું છે કે જેમાં દરેક કોમના મનુષ્યો આનંદ માને છે. પર્યુષણમાં જૈનોને આનંદ હોય, દશેરા આવે ત્યારે ક્ષત્રિયોને આનંદ હોય, હોળી આવે ત્યારે શુદ્રોને આનંદ હોય, રમઝાન મહિનો આવે ત્યારે મુસ્લીમોને અને નાતાલમાં ખ્રિસ્તીઓને આનંદ હોય છે. પણ દિવાળીમાં અઢારે આલમને આનંદ હોય છે. તેમાં જૈનોને માટે તો દિવાળી એ

લૌકિક પર્વ છે. જૈન કોને કહેવાય? બાહ્ય જગતથી જુદો પડે તેનું નામ જૈન. એટલે જૈનો આ પર્વ જુદી રીતે ઉજવે છે. બાહ્ય રિવાજે મુજબ કાળી ચૌદશે બહેનો કૂટેલા હાંડલા ને નકામી ચીજો-કચરો વગેરે બહાર ફેંકી દઈ ઘરને ચોખ્ખું કરશે. પણ જ્ઞની રીતે તો ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયોના કચરા અંતરમાં ભર્યા છે તેને કાઢવાનાં છે.

ચૌદશને દિન કાળીચૌદશ, તે દિન રૂડા સારા,
પાપ આલોવીને પૌષા રે કીધા, કર્મને મેલ્યાં ટાળી.....રે...આજ.

લોકોને માટે આ પર્વ ભલે લૌકિક પર્વ હોય પણ જૈનો માટે તો લોકોત્તર પર્વ છે. આશ્રવના દ્વાર બંધ કરી સંવરના ઘરમાં આવો. ચૌદશ અને પાખી બે દિવસ આરંભ સમારંભનો ત્યાગ કરીને છઠ્ઠ પૌષધ કરીને બેસી જાવ. આપણે દિવાળીને લોકોત્તર પર્વ શા માટે માનીએ છીએ?

ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા પાવાપુરીમાં પધાર્યા ત્યારે હસ્તિપાળ રાજા પોતાના પરિવાર સહિત પ્રભુના ચરણમાં પડીને વિનંતી કરે છે. ભગવાને ગોશાલકને કહ્યું કે હું તો સાડા સોળ વર્ષ ગંધ હસ્તિની પેઠે વિચરવાનો છું. ત્યારથી સૌને ખબર પડી ગઈ હતી કે પ્રભુ આટલું જીવવાના છે. અને આ પ્રભુની છેલ્લું ચાતુર્માસ છે. ચરમ ચાતુર્માસ પાવાપુરીમાં કરવા માટે હસ્તિપાળ રાજા શું કહે છે :-

થેં અબકો ચોમાસો સ્વામીજી અઠે કરોજી, થેં પાવાપુરીસે પગ આધો મતિ ધરોજી,
અઠે કરો, અઠે કરો, અઠે કરોજી, થેં ચરમ ચોમાસો સ્વામીજી અઠે કરો જી....
હસ્તિપાળ રાજા વિનવે કરજોડ, પૂરો પ્રભુજી મારા મનના કોડ,
શીશ નમાઈ ઉભા જોડી હાથ, કરૂણા સાગર કરજો કૃપાનાથ,
થેં અબકો ચોમાસો સ્વામીજી અઠે કરોજી.

હે પ્રભુ! આપ મારી પાવાપુરી નગરીથી દૂર ન જશો. જેમ બાળક માતા આગળ કરગરે તેમ હસ્તિપાળ રાજા, તેની રાણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ પ્રભુને વિનંતી કરે છે. આ કોઈ સામાન્ય માણસ ન હતો. મહા સમૃદ્ધિવાન રાજા હતો, પણ સમજતો હતો કે હું ભલે તેવો રાજા હોઉં પણ તીર્થંકર ભગવંત તો મહારાજાના પણ મહારાજા છે. ભગવંત તો તીર્થંકર હતા. પણ સામાન્ય સાધુ હોય તો પણ રાજા કરતાં સંતનું ઉંચું પદ છે. કારણ કે રાજાને સૌ રાજા જ કહે છે પણ સાધુને તો તમે મહારાજ કહો છો. ચક્રવર્તિ, વાસુદેવ, બળદેવથી પણ સાધુ મહાન છે. પછી ભલે તે એક જ દિવસનો દીક્ષિત કેમ ન હોય? તેના ચારિત્રમાં અજબ શક્તિ રહેલી છે. સમવાયાંગ સૂત્રમાં કહ્યું છે કે ભગવાનના (૫૩) ત્રેપન સાધુઓ એક વર્ષની દીક્ષા પર્યાય પાળીને અનુત્તર વિમાનમાં ગયા છે. કરોડોની સંપત્તિમાં જે તાકાત નથી તે ચારિત્રમાં છે. આ વાત બહુ સમજવા જેવી છે.

હસ્તિપાળ રાજા પ્રભુને વિનંતી કરતાં કહે છે પ્રભુ! મારી શાળા નિર્દોષ અને સુગંધી છે. આપ મહેર કરીને આ ચાતુર્માસ અહીં જ બિરાજો. અગાઉના શ્રાવકો પણ કેવા હતા અને રાજાઓ પણ કેવા હતા. પોતાના અમુક સ્થાનો નિર્દોષ જ રાખતા. એ સમજતા હતાં કે કોઈક વખત આપણા ભાગ્ય હોય તો આપણને સંતના પગલાં કરાવવાનો મહાન લાભ મળે. તમારે તો એક મકાન ખાલી પડી રહ્યું હોય તો ભાડાની હોય, તેથી ભાડે આપી દો છો. જ્યાં સુધી ગામમાં સ્થાનક હોય ત્યાં સુધી સંત ગૃહસ્થના મકાનમાં ઉતરે જ નહિ. પણ ગોંડલ તરફ જતાં વચમાં તમારું મકાન આવતું હોય, એ મકાન જો ખાલી હોય તો સંતને ઉતારો આપી શકાય, પણ પૈસાની ભૂખ હોય ત્યાં આત્માનો લાભ કોણ જુવે? અનાદિકાળથી પેટની ભૂખ મટાડવા પ્રયત્નો કર્યા છે પણ આત્મા માટે કર્યા નથી.

ભગવાને હસ્તિપાળ રાજાની વિનંતી સ્વીકારી છેલ્લું ચાતુર્માસ પાવાપુરીમાં કર્યું. જેના મહા ભાગ્ય હોય તેને જ આવો લાભ મળે છે. અઢાર દેશના રાજાઓ અને ઓગણીસમા હસ્તિપાળ રાજા છઠ્ઠ પોષા કરીને બેસી ગયા હતા. પ્રભુનો પરિવાર પણ સાથે છે. દરેકના મનમાં એક જ ભાવના હતી કે બસ, હવે પ્રભુ તો મોક્ષે જશે, પછી આપણને આ અમૃતના ઘુંટડા કોણ પાશે? જેટલો લાભ લેવાય તેટલો લઇ લઈએ. અઢાર દેશના રાજાઓ પૌષધ કરીને બેસી ગયા, તો શું એમને ચોપડા ચોખ્ખા કરવાના નહિ હોય! (હસાહસ). એમને ઘણું કામ હતું છતાં છોડીને લાભ લેવા આવ્યા હતાં. પણ તમને તો દિવાળીના દિવસે ગામમાં સંતો બિરાજતા હોય તો પણ ઉપાશ્રયે આવવાનો ટાઈમ નથી.

કામ તો સહુને હોય પણ જેને આત્માની લગની લાગી છે તે બધું કામ પડતું મૂકીને આત્માની કમાણી કરવાનો અવસર ચૂકશે નહિ. અઢાર દેશના રાજાઓ અને હસ્તિપાળ રાજાને છઠ્ઠ પૌષધ હતો. ભગવાનને પણ છઠ્ઠ હતો. ભગવાન મહાવીર સ્વામીએ દીક્ષા લીધી ત્યારે છઠ્ઠનાં પચ્ચખાણ હતાં. કેવળજ્ઞાન સમયે પણ છઠ્ઠ હતો અને નિર્વાણ સમયે પણ છઠ્ઠના પચ્ચખાણ હતાં. ભગવાનને કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત થઈ ગયું હતું. ચાર ઘાતી કર્મનો ક્ષય થવાથી જ કેવળજ્ઞાન થાય છે. એટલે પ્રભુને તપ કરવાની જરૂર ન હતી, કારણ કે અઘાતી કર્મ એવું આયુષ્ય પૂર્ણ થયે તો તેઓ નિયમા મોક્ષમાં જવાના હતાં. પણ એમ બની શકે કે આયુષ્યકર્મ પૂરું થતું હોય અને બાકીના કર્મ વધારે હોય તો વિષમને સમ કરવા માટે કેવળીઓ કેવળ સમુદ્‌ઘાત કરે. પણ એ કેવળ સમુદ્‌ઘાત સામાન્ય કેવળીઓ કરે છે. તીર્થંકર ભગવંત આવી સમુદ્‌ઘાત કરતા નથી. પણ જગતના જીવોને બોધપાઠ મળે કે હે આત્માઓ! તપશ્ચર્યા કર્યા વિના તમારા જુનાં કર્મો ખપવાનાં નથી.

પ્રભુની વાણીનો અખંડ લાભ મળે એટલે રાજાઓએ પણ છઠ્ઠ કર્યો હતો. કારણ

કે જ્યાં આહાર છે ત્યાં બધી ઉપાધિ છે. આહાર કરે તો નિહાર કરવા જવું પડે. બધી ખટપટ ઉભી થાય અને પ્રભુની દેશનાનો લાભ ચૂકી જવાય. માટે છઠ–તપ કર્યો હતો. તમારે તો તપને બદલે મિષ્ટાન ઉડાવવાના હોય. અત્યારમાંજ દહીં થશે ને ઘૂઘરાં ખાઈ ને આવ્યા હશો. મિષ્ટાન ખાવાથી કર્મ નહિ ખપે. દિવાળીને દિવસે ઉપવાસ તો નહિ કરે પણ એવા કંઈક છે કે ઉલટા રાત્રે નહી ખાતાં હોય તેઓ રાત્રે ખાશે. બજારના ઠોઠમાઠમાં આત્મ–સાધનાનું લક્ષ ચૂકાઈ ગયું છે.

અઢાર દેશના રાજાઓ, પ્રજાજનો બધા પ્રભુની સામે અનિમેષ દૃષ્ટિથી જોઈ રહ્યા છે. કોઈને ઉઠવાનું મન પણ થતું નથી. અને તમને ખાવાનું છોડવાનું મન થતું નથી. પ્રભુની અંતિમ દેશના ઉત્તરાધ્યયન સૂત્રના ચોદમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં જે ચાર આત્માઓ પવિત્ર પંથે પ્રયાણ કરી ગયા, તેમનું ઘરબાર, અઢળક સંપત્તિ એ બધું એમ ને એમ પડયું છે. ઈષુકાર રાજાને અબરે પડી કે મારો માનનીય ભૃગુપુરોહિત તેના કુટુંબ સહિત વિપુલ સંપત્તિનો ત્યાગ કરી દીક્ષા લેવા નીકળી ગયો છે, હવે એની મિલકતનો કોઈ વારસ નથી. માટે રાજા એને લઈ શકે છે. ઈષુકાર રાજા, માણસોને જોવા મોકલે છે. માણસો કહે છે સાહેબ! એના ઘરમાં એટલું બધું ઝવેરાત છે, સોનારૂપોરા છે અને ઘરવખરી છે કે એ ટોપલા ભરીને લાવે પૂરું થાય તેમ નથી. એક બે ગાડા ભરીને પણ નહિ લાવી શકાય. લોટ બંધ ગાડા મોકલવા પડશે.

દેવાનુપ્રિયો! વિચાર કરો. આ સંપત્તિ કેટલી હશે? અઢળક સંપત્તિને ભૃગુ પુરોહિતે પહેલવારમાં છોડી દીધી. તમે વર્ષોથી સાંભળો છો તો પણ છોડી શકયા નથી. તો તમારે આથી વધુ સંપત્તિ હશે ને? તમારાથી નથી છૂટતું એનું કંઈ કારણ તો હશું જોઈએ ને? (હસાહસ). અને ભૃગુ પુરોહિતની સંપત્તિ પોતાના રાજ્યમાં લાવવા માટે ઈષુકાર રાજાએ લોટબંધ ગાડીઓ મોકલી. ભરેલી એ ગાડીઓ ગામમાં આવે છે. એક માઈલ જેટલી લાંબી ગાડીઓની લાઈન હતી. હવે એટલા ગાડા ગામમાં આવે છે તેની ધૂળ ઉઠી રહી હતી. આ વખતે કમલાવંતી મહારાણી મહેલના ઝરૂખે બેઠી હતી. તેણે આ ધૂળ ઉડતી જોઈને દાસીએ પૂછયું કે આ ધુળ કેમ ઉડે છે? એ વાત ગઈ કાલે જાણી ગઈ છે.

દાસી રાણીને જવાબ આપે છે હે મહારાણી! તમે જેમને પરણીને આવ્યાં છો તે મહારાજાએ કોઈ અન્યાય નથી કર્યો. કોઈને દંડ નથી કર્યો. કોઈ જુલમી કરવેરા નાખ્યા નાખ્યા. અર્થાત્ પ્રજાને ચુસીને મોજ કરે એવા અમારા મહારાજા નથી. આ ધુળ શેની ઉડે છે તે તમે સાંભળો.

"ભૃગુ પુરોહિત ને જશા ભારજા, વળી તેહના દોય કુમાર;
સાધુ પાસે જઈ સંયમ આદરે, તેહનું ધન લાવે છે આજ;
સાંભળ હો બાઈજી, હુકમ કરો તો ગાડા આવી ઘડું."

આપણા મહારાજાનો માનનીય પુરોહિત, તેની પત્ની અને તેના બે લાડીલા પુત્રો, એમની વિપુલ સંપત્તિનો ત્યાગ કરીને પંચ મહાવ્રત ધારી સાધુ બનવા નીકળ્યા છે. એની સંપત્તિનો કોઇ માલિક નથી. જેનું કોઈ ધણી ન હોય તે રાજા ગ્રહણ કરી શકે છે. એમાં કોઈ અન્યાય ન કહેવાય. એ લક્ષ્મીના ગાડા ભરીને નગરમાં લાવે છે. તેની આ ધુળ હરે છે. બાઈજી! આ લક્ષ્મી આપણી જ છે. જો આપની આજ્ઞા હોય તો એ ગાડા અહીં જ રોકી દઉં. દાસીની આ વાત સાંભળી કમલાવંતી રાણીએ માથું ધુણાવ્યું. તમે ધન કમાઈને લાવશો તો કમલાવંતી બહેનો ના પાડશે ખરી? (હસાહસ). ના, એ તો કહેશે કે પૈસા લાવો, લાવો ને લાવો. સાચાજૂઠા થાય, અન્યાય, અનીતિ થતી હોય તો પણ વાંધો નહિ. એમના પતિને કદી પૂછતી જ નહિ હોય કે આ પૈસા તમે કેવી રીતે કમાવ છો? કમલાવંતી રાણીએ દાસીને માથું ધુણાવીને કહ્યું કે મારે એ લક્ષ્મી જોઈતી નથી. પુરોહિત જેવો બ્રાહ્મણ જે લક્ષ્મીને છોડીને ચાલ્યો ગયો, તો એના છોડવામાં કંઈક રહસ્ય તો હશે ને? એને તજવા જેવી લાગી હશે તો તજીને ચાલ્યો ગયો હશે ને! તો મળી આપણે એને શા માટે લાવવી જોઇએ? કમલાવંતી રાણી સંસારમાં રહેલી છે તો પણ તેનામાં કેવો વિવેક છે! કેટલી વિચિક્ષણતા છે!

તમે પણ કંઈ ઓછા વિચિક્ષણ નથી. નૂતન વર્ષે નવા ચોપડા લખશો, તેમાં સૌથી પ્રથમ શું લખશો? અભયકુમારની બુદ્ધિ મળજો, ગૌતમ સ્વામીની લબ્ધિ મળજો, ધન્ના-શાલીભદ્રની ઋદ્ધિ મળજો, કૈવન્ના શેઠનું સૌભાગ્ય મળજો. પણ એવું લખો છો કે મને આ વર્ષે પંચમહાવ્રત મળજો, ગૌતમ સ્વામીનો વિનય મળજો. (હસાહસ). ગૌતમ સ્વામીની લબ્ધિ માંગો છો પણ એ મહાન પુરૂષ કેવા હતા? ગૌતમ સ્વામી પણ બ્રાહ્મણ હતા. ચાર વેદના જાણકાર-મહાનિપુણ હતાં. ૫૦૦ તો એમના શિષ્યો હતાં. એક વખત તેઓ યજ્ઞ કરી રહ્યાં હતાં ત્યારે દેવલોકમાંથી સંખ્યાબંધ દેવો આકાશમાંથી ઉતરી રહ્યાં હતાં. એમને થયું કે મારા યજ્ઞના પ્રભાવથી દેવો આવે છે પણ દેવો ત્યાં ન આવ્યા. પૂછતાં ખબર પડી કે તે દેવો મારા યજ્ઞના પ્રભાવથી આવ્યા નથી પણ ભગવાન મહાવીર પધાર્યા છે તેમની પાસે દેવો જાય છે. ત્યારે તેમને થયું કે મારાથી પણ મહાવીર મોટો છે? લાવ, હું તેમની પાસે જ જઇને મારી શંકાનું સમાધાન કરું. એ મારા પ્રશ્નોના સચોટ જવાબ આપશે તો મારા ૫૦૦ શિષ્યો સહિત હું તેમનો શિષ્ય બની જઈશ. નિર્ણય કરીને આવ્યા. સમો-સરણમાં જેવા દાખલ થયા તરત જ ભગવાને કહ્યું હે ગૌતમ ગોત્રી! હે ઇન્દ્ર ભૂતિ! તારા મનમાં આ પ્રકારનો સંશય છે? ભગવાને એની શંકાનું સમાધાન કર્યું અને તેઓ પ્રભુના ચરણમાં ઝૂકી પડયા. ત્યાંને ત્યાં દીક્ષા લઇને ભગવાનના શિષ્ય બની ગયા. શું એમને એમની પત્ની રોકે તેમ ન હતી? પત્ની તો ઘણું રોકતી હતી. પણ એમને તમારી જેમ મોહ ન હતો. તમે તો એમ જ કહો કે અમને તો વીતરાગની વાણી સાંભળીને વૈરાગ્ય આવી જાય છે, પણ

હું દીક્ષા લઉં તો તમારી શ્રાવિકા જીવી શકે જ નહિ. અને આ છોકરાનું શું થાય ? ભાઇ ! સૌના પુણ્ય સૌની સાથે છે. દરેક પોતપોતાના શુભાશુભ કર્મના ફળ ભોગવે છે. પણ તમે માની બેઠા છો કે હું ન હોઉં તો આ બધાનું શું થાય ! હું છું તો બધાને પાળું છું, પણ મોત આવશે ત્યારે આવું કહેશો તો તમને છોડશે ખરું ? ગાડા નીચે કૂતરું ચાલતું હોય તો માને છે કે ગાડાનો ભાર હું જ ઉપાડું છું. આવી તમારી દશા છે. ગૌતમ સ્વામી ભગવાનના શિષ્ય બની ગયાં. ખૂબ વિનયવાન હતાં. પ્રભુના ૧૪૦૦૦ શિષ્યોમાં વડેરા શિષ્ય હતાં. એમના જેવા ગુણ કેળવો પછી લબ્ધિ માંગજો.

આવતી કાલે ભગવાનનો નિર્વાણ દિવસ છે. અઢાર દેશના રાજાઓ પ્રભુની એક-ધારી દેશના સાંભળે છે. કમલાવતી રાણી દાસીને માથું ધુણાવીને કહે છે કે મારે એ લક્ષ્મી જોઇએ નહિ. એ ગાડા ગામમાં લઈ જવા દેવા નથી. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં....૧૦૧ (દિવાળી)

આસો વદ ૦)) ને ગુરૂવાર તા. ૨૯-૧૦-૭૦

અનંતજ્ઞાની શાસનપતિ, ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનો આજે નિર્વાણ-દિન છે. ભગવાનને મોક્ષે સીધાવ્યા ૨૫૦૦માં ચાર વર્ષ બાકી છે. આસોવદી અમાસની પાછલી રાત્રે પ્રભુ નિર્વાણ પામ્યા છે અને પ્રભુના પટ્ટ શિષ્ય ગણધર ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન ઉત્પન થયું છે. એટલે આ મહાન પર્વનો દિવસ છે. ભગવાન મહાવીરસ્વામીનું અંતરમાં સ્મરણ કરી એમના પુનિતપંથે આપણે ચાલવાનું છે.

વીર ભગવાનનો દિવ્ય સંદેશ છે કે હે ભવ્ય આત્માઓ ! આવો અમૂલ્ય મનુષ્ય-ભવ ફરીફરીને તમને મળવાનો નથી. માટે મોહ-માયા ને મમતાના કચરા સાફ કરી, પ્રમાદની પથારી છોડી પુરૂષાર્થ કરો. કારણ કે મનુષ્યનું આયુષ્ય અલ્પ છે. અલ્પ જિંદગાનીમાં ઘણું કામ કરવાનું છે. પ્રભુએ અંતિમ ચાતુર્માસ પાવાપુરીમાં કર્યું, અને અંતિમ સમયે અખંડ સોળ પ્રહર સુધી દેશના આપી. ભવ્યજીવોએ એ વાણીના ઘૂંટડા ધરાઇ ધરાઈને પીધા. પણ ભગવાનની વાણી એવી છે કે પીનારા કદી તૃપ્ત થાય જ નહિ.

"ભગવાનની અંતિમ વાણી" :-પ્રભુની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્ર અને વિપાક સૂત્ર છે. ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીશ અધ્યયનમાં એક પછી એક ક્રમબધ્ધ એવી

સુંદર શિખામણો આપણને પ્રભુએ આપી છે કે એની શિખામણ પ્રમાણે ચાલનાર માણસ કદી દુઃખી ન થાય. સૌથી પ્રથમ અધ્યયન વિનયનું છે. વિનય એ ધર્મનું મૂળ છે. મૂળ વિનાં વૃક્ષ ટકી શકતું નથી. તેમ જેનામાં વિનય રૂપી મૂળ નથી તેના જીવનમાં ધર્મવૃક્ષ વૃદ્ધિ પામતું નથી. વિનયથી દુનિયામાં મનુષ્ય વૈરીને પણ વશ કરી શકે છે. જો વિનય ન હોય તો વહાલા પણ વૈરી બની જાય છે. માટે વિનય એ મહત્ત્વની ચીજ છે. બીજું અધ્યયન પરિસહનું છે. પ્રથમ અધ્યયનમાં વિનયનું સ્વરૂપ બતાવ્યું છે. જેનામાં વિનય છે તે જ મનુષ્ય પરિસહને જીતી શકે છે. પરિસહ એટલે શું? પરિસહ શબ્દનો અર્થ ચારે બાજુથી આવતાં કષ્ટોને સમતાપૂર્વક સહન કરવાં તેનું નામ પરિસહ છે. એ પરિસહની સંખ્યા બાવીસ છે. વિનયવાન મનુષ્ય જ બાવીસ પરિસહને જીતી શકે છે. એટલે બીજું અધ્યયન પરિસહનું છે.

પરિસહનું વર્ણન કર્યા પછી પ્રભુ કહે છે કે પરિસહ તો મનુષ્ય સહન કરી શકે છે પણ મનુષ્યને ચાર અંગોની પ્રાપ્તિ થવી મહાન દુર્લભ છે. તેથી 'ચતુરંગીય' નામનું અધ્યયન ત્રીજું રાખ્યું છે. ચાર અંગો દુર્લભ છે. છતાં પુણ્યવાન મનુષ્યને ચારેય અંગોની પ્રાપ્તિ થઈ જાય, પણ ધર્મનું આચરણ કરવામાં મનુષ્યે જરા પણ પ્રમાદ ન કરવો જોઈએ. તેથી "અસંખય" નામના ચોથા અધ્યયનમાં પ્રમાદનો ત્યાગ પ્રભુએ ખૂબ સુંદર બતાવ્યો છે. પ્રથમ ગાથામાં જ કેવા સુંદર ભાવ ભરેલા છે! જીવન કેવું છે?

असंखयं जीविय मा पमायए, जरोवणीयस्स हु नत्थि ताणं ।
एवं वियाणाहि जणे पमत्ते, किण्णु विहिंसा अजया गहिन्ति ॥ उ. अ. ४-१

આ જીવન અસંસ્કૃત એટલે ચિરસ્થાયી નથી, પણ ક્ષણભંગુર છે. માટે હે આત્માઓ! તમે પ્રમાદ ન કરો. કારણ કે તૂટેલું આયુષ્ય સાંધવા માટે કોઈ સમર્થ નથી. ઇન્દ્ર, તીર્થંકર, ચક્રવર્તિ કે વાસુદેવ પણ આયુષ્યને સાંધી શક્યા નથી તો મનુષ્યની તો વાત જ ક્યાં કરવી? દુનિયાની તમામ વસ્તુ તૂટતાં સાંધી શકાય છે, પણ આયુષ્ય તૂટયું સાંધી શકાતું નથી.

ખુદ પ્રભુ મહાવીર સ્વામી જ્યારે મોક્ષે જવાના હતાં ત્યારે ઇન્દ્રોએ પ્રભુને વિનંતી કરી કે હે પ્રભુ! આપ બે ઘડી રોકાઈ જાવ તો દુનિયાને મહાન સુખ થશે. પ્રભુએ કહી દીધું કે હે ઇન્દ્ર! "न भूतो न भविष्यति" ભૂતકાળમાં બન્યું નથી અને ભવિષ્યકાળમાં બનશે નહિ. માટે જ્યાં સુધી આયુષ્યનો દિપક જલે છે, ત્યાં સુધી તમે પ્રમાદ છોડીને સારાં કામ કરી લો. જે મનુષ્યોએ પ્રભુની વાણી હૃદયપૂર્વક સાંભળી એ તો કામ કાઢી ગયા. આપણાં આત્માને પણ કદી કોઈ ભવમાં તીર્થંકરના દર્શન તો થયા હશે, વાણી સાંભળી હશે પણ યથાર્થ રીતે સાંભળીને તેનું પાલન કર્યું નહિ હોય એટલે હજુ ભવમાં ભમી રહ્યા છીએ

પ્રભુ મહાવીર અથાગ પુરુષાર્થ કરી, પ્રમાદનો ત્યાગ કરી કર્મનાં દેણા ચૂકાવી ક્રાર્મ કોઢી ગયા. આજે માનવ થોડું ઘણું ધર્મધ્યાન કરે છે ત્યાં મનમાં એમ થાય છે કે અમે ઘણું કર્યું પણ હજુ તો કંઈ જ કર્યું નથી. મહાન પુરૂષો આખો માર્ગ પસાર કરી ગયાં જ્યારે આપણે તો હજુ ચાલવાની શરૂઆત પણ કરી નથી. તેમના આત્મા ઉપર રહેલાં કર્મોના આવરણ ખસીને ઝળહળતા કેવળ જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થઈ ગયો. જ્યારે આપણાં આત્મામાં હજુ અરૂણોદય પણ પ્રગટયો નથી. તેઓ આત્માની પૂર્ણતાને પામી ગયા. જ્યારે આપણે તો હજુ અપૂર્ણ જ છીએ. તેઓ પર્વતની ટોચે પહોંચી ગયા અને આપણે તો હજુ તળેટી સુધી પહોંચ્યા નથી. આજે પણ મન હજુ ક્ષણિક સુખો મેળવવા માટે તલસી રહ્યું છે, જ્યારે મહાન પુરૂષો શાશ્વત સુખના ભોક્તા બની ચૂકયા છે. આપણો આત્મા હજુ જન્મ-મરણના ફેરા ઘૂમી રહ્યો છે, જ્યારે મહાન પુરૂષો અજરામર સ્થાને પહોંચી ગયા છે. તેઓ ભગવાન બની ગયા અને આપણે તો હજુ ભવમાં ભટકતા રહી ગયા છીએ.

મહાન પુરૂષોના આત્મામાં અને આપણા આત્મામાં ઘણું અંતર છે. છતાં પુરૂષાર્થ દ્વારા એ અંતરને દૂર કરી શકવા માટે મનુષ્ય સમર્થ છે. ભરતક્ષેત્રમાં પ્રભુના નિર્વાણથી આજે અરિહંતનો વિયોગ પડયો છે. આજે આપણને કંઇ શંકા થાય તો તેનું સમાધાન કરનાર અરિહંત મોજુદ નથી. દુનિયામાં બધા વિયોગ કરતાં મોટામાં મોટો વિયોગ હોય તો અરિહંતનો છે. દિવાળીનો દિવસ આપણા માટે વિયોગનો છે. ખાઈ-પી, સારાંકપડાં પહેરી, દારૂખાનું ફોડી જલસા ઉડાવવા માટે આ દિવાળી નથી. પણ પરમ પિતાના રાહે ચાલી આત્મ સ્વરૂપની પિછાણ કરવાનું આ પર્વ છે

દિવડા કેવા હોય ! બહેનો દિવાળીમાં કોડિયામાં તેલના દિવા પ્રગટાવે છે. એ દિવામાં કેટલા જીવોની હિંસા થાય છે ? જ્ઞાની કહે છે તમે દિવડા કેવા પ્રગટાવો ? અંતરમાં જ્ઞાનના એવા ઉજ્જવળ દિપક પ્રગટાવો કે જેથી અજ્ઞાન રૂપી અંધકારનો સંપૂર્ણપણે નાશ થઇ જાય. પૂજા કરો તો આત્મ સ્વરૂપની પિછાણ કરી ચૈતન્ય સ્વરૂપ રૂપી લક્ષ્મીની પૂજા કરો કે ફરીને આ જડ લક્ષ્મીની પૂજા ન કરવી પડે. ઘણાંને ત્યાં દિવાળીને દિવસે રાત્રે શારદા પૂજન કરે છે. પણ તમે શારદા-સરસ્વતી રૂપી ભાવશ્રુત કેવળજ્ઞાનની એવી પૂજા કરો કે ફરીથી લૌકિક શારદાપૂજન કરવું જ ન પડે. અને મોહ-રાગ-દ્વેષના ફટાકડા એવા ફટફટ ફોડી નાંખો કે જેથી સંસારમાં ભ્રમણ કરીને ફટફટ થવાનો પ્રસંગ ન આવે. બાહ્ય વસ્ત્ર-આભૂષણો પહેરીને આ દેહને ઘણો સજાવ્યો, પણ તેથી આત્માની સિદ્ધિ ન થઈ. હવે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ રૂપી વસ્ત્રાભૂષણોથી દેહને સજાવો કે આ લૌકિક વસ્ત્રાભૂષણોની જરૂર ન પડે. ભોજન ઘણું કર્યું પણ ભૂખ મટી નહિ. હવે જ્ઞાનામૃતનું અપૂર્વ મિષ્ટાન્ન આરોગી લ્યો કે જેથી ફરી પૌદ્ગલિક મિષ્ટાન્ન આરોગવા ન પડે. જે આત્મા આવું સમજે તેણે સાચી દિવાળી ઉજવી કહેવાય. બંધુઓ !

મનુષ્ય જીવનની એકેક પળ કેટલી કિંમતી છે. સમય એ મનુષ્યજીવનનું અમૂલ્ય ધન છે. સમય એ જીવનનો અમૂલ્ય ખજાનો છે. જે મનુષ્ય એક ક્ષણની કિંમત નથી સમજતો તે હજારો ક્ષણોને ગુમાવી દે છે. સમય કોઈની રાહ જોતો નથી.

સમયને ઓળખો–અઢાર દેશના રાજાઓને મન સમયની કેટલી કિંમત હતી, તેઓ બધા ખાવા–પીવાનું છોડી ભગવાનની પાસે છઠ્ઠ પૌષધ કરીને બેસી ગયા હતાં. નિવૃત્તિ માટે તપ કર્યો હતો. તમને જેટલો સંસારનો રસ છે એનાથી અનંત ગણો રસ તેમને ભગવાનની વાણી સાંભળવાનો હતો. કારણ કે ફરીને પ્રભુની વાણી સાંભળવા મળવાની ન હતી. માટે જેટલો લાભ લેવાય તેટલો લઇ લઇએ. આવેલા અવસરનો લાભ લઇ લઈએ. જે મનુષ્ય અવસરને ઓળખે છે તેનું જીવન ધન્ય બને છે. સાધન તો બધાને સરખું પ્રાપ્ત થયું છે પણ ઉપયોગ કરતાં આવડવો જોઇએ. એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક રાજાનો કુમાર અને બે વણિકના પુત્રો આ ત્રણે એક જ સ્કૂલમાં સાથે ભણતા હતાં. ત્રણે જણ વચ્ચે મિત્રતા ખૂબ હતી. દુનિયામાં મોટાઓની સાથે મિત્રતા પણ જલ્દી થાય છે. ધનવાન ગરીબનો મિત્ર બને એવું ઓછું જોવા મળે છે. રાજકુમાર તો રાજાનો પુત્ર હતો. અને વણિક પુત્રો પણ શ્રીમંતના પુત્રો હતાં. એટલે એ ત્રણેમાં ગાઢ દોસ્તી જામી ગઇ. પણ ત્રણે જણા ભણી રહયા એટલે બે વણિક પુત્રોએ વિચાર કર્યો કે રાજાના પુત્રની દોસ્તી વધુ કરવામાં માલ નહિ. માટે આપણે તેની દોસ્તી ઓછી કરી નાખવી સારી. એટલે આ બે જણાએ રાજકુમાર પાસે જવા આવવાનું ઓછું કરી નાંખ્યું. રાજકુમારને વિચાર થયો કે આ લોકો મારાથી દૂર ને દૂર કેમ રહે છે? ભણતાં હતાં ત્યારે એમને મારા પ્રત્યે કેટલો પ્રેમ હતો! અને આમ કેમ બન્યું?

એક દિવસ રાજકુમારે બંને મિત્રોને ખૂબ આગ્રહ કરીને બોલાવ્યા. ત્રણે જણાં બગીચામાં જઈને બેઠાં છે. ત્યારે રાજકુમાર પૂછે છે મિત્રો! તમે હવે મારાથી દૂર ને દૂર કેમ રહો છો? શું આપણે ભણતાં હતાં ત્યાં સુધી જ મિત્રો હતાં? હવે આપણે મિત્ર નથી? શેઠના પુત્રો કહે છે કુમાર! આપનો મૈત્રી ભાવ ખૂબ પ્રશંસનીય છે. પણ આપ તો રાજાના પુત્ર છો અને અમે વણિકપુત્ર છીએ. આપણે હવે ભણી રહયાં એટલે અમારે તો દુકાને બેસવાનું અને તમે રાજ્યગાદીએ બેસશો. અમે તમારી પ્રજા બનીશું, પછી આપ ફરમાન કરશો અને અમારે આપનું ફરમાન શિર ઝુકાવીને મસ્તકે ચઢાવવું પડશે. એટલે અમારી અને આપની દોસ્તી કયાં સુધી ટકશે? દોસ્તી હમેંશા બરાબરમાં શોભે. આમ વિચારી અમે આપની સાથેની મિત્રતા ઓછી કરવા માંડી છે.

રાજકુમાર કહે છે ભાઈ! રાજ્યગાદી મળતાં બદલાઈ જાય એ બીજા. હું ન બદલાઉં. અને હું રાજા બનીશ ત્યારની વાત ત્યારે છે. પણ એમાં આપણી મૈત્રી શા માટે તોડવી જોઇએ? તમે મારા મિત્ર બનીને રહેશો તો તમે પણ મારી સાથે રાજા બનશો. વણિક-

પુત્રો કહે છે. તમારી વાત એવી જ છે તો હવે અમે આપની મિત્રતા તોડીશું નહિ પણ જરૂર પડે ત્યારે અમને રાજા બનાવજો. રાજકુમારે વચન આપ્યું કે જ્યારે હું રાજા બનીશ ત્યારે તમને એક વાર પણ રાજા બનાવીશ. સમય-સમયનું કાર્ય કર્યે જ જાય છે. સમય જતાં રાજકુમાર રાજા બન્યો. અને વણિક પુત્રો મોટા વહેપારી બની ગયા. પણ એવું બન્યું છે કે બે વહેપારીમાંથી એકની ભાગ્યદશા પલટાતાં દુકાનમાં મોટી ખોટ આવી. વહેપાર પડી ભાંગ્યો. દેણું ખૂબ વધી ગયું. લેણદારો સતાવવા લાગ્યાં. વહેપાર કરવા ખૂબ પ્રયત્નો કર્યા પણ પૈસા વિના શું કરે ? દુઃખના વખતમાં રાજકુમારે આપેલું વચન તેને યાદ આવ્યું. એ વચનનો લાભ લેવાની તક આવી છે.

વણિક રાજા પાસે આવ્યો. બધી વાત કરી. રાજાએ કહ્યું. તમારે જે મદદ જોઇતી હોય તે આપવા તૈયાર છું. ત્યારે વણિક કહે છે આપે અમને પેલા બગીચામાં એક વખત રાજ્ય આપવાનું વચન આપ્યું હતું તે યાદ છે ને ? રાજકુમારને પોતાનું વચન યાદ આવ્યું. પણ રાજ્ય આપવાની વાત સાંભળી ચિંતામાં પડી ગયો. છતાં સાવધાન થઇને બોલ્યો કે હું તમને એક પ્રહર (પહોર) માટે રાજા બનાવું છું. આમ કહી રાજાએ વણિકમિત્રને એક પ્રહર માટે રાજા બનાવવાનો પોતાના સેવકોને હુકમ કરી પોતે પોતાના મહેલમાં ચાલ્યો ગયો. ત્યારે વણિક કૂદકો મારીને સિંહાસને બેસી ગયો. મંત્રીઓએ કહ્યું કે રાજ્યાભિષેકની વિધિ કરવા દો. રાજાને યોગ્ય વસ્ત્રાભૂષણો પહેરો, પછી સિંહાસને બેસશો તો આ સિંહાસન શોભી ઉઠશે.

વણિકપુત્ર કહે છે એક પ્રહર રાજ્ય કરવું તેમાં વસ્ત્રાભૂષણ અને રાજ્યાભિષેકની શી જરૂર છે ? બસ, હું તો રાજ્ય સિંહાસને બેઠો એટલે રાજા બની ચૂક્યો. એણે તો સેવકોને હુકમ કરવા માંડયા કે આટલા રૂપિયા, આટલું ઝવેરાત મારે ઘેર મોકલી દો. લેણદારોને કહેવડાવી દીધું કે જેનું જેટલું લેણું હોય તે અત્યારેજ લઈ જાવ. કારણ કે હું રાજા બન્યો છું. એણે લેણદારોનું લેણું ચૂકવી દીધું. ગરીબ અને ભિખારીઓ આવ્યા તેમને ધન આપી સંતુષ્ટ કર્યા. નોકરો અને રાજકર્મચારીઓનો પગાર બમણો કરી દીધો. અને ગામમાં જાહેરાત કરાવી કે જેને જે જોઇએ તે લઈ જાવ. ગામમાંથી ઘણાં માણસો આવ્યાં. દેવાય તેટલું દાન કરી દીધું. આમ એક પ્રહર પૂરો થતાં પહેલાં તો એ સિંહાસનેથી નીચે ઉતરી ગયો. અને સેવકોને કહ્યું કે હવે હું મારે ઘેર જાઉં છું. આમ કહી ગરીબોના આશીર્વાદ લેતો હર્ષનાદ સાથે પોતાને ઘેર ચાલ્યો ગયો. અને ખૂબ બાદશાહીથી રહેવા લાગ્યો. તેણે એક પહોરમાં રાજાનો ખજાનો ખાલી કરી નાંખ્યો. અને કોડોની સંપત્તિ પોતાને ઘેર લાવ્યો.

આ વાતને ઘણો સમય વીત્યા બાદ બીજા વણિકમિત્રને પણ વહેપારમાં ખોટ આવી. તે પણ પોતાના મિત્રની જેમ રાજા પાસે ગયો. અને પોતાને આપેલા વચનની યાદ

આપી. પોતે આપેલા વચન પ્રમાણે રાજાએ તેને પણ એક પહોર માટે રાજા બનાવવાનો સેવકોને હુકમ કર્યો. આ વણિક વિચારવા લાગ્યો કે રાજા બનવું તો ઠાઠમાઠથી બનવું અને રાજશાહી પોશાક પહેરીને સિંહાસને બેસું તો એમ લાગે કે હું રાજા બન્યો છું. એટલે તેણે પહેલાં હજામને બોલાવ્યો. શરીરે મર્દન કરાવ્યું. આ બધું કરીને સ્નાન કર્યું. પછી રાજપોશાક તથા આભૂષણો મંગાવ્યા. સેવકોએ સુંદર વસ્ત્રો અને આભૂષણોનો એની સામે ઢગલો કરી દીધો. આ જોઇને વણિક તો મૂંઝવણમાં પડયો કે કયો કયો પોશાક પહેરું ? અને કયો ન પહેરું ? આ સારો છે પણ બીજો એનાથી વધુ સારો છે અને પેલો તો એનાથી પણ વધુ ચઢિયાતો છે. આમ પોશાકની પસંદગીમાં એનો ઘણો સમય વીતી ગયો. છેવટે એક મનગમતો પોશાક પહેરીને સિંહાસને બેઠો ત્યાં પ્રધાને ઘંટડી વગાડીને જાહેર કર્યું. "આપનો એક પહોર પૂરો થઈ ગયો છે, માટે તમે રાજ પોશાક ઉતારી નાંખો."

પેલો રાજા બનેલો વણિક બોલ્યો : અરે ભાઇ ! હું તો હમણાં જ સિંહાસને બેઠો છું. મેં તો હજુ કંઈ હુકમ પણ છોડયો નથી. અને મને શેના ઉતારી મૂકો છો ? પ્રધાને કહ્યું : એ બધો તમારે પહેલાં જ વિચાર કરવો જોઇએ. તમે તો સ્નાન કરવામાં અને શણગાર સજવામાં જ રહી ગયાં. તમારો મિત્ર તો એવું કંઈ જ કર્યા વિના ઝટ દઈને સિંહાસન પર ચઢી બેઠો હતો. તેણે તો ક્ષણવારનો વિલંબ કર્યો ન હતો. આ દરમ્યાન જે માંગવાવાળા આવ્યાં તેમના માટે નોકરોને આજ્ઞા આપી કે આમને જોડા મારો. મારી પાસે શું છે તે માંગવા આવ્યા છો ? ખાલી મારી પાસે માંગીને આબરૂ લો છો ! ભાગો અહીંથી. હું તો ખાલી મોજ માટે રાજા બન્યો છું. તમારા માટે નહિ, એમ કહી સિંહાસનેથી ઉતરી રાજપોષાક ઉતારી ઘેર જવા પાછો ફર્યો. ત્યારે રસ્તામાં એને પણ જૂતિયાનો માર આવો પડયો. ચારે બાજુથી લેણીયાતો ઘેરી વળ્યાં અને કહ્યું: બોલો, રાજ્યના ખજાનામાંથી શું લાવ્યા છો ? અમારી લેણી રકમ ચૂકતે કરો. તમે એક પ્રહર માટે રાજા બનીને શું કર્યું ? પેલો બિચારો ખૂબ પસ્તાવો કરવા લાગ્યો. માંડ માંડ લેણીયાતોમાંથી છૂટયો.

દેવાનુપ્રિયો ! આ દૃષ્ટાંતદ્વારા એ સાર ગ્રહણ કરવાનો છે કે સમય કેટલો કિંમતી છે ! બંને મિત્રોને એક એક પ્રહરનું રાજ્ય મળ્યું, પણ પહેલા મિત્રે શણગાર અને સ્નાનમાં સમય નહિ ગુમાવતાં સમયને ઓળખી સદુપયોગ કર્યો. તેથી તે મહાન ધનવાન બની ગયો. કરજથી મુક્ત થયો અને બીજાએ સ્નાન કરવામાં અને શણગાર સજવામાં જ સમય ગુમાવ્યો. પરિણામે નિર્ધન અને દેવાદાર જ રહ્યો. મનમાં ઘણો પસ્તાવો થયો પણ સમય વીત્યા પછી પસ્તાવો કરવો બેકાર છે. તમે પણ આ મનુષ્યભવના મોંઘેરા અવસરને બાજપીઠામાં, સારાં વસ્ત્રો પહેરી ફક્કડ થઈને ફરવામાં જ ગુમાવી દેશો તો કર્મના કરજથી મુક્ત નહિ બનો. અને આત્માની શાશ્વત લક્ષ્મી પણ નહિ મેળવી શકો. પરિણામે

દુર્ગતિમાં જઈ કર્મો ભોગવવા રૂપ બુત્તાનો માર બાવો મારશે. માટે સચેતનને ભગાડને ભગાવેલા રહે ચાલો.

આપણો દરરોજનો ચાલુ અધિકાર ઉત્તરાધ્યયન સૂત્રમાંનો છે. એ પ્રભુની અંતિમ વાણી છે. માટે આજે તો એને ખાસ યાદ કરવી જ જોઈએ. ઈષુકાર રાજાની કમલાવંતી રાણી ખૂબ ધર્મિષ્ઠ હતી. એણે નગરમાં ધૂળ ઉડતી જોઈને પોતાની દાસીને પૂછયું. અને દાસીએ રાણીને કહ્યું–હે મહારાણી સાહેબ! આપણા નગરમાં ભૃગુ પુરોહિત, એની પત્ની અને એના બે પુત્રો એ ચાર જીવો છતી ઋદ્ધિને છાંડીને દીક્ષા લેવા નીકળી ગયા છે. અને તેમની લક્ષ્મી આપણા રાજ્યમાં ગાડા ભરીને લાવે છે. તેની આ ધૂળ ઉડે છે. જો તમે કહો તો હું એ ગાડા આપના મહેલે જ ઉભા રાખું. ત્યારે રાણી શું કહે છે:–

વચન સુણીને માથું ધુણાવ્યું, બ્રાહ્મણ પામ્યો વૈરાગ્ય,
તેની ઋદ્ધિ લેવી જુગતી નથી, રાજાના મોટા છે ભાગ્ય,
સાંભળ હો દાસી, તેની ઋદ્ધિ લેવી જુગતી નહિ.

દાસીની વાત સાંભળી કમલાવંતીરાણીએ માથું ધૂણાવ્યું. અને કહ્યું. હે દાસી! ચાર દિવસની ચાંદની જેવી, અનેક અનર્થો ઉભા કરનારી, આત્મ કલ્યાણમાં આડે આવનારી, કલેશ અને કંકાસનું ઘર એવી લક્ષ્મી આપણાથી કેમ લેવાય? મને આ વાત ગમતી નથી. આ કમલાવતીના રાજ્યમાં લક્ષ્મી આવે છે તો પણ એને ન ગમ્યું. બરાબર છે ને? (હસાહસ). સમજો. લક્ષ્મીને એક દિવસ છોડવાની છે. એનો મોહ ન રાખો.

આજે પ્રભુ મહાવીરના નિર્વાણ દિવસે ભોજશોખ છોડી, હરવા ફરવાનું છોડી ધર્મધ્યાન કરજો. ફટાકડા ફોડવાની પ્રતિજ્ઞા કરજો. રાત્રિ ભોજનનો ત્યાગ, આજે પ્રતિક્રમણ કરવું. રાત્રે નવકારવાળી ગણવી. બ્રહ્મચર્યનું પાલન કરવું આદિ કંઈક ને કંઈક ધર્મધ્યાન કરશો તો જ સાચી દિવાળી ઉજવી કહેવાશે.

વ્યાખ્યાન નં.....૧૦૨

કારતક સુદ ૨ ને શનિવાર તા. ૩૧–૧૦–૭૦

શાસ્ત્રકાર ભગવંતે આ માનવભવને વખાણ્યો છે. શા માટે? આત્મસાધના આ માનવભવમાં ને મનુષ્યલોકમાં થઈ શકે છે માટે. પણ સ્વર્ગમાં આત્મકલ્યાણ થઈ શકતું

નથી. સ્વર્ગનું વર્ણન સાંભળો ત્યારે તમે લલચાઈ જાવ છો. કેમ ખરું ને ? પણ ભાંખોડિયા! હું તમને પૂછું છું કે તમારું રાજકોટ મોટું છે કે સ્વર્ગ ? તમે કદાચ સ્વર્ગને મોટું કહેશો, પણ રાજકોટમાં જે ધર્મજાગૃતિ થઈ રહી છે તેવી ધર્મજાગૃતિ સ્વર્ગમાં હોઈ શકે નહિ. ત્યાં સંત-સતીજીઓ પણ ન મળી શકે. પણ રાજકોટમાં તો ઘણાં સતીજીઓ બિરાજમાન છે અને આનંદ મંગળ વર્તાઈ રહ્યો છે. આવી સ્થિતિમાં સ્વર્ગને મોટું કેમ કહી શકાય ? આ વિષયને સમજાવવા માટે એક ભક્તિનું દૃષ્ટાંત આપું છું.

કહેવામાં આવે છે કે એક વાર ગોપીઓની ભક્તિથી પ્રસન્ન થઈ ઈન્દ્રે તેમને સ્વર્ગમાં લાવવા માટે વિમાન મોકલ્યું. અને કહેવડાવ્યું કે " તમે નંદલાલની બહુ ભક્તિ કરી છે માટે ચાલો. તમને સ્વર્ગમાં રાખશે. આના ઉત્તરમાં ગોપીઓએ શું કહ્યું તે ભક્તોની વાણીમાં જ કહું છું.

"વ્રજ બ્હાલું મારે વૈકુંઠ નથી જાવું, ત્યાં નંદનો લાલ ક્યાંથી લાવું ?"....વ્રજ.

ગોપીઓએ કહ્યું કે અમને સ્વર્ગની વાત ન કરો. અમને તો વ્રજ પ્રિય છે. આ સાંભળી વિમાન લાવનારાઓએ કહ્યું કે " શું તમે બધા ગાંડા થઈ ગયા છો ? તમે એટલો તો વિચાર કરો કે કયાં સ્વર્ગ અને કયાં આ વ્રજ ! જો અહીં દુષ્કાળ પડે તો તણખલું પણ ન મળે. આ સિવાય અહીં સિંહ, વાઘ આદિનો ભય છે, અનેક પ્રકારના રોગો છે અને મરણનો ભય હંમેશાં રહ્યા કરે છે. પણ સ્વર્ગમાં તો દરેક રીતે આનંદ જ છે. ત્યાં રત્નોના મહેલ છે. અને કેવળ ઈચ્છા કરવા માત્રથી જ પેટ ભરાઈ જાય છે. ભોજન કરવાની પણ જરૂર રહેતી નથી, અને જીવન સુખપૂર્વક વ્યતીત થાય છે. આમ હોવા છતાં તમે સ્વર્ગમાં આવવા કેમ ચાહતા નથી અને વ્રજમાં રહેવાનું કેમ પસંદ કરો છો ? ગોપીઓએ કહ્યું-અમે કાંઈ ગાંડા થઈ ગયા નથી. પણ તમે જ ગાંડા થઈ ગયા હો એમ લાગે છે. એ તો કહો કે તમે શા કારણે અમને વિમાન લઈ તેડવા આવ્યા છો ? હવે તમે જ વિચારો કે જે ભક્તિના કારણે તમે અમને સ્વર્ગમાં લઈ જવા આવ્યા છો તે ભક્તિ સ્વર્ગ કરતાં કેટલી બધી ચડિયાતી છે ? તો એ ભક્તિને છોડી અમે સ્વર્ગમાં શા માટે આવીએ ? અમે અમારી ભક્તિનો વિક્રય કરવા ખુશી નથી. તમે સ્વર્ગને વ્રજથી ચડિયાતું માનો છો પણ જો એમ જ હોય તો નંદલાલનો જન્મ ત્યાં ન થતાં અહીં કેમ થયો ?

ગોપીઓનો આવો સુંદર જવાબ સાંભળી દેવો ચુપ થઈ ગયા અને કહેવા લાગ્યા, કે અમારું સ્વર્ગ વ્રજની આગળ કાંઈ વિસાતમાં નથી. તમારી શ્રદ્ધા અને ભક્તિને ધન્ય છે. અમારું શરીર તો રૂપરંગે સુંદર છે પણ શા કામનું ? તમારા જેવી ભક્તિ આ શરીરમાં નથી. તમે પણ સ્વર્ગને શ્રેષ્ઠ માનતા હો તો શું ત્યાં સાધુ કે શ્રાવક મળી શકે ખરા ? શું ત્યાં કોઈ તીર્થંકર થયા છે ? આ બધી દૃષ્ટિએ વિચારો તો રાજકોટનું મહત્વ કેટલું છે તે જણાશે. અહીં રહેતાં ધર્મની જેવી અને જેટલી સાધના તમો કરી

શકો છો અને સમજી શકો છો તેવી અને તેટલી ધર્મની સાધના તમે સ્વર્ગમાં કરી શકો નહિ તેમ સમજી પણ શકો નહિ.

મુસલમાનોના કુરાનમાં કહ્યું છે કે 'જ્યારે અલ્લાએ આ દુનિયાને બનાવી લીધી ત્યારે ફિરસ્તાઓને બોલાવીને કહ્યું કે 'તમે ઇન્સાનની પ્રાર્થના અને બંદગી કરો.' આ આજ્ઞા પ્રમાણે બીજા ફિરસ્તાઓએ તો ઇન્સાનની બંદગી કરી પણ એક ફિરસ્તાએ આજ્ઞા માની નહિ અને તેણે અલ્લાને કહ્યું કે "આપ એવી કેમ આજ્ઞા આપો છો? ક્યાં અમે ફિરસ્તા અને ક્યાં આ ઇન્સાન! અમે ફિરસ્તા થઇ ઇન્સાનની બંદગી કેમ કરી શકીએ? ઇન્સાન 'ખાક'નો બનેલો છે. અને અમે 'પાક' છીએ. આ પ્રમાણે કહી તેણે અલ્લાનું કહ્યું ન માન્યું, એટલે અલ્લા મિયાંએ તેને ખૂબ ઠપકો આપ્યો.

આ ઉપરથી વિચારવા જેવી વાત એ છે કે જ્યારે ફિરસ્તાઓ પણ ઇન્સાનની બંદગી કરે છે ત્યારે મોટું કોણ? ફિરસ્તા કે ઇન્સાન! આમ હોવા છતાં તમે સ્વર્ગની ઇચ્છા શા માટે કરો છો? આ રાજકોટ સ્વર્ગથી પણ ચડિયાતું છે. અહીંની ભૂમિ જેવી આનંદ મંગળ આપનારી છે તેવી સ્વર્ગની ભૂમિ નથી. અને ધર્મની સાધના જેવી અહીં થઈ શકે છે તેવી ધર્મની સાધના સ્વર્ગમાં થઈ શકતી નથી. માટે નંદનવન કરતાં ધર્મની સાધના કરવાનું આ સ્થાન ચડીયાતું છે. દેવો પણ આવા સ્થાનની ઇચ્છા કરે છે. અહીંના આત્માર્થી જીવો ત્યાંની ઇચ્છા રાખતા નથી.

તેઓ તો કહે છે કે અમે સ્વર્ગની ઇચ્છા કરી અમારી ભક્તિનું વેચાણ કરવા ઇચ્છતા નથી. આમ જ્યારે જેને માનવભવની કિંમત સમજાશે ત્યારે તેના અંતરમાં ધર્મ રૂચશે. ધર્મ રૂચ્યા પછી તે પોતાના સંતાનોને ધર્મના માર્ગે વાળી શકશે. અને તેને મન, ધન કરતાં પણ ધર્મની કિંમત વધુ થશે. પુત્ર કરતાં પરમેશ્વર વહાલા લાગશે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક શ્રાવક ખૂબ ધનવાન હતો. ધનની સાથે ધર્મ પણ તેને વરેલો હતો. ધર્મ એનો પ્રાણ હતો. તેની પત્નિ પણ ધર્મના રંગે રંગાઇ હતી. તેમને એક પુત્ર હતો. બાલપણથી પુત્રને એવા સંસ્કાર આપતાં હતાં કે દરરોજ સંતના દર્શન કરવા. ગામમાં સંત બિરાજમાન હોય ત્યારે દરરોજ પુત્રને સંતદર્શન કરવા મોકલતાં. દર્શન કરીને આવ્યા પછી જ એને દૂધ પીવા આપવું એવો માતાનો નિયમ હતો. ધીમે ધીમે છોકરો મોટો થયો. મેટ્રિક પાસ થયો ત્યાં સુધી વાંધો ન આવ્યો. પણ જ્યાં કૉલેજના પગથિયાં ચઢયો ત્યારથી પુત્રના સંસ્કાર બગડવા લાગ્યા. ધર્મને ઢંબક માનવા લાગ્યો. માતાને કહે છેઃ હવે હું સાધુના દર્શન કરવા નહિ જઉં. મને એ સાધુઓ પ્રત્યે રૂચી નથી. મને એમાં કંઈ જ આનંદ આવતો નથી. માટે હું ઉપાશ્રયે જવાનો નથી.

સાંજ પડતાં શેઠ ઘેર આવ્યાં. શેઠાણીએ પુત્ર સંબંધી વાત કરી. એટલે પુત્રને પાસે બોલાવી પૂછયું. પુત્રે પોતાના વિચારોની રજુઆત કરી, એટલે પિતાએ સ્પષ્ટ શબ્દોમાં પુત્રને કહી દીધું કે જો તને ધર્મ હંબક લાગતો હોય, ગુરૂ તને ગમતા ન હોય તો તું આજથી મારા ઘરમાં રહેવાને હકદાર નથી. તું અત્યારે ને અત્યારે અહીંથી ચાલતો થઈ જા. આજના શિક્ષણનું પરિણામ આ જ હોય તો તને ભણાવીને હું ભાન ભૂલ્યો છું. જેને દેવ-ગુરૂ અને ધર્મ ગમતાં નથી તે ત્રણકાળમાં માનવ બની શકતો નથી.

આજના યુવાન છોકરાઓ મા-બાપનું એક પણ વચન સાંખી શકતા નથી. આ છોકરાએ પણ ઝનૂનમાં આવીને ચાલવા માંડયું. એકનો એક દિકરો હતો. બાપ તો અડગ રહ્યો, પણ માતા તો ખૂબ રડવા લાગી. રખે મારો પુત્ર ઝેર ખાઇને મરી જશે, કૂવામાં પડી જશે. તો છતે દિકરે દિકરા વિનાના બની જઈશું. શેઠે પત્નીને પણ સાફ શબ્દોમાં કહી દીધું કે આવા ઉદ્ધત છોકરા ઉપર પણ જો તને લાગણી વરસતી હોય તો તું પણ તારા પિયર ભેગી થઈ જા. હું મારું સંભાળી લઇશ. એટલે પત્ની શાંત બની ગઈ. છોકરો ભાગી ગયો. તેને ગયાને ત્રણ-ચાર દિવસ થયા પણ કોઇ શોધવા ન આવ્યું. આજે છોકરો રીસાઇને નાસી જાય તો તો તમે છાપામાં આપો છો ને કે બેટા! તું જ્યાં ગયો હોય ત્યાંથી તરત પાછો આવ. તારા જવાથી તારા માતા પિતાને ઘણું દુઃખ લાગ્યું છે. બાતા-પિતા પણ નથી. ભાગી જનારો પણ રોજ છાપું જોતો હોય છે. આ છોકરો પણ છાપું જોવા લાગ્યો. પણ એના બાપે તો આવું કંઈ જ ન લખતાં એમ લખ્યું કે-બેટા! તું જ્યાં હોય ત્યાં સુખી થજે. તારા જેવા ધર્મહીન પુત્રના જવાથી મારા ઘરમાં ખૂબ શાંતિ છે. જ્યારે તને દેવ-ગુરૂ અને ધર્મ ગમે ત્યારે ખુશીથી ઘેર આવજે, તારે માટે ઘરનાં બારણાં ખુલ્લાં છે. આ સમાચાર વાંચી છોકરો ઢીલો થઇ ગયો. એ માનતો હતો કે હું જતો રહીશ તો મારા મા-બાપ મારી પાછળ કંઇક કરશે. પણ એને બદલે ઉલ્ટું જ થયું!

અંતે છોકરો અડવાડિયું થતાં જ્યાં ત્યાં રખડીને વીલે મોઢે ઘેર આવ્યો. નિત્ય-નિયમ પ્રમાણે સંતદર્શન આદિ ધાર્મિક ક્રિયા શરૂ કરી દીધી. એટલે પિતાએ એને એટલા જ ઉમળકાથી વધાવી લીધો. એના બાપે તિરસ્કાર નહોતો કર્યો. પણ એના કુસંસ્કારો કાઢવા માટે પિતાએ એનો અનાદર કર્યો હતો. છેવટનું પરિણામ એ આવ્યું કે પુત્ર ખૂબ ધર્મિષ્ઠ બન્યો. ગૃહસ્થાશ્રમમાં રહીને પણ આદર્શ જીવન જીવી ગયો. પિતાની શુભ પ્રેરણાથી એના જીવનનું યૌવન પાપના કાજળથી કલંકિત ન બન્યું. દીન-દુઃખી જોઈને એના દિલમાં દયાના ઝરણાં વહેવા લાગ્યાં.

દેવાનુપ્રિયો! પુત્રના પિતા બનો તો આવા બનજો. તમારા સંતાનોને ધર્મ પમાડવા માટે થાય તેટલું કરી છૂટજો. દિકરો ભાગી જશે તો ત્યાં એનું કોણ? એવી દયા ન કરશો,

પણ એ ધર્મ નહિ પામે તો પાપ કરશે, અને પરભવમાં પાપ ભોગવતાં એની કેવી દશા થશે? એવી દયા લાવજો. તમે ભગવાન મહાવીરના સંતાન છો. એ આપણા પરમ પિતા પ્રભુ મહાવીરની દુનિયાના સમગ્ર જીવો પ્રત્યે કેવી કરૂણા દૃષ્ટિ હતી કે આખા વિશ્વનું હું કલ્યાણ કરું. બધા જીવો જન્મ-જરા અને મરણના દુઃખોમાંથી મુક્ત થાય અને શિવરમણીને વરે. આવી મહાન કરૂણા-ભાવનાએ એમને ભગવાન (મહાવીર) બનાવ્યા હતાં. આજે જગત ઉપર નજર કરીએ તો કયાંય કરૂણાનું અમી દેખાતું નથી. મનુષ્યની આંખોમાંથી ક્રોધ-ઈર્ષ્યા અને તિરસ્કારની આગ ઝરતી દેખાય છે. આજે જીવ જીવને ચાહતો નથી. શ્રીમંતોને ગરીબો ઉપર ધિક્કાર છૂટે છે. સત્તાધારીઓ પ્રજાને ચારે તરફથી પીડી રહ્યાં છે. આવી પરિસ્થિતિમાં માણસ સુખ કે શાંતિનો અનુભવ કયાંથી કરી શકે?

એક જમાનો એવો હતો કે ધર્મિષ્ઠ માણસો સવારમાં ઉઠીને પહેલાં મોંમાં દાતણ નાંખતા નહિ. પણ ભગવાનની પ્રાર્થના કરતા. કંઈક માતાઓ રોટલા બનાવતાં પહેલાં સૌથી પહેલો રોટલો બનાવીને કૂતરા માટે જુદો મૂકી દેતી. શ્રીમંતો બારે માસ માટે સદાવ્રત ખોલતાં. પાંજરાપોળોમાં લૂલાં-લંગડાં અને વસૂકી ગયેલાં અનાથ ઢોરોને પોષવામાં મદદ કરતાં. ગરીબોને ગુપ્તદાન કાયમ આપતાં. આ હતી શ્રાવકોની કરૂણા. આજે તો ઉઠીને ભગવાનનું નામ પણ ભૂલી ગયાં, અને સવારના પહોરમાં ન્યુઝપેપર. બસ, તેમાં ચાર કથા સિવાય બીજું શું છે! બંધુઓ! સવારમાં ઉઠીને સંતદર્શન કરવા, પ્રભુની પ્રાર્થના કરવી, સંતના મુખેથી વરસતી વીરવાણીનું પાન કરવું, સંતોની કરૂણતા તો શ્રાવકોની કરૂણતા કરતાં પણ વિશિષ્ટ પ્રકારની છે. જગતના કલ્યાણ માટે જ સંતોનું જીવન છે. સંતોની સાધના સો ટકાની હોય ત્યારે એ સાધનાને શિર ઝૂકાવતા શ્રાવકોના જીવનમાં પાંચ ટકા જેટલો ત્યાગ આવે, તપ પ્રગટે અને કરૂણાનું એકાદ મોજું તો આવી જાય.

એક વખત એક સંન્યાસીના પગે ગુમડું થયું. તે પાકી જવાથી ખૂબ રસી થઈ ગઇ. સંન્યાસીને દેહ પ્રત્યે જરા પણ મમતા ન હતી, છેવટે ગુમડાની રસીમાં કલકલ જીવાત થઇ ગઇ. એક વખત ગામના દરબાર એ સંન્યાસીના દર્શનાર્થે આવ્યા. તેમણે સંન્યાસીના પગે થયેલું મોટું ગુમડું જોયું. મુખ ઉપર આત્મ મસ્તીનું સરવરીયું છલકાઈ ગયેલું પણ જોયું. દરબારશ્રી મનોમન બોલી ઉઠયા. અહો! કેવા બેફિકર ફકીર છે! હું એમને પૂછીશ તો સેવા કરવાની રજા આપશે નહિ. મારે જ મારું કર્તવ્ય બજાવવાનું રહ્યું.

રાજગઢમાં જઈ ને દરબારે રાજવૈદ્ય બોલાવ્યા, અને પેલા સંતની સેવા કરવા મોકલ્યા. સાંજ પડતાં માંડ માંડ સંતનો પત્તો મળ્યો. તેઓ એકલાં વૃક્ષ નીચે બેઠા હતાં. અને બોલતા હતાં કે તમે શા માટે ગુમડામાંથી નીચે પડો છો? ત્યાં તો મરી જશો. તમારું જીવન મારા ગુમડાની રસીમાં જ છે, માટે જંપીને એમાં જ બેસી રહો

ને! આમ બોલતા સંન્યાસીએ નીચે ખરી પડેલી જીવાતને વીણીને પાછી ગુમડામાં મૂકી દીધી. રાજવૈદ્ય તો આ જોઈ સ્તબ્ધ બની ગયા, પણ દરબારનો હુકમ હતો એટલે પ્રણામ કરીને સેવા આપવાની વાત કરી ત્યારે ખડખડાટ હસતા સંતે કહ્યું–ભાઈ! તું તારા રસ્તે પડ. અમારું કામ અમારા પ્રાણના ભોગે પણ બીજાને જીવાડવાનું છે. રાજવૈદ્ય સંતને વંદન કરી રવાના થઈ ગયો.

દેવાનુપ્રિયો! ત્યાગીની દયા અલૌકિક હોય છે. ત્યાગીની મસ્તી, ત્યાગીનો આનંદ, ઓર હોય છે. પણ તમને હજુ અમારા ત્યાગની મહત્તા સમજાણી નથી, એટલે સંસારમાં બેસી રહ્યાં છો. ભૃગુ પુરોહિત, યશા ભાર્યા અને તેના બે પુત્રોને ત્યાગની મહત્તા સમજાણી હતી. એટલે તેઓ સંયમ લેવા માટે ઘરબાર છોડીને નીકળી ગયા. સામેથી સંતની પાસે ગયા.

ઈષુકાર રાજાની નગરીમાં કોઈ જાતનો ભય ન હતો. ચોર લૂંટારૂની બીક ન હતી. આજની માફક સેલટેક્ષ ને ઈન્કમટેક્ષના લફરા ન હતાં. બારણાં ખુલ્લાં મૂકીને સૂઈ જાય તોય પણ ચિંતા નહિ. મધ્યરાત્રે પણ કોઈ બહેન–દિકરી બહાર નીકળે તો બહારવટીયા પણ એની સામે ઉંચી આંખ કરીને જોતા નહિ. એવા ન્યાયી ઈષુકાર રાજાની છત્રછાયામાં પ્રજા સુખી હતી. રાત્રે પણ પ્રજાજનો ઉંઘી જાય ત્યારે રાજા છૂપા વેશે જોવા નીકળતો કે મારી પ્રજા દુઃખી તો નથી ને? પ્રજા ગમે તેટલી ધનવાન હોય તો પણ રાજા કદી એનો હિસાબ લેતો નથી કે આટલું બધું તમે ક્યાંથી લાવ્યા! કેવી રીતે કમાયા? આજની સરકાર તો તમને ચૂસી રહી છે. સરકારના લફરામાંથી છુટીને ઘેર આવ્યાં એટલે પત્ની–પુત્ર આદિ માખીઓ ચારે બાજુથી ચટકા ભરવા માંડે, કે મારે આ જોઈએ ને તે જોઈએ. બોલો તો ખરા! સુખ ક્યાંય છે ખરું? ઘરમાંય દુઃખ, દુકાનમાં દુઃખ ઘરની ગાડી લઈને બહારગામ જતા હો ત્યારે વનવગડામાં અધવચ્ચ કદાચ લૂંટારા મળ્યા તો ગાડીમાંથી તમને ઉતારી માલમિલકત લૂંટી લે છે. એટલું જ નહિ પણ તમારી ગાડીમાં બેસીને લૂંટનારો રવાના થઈ જાય છે.

હવે કમલાવતી રાણીના પૂછવાથી દાસીએ કહ્યું કે બ્રાહ્મણ તેના કુટુંબ સાથે દીક્ષા લેવા નીકળી ગયો છે. તેની ઋદ્ધિ આપણા રાજ્યમાં આવી રહી છે. એની ઋદ્ધિ કેટલી બધી છે! એ આપને જોવું હોય તો ગાડા અહીં ઉભા રાખું. આ મહારાણી રાજાના ભંડાર ભરવામાં રાજી ન હતી. એને એક વાત સમજાણી હતી કે જો એને ભોગવવા જેવું હોત તો એ બ્રાહ્મણ છોડીને શા માટે ગયો? આ લક્ષ્મીમાં રાચવા જેવું નથી. એટલે એણે માથું ધુણાવીને દાસીને કહ્યું કે, ઈષુકાર રાજા મહાન ભાગ્યવાન છે. એનો ભંડાર ભરપૂર છે તો આવી બ્રાહ્મણની લક્ષ્મી લાવવાની શી જરૂર? રાણી મહાન સતી શિરોમણી છે. કદી મહેલના ઝરૂખેથી તે બહાર દૃષ્ટિ પણ કરતી ન હતી. પણ દાસીની વાત સાંભળી રાણી ઉભી થઈ.

મહેલેથી ઉતર્યા રાણી કમલાવતી, આવ્યા ત્યાંય ઠેઠ હજુર,
સાંભળ હો રાજા, વચન કહે છે ઘણું ચાકરા,
જિમ કોપેથી ચઢીયો બોલે સૂર, સાંભળ હો રાજા,
બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો.

કમલાવતી રાણી મહેલેથી નીચે ઉતરી. એક બાજુ મનમાં એવા પ્રશસ્ત ભાવ છે કે અહો! હું કેવી ભાગ્યશાળી, કેવી પુણ્યવાન છું કે અમારા રાજ્યમાં જેની સંપત્તિની કોઈ સીમા નથી, એવા પુણ્યવાન જીવો વસે છે. અને આવા સુખોને અસાર સમજી છોડીને નીકળી પણ ગયા. જે ગામમાં કે સંઘમાં પ્રબળ પુણ્યનો ઉદય હોય ત્યાં આવા પુણ્યવાન જીવો વસતા હોય છે. રાજકોટ સંઘ ખૂબ પુણ્યવાન છે. જ્યાં કાયમ ખાતે સંત-સતીજીઓ બિરાજમાન હોય, સંઘમાં રામજીભાઈ, દુર્લભજીભાઈ વિગેરેને તો ધર્મ રૂચ્યો છે, પણ એમના યુવાન પુત્રોને પણ ધર્મ રૂચ્યો છે. પરદેશમાં રહેનારા છે, છતાં વ્યાખ્યાનમાં સામાયિક લઇને બેસી જાય છે. તે સિવાય બીજા કંઈક યુવાનો એવા ધર્મના રંગે રંગાયેલા છે કે જેઓ દિવાળીના દિવસે ઉપવાસ કરી ઉપાશ્રયમાં સૂઇ ગયા. રાત્રે નવકારવાળીઓ ગણી. આ મહાન પુણ્યનો ઉદય છે.

ભૌતિક લક્ષ્મીના ઢગ હોય પણ ધર્મ ન હોય તો શું કામનું? ધર્મ જીવને સુખ-દુઃખમાં સમતાવાન બનાવે છે. જેમ ટપાલી રોજ ટપાલ વહેંચવા નીકળે છે તે ટપાલમાં કોઈને ઘેર હર્ષના સમાચાર પણ આવતા હશે કે આજે તમારો માલ ઉંચા ભાવે વેચાણો અને આટલો નફો થયો. આ પત્ર મળતાં જેને ત્યાં પત્ર આવ્યો તેને ખૂબ આનંદ થયો. એ જ ટપાલીએ બીજા કોઇને ત્યાં જઇ પત્ર આપ્યો, તો તેમાં કોઇ અંતરના સગાના શોકજનક સમાચાર હતા. તે વાંચી પત્ર જેને મળ્યો તેને દુઃખ થયું. બંને પત્રો તો ટપાલી જ લાવ્યો. પણ હર્ષના સમાચાર સાંભળી ટપાલીને ન તો હર્ષ થયો અને શોકના સમાચાર સાંભળીને ન શોક થયો. પણ બંને પરિસ્થિતિમાં તેને તો સમભાવ રહ્યો. તેમ જ્યારે આત્મામાં સ્વ-પરનો વિવેક જાગે છે ત્યારે સુખમાં છલકાતો નથી અને દુઃખમાં ઝૂરતો નથી.

રાણી એકદમ નીચે ઉતરી ગઈ. દાસી કહે છે બાઈજી! એકદમ કપડાં પણ બદલાવ્યા વિના ક્યાં જાવ છો? આ કમલાવંતી બહેનોને બહાર જવું હોય તો એમને તૈયાર થતાં ઓછામાં ઓછો કલાક તો થાય. એમને મોઢું ધોવું જોઈએ, માથું ઓળે, પફ-પાવડર લપેડે પછી કપડાં બદલાવે, ત્યારે બહાર નીકળી શકે છે. આ મહારાણી સાદા હતાં. ઇષુકાર મહારાજા સિંહાસને બેઠા છે. સભા ચિક્કાર ભરેલી છે, ત્યાં જેમ રણે ચઢેલો શૂરવીર લાલચોળ થઇને બોલે તેમ રાણી પણ વેગવાન થઈને બોલે છે.

વંતાસિ પુરિસો રાયં, ન સો હોઇ પસંસિઓ।
માહણેણ પરિચ્ચત્તં, ધણં આદાઉ મિચ્છસિ॥ ઉ. અ. ૧૪-૩૮

કમલાવતીરાણી કહે છે હે રાજન્! વમેલું કોણ ખાય? કાગડા ને કૂતરા. ગમે તેવા દૂધપાકને પુરી જમ્યા હો પણ જ્યાં વમન થઈ ગયું ત્યાં એના સામું જોવું ગમતું નથી.

વમ્યા તે આહારની ઈચ્છા કોણ કરે, કરે વળી શ્વાન ને કાગ,
સાંભળ હો રાજા, બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો.

પહેલું જે દાન દીધું હાથશું, તે પાછું લેતાં ન આવે લાજ,
સાંભળ હો રાજા, બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો.

વમેલા આહારમાં કાગડા ને કૂતરા મોઢું નાંખે છે. બીજું તો કોઈ ઇચ્છતું નથી. વમેલાને ગ્રહણ કરનારો પ્રશંસનીય હોતો નથી. તેમ હે રાજા! તમારે અને ભૃગુ પુરોહિતને પૂર્વનો ઋણાનુબંધી સંબંધ હતો. એટલે તમે તેને તમારા હાથે જ મનમાન્યું ધન આપ્યું છે. એટલે તમે તો સંકલ્પથી એ ધનનું વમન કરેલું જ છે. વળી એ વમેલા ધનને બ્રાહ્મણ પણ વમીને ચાલ્યો ગયો. એટલે આ ધન તો ડબલ વખત વમન કરેલું છે. તેને તમે ગ્રહણ કરવાની ઈચ્છા કરો છો, તે આપ જેવા ભદ્ર પુરૂષને માટે જરા પણ યોગ્ય નથી. મારી બહેનો! તમે આ વાત બરાબર ધ્યાનપૂર્વક સાંભળજો. પતિની આજ્ઞા પત્નીને માટે શિરોમાન્ય હોય પણ તમારો પતિ જો ઉન્માર્ગે જતો હોય, વ્યસનોનો ગુલામ બનતો હોય તો તેને સુધારવા માટે કમલાવતી રાણીની જેમ સાચી સિંહણ બનજો. તમે એ વખતે એવો ડર ન રાખશો કે હું મારા પતિને કડક શબ્દો કહું ને તેઓ મને ન બોલાવે તો? નિડર બનીને સાચું ભાન કરાવજો. તો તમે પણ સુખી થશો ને એ પણ સુખી થશે. પછી તમારો સંસાર સ્વર્ગ જેવો બની જશે.

રાણીની વાત સાંભળી રાજાને શંકા થઈ. સૌથી પ્રથમ આશ્ચર્ય તો એ હતું કે રાણી કદી બહાર નીકળતા જ ન હતાં. ઓગણ પડદામાં રહેનારી રાણી ભરસભા વચ્ચે કદી આવે જ નહિ. અને આમ જેમ તેમ ન બોલે. અને આજે રાણી સભામાં આવી, ક્રોધાયમાન થઈ ને આમ કેમ બોલતી હશે? રાણીની વાત સાંભળી રાજા કહે છે.

કાં તો રાણી તને ઝોલો લાગીયો, કાં તો કોઈએ કીધી મતવાળ,
સાંભળ હો રાણી–કાં કોઈ ભૂત વ્યંતરે છળી, કાં કોઈએ કીધી વિકરાળ,
સાંભળ હે રાણી, રાજાને કઠણ વચન નવિ કીજીએ.

હે રાણી! શું તને ઝોલો લાગ્યો છે? શું તું શૂન્ય ચિત્તવાળી થઈ ગઈ છું કે તને કોઈ ભૂત વ્યંતર વળગ્યો છે કે તને કોઈએ ક્રોધાયમાન કરી છે? કે જેથી તું આમ અસભ્ય વચન બોલે છે? તું કદી આવા વચન બોલે તેવી નથી અને આજે રાજસભામાં આવી

પુત્ર મને જ આવા શબ્દો કહે છે તેમાં નક્કી કંઈ કારણ છે. હવે રાણી, રાજાને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૧૦૩

કારતક સુદ ૩ ને રવિવાર તા. ૧-૧૧-૭૦

ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪ મા અધ્યયનમાં જે ૬ જીવોનો અધિકાર ચાલે છે, તેમાં ચાર આત્માઓને આત્મ સ્વરૂપની પીછાણ થતાં એક પછી એક જાગૃત બની સંસારના બંધનોને સુતરના તારની જેમ કાપી નાંખ્યા, સંસાર ત્યાગી સાધુ બની ગયા. અને બે આત્માઓ હવે જાગશે. ભૃગુ પુરોહિતની લક્ષ્મી પોતાના રાજ્યમાં આવતી જોઈ કમલાવતી રાણીને વિચાર આવ્યો છે કે બ્રાહ્મણની છાંડેલી લક્ષ્મી મહારાજા શા માટે લાવે છે? એવી લક્ષ્મી લેગી કરવાની શી જરૂર છે? ધનનો અતિ મોહ આત્માને અધોગતિમાં લઈ જનાર છે.

જે મનુષ્યને આત્મા વિષે શ્રદ્ધા હોય છે તેને જ આત્મોન્નતિનો વિચાર આવે છે. તેનો જ આત્મા જાગે છે. પણ જેને આત્માના સ્વરૂપની પીછાણ નથી તેને આત્મોન્નતિનો વિચાર કયાંથી આવે? તેનો આત્મા કેવી રીતે જાગે? જે માણસ કેવળ જડ વસ્તુઓની મોહકતામાં મગ્ન રહે છે તેનો આત્મા કેવો બળવાન છે એ નહિ સમજાય. જેને આત્માની શક્તિનો ખ્યાલ નથી તે જીવતા છતાં મરેલાં જેવો છે. આજે ઘણું એમ કહે છે કે અમારાથી વીર ભગવાનના કાયદાનું પાલન નહિ થાય. બ્રહ્મચર્ય કેમ પળાય? તપ કેવી રીતે થાય? આ બધું બોલાવનાર દેહભાવ છે. આત્મ-ભાનવાળા આવું કદી નહિ બોલે. ચેતનવંતની વાણીમાં તેજના કિરણો ચમકતા હોય.

આજના માનવીમાં આવી નિર્માલ્યતા આવવાનું કારણ એને બાલપણથી સદ્જ્ઞાનનું સિંચન મળ્યું નથી. આગળના વખતમાં બાળકોના જીવનમાં બાલ્યકાળમાંથી જ સંસ્કારનું સિંચન કરવામાં આવતું હતું. અને આત્મ વિદ્યાનો અભ્યાસ કરાવવામાં આવતો, એ કઈ વિદ્યા? પેટ ભરવાની નહિ, પૈસા લેગા કરવાની નહિ. એ વિદ્યા તો કીડી-મંકોડાને પણ આવડે છે. તે પણ ગળપણ મળે ત્યાં દોડી જાય છે. આમંત્રણની રાહ જોતી નથી. ગળપણની કણીઓ પડી હોય ત્યાં કીડીઓના ઉભરાણ ઉભરાય છે. પણ જ્યાં રાખ નાંખવામાં આવે ત્યાં બધી કીડીઓ ચાલી જાય છે. કારણ કે રસવૃત્તિને પોષવામાં કીડીઓ ચતુર છે. માણસની

વિશિષ્ટતા પેદા કરવાની વિદ્યામાં નથી. પરંતુ એની વિશિષ્ટતા અંધકારમાંથી પ્રકાશમાં લઈ જાય એ વિદ્યા પ્રાપ્ત કરવામાં છે. પ્રાચીનકાળમાં બાળકોના જીવનનું ઘડતર એવી રીતે કરવામાં આવતું કે જેથી એનો આત્મા સદા જાગૃત રહેતો. નિરાશાજનક અને નિર્માલ્ય વાતો એમની પાસે ઉચ્ચારવામાં આવતી નહિ.

રામચંદ્રજી યૌવનને આંગણે રમતાં હતાં. તે સમયે ચીનનું સૈન્ય મિથિલા નગરી પર ચઢી આવ્યું. જનક રાજાએ પોતાના મિત્ર દશરથ રાજા પાસે સહાય માંગી અને કહેવડાવ્યું કે તમારા વીર પુત્ર રામ અને લક્ષ્મણને અમારી વારે મોકલો. દશરથ રાજાના હૃદયમાં આંચકો આવ્યો. મમતાને કારણે વિચારના વંટોળમાં અટવાઈ ગયા. એ જંગલી અને કદાવર માણસો સાથે મારા બાળકો કેવી રીતે લડી શકશે? છતાં એ બોલ્યા નહિ. મનમાં જ વિચાર કરતા હતાં. પણ ચતુર રામ પિતાના અંતરનો આશય સમજી ગયાં. એમણે કહ્યું. પિતાજી! શું નાનું સિંહનું બચ્ચું મોટા હાથીના ગંડસ્થળને ભેદી શકતું નથી?

"બાકર બચ્ચા લાખ લાખે બિચારા, સિંહણ બચ્ચું એક એકે હજારા" વીરતા-ભર્યો ઉત્તર સાંભળતાં જ દશરથ રાજાનો ભ્રમ ટળી ગયો. રામ અને લક્ષ્મણ બંને કુમારો ધનુષ્યબાણ લઈ મિથિલા ઉપડ્યા અને શત્રુઓને હરાવી વિજયપતાકા ફરકાવી ગૌરવપૂર્વક ઘેર આવ્યા.

દેવાનુપ્રિયો! એ વીરતા કયાંથી આવી? એ બહારથી નથી આવી. અંદર જ છે. એને જાગૃત કરવાની જરૂર છે. આત્મામાં અનંત શક્તિ છે. એ ભાન થતાં એ કોઈથી ઝભરાતો નથી. આજે મા-બાપ બાળકને વીર બનાવવાને બદલે કાયર બનાવે છે. બાળક રહેતું હોય કે ઉંઘતું ન હોય તો "જો બાવો આવ્યો, તને પકડી જશે" આવા ભીરુતાભર્યા વાકયો સંભળાવે છે. આથી બાળકના મનમાં એ વાત ઠસી જાય છે. અને તે મોટો થાય છે તો પણ બહારથી બહાદુર દેખાય પણ અંદરથી ડરપોક જ હોય છે. આવો ડરપોક માણસ પોતાના દેશનું રક્ષણ કરી શકતો નથી તો પછી આત્માનું કલ્યાણ તો કેવી રીતે કરી શકે?

આત્મામાં કેટલી તાકાત છે એના પ્રત્યક્ષ પુરાવા તમારી સામે મોજુદ છે. એટમ-બોંબ ભયંકર છે. અને હાઈડ્રોજનબોંબ તો એથી પણ ભયંકર છે. એનામાં સંહાર કરવાની અજબ શક્તિ રહેલી છે. રતલ-દોઢ રતલનો બોંબ લાખો માનવોનો સંહાર કરી શકે છે. ભાઈઓના વિસ્તારને ઉજ્જડ કરી નાંખે છે. એક નાનકડા બોંબમાં આટલી શક્તિ છે પણ એનો શોધનાર તો મનુષ્ય જ છે ને? તો વિચાર કરો. મનુષ્યથી શોધાયેલ વસ્તુમાં આટલી તાકાત છે તો વસ્તુના સર્જક એવા માનવીના આત્મામાં કેટલી શક્તિ હશે? બોંબના શોધનારે તો મહાપાપ એકઠા કર્યાં છે, પણ આત્માની અનંત શક્તિઓને જેણે

જાણી અને એને જોઈ કેન્દ્રિત કરી તેણે પોતાની પ્રભુતા મેળવી. તે જ આત્માઓ સંસારનો પાર પામી ગયા, આનું મુખ્ય કારણ સંસ્કાર હતા.

સંસ્કાર વિનાનો માનવી ગમે તેટલો ધનવાન હોય કે પંડિત હોય, પણ હકીકતમાં તો તે નિર્ધન અને દરિદ્રીજ છે, સંસ્કારનું સિંચન કરનાર જો કોઈ હોય તો તે માતા જ છે. માતાના સંસ્કારથી પવિત્ર થયેલો પુણ્યશાળી આત્મા જ સદ્‌ગુરૂઓનો ઉપદેશ અંતરમાં ઝીલી શકે છે. ઝીલ્યા પછી તેને અપનાવી જીવનને ઉજ્જવળ બનાવવાની લાયકાત કેળવી શકે છે.

આર્યરક્ષિત કુમાર બ્રાહ્મણનો પુત્ર હતો. એની માતાનો આત્મા પવિત્ર હતો. એના જીવનમાં ખૂબ સંસ્કાર હતા. એણે પોતાના પુત્રને કાશીએ ભણવા મોકલ્યો. બાર બાર વર્ષ સુધી કાશીમાં અભ્યાસ કરીને તે બ્રાહ્મણપુત્ર આર્યરક્ષિત કુમાર એક મહાન વિદ્વાન પંડિત બનીને પોતાને ગામ પાછો આવ્યો. આખા ગામની પ્રજાએ અને રાજાએ તેનું ખૂબ પ્રેમથી સ્વાગત કર્યું: આખું ગામ સ્વાગત કરવા આવ્યું છે, પણ પોતાની જન્મદાતા માતા આવી નથી. એ જોઈ આર્યરક્ષિતના મનમાં થયું, મારી માતા કેમ નહિ આવી હોય! દરેકના પ્રેમ કરતાં માતાનો પ્રેમ અલૌકિક હોય છે. બાર બાર વર્ષે હું આવું છું. આખું ગામ મારું સ્વાગત કરવા આવે અને મારી માતા ન આવે તે બને જ નહિ. મારી માતાને શું થયું હશે!

સ્વાગત-સન્માનવિધિ પૂર્ણ થતાં આર્યરક્ષિત કુમાર ઘેર આવ્યો. તો માતા એક ઓરડામાં બેઠી છે. પુત્રના સામું જોઈ હર્ષ દર્શાવતી નથી. માતાનું મુખ જોઈ ગળગળો થઈ માતાના ચરણમાં પડી કહે છે હે માતા! આજે બાર-બાર વર્ષે ભણીને હું આવ્યો, ગામની પ્રજાએ મારું સ્વાગત કર્યું, રાજાએ મને સન્માન આપ્યું, અને તારા મુખ ઉપર સ્હેજ પણ આનંદ કેમ નથી? મને જોઈને તારું મુખડું પણ મલકાતું નથી. તો હું મોટો પંડિત થઈને આવ્યો તે તમને ન ગમ્યું? કે મારી કંઈ ભૂલ થઈ છે. જે હોય તે મને કહો. પુત્રની વાત સાંભળી માતા કહે છે બેટા! તું ઘણું જ્ઞાન મેળવી આવ્યો, પણ એ જ્ઞાન આજીવિકા પૂરતું છે. વળી આ સ્વાગતની ધમાલ જોઈને મને ખાત્રી થઈ ગઈ કે તેં હજુ આત્માનું જ્ઞાન નથી મેળવ્યું. હજુ તું ધર્મમાં પારંગત નથી થયો. તું આત્મજ્ઞાન મેળવે ત્યારે મને આનંદ થાય.

માતા! તારા દિલમાં દુઃખ થતું હોય તો આપ કહો તેમ કરવા તૈયાર છું. તારી કૃપાથી જ હું વિદ્વાન-પંડિત બન્યો છું. હવે તું કહે તેમ કરવા તૈયાર છું. ત્યારે માતા કહે છે બેટા! તારા મામા ભોરીલાચાર્ય પાસે વિદ્યાભ્યાસ કરવા માટે તું જા. માતાની આજ્ઞા એ પુત્રનો પ્રાણ હતો. આજ્ઞા થતાં જ આર્યરક્ષિત, મામા પાસે અભ્યાસ

કરવા પહોંચી ગયો. જ્ઞાન અને વિનયથી યુક્ત આર્યરક્ષિત કુમાર માતાના સંસ્કારથી ખૂબ પવિત્ર બનેલો હતો.

આચાર્ય પાસે જઈને તેમને વિનયપૂર્વક વંદન કરીને કહે છે ગુરૂદેવ! હું આપના ચરણમાં મારું જીવન અર્પણ કરવા તૈયાર છું. પણ મને આત્મજ્ઞાન આપો. થોડા જ વખતમાં આર્યરક્ષિત કુમારે ઘણું જ્ઞાન પ્રાપ્ત કર્યું. અને ધર્મના રંગે રંગાઇ ગયો. જેમ જેમ એ જ્ઞાન ભણતો ગયો તેમ તેમ એને અસાર સંસાર પર વૈરાગ્ય આવ્યો. એક દિવસ તેણે આચાર્યને કહ્યું. ગુરૂદેવ! હું ઘણાં ધર્મશાસ્ત્રો ભણ્યો, પણ જૈનધર્મના જેવું વીતરાગી જ્ઞાન મેં ક્યાંય ન જોયું. વીતરાગવાણી જેવી તાકાત દુનિયાની બીજી કોઈ વાણીમાં નથી. માટે હવે મને આપ દીક્ષા આપો. આર્યરક્ષિતે આચાર્ય પાસે દીક્ષા અંગીકાર કરી. અને એ પણ મોટા જૈનાચાર્ય બન્યા. પુત્રે દીક્ષા લીધી. તેથી માતાને આનંદ થયો કે મારો પુત્ર હવે સાચો જ્ઞાની થયો. અને માતાએ પણ દીક્ષા લીધી.

માતા અને પુત્રે દીક્ષા લીધી ત્યારે એના બાપના મનમાં થયું કે માતા અને પુત્રે દીક્ષા લીધી, હવે હું એકલો સંસારમાં રહીને શું કરું? મારે પણ દીક્ષા લેવી જોઇએ. એમ વિચાર કરી આર્યરક્ષિત મુનિ પાસે જઈ નમન કરીને કહ્યું. મને પણ દીક્ષા આપો. પણ મારાથી જનોઈ, પગરખા અને ધોતીયું નહિ છોડાય. માટે એ ત્રણ વાના રાખવાની છૂટ આપી મને દીક્ષા આપો. આર્યરક્ષિત મુનિએ કહ્યું: જૈન ધર્મ તો સર્વથા ત્યાગને જ માને છે. પગરખા પહેરવાથી જીવોની જતના થઇ શકતી નથી. માટે તમને પગરખા પહેરવાની છૂટ ન આપી શકાય, પણ થોડા કાળ માટે તમને ધોતીયાની છૂટ આપી શકાય.

આખરે એમના પિતાએ દીક્ષા લીધી. તેની પાછળ બીજા ભાઈ-બહેનો વિગેરે કુટુંબીજનોએ પણ દીક્ષા લીધી. એક વખત આર્યરક્ષિતના પિતા (સાધુ)નું ધોતીયું ઢીલું થઇ ગયું. ત્યારે આર્યરક્ષિતજીએ પોતાના બીજા શિષ્યને કહ્યું. ધોતીયાની આ જ ઉપાધિ છે. હવે એમને ચોલપટ્ટો પહેરાવી દો. પછી તો ચોલપટ્ટો. એમને ખૂબ ફાવી ગયો. આમ આખું કુટુંબ દીક્ષિત બની ગયું અને સૌ આત્મસાધના કરી મોક્ષમાર્ગના પંથી બની ગયા. આ બધું બનવામાં મોટો ઉપકાર માતાનો છે. માતાના શુભ અને ધર્મમય સંસ્કારોને લઈને જ આટલા આત્માઓ સંસારને ત્યાગી સાધુ બની ગયા.

જે માતાઓ પોતાના બાળકોને ધર્મના સંસ્કાર આપે તે જ સાચી માતાઓ છે. આજે સંઘ જૈનશાળાઓ ચલાવે છે, પણ માતાઓ એમના સંતાનોને જૈનશાળામાં ભણવા મોકલવા માટે કાળજી રાખે છે? જેટલી કાળજી સ્કૂલના ભણતર માટે રાખે છે તેનાથી અંશ ભાગની કાળજી આત્માના જ્ઞાન માટે નથી રાખતા. એક દિવસ બાળક સ્કૂલે ન જાય તો તમે એને સમજાવીને મોકલો છો, ન સમજે તો ધમકી આપીને પણ

મોકલેા છેા, પણ જૈનશાળાએ ન જાય તેા તેને માટે કંઇ કાળજી રાખેા છેા ? આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે તમને સંસારની જેટલી રઢ લાગી છે તેટલી આત્માની રઢ લાગી નથી.

ચાર આત્માએા પૂર્વ જન્મના સંસ્કારી હતાં. જો કે છએ જીવેા પૂર્વભવમાં સાથે જ રહેલા હતાં. એકબીજાનેા સંબંધ સંકળાયેલેા છે, એટલે એક બીજાના નિમિત્તે વૈરાગ્ય પામ્યા. તેમાં ભૃગુ પુરેાહિત, તેની યશાભાર્યા ને બે પુત્રેાને સંસાર કેવેા લાગ્યેા ?

"सल्लं कामा विसं कामा कामा आसी विसोवमा,
कामे भोए पत्थेमाणा, अकामा जन्ति दोग्गइं ।। उ. अ. ९–५३

જ્ઞાની પુરૂષેાએ સંસારના કામ ભોગોને શલ્ય સમાન કહ્યાં છે, વિષની ઉપમા આપી છે. જે મનુષ્ય એ કામ ભોગોમાં આસક્ત બને છે તે અવશ્ય દુર્ગતિમાં જાય છે. આપણે દુર્ગતિમાં જવું નથી. આત્મ કલ્યાણ માટે જો સર્વ શ્રેષ્ઠ માર્ગ હેાય તેા સંયમ છે. સંયમ વિના ત્રણ કાળમાં આત્માની સિદ્ધિ નથી. એમ સમજી સંસાર ત્યાગી ચાર આત્માએા તેા છતી ઋદ્ધિને છાંડી સાધુ બની ગયા. હવે છ માંથી ઇષુકાર રાજા અને કમલાવતી રાણી બે જ આત્માએા બાકી રહ્યા. તેની જ હવે વાત ચાલે છે. કમલાવતી રાણી ખુદ રાજસભામાં આવી. એનેા આવવાનેા ખાસ ઉદ્દેશ એ હતેા કે આ બ્રાહ્મણનું ધન હજુ રાજાના ભંડારમાં નંખાઇ ગયું નથી ત્યાં સુધી સમજે તેા સમજાવું. ભંડારમાં પડયા પછી છુટવું મુશ્કેલ છે.

રાણી ભરસભા વચ્ચે આવીને કહે છે કે હે રાજન ! તમે વમેલું ખાઇ રહ્યાં છેા. જે વમેલું ગ્રહણ કરે છે તે પ્રશંસાને પાત્ર નથી. ભૃગુ પૂરેાહિતને તમે તમારા હાથે જ ઘણું ધન આપ્યું છે. તમને લક્ષ્મી ઉપરથી કેટલી મમતા છુટી હશે તેા તમે એને દાનમાં આપી ! બંધુઓ ! પરિગ્રહની આસક્તિ ઘટયા વિના દાન દેવાતું નથી. કંજુસ જીવેા એવા હશે કે જેને ઘેર લક્ષ્મી ઘણી છે પણ દાનમાં એક દમડેા પણ દેતા નહિ હેાય. અરે ! એવા કંજુસ હશે કે પેાતે સુખે ન વાપરે તેા દાનમાં તેા આપે જ ક્યાંથી ? અત્યારે નહિ છેાડેા પણ ગમે ત્યારે લક્ષ્મીની મમતા તમારે છેાડવી તેા પડશે જ. પરાધીનપણે છેાડવા કરતાં સમજીને છેાડવી શું ખેાટી ? એમાં બે રીતે લાભ છે. અહીં મમતા ઘટશે અને હાથે દેશેા તેા સાથે લઈ જશેા. પરભવમાં દુઃખી નહિ થવું પડે.

કમલાવતી રાણી કહે છે : સ્વામીનાથ ! તમે જે લક્ષ્મીને વમી દીધી, બ્રાહ્મણને દાનમાં આપી દીધી, તે જ લક્ષ્મીને બ્રાહ્મણે પણ હેય સમજી, અનર્થનું કારણ જાણી વમી દીધી. એટલે ગાડાં ભરીને જે લક્ષ્મી તમે રાજ્યમાં લાવી રહ્યા છેા એ તેા એ વખત વમેલી છે. તે આપના જેવા પવિત્ર પુરૂષને લેવી કલ્પે નહિ. ભરસભામાં રાજાને રાણીએ આવા શબ્દેા કહ્યાં, એટલે રાજાને ખૂબ લાગી આવ્યું. રાજા કહે છે રાણીજી !

તમારા શરીરમાં કોઈ ભૂત વ્યંતરે પ્રવેશ કર્યો લાગે છે કે કોઈએ તમને ઉશ્કેર્યા છે કે તમને ઝોલો લાગ્યો છે? નહિ તો તમે કદી આવા શબ્દો બોલો નહિ.

નથી રે મહારાજા ઝોલો લાગીયો, નથી કોઇએ કીધી મતવાળ
નથી કોઇ ભૂત વ્યંતરે છળી, નથી કોઇએ કીધી વિકરાળ,
સાંભળ હો રાજા, બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો....

હે રાજા, મારું મગજ ફરી નથી ગયું, મને કોઇ વળગાડ વળગ્યો નથી, મને ઝોલો લાગ્યો નથી, પણ હું ભાનમાં છું, ગાંડી બનીને બકવાદ નથી કરતી, પણ જે કહું છું તે સત્ય જ કહું છું. તમને મોહનું ભૂત વળગ્યું છે કે જેથી પરાયું ધન લાવીને જોગું કરો છો. હું સાચી ક્ષત્રિયાણી છું. ત્યાગ કરેલું ધન લાવવું મને ગમતું નથી. ભલે તમે મને ગમે તેમ કહો, પણ હું તમને સાચું જ કહી રહી છું, કેવી નીડરતા છે? હજુ પણ કમલાવંતી રાણી રાજાને કેવા કડક શબ્દો કહેશે તે વાત પછીની ગાથાઓમાં આવશે. પણ બંધુઓ! જે હિતસ્વી હોય છે તે જ મોઢે કહે છે. બાકી મોઢે મસ્કા લગાડી પાછળ બોલનારા ઘણાં હોય છે. ઔષધ કડવું હોય છે પણ એ હિતકારી હોય છે. હિતસ્વી જનોની હિતશિક્ષા ભલે તમને કડવી લાગે પણ તેને હૃદયમાં ઉતારવામાં ઘણો લાભ છે. જે સંતાનો માતાપિતાની આજ્ઞા માથે ચઢાવે છે તે મહાન સુખ પામે છે. આદર્શ જીવન જીવી શકે છે.

મહારાજા મૂળરાજ ૧૧૦ વર્ષની ઉંમરે મૃત્યુ પામ્યા હતા. એમનો પુત્ર ચેાગરાજ રાજા બન્યો. ચેાગરાજનું જીવન ખરેખર એક યેાગી પુરૂષને શોભે તેવું હતું. એમને ક્ષેમરાજ આદિ ચાર પુત્રો હતા. એક દિવસ ક્ષેમરાજ આદિ ચારે ભાઇઓ ફરવા નીકળ્યા હતા. તે સમયે કોઈ પરદેશી વહેપારીએ વહાણ બંદરે આવીને સ્થંભાવ્યું. પેલા ચાર ભાઇઓ ફરતા ફરતા બંદર ઉપર પેલા પરદેશીનું વહાણ હતું ત્યાં જ આવ્યા. રાજકુમારો હતા એટલે એમને કોઇ રોકી શકે તેમ ન હતું. એ તો ચારે જણા વહાણમાં ચઢી ગયા. વહાણમાં અઢળક સંપત્તિ ભરી હતી. મૂલ્યવાન રત્નો, તેજતુરી, કસ્તુરી વિગેરે બધી મૂલ્યવાન ચીજો ભરી હતી. આ જોઈને ચારેય ભાઇઓની આંખ ફાટી ગઇ.

તેમના અંતરમાં કુવિચારોની કાળી વાદળી છવાઇ ગઈ. વહાણમાંથી નીકળી થોડે દૂર જઈ ચારેય ભાઈઓ વિચાર કરવા લાગ્યાં. વિચારનો મુદ્દો એ હતો કે આ વહાણ આપણે લૂંટી લઈએ, એનું ધન આપણે રાજ્યના ભંડારમાં નાંખવું નથી. પણ દેશની આબાદીમાં અને પ્રજાના રક્ષણમાં આપણે એ ધનનો ઉપયોગ કરવો. એમ નિર્ણય કર્યો. પણ મોટો ભાઈ કહે છેઃ આપણે નિર્ણય તો કર્યો પણ પિતાજીને પૂછયું નથી. એમને દુઃખ થશે તો? અંતે પિતાજીને આ વાત જણાવવી એમ નક્કી કર્યું. ચારે ભાઇઓ પિતાજી

પાસે આવ્યા અને પોતે વિચારેલી વાત પિતા પાસે રજુ કરી. પિતાજી શો જવાબ આપે છે તે જાણવા માટે સહુ આતુર બની ગયા.

પુત્રોની વાત સાંભળી મહારાજા યોગરાજનું મુખ ગંભીર બની ગયું હતું. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું. હે પુત્રો! સારામાં સારું કાર્ય પણ હલકા રસ્તે જઈને કદી સિદ્ધ કરાય નહિ. તમારો દેશ અને પ્રજાની આબાદીનો વિચાર ઉત્તમ છે. પણ એ કાર્ય ખાતર આપણા આશ્રયે આવેલા પરદેશી વહેપારીને મદદગાર બનવાને બદલે એનું વહાણ લૂંટી લેવાનો તમારો વિચાર ખૂબ અધમ છે. ભલે, આપણે ભૂખે મરી જઈએ, ભંડારો લૂંટાઈ જાય તો પણ અન્યાય–અનીતિના માર્ગે તો કદમ ભરવું જ ન જોઈએ, પુત્રો! તમે હજુ અધમ કાર્ય કર્યું નથી. હજુ તો તમે મને પૂછવા જ આવ્યા છો, પણ તમારા મનમાં આવો કુવિચાર આવ્યો એ જાણીને મારા અંતરમાં અપાર દુઃખ થયું છે. આર્યદેશમાં જન્મ પામી તમારા મનમાં આવો અનાર્ય વિચાર કેમ ઉદ્ભવ્યો! મને લાગે છે કે તમને આવો ક્રૂર વિચાર આવ્યો તેમાં કાં તો તમારી માતાનો દોષ હશે. પિતાની વાત સાંભળી ચારે ય પુત્રો શરમાઈ ગયા. કાંઈ પણ બોલ્યા વિના ચૂપચાપ શયનરૂમમાંથી બહાર નીકળી ગયા. પિતાની ગંભીર વાણી પુત્રોના હૃદયને સ્પર્શી શકી નહિ. ચારે ભાઈઓએ એક થઈને નિર્ણય કર્યો કે પિતાજી, ભલે ગમે તેમ કહે પણ આપણે એ વહાણ લૂંટવું છે એ વાત નક્કી છે.

મધરાત્રે ક્ષેમરાજ સૈનિકો સાથે સજ્જ થઈ બંદર પર આવ્યો. આખું વહાણ લૂંટી લીધું. રક્ષક ભક્ષક બની ગયો. વાડ ચીભડા ગળી ગઇ. દેવાનુપ્રિયો! આજની સરકાર બધાને સરખા કરવા માંગે છે. પ્રજાનું રક્ષણ કરવાને બદલે ભક્ષણ કરી રહી છે. ચારે બાજુથી ચૂસી રહી છે. પ્રજા ઉપર ટેકસ નાંખી પોતાના ઠાઠમાઠમાં લાખોના ધૂમાડા કરે છે. પોતાનું આખું વહાણ લૂંટાઈ ગયું જાણી પરદેશી વહેપારીને પારાવાર દુઃખ થયું. અહો! મારી જિંદગીની કમાણી લૂંટાઈ ગઈ! ત્યાં ને ત્યાં તેનું હાર્ટ બેસી ગયું.

સવાર પડતાં મહારાજા યોગરાજને ખબર પડી કે મારા પુત્રોએ મારી વાત ન માની. અંતે એમણે ધારેલું અધમ કાર્ય કર્યું. એમને ભયંકર આઘાત લાગ્યો. પુત્રોના પાપનું પ્રાયશ્ચિત કોણ કરે? આવા અધમ પુત્રોના બાપ બનવા કરતાં અપુત્રીયા રહેવું સારું. આ નાનોસૂનો અપરાધ નથી. એક વખતના રાજા મહારાજાઓની કેવી પ્રશસ્ત નીતિ હતી! પ્રજાને માટે પોતાના પ્રાણ દેવા તૈયાર હતાં.

મહારાજાએ હુકમ કર્યો કે એક ચિતા બડકાવો. ચિતા બડકાવી એને ભડભડ સળગાવી કંઈ પણ બોલ્યા સિવાય પુત્રોને એટલું જ કહ્યું કે હું તમને બીજું કંઈ જ કહેતો નથી. એક તમારા દુષ્કાર્યના અપરાધની શિક્ષા હું ભોગવી લઉં છું. પુત્રોએ આવું નહોતું માન્યું કે પિતા આમ કરશે. કહે છે પિતાજી! આપ કહો તો અમે એની

બધી લક્ષ્મી પાછી આપીએ. પિતા કહે છેઃ એ ધનવાન તો બિચારો પરલોકમાં પહોંચી ગયેા. હવે શું ? પહેલાં માન્યું નહિ. હવે અફસોસ કર્યે શું વળે ? એમ બોલતાં મહારાજા યોગરાજે ભડભડ સળગતી ચિતામાં ઝંપલાવી દીધું. એક પિતાએ (રાજાએ) સાચેા ન્યાય તોળ્યેા. તારેા ખરતાં ખરતાં પણ પ્રકાશ વેરતેા ગયેા. અને પુત્રોના હૃદયમાં એ વાત બરાબર બેસાડી દીધી કે સારું ગણાતું કાર્ય પણ હલકા માર્ગે કદી સિદ્ધ કરાય નહિ.

મહારાણી કમલાવતી પણ નીતિવાન હતી. તે કહે છે હે મહારાજા ! તમે માનતા હેા કે આ પુરોહિતની લક્ષ્મીનું કોઈ ધણી નથી. એને ગ્રહણ કરીને હું પ્રજાના રક્ષણમાં વ્યાપરીશઃ તો પણ એ તમારે ગ્રહણ કરવા જેવી નથી. ઘઉંમાંથી કાંકરા વીણીને ફગાવી દે છે, ઘરમાંથી ફૂટેલા હાંડલા અને કચરેા કાઢીને બાજુસેા ફેંકી દે છે, તેમ પુરોહિત ધન-વૈભવને કાંકરા અને કચરાની જેમ ગણીને ફગાવીને ચાલ્યા ગયા છે. તેને આપનાથી ગ્રહણ કરાય જ નહિ. હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૧૦૪

કારતક શુદ ૪ ને સોમવાર, તા. ૨-૧૧-૭૦

અનંત જ્ઞાની શાસ્ત્રકાર ભગવંત મહાવીર સ્વામીએ ભવ્યજીવોના આત્મોદ્ધારને માટે શાસ્ત્રની અમૂલ્ય દેશના પ્રકાશી. ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનમાં છ જીવોનો અધિકાર ચાલે છે. જેને જીવનની ક્ષણિકતા સમજાય છે તેને મન એકેક ક્ષણ અમૂલ્ય જાય છે. મહાન પુરૂષેા કહે છે કે દુનિયામાં દુર્લભમાં દુર્લભ ગણાતી વસ્તુ પણ લાખેા ને કોડોની સંપત્તિ આપતાં મળી શકે છે. અધવચ સંસાર ભાંગશે તો તમે ફરીને લગ્ન કરી ભાંગેલેા સંસાર નવેા ઉભેા કરી દેશેા. પણ આ મનુષ્ય જીવનની ગયેલી ઘડી પાછી નહિ મળે. આપણું જીવન કેવું છે :—

દુમપત્તए पंडुयए जहा, निवडइ राइगणाण अच्चए ।
एवं मणुयाणं जीवियं, समयं गोयम मा पमायए ॥ उ. अ. १०-१

આ ગાથામાં ગૌતમ સ્વામી જેવા મહાન પુરૂષને પણ કરૂણાસાગર પ્રભુએ ચીઠી દ્વારા કરી છે કે હે ગૌતમ ! સમય માત્રનેા પ્રમાદ ન કર. આ પરિણમનશીલ સંસારમાં સમય પોતાનું કામ બરાબર કરી રહ્યો છે. દરેક પદાર્થોની પર્યાય પલટાય છે. જે બાળક

હતો તે થોડા સમયમાં યુવાન બને છે. યુવાન શરીર વૃદ્ધ બને છે. કાલે જે બાંધેલું વૃક્ષ ઉપર ચોંટેલું હતું, વૃક્ષની ડાળીની શોભામાં જે વૃદ્ધિ કરી રહ્યું હતું તે આજે વૃક્ષ ઉપરથી ખરીને મનુષ્યોના પગ નીચે ચગદાય છે. આ સંસારમાં પ્રત્યેક પદાર્થની આવી દશા રહેલી છે. કોઈ પણ વસ્તુ સ્થિર નથી. એમ સમજી પ્રમાદનો ત્યાગ કરો. પરમ દિવસે આપણને ખબર ન હતી કે બા પ્ર. મંગુલાબાઈ મહાસતીજીનું આયુષ્યનું પાંદડું ક્યારે ખરી જશે. આપણે ગઈ કાલે એમના દુઃખદ સમાચાર સાંભળ્યા. જેમણે લઘુવયમાં દીક્ષા લીધી. ભવસાગરથી તરવું અને બીજાને તારવા એ જ તેમનો ધ્યેય હતો. તેઓ ખૂબ બુદ્ધીચલ હતા. નાની ઉંમરમાં સંયમની સુંદર સાધના કરી ચાલ્યા ગયા. એ જોઈ સમજીએ છે કે કાળ કોઈને છોડતો નથી. સાધુ હોય, તીર્થંકર હોય, ચક્રવર્તિ, સેનાપતિ, શેઠ કે રંકને કાળ રૂપી સિંહ પંજામાં લઈ લે છે. કોઈ કાળના પ્રવાહને રોકી શકયા નથી. માટે જ્ઞાનીપુરૂષો કહે છે કે:—

जरा जाव न पीडेह, वाही जाव न वड्ढई ।
जाविंदिया न हायन्ति, ताव धम्मं समायरे ॥ दश. ८–३६

જ્ઞાની કહે છેઃ જ્યાં સુધી શરીરને વૃદ્ધાવસ્થાએ ઘેરો ઘાલ્યો નથી. કોઇ રોગનો ઉદય થયો નથી, ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઈ નથી ત્યાં સુધી ધર્મનું આચરણ કરી લો.

લશ્કરના ઘેરા કરતાં પણ ઘડપણનો ઘેરો મહાન ભયંકર છે. રણમેદાનમાં ઉભેલા સૈનિકને ચારે બાજુથી તીર વાગતા હોય, તલવારોના ઘા ઝીલતા હોય તે વખતે તેની કેવી પરિસ્થિતિ હોય છે. તેના કરતાં પણ ઘડપણના ઘા ઝીલવા મહાન વિષમ છે. પૂરા ઘડપણમાં ઘેરાઈ ગયા પછી શરીરમાં રોગ આવશે. રોગની ભયંકર વેદના થતી હોય તેવે સમયે કોઈ કહે કે ભાઈ! ધર્મ સાંભળો. તો શું સાંભળવું ગમશે? કોઈ હળુકર્મી આત્માને ગમે પણ ખરું. પણ એવા આત્માઓ બહુ અલ્પ હોય છે. માટે જ જ્ઞાનીપુરૂષો કહે છે કે ઘડપણ આવ્યું નથી ત્યાં સુધી સત્સંગ કરી લો. સત્સંગતિ મનુષ્યને મહાન લાભદાયી છે. સત્સંગથી મનુષ્યનું જીવન પલટાય છે. પાપીમાં પાપી આત્મા પણ પુનિત બની જાય છે. એક વખતનો વાલીયો લૂંટારો નારદ મુનિનો સંગ થતાં લૂંટારો મટીને રામાયણનો રચયિતા વાલ્મિકઋષિ બની ગયો. અંગુમાલ જેવો પાપાત્મા બુદ્ધ ભગવાનનો ભેટો થતાં સુધરી ગયો. ચંડકૌશિક જેવો દૃષ્ટિ વિષ સર્પ પ્રભુ મહાવીરનો ભેટો થતાં દેવ બની ગયો. રોજના સાત સાત જીવોની ઘાત કરનારો અર્જુનમાળી સુદર્શન શેઠની સાથે પ્રભુ પાસે ગયો. અને સંસાર ત્યાગી સંત બની છ મહિનામાં કર્મના જૂથા ખોલાવી દીધા. માટે સત્સંગનું સ્થાન બહુ જ મહત્વનું છે. કરો તો સત્સંગ કરજો પણ કુસંગ તો કરશો જ નહિ.

છ આત્માઓમાં સૌથી પ્રથમ બે આત્માઓએ સત્સંગ કર્યો. એક જ વખત

પુત્રોનો રંજ લાગ્યો ને જાતિસ્મરણ જ્ઞાન થતાં પૂર્વભવને જોઈને વૈરાગ્ય પામી ગયા. છેક પછી એક પૂર્વના સંબંધથી સંકળાયેલા છવ્વો વૈરાગ્ય પામ્યા. તેમાં ચાર આત્માઓ તો સંસારની સમૃદ્ધિને અંગાર સમજી છોડીને નીકળી ગયા. બે આત્માઓ બાકી રહ્યા છે. તેમાં ઈષુકાર રાજાને કમલાવંતી રાણી ભરસભામાં આવીને કહે છે હે સ્વામીનાથ! તમે જિનેશ્વર જેવી લક્ષ્મીના મોહમાં પડી બ્રાહ્મણ દ્વારા ત્યક્ત (તજાયેલી) લક્ષ્મી ભંડારમાં લાવી રહ્યા છો, તેમાં હું જરા પણ ટેકો આપતી નથી. બબ્બે વખત વમન કરાયેલી લક્ષ્મી મહેલમાં લાવતાં તમને શરમ નથી આવતી? મહારાજા કહે છે હે રાણી! હું કોઈના ઘરમાંથી લુંટીને લક્ષ્મી નથી લાવતો, હું તો ન્યાયથી કામ કરું છું. જેનો કોઈ વારસદાર નં હોય તેનો વારસદાર રાજા થઈ શકે છે. અને આ બધું જ ધન પ્રજાની સેવામાં વપરાવાનું છે. એમાં કંઈ અયોગ્ય થતું નથી. તમે રાજકાર્યમાં સમજો નહિ. જો કે તમે કદી આવી બાબતમાં માથું મારતા જ નથી, અને આજે ભરસભામાં મારું અપમાન કરી રહ્યાં છો. આમાં મને તો લાગે છે કે આજે તમારી મતિ જ બદલાઇ ગઈ છે. મહારાણી કહે છેઃ હે મહારાજા! મારી મતિ નથી બદલાઈ. મને ભૂત નથી વળગ્યું. મારું કાળજું ઠેકાણે છે. પણ તમારી લોભવૃત્તિ પૂરી થઈ નથી ને સંતોષ આવ્યો નથી.

એ બ્રાહ્મણ તો સંપત્તિને ભંગાર સમાન ગણી ઠોકર મારીને નીકળી ગયો. એ ભંગારથી ભંડાર ભરવા એ તમારા જેવા સજ્જન પુરૂષને શોભતું નથી. જુઓ. દેવાનુપ્રિયો! તમે ખૂબ પ્રેમથી આ અમારી કમલાવંતી બહેનોને પરણ્યા. પણ, આ કમલાવંતી રાણી જેવી એનામાં તાકાત છે કે એના પતિની શાન ઠેકાણે લાવી શકે? તમને ઉન્માર્ગે જતાં બચાવે, તમે ભાન ભૂલો ત્યારે એ ટકોર કરે. પણ આજે એ સંસ્કૃતિ ચાલી ગઈ છે. આજે તો બાહ્ય સૌંદર્ય, બાહ્ય ભણતર અને કરીયાવરને જ મોહ્યાં છો, એ શું તમારો ઉદ્ધાર કરવાની છે? ભલે રૂપ ન હોય, કરીયાવર ન લાવે પણ એના સંસ્કાર અને ગુણને પસંદ કરજો. કમલાવંતી રાણી ઈષુકાર રાજાને કહે છે:–

હે રાજન! તમારું પેટ કેટલું મોટું છે? તમારી ભૂખ કેટલી વધી ગઇ છે કે તમારા ભંડાર ભરપૂર ભર્યા છે છતાં તમને સંતોષ નથી થતો! કેમ, કાન્તિભાઈ? અમારી શ્રાવિકા તમને આવું કદી કહે છે કે સ્વામીનાથ! ઘણું કમાયા. હવે નથી કમાવું. હું સાદાઈથી જીવન જીવીશ પણ હવે તમે આ સંસારની મજુરી ન કરશો. આ કમલાદેવી જેવી સ્ત્રી આ જમાનામાં ભાગ્યે જ હશે.

કમલાવંતી રાણી ઈષુકાર રાજાને કહે છે હે રાજન! મને તો લાગે છે કે જો આખું જગત તમને વશ થઈ જાય, આ જગતમાં જેટલું ધન છે તે બધું જ તમને મળી જાય તો પણ એ પદાર્થોનો સમુહ તમારી તૃષ્ણા પૂરી કરી શકશે નહિ. અર્થાત્ તમારી તૃષ્ણા શાંત થવાની નથી, કારણ તે તૃષ્ણા આકાશ જેટલી અનંત છે, અને ધન સંખ્યાત છે,

તેમજ આ તમારું ધન તમને જરા-રોગ-મરણ આદિથી બચાવવામાં સ્હેજ પણ સહાયક નહીં થાય. માટે તેની મમતા રાખવી વ્યર્થ છે. એ તમને પરલોકમાં પણ ત્રાણ-શરણ થવાની નથી. ધનના સંગ્રહમાં સુખ માનવું એ તો પાણી વલોવીને માખણ મેળવવાના મનોરથ જેવું છે. ખરેખર, લક્ષ્મીને ભેગી કરી પાપ બાંધી રહ્યા છો. તેમાં કોઈ ભાગ નહિ પડાવે. દરેક મનુષ્ય સ્વાર્થનાં સગાં છે, મમતા છોડવામાં જ મઝા છે.

એક નગરશેઠ પાસે અઢળક સંપત્તિ હતી. પણ તે લોભી ખૂબ હતો. દાન પુણ્યમાં રાતી પાઈ પણ વાપરે નહિ. કોઇ વખત ધર્મસ્થાનકમાં જાય અને પેટીમાં પૈસા નાંખે તો બિસ્સામાંથી પરચુરણ કાઢી વીણીને એક નવો પૈસો પેટીમાં નાંખે. એવા કંજુસીયા કાકા હતા. આજે પણ ઘણાં ભાઇ-બહેનો નવો પૈસો જ પેટીમાં નાંખે છે. પણ હું તમને પૂછું છું કે તમે મારકીટમાં નવો પૈસો લઈને જશો તો કોઈ એનાં દાતણ પણ આપશે ? નવા પૈસાના દાતણ પણ નથી મળતાં. છતાં તમે નવો પૈસો નાંખીને રાજી થાવ છો કે મેં દાન કર્યું ! કમોદ કાઢી લઈને ફોતરાનું દાન કરવા ઉઠયા છો તો યાદ રાખજો કે પરલોકમાં પણ તમને ફોતરા જ મળશે.

આ નગરશેઠ બિમાર પડયા. તેના ચારે દિકરાઓ પિતાની સેવામાં હાજર હતાં. ગામના માણસો ખબર કાઢવા આવવા લાગ્યા. ગામના મહાજનને પણ ખબર પડી કે શેઠ ખૂબ બિમાર છે. રાજકોટ સંઘના જેવું મહાજન ખૂબ હોંશિયાર હતું. તેમણે વિચાર કર્યો કે ચાલો, આપણે શેઠની ખબર કાઢવા જઈએ. અને સંસ્થાના ફાળામાં કંઈક નોંધાવે તો લેતા આવીએ. મહાજન શેઠને ઘેર આવ્યું. શેઠના પલંગ પાસે બેસીને પૂછયું, કેમ છો બાપા ? શેઠને વધુ બોલવાની તાકાત નથી એટલે ખૂબ મુશીબતે બોલ્યા ઠી....ક. શેઠની જીભ પકડાતી હતી. શ્વાસ રૂંધાતો હતો. દુઃખથી આંખો આંસુથી છલકાઈ ગઈ હતી. મહાજન કહે છે શેઠ ! પાંજરાપોળમાં કંઈક દાન કરો. અપંગ ઢોરના આશિષથી તમને સારું થઈ જશે.

દેવાનુપ્રિયો ! મનુષ્યના મનની પરિણામધારા સદાકાળ સરખી રહેતી નથી. કયારે મનુષ્યની મતિ પલટાય છે તે કહી શકાતું નથી. મહાજનને જોઇને શેઠના મનમાં થયું. અહો ! હું કેવો ભાગ્યશાળી ! મારા અંતિમ સમયે પણ મહાજન મારે ઘેર આવ્યું. મહાજન મારે ઘેર હોય જ કયાંથી ? આજે મહાજન ખાલી ન જવું જોઈએ. સંઘ એ સામાન્ય નથી. કોઇ ઉદ્ધત બનીને એમ બોલતા હોય કે અમારે સંઘની શી જરૂર છે ? પણ નંદીસૂત્રમાં દૃષ્ટિ કરો. સંઘને ભગવંતે કેવી સુંદર ઉપમાઓ આપી છે. શેઠની મતિ સુધરી ગઈ. વધુ બોલી શકે તેમ ન હતું. એટલે શેઠે દિકરાઓ સામું જોઇને કહ્યું: લાખ. એમની ઈચ્છા પાંજરાપોળ માટે એક લાખનું દાન કરવાની હતી. દિકરાઓ બાપની વાત સમજી ગયાં. પણ એ કંઈ કાચા ન હતા. ચારે ય પુત્રોએ વિચાર કર્યો કે "બાંધી

ઘુદી લાખની અને ઉઘાડી આંખની." એટલે બાપના સામું જોઈને કહે છે બાપુજી ! આ વર્ષે લાખનો વહેપાર કરવા જેવો નથી. અમે અમારું સંભાળી લઈશું. આપ ચિંતા ન કરો. તમે બધી ચિંતા છોડી ભગવાનમાં ચિત્ત રાખો.

શેઠ પણ સમજી ગયા કે આ છોકરાઓને લાખ રૂપિયા આપવા નથી, માટે કેવા બહાના કાઢે છે. શેઠના ગળામાં હીરાની સાંકળી પહેરેલી હતી. તે મહાજનને દાનમાં આપી દઉં એમ વિચારી શેઠ મહામુશીબતે બોલ્યા સાં....ક....ળી. આ સાંભળી પુત્રો કહે છે બાપુજી ! આટલા મંદવાડમાં તબસાંકળી ન બોલાય. ડોકટરે ના પાડી છે. બાપની વાતને છોકરાઓ જુદા જ રૂપમાં ફેરવી નાંખે છે. શેઠની આંખમાં આંસુ આવી ગયા. અરરર....જિંદગીમાં મારા હાથે કંઈ ન કરી શકયો. હવે કરવાનું મન થયું પણ કરી શકતો નથી. મહાજન તો પાછું ચાલ્યું જયું. શેઠે નિર્ણય કર્યો કે જો મારું આયુષ્ય હોય ને થોડા વખત માટે મરણની પથારીમાંથી બેઠો થાઉં તો મારા હાથે દાન પુણ્ય કરી લઉં.

હવે બન્યું પણ એવું કે શેઠની તબિયતમાં સુધારો થવા લાગ્યો. થોડા દિવસમાં એકદમ સાજા થઈ ગયા. એક દિવસ શેઠે પોતાના ચારે ય પુત્રો અને પુત્રવધૂઓને પાસે બોલાવીને કહ્યું. પુત્રો ! હવે હું તો કયાંય જઈ શકું તેમ નથી. પણ અત્યારે ચાતુર્માસનો સમય છે. સંત–સતીજી બિરાજમાન હોય ત્યાં બધે દર્શન કરવા જાવ. હું તો જિંદગીમાં સંતના દર્શન કરવા નીકળ્યો નથી. પણ તમે જાવ તો મને એમ થાય કે મારા પુત્રો સંતદર્શને ગયા. સંત સમાગમ કરી જે કંઈ પ્રાપ્ત કરી આવો તે મને સંભળાવજો. મારી આટલી ઇચ્છા પૂર્ણ કરો.

પુત્રવધૂઓને ખૂબ આનંદ થયો. બહેનોને હરવાફરવાનું ખૂબ ગમે. એટલે એમના પતિને તૈયાર કરી દીધા. દિકરાઓ એમના કુટુંબ સહિત સંતોના દર્શનાર્થે નીકળી ગયા. પાછળથી શેઠે ડાહ્યા માણસોને બોલાવી પોતાની સર્વ મિલકતનો હિસાબ કરી મિલકતના પાંચ ભાગ પાડયા. દરેકના ભાગમાં અગિયાર – અગિયાર લાખ રૂપિયા આવ્યાં. ચાર પુત્રોના ચાર ભાગ રાખી પોતાના ભાગના અગિયાર લાખ રૂપિયામાંથી એક લાખ રૂપિયા પાંજરાપોળમાં આપ્યા તથા બીજી જુદી જુદી સંસ્થાઓમાં પણ રકમો આપી. ધર્મસ્થાનકમાં, દવાખાનામાં, ગરીબોની સેવામાં, સ્કુલોમાં, ધર્મશાળામાં, આમ અનેક રીતે શેઠે છૂટા હાથે ૧૦ લાખ રૂપિયા દાનમાં વાપર્યા. પોતાના ગુજરાન માટે ફકત એક લાખ રૂપિયા રાખ્યા અને ભાડાના મકાનમાં રહેવા લાગ્યા. તેઓ આખો દિવસ ધર્મસ્થાનકમાં રહી ધર્મધ્યાન કરવા લાગ્યા. આખા ગામમાં શેઠની પ્રશંસા થવા લાગી.

એક મહિના પછી પુત્રો પાછા આવ્યા. એમણે બધી વાત જાણી, ખૂબ દુઃખ થયું. છતાં ખૂબ સમજુ હતાં. સમજી ગયાં કે બાપે પણ આપણને બોકલીને કામ કાઢી લીધું. પિતાજી પાસે આવીને કહ્યું : તમે આ શું કર્યું ? બાપ કહે છે બેટા ! મેં તમને ભિખારી

કર્યા નથી. તમારા ભાગ અલગ રાખી મારા ભાગની મિલકત જ વાપરી છે. મેં તમને મહાજનને દાન કરવા કહ્યું, ત્યારે તમને આપવું ન ગમ્યું. મેં આખી જિંદગી પાપ જ કર્યું છે. એ પાપનું પ્રાયશ્ચિત કરવા હવે ધર્મધ્યાન સિવાય અન્ય કોઈ ઉપાય નથી. પુત્રો કહે છે બાપુજી! તમે જે કર્યું તે ખરું. પણ હવે તમે જુદા રહો તે સારું ન કહેવાય. અમારે ઘેર ચાલો. પુત્રોના ખૂબ ખૂબ આગ્રહથી ઘેર ગયાં પણ હવે શેઠને પૈસાની મમતા ન હતી. સંત અને ધર્મ એના પ્રાણ બની ગયા હતાં. પાછલી જિંદગી ધર્મ-ધ્યાનમાં ગાળી પંડિત મરણે મર્યા.

દેવાનુપ્રિયો! સંસારની માયામાં ફસાયેલા જીવોમાંથી સમયને ઓળખી જીવનની દિશા બદલનારા જીવો બહુ અલ્પ હોય છે. જો તમે સમજીને તમારા જીવનનો રાહ નહિ બદલો તો ચોરાસીના ચક્કરમાં પીલાઈ જશો.

કમલાવતી રાણી કહે છે મહારાજા! ધનની અતિ તૃષ્ણા સારી નથી. લોકો ગરીબોને દાન કરે છે. ત્યારે તમે તો પારકી લક્ષ્મી ભંડારમાં ભર્યા કરો છો. તમારી ભૂખ કયારે મટશે? મને તો તમારી બહુ ચિંતા થાય છે.

જગ સઘળાનું ભેગું કરી...લાવે તોરા ઘરમાંય....સાંભળ...હો....
તો પણ તૃષ્ણા છીપે નહીં, એક તહારે ધર્મ સુહાય,
સાંભળ હો રાજા...બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો.

સ્વામીનાથ! તમારે એક જ કામ લાગે છે કે જે કોઇ મરી ગયા હોય તેનું નખ્ખોદીયું ધન ભેગું કરવું. બેંક કરતાં પણ અરાબ વમેલું ધન લાવો છો. આ તમારી તૃષ્ણા જોઇને મને તો એમ થાય છે કે મારા પતિનું પરભવમાં શું થશે? તમારાથી છૂટે તો હૈયેથી છોડો અને ન છૂટે તો કાંઇ નહિ.. પણ જે છોડીને ગયા છે તેની મિલકતમાં હાથ શા માટે નાંખો છો? આ લક્ષ્મી કેવી ચીજ છે? લક્ષ્મી ખાતર માણસ કેટલું સહન કરે છે!

એક શેઠ પાસે ક્રોડ રૂપિયાની મિલકત ભેગી થઈ. એક જ દિકરો હતો. બાપ-દિકરાએ વિચાર કર્યો કે આ લક્ષ્મીને જો ઘરમાં રાખીએ તો ચોર ચોરી જવાનો ભય રહે. બેંકમાં મૂકીએ અને કદાચ સરકાર કબજે લઈ લે તો આપણી લક્ષ્મી પણ લઈ લે. જમીનમાં દાટીએ અગર ભીંત કે મકાનના પાટડામાં મૂકીએ તો આગ લાગે ને બળીજાય. સોના કરતાં ગામ બહાર જઈ કોઇ એવા સ્થાનમાં દાટી આવીએ કે કોઈ ને ખબર જ ન પડે. દિકરાને પણ બાપની વાત ગમી. બંને જણા ગામથી થોડે દૂર જંગલમાં ગયા. એક જગ્યા પસંદ કરી બાપ ખાડો ખોદવા લાગ્યો, અને પુત્રને કહ્યું. બેટા! હું ધન દાટવા ખાડો તો ખોદું છું. પણ આસપાસ નજર કરી આવ કે કોઈ માણસ તો નથી ને? છોકરાએ આમતેમ નજર કરતાં જોયું તો એક માણસ ઝાડીમાં સૂતો હતો. એ જાગતો હતો

પણ આ બાપ દિકરાને જોઈને સૂઈ ગયો. એના મનમાં થયું કે જો અહીંથી ભાગીશ તો મને જોઈ જશે. અને મિલ્કત હાટશે નહિ. તેના કરતાં સૂઇ જાઉં.

દિકરાએ બાપ પાસે આવીને કહ્યું–બાપુજી ! આ ઝાડીની પાછળ એક માણસ સૂતો છે. બાપ કહે છે કે એ જાગે છે કે ઉંઘે છે ? પુત્રે કહ્યું એ તો મને ખબર ન પડે. તું એને ચૂંટી ભરી જો. દિકરાએ ચૂંટીયા ભર્યા પણ જાગ્યો નહિ. મડદાની માફક પડી રહ્યો. પુત્ર કહે છે બાપુજી ! એ તો મડદું જ લાગે છે. હાલતો પણ નથી. ચૂંટીયા ભર્યા તો ચૂં પણ ન બોલ્યો. ત્યારે શેઠ કહે છે એમ ન માની લેવાય કે મરી ગયો છે. તું એને બટકા ભરી આવ. દિકરાએ તે માણસના હાથે–પગે–ગાલે બધે ખૂબ બટકા ભર્યા. લોહી-લુહાણ કરી નાંખ્યો, પણ હાલ્યો નહિ. એ મનમાં એમ વિચાર કરવા લાગ્યો કે જો હાલીશ તો આ દલ્લો હાથમાં નહિ આવે, એટલે એમ ને એમ પડ્યો રહ્યો.

દિકરો કહે છે પિતાજી ! મેં તો એને ખૂબ બટકા ભર્યા, એનું શરીર લોહીલુહાણ થઈ ગયું, છતાં હાલતો નથી, માટે મરી ગયો હશે. બાપ કહે છે મરી ગયો હોય તો લોહી નીકળે નહિ. માટે નક્કી જીવતો હોવો જોઇએ. માટે તું એને લોંય પર પછાડ, પછાડ્યો તો પણ ન બોલ્યો, ત્યારે એનો કાન કાપી નાંખ્યો. પેલો માણસ વિચાર કરે છે કે કાન જશે તો ઓછો. પણ ક્રોડની મિલ્કત તો મળશે ને ? બંધુઓ ! વિચાર કરો. એક દાઢ પડાવવી હોય, નાનકડું નસ્તર મૂકાવવું હોય તો પણ ઇંજેકશન મૂક્યા વિના નથી કરતાં, તો આ એમ ને એમ કાન કાપી નાંખ્યો. એને કેટલી પીડા થઇ હશે ? પણ માણસ ધન માટે કેટલું સહન કરે છે. છેવટે એનું કાંડું કાપી નાંખે છે, તો પણ બોલતો નથી. ત્યારે શેઠને શ્રદ્ધા બેઠી કે આ તો મરી ગયો લાગે છે. એટલે ત્યાં ધન દાટીને ઘેર ગયાં.

પેલા માણસને કળ વળી એટલે બેઠો થયો. અને ક્રોડની મિલ્કત લઈને રવાના થઈ ગયો. શેઠને ચિંતા થઈ કે ધન દાટી આવ્યો છું પણ કોઈ લઇ ગયું તો નહિ હોય ને ? લાવ, જઈને જોઈ આવું તો ખરો. ત્યાં આવીને જુવે તો ખાડો ખોદેલો પડ્યો છે. મિલ્કતનો હબ્બો કોઈ ઉઠાવી ગયું છે. શેઠના મનમાં નક્કી થયું કે પેલો માણસ જ લઈ ગયો હોવો જોઈએ. શેઠે સરકારમાં ફરીયાદી નોંધાવી. ગામમાં તપાસ ચાલે છે. પેલા માણસના એક હાથનું કાંડુ અને એક કાન કપાઇ ગયેલો છે. એ નિશાન હતું. એ માણસ પકડાઈ ગયો, કોર્ટમાં હાજર કર્યો. શેઠ પણ હાજર થયાં. ચોરને પૂછવામાં આવ્યું. એટલે ચોરે કહ્યું –હા. હું એમની એક ક્રોડની મિલ્કત ચોરી ગયો છું. હું જરા પણ અસત્ય બોલતો નથી. પણ એની લક્ષ્મી લેતા પહેલાં એણે મને કેટલી શિક્ષા કરી છે, એ એને પૂછી જુઓ. મેં કેટલું સહન કર્યું છે ત્યારે એ લક્ષ્મી મળી છે. છતાં એ બધી વાત જવા દો. પણ એણે મારા કાન અને કાંડુ બે કાપી લીધા છે. એ મને પાછા આપી દે તો હું એના ક્રોડ

રૂપિયા આપી દેવા તૈયાર છું. સાહેબ! હું તો ચોર જ છું. એમાં શંકા નથી. પણ આ તો વાણિયો છે. અહિંસાનો પુજારી છે. છતાં એને મારી જરા પણ દયા ન આવી. હવે તો મારો કાન અને કાંડુ પાછું આપે તો જ એના કોડ રૂપિયા આપું. નહિં તો બીજા કોડ રૂપિયા લઉં. ચોરે તો સારી પેઠે પકડ પકડી. હવે શેઠ ગમે તેમ કરે તો પણ કાંડુ ને કાન ક્યાંથી લાવે? મૂળ મિલ્કત ગઈ ને ઉપરથી કોડ રૂપિયા આપવા પડયા.

દેવાનુપ્રિયો! લક્ષ્મી માટે નિર્ધન માણસે કેટલું કષ્ટ સહન કર્યું! કોઈ એક માણસ એક ચૂંટી ખણે તો તમારાથી સહન થતું નથી. તમને પણ ધન કમાવા જતાં આવા નહિ પણ બીજી રીતે તો ઉપસર્ગ આવતા જ હશે ને? જેટલું કષ્ટ ધન મેળવવા માટે સહન કરો છો તેટલું જો આત્માના લક્ષે સમભાવથી સહન કરો તો બેડો પાર થઈ જાય.

કમલાવંતી રાણી ઇષુકાર રાજાને કહે છે, લક્ષ્મી કેવી ખૂરી ચીજ છે. સમજ્યા ને? અહીં તમે પરાયું ધન લેગું કરો છો પણ પરભવમાં કર્મ ભોગવવા પડશે. જેમ પેલા માણસને એના કોડ રૂપિયા તો પાછા ન મળ્યા, પણ ઉપરથી બીજા કોડ દેવા પડયા, તેમ તમે પણ નહિ સમજો તો પરભવમાં કર્મનાં દેણાં ભરવા પડશે. અને જેનું લીધું હશે તેને કોઈને કોઈ રીતે વસુલ કરી આપવું પડશે. માટે સમજો અને ધર્મનું શરણ ગ્રહણ કરો. ધર્મ સિવાય કોઇ ત્રાણ-શરણ નથી. હજુ પણ કમલાવંતી રાણી ઇષુકાર રાજાને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૧૦૫

કારતક સુદ ૫ ને મંગળવાર તા. ૩-૧૧-૭૦

જ્ઞાની કહે છે કે તીર્થંકર હોય કે સામાન્ય સાધુ હોય, ચક્રવર્તિ હોય કે ચીંથરેહાલ હોય દરેકને કર્મ તો ભોગવવાં જ પડશે. કર્મ કોઈનો પીછો છોડનાર નથી. કર્મનો કાયદો ક્રૂર અને કુટીલ છે પણ સાથે ન્યાયી છે કે જે કર્મ કરે છે તેને જ એ પકડે છે. બીજા કોઈને પકડતું નથી.

છે કાયદો કર્મનો, હિસાબ પાઇપાઈનો,
વોરંટ વગડે આવશે, રાજ્ય નથી પોપાબાઇનું.

તમને લાગે કે હું કર્મ કરું છું તે કોઈ જાણતું નથી. ભલે તમને અહીં કોઈ

દેખાતું ન હોય, પણ અનંત સિદ્ધિ અને કેવળી ભગવંતો બધું જ જાણે છે અને દેખે છે. કર્મનાં દેણાં ચક્રવર્તિ વ્યાજ સહિત ચૂકવવા પડશે. ત્યાં પોપાબાઈનું રાજ્ય નથી. જેમ કોઈ માણસે સરકારનો ગુન્હો કર્યો હોય અને તે ભાગી જાય તો તેને પકડવા માટે તેની પાછળ વોરંટ ફરે છે. તેમ તમે માનતા હો કે કર્મ કરીને છૂટી જાઉં. તો એ નહિ બને. ગમે તેવા નિર્જનવનમાં ભાગી જશો તો પણ વોરંટ વગડે આવશે. અને કર્મરાજા તમારી પાસેથી પાઈ પાઈનો હિસાબ માંગશે. નરકના દુઃખો કેવા હોય છે. તે વાત એક વખત કહેવાઈ ગઈ છે. નારકીના જીવોને પરમાધામી મારતા જાય ને મેણાં મારતાં જાય છે. આવા દુઃખોને ન ભોગવવા હોય તો કર્મ કરતાં ખૂબ વિચાર કરો. જે આત્માઓને કર્મની કુટિલતા સમજાઈ જાય છે તેઓ અવશ્ય કર્મ કરતાં અટકે છે.

દરરોજનો અધિકાર છ જીવોનો ચાલે છે. તેમાં ચાર આત્માઓ તો સમજી ગયાં. બે હળુકર્મી આત્માઓ જાગવાની તૈયારીમાં છે. હવે તો છએ આત્માઓનાં નામ તમને બરાબર આવડી જવા જોઈએ. કમલાવંતી રાણી કેવી શૌર્યવંતી છે, એ અમારી બહેનો જેવી કાયર ન હતી. આ કમલાવંતી તમને કોઈ દિવસ પૂછે છે કે સ્વામીનાથ! અત્યારે આપણા ઘરમાં આટલી બધી લક્ષ્મી કઈ રીતે આવે છે? ઘરાકને છેતરીને, દગાપ્રપંચ કરીને તો નથી લાવતાને! એમ નહિ પૂછે, એ તો એમજ સમજે છે કે બીજાનું જે થવું હોય તે ભલે થાય. પણ મોજમઝા ઉડાવી લો. ઈષુકાર રાજાની રાણી એવી ન હતી,એ તો ઈષુકાર રાજાને ઝાટકી કાઢીને કહે છે હે મહારાજા! આખા ગામની લક્ષ્મી લાવીને ભેગી કરશો તો પણ તમારું પેટ ભરાવાનું નથી. કારણ કે તૃષ્ણાનો ખાડો ખૂબ વિષમ છે. ભગવાને ઠાણાંગ સૂત્રના ચોથા ઠાણે ચાર પ્રકારના ખાડા બતાવ્યા છે. સ્મશાનનો, સમુદ્રનો, તૃષ્ણાનો અને પેટનો. એ ચાર ખાડા કદી પૂરાતા જ નથી. સારી પૃથ્વી જેટલો મોટો ખાટલો બનાવી અને આકાશ જેવડી તળાઈ બનાવી એના ઉપર સમાય તેટલી લક્ષ્મી એક જ મનુષ્યને આપવામાં આવે તો પણ લોભી માણસની તૃષ્ણા પૂરી થતી નથી. જેમ અગ્નિમાં ગમે તેટલા કાષ્ઠ નાંખવામાં આવે તો પણ અગ્નિ કદી શાંત થતી નથી તેમ લોભી મનુષ્યની તૃષ્ણા કદી શાંત થતી નથી.

કમલાવતી રાણીના અંતરમાં ઝણઝણાટી જાગી છે. એવો જુસ્સો આવ્યો છે કે જેને પરણીને આવી છું એવા મારા પતિ ઈષુકાર મહારાજા નરકમાં તો ન જવા જોઈએ. તેમનું આત્મ કલ્યાણ થવું જોઈએ. બ્રાહ્મણની છંડેલી ઋદ્ધિ મારા રાજ્યમાં ન જ આવવી જોઈએ. જેમ જેમ મહારાજાને તે સમજાવતી ગઈ તેમ તેમ તેના અંતરમાં વૈરાગ્યના ફિરણો ફૂટતા ગયાં. વળી જોમમાં આવીને મહારાજાને કહે છે:—

मरिहिसि रायं ? जया तया वा, मणोरमे कामगुणे पहाय ।
एक्को हु धम्मो नरदेव ताणं, न विज्जइ अन्नमिहेह किंचि ॥ उ.अ.१४-४०

આવા શબ્દો કોણ બોલી શકે? જેનામાં ધૈર્ય હોય, ગંભીરતા હોય, તે જ બોલી શકે. કમલાવતી રાણી કહે છે હે મહારાજા! જ્યારે કે ત્યારે એક વખત મરવાનું તો અવશ્ય છે. મૃત્યુનો સમય આવશે ત્યારે આ મનોરમ્ય-સુંદર કામભોગોને તમારે છોડવે જવું પડશે. ધનના ભરેલા ભંડાર અહીં જ રહી જશે. તમારા મનગમતા કામભોગો છોડવા પડશે. સુંદર દેહ પણ અગ્નિમાં જલાવી દેશે. અમે પૂછીએ કે શ્રાવકજી! ઉપાશ્રયે કેમ નથી આવતાં? તો કહેશે સાહેબ! "No Time" તમને આ દેહને સાચવવા માટે કલાકોના કલાકોનો ટાઈમ મળે છે ને ઉપાશ્રયે આવવાનો જ ટાઈમ નથી મળતો. પણ યાદ રાખજો, આ કાયા કેવી છે?

કાયા કરમાઈ જાશે, શ્વાસ રૂંધાઈ જાશે, અંતે તારો આ તો માટીનો છે મિનારો,
મુસાફરીએ મુસાફીર આવ્યો, સાકર વહેંચીને હર્ષ મનાવ્યો,
નિંદા નરકે લઈ જાય, વેદના બહુ થાય, અંતે તારો આ તો માટીનો છે મિનારો.....

એકનો એક લાડીલો દિકરો બારબાર વર્ષથી પરદેશ કમાવા ગયો છે. બાર વર્ષે કમાઇને પાછો ફરે છે. તમારા મનમાં હર્ષ છે કે બાર વર્ષે પુત્રનું મુખ જોઇશું. પુત્રનો મનમાં પણ એવો હર્ષ છે કે મારા માતા-પિતા, પત્ની બધા આજે મને મળશે. પણ જો રસ્તામાં પ્લેનમાં કોઈ એકસીડન્ટ થઈ જાય અથવા પેટ્રોલની ટાંકી ફાટી તો પ્લેનમાં બેઠેલા બધાના ભૂક્કા ઉડી જાય છે. તે વખતે કાળ એમ નહિ જુવે કે આ બાર બાર વર્ષથી એના કુટુંબથી છૂટો પડેલો છે. એક વખત તો એનાં સગા-સ્નેહીઓને ભેગા થવા દઉં. એ કાળ નથી જોતો. જ્યાં ક્ષણનો વિશ્વાસ કરવા જેવો નથી ત્યાં ભવિષ્યની આશા કયાં રાખવી? કમલાવંતી રાણી કહે છે હે રાજા! એક દિવસ મારે ને તમારે આ બધું છોડીને જવાનું છે. આ શબ્દો અંતરનાં છે. રજુમાં શૂરવીર છુપો ન રહે. રૂ એ લપેટેલી આગ જેમ છુપી ન રહી શકે તેમ આ કમલાવંતી રાણી પણ છુપી ન રહી શકી. અમારી કમલાવંતી બહેનો જો આવી શૂરવીર બને તો ઈષુકાર સંસારમાં ન બેસી શકે. કામ થઈ જાય. (હસાહસ).

એક દિન એહ ધન છોડવું, પરભવ સગું નહિ કોય....સાંભળ...
પરભવ જાતાં ઈણ જીવને, ધર્મ સખાઈ જ હોય,
સાંભળ હો રાજા, બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો.

કમલાવંતી રાણી કહે છે હે મહારાજા! આટલી બધી લક્ષ્મીમાંથી એક રાતી પાઈ પણ સાથે લઈ જશો ખરા! તમે તમારા સેવકોને સાથે લઈ જશો ખરા? પરભવમાં જતાં આ જીવને ધન કે પરિવાર કોઇ સગું નહિ થાય. "एक्को हु धम्मो नरदेव ताणं." હે નરદેવ! પ્રજાપાલક! તમે તમારા જીવનમાં જેટલો ધર્મ કરશો તે જ તમારી

સાથે આવશે. ધર્મ વિના કોઈ સાથે નહિ આવે. ધર્મ જ સાચો સગો છે, માટે લક્ષ્મીનો મોહ છોડી જે લક્ષ્મી પાસે છે તેને દાનમાં વાપરો. પારકી લક્ષ્મી ભેગી ન કરશો. તમારા શુભાશુભ કર્મો જ તમારી સાથે આવશે. ધર્મ વિના બીજો કોઈ પદાર્થ ન તો તમારું રક્ષણ કરશે કે ન તો તમારી સાથે આવશે. માટે કંઈક પરભવનો વિચાર કરો.

આજે જ્ઞાનપંચમીનો પવિત્ર દિવસ છે. હજારો સૂર્યના પ્રકાશ કરતાં જ્ઞાનનો સૂર્ય બહુ તેજસ્વી છે. સૂર્યનો પ્રકાશ તો દિવસે જ હોય છે જ્યારે જ્ઞાન તો રાત્રે અને દિવસે સદાકાળ પ્રકાશ આપે છે. જ્ઞાનથી અજ્ઞાનનો અંધકાર દૂર થાય છે. વિભાવમાં જતાં આત્માને સ્વભાવમાં સ્થિર કરનાર હોય તો જ્ઞાન છે. જ્ઞાન એ આત્માનો સહજાવી ગુણ છે. તમારું કોલેજનું જ્ઞાન, વહેપારનું જ્ઞાન, અહીં જ રહી જશે, પણ આત્માનું જ્ઞાન તો પરભવમાં પણ સાથે જાય છે. જ્ઞાન મિથ્યાત્વને હઠાવે છે. દ્રવ્ય અંધકાર જેટલું આત્માનું અહિત નથી કરતો તેટલો આત્મામાં રહેલ ભાવ–અંધકાર અજ્ઞાન આત્માનું અહિત કરનાર છે. જ્ઞાન વિના વસ્તુના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થતું નથી. અજ્ઞાનથી રસ્સીને સાપ માની લેવાય છે, સાચાને ખોટું અને ખોટાને સાચું મનાવનાર અજ્ઞાન છે. જ્ઞાનથી જડ–ચેતનનું ભેદજ્ઞાન થાય છે.

જેના અજ્ઞાનનો અંધકાર નષ્ટ નથી થયો તેવા આત્માઓ પોતાનું અહિત કરનાર છે. પોતાનો અજ્ઞાનાત્મા–અશુભાત્મા જ પોતાનું અહિત કરે છે. આખી જિંદગી અશુભ કર્મો કરવામાં જ વીતાવી દે છે. જ્યારે અંતકાળ નજીક આવે છે ત્યારે એને પસ્તાવો થાય છે. જીવનપર્યંત કરેલાં પાપો એને યાદ આવે છે. અહો પ્રભુ ! મેં જીવનમાં કંઈ જ સત્કાર્ય ન કર્યું. સાચા મુક્તાફળ મૂકી કલ્ચરને મોહ્યો, મણી મેળવવાં જતાં કૃત્રીધરને પણ ભેટયો, ન આવાનું આવું પણ ગમ ન આવી. મોટી મોટી ડીગ્રીઓ મેળવી પણ મનુષ્યભવની ઉંચામાં ઉંચી ડીગ્રી પ્રાપ્ત ન કરી. આ મનુષ્યભવમાં મારે શું કરવાનું છે તેનું ભાન ન રાખ્યું. આખી જિંદગી પરાયા દોષો જ જોયા પણ સ્વદોષ ન જોયા. પાછળનો પસ્તાવો શું કામનો ? છતાં જ્ઞાન કહે છે કે જેટલું આયુષ્ય બાકી છે તેટલામાં તમે બગડેલ બાજીને સુધારી લો.

જ્ઞાન દ્વારા આત્મામાં સ્વ–પરનો વિવેક જાગે છે. સાચો જ્ઞાની કદી પરાયા દોષ નથી જોતો. શ્રેણિક રાજાએ દીક્ષા લીધી ન હતી. પણ સમ્યકત્વ સ્પર્શ્યું હતું. એક સમકિતની કેટલી તાકાત છે કે કોણિકે તેને પાંજરામાં પૂર્યો તો પણ સ્વદોષ તેણે જોયા પણ પુત્રનો દોષ ન જોયો. "તેં કર્મ કર્યા છે તો તારે ભોગવવા પડે એમાં શી નવાઇ છે !" આ પ્રભાવ જ્ઞાન અને દર્શનનો છે. જૈન કુળમાં જન્મેલા શ્રાવકને સામાયિક, પ્રતિક્રમણ, છકાયના બોલ અને નવતત્ત્વ એટલું જ્ઞાન તો અવશ્ય હોવું જ જોઇએ.

એક ધનવાન શેઠ હતાં. ખૂબ પુણ્યવાન અને ધર્મિષ્ઠ હતાં. પૂર્વના પ્રબળ પુણ્યોદયથી

અઢળક લક્ષ્મી મળી હતી. આ શેઠને બે પુત્રો હતાં. પુત્ર પણ ખૂબ સૌંદર્યવાન હતાં. બંને હજુ કિશોર હતાં. એક દિવસ બંને બાલુડા રમતાં રમતાં ગામ બહાર બગીચામાં ચાલ્યા ગયાં. ત્યાં જૈન મુનિને જોયા. સંતને જોઈ બંને ચરણમાં પડી ગયા. સંતે એમને ઉપદેશ આપ્યો. અહો ! ભવ્ય જીવો ! આ સંસાર દાવાનળ જેવો છે. એમાં કયાંય રાચવા જેવું નથી. બાળકના કુમળા માનસ ઉપર સંતના ઉપદેશની સુંદર અસર થઈ. અહો ! આ સઘળી સંપત્તિ ઓંઠ જેવી જ છે ને ! અમારા વડવાઓ મૂકીને ગયા તે મારા પિતાજી ભોગવે છે. પિતાજી એ ઓંઠવાડ આપણને આપશે. આમ અનંતકાળથી આવી ઘટમાળ ચાલ્યા કરે છે. વૈરાગ્યવંત બનેલા બંને પુત્રોએ માતા–પિતાની આજ્ઞા લઈ દીક્ષા લીધી.

દીક્ષા લઈને બંને ભાઇઓએ ગુરૂ ચરણમાં પોતાનું જીવનનાવ અર્પણ કર્યું. ગુરૂની આજ્ઞા એટલે પ્રાણ છે એમ સમજતાં હતાં. કયારે પણ ગુરૂ આજ્ઞાથી વિરૂદ્ધ ચાલતાં ન હતાં. ગુરૂના સાનિધ્યમાં રહી ખૂબ જ્ઞાનાભ્યાસ કરવા લાગ્યા. પણ મોટાભાઈનો ગાઢ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છે. તે ખૂબ મહેનત કરે છે પણ જ્ઞાન ચઢતું નથી. ત્યારે તે મુનિ ખૂબ ઉગ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા. જ્ઞાન ભણનાર સંતોની સેવા કરવા લાગ્યા. ભગવાને અનેકવિધ પ્રકારે સંયમનું પાલન કરવાનું કહ્યું છે. તો હું આ રીતે સમતાભાવમાં રહી જ્ઞાન ભણનારનો વિનય કરીશ, વૈયાવચ્ચ કરીશ, તપ કરીને મારા કર્મો ખપાવીશ. અને નાના ભાઈનો એવો ક્ષયોપશમ છે કે ગુરૂ થોડું સમજાવે તેમાં ઘણું જ ગ્રહણ કરી લે છે. પૂર્વે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કર્યો છે, એણે ગુરૂ પાસે રહી ઘણું જ્ઞાન પ્રાપ્ત કર્યું. એની યોગ્યતા જોઈ ગુરૂએ જુદા વિચરવાની તેને આજ્ઞા આપી. " ખૂબ જ્ઞાન અને શુદ્ધ સંયમ " એટલે સોનામાં સુગંધ ભળી છે. આ સંત જ્યાં જ્યાં પધારે અને ઉપદેશ આપે ત્યાં ખૂબ માનવમેદની ભરાય. સંતની વાણી મનુષ્યોના હૃદયમાં ઉતરી જતી. ઘણાં આત્માઓ ધર્મ પામી જતાં. કંઈક વ્રતધારી બની જતાં અને કંઇક તો વૈરાગ્ય પામીને દીક્ષા લઈ લેતાં. એમને ૫૦૦ શિષ્યો થયાં. જેની પાસે જ્ઞાન હોય તેની પાસે સહુ આવે. મોટાભાઇ પાસે જ્ઞાન નથી એટલે એમની પાસે કોઈ આવતું નથી. એમને એક પણ શિષ્ય ન હતો. છતાં અજબ સમભાવ હતો. પોતે મોટો હોવા છતાં નાના ભાઈનો ખુબ વિનય કરે. મનમાં એવો હર્ષ હતો કે અહો ! મારા ભાઈમાં કેટલું જ્ઞાન છે ! એના જ્ઞાનના પ્રભાવથી કેટલા ભવી જીવો તરી જાય છે ! નાના ભાઇના ખૂબ ગુણગાન કરતાં.

૫૦૦ શિષ્યોના ગુરૂ (નાના ભાઇ) પોતાના શિષ્યોને ખૂબ જ્ઞાન ભણાવે છે, સંયમની સાધના કરાવે છે, શિષ્યોના સંશયનું સમાધાન કરે છે. તેમજ આખો દિવસ સૂત્ર–સિદ્ધાંતની વાંચણી આપે છે. શ્રાવકો પણ ગુરૂ પાસે જ્ઞાન મેળવવા આવતાં. ગમે તેવા માણસો ગમે તેવા અઘરા પ્રશ્નો પૂછવા આવે તો પણ તેનું બરાબર સમાધાન કરતાં.

આજ્ઞાનાર સંતોષ પામીને જતાં. ગમે તે માણસ કે ગમે તે શિષ્ય ગમે ત્યારે ગયે તે પૂછે તો પણ ગુરૂ કયારેય કંટાળતાં નહિ, સ્હેજ પણ પ્રમાદ ન કરતાં.

એક દિવસ એવું બન્યું કે આહાર થોડો વધારે અને ભારે આવામાં આવી ગયો. રાત્રે ગુરૂને ખુબ ઉંઘ આવવા લાગી. આંખ ઉંચી જ ન થાય. ગુરૂ કહે છે શિષ્યો ! તમે સ્વાધ્યાય કરો. હું સૂઈ જાઉં છું, કહી સૂઈ ગયા. શિષ્યો સ્વાધ્યાય કરવા બેઠાં. ખૂબ મનનપૂર્વક સ્વાધ્યાય કરતાં હતાં, સ્વાધ્યાય કરતાં કરતાં વચમાં એક ગાથાનું પદ વિસ્મૃત થઈ ગયું, ખૂબ યાદ કર્યું, પણ કોઈ હિસાબે યાદ આવતું નથી. શિષ્યો અંદરોઅંદર વિચાર કરે છે કે ગુરૂજીને પૂછી આવીએ, પણ સૂઈ ગયા છે, જો ઉઠાડીએ તો અશાતના થાય. ત્યારે બીજા શિષ્યો કહે છે, આપણા ગુરૂદેવ તો ખૂબ કૃપાસિંધુ છે. જ્યારે જઈએ ત્યારે આપણને કદી ના પાડતા જ નથી. એમને ઉઠાડવામાં શો વાંધો છે ? એમ વિચાર કરી ગુરૂને જગાડયા અને વંદન કરી વિનયપૂર્વક શિષ્યો પૂછે છે ગુરૂદેવ ! આ ગાથાનું પદ યાદ નથી આવતું. આપને શાતા હોય તો કહો. ગુરૂએ ખૂબ શાંતિપૂર્વક શંકાનું સમાધાન કર્યું અને પાછા ઉંઘી ગયા. થોડીવાર થઈને બીજા શિષ્યો આવ્યા. એમની શંકાનું સમાધાન કર્યું. ત્યાં ત્રીજા આવ્યા. એમ શિષ્યોની પૃચ્છા ચાલુ જ રહી. બીજી બાજુ ઉંઘ વેરણ થઈ છે. થોડા ઘણાં પ્રશ્નોનું સમાધાન કર્યું ત્યાંસુધી તો કંઈ ન થયું. પણ આ તો ઘણો મોટો સમુદાય હતો. અને કુદરતી એવું બનવાનું તેથી એ દિવસે કોઈને શંકા થાય તો કોઈને વિસ્મૃત થઈ જાય એટલે સહુ પૂછવા આવવા લાગ્યા. એટલે વારંવાર નિદ્રામાં ખલેલ પડવાથી ગુરૂને ક્રોધ આવ્યો "અરે, આખા દિવસનો થાકયો પાકયો સૂતો છું તો પણ શિષ્યો સુખે ઉંઘવા દેતા નથી ! મેં જ્ઞાન મેળવ્યું ત્યારે આ બધા મને હેરાન કરવા આવે છે ને ? બહેતર, આના કરતાં અજ્ઞાન રહેવું સારું. મારા મોટાભાઇએ જ્ઞાન નથી મેળવ્યું તો એને કંઈ ઉપાધિ છે ? તે કેવો નિરાંતે ઉંઘે છે. બસ હવે મારે બોલવું જ નથી ને કોઈને જ્ઞાન દેવું નથી.' આવો નિર્ણય કરી મૌન થઈ ગયાં.

આ ગુરૂએ કદી ક્રોધ કર્યો નથી, એટલે શિષ્યોને એવી શી ખબર કે આજે ગુરૂના મનમાં ક્રોધ આવ્યો છે. તેથી આપણે ન જઈએ. ભદ્રિક ભાવે શિષ્યો આવે છે પણ ગુરૂ કોઈને જવાબ આપતાં નથી. ઉપરથી મૌન છે. અંતરમાં માઠાં પરિણામ છે કે બસ, જ્ઞાન મિથ્યા છે. જ્ઞાન ઉપર અભાવ થયો. વર્ષોથી મેળવેલા જ્ઞાનને ક્રોધે ભસ્મ કરી નાંખ્યું. છેવટે સવાર પડી. શિષ્યો પૂછે છે ગુરૂદેવ ! ગોચરી કયાં જઈએ ? કોઈ પૂછે છે અમે વાંચણી કરીએ, સ્વાધ્યાય કરીએ, વૈયાવચ્ચ કરીએ, શું કરીએ ? પણ ગુરૂ તો કોઇને ઉત્તર આપતાં જ નથી. શિષ્યો ખૂબ વિનવે છે. ગુરૂદેવ ! અમારો શો અપરાધ થયો ! આપ જે હોય તે કહો. અમારી ભૂલ થઈ હોય તો ક્ષમા માંગીએ છીએ. પણ આજે આપના મુખમાંથી અમીરસધારા કેમ વહાવતાં નથી ? પણ, બસ....મૌન. ગુરૂએ મૌન ન

જ છોડ્યું. અગિયાર દિવસ સુધી તેઓ મૌન રહ્યાં. આ રીતે કષાયમાં જોડાવાથી સમ્યક્ત્વ વમી બારમે દિવસે ક્રોધ કષાયની આલોચના કર્યા વિના, આયુષ્ય પૂર્ણ થતાં માઠાં પરિણામમાં કાળધર્મ પામ્યા.

અગિયાર દિવસમાં વર્ષોની સાધના લૂંટાઇ ગઇ. સાધુની ગતિ તો દેવલોકની હોય પણ મિથ્યાદૃષ્ટિ આવી ગઈ અને કલુષિત અધ્યવસાયમાં મૃત્યુ પામવાથી સાધુપણાનું ભાન ભૂલાઈ ગયું.મરીને રાજાને ત્યાં કુમાર પણે ઉત્પન્ન થયા. સંયમ ખૂબ રૂડી રીતે પાળ્યો હતો એટલે સુખ તો મળ્યું. રૂપ પણ દેવ જેવું હતું. તો પણ મુંગો હતો. બે ત્રણ વર્ષનો થયો પણ બોલતો નથી. રાજાના કુમાર માટે શું બાકી રહે ? કહો તેટલા વૈદ્યો, ડોકટરો બોલાવ્યા. પણ કુમારને કોઈ બોલાવી ન શકયું. આમ કરતાં કુમાર અગિયાર વર્ષનો થયો. અગિયાર વર્ષ પૂર્ણ થઈ બારમું વર્ષ બેસવાનું છે, તે જ દિવસે ગામમાં પરમ અવધિજ્ઞાની સંત પધાર્યા.

દેવાનુપ્રિયો ! અગિયાર દિવસ સુધી ક્રોધમાં મૌન રહ્યા હતાં. અગિયાર દિવસ એમણે જ્ઞાન ન આપ્યું, તેનું માઠું ફળ અહીં અગિયાર વર્ષ સુધી ભોગવવું પડયું. જુઓ, હવે કેવો યોગ મળે છે. આખું ગામ સંતની વાણી સાંભળવા ઉમટયું છે. રાજા પણ પોતાના પુત્ર–પરિવારને લઈને સંતદર્શને આવે છે. દેશના સાંભળ્યા પછી મહારાજા ગુરૂને પૂછે છેઃ અહો પ્રભુ ! આપ મહાન જ્ઞાની છો. આ મારો એકનો એક પુત્ર છે. અગિયાર વર્ષનો થયો. ખૂબ ઉપચારો કરાવ્યા પણ એ બોલી શકતો નથી. તો એના કયા કર્મના ઉદયથી એની આ સ્થિતિ થઈ છે ! તે આપ કૃપા કરીને કહો. ગુરૂએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું.

હવે કુમારનો પૂર્વભવ કહે છે. હે રાજન્ ! તમારો કુમાર પૂર્વભવમાં સાધુ હતો. ૫૦૦ શિષ્યોના ગુરૂ મહાન વિદ્વાન આચાર્ય હતા. શુદ્ધ સંયમનું પાલન કર્યું હતું એટલે રાજકુમાર અનુપમ સૌંદર્ય પામ્યો. પણ એણે આગળ કહેવા પ્રમાણે જે બન્યું હતું તે કહ્યું. એ કષાયને કારણે એની આ પરિસ્થિતિ થઇ છે. કુમાર મૂંગો હતો. પણ કાને સાંભળી શકતો હતો, તેથી ગુરૂની વાત ખૂબ ધ્યાનપૂર્વક સાંભળી. અંદરનો પશ્ચાતાપ ઉપડયો. અહો ! મેં આવું ઉત્તમ ચારિત્ર લઈને આવું કર્યું ? એમના મોટાભાઈ તપ, વૈયાવચ્ચ દ્વારા કર્મ ખપાવીને મોક્ષે ગયાં. એ પણ ગુરૂમુખેથી સાંભળ્યું. અહો ! મારાભાઇ તપ કરી વૈયાવચ્ચ કરી કર્મો ખપાવી ધ્યેયની સિદ્ધિ કરી ગયા. અને મેં ઘણું જ્ઞાન મેળવીને આવું કર્યું ! અંદરનો ઉહાપોહ થતાં વાચા ખુલી. ગુરૂદેવને વંદન કરી પૂછે છે ગુરૂદેવ ! હવે હું શું કરું કે જેથી મને જ્ઞાન મળે ? ગુરૂદેવ કહે છેઃ કારતક મહિનાની પાંચમથી લઈને દરેક મહિનાની શુકલ પક્ષની પાંચમે ઉપવાસ કરવો. જ્ઞાનના ૫૧ ગુણ છે. જેથી ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૫૧ વંદણાં ને "નમો નાણસ્સ" એમ ૨૦ માળા ગણજો. જેથી તારા જ્ઞાનાવરણીય કર્મના આવરણો ખસવા માંડશે અને પૂર્વે હતું તે જ્ઞાન પ્રગટ થશે.

ગુરૂના કહેવા પ્રમાણે આ કુમારે સાડા પાંચ વર્ષ સુધી આ રીતે આરાધના કરી. જ્ઞાનની ભક્તિ, જ્ઞાન અને જ્ઞાનીનું બહુમાન કર્યું. આથી એના જ્ઞાનાવરણીય કર્મનો પંડદો ખસી ગયો. ખૂબ જ્ઞાન પ્રાપ્ત કર્યું. પૂર્વે મેળવેલું બધું જ જ્ઞાન પ્રગટ થઈ ગયું. હવે એને રાજ્યના સુખોમાં આનંદ ન આવ્યો. સમ્યગ્દૃષ્ટિ થતાં વીતરાગ-વચન ઉપર શ્રદ્ધા જાગી અને તે બોલી ઉઠયો કે સર્વજ્ઞકથિત જ્ઞાન તો ત્રણે કાળમાં સમાન જ રહે છે. આ ભવમાં મેળવેલું સમ્યક્જ્ઞાન અફળ જતું નથી. આત્મજ્ઞાન પરભવમાં પણ સાથે આવે છે. તમારા નાણામાં ફેરફાર થાય. એના મૂલ્યાંકન વધે ઘટે છે પણ ભગવંતના વચનનાં મૂલ્યાંકન કદી ઘટતાં-વધતાં નથી. સર્વજ્ઞનો સિદ્ધાંત અફર છે. ત્રણ કાળમાં સંસારમાં સુખ નથી. વરદત્ત કુમાર પિતાની આજ્ઞા લઈ સાધુ બની ગયો. અને શુદ્ધ ચારિત્ર પાળી મોક્ષમાં ગયો.

આ પ્રસંગ બન્યો ત્યારથી જ્ઞાનપંચમીની આરાધના શરૂ થઈ છે. તમે જ્ઞાનપંચમીના દિવસને લાભપાંચમનો દિવસ માનો છો, અર્થના પૂજારીઓ અર્થની જ ઉપાસના કરે ને? તમે શ્રમણોપાસક છો. નિરંતર ઉપાસના તો ધનની જ કરો છો. માટે મને તો લાગે છે કે તમારું નામ શ્રમણોપાસકને બદલે ધનોપાસક રાખવું જોઈએ. (હસાહસ). મારા ભાઈઓ અને બહેનો! આજના દિવસે ખૂબ જ્ઞાનની આરાધના કરજો. છ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. જ્ઞાન અને જ્ઞાનીના અવર્ણવાદ બોલવાથી, જ્ઞાન ભણનારને અંતરાય પાડવાથી, જ્ઞાની ઉપર દ્વેષ કરવાથી, જ્ઞાનની અશાતના કરવાથી, જ્ઞાનીનો અવિનય કરવાથી, જ્ઞાની સાથે ખોટા ઝઘડા, વિવાદ-કલહ કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. અને જ્ઞાનનું બહુમાન કરવાથી, જ્ઞાનીના ગુણ ગાવાથી, જ્ઞાનની ભક્તિ કરવાથી જ્ઞાનાવરણીય કર્મ ખપે છે. હવે આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૧૦૬

કારતક સુદ ૬ ને મંગળવાર તા. ૪-૧૧-૭૦

અનાદિથી જીવને ભૂખ-તરસ અને ગરમીની અકળામણ થાય છે, પણ બંધનમાંથી મુક્ત થવાની અકળામણ નથી થતી. સંસારનું બંધન સાલતું નથી ત્યાં સુધી ચતુર્ગતિના ફેરા બંધ થવાના નથી.

ભૃગુ પુરોહિતના બે પુત્રોને ભવબંધનની અકળામણ થઈ, તો પોતે સંત-સમાગમ

થતાં જાગી ગયાં. એમના વૈરાગ્યની દૃઢતાથી પિતા–ભૃગુ પુરોહિત અને માતા–યશા પણ વૈરાગ્ય–રંગે રંગાઈને સંયમપંથે ચાલી નીકળ્યા. પણ આ મારા રાજગૃહી એવી રાજકોટ નગરીના શ્રાવકોને કેટલા સંતોએ ઉપદેશ આપ્યો, કેટલા સંતોનો સમાગમ થયો. પણ હજુ બંધનમાંથી મુક્ત થવાનું મન નથી થતું, પણ યાદ રાખજો કે આજે નહિ છોડો તો કાલે પણ છોડ્યા વિના તો છૂટકો નથી જ. એક દિવસ તો સંસાર પ્રત્યેથી છૂટકારો લેવો જ પડશે.

એક વખત એક વહેપારીએ સરકારનો ગુન્હો કર્યો. એટલે તેને સરકારી માણસોએ પકડયો. ગુન્હાની શિક્ષામાં સરકારે એને શિક્ષા કરી. અને એનાં ઘરબાર, માલ–મિલકત બધું જપ્ત કરી તેને દેશનિકાલની શિક્ષા કરવામાં આવી. ત્યારે એ વહેપારી ખૂબ રડવા લાગ્યો, કરગરવા લાગ્યો અને ખૂબ નમ્રતાપૂર્વક રાજાને કહેવા લાગ્યો બાપુ ! મારી તમામ મિલકત આપને લેવી હોય તો લઈ લો, પણ મને દેશનિકાલ ન કરો. ખૂબ આજીજી કરી પણ રાજાએ એની વાત માન્ય ન કરી. અને દેશનિકાલ કર્યો. આ વહેપારી એકલો જંગલમાં ભટકે છે. એક ઝાડ નીચે બેસી ખૂબ રડવા લાગ્યો. અહો ! રાજાએ મારા ઘરબાર ને માલ–મિલકત તો લઈ લીધાં અને ઉપરાંત મારી પત્ની અને બાળકોથી પણ વિખુટો પાડયો. મારા કુટુંબ પરિવારનું પણ શું થશે ? અને હું પણ એકલો જંગલમાં શું કરું ? હવે આવા જીવને જીવીને મારે શું કામ છે ? કૂવામાં પડું કે ઝાડની ડાળીએ ફાંસો ખાઈને મરી જાઉં ? કે મોટા પહાડ ઉપર ચઢીને ઝંપાપાત કરું ? પણ હવે મારે જીવવું નથી. દેવાનુપ્રિયો ! એ એકલવાયો પડી ગયો; ધન–મિલકત ચાલ્યા ગયા એની એને અકળામણ થઈ. પણ કર્મ કરતી વખતે વિચાર ન કર્યો. હજુ પણ એને એવો વિચાર નથી આવતો કે રાજાએ મને દેશનિકાલ કર્યો તો એમાં મુખ્ય કારણ શું છે ? મેં એવો ગુન્હો કર્યો માટે મને આ શિક્ષા થઈ છે એમ પોતાનો દોષ દેખાતો જ નથી. કર્મ કરતી વખતે એને સજા ભોગવવી પડશે, નરક તિર્યંચ આદિ અશુભ ગતિઓમાં જવું પડશે, એવો વિચાર જ એને નથી આવતો, પણ કર્મ ભોગવવાનો વખત આવે છે ત્યારે જ સમજાય છે.

એક માણસ સારા કુટુંબનો હતો, છતાં પરસ્ત્રીગમન કરતો હતો. એ દુષ્ટ કાર્ય કરતો છેક રાજાના અંતેઉર સુધી પહોંચવાની ભાવના થતાં અંતેઉરમાં જતાં કોઈ એને રૂકાવટ ન કરે તે માટે તે સ્ત્રીનાં કપડાં પહેરીને અંતેઉરમાં જવા લાગ્યો. કોઇ પૂછે તો કહે કે હું રાણીની સખી છું. રાણીને મળવા જાઉં છું એમ કહી અંતેઉરમાં આવવા લાગ્યો. રાણીને વહેમ પડતાં રાજાને વાત કરી તેથી રાજાએ તેને પકડયો. ત્યારે કહે છે કે હું સ્ત્રી છું. ત્યારે રાજા કહે છે તું સ્ત્રી છે કે પુરૂષ એ હું બરાબર જાણું છું. રાજાએ સભા ભરી. અને સભામાં લાવી પેલા વ્યભિચારી પુરૂષને શિક્ષા કરવાનું નક્કી કર્યું.

માણસ કર્મ કરતી વખતે વિચાર નથી કરતો. પણ યાદ રાખજો કે જ્યાં સુધી મહાન પુણ્યનો ઉદય હશે ત્યાં સુધી તમે ગમે તેમ કરીને છટકી જશો. પણ પાપનો ઉદય થતાં કર્મો કદી છુપા રહેવાનાં નથી. રાજાએ ભરસભામાં લાવીને હુકમ કર્યો કે આ માણસના કપડાં ઉતારી નાંખો. સભાજનો અંદરોઅંદર બોલવા લાગ્યા કે મહારાજાની બુદ્ધિ બગડી ગઈ લાગે છે. આટલાં માણસો વચ્ચે આ માણસનાં કપડાં ઉતારી નાંખવાનું કહે છે! પણ જ્યાં એના કપડાં ઉતારી લીધાં તો એ માણસ, સ્ત્રીને બદલે પુરૂષ નીકળ્યો. ત્યારે સૌને થયું કે આ માણસ દુષ્ટ લાગે છે. પછી રાજાએ બધી વાત જાહેર કરી અને કહ્યું કે આ દુષ્ટની આંખો ફોડી નાંખો. નાક, કાન કાપી નાંખો અને જીભ ખેંચી નાંખો. આટલું કર્યા પછી આખા ગામમાં ફેરવી ઢંઢેરો પીટાવ્યો કે જે માણસ પરસ્ત્રીગમન કરશે તેને આવી શિક્ષા ભોગવવી પડશે. એટલું જ નહિ પણ પરલોકમાં–નરકગતિમાં તો તેનાથી અનંત ગણી સજા આ જીવને ભોગવવી પડે છે. પરસ્ત્રીગમન કરનારને પરમાધામીઓ લોખંડની ધગધગતી પૂતળી સાથે આલિંગન કરાવે છે. આમ અનેક રીતે કર્મની સજા નિમિત્તે જીવને અનંત દુઃખો ભોગવવાં પડે છે.

પેલો વહેપારી જંગલમાં એકલો ઝુરે છે. આપઘાત કરવાનો વિચાર કરે છે. ત્યાં એને કોઈ સંત મળી ગયા. સંત પૂછે છે ભાઈ! શા માટે રડે છે? ત્યારે કહે છેઃ રાજાએ મારું સર્વસ્વ જપ્ત કરી મને દેશનિકાલની સજા કરી છે. પણ પોતે જે ગુન્હો કર્યો છે તે પ્રગટ કરતો નથી. સંત પૂછે છે ભાઈ! તને શા માટે રાજાએ દેશનિકાલ કર્યો? તેં કંઇક ગુન્હો તો કર્યો જ હશે ને? ગુન્હા વિના કદી શિક્ષા થતી જ નથી. પણ આજે માણસ સ્વદોષ પ્રગટ કરતો નથી. પણ પરના જ દોષ દેખે છે. પણ જ્ઞાની તો કહે છે હે આત્મા! તું જ્યાં સુધી સ્વદોષ ન જોતાં પરદોષ જોયા કરીશ ત્યાં સુધી ત્રણે કાળમાં તારો ઉદ્ધાર થવાનો નથી. સંતે ખૂબ પૂછ્યું ત્યારે પેલા માણસે કહ્યું કે મેં હજારો ગુન્હા કર્યા પણ પકડાયો નહિ. પણ આ વખતે એક મામુલી ગુન્હો કર્યો તેમાં પકડાઈ ગયો. ત્યારે સંત કહે છે, તેં ગુન્હો કર્યો ત્યારે તારા સ્વજનોથી તારે અલગ થવું પડયું ને? આજે તારે બધું છોડવું પડયું પણ છોડતાં આવડયું નથી તેથી તને અકળામણ છે. તમારા ગામમાં હાલમાં જે રાજા છે એના પિતાશ્રીએ શું કર્યું? ત્યારે પેલો માણસ કહે છેઃ બાપુજી! એ મહારાજા તો રાજવૈભવ અને સમૃદ્ધિ છોડીને સાધુ બની ગયાં છે. સંત કહે છે એ રાજકુમારનો પિતા જે સાધુ બની ગયો તે બીજો કોઈ નહિ પણ તે હું પોતે જ છું. તું પણ ઘરબાર છોડીને જંગલમાં આવ્યો છે અને હું પણ છોડીને આવ્યો છું. છતાં તારા અને મારામાં કેટલો બધો ફરક છે! તું રડે છે, ઝૂરે છે અને હું તો સદા આનંદમાં મસ્ત રહું છું. કારણ કે મેં તો સમજપૂર્વક–સ્વેચ્છાથી છોડયું છે. પણ તેં પરાધીનપણે છોડયું છે. માટે તું રડે છે, પણ હવે તું સમજી લે કે તારા કરેલાં કર્મોનું જ આ ફળ છે એમ સમજીને સમતાભાવ રાખીને આવેલું કષ્ટ સમભાવે ભોગવી લે.

कडाण कम्माण न मोक्ख अत्थि કરેલાં કર્મ ભોગવ્યા સિવાય છૂટકો નથી. તું અહીંથી આપઘાત કરીશ તો બીજા નવાં કર્મો બંધાશે અને જુના કર્મોથી કંઇ છૂટકારો નહિ થાય. આ રીતે સંતે એને સુંદર ઉપદેશ આપી એનું જીવન સુધાર્યું.

અહીં કમલાવંતી મહારાણી પણ ઇષુકારરાજાનું જીવન સુધારવા માટે બ્રાહ્મણોની છાંડેલી ઋદ્ધિ પોતાના ભંડારમાં આવતી જોઈને રાજાને કહે છે કે–

હે રાજન ! જ્યારે કે ત્યારે આ ધન-વૈભવ અને મન ગમતાં કામભોગોને છોડીને જવું પડશે. ત્યારે એ કંઈ જ તમારી સાથે આવવાનું નથી. સમ્રાટ સિકંદરે દુનિયા ઉપર લૂંટ ચલાવી ઘણી સમૃદ્ધિ ભેગી કરી. પ્રજા પાસે પાઈ પણ રહેવા દીધી નહિ અને પોતાના ભંડારો સમૃદ્ધિથી છલકાવી દીધા. પરંતુ જે સમયે તેનું મૃત્યુ આવ્યું તે સમયે મોટા મોટા વૈદ્યો અને હકીમો બોલાવ્યા. ઘણાં ઉપચારો કરાવ્યા પણ એ વૈદ્યો-હકીમો કે ધનના ભંડારો કોઈ એને બચાવવા માટે સમર્થ બની શકયું નહિ. તીર્થંકર કે ચક્રવર્તિને પણ કોઇ બચાવી શકયું નથી તો પછી સામાન્ય માનવીની તો વાત જ ક્યાં ? સાથે તો ધર્મ જ આવશે. દેવાનુપ્રિયો ! આ તમારી કમલાવંતી તો તમને આવું કદી નહિ કહેતી હોય. સાચી પત્ની તો એમજ કહે કે સ્વામીનાથ ! મારે ઝરીની સાડી નથી પહેરવી. હીરાની વીંટી ને બુટીયા નથી પહેરવા. મારે ઘાટી ને રસોઈયા નથી જોઇતા. તમે ઓછું કમાશો તો ઓછા ખર્ચ કરીશ પણ કાળા બજારના કાળાં નાણાં ભેગાં કરી કુકર્મ કરશો નહિ. કાળાં નાણાં અધોગતિમાં લઈ જશે, સાથે એક પાઇ પણ કોઈ લઇ ગયું નથી, લઇ જતું નથી અને લઇ જઈ શકવાનું પણ નથી. શુભાશુભ કર્મો સિવાય કંઇ જ આવવાનું નથી. સાચી પત્ની જ આવા શબ્દો કહે.

કમલાવંતી રાણી સાચી પત્ની છે. સાચી ક્ષત્રિયાણી છે. તે કહે છે કે મહારાજા જો તમે તમારું હિત ઇચ્છતા હો તો આ લક્ષ્મીના ગાડા પાછા વાળો. હું તો કહું છું કે હવે તમારે કેટલું જીવવું છે ? આ રાજ્યની ખટપટ પણ ઓછી કરો. બહુ રાજકાર્યમાં પડયા ન રહો. ધર્મનું આચરણ કરો. જ્યારે રાણીએ આવા શબ્દો કહ્યાં ત્યારે ઇષુકાર મહારાજાને ખૂબ લાગી આવ્યું. રાજા કહે છે હે રાણી ! તું મને આટલો બધો ઉપદેશ આપે છે તો તું શા માટે સંસારમાં બેસી રહી છે ? એના જવાબમાં રાણી શું કહે છે :–

नाहं रमे पक्खिणि पंजरेवा, संताण छिन्ना चरिस्सामि मोणं ।
अकिंचणा उज्जुकडा निरामिसा, परिग्गहारम्भ नियत्तदोसा ॥ उ.अ.१४–४१

હે રાજા ! મને આ તમારું રાજ્ય પાંજરા જેવું લાગે છે. જેમ પક્ષિણીને પાંજરામાં રહેતાં આનંદ આવતો નથી તેમ તમારા રાજ્યમાં રહેતાં હું જરા પણ આનંદ પામતી નથી. આ સ્નેહરૂપી તંતુને છેદીને દ્રવ્યથી આરંભ-પરિગ્રહ અને વિષય-કષાય રૂપ આમિસ (માંસ) રહિત થઇને સંયમ આદરીશ.

કમલાવંતી રાણી જેવી તેવી ન હતી. રાજાને ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે મને તમારા રાજ્યમાં રહેજ પણ આનંદ નથી આવતો. આ વૈભવ-વિલાસ બધું જ મને તો અનર્થની ખાણ લાગે છે. તમે જેની પાછળ પાગલ બન્યાં છો તે બધું કેવું છેઃ-

તન ધન જોબન સ્થિર નહિ, ચંચળ વિજળી સમાન... સાંભળ હો.
ક્ષણમાં રે આઉખું ઘટે જિહાં, મુરખ કરે ગુમાન,
સાંભળ હો રાજા.... પ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો.

તન-ધન-યુવાની આ બધું જ અસ્થિર છે. જેમ વિજળીનો ઝબકારો ક્ષણમાં વિલીન થઈ જાય છે તેમ આ બધું જ વિજળીના ઝબકારા જેવું ચંચળ છે. એના માટે અભિમાન કરવા જેવું નથી. મૂર્ખ મનુષ્ય હોય તે જ ધન-વૈભવ જોઈને મલકાય છે. અભિમાન કરે છે. હે મહારાજા ! તમને પણ ધનનો નશો ચડયો છે. એટલે મારી વાત તમને સમજાતી નથી. સાચી સિંહણ કદી છાની રહેતી નથી. જો પત્ની સાચી સિંહણ હોય તો ભાન ભૂલેલા પોતાના પતિ એવા સિંહને જગાડે છે.

એક વખત એક સિંહ નદીકિનારે પાણી પીતો હતો. તે વખતે સંધ્યા કાળનો સમય હતો. એક બાજુ સિંહ પાણી પીવે છે. અને થોડે દુર એક ડોશીમા પાણી ભરી રહ્યા હતાં. સિંહને જોઇ ડોશીમા ગભરાઇ ગયા. આ સિંહ મને ફાડી ખાશે. દરેકને જીવવું ગમે છે. મરવું કોઇને ગમતું નથી. દરેક મનુષ્ય મૃત્યુના મુખમાંથી બચવાની યુક્તિ શોધે છે તે અનુસાર આ ડોશીમાએ પણ એક યુક્તિ શોધી કાઢી. મોટા અવાજે ડોશીમા બોલ્યા-સિંહના પંજામાંથી બચી શકાય, વાઘ-વરૂ ને દીપડાના પંજામાંથી બચી શકાય પણ અંધેરી ફોજના પંજામાંથી બચી શકાય નહિ. માટે અંધેરી ફોજ આવતાં પહેલાં મને જલ્દી ઘર ભેગી થઈ જવા દે. આ શબ્દો સિંહના કાને પડયા. એટલે સિંહના મનમાં એવો વિચાર થયો કે હું તો માનું છું કે દુનિયામાં મારાથી કોઈ જબરૂં પ્રાણી છે જ નહિ. અને આ ડોશીમા તો એમ કહે છે કે અંધારી ફોજના પંજામાંથી બચવું મુશ્કેલ છે. આ શું ? ત્યાં તો ડોશીમા લાગ જોઇને ઘર ભેગાં થઈ ગયાં. સિંહ તો વિચાર કરવામાં જ રહી ગયો કે અંધેરી ફોજ કેવી જબરી હશે ? એ તો ડરનો માર્યો, ઝાડીમાં સંતાઇ ગયો. બનવા જોગ બન્યું એવું કે થોડી જ વારમાં વણઝારા એક ગામથી બીજે ગામ ફરતાં ૫૦૦ ગધેડા ઉપર માલની ગોઠો નાંખીને ત્યાં આવ્યાં.

૫૦૦ ગધેડાના ૨૦૦૦ પગ થાય. આટલા બધા ચાલે એટલે પગનો અવાજ તો સ્વાભાવિક થાય. શિયાળાની ઋતુ હતી, અને રાત્રિનો સમય એટલે ઠંડી ખૂબ હોવાથી વણઝારા તાપણી કરીને તાપવા લાગ્યા. આ બધું જોઈને સિંહના મનમાં એ વાત ઠસી ગઈ કે નક્કી અંધારી ફોજ આવી ગઈ લાગે છે. હું ઘર ભેગો થઈ ગયો હોત તો

આવું હતું. બરથર ધ્રુજવા લાગ્યો. વણઝારા થોડીવાર રોકાઈને ચાલવાની તૈયારી કરે છે, પોતાનાં ગધેડા ગણતાં ૪૯૯ થયાં. એક ખૂટયું. એ નદીમાં મગરનો ભોગ થઈ ગયેલું, પણ કોઈને આ વાતની ખબર ન હતી. એટલે શોધતાં શોધતાં ઝાડીમાં ભરાઈ ગયેલા સિંહને પકડયો. અંધારું ખૂબ હતું. એટલે ખબર ન પડી કે સિંહ છે. અને સિંહ પણ ભયનો માર્યો આંખ ખોલતો જ નથી. એની પીઠ પર પોઠ નાંખી અને સિંહ ગધેડાના ટોળામાં ચાલવા લાગ્યો.

રાત્રિના બાર વાગ્યાં પણ સિંહ ઘેર ન ગયો ત્યારે સિંહણને ચિંતા થઈ. રોજ ટાઇમસર ઘેર આવી જનારો પોતાનો પતિ ઘેર ન આવે એટલે સિંહણ રાહ જુવે છે. પણ જેનો કોઈ ટાઇમ જ ન હોય તો કઈ સિંહણ રાહ જુવે ! જો તમે પણ રોજ ટાઇમસર ઘેર ન જતાં હો તો શ્રાવિકા રાહ જુવે ખરી ? રોજ ટાઇમસર જતાં હો તો જ રાહ જુવે ને ? પેલી સિંહણ એના પતિને શોધવા નીકળી. અજવાળું થઈ ગયું છે એટલે એના પતિનાં પગલાં જોતી જોતી દોડતી પહોંચી ગઈ. તેના પતિના પીઠ પર પોઠ છે અને ગધેડાના ટોળા ભેગો ચાલતો જોઇ ખૂબ દુઃખ થયું. અહો ! વનરાજ જેવો વનરાજ કેશરીસિંહ આ રીતે ગધેડાના ટોળા ભેગો ચાલે છે ! છેક સિંહની પાસે જઇને ધીમેથી બોલી: તમે આ શું કર્યું ? કોના ભેગા ફસાઈ ગયા છો ? જરા આંખ તો ખોલો. સિંહણને જોઈને સિંહ કહે છે અરે ! તું અહીં કયાં આવી ? મને તો અંધેરી ફોજે પકડી લીધો છે. તું જલ્દી ચાલી જા. નહિતર તારી પણ મારા જેવી જ દશા થશે. સિંહણ સમજી ગઈ કે મારો પતિ ડરપોક બની ગયો છે. પણ મારે એને આ છાલકા ઉપાડવા દેવા નથી. આજની એકેક શ્રાવિકા સાચી સિંહણ બની જાય તો શ્રાવકોને ચતુર્ગતિના છાલકા ઉપાડવા ન પડે. પેલી સિંહણે ગર્જના કરી એટલે બધા ગધેડા અને વણઝારા તો જીવ લઇને નાસી ગયા. તો પણ સિંહ આંખ નથી ખોલતો. ત્યારે સિંહણ કહે છે સ્વામીનાથ ! હવે આંખ ખોલીને જુવો. જોયું તો એક સિંહણ સિવાય કોઈ ન મળે. અંધેરી ફોજ કયાં ગઇ ? સિંહણ કહે છે અંધેરી ફોજ વળી કેવી હોય ? સિંહ કહે છે કે, એક ડોશીમાએ આ રીતે કહ્યું હતું. સિંહણ કહે છે એ તો ડોશીમાએ તમારા પંજામાંથી બચવાનો કીમિયો રચ્યો હતો. બાકી અંધારી ફોજ એટલે રાત. પણ તમે સિંહ બનીને તમારી શક્તિનું ભાન ભૂલ્યા ? સિંહણે સિંહને જગાડયો.

આ કમળાવતી રાણી પણ સિંહણ બનીને ઇષુકાર મહારાજાને જગાડે છે. તે કહે છે સ્વામીનાથ ! તન, ધન, યુવાની બધું અશાશ્વત છે. આજનો બાળક કાલે યુવાન બની જાય છે. અને યુવાન વૃદ્ધ બની જાય છે. આજનો ધનવાન કાલે ગરીબ બની જાય છે અને આજનો ગણાતો ભિખારી ધનવાન બની જાય છે. જે બ્રાહ્મણો લક્ષ્મીને અશાશ્વત અને અનર્થની ખાણ સમજી છોડીને ચાલ્યા ગયાં તેને તમે શા માટે લાવો છો ? ત્યારે ઇષુકાર રાજા કહે છે, તમે આટલું બધું સમજો છો તો શા માટે તમે સંસારમાં બેસી

રહ્યાં છો ! બંધુઓ ! તમારે પણ કોઈ વખત આ રીતે બનતું હશે. તમને શ્રાવિકાઓ એમ કહે કે ઉપાશ્રયે જાવ, સામાયિક કરો ત્યારે તમે રંગમાં આવીને એમ કહી દેતા હશો કે જો તને આટલો બધો ધર્મનો રંગ હોય તો લઇ લે દીક્ષા, પણ અમારી બહેનો બસ રહે છે એજ વાંધો છે.

જે સમયે સુભદ્રા ધન્નાજીના વાંસામાં તેલ ચોળી રહી હતી તે સમયે ધન્નાજીના બરડા ઉપર ગરમ આંસુના ટીપા પડયાં, એટલે પાછું વાળીને જોયું તો સુભદ્રાની આંખમાં આંસુ છે. આ જોઇ ધન્નાજી પૂછે છે. અહો ! જેને ભદ્રા જેવી માતા છે. શાલીભદ્ર જેવો બંધુ છે. અને ધન્ના જેવો પતિ છે એવી સુભદ્રાને શું દુઃખ છે કે તું રડે છે ? સુભદ્રા કહે છે, કંઈ નથી. ધન્નાજી ખૂબ પૂછે છે ત્યારે સુભદ્રા કહે છે સ્વામીનાથ ! મારો એકનો એક ભાઇ દીક્ષા લે છે. ધન્નાજી કહે છે, કયારે તારો ભાઈ દીક્ષા લેવાનો છે ? તો કહે છે, બત્રીસ દિવસ પછી. એમ શા માટે ? તો સુભદ્રા કહે છેઃ મારાભાઈ ને બત્રીસ સ્ત્રીઓ છે તે દરરોજ એક એકને ઉપદેશ આપી સમજાવીને છોડે છે. ધન્નાજી શૂરવીર હતાં એટલે બોલી ગયા. તારો ભાઈ તો કાયર છે. જેને દીક્ષા જ લેવી છે તે વળી રોજ એકેક સ્ત્રીને શા માટે રડાવે છે ! તારો ભાઈ કાયર છે.

ધન્નાજીના શબ્દો સુભદ્રાને હાડ-હાડ લાગી ગયા. બહેનને ભાઈ માટે અનહદ લાગણી હોય છે. ભાઇ-બહેનને બોલાવતો ન હોય તો પણ બહેન તો ભાઈનું હિત જ ચાહતી હોય છે. ભાઈ-બહેનને વિસરે છે પણ બહેન-ભાઈ ને વિસરતી નથી. સુભદ્રાથી બોલાઈ જવાયું કે સ્વામીનાથ ! કહેવું તો ઘણું સોહ્યલું છે પણ કરવું ઘણું દોહ્યલું છે. મારોભાઈ કાંઈ કાયર નથી. જો કાયર હોય તો બત્રીશ રાજકુમારી જેવી સ્ત્રીઓ અને રજવાડા જેવી સંપત્તિને છોડવા કયાંથી તૈયાર થાય ! ધન્નો આજની જેમ મુંડેલી મૂછવાળો ન હતો, પણ મૂછાળો મરદ હતો. (હસાહસ). તે સ્નાન કરતો કરતો ઉભો થઈ ગયો અને કહ્યું: સુભદ્રા ! જાઉં છું. સુભદ્રા કહે છે સ્વામીનાથ ! હું તો મજાક કરતી હતી. આપ અમને છોડીને કેમ ચાલ્યા જાવ છો ? ખૂબ વિનંતી કરી છતાં ધન્નાજી માન્યા નહિ. જઈ ને શાલીભદ્રને સાદ પાડયો અને બંને શાળા બનેવી શુરવીર થઈને સંયમ માર્ગે ચાલી નીકળ્યા. ધન્નાજી તો તે જ ભવે મોક્ષે ગયા અને શાલીભદ્ર એકાવતારી થયા.

સુભદ્રાના મુખમાંથી સહેજે શબ્દો નીકળી ગયાં અને તે નિમિત્તે ધન્નાજીએ દીક્ષા લીધી. સુભદ્રાને ખબર ન હતી કે મારા આવા શબ્દોથી ધન્નાજી દીક્ષા લઈ લેશે. તેમ અહીં પણ ઇષુકારરાજાના મુખમાંથી શબ્દો નીકળી ગયાં કે મહારાણી ! જો તમે આટલા ચતુર છો, વૈરાગ્યવાન છો અને મને આ રીતે ઉપદેશ કરો છો તો તમે શા માટે સંસારમાં બેસી રહયાં છો ! હવે કમલાવંતી રાણી કેવી રીતે જાગશે અને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૧૦૭

કારતક સુદ ૭ ને ગુરૂવાર તા. ૫-૧૧-૭૦

કમલાવતી રાણી ઇષુકાર રાજાને કહે છેઃ સ્વામીનાથ! પરલોકમાં જશો ત્યારે આ લક્ષ્મી, દાસ-દાસી કે પત્ની કોઇ તમને બચાવી શકશે નહિ. ભવ સમુદ્રમાંથી જો તારનાર કોઈ હોય તો એક ધર્મ જ છે. માટે સંપત્તિનો સંગ્રહ કરવા કરતાં "कर्तव्यो धर्मः संचयः" સંચય કરવા જેવી કોઈ ચીજ હોય તો બ્રાહ્મણોની છાંડેલી ઋદ્ધિ ભંડારમાં ન લાવો. આટલી બધી લક્ષ્મી મળી છે. હવે કેટલી ભેગી કરવી છે? હજુ તમારું પેટ ભરાતું નથી. કમલાવંતીના જુસ્સાભર્યા શબ્દો સાંભળી મહારાજા કહે છે, હું તો કંઈ સમજતો નથી એટલે બધું ભેગું કરું છું. પણ તમે શા માટે બેસી રહ્યાં છો! કમલાવંતી રાણી બેસી રહે તેવી ન હતી. એટલે શું કહે છે. "नाहं रमे पक्खिणि पंजरे वा."

હે સ્વામીનાથ! તમે કહો છો કે તું સમજે છે, છતાં સંસારમાં શા માટે બેસી રહી છે. તો હું ખરેખર આપને કહું છું કે મને તો તમારા રાજ્યમાં રહેતાં જરા પણ આનંદ આવતો નથી. મને તમારું રાજ્ય કેવું લાગે છે.

રત્નજડિત રાય તારું પાંજરું, માંહી સૂડલો મને જાણુ,
હું રે બેઠી તેમ તારા રાજ્યમાં, રહેતા ન પામું કલ્યાણ,
સાંભળ હો રાજા.... આજ્ઞા આપો તો સંયમ આદરું....

હે રાજન! તમારા રાજ્યમાં ગમે તેટલું સુખ ભલે હોય, પણ મને તે કેવું લાગે છે? જેમ કોઈ પોપટને સોનાના પાંજરામાં પૂરી દેવામાં આવ્યો હોય તો તેને ગમે તેવું સુંદર ભોજન આપવામાં આવે, એનો માલિક પોતાના પુત્રની જેમ પાલન કરતો હોય તો પણ તેને પોતાના સ્વજનીય બંધુઓને સ્વેચ્છાપૂર્વક આકાશમાં ઉડતા જોઇને ખેદ થાય છે કે મારા બંધુઓ સ્વતંત્રપણે આકાશમાં ઉડે છે અને હું તો બંધનમાં જકડાયો છું. તે રીતે હે સ્વામીનાથ! હું પણ પંખીની જેમ તમારા રાજ્યના પિંજર રૂપી બંધનમાં જકડાઈ છું. જો તમે આજ્ઞા આપો તો સ્નેહ રૂપી તંતુને છેદીને વિષય કષાય રહિત થઇને હું સંયમ આદરું.

દેવાનુપ્રિયો! મહારાણી જેવી મહારાણીને પણ વૈરાગ્ય આવી ગયો. એ રાજાને જેમ જેમ કહેતી ગઈ તેમ તેમ તેનો આત્મા વૈરાગ્યના રંગથી રંગાતો ગયો. એમને સમજાઈ ગયું કે સંયમ લીધા વિના ત્રણ કાળમાં આત્માની સિદ્ધિ નથી. જે મહાનપુરૂષો

સિદ્ધિને વર્યા છે તે સંયમનું શરણ અંગીકાર કર્યા વિના સિદ્ધ થયાં નથી. પણ તમે તો મોક્ષ કેડે બાંધીને આવ્યા લાગો છો! એટલે કહો છો કે સંસારમાં રહેવું છે અને મોક્ષ જોઇએ છે. એ કદી નહિ બને. મોઢામાં પાણીનો કોગળો ભરી રાખવો છે અને કાકા–મામા બોલવા છે એ કદી બને ખરું? જો કાકા–મામા બોલવા હોય તો મોઢામાંથી કોગળો કાઢી નાંખવો જોઇએ તો જ બોલી શકાય. તે જ રીતે જો સિદ્ધિ જોઈતી હોય તો સંસાર રૂપી કોગળાને ફગાવી દેવો પડશે. અમે સાધુ તમારા કરતાં કેટલા સુખી છીએ. તમારી પાસે કોડોની સંપત્તિ હોવા છતાં તમને જે સુખ કે આનંદ નથી તેનાથી અધિક સુખ વીતરાગના સાધુને છે. સાચું સુખ ત્યાગમાં જ છે. જન્મ–જરા ને મરણના ફેરા ખટકે તો તમે અમારી પાસે આવજો. જેને જન્મ–જરા ને મરણના ફેરા ખટકયા છે એવી કમલાવંતી રાણી હવે મહારાજાને શું કહે છે:—

दवग्गिणा जहा रण्णे, डज्झसमाणेसु जन्तुसु ।
अन्ने सत्ता पमोयन्ति, राग दोष वसं गया ॥ उ. अ. १४–४२

જેમ અરણ્યમાં દાવાનળ લાગે છે ત્યારે તેમાં હજારો પક્ષીઓ, ને મૃગલાઓ બળી જાય છે ત્યારે જે પક્ષીઓ અગ્નિથી દૂર છે તેઓ રાગ દ્વેષને વશ થઈ ને ખુશ થાય છે.

હે મહારાજા! તમને લક્ષ્મીની કેટલી બધી ભૂખ લાગી છે એ જ મને તો સમજાતું નથી. તમે તો કોઈ નિર્ધનની લક્ષ્મી લેવી કરવામાં જ સમજ્યા છો.

" અગ્નિ થકી વન પરજળે, પશુ બળે તેહની માંય....સાંભળ....હો.
દુષ્ટ પંખી એમ ચિંતવે, આહાર કરું ચિત્ત લાય....સાંભળ હો....
સાંભળ હો રાજા....બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો "

જેમ ઉંચા તોતીંગ વૃક્ષ ઉપર બેઠેલાં પક્ષીઓ દાવાનળમાં બીજા પક્ષીઓને બળતા જોઈને એમ વિચાર કરે છે કે આ બધા મરી જશે પછી હું નિરાંતે એકલા વનફળ ખાઈશ. અને એકલો વનમાં મજા કરીશ. એમ આનંદ માને છે. પણ એના મનમાં એવો વિચાર નથી આવતો કે આ બધા મારા સાથીદારો જે ભયંકર અગ્નિમાં બળી ગયા તે અગ્નિ શું મને છોડશે? તેમ હે મહારાજા! શું એ કાળ તમને ને મને કંઈ છોડશે ખરો? કાળ કોઈને છોડતો નથી. માટે તમે ધર્મ તત્ત્વને સમજો. કરેલો ધર્મ જ સાથે આવશે. દાન–પુણ્ય કરો. ધર્મ જ મનુષ્યની રક્ષા કરે છે. ગરીબાઈમાં પણ મનુષ્ય ધારે તો ધર્મ કરી શકે છે.

એક ખૂબ ગરીબ કુટુંબ હતું. તે રોજ મહેનત મજુરી કરીને પૈસા કમાઈ લાવે. લોટમાંથી રોજ આઠ રોટલી બનાવે અને બંને માણસો ચાર ચાર રોટલી ખાય. કોઈ દિવસ વધુ પૈસા મળે તો ઘી લાવતાં. બે રોટલી ચોપડાઈ તેટલું ઘી પડયું હતું. પત્ની

કહે છે, આજે રોટલી લુખી ખાઇ લઈએ. આટલું ઘી ભલે રહ્યું. એમ વાત કરે છે ત્યાં કાળો કૂતરો આવીને ભાણામાંથી રોટલી ઉપાડીં ગયેા. ત્યારે તેનું મોઢું પકડીને રોટલી ખેંચી લીધી. અને ઘરમાં જે ઘી હતું તેનાથી રોટલી ચોપડીને કૂતરાને ખવડાવી દીધી. પોતાને ખાવા ઘી ન હતું છતાં કૂતરાને ચોપડીને ખવડાવી દીધું. અને તમે તો અચ્છી તરહથી ઘીમાં ઝબોળેલી રોટલી ખાવ અને કૂતરાને માટે તો બે જાડી ને લૂખી રોટલી બનાવીને નાંખવાની. અને ખાતાં વધે તો જ કૂતરાને નાંખો છેા. અહીં એમ ન હતું. આ તો પોતે જેવું ખાય તેવું જ કૂતરાને ખવડાવતા હતા. કાળીયેા કૂતરો પણ એમ સમજી ગયેા કે આ બાઈ સારી લાગે છે એટલે દરરોજ ત્યાં આવવા લાગ્યેા. આ બે માણસેા દરરોજ ત્રણ ત્રણ રોટલી પોતે ખાતાં અને બે રોટલી કૂતરાને નાખતા.

કૂતરા જેવું પ્રાણી પણ નિમકહલાલ હેાય છે. જેનું ખાય છે તેના ઉપકારનેા બદલેા વાળ્યા વિના નથી રહેતું. કૂતરેા રોજ રોટી ખાય છે એટલે એના મનમાં વિચાર આવ્યેા કે આ માણસેા કેટલા ગરીબ છે. પોતાના પેટ પૂરતું પરાણે પ્રાપ્ત કરે છે, છતાં મને દરરોજ આવાનું આપે છે, માટે મારે ગમે તેમ કરીને એના ઉપકારનેા બદલેા વાળવેા જોઇએ. એક દિવસ કૂતરેા જંગલમાંથી જતેા હતેા. ત્યાં કેાઈ જગ્યાએ ખોદતાં પોચી જમીન જોઈ અને ઊંડેા ખાડેા ખોદ્યેા. તેા તેમાં એને કંઈક દેખાણું. એટલે તેના ઉપર ધૂળ વાળીને પોતાના ઉપકારી પાસે આવીને તેનું ધોતીયું ખેંચવા લાગ્યેા. પેલેા માણસ વિચાર કરવા લાગ્યેા કે આ કૂતરેા મને આમ શા માટે કરતેા હશે ? લાવ, તેની પાછળ પાછળ જાઉં. પેલેા ગરીબ માણસ કૂતરાની પાછળ પાછળ ગયેા અને ત્યાં જઇને કૂતરાએ પગ વડે બતાવ્યું કે અહીં આડેા ખોદ. એટલે તેણે જમીન ખોદી, તેા અંદરથી સેાનામહેારેાનેા ભરેલેા ચરૂ નીકળ્યેા.

દેવાનુપ્રિયેા ! ગરીબાઈમાં પણ કેટલી અમીરી છે ! કેટલી ભલાઇ છે, એણે મનમાં વિચાર કર્યો કે આ સેાનામહેારેા ભરેલું ડાબલું, મારે શું કરવું છે ? એણે થેાડી સેાનામહેારેા રાખીને બાકીની સેાનામહેારેા વડે ગરીબેાને દાન કરવા લાગ્યેા. ત્યારે પાડેાશણના મનમાં થયું કે આની પાસે તેા બાવાના પણ સાંસા છે. માંડમાંડ પેટપૂરતું કમાય છે. અને આટલું બધું દાન કયાંથી કરે છે ? એટલે બાઈને પૂછે છે બહેન ! તમારા પતિ ઘણું કમાયા લાગે છે. બંને પતિ-પત્ની ખૂબ જ ભલા ને ભેાળા હતાં. પેટમાં કપટ ન હતું. એટલે બાઇએ સત્ય વાત કહી દીધી કે અમે કંઈ કમાવા ગયા નથી પણ અમારેા આ એક મેાતિયેા કૂતરેા છે તેણે જમીનમાં દાટેલું ધન બતાવ્યું તે લઈ આવ્યા અને તેનું દાન કરીએ છીએ. ત્યારે પાડેાશણબાઇ કહે છે મને બે ત્રણ દિવસ માટે તમારેા મેાતિયેા કૂતરેા આપેા. એટલે ભેાળી બાઇએ એ કૂતરેા આપ્યેા, તેને પાડેાશણ પેાતાને ઘેર લઈ ગઇ. રોજ ખવડાવે છે અને કયારે કૂતરેા ધન બતાવે અને જમીન ખોદું તેની રાહ જોવા લાગી.

કૂતરાને ચળ આવી ને સ્વાભાવિક જમીન ખોદી. એટલે તે જગ્યાએ પણ તેણે જમીન ખોદી પણ કાંઈ નીકળ્યું નહિ. એટલે ક્રોધે ભરાઈને તેણે કૂતરાના માથામાં એવી ડાંગ મારી કે તે તમ્મર ખાઈને ધરતી ઉપર પડી ગયો.

કૂતરાના મનમાં થયું કે હવે મારું મોત આવી ગયું છે. એટલે તેણે મનમાં સંકલ્પ કર્યો કે મારા માલિકનો જે ધર્મ હોય તેનું મને શરણું હોજો. માલિકના ધર્મનું શરણું લઈને કૂતરો મરણ પામ્યો એટલે તે દેવલોકમાં ગયો. ત્રણ દિવસ થઇ ગયાં એટલે બાઈ કહે છે, મારો મોતિયો કૂતરો કયાં ગયો? ત્યારે પાડોશણ બાઈ કહે છે બહેન! એ તો કોણ જાણે કયાંય ભાગી ગયો છે. ભલી બાઈને ખૂબ અફસોસ થવા લાગ્યો કે મારો મોતિયો કયાંય ભાગી જાય તેમ નથી, અને કયાં ગયો હશે? એમ ચિંતા કરે છે તે જ વખતે કૂતરો મરીને જે દેવ થયો છે તે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જુવે છે કે હું કોના પ્રતાપે આવો દેવ થયો? જોયું તો પોતાની ઉપકારી બાઇને અફસોસ કરતી જોઇ. રાત્રે તેને સ્વપ્ન આપે છે કે બહેન! હું ભાગી ગયો નથી. પણ તારી પાડોશણ બાઈ ખૂબ ઈર્ષ્યાળુ છે. તેણે મને માથામાં ખૂબ જોરથી ડાંગ મારી તેથી હું મરીને તારા પ્રતાપે દેવ થયો છું. તમારા ઉપકારનો બદલો હું ભૂલી શકું તેમ નથી. તમે એક કામ કરજો, આ ગામની બહાર દક્ષિણ દિશામાં એક વન છે ત્યાં અમુક વૃક્ષ છે. તેનું લાકડું લાવીને એક ખાંડણી બનાવજો અને તેમાં જેટલી કમોદ નાંખીને ખાંડશો તે બધા ચોખા સોનાના થઈ જશે. સ્વપ્નમાં કહેવા પ્રમાણે ખાંડણી બનાવીને કમોદ ખાંડે છે તો બધા ચોખા સોનાના બની જાય છે.

પાડોશણ બાઇને આ વાતની ખબર પડી. એટલે કહે છે બહેન! તમારી ખાંડણી મને દેશો? ત્યારે ભલી બાઇ કહે છે ભલે લઈ જા. ઈર્ષ્યાળુ પાડોશણ ખાંડણી લઈ જઇ અંદર કમોદ નાંખી ખાંડે છે. પણ ચોખા સોનાના થતા નથી. ભાગ્ય વિના ભાગ્યશાળી બનાતું નથી. એણે તો ખૂબ ખાંડયા તો પણ ચોખા સોનાના થયાં નહિ. એટલે ખાંડણી ચોકમાં મૂકીને બાળી નાંખી. બીજે દિવસે પોતાની ખાંડણી માંગી. એટલે ઈર્ષ્યાળુ બાઇ કહે છે તારી ખાંડણી તો બળી ગઈ. રાત્રે દેવે સ્વપ્ન આપ્યું કે બહેન! તમારી ખાંડણી બળી ગઈ નથી પણ એ બાઇએ હાથે કરીને બાળી મૂકી છે અને ચોકમાં તેની રાખ પડી છે. તે તમે લાવીને તમારા ઘરની પાછળ તમારા બાપ-દાદાનો બનાવેલો જુનો બગીચો છે અને જે હાલ સૂકો વેરાન બની ગયો છે તેમાં નાંખજો. તો તે લીલોછમ બની જશે. તેણે એ પ્રમાણે કર્યું એટલે બગીચો લીલો થઈ ગયો. એટલે પાછી પાડોશણ પૂછવા આવી. ભલીબાઇએ તો સાચી વાત કહી દીધી. ત્યારે કહે છે હું પણ એમ કરું. એમ વિચાર કરી ગામના રાજા પાસે જઇને કહે છે સાહેબ! હું આપનો સૂકો બગીચો રાખ નાંખીને નવપલ્લવ બનાવી આપું. રાજા કહે છે, ભલે બનાવો, હું જોઉં. તેણે રાખોડી.

લઈને બગીચામાં નાંખી પણ બચીયો લીલો થયો નહિ. એટલે રાજાને ખૂબ ક્રોધ ચઢ્યો તેણે કહ્યું શું તું મારી મશ્કરી કરે છે? રાખ નાંખે કંઈ બગીચો લીલો થતો હશે? એમ કહી તે બંને પતિ-પત્નીને રાજાએ જેલમાં પૂરી દીધા.

સારા માણસોને આ વાતની ખબર પડી એટલે તેને છોડાવવા ગયા. ઉપકારી મનુષ્યો કદી અપકારને જોતા નથી. સાત વખત વીંછી તેને કરડે તો પણ વીંછીના ચટકા સામું ન જોતાં બચાવવા જાય છે. તે રીતે આ બંને માણસો પાડોશણની ઈર્ષ્યા સામું ન જોતાં જેલમાંથી તેમને છોડાવી લાવે છે. ભગવાન મહાવીર સ્વામીને ચંડકૌશિક નાગે ડંખ દીધો તો પણ તેને ઉપદેશ આપીને તાર્યો. સંગમે એક રાત્રિમાં પ્રભુને વીશ વીશ ઉપસર્ગો આપ્યા, તો પણ પ્રભુએ એના પ્રત્યે દ્વેષ ન કરતાં તેની દયા ખાધી. અહો! જે મનુષ્ય મારા સંગમાં રહે તેનું કલ્યાણ થઈ જાય છે. અને હે સંગમ! તું મારી પાસે છ છ મહિના રહ્યો છતાં કલ્યાણ કરવાને બદલે મારા નિમિત્તે તેં કર્મ બાંધ્યા. એમ ને કરૂણાના આંસુ આવ્યા. આ બે માણસોએ પણ પેલા ઈર્ષ્યાળુની દયા ખાધી. ટૂંકમાં જ્ઞાની કહે છે કે સજ્જન મનુષ્યો પોતાના પ્રાણના ભોગે પણ પોતાની સચ્ચાઈ છોડતાં નથી. સામો મનુષ્ય ગમે તેમ કરે પણ પ્રભુ કહે છે તું તારી પવિત્રતા ના છોડીશ.

હવે કમલાવંતી રાણીને તો સંસાર અસાર છે તેમ સમજાઈ ગયું છે, પણ સાથે રાજાને પણ પોતાની સાથે સંસાર સાગરથી તારવો છે. એટલે એક વખત રાજાને દુઃખ ભલે લાગે પણ જેને પરણી છું એવા મારા પતિને સંસારમાં ડૂબવા તો નહિ જ દઉં. તમને સન્મેડે ફરવા જવાનું મન થાય છે ખરું! કમલાવંતીને સન્મેડે દીક્ષા લેવી છે, હવે તે રાજાને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં....૧૦૮

કારતક સુદ ૮ ને શુક્રવાર તા. ૬-૧૧-૭૦

ઉત્તરાધ્યયન સૂત્રના ચૌદમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં ચાર આત્માઓ તો વીતરાગ ધર્મની શ્રદ્ધા કરી સંયમ માર્ગે ચાલ્યા ગયા. હવે કમલાવંતી રાણી ઇષુકાર રાજાને સમજાવે છે કે હે સ્વામીનાથ! ધન અનર્થની ખાણ છે. સંસારની ઢલાલી ભવબંધનનું કારણ છે. અને ધર્મની ઢલાલી કલ્યાણનું કારણ છે. માટે ધર્મની ઢલાલી કરો. ભગવંતે કહ્યું છે કે જે આત્માઓ ઘેરથી સંતના દર્શનનો નિરધાર કરીને નીકળે

છે તેમાં પણ મહાન લાભ મેળવે છે. એક સમકિતી શ્રાવક ઘેરથી સંતના દર્શન કરવા માટે નીકળ્યો. ત્યારે રસ્તામાં સામો બીજો એક મિશ્ર દૃષ્ટિવાળો મિત્ર મળ્યો. તેણે પૂછયું: ભાઈ! તમે કયાં જાવ છો? તો કહે છે, સંતના દર્શન કરવા. એમના દર્શન કરવાથી શોભા થાય? ત્યારે શ્રાવક કહે છે મહાન લાભ થાય. ત્યારે મિશ્ર દૃષ્ટિવાળો કહે છે હું પણ સંતના દર્શને આવું. એમ કહીને મિશ્ર દૃષ્ટિવાળાએ સંતના દર્શને જવા માટે પગ ઉપાડયો. એવામાં બીજો મહા મિથ્યાત્વી મિત્ર મળ્યો. તેણે પૂછયું–ભાઈ! કયાં જાવ છો? ત્યારે મિશ્ર દૃષ્ટિવાળો કહે. 'સાધુ મહાપુરૂષને વાંદવા જઈએ છીએ. ત્યારે મહા મિથ્યાત્વી કહે, એને વાંદે શું થાય? એ તો મેલાઘેલા છે એમ કહીને એને ભોળવી નાંખ્યો. એટલે મિશ્રદૃષ્ટિવાળો પાછો બેસી ગયો. ત્યારે શ્રાવકે જ્ઞાની સંતને વંદન કરીને પૂછયું, ગુરૂદેવ! વંદન કરવા માટે પગ ઉપાડયો તેને શું લાભ થાય? ત્યારે જ્ઞાની ગુરૂ કહે છે, કાળા અડદ સરખો હતો તે છડેલી દાળ સરખો થયો. કૃષ્ણ પક્ષી ટળીને શુકલ પક્ષી થયો. અનાદિ કાળનો ઉલ્ટો હતો તે સુલટો થયો. સમકિત સન્મુખ થયો. તેણે અર્ધપુદ્ગલ પરાવર્તન સંસાર કાપી નાંખ્યો. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ મા અધ્યયનમાં પણ કહયું છે કે,

वन्दणएणं भंते जीवे किं जणयइ? वन्दणएण नीया–
गोयं कम्मं खवेइ, उच्चागोयं कम्मं निबन्धइ।

વંદન કરવાથી જીવ નીચ ગોત્ર કર્મ ખપાવે છે અને ઉંચ ગોત્ર કર્મ બાંધે છે. કૃષ્ણ વાસુદેવે નેમનાથ પ્રભુના દર્શન કરતાં ચાર નરકના દળિયા વિખેરી નાંખ્યાં. આજે વંદન તો ઘણાં કરે છે પણ વંદન કરતાં જે ઉત્કૃષ્ટ ભાવ આવવો જોઇએ તે આવતો નથી. એટલે જે લાભ થવો જોઇએ તે લાભ થતો નથી. સંત સમાગમથી જીવ મહાન લાભ મેળવે છે. પણ એ સંત સાચા સદ્‌ગુરૂ હોવા જોઇએ. અને શ્રાવક કેવા હોય?

એક વખત એક ગામમાં એક મહાત્મા પધાર્યા. એ મહાત્માએ જબ્બર સાધના કરીને પાણી ઉપર સ્થળની જેમ ચાલવાની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. એટલે તે કોઇ પણ સાધનની સહાય વિના આપણે જેમ જમીન ઉપર ચાલીએ છીએ તેમ તેઓ પાણી ઉપર ઝપાટાબંધ ચાલતા હતાં. આવું જોઈ ને લોકોને ખૂબ નવાઈ લાગી. આખું ગામ જોવા માટે ઉમટયું. અને દરેક બોલવા લાગ્યા: શી મહાત્મા પુરૂષની સાધના છે? ઘણાં મહાત્માઓને જોયા પણ આમના જેવા તો કોઇ નહિ. ગામમાં શ્રાવકો ઘણાં હતાં. બધા ગયાં પણ એક દૃઢધર્મી શ્રાવક ન ગયો. ગામનો ખુદ રાજા પણ ગયો. રાજા કહે છે ભાઇ! આખું ગામ જોવા ગયું છે. ખુદ હું પણ જાઉં છું અને તને જવામાં શો વાંધો છે? ત્યારે શ્રાવક કહે છે મને તો એમાં કાંઇ જ નવાઈ નથી લાગતી. આપણે જમીન ઉપર ચાલીએ છીએ અને એ પાણી ઉપર ચાલે છે. રાજાએ ખૂબ આગ્રહ કર્યો એટલે શ્રાવક

ક્યાં જાય છે. જઈને મહાત્માને પૂછે છે તમને આ શક્તિ પ્રાપ્ત કરતાં કેટલો સમય લાગ્યો ? ત્યારે મહાત્મા કહે છે, પચાસ વર્ષ સુધી એકધારી સતત સાધના કરી ત્યારે મને આ શક્તિ પ્રાપ્ત થઈ છે. ત્યારે શ્રાવક કહે છે, પચાસ વર્ષ સુધી કષ્ટ વેઠયા ત્યારે બે આનાની કિંમતની સાધના પ્રાપ્ત કરી. રાજા કહે છે તું આ શું બોલે છે ? ત્યારે શ્રાવક કહે છે સાહેબ ! આપણે હોડીમાં બેસીએ તો બે આનામાં સામે પાર લઈ જાય. અને એ પગે ચાલીને સામે પાર પહોંચે છે એટલું જ ને ? આમાં આત્માનું કલ્યાણ ક્યાં થવાનું છે ? આના કરતાં પચાસ વર્ષ સુધી આત્માની સાધના કરી હોત, ચૈતન્યદેવની ઉપાસના કરી હોત તો ભવના ભુક્કા થઈ જાત.

જેના દ્વારા જન્મ-જરા ને મરણના ફેરા ટળે એ જ સાચી સાધના છે. એક માણસને ટાઈફોડ થયો હોય ત્યારે તેને ઉકાળેલા પાણી સિવાય કંઈ જ આપતા નથી. ત્રીસ દિવસ ઉકાળેલા પાણી ઉપર જ રાખે અને બીજી બાજુ એક માણસ સ્વેચ્છાપૂર્વક ભોજનનો ત્યાગ કરી ત્રીસ ઉપવાસ કરે, હવે ટાઈફોડના દર્દીને કોઈ તપસ્વી કહે ખરું ? ન જ કહેવાય. કારણકે તેણે સ્વેચ્છાથી તપ કર્યો નથી. ખીસ્સું કપાય અને ૨૦૦) રૂ. જાય અને ૨૦૦) રૂપિયાનું દાન કરો. બંનેમાં કેટલો ફેર પડે છે ? હાથે દાન આપવાથી આનંદ થાય છે અને ખિસ્સું કપાઈને રૂપિયા જાય તો અફસોસ થાય છે. માટે જ જ્ઞાની કહે છે જે કંઇ ક્રિયા કરો તે દરેક ક્રિયા શુદ્ધ ભાવનાપૂર્વક કરો, જેથી તમારું કલ્યાણ થાય અને જન્મ-જરા ને મરણના ફેરા ટળે.

દરરોજનો ચાલુ અધિકાર છે. તેમાં કમલાવંતી રાણી પોતાના પતિને કહે છેઃ સ્વામીનાથ ! આપ મને કહો છો કે તું વૈરાગ્યવંત છે અને મને ઉપદેશ કરે છે તો તું શા માટે સંસારમાં બેઠી છે ! તમે એમ માનતા હો કે રાણીને રાજ્યસુખ ગમે છે અને મને ઉપદેશ કરે છે, એવી મારી વાત નથી. મને તો તમારું રાજ્ય પાંજરા જેવું લાગે છે. પિંજરમાં પૂરાયેલા પક્ષીની જેવી સ્થિતિ હોય છે તેવી મારી સ્થિતિ છે. મને તો આ પરિગ્રહ માંસના ટુકડા જેવો લાગે છે. "अकिंचणा उज्जुकडा निरामिसा" । હું તો આકંચન એટલે પરિગ્રહની મમતાથી રહિત થઈને વિચરીશ. ઉપાધિ કયાં છે ? જ્યાં પરિગ્રહ છે ત્યાં જ ઝઘડા, ટંટા ને મારા-તારાના તોફાન છે ને ? જેમ એક કૂતરાના મોઢામાં હાડકાનો ટુકડો હશે તો બીજા કૂતરાઓ તેના ઉપર તૂટી પડશે. તેમ જેની પાસે પરિગ્રહ રૂપી માંસનો લોચો હશે તેના ઉપર રાજકર્મચારી પુરૂષો, ભાગીદારો ને સગાં-સ્નેહીઓ તૂટી પડે છે. પણ જેની પાસે કંઈ છે જ નહિ તેના ઉપર કોઈ તરાપ મારતું નથી. તમારી સામે અમે આટલા બધા સતીજીઓ બેઠા છીએ પણ અમને કોઈ પ્રકારની ઉપાધિ છે ? સતીજીઓના મુખ ઉપર કોઈ જાતનો ગભરાટ છે ? ઉપાધિ કહો, ગભરાટ કહો કે ભય કહો, આ બધું જ પરિગ્રહવાળાને છે.

એક વખત ગુરૂ ગોરખ અને તેમનો શિષ્ય બંને ચાલ્યા જતા હતાં. રસ્તામાં જે કોઈ મળે તેને ગુરૂ પૂછતા કે "રાસ્તેમેં કુછ ભય તો નહીં હૈ ને?" પાંચ સાત જણને ગુરૂએ આ પ્રમાણે પૂછ્યું. ત્યારે શિષ્યના મનમાં થયું કે અમે તો સાધુ છીએ. અમને ભય પામવા જેવી કોઈ ચીજ નથી, તો પણ ગુરૂ આ પ્રમાણે શા માટે પૂછતા હશે? એમ શિષ્યના મનમાં શંકા થઈ. ગુરૂની પાસેથી ઝોળી ઉંચકવા માગી. તો ગુરૂ કહે છે ભાઈ! તું કોમળ છે, તારાથી નહિ ઉંચકાય, એટલે તેને ઝોળી આપતા નથી. છેવટે ગુરૂ ઠંડીલ જવા માટે જાય છે ત્યારે શિષ્યને કહે છે, તું આ ઝોળીને બરાબર સાચવજે. એમ ખૂબ ભલામણ કરી. ચતુર શિષ્ય સમજી ગયો, નક્કી આ ઝોળીમાં જ ભયનું કારણ હોવું જોઈએ. ગુરૂ ઠંડીલ જવા ગયા એટલે શિષ્યે ઝોળી ફંફોસીને જોયું તો અંદરથી એક સોનાની ઈંટ નીકળી. હાં...આ માયા છે એટલે જ ગુરૂ ગભરાય છે. અમે તો કંચન અને કામિનીનો ત્યાગ કર્યો છે. સંતોને મન કંચન ને માટી સરખાં છે. એ પાસે ન હોય તો ભય શેનો? એમ વિચારી શિષ્યે સોનાની ઈંટ કૂવામાં ફેંકી દીધી. અને તે ઈંટના બરાબર વજનની બીજી માટીની ઈંટ લાવીને ઝોળીમાં મૂકી દીધી. સોનાની ઈંટના બદલે ઝોળીમાં માટીની ઈંટ આવી પણ વજન તો સરખું જ રહ્યું, એટલે ગુરૂને કંઈ અબર ન પડી. થોડે દૂર ગયા ને ગુરૂએ પાછું પૂછયું કે રસ્તામાં કંઈ ભય તો નથી ને? શિષ્ય કહે છેઃ ગુરૂદેવ "સબ ભય પીછે ડાલા." ગુરૂ આ વાતને બરાબર સમજ્યા નહિ, એટલે કહે છે કે કેમ માન્યું કે કોઈ ભય નહિ આવે. શિષ્ય કહે છે ગુરૂદેવ! એમ નહિ. "સબ ભય કૂવેમેં ડાલા" આ સાંભળી ગુરૂ ચમકયા. નક્કી આણે કંઈક નવાજુની કરી લાગે છે. ઝોળીમાં જોયું તો સોનાની ઈંટને બદલે માટીની ઈંટ. ગુરૂ ખૂબ ક્રોધે ભરાયા. પણ શિષ્ય ખૂબ નમ્રતાપૂર્વક કહે છે ગુરૂદેવ! આપે મને તાર્યો છે. આપની આજ્ઞા વિના કોઈ પણ કાર્ય કરવું એ મારે માટે અનુચિત છે. છતાં મેં સોનાની ઈંટ કૂવામાં ફેંકી દીધી છે. માટે મને માફ કરો. ગુરૂદેવ! આપની સાધના કેટલી બધી ઊંચી છે! અને એક પૃથ્વીકાયના ટુકડા માટે સાધના ડૂબી જાય છે. આની શું કિંમત છે! આવી ઈંટો તો હું આપને જોઈએ તેટલી બનાવી આપું. ગુરૂ કહે છે જો તારામાં શક્તિ હોય તો બનાવી દે. શિષ્ય માટીની ઈંટ ઉપર થૂંકયો તો આખી ઈંટ સોનાની બની ગઈ. આમાં શું છે? શિષ્યને લબ્ધિ પ્રાપ્ત થઈ હતી. શિષ્યની શક્તિ જોઈ ગુરૂ ચમકયા. અહો! હું વર્ષોથી સાધના કરું છું, છતાં જે શક્તિ મને પ્રાપ્ત નથી થઈ તે મારા શિષ્યને પ્રાપ્ત થઈ છે. છતાં શિષ્ય કેટલો બધો અકિંચન છે. શિષ્યે ગુરૂની સાન ઠેકાણે લાવી દીધી. તે રીતે ચતુર કમલાવંતી રાણી પણ ઈષુકાર રાજાની સાન ઠેકાણે લાવવા માટે સમજાવે છે.

આજે "નિગ્રંથ પ્રવચન" પુસ્તકના પ્રકાશનનો પવિત્ર દિન છે. જ્ઞાનનું બહુમાન કરવાનું છે. જ્ઞાનનું બહુમાન પાના-પુસ્તક કે પોથી ઉપર

સાથિયો કરી કંકુના છાંટણા છાંટવાથી નથી થતું પણ વીતરાગ ભગવંત કથિત જ્ઞાન ગુરૂ ભગવંતો પાસેથી વિનયપૂર્વક ગ્રહણ કરી અંતરમાં ઉતારી, વીતરાગ પ્રભુની આજ્ઞાનુસાર પાલન કરવું તે જ જ્ઞાનનું સાચું બહુમાન છે.

સૂત્ર–સિદ્ધાંતના શબ્દે શબ્દે શાશ્વત સુખ અને અક્ષરે અક્ષરે અક્ષય શાંતિ ભરેલી છે. આવા સૂત્રનો એકેક શબ્દ મળવો બહુ મુશ્કેલ છે. નિગ્રંથ પ્રવચન એ જૈનોનો અમૂલ્ય ગ્રંથ છે. જેમ વૈષ્ણવોમાં ગીતા છે, મુસ્લીમમાં કુરાન, ખ્રીસ્તીમાં બાઈબિલ આદિ પુસ્તકો છે તેવી જ રીતે જૈનોમાં નિગ્રંથ પ્રવચન પણ એક ગીતા સમાન છે.

જૈન દિવાકર પૂ. શ્રી. ચોથમલજી મહારાજે શાસ્ત્રીય ગાથાઓનું "નિગ્રંથ પ્રવચન" નામથી સંકલન કર્યું. તેના ઉપર સ્વતંત્ર ભાષ્ય પંડિતજી શ્રી શોભાચન્દ્ર ભારિલ્લજીએ (ટીકા) લખેલ છે અને તેનું સંવત ૨૦૦૧માં પ્રથમ સંસ્કરણ હિંદીમાં પ્રકાશિત થયેલ છે. પણ જો ગુજરાતીમાં હોય તો તેનો ભાવ જલ્દી પકડી શકાય તે આશયથી ખંભાત સંપ્રદાયના મહાન વૈરાગી પૂ. કાંતિઋષિજી મહારાજ સાહેબના સુશિષ્ય બા. બ્ર. નવીનમુનિ મહારાજ સાહેબે પોતાનો અમૂલ્ય સમયનો ભોગ આપીને, ખૂબ પરિશ્રમ વેઠીને, ખૂબ ખંતથી નિગ્રંથ પ્રવચનનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરેલો છે. તેઓ પણ ખૂબ ધન્યવાદને પાત્ર છે કે તેમણે આ રીતે સાહિત્યની સેવા કરી છે.

રાજકોટ શહેરમાં વીરાણી કુટુંબ ખૂબ ભાગ્યવાન છે. તેમના ઘરમાં ખૂબ પુણ્યથી લક્ષ્મી આવી છે કે જેઓ પોતાની લક્ષ્મીનો ગરીબોની સેવામાં, દવાખાનામાં તેમજ ધર્મના ક્ષેત્રે ચતુર્વિધ સંઘની સેવામાં સદુપયોગ કરે છે. તેથી અધિક લક્ષ્મીને જ્ઞાનમાં છૂટા હાથે વાપરે છે. નિગ્રંથ પ્રવચનના પુસ્તકનું સહુ સરળતાથી વાંચન કરી શકે તે માટે વીરાણીએ ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવી પુસ્તક છપાવવાનો તમામ ખર્ચો આપેલ છે. અને તે પુસ્તક પડતર કિંમતે નહિ વેચતાં ખૂબ સસ્તી કિંમતે આપે છે. જેમ ખ્રિસ્તીઓ પોતાના ધર્મનો ફેલાવો કરવા માટે ચાર રૂપિયાની કિંમતના પુસ્તકો એક રૂપિયાની કિંમતે વેચે છે. તે રીતે અહીં પણ ઘણાં પુસ્તકો છપાયાં છે. તે દરેક વીરાણી કુટુંબની સહાયથી ખૂબ સસ્તી કિંમતે વેચાયા છે. નિગ્રંથ પ્રવચન પણ એ જ રીતે અપાશે. કેટલી કિંમત રાખવામાં આવશે એ તો કાર્યકર્તાઓ જાહેર કરશે. પણ મારે તો તમને એટલું જ કહેવું છે કે જેમ તમે બજારમાં કોઈ નવીન ચીજ દેખો તો તે લઈ આવો છો. અને "શો કેશ" (કબાટ)માં લાવીને ગોઠવી દો છો. એ તો બધી બજારની શોભા છે પણ આત્માની શોભા વધારવા માટે તમારા ઘરમાં આવું એકેક પુસ્તક વસાવજો. અને દરરોજ કલાક–અર્ધો કલાક નિયમિત રીતે વાંચન કરવું એટલો અવશ્ય નિયમ લેજો, જેથી વીરાણીએ ખર્ચેલાં નાણાં અને પૂ. નવીનમુનિ મહારાજનો પરિશ્રમ

સફળ થાય. આજે નિગ્રંથ પ્રવચનના ઉદ્‌ઘાટન નિમિત્તે સંઘના કાર્યકર્તાઓ તેમજ આપણા વસંતકુમાર પંડિતજીને પણ બોલવાનું છે એટલે વિશેષભાવ અવસરે કહેવાશે.

પંડિતજીનું પ્રવચન :—

આ લોકમાં બે વસ્તુ પ્રકાશ કરનાર છે. એક દિપક અને બીજો સૂર્ય. દિપક ઘરમાં પ્રકાશ કરે છે અને સૂર્ય આખા જગતને પ્રકાશ આપે છે. છતાં પણ તેનો પ્રકાશ મર્યાદિત છે. દિપકમાં તેલ ખૂટી જાય એટલે અંધકાર વ્યાપી જાય છે. સવારે સૂર્યોદય થાય છે અને સાંજે સૂર્યાસ્ત થાય છે. એટલે રાત્રે અંધકાર વ્યાપી જાય છે. ચંદ્રનો પ્રકાશ પણ બહુ અલ્પ હોય છે. કારણ કે પૂર્ણિમાના દિવસે રાત્રે ચંદ્રનો પ્રકાશ સંપૂર્ણ હોય છે. પછી તો ક્રમે ક્રમે ઘટતાં ઘટતાં અમાસને દિને સંપૂર્ણ ઘટી જાય છે. પણ સર્વ પ્રકારમાં જે સર્વ શ્રેષ્ઠ પ્રકાશ હોય તો :—

नाणस्स सव्वस्स पगासणाए, अन्नाण मोहस्स विवज्जणाए ।
रागस्स दोसस्स य संखएणं, एगंत सोक्खं समुवेइ मोक्खं ॥ उ. अ. ३२–१

સૂર્યનો પ્રકાશ આખા વિશ્વને દિવસે પ્રકાશ આપે છે, પણ રાત્રે પ્રકાશ આપતો નથી. જ્યારે જ્ઞાનનો પ્રકાશ તો દિવસે અને રાત્રે સર્વત્ર હોય છે. જ્ઞાનની શક્તિ અદ્વિતીય અને અદ્‌ભૂત છે. જ્ઞાનથી અજ્ઞાનનો નાશ થાય છે. જ્યાં સુધી જીવનમાં અજ્ઞાન અને મોહનો અંધકાર છે ત્યાં સુધી જ્ઞાનનો પ્રકાશ પ્રવેશી શકશે નહિ. માટે અજ્ઞાન અને મોહનો ત્યાગ કરવા અને જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરવા માટે દરેક મનુષ્યે જ્ઞાનની આરાધના કરવી આવશ્યક છે. કદાચ કોઇ મનુષ્યને વાંચતા આવડતું ન હોય તો કોઇ વાંચે તેને સાંભળવાથી પણ મનુષ્ય પોતાનું શ્રેય સાધી શકે છે.

सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।
उभयं पि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥ दश. अ. ४–११

શાસ્ત્રવાણી સાંભળવાથી આ કલ્યાણ–શ્રેયનો માર્ગ છે અને આ પાપનો માર્ગ છે, એ બંનેનું પૃથક્કરણ થાય છે. શ્રેયના માર્ગને અને પાપના માર્ગને જાણીને બે માંથી જે હિતકારી હોય તેને ભવ્ય જીવો અંગીકાર કરે છે. જીવનમાંથી બૂરાઇઓને દૂર કરાવી, સદ્‌વિચારોનું સ્થાપન કરાવવાનું કામ જ્ઞાનનું છે માટે જ્ઞાનની જીવનમાં ખૂબ આવશ્યકતા છે. જ્ઞાન મેળવવા માટે 'નિગ્રંથ પ્રવચન' પુસ્તક ખૂબ મહત્વનું છે. આ પુસ્તકનું નામ નિગ્રંથ પ્રવચન શા માટે પડ્યું છે? નિ + ગ્રંથ. ગાંઠ બે પ્રકારની હોય છે. એક ક્રોધ–વ્યસન–માયા–લોભાદિ કષાયો દ્વારા કર્મની ગાંઠ બંધાય છે. તે ભાવ ગાંઠ છે. અને બીજી ધન–પૈસા આદિ બાંધીને કપડાની ગાંઠ વાળે છે તે દ્રવ્ય ગાંઠ છે. આ બંને પ્રકારની ગાંઠોથી જેઓ મુક્ત થઈ ગયાં છે એવા નિગ્રંથ મહાપુરૂષોની જે વાણી તેનું નામ

"નિગ્રંથ પ્રવચન". જે જીવાત્માઓ આ બે પ્રકારની ગ્રંથીમાં આસકત બનેલા છે તેમની બાહ્ય અને આભ્યંતર ગ્રંથીઓને છોડાવવાનું સામર્થ્ય વીતરાગવાણીમાં રહેલું છે. માટે જે જીવાત્માઓ આ વીતરાગની વાણીનું વાંચન શ્રવણ-મનન કરશે તેનો આ ભવ અને પરભવ સફળ બનશે. જ્ઞાન એ આ લોકમાં અને પરલોકમાં બધે હિતકારી છે. આવો અવસર ફરી ફરીને નહિ મળે. માટે જે જીવાત્માઓ વીતરાગ વાણીનું શ્રવણ કરી આત્મકલ્યાણ કરવા તરફ પ્રવૃત્તિ કરશે તો સંઘનો અને સંતોનો પરિશ્રમ સફળ થશે. તેમજ જ્ઞાનીનું અને જ્ઞાનના સાધનોનું સન્માન કરવાથી જીવનું જ્ઞાનાવરણીય કર્મ ખપે છે અને જ્ઞાન પ્રાપ્ત થાય છે. માટે જે જીવાત્માઓ જ્ઞાન મેળવવા પ્રયત્નશીલ બનશે તે આ લોક અને પરલોકમાં સુખી થશે.

વ્યાખ્યાન નં....૧૦૯

કારતક સુદ ૯ ને શનિવાર તા. ૭-૧૧-૭૦

અનંત જ્ઞાની મહા પુરૂષોએ આત્મિક શાંતિનો માર્ગ બતાવેલ છે. નગરમાં ઢાંડી પીટાતી હોય ત્યારે આ શેની જાહેરાત છે તે જાણવા માટે જેવી ઉત્સુકતા રાખો છો તેવી જ ઉત્સુકતાથી ભગવાન મહાવીરે પીટાવેલી ઢાંડી પણ સાંભળો. વિશ્વવત્સલ ત્રિલોકીનાથની રોજ પ્રાર્થના કરો છો, તેનો શો હેતુ છે ? સમુદ્ર યાત્રા કરનારને મધદરિયે પહોંચ્યા પછી વહાણને છોડવાનું કહે તો છોડી દેશે ખરો ? નહિ જ, કારણ તમે બરાબર સમજો છો. વહાણ છોડી દઈશ તો ડુબી જઈશ અને સમુદ્રને પાર કરી શકીશ નહિ. સંસાર સમુદ્રને પાર કરવા માટે ભગવાનની પ્રાર્થના છે. ભક્ત ભગવાનને કહે છે કે હે પ્રભુ ! તારી પ્રાર્થના મારા જીવનમાંથી છૂટશે નહિ. ધનસંપત્તિ કે ઐશ્વર્યવૈભવ ભલે છૂટી જાય, ધનસંપત્તિ વિના રહી શકીશ પણ તારા સ્મરણ વિના હું કદી રહી શકીશ નહિ. ભગવાનની પ્રાર્થના કરતાં માનતુંગ આચાર્ય બોલ્યા છે કે :-

त्वत्संस्त्वेन भव संतति सन्निबद्धं, पापं क्षणात् क्षयमुपैति शरीर भाजाम् ।
आक्रान्त लोक मलिनी लम शेषमाशु, सूर्यांशु भिन्नमिव शार्वर मंधकारम् ॥

ભક્તામર સ્તોત્ર-૭

ભગવાન ઋષભદેવની પ્રાર્થના કરતાં ભક્ત બોલે છે. જેના અંતરમાં વિશ્વાસ છે,

શ્રદ્ધા છે તેના ત્વસંસ્તવેન–તારા સ્તવન વડે અનેક ભવના સંચિત કરેલાં કર્મો ક્ષણવારમાં નાશ પામે છે. તીર્થંકરના ગુણગ્રામ કરતાં, અરિહંતના ગુણગ્રામ કરતાં, જો આ જીવાત્માને જઘન્ય રસ આવે તો અનંત કર્મોની નિર્જરા થાય અને ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકર નામ કર્મ બાંધે. પણ સંસારના ભોગનાં કાર્યો કરતાં જઘન્ય અને ઉત્કૃષ્ટ રસ આવે તો તમે કયું નામ કર્મ બાંધશો ? બોલો તો ખરા. (હસાહસ). વિચારો. જેવાં કર્મ કરશો તેમાં જેવો રસ આવશે–તીવ્ર કે મંદ–તેવો કર્મબંધ થશે. ભગવાનના વચનામૃતો સાંભળ્યા પછી એનો રસ આવશે તો તમને જરૂર એમ થશે કે ભગવાને અનંત કૃપા કરી છે. સુયગડાંગ સુત્રમાં કહ્યું છે કે. "एगन्त दुक्खे जरिये व लोए"

આ આખો લોક એકાંત દુઃખથી સળગી રહ્યો છે. હે આત્મા ! સ્વભાવમાંથી વિભાવમાં ગયો તો તારા માટે સળગતો સંસાર ઉભેલો છે. બંધુઓ ! તમને દાવાગ્નિમાંથી કોઈ બહાર કાઢે અને ઉંચકીને ભલે બહાર ફેંકી દે, તમને વાગી જાય છતાં પણ તમે તેનો ઉપકાર માનશો. આંખમાં એક તણખલું પડયું હોય, તે ખૂબ ખૂંચતું હોય, સખત વેદના થતી હોય ત્યારે તણખલું કાઢનારનો પણ ઉપકાર માનો છો, આ દ્રવ્ય દુઃખની વેદના હતી, છતાં આપણે કહીએ છીએ કે એમનો ઘણો ઉપકાર છે. એમણે મારું દુઃખ મટાડયું. તો આ નિમિત્તે ને નૈમિત્તિક સંબંધ ભેગો થાય ત્યારે જ બધું બની શકે છે. જ્યારે જ્ઞાનીઓ કહે છે કે જન્મ–જરા અને મરણના દાવાનળમાં લોકો બળી ઝળી રહ્યા છે. પણ તેમને એ દાવાનળ દેખાતો નથી. તેનું કારણ અજ્ઞાનતા છે. અજ્ઞાનતા એટલી જોર કરી ગઇ છે કે સત્યનો ખ્યાલ આવતો જ નથી. જ્ઞાની કહે છે કે આ દાવાનળમાંથી બચવા માટે જાગ, જાગ. આને માટે જ્ઞાનની અવશ્ય જરૂર છે.

ગાઢ અંધકારમાં સૂર્યનું એક જ કિરણ અંધકારનો ક્ષણમાં નાશ કરે છે, તેમ સમ્યગ્દર્શનની એક જ ચિનગારી મિથ્યાત્વના અંધકારનો નાશ કરે છે. ગાયના શીંગડા ઉપર સરસવનો દાણો જેટલી વાર ટકી શકે છે તેટલી વાર સમ્યક્ત્વનો સ્પર્શ રહે તો પણ અર્ધપુદ્ગલ પરાવર્તન સંસાર કપાઈ જાય છે. જુઓ, વડાપ્રધાનની પધરામણી થવાની હોય ત્યારે આખાયે શહેરની ગલીઓમાંથી કચરા વાળીને સાફ કરી નાખો છો, ત્યારે આ સમ્યગ્દેવની પધરામણી કરાવવી હોય તો અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભ, સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય, આ સાત પ્રકૃતિના ભાવાને ઉડાડશો નહિ તો કામ નહિ થાય. સત્યક્ત્વ દેવની પધરામણી કરાવવી હોય તો કચરાને દૂર ફેંકશો, તો તમને સમજાશે કે 'एगंत दुक्खे जरियेव लोए।' તમારી દૃષ્ટિને ખોલો અને વિચારો. વિચારશો તો સમજાશે કે આ જીવાત્મા કયાં કયાં ઉત્પન્ન થયો !

"जेसिं कुले समुप्पन्ने, जेहि वा संवसे नरे।
ममाइ लुप्पई बाले, अन्ने अन्नेहिं मुच्छिए॥" સૂયગડાંગ અ. ૧ ગાથા. ૪

આ કેવી આપની દશા છે ? જેમ ગુંદરને જ્યાં મૂકીએ ત્યાંજ ચોંટી જાય છે, તેવી તમારી દશા છે. કૃષ્ણનિધિ બોલ્યા છે કે જ્યાં જ્યાં તું ઉત્પન્ન થયો, જેની જેની સાથે વસ્યો ત્યાં ત્યાં શું કર્યું ?

"अन्ने अन्नेहि मुच्छिए।" જેમ વાળવાળો કીડો પોતાના જ શરીરે વીંટાઈ રહ્યો છે, તેમ જેણે શુદ્ધ ચૈતન્યનો આનંદ અનુભવ્યો નથી તે કીડાની માફક પોતાની લાળથી પોતાને બાંધે છે. જો બીજા કોઇએ બાંધ્યો હશે તો એક દિવસે, બે દિવસે કે બે મહિને પણ કોઈ છોડાવનાર મળશે, પણ પોતે જ પોતાની જાતે બંધાયો છે તો કોણ છોડાવશે ! જ્યાં ક્ષણિક જીવન છે ત્યાં સમય માત્રનો પણ પ્રમાદ કરવા જેવો નથી. લોખંડની કે સિમેન્ટની મજબૂત પાકી દિવાલો બનાવી છે. હવે તો અમારે કયાંય જવાનું જ નથી. પણ યાદ રાખો કે તમારી ઇચ્છાએ કે અનિચ્છાએ જરૂર સૌ કોઇને જવું જ પડશે. પણ તમે જીવનમાં શું કરી રહ્યા છો ? તમે જ્યારે રાજકોટ આવ્યા. અને જીવન-નિર્વાહ માટે કંઇ પણ પ્રગતિ કરી નહિ, ત્યારે પાંચ દશ વર્ષે તમારો કોઈ સ્નેહી આવીને તે જ દશામાં તમને જુવે ત્યારે કહેશે કે બેવકૂફ ! શું રખડ્યા કરે છે ? હજુ તમારી આવી જ સ્થિતિ છે. તે જ રીતે તમે જન્મ-જરા અને મરણનાં દુઃખો મટાડવા માટે અહીં આવ્યા છો, પણ મટાડી શકયાં નથી. હજુ તેની તે જ સ્થિતિ છે. જ્ઞાનીઓ કહે છે જાગ. આત્માની સાધનામાં વાયદા ન હોય જીવનની સાધનામાં વાદાવાદી ન કરો. વહેલા જાગો.

બંધુઓ ! તમે જાગ્યા તો છો પણ તમારી જાગૃત દશા કયાં છે ? અર્થ અને કામ તરફ. પણ ધર્મ અને મોક્ષ તરફ થઈ છે ખરી ? જો તે તરફ હોય તો તો ભવના ફેરા ટળ્યા વિના રહે જ નહિ. આજે માનવી પૈસા (અર્થ)ની પાછળ પાગલ બન્યો છે પણ તે પૈસાને જરા પૂછી તો લો કે તું હંમેશા સાથે તો રહીશ ને ! બીજાઓની શી સ્થિતિ છે ! પુણ્યના અખૂટ ભંડાર જેવા ચક્રવર્તીઓને પૂછો કે તમારાં વિશાળ સામ્રાજ્ય, દિવ્ય ચૌદ રત્નો અને નવ નિધાનો તમારી સાથે આવવાનાં છે ? શો ઉત્તર આપશે એ ચક્રવર્તિઓ ! કહેવાય છે કે જગતશેઠની પાસે એટલું બધું ધન હતું કે તેની ઇચ્છા હોત તો તે ગંગા અને યમુના બંને નદીઓના કિનારે સોનાની ઇંટોથી આરા બંધાવી શકત. પણ આજે તેમના જ વંશવારસો નોકરી માટે ફાંફા મારી રહ્યાં છે. તે વખતે તો સિક્કાઓ ચોરસ હતા. ત્યારે આજના ચકરડીની માફક ફરતાં, ગોળ, સફેદ રૂપિયાને રગડી જતાં વાર કેટલી ! આ વાત તો તમે બહુ જલ્દી સમજી શકો છો. પછી આ તો તમારા લાભની વાત છે. (હસાહસ)

રૂપિયાને રગડતાં કદાચ થોડી વાર લાગે, પણ પેલા કાગળીયાંને ઉડી જતાં કેટલી વાર લાગશે ? લખવાના કાગળોની આ વાત નથી. આ તો પેલા રીઝર્વ બેન્ક ઓફ

કિંડીઓની છાપવાળા કાગળની વાત કરું છું. જે તમે તમારા બિસ્સામાં બૂબ સાચવીને મૂકે છો. કોહીનુર હીરો જન્મ્યો ભારતમાં અને મહોંચ્યો ઇંગ્લેન્ડમાં.

કહેવાય છે કે કોહીનુર હીરો કૃષ્ણા નદીને તીરે પડેલા એક ખેડૂતના હાથમાં આવ્યો એનામાં એવી તાકાત ક્યાં હતી કે તે તેને પકડી રાખે? તે હિંદુ રાજાઓની પાસે આવ્યો. ત્યાં પણ રહી ન શકયો. સામ્રાજ્ય બદલાયાં તેની સાથે કોહીનુરના સ્વામીઓ પણ બદલાયાં. તે મોગલ સમ્રાટોના તાજને શોભાવતો હતો. ત્યાં પણ તેને આરામ ક્યાં હતો? અંગ્રેજો આવ્યા અને મોગલ સમ્રાટોના પતનની સાથે તેમના તાજ પણ ડુલ થઈ ગયા. એટલે કોહીનુર પણ ત્યાંથી નીકળી અંગ્રેજો સાથે સાગર પાર કરી લંડન પહોંચ્યો.

પૈસો ગોળ અને ઢળકણો છે. તેની સાથે રહીને માનવીએ પણ એવી વૃત્તિ અપનાવી લીધી છે. જ્યાં પૈસા હોય છે ત્યાં માનવી ઢળતો જાય છે. ન્યાયની ખુરશી પર બેસી કાયદાની બારીકીઓ ખોળનારા અને ન્યાયની રક્ષાનો દંભ કરનારા ન્યાયાધીશો પણ તેની સામે નમી પડયા. તેમજ ધર્મના સિંહાસને બેસી આત્મા અને પરમાત્માની શોધ કરનારા પણ તેની સામે ઢળી પડયા. સત્યના ઉપદેશકો આજે સોનાના ઉપાસકો બની ગયા છે. અપરિગ્રહના પ્રચારકો આજે પરિગ્રહના ઈશારે નાચી રહ્યા છે. બંધુઓ! પૈસાની સામે તો વકીલો પણ જલ્દીથી ઝૂકે છે. જેના બિસ્સામાં પૈસા વધારે તેનો પક્ષ સાચો થવાનો. પછી ભલેને કોઈ ખૂન કરીને પણ કેમ નથી આવતો! આ તો વકીલની વાત કરી પણ વહેપારીઓ પણ કયાં પાછા પડે તેવા છે? દિવસના આઠે પહોર તેની પૂજામાં ગાળે છે. અહીં ઉપાશ્રયમાં બેઠા હોય ત્યાં સુધી અપરિગ્રહનો ઉપદેશ સાંભળે અને જી જી કરે પણ જ્યાં દુકાન પર ગયા કે પોતાના પૈસાની આરાધનાના સમયે કોઈ ગરીબ અનાથ પોતાની આંસુભરી દુઃખદ કથની કહેશે તો તેને તે પોતાનો મોટો વિઘાતક સમજશે.

આ ધન તરફ ઢળનારા લોકો સંપત્તિના સ્વામી નહિ પણ તેના ગુલામો છે. સંપત્તિના સ્વામી હોવું એ એક વાત છે અને ગુલામ હોવું તે બીજી વાત છે. તમે ઘોડા ઉપર સ્વાર થયા હો તો ધારેલા સ્થળે પહોંચી શકો છો. તે ઘોડાની લગામ તમારી પાસે હોય ત્યાં સુધી તો ચિંતા નથી. તે તમારા ઈશારા પર દોડશે. પણ જો તમારી લગામ તેના હાથમાં ગઇ અને તેના ઈશારે તમે ચાલતા થઈ ગયા તો તમારી કેટલી મોટી હાર થશે? બંધુઓ! તમે એકાંતમાં બેસી વિચાર કરજો કે સંપત્તિ ઉપર તમારી માલિકી છે કે તમારા મન ઉપર સંપત્તિનો અધિકાર છે? સંપત્તિની લગામ તમારા હાથમાં હશે તો તમે ખોટે રસ્તે નહિ જઈ શકો. પૈસા તમને ખોટા રસ્તે લઇ જવા કદાચ ઈચ્છશે તો પણ તમે ના પાડશો અને કહેશો કે એવા પૈસા મારે નથી જોઇતા. જો તે માત્ર ન્યાય અને નીતિના માર્ગે મળતા હશે તો જ હું સ્વાગત કરીશ. તે સિવાય તેને માટે મારા ઘરનાં બારણાં બંધ છે.

દેવાનુપ્રિયો! અનાદિકાળથી આત્મા પરભાવમાં રમ્યો છે પણ સ્વભાવ તરફ આવ્યો નથી. પરભાવ એ પુદ્‌ગલ પ્રત્યેનો ભાવ છે, જ્યારે સ્વભાવ એ આત્મા પ્રત્યેનો ભાવ છે. પરભાવનો તો સૌને અનુભવ છે. ખરેખર નથી અનુભવ સ્વભાવનો. જ્યાં સુધી તેનો અનુભવ નથી ત્યાં સુધી તે તરફ દૃષ્ટિ જતી નથી. દૃષ્ટિ ન જતાં પ્રીતિ વધતી નથી. અને પ્રીતિ વિના સ્વભાવમાં સ્થિરતા તો થાય જ કયાંથી?

અનાદિકાળથી આત્માની નજર પરભાવમાં છે. એની પ્રીતિ જાગી છે, અને પ્રીતિના કારણે પરભાવમાં સ્થિરતા છે. સ્વભાવ શું છે એનું જ્ઞાન ન હોવાના કારણે એના તરફ કયારે પણ નજર ગઈ નથી. બંધુઓ! પૈસામાં પ્રેમ થાય છે અને આત્મામાં કેમ થતો નથી? કારણ કે પૈસો પરભાવ છે અને આત્મા સ્વભાવ છે. પૈસામાં પરભાવની પકડ જબરી છે. પૈસો છોડવા ઇચ્છા છતાં મનથી છૂટતો નથી. એ એક રીતે છોડયો દેખાય પણ બીજી રીતે વળગેલો હોય.

પ્રભુની માળા ગણતાં ઝોકું ખાઓ છો, પણ પૈસા ગણતાં કદી ઝોકું આવું છે? તમે એવો માણસ તો કોઈ બતાવો કે જે નોટો ગણતાં ગણતાં સૂઈ ગયો હોય. પણ વ્યાખ્યાનમાં અને માળા ગણતાં ગણતાં ઝોકાં આનારાં મેં ઘણાં જોયા છે ઘણી વખત તો પર્યુષણના દિવસોમાં પ્રતિક્રમણ કરવું પડે તો કંઈક માણસોને વેઠ જેવું લાગે છે. ઘેરથી પ્રતિક્રમણ કરવા આવતો હોય પણ ખરેખર તે તેના દિલથી નથી આવતો. એ મનથી સમજે છે કે મસ્જિદમાં નમાજ પઢવા ટિન વેચનારો પણ પહોંચી જાય છે તો હું જૈનનો દિકરો પર્યુષણમાં પ્રતિક્રમણ કરવા નહીં જઉં તો સમાજ મને શું કહેશે? એટલે આ રીતે તે કરવા જાય છે પણ અંદર એને પ્રીતિ જાગી નથી તેથી તેને પ્રતિક્રમણમાં કંટાળો આવે છે અને ઝોકાં આવે છે. ખરેખર! ધર્મની ગમે તેટલી મોટી વાતો કરો પણ જ્યાં સુધી અંતરમાં રુચિ નહિ જાગે ત્યાં સુધી તમને આત્મદર્શન નહિ થાય. ઘણી વાર જોવામાં આવે છે કે કોઈની સાથે ગપ્પાં મારવા બેસે તો રાતની રાતો વીતી જાય અને સિનેમામાં બાર-બાર વાગ્યા સુધી બેસે ત્યાં સુધી તેને ઉંઘ આવતી નથી. પણ વ્યાખ્યાનમાં જ ઉંઘ આવે છે. આ બતાવે છે કે જેટલી સંસારની રૂચિ છે તેટલી આત્મા પ્રત્યેની રૂચિ જાગી નથી.

બીજી રીતે એક વાત કરું કે તમે કોઈ દિવસ કોર્ટમાં મોડા નહિ પડો, પણ હા, સ્વાધ્યાયમાં મોડા પડવાના. કોર્ટમાં તમારો કેસ નીકળવાનો હોય ત્યારે જીવ લઈને ભાગો છો. તમારી પત્ની કહે. દૂધપાક બનાવ્યો છે, ગરમ ભજિયાં ઉતારી આપું, જરા આઈને જાઓ. ત્યારે તમે શું કહો? એ કહેવાની મારે જરૂર નથી. તમે જાણો જ છો. જોજ્ઞ પ્રત્યે જીવ ત્યાં કેવો વૈરાગી બની જાય છે. ત્યાં એ સમજે છે કે દૂધપાક ને ભજિયાં કરતાં પૈસો મહત્વનો છે. કોર્ટમાં ટાઈમસર નહિ પહોંચું તો હેરાન થઈ જઈશ.

જ્યાં તમારો સ્વાર્થ છે, જ્યાં આસક્તિ લાગેલી છે એમાં કોઇ દિવસ તમે મોડા નૃહિ પડો. જ્યાં રુચિ જાગે છે ત્યાં પગમાં જોર આવી જાય છે. વચન ઉપદેશે જોર આવી જાય છે. પણ સ્વાધ્યાયમાં મોડા પડો તો જાણી લેજો કે એના પ્રત્યે હજુ રૂચિ જાગી નથી.

બંધુઓ ! આજના ભૌતિક જ્ઞાને જગતના દૈહિક સુખ માટે આત્માને વેચી નાખ્યો છે. બકરા માટે ઐરાવત હાથી વેચ્યો છે. એરંડા વાવવા માટે કલ્પવૃક્ષને ઉખેડી નાખ્યું છે. મોતીનું પાણી જોવા માટે મોતીનો ચુક્કો બનાવ્યો છે. મનુષ્ય ભવ રૂપી રત્ન મળ્યા પછી તેને કાચ સમજી વિષય વિલાસના ઉકરડામાં ફેંકી દીધું છે. તુચ્છ ભૌતિક સુખને મેળવવા અમૂલ્ય માનવ ભવની પળે પળ બેહાલ કરી નાખી છે. ગૌશીર્ષ ચંદનના બહુમૂલ્ય વૃક્ષ જેવી વાત્સલ્ય હિત કરનારી પરમાત્માની મંગલ વાણીને ક્ષણિક સુખ માટે લાત મારી રહ્યા છે. વીતરાગ કથિત વાણી સાંભળતા જ્યારે આત્મામાં રસ જાગશે ત્યારે તમને કકડીને ભૂખ લાગી હશે તો પણ ભૂલી જશો. યશોવિજયજી મહારાજ શાસ્ત્રના સ્વાધ્યાયના ધ્યાનમાં ઘણી વાર એવા લીન બની જતાં હતાં. કે ઘણીવાર ચૌવિહારના પચ્ચખાણ કરતી વખતે પાણી પીવાનું ભૂલી જતા હતા. આટલો બધો રસ તેમને શાસ્ત્રના સ્વાધ્યાયમાં હતો.

આજનું ભૌતિક વિજ્ઞાન શીખવે છે કે બીજાનું ગમે તેમ થાવ પણ તમે તમારું સાચવો. નિશાળોમાં આજે શીખવે છે કે કોડલીવર તેલ, ઇંડાં, મચ્છી વિગેરે વાપરો. જેથી તમારું શરીર મજબૂત બનશે. તેમાં વિટામીન "A" છે. ઘઉંના પૌષ્ટિક ખોરાકમાં વિટામીન "B" છે. શાકભાજી, ફલ-ફુલમાં વિટામીન "C" છે. પરંતુ જૈનશાસન કહે છે કે A, B, C, D, E, F, G (એ, બી, સી, ડી, ઈ, એફ, જી) આ સાતે વિટામીનો બ્રહ્મચર્યમાં છે. તેનાથી તમારા આત્માનું ઓજસ વધશે. અને જીવોનું રક્ષણ થશે. તમારું શરીર પણ શુદ્ધ બનશે. ઇંડા, માંસ, સંજ્ઞી-પંચેન્દ્રિયનાં કલેવરો છે, તેમાં હિંસાના ભાગીદાર બનાય છે. જૈન શાસને સાતે વિટામીન પ્રાપ્ત કરવા માટે ટૂંકો અને મીઠો માર્ગ બ્રહ્મચર્યનો બતાવ્યો છે.

આજે દેશમાં લશ્કરના ત્રણ વિભાગ પાડયા છે. જેમ કે એક જળમાં લડનારું, બીજું આકાશમાં વિમાનથી લડનારું, ત્રીજું પૃથ્વી પર પગપાળું લડનારું, તેમ પંચેન્દ્રિય તિર્યંચના ત્રણ ભેદ જૈન શાસ્ત્રમાં પાડેલા છે. એક જળચર, બીજું સ્થળચર અને ત્રીજું ખેચર. સ્થળ ઉપર ચાલનારના ત્રણ ભેદ-ઉરપર-પેટેથી ચાલનાર, સર્પ આદિ. ભુજપર-ભૂજાથી ચાલનાર નોળિયા આદિ અને પગથી ચાલનાર ગાય આદિ. આકાશમાં ઉડનાર પક્ષીના બે ભેદો છે. રૂવાંટાની પાંખવાળા મોર વગેરે અને ચામડાની પાંખવાળા ચામાચીડિયાં વગેરે, જળચર-પાણીમાં રહેનારાના વિભાગો પાડયા છે, આટલું કહીને તેઓ અટકી જતાં નથી. જૈનશાસન તો આગળ વધીને કહે છે કે અઢી દ્વીપની બહાર પણ બે પ્રકારનાં પક્ષી છે. એક સંકોચાયેલી પાંખવાળાં એટલે બેસે-ઉઠે ત્યારે પાંખો સંકોચાયેલી

રહે અને બીજું, વિસ્તરેલી પાંખવાળા એટલે બેસે-ઉઠે ત્યારે પાંખ વિસ્તરેલી રહે.

દેવના ચાર વિભાગ છે. ભવન પતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક. જે સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા દેખાય છે એ જ્યોતિષીના વિમાનો છે. તેના ઉપર બાર દેવલોક છે. હજી સૂર્ય–ચંદ્રને પકડવાનાં વિજ્ઞાનને સ્વપ્નાં સેવવાના છે, તો પછી બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચઅનુત્તર વિમાનમાં કયાંથી પહોંચી શકશે?

નારકીના મુખ્ય સાત ભેદ છે. ઘમ્મા, વંશા, શીલા અંજણા, રિઠા, મઘા અને માઘવતિ વગેરે.

મનુષ્યના મુખ્ય ત્રણ વિભાગો છે. પંદર કર્મભૂમિ. ત્રીસ અકર્મભૂમિ અને છપ્પન અંતરદ્વીપા વગેરે. તેમાં પાછા પર્યાપ્તા અને અપર્યાપ્તા વગેરે અનેક પેટા ભેદો છે. દરેક ગતિમાં આવા પેટા ભેદો મળીને કુલ જીવના પ૬૩ (પાંચસો ને ત્રેસઠ) ભેદો પડયા છે. આ ભેદોનું વિશેષ વિવેચન સિદ્ધાંતોમાંથી મળી રહે છે.

વિજ્ઞાન એ શરીરની સાચવણી માટે ઉકાળેલું પાણી પીવાનું કહે છે ત્યારે જૈનશાસન આત્માને સાચવવા માટે ઉકાળેલું પાણી પીવાનું કહે છે. વિજ્ઞાન એ દેહના રક્ષણ માટે ગળેલું પાણી પીવાનું કહે છે જ્યારે જૈન શાસન જતના માટે અને હિંસાથી બચવા માટે ગળેલું પાણી પીવાનું કહે છે. જૈન શાસનમાં ઇહ લૌકિક અને પરલૌકિક બંને ચિંતા કરાએલી છે. જ્યારે વિજ્ઞાનમાં આ લોકની ચિંતા જ કરાયેલી છે. એક વાર અણસમજુ લોક બોલતાં કે ઉકાળેલું પાણી વાપરવાથી આંખને ગરમ પડી જાય. પરંતુ વિજ્ઞાને જ્યારે ઉકાળેલું પાણી પીવાનું કહ્યું ત્યારે તેઓ બોલતાં બંધ થઈ ગયા.

ડોકટરો આજે રોગથી બચવા માટે ઉકાળેલું પાણી પીવાનું કહે છે, પણ જો ઉકાળેલું પાણી ગરમ પડતું હોય તો રાંધેલું અનાજ પણ ગરમ પડવું જોઈએ. અરે! બીડી, સિગારેટ, કડક ચા વગેરે પીવો છો તે ગરમ નથી પડતી અને ઉકાળેલું પાણી ગરમ પડી જાય છે!!

બંધુઓ! ટૂંકમાં મારો કહેવાનો આશય એટલો જ છે કે જ્યાં સુધી જૈન દર્શન ઉપર શ્રદ્ધા નથી ત્યાં સુધી જ અજ્ઞાન દશામાં પડેલો જીવ બહાર ફાંફાં મારે છે. જ્યારે વીતરાગ ભગવાનના વચનો ઉપર અપૂર્વ શ્રદ્ધા જાગશે ત્યારે આત્મા પાપની વાતો સાંભળતાં પણ કકળી ઉઠશે, પછી પાપનાં કામો તો કરે જ શાનો? દુઃખનો વિષય તો એ છે કે અહિંસા પ્રધાન દેશમાં આજે હિંસાનું સામ્રાજ્ય કેટલું વ્યાપી ગયું છે? વિટામીનના બહાને આજે જીવનને અજ્ઞાની લોકો હિંસામય બનાવી રહ્યા છે. આપ આપના બાળકોને ખૂબ સંસ્કાર આપજો. આજની સરકાર વિટામીનના બ્હાને જે ઇંડા ખવડાવતી થઇ છે

તેમાંથી તમારા બાળકોને રોકજો અને સાચું તેને સમજાવજો. જેથી તમારા બાળકો પાપથી પાછા હઠે.

હવે કમલાવતી રાણી ઈષુકાર મહારાજાને સમજાવી રહી છેઃ હે સ્વામીનાથ! લક્ષ્મીની અતિ તૃષ્ણા જીવને દુર્ગતિમાં લઈ જનારી છે. માટે આપણને બ્રાહ્મણની છંડેલી ઋદ્ધિ જોઈતી નથી. હજુ કમલાવતી રાણી આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.... ૧૧૦

કારતક સુદ ૧૦ ને રવિવાર તા. ૮-૧૧-૭૦

પરમ કરૂણાવંત, પરમ ઉપકારી, શ્રુતકેવળી, ગણધર ભગવંત શ્રી સુધર્મા સ્વામી ભવ્ય જીવોના કલ્યાણ માટે ઉપદેશ આપતાં ફરમાવે છે કે હે ભવ્યજીવો! કંચન, કામિની, કુટુંબ અને કાયાની ચોકડી દુર્લભ નથી, પણ માનવતા, શ્રુત વાણીનું શ્રવણ, તેના ઉપર શ્રદ્ધા અને સંયમ એ ચોકડી દુર્લભ છે. અસંયમ, અનીતિ અને અનાચારમાં રમણુતા કરવી તેમાં બહાદુરી નથી. એ તો અનાદિનાં છે જ. પરંતુ સંયમમાં, ન્યાય-નીતિમાં અને સદાચારમાં રંગાવું તેમાં બહાદુરી છે. ઘાંચીનો બેલ આખો દિવસ ફરે પણ સાંજે હતો ત્યાં ને ત્યાં આવે છે. તેમ આ જીવ અનંતકાળથી ૮૪ લાખ જીવાયોનીના ચક્કરમાં ભટકયો હોવા છતાં આજે પણ જુઓ તો પ્રાયઃ હતો ત્યાં ને ત્યાં! કારણ કે નિજને ભૂલીને અત્યાર-સુધી એ ચોકડીમાં જ ફસાયેલો રહ્યો છે. આટલો કાળ ભવમાં ભટકયા પછી પણ આત્મા હજુ ચરમાવર્તમાં આવ્યો નથી. આથી તેવા આત્માઓએ આજ સુધીમાં અનંત પુદ્ગલ પરાવર્તન કર્યા અને હજુ પણ કેટલા કરશે, એ તો જ્ઞાની ભગવંત જાણે! મનુષ્ય જન્મ મળે તો પણ કર્મની ગાઢતા એવી હોય છે કે તેને એવી ઇચ્છા કેમેય કરી ન થાય કે મને કોઈ મોક્ષ-માર્ગે ચઢાવે તો ઠીક! અભવી નવ પૂર્વ સુધી ભણે તો પણ તેને મોક્ષની ઇચ્છા થાય નહિ. આ ધર્મની વાત તો લઘુકર્મી ભવ્ય જીવો માટેની જ છે. અભવી પણ ચારિત્ર તો લે પરંતુ તેને પાંચ ચારિત્રમાંનું એક પણ ચારિત્ર હોય નહિ. દ્રવ્યથી તો યથાખ્યાત ચારિત્ર જેવું ચારિત્ર પાળે, પણ તે આ લોકના અહમિન્દ્રતા પર્યંતના સુખો માટે, પણ મોક્ષ માટે નહિ. ઘણાં એવા જીવો છે કે તેમને નવકારમંત્ર આવડે નહિ એટલું જ નહિ પણ બોલાવો તો પણ ન બોલે, વ્યવહાર બધો આવડે.

તમે સાંભળ્યું હશે કે કપિલાદાસી દાન આપે તો શ્રેણિક રાજા નરકે ન જાય,

એવું ભગવંતનું વચન છે, તે કપિલાદાસી જાણે છે અને શ્રેણિક રાજા નરકે ન જાય એવું પણ તે હૃદયથી ઈચ્છે છે, છતાં પણ કપિલા દાન ન આપે તે ન જ આપે. હાથે ચાટવો બાંધીને બળાત્કારે દાન અપાવ્યું, તો પણ કહી દીધું કે 'આ દાન હું નથી દેતી પણ શ્રેણિક રાજાનો ચાટવો આપે છે. આનું નામ કર્મની ગાઢતા. આયુષ્ય કર્મ સિવાયના સાત કર્મોનો એક કોટાકોટી સાગરોપમથીય ન્યૂન એવો શેષ ભાગ રહેવા આઠ માનવી માર્ગાનુસારી બન્યો છે તે હજુ ગ્રંથી પ્રદેશે આવેલો છે. હવે તેને માટે તે પ્રદેશે જ અસંખ્યાતો કાળ રહેવાનો, સંખ્યાત કે અસંખ્યાત કાળે ગ્રંથી ભેદવાનો અને નહિ તો તે ગ્રંથી-પ્રદેશથી પાછો જવાનો. એમ ત્રણ પ્રકાર છે. જે આત્મા હજુ ગ્રંથીને ભેદી શકે તેવી શક્તિવાળો નથી તે આત્મા તે સ્થળે અસંખ્યાતો કાળ રહીને પણ પાછો નીચે જાય. અને જે આત્મા ગ્રંથી ભેદ કરે તેને ત્યારબાદ અનિવૃત્તિ કરણ વડે સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ થાય

એક કલ્પના કરો કે જેમ ખૂબ મેલા થયેલાં કપડાંને કે તેલની ઘણી ચીકાશ જામેલા કપડાંને તેનો મેલ કાઢવામાં સામાન્ય પ્રયોગો અસર ન કરે. તેમાંનાં ગાઢ મેલને કાઢવામાં તો તે કપડું ધોબીને જ સોંપવું પડે. ધોબી ભઠ્ઠીના ઉકળતા પાણીમાં નાંખે અને તેમાં મેલને છૂટો કરનાર ખાર, સાબુ આદિ પદાર્થો નાંખે, ખૂબ આફે, ખૂબ ખદબદાવે, ત્યારે તે મેલ કપડાથી છૂટો પડે. ઘણાં કાળથી મેલને પોતાનો માનનાર કપડું પોતે તે મેલને દૂર ન કરી શકે. એ તો ધોબી જ મેલ છૂટો પાડી શકે. કપડું ધોબીના ઉકળતા પાણીના ભઠ્ઠામાં પડયા પછી મેલના લીધે બડબડીયાં (પરપોટા) કરે તો પણ ધોબી તેના બડબડીયાંની સામે જોઈ તેની દયા ન લાવે. એ તો મેલ છૂટો ન પડે ત્યાં સુધી નિરપેક્ષ ભાવે ખદબદવા દે અને સાથે બડબડીયાં પણ કરવા દે.

પોતાનાં કપડાની તેવી કરૂણદશા જોઈને તેનો માલિક ધોબીને ભઠ્ઠામાંથી કાઢી લેવાનું કહે તો પણ ધોબી તેની સામે ધ્યાન ન આપે. તેમ ગ્રંથી પ્રદેશે રહેલ આત્માની અનંતકાળના રાગ-દ્વેષરૂપી મેલની અત્યંત ગાઢ ગ્રંથીરૂપી આત્મ મેલને ભેદી નાખવા માટે આત્મારૂપ કપડાથી અલગ કરવા માટે, આત્માને સમ્યક્ત્વ સન્મુખ લાવી મૂકનાર શુભરૂપ ધોબીને કર્મમેલનો સ્વામી આત્મા રાહત આપવાનું કહે તો પણ તેની સામે ધ્યાન આપ્યા વિના તીવ્ર સદાચાર રૂપી ભઠ્ઠીના તાવડામાં ખૂબ ખદબદાવે અને તેમાં અનંતકાળનો સંબંધ હોવાના કારણે તે ગ્રંથીનો માલિક આત્મા તેના ઉપર કદાચ દયા લાવે તો તે સામે પણ આત્માનો – એ કુહાડાની તીક્ષ્ણ ધાર જેવા તીક્ષ્ણ પરિણામ રૂપ શુભ ધોબી નજર સરખી પણ ન કરે.

એ તીવ્ર સદાચાર રૂપ ભઠ્ઠીના તાવડામાં ખૂબ ખદબદીને આત્મા રૂપ કપડાંથી તે મેલ-કર્મરૂપી ગ્રંથી તદ્દન નિર્બળ થઈ જવાથી તે કપડું એ ગાઢ મેલથી મુક્ત થાય.

એ મેલના યોગે બદબદતું શાંત થાય, પછી જ તે હિતસ્વી ધોણી તે આત્મ કપડાંમાંના તે ગ્રંથીરૂપ મેલમાંથી આત્માને લાગણીપૂર્વક બહાર કાઢે અને તે પછી તેને અનિવૃત્તિકરણ રૂપ નદીમાં નાંખીને શાંત કરે. ત્યારપછી તો એ આત્મારૂપ કપડાને થાય કે "હાશ". એ પ્રકારે આત્માને ગ્રંથિભેદ માટેના તે સખત પરિશ્રમને અંતે પ્રાપ્ત થતું સમ્યક્ત્વ એ 'હાશ' છે. એ પછી આત્માને 'દુર્ગતિમાં પડતો બચાવે અને શુભસ્થાનમાં સ્થાપે' એવા લક્ષણવાળા આત્માને જિનેશ્વર દેવ કથિત ધર્મની પ્રાપ્તિ થાય છે. ધર્મ પામ્યા પછી, માર્ગાનુસારિતા પ્રાપ્ત થયા પછી આત્મા એટલું સમજતો થાય છે કે આપ્ત પુરૂષોના વચનને અનુસરવામાં જ લાભ છે; પણ ધર્મને નહિ સમજનારા યુવાનીઓ તો 'સાઠે બુદ્ધિ નાઠી' કહીને હસી કાઢે છે. અને અસ્થિર વસ્તુઓની પાછળ પાગલ બનીને ભમે છે. પણ વિચાર કરો. લક્ષ્મી એ તો અપરિગૃહિતા દેવી છે. તેને માટે માણસ ઘરબાર તજી પરદેશમાં ભટકે છે. પાઈ પાઈ એકઠી કરીને તિજોરી ભરી પણ અંતકાળે એ તમારી સામે જોશે ખરી? શા માટે જોવે? તમારે મન તો લક્ષ્મી એક છે પણ તમે એને છોડીને જાવ એટલે એને તો અનેક. 'કોણી ભાઈનો કૂબો, એક મૂવો ને બીજો ઉભો'. એ સ્થિતિ અપરિગૃહિતા લક્ષ્મીની છે. તમે એને માટે મરી ફીટયા પણ તમે મરી જાવ તો પણ તે તમારી પાછળ આવશે નહિ. તમે જીવતા એને એક જ સ્વામી હતો, પણ પછી તો અનેક સ્વામી છે. તેથી તમે દેહ છોડીને જાવ તો પણ એ તો તિજોરીમાં જ બેસી રહે છે.

કક્ષાની ચોકડીમાંની પહેલી ચીજ કંચન (લક્ષ્મી) એવી છે. અને બીજી ચીજ છે કામિની, કે જેને એ લક્ષ્મીને ખર્ચીને લાવેલી હોય છે. લક્ષ્મી કરતાં આ તો કુલીન બાળા છે ને! એટલે પોતાના પતિ મરે ત્યારે એ લક્ષ્મીની જેમ ઘેર બેસી ન રહે. એ વિસામા સુધી પાછળ ચાલે છે, ત્યાં સુધી તે કુટે છે. પણ એ કેવું? છાતી લાલ ન થાય એવું. પછાડો ખાય. પડે–આખડે પણ એમાંય કેવી માયા! જ્યાં ખાડા, ટેકરા, કાંકરા, કાદવ કે કોલસા ન હોય તેવી સપાટ જમીન હોય ત્યાં પછાડ ખાય અને એમ પણ કહે કે "ગયા એની પાછળ થોડું જ જવાય"? રડવામાં પણ તમે કયાં ગયાં એમ કહીને રડવાનું નહિ, પણ અમને મૂકીને તમે કયાં ગયા! છોકરા મોના મૂકીને ગયા. હવે અમારું પૂરું કોણ કરશે? એવા ઓળંભા આપીને રડવાનું. એ રીતે એ પોતાનું પૂરું કરતો બંધ થઈને મરી ગયો એટલે એને વિસામે વળાવીને પાછા વળી જવાનું.

કંચન અને કામિની આ પ્રકારના સંબંધી છે. હવે ચાર કક્ષાની ચોકડીમાંથી ત્રીજી ચીજ કુટુંબ છે. તેનું સ્વરૂપ કેવું છે તે જોઈએ. "स्वजनाः श्मशाने." મરનારના મરી ગયા પછી કુટુંબીઓ તેને સ્મશાન સુધી મૂકી આવે છે. તેમાં પણ લગ્ન કરીને આવેલી સ્ત્રી પણ જ્યારે વિસામા સુધી આવે તો અંગત સગા–કુટુંબી, "અમારે તો એથી ય વધુ પાછળ જવું જોઈએ." એમ વિચારીને તેઓ એમને વિસામાથી આગળ વધીને

સ્મશાન સુધી વળાવવા જાય છે. તે વળાવવામાં જોરથી રડે ખરા. પણ એમના રહ્યામાં આંખમાં આંસુ ન હોય. સ્મશાને ગયા બાદ ભાઈની તાપણી કરે. અને ઉનાળાના તાપમાં તાપણીથી દૂર જઈને બેસે. તેના વિયોગે તેમના કોઈ એકાદ કુટુંબીજનને એવું દુઃખ તો ન જ થાય કે ચેહમાં એની સાથે પડતું મૂકે!

આ ત્રણ 'ક' કારની વાત થઈ. માર્ગાનુસારી બનેલો આત્મા સદ્‌ગુરૂનો ઉપદેશ સાંભળીને સંસારની અસારતા સમજી જાય છે. ક્કારની ચોકડીમાંના ચોથા કક્કારનું નામ છે કાયા. તે કાયા ક્યાં સુધી સાથે આવે છે? "देह छितां" આ દેહ વિચારે છે કે લક્ષ્મીના ભોગે, સ્ત્રીના ભોગે, અરે કુટુંબીઓના ભોગે પણ મને પોષીને હૃષ્ટ-પુષ્ટ કરવામાં કોઈ જાતની બાકી રાખી નથી. હું વૃદ્ધાવસ્થા પામી તો પણ માત્રાઓ આપીને પણ મને લાલચોળ રાખવા આણે કમર કસી છે.

આ યુક્તિ અનુસાર મારી વૃદ્ધાવસ્થા, બાલ્યાવસ્થા સમાન બની એટલે કે ઘડપણ બાલપણ સમાન બની જાય છે. જેવી રીતે નાના બાળકના મુખમાં દાંત હોતા નથી તેમ ઘડપણમાં મુખમાં દાંત પણ નહિ, જેમ બાળક સ્પષ્ટ બોલી શકતો નથી તેમ વૃદ્ધાવસ્થામાં પણ સ્પષ્ટ બોલી શકાતું નથી. બાળકની જેમ ચાલતાં ચાલતાં પડી જવાય છે. પાંચ ઈન્દ્રિયો પણ પોતાના વિષયને સારી રીતે ગ્રહણ કરી શકે નહિ. એટલે કાયા કહે છે કે આ વૃદ્ધાવસ્થાએ તો ફરીને મને બાલપણું આપ્યું.

બંધુઓ! આ વાત બરાબર છે ને! તમને તો એનો બરાબર અનુભવ છે ને! તમે કહો છો ને કે વૃદ્ધ અને બાળક સરખાં, જેમ નાના બાળકને વારંવાર આવાનું જોઈએ, અને સારું સારું આવાનું મન થાય તેમ વૃદ્ધ માણસને પણ ઘડીએ ઘડીએ સારું સારું આવાનું મન થાય છે, પણ બાળકની જેમ વૃદ્ધ ઘડીએ ઘડીએ માંગી શકતો નથી. અને જો તે માંગે તો ઘરની સ્ત્રી અથવા પુત્રવધૂઓ એને આવાનું આપે નહિ. જેના પાપકર્મનો ઉદય હોય છે તેને ઘરના માણસો એમ કહી દે છે કે હમણાં આવાનું નહિ મળે. ટાઈમ થાય ત્યારે આવજો, આમ કહીને છણકે છે. ત્યારે પોતાની ભૂખની લાલસાને તૃપ્ત કરવા માટે શું કરે છે! પોતાની મોટી પુત્ર વધૂને કહે છે બેટા! આ દિકરો રડી રડીને અધો થઈ ગયો છે. બે આના આપો તો એને ગાંઠીયા અપાવી રાજી કરું. એમ કહીને બે આના મેળવી છોકરાને બજારમાં લઈ જઈ કંદોઈની દુકાનેથી બે આનાના ગાંઠીયાનું પડીકું બંધાવે છે. અને રસ્તામાં પડીકું છોડી (બીજા એમ જાણે કે નાના બાળકને ખાતાં શીખવાડે છે એ રીતે) તેમાંથી ગાંઠીયા લઈને કહે, જો બેટા! આમ અવાય. એમ બોલતાં પોતાના મોઢામાં ગાંઠીયા મૂકતો જાય. આવી માયા કરીને પોતાની લાલસા પૂરી કરે છે. ત્યારે કાયા કહે છે કે મારી વૃદ્ધાવસ્થામાં પણ મને મરનાર આત્માએ આવી રીતે પોષેલ છે. માટે મારે તેને માટે તેના કુટુંબીજનો કરતાં પણ વિશેષ કરવું જોઈએ. એમ

સમજી કુટુંબીજનોએ મરનાર માટે ખડકેલી ચિતામાં પોતે બળી જાય છે, છતાં એ કાયા મરનારની સાથે તો જઈ શકતી નથી. ટૂંકમાં કાયા અહિં જ રહી.

દેવાનુપ્રિયો ! જીવતાં સુધી જેની ખૂબ સંભાળ રાખી તેવી ચાર કક્કારની ચોકડીથી તજાઈ ગયેલા, એકલા અટૂલા બની ગયેલા જીવનો ધણી કોણ ? તો જ્ઞાની કહે છે કે **कर्मांगो याति स एक जीवः** । તે જીવે જીવન પર્યંત જેવાં કર્મો કર્યાં હોય તે કર્મો તે જીવને કર્માનુસાર ગતિમાં ગાયવત્ દોરીને લઈ જાય. ત્યાં તે જીવ બધાની આશા છોડીને અસહાયપણે એકલો જાય છે. મોહાંધ બનેલા જીવોને આ સજા ભોગવવી પડે છે, માટે દરેક જીવોને ધર્મનું શરણ અંગીકાર કરવાની જરૂર છે. તમે ધર્મ નહિ કરો તો તમારા વિના ધર્મ નિર્માલ્ય નહિ ગણાય, પણ ધર્મ નહિ કરનાર ધર્મ વિનાનો નિર્માલ્ય ગણાશે. આ સાદી અને સીધી વાત જે સમજે છે તેઓ ધર્મ તરફ ઉદાસીનભાવ નથી રાખતા. એટલે ધર્મસન્મુખ થયા બાદ ધર્મના માર્ગે ચઢેલા માર્ગાનુસારી જીવને કક્કારની ચોકડીમાંની ચોથી ચીજ કાયા પણ અસાર લાગે છે. અને દેવ ગુરૂ અને ધર્મને પોતાના સાચા સંબંધી માને છે. કારણ કે પોતાનું હિત સાધવા માટે ધર્મનું સેવન અને શ્રવણ કરવા માટે ડગલે ને પગલે દેવ-ગુરૂને ધર્મની જરૂર પડે.

પણ બંધુઓ ! હજુ અજ્ઞાની જીવો પરમાં સુખ માની રહ્યા છે. રેડિયો દ્વારા ગીતો સાંભળવામાં, બગીચાની અંદર મઘમઘતી સુગંધ લેવામાં, જમતી વખતે તીખા અને તમતમતા ભોજન ખાવામાં, આલેશાન ઈમારત ચણવામાં, દુકાનના ચોપડા લખવામાં, સેફ ડીપોઝીટ બેંકમાં નાણાં મૂકવામાં, એરકન્ડીશન રૂમમાં આરામ કરવામાં, તમે સુખ માની રહ્યા છો પણ યાદ રાખજો કે આ સાધનો છેવટે દુઃખજનક છે, ક્ષણભંગુર છે, નાશવંત છે અને નશ્વર છે. છેવટે વિયોગની વેદના આપનાર છે.

પરલોકમાં તમારી સ્ત્રી પૈસાનો મનીઓર્ડર નહિ કરી આપે. સગાંવહાલાઓ ટેલીફોન દ્વારા તમને શાંતિનો સંદેશો નહિ આપી શકે. કોઇ હિતસ્વી તમારા દુઃખના ભાગીદાર નહિ બની શકે. અહીંથી કોઈ સમાચાર આપવા તાર કે ટેલીગ્રામ નહિ કરે. નોકર-ચાકરો, વ્હાલી પત્ની, માલમિલ્કત આ બધું તમે મારું માની રહ્યા છો પણ યાદ રાખજો કે આ શરીર છોડીને જીવ જ્યારે પરલોકમાં જાય છે ત્યારે તેના કર્મો ભોગવતી વખતે આમાંના કોઈ તેને છોડાવવા જતું નથી. તેના આંસુઓ લુછનાર પણ ત્યાં કોઇ નથી. ગમે તેટલા હોંશિયાર હશો તો પણ એક દિવસ અહીંથી જવાનું છે તેમાં તો શંકા જ નથી. માટે અનાદિકાળથી પુદ્ગલ તરફ જે દૃષ્ટિ દોડી રહી છે તેને પાછી વાળીને આત્મા તરફ કરવાની જરૂર છે.

આજે અજ્ઞાનદશામાં જીવાત્માએ જેટલો પૈસાને સત્કાર્યો છે તેટલો ધર્મને સત્કાર્યો

નથી. માનવ જ્યારે માનવ મટી દાનવ બને છે ત્યારે ધર્મને બદલે ધનનું, સંતને બદલે સંપત્તિનું અને વિરાગને બદલે વિલાસનું, અને સમતાને બદલે મમતાનું સન્માન ને સ્વાગત કરે છે. પણ યાદ રાખજો કે કર્મનો તીવ્ર ઉદય આવશે ત્યારે તમારો પૈસો કામ નહિ લાગે.

એક શ્રીમંત ઘરના શેઠાણી કહેતા હતાં કે મારો રોગ કોઇ પણ ડોકટર મટાડી આપે તો એને હું દસ હજાર રૂપિયા આપું. પણ એનો રોગ કોણ મટાડી શકે ? ડોકટરો કહે કે આ રોગ અસાધ્ય છે. બંધુઓ ! તમે જે મોટરમાં ફરો છો, તે તમારી મોટર તમને ફૂટપાથ સુધી તો જરૂર લાવે પણ ધોધમાર વરસાદ વરસતો હોય અને તમારે જે ગલીમાં જવું છે તે ગલીનો રસ્તો મોટર જઈ શકે નહિ તેવો સાંકડો છે. તેથી એ મોટર સાંકડી ગલીમાં નહિ આવે ત્યારે તો તમારે ઉતરવું જ પડશે. અને ચાલવું પડશે. કદાચ થોડું ભિંજવું પણ પડશે, ત્યાં તમારી એ ગાડી કામ નહિ લાગે. પણ છત્રી કે રેઈન કોટ કામ લાગવાનાં. જીવનમાં એવી પણ ગલીઓ છે કે જેમાં પૈસો દાખલ થઈ શકે નહિ. એ ગલીઓમાં કામ લાગશે ફકત એક ધર્મ જ.

પૈસો તમારા જીવનમાં પ્રતિષ્ઠા વધારશે, તમારી વાહવાહ બોલાવશે, બે ઘડી કુલાવીને ઉપર પણ લઇ આવશે. પણ જ્યારે રોગ આવશે, વૃદ્ધાવસ્થા આવશે, મૃત્યુ આવશે ત્યારે કોઈનું ચાલતું નથી. પૈસો કે પ્રતિષ્ઠા પણ કામ લાગતા નથી. પછી ભલે ને અમેરિકાનો પ્રેસીડન્ટ હોય કે ભારતના વડાપ્રધાન હોય, પણ એમના ડોલર કે સંપત્તિ રોગમાંથી કે મૃત્યુમાંથી એમને બચાવી શકતા નથી. પૈસાની અને ડોલરની મૃત્યુ આગળ કાંઈ કિંમત નથી.

સિકંદર બાદશાહના સમયનો એક પ્રસંગ છે. મોટા હોદ્દા ઉપર રહેલા ઓફિસરની ભૂલ થવાથી સિકંદરે એને દંડ કરવાનું નક્કી કર્યું. અને સભા સમક્ષ હાજર કરવાનો હુકમ કર્યો, પણ ભાગ્યયોગે ઓફિસરનું આયુષ્ય પૂરું થયું.

સૈનિકોએ પાછા આવીને સિકંદરને કહ્યું કે સાહેબ ! એ હાજર થઈ શકે તેમ જ નથી. સિકંદર ચિડાઇ ગયો અને બોલ્યોઃ દુનિયાભરમાં એ ગમે ત્યાં હોય ત્યાંથી એને લઈ આવો. મારું લશ્કર, મારા સેનાપતિઓ શા કામના ? સિકંદરના ખુઝગ વજીરે નમન કરીને કહ્યું. સાહેબ ! એ એવી રાજધાનીમાં ગયો છે કે જ્યાંથી એને કોઈ પાછો લાવી શકે તેમ નથી. સિકંદરે આંખ ઊંચી કરી અને બોલ્યો—એવું કયું રાજ્ય છે કે જે સિકંદરની આંખોમાં સમાય નહિ ?

વજીરે કહ્યું. એ રાજ્યની દિવાલો એવી તોતિંગ છે કે એને કોઈ જ ઓળંગી ન શકે. અરે, માલિક ખુદ તમે પણ જઇ ન શકે. સિકંદરે આશ્ચર્યથી પૂછ્યું. કયું રાજ્ય ! કોનું રાજ્ય ? વજીરે કહ્યું. એ મૃત્યુનું રાજ્ય છે. આ જન્મની પેલી પાર મૃત્યુને ત્યાં

એ ચાલી ગયો છે. જ્યાં આપનું કે અમારું કોઈનું ચાલતું નથી. ત્યારે સિકંદરને ખ્યાલ આવ્યો, ભાન થયું કે હું બધા પર વિજય મેળવી શકું છું પણ મૃત્યુ પર વિજય મેળવી શકતો નથી. બધા ઉપર મારું સામ્રાજ્ય ચાલે છે, પણ મારા પર મૃત્યુનું સામ્રાજ્ય ચાલે છે. જ્યારે મૃત્યુ આવે ત્યારે દુનિયામાં કોઈ એને રોકી શકવા સમર્થ નથી.

તમે કહો કે ફોજદાર મારો મિત્ર છે, મારો ઓળખીતો છે. એ તો સારી વાત. જેલમાં જવાનું હોય, પોલીસ ચોકીના કબજામાં રહેવાનું હોય તો ત્યાંથી કદાચ છોડાવી દે, એ વાત બરાબર છે. પણ જ્યારે મૃત્યુ આવશે ત્યારે ફોજદાર કે કમીશનર કોઈ કામ નહિ લાગે. એ વખતે બધી ઓળખાણ નકામી. ત્યારે કઈ ઓળખાણ કામ લાગશે ? ખબર છે ને! અરિહંત ભગવાનની. તમે બોલો છો ને "અરિહંતા શરણું પવજ્જામિ". જે ઓળખાણ અંતિમ સમયે કામ લાગવાની છે એને આખી જિંદગી યાદ નહિ કરો, જેનું નામ જીવનની છેલ્લી ઘડીએ લેવાનું છે એને કોઇ દિવસ સ્મૃતિમાં પણ નહિ લાવો, જેનો આશરો છેલ્લે લેવાનો છે એમાં ઠરશો નહિ, તો પછી શું થશે ? જ્યારે જવાનો સમય આવશે ત્યારે ધર્મ સિવાય કોઈ શરણું કામ નહિ લાગે.

જીવનની અમૂલ્ય ઘડીઓ ધર્મારાધના વગર જતી હોય તો સમજી લેવું કે જીવનની અમૂલ્ય ઘડીઓ ઓળખી નથી. જીવનદોરી પૂરી થશે તે સમયે બધું જ અહીં રહી જશે. અને છેલ્લે સમયે પણ ધર્મને ઓળખ્યો નહિ હોય તો ઘરના લોકો તમને શું કહેશે ? બાપા, પૈસામાં જીવ રાખશો નહિ. એકવાર એવું બન્યું હતું કે ઘરડા બાપા હતા તેને પૈસામાં ખૂબ આસક્તિ હતી. તેથી ઘરના માણસોને એમ થયું કે બાપાનો જીવ આમાં રહી જશે. તેથી પૌત્ર કહે છે દાદા ! પૈસામાં જીવ રાખતા નહિ. બાપાએ તો માથું ધુણાવ્યું. કારણ કે બાપા ઓછું સાંભળતા હતા. એટલે દિકરાએ જઈને કાનમાં જોરથી કહ્યું કે પૈસામાં જીવ રાખશો નહિ. પણ બાપા શું કરે ? એ પૈસામાંથી જીવ કેવી રીતે કાઢે? આખી જિંદગી જીવ જેમાં ચોંટ્યો હોય તે હવે છેલ્લી ઘડીએ ક્યાંથી છૂટે ?

ખરી વાત તો એ છે કે જ્યાં સુધી પુદ્ગલની આસક્તિ છે, ત્યાં સુધી આત્મસ્વરૂપ કેવી રીતે પ્રાપ્ત કરશો ? જ્યારે આત્મા પરભાવમાંથી મુક્ત થઈ સ્વભાવમાં આવશે ત્યારે એ વિચારશે કે હું ધનનો, ઘરનો, વૈભવનો, દુકાનનો, ઓફિસનો, મોટામાં મોટી મિલોનો કે ફેકટરીનો કોઈનો કર્તા નથી. હું તો જ્ઞાતા અને દ્રષ્ટા છું. આ તો પુણ્ય-પાપના ખેલ છે. જ્યારે પુણ્યનો ઉદય હોય ત્યારે સંસારની સામગ્રીઓ વધવા લાગે અને પાપનો ઉદય હોય ત્યારે બધું ઘટવા માંડે. પણ હે આત્મા ! તેમાં તારે રાચવા જેવું નથી. એવી રીતે આત્મ સ્વરૂપમાં ઠરતાં જીવ વિચાર કરે છે.

એક વખતની વાત છે. એક માણસ પોતાના મકાનમાં બેઠો હતો. તેને ત્યાં એક પિંજરું લટકતું હતું. તેમાં એક સુંદર પંખીને કેદ કર્યું હતું. આ બંધીવાન પંખીને

જોઈને એકાએક તેના માલિકને વિચાર થયો કે અહો! મારા શોખને ખાતર કોઈના જન્મસિદ્ધ હક સમાન સ્વાતંત્ર્યને છીનવી લેવું એ શું મારી માનવતા છે? આ વિચાર આવતાંની સાથે જ તે માણસ ઉભો થયો અને તેણે પિંજરું ખોલી નાંખ્યું. પણ તેમાંથી પંખી બહાર ન નીકળ્યું. ઉલટું અકથ્ય મનોવેદના અનુભવતું હોય તેમ તેણે જોયું. પંખી પોતાની મૌન વાણીમાં કહી રહ્યું હતું કે મારા માલિક! પિંજરું ખોલીને શું તમે મને ઉડાડી મૂકવા માંગો છો? એમ પંખીની અંતરવેદના જોઈને ઘરનો માલિક બોલ્યોઃ હે પ્રિય પંખી! મેં તારી સાથે અન્યાય કર્યો છે. તમે તો નીલગગનના સ્વૈરવિહારી છો. નિરવધિ આકાશ પર તમારું સામ્રાજ્ય છે. વનરાજી ને વૃક્ષો તમારા સિંહાસનો છે. પવન તમારો સાથી છે. એવા સ્વતંત્ર સેનાની સમાન તમારા જીવનને માનવીય શોખ ખાતર એક નાનકડા પિંજરામાં કેદ કરી દેવું એમાં કંઈ માણસાઈ છે? માનવનું કયું ગૌરવ છે? કઈ દયા છે? જાઓ, ઉંડી જાઓ, તમે મુક્તવિહારી છો. આજ હું વહાલથી વિદાય આપું છું. પંખીએ આ સાંભળી ઊંડો નિસાસો નાખ્યો. મારા માલિક, આજ મને વિદાય ન આપો. આટલા આટલા દિવસો સુધી પાળી પોષીને હવે જવાનું ન કહો. મને આ પિંજર છોડી બહાર જવું ગમતું નથી. આ પંખીના ન્યાયથી હું આપને એટલું જ કહેવા માંગું છું કે પંખીનું ખરું સ્થાન તો આકાશમાં ઉડવું તે હતું પણ બંધનમાં પુરાવું તે ન હતું. પણ પિંજરામાં રહેવાથી તે પોતાનું સાચું સ્થાન ભૂલી ગયો. તેવી જ રીતે આજનો માનવ પણ જીવનનો સાચો ખ્યાલ ભૂલી ગયો છે. વિલાસ પ્રિયતાના પિંજરામાં જીવનને કેદ કરી પેલા પંખીની જેમ લોગમાં પડેલો, મોહના કીચડમાં ખૂંચેલો માનવી કેટલો પાંગળો બની ગયો છે! જ્યાં સુધી ઐહિક સુખ-વિલાસોને ફગાવી નહીં દો ત્યાં સુધી મુક્ત જીવનનો આનંદ માણી શકશો નહિ.

જેવી પંખીની વાત તમારી પાસે કરી તેવી બીજી પણ એક વાત છે. એક માણસે મિલિટરીમાં ૬૦ વર્ષ સુધી નોકરી કરી. પછી એ નિવૃત થયો. તેમાં એક દિવસે બજારમાં ઘી લેવા ગયેલો. અને ઘી લઈને આવતો હતો ત્યાં બાજુના મેદાનમાં સૈનિકોની કવાયત ચાલતી હતી. એટલે સૈનિકોના વડાએ હુકમ કર્યો. "સાવધાન" આ શબ્દ એના કાને પડતાં એ પણ સાવધાન થઈને ઉભો રહી ગયો. હાથમાંથી તપેલી પડી ને બધું ઘી ઢોળાઈ ગયું. ત્યાં એને ખ્યાલ આવ્યો કે અરે, હું કયાં નોકરીમાં છું? હું તો પેન્શન ઉપર છું. મને કહેનાર કોણ? સાવધાન થવાની આજ્ઞા તો પેલા સૈનિકોને આપવામાં આવી છે તેમાં મારે શું? ઉપયોગમાં આવતાં તે હસી પડયો. આમાં આપણે એટલું સમજવાનું છે કે તેણે વર્ષો સુધી સૈન્યમાં કામ કર્યું, એટલે તેને ટેવ પડી ગઇ હતી. 'સાવધાન' કહે એટલે હુકમ માનવો, એ સૈનિકોનો ધર્મ બની ગયો હતો. તેના રોમ રોમમાં આ સંસ્કાર પડી ગયા હતા. આ તો સૈનિકની વાત કરી. હવે તમારા તરફ વિચાર કરીએ. જેમ સૈનિકને સાવધાન શબ્દથી લડાઈ યાદ આવી જતી અગર સૈનિકોની તાલીમ યાદ આવી હતી,

તેમ તમારા જીવનમાં પણ તમે અહીં બેઠા છો તેટલી ઘડી પણ સંસારની વાતોને સંપૂર્ણપણે ભૂલો છો ખરા ? યાદ રાખજો. જ્યાં સુધી જીવ બાહ્યભાવને અને પુદ્ગલની આસક્તિને છોડશે નહિ ત્યાં સુધી મુક્તિ નગરમાં પ્રવેશ કરી શકશે નહિ.

હવે આપણે મુખ્ય વાત ઈષુકાર મહારાજા અને કમલાવંતી મહારાણીની છે. મહારાણી કમલાવંતીને શાશ્વત ધર્મની રૂચિ થઈ છે. તેને ધર્મ તે જ જીવન દેખાયું છે પણ ધન નહિ. તેથી તે મહારાજા ઈષુકારને કહી રહી છે કે બ્રાહ્મણની છંડેલી ઋદ્ધિ આપણા ઘરમાં ન જોઈએ. કારણ કે લક્ષ્મી આપણી સાથે આવનાર નથી. તે આપણું રક્ષણ કરવાની નથી. ખરેખર ધર્મ એ અતુલ મંગળ છે. સર્વ દુઃખોનું અતુલ ઔષધ છે. ધર્મ એ વિપુલ બળ છે. તેના જેવું બીજું કોઈ બળ નથી. કારણ કે ધર્મરૂપી વિપુલ બળવાળાને ચરણે બલબલા બળવાનોને પણ માથું નમાવવું પડે છે. માટે ધર્મ એ જ સાચું શરણ છે. જેને ધર્મનું રક્ષણ મળે તેને બીજા કોઈ-રક્ષણની જરૂર નથી. હે મારા સ્વામીનાથ ! ધર્મ જ મરણના સમયે સહાયક બને છે. સુંદર એવો મનુષ્યભવ પણ ધર્મથી જ પ્રાપ્ત થાય છે. જ્યાં શાશ્વત સુખ છે તેવા મોક્ષને પણ ધર્મ જ પમાડે છે. ધર્મનું વાસ્તવિક ફળ તે મોક્ષ છે. માટે હે નાથ ! સમજો. જેના જીવનમાં ધર્મ આવ્યો તેનું દુઃખ જવા લાગ્યું. મોક્ષને પામ્યા વિના દુઃખ માત્રથી રહિત એવી જીવનની અવસ્થા પ્રગટી એમ કહી શકાય નહિ. દુઃખ માત્રની ખરી જડ કર્મોનો યોગ છે. જીવ જ્યારે કર્મના યોગોથી સર્વથા રહિત બને ત્યારે તે મોક્ષને પામે છે. એવા સુખને પામવા માટે હે નાથ ! રાજપાટનો પણ ત્યાગ કરવો પડશે. માટે આપ બ્રાહ્મણની છંડેલી ઋદ્ધિ ભંડારમાં નહીં નાખતા આત્મસ્વરૂપનો વિચાર કરો. હજુ કમલાવંતી રાણી મહારાજાને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન.....નં. ૧૧૧

કારતક શુદ ૧૧ ને સોમવાર, તા. ૧૦-૧૧-૭૦

અનંત કરૂણાનીધિ ભગવંતે જગતના જીવો તરફ કરૂણાભરી દૃષ્ટિ ફેંકી. શાસ્ત્રકાર ભગવંતે સિદ્ધાંતમાં બતાવ્યું છે કે વૈયાવચ્ચ કરવાથી જીવને શો લાભ થાય છે ? ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ મા અધ્યયનમાં તેની સુંદર રજુઆત કરી છે.

વેયાવચ્ચેણં ભન્તે જીવે કિં જણયઇ ?
વેયાવચ્ચેણં તિત્થયર નામ ગોત્તં કમ્મં નિબન્ધઇ।"

મહામુનિ ગૌતમ શ્રમણ ભગવાન મહાવીરને પ્રશ્ન કરે છે કે હે પ્રભુ! આત્મા સેવા વડે કઈ વસ્તુને પ્રાપ્ત કરે છે?

પ્રભુ મહાવીર જવાબ આપે છે હે ગૌતમ! વૈયાવૃત્ય અર્થાત્ સેવા વડે આત્મા તીર્થંકર પદને પ્રાપ્ત કરે છે. નિષ્કામ સેવા જન સમુદાયના મનમાં શાંતિ અને આનંદ-ધારા વહાવવાની પવિત્ર વિચાર શ્રેણી જ અને સર્વ જીવોને કરુ શાસન રસીની જ ભાવના તીર્થંકરપણાના વિરાટ પદ પર લઈ જાય છે.

હૃદયના પવિત્ર સંકલ્પો એક દિવસ સાકાર બને છે. તીર્થંકરપદ પ્રાપ્ત કરાવે છે. મહાપુરૂષો સ્વ કલ્યાણ પછી અનંતાનંત પ્રાણીઓને દુઃખ અને અશાંતિના અંધકારમાંથી ઉગારવા માટે વાણીનો પ્રકાશ પાથરે છે. તેથી સામાન્ય કેવળીની જેમ જ્ઞાન અને દર્શનની જ્યોતિ સમાન હોવા છતાં પણ તીર્થંકર વધુ વંદનીય બને છે, એ જ કારણથી આજનો ચોર કાલે કેવળી બની શકે છે, પણ આજનો એ ચોર કાલે તીર્થંકર બની શકતો નથી. કારણ કે તીર્થંકર થવા માટે પાછલા અનેક જન્મોની સાધનાની અપેક્ષા રહે છે.

જીવન ભલે નાનું હોય પણ એમાં જો સેવાની સુવાસ હશે તો એ આગળ વધી શકશે. એક કેળના પાન ઉપર એક ઝાકળનું બિંદુ પડેલું હતું. સૂર્યના સોનેરી કિરણો પામી, એ હીરાની જેમ ચળકી રહ્યું હતું. એનીજ પાસે એક હીરો પણ ચળકી રહ્યો હતો. એક પંખી ઉડીને ત્યાં આવ્યું. ચળકતા તૃષારબિંદુ તરફ ઇશારો કરતાં એ બોલ્યું. શું આ તમારું સંબંધી છે? એટલામાં હીરો ક્રોધે ભરાઇને બોલ્યો–'શું એક તૃષાર બિંદુની સાથે મારી તુલના કરવી સંભવિત છે? બસ, તે જ સમયે ત્યાં એક ચકલી આવી અને તેણે પેલા હીરા ઉપર ચાંચ મારી પણ એને તો ફક્ત નિરાશા જ મળી. આ જોઇ પેલું નાનકડું તૃષાર બિંદુ બોલ્યું. બહેન! મારી જીંદગી નાની છે. પણ આ જીવન જો તમારા ઉપયોગમાં આવે તો હું પોતાને ધન્ય માનીશ. આ તો એક રૂપક છે. પણ આમાંથી પ્રશ્ન એ નથી કે જીવન કેટલું મોટું છે? સંપત્તિ કેટલી વિશાળ છે? પરંતુ પ્રશ્ન એટલો જ છે કે આ જીવનનો કેટલો અંશ પરહિતમાં ઉપયોગી બન્યો છે? વિશાળ સંપત્તિનો કેટલો અંશ પરની સેવામાં વપરાયો છે? ઘણીવાર સંપત્તિ વિશાળ હોવા છતાં માણસ કંઇ આપી શકતો નથી. જ્યારે સાધારણ સ્થિતિવાળો ઘણું બધું કરી જાય છે. મધ્યમ સ્થિતિવાળાની આવક સીમિત હોય છે, છતાં એનું દિલ અમીર હોય છે. એ પોતાની પ્રતિષ્ઠા કાયમ રાખવા માટે પણ પોતાની સ્થિતિથી વધુ કરી જાય છે. જ્યારે ઊંચી સ્થિતિવાળા પોતાની મસ્તીમાં મસ્ત રહે છે. એમને વધુ દરકાર પણ હોતી નથી. કારણ કે તેઓ જાણે છે કે બીજાનું સ્વાગત થશે તો ય ઠીક છે. અને ન કરાય તો પણ ઠીક છે. સંપત્તિની સુગંધ છે તે ભ્રમરોનો ગુંજારવ પણ કાયમ રહેવાનો છે, પછી શા માટે નકામું ખર્ચ ગળે નખાય!

સાચું પૂછો તો નાનાં નાનાં પ્રાણીઓનું જીવન લોકો માટે વિશેષ ઉપયોગી બને છે. સૂત્રમાં ભગવાન મહાવીરે એની પૂરી વિગતો આપી છે. જીવન ઉપર કોનો કેટલો ઉપકાર છે. આગમ એની સાક્ષી છે. મનુષ્ય ઉપર છકાય જીવોનો અનંત ઉપકાર છે. પવનને જ વિચારો. આપણા ઉપર એનો કેટલો ઉપકાર છે? એના અભાવે આપણે એક દિવસ તો શું પણ એક કલાક પણ જીવી શકીએ નહીં, શું આ ઉપકારનો બદલો વાળવા માટે તમે કદી પણ વિચાર્યું છે? લેણદાર ભલે ન માગે પણ ઈમાનદાર શાહુકારનું શું કર્તવ્ય છે? અને વિચારો કે જો સમસ્ત સૃષ્ટિમાં એક પણ માનવ ન હોય તો પવનને શું ચિંતા થશે? પાણીનું શું બગડશે? પણ જો હવા અને પાણી ન રહે તો મનુષ્યને ચિંતા થશે કે નહીં? અરે, ચિંતાની તો વાત જ ક્યાં રહી? મનુષ્ય એના વિના જીવી પણ શકે નહીં. નળમાં પાણી થોડું મોડું આવે અથવા સમય કરતાં વહેલું બંધ થઇ જાય ત્યારે માણસ કેટલો અધીરો બની જાય છે! ત્યારે એને પાણીનો પૂર્ણ અભાવ તો પ્રલયનું જ દૃશ્ય ઉપસ્થિત કરશે.

હા. તો આ નાના જીવોનો કેટલો ઉપકાર છે! પૃથ્વી આપણો આધાર છે. કરોડો, અબજો મનુષ્યો એના વક્ષસ્થલ ઉપર ઘૂમી રહ્યા છે, છતાં એનો એને જરા પણ રોષ નથી. તમારા શરીર ઉપર નાની કીડી પણ ફરશે તો એનું ફરવું તમને ગમશે નહીં. આટલું હોવા છતાં પૃથ્વી પોતાનું કર્તવ્ય મૂકી દે તો આપણે ક્યાં જઈશું? તમે સાંભળ્યું તો હશે કે બિહારમાં પૃથ્વીએ બે મિનિટ માટે પણ પોતાની ફરજનું પાલન કરવામાં ઢીલ કરી તો ત્યાંના રહેવાસીઓની શી સ્થિતિ થઈ હતી? ધરતીકંપના બે સેકન્ડના ધક્કામાં મનુષ્ય સૃષ્ટિ કંપી ઉઠે છે. બોલો હવા, પાણી, ધરતી વિગેરેનો કેટલો ઉપકાર છે!

દેવાનુપ્રિયો! સત્તાસંપન્ન વ્યક્તિઓની જીવનયાત્રા પણ સાગરની યાત્રા સમાન છે. તેઓ આગળ વધતાં ગયાં પણ પાછળનાં એમનાં ચરણચિન્હો પણ ભૂંસાતા ગયા. આ પૃથ્વી ઉપર મોટા મોટા ચક્રવર્તીઓ આવી ગયા. જેઓ ગર્વ કરતા કે મારું એક બાણ લાખ વ્યક્તિઓને મોતના ખોળે સૂવાડી શકે છે. બળવાન વાસુદેવ આવ્યા, જે પોતાના સારંગ ધનુષ્ય વડે પૃથ્વીને કંપાવી દેતા. મોટા મોટા બળવાન યોદ્ધા અને સેનાપતિઓ એના નામથી એવી રીતે ધ્રુજી ઉઠતા, જેમ પવનના ઝોંકથી પીપળના પાંદડા કંપી ઉઠે છે. તેઓ પવનવેગે દુનિયાની સામે આવ્યા તેમજ દુનિયા પણ એમના બળ અને સત્તાની સામે ઝૂકી પણ ગઇ પરંતુ એમની આંખો બંધ થતાંની સાથે જ દુનિયાએ પણ એમના તરફની આંખો મીંચી દીધી.

ઇતિહાસકારો ભલે એમના ઇતિહાસની કડીઓ શોધતા ફરે, પણ જન સાધારણ એમને કદી યાદ કરતો નથી. જનતા તો એમને જ યાદ કરે છે કે જેઓએ એના માટે કંઈક કર્યું છે. અઢી હજાર વર્ષ પહેલાં મગધમાં સમ્રાટ શ્રેણિક પણ થઈ ગયાં.

આગમકારો કહે છે જેની પાસે મગધનું સામ્રાજ્ય હતું, સોનાના બાવન કુંગરા હતા. હજારો નર-નારીઓ એના ચરણની ધૂળ લેવા ઉભા રહેતાં. જે માનુએથી એ નીકળતાં કે પસાર થતાં ત્યાં જય-જયના શબ્દોથી રાજગૃહના ભવનો ગૂંજી ઉઠતા હતાં.

બીજી બાજુ એ જ મગધ ભૂમિ પર અધ્યાત્મ જગતના સૂર્ય એવા ભગવાન મહાવીર પણ આવ્યા. એમણે રાજ પરિવારમાં જન્મ લીધો હતો. એમના પિતા પણ મહા યશસ્વી રાજા સિદ્ધાર્થ હતા. એમના મામા ગણતંત્રના નાયક હતા. પણ શું આપણે એમને માટે યાદ કરીએ છીએ કે તેઓ એક રાજકુમાર હતા ? જો અહીં સુધીજ એમનો વિકાસ સીમિત રહ્યો હોત તો જનતા પેલા હજારો રાજકુમારોની જેમ રાજકુમાર વર્ધમાનને પણ ભૂલી ગઈ હોત. પણ એમણે ભોગનો નહીં પણ ત્યાગનો રાહ લીધો હતો.તેઓ સાધનાનો પંથે આગળ વધ્યા અને એ પંથ પર ચાલતી વખતે એમણે ભારતની બે આંગળની લંગોટી પણ ન લીધી. પરંતુ યાદ રાખજો, એ અપરિગ્રહના ઉપાસકની ઉપાસના માટે સ્વર્ગનો ઈન્દ્ર પણ વિલાસ તજી ત્યાં હાજર રહેતો હતો. જ્યારે સમ્રાટ શ્રેણિક પાસે ઈન્દ્ર તો શું સામાન્ય દેવ પણ હાજર થયો નહીં હોય. જો કે એમના આધિપત્યમાં સોનાના કુંગરો હતા. આજે અઢી હજાર વર્ષ પછી પણ ભગવાન મહાવીરને તમે યાદ કરો છો. દર વર્ષે ૨૦ લાખ જૈનો એમની જયંતિ ઉજવે છે. અહિંસાના અવતાર ભગવાન મહાવીરનાં સ્મરણો તમને સાંભળવા મળશે, પણ સમ્રાટ શ્રેણિકને ભગવાન મહાવીર જેટલાં યાદ કરનારા ઓછા મળશે.

તમે કયારેય પણ વિચાર્યું છે કે આનું રહસ્ય શું છે ? દુનિયા શા માટે સમ્રાટો અને ચક્રવર્તિઓને વિસરી જાય છે ? અને એક સંતનું નામ રટે છે. આનું રહસ્ય એ છે કે જેણે પોતાનું સમગ્ર જીવન જનતાની સેવામાં અર્પી દીધું. કરોડો માણસોને હિત અને કલ્યાણનો માર્ગ બતાવ્યો અને બદલામાં શું લીધું ? તાંબાની એક પાઇ પણ દુનિયા પાસેથી તેમણે ન લીધી. જનતા એના જ ચરણોમાં શ્રદ્ધાથી નમે છે.

જેની પરહિતવૃત્તિમાં સ્વાર્થના કાદવની એક પણ કાળી રેખા નથી. દુનિયા એને જ હૃદય સમર્પિત કરે છે. બીજો એક એવો છે કે જે થોડું લઇને સહસ્રગણું પાછું આપી દે છે. એને પણ સ્વાર્થી કહી શકાશે નહિ. વૃક્ષ પૃથ્વીથી રસ લે છે. હવા, પ્રકાશ અને પાણી પણ લે છે, તેમ છતાં કોઇએ એને સ્વાર્થી કહ્યું નથી. કારણ કે એ જે લે છે એના બદલા રૂપે સહસ્રગણું ફળ અને ફૂલ પ્રદાન કરે છે. મેઘને આજ સુધી કોઇએ સ્વાર્થી કહ્યો કે ગણ્યો નથી. જો કે એ સાગરથી પાણી લે છે તો પણ એ સ્વાર્થી નથી. કારણ કે એ ખરું જળ લે છે અને એને મધુર બનાવી જનતાને એ પાછું વાળે છે. જે લઈ ને બદલામાં પાછું વાળે છે એને સ્વાર્થી કહી શકાય નહિ. સંતો પણ

ગ્રહસ્થો (તમારી) પાસેથી બે ત્રણ રોકડી લે છે એના બદલે તેઓ સત્યનો રાહ બતાવે છે. એટલે એમને પણ સ્વાર્થી કહી શકાય નહિ.

જે કેવળ લેવાનું જ જાણે છે. અને બદલામાં કશું જ વાળતો નથી. અથવા વાળવાનું એના સ્વભાવમાં નથી તે સંત તો નથી જ પણ માનવ પણ નથી. દેવા અને બદલામાં કંઈ પણ લેતાં ન રહેવું એ દેવોની સંપત્તિ છે. અને લેવું અને બદલામાં કંઈ પણ દીધા વિના લેતાં જ રહેવું એ તો રાક્ષસોની સંપત્તિ છે. માણસ તો 'લે' અને 'દે' ની વચ્ચે જીવે છે. એ કંઈક દે છે તો કંઈક લે પણ છે. પણ આજનો માણસ તો ફક્ત લેવાનું જ શીખ્યો છે, દેવાની–આપવાની વાત આવે છે ત્યારે એ કહે છે કે અમારી પાસે છે પણ શું? અમે શું આપી શકીએ એમ છીએ? અહીં કોઈ માગનાર આવે છે તો એ બાપડો બે આંસુ સારે છે. ત્યારે દેનાર હજાર આંસુ સારતો ફરે છે. કમાણી ખલાસ થઇ ગઇ, ખર્ચા વધી ગયા, ટેકસોનો ભાર એટલો વધી ગયો છે કે અમે તો માથું પણ ઊંચું કરી શકતા નથી. પણ આમ કહેનારા સજ્જનો શું સિનેમા જોવા નથી જતા? કમાણી જો ઘટી જાય અને ખર્ચા વધી જાય તો સિનેમા પહેલા બંધ થવાં જોઈએ ને? પણ નવી ફિલ્મ આવી કે એમને તો પહેલી ટિકિટ જોઇએ, પછી ભલે ને પાંચની મળે કે દશની. મોટર, પેટ્રોલ અને ડ્રાઇવરનો રૂ. ૫૦૦ નો માસિક ખર્ચ આંખે ચઢતો નથી, પણ કોઈ ગરીબને પાંચ રૂપિયા આપવા હોય તો સારી દુનિયા ભરના ખર્ચા અને ટેકસ યાદ આવી જાય છે.

મુસાફરી કરવી હશે તો ફસ્ર્ટ કલાસમાં જશો. અને આઠ દિવસ અગાઉ સીટ રિઝર્વ કરાવશો. શું થર્ડ કલાસમાં બેસાતું નથી? અરે, રાષ્ટ્રપિતા બાપુ હમેંશા ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા હતા. શું એમની પાસે ફસ્ર્ટ કલાસમાં જવા આવવાના પૈસા નહોતા? એક વાર કોઈ એ એમને પૂછ્યું. બાપુ! તમે થર્ડ કલાસમાં શા માટે મુસાફરી કરો છો? ભારતનો બાદશાહ ત્રીજા વર્ગમાં મુસાફરી કરે એ અમારા માટે શરમની વાત છે. બાપુએ શો જવાબ વાળ્યો? ખબર છે તમને? તેઓએ કહ્યું: હું ત્રીજા વર્ગમાં મુસાફરી એટલા માટે કરું છું કે ચોથો વર્ગ નથી. ભારતની ગરીબ જનતાને ત્રીજા વર્ગમાં પણ ઉભા–ઉભા જવું પડે છે, હું તો એમનો સેવક છું. પછી ફસ્ર્ટ અને સેકન્ડ કલાસમાં કેમ બેસી શકું?

હવે તમે મહાત્મા ગાંધીના ચીલે ચાલવા ચાહતા હો તો ફસ્ર્ટ કલાસમાં ન બેસતાં થર્ડ કલાસમાં મુસાફરી કરી શકો છો. અને એમ કરવાથી બચેલો પૈસો કોઇ ગરીબને આપો તો કેવું સારું? મારી બહેનોને કહીશ કે તમે રેશમી અને નાઇલોનની સાડીઓ પહેરો છો. શરીર તો સાદા કપડાથી પણ ઢાંકી શકાય છે, તો પછી રેશમ પહેરીને જીવ હત્યાનું પાપ શા માટે વહોરો છો? જીવનમાં જ્યારે અહિંસાનું સ્વરૂપ સમજાશે ત્યારે હિંસામય એક પણ વસ્તુ કે કામ તમને ગમશે નહિ.

દેવાનુપ્રિયો ! પહેલાનાં સમયમાં જે બોજા પૈસામાં માણસ જીવી શકતો હતો તે આજે ઓછા રૂપિયામાં પણ જીવી શકતો નથી, જરૂરીઆતો વધી. જરૂરીઆતની ભૂખની ટેવોએ જડ ઘાલી અને તેના પરિણામે ગમે તે ભોગે પણ વસ્તુ લેવા માટે માણસ ઊંધા મસ્તકે પ્રયત્ન કરવા લાગ્યો છે. પહેલાં ઓછા પૈસા ઘરકામમાં વાપરી દીન, અનાથ અને અપંગની રક્ષા થતી હતી ત્યાં આજે વધુ પૈસા મેળવી, વધુ સાધનોની શોધ કરી લાખો, કરોડો અને અબજો જીવોની હિંસા થાય છે. "દિલ ગયું ઓખું રહ્યું." મોલ વિનાની ખેતર જેવી હાલત થઇ. "સીલપેક અને માલગેબ." મૃત્યુ વધ્યા, ભવ વધ્યો, રત્નના સમાન કિંમતી મનુષ્ય ભવને કાચના મૂલ્યે, કાંકરાના તુલ્યે વેચવાનો વકરો વધ્યો.

એક અણુબોંબ હિરોશીમામાં નિર્દોષ લાખો જીવોની હિંસા કરી, લાખો જીવોની પેઢી-પરંપરામાં અનેક પ્રકારની જુલ્મી વ્યાધિઓ પેદા કરી. અને હમણા તો જે બોંબ બન્યા છે તે તો પહેલાના બોંબ કરતાં પણ હજાર હજાર પાવરના બન્યા છે. જ્યારે પાપનો ઉદય થયો અને તે બોંબ ફૂટશે ત્યારે આ દૃશ્ય જગતની કેવી બનાખરાબી કરશે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આ બધું મહાપુરૂષોએ જ્ઞાનથી જોયું હતું. આવા મોટાં નુકશાનો જાણ્યા હતાં એટલે તેનો પ્રયોગ કરીને બહિષ્કાર નહી કર્યો હોય તે રહેજે સમજી શકાય તેવી વાત છે. બંધુઓ ! તમે જેમ જેમ ધર્મને જીવનમાં અપનાવશો તેમ તેમ તમે સંસાર સમુદ્રથી તરશો, અને ધર્મના સ્વરૂપને સમજશો ત્યારે આત્મા મોક્ષના સુખને મેળવી શકશે.

આજનું વિજ્ઞાન તો રોકેટ અને સાધન દ્વારા અદ્ધર રહી શકે છે, પરંતુ મહાપુરૂષોએ તો આત્માની શુદ્ધ સાધના વડે કંઈક સિદ્ધિઓ પ્રાપ્ત કરેલી છે. ત્યાગીનું શ્લેષ્મ, થુંક, પેશાબ, આદિ પણ પવિત્ર બને છે. સનતકુમાર ચક્રવર્તીને બહારથી રોગો ઘેરી વળ્યાં છે. ઘણાં રોગોથી સબડાયેલ સનતકુમારને જોઇને દેવો કહે છે, 'અમે આપની કાયા કંચન-વાળી બનાવીએ.' સનતકુમારે ના પાડી. અને કહ્યું કે 'આ તો બોખું છે.' આનો શો મોહ ? આત્માના દુશ્મનોની સેવા હોય નહી.' તેમ કહી આંગળીએ થોડું થૂંક લગાવી સુવર્ણ જેવી આંગળી કરી બતાવી. દેવો શરમાઇને ચાલ્યા ગયા.

પેથડશાહ મન વચન કાયાથી બ્રહ્મચર્ય પાળતા હતા. તેમના વસ્ત્રો રોગીઓ પહેરતા તો તેમના રોગો દૂર થતાં. આ વાત પરથી પણ સમજી શકો છો કે ત્યાગનું સામર્થ્ય વિજ્ઞાન કરતાં વધે છે. માટે હવે તો ત્યાગ માર્ગ તરફ પ્રયાણ કરવું જોઇએ. બંધુઓ ! ધર્મ એ નવરાશની વસ્તુ નથી પણ જીવનની જાગૃતિભરી પ્રતિક્ષા છે. એના વિના નહિ રહેવાય. એ નહિ આવે તો સમગ્ર જીવન વ્યર્થ જશે. એ હજુ તમને અનિવાર્ય છે એવું લાગ્યું નથી. એની કિંમત સમજાઇ નથી. કેટલીક વસ્તુ વિના રહેવાય જ નહિ. જો અક્ષીણિયો અક્ષીણ વિના રહી ન શકે તો પછી સાધક જાગૃતિના પ્રકાશ વિના કેમ રહી

શકે ? આ જ કિંમતી છે. આ જ કામનું છે એવું મનમાં જ્યારે બેસશે ત્યારે એ સમજણ બહારની નહિ પણ અંદરની સમજણ હશે.

દેવાનુપ્રિયો ! તમે રસ્તામાં જતા હો, મહત્વની વાતોમાં મગ્ન હો, હાથમાં દૂધની તપેલી હોય પણ સામેથી પથ્થર આવે તો તમારો હાથ તરત ઉપર જવાનો ને ? એ વખતે તમને કોઈએ ચેતવ્યા નથી પણ તમારા સુષુપ્ત મનમાં આ વાત ઠસાઈ ગઇ છે કે માથે ઈજા થશે તેમાં મને ભયંકર નુકશાન થશે. દૂધ જાય તો જવા દો પણ માથું બચાવી લેવાના, કારણ કે દૂધ કરતાં તમારું માથું અને તમારી આંખ તમને વધારે કિંમતી લાગે છે. પણ આત્માની વાત તમારા જીવનમાં ઉતરી નથી. એની કિંમત જે સમજાવી જોઈએ તે હજુ સમજાઈ નથી. તમને કયારે પણ એવો વિચાર થયો છે કે આનાથી વધુ કિંમતી શું હોઇ શકે ?

બગદાદનો એક ધનાઢય એક વાર બે ઊંટ લઇને નીકળ્યો. એક ઊંટ ઉપર મોતી લાદેલાં અને બીજા ઉપર માલિક પોતે બેઠેલો. સાથે મોટો કાફલો હતો. રસ્તામાં ઢાળ આવતાં આગળનો ઊંટ લપસ્યો અને બધા મોતી વેરાઈ ગયા. માલિકે કહ્યું: જે કોઈ મોતી વીણશે એને એ બક્ષીશ આપવામાં આવશે. બધા મોતી વીણવા લાગ્યા. એટલામાં બીજું ઊંટ લપસ્યું. તરત જ એનો કદરૂપો ગુલામ માલિકને બચાવવા દોડયો અને એમને પડતા ઝીલી લીધા. થોડીવારે બીજા બધા મોતી લઈને આવ્યા.

માલિકે એમને કહ્યું. તમને જેટલાં મોતી મળ્યાં તે બધા તમારા. પછી પેલા કદરૂપા ગુલામ તરફ વળીને પૂછયું, તારા મોતી કયાં છે ? માલિક, મારું અમૂલ્ય મોતી તો આપ છો. આપને નુકશાન થતું હોય તો આ વેરાયેલા મોતી વીણીને શું કરું ? બીજાં મોતી જાય તો ભલે જતાં પણ આપનું રક્ષણ કરવું એ મારી ફરજ છે. તે દિવસથી ધનાઢયે આ કદરૂપાને સંપત્તિનો વારસદાર અને માલિક બનાવ્યો. ઘણાખરાંને દુનિયાનાં મોતી જ જોઇએ છીએ, પણ મોક્ષ મોતીને કોણ ઇચ્છે છે ?

કોઈ નામ માગે છે તો કોઇ પદવી માગે છે, કોઈ ડિગ્રી માગે છે, તો કોઇ ધન માગે છે પણ મારે તો વીતરાગનો માર્ગ જ જોઈએ, બીજું કાંઈ નહિ એમ કહેનાર કોણ ? વીતરાગે બતાવેલી અહિંસા, એનો અનેકાન્તમાર્ગ અને એનું નામ એ સિવાય બીજું કાંઇ નહિ. આવી તમન્ના, આવી ઝંખના જ્યારે આત્મામાં જાગશે ત્યારે તમે વીતરાગ બની શકશો. પણ તમારે તો ડિગ્રી જોઇએ, પદવી જોઇએ છે. કોઈને આચાર્ય થવું છે તો કોઇને ઉપાધ્યાય થવું છે. કોઈને નગરશેઠ બનવું છે તો કોઈ જે.પી. બનવા ઇચ્છે છે. પણ બંધુઓ ! યાદ રાખજો કે કદાચ આ બધું મળશે પણ વીતરાગના સિદ્ધાંત–વીતરાગનો માર્ગ તમને નહિ મળે. જ્યારે વીતરાગના માર્ગની કિંમત તમારા જીવનમાં અંકાઈ જશે

પછી રાત્રે કે દિવસે, ઊંઘતા કે ઊઠતા મુખમાંથી એક જ શબ્દ નીકળશે. હે વીતરાગ! કદાચ અણધારી આપત્તિ આવી જાય અથવા ઠોકર વાગે ને ગબડી જવાય પણ મોક્ષમાં તો વીતરાગ જ આવશે. જ્યારે એમ થાય કે ભલે સ્વજન બધા મારા કહેવાય પણ સાચા સ્વજન તો વીતરાગ છે. એ જ મારો સાચો સ્વજન છે ત્યારે જીવનની દિશા પલટાઈ જશે.

જેના હૈયામાં વીતરાગ વસ્યા હતાં તેવા આત્માએ સંસારની સામગ્રી વચ્ચે રહીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. કોણ? તે આપ જાણો છો ને? ભરત મહારાજા. અને જેને વીતરાગ ભાવ જાગૃત થયો નથી અને સંસારની સામગ્રીના રાગમાં અંતસુધી આસક્તિ છોડી નથી તેવો બ્રહ્મદત્ત ને સુભૂમ ચક્રવર્તી સાતમી નરકે ચાલ્યા ગયા. ચક્રવર્તિ તો બાર હતા, પણ જે અંતિમ સમયે આસક્તિ ન છોડી શક્યા તે નરકે ગયાં. અરે, ઘણી વાર એક જ સરખી ક્રિયા હોય છતાં એક જીવ મોક્ષમાં જાય તો બીજો જીવ અધોગતિમાં જાય. ગજસુકુમારને માથે અંગારા મૂકાયા. એ ઉપસર્ગને સમભાવે સહન કર્યા. ખંધક મુનિની જીવતાં છાલ ઉતારી, ૫૦૦ મુનિઓ ઘાણીમાં પીલાયા. આ બધા આત્માઓ આત્મ સ્વરૂપમાં રમણતા કરતાં મોક્ષગામી બન્યા. પણ જ્યારે આવા જ પરિસહો મોહને વશ થઇને આત્મઘાત કરનાર અધોગતિમાં ચાલ્યા ગયા. ખરેખર! મોહદશા એ બૂરી છે. મિથ્યાત્વ તેથી પણ ખરાબ છે. તેના દ્વારા થતાં. ક્રોધ–માન–માયા ને લોભ પણ ખરાબ છે. આવું સમજીને ચક્રવર્તિઓએ સંસારની સામગ્રી છોડીને દિક્ષા લીધી. ભરત મહારાજા વિષય કષાયથી ખૂબ જાગૃત હતા. તેમણે વિષયથી સાવધ રહેવા માટે ધર્મી માણસોને વારંવાર પોતાને જાગૃત રાખે એમ સૂચવ્યું હતું.

દેવાનુપ્રિયો! કોઈ પણ વસ્તુનું જ્ઞાન થવા માત્રથી કાર્ય સધાતું નથી. અમદાવાદ પહોંચવાના જ્ઞાન માત્રથી અમદાવાદ પહોંચી શકાતું નથી. પણ તે માટે ગાડીમાં બેસવા રૂપ ક્રિયાની આવશ્યકતા છે. જેમ પાટા વિના ગાડી ન ચાલે તેમ ક્રિયા વિના જ્ઞાન ન નભે. એકલો પાટો ગાડી સિવાય ઇચ્છિત સ્થાને ન પહોંચાડે. તેમ એકલી ક્રિયા પણ મોક્ષસ્થાને ન પહોંચાડી શકે. માટે જ્ઞાન ને ક્રિયા બંનેની જરૂર છે.

બંધુઓ! આજ સુધી જીવે સંસારમાં અનંતકાળથી પરિભ્રમણ કર્યું છે. તેનું કારણ સુખનો રાગ અને દુઃખનો દ્વેષ છે. માટે સુખના રાગ ઉપર કાપ મૂકવા માટે ભગવાને ચાર ધર્મ બતાવ્યા છે, દાન–શીલ–તપ અને ભાવ. પરિગ્રહ સંજ્ઞાને લાત મારવા માટે શીલ ધર્મનું આયોજન છે. આહાર સંજ્ઞાને હઠાવવા માટે તપ ધર્મનું વિધાન છે. અને ભય સંજ્ઞાને દૂર કરવા માટે ભાવ ધર્મનું વિધાન છે. સંજ્ઞા એટલે વગર બોલાવે આવે તે. વગર શીખવાડે આવડે તેનું નામ સંજ્ઞા. આ સંજ્ઞાની જડ જો. કોઈ હોય તો સુખ પરનો રાગ અને દુઃખ પ્રત્યેનો દ્વેષ છે. માટે જ્ઞાની ભગવંતે ભૌતિક ઇચ્છા પર કાપ મૂકીને સંજ્ઞાને હઠાવવા માટે કીમિયો બતાવ્યો છે. આ સંજ્ઞાને સંપૂર્ણપણે ખેદાન–

મેળવન કરી શકાય તો તે માત્ર માનવ ભવમાં. માટે જિનેશ્વરદેવે માનવજીવનના ખૂબ ગુણગાન ગાયા છે.

હવે આપણે જે છ જીવોનો અધિકાર ચાલી રહ્યો છે તેમાં કમલાવંતી શું બોલી રહી છે તે માટે શાસ્ત્રમાં દૃષ્ટિ કરીએ. મહારાણી કમલાવંતી ઇષુકાર મહારાજાને ફક્ત એટલું જ સમજાવવા ગઈ હતી કે પરિગ્રહની આસક્તિ એ બંધનું કારણ છે. સંસાર-વર્ધકનું અને ધર્મનો ઉચ્છેદ કરનારૂં નિમિત્ત પરિગ્રહને આભારી છે. માટે હે મહારાજા! બ્રાહ્મણો જેનો ત્યાગ કરીને ગયા, જેને બળખાની માફક વમી ગયા. જેને અનર્થનું કારણ સમજી ગયા તે બ્રાહ્મણો જે છોડીને ગયા છે તે લક્ષ્મીની આપણા રાજ્યમાં શી જરૂર છે? ખરેખર હે નાથ! જંગલમાં જ્યારે અગ્નિ લાગે છે, બધા પ્રાણીઓ તરફડે છે. કંઈક પ્રાણીઓ અગ્નિમાં વાહોમ થઈ જાય છે અને બળીને ખાખ થઈ જાય છે, તે વખતે બળતાં પંખીઓ કરૂણ ચીસો પાડે છે, આક્રંદન કરે છે, બચવાને માટે ફાંફા મારે છે. બળતા પંખીઓને જોઈને ભલભલાના હૃદય પીગળી જાય એવા પ્રસંગે પોતાના સ્વાર્થમાં અંધ બનેલા, રાગ ને દ્વેષને વશ થયેલા, જે અગ્નિની જ્વાળામાં ઝડપાયા નથી તેવા પંખીઓ આનંદ માને છે, ખુશ થાય છે અને વિચારે છે કે આ બધા મરી જતાં અમારા જીવનમાં અમે ફાવતી મિજબાની ઉડાવી શકશું. પણ એ પ્રાણીઓને ખબર નથી કે લાગેલો દાવાનળ જેણે ચોદિશાએથી વનને ઘેર્યું છે તેવો-લાગેલો દાવાનળ વહેલો કે મોડો બચી ગયેલાને પણ છોડશે નહિ. આ છે પંખીની મૂઢતા. તેમ હે નાથ!

एवमेव वयं मूढा, कामभोगेसु मुच्छिया ।
डज्झमाणं न बुज्झामो, रागदोसग्गिणा जगं ॥ उ. अ. १४-४३

એવી રીતે મૂઢ લોકો કામભોગમાં મૂર્છા પામ્યા છે. અને રાગ-દ્વેષની અગ્નિમાં બળવા છતાં બૂઝતા નથી. જેમ અજ્ઞાન પંખી પોતાના સ્વાર્થમાં પડીને ખુશ થાય છે તેમ જે સંસાર ત્યાગીને, લક્ષ્મી છોડીને ગયા તેમાં તમારો જીવાત્મા ખુશ થાય છે. હે સ્વામીનાથ! તમે એમાં ખુશી થાવ છો એના બદલે તમને એમ કેમ નથી થતું કે એ બ્રાહ્મણો જેમ સંસારના કામ ભોગો, માયા-મમતા અને પરિગ્રહ છોડી ગયા તેમ હું પણ રાજપાટ છોડી સાધું બનું. હે નાથ! પધારી કરીને આ અઘોર નિદ્રામાં કયાં સુધી પડી રહેવાનું છે? જાગો. આ જાગૃતિ-જીવન છે. માનવ જીવન શું રાગ-દ્વેષના પ્રમાદની ઊંઘ ખેંચવા મળ્યું છે? ઉઠો, હવે ઉઠો. આત્મરમણતાની જાગૃત અવસ્થાને પામી લો. જ્યાંથી નાસી છૂટવાનું છે ત્યાં તમે આરામથી વિસામો લેવા કેમ બેસી રહ્યા છો? અરે ઓ! આપની પાછળ તો ત્રણ ડાકુઓ પડયા છે. રોગ, ઘડપણ અને મૃત્યુ, જો ભૂલેચુકે એકના ઝપાટામાં પણ આવી ગયા તો ખલાસ. પછી શું કરી શકશું? માટે હે નાથ! વહેલી તકે જાગો. આ મમતા ને પરિગ્રહ આત્માને પરલોક જતાં દુઃખમાંથી છોડાવનાર

નથી. મીઠાં અને મધુર એવાં અનેક વચનોથી કમલાવંતીરાણી ઈષુકાર મહારાજાને સંભળાવી રહી છે. વહાલા બંધુઓ ! ઘેર તમારી કમલાવંતી પણ તમને આ પ્રમાણે સમજાવતી હશે. કેમ ખરું ને ? આપના કમલાદેવી પણ કહેતા હશે કે હે નાથ ! વહેપાર તરફથી દૃષ્ટિ પાછી કરો અને આત્મા તરફ વાળો. આ બધું અહીંજ છોડીને જવાનું છે. સુખમાંથી દુઃખમાં અને દુઃખમાંથી સુખમાં સરકાવવું તે સંસારનું કામ છે. રાગ અને દ્વેષના તોફાનોથી ભરેલો આ સંસાર છે. એમાંથી આપણે સરકી જવા જેવું છે. સંસારમાં અગણિત પાપો કરીને સુખની આશા રાખવી તે કયાંથી બનવાનું છે ? બાવળ વાવનારને કેરીના ઝુમખાના દર્શન થવા અસંભવિત છે. તેવી જ રીતે પાપના કામ કરીને સુખની આશા રાખવી તે અસંભવિત છે. માટે એક વખત તો આ સંસારના રંગ ભોગોને છોડીને ત્યાગના માર્ગે જવું જ પડશે. હું આશા રાખું છું કે ઈષુકાર મહારાજાના મહારાણી કમલાવંતી જેવી રીતે કહી રહ્યા હતા તે રીતે વીતરાગ વાણીનું પાન કરનાર મારી આ બેનો (તમારી કમલાદેવી) તમને પણ ક્ષણે ક્ષણે જરૂરથી આત્મ દર્શનનો બોધ આપશે.

વ્યાખ્યાન.....નં. ૧૧૨

કારતક સુદ ૧૨ ને મંગળવાર તા. ૧૧-૧૧-૭૦

બંધુઓ ! મોક્ષમાર્ગનું પગથિયું બોધબીજ છે. આ બીજને રોપીએ તો મોક્ષ રૂપ ફળ પ્રાપ્ત થાય. જીવે વીતરાગની વાણીને રૂચિપૂર્વક એકાગ્ર મને સાંભળી નથી. સાંભળતી વખતે પણ અંદર તો ઉપેક્ષા જ હોય છે. ઊંડે ઊંડે સંસારની રટણા ચાલુ જ હોય છે. આવું સાંભળ્યું ન સાંભળ્યા બરાબર છે.

સુણેહ મે એગમણા, મગ્ગં બુદ્ધેહિ દેસિયં ।

હે ભવ્ય જીવો ! જ્ઞાની પુરૂષોએ ઉપદેશેલા માર્ગને એકાગ્ર મનથી સાંભળો. જેનું મન વીરવાણી સાંભળતી વખતે એકાગ્ર હોય છે એના હૃદયમાં વીરવાણી પ્રતિષ્ઠા પામે છે. અને છેવટે તે આચરણમાં મૂકાય છે. જ્ઞાની પુરૂષો કહે છે જ્યાં બંધ છે ત્યાં મોક્ષ છે. જો બંધ ન હોય તો મોક્ષ કોનાથી ? જીવના અસંખ્ય આત્મપ્રદેશો અનંત અનંત પરમાણુઓથી બંધાયેલા છે. આ ચૈતન્ય આત્મા અનંત કર્મની વર્ગણાઓથી બંધાયેલો છે. આવા બંધનમાં રહેલા આત્માનો પણ મોક્ષ થાય છે. જે અભવ્ય છે તેઓનો કર્મ-

બંધ તો અનાદિ અને અનંત છે, તેઓ કોઈ કાળે કર્મથી સંપૂર્ણપણે મુક્ત થવાના નથી. એક બંધ અનાદિ અને સાન્ત છે. તેની આદિ નથી પણ અંત છે. બીજો બંધ સાદિ અને સાન્ત છે. સમકિત પામ્યા પછી કર્મની પ્રકૃતિ બંધાય તે આદિ થઇ. સમ્યગ્જ્ઞાનથી તેનો કર્મક્ષય થતાં અંત થાય છે. આ રીતે કર્મબંધ અપેક્ષાએ ત્રણ પ્રકારનો છે.

(૧) અનાદિ અનંત (૨) અનાદિ સાંત (૩) સાદિ સાંત. જ્ઞાનીઓએ મોક્ષતત્ત્વના સ્વરૂપની ચર્ચા બંધની સાથે સાથે કરી છે. ગાઢ બંધનથી બંધાયેલો જીવ પણ આત્માનું સત્ય સ્વરૂપ સમજાય ત્યારે પુરૂષાર્થ કરી, કર્મ સાથે યુદ્ધ કરી, સંપૂર્ણ રીતે કર્મનો નાશ કરી મુક્ત થાય ત્યારે તે મોક્ષ પામ્યો એમ કહેવાય છે. જ્યાં સુધી કર્મનું અસ્તિત્વ છે ત્યાં સુધી મોક્ષ સંભવે નહિ. જ્ઞાની કહે છે મોક્ષ અને બંધનું સ્વરૂપ સમજો. જ્યાં સુધી બંધને જાણ્યો નહિ ત્યાં સુધી તેનાથી દૂર કેવી રીતે રહેવાય ?

બંધુઓ ! નવતત્વમાં મોક્ષનો નંબર છેલ્લો છે અને બંધનો નંબર મોક્ષથી પહેલા છે. જ્ઞાની પુરૂષો તેમની ગંભીર વાણી દ્વારા સરળ ભાષામાં ઉપદેશ આપે છે કે તમે નવ તત્વનું સ્વરૂપ સમજો. બંધતત્વ, મોક્ષતત્વ એમ માત્ર મોઢેથી બોલી જવાથી કંઈ વળવાનું નથી. વિચાર કરો કે તમે પોતે એનાથી બંધાયેલા છો. અને બંધનમાંથી છૂટી મોક્ષ મેળવવાની શક્તિ પણ તમારામાં છે. બંધનમાં પડેલો આત્મા જ્યારે મુક્ત થાય છે ત્યારે અનંત સુખ, વીર્ય, શક્તિ તેનામાં સંપૂર્ણપણે પ્રગટ થાય છે.

કોઈ એક માણસે સરકારી ગુન્હો કર્યો, તેથી તેને જન્મટીપની સજા થઇ. તેને જેલમાં સખત મજુરી કરવી પડે છે. સગાંવહાલાઓનો વિયોગ સહન કરવો પડે છે. ત્યાં તેના દુઃખનો કોઇ પાર નથી. આવા ગુન્હેગારને માફી મળે અને તે જેલમાંથી છૂટે ત્યારે તેને કેવો આનંદ થાય ? એક સરકારની જેલમાંથી છૂટતાં જો આટલો બધો આનંદ થાય તો આ સંસારની જેલમાંથી હંમેશને માટે મુક્તિ મળતાં કેટલો આનંદ થાય ? આપણો આ ચૈતન્ય દેવ–આત્મા અનાદિકાળથી ચોવીસ દંડકની જેલમાં પુરાયેલો છે, પણ તેને ભાન નથી કે તે બંધનમાં છે. અને હજુ એવા કર્મો કર્યે જાય છે કે તેનું બંધન ઉત્તરોત્તર દૃઢ થતું જાય છે, અને તે અનેક જાતિ, ગતિ અને દંડકમાં બંધાતો પરિભ્રમણ કર્યા કરે છે.

દેવાનુપ્રિયો ! જ્યારે સંસારનો વેગ આત્મ સ્વરૂપ તરફ ઢળે ત્યારે તેને સમજાય કે તેનો આત્મા ચાર ગતિ અને ચોવીસ દંડકની જેલમાં પૂરાઈ પરિભ્રમણ કરી રહ્યો છે અને દુઃખી થઈ રહ્યો છે. જ્યારે તેને બંધન વિષેનું ભાન થાય અને સાચું જ્ઞાન આવે ત્યારે તે બંધનમાંથી છૂટવાના ઉપાયોનું આચરણ કરે છે. શેઠ હોય કે સેનાપતિ હોય, રાજા હોય કે ભિખારી હોય, પણ જ્યાં સુધી તેને બંધ અને મોક્ષનું જ્ઞાન થયું નથી ત્યાં સુધી તેનો પુરુષાર્થ બંધનને વધુ ને વધુ મજબૂત કરવામાં વપરાય છે. ગમે તેવો

મોટો ધનાઢ્ય હોય, મીલમાલિક હોય, મોટો પદવીધર ડોક્ટર હોય, દેશના વડા પ્રધાન હોય, લોકોમાં પૂજાતો હોય, સત્કારાતો હોય, છતાં જ્યાં સુધી તે તત્ત્વથી અજાણ છે ત્યાં સુધી તેનાં બળ, વીર્ય, પરાક્રમ અબળાં છે. કારણ કે તેનો પુરુષાર્થ સંસાર પ્રત્યેનો છે.

જે જીવોએ તત્ત્વને જાણ્યા છે, જે તત્ત્વના સ્વરૂપને બરાબર સમજ્યા છે તે મહા ભાગ્યવાન છે, તેમનો પુરુષાર્થ શુદ્ધ છે. કર્મના બંધનથી રહિત છે. તેઓ ચાર ગતિની જેલમાંથી, ભાવ બંધનની જેલમાંથી પોતાના ભગીરથ પુરુષાર્થ દ્વારા મુક્ત થઈ અપૂર્વ આનંદને મેળવે છે.

કમલાવતી મહારાણી ઈષુકાર મહારાજા પાસે બોલી રહી છે, હે નાથ ! જે આત્માર્થી જીવો છે તે પોતાના જીવનમાં કેવી રીતે વિચરે છે ?

भोगे भोच्चा वमित्ता य, लहुभूयविहारिणो ।
आमोयमाणा गच्छन्ति, दिया कामकमा इव ।। उ. अ. १४–४४

જે વિવેકી છે તે ભોગવેલા ભોગને ત્યાગીને પ્રસન્નતાપૂર્વક પ્રવર્જ્યા લે છે. અને પક્ષી અને વાયુની જેમ અપ્રતિબદ્ધ વિહાર કરે છે, કારણ કે એક વખત જેને આત્મ-સ્વરૂપનો ખ્યાલ આવે છે તે જીવાત્મા સમજે છે કે અજ્ઞાન અને મોહને વશ થયેલો આત્મા ભોગ ભોગવતાં પોતે જ ભોગવાઈ જાય છે. કામભોગ એ કીચડની ખાઈ છે. તેમાં બિલકુલ ફસાવા જેવું નથી. મહારાણી કમલાવંતીને સમજાઇ ગયું છે કે ખરેખર કામ-ભોગો શલ્ય છે. માણસ જેમ ઉતાવળો ચાલતો હોય તેમાં તેના પગમાં શૂળ વાગી જાય તો તે અધવચ્ચ અટકી જાય છે, તેમ જેને કામભોગના શલ્ય ખૂંચે છે તે તેમાં લેપાતો નથી. કારણ કે કામભોગ દૃષ્ટિ વિષ સર્પ સમાન છે. દૃષ્ટિ વિષ સર્પ જેના પર નજર નાંખે છે તે ત્યાં જ મરી જાય છે. તે જ રીતે કામભોગની ઈચ્છા કરનાર મરીને દુર્ગતિમાં જાય છે. જે ભોગમાં મસ્ત છે તેના શા હાલ થશે ?

વિશ્વામિત્ર ઋષિએ ૬૦,૦૦૦ વર્ષ સુધી તપ કર્યું, પણ મેનકાના એકજ વખતના નૃત્યમાં અને એક જ મોહના ઝાટકામાં તે ખલાસ થઈ ગયો. માટે જ્ઞાની કહે છે કે કામભોગ આદરવા જેવા નથી, સેવવા જેવા નથી અને ચિંતવવા જેવા પણ નથી. જેને આવા ઝેર ચઢયાં છે તેને સાચા સદ્‌ગુરૂ વિના ઝેર કોણ ઉતારશે ? તમે સ્ત્રીની આજ્ઞા જેટલી માનો છો તેટલી ગુરૂની માનો છો ? પરંતુ યાદ રાખજો કે ગુરૂની આજ્ઞાથી જ મોક્ષ મળશે. સ્ત્રીના મોહમાં, તેના રંગરાગમાં અને વિષયોમાં રચ્યાપચ્યા રહેશો તો પછી તમારું થશે શું ? જેને કામભોગ ખટક્યા છે તેવી કમલાવંતી ઈષુકાર રાજાને કહી રહી છે, હે નાથ ! વિષયના ક્ષણિક સુખ માટે આત્માના અનંત સુખને શા માટે ઠોકર મારો છો ? જે આત્મા બ્રહ્મચર્ય પાળે છે તેને અનેક લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. તે વમનલબ્ધિ

હોય છે. જેને લોક જોતો હશે તેને સંસારથી છૂટવું પડશે. વિષયના મડદા જોયા જોવી ગમી જાય છે કે જીવનનૈયાને છિન્નભિન્ન કરી નાંખે છે. વિષયના કીડા વિષયમાં સુખ માન્યું છે ત્યારે પોતાની ઇચ્છા પોષવા બીજાનો ઘાત કરે છે. જ્યારે સતી પોતાના શિયળ માટે પ્રાણ તજે છે. માટે હે નાથ! આત્માનું સાચું સુખ જોઈતું હોય તો પ્રસન્નતાપૂર્વક પ્રવર્જ્યા લેવી જોઈએ, કારણ કે અનંતકાળથી આત્મા સંસારનાં ભોગમાં જ પડેલો છે.

इमे य बद्धा फन्दन्ति, मम हत्थज्जमागया ।
वयं च सत्ता कामेसु, भविस्सामो जहा इमे ॥ उ. अ. १४–४५

હે નાથ! આપ જે કામભોગને વિષે ગૃદ્ધ બન્યા છો. જે રાજસુખમાં મશગુલ થયા છો. જે પરિગ્રહની જાળમાં ફસાયા છે તે અનેક ઉપાયો કરવા છતાં પણ સ્થાયી નથી. માટે આપણે ભૃગુપુરોહિત આદિની જેમ સંસાર ત્યાગીને સંયમ લેશું.

सामिसं कुललं दिस्स, बज्झमाणं निरामिसं ।
आमिसं सव्वमुज्झित्ता, विहरिस्सामि निरामिसा ॥ उ. अ. १४–४६

સાંભળો નાથ! એક પક્ષીના મોંમાં માંસનો ટુકડો જોઇને બીજું પક્ષી તેના પર ઝડપ મારે છે, પરંતુ માંસનો ટુકડો છોડયા પછી તે સુખી થાય છે. એવી રીતે હું પણ એવા માંસ સમાન સમસ્ત પરિગ્રહ છોડીશ અને નિરામિષ–અનાસકત થઇને વિચરીશ.

આજે આપણે પણ જોઈ રહ્યા છીએ કે જ્યાં પરિગ્રહ રૂપી માંસનો ટુકડો છે ત્યાં લેવા માટે બીજા જીવો રાહ જોઈ રહ્યા છે. અને તેના માટે કંઇક અનર્થના કામો થઈ રહ્યાં છે. જ્ઞાનીઓએ કહ્યું છે કે મહાઆરંભ અને મહાપરિગ્રહ નરકમાં લઈજનારા છે. અને માયાકપટ કરવાથી જીવ તિર્યંચ ગતિ પામે છે. ગમે તેટલા તમારી પાસે નાણું હશે પણ એ નાણું જીવને દુર્ગતિમાંથી તો છોડાવી શકશે નહિ. અરે! અહીં થયેલા દર્દમાંથી પણ છોડાવી શકતા નથી. ઘણીવાર જોયું હશે, સાંભળ્યું હશે કે કેન્સરના દર્દ જેને થાય છે તે અસહ્ય પીડા ભોગવે છે. જે શ્રીમંત હોય તેને રોગ મટાડવા વિલાયત લઈ જાય છે, તેની ખૂબ સેવા ચાકરી કરે છે, છતાં તે બચી શકતો નથી. કહીં બિચારા ઝૂમબરાડા પાડતા હોય તો પણ પૈસો તેને શું શરણભૂત થવાનો છે? માટે સમજીને ચેતી જવા જેવું છે કે લક્ષ્મી પ્રત્યેનો રાગ અને આસક્તિ દુર્ગતિમાં લઈ જનાર છે, પણ રોગથી છોડાવનાર નથી. જ્યાં પરિગ્રહ છે ત્યાં જ ઝઘડા છે. આજે આપ સાંભળી રહ્યા છો કે જમીનના ટુકડા માટે એક દેશ બીજા દેશને કેટલો દબાવી રહ્યો છે? સંહારક સાધનો કેટલાં શોધ્યા છે? આ બધું પરિગ્રહ માટે જ છે ને? આસુરી લક્ષ્મી જેના ઘરમાં જાય છે તે માણસ પણ કેટલું ભાન ભૂલે છે! અને ગરીબ માણસ

ભૂલેચૂકે પણ તેના આંગણે આવ્યો હોય તો તેના કેવા હાલ કરે છે ? તેના ઉપર એક બનેલું દૃષ્ટાંત કહું છું.

એક ધનાઢય શેઠ હતા. તેને સાત માળની મોટી મહેલાત હતી. સુંદર મજાના અંદર ટાઈલ્સ જડેલાં હતાં. એરકંડીશન રૂમ હતા. તેની અંદર દરેક જાતની સગવડો હતી. અને તે મહેલાત રોશનીથી ઝળહળી ઉઠતી હતી. તે ગામમાં કોઈ એક ગરીબ માણસ હતો. તે ખૂબ જ ભૂખ્યો હતો. તેથી તેને ચક્કર આવતાં હતા. તે લથડિયા ખાતો ખાતો રસ્તે જતો હતો. તેવામાં આ સુંદર હવેલી તેણે જોઈ. એટલે એના મનમાં એમ થયું કે લાવ, હું અહીં જઉં. એમ વિચારી તે ત્યાં ગયો. અને કહે કે બાપુ ! મને કંઈક આપો. હું ખૂબ જ ભૂખ્યો છું. મનુષ્યને ભૂખ જેવું દુઃખ નથી. તે ખૂબ લથડિયા ખાય છે. તેને અંધારા આવે છે. પણ શેઠના પટ્ટાવાળાએ તો ધક્કો મારીને તેને કાઢી મૂક્યો. પરંતુ ભૂખને લીધે તે અપમાનને પણ ગળી પીવે છે. અને પાછો આવીને કહે છે કે બાપુ ! એક બટકું રોટલીનું આપો તેવામાં શેઠ ત્યાં આવે છે. મનુષ્ય ધનના નશામાં શું નથી કરતો ! તે શેઠ કહે છે. આવા માણસને બારણે શું કરવા ઉભા રહેવા દો છો ? તે ન જાય તો તમે લાકડીથી મારજો. આવો શેઠે હુકમ કર્યો.

બંધુઓ ! તમારે રોટલી ન આપવી હોય તો ન આપશો. પણ ગરીબ માણસને લાકડીથી મારવાનો હુકમ ન કરશો. પેલા ગરીબ માણસને બાવડું ઝાલીને બહાર કાઢે છે, છતાં તે જતો નથી. એટલે તેના માથામાં એવી લાકડી મારી કે તેનું માથું ફૂટી ગયું. છતાં ગરીબ માણસ તો બોલે છે કે ભાઈ ! તમારો કાંઈ દોષ નથી. દોષ મારા કર્મનો જ જ છે. આ બધાં કર્મના ખેલ છે. હું પણ એક વખત તમારા જેવો ધનાઢય હતો. અઢળક લક્ષ્મી હતી. તે બધી સાફ થઈ ગઈ. અને આજે હું આવો ગરીબ થઈ ગયો છું એટલે માંગવા આવ્યો છું. તો તમે આટલું બધું મારા ઉપર શા માટે કરો છો ? આટલું બોલતાં બોલતાં તે બેભાન થઈ ગયો. પાડોશીએ આ બધું જોયું તેથી તે દોડતો આવ્યો. અને તેને દવાખાને લઈ ગયો. અને ડોકટરને કહે છે કે સાહેબ ! આ માણસને તમે બચાવો. તે પાડોશી ચાર રૂપિયા કમાઈને પોતે આજીવિકા ચલાવતો હતો. તેમાં તેની પાસે શું ધન હોય ? તેની પાસે એક વીંટી હતી. તે વીંટી એણે ડોકટરને આપી, અને કહે કે સાહેબ ! મારી મિલ્કતમાં એક સોનાની વીંટી છે તે હું આપને બક્ષીસ કરું છું. પણ તમે ગમે તેમ કરીને આ માણસને બચાવો. ડોકટરે પણ ખૂબ સારી રીતે સેવા કરી. અને ગરીબ માણસની તબિયત સુધરતી ગઈ. થોડા દિવસમાં તો તેને એકદમ સારું થઈ ગયું. એટલે જે માણસ પોતાને દવાખાને લઈ ગયો હતો તેને ઘેર આવ્યો. અને કહે છે કે બાપુ ! તમે મને ઠાર્યો છે તેવા તમે ઠરજો. આ માણસ કાયમ સામાયિક અને ચૌવિહાર કરતો હતો. અને તેના ઘેર રહ્યા સાત દિવસ થઈ ગયાં. એટલે તે જવાની રજા માગે છે પણ તે જવા દેતો નથી.

જેને ઘેર તે માણસ રહ્યો છે તે મનુષ્યને એક દિવસ રાત્રે સ્વપ્ન આવ્યું કે આ ગરીબ માણસનાં પૂર્વજન્મનાં પુણ્યની અંદર થોડો પાપનો છાંટો આવી ગયો છે તેથી તેની આવી પરિસ્થિતિ થઈ છે. પણ તમે તેનું રક્ષણ કર્યું છે. તો તમારા ઓરડાનાં પાછલા ભાગમાં ત્રણ ફુટનો ખાડો ખોદજો. ત્યાં ખૂબ જ ધન નીકળશે, પણ આ ધન નીકળવાનો પ્રતાપ તે માણસનો છે. અને તેને લીધે જ તમને ધન મળ્યું છે. ખાડો ખોદવાથી પુષ્કળ ધન નીકળ્યું. અને તે પાડોશી (સાધારણ માણસ) તેમજ ગરીબ માણસ બંનેએ સરખે ભાગે વહેંચી લઈને ધંધો કર્યો અને તેઓ ધનવાન બની ગયાં. કર્મની લીલા કોઈ ઓર છે. હવે જે શેઠને ત્યાં આ ગરીબ માણસ બટકું રોટલી લેવા ગયો હતો તે શેઠને ત્યાં બાર મહિનામાં તો હતું ન હતું થઈ ગયું, તેનો પોતાનો યુવાન પુત્ર ત્રીજે માળેથી પડયો અને મરી ગયો. બધી પેઢીઓમાં નુકશાન થયું. અને થોડા ટાઈમમાં સાવ ચીંથરેહાલ બની ગયો. તે રોતો રોતો ઝુંપડીની અંદર રહેવા આવ્યો. બંધુઓ ! કર્મ કોઇને પણ છોડતા નથી. માટે તમારી પાસે કોઈ હાથ લંબાવે તો તમારાથી બને તે આપજો, પણ ન આપી શકો તો તિરસ્કાર તો કરશો જ નહિ.

બંધુઓ ! જે એ રોટલીના ટુકડા માટે કર્મયોગે કરગરતો હતો પણ છેવટે તેના પુણ્યનો ઉદય જાગ્યો. અને એની શાંતિ, ક્ષમા તેમજ દેવ-ગુરૂ અને ધર્મ ઉપરની અખૂટ શ્રદ્ધાના પ્રતાપથી તે ધનાઢય બન્યો. પણ કર્મો કોઈને છોડતા નથી. કર્મના યોગે પેલો લક્ષાધિપતિ રંક બની ગયો. પણ સજ્જન પુરૂષો સજ્જનતા છોડતો નથી. તે જ ન્યાયે ધનવાન બનેલો એવો એક વખતનો ગરીબ માણસ અભિમાની પ્રત્યે આદરભાવ બતાવ્યો અને તેને સંપૂર્ણ સહકાર આપ્યો. આ છે માનવની માનવતા. જોજો, તમે લક્ષ્મીના મોહમાં પડી આવી ભૂલ કરતા નહિ. હવે સમય થવા આવ્યો છે. ટૂંકમાં આપને એટલું જ કહું છું કે મહારાણી કમલાવંતી પોતાના પતિને સમજાવતાં સમજાવતાં અંતરમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પામી ગઇ. તેને ભેદ વિજ્ઞાન થતાં પોતાના આત્મ સ્વરૂપમાં ઠરી ગઈ છે. હવે ક્ષણવાર પણ સંસારમાં રહેવું તેને માટે જેલ રૂપ બની ગયું છે. તેથી પોતાના પતિને કહી રહી છે હે નાથ ! માંસ સમાન સમસ્ત પરિગ્રહ છોડીને હું નિરામિષ-અનાસક્ત થઈને વિચરીશ. મહારાણી કમલાવંતીની વૈરાગ્યની જ્યોત ઝળહળી ઉઠી છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે

વ્યાખ્યાન નં.....૧૧૩

કારતક સુદ ૧૪ને બુધવાર તા. ૧૧-૧૧-૭૦

બંધુઓ ! મનુષ્ય ધારે તે કરી શકે છે. ચૌદ ગુણસ્થાનક સ્પર્શી શકે છે. અને

મોક્ષમાં પણ જઇ શકે છે. મોક્ષ મેળવવાની સાધના આ મનુષ્યભવમાં જ થઈ શકે છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવતાઓનું ૩૩ સાગરોપમનું આયુષ્ય. તેઓ ૩૩ પખવાડિયે શ્વાસોચ્છ્વાસ લે, ૩૩ હજાર વર્ષે આહાર લેવાની ઈચ્છા થાય. છતાં તેનો એક ઉપવાસ ગણાય નહીં. સર્વવિરતીપણું તો માનવભવ સિવાય બીજે કયાંય લઈ શકાતું નથી. તિર્યંચો બહુ બહુ તો દેશવિરતિ બને છે. નારકી અને દેવતા ચોથું ગુણસ્થાનક સ્પર્શી શકે છે. મારો કહેવાનો આશય એ છે કે નારકો, દેવતા અને તિર્યંચ ત્રણે ગતિના જીવો સંયમ સોપાનની શ્રેણીએ ચઢી શકતા નથી.

સંયમ ધર્મનું આરાધન કરતાં ૭ લવ પ્રમાણ સમયમાં જો જબ્બર પુરૂષાર્થ કર્યો હોત તો તદ્ભવે મોક્ષ જાત. પણ પુરૂષાર્થની મંદતાને કારણે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થાય છે. એક છઠનાં પચ્ચખાણ કરે એટલાં જ કર્મ બાકી છે તેમાં જો આયુષ્ય પૂરું થઈ ગયું એટલે સર્વાર્થસિદ્ધ વિમાનનો ભવ કરવો પડે છે. ત્યાંથી ૭ રાજલોક નીચે ઉતરી માનવભવ ધારણ કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટાવી પછી ૭ રાજલોક પ્રમાણ ઉપર મોક્ષમાં જાય. પણ દેવમાંથી સીધા મોક્ષમાં જવાય નહિ. બંધુઓ ! સંયમી જીવનની મહત્તા તમને સમજાય છે ? સાધક જીવને સાધનાનો તલસાટ રૂંવાડે રૂંવાડે હોવો જોઇએ.

રણસંગ્રામમાં લડતા સૈનિકને સામેથી બાણની વર્ષા થતી હોય ત્યારે બાણ શરીરમાં ન ખૂંતી જાય તે માટે કવચ પહેરે છે. તેમ કર્મ રૂપી બાણથી બચવા વ્રત-પ્રત્યાખ્યાન રૂપી કવચની જરૂર છે. જો આ કવચ નહિ હોય તો ઘાયલ થઈ જશો. અલ્પ આયુષ્યમાં ઉચ્ચ કોટિની અંતર જાગૃતિ ઉપાડો જેથી કેવળજ્ઞાન હસ્તગત થઇ જાય. બીજા કોઈ ભવમાં તીવ્ર વીર્યોલ્લાસ પ્રગટે તેમ નથી. અને અહીંથી મૃત્યુ બાદ કઈ ગતિમાં જશો તેની પણ ખબર નથી. તો પછી આ કર્મ ખપાવવાના સુંદર અવસરે ગફલતમાં કેમ રહો છો ? માનવ ભવમાં જે લક્ષ ચૂકે છે તે સંસારની ઊંડી ખાડમાં પડે છે.

જંબુ સ્વામી સુધર્મા સ્વામીને પૂછે છેઃ કેવળજ્ઞાન અને કેવળ દર્શનના ધરનારા મહર્ષિ ભગવાને જગતમાં નરકનું દુઃખ સર્વોત્કૃષ્ટ કહ્યું છે. તો કેવાં કર્તવ્યો કર્યા હોય ત્યારે અજ્ઞાની જીવો નરકમાં ઉત્પન્ન થાય છે ? હું અજાણ છું તેથી આપને પૂછું છું. આપ જાણકાર છો તો મને કહો કે નરકમાં જવાના કારણો શું છે ? સુધર્માસ્વામીએ જવાબમાં કહ્યું કે હે પ્યારા જંબુ ! પહેલાં તો જીવ ભાવનરક હૈયામાં ખડી કરે છે. પછી અધોલોકે નરક ગતિમાં જાય છે. મનુષ્ય અને તિર્યંચ સિવાય નારકીનું આયુષ્ય બીજું કોઈ બાંધતું નથી. દેવ નરકમાં ન જાય, જુગલીયા નરકે ન જાય. પંદર કર્મભૂમિનાં મનુષ્ય અને પાંચ સંજ્ઞી તિર્યંચ નરક ગતિમાં જાય. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પહેલી નરક સુધી જઇ શકે છે. ભાવનરક ઉત્પન્ન થવાનાં ચાર કારણો બતાવ્યાં છે. તેમાં

મહાઆરંભ અને મહા પરિગ્રહ પ્રથમનાં બે કારણો છે. કાપડની મિલોમાં કેટલા ટન ચરબી વપરાય છે ? ધગધગતી કોલસાની ભઠ્ઠી, ધગધગતી ચીમની, ઠંડા-ઉના પાણીનાં મેળવણમાં જલચર પ્રાણીનો કચ્ચરઘાણ નીકળતો હોય, જીન, મિલ, પ્રેસ વગેરે કારખાનાં અને હળ-કોશ-કોદાળી આદિ હથિયાર બનાવવાનાં કારખાનાઓ મહા આરંભથી થાય છે. મિલના પાયા નખાતા હોય ત્યાં શ્રાવકથી ભાગ ન લેવાય કે અભિનંદન પણ ન થપાય, પંદર કર્માદાન માટેનું એ એક કર્માદાન છે. મહારંભના કર્તવ્યો શ્રાવક કરે નહિ, કરાવે નહિ. અને અનુમોદન પણ આપે નહિ.

મહા આરંભ, મહા સમારંભ કર્યો હોય, માંસાહારીઓ સાથે માંસના વેપારમાં ભાગ રાખ્યો હોય, એવા કંઈક જાતના હિંસાના ધંધા કર્યા હોય, તેને નરક ગતિ મળે છે. આજે પૈસા કેમ કમાવવા એ જ ધૂન લાગુ પડી છે. શ્રાવકોના મકાનનાં ભાડે ઈસ્લામી હોટલ ચાલતી હોય છે. કારણ કે સારું ભાડું આવતું હોય છે. પૈસાના લોભે હિંસાનું અનુમોદન કરે છે. ચરબીના વેપાર કરે છે. પૈસા એ પાપનું મૂળ છે. તમે અહીં હજાર રૂપિયા ફાળામાં નોંધાવો છો, પણ તે કેવી કમાણીના છે ? જવાબ આપો. તેના ફણગા ફૂટયા વિના નહિ રહે. જે કર્મોનો હર્તા થાય છે તે જ ભોકતા બને છે. માટે નીતિના નવ ટોકડા સારા પણ અનીતિની કમાણી જોઈતી નથી એમ કહેનારા કેટલા ?

દુઃખવિપાક સૂત્રમાં નંદિવર્ધનનું દૃષ્ટાંત છે. સગો બાપ પુત્રનો શત્રુ બની જાય છે. નંદીવર્ધન રાજાના લોભે પિતાની હત્યા કરવાના ઘાટ ઘડે છે. હજામને કહે છે "મારા પિતાને મારી નાંખ," હજામ વિચાર કરે છે કે પિતાનો વધ કરી આ ગાદીએ બેસવા ધર્મિષ્ઠ છે, તો પ્રજાનું શું ભલું કરશે ? હજામ જઈને રાજાને બધી વાત કરી દે છે. રાજાને ગુસ્સો આવે છે. પુત્રને બોલાવીને કહે છે તારે રાજ્ય જોઈએ છે ને ? હું તને રાજગાદી પર બેસાડીશ, રાજા સીસાનો ધગધગતો રસ પુત્રના મસ્તક પર રેડી તેનો અભિષેક કરે છે. સગાવહાલા બધા જોઈ રહ્યા છે. પણ અશુભનો ઉદય હોવાથી કોઈ તેની મદદે આવતું નથી. આ યુવરાજ છે, છતાં અશુભનો ઉદય થતાં કેવી દશા અનુભવે છે ! તે આર્તધ્યાન-રૌદ્રધ્યાનને વશ થઈ, કષાયને આધીન બની, અશુભ એવા કર્મ બાંધી તે ઘોર એવી નરકમાં જાય છે. જ્ઞાની કહે છે કે ઉદયના સમયે શોચ કરવાથી કાંઈ વળવાનું નથી. ઉદય આવ્યા પહેલાં નિર્જરા કરી લો. આપણું આયુષ્ય અલ્પ છે. આ બધું કોના માટે ? આવો વિચાર જીવ કરે તો તે જરૂર અશુભ કર્મથી અટકે, કલુષિત કર્મનો બંધ ના પાડે. નંદીવર્ધનને પિતાનો દંડ તો નિમિત્ત માત્ર છે. ખરું તો તેના પોતાના જ અશુભ કર્મનો ઉદય, પૂર્વભવના ગાઢા ચીકણા કર્મ ઉદયમાં આવ્યા છે. આવો નંદીવર્ધન ઘોર નરકમાં જાય છે. ત્યાં કેવી વેદના અનુભવે છે ? હણો, છેદો, બાળો.' આવા પરમાધામીનાં વચનો સાંભળી તેને પારાવાર દુઃખ થાય છે. તીવ્ર વેદના અનુભવે છે. કમાયેલા ધનને તો અહીં જ મૂકીને જવું પડે છે. સાથે આવે છે માત્ર કરેલાં કર્મો.

બંધુઓ ! જીવ પ્રશંસા કરે છે પુણ્યની પણ આચરે છે પાપ. હે પ્રવાહી ! તમને સુખ ગમે છે કે દુઃખ ? ત્યારે તે કહેશે કે મને દુઃખ ન આપો, મને ન મારો, મને દુઃખ ગમતું નથી. સુખ ગમે છે. બંધુઓ ! અમે પણ તમને પૂછીએ છીએ કે તમને શું ગમે છે ? સુખ કે દુઃખ ? તમને સુખ ગમતું હોય તો બીજાને પણ સુખ આપો. જો બીજાને દુઃખ આપશો તો નરકમાં માર ખાવો પડશે. માટે કર્મનાં વેદનનું સ્વરૂપ સમજો. કર્મને વેદ્યા પછી જ નિર્જરા છે. નિર્જરા છેલ્લી શા માટે ? બધા તત્વોનું સ્વરૂપ સમજી, અપનાવી જેટલાં કર્મ અંશે અંશે વેદે તેટલાં કર્મ આત્મપ્રદેશ પરથી ખસી જાય, ચાલ્યા જાય, આનું નામ જ નિર્જરા. માટીના વાસણમાંથી પાણી જેમ ધીમે ધીમે ઝરી જાય છે તેમ અંશે અંશે કર્મ ક્ષય થાય તેનું નામ નિર્જરા. તેના બે ભેદ છે. સકામ અને અકામ. અકામ નિર્જરા તો ૨૪ દંડકના જીવોને તો ઊભી જ છે. પણ સકામ નિર્જરા દુર્લભ છે. વારંવાર વેદનામાં પણ સમયે સમયે સમાધિ હોય તો નવાં કર્મ ન બંધાય. સમભાવથી વેદતાં સકામ નિર્જરા થાય.

બંધુઓ ! આત્માનો સ્વભાવ ઊર્ધ્વગતિનો છે. પણ કર્મ રૂપી પોલીસ તેને ઊંચે જતાં અટકાવે છે. અમુક જગ્યાએ જઈ તે અટકી જાય છે. શુભ કર્મ ઉપાર્જન કરનાર જીવ ઊંચે જાય છે. ત્યાં તેને લબ્ધિ મન પ્રાપ્ત થાય છેઃ ત્યાં તેની મનોવર્ગણા એટલી પ્રબળ હોય છે કે સર્વાર્થસિદ્ધ વિમાનમાં બેઠાં બેઠાં તે ત્રિછી લોકમાં વિચરતા તીર્થંકરને પ્રશ્ન પૂછી શકે છે. જીવાદિ તત્વની વિચારણા કરતાં મનમાં સંશય થાય તો તેનું નિરાકરણ તીર્થંકર ભગવાન મનોમન કરે છે. મનોવર્ગણા દ્રવ્ય આવું અદ્‌ભૂત કામ કરે છે. આપણી પાસે આ શક્તિ નથી એટલે આપણને આશ્ચર્ય થાય. પરંતુ લોકમાં આવા પરમાણુઓ છે. પુણ્ય હોય તો તમને પણ પ્રાપ્ત થાય. આજે તમે ટેલીફોન દ્વારા વાતચીત કરી શકો છો. તો આ તો આધ્યાત્મિક શક્તિ છે. પુદ્‌ગલનો સ્વભાવ ગતાગતિ કરવાનો છે. તો પછી વાતચીત કરી શકાય તેમાં આશ્ચર્ય શું છે ? જ્ઞાની કહે છેઃ સારાં કર્મો કરશો તો તમને પણ સારાં ફળ મળશે. રાજા હોય, શેઠ, સેનાપતિ કે અધિકારી હોય, પણ ખરાબ કર્મ કરનારને પાપકર્મનાં ફળ ભોગવવાં પડે છે. મનુષ્ય-ગતિમાંથી સાતમી નરકમાં જવાનું પણ બને, સારાં કર્મો કરે તો ઉચ્ચ ગતિ, જાતિ, પુણ્યના ઠાઠ અને અનુત્તર વિમાન મળે. ખરાબ કર્મો કરે તો ૩૩ સાગરોપમની સ્થિતિએ સાતમી નરકમાં ચાલ્યો જાય. જેવાં કર્મ તેવી ગતિ. જીવની ગતિ અપ્રતિહત છે. તેને કોઈ રોકી શકતું નથી. પર્વત ભેદીને ચાલ્યો જાય. પાણીની આરપાર નીકળી જાય, અગ્નિની જ્વાળાઓ સોંસરો સરકી જાય. પણ આપણે તેમ કેમ નથી કરી શકતા ? તેનું શું કારણ છે ? આપણને તેમ કરતાં ઔદારિક શરીરનું બંધન અટકાવે છે. ઔદારિક શરીર પડી જાય ત્યારે તેજસ, કાર્મણ શરીરને કંઈ પણ આડું આવતું નથી.

દેવાનુપ્રિયો ! ચૈતન્ય શક્તિ અખંડ અને અવિનાશી છે. આત્મા આ લોકમાં જ્યાં

જાય છે ત્યાં પુણ્ય-પાપનું ભાથું સાથે લઈને જાય છે. પુણ્ય હોય તો સુગતિ અને પાપ હોય તો દુર્ગતિ પામે. ચારે ગતિમાં પુણ્ય-પાપનો ઉદય હોય છે. અને તેનાં કારણે સુખદુઃખનો અનુભવ થાય છે. માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે આશ્રવને રોકવા પ્રત્યાખ્યાનની જરૂર છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ મા અધ્યયનમાં ગૌતમ સ્વામી ભગવાનને પ્રશ્ન કરે છે.

"पच्चक्खाणेणं भन्ते जीवे किं जणयइ ?
पच्चक्खाणेणं आसवदाराइ निरुंभइ । पच्चक्खाणेणं
इच्छानिरोहं जणयइ । इच्छानिरोहं गए य णं जीवे सव्व
दव्वेसु विणीयतण्हे सीइभूए विहरई ॥"

હે ભગવાન ! પ્રત્યાખ્યાન દ્વારા આત્મા કયા ગુણને પ્રગટ કરે છે ?

ત્યારે ભગવાન જવાબ આપે છે હે ગૌતમ ! પ્રત્યાખ્યાન દ્વારા આત્મા આશ્રવનાં દ્વારોને રોકે છે. જ્યાં સુધી આત્મા આવતા આશ્રવોને રોકતો નથી ત્યાં સુધી કર્મોનો પ્રવાહ આત્મામાં આવ્યા જ કરે છે. પ્રત્યાખ્યાનથી જીવ ઇચ્છા નિરોધ કરે છે. ઇચ્છા-નિરોધથી જીવ બધા દ્રવ્યોથી તૃષ્ણા રહિત થઈને શાંતિથી વિચરે છે.

જ્યાં સુધી કોઈ વસ્તુ માટે પ્રત્યાખ્યાન કરવામાં આવતા નથી, પરથી આસક્તિ દૂર થતી નથી ત્યાં સુધી કર્મની રજ આવતી રહેશે. પિતાએ કોઇ વસ્તુ વ્યાજ ઉપર લીધી હશે તો પુત્રે પણ એનું વ્યાજ આપવું જ પડશે. તેવી જ રીતે કોઈ યોનિમાં રહે અથવા ન રહે પણ એ વસ્તુ દ્વારા કર્મોનો આશ્રવ તો ચાલુ રહેશે. આત્મા જ્યારે શરીરનો ત્યાગ કરે છે ત્યારે તે ત્યાંની હજારો વસ્તુઓમાંથી એકને પણ સાથે લઈ જતો નથી. પણ વસ્તુઓનો મોહ સાથે લઈ જાય છે. પદાર્થો છોડયાં છે પણ પદાર્થો પ્રત્યેની આસક્તિ દૂર થઈ નથી. માટે જ્યાં સુધી આસક્તિ સમાપ્ત થતી નથી ત્યાં સુધી ક્રિયા થતી જ રહેશે.

બંધુઓ ! અહીંયા એક પ્રશ્ન ઉદ્ભવે છે કે જે વસ્તુનો આપણે ઉપયોગ કરતા નથી તેની પણ શું ક્રિયા લાગશે ? હા. કારણ કે જ્યાં સુધી પ્રત્યાખ્યાન કર્યા નથી ત્યાં સુધી ક્રિયા તો લાગશે જ. માની લો કે તમારી પાસે બે સ્કુટર અને ત્રણ સાઇકલો છે. પણ તમે તો ફક્ત એક સ્કુટર અને એક સાઈકલનો જ ઉપયોગ કરો છો. પણ તમારે ટેકસ તો પાંચે ય નો ભરવો જ પડે છે. તમે સાઇકલ ને સ્કુટરનો ઉપયોગ કરો છો કે નહીં એ પ્રશ્ન નથી. પણ પ્રશ્ન છે માલિકીનો. જ્યાં સુધી વસ્તુઓ ઉપરથી તમે માલિકી-પણું દૂર કર્યું નથી ત્યાં સુધી તમારે ટેકસ ભરવાં જ પડશે તેમ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ એ જ વાત છે.

તમે મુંબઈમાં એક મકાન ભાડે લીધું. અને પછી દેશમાં આવતા રહ્યા. ત્યાંથી બે વર્ષ પછી ફરીને મુંબઇ ગયા. મકાન માલિક તમારી પાસેથી ભાડું માગશે. ત્યારે તમે

કહેશો કે હું તો એક દિવસ પણ આ મકાનમાં રહ્યો નથી, તો એનું ભાડું કેવું? તો એ મકાન માલિક શું કહેશે? તમે રહો કે ન રહો, એનો કોઈ પ્રશ્ન નથી. પણ બે વર્ષ સુધી તમે એના માલિક રહયા છો. બંધુઓ! મકાનને તાળું તમે માર્યું છે અને એ વાત પણ સાચી છે કે તમે તમારૂં માલિકીપણું કાયમ ચાલુ રાખ્યું છે. તો તમારે એનું ભાડું પણ આપવું પડશે. આવા માલિકીપણાને જ તો આધ્યાત્મિક ક્ષેત્રમાં આસક્તિ કહે છે. આવી આસક્તિનો જ્યાં સુધી ત્યાગ કર્યો નથી ત્યાં સુધી આશ્રવ ચાલુ જ રહેશે. પ્રત્યાખ્યાન જ આશ્રવદ્વારને રોકી શકે છે તેમજ પ્રત્યાખ્યાન ઇચ્છાનો નિરોધ કરે છે. કારણ કે ઇચ્છાને મર્યાદિત કર્યા વિના પ્રત્યાખ્યાન સંભવી શકતા નથી. એટલે પ્રત્યાખ્યાન દ્વારા જ આત્મા ઇચ્છાઓ પર કંટ્રોલ કરી શકે છે. પછી જે પદાર્થોનો એણે ત્યાગ કર્યો છે એ એના મનમાં કદી લોભ-લાલચ કે આસક્તિ પેદા કરી શકશે નહિ. એથી લાભ એ થાય છે કે મનની તૃષ્ણા સમાપ્ત થઈ જાય છે અને સાધક આત્મા સંતોષી બની શકે છે.

દેવાનુપ્રિયો! હવે આપણે મૂળ સિદ્ધાંત પર આવીએ. કમલાવંતી દેવી વૈરાગ્યના રંગથી રંગાઈ પોતાના પતિને શું કહી રહી છે તે ખૂબ સમજવા જેવી વાત છે.

गिद्धोवमा उ नच्चयाणं, कामे संसार वद्धणे ।
उरगो सुवण्णपासे व्व, संकमाणो तणुं चरे ॥ उ. अ. १४-४७

હે નાથ! આ કામભોગ ગીધ પક્ષીના મુખમાં રહેલાં માંસના ટુકડા સમાન છે. અને સંસારને વધારનાર છે. એવું જાણીને જેમ ગરૂડ પાસેથી શંકિત થયેલો સાપ ધીરે ધીરે નીકળીને ચાલ્યો જાય છે તેમ હે રાજન્! કામભોગ સંસાર વૃદ્ધિનાં કારણ જાણીને આપણે છોડવા જેવા છે. અને યતનાપૂર્વક સંયમ માર્ગમાં વિચરવાનો ઉદ્યમ કરવા જેવો છે. કારણ કે સંસારમાંથી જે સમજીને સરકી જાય છે તે મહાન સુખને પ્રાપ્ત કરી શકે છે. જ્યાં સુધી સંયમની સાધના ઉપર આત્મા જતો નથી ત્યાં સુધી તે શાશ્વત સુખને પામી શકતો નથી.

કહેવાનું તાત્પર્ય એ છે કે હે સ્વામીનાથ! જેવી રીતે સર્પ ગરૂડથી બીતો રહે છે તેવી રીતે મુમુક્ષુઓએ સદા પાપકર્મના આવરણથી બીતા રહેવું જોઇએ. કમલાવતી કહે છે હે નાથ! મને પાપનો ભય લાગ્યો છે અને આપને પણ આત્માનું શાશ્વત સુખ જોઈતું હોય તો પાપથી ભયભીત બનવું જોઇશે. વધુમાં કમલાવંતી હજુ શું કહી રહી છે.

नागो व्व बंधणं छित्ता, अप्पणो वसहिं वए ।
एयं पत्थं महाराय, उसुयारि त्ति मे सुयं ॥ उ. अ. १४-४८

હે મહારાજા! જેવી રીતે હાથી બંધનને તોડીને સુખપૂર્વક વનમાં ચાલ્યો જાય છે તેવી રીતે આપ પણ કર્મના બંધનો તોડીને આત્માના સાચા સુખનું સ્થાન એવા મોક્ષમાં ચાલ્યા જાવ. મારા બંધુઓ! કમલાવતીને બંધન સાલ્યું છે, તેથી તે કર્મબંધન તોડવા

તૈયાર થઈ છે. બંધન કયું છે તે તમે જાણો છો ને ? રાગ અને દ્વેષ. એ બે બંધન છે. જ્યાં આસક્તિ છે, માયા અને મમતા છે ત્યાં રાગ ને દ્વેષ છે. અને રાગ-દ્વેષ છે ત્યાં બંધન છે. એ બંધન મહારાણી કમલાવંતીને સાલ્યું. સાથે સાથે તેની એ ભાવના છે કે આ બંધનથી હું છૂટું અને મારા પતિને છોડાવું. તેથી તે ઇષુકાર મહારાજાને કહી રહી છે હે નાથ ! આ સંસાર બંધનનું પિંજરું છે. માટે જેમ હાથી બંધન તોડીને ગયો તે જ રીતે આત્મા પણ સંસારનાં રાગપાશમાંથી મુક્ત થતાં ચારિત્રની સુવાસમાં સમ્યક્ જ્ઞાનદર્શનની આરાધના કરતાં આત્મા મોક્ષને મેળવે છે. હે મહારાજા ! મહા પુરૂષોએ ફરમાવેલ ઉપદેશ પથ્ય સમાન છે. તેના દ્વારા જીવ પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવામાં સમર્થ થાય છે. હે ઇષુકાર મહારાજા ! આ પ્રમાણે મેં મહાત્માઓની પાસેથી સાંભળ્યું છે. કમલાવતી જે વાકય બોલી રહી છે તેમાં વૈરાગ્યનું ઝરણું વહી રહ્યું છે.

કમલાવતીનો એ જ ધ્યેય છે કે મારે બંધનથી છૂટવું છે અને મહારાજાને બંધનથી છોડાવવા છે. જ્યારે અહીં બેઠેલી કમલાદેવી રૂપે મારી બહેનો ચાર ચાર મહિનાથી એક ધારી વીતરાગ વાણીનું પાન કરી રહેલ છે. હું આ શા રાખું છું કે મારી બહેનો પણ કમલાવંતીની માફક જાગૃત થવાની ટકોર કરતી હશે. અને પોતે પોતાના જીવનમાં કમલાવંતીની માફક સંસારને ખોટો સમજીને વૈરાગ્યવાટિકામાં વિચરવા માટે વિચાર કરતી હશે. આપણી પાસે હવે ફકત આવતી કાલનો એક દિવસ છે. તે કારતકી પુનમ છે તથા સૂત્રની અસજ્ઝાય છે. માટે આવતી કાલે ગાથા તો બોલી શકાશે નહિ. પણ દરેક ભાઈ-બહેનોનું તેમ જ અત્રે બિરાજતા મારા સતી મંડળનું કહેવું એમ છે કે આપ અધ્યયન પૂરું કરશો. તેથી હવે સારભૂત અધ્યયનનો સાર આપની પાસે રજુ કરી દેશું.

चइत्ता विउलं रज्जं, कामभोगे य दुच्चए ।
निव्विसया निरामिसा, निन्नेहा निप्परिग्गहा ॥ उ. अ. १४-४८

આ ગાથામાં સાર ભરપૂર ભરેલો છે. જે મહારાણી કમલાવંતી બ્રાહ્મણોએ છાંડેલી ઋદ્ધિના ગાડાં ભરીને આવતાં જોયાં અને તે ગાડા રાજ દરબારમાં ઠલવાશે આ વાત જાણી ત્યારથી તેનો અંતરાત્મા જાગી ઉઠયો હતો. સૌથી પ્રથમ તો તેણે મહારાજા પાસે એટલી જ દલીલ કરી હતી કે જે બ્રાહ્મણોએ છોડયું તે આપ કેમ ગ્રહણ કરો છો ? આટલી વાતમાંથી તેનો આત્મા કેટલો આગળ વધ્યો. ચિંતન કરતાં તેને સ્વભાવ અને પરભાવનું ભાન થઈ ગયું અને તેના આત્માને લાગ્યું કે જ્યાં સુધી પુદ્ગલનો સંગ છૂટશે નહિ, અને સ્વભાવમાં આત્મા ઠરશે નહિ ત્યાં સુધી જીવાત્મા શાંતિ પ્રાપ્ત કરી શકશે નહિ. ચાર ચાર મહિનાથી આપણે જે અધ્યયન વાંચી રહયા છીએ તેમાં કમલાવતીનો જે ધ્યેય હતો તે આ ગાથામાં આજે પૂર્ણ થાય છે. રાજા અને રાણી બંને વિપુલ રાજ્ય તથા કામભોગને છોડીને વિષયોથી નિવૃત્ત-અનાસક્ત થયા. સ્નેહ અને પરિગ્રહથી રહિત

થયા. ખરેખર! કમલાવંતી રાણીના ઉપદેશની સફળતાનું દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે. અર્થાત્ રાણી ઇચ્છતી હતી કે તેનો પતિ સાંસારિક પદાર્થોના મોહને છોડીને પ્રવર્જિત થઈ જાય. (દીક્ષા લઇ લે). તેના ઉપદેશથી પ્રતિબોધ પામીને રાજાએ પોતાનું વિસ્તૃત રાજ્ય તથા કામભોગાદિ પદાર્થોનો ત્યાગ કરીને દીક્ષાને માટે પ્રયાણ કર્યું. એ જ એના ઉપદેશની સફળતા છે.

શાસ્ત્રકાર કહે છે કે રાજ્ય અને કામભોગાદિ વિષયોનો ત્યાગ કરવાથી તે બંને નિર્વિષય અર્થાત્ વિષય–રહિત બની ગયા. વિષય રહિત થવાથી માંસ તુલ્ય ધન અને ધાન્યાદિ પદાર્થો પ્રત્યેથી તેમની આસક્તિ ચાલી ગઈ. તેથી તે નિરામિષ–(માંસ રહિત) બની ગયા. નિરામિષ બની જવાથી તેમને કોઈ પણ પદાર્થ પ્રત્યે મમત્વ ન રહ્યું. એટલા માટે તેઓ નિસ્નેહ અર્થાત્ સ્નેહ–પ્રીતિ રાગથી રહિત બની ગયા. સ્નેહથી રહિત થવું તે જ નિષ્પરિગ્રહી થવું અર્થાત્ પરિગ્રહથી રહિત થવું તે છે; કેમ કે મૂર્છાનું નામ પરિગ્રહ છે. "मुच्छा परिग्गहो वुत्तो।"

તેઓ બંને પરિગ્રહથી રહિત બની ગયા. કહેવાનું તાત્પર્ય એ છે કે તેઓએ દ્રવ્ય અને ભાવ બંને પ્રકારથી સંયમ અપનાવી લીધો. વધુ ભાવ અવસરે કહેવાશે.

વ્યાખ્યાન નં.....૧૧૪

કારતક સુદ પુનમ ને ગુરૂવાર તા. ૧૨–૧૧–૭૦

બંધુઓ! આપણે કોઇને પૂછીએ કે તમારે શું જોઇએ છે? તો તેઓ કહેશે કે અમારે સુખ જોઇએ છે. પરંતુ સાચું સુખ પૌદ્ગલિક વસ્તુઓમાંથી કોઈ દિવસ મળવાનું નથી. માત્ર એથી સુખાભાસ દેખાય છે. દુઃખ નિવારણનો સાચો માર્ગ પૌદ્ગલિક સુખો નથી. જેમ કે ભૂખનું દુઃખ મટાડવા માટે ખાવામાં સુખ દેખાય છે, પણ એની એ જ વસ્તુ ખાધા કરવાથી અભાવ થઈ જાય છે. માટે ખાવામાં સાચું સુખ નથી. જે સુખ મળ્યા પછી પાછું જતું ન રહે તે સાચું સુખ છે. તમે માનો છો કે પૈસો મળે તો સુખ થાય. પણ પૈસો મળ્યા પછી પણ કોઈ સુખી દેખાતો નથી. કોઇને પત્નીનું, તો કોઇને પુત્રનું, કોઇને સાધનોનું તો કોઇને શરીરના રોગોનું, એમ કોઇ ને કોઈ દુઃખ તો લાગેલું જ રહે છે. જ્યાં સુધી સાચા સુખનો માર્ગ નહીં પકડો ત્યાં સુધી સાચા સુખનો અનુભવ થવાનો નથી. દશ હજાર રૂપિયાની થેલીમાં સુખ માનનારો થેલી લઈ ને ગામડામાં જતો

હોય ત્યાં રસ્તામાં કોઈ ખુડો મળે અને છરો બતાવે તો એ જ થેલી દુઃખરૂપ બની જાય છે. આમ પુદ્ગલ-વસ્તુઓમાં સુખ માનનારની તે વસ્તુઓ પડી રહેશે અને પોતે ચાલ્યો જશે. જન્મ એ પણ મૃત્યુનો સંદેશો છે. માટે માનવભવમાં જ કંઈક કરી શકશો. જ્યાં સુધી પુદ્ગલ તરફ આસક્તિ છે અને આત્મા તરફની રૂચી નથી ત્યાં સુધી શાંતિ નથી.

"ખોજ કર નિજ આત્મની કોણ તારી જાત છે!"

ત્યાગ વિના તૃપ્તિ નહીં. તપ એ તૃષ્ણાને તોડવાનું સાધન છે. તૃષ્ણાના તાર વ્રત-પ્રત્યાખ્યાન-મર્યાદા વિગેરેથી તોડી શકાય છે.

બંધુઓ! ઠાણાંગ સૂત્રમાં ચોથે ઠાણે કહ્યું છે કે ચાર સ્થાન હમેંશા અપૂર્ણ રહે છે. તેમાં ગમે તેટલું ભરવામાં આવે તો પણ તે ખાલી જ રહેશે.

પહેલું સ્થાન :— ગંગા-યમુના જેવી મોટી નદીઓ પોતાનામાં લાખો ટન પાણી રેડે છે. આજે હજારો વર્ષો વીતી ગયાં છતાં તેમનો વણઅટકયો પ્રવાહ સાગરમાં મળે જ જાય છે. પણ હજારો વર્ષોમાં એક પણ દિવસ એવો નથી આવ્યો કે જ્યારે સમુદ્રે એમ કહ્યું હોય કે હવે મારે આ પાણી નથી જોઈતું.

બીજું સ્થાન : સ્મશાન :— સ્મશાનનો ખાડો કયારે પણ પૂરાવાનો નથી. હજારો બાળક, યુવાન, વૃદ્ધ, સ્ત્રી-પુરૂષો, તે ચાહે બળવાન હોય કે નિર્બળ હોય, ચક્રવર્તિ હોય કે વાસુદેવ હોય, પણબધા જીવોને અંતે સ્મશાનમાં તો જવું પડે છે. કરોડો ને અબજો માણસો ત્યાં પહોંચ્યા અને બે ચાર કલાકમાં રાખ થઈ ગયા, પણ સ્મશાનની આગ આજ સુધી તૃપ્ત થઈ નથી.

ત્રીજું સ્થાન : પેટ :-પેટનો ખાડો સવારે પૂરો અને બપોરે ખાલી. પથારીમાંથી ઉઠતાં જ ચા જોઈએ. ચાની સાથે નાસ્તો પણ જોઈએ છે. એ પેટમાં જાય છે. બપોરે અગિયાર વાગ્યા ત્યાં ફરી દાળ-ભાત, શાક, રોટલી બાધા. પણ બે વાગતાં તો પાછું ખાલી. બપોરે ફરીને ચા નાસ્તો જોઇએ. સાંજે છ વાગ્યા ત્યાં ખીચડી ને કઢી જોઇએ. રાત્રે દૂધ પીવા જોઇએ. આવો આ પેટનો ખાડો કયારે પણ ભરાતો નથી. ગમે તેટલી વાર ખાવ પણ બે કલાક થયા કે પાછો ખાલી.

ચોથું સ્થાન : તૃષ્ણા :-તૃષ્ણાનો ખાડો તો બધા કરતાં બહુ ઉંડો છે.

પેટનો ખાડો અર્ધા શેર અનાજથી ભરાઈ જાય. બે કલાક માટે તો પેટ બરાબર ભરાયા પછી ભલે ને ગમે તેવી ભાવતી વસ્તુ મળે તો પણ મન એક વખત તો આવા માટે ના પાડશે. પણ તૃષ્ણાનો ખાડો એટલો ઉંડો છે કે તેને મેરૂ પર્વત પણ પૂરી શકે નહિ.

એક વાર સિકંદર કોઈ યોગી પાસે ગયો. તે યોગી ચમત્કારી વિદ્યા જાણતો હતો. આજે ચમત્કારોના ચક્કરમાં કેટલાય લોકો પડી ગયા છે અને કેટલાક તેમાં ઠગાઇ પણ ગયા છે.

બંધુઓ ! તમે ચારિત્રને નમજો પણ ચમત્કારોને નહિ. એવી બે બદામની વિદ્યા તો બાજીગર પણ જાણે છે. જો તમે લેવાનું ઇચ્છતા હોય તો સદાચારની સૌરભ લેજો. જ્ઞાનનો પ્રકાશ અને સરળતાની સુવાસ લેજો. સિકંદર યોગીની સેવા કરવા લાગ્યો. તેની આ સેવા યોગીની નહિ પણ ચમત્કારોની હતી. તેના મનમાં સ્વાર્થ ભર્યો હતો. આવી સેવાને તપ કે ત્યાગની ઉપાસના ન કહેવાય. તેના મનમાં ચાંદીના ટુકડાની લાલસા જાગી છે, તેથી તે સંતની સેવામાં પહોંચ્યો છે. આ ઉપાસના સંતની નહિ પણ દ્રવ્યની છે, કારણ કે મનમાં સંતનું નહિ પણ સંતની સેવાથી મળનાર સંપત્તિના ટુકડાનું મૂલ્ય છે. તમારું લક્ષ સંપત્તિમાં છે, ચારિત્રમાં નથી. જો કદાચ બીજે સંપત્તિ મળે તેમ હોય તો તમે સેવાનો રસ્તો પણ છોડી દેશો.

એક દિવસ યોગીએ સિકંદરને કહ્યું, તારી સેવા પણ ગજબની છે. હું તારા પર આજ ખૂબ પ્રસન્ન થયો છું. બોલ, તારે શું માંગવું છે ? સિકંદરને તો આ જ જોઈતું હતું. આ માટે તો તેણે પરસેવો પાડ્યો હતો. તેણે કહ્યું, હે યોગીશ્વર ! મારી એક નાની સરખી માંગણી છે. તે એ કે આખી પૃથ્વી ઉપર મારી સત્તા ચાલે. કેટલી નાની માંગણી છે ! લોભી હૃદયને માટે તો આખી દુનિયાનું સામ્રાજ્ય પણ ઓછું પડે છે. સંતે જોયું કે મનની તૃષ્ણા વિશાળ છે ! જેમ જેમ તમે અંદર જતા જશો તેમ તેમ તૃષ્ણા તો વધતી જશે.

આ સાડા ત્રણ હાથની કાયા માટે કેટલી જગ્યા જોઈએ ? શરીર તો ફક્ત સાડા-ત્રણ હાથ જ જગ્યા માંગે છે. પણ મન જેને એક ઇંચ જમીનની પણ જરૂર નથી, તેવાઓ વિશાળ પૃથ્વીના ખંડથી પણ સંતોષ પામતા નથી. કદાચ દુનિયાભરનું સામ્રાજ્ય પણ મળી ગયું, આખી પૃથ્વી ઉપર એક ચક્રી સત્તા પ્રણ મળી, પણ જ્યારે જીવનયાત્રા સમાપ્ત થશે તે વખતે કેટલી જગ્યા મળશે ? ફક્ત સાડાત્રણ હાથ. તે પણ ઇસ્લામ સંસ્કૃતિમાં જન્મેલાને.

માનવ શરીરની સમસ્યા તો ચાર રોટલીથી પતી જશે. રહેવાની સમસ્યા સાડા ત્રણ હાથ જમીનથી ઉકલી જશે. પણ મનની સમસ્યા કંઇક મુશ્કેલ છે. હજારો મણ અનાજ અને સોનું મળવા છતાં મનની સમસ્યા ઉકલી શકતી નથી. યોગીએ જોયું કે સિકંદરનો કોયડો તનનો નહિ પણ મનનો છે. એટલે તેનો ઉકેલ બીજી રીતે જ કરવો પડશે. યોગી અંદર ગયા. પોતાની ઝોળીમાંથી એક મનુષ્યની ખોપરી કાઢી સિકંદરને આપી અને કહ્યું કે આને અનાજથી ભરી દે. જે ક્ષણે તે અનાજથી ભરાઈ જશે તે ક્ષણે આખી પૃથ્વી ઉપર તારું સામ્રાજ્ય થઈ જશે.

યોગીની વાત સાંભળી સમ્રાટ સિકંદરના આનંદનો પાર ન રહ્યો. મહેલમાં જાય એટલી જ વાર છે. બે મિનિટમાં ખોપરી જુવારના દાણાથી ભરી દેવાશે અને સમગ્ર

પૃથ્વી ઉપર પોતાનું સામ્રાજ્ય થઈ જશે. સિકંદર મહેલમાં ગયો. તેણે એક શેર પુરી અને એક શેર જુવાર ખોપરીમાં નાંખી. પછી જોયું તો ખોપરી ખાલી. ગુણીઓની ગુણીઓ લાવી તેમાં નાંખી પણ ખોપરી ખાલી જ રહી. સિકંદરના આશ્ચર્યની હદ ન રહી. તે સમજી ગયો કે આ કોઇ ચમત્કારિક ખોપરી છે. સિકંદર યોગી પાસે ગયો અને બધી વાત કહી સંભળાવી. યોગીએ હસતાં હસતાં કહ્યું, સિકંદર ! તું જાણતો નથી કે આ માનવીની ખોપરી છે. આટલું મોટું રાજ્ય પણ તેને ન ભરી શકયું તો જુવારના દાણાથી તે કેમ ભરાશે ? સિકંદર સમજી ગયો. તમે બધા પણ સમજી ગયા હશો કે મનુષ્યની આ ખોપરી ભરવી એ કેટલું કઠણ કામ છે !

દેવાનુપ્રિયો ! સંગ્રહમાં શાંતિને શોધવી એ મોટી ભૂલ છે. જે એમ માને છે કે પૈસા આવવાથી મનમાં સ્થિરતા આવે છે. એ ખૂબ જ મોટી ભ્રમણામાં છે. તેઓ ધનને સમજ્યા છે પણ મનને નહિ. મનની ગતિને સમજનાર એવી ભૂલ કદી ન કરે. બંધુઓ ! તમે સારી રીતે જાણો છો કે વિલાસ અને વૈભવનાં જે સાધનો મધ્યયુગના સમ્રાટ અકબર પાસે નહોતાં તે આજે એક સામાન્ય માણસ પાસે હોય છે, પરંતુ મધ્યયુગના સાધારણ માનવીને જેટલી શાંતિ હતી તે આજે મોટા ધનવાનોને પણ નથી. શાંતિ, વિલાસનાં સાધનો સંપત્તિના સંગ્રહમાં નથી પણ મનના સંતોષમાં છે.

સુખ તો સ્વાધીન હોવું જોઇએ. પરાધીનતામાં સુખ હોય ખરૂં ? પૌદ્ગલિક સુખો બધા પરાધીન છે. વાસ્તવમાં તો એ સુખો સુખ જ નથી. સુખનો માત્ર આભાસ છે. રહેવા માટે આલીશાન બંગલો હોય, ખાવા માટે સુંદર મિષ્ટાન્ન ને પૌષ્ટિક ભોજન હોય, પાણી માગતાં દૂધ હાજર થાય એવી સાહ્યબી હોય, છતાં પણ આજના શ્રીમંતોને સુખનો અનુભવ થતો નથી. જ્યારે જેની પાસે કંઈ નથી એવા અનેક યોગી આત્માઓ અપૂર્વ સુખ-શાંતિમાં જીવે છે. જો બાહ્ય પદાર્થોમાં સુખ હોત, ઇન્દ્રિયોના ભોગવટામાં સુખ રહેતું હોત તો આવું ન બનત. બંગલાવાળા બધા સુખી હોત અને અમારા જેવા સાધુઓ દુઃખી હોત. પણ બંધુઓ, એવું નથી, એટલે જ આમ જણાય છે. પૌદ્ગલિક પદાર્થના ભોગવટાથી કોઈને કદી તૃપ્તિ થઈ નથી અને થવાની પણ નથી, અને તેથી સુખની જે આશા છે તે અધુરી રહેવાની છે. પરંતુ આજે તો માનવી આવી આધ્યાત્મિક (સાચી) દિશામાં જવાને બદલે ભૌતિક સંપત્તિની ખોટી દિશામાં દોટ લગાવીને સંસારની ભુલ ભુલામણીમાં અટવાઇ ગયો છે.

આજે અમારી ક્ષમાપનાનો દિન છે. શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણોને 'બૃહદ્કલ્પ સૂત્ર'ના ચોથા અધ્યાયમાં સ્પષ્ટ આજ્ઞા આપી છે કે :-

હે સાધક ! જો કોઇ શ્રમણ સાથે કોઈ કારણસર તારે કજીયો થઈ જાય તો તારે તેની ક્ષમાયાચના કરી લેવી. ક્ષમાયાચના ન થાય ત્યાં સુધી તારે આહારપાણી ન લેવાં.

જોઇએ. શૌચાદિક ક્રિયાઓ પણ ન પતાવવી જોઈ એ. ઘરમાં આગ લાગે છે ત્યારે તેનો માલિક પહેલાં આગ ઓલવી નાંખે છે. અને પછી જમવા બેસે છે. ઘરમાં આગ લાગી હોય ત્યારે પોતે જમવા બેસી જાય તો લોકો તેને 'મૂર્ખ' કહીને બોલાવે. જેના અંતરમાં ક્રોધની પ્રચંડ જવાળાઓ સળગતી હોય, જેની આંખો ક્રોધથી લાલચોળ થઈ ગઈ હોય અને જેનું લોહી ગરમ પાણીની માફક ઉકળી રહ્યું હોય તેના માટે આવા સમયે ભોજન કે અભ્યાસ કરવાનું શું યોગ્ય છે ? ' ના. ' બાઈબલના જૂના કરારમાં મહાત્મા ઈસુ કહે છે: તમે પ્રાર્થના કરવા માટે દેવમંદિરમાં જાઓ છો, ત્યાં પહોંચ્યા પછી તમને યાદ આવે કે મારે અમુક પાડોશી સાથે મતભેદ થયો છે તો મંદિરના બારણેથી જ તમે પાછા ફરી જજો. પહેલાં જઈ ને પેલા પાડોશી સાથે મનમેળ કરી આવજો. ત્યાર પછી જ દેવને ભેટ ધરજો.

માણસ જ્યારે સામા માણસ સાથે વેર લેવાની વૃત્તિ કાઢી નાંખે છે અને તેણે કરેલા અપરાધોને માફ કરવાની હિંમત કરે છે તે વખતે તેનો આત્મા પ્રબળ શક્તિ ધરાવતો થઈ જાય છે. આટલી પ્રબળ શક્તિનો ભૂતકાળમાં તેને કયારેય અનુભવ થયેલો હોતો નથી.

ભગવાન મહાવીરે કહ્યું છે "જેની સાથે તારે વેર બંધાયું હોય તેને તારે ક્ષમા આપવી જોઈ એ. પછી ભલે તે તને સન્માન આપતો હોય કે ન આપતો હોય, તને તેણે ક્ષમા આપી હોય કે ન આપી હોય પણ તું તેના કૃત્યો તરફ નજર કરીશ નહિ. તારે તરત જ તેની ક્ષમા માંગી લેવી જોઈ એ. " ક્ષમાના મહત્ત્વનો સ્વીકાર કરતાં આધ્યાત્મિક પ્રકરણમાં લખ્યું છે: એક માણસ વર્ષો સુધી તપ કરે છે અને બીજો માણસ એક કડવું વેણ શાંતિથી સહન કરી લે છે તે માણસને જે ફળ મળે છે તે વર્ષો સુધી તપ કરનારના ફળ કરતાં ઘણું વધારે હોય છે.

જેની સાથે આપણે અણબનાવ થયો હોય કે કજીયો થયો હોય તેની ક્ષમા માગવી. હૃદય પર જામેલા કાળાશના પોપડાને ઉખેડીને હૃદયને સ્વચ્છ દર્પણ જેવું બનાવવું. ભૂતકાળનું કોઇ પણ કડવું સ્મરણ અંતઃકરણના એકાદ ખૂણામાં ન રહી જવું જોઈ એ. હૃદય પવિત્ર અને નિર્મળ બનવું જોઇએ. સંવત્સરી પછી જાણે નવા નામે જીવનનો પ્રારંભ કરવાનો છે.

પૃથ્વીને પણ ક્ષમા કહેવામાં આવે છે. ધરતી પર છોતરાં, લાકડાં અને છાણ જેવી વસ્તુઓ પડે છે. આ વસ્તુઓને ધરતી ધીરે ધીરે પોતાના સ્વરૂપમાં ફેરવી નાંખે છે. આ બધી વસ્તુઓનું મૂળ સ્વરૂપ અદૃશ્ય થઈ જાય છે. બરાબર તેવી જ રીતે વિકૃત સંયોગોને ભૂલી જઈને પારકાએ પહોંચાડેલા કષ્ટોને મનમાંથી કાઢી નાંખી તેનું સહજ પણ અહિત ન ઈચ્છવું તેનું નામ ક્ષમા.

ક્ષમા કાયરોનું નહિ પણ વીરોનું ભૂષણ છે. જે કાયર હોય છે તે ક્ષમાશીલ નથી

હોતો. અહીં વીરનો અર્થ મજબૂત શરીરવાળો કે વાણીશૂરો એમ નથી, પરંતુ દૃઢ મનોબળવાળો આત્મવીર એમ થાય છે. જે ક્રોધનો પ્રસંગ હોવા છતાંય ક્રોધાયમાન થતો નથી, ગાળોનો જવાબ મીઠા હાસ્યથી આપે છે, તોફાનમાં પણ જે દૃઢતાથી ઊભો રહે છે, તે જ સાચો વીર છે. એટલા માટે જ આર્ય ઋષિઓએ કહ્યું છે " શક્તિશાળી માણસની ક્ષમા એ જ સાચી ક્ષમા છે." કાયર કોઈ દિવસ ક્ષમા આપી શકતો નથી. સબળ જ ક્ષમા આપી શકે છે. ક્ષમા માણસને સહનશીલ અને શાંત બનાવે છે. ક્ષમા પોતાની અનંત શક્તિને ઓળખવાનો સંદેશ આપે છે. ક્ષમા કહે છે, ઉપકાર ઉપર અપકાર કરવો, ગુનેગારને શિક્ષા કરીને નિર્બળ બનાવવો એ કાર્ય તો દુર્જનોનું છે. અપકાર કરનાર પર ઉપકાર કરવો, ગુનેગારને પ્રેમથી વશ કરવો અને ક્ષમાથી તથા પ્રેમથી હૃદયનું પરિવર્તન કરાવવું એ કાર્ય ઉત્તમ પુરૂષોનું છે. તેના ઉપર એક દૃષ્ટાંત છે તે આપને કહું છું.

એક માતાના લાડીલા બે પુત્રો સાથે જ રહેતા હતાં, સાથે જ ખાતા હતા, સાથે જ પીતા હતા અને સાથે જ સૂતા હતા. એવો એકબીજા પ્રત્યે ભાઈ ભાઈનો પ્રેમ હતો. અનુક્રમે બંને ભાઇઓ મોટા થાય છે. બંને ભાઇઓની માતા પહેલાં ગુજરી ગઈ હતી. તેમાં નાનો ભાઇ વધુ નાનો હતો અને મોટોભાઇ સમજમાં આવી ગયેલો હતો. તેને પરણાવી દીધો હતો. માતા મરતી વખતે કહી ગઈ હતી કે બધી મિલકતનો ભાગ કરજો, પણ એક આપણો બગીચો છે તેમાં ફળફૂલો ઘણાં થાય છે, બાર મહિને દશ હજાર રૂપિયાની આવક છે, તે મારા નાના દિકરાને દઈ દેજો. તેનો ભાગ ના પાડશો. નાનો ભાઇ મોટો થયો. તેને પરણાવ્યો. વખત જતાં બાપ વૃદ્ધ થઈ ગયો. બાપ કહે છે બેટા! હું તમને મિલકતના ભાગ વહેંચી આપું. પાછળ કાંઈ ઝઘડો ન રહે. ભાઈઓ કહે છે બાપુજી! તમે આ શું બોલી રહ્યા છો? અમે બંને ભાઈઓ એક છીએ ત્યાં ભાગ કેવા?

ભાઇ ભાઈનાં પ્રેમ હોય તે સ્વાભાવિક છે, પણ દેરાણી–જેઠાણી પણ બે બેનોની જેમ સંપીને રહે છે. પણ કોઈને એક બીજા પ્રત્યે અવિશ્વાસ નથી. નાનાભાઈની વહુને બાર વર્ષે સીમંત છે. એટલે તે રાખડી બાંધીને સૂવાવડના પ્રસંગે પિયર જાય છે. તે બેનનું નામ સુશીલા છે. નામ છે તેવા જ તેનામાં ગુણ છે. જતાં જતાં તેના પતિને કહે છે. હું જાઉં છું. તમે ભાઈ ભાભીના વિનયને કદી મૂકતા નહિ. પતિ કહે કે તું શું બોલે છે! મોટા ભાઈ ત તો મારા બાપ સમાન છે અને ભાભી મારી માતા સમાન છે. તું એની ફિકર ન કરીશ. સુશીલાને સંતોષ થયો. પિયર ગઈ. તેના ગયા પછી દિવાળીના દિવસો આવ્યા. જેઠાણી સારાં કપડાં પહેરીને ઉપાશ્રયે ગઇ. ત્યાં બધી બહેનો તેને પૂછવા લાગી કે અમે સાંભળ્યું છે કે તમારા મઝીયારા વહેંચાઈ ગયા તે શું સાચી વાત છે? ઘણું પૂછે છે પણ બહેન કાંઈ બોલતી નથી. બહેનો ફરીને પરાણે પૂછે છે ત્યારે જેઠાણી કહે છે. અમારા મઝીયારા વહેંચાણા છે પણ અમે વહેંચાણા નથી. અમે તો એગા જ રહીએ છીએ. અમારે મઝીયારા જેવું કાંઇ છે જ નહિ.

બહેનો કહે છે કે બગીચારા વહેંચાણા તો પેલો બાગ છે તે બાગનું શું કર્યું ? તેની આવક સારી છે. બહેનોને આ બાબતમાં કાંઈ સ્વાર્થ નથી અને બગીચામાં સંતરા, મોસંબી, ચીકુ, કેરી આદિ જે ફળો થાય છે તે મળવાનાં નથી. છતાં જોવાનું એટલું છે કે અજ્ઞાનતાને લઈને જીવ અનર્થદંડમાં કયાં દંડાઈ જાય છે ! જેઠાણી કહેઃ એ બગીચાનો ભાગ પાડયો જ નથી. મારા સાસુજી કહી ગયા છે કે નાનાભાઈને બાગ દઈ દેજો. એટલે એ બગીચો નાના દિયરને બક્ષિસ કરી દીધો છે.

જ્યાં ચાર ચોટલા ભેગા થાય ત્યાં ધંધો શું કરે ? સામાના ઓટલા જ ભાંગે ને ? કે બીજું કાંઈ ? જેઠાણીને કહે–તમે તો સાવ ભોળા જ લાગો છે. બાર મહિને દશ હજારની બેઠી આવકનો બગીચો કાંઈ બક્ષીસ કરી દેવાય ? વળી તું વહેલી પરણીને આવી છે. સાસુની સેવા તેં કરી છે માટે બગીચો તને જ મળવો જોઈએ. જેઠાણી કહે, અમારે એવું કાંઈ જુદાઈ જેવું છે જ નહિ. તમે આવું ન બોલશો. અમારા સંસ્કાર બગડી જાય. બહેનોની વાત ધ્યાનમાં લીધી નહિ. જેઠાણી બીજે દિવસે ગઈ. એની એજ વાત શરૂ થઈ, ત્રીજે દિવસે પણ એ જ વાત, એકની એક જ વાત કાને આવે છે. ત્યારે માણસના મન ઉપર અસર થાય છે. એટલે જેઠાણીના મનમાં આ વાત બેસી ગઈ. હું તો કહું છું બહેનો ! ઉપાશ્રયમાં આવીને બે સામાયિક કરતાં હો તો એક કરજો પણ આવા ધંધા ન કરશો. કોઈના ઘરનું શાંત વાતાવરણ હોય તેને બગાડશો નહિ.

દિયેર ઘેર આવ્યો. ભાભીનું મુખ ઉદાસ જોઈને કહે છે, ભાભી ! હું રોજ આવું ત્યારે તમે હસતાં જ હો છો. આજે તમે કેમ આટલા બધા ઉદાસ છો ? શું આજે તમને કાંઈ થયું છે ? ઘણું કહ્યું ત્યારે ભાભી કહે છે, હું તમને એક વાત કહું, તમે સાંભળો. મારે ઝઘડો કરવો નથી. આપણો બગીચો તમને બક્ષીસ કર્યો છે. પિતાજીના અવસાન વખતે તેમને શાંતિ થાય એટલે જ અમે હા પાડી દીધી છે. પણ ન્યાયથી જોઈએ તો એમાં મારો ભાગ છે. દિયર કહે, ભાભી ! તમે મોટા છો ને એ બગીચો તમારો જ છે. દિયર તો ચાલ્યો ગયો. સાંજ પડી. પતિ ઘેર આવ્યો. બહેનનું મોઢું ચડેલું જ છે. પતિ પૂછે છે તને શું થયું છે ? પત્ની કહે–કાંઈ નહિ. પણ આ બાગ આપણને મળવો જોઈએ. પતિ કહે, તને આવો વિચાર કેમ થયો ? આપણે મોટા છીએ, તુચ્છ મન ન કરાય, આ રીતે મોટાભાઈ પત્નીને ખૂબ સમજાવે છે પણ તે સમજતી નથી. તરત જ નાનો ભાઈ આવે છે, અને કહે છે ભાઈ–ભાભી માફ કરો. મારે આ બગીચો ન જોઇએ. તમે કહો તો ઘરબાર બધું આપને દઈ દઉં, અમે તમારા દાસ બનીને રહીએ. ભાઈ નમ્રતા બતાવે છે. મોટાભાઈ કહે, તું શા માટે આમ કહે છે. હું તારી ભાભીને સમજાવી દઈશ. ભાઈ કહે, મારા નિમિત્તે ઝઘડો ન થવો જોઇએ. આ બંનેમાં બીજો કોઇ ઝગડો નથી. લડયા–ઝાઝયા નથી, પણ લોકોએ એવી વાત ફેલાવી કે મોટોભાઇ નાનાભાઇનું ઘરબાર–માલમિલ્કત બધું લઈ લેવાનો છે. લોકો બંને બાજુની

ઢોલકી બગાડે છે. નાનાને કાંઇ કહે ને મોટાને કાંઈ કહે, આમાં તડ પડી. ભાઈઓ એવા ચડશે ચડયા કે નાનો કહે, હવે તો ગમે તેમ થાય પણ બગીચો ન આપું. મોટો કહે હું બગીચો લેવાનો છું. આમ વાદવિવાદમાં બંને જણા એક બીજાના ખૂન કરવા ઉભા થયા. આ વાતની નાના ભાઈની પત્ની સુશીલાને ખબર પડી. સુશીલાને પુત્ર અવતર્યો છે. ત્રીજો માસ છે. તે તેની માતા પાસે આવીને કહે છે કે બા, મને મારા સાસરે મોકલ. માતા કહે બેટા! બાર વર્ષે બાબો આવ્યો. તને એકદમ કેમ મોકલાય? પાંચમે મહિને કરિયાવર કરીને તને મોકલીશું. માતા! અત્યારે જવું પડે તેમ છે. માતા કહે, શા માટે? દિકરી કહે, મારી પાડોશણ આવીને મને કહી ગઈ છે કે તમારા પતિ અને તમારા જેઠ એકબીજાનું ખૂન કરવા ઉભા થયા છે. જ્યાં મારા ઘરમાં આવો કલેશ હોય ત્યાં કરિયાવર શું કરવો છે? મને અત્યારે જ મોકલ. એક બાગની બાબતમાં ઝઘડો થયો છે, મારે આ ન જોઇએ. એક વખત મારી તમામ મિલકત જેઠના ચરણોમાં ધરી દઈશ પણ અમારે તો ભાઇનો પ્રેમ જોઇએ છે. બા! તારા ઘરનાં દાગીના દેવા પડશે તો દઈશ, તને વાંધો નથી ને? તારો જમાઈ આજે ભાન ભૂલ્યો છે. જેઠ ભાન ભૂલ્યા છે એમ ન કહ્યું. માતા કહે, દિકરી! તું ખાનદાનની દિકરી હોય તો ઘરમાં ઝઘડો ન રાખીશ. તારે જે જોઇએ તે અહીંથી લઈ જજે.

જે નવકાર મંત્રને સમજતો હોય તેના ઘરમાં ઝઘડો ન હોવો જોઈએ. ધર્મ કરનારા જ્યારે લડે છે ત્યારે લોકો તેમને નથી વગોવતાં પણ ધર્મને વગોવવા માંડે છે, જોયું ને ધર્મઢીંગલા થઇને શું કરી રહ્યા છે? અહીંયા માતાએ પુત્રીને ખૂબ શિખામણ આપી, નોકરની સાથે પુત્રને લઇને સુશીલા પતિને ઘેર આવે છે. ભાઈના મનમાં ક્રોધ છે. સુશીલા રાતના અગિયાર વાગે આવી બારણું ખખડાવે છે. ઘરમાં ખૂન કરનારો માણસ તૈયાર રાખ્યો છે. બારણું ખખડયું એટલે કહે, જોયું ને! આવ્યો! પેલા ખૂનીને કહે છે એક જ ઘાએ તેને ઉડાવી દેજે. આ શબ્દો સુશીલાએ સાંભળ્યા. સમજી ગઈ. વિચાર કર્યો કે ક્રોધ બૂરી ચીજ છે. એટલે કહેઃ સ્વામીનાથ! હું સુશીલા છું. ઘરની ધણીયાણી છું. સુશીલાનો અવાજ સાંભળીને તે ચમકી ગયો. કોણ સુશીલા! તરત જ બારણું ખોલ્યું. સુશીલાને જોઇને કહે, બાબાને લઇને આવવાનું હતું અને તું આમ એકાએક કેમ ચાલી આવી? મારે તો બાબાને ખૂબ ઠાઠમાઠથી ઘેર લાવવો હતો. હવે ખૂન કરવાની વાતને ભૂલી ગયો અને સુશીલા સાથે વાતો કરવા લાગ્યો. સુશીલા એક પણ શબ્દ બોલતી નથી. ત્યારે કહે છે સુશીલા! તું મારી સાથે કેમ બોલતી નથી? મારા પ્રશ્નનો ઉત્તર કેમ આપતી નથી? પત્ની કહે છે તમે બોલવા જેવું રાખ્યું છે કયાં? ખરેખર હું કમભાગી છું ને આ છોકરો પણ કમભાગી છે કે જેના આવતાં ઘરમાં ઝઘડા ઉભા થયા. તમે શું લઈને બેઠા છો? જૈનના દિકરા થઇને ભાઈનું ખૂન કરવા ઉભા થયા છો? ખૂન કરનારો ઘરમાં હતો. સુશીલા કહે આ કોણ છે? તમને સહેજ પણ વિચાર ન થયો! સુશીલાના સદ્‌ગુણ જોઈ ને ખૂની

બેબાકૂ બની ગયેા, પાસે આવીને કહે છે, હવે તમે મને પાંચ હજાર રૂપિયા આપેા તેા પણ મારે ખૂન કરવું નથી. કસાઇનું ક્રૂર હૃદય પણ સુશીલાના વચનેાથી પીગળી ગયું. પતિને કહે છે કે આપણી સર્વ મિલકત દઈ દેવી પડે તેા પણ ભાઇના ચરણેામાં અર્પણ કરી દઈ એ, પણ આપણે ભાઇનેા પ્રેમ જોઈ એ છે. વેર નથી જોઇતું. ઘરે ચાલેા, અત્યારે ને અત્યારે ભાઈ ભાભીની ક્ષમા માગવા જઇએ. પતિ કહે, તું જેમ કહે તેમ કરવા તૈયાર છું. પણ જે ભાઈ મારૂં ખૂન કરવા ઉભેા થયેા છે તેની પાસે માફી માગવા તેા નહિ જ આવું. એ કામ મારા માટે કઠણ છે. પણ બળાત્કારે પતિને લઈ ને જાય છે. બાળકને ઘેર જ મૂકયેા. ખૂન કરનાર કસાઈનું હૃદય-પરિવર્તન થઈ ગયું છે. એકનેા એક બાળક તેને સેાંપીને બંને જણા ભાઇના ઘેર આવ્યાં. બારણું ખખડાવ્યું. સુશીલા જેટલી સદ્‌ગુણી હતી તેટલી જેઠાણી ન હતી. જો જેઠાણીમાં સદ્‌ગુણ હેાત તેા આ પ્રમાણે આ મેારચેા મંડાત નહિ. બારણું ખખડયું એટલે કહે છે કે આવ્યેા ખૂન કરવા. તેમણે એક હજાર આપી ખૂની ઉભેા કર્યેા હતેા. ખૂનીને કહે છે જેવેા આવે તેવેા જ તું તેના એક ઘાએ બે કટકા કરી નાંખજે. સુશીલા પેાતાના પતિને કહે છે તમે મારાથી ત્રણ ફૂટ પાછળ રહેજો. કાંઇક બની જાય તેા પહેલાં હું અને પછી તમે.

સુશીલા મધુર સ્વરે કહે છેઃ મેાટાભાઈ! અમને માફ કરજો. આટલી મેાડી રાત્રે આપની ઊંઘમાં ખલેલ પાડવા આવ્યા છીએ. સુશીલાનેા અવાજ સાંભળી કહે, જોયું! એને સુશીલાના જેવું બેાલતા પણ આવડે છે. ફરીને સુશીલા બેાલે છેઃ મેાટાભાઈ! હું સુશીલા પેાતે છું. તેને થયું, સુશીલા, આવે જ કયાંથી? બે ત્રણ વખત બેાલી એટલે સમજી ગયેા કે નક્કી સુશીલા છે. અહેા, સુશીલા તું કયાંથી? આમ બેાલી જેઠ ઉઠયેા. ત્યારે તેનામાં રાક્ષસવૃત્તિ ભરી હતી. પણ જ્યાં સુશીલાના શબ્દો સાંભળ્યા ત્યાં તેના હૃદયમાંથી દુષ્ટ ભાવના ચાલી ગઈ. સદ્‌ગુણમાં કેટલી શક્તિ છે! જેઠ બેભાન થઈને ઢળી પડયેા છે. ખરેખર હૃદયમાં રહેલા શલ્યને કાઢનાર આલેાચના છે, પહેલાં તેા રાજા મહારાજા બહારગામ જાય ત્યારે તેની સાથે વૈદો ને ડોકટર જતા હતા, પણ હવે તેા મેાટા શેઠીયાએા પરદેશ જાય તેા તેની સાથે ડોકટર હેાય છે. તમારા બાહ્યરેાગથી બચવા ડોકટર સાથે ને સાથે રાખ્યેા પણ જન્મ-જરા ને મરણના રેાગને મટાડનારા ડોકટરને સાથે લઈ જાવ છેા કે નહિ? (સભામાંથી અવાજ :- એ ડોકટર સાથે ન આવે). વાહનમાં ન બેસે. હું કહું છું ભલે, તમારા ગુરૂ તમારી સાથે ન આવે. પણ તેમની આપેલી હિત-શિખામણેા, વીરના વચનેા તેા તમારી સાથે આવે છે ને? (ના). એ તેા ભુલી જવાય છે. તમને તમારા સ્ટોર ને ઘરના નામ યાદ રહે. દિપક સ્ટોર, વીરાણી સદન, વિગેરે બધું યાદ રહે છે. તમારા પુત્ર-પુત્રીનું નામ ભુલતા નથી પણ ગુરૂના વચનેા ભુલી જાવ છેા!!

સુશીલા નમ્ર સ્વરે જેઠને વિનવી રહી છે. હજુ જેનું પ્રત્યક્ષ મુખ જોયું નથી,

ફક્ત તેના વચનો સાંભળી જેઠના હૃદયમાં તેની અસર થઈ ગઇ. સુશીલા જેઠના ઘેર આવી. બારણું ખોલ્યું. બંને જણા મોટાભાઈના ચરણમાં પડી ગયા. નાનો ભાઈ કહે છે ભાઈ! મેં ગંભીર ભૂલ કરી છે. બંને જણાએ પશ્ચાતાપના આંસુથી ભાઈ-ભાઈના પગ ધોઈ નાખ્યા. જેઠ કહે છે મારે તમારી માફી માગવાની જરૂર છે. બંને ભાઇઓની આંખમાં આંસુ છે. નાનો ભાઈ કહે છે, આ બધો પ્રતાપ સુશીલાનો છે. સુશીલા ન આવી હોત તો બરોબર હું શું કરી બેઠો હોત! જેઠાણીની મતિ પણ સુધરી ગઈ. જેઠ કહે, આ બધો પ્રતાપ સુશીલાનો છે. આજથી આ બગીચો અને બધી મિલ્કત તને અર્પણ કરી દઉ છું. સુશીલા કહે, મોટાભાઈ! માફ કરો. માયાએ ઘરમાં ઝઘડો કરાવ્યો. ભાઇ ભાઈના ખૂન કરવા ઉભા થયા. તે તો હવે મારે જોઈએ જ નહિ. મોટાભાઈની પત્ની કહે, હવે મારે પણ ન જોઈએ. બંને જણાએ સમજીને મહાજનને બગીચો સોંપી દીધો. કહેવાનો આશય એ છે કે કુટુંબમાં એક માણસ સદ્‌ગુણી હોય છે તો તે કુટુંબનો ઉદ્ધાર કરી દે છે.

બંધુઓ! આજે શાસ્ત્રની ગાથા બોલવાની તો અસજ્ઝાય છે. પણ આજે છેલ્લો દિવસ છે એટલે ગાથાનો મૂળ ભાવાર્થ કહીને અધ્યયનને પૂર્ણ કરીએ છીએ. ઈષુકાર રાજા અને કમલાવતી રાણી બંને જણાએ વિપુલ રાજ્ય છોડીને, કામભોગોનો ત્યાગ કરીને, પરિગ્રહથી રહિત થઈ ને, સમ્યક ધર્મને જાણીને પ્રવજ્યાં અંગીકાર કરી. ત્યાર પછી તીર્થંકરે ઉપદેશેલા ઘોર તપનો સ્વીકાર કર્યો. અને ઘોર પરાક્રમ આદર્યું. આમ છ એ જણા ક્રમશ : સુબોધ પામીને ધર્મપરાયણ થયા અને જન્મ મરણના ભયથી ઉદ્‌વેગ પામીને તપ વડે દુઃખનો નાશ કરવા લાગ્યા. વીતરાગના શાસનમાં પૂર્વની આરાધનાથી ભાવિત થયેલ છ જીવો થોડા જ વખતમાં દુઃખોનો અંત કરી મોક્ષપદને પામ્યા. રાજા અને તેની રાણી, પુરોહિત તથા બ્રાહ્મણી, અને બે કુમારો આ બધાં નિર્વાણપદને પામ્યા. છ એ આત્માનો જે ધ્યેય હતો તે પૂર્ણ થયો. તેમજ આપનો જે ધ્યેય હતો-અધ્યયન પૂર્ણ થવાનો-તે આજે ચાર ગાથા બોલ્યા નથી પણ ફક્ત ગાથાનો ભાવાર્થ કહીને આજે આપની પાસે અધ્યયન પૂર્ણ કરૂં છું. તે છ એ જીવોનું વૈરાગ્યમય જીવન આપ બધાએ ચાર ચાર મહિનાથી સાંભળ્યું. આપના જીવનમાં પણ આવો ઉત્તમ ભાવ આવે અને જ્ઞાન-દર્શન-ચારિત્રની વૃદ્ધિ કરવામાં આપનો સમ્યક્ પુરૂષાર્થ ઉપડે તે જ અભિલાષા!!

આજે મહાન પુરૂષ લોંકાશાહની જન્મજયંતિ છે. લોકાશાહ જૈન સમાજના જ્યોતિર્ધર હતા. તેમનું મૂળ નામ લોંકાશાહ ન હતું. તેમનું નામ તેમના માતાપિતાએ લોકચંદ્ર પાડયું જ્યારે તેઓ ગર્ભમાં આવ્યા ત્યારે તેમની માતાએ ચંદ્રનું સ્વપ્ન જોયું. તેના ઉપરથી બબર પડી કે આ પુત્ર કુટુંબમાં ચંદ્ર સમાન થશે. ધીમે ધીમે લોકચંદ્ર મોટા થયા. તેમનું લગ્ન કરવામાં આવ્યું. તેમને એક પુત્ર થયો, તેનું નામ પુનમચંદ પાડવામાં આવ્યું. લોકચંદ્રની ઉંમર ૨૩ વર્ષની થતાં પિતાજી ગુજરી ગયા.

ઘરની બધી જવાબદારી તેમના ઉપર આવી પડી. કામ પ્રસંગે તેઓ એક વખત અમદાવાદ ગયા. પછી એક ઝવેરીને ત્યાં ગયેલા. પોતે ઝવેરાત પારખવામાં કુશળ હતા. શેઠને (ઝવેરીને) વિચાર થયો. લોકચંદ્ર ઘણો બુદ્ધિશાળી છે. આવો માણસ પેઢી પર હોય તો સારું. લોકચંદ્રને અમદાવાદ આવવાનું કહ્યું. તેણે હા પાડી. અમદાવાદના બાદશાહને મોતીની કિંમત આંકી આપી. બાદશાહ પણ તેની બુદ્ધિ જોઇને ખુશ થયા. અમદાવાદમાં તેમણે ઘણી નામના મેળવી. પોતે ઝવેરાતનો વેપાર કરે છે. ખૂબ દ્રવ્ય કમાયા પણ ધર્મ પ્રત્યે તેમને ખૂબ રસ હતો. એટલે વારંવાર તે યતિઓ પાસે જતા ને સૂત્ર-સિદ્ધાંતનું વાંચન કરતા હતા, શાસ્ત્રનું વાંચન કર્યું ત્યારે તેમને થઈ ગયું કે આગમકારોએ કેટલો સુંદર માર્ગ બતાવ્યો છે ! અને અત્યારે યતિઓ તેની વિરુદ્ધ વર્તન કરી રહ્યા છે. તેમણે તો યતિઓને સત્ય કહી દીધું કે ધન રાખવાની ને ગાડી મોટરમાં બેસવાની શાસ્ત્રમાં ચોખ્ખી મનાઇ છે. તમે તો ધન રાખો છો. ગાડી મોટરમાં બેસો છો. તમે શાસ્ત્રની વિરૂદ્ધ વર્તન કરો છો. તેમની આ વાત યતિઓને ન ગમી. એટલે પોતે અલગ થઈને બધાને સત્ય માર્ગ સમજાવવા લાગ્યા. તેમના ઉપદેશથી ૪૫ આત્માઓ વૈરાગ્ય પામ્યા. આઠ લાખ માણસોને જૈન બનાવ્યા. આ રીતે લોંકાશાહે જૈન સમાજમાં ખૂબ ક્રાન્તિ કરી છે. સંવત ૧૫૪૧માં ૬૯ વર્ષની ઉંમરે તેઓ કાળધર્મ પામ્યા એમ કહેવાય છે. તેઓએ ઘણું પરિભ્રમણ કરીને સનાતન જૈન ધર્મનો ફેલાવો કર્યો.

ટૂંકમાં લોંકાશાહે આપણા સમાજ ઉપર જબરજસ્ત ક્રાન્તિ કરી છે. તેમનો આપણા ઉપર અનહદ ઉપકાર છે. તેમના જીવનને યાદ કરી તેમના એકેક ગુણો જીવનમાં ઉતારીએ તો જ તેમની જયંતી ઉજવી સાર્થક કહેવાય.

બંધુઓ ! આજે ઘણો સમય થઈ ગયો છે. આજે ચાતુર્માસની પૂર્ણાહુતિનો દિવસ છે. ચાર મહિનામાં આપને અમારા તરફથી કાંઈ પણ મન દુઃખ થયું હોય તો અમે સૌ આપને ખમાવીએ છીએ.

પૂ. મહાસતીજીએ જ્યારે ક્ષમાપના કરી ત્યારે સંઘના દરેક ભાઈ-બહેનોની આંખોમાં આંસુની ધારા વહેતી હતી. શ્રી સંઘના કાર્યકર્તાઓએ પૂ. મહાસતીજીનો આભાર માન્યો હતો તેમજ ક્ષમાપના કરી હતી. ફરીફરી અમારા સંઘને ઉજ્જવળ કરવા પધારશો તેમ વિનંતી કરી હતી.

સમાપ્ત

પૂજ્ય શારદાબાઈ મહાસતીજીના

પ્રગટ થયેલાં વ્યાખ્યાન પુસ્તકો

(૧) શારદા સુધા ભા. ૧ અને ૨

(૨) શારદા સંજીવની ભા. ૧–૨–૩

(૩) શારદા માધુરી ભા. ૧–૨–૩

(૪) શારદા પરિમલ ભા ૧–૨ (સંયુક્ત)

આ. શ્રી. વિક્રમસૂરિ પૂ. શારદાબાઈ મહાસતીજીના

ચાતુર્માસની યાદી

સંવત	ગામ	સંવત	ગામ
૧૯૬૬	અમદાવાદ	૨૦૧૨	સાણંદ
૧૯૬૭	ખંભાત	૨૦૧૩	સુરત
૧૯૬૮	ખેડા	૨૦૧૪	અમદાવાદ
૧૯૬૯	સાણંદ	૨૦૧૫	વીરમગામ
૨૦૦૦	ખંભાત	૨૦૧૬	સાબરમતી
૨૦૦૧	સાણંદ	૨૦૧૭	ખંભાત
૨૦૦૨	અમદાવાદ	૨૦૧૮	(કાંઘાવાડી) મુંબઈ
૨૦૦૩	સાણંદ	૨૦૧૯	(ભાડુંગા) ,,
૨૦૦૪	અમદાવાદ	૨૦૨૦	(ભાદર) ,,
૨૦૦૫	સાણંદ	૨૦૨૧	(વિલેપારલા) ,,
૨૦૦૬	ખંભાત	૨૦૨૨	(ઘાટકોપર) ,,
૨૦૦૭	સુરત	૨૦૨૩	ખંભાત
૨૦૦૮	અમદાવાદ	૨૦૨૪	અમદાવાદ
૨૦૦૯	મીરાવરનગર	૨૦૨૫	ભાવનગર
૨૦૧૦	લખતર	૨૦૨૬	રાજકોટ
૨૦૧૧	ખંભાત	૨૦૨૭	પ્રાંતિજ

ખંભાત સંપ્રદાયના સ્વ. પૂજ્ય ગચ્છાધિપતિ ૧૦૦૮ પ્રાતઃસ્મરણીય શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબના શિષ્યા મંડળની નામાવલી

નં.	મહાસતીજીનું નામ	જન્મ સ્થળ અને દીક્ષા સંવત દીક્ષા સ્થળ		માસ-તીથી	વાર
૧	બા. બ્ર. વિદુષી ઝવેરબાઇ				
	મહાસતીજી	સાણંદ	૧૯૯૬	વૈશાખ સુદ ૬	સોમવાર
૨	પૂ. સુભદ્રાબાઇ	,, ખંભાત	૨૦૦૮	ચૈત્ર સુદ ૧૦	શુક્રવાર
૩	પૂ. [illegible]-દુબાઇ	,, સુરત દીક્ષા-નાર	૨૦૧૧	અશાડ સુદ ૫	શુક્રવાર
૪	પૂ. બા. બ્ર. વસુબાઇ	,, વીરમગામ	૨૦૧૩	માગશર સુદ ૫	ગુરુવાર
૫	પૂ. બા. બ્ર. કાન્તાબાઇ	,, સાણંદ	૨૦૧૩	માગશર સુદ ૧૦	ગુરુવાર
૬	પૂ. [illegible]ગુણાબાઇ	,, લખતર	૨૦૧૩	મહા સુદ ૬	બુધવાર
૭	પૂ. બા. બ્ર. ઇન્દિરાબાઇ	,, સુરત	૨૦૧૪	માગશર સુદ ૬	બુધવાર
૮	પૂ. [illegible]ન્તાબાઇ	,, મોડાસર દીક્ષા-નાર	૨૦૧૪	મહા વદ ૭	સોમવાર
૯	પૂ. [illegible]મળાબાઇ	,, ખંભાત	૨૦૧૪	વૈશાખ સુદ ૬	શુક્રવાર
૧૦	પૂ. સ્વ. [illegible]રાબાઇ	,, અમદાવાદ દીક્ષા-સાબરમતી	૨૦૧૪	અશાડ સુદ ૨	ગુરુવાર
૧૧	પૂ. બા. બ્ર. ચંદનબાઇ	,, લખતર	૨૦૧૭	માગશર સુદ ૬	ગુરુવાર
૧૨	પૂ. બા. બ્ર. રંજનબાઇ	,, સાબરમતી દીક્ષા-દાદર	૨૦૨૧	મહા સુદ ૧૩	રવિવાર
૧૩	પૂ. બા. બ્ર. નિર્મળાબાઇ	,, ખંભાત દીક્ષા-દાદર	૨૦૨૧	મહા સુદ ૧૩	રવિવાર
૧૪	પૂ. બા. બ્ર. શોભનાબાઇ	,, બીબડી દીક્ષા-મલાડ	૨૦૨૨	વૈશાખ સુદ ૧૧	રવિવાર
૧૫	[illegible]ંદાકિનીબાઇ	,, માટુંગા-મુંબઇ	૨૦૨૩	મહા સુદ ૮	શનિવાર
૧૬	પૂ. બા. બ્ર. સંગીતાબાઇ	,, ખંભાત	૨૦૨૪	મહા સુદ ૫	રવિવાર
૧૭	પૂ. બા. બ્ર. હર્ષિદાબાઇ	,, ઘાટકોપર-મુંબઇ દીક્ષા સ્થળ-ભાવનગર	૨૦૨૬	વૈશાખ વદ ૧૧	રવિવાર

શુદ્ધિપત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૩૦૫	૨૩	ભાગ	અંશ ભાગ
૩૦૬	૧૫	ઉન્માદ	ઉન્માન
૩૦૭	૫	વરનો	વરનો
૩૧૦	૪	તેનું અભિમાન	તેને અભિનંદન
૩૧૧	૬	વરતુ	વરતુ
૩૧૨	૩૨	સુભગ	સુભગે
,,	,,	સુરુપે	સુરુપે
૩૧૬	૧૦	સુંધયો	સુંઘુ
૩૨૨	૧	કરેઇ	કરેઇ-કરિત્તા
,,	૧	વંદેઇ	વંદેઇ
,,	૩	તિકટુ	તિકટુ
૩૨૬	૪	થેડી	થોડી
,,	૮	યેગ્ય	યોગ્ય
૩૪૦	૨૭	પરાણું	પારણું
૩૪૨	૩૦	ચેય	ચેય
૩૪૫	૨	મંડલીય	મંડલીઇ
૩૫૩	૧	સમર્થ	સમર્થ
૩૫૬	૬	ઐતિહાસિક	નવલકથાની
૩૬૪	૧૩	આચરણ	મા આચરણ
૩૮૪	૬	માતા-પિત્	માતા-પિતા
૩૮૭	૧૬	કમાતા	કમાતા
૩૯૮	છેલ્લી	ચેરૂ	ચોરી
૪૦૧	૨૦	પાણીયાદના	વણાના
૪૧૦	૫	જંતુણા	જંતુણો
,,	૬	વીરિંય	વીરિય
૪૧૪	૬	હઝારેની	હઝારની
,,	૨૫	કુંડટક	કુંડરિક
૪૨૧	૨૬	લક્ષ્મીબાઇ	લક્ષ્મીબાઈ
૪૨૪	૧૩	કક્ક વંમે	ક્કકેય વંમે
૪૨૬	૧	ઘણેણ	ઘણેણ

પાનુ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪૨૧	૬	અમે	તમે
૪૫૩	છેલ્લી	દશ. સૂ. અ. ૩	દશ. સૂ. અ. ૨
		ગાથા ૩–૪	ગાથા ૨–૩
૪૬૭	૧૪	દર્શન મોહનીય	દર્શનાવરણીય
૪૬૮	૧૧	સુશ્રાસની	સુશ્રસાની
૪૬૯	૧૭	किं	किः
,,	,,	वेयवच्चेण	वेयावच्चेणं
૪૭૮	૧૩	ભલભલા	ભલભલા
૪૮૧	૫	કેવળજ્ઞાન	કેવળજ્ઞાની
૫૮૫	૨૧	જૈનાને	જૈનોને
૬૦૬	૮	ઓ કથા	ઓ કથા
૬૧૭	૮	મઠી	મૂઠી
૬૧૩	૩	संजमो ज	संजमो य
૬૧૭	૧૧	भरणी	भद्दणी
૬૧૭	૨૧	વખને	વખતે
૬૨૬	૧૮	કારાગૃહનાં	કારાગૃહમાં
૬૩૬	૨૦	વસિષ્ઠિ	વાસિષ્ઠિ
૬૪૨	૨૦	विहण	विहूण
૬૫૨	૨૪	જમવા	જમના
૬૫૭	૧	રાણી	શેઠાણી
૬૫૬	૩	ભૂયુ	ભૂમુ
૬૬૧	૧	ઉપાંત્રય	ઉપાશ્રય
૬૭૨	૨૪	ભ્રષ્ઠ	ભ્રષ્ટ
૬૮૭	૧૫	હતો	હતી
૭૦૦	૨૭	સી	ઓ
૭૦૩	૨	ભુવનપતિ	ભવનપતિ

નોંધ:—સમયના અભાવે આગળના ફોર્મ નં. ૧ થી ૩૮ તથા પાછળના ફોર્મ નં. ૯૨ થી ૧૦૪ નું શુદ્ધિપત્રક બનાવ્યું નથી. વાંચકો ક્ષતિ સુધારી લેશે.

(૨) પૂ. વ્યાખ્યાનકાર મહાસતીજીએ '૭ જીવના અધિકાર' ની સાથે સાથે 'વિષ્ણુલ્લના ચરિત્ર' કરાવ્યું હતું, પરંતુ પુસ્તકનું કદ ખૂબ જ વધી જતું હોવાથી તે ચરિત્ર આમાં લેવાયું નથી. જૂલથી પૃ. ૧૯૩ પર થોડો ભાગ લેવાયો છે. તે તરફ અમે વાંચકોનું ધ્યાન દોરીએ છીએ. – પ્રકાશક.

ધૂન

શુદ્ધ ચેતના સ્વરૂપ રમણ [illegible] ચેાગે રંગાયેા,
ભૂલ્યેા મિથ્યા દુનિયા [illegible] સ્વરૂપ મારું હું પાયેા. ૧

નિંદાની બટપટ [illegible] ઝીલી સુરતા અંતરમાં,
યંત્ર તંત્રની તજી [illegible] ભર્યું ન માયા ભણુતરમાં. ૨

નિંદે કોઈક, વંદે [illegible], દુનિયાની પરવાહ નથી,
વનમાં આવે તેનું માનેા, હયે શું અમૃત વારી મથી. ૩

ઝળહળ જ્યેાતે દશન કરશું, બાહ્ય દિશાનાં નહિ ફરશું,
તરશું આ ભવેાદધિને સહેજે, અંતરની વાતેા કરશું. ૪

અલખ ધૂનમાં અવધુત દશામાં, જગનું સ્વપ્ન ભૂલાયું,
હું, મું નેા પ્રભુ ભેદ ગયેા દૂર, ભૂલ્યેા સહ મિથ્યા ગાયું. ૫

પ્રગટયેા વિજળીનેા ચમકારેા, ઝળહળ ઝગમગ અજવાળું,
કહું ન કેાને લહ્યું સુખધર્મ. અંતર આંખેાથી ભાળું. ૬

દુનિયા માનેા કે ન માનેા, જરૂર તેની શી મારે,
રમવ્યા તેને સાન મળી છે. પેાતાને પેાતે તારે. ૭

મૂઢ કહેા કે બુદ્ધ કહેા કેાઈ, તેથી કાંઈ ન જાવાનું,
જ્ઞાન ધ્યાનમાં રહેશું રંગે, ભાવિ ભાવ જે થાવાનું. ૮

અનુભવ અમૃત પીધું પ્રેમે, વિષય રસ દૂરે વારી,
"સેાઽહં સેાઽહં" અલખ ધૂનમાં, ચિદાનંદ પદ જયકારી. ૯

